અંદાજપત્ર પ્રકાશન નં. ૩૨

सत्यमेव जयते
ગુજરાત સરકાર

પ્રવૃત્તિની રૂપરેખા

સને ૨૦૨૨-૨૦૨૩

સરકારી મુદ્રણાલય, ભાવનગર
૨૦૨૨

અંદાજપત્ર પ્રકાશન નં. ૩૨

सत्यमेव जयते
ગુજરાત સરકાર

પ્રવૃત્તિની રૂપરેખા

સને ૨૦૨૨-૨૦૨૩

સરકારી મુદ્રણાલય, ભાવનગર
૨૦૨૨

© સરકારી મુદ્રણાલય, ભાવનગર.

:: પ્રવૃત્તિની રૂપરેખા ::

વિષય સૂચિ

ક્રમ નં.	વિભાગ		પૃષ્ઠ નંબર
૧.	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ	....	૧ - ૧૫
૨.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	....	૧૬ - ૬૨
૩.	ઉદ્યોગ અને ખાણ વિભાગ	....	૬૩ - ૧૨૫
૪.	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	....	૧૨૬ - ૧૪૦
૫.	કાયદા વિભાગ	....	૧૪૧ - ૧૪૩
૬.	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	....	૧૪૪ - ૧૪૫
૭.	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ	....	૧૪૬ - ૧૯૦
૮.	ગૃહ વિભાગ	....	૧૯૧ - ૨૧૯
૯.	નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	....	૨૨૦ - ૨૯૫
૧૦.	નાણાં વિભાગ	....	૨૯૬ - ૩૩૬
૧૧.	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	....	૩૩૭ - ૩૫૩
૧૨.	મહેસૂલ વિભાગ	....	૩૫૪ - ૩૬૮
૧૩.	માર્ગ અને મકાન વિભાગ	....	૩૬૯ - ૩૭૪
૧૪.	માહિતી અને પ્રસારણ વિભાગ	....	૩૭૫ - ૩૮૫
૧૫.	વન અને પર્યાવરણ વિભાગ	....	૩૮૬ - ૪૧૮
૧૬.	રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	....	૪૧૯ - ૪૫૫
૧૭.	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	....	૪૫૬ - ૪૭૦
૧૮.	શિક્ષણ વિભાગ	....	૪૭૧ - ૪૮૬
૧૯.	શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ	....	૪૮૭ - ૫૧૦
૨૦.	સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ	....	૫૧૧ - ૫૩૦
૨૧.	આદીજાતિ વિકાસ વિભાગ	....	૫૩૧ - ૫૩૭
૨૨.	સામાન્ય વહીવટ વિભાગ	....	૫૩૮ - ૫૫૩
૨૩.	બંદરો અને વાહન વ્યવહાર વિભાગ	....	૫૫૪ - ૫૭૧
૨૪.	મહિલા અને બાળ વિકાસ વિભાગ	....	૫૭૨ - ૫૮૯
૨૫.	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	....	૫૯૦ - ૬૦૪
૨૬.	ક્લાઇમેટ ચેંજ વિભાગ	....	૬૦૫ - ૬૦૬

૧. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

નવેમ્બર-૧૯૬૫થી એક અલગ વહીવટી વિભાગ તરીકે રચાયેલ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ હવે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ તરીકે ઓળખાય છે. આ વિભાગના નિયંત્રણ હેઠળ (૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર (૨) નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક સુરક્ષા, ગાંધીનગર (૩) ગ્રાહક તકરાર નિવારણ કમિશન, અમદાવાદ (૪) ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર એમ ૦૪ (ચાર) ખાતાના વડાની કચેરીઓ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર અને જિલ્લા કક્ષાએ જિલ્લા પુરવઠા અધિકારીઓની કચેરીઓ તેમજ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનો કામગીરી બજાવે છે.

નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર

■ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ (વર્ષ ૨૦૨૨-૨૩)

"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩"નો ૧ લી એપ્રિલ-૨૦૧૬ થી સમગ્ર રાજ્યમાં અમલ શરૂ કરવામાં આવેલ છે.

- "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળ બે પ્રકારના કુટુંબો અસ્તિત્વમાં આવેલ છે.

૧. અંત્યોદય કુટુંબો

૨. અગ્રતા ધરાવતા કુટુંબો

"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળ આવરી લેવામાં આવનાર રાજ્યની વસ્તી :

"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" અન્વયે "અગ્રતા ધરાવતા કુટુંબો" ની પસંદગીના ધોરણો નક્કી કરવામાં આવેલ છે, જેમાં નીચે મુજબ લાભાર્થીઓનો લક્ષ્યાંક નક્કી કરાયેલ છે.

- ગ્રામ્ય વિસ્તારના ૨૫૮.૭૮ લાખ
- શહેરી વિસ્તારના ૧૨૪.૦૬ લાખ
- કુલ ૩૮૨.૮૪ લાખની વસ્તીને આ કાયદા હેઠળ આવરી લેવાનુ આયોજન કરેલ છે.

લાભાર્થીઓની ઓળખ નક્કી કરવી :

લાભાર્થીઓની ઓળખ માટે સામાજીક આર્થિક વસ્તી ગણતરી-૨૦૧૧ના ડેટા બેઇઝ તરીકે ઉપયોગ કરવામાં આવેલ છે.

અરજીઓના નિકાલ માટે દ્વિસ્તરીય સમિતિની રચના :

પાત્રતા ધરાવતા હોય, પરંતુ આ કાયદાના લાભથી વંચિત રહી ગયેલ લાભાર્થીઓને સમાવવા માટે સરકારશ્રીએ તા.૨૩/૦૩/૨૦૧૬ અને તા.૨૧/૧૦/૨૦૨૦ના ઠરાવોથી તાલુકા/શહેર તથા જિલ્લા કક્ષાની એમ દ્વિસ્તરીય સમિતિની રચના કરવામાં આવેલ છે.

ડીસેમ્બર-૨૦૨૧ની સ્થિતિએ નીચેની વિગતે લાભાર્થીઓ નક્કી થયેલ છે.

"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળ સમાવેશ થયેલ લાભાર્થીઓની વિગતો

ક્રમ	કાર્ડનો પ્રકાર		કુટુંબો	જનસંખ્યા
૧	અંત્યોદય અન્ન યોજના (AAY)		૭,૯૮,૮૭૫	૩૬,૨૦,૮૭૨
૨	અગ્રતા ધરાવતા કુટુંબો (Priority House Hold - PHH)	BPL	૨૪,૨૮,૮૭૭	૧,૩૧,૨૮,૬૫૨
		APL-1	૩૮,૦૬,૬૩૪	૧,૭૭,૦૬,૮૭૧
		APL-2	૨,૬૧૮	૧૧,૭૪૨
		કુલ PHH	૬૨,૩૮,૧૨૯	૩,૦૮,૪૭,૨૬૫
		કુલ	**૭૦,૩૭,૦૦૪**	**૩,૪૪,૬૮,૧૩૭**

આમ, આ કાયદાતળે નક્કી કરેલ લક્ષ્યાંક સામે ૯૦.૦૩% થી વધુ લોકોનો સમાવેશ થયો છે.

"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળ અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબોને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા મળનાર લાભો :

INDEX

આ યોજનામાં AAY તથા PHH લાભાર્થીઓને માહે ડીસેમ્બર-૨૦૨૧થી માસિક ધોરણે નીચે મુજબ અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

રાજ્યનાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, અને ડાંગ કુલ સાત (૭) જિલ્લાઓ માટે વિતરણ પ્રમાણ તથા ભાવ નીચે મુજબ ઠરાવેલ છે.			
યોજના	અનાજનો પ્રકાર	જથ્થો (કિ.ગ્રા.)	ભાવ (₹-પૈસા)
એએવાય (AAY)	ઘઉં	કાર્ડદીઠ ૧૫-૦૦૦	૨-૦૦
	ચોખા	કાર્ડદીઠ ૨૦-૦૦૦	૩-૦૦
	તુવેર દાળ	કાર્ડદીઠ ૦૧-૦૦૦	૬૪-૦૦
	કુલ	કાર્ડદીઠ ૩૫-૦૦૦	
અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)	ઘઉં	વ્યક્તિદીઠ ૦૨-૦૦૦	૨-૦૦
	ચોખા	વ્યક્તિદીઠ ૦૩-૦૦૦	૩-૦૦
	તુવેર દાળ	વ્યક્તિદીઠ ૫-૦૦૦	
	કુલ	કાર્ડ દીઠ ૦૧-૦૦૦	૬૪-૦૦
રાજ્યનાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, અને ડાંગ કુલ સાત (૭) જિલ્લા સિવાયના (૨૬) જિલ્લાઓ માટે વિતરણ પ્રમાણ તથા ભાવ નીચે મુજબ ઠરાવેલ છે.			
એએવાય (AAY)	ઘઉં	કાર્ડદીઠ ૨૫-૦૦૦	૨-૦૦
	ચોખા	કાર્ડદીઠ ૧૦-૦૦૦	૩-૦૦
	તુવેર દાળ	કાર્ડદીઠ ૩૫-૦૦૦	
	કુલ	કાર્ડદીઠ ૦૧-૦૦૦	૬૪-૦૦
અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)	ઘઉં	વ્યક્તિદીઠ ૦૩-૫૦૦	૨-૦૦
	ચોખા	વ્યક્તિદીઠ ૦૧-૫૦૦	૩-૦૦
	તુવેર દાળ	કાર્ડ દીઠ ૦૧-૦૦૦	૬૪-૦૦

સબસીડી

"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો : ૨૦૧૩" હેઠળ વિતરણ કરવામાં આવતા અનાજના જથ્થાના નીચેની વિગતેના ખર્ચ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ૫૦:૫૦ ના ધોરણે ભોગવવાનું નક્કી થયેલ છે.

૧. અનાજનો ટ્રાન્સપોર્ટેશન ચાર્જ ₹ ૬૫-૦૦ પ્રતિ ક્વિન્ટલ

૨. વાજબી ભાવના દુકાન સંચાલકના કમિશનના ખર્ચ ₹ ૭૦-૦૦ પ્રતિ ક્વિન્ટલ

૩. કોમ્પ્યુટરાઈઝ્ડ વેચાણ અન્વયે ખાસ કમિશન ખર્ચ ₹ ૧૭-૦૦ પ્રતિ ક્વિન્ટલ

કેન્દ્ર સરકાર દ્વારા નિયત થયેલ ઉપરાંતની સબસીડી સંદર્ભે ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ભોગવવામાં આવે છે.

ઘઉં :

ઘઉના જથ્થાની કેન્દ્રીય વેચાણ કિંમત પ્રતિ કિલોના ₹ ૨.૦૦ નિયત થયેલ છે. રાજ્ય સરકારની પડતર કિંમત પ્રતિ કિલો ₹ ૪.૪૦ છે. જેમાં ઘઉના જથ્થા પર પ્રતિ કિલો ₹ ૦.૭૬ પૈસા સબસીડી કેન્દ્ર સરકાર ભોગવે છે અને પ્રતિ કિલો ₹ ૧.૬૪ લેખે સબસીડી રાજ્ય સરકાર ભોગવે છે.

ચોખા :

ચોખાના જથ્થાની કેન્દ્રીય વેચાણ કિંમત પ્રતિ કિલોના ₹ ૩.૦૦ નિયત થયેલ છે. રાજ્ય સરકારની પડતર કિંમત પ્રતિ કિલો ₹ ૫.૪૮ છે. જેમાં ચોખાના જથ્થા પર પ્રતિ કિલો ₹ ૦.૭૬ પૈસા સબસીડી કેન્દ્ર સરકાર ભોગવે છે અને પ્રતિ કિલો ₹ ૧.૭૨ લેખે સબસીડી રાજ્ય સરકાર ભોગવે છે.

વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન અંત્યોદય યોજના હેઠળ ૨.૩૩ લાખ મે.ટન જેટલા ઘઉ તથા ૯૩,૫૦૦ મે.ટન જેટલા ચોખા

INDEX

અને PHH યોજના હેઠળ ૧૨.૦૦ લાખ મે.ટન જેટલા ઘઉં તથા ૫.૧૭ લાખ મે.ટન જેટલા ચોખાનું જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવેલ છે.

જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં (ડીસેમ્બર-૨૦૨૧ની સ્થિતિએ) અંત્યોદય યોજના હેઠળ ઘઉં ૧.૬૬ લાખ મે.ટન તથા ચોખા ૬૯૧૨૮.૧૫૯ મે. ટન અને PHH યોજના હેઠળ ૮.૮ લાખ મે.ટન ઘઉં તથા ૩૯૩૨૨૯.૨૫૨ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે.

સદર યોજના હેઠળ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગરને સબસીડી ખર્ચની ચુકવણી કરવા માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ₹ ૯૯૭.૫૮ કરોડની જોગવાઇ કરાવવામાં આવેલ છે. જે સામે કુલ ખર્ચ ₹ ૯૦૪.૧૨ કરોડ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માં અંદાજપત્રમાં ₹ ૫૫૩.૩૫ કરોડની જોગવાઇ કરાવવામાં આવેલ છે. જે મુજબનો ખર્ચ માર્ચ-૨૦૨૨ સુધીમાં થશે.

રેશનકાર્ડ ધારકોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ દર માસે મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુ (અનાજ-કેરોસીન-ખાંડ-મીઠું-ખાદ્યતેલ)ના જથ્થાનું વિતરણ-પ્રમાણ અને કિંમત અંગેની માહિતી મળે તેમજ તેઓમાં જાગૃતિ આવે તે સારૂં રેશનકાર્ડની કેટેગરીવાર મળવાપાત્ર આવશ્યક ચીજ વસ્તુના જથ્થાના વિતરણ-પ્રમાણ અને ભાવ અંગેની જાહેરાત દર માસની પહેલી તારીખે પ્રસિધ્ધિ અર્થે અગ્રગણ્ય સ્થાનિક વર્તમાન પત્રોમાં માસિક ધોરણે આપવામાં આવે છે.

ખાંડ :

રાજ્ય સરકારના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા મુક્ત બજારમાંથી ઓનલાઈન રીવર્સ ઈ-ઓક્શન પ્રક્રિયાના આધારે ખાંડની ખરીદી કરીને વ્યાજબી ભાવની દુકાનો સુધી જથ્થો ઉપલબ્ધ કરાવીને રાજ્યનાં બીપીએલ અને અંત્યોદય કાર્ડ ધારકોને દર માસે વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકાર બીપીએલ કાર્ડધારકોને દર મહિને વ્યક્તિદીઠ ૩૫૦ ગ્રામ પ્રમાણે પ્રતિ કિલો ₹ ૨૨.૦૦ના રાહત ભાવે અને અંત્યોદય કાર્ડ ધારકોને દર મહિને ૩ વ્યક્તિ સુધીની સભ્ય સંખ્યાવાળા કુટુંબને કાર્ડદીઠ ૧ કિલો પ્રમાણે તથા ૩ થી વધુ સભ્ય સંખ્યા ધરાવતા AAY કુટુંબને વ્યક્તિદીઠ ૩૫૦ ગ્રામ પ્રમાણે પ્રતિ કિલો ₹ ૧૫.૦૦ના રાહત ભાવે ખાંડનું વિતરણ કરે છે. તદઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. પ્રમાણે જન્માષ્ટમી અને દિવાળીના તહેવારોના માસમાં વધારાનો જથ્થો અંત્યોદય કાર્ડધારક/લાભાર્થીને ₹ ૧૫.૦૦ પ્રતિ કિલો અને બીપીએલ કાર્ડધારક/લાભાર્થીને ₹ ૨૨.૦૦ પ્રતિ કિલોના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

વર્ષ : ૨૦૨૧-૨૨માં નવેમ્બર-૨૦૨૧ અંતિત અંદાજિત કુલ ૪૭૪૨૯.૯૧ મે.ટન ખાંડના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં કુલ ₹ ૧૩૪.૦૯ કરોડની મૂળ જોગવાઈ થયેલ છે. જે સામે ₹ ૮૭.૪૩ કરોડની રકમનો ખર્ચ થયેલ છે.

ખાદ્યતેલ :

રાજ્ય સરકારના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા મુક્ત બજારમાંથી ઑનલાઈન રીવર્સ ઈ-ઓક્શન પ્રક્રિયાના આધારે ખાદ્યતેલનો જથ્થો ખરીદ કરવામાં આવે છે. વર્ષમાં આવતા બે તહેવારો (જન્માષ્ટમી અને દિવાળી)ના માસ દરમ્યાન બીપીએલ અને અંત્યોદય કાર્ડ ધારકોને રાહત દરે(મુકત બજારના પ્રવર્તમાન ભાવથી નીચા દરે) વિતરણ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન તહેવારો ઓગસ્ટ-૨૦૨૧ (જન્માષ્ટમી) અને નવેમ્બર-૨૦૨૧ (દિવાળી) દરમ્યાન રાજ્યના અંત્યોદય તથા બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોને કાર્ડદીઠ ૧ લીટર પ્રમાણે પ્રતિ લીટરના ₹ ૯૩.૦૦ ના રાહતદરે રીફાઈન્ડ કપાસીયા તેલનું વિતરણ કરાયેલ છે. ઑગસ્ટ, સપ્ટેમ્બર અને નવેમ્બર-૨૧ ના માસમાં અંદાજિત ૧૨૫.૨૨ લાખ પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૭૦૩૨.૭૪ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જે અંતર્ગત મળેલ ગ્રાન્ટ ₹ ૭૦૩૨.૭૪ લાખ છે. જેમાંથી અંદાજિત ₹ ૭૦૩૨.૭૪ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

આયોડિનયુક્ત મીઠું :

ગુજરાત રાજ્યના અંત્યોદય તથા બી.પી.એલ. કુટુંબનાં લોકોને આયોડિનની ઉણપ ન થાય તે માટે રાહત ભાવે વિતરણ કરવામાં આવતી ચીજવસ્તુના જૂથમાં રીફાઈન્ડ આયોડિનયુક્ત મીઠાનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. અંત્યોદય (AAY) અને બીપીએલ(BPL) કાર્ડધારકોના ૬ વ્યક્તિ સુધી સભ્ય સંખ્યાના કુટુંબને કાર્ડદીઠ ૧ કિલો તથા ૬ થી વધુ સભ્ય સંખ્યાના

કુટુંબને કાર્ડદીઠ ૨ કિલો આયોડિનયુક્ત મીઠું પ્રતિ કિલો ₹ ૧.૦૦ના રાહત ભાવે પ્રતિ માસ વિતરણ કરવામાં આવે છે. મીઠાની ખરીદી રાજ્ય સરકારના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા કરવામાં આવે છે.

વર્ષ : ૨૦૨૧-૨૨માં નવેમ્બર-૨૦૨૧ અંતિત અંદાજિત કુલ ૨૮૪૩૧.૭૯ મે.ટન મીઠાના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં કુલ ₹ ૨૪૦૧.૧૧ લાખની મૂળ જોગવાઈ થયેલ છે, જે પૈકી ₹ ૧૬૨૭.૫૬ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

અન્નપૂર્ણા યોજના :

આ યોજના હેઠળ ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરાધાર વૃધ્ધો કે જેઓ રાષ્ટ્રીય/રાજ્ય નિરાધાર માટેની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવા માટે અરજી કરેલ હોય અને જેઓની અરજી મંજૂર કે નામંજૂર થયેલ હોય કે વિચારણા હેઠળ હોય, ત્યારે ૬ માસ માટે માસિક ૧૦ કિ.ગ્રા.અનાજ વિના મૂલ્યે આપવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૫ લાખની જોગવાઈ થયેલ છે.

અન્નબ્રહ્મ યોજના (ફુડ હેલ્પલાઈન યોજના) :

ભુખમરા અને કુપોષણથી થતાં મૃત્યુને રોકવા ઘરવિહોણા વ્યક્તિ/કુટુંબ તથા અન્ય બાળકો (સ્ટ્રીટ ચિલ્ડ્રન) ને અન્ન સલામતિ આપવા માટે રાજ્ય સરકારે અન્ન બ્રહ્મ યોજના અમલમાં મુકી છે, જેમાં રેશનકાર્ડ ન ધરાવતી વ્યક્તિ/કુટુંબ તેમજ અત્યંત ગરીબ/અશક્ત/નિરાધાર વ્યક્તિ, હોસ્પીટલના બીછાને પડેલ દર્દી કે જેમને અનાજની જરૂરિયાત છે, સામાન્ય દેખાવ પરથી યોગ્ય લાગે તેવી જરૂરિયાતમંદ વ્યક્તિ/કામદાર, ઘરવિહોણી એકલી વ્યક્તિ અથવા કુટુંબ (બાળકો સહિત) તેમજ ઘર વિહોણા અને અનાથ બાળક એટલે કે સ્ટ્રીટ ચિલ્ડ્રનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ ૬ માસ માટે પ્રતિ માસ ૧૦ કિલોગ્રામ ઘઉ અને ૫ કિલોગ્રામ ચોખા મળી ૧૫ કિલોગ્રામ અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૫ લાખની જોગવાઈ થયેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ૬૯.૪૫ મે. ટન (ડીસેમ્બર-૨૦૨૧ની સ્થિતિએ) અનાજનું વિતરણ થયેલ છે.

વાજબી ભાવની દુકાનો :

રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫ માં નિયત કરેલ ધોરણો અનુસાર દરેક તાલુકા/ગ્રામ્ય વિસ્તારોને વાજબી ભાવની દુકાનોથી આવરી લેવામાં આવેલ છે. જેમાં,

- (અ) ગ્રામ્ય વિસ્તાર માટે ૩૦૦૦ની વસ્તી (ખાસ કિસ્સામાં ૨૭૦૦ની વસ્તી) અને ૩ કિ.મી અંતર.

  (બ) શહેરી વિસ્તાર માટે ૭૫૦૦ની વસ્તી મુજબ દુકાનની ફાળવણી કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૫ માં નવી નીતિ અમલમાં આવ્યા બાદ ચાલુ જૂની દુકાનોને બંધ કરવામાં આવેલ નથી.
- ૩ કિ.મી. થી ઓછા અંતરે ગામ હોય તે ગામને નજીકની દુકાન જોડી દેવાની રહેશે.
- ૩ કિ.મી. થી વધુ પરંતુ ૩૦૦૦ થી ઓછી વસ્તી હોય તે ગામે બ્રાન્ચ એફપીએસ તરીકે નજીકના દુકાન સંચાલક ગામે જઈ વિતરણ કરશે.

ડીસેમ્બર-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કુલ-૧૬૯૭૫ વાજબી ભાવની દુકાનો કાર્યરત છે. વાજબી ભાવની દુકાનોનું નામાભિકરણ “પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર” કરવામાં આવેલ છે.

આધાર આધારિત વિતરણ વ્યવસ્થા :

- ભારત સરકારે તા. ૦૮/૦૨/૨૦૧૭ના જાહેરનામા દ્વારા આધાર આધારિત વિતરણ વ્યવસ્થા ગોઠવવા આદેશ કરેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ અંતર્ગત લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા “આધાર ઓળખ” આધારિત કરવા બાબતે તા.૨૮/૦૩/૧૭ તથા તા.૨૩/૦૩/૧૭ થી પરિપત્ર બહાર પાડેલ છે.
- આધાર આધારિત વિતરણ વ્યવસ્થા માટે ડીસેમ્બર-૨૦૨૧ની સ્થિતીએ રાજ્યમાં ૭૨,૭૫,૩૨૮ રાષ્ટ્રીય અન્ન સલામતિ યોજના હેઠળના રેશનકાર્ડ પૈકી ૭૨,૬૨,૯૭૦ [૯૯.૮૦ %] રેશનકાર્ડમાં આધાર નંબરનું સીંડીંગ પૂર્ણ થયેલ છે.

INDEX

- ગુજરાત સરકારે નોટીફીકેશનથી સમય મર્યાદા વધારીને તા.૩૧/૧૨/૨૦૨૧ કરેલ છે.
- ભારત સરકારના "Unique Identification Authority Of India" વિભાગ દ્વારા તા. ૧૨/૦૯/૨૦૧૬થી આધાર એક્ટ બહાર પાડવામાં આવેલ છે. જેના CHAPTER - II SACTION - IV[2] ના [a],[b] અને [c]માં Authentication માટે ત્રણ option આપેલ છે. 1. ફિંગર પ્રિન્ટ 2. IRIS 3. OTP.
- રાજ્યમાં તમામ વાજબી ભાવની દુકાનોમાં આધાર આધારિત વિતરણ વ્યવસ્થા માર્ચ ૨૦૧૭થી અમલી કરેલ છે. જેમાં હાલમાં ફિંગરપ્રિન્ટ તથા OTP આધારીત પધ્ધતિ અમલીમાં છે.

ઓનલાઈન પરમીટ [Online Permit] અને મેન્યુઅલ વિતરણ :

- ઓનલાઈન પરમીટ પધ્ધતિ ડીસેમ્બર-૨૦૧૮ થી NIC દ્વારા તૈયાર કરાયેલ સોફ્ટવેર દ્વારા અમલી બનેલ છે.
- રાજ્યમાં ઓનલાઈન PDS System માં જે તે માસની Advance Online Permit તથા Online Challan સંબંધિત વાજબી ભાવના દુકાનદારનાં Login ID માં જે તે માસની પરમીટ/ચલણ હોય તેના આગળના મહીનાની ૧૫ તારીખથી ઓનલાઈન જનરેટ થાય છે. નાયબ મામલતદાર પાસે તથા ચલણના નાણાં જમા કરાવવા માટે ગોડાઉન મેનેજર પાસે જવાની જરૂર રહેતી નથી.
- આ પધ્ધતિ અંતર્ગત જે તે માસની પરમીટ માટે એક માસના અગાઉના ફક્ત કોમ્પ્યુટરમાં રેકોર્ડેડ વેચાણ/ વિતરણના આધારે ઉઘડતો જથ્થો બાદ કરતા જે મળવાપાત્ર જથ્થો [પરમીટેડ જથ્થો] હશે તે System Automatically Calculate કરે છે અને તે મુજબ ઓનલાઈન પરમીટ જનરેટ થાય છે.
- આ પધ્ધતિમાં વાજબી ભાવના દુકાનદાર નીચે મુજબની પધ્ધતિથી નાણાં ભરી શકે છે.

  i. Credit / Debit Card

  ii. Net Banking

  iii. Cash

  iv. UPI

  v. RTGS/NEFT

- ઉપરોક્ત નાણાં ભરવાની પધ્ધતિ પૈકી કોઇ પણ પધ્ધતિથી નાણાં ભરી શકાય છે અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ખાતામાં જમા થયાની ઈફેક્ટ મળ્યેથી જે તે વાજબી ભાવની દુકાન જે ગોડાઉન સાથે સંકળાયેલ હોય તે ગોડાઉન મેનેજરના લોગીનમાં નાણાં જમા થયાની Effect આવે છે.
- ત્યારબાદ ગોડાઉન મેનેજર દ્વારા તેમના Login Id માંથી વાજબી ભાવના દુકાનદારે ભરેલ નાણાની વિગતો અનુસાર ગુ.રા.ના.પુ નિગમ લી. ના ગોડાઉનેથી જથ્થો વાજબી ભાવના દુકાન સંચાલકના ધંધાના સ્થળે માસના અંત સુધીમાં પરમીટ જથ્થાના ૫૦% જથ્થો ડોરસ્ટેપ ડીલીવરીથી પહોંચાડવામાં આવે છે, જ્યારે બાકીના ૫૦% જથ્થો બીજા માસની ૭ મી તારીખ સુધીમાં જ Online ડીલીવરી ચલણ જનરેટ કરી ડોરસ્ટેપ ડીલીવરીથી પહોંચાડવામાં આવે છે.
- જે તે વાજબી ભાવની દુકાને ડોર સ્ટેપ ડીલીવરી થયા અંગેની જાણ રજીસ્ટર્ડ રેશનકાર્ડ ધારકો, વાજબી ભાવના દુકાન સંચાલકો તથા વિજીલન્સ કમિશનના સભ્યોને રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર SMS થી સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે.
- મેન્યુઅલ વિતરણ વ્યવસ્થા માટે વાજબી ભાવના દુકાનદારોએ લેવાની થતી મંજુરી તથા રાખવાપાત્ર રજીસ્ટરો:જે લાભાર્થી પાસે આધારકાર્ડ ન હોય અથવા આધારકાર્ડ બનાવવાની પ્રક્રિયા ચાલુમાં હોય તો લાભાર્થી તેને મળવાપાત્રથી વંચીત ન રહે તે હેતુસર વૈકલ્પિક વિતરણ પધ્ધતિ નિયત કરેલ છે.
- જે લાભાર્થી પાસે આધારકાર્ડ ન હોય અથવા આધારકાર્ડ બનાવવાની પ્રક્રિયા ચાલુમાં હોય તો ઓનલાઈન/ ઓફલાઈન ૧૩ પુરાવા પૈકી કોઈ એક પુરાવાના આધારે રજીસ્ટર "અ" અને જો ફિંગરપ્રિન્ટ મેચ ન થાય અથવા અન્ય ટેકનીકલ કારણોસર મેન્યુઅલ વિતરણ થાય તે માટે નિયત કરાયેલ રજીસ્ટર "બ" માં વાજબી ભાવના દુકાનદારે લાભાર્થીની સહી/અંગૂઠો મેળવીને કરવાનું છે અને આ બન્ને રજીસ્ટરોની જે તે સબંધિત મામલતદાર/ ઝોનલ અધિકારીશ્રીઓએ ચકાસણી કરી માસના અંતે પ્રમાણિત કરવાનું રહે છે.

INDEX

- મેન્યુઅલ વિતરણ માટે દુકાન સંચાલકે જે લાભાર્થીને મેન્યુઅલ વિતરણ કરેલ હોય તેના રેશનકાર્ડનો નંબર ૧૩ પુરાવા પૈકી આપેલ પુરાવાની વિગત વિતરણ કરેલ જથ્થાની વિગત તથા લાભાર્થીનો મોબાઈલ નંબર સાથેની વિગતો સાથે ની યાદી દર માસે મામલતદાર/ઝોનલ અધિકારીશ્રીને આપવાની રહે છે.

ડોર સ્ટેપ ડીલીવરી :

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય પુરવઠા નિગમ લી. થી વાજબી ભાવની દુકાન સુધી જથ્થાના વહન માટે "ડોર સ્ટેપ ડીલીવરી" કરવામાં આવે છે.

હેતુ :

- રાહતદરના અનાજનું ડાયવર્ઝન અટકે
- જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા વધે
- દુકાનના સ્થળે સમયસર પરમીટ મુજબનો જથ્થો પહોંચે

પધ્ધતિ :

- ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજ વસ્તુના જથ્થાની પ્રાપ્તિ તથા વ્યાજબી ભાવના દુકાનદારોને વિતરણની કામગીરી માટે ટ્રાન્સપોર્ટ [ફર્સ્ટ માઈલ] અને ડોર-સ્ટેપ ડીલીવરી [લાસ્ટ માઈલ] માટે જિલ્લાવાર ઈજારા સુપ્રત કરેલ છે.
- ટ્રાન્સપોર્ટ [ફર્સ્ટ માઈલ] અને ડોર-સ્ટેપ ડીલીવરી [લાસ્ટ માઈલ]નું આઈ.સી.ટી લોજિસ્ટિક્સ સિસ્ટમ દ્વારા ડિજિટેલાઈજેશન
- આઈસીટી લોજિસ્ટિક્સ સિસ્ટમ વેબ અને મોબાઈલ [Android and iOS] માં ડેવેલપ થયેલ છે.
- આઈસીટી સિસ્ટમમાં મુખ્યત્વે બે ભાગ છે.

  [૧] ફર્સ્ટ માઈલ [FCI થી નિગમ ના ગોડાઉન ખાતે] કરવામાં આવતી પરિવહનની કામગીરી

  [૨] લાસ્ટ માઈલ [નિગમ ના ગોડાઉન થી FPS ખાતે] કરવામાં આવતી કામગીરી
- જે અન્વયે એફસીઆઈ ખાતેથી જથ્થાની પ્રાપ્તિ અને વ્યાજબી ભાવના દુકાનદારો સુધીની ડીલીવરીના ટ્રેકિંગ અને ટ્રેસિંગ માટે નિગમ દ્વારા આઈસીટી લોજિસ્ટિક્સ સિસ્ટમ ઈમ્પ્લીમેન્ટ કરવામાં આવી રહી છે.
- ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર દ્વારા દુકાનના સ્થળે જથ્થો પહોંચાડે ત્યારે જથ્થો મળ્યો - સ્થળે પહોંચ્યા બદલ ગોડાઉનથી જથ્થો પહોંચાડવા માટે ડોરસ્ટેપ ડીલીવરી થાય છે. ત્યારે જે તે સંબંધિત વાજબી ભાવના દુકાન સંચાલકના રજીસ્ટર્ડ મોબાઈલ પર ઓ.ટી.પી. જનરેટ થાય છે અને જ્યારે ડોરસ્ટેપથી જથ્થો જે તે સંબંધિત વાજબી ભાવની દુકાને પહોંચે ત્યારે રજીસ્ટર્ડ મોબાઈલ પર જનરેટ થયેલ ઓટીપી દ્વારા જથ્થા મળ્યાની ખાતરી મેળવે છે. આ ઉપરાંત ગ્રામ્ય તકેદારી કમિટીના સભ્યો પૈકી ૨ સભ્યોની સહી લેવામાં આવે છે.

પારદર્શીતા પોર્ટલ :

રાજ્ય સરકારની વેબસાઈટ http://dcs-dof.gujarat.gov.in તથા https://ipds.gujarat.gov.in પરથી કોઈપણ વ્યક્તિ જાહેર વિતરણ સબંધિત તમામ વિગતો ઓનલાઈન મેળવી શકે છે. જેમાં -

- રેશનકાર્ડને લગતી વિગતો
- વાજબી ભાવની દુકાનોને કરવામાં આવેલ ફાળવણી
- વાજબી ભાવની દુકાનો પરથી કાર્ડધારકને કરવામાં આવેલ વિતરણ (બે માસના real time Data) ની જાણકારી મળે છે.
- ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના ગોડાઉનથી અનાજનો જથ્થો વાજબી ભાવના દુકાના સંચાલકોને વેહલામાં વેહલી તકે પહોંચાડવામાં આવે છે અને રજિસ્ટર્ડ લાભાર્થીઓને SMS એલર્ટથી તેની જાણકારી પણ આપવામાં આવે છે.

ગોડાઉનની વિગત રાજ્યના છેવાડાના નાગરિકો સુધી ઓનલાઈન પ્રતિભાવ આપવાની/ફરિયાદ કરવાની સગવડ

કરવામાં આવેલ છે તથા નિ:શૂલ્ક ટોલ ફ્રી નંબર : ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ તથા ૧૪૪૪૫ પર રાજ્યના કોઈ પણ નાગરિક પોતાની ફરીયાદ નોંધાવી શકે છે. ફરિયાદ નિવારણ તંત્ર કાર્યરત છે. દરેક જિલ્લાના અધિક કલેક્ટરશ્રીને જીલ્લા ફરીયાદ નિવારણ અધિકારી (District Grievance Redressal Officer-DGRO)તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા Good Governance ના ભાગરૂપે તા.૨૫ ડીસેમ્બરથી સમગ્ર રાજ્યમાં "My Ration" Mobile Application નું લૉન્ચીંગ કરવામાં આવેલ છે. જેમાં ઉપર જણાવ્યા મુજબની વિગતો લાભાર્થી જોઈ શકે છે.

કેરોસીન ફાળવણી અને વિતરણ :

કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને એપ્રિલ-૨૧ થી ૪૯૦૦ કિ.લી. કેરોસીનનો જથ્થો માસિક ધોરણે ફાળવવામાં આવેલ છે. આ જથ્થામાંથી રાજ્યમાં જીલ્લાવાર કેરોસીનની ફાળવણી રાજ્યના જીલ્લાઓમાં ઓનલાઈન સીસ્ટમ મુજબ ગેસ જોડાણ નહિ ધરાવતા રેશનકાર્ડની સંખ્યા (કેરોસીન કાર્ડ)ધ્યાને લઈ રાજ્યની કુલ જરૂરીયાત સામે કેન્દ્ર સરકાર તરફથી મળેલ જથ્થાની જે ટકાવારી બેસે તે ધોરણે દરેક જીલ્લાઓને જરૂરીયાત સામે સમાન ટકાવારીના ધોરણે ફાળવણી કરવામાં આવે છે. માહે ડીસેમ્બર-૨૧ માટે ૮,૬૬,૬૮૮ નોનગેસ કાર્ડધારકો માટે જિલ્લાઓને કેરોસીન ફાળવવામાં આવેલ છે.

વિતરણ પ્રમાણ :

રાજ્ય સરકારે માહે ઑક્ટોબર-૨૦૧૬ થી બીપીએલ/અંત્યોદય કાર્ડધારકોને વ્યક્તિદીઠ ૨ લિટર તથા ૪ કે તેથી વધુ સંખ્યાવાળા નોનગેસ કાર્ડધારકોને વધુમાં વધુ ૮ લીટર અને એપીએલ-૧/એપીએલ-૨ કાર્ડધારકોને વ્યક્તિદીઠ ૨ લીટર તથા ૨ કે તેથી વધુ સંખ્યાવાળા નોનગેસ કાર્ડધારકોને વધુમાં વધુ ૪ લીટર મુજબ નિયત કરેલ વિતરણ પ્રમાણ મુજબ માસિક ધોરણે કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે. (અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૯ના પરિપત્ર અનુસાર એપીએલ કેરોસીન કાર્ડધારકોને તા.૦૧/૦૮/૨૦૧૯ થી પીડીએસ કેરોસીનની ફાળવણી બંધ કરેલ હોય માત્ર બીપીએલ તથા અંત્યોદય કેરોસીન કાર્ડધારકોને તા.૦૬/૧૦/૨૦૧૬ ના પરિપત્ર મુજબ નક્કી થયેલ વિતરણ પ્રમાણ અનુસાર ફાળવણી કરવામાં આવે છે.)

કેરોસીન ઉપાડની સમયસુચિ :

કેરોસીનનો જથ્થો માસના પ્રથમ દિવસથી ઉપાડી વિતરણમાં મુકવામાં આવે છે. કાર્ડધારકોને સમયસર જથ્થો મળી રહે તે માટે ઉપાડ માટેની સમયસુચિ નિર્ધારિત કરવામાં આવેલ છે. જે મુજબ કેરોસીનના એજન્ટો દ્વારા તેમને ફાળવવામાં આવેલ જથ્થા પૈકી ૧૦મી તારીખ સુધીમાં ૪૫% અને તારીખ ૨૦ સુધીમાં પૂરેપૂરો જથ્થો ઉપાડ કરી, સમયસર વિતરણમાં મૂકાય તેવું આયોજન રાખવા જીલ્લા કલેક્ટરશ્રીઓને સૂચના આપવામાં આવી છે તેમજ આ બાબતે જિલ્લા તથા રાજ્યકક્ષાએથી મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

ડોરસ્ટેપ ડીલીવરી :

રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ કેરોસીનના ડીલરો માસના પ્રથમ દિવસથી જ કેરોસીનના જથ્થાનો ઓઈલ કંપનીઓ ખાતેથી ઉપાડ કરી કેરોસીનના છૂટક વિક્રેતાઓ તથા વ્યાજબી ભાવના દુકાનદારોને અગાઉથી મંજુર કરાવેલ એડવાન્સ પ્રોગ્રામ મુજબ નિર્ધારીત રૂટ પ્રમાણે તેઓને ડોરસ્ટેપ ડીલીવરી મુજબ તેઓના ધંધાના સ્થળે જથ્થો પહોંચતો કરે છે.

એલ.પી.જી. રાંધણગેસ :

હાલમાં રાજ્યમાં ૯૧૦ ગેસ એજન્સીઓમાં ૧૧૪.૩૩ લાખ એલ.પી.જી. ગેસ ધારકો છે. રાજ્યના ગ્રાહકોને નોંધણી સામે સમયસર ગેસની બોટલ મળી રહે તે માટે મોનીટરીંગ કરવામાં આવે છે અને ગેસની ઉપલબ્ધી બાબતે કોઈ મુશ્કેલી સર્જાય તો તાત્કાલિક ઓઈલ કંપનીઓ સાથે મીટીંગ દ્વારા પરામર્શ કરી એલપીજીનો પુરતો જથ્થો ઉપલબ્ધ થાય તેની વ્યવસ્થા કરવામાં આવે છે. ડોમેસ્ટીક સીલીન્ડરનો વાણીજ્યીક હેતુ માટે દુરૂપયોગ ન થાય તે માટે એન્ફોર્સમેન્ટ તંત્ર દ્વારા તપાસણી કરવામાં આવે છે તેમજ જોગવાઈના ભંગ બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

■ **તપાસ અને લીધેલ પગલા :**

નાણાંકીય વર્ષ માહે એપ્રિલ-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧ ની વિષયવાર તપાસ અને લીધેલ પગલાની વિગત દર્શાવતું પત્રક-૧ તેમજ માહે એપ્રિલ-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧ ની તપાસ, સીઝર, રાજ્ય સાત અને ખાતા રાહે લીધેલ પગલાંની પગલાની વિગત દર્શાવતુ પત્રક-૨ આ સાથેના બિડાણમાં સામેલ છે.

INDEX

પત્રક-૧

નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહે: એપ્રિલ-૨૧ થી નવેમ્બર-૨૦૨૧ દરમ્યાન થયેલ વિષયવાર તપાસ અને લીધેલ પગલાની વિગત દર્શાવતુ પત્રક

અ.નં	આ.ચી.વસ્તુનો પ્રકાર	ક્ષતિવાળી સંખ્યા	ક્ષતિ વગરની સંખ્યા	કરેલ તપાસણી/ દરોડાની સંખ્યા	જપ્ત કરેલ		રાજ્યસાત કરેલ		પરવાના વિષયક પગલા				કોર્ટ કેસ		પીબીએમ કેસ	
					જથ્થો	કિંમત ₹	જથ્થો	કિંમત ₹	ડીપોઝીટ કિંમત ₹	દંડ ₹	મોકુફ	રદ	કોર્ટ કેસની સંખ્યા	વ્યક્તિ	પીબીએમ કેસની સંખ્યા	વ્યક્તિ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
૧	પેટ્રોલ-ડીઝલ પંપની તપાસ	૩૦	૪૧	૭૧	૨૨૪૮	૨૧૭૧૯૪	૪૫૬૪	૩૫૪૯૮૪	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨	બાયોડીઝલની તપાસ	૧૮૧	૧૫	૧૯૬	૧૩૨૯૫૧૬	૮૭૫૪૫૦૭૨	૩૧૮૦૮૮	૧૮૧૫૧૯૧૭	૦	૨૭૧૧૬૭	૦	૦	૧૨	૭	૦	૦
૩	એલ.ડી.ઓ, લુબ્રીટેકીંગ ઓઈલ તેમજ અન્ય તમામ ઓઈલની તપાસ	૨૦	૨	૨૨	૩૮૦૫૮૯	૨૬૨૨૪૪૦૯	૭૨૩૨૩	૩૨૯૬૩૬૦	૦	૯૮૧૦૦	૦	૦	૦	૦	૦	૦
૪	સોલવન્ટની તપાસ	૦	૩	૩	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૫	કેરોસીન જા.વિ.- એજન્ટ/છૂટક/ફેરીયા/ મર્યાદીત વિક્રેતાની તપાસ	૬	૩૦	૩૬	૫૨૦૬	૨૪૬૯૫૯	૨૦૩૮	૮૫૨૩૯	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૬	કેરોસીન ઉપર મુજબ સિવાય તેમજ વ્યા,ભા.દુકાનદાર સિવાય કરેલ તપાસ	૧	૦	૧	૩૦૦	૨૧૦૦૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૭	રાંધણગેસ એજન્સી (જા.વિ.)ની તપાસ	૨૩	૩૨	૫૫	૧૨૧	૧૧૯૨૮૬	૧૯	૫૧૮૩૫	૬૪૦૦૦	૦	૦	૦	૦	૦	૦	૦
૮	હોટલ -રેસ્ટો./ફી સેલ. માં રાં.ગેસનો અને અનઅધિકૃત ઉપયોગ અટકાવવા કરેલ તપાસ	૨૬	૬	૩૨	૧૭૬	૨૭૫૮૭૫	૧૩	૨૧૧૧૦	૦	૫૮૦૦	૦	૦	૦	૦	૦	૦

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
૯	વ્યાજબી ભાવની દુકાન અનાજ તમામ	૨૬૫૭	૯૦૮૧	૧૧૭૩૮	૫૩૭૯૫૪	૪૨૩૨૪૩૧	૧૭૫૮૦૪	૨૧૨૯૬૮૯	૩૨૭૫૮૫૦	૨૪૯૮૭૫૭૦	૧૯૨	૪૬	૧	૦	૦	૦
૧૦	વ્યાજબી ભાવની દુકાન ખાંડ લેવી	૦	૦	૦	૧૪૬૨૮	૩૬૦૧૮૭	૪૯૩૭	૧૪૧૪૫૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૧	વ્યાજબી ભાવની દુકાન ખાદ્યતેલ (કિ.ગ્રા)	૦	૦	૦	૧૮૯૩	૧૮૩૫૨૫	૮૩	૧૦૦૮૫	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૨	વ્યાજબી ભાવની દુકાન કઠોળ - દાળ	૦	૦	૦	૧૩૩૭૮	૧૦૦૫૬૬૨	૩૧૩૯	૧૭૬૪૩૯	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૩	વ્યાજબી ભાવની દુકાન મીઠુ	૦	૦	૦	૧૭૪૩૪	૨૮૨૮૬	૯૬૦૯	૧૭૮૨૪	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૪	અનાજ મુક્ત બજાર વિક્રેતા- તમામ	૫૧	૧૦	૬૧	૪૫૪૬૮૫	૧૧૦૨૫૮૨૬	૭૨૫૭૭	૧૧૬૫૧૧૭	૦	૧૦૭૩૧૦	૦	૦	૪	૪	૨	૦
૧૫	ખાંડ વિક્રેતા - મુ.ક્ત બજાર	૦	૦	૦	૧૦૦	૩૪૦૦	૬૦૦	૨૧૦૦૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૬	ખાદ્યતેલ -તમામ	૧	૧૬	૧૭	૪૧૩૩	૫૯૦૨૨૩	૧	૫૦	૦	૧૪૪૨૩૦	૦	૦	૦	૦	૦	૦
૧૭	ખાદ્ય તેલીબીયા -તમામ	૦	૦	૦	૧૧૧૪૨	૫૯૧૩૪૫	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૮	કઠોળ-દાળ સહીત વિક્રેતા -તમામ	૦	૮૯	૮૯	૫૮૦૦	૪૬૬૦૦૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૯	અન્ય તપાસ	૦	૬	૬	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૦	અનાજ ગોડાઉન -તમામ	૧૭	૯૩	૧૧૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૧	અન્ય પરવાનેદાર	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૨	અન્ય બિનપરવાનેદાર	૧	૩	૪	૫૦૦૦	૨૬૦૦૦૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૩	વાહનો	૦	૦	૦	૧૦૦	૫૬૮૫૯૫૫૦	૧૦	૨૮૯૧૩૫૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૪	સાધનો	૦	૦	૦	૮૬૩	૨૦૬૦૩૬૫૧	૯૮	૧૨૦૬૦૧૩	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨૫	દવાઓ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૬	૬
	કુલ	૩૦૧૪	૯૪૨૭	૧૨૪૪૧		૨૧૦૮૫૯૮૮૧		૨૯૭૨૦૪૬૩	૩૩૩૯૮૫૦	૨૫૬૧૪૧૭૭	૧૯૨	૪૬	૧૭	૧૧	૮	૬

INDEX

પત્રક-૨

નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહે એપ્રિલ:- ૨૦૨૧ થી નવેમ્બર:- ૨૦૨૧ ની તપાસ, જમ્પી અને રાજ્યસાતની વિગત દર્શાવતુ પત્રક

અ.નં	જિલ્લાનુ નામ	કુલ તપાસની સંખ્યા	પેટ્રોલીયમ પ્રોડ્કટની તપાસો	વ્યાજબી ભાવની દુકાનોની તપાસો	ગોડાઉનની તપાસો	વ્યા.ભા. દુકાનો સિવાયની તપાસો	અન્ય તપાસ	અન્ય પરવા. તપાસો	બિનપરવા. તપાસો	વાહનો/ સાધનો	કુલ જમ કરેલ જથ્થાની કિંમત	કુલ રાજ્યસાત કરેલ જથ્થાની કિંમત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૧	અમદાવાદ	૧૪૧	૧	૧૩૪	૦	૬	૦	૦	૦	૦	૦	૦
૨	અમદાવાદ શહેર	૧૦૫	૮	૯૬	૦	૧	૦	૦	૦	૦	૧૧૯૨૫૬૩	૧૦૭૮
૩	અમરેલી	૧૪૨	૯	૧૨૯	૦	૪	૦	૦	૦	૦	૪૬૬૯૧૪૦	૩૩૩૨૭૨૯
૪	અરવલ્લી	૧૮૫	૧૩	૧૭૧	૧	૦	૦	૦	૦	૦	૧૮૭૪૬૮	૪૩૦૩૬
૫	આણંદ	૪૫૫	૩૧	૪૧૨	૪	૮	૦	૦	૦	૦	૬૬૧૮૨૫	૧૧૮૧૩૫
૬	કચ્છ	૨૪૮	૧૮	૨૨૪	૨	૪	૦	૦	૦	૦	૮૫૫૬૪૪૦	૪૫૭૫૨૪૭
૭	ખેડા	૭૪૧	૩	૭૨૬	૧	૧૦	૦	૦	૧	૦	૨૯૪૩૪૯	૨૧૧૩૨૭
૮	ગાંધીનગર	૨૮૮	૫	૨૭૩	૯	૧	૦	૦	૦	૦	૩૫૩૩૮૦૪	૦
૯	ગીરસોમનાથ	૨૧૦	૭	૧૯૫	૨	૬	૦	૦	૦	૦	૩૯૬૩૭૯૫	૮૨૫૫૧૧
૧૦	છોટાઉદેપુર	૭૬૪	૫	૭૫૬	૦	૩	૦	૦	૦	૦	૧૫૨૦૩૭૨	૧૦૨૪૦૦
૧૧	જુનાગઢ	૧૧૫	૧૧	૯૯	૦	૪	૧	૦	૦	૦	૩૪૦૨૧	૫૭૧૮૪૪૭
૧૨	જામનગર	૧૩૧	૯	૧૧૬	૧	૩	૨	૦	૦	૦	૩૪૦૮૫૭૨	૧૧૩૨૩૪
૧૩	ડાંગ	૮૦	૦	૮૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૪	તાપી	૨૩૧	૧૩	૨૧૪	૧	૩	૦	૦	૦	૦	૩૬૭૨૮૩૭	૦
૧૫	દેવભુમિ દ્વારકા	૧૮૮	૭	૧૫૨	૦	૨૯	૦	૦	૦	૦	૦	૦
૧૬	દાહોદ	૫૦૨	૨	૫૦૦	૦	૦	૦	૦	૦	૦	૫૯૦૦૬૧	૧૮૭૨૨૭
૧૭	નર્મદા	૩૦૯	૩	૨૭૧	૧૩	૨૨	૦	૦	૦	૦	૪૪૯૯૧૦૦	૦
૧૮	નવસારી	૨૩૩	૯	૨૦૮	૦	૧૬	૦	૦	૦	૦	૬૨૭૪૩૭૭	૯૪૧૬૫
૧૯	પંચમહાલ	૨૨૧	૯	૨૧૧	૧	૦	૦	૦	૦	૦	૩૩૦૦	૧૫૯૩૦૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૨૦	પાટણ	૨૨૩	૧૪	૨૦૭	૦	૨	૦	૦	૦	૦	૨૦૩૧૪૫૦	૬૫૦૦૦
૨૧	પોરબંદર	૨૦૯	૧૪	૧૮૫	૧	૯	૦	૦	૦	૦	૦	૦
૨૨	બનાસકાંઠા	૯૯૨	૧૩	૯૬૯	૭	૩	૦	૦	૦	૦	૩૩૧૭૨૧૧	૬૨૫૭૨૧૫
૨૩	બોટાદ	૪૪૭	૭	૪૩૯	૦	૧	૦	૦	૦	૦	૨૭૧૧૨૪૩	૨૭૯૭૨૭
૨૪	ભરૂચ	૯૪૩	૧૮	૯૨૨	૧	૨	૦	૦	૦	૦	૦	૦
૨૫	ભાવનગર	૪૩૯	૩૦	૪૦૩	૦	૬	૦	૦	૦	૦	૧૬૪૦૭૯૭૪	૪૪૯૨૧૮૪
૨૬	મહેસાણા	૧૬૭	૧૨	૧૫૧	૦	૪	૦	૦	૦	૦	૭૧૬૪૧૯૮	૧૯૨૯૧૧૯
૨૭	મહીસાગર	૮૮૫	૦	૮૮૫	૦	૦	૦	૦	૦	૦	૨૬૯૩૨	૦
૨૮	મોરબી	૧૪૩	૧૧	૧૩૨	૦	૦	૦	૦	૦	૦	૪૫૬૫૩૧૬	૬૭૪૯૧૬
૨૯	રાજકોટ	૧૮૯	૧૧	૧૧૨	૧	૬૫	૦	૦	૦	૦	૨૩૩૦૬૬૦૨	૧૭૯૭૩૨
૩૦	વડોદરા	૪૨૦	૮	૪૦૮	૦	૩	૦	૦	૧	૦	૨૪૨૨૧૦	૮૭૦૮૬
૩૧	વલસાડ	૭૩૨	૮	૭૧૮	૪	૨	૦	૦	૦	૦	૨૪૭૪૬	૦
૩૨	સુરત	૪૧૭	૮૨	૩૩૨	૦	૧	૦	૦	૨	૦	૮૯૩૬૭૫૬૯	૫૯૬૪૩
૩૩	સુરેન્દ્રનગર	૮૩૬	૨૩	૮૦૧	૫	૪	૦	૦	૩	૦	૧૮૦૩૨૨૭૪	૦
૩૪	સાબરકાંઠા	૧૧૦	૨	૧૦૭	૦	૧	૦	૦	૦	૦	૬૦૦૧૩૨	૨૧૪૦૦૪
	કુલ	**૧૨૪૪૧**	**૪૧૬**	**૧૧૭૩૮**	**૫૪**	**૨૨૩**	**૩**	**૦**	**૭**	**૦**	**૨૧૦૮૫૯૮૮૧**	**૨૯૭૨૦૪૬૨**

તોલમાપ તંત્ર દ્વારા મોબાઈલ યુનીટની કામગીરી :

કાયદાના અસરકારક અમલીકરણ માટે ખાસ અલાયદી મોબાઈલ કેસ માંડવાળ યુનીટ ચાલુ કરેલ છે. આ યુનીટ જીલ્લા મથક, તાલુકા મથક વિસ્તારોમાં કામગીરી કરે છે. સદર કામગીરી અંતર્ગત કસૂરદાર વેપારી સામે કાર્યવાહી કરી સ્થળ ઉપર જ માંડવાળ ફીની રકમ વસુલ કરી કેસનો નિકાલ કરવામાં આવે છે. ૨૦૨૧-૨૨ નાં (ઑક્ટોબર- ૨૦૨૧ અંતીત) સદર પ્રવૃતિ હેઠળ કુલ ૩૨૬૯ કેસો કરવામાં આવેલ જે પૈકી ૩૨૬૯ કેસો સ્થળ ઉપર માંડવાળ કરી ₹ ૩૧,૭૦,૭૦૦/- માંડવાળ ફી વસુલ કરવામાં આવેલ છે.

આદિજાતિ વિસ્તારમાં તોલમાપ તંત્રની કામગીરી :

આદિવાસી વિસ્તારનાં લોકો વેપારીઓ દ્વારા છેતરાય નહીં તે માટે આદિવાસી વિસ્તારોમાં ભરાતા હાટવાડાની સમયાંતરે તપાસ કરવામાં આવે છે.

૨૦૨૧-૨૨ ના (ઑક્ટોબર - ૨૦૨૧ અંતીત) તંત્ર દ્વારા ૨૧૯ આદિવાસી ગામોની મુલાકાત લઇ ૪૭૪૮ વેપારી એકમોની તપાસણી હાથ ધરી ગેરરીતિ સબબ ૫૫૮ પ્રોસીક્યુશન કેસો કરવામાં આવેલ છે.

ગ્રાહક સુરક્ષા મંડળો :

ગ્રાહકોના હિતની સુરક્ષા માટે કામ કરતા મંડળોને ગ્રાહક પ્રવૃત્તિ હાથ ધરવા માટે સરકાર દ્વારા માન્યતા તથા નાણાંકીય સહાય આપવામાં આવે છે રાજ્યમાં હાલમાં ૫૨ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા આપવામાં આવેલ છે આ મંડળો તેમની પ્રવૃત્તિ સારી રીતે કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા તાલુકા કક્ષાના મંડળોને ₹ ૭૫,૦૦૦/- જિલ્લા કક્ષાના મંડળોને ₹ ૧,૦૦,૦૦૦/- તથા મહાનગર પાલિકાના મંડળોને ₹ ૧,૨૫,૦૦૦/- સુધીની નાણાંકીય સહાય ચુકવવામાં આવે છે. જિલ્લા કક્ષાએ ઓછા માં ઓછુ એક મંડળ સ્થપાય તે અંગેનો નિર્ણય કરવામાં આવે છે. આમ, સમગ્ર વિસ્તારને આવરી લઈને ગ્રાહક પ્રવૃત્તિને લોકભાગ્ય બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૧૬-૧૭ માં ૧૯.૫૧ લાખ, વર્ષ ૨૦૧૭-૧૮ માં ૨૧.૫૧ લાખ તથા વર્ષ ૨૦૧૮-૧૯ માં ૨૨.૧૯ લાખની નાણાંકીય સહાય માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોને આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ મા ₹ ૨૪.૯૩ લાખની નાણાંકીય સહાય માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોને આપવામા આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ મા ₹ ૨૫.૪૩ લાખની નાણાંકીય સહાય માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોને આપવામા આવેલ છે.

કન્ઝ્યુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેક્શન એજન્સી ઓફ ગુજરાત (કા.પા.ગ.) :

ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વેગ મળે તેમજ ગ્રાહકોના હિતોનુ રક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે ૧૯૮૫થી કન્ઝ્યુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેક્શન એજન્સી ઓફ ગુજરાત (કા.પા.ગ.)ની રચના ધ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ - ૧૯૫૦" હેઠળ કરેલ છે. આ એજન્સીના ચેરમેન તરીકે અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના સચિવશ્રી ફરજ બજાવે છે. કા.પા. ગની કારોબારી સમિતિમાં સરકારી સભ્યો તથા માન્ય ગ્રાહક મંડળોના ૫ - બિન સરકારી સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ બિનસરકારી સભ્યો પૈકી ૧ - મહીલા સભ્ય અને ૧ - આદિવાસી વિસ્તારના સભ્યની નિમણુંક કરવી ફરજીયાત છે. કા.પા.ગ.ની સમિતિ માન્ય મંડળોને નિયમ અનુસાર નાણા સહાય મંજુર કરવાની તથા અન્ય મંડળોને માન્યતા આપવાની ભલામણ કરે છે.

કોપર્સ ફંડ :

રાજ્યમાં ગ્રાહક જાગૃતિ અને ગ્રાહક સુરક્ષાની પ્રવૃતિઓ વેગવાન બને અને સરળતાથી થઈ શકે તેમજ કાયમી નાણાકીય સ્ત્રોત ઉભુ થાય તે હેતુને લક્ષમાં લઈને રાજ્ય કલ્યાણ નિધિની સ્થાપના કરવા અને તેને વધુ સુદ્રઢ બનાવવા માટે ભારત સરકારની સહાયથી ₹ ૧૦/- કરોડના (ભારત સરકારના ૭૫% હિસ્સો એટલે કે ₹ ૭.૫૦ કરોડ અને રાજ્ય સરકારનો ૨૫% હિસ્સો એટલે કે ₹ ૨.૫૦/- કરોડ) કોપર્સ ફંડ ઉભુ કરવાની દરખાસ્ત અન્વયે ₹ ૧૦/- કરોડ (અંકે ₹ દસ કરોડ પુરા) ના કોપર્સ ફંડ સાથે રાજ્ય ગ્રાહક કલ્યાણ નિધિની સ્થાપના કરવામાં આવેલ છે. અને રાજ્ય સરકારનો ૨૫% હિસ્સો એટલે કે, ૨.૫૦ કરોડ ગુજરાત સરકારના નિયમોનુસાર જીએસએફએસમાં ફીક્સ ડીપોઝીટ તરીકે મુકેલ છે. અને વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષમાં ₹ ૭.૪૧ કરોડ કોપર્સ ફંડમાં જમા કરાવેલ છે. તેમજ ૨૦૧૪-૧૫ના વર્ષમાં બાકીના ₹ ૯ લાખ જમા કરાવેલ છે. આમ, ₹ ૧૦ કરોડ કોપર્સ ફંડમાં જમા કરેલ છે. જે જીએસએફએસમાં એફડી કરાવેલ છે. અને આ રકમ ઉપરની વ્યાજની આવકનો ઉપયોગ ગુજરાત રાજ્ય ગ્રાહક કલ્યાણ નિધિ દ્વારા ગ્રાહક સુરક્ષા તથા જાગૃતિના હેતુસર કરવાનો છે. જે અનુસાર વર્ષ ૨૦૧૨-૧૩માં ગ્રાહક સલાહકાર કેન્દ્રો માટે ₹ ૩,૪૩,૦૦૦/-ની તથા ૨૦૧૩-૧૪ના વર્ષ માટે ₹ ૯,૦૦,૦૦૦/-ની નાણા સહાય ફાળવેલ છે અને ૨૦૧૪-૧૫ના વર્ષ માટે ₹ ૧૧,૩૦,૦૦૦/-ની, વર્ષ ૨૦૧૫-૧૬માં ₹ ૯,૬૨,૦૦૦/-, વર્ષ ૨૦૧૬-૧૭માં ₹ ૧૦,૧૫,૦૦૦/- વર્ષ ૨૦૧૭-૧૮ માં ૧૦,૧૫,૦૦૦ તથા વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧૦,૧૫,૦૦૦ નાણા સહાય ફાળવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ મા ₹ ૧૦,૧૫,૦૦૦/- નાણાં સહાય ફાળવેલ છે. હાલમા ઉપલબ્ધ ₹ ૧૦ કરોડના કોપર્સ ફંડમાં વધુ ₹ ૧૦

INDEX

કરોડ ઉમેરી ₹ ૨૦ કરોડ કરવુ આવશ્યક હોવાથી ₹ ૧૦ કરોડનુ કોપર્સ ફંડમા ઉમેરવાની દરખાસ્ત અન્વયે અ.ના.પુ.ગ્રા.બા વિભાગના તા. ૩૧-૦૮-૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક સીપીએ/૧૦૨૦૧૦/૪૮૨૦૦૪/ડ/પાર્ટ ૧ થી રાજ્ય સરકારનો ૨૫% હિસ્સો એટલે કે ₹ ૨.૫૦ કરોડ કાપાગને હવાલે મુકેલ છે. તથા અ.ના.પુ.ગ્રા.બા વિભાગના તા ૨૮-૦૧-૨૦૨૧ના પત્ર ક્રમાંક સીપીએ-૧૦૨૦૧૦-૪૮૨૦૦૪-ડ પાર્ટ-૨ થી કેંદ્ર સરકારશ્રીનો ૭૫% હિસ્સો ₹ ૭.૫૦ કરોડ કાપાગ હવાલે મુકેલ છે. જે ગુજરાત સરકારશ્રીના નિયમોનુસાર GSFS મા ફિક્ષ ડીપોઝીટ તરીકે મુકેલ છે.

કન્ઝયુમર ક્લબ :

ભારત સરકારની મુળ યોજના મુજબ, રાજ્યમાં સન ૨૦૦૫-૦૬ના વર્ષથી ભારત સરકારશ્રી સહાયથી ૨૫૦ કન્ઝયુમર કલબોની સ્થાપના પ્રથમ તબક્કે કરવામાં આવેલ હતી ભારત સરકારશ્રીની યોજના (બે) વર્ષ માટેની હતી. રાજ્યમાં કન્ઝયુમર કલબોની સ્થાપનાનો ઉદ્દેશ શાળા-કોલેજ દ્વારા ગ્રાહક જાગૃતિની પ્રચાર પ્રસાર થાય તે માટેનો હતો કા.પા.ગની તા. ૨૭/૧૧/૨૦૧૦ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની બેઠકમાં જુદા જુદા માન્ય ગ્રાહક સુરક્ષા મંડળો તરફથી વધુ કન્ઝયુમર કલબોની સ્થાપના કરવાની તથા નાણાકીય સહાય પુરી પાડવા અંગે રજુઆતો કરવામાં આવેલ હતી. આ બાબતને ધ્યાનમાં લઈને માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોના સહયોગ મેળવી ૨૫૦ કન્ઝયુમર કલબો ઉપરાંત વધારાની ૭૫૦ કન્ઝયુમર્સ કલબોની રચના મળીને નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ માટે કુલ ૧૦૦૦ કન્ઝયુમર ક્લબોને કાર્યરત કરવામાં આવેલ છે. અને વર્ષ ૨૦૧૨-૧૩માં બીજી કન્ઝયુમર કલબ વધારી કુલ ૧૨૦૦ કન્ઝયુમર કલબની સ્થાપના કરવામાં આવેલ હતી આજ રીતે વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ ૧૪૦૦ કન્ઝયુમર્સ કલબની તથા ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૧૬૦૦ કન્ઝયુમર્સ કલબની સ્થાપના કરવામાં આવેલ જે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ૨૦૧૩-૧૪ના વર્ષ માટે ₹ ૭૦ લાખ અને ૨૦૧૪-૧૫ના વર્ષ માટે ₹ ૮૦,૦૦,૦૦૦/-ની ગ્રાંટ ફાળવવામાં આવેલ હતી. ૨૦૧૫-૧૬ના વર્ષ માટે ૧૮૦૦ કન્ઝયુમર્સ કલબ માટે ₹ ૯૦,૦૦,૦૦૦/- ની ગ્રાન્ટ સરકારશ્રી દ્વારા ફાળવેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૦૦૦ ક્લબો માટે ₹ ૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ) ફાળવેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ માં ૨૦૦૦ ક્લબો માટે ₹ ૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ) ફાળવેલ છે. અને વર્ષ ૨૦૧૯-૨૦ માં પણ ૨૦૦૦ ક્લબો માટે ₹ ૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ) ફાળવેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯થી રાજ્યમાં આવેલ ૫૦૦ કોલેજોમાં કન્ઝયુમર્સ ક્લબની સ્થાપના કરવા તથા તે અંગેની ₹ ૨૫,૦૦,૦૦૦/-ની જોગવાઈ કરેલ છે. તે જ પ્રમાણે ૨૦૧૯-૨૦માં પણ ૫૦૦ કોલેજોમાં કન્ઝયુમર્સ ક્લબની સ્થાપના કરવા ₹ ૨૫,૦૦,૦૦૦/-ની જોગવાઈ કરેલ. જેમાંથી સ્કુલ ખાતે કુલ ૧૯૪૯ કલબોની સ્થાપના કરી કુલ ₹ ૯૭.૪૫ લાખ તથા કોલેજ કક્ષાએ કુલ ૩૩૩ ક્લબોની સ્થાપના કરી કુલ ₹ ૧૬.૬૫ લાખનો ખર્ચ થયેલ છે.વર્ષ ૨૦૨૦-૨૧ માં પણ ૫૦૦ કોલેજોમાં કન્ઝયુમર્સ કલબની સ્થાપના કરવા ₹ ૨૫,૦૦,૦૦૦/-ની જોગવાઈ કરેલ.પરંતુ કોરોના મહામારીને કારણે શાળા કોલેજો બંધ હોવાથી કલબની સ્થાપના થયેલ નથી. જે વર્ષ ૨૦૨૧-૨૨ મા શાળા કોલેજો ખુલવાથી સ્થાપના કરવામા આવશે.

આ ઉપરાંત રાજ્ય સરકારમાંથી ગ્રાહક સુરક્ષાના પ્રચાર-પ્રસાર કરવામાં માટે દર વર્ષે મળતા ₹ ૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ)માંથી રેલવે, એસ.ટી. બસ, હોર્ડિંગ્સ, રેડિયો ચેનલ, દુરદર્શન વિગેરે જેવા પ્રચાર માધ્યમોમાં જાહેરાત આપી ગ્રાહક જાગૃતિ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે

ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને ગ્રાહક તકરાર નિવારણ ફોરમોની પ્રશંસનીય કામગીરી અને અગત્યના નીતીવિષયક મુદ્દાઓની માહીતી

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ અન્વયે ગ્રાહકોની ફરિયાદોના નિકાલ માટે ત્રિસ્તરીય ગ્રાહક અદાલતોની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં જીલ્લા કક્ષાએ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન, રાજ્ય કક્ષાએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચની રચના કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય સરકારે અમદાવાદ મુકામે ગ્રાહક તકરાર નિવારણ કમિશન ૧૯૮૯ થી શરૂ કરેલ છે અને તે અનુસાર રાજ્ય કક્ષાએ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોની રચના કરેલ છે. હાલ ગુજરાત રાજ્યમાં ૩૮ જિલ્લા ફોરમો કાર્યરત છે. આ ૩૮ જીલ્લા કમિશનોમાંથી ૧૨ તદ્દન નજીકના જીલ્લા કમિશન સાથે જોડાઈને કામ કરે છે. રાજ્ય કક્ષાએ કમિશનના પ્રમુખ તરીકે નામ.હાઈકોર્ટના કાર્યરત અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિ અને કાયદાથી નક્કી થયા મુજબના બે સભ્યશ્રીઓ નિર્ણયો આપે છે. વર્ષ ૨૦૦૬-૦૭ થી રાજ્ય કમિશન ખાતે ત્રણ નવી સર્કીટ બેન્ચની રચના કરવામાં આવેલ છે. જીલ્લા કક્ષાએ જીલ્લા ફોરમોનાં પ્રમુખ તરીકે જિલ્લા ન્યાયાધીશ કક્ષાના કાર્યરત અથવા નિવૃત્ત અધિકારીશ્રી તથા કાયદાથી નક્કી થયા મુજબના બે સભ્યશ્રીઓ નિર્ણય આપે છે. હાલ ૨૬ જીલ્લા કમિશન કાર્યરત છે. ૫ જિલ્લા કમિશન બોટાદ-ભાવનગર, પોરબંદર-જૂનાગઢ, ડાંગ-વલસાડ, નર્મદા-ભરૂચ, તાપી-સુરત કલબીંગમાં કાર્યરત છે. નવ રચિત ૭ જિલ્લા કમિશન દાહોદ-ગોધરા, છોટાઉદેપુર-વડોદરા, મહિસાગર-ગોધરા, મોરબી-રાજકોટ, દેવભૂમિ દ્વારકા-જામનગર, ગીરસોમનાથ-જૂનાગઢ અને અરવલ્લી - હિંમતનગર સાથે ક્લબીંગમાં કાર્યરત છે.

INDEX

આ કાયદાની સરળતા માટે અને ગ્રાહકોના કેસોનો કોર્ટ કરતા ઝડપી રીતે નિકાલ આવે તે રીતે રાજ્ય કમિશન તથા જિલ્લા કમિશન કામગીરી કરે છે. રૂપિયા એક કરોડ સુધીના વળતર /ફરિયાદના કેસો જીલ્લા કમિશનમાં કરવામાં આવે છે જ્યારે એક કરોડથી ઉપરના અને ૫ કરોડના સુધીના દાવાઓનો નિકાલ રાજ્ય ગ્રા.ત.નિ.કમિશન કરે છે.

■ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય કમિશનમાં નીચે મુજબ દાખલ અને નિકાલ કેસો

વર્ષ	દાખલ	નિકાલ	ટકાવારી
૨૦૧૭	૧૮૮૭	૧૮૨૩	૯૬.૬૦%
૨૦૧૮	૨૧૪૫	૧૭૪૪	૮૧.૩૦%
૨૦૧૯	૧૮૭૫	૨૦૦૭	૧૦૭.૦૪%
૨૦૨૦	૧૨૮૮	૧૧૯૧	૯૨.૪૬%
ઓકટોબર-૨૦૨૧ સુધી	૯૯૮	૧૩૨૮	૧૩૩.૦૬%
કુલ	**૮૧૯૩**	**૮૦૯૩**	**૯૮.૭૭%**

■ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લા કમિશનમાં નીચે મુજબ દાખલ અને નિકાલ કેસો .

વર્ષ	દાખલ	નિકાલ	ટકાવારી
૨૦૧૭	૯૩૭૪	૮૦૧૭	૮૫.૫૨%
૨૦૧૮	૧૦૦૬૧	૭૮૧૮	૭૭.૭૦%
૨૦૧૯	૧૩૧૮૦	૮૬૦૭	૬૫.૩૦%
૨૦૨૦	૯૬૭૮	૫૧૪૩	૫૩.૦૭%
ઓકટોબર-૨૦૨૧ સુધી	૧૩૦૧૧	૭૯૯૪	૬૧.૪૪%
કુલ	**૫૫૩૦૪**	**૩૭૫૭૯**	**૬૭.૯૫%**

ગુજરાત રાજ્ય અન્ન આયોગ

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત સમાવિષ્ટ લાભાર્થીઓને વ્યાજબી ભાવની દુકાનો પરથી નિયત ભાવે, નિયત જથ્થાનું સારી ગુણવત્તાનું અનાજ નિયમિત રીતે મળી રહે, કોઈ ગરીબ વ્યક્તિ અનાજથી વંચિત ન રહી જાય તે માટેના મોનીટરીંગની કામગીરી કરવામાં આવે છે. મધ્યાહન ભોજન યોજના હેઠળ સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાના બાળકોને દૈનિક ધોરણે નિયત કરેલ મેનુ મુજબનો ગુણવત્તાયુક્ત આહાર મળી રહે તેમજ આંગણવાડી કેન્દ્રો પર આંગણવાડીના બાળકો, ધાત્રી અને સગર્ભા મહિલાઓને ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ આહાર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે અને સમગ્ર રીતે રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ નો સુચારૂ રીતે અમલ થાય તે માટે સમીક્ષા અને મોનીટરીંગની કામગીરી આયોગ દ્વારા કરવામાં આવે છે.

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને મળવાપાત્ર અનાજ / આહારને લગતી આનુષાંગિક ફરિયાદોના નિવારણ માટે કાયદાની કલમ-૧૫ હેઠળ જિલ્લા કક્ષાએ “જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી” ની નિમણૂંક કરવામાં આવેલ છે. જો લાભાર્થી જીલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી અસંતુષ્ટ હોય તો અપીલ કરવા માટે એપલેટ ઓથોરીટી તરીકે ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. આ ઉપરાંત લાભાર્થી તેની ફરિયાદ બાબતે સીધી અન્ન આયોગને પણ અરજી કરી શકે છે. જરૂર જણાયે અન્ન આયોગ suo-moto કાર્યવાહી પણ કરી શકે છે.

પ્રવૃત્તિઓ

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગનાં તા.૨૧/૦૩/૨૦૧૭ ના જાહેરનામાંથી ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અંત્યોદય અન્ન યોજના હેઠળના રેશનકાર્ડ ધારકોને વાજબી ભાવની દુકાનેથી સરકાર દ્વારા દર મહિને ૨૫ કિલો ઘઉ ₹ ૨/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે તથા ૧૦ કિલો ચોખા ₹ ૩/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે આપવામાં આવે છે. અગ્રતા ધરાવતા કુંટુંબ હેઠળના રેશનકાર્ડ ધારકોને વ્યકિત દિઠ પ્રતિ માસ ૩.૫ કિલો ઘઉ ₹ ૨/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે તથા ૧.૫ કિલો ચોખા રૂા.૩/-પ્રતિ કિ.ગ્રા.ના ભાવે મળી રહે અને કોઇ ગરીબ

INDEX

વ્યક્તિ મળવાપાત્ર અનાજથી વંચિત ન રહી જાય અને કાયદાનો સારી રીતે અમલ થાય એ માટે મોનિટરીંગ અને સમિક્ષા કરવાની કામગીરી આયોગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

કાર્ડ હોલ્ડર નિયત ભાવે મળવાપાત્ર અનાજ ન મળવા બાબતે, ઓછું અનાજ મળવા બાબતે તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની ફરીયાદ જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારી (DGRO) તરીકે નિયુક્ત કરેલ નિવાસી અધિક કલેકટરશ્રીને કરી શકાય છે. જેના નિર્ણય સામે આયોગમાં અપીલ કરી શકાય છે, જે પરત્વે આયોગ સુનવણી હાથ ધરે છે.

મધ્યાહન ભોજન યોજના અન્વયે સરકાર દ્વારા નિયત કરેલ મેનું મુજબનું સારૂં ગુણવતાવાળું અને પુરતુ ભોજન મળી રહે તે માટે તેમજ તેને લગતી ફરીયાદોનાં નિવારણ માટે જિલ્લા કક્ષાએ DGRO તરીકે શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ નિવાસી અધિક કલેકટરશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે. જેના નિર્ણય સામે આયોગમાં અપીલ કરી શકાય છે, જે પરત્વે આયોગ સુનવણી હાથ ધરે છે.

આંગણવાડી કેન્દ્રની યોજનાઓ અન્વયે સગર્ભા અને ધાત્રી મહિલાઓને તથા આંગણવાડીનાં બાળકોને સરકારશ્રીએ નિયત કરેલ પોષણક્ષમ આહાર મળવા અંગેની ફરીયાદોનાં નિવારણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ DGRO તરીકે જિલ્લા પંચાયતના વર્ગ-૧ કક્ષાનાં અધિકારીશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે. જેના નિર્ણય સામે આયોગમાં અપીલ કરી શકાય છે, જે પરત્વે આયોગ સુનવણી હાથ ધરે છે.

લાભાર્થીઓ DGROના નિર્ણયથી અસંતુષ્ઠ હોય તો તે સંદર્ભે રાજ્યકક્ષાએ ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગરને અપીલ કરવાની જોગવાઇ કાયદામાં થયેલ છે. તદ્ઉપરાંત ગુજરાત રાજ્ય અન્ન આયોગને બારોબાર મળેલ ફરીયાદો / રજૂઆતો અન્વયે જરૂર જણાયેથી સુઓ-મોટો કાર્યવાહી સહિત ફરીયાદોના નિવારણ અર્થે જરૂરી કાર્યવાહી આયોગ દ્વારા કરવામાં આવે છે.

વધુમાં જીલ્લા કક્ષાએ ફરીયાદ નિવારણ અધિકારીશ્રીને ફરીયાદ કરવા બાબતે તથા રાજ્યકક્ષાએ આયોગમાં અપીલ કરવા બાબતે તેમજ સીધી ફરિયાદ કરી શકાય તેની લાભાર્થીઓને જાણકારી મળી રહે તે માટે આયોગ દ્વારા વિવિધ માધ્યમો દ્વારા જાહેરાત કરવામાં આવે છે.

આયોગ ઉક્ત કામગીરીનો વાર્ષિક અહેવાલ તૈયાર કરી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ મારફત વિધાનસભામાં રજૂ કરે છે.

૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

જાહેર આરોગ્ય

વિભાગ : ૧

પ્રસ્તાવના :

પ્રાથમિક આરોગ્ય સંભાળ મારફતે સૌના આરોગ્યનો હેતુ સિદ્ધ કરવા અને રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત સ્વર્ણીમ ગુજરાતના સોપાનો સર કરવા તેમજ નિયત કરેલ લક્ષ્યાંકો હાંસલ કરવા રાજ્યના ગ્રામ્ય અને શહેરી ઝુપડપટ્ટી વિસ્તારો તથા દૂર્ગમ, પહાડી, આદિજાતિ, સરહદી અને અગરિયા વિસ્તારોમાં પાયાની આરોગ્ય સેવાઓ પ્રજાજનોને સુલભ રીતે નજીકના સ્થળેથી મેળવી શકે તેવા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

પેટા કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ફરતા સર્વગ્રાહી આરોગ્ય સંભાળ એકમોની સેવાઓનું વિસ્તૃતિકરણ થવાથી ચેપી રોગોની અટકાયત, માતૃ-બાળ કલ્યાણ સેવાઓ, કુટુંબ કલ્યાણ પ્રવૃત્તિઓમાં વેગ અને પ્રજામાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાના કાર્યક્રમોમાં ઉમેરો થતો જાય છે.

રાજ્યના જન્મદર, મૃત્યુદર, બાળ-મરણ પ્રમાણ અને માતાઓનું મરણ પ્રમાણ વગેરે આરોગ્ય માપદંડના અગત્યના આંકડા નીચે પ્રમાણે જોતા સૌના આરોગ્યનો ધ્યેમય સિદ્ધ કરવા ગુજરાત રાજ્ય સતત પ્રયતશીલ રહ્યું છે તેવું જોવા મળશે.

વિગત	૨૦૧૦	૨૦૧૧	૨૦૧૨	૨૦૧૩	૨૦૧૪	૨૦૧૫	૨૦૧૬	૨૦૧૭	૨૦૧૮	૨૦૧૯
જન્મદર	૨૧.૮	૨૧.૩	૨૧.૧	૨૦.૮	૨૦.૬	૨૦.૪	૨૦.૧	૧૯.૯	૧૯.૭	૧૮.૦
મૃત્યુદર	૬.૭	૬.૭	૬.૬	૬.૫	૬.૨	૬.૧	૬.૧	૬.૨	૫.૯	૭.૧
બાળમૃત્યુ પ્રમાણદર (૦-૧) દર હજારે જીવીત જન્મ	૪૪	૪૧	૩૮	૩૬	૩૫	૩૩	૩૦	૩૦	૨૮	૧૩.૨૯

આયુષ્ય	૨૦૦૬-૨૦૧૦		૨૦૧૧-૨૦૧૫		૨૦૧૬-૨૦૨૦	
	પુરૂષ	૬૭.૨	પુરૂષ	૬૯.૨	પુરૂષ	૭૦.૭
	સ્ત્રી	૭૧.૦	સ્ત્રી	૭૨.૫	સ્ત્રી	૭૩.૭

વાર્ષિક વિકાસ યોજના ૨૦૨૨-૨૦૨૩ના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

- આરોગ્ય સંભાળ સેવાઓ, આંતર માળખાકીય સેવાઓનું વિસ્તરણ તેમજ સુદ્ઢીકરણ કરી જુદી જુદી આરોગ્ય સેવાઓમાં ૧૦૦ ટકા કવરેજ સિદ્ધિ હાંસલ કરી શકાય અને સમુદાયને ગુણવત્તાયુકત આરોગ્ય સંભાળ પુરી પાડી શકાય.
- રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનો ગુણવત્તયુક્ત અમલીકરણ
- કુદરતી આફતો સામે લડવાની તૈયારી સુનિશ્ચિત કરવી અને ચેપી શક્યતાના રોગોનું નિયંત્રણ કરવું.
- શહેરી આરોગ્ય સેવાઓ વિસ્તારવી અને સંગીન બનાવવી.
- રાજ્યના કેટલાક સમુદાયોમાં અને ભૌગોલિક વિસ્તારોમાં પ્રવર્તમાન રોગો સામે અટકાયતી પગલા લેવા નવા કાર્યક્રમો શરૂ કરવા.
- માહિતી-શિક્ષણ અને પ્રસાર તેમજ તાલીમ પ્રવૃત્તિઓની કક્ષા ઉંચી લાવવી અને આધુનિકરણ કરવું જેથી આરોગ્ય કર્મીઓનું કૌશલ્ય વધે તથા સમુદાયને આરોગ્ય સેવાઓની જાણકારી મળી રહે.
- હ્યુમન ઈમ્યુયનો ડેફીસીયન્સી વાયરસ (એચ.આઈ.વી.) એકવાયર્ડ ઈમ્યુનો ડેફીસીયન્સીન સિન્ડ્રોમ (એઈડ્સ) અને અન્ય સેક્સ્યુઅલી ટ્રાન્સનમીટે ડીસીઝીસ (એસ.ટી.ડી.) જેવા નવા વાહક જન્ય રોગ અને અગાઉ કેટલાંક નિર્મુલન થયેલ વાહક જન્યા રોગોનો સમાવેશ કરી નવા પડકારોને પહોંચી વળવું.
- રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે તમામ વ્યક્તિઓને સંપૂર્ણપણે આવશ્યક પ્રાથમિક આરોગ્ય સંભાળ, ગુણવત્તાયુકત સેવાઓ, આકસ્મિક જીવન રક્ષક સેવાઓ અને કુટુંબ કલ્યાણ સેવાઓ હેઠળ આવરી લેવા
- ગરીબી રેખા હેઠળના લોકોને તેમની જરૂરિયાતના આધારે પરંતુ તેમની સેવાઓ માટે ચુકવણીના આધારે નહી તે રીતે આવશ્યક આરોગ્ય સંભાળ સેવાઓ તજજ્ઞ સેવાઓ સાથે પુરી પાડવી.

INDEX

- ગ્રામ્ય શહેરી તેમજ આરોગ્યની સેવાઓ સરળતાથી પુરી પાડી શકાય તેવા વિસ્તારોમાં ફરતા સર્વગ્રાહી આરોગ્ય સંભાળ એકમો, પેટા કેન્દ્રો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, ફર્સ્ટ રેફરલ યુનિટ, તાલુકા હોસ્પિટલો, જીલ્લા હોસ્પિટલો અને જનરલ હોસ્પિટલો મારફતે સુગમ, સર્વગ્રાહી આરોગ્ય સંભાળ એકમો, વાજબી અને અસરકારક આરોગ્ય સેવાઓ પુરી પાડવી.
- માતા અને બાળકના આરોગ્યનું પોષણ સ્તર સુધારી તેમનામાં પ્રવર્તતો કુપોષણ દર ઘટાડવો.
- પ્રસૂતિ મૃત્યુ દર એક લાખ જીવીત શિશુએ ૧૧૨ (૧૧-૧૩ એસ.આર.એસ.) થી ઘટાડીને ૯૦થી નીચે લઇ જવો.
- કુલ ફળદ્રુપતા દરને હાલના ૨.૩ (એસ.આર.એસ. ૨૦૧૪) થી ઘટાડીને ૨.૧ સુધી લઇ જવો.
- બાળમૃત્યુ દર ૧૦૦૦ જીવિત નવજાત શિશુએ ૩૦ (એસ.આર.એસ. ૨૦૧૭) થી ઘટાડીને ૨૬ સુધી લઇ જવો.

વિભાગ-૨
એકંદર કામગીરીનું અવલોકન

(અ) વહિવટ અને નિદર્શનઃ

કમિશ્નરશ્રીની કચેરી સંગીન બનાવવાની યોજના હેઠળ રાજ્યમાં આરોગ્ય કાર્યક્રમો અને યોજનાઓ ઉમેરાતી જાય છે તેથી આરોગ્ય પ્રવૃત્તિઓનો કાર્યબોજ વધતાં વહીવટી તંત્રને વધુ સંગીન બનાવવા વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ચાલુ બાબત તરીકે ₹ ૫૧૫૫.૦૦ લાખની સુચિત જોગવાઇ રાખવામાં આવેલ છે.

(બ) ગ્રામ્ય અને શહેરી આરોગ્ય સેવાઓઃ

કામગીરીનું અવલોકન

- **આરોગ્ય માળખાકીય સુવિધાઓ**

રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારમાં પેટા કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો મારફતે એમ ત્રિસ્તરીય આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે. તે મુજબ રાજ્યમાં આરોગ્ય સેવાઓનું માળખું વ્યાપક પ્રમાણમાં મંજુર કરવામાં આવેલ છે. સને ૨૦૧૧ની (૩.૪૭ કરોડ) ગ્રામ્ય વસ્તી મુજબ નિયત કરેલ ધોરણોએ માર્ચ-૨૦૨૧ની સ્થિતિએ ઉપલબ્ધ આરોગ્ય સેવાઓનું માળખું નીચે મુજબ છે.

આરોગ્ય કેન્દ્ર	મળવાપાત્ર	મંજુર	ઘટ		
			આદિજાતિ	જનરલ	કુલ
પેટાકેન્દ્ર	૯૦૬૩	૯૨૩૧	૦	૦	૦
પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર	૧૪૨૫	૧૪૯૯*	૦	૦	૦
સામુહિક આરોગ્ય કેન્દ્ર	૩૬૬	૩૫૩**	૦	૦	૦

*૧૪૯૯ પૈકી ૨૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નામ નિયત થવાની પ્રક્રિયા રાહમાં હોઈ હાલ ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

**વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને સબ-ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવામાં આવેલ છે જેથી ઘટ 'શૂન્ય' ગણવામાં આવેલ છે. ૩૫૩ પૈકી ૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રોના નામ નિયત થવાની પ્રક્રિયા રાહમાં હોઈ હાલ ૩૪૮ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

ગુજરાતમાં આરોગ્ય સેવાઓનાં માળખામાં ૯૨૩૧ પેટાકેન્દ્રો, ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૫૩ સામુહિક આરોગ્ય કેન્દ્રો સુધીની વિશાળ શૃંખલાઓમાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત અગ્રીમ હરોળમાં છે. વધુમાં ગરીબલક્ષી, અગરીયા, આદિજાતિ, સરહદી વિસ્તારમાં ગ્રામ્યજનોને ઘરઆંગણે આરોગ્યની સેવાઓ સરળતાથી મળી રહે તે માટે રાજ્યમાં ૯૮ મોબાઈલ હેલ્થ યુનિટ અને ૩૦ મોબાઈલ મેડિકલ યુનિટ મંજુર કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં કરવામાં આવેલ કામગીરી (સિધ્ધિ)

- રાજ્યના સામાન્ય વિસ્તારના ૩ સામુહિક આરોગ્ય કેન્દ્રોના મુખ્ય મકાનના બાંધકામ માટે ₹ ૪૦૫.૩૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજ્યના સામાન્ય વિસ્તારના ૧૨, અનુસૂચિત જાતિના ૧ અને આદિજાતિ વિસ્તારના ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મુખ્ય મકાનના બાંધકામ માટે ₹ ૬૫૪.૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજ્યના સામાન્ય વિસ્તારના ૧૭૨ અને આદિજાતિ વિસ્તારના ૩૭ પેટા કેન્દ્રોના મુખ્ય મકાનના બાંધકામ માટે ₹ ૧૯૬૭.૭૪ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

INDEX

- રાજ્યમાં સામાન્ય વિસ્તારના ૩ અને આદિજાતિ વિસ્તારના ૧ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે બ્લડ સ્ટોરેજ યુનિટ ઊભા કરવા માટે ₹ ૬૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં સામાન્ય વિસ્તારના ૧ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને આદિજાતિ વિસ્તારના ૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામ માટે ₹ ૬૫૧.૦૬ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.
- રાજ્યના સામાન્ય વિસ્તારમાં ૨૪ અને આદિજાતિ વિસ્તારમાં ૧૯ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એમ્બ્યુલન્સ પૂરી પાડવા માટે ₹ ૪૩૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.
- રાજ્યના સામાન્ય વિસ્તારના ૧ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરી માનવબળ પૂરું પાડવા માટે ₹ ૧૪.૭૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, રૂરલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ કુલ ₹ ૪૧૪૦.૩૯ લાખના નવા કામો માટે બજેટ જોગવાઈ મંજુર કરવામાં આવેલ છે.

પ્રોગ્રામની વિવિધ આરોગ્યલક્ષી પ્રવૃત્તિ

- ૧૭૬૭૬ની સામે ૧૭૬૫૫ વીલેજ હેલ્થ સેનીટેશન કમીટીઓની રચના (૯૯.૮૮ ટકા) કરીને બેંકમાં ૧૭૬૨૮ ખાતા ખોલવામાં આવેલ છે.
- ૩૪૭ સા.આ.કેન્દ્ર ખાતે અને ૧૪૭૬ પ્રા.આ.કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે.
- હાલમાં ૪૦૨૯૩ની સામે ૩૮૬૪૮ (૯૫.૯૨ ટકા) આશા અને ૩૭૫૧ ની સામે ૩૫૬૨ (૯૪.૯૬ ટકા) આશા ફેસિલિટેટર કાર્યરત છે.

(ક) સંચારી રોગોનું નિવારણ અને નિયંત્રણ

(૧) સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

- રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ ૧૯૯૮ થી અમલમાં આવ્યો છે તથા એપ્રિલ ૨૦૦૫ સુધીમાં સમગ્ર રાજ્યને આવરી લેવામાં આવ્યું છે.

ટીબી કેસ નોંધણી			
વર્ષ	કુલ ટીબી કેસ નોંધણી	લક્ષાંક	સિધ્ધિની ટકાવારી
૨૦૧૭	૧૩૮૬૪૫	૧૩૯૨૯૨	૧૦૦%
૨૦૧૮	૧૫૪૧૨૮	૧૬૦૯૫૬	૯૬%
૨૦૧૯	૧૫૯૧૮૮	૧૭૦૦૦૦	૯૪%
૨૦૨૦	૧૨૦૬૦૬	૧૯૫૦૦૦	૬૨%
૨૦૨૧	૧૦૬૨૨૦	૧૯૫૦૦૦	૭૩%

- રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ૪૧ જીલ્લા ક્ષય કેન્દ્ર/ શહેરી ક્ષય કેન્દ્ર બનાવવામાં આવ્યા છે તેમજ રાજ્યના તમામ તાલુકાને આવરી લઈ ૩૦૬ ટીબી યુનિટ બનાવવામાં આવ્યા છે. તેમજ ટીબીના દર્દીના નિદાન માટે ૨૦૭૬ ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર, ડ્રગ રેઝીસ્ટન્ટ (પીએમડીટી) ટીબીના દર્દીના નિદાન માટે ૩ કલ્ચર અને ડીએસટી લેબોરેટરી, ૭૦ સીબીનાટ લેબોરેટરીઓ અને ૭૭ ટ્રુનાટ લેબોરેટરી બનાવવામાં આવી છે.
- ટીબીના દર્દીને નિઃશુલ્ક સારવાર રાજ્યમાં તમામ સરકારી દવાખાનામાં ઉપલબ્ધ કરવામાં આવી છે તેમજ ગ્રામ્ય/ વોર્ડ લેવલે ૩૭૧૮૦ડોટ પ્રોવાઈડર દર્દીને નજર સમક્ષ દવા આપવા માટે બનાવવામાં આવ્યા છે તેમજ ગંભીર પ્રકારના ટીબીના દર્દીની સારવાર માટે જીલ્લા કક્ષાએ ડીસ્ટ્રીક્ટ ટીઆર ટીબી સેન્ટર બનાવવામાં આવ્યા છે અનેપ નોડલ ડીઆર ટીબી સેન્ટર કાર્યરત છે.

હેતુઓ:

- દેશ તથા રાજ્યમાંથી ૨૦૨૫ સુધીમાં નવા કેસનો પ્રમાણ દર ઓછો કરવો અને ટીબીથી થતાં મૃત્યુનું પ્રમાણ ઘટાડવાનું છે.
- ટીબીના દર્દી તથા રાજ્યમાંથી કુટુંબીજનોને ટીબીનાં કારણે થતો આપત્તિજનક ખર્ચ ૨૦૨૫ સુધીમાં ઝીરો કરવાનો છે.

હાલની પરીસ્થિતિ:

રાજ્ય અને જીલ્લા કક્ષાએ એનટીઈપી કરાર હેઠળની મહત્વપૂર્ણ ૯૮% પોસ્ટ ભરેલી હોવાથી રાજ્ય નીચેની સિધ્ધિઓ ટકાવી રાખવામાં સક્ષમ છે. ગુજરાત રાજ્યએ મુખ્ય સુચકાંકોમાં નીચે મુજબ કામગીરી કરેલ છે.

INDEX

સારવાર સફળતા પૂર્વક પૂર્ણ કરવાનો દર		
વર્ષ	લક્ષાંક	સિધ્ધિ
૨૦૧૬	૮૫%	૮૯%
૨૦૧૭	૯૦%	૮૮%
૨૦૧૮	૯૦%	૯૦%
૨૦૧૯	૯૦%	૮૨%
૨૦૨૦	૯૦%	૮૭%

સ્કીમ	નિક્ષય પોષણ યોજના	
વર્ષ	લાભાર્થીની સંખ્યા	ચુક્વવામા આવેલ સહાય (રૂપિયા)
૨૦૧૮	૬૮૧૯૮	૧૨ કરોડ, ૫૦ લાખ
૨૦૧૯	૧૧૫૯૩૯	૩૪ કરોડ, ૫૮ લાખ
૨૦૨૦	૯૫૩૫૩	૪૧ કરોડ, ૧૩ લાખ
૨૦૨૧ (ઓકટોબર સુધી)	૧૪૧૫૧૬	૩૧ કરોડ, ૯૦ લાખ
કુલ	૪૨૧૦૦૬	૧૨૦ કરોડ, ૧૧ લાખ

- ડ્રગરેજીસ્ટન્ટ ટીબી (MDRTB) ના દર્દીઓના નિદાન તેમજ સારવાર માટે ભારત દેશમાં સૌપ્રથમ ગુજરાત રાજ્યે પી.એમ.ડી.ટી.નું અમલીકરણ કરેલ જેમાં સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં ૨૧૪૩ એમ.ડી.આર. દર્દીનું નિદાન કરવામાં આવ્યું અને નિદાન થયેલા દર્દીમાંથી ૧૯૫૦ એમ.ડી.આર.ના દર્દીઓને સારવાર પર મુકવામાં આવ્યા.
- રાજ્ય કક્ષાએ સ્ટેટ ટીબી ફોરમ, જીલ્લા કક્ષાએ જીલ્લા ટીબી ફોરમની રચના કરવામાં આવેલ છે જેની નિયમિત પણે મીટિંગ કરી મીટિંગ કરવામાં આવે છે.
- ભારત દેશનાં કુલ ૧૯ રાજ્યનાં ૬૮ જીલ્લાઓ એવોર્ડ મેળવવા દાવો કરેલ જેમાંથી ગુજરાત રાજ્યના પાંચ જીલ્લા મહેસાણા, બોટાદ, રાજકોટ, પોરબંદર અને દેવભુમી દ્વારકાએ બ્રોન્ઝ મેડલ હાંસલ કરેલ છે.
- વર્ષ ૨૦૨૦ માં ઈન્ડીયન ટીબી એસોસીએશન દ્વારા ગુજરાત રાજ્યને સારી કામગીરી સબબ પ્રશસ્તીપત્ર એનાયત કરવામાં આવ્યું છે.
- નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર માટે ટીબીની દવા ચાલુ રહે ત્યાં સુધી દર માસે રૂપિયા ૫૦૦ દર્દીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે. ઓકટોબર ૨૦૨૧ સુધીમાં ૧૪૧૫૧૬ દર્દીઓના બેંક ખાતામાં ૩૧.૯ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે.

આગામી આયોજન:

- આ પ્રોગ્રામ અંતર્ગત ગુણવત્તાયુક્ત નિદાન તથા સારવાર બધા જ ટીબીના દર્દીઓને (પબ્લિક એન્ડ પ્રાઈવેટ) મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે.
- ટીબીના દર્દીઓને શોધવા બધા જ આરોગ્ય કેન્દ્ર પર પેસીવ કેસ ફાઈન્ડીંગ તથા હાઈ રીસ્ક એરીયામાં એક્ટીવ કેસ ફાઈન્ડીંગ કરવામાં આવશે.
- બધા જ ટીબીના દર્દીઓમાં ડ્રગ રેજીસ્ટન્ટની તપાસ તથા કોમોરબીડીટી (HIV અને Diabetes) ની તપાસ કરવામાં આવશે.
- દરેક ટીબીના દર્દીને નિક્ષય પોષણ યોજના અંતર્ગત સારવાર દરમ્યાન દર મહિને ૫૦૦ ₹ નો લાભ આપવામાં આવે છે. જેથી તે પોષણયુકત આહાર લઈ શકે અને તેનું નિયમિત મોનિટરિંગ કરવામાં આવશે અને તમામ દર્દીને લાભ મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે.
- ટીબીના દર્દીઓને સારવાર પાલન માટે ઈન્ફોરમેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી મદદ કરવામાં આવે છે તેને વધારે સુદૃઢ કરવામાં આવશે..
- દરેક જીલ્લામાં ટીબીના દર્દીના સંપર્કમાં રહેલી વ્યક્તિની ટીબીના ચેપની તપાસ કરી અને જરૂરીયાતમંદને સારવાર આપવામાં આવશે.

INDEX

(૨) રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ:

પ્રસ્તાવના:

- ગુજરાત રાજ્યમાં સને ૧૯૫૫ થી રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.
- અસરકારક મલ્ટી ડ્રગ સારવાર પધ્ધતિ અમલમાં આવતાં આ કાર્યક્રમને સને ૧૯૮૩થી રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ તરીકે અમલમાં મુકવામાં આવ્યો.
- સને ૨૦૦૩ થી રક્તપિત્ત કાર્યક્રમને જનરલ હેલ્થ કેર સર્વિસ સાથે સાંકળી લેવામાં આવેલ છે.
- રાજ્યમાં કુલ-૩૩ જીલ્લા પૈકી ૨૧ જીલ્લામાં રોગનું પ્રમાણદર ૧ કરતાં ઓછું છે જેને લો-એન્ડેમીક જીલ્લા તરીકે અને ૧૨ જીલ્લાઓમાં પ્રમાણદર ૧ કરતાં વધુ છે જેને હાઇએન્ડેમીક જીલ્લા તરીકે ઓળખવામાં આવે છે. ૧૨ હાઇએન્ડેમીક જીલ્લાઓ પૈકી ૯-જીલ્લાઓ (વડોદરા, નર્મદા, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહીસાગર, સુરત, નવસારી, વલસાડ)માં ઓકટોબર-૨૦૨૧ અંતિત રોગનું પ્રમાણદર ૧ કરતાં નીચે લાવી નિર્મૂલનનો ધ્યેય હાંસલ કરેલ છે.

રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમનો લક્ષ્યાંક અને સિધ્ધિઓ:

- વૈશ્વિક લક્ષ્યાંક (ગ્લોબલ ગોલ ૨૦૧૬-૨૦૨૦) સને ૨૦૨૦ પહેલાં ગ્રેડ-૨ વિકૃતિ ધરાવતાં દર્દીઓનો દર ૧૦ લાખની વસ્તીએ ૧ કરતાં નીચે લઇ જવાનો છે.
- સિધ્ધિ: રાજ્ય સરકારે ગ્રેડ-૨ વિકૃતિ ધરાવતાં દર્દીઓમાં દર ૧૦ લાખની વસ્તીએ એક કરતાં નીચે લઇ જવાની સિધ્ધિ (૦.૦૮) એપ્રિલ-૨૦૧૮ અંતિત રાજ્ય કક્ષાએ હાંસલ કરેલ છે. ઓકટોબર-૨૦૨૧ અંતિત ગ્રેડ-૨ વિકૃતિ ધરાવતાં દર્દીઓનો દર ૧૦ લાખની વસ્તીએ ૦.૧૯ છે.
- હેલ્થ પોલીસી ૨૦૧૭ લક્ષ્યાંક: માર્ચ-૨૦૧૮ અંતિત દર ૧૦ લાખની વસ્તીએ બાળ દર્દી પૈકી ગ્રેડ-૨ વિકૃતિ ધરાવતાં દર્દીઓની સંખ્યા શૂન્ય (૦) હોવી જોઇએ.
- સિધ્ધિ: ગુજરાત સરકાર દ્વારા માર્ચ-૨૦૧૮ અંતિત દર ૧૦ લાખની વસ્તીએ બાળ દર્દી પૈકી ગ્રેડ-૨ વિકૃતિ ધરાવતાં દર્દીઓની સંખ્યા શૂન્ય કરી સિધ્ધિ હાંસલ કરેલ છે. ઓકટોબર-૨૦૨૧ અંતિત ગ્રેડ-૨ વિકૃતિ ધરાવતાં દર્દીઓની સંખ્યા શૂન્ય છે.

યોજનાની પ્રગતિ અને સિધ્ધિઓ:

- ઓકટોબર-૨૦૦૪માં રક્તપિત્ત રોગનો રાજ્યનો પ્રમાણદર દર ૧૦૦૦૦ની વસ્તીએ ૧ કરતાં નીચે લાવી એલીમીનેશનનું ધ્યેય ઓકટોબર-૨૦૦૪ માં (૦.૯૫) હાંસલ કરેલ છે. આ બહુ ઔષધિય સારવાર સરકારશ્રી તરફથી તમામ સરકારી દવાખાનાઓમાં મફત પૂરી પાડવામાં આવે છે.
- ૧૨ હાઇએન્ડેમીક જીલ્લાઓ પૈકી ૯-જીલ્લાઓ (વડોદરા, નર્મદા, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહીસાગર, સુરત, નવસારી, વલસાડ)માં ઓકટોબર-૨૦૨૧ અંતિત રોગનું પ્રમાણદર ૧ કરતાં નીચે લાવી નિર્મૂલનનો ધ્યેય હાંસલ કરેલ છે.

સિધ્ધિઓ:

અ.ન	ઇન્ડીકેટર્સ	૨૦૨૦-૨૧	૨૦૨૧-૨૨ (ઓકટો.૨૧)
૧	પ્રમાણદર (દર ૧૦૦૦૦ની વસ્તીએ)	૦.૨૪	૦.૨૭
૨	નવા દર્દી શોધ્યા	૨૫૮૦	૧૫૨૩
૩	વાર્ષિક નવા દર્દી શોધ દર (દર ૧૦૦૦૦૦ની વસ્તીએ)	૩.૫૬	૩.૪૨
૪	એમ.બી. દર્દી અને રેશીયો (નવા દર્દી પૈકી એમ.બી. પ્રકારના શોધાયેલ દર્દીઓની ટકાવારી)	૧૪૧૩ (૫૪.૮)	૯૪૨ (૬૧.૯)
૫	ચાઇલ્ડ દર્દી અને રેશીયો (નવા દર્દી પૈકી શોધાયેલ ૧ થી ૧૪ વર્ષ સુધીના બાળ દર્દીની ટકાવારી)	૧૪૧ (૫.૪૭)	૭૦ (૪.૬૦)
૬	ગ્રેડ-૨ વિકૃતિ ધરાવતાં દર્દી અને દર (૧૦ લાખની વસ્તીએ)	૨ (૦.૦૮)	૧૪ (૦.૧૯)
૭	સ્ત્રી દર્દી અને રેશીયો(નવા શોધાયેલ દર્દીઓ પૈકી સ્ત્રી દર્દી ની ટકાવારી)	૧૦૫૪ (૪૦.૯)	૫૮૬ (૫૮૬૩૮.૫)

INDEX

૮	માઈક્રો સેલ્યુલર રબર પગરખાં પુરા પાડ્યા : રક્તપિત્તના કારણે પગમાં બધીરતા ધરાવતાં તમામ રક્તપિત્તગ્રસ્તોને માઈક્રો સેલ્યુલર રબર પગરખાં (એમ.સી.આર.) પ્રત્યેક લાભાર્થીને વર્ષમાં બે વાર વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે	૧૦૦૯૮	૩૦૪૭
૯	રીકન્સ્ટ્રકટીવ સર્જરી વિકૃતિ ધરાવતાં જરૂરીયાતમંદ રક્તપિત્તગ્રસ્તોની વિકૃતિ દૂર કરવા રીકન્સ્ટ્રકટીવ સર્જરી ઓપરેશન કરી રક્તપિત્તગ્રસ્તોની શારિરીક વિકૃતિઓ દૂર કરવામાં આવેલ છે	૧૮	૦૨

સને ૨૦૨૨-૨૩ની જોગવાઈ

- એકટીવ કેસ ડીટેકશન એન્ડ રેગ્યુલર સર્વે
- રૂટીન, કેમ્પેઈન બેઈઝ, ઉજો શુક્રવાર અંતર્ગત નવા દર્દી શોધવાની કામગીરી
- હાર્ડ ટુ રીચ એરીયા સર્વે
- સ્પર્શ લેપ્રસી અવેરનેશ કેમ્પેઈન
- ડીસએબીલીટી પ્રિવેન્સન એન્ડ મેડીકલ રીહેબીલીટેશન (ડી.પી.એમ.આર.)સેવાઓ નિયમીતપણે સમયસર પુરી પાડવી.
- માઈક્રો સેલ્યુલર રબર પગરખાં પુરા પાડવા
- રીકન્સ્ટ્રકટીવ સર્જરી કરાવવી
- અલ્સર કીટ પુરી પાડવી
- સ્પ્લીન્ટસ પુરી પાડવી

(૩) બીજરૂપ અંદાજપત્ર (ન્યુકલીઅસ બજેટ)

આદિજાતિ વિસ્તારમાં આકસ્મીક આરોગ્ય સેવાઓને પહોંચી વળવા માટે નાંણાની તાત્કાલીક જરૂરિયાત ઉભી થાય ત્યારે જરુરીયાતને પહોંચી વળવા માટે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે ₹ ૧૦.૦૦ લાખની જોગવાઈ અંકિત કરેલ છે. આ ભંડોળ સંપૂર્ણપણે આદિજાતિ વિકાસ વિભાગના હવાલે મુકવામાં આવે છે.

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ (NVBDCP):

વર્ષ ૨૦૨૧ દરમ્યાન રાજ્યની અંદાજિત ૬.૨૪ લાખ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવામાં આવેલ છે. તદઉપરાંત ભારત સરકારશ્રી તરફથી પ્રાપ્ત ૬.૯૭ લાખ LLINs મેલેરિયા માટે સંવેદન શીલ હોય તેવા વિસ્તારોમાં વર્ષ ૨૦૨૧ દરમ્યાન વિતરીત કરવામાં આવેલ છે. અન્ય વાહક નિયંત્રણ પગલાઓ જેવા કે જૈવિક નિયંત્રણ (કાયમી પાણી ભરેલા સ્થળોમાં પોરાભક્ષક માછલીઓનો ઉપયોગ), સોર્સ રીડક્શન, ડ્રાય ડે અમલીકરણ અને પોરાનાશક પગલાઓ અમલમાં મુકવામાં આવેલ છે. મેલેરિયા રોગનું પ્રમાણ એટલે કે વાર્ષિક પેરેસાઈટીક ઈન્સીડન્સ ૧.૦ થી નીચે જાળવી રાખવામાં રાજ્યને સફળતા મળેલ છે. વર્ષ ૨૦૨૧ સુધીમાં રાજ્યમાં ૪૧ ડેન્ગ્યુ અને ચિકુનગુનીયા કેન્દ્ર કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા લીમ્ફેટીક ફાઈલેરીયાસીસ નિર્મુલન માટેના લક્ષ્યાંક અંતર્ગત મોર્બિડિટી મેનેજમેંટ, હાઈડ્રોસીલેક્ટોમી અને ટ્રાન્સમિશન એસેસમેંટ સર્વે (TAS) જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

ફાઈલેરિયા -

ભારત સરકારશ્રીની માર્ગદર્શક સુચના અનુસાર રાજ્યના ફાઈલેરિયા માટેના સંવેદનશીલ ૧૭ જિલ્લા અને મહાનગરપલિકાના વિસ્તારોમાં વર્ષ ૨૦૦૪થી લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ નાબુદી માટે સામુહિક દવા વિતરણ (માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન) અંગેની કામગીરી હાથ ધરતાં તાપી સિવાયના ૧૪ જિલ્લા / મહાનગરપાલિકામાં TAS II અને ૨ જીલ્લાઓમાં TAS I સહિત ૧૬ જિલ્લા / મહાનગરપાલિકામાં ના વિસ્તારોમાં ટ્રાન્સમીશન એસેસમેન્ટ (TAS I & II) ની કામગીરી સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે. છેલ્લા ૩ વર્ષની ફાઈલેરિયા રોગની પરિસ્થિતી નીચે મુજબ છે.

વર્ષ	એમ.એફ. કેસ	એમ. એફ. રેટ	એમ.ડી.એ. કવરેજ (સામુહિક દવા વિતરણ)
૨૦૧૮	૪૨	૦.૯૫	૮૯.૦
૨૦૧૯	૨૩	૦.૫૨	૯૫.૦
૨૦૨૦	૭	૦.૦૩	
૨૦૨૧	૫	૦.૦૨	તમામ ૧૭ એંડેમીક જિલ્લા / મહાનગરપાલિકાઓ TAS માટે પાત્રતા દરવતા હોઈ MDA / IDAની પ્રવૃત્તિ હાથ ધરવાની રહેશે નહીં.

INDEX

(૪) રોગચાળા નિયંત્રણ કાર્યક્રમ:

એપીડેમીક શાખા દ્વારા સમગ્ર રાજ્યમાં નીચે જણાવેલ કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં આવે છે.

(૧) વાવર રોગ અટકાયત અને નિયંત્રણ કાર્યક્રમ

(૨) હડકવા વિરોધી રસી પૂરી પાડવી

(૩) સીકલસેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ

(૧) વાવર રોગ અટકાયત અને નિયંત્રણ કાર્યક્રમ:

આ કાર્યક્રમ હેઠળ પાણીજન્ય, પ્રાણીજન્ય તથા હવાથી ફેલાતો રોગચાળો ફાટી ન નીકળે તે માટે જરૂરી અટકાયત અને અગમચેતીના પગલાં ભરવામાં આવે છે. તેમજ રોગચાળા દરમ્યાન રોગ નિયંત્રણ કામગીરી કરવામાં આવે છે.

પાણીજન્ય રોગચાળા અટકાયત અને નિયંત્રણ કાર્યક્રમ:

પાણીજન્ય રોગ જેવા કે ટાઈફોઈડ, કોલેરા, કમળો, ઝાડા-ઉલ્ટી વગેરે રોગોના અટકાવ અને નિયંત્રણની કામગીરી કરવામાં આવે છે. એપીડેમીક શાખા દ્વારા ત્વરીત પગલાં હાથ ધરી રોગચાળા અટકાયત કામગીરી હાથ ધરવામાં આવે છે. જેની માહિતી નીચે મુજબ છે.

ક્રમ	રોગનું નામ	૨૦૨૧ (નવેમ્બર અંતિત)	
		કેસ	મરણ
૧	ઝાડા-ઉલ્ટી	૪૦૩૬૧૧	૦
૨	કમળો	૬૩૧૭૬	૦
૩	ટાઈફોઈડ	૧૦૬૨૯	૦
૪	કોલેરા	૧૩૬	૦

પ્રાણીજન્ય રોગચાળા અટકાયત અને નિયંત્રણ કાર્યક્રમ:

આ કાર્યક્રમ હેઠળનો લેપ્ટોસ્પાઈરોસીસ રોગ મોટે ભાગે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ અને તાપી જિલ્લાઓમાં ફેલાય છે. જેની માહિતી નીચે મુજબ છે.

વર્ષ	કેસો	મરણ
૨૦૨૧	૧૯	૦૩

લેપ્ટોસ્પાઇરોસીસ અંગે મે-જુન માસમાં અસરગ્રસ્ત જીલ્લાઓના આરોગ્ય અધિકારીઓ/ કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આવેલ સિવિલ હોસ્પિટલ ખાતે કુલ- ૩૫ વેન્ટીલેટર તેમજ ૧૮ ડાયાલીસીસ માટે મશીનની વ્યવસ્થા ઉપલબ્ધ રાખવામાં આવી છે. સામુહીક આરોગ્ય કેન્દ્ર બારડોલી અને ચીખલી ખાતે ફીજીશ્યન અને એનેસ્થેટીક ને સદર રોગચાળાના સમય દરમ્યાન પ્રતિનિયુક્તિથી મુકવામાં આવેલ. તેમજ આ રોગ માટે વપરાતી કેપ. ડોક્ષીસાયકલીન દવા અસરગ્રસ્ત વ્યક્તિઓને આપવામાં આવેલ.

ક્રિમીયન કોન્ગો હેમરેજીક ફીવર:

ગુજરાત રાજ્યમાં ક્રિમીયન કોન્ગો હેમરેજીક ફીવરના નીચે મુજબના કેસ અને મરણ નોંધાયેલ છે.

	૨૦૨૧ (નવેમ્બર અંતિત)
પોઝીટીવ કેસો	૧
મરણ	૧

પશુપાલન ખાતા દ્વારા ઇતરડી નાશક કામગીરી હાથ ધરવામાં આવેલ. અસરગ્રસ્ત વિસ્તારોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવેલ. દર્દીની સાથે રહેલ તેમના સગાને પણ કોન્ટેક સારવાર આપવામાં આવેલ.

હવાથી ફેલાતો રોગચાળો અટકાયત અને નિયંત્રણ કાર્યક્રમ:

સિઝનલ ઇન્ફ્લ્યુએન્ઝા:

સિઝનલ ઇન્ફ્લ્યુએન્ઝા એચ૧એન૧ નામના વાયરસથી ફેલાતો રોગ છે. જેના સામાન્ય લક્ષણો તાવ, શરદી, ઉધરસ અને ગળામાં સોજો આવવો જેવા છે. ગુજરાત રાજ્યમાં પણ સિઝનલ ઇન્ફ્લ્યુએન્ઝા રોગચાળાને પહોંચી વળવા રાજ્યનું આરોગ્ય તંત્ર સતત કાર્યરત છે. રાજ્યમાં આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ રેપીડ રીસ્પોન્સ ટીમ ની રચના કરવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ આંતર વિભાગીય સંકલન માટે ટાસ્કફોર્સ રચના કરવામાં આવેલ છે.

રાજ્ય માં આવેલ તમામ આરોગ્ય સંસ્થાના સાથ અને સહકારથી આ રોગના નિયંત્રણ માટે પ્રયાસો કરવામાં આવેલ છે. મેડીકલ કોલેજોમાં જરૂરી પી.પી.ઈ. કીટ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. રાજ્યની ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, તેમજ મેડીકલ

કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં વેન્ટીલેટર અને જરૂરી તમામ અધતન સાધનો ઉપલબ્ધ છે. રાજ્યમાં સિઝનલ ફ્લુ ટેસ્ટીંગ માટે અમદાવાદ-૩, વડોદરા, રાજકોટ, ભુજ, ભાવનગર, સુરત, અને જામનગર માં લેબોરેટરી સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધ કરાયેલ છે.

સિઝનલ ઈન્ફ્લ્યુએન્ઝાના કેસ	
	૨૦૨૧ (નવેમ્બર અંતિત)
કુલ પોઝીટીવ કેસો	૩૩
કુલ મરણ	૦૨

ઉક્ત તમામ રોગચાળા અટકાયત અને નિયંત્રણ માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજ પત્રમાં આયોજન હેઠળ કુલ ₹ ૩૭૮૩/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેની સામે નવેમ્બર-૨૧ અંતિત ₹ ૧૫૭૭.૧૩/- લાખનો ખર્ચ થયેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઉક્ત તમામ રોગચાળા અટકાયત અને નિયંત્રણ હેતુસર સુચિત ₹ ૩૮૦૦/- લાખ ની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૨) હડકવા વિરોધી રસી પૂરી પાડવી:

રાજ્યની હોસ્પિટલો તેમજ મેડીકલ કોલેજો, સા.આ.કેન્દ્રો તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતે કુતરા કરડવાના કેસોની સારવાર માટે ટીસ્યુકલ્ચર વેકસીનનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવા આવે છે. રાજ્યમાં દરેક એ.પી.એલ. / બી.પી.એલ. માટે સરકારી તેમજ નગરપાલિકા સંચાલીત તમામ હોસ્પિટલોમાં હડકવા વિરોધી રસી ખરીદ કરીને વિના મુલ્યે આપવામાં આવે છે.

ઉક્ત રોગચાળા અટકાયત અને નિયંત્રણ માટે વર્ષ ૨૦૨૧-૨૨ નાં અંદાજપત્રમાં આયોજન હેઠળ કુલ ₹ ૧૫૦૦/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેની સામે નવેમ્બર-૨૧ અંતિત ₹ ૬૭૪/- લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઉક્ત હેતુસર સુચિત ₹ ૧૫૦૦/- લાખ ની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૩) સીકલસેલ એનીમીયા કાર્યક્રમ:

સીકલસેલ એનીમીયા કાર્યક્રમ અંતર્ગત દક્ષિણ ગુજરાતના ૧૪ જીલ્લાઓમાં આદિજાતિ વિસ્તારમાં ૧ કરોડ ૧૧ લાખથી વધુ વ્યકિતઓનું સ્કીનીંગ કરવામાં આવેલ છે. તેમાંથી ૩૦, ૨૪૮ થી વધારે દર્દીઓ શોધી સારવાર આપવામાં આવેલ છે. સીકલસેલ દર્દીઓને ક્રાઈસીસમાં ઘટાડો થાય તે માટે ફોલિક એસિડની ગોળી, હાઈડ્રોકસી યુરીયા અને ન્યુમોકોકલ વેક્સીન વિના મુલ્યે આપવામાં આવે છે. તમામ સીકલસેલ દર્દીઓને જરૂરી તમામ સારવાર વિના મુલ્યે પૂરી પાડવામાં આવે છે. સદર કાર્યક્રમ અંતર્ગત નિદાન, સારવાર અને આરોગ્ય શિક્ષણ હેતુ ₹ ૩૦૦/- લાખની જોગવાઈ ચાલુ વર્ષમાં કરવામાં આવેલ છે. સીકલસેલ એનીમીયા કામગીરી ૨૦૦૯ માટે વર્ષ ૨૦૧૧ માં વડાપ્રધાન પુરસ્કાર એકસલેન્સ ઈન પબ્લીક એડમીનીસ્ટ્રેશન એનાયત થયેલ છે. ઉક્ત કાર્યક્રમ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૩૦૦/- લાખની જોગવાઈ સામે ૨૩૬.૦૭/- લાખ ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઉક્ત હેતુસર ₹ ૩૧૨/- લાખની જોગવાઈ થયેલ છે.

(૪) ટીસ્યુ કલ્ચર વેકસીનનો જથ્થો ઉપલબ્ધ કરવો

રાજ્યની હોસ્પિટલો તેમજ મેડીકલ કોલેજો સા.આ.કેન્દ્રો તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતે કુતરા કરડવાના કેસોની સારવાર માટે ટીસ્યુ કલ્ચર વેકસીનનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવા સારૂ વર્ષ ૨૦૧૧-૧૨માં જાન્યુઆરી માસથી રાજ્યમાં દરેક એ.પી.એલ/બી.પી.એલ. માટે ટી.સી.વી.- એ.આર.વી. વિના મુલ્યે આપવામાં આવે છે.

આ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૦૦૦.૦૦ લાખની જોગવાઈ ચાલુ બાબત તરીકે સુચવેલ છે.

(૫) શહેરી આરોગ્ય સેવાઓ સંગીન બનાવવી

પ્રસ્તાવના:

નેશનલ હેલ્થ મિશનના નેજા હેઠળ શહેરી લોકલ બોડી (સ્થાનિક સંસ્થાઓ) ના સક્રિય સહયોગથી શહેરી વસ્તીને (શહેરી ગરીબો, નબળા અને પછાત શહેરી ગરીબોને) ગુણવત્તા સભર આરોગ્યની સેવાઓ પુરી પાડવા સારૂ નેશનલ અર્બન હેલ્થ મિશન (NUHM) ની રચના મે-૨૦૧૩ માં ભારત સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

ધ્યેય:

શહેરી ગરીબો તથા પછાત વર્ગના લોકોના આરોગ્યની સુધારણા કરવી.

જાહેર આરોગ્યના માળખાને પુનઃઆકાર આપી ભાગીદારીથી એક સમાન ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ આપવી. જન સમુદાયનું સશક્તિકરણ કરવું અને અર્બન લોકલ બોડીનો સક્રિય સહકાર મેળવવો.

હેતુ:

અર્બન હેલ્થનો મુખ્ય હેતુ શહેરી વસ્તી, ખાસ કરીને શહેરી ગરીબો અને સમાજનાં અન્ય પછાત વર્ગો (જેવા કે ઘર વિહોણા, કચરા ઉઠાવનાર, ભીખારીઓ, કુલી, સેકસ વર્કરો, હાથ લારીવાળા, બાંધકામ કરતા મજુરો, ઈંટ ભઠ્ઠાના કારીગરો, થોડા સમય માટે સ્થળાંતર કરનાર વ્યક્તિઓ) ને ગુણવત્તા સભર એક સમાન આરોગ્યની સેવાઓ, શહેરી લોકલ બોડીના સહયોગથી

INDEX

- ભારત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ મંજુર કરવામાં આવતા આરોગ્ય કેન્દ્રોના ધારાધોરણો નીચે મુજબ છે.

ક્રમ	આરોગ્ય કેન્દ્રનો પ્રકાર	શહેરી વસ્તીના ધારાધોરણ
૧	શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (U-PHC)	દર ૫૦ હજારની વસ્તીએ એક U-PHC
૨	શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર (U-CHC)	નોન મેટ્રો શહેરમાં દર ૨.૫ લાખની વસ્તીએ એક U-CHC અને મેટ્રો શહેરમાં દર ૫ લાખની વસ્તીએ એક U-CHC

- રાજ્યમાં કુલ ૩૮૦ U-PHC મંજુર થયેલ છે, જે પૈકી હાલ ૩૨૮ U-PHC કાર્યરત છે.
- રાજ્યમાં કુલ ૪૦ U-CHC મહાનગરપાલિકાઓ માટે મંજુર થયેલ છે, જે પૈકી ૧૫ U-CHC કાર્યરત છે.
- રાજ્ય સરકારશ્રીના બજેટમાંથી મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં રેગ્યુલર, કરાર આધારીત તથા આઉટસોર્સ મળી વિવિધ સંવર્ગના મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફની કુલ ૯૩૬૮ જગ્યાઓ મંજુર થયેલ છે.
- રાજ્ય સરકારશ્રીના બજેટમાંથી મહાનગરપાલિકાના નોન સ્લમ વિસ્તારમાં ૨૦૫૭ તથા નેશનલ અર્બન હેલ્થ મિશન (NUHM) હેઠળ ૫૦૮૫ મળી કુલ-૭૧૪૨ આશાઓ મંજુર કરવામાં આવેલ છે.
- મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ મળી હાલ કુલ-૪૭૦ દીનદયાળ ઔષધાલય કાર્યરત થયેલ છે.

પ્રવૃત્તિઓ:-

- રાજ્યમાં શહેરી વિસ્તારોમાં શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (U-PHC) અને શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો (U-CHC) ની સ્થાપના કરવી.
- U-PHC અને U-CHC માટે નવા બાંધકામ તેમજ રીનોવેશના કામો મંજુર કરવા.
- મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે વિવિધ સંવર્ગના મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફની જગ્યાઓ મંજુર કરાવવી, તેનું મહેકમ નિભાવવું, ભરતી, બદલી, તેમજ ઉચ્ચતર મંજુર કરવાની કાર્યવાહી કરવી.
- U-PHC અને U-CHC માટે જરૂરી દવાઓ, સાધનસામગ્રી, ફર્નિચર વગેરે પુરા પાડવા.
- મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ ખાતે કાર્યરત U-PHC માં આશાની પસંદગી તેમજ મહિલા આરોગ્ય સમીતી (MAS) ની રચના કરવી.
- મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ દીનદયાળ ઔષધાલય કાર્યરત કરવા.
- ઓપીડીની વિગત (એપ્રિલ-૨૦૨૧ થી ઓક્ટોબર-૨૦૨૧):-

અ.નં.	કેન્દ્રનું નામ	ઓપીડી
૧	શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (U-PHC)	૩૩૬૩૯૭૩
૨	શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર (U-CHC)	૩૫૬૭૯૨

(૬) આરોગ્ય શિક્ષણ બ્યુરો

આ કાર્યક્રમ હેઠળ જુદા-જુદા રોગો વિષે પ્રજાને જાણકારી મળી રહે તે માટે જુદા-જુદા પ્રકારના માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસારની કામગીરી હાથ ધરવામાં આવે છે. ઉપરાંત, આ કાર્યક્રમ હેઠળ જુદા-જુદા રોગ વિષે લોકોમાં જનજાગૃતિ આવે તે હેતુથી નક્કી કરવામાં આવેલ દિન/સપ્તાહ અને માસની ઉજવણીની કામગીરી પણ કરવામાં આવે છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નીચે જણાવ્યા મુજબના દિન / સપ્તાહ અને માસની ઉજવણી કરવામાં આવે છે.

દિવસ		ઉજવાતો દિવસ
૭, એપ્રિલ	:	વિશ્વ આરોગ્ય દિન
૩૧, મે	:	તમાકું વિરોધી દિન
જુન માસ	:	મેલેરીયા વિરોધી માસ
૧૧, જુલાઇ	:	વિશ્વ વસ્તી દિન
ઓગષ્ટનું પહેલું સપ્તાહ	:	રાષ્ટ્રીય સ્તનપાન સપ્તાહ
સપ્ટેમ્બરનું પહેલું સપ્તાહ	:	પોષણ સપ્તાહ
૧, ઓક્ટોબર	:	નેશનલ વોલન્ટરી બ્લડ ડોનેશન ડે
૧૨, ઓક્ટોબર	:	વિશ્વ દ્રષ્ટી દિન
૧, ડિસેમ્બર	:	વિશ્વ એઇડ્ઝ દિન
૩૦, જાન્યુઆરી	:	લેપ્રસી વિરોધી દિન
૨૪, માર્ચ	:	વિશ્વ ક્ષય દિન

INDEX

ઉક્ત જુદા-જુદા દિન આરોગ્ય શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત ઉજવવામાં આવે છે. સદર ઉજવણી અંતર્ગત જે-તે રોગ વિષે લોકોમાં જાગૃતિ વધે અને રોગના પ્રમાણમાં ઘટાડો થાય તે મુખ્ય હેતુ છે. જુદા-જુદા રોગ થવાના કારણો, તેને થતો અટકાવવાના ઉપાય, થાય ત્યારે લેવાની થતી કાળજી વિશેની માહિતી, અન્યને ફેલાય નહીં કે વધુ ફેલાઈ નહીં તે માટે રાખવાની સાવચેતી એમ અગમચેતીના પગલાં તથા ઉપાય વિષે લોકોને વધુને વધુ જાણકારી મળી રહે તે માટે જુદા-જુદા પ્રકારના માધ્યમ દ્વારા પ્રચાર પ્રસારની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ કામગીરી અંતર્ગત દૈનિક સમાચાર પત્રોમાં જાહેર ખબર આપવી, જુદી-જુદી ટી.વી. ચેનલો પર જાહેરાત આપવી, રેડીયો પર જાહેરાત આપવી, સ્ટીકર, પેમ્ફલેટ, પત્રિકા, ફોલ્ડર, પ્રદર્શન પેનલ, કાપડના બેનર, પીવીસી બેનર, રોલ અપ ચાર્ટ, હોર્ડીંગ પર જાહેરાત, વોલપેઈન્ટીંગ એસ.ટી પેનલ, રેલ્વે પેનલ બસ શેલ્ટર જેવી કામગીરી કરવામાં આવે છે. તેમજ અત્રેથી તૈયાર કરવામાં આવેલ સાહિત્ય અને માધ્યમોની જરૂરીયાત મુજબ સમગ્ર રાજ્યમાં વંહેચણી કરવામાં આવે છે.

શાળા આરોગ્ય કાર્યક્રમ

કોઇ પણ રાજ્યનું ઉજળું ભવિષ્ય તેના બાળકોની સ્વસ્થતા પર નિર્ભર છે. જો બાળકો તેના બાળપણમાં સંપૂર્ણ સ્વસ્થ હશે તો તેનો શારીરિક અને માનસિક વિકાસ પૂરે પૂરો થશે અને પુખ્ત થતાં તે સ્વનિર્ભર બની શકશે. સ્વસ્થ, શિક્ષિત અને સ્વનિર્ભર યુવાન રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસ માટે અત્યંત જરૂરી પરિબળ છે. ગુજરાતનો પણ વધુ સારો આર્થિક અને સામાજિક વિકાસ થાય તે માટે બાળકોના સ્વાસ્થ્ય તરફ વધુ લક્ષ આપી શકાય તે માટે શાળા આરોગ્ય કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવે છે.

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે નવજાત શીશુ થી ૬ વર્ષ સુધીના આંગણવાડીના બાળકો, ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, મદ્રેસા, ચિલ્ડ્રન હોમ, આશ્રમશાળા ના બાળકો અને ૧૮ વર્ષ સુધી ના શાળાએ ન જતાં બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવે છે. આ માટે જરૂરી માઈક્રોપ્લાનીગ કરવામાં આવે છે. પ્લાનીગ મુજબ આરોગ્ય ટીમ શાળા/આંગણવાડી માં જાય છે અને તેમના દ્વારા બાળકોની આરોગ્ય ની તપાસણી કરવામાં આવે છે, તપાસણી દરમ્યાન જો કોઈ બાળક / વિદ્યાર્થીને કોઈ બિમારી કે ખામી જોવા મળે તો બાળકને સ્થળ પર જ સારવાર આપવામાં આવે છે.. જો બાળકને વધુ સારવારની જરૂર જણાય તો તેને નજીકની હોસ્પિટલ / સા. આ. કે. ખાતે રીફર કરવામાં આવે છે અને ત્યાં રેફરલ સેવા/ સારવાર આપવામાં આવે છે. આ કાર્યક્રમ દરમ્યાન બાળ રોગ નિષ્ણાંત, કાન-નાક-ગળાના રોગના નિષ્ણાંત, આંખના નિષ્ણાંત, ચામડીના નિષ્ણાંત, દંત સર્જન વગેરે જુદા-જુદા રોગના નિષ્ણાંત દ્વારા પણ જરૂરિયાત બાળકોને સારવાર પૂરી પાડવામાં આવે છે. દ્રષ્ટી ખામી ધરાવતાં બાળકો/વિદ્યાર્થીઓની આંખની તપાસણી કરવામાં આવે છે અને ચશ્માની જરૂરિયાત જણાય તો તે તમામને મફતમાં ચશ્માં પણ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ હૃદય રોગગ્રસ્ત બાળકોને યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડીયોલોજી અને રિસર્ચ સેન્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ, કિડની રોગ ગ્રસ્ત બાળકોને ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડીસીઝ અને રિસર્ચ સેન્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ તેમજ કેન્સર રોગગ્રસ્ત બાળકોને ગુજરાત કેન્સર અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ ખાતે સારવાર પૂરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૦૯-૧૦ થી હૃદય રોગના બાળકોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની શેઠ વી. એસ. જનરલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે પણ સારવાર આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉપરાંત આંખના રોગની સારવાર માટે એમ. જે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થાલ્મોલોજી, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ ખાતે અને અન્ય રોગની સારવાર માટે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે રીફર કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ થી શાળા આરોગ્ય કાર્યક્રમ એ "શાળા આરોગ્ય સપ્તાહ" ના નવીન અભિગમથી અમલમાં મૂકવામાં આવેલ છે. સદર સપ્તાહ દરમ્યાન પ્રથમ દિવસે સફાઇ અને વૃક્ષા રોપણની કામગીરી, બીજા દિવસે બાળકોની નોંધણી અને રેલી ભવાઇ જેવા કાર્યક્રમો, ત્રીજા દિવસે પોષણ વિષે માહિતી આપવી તથા વાનગી હરિફાઇ, ચોથા દિવસે બાળકોની આરોગ્ય તપાસ તથા વાલી મિટીંગ અને પાંચમા દિવસે આરોગ્ય વિષયક આઇઇસીને લગતી જુદી-જુદી પ્રવૃત્તિ કરવામાં આવશે. આમ, આ કાર્યક્રમ અંતર્ગત બાળક અને તેના વાલી ઉપરાંત ગ્રામ પંચાયતના સભ્યો, પંચાયત વિભાગ, વન વિભાગ, પાણી પૂરવઠા વિભાગ, શિક્ષકો, આરોગ્ય કાર્યકરો, આંગણવાડી વર્કર તેમજ આશા વર્કર પણ સક્રિય ફાળો આપે છે.

શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થય કાર્યક્રમ માં ક્લેફ્ટ્લીપ/પેલેટ -ક્લબફુટ-જન્મજાત બધિરતાં -જન્મ જાત મોતીઓ-કિડની/લીવર /બોનમેરો ટ્રાન્સ્પ્લાંટ જેવા અતિગંભીર રોગોની સારવારનો પણ સમાવેશ કરવામાં આવેલ છે,

શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલ કામગીરી નીચે મુજબ છે.

સેવા ઉપર એક નજર

વર્ષ	કુલ બાળકો	તપાસેલ બાળકોની સંખ્યા	સ્થળ પર સારવાર આપેલ બાળકોની સંખ્યા	સંદર્ભ સેવા આપેલ બાળકોની સંખ્યા
૨૦૧૫-૨૦૧૬	૧૫૬૩૯૪૭૭	૧૫૫૧૪૨૩૬	૧૩૯૫૧૩૮	૧૧૧૦૯૯
૨૦૧૬-૨૦૧૭	૧૫૭૦૫૭૩૮	૧૫૪૦૯૨૪૩	૧૭૩૧૬૨૫	૧૭૧૨૦૦
૨૦૧૭-૨૦૧૮	૧૫૭૨૬૫૩૩	૧૫૫૧૪૮૯૯	૧૯૬૧૮૯૦	૧૮૪૧૧૮
૨૦૧૮-૨૦૧૯	૧૫૯૫૮૬૯૬	૧૫૮૩૨૭૦૬	૨૨૦૪૯૧૪	૨૭૯૦૨૮
૨૦૧૯-૨૦૨૦	૧૬૦૧૬૬૭૧	૧૫૯૬૧૯૦૬	૨૮૫૫૪૪૭	૨૬૫૦૦૪

સંદર્ભ સેવાઓ

વર્ષ	બાળરોગ નિષ્ણાંત	આંખના નિષ્ણાંત	દાંતના નિષ્ણાંત	ચામડીના નિષ્ણાંત	ઈએનટી નિષ્ણાંત
૨૦૧૫-૨૦૧૬	૩૦૧૪૯	૩૧૩૬૮	૧૬૮૦૯	૧૨૫૪૬	૯૩૦૧
૨૦૧૬-૨૦૧૭	૩૧૨૬૦	૫૮૨૮૮	૪૦૮૮૨	૧૬૭૯૦	૧૨૮૬૫
૨૦૧૭-૨૦૧૮	૩૮૯૬૭	૬૨૨૬૧	૪૩૪૭૬	૧૬૩૫૬	૧૨૬૨૪
૨૦૧૮-૨૦૧૯	૫૯૯૦૭	૭૯૫૦૬	૬૯૪૯૦	૨૯૮૨૩	૨૨૦૩૮
૨૦૧૯-૨૦૨૦	૫૩૭૬૭	૬૮૭૧૬	૭૦૭૮૨	૨૬૪૩૭	૧૮૧૮૯

વિના મૂલ્યે ચશ્મા વિતરણ

વર્ષ	ચશ્મા વિતરણ કરેલ બાળકોની સંખ્યા
૨૦૧૫-૧૬	૫૦૨૩૧
૨૦૧૬-૧૭	૧૩૯૦૬૮
૨૦૧૭-૧૮	૯૯૨૧૦
૨૦૧૮-૧૯	૯૮૨૦૬
૨૦૧૯-૨૦	૮૨૩૦૫

ઉપરાંત હૃદય, કિડની અને કેન્સરની બીમારીથી પીડાતા બાળકોને વધુ સારવાર માટે સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે. જયાં બાળકોને ઓપરેશની જરૂર લાગે ત્યાં વિના મૂલ્યે ઓપરેશની સુવિધા પુરી પાડવામાં આવે છે.

સુપર સ્પેશીયાલીસ્ટ સારવાર

વર્ષ	હૃદય	કિડની	કેન્સર
૨૦૧૫-૨૦૧૬	૨૬૯૫	૫૨૩	૨૮૩
૨૦૧૬-૨૦૧૭	૫૨૫૦	૧૪૯૪	૧૦૧૪
૨૦૧૭-૨૦૧૮	૨૨૯૩૨	૩૫૦૮	૧૮૪૩
૨૦૧૮-૨૦૧૯	૨૦૯૮૨	૨૭૨૫	૧૯૨૨
૨૦૧૯-૨૦૨૦	૨૦૬૭૪	૨૮૬૯	૧૮૫૫

(૭) જીવનને લગતા આંકડા નોંધતું તંત્ર

- જન્મ મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ અને ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ના અમલીકરણ અને મોનીટરીંગ માટે રજીસ્ટ્રારશ્રીઓને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે. કમિશ્નરશ્રી (આરોગ્ય) રાજ્ય કક્ષાએ જન્મ- મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ના કાયદા મુજબ મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) તથા ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ના રજીસ્ટ્રાર જનરલ (લગ્ન નોંધણી) તરીકે ફરજ બજાવે છે. જિલ્લા કક્ષાએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત જિલ્લા રજિસ્ટ્રાર તરીકે કામગીરી કરે છે.
- રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૧૪૩૦૭, શહેરી વિસ્તારોમાં ૧૬૨ નગરપાલિકાઓ અને ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે જન્મ-મરણ અને લગ્ન નોંધણી એકમો કાર્યરત છે.
- રજીસ્ટ્રાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં જન્મ-મરણ અંગેની માહિતી ફોર્મ નંબર ૧, ૨, અને ૩ ઉપરથી ડેટા એન્ટર ઈ-ઓળખમાં કરવામાં આવે છે. જ્યારે તે અંગેનો માસિક સારાંશ ફોર્મ નંબર ૧૧-૧૨ અને ૧૩માં તૈયાર કરી તાલુકા રજીસ્ટ્રારને

INDEX

મોકલવાનો રહે છે, તાલુકા રજીસ્ટ્રાર દ્વારા તેઓના તાલુકા હેઠળના નોંધણી એકમોની મળેલ માહિતી સંકલીત કરી જીલ્લા રજીસ્ટ્રાર (જન્મ-મરણ) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને મોકલવામાં આવે છે.

- જીલ્લા રજીસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા તમામ તાલુકાની આવેલ માહિતી સંકલીત કરી કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય) ગાંધીનગરની કચેરીને મોકલવાના રહે છે. જન્મ મરણની ડેટા એન્ટ્રી માટે તંત્ર દ્વારા NIC ના સહયોગથી "e-Olakh" સોફ્ટવેરમાં જે તે નોંધણી એકમો દ્વારા ડેટા એન્ટ્રીની કામગીરી થાય છે.
- રાજ્ય કક્ષાએથી જીલ્લા/તાલુકા રજીસ્ટ્રારને જન્મ મરણ અને લગ્ન નોંધણી અધિનિયમ અંગે ઉપસ્થિત થતા કોર્ટકેસ બાબતે જરૂરી કાર્યવાહી કરવા માર્ગદર્શન તથા તાલીમ આપવાની કામગીરી પણ આ તંત્ર દ્વારા કરવામાં આવે છે.
- મુખ્ય રજીસ્ટ્રાર (જન્મ-મરણ) અને કમિશ્નરશ્રી દ્વારા દર વર્ષે અધિનિયમની જોગવાઇ અનુસાર વાર્ષિક આંકડાકીય અહેવાલ પ્રકાશિત કરવામાં આવે છે.
- જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૦ (૨) અને ૧૦ (૩) હેઠળ મેડીકલ સર્ટીફીકેશન કોઝ ઓફ ડેથની વિગતો ફોર્મ નં.૪ અને ફોર્મ નં.૪/એ માં હોસ્પિટલ, સા.આ.કેન્દ્ર અને પ્રા.આ.કેન્દ્ર પાસેથી એકત્રીત કરી સંકલીત વિગતોને વાર્ષિક અહેવાલમાં પ્રકાશીત કરવામાં આવે છે.
- વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૨૨-૨૩ના અંદાજપત્ર માટે બીનઆદિજાતી હેઠળ ચાલુ બાબત તરીકે જન્મ મરણ અને લગ્ન નોંધણીના ફોર્મ્સ, પત્રકો, રજીસ્ટરોના મુદ્રણની કામગીરી, કર્મચારીઓને તાલીમ તેમજ માહિતી, શિક્ષણ અને પ્રાસાર પ્રવૃત્તિ માટે ₹ ૫૦.૦૦ લાખ, નવરચિત ૧૪ જીલ્લાઓમાં (પાટણ, પોરબંદર, નવસારી, દાહોદ, તાપી, નર્મદા, આણંદ, અરવલ્લી, ગીરસોમનાથ, બોટાદ, છોટાઉદેપુર, મોરબી, દેવભૂમિ દ્વારકા અને મહીસાગર) આંકડા મદદનીશની જગ્યાના નીભાવ માટે ₹ ૫૫.૦૦ લાખ સૂચિત કરવામાં આવે છે. જયારે ગુજરાત સીવીલ રજીસ્ટ્રેશન સીસ્ટમ અંગેનું સોફ્ટવર "e-Olakh"ના ઓનલાઈન સર્પોટ માટે મેન પાવર(આઉટસોર્સીંગ) માટે ₹ ૬૫.૭૬ લાખ તથા જન્મ-મરણની ડેટા એન્ટ્રી કરાવવા સારૂં મહાનગરપાલીકા તથા નગરપાલીકાને ડેટા એન્ટ્રી દીઠ ₹ ૩/- લેખે ચૂકવણા તેમ જ પ્રમાણપત્રો (અંદાજીત ૨૦ ટકા બનાવોના) પોસ્ટ કરવાના મળી ₹ ૬૪.૭૨ લાખ અને સંશોધન અધિકારી (વર્ગ-૨) ની એક જગ્યાના નિભાવ માટે ₹ ૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે.
- આમ, વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૨૨-૨૩ માટે કુલ ₹ ૨૪૦.૪૮ લાખની જોગવાઇ કરવામાં આવે છે.
- વર્ષ: ૨૦૧૯ થી ૨૦૨૦ સુધીના રાજ્યમાં અપેક્ષિત જન્મ સામે નોંધાયેલ જન્મ તથા અપેક્ષિત મરણ સામે નોંધાયેલ મરણની માહિતી નીચે મુજબ છે.

સીવીલ રજીસ્ટ્રેશન સીસ્ટમ અંતર્ગત જન્મ મરણ નોંધણીની માહિતી દર્શાવતુ પત્રક (ગુજરાત)						
વર્ષ	જન્મ નોંધણી			મરણ નોંધણી		
	અપેક્ષિત લક્ષ્યાંક	નોંધણી	ટકાવારી	અપેક્ષિત લક્ષ્યાંક	નોંધણી	ટકાવારી
૨૦૧૯	૧૨૮૨૭૮૫	૧૧૭૩૭૫૯	૯૧.૫૦	૩૮૪૧૮૪	૪૬૨૨૮૪	૧૨૦.૩૩
૨૦૨૦	૧૨૯૫૨૧૬	૧૦૭૧૧૫૦	૮૨.૦૭	૩૮૭૯૦૭	૫૦૭૬૪૧	૧૩૦.૦૯
૨૦૨૧	---	---	---	---	---	---

- ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ અંતર્ગત રાજ્યમાં નોંધાયેલ લગ્ન નોંધણી વર્ષ:૨૦૧૯ થી ૨૦૨૦ માહિતી નીચે મુજબ છે.

વર્ષ		
૨૦૧૯	૨૦૨૦	૨૦૨૧
૧૯૭૯૪૦	૧૮૫૩૪૦	---

(૮) રાજ્ય રક્ત-બદલી પરિષદ

રાજ્ય રક્ત-બદલી પરિષદ કાર્યક્રમ હેઠળ વહીવટી ખર્ચ (પગાર મુસાફરી સમીક્ષા બેઠકો લેખન સામગ્રી વિજળી ટપાલ) રક્ત બેંક અને સંગ્રહ કેન્દ્રોના કર્મચારીઓને તાલીમ શિક્ષણ પ્રોત્સાહન(માહિતી-શિક્ષણ અને પ્રચાર સામગ્રી સંશોધન અને રક્ત સંક્રમણ અને સ્વૈચ્છિક રક્તદાનની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન/પ્રોત્સાહન) થેલેસેમીયા હેમોફિલીયા દર્દીઓ માટે સુવિધાઓ પુરી પાડવા અને રક્તદાન શિબિર દ્વારા રક્તદાન પ્રવૃત્તિને વેગવંતી બનાવવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ ₹ ૫૦૫.૦૦ લાખની ચાલુ બાબત તરીકે જોગવાઇ સુચવેલ છે.

(૯) બહુહેતુલક્ષી કાર્યકર યોજના

વિભાગીય તાલીમ કેન્દ્રો (પુરૂષ) હેઠળ બહુહેતુલક્ષી આરોગ્ય કાર્યકરો (પૂરૂષ)ના તાલીમ કર્મચારી વર્ગ માટે પગાર અને અન્ય ભથ્થાઓ માટે ચાલુ બાબત તરીકે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે ₹ ૯.૦૦ લાખની સુચિત જોગવાઇ અંકિત કરવામાં આવેલ છે

INDEX

(૧૦) રાજ્ય એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમ

જતન પ્રોજેકટ-એઇડ્સના દર્દીઓને સારવાર દરમ્યાન તેમજ તેમનાં નવજાત શિશુંનાં DBS પરિક્ષણ માટે મુસાફરી સહાય તેમજ એચ.આઈ.વી. ટેસ્ટીંગ કીટ, એ.આર.વી. અને તકવાદી ચેપોની દવાઓ તેમજ સીડી ૪ ટેસ્ટીંગ કીટ, વેક્યુટેનર અને નિડલ ખરીદીવા બાબત

નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો) - નવી દિલ્હી તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કાર્યાન્વીત છે. જેનાં અનુસંધાને દરેક રાજ્યોમાં આવેલા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ સોસાયટીની રચના કરી ને એચ.આઈ.વી./એઇડ્સ અંગે Prevention & Control તેમજ Care, Support & Treatment અંગેના વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહેલ છે. ગુજરાતમાં પણ ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા અમલીકૃત થઈને સદર કાર્ય કરી રહેલ છે.

એચ.આઇ.વી./એઇડ્સની પ્રથમ અને બીજી હરોળની સારવારથી દર્દીઓના જીવન ગાળામાં કુલ મળીને ૧૫ થી ૨૦ વર્ષ વધારો કરી શકાય છે. નિયમીત એન્ટી રેટ્રોવાયરલ થેરાપી (એ.આર.ટી.) દવાઓ લેવાથી એઇડ્સના દર્દીઓ લક્ષણરહિત લાંબુ જીવન જીવી શકે છે. એ.આર.ટી. ફેસીલીટી સેન્ટર પર સારવાર લઇ રહેલા દર્દીઓ માટે નિયમીત પોષણક્ષમ આહાર એ.આર.ટી. દવા સાથે લેવામાં આવે તો તેનાં જીવનઘોરણ - આયુષ્યમાં વધારો કરી શકાય છે. દર્દીએ દર મહિને એ.આર.ટી. સેન્ટર પર દવા લેવા આવવાનું હોય છે. એ.આર.ટી. સેન્ટર પર દવા લઇ રહેલ દર્દીઓને મુસાફરીનો ખર્ચ તેમને પરવડી શકે તેમ હોતો નથી. જેના કારણે જોવામાં આવ્યુ છે કે તેઓ વારંવાર દવાઓ છોડી દે છે અને તકવાદી રોગોનો (Opportunistic Infections) ભોગ બને છે.

ગુજરાત રાજ્યમાં અંદાજીત ૧,૯૪,૮૧૨ (ઓગષ્ટ-૨૦૨૧ સુધી) એચ.આઇ.વી. પોઝીટીવ વ્યક્તિઓની સંખ્યા છે જે દરેક દર્દીને નાકોની "Test & Treat Policy" અંતર્ગત એ.આર.ટી.દવાની જરુરીયાત હોય છે. એચ.આઇ.વી. પોઝીટીવ વ્યક્તિઓની સારવાર માટે રાજ્યમાં કુલ ૪૫ એ.આર.ટી. સેન્ટરો નાકો-નવી દિલ્હીની માર્ગદર્શિકા અને નાણાંકીય સહાય અનુસાર સરકારી દવાખાનામાં અમલીકરણમાં છે. અમદાવાદ(૫), સુરત(૩), રાજકોટ, ભાવનગર, મહેસાણા(૩), વડોદરા(૪), જામનગર, સુરેન્દ્રનગર, અમરેલી, નવસારી, ભુજ(૨), હિંમતનગર(જી. સાબરકાંઠા), જુનાગઢ, પાલનપુર, પાટણ, પોરબંદર, ગોધરા, ભરૂચ, વલસાડ, દાહોદ, નડીયાદ(જી. ખેડા), ગાંધીનગર, વ્યારા(તાપી), મોરબી, આણંદ, નર્મદા, છોટાઉદેપુર અને દેવભુમિ-દ્વારકા ખાતે એ.આર.ટી. સેન્ટર કાર્યરત છે. તેમજ ગોંડલ, મહુવા(ભાવનગર), મોડાસા(અરાવલી), ડીસા(બનાસકાંઠા), અને વેરાવળ (ગીર સોમનાથ) ખાતે ફેસીલીટી ઈન્ટીગ્રેટેડ સેન્ટરો કાર્યરત છે. વધુમાં તાલુકા કક્ષાએ ૫૯ લીંક એ.આર.ટી. સેન્ટરો પણ કાર્યરત છે. જેમાં એચ.આઈ.વી.ના દર્દીઓને જરુરી તપાસ નિદાન, તકવાદી ચેપોની દવાઓ અને સારવાર તેમજ પ્રથમ અને બીજા હરોળ એ.આર.ટી. દવાઓ વિનામુલ્યે દર્દીઓને આપવામાં આવી રહેલ છે. સદર એ.આર.ટી. ફેસીલીટી પર એચ.આઈ.વી. ના દર્દીઓને દર માસે નિયમિત તપાસ માટે મુલાકાત લેવાની હોય છે. સદર સેન્ટરો નાકોની સહાયથી કાર્યરત છે. એચ.આઇ.વી. પોઝીટીવ વ્યક્તિઓ માટે એન્ટીં રેટ્રોવાયરલ દવાઓ ખુબ જ જરુરી હોય છે અને જીવનપર્યત લેવાની હોય છે. આમ દર્દીએ દર મહિને એ.આર.ટી. સેન્ટર પર દવા લેવા આવવાનું હોય છે. જ્યાં તેમની શારીરિક તદુરસ્તી અને સીડી - ૪ કાઉન્ટ માટે તેમજ વાયરલ લોડની તપાસ માટે એ.આર.ટી ફેસીલીટી પર તબીબી અધિકારી દ્વારા એપોઈમેન્ટ આપીને બોલાવવામાં આવે છે.

હાલમાં ગુજરાત રાજ્યમાં કુલ ૧, ૯૪, ૮૧૨ (ઓગષ્ટ-૨૦૨૧ સુધી) એચ.આઈ.વી પોઝીટીવ દર્દીઓ આઈ.સી.ટી.સી સેન્ટર પર નોંધાયેલ છે. જેમાં ૯, ૯૩૨ (ઓગષ્ટ-૨૦૨૧ સુધી) એચ.આઈ.વી.ગ્રસ્ત સગર્ભા સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. જેમાંથી કુલ ૧, ૪૧, ૨૪૬ લોકો એઆરટી સેન્ટર (ઓગષ્ટ-૨૦૨૧ સુધી) પર રજીસ્ટર થયેલ છે. જેમાં બાળકોની સખ્યા ૬૭૮૩ છે. જેમાંથી ૭૧૬૬૫ (ઓગષ્ટ-૨૦૨૧ સુધી) મફત એ.આર.ટી દવાઓ મેળવી રહેલ છે, જેમાં ૩૮૩૮ બાળકોનો સમાવેશ થાય છે.

Year	Alive on ART	Year	Alive on ART
૨૦૦૯-૧૦	૧૪૯૦૬	૨૦૧૬-૧૭	૫૪૯૯૧
૨૦૧૦-૧૧	૨૦૩૫૦	૨૦૧૭-૧૮	૬૨૭૫૨
૨૦૧૧-૧૨	૨૬૫૫૨	૨૦૧૮-૧૯	૬૭૫૧૭
૨૦૧૨-૧૩	૨૮૬૪૪	૨૦૧૯-૨૦	૭૧૪૯૯
૨૦૧૩-૧૪	૩૯૦૭૦	૨૦૧૯-૨૦	૭૧૩૨૦
૨૦૧૪-૧૫	૪૪૨૬૯	૨૦૨૦-૨૧	૭૧૪૯૯
૨૦૧૫-૧૬	૪૮૫૩૭	૨૦૨૧-૨૨ (સપ્ટેમ્બર.-૨૦૨૧ સુધી)	૭૧૬૬૫

INDEX

વધુમાં જણાવવાનું કે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા એચ.આઈ.વી પોઝીટીવ માતાથી જન્મેલ નવજાત શિશુનાં DBS પરિક્ષણ માટે મુસાફરી સહાય નો સમાવેશ સપ્ટેમ્બર-૨૦૧૪થી "જતન-પ્રોજેકટ" માં કરવમાં આવેલ છે. જેમાં ઇ.આઇ.ડી. (Early infant Diagnosis) : એચ.આઇ.વી. પોઝિટીવ માતાથી જન્મેલ નવજાત શિશુને એચ.આઇ.વી.નો ચેપ લાગવાની શક્યતાને લઘુત્તમ કરવા માટે બાળકના જન્મના ૬ સપ્તાહથી લઇ ૧૮ માસની ઉમર સુધી તેના પર કરવામાં આવતા વિવિધ એચ.આઇ.વી. પરીક્ષણોને અર્લી ઇન્ફન્ટ ડાયગ્નોસિસ (શિશુનું વહેલા તકે નિદાન) કહેવામાં આવે છે.

હાલમાં હાલમાં એ.આર.ટી સેન્ટર ખાતે કુલ નોંધાયેલ ૧,૪૧,૨૪૬ દર્દીઓ (સપ્ટેમ્બર-૨૦૨૧ સુધી) પૈકી કુલ ૪૯૮૦૧ દર્દીઓ (સપ્ટેમ્બર-૨૦૨૧સુધી) સદર "જતન પ્રોજેકટ" યોજનાનો લાભ મેળવી રહેલ છે. આઈ.સી.ટી સી ખાતે શોધાયેલા એચ.આઈ.વી પોઝીટીવ દર્દીઓ કુલ ૧,૯૪,૮૧૨ ઓગષ્ટ-૨૦૨૧ સુધી છે.

ગુજરાત સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સને ૨૦૦૯-૧૦માં રાજ્યમાં આવેલ એ.આર.ટી. સેન્ટર પર દવા લઇ રહેલ દર્દીઓને રીએમ્બ્સમેંન્ટ પેટે મુસાફરીના ખર્ચ માટે સહાય અંગેની યોજના "જતન પ્રોજેકટ" ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીંવીગ વીથ એચ.આઈ.વી./એઈડ્સ (GSNP+) મારફતે હાલમાં એઆરટી તથા લીંક એઆરટી ફેસીલીટી પર રહેલાં ફેસીલીટી લેવલ કો-ઓર્ડીનેટર (એ.આર.ટી. સેન્ટર, લીંક એ.આર.ટી. સેન્ટર કે કેર સપોર્ટ સેન્ટરમાંથી કોઈ પણ એક) દ્વારા અમલીકરણમાં છે. વર્ષ ૨૦૨૦-૨૧માં સદર યોજના હેઠળ ₹ ૨૧૭.૨૩ લાખ મંજુર બજેટ સામે ₹ ૨૦૪.૦૬ લાખનો ખર્ચ થયેલ છે. જયારે ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૬૫.૦૭ લાખના મંજુર બજેટ સામે ₹ ૪૮.૮૧ લાખનો ખર્ચ થયેલ છે.

આમ અગામી વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં અંદાજીત ૬૦૦૦ જેટલા વધુ લોકો સદર યોજનાનો લાભ લે તેવી સંભાવના છે. કારણ કે નાકો-નવી દિલ્હીની "Test & Treat" પોલિસી મુજબ વધુને વધુ લોકો એ.આર.ટી. સારવાર માટે દર માસે વધવાના હોવાથી વર્ષ ૨૦૨૨-૨૩ ₹ ૨,૮૬,૮૯,૩૫૬/- (અંકે રૂપિયા બે કરોડ છંયાસી લાખ નેવ્યાસી હજાર ત્રણસો છપન્ન રૂપિયા પુરા.) જેટલો ખર્ચ "જતન પ્રોજેકટ"માં લાભાર્થીઓને મુસાફરી ભથ્થાં સહાય માટે થવા સંભાવના છે. જ્યારે એચ.આઈ.વી. ટેસ્ટીંગ કીટ, એ.આર.વી. દવાઓ, તકવાદી ચેપોની દવાઓ તેમજ સીડી૪ ટેસ્ટીંગ કીટ તેમજ તેના માટે વેક્યુટ અને નિડલ ખરીદવા માટે ₹ ૧,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ લાખ પુરા) જેટલો વર્ષ ૨૦૨૨-૨૩માં જોગવાઈ સુચવેલ છે.

જતન પ્રોજેકટ હેઠળ ચાલુ બાબત તરીકે વર્ષ ૨૦૨૨-૨૩માં આરોગ્ય વિભાગમાં અંદાજીત કુલ ₹ ૩,૮૬,૮૯,૩૫૬/- (અંકે રૂપિયા ત્રણ કરોડ છંયાસી લાખ નેવ્યાંસી હજાર ત્રણસો છપન્ન રૂપિયા પુરા)ની સુચિત જોગવાઈ આયોજન સદરે સુચવેલ છે.

વર્ષ ૨૦૨૦-૨૧ માં નવી બાબત તરીકે ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીંવીગ વીથ એચ.આઈ.વી./એઈડ્સ (GSNP+) મારફતે સમાવિષ્ઠ ૯ જીલ્લાઓ આણંદ, ભરૂચ, પાટણ, ગોધરા (જી. પંચમહાલ), વ્યારા (તાપી), પોરબંદર, હિંમતનગર (જી.સાબરકાંઠા), વલસાડ અને ગાંધીનગર ખાતે વિહાન મોડેલ કેર એન્ડ સપોર્ટ સેન્ટર ની ₹ ૮૭,૧૭,૧૮૦/- ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જે વર્ષ ૨૦૨૧-૨૨માં ઉપરોક્ત ૯ જીલ્લા માટે વિહાન મોડેલ કેર એન્ડ સપોર્ટ સેન્ટર માટે ₹ ૮૭,૧૭,૧૮૦/- ની જોગવાઈ કરવામાં આવેલ હતી.

સદર કાર્યક્રમમાં જી.એસ.એન.પી.+ દ્વારા કાર્યરત વિહાન મોડેલ કેર સપોર્ટ સેન્ટર દ્વારા ગુજરાતના ૯ જીલ્લાઓમાં ART Center દ્વારા વિહાન સી.એસ.સી. પર રીફર થયેલ એચ.આઈ.વી. પોઝીટીવ લોકોને જુદી-જુદી સેવાઓ જેમકે કાઉન્સેલીંગ, પીયર કાઉન્સેલીંગ, Social Entitlement, Linkage to Social Protection Scheme, Support Group meeting with different group & various activity, વગેરે મેળવી રહેલ છે. એચ.આઈ.વી. પોઝીટીવ દર્દીઓ કે, જેઓ એ એ.આર.ટી. દવાઓ દીધેલ હોય તો તેમના એઢરન્સ જળવાઈ રહે તે માટે તેમને તેમના ઘેર જઈને સમજાવીને એ.આર.ટી. સેન્ટર પર પહોંચાડવા જેવી અગત્યની Loss to Follow-up activity પણ થઈ રહેલ છે. તેમજ આર્થિક રીતે કચડાયેલા દર્દીઓની જુદી-જુદી જરુરીયાતને ધ્યાને લઈને LOCAL DONOR સાથે Co-ordination કરી તેમના માટે Fund Mobilization કરવામાં પણ આવી રહેલ છે. ગુજરાતમાં નાકો - ગ્લોબલ ફંડ સંચાલીત ૧૬ વિહાન કેર સપોર્ટ સેન્ટર કાર્યક્રમ અને ગુજરાત રાજ્યની નાણાંકીય સહાય દ્વારા ૯ વિહાન મોડલ કેર સપોર્ટ સેન્ટરો દ્વારા કુલ ૯૧૯૪૫ (ઓગષ્ટ-૨૦૨૧ સુધી) એચ.આઈ.વી.પોઝીટીવ લોકોને જુદી -જુદી સેવાઓ પહોંચાડવામાં આવી રહેલ છે. જેમાંથી ગુજરાત સરકારના નાણાંકીય સહાય દ્વારા વિહાન મોડેલ કેર એન્ડ સપોર્ટ સેન્ટર કાર્યક્રમ દ્વારા ૨૨૦૭૪ (ઓગષ્ટ-૨૦૨૧ સુધી) એચ.આઈ.વી.પોઝીટીવ લોકોને જુદી -જુદી સેવાઓ પહોંચાડવામાં આવી રહેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ચાલુ બાબત તરીકે વિહાન મોડેલ કેર એન્ડ સપોર્ટ સેન્ટર કાર્યક્રમ માટે ₹ ૮૭, ૧૭, ૧૮૦/- (અંકે રૂપિયા સત્તાસી લાખ સત્તર હજાર એકસો એંસી રૂપિયા પુરા) ની જોગવાઈ આયોજન સદર સુચવેલ છે

INDEX

વર્ષવાર જતન પ્રોજેકટ હેડ હેઠળ મળેલ ગ્રાંટ સામે તેના ખર્ચની વિગત તેમજ લાભાર્થીઓએ મેળવેલ લાભની સંખ્યા નીચે મુજબ છે.

જતન પ્રોજેકટ હેડ હેઠળ મંજુર એકટીવીટી	વર્ષ વાર - જતન પ્રોજેકટ હેડ હેઠળ મળેલ ગ્રાંટ અને તેના ખર્ચ તેમજ લાભાર્થીની વિગત			
વર્ષ ૨૦૨૦-૨૧				
એચ.આઈ.વી./એઈડ્સના દર્દીને સારવાર અર્થે મુસાફરી ખર્ચ સહાય - જતન પ્રોજેકટ	મંજુર બજેટ ₹	મળેલ બજેટ ₹	થયેલ ખર્ચ ₹	લાભ મેળવનાર લાભાર્થીની સંખ્યા
	₹ ૨૧૭.૨૩ લાખ	₹ ૨૧૭.૨૩ લાખ	₹ ૨૦૪.૦૬ લાખ	૪૬૩૬૫
એચ.આઈ.વી./એઈડ્સના દર્દી માટે તકવાદી ચેપોની દવાઓ, CD4 Kit, વેક્યુટેનર અને નિડલ ખરીદવા તેમજ એચ.આઈ.વી. અને ટીબીના દર્દીઓ માટે HIV ટેસ્ટીંગ કીટ ખરીદવા બાબત	₹ ૧૦૦ લાખ	₹ ૧૦૦ લાખ	₹ ૪૯.૨૩ લાખ	જરૂરીયાત મુજબ જ ખરીદી કરવાની થાય છે.
વિહાન મોડેલ કેર એન્ડ સપોર્ટ સેન્ટર બાબત	₹ ૮૭.૧૭ લાખ	₹ ૮૭.૧૭ લાખ	₹ ૮૩.૦૩ લાખ	૨૧૧૮૨
વર્ષ ૨૦૨૧-૨૨				
એચ.આઈ.વી./એઈડ્સના દર્દીને સારવાર અર્થે મુસાફરી ખર્ચ સહાય - જતન પ્રોજેકટ	₹ ૨૬૫.૦૭ લાખ	₹ ૩૫૦.૬૫ લાખ	₹ ૪૮.૮૧ લાખ (જુલાઈ ૨૦૨૧ સુધી)	૪૯૮૦૧ (સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી)
એચ.આઈ.વી./એઈડ્સના દર્દી માટે તકવાદી ચેપોની દવાઓ, CD4 Kit, વેક્યુટેનર અને નિડલ ખરીદવા તેમજ એચ.આઈ.વી. અને ટીબીના દર્દીઓ માટે HIV ટેસ્ટીંગ કીટ ખરીદવા બાબત	₹ ૧૦૦ લાખ		NIL (નવેમ્બર-૨૦૨૧ સુધી)	જરૂરીયાત મુજબ જ ખરીદી કરવાની થાય છે. હાલમાં નવેમ્બર-૨૦૨૧ સુધી જરૂરીયાત નથી
વિહાન મોડેલ કેર એન્ડ સપોર્ટ સેન્ટર બાબત	₹ ૮૭.૧૭ લાખ		₹ ૩૫.૭૬ લાખ (સપ્ટેમ્બર-૨૦૨૧ સુધી)	૨૨૦૭૪ (ઓગષ્ટ-૨૦૨૧ સુધી)

આમ જતન પ્રોજેકટ હેડ હેઠળ ચાલુ બાબત તરીકે વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજીત કુલ ₹ ૪, ૭૪, ૦૬, ૫૩૮/- (અંકે રૂપિયા ચાર કરોડ ચુંમોતેર લાખ છ હજાર પાચસો આડત્રીસ રૂપિયા પુરા) સુચવવામાં આવેલ છે.

(૧૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી

એચ.આઈ.એમ.એસ. પ્રોજેકટને પેટા જિલ્લા/તાલુકા હોસ્પિટલો (તબીબી કોલેજો સાથે સંલગ્ન ૨૫ હોસ્પિટલો / ૬ સિવિલ હોસ્પિટલો) સુધી વિસ્તારવા માટે આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ હેઠળ ઈન્ફર્મેશન ટેકનોલોજી અને ટેલી મેડીસીન પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે કુલ ₹ ૧૫૦૦.૦૦ લાખની જોગવાઈ ચાલુ બાબત તરીકે સુચવવામાં આવેલ છે.

(૧૨) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન (એન.આર.એચ.એમ) હેઠળ ૪૦ ટકા રાજ્યનો હિસ્સો

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે ચાલુ બાબતમાં એન.આર.એચ.એમ. હેઠળ ૪૦ ટકા રાજ્ય હિસ્સાના ફાળા તરીકે ₹ ૫૪૪૨૬.૫૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

(૧૩) રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ

પ્રોગ્રામ ૧૦૦% કેન્દ્રીય પ્રાયોજીત સ્કીમ તરીકે વર્ષ ૧૯૭૩ માં આરંભ કરવામાં આવ્યો અને તેનું અમલીકરણ ગુજરાત રાજ્યમાં વર્ષ ૧૯૭૮ માં કરવામાં આવ્યો. ગુજરાત રાજ્ય દ્વારા રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ હેઠળ છેલ્લા દાયકામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવેલ છે. નિવારી તેમજ અટકાવી શકાય તેવા અંધત્વના નિયંત્રણ માટેની રાજ્ય સરકારશ્રીની પ્રતિબધ્ધતા છેલ્લા દાયકામાં અંધત્વના દરમાં થયેલ ૯ પ્રતિ ૧૦૦૦ વ્યક્તિથી ૭ પ્રતિ ૧૦૦૦ વ્યક્તિના ઘટાડાથી ફલિત થાય છે.

દર એક લાખ વ્યક્તિએ કરવામાં આવતા મોતિયાના ઓપરેશનનો દર કોઈ પણ વિસ્તારમાં મોતિયાના ઓપરેશનની સેવાઓનું મુલ્યાંકન કરવા માટેનો આંતરરાષ્ટ્રિય સૂચાંક છે. ગુજરાત રાજ્ય દ્વારા વર્ષ ૨૦૨૦ - ૨૧ ના અંતે ૬૦૫ પ્રતિ એક લાખ વ્યક્તિનો નોંધપાત્ર દર હાંસલ કરેલ છે. મોતિયા ના ઓપરેશનોની સંખ્યા ૪૧૩૦૦૦ થવા પામી છે જેના કારણે મોતિયાના

INDEX

કારણેનો અંધત્વનો દર ૬૨% ઘટીને ૩૬% જેટલો છેલ્લા દાયકામાં થવા પામેલ છે. ગુજરાત રાજ્ય દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં (ઓકટોબર-૨૧ સુધી) ૨૬૧૧૨૨ (૫૯%) મફત મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા આધુનિક સાધનો, આંખના ઓપરેશન માટે સમર્પિત ઓપરેશન થિયેટરો, ફોલ્ડેબલ નેત્રમણી અને નિપુણ તબીબી તેમજ સહાયક સ્ટાફ દ્વારા મોતિયાના ઓપરેશનમાં ઉચ્ચ ગુણવત્તા હાંસલ કરેલ છે. ગુજરાત રાજ્ય દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં (ઓકટોબર-૨૧ સુધી)

૨૬૧૧૨૨ મફત મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા છે જે પૈકી ૨૬૦૫૯૭ (૯૯.૮૦%) નેત્રમણી પ્રત્યારોપણ સાથે કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા આંખોની સારવારમાં ગુણવત્તા જાળવવા માટે સમગ્ર રાજ્યમાં એકસરખી માર્ગદર્શિકાનું અમલીકરણ કરાવીને સમગ્ર દેશમાં ઉદાહરણ પૂરૂં પાડેલ છે.

ચક્ષુદાનની પ્રવૃત્તિમાં પણ ધીમો પણ ચોકકસ વધારો થવા પામેલ છે. છેલ્લા દાયકામાં આરોગ્ય કર્મચારીઓના અથાગ પ્રયત્નો થકી જનજાગૃતિ લાવીને ચક્ષુદાન પ્રવૃત્તિમાં બે ગણો વધારો થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં (ઓકટોબર-૨૧સુધી) ગુજરાત રાજ્ય દ્વારા ૨૨૭૦ ચક્ષુઓ એકત્રિત કરવામાં આવ્યા.

પડદાના રોગો ઝામર, બાળ અંધત્વ તેમજ કીકીના રોગોને કારણે રાષ્ટ્રિય સ્તરે અંધત્વના દરમા થયેલ વધારાનુ વલણ રાજ્ય કક્ષાએ પણ જોવા મળેલ છે. રાજ્ય સરકાર આ રોગોની સારવાર માટેની સુવિધાઓ રાજ્યના તમામ વ્યક્તિઓ માટે ઉપલબ્ધ કરાવવા માટે તત્પર છે. સરકારી, બિન સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વચ્ચે સુયોજીત સંકલન દ્વારા આ રોગોને કારણે આવતુ અંધત્વ અટકાવવામા આવશે. વર્ષ ૨૦૨૧-૨૨ માં (ઓકટોબર-૨૧ સુધી) ૬૦૦૯ અન્ય આંખના રોગોના ઓપરેશન કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા પ્રજાને આંખના રોગોની સારવાર અદ્યતન ટેકનોલોજીવાળા સાધનોથી મળે તે માટે અદ્યતન સાધનો તમામ તબીબી કોલેજ, ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનાથી મોતિયાના ઓપરેશન, ડાયાબેટીક રેટીનોપેથી, ઝામર, રતાંધળાપણું, પીડીયાટ્રીક કેટરેકટ વિગેરેની સારવાર છેવાડાની પ્રજાને પણ મળી રહી છે.

પરિવાર કલ્યાણ પ્રભાગ

(૧) પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ

- વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ૧૨,૯૬,૧૪૮ અને ૨૦૨૦-૨૧ દરમિયાન ૧૨,૭૬,૬૭૬ સગર્ભાઓની પુર્વ પ્રસૂતિ સારવાર સેવાઓ માટે નોંધણી, જે પૈકી ૮૬.૮૯% સગર્ભાઓની વહેલી નોંધણી
- વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ૧૧,૫૧,૪૩૭ પ્રસૂતિ નોંધણી, જે પૈકી ૧૧,૪૫,૮૬૮ (૯૯.૪%) સંસ્થાકીય પ્રસૂતિ, વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૧૧,૧૮,૦૩૮ પ્રસૂતિ નોંધણી જે પૈકી ૧૧,૧૩,૮૦૧ (૯૯.૬ %) સંસ્થાકીય પ્રસૂતિ

(૨) ચિરંજીવી યોજના

- ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬ થી શરૂ કરાયેલ ચિરંજીવી યોજનાએ રાજ્યમાં સંસ્થાકીય પ્રસૂતિનુ પ્રમાણ વધારવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.
- આ યોજના હેઠળ માર્ચ ૨૦૨૦ સુધીમાં ૧૩.૦૦ લાખ ગરીબી રેખા હેઠળની સગર્ભા સ્ત્રીઓને રાજ્ય સરકાર સાથે કરારથી જોડાયેલ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાંત દ્વારા વિનામૂલ્યે સંસ્થાકિય પ્રસૂતિ સેવાઓ પૂરી પડાઈ છે.
- હાલ આ યોજના હેઠળ ૩૮૬ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાંતો રાજ્ય સરકાર સાથે વિનામૂલ્યે સંસ્થાકિય પ્રસૂતિ સેવાઓ પૂરી પાડવા કરારથી જોડાયેલ છે.
- ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં ૧૩.૫ લાખ સગર્ભા બહેનોને વિના મુલ્યે પ્રસૂતિ સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે.

(૩) જનની સુરક્ષા યોજના (JSY)

- જનની સુરક્ષા યોજના એ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત ગરીબી રેખા હેઠળના કુટુંબોની સગર્ભાઓને સંસ્થાકીય પ્રસૂતિના પ્રોત્સાહન દ્વારા માતામરણ અને નવજાત શિશુમરણને ઘટાડવાના હેતુસર સલામત માતૃત્વ પૂરી પાડવાની દિશાનું એક પગલું છે. આ યોજના ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત છે આ યોજના હેઠળ પ્રસૂતિના ૮ થી ૧૨ અઠવાડીયા પહેલાં ગ્રામ્ય વિસ્તારની સગર્ભાને ₹ ૭૦૦/- અને શહેરી વિસ્તારની લાભાર્થી સગર્ભાને (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બી.પી. એલ.કુટુંબની) ₹ ૬૦૦/- ની સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન કુલ ૨.૨૭ લાખ સગર્ભાઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે જયારે વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૨.૨૧ લાખ સગર્ભાઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

(૪) પ્રથમ સંદર્ભ સેવા કેન્દ્રોનુ સુદ્રઢીકરણ

- રાજ્યના દરેક ડિલીવરી પોઈન્ટ (પ્રસૂતિ કરાવતા કેન્દ્રો) થી વધુમાં વધુ એક કલાકના અંતરમાં એક પ્રથમ સંદર્ભ સેવા કેન્દ્ર કાર્યાન્વિત કરવા માટે ગેપ એનાલીસીસ કરી અને કુલ ૧૩૦ સંસ્થાઓને સુદ્રઢીકરણ માટે નિર્ધારિત કરવામાં આવેલ છે.

INDEX

(૫) ઓબ્સટેટ્રીક આઈ.સી.યુ. (ઘનિષ્ટ પ્રસૂતિ સારવાર કેન્દ્ર)

- રાજ્યની સુઘરેલ વાહન વ્યવહાર વ્યવસ્થા તેમજ રસ્તાઓને કારણે અને નાના દવાખાને થી પ્રસૂતિ દરમિયાન તકલીફ વળી સગર્ભા માતાઓને સમયસર રીફર કરવાને લીધે ખુબજ મોટા પ્રમાણમાં મેડીકલ કોલેજ હોસ્પિટલો ખાતે આવી માતાઓ પહોંચે છે. આ તકલીફ વાળી સગર્ભા માતાઓને સ્ત્રી રોગ નિષ્ણાંતની સેવાઓ તેમજ ઘનિષ્ઠ સારવાર બંને એક જ સ્થળે મળી રહે તે માટે તમામ મેડીકલ કોલેજ હોસ્પિટલોના સ્ત્રી રોગ વિભાગમાં ઓબ્સ્ટ્રેટિક આઇ.સી.યૂ.(ઘનિષ્ઠ પ્રસૂતિ સારવાર કેન્દ્ર) ની સ્થાપના કરવાનું નિર્ધારિત કરવામાં આવેલ છે. જે અંતર્ગત કુલ ૨૦ મેડીકલ કોલેજ હોસ્પિટલો ખાતે ઓબ્સટેટ્રીક આઈ.સી.યુ. (ઘનિષ્ટ પ્રસૂતિ સારવાર કેન્દ્ર) કાર્યરત કરાયા છે . જેમાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૮૫૦૦ માતાઓને દાખલ કરી પ્રસૂતિ દરમિયાનની અને પ્રસૂતિ બાદની ઘનિષ્ઠ સારવાર પૂરી પાડવામાં આવી હતી.

(૬) ખિલખિલાટ

- બાળ જન્મ એ દરેક કુટુંબમાં ખુશીનો અવસર છે. તંદુરસ્ત માતા અને તંદુરસ્ત બાળક ઘરે સલામત રીતે પહોંચે તે માટે સરકારી સંસ્થામાંથી માતા અને નવજાત શિશુને પ્રસૂતિ બાદ સરકારી સંસ્થામાંથી ઘરે મુકવા ખિલખિલાટ વાહનની વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે. વાહનની અંદર સલામત બાળ ઉછેર અને રસીકરણના સંદેશા વિડીયોના માધ્યમ દ્વારા માતા અને તેની સાથે જતાં તેના કુટુંબીજનોને આપવામાં આવે છે. રાજ્યમાં હાલ ૪૬૪ ખિલખિલાટ વાહનો કાર્યરત છે અને તેના થકી અત્યાર સુધીમાં (શરૂઆત ૪ સપ્ટેમ્બર ૨૦૧૨ થી ઓક્ટોબર ૨૦૨૧) ૫૬.૦૦ લાખ માતા અને બાળક સલામત રીતે વિનામૂલ્યે ઘરે પંહોચાડવામાં આવ્યા છે.

(૭) જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ

- જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ તમામ સગર્ભાઓને જાહેર આરોગ્યની સંસ્થાઓમાં વિનામૂલ્યે સામાન્ય તેમજ સીજેરીયન પ્રસૂતિ સહિતની સંપૂર્ણ માતૃત્વ સેવાઓ, નવજાત શિશુને જન્મ બાદ ૧ વર્ષ સુધી આરોગ્યલક્ષી તમામ સારવાર, આવવા-જવા વિનામૂલ્યે પરિવહનની સગવડ સહિત સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન કુલ ૭,૫૮,૮૦૬ લાભાર્થીઓને મફત દવાઓ અને ઉપયોગી વપરાશી સાધન સામ્રગી ૪,૨૧,૦૯૨ લાભાર્થીઓને વિનામૂલ્યે આહાર, ૩૨૨૬૭ લાભાર્થીઓને વિના મૂલ્યે લોહી ની સુવિધા, ૫,૫૭,૮૫૧ લાભાર્થીઓને દવાખાનેથી ઘરે જવાની મફત સુવિધા, ૧૬,૧૮,૫૨૭ લાભાર્થીઓને વિનામૂલ્યે નિદાન સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

(૮) પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન

- માન.વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં બીજા અને ત્રીજા ત્રિમાસની સગર્ભાની ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાંત દ્વારા સ્વૈચ્છિક/ સરકારી સ્ત્રી રોગ નિષ્ણાંત કે તબીબી અધિકારી દ્વારા તપાસ થાય, જોખમી સગર્ભાની સમયસર ઓળખ થાય અને તેને જરૂરી સારવાર આપી શકાય તે હેતુથી જૂન ૨૦૧૬થી આ અભિયાન શરૂ કરાયેલ છે.
- આ અંતર્ગત રાજ્યના પ્રા.આ.કેંદ્ર અને તેનાથી ઉપરના સ્તરની જાહેર આરોગ્યની સંસ્થાઓમાં દર મહિનાની ૯મી તારીખે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ ક્લીનીક યોજવામાં આવે છે.
- રાજ્યમાં આ અભિયાન અંતર્ગત ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં ૧૯.૨ લાખ સગર્ભા સ્ત્રીઓની તપાસ કરવામાં આવી છે. જે પૈકી ૧.૩૦ લાખ જોખમી સગર્ભાઓ શોધી તેઓની સારવાર શરૂ કરાયેલ છે.
- સદર અભિયાનમાં ૪૦૧ ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંત તબીબ સ્વૈચ્છિક સેવા આપવા માટે જોડાયેલ છે.

(૯) બાળ-સખા યોજના

- ચિરંજીવી યોજનાની સફળતાથી પ્રેરાઈને રાજ્ય સરકારે એપ્રિલ, ૨૦૦૯ થી બાળ- સખા યોજના અમલમાં મૂકી છે.
- વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ગરીબી રેખા હેઠળના એકંદરે ૬૨૯૭૯ અને અને વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૨૦૬૧ બાળકોને આ યોજના અંતર્ગત ખાનગી બાળ રોગ નિષ્ણાંત દ્વારા પૂરી પડાયેલ છે.
- હાલ આ યોજના હેઠળ ૬૬ બાળ રોગ નિષ્ણાંતો રાજ્ય સરકાર સાથે યોજનાના લાભાર્થી બાળકોને વિનામુલ્યે સારવાર આપવા રાજ્ય સરકાર સાથે કરારથી જોડાયેલ છે.
- આ યોજના અંતર્ગત યોજનાની શરૂઆતથી ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં કુલ ૬,૪૪,૩૮૦ નવજાત શિશુઓને વિનામુલ્યે સારવાર આપવામાં આવી છે.

(૧૦) બાળ- સખા યોજના - ૩

- રાજ્યના ૭૯ હાઈ પ્રાયોરીટી તાલુકાઓ કે જયાં નવજાત શિશુની ધનિષ્ઠ સારવારની લેવલ-૨ અને લેવલ-૩ ની મર્યાદીત સેવાઓ ઉપલબ્ધ છે. આ વિસ્તારનાં ૧.૫ કિ.ગ્રા. કે તેથી ઓછા વજન સાથે જન્મેલ નવજાત શિશુઓને જન્મના ૨૮ દિવસ સુધી ધનિષ્ઠ સારવારની સેવાઓ મળી રહે તે હેતુથી સપ્ટેમ્બર ૨૦૧૭થી સરકાર દ્વારા બાળસખા-૩ યોજના શરૂ કરાઈ હતી, જે હવે વર્ષ ૨૦૧૮-૧૯ થી વિસ્તારી સમગ્ર રાજ્યમાં અમલમાં મુકાઈ છે.

INDEX

- જે અંતર્ગત ખાનગી બાળરોગ નિષ્ણાંત, તબીબી ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક અને ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ સરકાર સાથે કરારથી જોડાઈ નિર્ધારીત સેવાઓ લાભાર્થી બાળકોને વિના મૂલ્યે પુરી પાડે છે. જે પેટે રાજ્ય સરકાર, સરકાર સાથે જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંતને પ્રતિ દિવસના સારવાર ખર્ચ પેટે ₹ ૭૦૦૦/- લેખે મહત્તમ ૭ દિવસની સારવાર પેટે ₹ ૪૯,૦૦૦/- ચુકવે છે.
- ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં યોજના અંતર્ગત ૧૯૫ ખાનગી બાળરોગ નિષ્ણાંત સેવાઓ પુરી પાડવા સરકાર સાથે કરારથી જોડાયા છે. અને ૪૨૪૧૯ બાળકોને સારવાર પૂરી પડાઈ છે.

(૧૧) ખાસ નવજાત શિશુ સંભાળ એકમ (SNCU)

- કુલ જીવીત જન્મો પૈકી ૧૦% બાળકો જન્મ સમયે એસ્ફેસિયા, સેપ્સીસ, અને કમળો વગેરે જટીલતાનો સામનો કરે છે. આ તમામ નવજાત શિશુઓને ખાસ નવજાત શિશુ સંભાળ યુનીટમાં દાખલ કરી સારવાર આપવી જરૂરી હોય છે. જે માટે ગુજરાત સરકારે રાજ્યની મેડીકલ કોલેજ હોસ્પિટલ અને જીલ્લા હોસ્પિટલોમાં કુલ ૪૧ ખાસ નવજાત શિશુ સંભાળ એકમ શરૂ કરેલ છે. જેમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ૫૫,૭૮૫ નવજાત શિશુઓને સારવાર આપવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૪૭,૩૩૭ નવજાત શિશુઓને દાખલ કરી સારવાર આપવામાં આવી છે.

(૧૨) સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ

- રસીકરણ કાર્યક્રમ એ બાળકના જીવનને જોખમમાં મુકે તેવી પરિસ્થિતિઓ સામે રક્ષણ આપતો અને સસ્ટેઈનેબલ ડેવલપમેંટ ગોલ- ૩.૨ નવજાત શિશુ મૃત્યુ દર અને બાળ મરણ દર (૦-૫ વર્ષ) ઘટાડવાનુ ધ્યેય હાંસલ કરવા માટેનો ચાવીરૂપ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય રસીકરણ શિડ્યુલ મુજબની નિર્ધારિત રસીઓ નિર્ધારિત સમયે બાળકોને આપી, ઝેરી કમળો, બાળ ક્ષય, બાળ લકવો, ડિપ્થેરીયા, ઉટાંટીયું, ધનુર, હીબ, ઓરી અને રૂબેલા, જેવા રસીકરણથી અટકાવી શકાય તેવા ૯ ઘાતક રોગો સામે રક્ષણ અપાય છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન એક વર્ષથી ઓછી વયના ૧૨,૦૨,૪૦૦ બાળકોને મુકવાપાત્ર તમામ રસી મુકી તેઓનુ સંપુર્ણ રસીકરણ કરાયુ, જે વર્ષ ૨૦૨૦-૨૧ અપેક્ષિત ૦-૧ વર્ષના બાળકોના ૯૦% છે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ઓક્ટોબર ૨૦૨૧ સુધી ૧૩,૨૯,૧૦૦ બાળકોનુ સંપુર્ણ રસીકરણ. જે વર્ષ દરમિયાનના અપેક્ષિત ૦-૧ વર્ષના બાળકોના ૮૫.૦%
- રસીકરણ કાર્યક્રમ અંતર્ગત તમામ અથવા અંશત: રસીથી વંચિત બાળકો અને સગર્ભા ઓને આવરી લેવા જુલાઈ- ૨૧ થી સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન મિશન ઈન્દ્રધનુષ અને સઘન મિશન ઈન્દ્રધનુષના પાંચ સાત દિવસીય રાઉંડ યોજાયા હતા જેમાં ૧,૧૫,૦૭૮ બાળકો અને ૬૮૦૦ સગર્ભાઓને આવરી લેવાઈ હતી.

(૧૩) પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ (PPI)

- વર્ષ ૨૦૨૦ માં પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ ૧૯ જાન્યુઆરી ના રોજ યોજાયેલ. જે હેઠળ રાજ્યના ૦-૫ વર્ષની વયના ૮૩.૭૨ લાખ બાળકોને આવરી લીધેલ હતા. વર્ષ ૨૦૨૧ માં પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમના એક રાઉન્ડ ૩૧ મી જાન્યુઆરી ના રોજ યોજાયેલ. જે હેઠળ રાજ્યના ૦-૫ વર્ષની વયના ૮૨.૨૯ લાખ બાળકોને આવરી લીધેલ હતા. કાર્યક્રમના અસરકારક અમલીકરણના કારણે વર્ષ ૨૦૦૭-૦૮ થી રાજ્યમાં પોલીયોનો એકપણ કેસ નોંધાયેલ નથી.

(૧૪) કુપોષણ મુક્ત ગુજરાત મહા અભિયાન

- કુપોષણ મુક્ત ગુજરાત મહાઅભિયાન અંતર્ગત રાજ્યના પાંચ વર્ષથી ઓછી ઉમરના બાળકોનું પોષણના વિવિધ માપદંડો અનુસાર સ્ક્રીનીંગ થાય છે. જે દરમિયાન મળી આવેલ અતિગંભીર કુપોષિત બાળકો પૈકી તબીબી સમસ્યાવાળા અને / અથવા ભૂખ પરિક્ષણમાં નાપાસ થયા હોય તેવા બાળકોને વધુ તબીબી તપાસ, સારવાર અને પુર્નવસન માટે નજીકની આરોગ્ય સુવિધા ખાતે કાર્યરત બાલ સેવા કેન્દ્ર અથવા બાલ સંજીવની કેન્દ્રમાં દાખલ કરવામાં આવે છે
- હાલ રાજ્યમાં જુદા જુદા સ્તરની જાહેર આરોગ્ય સંસ્થાઓમાં ૨૯ બાળ સંજીવની કેન્દ્ર અને ૨૦૭ કુપોષિત બાળ સારવાર કેન્દ્ર (CMTC) કાર્યરત છે. અતિગંભીર કુપોષિત બાળકો કે જેમાં કોઈ તબીબી સમસ્યા ન હોય અને ભૂખ પરિક્ષણમાં પાસ થયેલ હોય તેઓને સામુદાયિક સ્તરે સારવાર, સંભાળ આપવામાં આવે છે.
- કુપોષણ મુક્ત ગુજરાત મહાઅભિયાનનો પાંચમો તબક્કો ૮ જુલાઈ, ૨૦૧૯ થી હાથ ધરાયો છે. જેમાં મોબાઈલ એપ્લીકેશનમાં નોંધાયેલ ૫૫.૬૪ લાખ બાળકો (૦ થી ૫ વર્ષના) નું પોષણના વિવિધ માપદંડો અનુસાર સ્ક્રીનીંગ થઈ રહ્યું છે. આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં કુલ ૬૯.૫૭ લાખ બાળકોને ફિલ્ડ વર્કર મારફતે સ્ક્રીનીંગ ૧.૮૨ લાખ (૪.૯૪ ટકા) બાળકોને અતિગંભીર કુપોષિત (SAM) બાળકો તરીકે અલગ તારવવામાં આવ્યા હતા. અતિગંભીર કુપોષિત બાળકોમાંથી ૧૨,૨૪૧ બાળકોને એનઆરસી/સીએમટીસી ખાતે દાખલ કરી સંસ્થાકીય સારવાર કરવામાં આવી અને બાકી રહેલા કુપોષિત બાળકોને સામુદાયિક સ્તરે સારવાર કરવામાં આવી.
- વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર-૨૦૨૧ અંતિત) કુલ ૭૧ લાખ બાળકોમાંથી ૨૧.૧૧ લાખ બાળકોને ફિલ્ડ વર્કર મારફતે સ્ક્રીનીંગ કરી, ૧.૬૪ લાખ (૭.૭૯%) બાળકોને અતિગંભીર કુપોષિત બાળકો તરીકે અલગ તારવવામાં આવ્યા. અતિ ગંભીર કુપોષિત બાળકોમાંથી ૮૯૫૨ બાળકોને એનઆરસી / સીએમટીસી ખાતે દાખલ કરી સંસ્થાકીય સારવાર કરવામાં આવી [INDEX] રહેલા કુપોષિત બાળકોને સામુદાયિક સ્તરે સારવાર કરવામાં આવી.

(૧૫) કસ્તુરબા પોષણ સહાય યોજના (KPSY)

- આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળની માતાને સગર્ભાવસ્થાના સમયગાળામાં પર્યાપ્ત પોષણ અને આરામ માટે ₹ ૬૦૦૦/- ની રોકડ સહાય આપવામાં આવે છે.
- સગર્ભા સ્ત્રીને પહેલા હપ્તા પેટે ₹ ૨૦૦૦/- ની સહાય મમતા દિવસે સગર્ભાવસ્થાના પ્રથમ ૬ માસ દરમ્યાન નોંધણી કરાવવાથી, સગર્ભા સ્ત્રીને બીજા હપ્તાની ₹ ૨૦૦૦/- સહાય સરકારી સંસ્થા કે ચિરંજીવી ડોકટર પાસે પ્રસૂતિ કરાવેથી, પ્રસૂતિના એક અઠવાડિયામાં મળવાપાત્ર થાય છે. જન્મેલ બાળકને રસીકરણ નિર્ધારિત સમયપત્રક મુજબ તમામ રસી મુકાયેથી અને વીટામીન-એ નો પ્રથમ ડોઝ અપાયા બાદ બાળકના જન્મના ૯ માસ પછી પરંતુ ૧૨ મહિના પહેલા પૂર્ણ કરે તે પહેલા ₹ ૨૦૦૦/- ની સહાયનો ત્રીજા હપ્તો ચૂકવવામાં આવે છે.
- આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં ૨,૧૯,૪૯૨ ચેકોના કરેલ વિતરણ સામે વર્ષ ૨૦૨૧-૨૨ માં (ઓક્ટોબર અંતિત) ૮૧,૨૩૯ ચેકોનું વિતરણ લાભાર્થીઓને કરવામાં આવેલ છે.

(૧૬) કુટુંબ નિયોજન કાર્યક્રમ

- કુટુંબ કલ્યાણ કાર્યક્રમની શરૂઆતથી રાજ્યમાં માર્ચ-૨૦૧૯ સુધીમાં અંદાજે ૧૩૦.૦૪ લાખ નસબંધીના ઓપરેશન કરવામાં આવ્યા છે જયારે ૧૬૭.૮૫ લાખ સ્ત્રીઓને બે બાળક વચ્ચે અંતર વધારતી અને કુટુંબ મર્યાદીત કરતી આઇ. યુ. સી.ડી. મુકવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૯-૨૦ માં ૩.૦૬ લાખ નસબંધીના ઓપરેશનની અને ૬.૦૪ લાખ સ્ત્રીઓને આઇ. યુ. સી.ડી. મુકવાની કામગીરી કરાઇ હતી.
- વર્ષ ૨૦૨૦-૨૧ માં ૨.૩૧ લાખ નસબંધીના ઓપરેશન અને ૫.૭૮ લાખ સ્ત્રીઓને આંકડી મુકવાની કામગીરી કરવામાં આવી છે.

(૧૭) પીસી & પીએનડીટી એક્ટના અસરકારક અમલીકરણ માટે થયેલ કામગીરી

- પ્રી-કન્સેપ્શન અને પ્રી-નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનીક્સ (સેક્સ સિલેક્શનનો પ્રતિબંધ) એક્ટ, 1994 એ સેક્સ રેશિયોમાં અસંતુલન ઘટાડવાના પ્રયાસ રૂપે અમલમાં મૂકવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યમાં આ કાયદો ૨૦૦૬ થી અમલીકરણ કરેલ છે.
- ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં કુલ ૭૫૮૨ સેન્ટર ની કાયદા હેઠળ નોંધણી કરવામાં આવેલ છે, જે માં જીનેટિક કાઉનસીલિંગ સેન્ટર, જીનેટિક લેબોરેટરી, જીનેટિક ક્લિનિક, Ultrasound Clinic / Imaging Centre અને Test Tube baby Clinic આવરી લેવાયેલ છે.
- ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં કુલ ૧૦૪૪ સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવેલ છે, અને ૫૭૧ કોર્ટ કેસ કરવામાં આવેલ છે. જેમાથી ૩૧ કેસોમાં કન્વીક્ષન થયેલ છે. વધુમાં, હાલ સુધીમાં કુલ ૩૧ સફળ સ્ટિંગ ઓપરેશન કરવામાં આવેલ છે.

(૧૮) નીતિ આયોગના વિવિધ સૂચકાંકો અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ લક્ષ્યાંકને સિધ્ધ કરવા આરોગ્યતંત્ર દ્વારા ૭ + ૪/૧૧ અંતર્ગત વિવિધ કામગીરી હાથ ધરાયેલ છે. તમામ સર્ગભા બહેનોની પૂર્વ પ્રસૂતિ સેવાઓ સંપૂર્ણ રીતે સુનિશ્ચિત કરવા સગર્ભા બહેનને તપાસ માટે ઘરેથી લાવવા - લઇ જવા ખાસ પહેલ તરીકે જીવીકે ઇએમઆરઆઇ સાથે સંકલનથી "એકસટેન્ડેડ જે.એસ.એસ.કે." અમલમાં છે. યોજનાની શરૂઆતથી એટલે કે જાન્યુઆરી ૨૦૧૯ થી ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં એકસટેન્ડેડ જે.એસ.એસ.કે. અંતર્ગત ૧૧ લાખ લાભાર્થીને લાભ અપાયેલ છે.

(૧૯) જાહેર આરોગ્ય સંસ્થાઓમાં સારવાર અને પ્રસૂતિનું પ્રમાણ વધારવા માટે તમામ જાહેર આરોગ્ય સંસ્થા ખાતેના લેબર રૂમ, "નવજીવન કક્ષ" તરીકે "લક્ષ્ય" માર્ગદર્શિકા મુજબ અપગ્રેડ કરવામાં આવી રહયા છે. સમગ્ર ભારતમાં ગુજરાત "લક્ષ્ય" બાબતની કામગીરીમાં અગ્રેસર છે. હાલમાં ૫૩ જાહેર આરોગ્ય સંસ્થાઓને ભારત સરકાર દ્વારા "લક્ષ્ય" સર્ટીફીકેશન મળેલ છે.

(૨૦) "આશા" બહેનોની નાની નાની મુઝવણ માટેના સામાન્ય ઉકેલ ઝડપી લાવવા "આશા એક ચેતના" કાર્યક્રમનાં સામાહિક સેટ કોમ યોજવામાં આવે છે. તેવી જ રીતે માતા અને નવજાત શિશુ આરોગ્ય સેવાઓ માટેનાં ઉપયોગી પ્રથમ સંદર્ભ કેન્દ્ર (ફર્સ્ટ રેફરલ યુનિટ) ખાતે કામગીરી બજાવતા નિષ્ણાંત તબીબોની ટેકનીકલ મુઝવણ દૂર કરવા "એફ.આર.યુ. "સેટ કોમના સામાહિક કાર્યક્રમ કરવામાં આવે છે.

(૨૧) ગર્ભધારણથી બે વર્ષ વય સુધીની માતા અને બાળ આરોગ્ય સંબંધિત જરૂરી તમામ સેવાઓનાં સંકલીત અમલવારી માટે "હજાર દિવસ પ્રોટોકોલ "(૧૦૦૦ દિવસ પ્રોટોકોલ) અમલમાં મૂકવામાં આવી રહયો છે. જેથી માતા અને નવજાત શિશુ મુત્યુ પ્રમાણ સાથે સાથે કુપોષણનું પ્રમાણ ઘટાડી શકાય છે.

(૨૨) મનોરંજન સાથે જ્ઞાન અને આરોગ્ય સંબંધિત સેવાઓના પ્રચાર માટે સમધારાનો સમવન્ય કરીને આરોગ્યતંત્ર લાભાર્થીઓના ઘર આંગણે આરોગ્ય શિક્ષણ પુરૂ પાડવા માટેની કામગીરી પણ કરી રહેલ છે.

આમ, સંભવિત તમામ આયામો આવરી લઈને પરિવાર કલ્યાણ તંત્ર ગુજરાત રાજ્યના આરોગ્ય સૂચકાંકો વિવિધ લક્ષ્યાંકો હાંસલ કરવા સતત પ્રયત્નશીલ છે.

INDEX

(૨૩) TeCHO+ (Technology enabled Community Health Operation)

- TeCHO+ એ મોબાઈલ અને વેબ આધારિત એપ્લિકેશન છે જેનો પ્રારંભ માનનીય વડા પ્રધાન દ્વારા ૮ ઑક્ટોબર, ૨૦૧૭ વડનગરમાં કરવામાં આવ્યો હતો. TeCHO+ માતૃત્વ, નવજાત અને બાળ આરોગ્ય સેવાઓની કવરેજ અને ગુણવત્તા સુધારવા માટે આરોગ્ય કાર્યકરો અને વહીવટકર્તાઓ માટે સહાયક તરીકે કામ કરે છે. ટેકોપ્લસ એપ્લિકેશન મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને ગર્ભવતી મહિલાઓનું અને બાળકોનું નામ આધારિત ટ્રેકિંગ પૂરી પાડે છે.

TeCHO+ના લાભો અને સુવિધાઓ:

TeCHO+એ ગુજરાતના : (1) માતા મૃત્યુ દર (2) બાળ મૃત્યુ દર (3) જન્મ સમયે ઓછા વજનનાં બાળકો (4) સંપૂર્ણ રસીકરણ (5) કુપોષણ (6) ગર્ભાવસ્થામાં એનિમિયા (7) રોગચાળો (8) જન્મ સમયે સેક્સ રેશિયો (9) માનસિક આરોગ્ય (10) ટીએફઆર / અંતરની પદ્ધતિઓ અને (11) બિન-સંચારક્ષમ રોગોના પ્રદર્શનમાં વધુ સુધારણા તરફ દોરી જશે.

- રાજ્યના દરેક સ્ત્રી સ્વાસ્થ્ય કાર્યકરને એન.એચ.એમ. ની નાણાકીય સહાય દ્વારા એક સ્માર્ટ ફોન આપવામાં આવેલ છે. આ સ્માર્ટ ફોનમાં TeCHO+ મોબાઈલ એપ્લિકેશન છે. જે ઘરની મુલાકાતો અને રસીકરણના દિવસો દરમિયાન સેવા પૂરી પાડતી વખતે ઉપયોગ કરી રહી છે.
- સગર્ભા સ્ત્રીઓ અને શિશુઓ:
  - ઘર આંગણે ગુણવત્તાસભર સેવા.
  - મોબાઈલમાં રહેલ વિડિઓ દ્વારા આરોગ્ય શિક્ષણ.
  - બિમારીઓ માટે સારવાર માર્ગદર્શિકા.
- મહિલા આરોગ્ય કાર્યકર (એફએચડબલ્યુ):
  - મોબાઈલમાં રહેલ વિડિઓની મદદથી, તેમના માટે લાભાર્થીઓને સલાહ આપવી સરળ છે.
  - લાભાર્થીઓની સમયસર ઓળખ અને તાત્કાલિક સારવાર માટે ઉપયોગી.
  - સમયસર સેવા માટે લાભાર્થીઓ અને સંબંધિત આરોગ્ય કાર્યકરને ચેતવણીઓ.
  - ગર્ભવતી મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય રેકોર્ડનું ડિજિટલાઈઝેશન
  - પ્રદાન કરેલી સેવાઓનું જે તે સમયે જ રેકોર્ડિંગ અને રીપોર્ટીંગ.
  - જોખમી લાભાર્થીના કિસ્સાઓમાં સૂચના.
- પી.એચ.સી. મેડિકલ ઑફિસર:
  - જોખમી માતાઓ અને બાળકોની પ્રત્યક્ષ સમયની માહિતી સમયસર ફોલોઅપ સુનિશ્ચિત કરશે. TeCHO+ વેબ એપ્લિકેશન દ્વારા સહાયક નિરીક્ષણ અને દેખરેખ સરળ બનશે.

સમગ્ર રાજ્યમાં TeCHO+ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. દસ હજારથી વધુ એફ.એચ.ડબ્લ્યુ.ને તેઓએ પૂરી પાડેલ સેવાઓની રીયલ ટાઈમ એન્ટ્રી માટે TeCHO+ મોબાઈલ એપ્લિકેશન સાથે સ્માર્ટ ફોન પૂરા પાડવામાં આવેલ છે.

રાજ્યની ૬.૮૦ કરોડ વસ્તીનો ફેમિલી ડેટા બેઝ TeCHO+ માં અધ્યતન કરવામાં આવેલ છે. રાજ્યની તમામ એફએચડબ્લ્યુ TeCHO+માં પૂરી પાડેલ આર.સી.એચ. સેવાઓ, બિન ચેપી રોગોની તપાસ અને સેવાઓ, પોષણને લગતી પૂરી પાડેલ સેવાઓની એન્ટ્રી ટેકો+ માં કરી રહી છે. રાજ્યની તમામ જાહેર આરોગ્યની સંસ્થાઓ દ્વારા પણ તેઓએ માતા અને બાળકને પૂરી પાડેલ સેવાઓની રીયલ ટાઈમ એન્ટ્રી કરી રહી છે. ટેકો+ માં ખૂબ નજીકના ભવિષ્યમાં RBSK, Comprehensive Child birth Defect screening, માનસિક આરોગ્ય અને રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ ને લગતાં મોડ્યુલ શરૂ કરાશે.

આ પ્રોજેક્ટ હેઠળ, જીવીકે ઈએમઆરઆઈ જાગરૂકતા વધારવા અને પૂરી પડાયેલ સેવાની ખાતરી કરવા, જોખમી સગર્ભા અને બાળપણની બિમારીઓ, સંસ્થાકીય પ્રસૂતિ અને જ્યાં પહોંચવું મુશ્કેલ છે તેવા અને સેવાથી વંચિત વિસ્તારની માતાને અને બાળકોને સેવા આપવા માટે ૧૦૪ હેલ્પલાઈન દ્વારા રિમાઈન્ડર / કૉલ સેવાઓ પણ પૂરી પાડી રહી છે

જોખમી માતા અને બાળકોને જીવીકે ઈએમઆરઆઈ હેલ્પલાઈન અને પી.એચ.સી. તબીબી અધિકારીઓ દ્વારા ટ્રેક કરવામાં આવશે, એએનએમ આ લાભાર્થીઓની સ્થિતિ વિશે દેખરેખ રાખશે. જોખમી માતાઓ અને બાળકોને યોગ્ય સેવાઓ પ્રદાન કરવામાં ન આવે તો સુપરવાઈઝર અને આરોગ્ય અધિકારીઓને ચેતવણી સંદેશ પ્રાપ્ત થશે. ટેકો+ ડેશબોર્ડ સમગ્ર સ્વાસ્થ્ય તંત્રના દરેક સ્તરે યોગ્ય મોનીટરીંગ સૂચકાંકો પ્રદાન કરશે.

રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોના અસરકારક અમલીકરણને લીધે રાજ્ય નો બાળમરણ દર એસ. આર. એસ. અંદાજો મુજબ વર્ષ ૨૦૧૯ પ્રતિ હજાર જીવિત જન્મે ૨૫ અને માતા મૃત્યુ દર વર્ષ ૨૦૧૮-૨૦ ના સ્મયગાળા દરમિયાન પ્રતિ એક લાખ જીવિત જન્મે ૭૫ થયો હોવાનો અંદાજ છે,

INDEX

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ યોજના
("પી.એમ.જે.એ.વાય. -મા" યોજના)

- ગુજરાત રાજ્યના તમામ જીલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના તા.૪/૯/૨૦૧૨થી અમલમાં મુકેલ.
- રાજ્ય સરકારે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનાનો વ્યાપ વધારી મધ્યમ વર્ગના પરિવારો માટે મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજના તા. ૧૫/૦૮/૨૦૧૪ અમલી કરેલ.
- આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરી વિસ્તારો માટે નિયત માપદંડો ધરાવતા સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ની યાદીમાં સમાવિષ્ટ પરિવારોને કુટુંબ દીઠ વાર્ષિક ₹ ૫ (પાંચ) લાખ સુધીનું આરોગ્ય કવચ પૂરું પાડવા માટે તા. ૨૩/૦૯/૨૦૧૮ થી અમલી કરેલ છે.
- કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ ₹ ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ) સુધીની કેશલેસ સારવાર.
- પ્રાથમિક, સેકન્ડરી તેમજ ટર્શરી બિમારોની કુલ- ૨૬૮૧ નિયત કરેલ પ્રોસીજર માટે ઉત્તમ પ્રકારની કેશલેસ સારવાર.
- યોજના હેઠળ કુટુંબનાં સભ્યોની મર્યાદા વગર, બધા જ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે. ૧લી માર્ચ, ૨૦૧૯થી રાજ્ય સરકારની "મા" તથા "મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થી આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળવાપાત્ર ₹ ૫ (પાંચ) નો લાભ મળવાપાત્ર છે. પરંતુ તેઓને કોઈપણ એક જ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. તેમજ ઉક્ત યોજનામાં મળવાપાત્ર લાભ સમાન રહેશે.
- તા.૦૫/૦૮/૨૦૨૧ના રોજ થયેલ ઠરાવથી "મા" તથા "મા વાત્સલ્ય" યોજના અને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાને "પી.એમ.જે.એ.વાય. -મા" યોજનાનું સંયુક્ત નામ આપવામાં આવેલ છે.

યોજનાનો હેતુ :

- યોજના હેઠળ લાયકાત ધરાવતા લાભાર્થી પરિવારો પોતાની પસંદગી વાળી ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલમાંથી સારી ગુણવત્તાયુક્ત સારવાર તદ્દન મફત મેળવી શકે.

લાભાર્થીઓ :

- "મા" યોજના : ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો.
- "મા વાત્સલ્ય" યોજના :
  - ✓ વાર્ષિક ₹ ૪.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો
  - ✓ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના તમામ આશા બહેનો.
  - ✓ માન્ય પત્રકારો.
  - ✓ રાજ્ય સરકારના વર્ગ- ૩ અને વર્ગ- ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક આપેલ ફિક્સ પગારના કર્મચારીઓ.
  - ✓ યુ-વીન કાર્ડ ધારકો.
  - ✓ વાર્ષિક ₹ ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનો.
  - ✓ જુદા જુદા જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી તથા બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીઓ
  - ✓ સામાજિક રીતે વંચિત જૂથ (વૃદ્ધાશ્રમના વૃધ્ધો, અનાથ આશ્રમના બાળકો, વિધવાશ્રમની વિધવાબહેનો અને ત્યક્તાઓ, સાત્વિક જીવન જીવતા સાધુ-સંતો, માનસિક રોગીઓ તેમજ નિ:સહાય લોકો)
  - ✓ પીડિતોનું ગ્રુપ (ગુજરાત વિકટીમ કોમ્પસેશન સ્કીમ-૨૦૧૯ના અસરગ્રસ્તો- રેપ વિકટીમ, એસિડ વિકટિમ, જાતિય હિંસાના ગુનાઓ જેવા બનાવોના અસરગ્રસ્તો)
  - ✓ કોરોના વોરિયર્સના કુટુંબો (પોલીસ, સફાઈ કામદાર અને આરોગ્ય કર્મચારી)
  - ✓ કોરોના સમયગાળામાં અનાથ બનેલ બાળકોનો સમાવેશ
- આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના : -
  - ✓ સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ અંતર્ગત નોંધાયેલ ગ્રામ્ય અને શહેરી વિભાગના કુલ ૪૩.૮૪ લાખ પરિવારો (૨.૨ કરોડ વ્યક્તિ) નો સમાવેશ.

યોજનાની માહિતી :

- યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે પેકેજ નિયત કરી, નિયત કરેલ પેકેજ અને તેના દર મુજબ સારવાર ઉપલબ્ધ. જેમાં આંખના રોગો, કાન, નાક અને ગળાના રોગો, સ્ત્રી રોગ, માનસિક રોગો, હૃદયના રોગો, કિડનીના

INDEX

રોગો, મગજના રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શિશુઓને લગતા ગંભીર રોગો, કેન્સર, ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટ, કિડની અને લિવરના ટ્રાન્સપ્લાન્ટેશન વિગેરે માટે સારવાર મળવાપાત્ર છે.

- યોજના હેઠળ તમામ સોફ્ટવેરનું એકત્રિકરણ કરેલ છે. જેમાં ભારત સરકારના "પી.એમ.જે.એ.વાય."ના સોફ્ટવેર થકી લાભાર્થીઓને યોજનાના તમામ લાભ આપવાનું નક્કી કરેલ છે. "મા" તથા "મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓને અગાઉ આખા પરિવાર દીઠ એક કાર્ડ આપવામાં આવતું હતું. તેના બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખકાર્ડ આપવામાં આવે છે. જેથી "મા" તથા "મા વાત્સલ્ય" યોજનાના તમામ કાર્ડને "પી.એમ.જે.એ.વાય." કાર્ડમાં નોંધણી કરાવવાની થાય છે. "પી.એમ.જે.એ.વાય.-મા" યોજના હેઠળ નોંધણી માટે યોજના સાથે જોડાયેલ હોસ્પિટલો, CSC, E Gram, UTI-ITSL સેન્ટરમાંથી તેમજ તાલુકા અને શહેરી કક્ષાએ (n)Code Agency centers પરથી લાયકાત ધરાવતા લાભાર્થીઓ "પી.એમ.જે.એ.વાય." ની પધ્ધતિ અનુસાર વિના મૂલ્યે કાર્ડ મેળવી શકે.
- યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિટલ ખાતે સારવાર હેતુ આવવા- જવાના ભાડા પેટે ₹ ૩૦૦/- ચુકવવામાં આવે છે.
- તા. ૦૧.૦૭.૨૦૨૧થી ઈન્સ્યોરન્સ કંપની થકી ₹ ૫.૦૦ લાખ સુધીનો પ્રતિ લાભાર્થી કુટુંબદીઠ પ્રતિ વર્ષ વીમો આપવા સરકાશ્રીએ નક્કી કરેલ છે. જેમા ૧૮ જીલ્લાઓ માટે બજાજ એલિઆન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ અને ૧૫ જીલ્લાઓ માટે ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડને ₹ ૨૧૭૭.૧૦ના પ્રિમીયમ દરે પ્રતિ કુટુંબ દીઠ પ્રતિ વર્ષ માટે નિયુક્ત કરેલ.

યોજનાની સિધ્ધિઓ :

- યોજના અંતર્ગત કુલ - ૨, ૫૨૩ હોસ્પિટલો, જેમાં ખાનગી ૬૫૧ અને સરકારી ૧૮૭૨ હોસ્પિટલો સંલગ્ન થયેલ છે.
- "મા/ મા-વાત્સલ્ય" યોજના હેઠળ તા.૧૬.૧૧.૨૧ સુધીમાં કુલ ૨૭.૦૬ લાખ લાભાર્થીઓની નોંધણી "પી.એમ.જે.એ.વાય." સોફ્ટવેર થકી આયુષ્માન કાર્ડમાં થયેલ છે.
- "પી.એમ.જે.એ.વાય." હેઠળ તા.૧૬.૧૧.૨૧ સુધીમાં કુલ ૭૩.૯૦ લાખ લાભાર્થીઓની નોંધણી આયુષ્માન કાર્ડમાં થયેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ (૧૬, નવેમ્બર, ૨૦૨૧ સુધીમાં) દરમ્યાન "પી.એમ.જે.એ.વાય. -મા" યોજના હેઠળ કુલ ₹ ૮૪૩.૫૫ કરોડના ૩.૧૨ લાખ લાભાર્થી દાવાઓ નોંધાયેલ છે.
- યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં તા. ૩૦.૭.૨૦૨૧ના રોજ કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન અનાથ બનેલાં બાળકોનો સમાવેશ કરેલ છે.
- રાજ્ય સરકારે લાભાર્થીને આવકનો દાખલો સરળતાથી મળી રહે તે હેતુથી રાજ્યમાં ઈ કેન્દ્ર થકી ઈશ્યુ કરેલ તલાટી કમ મંત્રીના આવકના દાખલા "પી.એમ.જે.એ.વાય. - મા" માટે તા. ૦૫.૧૦.૨૧ના રોજ અધિકૃત કરેલ છે. જે આવકના પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટે માન્ય કરેલ છે.

યોજનાની વધુ જાણકારી મળી રહે તે માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૧૦૨૨/ ૧૪૫૫૫ તેમજ www.magujarat.com/ pmjay.gov.in વેબસાઈટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

તબીબી સેવાઓ

તબીબી સેવાઓએ આરોગ્ય સેવાઓનું એક મહત્વનું ક્ષેત્ર છે. આ વિભાગનું મુખ્ય કાર્ય રાજ્યના શહેરી વિસ્તારમાં (સેકન્ડરી હેલ્થ કેરની) તબીબી સેવાઓ પૂરી પાડવાનું છે. આ પ્રભાગ હેઠળની જીલ્લા કક્ષાની હોસ્પિટલના વડા તરીકે મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન અને સબ જીલ્લા કક્ષા/માનસિક આરોગ્યની/આંખની/ચેપી રોગની હોસ્પિટલોના વડા તરીકે અધીક્ષક કામગીરી સંભાળે છે. આ વિભાગના નિયંત્રણ હેઠળ નીચે દર્શાવેલ હોસ્પિટલો અને પથારીની સુવિધા ઉપલબ્ધ છે.

અનુ. નં.	હોસ્પિટલની વિગત	હોસ્પિટલની સંખ્યા	પથારીની સંખ્યા
૧	જીલ્લા હોસ્પિટલ	૧૯	૨૯૮૭
૨	સબ જીલ્લા હોસ્પિટલ	૫૪	૪૧૦૨
૩	માનસિક આરોગ્યની હોસ્પિટલ	૪	૬૮૩
૪	આંખની હોસ્પિટલ	૨	૧૭૦
૫	ચેપી રોગની હોસ્પિટલ	૧	૫૦
	કુલ	૮૦	૭૯૯૨
૬	ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલ	૮૦	૪૬૩૪

તબીબી વિભાગના નિયંત્રણ હેઠળની હોસ્પિટલો ખાતે એપ્રિલ-૨૧ થી ઓક્ટોબર-૨૧ દરમિયાન કુલ ૪૨,૨૦,૨૫૯ બહારના દર્દીઓને તથા કુલ ૮,૬૯,૧૦૦ અંદરના દર્દીઓને તબીબી સારવાર પુરી પાડવામાં આવેલ છે. કુલ ૨૪,૭૪૨ મેજર

ઓપરેશન ૮૭,૫૪૪ માઈનોર ઓપરેશન અને કુલ ૬૭,૪૪,૯૬૩ લેબોરેટરી ટેસ્ટ તેમજ કુલ ૪૯,૫૨૫ પ્રસૂતિની સારવાર કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત રાજ્યની સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત હોસ્પિટલ અને દવાખાનાઓની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ સંસ્થાઓને તબીબી વિષયક પ્રવૃત્તિ કરવા બદલ સરકારશ્રીએ નકકી કરેલ ધારાધોરણ અનુસાર આ વિભાગ દ્વારા સહાયક અનુદાન પુરૂ પાડવામાં છે.

આ પ્રભાગ હેઠળની હોસ્પિટલો અને દવાખાનાઓમાં દર્દીઓને તાત્કાલિક અને અસરકારક તબીબી સારવાર મળી રહે તે માટે તાત્કાલિક સારવાર વિભાગ, સર્જીકલ વિભાગ, મેડીકલ વિભાગ, સ્ત્રી રોગ વિભાગ, બાળરોગ વિભાગ, રેડીયોલોજી વિભાગ, ઓર્થોપેડીક વિભાગ, સઘન હૃદય રોગ સારવાર એકમ, ઓપ્થલમીક વિભાગ, પેથોલોજી વિભાગ, પોસ્ટપાર્ટમ વિભાગ, ડેન્ટલ વિભાગ, ઈ.એન.ટી. વિભાગ, ડાયાલીસીસ યુનિટ, એકસ-રે સેવાઓ, સોનોગ્રાફી, એમ્બ્યુલન્સ ઉપરાંત ૨૪ કલાકની કેઝ્યુલીટી સર્વિસીસ અને મેડીકોલીગલ કેસની સુવિધાઓ ઉપલબ્ધ છે.

રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે તાલીમબધ્ધ નર્સીંગ પરિચારીકાની માંગને પહોંચી વળવા માટે જરૂરી શિક્ષણ પૂરૂ પાડવાની કામગીરી આ પ્રભાગના નિયંત્રણ હેઠળ છે. રાજ્યમાં સરકાર સંચાલિત અને ખાનગી સંસ્થા સંચાલિત નર્સીંગ કોલેજ/ સ્કુલ અને બેઠકોની સુવિધા નીચે મુજબ છે.

અભ્યાસની વિગત	સરકારી		કામદાર રાજ્ય વીમા યોજના		મ્યુની. કોર્પોરેશન		ખાનગી		કુલ	
	સંસ્થા	બેઠકો	સંસ્થા	બેઠકો	સંસ્થા	બેઠકો	સંસ્થા	બેઠકો	સંસ્થા	બેઠકો
જી.એન.એમ.	૨૩	૯૫૭	૧	૨૦	૧	૪૫	૧૬૭	૭૩૨૦	૧૯૨	૮૩૪૨
બેઝીક બી.એસ.સી	૮	૪૪૦	-	-	-	-	૧૩૭	૬૩૬૦	૧૪૫	૬૮૦૦
પોસ્ટ બેઝીક બી.એસ.સી.	૧	૩૩	-	-	-	-	૨૩	૬૪૦	૨૪	૬૭૩
એમ.એસ.સી. નર્સિંગ	૨	૩૮	-	-	-	-	૨૪	૧૯૭	૨૬	૨૩૫
પોસ્ટ બેઝીક ડીપ્લોમાં ઈન નર્સ પ્રેકટીશનર ઈન મીડવાઈફરી	૬	૧૩૨	-	-	-	-	-	-	૬	૧૩૨
એ.એન.એમ.	૩૦	૭૧૫	-	-	-	-	૧૦૯	૩૪૧૫	૧૩૯	૪૧૩૦

અમલમાં મુકેલ નવી યોજના

મુખ્યમંત્રી અમૃતમ "મા" / "મા વાત્સલ્ય" યોજના અને આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના :

- ગુજરાત રાજ્યના તમામ જીલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના તા.૪/૯/૨૦૧૨થી અમલમાં મુકેલ.
- રાજ્ય સરકારે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનાનો વ્યાપ વધારી મધ્યમ વર્ગના પરિવારો માટે મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજના તા.૧૫/૦૮/૨૦૧૪ અમલી કરેલ.
- આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરી વિસ્તારો માટે નિયત માપદંડો ધરાવતા સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ની યાદીમાં સમાવિષ્ટ પરિવારોને કુટુંબ દીઠ વાર્ષિક ₹ ૫ (પાંચ) લાખ સુધીનું આરોગ્ય કવચ પૂરું પાડવા માટે તા.૨૩/૦૯/૨૦૧૮ થી અમલી કરેલ છે.
- કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ ₹ ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ) સુધીની કેશલેસ સારવાર.
- પ્રાથમિક, સેકન્ડરી તેમજ ટર્શરી બિમારોની કુલ- ૨, ૬૮૧ થી વધુ નિયત કરેલ પ્રોસીજર માટે ઉત્તમ પ્રકારની કેશલેસ સારવાર.
- યોજના હેઠળ કુટુંબનાં સભ્યોની મર્યાદા વગર, બધા જ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.
- ૧લી માર્ચ, ૨૦૧૯થી રાજ્ય સરકારની "મા" તથા "મા વાત્સલ્ય" યોજનાના તમામ લાભાર્થી પરિવારોને આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ આપવાની શરૂઆત કરેલ.

યોજનાનો હેતુ :

- યોજના હેઠળ લાયકાત ધરાવતા લાભાર્થી પરિવારો પોતાની પસંદગી વાળી ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલમાંથી સારી ગુણવત્તાયુક્ત સારવાર તદ્દન મફત મેળવી શકે.

લાભાર્થીઓ :

- "મા" યોજના : ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો.
- "મા વાત્સલ્ય" યોજના :

- ✓ વાર્ષિક ₹ ૪.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો
- ✓ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના તમામ આશા બહેનો.
- ✓ માન્ય પત્રકારો.
- ✓ રાજ્ય સરકારના વર્ગ- ૩ અને વર્ગ- ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક આપેલ ફિક્સ પગારના કર્મચારીઓ.
- ✓ યુ-વીન કાર્ડ ધારકો.
- ✓ વાર્ષિક ₹ ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનો.
- ✓ બિનસરકારી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ
- ✓ કોરોના વોરિયર્સના કુટુંબીજનો.
- ✓ વૃધ્ધાશ્રમના વૃધ્ધો, અનાથશ્રમના બાળકો.
- ✓ વિધવાશ્રમની વિધવાઓ, સંતજનો અને માનસિક બિમારીથી પીડિત દર્દીઓ.
- ✓ કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન અનાથ બનેલા બાળકો.

- આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના :
  - ✓ સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ અંતર્ગત નોંધાયેલ ગ્રામ્ય અને શહેરી વિભાગના કુલ ૪૪.૮૫ લાખ પરિવારો (૨.૨૫ કરોડ વ્યક્તિ) નો સમાવેશ.

યોજનાની માહિતી :

- યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે પેકેજ નિયત કરી, નિયત કરેલ પેકેજ અને તેના દર મુજબ સારવાર ઉપલબ્ધ. જેમાં આંખના રોગો, કાન, નાક અને ગળાના રોગો, સ્ત્રી રોગ, માનસિક રોગો, હૃદયના રોગો, કિડનીના રોગો, મગજના રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શિશુઓને લગતા ગંભીર રોગો, કેન્સર, ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટ, કિડની અને લિવરના ટ્રાન્સપ્લાન્ટેશન વિગેરે માટે સારવાર મળવાપાત્ર છે.
- યોજના હેઠળ લાભાર્થીઓ માટે હોસ્પિટલમાં નિયમાનુસર રજીસ્ટ્રેશન, કન્સલ્ટેશન, નિદાન માટેના લેબોરેટરી રીપોર્ટ, સર્જરી, સર્જરી બાદની અનુવૃત્તિ સેવાઓ, દવાઓ, દાખલ ચાર્જ, દર્દીને ખોરાક, ફોલો-અપ, મુસાફરી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે, હોસ્પિટલ આ બધા માટે કોઇ જ ચાર્જ વસુલ કરી શકે નહી. આમ, યોજના હેઠળ લાભાર્થી યોજનાના નિયમાનુસર તદ્દન મફત સારવાર મેળવી શકે છે.
- યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિટલ ખાતે સારવાર હેતુ આવવા- જવાના ભાડા પેટે ₹ ૩૦૦/ ચુકવવામાં આવે છે.
- યોજનાના પ્રચાર પ્રસાર માટે પણ રાજ્ય સરકાર દ્વારા તમામ પ્રયત્નો કરેલ છે, જેમાં યોજના હેઠળ મેગા હેલ્થ કેમ્પ, હેલ્થ કેમ્પ થયેલ છે તેમજ તમામ સરકારી હોસ્પિટલો તેમજ બસ સ્ટેશન ઉપર હોર્ડિંગ્સ લગાડવામાં આવેલ છે. અને રેડીયો, ટી.વી., ન્યુઝ પેપર, બસ પેનલ દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.
- યોજના અંતર્ગત કુલ - ૨૫૨૬ હોસ્પિટલો, જેમાં ખાનગી ૬૫૨ અને સરકારી ૧૮૭૪ હોસ્પિટલો સંલગ્ન થયેલ છે.
- યોજનાની વધુ જાણકારી મળી રહે તે માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૧૦૨૨/ ૧૪૫૫૫ તેમજ www.magujarat.com/ pmjay.gov.in વેબસાઈટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

➢ **ચીફ મિનિસ્ટર સર્વિસીસ ઓફ એક્ષપર્ટ એટ ટ્રીટમેન્ટ યુનિટ યોજના (સી.એમ. સેતુ) :**

રાજ્યની સરકાર સંચાલિત હોસ્પિટલ તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિયમિત ધોરણે ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિષ્ણાંત તબીબોની નિમણૂક કરવામાં આવે છે અને નિષ્ણાંત તબીબોની એડહોક ધોરણે અને બોન્ડેડ ઉમેદવારોની નિમણૂક માટે વોક ઈન ઈન્ટરવ્યૂની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. તદ્દઉપરાંત એન.આર.એચ.એમ. પ્રોગ્રામ અંતર્ગત પ્રતિ માસ ₹ ૫૦,૦૦૦/-ના ફિક્સ પગાર ઉપર નિષ્ણાંત તબીબોની પાર્ટટાઈમ નિમણૂક કરવા માટે ખાસ અભિયાનની પણ વ્યવસ્થા છે. આમ છતાં, રાજ્યના લોકો આરોગ્ય સેવાઓથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તા.૧૪/૦૬/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃજી.એમ.એસ./૧૦૨૦૧૧/૩૨૫૦/થ થી ચીફ મિનિસ્ટર સર્વિસીસ ઓફ એક્ષપર્ટ એટ ટ્રીટમેન્ટ યુનિટ (સી.એમ. સેતુ) યોજના અમલમાં મુકેલ છે. આ યોજનાના મુખ્ય ઉદ્દેશ સરકારી હોસ્પિટલ તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્પેશ્યલાઈઝડ સારવાર અર્થે આવતા લોકો આરોગ્ય વિષયક સેવાઓથી વંચિત ન રહે તે માટે સી.એમ. સેતુ યોજના હેઠળ નિષ્ણાંત તબીબોની નિમણૂક આપી સેવાઓને વધુ સંગીન બનાવવી તેમજ રાજ્યના લોકોને ગુણવત્તા સભર તબીબી વિષયક સારવાર પુરી પાડવાના ઉદ્દેશને હાંસલ કરવા મુખ્યમંત્રીશ્રીની સી.એમ. સેતુ યોજના હેઠળ ખાનગી નિષ્ણાંત ડોક્ટરોને પણ સાંકળવાનો છે. આ યોજના હેઠળ તજજ્ઞોની નિમણૂક માટે એમ.ડી. અથવા એમ.એસ. માં પોસ્ટ ગ્રેજ્યુએટ અથવા ડિપ્લોમા પછી બે વર્ષનો અનુભવ હોવો જોઈએ. તજજ્ઞોની અઠવાડિયામાં મહત્તમ ૧૮ કલાક માટે સેવાઓ લઈ શકાય છે અને વીઝીટીંગ તજજ્ઞોને તેઓના રહેણાંકના સ્થળ અને ફરજના સ્થળના અંતર મુજબ પ્રતિ

કલાક ₹ ૭૦૦,૮૦૦ અને ૯૦૦ લેખે માનદ્ વેતન ચૂકવવામાં આવે છે. તદ્ઉપરાંત સરકારશ્રીના આ.પ.ક. વિભાગના તા.૨૦/૧૧/૧૮ના ઠરાવથી રાજ્યના દાહોદ અને નર્મદા (આંકાક્ષી જિલ્લા) જિલ્લામાં પ્રતિકલાક ₹ ૯૦૦, ૧૦૦૦ અને ₹ ૧૧૦૦ લેખે વેતન ચુકવી સેવાઓ લેવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ યોજના હેઠળ કુલ ૨૯૮ તજજ્ઞો ફરજ બજાવી રહ્યા છે.

➢ **પ્રધાનમંત્રી હેમોડાયાલીસીસ કાર્યક્રમ :**

લોકોની બદલાતી જતી જીવનશૈલી તેમજ ગુણવત્તાસભર પાણીના અભાવે કિડનીને લગતા રોગોનું પ્રમાણ દિવસે દિવસે વધતુ જાય છે. રોગ અને મૃત્યુદરના પ્રમાણને જોતા, ૨૦ ટકા મૃત્યુદરના મુખ્ય કારણ તરીકે કિડનીને લગતા રોગો માલૂમ પડેલ છે. એક વખત દર્દીની કિડની કામ કરતી બંધ થઈ જાય ત્યારે દર્દીને હેમોડાયાલીસીસ અને પેરીટોનીયલ ડાયાલીસીસની સારવાર મેળવવી જરૂરી બની રહે છે. કેટલીક વખત દર્દીઓને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની જરૂરીયાત રહે છે. અગાઉના વર્ષોમાં કિડનીને લગતા રોગોની સારવાર માટે સરકાર સહાયિત ફક્ત આઈ.કે.ડી.આર.સી. અમદાવાદ ખાતે કાર્યરત હતી. જેને કારણે કિડનીને લગતા રોગોની સારવાર મેળવવામાં દર્દીઓને ખુબ જ હાડમારી રહેતી હતી. આ સંજોગોને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે કિડની ડીસીઝ અને રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે હેમોડાયાલીસીસની સારવાર દર્દીઓને સ્થાનિક કક્ષાએ મળી રહે તે માટે હેમોડાયાલીસીસ યુનિટની જુદી જુદી હોસ્પિટલો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્થાપના કરવા સમજુતી કરાર કરેલ છે. રાજ્ય સરકારે મેડિકલ કોલેજો, જી.એમ.ઈ.આર.એસ. સંલગ્ન હોસ્પિટલો, જીલ્લા/પેટા જીલ્લા હોસ્પિટલો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો મળી કુલ ૬૦ આરોગ્ય સંસ્થાઓ ખાતે હેમોડાયાલીસીસ યુનિટ હાલમાં કાર્યરત છે. આ હોસ્પિટલો ખાતે કુલ ૫૩૨ હેમોડાયાલીસીસ મશીન પ્રસ્થાપિત કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમ શરૂ થયાથી ઓક્ટોબર-૨૧ના અંત સુધીમાં કુલ ૧૪,૪૩,૮૮૫ ડાયાલીસીસની સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવેલ છે.

➢ **ગુજરાત જીવીકે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ : (E.M.R.I.)**

રાજ્યમાં કુદરતી આફત, રાષ્ટ્રીય અને રાજ્ય ધોરી માર્ગ અકસ્માત, રોગચાળો તેમજ હૃદય રોગ, પ્રસૂતિ, પોઈઝનીંગ, બર્ન્સ, કોમા, સ્ટ્રોક જેવી ગંભીર સ્થિતિમાં રાજ્યના લોકોને સંપૂર્ણ અને સલામત સંકલિત પ્રિ-હોસ્પિટલ ઈમરજન્સી મેડિકલ સેવાઓ પૂરી પાડવાના દ્રષ્ટિકોણથી રાજ્ય સરકારે ૨૯ ઓગષ્ટ, ૨૦૦૭થી આવક, ધર્મ અને જાતિનો ભેદભાવ રાખ્યા વગર ૨૪x૭ વિના મૂલ્યે પ્રિ-હોસ્પિટલ ૧૦૮ (ઈ.એમ.આર.આઈ.) ઈમરજન્સી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા અમલમાં મુકેલ છે. આ એમ્બ્યુલન્સ સેવાઓ રાજ્યના લોકોને શકય તેટલા ઓછાં સમયમાં રાજ્યનાં અંતરિયાળ ભાગોમાં રહેતા લોકોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓનો લાભ મળી રહે તે માટે આજે ૧૪ વર્ષ જેટલા ઓછા સમયમાં કુલ ૮૦૦ એમ્બ્યુલન્સ સેવાઓ તથા સાગરખેડુ લોકો માટે ૦૨ બોટ એમ્બ્યુલન્સ જનતાના લાભાર્થે અમલમાં મુકેલ છે. તદ્ઉપરાંત અમદાવાદ ખાતે ૧૫ એકરના વિસ્તારમાં અતિ આધુનિક સ્ટેટ ઓફ આર્ટ ઈમરજન્સી રિસ્પોન્સ એન્ડ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરેલ છે. આ પ્રકારની સુવિધા ઉભી કરવાના સંદર્ભમાં ગુજરાત રાજ્ય ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રેસર છે. આ સેન્ટર ખાતે રોજના સરેરાશ ૭,૦૦૦ કોલને પ્રતિસાદ આપવામાં આવે છે. જે પૈકી ૯૯ ટકા કોલમાં પ્રથમ રિંગમાં ૦૨ સેકન્ડ જેટલા સમયમાં પ્રતિસાદ આપવામાં આવે છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં એવરેજ ૧૩.૨૬ મીનીટ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૨.૨૬ મીનીટ જેટલા સમયમાં કોલ એટેન્ડ કરવામાં આવે છે. આ ઈમરજન્સી સેવાઓ હેઠળ ગુજરાત રાજ્ય ખાતે તા.૩૧/૧૦/૨૦૨૧ સુધી કુલ ૧, ૨૬, ૩૦, ૯૫૫ કોલ એટેન્ડ કરવામાં આવેલ છે. જે પૈકી ૪૩, ૫૬,૬૫૩ જેટલા પ્રસૂતિ સંબંધિત કોલને પ્રતિસાદ આપવામાં આવેલ છે તેમજ કુલ ૧૧,૭૧,૧૯૯ લોકોની મહામુલી જીંદગી બચાવેલ છે.

➢ **સિદ્ધપુર ખાતે કેન્સરના સેટેલાઈટ સેન્ટરની સ્થાપના :**

રાજ્યમાં જુદા જુદા વિસ્તારોમાં વિવિધ પ્રકારના કેન્સરના રોગો જેવા કે, ઓરલ, બ્રેસ્ટ અને ગર્ભાશયના કેન્સરનું પ્રમાણ વધતુ જાય છે. હાલમાં વિવિધ પ્રકારના કેન્સરના નિદાન અને સારવાર માટે અમદાવાદ ખાતે ગુજરાત કેન્સર રીસર્ચ સોસાયટી કાર્યરત છે. રાજ્યના મોટાભાગના લોકો કેન્સરની સારવાર માટે અમદાવાદ ખાતે આવતા હોય છે. જેના પરિણામે અમદાવાદની કેન્સર હોસ્પિટલનું ભારણ દિન પ્રતિદિન વધતુ જાય છે તેમજ કેન્સરથી પીડાતા દર્દીઓને ખૂબ જ હાડમારી વધી જાય છે. આથી, રાજ્ય સરકારે ઉત્તર ગુજરાતના લોકોને આ રોગોથી પ્રાથમિક તબક્કે માહિતગાર થાય તેમજ નિદાન અને સારવારની સુવિધા સ્થાનિક કક્ષાએ મળી રહે તે માટે ગુજરાત કેન્સર રીસર્ચ સોસાયટી, અમદાવાદના સહયોગથી સિદ્ધપુર ખાતે સેટેલાઈટ સેન્ટરની સ્થાપના કરેલ છે.

➢ **ટ્રોમા કેર સેન્ટરની સુવિધા :**

રાષ્ટ્રીય/રાજ્ય ધોરી માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા મોટા ભાગના લોકોને નજીકના સ્થળે સમયસરની તાત્કાલિક સારવાર ન મળવાને કારણે મૃત્યુ થતા હોય છે. જો અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થતા લોકોને નજીકના સ્થળે તાત્કાલિક સારવાર મળી રહે અને તાત્કાલિક સારવાર માટેના ક્રીટીકલ અવર્સ (ગોલ્ડન અવર્સ) નો પુરેપુરો ઉપયોગ કરીને સારવાર આપવામાં આવે તો મોટાભાગના લોકોની મહામુલી જીંદગી બચાવી શકાય. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે નેશનલ હાઈવે ગોલ્ડન કવોડ્રીલેટરલ અને રાષ્ટ્રીય ધોરી માર્ગના નોર્થ-સાઉથ અને ઈસ્ટ-વેસ્ટ કોરીડોર પ્રોજેક્ટ અંતર્ગત

રાજ્યના રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગ ઉપર આવેલી ૧૯ હોસ્પિટલો અનુક્રમે સીવીલ હોસ્પિટલ અમદાવાદ), જામનગર, સુરત, રાજકોટ, સોલા (અમદાવાદ), પાલનપુર, અમરેલી, મહેસાણા, હિંમતનગર, વડોદરા, ભાવનગર, વલસાડ, જેતપુર, ભરૂચ, નડિયાદ, પોરબંદર, મોરબી, ભચાઉ અને રાધનપુર ખાતેની હોસ્પિટલોમાં આધુનિક તબીબી ઉપકરણો અને નિષ્ણાંત તબીબોની સુવિધા ધરાવતા ટ્રોમા સેન્ટરોની સ્થાપના કરવામાં આવેલ છે તેમજ લીંબડી ખાતે ટ્રોમા સેન્ટર કાર્યરત બને તે માટેની કાર્યવાહી ચાલુ છે. જયારે ભારત સરકાર દ્વારા જનરલ હોસ્પિટલ, વેરાવળ ખાતે ટ્રોમા સેન્ટર મંજુર થયેલ છે. જેની સ્થાપિત કરવાની કાર્યવાહી ચાલુમાં છે. કાર્યરત થયેલ ટ્રોમા સેન્ટર ખાતે ઈમરજન્સી દરમ્યાન એક જ સ્થળે તબીબી વિષયક સારવાર(ફેસિલીટી અન્ડર વન રૂફ) મળી શકશે જેના પરિણામે અકસ્માતમાં ભોગ બનેલ દર્દીઓને અન્ય જીલ્લામાં કે ખાનગી હોસ્પિટલોમાં ખસેડવાની જરૂરિયાત રહેશે નહી.

- **હીમોફીલીયાના દર્દીઓને નિઃશુલ્ક દવાઓ :**

  હિમોફીલીયાએ આજીવન જાતિલીંગ સાથે જોડાયેલો, લોકોના આનુવંશિક ખોટના કારણે થતો રોગ છે. દર્દીને વધુ પ્રમાણમાં લોહી દર્દ સાથે નીકળે છે અને એકવાર લોહી નીકળવાનું શરૂ થાય પછી બંધ ન થાય તેને હીમોફીલીયા કહેવામાં આવે છે. હીમોફીલીક વ્યકિતને ઈજા થાય કે ન થાય ગમે ત્યારે લાંબા સમય સુધી શરીરની અંદર અથવા બહાર દર્દ સાથે લોહીનો સ્ત્રાવ થાય છે. શરીરની અંદર હાડકાના જોડાણમાં સ્નાયુઓમાં અને ધમનીમાં સ્ત્રાવ થવો. G.I સ્ત્રાવ અને મગજમાં લોહી નીકળવું વગેરે જીવન માટે ઘણું હાનિકારક છે. આ સારવાર ઘણી ખર્ચાળ હોવાથી દર્દી માનસિક, આર્થિક અને સામાજિક રીતે પડી ભાંગે છે. તેની સારવાર ન કરતાં કાયમી અપંગતા આવી શકે છે. અથવા H.I.V જેવા ભયંકર રોગ કાયમી ધોરણે લાગુ પડી શકે છે. આવા હીમોફીલીક દર્દીઓને ફેકટર-૭, ૮, ૯ અને FEIBA/Novo seven જેવી આવશ્યક દવાઓ નિઃશુલ્ક પૂરી પાડવા સને.૨૦૨૧-૨૦૨૨ના અંદાજપત્રમાં ₹ ૨૦૦૦.૦૦ લાખની ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે.

- **વિચરતા મનોરોગીઓ માટે આધાર હેલ્પ લાઈન :**

  માનસિક બિમારી વિશે આપણા સમાજમાં ઘણી ગેરસમજ જોવા મળે છે માનસિક બિમાર હોવુ એ કલંક રૂપ કે શ્રાપરૂપ ગણવામાં આવે છે. જેના કારણે માનસિક બિમાર વ્યકિત અને કુટુંબને ધ્રુણા અને તિરસ્કારનો સામેનો કરવો પડે છે. જેના પરિણામે ઘણી વખત આવા માનસિક બિમાર વ્યકિતઓ યોગ્ય સારવારના અભાવે કુટુંબ/સમાજના તિરસ્કારના કારણે રસ્તા પર રખડતા જોવા મળે છે. આવા વિચરતા મનોરોગીઓની દુર્દશાનો લાભ લઈને તેમનુ શારીરિક અને સામાજીક શોષણ થાય છે. આવા અશક્ત વિચરતા મનોરોગીઓને માનસિક આરોગ્ય અધિનિયમન ૧૯૮૭ ની કલમ ૨૩ મુજબ સારવાર, રક્ષણ તેમજ સમાજમાં પૂનઃસ્થાપિત કરવાના ઉદ્દેશથી અમદાવાદ અને વડોદરા શહેર ખાતે અલટ્રુ ઈસ્ટ સંસ્થાના સહયોગથી મોબાઈલ નંબર ૯૭૨૨૧૦૦૧૦૧ અને ૯૭૨૨૧૦૦૨૦૦ ની સુવિધા સાથે આધાર હેલ્પ લાઈન શરૂ કરેલ છે.

- NPHCE પ્રોગ્રામ હેઠળ ગાંધીનગર જીલ્લામાં હોમ બેઝ કેર સેવાઓ શરૂ કરેલ છે. જેમાં વયોવૃધ્ધ લાભાર્થીઓને ઘરે જઈને એમ.પી.એચ.ડબલ્યુ. દ્વારા મુલાકાત કરવામાં આવે છે.
- ફેમીલી પ્લાનીંગ, રાષ્ટ્રીય અંધત્વ નિવારણ કાર્યક્રમ, નેશનલ પ્રોગ્રામ ફોર કેન્સર, ડાયાબીટીશ, કાર્ડિયો વેસ્કયુલર ડીસીસ એન્ડ સ્ટ્રોક, નેશનલ પ્રોગ્રામ ફોર હેલ્થ કેર ઓફ ધી એલ્ડર્લી જેવા રાષ્ટ્રીય કાર્યક્રમમાં સહભાગી બનવું, ગોલ્ડન અવર્સ, PM JAY, જેવા સરકારશ્રીના મહત્વાકાંક્ષી કાર્યક્રમો અંતર્ગત જરૂરી સેવાઓ પુરી પાડવી.
- ગુણવત્તાસભર ડાયાલીસીસ સેવાઓ દર્દીના જીલ્લામાં જ મળી રહે તે પ્રમાણેનું આયોજન.
- હેલ્થ પોલીસી-૨૦૧૬ અંતર્ગત ખાનગી હોસ્પિટલ-મેડિકલ કોલેજને પ્રોત્સાહન તથા આર્થિક મદદ રાજ્યમાં MBBSની સીટો વધારવાના હેતુસર જીલ્લા હોસ્પિટલો દાહોદ, પાલનપુર, ભરૂચ અને વ્યારા ખાતે બ્રાઉન ફિલ્ડ મેડીકલ કોલેજ શરૂ કરવાનું ઠરાવેલ છે. તે અનુસાર જીલ્લા હોસ્પિટલ દાહોદ, અમરેલી, પાલનપુર તથા ભરૂચ ખાતે બ્રાઉન ફિલ્ડ મેડીકલ કોલેજ શરૂ કરવા માટે સરકારશ્રી દ્વારા પસંદગી પામેલ સંસ્થાઓ સાથે કન્સેકશન એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.
- બોટ એમ્બ્યુલન્સ દ્વારા દરિયાકાંઠાના માછીમારોને પાણીમાં પણ ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ.

વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં હાથ ધરવામાં આવેલ નવા વિકાસના કામો

વાર્ષિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત સને.૨૦૨૧-૨૦૨૨ના વર્ષમાં તબીબી વિષયક પ્રવૃત્તિના સર્વાંગી વિકાસ માટે ₹ ૪૨૭૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઈ કરેલ છે. રાજ્યની જીલ્લા તથા પેટા જીલ્લા હોસ્પિટલો ખાતે નીચે દર્શાવ્યા મુજબની તબીબી વિષયક સેવાઓ ઉભી કરવા ચાલુ વર્ષે વહીવટી તેમજ નાણાંકીય મંજુરી આપવામાં આવેલ છે.

માનવબળ / અન્ય :

- જુની સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે ૦૧ તજજ્ઞની નવી જગ્યા ઉભી કરવા ₹ ૧૦.૦૦ લાખની મંજુરી આપેલ છે.
- રાજ્યમાં નર્સિંગ સેવાઓને સઘન બનાવવા માટે નર્સ પ્રેક્ટીશનર ઈન મિડવાઈફરી (એન.પી.એમ.) સ્ટાફનર્સની ૧૦૦ જગ્યા તથા નર્સ પ્રેક્ટીશનર ઈન જનરીક (એન.પી.જી.) સ્ટાફનર્સની ૧૦૦ નવી જગ્યાઓ એમ મળી કુલ ૨૦૦ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા ₹ ૨૫૦.૦૦ લાખની મંજુરી આપેલ છે.

INDEX

તબીબી ઉપકરણો / વાહનો :

- રાજ્યના બિનઆદિજાતિ, આદિજાતિ તેમજ અનુસુચિત જાતિ વિસ્તારોમાં જી.વી.કે.ઈ.એમ.આર.આઇ ૧૦૮ સેવાઓના સરળ સંચાલન માટે રીપ્લેસમેન્ટથી નવી ૧૫૦ એમ્બ્યુલન્સની જોગવાઇ માટે ₹ ૩૦૦૦.૦૦ લાખની મંજુરી આપેલ છે.
- રાજ્યની જીલ્લા તથા પેટા જીલ્લા કક્ષાની હોસ્પિટલો માટે જરૂરી તબીબી ઉપકરણો માટેની જોગવાઇ માટે ₹ ૫૦૦.૦૦ લાખની મંજુરી આપેલ છે.
- રાજ્યની જુદી જુદી હોસ્પિટલો ખાતે એમ્બ્યુલન્સ વાન વસાવવા માટે ₹ ૨૬૦.૦૦ લાખની મંજૂરી આપેલ છે.

બાંધકામ :

- સરકારી હોસ્પિટલ, જેતપુર ખાતે નવા ઓ.પી.ડી. બિલ્ડીંગનું બાંધકામ કરવા ₹ ૧૦૦.૦૦ લાખની મંજુરી આપેલ છે.
- સરકારી હોસ્પિટલ, સાવરકુંડલાને ૨૦૦ પથારીની સુવિધા ધરાવતી જીલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા ₹ ૫૦.૦૦ લાખની મંજુરી આપેલ છે.
- જીલ્લા તેમજ તાલુકા હોસ્પિટલો ખાતે બ્લડ કમ્પોનન્ટની સુવિધા ઉભી કરવા માટે જરૂરી માળખાકીય સુવિધા ઉભી કરવા ₹ ૧૦૦.૦૦ લાખની મંજુરી આપેલ છે.

તબીબી શિક્ષણ અને સંશોધન

તબીબી શિક્ષણ અને સંશોધનનો મુખ્ય ઉદેશ રાજ્યમાં વધુ સારી આરોગ્ય સેવાઓ પુરી પાડી શકાય તે માટે તબીબી કોલેજો દ્વારા તબીબી વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ આપવું, ડેન્ટલ વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ આપવું. નર્સિગ વિદ્યાર્થીઓને નર્સિગ કોર્ષની તાલીમ આપી તૈયાર કરવા, ફીઝીયોથેરાપીના વિદ્યાર્થીઓને સ્નાતક શિક્ષણ આપવું તથા જુદા જુદા તબીબી સહાયક કોર્ષની તાલીમ આપી તબીબી સહાયક સ્ટાફ તૈયાર કરવો તેમજ એકસ-રે આસીસ્ટન્ટ, લેબોરેટરી આસીસ્ટન્ટ તથા લેબોરેટરી ટેકનીશીયન, ઓપ્થલ્મીક આસીસ્ટન્ટ, ડેન્ટલ ટેકનીશ્યન, ડેન્ટલ હાઈજીનીસ્ટ અને ફીઝીયોથેરાપીસ્ટ વગેરેને નિદાનમાં ચોકસાઇ કેળવવાની તાલીમ આપી દર્દીઓને આધુનીક સારવાર આપીને રોગ મુક્ત કરવાનો છે.

ઉપરોક્ત ઉદેશની પરિપૂર્તિ કરવા સારું રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર તથા જામનગર ખાતે ૬ સરકારી મેડીકલ કોલેજો ચલાવવામાં આવી રહેલ છે તથા તેને સંલગ્ન ૬ શૈક્ષણિક હોસ્પિટલો પણ ચલાવવામાં આવે છે. જયાં શિક્ષણ સહ સ્પેશ્યાલીસ્ટ તથા સુપર સ્પેશ્યાલીસ્ટ સારવાર આપવામાં આવે છે. તથા રાજ્યમાં અમદાવાદ અને જામનગર ખાતે એમ બે સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલો આવેલી છે.

આ ઉપરાંત અમદાવાદ ખાતે આંખના રોગો માટેની એક હોસ્પિટલ તથા કરોડરજજુ અને લકવાના રોગોની સારવાર માટે દેશભરમાં માત્ર એક જ એવી સરકારી સ્પાઈન ઈન્સ્ટીટયુટ પણ ચલાવવામાં આવી રહેલ છે.

આ સિવાય અમદાવાદ ખાતે સ્વાયત સંસ્થાઓ તરીકે કાર્યરત એવી કેન્સર હોસ્પિટલ, કિડની રોગોની હોસ્પિટલ તથા હૃદયના રોગોની હોસ્પિટલ પણ આવેલ છે કે જે ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ચલાવવામાં આવી રહેલ છે.

આ સિવાય રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, રાજકોટ, ભાવનગર, સિદ્ધપુર અને પાટણ ખાતે કુલ આઠ નર્સિગ કોલેજો આવેલી છે. જયાં નર્સિગ શિક્ષણ આપવામાં આવી રહેલ છે. અને અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર અને દાહોદ ખાતે શૈક્ષણિક હોસ્પિટલ સંલગ્ન પાંચ સરકારી ફીઝીયોથેરાપી કોલેજો પણ ચલાવવામાં આવી રહેલ છે.

તદઉપરાંત રાજ્યમાં સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, વલસાડ, પાટણ, હિંમતનગર, જુનાગઢ અને વડનગર ખાતેની જી.એમ.ઈ.આર.એસ. સંચાલિત કુલ-૮ મેડીકલ કોલેજો તેમજ ખાનગી ધોરણે ચલાવતી સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજો જેવી કે સુરેન્દ્રનગર ખાતે-૧, કરમસદ ખાતે-૧, ભુજ (કચ્છ) ખાતે-૧, અમદાવાદ ખાતે-૪, સુરત ખાતે-૧, વાઘોડીયા (પીપરીયા) ખાતે-૨, પાલનપુર ખાતે-૧, દાહોદ ખાતે-૧, અમરેલી ખાતે-૧, વિસનગર ખાતે -૧ અને નડીયાદ ખાતે-૧, ભરૂચ ખોત-૧, રાજકોટ ખાતે-૧ એમ મળી કુલ ૨૫ મેડીકલ કોલેજ આવેલી છે.

આ ઉપરાંત સેલ્ફ ફાયનાન્સ ડેન્ટલ કોલેજો જેવી કે અમદાવાદ ખાતે-૧, બોપલ (અમદાવાદ) ખાતે-૧, સાંતેજ (અમદાવાદ) ખાતે-૧, ગાંધીનગર (પીપલજ) ખાતે-૧ ઉવારસદ (ગાંધીનગર) ખાતે-૧, વડોદરા ખાતે-૧, પીપરીયા (વાઘોડીયા) ખાતે-૧, નડીયાદ ખાતે-૧, વિસનગર ખાતે-૧, અમરગઢ (ભાવનગર) ખાતે-૧, અને સિદ્ધપુર ખાતે-૧ ડેન્ટલ કોલેજ એમ મળી કુલ ૧૧ ડેન્ટલ કોલેજ આવેલી છે.

આ ઉપરાંત સેલ્ફ ફાયનાન્સ ફીઝીયોથેરાપી કોલેજો જેવી કે અમદાવાદ ખાતે-૧૫, લપકામણ- અમદાવાદ ખાતે-૧, બોપલ (અમદાવાદ) ખાતે-૧, વડોદરા ખાતે-૪, બાકરોલ-વાઘોડીયા ખાતે-૧, લીમ્ડા-વઘોડીયા ખાતે-૧, પીપરીયા (વાઘોડીયા) ખાતે-૧, સુરત ખાતે-૬, કડોદરા-સુરત ખાતે-૧, રાજકોટ ખાતે-૫, આણંદ ખાતે-૪, ચાંગા-આણંદ ખાતે-૧, કરમસદ ખાતે-૧, ગોધરા ખાતે-૧, સુરેન્દ્રનગર ખાતે-૧, અમરેલી ખાતે-૧, જામનગર ખાતે-૨, નવસારી ખાતે-૨, બારડોલી ખાતે-૧, ભાવનગર ખાતે-૧, કલોલ ખાતે-૨, કડી ખાતે-૧, મહેસાણા ખાતે-૧, વિદ્યાનગર ખાતે-૧, પેથાપુર-ગાંધીનગર ખાતે-૧, વિસનગર ખાતે-૨, પેટલાદ ખાતે-૧, સિદ્ધપુર ખાતે-૧, ગાંધીનગર ખાતે-૨, ખેડા ખાતે-૨, ભોયણ-રાઠોડ ખાતે-૧, દસક્રોઇ ખાતે-૧, કચ્છ ખાતે-૧, કોડીનાર ખાતે-૧, પાંતિજ ખાતે-૧ એમ મળી કુલ ૭૦ ફીઝીયોથેરાપી કોલેજ આવેલી છે.

INDEX

સરકારી તબીબી, ડેન્ટલ, ફીઝીયોથેરાપી અને નર્સિંગ કોલેજોની ઉપલબ્ધ પ્રવેશ સંખ્યાની માહિતી નીચે મુજબ છે.

ક્રમ	સરકારી મેડીકલ કોલેજો	પ્રવેશ સંખ્યા
૧	બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ	૨૫૦
૨	મેડીકલ કોલેજ, વડોદરા	૨૫૦
૩	એમ.પી.શાહ. મેડીકલ કોલેજ, જામનગર	૨૫૦
૪	સરકારી મેડીકલ કોલેજ, સુરત	૨૫૦
૫	પી.ડી.યુ.મેડીકલ કોલેજ, રાજકોટ	૨૦૦
૬	સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર	૨૦૦
	કુલ	**૧૪૦૦**
	સરકારી ડેન્ટલ કોલેજો	
૧	સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદ	૧૨૫
૨	સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર	૧૨૫
	કુલ	**૨૫૦**
	સરકારી ફીઝીયોથેરાપી કોલેજો	
૧	સરકારી ફીઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ	૧૦૦
૨	સરકારી ફીઝીયોથેરાપી કોલેજ, વડોદરા	૧૦૦
૩	સરકારી ફીઝીયોથેરાપી કોલેજ, જામનગર	૧૦૦
૪	સરકારી ફીઝીયોથેરાપી કોલેજ, દાહોદ	૩૦
૫	સરકારી ફીઝીયોથેરાપી કોલેજ, સુરત	૫૦
	કુલ	**૩૮૦**
	સરકારી નર્સિંગ કોલેજો	
૧	સરકારી નર્સિંગ કોલેજ, અમદાવાદ	૬૦
૨	સરકારી નર્સિંગ કોલેજ, રાજકોટ	૫૦
૩	સરકારી નર્સિંગ કોલેજ, ભાવનગર	૬૦
૪	સરકારી નર્સિંગ કોલેજ, વડોદરા	૫૦
૫	સરકારી નર્સિંગ કોલેજ, સુરત	૫૦
૬	સરકારી નર્સિંગ કોલેજ, જામનગર	૪૦
૭	સરકારી નર્સિંગ કોલેજ, પાટણ	૪૦
૮	કોલેજ ઓફ નર્સિંગ, સિદ્ધપુર	૪૦
	કુલ	**૩૯૦**

બિનસરકારી (સેલ્ફ ફાયનાન્સ) મેડીકલ, ડેન્ટલ, નર્સિંગ અને ફીઝીયોથેરાપી કોલેજોની ઉપલબ્ધ પ્રવેશ સંખ્યાની માહિતી નીચે મુજબ છે.

ક્રમ	સંસ્થાનું નામ	મંજુર થયેલ પ્રવેશ ક્ષમતા
	સ્વનિર્ભર મેડીકલ કોલેજો	
૧	જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ	૨૦૦
૨	જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, ગોત્રી, વડોદરા	૨૦૦
૩	જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, ગાંધીનગર	૨૦૦
૪	જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, ધારપુર, પાટણ	૨૦૦
૫	જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, વલસાડ	૨૦૦
૬	જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, જુનાગઢ	૨૦૦
૭	જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, હિંમતનગર	૨૦૦
૮	જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, વડનગર	૨૦૦
૯	સુરત મ્યુનિ. ઈન્સ્ટી. ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત	૨૦૦

INDEX

૧૦	શ્રીમતી એન.એચ.એલ.મ્યુનિ. મેડીકલ કોલેજ, અમદાવાદ	૨૫૦
૧૧	એ.એમ.સી. મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ	૨૦૦
૧૨	સી.યુ.શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર	૧૦૦
૧૩	પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ	૧૫૦
૧૪	ગુજરાત અદાણી ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ)	૧૫૦
૧૫	ગુજરાત કેન્સર સોસાયટી મેડીકલ કોલેજ, અમદાવાદ	૧૫૦
૧૬	પારૂલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, વાઘોડીયા, વડોદરા	૧૫૦
૧૭	શ્રીમતી બી.કે.શાહ મેડીકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ, પીપરીયા, વાઘોડીયા (ડીમ્ડ યુનિવર્સિટી)	૧૫૦
૧૮	બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર	૨૦૦
૧૯	ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ	૨૦૦
૨૦	ડો.એમ.કે.શાહ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ	૧૫૦
૨૧	નૂતન મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વિસનગર	૧૫૦
૨૨	શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી	૧૫૦
૨૩	ડો.એન.ડી.દેસાઈ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ અને રીસર્ચ, નડીયાદ	૧૫૦
૨૪	ડો.કે.સી.પટેલ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, ભરૂચ	૧૫૦
૨૫	એઈમ્સ મેડીકલ કોલેજ, રાજકોટ	૫૦
	કુલ	**૪૩૦૦**
સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો		
૧	એ.એમ.સી.ડેન્ટલ કોલેજ, અમદાવાદ	૧૨૫
૨	અમદાવાદ ડેન્ટલ કોલેજ, સાંતેજ (ગાંધીનગર)	૧૦૦
૩	ડેન્ટલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટીટયુટ, ધુમા -બોપલ, (અમદાવાદ)	૧૦૦
૪	કર્ણાવતી સ્કુલ ઓફ ડેન્ટીસ્ટ્રી, ઉવારસદ, ગાંધીનગર	૧૦૦
૫	ગોઈન્કા રિસર્ચ ઈન્સ્ટીટયુટ ઓફ ડેન્ટલ સાયન્સ, ગાંધીનગર	૧૦૦
૬	કે.એમ.શાહ ડેન્ટલ કોલેજ, પીપરીયા(વાઘોડીયા) (ડીમ્ડ યુનિ.), વડોદરા	૧૦૦
૭	એમ.પી.પટેલ ડેન્ટલ કોલેજ, વડોદરા	૪૦
૮	ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટી, ફેકલ્ટી ઓફ ડેન્ટલ સાયન્સ કોલેજ, નડિયાદ	૧૦૦
૯	નૂતન ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, વિસનગર	૧૦૦
૧૦	કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સીઝ, અમરગઢ(ભાવનગર)	૧૦૦
૧૧	ગુજરાત ડેન્ટલ હેલ્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કોલેજ, સિદ્ધપુર	૧૨૫
	કુલ	**૧૦૯૦**
સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો		
૧	એસ.બી. ભટ્ટ કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, અમદાવાદ	૫૦
૨	બી.જી. પટેલ ફીઝીયોથેરાપી કોલેજ, આણંદ	૫૦
૩	કે.એમ. પટેલ ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, કરમસદ	૩૦
૪	સ્વામીનારાયણ ફીઝીયોથેરાપી કોલેજ, કડોદરા, સુરત	૨૦
૫	સાર્વજનિક કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, સુરત	૪૦
૬	કે.કે. શેઠ ફીઝીયોથેરાપી કોલેજ, રાજકોટ	૬૦
૭	સી.યુ.શાહ ફીઝીયોથેરાપી કોલેજ, સુરેન્દ્રનગર	૬૫
૮	સ્વામી નારાયણ ફીઝીયોથેરાપી કોલેજ, જામનગર	૫૦
૯	એસ.પી.બી. ફીઝીયોથેરાપી કોલેજ, સુરત	૧૦૦
૧૦	આર.કે. કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, રાજકોટ	૧૦૦
૧૧	સીગ્મા ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, બાકરોલ, વાઘોડીયા	૪૦

INDEX

૧૨	ફીઝીયોથેરાપી કોલેજ, લપકામણ, અમદાવાદ	૭૫
૧૩	ઘંટાકર્ણ મહાવીર ફીઝીયોથેરાપી કોલેજ, ગોધરા	૩૦
૧૪	પાયોનીયર ફીઝીયોથેરાપી કોલેજ, વડોદરા	૧૦૦
૧૫	જે.જી. કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, અમદાવાદ	૭૫
૧૬	અમદાવાદ ફીઝીયોથેરાપી કોલેજ, બોપલ, ઘુમા	૮૫
૧૭	પારૂલ ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, લીમ્ડા, વાઘોડીયા	૧૦૦
૧૮	અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, ચાંગા	૧૦૦
૧૯	ડી.એમ.પટેલ કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, અમરેલી	૩૦
૨૦	એસ.એસ. અગ્રવાલ ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, નવસારી	૭૫
૨૧	રાજચંદ્ર કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, બારડોલી	૧૦૦
૨૨	શ્રી સહજાનંદ ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, ભાવનગર	૬૦
૨૩	સર્વોદય કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, કલોલ	૬૦
૨૪	બીટસ ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, વડોદરા	૭૫
૨૫	ખ્યાતિ ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, શાહી બાગ, અમદાવાદ	૫૦
૨૬	ભારતીમૈયા કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, સુરત	૫૦
૨૭	શ્રીમતી એસ.આર. શાહ કોલેજ ઓફ ફીઝીયો., કડી	૫૦
૨૮	વિનાયક ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, વિદ્યાનગર	૧૦૦
૨૯	કામદાર ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, રાજકોટ	૭૫
૩૦	શારદા કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, પેથાપુર	૫૦
૩૧	સુલેશ્વરી કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, વિસનગર	૪૦
૩૨	એસ.જી.પટેલ ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, પેટલાદ	૫૦
૩૩	મર્ચન્ટ ફીઝીયોથેરાપી કોલેજ, મહેસાણા	૫૦
૩૪	ગોકુલ કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, સિદ્ધપુર	૫૦
૩૫	સ્વામીનારાયણ ફીઝીયોથેરાપી કોલેજ, રાણીપ	૭૦
૩૬	એન.આર. ઈન્સ્ટી. ઓફ ફીઝીયો., નરોડા, અમદાવાદ	૧૦૦
૩૭	સર્વ વિદ્યાલય ફીઝીયોથેરાપી કોલેજ, ગાંધીનગર	૭૦
૩૮	દાલીયા ફીઝીયોથેરાપી કોલેજ, કાનેરા, ખેડા	૫૦
૩૯	આરૂષ ફીઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ	૧૦૦
૪૦	વિનસ ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ટેકનોલોજી, ભોંયણ, રાઠોડ	૫૦
૪૧	એપોલો ઈન્સ્ટી. ઓફ ફીઝીયોથેરાપી, અનાસણ, દસક્રોઇ	૬૫
૪૨	આકાર કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, અમદાવાદ	૫૦
૪૩	અન્નયા કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, કલોલ	૫૦
૪૪	સતીષ ગોસ્વામી કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, નિકોલ, અમદાવાદ	૫૦
૪૫	કે.જે.પંડયા ફીઝીયોથેરાપી કોલેજ, પીપળીયા, વાઘોડીયા	૩૦
૪૬	મહાત્મા ગાંધી કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, નરોડા, અમદાવાદ	૧૦૦
૪૭	પી.પી.સવાણી સ્કુલ ઓફ ફીઝીયોથેરાપી, સુરત	૮૦
૪૮	નીયોટેક ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, વડોદરા	૭૫
૪૯	નોલેજ ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, આણંદ	૫૦
૫૦	વિકટોરીયા કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, અમદાવાદ	૩૦
૫૧	દયામણ ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, જામનગર	૬૦
૫૨	નૂતન કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, વિસનગર	૫૦
૫૩	અમદાવાદ ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, અમદાવાદ	૧૦૦
૫૪	બી.એન.પટેલ ફીઝીયોથેરાપી કોલેજ, આણંદ	૧૦૦
૫૫	વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, આણંદ	૧૦૦

INDEX

૫૬	ચાણકય કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, કચ્છ	૬૦
૫૭	કે.ડી.બારડ ફીઝીયોથેરાપી કોલેજ, કોડીનાર	૩૦
૫૮	હરીવંદના ફીઝીયોથેરાપી કોલેજ, રાજકોટ	૬૦
૫૯	ઐધ્વરામ ફીઝીયોથેરાપી કોલેજ, સુરત	૬૦
૬૦	કમલા અમૃત ફીઝીયોથેરાપી કોલેજ, કુડાસણ	૩૦
૬૧	એમ.બી.ગોહિલ ફીઝીયોથેરાપી કોલેજ, નવસારી	૪૦
૬૨	ચિત્રીણી કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, પ્રાતિજ	૮૦
૬૩	એલ.જે.ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, અમદાવાદ	૧૦૦
૬૪	સમા ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, અમદાવાદ	૩૦
૬૫	ખ્યાતિ ફીઝીયોથેરાપી કોલેજ, શીલજ, પલોડીયા, અમદાવાદ	૫૦
૬૬	કે.જે.ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, વડોદરા	૫૦
૬૭	એમ.એમ.શાહ ફીઝીયોથેરાપી કોલેજ, ખેડા	૪૦
૬૮	વાયબ્રન્ટ ફીઝીયોથેરાપી કોલેજ, સુરત	૪૦
૬૯	સ્કુમ કોલેજ ઓફ ફીઝીયોથેરાપી, અમદાવાદ	૭૫
૭૦	મારવાડી એજયુકેશન ટ્રસ્ટ ફીઝીયોથેરાપી કોલેજ, રાજકોટ	૬૦
	કુલ	૪૩૭૦

રાજ્યમાં આવેલ સરકારી શૈક્ષણિક હોસ્પિટલો ખાતે મંજુર થયેલ પથારીઓની સંખ્યા નીચે મુજબ છે.

ક્રમ	**સંસ્થાનું નામ**	**મંજુર થયેલ પથારીઓની સંખ્યા.**
૧	સીવીલ હોસ્પિટલ, અમદાવાદ	૩૨૦૦
૨	પેરાપ્લેજીયા હોસ્પિટલ, અમદાવાદ	૮૦
૩	એમ.એન્ડ જે. ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલમોલોજી, અમદાવાદ	૨૫૦
૪	ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલ, જામનગર	૧૩૩૯
૫	એસ.એસ.જી હોસ્પિટલ, વડોદરા	૧૫૧૩
૬	નવી સીવીલ હોસ્પિટલ, સુરત	૧૨૬૦
૭	પી.ડી.યુ. સીવીલ હોસ્પિટલ, રાજકોટ	૧૦૮૮
૮	સર ટી. હોસ્પિટલ, ભાવનગર	૧૦૨૧
૯	સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ	૨૨
૧૦	સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર	૫
	કુલ	૯૭૭૮
સંસ્થાનું નામ (ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ)		
૧	યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ.	૪૫૦
૨	ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ	૪૫૦
૩	ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ	૬૫૦
૪	ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી, ગાંધીનગર	૫૫૬૦
	કુલ	**૧૬૮૮૮**

મેડીકલ ક્ષેત્રમાં રોજે રોજ નવા નવા સંશોધનો થાય છે. સારવારમાં તબીબી શિક્ષકો/ વિદ્યાર્થીઓને અદ્યતન સારવારનું જ્ઞાન મળી રહે તે હેતુસર દરેક વિષયમાં સી.એમ.ઈ., કોન્ફરન્સ, વર્કશોપ યોજવામાં આવે છે રાજ્ય સરકાર આ પ્રકારના કાર્યક્રમોના આયોજન માટે સહાય ચુકવે છે.

સહાયક અનુદાન સંસ્થાઓ

તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ સાથે સંલગ્ન સંસ્થાઓ પૈકી (૧) ગુજરાત કેન્સર અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ (૨) યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ અને (૩) ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ છે. આ સંસ્થાઓ સરકારશ્રીમાંથી નિયામક તંત્ર મારફતે સહાયક અનુદાન મેળવે છે.

INDEX

રાજ્યની સરકારશ્રી સંચાલીત મેડીકલ કોલેજો સાથે સંલગ્ન હોસ્પિટલો ઉપરાંત શૈક્ષણિક કાર્ય માટે ઉપરોક્ત સહાયક અનુદાન સંસ્થાઓ પણ જોડાયેલી છે. જે વિદ્યાર્થીઓને અનુસ્નાતક શિક્ષણ ઉપરાંત વિશેષ પ્રકારની સારવારની સેવાઓ આપે છે

(૧) ગુજરાત કેન્સર અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ (કેન્સર હોસ્પિટલ, અમદાવાદ)

આ સંસ્થા વિવિધ પ્રકારના કેન્સરના રોગોમાં સારવાર આપે છે. જેમાં રેડીયોથેરાપી જેવી સારવાર પણ ઉપલબ્ધ છે. તદઉપરાંત ખૂબજ મોંઘા પરંતુ વિશ્વસનીય પરિક્ષણો માટે કેટ સ્કેન, એમ.આર. આઈ. જેવી પરિક્ષણ પધ્ધતિઓ પણ ઉપલબ્ધ છે. આ સંસ્થા ગુજરાતમાં એક માત્ર ક્ષેત્રીય સંસ્થા છે કે જે કેન્સરના દર્દીઓને અલગ અલગ પ્રકારની સારવાર આપે છે. જેનો લાભ ગુજરાત ઉપરાંત રાજસ્થાન જેવાં પડોશી રાજ્યના વિસ્તારોમાંથી સારવાર લેવા દર્દીઓ આવે છે.

આ સંસ્થામાં બી.પી.એલ.કાર્ડ ધરાવતા તમામ અને અનુસુચિત જનજાતિના કેન્સરના તમામ દર્દીઓને વિના મુલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે.

આ સંસ્થામાં વાર્ષિક રૂપિયા બે લાખ સુધીની આવક ધરાવતા લો ઈન્કમ ગ્રુપના કેન્સરના દર્દીઓને ૫૦ ટકા રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.

ઉપરાંત આ સંસ્થામાં વાર્ષિક ₹ ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના કેન્સરના દર્દીઓને વિના મુલ્યે તબીબી સારવાર અને ₹ ૫૦,૦૦૦/-થી વધુ આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને ૫૦ ટકા રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.

(૨) યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ

આ સંસ્થા ખાતે હૃદય રોગની આધુનિક અને ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે. આ સંસ્થામાં દર્દીઓ માટે એન્જીયોગ્રાફી, બાયપાસ સર્જરી (એન્જીયોપ્લાસ્ટી) અને બલૂન પ્લાસ્ટી જેવી સારવાર ઉપલબ્ધ છે.

આ સંસ્થામાં બી.પી.એલ.કાર્ડ ધરાવતા તમામ અને અનુસુચિત જનજાતિના હૃદયરોગના તમામ દર્દીઓને વિના મુલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે.

આ સંસ્થામાં વાર્ષિક રૂપિયા બે લાખ સુધીની આવક ધરાવતા લો ઈન્કમ ગ્રુપના હૃદયરોગના દર્દીઓને ૫૦ ટકા રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.

ઉપરાંત આ સંસ્થામાં વાર્ષિક ₹ ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના હૃદયરોગના દર્દીઓને વિના મુલ્યે તબીબી સારવાર અને ₹ ૫૦,૦૦૦/-થી વધુ આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને ૫૦ ટકા રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.

(૩) ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ

ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર કિડનીને લગતા રોગોની સારવાર માટેની અમદાવાદ ખાતેની અદ્યતન હોસ્પિટલ છે. જેમાં ડાયાલીસીસ, કિડની ટ્રાન્સપ્લાન્ટ અને લીવર ટ્રાન્સપ્લાન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

આ સંસ્થામાં બી.પી.એલ.કાર્ડ ધરાવતા તમામ અને અનુસુચિત જનજાતિના કિડનીના તમામ દર્દીઓને વિના મુલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે.

આ સંસ્થામાં વાર્ષિક કીડની બે લાખ સુધીની આવક ધરાવતા લો ઈન્કમ ગ્રુપના કિડનીના દર્દીઓને ૫૦ ટકા રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.

ઉપરાંત આ સંસ્થામાં વાર્ષિક ₹ ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના કિડનીના દર્દીઓને વિના મુલ્યે તબીબી સારવાર અને ₹ ૫૦,૦૦૦/-થી વધુ આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને ૫૦ ટકા રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.

(૪) માનવ અંગ પ્રત્યારોપણ કાનૂન

ગુજરાત રાજ્યમાં માનવ અંગ પ્રત્યારોપણ કાનૂન અમલી બનતાં તબીબી શિક્ષણ અને સંશોધન વિભાગને આ પ્રકારના અંગ પ્રત્યારોપણની કામગીરી જે સંસ્થાઓ હાથ ધરવા માંગતી હોય તેને રજીસ્ટ્રેશન આપવાની કામગીરી ફાળવવામાં આવેલ છે. ગુજરાતમાં (૧) ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ (૨) સ્ટર્લીંગ હોસ્પિટલ, અમદાવાદ (૩) ડો.જીવરાજ મહેતા હોસ્પિટલ સ્મારક હેલ્થ ફાઉન્ડેશન, અમદાવાદ (૪) ઝાયડસ હોસ્પિટલ એન્ડ હેલ્થ કેર રીસર્ચ, આણંદ(૫) સાલ હોસ્પિટલ એન્ડ મેડીકલ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ (૬) સેલ્બી હોસ્પિટલ, અમદાવાદ (૭) મુળજીભાઈ પટેલ યુરોલોજી હોસ્પિટલ, નડિયાદ (૮) એપોલો હોસ્પિટલ ઈન્ટરનેશનલ લીમીટેડ, ગાંધીનગર-ભાટ (૯) ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ, વડોદરા અને (૧૦) સ્ટર્લીંગ હોસ્પિટલ, વડોદરા(૧૧) કેર ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ, સોલા, અમદાવાદ (૧૨) ઝાયડસ હેલ્થ કેર પ્રા લી., અમદાવાદ (૧૩) ટ્રાયસ્ટાર હોસ્પિટલ, સુરત(૧૪) મેટાસ એડવાન્ટીસ્ટ હોસ્પિટલ, સુરત (૧૫) બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટ (૧૬) કિરણ મલ્ટી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ, સુરત (૧૭) નારાયણ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ, અમદાવાદ (૧૮) કે.ડી.હોસ્પિટલ, અમદાવાદ જેવી સંસ્થાઓ આ પ્રકારની કિડની પ્રત્યારોપણ માટેની કામગીરી કરવા

INDEX તરીકે માન્યતા ધરાવે છે.

આ ઉપરાંત ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ, સ્ટર્લીંગ હોસ્પિટલ, અમદાવાદ, એપોલો હોસ્પિટલ ઈન્ટરનેશનલ લીમીટેડ, ગાંધીનગર-ભાટ, ઝાયડસ હોસ્પિટલ એન્ડ હેલ્થ કેર રીસર્ચ પ્રા લીમીટેડ, અમદાવાદ કેર ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ (સિમ્સ), અમદાવાદ, શેલ્બી હોસ્પિટલ, અમદાવાદ અને કિરણ મલ્ટી સુપર સુપેશ્યાલીટી હોસ્પિટલ, સુરત એમ સાત સંસ્થાઓ લિવર પ્રત્યારોપણ માટે માન્ય સંસ્થા તરીકે માન્યતા આપેલ છે.

આ ઉપરાંત કેર ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ (સિમ્સ), અમદાવાદ અને યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી, અમદાવાદને હાર્ટ અને લંગ્સ ટ્રાન્સપ્લાન્ટ માટે માન્યતા આપેલ છે.

આ ઉપરાંત ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને પેનક્રિયાસના ટ્રાન્સપ્લાન્ટ માટે માન્યતા આપેલ છે.

અમદાવાદ ખાતેની છવીસ, રાજકોટ ખાતેની અગીયાર, ભાવનગર ખાતેની ચાર, સુરત ખાતેની અગીયાર, વડોદરા ખાતેની તેર, મહેસાણા ખાતેની એક, વિસનગર ખાતેની એક, નવસારી ખાતેની ત્રણ, વેરાવળ ખાતેની એક, સુરેન્દ્રનગર ખાતેની બે, આણંદ ખાતેની એક, કરમસદ ખાતેની એક, દાહોદ ખાતેની એક, જામનગર ખાતેની એક, લીમડી ખાતેની એક, વલસાડ ખાતેની એક, ગાંધીનગર ખાતેની ત્રણ, જુનાગઢ ખાતેની એક, અંકલેશ્વર ખાતેની એક, હિંમતનગર ખાતેની એક, ભુજ ખાતેની એક, પોરબંદર ખાતેની એક અને ઝગડીયા ખાતે એક એમ કુલ ઈઠ્ઠીયાસી જેટલી સંસ્થાઓ "આઈ બેન્ક રજીસ્ટ્રેશન" અને કોર્નીયલ ટ્રાન્સપ્લાન્ટેશન સેન્ટર તરીકે માન્યતા ધરાવે છે. આ ઉપરાંત અમદાવાદની સંસ્થાને "આઈ બેન્ક કલેકશન સેન્ટર" તરીકે માન્ય સંસ્થા તરીકે માન્યતા આપેલ છે.

અનુસૂચિત જાતિ પેટા યોજના (એસ.સી.એસ.પી.)

વાર્ષિક ₹ ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના હૃદયરોગ, કિડની, કેન્સર અને અન્ય રોગોના દર્દીઓને વિના મુલ્યે તબીબી સારવાર અને ₹ ૫૦,૦૦૦/- થી વધુ આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને ૫૦ ટકા રાહતથી તબીબી સારવાર મળી રહે તે માટે અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની ૯ હોસ્પિટલોને તેમજ ત્રણ ગ્રાન્ટ ઈન સંસ્થાઓને સહાય આપવામાં આવે છે.

તદઉપરાંત અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની છ હોસ્પિટલો દ્વારા શહેરી વિસ્તારમાં અનુસૂચિત જાતિના દર્દીઓને સારવાર મળી રહે તે માટે શિબીરો યોજવામાં આવે છે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજના (ટી.એસ.પી.)

આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની મેડીકલ કોલેજો, ડેન્ટલ કોલેજો, ફીઝીયોથેરાપી કોલેજો અને નર્સિંગ કોલેજોમાં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના પુસ્તકો વિના મુલ્યે પૂરા પાડવામાં આવે છે.

ઉપરાંત અનુસૂચિત જનજાતિના હૃદયરોગ, કિડની, કેન્સર અને અન્ય રોગોના દર્દીઓને વિના મુલ્યે તબીબી સારવાર મળી રહે તે માટે અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની છ હોસ્પિટલોને તેમજ ત્રણ ગ્રાન્ટ ઈન સંસ્થાઓને સહાય આપવામાં આવે છે.

(૧) સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓ

રાજ્યમાં ૨૫ મેડીકલ કોલેજો, ૧૧ ડેન્ટલ કોલેજો અને ૭૦ ફીઝીયોથેરાપી કોલેજો ખાનગી ધોરણે ચલાવતી સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓ તરીકે છે.

(૨) રોગી કલ્યાણ સમિતિઓ

રાજ્યની છ મોટી હોસ્પિટલો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતે અને અમદાવાદ અને જામનગર ખાતેની ડેન્ટલ કોલેજ રોગી કલ્યાણ સમિતિઓ કાર્યરત છે. પેરાપ્લેજીયા હોસ્પિટલ, અમદાવાદ અને એમ.એન્ડ. જે. ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલમોલોજી, અમદાવાદ ખાતે રોગી કલ્યાણ સમિતિઓ કાર્યરત કરેલ છે.

(૩) મેડીકલ એજયુકેશન ડેવલપમેન્ટ સોસાયટી

રાજ્યની છ મેડીકલ કોલેજો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતે મેડીકલ એજયુકેશન ડેવલપમેન્ટ સોસાયટીઓ કાર્યરત છે. આ સંસ્થાઓ વિદ્યાર્થીઓની કલ્યાણકારી અને મેડીકલ કોલેજોના શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિ કરે છે.

(૪) સોસાયટી ફોર ડેન્ટલ હેલ્થ એજયુકેશન એન્ડ રીસર્ચ

રાજ્યમાં સ્વનિર્ભર ડેન્ટલ કોલેજ શરૂ કરવા અમદાવાદ ખાતે આ સોસાયટીની રચના કરવામાં આવેલ છે. આ સોસાયટી હસ્તક સિદ્ધપુર ખાતેની ડેન્ટલ કોલેજ શરૂ કરવામાં આવેલ છે.

(૫) એમ.આર.આઈ/સી.ટી.સ્કેનની સેવાઓ

રાજ્ય સરકારે મેસર્સ વિપ્રો જી.ઈ. હેલ્થ કેર સાથે જનભાગીદારી અંતર્ગત એમ.ઓ.યુ.કરી અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગરની હોસ્પિટલો ખાતે એમ.આર.આઈ તથા સી.ટી.સ્કેનની સેવાઓ કાર્યરત કરેલ છે.જયારે જામનગર ખાતે સી.ટી. સ્કેનની સેવાઓ કાર્યરત કરેલ છે. એમ.ઓ.યુ. અંતર્ગત બી.પી.એલ દર્દીઓને વિના મુલ્યે પરિક્ષણ કરી આપવાની જોગવાઈ છે.

INDEX

(૬) છાંયડો

નવી સીવીલ હોસ્પિટલ, સુરત ખાતે એમ.આર.આઈ.ની સેવાઓ આઉટસોર્સથી પુરી પાડવા "છાંયડો" સંસ્થા સાથે એમ.ઓ.યુ. કરેલ છે. તેમાં પણ બી.પી.એલ. દર્દીઓને વિના મુલ્યે પરિક્ષણ કરી આપવાની જોગવાઇ છે. તેમજ ડાયાલીસીસની સારવાર માટે આઉટસોર્સથી સેવાઓ શરૂ કરેલ છે.

નાણાંકીય વિગતો

તબીબી શિક્ષણ અને સારવાર ઉપરાંત વહીવટ માટે નાણાંકીય આવશ્યકતાઓ રહે છે. જે માટે રાજ્ય સરકારશ્રી તરફથી રેવન્યુ અને કેપીટલ એમ બે સદરે અનુદાન ફાળવવામાં આવે છે.

સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં રેવન્યુ સદરે ₹ ૨૯૦૩૭૫.૫૩ લાખ અને કેપીટલ સદરે ₹ ૬૩૨૨૧.૮૪ લાખની એમ મળી કુલ ₹ ૩૫૩૫૯૭.૩૭ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં મેડીકલ કોલેજોમાં "મેડીકલ કાઉન્સિલ ઓફ ઇન્ડીયા, નવી દિલ્હીનાં" ધોરણો મુજબનાં અને ડેન્ટલ કોલેજોમાં "ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઇન્ડીયા, નવી દિલ્હીનાં" અને નર્સિંગ કોલેજોમાં "નર્સિંગ કાઉન્સિલ ઓફ ઇન્ડીયા, નવી દિલ્હીનાં" ધોરણો મુજબનાં શૈક્ષણિક, મહેકમ, પેરામેડીકલ સ્ટાફની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. અને ખુટતી માળખાકીય સવલતો પુરી પાડેલ છે.

સને ૨૦૨૧-૨૨ની કામગીરીઓ અને મહત્વની સિદ્ધિઓ

- સુરત ખાતેની કિડની હોસ્પિટલને અધતન બનાવવા અંગે માનવબળ ઉપલબ્ધ કરાવવા અંગે ₹ ૫૦૦.૦૦ લાખની તથા સાધન સામગ્રી માટે ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- રાજ્યમાં નવસારી, પોરબંદર, રાજપીપળા, ગોધરા અને મોરબી ખાતેની જીલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરી નવી મેડીકલ કોલેજો સ્થાપવા અંતર્ગત માનવબળ ઉપસ્થિત કરવા ₹ ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હેઠળની મેડીકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલો ખાતેની સેવાઓ સુદ્રઢ કરવા માનવબળ ઉપસ્થિત કરવા ₹ ૩૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- ૭ સરકારી મેડીકલ કોલેજોની સંલગ્ન હોસ્પિટલો ખાતે ક્રીટીકલ કેર સ્પેશ્યાલીટી ની ૬ (૭) જગ્યાઓ મંજૂર કરવા અંગે ₹ ૬૫.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રીસર્ચ સોસાયટી સંચાલિત ૬ (૭) મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે એન.આઇ.સી નાં નોર્મ્સ મુજબ બેઠકો વધતા માનવબળ ઉપસ્થિત કરવા અંગે ₹ ૨૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- ગવર્નમેન્ટ સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ અમદાવાદ ખાતે સ્પીચ લેંગ્વેજ પેથોલોજી એન્ડ ઓડીયોલોજી વિભાગ માટે અને સ્પોર્ટ ઇન્જરી સેન્ટર કાર્યરત કરવા માનવબળ ઉપસ્થિત કરવા ₹ ૨૫.૦૦ લાખ તથા બાંધકામ પેટે ₹ ૨૫.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રીસર્ચ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ધારપુર-પાટણ ખાતે એન.આઇ.સી નાં નોર્મ્સ મુજબ બેઠકો વધતા માનવબળ ઉપસ્થિત કરવા ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રીસર્ચ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ વલસાડ ખાતે એન.આઇ.સી નાં નોર્મ્સ મુજબ બેઠકો વધતા માનવબળ ઉપસ્થિત કરવા ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી ડો. જીવરાજ મહેતા ભવનનાં બ્લોક નં-૪ નાં ભોયતળીયે તેમજ ત્રીજો માળ એમ બે ભાગમાં રીનોવેશન કરવા ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે..
- સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતેના પી.એમ.રૂમને નવો બનાવવા બાબતે ₹ ૨૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- મેડીકલ કોલેજ, સુરત ખાતેના યુ.જી. અને પી.જી. બોયઝ હોસ્ટેલ બનાવવા માટે ₹ ૨૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- ૭ સરકારી મેડીકલ કોલેજો ખાતેના હાલની હયાત લેબોરેટરીઓને અપગ્રેડ કરી BSL III લેવલ લઇ જવા ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે અત્યંત આધુનિક તેમજ નવી ટેકનોલોજી ધરાવતા સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવા ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- કેન્સર ઇન્સ્ટીટ્યુટ , અમદાવાદ, રાજકોટ, સિદ્ધપુર ખાતે સાધન-સામગ્રી માટે ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- મંજુશ્રી મીલ, અમદાવાદ ખાતે કિડની ઇન્સ્ટીટ્યુટ કાર્યરત કરવા માટે સાધન-સામગ્રી માટે ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હેઠળની મેડીકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલો ખાતે સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવા ₹ ૨૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.
- તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હેઠળની મેડીકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલો ખાતે સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવા ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.

INDEX

- રાજ્યમાં ગોધરા અને મોરબી ખાતેની જીલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરી નવી મેડીકલ કોલેજો સ્થાપવા અંગે ₹ ૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.

નિયામકશ્રી, આયુષ

ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યમાં આયુર્વેદ, હોમીયોપેથી તથા યોગ અને નિસર્ગોપચારના ક્ષેત્રમાં તબીબી શિક્ષણ, તબીબી સારવાર, ટેકનીકલ તાલીમ અને પ્રચાર- પ્રસાર તથા કુદરતી ઉપચારની સેવાઓ લોકોને પુરી પાડવામાં આવે છે તથા આ ક્ષેત્રમાં ઉત્તરોત્તર વિકાસ કરવા અંગેની કામગીરીઓ કરવામાં આવે છે.

તબીબી શિક્ષણ :

- **આયુર્વેદ શિક્ષણ**

રાજ્યમાં આયુર્વેદનું શિક્ષણ આપતી ૫ સરકારી આયુર્વેદ કોલેજો તથા ૨ સહાયક અનુદાન મેળવતી અને ૨૪ બિનસરકારી (ખાનગી) મળીને કુલ-૩૧ આયુર્વેદ મહાવિદ્યાલયો આવેલ છે. આ આયુર્વેદ મહાવિદ્યાલયો ખાતે સ્નાતકકક્ષાની કુલ-૨૨૦૨ પ્રવેશ બેઠકો તથા અનુસ્નાતક કક્ષાની - ૧૮૩ પ્રવેશ બેઠકો તેમજ પી.એચ.ડી.ની ૨૦ બેઠકો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર ખાતે મંજુર કરવામાં આવેલ છે. આ તમામ આયુર્વેદ કોલેજો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગરનું જોડાણ ધરાવે છે. આ કોલેજોમાં કુલ-૫-૧/૨ (સાડા પાંચ) વર્ષનો સ્નાતકનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે અને આ અભ્યાસક્રમમાં ઉતિર્ણ થનારને બી.એ.એમ.એસ.ની ડીગ્રી આપવામાં આવે છે તથા અનુસ્નાતક (એમ.ડી.) ૩ વર્ષનો અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે.

- **હોમીયોપેથી શિક્ષણ**

રાજ્યમાં હોમીયોપેથીનું શિક્ષણ આપતી ૧ સરકારી હોમિયોપેથી કોલેજ તથા સહાયક અનુદાન મેળવતી ૩ તથા ખાનગી આર્થિક રીતે સ્વનિર્ભર કોલેજો ૩૨ મળી કુલ-૩૬ હોમીયોપેથી મેડીકલ કોલેજો આવેલી છે. જેમાં સ્નાતક કક્ષાની પ્રવેશ બેઠકોની કુલ સંખ્યા - ૩૬૧૦ અને અનુસ્નાતક કક્ષાની પ્રવેશ બેઠકોની કુલ સંખ્યા - ૮૭ છે. આ કોલેજો અલગ-અલગ યુનિવર્સિટીના જોડાણો ધરાવે છે.

- **યોગ અને નેચરોપેથી શિક્ષણ**

રાજ્યમાં યોગ અને નેચરોપેથીના સ્નાતક સ્તરનાં શિક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા યોગ અને નેચરોપેથી સેલ્ફ ફાઈનાન્સ કોલેજ, વડોદરા ખાતે આવેલી છે. જેમાં સ્નાતક કક્ષાની ૩૦ બેઠકોની પ્રવેશ ક્ષમતા છે.

તબીબી સારવાર :

- **આયુર્વેદિક તબીબી સારવાર**

આ ખાતા હસ્તક રાજ્યમાં ૩૮ સરકારી આયુર્વેદ હોસ્પિટલો અને ૫૭૩ આયુર્વેદ દવાખાના આવેલ છે. જેમાં હોસ્પિટલોમાં પંચકર્મની સુવિધાઓ ઉપલબ્ધ છે તેમજ આ પૈકી અમુક હોસ્પિટલોમાં ક્ષારસુત્ર પધ્ધતિ દ્વારા અર્શ ભગંદરની શલ્યક્રિયા અને કેટલાંક રોગોમાં અગ્નિકર્મ, દંત્તોત્પાટન અને શાલાક્ય વિભાગ, સ્ત્રી પ્રસૃતિ કૌમારભૃત્ય અને ફીઝીયોથેરાપીનાં સ્પેશ્યાલીટી વિભાગમાં વિશેષ સારવાર ઉપલબ્ધ છે. સરકારી અખંડાનંદ આયુર્વેદ હોસ્પિટલ ઉપરાંત રાજ્યના અન્ય ચાર કેન્દ્રોમાં અમદાવાદ, જુનાગઢ, વડોદરા અને ભાવનગર ખાતે થેલેસેમીયા રોગની સારવાર માટે સ્પેશ્યાલીટી કલીનીક શરૂ કરવામાં આવેલ છે. તમામ હોસ્પિટલોમાં ૧૫૬૫ પથારીઓની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

આ હોસ્પિટલો અને દવાખાનાઓમાં આશરે વાર્ષિક ૪૦.૨૪ લાખ દર્દીઓએ આઉટડોર દર્દીઓ તરીકે અને આશરે વાર્ષિક ૨.૧૮ લાખ દર્દીઓ ઈન્ડોર દર્દીઓ તરીકે સારવાર લે છે.

ઉપરાંત રાજ્યમાં ૭ સરકારશ્રીનું અનુદાન મેળવતી આયુર્વેદ હોસ્પિટલો પણ આવેલી છે. જેમાં કુલ ૫૨૦ પથારીઓની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

- **ફરતા આયુર્વેદ દવાખાના**

લોકોને તેમના ઘર આંગણે આયુર્વેદની સારવાર ઉપલબ્ધ થાય તે હેતુથી રાજ્યમાં ૭ ફરતા આયુર્વેદ દવાખાના કાર્યરત છે. જેમાં મોબાઇલવાન મારફતે આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિથી સારવાર આપવામાં આવે છે.

- **હોમીયોપેથિક તબીબી સારવાર**

રાજ્યમાં હોમીયોપેથી તબીબી સારવાર આપતા કુલ-૨૭૨ હોમીયોપેથી દવાખાનાઓ મંજુર થયેલ છે. આ દવાખાનાઓમાં આંતરિયાળ વિસ્તારોમાં પ્રજાના ઘરઆંગણે હોમીયોપેથી સારવાર ઉપલબ્ધ થાય તે માટે આ દવાખાનાઓ કાર્યરત છે.

- **આયુર્વેદિક ફાર્મસી**

રાજ્યમાં સરકારી આયુર્વેદ દવાખાના/હોસ્પિટલોમાં ઉચ્ચ ગુણવત્તાવાળી દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ૨ સરકારી આયુર્વેદ ફાર્મસીઓ રાજપીપળા, જી. નર્મદા અને વડોદરા ખાતે કાર્યરત છે. ઉપરાંત ૨ સહકારી ફાર્મસીઓ (ડાંગ અને જુનાગઢ)

આવેલ છે. જેમાથી શાસ્ત્રોક્ત દવાઓ બનાવવામાં આવે છે. આ દવાઓ સરકારી આયુર્વેદ દવાખાના/હોસ્પિટલોમાં સરકાર દ્વારા મંજુર કરેલ ભાવથી પુરી પાડવામાં આવે છે. તેમજ જુનાગઢ/કોલવડા કોલેજ ફાર્મસી એટેચ ટુંક સમયમાં શરૂ થનાર છે.

• સરકારી આયુર્વેદિક વનૌષધિ ઉદ્યાન

રાજ્યમાં આયુર્વેદ વનૌષધિના શિક્ષણ, પ્રચાર-પ્રસાર અને સંશોધન માટે તથા ગુજરાતમાં ઉત્પન્ન થતી વનસ્પતિઓને કાચા દ્રવ્યો તરીકે એકત્રીત કરવા માટે જુદાજુદા એગ્રોક્લાઈમેટીક ઝોનમાં ૧૦ જેટલા આયુર્વેદિક ઉદ્યાનોની સ્થાપના કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત મેડીસીનલ પ્લાન્ટ બોર્ડ હસ્તક ૭ ઉદ્યાનોની સોંપણી કરવામાં આવેલ છે.

• બોર્ડ, પરિષદ

રાજ્યમાં નિયામકશ્રીની કચેરી હેઠળ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન, અમદાવાદ, કાઉન્સીલ ઓફ હોમીયોપેથી સીસ્ટમ ઓફ મેડીસીન, અમદાવાદ, કાર્યરત છે. જેમાં આયુર્વેદ યુનાની તેમજ હોમીયોપેથી સ્નાતકોના રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. તા.૩૧-૩-૨૦૨૧ સુધીમાં આયુર્વેદના ૨૧૪૬૨ તબીબો તેમજ યુનાનીના ૧૮૪ તબીબો રજીસ્ટર્ડ થયેલ છે તેમજ તા.૩૧-૩-૨૦૨૧ સુધીમાં હોમીયોપેથીના ૨૮૪૭૦ તબીબો રજીસ્ટર્ડ થયેલ છે.

સને ૨૦૨૧-૨૨ ના વર્ષનું આયોજન

સને. ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે નિયામકશ્રી, આયુષના વિકાસ માટે (આયોજન) કાર્યક્રમ હેઠળ કુલ ૨૦૯૨૯.૬૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી ₹ ૨૦૨૮૩.૩૫ લાખ ચાલુ બાબતો માટે તેમજ ₹ ૩૪૬.૨૫ લાખ નવી બાબતો માટેની જોગવાઇ કરવામાં આવેલ છે. નવી બાબતોમાં મુખ્યત્વે રાજ્યની અંદર જરૂરીયાતમંદ લોકોને આયુર્વેદ/ હોમીયોપેથી પધ્ધતિએ સારવાર પુરી પાડવાનું આયોજન છે.

સને ૨૦૨૧-૨૨ ના કાર્યક્રમમાં પી.આઇ.યુ. દ્વારા બાંધકામ સંબંધિત કામગીરી હાથ ધરવાના આયોજન ટોચ અગ્રતા આપી આયોજન હાથ ઘરેલ છે. સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં દર્દીઓને પંચકર્મ તેમજ તેને લગતી અધ્યતન સારવાર મળી રહે તે માટે હોસ્પિટલનું બાંધકામ વિસ્તરણ અંગેની કામગીરીનો સમાવેશ કરેલ છે. તેમજ નીચે દર્શાવ્યા મુજબની નવી બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

ક્રમ	નવી બાબતની અંદાજીત વિગત	મંજુર થયેલ જોગવાઇ (₹ લાખમાં)
૧	નિયામકશ્રી, આયુષની કચેરી ગાંધીનગર ખાતે નવા ૧૦-કોમ્પ્યુટર, ૫-પ્રિન્ટર, ૧-ઝેરોક્ષ મશીન ખરીદવા બાબત.	૪.૮૪
૨	નિયામકશ્રી, આયુષ હસ્તકના સરકારી દવાખાનાઓ અને હોસ્પિટલોમાં જરૂરીયાત મુજબ ૨૫-કોમ્પ્યુટર તેમજ ૧૦-પ્રિન્ટર ખરીદવા બાબત.	૧૦.૦૦
૩	સરકારી આયુર્વેદ હોસ્પિટલ, પાટણ, મણીબેન, રૂક્ષ્મણીબેન ખાતે ખુટતુ મહેકમ મંજુર કરવા બાબત	૧૦.૮૦
૪	ડિસ્ટ્રીક હોસ્પિટલ અને સી.એચ.સી ખાતે મંજૂર થયેલ કુલ -૨૦ દવાખાનાઓમાં પાંચ બેડ ના ડે-કેર પંચકર્મ દવાખાના માટે ૧-પંચકર્મ ટેકનીશયન, ૨-પંચકર્મ મસાજર (એક મહિલા, એક પૂરુષ) અને ૧ સેવકનુ નવુ મહેકમ મંજુર કરવા બાબત	૫૦.૦૦
૫	રાજ્યમાં ત્રણ નવા સરકારી આયુર્વેદ દવાખાના શરૂ કરવા ૩- મેડિક્લ ઓફીસર વર્ગ-૨ અને ૩-પટ્ટાવાળા વર્ગ-૪ (આઉટસોર્સ)નું મહેકમ મંજુર કરવા બાબત	૨૦.૭૯
૬	મેલેરીયા નિર્મૂલન માટે જરૂરી ઔષધનો જથ્થો મલેરીયા નિર્મૂલન માટે જિલ્લાના પ્રભાવિત વિસ્તારોમાં ઔષધકીટ વિતરણ કામગીરી તથા પ્રચાર-પ્રસાર લગત કામગીરી બાબત	૧૦૦.૦૦
૭	કેન્દ્ર સરકારના શ્યામાપ્રસાદ મુર્ખજી રૂર્બન મીશન અંતર્ગત રાજકોટ તા.જસદણ ખાતે નવી ૦૫ બેડની સરકારી આયુ. હોસ્પિટલ માટે મહેકમ મંજુર કરવા બાબત.	૨૨.૩૪
૮	ગુજરાત મેડીશનલ પ્લાન્ટ બોર્ડ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ઉપયોગી ઔષધીય વનસ્પિતિઓ- તુલસી, અશ્વગંધા અને ગળોની ખેતીને પ્રોત્સાહન આપવા માટેની યોજના બાબત.	૫૦.૦૦
૯	ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર ખાતે કન્ટ્રોલર ઓફ એકઝામિનેશન વર્ગ-૧ ની નવી જગ્યા ઉભી કરવા બાબત	૭.૪૮
૧૦	સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વડગામ, જી.બનાસકાંઠા ખાતે સાધન સામગ્રી/ફર્નીચર ખરીદવા બાબત.	૨૦.૦૦
૧૧	સરકારી આયુર્વેદ ફાર્મસી રાજપીપળા ખાતે નવી મશીનરી/ફર્નીચર/સાધન સામગ્રી ખરીદવા બાબત.	૫૦.૦૦
	સરવાળો	**૩૪૬.૨૫**

INDEX

નીચે દર્શાવ્યા મુજબની ચાલુ બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે

- રાજ્યના સરકારી આયુર્વેદ હોસ્પિટલો અને દવાખાનાઓના રીનોવેશન માટે ₹ ૧૪૦.૯૪ લાખ
- નવીની સરકારી આયુર્વેદ હોસ્પિટલ મોડાસા, જી.અરવલ્લીના બાંધકામ માટે ₹ ૩૦૦.૦૦ લાખ
- નવીન સરકારી આયુર્વેદ હોસ્પિટલ, આણંદના નવા મકાનના બાંધકામ માટે ₹ ૨૦૦.૦૦ લાખ
- નવીન સરકારી આયુર્વેદ હોસ્પિટલ, બોટાદના નવા મકાનના બાંધકામ માટે ₹ ૨૦૦.૦૦ લાખ

સને ૨૦૨૨-૨૩ ના વર્ષનું આયોજન

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે નિયામકશ્રી, આયુષના વિકાસ માટે (આયોજન) કાર્યક્રમ હેઠળ કુલ ૨૨૫૫૦.૩૬ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી ₹ ૨૦૬૩૮.૭૧ લાખ ચાલુ બાબતો માટે તેમજ ₹ ૧૯૧૧.૬૫ લાખ નવી બાબતો માટેની જોગવાઇ કરવામાં આવેલ છે. નવી બાબતોમાં મુખ્યત્વે રાજ્યની અંદર જરૂરીયાતમંદ લોકોને આયુર્વેદ/ હોમીયોપેથી પધ્ધતિએ સારવાર પુરી પાડવાનું આયોજન છે.

સને ૨૦૨૨-૨૩ ના કાર્યક્રમમાં પી.આઇ.યુ. દ્વારા બાંધકામ સંબંધિત કામગીરી હાથ ધરવાના આયોજન ટોચ અગ્રતા આપી આયોજન હાથ ધરેલ છે. સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં દર્દીઓને પંચકર્મ તેમજ તેને લગતી અધ્યતન સારવાર મળી રહે તે માટે હોસ્પિટલનું બાંધકામ વિસ્તરણ અંગેની કામગીરીનો સમાવેશ કરેલ છે. તેમજ નીચે દર્શાવ્યા મુજબની નવી બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

ક્રમ	નવી બાબતની અંદાજીત વિગત	સૂચિત જોગવાઇ (₹ લાખમાં)
૧	જીલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી પોરબંદર, અને બોટાદ ખાતે નવુ મહેકમ મંજુર કરવા બાબત	૮.૦૦
૨	આદિજાતિ વિસ્તારમાં મંજુર થયેલ નવા ૧૦ દવાખાનાઓમાં મેડીકલ ઓફીસર વર્ગ-૨ નુ નવુ મહેકમ મંજુર કરવા તથા ૧૦ પટાવાળા (આઉટસોર્સ) થી આયુર્વેદ દવાખાનાઓમાં ભરવા બાબત.	૪૬.૦૦
૩	નિયામકશ્રી, આયુષની કચેરી ખાતે નવી જગ્યાઓ મંજુર કરવા બાબત.	૧૩.૧૩
૪	સરકારી આયુર્વેદ હોસ્પિટલ અસારવા અમદાવાદ, હિંમતનગર વિંઝુવાડા, ખોખરા, ભાવનગર, પાટણ કોલવડા, વડોદરા, જુનાગઢ રાજકોટ, સુરેન્દ્રનગર, કાલીયાવાડી- નવસારી, ગાંધીનગર, વડગામ માટે ખુટતુ મહેકમ મંજુર કરવા બાબત.	૫૦.૦૦
૫	સરકારી આયુર્વેદ ફાર્મસી, રાજપીપળા ખાતે ખુટતુ મહેકમ મંજુર કરવા બાબત.	૭૭.૧૩
૬	સરકારી આયુર્વેદ ફાર્મસી, રાજપીપળા ખાતે મેનેજર વર્ગ-૧ ની જગ્યા મંજુર કરવા બાબત.	૧૫.૦૦
૭	સરકારી આયુર્વેદ કોલેજ, કોલવડા અને જુનાગઢ ખાતે ખુટતુ મહેકમે મંજુર કરવા બાબત	૧૩૯.૦૦
૮	સરકારી આયુર્વેદ કોલેજ, કોલવડા જી.ગાંધીનગર ખાતે અધિક્ષક વર્ગ-૧ ની જગ્યા મંજુર કરવા બાબત.	૧૨.૦૦
૯	(૧) પાંચ સરકારી આયુ. કોલેજ તથા સંલગ્ન હોસ્પિટલને (HMIS) ની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી સાધન સામગ્રી જેવી કે, કોમ્પ્યુટર, સર્વર અને લેઇન સીસ્ટમ વિગેરે (૨) નિયામકશ્રી, આયુષની કચેરીની તાબા હેઠળની સંસ્થાઓની રીયલ ટાઇમની માહિતી ડેટા, ફાર્મસીઓની ઔષધની વિગતોના આયુષ પોર્ટલના અપગ્રેડેશન માટે	૧૦૦.૦૦
૧૦	સરકારી આયુર્વેદ હોસ્પિટલ અસારવા અમદાવાદ, હિંમતનગર વિંઝુવાડા, કોલવડા, વડોદરા, વિભાગીય નિયામક રાજકોટ, કાલીયાવાડી- નવસારી માટે સાધન સામગ્રી અને ફર્નીચર ખરીદવા બાબત.	૧૦૦.૦૦
૧૧	સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ અમદાવાદ, ભાવનગર અને વડોદરા માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર અને ફર્નીચર ખરીદવા બાબત.	૫૦.૦૦
૧૨	સરકારી આયુર્વેદ કોલેજ જુનાગઢ અને કોલવડા-ગાંધીનગર ખાતે અભ્યાસ કર્તા વિદ્યાર્થીઓ માટે ઇ-લાયબ્રેરીની સુવિધા ઉભી કરવા સંસ્થાદિઠ ૫૦ એમ કુલ-૧૦૦ નવા કોમ્પ્યુટર ખરીદવા બાબત.	૪૦.૦૦
૧૩	સરકારી આયુર્વેદ કોલેજ ભાવનગરનુ જુની બિલ્ડીંગ તોડી નવુ બનાવવા બાબત.	૧૦૦.૦૦
૧૪	સરકારી આયુર્વેદ કોલેજ વડોદરા ખાતે પી.જી. વિભાગ માટે નવુ બિલ્ડીંગ બનાવવા બાબત.	૭૯૪.૦૦
૧૫	સરકારી આયુર્વેદ હોસ્પિટલ, બિલીમોરા, જી.નવસારીના નવા બિલ્ડીંગના મકાનના બાંધકામ બાબત.	૫૦.૦૦

INDEX

૧૬	સરકારી આયુર્વેદ ફાર્મસી રાજપીપળા ખાતે કોલ્ડ સ્ટોરેજ અને ડ્રાયરીંગ ચેમ્બર બનાવવા	૬૭.૦૦
૧૭	નિયામકશ્રી આયુષની કચેરી હસ્તકની સરકારી આયુષ હોસ્પિટલ તથા દવાખાનાઓ દ્વારા વિના મૂલ્યે નિદાન સારવાર કેમ્પના આયોજન તથા આયુષના પ્રચાર પ્રસાર અંતર્ગત ૩૩ જિલ્લા મથકે આયુષ મેળા દીઠ ૧ લાખ તથા ૮૪૦ આયુષ ડિસ્પેન્સરી દીઠ ૦.૧૫ હજાર	૧૦૦.૦૦
૧૮	સરકારી આયુર્વેદ હોસ્પિટલ, જુનાગઢ અને મણીબેન હોસ્પિટલ માટે નવુ વાહન ખરીદવા બાબત.	૩૦.૦૦
૧૯	સરકારી હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલ માટે નવી મોબાઈલ વાન ખરીદવા બાબત.	૧૫.૦૦
૨૦	રાજ્યના આદિજાતિ વિસ્તારના ભરૂચ, સુરત, અરવલ્લી અને તાપી જિલ્લામાં નવી ચાર મોબાઈલ વાન (ફરતુ દવાખાનું) મંજુર કરવા બાબત.	૬૦.૦૦
૨૧	રાજ્યના અનુસૂચિત જાતિ વિસ્તારના સાબરકાંઠા, જુનાગઢ, અને આણંદ જિલ્લામાં નવી ત્રણ મોબાઈલ વાન (ફરતુ દવાખાનું) મંજુર કરવા બાબત.	૪૫.૩૯
	કુલ સરવાળો	**૧૯૧૧.૬૫**

નીચે દર્શાવ્યા મુજબની ચાલુ બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે

- રાજ્યના સરકારી આયુર્વેદ હોસ્પિટલો અને દવાખાનાઓના રીનોવેશન માટે ₹ ૨૦૦.૦૦ લાખ
- નવીની સરકારી આયુર્વેદ હોસ્પિટલ મોડાસા, જી.અરવલ્લીના બાંધકામ માટે ₹ ૩૦૦.૦૦ લાખ
- નવીન સરકારી આયુર્વેદ હોસ્પિટલ, આણંદના નવા મકાનના બાંધકામ માટે ₹ ૨૦૦.૦૦ લાખ
- નવીન સરકારી આયુર્વેદ હોસ્પિટલ, બોટાદના નવા મકાનના બાંધકામ માટે ₹ ૨૦૦.૦૦ લાખ
- નવીન સરકારી આયુર્વેદ હોસ્પિટલ, તાપી-વ્યારા નવા મકાનના બાંધકામ માટે ₹ ૨૦૦.૦૦ લાખ
- નવીન સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ગીર સોમનાથ નવા મકાનના બાંધકામ માટે ₹ ૨૦૦.૦૦ લાખ
- સરકારી આયુર્વેદ હોસ્પિટલો/દવાખાનાઓમાં ફાયર સેફટી સુવિધા માટે ₹ ૧૧૦૦.૦૦ લાખ

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

રાજ્યમાં બનતા તથા વેચાતા ઔષધોની ગુણવત્તા ઉપર નિયંત્રણ રાખવાનું તેમજ શુધ્ધ ખોરાક જાહેર જનતાને મળે તે માટે ખોરાકના નમૂનાઓ લઈ તેની તપાસ કરવાનું કાર્ય ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સંભાળવામાં આવે છે. આરોગ્ય જાળવણીનું કાર્ય રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના એક ભાગરૂપે આ તંત્ર સંભાળે છે.

સને ૧૯૪૦ના ઔષધ અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ અને તે અન્વયેના નિયમો તેમજ ૧૯૫૪ના ઔષધ અને જાદુઈ ઈલાજો (વાંધાજનક જાહેરાતો)ના ધારા, ૨૦૧૩ના ભાવ નિયમન આદેશ, ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને સીગારેટ એન્ડ ટોબેકો એક્ટ ૨૦૦૩ના અમલીકરણની જવાબદારી આ તંત્ર દ્વારા સંભાળવામાં આવે છે. ઉપરોક્ત અધિનિયમ તેમજ નીચે મુજબની જવાબદારી આ તંત્ર દ્વારા સંભાળવામાં આવે છે.

- નિયામક, આરોગ્ય સેવાઓ (તબીબી) તેમ જ નિયામક, તબીબી સેવાઓ, રાજ્ય કામદાર વીમા યોજના અને સરકારી દવાખાના તથા ચિકિત્સાલયો માટે ઔષધોની ખરીદી અંગે જરૂરી સલાહ આપવાની કામગીરી.
- નિયામક, તબીબી સેવાઓ રાજ્ય કામદાર વીમા યોજના હોસ્પિટલો તથા દવાખાના અને ડાયરેકટર, ગુજરાત મેડીકલ કોર્પોરેશન, ગાંધીનગરના ઔષધોના નમૂનાઓનું પૃથ્થકરણ કરવાની કામગીરી.
- આયુર્વેદિક સિધ્ધ યુનાની ઔષધ ૧૯૪૦ના ઔષધ અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ હેઠળ સને ૧૯૬૪થી આવરી લેવામાં આવ્યા છે. રાજ્યમાં તેનું અમલીકરણ ૧૯૭૨થી શરૂ કરવામાં આવેલ છે.
- ઔષધ ઉત્પાદન અને વેચાણ એકમોને પરવાના દ્વારા અધિકૃત કરીને નિરીક્ષક દ્વારા સતત તપાસ રાખવી.
- ઉત્પાદન અને વેચાણ એકમોમાંથી મેળવવામાં આવેલ ઔષધોના નમૂનાઓનું પૃથ્થકરણ કરી ઔષધ ફાર્માકોપીયા તેમજ લેબલ ઉપર દર્શાવેલ ધારા મુજબના છે કે કેમ? તેની તપાસ કરી નિયંત્રણ રાખવામાં આવે છે.
- વડોદરા સ્થિત ખોરાક અને ઔષધ પ્રયોગશાળા ખાતે ખોરાક અને ઔષધના નમુનાઓનુ પૃથ્થકરણ કરવામાં આવે છે. જયારે પ્રાદેશિક પ્રયોગશાળા, રાજકોટ અને ભુજ ખાતે ખોરાકના નમુનાઓનુ પૃથ્થકરણ કરવામાં આવે છે.

એકંદરે કામગીરીનું અવલોકન:

- ખોરાક અને ઔષધ નિયમન તંત્રની છેલ્લા ત્રણ વર્ષની એકંદરે કામગીરીનું અવલોકન નીચે મુજબ છે.

ક્રમ	વિગત	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧
૧	ઉત્પાદન એકમો	૪૫૬૫	૪૮૧૫	૪૯૧૭
૨	વેચાણ એકમો	૩૮૯૮૭	૪૦૧૮૧	૪૪૨૯૫
૩	તપાસણી			

	(અ) ઉત્પાદન એકમો	૩૪૫૬	૨૧૮૦	૧૫૮૪
	(બ) વેચાણ એકમો	૨૬૫૯૭	૨૮૭૨૮	૨૪૬૯૬
૪	ઔષધોના કેસની વિગત			
	(અ) કોર્ટમાં દાખલ કરેલ કેસ	૧૧	૧૪	૧૨
	(બ) ચુકાદો આવેલ કેસ	૧૮	૨૭	૬
૫	ઔષધના ચકાસેલ નમૂનાની વિગત	૧૩૮૫૪	૧૩૨૪૧	૧૬૦૭૬
	(અ) અપ્રમાણસર નમૂનાની વિગત	૪૯૧	૨૨૦	૩૧૭
૬	ખોરાકના નમૂનાની વિગત			
	(અ) ખોરાકના લીધેલ નમૂના	૧૪૭૩૫	૧૨૯૫૩	૧૩૨૮૪
	(બ) ખોરાકના ભેળસેળવાળા/મીસબ્રાન્ડેડ	૭૧૫	૯૩૧	૧૦૫૬
	(ક) ખોરાકના અનસેફ માલમ પડેલ નમૂના	૧૦૨	૫૯	૭૧
	(ડ) ભેળસેળવાળા/મીસબ્રાન્ડેડ/અનસેફ નમુના ની ટકાવારી	૫.૫૪%	૭.૬૪%	૮.૪૮%

તંત્ર દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલ મહત્વની કામગીરી :

- ✓ ફુડ સેફટીની કામગીરીને વધુ અસરકારક બનાવવા "ફુડ મોનીટરીંગ સીસ્ટમ" અમલી બનાવવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય દેશમાં આ પ્રકારનું સોફટવેર ડેવલોપ કરવામાં અને તેનો અમલ કરવામાં સૌ પ્રથમ છે. આ સોફટવેરના અમલથી ફુડ સેફટીના નવા કાયદાનુ અમલીકરણ વધુ સઘન બનશે.
- ✓ ખોરાક તથા ઔષધના નમુનાઓનું ઓન સાઈટ ટેસ્ટીંગ માટે મોબાઈલ વાન શરૂ કરવામાં ગુજરાત દેશનું સૌ પ્રથમ રાજ્ય છે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા ફુડ સેફટી ઓન વીલ્સના ટાયટલ હેઠળ "ઓન સાઈટ ખોરાકના નમુનાઓના ટેસ્ટીંગ" માટે ચકાસણીના સાધનો સાથેની ૨ આધુનિક મોબાઈલ વાન ગુજરાત રાજ્યને પુરી પાડવામાં આવેલ છે.
- ✓ FSSAI દ્વારા સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં અમદાવાદ ખાતેની કાંકરીયા ફુડ સ્ટ્રીટને દેશની સૌ પ્રથમ "ક્લીન સ્ટ્રીટ ફુડ હબ" નો એવોર્ડ મળેલ છે.
- ✓ સમગ્ર દેશમાં ૨૪ ફુડ સ્ટ્રીટને "ક્લીન સ્ટ્રીટ ફુડ હબ" એવોર્ડ એનાયત કરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યની ૧૮ સ્ટ્રીટને "ક્લીન સ્ટ્રીટ ફુડ હબ" એવોર્ડ સને ૨૦૧૯ - ૨૦ ના વર્ષમાં એનાયત થયેલ છે.
- ✓ FSSAI દ્વારા વર્ષ ૨૦૧૯માં જાહેર કરેલ "ઈટ રાઈટ કેમ્પસ" પ્રોજેકટ અન્વયે રાજ્યના ૪૧ કેમ્પસને "ઈટ રાઈટ કેમ્પસ" સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ છે જેમાં રાજ્યની ૧૧ જેલોનો સમાવેશ થાય છે.
- ✓ ખોરાકમાં થતી ભેળસેળ અંગેની જાગૃતતા સરળતાથી જાહેર જનતામાં ફેલાય તે માટેની "સ્વજાગૃતીથી આરોગ્યની રક્ષા" અર્થે તંત્ર દ્વારા પ્રાથમિક પરીક્ષણ કીટ સને ૨૦૧૦ - ૧૧ ના વર્ષમાં વિકસાવેલ અને તેનો શૈક્ષણીક સંસ્થા, જાહેર ક્ષેત્રની કાર્યરત સંસ્થાઓને પણ વિતરણ કરવામાં આવેલ. આવી કીટ બનાવવામાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે. આ કામગીરીને ધ્યાને લઈ FSSAI દ્વારા "મેજીક બોક્ષ" વિકસાવવામાં આવેલ જેના દ્વારા ૧૧૦ પ્રકારના ટેસ્ટ ઓન ધ સ્પોટ કરી શકાય છે.
- ✓ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી દ્વારા કરવામાં આવેલ ફુડ સેફટી ઈન્ડેક્ષ સર્વેક્ષણમાં વર્ષ ૨૦૨૦-૨૧ ના ફુડ સેફટી ઈન્ડેક્ષ સર્વેક્ષણમાં તા. ૨૦/૦૯/૨૦૨૧ માં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યને પ્રથમ સ્થાન મળેલ છે, અને રાજ્યને મોડેલ સ્ટેટ તરીકેનો દરજ્જો આપવામાં આવેલ છે.
- ✓ ખાદ્ય પદાર્થમાં થતી ભેળસેળ અંગેની જાગૃતતા સરળતાથી જાહેર જનતામાં ફેલાય તે માટેની "સ્વજાગૃતીથી આરોગ્યની રક્ષા પ્રાથમિક પરીક્ષણ કીટ" નો ઉપયોગ વધુ કાર્યક્ષમ બનાવવા ઓન ધ સ્પોટ ટેસ્ટીંગ કરી શકાય તે માટે મોબાઈલ વાન અને એક્ઝિબિશન વાન રાજ્યમાં હાલમાં કાર્યરત છે.
- ✓ "XLN-Xtended Lic. & Lab. Node" દવાના વેચાણના પરવાના માટેના વેબબેઝ સોફટવેરને "નેશનલ ઈ-ગવર્નન્સ ગોલ્ડ" એવોર્ડ મળેલ છે. તથા આ પ્રોજેકટને દેશના ૧૯ રાજ્યોએ અપનાવેલ છે.
- ✓ ડ્રગ કન્સલટેટીવ કમીટીની નવી દિલ્હી ખાતે યોજાયેલ બેઠકમાં કેન્દ્ર સરકારના સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દેશના જે કોઈ રાજ્યોએ ઔષધ ઉત્પાદન અંગેની ઓનલાઈન સીસ્ટમ ડેવલોપ ન કરેલ હોય તેવા તમામ રાજ્યોને ગુજરાત રાજ્યની એન.આઈ.સી. ના સહયોગથી તૈયાર કરવામાં આવેલ દવાના ઉત્પાદન એકમોના પરવાનાની ઓનલાઈન થતી કામગીરી "Dmla.gujarat.gov.in" વેબબેઝ સોફટવેર મુજબ અપનાવવા સુચન કરેલ છે.
- ✓ ઔષધમાં થતી ભેળસેળ તથા બનાવટી દવાઓનું ઓન ધ સ્પોટ ટેસ્ટીંગ કરી શકાય તે માટે ઔષધ મોબાઈલ વાન સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે. અને "રેપીડ સ્ક્રીનિંગ ઓફ ફાર્મા પ્રોડક્ટ" અંગે સોફેસ્ટીકેટેડ પોર્ટેબલ મશીનો દ્વારા ૩૦ સેકન્ડ થી ૨ મિનિટમાં દવા અસલી છે કે નકલી તેની જાણકારી મેળવી શકાય છે.

INDEX

- ✓ રેપીડ માઇક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગ માટે આધુનીક સાધનો દ્વારા ૧૪ દિવસના બદલે ફક્ત ૩ કલાકમાં જ પૃથ્થકરણ અહેવાલ મેળવી શકાય છે આ પ્રકારની કામગીરીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.
- ✓ છેલ્લા ૧૦ વર્ષમાં બજારમાં ઉપલબ્ધ દવાઓની ગુણવત્તાઓમાં ઉત્તરોત્તર સુધારો થવા પામેલ છે સને ૨૦૧૦ - ૧૧ ના વર્ષમાં રાજ્યમાં અપ્રમાણસર દવાઓની ટકાવારી ૬.૨૯% હતી જે સને ૨૦૨૦ - ૨૧ ના વર્ષમાં ઘટીને ૧.૯૭ % થયેલ છે.
- ✓ આયુર્વેદીક ઔષધ ઉત્પાદકો માટેનુ એન.આઇ.સી. ના સહયોગથી તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેર આયુ.ડી.એમ.એલ.એ. દ્વારા ૪૧૫ પેઢીઓની કુલ ૨૪, ૬૯૦ બનાવટોની બેકલોગ ડેટા એન્ટ્રીની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે ડેટા એન્ટ્રી વેરીફાઇ કરી આ સોફ્ટવેર તા. ૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં સંપૂર્ણ ઓનલાઇન શરૂ કરવામાં આવનાર છે.
- ✓ સૌંદર્ય પ્રસાધનનોના ઉત્પાદકો માટેનુ એન.આઇ.સી. ના સહયોગથી તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેર કોસ.એમ.એલ.એ. તૈયાર કરવામાં આવી રહેલ છે જે તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં સંપૂણ ઓનલાઈન શરૂ કરવાનુ આયોજન છે.
- ✓ કોવિડ - ૧૯ ની બિમારી માં વપરાતી અત્યંત જરૂરી દવા રેમડેસીવીર ઈન્જેક્શનનો બાંગલાદેશથી ગેરકાયદેસર રીતે આયાત થયેલ અંદાજિત ₹ ૧૦.૮૦ લાખનો જથ્થો ઔષધ વિક્રેતાઓ પાસેથી પકડી પાડવામાં આવેલ છે. તથા બનાવટી તેમજ વગર પરવાને વેચાતા હેન્ડ સેનીટાઈઝરનો ૩ અલગ અલગ જગ્યાએ દરોડા પાડી અંદાજે ₹ ૫૬.૦૦ લાખનો જથ્થો પકડી પાડવામાં આવેલ છે.

કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત રાજ્ય.

કામદાર રાજ્ય વીમા યોજના, સંસદીય ઈ.એસ.આઇ એકટ-૧૯૪૮ અન્વયે કામદાર રાજ્ય વીમા નિગમ, દ્વારા આવરી લેવાયેલ ભૌગોલિક વિસ્તારમાં નોંધાયેલ વીમા કામદારો અને તેમના કુટુંબીજનોને, આ એકટ અન્વયે તે મુજબની તબીબી સારવાર પૂરી પાડી રહી છે. જેમાં પ્રાથમિક કક્ષાની, દ્વિતીય કક્ષાની અને સુપર સ્પેશ્યાલીટીની સારવારનો સમાવેશ થાય છે. યોજના ખાતે એલોપેથિક ઉપરાંત આયુર્વેદિક ચિકિત્સા પધ્ધતિ અંતર્ગત પણ સારવાર ઉપલબ્ધ છે. યોજના હેઠળ કુલ-૪૩ કેન્દ્રો ખાતે હાલમાં કુલ ૧૭૪૮૪,૮૪૦ વીમા કામદારોને યોજનાની ૭ હોસ્પિટલો અને ૧૦૩ દવાખાનાઓ તેમજ કા.રા.વિ.નિગમ સંચાલિત ચાર (૪) હોસ્પિટલો થકી સારવાર આપવામાં આવે છે. યોજના અંતર્ગત પ્રત્યેક હોસ્પિટલ ખાતે આયુર્વેદિક ચિકિત્સા પધ્ધતિ અંતર્ગત 'આયુષ" યુનિટ કાર્યરત છે. જયાં દર્દીઓને યોગની સારવાર પૂરી પાડવામાં આવે છે. કેટલીક હોસ્પિટલ ખાતે પ્રાથમિક કક્ષાની પંચકર્મની સારવાર પણ ઉપલબ્ધ છે. કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત અંતર્ગત નોંધાતા વીમા કામદારોની સંખ્યા ઉત્તરોત્તર વધી રહેલ છે અને વીમા કામદારની સૌથી વધુ સંખ્યા ચાલુ વર્ષે નોંધાયેલ છે. લાભાર્થીઓને યોજના હેઠળ મળવાપાત્ર રોકડ લાભો જેવા કે માંદગીના લાભો, અપંગતાના લાભો, પ્રસૂતિના લાભો પણ કા.રા.વી.નિગમ તરફથી આપવામાં આવે છે. આમ કા.રા.વી.યોજના એક સામાજીક સુરક્ષા યોજના છે.

સને ૨૦૨૧-૨૨ માં થયેલ પ્રગતિ :

કામદાર રાજ્ય વીમા નિગમ, નવી દિલ્હી દ્વારા તબીબી સારવાર અધતન બનાવવા યોજનાની હોસ્પિટલો/દવાખાનાઓ માટે તબીબી સાધનો ખરીદવા/અન્ય સુવિધાઓ ઉભી કરવા માટે પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન પ્લાનની પધ્ધતિ અમલમાં મુકાયેલ છે, હોસ્પિટલોને અદ્યતન તબીબી સાધનો મળી રહે તે માટે કામદાર રાજ્ય વીમા નિગમ નવી દિલ્હીને અંદાજે ૩૨ કરોડ રૂપિયાના નાણાં યોજના માટે ફાળવી, કામદાર રાજ્ય વીમા નિગમની ગુજરાત ખાતેની પ્રાદેશિક નિયામકશ્રીની કચેરીને હવાલે મૂકવા વિનંતિ કરાયેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ નવી બાબતો અંગેની દરખાસ્તો બાબતે, કામદાર રાજ્ય વીમા યોજનાના એકમો માટે ₹ ૧.૫૦ કરોડના ફર્નિચર ખરીદવાની સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે ફર્નિચર ખરીદવાની કામગીરી ગતિમાં છે. તે ઉપરાંત ચાલુ વર્ષે કામદાર રાજ્ય વીમા યોજના ગુજરાત હેઠળ વીમા તબીબી અધિકારી વર્ગ–૨ ની મંજૂર થયેલ તમામ (૪) નવી જગ્યાઓ અને વર્ગ–૩ ની ૧૩ નવી જગ્યાઓ પૈકી ૧૨ જગ્યાઓ ભરાયેલ છે.

રાજ્ય ખાતે અમલીકૃત કેન્દ્રો ખાતે યોજનાનું વિસ્તરણ થાય તેમજ બિનઅમલીકૃત કેન્દ્રો ખાતે પણ યોજના અમલીકૃત કરી રાજ્યના વધુ અને વધુ પ્રજાજનોને યોજના અંતર્ગત આવરી લઇ તબીબી સારવારના લાભો પૂરા પાડવા યોજના કાર્યરત છે. તે વિગતોએ યોજના અંતર્ગત નવા આઠ દવાખાના શરૂ કરવાની બાબત વિચારાયેલ અને તે અંગે સરકારની મંજૂરી પણ મળવામાં છે. આગળની નિયમોનુસારની કાર્યવાહિ ગતિમાં છે.

પ્રવૃત્તિઓ :

(૧) વીમા યોજનાની હોસ્પિટલો અને નિયત દવાખાનાઓ દ્વારા વીમા લાભાર્થીઓને જરૂરિયાતની સુપર સ્પેશ્યાલીટી સારવાર માટે 'કેશ-લેસ' પધ્ધતિથી ટાઈ-અપ આરોગ્ય સંસ્થાઓ ખાતે રીફર કરવામાં આવે છે. અને તે મુજબની સુપર સ્પેશ્યાલીટી સારવાર લાભાર્થીઓને પૂરી પાડવામાં આવે છે. આ હોસ્પિટલો ખાતે યોજનાના લાભાર્થી પાછળ થતો સુપર સ્પેશ્યાલીટી સારવાર સબબનો તમામ ખર્ચ કા.રા.વી.નિગમ દ્વારા ભોગવવામાં આવે છે.

(૨) વીમા યોજનાના લાભાર્થીઓને ખર્ચાળ સારવાર વિના વિલંબે સરળતાથી મળી રહે તે માટે જે તે ખર્ચાળ સારવારના ખર્ચ

અન્વયે નાણાની આગોતરી ચૂકવણી/વળતરની જોગવાઇ રાજ્ય કક્ષાના રીવોલ્વીંગ ફંડમાંથી કરવામાં આવેલ છે.

(૩) યોજનાના ખર્ચ બાબત- યોજનાના સંચાલન પાછળ થતાં ખર્ચની (₹ ૩૦૦૦/- પ્રતિ વીમા કામદાર પ્રતિ વર્ષ) સીલીંગ મર્યાદા મુજબ યોજના હેઠળ નોંધાયેલ મહત્તમ વીમા કામદારોની સંખ્યાને અનુરૂપ રાજ્ય સરકારને ચાલુ વર્ષ પેટે મહત્તમ ફાળો/નાણાં કામદાર રાજ્ય વીમા નિગમ તરફથી મળવા પાત્ર થશે.

(૪) યોજનાની હોસ્પિટલોમાં આરોગ્ય અને તંદુરસ્તી વિષે જનજાગૃતિ લાવવાના હેતુથી વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમોનું/ નિદાન કેમ્પો વિગેરેનુ સમયાંતરે આયોજન કરવામાં આવે છે. યોજનાની હોસ્પિટલો/દવાખાનાઓમાં વિવિધ આયુર્વેદ નિદાન કેમ્પ, યોગ શિબિર, રોગ નિદાન કેમ્પ, ડાયાબિટીસ તપાસ કેમ્પ, રક્તદાન કેમ્પ વગેરેમાં વીમા લાભાર્થીઓ સાથે સાથે રાજ્યના સામાન્ય નાગરિકો પણ લાભ મેળવેલ છે. ચાલુ વર્ષે યોજના દ્વારા વીમા લાભાર્થીઓ તેઓના કામકાજના સ્થળે આશરે ૨૨૦. અને યોજનાના દવાખાના/હોસ્પિટલ ખાતે આશરે ૧૦૦ વિવિધ આરોગ્યલક્ષી અને નિદાન કેમ્પનું આયોજન કરાયેલ. વર્ષ દરમ્યાન સી.એમ.ઈ/રીફ્રેશર તાલીમ કાર્યક્રમ હેઠળ લાભાર્થી/તબીબો ઉપરાંત પેરામેડીકલ સ્ટાફ સહિતનાને વિવિધ વિષયો ઉપર તાલીમ આપવામાં આવી. યોજનાની હોસ્પિટલોમાં પણ વિવિધ તબીબી વિષયો ઉપર સેમીનાર, લેકચર અને સી.એમ.ઈ.ના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

(૫) કામદાર રાજ્ય વીમા યોજના હેઠળના દવાખાના/હોસ્પિટલો ખાતે આયુર્વેદિક બગીચા બનાવવા વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

૨૦૨૨-૨૩ નું આયોજન

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ નવી બાબતો અંગેની દરખાસ્તો બાબતે,

કામદાર રાજ્ય વીમા યોજનાના અમલીકરણ બાબતે યોજનાના વિસ્તરણના ભાગ રૂપે નવા ૧૯+૬ એમ કુલ ૨૫ નવા દવાખાના શરૂ કરવા વિચારાયેલ છે. યોજનાની સેવાઓ સુદૃઢ કરવા અને વિક્ષેપરહિત સારવારની પ્રક્રિયા મજબુત બનાવવા માટે લેબો-ટેકનીશીયનની અને એક્ષ-રે ટેકનીશીયની ૫+૧૨ કુલ ૧૭ નવી જગ્યાઓ ઉભી કરવા માટે વિચારણા કરાયેલ છે.

યોજનાના લાભાર્થીઓને દ્વિતીય અને તૃતીય કક્ષાના તબીબી સારવારના લાભ માટેના નાણાંની ચૂકવણી થઇ શકે તે માટે રાજ્યકક્ષાએ રીવોલ્વીંગ ફંડ રકમની ચાલુ બાબતો તરીકેની ₹ ૭૫/- લાખની જોગવાઇ કરાયેલ છે.

સદર વર્ષ દરમ્યાન પણ કામદાર રાજ્ય વીમા નિગમ, નવી દિલ્હી દ્વારા તેઓની નીતિ અન્વયે તબીબી સારવાર અધતન બનાવવા યોજનાની હોસ્પિટલો/દવાખાનાઓ/કચેરીઓ માટે તબીબી સાધનો ખરીદવા/અન્ય સુવિધાઓ ઉભી કરવા પી.આઇ.પી/હોસ્પિટલ ડેવલપમેન્ટ કમીટીની કાર્યપધ્ધતિ મુજબ તે કાર્યવાહી કરવામાં આવશે. જે થકી લાભાર્થીઓને અધતન તબીબી સારવાર ઉપલબ્ધ થઇ શકશે.

લાભાર્થીઓ તથા તેમના કુટુંબીજનો માટે વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમો તેમજ સ્વચ્છતા અભિયાન અન્વયે જનજાગૃતિ અભિયાન/વિવિધ રોગ નિદાન કેમ્પ જેવા કાર્યક્રમોનું આયોજન યોજનાની હોસ્પિટલો અને દવાખાનાઓમાં આયોજન કરવામાં આવશે. મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફ માટે વિવિધ વિષયોના સી.એમ.ઈ અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામા આવશે. આમ, આ ખાતા દ્વારા લાભાર્થીઓને અસરકારક તબીબી સારવાર આપવા તંત્ર પ્રયત્નશીલ છે.

ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી.
(ગુજરાત સરકારનું સાહસ), ગાંધીનગર

વિભાગ-૧ પ્રસ્તાવના

વિવિધ તજજ્ઞ ડોક્ટરોની બનેલી ફોર્મ્યુલરી કમીટી દ્વારા નક્કી કરાયેલ આવશ્યક દવાઓની યાદી (EDL) મુજબની દવાઓ ગુજરાત સરકાર દ્વારા તમામ આરોગ્ય સંસ્થાઓ/ હોસ્પિટલોમાં વીના મુલ્યે પુરી પાડવામાં આવે છે.

રાજ્યમાં સરકારી હોસ્પિટલો, મેડીકલ કોલેજો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા પંચાયત હસ્તકના દવાખાનાઓ તથા જી.એમ.ઈ.આર.એસ.હસ્તકની મેડીકલ કોલેજો/ હોસ્પિટલો ખાતે યોગ્ય ગુણવતાવાળી જીવન રક્ષક દવાઓ અને અદ્યતન તબીબી સાધન સામગ્રીઓ જરૂરીયાત મુજબ સમયસર મળી રહે તે માટે આ કોર્પોરેશન દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

દવાઓ તથા તબીબી સાધન-સામગ્રીઓ માટે કોર્પોરેશન દ્વારા હોસ્પિટલો/દવાખાનાઓની દવાઓ/ સાધનોની જરૂરીયાત અંગે માંગણી પત્રકો મંગાવવામાં આવે છે, અને તેના આધારે માહિતી એકત્ર કરવામાં આવે છે. માહિતી એકત્રીત થયા બાદ દૈનિકપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરી ઈ-ટેન્ડરીંગ/ જેમ પોર્ટલ દ્વારા ભાવ પત્રકો મંગાવી સ્થાપિત કરેલ નીતિ અનુસાર યોગ્ય ગુણવતાવાળી દવાઓ અને અદ્યતન તબીબી સાધન સામગ્રીની ખરીદી માટે ભાવકરાર તેમજ જથ્થાબંધ ખરીદીના હુકમો કરી, ખરીદી કરવામાં આવે છે, અને જે તે સંબંધિત દવાખાના, હોસ્પિટલો ખાતે સમયસર તેઓની જરૂરીયાતને ધ્યાનમાં લઇ વિતરણ કરવામાં આવે છે. દવાઓ, તબીબી સાધનોની ખરીદી ઉપરાંત વર્ષ- ૨૦૧૬-૧૭ થી લીનન આઇટમો તેમજ આઇ.ઇ.સી. મટીરીયલ્સની ખરીદીની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવેલ છે. સદર ખરીદી અંગેની નાણાંકીય જોગવાઇ સંબંધિત અધિક નિયામકશ્રીઓ તથા જી.એમ.ઈ.આર.એસ દ્વારા જ કરવામાં આવે છે.

INDEX

વિભાગ-૨ મહત્વના કાર્યક્રમો પરત્વેની કામગીરીની રૂપરેખા

કોર્પોરેશનની કામગીરીમાં વધારો થવાની સાથે સાથે આ કોર્પોરેશન કાર્યદક્ષ રીતે તેની કામગીરી પુર્ણ કરી રહેલ છે. તેમજ અછત/ અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતો વખતે ફાટી નીકળેલ રોગચાળાને તાકીદે પહોંચી વળવા કોર્પોરેશન હસ્તકના ડેપોમાંથી જરૂરિયાત મુજબની દવાઓનું બફર સ્ટોકમાંથી તાકીદે વિતરણ કરવામાં આવે છે.

આ કોર્પોરેશન વાવાઝોડું, ભુકંપ કે આકસ્મિક દુર્ઘટના સમયે દવાઓ યુદ્ધના ધોરણે ફાળવવાની કામગીરી કરે છે. આમ, ઉપલબ્ધ ફંડની મર્યાદામાં કોર્પોરેશન કાર્યદક્ષ અને કરકસરયુક્ત વહીવટથી રાજ્યભરની હોસ્પિટલો, દવાખાનઓને તેમની દવાઓ/સાધનોની જરૂરિયાતને પહોંચી વળે છે.

કોર્પોરેશન દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ, એઇડ્સ કંટ્રોલ સોસાયટી, એન.આર.એચ.એમ. પ્રોગ્રામ અને મેલેરીયા નાબુદી અભિયાન જેવા ખાસ કાર્યક્રમો અંતર્ગત ખરીદવાની થતી દવાઓ ઇન્ડેન્ટ મુજબ ખરીદી કરી વિતરણ કરવામાં આવે છે.

વિભાગ-૩ દવાઓની ગુણવતા નિયમન અંગે કાર્યવાહી

કોર્પોરેશન દ્વારા દવાઓની ખરીદી કરીને કોર્પોરેશન હસ્તકના ડેપો ખાતેથી વિતરણ કરવામાં આવે છે, આ આવેલ દવાઓની ૧૦૦% બેચોનું ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એક્ટ મુજબ ટેસ્ટીંગ કરવામાં આવે છે. ભૌતિક ચકાસણી બાદ સ્વીકારાયેલ દવાઓ પૈકી કોર્પોરેશનના મેનેજર (ક્વોલીટી કંટ્રોલ, ડ્રગ્સ) દ્વારા, ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક (D&C ACT)ની જોગવાઇ મુજબ પણ સેમ્પલો લેવામાં આવે છે અને તે રાજ્ય સરકારની વડોદરા ખાતેની બરોડા ડ્રગ્સ લેબોરેટરી ખાતે ચકાસણી માટે મોકલી આપવામાં આવે છે. તે જ રીતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકૃત ઇન્સ્પેક્ટરો દ્વારા જીએમએસસીએલના રીઝીયોનલ ડેપો ખાતે સેમ્પલો એકત્ર કરવામાં આવે છે અને તેની ચકાસણી કરવામાં આવે છે. ઉક્ત લીધેલ સેમ્પલોનું ચકાસણી દરમ્યાન જે બેચના સેમ્પલો નિયત થયેલા ધોરણ મુજબ ન જણાતા હોય, તે બેચની દવાનો જથ્થો પેઢી પાસે બદલાવવામાં આવે છે અને જો પેઢીમાં નિષ્ફળ જાય તો તેઓની પાસેથી વસુલાત કરવામાં આવે છે. કોઇ પણ પેઢીનું વર્ષ દરમ્યાન કન્ટેન્ટ, સ્ટરીલીટી તથા બેક્ટેરીયલ એન્ડોટોક્ષીનમાં એક કે વધુ સેમ્પલ અથવા અન્ય કારણોસર એક જ દવાના ચાર કે વધુ સેમ્પલો નાપાસ થાય તેવી પેઢીઓને જે તે આઇટમ પુરતું ડીબાર કરવામાં આવે છે. તેમજ જે પેઢીની દવા શુન્ય કન્ટેન્ટના કારણોસર નાપાસ થાય તો તે પેઢીને જે તે વિભાગ માટે ડીબાર કરવામાં આવે છે.

આ કોર્પોરેશન દ્વારા જે કિસ્સામાં દવાઓ નિયત ધોરણો મુજબ ન જણાતાં વર્ષ- ૨૦૧૮-૧૯ માં ૩૩ વર્ષ ૨૦૧૯-૨૦ માં ૯ અને વર્ષ ૨૦૨૦-૨૧ માં ૪ તથા વર્ષ ૨૦૨૧-૨૨ ૪ કંપનીઓ/પેઢીઓને ડીબાર કરવામાં આવેલ છે.

D & C Act ટેસ્ટીંગ માટે લેવાયેલ સેમ્પલ

ક્રમ	વર્ષ (સમયગાળો)	લેવાયેલ સેમ્પલ	નાપાસ	રીકવરી (₹ લાખમાં)	રીપ્લેસમેન્ટ (₹ લાખમાં)
૧	૨૦૧૮-૧૯	૧૦૪૧૬	૨૧૯	૩૦૫.૨૧	૪૩.૬૯
૨	૨૦૧૯-૨૦	૧૨૩૬૯	૧૩૪	૨૭૫.૬૩	૯.૮૯
૩	૨૦૨૦-૨૧	૧૦૨૫૪	૧૮૧	૪૦૨.૮	૩૮.૪૭
૪	૨૦૨૧-૨૨ (તા.૦૧-૧૨-૨૦૨૧ સુધી)	૬૩૨૧	૩૦	૧૦.૭૩	૨૪.૮૬

વિભાગ-૪ તબીબી સાધનોની ખરીદી અંગેની માહિતી

ક્રમ	વર્ષ (સમયગાળો)	મળેલ ઇન્ડેન્ટ	ખરીદી ઓર્ડર	તબીબી સાધનોની કિંમત (₹ કરોડમાં)	સર્જીકલ આઇટમની ખરીદી (₹ કરોડમાં)	ભાવ કરાર
૧	૨૦૧૮-૧૯	૩૩૯	૮૯	૧૬૭.૦૭	૧૨.૦૯	૧૫
૨	૨૦૧૯-૨૦	૧૬૫	૧૧૬	૧૧૪.૮૦	૧૯.૪૬	૧૮
૩	૨૦૨૦-૨૧	-	૧૦-એ.ટી.	૫.૮૪	૪.૦૩	૦
૪	૨૦૨૧-૨૨ (તા.૦૧-૧૨-૨૦૨૧ સુધી)	-	૦૪-એ.ટી.	૭.૬૧	૮.૩૩	૨

વિભાગ-૫ દવાઓની ખરીદી અંગેની માહિતી.

ક્રમ	વિગત	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧	૨૦૨૧-૨૨ તા.૦૧/૧૨/૨૧
૧	કરવામાં આવેલ ભાવ કરારની સંખ્યા	૪૯૦	૫૬૩	૫૮	૯૦૦
૨	કરવામાં આવેલ ભાવ કરારમાં સમાવિષ્ટ આઇટમોની સંખ્યા	૬૫૭	૪૫૫	૧૯	૪૦૮
૩	કરવામાં આવેલ એ.ટી.ની સંખ્યા (જથ્થા ખરીદી)	-	-	-	-
૪	દવાઓ અને સર્જીકલ આઇટમ ખરીદી આદેશ	₹ ૩૭૯.૪૦ કરોડ	₹ ૪૩૮.૪૭ કરોડ	₹ ૩૭૭.૪૫ કરોડ	₹ ૨૬૦.૩૩ કરોડ

વિભાગ-૬ ડાયગ્નોસ્ટીક કીટની ખરીદી અંગેની માહિતી

ક્રમ	વિગત	૨૦૧૮-૧૯	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧	૨૦૨૧-૨૨ (તા.૦૧/૧૨/૨૧)
૧	કરવામાં આવેલ ભાવકરારની સંખ્યા (ઓપન સીસ્ટમ)	૨૨	૦૧	-	૧૭
૨	કરવામાં આવેલ ભાવકરારની સંખ્યા (ક્લોઝ સીસ્ટમ)	-	-	-	૦૭
૩	કરવામાં આવેલ એ.ટી.ની કિંમત (જથ્થા ખરીદી) (ઓપન સીસ્ટમ)	૦.૧૨ (કરોડ)	૦.૮૬ (કરોડ)	૨૭૮.૫૭ (કરોડ)	૫૩.૫૩ (કરોડ)
૪	કરવામાં આવેલ એ.ટી.ની કિંમત (જથ્થા ખરીદી) (ક્લોઝ સીસ્ટમ)	૧.૯૮ (કરોડ)	૦.૭૫ (કરોડ)	---	---

વિભાગ-૭ કોવિડ-૧૯ અંતર્ગત મહત્વની કામગીરી

૧	₹ ૪૨૯.૦૯ કરોડની દવાઓની ખરીદી કરી તેનું વિતરણ કરવામા આવેલ છે.
૨	કોવિડ-૧૯ ના ટેન્ડરીંગ માટે જરૂરી આર.ટી.પી.સી.આર. કીટ, RNA Kit, Rapid Antigen Kit અને VTM નો અવિરત જથ્થો જળવાઇ રહે તે માટે (વર્ષ-૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૨) ₹ ૩૩૦.૦૯ કરોડની ખરીદીની કાર્યવાહી કરેલ છે.
૩	ભારત સરકારશ્રીનાં Gem પોર્ટલ Buyer and seller incentivisation scheme અંતર્ગત જાહેર કરાયેલ અર્ધ વાર્ષિક રેકીંગમાં ભારતમાં Order Volume તથા વિવિધ આઇટમોની સંખ્યામાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.
૪	કોવીડ ૧૯ અંતર્ગત ૫૪ પ્રકારની દવાઓ, ૯૦ પ્રકારનાં તબીબી સાધનો મળી કુલ ₹ ૧,૦૪૫.૯૩ કરોડનાં ખર્ચે ખરીદી કરી વિતરણ કર્યુ.
૫	કોવીડ ૧૯ અંતર્ગત ૧૩૧ નંગ કિંમત ₹ ૧૨.૫૪ કરોડનાં આર.ટી.પી.સી.આર. મશીનોની ખરીદી કરી રાજ્યમાં ૧૧૧ થી વધારે આર.ટી.પી.સી.આર. લેબ કાર્યરત કરવામાં આવી રહી છે.
૬	₹ ૨૬.૩૮ કરોડની કિંમતની ૧૫૦ એમ્બ્યુલન્સ વાનની ખરીદી કરવામાં આવેલ છે.
૭	ત્રીજી વેવની તૈયારીનાં ભાગરૂપે ભારત સરકારશ્રીનાં રક્ષા મંત્રાલયના સાહસ ભારત ઇલેક્ટ્રીક્સ લીમીટેડ (BEL) પાસેથી ₹ ૧૦૪.૦૦ કરોડની કિંમતનાં ૨૦૦૦ નંગ વેન્ટીલેટરની ખરીદી કરવામાં આવેલ છે.

વિભાગ-૮ અન્ય મહત્વની કામગીરી

૧	તમામ દવા અને સાધનોની ટેન્ડર પ્રક્રિયા માટે (n) Code Software/Gem Portal નો ઉપયોગ કરી ઇ-ટેન્ડરીંગથી કરવામાં આવે છે.
૨	ઇ-ઔષધી : ઇ- ઔષધી (DVDMS) એ ખરીદવામાં આવતી દવાઓ, સાધનો, સુચર્સ અને સર્જીકલ આઇટમો વગેરેની ખરીદી, સંગ્રહ, ગુણવતા ચકાસણી અને વિતરણ બાબતો અંગેનું Supply Chain Management System Application છે. જે દવાઓની ખરીદીથી લઇ વપરાશ કર્તા દર્દી સુધીની વિતરણને લગતી તમામ વિસ્તૃત માહિતી આ Application દ્વારા સરળતાથી ઉપલબ્ધ થઇ શકશે.
૩	૧૦૦ દિવસની કામગીરી આયોજન : ➢ ઇ.એમ.એમ.એસ. સોફ્ટવેરમાં તબીબી સાધનોની ઇન્વેન્ટરી અને કમ્પ્લેઇન મેનેજમેન્ટ મોડ્યુલ કાર્યન્વિત થઇ ગયેલ છે, તથા ઓનલાઇન ઇન્ડેન્ટીંગનાં સુધારા વધારા અંતિમ તબક્કામાં છે, જે દિવસ - ૫ માં પુર્ણ થઇ જશે. ➢ કોર્પોરેશન દ્વારા દવાઓનાં ૧૦૦ ભાવકરાર નક્કી કરવામાં આવેલ છે.

ઈ-ઔષધી (DVDMS) ની ફાયદા:

- Supplier સાથેના ભાવકરારની વિગતો.
- ઓનલાઈન ઈન્ડેન્ટ સીસ્ટમ
- ઓનલાઈન પરચેઝ ઓર્ડર જનરેશન
- ઓનલાઈન ડ્રગ્સ ખરીદી, વિતરણ અને મોનીટરીંગ.
- Expiry Drugs ને લગતી વિગતો.
- જુદા જુદા કલર મુજબ - જુદા જુદા એલર્ટને લગતી વિગતો જેવી કે - Expiry Drugs

(૩) EMMS (Equipment Management and Monitoring System) : EMMS એ વેબ આધારિત સમગ્ર રાજ્યમાં હોસ્પિટલ લેબોરેટરીઝના સાધનો જાળવણી અને મેનેજમેન્ટ સીસ્ટમમાં સેવાઓ અને જાળવણી સુધારવા માટે ટેકનોલોજી સ્વીકારતા તરફ એક મુખ્ય પગલું છે.

આ એપ્લીકેશન અમલથી જી.એમ.એસ.સી.એલ. ને દવા ખરીદી વિતરણ અંગે આયોજન કરવામાં સરળતા રહેશે.

- વહીવટી સ્તરે નિર્ણયો લેવામાં સરળતા.
- દવાના પુરવઠા અને જથ્થા પર અંકુશ
- ગુણવત્તા નિયંત્રણ અંગેનું પણ મોનીટરીંગ સરળતા.

સાધનોની તપાસ હોસ્પિટલના ચક્રમાં એક મહત્વનું કાર્યો ગણવામાં આવે છે.

(૪) HFMS (Human & Finance Management System) : HFMS એ વેબ આધારિત GMSCL માં વહીવટી પ્રવૃત્તિઓ વ્યાપક રીતે માનવ સંસાધન પ્રવૃત્તિઓ અને નાણા સબંધિત પ્રવૃત્તિઓ મુજબ વર્ગીકૃત કરી શકાય છે. GMSCL માં માનવ સંસાધન પ્રવૃત્તિઓ મુળભૂત એચ.આર વિભાગ દ્વારા કરવામાં આવે છે. જેવી કે, માનવ સંસાધન પ્રવૃત્તિઓ, કર્મચારી હાજર જરૂરીયાતો, સફળ ઉમેદવારોની નિમણુક, વાર્ષિક ખાનગી અહેવાલ, કર્મચારીની રજા વિગતો, કર્મચારીના ઈન્ક્રીમેન્ટ, ભરતી પ્રક્રિયા, હાજરી રેકોર્ડ કરવાની ક્ષમતા અને ભવિષ્યમાં મેળવા મંજુરીના પ્રારંભ અને સમાપ્તિના આયોજન તથા કર્મચારી સબંધિત પ્રવૃત્તિઓ સંબોધવા માટે ખુબ ઉપયોગી નિવેડે તેમ છે.

(૫) વેન્ડર રજીસ્ટ્રેશન સીસ્ટમ: દવાઓ તથા તબીબી સાધનોની ખરીદી માટે ટેન્ટર પ્રક્રિયામાં ભાવ લેવા ઉત્પાદકો એક જ રહેતા હોવાથી તંત્ર દ્વારા બહાર પાડવામાં આવતા તમામ ટેન્ડરોમાં ભાગ લેતાં ઉત્પાદકો એક જ પ્રકારના દસ્તાવેજો જેવા કે ટર્ન ઓવર સર્ટીફીકેટ, સેલ્સટેક્ષ સર્ટીફીકેટ, મેન્યુફેકચરીંગ અંગેનું સર્ટીફીકેટ, જી.એમ.પી. સર્ટીફિકેટ વગેરે દરેક ટેન્ડર સાથે અલગ અલગ રીતે રજુ કરવાના રહે છે. જેથી અત્રેની કચેરીની ટેન્ડર ડોકયુમેન્ટ વેરીફીકેશનની કામગીરી ખુબ જ વધી જાય છે અને એક જ પ્રકારનું કામનું વારંવાર ડુપ્લીકેશન ન થાય તે અંગે વેન્ડર રજીસ્ટ્રેશન દ્વારા માહિતી ઓનલાઈન જાણી શકાય.

(૬) ડીજીટાઈઝેશન: જી.એમ.એસ.સી.એલ. ના તમામ શાખાઓમાં વર્ષ પ્રમાણે રાખવામાં આવેલ સરકારી દસ્તાવેજો સરળતાથી મળી રહે તે માટે ડોકયુમેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમની કામગીરી હાલ ચાલુમાં છે.

(૭) કોર્પોરેશનની પોતાની વેબસાઈટ: www.gmscl.gujarat.gov.in ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ભાવકરાર, ડીબાર પેઢીઓની માહિતી અને અન્ય તમામ માહિતી વેબસાઈટ પર મુકવામાં આવે છે. સમયાંતરે તેને અધ્યતન કરવામાં આવે છે.

વિભાગ-૯ વિભાગીય ડેપો

કોર્પોરેશન દ્વારા ખરીદવામાં આવતી દવાઓ અને સર્જીકલ સાધનો મધ્યસ્થ ડેપો નરોડા તેમજ દસ (૧૦) વિભાગીય ડેપો સુરત, અમરેલી, જામનગર, પાટણ, રાજકોટ, હિંમતનગર, દાહોદ, ભુજ તથા વલસાડ ખાતેથી જિલ્લા / તાલુકા લેવલેની હોસ્પિટલ, મેડીકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલો, જી.એમ.ઈ.આર.એસ. સંલગ્ન\હોસ્પિટલો, સી.એસ.સી. તેમજ પી.એચ.સી. કેન્દ્રો ખાતે વિતરણ કરવામાં આવે છે, તથા જુનાગઢ, ભાવનગર, સુરેન્દ્રનગર, મહેસાણા, દેવભુમિ દ્વારકા, નર્મદા, ડાંગ, પંચમહાલ, મોરબી તથા બનાસકાંઠા ખાતે નવિન ડેપો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

INDEX

ભાગ-૩
કાર્યક્રમ અને પ્રવૃત્તિવાર વર્ગીકરણ
પત્રક-ક

(₹ લાખમાં)

ક્રમ	યોજનાનું મુખ્ય સદર, ગૌણ સદર, પેટા સદર	૨૦૧૮-૧૯નો અંદાજ			૨૦૧૯-૨૦ નો અંદાજ			૨૦૨૦-૨૧ નો અંદાજ			૨૦૨૧-૨૨ નો અંદાજ
		આયોજન	આયોજન બહાર	સરવાળો	આયોજન	આયોજન બહાર	સરવાળો	આયોજન	આયોજન બહાર	સરવાળો	
૧	માંગણીક્રમાંક :૩૯ ૨૨૧૦ તબીબી અને જાહેર સેવાઓ ૦૧ શહેરી આરોગ્ય સેવાઓ-એલોપથી ૧૦૪ તબીબી સ્ટોર ડેપો ૦૨ એચએલટી-૪૭ ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી.	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૧૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૧૦	૦૦.૧૦
૨	માંગણીક્રમાંક :૩૯ મુખ્ય સદર-૪૨૧૦ તબીબી અને જાહેર આરોગ્ય અંગે મુડી ખર્ચ જોગવાઈઓ ૦.૧- શહેરી આરોગ્ય સેવાઓ ૪૨ એચએલટી-૭૨ ઈસ્પીતાલો અને દવાખાના	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦
૩	માંગણીક્રમાંક :૩૯ મુખ્ય સદર-૪૨૧૦ તબીબી અને જાહેર આરોગ્ય અંગે મુડી ખર્ચ જોગવાઈઓ ૦.૧- શહેરી આરોગ્ય સેવાઓ ૧૧૦- ઈસ્પીતાલો અને દવાખાના ૦૧-એચએલટી	૫૦.૦૦	૦૦.૦૦	૫૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦

INDEX

ભાગ-૩
ઉદ્દેશવાર વર્ગીકરણ
પત્રક-ખ

(₹ લાખમાં)

ક્રમ	યોજનાનું મુખ્ય સદર, ગૌણ સદર, પેટા સદર	૨૦૧૮-૧૯નો અંદાજ			૨૦૧૯-૨૦ નો અંદાજ			૨૦૨૦-૨૧ નો અંદાજ			૨૦૨૧-૨૨ નો અંદાજ
		આયોજન	આયોજન બહાર	સરવાળો	આયોજન	આયોજન બહાર	સરવાળો	આયોજન	આયોજન બહાર	સરવાળો	
૧	માંગણીક્રમાંક :૩૯ ૨૨૧૦ તબીબી અને જાહેર સેવાઓ ૦૧ શહેરી આરોગ્ય સેવાઓ-એલોપથી ૧૦૪ તબીબી સ્ટોર ડેપો ૦૨ એચએલટી-૪૭ ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી.	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦.૦૦	૦૦.૦૦
૨	માંગણીક્રમાંક :૩૯ મુખ્ય સદર-૪૨૧૦ તબીબી અને જાહેર આરોગ્ય અંગે મુડી ખર્ચ જોગવાઈઓ ૦.૧- શહેરી આરોગ્ય સેવાઓ ૪૨ એચએલટી-૭૨ ઈસ્પીતાલો અને દવાખાના	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦
૩	માંગણીક્રમાંક :૩૯ મુખ્ય સદર-૪૨૧૦ તબીબી અને જાહેર આરોગ્ય અંગે મુડી ખર્ચ જોગવાઈઓ ૦.૧- શહેરી આરોગ્ય સેવાઓ ૧૧૦- ઈસ્પીતાલો અને દવાખાના ૦૧-એચએલટી	૦૦.૦૦	૦૦.૦૦	૫૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦

ભાગ-૩

નાણાંકીય બાબતો

પત્રક-૧

INDEX

(₹ લાખમાં)

ક્રમ	યોજનાનું મુખ્ય સદર, ગૌણ સદર, પેટા સદર	૨૦૧૮-૧૯નો અંદાજ			૨૦૧૯-૨૦ નો અંદાજ			૨૦૨૦-૨૧ નો અંદાજ			૨૦૨૧-૨૨ નો અંદાજ
		આયોજન	આયોજન બહાર	સરવાળો	આયોજન	આયોજન બહાર	સરવાળો	આયોજન	આયોજન બહાર	સરવાળો	
૧	માંગણીક્રમાંક :૩૯ ૨૨૧૦ તબીબી અને જાહેર સેવાઓ ૦૧ શહેરી આરોગ્ય સેવાઓ-એલોપથી ૧૦૪ તબીબી સ્ટોર ડેપો ૦૨ એચએલટી-૪૭ ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી.	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦.૦૦	૦૦.૦૦
૨	માંગણીક્રમાંક :૩૯ મુખ્ય સદર-૪૨૧૦ તબીબી અને જાહેર આરોગ્ય અંગે મુડી ખર્ચ જોગવાઈઓ ૦.૧- શહેરી આરોગ્ય સેવાઓ ૪૨ એચએલટી-૭૨ ઈસ્પીતાલો અને દવાખાના	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦
૩	માંગણીક્રમાંક :૩૯ મુખ્ય સદર-૪૨૧૦ તબીબી અને જાહેર આરોગ્ય અંગે મુડી ખર્ચ જોગવાઈઓ ૦.૧- શહેરી આરોગ્ય સેવાઓ ૧૧૦- ઈસ્પીતાલો અને દવાખાના ૦૧-એચએલટી	૫૦.૦૦	૦૦.૦૦	૫૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦	૦૦.૦૦

૩. ઉદ્યોગ અને ખાણ વિભાગ

૧. ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

રાજ્યમાં સંતુલિત ઔદ્યોગિક વિકાસ થાય તે હેતુથી રાજ્ય સરકારશ્રીની ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકવા માટે ઉદ્યોગ કમિશ્નરની કચેરી તથા ઉદ્યોગ કમિશ્નરની કચેરીના નિયંત્રણ હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો જરૂરી કામગીરી કરે છે. રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માંગતા ઉદ્યોગ સાહસિકોને ઉદ્યોગોની સ્થાપના માટે જરૂરી તાંત્રિક/વહીવટી માર્ગદર્શન એક જ જગ્યાએથી ઉપલબ્ધ થઈ રહે તે હેતુથી આ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોની સ્થાપના કરવામા આવેલ છે. ઔદ્યોગિક નીતિ મુજબ અલગ અલગ યોજના હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામા આવે છે જેની વિગતો નીચે મુજબ છે.

[A] સ્કિમ ફોર ફાઇનાન્સીયલ આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક

- ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ હેઠળ ઉક્ત યોજના તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૦૬/૦૮/૨૦૨૦ સુધી અમલમાં હતી.
- ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ની ઉક્ત યોજના અંતર્ગત અત્યાર સુધી કુલ ૪૯ ઔદ્યોગિક પાર્કને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.
- ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ હેઠળ નીચે મુજબની યોજનાને નીચે મુજબની જોગવાઇઓ સાથે સદર યોજનાને ચાલુ રાખવામાં આવેલ છે.
- ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ હેઠળ ઉક્ત યોજનાનો અમલીકરણનો સમયગાળો તા.૦૭/૦૮/૨૦૨૦ થી તા.૦૬/૦૮/૨૦૨૫ સુધીનો છે.
- આ યોજના અંતર્ગત ઔદ્યોગિક પાર્ક પૂર્ણ થયા બાદ ઓછામાં ઓછા ૧૦ ઔદ્યોગિક એકમો સ્થપાવા જોઈએ અને પાર્ક સ્થાપિત કરવા માટે જમીન એરીયા ઓછામાં ઓછા ૨૦ હેકટર હોવો જરૂરી છે. ઉપરાંત, સદર યોજના હેઠળ વનબંધુ તાલુકા માટે ઔદ્યોગિક પાર્ક પૂર્ણ થયા બાદ ઓછામાં ઓછા ૫ ઔદ્યોગિક એકમો સ્થપાવા જોઈએ અને પાર્ક સ્થાપિત કરવા માટે જમીન એરીયા ઓછામાં ઓછા ૫ હેકટર હોવો જરૂરી છે.
- આ યોજના અંતર્ગત ઔદ્યોગિક પાર્કને નીચે મુજબ સહાય મળવાપાત્ર થાય છે.
  - → બિલ્ડીંગ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસેલીટીઝ (જમીન ખર્ચ સિવાય) ના માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫% લેખે વધુમાં વધુ ₹ ૩૦/- કરોડની અને વનબંધુ તાલુકામાં સ્થપાનાર ઔદ્યોગિક માટે બિલ્ડીંગ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસેલીટીઝ (જમીન ખર્ચ સિવાય) ના માન્ય સ્થાયી મૂડીરોકાણના ૫૦% લેખે વધુમાં વધુ ₹ ૩૦/- કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર થાય છે. ડોમીસાઈલ વર્કર્સ માટેની હોસ્ટેલ / ડોરમેટરી હાઉસીંગ (જમીન ખર્ચ સિવાય)ના માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫% લેખે વધુમાં વધુ ₹ ૨૦/- કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર થાય છે.
  - → SLEC દ્વારા મંજૂર પ્રોજેક્ટ માટે ડેવલોપર દ્વારા ઔદ્યોગિક પાર્ક સ્થાપવા માટે જમીનની ખરીદી ઉપર તેઓ દ્વારા ચૂકવાયેલ સ્ટેમ્પ ડ્યુટીની રકમના ૧૦૦% રકમની પરત ચૂકવણી.
  - → ઔદ્યોગિક પાર્કમાં પ્લોટ ખરીદનાર એકમને તેઓ દ્વારા ચુકવેલ સ્ટેમ્પ ડ્યુટીની રકમના ૫૦% રકમની પરત ચૂકવણી.

[B] સ્કિમ ફોર આસીસ્ટન્સ ટુ લોજીસ્ટીક્સ પાર્ક

- ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ હેઠળ ઉક્ત યોજના તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૦૬/૦૮/૨૦૨૦ સુધી અમલમાં હતી.
- ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ની ઉક્ત યોજના અંતર્ગત અત્યાર સુધી કુલ ૦૬ લોજીસ્ટીક પાર્કને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.
- ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ હેઠળ ઉક્ત મુજબની યોજનાને નીચે મુજબની જોગવાઇઓ સાથે ચાલુ રાખવામાં આવેલ છે.
- ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ હેઠળ ઉક્ત યોજનાનો અમલીકરણનો સમયગાળો તા.૦૭/૦૮/૨૦૨૦ થી તા.૦૬/૦૮/૨૦૨૫ સુધીનો છે.
- આ યોજના અંતર્ગત લોજીસ્ટીક પાર્ક સ્થાપિત કરવા માટે જમીન એરીયા ઓછામાં ઓછા ૨૦ હેકટર હોવો જરૂરી છે.

આ યોજના અંતર્ગત લોજીસ્ટીક પાર્કને નીચે મુજબ સહાય મળવાપાત્ર થાય છે.

- ➔ ઠરાવમાં દર્શાવેલ માન્ય સ્થાયી મૂડીરોકાણ (જમીન, ખર્ચ અને ટ્રાન્સપોર્ટ વ્હીકલ્સ સિવાય)ના ૨૫% લેખે મહત્તમ ₹ ૧૫ /- કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર થાય છે.
- ➔ SLEC દ્વારા મંજૂર પ્રોજેક્ટ માટે ડેવલોપર દ્વારા લોજીસ્ટીક પાર્ક સ્થાપવા માટે જમીનની ખરીદી ઉપર તેઓ દ્વારા ચુકવાયેલ સ્ટેમ્પ ડ્યુટીની રકમના ૧૦૦% રકમની મર્યાદામાં પરત ચૂકવણી.
- ➔ ઉક્ત બંન્ને યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[C] આસીસ્ટન્સ ટુ જીઆઈડીસી ફોર ડેવલોપીંગ મલ્ટી-સ્ટોરીડ શેડ્સ ઈન એસ્ટેટસ ફોર MSEs.

- આ યોજના હેઠળ મહત્તમ ૧૦૦ ચો.મી. સાઈઝના શેડ તૈયાર કરવાનું નક્કી કરવામાં આવેલ છે.
- આ યોજનામાં GIDC ને SLIC દ્વારા નક્કી થાય તે એલોટમેન્ટ કિંમતના ૫૫% લેખે સહાય આપવાનું ધોરણ છે અને ઉદ્યોગકારો એ ફાળવણી કિંમતના ૪૫ % જીઆઈડીસીને ચુકવવાના રહેશે.
- આ યોજના હેઠળ ૨૦૧૫ થી આજદિન સુધી ૩૨(બત્રીસ) દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ છે.

[D] આસીસ્ટન્સ ટુ MSEs ફોર શેડ એન્ડ પ્લોટ ડેવલોપ્ડ બાય પ્રાઈવેટ ડેવલોપર

- મીની એસ્ટેટનો વિસ્તાર ૨ હેક્ટરથી વધુ રાખી શકાશે નહી
- શેડની સાઈઝ ૫૦ થી ૧૦૦ ચો.મી.ની સુધીની રહેશે.
- આ યોજના હેઠળ જમીન, બાંધકામ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરના ખર્ચના ૫૫% લેખે સહાય આપવાનું ધોરણ છે
- આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૫ થી આજ દિન સુધી કુલ ૨૦ દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ છે.

[E] બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના

- ઉક્ત યોજના ૩,૪ અંતર્ગતની મંજુર થયેલ Multi storied sheds/Mini Estateમાં પ્લોટ/શેડ ખરીદનાર SC/ST ઉમેદવાર માટે આ યોજના તા.૦૧/૦૪/૨૦૧૭ થી અમલી છે.
- આ યોજના હેઠળ ઉક્ત યોજના ૩,૪ અન્વયે મંજૂર થયેલ દરખાસ્તમાં SC/ST ઉદ્યોગકારોએ ખરીદેલ પ્લોટ/શેડની ફાળવણી કિંમત ૭૦% લેખે સહાય આપવાનું ધોરણ છે.

[F] ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચરને સહાય યોજના

- ગુજરાત સરકારે જાહેર કરેલ ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ માં ઉદ્યોગોના સમતોલ વિકાસને પ્રોત્સાહન આપવા તથા હયાત ઉદ્યોગોને તેના વિકાસની આડે આવતા અવરોધો દુર કરવાની જરૂરત પર ભાર મુકેલ છે. રાજ્યમાં ઉદ્યોગોને તેના વિકાસ માટે કેટલીક વખત આંતરમાળખાકીય સવલતો જેવી કે, રસ્તા, વિજળી સંદેશા વ્યવહાર, વિગેરે અપુરતી જણાય છે અને તેના કારણે ઉદ્યોગો મુશ્કેલી અનુભવે છે. આ પ્રકારની સવલતો પૂરતા પ્રમાણમાં ઉદ્યોગોને મળે તો આર્થિક રીતે પોષણક્ષમ ભાવે ઉત્પાદન કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની હરીફાઈયુકત વેચાણ બજારમાં મહત્વનો હિસ્સો મેળવી શકે.

૧. યોજના હેઠળ પાત્ર સંસ્થાઓ:-

- ➔ ઔદ્યોગિક એસોસીએશન, ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ઔદ્યોગિક એકમ કે ઔદ્યોગિક એકમની એસપીવી (કે જે સોસાયટી એકટ, ટ્રસ્ટ એકટ કે કંપની એકટ હેઠળ નોંધાયેલ હોય) અથવા મોટુ ઔદ્યોગિક ગૃહ/ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ.
- ➔ રાજ્ય સરકારનો કોઈપણ વિભાગ, સરકારી એજન્સી કે ઓથોરીટી, રાજ્ય અને કેન્દ્ર સરકારના જાહેર સાહસો, બોર્ડ, કોર્પોરેશન, મ્યુનિસિપલ કોર્પોરેશન.

૨. સહાયના દર :

- ➔ પ્રોજેક્ટ કોસ્ટ ના ૮૦ ટકા સુધી મહત્તમ ₹ ૨૫ કરોડ સહાય મળવાપાત્ર થાય છે.
- ➔ ભારત સરકારની કોઈ યોજના હેઠળ પ્રોજેક્ટ કોસ્ટના ૮૦% કરતાં ઓછી સહાય મેળવેલ હોય તો સદર પ્રોજેક્ટ માટે બાકી રહેલ સહાય કુલ પ્રોજેક્ટ કોસ્ટના ૮૦% સુધીની મર્યાદામાં રહે તે મુજબ સદર યોજના હેઠળ મળવાપાત્ર થાય છે.

INDEX

૩. સહાયપાત્ર પ્રવૃત્તિઓ :

(i) હયાત ઔદ્યોગિક વસાહત/ ઔદ્યોગિક ક્લસ્ટર/ ઔદ્યોગિક વિસ્તાર માટે જરૂરી એવી આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે,

a. ઔદ્યોગિક વસાહત/ વિસ્તારથી જિલ્લા હસ્તકના રોડ/સ્ટેટ હાઈવે/ નેશનલ હાઈવે/ પોર્ટ સુધીના એપ્રોચ રોડ

b. ઔદ્યોગિક વિસ્તારને સાંકળતાં રોડ કે રેલ્વે પરનાં ઓવર બ્રિજ

c. હયાત રોડનું અપગ્રેડેશન/વાઈડનિંગ

d. બાયપાસ રોડનું નિર્માણ

e. અર્થ સ્ટેશન, કમ્યુનિકેશન ફેસિલિટીનું નિર્માણ

f. વોટર/ગેસ/ઈલેક્ટ્રીસિટી/એનર્જી ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક

g. કોમન વેરહાઉસિંગ ફેસિલિટીનું નિર્માણ

h. કોમન ફેસિલિટી સેન્ટર, ઈન્ક્યુબેશન સેન્ટર, પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટર, ટ્રેનિંગ સેન્ટર, કન્વેન્શન સેન્ટર, એક્ઝીબિશન સેન્ટર, બિઝનેસ સપોર્ટ નેટવર્ક, ટેસ્ટીંગ લેબોરેટરી

i. ફાયર સ્ટેશન

j. વોટર ડિસેલિનેશન પ્લાન્ટ

k. ટ્રાન્સપોર્ટ નગર/ કોમન ટ્રાન્સપોર્ટ ફેસિલિટીઝ

l. વોટર ઓગમેન્ટેશન ફેસિલિટી

m. નેટવર્કિંગ ફેસિલિટી

n. પ્રાયમરી હેલ્થ સેન્ટર, ટ્રોમા/ ઈમરજન્સી સેન્ટર

o. કોમન વૈકલ્પિક એનર્જી સ્ત્રોત પ્રોજેક્ટ

p. સ્ટોર્મ વોટર ડ્રેનેજ, સિવેજ એન્ડ ડ્રેનેજ નેટવર્ક

q. આ સિવાય રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ કમિટી દ્વારા મંજૂર આંતરમાળખાકીય સુવિધાઓ

(ii) લાર્જ/મેગા પ્રોજેક્ટ, કેન્દ્ર કે રાજ્ય સરકારના ઔદ્યોગિક જાહેર સાહસો માટે લિન્ક ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસિલિટીઝ અને લાસ્ટ માઈલ કનેક્ટીવિટી પ્રોજેક્ટ્સ

(iii) ઔદ્યોગિક વસાહતો/ ઉદ્યોગોની SPV/ લાર્જ પ્રોજેક્ટસના ઔદ્યોગિક કામદારો માટે ડોર્મેન્ટરી હાઉસિંગ ફેસિલિટી પ્રોજેક્ટ્સ

- ૭ વર્ષ જુની ઔદ્યોગિક વસાહતની આંતરમાળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન કરવા માટે
- કોઈપણ ઔદ્યોગિક વિસ્તાર / ઔદ્યોગિક વિકાસ માટે ઉદ્યોગ કમિશ્નરશ્રી દ્વારા કોઈ તજજ્ઞ કે સંસ્થા દ્વારા અભ્યાસ કરવા માટે

૪. પાત્ર સંસ્થાએ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તથા જે આંતર માળખાકીય સવલતની જરૂરીયાત છે તેની સંપૂર્ણ વિગતો સાથે ઉદ્યોગ કમિશ્નરશ્રીને અરજી રજુ કરવાની રહેશે

૫. અધિક મુખ્ય સચિવશ્રી (ઉદ્યોગ અને ખાણ)ના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ સમિતિ સહાય મંજુર કરે છે.

૬. પ્રોજેક્ટ મંજૂર થયેથી તેની અસ્કયામતોની ચકાસણી કર્યા બાદ મંજુરીની મર્યાદામાં ઉદ્યોગ કમિશ્નર દ્વારા ચૂકવણી કરવામાં આવે છે.

૭. ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત આ યોજના હેઠળ કુલ ૧૫૨ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ છે.

➔ ઉક્ત યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૬૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

INDEX

[G] આઈએનડી-૪૭ વેપાર, વાણિજ્ય અને સેવા ક્ષેત્ર માટેના પ્રોત્સાહક પ્રયત્નો અને ડેટા બેઝ સ્થાપવા

રાજ્યમાં તથા સમગ્ર દેશમાં ઉદ્યોગોના ઉદારીકરણની પ્રક્રિયા ધ્યાનમાં રાખી રાજ્યના વ્યાપાર, વાણિજ્ય અને ઔદ્યોગિક એકમોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારની માહિતી મળી શકે તેમજ સ્થાનિક તથા વિદેશમાં નિકાસની પ્રવૃત્તિને વધુને વધુ વેગ મળે તે માટે વિશ્વ વ્યાપાર સંગઠન સંબંધિત સેમીનાર / તાલીમ, પરિસંવાદ તેમજ તથા ઔદ્યોગિક સેવા, સલાહ / માર્ગદર્શક કેન્દ્રમાં પ્રવૃત્તિ કરવાનુ નક્કી કરેલ છે.

રાજ્યના ટેક્ષટાઈલ, ફાર્માસ્યુટીકલ, જેમ્સ એન્ડ જ્વેલરી તેમજ ખેતી આધારીત ઉદ્યોગો, સીરામીક અને કેમિકલ્સ જેવા પાયાના ઉદ્યોગોને વ્યાપારીક સેવાકિય પ્રવૃત્તિને વિશ્વ વ્યાપારની માળખાકીય સુધારણા સામે નિકાસ વ્યાપાર અને વિશ્વ વ્યાપારની સંભવિત તકો અને પડતી મુશ્કેલીઓ સામે ટકી રહેવા આ પ્રકારની માહિતીનો અભ્યાસ ખાસ જરૂરી બની રહેલ છે. વિદેશ વ્યાપાર નીતિને ધ્યાનમાં રાખીને આયાત-નિકાસ તથા વિદેશ કાર્યપધ્ધતિ કેવી રીતે અપનાવવી તેના પ્રોગ્રામ-સેમીનારો યોજવા, વર્કશોપ, મેળા, આંતર રાજ્યમાં થતા મેળામાં ભાગ લેવા, સંશોધન તથા અભ્યાસ પ્રવાસ, તાલીમો જેવી કે, આયાત-નિકાસ કેવી રીતે કરવી, નિકાસ વ્યાપાર આધારિત પ્રકાશનો તૈયાર કરી ઉદ્યોગકારો / વેપાર, વાણિજ્ય એકમોને વિસ્તૃત જાણકારી આપવાની કામગીરી જી.ઓ.જી. - એ.એમ.એ. સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ટ્રેડ દ્વારા કરવામાં આવે છે.

- આંતરપ્રિનિયર્સ અને બિઝનેશ એકઝીકયુટીવ્સ માટે, સર્ટીફીકેટ પ્રોગામ ઓન ઈન્ટરનેશનલ માર્કેટીંગ તથા સર્ટીફીકેટ પ્રોગ્રામ ઓન ઈન્ટરનેશનલ ટ્રેડ મેનેજમેન્ટ જેવા વીકએન્ડ પ્રોગ્રામ કરવામાં આવે છે.
- પાર્ટટાઇમ સર્ટીફીકેટ પ્રોગ્રામ ઓન એક્ષપોર્ટ - ઈમ્પોર્ટ
- જુદા જુદા જિલ્લાઓમાં પણ એક દિવસીય એક્ષપોર્ટ - ઈમ્પોર્ટ અવેરનેશ પ્રોગામનું આયોજન કરવામા આવે છે.
- અમદાવાદ ખાતે મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અપડેટ - લેટેસ્ટ ચેઈન્જીસ ઈન પોલીસી એન્ડ પ્રેકટીસ માટે એક / બે દિવસીય પ્રોગામનું આયોજન કરવામા આવે છે.
- આંતરપ્રિનિયર્સ માટે ટોપીક વાઈસ અડધા દિવસના પ્રોગામનું આયોજન કરવામા આવે છે.
- ઓપન લેકચર્સ / પેનલ ડીસ્કસન્સનું આયોજન કરવામા આવે છે.
- ફોરેન ટ્રેડ ડેટા સેન્ટર અંતર્ગત લાયબ્રેરી અને ડેટા સેન્ટર / સબસ્ક્રીપ્શન ઓફ ડેટા, સબસ્ક્રીપ્શન ફોર જર્નલસ, પબ્લીકેશન્સ તેમજ મન્થલી જર્નલની કામગીરી.
- જુદા જુદા દેશોમાં બીઝનેસ ઓપોર્ચ્યુનીટીના કરવામાં આવેલ અભ્યાસ અંગેની હેન્ડબુક તૈયાર કરવી તેમજ સ્પેસીફીક ઈન્ડસ્ટ્રી અન્વયે એક્ષપોર્ટ કન્ટ્રીવાઈસ માહિતીની હેન્ડ બુક તૈયાર કરવી.
- નિકાસકારોને કાઉન્સેલીંગની સેવા પુરી પાડવામા આવે છે.
- AMA દ્વારા સમગ્ર ગુજરાતનાં Participants, AMA નાં વિવિધ સેમિનાર અને કાર્યક્રમોમાં ભાગ લઈ શકે તેવું Hybrid Learning Infrastructure વિકસિત કરવું છે.

ઉપરોક્ત આઈએનડી-૪૭ યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૪૫.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[H] મોટા કદના ઉદ્યોગોને સહાય યોજના

મોટા કદના ઉદ્યોગોનો સહાય યોજના અંતર્ગત નીચે દર્શાવેલ યોજનાઓને સહાય ચુકવવામાં આવે છે.

1. સ્કીમ ફોર ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ

- રાજ્યના ઉદ્યોગોનો સર્વાંગી વિકાસ થાય અને સ્પર્ધાત્મક યુગમાં તેઓ ટકી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહન યોજનાઓ અંતર્ગત રાજ્યમાં એમ.એસ.એમ.ઈ. મોટા અને મેગા અને અલ્ટા મેગા પ્રોજેક્ટ સ્થાપિત થાય તે માટે તાલુકાની કેટેગરીમાં કરવામાં આવતા મુડીરોકાણ આધારીત કેટેગરી નકકી કરી પ્રોત્સાહન આપવાનું નકકી કરેલ છે. આ યોજના હેઠળ નવા તથા વિસ્તૃતિકરણનાં પ્રોજેક્ટોને એકમે ભરેલ Net-VAT/Net SGSTનાં તાલુકા કેટેગરી મુજબ રીએબર્સમેન્ટ આપવામાં આવે છે.

2. પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝને સહાય યોજના

- રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટીક ઉદ્યોગ માટે એમ.એસ.એમ.ઈ. અને મોટા એકમોને પ્લાસ્ટીકના નવા તથા વિસ્તૃતિકરણનાં પ્રોજેક્ટ માટે ૭ % લેખે મહત્તમ ₹ ૧ કરોડ સુધીની પાંચ વર્ષ માટે વ્યાજ સહાય અને એકમે કરેલ મુડીરોકાણના ૭૦ % ની મર્યાદામાં પાંચ વર્ષ માટે એકમે ભરેલ નેટ વેટના ૮૦ % રીએમ્બર્સમેન્ટ આપવાનું ઠરાવેલ છે.

INDEX

3. મેગા ઇનોવેટીવ પ્રોજેક્ટને સહાય યોજના

- રાજ્ય સરકાર દ્વારા પસંદ કરેલ ચોકકસ પ્રકારના ફોકસ સેકટરના પ્રોજેક્ટમાં ઓછામાં ઓછુ ₹ ૧૦૦૦ કરોડનું મુડીરોકાણ અને ઓછામાં ઓછી ૨૦૦૦ વ્યકિતઓને રોજગારી ઉભી થતી હોય તેવા પ્રોજેક્ટને મેગા પ્રોજેક્ટ ગણી તથા ઓછામાં ઓછું ₹ ૫૦૦ કરોડનું રોકાણ અને ૧૦૦૦ વ્યકિતઓને ઇનોવેટીવ પ્રોજેક્ટ ગણવામાં આવે છે. આવા મૂડીરોકાણને પ્રોજેક્ટ આધારિત કેસ ટુ કેસ ધોરણે પ્રોત્સાહનની સહાય કરવામાં આવે છે.

4. એરોસ્પેસ અને ડીફેન્સ સેકટર માટે પ્રોત્સાહન યોજના

- જે એકમ ટાયર-૧, ટાયર-૨ અને ટાયર-૩ સપ્લાયર હોય તથા ભારત સરકારનું લાયસન્સ મેળવેલ હોય તેવા એકમોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. આ યોજનામાં જમીનને લગતા પ્રોત્સાહન, વેટ અને સેન્ટ્રલ સેલ્સ ટેક્ષનું રીએમ્સર્સમેન્ટ, પાવર ટેરીફ, કેપીટલ રોકાણ ઉપરની કેશ સબસીડી, વ્યાજ સહાય મળવાપાત્ર છે.

5. કેપીટલ સબસીડી ટૂ લાર્જ ઈન્ડસ્ટ્રીઝ થ્રસ્ટ સેકટર

- ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ મોટા ઉદ્યોગોને સહાય માટે "સ્કીમ ફોર કેપિટલ સબસીડી ટૂ લાર્જ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ થ્રસ્ટ સેક્ટર" જાહેર કરવામાં આવેલ છે. યોજના હેઠળ થ્રસ્ટ સેક્ટરને ખાસ પ્રાધાન્ય આપવાની જોગવાઇ કરેલ છે. થ્રસ્ટ અને જનરલ સેક્ટર હેઠળનાં પ્રોજેક્ટોને તાલુકા કેટેગરી મુજબ, પાત્ર મૂડીરોકાણ ઉપર કેપીટલ સહાય આપવામાં આવે છે.

  સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં આ યોજના માટે ચાલુ બાબત તરીકે ₹ ૮૦૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[I] આઈ.એન.ડી-૨૦ લોન ટુ મેગા પ્રોજેક્ટ

રાજ્યમાં ઓટોમોબાઈલ સેકટરમાં મોટા પ્રમાણમાં રોજગારી ઉભી થાય અને મૂડી રોકાણ થાય તે માટે રાજ્ય સરકારે તા.૦૧/૦૧/૨૦૦૯ના ઠરાવથી લોન ટુ મેગા પ્રોજેક્ટ હેઠળ મે.ટાટા મોટર્સ લીમીટેડને લોન આપવા માટે યોજના જાહેર કરી છે. સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ઉકત યોજના માટે નવી બાબત તરીકે ₹ ૨૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

[J] આઈ.એન.ડી-૪ ઔદ્યોગિક સંસ્થાને સહાય

ઔદ્યોગિક સંસ્થાને સહાય હેઠળ ઔદ્યોગિક સામાજિક જવાબદારીના ભાગ રૂપે વિવિધ કલ્યાણકારી યોજનાઓ હાથ ધરવા તથા અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સી.એસ.આર ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે. સને-૨૦૨૨-૨૩ના વર્ષમાં ચાલુ બાબત તરીકે ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

[K] આઈએનડી-૩ આસીસ્ટન્ટસ ટુ સેન્ટર ઓફ એકસીલન્સ યોજના

રાજ્યના યુવાનોની કાર્યક્ષમતાનો પુરેપુરો ઉપયોગ કરવા માટે ખાનગી ધંધાકીય તથા શૈક્ષણિક સંસ્થા સાથેના જોડાણ દવારા સેન્ટર ઓફ એકસલન્સ ઈન્કયુબેશનઅને ઈનોવેશન સેન્ટરની રચના અને સહાય કરી શકાય. તે માટે સને-૨૦૨૨-૨૩ના વર્ષમાં આ યોજના માટે ચાલુબાબતતરીકે ₹ ૫૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

[L] આઈએનડી-૩ આઈ ક્રિએટ ફંડ

રાજ્ય સરકારના નિગમ ગુજરાત મીનીરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને ગુજરાત ફાઉન્ડેશન ફોર એન્ટરપ્રીનીયોરશીપ એકસલન્સની સાથે ટેકનોલોજી એન્ટરપ્રીનીયોર ઈન્ક્યુબેશન માટે દેવ ધોલેરા, તા.બાવળા જી.અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા ઉભી કરેલ છે. સને-૨૦૨૨-૨૩ના વર્ષમાં ચાલુ બાબત તરીકે ₹ ૧૦૦૦.૦૦ લાખ તથા નવી બાબત તરીકે ₹ ૫૦૦૦.૦૦ લાખ મળી કુલ ₹ ૬૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

[M] સંશોધન અને વિકાસ અને સ્ટાર્ટઅપ ઇનોવેશન યોજના

- સંશોધન અને વિકાસ યોજના તા.૧૯-૦૧-૨૦૧૫ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ છે. સદર યોજના અન્વયે નવી સંશોધન અને વિકાસ માટેની સંસ્થા, ચકાસણી સવલતો, ઈન્કયુબેશન સેન્ટૂર વગેરે સ્થાપવા સહિત રાજ્ય સરકારના ટેકાથી ઉભી થયેલ સંશોધન અને વિકાસ સંસ્થાઓને પરિયોજના ખર્ચના ૬૦ ટકા લેખે સહાય આપવામાં આવે છે.
- અખિલ ભારતીય તકનિકી શિક્ષણ પરિષદ દ્વારા માન્ય સંશોધન અને વિકાસ સંસ્થો/તકનિકી કોલેજોને, કોઇ ઔદ્યોગિક એકમ/ઔદ્યોગિક સંગઠન તરફથી કોન્ટ્રાકટ/પ્રાયોજિત સંશોધન કામગીરી માટેની સહાય, વધુમાં વધુ ₹ ૫૦ લાખની મર્યાદાને આધીન, પરિયોજના ખર્ચના ૫૦ ટકા લેખે ગણવામાં આવે છે.

INDEX

- નવી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત સ્ટાર્ટઅપ/ ઈનોવેશન માટે સહાય યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ઈનોવેટર ને ₹ ૧૦,૦૦૦/- સુધીની સ્વનિર્ભર ભથ્થું ૧ વર્ષ માટે તથા નોડલ ઈન્સ્ટિટયુટને ઈનોવેટીવ પ્રોજેક્ટને માર્ગદર્શન આપવા માટે ₹ ૫.૦૦ લાખ સુધીની સહાય આપવાની જોગવાઈ છે. તેમજ રોમટેરીયલ/ કમ્પોનન્ટસ/ઈકવીપમેન્ટસ વગેરે માટે ₹ ૧૦.૦૦ લાખ સુધીની સહાય આપવાની જોગવાઈ છે.
- નવી ઔદ્યોગિક નીતિ- ૨૦૨૦ અંતર્ગત સ્ટાર્ટઅપ/ ઈનોવેશન માટે સહાય યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત સંશોધનકારને ₹ ૨૫,૦૦૦ સુધીનું પ્રતિ માસ સ્વનિર્ભર ભથ્થું એક વર્ષ માટે, ₹ ૩૦.૦૦ લાખ સીડ સપોર્ટ તરીકે, ₹ ૩.૦૦ લાખ પ્રતિ સ્ટાર્ટ-અપને એકસેલરેશન પ્રોગ્રામમાં ભાગ લેવા માટે તથા સ્કીલ ડેવલપમેન્ટ માટે ₹ ૧.૦૦ લાખ પ્રતિ સ્ટાર્ટ-અપ આપવાની જોગવાઈ છે. નોંધપાત્ર સામાજિક અસર ધરાવતા સ્ટાર્ટ-અપને વધારાના ₹ ૧૦.૦૦ લાખ પ્રતિ સ્ટાર્ટ - અપ, પ્રિ-સીરીઝ વેન્ચર ફંડીગ સહાય તેમજ વ્યાજ સહાય આપવાની જોગવાઈ છે તેમજ માર્ગદર્શક સંસ્થાને ₹ ૧૫.૦૦ લાખ સુધીની સહાય અને પ્રમોશનલ ઈવેન્ટના આયોજન માટે ₹ ૫.૦૦ લાખ સુધીની સહાય જોગવાઈ છે
- વર્ષ ૨૦૨૨-૨૩ માં સદર યોજના અન્વયે ₹ ૨૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[N] ટેક્ષટાઈલ ઉદ્યોગોના વિકાસ માટે સહાય યોજના (આઈ.એન.ડી- ૯)

- કપાસ ઉત્પાદન કરતા ખેડૂતોના વિકાસમાં વધારો કરવાના હેતુથી તેમને યોગ્ય ભાવ મળી રહે, સમગ્ર મૂલ્યલક્ષી સાંકળ મજબૂત બને, રાજ્ય કપાસના તથા તેના મૂલ્યવર્ધી ઉત્પાદનોમાં અગ્રેસર બની રહેવામાં સરળતા અનુભવે, કૃષિ, રેસા, કાપડ ફેશન અને નિકાસ બાબતે વધુ ધ્યાન અપાય તે હેતુ થી રાજ્ય સરકારે તારીખ ૫/૯/૨૦૧૨ ના ઠરાવ (રીવાઈઝડ તા ૨૫/૦૬/૨૦૧૩) થી ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી ૨૦૧૨ અંતર્ગત નીચે મુજબની યોજનાઓ જાહેર કરેલ છે.

→ યોજના:-૧

અ. વ્યાજ સહાય :

- જીનીંગ, પ્રેસીંગ, વીવીંગ, ડાઈંગ પ્રોસેસીંગ, નીટીંગ, ગારમેન્ટ/મેડ-અપ, મશીન કાર્પેટીંગ, મશીન એમ્બ્રોડરી વિગેરે ટેક્ષટાઈલ્સ વેલ્યુ ચેનમાં સ્કીમ (ભારત સરકાર) દ્વારા નિર્દિષ્ટ નવી મશીનરી અથવા વેટ એકટના સ્થાયી અસ્કયામતોની વ્યાખ્યામાં સમાવિષ્ટ દરેક મશીનરી અને આધુનિક મશીનરી માટે વધુમાં વધુ વાર્ષિક ૫% વ્યાાજ સહાય. (સ્પીનીંગ એકમ અને ગારમેન્ટમ/મેઈડ-અપ એકમ માટે ૭%)

બ. પાવર ટેરીફ :

- કોટન સ્પીનીંગ અને વીવીંગના એકમો માટે પાવર ટેરીફ સહાય ₹ ૧ પ્રતિ યુનિટના દરે યુટીલીટીના રકમમાં પાંચ વર્ષ માટે.

ક. VAT/SGST :

- કેટલોક માલ અને કેટલીક લેવડ-દેવડ કે જે ગુજરાત વેટ એકટ ૨૦૦૩ અનુસાર ટેક્ષ ભરપાઈ કરવા પાત્ર ન થતાં હોય તે સિવાયની વચગાળાનાં ઉત્પા દન અને કાચામાલની ખરીદી ઉપર એકમ દ્વારા ચુકવાયેલ વેટ/SGSTનું વળતર અને આખી વેલ્યુ ચેઈન થી લઈને તૈયાર વસ્ત્રો અને મેઈડ અપ્સ સુધી તેમજ ટેકનિકલ ટેક્ષટાઈલના ઉત્પાદનમાં યોગ્યુતા ધરાવતાં પ્લાન્ટ અને મશીનરીનાં સ્થાયી મૂડીરોકાણ કે જે ઉત્પાદન તારીખ થી એક વર્ષમાં (₹ ૫૦૦ કરોડનાં મુડી રોકાણ માટે અને બે વર્ષ ₹ ૫૦૦ કરોડ થી વધુનાં મુડી રોકાણ માટે) અથવા યોજનાનાં કાર્યકાળ જે પહેલું હોય તેનાં ૧૦૦% ટેક્ષ રીએમર્બ્સ આપવામાં આવે છે.

→ યોજના - ૨ ટેકનિકલ ટેક્ષટાઈલને સહાય

TUF સ્કીમ (ભારત સરકાર) દ્વારા નિર્દિષ્ટ નવી મશીનરી અથવા વેટ એકટના સ્થાયી અસ્કયામતોની વ્યાખ્યામાં સમાવિષ્ટ દરેક મશીનરી અને આધુનિક મશીનરી માટે ૬% વાર્ષિક ક્રેડીટ લીન્કર ઈન્ટરેસ્ટ સબસીડી.

→ યોજના - ૩ ઉર્જા સંરક્ષણ, પાણી સંરક્ષણ અને પર્યાવરણનું અનુપાલન માટે ચાલુ એકમોને સહાય. એનર્જી ઓડીટ/ વોટર, ઓડીટ/પર્યાવરણનું અનુપાલન માટે ૫૦% સુધી વધુમાં વધુ ₹ ૫૦,૦૦૦/-ની સહાય, સાધનોની કિંમતના ૨૦% સુધી વધુમાં વધુ ₹૨૦ લાખની સહાય.

→ યોજના - ૪ ટેકનોલોજી સંપાદન અને ઉચ્ચતમ ધોરણ માટે સહાય.

INDEX

પ્રક્રિયા/ઉત્પાદન દીઠ ૫૦% સુધી વધુમાં વધુ ₹ ૨૫ લાખ સુધી સહાય.

→ યોજના - ૫ એપરલ તાલીમ સંસ્થા અને તાલીમાર્થીઓને સહાય.

એપરલ તાલીમ સંસ્થાને જમીન કિંમત સિવાય ૮૫% સુધી, વધુમાં વધુ ₹ ૩ કરોડની સહાય. તાલીમ કેન્દ્રોને ૫૦% સુધી વધુમાં વધુ ₹ ૨૦ લાખની સહાય. તાલીમાર્થીઓની ટ્યુશન ફી માં ૫૦% સુધી વધુમાં વધુ ₹ ૭,૦૦૦/- પ્રતિ કોર્ષ ચૂકવણી.

→ યોજના - ૬ પાવરલુમ ક્ષેત્રને તાલીમ સહાય

અટીરા અને મંત્રા દ્વારા સંચાલિત પાવરલુમ તાલીમ કેન્દ્રોનાં તાલીમાર્થીઓને પ્રતિ તાલીમાર્થી ₹ ૨૫૦૦ સ્ટાઈપેન્ડ.

→ યોજના - ૭ ટેક્ષટાઈલ અને એપરલ પાર્ક સ્થાપિત કરવા સહાય.

જમીન કિંમત સિવાયની સામુહિક સવલતો માટેની કુલ પરિયોજનાના ૫૦% વધુમાં વધુ ₹ ૧૦.૦૦ કરોડની સીમામાં (સ્પીનીંગ પાર્ક માટે ₹ ૩૦ કરોડ) ની નાણાંકીય સહાય.

ઉકત યોજના પૂર્ણ થતાં ટેક્ષટાઈલ મૂલ્ય શ્રૃંખલા પૈકીના ખાસ ક્ષેત્રોને મજબૂત કરવા ગુજરાત રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૦.૦૧.૨૦૧૯ ના ઠરાવ નંબર TEX/102018/3327/CHથી નીચે મુજબ નવી યોજનાઓ જાહેર કરેલ છે. જેનો અમલીકરણ સમયગાળો તા.૦૪.૦૯.૨૦૧૮ થી તા.૩૧.૧૨.૨૦૨૩ સુધીનો છે.

→ યોજના 1 - વ્યાજ સબસિડી

→ યોજના 2 - પાવર ટેરિફ સબસિડી

→ યોજના 3 - ઊર્જા અને પાણી સંરક્ષણ અને પર્યાવરણ અનુપાલન માટેની સહાય

→ યોજના 4 - તકનીકી સંપાદન અને સુધારાઓ માટે સહાય

→ યોજના 5 - ટેક્સટાઈલ પાર્કની સ્થાપના માટે સહાય

→ ગુજરાત ગારમેન્ટ અને એપરલ પોલીસી-૨૦૧૭

- ગુજરાત ગારમેન્ટ અને એપરલ પોલીસી-૨૦૧૭ તા:૧૧/૧૦/૨૦૧૭ના ઠરાવથી જાહેર થયેલ છે. સદર યોજના હેઠળ વ્યાજસહાય, પાવરટેરીફ, પેરોલ આસીસ્ટન્સ, GIDC મારફત પ્લગ અને પ્લેસિસ્ટમ, ડોર્મિટરીઝ માટે સહાય, સ્કીલ ડેવલોપમેન્ટ માટે સહાય તેમજ મેગા એપરલ પાર્કની સ્થાપના માટે સહાય આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં સદર યોજના અન્વયે ₹ ૧૪૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[O] મીઠા એકમોમાં કામ કરતા અગરિયાઓની કલ્યાણકારી યોજનાઓ તેમજ મીઠા ઉદ્યોગના વિકાસની યોજનાઓ

મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓના કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ માટે એમ્પાવર્ડ કમિટીની પુન:રચના તારીખ: ૦૫.૦૭.૨૦૦૦ નાં ઠરાવથી કરવામાં આવેલ છે. આ કમિટીમાં મીઠા ઉદ્યોગના વિકાસને લગતી તથા અગરિયાઓની કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવા સહાય મંજુર કરવામાં આવે છે. સામાન્ય રીતે નીચે જણાવેલ યોજનાઓ મંજૂરી માટે રજૂ કરવામા આવે છે.

- મીઠાના એકમને સાંકળતા રસ્તાઓ.
- પીવાના પાણીની યોજના.
- અગરિયાઓ તેમજ તેમના કુટુંબીજનો માટે આરોગ્ય સુવિધા
- કુદરતી આફત સમયે ચેતવણીના અદ્યતન સાધનો ખરીદવા.
- મીઠાના નિકાસ માટે જે.ટીની સુવિધા
- શાળાના ઓરડા બાંધવા, સુવિધા વધારવા
- અગરીયાની સામુહિક કલ્યાણકારી યોજનાઓ તથા અગરિયાઓનું જીવનધોરણ ઉચું લાવવા ઉપયોગી હોય તેવી યોજનાઓ.
- અગરિયાઓને રક્ષણાત્મક કીટ, અગરિયાના બાળકોને સાયકલ આપવાની યોજના
- અસંગઠિત મીઠા કામદારોને કુટુંબકાર્ડ આપવાની યોજના

INDEX

- અગરિયાની જનશ્રી વીમા યોજના.
- મીઠા ઉદ્યોગના વિકાસની તેમજ અગરિયાની અન્યો કલ્યાણકારી યોજનાઓ.

વર્ષ ૨૦૨૨-૨૩ માં સદર યોજના અન્વયે ₹ ૧૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[P] લેબર ઈન્ટેન્સીવ ઈન્ડસ્ટ્રીઝને સહાય - ૨૦૧૫

રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ અને યુવા રોજગારીના ઉદ્દેશથી ખાસ યોજના 'Scheme for assistance for Labor Intensive Industries' તા:૨૮/૧/૨૦૧૫ના ઠરાવથી જાહેર થયેલ છે. સદર યોજના હેઠળ વ્યાજસહાય, વેટ કન્સેશન, પેરોલ આસીસ્ટન્સ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં સદર યોજના અન્વયે ₹ ૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[Q] આઈ.એન.ડી.-૧ (૨૮૫૧)

ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અન્વયે તા.૦૧/૦૯/૨૦૨૦ ના ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. જેમાં માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ માટે સહાય યોજના હેઠળ ઠરાવ ની વિવિધ યોજના જાહેર કરવામાં આવેલ છે. જેવી કે, કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી, વ્યાજ સહાય, ક્વોલીટી સર્ટીફીકેશનમાં સહાય, ERP સહાય, ZED સર્ટીફીકેશન માટે આર્થિક સહાય, આઈ સી ટી માટે સહાય, ટેક્નોલોજી એક્વીજીશનમાં સહાય, પેટન્ટ રજીસ્ટ્રેશન માટે સહાય, એનર્જી અને પાણીના વપરાશની બચત માટે સહાય, એમએસએમઈ એક્ષચેન્જ મારફતે કેપિટલ વધારવા માટે સહાય, સીજીટી એમ.એસ.ઈ. ફી માં સહાય, નવી બાબત તરીકે વીજ જોડાણ માટે સહાય, ભાડા સહાય યોજના વિગેરે યોજનાઓ અંગેનો ખર્ચ કરવાની જોગવાઈ છે.

ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ આઈ.એન.ડી.-૧ હેઠળની યોજના નીચે મુજબ છે.

(૧). કેપિટલ સહાય યોજના

MSME ઉદ્યોગકારોને ગ્લોબલી સક્ષમ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં ગ્રોસ ફિક્સ મૂડી રોકાણ માટે સહાય.

→ પાત્રતા

- બેંક અથવા RBI દ્વારા માન્ય નાણાંકીય સંસ્થાની લોન
- નવા મકાન, નવા પ્લાન્ટ અને મશીનરી તેમજ સેકન્ડ હેન્ડ આયાતી મશીનરી પાત્ર ગણાશે
- એકમે સાત વર્ષ સુધી ઉત્પાદનમાં રહેવું પડશે

→ સહાયનું ધોરણ

તાલુકાની કક્ષા પ્રમાણે સહાયનું ધોરણ.

- કેટેગરી-૧ :- ટર્મલોનની રકમનાં ૨૫% અને મહત્તમ ₹ ૩૫/- લાખ. સ્થાયી મુડી રોકાણ ૧૦/- કરોડથી વધુ હોય તો વધારાની ₹ ૧૦/- લાખની સહાય.
- કેટેગરી-૨ :- ટર્મલોન રકમનાં ૨૦% અને મહત્તમ ₹ ૩૦/- લાખ. સ્થાયી મુડી રોકાણ ૧૦/- કરોડથી વધુ હોય તો વધારાની ૭.૫/- લાખની સહાય.
- કેટેગરી-૩ :- ટર્મલોન રકમનાં ૧૦% અને મહત્તમ ₹ ૧૦/- લાખ. સ્થાયી મુડી રોકાણ ₹ ૧૦/-કરોડથી વધુ હોય તો ₹ ૫/- લાખ.(તાલુકા અને મ્યુનિસિપલ કોર્પોરેશન એરીયા)

(૨). વ્યાજ સહાય યોજના

ગુજરાત સરકાર દ્વારા મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર તથા પસંદ કરેલા સર્વિસ ક્ષેત્રના ઉદ્યોગકારોને પ્લાન્ટ અને મશીનરી તથા નવા બીલ્ડીંગ માટે મેળવેલ લોન માટે બેંક દ્વારા વસુલ કરવામાં આવતાં વ્યાજની સહાય

→ પાત્રતા

- બેંક અથવા RBI દ્વારા માન્ય નાણાંકીય સંસ્થાની લોન
- નવા મકાન,નવા પ્લાન્ટ અને મશીનરી તેમજ સેકન્ડ હેન્ડ આયાતી મશીનરી પાત્ર ગણાશે

INDEX

- એકમે સાત વર્ષ સુધી ઉત્પાદનમાં રહેવું પડશે
- સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન મેળવેલા સર્વિસીંગ એકમો સહાય માટે પાત્ર થશે
- હયાત એકમો કે જેઓએ સોલારપાવર તથા રીન્યુએબલ સોલાર પ્લાન્ટ નાખ્યો હશે તે પાત્ર થશે

→ સહાયનું ધોરણ

તાલુકાની કક્ષા પ્રમાણે મેન્યુફેકચરીંગ તથા સર્વિસીંગ એકમો માટે સહાયનું ધોરણ

- કેટેગરી-૧ :- ટર્મલોન ઉપર ૭% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ ₹ ૩૫/- લાખની મર્યાદામાં ૭ વર્ષ માટે
- કેટેગરી-૨ :- ટર્મલોન ઉપર ૬% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ ₹ ૩૦/- લાખની મર્યાદામાં ૬ વર્ષ માટે
- કેટેગરી-૩ :- ટર્મલોન ઉપર ૫% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ ₹ ૨૫/- લાખની મર્યાદામાં ૫ વર્ષ માટે
- ડીફરન્ટલી એબલ્ડ અને મહિલા ઉદ્યોગકાર માટે ૧% વધારાની સહાય
- ૩૫ વર્ષથી નીચેના યુવા ઉદ્યોગકાર માટે ૧% વધારાની સહાય
- ઉદ્યમ રજીસ્ટ્રેશન ધરાવતાં નોંધાયેલ સ્ટાર્ટઅપ માટે ૧% વધારાની સહાય

(૩). ગુણવત્તા સહાય યોજના

MSME ઉદ્યોગને સ્પર્ધાત્મક હરિફાઈમાં ગુણવત્તા સભર ઉત્પાદન માટે મેળવેલ વિવિધ ગુણવત્તા પ્રમાણ પત્રો માટે ટેકો પૂરો પાડવાની યોજના

→ પાત્રતા

- BIS/ISI/WHO/GMP/Hall Mark પ્રમાણપત્ર અને અન્ય રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો મેળવવા કરેલ ખર્ચ
- ઉદ્યોગ કમિશ્નરશ્રી દ્વારા માન્ય કરેલ ERP સીસ્ટમ
- જરૂરી ચકાસણીના સાધનોની કિંમત કે ફી જે સર્ટીફીકેટ મેળવવા કરેલ હોય તે સાધનોના કેલીબ્રેશન ચાર્જની વિગત
- મુસાફરી, હોટલ અને સર્વાઈલન્સ ચાર્જ સિવાયના કન્સલ્ટીંગ ફી ચાર્જ

→ સહાયનું ધોરણ

- ERP સીસ્ટમે વસાવવાના મૂડીરોકાણનાં મહતમ ૬૫% ₹ ૧.૦૦ લાખની મર્યાદામાં
- પાત્રતામાં દર્શાવેલ માપદંડ પ્રમાણે પ્રમાણપત્ર મેળવવાની ફી ના ખર્ચના ૫૦% અને ટેસ્ટીંગ સાધનો તથા મશીનરી વસાવવાના ખર્ચના ૫૦% બંને મળી મહત્તમ ₹ ૧૦.૦૦ લાખ

(૪). ZED Certification માટે આર્થિક સહાય

MSME મેન્યુફેકચરીંગ એકમો Zero Defect Zero Effect માટે પ્રમોશન માટેની સહાય યોજના

→ પાત્રતા

- ZED Certification ધરાવતા MSME એક્ટ અન્વયે ઉદ્યોગ આધાર અથવા ઉદ્યમ રજીસ્ટ્રેશન મેળવવા Micro અને Small ઔદ્યોગિક એકમો

→ સહાયનું ધોરણ

- ZED Certification મેળવવા બધા જ પ્રકારનાં ખર્ચની રકમનાં ૬૫% રકમ ભારત સરકારની સહાય બાદ કર્યા બાદ વધુમાં વધુ ₹ ૫૦,૦૦૦/- સહાય.

(૫). ICTના અમલીકરણ માટે સહાય

ICT માટે જરૂરી એવા સાધનો કે જે સંદેશા વ્યવહારનાં માધ્યમ જેવાં કે હાર્ડવેર, નેટવર્કીંગ અને ક્લાઉડ કોમ્પ્યુટીંગ વગેરે માટે સહાય

INDEX

→ **પાત્રતા**

- સંદેશાવ્યવહારના માધ્યમ માટે જરૂરી ICTના સાધનો વસાવવા મેન્યુફેકચરીંગ એકમો

→ **સહાયનું ધોરણ**

- ICT સવલત સંબંધીત મૂડીખર્ચ ૬૫%ના ધોરણે વધુમાં વધુ ₹ ૫.૦૦ લાખની મર્યાદામાં

(૬). ટેકનોલોજી એકવીઝેશન માટે સહાય

નવી પ્રોડકટના ઉત્પાદન પ્રક્રિયાના સુધારા માટે મેન્યુફેકચરીંગ ક્ષેત્રે નવી ટેકનોલોજી લાવવા માટે ટેકનોલોજી એકવીઝીશનની પ્રોત્સાહન યોજના

→ **પાત્રતા**

- માન્ય સંસ્થા દ્વારા ટેકનોલોજી સંપાદન કરવા સહાય
- નવા સહાય નવા એકમની જેમ જ હયાત એકમ સહાય મેળવી શકશે.
- કોઇ પણ પ્રકારનાં પ્લાન્ટ અને મશીનરી સાધનો મેળવવા સહાય મળવાપાત્ર નથી.
- ભારતીય કંપની/વિદેશી કંપનીઓ પાસેથી મેળવેલ પેટન્ટેડ ટેકનોલોજી સહાયપાત્ર થશે.

→ **સહાયનું ધોરણ**

- પ્રથમ બે વર્ષની રોયલ્ટી સહિતની ચૂકવેલ રકમનાં ૬૫% સહાય મહત્તમ ₹ ૫૦/- લાખની મર્યાદામાં

(૭). પેટન્ટ રજિસ્ટ્રેશન માટે સહાય

ગુજરાત સરકાર દ્વારા પેટન્ટ રૂલ્સ અને રેગ્યુલેશન પ્રમાણે નેશનલ/ઈન્ટરનેશનલ પેટન્ટ રજીસ્ટ્રેશન મેળવવા માટે સંસ્થાઓ/ ઈન્સ્ટીટ્યુટ અથવા ઔદ્યોગિક એકમે કરેલ ખર્ચ માટે નાણાંકીય સહાય પૂરી પાડવા પેટન્ટ રજીસ્ટ્રેશન પ્રોત્સાહન યોજના.

→ **પાત્રતા**

- વ્યક્તિગત અથવા અન્ય કાયદાકીય સ્વતંત્ર સંસ્થા સહાયને પાત્ર થશે
- એટર્ની ફી માં પેટન્ટ એટર્ની પેટન્ટ સર્વિસ સેન્ટરને ચૂકવેલ ફી, પેટન્ટના ડેવલપમેન્ટ માટે વસાવેલ સાધનોનો ખર્ચ (ટ્રાવેલીંગ ખર્ચ અને હોટેલ ચાર્જને બાદ કરતાં)

→ **સહાયનું ધોરણ**

- એટર્ની ફી થયેલ ખર્ચની કિંમતના ૭૫% સહાય મહત્તમ ₹ ૨૫/- લાખની મર્યાદામાં
- સ્થાનિક પેટન્ટ માટે વધુમાં વધુ ₹ ૫૦,૦૦૦/- અને આંતરરાષ્ટ્રીય પેટન્ટ માટે વધુમાં વધુ ₹ ૨,૦૦,૦૦૦/-ની સહાય

(૮). વીજળી અને પાણીના વપરાશની બચત માટેની સહાય

ગુજરાત સરકારશ્રીની પ્રોત્સાહન યોજનામાં અન્વયે નવા અને હયાત મેન્યુફેકચરીંગ MSME એકમો દ્વારા એનર્જી અને પાણીના વપરાશની બચત માટે લીધેલ પગલા માટે સહાય.

→ **પાત્રતા**

- ઓડીટ પહેલાના અગાઉના ૧૨ માસની સરખામણીમાં પાણી અને એનર્જીના વપરાશમાં થયેલ ખર્ચમાં ઓછામાં ઓછી ૧૦% બચત માટે વસાવેલ સાધનોને પાત્ર ગણવામાં આવશે.

→ **સહાયનું ધોરણ**

- માન્ય સંસ્થા અથવા કન્સલ્ટન્ટ દ્વારા થયેલ એનર્જી વોટર ઓડીટની ૭૫% કિમત ₹ ૫૦,૦૦૦/-ની મર્યાદામાં
- સાધનની કિંમતમાં ૨૫% વધુમાં વધુ ₹ ૨૦/-લાખની મર્યાદામાં (દરેક પ્રોજેક્ટ દીઠ)

(૯). એસએમઈ એકસચેન્જ દ્વારા મુડી ઉભી કરવા માટે

ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન યોજના અન્વયે લઘુ અને મધ્યમ ઉદ્યોગોને SME Exchange મારફત મૂડી ઉભી કરતાં એકમોને મૂડી ઉભી કરવા માટે સહાયની યોજના.

INDEX

➔ **પાત્રતા**

- MSME-D એક્ટ ૨૦૦૬ અન્વયે નોંધાયેલ MSME એકમો અથવા ઉદ્યમ રજીસ્ટ્રેશન મેળવતા એકમો.

➔ **સહાયનું ધોરણ**

- લઘુ અને મધ્યમ કક્ષાના એકમો દ્વારા ફંડ ઉભુ કરવા થયેલ ખર્ચના ૨૫% મહત્તમ ₹ ૫/-લાખની મર્યાદામાં યોજનાના સમયગાળા દરમ્યાન ફંડ મેળવવા સફળ થયેલ એકમોને મળવા પાત્ર થશે.

(૧૦). CGTMSEની ચુકવણી અંગે સહાય

ગુજરાત સરકારશ્રીની પ્રોત્સાહન યોજના અન્વયે નવા અને હયાત મેન્યુફેકચરીંગ MSME એકમોએ બેંક/નાણાંકીય સંસ્થા દ્વારા કોલાટરોલ ફી ટર્મલોન મેળવવા ચુકવેલ CGTMSE ફી અન્વયે સહાય.

➔ પાત્રતા

- MSME-D એક્ટ ૨૦૦૬ અન્વયે નોંધાયેલ સુક્ષ્મ અને લઘુ એકમો (મેન્યુફેકચરીંગ ક્ષેત્ર).
- સર્વિસીંગ પ્રવૃત્તિ અને ટ્રેડીંગ પ્રવૃત્તિને પાત્ર ગણવામાં આવતા નથી.

➔ **સહાયનું ધોરણ**

- બેંક/નાણાંકીય સંસ્થા દ્વારા કોલાટરોલ ટર્મલોનનાં પાંચ વર્ષના સમયગાળા માટે વસુલ કરવામાં આવેલ ફીની રકમનાં ૧૦૦% સહાય.

(૧૧). પાવર કનેક્શન ચાર્જમાં રાહત

MSME એકમોને પાવર કનેક્શન મેળવવા માટે નાણાંકીય સહાય.

➔ **પાત્રતા**

- MSME એક્ટ અન્વયે એકમે રજીસ્ટ્રેશન મેળવેલ હોવુ જોઈએ.
- એકમ નવા કનેક્શન /હયાત લોડ ઉપરાંત વધારાના લોડ માટે અથવા કનેક્શન શીફ્ટીંગ કરવા માટે ચાર્જ ચુકવેલ હોવો જોઈએ.

➔ **સહાયનું ધોરણ**

- LT/HT સર્વીસ લાઈન માટે લાયસન્સ મેળવવા ચુકવેલ ચાર્જીસના ૩૫% પરંતુ વધુમાં વધુ ₹ ૫.૦૦/-લાખની મર્યાદામાં

(૧૨). સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને ભાડામાં સહાય

ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન યોજના અન્વયે સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને સ્થાપવા તેઓ દ્વારા ભાડા અથવા ભાડાપટ્ટે મેળવેલ શેડ માટેની ભાડા સહાય યોજના.

➔ **પાત્રતા**

- સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગકારો દ્વારા મેન્યુફેકચરીંગ એક્ટીવીટી માટે ભાડેથી અથવા ભાડા પેટેથી મેળવેલ શેડ પાત્ર ગણાશે.
- સર્વિસીંગ અને ટ્રેડીંગ પ્રવૃત્તિ પાત્ર ગણાશે નહી

➔ **સહાયનું ધોરણ**

- ઉદ્યોગકાર દ્વારા ચુકવેલ ભાડાનાં ૬૫% ₹ ૧,૦૦,૦૦૦/-ની મર્યાદામાં (વાર્ષિક)
- સહાય પાંચ વર્ષ માટે ચુકવવામાં આવશે.

વર્ષ ૨૦૨૨-૨૩ ના નાણાંકિય વર્ષ માટે ચાલુ બાબત તરીકે ₹ ૧૪૫૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

INDEX

(R) બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના હેઠળ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ કક્ષાના ઔદ્યોગિક સાહસિકોને ઉદ્યોગ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટેની યોજના.

ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ તા.૦૧/૦૯/૨૦૨૦ ના ઠરાવથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના હેઠળ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ કક્ષાના ઔદ્યોગિક સાહસિકોને ઉદ્યોગ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે માઈક્રો, સ્મોલ અને મીડીયમ, એન્ટર પ્રાઈઝને આપવાની થતી સહાયની યોજનાજેવી કે કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સહાય, વ્યાજ સહાય, ક્વોલીટી સર્ટીફીકેશનમાં સહાય, ERP સહાય, ZED સર્ટીફીકેશન માટે આર્થિક સહાય, આઇ.સી.ટી માટે સહાય, ટેકનોલોજી એક્વીજીશનમાં સહાય, એમએસએમઈ એક્ષચેન્જ મારફતે કેપિટલ વધારવા માટે સહાય, નવી બાબત તરીકે વીજ જોડાણ માટે સહાય, ભાડા સહાય વિગેરે યોજનાઓ અમલમાં આવેલ છે.

(૧). કેપિટલ સહાય યોજના

ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન યોજના અન્વયે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉદ્યોગકારોએ બેંક દ્વારા મેળવેલ ધિરાણથી કરેલ ગ્રોસ સ્થાયી મૂડી રોકાણ અન્વયે સહાય.

→ પાત્રતા

- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો ૫૧% કરતા વધુ ફાળો હોવો જોઈએ.
- ફક્ત મેન્યુફેકચરીંગ સેકટર

→ સહાયનું ધોરણ

- **તાલુકા :1**
  - ટર્મ લોન ઉપર ૩૦ % અથવા મહત્તમ ₹ ૪૦/- લાખ
  - સ્થાયી મૂડીરોકાણ ₹ ૧૦/- કરોડથી વધુ હોય તો વધારાનાં ₹ ૧૦/- લાખ
- **તાલુકા :2**
  - ટર્મ લોનનાં ૨૫% અથવા મહત્તમ ₹ ૩૫/- લાખ સ્થાયી મૂડીરોકાણ ₹ ૧૦/- કરોડથી વધુ હોય તો વધારાના ₹ ૭.૫/- લાખ
- **તાલુકા :3**
  - ટર્મ લોન નાં ૧૫% અથવા મહત્તમ ₹ ૧૫/- લાખ સ્થાયી મૂડીરોકાણ ₹ ૧૦/- કરોડથી વધુ હોય તો વધારાના ₹ ૫/- લાખ

(૨). વ્યાજ સહાય યોજના

ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન યોજના અન્વયે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉદ્યોગકારો ને પ્લાંટ અને મશીનરી, નવા મકાન માટે નવા એકમ માટે, વિસ્તૃતિકરણ /મોડર્નઈઝેશન માટે લીધેલ લોન અંગે ભરેલ વ્યાજ માટે સહાય.

→ પાત્રતા

- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો ૫૧% કરતા વધુ ફાળો હોવો જોઈએ.
- મેન્યુફેકચરીંગ સેકટર અને સર્વિસ સેકટર બંનેને મળવાપાત્ર
- નવી મશીનરી, સાધનો અને ફર્નિચર અને ફીકર્યસ સર્વિસ સેકટર માટે મળવાપાત્ર સહાય
- સર્વિસ સેકટર માટે GST Registration ફરજિયાત

→ સહાયનું ધોરણ

- **તાલુકા :1**
  - ટર્મ લોન ઉપર ૮% વ્યાજસહાય મહત્તમ ₹ ૩૫/- લાખની વાર્ષિક મર્યાદામાં ૭ વર્ષ સુધી
- **તાલુકા :2**
  - ટર્મ લોન ઉપર ૭% વ્યાજસહાય મહત્તમ ₹ ૩૦/- લાખની વાર્ષિક મર્યાદામાં ૬ વર્ષ સુધી

INDEX

- **તાલુકા :૩**
  - ટર્મ લોન ઉપર ૬% વ્યાજસહાય મહત્તમ ₹ ૨૫/- લાખની વાર્ષિક મર્યાદામાં ૫ વર્ષ સુધી
  - ૧% વધારાની સહાય
  - ડીફરન્ટલી એબલ્ડ
  - મહિલા
  - મેન્યુફેકચરીંગ સેકટરમાં નોધાયેલ સ્ટાર્ટઅપ
  - ૩૫ વર્ષથી નીચેના યુવા ઉદ્યોગકાર

(૩). **ગુણવત્તા સહાય યોજના**

ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન યોજના અન્વયે રાજ્યનાં અનુસુચિત જાતિ/જનજાતિના ઉદ્યોગકારો માટે સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવા ગુણવત્તા સુધારવાના હેતુથી તેમજ ગુણવત્તાસભર ઉત્પાદન માટે અપનાવેલ ગુણવતાના સાધનો-પદ્ધતિ માટે કરેલ ખર્ચને સહાયરૂપ થવા માટેની સહાય

➔ **પાત્રતા**

- અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિના ઉદ્યોગકારનો ૫૧% કરતાં વધુ ફાળો હોવો જોઈએ.
- ફક્ત મેન્યુફેકચરીંગ સેક્ટર જ આ યોજના અંતર્ગત પાત્ર ગણાશે.
- સર્વર તથા સોફ્ટવેર સહિતની ERP સિસ્ટમ પાત્ર ગણાશે.
- ગુણવત્તા પ્રમાણપત્ર ફરજિયાત હોય તેવા કિસ્સામાં સહાય મળવાપાત્ર નથી.
- સર્ટીફિકેટ માટે રીન્યુઅલ મેળવવા માટેનો ચાર્જ મળવાપાત્ર નથી.

➔ **સહાયનું ધોરણ**

- ERP સહાય
- ERP સીસ્ટમ નાખવા માટે થયેલ ખર્ચનાં ૭૫% અથવા વધુમાં વધુ ₹ ૧.૦૦/-લાખ.
- ગુણવત્તા પ્રમાણપત્ર
- રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર મેળવવા ૬૦% ફી મળવાપાત્ર
- ગુણવત્તા સાધનો-મશીનરી કિંમતના ૬૦% પરંતુ વધુમાં વધુ ₹ ૧૦.૦૦/-લાખની મહત્તમ મર્યાદા.

(૪). **ZED Certification માટે આર્થિક સહાય**

MSME મેન્યુફેકચરીંગ એકમો Zero Defect Zero Effect માટે પ્રમોશન માટેની સહાય યોજના

➔ **પાત્રતા**

- ZED Certification ધરાવતા MSME એક્ટ અન્વયે ઉદ્યોગ આધાર અથવા ઉદ્યમ રજીસ્ટ્રેશન મેળવવા Micro અને Small ઔધોગીક એકમો

➔ **સહાયનું ધોરણ**

- ZED Certification મેળવવા બધા જ પ્રકારનાં ખર્ચની રકમનાં ૫૦% રકમ ભારત સરકારની સહાય બાદ કર્યા બાદ વધુમાં વધુ ₹ ૫૦,૦૦૦/- ની સહાય.

(૫). **ICT Infrastructure સ્થાપવા માટે સહાય**

➔ **પાત્રતા**

- અનુસૂચિત જાતિ અને જનજાતિના ઉદ્યોગકારોનો ૫૧% અથવા વધારે ફાળો હોવો જોઈએ.

➔ **સહાયનું ધોરણ**

- ICT Facilitation ને લગતા મૂડી ખર્ચના ૭૫% વધુમા વધુ ₹ ૫.૦૦ લાખ

INDEX

(૬). ટેકનોલોજી એકવીઝેશન માટે સહાય

ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન યોજના અન્વયે નવી ઉત્પાદન માટે તથા ઉત્પાદન પ્રકિયાના સુધારા માટે અને ઉદ્યોગમાં ગ્રાહકની જરૂરિયાતને ઝડપી અને અસરકારક ICT ટુલ્સના વિકાસ માટે વસાવેલ નવી ટેકનોલોજી માટે આપવામા આવતી સહાય.

→ પાત્રતા

- અનુસૂચિત જાતિ અને જનજાતિના ઉદ્યોગ કારોનો ૫૧% અથવા વધારે ફાળો હોવો જોઈએ.
- ફકત મેન્યુફેકચરીંગ સેકટર પાત્ર ગણાશે.
- ખાસ ઉત્પાદન પ્રકિયા માટે નવી ટેકનોલોજી અપનાવેલા MSME એકમો.
- ઉત્પાદન પ્રકિયાની સુધારા માટે અથવા નવી પ્રોડકટ માટે નવી ટેકનોલોજી અપનાવેલ હોય તેવા હયાત એકમો

→ સહાયનું ધોરણ

- યોગ્ય ટેકનોલોજી અપનાવવાની કિંમત ના ૭૦% વધુમા વધુ ₹ ૫૦.૦૦ લાખ
- કિંમતમાં બે વર્ષ સુધીની રોયલ્ટીની ચૂકવણીનો સમાવેશ થશે.

(૭). એસએમઈ એકસચેન્જ દ્વારા મુડી ઉભી કરવા માટે

સેબી દ્વારા MSME ઉદ્યોગોને SME એક્ષ્ચેન્જ મારફત મૂડી ઊભી કરવા પરવાનગી મળેલ છે. જેથી MSE ને આ માટે સહાય પૂરી પાડવાની યોજના

→ પાત્રતા

- અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના ઉદ્યોગકારોનો ૫૧% થવા વધારે ફાળો હોવો જોઈએ.

→ સહાયનું ધોરણ

SME એક્ષ્ચેન્જ દ્વારા મૂડી ઉભી કરવા માટે થયેલ ખર્ચના ૩૦% અથવા વધુમા વધુ ₹ ૫/- લાખ (એક વખત)

(૮). પાવર કનેક્શન ચાર્જમાં રાહત

MSME એકમોને પાવર કનેક્શન મેળવવા માટે નાણાંકીય સહાય.

→ પાત્રતા

- MSME એક્ટ અન્વયે એકમે રજીસ્ટ્રેશન મેળવેલ હોવુ જોઈએ.
- એકમ નવા કનેક્શન /હયાત લોડ ઉપરાંત વધારાના લોડ માટે અથવા કનેક્શન શીફ્ટીંગ કરવા માટે ચાર્જ ચુકવેલ હોવો જોઈએ.

→ સહાયનું ધોરણ

- LT/HT સર્વીસ લાઈન માટે લાયસન્સ મેળવવા ચુકવેલ ચાર્જીસના ૫૦% પરંતુ વધુમાં વધુ ₹ ૫.૦૦/- લાખની મર્યાદામાં

(૯). સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને ભાડામાં સહાય

ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન યોજના અન્વયે સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને સ્થાપવા તેઓ દ્વારા ભાડા અથવા ભાડાપટ્ટે મેળવેલ શેડ માટેની ભાડા સહાય યોજના.

→ પાત્રતા

- સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગકારો દ્વારા મેન્યુફેકચરીંગ એક્ટીવીટી માટે ભાડેથી અથવા ભાડા પેટેથી મેળવેલ શેડ પાત્ર ગણાશે.
- સર્વિસીંગ અને ટ્રેડીંગ પ્રવૃત્તિ પાત્ર ગણાશે નહી.

→ સહાયનું ધોરણ

- ઉદ્યોગકાર દ્વારા ચુકવેલ ભાડાનાં ૭૦% ₹ ૧,૦૦,૦૦૦/-ની મર્યાદામાં (વાર્ષિક)
- સહાય પાંચ વર્ષ માટે ચુકવવામાં આવશે.

INDEX

- SCSP Components

નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ બાબત તરીકે ₹ ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

- TASP Components:-

નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ બાબત તરીકે ₹ ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[S] ઓઆઈએન-૫ ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો

- **પ્રાદેશિક કક્ષાએ સેમીનાર કમ વર્કશોપઃ-**

આ યોજનાનો હેતુ જીલ્લા તાલુકા કક્ષાએ પરિસંવાદ, બાયર સેલર મીટ તેમજ ઓપનહાઉસ જેવા કાર્યક્રમો યોજી નવા ઉદ્યોગ સાહસિકોને ઉદ્યોગ વિભાગ દ્વારા જાહેર કરાતી યોજનાઓની માહિતી તેમજ માર્ગદર્શન પુરુ પાડવાનો છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં આ યોજના માટે ₹ ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

- **એમ.એસ.એમ.ઈ.શાખા દ્વારા કરવામા આવતી આલ્કોહોલ, મોલાસીસ તથા અન્ય કાચામાલ અંગેની કામગીરીઃ-**

રાજ્યમાં નશાબંધી અમલમાં હોઈ, આલ્કોહોલ તેમજ મોલાસીસની જરૂરીયાતવાળા ઔદ્યોગિક એકમોને જરૂરી જથ્થો નિયત કરી તે માટે વાર્ષિક ઉત્પાદન કાર્યક્રમ મંજુર કરી આપવા, ઉપરાંત રાજ્ય બહાર નિકાસ માટે જરૂરી એનઓસી ચોકકસ નીતિને આધિન રહી આપવામાં આવે છે. આ ઉપરાંત અન્ય કાચોમાલ, યુરિયા, બોરિક એસિડ, એમોનિયમ સલ્ફેટ વિગેરે માટે જિલ્લાં ઉદ્યોગ કેન્દ્રના તપાસ અહેવાલને આધારે અત્રેની કચેરી દ્વારા સરકારના સંબધિત વિભાગને ભલામણ પત્ર આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાંન ઓક્ટોબર-૨૦૨૧ અંતિત થયેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે.

અ. આલ્કોહોલઃ- (૧) ઈસ્યુ કરેલ એપીપી/ એમેન્ડમેન્ટ - ૮૪

બ. મોલાસીસઃ- (૧) ઈસ્યુ કરેલ એપીપી/ એમેન્ડમેન્ટ- ૩૮

(૨) મોલાસીસ એક્ષપોર્ટ એનઓસી/ એક્ષ્ટેન્શન-૦૯

ક. લુબ્રિકેટીંગ લાયસન્સ અંગે ભલામણ - ૦૫

[T] ઓઆઈએન-૮ કુદરતી આફતો (અતિવૃષ્ટી/પુર/વાવાઝોડુ)થી અસર પામેલા ઉદ્યોગોને નાણાંકીય સહાય

આ યોજના અન્વયે અતિવૃષ્ટી / પુર / વાવાઝોડા જેવી આકસ્મિક આવી પડતી આપત્તિ સમયે ઔદ્યોગિક એકમો તેમજ વાણિજ્ય એકમોને સહાય કરવા આ યોજના અમલમાં છે. આ યોજના અન્વયે સરકારશ્રી દ્વારા આપત્તિ સમયે જાહેર કરેલ સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી. રાજ્યમાં આવેલ તોકતે વાવાઝોડાના કારણે નુકશાન પામેલ અમરેલી, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાઓ અસરગ્રસ્ત થયેલ હતા. જે અંતર્ગતનાં વિસ્તારોનાં જિલ્લાઓમાં ૧૦ એકર સુધીની જમીનમાં મીઠું પકવતા અગરીયાઓને સહાય આપવા માટે કન્ટીજન્સી ફંડમાંથી ₹ ૧૪૮.૨૩ લાખની IND-8 સદર હેઠળ ઉદ્યોગ અને ખાણ વિભાગને ફાળવવા દરખાસ્ત કરેલ હતી. જેમાંથી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમરેલીને ₹ ૫૪.૦૯ લાખની અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરેન્દ્રનગરને ₹ ૫૦.૪૦ લાખ ફાળવેલ છે. તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મોરબીને ₹ ૪૩.૭૪ લાખ ફાળવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઈ કરેલ છે.

- **ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સેલ (EODB Cell)**

ઉદ્યોગકારોને ઉદ્યોગ સ્થાપવા માટે મહત્તમ સરળતા રહે તે માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા ૨૦.૨.૨૦૧૫ ના ઠરાવ થી "Ease of Doing Business માટે - "Investors' Facilitation Cell" સેલની સ્થાપના કરી છે. સરળીકરણની આ પ્રક્રિયામાં IFP PORTAL પર સરકારી વિવિધ પ્રક્રિયાઓ સંકલિત કરવાનું વિચારાધિન છે. આ પોર્ટલ સાથે સરકારના વિવિધ વિભાગો/ખાતાઓ કે જે ઉદ્યોગ/બીઝનેસ સ્થાપવા માટે વિવિધ પ્રકારની મંજુરીઓ/પરવાનગીઓ વિગેરે આપતા હોય છે. તમામ ઉદ્યોગ/બીઝનેસ સ્થાપવા પહેલાની, ઉદ્યોગ શરૂ થયા પહેલાંની અને ઉદ્યોગ શરૂ થયા બાદની મંજુરીઓ તેમજ સહાય IFP PORTAL પર સીંગલ વિન્ડો હેઠળ સાંકળવામાં આવશે. આમ, ઉદ્યોગ સાહસિકો અને સરકારના વિવિધ ખાતાઓ વચ્ચે શેતુરુપ ભૂમિકા બજવવા માટે અને એકબારી મંજુરી પ્રકારની પ્રણાલી ઉભી કરવા ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીમાં EODB / IFP CELL સ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ સેલમાં આઈ.એફ.સી.ના નોડલ ઓફિસર, પ્રોજેક્ટ એકઝીકયુટીવ અને અન્ય સર્પોટ સ્ટાફની સેવાઓ લેવામાં આવનાર છે. ઉક્ત બાબતે ચાલુ વર્ષ ₹ ૨૫૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે.

INDEX

- **એમ.એસ.એમ.ઈ. હેલ્પ ડેસ્ક (MSME ફેસીલીટેશન ડેસ્ક)**

ઉદ્યોગ સ્થાપવા માટે રોકાણકર્તાઓએ ઉદ્યોગખાતા પાસે માર્ગદર્શન ઈચ્છતા હોય છે. એમ.એસ.એમ.ઈ.નો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ફાળો વધે તે માટે સરકાર દ્વારા ઉદ્યોગ સાહસિકોને માર્કેટની તકો તથા લેટેસ્ટ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોના પ્રવાહ તથા વ્યુહરચના તથા ઔદ્યોગિક પ્રદર્શનો વિગેરે બાબતે માર્ગદર્શન આપવાની જરૂરીયાત છે. આ ધ્યેય હાંસલ કરવા સરકારે શરૂઆતમાં ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીમાં તથા અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતના જિલ્લા ઉદ્યોગકેન્દ્રો ખાતે SME HELP DESK(MSME Facilitation Desk) ની સ્થાપના કરેલ છે. આ પ્રોજેક્ટમાં ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીમાં કોર ટીમમાં ત્રણ પ્રોફેશનલ અને ક્ષેત્રીય ચાર હેલ્પ ડેસ્કમાં દરેક જગ્યાએ બે પ્રોફેશનલ હશે. તબકકાવાર અન્ય જિલ્લાઓમાં પણ આ વ્યવસ્થા ઉભી કરેલ છે. આ SME HELP DESK(MSME Facilitation Desk) એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગ સ્થાપવા ઈચ્છતા રોકાણકારોને નાણાંકીય વ્યવસ્થા માટે, પ્રોજેક્ટ પરત્વે નોલેજ સપોર્ટ, વેચાણ અને માર્કેટીંગ વિગેરે બાબતો માટે માર્ગદર્શન આપશે તથા સરકારી કચેરીઓમાં અમલીકરણ થતી યોજનાઓની પ્રક્રિયાઓથી માહિતગાર કરે છે. વર્ષ ૨૦૧૮-૧૯ થી કમિશ્નરશ્રી એમએસએમઈની કચેરી કાર્યરત થતાં તમામ કામગીરી સદરહુ કચેરી હસ્તગત આવી ગયેલ છે. આથી, હાલ ૧૧ જિલ્લાઓમાં હેલ્પ ડેસ્ક દ્વારા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન અને એમ.ઓ.યુ. ફોલોઅપ માટે સેવાઓ પુરી પાડવામાં આવે છે.

હાલ કાર્યરત તેમજ નવા ખુલવામાં આવનાર SME HELP DESK (MSME Facilitation Desk) માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર તથા નામાંકિત કન્સલટન્ટનો દ્વારા માનવબળ ઉભુ કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

- **હુલ્લડ દરમિયાન અસર પામેલા વ્યક્તિઓને સહાય**

કોમી તોફાનો દરમિયાન અસર પામેલા વ્યક્તિઓને લોન પુરી પાડવા બેંકોનો સહાયકી ૪ ટકા વ્યાજ સહાય બાબતે સરકારશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક.આરએસેફ-૧૦૨૦૦૨-૭૬૦-ચ, તા.૧૬/૩/૨૦૦૨ તથા તા.૧૬/૫/૨૦૦૨ ના ઠરાવથી અમલમાં આવેલ છે અને સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

રાજ્યમાં ફેબ્રુઆરી-મે ૨૦૦૨ દરમ્યાન થયેલ કોમી તોફાનોમાંથી નુકશાન પામેલા વ્યાક્તિઓને લોન પુરી પાડવા બેંક દ્વારા મંજુર કરેલ ધિરાણ ૪ ટકા ફ્લેટ રેટથી વ્યાજ સહાય વાર્ષિક મહતમ ૧ લાખની મર્યાદામાં ૩ વર્ષ માટે આપવાનું ઠરાવવામાં આવેલ છે.

વીજકરમાં વિલંબીત ચુકવણીનો લાભ એક વર્ષ માટે આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૦.૦૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧.૦૦ લાખની ટોકન બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

- **ભુકંપ સહાય- ધરતીકંપથી અસર પામેલા એકમોને સહાય**

૨૬મી જાન્યુઆરી ૨૦૦૧માં આવેલ ભૂકંપને કારણે રાજ્યના ઔદ્યોગિક એકમોને નુકશાન થયેલ હતું. આ એકમોના પુન:વસન માટે રાજ્ય સરકારે તા.૫/૩/૨૦૦૧ અને તા.૨૪/૪/૨૦૦૧ ના ઠરાવથી આ એકમોને પુન:વસન માટે કરેલ ખર્ચ પર સહાય આપવાની યોજના જાહેર કરેલ હતી. આ યોજના પ્રમાણે સીસ્મીકિ ઝોન-૪ અને ૫ માં આવેલ ઔદ્યોગિક એકમોને પુન:વસન ખર્ચના ૬૦% અથવા ₹ ૬૦.૦૦ લાખ તેમજ સીસ્મીક ઝોન ૧, ૨ અને ૩ માં આવેલા ઔદ્યોગિક એકમોને પુન:વસન ખર્ચના ૫૦ % અથવા ₹ ૩૦.૦૦ લાખની રાહત ચુકવવાની જોગવાઈ હતી. આ યોજના હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા અસરગ્રસ્ત એકમોને રાહત આપવામાં આવે છે. તેમજ આ અસરગ્રસ્ત એકમોને ગુજરાત વિદ્યુતબોર્ડના મીનીમમ ચાર્જિસમાંથી એકમે ખરેખર વપરાશ કરેલ હોય તેટલી રકમ ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા વસુલ કરવામાં આવેલ હતી અને બાકીની સરકારે ભોગવી હતી. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ યોજના માટે ₹ ૧.૦૦ લાખની ટોકન બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

- પૂર્વ જરૂરી સવલતોનો વિકાસ : કોમન એન્વાયરમેન્ટવ ઈન્ફ્રાસ્ટ્રકચર સહાય યોજના, એન્વાયરમેન્ટ પ્રોટેકશન મેઝર્સ આઈએનડી-૩
- સામુહિક પ્રદુષણ નિયંત્રણ માટે આંતર માળખાકીય સુવિધાના જુદા જુદા પ્રોજેક્ટો જેવા કે, નવા સી.ઈ.ટી.પી. પ્રોજેક્ટો, હયાત સી.ઈ.ટી.પી.નું અપગ્રેડેશન કરવુ. પ્રદુષિત પાણીના નિકાલ માટેની પાઈપલાઈન. ઔદ્યોગિક ગંદા પાણીની રીસાઈકલ કરવા માટે કોમન સ્પ્રે ડ્રાઈંગ સીસ્ટમ ઉભી કરવા હવાપાણીના પ્રદુષણ માટેની મોનીટરીંગ સીસ્ટમ ઉભી કરવા વગેરે. ઉપરાંત સામુહિક વેસ્ટ મેનેજમેન્ટાના પ્રોજેક્ટો જેવા કે ઈન્સીનરેશન, કો- ઈન્સીનરેશન, ટીએસડી એફ, સોલવેન્ટ રીકવરી, પ્લાઝમા થર્મલ ડીસ્ટ્રકશન સ્પેન્ટ એસીડ રીકવરી અને ઈવેસ્ટ મેનેજમેન્ટ વગેરે જેવા પ્રોજેક્ટો ઉભા કરવા માટે પ્રોજેક્ટ કોસ્ટના ૪૦% લેખે મહત્તમ ₹ ૫૦ કરોડની સહાય મળવાપાત્ર થાય છે. તેમજ યોજના હેઠળ

INDEX

સોલીડ ફ્યુઅલના કોમન બોઈલર પ્રોજેક્ટ (૧૦ એમએસએમઈ એકમો દ્વારા ઉભી કરેલી એસ.પી.વી. દ્વારા) માટે ૩૫ ટકા લેખે મહતમ ₹ ૨ કરોડની અને જો સ્વચ્છ ઈંધણનો ઉપયોગ કરે તો ૫૦ ટકા લેખે મહતમ ₹ ૨ કરોડની સહાય આપવામાં આવે છે.

- જી.પી.સી.બી, ગેમી, જી.સી.પી.સી, આઈ.આઈ.ટી, એન.આઈ.ટી, સાયન્સ અને એન્જીનીયરીંગ કોલેજને, આર એન્ડ ડી ઈન્સ્ટીટયુશન મારફતે સ્ટ્રેન્થનીંગ રેગ્યુલેશન એન્ડ એન્વાયરમેન્ટ કોમ્પલાઈન્સ માટે રજુ કરવામાં આવનાર જુદા જુદા પ્રોજેક્ટો માટે જરૂરી Need Base મહત્તમ ૫૦ લાખની સહાય મંજૂર કરવામાં આવે છે. કાર્યરત પ્રદુષિત એકમોને ગ્રીન ઔદ્યોગિક વસાહતમાં relocation કે retrofitting કરવા માટેના સાઈટ માસ્ટર પ્લાન સ્ટડી રીપોર્ટ તૈયાર કરવા માટેના ખર્ચના ૭૫% લેખે મહત્તમ ₹ ૮૦ લાખની સહાય મળવાપાત્ર છે. તેમજ હયાત પ્રદુષિત ઔદ્યોગિક એકમોને ગ્રીન ઔદ્યોગિક પાર્કમાં Setup relocation/ retrofitting) સ્થળાંતર કરવા માટે ૨૫% લેખે મહત્તમ ₹ ૨૫ કરોડ સુધીની સહાય મંજુર કરવાની જોગવાઈ છે.

- **એન્વાયરમેન્ટ પ્રોટેકશન મેઝર્સઃ**

(અ) પરંપરાગત પ્રોસેસના બદલે કલીનર પ્રોડકશન ટેકનોલોજી અપનાવવાથી જો કાચામાલનું optimisation & Substitution થાય. ઉપરાંત પાણી-પાવરના વપરાશમાં અને વેસ્ટના જનરેશનમાં ઘટાડો થાય તેવા કેસોમાં નીચે મુજબ સહાય મળવાપાત્ર થાય. એમ.એસ.એમ.ઈ. એકમોને કલીનર પ્રોડકશન અને કલીન ટેકનોલોજી માટે પ્લાન્ટ મશીનરીની કોસ્ટના ૩૫% લેખે મહત્તમ ₹ ૩૫ લાખ અને મોટા એકમોને પ્લાન્ટ અને મશીનરીની કોસ્ટના ૧૦% લેખે મહત્તમ ₹ ૩૫ લાખ મુજબ સહાય

(બ) કલીન એફીસીયન્ટ અને ઈનોવેટીવ પોલ્યુશન કન્ટ્રોલ ઈકવીપમેન્ટસના ઉપયોગ સાથેનો કોઈપણ એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે નીચેની વિગતે સહાય આપવામાં આવે છે. એમ.એસ.એમ.ઈ. એકમોને યોજનાના સમયગાળા દરમ્યાન પ્લાન્ટ અને મશીનરી માટે ૨૫ ટકા લેખે મહતમ ₹ ૩૫ લાખ મુજબ સહાય.મોટા એકમોને યોજનાના સમયગાળા દરમ્યાન પ્લાન્ટ અને મશીનરી માટે ૧૦ ટકા લેખે મહતમ ₹ ૩૫ લાખની સહાય. એમ.એસ.એમ.ઈ. એકમોને તેઓના હયાત એકમોમાં ગ્રીન પ્રેકટીસ અપનાવવા તેમજ એન્વાયરમેન્ટ ઓડીટ માટેની યોજના અન્વયે નીચે મુજબ સહાય આપવામાં આવે છે.

1. પીરીયોડીક એન્વાયરમેન્ટ ઓડીટ માટે ૭૫% લેખે મહત્તમ ₹ ૫૦ હજારની સહાય,.
2. ઓન લાઈન સ્ટેક ઈમીશન મોનીટરીંગ માટે કોસ્ટ ઓફ સીસ્ટમના ૨૫% અથવા મહત્તમ ₹ ૫ લાખ બે માંથી ઓછી રકમ હોય તેટલી સહાય અને જીપીસીબીની કનેક્ટીવિટી સાથે ઓનલાઈન કન્ટીન્યુઅસ સ્ટેક અમીશન સીસ્ટમ (CEMS) ઓનલાઈન એફલ્યુઅન્ટ ક્વૉલિટી મોનીટરીંગ સીસ્ટમ માટે ૫૦% લેખે ₹ ૨.૫૦ લાખની સહાય.
3. ગ્રીન બીલ્ડીંગ રેટીંગ માટે થનાર ખર્ચ માટે કન્સલ્ટીંગ ચાર્જીસના ૫૦% અથવા ₹ ૨.૫૦ લાખ બે માંથી જે ઓછુ હોય તેટલી સહાય.
4. એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ લેબોરેટરી અને સેલ ઉભો કરવા માટે કોસ્ટ ઓફ ઈકવીપમેન્ટના ૫૦% મુજબ મહત્તમ ₹ ૧૦ લાખની મહત્તમ મર્યાદામાં સહાય.
5. સલામતી સ્વાસ્થ્ય માટેના સાધનો ખરીદવા માટે કોસ્ટ ઓફ ઈકવીપમેન્ટના ૩૫% લેખે મહત્તમ ₹ ૩૫ લાખ.
6. ઔદ્યોગિક ગંદા પાણીની રીકવરી ઝીરો લીકવીડ ડીસચાર્જ મારફત કરવા માટેના પ્રોજેક્ટ પર સબંધિત ઈકવીપમેન્ટના ૫૦% અથવા મહત્તમ ₹૭૫ લાખ બે માંથી જે ઓછુ હોય તેટલી જ સહાય.

સને ૨૦૨૨ -૨૩ ના વર્ષમાં ઉકત યોજના માટે ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

- **માંદા એકમોના પુનર્વસનની યોજના**

રાજ્યના વાયેબલ માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે સરકારશ્રી દ્વારા તા.૨૮/૦૭/૨૦૧૬ તથા તા.૧૧/૦૯/૨૦૧૭ના G.R.no.MIS/10/2015/702426/Pથી વાયેબલ માંદા એકમોને રાહત અને છૂટછાટ યોજના જાહેર કરવામાં આવેલ હતી.

આ યોજના અન્વયે વાયેબલ માંદા એકમોના તેમના રાજ્ય સરકાર અને રાજ્ય સરકારના બોર્ડ/નિગમોના બાકી લ્હેણાની એક સાથે પતાવટ (One Time Settlement) ના લાભ ઉપરાંત ઈલેક્ટ્રીસિટી ડ્યુટીનું રીએમ્બર્સમેન્ટ, અનયુટીલાઈઝ સેલ્સ ટેક્ષ/Net VAT માંદા એકમ દ્વારા પુન:વસન માટે DRS/TEV રીપોર્ટ મુજબ કરવામાં આવતાં ફીક્સ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ તથા રીન્યુએબલ એનર્જી જનરેશન સહિતના મૂડીરોકાણ પર Net VAT રીએમ્બર્સમેન્ટ, ₹ ૧/-પ્રતિ યુનિટ વીજ વપરાશનું

રીએમ્બર્સમેન્ટ વિ.લાભ મળવાપાત્ર છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે માંદા એકમોના પુનર્વસનની યોજના હેઠળ ₹ ૪૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના હેઠળ અંદાજિત ૧૨એકમોને લાભ આપવાનો ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

[U] ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન, ગાંધીનગર

ધી સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ, ગાંધીનગર (CED) :

- **વિચાર :**

આજના હરિફાઇના યુગમાં નોકરીની શકયતાઓ મર્યાદિત બનતી જાય છે. ત્યારે નોકરી (સર્વિસ) સિવાયના અન્ય વિકલ્પો વિચારવાની જરૂરિયાત રહે છે. સ્વરોજગાર ક્ષેત્રે અનેક દિશાઓમાં પ્રયત્ન કરી આર્થિક આત્મનિર્ભરતા પ્રાપ્તિ કરી શકાય છે. સી.ઇ.ડી., ધી સેન્ટર ફોર આંત્રપ્રીનીયોરશીપ ડેવલપમેન્ટ (ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા) ગુજરાત સરકારશ્રી દ્વારા સંચાલિત સોસાયટી રજીસ્ટ્રેશન એકટ હેઠળ નોંધાયેલી સ્વાયત્ત સંસ્થા છે. આ સંસ્થા દ્વારા ઉદ્યોગ સાહસિકોને આર્થિક ઉપાર્જનના હેતુથી ઉદ્યોગ સાહસિકતા વિકાસ અંગેની તાલીમ આપવામાં આવે છે.

- **ઉદ્યોગસાહસિકતા એક આધુનિક આયામ :**

સીઇડી સંસ્થા દ્વારા ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ વિકાસ તાલીમ (પ્રશિક્ષણ), વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) વગેરે અંગે વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. સને ૧૯૭૯ થી ઉદ્યોગ સાહસિકોના વિકાસ માટે ઉદભવેલી આ સંસ્થાા, સોસાયટી રજીસ્ટ્રેશન એકટ હેઠળ નોંધાયેલ સ્વાયત સંસ્થા છે. રાજ્યના ઉદ્યોગ કમિશ્નરશ્રી સંસ્થાના ચેરમેન છે. જયારે નિયામક મંડળના સદસ્યોમાં ઔદ્યોગિક નિગમોના મેનેજીંગ ડિરેકટરશ્રી, જી.આઇ.ડી.સી., જી.એસ.એફ.સી., જી.આઇ.આઇ.સી., સીડબી તથા અગ્રણ્યં ઉદ્યોગપતિઓ, બેંકના પ્રતિનિધિઓ અને અગ્રગણ્ય શિક્ષણશાસ્ત્રી ઓ તેમજ મેનેજમેન્ટ તજજ્ઞશ્રીઓ સેવા આપી રહયા છે.

- **સંસ્થાનો મુખ્ય ઉદેશ**

ઉદ્યોગ સાહસિકતા વિકાસ એ સીઇડી સંસ્થાશનો બૃહદ અને મુખ્ય ઉદેશ છે. રાજ્યના શહેરી, ગ્રામ્ય અને પછાત વિસ્તોરોમાં પોતાની માલિકીના નવા નવા ઉત્પાદકીય અને સેવાકીય સાહસો ઉદ્યોગસ્થાપી રાજ્યની ઔદ્યોગિક વિકાસની ગતિમાં ઝડપથી વધારો કરે તેવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવાનો ઉદેશ છે. અને આ ક્ષેત્રમાં રસ ધરાવતાં યુવક/યુવતીઓને ઉદ્યોગ સાહસિકતા અંગેની તાલીમ આવ્યા પછી આશાસ્પદ ઉદ્યોગ સાહસિકને તાલીમને અંતે પુર્ણ વિશ્વાસ થાય કે, 'હું પણ ઉદ્યોગ સ્થાપી અને સફળ સંચાલન કરી શકીશ.'

સી.ઇ.ડી., ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન, તદ્દન નવા સંભવિત ઉદ્યોગ સાહસિકોને તેમના પોતાના સાહસો સ્થાપવા માટે તેમને પ્રશિક્ષિત, વિકસિત તેમજ પ્રોત્સાાહિત કરે છે, આમ સીઇડી રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં અને રોજગારી ઉભી કરવામાં અગત્યનું યોગદાન આપે છે. ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રના ગહન અભ્યાસ અનુભવ તેમજ તજજ્ઞોના સંશોધનોનો ઉપયોગ કરી સીઇડીની કાર્યનીતિનું ઘડતર થયું છે. સીઇડી આ પરીબળો ધ્યાનમાં રાખીને ઉદ્યોગ સાહસિકતા વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. તદઉપરાંત સીઇડી પ્રવર્તમાન ઉદ્યોગકારોને તેઓના સાહસમાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરવા માટે તેમજ કુશળ તાંત્રિક માનવબળ ઉપલબ્ધ થઇ શકે તે માટે તેમજ જરૂરિયાત આધારીત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે.

કોઇપણ દેશના આર્થિક વિકાસ માટે ઉદ્યોગસાહસિક અને ઉદ્યોગસાહસિકતા મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાત સરકારે રાજ્યમાં આંત્રપ્રીનીયોરશીપ પ્રવૃત્તિનો વિકાસ થાય તેવો અભિગમ રાખ્યો છે. રાજ્યમાં આંત્રપ્રીનીયોરશીપના વિકાસ માટે સી.ઇ.ડી. સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. ધી સેન્ટર ફોર આંત્રપ્રીનીયોરશીપ ડેવલપમેન્ટ દ્વારા રાજ્યમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પોતાની માલિકીના નવા ઉત્પાદકીય અને સેવાકીય ઉદ્યોગો સ્થાપી રાજ્યના ઔદ્યોગિક વિકાસની ગતિમાં ઝડપથી વધારો કરે તેવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવા તાલીમી કાર્યક્રમો પ્રતિવર્ષ યોજવામાં આવે છે. સીઇડીના તાલીમથી આશાસ્પદ ઉદ્યોગ સાહસિકોને તાલીમના અંતે પુર્ણ વિશ્વાસ થાય છે કે, હું પણ ઉદ્યોગ સ્થાપી તેનું સફળ સંચાલન કરી શકીશ. ઉદ્યોગોની સ્થાપના તથા સંચાલનના વિવિધ પાસાઓની સમજુતી, મદદ તથા માર્ગદર્શન માટે મોડયુલ-૧ માં ચાર અઠવાડીયા અને મોડયુલ-૨ માં બે અઠવાડીયા એમ બે પ્રકારના ઉદ્યોગ સાહસિકતા વિકાસના (ઇડીપી) કાર્યક્રમો દ્વારા તાલીમ આપવામાં આવે છે.

આ ઉપરાંત જે સાહસિકોને પોતાના ઉદ્યોગ ચાલુ કરેલ છે તેમને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઇને જરૂરીયાતલક્ષી તાલીમ/વર્કશોપ પણ યોજવામાં આવે છે. યુવાનો નોકરીને બદલે પોતાનો સ્વરોજગાર સ્થાપે તે માટે કોલેજ/યુનિવર્સિટી

વગેરેમાં અવેરનેસ કેમ્પ પણ રાખવામાં આવે છે. સીઈડી એક સ્વાયત સંસ્થા છે. ઉદ્યોગ કમિશ્નરશ્રીના અધ્યક્ષપણા હેઠળ ગવર્નીંગ બોર્ડ તેનું નિયમન કરે છે. સદર સંસ્થા સોસાયટી એકટ અને પબ્લીક ટ્રસ્ટી હેઠળ રજીસ્ટર્ડ થયેલ છે. સીઈડીની તાલીમમાં નીચેના પાસાઓનો સમાવેશ કરવામા આવે છે. તાલીમ ત્રણ તબક્કાઓમાં આપવામાં આવે છે. પ્રથમ તબક્કામાં તાલીમાર્થીઓને મળતી વિવિધ સહાય, સરકારી પ્રોત્સાહનો, નિયમો બેન્ક દ્વારા મળતી લોન અંગેની યોજનાઓ, ઉદ્યોગ સ્થાપવામાં સહાયભુત થતી સરકારી /બિનસરકારી સંસ્થાોઓની માહિતી, માર્કેટ સર્વે, પ્રોજેક્ટ રીપોર્ટ વગેરે વિષયોની માહિતી આપવામાં આવે છે.

ઉપરાંત ઉદ્યોગોના સંચાલનના વિવિધ વિષયો જેવા કે, પ્રોડકશન પ્લાનીંગ, ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ, પડતર કિંમત જેવા વિષયોનું જ્ઞાન આપવામા આવે છે. લઘુઉદ્યોગ/સેવા પ્રકારના એકમોની સ્થાપના માટે ફાઈલ, પ્રોજેક્ટ રીપોર્ટ, લોન અરજીના બિડાણમાં આવતી મુશ્કેલીઓ અને તેની વ્યુહરચના, એકમોની પસંદગીની શકયતા, કાયદાકીય જ્ઞાન આપવામાં આવે છે. તાલીમી કાર્યક્રમમાં પ્રત્યુક્ષ મુલાકાત, જુથ ચર્ચા, રોલ પ્લેઈંગ, કેસ સ્ટડી, જેવી વિવિધ તાલીમ પધ્ધતિઓ અજમાવવામાં આવે છે.

- **સંસ્થાની પ્રવૃત્તિઓ**

સીઈડીની પ્રવૃત્તિઓ વિવિધ વિભાગમાં વર્ગીકૃત કરી શકાય તેમ છે. જેને ઉદ્યોગ સાહસિકતા વાતાવરણનું સર્જન, ઉદ્યોગ સાહસિકતા તાલીમ, પ્રથમ પેઢીના તેમજ પ્રવર્તમાન ઔદ્યોગિક એકમોને સુદૃઢ બનાવતી સંચાલનલક્ષી, વિકાસલક્ષી અને વિસ્તૃતિકરણની પ્રવૃત્તિ તેમજ સાથે સાથે ઉદ્યોગોને અનુરૂપ કૌશલ્ય વર્ધક તાંત્રિક માનવબળ ઉપલબ્ધ થઈ શકે તે માટેની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. સંસ્થાની વિવિધ હેતુ અને સ્ટ્રેટેજી નીચે મુજબ છે.

- ઉદ્યોગ સાહસિકતા વિકાસ અંગેના વિચારને બહોળી રીતે પ્રચાર અને પ્રસાર કરવો, સંપૂર્ણ કક્ષાનો તાલીમી કાર્યક્રમ યોજવાનો છે તેમજ તાલીમાર્થી તાલીમ લઈને શહેરી અને ગ્રામ્ય વિસ્તારમા પોતાનો સ્વતંત્ર વ્યવસાય/ધંધો શરૂ કરે તે માટેનો છે. મુખ્ય હેતુ તાલીમાર્થીને "જોબ શોધનાર નહિ પણ જોબ આપનાર" બનાવા માટેનો પ્રયાસ કરવાનો છે.
- રસ ધરાવતા યુવાનો તેમજ ઉદ્યોગ વાંચ્છુઓ માટે ઉદ્યોગ સાહસિકતા વિકાસ વર્કશોપ યોજવામાં આવે છે જેમાં સી.ઈ.ડી. તેમજ ઉદ્યોગ સાહસિકતા વિકાસ અંગેની સમજ આપવામાં આવે છે.
- સંભવિત અને વર્તમાન ઉદ્યોગ સાહસિકોની માંગ અને જરૂરિયાત મુજબ ઈડીપી મોડ્યુલ ૧ અને ૨ દ્વારા રાજ્યના જુદા જુદા ભાગોમાં સ્વરોજગાર બનાવવા માટેના વિવિધ તાલીમી કાર્યક્રમો
- યોગ્ય કૌશલ્ય અને જ્ઞાનને ધ્યાનમાં રાખીને રાજ્યના વિવિધ ભાગોમાં સ્વ-રોજગારની તકો ઉભી કરવી
- બીજી પેઢીના ઉદ્યોગ સાહસિકો માટે સેકન્ડ જનરેશન પ્રોગ્રામ દ્વારા ઉદ્યોગો અને નીતીલક્ષી બાબતોને લગતા વિષયો આવરી લેવામાં આવે છે જેથી ઉદ્યોગ સાહસિકોની આર્થિક વૃધ્ધિ થઈ શકે.
- વ્યક્તિગત તેમજ સંસ્થાકીય વિકાસ માટે મહત્વપૂર્ણ એવા વિવિધ પાસાઓને આવરી લેતા એમએસએમઈ ક્ષેત્ર માટે માનવ સંસાધન વિકાસ કાર્યક્રમો યોજવા.
- મહિલાઓ, એસ.સી, એસ.ટી, દિવ્યાંગો અને પછાત વર્ગોના સર્વાંગી વિકાસ માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા અલાયદી તાલીમી કાર્યક્રમની વ્યવસ્થા.
- વિદ્યાર્થીઓમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટની પ્રવૃત્તિને વેગ આપવાના હેતુથી કોલેજો / યુનિવર્સિટીઓમાં ઈડી સેલ સ્થાપવા
- સામાજિક ઉદ્યોગ સાહસિકતા લક્ષી પ્રોજેક્ટ અથવા સામાજિક હેતુથી સંબંધિત કોઈપણ પ્રોજેક્ટને પ્રોત્સાહન અને હાથ ધરવા.
- ગ્રામીણ ઉદ્યમવૃત્તિ (દા.ત. એગ્રો આધારિત ઈડીપી) ને પ્રોત્સાહન આપવા
- ખેતી આધારીત ઉદ્યોગો પર ખાસ ભાર અને તેને લગતા એગ્રીપ્રીનીયોરશીપ તાલીમી કાર્યક્રમો યોજવા
- સી.ઈ.ડી. તાલીમાર્થીઓ માટે માર્ગદર્શન અને સલાહ સુચન સહાય આપવામાં આવે છે. જેને પોસ્ટ તાલીમ સહાય પણ કહેવામા આવે છે જેમા ઈડીપી તાલીમી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીઓને જ્ઞાનલક્ષી સહાય ૬ મહિના માટે આપવામાં આવે છે. જેમા સી.ઈ.ડી.ની નિષ્ણાંત ફેકલ્ટીઓ ઉદ્યોગ ધંધાની વિવિધ તકોની ઓળખ, પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવા બાબત, બેંક અને ફાઈનાન્સ અંગેના માર્ગદર્શન વિગેરે અંગે માર્ગદર્શન અને તકનીકી સહાય પૂરી પાડે છે. એમ.આઈ.એસ. માં ઉદ્યોગ સાહસિકો (ડીઓઈ) ના ડેટા જાળવવામાં આવે છે.

- પ્રોફેશનલસ માટે વિકેન્ડ ઈડીપી તાલીમી કાર્યક્રમો યોજવા.
- કોવિડ ૧૯ મહામારીને ધ્યાનમાં રાખી તાલીમાર્થીઓ માટેના ઓનલાઈન ઈડીપી અને અન્ય કાર્યક્રમો યોજવા.
- વિવિધ ઔદ્યોગિક તકો આધારિત સેક્ટરલક્ષી તાલીમી કાર્યક્રમો યોજવા.

- **સી.ઈ.ડી. દ્વારા ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમોની વિસ્તૃત માહિતી**

(૧) પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિકો માટે

(૧.૧) ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ વર્કશોપ Entrepreneurship Awareness Workshop (EAW)

ઉદ્યોગ સાહસિકતા અંગે જાગૃતતા કેળવવા વિવિધ પ્રકારની ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ શિબિરોનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આઇટીઆઇ, પોલીટેકનીક, એન્જીનીયરીંગ, ફાર્માસ્યુટીકલ, આયુર્વેદીક, સાયન્સ, કોમર્સ, આર્ટસ કોલેજ તેમજ અન્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણોનો વિકાસ થાય તે માટે તેમને જાગૃત કરવા ઉદ્યોગ સાહસિકતા વાતાવરણ નિર્માણમાં પાયાની કામગીરી કરી શકે તેવી શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકો, અધ્યાપકો, પ્રશિક્ષકો, (ઇન્ટ્રીકટરો) અને તજજ્ઞો (ફેકલ્ટીઓ) તેમના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે તે માટે પ્રેરીત કરવા માટે જાગૃતિ શિબિરોનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

(૧.૨) પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિકોના વિકાસ અંગે ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમો Entrepreneurship Development Programme (EDP)

સંસ્થા ગુજરાત રાજ્યમાં વિવિધ જીલ્લાઓ/તાલુકાઓ/શહેરોમાં તેમજ વિકસિત સ્થળોએ ઉદ્યોગ સાહસિકતા તાલીમી કાર્યક્રમો ચલાવે છે. ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમ મુખ્યત્વે બે પ્રકારના મોડયુલમાં યોજવામાં આવે છે.

(૧.૨.૧) જનરલ ઈડીપી મોડયુલ-૧

રાજ્યના મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ અને જીલ્લા તથા તાલુકા મથકો તથા મુખ્ય કેન્દ્રોમાં વસતાં લોકોના શૈક્ષણિક/અનુભવ અને નાણાંકીય સદ્વરતાને ધ્યાનમાં રાખી ચાર અઠવાડીયાના તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેથી રૂ. પાંચ લાખ કે તેથી વધુ મૂડી રોકાણ ધરાવતા વ્યવસાયો શરૂ કરી શકાય. રાજ્યમાં છેલ્લાં ૨૫ વર્ષ દરમ્યાન ઔદ્યોગિક અને વ્યાપારી ક્ષેત્રે થયેલ વિકાસના પગલે ઉપલબ્ધ થયેલ સુવિધાઓનો ઉપયોગ કરી વિવિધ વ્યવસાયોમાં સદર કાર્યક્રમ થકી બેરોજગાર યુવક/યુવતીઓને જોતરવામાં આવે છે.

(૧.૨.૨) જનરલ ઈડીપી મોડયુલ-૨

રાજ્યના મુખ્ય શહેરો સિવાયના પ્રત્યેક જીલ્લા / તાલુકાના આર્થિક વિકાસની પ્રકીયા પણ અત્યંત જરૂરી છે, જેથી સ્થાનિક વિશાળ સમુદાયને ઔદ્યોગિક ઉત્પાદન/સેવા પ્રકારની પ્રવૃત્તિ/ વેપારી પ્રવૃત્તિ દ્વારા આર્થિક વિકાસની તકો ઉપલબ્ધ કરાવી શકાય. ગ્રામ્ય/તાલુકા/જીલ્લા કક્ષાએ પૂરતાં પ્રમાણમાં આર્થિક વિકાસની શકયતાઓની તકોને પારખી તેને વિકસિત કરવાની પ્રકીયાને વેગ આપવા માટે શિક્ષિત બેરોજગાર યુવાનો અને સ્થાનિક પ્રજાજનોને કેન્દ્રે સ્થાને રાખીને વર્ષ દરમ્યાન સી.ઈ.ડી. સંસ્થાન દ્વારા રાજ્યના ગ્રામ્ય/તાલુકા/જીલ્લા કક્ષાએ બે અઠવાડીયાના ઈ.ડી.પી. કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

(૧.૨.૩) અનુસુચિત જાતિ અને જનજાતિ માટે ઈડીપી મોડયુલ-૨

અનુસુચિત જાતિ અને જનજાતિના લોકોની અનેક સમસ્યાઓ અને બંધનો છે. જેમકે ઓછી શૈક્ષણિક લાયકાત, નાણાંકીય/આર્થિક નબળાઇ, અવિકસિત પરીસ્થિપતિ અને જાણકારીનો અભાવ, દૈનિક રોજીરોટીની સમસ્યા, હુન્નર-ઉદ્યોગ-કલા-કસબ, તકનીકી કુશળતા (ટેકનીકલ સ્કીલ) વગેરેનો અભાવ, સામાજીક અને કૌટુંબિક પ્રશ્નો તથા સંકુચિત રીત-રીવાજોને કારણે તેઓ પોતાની વસ્તી અને રહેઠાણની જગ્યાએ રોજગારી મળે તેવી અપેક્ષા રાખે છે. પરીણામે તેઓ જન્મથી મરણ સુધી પોતાના ચોકકસ વિસ્તારમાં જ સ્થાયી થઈને રહે છે. મુખ્યત્વે તેઓ ખેતમજુરી દ્વારા દૈનિક વેતન કમાઈને ગુજરાન ચલાવે છે. તેથી તેમને સરળ ગુજરાતી ભાષામાં વિષયવસ્તુ તથા માર્ગદર્શન અને વ્યકતિગત સલાહસુચન દ્વારા તાલીમ આપવાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવે છે. જેથી તેઓ પોતાના વિસ્તારમાં જ પ્રવૃત્તિઓ હાથ ધરી સ્વાવલંબી બની શકે. આ માટે ગુજરાત આદિવાસી/ અનુસુચિત જાતિ નિગમની વિવિધ યોજનાઓ દ્વારા નાણાંકીય સહાય, સેવાકીય, કારીગર-વેપારી પ્રવૃત્તિ માટે સાધનપેટી મેળવી શકે છે. પ્રાથમિક રીતે આ પ્રકારની પ્રવૃત્તિ અને સહાય દ્વારા પ્રારંભ કરીને કેટલાક ખંતીલા અને વધુ સફળ ઉમેદવારો વધુ મૂડીરોકાણ ધરાવતી પ્રવૃત્તિ હાથ ધરીને સમય જતાં નૂતન સિધ્ધિ પ્રાપ્ત કર્યાના દાખલાઓ જોવા મળે છે. વર્ષ દરમ્યાન સી.ઈ.ડી. સંસ્થા દ્વારા રાજ્યના શહેરી/જિલ્લા/તાલુકા કેન્દ્રો, ગ્રામ્ય અને અતિ અંતરિયાળ પ્રદેશમાં અનુસુચિત જાતિ/અનુસુચિત આદિજાતિ ઉમેદવારો માટે બે અઠવાડીયાંના ઈ.ડી.પી. તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે.

INDEX

(૧.૨.૪) જરૂરીયાતલક્ષી ઉદ્યોગ સાહસિકતા સહ કૌશલ્ય નિર્માણ કાર્યક્રમો

સીઈડી અન્ય તાંત્રિક સંસ્થાઓના સહયોગમાં આ પ્રકારના વિશિષ્ટ ઈડીપી કાર્યક્રમો ચલાવે છે. જેમાં માહિતી પ્રૌદ્યોગિકી (ઈન્ફોરમેશન ટેકનોલોજી) આધારીત, કોમ્પ્યુટરલક્ષી, વિવિધ સેવાઓ આધારિત રોજગારલક્ષી તાંત્રિક કૌશલ્ય વિકાસ (સ્કીલ ડેવલપમેન્ટ) અને ઉદ્યોગ સાહસિકતા વિકાસનો (આંત્રપ્રીનીયોરશીપ ડેવલપમેન્ટનો) સમાવેશ થાય છે. આ કાર્યક્રમની જરૂરીયાત મુજબ ફીનું ધોરણ રાખવામાં આવે છે. આ પ્રકારના કાર્યક્રમો રાષ્ટ્રીય સંસ્થા જેવી કે રાષ્ટ્રીય ઉધમીતા અને લઘુ વ્યવસાય વિકાસ સંસ્થાન (નીસબર્ડ) સાથે પણ ચલાવવામાં આવે છે.

- **ઈડીપી કાર્યક્રમોમાં કોણ જોડાઈ શકે ?**

૧૮ વર્ષથી ઉપરની વયજૂથની કોઈપણ વ્યક્તિ જે કોઈ ટેકનિશિયન, વેપારી, વ્યવસાયિકો, સેલ્સમેન, એન્જિનિયર, ગૃહિણી કે કોઈપણ પ્રવૃત્તિ કરતી હોય, પરંતુ આર્થિક ઉર્પાજન કરવાની તીવ્ર ઈચ્છા ધરાવતી હોય, તેઓ અભ્યાસ કે અનુભવના બાધ વિના આ કાર્યક્રમમાં જોડાઈ શકે છે. આ ઉપરાંત તાલીમ પૂર્ણ થયા બાદ સતત ફોલોઅપ રખાય છે જેથી પ્રશિક્ષણ લેનાર તાલીમાર્થી પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી આર્થિક રીતે પગભર થઈ શકે.

(૨) પ્રવર્તમાન ઉદ્યોગ સાહસિકો માટેના કાર્યક્રમો Training Programme for Existing Entrepreneurship

(૨.૧) પ્રવર્તમાન ઉદ્યોગ સાહસિકો માટે તાલીમ કાર્યક્રમો Second Generation Programme (SGP)

સીઈડી ફકત નવ ઉદ્યોગ સાહસિકોને જ નહી પરંતુ પ્રવર્તમાન ઉદ્યોગ સાહસિકોને તેમના ઔદ્યોગિક સાહસના વિકાસને આડે આવતી મુશ્કેલીઓ દુર કરી વિકાસના નવા નવા સોપાનો સિધ્ધ કરી શકે તે માટે અપગ્રેડેશન પ્રોડકટની વિવિધતા, પ્રોડકટસ ડાઈવર્સિફિકેશન, કવોલિટી માર્ક, નેશનલ અને ઈન્ટરનેશનલ, ડબ્લ્યુ.ટી.ઓ. સામેની વ્યુહરચના ઈન્ટરનલ માર્કેટ અને એકસપોર્ટની પ્રોસિજર, બજાર વ્યવસ્થાપન (માર્કેટીંગ મેનેજમેન્ટ), નાણાંકીય સંચાલન તથા સ્પર્ધાત્મક વાતાવરણમાં કઈ રીતે ટકી શકાય., તે માટેના તાલીમ કાર્યક્રમોનું સંચાલન કરે છે. સીઈડી હાલના ઉદ્યોગકારો માટે સંશોધન સંસ્થાઓ અને વિષય નિષ્ણાંતોના સહયોગથી સેમિનાર/વર્કશોપ/ જરૂરિયાત આધારિત વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરે છે.

(૩) માનવ સંસાધન વિકાસ કાર્યક્રમ : Human Resource Development Programme (HRD) :

આ કાર્યક્રમ શૈક્ષણિક સંસ્થાઓ (એકેડેમિક ઈન્સ્ટીટ્યુટ), ઔદ્યોગિક (ઈન્ડસ્ટ્રિયલ) અને વ્યવસાય જૂથ (બિઝનેસ ગ્રુપ) તેમની કામગીરી અને ક્ષમતાને ઉત્કૃષ્ટ બનાવવા ઉપયોગી છે. આ કાર્યક્રમ માલિકો અને કર્મચારીઓ વચ્ચેના સંબંધોને મજબુત બનાવવામાં ભાગ ભજવે છે. મહત્વપૂર્ણ શિષ્ટાચારને લગતા વિષયો જેવા કે પ્રેરણા, કોમ્યુનિકેશન આવડત, મુશ્કેલી નિવારણ ક્ષમતા, સર્જકતા (ક્રીએટિવીટી) અને તનાવમુકિત (સ્ટ્રેસ મેનેજમેન્ટ) વગેરેનો સમાવેશ થાય છે. વિશિષ્ટ પ્રવૃત્તિના ભાગરૂપે રાજ્યમાં વિવિધ સ્થળોએ પ્રવર્તમાન સમયની માંગ મુજબ માનવ સંસાધન (એચ.આર.ડી,) કાર્યક્રમો - વિવિધ સંસ્થાના મેનેજર, સુપરવાઈઝર, કર્મચારીઓ માટે તથા સરકારી તેમજ અર્ધસરકારી અને ખાનગી કચેરીઓના અધિકારીઓ/કર્મચારીઓ તેમજ વિવિધ કોલેજના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે તથા સેવાકીય પ્રવૃત્તિ ધરાવતી સંસ્થાઓના અધિકારીઓ/ કર્મચારીઓ માટે વ્યક્તિગત અસરકારકતા વિકાસ દ્વારા પોતાના કામમાં ગુણવત્તા તથા અસરકારકતા લાવી શકે તે માટે મુખ્યત્વે ધ્યેય સિધ્ધિ, આયોજન, નિર્ણયશક્તિ, તનાવમુક્તિ (સ્ટ્રેયસ મેનેજમેન્ટ), હકારાત્મક વિચારસરણી તથા વર્તણૂંક, સ્વ વ્યવસ્થાપન, નેતૃત્વ, અસરકારક જુથનિર્માણ, ટ્રાન્જેકશન એનાલીસીસ ફોર ઈમ્પ્રુવિંગ ઈન્ટર પર્સનલ રીલેશનશીપ લક્ષ નિર્ધારણા અને ધ્યેય સિધ્ધિ, અસરકારક સમય વ્યવસ્થાપન જેવા વિષયો અંગે ક્ષેત્ર નિષ્ણાંતો દ્વારા પ્રયોગિક ધોરણે તાલીમ આપવાનું આયોજન કરે છે.

(૪) મહિલા સેલ (પ્રવૃત્તિઓ)

- મહિલા સશકિતકરણ માટે ટુંકી મુદતનો કાર્યક્રમ.
- મહિલાઓ માટે જરૂરિયાત આધારીત ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ.
- મહિલાઓના સામાજીક/આર્થિક સશકિતકરણ માટે વ્યક્તિગત માર્ગદર્શન અને ગ્રુપ સેમિનાર/ વર્કશોપ
- પ્રદર્શન અને વ્યાયપાર મેળાઓમાં સામેલગીરી અને મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલી ચીજવસ્તુ/ઓનું નિદર્શન
- મહિલા સહકારી સંસ્થાતઓની માંગણી અનુસાર ઉદ્યોગ સાહસિકતા વિકાસ જાગૃતિ કાર્યક્રમનું સંચાલન.

(૫) પરામર્શ સેવાઓ (Counselling) તેમજ પોસ્ટ તાલીમ/હેન્ડ હોલ્ડીંગ:

મુલાકાતીઓ/સફળ ઉદ્યોગ સાહસિકો અને અગાઉ તાલીમ મેળવી હોય એવા (પુર્વ પ્રશિક્ષિત) ઉદ્યોગ સાહસિકોને

તેમના વ્યવસાયિક પ્રોજેક્ટના વિસ્તરણ માટે માર્ગદર્શન. પોસ્ટ તાલીમ/હેન્ડ હોલ્ડીંગ અને સલાહ સુચન એક અલગ સેલ છે જેમાં અમો ધ્યાન આપી રહ્યા છીએ. અમો રસ ધરાવતા તાલીમાર્થીઓને ખાસ મદદ કરવા માંગીએ છીએ કે જેઓ ઉદ્યોગ સાહસિક બની આગળ જવા માંગે છે. તેથી તેઓને પ્રોજેક્ટ રીપોર્ટ, બેંક તરફથી મળતી મદદ, ઉદ્યોગ કેવી રીતે ઉભો કરવો વિગેરે પર હેન્ડ હોલ્ડીંગ મદદ મળતી રહે.

● યોજના: આઈ.એન.ડી.૪ ઔદ્યોગિક વિકાસ માટે સંસ્થાઓને સહાય (જનરલ ઈડીપી અને નરોડા કેમ્પસ)મુખ્ય સદર : ૨૮૫૨ - ઉદ્યોગો, પેટા મુખ્ય સદર : ૮૦ - સામાન્ય, ગૌણ સદર : ૮૦૦ - અન્ય ખર્ચ, પેટા સદર : ૨૩, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩

૨૦૨૧-૨૨ ના વર્ષ દરમ્યાટન ₹ ૫૮૫.૦૦ લાખના બજેટ સાથે ૧૯,૩૦૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક રાખ્યો જ છે. સીઈડીના વર્ગમાં જનરલ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, બક્ષીપંચના તાલીમાર્થીઓ ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમી કાર્યક્રમ (ઈડીપી)માં તાલીમ લે છે. આ ઉપરાંત સીઈડી દ્વારા ઉદ્યોગ સાહસિકતા જાગૃતતા કાર્યક્રમ (ઈએડબલ્યુ), માનવ વિકાસ તાલીમી કાર્યક્રમ (એચઆરડી) અને બીજી પેઢીના ઉદ્યોગ સાહસિકો માટે અલાયદા કાર્યક્રમ (એસજીપી) પ્રોગ્રામમાં પણ તાલીમાર્થીઓ તાલીમ લે છે. ઓક્ટોબર-૨૦૨૧ અંતિત ૮,૭૮૪ તાલીમાર્થીઓએ તાલીમ પુર્ણ કરેલ છે. ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આઈએનડી-૪, ઔદ્યોગિક વિકાસ માટે સંસ્થાઓને સહાય યોજના જનરલ ઈડીપી અંતર્ગત ₹ ૬૪૬.૦૦ લાખની જરૂરીયાત છે. તેમજ ૨૦૨૨-૨૩ના વર્ષ દરમ્યાન ૨૦,૦૩૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક રાખ્યો છે. સી.ઈ.ડી. દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન તેની પ્રાદેશિક કચેરીઓ, નરોડા કેમ્પસ, સીઈડી સ્ટાફ, કો-ઓર્ડિનેટર અને એમ્બેસેડર દ્વારા ઉદ્યોગ સાહસિકતા જાગૃતતા કાર્યક્રમોમાં (ઈએડબલ્યુ) માં કુલ ૧૨,૮૭૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાનું મહત્વકાંક્ષી આયોજન છે. ફક્ત આટલુ જ નહિ પરંતુ અમોએ પરીણામલક્ષી વ્યવસ્થા રાખેલ છે જેમાં જે તાલીમાર્થીઓ ઉદ્યોગ સાહસિકતા જાગૃતતા કાર્યક્રમમાં ભાગ લીધેલ છે તેઓ ઈડીપી મોડ્યુલ-૧ અને મોડ્યુલ-૨ તાલીમના તાલીમાર્થી બને અને તાલીમમા ભાગ લે. અમોએ આયોજન કરેલ છે કે કુલ ૧૨,૮૭૦ તાલીમાર્થીઓ કે જેઓએ ઉદ્યોગ સાહસિકતા જાગૃતતા કાર્યક્રમમાં ભાગ લીધેલ છે તેમાથી કુલ ૫૪૦૦ તાલીમાર્થી અમારા ઈડીપી મોડ્યુલ-૧ અને મોડ્યુલ-૨ મા ભાગ લે જેથી અમે ૪૦% નો સફળતા દર હાંસીલ કરી શકીએ.

અનુ. નં.	ઉદ્યોગ સાહસિકોને વિકાસ કાર્યક્રમો	રીજીયનદીઠ કુલ તાલીમાર્થીઓની સંખ્યા								
		અમદાવાદ	ભાવનગર	કચ્છ	રાજકોટ	સુરત	વડોદરા	નરોડા કેમ્પસ	કુલ તાલીમાર્થી	નાણાંની જરૂરિયાત (₹ લાખમાં)
૧	ઉદ્યોગ સાહસિકતા જાગૃતતા કાર્યક્રમ (ઈએડબલ્યુ)	૨૦૩૫	૧૮૧૫	૭૭૦	૨૭૫૦	૨૫૮૫	૧૮૧૫	૧૧૦૦	૧૨,૮૭૦	૧૩
૨	ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમી કાર્યક્રમ (ઈડીપી)	૯૨૦	૯૪૦	૨૬૦	૧૨૧૦	૧૨૧૦	૭૩૦	૩૩૦	૫૪૦૦	૬૩૦
૩	માનવ વિકાસ તાલીમી કાર્યક્રમ (એચઆરડી)	૧૧૦	૧૧૦	૫૫	૧૧૦	૧૧૦	૧૧૦	૫૫	૬૬૦	૧.૫
૪	બીજી પેઢીના ઉદ્યોગ સાહસિકો માટે અલાયદા કાર્યક્રમ (એસજીપી)	૧૬૫	૧૬૫	૧૧૦	૧૬૫	૧૬૫	૧૬૫	૧૬૫	૧૧૦૦	૧.૫
	કુલ	૩૨૩૦	૨૮૩૦	૧૧૯૫	૪૨૩૫	૪૦૭૦	૨૮૨૦	૧૬૫૦	૨૦,૦૩૦	

આ ઉપરાંત અમોએ બીજી પેઢીના કાર્યક્રમો અને માનવ વિકાસ તાલીમી કાર્યક્રમો દ્વારા કુલ ૧૭૬૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાનું લક્ષ્ય રાખેલ છે જેમાં હાલ ઉદ્યોગ કરી રહેલા ઉદ્યોગ સાહસિકો અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના માનવબળનો સમાવેશ થાય એ ખાસ ધ્યાન રાખવામાં આવશે.

૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આઈએનડી-૪, ઔદ્યોગિક વિકાસ માટે સંસ્થાઓને સહાય યોજના નરોડા કેમ્પસ અંતર્ગત ₹ ૪૪ લાખની જરૂરીયાત છે. પોસ્ટ તાલીમ/હેન્ડ હોલ્ડીંગ અને સલાહ સુચન એક અલગ સેલ છે જેમાં અમો ધ્યાન આપી રહ્યા છીએ. અમો રસ ધરાવતા તાલીમાર્થીઓ ને ખાસ મદદ કરવા માંગીએ છીએ કે જેઓ ઉદ્યોગ સાહસિક બની આગળ જવા માંગે છે. તેથી તેઓને પ્રોજેક્ટ રીપોર્ટ, બેંક તરફથી મળતી મદદ, ઉદ્યોગ કેવી રીતે ઉભો કરવો વિગેરે પર હેન્ડ હોલ્ડીંગ મદદ મળતી રહે. જેમાં અમોએ પ્રતિ તાલીમાર્થી દીઠ ₹ ૧૦,૦૦૦/- નું પ્રોવીઝન રાખેલ છે આ ઉપરાંત જે તાલીમાર્થીઓ સામાજિક ક્ષેત્રે

ઉદ્યોગ સાહસિકતા વિકાસ પ્રોજેક્ટમાં આગળ વધવા માંગતા હોય તેઓ ને એક તાલીમાર્થી/ઉદ્યોગ સાહસિક દીઠ ₹ ૧૦ લાખની મદદ કરવા માંગીએ છીએ. જેના માટે અમોને ₹ ૪૪ લાખની જરૂરીયાત છે. હેન્ડહોલ્ડીંગ (તાલીમાર્થીઓની સંખ્યા) અને સામાજીક ઉદ્યોગ સાહસિકતા વિકાસ પ્રોજેક્ટનો ટારગેટ જરૂરીયાત પ્રમાણે રહેશે. જો અમોને આ પ્રકારના તાલીમાર્થી નહિ મળે તો સદર ફંડ ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમી કાર્યક્રમો માટે વાપરવામાં આવશે.

સી.ઈ.ડી. ગ્રામ્ય ઉદ્યોગ સાહસિકતા વિકાસ ક્ષેત્રે પણ ખાસ ધ્યાન આપવામાં આવે છે જેથી ગ્રામીણ સ્ત્રોતોનો લાભ લઈ સ્થાનીક ક્ષેત્રે સ્વરોજગારીની તકો ઉભી કરી શકાય.

● યોજના: આઇએનડી-૧૫, ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક સ્વરોજગાર યોજના મુખ્ય સદર :૨૮૫૨ - ઉદ્યોગો, પેટા મુખ્ય સદર :૮૦ - સામાન્ય,ગૌણ સદર : ૮૦૦ - અન્ય ખર્ચ, પેટા સદર : ૦૧, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩

સી.ઈ.ડી. દ્વારા ગ્રામીણ અને પછાત ક્ષેત્રોમાં ગ્રામ્ય ઉદ્યોગ સાહસિકતાનો ફેલાવો કરવા માટે ઓનલાઈન/ઓફલાઈન તાલીમી કાર્યક્રમ કરવાનું આયોજન છે જેમાં સ્થાનિક સ્ત્રોતોનો મહત્તમ ઉપયોગ અને ગ્રામિણ અર્થવ્યવસ્થા અને પછાત વિસ્તાર પર ખાસ ભાર મુકવામાં આવશે. ઉદ્યોગ સાહસિકો કે જેઓ ખેતી આધારીત ઉદ્યોગો, સોલર ઉર્જા, ગ્રામ્ય કચરાનો નિકાલ અને એને લગતા બીજા ઉદ્યોગો કરવા પ્રેરાય તે માટે ખાસ ઈડીપી મોડ્યુલ-૨ ની તાલીમ યોજવામાં આવશે. ૨૦૨૧-૨૨ ના વર્ષ દરમ્યાન ₹ ૬૦ લાખના બજેટ સાથે ૫૬૫ તાલીમાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક રાખ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આઇએનડી-૧૫, ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક સ્વરોજગાર યોજના અંતર્ગત ૫૧૫ તાલીમાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમી કાર્યક્રમ મોડ્યુલ-૨ દ્વારા તાલીમ આપવાનો લક્ષ્યાંક છે અને ₹ ૬૬.૦૦ લાખની (આયોજન) જોગવાઇ કરવામાં આવી છે. સી.ઈ.ડી. દ્વારા ગ્રામીણ અને પછાત ક્ષેત્રોમાં ગ્રામ્ય ઉદ્યોગ સાહસિકતાનો ફેલાવો કરવા માટે ઓનલાઈન/ઓફલાઈન તાલીમી કાર્યક્રમ કરવાનું આયોજન છે જેમાં સ્થાનિક સ્ત્રોતોનો મહત્તમ ઉપયોગ અને ગ્રામિણ અર્થવ્યવસ્થા અને પછાત વિસ્તાર પર ખાસ ભાર મુકવામાં આવશે. ઉદ્યોગ સાહસિકો કે જેઓ ખેતી આધારીત ઉદ્યોગો, સોલર ઉર્જા, ગ્રામ્ય કચરાનો નિકાલ અને એને લગતા બીજા ઉદ્યોગો કરવા પ્રેરાય તે માટે ખાસ ઈડીપી મોડ્યુલ-૨ ની તાલીમ યોજવામાં આવશે.

● યોજના: આઈ.એન.ડી.-૧૫, અનુસુચિત જાતિ પેટા યોજના ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક સ્વરોજગાર યોજના મુખ્ય સદર : ૨૮૫૨- ઉદ્યોગો,પેટા મુખ્ય સદર: ૮૦- સામાન્ય,ગૌણ સદર : ૭૯૩ - ખાસ કેન્દ્રીય સહાય કેન્દ્ર પુરસ્કૃત યોજના (૧૦૦ %),પેટા સદર : ૦૧, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩

સીઈડી રાજ્યના જુદા જુદા ભાગોમાંથી એસસી કેટેગરીના સંભવિત યુવાનોને ઓળખવાની અને તેમના ઓનલાઇન કે ઓફલાઇન ઇડીપી / તાલીમ કાર્યક્રમોની મદદથી ઉદ્યમવૃત્તિ વિકાસ માટે જરૂરી તાલીમ પ્રદાન કરવાની દરખાસ્ત કરેલ છે. એસસી યુવાનો રાજ્યભરમાં આયોજિત આપણા વિવિધ ઇડીપી કાર્યક્રમોનો ભાગ બની શકે છે.નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૫.૦૦ લાખની ખાસ કેન્દ્રીય સહાય (આયોજન બહાર) મુખ્ય સદર- ૨૮૫૨ ઉદ્યોગો હેઠળ કરવામાં આવી છે. આ સ્કીમ માં અનુસુચિત જાતિના ૧૦૦ તાલીમાર્થીઓને લક્ષ્યાંક રાખ્યો છે. ઓક્ટોબર-૨૦૨૧ અંતિત ૫૯ તાલીમાર્થીઓએ તાલીમ પુર્ણ કરી છે અને ₹ ૧૫.૦૦ લાખનો ખર્ચ આ યોજના પાછળ કર્યો છે વર્ષ આખરે ૧૦૦ તાલીમાર્થીઓની પુરેપુરી સિધ્ધિ થશે અને ₹ ૨૫.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૭૫.૦૦ લાખની ખાસ કેન્દ્રીય સહાય (આયોજન બહાર) મુખ્યર સદ- ૨૮૫૨ ઉદ્યોગો હેઠળ આઈ. એન. ડી. - ૧૫, અનુસુચિત જાતિ પેટા યોજના ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક સ્વરોજગાર યોજના અંતર્ગત કરવામાં આવી છે જેમાં અનુસુચિત જાતિના ૧૦૦ તાલીમાર્થીઓને ૧૫ દિવસના ઉદ્યોગ સાહસિકતાના વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમનો લક્ષ્યાંક રાખ્યો છે. સીઈડી અનુસૂચિત જાતિ કેટેગરીના ૧૦૦ ઉમેદવારો માટે ઉદ્યોગ સાહસિકતા વિકાસ માટે કામ કરશે અને ઉપર જણાવ્યા મુજબ ₹ ૨૫ લાખ ઉપરાંત, અને ૨૦૧૯-૨૦ માટે ₹ ૨૫ લાખ, ૨૦૨૦-૨૧માટે ₹ ૨૫.૦૦ લાખ, જો કે અમે અમારા પોતાના સંસાધનો દ્વારા પ્રોગ્રામ ચલાવ્યો, તેથી અમોને વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ ₹ ૭૫.૦૦ લાખની દરખાસ્ત કરેલ છે.

● યોજના: આઈ.એન.ડી.૪,અનુસુચિત જાતિઓ માટે ઔદ્યોગિક વિકાસ સંસ્થાઓને નાણાંકીય સહાય મુખ્ય સદર : ૨૮૫૨- ઉદ્યોગો,પેટા મુખ્ય સદર : ૦ - સામાન્ય, ગૌણ સદર : ૦૦૩ - ઔદ્યોગિક શિક્ષણ - સંશોધન અને તાલીમ, પેટા સદર : ૦૧, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩

સીઈડી રાજ્યના જુદા જુદા ભાગોમાંથી અનુસુચિત જાતિ કેટેગરીના સંભવિત યુવાનોને ઓળખવાની ઓનલાઇન અને ઓફલાઇન ઇડીપી તાલીમ કાર્યક્રમોની મદદથી ઉદ્યમવૃત્તિ વિકાસ માટે જરૂરી તાલીમ પ્રદાન કરવાની દરખાસ્ત કરે છે.

INDEX

અનુસુચિત જાતિના યુવાનો રાજ્યભરમાં આયોજિત આપણા વિવિધ ઈડીપી કાર્યક્રમોનો ભાગ બની શકે છે. સ્પેશીયલ કોમ્પોનન્ટ પ્લાન સ્કીમમાં ૨૦૨૧-૨૨ માં ૨૫.૦૦ લાખની બજેટ જોગવાઇ છે અને ૩૦૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ઓક્ટોબર-૨૦૨૧ અંતિત ૧૭૮ તાલીમાર્થીઓએ તાલીમ પુર્ણ કરી છે અને ₹ ૧૪.૦૦ લાખનો ખર્ચ આ યોજના પાછળ કર્યો છે. વર્ષ આખરે ૩૦૦ તાલીમાર્થીઓની પુરેપુરી સિધ્ધિ થશે અને ₹ ૨૫.૦૦ લાખનો ખર્ચ થશે. સ્પેશિયલ કોમ્પોનન્ટ સબ પ્લાન સ્કીમમાં ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૨૫.૦૦ લાખની (આયોજન) જોગવાઇ આઈ.એન.ડી. ૪, અનુસુચિત જાતિઓ માટે ઔદ્યોગિક વિકાસ સંસ્થાઓને નાણાંકીય સહાય યોજના અંતર્ગત અનુસુચિત જાતિના ૩૦૦ તાલીમાર્થીઓને ૧૫ દિવસના ઉદ્યોગ સાહસિકતાના વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમનો લક્ષ્યાંક રાખ્યોવ છે.

● યોજના: આઈ.એન.ડી.૪, આદિજાતિ વિસ્તા ૨ પેટા યોજના હેઠળ ઉદ્યોગોના વિકાસ માટે સંસ્થાઓને સહાય મુખ્ય સદર : ૨૮૫૨- ઉદ્યોગો, પેટા મુખ્ય સદર : ૮૦- સામાન્ય,ગૌણ સદર : ૭૯૬ - ટ્રાઇબલ એરીયા સબ પ્લાન અને તાલીમ,પેટા સદર : ૦૪, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩

સીઈડી રાજ્યના જુદા જુદા ભાગોમાંથી અનુસુચિત જનજાતિ કેટેગરીના સંભવિત યુવાનોને ઓળખવાની અને ઓનલાઇન અને ઓફલાઇન ઈડીપી તાલીમ કાર્યક્રમો દ્વારા તેમને ઉદ્યોગ સાહસિક વિકાસ માટે જરૂરી તાલીમ પ્રદાન કરવા દરખાસ્ત કરે છે. એસટી યુવાનો રાજ્યભરમાં યોજાતા અમારા વિવિધ ઈડીપી કાર્યક્રમોનો ભાગ બની શકશે. ટ્રાયબલ એરીયા પ્લાન સ્કીમમાં ૨૦૨૧-૨૨ માં ૧૮૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ઓક્ટોબર-૨૦૨૧ અંતિત ₹ ૩૬.૦૦ લાખનો ખર્ચ આ યોજના પાછળ કર્યો છે અને ૧૬૪ તાલીમાર્થીઓએ તાલીમ પુર્ણ કરી છે. ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ₹ ૫૦.૦૦ લાખની આયોજન જોગવાઇ મુખ્ય સદર - ૨૮૫૨ ઉદ્યોગો આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ઉદ્યોગોના વિકાસ માટે સંસ્થાઓને સહાય યોજના હેઠળ કરવામાં આવી છે. જેમાં અનુસુચિત જનજાતિના ૨૨૫ તાલીમાર્થીઓને ૧૫ દિવસના ઉદ્યોગ સાહસિકતાના વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમનો લક્ષ્યાંક રાખ્યો છે.

(૬) ઔદ્યોગિક વાતાવરણને અનુરૂપ માનવબળની તાંત્રિક ક્ષમતા વધારવાની યોજના

(Enhancement of Technical Competency & Skill Manpower Development) :

ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકો માટે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી, ૨૦૦૯ તથા પોલિસી ૨૦૧૫માં તાંત્રિક કૌશલ્ય ક્ષમતા વધારવા માટેની યોજના રજુ કરવામાં આવી છે. ગુજરાત તેની સાહસવૃતિ માટે અને ભારતના વિકાસ એન્જિનના પ્રતીક તરીકે જાણીતું છે. ગુજરાત સરકારે ગતિશીલ વિકાસ માટે ઝડપી સુધારાઓ હાથ ધર્યા છે. અને તે માટે સઘન પ્રયાસો ચાલુ છે જે હેઠળ જીઆઇડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એપ્રુવ સ્પેશિયલ ઇકોનોમીક ઝોન, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને સંકલિત ઈન્ડ્રસ્ટીકયલ જુથોના પરસ્પર સહયોગ અને સહકારથી ગુજરાતમાં ટેકનીકલ ક્ષમતા ધરાવતી માનવશકિતના વિકાસ માટે બહોળી તકોનું નિર્માણ થનાર છે. આ તાલીમ યોજનામાં સીઈડીના ઉમદા હેતુને ધ્યામનમાં રાખી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦ હેઠળ ઔદ્યોગિક ગૃહોની તાંત્રિક કુશળતા ધરાવતા માનવબળની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને ઔદ્યોગિક ગૃહો/ સંગઠનો/સંસ્થાજઓ માટે મહત્વ પુર્ણ યોજનાઓની જોગવાઇ કરી છે.

1. એન્કર સંસ્થા સ્થાપવા માટે નાણાંકીય સંસ્થાઓને સહાય

દરેક ક્ષેત્રમાં કુલ મૂડી અને સંચાલન ખર્ચ માટે ₹ ૧૦ કરોડ સુધીની નાણાંકીય સહાય (કેપિટલ સહાય ₹ ૫ કરોડ + રિકરીંગ સહાય ₹ ૫ કરોડ)

2. ઈન્ડસ્ટ્રીઝ/સંસ્થા દ્વારા ટુંકા ગાળાના સેતુ અભ્યાસક્રમો માટે સહાય

- હાલની ITIs / પોલિટેક્નિક / એન્જીનિયરિંગ કોલેજો/ યુનિવર્સિટીઓ સરકાર માન્ય સંસ્થા કૌશલ્ય વર્ધન ટ્રસ્ટ, સ્કૂલ અથવા સરકાર સાથે જોડાયેલ સંસ્થાઓમાં અભ્યાસક્રમો
- ચલાવવા માટે, યજમાન સંસ્થા જમીન અને મકાન એટલે કે મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ આપશે.
- મશીનરી અને સાધનોના ખર્ચ માટે 75% (100 લાખની સહાય મર્યાદા) ઉદ્યોગ નિયામકની કચેરી દ્વારા અને બાકીની સંતુલન 25% કિંમત ભાગીદાર ઔદ્યોગિક ગૃહ / એસોસિયેશન સંસ્થાઓ (ઉદ્યોગ પાર્ટનર તરીકે ઓળખાશે.) ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઉઠાવવામાં આવશે.

3. ખાસ પ્રકારના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરને સહાય

4. ₹ ૨ કરોડ મહત્તમ મર્યાદા સાથે 50% સુધીની આર્થિક સહાય. આ પ્રોજેક્ટમાં મકાન, સાધનસામગ્રી અને મશીનરી (સ્થાપન ખર્ચ સહિત), વીજળીકરણ, ફર્નિચર અને અન્ય પરચુરણ રોકાણ, વગેરે નિયત મૂડી રોકાણ ખર્ચ (જમીન ખર્ચ

સિવાય) પૂરી પાડવામાં આવશે.

5. સ્કીલ અપગ્રેડેશન સેન્ટરને સહાય

મશીનરી અને સાધન ખરીદવા માટે ₹ ૧ કરોડ સુધીની આર્થિક સહાય નીચેની ટકાવારી મુજબ આપવામાં આવશે.

(a) 100% સહાય, જીઆઇડીસીની વસાહતો/અન્ય વસાહતોમાં

(b) 75% સહાય, અને બાકીની રકમ જે તે કલ્સ્ટર/ એસોસિએશન ઔદ્યોગિક પાર્ક/SEZs મારફત ટ્રેનીંગ સેંટર નો ઉપયોગ ઈંફ્રાસ્ટ્રક્ચર અને મશિનરીનો ઉપયોગ કરી ઉદ્યોગો દ્વારા સર્વિસ સેંટર તરીકે થઈ શકશે.(રેવેન્યુ જનરેશન મોડલ)

6. M.S.M.E સેકટર માટે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરને સહાય

કોઈપણ લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોના હયાત માનવબળ અથવા નવા કારીગરોની સ્કીલ-કૌશલ્ય વિકાસ ના હેતુસર એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગ તેમની કોર્સે ફી ₹ ૧૦ હજાર ની સહાય મર્યાદા માં ટ્રેનીંગ કરી શકશે. ટ્રેનીંગ પાર્ટનર મારફત તાલિમાર્થીઓને સરકાર માન્ય કોર્સ નું સર્ટીફિકેટ (MES/NCVT/GCVT/Sector Skill Council) મળી રહેશે.

7. કૌશલ્ય ઉન્નતિકરણ માટે ટયુશન ફી સહાય

કોઈ પણ યુનિવર્સીટી/ઈજનેરી કોલેજ/પોલીટેક્નીક/આઈ.ટી.આઈ./સરકાર માન્ય સંસ્થાઓ/સોસાયટી એક્ટ હેઠળ માન્ય સંસ્થા/ટ્રસ્ટ,ઉદ્યોગ ગૃહો અને માન્ય અસોશિયન.જો ટેકનિકલ કૌશલ્ય વર્ધન પુરુ પાડતી હોય તે આ યોજનાનો લાભ લઈ શકશે.

સહાય મર્યાદા: ટ્રેનીંગ પ્રોગ્રામ દીઠ તાલિમાર્થી દીઠ મળતી મહત્તમ સહાય મર્યાદા નીચે મુજબ છે.

1. Rs. Up to 15,000/- ૧૨૧ કલાક અને તેની ઉપરનો સમયગાળા માટે
2. Rs. Up to 10,000/- ૬૧ થી ૧૨૦ કલાક ના સમયગાળા માટે
3. Rs. Up to 5,000/- ૪૦ થી ૬૦ કલાક ના સમયગાળા માટે

A ૧૦૦% સહાય-બીપીએલ, વિકલાંગ,એસ.સી.,એસ.ટી.,એસઈબીસી અને મહિલાઓ માટે

B ૭૫% સહાય- અન્ય તાલિમાર્થીઓ માટે

[V] ઈન્ડેક્ષટબી

● આઈએનડી-પ : ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો,

ઈન્ડેક્ષટબી ગુજરાત સરકારની ઔદ્યોગિક વિકાસ વિષયક પ્રવૃત્તિઓનું આયોજન કરતી સંસ્થા છે. આ માટે ઈન્ડેક્ષટબી, રાજ્ય સરકાર તથા વિવિધ બોર્ડ-નિગમો વતી રાજ્યના ઔદ્યોગિક અને માળખાકીય ક્ષેત્રે વિકાસ અને મૂડી રોકાણ પ્રચાર ઝૂંબેશની કામગીરી કરે છે. વિદેશમાં અને દેશમાં જુદાજુદા સ્થેળો જેવા કે દિલ્હી, મુંબઇ, કોલકત્તા, ચેન્નાઇ, બેંગલૂર તથા અન્ય મોટા શહેરો ખાતે રાજ્યમાં મૂડી રોકાણ આકર્ષવા જરૂરી એવા પગલાં, પ્રચાર ઝૂંબેશ યોજના હેઠળ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે.

૨૦૨૨-૨૩ના વર્ષ દરમિયાન "ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો યોજના" હેઠળ નિમ્નદર્શિત પ્રવૃત્તિઓનું આયોજન કરવા વિચારેલ છે.

દેશના મુખ્ય, ઔદ્યોગિક અને વાણિજિયક રીતે વિકસિત કેન્દ્રોમાંથી રાજ્યમાં મૂડી રોકાણ આકર્ષવા માટે સદર યોજના અંતર્ગત ઉદ્યોગકારો, ઇન્ડસ્ટ્રીજઝ એસોસિએશન, ચેમ્બર ઓફ કોમર્સ વિગેરે સંગઠનો સાથે બેઠકનું આયોજન કરવું, અને તે મારફતે ઔદ્યોગિક અને આંતર માળખાકીય સુવિધાના પ્રોજેક્ટમાં મૂડી રોકાણ માટે ગુજરાત આદર્શ અને લાભદાયક સ્થળ છે તે અંગેની ઔદ્યોગિક વર્તુળમાં માહિતી પૂરી પાડવી. વર્ષ દરમિયાન મહદ્અંશે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવાનું આયોજન છે.

- ઔદ્યોગિક મૂડીરોકાણ તેમજ આંતરમાળખાકીય સુવિધાના પ્રોજેક્ટમાં મૂડીરોકાણ માટે ગુજરાત આદર્શ સ્થળ છે તેવી છબી નવા રોકાણકારોમાં ઊભી કરવી અને તે માટે દેશમાં જુદી જુદી જગ્યાએ પરિસંવાદો કરવા, પ્રદર્શનમાં ભાગ લેવો વિગેરેની કાર્યવાહી સતત હાથ ધરાયેલ છે.
- ઉપરોકત પ્રવૃત્તિઓ માટે જરૂરી સાહિત્ય, સીડી, વિડીયો ફિલ્મ વિગેરે બનાવવું.
- દેશમાં મુલાકાત લેતા વિદેશી પ્રતિનિધિ મંડળોની ગુજરાત ખાતેની મુલાકાત માટે આયોજન કરવું તેમજ ગુજરાતમાંથી ઉચ્ચ કક્ષાના પ્રતિનિધિ મંડળોની વિદેશ મુલાકાત અંગેની કામગીરી કરવી તેમજ આ મુલાકાતો દરમિયાન તેમની સાથે ચર્ચા-બેઠકો, ઔદ્યોગિક સ્થળની મુલાકાતો વિગેરેનું આયોજન કરવું.

INDEX

- વિવિધ બેઠકો, પ્રદર્શનો દરમિયાન તેમજ કચેરીની મુલાકાતે આવતા મહાનુભાવો/મુલાકાતીઓને છાપેલ સાહિત્ય, સીડી વિગેરેનું વિતરણ કરવું.
- દેશમાં તેમજ વિદેશમાં જાહેરખબરો દ્વારા પ્રચાર ઝૂંબેશનું આયોજન હાથ ધરવું.
- વિદેશ સ્થિત બિનનિવાસી ભારતીયો/વિદેશી કંપનીના મૂડીરોકાણ આકર્ષવા માટે ગુજરાતના પ્રતિનિધિ મંડળનું આયોજન કરવું.
- ''વાયબ્રન્ટ ગુજરાત સમિટ" શ્રૃંખલા કે અન્ય નેજા અંતર્ગત આયોજિત કાર્યક્રમો દ્વારા થયેલ કાર્યવાહીને આગળ ધપાવવી અને મૂડીરોકાણ માટે જિલ્લા કક્ષાએ સંકલનની કાર્યવાહી હાથ ધરવી.
- આઇ.આઇ.ટી.એફ., પ્રવાસી ભારતીય દિવસ વિગેરેમાં ગુજરાત રાજ્ય તરફથી પ્રદર્શનોમાં ભાગ લેવા તેમજ પ્રતિનિધિત્વ કરવું.
- વિદેશોના ભારતસ્થીત રાજદૂતો અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાતોનું આયોજન કરવું.
- દેશ અને વિદેશમાં યોજાતા પ્રદર્શનોમાં રાજ્ય સરકાર વતી મૂડીરોકાણ આકર્ષવા માટે ભાગ લેવો.
- ઉદ્યોગકારોને વિવિધ પ્રકારની જમીન અંગેની માહિતી ઉપલબ્ધ કરવા માટે ઈન્ટીગ્રેટેડ ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફર્મેશન સિસ્ટમ (આઇ.આઇ.આઇ.એસ.) નામનું સોફ્ટવેર ઇન્ડેક્ષબી અને બાયસેગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, જેથી રાજ્યના સમતુલિત ઔદ્યોગિક વિકાસ થવામાં મદદરૂપ થઇ શકાય.
- મૂડીરોકાણ માટેની જરૂરી માહિતી સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે જરૂરી તમામ કાર્યવાહી કરવી.
- ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અંતર્ગત ડી.પી.આઇ.આઇ.ટી. દ્વારા સ્ટેટ રિફોર્મ એકશન પ્લાન-૨૦૨૦માં રજૂ કરાયેલ વિવિધ સુધારાઓનું અમલીકરણ કરવામાં આવશે. આ સુધારાઓ ગુજરાત સરકારના વિવિધ ૧૯ વિભાગો સાથે સંબંધિત હશે.
- મિનિમમ કમ્પ્લાયન્સ અંતર્ગત ગુજરાત સરકારના વિવિધ વિભાગો સાથે સંકળાયેલા વિવિધ કમ્પ્લાયન્સનું ભારણ ઓછું કરવા માટે કામગીરી કરવામાં આવશે, જેનો વિગતવાર રિપોર્ટ ડી.પી.આઇ.આઇ.ટી.ને મોકલવામાં આવશે.

ક્રમ	યોજનાનું નામ (ચાલુ બાબત)	વર્ષ ૨૦૨૨-૨૩ માટે સૂચિત જોગવાઇ રકમ ₹ (લાખમાં)
૧.	વ્યાપાર મેળા, ચર્ચાપત્રો, પ્રદર્શનો	૩૮૦.૦૦
૨.	વિદેશી ડેલિગેશન	૪૦.૦૦
૩.	ઇન્વેસ્ટર્સ ફેસિલિટેશન પોર્ટલ (આઇએફપી)	૨૦૦.૦૦
૪.	ઇન્વેસ્ટર્સ ફેસિલિટેશન સેલ (આઇએફસી)	૧૦૦.૦૦
૫.	એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ઇન્ડેક્ષબી	૬૦.૦૦
	કુલ.	**૭૮૦.૦૦**

[W] ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ

૧૯૯૫માં સ્થાપિત ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ ભારતમાં આ પ્રકારનું પ્રથમ બોર્ડ છે. ૧૯૯૯માં ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ અધિનિયમ ઘડવામાં આવ્યો, જેમાં બોર્ડને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો ત્યારબાદ, ૨૦૦૬માં જીઆઇડી એક્ટમાં એમેન્ડમેન્ટ કરવામાં આવ્યું. બોર્ડનો ઉદ્દેશ ઇન્ફ્રાસ્ટ્રકચરના ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો અને માળખાકીય સુવિધાની યોજનાઓ કે જેમાં મોટા મૂડીરોકાણની આવશ્યકતાઓ છે તે માટે નાણાંનો વધુ પ્રવાહ સુગમ કરવાનો છે. બીજો હેતુ, વિવિધ સરકારી સંસ્થાઓમાં સંકલન સુનિશ્ચિત કરવાનો છે. ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ તેની સક્રિય કામગીરી અને રોકાણકાર સાથેના મૈત્રીપૂર્ણ અભિગમ દ્વારા ગુજરાત રાજ્યને વિશ્વના નકશા પર આંતરરાષ્ટ્રીય માળખાકીય સુવિધા સાથે સજ્જ કરી મુકવાની અદ્વિતીય અને પડકારરૂપ જવાબદારી ધરાવે છે.

ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ ખાનગી ભાગીદારીથી વિકસાવવાની થતી યોજનાઓને લગતી નીતિમાં ફાળો આપે છે, તદ્ઉપરાંત ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રના સ્ટેક હોલ્ડર્સ વચ્ચે મુખ્ય સંકલનકાર તરીકેની અગત્યની ભૂમિકા ભજવે છે. આંતરરાષ્ટ્રીય ઉત્તમ પ્રણાલિકાઓમાંથી તારવેલ ઇન્ફ્રાસ્ટ્રકચર પરિયોજનાઓની સંરચના ઉભી કરવાની ક્ષમતા તેણે વિકસાવી

છે. તે પરિયોજનાઓના પ્રબંધ કરનાર સરકારી વિભાગો/સંસ્થાઓ સાથે કામ કરે છે અને ખાનગી ક્ષેત્રની સામેલગીરી માટે તેને આકર્ષક બનાવવા દરખાસ્તો ઘડે છે.

બોર્ડની મુખ્ય પ્રવૃત્તિમાં (૧) પ્રોજેક્ટના ફીઝીબીલીટી અભ્યાસ/ક્ષેત્રીય અભ્યાસ હાથ ધરવા, (૨) ખાનગી મૂડીરોકાણથી પ્રોજેક્ટ થાય તેમ તેને પ્રમોટ કરવો, (૩) પ્રોજેક્ટસની અગ્રીમતાના ધોરણો નક્કી કરવા, (૪) પ્રોજેક્ટ હાથ પર લેવા તથા તેના કન્શેશન કરાર મંજૂર કરવા, (૫) બિડિંગ પ્રક્રિયાનું ધ્યાન રાખવું, (૬) પ્રોજેક્ટના ફાયનાન્સીયલ સ્ટ્રકચરની કામગીરી, (૭) કેપીસીટી બિલ્ડીંગ કાર્યક્રમ પીપીપીનાં ઉદ્દેશને ધ્યાનમાં રાખી કરવા, (૮) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓ સાથે સંકલન કરવું, (૯) વાયબીલીટી ગેપ ફંડ માટે નોડલ એજન્સી તરીકેની કામગીરી.

ઉપરોકત ઉદ્દેશ/કાર્યને સિદ્ધ કરવા જીઆઈડીબી દ્વારા ₹ ૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ ખર્ચ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે કરવામાં આવેલ છે.

[X] ગુજરાત પી.સી.પી.આઈ.આર. ની પ્રવૃત્તિની રૂપરેખા

ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગુજરાત સ્પેશિયલ ઈનવેસ્ટમેન્ટ રીજીયન એકટ, ૨૦૦૯ ની જોગવાઈ હેઠળ ગુજરાત પી.સી.પી.આઈ.આર જાહેર કરેલ છે. જેનો કુલ વિસ્તાર ૪૫૩ ચો.કિ.મી છે, જેમાં ૩૩ ગામ વાગરા તાલુકાના અને ૧૧ ગામ ભરૂચ તાલુકાના એમ ભરૂચ જીલ્લાના કુલ ૪૪ ગામો નો સમાવેશ થાય છે. ગુજરાત પી.સી.પી.આઈ.આર.ની વિકાસ યોજના ગુજરાત સ્પેશિયલ ઈનવેસ્ટમેન્ટ રીજીયન એકટ, ૨૦૦૯ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઈ હેઠળ એપેક્ષ ઓથોરીટી/જીઆઈડીબી દ્વારા તા: ૧૫/૦૯/૨૦૧૨ ના રોજ મંજૂર થયેલ છે અને અમલમાં છે. સત્તામંડળે અમલીકરણના ભાગરૂપે કુલ ૧૪ નગર રચના યોજના બનાવવાનું નક્કી કરેલ છે. જે પૈકી નગર રચના યોજના નં. ૧, ૨, ૫ અને ૧૪ ગુજરાત સ્પેશિયલ ઈનવેસ્ટમેન્ટ રીજીયન એકટ, ૨૦૦૯ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઈ હેઠળ એપેક્ષ ઓથોરીટી/જીઆઈડીબી દ્વારા મંજૂર થયેલ છે અને આગળની કાર્યવાહી અર્થે નગર રચના અધિકારીશ્રીની નિમણૂક થયેલ છે. ગત વર્ષે સન ૨૦૨૧-૨૨ માં નગર રચના યોજનાના અમલીકરણના ભાગરૂપે રસ્તાનું બાંધકામ પૂરુ કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત પી.સી.પી.આર. ને મળેલ એનવાયરમેન્ટ ક્લિયરન્સ ના ભાગરૂપે મેનગરૂવ કનઝરવેશનનો એક્શન પ્લાનનો અભ્યાસ કરાવેલ છે.

ગુજરાત પી.સી.પી.આર.માં સન ૨૦૨૨-૨૩ કરવાની પ્રવૃત્તિની રૂપરેખા નીચે મુજબ છે.

- **રિવાઈઝડ વિકાસ યોજનના બનાવવાની કામગીરી**

ગુજરાત પી.સી.પી.આર.ની વિકાસ યોજના સરકારશ્રી દ્વારા મંજૂર થયે દસ વર્ષ પૂર્ણ થવાની તૈયારીમાં હોઈ, ગુજરાત સ્પેશિયલ ઈનવેસ્ટમેન્ટ રીજીયન એકટ, ૨૦૦૯ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઈ હેઠળ રિવાઈઝડ વિકાસ યોજનના બનાવવાની કામગીરી હાથ ધરવાની છે. જે અન્વયે કનસલટન્ટની નિમણૂંક કરવા આરએફપી ડોક્યુમેન્ટનો મુસદ્દો તૈયાર થઈ ચુકેલ છે.

- **સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ નગર રચના યોજનાનું અમલીકરણ કાર્યવાહી**

સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ નગર રચના યોજનાના અમલીકરણના ભાગરૂપે નગર રચના યોજનાના રસ્તાનું પઝેશન લેવાનું અને પઝેશન મળેલ રસ્તાનું બાંધકામ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

- **નગર રચના યોજના બનાવવાની કાર્યવાહી**

વિકાસ યોજનાના અમલીકરણના ભાગરૂપે નવી નગર રચના યોજના બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

[Y] ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.

રાજ્યમાં રેલ્વેના આધુનિકરણ, અપગ્રેડેશન તથા માળખાકીય સુવિધાના વિકાસ માટે ગુજરાત રાજ્ય અને રેલ મંત્રાલયના સંયુક્ત સાહસ તરીકે ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. (જીરાઈડ) ની તા.૦૬-૦૧-૨૦૧૭ના રોજ સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર (રેલ મંત્રાલય) ની ઈક્વીટી કોન્ટ્રીબ્યુશનમાં અનુક્રમે ૫૧ ટકા અને ૪૯ ટકા નો હિસ્સો છે. જીરાઈડનું મુખ્ય કાર્ય અગત્યના રેલવે પ્રોજેક્ટનો વિકાસ કરવાનું, મુખ્ય રેલવે લાઈન સાથે વ્યુહાત્મક સ્થળોને રેલ્વે લાઈનને જોડાણ આપવાનું તેમજ રાજ્યમાં ઉપલબ્ધ રીસોર્સીસનો મહત્તમ ઉપયોગ કરીને રેલ લાઈનની મહત્તમ કેપેસીટી ઉભી કરવાનું છે.

જીરાઈડે રેલ વિકાસને લગતા અભ્યાસો અને માસ્ટર રેલવે પ્લાનના આધારે ઝડપથી હાથ ઉપર લઈ શકાય તેવા અને રાજ્યના વિકાસમાં મહત્તમ ફાળો આપી શકે તેવા પ્રોજેક્ટોની અલગ તારવણી કરીને તેવા પ્રોજેક્ટનો ડીટેઈલ્સ પ્રોજેક્ટ રીપોર્ટ

તૈયાર કરવાની કામગીરી કરેલ છે. જેના સંદર્ભમાં રેલ પ્રોજેક્ટને અમલમાં મુકવાના કાર્ય કરવા માટે રેલ મંત્રાલયની સૈદ્ધાંતિક મંજુરી પ્રાપ્ત થયેલ છે અથવા તો સૈદ્ધાંતિક મંજુરી મેળવવા અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે તેમજ આવા પ્રોજેક્ટ એસ.પી.વી. ની રચનાની કામગીરી પણ પ્રગતિમાં છે. જીરાઈડના ઉપરોકત વિઝન અને હેતુઓને ધ્યાને લેતાં કંપનીએ ૨૦૨૧-૨૨ માં નીચે મુજબના કાર્યો હાથ ઉપર લીધેલ છે અથવા તો પ્રગતિમાં છે અને ભવિષ્યના આવનાર સમયમાં આ પ્રોજેક્ટ ઉપરના કાર્યો આગળ ધપાવવામાં આવનાર છે.

જીરાઈડે કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણૂંજ રેલ લાઈનનું મીટર ગેજમાંથી બ્રોડગેજમાં પરિવર્તન (અંદાજે ૬૫ કિલોમીટર રેલ લાઈન) કરવા માટે બહુચરાજી રેલ કોર્પોરેશન લિ. ની એસ.પી.વી. ની રચના કરેલ છે અને આ કંપની દ્વારા કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણૂંજ રેલ લાઈન પ્રોજેક્ટની અમલીકરણનું કાર્ય ઝડપભેર ચાલી રહેલ છે. આ પ્રોજેક્ટ બે તબક્કામાં થનાર છે અને જે પૈકી પ્રથમ તબક્કાનું કાર્ય ૬૦ ટકા પૂર્ણ થયેલ છે અને વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં પ્રથમ તબક્કાનું કાર્ય પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે. સાથે સાથે બીજા તબક્કાનું કાર્ય શરૂ કરવાનું આયોજન ચાલુ છે અને વર્ષ ૨૦૨૨-૨૩માં બીજા તબક્કાનું કાર્યનું અમલીકરણ શરૂ કરવાનું લક્ષ્યાંક છે.

બેડીપોર્ટ લાસ્ટ માઈલ રેલ કેનક્ટીવીટી લાઈન ટુ ઓલ્ડ બેડી પોર્ટનો અંદાજીત ૨.૧૭ કિલોમીટર નો પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૧-૨૨ માં શરૂ થયેલ છે.

ન્યુ ગોથણગામ - હજીરા પોર્ટ રેલ લાઈન કનેક્ટીવીટીનો અંદાજીત ૩૫.૫ કિલોમીટરનો પ્રોજેક્ટ માટે એસ.પી.વી. ની રચના થઈ છે અને પ્રોજેક્ટ ટુંક સમયમાં કાર્યરત થનાર છે.

ભુજ-નલિયા-વાયોર બ્રોડગેજ રેલ લાઈન કન્વર્ઝન પ્રોજેક્ટ : ભુજ-નલિયા-વાયોર બ્રોડગેજ રેલ લાઈન કન્વર્ઝન અને નવી બ્રોડગેજ રેલ લાઈન અંતર્ગત ૧૨૬.૦૫ કિલોમીટરની લંબાઈનો પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૨-૨૩માં હાથ ધરવાનું આયોજન છે.

નારગોલ પોર્ટ રેલ કનેક્ટીવીટી (૧૯ કિલોમીટરની રેલ લાઈનનો પ્રોજેક્ટ) અને માકનસર (મોરબી-વાંકાનેર સેક્શન) ઈન્ટરનેશનલ કન્ટેઈનર ડેપો માટે ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ માટેના અભ્યાસ ચાલુ છે અને વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ પ્રોજેક્ટની કામગીરી હાથ ઉપર લેવાનું આયોજન છે.

[Z] માંડલ- બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજયન ડેવલોપમેન્ટ ઓથોરીટી

અમદાવાદની ઉત્તર-પૂર્વે દિશામાં આવેલ એમ.બી.એસ.આઈ.આર. એક એવું નવું ઔદ્યોગિક મથક કે જે અમદાવાદથી આશરે ૯૦ કી.મી. અને ગાંધીનગરથી આશરે ૮૫ કી.મી. દુર આવેલું છે માંડલ બેચરાજી એસ.આઈ.આર.નો કુલ વિસ્તાર આશરે ૧૦૨.૧૦ ચો.કિમી છે અને તેમાં અમદાવાદ જીલ્લાના ૮(આઠ) અને મહેસાણા જીલ્લાનું ૧(એક) એમ કુલ નવ ગામોનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્યનું માંડલ બેચરાજી એસ.આઈ.આર. સ્થાનની દ્રષ્ટીએ વ્યૂહાત્મક સ્થળે આવેલો છે જે દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર (DMIC) (ડી.એમ.આઇ.સી)થી પ્રભાવિત વિસ્તારમાં આવેલો છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન માંડલ બેચરાજી સર ખાતે નગર રચના યોજના - ૧ ના ડીપી રોડ-રસ્તાનુ કામ અંદાજીત ૭૦% પુર્ણ થયેલ છે.વધુમા, સીતાપુર ખાતે નગર રચના યોજના-૧ ના સ્કુલ-હોસ્પીટલ એપ્રોચ રોડ બનાવવાની કામગીરી પુર્ણ થઈ ગયેલ છે. તદુપરાંત, નગર રચના યોજના -૧ ના ટીપી રોડ અને સર્વીસીસ માટે એજન્સીની નિમણૂંક થઈ ગયેલ છે.

આમ, વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન માંડલ બેચરાજી સર ખાતે વિવિધ આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવાના પ્રોજેક્ટ્સ હાથ ધરવામા આવશે. જે સબબ માંડલ બેચરાજી ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ ₹ ૫૫૧૨.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[AA] ગુજરાત ઔદ્યોગિક સંશોધન અને વિકાસ સંસ્થા (ગીરડા)ની પ્રવૃત્તિની રૂપરેખા

(૧) સંસ્થા તાંત્રિક લેબોરેટરી છે જેની મુખ્ય કામગીરી સંશોધન, વિકાસ, ટેસ્ટીંગ અને ઈન્સપેકશનની છે.

વર્ષ ૨૦૨૧ - ૨૦૨૨ દરમિયાન સંસ્થાની ગત વર્ષ ૨૦૨૦ - ૨૦૨૧ ની સરખામણીએ ટેસ્ટીંગ અને ઈન્સપેકશનની કામગીરીમાં આશરે ૪૬% નો વધારો થયેલ છે.

વર્ષ ૨૦૨૧ - ૨૦૨૨ માં સંસ્થા તરફથી, સમા - વડોદરા ખાતે આવેલ લેબોરેટરીને સંપૂર્ણ રીતે કાર્યરત કરવા માટેની કામગીરી અર્થે જરૂરી જોગવાઇ માટે દરખાસ્ત કરવામા આવશે.

(૨) **સંસ્થાની હાલની સયાજીગંજ** - વડોદરા ખાતે આવેલ લેબોરેટરીના નવીનીકરણની તથા સમા - વડોદરા ખાતે લેબોરેટરીનુ બાંધકામની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે.

INDEX

લેબોરેટરીને સંપૂર્ણ કાર્યરત કરવા માટે ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેને નિયત સમયમાર્યાદા પૂર્ણ કરવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

(૩) ગીરડા - વડોદરા સંસ્થાનો હેતુ :

સંસ્થા તાંત્રિક પ્રકારની કામગીરી ધરાવે છે અને તેથી સંસ્થાનો મુખ્ય અને મૂળ હેતું નાના અને મધ્યમ ઉદ્યોગોને નવા ઉત્પાદનો, માલસામાન પ્રોદ્યોગિકી વિજ્ઞાન હેઠળ અને તે અર્થે સંશોધન અને વિકાસ,વિસ્તરણ, તાંત્રિક તાલીમ - સહાય તથા માર્ગદર્શન ની કામગીરી પૂરી પાડવાનું કાર્ય કરે છે.

સંસ્થાની પ્રવૃત્તિ :

- કેમિકલ અને તે સંબધિત સામગ્રીની ચકાસણી
- કેમિકલ, પેટ્રોકેમિકલ તથા શૈક્ષણિક સંસ્થાઓને તાંત્રિક સહાય
- થર્ડ પાર્ટી ઈન્સપેકશન ની કામગીરી (કેમિકલ સામગ્રી અને પ્લાસ્ટીક ઉદ્યોગો સંબધિત અન્વેક્ષણની કામગીરી)
- કન્સલટન્સી તથા ઉદ્યોગો માનવશક્તિને તાલીમ
- પ્લાસ્ટીક, કેમિકલ, પેટ્રો કેમિકલ , કલર, ઓઈલ, આગ નિયંત્રણ, સહી, સાબુ વિગેરેના તૈયાર ઉત્પાદન ની તાંત્રિક ચકાસણી
- પ્લાસ્ટિક અને પોલીમરના નવા ઉદ્યોગોને માર્ગદર્શન

(૨) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ કચેરીની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

જમીન સંપાદનની કામગીરી

- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ગુજરાત સરકાર દ્વારા સ્થપાયેલ જાહેર ક્ષેત્રનું સાહસ છે. જેની સ્થાપનાનો હેતુ રાજ્યમાં વિવિધ સ્થળોએ યોગ્ય જમીનો સંપાદિત કરી તેમાં પાયાની ઔદ્યોગિક સવલતો વિકસાવવાનો છે. નિગમ દ્વારા રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૪૪ હેકટર જેટલી જમીન વસાહત માટે મેળવવામાં આવી છે.
- હાલમાં નિગમ વસાહતો સ્થાપવા માટે ખાનગી જમીનોના બદલે સરકારી જમીનો મેળવવા પ્રાધાન્ય આપી રહ્યુ છે. સરકારશ્રી દ્વારા તા.૨૨/૦૫/૨૦૧૮ના ઠરાવથી નિગમને સરકારી જમીન ફાળવતી વખતે જમીનના ૭૦% ટકા જમીન બજાર કિંમતના ૫૦% ભાવથી તથા ૩૦% જમીન બજાર કિંમતથી આપવા ઠરાવ કરવામાં આવેલ.

નવી જીઆઈડીસી

- માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા ૨૦૧૭માં જાહેર કરવામાં આવેલ ૧૬ જીઆઈડીસી પૈકી ૧૨ સરકારી જમીનોના કબજા મેળવી વસાહત સ્થાપવાની કામગીરી થઈ રહી છે. જ્યારે હાલમાં મોજે:નવા માઢિયાની અંદાજે ૧૪૪ હેકટર જમીનનો કબજો નિગમને મળેલ છે.
- માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા ૨૦૨૧માં સરકારી જમીન પર નવી ૮ ઔદ્યોગિક વસાહતો સ્થાપવાની જાહેરાત કરવામાં આવેલ. જેમાં થુવર-જલોત્રા, વાગોસણ, ઓડ, ખાંડીવાવ,શેખપટ,નાગલપર, મોરબી અને કડજોદરા સુચિત વસાહતમાં સમાવેશ થાય છે. જેનો કુલ અંદાજીત વિસ્તાર- ૧૩૬૦ હેકટર થાય છે. સદરહું જમીનો પૈકી વાગોસણ અને નાગલપરની જમીનના અનુક્રમે અંદાજે ૩૯ હેકટર અને ૧૩૫ હેકટર જમીનનો કબજો નિગમ દ્વારા મેળવવામાં આવેલ છે, જ્યારે અન્ય સુચિત વસાહતોની જમીનો વસાહત સ્થાપવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

૨૦૨૨-૨૩ દરમ્યાન સ્થાપવામાં આવનાર વસાહતો

- નિગમ દ્વારા રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૯ જિલ્લામાં સુચિત ૧૬ નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવા અંદાજીત હેકટર ૩૫૯૮ સરકારી જમીનો તબદીલીથી મેળવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- રાજ્યના ઉદ્યોગોના સમતોલ અને ઝડપી વિકાસ માટે નિગમ પ્રયત્નશીલ છે. અલ્પ વિકસિત વિસ્તારમાં વસાહતના આયોજનથી આર્થિક પ્રવૃત્તિને વેગ આપી તે વિસ્તારને વિકાસના પ્રવાહમાં ભેળવી શકાય તે આશયથી નિગમે આદિવાસી વિસ્તારોમાં આયોજનની બાબતો સ્વીકારી છે. રાજ્યમાં આદિવાસી વિસ્તારોમાં આવતા ૨૯ સ્થળોએ ઔદ્યોગિક વસાહતો સ્થાપી છે. આગામી વર્ષોમાં પણ આદિવાસી વિસ્તારોમાં બીજી નવી વસાહતો સ્થાપવાનું આયોજન છે.

INDEX

બલ્ક ડ્રગ પાર્ક

- કેન્દ્ર સરકારની બલ્ક ડ્રગ પાર્કની સ્થાપના માટેની નોડલ એજન્સી તરીકે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની પસંદગી કરેલ છે.જે અન્વયે નિગમ દ્વારા બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા માટે ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં મોજે.ઠાકોર તલાવડી, આસનવડ, બાકરપોર ટીંબી, અને ટંકારી બંદર ખાતેની હે. ૪૦૫.૮૦-૭૨ ચોમી સરકારી જમીન તબદીલીથી અને ૩૩૭ હેકટર ખાનગી જમીન નવા જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩થી સંપાદનથી મેળવેલ છે.

જમીનની ફાળવણી

- તા. ૦૧/૦૧/૨૦૨૧ થી તા. ૨૫/૧૧/૨૦૨૧ સુધી પ્લોટ/શેડ અંગેની કુલ ૨૫૮૧ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ.
- કુલ અરજીઓ પૈકી કુલ ૧૪૭૪ પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવેલ. સદર ફાળવણી અંતર્ગત કુલ ૫૨૮૨૧૬૦.૮૧ ચો.મી વિસ્તારની ફાળવણી કરવામાં આવેલ છે.
- અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત ખાતે ડ્રો મારફતે કુલ ૧૪૯ અરજીઓ પૈકી કુલ ઉપલબ્ધ ૧૦ બહુમાળી શેડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ડ્રો મારફતે સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે ૩૮૦ અરજીઓ પૈકી ૮૭ પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ તથા ચારુપ ઔદ્યોગિક વસાહત ખાતે ૩૩૦ અરજીઓ પૈકી ૨૪૦ પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ છે.
- નિગમની કુલ ૪૩ મિલકતો ઈ-હરાજી મારફતે ફાળવણી કરવામાં આવેલ.
- નિગમની ફાયર સ્ટેશન, સી.ઈ.ટી.પી. , સબ સ્ટેશન, હોસ્પિટલ, સ્કુલ, જાહેર શૌચાલય જેવી અલગ- અલગ આનુષાંગિક સુવિધાઓ માટે મળેલ ઓનલાઈન અરજીઓ સંદર્ભે કુલ ૧૭ અરજદારશ્રીઓને પ્લોટની ફાળવણી કરેલ છે.

બહુમાળી શેડ

- નિગમ દ્વારા નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પોષણક્ષમ ભાવે શેડ મળી રહે તે હેતુથી કુલ ૪૨ બહુમાળી પ્લગ એન્ડ પ્લે શેડ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી હાલના તબક્કે કુલ ૩૨ બહુમાળી શેડની અમલવારીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેમાં અંદાજિત ૫૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા ૬૯૬ શેડ તેમજ અંદાજિત ૧૦૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા ૫૦૮ શેડ મળીને કુલ ૧૨૦૪ શેડ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- ૩૨ બહુમાળી શેડ પૈકી, ૩૧ બહુમાળી શેડની કામગીરી પુર્ણ થયેલ છે.
- પ્રસ્તુત યોજના અંતર્ગત અંદાજિત ૧૦૦.૦૦ ચો.મી. તથા ૫૦.૦૦ ચો.મી.ના મલ્ટીલેવલ પ્લગ એન્ડ પ્લે શેડનું આયોજન કરેલ છે. આથી, લઘુ અને સુક્ષ્મ કક્ષાના એકમો તેમનું ઉત્પાદન ત્વરિત શરૂ કરી શકશે.
- નિગમ દ્વારા ઉપરોક્ત બહુમાળી શેડ પૈકી (૧) સાણંદ - ૨, (૨) ચિત્રા, (૩) છત્રાલ, (૪) દિયોદર, (૫) મહેસાણા - ૨, (૬) રણાસણ અને (૭) સિધ્ધપુર વસાહતો ખાતે સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટે ૯૯ વર્ષના ભાડા પટ્ટાને બદલે માસિક ભાડા પધ્ધતિથી શેડની ફાળવણી કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે.
- નિગમ દ્વારા તાજેતરમાં વધુ ૫ (પાંચ) ઔદ્યોગિક વસાહતોમાં બહુમાળી પ્લગ એન્ડ પ્લે શેડ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેમાં અંદાજિત ૫૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા ૬૦ શેડ અને અંદાજિત ૧૦૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા ૧૯૦ શેડ મળીને કુલ ૨૫૦ શેડ નવા બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેના ટેંડરો જારી કરવામાં આવેલ છે અને તેની ચકાસણીની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

મહિલા ઔદ્યોગિક પાર્ક / એમએસએમઈ પાર્ક

- રાજ્ય સ્તરે પ્રથમ વખત મહિલા ઔદ્યોગિક પાર્કનું આયોજન કરવામાં આવેલ છે. જેના થકી મહિલાઓ ઔદ્યોગિક ક્ષેત્રે આગળ આવશે તથા મહિલા સશક્તિકરણમાં રાજ્ય આગવુ સ્થાન ધરાવે તે રીતે ગુજરાત સરકારે મહિલા ઔદ્યોગિક પાર્ક સ્થાપિત કરવાનું આયોજન કરેલ છે.
- નિગમ દ્વારા વિવિધ ૧૩ મહિલા ઔદ્યોગિક પાર્ક / એમએસએમઈ પાર્ક વિકસાવવા અન્વયે સરકારશ્રીની મંજુરી મેળવેલ છે. જેમાંથી ૧૧ પાર્કની કામગીરી પૂર્ણ કરેલ છે અને બાકીના ૨ પાર્કની કામગીરી અન્વયે ટેંડર પ્રકિયા હાથ ધરેલ છે.

INDEX

એપરલ પાર્ક

- નિગમ દ્વારા વિવિધ ઔદ્યોગિક વસાહતોમાં એપરલ પાર્ક / એકમો વિકસાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી અમદાવાદ અને સચિન-સુરત ખાતે એપરલ પાર્ક વિકસિત કરેલ છે અને નરોડા (હંસપુરા) ખાતે એપરલ પાર્ક / એકમો વિકસાવવા ટેન્ડરીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ડિપોઝિટ વર્ક

- નિગમ દ્વારા દહેજ ઔદ્યોગિક વસાહત ખાતે સુચિત દહેજ એસ.ઈ.ઝેડ.લી (પખાજણ) માટે આંતરમાળખાકિય સુવિધાઓ વિકસાવવા માટે ડિપોઝિટ વર્ક તરીકે કામગીરી હાથ ધરેલ છે હાલમાં નિગમ દ્વારા રોડના કામો માટે ₹ ૩૮ કરોડના ટેન્ડર જારી કરવામાં આવેલ છે.

ઔદ્યોગિક નીતિ

- ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ / ૨૦૨૦ અંતર્ગત ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટને સહાય યોજના હેઠળ નિગમે ઔદ્યોગિક વસાહતોમાં આંતરમાળખાકીય સુવિધાઓના નવિનીકરણ માટે ₹ ૬૬૮.૩૦ કરોડની કુલ ૧૦૬ દરખાસ્તોની મંજુરી મેળવેલ છે અને ₹ ૯૦.૮૮ કરોડની કુલ ૯ (નવ) દરખાસ્તો સરકારશ્રીમાં મંજુરી હેઠળ છે, જેમાં સરકારશ્રી તરફથી ૬૦% થી ૯૫% સુધીનું અનુદાન મળેલ છે / મળવાપાત્ર છે.

દહેજ પીસીપીઆઈઆર

- દહેજ પીસીપીઆઈઆર વિસ્તાર માટેની પર્યાવરણીય મંજુરી ભારત સરકારશ્રીના એમઓઈએફ વિભાગ તરફથી તા.૧૪/૦૯/૨૦૧૭ ના રોજ મળેલ છે.
- દહેજ પીસીપીઆઈઆર વિસ્તાર માટે પાણી પુરવઠા અંગે ૨૫ એમ.જી.ડી. ક્ષમતાની નર્મદા નદી આધારિત અને ૫૦ એમ.જી.ડી. (૨૨૭ એમએલડી) ક્ષમતાની મીયાગામ બ્રાન્ચ કેનાલ આધારિત યોજના કાર્યાન્વિત કરવામાં આવેલ છે.
- દહેજ ખાતે ૪૦ એમએલડી ક્ષમતાના સીઈટીપીનુ બાંધકામ પૂર્ણ થતા કાર્યરત કરેલ છે, અને કાયમી ધોરણે સંચાલન અને મરામત માટે એસપીવી કંપની "Dahej Clean Initiative Foundation" નીરચના થયેલ છે.
- સાયખા ખાતે ૪૦ એમ.એલ.ડી. ક્ષમતાના સીઈટીપી બાંધકામ પૂર્ણ થતા કાર્યરત કરેલ છે. આ સીઈટીપીના કાયમી સંચાલન અને મરામત માટે એસપીવી કંપની "Sayakha Clean Initiative Foundation" ની રચના થયેલ છે.
- દહેજ પીસીપીઆઈઆર ખાતે ૧૦૦ એમ.એલ.ડીનો ડીસેલીનેશન પ્રોજેક્ટ (₹ ૧૧૫૭ કરોડ) ના કામનો આદેશ તા. ૩૧/૦૭/૨૦૧૯ ના રોજ જારી કરેલ, જેની કામગીરી પ્રગતિમા છે. આ ડીસેલીનેશન પ્લાન્ટના કાયમી સંચાલન અને મરામત માટે એસપીવી કંપની "Dahej Desal Foundation" ની રચના થયેલ છે.
- દહેજ પીસીપીઆઈઆર વિસ્તાર માટે ૯૦ એમ.એલ.ડી ક્ષમતાની શુધ્ધિકૃત ગંદા પાણીના નિકાલ યોજના સાયખા અને સાયખા સીઈટીપી થી ફાઈનલ પંપીગ સ્ટેશન (Plot no-Z-93) સુધી સુચિત ૯૦ એમએલડી ક્ષમતાની પાઈપલાઈન નાખવા અને તેના આનુષાંગિક કામો સહિતની શુધ્ધિકૃત ગંદા પાણીના આખરી નિકાલ યોજના માટે ₹ ૪૭૪.૬૧/- કરોડ ની વહીવટી મંજૂરી મેળવી ટેન્ડર પ્રક્રિયા ની કાર્યવાહી હાથ ધરેલ છે.
- સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે આવેલ પ્લોટ નં - ૧ થી ૨૬૭ પૈકી ઉપલબ્ધ પ્લોટો તેમજ જુનેદ ઈજનેરી ઝોનમાં થયેલ રાસાયણીક ઉદ્યોગોની આંશિક ફાળવણી અંતર્ગત ૧૨ પ્લોટ માટે (ઈજનેરી ઝોન) ને મીક્ષ ઝોનમાં રૂપાંતર કરવા માટે જરૂરીયાત પ્રમાણેના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા તેમજ અન્ય આનુષાંગિક કામોની ₹ ૭૦/- કરોડ ની વહીવટી મંજૂરી મેળવી ટેન્ડર પ્રક્રિયાની કાર્યવાહી હાથ ધરેલ છે.
- સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે આશરે ૧,૮૫,૦૦૦ ચોમીમાં ટીએસડીએફ સાઈટ સ્થાપિત કરવા માટે એંવાયરમેન્ટ કલીયરન્સ (વૈધાનિક મંજૂરી) અંગે જીપીસીબીમાં અરજી કરેલ છે. આ કામ માટે તજજ્ઞની નિમણૂક કરેલ છે.
- હજીરા ખાતે સુરત મહાનગરપાલિકા પાસેથી શુદ્ધિકરણ કરેલ સુએઝ (Secondary treated waste water) લઈ હજીરા નિર્દિષ્ટ વિસ્તારનાં એકમોને ઔદ્યોગિક હેતુસર ટર્શરી ટ્રીટેડ પાણી પુરુ પાડવા ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ વિતરણ વ્યવસ્થા સહિત આનુષાંગિક કામો જીઆઈડીસી દ્વારા નોડલ એજન્સી તરીકે હાથ ધરવા તેમજ સદર કામગીરી માટે તજજ્ઞની નિમણૂંક કરવાની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.
- નિગમ દ્વારા વિવિધ ઔદ્યોગિક વસાહતના પંપ હાઉસ ખાતે ઓનલાઈન ક્લાઉડ આધારીત એનર્જી મોનીટરીંગ

સિસ્ટમ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઉપરાંત નિગમની વિવિધ ઓફીસ બિલ્ડીંગ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા પ્રણાલીમાં કાર્યરત પંપસેટ નું નિયત સમયાંતરે એનર્જી મોનીટરીંગ કરવામાં આવેલ છે.

ઉર્જા બચત અને ઉર્જા વપરાશના સઘન અવલોકન માટે નિગમ દ્વારા લીધેલ પગલા

- સૌર-ઉર્જાના ઉપયોગ માટે નિગમની વિવિધ ઓફીસ બિલ્ડીંગ ખાતે સોલર રૂફટોપ સિસ્ટમ લગાડવામાં આવેલ છે. રાજકોટ વર્તુળ કચેરી હેઠળની પાંચ (૫) તથા અમદાવાદ વર્તુળ કચેરી હેઠળની પાંચ (૫) , સુરત વર્તુળ કચેરી હેઠળની એક (૦૧) તથા ભરૂચ વર્તુળ કચેરી હેઠળની એક (૦૧) એમ કુલ બાર (૧૨) ઓફીસ બિલ્ડીંગ ખાતે કુલ ૧૫૩.૫ કી.વો.ની સોલર રૂફટોપ સિસ્ટમ લગાડવામાં આવેલ છે. સાત (૦૭) ઓફીસ બિલ્ડીંગ ખાતે કાર્ય પ્રગતિ હેઠળ છે.
- નિગમ દ્વારા પાણી પૂરવઠા યોજના અંતર્ગત સૌર ઉર્જા સ્ત્રોતના ઉપયોગ માટે અમદાવાદ વર્તુળ કચેરી હેઠળની દસ (૧૦) તથા ભરૂચ વર્તુળ કચેરી હેઠળના એક (૦૧) પંપીગ સ્ટેશનના ધાબા ઉપર કુલ ૫૧૩.૫ કી.વો.ની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરેલ છે. પાંચ (૦૫) પાણી પૂરવઠા/ગટર યોજનાના પંપીગ સ્ટેશન ખાતે કાર્ય પ્રગતિ હેઠળ છે.
- જી.આઈ.ડી.સી દ્વારા પૂન: પાપ્ય ઉર્જા સ્ત્રોતના ઉપયોગ માટે ખોરજ વસાહત ખાતે સૌર ઉર્જા આધારીત શેરીબત્તી (૯૦ વોટની એલ.ઈ.ડી) લગાડવામાં આવેલ છે
- જી.આઈ.ડી.સી દ્વારા દહેજ એસ.ઈ.ઝેડ (પખાજણ) વસાહત ખાતે સૌર ઉર્જા આધારીત કુલ ૪૦૫ નંગ શેરીબત્તી (૯૦ વોટની એલ.ઈ.ડી) તથા ઉપલેટા વસાહત ખાતે કુલ ૩૭ નંગ સૌર ઉર્જા આધારીત શેરીબત્તી લગાડવાની ટેન્ડર પ્રકીયા હાથ ધરનાર છે.ઉપરાંત નિગમની આવનાર નવી વસાહતો જેવી નિઝર, લણવા, કવાસ વિગેરે ખાતે સૌર ઉર્જા સંચાલિત શેરીબત્તી લગાડવાનું આયોજન હેઠળ છે.
- પવનઉર્જાના ઉપયોગ માટે ૨.૧ કીલો વોટની ક્ષમતા વાળી પવનચક્કી સ્થાપિત કરવા માટેની ટેન્ડર પ્રકીયા હાથ ધરનાર છે.

પુન: પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતના ઉપયોગ માટે નિગમ દ્વારા લેવામાં આવનાર પગલા

- જી.આઈ.ડી.સી દ્વારા દહેજ એસ.ઈ.ઝેડ (પખાજણ) વસાહત ખાતે સૌર ઉર્જા આધારીત કુલ ૪૦૫ નંગ શેરીબત્તી (૯૦ વોટની એલ.ઈ.ડી) તથા ઉપલેટા વસાહત ખાતે એ.આઈ.આઈ.યોજના અંતર્ગત કુલ ૩૭ નંગ સૌર ઉર્જા આધારીત શેરીબત્તી લગાડવાની ટેન્ડર પ્રકીયા હાથ ધરનાર છે.
- ઉપરાંત નિગમની આવનાર નવી વસાહતો જેવી નિઝર, લણવા, કવાસ વિગેરે ખાતે સૌર ઉર્જા સંચાલિત શેરીબત્તી લગાડવાનું આયોજન હેઠળ છે.
- આ ઉપરાંત પવનઉર્જા ના ઉપયોગ માટે ૨.૧ કીલો વોટની ક્ષમતા વાળી પવનચક્કી સ્થાપિત કરવા માટેની ટેન્ડર પ્રકીયા હાથ ધરનાર છે

મોરેટોરીયમ પીરીયડમાં ૧-વર્ષનો વધારો

- નિગમ દ્વારા મિલકત ફાળવણી સમયે તેના વપરાશ માટે ચોક્કસ સમય-મર્યાદા આપવામાં આવેલ છે. આથી જે ફાળવણીદારોને આપવામાં આવેલ મોરેટોરીયમ પીરીયડ (પ્લોટના ઉપયોગની સમય-મર્યાદા) વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં પુર્ણ થતો હોય તેવા ફાળવણીદારોને વધુ એક વર્ષ કોઈપણ જાતની દંડની રકમ વસૂલ લીધા સિવાય પ્લોટ વપરાશની સમય-મર્યાદા વધારી આપવામાં આવેલ છે. ત્યારબાદ નિગમ દ્વારા લાભ મેળવેલ ફાળવણીદારો તથા વર્ષ ૨૦૨૧-૨૨ માં જે મિલકતોનો મોરેટોરીયમ પીરીયડ પૂર્ણ થનાર છે, તેવા ફાળવણીદારોને પણ મિલકતનો મોરેટોરીયમ પીરીયડ વધુ એક વર્ષ વધારી આપવામાં આવેલ છે. તા.૨૫/૧૧/૨૦૨૧ સુધીમાં કુલ ૪૭૬ ફાળવણીદારોને લાભ આપવામાં આવેલ છે.

મિલકતના વપરાશની સમય-મર્યાદા વધારી આપવા બાબત :

- જે ઉદ્યોગકારો તેઓને ફાળવવામાં આવેલ ઔ.મિલકતનો ફાળવ્યાના આજ પર્યંત વપરાશ ન કરી શકેલ હોય તો તેવા ઉદ્યોગકારો માટે તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી કોઈપણ જાતની વણવપરાશી દંડની રકમ વસૂલ લીધા સિવાય વધારી આપવાનું ઠરાવવામાં આવેલ.

વર્ષ: ૨૦૨૦-૨૧ માટે વણવપરાશી દંડ વસુલ ન કરવા બાબત

- જીઆઈડીસી દ્વારા પ્રતિવર્ષ ૨% લેખે વણવપરાશી દંડ વસુલ લેવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન જો

કોઈ મિલકત વણવપરાશી રહેવા પામે તો તે અંગે વણવપરાશી દંડ આ વર્ષ માટે વસુલ નહી લેવા નિર્ણય કરવામાં આવે છે. સદર નીતિનો ૪૭૬-લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

EODB અને ગુડ ગવર્નન્સ

- જીઆઈડીસી દ્વારા ઉદ્યોગકારોની સુવિધા માટે ડિજિટલ ગવર્નન્સ અંતર્ગત નીચે મુજબની સેવાઓ માટે ઓનલાઈન એપ્લિકેશન સિસ્ટમ વિકસાવીને કાર્યરત કરવામાં આવેલ છે.
  - વાણિજ્યક અને રહેણાંક સોસાયટી મા તબદીલી માટેની અરજી
  - કો-ઓપરેટીવ સોસાયટીના સભ્યોમા ફેરફાર માટેની અરજી
  - ઈજનેરી શાખા દ્વારા હાથ ધરવામાં આવતા વિવિધ પ્રોજેક્ટના દેખરેખ માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ સિસ્ટમ
  - "આત્મનિર્ભર ગુજરાત" પેકેજ અન્વયે પ્લોટની વપરાશની સમયમર્યાદા વધારી આપવા માટેની અરજી
- અરજદારની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા માટે પેપરલેસ ઓફીસના ધ્યેય અંતર્ગત ૨.૫ લાખથી વધારે ફાઈલોને સ્કેન કરી ડોક્યુમેન્ટસ મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવવામાં આવેલ છે.
- મંજુરી થયેલ અરજીઓના હુકમ ડીઝીટલ સિગ્નેચરના માધ્યમથી અરજદારને ઈ-મેલ મારફતે સીધા મળી જાય તેવી વ્યવસ્થા કરવામા આવેલ છે.
- અરજીઓ માટેના મંજુરી હુકમ ડીજીલોકર (DigiLocker) મારફતે પણ મળી રહે તેવી સુવિધા કાર્યરત કરવામાં આવેલ છે.

EODB અને ગુડ ગવર્નન્સમાં સને ૨૦૨૧-૨૨માં કરવામાં આવનાર કામગીરી

- જીઆઈડીસીની અધિકૃત વેબસાઈટને લેટેસ્ટ ટેક્નોલોજીનો ઉપયોગ દ્વારા અધતન કરવી.
- જીઆઈડીસી દ્વારા આપવામાં આવતી સેવાઓ અંગેની માહિતી નાગરિકને વ્હોટસએપના માધ્યમથી મળી રહે તે માટે વ્યવસ્થા કરવી.
- જીઆઈડીસી દ્વારા વિકસાવવામાં આવેલ એન્ડ્રોઈડ અને આઈઓએસ મોબાઈલ એપ્લિકેશનનું સરળીકરણ અને નવીનીકરણ કરવામાં આવનાર છે.

૩. ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લી.ની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

- ગુજરાત સરકાર દ્વારા ધોલેરા સ્પેશયલ ઈનવેસ્ટમેન્ટ રીજીયન નજીક ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. એરપોર્ટના વિકાસ માટે સ્પેશયલ પર્પઝ વ્હીકલ (SPV) - ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લીમીટેડની રચના કરવામાં આવેલ છે. હાલમાં આ કંપનીમાં એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા (AAI) 51%, ગુજરાત સરકાર 33% તથા નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (NICDIT) 16% શેરમૂડીની હિસ્સેદારી ધરાવે છે.
- રાજ્ય સરકારની જવાબદારીના ભાગરૂપે પૂર નિયંત્રણની કામગીરી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા ડીપોઝીટરી વર્કસ તરીકે હાથ ધરવામાં આવેલ છે, આ કામગીરી માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૫=૦૦ કરોડનું બજેટ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૨૫=૦૦ કરોડની બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે. પૂર નિયંત્રણની કામગીરી હાલ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા પ્રગતિમાં છે.
- પ્રોજેક્ટની અંદાજિત કિંમત ₹ ૧૩૦૫.૦૦ કરોડ છે અને જેના માટે નાણાની વ્યવસ્થાનો માધ્યમ લોન અને ઈક્વિટી રહેશે. આ સંદર્ભમાં, રાજ્ય સરકારનો ઈક્વિટી હિસ્સો ₹ ૧૭૨.૨૬ કરોડ છે જેમાંથી ₹ ૫૦.૦૦ કરોડનું નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ સુધી યોગદાન આપવામાં આવેલ છે. તેમજ ઈક્વિટી યોગદાનના ભાગરૂપે વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૫.૦૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.
- એર સાઈડ ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી માટેનું ફેઝ-૧ નું ટેન્ડર બહાર પાડેલ છે અને એલ-૧ બિડરની ઓળખ પણ કરેલ છે. કન્સ્ટ્રકશનની કામગીરી નજીકના ભવિષ્યમાં ચાલુ થનાર છે.

[A] ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજયન ડેવલોપમેન્ટ ઓથોરીટી

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજયન (ધોલેરા SIR) એ દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (DMIC) પર ઉત્તમ

કનેક્ટિવિટી સાથેનો પ્રથમ અને સૌથી મોટો નોડ છે. જેમા હાલ જાહેર સુવિધાના કામો જેવા કે રોડ-રસ્તાઓ, પાણીની પાઈપલાઈન, ડ્રેનેજ લાઈન, ઈલેકટ્રીક સબ-સ્ટેશન, જાહેર પરિવહન સેવાઓ, બાંધકામ હેઠળ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ધોલેરા સર ખાતે વિવિધ નગર યોજના હેઠળના ખાનગી-જમીન માલીકોને વળતર આપવામા આવેલ છે. ભીમનાથ-ધોલેરા રેલ્વે લાઈન પ્રોજેક્ટ હેઠળ વર્ષ દરમ્યાન જમીન સંપાદનની કામગીરી કરવામા આવેલ છે. તેમજ Coastal-Erosion તેમજ bird-Migration જેવા અભ્યાસો પુર્ણ કરવામા આવેલ છે. તદુપરાંત, પુર-શમન પ્રોજેક્ટ હેઠળ કરવાના થતા વિવિધ અભ્યાસો અંગે પ્રાથમીક કામગીરી પ્રારંભેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોલેરા સર ખાતે વિવિધ આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવાનુ આયોજન છે.જે સંલગ્ન ધોલેરા ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ ₹ ૩૭૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

[B] ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.(GARUD)

ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.(GARUD) ની રચના કંપની એક્ટ-૨૦૧૩ હેઠળ ભારત સરકારના ઈન્ડીયન રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRSDC)ના ૨૬ % અને ગુજરાત સરકારના ૭૪ % શેરમૂડી સાથે તા.૨૬ /૦૯/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ છે. કંપનીની મુખ્ય કામગીરીમાં ગાંધીનગર રેલવે સ્ટેશનનું રીડેવલપમેન્ટ અને તેની ઉપર એર સ્પેસમાં ૩૧૮ રૂમની ફાઈવ સ્ટાર હોટલ પ્રોજેક્ટના નિર્માણ તથા મહાત્મા મંદિર અને હેલિપેડ એક્ઝીબિશન ગ્રાઉન્ડ, ગાંધીનગરના સંચાલન અને જાળવણીની કામગીરી છે.

મહાત્મા મંદિર ખાતે Industrial Promotion (ઔદ્યોગિક વૃધ્ધિ)ને સંબંધિત તથા અન્ય વિભાગો દ્વારા અવારનવાર વિવિધ વિષયોને લગતા કાર્યક્રમો, સેમિનાર, કોન્ફરન્સ તેમજ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવી મેગા ઈવેન્ટનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષ જાન્યુઆરી-૨૦૨૨માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ યોજવામાં આવી રહેલ છે.જેમાં માન. પ્રધાનમંત્રીશ્રી તથા અન્ય કેન્દ્રીય મંત્રીશ્રીઓ તથા દેશ વિદેશના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેનાર છે.

હેલિપેડ એકઝીબિશન ગ્રાઉન્ડ(HEG) ખાતે પણ અવારનવાર વિવિધ વિષયોને લગતા મેળાઓ/પ્રદર્શનોનું આયોજન થાય છે. જેમાં જુદા જુદા ક્ષેત્રોના ઉદ્યોગ સાહસિકો ભાગ લે છે. ખાસ કરીને ફેબ્રુઆરી-૨૦૨૨માં DefenceExpoનું પ્રદર્શન એક માસ માટે યોજાનાર છે.

ગાંધીનગર રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ અને ભારતમાં પહેલીવાર રેલવે ટ્રેક ઉપર ૩૧૮ રૂમની ફાઈવ સ્ટાર હોટલ નિર્માણ અંગેનો એક અનોખો મોડલ પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે. જે પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. જેનું માન. પ્રધાન મંત્રીશ્રી દ્વારા તા.૧૬/૦૭/૨૦૨૧ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે.આ પ્રોજેક્ટ મહાત્મા મંદિરની એકદમ નજીકમાં હોઈ મહાત્મા મંદિર ખાતે યોજાતી ઈવેન્ટ વગેરેમાં પધારતા મહાનુભાવોના આતિથ્ય માટે તેઓને અનુરૂપ ઉત્તમ કક્ષાની સુવિધા પૂરી પાડશે.

૪. ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરીની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

- ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા દ્વારા મુખ્યત્વે ખનિજ સંશોધન, ખનિજ વિકાસ તથા ખનિજ વહીવટની કામગીરી હાથ ધરવામા આવે છે.
- રાજ્યની પ્રથમ નીતિમાં ખનિજ સંશોધન ક્ષેત્રે બાહ્ય સ્ત્રોત દ્વારા ખાનગી રાહે સમય સંશોધન અહેવાલો આધારીત મિનરલ એટલાસ અને ડેટા બેંક તૈયાર કરવી, ખનિજ સમૃધ્ધ વિસ્તારોને ગામના નમુના ૭ અને ૧૨ માં નિર્દિષ્ટ કરવાની પદ્ધતિ દાખલ કરવી, નિયત સમય મર્યાદામાં અરજીઓનો નિકાલ, ગૌણ ખનિજોના નિયમોનુ સરળીકરણ, ગેરકાયદેસર ખોદકામ પ્રવૃત્તિ અટકાવવા નિયમો ઘડવા, ખનિજ વેપાર પ્રક્રિયા કરતા અને ખનિજ ઉદ્યોગોની નોંધણી, ઠેકેદારોના બિલોમાં રોયલ્ટીની સીધી કપાત, ઔદ્યોગિક અગત્યના ખનિજોના મૂલ્યમાં વૃદ્ધિ, ખાણોનો અભ્યાસ, અંબાજી અને ધ્રાંગધ્રા ખાતે સ્ટોન આર્ટીઝન પાર્ક ઉભા કરવા, ખાતાની પ્રયોગશાળાને રેફરલ કક્ષાની બનાવી ખાનગી પ્રયોગશાળાઓને પૃથક્કરણ અને અભ્યાસ માટે માન્યતા આપવી, ખનિજ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધા જેવી કે વિજળી, રસ્તાઓ વગેરેની સવલત વધારવા જેવા અગત્યના વિકાસલક્ષી પાસાનો સમાવેશ થયેલ છે.

→ ખનિજ સંશોધન

- સને ૨૦૨૧-૨૨માં કચ્છ જીલ્લામાં ચાઈનાક્લે, વ્હાઈટક્લે, બેન્ટોનાઈટ; ખેડા જિલ્લામાં વ્હાઈટક્લે; ભાવનગર જિલ્લામાં બેન્ટોનાઈટ; સુરેંદ્રનગર જિલ્લામાં સિલિકા સેન્ડ, ફાયરક્લે, ચાઈનાક્લે, વ્હાઈટક્લે; પાટણ જિલ્લામાં ચાઈનાકલે, વ્હાઈટક્લે; ગીર સોમનાથ જિલ્લામાં લાઈમસ્ટોન ખનિજના સંશોધન અર્થે કુલ અંદાજિત ૨૦૪૮.૫૦ મીટરની કામગીરી જુદી જુદી એજન્સી દ્વારા પૂર્ણ કરેલ છે.

INDEX

- કચ્છ જીલ્લામાં અંદાજીત ૩૦૦ મીટરની શારકામની કામગીરી હાલમાં કાર્યરત છે.
- સને ૨૦૨૨-૨૩માં કચ્છ જીલ્લામાં બેન્ટોનાઈટ, ચાઈનાક્લે, અને વ્હાઈટ કલે, ખેડા જીલ્લામાં ચાઈનાક્લે, પાટણ જીલ્લામાં ચાઈનાકલે, સુરેન્દ્રનગરમાં વ્હાઈટકલે, સિલિકા સેન્ડ, ગીર સોમનાથ જીલ્લામાં લાઈમસ્ટોન, દેવભૂમી દ્વારકા જીલ્લામાં બોકસાઈટ, ખનિજના સંશોધન અર્થે આશરે ૨૦,૦૦૦ મીટરનું શારકામ કરવાનું આયોજન છે.

→ ખનિજ વિશ્લેષણ

- ખનિજ સંશોધન દરમ્યાન એકત્રિત કરાયેલા નમુનાઓનું પૃથ્થકરણ/અભ્યાસ ગાંધીનગર ખાતે આવેલ પેટ્રોગ્રાફી અને મિનરલ કેમેસ્ટ્રી પ્રયોગશાળામાં હાથ ધરવામાં આવે છે. તદઉપરાંત ખાનગી પેઢીઓ/પાર્ટીઓ દ્વારા મોકલાયેલા નમુનાઓનું પૃથ્થકરણ પ્રયોગશાળામાં કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ માં માર્ચ-૨૦૨૧ અંતિત પ્રયોગશાળામાં કુલ ૬૯૭૯ ખનિજ નમુનાઓનું પૃથ્થકરણ કાર્ય પૂર્ણ કરેલ છે. જેમાં ખાનગી, કોર્પોરેશનનાં ખનિજ નમૂનાઓનો સમાવેશ થાય છે. સદર પૃથ્થકરણ દ્વારા ₹૮.૩૬ લાખની આવક થયેલ છે, જે આવક જી.એમ.આર.ડી.એસ. ગાંધીનગર ખાતે જમા કરાવેલ છે.

→ ખનિજ વહીવટ

- ગુજરાત એક ખનિજ સમૃદ્ધ રાજ્ય છે. ખનિજના જથ્થા અને ઉત્પાદનની દ્રષ્ટીએ ગુજરાત દેશમાં છઠ્ઠુ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં લિગ્નાઈટ, લાઇમસ્ટોન, બોક્સાઈટ, મેન્ગેનીઝ-ઓર, પરલાઈટ, ફલોર્સપાર જેવા મુખ્ય ખનિજો મળી આવે છે, જ્યારે બ્લેક ટ્રેપ, બેન્ટોનાઈટ, માર્બલ, ગ્રેનાઈટ, સાદી રેતી, બિલ્ડિંગ લાઈમ સ્ટોન, સેન્ડ સ્ટોન, ક્વાર્ટઝાઈટ, મુરમ, અગેટ, બોલ ક્લે, ચાઈના ક્લે, વાઈટ ક્લે, ફાયર ક્લે, સિલિકા સેન્ડ, ચોક,ડોલોમાઈટ, લેટરાઈટ, કેલ્સાઈટ, ક્વાર્ટ્ઝ વિગેરે જેવા ગૌણ ખનિજો મળી આવે છે. જેમાં ગુજરાત લાઇમસ્ટોન, લીગ્નાઈટ, બોક્સાઈટ,ડોલોમાઈટ, ફાયરક્લે, બેન્ટોનાઈટ અને ફલોરાઈટ ખનિજોના ઉત્પાદનમાં દેશમાં અગ્રેસર છે.ચોક ખનિજો માત્ર ગુજરાત રાજ્યમાં મળી આવે છે.દેશમાં બેન્ટોનાઈટ, સિલિકાસેન્ડ તથા ફલોરાઈટનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાંથી થાય છે તેમજ બોક્સાઈટ, લીગ્નાઈટ, ફાયરક્લે અને ચાઈના ક્લેના ઉત્પાદનમાં દ્વિતિય ક્રમે છે.આ ખનિજોનો ઉપયોગ બાંધકામ, સિમેન્ટ,સોડાએશ, કેમિકલ,કટીંગ, પોલીશિંગ, ક્રશીંગ એકમોમાં કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત બ્લીચિંગપાઉડર, સુશોભન માટેના પત્થર અને સ્મારકો, ફલોરિંગસ્લેબ, પ્લાસ્ટર ઓફ પેરીસ, ફર્ટીલાઈઝર, સોઈલ કન્ડીશનર,ટેક્સટાઈલ,પેપર અને પેઈન્ટ ઉદ્યોગોમાં ફિલર તરીકે વિગેરેમાં પણ કરવામાં આવે છે.
- રાજ્યમાં ખનિજ વહીવટ અને નિયમન માટે કુલ ૩૨ જિલ્લામાં ૩૩ જીલ્લા કચેરીઓ અને ૦૧ મુખ્ય કચેરી સ્થિત છે. આ ઉપરાંત ૦૩ સર્કલ ઓફીસ અને ૦૨ ફલાઈંગ સ્કોર્ડની કચેરીઓ કાર્યરત છે. આ ઉપરાંત,ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) એ સૌથી મોટું ખાણકામ સાથે સંકળાયેલ રાજ્ય સરકારનું જાહેર સાહસ છે. રાજ્યમાં નવેમ્બર-૨૦૨૧ ની સ્થિતિએ કુલ ૪૨૩ માઈનિંગ લીઝો તથા ૭૩૪૩ ક્વોરીલીઝો અસ્તિત્વ ધરાવે છે. જેમાંથી રાજ્ય સરકારશ્રીને વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹૧૩૫૨.૩૯ કરોડની આવક થયેલ છે. અને ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં નવેમ્બર અંતિત ₹ ૮૮૪.૪૬ કરોડની આવક થયેલ છે.
- માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ & રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૭ ખાણકામ માટેનો મુખ્ય કાયદો છે. કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા.૧૨જાન્યુઆરી, ૨૦૧૫ થી માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ & રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ અમલમાં આવેલ છે. આ ઉપરાંત નામ. સુપ્રિમકોર્ટના કેસનં. સ્પે. રેફરન્સ નં.૧/૨૦૧૨ના ચુકાદા મુજબ કુદરતી સંપત્તિની ફાળવણી “યોગ્ય, બિન-ભેદભાવયુક્ત અને પારદર્શક” પદ્ધતિથી કરવા સૂચવેલ. તેમજ દિપકકુમાર વિ. હરીયાણા રાજ્ય સરકારના કેસમાં નામ. સુપ્રિમકોર્ટનો તા.૨૭.૧૨.૨૦૧૨નો ચુકાદા મુજબ “વૈજ્ઞાનિક ઢબે, સુવ્યવસ્થિત અને પર્યાવરણીય અનુકુળ ખાણકામ” થાય તેમ જણાવેલ. આ તમામ બાબતો ધ્યાને લઇ કેન્દ્ર સરકારે નિયમો બનાવેલ છે. જે હેઠળ મુખ્ય ખનિજ લાઇમસ્ટોનના કુલ ૧૦ બ્લોકની ઇ-ઓક્શનથી ફાળવણી કરવામાં આવેલ. આ ૧૦ બ્લોકમાંથી સરકારશ્રીને આવનાર ૫૦ વર્ષ દરમિયાન કુલ ₹ ૮૩૮૬.૭૦ કરોડ રોયલ્ટી તે ઉપરાંત ₹ ૧૦૮૮૯.૭૮ કરોડ ઓક્શન પ્રિમિયમ તેમજ ₹ ૧૦૦૬.૭૮ કરોડ ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન તથા નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ પેટે પણ આવક થનાર છે. જે પૈકી કુલ ₹ ૨૬.૧૪ કરોડની આવક રાજ્ય સરકારશ્રીને થઇ ગયેલ છે. આગામી સમયમાં મુખ્ય ખનિજ ના કુલ ૦૬ બ્લોક જાહેર હરાજીમાં મુકવા અર્થે કાર્યવાહી હેઠળ છે.
- નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ અને એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૧૫ અને તે હેઠળ બનેલ નિયમોને અનુરૂપ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ બનાવેલ છે. જે તા.૨૪/૦૫/૨૦૧૭ થી નોટીફિકેશન પ્રસિદ્ધ કરેલ છે. હાલમાં, સામાન્ય વ્યક્તિના ઘરના બાંધકામથી લઇને મોટી ઇમારતો, રસ્તાઓ, નેશનલ હાઇ-વેથી લઇને રેલ્વે

માર્ગ વગેરેના બાંધકામમાં ગૌણ ખનિજો જેવા કે, સાદી રેતી, માટી, કપચી, ગ્રેનાઈટ, માર્બલ વિગેરેનો વપરાશ વધતો જઈ રહ્યો છે. તેમજ સિમેન્ટ ઉદ્યોગો, ઈંટો, નળીયા વિગેરે માટેનો કાચો માલ ખનિજ સંપત્તિમાંથી પ્રાપ્ત થાય છે. આ ખનિજ સંપત્તિ પૂરતા પ્રમાણમાં સરળતાથી મળી રહે તે માટે જાહેર હરાજીથી ખનિજ સભર વિસ્તારોમાં બ્લોકની ફાળવણી કરવા માટે સરકારશ્રી દ્વારા જોગવાઈ કરવામાં આવેલ છે.

- આ જોગવાઈઓ ધ્યાને લઈ નવી પદ્ધતિ અનુસાર ગૌણ ખનિજોનો ઈ-ઓક્શનથી ઝડપી અને સરળતાથી ફાળવણી થઈ શકે તે માટે સંશોધન કામગીરી કરી તથા વહીવટી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે આજ દિન સુધી કુલ ૧૦૧૭ બ્લોકની સફળ હરાજી થયેલ છે. જેનાથી રાજ્ય સરકારશ્રીને આગામી ૦૫ થી ૩૦ વર્ષમાં રોયલ્ટી પેટે કુલ ₹ ૨૧૫૩.૭૬ કરોડ અને ₹ ૩૫૧૮.૦૪ કરોડ રોયલ્ટી ઉપરાંત ઓક્શન પ્રિમિયમની આવક થનાર છે.
- હયાત લીઝો કે જેમાં લીઝ ધારકોએ ખનિજ વિકાસ માટે રોકાણ કરેલ હોય તેમાં નવી પદ્ધતિ મુજબ ઈ-ઓક્શન કરી ઝડપથી ફાળવણી કરી શકાય અને નવી વ્યવસ્થા ઉભી થાય ત્યાં સુધી સરકારશ્રીને પર્યાપ્ત સમય મળી રહે તે માટે હયાત લીઝોની મુદત વધારેલ છે.
- આમ, સમગ્રપણે ઈ-ઓક્શન પ્રક્રિયા સરળ અને અસરકારક બને, હયાત લીઝ ધારકોના હીત સચવાય તેમજ ઓક્શન પ્રક્રિયામાં જાહેર જનતા તેમજ ઉદ્યોગ સાહસિકોની મહત્તમ હિસ્સેદારી થઈ શકે તેવા આશયથી નિયમોમાં ઉપરોક્ત સૂચવ્યા મુજબના જરૂરી ફેરફાર/ સુધારા કરવા અનિવાર્ય છે. વધુમાં, ઈ-ઓક્શનની તમામ પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રીતે થાય અને વધુમાં વધુ લોકો સુધી તેની માહિતિ પહોંચે તે માટે તમામ પ્રક્રિયા ઓનલાઈન હરાજી મારફત કરવા જોગવાઈ કરેલ છે. જે માટે સરકારશ્રી દ્વારા એક તરફ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવેલ છે, જ્યારે બીજી બાજુ આ વ્યવસ્થા સરળ, ઝડપી અને અસરકારક બને તે માટે પ્રયત્ન કરવામાં આવી રહેલ છે.

→ ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન

1. MMDR Actમાં સુધારા અન્વયે ડીએમએફની રચના:

ખાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા MMDR ACT, 1957 એટલે કે Mines and Minerals (Development and Regulation) Act, 1957 માં સુધારો કરીને Mines and Minerals (Development and Regulation) amendment Act, 2015 ઘડવામાં આવ્યો. જેના અનુસંધાને નોટિફિકેશન બહાર પાડી ભારત સરકારે તમામ રાજ્ય સરકારોને ખાણ ખનીજ વિસ્તારો વાળા જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉંડેશનની રચના કરવા માટે આદેશ આપેલ. અને સાથે જ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના ઘડવામાં આવેલ. જેનું જિલ્લા કક્ષાએ અમલ કરવા માટે અલાયદા ડીએમએફ ટ્રસ્ટની રચના કરવા જણાવવામાં આવેલ. જેથી, ખાણકામ થતું હોય તેવા વિસ્તારો અને લોકોને તેના લાભો મળી રહે. રાજ્યના ખાણકામ વાળા ૩૨ જિલ્લાઓમાં ડીએમએફ ટ્રસ્ટની નોંધણી થયેલ છે.

2. ગુજરાત ડીએમએફ રૂલ્સ 2016 હેઠળ ગુજરાતના ખાણકામવાળા દરેક જિલ્લામાં ડીએમએફની રચના:

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર ક્રમાંક GU-2016 (42)-DMF-102015/836/CHH દ્વારા "ગુજરાત ડીએમએફ રૂલ્સ" એપ્રિલ 2016માં બહાર પાડવામાં આવેલ. જેના થકી રાજ્યના તમામ જિલ્લાઓમાં ડીએમએફ માટેના નિયમો, કાર્યો અને કાર્ય પદ્ધતિ માટેના ધારાધોરણો નક્કી કરવામાં આવેલ છે. સદર પરિપત્રના ચેપ્ટર-2ના મુદ્દા નં.8 માં રાજ્ય કક્ષાએ ડીએમએફની સ્ટેટ લેવલ કો-ઓર્ડીનેશન કમિટી (SLCC)ની રચના, સત્તાઓ અને કાર્યો જણાવવામાં આવેલ છે. જેના અધ્યક્ષ માન. મુખ્યમંત્રીશ્રી છે.

સદર SLCCની તત્કાલીન મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ૧૧ નવેમ્બર ૨૦૧૬ના રોજ મળેલી પ્રથમ બેઠકમાં ખાણકામથી પ્રભાવિત રાજ્યના કુલ ૧૯૪૬ ગામો નક્કી કરવામાં આવેલ. ત્યારબાદ માર્ચ ૨૦૨૦ની સ્થિતિ ધ્યાને લઈ આ યાદીને અદ્યતન કરીને કુલ ૨૧૦૩ ગામોને ખાણકામ પ્રભાવિત ગામોની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. સદર ૨૧૦૩ ગામોમાં હાલ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ વિવિધ કલ્યાણકારી કામગીરી થઈ રહેલ છે.

ખનીજના પ્રકારો પ્રમાણે મુખ્ય ખનીજ અને ગૌણ ખનીજ એમ બે રીતે ખનીજોને વર્ગીકૃત કરવામાં આવેલ છે, જેમાં તા.૧૨-૦૧-૨૦૧૫ પૂર્વે મંજુર કરેલ મુખ્ય ખનીજના લીઝ ધારકો પાસેથી નિયમ મુજબ ૩૦% તથા તા.૧૨-૦૧-૨૦૧૫ પછી મંજુર કરેલ મુખ્ય ખનીજના લીઝ ધારકો પાસેથી નિયમ મુજબ ૧૦% તથા ગૌણ ખનીજમાં રોયલ્ટીના ૧૦% ડીએમએફ ફંડ તરીકે એકઠું કરવામાં આવે છે. જેમાં મુખ્ય ખનીજના કિસ્સામાં કોલ અને લિગ્નાઈટ સિવાયના મુખ્ય ખનીજોમાં તા.૧૭-૦૯-૨૦૧૫થી તથા કોલ અને લિગ્નાઈટની લીઝમાં તા.૦૧-૦૪-૨૦૧૬થી એકઠું કરવાનું થાય છે તથા ગૌણ ખનીજના કિસ્સામાં તા. ૨૬-૦૯- ૨૦૧૬થી એકઠું કરવાનું થાય છે.

INDEX

આ ડીએમએફ ફંડનો ઉપયોગ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત ખાણકામ પ્રભાવિત વિસ્તાર અને ગ્રામજનો માટેના વિવિધ પ્રકારના વિકાસલક્ષી અને કલ્યાણકારી કાર્યક્રમો કરવા માટે કરવામાં આવે છે. ૩૧ ઓક્ટોબર,૨૦૨૧ની સ્થિતિએ મુખ્ય અને ગૌણ ખનીજનું મળીને કુલ મળવાપાત્ર ₹ ૧૦૧૪.૨૫ કરોડની સામે ૯૮.૭૯ ટકા એટલે કે ₹ ૧૦૦૨.૦૩ કરોડ ડીએમએફ ભંડોળ વસૂલવામાં આવેલ છે. એકત્રિત થયેલ ભંડોળમાંથી ₹ ૮૩૬.૯૭ કરોડના ૧૬,૪૮૩ પ્રોજેક્ટસ વિવિધ જિલ્લાઓની ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા મંજુર થયેલ છે. જયારે ₹ ૨૬૭.૦૯ કરોડના ૪૭૯ પ્રોજેક્ટસ રાજ્ય કક્ષાએથી ડીએમએફ સ્ટેટ નોડલ યુનિટ દ્વારા શરુ કરવામાં આવેલ.

3. ડીએમએફ સ્ટેટ નોડલ યુનિટ દ્વારા રાજ્ય કક્ષાએથી હાથ ધારવામાં આવેલ વિવિધ પ્રોજેક્ટસ:

- **પ્રોજેક્ટ સામર્થ્ય:**

ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉંડેશન સ્ટેટ નોડલ યુનિટ દ્વારા પ્રોજેક્ટ સામર્થ્ય-રોજગાર લક્ષી તાલીમ કાર્યક્રમની રચના અને તેનું અમલીકરણ કરવામાં આવેલ.આ પ્રોજેક્ટનું અમલીકરણ રાજ્યના ખાણકામથી પ્રભાવિત ૨૧૦૩ ગામડાઓમાં કરવામાં આવેલ છે. આ ગામોના ૧૮ થી ૩૫ વર્ષના યુવક યુવતીઓને વિવિધ ૧૩ ક્ષેત્રોમાં કારકિર્દી પસંદગીની તક આપવામાં આવેલ છે. પ્રોજેક્ટ સામર્થ્યના અલગ અલગ કોર્ષમાં પ્રવેશ માટે લઘુતમ લાયકાત ધો. ૫ થી ૧૨ નક્કી કરાયેલ. તથા જે તે કોર્ષની જરૂરીયાત પ્રમાણે તાલીમાર્થીને ૩ થી ૫ મહિનાની રોજગારલક્ષી તાલીમ પૂરી પાડવામાં આવેલ છે.આ માટે ગુજરાતભરમાં ૩૨ જેટલા તાલીમ કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ. ડી.એમ.એફ. દ્વારા પ્રોજેક્ટ સામર્થ્ય હેઠળ ૧૧,૨૭૦ યુવાનોને વિના મુલ્યે તાલીમ સાથે નોકરી આપવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ. જેની સામે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૧ની સ્થિતિએ ૧૬૧ બેચમાં કુલ ૪૪૨૧ જેટલા યુવક યુવતીઓને તાલીમ આપવામાં આવેલ છે. પ્રોજેક્ટ સામર્થ્ય તાલીમની સાથે નોકરીની પણ ખાતરી આપતું હોવાથી ૫૦ થી પણ વધુ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં રોજગારી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ. અત્યાર સુધીમાં ૨૧૦૦ જેટલા તાલીમાર્થીઓ સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં નોકરી પ્રાપ્ત કરીને ૮૦૦૦ થી લઈને ૧૯૦૦૦ જેટલો પગાર મેળવી રહ્યા છે. પ્રોજેક્ટ સામર્થ્યને નવી દિલ્હી ખાતે 'સ્કોચ એવોર્ડ સપ્ટેમ્બર-૨૦૧૯' અંતર્ગત Governance Gold Category માં એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

- **ડીએમએફ હેલ્થ કલીનીકસ (મોથાળા-અબડાસા અને પાન્ધ્રો- લખપત, કચ્છ):**

ડીએમએફ સ્ટેટ નોડલ યુનિટ દ્વારા કચ્છ જિલ્લાના અંતરિયાળ ખાણકામ અસરગ્રસ્ત ગામોમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધાની સ્થાનિક સરળ રીતે અને સુલભતાથી પહોંચ કરાવવાના હેતુને ધ્યાને લઈને લખપત તાલુકાના પાન્ધ્રો અને અબડાસા તાલુકાના મોથાળા ખાતે બે ડીએમએફ હેલ્થ ક્લિનિક્સ સ્થાપિત કરવામાં આવેલ. જેમાં પૂર્ણકાલીન એમ.બી.બી.એસ. ડોક્ટર, પેથોલોજી લેબ, એક્સ-રે, દવાઓ, વગેરે દ્વારા સ્થાનિકે જ આરોગ્યની ગુણવત્તાયુક્ત સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી રહેલ છે. ઉપરાંત, ટેલિ-ડાયગ્નોસ્ટિકના નવીન કન્સેપ્ટથી વિવિધ 13થી વધુ નિષ્ણાંત ડોક્ટરોની સેવાઓ સદર ક્લિનિક્સમાં આપવામાં આવી રહેલ છે. સ્ટાફ ફૂલ ટાઈમ સ્થાનિકે હાજર હોવાથી સદર ક્લિનિક્સમાં કામના કલાકો ઉપરાંત જરૂર પડ્યે સેવા પૂરી પાડવામાં આવે છે. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૧ની સ્થિતિએ સદર બંને ક્લિનિકસના મળી કુલ ૫૧,૦૦૦ થી વધુ ઓ.પી.ડી. નોંધાયેલ છે. ડીએમએફ હેલ્થ ક્લીનીક્સને નવી દિલ્હી ખાતે 'સ્કોચ એવોર્ડ નવેમ્બર-૨૦૨૧' અંતર્ગત Governance Silver Category માં એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

- **ડીએમએફ મોબાઈલ મેડીકલ યુનિટ (પંચમહાલ અને દાહોદ) :**

નોંધપાત્ર સંખ્યામાં આદિજાતિ સમુદાયો વસે છે તેવા પંચમહાલ અને દાહોદ જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય સેવાઓની સુલભતા સ્થાનિકે ન હોવાની સમસ્યાને પહોંચી વળવા માટે અત્યાધુનિક મોબાઈલ મેડિકલ યુનિટ (MMU) થકી આરોગ્ય સુવિધાઓ લોકો સુધી પહોંચાડવાની પહેલ કરવામાં આવી છે. સદર બંને જિલ્લાઓના ખાણકામ પ્રભાવિત 33 પૈકીના ૩૦ ગામો માટેનું આ મોબાઈલ મેડીકલ યુનિટ તા.૦૯/૧૧/૨૦૨૦ થી શરુ કરવામાં આવેલ. આ મોબાઈલ મેડીકલ યુનિટનું ઉદઘાટન રાજ્યના મુખ્ય સચિવ માન. શ્રી અનીલ મુકીમના હસ્તે કરવામાં આવેલ. સદર મોબાઈલ મેડીકલ યુનિટમાં એમ.બી.બી.એસ. ડોક્ટર, ૫૦થી વધુ બીમારીઓનું નિદાન-પરિક્ષણ કરતી પેથોલોજી લેબ, ડોક્ટરે સૂચવેલ ગુણવત્તાયુક્ત દવાઓ, આરોગ્ય પ્રબંધન માહિતી સિસ્ટમ (HMIS) વગેરે ઉપરાંત ટેલિ-મેડિસિન પ્લેટફોર્મના માધ્યમથી સ્પેશીયાલીસ્ટ નિષ્ણાંત ડોકટરોની સેવાઓ નિઃશુલ્ક ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૧ની સ્થિતિએ સદર મોબાઈલ મેડીકલ યુનિટનો ૧૨,૦૦૦ થી વધુ લોકોએ લાભ લીધેલ છે. ડીએમએફ મોબાઈલ મેડીકલ યુનીટને નવી દિલ્હી ખાતે 'સ્કોચ એવોર્ડ નવેમ્બર-૨૦૨૧' અંતર્ગત Governance Gold Category માં એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

- **ડીએમએફ આરોગ્ય સેવા કેન્દ્ર (લોથપુર-જાફરાબાદ, અમરેલી) :**

અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકામાં લોથપુર ખાતે ડીએમએફ આરોગ્ય સેવા કેન્દ્ર ૧૬ માર્ચ, ૨૦૨૧ થી શરુ

કરવામાં આવેલ છે. જેનાથી ૨૫ થી વધુ ગામોની ૩૦,૦૦૦ જેટલી વસ્તીને લાભ મળી રહેલ છે. આ આરોગ્ય સેવા કેન્દ્રમાં પૂર્ણકાલીન એમ.બી.બી.એસ. ડોક્ટર, ૫૦ થી વધુ બીમારીઓનું નિદાન-પરિક્ષણ કરતી પેથોલોજી લેબ, દવાઓ, આરોગ્ય પ્રબંધન માહિતી સિસ્ટમ (HMIS), વગેરે ઉપરાંત ટેલિ-મેડિસિન પ્લેટફોર્મના માધ્યમથી સ્પેશીયાલીસ્ટ નિષ્ણાંત ડોકટરોની સેવાઓ નિ:શુલ્ક ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ૩૧ ઓક્ટોબર,૨૦૨૧ની ની સ્થિતિએ સદર ડીએમએફ આરોગ્ય સેવા કેન્દ્રમાં અત્યાર સુધી કુલ ૭૫૦૦થી વધુ ઓ.પી.ડી. નોંધાયેલ છે.

- **ડીએમએફ બ્લડ બેંક (છોટા ઉદેપુર) :**

સરકારી એજન્સી ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુજન (જી.એસ.સી.બી.ટી)ને છોટાઉદેપુર ખાતે ડીએમએફ બ્લડ બેંક બનાવવા માટે કાર્ય સોપાયેલ છે. કલેકટર કચેરી, છોટાઉદેપુર દ્વારા જનરલ હોસ્પિટલ છોટાઉદેપુર સામે જમીન સંપાદન કરેલ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા સદર જગ્યાના નવીનીકરણનું કાર્ય પ્રગતિમાં છે.

ઉપરાંત, ડીએમએફ સ્ટેટ નોડલ યુનિટ દ્વારા કચ્છમાં ભુજ અને અંજાર તાલુકામાં બ્લડ બેંકસના સંચાલન માટેના જરૂરી ઉપકરણો ખરીદવા માટે નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવેલ. સદર બ્લડ બેંકસની સ્થાપના કચ્છ જીલ્લા કલેકટરની અધ્યક્ષતાવાળી ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી કચ્છ જીલ્લા શાખા દ્વારા કરવામાં આવી રહેલ છે.

4. જિલ્લા કક્ષાએથી ડીએમએફ હેઠળ ચાલી રહેલ પ્રોજેક્ટસ :

ડીએમએફ હેઠળ ખાણકામ અસરગ્રસ્ત વિસ્તારોના લોકો માટે વિવિધ જિલ્લાઓમાં જીલ્લા કક્ષાએ જે ₹ ૮૩૬.૯૭ કરોડના ૧૬,૪૮૩ પ્રોજેક્ટસ મંજુર થયેલ છે તેમાં કૌશલ્ય વિકાસ માટે રોજગારલક્ષી ફાયર સેફ્ટી તાલીમ, ટેક્નોલીજીયુક્ત ભણતર માટે My E-school પ્રોજેક્ટ, શાળાઓમાં વિઝ્યુઅલ લર્નિંગ ચાર્ટ, સેનેટરી પેડ વેન્ડિંગ મશીન, સ્માર્ટ/મોડર્ન આંગણવાડી, સ્માર્ટ ગ્રામ પંચાયત, સ્માર્ટ PHC, નવજાત શિશુ માટે આરોગ્ય સંભાળ યુનિટ, વરસાદી પાણી સંગ્રહ, ઘર ઘર સુધી પીવાનું પાણી પહોંચે તે માટે મિનિ વોટર ટેન્ક પ્રોજેક્ટ, નળ દ્વારા પાણી પહોંચાડવાના પ્રોજેક્ટ, સૌર ઉર્જા માટે સોલાર રૂફ ટોપ, LED સ્ટ્રીટ લાઇટ, તેમજ માળખાકીય સુવિધાઓમાં રોડ રસ્તાના કામો, ગામડાઓને સ્વચ્છ રાખવા ગટર લાઈન,વગેરે વિવિધ પ્રકારના પ્રકારનાપ્રોજેક્ટનો અમલ કરેલ છે.

- **કોવિડ-૧૯ હેતુ ઉપકરણોની ખરીદી/ઈન્સ્ટોલેશન ફંડની ફાળવણી :**

સચિવશ્રી, ખાણ મંત્રાલય-ભારત સરકારના તા.૨૮/૦૩/૨૦૨૦ વાળા પત્રના અનુસંધાને રાજ્યના વિવિધ જિલ્લાઓના ડીએમએફ દ્વારા કોવિડ-૧૯ હેતુ પરીક્ષણ તથા સ્ક્રીનીંગ અને અન્ય ઉપકરણોની ખરીદી/ઈન્સ્ટોલેશન માટે ઓક્ટોબર-૨૦૨૧ અંતિત કુલ ₹ ૨૫.૩૪ કરોડની રકમ મંજુર કરવામાં આવેલ. જેમાંથી કુલ ₹ ૨૦.૧૨ કરોડનો ખર્ચ થયેલ છે.

5. વર્ષ ૨૦૨૨-૨૩માં હાથ ધરવામાં આવનાર અગત્યના પ્રોજેક્ટસની માહિતી

આમ, ઉક્ત વિવિધ પ્રોજેક્ટસના માધ્યમથી પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના (PMKKKY) ની ગાઈડલાઈન મુજબ ખાણકામ અસરગ્રસ્ત વિસ્તારોના કલ્યાણ માટેની ડીએમએફની જવાબ-દેહિતા અને સ્થાનિકે માળખાગત સુવિધાઓ પૂરી પાડવાના સરકારશ્રીના ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહેલ છે.

(નોંધ: રાજ્યના ૩૨ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાએ સ્વાયત્ત ડીએમએફ ટ્રસ્ટ છે. અને ફંડની આવક નિયમિત ધોરણે થતી રહેતી હોવાથી ડીએમએફમાં નાણાંકીય વર્ષ પ્રમાણેનું આયોજન હાથ ન ધરીને ફંડની ઉપલબ્ધતા અને જે-તે સેક્ટરમાં કામની જરૂરિયાત મુજબ ડીએમએફની જિલ્લા કક્ષાની એક્ઝીક્યુટીવ કમિટી અને ગવર્નીંગ કાઉન્સિલ દ્વારાસમયાંતરે આયોજન હાથ ધરવામાં આવે છે.)

ક્રમ	જિલ્લાનું નામ	પ્રોજેક્ટ/કામ/પ્રવૃત્તિનું નામ	સ્થળ	ઈસી/જીસીમાં મંજુર થયેલ રકમ (₹ લાખમાં)	ભૌતિક લક્ષ્યાંક (અંદાજીત લાભાર્થીઓ)
૧	કચ્છ	વાંકું પી.એચ.સી. ખાતે તબીબી સેવાઓનું વિસ્તરણ કરવું	વાંકુ, તા. અબડાસા	૪૩.૫૬	-
૨	કચ્છ	ફતેહગઢ પી.એચ.સી. ખાતે તબીબી સેવાઓનું વિસ્તરણ કરવું	ફતેહગઢ, તા. રાપર	૪૫.૧૨	-
૩	કચ્છ	એક્ટિવિટી બેઝ લર્નિંગ સાયન્સ એન્ડ મેથ્સ લેબ	ખાણકામ અસરગ્રસ્ત ગામોની ૧૪ શાળાઓ	૭૦.૦૦	-

INDEX

૪	કચ્છ	ફુલાય હે.વ થી વાઘાપદધર અને વલસરા ગામ સુધીની પાઈપલાઈન પાથરવાનું કામ	વાઘા પદધર	૧૮૭.૬૭	-
૫	કચ્છ	ડ્રેનેજ ક્લિનિંગ મશીનરીનું કામ	મુંદ્રા તાલુકામાં	૩૦.૦૦	-
૬	ભાવનગર	હાથબ ગામે પીવાના પાણીની આંતરિક વિતરણ યોજના	ગામ- હાથબ, તા. ભાવનગર	૧૭૭.૫૧	૮૬૦૦
૭	ભાવનગર	હાથબ ગામે પીવાના પાણીની આંતરિક વિતરણ યોજના(સંપ તથા મશીનરી)	ગામ- હાથબ, તા. ભાવનગર	૮૨.૫૮	
૮	ભાવનગર	પ્રા.આ.કેન્દ્ર માટે નવું બિલ્ડીંગ બનાવવાનું કામ	ગામ- નાની રાજસ્થળી, તા. પાલીતાણા	૧૧૦.૦૦	૩૨૦૦૦
૯	બનાસકાંઠા	કોટેશ્વર ખાતે પાણીની સુવિધા માટે ઓપન વેલ,અન્ડર ગ્રાઉન્ડ ૫૦૦૦૦ લિટર કેપેસીટી સંપ, પંપ રૂમ, પાઈપ લાઈન અને પમ્પીંગ મશીનરીનું કામ	કોટેશ્વર	૩૨.૦૦	-
૧૦	જુનાગઢ	કિશોરી/મહિલાઓને સ્વરક્ષણ તાલીમ પ્રોજેક્ટ્સ	૮૬ ખાણકામ પ્રભાવિત ગામો	૩૦.૦૦	૧૫૦૦
૧૧	જુનાગઢ	કિશોરી/મહિલાઓને કુપોષણ/એનીમિયા નિવારણ તાલીમ પ્રોજેક્ટ્સ	૮૬ ખાણકામ પ્રભાવિત ગામો	૩૦.૦૦	૧૮૦૦
૧૨	ગીર સોમનાથ	ડ્રગ સ્ટોરેજનું મકાન બાંધકામ	ઈણાજ	૧૬૦.૦૭	-
૧૩	ગીર સોમનાથ	અલગ અલગ ગામો માં ભૂગર્ભ સંપ અને પમ્પિંગ મશીનરીની કામગીરી	૧૭ જેટલા ખાણકામ પ્રભાવિત ગામો	૨૬૭.૪૯	૧૭.
૧૪	ગીર સોમનાથ	અલગ અલગ પ્રાથમિક શાળાઓ માં ગર્લ્સ ટોયલેટ બ્લોકની કામગીરી	૩૨ જેટલા ખાણકામ પ્રભાવિત ગામો	૧૨૩.૧૦	
૧૫	ગીર સોમનાથ	અલગ અલગ પ્રાથમિક શાળાઓ માં બોયસ ટોયલેટ બ્લોકની કામગીરી	૩૨ જેટલા ખાણકામ પ્રભાવિત ગામો	૧૦૩.૪૦	
૧૬	દેવભુમિ દ્વારકા	પ્રાથમિક શાળાઓમાં તથા અન્ય શૈક્ષણિક સંકુલોમાં પીવાના પાણીની સુવિધા માટે મિનરલ વોટર કુલર પ્લાન્ટની સુવિધા પુરી પાડવાની યોજના	ખાણકામ પ્રભાવિત ગામોની જુદી- જુદી ૨૦-પ્રાથમિક શાળાઓ તથા અન્ય શૈક્ષણિક સંકુલો	૨૦૨.૦૦	૨૫૦૪
૧૭	દેવભુમિ દ્વારકા	પ્રાથમિક શાળાઓમાં તથા અન્ય શૈક્ષણિક સંકુલોમાં યોગામેટ તથા સ્પોર્ટસ ડ્રેસની સુવિધા પૂરી પાડવાની યોજના	ખાણકામ પ્રભાવિત ગામોની જુદી- જુદી ૪૬ પ્રાથમિક શાળાઓ તથા અન્ય શૈક્ષણિક સંકુલો	૧૫૨.૩૯	૪૬૦૪

→ અપીલ અને ફલાઈંગ સ્કવોર્ડ:

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કચેરીએ સાધેલી પ્રગતિની રૂપરેખા

- માઈનીંગ સર્વેલન્સ સીસ્ટમ- સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ કરી લીઝ વિસ્તારની આસપાસ થતા ખનિજના બિનઅધિકૃત ખનન પ્રવૃત્તિ પર અંકુશ લાવવામાં સફળતા મળેલ છે. રાજ્યમાં ગૌણ ખનિજની તમામ લીઝોનું ડીજીટાઈઝેશન પુર્ણ કરવામાં આવેલ છે.
- વ્હીકલ ટ્રેકીંગ અને મોનીટરીંગ સીસ્ટમ- જી.પી.એસ. બેઝ્ડ વ્હીકલ ટ્રેકીંગ અને મોનીટરીંગ સીસ્ટમ દ્વારા હાલમાં પ્રાયોગીક ધોરણે રાજ્યમાં ખનિજની હેરફેર કરતા ૧૦૦ જેટલા ટ્રેકીંગ ડીવાઈસ ઈન્સ્ટોલ કરેલ વાહનો પર ખનિજની હેરફેર માટે નજર રાખવામાં આવે છે.
- સ્પેશ્યલ સીક્યુરીટી પેપર્સ- રાજ્યમાં ખનિજના ખનન, વહન અને સંગ્રહના હેતુ ટ્રાંઝીટ પાસ (રોયલ્ટી પાસ) તેમજ ડીલીવરી ચલણ છાપવા માટે ખાસ પ્રકારના સીક્યુરીટી લાક્ષણીકતા ધરાવતા કાગળ વાપરવામાં આવે છે. જેના થકી રાજ્યમાં બોગસ ટ્રાંઝીટ પાસ (રોયલ્ટી પાસ) તેમજ ડીલીવરી ચલણ બનાવવાની પ્રવૃત્તિ નહિવત થઈ શકેલ છે.

INDEX

→ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કચેરી દ્વારા હાથ ધરવાની પ્રવૃત્તિની રૂપરેખા

- ડ્રોન સર્વેલન્સ (ત્રિનેત્ર)- ડ્રોન સર્વેલન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરી ગુજરાત રાજ્યમાં ખનિજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહની પ્રવૃત્તિ પર અંકુશ લાવવામાં આવશે. વધુમાં રાજ્યમાં ડ્રોન સર્વેલન્સ ઉપરાંત ડ્રોન દ્વારા વોલ્યુમ એનાલીસીસ માટેની કામગીરી કરવામાં આવશે. જેથી ખનિજના જથ્થાની વધુ ચોક્સાઈપુર્વક માપણી થઈ શકે.

- માઈનીંગ સર્વેલન્સ સીસ્ટમ- સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ કરી માઈનીંગ લીઝ વિસ્તારની આસપાસ થતા ખનિજના બિનઅધિકૃત ખનન પ્રવૃત્તિ પર અંકુશ લાવવામાં સફળતા મળેલ છે. રાજ્યમાં ગૌણ ખનિજની હૈયાત લીઝોના ડીજીટાઈઝેશનની કામગીરી પુર્ણ થયેલ હોઈ, હવેથી ગૌણ ખનિજની લીઝોમાં ટ્રીગર જનરેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

- વ્હીકલ ટ્રેકીંગ અને મોનીટરીંગ સીસ્ટમ- જી.પી.એસ. બેઝ્ડ વ્હીકલ ટ્રેકીંગ અને મોનીટરીંગ સીસ્ટમ દ્વારા રાજ્યમાં ખનિજની હેરફેર કરતા વાહનોમાં ટ્રેકીંગ ડીવાઈસ ઈન્સ્ટોલ કરીને રાજ્યમાં ખનિજની હેરફેર માટે નજર રાખી શકાય છે. પ્રાયોગીક લેવલની કામગીરી બાદ સમગ્ર રાજ્યમાં ખનિજની હેરફેર કરતા વાહનોમાં ટ્રેકીંગ ડીવાઈસ ઈન્સ્ટોલ કરી ખનિજની ખનિજની હેરફેર પર નજર રાખી શકાશે.

માપણીના સાધનો- રાજ્યમાં ખનિજના સંગ્રહ કરેલ જથ્થા તેમજ લીઝો/ખાડાઓની વધુ ચોક્સાઈપુર્વક માપણી કરવા માટે આધુનિક ટેકનોલોજીવાળા ટોટલ સ્ટેશન કમ સ્કેનરની ખરીદી કરવામાં આવશે. જેથી ખનિજ જથ્થા તેમજ લીઝ/ખાડાઓની માપણી સરળતાથી અને વધુ ચોક્સાઈપુર્વક થઈ શકશે.

→ સ્ટોન આર્ટીઝન પાર્ક

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સાધેલી પ્રગતિ:

- સ્ટોન આર્ટીઝન પાર્કના હસ્તક અંબાજી તથા ધ્રાંગધ્રા કેન્દ્રો ખાતે સ્ટોન તાલીમ આપવામાં આવે છે. જે વર્ષ ૨૦૨૦-૨૧મા કોવીડ'૧૯ના અનુસંધાને ગુજરાત તથા કેન્દ્ર સરકારના આદેશોનુસાર સ્ટોન તાલીમ સ્થગિત કરવામા આવેલ છે. તથા બન્ને કેન્દ્રો બંધ કરવામા આવેલ.

- આ બન્ને કેન્દ્રો ખાતે બાંધકામ તથા નવીનીકરણ કાર્ય ચાલુ કરવામા આવેલ છે. બાંધકામ તથા નવીનીકરણ કાર્ય જીએમડીસીને અમલીકરણ એજન્સી તરીકે નીમેલ છે. જે કાર્ય જૂન ૨૦૨૦થી ચાલુ કરેલ છે. બાંધકામ તથા નવીનીકરણનુ કાર્ય અત્યાર સુધી ૯૦% પુર્ણ થયેલ છે.

- સ્ટોન તાલીમ આગામી સમયમા ચાલુ કરવા માટે ફેકલ્ટી તથા સહાયક સ્ટાફની ભરતી માટે વિવિધ વર્તમાનપત્રોમા જાહેરાત આપેલ છે. તથા તે અંતર્ગત ઈન્ટરવ્યુની પ્રક્રીયા શરુ કરેલ છે.

→ વર્ષ ૨૦૨૨-૨૩માં હાથ ધરનારી અગત્યની પ્રવૃત્તિ:

1. સ્ટોન તાલીમનુ કાર્ય ચાલુ કરવા માટે ફેકલ્ટી તથા સહાયક સ્ટાફની કરાર આધારીત નિમણૂંક

   - સ્ટોન આર્ટીઝન પાર્કના બન્ને કેન્દ્રો અંબાજી તથા ધ્રાંગધ્રા ખાતે સ્થગીત કરેલ સ્ટોન તાલીમ શરુ કરવા નવેસરથી ફેકલ્ટી તથા સહાયક સ્ટાફની કરાર આધારીત નિમણુક આપવા માટે વર્ષ ૨૦૨૧-૨૨મા ભરતી પ્રકીયા શરુ કરવામા આવેલ છે. જે પ્રકીયા આગળ ધપાવતા બન્ને કેન્દ્રો ખાતે ફેકલ્ટી તથા સહાયક સ્ટાફને નિમણુક આપવામા આવશે.

2. સ્ટોન તાલીમ અંતર્ગત અભ્યાસક્રમ ડેવલોપમેન્ટનુ કાર્ય

   - સ્ટોન આર્ટીઝન પાર્કના બન્ને કેન્દ્રો અંબાજી તથા ધ્રાંગધ્રા ખાતે સ્ટોન તાલીમ શરુ કરતા પેહલા તાલીમ માટેનો અભ્યાસક્રમની રચના કરવી. જેમા તાલીમાર્થીઓને સ્ટોન તથા ક્રાફટ અંતર્ગત શુ શીખવાડવુ તે નક્કી કરવુ. વધુમા અલગ અલગ સમયમર્યાદા જેમ કે, ૬ માસ તથા ૧૨માસનો અભ્યાસક્રમની રચના કરવી. જેમા સમયમર્યાદાના અંતે ગ્રેડ મુજબ પ્રમાણપત્ર આપવા પરીક્ષા પદ્ધતિ નક્કી કરવી.

3. સ્ટોન તાલીમ અંતર્ગત ઉપલબ્ધ મશીનરીઓની આકારણી તથા જરૂરીયાત અનુસાર નવા મશીનરી ખરીદી માટેનો અંદાજો

   - સ્ટોન આર્ટીઝન પાર્કના બન્ને કેન્દ્રો અંબાજી તથા ધ્રાંગધ્રા ખાતે સ્ટોન તાલીમ માટેની મશીનરી ઉપલબ્ધ છે. પરંતુ સ્ટોન તાલીમ વર્ષ ૨૦૦૯-૧૦થી ચાલતી હોઈ તેના જરૂરીયાતની મશીનરીઓ ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨મા

ખરીદેલી છે. જે મશીનરીઓમા અમુક રીપેરીંગ તથા મેન્ટેનન્સની જરુરીયાત છે. જે નો અંદાજો કઢાવવો તથા અત્યારના સમય મુજબ સ્ટોન તાલીમ માટે નવી આધુનીક પદ્ધતિના મશીનરી જરૂરીયાતનો અંદાજો ક્ઢાવવો તથા તે માટે ખરીદીની પ્રકીયા શરૂ કરવામા આવશે.

4. સ્ટાફ તથા તાલીમાર્થીઓ માટે આઇ.ટીના સાધનોની ખરીદી

   - બન્ને કેન્દ્રો અંબાજી તથા પ્રાંગધ્રા ખાતે ફેકલ્ટી તથા સહાયક સ્ટાફની નિમણૂંક થતા તેઓ માટે આઇ.ટીના સાધનો જેમ કે, કોમ્પ્યુટર, પ્રિન્ટર, યુ.પી.એસ. વગેરે જેવા સાધનોની સરકારના નીતી-નીયમો મુજબ ખરીદી કરવી. વધુમા તાલીમાર્થીઓ માટે જરુરીયાત મુજબ આઇ.ટી સાધનોની ખરીદી કરવાનુ આયોજન છે.

5. સ્ટાફ તથા તાલીમાર્થીઓ માટે જરુરીયાત મુજબ સુવિધાઓ પુરી કરવી

   - સ્ટોન તાલીમ શરુ થતા પહેલા સ્ટાફ તથા તાલીમાર્થીઓ માટે જરૂરીયાત મુજબ સુવિધા પુરી પાડવી. જેમ કે, ઇન્ટરનેટ ક્નેટીવીટી, કેટરીંગ, હાઉસકીપીંગ, સીક્યુરીટી સેવાની સુવિધા તથા અન્ય જરુરીયાત મુજબ સુવિધા પુરી પાડવામા આવશે.

6. સામીના બન્ને કેન્દ્રોની દ્રશ્યતા માટે માર્કેટિંગ અને બ્રાન્ડિંગના કાર્યો

   - માર્કેટિંગ અને બ્રાન્ડિંગના કાર્યો જેમ કે સાઇનીંગ બોર્ડ, સામીની માહીતીનુ ચોપાનીયુ તથા પત્રીકા, હોર્ડીંગ બોર્ડ તથા અન્ય માર્કેટિંગના કાર્યોનું આયોજન તથા કેન્દ્રો ખાતે અમલીકરણ કરાવવામા આવશે.

7. સ્ટોન તાલીમ માટે તાલીમાર્થીઓ મોબીલાઇઝેશન માટેના કાર્યો

   - સ્ટોન આર્ટીઝન પાર્ક બન્ને કેન્દ્રો ખાતે સ્ટોન તાલીમ આપવા તાલીમાર્થીઓ મોબીલાઇઝેશનના કાર્યો કરવામા આવશે. જેવા કે આજુબાજુ ગામડાઓ જઇ લોકોને સ્ટોન તાલીમ માટે જાગૃત કરવા. ઉમેદવારોને શોધી તેને જાણકારી આપવી તથા સ્ટોન તાલીમના ફાયદાઓ સમજાવવા. તાલીમાર્થીઓની ૩૦-૩૦ની બેચ બનાવવી તથા તેઓને તાલીમ આપવામા આવશે. તેની સાથે સાથે વેકેશન દરમ્યાન આજુબાજુ યુનીવર્સીટીના વિદ્યાર્થીઓને કેમ્પ તથા વર્કશોપનુ આયોજન કરવામા આવશે.

8. સામીના બન્ને કેન્દ્રો અંતર્ગત આપવામા આવતી સ્ટોન તાલીમ માટેના પ્રમાણપત્ર આપવા યુનીવર્સીટી સાથે જોડાણ

   - બન્ને કેન્દ્રો ખાતે આપવામા આવતી તાલીમ પુર્ણ થતા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવા બાબાસાહેબ આંબેડકર યુનીવર્સીટી તથા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (જીસીવીટી) સાથે જોડાણ કરી સામીના તાલીમાર્થીઓને તેઓનુ પ્રમાણપત્ર અપાવવામા આવશે.

→ આઇટી પ્રોજેક્ટ અંતર્ગત પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ : ૨૦૨૨-૨૩

- **ILMS અપગ્રેડેશન,VTMS, જીઆઇએસ આધારિત ખનીજ વિસ્તાર સર્વે પ્રોગ્રામ: -**

  ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરશ્રી તથા તાબા હેઠળનીકચેરીઓમાં ખાણકામ વહીવટલક્ષી સેવાઓ ઓનલાઈન માધ્યમ દ્વારા અમલમાં મૂકી શકાય તે સારું લીઝધારકો/સ્ટોકધારકોને સંલગ્ન ઈ-પેમેન્ટ, ઈ-રોયલ્ટી, ઈ-રીટર્ન, ઈ-ડીલીવરી પાસ જેવી સેવાઓ વર્ષ ૨૦૦૮-૦૯થી સતત પૂરી પાડવામાં આવી રહેલ છે. તદુપરાંત, વર્ષ ૨૦૧૧-૧૨ આઈએલએમએસ પોર્ટલ કાર્યરત છે. વર્તમાન ILMS માં કેટલાક મહત્વપૂર્ણ મોડ્યુલો શામેલ છે જેમ કે લીઝ હોલ્ડરો અને મીનરલ સ્ટોકીસ્ટને સંલગ્ન ઈ-પેમેન્ટ, ઈ-રોયલ્ટી, ઈ-રીટર્ન, ઈ-ડીલીવરી પાસ જેવી સેવાઓ, ઈ-ડિમાન્ડ રજિસ્ટર, ઓનલાઈન લીઝ / પરમિટ એપ્લિકેશન વગેરે માટેની સ્વચાલિત પ્રક્રિયાઓ તથા લીઝ ધારકો, સ્ટોકિસ્ટ, જિલ્લા અધિકારીઓ, વે-બ્રિજ માલિકો વગેરે ને લગતી માહિતી વગેરે. વર્તમાન ILMS માં કેટલાક મહત્વપૂર્ણ મોડ્યુલો શામેલ છે.

→ પ્રવર્તમાન ILMS પોર્ટલ

- પ્રવર્તમાન ILMS પોર્ટલમાં ૧૦૫૮૧-લીઝધારકો, ૯૯૧૬ સ્ટોકધારકો, વાર્ષિક-૧૩૨૦ પરમિટ, ૧.૮૨ લાખ વાહનધારકો, ૧૮૨૪-વે-બ્રિજ ધારકો નોંધાયેલ છે. જેમના દ્વારા કોમ્પુટર/પ્રિન્ટરની મદદથી ઈ-પેમેન્ટભરી,ઈ-રોયલ્ટી પાસ,ઈ-ડીલીવરી ચલણ જનરેટ કરવામાં આવી રહેલ છે.

- પ્રવર્તમાન ILMS પોર્ટલ GMMCR ૨૦૧૦ ને ધ્યાનમાં લઈને વિકસિત થયેલ છે. જોકે, ત્યારબાદ ખાણકામના કાયદામાં નોંધણીપાત્ર સુધારા થયા છે. તા:૧૨/૦૧/૨૦૧૫થી ખાણ મંત્રાલયે એમએમડીઆર એક્ટ-૧૯૫૭માં સંશોધન કરી એમએમડીઆર(સુધારા) અધિનિયમ ૨૦૧૫ તરીકે પ્રસિદ્ધ કર્યો છે. જેમાં મુખ્ય ખનિજો માટે બ્લોક અને

ખાણકામની ફાળવણી ઈ-ઓક્શનથી કરવાની જોગવાઈ કરી છે. જેને સમાંતરે ગુજરાત સરકારે ગૌણ ખનિજ વહીવટ માટે GMMCR ૨૦૧૭ સૂચિત કર્યા છે. જેમાં ખનિજ ફાળવણીની પ્રક્રિયા, હયાત લીઝની એક્સટેન્શનની પ્રક્રિયા સામેલ કરવામાં આવી છે.

- આ સાથે નવીન રિજીમમાં દા.ત.હરાજી પ્રીમિયમ, હરાજી અપફ્રન્ટ ચુકવણી, ડીએમએફ, એનએમઈટી વગેરે વિવિધ ચુકવણીઓની જોગવાઈ છે જે હયાત સિસ્ટમમાં ઉપલબ્ધ નથી.
- આ સમય દરમિયાન, માઈનીંગ પ્લાન અને એન્વાયરમેન્ટ ક્લિયરન્સની જોગવાઈ સાથે પર્યાવરણીય અસર આકારણી (ઈઆઈએ) સૂચનાઓ 2006 પ્રસિદ્ધ કરવામાં આવી હતી અને આ કાનૂની જોગવાઈઓનું પાલન કરવું ફરજિયાત છે.
- આ ઉપરાંત, આઈએલએમએસમાં રોયલ્ટી, હરાજી પ્રીમિયમ અને અન્ય વિવિધ ચુકવણીઓ દ્વારા નાણાંકીય લેવડદેવડ અને સરકારી લેણું શામેલ છે.
- પ્રવર્તમાન સિસ્ટમ પાસે બજારમાં ઉપલબ્ધ હાલની તકનીકનો અભાવ છે દા.ત. બ્રાઉઝર સુસંગતતા, સર્વરોનું ઓટો લોડ બેલેન્સિંગ, ડિઝાસ્ટર રિકવરી, આર્કાઈવલ વગેરે.
- સિસ્ટમની નિષ્ફળતાના પરિણામે સરકાર, લીઝ ધારકો અને અન્ય હિસ્સો ધારકોને ધંધાનું નુકસાન થઈ શકે છે. તાજેતરમાં સિસ્ટમમાં આઉટેજની કેટલીક ઘટનાઓ જોવા મળી છે.

ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા વર્ષ : ૨૦૨૨-૨૩માં પ્રવર્તમાન પ્રોજેક્ટની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

1. વિહિકલ ટ્રેકિંગ એન્ડ મેનેજમેંટ સિસ્ટમ(VTMS):

જીપીએસ બેઝડ વાહનોનું ટ્રેકીંગ કરવા માટે સમગ્ર ગુજરાતમાં કાર્યરત સુરક્ષિત અને ગતિશીલ સિંગલ વિન્ડો ખનીજ વહીવટી પ્રણાલી ILMS2.0 થકી ખાણકામ પ્રવૃત્તિઓનું નિયમન અસરકારક રીતે થઈ રહ્યું છે. ILMS અંતર્ગત ખાણકામમાં વપરાતા વાહનો પર દેખરેખ અને નિયંત્રણ વ્યવસ્થા હેતુ જીપીએસ ડિવાઈસ આધારિત વાહનોનું ટ્રેકીંગ અને મોનિટરિંગ કરવા સારું Vehicle Tracking & Monitoring System, VTMS ડેવલપ કરવામાં આવી છે, જેમાં લાઈવ ટ્રેકિંગ, રૂટ રીપ્લે, ઈનસીડેન્ટ મેનેજમેંટ, એલર્ટસ, વિવિધ રિપોર્ટસ તથા સેન્ટ્રલાઈજડ ડેશબોર્ડ મોડ્યુલ ઉપલબ્ધ કરવામાં આવેલ.

શરૂઆતના તબક્કામાં ૧૦૦ વાહનોમાં પ્રાયોગિક ધોરણે વેહિકલ ટ્રેકિંગ ડિવાઈસ લગાવી પાઈલટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે.

2. જિયોગ્રાફિકલ ઈન્ફોર્મેશન સિસ્ટમ(GIS)

લીઝ/સ્ટૉક વિસ્તારમાંથીજ લીઝ ધારકો તથા મિનરલ સ્ટોકીસ્ટ માટે ઈ- પાસ જનરેટ થાય તેવા પ્રકારની જીઓ ફેંસ (Geofence) બનાવવા માટેની ટેન્ડર પ્રક્રિયા ચાલુ તબક્કે છે.

3. મોબાઈલ એપલીકેશન :

ઈ-રોયલ્ટી/ઈ-ડીસીપાસ અંગે એન્ડ્રોઈડ/આઈફોન અંગેની મોબાઈલ એપલીકેશન અમલવારીમાં છે તથા તેમાં માસિક વપરાશ તથા નવા સુધારા અને ફીચર્સ એડ કરવા માટેની પ્રક્રિયા ચાલુ તબક્કે છે.

4. વેબસાઈટ :

પ્રર્વતમાન વેબસાઈટ રીડેવલપ કર્યા બાદ મેંટેનન્સ ચાલુ તબક્કે છે.

5. આઈએલએમએસ અપગ્રેડેશન:

ઈ-પાસ સીસ્ટ્મ માટે સર્વર કેપેસીટી, નેટવર્ક, ઈન્ટરનેટ બેંડવીડથ વધારવા તથા ઈ-પાસ સીસ્ટમ માં નવા નિયમો GMMCR-2017,GMPIMTS-2017 તથા EASE OF DOING BUSINESS (EODB) મુજબ સુધારા કરવા તથા રેગ્યુલર હોસ્ટિંગ,મેનપાવર તથા સેવાના કોન્ટ્રાક્ટ ચાલુ તબક્કે છે.

→ ILMS 2.0 પોર્ટલ :

ઉપરોક્ત વર્ણવેલ તથા માઈન્સ મીનીસ્ટ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ કાયદાકીય જોગવાઈના અમલીકરણ હેતુસર પોર્ટલને અપગ્રેડ કરી,ILMS 2.0પોર્ટલ મે-૨૦૨૧થી લાઈવ કરવામાં આવેલ છે. તદુપરાંત, ઈ-ગવર્નન્સ ના

INDEX

સંપુર્ણ અમલીકરણ માટે તથા વર્ણવેલ વિવિધ આઈટી ટેક્નોલોજીના માધ્યમથી અમલવારી કરવાના હેતુસર પોર્ટલ અપગ્રેડેશનની પ્રક્રિયા ચાલુ તબક્કે છે.

૬. હાર્ડવેર ખરીદી :

ભુસ્તર વિજ્ઞાન અને ખાણ ખનીજ કચેરી તથા તાબાની તમામ કચેરીઓ માટે હાર્ડવેર તથા સૉફ્ટવેરની જરૂરિયાત પૂરી પાડવા અંગેની પ્રક્રિયા વખતોવખત હાથ ધરવામાં આવે છે.

કમાન્ડ એંડ કંટ્રોલ સેન્ટર :ભુસ્તર વિજ્ઞાન અને ખાણ ખનીજ ની મુખ્ય કચેરી ખાતે, કચેરી દ્વારા લાગુ કરેલા વિવિધ આઈટી પ્રોજેક્ટ,વેબ-એપ્લીકેશન, સોફ્ટવરેસ એંડ તેના દ્વારા થતી કામગીરીનું નિરીક્ષણ તેમજ ખનીજ વહન કરતાં વાહનોનું સતત નિરીક્ષણ તથા GIS સોફ્ટવેર દ્વારા લેવાયેલ માહિતીનું વિડીયો વોલ પર પ્રદર્શન અને નિરીક્ષણ કરવા હેતુ તેને લગતા હાર્ડવેર, સોફ્ટવેર ખરીદીની પ્રક્રિયા ચાલુ તબક્કે છે.

→ ગ્રાન્ટ ઈન એઈડ

- સને ૨૦૨૨-૨૩ માં ₹ ૧૩૦૦૦.૦૦ લાખ બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. કમિશ્નર કુટીર અને ગ્રામોદ્યોગની કચેરીની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

(૧) હાથશાળ ઉદ્યોગો :

કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ યોજનાઓ પૈકી પેકેજ સહાયની યોજનામાં કુટીર ઉદ્યોગના કારીગરો ખાસ કરીને હાથશાળ ક્ષેત્રના કારીગરો માટેની આ યોજના છે. આ યોજના અન્વયે મુખ્યત્વે નાણાંકીય સહાય મંડળીઓના વિકાસ માટે આપવામાં આવે છે, જેમાં વિવિધ સહકારી મંડળીઓ અને તે દ્વારા હાથશાળ મંડળીઓ તથા નિગમ સાથે સંકળાયેલા વણકરોને લાભ આપી તેઓના આર્થિક ઉત્થાન માટે પ્રયાસો કરવામાં આવે છે. હાથવણાટના કાપડ ઉપર વળતર દ્વારા વધુ વેચાણ તથા સાધન ઓજારની સહાય દ્વારા સ્કીલ અપગ્રેડેશનની કામગીરી દ્વારા વણકર મંડળીઓ, કારીગરો કાર્યક્ષમ રીતે વધુ ઉત્પાદન કરી શકે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૮૩.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ

રાજ્ય ના હાથશાળ ના વિકાસ અને આધુનિકરણ માટે હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રે સંકળાયેલ વણકરોને કારીગરોને રોજગારી આપવામાં તેમાં વૃધ્ધિ કરવામાં તેઓનુ જીવન ધોરણ ઉચું લાવવામાં સરકારશ્રી વિવિધ યોજનાઓ ચલાવી રહેલ છે. નિગમ દ્વારા કારીગરોને કાચોમાલ, ડીઝાઈનો અને તાંત્રીક માર્ગદર્શન પુરા પાડવામાં આવે છે. કારીગરો દ્વારા ઉત્પાદીત માલ જિલ્લા કક્ષાએ તાલીમ સહ ખરીદ કેન્દ્રો અમદાવાદ, ભુજ, પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર, ધોળકા, ગાંધીનગર કાણોદર થી ખરીદ કરી નિગમના ૨૨ ગરવી ગુર્જરી એમ્પોરીયમ અને ઓનલાઈન થી વેચાણ કરવામાં આવે છે. નિગમ દ્વારા નીચે મુજબની યોજનાઓ દ્વારા કારીગરોને રોજગારી પુરી પાડવામાં આવે છે.

(અ) નવા ઉત્પાદન, તાલીમ કમ પ્રોકયોરમેન્ટ કેન્દ્રની યોજના

(બ) હસ્તકલા કારીગરોને તાલીમ

(ક) પ્રદર્શન /મેળા તથા ટ્રાયબલ મેળાની યોજના, બાયરસેલરમીટ

(ડ) કારીગરોના માલનું સેલ્સ આઉટલેટ/ ઓનલાઈન પોર્ટલ થકી વેચાણ

(ઈ) ડીઝાઈન ડેવલોપમેન્ટ અને રાજ્ય બહાર કારીગરોને એકસ્પોઝર વીઝીટ (સ્ટડીટુર)

હાથશાળ સઘન વિકાસ કાર્યક્રમ :

હાથશાળ અને હસ્તકલા નિગમ દ્વારા હાથશાળ વણકરોનુ જીવનધોરણ ઉચુ લાવવા માટે અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જેવા કે શાળનુ આધુનિકરણ, વણકરોને તાલીમ, સુતર પુરુ પાડવુ, ડીઝાઈનીંગ અને વણકરો દ્વારા ઉત્પાદિત કરેલ માલનું એમ્પોરીયમ અને સેલ્સડેપો તેમજ ફ્રેન્ચાઈઝ શોપ તેમજ એક્ષપો /મેળા-પ્રદર્શન યોજીને વેચાણ કરવુ.

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ વણકર /કારીગરોને કાયમી ધોરણે રોજગારી પુરી પાડે છે. નિગમ દ્વારા આવરી લીધેલ હાથશાળ વણકરોને તાલીમ અને આધુનિકરણ, ડીઝાઈન ડેવલપમેન્ટ વર્કશોપ, જાહેરાત પ્રચાર, કારીગરોને કાચો માલ પુરો પાડવો, શૈક્ષણીક પ્રવાસ વગેરે કામગીરી કરવામાં આવે છે.

INDEX

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૬૧૧૬.૩૦ લાખ ની જોગવાઈ સામે ડીસેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૩૯૮૮.૪૬ લાખનો ખર્ચ તથા ૨૭૮૮૫ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે ૫૬૦૯ સિધ્ધી થયેલ છે. અને સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૩૩૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે અને ૧૧૧૮૦ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૩) ખાદી અને ગ્રામોદ્યોગને ઉત્તેજન :

ગુજરાત રાજ્યમાં ખાદી અને ગ્રામોદ્યોગનો વ્યાપ વધે ગાંધી વિચારધારા સતત જીવંત રહે તે ખાદી બોર્ડનો મુખ્ય અભિગમ રહેલો છે. માનવ શકિતનો ઉપયોગ ખાદી અને ગ્રામોદ્યોગની ચીજ-વસ્તુઓના ઉત્પાદન પાછળ થાય અને રોજગારીની તકો પુરી પાડી શકાય તે માટે ખાદી ગ્રામોદ્યોગનું કામ કરતી માન્ય સંસ્થા/મંડળીઓ મારફતે રાજ્યમાં અંતરિયાળ વિસ્તારમાં રોજગારી પુરી પાડવાનું કામ કરે છે તેમજ ખાદી અને ગ્રામોદ્યોગની વિવિધ યોજનાઓ હેઠળ આર્થિક મદદ આપવાનું અને આ વિવિધ પ્રવૃત્તિઓ માટે કાર્ય કરે છે તથા ગુજરાત રાજ્યમાં લોકોને ખાદી અને ગ્રામોદ્યોગને લગતી વિવિધ પાયાની યોજનાકીય માહિતી પણ પ્રસારીત કરવામાં આવે છે.

બજાર વિકાસ સહાય (MDA) :

ગુજરાત રાજ્યમાં ઉત્પાદીત ખાદી (સુતરાઉ, ગરમ તેમજ રેશમ) અને પોલીવસ્ત્રનું ઉત્પાદન માન્ય સંસ્થા/મંડળીઓ મારફતે થાય છે. આ કામગીરી સાથે સંકળાયેલ કારીગરોને વધુમાં વધુ રોજગારી મળે તેમજ રાજ્યમાં ઉત્પાદિત થયેલ ખાદી અને પોલીવસ્ત્ર વેચાણને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા નાણાંકીય વર્ષ:૨૦૧૬-૧૭ થી બજાર વિકાસ સહાય (MDA) યોજના મંજૂર કરવામાં આવેલ છે. આ યોજનાનું ધોરણ ખાદી અને પોલીવસ્ત્ર ઉત્પાદનની કિંમતના પ્રમાણમાં નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(૧) કારીગર માટે સહાય :	૫%
(૨) ખાદી સંસ્થાને ખર્ચ પેટે સહાય :	૫%
(૩) બજાર પ્રોત્સાહન અંગે સહાય :	૫%
કુલ બજાર વિકાસ સહાય (MDA) :	૧૫%

ખાદી અને પોલીવસ્ત્ર કંતાઈ, વિશેષ વણકરી, વણાટ સાધન સહાય :

ગુજરાત રાજ્યમાં માન્ય સંસ્થા/મંડળીઓ મારફતે કાંતનાર તેમજ વણનાર કારીગરોને કંતાઈ તેમજ વણાટની કામગીરી માટે ખાદી કમિશન દ્વારા નિયત કરેલ ભાવપત્રક મુજબ ઉત્પાદિત કંતાઈ કામ માટે સુતરનો આંક પ્રમાણે તેમજ વણાટ માટે વણાટની જાત પ્રમાણે વણકરી આપવામાં આવે છે. તદઉપરાંત રાજ્ય સરકારશ્રી દ્વારા ખાદી અને પોલીવસ્ત્ર કંતાઈ, વિશેષ વણકરી, વણાટ સાધન સહાય નીચે મુજબના ધોરણે આપવામાં આવે છે.

ક્રમ	વિગત	સામાન્ય,અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિ
૧	કાંતણ સહાય પ્રતિ આંટી	₹ ૩.૦૦
૨	વિશેષ વણકરી વણાટ સહાય પ્રતિ ચો.મી.	₹ ૬.૦૦
૩	વણાટ સાધન સહાય પ્રતિ ચો.મી.	₹ ૨.૦૦

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૬૦૦૧.૦૦ લાખ ની જોગવાઈ સામે ડીસેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૭૩૯૦.૪૫ લાખનો ખર્ચ તથા ૧૯૧૯૦ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે ૪૨૬૧ સિધ્ધી થયેલ છે. અને સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૪૬૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે અને ૧૮૪૫૫ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

નવા ચરખા શાળ આપવાની યોજના :

ગુજરાત રાજ્યમાં માન્ય સંસ્થા/મંડળીઓ મારફતે ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી દ્વારા કારીગરો રોજગારી મેળવે છે. ખાદીક્ષેત્રે નવી પેઢી આ કામગીરી કરવા પ્રેરાય અને તે દ્વારા નવી રોજગારી ઉભી થાય તે હેતુથી માન્ય સંસ્થા/મંડળીઓને રાજ્ય સરકાર દ્વારા અમલીકૃત ખાદી બોર્ડ દ્વારા નવા ચરખા અને શાળ આપવાની યોજના અમલમાં છે. જેમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ચરખા અને શાળની નિયત કરેલ કિંમતના ૬૫% સહાય આપવામાં આવે છે. જયારે ૩૫% મુજબનો ફાળો લાભાર્થી/સંસ્થા-મંડળીઓએ ભોગવવાનો રહે છે.

સોલર ચરખા :

ગુજરાત રાજ્યમાં માન્ય સંસ્થા/મંડળીઓ દ્વારા ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી સાથે સંકળાયેલ કારીગરોને રોજગારી

INDEX

પુરી પાડવાની કામગીરી કરવામાં આવે છે. રાજ્યમાં ઉત્પાદિત સોલર કાપડનો વપરાશ વધે અને આ કામગીરી સાથે સંકળાયેલ કારીગરોને સતત રોજગારી મળી રહે તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા નાણાંકીય વર્ષ:૨૦૧૮-૧૯ થી આ યોજના લાગુ કરેલ છે. જેમાં રાજ્ય સરકારશ્રી દ્વારા સોલર ચરખા અને સોલર શાળ ની નિયત કરેલ કિંમતના ૬૫ % સહાય આપવામાં આવે છે. જયારે ૩૫% મુજબ નો ફાળો લાભાર્થી/સંસ્થા મંડળીઓએ ભોગવવાના રહે છે.

૨૦% ખાસ બજાર પ્રોત્સાહન સહાય :

પુજય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમતે ઓકટોબર-૨૦થી શરૂ કરીને તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન હાલની અમલી ૧૦% બજાર વિકાસ સહાય (MDA) યોજના અંતર્ગત આપવામાં આવતી સહાય આ સમયગાળા પૂરતી સ્થગિત કરી માન્ય સંસ્થા/મંડળીઓ દ્વારા ગુજરાતમાં જ ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રનું જે છૂટક વેચાણ ગ્રાહકોને સીધે સીધું કરવામાં આવે તેના પર ૨૦% ખાસ બજાર પ્રોત્સાહન સહાય ગ્રાહકોને વળતર તરીકે આપવાની યોજના ઉપરોકત સમયગાળાથી શરૂ કરીને તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીના સમયગાળા પૂરતી રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલ હતી હાલની બજાર વિકાસ સહાય (MDA) યોજના અંતર્ગત કાતનાર વણનાર કારીગરોને આપવામાં આવતી ૫% સહાય રાખવામાં આવેલ હતી.

પ્રદર્શન મેળા :

ખાદી તેમજ ગ્રામોદ્યોગની ચીજ વસ્તુઓનું વેચાણ વધે તેમજ કારીગરોને રોજગારી મળે તે હેતુથી રાજ્યમાં વિવિધ સ્થળોએ પ્રદર્શન-મેળા યોજી ખાદી ગ્રામોદ્યોગની ચીજ વસ્તુઓનું વેચાણ વધારવા પ્રયત્નો કરવામાં આવે છે તેમજ ખાદી ગ્રામોદ્યોગ આયોગના સહયોગથી રાષ્ટ્રીય કક્ષાના “ખાદી ઉત્સવ” મેળા પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૬૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને ૬૪૦ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૪) સહકારી ક્ષેત્રે પ્રોત્સાહન (પેકેજ યોજના)

ઔદ્યોગિક સહકારી મંડળીને ખાનગી ઉદ્યોગો સાથે હરીફાઇ કરવાની હોવાથી તેનો વિકાસ થઇ શકતો નથી તેથી સરકાર દ્વારા ઔદ્યોગિક સહકારી મંડળીઓને વિવિધ સહાય કરવાના હેતુસર આ યોજના ૧૯૮૧ થી અમલમાં મુકવામાં આવેલ હતી. જેમાં તા.૬/૭/૨૦૧૫ ના ઠરાવથી સુધારો કરી યોજનાનો વ્યાપ વધારવામાં આવેલ છે. સદરહુ યોજના અંતર્ગત રાજ્યમાં સહકારી કાયદા હેઠળ નોંધાયેલ ઔદ્યોગિક સહકારી મંડળીઓને શેરફાળો શેરલોન વહીવટી સહાય વેચાણ કરેલ માલ ઉપર વળતર સહાય તાંત્રિક સહાય કામકાજના ભંડોળ માટે લોન અને વ્યાજ સહાય જેવી વિવિધ સહાય આપવામાં આવે છે. યોજનાની શરૂઆતથી આ યોજના સફળતાપુર્વક ચાલી રહેલ છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૨૫૩૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને ૧૨૦૩૮ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૫) ઇન્ડેક્ષ-સી (ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ)

ગુજરાત સરકારે હાથશાળ તથા ખાદી ગ્રામોદ્યોગ ને લગતી પ્રવૃત્તિ સાથે વિવિધ પ્રયત્નો હાથ ધરેલ છે. રાજ્યની હાથશાળ અને હસ્તકલાની પ્રવૃત્તિ ઇન્ડેક્ષ-સી (ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ) ની સ્થાપના કુટિર ઉદ્યોગોને લગતી પ્રવૃત્તિઓ સંગઠીત રૂપે થાય તેને ઉત્તેજન આપવાના હેતુથી કરવામાં આવી હતી. આ સંસ્થા કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરો ને તેમની પેદાશોની ગુણવત્તા સુધારવા તથા આ કારીગરો અને તેમના બજારો બન્નેને એકબીજા ની નજીક લાવવા માટે પ્રોત્સાહીત કરવાની અને માર્ગદર્શન આપવાની કામગીરી કરે છે. આ હેતુ માટે, કારીગરો માટે એક વેબસાઇટ શરૂ કરવામાં આવી છે. તેમાં કારીગરોના પ્રોડકટની વિગતો ફોટોગ્રાફસ સાથે મુકવામાં આવેલ છે. તેમને ઓળખપત્ર આપવાની યોજના ચલાવે છે

કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરોને બજાર વ્યવસ્થા પુરી પાડવી :

ઇન્ડેક્ષ-સી દ્વારા રાજ્યમાં, બહાર પ્રદર્શન સહ વેચાણ હાટ નું આયોજન કરી કુટિર ઉદ્યોગ ક્ષેત્રના તમામ કારીગરોને તેઓ દ્વારા ઉત્પાદિત કરવામાં આવતા માલના વેચાણ માટે રાજ્યમાં અને રાજ્ય બહાર પ્રદર્શન સહ વેચાણ નું આયોજન કરી બજાર વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. જે ઉપરાંત અર્બન હાટ, અમદાવાદ અને ભુજ તથા માઇક્રો શોપીંગ યોજના હેઠળ અંબાજી અને વીરપુર ખાતે બજાર વ્યવસ્થા પુરી પાડવા માં આવેલ છે. તથા એકતામોલ કેવડીયા સોમનાથ અને જામનગર ખાતે પણ યોજના નો અમલ શરુ કરવામાં આવેલ છે. તેમજ શોપીંગ મોલ /કોર્મશીયલ કોમ્પ્લેક્ષ યોજના હેઠળ ભાવનગર અને જુનાગઢ ખાતે પણ યોજના શરૂ કરવામાં આવેલ છે.

INDEX

વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરોને સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા ખ્યાતનામ સંસ્થાઓ સાથે સમન્વય દ્વારા રોજગારીમાં વધારો કરવા બાબત.

ગુજરાત રાજ્યના તમામ વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરો, ઈન્ડેક્ષ-સી, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગ્રીમકો તથા અન્ય વિભાગો સાથે સંકળાયેલ અંદાજીત ૧૦૦૦ જેટલા કારીગરોનું સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા, ખ્યાતનામ સંસ્થાઓ તથા ઉત્પાદન એકમો સાથે સમન્વય દ્વારા કુશળતામાં વધારો કરી રોજગારીમાં વધારો કરવાની આ યોજના છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૨૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે અને ૫૯૭૫ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૬) આઈ.એન.ડી.- ૨૫ - ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર

ગુણવત્તા યુક્ત ઉત્પાદનને બજારમાં ટકી રહેવા માટે, કોમન ફેસીલીટી સેન્ટર, તાલીમ/ડીઝાઈન,સાધન ઓજાર રીવોલ્વીંગ ફંડ,બજાર પ્રોત્સાહન સહાય વિગેરે આપવામાં આવે છે. રાજ્યમાં ગ્રામ્ય કક્ષાએ ગ્રામ અને કુટિર ઉદ્યોગ ક્ષેત્રે રોકાયેલા કારિગરોને એકજ સ્થળે તેમના ધંધા ને અનુરુપ વિવિધ માળખાકિય સુવિધાઓ જેવી કે વર્કશેડ, ડિઝાઈન સપોર્ટ, સુધારેલી ટેકનોલોજી, તાલીમ, જરુરી નાણાંકીય વ્યવસ્થા, ઉત્પાદીત માલની વેચાણની સુવિધા વગેરે મળી રહે તે હેતુથી ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર ગ્રામ્ય કારીગરોને સંગઠિતકરી ઉત્પાદન કરવા માટે ની કામગીરી કરતા કોઈ પણ નોંધાયેલ ટ્રસ્ટ સહકારી મંડળી અથવા રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત નિગમ અથવા સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલ સોસાયટી કરી શક્શે. આ માટે કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ ગાંધીનગર ને નિયત નમૂનામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત દરખાસ્ત કરી મંજૂરી મેળવવાની રહેશે

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૮૨.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે અને ૧૬૦ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૭) ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લી., (ગ્રીમકો) :

ગુજરાત સરકારે ગ્રામીણ ઉદ્યોગની પેદાશોના ખરીદ વેચાણને ઉત્તેજન આપવા તેમજ ગ્રામીણ કારીગરોને ટેકનીકલ અને મેનેજરીયલ સહાય આપવા માટે આ નિગમ (ગ્રીમકો) ની ૧૯૭૯માં સ્થાપના કરેલ છે. હાલમાં ગ્રીમકો દ્વારા સરકારશ્રીની વિવિધ યોજના અન્વયે વિવિધ વ્યવસાયની ટુલકીટ પુરી પાડવી, સરસ્વતી સાધના યોજના અન્વયે સાઈકલો ખરીદ કરી પૂરી પાડવી તથા સરકારશ્રીની વિવિધ કચેરીઓના આંતરીક શુશોભનની કામગીરી તથા વર્ષ દરમ્યાન ૧૨૧૦ લાભાર્થીઓને તેઓના રહેઠાણ નજીક સ્થળે તાલીમ આપી વ્યવસાયના અનુરૂપ કીટ સહાયના સ્વરૂપમાં પૂરી પાડવાની કામગીરી કરવામાં આવે છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૨૧૯.૫૯ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે અને ૮૬૦ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૮) ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા :

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ કુટીર અને ગ્રામિણ ઉદ્યોગોમાં કારીગરો દ્વારા હાલમાં ઉપયોગ માં લેવામાં આવતી ટેકનોલોજી નો અભ્યાસ કરી તેમાં સુધારણા કરવાનો છે. આ ઉપરાંત તેનો એક વધુ ઉદ્દેશ આ ટેકનોલોજી ને લગતી માહિતીનો પ્રચાર-પ્રસાર, વિસ્તારની કામગીરી તેમજ લોક સંવાદ માધ્યમો દ્વારા તેનો બહોળો પ્રચાર કરીને ગ્રામીણ કારીગરો તેને અપનાવે તેવી યોગ્ય ટેકનોલોજી શોધી કાઢી તેનો વિકાસ કરવાનો પણ છે. સંસ્થા તેના ઉદ્દેશો પાર પાડવા માટે નીચેની યોજનાઓનું અમલીકરણ કરી રહેલ છે.

ટુંકાગાળાના તાલીમ કાર્યક્રમો :

સંસ્થા દ્વારા જુદી ૧૩ પ્રવૃત્તિ હેઠળ દર વર્ષે આશરે ૧૪૦૦૦ યુવક-યુવતીઓ ને સ્વરોજગાર લક્ષી કૌશલ્ય વર્ધનની તાલીમ આપવામાં આવે છે.

માટીકામ ના કારીગરો માટે કોશલ્ય તાલીમ અને સાધન સહાય યોજના :

માટીકલાના કારીગરોને આધુનિક ઉત્પાદન પધ્ધતિના જ્ઞાન તથા ઉત્પાદનોમાં વેલ્યુ એડીશન માટે તાલીમ આપવામાં આવે છે અને તાલીમ બાદ તાલીમાર્થીઓને પોતાનું ઉત્પાદન તરત જ શરૂ કરી શકે તે માટે ટુલકીટ આપવામાં આવે છે.

આ ઉપરાંત માટીકામના ઉત્પાદનોને પકવવા માટે ઉર્જા કાર્યક્ષમ ભઠી ૧૦૦ ટકા સહાય દર વર્ષે ૭૫ ભઠીઓ આપીને

કુલ ૩૦૦ કારીગરો ના કુટુબોને આવરી લેવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા માટીકામ સ્વરોજગારી યોજના અન્વયે 50:50 ના ધોરણે સાધન સહાયની યોજનાનુ અમલીકરણ કરવામાં આવી રહેલ છે જેમાં વર્ષ ૨૦૧૬/૧૭ થી સુધારો કરી માટીકામના સાધનો ઉપર ૭૫ ટકા ની સહાય આપવામાં આવી રહેલ છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૧૦૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને ૬૫૧૫ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૯) કલસ્ટર ડેવલપમેન્ટ યોજના :

યોજનાનો મુખ્ય ઉદ્દેશ કુટિર અને ગ્રામોદ્યોગના કારીગરો આંતરરાષ્ટ્રીય બજારમાં સ્વીકૃતિ પામે તેવા ઉત્પાદનો તૈયાર કરી શકે તે માટે તમામ જરૂરી સગવડો પુરી પાડવાનો છે. આ યોજના કુટિર અને ગ્રામોદ્યોગ સંલગ્ન બોર્ડ/કોર્પોરેશન/જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા અમલીકૃત કરવામાં આવે છે. જૂથ વિકાસ તરીકે નેશનલ ઈન્સ્ટીટયુટ ડીઝાઈન (એન.આઈ.ડી) તેમજ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી (એન.આઈ.એફ.ટી) ને નિમવામાં આવી છે. ૧૧૪ ક્લસ્ટરો પસંદ કરવામાં આવેલ છે તે પૈકી ૭૪ જેટલા કલસ્ટરો ઉત્પાદન પ્રવૃત્તિ હેઠળ કાર્યાન્વિત થયેલ છે.

ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર (C.B.D.C.) :

ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર યોજના અન્વયે હાથશાળ અને હસ્તકલાના કારીગરોના સર્વાંગી વિકાસ માટે અને તેઓને સતત રોજગારી મળી રહે તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રાજ્યની હસ્તકલાની વસ્તુઓને યોગ્ય વેચાણ મળી રહે તે હેતુને ધ્યાને લેતાં હાથશાળ અને હસ્તકલાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ એનજીઓ/સહકારી નિગમો દ્વારા, પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ક્રાફ્ટ બીજનેસ -ડર્બો / સેલ્ફ હેલ્પ ગૃપ / મંડળીઓને ડેવલોપમેન્ટ સેન્ટર સ્થાપવા ₹ ૭ કરોડની યોજનામાં ૭૦ % સુધી રાજ્ય સરકારશ્રીનો ફાળો અને ૩૦ % સુધીનો ફાળો લાભાર્થી, હિતાધિકારીઓ (એસ.પી.વી.) નો રહેશે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૨૩૬.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને ૨૬૫ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૧૦) કાર્પેટ યોજના ઉની ગલીચા વણાટ તાલીમ કેન્દ્ર :

ઉની ગાલીચા બનાવવાનો ઉદ્યોગ સ્વતંત્ર રોજગારી માટેની તેમજ રાજ્યમાં વિકાસ માટેનું બજાર આવરી લઇ વિદેશી હુંડીયામણ કમાવી આપવાની વિપુલ શક્યતાઓ ધરાવે છે. ઉની ગાલીચા બનાવવાના ઉદ્યોગમાં વિવિધ સંસ્થાઓ/ સહકારી મંડળીઓ મારફત તાલીમાર્થીઓને ગાલીચા વણાટ ની તાલીમ આપવામાં આવનાર છે. ઉની ગાલીચા વણાટ તાલીમ કેન્દ્રની સુધારેલી યોજના સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: ટી.સી.પી/૧૦૨૦૧૬-૧૩૨૫-ખ તા,૧૨/૯/૨૦૧૮ થી અમલમાં આવેલ છે આ યોજનામાં સંસ્થાઓ તેમજ સહકારી મંડળીઓ દ્વારા ૨૫ તાલીમાર્થીઓને ઉની ગાલીચા વણાટની છ માસની રોજગારીલક્ષી તાલીમ આપવામાં આવે છે અને આ તાલીમ આપવા માટે સંસ્થાઓ ને તેમજ સહકારી મંડળીઓ ને ₹ ૪.૭૬ લાખ ની સહાય આપવામાં આવે છે .જેમાં તાલીમાર્થીઓ ને દર માસે ₹ ૧૦૦૦/- નું સ્ટાઈપેન્ડ તથા સંસ્થા/ મંડળીઓને શાળો ખરીદવા માટે તથા વહીવટી ખર્ચ તથા અન્ય ખર્ચનો સમાવેશ થાય છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૧૨૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને ૬૨૫ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૧૧) શ્રી વાજપાઈ બેન્કેબલ / જયોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના

રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના બેરોજગાર યુવક-યુવતીઓને સ્વરોજગાર પૂરા પાડવા શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અમલમાં છે. આ યોજના માં ઉદ્યોગ ક્ષેત્ર, સેવા ક્ષેત્ર અને વેપાર ક્ષેત્ર માટે લોનની મર્યાદા ₹ ૮.૦૦ લાખ કરવામાં આવેલ છે અને સહાયની મર્યાદા વેપાર ક્ષેત્ર માટે ₹ ૮૦,૦૦૦ સેવા ક્ષેત્ર માટે ₹ ૧.૦૦ લાખ અને ઉદ્યોગ ક્ષેત્ર માટે ₹ ૧.૨૫ લાખની કરવામાં આવેલ છે. સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૨૩૮૦૭.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને ૩૭૦૦૦ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૧૨) માનવ કલ્યાણ યોજના :

આ યોજનામાં આર્થિક રીતે પછાત વર્ગોના સમુહને પુરતી આવક અને સ્વરોજગાર ઊભા કરવા માટે વધારાના સાધનો/ઓજારો આપવામાં આવે છે. આ યોજના ગરીબી રેખાથી નીચે જીવતી વ્યકતીઓ/ કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવા ફેરીયા, શાકભાજી વેચનાર, સુથારી કામ વગેરે જેવા ૨૭ ટ્રેડના નાના કદના વેપાર/ધંધા કરવા સમાજના નબળા વર્ગોના લોકોના આર્થીક આવકમાં વધારો થાય તે સબબ વ્યવસાય માટે ૨૭ ટ્રેડમાં સાધન ઓજારના સ્વરૂપમાં ગ્રીમકો દ્વારા જરૂરી

ટૂલકીટ ની ખરીદી કરી વિતરણ કરવામાં આવે છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ₹ ૪૮૦૪.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને ૩૪૦૦૦ ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

૬. નિયામક સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી કચેરીની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

(૧) ખાતાકીય માળખું

આ ખાતું સરકારશ્રીનાં ઉદ્યોગ અને ખાણ વિભાગનાં વહીવટી નિયંત્રણ હેઠળ આવેલ છે. સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ખાતું સેવા ખાતું છે. જે સરકારી કચેરીઓને લેખન સામગ્રી તથા મુદ્રણની સેવાઓ પુરી પાડવાની કામગીરી કરે છે. આ ખાતા હસ્તક નીચે મુજબની કચેરીઓ આવેલી છે.

સરકારી પ્રેસો : (મુદ્રણ કામગીરી)

(૧) સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

(૨) સરકારી ફોટોલીથો પ્રેસ, અમદાવાદ

(૩) સરકારી મુદ્રણાલય, વડોદરા

(૪) સરકારી મુદ્રણાલય, રાજકોટ

(૫) સરકારી મુદ્રણાલય, ભાવનગર

સરકારી લેખન સામગ્રી ભંડારો : (સ્ટેશનરી વિનામૂલ્યે વિતરણ રાજ્યની દરેક કચેરી)

(૧) સરકારી લેખન સામગ્રી ભંડાર, ગાંધીનગર

(૨) સરકારી લેખન સામગ્રી ભંડાર, વડોદરા

(૩) સરકારી લેખન સામગ્રી ભંડાર, રાજકોટ

સરકારી પુસ્તક ભંડારો : (સરકારી પુસ્તક, ડાયરી, કેલેન્ડર વેચાણ જાહેર જનતા અને કચેરીઓ)

(૧) સરકારી પુસ્તક ભંડાર, અમદાવાદ

(૨) સરકારી પુસ્તક ભંડાર, વડોદરા

(૩) સરકારી પુસ્તક ભંડાર, રાજકોટ

(૪) સરકારી પુસ્તક ભંડાર, ભાવનગર

સરકારી ફોર્મ સ્ટોર : (રાજ્યની દરેક કચેરીને વિનામૂલ્યે ફોર્મ્સ, ફાઈલબોર્ડ અને કેસ બોર્ડ પુરા પાડવા)

(૧) સરકારી ફોર્મ સ્ટોર, વડોદરા

(૨) સરકારી ફોર્મ સ્ટોર, રાજકોટ

(૨) આ ખાતાના મુખ્ય કાર્યો અને હેતુઓ

આ ખાતું ગુજરાત રાજ્યની સ્થાપના થતાં તા. ૦૧-૦૫-૧૯૬૦ થી અસ્તિત્વમાં આવેલ છે. આ ખાતાનાં મુખ્ય કાર્યો અને હેતુઓ નીચે મુજબ છે.

(૧) રાષ્ટ્ર અને રાજ્યનાં આર્થિક વિકાસમાં જુદા-જુદા ક્ષેત્રોનું આગવું પ્રદાન હોય છે. આવા અનેક માધ્યમો પૈકી સરકારી મુદ્રણાલયો દ્વારા મુદ્રિત થતી સામગ્રી પણ હાલનાં તબક્કે એક આગવું સ્થાન ધરાવે છે. સરકારીશ્રીનાં દરેક ક્ષેત્રોમાં સમયને અનુરૂપ પરિવર્તન અતિ આવશ્યક છે. સરકારી મુદ્રણાલયોમાં માળખાગત સંચાલન અને નિભાવમાં આમૂલ પરિવર્તન આવેલું છે. સરકારી પ્રેસોમાં આધુનિક પ્રક્રિયાની ઓફસેટ મશીનરી તેમજ અતિ આધુનિક કોમ્પ્યુટર્સ, કોમ્પ્યુટરાઈઝડ પ્રિંટીંગ અને બાઈન્ડીંગની યંત્ર સામગ્રી વસાવવામાં આવેલ છે. આધુનિક યંત્રો દ્વારા સરકારશ્રીની પ્રવર્તમાન નીતિને અનુરૂપ મર્યાદિત માનવ શક્તિનાં ઉત્કૃષ્ટ આયોજન દ્વારા ન્યુનત્તમ સરેરાશ ખર્ચથી અતિ ઉચ્ચત્તમ ગુણવત્તાશીલ મુદ્રણની કામગીરી મેળવી શકાય છે.

INDEX

(૨) બદલાતા જતાં સમયની સાથે સરકારી પ્રેસોમાં પ્રિન્ટીંગ ટેક્નોલોજી ક્ષેત્રમાં કોમ્પ્યુટરનો ઉપયોગ થતા પ્રિન્ટીંગ ટેક્નોલોજીમાં આમૂલ પરિવર્તન આવેલ છે. જેથી જુના હેન્ડ કંપોઝીંગ અને લેટરપ્રેસ મશીનરીથી થતી કામગીરી સંદતર બંધ કરી હાલની આધુનિક ટેક્નોલોજીનાં ઓફસેટ મશીનો પર કામગીરી લેવામાં આવે છે.

(૩) આ ખાતાનાં તમામ પ્રેસો ઈ-ગવર્નન્સનાં ભાગરૂપે જી-સ્વાનથી સંકળાયેલ છે. જેથી તમામ પ્રેસો એક બીજાની સાથે ઓનલાઈન ડેટા ટ્રાન્સફર કરે છે.

(3) આ ખાતા દ્વારા ગુજરાત સરકારના મુખ્ય અને અગત્યના નીચે મુજબનાં મુદ્રણકામો કરવામાં આવે છે.

(૧) ગુજરાત સરકારના કુલ-૧૧ પ્રકારના ગેઝેટના ભાગોનું વેબસાઈટ egazette.gujarat.gov.in ઉપર e-publishing કરવાની કામગીરી કરવામાં આવે છે.

(૨) ગુજરાત સરકારના નિયમો-અધિનિયમોનું મુદ્રણ કામ કરી આવા નિયમો - અધિનિયમોનું વેચાણ સરકારી પુસ્તક ભંડાર ખાતે કરવામાં આવે છે.

(૩) ગુજરાત સરકારનાં બહુરંગી કેલેન્ડર-ડાયરીનું મુદ્રણ કરી વિતરણની કામગીરી.

(૪) વિવિધ વિભાગનાં વિવિધ રંગીન પોસ્ટર્સ, ફોલ્ડર્સ, નામદાર ગુજરાત હાઈકોર્ટનાં કેલેન્ડર વગેરે મુદ્રિત કરવામાં આવે છે.

(૫) દરેક વિભાગ/ખાતાના વડાના વાર્ષિક વહીવટી અહેવાલ, ઓડીટ અહેવાલ તેમજ એ.જી, કચેરીના ઓડીટ અહેવાલ પણ સરકારી પ્રેસોમાં મુદ્રિત કરવામાં આવે છે.

(૬) ગુજરાત સરકારના નાણાં વિભાગના-૩૩ અંદાજપત્ર પ્રકાશનો તેમજ વિભાગવાર કામગીરી અંદાજપત્ર સહિત ૬૦ પ્રકાશનોનું છાપકામ દર વર્ષે સરકારી પ્રેસોમાં કરવામાં આવે છે.

(૭) વિધાનસભાના બીલો, તારાંકિત - અતારાંકિત પ્રશ્નોત્તરી તેમજ વિધાનસભાની ચર્ચાઓ પુસ્તક સ્વરૂપ મુદ્રિત કરી વિતરણ કામગીરી કરવામાં આવે છે.

(૮) લોકસભા-વિધાનસભા, જિલ્લા/તાલુકા પંચાયત તેમજ નગરપાલિકા અને મહાનગરપાલિકાનાં મતપત્રો તેમજ ચૂંટણીને લગતા તમામ વૈધાનિક-અવૈધાનિક ફોર્મ્સનું મુદ્રણકામ કરવામાં આવે છે.

(૯) સચિવાલય તેમજ રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં વપરાતા તમામ સ્ટાન્ડર્ડ ફોર્મ્સ તેમજ સ્પેશ્યલ ફોર્મ મુદ્રિત કરીને વિતરણની કામગીરી કરવામાં આવે છે.

(૧૦) નામદાર રાજ્યપાલશ્રી,માન.મુખ્ય મંત્રીશ્રી,નાણાં મંત્રીશ્રીની સ્પીચનું મુદ્રણકામ.

(૧૧) ગુજરાત હાઈકોર્ટની અપીલો, સમરી કેસો તેમજ તેઓના લેટરપેડ,કવર, ફાઈલોની કામગીરી

(૧૨) રાજભવન, મંત્રી મંડળ, સચિવાલયના લેટર હેડ, તેમજ કવરોનું મુદ્રણ

(૧૩) ટેક્નિકલ શિક્ષણ બોર્ડ તથા અન્ય રાજ્ય પરીક્ષા બોર્ડના તમામ પ્રકારના પ્રશ્નોપત્રોનું ખાનગી મુદ્રણકામ

(૧૪) માહિતી ખાતા તરફથી આવતા તમામ પ્રકારના બહુરંગી મુદ્રણકામો જેવા કે, વિવિધ જિલ્લાની માહિતી સભર બુકલેટ, પોસ્ટર્સ,ફોલ્ડર્સ વગેરેના મુદ્રણકામો.

(૧૫) બધીજ જાતના મલ્ટીકલર કામો, સર્વેશીટ વગેરે.

(૧૬) વાહનવ્યવહાર ખાતાના જુદા-જુદા પ્રકારનાં તમામ ફોર્મસ.

(૧૭) સરકારી મુદ્રણાલય,રાજકોટ ખાતે નામ અને અટક બદલવાની આવેલ અરજીઓની નિયમોનુસાર ચકાસણી કરીને નામ અને અટક બદલવા અંગેના ગેઝેટનું વેબસાઈટ egazette.gujarat.gov.in ઉપર e-publishing કરવામાં આવે છે.

(૧૮) રોજગાર સમાચાર, જીવન શિક્ષણ, The Gujarat, Marching Ahead, ન્યાયપથ, યતકિંચતમ જેવા વિવિધ સામાહિક, માસિક પ્રકાશનોની નિયમિત મુદ્રણની કામગીરી.

(૧૯) વસ્તીગણતરી, કૃષિવિભાગના પત્રકો, મતદાર સુધારણા જેવા નિયમિત ફોર્મ્સની મુદ્રણની કામગીરી.

(૨૦) તદ્ઉપરાંત સરકારના વિભાગો તરફથી જે કંઈ મુદ્રણકામો આવે તેની કામગીરી.

INDEX

(૪) સ્ટાન્ડર્ડ ફોર્મ્સ

આ ખાતા દ્વારા સરકારશ્રીનાં તમામ વિભાગો, સરકારી કચેરીઓને તમામ ફોર્મ્સ વિના મૂલ્યે ઈન્ડેન્ટ ઉપર પુરા પાડવામાં આવે છે. સરકારી કચેરીઓમાં મહેસૂલ વિભાગનાં નમૂનો-૭/૧૨, ૮-ક.નં-૬-અ ના વાર્ષિક કુલ ૩.૫ કરોડ ફોર્મ્સ વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે. આ ખાતાનાં સરકારી પ્રેસ,રાજકોટ ખાતેથી જુદા-જુદા પ્રકારનાં કુલ-૯૮૮ પ્રકારનાં ફોર્મ્સ ગુજરાત સરકારની ૩૮૯૬ કચેરીઓને તેમજ સરકારી પ્રેસ, વડોદરા ખાતેથી જુદા-જુદા પ્રકારનાં ૭૦૮ પ્રકારનાં ફોર્મ્સ ૧૯૨૬ કચેરીઓને ઈન્ડેન્ટ ઉપર પુરા પાડવામાં આવે છે.

(૫) સરકારી લેખન સામગ્રી ભંડાર

આ ખાતા હસ્તક કુલ-૩ (ત્રણ) સરકારી લેખન સામગ્રી ભંડારો આવેલા છે. જેના દ્વારા રાજ્યની દરેક કચેરીઓને ઈન્ડેન્ટ ઉપર વિના મૂલ્યે સ્ટેશનરી પૂરી પાડવામાં આવે છે. સરકારી કચેરીઓને સ્ટેશનરી આઈટમો જેવી કે ડુંગરી ક્લોથ, ડસ્ટર, ફાઈલલેસ, લાખ વિગેરે પુરી પાડવા માટે કુલ ₹ ૩૯,૬૪,૨૧૬/- ની ખરીદી કરવામાં આવેલ છે. તથા માન.મંત્રીશ્રીઓનાં કાર્યાલય માટે કુલ ₹ ૭,૩૪,૮૬૩ /- નો ખર્ચ કરવામાં આવેલ છે. (તા.૧-૪-૨૦૨૧ થી તા.૨૨-૧૧-૨૦૨૧ સુધી)

(૬) સરકારી પુસ્તક ભંડાર :

આ ખાતા હસ્તક કુલ -૪(ચાર) સરકારી પુસ્તક ભંડારો આવેલા છે. જેમાં સરકારશ્રીના નિયમો, અધિનિયમો, અન્ય પ્રકાશનો, ડાયરી, કેલેન્ડર વિગેરેનું વેચાણ કરવામાં આવે છે અને પુસ્તક ભંડારોમાં ગુજરાત સરકારના તેમજ ભારત સરકારના જુદા-જુદા ૭૦૦ પ્રકારનાં પુસ્તકો વેચાણ ઉપલબ્ધ છે. સદરહું પુસ્તક ભંડારોમાં એપ્રિલ- ૨૦૨૧ થી ઓક્ટોબર-૨૦૨૧ સુધી ₹ ૩૩,૫૯,૪૦૬ /- નું વેચાણ થયેલ છે.

(૭) ગેઝેટ :

ગુજરાત સરકારનું ગેઝેટ દર અઠવાડીયે બે વિભાગોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. (૧) સેન્ટ્રલ સેક્શન અને (૨) સેન્ટ્રલ સેક્શન પૂર્તીઓ (સપ્લીમેન્ટસ) સેન્ટ્રલ સેક્શનમા આખા રાજ્યને લગતી બાબતોનો સમાવેશ થાય છે.

ગેઝેટના ભાગ ૧,૧-એલ, ૧-એ, પૂર્તિ, ૨, ૨-પૂર્તિ, ૩, ૪, ૪-એ, ૪-બી, ૪-સી, ૫, ૬, ૯, ૧૧, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય ગાંધીનગર બહાર પાડે છે. ૧,૧-એ અને ૩, ૪,-એ સરકારી પ્રેસ રાજકોટ અને સરકારી પ્રેસ વડોદરા દ્વારા વેબસાઈટ egazette.gujarat.gov.in ઉપર e-publishing કરવામાં આવે છે. સરકારી પ્રકાશનોની જુલાઈ-૨૦૨૧ સુધીની અંદાજિત આવક ₹ ૫૫,૦૦,૦૦૦ /- (અંકે રૂપિયા પંચાવન લાખ પૂરા) જેટલી થાય છે.

(૮) તાલીમ :

માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય તથા તેઓશ્રીના નિવાસ સ્થાન તેમજ માન.મંત્રીશ્રીઓના વિધાનસભાનાં કાર્યાલય ખાતે કોપીયર અને ફેક્સ મશીનોની ફાળવણી અને જાળવણી આ કચેરી દ્વારા કરવામાં આવે છે.

એપ્રેન્ટીસ તાલીમ : આ ખાતા હસ્તકનાં સરકારી પ્રેસોમાં એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ જુદા-જુદા ટ્રેડમાં એપ્રેન્ટીસોને તાલીમ આપી કુશળ કારીગરો તૈયાર કરવામાં આવે છે. તેમજ ખાસ અંગભૂત યોજના હેઠળ પણ અનુસૂચિત જાતિનાં ઉમેદવારોને ખાસ પ્રોત્સાહનરૂપે તાલીમ આપવામાં આવે છે. ૨૦૨૧-૨૨ ના વર્ષમાં જનરલ કેટેગરીમાં કુલ-૧૨૫ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. તેમજ એસ.સી.એસ.ટી. ના કુલ-૧૮ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. અને તેમને ₹ ૩૮,૭૦,૦૦૦/- સ્ટાઈપેન્ડ (તા.૧-૪-૨૦૨૧ થી તા.૩૧-૧૦-૨૦૨૧ સુધી) ચુકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ચાલુ બાબતમાં અનુક્રમે ૮૦ લાખ અને ૧૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૯) મહેકમ અંગેની વિગત :

આ ખાતાની તેમજ ખાતા હસ્તકનાં સરકારી પ્રેસોમાં તા.૧-૧-૯૨ ની પરિસ્થિતિએ કુલ જગ્યાઓ ૩૨૦૭ જેટલી હતી, તેમાંથી સરકારશ્રીની કરકસરની નીતિ અન્વયે ૨૦% કાપ તેમજ સરકારી પ્રેસોની આધુનિકરણ અન્વયે જુદા-જુદા સંવર્ગની કુલ-૧૪૮૭ જેટલી જગ્યાઓ રદ્દ કરવામાં આવેલ છે. તદ્દઉપરાંત તા.૦૧/૧૦/૨૦૨૧ની સ્થિતિએ જુદા-જુદા સંવર્ગની નીચે મુજબની કુલ-૧૨૫૮ જગ્યાઓ ખાલી છે જે મહેકમની ૭૩% જેટલી જગ્યાઓ થાય છે. આમ છતાં પણ ખાતાની કામગીરી ખૂબજ કાર્યક્ષમ રીતે પાર પાડવામાં આવે છે. પ્રેસોમાં વસાવવામાં આવેલ આધુનિક મશીનરી ઉપર કોઈપણ જાતની નવી જગ્યાઓ ઉભી કર્યા સિવાય હાલનાં સ્ટાફ પાસેથી જ જરૂરી કામગીરી લઈને ઉત્પાદન લેવામાં આવે છે. આ ખાતામાં જુદી-જુદી ૩૭ કેડરો અમલમાં છે.

INDEX

તા. ૦૧-૧૦-૨૦૨૧ ની સ્થિતિએ વર્ગવાર મંજુર, ભરેલી,ખાલી જગ્યાની વિગત

અ.નં	વર્ગ	મંજુર જગ્યા	ભરેલી જગ્યા	ખાલી જગ્યા
૧	૧	૧૦	૦૭	૦૩
૨	૨	૩૭	૧૭	૨૦
૩	૩	૧૪૦૬	૩૭૬	૧૦૩૦
૪	૪	૨૬૭	૬૨	૨૦૫
કુલ		**૧૭૨૦**	**૪૬૨**	**૧૨૫૮**

(૧૦) મુદ્રણકામ :

સને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષ દરમ્યાન કોઈ જ મુદ્રણ કામ ખાનગી પ્રેસોને ફાળવેલ નથી. સરકારશ્રીના તા.૩૦-૭-૨૦૦૭નાં ઠરાવ ક્રમાંક :મદન/૧૦૨૦૦૬/૧૫૭૪/ડ.૨ ની જોગવાઈ અન્વયે જે કામ નિયત સમયમાં સરકારી પ્રેસો દ્વારા હાથ ધરી પુરી પાડી શકાય તેમ ન હોય તેવા કામ માટે ખાનગી પ્રેસ દ્વારા કરાવવા માટે "ના વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર"ની સંખ્યા શૂન્ય છે.

મશીન શાખાના ઉત્પાદનનાં આંકડા (હજારમાં)

(૧) ૨૦૧૯-૨૦	૬,૮૩,૬૨૩ /-	એ/૩ ઈમ્પ્રેશન
(૨) ૨૦૨૦-૨૧	૫,૧૪,૩૪૨ /-	એ/૩ ઈમ્પ્રેશન
(૩) ૧-૪-૨૦૨૧ થી ૩૧-૧૦-૨૦૨૧	૨,૪૩,૬૩૦ /-	એ/૩ ઈમ્પ્રેશન

(૧૧) પેપર/મશીનરી ખરીદી :

વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર અંતિત) માં કુલ ₹ ૨,૩૫,૩૯,૫૮૯ /- જુદા-જુદા પ્રકારના પેપર ખરીદી માટે તથા ₹ ૫૬,૪૩,૧૧૯ /- મશીનરીની ખરીદી માટે ખર્ચ કરવામાં આવેલ છે.

૭. પ્રવાસન કચેરીની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

પ્રવાસન ઉદ્યોગ: એક ઝલક

- વિશ્વમાં ઊભી થતી ૧૦ રોજગારીની તકો પૈકી ૧ રોજગારીની તક પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલી છે.
- રાજ્યના જી.ડી.પી.માં પ્રવાસન ઉદ્યોગનો હિસ્સો 5.% - શ્રી અઢિયા કમીટીના અહેવાલમાં ગુજરાતનો ફાળો 7 % સુધી વધારવાનું સૂચન છે.
- રાજ્યને વાઈબ્રન્ટ પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવા, પ્રવાસીઓના અનુભવમાં સુધારો કરવા તથા આર્થિક ઉન્નતિ દ્વારા સર્વાંગી વિકાસમાં પ્રવાસન મહત્વનો ભાગ ભજવે છે.
- સમગ્ર દેશમાં ગુજરાત પ્રવાસીઓની સંખ્યામાં 9 માં ક્રમે
- પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર થઈ રહેલો વધારો.

પ્રવાસન - સિદ્ધિઓ ૨૦૨૧-૨૨

- ૨૦૦૫-૨૦૦૬માં પ્રવાસન બજેટ ₹ ૩૫ કરોડ હતું જે હાલ વધીને વર્ષ ૨૦૨૨-૨૩ માટે ૫૦૦ કરોડથીએ વધુ થવા સંભવ છે.
- વર્ષ ૨૦૦૯- ૨૦૧૦માં રાજ્યની મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યા ૧.૭૦ કરોડ હતી જે ૨૦૧૯-૨૦માં વધીને ૬.૦૯ કરોડ થવા પામેલ છે. જ્યારે ૨૦૨૦-૨૧માં કોરોના મહામારીને કારણે ૧.૧૮ કરોડ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ હતી. આમ, કોરોના મહામારી સિવાય રાજ્યમાં પ્રવાસનને વેગ મળ્યો છે અને પ્રવાસન અને આતિથ્ય ક્ષેત્રે રોજગારીની તકો ઉભી થઈ છે.
- પ્રવાસન નીતિ ૨૦૧૫-૨૦ અંતર્ગત ૪૪૧ જેટલા પ્રોજેક્ટ માટે ₹ ૧૩૦૦૦ કરોડનું સંભવિત રોકાણ થયેલ છે. આ અંતર્ગત ૩૨૫ પ્રોજેક્ટ ચાલુ થયેલ છે. જેમાં અંદાજે ૧૪,૦૦૦ ને રોજગારી મળી છે.

INDEX

- પ્રવાસન નીતિ ૨૦૧૫-૨૦ અંતર્ગત ૧૧૦ જેટલા પ્રોજેક્ટ માટે ₹ ૨૫૨.૧૮ કરોડ ની સહાય મંજુર કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકારે ઐતિહાસિક પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા માટે રાજ્યની પ્રથમ હેરિટેજ પ્રવાસન નીતિ ૨૦૨૦-૨૦૨૫ જાહેર કરેલ છે.
- રાજ્ય સરકારે પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા તેમજ વધુ સારી માળખાગત સુવિધાઓ વિવિધ પ્રવાસન સ્થળો ખાતે ઉભી થાય તે ઉદ્દેશથી તાજેતરમાં તા.૧૨-૦૧-૨૦૨૧ના રોજ નવી પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૦૨૫ જાહેર કરેલ છે.

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે વૈવિધ્યતા

- વિશ્વની સૌથી વધુ ૧૮૨ મીટર ઉંચાઇ ધરાવતી પ્રતિમા - સ્ટેચ્યુ ઓફ યુનિટી
- વિશ્વનું ત્રીજો સૌથી મોટો વિશિષ્ટ ડાયનોસોર ફોસીલ પાર્ક અને પહેલું ડાયનોસોર મ્યુઝિયમ
- લોથલ અને ધોળાવીરા: હડપ્પન સંસ્કૃતિના વારસાની ઝાંખી
- ચાંપાનેર અને રાણી કી વાવ (પાટણ): વર્લ્ડ હેરીટેજ સાઇટ
- મોઢેરા: દેશના બે પૈકીનું એક સુર્ય મંદિર
- દ્વારકા અને સોમનાથ: ખુબ જ ધાર્મિક મહત્વ ધરાવતા યાત્રાધામો.
- સાપુતારા: એક માત્ર હિલ સ્ટેશન
- યુનેસ્કો દ્વારા કચ્છના પ્રાચીનત્તમ નગર ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- દ્વારકા જિલ્લા ખાતે આવેલ શિવરાજપુર દરિયા કિનારા આંતરરાષ્ટ્રીય સંસ્થા FEE (પર્યાવરણીય શિક્ષણ માટેનું ફાઉન્ડેશન) ડેનમાર્ક દ્વારા વૈશ્વિક સ્તરે આ વર્ષે પણ ફરી એક વખત 'બ્લુ ફ્લેગ' પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે.

હાંસલ કરેલ સિધ્ધીઓ / પ્રગતિ / આયોજન

પ્રવાસનનો સર્વાંગી વિકાસ

- રાજ્યમાં અગત્યના પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસ માટે ₹ ૩૧૫.૫૦ કરોડની જોગવાઈ કરેલ છે. જેમાં ૪૫ પ્રવાસન સ્થળો ખાતે સ્વચ્છતાની કામગીરી કરવામાં આવે છે. જીલ્લા વહીવટી તંત્રને આંતર માળખાકિય અને પ્રવાસન સુવિધા માટે નાણાંકિય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે તે જ પ્રમાણે પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

પ્રોજેક્ટ્સ:-

- નડાબેટ ખાતે ટી જંકશન અને ઝીરો પોઈન્ટ ખાતે વિવિધ પ્રવાસી સુવિધાઓની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.આ પરિયોજના માટે કુલ ખર્ચ ₹ ૧૨૦.૦૦ કરોડથી પણ વધારે કરવામા આવેલ છે. આ તૈયાર થયેલ કામગીરીને ચલાવવા તેમજ નિભાવણી માટે ટેન્ડરથી ખાનગી એજન્સીને કામગીરી સોંપેલ છે.
- ભારત સરકારના પ્રવાસન મંત્રાલયની પ્રસાદ સ્કીમ અન્વયે સોમનાથ ખાતે દરીયાઇ પાથની કામગીરી પણ સોમનાથ ટ્રસ્ટ તેમજ રાજ્ય સરકાર દ્વારા ₹ ૪૮.૦૦ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ. આ પ્રવાસી સુવિધાનું લોકાર્પણ માન. વડાપ્રધાનશ્રી, માન. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી તથા માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ હતું.
- ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સ્વદેશ દર્શન સ્કીમ અન્વયે દાંડી હેરીટેઝ સર્કિટની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.
- ગુજરાતનો એકમાત્ર શિવરાજપુર બ્લ્યુ ફ્લેગ બીચ દ્વારકાથી માત્ર ૧૨ કીલોમીટરના અંતરે આવેલ છે શિવરાજપુર બીચના વિકાસની કામગીરી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલ છે. જેના માટે હાલના તબક્કે બીચ ખાતે આવતા પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા માટે જુદી જુદી એજન્સીઓને ₹ ૧૩૦.૦૦ કરોડની કામગીરીનો ઓર્ડર આપવામાં આવેલ છે.
- જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં આવેલ સાસણગીરમાં પ્રવાસીઓને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તથા નવા આકર્ષણના કેન્દ્રોનો વિકાસ કરી પ્રવાસીઓ આનંદ માણી શકે તે હેતુથી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ₹ ૨૫.૦૦

INDEX

કરોડના ખર્ચે જુદા જુદા ત્રણ ફેઝમાં કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં સિંહ સદન, નેચર પાર્ક, અર્બોરેટમ, દેવળિયા પાર્ક, સન સેટ પોઈન્ટ (ભાલછેલ હિલ), તમામ એન્ટ્રી ગેઈટ નો વિકાસ જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમા ફેઝ -૧ ની કામગીરી ફેબ્રુઆરી માસના અંત સુધીમા પુર્ણ કરવાનું આયોજન છે.

- અમરેલી જિલ્લામાં આવેલ ધારી ખાતે આંબરડી સફારી પાર્ક ખાતે પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવા તેમજ પ્રવાસીઓને આનંદ મળે તે હેતુથી ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ જોવાલાયક સ્કલ્પચર તેમજ અન્ય આકર્ષણના કેન્દ્રોનો વિકાસ કરવા માટે ₹ ૨૫.૦૦ કરોડના વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે. જેની કામગીરી હાલ પ્રગતિમાં છે

- જુનાગઢ ખાતે આવેલા ઐતિહાસિક ઉપરકોટના કિલ્લાનું રીપેરીંગ, રીસ્ટોરેશન, કન્ઝર્વેશન એન્ડ ડેવલોપમેન્ટની કામગીરી હાથ ધરવામા આવેલ છે. સદર કામગીરી કુલ ૨ ફેઝમાં હાથ ધરેલ છે. જેમા ફેઝ-૧ની કામગીરી માર્ચ માસના અંત સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. અને ફેસ-૨ ની કામગીરી હાલ પ્રગતી હેઠળ છે. મહોબતખાન મક્બરાની કામગીરી જાન્યુ-૨૨ના અંત સુધીમાં પુર્ણ કરવાનુ આયોજન છે.

- કચ્છ જિલ્લાના નિરોણા ખાતે પ્રવાસીઓને હસ્તકળા વિષે વધુ માહિતી અને જાણકારી તેમજ જાત અનુભવ મળી રહે તે માટે રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા નિરોણા ગામ ખાતે ક્રાફ્ટબજારના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સદર કામગીરી હાલમા ૭૦% જેટલી પુર્ણ થયેલ છે.

- મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામ ખાતે અગાઉ બનાવેલ ઈન્ટરપ્રીટેશન સેન્ટરમાં ડાઈનાસોર માટેનું મ્યુઝિયમ બનાવવામાં આવેલ હતું. હાલમાં બનાવેલ ડાયનાસોર મ્યુઝિયમના એક્સટેન્શનની કામગીરી હાથ ધરેલ છે. જેમાં થિયેટર,ડિજિટલ ફોરેસ્ટ,૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલીટી, એક્સપેરિમેંટ લેબ, સેમી-સર્ક્યુલર પ્રોજેક્શન, મૂડ લાઈટ,૩-ડી પ્રોજેક્શન મેપિંગ,હોલોગ્રામ ડાઈનસોર મ્યુઝિયમ ફેઝ-૨ના મુખ્ય ઘટકો છે. સદર કામગીરી હાલમા ૭૫% જેટલી પુર્ણ થયેલ છે બાકી રહેલ કામગીરી માર્ચ -૨૦૨૨ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

- કચ્છ જિલ્લાના ધોરડોના સફેદ રણ ખાતે પ્રવાસીઓની વધતી સંખ્યા ને ધ્યાને રાખી ને પ્રવાસન વિભાગ દ્વારા એક જ સ્થળ ઉપર તમામ આવનાર પ્રવાસીઓને પાર્કિંગ કરાવવી નિગમ દ્વારા બસમાં સફેદ રણમાં લઈ જવા માટે નીચે મુજબની ₹ ૧૦૦૦.૦૦ લાખના ખર્ચે વિવિધ સુવિધાઓનું આયોજન કરેલ છે જેમાં પાર્કિંગ-૫૦ બસો, ૫૭૧ ગાડીઓ, ૪૦ ટુ વ્હીલર્સ, ટોઈલેટ બ્લોક,પીવાના પાણીની સુવિધા, પિક અપ ડ્રોપ બસ સ્ટેન્ડ, ટિકિટ વિન્ડો, કંપાઉન્ડ વોલ તથા ચેક પોસ્ટ ૨ થી સેલ્ફી પોઈન્ટ સુધી રોડ વાઈડનિંગની કામગીરી હાથ ધરેલ છે. આ કામગીરી પુર્ણ થયેલ છે.

- ધોરડો ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા અર્થે સફેદ રણ ખાતે સ્ટેજ, કેમલ કાર્ટ રોડ અને હાલનો ચેક પોઈન્ટ ૧ થી ૨ નો રસ્તો પહોળો કરવા જેવી પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવા અર્થે ધોરડો ફેઝ-૨ ની કામગીરી હાલમાં ૩૦% જેટલી પુર્ણ થયેલ છે.

- આ વર્ષે ભારત સરકારના પ્રવાસન મંત્રાલયની પ્રસાદ સ્કીમમાં દ્વારકા અને સોમનાથ સિવાય અંબાજીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

- સાબરકાંઠા જીલ્લાના સમેશ્વર મહાદેવ અને ઇડર ખાતે જુદી જુદી પ્રવાસી સુવિધાની કામગીરી પુર્ણ કરવામા આવેલ છે.

- જુનાગઢ ખાતે આવેલ ત્રણ હેરીટેજ ઈમારતો પર કાયમી લાઈટીંગની કામગીરી માટે એજન્સીને વર્કઓર્ડર આપવામા આવેલ છે. તેમજ ધોરડો ખાતે કાયમી ધોરણે લાઈટ એન્ડ સાઉન્ડ શોની કામગીરી માટે એજન્સીને વર્કઓર્ડર આપવાની પ્રકીયા પ્રગતિમાં છે.

સ્વચ્છ ભારત અભિયાન :

- રાજ્ય કક્ષાએ અમલ કરાયેલ સફાઈ અને સ્વચ્છતા અભિયાન અન્વયે ૪૫ સ્થળોના સીમિત વિસ્તારોમાં સફળ અમલ

પ્રસાર - પ્રચાર અને જાગૃત્તિ :

- ગુજરાત રાજ્યની પ્રવાસન પ્રવૃત્તિ રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય પ્રવાસન નકશામાં આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે અસરકારક પ્રચાર પ્રસિધ્ધિ જુદા જુદા માધ્યમો દ્વારા ચાલુ વર્ષે હાથ ધરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, આઉટડોર મીડિયા,સોશિયલ મીડિયા દ્વારા ગુજરાતનાં ડેસ્ટિનેશનો, ઈવેન્ટ, તથા મેળા ઉત્સવોની પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે. જેને કારણે ગુજરાત રાજ્યમાં દિન પ્રતિદિન પ્રવાસીઓનો અભૂતપૂર્વ વધારો થયેલ છે.

સ્કિલ ડેવલપમેન્ટ :

- ટુરીઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે કુશળ માનવશક્તિ રચનાના ભાગરૂપે વર્ષ ૨૦૨૦-૨૧માં અંદાજે ૬૬૧૦ જેટલા

લાભાર્થીઓને કૌશલ્ય વર્ધનની તાલીમ આપવામાં આવી છે તેમજ ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ટુરીસ્ટ ગાઈડ તાલીમ, NSDC અને THSC ના NSQF પ્રમાણિત રોજગાર લક્ષી કોર્સ તથા ટ્રાવેલ, ટુરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે સર્ટિફિકેટ કોર્ષની તાલીમ આપવામાં આવેલ છે.

એવોર્ડ્સ :

વર્ષ ૨૦૨૧-૨૨ માં મળેલ એવોર્ડની યાદી

1. ઈન્ડિયા ટુડે ટુરિઝમ સર્વે એવોર્ડ્સ ૨૦૨૦-૨૧
   - શ્રેષ્ઠ બીચ અને કોસ્ટલ ડેસ્ટિનેશન : શિવરાજપુર બીચ
   - હેરિટેજ કેટેગરી - ધોળાવીરા રનર અપ યુપી વિજેતા
   - શ્રેષ્ઠ વાઈલ્ડલાઈફ ડેસ્ટિનેશન - સાસણ ગીર રનર અપ એવોર્ડ
2. ટ્રાવેલ લેઝર ઈન્ડિયાના બેસ્ટ એવોર્ડ્સ ૨૦૨૦-૨૧
   - શ્રેણી : શ્રેષ્ઠ વન્યજીવન સ્થળ - સાસણ ગીર

મેળા અને ઉત્સવો:

- ચાલુ વર્ષે સફેદ રણ, ધોરડો ખાતે તા.૦૧/૧૨/૨૦૨૧ થી તા.૨૦/૦૨/૨૦૨૨ સુધી પ્રવાસી સુવિધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિવિધ આકર્ષણો, પ્રવૃત્તિઓ તથા સુવિધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સફેદ રણ ખાતે ૩ડી પ્રોજેક્શન મેપિંગ શો, દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો, ફૂડ બઝાર & ક્રાફ્ટ સ્ટોલ, ચિલ્ડ્રન નોલેઝ પાર્ક, એડવેન્ચર એક્ટિવિટી તથા માંડવી ખાતે વોટર & લેન્ડ એડવેન્ચર એક્ટિવિટીનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ધોળાવીરા ખાતે તા.૨૧/૧૨/૨૦૨૧ થી તા.૨૫/૦૨/૨૦૨૨ સુધી ધોળાવીરા ઉત્સવ ઉજવણીમાં ટેન્ટ અકોમોડેશન, ક્રાફ્ટ સ્ટોલ ફૂડ બઝાર તથા એડવેન્ચર એક્ટિવિટી આયોજન કરવામાં આવેલ છે.
- ચાલુ વર્ષે સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ, ગાંધી જયંતિ મહોત્સવ, ગુજરાત ટ્રાવેલ & ટુરિઝમ એક્સેલન્સ એવોર્ડ, નવરાત્રિ મહોત્સવની ઉજવણીમાં ગુજરાતનાં વિવિધ મંદિરો ખાતે મહા આરતી તથા બ્લોગર્સ & ઈન્ફ્લુએન્સર મીટનું આયોજન કરવામાં આવેલ
- દેખો આપના દેશ અંતર્ગત મહાત્મા ગાંધી ગુજરાતની સર્કિટ પર મલ્ટીમીડિયા શો, બર્ડ વોચર્સ કોન્ફરન્સ, પતંગ મહોત્સવ,પોળો સાઈકલ રેસ, ધોળાવીરા ખાતે રન ધ રણ વગેરે જેવા ઉત્સવોનું આયોજન કરવામાં આવનાર છે.
- વર્ષ ૨૦૨૨ -૨૩ દરમ્યાન સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ, તરણેતર ફેર,નવરાત્રિ ફેસ્ટિવલ, બીચ ફેસ્ટિવલ, રણ ઉત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, ટ્રાવેલ& ટુરિઝમ એક્સેલન્સ એવોર્ડ, પોલો સાઈકલ રેસ, ગાંધી જયંતિ, રન ધ રણ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉજવાતા ઉત્સવો કરવાનું આયોજન છે.

નીશ પ્રવાસન

- ગુજરાતમાં સિનેમેટિક ટૂરીઝમને પ્રોત્સાહન મળે તે હેતુ સર EODB (Ease of Doing Business) અંતર્ગત ફિલ્મ શૂટિંગ ની પરવાનગી ઝડપી તથા સરળ બનાવવા ગુજરાત પ્રવાસન નિગમ લિ., Indext B તથા NIC (National Informatics Center, GOI) સાથે મળીને ઑનલાઈન પોર્ટલ કાર્યરત છે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ અંતર્ગત પ્રવાસન ક્ષેત્રે નવી બાબતોનું આયોજન

- પ્રવાસનના વિકાસની હરણફાળને વેગવંતી બનાવવા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૫૫૩.૦૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. રાજ્યના મૂલાકાતે આવતા પ્રવાસીઓનો સરેરાશ ૧૩.૨૦% ના વાર્ષિક ચક્રવૃધ્ધિ દરથી વધારો થઈ રહેલ છે. જે ધ્યાને રાખી ગુણવત્તાસભર સંકલિત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના હેઠળ ચાલુ બાબત પેટે ₹ ૨૪૯.૦૦ કરોડ અને નવી બાબત પેટે ₹ ૩૩.૫૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.
- ભીમરાડ ખાતે ગાંધી સ્મારકનો વિકાસ જિલ્લો: સુરત
- ડુમ્મસ અને હજીરા બીચનો વિકાસ ફેઝ-1 જિલ્લો: સુરત
- ધોળાવીરા અને આસપાસના વિસ્તારમાં વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવી જિલ્લો. કચ્છ

INDEX

- વડનગર ખાતે પ્રેરણા શાળાનો વિકાસ
- મુખ્ય શહેર ની નજીકમાં પિકનિક સ્પોટનો વિકાસ
- PIU/PMU ની સ્થાપના અને રાજ્યભરના મહત્વના પ્રવાસી સ્થળોના O&M હાથ ધરવા
- સ્વામી વિવેકાનંદ પ્રવાસી સર્કિટનો વિકાસ
- ઉમિયા માતાના મંદિર સિદસર ખાતે પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવી. જિ. જામનગર
- દાંડી બીચ અને આસપાસના વિસ્તાર ખાતે વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવી જિલ્લો :નવસારી
- ચાંપાનેર ખાતે વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવી જિલ્લો: પંચમહાલ
- કચ્છ/સાપુતારા ખાતે કારવાં પાર્કનો વિકાસ
- મહિસાગર જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોએ વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવી.
- અમરેલી ખાતે મિતિયાળા ડુંગરની આસપાસ વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવી
- રાણી તળાવ ઈડર ખાતે વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવી જિલ્લો: સાબરકાંઠા
- સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાપુતારા વચ્ચેના વિવિધ પ્રવાસન સ્થળોને સંકલિત કરીને પ્રવાસી સર્કિટનો વિકાસ
- પારડી બીચનો વિકાસ જિલ્લો : વલસાડ
- વિવિધ પ્રવાસન સ્થળો પર TFC/Zone ઓફિસનો વિકાસ
- સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાપુતારા વચ્ચેના વિવિધ પ્રવાસન સ્થળોને સંકલિત કરીને પ્રવાસી સર્કિટનો વિકાસ
- શબરીધામ,અંજનકુંડ, પંપા સરોવર, ગીરા ફોલ અને અન્ય પ્રવાસન સ્થળોનો સમાવેશ કરીને ડાંગ પ્રવાસી સર્કિટનો વિકાસ
- શામળાજી ખાતે વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવી
- અંબાજી થી સાપુતારા વચ્ચે અલગ-અલગ આદિજાતિ સ્થળોએ ઈકો ટુરિઝમ સર્કિટનો વિકાસ

૮. નાગરિક ઉડ્ડયનની કચેરીની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

૧. ગુજરાત રાજ્યમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રનો ઝડપી અને આયોજન બધ્ધ વિકાસ થાય, કચેરીને લગતી વિવિધ કામગીરી જેવી કે મરામત, સંચાલન, જાળવણી, પગાર, સ્ટેશનરી વગેરે ખર્ચને પહોંચી વળવા નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયનની કચેરી માટે વર્ષ- ૨૦૨૨-૨૩માં ₹ ૨૩૦.૦૦ લાખની આયોજન હેઠળ ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. હવાઈ પ્રદર્શન દ્વારા ભવિષ્યમાં રહેલ ઉત્તમ તકો ભાગીદારી સ્વરૂપે ધપાવી શકાય છે. હવાઈ શો ને લગતી પ્રવૃત્તિઓને તેના સભ્યના લાભમાં પ્રોત્સાહિત કરવી, જાળવવી અને ઉત્તેજન આપવું., હવાઈ શો અને તેને લગતા ઈવેન્ટસની સંસ્થાઓને મદદ કરવી. સલામત રીતે એર શો કરવા. વગેરે માટે વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. ઉડ્ડયન ક્ષેત્ર વિષે જાહેર જનતાને જાણકારી થાય અને તેનાથી માહિતગાર થાય તે માટે એડવર્ટાઈઝિંગ એન્ડ પબ્લીકેશન સદરે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા નાગરિક ઉડ્ડયનના વિકાસ માટે રાજ્યમાં ગુજરાત સ્ટેટ એવીએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લી.નામની કંપની સ્થાપેલ છે. જેમાં કચેરીને લગતા વિવિધ મુડી તેમજ મહેસુલી ખર્ચને પહોંચી વળવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૭૩૦.૦૦ લાખની મહેસુલ સદર માટે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. ઉડ્ડયન ક્ષેત્રે આજે દેશમાં અત્યંત ઝડપથી વૃદ્ધિ પામતું ક્ષેત્ર છે. રાજ્યમાં વિદેશી મુડીરોકાણને આકર્ષવાના આયોજન અને પદ્ધતિઓ દ્વારા આ ક્ષેત્રનું વિસ્તૃત પૃથક્કરણ કાર્યાન્વિત કરવાના આશયથી એક એજન્સી નિયુક્ત કરવાની દરખાસ્ત છે. જેમાં ગુજરાતમાં એવીએશન સેઝના વિકાસ અંગેનો શક્યતા અહેવાલ તૈયાર કરવા તેમજ પરામર્શી અભ્યાસને કાર્યાન્વિત કરવા માટે વર્ષ-૨૦૨૨-૨૩માં ₹ ૬૦૦.૦૦ લાખની આયોજન હેઠળ ચાલુ બાબતની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

INDEX

૬. ભારત સરકારશ્રી દ્વારા આરસીએસ પોલીસી બહાર પાડેલ છે. જે અંતર્ગત રાજ્યમાં બંધ પડેલ હવાઈપટ્ટી ચાલુ કરવા તેમજ અવિકસિત હવાઈપટ્ટીને વિકસાવવાનું આયોજન છે તેમજ આરસીએસ એરપોર્ટ ખાતે સિક્યુરીટી સેવા પુરી પાડવા બાબતની જોગવાઇ મળીને વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૪૫૦૦.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૭. રાજ્ય નાગરિક ઉડ્ડયન વિભાગ ગુજરાતના જળાશયો મારફતે હવાઈ જોડાણ પૂરું પાડવા માટે સી પ્લેન ટુર (પાણી ઉપર ચાલતા વિમાન) માટે યોજના બનાવી રહ્યું છે. જેમાં સાબરમતી રીવરફ્રન્ટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે સેવા શરૂ કરવામાં આવેલ તેમજ ઉપરાંત સાપુતારા, દ્વારકા, સોમનાથ, કોટેશ્વર, ધરોઈ ડેમ, માંડવી, વલસાડનો સમાવેશ થાય છે. તેથી, શક્યતા-અભ્યાસ હાથ ધરવા કન્સલટન્ટની નિમણૂંક તેમજ વીજીએફની ચુકવણી કરવા સારૂ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૬૦૦.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૮. વોટર એરોડ્રોમ: RCS-UDAN ૩.૦ અંતર્ગત નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા વોટર બોડીસ (નદી, નહેર) પર વિમાન ઉતરાણની સેવા શરૂ કરવાનું આયોજન છે, જેમાં (૧) સ્ટેચ્યુ ઓફ યુનિટી (૨) શેત્રુંજય ડેમ (૩) સાબરમતી રીવરફ્રન્ટ (અમદાવાદ)જેવા સ્થળો પર ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવાના ખર્ચને પહોંચી વળવા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૫૦૦.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૯. પ્રમોશનલ પ્રવૃત્તિ સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટીની એરિયલ ટુર : પ્રવાસન ક્ષેત્રે સર્વગ્રાહી વિકાસને આગળ ધપાવવા રાજ્ય સરકાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે VGF અંતર્ગત એરિયલ વ્યુ(હવાઈ પ્રવાસ) માટે હેલીકોપ્ટર (સિંગલ એન્જીન) સેવા શરૂ કરવાનું આયોજન કરી રહી છે. VGF અંતર્ગત નિયત કરેલ ઓપરેટર્સ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયલ વ્યુ અને અન્ય પ્રમોશનલ સેવાઓ શરૂ કરવામાં આવશે. નિયત કરેલ ઓપરેટર્સને સીટ શેરીંગના આધારે રાજ્ય સરકાર દ્વારા આ સેવા માટે ટ્રીપ દીઠ સબસીડી આપવામાં આવશે. રાજ્ય સરકારશ્રી ટીકીટના દર નક્કી કરશે, જે સીટ દીઠ ₹ ૧,૫૦૦થી ₹ ૨,૦૦૦ રહેશે. નિયત ઓપરેટર્સની સાથે મળીને અને તેમના પરામર્શથી રાજ્ય સરકાર આ યોજનાનું બ્રાન્ડીંગ કરશે. જેના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૫૭.૫૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૦. પ્રમોશનલ પ્રવૃત્તિ સાથે સોમનાથ, દ્વારકા દર્શન: રાજ્યમાં આવેલા મહત્વના ધાર્મિક સ્થળોની ખુબ ઓછા સમયમાં મુલાકાત લેવા માંગતા સ્થાનિક અને બહારથી આવતા મુસાફરોને હવાઈ સેવા પૂરી પાડવા રાજ્યનું નાગરિક ઉડ્ડયન વિભાગ એક દિવસના ટુર પેકેજનું આયોજન કરી રહ્યું છે. આ માટે રાજ્ય સરકાર ફેઝ-૧(પ્રથમ ચરણ) માં (૧) દ્વારકા (૨) સોમનાથ શહેરોને હવાઈ સેવાથી જોડશે. નિયત ઓપરેટર્સની સાથે મળીને અને તેમના પરામર્શથી રાજ્ય સરકાર આ યોજનાનું બ્રાન્ડીંગ કરશે.

૧૧. મહાનુભાવોના અતિ મહત્વના ઉડ્ડયન પ્રવાસો સમયસર થાય તે હેતુથી ચાર્ટર વિમાન/ હેલિકોપ્ટર મેળવવું પડે છે. આથી વાહનોની ખરીદી અને તેનો નિભાવ સદરે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૨૦૦.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૨. ગુજરાત રાજ્ય તેના ધાર્મિક સ્થળો અને યાત્રાધામ માટે પ્રખ્યાત છે જેને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે ઓનશોર અને ઓફશોર રીજીયોનલ એર કનેકટીવીટીનું આયોજન કરેલ. આથી, આ ખર્ચને પહોંચી વળવા વર્ષ ૨૦૨૨-૨૩માં વી.જી.એફ. સ્કીમ (ઈન્ટ્રા સ્ટેટ તેમજ ઈન્ટરસ્ટેટ)એર કનેક્ટીવીટી, હેલિકોપ્ટર કનેક્ટીવીટી અને એમ્બીફીએન કનેક્ટીવીટી સદરે ₹ ૨૦૦૦.૦૦ લાખના ખર્ચની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૩. ગુજરાત સરકાર એક ર્ડાફીન હેલીકોપ્ટર તથા એક સુપર કિંગ એર-બી-૨૦૦ વિમાન ધરાવે છે. સરકારશ્રીના આ બે એરક્રાફ્ટ તેમજ હેલિકોપ્ટરમાં મહદઅંશે વી.વી.આઈ.પી. અને વી.આઈ.પી.શ્રીઓ હવાઈ મુસાફરી કરતા હોય છે તેથી તેમની સુરક્ષા અને સલામતીને ધ્યાને લેતાં તેને અપગ્રેડેશન રાખવુ અનિવાર્ય છે.આમ, રાજ્ય સરકારના વિમાન તેમજ હેલિકોપ્ટરના સંચાલન, નિભાવ, મરામત અને જાળવણી અંગે વર્ષ-૨૦૨૨-૨૩માં ₹ ૨૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૪. દેશમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં વધુ ઝડપી વિકાસ જોતાં રાજ્ય સરકારે પ્રવાસ, યાત્રાધામ અને ઉદ્યોગોના વિકાસ માટે નવી હવાઈપટ્ટીઓ બનાવવાનું વિચારેલ છે. જેમાં ડીસા હવાઈપટ્ટી, રાજપીપળા હવાઈપટ્ટી, મહત્વના સ્થળોએ કાયમી હેલિપેડના વિકાસ વગેરે બાબતે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં વિમાનવાડા સહિત હવાઈમથક,હવાઈ પટ્ટી અને અન્ય પૂર્વ જરૂરી સવલતોનો વિકાસની ચાલુ બાબત માટે ₹ ૪૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

INDEX

૧૫. મહાનુભાવો ના સફળતા પૂર્વક ઉડાણ અને ઉતરાણ માટે અને તેમની સુરક્ષા તેમજ સલામતી માટે ગુજસેલ કંપની દ્વારા અગ્નિ શામક વાહન અને એમ્બ્યુલન્સની ખરીદ કરવાની આયોજન છે. આમ, સરકારશ્રી હસ્તકની હવાઈપટ્ટી માટે અગ્નિશામક વાહન અને એમ્બ્યુલન્સની ખરીદી માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં ₹ ૯૦.૦૦ લાખની જોગવાઇ તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૧૦૩.૫૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૬. ગુજસેલ કંપની દ્વારા ગુજરાત રાજ્યને ઉડ્ડયન ક્ષેત્રે દુનિયામાં શ્રેષ્ઠતમ માળખુ બનાવવાનું આયોજન છે. તે માટે RCS યોજના હેઠળ તેમજ MoCA, BCAS ની માર્ગદર્શિકા મુજબ અદ્યત્તન સિક્યુરિટીના સાધનો લગાવવા બાબતનું આયોજન છે. આમ, સરકારશ્રી હસ્તકની હવાઈપટ્ટી ખાતે સિક્યુરીટી અને સલામતીના સાધનો લગાવવાના ખર્ચને પહોંચી વળવાવર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૧.૧૫ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૭. સરકારશ્રી દ્વારા રાજકોટ ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટ બનાવવામાં આવી રહેલ છે, જેમાં જમીન સંપાદનને લગતા ખર્ચ તેમજ અન્ય ખર્ચને પહોંચી વળવા માટે વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૧૧૫.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૮. રાજ્ય સરકારે સરકાર હસ્તકની હવાઈપટ્ટીઓ વિકસાવવાનું આયોજન કરેલ છે. ખાનગી માલીકીની જમીન સંપાદન કરવા માટે ખાનગી જમીન માલીકોને ચુકવણું કરવા દ્વારકા તેમજ અંબાજી ખાતે હવાઈપટ્ટી બાંધકામની જરૂરીયાત મુજબની જમીન સંપાદન કરવાની કામગીરી ઝડપથી થઇ શકે તે માટે અત્રેથી GIDC મારફતે ખાનગી જમીન સંપાદન કરવા હેતુ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૨૦૦.૦૦ લાખની ખાનગી જમીન સંપાદન યોજના માટે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૯. અમરેલી ખાતે એરોસ્પોર્ટ પ્રવૃત્તિ વિકસાવવાના ખર્ચને પહોંચી વળવા માટે વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં અમરેલી ખાતે એરોસ્પોર્ટ હબ યોજના માટે ₹ ૮૦.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨૦. નાગરિક ઉડ્ડયન વિભાગ ગુજરાત રાજ્યમાં હાઈટેક એવીએશન પાર્ક બનાવવાનું મજબુત માળખું તૈયાર કરી રહ્યું છે. ગુજસેલ દ્વારા એવીએશન પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આથી આ ખર્ચને પહોંચી વળવા વર્ષ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૫૭.૫૦ લાખની ચાલુ બાબતની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨૧. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭માં ડોફીન એન-૩ હેલિકોપ્ટર ખરીદવામાં આવેલ છે. વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં નવુ હેલિકોપ્ટર ખરીદી માટે ટોકન તરીકે ₹ ૧.૦૦ લાખ ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨૨. હાલમાં ગુજરાત રાજ્યમાં ઉડ્ડયન સંબંધી અભ્યાસક્રમો ચલાવતી કોઈ સરકારી સંસ્થા નથી. ભવિષ્યની જરૂરીયાતો માટે ખાસ કરીને પીપીપી મોડ પર ઉડ્ડયન અભ્યાસક્રમો, જેમાં સરકારી સંસ્થાઓ માટે સ્થાપિત કરવામાં આવશે. આમ, એવીએશન ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ હેતુ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨૩. હેલિકોપ્ટર તેની વૈવિધ્યતાને લીધે વિશ્વભરમાં કાયદાના અમલીકરણ માટે તેનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવ્યો છે. જેનાથી કાયદાકીય અમલીકરણ એજન્સીને ખૂબ જ મહત્વની જાણકારી મેળવવા અને હુલ્લડ ફાટી નીકળવા સામે ઝડપી પ્રતિભાવ આપવામાં લાભદાયી છે અને બદલામાં નાગરિકોને સલામતી પૂરી પાડે છે. પોલીસીંગ પ્રવૃત્તિઓ માટે હેલિકોપ્ટરનો ખાસ ઉપયોગ કરવામાં આવશે.સલામતીના દ્રષ્ટિકોણથી એક એન્જિનને બદલે બે એન્જિનવાળા હેલિકોપ્ટરને ખરીદવાની દરખાસ્ત કરવામાં આવે છે. એરબોર્ન કાયદાકીય અમલીકરણ યોજનાના ખર્ચને પહોંચી વળવા વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૧૦૦.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨૪. ગંભીર રીતે બીમાર દર્દીઓથી માંડીને આગમાં દાઝેલા અથવા કુદરતી આપત્તિઓના ભોગ બનેલા અને માનસિક આઘાતના દર્દીઓ માટે, હવાઈ એમ્બ્યુલેન્સ આ લોકોની સહાય કરવા રાજ્યમાં હવાઈ એમ્બ્યુલન્સ સેવાઓ શરૂ કરવા માટે હેલિકોપ્ટર મેળવવા એર એમ્બ્યુલન્સ યોજના માટે વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૧૧૫.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨૫. રીજીયોનલ કનેક્ટીવીટી સ્કીમ (RCS) અંતર્ગત સંશાધનોની ખરીદી : રાજ્ય સરકાર અને ભારત સરકાર તથા એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા વચ્ચે આર.સી.એસ. (ઉડાન) અંતર્ગત થયેલ કરારની જોગવાઈઓ અન્વયે

RCS એરપોર્ટ ખાતે રોજબરોજના કામકાજ અને ફ્લાઈટ સંચાલન માટે (૧) એકસ રે મશીન(X Ray) (૨) DFMD, HHMD, CCTV કેમેરાઅ (૩) વાયરલેસ ટ્રાન્સમીશન સીસ્ટમ(વોકી-ટોકી) (૪) ETD-EDS મશીન (૫) એમ્બ્યુલન્સ (૬) અગ્નિશામક સાધનો (૭) અન્ય પરચુરણ કામ: ફર્નીચર, કોમ્પ્યુટર, પ્રિન્ટર અને અન્ય સાધનો જેવા સાધનોની ખરીદી કરવાની થાય છે. આ ખર્ચને પહોંચી વળવા વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૨૦૦.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨૬. ગુજરાતમાં હેલિપોર્ટનો વિકાસ : હેલિપોર્ટ/હેલિડ્રોમ એ સુવિધા છે જે હેલિકોપ્ટર અને કેટલાક અન્ય વર્ટિકલ લિફ્ટ પ્લેટફોર્મને ઉપયોગ માટે યોગ્ય છે. દૂરના વિસ્તારો, શહેરની અંદર અવરજવર, પર્યટન, કાયદો અમલીકરણ, આપત્તિ સહાય, શોધ તેમજ બચાવ અને મેડીકલ ઈમરજન્સીમાં તાત્કાલિક હવાઈ જોડાણ પુરુ પાડવા માટે હેલિકોપ્ટર મુખ્ય ભૂમિકા નિભાવે છે.આથી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં, હેલીપોર્ટ સેવાઓનાં સંચાલન માટે મહેસૂલ ખર્ચ તરીકે ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઈતેમજ મૂડી ખર્ચ તરીકેની ₹ ૨૦૦.૦૦૦ લાખની ટોકન રકમની જોગવાઈ મળી કુલ ₹ ૩૦૦.૦૦ લાખ (રૂપિયા ત્રણ કરોડ પુરા)ની ગુજરાતમાં હેલિપોર્ટ્સના વિકાસ માટેની નવી બાબતની જોગવાઈ કરેલ છે. તેમજ વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૩૧૫.૦૦ લાખની ચાલુ બાબતે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, નાગરિક ઉડ્ડયન કચેરી માટે વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ચાલુ બાબત માટે કુલ ₹ ૧૬૯૫૫.૬૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

→ નવી બાબતો-૨૦૨૨-૨૩

૧. સી-પ્લેન માટે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પોર્ટ એન્ડ શીપીંગ તેમજ અન્ય સાથે એસપીવી (SPV) ની રચનાદેશમાં વોટર એરોડ્રોમનું એક યોગ્ય માળખુ ઉભુ થાય અને સી-પ્લેન સેવાઓ સુનિશ્ચિત રીતે ચાલુ રહે તે માટે ભારત સરકાર અને ગુજસેલ સાથે નવી એસ.પી.વી.ની રચના કરવાની દરખાસ્ત છે.આ માટે મુડી ફાળા પેટે સી-પ્લેન લીઝથી ચલાવવા તેમજ અન્ય બાબતો માટે ₹ ૧૩૦૦ લાખની નવી બાબતની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. નવુ એરપોર્ટ વિકસાવવા તેમજ હવાઈપટ્ટીની મરામત, સંચાલન અને જાળવણી

દ્વારકા જિ. દેવભૂમિ દ્વારકા ખાતે દર્શનાર્થીઓને સીધી હવાઈસેવા મળી રહે તે માટે દ્વારકા ખાતે નવુ એરપોર્ટ પી.પી. ધોરણે વિકસાવવાની સૂચિત જોગવાઈ છે. જે માટે નાણાંકીય વર્ષ-૨૦૨૨-૨૩માં ₹ ૩૦૦ લાખની મુડી સદરે અને હયાત એરપોર્ટ અને સૂચિત નવા એરપોર્ટના મરામત, સંચાલન અને જાળવણી માટે ₹ ૨૦૦ લાખની મહેસુલી સદરે મળી કુલ ₹ ૫૦૦ લાખની નવી બાબતની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. ગુજસેલ માટે નવુ મહેકમ મંજુર કરવા બાબત

નાગરિક ઉડ્ડયન વિભાગ હેઠળ નિયામક, નાગરિક ઉડ્ડયન અને કંપની ધારા ૧૯૫૬ હેઠળ રચાયેલ ગુજરાત સ્ટેટ એવીએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કં. લી. (ગુજસેલ) કાર્યરત છે. વિભાગની જરૂરીયાત મુજબ વિવિધ તબક્કે સરકારશ્રી દ્વારા વિવિધ જગ્યાઓની કોન્ટ્રાકટ કે આઉટસોર્સ ઉપર ભરતી કરવા મંજુરી આપેલ છે. નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે નીતિઓના અમલ, વિકાસની કામગીરી, માળખાકીય સુવિધાઓનો વિકાસને ધ્યાનમાં લેતાં નિયમિત મહેકમ પણ જરૂરી છે. જેથી નિયમિત મહેકમ માટે વિવિધ સંવર્ગ હેઠળ ખાલી જગ્યાની મંજુરીઓ માટે નવી બાબત તરીકે ₹ ૧૨.૦૦ લાખની નવી બાબતની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. આંતરરાષ્ટ્રીય પેરીશેબલ કાર્ગો માટે કોલ્ડ સ્ટોરેજ

કાર્ગો કોમ્પ્લેક્સ પેરીશેબલ કાર્ગો/તબીબી સાધનો/અને કુદરતી આફતો દરમિયાન પણ કાર્ગો સુવિધાઓ માટે ઉપયોગ થઇ શકશે. કાર્ગો ટર્મિનલ કાર્ગો સ્ટોર કરવા માટે વ્યૂહાત્મક ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડશે અને ઝડપી, આર્થિક પરિવહન માટે કનેક્ટિવિટી પણ પૂરી પાડશે જેનો ખેડૂતોને પણ ફાયદો થઈ શકે છે. જેના માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ₹ ૧૦૦ લાખની નવી બાબતની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. ગુજસેલ માટે વડોદરા, રાજકોટ અને સુરત ખાતે ઝોનલ ઓફિસ

રાજ્યમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે અંકલેશ્વર, રાજપીપળા, મોરબી, પાલિતાણા ખાતે નવી એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી હાથ ઉપર છે, અને મહેસાણા, અમરેલી અને માંડવી ખાતે આ ત્રણ એરસ્ટ્રીપ તેમજ સાબરમતી રીવરફ્રન્ટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે બે વોટર એરોડ્રોમ કાર્યરત છે. રાજ્યમાં હેલિપોર્ટ વિકસાવવાની કામગીરી ચાલી રહેલ છે. દરેક તાલુકામાં એક એક હેલિપેડ તૈયાર કરવાની કામગીરી હાથ ઉપર છે. આ ઉપરાંત ઉડ્ડયન ક્ષેત્રે

INDEX

તાલીમી કાર્યક્રમો વિવિધ એરશોનું આયોજન કરવામાં આવે છે.નાગરિકોને હવાઇ ઉડ્ડયન માટે વધુ સારી કનેકટીવીટી મળે તે માટે આર.સી.એસ. તેમજ સ્ટેટ વીજીએફ હેઠળ અનેક રૂટ કાર્યરત છે. રાજ્યમાં આવેલ નવ એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયાના એરપોર્ટ ઉપર વિવિધ સંકલનની કામગીરી રહે છે. આ બધી કામગીરી જોતાં ત્રણ ઝોન કક્ષાએ એક એક કચેરી કાર્યરત કરવા માટે વર્ષ-૨૦૨૨-૨૩માં ₹ ૧૦૦ લાખની નવી બાબતની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૬. રાજ્યના તાલુકાઓ ખાતે હેલિપેડ બનાવવા બાબત.

રાજ્યમાં કુલ ૨૫૨ તાલુકા આવેલ છે. જે પૈકી કુલ ૧૧૪ તાલુકામાં ટેમ્પરરી હેલિપેડ આવેલ છે. જે મુજબ બાકી રહેતા કુલ ૧૩૮ તાલુકામાં હેલિપેડ વિકસાવવાના થાય છે. તેથી રાજ્યમાં જે તાલુકામાં હેલિપેડ ઉપલબ્ધ ન હોઇ, ત્યાં પ્રથમ તબક્કામાં પ્રથમ વર્ષે કુલ ૪૬ તાલુકામાં પ્રાથમિક સુવિધા સાથે હેલિપેડ વિકસાવવાનું આયોજન છે. જે માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત કરેલ છે.

આમ, નિયામક, નાગરિક ઉડ્ડયન માટે વર્ષ-૨૦૨૨-૨૩ના બજેટમાં કુલ ₹ ૨૪૦૦.૦૦ લાખ નવી બાબતની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, નાગરિક ઉડ્ડયન કચેરી માટે વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ચાલુ બાબત માટે કુલ ₹ ૧૬૯૫૫.૬૫ લાખ તેમજ નવી બાબત માટે ₹ ૨૧૧૨.૦૦ લાખની જોગવાઇ મળીને કુલ ૧૯૦૬૭.૬૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૯. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ કચેરીની પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

પ્રસ્તાવના

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર વર્ષ-૧૯૯૫ થી અસ્તિત્વમાં આવેલ છે અને વર્ષ-૧૯૯૮ થી કાર્યરત થયેલ છે. ગુજરાત રાજ્યમાં આવેલ સરકાર હસ્તકના મુખ્ય છ યાત્રાધામો સોમનાથ, દ્વારકા, ગીરનાર, અંબાજી, પાલીતાણા અને ડાકોર ઉપરાંત સરકારશ્રી હસ્તકના આશરે ૩૫૮ દેવસ્થાનો, ખાનગી ટ્રસ્ટ હેઠળના મંદિરો/યાત્રાધામોના સર્વાંગી વિકાસની કામગીરી બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવે છે.

યાત્રાધામોનો આંતર માળખાકીય વિકાસ

આ કામગીરી માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ૫૩.૩૦ કરોડની જોગવાઇ કરેલ છે. આ યોજના હેઠળ સરકાર હસ્તકના મુખ્ય છ યાત્રાધામો તેમજ આશરે ૩૫૮ દેવસ્થાનો, ખાનગી દેવસ્થાન તેમજ અગત્યના યાત્રાધામો જેવાં કે, ચાણોદ-કરનાળી ખાતે ઘાટ તેમજ વિકાસના કામો (₹ ૫૩.૦૦ કરોડ), બેટ દ્વારકા ખાતે વિકાસ કામ (ફેઝ-૧ ₹ ૫.૦૦ કરોડ), શ્રી યવતેશ્વર મહાદેવ મંદિર, કડી (₹ ૩.૬૧ કરોડ), સિદ્ધવડ, પાલીતાણા (₹ ૨.૩૫ કરોડ), શ્રી લોટેશ્વર મહાદેવ મંદિર, શંખેશ્વર,પાટણ (₹ ૧.૯૮ કરોડ), શ્રી વચ્છરાજદાદા મંદિર, મુ.વચ્છરાજબેટ, જિ.સુરેન્દ્રનગરના ફેઇઝ-૨ (₹ ૩.૦૧ કરોડ), શ્રી શબરીધામ મંદિર, મુ. તા.સુબીર, જિ.ડાંગ (₹ ૪.૯૯ કરોડ), શ્રી તિલકેશ્વર મહાદેવ મંદિર, મુ.તિલકવાડા, જિ.નર્મદા (₹ ૦.૪૮ કરોડ), શ્રી મણીનાગેશ્વર મહાદેવ મંદિર, મુ.તિલકવાડા, જિ.નર્મદા (₹૧.૩૧ કરોડ), મહાપ્રભુજીની બેઠક (₹ ૨.૦૦ કરોડ), નારાયણ સરોવર(કચ્છ), ગિરનાર અંબાજી ટૂક પાથ-વે અને અન્ય સુવિધાના કામો (₹ ૩.૬૦ કરોડ), શ્રી કાલીકા માતાજી મંદિર, પાવાગઢ (₹ ૧૨૧.૦૦ કરોડ), શ્રી રૂવાપરી માતાજી મંદિર, ભાવનગર (₹ ૨.૦૦ કરોડ)ખાતે યાત્રાળુઓ માટે આંતરમાળખાકીય સુવિધાઓ/સગવડો માટેના કામો હાથ પર લેવામાં આવેલ છે. તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં આશરે ૨૬.૨૪ કરોડ ખર્ચ થયેલ છે.

આ યોજના હેઠળ મહત્વના યાત્રાધામોનાં આંતરમાળખાકીય કામો હાથ ધરવાના છે જેવા કે,શ્રી વચ્છરાજદાદા મંદિર, સુરેન્દ્રનગર(ફેઝ-૨ ₹ ૨.૫૧ કરોડ), શ્રી ત્રંબકેશ્વર મહાદેવ મંદિર, ત્રંબા, રાજકોટનો (ફેઝ-૨ ₹ ૨.૫૨ કરોડ), શ્રી મહાકાળી મંદિર, પાટણ (₹ ૧૦.૦૦ કરોડ), શ્રી હાટકેશ્વર મંદિર, વડનગર, મહેસાણા (₹ ૪.૦૦ કરોડ), શ્રી ગોપાલજી મંદિર ધીણોજ, જિ.પાટણ(₹ ૧.૩૯ કરોડ) ખાતેના વિકાસ કામોની વર્ષ ૨૦૨૧-૨૨માં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની થાય છે. વર્ષ ૨૦૨૧-૨૨ અન્ય યાત્રાધામો ખાતે વિકાસનાં કામોના ટેન્ડર્સ પ્રસિધ્ધ કરવાનાં છે, શ્રી હરસિદ્ધિ માતાજી મંદિર, રાજપીપળા (₹ ૧.૧૦ કરોડ), ઉનાઇ માતાજી મંદિર, જિ. નવસારી (₹ ૧.૦૫ કરોડ), અનાવલ મહુવા, સુરત ખાતે કાવેરો/કાવેરી ઘાટ અને અન્ય વિકાસના કામો (₹ ૧૦.૦૦ કરોડ)શ્રી ઠાકોરજી મંદિર, મુ. બોરીયા, તા. મહુવા, સુરત(₹ ૧.૦૩ કરોડ), કેવડીયા અને તેની આસપાસના સરકારશ્રી હસ્તક યાત્રાધામો (શ્રી રણછોડરાયજી, નિલકંઠેશ્વર, વૈધનાથ, સપ્તમાતૃકા મંદિર) (₹ ૪.૩૨ કરોડ), શ્રીગંગેશ્વર, જબરેશ્વર અને ભવનાથ મહાદેવ, છોટાઉદેપુર (₹ ૨.૯૮ કરોડ) ના આદિવાસી વિસ્તારના કામોનો સમાવેસ થાય છે. તદઉપરાંત અન્ય સરકારી દેવસ્થાનો જેવાકે શ્રી જાળેશ્વર મહાદેવ મંદિર મુ.તા.સિધ્ધપુર, જિ.પાટણ (₹ ૩.૫૧ કરોડ), શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર, મુ.તા.સિધ્ધપુર, જિ.પાટણ(₹ ૧.૭૪ કરોડ), શ્રી નરનારાયણેશ્વર મહાદેવ મંદિર, મુ.દરિયાપુરા, તા.શિનોર, જિ.વડોદરા (₹ ૦.૮૦ કરોડ),શ્રી ભીમનાથ મહાદેવ મંદિર, મુ.અકોટા, જિ.વડોદરા (₹ ૧.૧૮ કરોડ),શ્રી ભીમનાથ

INDEX

મહાદેવ મંદિર, મુ.અકોટા, જિ.વડોદરા (₹૧.૦૦ કરોડ)ના કામોની વહિવટી મંજુરી તેમજ ટેન્ડર પ્રકીયા વર્ષ ૨૦૨૧-૨૨માં શરુ કરવાની થાય છે. વધુમા અન્ય ખાનગી દેવસ્થાનો જેવાકે શ્રી દુધેશ્વર મહાદેવ મંદિર, અડીયા,તા.હારીજ, જિ.પાટણ(₹ ૪.૦૭ કરોડ),શ્રી કટારીયા તીર્થ,મુ.રાપર, તા.ભચાઉ,જિ.કચ્છ (₹ ૪.૨૨ કરોડ),શ્રી શ્વેતાંબર જૈન તપગચ્છ સંઘ, મુ.વાંકાનેર, જિ.મોરબી (₹૦.૭૨ કરોડ),શ્રી શેખવાહાપીર દાદા મંદિર, મુ.લીમલી, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર (₹ ૧.૨૦ કરોડ), બી.એ.પી. એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.તા.ગોધરા, જિ.પંચમહાલ (₹ ૨.૮૩ કરોડ),શ્રી સુરજદેવળ મંદિર, મુ.દેવસર, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર (₹ ૩.૦૫ કરોડ), શ્રી કંથળનાથજી મંદિર, મુ.કંથકોટ, જી.કચ્છ (₹ ૭.૯૦ કરોડ), શ્રી ત્રિકમરાયજી મંદિર, મુ.ડાકોર, તા.જિ.ખેડા-નડીયાદ (₹ ૨.૦૪ કરોડ), શ્રી મહાકાળી માતાજી મંદિર, મુ.અંબોડ, તા.માણસા, જિ.ગાંધીનગર (₹૩.૩૮ કરોડ), શ્રી વડવાળા મંદિર, મુ.દુધરેજ, જિ.સુરેન્દ્રનગર (₹ ૭.૦૦ કરોડ)ના કામોની પણ વહિવટી મંજુરી તેમજ ટેન્ડર પ્રકીયા ચાલુ વર્ષમાં શરૂ થનાર છે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં નવી બાબત તરીકે કુલ ૬ કામોની વહિવટી મંજુરી મળેલ છે. અંબાજી (બનાસકાંઠા) ખાતે માસ્ટર પ્લાનીંગ કરવાના કામ માટે ₹ ૫.૦૦ કરોડની વહિવટી મંજુરી મળેલ છે આ કામના કન્સલ્ટન્ટની નિમણૂંક માટેનુ ટેન્ડર બહાર પાડેલ છે. માતાનો મઢ, જિ.કચ્છના માસ્ટર પ્લાનીંગ માટે ₹ ૨૫.૦૦ કરોડની વહિવટી મંજુરી મળેલ છે આ કામના અંદાજોની ચકાસણી પ્રગતિમાં છે. નારાયણ સરોવર,કચ્છ ખાતેના યાત્રાધામોનું સર્કિટ પ્લાનીંગ માટે ₹ ૩૦.૦૦ કરોડની વહિવટી મંજુરી મળેલ છે આ કામના કન્સલ્ટન્ટની નિમણૂંક માટેની પ્રક્રિયા પ્રગતિમાં છે. પાવાગઢ (પંચમહાલ) ખાતે માંચી ચોકનો સર્વગ્રાહી વિકાસ કરવા ₹ ૫.૦૦ કરોડની વહિવટી મંજુરી મળેલ છે આ કામની વિગતવારવહીવટી મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતીમાં છે શ્રી બહુચરાજી માતાજી મંદિર મું. બેચરાજીના પરિસરના સર્વગ્રાહી વિકાસ માટે ₹ ૫.૦૦ કરોડની વહિવટી મંજુરી મળેલ છે આ કામના કન્સલ્ટન્ટની નિમણૂંક માટેની કાર્યવાહી પ્રગતીમાં છે.

ગુરૂગાદી વિકાસ (ખાસ અંગભુત યોજના)

અનુસૂચિત જાતિમાં થઇ ગયેલ સંતશિરોમણીની વિવિધ ગુરૂગાદીનાં સ્થળોએ નવીનીકરણ, પુનઃ વિકાસ અને આંતર માળખાકીય સુવિધાનાં વિવિધ કામો સરકારશ્રીનાં નિયમોનુસાર હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૮.૦૫ કરોડની જોગવાઇ થયેલ છે. અમુક કિસ્સામાં સરકારશ્રીની મંજુરી બાદ ૧૦૦ ટકા સરકારી સહાયથી પણ આ પ્રકારનાં કામો કરવામાં આવે છે. વીરમેઘમાયા સ્મારક પાટણ (ફેઝ-૧) ખાતે વિકાસ કામગીરી શરૂ કરેલ છે. બેચરસ્વામી આશ્રમ (રાવતરામજી મંદિર), સિધ્ધપુર ખાતે ૩.૦૦ કરોડની અંદાજીત રકમથી વિકાસ કામો પુર્ણ કરવામાં આવેલ છે. વીરમેઘમાયા સ્મારક પાટણ (ફેઝ-૨)ની કામગીરી અંદાજીત ₹ ૪.૩૫ કરોડના ખર્ચથી હાથ ધરવા ચાલુ વર્ષમાં ટેન્ડર પ્રકીયા કરવાની થાય છે. આયોજન થયેલ છે. પાટણ જિલ્લાના મુજપુર ખાતે ત્રિકમ સાહેબની જગ્યાના વિકાસ માટે ₹ ૯૯.૩૫ લાખની કામગીરી શરૂ કરાયેલ છે. તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં ₹ ૧૫૬.૬૨ લાખનો ખર્ચ થયેલ છે. આ યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૮૬૯.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

તદ્‌પરાંત અનુસુચિત જાતીના આસ્થાના અન્ય દેવસ્થાનો જેવા કે શ્રી જોધલપીર મંદિર મુ.કેશરડી, તા.બાવળા, જિ.અમદાવાદ (₹ ૧૦ કરોડ), શ્રી રાવત રામજી મંદિર, સિધ્ધપુર, પાટણ (ફેઝ-૨) (₹ ૧.૭૦ કરોડ), શ્રી બાલક સાહેબની જગ્યા, મુ.તા.સમી, જિ.પાટણ (₹ ૧.૧૪ કરોડ)ની વહિવટી મંજુરી તેમજ ટેન્ડર પ્રક્રિયા પણ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં શરુ કરવાની થાય છે.

નર્મદા પરિક્રમા

નર્મદા નદીના ઉદગમ સ્થાન અમર કંટકથી ભરૂચ સુધીની નર્મદા પરિક્રમાની પરંપરા વર્ષો જુની છે. જેમાં પરિક્રમા કરતા યાત્રાળુઓની સુવિધાઓ જેવી કે રાત્રિ રોકાણ માટે ધર્મશાળા પીવાના પાણીની સગવડ શૌચાલયો તથા પરિક્રમા રૂટ પર આવતા મંદિરોના વિકાસ કામ માટે આયોજન કરેલ છે. નર્મદા પરિક્રમા પથ પર આવતા દેવસ્થાનો, મંદિરો તથા કોમ્પ્રિહેન્સીવ સરવેની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં આ યોજના માટે ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. આ સર્વે મુજબ કુલ ૯૮ (૪૮ ઉત્તર તટના અને ૪૮ દક્ષિણ તટના) દેવસ્થાનોમાં પાયાની સગવડો ઉભી કરવાની થાય છે.

નર્મદા પરિક્રમા પથ પર આવેલ ૫ દેવસ્થાનો શ્રી મઢી દેવસ્થાન મુ.તા.ઝઘડીયા જિ.ભરૂચ (₹ ૦.૭૭ કરોડ), શ્રી સિધ્ધટેકરી રામકુંડ આશ્રમ (રામકુંડ), તા.અંકલેશ્વર જિ.ભરૂચ (₹ ૧.૯૮ કરોડ), બલબલા કુંડ આશ્રમ, તા.અંકલેશ્વર જિ.ભરૂચ (₹ ૧.૨૯ કરોડ), કલકલેશ્વર તીર્થ મુ.કરાડ તા.ઝઘડીયા, જિ.ભરૂચ (₹ ૦.૪૨ કરોડ), તાપેશ્વર તીર્થ મુ.તરસાલી તા.ઝઘડીયા જિ.ભરૂચ (₹ ૦.૬૧ કરોડ) માં વિકાસની કામગીરી માટે વહિવટી મંજુરી તેમજ ટેન્ડર પ્રક્રિયા પણ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં શરુ કરવાની થાય છે.

INDEX

ઘાટ કુંડનો વિકાસ

ગુજરાતના યાત્રાધામોમાં આવેલ પૌરાણિક પવિત્ર ઘાટ, કુંડ, તળાવ, તથા જળાશયોની સાફ સફાઈ અને પાણીનું સુધ્ધીકરણના કામો માટે ૨૫૦૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. જે પૈકી પાટણ જિલ્લાના બિંદુસરોવર ખાતે ₹ ૧૪.૦૦ લાખના અંદાજિત ખર્ચે કામગીરી શરૂ કરેલ છે. ગીર સોમનાથ જિલ્લાના કુંડ તેમજ પાટણ, મહેસાણા જિલ્લાના કુંડ, તળાવ ખાતે આવશ્યકતા હાથ ધરેલ, આર્કીટિકટની નિમણૂંક, વિસ્તૃત અંદાજો, નકશા અને ટેન્ડર પ્રક્રિયાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. માનસરોવર કુંડ, અંબાજી, જિ.બનાસકાંઠા (₹ ૧.૮૫ કરોડ)ની કામગીરી માટે ટેન્ડર પ્રકીયા શરુ કરેલ છે.

ગુજરાત રાજ્યના મહત્વના મંદિરોની 3D મેપિંગ

ગુજરાત રાજ્યમાં ઘણાં ઐતિહાસિક અને બાંધકામની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનુ ગણી શકાય તેવા અતિ વિશિષ્ટ એવા મંદિરોના વારસા અને બાંધકામને તેની મુળ સ્થિતિમાં જાળવણી અને સંરક્ષણ તથા હાઈટેકનોલોજી દ્વારા પ્રચાર અને પ્રસાર કરવું ખૂબ જ જરૂરી છે. જેના માટે યાત્રાધામોમાં 3D LiDAR Scanning Mapping સીસ્ટમનો ઉપયોગ કરી યાત્રાધામોના 3D મોડેલ, વોક થ્રુ, ફલાય થ્રુ, તેમજ વર્ચ્યુઅલ રીયાલીટી સીસ્ટમ બનાવવાની કામગીરીનો સમાવેશ થાય છે. આ ટેકનોલોજીથી મંદિરોની મુળ સ્થિતિમાં જાળવણી તથા સંરક્ષણ થઈ શક છે. આ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. સોમનાથ મંદિર અને પરિસરનું 3D લિડાર સ્કેનિંગ વર્ક (₹ ૪.૮૮ કરોડ)ની કામગીરી વર્ષ ૨૦૨૧-૨૨માં શરૂ કરેલ છે જે ૩૦% સુધી પુર્ણ થયેલ છે.

આઈ.ટી. એનેબલમેન્ટ ઓફ ઈમ્પોર્ટન્ટ ટેમ્પલ/યાત્રાધામ

ગુજરાતના મુખ્ય ૬ મુખ્ય યાત્રાધામો તેમજ અન્ય ૨૫ અગત્યના યાત્રાધામો ખાતે ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી વિવિધ સુવિધાઓ જેવી કે ઈ-આરતી, લાઈવ દર્શન, મંદિરના દર્શનનો સમય, તેમજ આજુ-બાજુના અગત્યના સ્થળોને લગતી માહિતી તેમજ યાત્રાળુઓને દેવસ્થાનોને લગતી માહિતી સરળતાથી મળી શકે તે માટે અંદાજીત ₹ ૨૫.૦૦ કરોડનો ખર્ચ થનાર છે. અંબાજી, દ્વારકા, બહુચરાજી, શામળાજી, સોમનાથ, પાવાગઢ ખાતે લાઈવ આરતી દર્શન માટે LED સ્ક્રીન અને પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમની સુવિધા સાથેની કામગીરી માટેની ટેન્ડર પ્રક્રિયા ત્રીજા પ્રયત્ને હાથ ધરવાની થાય છે. આ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૦.૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

કૈલાસ માનસરોવર યાત્રા

રાજ્ય સરકારની નીતિ અને વખતોવખત બહાર પાડવામાં આવતા ઠરાવો અનુસાર કૈલાશ માનસરોવર યાત્રા માટે ભારત સરકારશ્રીના વિદેશ મંત્રાલય દ્વારા પસંદગી પામેલ અને આ યાત્રા પુર્ણ કરનાર યાત્રિકોને બોર્ડ દ્વારા હાલમાં આર્થિક સહાય પેટે ₹ ૨૩,૦૦૦/- પ્રોત્સાહક રોકડ સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૦૪ થી અત્યાર સુધીમાં કુલ ૨૧૫૮ જેટલા યાત્રિઓને આશરે રૂપિયા ૪૯૬.૦૨ લાખની પ્રોત્સાહક સહાય ચુકવવામાં આવેલ છે. ચાલુ સાલે કોઈ ચૂકવણી કરવામાં આવેલ નથી.આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં ₹ ૨૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

શ્રવણ તીર્થ દર્શન યોજના

ગુજરાત રાજ્યના વરિષ્ઠ નાગરિકો (સિનીયર સિટીઝન) ગુજરાતમાં આવેલા યાત્રાધામોના દર્શન સરળતાથી કરી શકે તે અર્થે ગુજરાત સરકારે "શ્રવણ તીર્થ દર્શન યોજના" ગુજરાતના સ્થાપના દિન તા.૦૧/૦૫/૨૦૧૭ થી અમલમાં મુકેલ છે. ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ગુજરાતના વતની ગુજરાતમાં આવેલા ધાર્મિક સ્થળોનો પ્રવાસ કરવા ઓછામાં ઓછા ૩૦ વરિષ્ઠ નાગરિકોનું ગ્રુપ બનાવીને પ્રવાસ કરે તો એસ.ટી. ની નોન એ.સી. સુપર બસ અથવા મીની બસના ભાડાની ૫૦% રકમ અથવા ખાનગી બસ ભાડાના ૫૦% રકમ એ બેમાંથી જે ઓછી રકમ હોય તે રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૧૭૯૨ બસો મારફતે ૮૯,૫૬૩ યાત્રાળુઓ દ્વારા આ યોજનાનો લાભ લીધેલ છે. આ યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

સિંધુ દર્શન યોજના

રાજ્યના યાત્રિકો માટેની “સિંધુ દર્શન યોજના” જુન-૨૦૧૭ થી અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં જમ્મુ-કાશ્મીર રાજ્યના લેહ લદ્દાખ ખાતે જૂન માસમાં સિંધુ નદીના દર્શન માટેની સિંધુ દર્શન યાત્રા કરનાર ગુજરાતમાં રહેતા નાગરીક/ યાત્રિકોને હાલમાં ₹ ૧૫,૦૦૦/-ની આર્થિક સહાય મંજુર કરવામાં આવે છે. આ યોજના અન્વયે અત્યાર સુધીમાં કુલ ૭૫૧ યાત્રિકોને તરીકે ₹ ૧૧૨.૬૫ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૧ માં તા.૩૦/૧૧/૨૦૨૧ સુધી આ યાત્રા કરનાર યાત્રીકોની ૯૩ જેટલી સહાય મેળવવા અંગેની અરજીઓ આવેલ છે જેની સ્કુટીની કરી ચૂકવણું કરવાની કાર્યવાહી

ચાલુમાં છે. આ યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૩૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

રાજ્યના યાત્રાધામો ખાતે ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન આઠ યાત્રાધામ (૧) અંબાજી (૨) દ્વારકા (૩) સોમનાથ (૪) જુનાગઢ-ગીરનાર (૫) ડાકોર (૬) શામળાજી (૭) પાલીતાણા (૮) પાવાગઢ ખાતે ખાનગી એજન્સીઓ મારફત ઉચ્ચકક્ષાની સ્વચ્છતા માટે રૂપિયા ૧૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આઠ યાત્રાધામો ખાતે સ્વચ્છતાની કામગીરી એપ્રિલ-૨૦૧૭ થી શરૂ કરેલ છે અને તા.૦૧/૦૫/૨૦૨૦ થી નવી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી આઠ યાત્રાધામો ખાતે આઠ જુદી જુદી એજન્સીઓને સ્વચ્છતાની કામગીરી સોંપેલ જેની મુદત તા.૩૧/૦૩/૨૨ સુધી લંબાવવામાં આવેલ છે. છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૧૦.૯૩ લાખ ચો.મી. વિસ્તારને ઉચ્ચકક્ષાની સ્વચ્છતા હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને માહે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૮.૭૧ કરોડનો ખર્ચ થયેલ છે. વધુમાં, સોમનાથ અને જુનાગઢ ખાતે નવા વિસ્તારો ઉમેરવા બાબત વિચારણા હેઠળ છે. આ યોજના અન્વયે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૭.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

ફાયર અને સેફટી

રાજ્યના મહત્વના સરકારી મંદિરો ખાતે યાત્રાળુઓ તથા માલ-મિલકતને આગ-અકસ્માતથી રક્ષણ આપવા અને આગને કાબુમાં લેવા અગ્નિશામક સાધનો પુરા પાડવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ ના બજેટમાં ₹ ૨૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. મહત્વના સરકાર હસ્તકના યાત્રાધામોની અગ્નિશામકો જરૂરીયાતોની અભ્યાસ કરીને પુરા પાડવામાં આવશે. આજદિન સુધી કોઇ મંદિરની રજૂઆત મળેલ ન હોઇ ખર્ચ થયેલ નથી.

પીવાના પાણી અને સેનીટેશનની વ્યવસ્થા

પવિત્ર યાત્રાધામોમાં આવતાં યાત્રિકોને સ્વચ્છ પીવાનું પાણી અને સારી સેનીટેશનની વ્યવસ્થા મળી રહે તે માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. અંબાજી, દ્વારકા, સોમનાથ અને શામળાજીમાં અદ્યતન પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવા આયોજન થયેલ તે પૈકી સોમનાથ અને શામળાજી ખાતે કામગીરી પુર્ણ થયેલ છે અંબાજી ખાતે કામગીરી પુર્ણ થવામાં છે દ્વારકા ખાતે જમીન ઉપલબ્ધ થયેલ ન હોય કામ શરૂ થઇ શકેલ નથી. અન્ય દેવસ્થાનોમાં જરૂરીયાત મુજબ આ સુવિધા પુરી પાડવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવે છે.

યાત્રાધામના સ્થળે એનર્જી એફીસીયન્ટ લાઇટીંગ અને સોલર રૂફ ટોપ યોજના

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગાંધીનગર દ્વારા સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ અંતર્ગત વીજળી બીલમાં ઘટાડો થઇ શકે અને પર્યાવરણમાં પણ તેટલે અંશે સુધારો થાય તે હેતુથી રાજ્યના મંદિરોમાં એનર્જી એફીસીયન્ટ લાઇટસ અને સોલાર રૂફટોપની સુવિધા ઉપલબ્ધ કરવા માટે ૨૦૨૧-૨૨ માં કુલ ૪.૫૦ કરોડ જોગવાઇ કરેલ છે જેના અનુસંધાને તા.૩૦/૧૧/૨૦૨૧ સુધી નવા ઓર્ડર અપાયેલ છે. વળી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગાંધીનગર દ્વારા એનર્જી એફીસીયન્ટ લાઇટીંગ અંતર્ગત ઉપલબ્ધ ફંડમાંથી કુલ ₹ ૨૨.૭૩ લાખના ખર્ચથી કામ કરેલ છે.

સોલાર રૂફટોપ સિસ્ટમ અંગેની કામગીરી અંતર્ગત તા.૧/૪/૨૦૨૧ થી તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં કુલ ૪૮ યાત્રાધામો ખાતે કુલ ૪૦૮ કિ.વોટની સોલાર રૂફટોપની કામગીરીના ₹ ૧૫૪.૧૨ લાખના વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જે કામ અંતર્ગત વાર્ષિક ૫.૯૬ લાખ યુનિટસ વિદ્યુત એનર્જી જનરેટ થશે. જેનુ મુલ્ય વાર્ષિક અંદાજીત ₹ ૨૯.૪૯ લાખની બચત થશે. આ કામગીરીથી પર્યાવરણમાં પણ તેટલા પુરતો હકારાત્મક સુધારો થશે.

યાત્રાધામ ખાતે વ્હીલ ચેર અને બેટરી ઓપરેટેડ વાહનની સુવિધા બાબત

પવિત્ર યાત્રાધામ ખાતે દિવ્યાંગ, સ્ત્રીઓ, વરિષ્ઠ યાત્રિકો માટે પાર્કિંગ થી મંદિર અને મંદિર થી પાર્કિંગ પરત પહોંચાડવા માટે વ્હીલ ચેર અને બેટરી/સોલાર ઓપરેટેડ વાહનની સુવિધા ઉપલબ્ધ કરવા માટેની યોજના વર્ષ૨૦૧૭-૧૮થી અમલમાં મુકેલ છે. અત્યાર સુધીમાં વિવિધ મંદિરો તરફથી આવેલ માંગણીના આધારે ૩૮૪ જેટલી વ્હીલ ચેર અને ૨૬૮ બેટરી ઓપરેટેડ વાહન (ઇ-રીક્ષા) વિવિધ મંદિરોને પુરા પાડવામાં આવેલ છે.

મેળા અને ઉત્સવો

રાજ્યના મુખ્ય સાત યાત્રાધામો તેમજ અન્ય યાત્રાધામો પૈકી અંબાજી ખાતે ભાદરવી પુનમનો પ્રસિધ્ધ મેળો, ડાકોર ખાતે હોળી/ધૂળેટી ફૂલડોલ ઉત્સવ, દ્વારકા ખાતે જન્માષ્ટમી તેમજ હોળી/ધૂળેટી ફૂલડોલ ઉત્સવ, સોમનાથ ખાતે કાર્તિકી પૂર્ણિમા ઉત્સવ, પાલીતાણામાં ફાગણ સુદ-૧૩(તેરસ)ના દિવસે યોજાતી છ ગાઉ યાત્રા, ગિરનારની લીલી પરિક્રમા અને મહા

શિવરાત્રીનો મેળો,ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે આસો સુદ નોમ નવમા નોરતાની પલ્લીના ઉત્સવ, અમદાવાદ જિલ્લાના વૌઠા ગામે યોજાતા મેળા માટે તેમજ મેળા અને ઉત્સવોના આનુષાંગિક ખર્ચ માટે અનુદાન ફાળવવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

પ્રચાર અને પ્રસાર

ગુજરાતની પવિત્ર ધરા ઉપર આવેલા પાવન યાત્રાધામો અને અગત્યના દેવસ્થાનો અને યાત્રાળુઓને લગતી વિવિધ પ્રોત્સાહક યોજનાઓની અગત્યની માહિતી રાજ્યના તથા દેશભરના નાગરિકોને મળી રહે તે માટેની જાહેરાતો વર્તમાન પત્રો, રેડિયો, ટેલીવિઝન તેમજ અન્ય પ્રસાર માધ્યમો પર ભારત સરકારશ્રી અને રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રમાણિત ધારાધોરણો અને દર મુજબ વિવિધ એજન્સીઓ મારફત પ્રસારિત કરવામાં આવે છે. આ અંગે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજી

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની વેબસાઇટ બનાવી તેને સતત અદ્યતન કરવા માટે આ કચેરી દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ, અરજીના નમૂનાઓ તથા નિશ્ચિત સમયાંતરે કરવામાં આવતા કાર્યક્રમો અને કરવામાં આવતા કામની વિગતો અને માહિતી ડિજીટલ સ્વરૂપે મૂકવામાં આવે છે. વહીવટી કાર્યવાહીમાં ઝડપ આવે તે માટે તથા કચેરીમાં આવતી દરેક ટપાલનું મોનીટરીંગ વગેરે કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત ઓનલાઈન ટેન્ડરો, યાત્રાધામમાં યાત્રાળુ અને મંદિરની સલામતી વગેરે માટે પણ આ સાઈટનો ઉપયોગ કરવામાં આવે છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અનુસાર આ કચેરીનું અદ્યતન Proactive Disclosure પણ મુકવામાં આવે છે. C.C.T.V. Surveillance System- સોમનાથ, દ્વારકા, અને અંબાજી ખાતે ૨૦૧૧ માં લગાવવામાં આવેલ C.C.T.V. કેમેરાના સ્થાને નવી ટેકનોલોજી સાથે અદ્યતન સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ (C.C.T.V. Surveillance System) લગાવવા ૧૧ કરોડના ખર્ચે ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા હાથ ધરેલ છે. આ યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

નવી બાબત (૨૦૨૨-૨૩):

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે નવી બાબત તરીકે દ્વારકા યાત્રાધામનું માસ્ટર પ્લાનીંગ તથા દ્વારકાથી બેટ-દ્વારકા વચ્ચે આવતાં યાત્રાસ્થળોનું સર્કિટ પ્લાનીંગ (અંદાજિત રકમ ₹ ૧૦૦.૦૦ કરોડ) અને સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સાપુતારા વચ્ચે આવતાં ધાર્મિક સ્થળોનું સર્કિટ પ્લાનીંગ (અંદાજિત રકમ ₹ ૪.૦૦ કરોડ)ના કામોનું આયોજન છે. આ ઉપરાંત "શ્રી રામ જન્મભૂમિ શબરી સ્મૃતિ સહાય યોજના" અંગે નવી બાબત તરીકે ૨૦૨૨-૨૩ માં ₹ ૧.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જેમાં ગુજરાત રાજ્યમાં વસતા મા શબરીના વંશજો એવા અનુસૂચિત જન જાતિના લોકોને શ્રી રામ જન્મભૂમિ, અયોધ્યા ખાતે યાત્રા કર્યેથી જીવનમાં એક વખત ₹ ૫૦૦૦/- સહાય આપવામાં આવશે.

૪. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી

આ કચેરીની સ્થાપના સને-૧૯૬૬ ના જુલાઇ માસમાં ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ,૧૯૫૮ અને તે હેઠળ ઘડાયેલા મુંબઇ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો-૧૯૮૬ નિયમોના અમલીકરણ તેમજ જે તે સમયે ભારતીય વીજ અધિનિયમ, ૧૯૧૦ અને વીજ (પૂરવઠા) અધિનિયમ, ૧૯૪૮ની જોગવાઇ મુજબ રાજયના ખાનગી પરવાનેદારોના હિસાબોનું અન્વેષણનું કાર્ય કરવા માટે કરવામાં આવી હતી. વખતો વખત કાયદામાં ફેરફાર થતા હવે નવા ગુજરાત ઇલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ અમલી બનેલ છે. સરકારશ્રી દ્વારા તા.૩૦-૦૪-૨૦૧૧ ના જાહેરનામા હેઠળ મુંબઇ ને બદલે ગુજરાત નામાભિકરણ કરાયેલ છે. આમ આ બાબતો અંતર્ગત વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી દ્વારા માત્ર ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ અને મુંબઇ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમ-૧૯૮૬ ની અમલવારીની કામગીરી આ કચેરી દ્વારા થાય છે. કચેરીની સ્થાપના સને-૧૯૬૬ માં થઇ તે સમયે વીજકરની અંદાજીત આવક ₹ ૩.૩૪ કરોડ જેટલી નજીવી હતી જે વર્ષો વર્ષ વધતા જતા ગ્રાહકો અને વધતા જતા વીજવપરાશ તથા સરકારશ્રીની ઉદાર નીતિને પરિણામે નવા ઉદ્યોગો રાજ્યમાં સ્થપાતા આવકમાં વધારો થયેલ છે. સને ૨૦૨૦-૨૧ માં સરકારશ્રીને ₹ **૮૩૨૦.૧૫** કરોડની આવક થયેલ છે તેમજ સને ૨૦૨૧-૨૨ માં ઓક્ટોબર-૨૦૨૧ સુધીમાં ₹ **૪૯૧૦.૮૭** કરોડની આવક થયેલ છે.

વધુમાં સરકારશ્રીની ઉદાર નીતિને ધ્યાનમાં લઇ તા.૦૧-૦૪-૨૦૦૫ થી ૩૧-૦૩-૨૦૦૭ દરમ્યાન અધિનિયમના પરિશિષ્ટ-૧-૨ ના વીજ વપરાશકારો માટે **ગ્રામ્યવિસ્તરણ,** વાણિજિયક અને છાત્રાલયો, ઉચ્ચદબાણ વાળા વીજ વપરાશકારો ₹ ૨૨૯ કરોડની રાહતો આપવામાં આવી હતી તથા તા. ૦૧-૦૪-૨૦૦૭ થી ગ્રામ્ય વિસ્તારના રહેણાંક માન્ય શિક્ષણ સંસ્થાઓ તેમજ છાત્રાલયો તથા શહેરી વિસ્તારના રહેણાંક અને માન્ય શિક્ષણ સંસ્થાઓ, રેસીડયુઅરી કક્ષાના વીજ વપરાશકારો સહિત હોલ, પ્રેક્ષકગુહ, સિનેમાઘર તથા હોટલ, રેસ્ટોરેન્ટ વિગેરે વપરાશકારો રાહતોની છુટછાટ આપવા કૂલ ₹ ૨૨૩ કરોડની રાહત જાહેર કરવામાં આવેલ હતી. જેની આવક ઉપર પણ અસર થવા પામેલ છે. તેમ છતાં ચાલુ નાણાકીય વર્ષ સહિત આ કચેરી દ્વારા સને.૨૦૧૮-૨૦૧૯ માં ₹ ૭૩૫૦.૮૫ કરોડ, સને.૨૦૧૯-૨૦૨૦ માં ₹ ૮૭૫૬.૬૪ કરોડ તેમજ સને.૨૦૨૦-૨૦૨૧ માં ₹ ૮૩૨૦.૧૫ કરોડ ની આવક થયેલ છે. જ્યારે સને. ૨૦૨૧-૨૨માં ઓક્ટોબર-૨૦૨૧ સુધીમાં ₹ ૪૯૧૦.૮૭ કરોડની આવક થયેલ છે. આ માટે હાલ આવકના પ્રમાણમા ખૂબજ નજીવો સીમીત સ્ટાફ છે. વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરીનો ખર્ચ પણ સને ૨૦૧૮-૨૦૧૯ માં ₹ ૨૬૬.૦૭ લાખ, સને ૨૦૧૯-૨૦૨૦ માં ₹ ૨૪૦.૪૪ લાખ થયેલ છે. જયારે સને ૨૦૨૦-૨૦૨૧ માં ₹ ૨૨૮.૯૪ લાખ જેટલો કચેરીનો ખર્ચ થયેલ છે.

આ કચેરીની કામગીરી સરળતાથી થઇ શકે તે માટે જીલ્લા કક્ષાએ વિદ્યુત શુલ્ક નિરીક્ષકના હેડકવાર્ટર તરીકે મુખ્ય વિદ્યુત નીરીક્ષકના તાબા હેઠળની સંબંધિત કચેરી ખાતેથી જે તે જીલ્લાના કાર્યક્ષેત્રમાં આવતા પરવાનેદારની કચેરીઓમાં વીજકર બાબતેના હિસાબોની ચકાસણી કરવામાં આવે છે. વધુમાં તેઓ દ્વારા સંબંધિત વીજ વપરાશકર્તા એકમે યોગ્ય દરે વીજકર ચાર્જ થાય છે કે કેમ તેની ચકાસણી કરી તે અંગેના અહેવાલો આ કચેરીને મોકલી આપવામાં આવે છે. જેના ઉપર આ કચેરી દ્વારા જરૂરી કાર્યવાહી જેવી કે વત્તા ઓછા વીજકર દરના કિસ્સામાં તફાવતની વીજકરની રકમ વસુલાત કરવા માટે કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત રાજયના ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે વીજકરની આવક ખૂબ જ અગત્યનું બીજા નંબરનું સ્થાન ધરાવે છે સમયાંતરે ૨૦૦૨ થી ૨૦૦૭ દરમ્યાન અધિનિયમમાં જરૂરી સુધારા વધારા કરી તેને વધુ સરળ અને સમજી શકાય તેવો કરવામાં આવેલ છે જેના કારણે નાના વીજ વપરાશકર્તા તેઓને મળતા લાભો સરળતાથી મેળવી શકે છે. સરકારશ્રીની વીજકરની આવકમાં સતત વધારાની સાથે સાથે રાજયનો સર્વાંગી વિકાસ થાય તે હેતું થી જુદા જુદા વીજ વપરાશકર્તાને વીજકરમાં માફી/રાહત આપવામાં આવે છે. આવા સરળીકરણના ભાગરૂપે તા.૦૧-૦૪-૨૦૧૩ ના સુધારાથી પરિશિષ્ટ-૧ ના ૭ પ્રકારની કેટેગરીના વીજ વપરાશને ઘટાડી ૪ કેટેગરી કરવામાં આવી છે. પરિશિષ્ટ-૨ હેઠળના સ્વ-વીજ ઉત્પાદન કરતા વીજ ગ્રાહકો માટેના વીજકરદરની માહિતી નીચે મુજબ છે.

મુંબઇ વિદ્યુત શુલ્ક અધિનિયમ-૧૯૫૮ હેઠળ પ્રવર્તમાન વીજકરના દર

(૧) સ્વ વીજ ઉત્પાદિત વીજળી સિવાયના વપરાશ ઉપરનો વીજકરનો દર		
ક્રમ	**કેટેગરી**	**વીજવપરાશ કિંમત આધારીત વીજકરનો દર ટકાવારીમાં**
૧	રહેણાંક અને શૈક્ષણિક	
	(ક) ગ્રામ્ય વિસ્તાર	૭.૫૦ %
	(ખ) શહેરી વિસ્તાર	૧૫ %

INDEX

૨	વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલ	
	(ક) ગ્રામ્ય વિસ્તાર	૭.૫૦ %
	(ખ) શહેરી વિસ્તાર	૧૧.૨૫ %
૩	ઔદ્યોગિક એકમો	
	(ક) ઉચ્ચ દબાણ	૧૫ %
	(ખ) નિમ્ન દબાણ	૧૦ %
૪	ઉપર સિવાયના અન્ય (જેમાં વાણિજયનો પણ સમાવેશ થઈ જાય છે)	૨૦ %

(૨) સ્વ ઉત્પાદિત વીજળી ઉપર વીજકરનો દર		
ક્રમ	**કેટેગરી**	**વીજકરનો દર (પ્રતિ યુનિટ)**
૧	રહેણાંક અને શૈક્ષણિક	
	(ક) ગ્રામ્ય વિસ્તાર	૧૦ પૈસા
	(ખ) શહેરી વિસ્તાર	૨૦ પૈસા
૨	(ક) (૧) હોલ	૨૫ પૈસા
	(૨) પ્રેક્ષકગૃહ	
	(ખ) (૧) સિનેમાગૃહ	
	(૨) થિયેટર	
૩	હોટલ અને રેસ્ટોરેન્ટ	૩૦ પૈસા
૪	ઔદ્યોગિક એકમો	૬૦ પૈસા
૫	ઉપર સિવાયના અન્ય	૪૦ પૈસા
	(જેમાં વાણિજયનો પણ સમાવેશ થઈ જાય છે)	

મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી

તપાસણી એકમની રૂપરેખા

૨૦૨૨-૨૩ ના વર્ષ દરમ્યાન આ નિરીક્ષકાલય દ્વારા હાથ ધરવામાં આવતી લીફ્ટ નિરીક્ષણ અને ઈલેક્ટરીકલ કોન્ટ્રાક્ટર લાયસન્સ, ઈલે.સુપરવાઈઝર/વાયરમેન પરીક્ષામાંથી મુક્તિ અને ઈલે.સુપરવાઈઝર /વાયરમેન પરીક્ષા ફીની અંદાજે ₹ ૩.૬૫ કરોડ આવક અંદાજેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન તપાસવાના થતા અંદાજીત સ્થાપનોની સંખ્યા

૧.	ઉચ્ચ અને અતિ ઉચ્ચ દબાણના વીજ સ્થાપનો	અંદાજીત	૯૫૭૪
૨.	મધ્યમ દબાણવાળા સ્થાપનો	અંદાજીત	૭૬૪૯૨૨
૩.	પુરવઠાદારના ટ્રાન્સફોર્મર સેન્ટરો	અંદાજીત	૧૪૨૦૧૫
૪.	લીફ્ટ સ્થાપનોની સંખ્યા.	અંદાજીત	૧૨૫૭૯
૫.	ઉર્જા ઓડીટર્સની સંખ્યા	અંદાજીત	૫૭
૬.	ઉર્જા ઓડીટર્સથી વીજ બચત અંગે ગ્રાહકોની સંખ્યા	અંદાજીત	૨૭૫

આ ઉપરાંત વીજ અકસ્માતોની તપાસણી અકસ્માતોના બનાવ બનવાનું કારણ શોધી તે દૂર કરવા માટે જરૂરી પગલાં ભરવા અને તેના પરિણામ સ્વરૂપ વીજ અકસ્માતના બનાવ બનતા રોકવા અને તેનું પ્રમાણ ઘટાડવું વગેરે પગલાં સુચવવા દરખાસ્તો કરવામાં આવશે. ઉપરાંત સરકારે નક્કી કરેલ ગૃહ ઉપયોગી વીજળીક સાધન સમાગ્રી માન્ય ધોરણે ઉચ્ચ ગુણવત્તાવાળી જનતાને મળી રહે તે માટે આ ખાતુ પ્રયત્નશીલ રહેશે. તેમજ ગ્રાહકોની બીન અધિકૃત વીજ વપરાશના કેસો સામેની અપીલોનો નિકાલ કરવાનું પણ આ ખાતના કાર્યક્ષેત્રમાં આવરી લેવાયેલ છે. વર્ષમાં બે વખત જુદા જુદા કેન્દ્રોમાં

વાયરમેન અને સુપરવાઈઝરની પરીક્ષાઓ લેવી. તેનું સંચાલન કરવું અને તેના પરિણામો બહાર પાડી પ્રમાણપત્ર, માર્કશીટ આપવાની કામગીરી પણ કરવાની રહેશે. તેથી આ ખાતાના કાર્યક્ષેત્રમાં વીજ સ્થાપનોની તપાસણી ઉપરાંત અન્ય ઉપરોકત જણાવેલ અન્ય મહત્વની અને નિયત તેમજ આમ જનતાની સલામતીની દૃષ્ટિએ જરૂરી એવી બાબતો આવરી લેવામાં આવશે. આ ઉપરાંત વર્ષ દરમિયાન રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં સલામતી જાળવવાની યોજના હેઠળ પણ આ નિરીક્ષકાલય દ્વારા વીજ સ્થાપનોની તપાસણી કરવાની જાહેર જનતાના ગુજરાત વિધુત બોર્ડ સામેના પ્રશ્નોનો ઉકેલ લાવવાનો ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીક સલામતી અંગે જનતાને સભાન કરવાની કામગીરી વગેરે હાથ ધરવામાં આવશે. અને આ રીતે પણ વિધુત નિરીક્ષકાલય આગામી વર્ષ દરમિયાન જાહેર જનતાને વીજળીક સલામતી જાળવવાની કામગીરીમાં શકય તેટલો ફાળો આપશે.

લીફ્ટ એકમની રૂપરેખા

ગુજરાત રાજયમાં લાગુ પડતા ગુજરાત લીફ્ટ એન્ડ અસ્કલેટર્સ અધિનિયમ-૨૦૦૦ અને તેની હેઠળના નિયમો-૨૦૦૧ ઘડવામાં આવેલ છે. આનો અમલ જુન-૨૦૦૧ થી કરાઈ રહેલ છે. રાજયમાં લીફ્ટ સ્થાપનોની સંખ્યા અંદાજે ૯૦ હજાર જેટલી છે. અને પ્રતિવર્ષ તેમાં વધારો થતો જાય છે. ઓકટોબર-૨૦૨૧ સુધીમાં અંદાજે ૫૫૦૦ લીફ્ટ સ્થાપનોની તપાસણી હાથ ધરવામાં આવેલ છે. ગુજરાત એરીયલ રોપ-વે એકટ-૧૯૫૫ અને નિયમો, ૧૯૫૯ ના અમલની કામગીરી પણ ચીફ ઈન્સ્પેકટર ધ્વારા કરવામાં આવે છે.

ઉર્જા ઓડીટની રૂપરેખા

ભારત સરકારની સુચના અનુસાર રાજયમાં આવેલા ઉધોગો તથા વાણિજય સંકુલોમાં વીજ શકિતનો દુર્વ્યય અટકાવવા માટે ઉર્જા બચતની અસરકારક સિધ્ધી હાંસલ કરી શકાય તે હેતુથી ઉર્જા બચાવવા માટે ગુજરાત વીજ શકિત વપરાશ નિયંત્રણ હુકમથી ૨૦૦ કે.વી.એ કે તેથી વધુ કોન્ટ્રેકટ ડીમાન્ડ ધરાવતા હોય તેવા ઔદ્યોગિક ગ્રાહકોને તથા ૭૫ કિ.વો કે તેથી વધુના રહેણાંક તથા ઔદ્યોગિક સિવાયના ગ્રાહકો માટે લાગુ પડે છે. આ હુકમ હેઠળ કુલ અંદાજે ૧૦ હજાર ગ્રાહકોનો સમાવેશ થાય છે. ઓડીટની કામગીરી માટે માગણી મુજબના ઓડીટરોને માન્યતા આપવામા આવેલ છે.

Ease of doing Business

આ નિરીક્ષકાલયની લીફ્ટ શાખા, ઈન્સ્પેકશન શાખા અને લાયસન્સીંગ બોર્ડની સઘળી કામગીરી ઓનલાઈન કરવામાં આવેલ છે જેથી અરજદારોએ તેમના કામ માટે કચેરીમાં રૂબરૂ આવવાનું રહેતું નથી. અરજી તેમજ તેને લગતી ફી ઓનલાઈન મોડ્યુલમાં સ્વીકારવામાં આવે છે તેમજ મંજુર થયેલ સર્ટીફિકેટની ડીજીટલ સહી વાળી નકલ અરજદારને તેના રજિસ્ટર્ડ ઈ-મેઈલ પર મોકલી આપવામાં આવે છે. આમ ઓનલાઈન કામગીરીને કારણે પારદર્શિતા વધેલ છે તેમજ નાગરિકોને પણ સરળતા ઉપલબ્ધ થયેલ છે.

કામગીરીની રૂપરેખા

અ.નં.	કામગીરીનો પ્રકાર	૨૦૨૦-૨૧	૨૦૨૧-૨૨ (તા:૩૧/૧૦/૨૦૨૧ સુધી)	૨૦૨૧-૨૨ (નવે-૨૧ થી માર્ચ-૨૨)
૧	વીજ અકસ્માતની તપાસ	૧૨૦૦	૬૩૬	૨૭
૨	જાહેર જનતાની સલામતીને લગતી ફરીયાદોની તપાસ	૧૯૮	૨૨	૦૫
૩	વીજ સ્થાપનોની તપાસ	૨૦૭૦૦૦	૧૦૯૬૪૮	૫૭૫૯૫
૪	લીફ્ટ સ્થાપનોની તપાસ	૧૧૫૩૫	૮૦૦૩	૫૭૨૩
૫	લાયસન્સીંગ બોર્ડ દ્વારા અપાયેલ કોન્ટ્રાકટ લાયસન્સો ૧. નવા ૨. (ચાલુ) તાજા કરાયેલ	 ૧૧૨૯ ૮૬૬	 ૫૨૯ ૨૫૫	 ૬૦૦ ૫૦૦
૬	પરીક્ષામાં દાખલ થયેલ ઉમેદવારોની સંખ્યા. ૧. સુપરવાઈઝર. ૨. વાયરમેન	 ૭૫૬ ૮૬૧	 નીલ નીલ	 ૯૦૦ ૧૦૦૦

અ.નં.	કામગીરીનો પ્રકાર	૨૦૨૦-૨૧	૨૦૨૧-૨૨ (તા:૩૧/૧૦/૨૦૨૧ સુધી)	૨૦૨૧-૨૨ (નવે-૨૧ થી માર્ચ-૨૨)
૭	વસુલાત કરાયેલ ફી.	૩૧૫૯૯૭૩૧	૧૩૧૪૩૨૫૧	૨૩૧૫૬૯૮૮
૮	મહેકમની પાછળ થયેલ ખર્ચ.	૧૪૧૮૨૫૪૯૩	૧૨૮૩૪૯૯૯૦	૬૨૩૭૫૩૫૧
૯	વૈદ્યાનિક ઉર્જા ઓડીટ માટે અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિઓ/ પેઢીઓની સંખ્યા.	૨૪	૧૧	૦૦
૧૦	૧. એપેલેટ ઓથોરીટી સમક્ષ આવેલ અપીલની સંખ્યા. ૨. નિકાલ થયેલ અપીલની સંખ્યા.	૧૮૬ ૧૪૨	૬૨ ૨૫	૦૨ ૦૦

પેટ્રોલિયમ નિયામકની કચેરી

રાજ્ય સરકારની મહેસૂલી આવકમાં ઓઈલ અને ગેસના ઉત્પાદન પરની રોયલ્ટી મહત્વનો હિસ્સો ધરાવે છે. આ આવકના યોગ્ય દેખરેખ અને નિયંત્રણ અર્થે વર્ષ ૧૯૯૭ મા ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગના ઠરાવ ક્રમાંક મકમ/૧૦૯૫/૫૩૯૯/ઈ, તા.૨૬/૧૧/૯૭ થી નીચેના હેતુસર પેટ્રોલિયમ નિયામકની કચેરીની રચના કરવામા આવેલ છે.

- ઓઈલ ફિલ્ડ્ઝ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ અને પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રુલ્સની જોગવાઈઓ ધ્યાને લઈ કામગીરી કરવાની રહેશે.
- સમયસરની કામગીરી જેવી કે પીઈએલ/એમએલ મંજૂર કરવા અંગે સરકારશ્રીને અભિપ્રાય આપવો, ઓઈલ અને ગેસનુ ઉત્પાદન તેમજ રોયલ્ટીની રકમમાં વધારા માટે વ્યવસ્થિત તંત્ર ગોઠવી મોનીટરીંગ કરવાનુ રહેશે.
- ખાનગી કંપનીઓ દ્વારા કરવામા આવતી એક્ષ્પ્લોરેશન પ્રવૃત્તિઓનુ સઘન ચેકિંગ કરી ઉત્પાદનના આંકડાઓ અને રોયલ્ટીની રકમની ખરાઈ કરવાની રહેશે.

ખરેખર કરેલ કામગીરીની માહિતી

પેટ્રોલિયમ નિયામકની કચેરી દ્વારા ઉપરોક્ત તમામ પ્રકારની કામગીરી તથા આ સંદર્ભે ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલય અને ડાયરેક્ટર જનરલ ઓફ હાઈડ્રોકાર્બન સાથે સંકલન કરવામાં આવે છે.

રોયલ્ટીની આવકની વિગતો

₹ (કરોડમાં)

અનુ નં	વર્ષ	ખનીજ તેલની રોયલ્ટીની આવક ₹ (કરોડમાં)	કુદરતી વાયુની રોયલ્ટીની આવક ₹ (કરોડમાં)
૧	૨૦૧૮-૧૯	૩૧૫૫.૦૪	૧૦૨.૫૪
૨	૨૦૧૯-૨૦	૨૬૩૮.૬૬	૧૦૮.૫૬
૩	૨૦૨૦-૨૧	૧૪૯૩.૦૬	૫૮.૪૧
૪	૨૦૨૧-૨૨	૧૬૧૯.૬૧	૪૮.૧૮ (નવેમ્બર -૨૧ અંતિત)

ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી.

રાજયના ઔધોગિક અને સામાજીક વિકાસ માટે વિજળી મુખ્ય પરિબળ છે. વીજ ઉધોગના વિકાસ માટે રાજયે સઘન પ્રયાસો કર્યા છે જે સતત ચાલુ જ છે. જેના પરિણામે ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડની વીજ સ્થાપિત ક્ષમતા પુન:પ્રાપ્ય ઊર્જા આધારિત એકમો સાથે વર્ષ ૨૦૨૦-૨૧ ના અંતે ૬૮૮૧ મે.વો થઈ છે. ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડના થર્મલ અને હાઈડ્રો એકમોએ ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ૮૨.૯૦ ટકા પીએએફ સાથે ૨૦૭૫૯ મિલિયન યુનિટ વીજળી ઉત્પાદન કરેલ છે.

ક: નવી યોજનાઓ

રાધા નેસડા ખાતે ૨ x ૧૦૦ મે.વો. સોલાર પી.વી. પ્રોજેકટ ફેજ - ૧ અને ૨ તેમજ જેટકો સબ-સ્ટેશન નજીક

INDEX

સરકારી પડતર જમીનમાં ૨૫૦૦ મે.વો. સોલાર પી.વી. પ્રોજેકટ અંતર્ગત ૫૧૦ મેં.વો. ક્ષમતાના સોલાર વીજ મથકની સ્થાપનાની કામગીરી તેમજ ૨૮૪ મેં.વો. ક્ષમતાના સોલાર વીજમથક ના ટેન્ડરની પ્રક્રિયા હાલ માં ચાલુ છે અને ૬૧ સ્થળની જમીન સંપાદન ની કાર્યવાહી ચાલુ છે. સરકારી પડતર જમીન માં ૨૫૦૦ મે.વો. સોલાર પી.વી. પ્રોજેકટ અંતર્ગત પ્રથમ ચંદરવા ખાતે ૩૦ મેં.વો. સોલાર વીજ મથક કાર્યાન્વિત થઇ ગયેલ છે.

આ ઉપરાંત ખાવડા ખાતે ૩૩૨૫ મેં.વો. પુનઃપ્રાપ્ય ઉર્જા આધારિત પાર્ક વિકસાવવનું આયોજન છે.

ખ: વીજ મથકોની સુધારણા અને આધુનિકીકરણ: (નાના અને મોટાકામો)

ગુજરાત સ્ટેટ ઇલેકટ્રીસીટી કોર્પોરેશન લી. (જીસેક) ના કેટલાંક વીજ મથકો ઘણાં વર્ષોથી કાર્યરત છે અને તે વીજ મથકોના એકમો જુના થયાં છે. આ એકમોએ તેમની ઉપયોગી સમયમર્યાદા પુરી કરેલ છે. તથા ઘણા જુના થવાથી તેમની કાર્યક્ષમતા ઓછી થઇ છે અને તેમની કામગીરીની વિશ્વસનિયતા પણ ઓછી થઇ છે. આથી આ એકમોની સુધારણા કરવાની જરૂરિયાત ઉભી થઇ છે. ઉપરાંત ટેકનોલોજીના વિકાસ સાથે આ એકમોનું આધુનિકરણ કરવું અત્યંત અનિવાર્ય છે. આમ કરવાથી આ જુના એકમોમાંથી વધુ વીજ ઉત્પાદન પોષણક્ષમ ભાવે થઇ શકશે. તેથી જૂના વીજ મથકોની સુધારણા અને નવીનીકરણ અંતર્ગત ઉકાઈ યુનિટ ૩ અને ૫ તથા વણાકબોરી યુનિટ ૧ અને ૨ માં બોઈલર અને ટર્બાઈન સુધારણાના કામો માટેની ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે.

પર્યાવરણના અદ્યતન માપ દંડ સિદ્ધ કરવા માટે વણાકબોરી વીજમથક યુનિટ ૮ (૮૦૦ મે.વો.) અને ઉકાઈ યુનિટ ૬ (૫૦૦ મે.વો.) તેમજ સિક્કા યુનિટ ૩ અને ૪ (૫૦૦મે.વો.) ખાતે ફ્લુગેસ ડીસ્લ્ફ્યુરાઈઝેશન સીસ્ટમ ની સ્થાપના નું કામ આયોજન છે જેમાં વણાકબોરી વીજમથક યુનિટ ૮ ખાતે ફ્લુગેસ ડીસ્લ્ફ્યુરાઈઝેશન સીસ્ટમ ની સ્થાપના નું કામ ચાલુ છે અને ઉકાઈ યુનિટ ૬ (૫૦૦ મે.વો.) તેમજ સિક્કા યુનિટ ૩ અને ૪ (૫૦૦મે.વો.) ખાતેની ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે.તેમજ વિવિધ વીજ મથકોના જુના એકમો ખાતેફ્લુગેસ ડીસ્લ્ફ્યુરાઈઝેશન સીસ્ટમની સ્થાપના માટે ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે. તદુપરાંત વણાકબોરી વીજમથક ના યુનિટ ૪,૫અનેદ અને પાનધ્રો લિગ્નાઈટ ૩ અને ૪ ખાતે ઈ.એસ.પી. નું રીટ્રોફીટીંગ કરવા માટે નું આયોજન છે. જેમાં વણાકબોરી વીજમથક ના યુનિટ ૪,૫ અને ૬ માં ઈ.એસ.પી. નું રીટ્રોફીટીંગ કરવા માટે નું કામ હાલ ચાલી રહેલ છે તેમજ પાનધ્રો લિગ્નાઈટ ૩ અને ૪ ખાતે ઈ.એસ.પી. નું રીટ્રોફીટીંગ કરવા માટે ની ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે.

સદર કામગીરી માટે સંયુક્ત રીતે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૧૧૭૭ લાખની જોગવાઇ કરવાની દરખાસ્ત છે જે સામે સપ્ટેમ્બર-૨૧ સુધીમાં ₹ ૧૩૧૨૯ લાખનો ખર્ચ થયેલ છે.

પ્રવહન વિભાગ

વર્ષ ૨૦૨૦-૨૧માટે ₹ ૨૯૮૪ કરોડની બજેટજોગવાઈ સામે માર્ચ ૨૦૨૧ અંતિત કુલ ₹ ૨૦૨૬ કરોડ ખર્ચ થયેલ છે.

વર્ષ ૨૦૨૦-૨૧ માટે પ્રવહન વીજરેષાઓ તથા સબસ્ટેશનોનું આયોજન અને માર્ચ ૨૦૨૧ અંતિત સિધ્ધિઓની માહિતી નીચે મુજબ છે.

અ.નં.	વોલ્ટેજ ક્લાસ	વીજરેષાઓ (સ.કિ.મી.)		સબસ્ટેશન (સંખ્યા)	
		આયોજન	સિધ્ધિ	આયોજન	સિધ્ધિ
૧	૪૦૦ કે.વી.	૫૭૩	૧૫૧	૨	૨
૨	૨૨૦ કે.વી.	૯૦૫	૪૪૨	૧૦	૮
૩	૧૩૨ કે.વી.	૮૮	૧૧૦	૦	૦
૪	૬૬ કે.વી.	૧૨૦૦	૧૨૯૦	૧૭૩	૧૪૪
	કુલ	**૨૭૬૬**	**૧૯૯૩**	**૧૮૫**	**૧૫૪**

વર્ષ ૨૦૨૧- ૨૨ માટે ₹ ૩૦૦૦ કરોડની બજેટ જોગવાઈ સામે ઓક્ટોબર-૨૦૨૧ અંતિત કુલ ₹ ૧૦૨૦ કરોડ ખર્ચ થયેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માટે પ્રવહન વીજરેષાઓ તથા સબસ્ટેશનોનું આયોજન અને ઓકટોબર-૨૦૨૧ અંતિત સિધ્ધિઓની માહિતિ નીચે મુજબ છે.

અ.નં.	વોલ્ટેજ ક્લાસ	વીજરેષાઓ (સ.કિ.મી.)		સબસ્ટેશન (સંખ્યા)	
		આયોજન	સિધ્ધિ	આયોજન	સિધ્ધિ
૧	૪૦૦ કે.વી.	૩૫૦	૧૯૨	૦	૦

INDEX

૨	૨૨૦ કે.વી.	૭૦૦	૧૮૦	૧	૧
૩	૧૩૨ કે.વી.	૨૨	૩૮	૦	૦
૪	૬૬ કે.વી.	૧૦૨૮	૪૧૧	૧૪૯	૧
	કુલ	**૨૧૦૦**	**૮૨૧**	**૧૫૦**	૨

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.

(૧) ઝુપડા વીજળીકરણ યોજના :

ગુજરાત સરકાર દ્વારા રાજયના ગામડાઓ / શહેર અને નગરો તથા પરાઓના ગરીબ કુટુબો માટે સીંગલ પોઈન્ટ ઘર વપરાશના વીજ જોડાણ માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અમલી બનાવવામા આવેલ છે. રાજ્યના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં આવેલા તમામ જાતિના અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓ ઉપરાંત બી.પી.એલ યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા ગરીબ કુટંબો કે જેમની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તેવા તમામ લાભાર્થીઓને સદર યોજનામાં આવરી લેવામાં આવે છે. શહેરી વિસ્તાર માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચીફ ઓફિસરશ્રી દ્વારા તથા ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા પંચાયત દ્વારા લાભાર્થીઓનાં ફોર્મ સહિતની યાદી સંબંધિત વિજ વિતરણ કંપનીને પુરી પાડવામાં આવે છે. ઝૂપડા વીજળીકરણ યોજના હેઠળ રાજ્ય સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ તરીકે નાણાંની ફાળવણી કરવામાં આવે છે. સદર યોજના હેઠળ સીંગલ પોઈન્ટ વાયરીંગ સાથેનું ફી ઓફ કોસ્ટ ઘરવપરાશનું વિજજોડાણ આપવામાં આવે છે. લાભાર્થીએ વીજ વપરાશ પેટે વિજ બીલ ભરવાનુ હોય છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૭.૮૯ કરોડના ખર્ચે અંદાજીત ૩૧,૬૩૦ ઝુંપડાના વિજળીકરણ કરવાનાં આયોજન અંતર્ગત ઓક્ટો-૨૦૨૧ સુધીમાં ₹ ૯.૯૨ કરોડના ખર્ચે ૧૯,૦૧૩ ઝુંપડાઓનું વીજળીકરણ કરેલ છે.

(૨) કુટીર જયોતિ યોજના :

આદિજાતિ વિસ્તારમાં રહેતા અનુસુચિત જનજાતિના લોકો માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ બી.પી.એલ. યાદીમાં દર્શાવેલ અનુસુચિત જનજાતિના લાભાર્થીઓ અને તદઉપરાંત જેમની મહત્તમ વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- હોય તેવા તમામ અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને સદર યોજનામાં આવરી લેવામાં આવે છે. સદર યોજના આદિજાતિ વિસ્તારો પૂરતી સીમીત હોઈ લાભાર્થીઓની યાદી પ્રાયોજના અધિકારી દ્વારા સબંધિત વીજ કંપનીને પુરી પાડવાની થતી હોય છે. લાભાર્થીએ વીજ વપરાશ પેટે વિજ બિલ ભરવાનું હોય છે. રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ તરીકે નાણાની ફાળવણી કરવામાં આવે છે. સદર યોજના હેઠળ સીંગલ પોઈન્ટ વાયરીંગ સાથેનું ફી ઓફ કોસ્ટ ઘર વપરાશનું વિજજોડાણ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૪.૩૫ કરોડના ખર્ચે અંદાજીત ૯,૭૦૦ ઘર વપરાશના વીજ જોડાણો આપવાના આયોજન અંતર્ગત ઓક્ટો-૨૦૨૧ અંતે ₹ ૩.૭૧ કરોડના ખર્ચે ૬,૯૮૩ ઘર વપરાશના વીજ જોડાણોના આપેલ છે.

(૩) અનુસુચિત જાતિ પેટા યોજના (SCSP):

રાજય સરકારશ્રી તરફથી ખાસ અંગભૂત પેટા યોજના હેઠળ મળતી ગ્રાન્ટ હેઠળ અનુ.જાતિના વિસ્તારોમાં વીજળીકરણ કરવામાં આવે છે. અનૂસુચિત જાતિના લાભાર્થીઓને ફી ઓફ કોસ્ટ ઘરવપરાશનું વિજ જોડાણ આપવામાં આવે છે. લાભાર્થીએ સમાજ કલ્યાણ વિભાગ તરફથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહે છે. લાભાર્થીએ વીજ વપરાશ પેટે વિજ બીલ ભરપાઇ કરવાનું રહે છે. આ યોજના હેઠળ ફાળવવામાં આવતા નાણાંમાંથી વીજળીકરણ થયેલ હોય એવા વિસ્તારોમાં ધનિષ્ટ વીજળીકરણ તથા સુદ્રિઢિકરણની કામગીરી પણ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ₹ ૩.૧૪ કરોડના ખર્ચે અંદાજીત ૪,૯૨૦ અનુસુચિત જાતિના લાભાર્થીઓના ઘરોનું વીજળીકરણ કરવાનું આયોજન અંતર્ગત ઓક્ટોમ્બર-૨૦૨૧ અંતે ₹ ૨.૨૩ કરોડના ખર્ચે ૪,૬૩૩ ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૪) કૃષિ વિષયક વીજ જોડાણો (ડાર્કઝોન સહિત) યોજના (કેપિટલ) :

રાજ્ય સરકારશ્રી દ્વારા વધુને વધુ કૃષિ વિજ જોડાણો આપી વિજ જોડાણ માટેનાં બેકલોગ ઘટાડવા માટેના આશયથી વર્ષ ૨૦૧૨-૧૩ થી સામાન્ય યોજના હેઠળ બિન-આદિજાતિ વિસ્તારોમાં કૃષિ વિજજોડાણો આપવા માટે નાણાંકીય ફાળવણી કરવામાં આવે છે. ભારે / હળવા દબાણની રેષાઓ, ટ્રાન્સફોર્મર સેન્ટર જેવી બાબતોનો ખર્ચ સામાન્ય યોજના અંતર્ગત અરજદાર પાસેથી વસુલવામાં આવતો નથી. અરજદારે માત્ર રજીસ્ટ્રેશન ચાર્જ, સીક્યુરીટી ડીપોઝીટ, એગ્રીમેન્ટ, માન. વિજ

નિયમન પંચ મુજબના ફીક્સ ચાર્જ તથા ટેસ્ટ રીપોર્ટના નાણા ભરપાઇ કરવાના રહે છે. ડાર્કઝોન વિસ્તારમાં ધારા ધોરણ મુજબ અરજદારે સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવાની રહે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કુલ ₹ ૪૦૦.૦૦ કરોડના ખર્ચે અંદાજીત ૨૫,૦૦૦ કૃષિ વિષયક વીજ જોડાણોનુ વીજળીકરણ કરવાના આયોજન અંતર્ગત ઓક્ટોમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૩૪૦.૪૩ કરોડના ખર્ચે ૨૦,૫૨૬ કૃષિ વિષયક કુવાનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૫) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજળીકરણ :

વીજ વિતરણ કંપનીઓ દ્વારા આદિજાતિ વિસ્તારોમાં પેટાપરા તેમજ કુવાઓનું વીજળીકરણ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કરવામાં આવે છે. સદર યોજના અંતર્ગત રાજય સરકારશ્રી દ્વારા શેર કેપીટલ તરીકે નાણાકીય ફાળવણી કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તારોમાં કુવાઓનું વીજળીકરણ કરવા માટે, રાજ્ય સરકારશ્રી તરફથી એચટી/એલટીલાઈન, ટ્રાન્સફોર્મર સેન્ટર માટે શેર કેપીટલ ફાળવવામાં આવે છે. અરજદારે માત્ર રજીસ્ટ્રેશન ચાર્જ, સીક્યુરીટી ડીપોઝિટ, એગ્રીમેન્ટ તથા ટેસ્ટ રીપોર્ટેનાં નાણાં ભરપાઇ કરવાના રહે છે. આદિજાતિ વિસ્તારમાં પેટાપરાનાં વિજળીકરણ માટે ૧૦ કે તેથી વધુ ઘરોમાં જુથ દ્વારા માંગણી કરાયેલ હોય તેવા લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે અને તેનાં વિજળીકરણ માટેનો ખર્ચ આ યોજના હેઠળ બુક કરવામાં આવે છે.

સદર યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ થી કુવા- પેટાપરાના વીજળીકરણની કામગીરી ઉપરાંત વનબંધુઓને સારી સુવિધાઓ પ્રાપ્ત થાય એ માટે વનબંધુ કલ્યાણ યોજના-૨ જાહેર કરવામાં આવેલ છે. તે માટે હાલની હયાત યોજનાનું વિસ્તૃતીકરણ કરી આદિજાતિ વિસ્તારોમાં વધુ સારા વોલ્ટેજ પ્રોફાઈલ સાથે મોર્ડન ટેકનોલોજીનો ઉપયોગ કરી વધુ સાતત્યપુર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પુરી પાડવાનો નિર્ધાર કરી નીચે દર્શાવેલ વધારાની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

- મીડિયમ વોલ્ટેજ કવર કંડકટર લગાડવા / બદલવા
- જુના જર્જરીત વિજ વાયરો અને આનુસંગીક માલસામાન બદલવા
- બેર કંડકટરની જગ્યાએ એરીયલ બંચ કેબલ (એબીસી) લગાડવા
- હાઇ વોલ્ટેજ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ (એચવીડીએસ) ની કામગીરી
- ફીડર બાયફરકેશનની કામગીરી
- ટ્રાન્સમિશન નેટવર્ક અને સબ-સ્ટેશનના સુદ્રઢીકરણની કામગીરી.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ₹ ૨૫૦.૦૦ કરોડના ખર્ચે અંદાજીત ૧૫,૦૦૦ કુવાનું વીજળીકરણ કરવાના આયોજન અંતર્ગત ઓક્ટો-૨૦૨૧ સુધીમાં ₹ ૫૭.૨૬ કરોડના ખર્ચે ૩,૭૫૮ કુવાનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૬) અનુસુચિત જાતિના ખેડુતોના કુવાનું વીજળીકરણ :

કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા રાજ્યની કુલ વાર્ષિક યોજના પૈકી ઓછામાં ઓછી ૭.૦૯% ની જોગવાઈ રાજ્યના અનુસુચિત જાતિના લાભાર્થીઓ માટે જ વાપરવાનો આગ્રહ રાખવામા આવે છે. જેથી વાર્ષિક યોજના પૈકીની અમુક જોગવાઈ અનુસુચિત જાતિ માટે અલગ તારવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી રાજયમાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને અગ્રતાનાં ધોરણે કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે નાણાકીય ફાળવણી શેર કેપિટલ તરીકે અનુસુચિત જાતિ પેટાયોજના (SCSP) અંતર્ગત કરવામાં આવેલ છે. અનુસુચિત જાતિના ખેડુતોને ખેતીવિષયક વીજ જોડાણ માટે અનુસુચિત જાતિનું પ્રમાણ-પત્ર સાથે જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહે છે. અરજદારે ખેતીવિષયક વીજ જોડાણ માટે રજીસ્ટ્રેશન ચાર્જ, સીક્યુરીટી ડીપોઝીટ, એગ્રીમેન્ટ તથા ટેસ્ટ રીપોર્ટ ચાર્જ ભરપાઇ કરવાનો રહે છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૦.૦૮ કરોડના ખર્ચે અંદાજીત ૭૫૦ ખેતીવિષયક વીજજોડાણો અનુસુચિત જાતિના ખેડુતોને આપવાનાં આયોજન અંતર્ગત ઓક્ટોમ્બર-૨૦૨૧ અંતે ₹ ૯.૮૦ કરોડ ના ખર્ચે ૫૪૩ ખેતીવિષયક વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૭) સાગર ખેડુ સર્વાગી વિકાસ યોજના :

આ યોજનાની રૂપરેખા અનુસાર સાગરકાંઠા વિસ્તારના હવામાનને લીધે તથા તેમાં રહેલી આદ્રતાને લીધે વીજ વાયરમાં કાટ લાગવો, થાંભલાઓ ખવાઇ જવા, ડીસ્ક અને પીન ઈન્સ્યુલેટરો ફેઈલ થવા, ડીસ્ટ્રીબ્યુશન બોક્ષને કાટ લાગવો તથા સર્વિસ લાઇનો ખરાબ થઇ જવાથી વધારે પડતા ટ્રિપીંગ અને ફોલ્ટની સમસ્યા રહે છે. આથી આ વિસ્તારોમાં વસતા વીજ ગ્રાહકોને સાતત્ય પૂર્ણ વીજ પૂરવઠો ઉપલબ્ધ થતો નથી. જેને કારણે તેવા વિસ્તારમાં ધંધા તથા ઉદ્યોગોને નુકસાન થાય છે.

INDEX

આથી આવા વિસ્તારોમાં માળખાકીય સુવિધા ગુણાવત્તાસભર બને તે માટે ડીસ્ટ્રીબ્યુશન લાઈનોની સુધારણા અંગેની કામગીરી, ૬૬ કે.વી. ના નવા સબ સ્ટેશનો ઉભા કરવા, ટ્રાન્સમીશન લાઈનોના સમારકામ અને આધુનિકીકરણની કામગીરી હાથ ધરવાનું આયોજન કરેલ છે. આ કામગીરીને કારણે દરીયા કાંઠાના વિસ્તારોમાં આવેલા ઔદ્યોગિક હેતુના તેમજ ઘર વપરાશના ગ્રાહકોને પૂરતા વીજ દબાણથી તથા સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહેશે, તેનાથી વધુ ગામડાઓને સારા વીજ પ્રવાહનો લાભ મળશે, વીજળી મોટરો બળવાના, ટ્રાન્સફોર્મર્સ ફેઈલ થવાના પ્રમાણમાં, ટ્રાન્સમીશન લોસીસમાં અને વીજ વિક્ષેપની માત્રામાં નોંધપાત્ર ઘટાડો થશે તેમજ સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો ઉપલબ્ધ કરાતા ઉદ્યોગોને થતું નુકસાન અટકશે. આ ઉપરાંત વીજ વાયરો તૂટવાને કારણે જે અકસ્માતો થાય છે તેને મહદઅંશે નિવારી શકાશે, આમ સાગર કાંઠા વિસ્તારમાં આવેલા તાલુકાઓના ગામોનો સર્વાંગી વિકાસ સાધી શકાશે. સદર યોજના અંતર્ગત પીજીવીસીએલ કંપનીના વિસ્તારોમાં ખેતીવિષયક વિજજોડાણ આપવાનું આયોજન કરેલ છે. રાજ્ય સરકારે સાગર ખેડૂ સર્વાંગી વિકાસ કાર્યક્રમ અંગે જાહેર કરેલા પેકેજ મુજબ સાગર કાંઠાના ૧૫ જિલ્લાના ૩૯ તાલુકાઓમાં વિકાસની પ્રક્રિયાને વેગ મળે તે હેતુથી આ યોજના કરેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન, વીજ પ્રવહન તેમજ વીજ વિતરણ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનાં સુદ્રઢીકરણની કામગીરી માટે ₹ ૫૦.૦૦ કરોડની ગ્રાંટની જોગવાઈ અંતર્ગત, ઓક્ટોમ્બર-૨૦૨૧ સુધી ૩૩૮ કિમી કન્ડક્ટર, ૧૦૪૭ પોલ, ૩ કિમી એબીસી કેબલ વગેરે ₹ ૧૪.૯૦ કરોડના ખર્ચે બદલવામાં આવેલ છે અને નવા ૬૬ કે.વી. સબસ્ટેશનો ઉભા કરવાની કાર્યવાહી અને કુવાનાં વીજળીકરણ માટે ₹ ૩૨૦.૦૦ કરોડની શેર કેપીટલની જોગવાઈ અંતર્ગત, ઓક્ટોમ્બર-૨૦૨૧ સુધી ₹ ૨૪૦.૫૬ કરોડના ખર્ચે ૬,૫૪૫ કુવાનાં વીજળીકરણ અને નવા સબસ્ટેશનો ઉભા કરવાની કામગીરી કરેલ છે.

(૮) કિસાન હિત ઉર્જા શકિત યોજના (ખુશી) :

કિસાન હિત ઉર્જા શકિત યોજના અંતર્ગત નાની ક્ષમતાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઉભા કરી તેના દ્વારા હળવા દબાણની લાઈન નેટવર્ક ઘટાડવાની કાર્યવાહી કરવામા આવે છે.

ગ્રામ્ય વિસ્તારમા ખેતી વિષયક વીજ જોડાણોને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી રહે એ માટે ભારે દબાણની વીજ લાઈનો વધારી નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર(૧૦/૧૬/૨૫ કેવીએ) ગ્રાહકના વીજ સ્થાપનના શકય એટલી નજીક મૂકવામાં આવે છે. જેથી ગ્રાહકને ઓછામા ઓછી હળવા દબાણની લાઈન નાંખી પૂરતા દબાણથી વીજ પુરવઠો પૂરો પાડી શકાય.

વર્ષ ૨૦૨૧-૨૨ માટે સદર યોજનામાં ₹ ૫૫.૦૦ કરોડની જોગવાઈ કરવામા આવેલ છે. જે અંતર્ગત ૪૪૨૫ ઓછી ક્ષમતાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાડવાનુ આયોજન કરેલ છે. ઓક્ટોમ્બર-૨૦૨૧ અંતે ₹ ૭.૦૨ કરોડના ખર્ચે ૫૭૯ ઓછી ક્ષમતાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાડવામાં આવેલ છે.

(૯) ડીસ્ટ્રીબ્યુશન ઈન્ફાસ્ટ્રકચર શિફટીંગ યોજના :

નગર પાલીકા/મહાનગર પાલીકા/શહેરી વિકાસ સત્તા મંડળ/ગ્રામ્ય વિસ્તાર હેઠળના વિસ્તારોમાં નાગરીકોને સતત સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય વીજ પૂરવઠો મળી રહે તે માટે વીજળીની આવશ્યક સુવિધા પૂરી પડવા રસ્તાઓના વિસ્તૃતિકરણ અથવા હયાત રસ્તાઓ પર અડચણરૂપ હયાત વીજ વિતરણ રેષાઓ અને સંલગ્ન વીજ માળખાનું શીફટીંગ / રીપ્લેસમેન્ટ આ યોજના હેઠળ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૭૦.૦૦ કરોડના ફંડની જોગવાઈ કરવામાં આવી છે. ઓક્ટોમ્બર-૨૦૨૧ સુધીમાં નગર પાલીકા/મહાનગર પાલીકા/શહેરી વિકાસ સત્તા મંડળ/ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ ઉપર અડચણરૂપ એચટી ૧૮૬.૦૧ કિ.મી., એલ.ટી.- ૧૮૮.૨૯ કિ.મી., ટ્રાન્સફોર્મર-૨૮૯, પોલ-૨૯૭૬ ની શીફટીંગની કામગીરી ૧૯.૩૩ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.

(૧૦) સરદાર કૃષિ જયોતિ યોજના :

આ યોજનાનો મુખ્ય હેતુ ખેતીવાડી ફીડરોના હયાત જૂના જર્જરીત વીજ વાયરો/કંડકટર તથા તેને આનુસાંગીક માલ સામાન બદલવાની કામગીરી તથા જરૂરીયાત મુજબના ખેતીવાડી ફીડરોના વિભાજનની કામગીરી કરી ગુણવત્તા સભર વીજ પુરવઠો પૂરો પાડી ગ્રાહકોને સારી સેવા પૂરી પાડવાનો છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૧૦.૦૦ કરોડની નાણાંકીય જોગવાઈ મંજૂર કરેલ છે. જે અન્વયે ઓક્ટોમ્બર-૨૧ સુધીમાં ₹ ૧૪.૭૨ કરોડનો ખર્ચે ખેતીવાડી ફીડરોના ૯૨૧ કીમી કંડકટર બદલવવામાં આવેલ તથા ૧૦૭ ખેતીવાડી ફીડરોના વિભાજનની કામગીરી કરવામાં આવેલ છે.

(૧૧) ગ્રીડ કનેક્ટેડ સોલાર માઈક્રોગ્રીડ ફોર એગ્રીકલ્ચર પંપ સેટ હેઠળ સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય/SKY) :

ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે જૂન-2018 માં રાજ્યના ખેડૂતોના લાભાર્થે, બિનપરંપરાગત ક્ષેત્રે ઉર્જા વપરાશ વધારવા, ગ્રીન એનર્જીને ઉત્તેજન આપવા અને ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી મળે તે માટેની સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY) નો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકેલ. આ યોજના હેઠળ ખેડુતોને ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા સંચાલિત સિસ્ટમ ઉપલબ્ધ કરાવવામાં આવેલ. ખેડૂતો સૌર ઉર્જા ઉત્પાદિત કરે છે, વાપરી તેમજ જે બચે તે વીજળી ગ્રીડમાં વેચી વધારાની આવક ઊભી કરે છે. ગ્રીડના સપોર્ટ સાથે દિવસ દરમિયાન સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી વીજ પુરવઠો આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૬૦.૦૦ કરોડની નાણાકીય જોગવાઈ મંજુર કરવામાં આવેલ છે. જે અન્વયે ઓક્ટોમ્બર-૨૧ સુધીમાં ₹ ૬.૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૧૨) "સૂર્ય ગુજરાત" સોલાર રૂફટોપ યોજના :

રાજ્યના રહેણાંક હેતુના વીજ ગ્રાહકોને વીજ બીલમાં રાહત આપવાના હેતુથી સોલાર રૂફ ટોપનો વ્યાપ વધારવા રાજય સરકારશ્રી દ્વારા તા.૦૫.૦૮.૨૦૧૯ થી સૂર્ય ઉર્જા રૂફ ટોપ યોજના ('સૂર્ય-ગુજરાત') શરૂ કરવામાં આવી છે. અને હાલ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માટે, MNRE તરફથી ૪૯૨મેગાવોટ સોલાર ક્ષમતાની ફાળવણી સહિત ૯૦૦ મેગાવોટ ક્ષમતા સ્થાપનનો અંદાજ હતો. પરંતુ, કોવિડ-૧૯ ના બીજી લહેરને કારણે, સોલાર સામગ્રીની કિંમતમાં વધારો અને GST દરમાં ફેરફારને લીધે, હવે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન વાસ્તવિક ૬૦૦ મેગાવોટ ક્ષમતાની ૧,૩૯,૦૦૦ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપનનો અંદાજ છે. તેથી, ૬૦૦ મેગાવોટ ક્ષમતા માટે ₹ ૮૫૧ કરોડની અંદાજિત સબસિડી/સીએફએની જરૂરિયાત રહેશે.

ગુજરાતને વર્ષ ૨૦૨૦-૨૧ની મંજૂરી સામે MNRE એ ૭૫૦ મેગાવોટની ક્ષમતા ફાળવી છે. જેની સામે અત્યાર સુધી MNRE તરફથી ડિસ્કોમને ₹ ૨૦૭.૫૨ કરોડની CFA (કેન્દ્રીય નાણાકીય સહાય) પ્રાપ્ત થયેલ છે.

(૧૩) સીમશાળાઓને નજીકનાં જ્યોતિગ્રામ ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવા માટે શેર કેપીટલ :

ઊ અને પે વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ થી "સીમશાળાઓને નજીકનાં જ્યોતિગ્રામ ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવા જીયુવીએનએલને શેરમૂડી ફાળો " તરીકે જોગવાઈ કરવામાં આવેલ. જેમાં ડીજીવીસીએલની ૨૦ અને પીજીવીસીએલની ૭૭ શાળાઓ, એમ કુલ ૯૭ સીમશાળાઓને થ્રી ફેઝ વીજ પુરવઠો આપવાનુ ઠરાવવામાં આવેલ. જે અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માં ₹ ૬.૬૭ કરોડના ખર્ચે ૫૪ સીમશાળાઓના કામ પૂર્ણ કરવામાં આવેલ. વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹ ૨.૩૫ કરોડની સુધારેલ જોગવાઈ સામે ₹ ૨.૩૫ કરોડના ખર્ચે ૧૦ સીમશાળાઓના કામ પૂર્ણ કરવામાં આવેલ.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧.૦૦ કરોડના ખર્ચે ૩ સીમશાળાઓના કામ પૂર્ણ કરવાનું આયોજન સામે ઓક્ટો-૨૦૨૧ અંતે ₹ ૦.૨૧ કરોડના ખર્ચે ૧ સીમશાળાનું કામ કરવામાં આવેલ છે.

(૧૪) કિસાન સૂર્યોદય યોજના :

ખેડૂતો દ્વારા છેલ્લા કેટલાય સમયથી દિવસે પાવર આપવાની રજૂઆત હતી. ખેડૂતોની માંગણીને સંતોષવા ખેડૂતોને દિવસે વિજળી પૂરી પાડવા ગુજરાત સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી "કિસાન સૂર્યોદય યોજના" અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને ખેતીવાડી ફીડર ઉપર દિવસ દરમ્યાન સવારે ૫.૦૦ થી રાત્રીના ૯.૦૦ વાગ્યા દરમિયાન વીજ પુરવઠો આપવામાં આવશે.

ખેડૂતોને દિવસ દરમિયાન કૃષિ વીજ પુરવઠો પૂરો પાડવા માટે વિગતવાર કરવામાં આવેલ વિશ્લેષણ મુજબ પ્રવહન માળખાને સશક્તિકરણની જરૂરિયાત રહે છે. જે નીચે મુજબ છે.

- કુલ અંદાજીત ૪૫૧૭ સર્કિટ કી.મી જેટલી નવીન ૬૬ કેવી વીજ રેષા આશરે ૨૬૬ નંગ, ૧૩૨ કેવી વીજ રેષા આશરે ૧ નંગ તથા ૨૨૦ કેવી વીજ રેષા આશરે ૧૪ નંગ નું નિર્માણ.
- કુલ ૧૨ સબ-સ્ટેશન, જેમાં ૧૧ નવીન ૨૨૦ કેવી સબ-સ્ટેશન તથા ૦૧ નવીન ૧૩૨ કેવી સબ-સ્ટેશનનું સંલગ્ન વીજ રેષા સહિત પ્રસ્થાપિત કરવા.

ઉપરોક્ત માળખાકીય સુવિધા ઉભી કર્યા બાદ સમગ્ર ગુજરાતના ખેડૂતોને તબક્કાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વિજળી આપવાનું આયોજન છે.

INDEX

સૂર્યોદય યોજનાના અમલીકરણ માટે ટ્રાન્સમીશન માળખાનું વિસ્તરણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આવનારા ત્રણ વર્ષ દરમ્યાન આશરે ₹ ૩,૫૦૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. આ અંતર્ગત ગુજરાત રાજ્યના તમામ ૩૩ જીલ્લાઓને તબક્કાવાર આવરી લેવામાં આવશે.

વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹ ૪૦૦.૦૧ કરોડના ખર્ચે ૨૩૨.૫૦ સ.કી.મીની ૨૨ નંગ નવીન વીજ રેષાનું નિર્માણ કાર્ય તથા ૨૨૦ કેવીનું ૧ સબ સ્ટેશન કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૦૦૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં અંદાજીત ૨ સબ સ્ટેશન અને અંદાજીત ૧૨૦૦ સ.કી.મીની ૮૨ નંગ જેટલી નવીન વીજ રેષાનું નિર્માણ કરવાનું આયોજન કરેલ છે. જેની સામે ઓક્ટો-૨૦૨૧ અંતે ₹ ૧૫૫.૮૪ કરોડના ખર્ચે ૩૦૮ સર્કિટ કી.મી જેટલી નવીન વીજ રેષાનું નિર્માણ કરવામાં આવેલ છે.

(૧૫) કેન્દ્ર પુરસ્કૃત (CSS) પ્રધાનમંત્રી કુસુમ યોજના (Component-B) :

પ્રધાનમંત્રી કુસુમ યોજના (Component-B) અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૨.૫૦ કરોડની નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ૨૧૯૯ સોલર પંપસેટ સ્થાપવા માટેનું આયોજન કરેલ છે. જેની સામે ઓક્ટોમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ૧૪૩ સોલર પંપસેટ ₹ ૧.૧૬ કરોડના ખર્ચે સ્થાપવા આવેલ છે.

(૧૬) કેન્દ્ર પુરસ્કૃત (CSS) પ્રધાનમંત્રી કુસુમ યોજના (Component-C) :

પ્રધાનમંત્રી કુસુમ યોજના (Component-C) અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માં ૭૦૦૦ ગ્રીડ કનેક્ટેડ પંપને સોલારાઈઝ કરવા માટે ₹ ૮૦.૦૦ કરોડની નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સાધેલ પ્રગતિ અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન આયોજિત અગત્યની કામગીરીના ભૌતિક લક્ષ્યાંક

1. તા. ૩૧.૦૩.૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતા ૩૩,૪૯૬ મે.વો થયેલ છે જે અંતર્ગત પરંપરગત સ્ત્રોત - ૨૦,૩૪૩ મે.વો અને બીન-પરંપરાગત સ્ત્રોત- ૧૩,૧૫૩ મે.વો નો સમાવેશ થાય છે.

   તા. ૩૧.૧૦.૨૦૨૧ ની સ્થિતિએ ગુજરાત રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતા ૩૬,૨૧૭ મે.વો થયેલ છે જે પૈકી પરંપરાગત સ્ત્રોતની ક્ષમતા ૨૦,૯૯૯ મે.વો. છે અને બિન-પરંપરાગત સ્ત્રોતની ક્ષમતા ૧૫,૨૨૮ મે.વો નો સમાવેશ થાય છે.

   આમ, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર સુધીમાં) દરમ્યાન રાજ્ય દ્વારા ૨૭૪૮ મે.વો વીજ ક્ષમતાનો વધારો કરવામાં આવેલ છે.

2. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા પવન ઉર્જા અને સૌર ઉર્જા માટેના કરાર કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ માત્ર સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા થકી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર સુધી) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા ૪૫૫૦ મે.વો બીન-પરંપરાગત સ્ત્રોત સાથે સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા થકી લાંબાગળાના કરાર કરેલ છે.

3. રાજ્ય દ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ પોલીસી થકી પ્રોત્સાહનના પરિણામે, બીન પરંપરાગત ક્ષમતાનો કુલ સ્થાપિત વીજ ક્ષમતામાં ૪૨% થી પણ વધારે ફાળો થયેલ છે.

વીજ સંકલન કેન્દ્ર :

ગુજરાત રાજયની વીજ સ્થાપીત ક્ષમતા તા. ૩૧.૦૩.૨૦૨૧ ના રોજ ૩૦૨૪૪.૦૯ મેગાવોટ હતી. જેમાંથી ખાનગી ક્ષેત્રની કંપનીઓની વીજ સ્થાપીત ક્ષમતા ૬૩૯૬.૮૬ મેગાવોટ અને સેંટ્રલ સેકટરમાંથી ગુજરાત (જીયુવીએનએલ)ને મળતો હિસ્સો ૭૩૭૩.૯૬ મેગાવોટ હતો. તદઉપરાંત, આ સિવાય તા. ૩૧.૦૩.૨૦૨૧ ના રોજ પવન આધારીત ક્ષમતા ૬૪૨૫.૩૬ મેગાવોટ, સૂર્ય આધારીત ક્ષમતા (રુફટોપ સોલાર સિવાય) ૩૨૬૬.૧૩ મેગાવોટ, મીની હાઈડ્રો આધારીત ક્ષમતા ૬૦.૯૬ મેગાવોટ તેમજ બાયોમાસ આધારીત ક્ષમતા ૪૪.૧૫ મેગાવોટ હતી.

ગુજરાત પાવર કોર્પોરેશન લી.

(અ) કાર્યરત પ્રોજેકટસ:

(૧) ગુજરાત સોલાર પાર્ક - ચારણકા :

પાટણ જીલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકા ગામે ગુજરાત સોલાર પાર્ક આવેલ છે. જુદા જુદા ૩૪ વિકાસકર્તાઓ દ્વારા ૭૩૦ મેગાવોટ વિજ ક્ષમતાનાં સોલાર વિજ મથકો સ્થાપવામાં આવ્યાં છે વધુમાં, ૨૫ મેગાવોટ વિજ ક્ષમતાના પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે.

INDEX

(૨) ૫ મેગાવોટ ગ્રીડ કનેક્ટેડ સોલાર રૂફટોપ પ્રોજેક્ટ - ગાંધીનગર અને વડોદરા :

G.P.C.L. દ્વારા ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી દ્વારા ગાંધીનગરમાં સફળ રીતે ૫ મેગાવોટ રૂફટોપ પ્રોજેક્ટ સ્થાપિત કરવામાં આવેલ છે. G.P.C.L. દ્વારા ગાંધીનગર ખાતે પોતાનો ૧ મેગાવોટ સોલાર રૂફટોપ પ્રોજેક્ટ સ્થાપવામાં આવેલ છે. G.P.CL દ્વારા સોલાર રૂફટોપ પ્રોજેક્ટ અંતર્ગત વડોદરા શહેરમાં પણ ૪.૬ મેગાવોટની ક્ષમતા સ્થાપવામાં આવી છે.

(૩) ૭૦૦ મેગાવોટ રાધાનેસડા અલ્ટ્રા મેગા સોલાર પાર્ક :

ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે ગામ રાધાનેસડા, તાલુકો વાવ, જીલ્લો બનાસકાંઠા ખાતેની આશરે ૧૩૯૨ હેક્ટર વિસ્તાર ધરાવતી પડતર/બિનઉપજાઉ જમીન પર ૭૦૦ મેગાવોટ અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ (UMSPP) સ્થાપવામાં આવી રહયો છે. રાધાનેસડા અલ્ટ્રા મેગા સોલાર પાર્ક અમદાવાદથી ઉત્તર-પશ્ચિમ દિશાએ આશરે ૨૭૧ કિ.મી. દૂર આવેલ છે. આ પ્રોજેક્ટના વિવિધ આંતર માળખાકીય કામો જેમ કે, રોડ, પાણી પુરવઠો, સંદેશાવ્યવહાર, પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિગેરે પૂર્ણ કરવામાં આવ્યાં છે. હાલમાં, કુલ ૪૦૦ મેગાવોટનો સોલાર પાવર પ્રોજેક્ટ ઓગસ્ટ-૨૦૨૧ના રોજ શરૂ થઈ ગયેલ છે અને ૩૦૦ મેગાવોટ સોલાર પ્રોજેક્ટ સ્થાપવાની કામગીરી પ્રગતિમાં છે.

(૪) મોઢેરા સૂર્યમંદિર અને નગરને સૂર્યઉર્જાથી વિકસિત કરવા સૂર્યઉર્જા પ્રોજેક્ટ: મોઢેરા

મોઢેરા સૂર્યમંદિર અને નગરને સતત ૨૪ કલાક અને અઠવાડીયાના સાત દિવસ (24×7) એટલે કે, કાયમ સૂર્ય ઉર્જા મળી રહે તેવા માનનીય પ્રધાનમંત્રીશ્રીના ઉદેશ સાથે આ દ્રષ્ટાંતરૂપી પ્રોજેકટનો અમલ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના મુખ્ય ઘટકો ૬ મેગાવોટ ગ્રાઉન્ડ માઉન્ટેડ ફોટોવોલ્ટેઈક પ્રોજેક્ટ સાથે ૧૫ મેગાવોટ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ છે.

આ પ્રોજેક્ટસમાં રહેણાંક અને સરકારી ઈમારતોની છતો ઉપર સોલાર રૂફટોપ તેમજ સોલાર આધારિત ઈલેકટ્રીક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન પણ છે. આ પ્રોજેકટની અંગેની કામગીરી કરવા માટે ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ દ્વારા મેસર્સ મહિન્દ્રા સસ્ટેન પ્રા. લિ. ને ઈ પી.સી. કોન્ટ્રાક્ટર તરીકે નિયુકત કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ પ્રોજેક્ટ પૂર્ણતાના આરે છે

(બ) અમલીકરણ હેઠળના પ્રોજેક્ટસ :

(૧) ૫૦૦ + મે.વો. હરસડ અલ્ટ્રામેગા સોલાર પાર્ક :

ગુજરાત સરકાર દ્વારા ગામ: હરસડ/નવાપુરા, તાલુકો; સુઈગામ, જીલ્લો: બનાસકાંઠા ખાતેની લગભગ ૬૯૮ હેક્ટર વિસ્તાર ધરાવતી પડતર/બિનઉપજાઉ જમીન પર ૫૦૦ મેગાવોટ અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ (UMSPP) સ્થાપવા માટે “સૈદ્ધાંતિક” મંજુરી આપવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે. ગુજરાત સરકારે આ જમીનનો આગોતરા કબજો આપેલ છે.

- આ પ્રોજેકટ માટેના આર્થિક તકનીકી અહેવાલો તૈયાર કરવામાં આવી રહ્યાં છે.
- આ પ્રોજેકટ માટે વીજ પરિવહનના પ્રોજેકટની પ્રક્રિયા શરૂ કરેલ છે.
- હાલમાં ગુજરાત સરકાર દ્વારા જમીનનો આગોતરો કબજો આપી દેવામાં આવેલ છે.
- આ યોજનાને ભારત સરકાર તરફથી આર્થિક સહાય આપવા માટેની સૈદ્ધાતિક મંજુરી આપવામાં આવેલ છે.

(૨) ૫૦૦૦ + મે.વો. ધોલેરા અલ્ટ્રામેગા સોલાર પાર્ક (ફેઝ-૧, ૧૦૦૦ મે.વો.) :

- ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજયના અમદાવાદ જીલ્લાના ધંધુકા તાલુકામાં ધોલેરા એસ.આઈ.આર ખાતે હેકટર આરે ૯૮૦૦-૦૦-૦૦ ચો.મી. જમીનમાં ૫૦૦૦ મે.વો. ધોલેરા અલ્ટ્રામેગા સોલાર પાર્ક માટે મંજુરી મળેલ છે.
- ૫૦૦૦+ મે.વો.ને ૪૦૦૦ મે.વો તેમજ ૧૦૦૦ મે.વો.ને વિભાજીત કરવાની મંજુરી કેન્દ્ર સરકાર દ્વારા મળેલ છે. જેમાં GPCL દ્વારા ફેઝ-૧ માં ૧૦૦૦ મે.વો. સોલાર પાર્કની કામગીરી હાલ કાર્યરત છે તથા ૪૦૦૦ મે.વો. SECI દ્વારા વિકસાવવામાં આવશે.
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા આ પ્રોજેકટ થકી ઉત્પાદિત થનાર વીજળી ખરીદવા માટેની ટેન્ડર પ્રકીયા પૂર્ણ કરી દેવામાં આવેલ છે. ટેન્ડરની શરતોને આધારે ૧૦૦૦ મે.વો. પૈકી ૩૦૦ મે.વો.ના ટેન્ડરો મળેલ છે. તથા ટેન્ડરની શરતોને આધારે ૨૫૦ મે.વો.ના સોલાર પ્રોજેક્ટો સ્થાપવા માટેના LoA આપી દીધેલ છે.

(૩) વિન્ડ/સોલાર/વિન્ડ-સોલાર હાઈબ્રિડ પાર્ક : ખાવડા

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં વિશાળ વિન્ડ/સોલાર/વિન્ડ-સોલાર હાઈબ્રિડ પાર્ક સ્થાપવા માટે સરકારી પડતર

INDEX

જમીન ફાળવવાની નીતિ રાજ્ય સરકારનાં મહેસુલ વિભાગનાં તારીખ:-૨૫/૦૧/૨૦૧૯નાં ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે જી.પી.સી.એલ. ને સદર પોલીસીના અમલીકરણ માટે નોડલ એજન્સી જાહેર કરેલ છે.

આ નીતિ હેઠળ મોટા પાયે એટલે કે, અંદાજે ૩૦,૦૦૦ મેગાવોટ (૩૦ ગીગાવોટ) રીન્યુએબલ એનર્જી પાર્ક કચ્છ જીલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક વિધાકોટ બી.એસ.એફ. પોસ્ટ ખાતે વિશાળ રિન્યુએબલ એનર્જી પાર્ક સ્થાપવાની કામગીરી શરુ કરી દેવામાં આવી છે. આ સ્થળે અંદાજે ૨૭,૭૦૦ મેગાવોટ રીન્યુએબલ એનર્જી ક્ષમતા કુલ ૭૨,૪૦૦ હેકટર જમીન સુનિશ્ચિત કરવામાં આવી છે. આ જમીન ઉપર વિશાળ પાર્ક સ્થાપવા માટે મે.અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (SRL)-૪૭૫૦ મે.વો. ક્ષમતા માટે સરકાર દ્વારા જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. જ્યારે, ભારત સરકારના સાહસ સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (SECI)ને આંતરરાષ્ટ્રીય સરહદે વિન્ડમીલ પ્રોજેક્ટ સ્થાપવા માટે અંદાજે ૩,૦૦૦ મેગાવોટની ક્ષમતા માટે ૨૩,૦૦૦ હેકટર જમીન આરક્ષિત કરવામાં આવી છે. હાલમાં, આ રીન્યુએબલ એનર્જી પાર્કને તાત્કાલીક નવા એપ્રોચ રોડ મળી રહે તે માટેની કામગીરી ગુજરાત સરકારનાં માર્ગ અને મકાન વિભાગ શરુ કરવામાં આવી છે. ભારત સરકારની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વિન્ડ એનર્જી (NIWE) દ્વારા આ સ્થળનાં સોલાર રેડીયેશન અનેપવન ઉર્જાની નોંધણી માટેનાં સાધનો સ્થાપવામાં આવ્યા છે.

ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ

તેલ અને ગેસ એકસ્પ્લોરેશન

જીએસપીસી કુદરતી ગેસનું વેચાણ કરતી ભારતની બીજા નંબરની સૌથી મોટી કંપની છે. જીએસપીસી લગભગ ૧૭ mmscmd કુદરતી ગેસની માંગ પૂરી કરે છે જેથી ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં ગેસનું સૌથી મોટું વપરાશકાર છે.

જીએસપીસી, ગુજરાતમાં તેલ અને ગેસ એકસ્પ્લોરેશન અને પ્રોડક્શન (E&P) ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે. GSPC, તેના જોઈન્ટ વેન્ચર પાર્ટનરો સાથે ભારતમાં ૧૪ ઉત્પાદન બ્લોસમાં ભાગીદારી ધરાવે છે, જેમાંથી ગુજરાતમા ૧૨ E&P બ્લોકસ આવેલ છે. જીએસપીસી (પોતાના ભાગીદારો સાથે) ૧૯૯૪થી સતત તેલ અને કુદરતી ગેસનું ઉત્પાદન કરી રહ્યા છે.

જીએસપીસી અને તેના જોઈન્ટ વેન્ચર પાર્ટનરોની કંપનીઓએ આશરે ૯૮.૨ લાખ બેરલથી વધુ તેલ અને ૩૬૫.૫ બીલીયન ક્યુબીક ફીટ કુદરતી ગેસનું ઉત્પાદન છેલ્લા ૨૭ વર્ષોમાં આ બ્લોસમાંથી કર્યું છે. વર્ષ ૨૦૧૮થી જીએસપીસીએ બિનઉત્પાદક એકસ્પ્લોરેશન અને પ્રોડક્શન (E&P) બ્લોકસની વિગતવાર સમીક્ષા કરીને બિનઉત્પાદક એકસ્પ્લોરેશન અને પ્રોડકશન (E&P) બ્લોકસ વેચવાની પ્રક્રિયા શરુ કરી છે અને આજ રોજ સુધી ૬ (E&P) બ્લોકસ વેચવા માટે કેન્દ્ર સરકાર ની મંજુરી મેળલ છે ઉપરાંત બીજા ૬ (E & P) બ્લોકસ વેચવા પ્રક્રિયા ચાલે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧(નવેમ્બર)માં GSPCના બ્લોકસમાં પ્રતિદિવસ તેલનું વેચાણ ૫૦૦ બેરલ છે અને ગેસનું વેચાણ ૩૮૦૦૦ કયુ મીટર છે. હવે જીએસપીસી, ગેસ વેચાણના વ્યવસાયમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ગેસ ગ્રીડ

GSPL એ 24 નવેમ્બર 2021ના રોજની સ્થિતિ મુજબ સફળતા પૂર્વક 2711 કિ.મી લાંબી કુદરતી ગેસ પરિવહન (ટ્રાન્સમિશન) કરવા પાઈપ લાઈનનું બાંધકામ કર્યું છે. જે ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં કુદરતી ગેસનો પુરવઠો વ્યાપારી અને ઔધોગિક એકમોને અને CNG સ્ટેશનોને મળતો રહે તે સુનિશ્ચિત કરે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન GSP એ કુલ ૬ પ્રોજેક્ટ્સ દ્વારા CGD અને ઓધોગિક એકમોને જોડ્યા છે. તે ઉપરાંત ૫ અન્ય પ્રોજેક્ટ્સનું કાર્ય ગતિમાન છે. હાલમાં GSPL સરેરાશ 35.45 MMSCMD પ્રતિ દિવસના હિસાબે, કદરતી ગેસનું પરિવહન કરે છે. હાલનું નેટવર્ક ગુજરાત રાજ્યના લગભગ ૨૫ જિલ્લાઓ જેમ કે વલસાડ, તાપી, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ., ખેડા, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ, પંચમહાલ, અમરેલી, જામનગર, બોટાદ, મોરબી, ભાવનગર,પાટણ, દાહોદ, બનાસકાંઠા, દેવભૂમી દ્વારકા અને ગીર સોમનાથ જીલ્લાઓમાં પથરાયેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન GSPL દ્વારા આગામી પાઈપલાઈન પ્રોજેક્ટ્સ વિકસાવવા માટેની કાર્યવાહી હેઠળ સર્વે, ROU (રાઈટ ઓફ યુઝર) નોટિફિકશન, એન્જિનિયરિંગ વગેરે અંગેની પ્રક્રિયાઓ થનાર છે.

પી.એન. જી.આર.બી એ જી. એસ.પી.એલ. ને મહેસાણા-ભટિંડા પાઈપલાઈન, ભટિંડા-જમ્મુ પાઈપલાઈન અને મલાવરમ-ભોપાલ-ભીલવારા પાઈપલાઈન પ્રોજેક્ટ વિકસાવવા માટે અધિકૃત કરેલ છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે જી.એસ.પી.એલ. ની આગેવાની હેઠળ ઈંડીયન ઓઈલ કોર્પોરેશન લી., ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લી. સાથે ભેગા મળી નીચે મુજબ બે સ્પેશીયલ પર્પસ વૈહિકલ (SPVs) રચવામાં આવેલ.

INDEX

SPVs	પ્રોજેકટ અને કુલ લંબાઇ (કિ. મી)
જી.એસ.પી.એલ. ઈન્ડિયા ટ્રાનસ્કો લિમિટેડ (જી.આઇ.ટી.એલ.)	મલ્લાવરમ - ભીલવાડા- ભોપાલ - વિજયપુર પાઇપલાઇન (એમ.બી.બી.વી.પી.એલ) - ૧૮૮૧ કિ.મી.
જી.એસ પી એલ ઈન્ડિયા ગેસનેટ લિમિટેડ (જી.આઇ.જી.એલ)	મહેસાણા, ભીંડા. (એમ.બી.પી.એલ) અને ભટીંડા Guradaspur (બી.જે.એસ.પી.એલ.) - ૨૬૦૦ કિ.મી.

જી.એસ.પી.એલ. ઈન્ડિયા ગેસનેટ લિમિટેડ :

મહેસાણા-ભટિંડા જમ્મુ પાઇપલાઇન (એમબીજેપીએલ) એ પી એન જી.ખાર બી દ્વારા બોલી આપનારા તમામ પ્રોજેક્ટોમાં સૌથી લાંબી પાઇપલાઇન પ્રોજેક્ટ અમલમાં મુકાયો છે જે ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને પંજાબ જેવા રાજ્યો / યુ.ટી. ને આવરી લે છે. જીઆઈજીએલના નેટવર્કનો વિકાસ ફક્ત ગુજરાત રાજ્ય માટે જ નહીં, પરંતુ ઉત્તરી અંતરિયાળ વિસ્તારના ગ્રાહકો માટે પણ નિર્ણાયક છે કારણ કે તે ગ્રાહકોને ગુજરાતમાં તમામ હાલના તેમજ આગામી એલએનજી ટર્મિનલ્સને પ્રવેશ માર્ગ પ્રદાન કરશે. આ ઉપરાંત, આ પાઇપલાઇન, રાષ્ટ્રીય ગેસ ગૌડનો એક ભાગ, ભારત સરકારના દ્રષ્ટિકોણ હેતુ. ભારતની ઉર્જા બાટમાં કુદરતી ગેસનો હિસ્સો 2030 સુધીમાં 15% સુધી વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

જી.એસ.પી એલ.એ એમ.બી જે.પી.એલ. પ્રોજેકટના અમલીકરણ માટે ખાસ હેતુ વાહન (એસ.પી.વી.) જી.એસ. પી.એલ. ઈન્ડિયા ગેસનેટ લિમિટેડ ની રચના કરી છે. જી.એસ.પી.એલ. ઈન્ડિયા ગેસનેટ લિમિટેડ દ્વારા પ્રથમ તબક્કા માં ૪૪૨ કિલોમીટર કુદરતી ગેસ પાઇપલાઇન કુલ 1316 કરોડ ના ખર્ચે અમલ કરવામાં આવી છે અને હાલમાં બીજા તબક્કે, પાલી(રાજસ્થાન) થી ભટિંડા (પંજાબ) અને રોહતક (હરિયાણા)થી પાણીપત (હરિયાણા) લગભગ 4330 કરોડના ખર્ચે કુલ 939 કિલોમીટરની કુદરતી ગેસ પાઇપલાઇન અમલ કરી રહ્યુ છે.

જીઆઈજીએલે માર્ચ ૨૦૧૯ માં એમબીપીએલ નેટવર્કના પાલીથી ભટિંડા અને હનુમાનગઢ થી પાણીપતને આવરી લેતી કુલ 939 કિલોમીટર ની પાઇપલાઇનના અમલીકરણ માટે ઈપીસી કોન્ટ્રેકટ આપ્યા હતા.

પ્રોજેકટને ઝડપ થી અમલ કરવા હેતુસર, જીઆઈજીએલએ ઉપરોક્ત પ્રોજેકટને સાત વિભાગમાં ચાર જુદા જુદા ઈપીસી કોન્ટ્રાકટરોને એનાયત કર્યા હતા જીઆઈજીએલે ઉપરોક્ત વિભાગોના અમલીકરણમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. પાઇપલાઇન પ્રોજેકટ પર કીવિડ 19ના બીજા વેવ અને પંજાબમાં ઑકટોબર-20 થી ફાર્મ બિલ સામેના આદોલનને કારણે અસર થઈ હતી. મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડ્યો હોવા છતાં, GIG એ નવેમ્બર 15, 2021 ના રોજ 887 કિલોમીટરનું વેલ્ડિંગ (cumulative) કાર્ય પૂર્ણ કરેલ છે.

ફેઝ - ૨ પ્રોજેક્ટ પાઇપલાઇન સેકશન કે જે પંજાબમાં આવેલ છે જેનુ કાર્ય ખેડૂત આંદોલનને કારણે પૂર્ણ થઈ શકેલ નથી તેના સિવાય GIG. January ૨૦૨૨ સુધીમાં ફેઝ ૨ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની અપેક્ષા રાખે છે.

જીએસપીએલ ઈન્ડિયા ટ્રાન્સકો લિમીટેડ (જી. આઈ. ટી. એલ.)

PNGRB દ્વારા અધિકૃત કરેલ મલ્લાવરમ ભોપાલ - ભીલવાડા - વિજયપુર પાઇપલાઇન પરિયોજના (MBBVPL) જીએસપીએલ ઈન્ડિયા ટ્રાન્સકો લિમીટેડ(GITL) દ્વારા કરવામાં આવી રહી છે. કુલ ૧૮૮૧ કિ.મી. લાંબી આ પાઇપલાઇન અંતર્ગત પ્રથમ તબક્કા રૂપે ૩૬૫ કી.મી પાઇપલાઇન પ્રોજેક્ટને જી.આઇ.ટી.એલ. દ્વારા એવોર્ડ કરવામાં આવેલ. પ્રથમ તબક્કા રૂપેની આ પાઇપલાઇન કુંચનાપલ્લી આંધ્રપ્રદેશથી તેલંગાનામાં આવેલ રામાગુંડમ ફર્ટીલાઇઝસ એન્ડ કેમિકલ લીમીટેડ(આર. એફ.સી.એલ.) પ્લાન્ટને જોડે છે. જી.આઇ.ટી.એલ. દ્વારા આ પ્રોજેકટ તા. ૧૪.૧૦.૨૦૧૯ ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે. તા. 07.01.21 ના રોજ માનનીય મંત્રી MoPNG અને સ્ટીલની અધ્યક્ષતામાં થયેલ બેઠકના મિનિટ્સ ઓફ મીટીંગ (MOM) મુજબ IOCL દ્વારા જોઇન્ટ વેન્ચર(JV)માં GSPLની ઇક્વિટી લેવાનો વિચાર કરવામાં આવે, જેના યોગ્ય વિકલ્પો પર IOCL અને GITL વિચાર કરે. જેથી પાઇપલાઇનના અમલને ઝડપી બનાવી શકાય.

તે માટે IOCLએ મેસર્સ એસબીઆઇ કૈપ્સ અને મેસર્સ શાર્દુલ અમરચંદ મંગલદાસની due diligence કરવા માટે નિમણુંક કરી છે અને તે માટેનું કાર્ય પ્રગતિમાં છે.

શહેરોમાં ગેસ વિતરણ પ્રોજેકટ

ગુજરાત સરકારના નિર્દેશન હેઠળ GSPC ગ્રુપની ગુજરાત ગેસ લિમિટેડ (GGL)એ સમગ્ર ભારતની સૌથી વિશાળ શહેરી ગેસ વિતરણ કંપની છે. ગુજરાત ગેસ લિમિટેડને ૬ રાજ્યો અને ૧ યુનીઅન ટેરિટરીના ૨૭ ભોગોલિક વિસ્તારોમાં શહેરી ગેસ વિતરણ માટે ભારત સરકારની પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (PNGRB) દ્વારા ઓથોરાઇઝેશન મળેલ છે.

INDEX

ગુજરાત ગેસ લિમિટેડએ ૩૧,૫૦૦ કિ.મી. કરતા વધુ સ્ટીલ તેમજ પીઇ પાઇપલાઇન નાંખી વિવિધ સ્થળોને જોડતા પાછપલાઇન નેટવર્કની સ્થાપના કરી શહેરી ગેસ વિતરણ નેટવર્કનો અમલ કર્યો છે, જેમાં શહેરો, નગરો તેમજ ગામડાઓનો સમાવેશ થાય છે. હાલમાં ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા લગભગ ૧૨.૭૬ MMSCMD જેટલો ગેસ ૧૬.૩૦ લાખથી વધુ ઘરેલુ વપરાશકારોને, ૪,૨૦૦ જેટલા ઔધોગિક ગ્રાહકોને, ૧૩,૨૦૦ જેટલા કોમર્શિયલ અને નોન-કોમર્શિયલ ગ્રાહકોને તેમજ ૬૧૧ સીએનજી સ્ટેશનો દ્વારા સીએનજી વાહનોને ગેસ પુરો પાડે છે. આટલા વિશાળ ગ્રાહક સમૂહને પાઇપલાઇન દ્વારા ગેસની સેવા પુરી પાડીને ગુજરાત ગેસ લિમિટેડ રાજયની સામાજિક, આર્થિક માળખાકીય સુવિધાઓનો વિકાસમાં નોંધપાત્ર ફાળો આપી રહી છે.

ગુજરાત ગેસ લિમિટેડ ઓટોમોબાઇલ (વાહનોને) પણ સીએનજી પુરો પાડે છે. કંપની રોજના ૧૫.૨૬ લાખ કિ.ગ્રા. થી વધુ સીએનજી ૩.૨૦ લાખથી વધુ વાહનોને પુરો પાડે છે. આમાં મોટા ભાગે કાર, ઓટોરિક્ષા અને બસોનો સમાવેશ થાય છે. ઓટોમોબાઇલ સેક્ટરને ગેસ પુરો પાડીને તે દેશને Green House Gas (GHG)ના સ્ત્રાવમાં (એમિશન) ઘટાડો કરે છે અને પર્યાવરણને સમતોલ બનાવે છે.

ગુજરાત ગેસ લિમિટેડએ રાજ્યમાં ગેસ વિતરણનું વિશાળ નેટવર્ક તૈયાર કર્યુ છે. તેના ગ્રાહકો મુખ્યત્વે રિટેઇલ ગ્રાહકો હોય છે જે ગ્રામ્ય વિસ્તારમાં તથા શહેરી / અર્ધશહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. સાબરમતી ગેસ લિમિટેડ (SGL), જે GSPC એ ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ (BPCL) સાથે ભાગીદારીમાં સ્થાપ્યું છે. તે ૫ જિલ્લાને આવરી લે છે અને લગભગ ૬૪૪૨ કિમી લાંબુ પાઈપ લાઇન નેટવર્ક ધરાવે છે. સાબરમતી ગેસ લિમિટેડ (SCL) ૨.૩૦ લાખ ઘરેલું પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ગ્રાહકોને પણ પોતાના નેટવર્કથી જોડ્યા છે અને ૧૪૦ CNG સ્ટેશન સ્થાપ્યા છે.

પાવર પ્રોજેકટ :

ગુજરાતમાં ઘર અને ઉદ્યોગ માટે વીજળી પુરવઠો વધારવા, GSPC દ્વારા ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લિમિટેડ (GSEG) ની સ્થાપના કરવામાં આવેલ છે. GSEG નો ગેસ આધારિત 156.1 મેગાવોટનો પાવર પ્લાન્ટ જે હજીરા ખાતે આવેલ છે. તે 2001થી ઉપલબ્ધ છે. તેની ક્ષમતા પણ 351.43 મેગાવોટનો પ્લાન્ટ નાખવાથી 507.53 મેગાવોટ થયેલ છે. 351.43 મેગાવોટનો પ્લાન્ટ માર્ચ, 2012માં શરૂ કરવામાં આવેલ છે. તે જ રીતે 2 × 351.43 મેગાવોટ = 702.86 મેગાવોટ ગેસ આધારિત પાવર પ્લાન્ટ પીપાવાવ નજીક સ્થાપવામાં આવેલ છે. આ ખાસ હેતુ માટે જીએસપીસી પીપાવાવ પાવર કંપની લિમિટેડ (GPPC) ની સ્થાપના કરવામાં આવેલ છે. એપ્રિલ, 2013 માં તેનું 351.43 મેગાવોટનું પ્રથમ યુનિટ અને ફેબ્રુઆરી 2014 માં બીજું 351.43 મેગાવોટનું યુનિટ.આ બંને યુનિટ ચાલુ થઇ ગયેલ છે. ઉપરોક્ત પ્લાન્ટ કમીશન થયા બાદથી GUVNL/ SLDCની વીજળીની જરૂરિયાત પ્રમાણે ચલાવવામાં આવે છે. વર્ષ 2020-21 દરમ્યાન GSEGનો 156.1 મેગાવોટ પ્લાન્ટ આશરે 28.77%. 351.43 મેગાવોટ પ્લાન્ટ આશરે 42.44% અને GPPCનો 702.86 મેગાવોટ પ્લાન્ટ આશરે 44.26% પ્લાન્ટ લોડ ફેકટર સાથે ચાલેલ છે. આવનાર સમયમાં હજુ સસ્તો ગેસ ઉપલબ્ધ થશે તો તે સતત ચાલશે. આ બંને પાવર પ્લાન્ટનાં PPA, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. (GUVNL) સાથે કરવામાં આવ્યા છે.

સોલાર પાવર પ્રોજેક્ટ :

GPPC દ્વારા 5 મેગાવોટનો સોલાર પ્લાન્ટ ગુજરાત સોલાર પાર્ક, ચારણકા, ગુજરાત ખાતે નાખવામાં આવેલ છે. માર્ચ-2012થી ત્યાં વેપારી ધોરણે ઉત્પાદન શરૂ કરવામાં આવેલ છે અને GUVNL સાથે PPA કરેલ છે.

પવન ઉર્જા (Wind Power) :

ગ્રીનર પાવર ને પ્રોત્સાહન આપવા માટે, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (GSPC) એ Wind Power ક્ષેત્રમાં પ્રવેશ કરવાનું નક્કી કર્યું અને ૭૧.૪ ww નો પ્રોજેકટ, ગ્રામ, જખાઉ અને જામનવાડા ખાતે, O & M મોડેલ પર સ્થાપેલ છે.

તેજ રીતે GSPLએ ૫૨૫ Mw Wind Power પ્રોજેક્ટ ગુજરાતમાં સ્થાપેલ છે. આ પ્રોજેકટ સૌરાષ્ટ્રમાં માલીયા-મીયાણા અને ગોરસર -અડોદર ખાતે સ્થાપવામાં આવેલ છે. આ બંને પ્રોજેક્ટના PPI, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. સાથે કરવામાં આવ્યા છે.

પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU) :

પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU)ની સ્થાપના ગુજરાત રાજ્યના અધિનિયમ દ્વારા ૨૦૦૭માં કરવામાં આવી. તેનો હેતુ વિશ્વ કક્ષાની, ઊર્જા શિક્ષણ અને સંશોધન માટેની યુનિવર્સિટીની સ્થાપના કરી. તેલ અને ગેસ ક્ષેત્રમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનો છે, અને ગુજરાત રાજ્યને પેટ્રો-કેપીટલ ઓફ ઈંડિયા ભારતની પેટ્રોલની રાજયાની બનાવવાનું

સપનું સાકાર કરવાનો છે. તે ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (GSPC) દ્વારા સ્થાપવામાં આવેલ છે. આ યુનિવર્સિટી ગાંધીનગરમાં ૫૨ એકરથી વધુ જમીનમાં પથરાયેલ છે. પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU)ને યુનીવર્સીટી ગ્રાન્ટ કમિશન દ્વારા માન્યતા મળેલ છે અને AICTE દ્વારા મંજૂરી મળેલ છે.

યુનિવર્સિટીમાં પાંચ સ્કૂલ આવેલી છે, જેની વિગતો નીચે મુજબ છે.

સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી. જે પેટ્રોલિયમ એન્જીનીયરીંગમાં B. Tech M. Tech અને Ph.D ના અભ્યાસક્રમો ચલાવે છે.

સ્કૂલ ઓફ પેટ્રોલિયમ મેનેજમેંટ, જે MBA અને Ph.D કામ કરતા હોય તેવા વહીવટદાર માટે ઓઈલ અને ગેસ ક્ષેત્રના સ્નાતક પછીના ડિપ્લોમા અભ્યાસક્રમ, અને મેનેજમેન્ટ ડેવલપમેન્ટ કાર્યક્રમના અજોડ અભ્યાસક્રમો ચલાવે છે.

સ્કૂલ ઓફ સોલાર એનર્જી ત્યાં સોલાર એન્જીનીયરીંગમાં M.Tech અને Ph.D ના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝ, જે લિબરલ સ્ટડીઝમાં ચાર વર્ષના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો; જાહેર વહીવટ ના MA અને Ph.D કક્ષાના અભ્યાસક્રમ, આંતરરાષ્ટ્રીય સંબંધોમાં; પોલિટિકલ સાયન્સ ના અભ્યાસક્રમ ચલાવે છે.

સ્કૂલ ઓફ ટેકનોલોજી, જે સીવીલ, ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ ક્ષેત્રના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અને ન્યુક્લિયર એંજીનીયરીંગ માસ્ટર્સ ડિગ્રી ના અભ્યાસક્રમો ચલાવે છે. યુનિવર્સિટીમાં ૧૪૧ કુલ ટાઈમની ફેકલ્ટી છે અને યુનિવર્સિટીમાં હાલમાં વિધાર્થીઓની સંખ્યા ૩૪૯૩ છે, અને આવતા વર્ષમાં આ સંખ્યા ૪૬૦૦ની કરવાની મહત્વકાંક્ષી યોજના છે.

૫. કાયદા વિભાગ

છેલ્લા દાયકામાં ગુજરાત રાજ્યની અવિરત વિકાસ યાત્રા સાથે તાલ મિલાવી કાયદા વિભાગ પણ ગુજરાતની પ્રજાને ઝડપી ન્યાય મળે તેવી લોકઇચ્છા પરિપૂર્ણ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેલ છે. સૌ પ્રથમ કાયદા વિભાગની વહીવટી કામગીરી ધ્યાને લઈએ તો તેમાં મુખ્યત્વે ગુજરાત રાજ્યમાં જરૂરિયાત અનુસાર નવી અદાલતોની સ્થાપના કરવી, તે માટે ન્યાયાધિશ સહિતનું સહાયક મહેકમ તથા જરૂરી માળખાગત સુવિધાઓ મંજૂર કરવાની હોય છે. ઉપરાંત રાજ્યની અદાલતોનાં બીલ્ડીંગ્સ તેમજ ન્યાયાધિશો તથા કોર્ટના કર્મચારીઓના રહેણાંકના મકાન માટેની વહીવટી મંજૂરી અંગેની કાર્યવાહી પણ કાયદા વિભાગ દ્વારા કરવામાં આવે છે. માત્ર અદાલતો માટે જરૂરી મહેકમ આપી સંતોષ માની બેસી નહીં રહેતા, રાજ્ય સરકારે પક્ષકારોને પુરતી સુવિધા મળી રહે તે માટે તત્પરતા બતાવેલ છે અને તે માટે તમામ સુવિધાયુક્ત ન્યાયાલયના સંકુલોના નિર્માણ ઉપર પણ ખાસ ધ્યાન કેન્દ્રિત કરેલ છે. જરૂરીયાતમંદોને મફત કાનૂની સહાય તેમજ લોકોને કાયદાની પ્રાથમિક જાણકારી મળી રહે તે માટે રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની શિબિરો યોજવા સુલભ થાય તે માટે જરૂરી મહેકમ તેમજ માળખાગત સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

“નહી કોઈની હાર, નહી કોઈની જીત” કેસ લડીને ન્યાય મેળવવા કરતા જો મધ્યસ્થીકરણ દ્વારા પક્ષકારોની તકરારોનું નિરાકરણ થાય તો દાવાદૂવીની પરંપરા અટકે અને પક્ષકારોની વચ્ચેની તકરારનું કાયમી નિરાકરણ થાય છે. સમાજમાં સદભાવના જળવાઇ રહે છે તેમજ અદાલતોનું ભારણ ઘટતા અન્ય કેસો પર વધારે ધ્યાન કેન્દ્રીત કરી શકે છે. લોક-અદાલત તેમજ મીડીએશન મારફતે વધારે કેસોનો નિકાલ કરી શકાય તથા અદાલતોનું ભારણ હળવું થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળને જરૂરી મહેકમ તેમજ આનુસાંગિક સવલતો પુરી પાડેલ છે.

કાયદા વિભાગ દ્વારા ગત વર્ષોમાં પ્રાપ્ત કરવામાં આવેલ નોંધપાત્ર સિધ્ધિઓ તથા આગામી વર્ષના આયોજનની વિગતો નીચે મુજબ છે.

કાયદા વિભાગ સચિવાલયના દરેક વિભાગને સ્પર્શતો વિભાગ છે. કાયદા વિભાગમાં ૨૧ શાખા-પેટા શાખાઓ છે, જે પૈકી ૧૨-શાખાઓ સામાન્ય બાજુની શાખાઓ છે. જેમાં મુખ્યત્વે સરકારી વકીલોની સેવાકીય બાબતો અને મદદનીશ સરકારી વકીલોની સેવાકીય બાબતોને લગતી શાખા, બજેટ શાખા (કોર્ટ બિલ્ડીંગના બજેટની કામગીરી), સ્થાનિક મહેકમ શાખા, સંકલન શાખા વિગેરે શાખાઓનો સમાવેશ થાય છે. મહેકમ શાખા (ફ-શાખામાં) વિભાગની સ્થાનિક સામાન્ય સંવર્ગની મહેકમની કામગીરી કરવામાં આવે છે. વિભાગની વિશિષ્ટ કામગીરી લક્ષમાં લઈ ત્રણ પ્રકારના સંવર્ગમાંથી અધિકારીઓ / કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે છે. આ શાખામાં સચિવાલય, સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના સંવર્ગમાંથી અધિકારીઓ / કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. કાયદા વિભાગમાં ૨૧ શાખા-પેટા શાખાઓ છે, જે પૈકી ૯-શાખાઓ કાયદા બાજુની શાખાઓ છે. જેમાં મુખ્યત્વે ક્રીમિનલ-સીવિલ અભિપ્રાય માટેની શાખાઓ, લીટિગેશન શાખા, ચેરિટી તંત્રની શાખા, સરકારી વકીલોને લગતી શાખા, નોટરી બાબતની શાખા, ન્યાયતંત્રને લગતી શાખા, વગેરે શાખાઓનો સમાવેશ થાય છે. મહેકમ (ફ-૧) શાખામાં વિભાગની કાયદાકીય બાજુ તેમજ ન્યાયતંત્ર સંવર્ગના સ્થાનિક મહેકમની કામગીરી કરવામાં આવે છે. વિભાગની કાયદા બાજુની વિશિષ્ટ કામગીરી લક્ષમાં લઈ બે પ્રકારના સંવર્ગમાંથી અધિકારીઓ/ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે છે, આ શાખા દ્વારા કાયદાકીય બાજુના સંવર્ગના અધિકારીઓ/ કર્મચારીઓની તથા નામદાર હાઈકોર્ટ હસ્તકના) સંવર્ગમાંથી ન્યાયતંત્ર સંવર્ગના અધિકારીઓની પ્રતિનિયુક્તિના ધોરણે નિમણૂક કરવામાં આવે છે. જે વિભાગના વહીવટી વડા સચિવ અને આર.એલ.એ.ની નિમણૂક પણ ન્યાયતંત્રમાંથી સીટી સીવિલ એન્ડ સેશન્સ જજ સંવર્ગમાંથી પ્રતિનિયુકિતના ધોરણે કરવામાં આવે છે.

બૃહદ મુંબઈ રાજ્યમાંથી તા.૧/૫/૧૯૬૦ના રોજ નવા બે રાજ્યો ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ અલગ અસ્તિત્વમાં આવ્યા. ગુજરાત રાજ્યનું અલગ અસ્તિત્વ બનતા મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦નો અમલ ગુજરાત રાજ્યમાં તા.૧/૭/૧૯૬૧થી લાગુ પાડવામાં આવ્યો છે અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એક્ટની કલમ-૪૨ અન્વયે ચેરીટી કમિશનર તે કોર્પોરેશન સોલ છે. મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ અમલમાં લાવવાનો ઉદ્દેશ જાહેર ધાર્મિક-ધર્માદા અને સખાવતી ટ્રસ્ટોને લાગુ પડે છે. આવા ટ્રસ્ટોનો વહીવટ સારી રીતે થાય અને વહીવટ સમાજના વિશાળ હિતને લાગુ પડતો હોવાથી તેવા ટ્રસ્ટોની મિલકતો સમાજના હિતમાં ઉપયોગી થાય અને તેના વહીવટદારો તેનો સુયોગ્ય વહીવટ કરે અને તેવા વહીવટદારો પાસેથી હિતભાગીઓ યોગ્ય ખુલાસાઓ મેળવી શકે તેવા ટ્રસ્ટોના પારદર્શક વહીવટ માટે કાયદો બનાવવાનો હેતુ છે. મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ માં કરવામાં આવેલ જોગવાઈઓ અન્વયે ધાર્મિક, ધર્માદા કે સખાવતી હેતુઓ (ગરીબી અથવા દુ:ખ નિવારણ), શિક્ષણ તથા તબીબી મદદ અને સામાન્ય રીતે સમગ્ર સમાજ ઉપયોગી બીજા હેતુઓ આગળ ચલાવવા જેવી પ્રવૃત્તિઓ માટે સંસ્થાની નોંધણી કરવી તેમજ સંસ્થાના ટ્રસ્ટીઓ/વહીવટદારો જે તે સંસ્થાની પ્રવૃત્તિઓ યોગ્ય રીતે કરે છે કે કેમ ? તે પ્રવૃત્તિઓ સંબંધે થતી આવક ખર્ચના હિસાબો નિયમિત રીતે નિભાવી ઓડીટ કરાવે છે કે કેમ ? તેમજ

INDEX

તેવા ટ્રસ્ટોની મિલકતની જાળવણી યોગ્ય રીતે થાય છે કે કેમ? તેમજ તેવા ટ્રસ્ટો ઉપર નિયમન અને નિયંત્રણ રાખવા અને ટ્રસ્ટોના વહીવટ સબંધે ઉપસ્થિત થતી બાબતો અંગે ખુલાસાઓ મેળવવા તથા તે બાબતે અધિનિયમમાં કરવામાં આવેલ જોગવાઇઓનો અમલ કરવાની કામગીરી ચેરીટીતંત્ર દ્વારા કરવાની હોય છે. મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં આશરે ઓક્ટોબર-૨૦૨૧ અંતિત કુલ ૨,૬૨,૧૯૮ ટ્રસ્ટો નોંધાયેલ છે. જ્યારે સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ હેઠળ આશરે ૯૬,૩૪૧-સોસાયટીઓની નોંધણી થયેલ છે.

ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની જોગવાઇઓના અમલીકરણ માટે ચેરીટીતંત્રના ખાતાના વડા તરીકે ચેરીટી કમિશનરશ્રીની કચેરી અમદાવાદ ખાતે કાર્યરત છે. તેમજ તેના તાબા હેઠળ જિલ્લામાં પ્રાદેશિક કચેરીઓ તરીકે જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીઓ તથા અપીલ ઓથોરીટી તરીકે ચેરીટી કમિશનરશ્રી અમદાવાદ ઉપરાંત ૦૬ સંયુક્ત ચેરીટી કમિશનરશ્રીઓની કચેરીઓ અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર તથા મહેસાણા ખાતે કાર્યરત છે. જેઓ ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરે છે. રાજ્ય સરકાર દ્વારા ચેરીટીતંત્રની તમામ જીલ્લા મથકે આવેલ જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીઓના મકાનો એકસમાન મોડલ આધારીત બનાવવા અંગે નિર્ણય કરેલ છે. જે અન્વયે ભરૂચ તથા ગોધરા ખાતે કચેરીના પોતાના મકાનો બનાવવામાં આવેલ છે. સદરહું ખર્ચ ચેરીટીતંત્રના પી.ટી.એ. ફંડમાંથી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં તા.૨૭/૧૨/૧૯૯૫ની અધિસૂચનાથી વકફ અધિનિયમ, ૧૯૯૫નો અમલ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે તા.૧/૧/૧૯૯૬ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પાડવામાં આવેલ છે. આ વિભાગની અધિસૂચના ક્રમાંક : જીકે-૩૭-૬૯-વકફ-૧૦૯૬-૧૪૩-ક તા.૩૦/૧૧/૧૯૯૬થી ગુજરાત રાજ્ય વકફ બોર્ડની સ્થાપના કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય વકફ બોર્ડની કચેરી હાલ ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, ગાંધીનગર ખાતે કાર્યરત છે. ચેરીટીતંત્રની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીઓમાં વકફો ટ્રસ્ટોની નોંધણી કરવામાં આવતી હતી. જ્યારે ગુજરાત રાજ્યમાં વકફ બોર્ડ કાર્યરત થતા હાલમાં ઓક્ટોબર-૨૦૨૧ અંતિત કુલ ૧૪,૫૦૮-વકફોની નોંધણી થયેલ છે. જે વકફોના સંચાલન તથા દેખરેખની કામગીરી વકફ બોર્ડ દ્વારા કરવામાં આવી રહેલ છે.

વકફ સુધારા અધિનિયમ-૨૦૧૩ અન્વયે રાજ્યમાં ત્રણ સભ્યોની વકફ ટ્રીબ્યુનલની રચના કરવાની જોગવાઇ અન્વયે રાજ્ય સરકાર દ્વારા તા.૨૫/૦૮/૨૦૧૫ના જાહેરનામાથી ગુજરાત રાજ્ય વકફ ટ્રીબ્યુનલની રચના કરવામાં આવેલ છે. સદરહુ ટ્રીબ્યુનલ ગાંધીનગર ખાતે તા.૦૮/૦૨/૨૦૧૬ ના રોજથી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ ટ્રીબ્યુનલ સમક્ષ ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા પસાર કરવામાં હુકમો સામે અપીલ કરવાની જોગવાઇ છે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી એક્ટ-૨૦૦૩ અન્વયે રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના સને-૨૦૦૪ માં કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં હાયર સેકન્ડરી પછી ૫-વર્ષના ઈન્ટીગ્રેટેડ સ્નાતક કક્ષાના કાયદાની પદવી જેવી કે બી.એ., એલ.એલ.બી. (ઓનર્સ), બી.કોમ., એલ.એલ.બી. (ઓનર્સ) તથા બી.એસ.સી., એલ.એલ.બી.(ઓનર્સ) તેમજ અનુસ્નાતક પદવી અને ઉચ્ચ ક્ક્ષાના કાયદાનું શિક્ષણ આપવામાં આવે છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દેશની કાયદાના શિક્ષણ માટેની એક પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા તરીકે ઉપસી આવી છે. વિદેશી ફાળા (નિયમન) અધિનિયમ, ૧૯૭૬ અન્વયે વિદેશી દાન/ફાળો મેળવવા માટે જે તે ટ્રસ્ટો/સંસ્થાઓએ ભારત સરકારની પૂર્વ મંજુરી મેળવવા નોંધણી કરાવવા તેમજ જે હેતુઓ માટે વિદેશી દાન/ફાળો મેળવેલ હોય તે જ હેતુ માટે તેનો ઉપયોગ કરે છે કે કેમ તેની દેખરેખ રાખવા માટે ગૃહ વિભાગ હસ્તક ઉભા કરવામાં આવેલ એફ.સી.આર.મોનીટરીંગ સેલને ગૃહ વિભાગના તા.૧૯/૧૨/૦૯ના હુકમથી આ વિભાગ હસ્તક તબદીલ કરવામાં આવતા સદરહુ મોનીટરીંગ સેલ ચેરીટી કમિશનરશ્રીના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવેલ છે. એફ.સી.આર.સેલને મળતી અરજીઓની ચકાસણીના વાંધા પ્રમાણપત્ર આપવાની તથા ભારત સરકારને મોકલવાની કામગીરી એફ.સી.આર.મોનીટરીંગ સેલ દ્વારા કરવામાં આવે છે.

ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનની કચેરી દ્વારા રાજ્યભરના સરકારી વકીલો તેમજ ઈન્વેસ્ટીગેટીંગ ઓફીસરો માટે તાલીમનું આયોજન વર્ષ ૨૦૨૧-૨૨ માં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યુ છે. તે જ અનુસાર વર્ષ ૨૦૨૨-૨૩ માં પણ આ પ્રકારની તાલીમ, સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. કાયદા વિભાગ દ્વારા સેન ૨૦૨૧-૨૨ માં ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનની કચેરી ખાતે ૧ ડેપ્યુટી ડાયરેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત, ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનની કચેરી ખાતે ૧ સબ એકાઉન્ટન્ટ લો ઓફીસર તેમજ ડેટા એન્ટ્રી ઓપરેટર જેવા વહીવટી સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે. તેનાથી કચેરી દ્વારા કોર્ટ કેસોનું મોનિટરીંગ સરળતાથી થઈ શકે તેમજ પ્રોસીક્યુશનની કામગીરી ઝડપી બનશે અને કન્વિક્શન રેટમાં વધારો થશે.

નવી કોર્ટ બિલ્ડિંગના ₹ ૯,૫૭,૫૦,૦૦૦/- ના બાંધકામના કામને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. કોર્ટ બિલ્ડીંગ્સને ડીસેબલ ફ્રેન્ડલી બનાવવા માટે જરૂરી સુધારા-વધારાના કુલ ૨૧ કામોને ₹ ૭૩,૭૬,૯૨૨/- ની વહીવટી મંજૂરી આપવામાં

INDEX

આવેલ છે. કોર્ટ બિલ્ડિંગ્સમાં જરૂરી સુધારા વધારાના કુલ ૧૦ કામોને ₹ ૧,૬૦,૦૨,૪૦૦/- ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ન્યાયિક અધિકારીશ્રીઓના રહેણાંકના આવાસોના ₹ ૪૩,૮૩,૦૦૦/- ના બાંધકામના કામને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ન્યાયિક સ્ટાફના રહેણાંક આવાસોના ₹ ૧૧,૭૬,૦૦,૦૦૦/- ના બાંધકામના કામને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ન્યાયિક અધિકારીશ્રીઓના રહેણાંકના આવાસોમાં જરૂરી સુધારા-વધારાના ₹ ૯,૪૪,૧૦૦/- ના કામોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. હાઈકોર્ટ પ્રોપરના કુલ ૦૩ કામોના ₹ ૯,૧૦,૦૪,૨૦૦/-ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આમ, ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૩૮ કામોની ₹ ૩૩,૩૦,૬૦,૬૨૨/- ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકા ખાતે વધારાના જિલ્લા ન્યાયધીશની કોર્ટ તા.૧૮/૦૯/૨૦૨૧થી કાર્યરત કરવામાં આવેલ છે. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકા ખાતે વધારાના જિલ્લા ન્યાયધીશની કોર્ટ તા.૦૩/૦૪/૨૦૨૧થી કાર્યરત કરવામાં આવેલ છે. સુરત જિલ્લાના માંગરોળ તાલુકા ખાતે સીનીયર સીવીલ જજની કોર્ટ તા.૧૮/૦૯/૨૦૨૧થી કાર્યરત કરવામાં આવેલ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ ખાતે ડીઝીટલાઈઝેશન માટે ઈ-કોર્ટ મીશન મોડ પ્રોજેક્ટ હેઠળ કુલ ₹ ૬.૦૨/- કરોડની વહિવટી મંજૂરી મળેલ છે, જેનો ઠરાવ તા.૨૪/૦૯/૨૦૨૧ના બહાર પાડેલ છે. રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓ ખાતે આવેલ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિઓના મહેકમ પર જુદા જુદા સંવર્ગની કુલ ૨૧૨ જગ્યાઓની વહીવટી મંજુરી મળેલ છે. રાજ્યમાં આવેલી જિલ્લા અદાલતો તથા તેની તાબાની અદાલતો માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, ફેકસ મશીન, આર. ઓ. વોટર કુલર, બાયોમેટ્રીક મશીન, મોબાઈલ સ્ટોરેજ સીસ્ટમ તથા ફર્નિચર ખરીદવા માટે કુલ ₹ ૨,૫૫,૮૯,૮૭૮/- ની વહીવટી મંજુરી મળેલ છે, જેનો ઠરાવ તા.૩૦/૧૧/૨૦૨૧ના રોજ બહાર પાડેલ છે. રાજ્યમાં આવેલી જુદી જુદી ફેમીલી કોર્ટ માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, ફેકસ મશીન, આર. ઓ. વોટર કુલર, બાયોમેટ્રીક મશીન, મોબાઈલ સ્ટોરેજ સીસ્ટમ તથા ફર્નિચર ખરીદવા માટે કુલ ₹ ૪૫,૨૨,૧૬૯/-ની વહિવટી મંજુરી મળેલ છે. જેનો ઠરાવ તા.૩૦/૧૧/૨૦૨૧ના રોજ બહાર પાડેલ છે. રાજ્યમાં આવેલ RPWD ACT, 2016 (Right to Person With Disabilities Act) હેઠળ સ્થાપવામાં આવેલ ખાસ કોર્ટો માટે વ્હીલ ચેર તથા ડીપોઝીશન બોક્સ ખરીદવા માટે કુલ ₹ ૫૦,૦૦,૦૦૦/- ની વહીવટી મંજુરી મળેલ છે. જેનો ઠરાવ તા.૦૯/૦૮/૨૦૨૧ના રોજ બહાર પાડેલ છે. રાજ્યમાં આવેલી સ્મોલ કોઝ કોર્ટ માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, ફેકસ મશીન, આર. ઓ. વોટર કુલર, બાયોમેટ્રીક મશીન, મોબાઈલ સ્ટોરેજ સીસ્ટમ તથા ફર્નિચર ખરીદવા માટે કુલ ₹ ૩૧,૭૩,૦૬૨/-ની વહીવટી મંજુરી મળેલ છે.જેનો ઠરાવ તા.૦૧/૧૧/૨૦૨૧ના રોજ બહાર પાડેલ છે. રાજ્યમાં આવેલી મજુર અદાલતો ખાતે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, ફેકસ મશીન, આર.ઓ.વોટર કુલર, બાયોમેટ્રીક મશીન, મોબાઈલ સ્ટોરેજ સીસ્ટમ તથા ફર્નિચર ખરીદવા માટે કુલ ₹ ૪૧,૦૯,૦૦૦/- ની વહીવટી મંજુરી મળેલ છે.જેનો ઠરાવ તા.૧૩/૦૮/૨૦૨૧ના રોજ બહાર પાડેલ છે. રાજ્યમાં આવેલી ઔદ્યોગિક અદાલતો ખાતે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, ફેકસ મશીન, આર. ઓ. વોટર કુલર, બાયોમેટ્રીક મશીન, મોબાઈલ સ્ટોરેજ સીસ્ટમ તથા ફર્નિચર ખરીદવા માટે કુલ ₹ ૪૯,૬૬,૩૬૦/- ની વહીવટી મંજુરી મળેલ છે. જેનો ઠરાવ તા.૧૩/૦૮/૨૦૨૧ના રોજ બહાર પાડેલ છે.રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લા અદાલતો તથા તાબાની અદાલતોના મહેકમ પર જુદા જુદા સંવર્ગની કુલ ૧૨૧ જગ્યાઓની વહીવટી મંજુરી મળેલ છે. રાજ્યમાં આવેલ જુદી જુદી ફેમીલી કોર્ટોના મહેકમ પર જુદા જુદા સંવર્ગની કુલ-૦૫ જગ્યાઓની વહીવટી મંજુરી મળેલ છે. રાજ્યમાં આવેલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના મહેકમ પર જુદા જુદા સંવર્ગની કુલ-૧૦૧ જગ્યાઓની વહીવટી મંજુરી મળેલ છે. ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના મહેકમ પર જુદા જુદા સંવર્ગની કુલ ૪૦ જગ્યાઓ ઉભી કરવાની વહીવટી મંજૂરી મળેલ છે.

૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

પ્રવૃત્તિઓ :

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગનું મુખ્ય કાર્ય સચિવાલયના જુદા જુદા વહીવટી વિભાગો તરફથી મળેલ મુખ્ય વિધાન તથા વટહુકમના મુસદ્દાઓની ચકાસણી કરીને તે અંગેની દરખાસ્તોને આખરી ઓપ આપવાનું તથા મુખ્ય વિધાનના સંદર્ભમાં વહીવટી વિભાગોને માર્ગદર્શન પુરૂ પાડવાનું છે. જેથી કરીને રાજ્યના કલ્યાણ અને સારા શાસન માટે વિવિધ વૈધાનિક પગલા લઈ શકાય.આ ઉપરાંત મંત્રીમંડળ દ્વારા મંજુર થયેલ વિધેયકોને વિધાનસભામાં દાખલ કરાવવાથી માંડીને પસાર કરાવવા સુધીની તથા તેના પર મહામહિમ રાજ્યપાલશ્રી/ રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મેળવવાની તેમજ રાજ્યપત્રમાં અધિનિયમ તરીકે પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી વિભાગ દ્વારા કરવામાં આવે છે.

સચિવાલયના જુદા જુદા વહીવટી વિભાગ તરફથી રાજ્યના કાયદાઓ નીચે મળેલ સત્તાની રૂએ બહાર પાડવામાં આવતા જાહેરનામા, નિયમો તથા હુકમોના મુસદ્દાઓની કાયદાકીય ચકાસણી કરવાની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે.

સંસદીય બાબતોના કાર્ય વિસ્તાર હેઠળ આ વિભાગ દ્વારા મુખ્યત્વે નીચે મુજબની મહત્વની કામગીરી કરવામાં આવે છે.:

- વિધાન સભાનું સત્ર બોલાવવું અને સત્ર વિસર્જનની કામગીરી.
- રાષ્ટ્રપતિ શાસનને લગતી કામગીરી, સંસદીય બાબતો અંગે અભિપ્રાયની કામગીરી.
- પરામર્શ સમિતીની રચના તથા તેની બેઠકના આયોજન તેમજ તેની કાર્યવાહીની જાળવણી અને આનુસાંગિક તમામ બાબતો.
- બિનસરકારી વિધેયકોની ચકાસણી અને અભિપ્રાય.
- મહાનુભાવોના શોકદર્શક ઉલ્લેખને લગતી કામગીરી.
- બંધારણના અનુચ્છેદ-૨૫૨ હેઠળની કામગીરી, ઠરાવની ચકાસણી અને અભિપ્રાયની કામગીરી.
- અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, વિરોધપક્ષના નેતા અને ધારાસભ્યોની તબીબી સારવારના ખર્ચની મંજુરી અંગેની કામગીરી.
- ધારાસભ્યોના પગાર ભથ્થા, સવલતોમાં સુધારા અને તે સંદર્ભમાં અભિપ્રાયને લગતી કામગીરી, ધારાસભ્યોની ગેરલાયકાત નિવારણને લગતા કાયદા હેઠળની કામગીરી સુધારા, અભિપ્રાય વિગેરે
- રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવની કામગીરી.

વધુમાં વર્ષ-૨૦૨૧ દરમિયાન વિધાનસભા ગૃહે કુલ ૨૦ વિધેયકો પસાર કરેલ જેમાથી ૧૮ વિધેયકોને અધિનિયમમાં પરિવર્તિત કરવામાં આવેલ છે તેમજ ૦૪ વટહુકમો બહાર પાડવામાં આવેલ છે. જ્યારે ૦૨ વિધેયકોને માન. રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મેળવવા માટે માન.રાજ્યપાલશ્રી દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૨૦ના ૦૪ વિધેયકોને વર્ષ ૨૦૨૧ માં અધિનિયમમા પરિવર્તિત કરવામાં આવેલ. આમ, વર્ષ ૨૦૨૧માં કુલ ૨૨ અધિનિયમો બનેલ છે તેમજ ૦૪ વટહુકમો બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય કાયદા પંચ :

ગુજરાત રાજ્ય કાયદા પંચ દ્વારા વર્ષ -૨૦૨૧ દરમ્યાન કુલ ૭ (સાત) અહેવાલો રાજ્ય સરકારને રજૂ કરેલ છે.

ભાષાંતર એકમ :

૧. વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગનું ભાષાંતર એકમ, વિધેયકો, અધિનિયમો, વટહુકમો, વૈધાનિક નિયમો, વિનિયમો, હુકમો તથા જાહેરનામાનું ગુજરાતી ભાષાંતર તૈયાર કરી સંબંધિત વિભાગની વિનંતી અનુસાર તે વિભાગને મોકલાવે છે અથવા ગુજરાત રાજપત્ર, ભાગ-૮ માં, સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરે છે. સન ૨૦૨૧-૨૨ દરમિયાન નીચેની કામગીરી હાથ ધરવામાં આવી હતી:

(ક) સન ૨૦૨૧-૨૨ના વર્ષમાં કુલ ૨૦ (વીસ) વિધેયકોનું ગુજરાતી ભાષાંતર તૈયાર કરી, ગુજરાત રાજપત્ર, ભાગ-૮માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

(ખ) સન ૨૦૨૧-૨૨ના વર્ષમાં ૨૨ (બાવીસ) ગુજરાત અધિનિયમોનું ગુજરાતી ભાષાંતર તૈયાર કરી, ગુજરાત રાજપત્ર, ભાગ-૮માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

(ગ) સન ૨૦૨૧-૨૨ના વર્ષમાં ૦૪ (ચાર) ગુજરાત વટહુકમનું ગુજરાતી ભાષાંતર તૈયાર કરી, ગુજરાત રાજપત્ર, ભાગ-૮માં, પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

INDEX

(ઘ) જે તે વિભાગની માંગ ઉપરથી આવેલ, વૈધાનિક પ્રકારના જી.એસ.ટી. નિયમો, તેના સુધારા નિયમો તેમજ વિવિધ વિભાગોના જુદા જુદા સંવર્ગના ભરતી અને પરીક્ષા નિયમો જેવા તમામ નિયમો, જાહેરનામા, હુકમો વગેરેનું ગુજરાતી ભાષાંતર તૈયાર કરી, ગુજરાત રાજપત્ર, ભાગ-૮માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે અથવા વિભાગની જરૂરિયાત અને માંગણી અનુસાર વિભાગને મોકલવામાં આવેલ છે.

(ચ) આ એકમ દ્વારા સન ૨૦૨૧-૨૨ના વર્ષમાં સચિવાલયના જુદા જુદા વિભાગોના આશરે ૮૯૧ ઉપરાંત જાહેરનામા, શુદ્ધિપત્ર, હુકમ, નિયમો વગેરેના ગુજરાતી ભાષાંતરની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(છ) આ એકમ દ્વારા સચિવાલયના જુદા જુદા વિભાગોની માંગણી અનુસાર રાજ્ય અધિનિયમોના ગુજરાતી ભાષાંતર અદ્યતન કરીને પુસ્તક આકારે પ્રસિદ્ધ કરવામાં આવે છે. જે સરકારી પુસ્તક ભંડાર પર મૂલ્ય ચૂકવીને મળી શકે છે.

૭. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ખેતી નિયામકની કચેરી

ખેતીવાડી ખાતાનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના ખેડુતોને વૈજ્ઞાનિક પધ્ધતિઓનું જ્ઞાન/માર્ગદર્શન સાથે પ્રોત્સાહન તેમજ ગુણવત્તા યુક્ત ખેત સામગ્રી આપી, ખેતી પાકોની ઉત્પાદક્તા અને ઉત્પાદનમાં વધારો કરી ખેડુતોની આવક વધારી આર્થિક સ્તર ઉચુ લાવવાનો છે. સાથે સાથે વૈશ્વિક બજારોમાં ટકી રહે તેવા ગુણવત્તાયુક્ત ખેત ઉત્પાદનો મેળવવાની સાથે ટકાઉ ખેતીનો અભિગમ રહેલો છે.

સૂચિત જોગવાઇ ૨૦૨૨-૨૩

- વર્ષ ૨૦૨૦-૨૧માટે પાક વ્યવસ્થા(કૃષિ) સદરે કુલ ₹ ૩૨૧૪૫૫.૮૬ લાખ જોગવાઇ કરવામાં આવેલ હતી જ્યારે સુધારેલ બજેટ જોગવાઇ ₹ ૨૬૩૪૯૭.૫૩ લાખ કરવામાં આવેલ હતી. જેની સામે માર્ચ-૨૦૨૧ અંતિત ₹ ૨૪૦૩૭૬.૦૮ લાખ જેટલો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માટે પાક વ્યવસ્થા(કૃષિ) સદરે ₹ ૩૪૧૭૨૪.૧૩ લાખની જોગવાઇ કરેલ. જે પૈકી ₹ ૨૭૨૪૬.૧૮ લાખ આદિજાતિ વિસ્તાર પેટા યોજના તથા ₹ ૭૧૮૧.૭૨ લાખ અનુસૂચિત જાતિ પેટા યોજનાઓ માટે જોગવાઇ કરવામાં આવેલ. કેટલીક અગત્યની યોજનાની જોગવાઇની વિગત નીચે મુજબ છે.
- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના માટે ₹ ૧૦૪૨૬૧.૯૯ લાખ
- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના(આર.કે.વી.વાય.) માટે ₹ ૨૫૦૦૦.૦૦ લાખ
- ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રક્ચર માટે ₹ ૨૮૦૦૦.૦૦ લાખ
- ખેડૂતોને ભારે સાધનોની ખરીદી અંતર્ગત ટ્રેક્ટર ખરીદીમાં સહાય માટે ₹ ૧૪૫૦૦.૦૦ લાખ
- મીડીયમ સાઇઝના ગુડ્ઝ કેરેજ વાહનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવા ₹ ૩૦૦૦.૦૦ લાખ
- વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૩૪૧૭૨૪.૧૩ લાખની જોગવાઇ સામે નવેમ્બર માસ સુધી ₹ ૧૧૬૨૯૯.૨૭ લાખ ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માટે પાક વ્યવસ્થા(કૃષિ) સદરે ₹ ૪૪૦૮૪૮.૪૨ લાખની જોગવાઇ કરેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં અમલમાં મૂકવામાં આવનાર મુખ્ય પ્રવૃત્તિઓ/કાર્યક્રમો

♦ આઇ-ખેડૂત પોર્ટલ :

આઇ-ખેડૂત પોર્ટલ દ્વારા રાજ્યના ખેડુતોને ખેતી માટે જરુર પડતી ખેત સામગ્રી અને ખેતી વિષયક માહિતી સમયસર મળી રહે છે તેમજ વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ખેડૂતોને ઘર આંગણે આસાનીથી મળી રહે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૬.૭૫ લાખથી વધુ ખેડૂતોએ ખેતીવાડી ખાતાની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ મેળવવા આઇ-ખેડૂત પોર્ટલ પર અરજી કરેલ છે. ખેડૂતોને અદ્યતન કૃષિ વિષયક માહિતી આંગળીનાં ટેરવે ઉપલબ્ધ થઈ શકે અને હવામાન તથા કૃષિ પેદાશોના જુદાજુદા બજારમાં ચાલી રહેલ બજાર ભાવો જાણી શકાય તેવી વ્યવસ્થા આઇ ખેડૂત પોર્ટલ પર કરવામાં આવેલ છે.

♦ સીડ રીપ્લેસમેન્ટ રેશીયો :

કૃષિના જુદા-જુદા પાકોમાં ખેત ઉત્પાદકતામાં શુધ્ધ અને ગુણવત્તાયુકત બીજનો ઉપયોગ મહત્વનો છે. બિયારણ ફેરબદલીનાં દરમાં વધારો કરવાથી ખેતીની ઉત્પાદકતામાં વધારો કરી શકાય છે. વિવિધ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ તથા સબ મિશન ફોર સીડ એન્ડ પ્લાન્ટીંગ મટીરીયલ અંતર્ગત બીજ વિતરણમાં સહાય અને તાલીમ આપી ખેડુતોને ગુણવત્તાયુકત બિયારણ ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

♦ ખાતર વિતરણ :

રાજ્યમાં રાસાયણિક ખાતરો સમયસર અને પુરતી માત્રામાં મળી રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ઓફ સીઝનમાં ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ તથા ગુજકોમાસોલ સંસ્થાઓ દ્વારા ખાતર સંગ્રહ કરાવવામાં આવે છે. જે માટે ₹ ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં નવેમ્બર-૨૧ અંતિત ૨૩.૮૪ લાખ મે.ટન રાસાયણિક ખાતર, રાજ્યના ખેડૂતોને ઉપલબ્ધ કરાવવામાં આવેલ. વર્ષ ૨૦૨૦-૨૧ માં ૪૧.૧૭ લાખ મે.ટન રાસાયણીક ખાતર રાજ્યના ખેડૂતોને ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેના પર ભારત સરકારશ્રી દ્વારા અંદાજિત ₹ ૪૩૫૭ કરોડ સહાય આપવામાં આવેલ છે.

INDEX

♦ ખેત ઉત્પાદન સામગ્રી અને ગુણવત્તા નિયંત્રણ :

ખેત ઉત્પાદન સામગ્રી વિતરણ વ્યવસ્થા તથા ગુણવત્તા નિયંત્રણ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામા આવે છે. ખેડૂતોને બિયારણ, ખાતર, જંતુનાશક દવા જેવા ખેતી ઈનપુટસ સામગ્રી સમયસર અને ગુણવત્તા યુક્ત મળે તે બાબતે તેના ઉત્પાદન, વિતરણ અને ગુણવત્તા ચકાસણી માટે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવે છે. રાજ્યમાં ખેડૂતોને સરેરાશ અંદાજિત ૩૫ લાખ મેટ્રિક ટન ગુણવત્તાયુક્ત રાસાયણિક ખાતર પૂરતા પ્રમાણમાં તથા વ્યાજબી ભાવે સમયસર મળી રહે તે માટેની સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.આ ઉપરાંત (૧) સંકલિત રોગ જીવાત નિયંત્રણ (૨) જૈવિક નિયંત્રણ (૩) આક્સ્મિક રીતે ફાટી નીકળતા રોગ-જીવાતનું અસરકારક નિયંત્રણ (૪) ઓર્ગેનીક ફાર્મીંગ (૫) ઉદર નિયંત્રણ જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.

♦ પાક આયોજન :

ભારત સરકારશ્રીએ રાષ્ટ્રિય ખાધ સુરક્ષા મિશન હેઠળ રાજ્યમાં ઘઉ પાક માટે ૭ જીલ્લા, કઠોળ પાક માટે ૩૩ જીલ્લા, ડાંગર પાક માટે ૪ જીલ્લા અને કપાસ પાક માટે ૩૦ જીલ્લામાં યોજના અમલમાં મુકેલ છે. તે ઉપરાંત તેલીબિયાં પાકો માટે નેશનલ મીશન ઓન ઓઈલ સીડ એન્ડ ઓઈલ પામ, ખેત ઉત્પાદન જળવાઇ રહે અને વર્ષો વર્ષ સારુ ઉત્પાદન મળે તે હેતુ માટે નેશનલ મીશન ઓન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર યોજનાઓનો અમલ કરવામાં આવે છે. કાપણી પછી ખેત પેદાશોનો જરૂરીયાત મુજબ સંગ્રહ કરી શકાય તે માટે ખેડૂતોને ખેતરે સ્ટોરેજ સ્ટ્રક્ચર ઊભું કરવામાં સહાય આપવાની યોજનાઓ પણ અમલમાં મુકેલ છે.

♦ કૃષિ યાંત્રિકરણ :

- રાજ્યમા ઔધોગિકરણ અને શહેરીકરણના કારણે ખેતમજુરોની ખુબ જ અછત પ્રવર્તે છે, તેથી ઓછા ખર્ચે વધુ સારુ અને વધુ ખેત ઉત્પાદન મેળવવા માટે કૃષિ યાંત્રીકરણનો વ્યાપ વધારવો અનિવાર્ય છે. કૃષિ યાંત્રિકરણ અપનાવવા માટે પ્રાઈમ-મુવર તરીકે યાંત્રિક શક્તિનો જ ઉપયોગ કરવો પડે, જેના માટે મુખ્ય સ્રોત ટ્રેકટર છે, તેથી કરી રાજ્ય સરકાર દ્વારા જરૂરતમંદ ખેડૂતોને ટ્રેકટરની ખરીદીમાં મદદરૂપ થવા રાજ્યના બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે. કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે મીડીયમ સાઈઝ ગુડ્ઝ કેરેજ વાહન ઉપર સહાયની યોજના અમલમાં મુકેલ છે.
- રાજ્યમાં કેન્દ્ર પુરસ્કૃત સબમીશન ઓન એગ્રીકલ્ચર મીકેનાઈઝેશન યોજના અમલમાં છે. આ ઉપરાંત રાજ્ય પુરસ્કૃત કૃષિ યાંત્રીકરણ યોજના અંતર્ગત સહાય આપવામાં આવે છે. ગામોના સમુહ(કલસ્ટર)માં દરેક વર્ગના ખેડૂતો કૃષિ યાંત્રીકરણનો મહત્તમ ઉપયોગ કરી શકે તથા રાજ્યના ખેડૂતો આધુનિક અને મોટા કૃષિ યંત્રોનો ઉપયોગ કરી ખેતી વધુ નફાકારક બનાવી શકે તે હેતુથી રાજ્યમાં એગ્રો સર્વિસ પ્રોવાઈડરની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- સિમાંત ખેડૂતો અને ખેત કામદારોને સ્માર્ટ હેન્ડ ટૂલ કીટ સહાયથી આપવામાં આવશે જેથી તેમની કાર્યક્ષમતામાં વધારો અને શ્રમમાં ઘટાડો થાય.
- રાજ્યમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ખેત ઓજાર/સાધનના ૫૦ ઘટકના ૭૦૩ કંપનીના ૨૪૪૧ મોડલને એમ્પેનલ કરીને ખેડૂતોને વ્યાજબી અને સ્પર્ધાત્મક ભાવે ખેત ઓજાર/સાધન મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

♦ ખેતી વિષયક વિસ્તરણ પ્રવૃતિ :

- સંશોધિત થયેલ ભલામણો ખેડૂતો સુધી પહોંચે અને અપનાવતા થાય તે માટે રાજ્યના વિસ્તરણ તંત્ર, કૃષિ યુનિર્વસીટીના વૈજ્ઞાનિકો અને આત્મા પ્રોજેક્ટ દ્વારા કૃષિ મહોત્સવ,ખેડૂત તાલીમો, કૃષિ મેળાનું આયોજન, રાજ્ય અને રાજ્ય બહારની તાલીમ પ્રવાસ, સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કારથી સન્માનવા જેવી વિવિધલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવાનું આયોજન કરેલ છે.
- મહિલા ખેડુતોમાં જાગરૂકતાથી કૃષિ ક્ષેત્રના વિકાસ અને મહિલા ખેડુતોની કાર્યક્ષમતા વધારવા માટે મહિલાઓને અલગથી તાલીમ આપવાના કાર્યક્રમો કરવા જોગવાઇ કરવામાં આવેલ છે.
- ખેડૂતોને મુંજવતા પ્રશ્નોના નિરાકરણ માટે વિના મુલ્યે કિસાન કોલ સેન્ટર, આકાશવાણી તેમજ દુરદર્શનના માધ્યમથી ખેતીલક્ષી વૈજ્ઞાનિક અભિગમ અંગેના કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.
- વરસાદની અનિયમિતતાના કારણે રાજ્યના અમુક વિસ્તારોમાં અતિવૃષ્ટી કે અનાવૃષ્ટીની પરિસ્થિતિમાં વાવેતર અને ઉત્પાદન ઉપર અસર થાય છે આવી અસર હેઠળના વિસ્તારને વિપરીત સંજોગોનો સામનો ન કરવો પડે તે માટે આકસ્મિક પાક આયોજન હાથ ધરવામાં આવે છે.

♦ સિંચાઇ સવલતો :

- કૃષિ ઉત્પાદનમા વધારો કરવાનો મુખ્ય ઉદ્દેશથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ નાના અને સિમાન્ત

ખેડૂતોને સિંચાઈ સવલતો જેવી કે ઓઈલ એન્જિન, ઈલેક્ટ્રીક મોટરથી ચાલતા પમ્પસેટ ગોઠવવા તેમજ પાઈપલાઈન માટે સહાય પુરી પાડવામાં આવે છે.

- જળસંચય અને જળસિંચન દ્વારા વરસાદી પાણીનો ઉપયોગ કરીને જળસંરક્ષણ અને ભૂગર્ભ જળ રીચાર્જ તથા વોટરશેડ વિકાસ જેવા કામો માટે "પર ડ્રોપ મોર ક્રોપ-અધર ઈન્ટરવેન્શન" દ્વારા વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ કરી વધુ ઉત્પાદકતા અને વધુ આવક મેળવવા માટે કેન્દ્ર પુરસ્કૃત પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અમલમાં છે.

♦ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના :

ભારત સરકરશ્રીએ અગિયારમી પંચવર્ષિય યોજના દરમ્યાન ૪ ટકાનો કૃષિ વિકાસ દર સિધ્ધ કરવા કૃષિ તેમજ તેને સંલગ્ન સંસ્થાઓ માટે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અમલમાં મુકેલ છે. જેમાં કૃષિ સંલગ્ન વિવિધ પ્રોજેકટની કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યના આદિવાસી(એસ.ટી.) તથા અનુસુચિત જાતિના(એસ.સી.) ખેડૂતો સહિત તમામ ખેડૂતો નવી ટેક્નોલોજી અપનાવે તે માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

♦ આંકડાકીય માહિતી :

- રાજ્યમાં પાકવાર, તાલુકાવાર/જિલ્લાવાર વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતાના નિયમિત તથા ચોક્કસ આંકડા મેળવી શકાય તે માટે સુવ્યવસ્થિત તંત્ર ગોઠવવામાં આવેલ છે. જે અંતર્ગત અઠવાડિક વાવેતર વિસ્તારનો રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે.
- પાકવાર પાક કાપણી અખતરાના આધારે તાલુકાવાર ઉત્પાદકતાના અંદાજો નક્કી કરી રાજ્યનું પાકવાર ઉત્પાદન નક્કી કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યના તમામ મુખ્ય પાકના આશરે ૩૫૧૪૬ જેટલા પાક કાપણી અખતરા ગોઠવવાનું આયોજન છે.
- મુખ્ય પાકોના પાક ઉત્પાદન ખર્ચની વિગત, ફાર્મ હાર્વેસ્ટ પ્રાઈસ તથા ખેત મજૂરીના દરની વિગત તૈયાર કરવામાં આવે છે. દર પાંચ વર્ષે હાથ ધરાતી કૃષિ વિષયક ગણના વર્ષ ૨૦૨૦-૨૧ માટે હાથ ધરવામાં આવેલ છે.

♦ કુદરતી આફતો સામે રક્ષણ :

- ખેડૂતોને કુદરતી આફતો સામે રક્ષણ તેમજ કૃષિમાં જોખમ સામે ખેડુતોને આર્થિક વળતર આપવા...

  (૧) પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના / મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

  (૨) ખાતેદાર ખેડૂત અક્સ્માત વીમા યોજના

  (૩) ટેકાના ભાવે ખેતપેદાશોની ખરીદી

  (૪) કૃત્રિમ વરસાદ

  જેવી યોજનાઓનો અમલ કરવામાં આવે છે.
- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત ખેડૂતોએ ખરીફ પાકો માટે ફક્ત ૨%, રવી/ ઉનાળુ પાક માટે ૧.૫૦% તેમજ વાર્ષિક બાગાયતી તથા વાણિજ્યિક પાકો માટે ૫% પ્રિમિયમ ભરવાનું રહે છે. બાકીના પ્રિમિયમની રકમ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સરખા હિસ્સે ભોગવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ માં ખરીફ ઋતુમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અમલમાં ન મૂકતાં સંપૂર્ણ રાજ્ય પુરસ્કૃત 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અમલમાં મૂકવામાં આવેલ.
- ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત ખાતેદાર ખેડૂત કે ખાતેદાર ખેડૂતના કોઈ પણ સંતાન(પુત્ર/પુત્રી) કે ખાતેદાર ખેડૂતના પતિ/પત્નીનું આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈ પણ રીતે મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં વીમાનું રક્ષણ આપી તેના વારસદારને સહાય આપવામાં આવે છે.
- રાજ્યમાં ખેડૂતોની ખેતપેદાશના ભાવ ખુલ્લા બજારમાં નીચા જાય ત્યારે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે નીચા ભાવ સામે રક્ષણ આપવા માટે સરકારશ્રી દ્વારા વિવિધ ખેતપેદાશની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે.
- આ ઉપરાંત અતિવૃષ્ટિ, પૂર, દુષ્કાળ વગેરે જેવી કુદરતી આફતો સામે ખેડૂતોને વળતર આપવા માટે સરકાર દ્વારા વિશેષ કૃષિ રાહત પેકેજ આપવામાં આવે છે.

♦ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ

ભારત સરકાર દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે જમીન ધરાવતા ખેડૂત કુટુંબોને સહાયરૂપ થવા માટે ૧૦૦% કેન્દ્ર સહાયિત યોજના "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ" યોજનાનું રાજ્યમાં અમલીકરણ કરવામાં આવે છે. જે હેઠળ ખેડૂતોને વાર્ષિક કુલ ₹ ૬૦૦૦/- ત્રણ સમાન હપ્તામાં મળે છે.

INDEX

♦ પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના :

ભારત સરકારશ્રીએ દેશના નાના અને સીમાંત ખેડૂતોને સામાજિક સુરક્ષા પ્રદાન થાય તે માટે પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના અમલી કરેલ છે. જેમાં ૧૮ થી ૪૦ વર્ષની ઉમર ધરાવતા નાના અને સીમાંત ખાતેદાર ખેડૂતોને ૬૦ વર્ષ બાદ ₹ ૩૦૦૦/- માસિક પેન્શન અંશત : પ્રીમીયમ ચુકવણીના આધારે આપવાની બાબત છે.

♦ નેશનલ મીશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર :

કૃષિ ઉત્પાદકતાનું સાતત્ય જાળવવા માટે ઉપયોગી એવાં અછતયુક્ત કુદરતી સ્ત્રોતોનું રક્ષણ અને જાળવણીયુક્ત વપરાશને પ્રોત્સાહિત કરવાં માટે કુલ ૪ મિશનોને એકત્રિત કરી, તૈયાર થયેલ મિશન "નેશનલ મીશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર યોજના" અંતર્ગત સોઈલ હેલ્થ કાર્ડ, સોઈલ હેલ્થ મેનેજમેન્ટ, પરંપરાગત કૃષિ વિકાસ યોજના, રેઈનફેડ એરિયા ડેવલપમેન્ટ તથા સબમિશન ઓન એગ્રો-ફોરેસ્ટરીનો સમાવેશ કરી અમલ કરવામાં આવશે.

♦ ઓર્ગેનિક ફાર્મિંગ :

- ગુજરાતના ખેડૂતોને ઓર્ગેનિક ખેતીમાં સક્રિય કરવાના ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સેન્દ્રિય ખેતી નીતિ-૨૦૧૫ ઘડી છે.
- જે અંતર્ગત રાજ્યમાં સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે. રાજ્યમાં ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે.
- સમગ્ર ડાંગ અને વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા અને નવસારી જિલ્લાના વાંસદા તાલુકાને ૧૦૦% સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લેવાનું આયોજન કરેલ છે.

♦ પ્રાકૃતિક ખેતી :

- ગુજરાતના ખેડુતો માટે ખેતીમાં ખર્ચ ઘટે, જમીનની ફળદ્રુપતા વધે અને ઉત્પાદન મેળવી આર્થિક સમૃધ્ધ થાય તે માટે ખેડુતો અને વિસ્તરણ કાર્યકરોને તાલીમ, નિદર્શન અને પ્રેરણા પ્રવાસ દ્વારા તમામ જિલ્લાઓને પ્રાકૃતિક ખેતી હેઠળ આવરી લઈ લાભ આપવામાં આવશે.
- ૨૫૦૦ તાલીમાર્થીઓ માટે પ્રાકૃતિક કૃષિની સાત દિવસીય નિવાસી તાલીમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું.
- "આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ" અભિયાન હેઠળ ડાંગને "સંપૂર્ણ રાસાયણિક ખેતીમુક્ત" જિલ્લો જાહેર કરવામાં આવેલ છે.
- સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતને ગાયના નિભાવ ખર્ચમાં સહાય આપવામાં આવે છે.

♦ નવી બાબતો :

વર્ષ ૨૦૨૨-૨૩ માં કૃષિ વિકાસ દર જાળવી રાખવા સાથે સાથે તેમાં વૃધ્ધિ કરવા વિવિધ નવા કાર્યક્રમો/યોજનાઓનો અમલ કરવામાં આવશે.

♦ ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ. ગાંધીનગર

- નિગમે છેલ્લા પાંચ વર્ષમાં ગુણવત્તાયુક્ત બીજ જથ્થાનું વેચાણ ૨.૧૦ લાખ ક્વિ. થી વધારીને વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં ૩.૦૬ લાખ ક્વિ. બીજ જથ્થાનું વેચાણ કરેલ છે. જેથી બીજ નિગમે પોતાની ઉત્પાદન ક્ષમતામાં આશરે ૪૬% જેટલો વધારો કરેલ છે.
- નિગમ દ્વારા વર્ષ : ૨૦૨૧-૨૨ માં અત્યાર સુધીમાં જુદા જુદા પાકોનો કુલ : ૨,૦૦,૨૫૪ ક્વિન્ટલ ગુણવત્તાયુક્ત બીજ જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા મુખ્ય પાકોના બીજ જથ્થાના વિતરણ થયેલ જથ્થાની વિગત નીચે મુજબ છે.

ક્રમ	પાક	વેચાણ થયેલ જથ્થો (ક્વિન્ટલમાં)	ક્રમ	પાક	વેચાણ થયેલ જથ્થો (ક્વિન્ટલમાં)
૧	ડાંગર	૮૯૪૫.૫૦	૭	ચણા	૨૩૨૩૬.૩૫
૨	મગફળી	૭૦૮૬૮.૭૦	૮	જીરૂ	૩૬૮૯.૨૧
૩	સોયાબીન	૬૭૩૮.૫૦	૯	તલ	૮૧.૬૮
૪	હા.દિવેલા	૪૬૧૯.૭૫	૧૦	તુવેર	૧૬૮૬.૦૬
૫	મગ	૧૮૬૯.૯૨	૧૧	અન્ય	૧૪૮૨૯.૮૭
૬	ઘઉ	૬૩૩૮૮.૪૬	-	-	-

- બીજ નિગમે છેલ્લા પાંચ વર્ષમાં RKVY-SRR યોજના હેઠળ કુલ ૭.૭૧ લાખ ક્વિ. બિયારણોનું સહાયીત દરે વિતરણ કરીને રાજ્યના કુલ ૭.૩૭ લાખ ખેડૂતોને રૂપિયા ૧૭,૫૯૪ લાખની સહાય આપી લાભાન્વીત કરેલ છે. જેથી ખેડૂતો દર વર્ષે ગુણવત્તાયુક્ત બિયારણ ખરીદવા માટે પ્રોત્સાહીત થઈ શકે અને ઉત્પાદનમાં વધારો કરી શકાય.
- બીજ નિગમે વર્ષ : ૨૦૨૦-૨૧ માં RKVY-SRR યોજના હેઠળ કુલ ૧.૮૬ લાખ ક્વિ. બિયારણોનું સહાયીત દરે વિતરણ કરીને રાજ્યના કુલ ૧.૪૬ લાખ ખેડૂતોને રૂપિયા ૫,૪૮૩.૪૯ લાખની સહાય આપી લાભાન્વીત કરેલ છે.
- બીજ નિગમ દ્વારા વર્ષ : ૨૦૨૧-૨૨ માં RKVY-SRR યોજના હેઠળ અંદાજીત કુલ ૧.૦૦ લાખ ક્વિ. બિયારણોનું સહાયીત દરે વિતરણ કરીને રૂપિયા ૨૯૮૦.૦૦ લાખની સહાય ખેડુતોને આપવાનું આયોજન કરેલ હતુ. જેની સામે અત્યાર સુધીમાં અંદાજીત કુલ : ૦.૪૬ લાખ ક્વિ. બિયારણોનું સહાયીત દરે વિતરણ કરીને રૂપીયા ૧૭૦૮.૦૦ લાખની સહાય ખેડુતોને પુરી પાડવામાં આવેલ છે.
- બીજ નિગમ દ્વારા જે તે વિસ્તારના પ્રતિષ્ઠીત અને પ્રગતીશીલ ખેડૂતો પાસે બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરાવી ઉત્પાદીત થયેલ બિયારણનું ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી પાસે બીજ પ્રમાણન કરાવી રાજ્યના ખેડૂતોને સમયસર ગુણવત્તાયુક્ત બિયારણ પુરૂ પાડે છે. બીજ નિગમ દ્વારા મુખ્ય પાકો જેવા કે ઘઉ, ડાંગર, મગફળી, હા.દિવેલા, સોયાબીન, ચણા, મગ, જીરૂ, બી.ટી કપાસ સહીતના કુલ :૨૫ પાકોની અંદાજે ૯૪ જાતોના બિયારણોનુ ઉત્પાદન કરવામાં આવે છે.
- નિગમ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માં જુદા જુદા પાક/જાતોનાબીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરી કુલ : ૨,૫૨,૮૮૦ ક્વિ. ગુણવત્તાયુક્ત બીજ જથ્થાનુ ઉત્પાદન કરવામાં આવેલ હતું. જુદા જુદા મુખ્ય પાકોના બીજ ઉત્પાદન કાર્યક્રમમાંથી ઉત્પાદીત થયેલ બીજ જથ્થાની વિગત નીચે મુજબ છે.

ક્રમ	પાક	ઉત્પાદીત થયેલ જથ્થો (ક્વિન્ટલમાં)	ક્રમ	પાક	ઉત્પાદીત થયેલ જથ્થો (ક્વિન્ટલમાં)
૧	ડાંગર	૧૮,૧૦૦	૬	ઘઉ	૧,૩૩,૪૯૭
૨	મગફળી	૫૧,૭૮૮	૭	ચણા	૧૬,૦૬૦
૩	સોયાબીન	૩,૭૧૨	૮	જીરૂ	૮,૦૬૧
૪	હા.દિવેલા	૭,૦૮૩	૯	તલ	૭૨૫
૫	મગ/અડદ	૮,૯૦૫	૧૦	તુવેર	૨,૨૦૩

- નિગમ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં જુદા જુદા પાક/જાતોનાબીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરી કુલ : ૨,૪૫,૦૦૦ ક્વિ. ગુણવત્તાયુક્ત બીજ જથ્થાનુ ઉત્પાદન કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જુદા જુદા મુખ્ય પાકોના બીજ ઉત્પાદન કાર્યક્રમમાંથી ઉત્પાદીત થનાર સૂચિત અંદાજીત બીજ જથ્થાની વિગત નીચે મુજબ છે.

ક્રમ	પાક	ઉત્પાદન કરવામાં આવનાર અંદાજીત બીજ જથ્થો (ક્વિન્ટલમાં)	ક્રમ	પાક	ઉત્પાદન કરવામાં આવનાર અંદાજીત બીજ જથ્થો (ક્વિન્ટલમાં)
૧	ડાંગર	૧૬,૮૮૪	૬	ઘઉ	૯૬,૨૨૦
૨	મગફળી	૭૭,૬૩૮	૭	ચણા	૧૬,૧૧૧
૩	સોયાબીન	૫,૩૨૦	૮	જીરૂ	૭,૦૨૦
૪	હા.દિવેલા	૭,૬૦૦	૯	તલ	૭૦૦
૫	મગ/અડદ	૯,૦૦૦	૧૦	તુવેર	૨,૬૨૦

નાબાર્ડની આર.આઇ.ડી.એફ. યોજના અંતર્ગત કૃષિ વિભાગ હસ્તક આવેલા કુલ ૧૪ સીડ ફાર્મ પર બિયારણ, ખાતર અને કૃષિ પેદાશોના સંગ્રહ માટે ૧૪૮૫૪૦૦૦ મે.ટન કેપેસીટીના ગોડાઉન ૨કમ ₹ ૨૨૫.૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. આ યોજના અંતર્ગત ગુજરાતના વિવિધ જીલ્લામાં ગોડાઉન બનાવવામાં આવશે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૨કમ ₹ ૬૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. આ યોજના અંતર્ગત કુલ ૧૦ સ્થળો (મીરોલી, વિરમગામ, ધંધુકા, ચલથાન, વેડછા, જામજોધપુર, વલસાડ, ધમાસણા, દહેગામ, માતર) પર ગોડાઉન બાંધકામની કામગીરી હાલમાં ચાલુ છે. જે અન્વયે તબબકાવાર નાણાંની જોગવાઇ વર્ષ ૨૦૨૨-૨૩ ના બજેટમાં કરવામાં આવેલ છે.

INDEX

♦ **કૃષિ વ્યવસ્થા અને તાલીમ સંસ્થા (આત્મા)**

વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર-૨૦૨૧ અંતિત) આત્મા યોજના દ્વારા કરવામાં આવેલ પ્રવૃતિઓ

- વર્ષ ૨૦૨૧-૨૨માં નાણાંકીય જોગવાઇ ₹ ૬૬૩૫.૯૧ લાખની સામે ₹ ૨૩૨૨.૯૯ ની ગ્રાંટ મળેલ છે અને ₹ ૨૮૯૧.૭૯ લાખ ખર્ચ કરેલ છે એટલે કે મળેલ ગ્રાન્ટની સામે ૪૩.૫૮% જેટલી નાણાંકિય સિદ્ધિ મેળવેલ છે. જેની ખેડૂતલક્ષી મુખ્ય કરેલ કામગીરીઓ નીચે મુજબ છે.
- **ખેડૂત તાલીમ :** ખેડૂતોને કૃષિ વિષય પર ૧૧૧ તાલીમ વર્ગોનું આયોજન કરી કુલ ૬૫૯૦૬ લાભાર્થીઓને આવરી લીધા.
- **ખેડૂત પ્રેરણા પ્રવાસ :** ખેડૂતોને નવીનતમ કૃષિ ટેકનોલોજીની જાણકારી આપવા માટે કુલ-૧૫૩ કિસાન પ્રેરણા પ્રવાસ યોજી કુલ ૧૦૬૯૫ ખેડુતોને લાભ આપ્યો.
- **નિદર્શન :** કૃષિ અને સંલગ્ન વિષયના કુલ ૩૧૫૩૦ નિદર્શન યોજી ૩૧૫૩૦ ખેડૂતોને લાભાન્વિત કર્યા.
- **ફિલ્ડ અને કિસાન ગોષ્ટી :** ખેડુતોની સમસ્યાઓ અને સંશોધનોના પ્રત્યક્ષ પરામર્શ કરવા કુલ ૨૨૧ ફિલ્ડ ડે કિસાન ગોષ્ઠીમાં ૧૮૫૪૨ ખેડુત લાભાર્થી તથા ૪૪ વૈજ્ઞાનિક-ખેડુત ગોષ્ઠીનું આયોજન કર્યુ જેમાં ૬૨૦૦ ખેડુતોએ ભાગ લીધો હતો.
- **ફાર્મ સ્કુલ :** ખેડુત થી ખેડુત સુધીની તજજ્ઞતા વહન માટે ખેતીની ૪૬૦ પાઠશાળા (ફાર્મસ્કુલ)નું આયોજન કરી ૧૩૮૮૨ ખેડુતોને લાભ આપ્યા.
- **ફાર્મર ઈન્ટરેસ્ટ ગૃપ :** યોજનાકીય પ્રવૃતિઓ હાથ ધરવા કુલ-૭૮૨ નવા એફ.આઈ.જી. (ફાર્મર ઈન્ટરેસ્ટ ગૃપ)ની રચના કરી જેમાં કુલ ૧૦૭૨૧ જેટલા સભ્યો જોડાયેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ પ્રાકૃતિક ખેતી માં થયેલ કામગીરી

- તા. ૨૧/૦૬/૨૦૨૧ના રોજ રાજભવન ખાતે માન. રાજ્યપાલશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્યમાં પ્રાકૃતિક કૃષિની કામગીરીને વેગ આપવા અને ડાંગ જીલ્લાને કૃષિ ક્ષેત્રે સંપુર્ણ રસાયણ મુક્ત કરવા માટેની યોજનાના સુચારુ અમલીકરણ માટે સચિવશ્રી કૃષિ, કલેક્ટરશ્રી અને ડીડીઓશ્રી ડાંગ, કૃષિ યુનીવર્સિટીના વિસ્તરણ શીક્ષણ નિયામકશ્રીઓ તેમજ તમામ જીલ્લના પ્રાકૃતિક કૃષિના જીલ્લા સંયોજકોની હાજરીમાં પરિસંવાદ યોજાયો.
- તા ૧૫/૦૮/૨૦૨૧ ના રોજ રાજ ભવન ગાંધીનગર ખાતે એટ હોમ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ જેમાં પધારેલ સર્વે મહાનુભાવો ને પ્રાકૃતિક કૃષિની માંગ વધે તે હેતુથી પ્રાકૃતિક પેદાશો ને પ્રદર્શિત કરવામાં આવી અને તે પેદાશોની કીટ બનાવી તેનુ વિતરણ કરવામાં આવેલ
- તા.૦૮/૦૯/૨૦૨૧ ના રોજ ફંટીયર હેડ ક્વાર્ટર, આર્મી કેમ્પસ, ચિલોડા, ગાંધીનગર ખાતે, તા.૧૦/૦૯/૨૦૨૧ ના રોજ કોસ્ટ ગાર્ડ, પોરબંદર ખાતે, તા.૧૮/૦૯/૨૦૨૧ ના રોજ સ્વાક, વાયુ શક્તિ નગર, ઈન્ડીયન એરફોર્સ, ચિલોડા, ગાંધીનગર ખાતે, તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ, ચિલોડા, ગાંધીનગર અને તા.૨૭/૦૯/૨૦૨૧ ના રોજ CRPF ગાંધીનગર ખાતે ખેતીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતના ઉત્પાદનો નો પ્રચાર પ્રસાર હેતુથી વેચાણ કરેલ હતુ.
- તા. ૧૯/૧૦/૨૦૨૧ ના રોજ પ્રાકૃતિક કૃષિ અભિયાન હેઠળ ના પ્રથમ સ્ટોર “The Natural Shop” પ્રાકૃતિક ઉત્પાદનોના વેચાણ કેન્દ્ર નું માન. રાજ્યપાલશ્રી ના હસ્તે સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- તા. ૨૦/૧૦/૨૦૨૧ ના રોજ રાજ ભવન, ગાંધીનગર ખાતે માન.રાજ્યપાલશ્રી અને માન.મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય ના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિ નો વ્યાપ વધે અને કેબીનેટના દરેક મંત્રીઓ પ્રાકૃતિક કૃષિ વિષે વધુ માહીતગાર થાય તેવા હેતુથી પ્રાકૃતિક ખેત પેદાશોની પ્રદર્શની આયોજીત કરવામાં આવી.
- તા. ૨૬/૧૦/૨૦૨૧ ના રોજ રાજ ભવન, ગાંધીનગર ખાતે માન.રાજ્યપાલશ્રી ના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિ નો વ્યાપ વધે અને રાજ્યના ધારાસભ્યો પ્રાકૃતિક કૃષિ વિષે વધુ માહીતગાર થાય તેવા હેતુથી પ્રાકૃતિક ખેત પેદાશોની પ્રદર્શની આયોજીત કરવામાં આવી.
- તા. ૩૦/૧૦/૨૦૨૧ ના રોજ રાજ ભવન ગાંધીનગર ખાતે માન. રાજ્યપાલશ્રીના અધ્યક્ષસ્થાને હીમાચલ પ્રદેશ ના પ્રાકૃતિક કૃષિ મોડલને ગુજરાતમાં અમલીકરણ કરી શકાય તે બાબતે સચિવશ્રી (કૃષિ) અને SPNF એસોસીએસન ના આગેવાનોની હાજરીમાં નિયામકશ્રી સમેતિ દ્વારા પ્રેસન્ટેસન કરવામાં આવ્યુ જેમાં ઓનલાઈન માધ્યમથી ડૉ. રાજેશ્વર ચંડેલ, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, હીમાચલ પ્રદેશ ઉપસ્થિત રહી વિશેષ માર્ગદર્શન આપેલ.

INDEX

- પ્રાકૃતિક કૃષિના પ્રચાર પ્રસાર હેતુથી તા. ૦૪/૧૧/૨૧ થી તા.૩૦/૧૧/૨૧ સુધી એક મહીના માટે ૧૭ ડિવિઝનના ૧૨૪ એસ.ટી. ડેપોની ૧૨૦૦ બસો ઉપર પ્રાકૃતિક કૃષિની ૩ જાહેરાતો પ્રસિધ્ધ કરવામાં આવી.
- રાજ્યમાં જે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે અને જેમણે પ્રાકૃતિક ખેતી થકી સફળતા મેળવી છે તેવા ખેડૂતોની સાફલ્યગાથા તૈયાર કરી તેની ૧ લાખ નકલ ખેડૂતોમાં વિતરીત કરવામાં આવી.
- તા. ૧૯/૧૧/૨૦૨૧ ના રોજ માન. રાજ્યપાલશ્રી અને માન. મુખ્ય મંત્રીશ્રી ના અધ્યક્ષ સ્થાને "આપણુ ડાંગ પ્રાકૃતિક ડાંગ" કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો. જેમાં ડાંગ જીલ્લાને પ્રાકૃતિક જીલ્લા તરીકે જાહેર કરવામાં આવ્યો.
- તા.૨૬ નવે. થી ૨ ડિસે. ૨૦૨૧ દરમિયાન સાત દિવસીય સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યશાળા ત્રિમંદિર, અડાલજ ખાતે યોજાઇ, જેમાં રાજ્યના કૃષિ યુનિવર્સિટી અને કે.વી.કેના વૈજ્ઞાનિક, કૃષિ અને બાગાયત વિભાગ ના અધિકારી, આત્મા યોજનાના તમામ અધિકારી અને સ્ટાફ તથા SPNF જિલ્લા સંયોજક, ફાર્મર ફેંડ અને ખેડૂતો ભાઇ બહેનોએ ભાગ લીધો.

♦ યોજનાકીય સિધ્ધી

(૧) દેશી ગાય આધારીત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાયના નિભાવ ખર્ચ

વર્ષ ૨૦૨૧-૨૨ કુલ ભૌતિક લક્ષ્યાંક ૧,૯૭,૭૫૦ અને નાણાકીય જોગવાઇ ₹ ૨૧૩.૫૭ કરોડની સામે ૩૧ ઓકટોબર ૨૦૨૧ સુધીમાં ૧૭૦૨૯૩ લાભાર્થીઓને ₹ ૮૨.૭૪ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

(૨) સંપૂર્ણ રસાયણ મુકત ડાંગ જિલ્લા અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતો માટે નાણાંકીય સહાય યોજના

સંપૂર્ણ રસાયણમુકત ડાંગ જિલ્લા અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે નાણાંકિય સહાય યોજના હેઠળ ૮૬૫૬ લાભાર્થીઓને ₹ ૪.૭૨ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

અગામી વર્ષ ૨૦૨૨-૨૩માં કૃષિ વિસ્તરણની કરવાની થતી કામગીરી

- કૃષિ અને સંલગ્ન વિષય પર ખેડૂતો માટે જીલ્લામાં, રાજ્ય અંદર અને રાજ્ય બહાર વિવિધ વિષયો પર ૧.૭૦ લાખ ખેડૂતોને તાલીમ આપવાનુ આયોજન.
- ખેડૂતોને નવીનતમ કૃષિ ટેકનોલોજીની જાણકારી આપવા માટે જીલ્લા, રાજ્યમાં અને રાજ્ય બહાર પ્રેરણા પ્રવાસ માટે ૧.૪૦ લાખ ખેડૂતોને મોકલવાનુ આયોજન.
- કૃષિ અને સંલગ્ન વિષયો પર કુલ ૦.૫૦ લાખ થી વધારે નિદર્શનનુ આયોજન.
- નવી ટેકનોલોજીની જાણકારી માટે ૩૩ કૃષિ મેળા પ્રદર્શનનુ જીલ્લા/ રાજ્ય કક્ષાએ આયોજન.
- ખેડૂતોની સમસ્યાઓ અને સંશોધનોના પ્રત્યક્ષ પરામર્શ કરવા કુલ ૭૦૦ ફીલ્ડ ડે કિસાન ગોષ્ઠી તથા ૬૬ વૈજ્ઞાનિક-ખેડૂત ગોષ્ઠીનુ આયોજન.
- યોજનાકીય પ્રવૃતિઓ હાથ ધરવા નવા ૩૫૦૦ ફાર્મર ઇનટરેસ્ટ ગ્રુપ (એફ. આઇ. જી) ની રચના
- ખેડૂત થી ખેડૂત સુધીની તજજ્ઞતા વહન માટે ૭૦૦ ફાર્મસ્કુલ નુ આયોજન.
- ખેડૂતો માટે કેપેસીટી બિલ્ડીગ અંતર્ગત ૧૮૦૦ કાર્યક્રમનુ આયોજન.
- ૧૬૫ બેસ્ટ ઓર્ગેનાઇઝ આત્મા જુથ ને એવોર્ડથી સન્માનીત કરવાનુ લક્ષ.
- ૫૦૦ મહિલા જુથોને ફૂડ સીક્યુરીટી અંતર્ગત કીચન ગાર્ડનીંગ માટે કીટ આપવાનુ આયોજન.
- સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડુત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના હેઠળ ૨૪૪૭૫૦ લાભાર્થીને લાભ આપવામાં આવશે.
- સંપુર્ણ રસાયણ મુક્ત ડાંગ જિલ્લા અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતો માટે નાણાંકીય સહાય યોજના હેઠળ ૩૦૦૦૦ લાભાર્થીને લાભ આપવામાં આવશે.

ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી અમદાવાદ

- ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી એક રાજ્ય સરકારશ્રીનું સાહસ છે.
- માર્ચ-૧૯૮૦ થી રાજ્યમાં ખેડુતો દ્વારા લેવામાં આવતા જુદાજુદા પાકોની નોટીફાઇડ જાતોના બીજ પ્રમાણનની કામગીરી કરે છે.
- એજન્સી અંદાજે ૪૯ પાકોની જુદી જુદી ૧૩૦ જેટલી નોટીફાઇડ જાતોની બીજ પ્રમાણનની કામગીરી કરે છે,

- સને ૨૦૨૧-૨૨ માં સીઝનવાર નોંધણી થયેલ બીજ પ્રોગ્રામની સામે થયેલ સિધ્ધિઓ અને ૨૦૨૨-૨૩માં નોંધણી થનાર બીજ પ્રોગ્રામની વિગતો નીચે મુજબ છે.

વર્ષ	૨૦૨૧-૨૨		૨૦૨૨-૨૩	
સીઝન	**નોંધણી થનાર વિસ્તાર (હેકટરમાં)**	**પ્રગતી/સિધ્ધિ**	**નોંધણી થનાર વિસ્તાર (હેકટરમાં) આયોજન**	**હાથ ધરાનાર પોગ્રામ આયોજન**
ખરીફ	૬૦૦૯૦	૭૧૨૪૬	૬૪૩૦૦	૭.૦૦% પ્રોગ્રામમાં વધારે નોંધણી થવા અંદાજ
રવી	૫૧૯૬૭	બીજ ઉત્પાદન કાર્યક્રમ નોંધણી ચાલુ છે છેલ્લી તા.૩૧/૧૨/૨૧	૫૩૮૦૦	૩.૫૦% પ્રોગ્રામમાં વધારે નોંધણી થવા અંદાજ
ઉનાળુ	૪૦૧૫	ફેબ્રુ-૨૧ માં નોંધણી થવા પામશે	૪૪૧૫	૧૦.૦૦% પ્રોગ્રામમાં વધારે નોંધણી થવા અંદાજ.
કુલ	**૮૦૭૦૦**		**૧૨૨૫૧૫**	

- સને ૨૦૨૧-૨૨માં સીઝનવાર પ્રમાણિત બીજ ઉત્પાદન લક્ષાંકની સામે ખરેખર સિધ્ધિની વિગત તથા અને ૨૦૨૨-૨૩માં મળનાર પ્રમાણિત બીજ ઉત્પાદનની વિગતો અંદાજ પ્લાનીંગ નીચે મુજબ છે.

વર્ષ	૨૦૨૧-૨૨		૨૦૨૨-૨૩	
સીઝન	**પ્રમાણિત બીજ ઉત્પાદન લક્ષાંક જથ્થો ક્વિન્ટલમાં**	**પ્રગતી/સિધ્ધિ**	**પ્રમાણિત બીજ ઉત્પાદન લક્ષાંક જથ્થો ક્વિન્ટલમાં આયોજન (લક્ષાંક)**	**રીમાર્કસ**
ખરીફ	૭,૮૭,૮૪૫	ઉત્પાદન જથ્થાનુ સીલીંગ, સેમ્પલીંગ કામગીરી ચાલુ	૮,૨૭,૨૩૭	૫.૦૦% પ્રોગ્રામમાં વધારે ઉત્પાદન થવા અંદાજ
રવી	૧૩,૦૮,૦૯૬	જાન્યુ-૨૨ માં ફીલ્ડ ચકાસણી શરૂ થવા પામશે	૧૩,૪૭,૩૩૯	૩.૦૦% પ્રોગ્રામમાં વધારે ઉત્પાદન થવા અંદાજ
ઉનાળુ	૨૯,૨૦૦	માર્ચ-૨૨ અંત પછી ફીલ્ડ ચકાસણી શરૂ થવા પામશે	૩૦,૬૬૦	૫.૦૦% પ્રોગ્રામમાં વધારે ઉત્પાદન થવા અંદાજ.
કુલ	**૨૧,૨૫,૧૪૧**		**૨૨,૦૫,૨૩૬**	

- ગુજરાત રાજ્યબીજ પ્રમાણન એજન્સીની રાજ્યની તાબા હેઠળની કચેરીઓ અને કચેરી હેઠળ આવરી લીધેલ જીલ્લા વિસ્તાર ની વિગતો

ક્રમ	**યુનિટ કચેરી**	**આવરી લીધેલ જિલ્લા**
૧	અમદાવાદ	અમદાવાદ
૨	ગાંધીનગર	ગાંધીનગર
૩	મહેસાણા	મહેસાણા, પાટણ
૪	બનાસકાંઠા	બનાસકાંઠા
૫	સાબરકાંઠા	સાબરકાંઠા, અરવલ્લી
૬	નડીયાદ	ખેડા, આણંદ
૭	વડોદરા	વડોદરા, છોટાઉદેપુર. ભરૂચ, નર્મદા
૮	ગોધરા	પંચમહાલ, દાહોદ, મહિસ્સાગર
૯	સુરત	સુરત, તાપી, વલસાડ, ડાંગ-આહવા,નવસારી
૧૦	સુરેન્દ્રનગર	સુરેન્દ્રનગર,ભાવનગર, બોટાદ
૧૧	રાજકોટ	રાજકોટ, જામનગર, દેવભુમી-દ્વારકા, મોરબી, કચ્છ-ભુજ
૧૨	અમરેલી	અમરેલી
૧૩	જુનાગઢ	જુનાગઢ, પોરબંદર, ગીરા સોમનાથ

INDEX

♦ ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટસ સર્ટીફીકેશન એજન્સી

ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટસ સર્ટીફીકેશન એજન્સી- અમદાવાદની અગત્યની કામગીરી અને સિધ્ધીઓની માહિતી.

- રાજ્યમાં ઓર્ગેનિક સર્ટીફીકેશનની કામગીરી માટે ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટસ સર્ટીફીકેશન એજન્સીની માન્યતા (એક્રીડીટેશન) તા.૨૦/૬/૨૦૧૪ થી મળેલ છે જે દર ત્રણ વર્ષે રીન્યુ કરવામાં આવેલ છે. સદર મળેલ માન્યતાના આધારે ઓર્ગેનિક સર્ટીફીકેશનની કામગીરી ચાલુ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં નવેમ્બર-૨૦૨૧ અંતિત ૭૯૧.૬૦ હેકટર વિસ્તાર પ્રમાણન માટે નોંધણી થયેલ છે આગામી સમયગાળામાં માર્ચ- ૨૦૨૨ અંતિત વધુ ૫૦૦.૦૦ હેકટર વિસ્તાર નોંધણી થવાનો અંદાજ છે.
- તદુપરાંત ૭૩ ખેડૂત ધરાવતું ૧ ખેડૂત જૂથ (ICS) પણ પ્રમાણન માટે નોંધાયેલ છે જેનો વિસ્તાર ૧૨૫.૦૮ હેકટર છે. જે આગામી સમયગાળામાં પ્રાકૃતિક જિલ્લા ડાંગનું પ્રમાણન કરવાનું હોવાથી માર્ચ- ૨૦૨૨ અંતિત અંદાજિત વધુ ૧૦૦૦.૦૦ હેકટર વિસ્તાર નોંધણી થવાનો અંદાજ છે.
- વર્ષ-૨૦૨૨-૨૩માં સમગ્ર રાજ્યમાં થનાર તમામ FPO (અંદાજીત ૧૦૦) તેમજ વ્યક્તિગત પ્રમાણન ભેગા મળી લગભગ ૩૦૦૦.૦૦ હેકટર વિસ્તાર પ્રમાણન માટે નોંધણી થવાનો અંદાજ છે.
- વધુમાં હાલમાં GOPCA પાસે માત્ર “ક્રોપ પ્રોડક્શન” ની માન્યતા પ્રાપ્ત છે જેનો સ્કોપ વધારી વર્ષ-૨૦૨૨-૨૩માં “ફૂડ પ્રોસેસીંગ અને હેન્ડલીંગ” તથા ”પશુપાલન ઉત્પાદન” ની માન્યતા (Accreditation) પણ મેળવવાની છે.

♦ બાગાયત

વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન બાગાયતી પાકોનો વાવેતર વિસ્તાર ૧૯.૭૭ લાખ હે. અને ઉત્પાદન ૨૫૦.૫૧ લાખ મે. ટન થયેલ છે. રાજ્યમાં પિયત, સૂકા અને અર્ધ સૂકા વિસ્તારોમાં પણ બાગાયતી ખેતીની ખૂબ ઉત્તમ તકો રહેલી છે. બાગાયત ખાતાની યોજનાઓ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ કાર્યક્રમો (નોન પ્લાન ₹ ૧૪૬૫.૦૯ લાખ સહિત) અંતર્ગત ₹ ૩૬૩૮૪.૫૩ લાખની અને નવા કાર્યક્રમો માટે ₹ ૦.૦૦ લાખની સૂચિત બજેટ જોગવાઈ મળી કુલ ₹ ૩૬૩૮૪.૫૩ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં નીચે મુજબના જુદા જુદા બાગાયતી કાર્યક્રમો અમલમાં મુકવામાં આવનાર છે.

૧. નિર્દેશ અને વહીવટ:- (એચ.આર.ટી.-૧)

જુદા જુદા બાગાયત વિકાસ કાર્યક્રમોના અમલ માટે ઓછામાં ઓછા કર્મચારી વર્ગ સાથે બાગાયત વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. બાગાયત પ્રવૃત્તિઓને અસરકારક બનાવવા માટે તેમજ રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાની ક્યેરીઓ સંગીન બનાવવા, વહીવટી અને તકનીકી તંત્ર, હિસાબો, અંદાજપત્ર નિયમન અને સંકલન વગેરે સહિત તંત્ર વ્યવસ્થા જાળવવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૧૪૩.૪૫ લાખની જોગવાઇ સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૧૩૦૦.૦૧ લાખ ખર્ચ થયેલ છે. તેમજ વર્ષના અંતે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં પ્લાન (₹ ૧૮૬૦.૦૦ લાખ) તથા નોન-પ્લાન (₹ ૪૩૪.૦૪ લાખ) મળી કુલ ₹ ૨૨૯૪.૦૪ લાખની ચાલુ બાબત તરીકે તથા ₹ ૦.૦૦ લાખની નવી બાબત સુચવેલ છે. આમ,કુલ ₹ ૨૨૯૪.૦૪ લાખની જોગવાઇ વર્ષ ૨૦૨૨-૨૩ માટે સૂચવેલ છે.

૨. સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ : (એચ.આર.ટી.-૨)

રાજ્યમાં બાગાયત વિકાસ માટે વિવિધ સંકલિત વિકાસ કાર્યક્રમો જેવા કે ફળપાકનો વાવેતર વિસ્તાર વધારવો, આઇ.પી.એમ./ આઇ.એન.એમ માટે પ્રોત્સાહન, જુની વાડીનું નવિનીકરણ, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, દરિયાઇ/ હવાઈ માર્ગે ફળ, શાકભાજી, મરી મસાલા, ફૂલ, બિયારણ તથા પ્લાન્ટીંગ મટીરીયલ્સને નિકાસ માટે નુરમાં સહાય, ખેડૂત શીબીર, સેમિનાર, પોલી હાઉસ/શેડનેટ ઊભા કરવા, વેલાવાળા શાકભાજી પાકે માટે કાચા-પાકા માંડવા બાંધવા, ટીસ્યુકલ્ચર રોપા માટે હાર્ડનીંગ યુનિટ સ્થાપવા, કોલ્ડ સ્ટોરેજ બાંધવા, પ્લાસ્ટિક ક્રેટસની ખરીદીનો કાર્યક્રમ વગેરે જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ચાલુ તથા નવી બાબત અંતર્ગત ₹ ૨૨૬૯૩.૬૨ લાખની જોગવાઇ સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૩૮૯૦.૧૨ લાખનો ખર્ચ થયેલ છે અને વર્ષના અંતે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં પ્લાન હેઠળ ₹ ૧૩૦૦૦.૦૦ લાખ તથા નોન પ્લાન ₹ ૫૭૨.૯૩ લાખ મળી કુલ ₹ ૧૩૫૭૨.૯૩ લાખની ચાલુ બાબત માટે તથા નવી બાબત તરીકે ₹ ૦.૦૦ લાખની જોગવાઇ સુચવેલ છે વધુમાં ફળનર્સરી (નોન-પ્લાન મહેકમ) હેઠળ ₹ ૧૮૯.૮૩ લાખની જોગવાઇ સૂચવેલ છે.

૩. આદિજાતિ વિસ્તારમાં (ટીએએસપી) બાગાયત વિકાસ કાર્યક્રમ : (એચ.આર.ટી.-૩,૧૦,૧૧)

આ કાર્યક્રમમાં આદિજાતિ જિલ્લાઓમાં ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો તથા ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવાની પ્રવૃત્તિઓ, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, ફાર્મ મીકેનાઈઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકો માટે કાચાપાકા માંડવા બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જેવા ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં એચ.આર. ટી.-૩ યોજના અંતર્ગત ₹ ૩૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે જેની સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૭૪૭.૮૩ લાખનો ખર્ચ થયેલ છે તેમજ વર્ષના અંતે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. આ ઉપરાંત ઈયર માર્ક પ્રોવિઝન ટીએએસપી (એચ.આર.ટી.-૧૦ સ્પેસીયલ ફોર ડાંગ જિલ્લો) માટે ₹ ૫૦.૦૦ લાખની જોગવાઈ સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૨.૮૩ લાખનો ખર્ચ થયેલ છે અને ટી.એ.એસ.પી. ન્યુ ગુજરાત પેટર્ન માટે ₹ ૧૬૦.૦૦ લાખની જોગવાઈ સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

વધુમાં આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ કાર્યક્રમ એચ.આર.ટી.-૩ અંતર્ગત ₹ ૩૩૦૦.૦૦ લાખની જોગવાઈ અને ₹ ૦.૦૦ લાખની નવી બાબત સૂચવેલ છે. એચ.આર.ટી.-૧૦ ઈયર માર્ક પ્રોવિઝન ટીએએસપી (સ્પેસીયલ ફોર ડાંગ જિલ્લો) માટે ₹ ૫૦.૦૦ લાખ સુચવેલ છે. તેમજ એચ.આર.ટી.-૧૧ ટી.એ.એસ.પી. ન્યુ ગુજરાત અંતર્ગત ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઈ સૂચવેલ છે.

૪. અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસસીએસપી) હેઠળ બાગાયત વિકાસ કાર્યક્રમ : (એચ. આર.ટી.-૪)

આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો, ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવાની પ્રવૃત્તિઓ, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, ફાર્મ મીકેનાઈઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકો માટે કાચા-પાકા માંડવા બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જેવા ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૯૫૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેની સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૨૦૯.૭૩ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ વર્ષના અંતે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ કાર્યક્રમો માટે ₹ ૯૫૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૫. ફળ અને શાકભાજીની જાળવણી અને તાલીમની યોજના : (એચ.આર.ટી.-૫)

ફળ અને શાક્ભાજીની જાળવણી અને તાલીમ કાર્યક્રમ અંતર્ગત પૂરતા પ્રમાણમાં જ્યારે શાકભાજી અને ફળો ઉપલબ્ધ થાય ત્યારે તેની જાળવણી કેવી રીતે કરવી તેનું શિક્ષણ મહિલાઓને આપવા માટે ૧૭ સામુહિક ડબ્બાબંધી અને બગીચા કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. ફળ અને શાકભાજીની જાળવણીની રીતો બનાવવા માટે કેન્દ્ર પર ગ્રામીણ વિસ્તારમાં બે થી ત્રણ દિવસના ટૂંકા ગાળાના તાલીમ વર્ગો યોજવામાં આવે છે. મોબાઈલ તાલીમ કેન્દ્ર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને સ્વનિર્ભર કરવા માટે મહિલા તાલીમાર્થિઓને વૃતીકા (સ્ટાઈપેંડ) આપીને પણ આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્લાન (₹ ૪૫૭.૦૦ લાખ) તથા નોન પ્લાન (₹ ૨૭૭.૫૬ લાખ) હેઠળ ₹ ૭૩૪.૫૬ લાખની કુલ જોગવાઈ સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૨૧૩.૭૯ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ વર્ષના અંતે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ કાર્યક્રમ અંતર્ગત પ્લાન હેઠળ ₹ ૪૬૫.૦૦ લાખ તથા નોન પ્લાન હેઠળ ₹ ૨૬૮.૨૯ લાખ મળી કુલ ₹ ૭૩૩.૨૯ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૬. ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કેન્દ્ર પુરસ્કૃત યોજના (નારિયેળી વિકાસ કાર્યક્રમ) : (એચ.આર.ટી.-૮)

નારિયેળી વિકાસ કાર્યક્રમ ૫૦ ટકા કેન્દ્રના અને ૫૦ ટકા રાજ્યના હિસ્સાની યોજના છે. આ કાર્યક્રમ માટે સને ૨૦૨૧-૨૨ માં કેન્દ્રના હિસ્સાના ₹ ૧૩.૦૦ લાખની અને રાજ્યના હિસ્સાના ₹ ૧૩.૦૦ લાખની રીવાઈઝ જોગવાઈ તથા ૧૦૦ ટકાના કેન્દ્રના ઘટકના ₹ ૧.૭૫ લાખની જોગવાઈ એમ કુલ મળી ₹ ૨૭.૭૫ લાખની જોગવાઈ સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ વર્ષના અંતે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે નારિયેળીનો વાવેતર વિસ્તાર વધારવો, નારિયેળી પાક નિદર્શન, સેન્દ્રિય ખાતર યુનિટ તૈયાર કરવા, નારિયેળી નર્સરી ની સ્થાપના જેવા ઘટકોનો સમાવેશ કરેલ છે. વધુમાં આ કાર્યક્રમ માટે સને ૨૦૨૨-૨૩ માં કેન્દ્રના હિસ્સાના ₹ ૧૬.૦૦ લાખની અને રાજ્યના હિસ્સાના ₹ ૧૬.૦૦ લાખની જોગવાઈ તથા ૧૦૦ ટકાના કેન્દ્રના ₹ ૦.૮૮ લાખ સુચવવામાં આવેલ છે એમ કુલ મળી ₹ ૩૨.૮૮ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

INDEX

૭. ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કેન્દ્ર પુરસ્કૃત યોજના- મિશન ઓન ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર- સામાન્ય, એસસીએસપી અને આદિજાતિ કેટેગરીના ખેડૂતો માટે (નેશનલ હોર્ટીકલ્ચર મિશન) : (એચ.આર.ટી.-૯,૧૩,૧૪)

નેશનલ હોર્ટીકલ્ચર મિશનમાં બાગાયત વિકાસ માટે એમ.આઇ.ડી.એચ. હેઠળ જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જેમ કે પ્લાન્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ, નર્સરી ડેવલપમેન્ટ, એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ન્યુ ગાર્ડન્સ, ક્રીએશન ઓફ વોટર રિસોર્સીંગ, પ્રોટેક્ટેડ કલ્ટીવેશન, આઇપીએમ /આઇએનએમ પ્રમોશન, પોસ્ટ હાર્વેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માર્કેટીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માટે નેશનલ હોર્ટીકલ્ચર મિશન દ્વારા સામાન્ય, એસસીએસપી અને આદિજાતિ કેટેગરીના ખેડૂતો માટે કુલ ₹ ૧૪૦૧૪.૦૦ લાખની જોગવાઇ (૬૦ ટકા કેન્દ્રના અને ૪૦ ટકા રાજ્યના હિસ્સા) મુજબ કરવામાં આવેલ છે. જે મુજબ આ કાર્યક્રમો માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ચાલુ બાબત તરીકે (૧) કેંદ્રના ૬૦ ટકા હિસ્સા મુજબ ₹ ૬૬૯૨.૪૦ લાખ તેમજ રાજ્યના ૪૦% મુજબ ₹ ૪૪૬૧.૬૦ લાખની જોગવાઇ એમ કુલ મળી ₹ ૧૧૧૫૪.૦૦ લાખ સામાન્ય કેટેગરી ખેડૂતો માટે (૨) કેંદ્રના ૬૦ ટકા હિસ્સા મુજબ ₹ ૫૪૬.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦% મુજબ ₹ ૩૬૪.૦૦ લાખની જોગવાઇ એમ કુલ મળી ₹ ૯૧૦.૦૦ લાખ એસસીએસપી કેટેગરી ખેડૂતો માટે તેમજ (૩) કેંદ્રના ૬૦ ટકા હિસ્સા મુજબ ₹ ૧૧૭૦.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦% મુજબ ₹ ૭૮૦.૦૦ લાખની જોગવાઇ એમ કુલ મળી ₹ ૧૯૫૦.૦૦ લાખ ટીએએસપી કેટેગરી ખેડૂતો માટે જોગવાઇ સામે ઓક્ટોબર-૨૧ અંતિત ત્રણેય કેટેગરીમાં કુલ ₹ ૪૪૦૩.૭૭ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ વર્ષના અંતે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે.

વધુમાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે નેશનલ હોર્ટીકલ્ચર મિશન દ્વારા સામાન્ય, એસસીએસપી અને આદિજાતિ કેટેગરીના ખેડૂતો માટે ચાલુ બાબત તરીકે કુલ ₹ ૧૫૧૧૦.૦૦ લાખની જોગવાઇ (૬૦ ટકા કેન્દ્રના અને ૪૦ ટકા રાજ્યના હિસ્સા) મુજબ સૂચવેલ છે. જે મુજબ (૧) કેંદ્રના ૬૦ ટકા હિસ્સા મુજબ ₹ ૭૩૫૦.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦% મુજબ ₹ ૪૯૦૦.૦૦ લાખની જોગવાઇ એમ કુલ મળી ₹ ૧૨૨૫૦.૦૦ લાખ (સામાન્ય કેટેગરી ખેડૂતો માટે), (૨) કેંદ્રના ૬૦ ટકા હિસ્સા મુજબ ₹ ૫૪૬.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦% મુજબ ₹ ૩૬૪.૦૦ લાખની જોગવાઇ એમ કુલ મળી ₹ ૯૧૦.૦૦ લાખ (એસસીએસપી કેટેગરી ખેડૂતો માટે) તેમજ (૩) કેંદ્રના ૬૦ ટકા હિસ્સા મુજબ ₹ ૧૧૭૦.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦% મુજબ ₹ ૭૮૦.૦૦ લાખની જોગવાઇ એમ કુલ મળી ₹ ૧૯૫૦.૦૦ લાખ (ટીએસપી કેટેગરી ખેડૂતો માટે) ની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૮. અંકિત જોગવાઈ માહિતી અને પ્રોદ્યાગીકી (આઇ.ટી.) :

માહિતી ટેકનોલોજી માટે હાર્ડવેર, કોમ્પ્યુટર સિસ્ટમ ખરીદવા, કર્મચારીઓને તાલીમ આપવા માટે, અદ્યતન માહિતી અને ટેકનોલોજી વિક્સાવવા, વેબ સાઈડ અદ્યતન કરવા જેવી બાબતો માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે ₹ ૨૦.૦૦ લાખની ઈયર માર્ક જોગવાઇ સામે ઓક્ટોબર-૨૧ અંતિત ₹ ૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે તેમજ વર્ષના અંતે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૧.૦૦ લાખની ઈયરમાર્ક જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૯. અંકિત જોગવાઈ વર્ક્સ (આર & બી) :

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં ચાલુ અને નવી બાબત હેઠળ કુલ ₹ ૧૯૦.૭૩ લાખની કુલ જોગવાઇ કરવામાં આવેલ છે. વધુમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં બાંધકામ અને રીનોવેશન હેઠળ ₹ ૧૧૮.૫૬ લાખની જોગવાઇ ચાલુ બાબત તરીકે સૂચવેલ છે.

૧૦. આકસ્મિક ફંડ :

આ આકસ્મિક ફંડ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં ચાલુ બાબત હેઠળ કુલ ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઇ કરવામાં આવેલ છે. વધુમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ બાબત હેઠળ કુલ ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઇ સૂચવેલ છે.

રાજ્યની કૃષિ યુનિવર્સિટી કાઉન્સિલ તથા રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

- ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓના અધિનિયમ ૨૦૦૪થી કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ એમ ત્રિવિધ કાર્યના મૂખ્ય હેતુ સાથે જે તે પ્રવૃત્તિઓને સધન બનાવવા માટે જે તે વિસ્તારની પરિસ્થિતિને ધ્યાને લઈને આણંદ, જુનાગઢ, નવસારી અને સરદાર કૃષિનગર-દાંતીવાડા એમ ચાર કૃષિ યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવેલ છે.
- ચારેય કૃષિ યુનિવર્સિટીઓની રોજબરોજની કામગીરી પર દેખરેખ/મોનીટરીંગ તથા કૃષિ યુનિવર્સિટીઓમાં સંકલન જાળવવાના હેતુથી અધિનિયમ-૫ ની કલમ-૨૫ હેઠળ રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદની રચના કૃષિ ભવન, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે અને કલમ ૨૫ માં નિર્દિષ્ટ કાર્યોને અનુરૂપ કામગીરી કરવામાં આવે છે.

INDEX

- અગીયારમી પંચવર્ષિય યોજના દરમ્યાન રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતી કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના વિકાસ કાર્યક્રમોને સુદ્રઢ અને સધન બનાવવા તેમજ કૃષિ આધારીત જાહેર અને ખાનગી ઉદ્યોગોની તાંત્રિક માનવબળની જરૂરીયાતને ધ્યાને લઇ વિવિધ સ્નાતક-અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ૩૦ કોલેજો, ડીપ્લોમા અભ્યાસક્રમ માટે ૨૧ પોલીટેકનીકો આવેલ છે. જે અંતર્ગત ચાલુ વર્ષે ૧૯૬૧ વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષામાં, ૬૯૧ વિદ્યાર્થીઓને અનુસ્નાતક તેમજ ૧૮૮ વિદ્યાર્થીઓને પી.એચ.ડી. કક્ષામાં અને ૮૨૦ વિદ્યાર્થીઓને ડીપ્લોમા કક્ષામાં પ્રવેશ ક્ષમતા મુજબ પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. સંશોધન ક્ષેત્રે ક્ષેત્રિય પાકોમાં જરૂરીયાત અને વિસ્તાર આધારીત વધુ ઉત્પાદન આપતી જાતો/સંકર જાતો તથા નવી ટેકનોલોજી વિકસાવીને ખેતીને નફાકારક બનાવવા માટે ઉત્પાદનની સાથે ઉત્પાદકતા વધારવા માટે સંશોધન કરવામાં આવે છે. ઉપરાંત આ સંશોધન આધારિત ભલામણો લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રે કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનોમાં ખેડૂત-યુવાનો, ખેડૂતો, ખેડૂત મહિલાઓ અને વિસ્તરણ કાર્યકરોને તાલીમ આપી ખેડૂતોના સામાજીક-આર્થીક ઉત્થાન માટે અદ્યતન ટેકનોલોજીની જાણકારી પુરી પાડવામાં આવે છે.

♦ હેતુઓ અને વ્યુહરચના

(૧) શિક્ષણ :

- કૃષિ અને સંલગ્ન વિષયો જેવા કે કૃષિ, કૃષિ ઈજનેરી, ખાદ્ય વિજ્ઞાન, બાગાયત અને વનીય, ગૃહ વિજ્ઞાન અને પોષણ, કૃષિ વ્યાપાર વ્યવસ્થાપન અંગેના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપવું.
- શિક્ષણમાં જરૂરી ધંધાકિય કુશળતા લાવવી.
- ગ્રામ્ય વિસ્તારના ઉત્કર્ષ માટે જાહેર અને ખાનગી ક્ષેત્રે જરૂરી ક્ષમતાવાળુ માનવબળ ઉભુ કરવું.

(૨) સંશોધન :

- ખેતીને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે ઉત્પાદકતા વધારવા માટે સંશોધન કરવુ.
- ટકાઉ અને સ્થિર ઉત્પાદન માટે જરૂરીયાત અને વિસ્તાર આધારીત સંશોધન કરવું કે જે પર્યાવરણને પણ સુરક્ષીત રાખે.
- નફાકારક ખેતી માટે મુલ્ય વૃદ્ધિ અને ઈનપુટસનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટેના ઉપાયો શોધવા.
- રાજ્યના વિવિધ વિસ્તારોને અનુરુપ ડાંગર, ઘઉં, મકાઇ, બાજરી, કઠોળ, રોકડીયા પાકો જેવા કે કપાસ, શેરડી, તેલીબીયાના પાકો, ધાસચારાના પાકો, બાગાયત અને શાકભાજીના પાકો વગેરે ની જાતો અને ટેકનોલોજી વિકસાવવી. પશુ સંશોધન ક્ષેત્રે પશુ સંવર્ધન, પશુ આહાર, પશુ પ્રજનન અને મરઘા પાલન તેમ જ ડેરી વિજ્ઞાન વગેરે બાબતે સંશોધન હાથ ધરવુ.
- કૃષિ ઈજનેરી હેઠળ કૃષિ ઓજારો અને મશીનરીના ઉપયોગ કાર્યક્ષમ ઉપયોગ, સૂક્ષ્મ પિયત પધ્ધતિનું વ્યવસ્થાપન અને ટેકનોલોજી વિકસાવવાની, મુલ્ય વર્ધન અંગેના સંશોધનની કામગીરી હાથ ધરવી.
- ડેરી પ્રોડક્ટ અને ફુડ પ્રોસેસિંગ અંગેનું સંશોધન કરવું.

(૩) વિસ્તરણ શિક્ષણ :

- કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ખેડૂત-યુવાનો, ખેડૂતો, ખેડૂત મહિલાઓ અને વિસ્તરણ કાર્યકરોને તાલીમ આપવી.
- ખેડૂતોના સામાજીક-આર્થિક ઉત્થાન માટે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં વિસ્તરણ સેવાઓ દ્વારા અદ્યતન ટેકનોલોજીની જાણકારી પુરી પાડવી.

વર્ષ ૨૦૨૧-૨૨ ની પ્રવૃતિઓની રૂપરેખા અને વર્ષ ૨૦૨૨-૨૩ હેઠળના ભાવિ કાર્યક્રમો.

♦ શિક્ષણ

કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કૃષિ, ફૂડ ટેકનોલોજી, કૃષિ ઈજનેરી, બાગાયત, વનીય, એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈન્ટરનેશનલ એગ્રી. બીઝનેશ મેનેજમેન્ટ, રીનીવેબલ એનર્જી અને એન્વાયરમેન્ટલ ઈજનેરી, એગ્રીકલ્ચર બાયો ટેકનોલોજી, બેઝીક સાયન્સ & હયુમેનીટીઝ અને કોમ્યુનીટી વિજ્ઞાન વિદ્યાશાખા મારફત આપવામાં આવતા નિવાસી સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના ઉચ્ચ અભ્યાસક્રમો જુદી જુદી મહાવિદ્યાલયો દ્વારા ચલાવવામાં આવે છે તેમજ ડીપ્લોમા પોલીટેકનીકના ત્રણ વર્ષના અભ્યાસક્રમો જેવા કે કૃષિ, બાગાયત, કૃષિ ઈજનેરી તેમજ એગ્રો પ્રોસેસીંગ પણ ચલાવવામાં આવે છે.

INDEX

વિદ્યાર્થી પ્રવૃતિઓ હેઠળ વિદ્યાર્થીઓનો શારીરીક તથા માનસીક વિકાસ થાય અને સ્વાસ્થય જળવાઇ રહે તે માટે વિવિધ રમત-ગમત કાર્યક્રમો અને યોગશીબીરોનું આયોજન કરવામાં આવે છે. સરકારશ્રીએ વિદ્યાર્થીઓમાં રમત-ગમતમાં અભિરુચી રહે અને સારા રમતવીરો રાજ્ય અને દેશમાં મળી રહે તે હેતુસર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવ્યુ છે.

યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે યોજાનાર રમત-ગમત રાષ્ટ્રીય સેવા યોજના, નેશનલ કેડેટ કોપ્સ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યવહાર કુશળતામાં વધારા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે, સરકારી, અર્ધસરકારી અને પ્રાઈવેટ કંપનીઓમાં નોકરી અંગેની તાલિમ માટે એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સ્ટુડન્ટ વેલ્ફેર એન્ડ પ્લેશમેન્ટ યુનિટ શરુ કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને વિશ્વમાં ખેતી અને તેને સંલગ્ન વિષયો અંગે થયેલા આધુનિક સંશોધનો અંગે માહિતગાર થાય તે માટે ગ્રંથાલય તેમજ હોસ્ટેલમાં ઈન્ટરનેટની સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે. તેમજ ઓનલાઈન જર્નલોની સગવડતા પણ પુરી પાડવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કૃષિ યુનિવર્સિટીઓમાં વિવિધ અભ્યાસક્રમોમાં આપવામાં આવનાર પ્રવેશની વિગતો

અનુ. નં.	અભ્યાસક્રમની વિગત	પ્રવેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા
૧.	સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો	૧૯૬૧
૨.	અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો	૬૯૧
૩.	પીએચ.ડી.ના અભ્યાસક્રમો	૧૮૮
૪.	પોલીટેક્નીક - ડીપ્લોમા અભ્યાસક્રમો	૮૨૦

ભાવિ કાર્યક્રમો -૨૦૨૨-૨૩

- આણંદ ખાતે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રના વિકાસમાં તાલીમબધ્ધ માનવબળ મળી રહે તે હેતુસર એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ડીન પી.જી. સ્ટડીઝ ઓફિસ એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ડીન પી.જી. સ્ટડીઝ ઓફિસ શરુ કરવામાં આવનાર છે.
- મોર્ડન ટેકનોલોજી તથા અત્યાધુનિક સાધનોથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપી શકાય, તે ધ્યાને લઇને, જરૂરી નવા આધુનિક સાધનોની ખરીદી કરવામાં આવનાર છે.
- હોર્ટીકલ્ચર કોલેજ આણંદ ખાતે ઓફિસ-કમ-લેબોરેટરી બિલ્ડીંગનું વિસ્તૃતિકરણ અંગેના નવા બાંધકામની જરૂરીયાત ધ્યાને લઈ, વિવિધ પ્રોજેકટમાં પ્રસ્તુત નવા બાંધકામની વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં દરખાસ્ત કરેલ છે.
- જૂનાગઢ ખાતે બાગાયત કોલેજમાં બાગાયત વિંગનું અપગ્રેડેશન, પોરબંદર, સુરેન્દ્રનગર, અમરેલી અને મોરબી ખાતે કૃષિ કોલેજ ફેઝ-૩ અને ૪નું કામકાજ કરવામાં આવનાર છે.
- ડબ્લ્યુટીઓ સેલ તેમજ નવા બાંધકામોમાં પ્રપોઝ રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ ક્લાસ-૩ એ એન્ડ બી- બ્લોક, એકેડમીક-બ્લોક અને ટીચર બ્લોક જૂનાગઢ ખાતે થનાર છે.
- ફાર્મ સ્ટોર રૂમ ફોર એગ્રી. કોલેજ, મોટા ભંડારીયા (અમરેલી), રેસીડન્સ ક્વાર્ટર ક્લાસ-૧ (ઈ-૧), ક્લાસ-૨ (ડી) અને ક્લાસ-૩ (બી) એગ્રી. કોલેજ, ખાપટ (પોરબંદર) ખાતે બાંધકામ અંગેની કાર્યવાહી કરવામાં આવનાર છે.
- વિદ્યાર્થીઓને રહેવા માટે છાત્રાલયોની પુરતી સગવડતા ન હોઈ નવા છાત્રલયોનું બાંધકામ તેમજ રેનોવેશનના કામકાજની દરખાસ્ત રજુ કરેલ છે.

♦ સંશોધન

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કૃષિ યુનિવર્સિટીઓમાં નીચે મુજબની વિવિધ પાકોની ૩૫ (પાંત્રીસ) નવીન જાતો ખેડુતોના ઉપયોગ સારુ બહાર પાડવામાં આવેલ છે.

અનુ. નં.	પાકનું નામ	નવીન જાતનું નામ
૧.	બાજરા	ગુજરાત હાઈબ્રીડ બાજરો-૧૨૩૧ (GHB-1231) ગુજરાત હાઈબ્રીડ બાજરો-૫૩૮ (GHB- 538)
૨.	નાગલી	ડબલ્યુ.એન.-૫૫૯ [સી.એફ.એમ.વી.-૨ (ગીરા)]
૩.	જુવાર	સી.આર.એસ.-૧૩[જી.એન.જે-૨ (મધુ મોતી)]

INDEX

અનુ. નં.	પાકનું નામ	નવીન જાતનું નામ
૪.	ડાંગર	ગુજરાત ડાંગર-૨૧ (વાત્રક), ગુજરાત આણંદ ડાંગર-૨૨ (સ્વાગત), એન.વી.એસ.આર.-૪૦૭ [જી.આર.-૨૨ (નવસારી કમોદ)], એન.વી.એસ.આર.-૨૭૫૬[જી.એન.આર.-૯(લાલકડા ગોલ્ડ)]
૫.	વરી	ડબલ્યુ.વી.-૧૨૬ [જી.વી.-૪-(અંબીકા)]
૬.	તુવેર	ગુજરાત તુવેર ૧૦૭ (બનાસ અભય ૧૦૭ : ટી.જી.), ગુજરાત તુવેર ૧૦૮ (બનાસ અભય ૧૦૮ : ટી.જી.)
૭.	અડદ	ગુજરાત આણંદ અડદ-૪ (શ્યામલ)
૮.	મગ	ગુજરાત આણંદ મગ-૮ (હરા મોતી)
૯.	ચણા	ગુજરાત ગ્રામ-૭ (GG 7)
૧૦.	કાબુલી-ચણા	ગુજરાત કાબુલી-૧
૧૧.	મગફળી	ગુજરાત ગ્રાઉન્ડનટ-૩૭ (GG 37) ગુજરાત ગ્રાઉન્ડનટ-૩૮ (GG 38)
૧૨.	તલ	ગુજરાત તલ ૭ (બનાસ ગૌરવ)
૧૩.	કપાસ	ગુજરાત કોટન હાઈબ્રીડ-૨-બીજી-૨૪- (G Cot Hy-24 BG-II), જી૨૮/૧૩ વી.એચ.ટી.
૧૪.	દેશી કપાસ	જી.એસ.એચ.વી.-૩૩૧/૧૪ (જી.એન.કોટ.૨૭) (સુરતીસોનું)
૧૫.	કલકત્તી તમાકુ	ગુજરાત કલકત્તી તમાકુ ૫ (જીસીટી ૫ : બનાસ કલકત્તી)
૧૬.	શેરડી	કો.એન.-૧૫૦૭૧ [જી.એન.એસ.-૧૨(દિવ્યશી)]
૧૭.	રીંગણ	ગુજરાત ગોળ રીંગણ-૮ (આણંદ રાજ)
૧૮.	ભીંડા	ગુજરાત આણંદ ભીંડા-૮ (આણંદ કોમલ), એનઓએલ-૧૭-૦૫ [જીએનઓ-૧ (પુર્ણારક્ષક)]
૧૯.	મરચી	ગુજરાત આણંદ શાકભાજી મરચી-૧૪૧ (આણંદ તેજ)
૨૦.	ટામેટા	ગુજરાત આણંદ ટામેટા-૮ (આણંદ રોમા)
૨૧.	હળદર	એન.વી.એસ.ટી-૮૪ [હળદર-૩ (પીતાંબરી)]
૨૨.	આંબા હળદર	એન.વી.એમ.જી-૧૩ [આંબા હળદર-૨ (જ્યોતિ)]
૨૩.	સેવંતી	રતલામ સિલેશન
૨૪.	ખરસાણી	એનએમબીપી-૧૯૦૭ [જીએનઆઈજી-૪ (કસ્તુરી)]
૨૫.	એડેનીયમ	NAHPDSH-1 [જી.એન.એ.ડી.-3 (આભા)] NAPDUS-1 [જી.એન.એ.ડી.-૪ (શોભીતા)]
૨૬.	અશ્વગંધા	ગુજરાત દાંતીવાડા અશ્વગંધા ૨ (જી.ડી.એ. ૨ : બનાસ શક્તિ)

- કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રાજ્યના ખેડૂતો માટે ૨૪૪ અને વૈજ્ઞાનિકો તેમજ ઉદ્યોગકારો માટે ૧૨૦ એમ કુલ-૩૬૪ જેટલી નીચેની વિગતે ભલામણો બહાર પાડવામાં આવેલ છે.

અ.નં.	વિષય	ખેડૂતો માટે ભલામણોની સંખ્યા	વૈજ્ઞાનિકો તેમજ ઉદ્યોગકારો માટે ભલામણોની સંખ્યા
૧	પાક સુધારણા	૩૫	૦૨
૨	પાક ઉત્પાદન	૭૫	૧૯

INDEX

અ.નં.	વિષય	ખેડૂતો માટે ભલામણોની સંખ્યા	વૈજ્ઞાનિકો તેમજ ઉદ્યોગકારો માટે ભલામણોની સંખ્યા
૩	પાક સંરક્ષણ	૪૨	૪૩
૪	બાગાયત અને શાકભાજી	૨૩	૦૦
૫	કૃષિ ઈજનેરી, ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી, ડેરી વિજ્ઞાન અને એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી	૩૬	૦૮
૬	પશુ આરોગ્ય/પશુ ઉત્પાદન/પશુ વિજ્ઞાન અને મત્સ્યોદ્યોગ	૨૮	૨૫
૭	સામાજીક વિજ્ઞાન	૦૨	૨૦
૮	પાયાનું વિજ્ઞાન, વન દેહધર્મવિદ્યા, જીવ રસાયણ વિજ્ઞાન, બાયો ટેકનોલોજી અને માનવ વિદ્યા	૦૩	૦૩
કુલ		**૨૪૪**	**૧૨૦**

- સંશોધનના કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્યમાં લેવામાં આવતા વિવિધ પાકો ઉપર સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. જેમાં પિયત વ્યવસ્થા, જનીન વિજ્ઞાન, પાક સંરક્ષણ, કૃષિ ઈજનેરી, પ્લાન્ટ બાયો-ટેકનોલોજી, એનીમલ બાયો-ટેકનોલોજી, સીડ ટેકનોલોજી, જૈવિક ખાતર, પેશીવર્ધન પધ્ધતિ, રિમોટ સેન્સીંગ, સુક્ષ્મ તત્વો, નિંદણ નિયંત્રણ, કૃષિ હવામાન, પેસ્ટીસાઈડ રેસીડ્યુ, સંકલિત કિટક વ્યવસ્થાપન, મિશ્ર ખેતી વગેરે વિષયો પર, જ્યારે ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો એનર્જી ક્ષેત્રે પોષ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, કૃષિ પેદાશોમાં મૂલ્ય વૃધ્ધિ વગેરે વિષયો ઉપર સંશોધન હાથ ધરવામાં આવે છે.
- પશુ સંશોધન ક્ષેત્રે પશુ સંવર્ધન, પશુ આહાર, પશુ પ્રજનન અને મરઘા પાલન તેમજ ડેરી વિજ્ઞાન ક્ષેત્રમાં દૂધની પેદાશો, ડેરી તાંત્રિકી વિગેરે પર મહત્વના સંશોધન હાથ ધરવામાં આવેલ છે.
- રોગ જીવાત નિયંત્રણ તેમજ પિયત, નિંદણ વ્યવસ્થાપન અને ખેત વ્યવસ્થાપન વેજીટેબલ પેકેજીંગ, બાયોલોજીકલ કંટ્રોલ, ક્રોપ પેસ્ટ, ફુડ ક્વોલીટી ટેસ્ટીંગ, મેકઝીનાઈઝેશન, ટોટલ ફેકટર પ્રોડ્કટીવીટી ઓફ બનાના, એનવાયરોમેન્ટલ સ્ટડીઝ, એગ્રીકલ્ચર માર્કેટીંગ, એકવા એગ્રો મોડલ ફોર કોસ્ટ સોલ્ટ, મેગાસીડ, જીનેટીક ઈનહેન્સમેન્ટ ઓફ મેજર ક્રોપ, શેરડી આંબા અને ચીકુમાં ઉત્પાદકતા વધારવી, સીડ ટેકનોલોજી સેલ તેમજ સીડ વીલેજ દ્વારા નવી જાતોનું બીજ ઉત્પાદન કાર્યક્રમ યોજનાઓ કાર્યરત છે.
- પાકમાં જૈવિક ખાતરનો ઉપયોગ સાથે વોટરશેડ મેનેજમેન્ટ, મશરુમ, શેરીકલ્ચર અને એપીકલ્ચર, પેશીસંવર્ધન પધ્ધતિ, રીમોટ સેન્સીંગ, પ્રોડકશન ટેકનોલોજી, બાયો ટેકનલોજી અને જીનેટીક એન્જીનીયરીંગ ક્ષેત્રે પણ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવેલ છે.
- ટપક અને દબાણયુક્ત પદ્ધતિના ઉપયોગથી ઉત્પાદનની સારી ગુણવત્તા મળતા ફળ, ફુલ અને શાકભાજી પાકોની નિકાશ અંગેની કામગીરી હાથ ધરેલ છે.
- ફુડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી દ્વારા ફુડ, દુધ, છોડ, પાણી, જમીન, વિગેરેના નમુનાઓનું એનાલીસીસ કરવામાં આવેલ છે.
- કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિવિધ પાકનું સંવર્ધક બીજ તેમજ લેબલ્ડ બીજ રાજ્ય અને રાષ્ટ્રીય જરૂરીયાત મુજબ પેદા કરેલ છે તેમજ ફળપાકના રોપા/કલમ તૈયાર કરી ખેડુતોને આપવામાં આવેલ છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા સ્થાપતિ મેગાસીડ પ્રોજેકટ હેઠળ, વિવિધ કક્ષાનું સંવર્ધક સર્ટીફાઇડ અને ટ્રુથફુલ બીજ વધારે પ્રમાણમાં તૈયાર કરવાનો કાર્યક્રમ હાથ ધરેલ છે.

ભાવિ કાર્યક્રમો-૨૦૨૨-૨૩

- પેસ્ટ એન્ડ ડીસીઝ ડીટેક્શન એન્ડ ગ્રેઈન ક્વોલીટી ઈન ગ્રેઈન ક્રોપ્સ બાય કોમ્પ્યુટર વિઝન એન્ડ આર્ટીફીશીયલ ઈન્ટેલીઝન્સ ટેક્નીક્સ, નેનોટેક્નોલોજી બેઝ્ડ એપ્લીકેશન ઈન એગ્રીકલ્ચર એન્ડ અલાઈડ સેક્ટર્સ, ડેવલપમેન્ટ ઓફ

હાયબ્રીડ વેરાઈટીઝ ઈન કુકરબીટ ક્રોપ્સ, એસ્ટાબ્લીસમેન્ટ ઓફ રેફરલ ડાયગ્નોસ્ટીક લેબોરેટરી અને એસ્ટાબ્લીસમેન્ટ ઓફ ન્યુક્લસ હર્ડ ઓફ ડગરી કેટલ અંગેના નવા સંશોધન પ્રોજેક્ટો આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે હાથ ધરાનાર છે.

- કલેકશન, કોન્જર્વેશન એન્ડ મલ્ટીપ્લીકેશન ઓફ મેડીસનલ એન્ડ એરોમેટીક પ્લાન્ટસ ઈન સૌરાષ્ટ્ર રીજીયન, સ્ટ્રેન્થનીંગ ઓફ સેન્ટર ઓફ એક્સલન્સ ઓન સોઈલ વોટર મેનેજમેન્ટ, સ્ટ્રેન્થનીંગ ઓફ રીસર્ચ સેન્ટર ઓન સીડ સ્પાઈસીસ એટ જૂનાગઢની કામગીરી હાથ ધરાનાર છે.
- ન્યુ રીસર્ચ સેન્ટર ઓન પોમોગ્રેનેટ તળાજા ખાતે, ઓર્ગેનીક રીસોર્સ સેન્ટર-કમ-મોડેલ ફાર્મ જૂનાગઢ ખાતે અને રીસર્ચ ઓન પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ ઓફ ફ્રુટસ એન્ડ વેજીટેબલ્સ જૂનાગઢ ખાતે સ્થાપના કરવામાં આવનાર છે..
- સંશોધન કાર્ય દ્વારા વહેલી પાકતી, વધારે ખાતર લેવાની શકિત ધરાવતી વધુ ઉત્પાદન આપતી જાતો વિકસાવવાની કામગીરી હાથ ધરાનાર છે.
- કૃષિ સંશોધનના વિવિધ કાર્યક્રમોને સુદ્રઢ કરવા પાયાની સુવિધા ઊભી કરવાની જરૂરીયાત છે, જે ધ્યાને લઈ, મુખ્ય રસ્તાનું/એપ્રોચ રોડનું કામ, રેટ પ્રૂફ ગોડાઉન, ઘાસચારો ભરવા માટેનું ગોડાઉન તથા થ્રેસિંગ યાર્ડ-કમ-વર્કીંગ શેડ અને ગેટ, ફાર્મ પ્રોટેકશન વોલ અને પાઈપલાઈન, વેજીટેબલ ફાર્મ ખાતે ઓફીસ-કમ-સ્ટોર બિલ્ડીંગ, તેમજ અન્ય શેડમાં રીનોવેશનની કામગીરી, તથા ઓફીસ-કમ-લેબોરેટરીના બાંધકામની જરૂરીયાત ધ્યાને લઈને નવા બાંધકામો અંગે દરખાસ્ત કરેલ છે.

♦ વિસ્તરણ શિક્ષણ

કૃષિ યુનિવર્સિટીઓના કૃષિ વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમ હેઠળ રાજ્યમાં કુલ ૧૮ જેટલા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો આવેલા છે. આ કેન્દ્રો પર ખેડૂતો અને મહિલા ખેડૂતોને લાંબા અને ટુંકાગાળાની તાલીમ આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારના લોકો માટેના વિવિધ વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો હેઠળ ખેત સલાહ કેન્દ્ર અને વિસ્તરણ પાંખ (કૃષિ અને પશુ વિજ્ઞાન) કાર્યાન્વિત છે. આઈ.ટી.આઈ. પ્રકારની કૃષિ લક્ષી તાલીમ આપવા માટે ૦૯ એગ્રો ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ(ATI) કાર્યાન્વિત છે. વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમ હેઠળ ખેડૂત દિન, ખેડૂત શિબીર, જૂથ ચર્ચા, નિદર્શન, શૈક્ષણિક પ્રવાસ, સેમિનાર, કૃષિ મેળાઓ, પશુ સારવાર કેમ્પ, ફિલ્મ શો, રેડિયો અને ટી.વી. કાર્યક્રમ તથા પ્રેસ નોટ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા પશુ ચિકિત્સા કેમ્પ/ પશુ શિબિરનું આયોજન, વિડીયો ફીલ્મ શો, ટેલીફોન/પત્ર દ્વારા માર્ગદર્શન, દૈનિકપત્રોમાં કૃષિ લેખ/ પ્રેસનોટ દ્વારા પ્રસિદ્ધી, દૂરદર્શન/આકાશવાણીમાં વાર્તાલાપ અને કૃષિ સાહિત્યનું ખેડૂતોને માર્ગદર્શન મળી રહે તે સારુ પ્રકાશન કરેલ છે.

યુનિવર્સિટી દ્વારા વૈજ્ઞાનિક જ્ઞાનના પ્રસાર માટે કૃષિ ગૌ-વિદ્યા નામનું ગુજરાતી સામાયિક પ્રકાશિત કરવામાં આવે છે. કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિસ્તરણ શિક્ષણની પ્રવૃત્તિઓ હેઠળ ખેડૂત પુત્રો અને ખેડૂત પુત્રીઓ માટે વિવિધ પ્રમાણપત્ર અભ્યાસક્રમ જેવા કે ગાર્ડનર ટ્રેનીંગ પ્રોગ્રામ, મરઘા ઉછેર તાલીમ, માળી તાલીમ, બેકરી તાલીમ વગેરે ચલાવવામાં આવે છે. ખેડૂત તેમજ ગ્રામિણ મહિલાઓ માટેના તાલીમ કાર્યક્રમો પણ ચલાવવામાં આવે છે. ઉપરોકત કાર્યક્રમો વર્ષ ૨૦૨૨-૨૩માં ચાલુ રાખી સુદ્રઢ કરવામાં આવશે.

ચાલુ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારમાંથી ગામો દત્તક લઈ, સામુહિકપણે ટેકનોલોજી પ્રસારણનો સઘન કાર્યક્રમ હાથ ઘરેલ છે. કૃષિ વૈજ્ઞાનિકોએ કૃષિ, મુલ્ય વર્ધન, બાગાયત અને પશુપાલન વિષય સંબધિત માહિતી ખેડૂતોને પૂરી પાડવામાં આવેલ છે તેમજ તેઓના પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ લાવેલ છે તેમજ ખેડૂત શિબિરો, સેમિનાર/સિમ્પોસિયમનું આયોજન કરી રાજ્યના ખેડૂતોને કૃષિ વિષયક માર્ગદર્શન પુરુ પાડેલ છે.

તાલીમ અને મુલાકાત કાર્યક્રમમાં ગુજરાત સરકારશ્રીના ખેતીવાડી ખાતાના કર્મચારી / અધિકારીઓને રવી અને ખરીફ પુર્વઋતુ તાલીમ આપવામાં આવેલ છે. સરદાર સ્મૃતિ કેન્દ્ર દ્વારા વર્ષ દરમ્યાન ખેડુતો / મહિલા ખેડૂત / ખેડૂત યુવાઓને ખેતી અને તેને સંલગ્ન વિષયમાં તાલીમ આપવામાં આવેલ છે.

કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા રાજ્યના આદીજાતી વિસ્તાર માટે ખાસ સંશોધન તેમજ વિસ્તરણ શિક્ષણ અંગેના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આદીજાતી વિસ્તારને અનુરૂપ ખેતી અને તેને સંલગ્ન ક્ષેત્રમાં કરવામાં આવેલ સંશોધનની ભલામણોને ખેડુતો સુધી પહોંચાડવા માટે વિસ્તરણ શિક્ષણની પ્રવૃતિઓ હેઠળ આદીજાતી ખેડુતો, મહિલા ખેડુતો તથા યુવાનોને તાલીમ આપવામાં આવે છે.

ભાવિ કાર્યક્રમો - ૨૦૨૨-૨૩

- પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર ધારી (Phase III)નું કામકાજ થનાર છે.
- કન્જર્વેશન ઓફ પોલીટેકનીક ઈન હોમ સાયન્સ(ફક્ત બહેનો માટે) એટ અમરેલી શરુ થનાર છે.

INDEX

- ઈન્ફોર્મેશન સેન્ટર એટ પીપળીયા (રાજકોટ-૨), એગ્રીકલ્ચર ટેકનોલોજી ઈન્ફોર્મેશન સેન્ટર એટ ગોરખીજડીયા (મોરબી), પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર સાયન્સ એટ હળવદ અને પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ એટ તરઘડીયાની વિસ્તૃતીકરણની કામગીરી હાથ ધરાનાર છે.

રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદની પ્રવૃતિઓની વર્ષ ૨૦૨૧-૨૨ની રૂપરેખા

- રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ દ્વારા ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની પ્રવૃત્તિઓનું અસરકારક મુલ્યાંકન અને સંકલન અર્થે રાજ્ય સરકાર અને કૃષિ યુનિવર્સિટીઓ વચ્ચેની કડીરૂપ કામગીરી કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા સ્નાતક, અનુસ્નાતક તથા પોલિટેકનિક કક્ષાના અભ્યાસક્રમોમાં રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના સીધા નિયંત્રણ હેઠળ કેન્દ્રિય પ્રવેશને લગતી તમામ કામગીરી ચારેય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. કેન્દ્રિય પ્રવેશની આ કામગીરી સમયસર શરુ કરેલ છે.
- પરિષદ દ્વારા કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ યોજનાઓ અંતર્ગત આયોજન અને આયોજન બહારના વર્ષ ૨૦૨૧-૨૨ના સુધારેલ અંદાજોની ચકાસણી કરી વિભાગમાં સમય મર્યાદામાં રજુ કરેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માટેના વાર્ષિક વિકાસ યોજનાના આયોજન સદર હેઠળના ચાલુ કાર્યક્રમો તેમજ તેમજ નવી બાબતના કાર્યક્રમો માટે યુનિવર્સિટી દ્વારા રજુ કરવામાં આવેલ દરખાસ્તોની તાંત્રિક બાબતોને લગતી જરૂરી સ્કુટીની તેમજ ચકાસણી કરી વિભાગમાં સમય મર્યાદામાં રજુ કરવામાં આવનાર છે.
- ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતી પ્લાન, નોન-પ્લાન (નોર્મલ તથા ટ્રાયબલ) યોજનાઓ અંતર્ગત માસિક પ્રગતિ અહેવાલ, ત્રિમાસિક પ્રગતિ અહેવાલ, વાર્ષિક વિકાસ યોજના તેમજ ખર્ચને લગતી તમામ માહિતીનું સંકલન કરી કૃષિ અને સહકાર વિભાગની ક-૨ શાખા, આયોજન શાખા, સંકલન શાખા તેમજ બજેટ શાખાને સમયસર વિગતો રજુ કરવામાં આવેલ છે. તેમજ ગ્રાન્ટ સરેંડર તેમજ રી-એપ્રોપ્રીએશન કરવા અંગેની માહિતીઓ સંકલિત કરી બજેટ શાખાને રજુ કરી તેના જરૂરી આદેશો ઈસ્યુ કરવા અંગે વિગતો પુરી પાડવામાં આવેલ છે.
- રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ દ્વારા કોમન સ્ટેચ્યુટસ્નો જરૂરી અભ્યાસ કરી તેમાં જરૂરી સુધારા કરવાની કાર્યવાહી કરેલ છે.
- રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ દ્વારા સ્નાતક, અનુસ્નાતક તેમજ પોલીટેકનીક અભ્યાસ્ક્રમોના કોમન રેગ્યુલેશનમાં જરૂરી અભ્યાસ કરી તેમાં જરૂરી સુધારા કરવાની કાર્યવાહી કરેલ છે.
- રાજ્ય કૃષિ યુનિવર્સિટી દ્વારા ચારેય કૃષિ યુનિવર્સિટીઓના હિસ્સાબ અને ચૂકવણા અધિકારી તરીકેની કામગીરી બજાવવામાં આવેલ છે.
- માન. મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના અંગેનું કૃષિ યુનિવર્સિટીઓ સાથે સંકલન કરીને વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ મળે તે અંગેની કાર્યવાહી કરેલ છે.
- ચારેય કૃષિ યુનિવર્સિટીઓના નાણાકીય હિસાબોના મેળવણા અંગે ઓડીટર જનરલની કચેરી, રાજકોટ તથા અમદાવાદ તરફથી ઉપસ્થિત હિસાબોને લગતી બાબતો જેવીકે, એમ.ઈ.એસ. તથા અન્ય કામગીરી કરાવવા અંગેની કામગીરી કરવામાં આવેલ છે.

ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડ

નિગમ દ્વારા રાજ્યભરમાં ૧૨૧૩થી વધુ ડીલર્સના નેટવર્ક દ્વારા રાસાયણિક ખાતરનું વેચાણ કરવામાં આવે છે. ઓફસીઝનમાં રાસાયણિક ખાતરનો વ્યુહાત્મક સ્થળોએ સંગ્રહ કરી રાજ્યના ખેડૂતોને સમયસર ખાતર પૂરુ પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૨.૦૩ લાખ મે.ટન ઓક્ટોબર-૨૧ અંતિત રાસાયણિક ખાતરનું વેચાણ કરેલ છે.

- નિગમ દ્વારા ગોંડલ ખાતે ડસ્ટ પેસ્ટીસાઈડઝ અને લિકવિડ પેસ્ટીસાઈડઝ ઉત્પાદન કરી વેચાણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૪૮.૧૦ મે.ટન ડસ્ટ પેસ્ટીસાઈડઝ અને ૧૮.૪૭ કિલોલિટર લિકવિડ પેસ્ટીસાઈડઝનું વેચાણ કરેલ છે.
- નિગમ દ્વારા નરોડા ખાતે લિકવિડ બાયોફર્ટીલાઈઝરનું ઉત્પાદન કરી વેચાણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૫૫૯૮૯ લિટર બાયો ફર્ટીલાઈઝરનું વેચાણ કરેલ છે.
- ફળો અને ખેત પેદાશો માટે ઈરેડિએશન પ્રોસેસીંગ પ્લાન્ટ બાવળા, જી.અમદાવાદ ખાતે જુલાઈ ૨૦૧૪માં સ્થાપવામાં આવેલ છે. આ પ્લાન્ટમાં ડુંગળી, બટાટા, કેરી, ધાન્ય, કઠોળ વિગેરે ઉત્પાદનો માટે મસાલા, સુકવણી કરેલ ડુંગળી(ડીહાઈડ્રેટ)

વગેરે ઉત્પાદનોને જંતુ મુક્તિકરણ માટે રેડિએશન આપવામાં આવે છે, જેથી ઉપરોક્ત ઉત્પાદનો લાંબા સમય સુધી ખરાબ થતા નથી.

- ચોખાના પૌંઆ બનાવવા માટે મું.કોસંબા, જી.સુરત ખાતે "રાઈસફ્લેક્ષયુનિટ" સ્થાપવામાં આવેલ છે.
- બટાકાના સંગ્રહ કરવા માટે હાઈટેક કોલ્ડ સ્ટોરેજ, ડીસા જી.બનાસકાંઠા ખાતે સ્થાપવામાં આવેલ છે.
- સરદાર પટેલ આંતર રાષ્ટ્રીય હવાઈ મથકે સેન્ટર ફોર પેરીશેબલ કાર્ગો સ્થાપવામાં આવેલ છે. જેના દ્વારા હવાઈમાર્ગે ગુજરાતના ખેતપેદાશો દેશમાં અને વિદેશમાં મોકલી શકાશે.
- બનાના પેક હાઉસ, ઝઘડિયા ભરૂચ ખાતે ૨૦૧૦ માં સ્થાપના કરવામાં આવેલ છે. જેમા બનાના પેક હાઉસમાં કેળાને પકવવાની તથા પ્રોસેસિંગની કામગીરી કરવામાં આવે છે.
- ફળો અને શાકભાજીના સ્ટોરેજ માટે ઈન્ટીગ્રેટેડ પેક હાઉસ, નરોડા, અમદાવાદ ખાતે ૨૦૦૯ માં સ્થાપના કરવામાં આવેલ છે. ફળો અને શાકભાજીના પ્રી-કુલિંગ, પ્રિ-ગ્રેડીંગ, સોર્ટીંગ, વોશિંગ, વિકસિંગ, પેકેજીંગ અને સ્ટોરેજ કરવામાં આવે છે. એપેડાની ગાઈડલાઈન પ્રમાણે નિકાસની કામગીરી મુજબ આ પ્લાન્ટની પ્રક્રિયા ચાલુ છે.
- CABP 2016-21 સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬નું અમલીકરણ કરવામાં આવે છે જે અંતર્ગત૭.૫% લેખે બેક એન્ડેડ વ્યાજ સહાય તથા કેપિટલ સબસીડી આપવામાં આવે છે, મહિલા અને ૩૫ વર્ષની ઓછી ઉમરનાં ઉદ્યોગ સાહસિકોને તથા અનુ.જાતિ/ અનુ. જન જાતિના ઉદ્યોગ સાહસિકોને ૮.૫% લેખે બેક એન્ડેડ વ્યાજ સહાય આપવામાં આવે છે.
- સરકારશ્રીની કૃષિક્ષેત્રની વિવિધ યોજનાઓ હેઠળ સહાય વિતરણ કરવામાં આવે છે.
- નિગમ દ્વારા તા : ૨ થી ૬ સપ્ટેમ્બર -૨૦૨૧ દરમ્યાન કર્ણાવતી ક્લબ અમદાવાદ ખાતે ગુજરાત કમલમ અને ફળ મહોત્સવનું આયોજન કરેલ હતું.
- વાયબ્રન્ટ સમિટમાં કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની કામગીરી જેવી કે પ્રદર્શન MOU, સેમિનાર વગેરેમાં નિગમની મહત્વની ભુમિકા હોય છે.

પશુપાલન અને ડેરી વિકાસ

- ગુજરાત રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસમાં પશુપાલન અને ડેરી વિકાસનું આગવું પ્રદાન છે. ખાસ કરીને રાજ્યના નાના સીમાંત ખેડૂતો અને જમીન વિહોણા મજૂરો માટે પશુપાલન આર્થિક ઉપાર્જન માટેનો એક સચોટ વિકલ્પ છે. પશુપાલન અને મરઘાં પાલનની પ્રવૃતિઓ પૂરક આવકનું સાધન તેમજ સંપૂર્ણ રોજગારીની સારી તકો પુરી પાડે છે.
- પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રમાં ગુજરાત રાજ્ય રાષ્ટ્રીય કક્ષાએ તેમજ વિશ્વ કક્ષાએ અગ્રેસર છે. રાજ્યની ગાયો (ગીર અને કાંકરેજ), ભેંસો (સુરતી, જાફરાબાદી, મહેસાણી અને બન્ની) અને ઘોડા (કઠિયાવાડી અને મારવાડી) ઓલાદ વિશ્વભરમાં પ્રખ્યાત છે.
- તાજેતરમાં જ પૂર્ણ થયેલ વર્ષ ૨૦૧૯ ની ૨૦મી પશુધન વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં કુલ ૨૬૮.૯૩ લાખ પશુઓ છે. તે પૈકી ૯૬.૩૪ લાખ ગાયો અને ૧૦૫.૪૩ લાખ ભેંસો છે.
- પશુ ચિકિત્સા ક્ષેત્રે વર્ષ ૨૦૨૧ - ૨૦૨૨ માં ઓક્ટોબર - ૨૦૨૧ અંતિત કુલ ૩૨.૨૧ લાખ પશુ સારવાર, ૪૨.૪૪ લાખ પશુઓમાં રસીકરણ, પશુ વિકાસ ક્ષેત્રે ૯.૭૨ લાખ પશુઓને કૃત્રિમ બીજદાન અને ૨.૧૪ લાખ પશુઓને જાતીય પશુ આરોગ્ય સારવાર આપવામાં આવેલ છે તથા ૪૯,૦૬૬ ઘાસચારા મીનીકીટસનું વિતરણ કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત મરઘાં વિકાસ ક્ષેત્રે ૨૭.૭૦ લાખ રસીકરણ, ૧.૬૬ લાખ બચ્ચાં ઉત્પાદન, ૪,૮૬૬ મરઘાં પાલકોને તાલીમ આપવામાં આવેલ છે. ઓક્ટોબર - ૨૦૨૧ દરમિયાન ઘેટાં વિકાસ ક્ષેત્રે કુલ ૧૧,૧૭,૮૪૩ ઘેટાંબકરાંમાં પી.પી.આર. રસીકરણ કરવામાં આવ્યું તેમજ કુલ ૪૨,૮૮,૪૫૩ ઘેટાં-બકરાંને કૃમિનાશક દવાઓ પીવડાવવામાં આવી.
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રાજ્યમાં ૧૫૮.૫૩ લાખ મેટ્રીક ટન દૂધ, ૧૭૮.૬૩ કરોડ નંગ ઈંડા અને ૨૦.૦૪ લાખ કિ.ગ્રા ઉન ઉત્પાદન નોંધાયેલ છે. રાજ્યના પશુધન પેદાશોના અંદાજીત દૂધ ઉત્પાદન નો લક્ષ્યાંક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે ૧૬૪.૮૭ લાખ મેટ્રીક ટન છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં સમગ્ર રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી પશુપાલન ખાતા દ્વારા ખાતાની સેવાકીય પ્રવૃતિઓનો લાભ રાજ્યના પશુપાલકોને મળે તે માટે રાજ્ય વ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત કુલ ૪,૪૯૭ મેળા યોજવાનું આયોજન છે. જે અંતર્ગત ઓક્ટોબર-૨૦૨૧ સુધીમાં ૧,૩૭૫ પશુ આરોગ્ય મેળાના આયોજન કરવામાં આવેલ છે.

INDEX

- વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન રાજ્યના પશુધનના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરવા માટે સઘન પશુ આરોગ્ય સેવાઓ અને પશુસંવર્ધન સવલતો, પશુઆરોગ્ય મેળા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને જનરલ કેટેગરીના પશુપાલકો માટે સહાયકારી યોજનાઓનું અમલીકરણ કરવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્ય દેશમાં દૂધ ઉત્પાદન અને સહકારી ડેરી માળખામાં અગ્રેસર છે. વર્ષ ૨૦૨૦-૨૧ ની સ્થિતિએ રાજ્યમાં ૨૨ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ કાર્યરત છે. સહકારી માળખા હેઠળ કુલ ૧૯,૫૬૭ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી ના ૩૬.૪૨ લાખ સભાસદ છે. રાજ્યમાં કુલ ૪,૫૯૧ મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા ૧૧.૬૦ લાખ મહિલા સભાસદો છે. રાજ્યની સહકારી ડેરીઓની દૈનિક દૂધ એકત્રિત કરવાની ક્ષમતા ૨૯૨.૨૭ લાખ લીટર છે. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન રાજ્યના દૂધ ઉત્પાદક સંઘો દ્વારા દૈનિક ૨૨૫.૨૯ લાખ લીટર દૂધ એકત્રિત કરવામાં આવેલ છે.
- રાજ્યમાં સહકારી દૂધ ઉત્પાદન સંસ્થાઓની માળખાકીય સુવિધાઓ થકી દૂધ ઉત્પાદનમાં વધારો કરી વધુમાં વધુ દુધના જથ્થાને સુગઠીત એકત્રીકરણ અને પ્રક્રિયા હેઠળ આવરી લેવા રાજ્ય સરકાર દ્વારા દુધઘર / ગોડાઉનની સ્થાપના અને ગાભણ પશુઓને ખાણદાણ જેવી યોજનાઓ માટે વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ₹ ૧૫.૩૯ કરોડની સહાય રાજ્ય સરકારે પૂરી પાડેલ છે. જેના થકી રાજ્યમાં પશુપાલકો અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના માળખાને લાભ થયેલ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ માં સમગ્ર રાજ્યમાં કુલ ૨૨ તાલુકા કક્ષાની પશુપાલન શિબિર તેમજ કુલ ૫ જીલ્લા કક્ષાની પશુપાલન શિબિરનાં આયોજન થકી રાજ્યના પશુપાલકોને આદર્શ પશુપાલન માટે પ્રશિક્ષિત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં પણ આ પ્રકારની વિસ્તરણલક્ષી કામગીરી હાથ ધરવા પુરતી જોગવાઈ સૂચવવામાં આવી છે.
- પશુપાલન પ્રભાગ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં રાજ્યના હાલના દૂધ ઉત્પાદનમાં વધારો કરી દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો થાય તેવા સઘળા પ્રયાસો હાથ ધરવામાં આવી રહેલ છે. પશુ ચિકિત્સા ક્ષેત્રે ૩૭ "કરુણા એનીમલ એમ્બ્યુલન્સ - ૧૯૬૨" ની સેવાઓ ચાલુ રાખવાનું આયોજન છે તેમજ વર્ષ ૨૦૨૧-૨૨ માટે પશુ ઓલાદ સુધારણા કાર્યક્રમ હેઠળ કૃત્રિમ બીજદાનની કામગીરીનો લક્ષ્યાંક ૨૦.૮૭ લાખ નિશ્ચિત કરવામાં આવેલ છે. જે અંતર્ગત કૃત્રિમ બીજદાનની કામગીરી પ્રગતિમાં છે.
- મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુસારવાર યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન રાજ્યના તમામ કેટેગરીના પશુપાલકોને તેમના પશુઓ માટે નિઃશુલ્ક પશુ સારવાર ઉપલબ્ધ કરાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ યોજના થકી રાજ્યમાં કોઈપણ ગરીબ પશુપાલકનું પશુ પૈસાના અભાવે સારવાર વિહોણું નહિ રહે.
- ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ પરિપૂર્ણ કરવા તથા પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે ૧૨ દુધાળા પશુના ફાર્મની સ્થાપના માટે પશુની ખરીદી પર વ્યાજ સહાય, પશુ વીમા સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ માટે સહાય પૂરી પાડી પશુપાલન પ્રવૃત્તિને રોજગારી સાથે જોડવાનાં ઉદેશ સાથે વર્ષ ૨૦૧૮-૧૯ થી નવી યોજના અમલમાં મૂકી છે અને વર્ષ ૨૦૨૧-૨૨ માં પણ આ યોજના હેઠળ લાભ આપવા માટે પુરતી જોગવાઈ સૂચવવામાં આવેલ છે.
- દેશની આઝાદીના ૭૫ વર્ષની ઊજવણી નિમિત્તે સમગ્ર દેશમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઊજવણી ભવ્ય રીતે કરવામાં આવી રહી છે ત્યારે, રાજ્યના પશુપાલન પ્રભાગ દ્વારા પણ પશુપાલકોના હિતાર્થે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પશુઆરોગ્ય મેળા/જાતીય આરોગ્ય સારવાર કેમ્પ/પશુ ઉત્પાદકતા વૃદ્ધિ શિબિર/જીલ્લા પશુપાલન શિબિર/તાલુકા પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવી રહેલ છે.

ગુજરાત પશુધન વિકાસ બોર્ડ (GLDB)

- ગુજરાત પશુધન વિકાસ બોર્ડ - ગાંધીનગરની સ્થાપના વર્ષ ૨૦૦૨માં ભારત સરકારશ્રીની સુચના મુજબ ભારત સરકારશ્રીની પશુસંવર્ધનને સંલગ્ન યોજનાઓના અમલીકરણ માટે સ્ટેટ ઈમ્પલીમેન્ટીંગ એજન્સી તરીકે થયેલ છે. બોર્ડનો મુખ્ય ઉદેશ રાજ્યમાં વૈજ્ઞાનિક ઢબે પશુસંવર્ધનની પાયાની જરૂરિયાતો પુરી પાડવાનો છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં મેળવેલ સિધ્ધિઓ :
- રાજ્ય થીજવેલ પશુબીજ ઉત્પાદન અને તાલિમ સંસ્થા - પાટણ :
- GLDB હસ્તકના રાજ્ય થીજવેલ પશુબીજ ઉત્પાદન અને તાલિમ સંસ્થા - પાટણ ખાતે ગાય અને ભેંસ વર્ગના ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા ધરાવતા સંવર્ધન સાંઢ-પાડાઓ નિભાવી, અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ લેબોરેટરીમાં થીજવેલ પશુબીજનું ઉત્પાદન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૮ ઓલાદના કુલ ૧૬૦ સાંઢ-પાડાઓ નિભાવી કુલ ૨૮.૦૪ લાખ ફ્રોજન સીમેન ડોઝનું ઉત્પાદન અને ઉત્પાદિત સીમેન ડોઝ પૈકી ૨૭.૦૯ લાખ સીમેન ડોઝનું પશુપાલન ખાતાની જરૂરિયાત મુજબ ક્ષેત્રીય કક્ષાએ GLDB હસ્તકની સીમેન બેંકો મારફતે વિતરણ કરેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨

INDEX

દરમ્યાન ઓક્ટોબર-૨૦ અંતિત ૧૬.૦૮ લાખ પરંપરાગત ફ્રોજન સીમેન ડોઝ તથા ૦.૪૨ લાખ સેક્સડ સીમેન ડોઝ મળી કુલ ૧૬.૫૦ લાખ ફ્રોઝન સીમેન ડોઝનું ઉત્પાદન અને ૧૫.૮૫ લાખ સીમેન ડોઝનું વિતરણ કરેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૭૫ લાખ સેક્સ્ડ સીમેન ડોઝ સાથે કુલ ૨૨.૦૦ લાખ ફ્રોજન સીમેન ડોઝનું ઉત્પાદન કરવાનું આયોજન છે. ભારત સરકાર દ્વારા સંસ્થાની સ્થાપનાથી આજદિન સુધી થયેલ કુલ ચાર મુલ્યાંકનોમાં 'એ' ગ્રેડ એનાયત થયેલ છે.

- ભારત સરકારશ્રીની રાષ્ટ્રીય ગોકુલ મિશન યોજના હેઠળ ફ્રોઝન સીમેન સ્ટેશન - પાટણ ખાતે સીમેન સેક્સીંગ માટેની લેબોરેટરીના બાંધકામની કામગીરી પુર્ણ થયેલ છે તેમજ સદર લેબોરેટરી ખાતી માહે જુન - ૨૦૨૧થી સેક્સડ સીમેન ડોઝનું ઉત્પાદન શરૂ થયેલ છે.

♦ **પશુ ઉછેર કેન્દ્રો :**

- રાજ્યની દેશી ઓલાદઓના સંવર્ધન અને સંરક્ષણના હેતુ સાથે પશુ ઉછેર કેન્દ્રોની સ્થાપના કરવામાં આવેલ છે. પશુપાલન ખાતા હસ્તકના નીચે મુજબના પાંચ પશુ ઉછેર કેન્દ્રો બોર્ડ હસ્તક છે.

  ૧. પશુ ઉછેર કેન્દ્ર - ભુતવડ, જિ.રાજકોટ ખાતે ગીર ઓલાદની ગાયોનું સંવર્ધન કરવામાં આવે છે.

  ૨. પશુ ઉછેર કેન્દ્ર - થરા, જિ.બનાસકાઠા ખાતે કાંકરેજ ઓલાદની ગાયોનું સંવર્ધન કરવામાં આવે છે.

  ૩. ગૌસંવર્ધન કેન્દ્ર - માંડવી, જિ.સુરત ખાતે કાંકરેજ ઓલાદની ગાયોનું સંવર્ધન કરવામાં આવે છે.

  ૪. પશુ ઉછેર કેન્દ્ર - ભુજ, જિ. કચ્છ ખાતે કાંકરેજ ઓલાદની ગાયોનું સંવર્ધન કરવામાં આવે છે.

  ૫. બન્ની પશુ ઉછેર કેન્દ્ર - ભુજ, જિ. કચ્છ ખાતે બન્ની ઓલાદની ભેંસોનું સંવર્ધન કરવામાં આવે છે.

- રાજ્યમાં વૈજ્ઞાનિક ઢબે પશુસંવર્ધનની કામગીરીને વેગ આપવા, પશુપાલકને ઘરઆંગણે કૃત્રિમ બીજદાનની સેવાઓ પુરી પાડવા બોર્ડ દ્વારા વર્ષ : ૨૦૨૦-૨૧ દરમ્યાન અંદાજે ૪૨૬ જેટલા ખાનગી કૃત્રિમ બીજદાન કેન્દ્રો -ગોપાલમિત્ર મારફતે ૩,૫૬,૧૪૫ જેટલું કૃત્રિમ બીજદાન થયેલ છે.
- કૃત્રિમ બીજદાન માટે પાયાની જરૂરિયાત એવા પ્રવાહી નત્રવાયુના ક્ષેત્રિય કક્ષાએ વિતરણ અર્થે ૧૨ જેટલા સાયલો પ્રસ્થાપિત કરેલ છે.

♦ **માનવ સંશાધન વિકાસ :**

- બોર્ડ હસ્તકના બે તાલિમ કેન્દ્રો - પાટણ અને મોરબીને ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ છે. આ તાલિમ કેન્દ્રો ખાતે પશુપાલન, કૃત્રિમ બીજદાનને સંબંધિત વિવિધ તાલિમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કોરોનાની પરિસ્થિતિને કારણે કુલ ૧૩૭ તાલિમાર્થીઓને તાલિમ આપવામાં આવેલ જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૬૦૦ તાલિમાર્થીઓને તાલિમ આપવાનું આયોજન શરૂ કરેલ છે અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૬૫૦ તાલિમાર્થીઓને આવરી લેવામાં આવશે.
- આ ઉપરાંત ગુજરાત પશુધન વિકાસ બોર્ડ દ્વારા ભારત સરકારશ્રીની રાષ્ટ્રીય ગોકુલ મીશન હેઠળની યોજનાઓના અમલીકરણ અર્થે સ્ટેટ ઈમ્પ્લીમેન્ટીંગ એજન્સી તરીકેની કામગીરી કરવામાં આવે છે, જે અંતર્ગત પોરબંદર-ધરમપુર ખાતે કામધેનુ યુનિવર્સીટી મારફતે ગીર કાઉ સેન્ચુરી બનાવવામાં આવી રહેલ છે.

બોર્ડ દ્વારા વર્ષ : ૨૦૨૦-૨૧માં બાંધકામની પુર્ણ કરેલ યોજનાઓ :

- ગુજરાત પશુધન વિકાસ બોર્ડ દ્વારા પંચમહાલ જિલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. (પંચામૃત ડેરી) ને એક વખતની ₹ ૧૦૮૨.૦૫ લાખની સહાય આપી ધનોલ (પંચમહાલ) ખાતે નવીન ફ્રોઝન સીમેન સ્ટેશનના બાંધકામની કાર્યવાહી પુર્ણ થયેલ છે. સદરહુ સીમેન સ્ટેશનની ઉત્પાદન ક્ષમતા ૧૦.૦૦ લાખ ડોઝની છે.

બોર્ડ દ્વારા અમલમાં હોય તેવી વર્ષ : ૨૦૨૧-૨૨ની યોજનાઓ :

- ગુજરાત પશુધન વિકાસ બોર્ડ દ્વારા હાલમાં બાંધકામની યોજનાઓની કાર્યવાહી ચાલુ છે. જેમાં જે તે જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ મારફતે રાજ્યમાં ભુતવડ (રાજકોટ) તથા માંડવી (સુરત) ખાતે નવીન ફ્રોઝન સીમેન સ્ટેશનના બાંધકામની કાર્યવાહી ચાલુ છે.

ગૌ-સેવા અને ગૌચર વિકાસ બોર્ડ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની સુપ્રસિધ્ધ ગીર અને કાંકરેજ ઓલાદની ગાયોના સર્વાંગી વિકાસ માટે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ છે.

INDEX

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના મુખ્ય હેતુઓ જેવા કે, ગૌસેવા અને ગૌચર સુધારણા કાર્યક્રમ હેઠળ વિવિધ યોજનાઓની અમલવારી કરવી, ગૌશાળા અને પાંજરાપોળોને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી અને વિવિધ પ્રોજેક્ટસ દ્વારા સ્વાવલંબી બનાવવાની છે.

ઉપરોક્ત હેતુઓ સફળતા પૂર્વક બર લાવવા માટે બોર્ડ દ્વારા પરિણામલક્ષી વ્યુહ રચના હાથ ધરવામાં આવેલ છે. જેમાં ગૌરક્ષા, ગોપાલન, ગૌસંવર્ધન અને ગૌઆધારિત આર્થિક ઉત્કર્ષ, ગૌઆધારિત કૃષિ આરોગ્ય અને પર્યાવરણ રક્ષા અર્થે જનજાગરણ, ગૌશાળા અને પાંજરાપોળોને સ્વાવલંબી બનાવવા પ્રોત્સાહક સહાયકારી યોજનાઓ અને શુદ્ધ ગૌસંવર્ધન જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા ગૌશાળાઓ/પાંજરાપોળો માટે આંતરમાળખાકીય સગવડો ઉભી કરવાની યોજના, ગૌશાળા/પાંજરાપોળોને અદ્યતન બનાવવાની સગવડો ઊભી કરવાની યોજના, ઉત્તમ આનુવાંશિક ગુણવત્તા ધરાવતા વાછરડા નિભાવ માટેની સહાય યોજના, ગાયોની ઓલાદ સુધારણા માટે શુધ્ધ ઓલાદના સાંઢ આપવાની યોજના, ઘાસચારા ઉત્પાદન માટે સુધારેલ બિયારણ પૂરુ પાડવા માટેની સહાય યોજના, ગ્રામ પંચાયતો અને ગૌશાળા/પાંજરાપોળોને ગૌચર સુધારણા માટે સહાય આપવાની યોજના જેવી વિવિધ યોજનાઓ હાથ ધરી ગૌવંશના સર્વાંગી વિકાસની કામાગીરી કરવામાં આવે છે અને તેના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ ₹ ૨૫.૦૧ કરોડની બજેટ જોગવાઇ મંજૂર કરવામાં આવેલ છે અને ઉપરોક્ત હેતુઓ સર કરવા માટેની કામગીરી પ્રગતિમાં છે. તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૪.૭૭ કરોડની ચાલુ યોજનાઓ માટે જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર

♦ **સ્થાપના :**

- આ નિગમની સ્થાપના કંપની ધારા, ૧૯૫૬, હેઠળ ડિસેમ્બર, ૧૯૭૦, માં કરવામાં આવેલ છે.

♦ **ઉદ્દેશો :**

- રાજ્યમાં ઘેટાંપાલકો ગરીબીની રેખા હેઠળ જીવે છે. જેઓના આર્થિક ઉત્થાન માટે ઘેટાંમાંથી મળતી પેદાશોની ગુણવત્તા સુધારી, ઉત્પાદનમાં વધારો થાય અને તેના વ્યાજબી ભાવ મળે તે દ્રષ્ટિકોણને ધ્યાને લઇ નિગમનું નીચે મુજબનું વીઝન છે.
- ઉચ્ચ ઓલાદના નર ઘેટાંથી ઓલાદ સુધારણાનો કાર્યક્રમ હાથ ધરવો.
- ઘેટાંની તંદુરસ્તી જળવાયુ અને ઉત્પાદનમાં વધારો થાય તે માટે આરોગ્યને લગતી સેવાઓ પુરી પાડવી.
- ઊન અને ઊનની પેદાશોનું માર્કેટીંગ કરવું જેથી ઘેટાંપાલકોનું શોષણ અટકે અને પેદાશોના વ્યાજબી ભાવ મળે.
- દેશમાં કાર્પેટની બનાવટો માટેની યોગ્ય ગુણવત્તાવાળી ઊનના જથ્થાની ખાધ છે. જેને ધ્યાને લઇ કાર્પેટ યોગ્ય ગુણવત્તા ધરાવતી ઊનના ઉત્પાદનમાં વધારો કરી દેશની જરૂરીયાતને પહોંચી વળવા પ્રયત્નો કરવા.

♦ **યોજનાઓ :**

૧) રાજ્ય સરકારની નોન પ્લાન યોજનાઓ :

અ) લાર્જ સ્કેલ શીપ બ્રીડીંગ ફાર્મ યોજના

બ) ઘનિષ્ટ ઘેટાં વિકાસ ઘટક -ભુજ અને ભાવનગર,

ક) જિલ્લા વિસ્તરણ દેખરેખ એકમો - જામનગર જિલ્લો

ડ) ઊન શ્રેણીકરણ કેન્દ્રો - જામનગર અને ભુજ કેન્દ્ર

૨) રાજ્ય સરકારની પ્લાન યોજનાઓનું અમલીકરણ :

અ) ઉન સુધારણા યોજના

૩) નિગમની યોજના : ઊન ખરીદી - વેચાણની યોજના

♦ **પ્રવૃતિઓ :**

- ઘેટાંની ઓલાદ સુધારણા કરી ઘેટાં અને ઊનનો વિકાસ કરે છે.
- ઘેટાં સંવર્ધન ફાર્મની સ્થાપના કરી વૈજ્ઞાનિક પધ્ધતિથી ઉછેર કરવામાં આવે છે.

INDEX

- ઘેટાંપાલકોના આર્થિક ઉત્થાન માટે ઘેટાંપાલકો પાસેથી સીધી ઊનની ખરીદી કરવામાં આવે છે.
- સરકારના સહાયક અનુદાનની સરકારની ચાર આયોજન બહારની તથા આયોજન હેઠળની યોજનાઓનું અમલ કરવામાં આવે છે.

♦ **યોજનાનો લાભ :**

- નિગમની યોજનાઓનો લાભ સમાજના છેવાડાના ગરીબી રેખા હેઠળ જીવતા રબારી, ભરવાડ, ગઢવી, મુસ્લીમ ઘેટાંપાલકો અને વણકર જ્ઞાતિના લોકોને મળે છે. આ નિગમ રાજ્યમાં સૌરાષ્ટ, કચ્છ અને ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાતના વિસ્તારોના આશરે ૧૬ લાખ ઘેટાં આવરી લે છે. રાજ્યના ઘેટાંપાલકોને નિગમની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ મળે છે.
- નિગમની વડી કચેરી ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતે આવેલી છે. નિગમની પ્રાદેશિક કચેરીઓ ભુજ, ભાવનગર, જામનગર, જસદણ (જી.રાજકોટ) અને આસેડા(તા.ડીસા, જી.બનાસકાંઠા) ખાતે કાર્યરત છે. જે યોજનાઓનું અમલીકરણ કરે છે.
- નિગમ દ્વારા વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન હાંસલ કરેલ સિધ્ધિઓ અને ૨૦૨૧-૨૦૨૨ ના લક્ષ્યાંક દર્શાવતી માહિતિ નીચે મુજબ છે.

ક્રમ	પ્રવૃતિ	૨૦૨૦-૨૦૨૧ ના લક્ષાંક અને સિધ્ધિઓ			૨૦૨૧-૨૨ ના લક્ષાંક
		યુનિટ	લક્ષ્યાંક	સિધ્ધિ	
૧	આવરી લીધેલ ઘેટાંની સંખ્યા	(સંખ્યા લાખમાં)	૧૬.૭૦	૧૫.૪૯	૧૬.૭૦
૨	ઊન ખરીદી	(કિલો લાખમાં)	૬.૦૦	૦	૬.૦૦
૩	કૃમિનાશક દવા પીવડાવેલ ઘેટાં	(સંખ્યા લાખમાં)	૧૫.૦૦	૦.૪૬	૧૫.૦૦
૪	રસીકરણ	(સંખ્યા લાખમાં)	૮.૩૦	૩.૬૩	૮.૩૦
૫	કીટનાશક દવાનો છંટકાવ	(સંખ્યા લાખમાં)	જરૂર મુજબ	૦.૨૨	જરૂર મુજબ
૬	ખસીકરણ	(સંખ્યા)	૫૦૦૦	૩૨૯૭	૫૦૦૦
૭	પ્રચાર સભાઓ	(સંખ્યા)	૧૨૬૦	૬૧૪	૧૨૬૦
૮	ગ્રાન્ટ અને ખર્ચ	(રૂપિયા લાખમાં)	૬૩૧.૫૦	૫૨૮.૫૬	૭૯૪.૧૪

♦ **કામધેનુ યુનિવર્સિટી**

કામધેનુ વિશ્વવિદ્યાલયની વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સાધેલી પ્રગતિ

- વર્ષ ૨૦૨૦-૨૧ માં તા.૨૪/૦૯/૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્યની વિધાનસભામાં ગુજરાત યુનિવર્સિટીઓ સુધારા વિધેયક નં. ૨૬/૨૦૨૦ પસાર કરવામાં આવ્યો. ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત એક્ટ નં. ૧૫, ૨૦૨૦નો અમલ થતાં રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકની પશુપાલન, ડેરી અને મત્સ્ય વિજ્ઞાનની કોલેજો, સંશોધન, વિસ્તરણ એકમો અને પોલિટેકનીકોનો કામધેનુ યુનિવર્સિટીમાં સમાવેશ કરવામાં આવેલ છે. ત્યારે પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યવિજ્ઞાનને લગતા ડીપ્લોમાં, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના શૈક્ષણીક કાર્યક્રમોની પ્રવેશ પ્રક્રીયા એક્ટ પસાર થતા વેંત જ સંપૂર્ણ ઓનલાઈન રીતે કામધેનુ યુનિવર્સિટી દ્વારા હાથ ધરેલ છે. જેમાં અંદાજે ૧૫૫૧૬ જેટલી અરજીઓ આવેલ હતી.
- વર્ષ ૨૦૨૧-૨૨માં કામધેનુ યુનિવર્સિટીની પશુ વિજ્ઞાન (૪ કોલેજ), ડેરી વિજ્ઞાન (૩ કોલેજ) અને મત્સ્ય વિજ્ઞાન (૨ કોલેજ) ક્ષેત્રે અંગભૂત અને સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓમાં કુલ ડિપ્લોમા ૧૩૭૧, સ્નાતક ૨૫૭૧(ડેરી સાયન્સ ૭૦૧, વેટરનરી સાયન્સ ૧૫૩૦, ફીશરીઝ સાયન્સ ૩૪૦), અનુસ્નાતક ૨૯૯ (ડેરી સાયન્સ ૫૩, વેટરનરી સાયન્સ ૧૯૧, ફીશરીઝ સાયન્સ ૫૫), પી.એચડી. ૧૫૬ (ડેરી સાયન્સ ૨૫, વેટરનરી સાયન્સ ૧૧૭, ફીશરીઝ સાયન્સ ૧૪) કુલ ૪૩૯૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૧-૨૨માં અંગભૂત અને સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવાની પ્રક્રીયા ચાલુ છે. જેમાં ડિપ્લોમાં માટે ૧૩૩૭, સ્નાતક કક્ષાના વેટરનરી, ડેરી અને ફિશરીઝ માટે કુલ ૧૩૭૬૯, અનુસ્નાતક કક્ષાના વેટરનરી, ડેરી અને ફિશરીઝ માટે કુલ ૩૫૫ અને ડૉક્ટરેટ માટે કુલ ૫૫ જેટલી અરજીઓ આવેલી હતી.
- કામધેનુ યુનિવર્સિટી દ્વારા પશુચિકિત્સા, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાનને લગતા ડિપ્લોમાં, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રીયા, શૈક્ષણીક, માર્કશિટ તથા પદવીઓ ઓનલાઈન મળી શકે તે હેતુ ડિજીટલાઈજેશનની પ્રક્રીયા હાથ ધરેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં કામધેનુ યુનિવર્સિટીમાં રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ માંથી તબદિલ થયેલી ચાર વેટરનરી કોલેજો

અને કામધેનુ યુનિવર્સિટીની મંજૂર કરવામાં આવેલ વેટરનરી કોલેજના એક્રિડીટેશન અર્થે વેટરનરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા ઇન્સ્પેક્શન કરવામાં આવેલ હતુ.

- કામધેનુ યુનિવર્સિટી દ્વારા વેટરનરીના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને (મેરીટ મુજબ) ઉચ્ચ અભ્યાસ માટે રેસિડેન્સીયલ સ્કોલરશીપ પ્રોગ્રામનું અમલીકરણ કરવામાં આવેલ છે.
- કામધેનુ યુનિવર્સિટી હસ્તકની વેટરીનરી કોલેજો દ્વારા ક્લિનિકલ કોમ્પ્લેક્ષ ખાતે વિવિધ પશુ-પક્ષીઓને શસ્ત્રક્રિયા, પશુમાદા રોગ નિદાન, વંધ્યત્વ નિવારણ અને પશુસારવારની સેવાઓ પૂરી અવિરત પણે પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત એમ્બ્યુલેટરી ક્લિનિક દ્વારા નજીકના ગ્રામ કેન્દ્રો ખાતે પશુસારવારની સેવા પુરી પાડવામાં આવે છે.
- કામધેનુ યુનિવર્સિટી દ્વારા "સેન્ટર ઓફ એક્સલન્સ ઇન એક્વાકલ્ચરની ઉકાઈ" ખાતે માછલી ઉછેર માટે ૧૧ તળાવ, ૧૫ પાણીની ટાંકીઓ, પાણી તથા જમીન/માટીના પૃથ્થકરણ માટે બે પ્રયોગશાળા શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત સુશોભન માછલીઓના પ્રજનન, ઉછેર અને સંશોધનલક્ષી કામગીરી હાથ ધરવામાં આવેલ છે. બે વેબીનાર અને એક મેસીવ ઓનલાઇન ઓપન કોર્ષનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૬૫૦ જેટલા તાલીમાર્થીઓ, મત્સ્ય પાલકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત "હેન્ડ્સ ઓન ટ્રેઇનીંગ પ્રોગ્રામ ઇન વેલ્યુએડેડ ફીશ પ્રોડક્સ" વિષય પર તાલીમ તેમજ "પાંજરામાં થતા માછલી રોગ નિયંત્રણ" વિષય પર બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૫૦ મત્સ્યપાલકોને તાલીમ આપવામાં આવેલ. આ ઉપરાંત આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ ઓફ ફિશરીઝ માટે ૪૫ દિવસિય ખાતાકીય તાલીમનું ઉકાઇ ખાતે આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૨૮ રાજ્ય સરકારશ્રીના અધિકારીઓને તાલીમ આપવામાં આવેલ હતી.
- તા.૨૧-૧૧-૨૦૨૧ વર્લ્ડ ફિશરીઝ ડે ની ઉજવણી અંતર્ગત વ્યારા ખાતે સ્થિત શ્રી રામ તળાવમાં કુલ ૧૫૦૦ મત્સ્ય બીજ મુકવામાં આવેલ હતા.
- અનુસ્નાતક મત્સ્ય વિજ્ઞાનશિક્ષણ અને સંશોધન સંસ્થા, રાજપુર (નવા) ખાતે મત્સ્ય પાલન, માછલીઓનાં સંવર્ધન અને બાયોફ્લોક તકનીકનાં વિકાસ તથા તેનું તકનીકી જ્ઞાન ગુજરાતના મત્સ્ય વિજ્ઞાનના વિદ્યાર્થી, શિક્ષકો અને મત્સ્યપાલકોને આપવામાં આવ્યું.
- "એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર એકવાકલ્ચર એટ ઉકાઈ" કેન્દ્ર ખાતે તા.૨૫/૦૬/૨૦૨૧ના રોજ જુદી જુદી આનુસાંગીક સુવિધાઓ માટેના બાંધકામનું ખાતમુહુર્ત માન.મંત્રીશ્રી મત્સ્યવિભાગ (કેબિનેટ)ના વરદહસ્તે કરવામાં આવેલ છે, અને બાંધકામ પ્રગતિમાં છે.
- કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૬થી મુ. સાણોદા, તા.દહેગામ ખાતે પશુચિકિત્સા અને પશુરોગ સારવાર અર્થે નિદાનવાન ચલાવવામાં આવે છે. જેમાં અત્યાર સુધીમાં ૫૮૦૦ જેટલા પશુઓને સારવાર આપવામાં આવી છે. અને એપ્રીલ ૨૦૨૧ થી અત્યાર સુધીમાં ૬૦૦ જેટલાં પશુઓને સારવાર પૂરી પાડવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૮થી રાજપુર (નવા), હિંમતનગર ખાતે પશુચિકિત્સા અર્થે પશુરોગ નિદાનવાન ચાલુ કરવામાં આવી છે. જેમાં ૬૬૩ જેટલા પશુઓને સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત અનુસ્નાતક પશુચિકિત્સા શિક્ષણ અને સંશોધન મહાવિદ્યાલય હેઠળ વેટરનરી હોસ્પિટલની સુવિધા ઉપલબ્ધ કરેલ છે. જેમાં અત્યાર સુધીમાં ૬૭૭૭ જેટલા પશુઓને સારવાર આપવામાં આવી છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ સુધી કામધેનુ યુનિવર્સિટી દ્વારા ૧૩ સંશોધન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા હતા. કામધેનુ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૯ થી ૨૦૨૧ સુધીના સમય ગાળામાં NEGD, ICAR, DBT, DST, GSBTM અને GUJCOST જેવી અધર એજન્સીઓ પાસેથી પ્રોજેક્ટ મેળવેલ છે. જેમાંથી અત્યાર સુધી નવ અધર એજન્સી પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને ચાર પ્રોજેક્ટની કામગીરી પ્રગતિમાં છે.
- કામધેનુ યુનિવર્સિટીને જી.એસ.બી.ટી.એમ. દ્વારા બે "ઇનવિટ્રો ફર્ટીલાઇઝેશન"ના તાલીમ કાર્યક્રમ ફાળવવામાં આવેલ જેને કામધેનુ યુનિવર્સિટી અને જી.બી.આર.સીના સંયુક્ત ઉપક્રમે તા.૦૪/૧૦/૨૧ થી તા.૦૮/૧૦/૨૧ અને તા.૧૧/૧૦/૨૧ થી તા.૧૫/૧૦/૨૧ દરમ્યાન આયોજીત કરવામાં આવેલ હતા. જેમાં કુલ ૧૮ તાલીમાર્થીઓએ તાલીમ લીધી હતી. આ તાલીમ કાર્યક્રમમાં તા.૦૪/૧૦/૨૧ના રોજ વેટરનરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના પ્રેસિડેન્ટ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.
- નવા રાજપુરા, હિંમતનગર, પોલિટેકનીક ઇન એનીમલ હસબન્ડ્રી ખાતે વિદ્યાર્થીના અભ્યાસ અર્થે ડેરી ફાર્મની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ૮ ભેંસો, ૪ ગાયો, ૧૧ વાછરડીઓ/પાડી, ૨૫ બકરીઓ અને ૧૦ ઘેંટા ઉછેરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓના શિક્ષણ તથા સંશોધનમાં ઉપયોગી પુસ્તકો, રીસર્ચ જર્નલો તથા તેના બેકવોલ્યુમ્સ, સી.ડી., ઈ-બુક્સ

વિગેરે વિકસાવવામાં આવેલ છે. ગ્રંથાલયમાં યુનિવર્સિટીના શિક્ષણ અને સંશોધન સિવાયના બીજા વિભાગો અને તેના કર્મચારીઓને ઉપયોગી થાય એવા સંશાધનોનો વિકાસ કરવામાં આવેલ છે.

- શેડુભાર, અમરેલી ખાતે કોલેજ ઓફ ડેરી સાયન્સના ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલનું ભૂમિપૂજન કરી ખાતમૂર્હત માન. કેન્દ્રિય રાજ્ય મંત્રીશ્રી (કૃષિ) તેમજ રાજ્યના માન.કેબીનેટ મંત્રીશ્રીના વરદહસ્તે તા.૦૨/૦૭/૨૧ના રોજ કરવામાં આવેલ હતુ. ચાલુ વર્ષે મુ. નવા રાજપુરા, હિંમતનગર, પોલિટેકનીક ઈન એનીમલ હસબન્ડ્રી ખાતે બોઈઝ અને ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ પ્રગતિમાં છે.
- વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા અત્યાર સુધીમાં ૩૦ જેટલા તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા હતા. જેમાં ૭૯૦૦ થી પણ વધુ પશુપાલકોએ ભાગ લીધો હતો. વર્ષ ૨૦૨૧-૨૨માં કોવિડ ૧૯ની મહામારીને કારણે ૧૨ જેટલા વેબીનારનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં વિદ્યાર્થીઓ, પશુપાલકો અને ખેડુતોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત દર મંગળવાર અને શુક્રવારે પશુપાલકો, ડેરી સાહસિકો અને મત્સ્યપાલકો માટે ઓનલાઈન તાલીમનું આયોજન કરવામાં આવે છે. કામધેનુ યુનિવર્સિટીનું ત્રિમાસિક પ્રકાશન “ગૌધૂલિ” છપાવવાની કામગીરી કરવામાં આવેલ. તેમજ પશુપાલન માટે ઉપયોગી લીફલેટ, ફોલ્ડર છપાવવાની કામગીરી કરવામાં આવે છે. જેના થકી કામધેનુ યુનિવર્સિટીની વિસ્તૃત માહિતી સભર જાહેરાત ગુજરાતી સાપ્તાહિક, હિન્દી સાપ્તાહિક, અંગ્રેજી મેગેઝીનમાં યુનિવર્સિટીની સમગ્ર કામગીરી તથા શૈક્ષણિક, વિસ્તરણ, સંશોધન પ્રવૃતિઓ વિષે લોકોને માહિતગાર કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા ૨૩ કલરવ, ૧૭ ગૌધૂલિ, ૧૨ પત્રીકા, ૮ ચોપાનિયા, ૭ પુસ્તિકા, ૧૩ દસ્તાવેજી ફિલ્મો, ૨૪ ટી.વી. ટોક, ૧૨ પ્રદર્શનો, ૨૫ ક્ષેત્રિય તાલીમ કાર્યક્રમો અને ૧ કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૨ કલરવ, ૨ ગૌધૂલિ, ૩૬ ઓનલાઈન પ્ર-શિક્ષણ કાર્યક્રમ અને ૧ મરઘા પાલન પર દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરવામાં આવી છે.
- એઆઈસીએઆરપી ઓન ગોટ ઈમ્પ્રુવમેન્ટ, નવસારી અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ૮ (આઠ) ખેડૂત ઉપયોગી અખતરાઓ, ૧૦ (દસ) એક દિવસીય અને ૨ (બે) પાંચ દિવસીય ખેડૂત ઉપયોગી તાલીમોનું આયોજન કરવામાં આવેલ. આ તાલીમોમાં ૩૯૫ જેટલા ખેડૂતોએ ભાગ લીધેલ હતો. આ ઉપરાંત ખેડૂતોને ૫૦ (પચાસ) જેટલા બકરાઓ સંવર્ધન માટે અનુદાન કરેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં શ્રી અંકિત ઠેસિયા, મદદનીશ પ્રાદ્યાપક, ડેરી સાયન્સ કોલેજ, અમરેલીને વર્ષ ૨૦૧૯-૨૦ માટે બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર (રાજ્ય કક્ષા) એવોર્ડ આપવામાં આવ્યો.
- શ્રી ઋત્વિક પ્રજાપતિ, વિદ્યાર્થી, ડેરી સાયન્સ કોલેજ, અમરેલીને પ્રિ-આરડી પરેડ (સ્ટેટ અને નેશનલ લેવલ)કેમ્પમાં સિલેશન કરવામાં આવેલ હતુ.
- શ્રી આનંદ ભુખીયા, વિદ્યાર્થી, વેટરનરી કોલેજ, આણંદને તા.૧૬/૧૧/૨૧ના રોજ “મિલ્ક ડે” ઉપર આયોજીત નેશનલ લેવલ ક્વિઝ કોમ્પેટીશનમાં થર્ડ રેન્ક મળેલ હતો.

કામધેનુ વિશ્વવિદ્યાલયની વર્ષ ૨૦૨૨-૨૩ હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિ

- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન તા.૨૪/૦૯/૨૦૨૦ના રોજ ગુજરાત યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૦ પસાર થતા રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓની ૧૧ કોલેજો અને ૨૪ સંશોધન એકમોનો સમાવેશ કામધેનુ યુનિવર્સિટીમાં કરવામાં આવનાર છે. ત્યારે પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યવિજ્ઞાનને લગતા ડીપ્લોમાં, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના શૈક્ષણીક કાર્યક્રમોની પ્રવેશ પ્રક્રીયા, શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરી કામધેન યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવશે.
- કામધેનુ યુનિવર્સિટીની વિવિધ કોલેજો, પોલિટેકનીકના વિદ્યાર્થીઓના એડમીશન, પરીક્ષા, આઠમાં પદવી દાન સમારોહનું આયોજન અને વિવિધ સંસ્થાઓનું સંચાલન કરવુ તેમજ નવી સંલગ્ન પોલિટેકનીક, કોલેજોને જોડાણ આપવુ.
- કામધેનુ યુનિવર્સિટી વેટરનરી, ડેરી અને ફિશરીઝ સાયન્સને સંલગ્ન અભ્યાસક્રમો ચલાવે છે. આ અભ્યાસક્રમોને લગતા નવા વિષયો પર સર્ટીફિકેટ, ડિપ્લોમાં, સ્નાતક, અનુસ્નાતક અને પીજી ડિપ્લોમાં જેવા વિવિધ અભ્યાસક્રમો ચાલુ કરવા.
- કામધેનુ યુનિવર્સિટીમાં હયાત અને રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટી માંથી ૧૧ જેટલી કોલેજો અને તેના આનુસાંગીક સંશોધન અને વિસ્તરણ મથકોનો સમાવેશ થયેલ છે ત્યારે વેટરનરી, ડેરી અને મત્સ્ય વિજ્ઞાનની કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી વેટરનરી, ડેરી અને મત્સ્ય વિજ્ઞાનના ક્ષેત્રે વધુ વિદ્યાર્થીઓ તૈયાર થાય અને ઉચ્ચ ગુણાત્મક પશુપાલન, ડેરી અને મત્સ્યપાલન અર્થે તાંત્રીક માનવબળ તૈયાર થઈ વૈજ્ઞાનિક ઢબે પશુપાલકો અને મત્સ્ય ખેડુતોને માહિતી મળી રહે તેવું આયોજન હાથ ધરવામાં આવશે.

INDEX

- હાલની કોવીડ-૧૯ માહામારીને ધ્યાને લઈ જરૂરી ઓનલાઈન વર્ગો, પરિક્ષા, પદવીદાન સમારોહ અને જો સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના વર્ગો ચાલુ કરવામાં આવે તો સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ સોશીયલ ડીસ્ટન્સીંગ વિગેરેની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.
- મત્સ્યવિજ્ઞાન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી નવસારીના નવનિર્મિત બિલ્ડીંગનું તા.૧૪/૧૨/૨૦૨૧ના રોજ લોકાર્પણ કરવામાં આવશે.
- મત્સ્યવિજ્ઞાન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, રાજપુર (નવા), હિંમતનગર ખાતે કોલેજ બિલ્ડિંગનું ભૂમિપૂજન કરવામાં આવશે.
- મુ.શેઢુભાર, જી.અમરેલી, ડેરી સાયન્સ કોલેજ અને મુ.રાજપુરા, હિંમતનગર ખાતે પોલિટેકનીક ઈન એનિમલ હસબન્ડરી ખાતે ગર્લ્સ અને બોઈઝ હોસ્ટેલ, મુ.રાજપુરા, હિંમતનગર ખાતે પશુપાલન મહાવિદ્યાલય વિવિધ બાંધકામની સુવિધા ઉપલબ્ધ કરવી.
- ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીના વડા મથકની કામગીરી હાથ ધરવામાં આવશે.
- પશુવિજ્ઞાનના અનુસ્નાતક સંસ્થા, રાજપુર (નવા). હિંમતનગરમાં અનુક્રમે વેટરનરી સર્જરી, વેટરનરી ગાયનેકોલોજી એન્ડ ઓબ્સ્ટ્રેટીક્સ, લાઈવ સ્ટોક પ્રોડક્શન એન્ડ મેનેજમેન્ટ, એનીમલ ન્યુટ્રીશન, એનીમલ જીનેટીક્સ એન્ડ બ્રીડિંગ જ્યારે ડેરી વિજ્ઞાન અનુસ્નાતક સંસ્થાઓમાં અનુક્રમે ડેરી માઈક્રો બાયોલોજી, ડેરી ટેકનોલોજીઅને ડેરી કેમેસ્ટ્રી જેવા વિષયોના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા છે. નવા વર્ષે પશુવિજ્ઞાન અનુસ્નાતક સંસ્થામાં બીજા ૧૫ જુદા-જુદા અભ્યાસક્રમો ચાલુ કરવાના હોઈ જ્યારે મુ.શેઢુભાર, અમરેલી ડેરી વિજ્ઞાન અનુસ્નાતક સંસ્થામાં બીજા ૫ અભ્યાસક્રમો ચાલુ કરવાનું આયોજન હાથ ધરેલ છે. તેમજ વિદ્યાર્થીઓના પ્રેક્ટીકલ વેટરનરી ડીસ્પેન્સરી અને લાઈવસ્ટોક ફાર્મની સગવડ ઉભી કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓને ડેરી ઉદ્યોગની વાસ્તવિક પરિસ્થિતિ જાણવા તથા સમજવા માટે એક વર્ષ ડેરી પ્લાન્ટમાં ઔદ્યોગીક તાલીમ આપવી જેના થકી વિદ્યાર્થીઓ દૂધની પ્રક્રિયા, દૂધની બનાવટ, ચકાસણી, પેકેજીંગ, સફાઈ, દેખભાળ, હિસ્સાબ, ખરીદી, વેચાણને લગતા તમામ દ્રષ્ટીકોણ શીખવવામાં આવશે.
- કામધેનુ યુનિવર્સિટીની બીજી યોજનાઓ જેવી કે દુધાળા પશુઓના ફાર્મની સ્થાપના, વિદ્યાર્થી તાલીમ ડેરી સંકુલની સ્થાપના, પશુપાલન ડેરી અને મત્સ્યોદ્યોગ શિક્ષણ માટે ખેડૂત તાલીમ કેન્દ્રની સ્થાપના, ઈન્સ્ટ્રક્શનલ ફાર્મની સ્થાપના, માહિતિ અને સંદેશા વ્યવહાર, ટેકનોલોજી, કેન્દ્ર તથા એફ. એમ. રેડીયો સ્ટેશનની સ્થાપના, ઘાસચારા ફાર્મની સ્થાપના, વેટરનરી હોસ્પિટલની સ્થાપના હેતુ ભવનો તથા સુવિધાઓનું નિર્માણ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમની નિભાવની તેમજ અપડેટ અંગેની કામગીરી કરવામાં આવશે.
- કામધેનુ યુનિવર્સિટી વેબસાઈટની નિભાવની તેમજ અપડેટ કરવા અંગેની કામગીરી કરવામાં.
- ઓનલાઈન પ્રવેશ પોર્ટલનો ઉપયોગ કરીને યુનિવર્સિટીના વિવિધ કાર્યક્રમોની પ્રવેશ આપવા તેમજ વિદ્યાર્થીઓનો તમામ રેકર્ડ રાખવા અંગેની કામગીરી.
- કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલી ખાતે વિદ્યાર્થીઓને તાલીમ આપવા સ્ટુડન્ટ ટ્રેનિંગ ડેરીની સ્થાપના કરવી.
- વિદ્યાર્થીઓને ડેરી ઉદ્યોગની વાસ્તવિક પરિસ્થિતી જાણવા તથા સમજવા એક વર્ષ માટે ડેરી પ્લાન્ટમાં ઔદ્યોગીક તાલીમ આપવી.
- કામધેનુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત તમામ કાર્યક્રમોનું આયોજન, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી થકી તેઓના વ્યક્તિ ઘડતર તથા ખેલ ભાવના, સ્પર્ધાત્મક માનસિકતા તથા તેઓના સર્વાંગી વિકાસ અર્થે જરૂરી કાર્યક્રમોનું આયોજન કરવું.
- પશુઓની કાળજી અને પશુપોષણ અંગેનુ પ્રાયોગિક જ્ઞાન ડિપ્લોમાના વિદ્યાર્થીઓને આપવામાં આવશે.
- રાજપુર (નવા), હિંમતનગર ખાતે પશુરોગ નિદાન અંગે અધ્યતન લેબોરેટરીની સ્થાપના કરી તેના ઉપયોગ થકી ખેડૂતો દ્વારા લાવવામાં આવનાર નમૂનાઓ માટે સચોટ નિદાન માટે કરવામાં આવશે. જે વ્યવહારુ નિદર્શન અને તાલીમ માટે એક મોડેલ ડિપ્લોમા કોલેજ તરીકે સેવા આપી તેના વિસ્તરણ દ્વારા રાજ્યનાં પશુપાલન ક્ષેત્રના વિકાસમાં પ્રગતિ લાવશે.
- રાજપુર (નવા), હિંમતનગર ખાતે ખેડૂતો તેમજ તાલીમાર્થીઓને પ્રત્યક્ષ બતાવી શકાય તેવુ વ્યવહારુ નિદર્શન મોડેલ ફાર્મ તૈયાર કરવામાં આવશે.
- રાજપુર (નવા), હિંમતનગર અને ચાર વેટરનરી કોલેજો ખાતે સંવર્ધન, પોષણ, રહેઠાણ તેમજ પશુઓના વ્યવસ્થાપન અંગે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવશે.

INDEX

- રાજપુર (નવા), હિંમતનગર ખાતે વિદ્યાર્થીઓ, ખેડૂતો તથા પશુપાલકો માટે દૂધાળા પશુઓના ફાર્મનો તાલીમ માટે ઉપયોગ કરવામાં આવશે. અને દુધાળા પશુઓની માવજત વિષે ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ અન્ય સંલગ્ન વિષયો પર તાલીમ આપવામાં આવશે.
- રાજપુર (નવા), હિંમતનગર ખાતે વિકસાવેલા મોડેલ ફાર્મ ખાતે વિવિધ ઋતુ અનુસાર વિવિધ ઘાસચારા પાકોનું વાવેતર કરવામા આવશે. તેમજ વિવિધ ઘાસચારા પાકોની માહિતી માટે નિદર્શન એકમ બનવવામાં આવશે.
- અનુસ્નાતક મત્સ્ય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થા, રાજપુર (નવા) ખાતે વિદ્યાર્થીઓ માટે નિયમિત અભ્યાસ અને સંશોધન કાર્યની વ્યવસ્થા કરવામાં આવશે.
- માછલી સંવર્ધન માટે નવી તકનીકીનાં પ્રોયોગીક વિસ્તરણ કાર્યક્રમોનું આયોજન કરવું.
- મત્સ્ય ખેડૂતો માટે મત્સ્યપાલનની આધુનિક જાણકારી અને જાગૃતિ માટેના કાર્યક્રમોનું આયોજન કરવું.
- વિવિધ સંશોધન કાર્ય હાથ ધરવા તેનું પ્રકાશન કરવું અને ફળ સ્વરૂપ વૈજ્ઞાનીક માહિતીનો મત્સ્ય ખેડૂતોમાં પ્રચાર-પ્રસારના કાર્યક્રમોનું આયોજન કરવું.
- પશુપાલકો, શ્વાનપાલકો અને વિદ્યાર્થીઓ માટે જરૂરી એવી માહિતી પુસ્તિકા અને પુસ્તકો ગુજરાતી ભાષામાં તૈયાર કરવા.
- કામધેનુ યુનિવર્સિટીની કોલેજો, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ એકમોના કાર્યક્ષેત્રની આસપાસના ગામોમાં પશુરોગની પ્રાથમિક માહિતી એકત્રીત કરીને પશુરોગનિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવાની પ્રકીયા હાથ ધરવામાં આવશે.
- વેટરનરી કોલેજની હોસ્પિટલ ખાતે નોંધાતા કેસોમાંથી પશુરોગો વિષે બેઝ-લાઈન ડેટા તૈયાર કરવામાં આવશે અને આવતા નવા અને અલગ પ્રકારના કેસોમાંથી સંશોધન પત્રો પ્રકાશીત કરવામાં આવશે.
- પશુરોગનિદાન અર્થે જુદા જુદા કેન્દ્ર ખાતેની લેબોરેટરીમાં પશુવિજ્ઞાન લક્ષી જુદા જુદા નમુનાઓની તપાસ કરવામાં આવશે અને સંશોધન કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે. સંશોધન કર્યા બાદ મળતા પરીણામોનો ઉપયોગ ગ્રામ્ય લોકોના ફાયદા માટે/પશુરોગ અટકાવવાના કાર્ય માટે કરવામાં આવશે.
- યુનિવર્સિટીની ખાલી રહેલ જગ્યાઓએ નિમણૂંક અંગેની કામગીરી કરવામાં આવશે.
- કર્મચારી અધિકારીની સેવા વિષયક અને વહીવટી બાબતો અંગેની કામગીરી કરવામાં આવશે.
- સરકારશ્રી સાથે સંકલન કરી જુદી જુદી યોજનાઓના અમલની કાર્યવાહી કરવામાં આવશે.
- વર્ચ્યુલ-ક્લાસની વિડિયોટોક સગવડ દ્વારા દેશ તેમજ વિદેશના પશુ વૈજ્ઞાનિકો, ડેરી વૈજ્ઞાનિકો તથા મત્સ્યવિજ્ઞાનના પ્રાધ્યાપકો અને મત્સ્યવિજ્ઞાનિકો દ્વારા લેક્ચરની વ્યવસ્થા કરવામાં આવશે.
- શૈક્ષણીક કરાર : કામધેનુ યુનિવર્સિટી અને વિવિધ વૈજ્ઞાનીક, વ્યવસાયીક અને વિસ્તરણ એકમો વચ્ચે ઉત્કૃષ્ટ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે કરાર કરવામાં આવશે.
- શૈક્ષણીક પ્રવાસ અને ટ્રેનિંગ દ્વારા વિદ્યાર્થીઓને દેશના વિવિધ વેટરનરી, ડેરી અને મત્સ્યક્ષેત્રની જગ્યાએ મોકલવામાં આવશે. જેનાં થકી ઉચ્ચ કક્ષાના વેટરનરી, ડેરી અને ફિશરીઝ વિષયો પર માનવબળ તૈયાર કરાશે.
- વિસ્તરણ શિક્ષણને લગતા વિવિધ કાર્યક્રમો જેવાકે તાલીમ, શિબિર, ફાર્મ વિઝીટ, વર્કશોપ, શૈક્ષણિક પ્રવાસ, પ્રદર્શનો, ખેડૂત દિવસો, રેડિયો/ટીવી ટોક, મહિલા શિબિર, કિસાન મેળાઓ, કિશાન ગોષ્ઠી, હેલ્પલાઈન સેવાઓ વગેરેનું આયોજન કરવું.
- પશુપાલકો, મત્સ્યપાલકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી ન્યુઝ લેટર, મેગેઝીન, ખેડૂત ઉપયોગી પત્રિકાઓ, પેમ્ફલેટ, વગેરે પ્રસિદ્ધ કરવા.
- રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં પ્રદર્શનો માટેની પ્રદર્શન સામગ્રી તૈયાર કરવી તથા પ્રદર્શનોમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવો.
- "મેરા ગાંવ મેરા ગૌરવ" યોજના હેઠળ નિર્ધારિત ગામડાઓમાં પશુપાલન તાલીમ/શિબિર/ગોષ્ઠી અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવું.
- પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગ વિજ્ઞાનના સંશોધનોથી ફલશ્રુતિ સ્વરૂપે બહાર આવતી ખેડૂત ઉપયોગી ભલામણોને સબંધિત ક્ષેત્રના અંતિમ વપરાશકારો સુધી પહોંચાડવા માટે પશુપાલકો, મત્સ્યપાલકો અને યુવાનો, મહિલાઓ માટે તાલીમોનું આયોજન કરવું તથા તેને સંલગ્ન સગવડતાઓ ઉભી કરાવી.

INDEX

- તાલીમ કેન્દ્રો માટે જરૂરી પુસ્તિકાઓ, પત્રિકાઓ, પુસ્તકો તથા અન્ય પ્રકાશનો તૈયાર કરવા.
- પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં વિવિધ વિસ્તરણ કાર્યક્રમો યોજવા.
- પશુપાલકોને માહિતી સભર જ્ઞાન પીરસવા માટે ગુજરાતી માધ્યમમાં ગૌધૂલિ દ્વિમાસિકનું પ્રકાશન કરવું.
- પશુપાલકો તથા મહિલાઓ માટે પશુપાલન તાલીમ કેન્દ્રની સ્થાપના કરવી.
- વિવિધ પશુપાલન, ડેરી અને ફિશરીઝ ટેકનોલોજી ઈન્ફોર્મેશન સેન્ટરની સ્થાપના કરવી.
- પશુપાલકો માટે તાલીમ કેન્દ્રની સ્થાપના કરવી.
- ગુજરાત રાજ્યની ગૌશાળાઓનું સુદ્રઢ નેટવર્ક પ્રસ્થાપિત કરી આંકડાકીય વિશ્લેષણ કરી ગૌશાળાઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. ગોપાલકો તથા ગૌશાળા સંચાલકો માટે વિશેષ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવશે. આ ઉપરાંત પશુ સારવાર કેમ્પ,પશુ રોગ નિદાન કેમ્પ, પશુપાલકો માટે તાલીમ તથા પ્રત્યક્ષ મુલાકાતોનું આયોજન કરવામાં આવશે.

મત્સ્યોદ્યોગ કચેરી

ગુજરાત રાજ્યમાં ૧૬૦૦ કિ.મી લાંબો દરિયા કિનારો આવેલો છે. જે દેશના દરિયા કિનારાનો આશરે પાંચમો ભાગ થાય છે. રાજ્યમાં ૧.૬૪ લાખ ચો. કિ.મી.ના વિસ્તારની છીછરી ખંડીય છાજલી આવેલી છે. જયારે ૨.૧૪ લાખ ચોરસ કિ.મી. એકસકલુઝીવ ઈકોનોમીક ઝોન વિસ્તાર આવેલો છે. ૧૭મી પશુધન ગણતરી-૨૦૦૭ અનુસાર રાજ્યમાં ૧૦૫૮ મત્સ્ય ગામો આવેલા છે. રાજ્યમાં માછીમારોની વસ્તી ૫.૫૯ લાખ છે. જે પૈકી ૨.૧૮ લાખ સક્રિય છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રાજ્યમાં ૩૮,૫૮૫ મત્સ્ય હોડીઓ નોંધાયેલ છે. જે પૈકી ૨૯,૪૬૭ યાંત્રિક હોડીઓ તથા ૯૧૧૮ બિન યાંત્રિક હોડીઓ છે.

- ગુજરાત સરકારે મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે તુટક નહીં પરંતુ તેનો સુગઠિત વિકાસ થાય તે માટે વિચારણા કરીને, ગુજરાત ફિશરીઝ એકટ-૨૦૦૩ અમલી બનાવ્યો છે. આ એકટ-૨૦૦૩ ૧૫મી ઓગષ્ટ-૨૦૦૩થી અમલી બનતાં મત્સ્યોદ્યોગ વિકાસની એક નવી ક્ષિતિજ ખુલી છે. તેના કારણે માછીમારોના રક્ષણ, નિયમન અને સંચાલન ઉપર દેખરેખ રહેતાં, માછીમાર ક્ષેત્રે વારંવાર આવતી આપત્તિઓનું નિવારણ શકય બનેલ છે.
- (૧) મત્સ્ય બંદર માળખાકીય સુવિધા :
- બાબતઃ (૧) - મત્સ્ય ઉતરાણ અને લાંગરવાની સુવિધા પુરી પાડવી.

આયોજન યોજના ૫૦૫૧, ૦૨, ૨૦૦, ૦૧-એફ.એસ.એચ.૦૬, કેન્દ્ર પુરસ્કૃત યોજના

- વર્ષ ૨૦૨૨-૨૩ થી આયોજન યોજના ૫૦૫૧,૦૨,૨૦૦,૦૧-એફ.એસ.એચ.૦૯, કેન્દ્ર પુરસ્કૃત યોજના અને ૫૦૫૧, ૦૨, ૨૦૦, ૦૧-એફ.એસ.એચ.૧૦, રાજ્ય પુરસ્કૃત યોજના
- રાજ્યના મત્સ્ય બંદરો/ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ઉપર માછીમારોની બોટો આવન જાવન કરી શકે અને કિનારા પરની ઈન્ફાસ્ટ્રકચર ફેસેલીટીઝ પુરી પાડવા, નવા મત્સ્ય બંદરો વિકસાવવા માટે યુરોપિયન યુનીયનના નોર્મસ મુજબ જરૂરી આધુનીક સુવિધાઓ પુરી પાડવી, મત્સ્ય પકડાશના જથ્થાને આરોગ્યપ્રદ સ્થિતિમાં જાળવી રાખવા માટેની વિવિધ સુવિધાનો ઉભી કરવાના હેતુથી નાના મત્સ્ય બંદરોના વિકાસની મત્સ્ય ઉતરાણ અને લાંગરવાની સુવિધાઓ પુરી પાડવાની આયોજન યોજના ૫૦૫૧,૦૨,૨૦૦,૦૧-એફ.એસ.એચ.૦૬ને કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે અમલમાં વર્ષ ૨૦૦૯-૧૦ થી મૂકવામાં આવેલ છે. સદર યોજના કેન્દ્ર પુરસ્કૃત છે. જેમાં ૫૦-૫૦% નો ધોરણથી યોજના અમલમાં છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રોવિઝનલ ₹ ૧૭૫૦.૦૦ લાખનું રાખવામાં આવેલ છે.
- આ યોજના અંતર્ગત ભારત સરકારની સહાયથી સુધારેલી વહીવટી મંજુરી મુજબ ₹ ૨૨૪૦૦૦.૦૦ લાખના ખર્ચે માંગરોળ મત્સ્ય બંદરને ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે કામ હાલ પ્રગતિ હેઠળ છે. ભારત સરકારની હાલની નિતિ મુજબ પ્રોજેકટવાઈઝ કેન્દ્ર દ્વારા ₹ ૨૫૦૦.૦૦ લાખ મંજુર કરેલ છે. માંગરોળ બંદરનો વિકાસ ગુજરાત મેરીટાઈમ બોર્ડ ડીપોઝીટરી વર્ક તરીકે કરવામાં આવી રહેલ છે. જેમાં અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા ૧૬૨૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ જ્યારે રાજ્ય સરકાર દ્વારા ૪૦૦૦.૦૦ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડના પ્રગતિ રીપોર્ટ મુજબ માંગરોળ પ્રોજેકટની કામગીરી ઓકટોબર-૨૦૨૧ સુધીમાં પાર્ટ -એ ની ભૌતિક પ્રગતિ ૮૪.૯૧% અને નાણાંકીય પ્રગતિ ૭૮.૪૭% થયેલ જ્યારે પાર્ટ -બી ની ભૌતિક પ્રગતિ ૭૧.૬૪% અને નાણાંકીય પ્રગતિ ૬૪.૮૧% થયેલ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માં માંગરોળ પ્રોજેકટ માટે કેન્દ્રના ફાળા પેટે ₹ ૮૭૫.૦૦ લાખ તથા રાજ્યના ફાળા પેટે ₹ ૪૮૫૦.૦૦ લાખ મળીને ₹ ૫૭૨૫.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

INDEX

બાબતઃ (૨) ૫૦૫૧-૦૨-૨૦૦-૦૧- એફએસએચ-૧૯-૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના

(અ) રાજ્યના મત્સ્ય બંદરો, મત્સ્ય ઉતરાણ કેન્દ્રો (એફ.ટી.ડી.) ખાતે પુર્વ જરૂરી સવલતો પુરી પાડવી.

રાજ્યના હયાત મત્સ્ય બંદરો અને મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે ડીઝાઈન કેપેસીટી કરતા ત્રણથી ચાર ગણી બોટો આવતી હોય તેના સ્ટ્રકચરો ડેમેજ થયેલ છે. તેમજ ઉતરાણ અને લાંગરવાની અપૂરતી સુવિધાઓને લીધે માછીમારો જ્યાં અનુકૂળ પડે તેવી જગ્યાએ ફરજીયાતપણે ઉતરાણ કરવું પડે છે. જેથી યુરોપીયન યુનિયનના નોર્મ્સ મુજબની પરિસ્થિતિ જાળવવા મત્સ્ય બંદર અને મત્સ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે જરૂરીયાત મુજબના નાના-મોટા કામો જેવા કે, તૂટી ગયેલ ફલોરીંગ રૂફનું રીપેરીંગ, હાર્બર વિસ્તારની સાફ સફાઇ, ગટરોની સાફ સફાઇ, ઇલેકટ્રીક સાધનોનું મેઇન્ટેનન્સ, ઇલેકટ્રીક લાઇટના બીલો, પાણી પુરવઠો પુરો પાડવો, નવા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો વિકસાવવા વિગેરે મરામત અને નિભાવના કામો નીચેની વિગતે હાથ ધરવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૫૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેની સામે ઓકટોબર-૨૦૨૧ સુધીમા ₹ ૪૯૮.૫૫ નો ખર્ચ થયેલ છે. સદર યોજનામાં વર્ષ ૨૦૨૧-૨૨ નીચે મુજબ ઘટકવાઈઝ જોગવાઈ રાખવામાં આવેલ છે.

(૧) રાજ્યના મત્સ્ય બંદરો (એફટીડી) મત્સ્ય ઉતરાણ કેન્દ્રોના મરામત, નિભાવ, જાળવણી, લાઈટીંગ ફેસેલીટી પુરી પાડવી અને પાણી પુરવઠો પુરો પાડવો, (૨) મત્સ્ય બંદરોના વિકાસ માટેની કામગીરી હાથ ધરવા માટે કોન્ટ્રાકટ બેઈઝ ટેકનીકલ સેલ ઉભું કરવા તથા આઉટસોર્સીંગ એજન્સીના કન્સલ્ટનના ચાર્જ તથા મત્સ્યોદ્યોગના વિકાસ માટેના કોઈ પણ પ્રકારના કામો માટે ચુકવવાના થતાં ચાર્જ માટે, (૩) મત્સ્ય બંદરો/મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે પાણી પુરવઠો પુરો પાડવા તેમજ ડીસેલીશન પ્લાન્ટ માટે (૪) મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે લાઈટીંગ સુવિધા પુરી પાડવા માટે, (૫) મત્સ્ય બંદર/મત્સ્ય ઉતરાણ કેન્દ્રોનાં અપગ્રેડેશન, રીનોવેશન, મરામત અને નિભાવ માટે, (૬) પી.એમ.યુ. માટે, (૭) બોટોના આવન જાવનની નોંધ માટે ટોકન ઈસ્યુ કરવા માટે ફિશરીઝ ગાર્ડ માટે કેબીનો ઉભી કરવા માટે, (૮) મત્સ્ય બંદરો ખાતે ટ્રેજીંગ, ટ્રેનેજ અને આરોગ્યની જાળવણી માટે, (૯) મત્સ્ય બંદરો/મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે આર.ઓ.પ્લાન્ટની સવલતો પુરી પાડવા માટે,(૧૦) રાજ્યના મત્સ્યઉતરાણ કેન્દ્રોને વિકસાવવા માટે, (૧૧) તેમજ મસ્ત્યોદ્યોગ ખાતા હસ્તકની કચેરીના બાંધકામ તથા રીનોવેશન માટે, (૧૨) ઉદઘાટન, ખાતમુહર્ત, ટેન્ડર જાહેરાત વગેરે ખર્ચ માટે હાલ મંજુરી હેઠળના સરકારશ્રીમાં રજુ કરેલ કામો આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ થવાની સંભાવના છે.

બાબતઃ (૨) ૫૦૫૧-૦૨-૨૦૦-૦૧- એફએસએચ-૧૯-૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના

(બ) રાજ્યના મત્સ્ય બંદરો, મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે ફ્લોટીંગ જેટી બનાવવી.

- ગુજરાત રાજ્યને મળેલ કુદરતી ૧૬૦૦ કિ.મી.ના દરિયા કિનારા ઉપર નોટીફાઈડ થયેલા કુલ ૧૦૭ મત્સ્ય બંદર અને મત્સ્ય ઉતરાણ કેન્દ્રો આવેલા છે. અને આ મત્સ્ય બંદર અને મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે કુલ ૩૭૯૬૫ જેટલી બોટોની સંખ્યા નોંધાયેલી છે. બોટોની સંખ્યા પ્રમાણે માત્ર ૧૬% જ બર્થીંગ કેપેસીટી ઉપલબ્ધ છે. મીનીસ્ટ્રી ઓફ પોર્ટસ એન્ડ શીપ્સ એન્ડ વોટર-વે, ભારત સરકાર દ્વારા પણ અનુભવ્યુ છે કે, ભારતના ઘણા ફીશરીઝ હાર્બર ભરચક રહે છે. જેને કારણે બોટોને કિનારા ઉપર લાંગરવા માટે માછીમારોને ખુબજ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેવા સમયે માછીમરોની સમસ્યાઓના ઉપાય તરીકે ફ્લોટીંગ જેટી એ એક ઉતમ વિકલ્પ બની રહે છે. યુરોપ અને મીડલ ઈસ્ટમાં ફ્લોટીંગ જેટીનો વધુ પ્રમાણમાં ઉપયોગ થાય છે.
- ફ્લોટીંગજેટી પરમેનેન્ટ સ્ટ્રક્ચર નથી અને એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી શીફ્ટ કરી શકાય છે. તેમજ તે પર્યાવરણ ઉપર નહીંવત અસર કરે છે. કોંક્રીટની જેટી કરતા ખર્ચ પણ ઓછો થાય છે. ફ્લોટીંગ જેટીને શાંત દરિયામાં એક બંદર ઉપરથી બીજા બંદર સુધી લાંગરી શકાય છે. ૫૦ વર્ષ સુધીની લાઈફ ડીઝાઈન કરી શકાય અને સમયાંતરે અપગ્રેડેશન પણ કરી શકાય છે. એક મત્સ્ય બંદર/મત્સ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે ફ્લોટીંગ જેટી બનાવવા માટે ₹ ૨૫.૦૦ કરોડ જેટલો સંભવિત ખર્ચના અંદાજ પ્રમાણે ચોરવાડ, જિલ્લો- જુનાગઢ અને ઉમરસાડી, જિલ્લો-વલસાડ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે એમ બે મત્સ્ય કેન્દ્રો ખાતે ફ્લોટીંગ જેટી બનાવવા માટે ₹ ૫૦.૦૦ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે.
- મુખ્ય સદરઃ૫૦૫૧,૦૨,૨૦૦,૦૫, FSH-19 નાના બંદરો ખાતે પૂર્વ જરૂરી સવલતો પૂરી પાડવાની મૂડી સદર તળેની ૧૦૦% રાજ્ય સરકારના ખર્ચવાળી યોજના અમલમાં છે. જે યોજનામાં ફ્લોટીંગ જેટી બનાવવા બાબત ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ નવી બાબત તરીકે રાજ્યના મત્સ્ય ઉતરાણ કેંદ્રો ખાતે ફ્લોટીંગ જેટી વિકસાવવા માટે નવી બાબત તરીકે રાજ્ય પ્લાન હેઠળ ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઈને ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ થી નવી બાબત તરીકે મંજુર કરવામાં આવેલ છે.
- ચોરવાડ જિલ્લો-જુનાગઢ તથા ઉમરસાડી જિલ્લો-વલસાડ ખાતે ફ્લોટીંગ જેટી બનાવવા માટેની એન્જીનીયરીંગ ટેસ્ટીંગની કાર્યવાહી પુર્ણ કરેલ છે. જ્યારે ડી.પી.આર. બનાવવા માટેના ટેન્ડરીંગની કાર્યવાહી પણ પુર્ણ થયેલ છે. અને ટૂંક સમયમાં પ્રોજેકટની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

INDEX

બાબત: (૨) ૫૦૫૧-૦૨-૨૦૦-૦૧- એફએસએચ-૧૯- ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના

(ક) મે-૨૦૨૧ દરમ્યાન "તોઉ તે" વાવાઝોડા ને કારણે થયેલ નુકશાન અન્વયે રાજ્ય સરકારે જાહેર કરેલ રાહત પેકેજ-૨૦૨૧)

માહે મે-૨૦૨૧ દરમ્યાન ઉદભવેલ "તાઉ તે" વાવાઝોડાને કારણે જાફરાબાદ, નવાબંદર, સૈયદ રાજપરા, શિયાળબેટ મત્સ્ય બંદર ખાતે મત્સ્યોદ્યોગની માળખાકીય સુવિધાઓને થયેલ વ્યાપક નુકશાન અન્વયે રાજ્ય બજેટમાંથી "મત્સ્યોદ્યોગ રાહત પેકેજ-૨૦૨૧" અંતર્ગત ₹ ૭૯૪૫.૦૦ લાખ રાજ્ય સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં અવેલ છે. જે અંગે નીચે મુજબના કામો હાથ ધરવામાં આવેલ છે.

ક્રમ	લોકેશન	કામની વિગત	અંદાજીત રકમ ₹ લાખમાં	રીમાર્કસ
૧	જાફરાબાદ, નવાબંદર, સૈયદ રાજપરા, શિયાળબેટ	હાઈમાસ્ટ ટાવર રીપેરીંગ	૫૧.૦૦	ઈજારદારને વર્ક ઓર્ડર અપવામાં આવેલ છે.
૨	સૈયદ રાજપરા	વાર્ફવોલ, સ્લોપીંગ પીચીંગ	૫૦૦.૦૦	ડી.પી.આર. સબમીટેડ તાંત્રિક મંજુરી તથા ડી.ટી.પી. મંજુરી પ્રગતિમાં છે.
૩	નવા બંદર	જેટી, બોલાર્ડ, સ્લોપીંગ પીચીંગ	૫૭૫.૦૦	સર્વે સોઈલની કામગીરી પ્રગતિ હેઠળ છે.
૪	જાફરાબાદ	જેટી, વાર્ફવોલ, સ્લોપીંગ પીચીંગ, રોડ સર્ફેસ, પાર્કીંગ સુવિધા	૨૪૦૦.૦૦	સર્વે સોઈલની કામગીરી પ્રગતિ હેઠળ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઉપરોકત (૨) (અ), (બ), અને (ક) યોજનાઓની ચાલુ બાબત માટે ₹ ૨૬૪૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

બાબત: (૩) ૫૦૫૧-૦૨-૨૦૦-૦૧- એફએસએચ-૮- ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના

નાબાર્ડ દ્વારા લોન સહાય હેઠળ મત્સ્ય કેન્દ્રોનું નિર્માણ (નવી બાબત)

- મુખ્ય સદર:૫૦૫૧,૦૨,૨૦૦,૦૮, નાબાર્ડ લોન સહાય હેઠળ મત્સ્યોદ્યોગ કેન્દ્રનું નિર્માણ યોજના હેઠળ ₹ ૧૩૫૪.૯૨ કરોડના ખર્ચે રાજ્યમાં પાંચ નવા બારમાસી મત્સ્ય બંદરો નવાબંદર, વેરાવળ-૨,માધવાડ, પોરબંદર-૨ અને સુત્રાપાડાને વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં જરૂરી આધુનીક વ્યવસ્થાઓ જેમ કે લેન્ડીંગ અને બર્થિંગ ફેસેલીટી, ઓકશન હોલ, બ્રેકવોટર તથા મત્સ્ય પકડાશનાં જથ્થા ને આરોગ્યપ્રદ સ્થિતિમાં જાળવી રાખવા માટેની સુવિધાનો સમાવેશ થાય છે. ઉપરોકત પાંચ બંદરોના વિકાસ માટે Fisheries aquaculture Infrastructure development Fund(FIDF) અંતર્ગત The National Bank for Agriculture and Rural Development (NABARD) દ્વારા ₹ ૭૫૦.૦૦ કરોડની લોન મંજુર થયેલ છે.
- ઉપરોકત પાંચ મત્સ્ય બંદરોના વિકાસ માટે યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૯૬.૬૬ કરોડ ની જોગવાઈનો નાણાં વિભાગ દ્વારા સ્વીકાર કરવામાં આવેલ. જે અંગેની વિગતો કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર પ્રકાશન નં.૩ પાના નં.૧૫૬ ઉપર દર્શાવાયેલ છે. સદર યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૯૬૬૬.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવા અંગે સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે સરકારશ્રીની વહીવટી મંજુરી મળ્યાબાદ જોગવાઈ સુચવવા અંગે નિર્ણય કરવાનો થાય.
- રાજ્યમાં ૫ (પાંચ) નવા બારમાસી મત્સ્ય બંદરો પૈકી નવાબંદરને મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા વિકસાવવાની કાર્યવાહી વાપ્કોસ કુ.લી. એજન્સી દ્વારા થઇ રહેલ છે. જેના ડી.પી.આર. એજન્સી દ્વારા રજુ કરવામાં આવેલ છે. જ્યારે વેરાવળ-૨, માધવાડ, અને સુત્રાપાડાના પ્રોજેકટને ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ડીપોઝીટરી વર્ક તરીકે કામગીરી કરવાનો સરકારશ્રી દ્વારા નિર્ણય થયેલ છે. જ્યારે પોરબંદર-૨ મત્સ્ય બંદર માટે સ્થળમાં ફેરફાર થતાં નવા આખરી થયેલ સ્થળની જગ્યા ગુજરાત મેરીટાઈમ બોર્ડ ના તાબા હેઠળની હોવાથી ગુ.મે.બો.નું ના વાંધા પ્રમાણપત્ર માંગવામાં આવેલ છે.

INDEX

બાબતઃ (૪) ૨૪૦૫-૦૦૧-૦૧- એફએસએચ-૧૮- આયુકતશ્રી અને જિલ્લા અધિકારીઓ રાજ્ય આયોજન યોજના આઉટ સોર્સીંગથી નવા વાહનો મેળવવા બાબત. (નવી બાબત.)

- ગુજરાત રાજ્યને કુદરતી વારસા તરીકે મળેલ ૧૬૦૦ કિ.મી. સમુદ્રના કિનારાને કારણે મત્સ્યોદ્યોગનો વિકાસ ખૂબ સારા પ્રમાણમાં થયેલ છે. દરિયાઈ મત્સ્યોદ્યોગ સાથે આંતરદેશીય મત્સ્યોદ્યોગનો પણ સારા પ્રમાણમાં વિકાસ થયો છે. સરકારી યોજનાઓનો લાભ અંતિમ લાભાર્થી સુધી પહોંચાડવા માટે તેમજ અતિવૃષ્ટી, વાવાઝોડા જેવી કુદરતી આફતો તેમજ આંતરરાષ્ટ્રીય દરિયાઇ સુરક્ષા વગેરે જેવા આકસ્મીક સંજોગોમા પહોંચી વળવા માટે કચેરીમાં સરકારી વાહન હોવુ અતિ આવશ્યક બની રહે છે. જેથી મત્સ્યોદ્યોગ કમિશ્નરની કચેરી માટે (૨) બે અને જિલ્લા કચેરીઓ માટે કુલ-૨૧ (એકવીસ) મળીને કુલ ૨૩ (ત્રેવીસ) વાહનની જરૂરીયાતને ધ્યાને લઈ નવા વાહન ખરીદી કરવા માટે મુખ્ય સદર : ૨૪૦૫,૦૦,૦૦૧,૦૧- FSH-18, આયુક્ત અને જિલ્લા અધિકારીઓ આયોજન યોજના તળે વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિભાગ-૨ હેઠળ નવી બાબત તરીકે ₹ ૧૭૮.૦૦ લાખની યોજનાને મંજૂરી આપવા તથા જરૂરી બજેટ જોગવાઈ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાણાં વિભાગ દ્વારા ₹ ૧૦૩.૫૦ લાખની જોગવાઈનો સ્વીકાર કરવામાં આવેલ. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ત્રેવીસ (૨૩) નવા વાહનોની સેવાઓ બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૬-૦૩-૨૦૧૯ ના ઠરાવ અનુસાર જે અધિકારીશ્રીને મળવાપાત્ર હોય તેઓને જ તે જ પ્રકારના વાહનોની સેવાઓ આઉટસોર્સથી માન્ય એજન્સી પાસેથી મેળવવા નવી બાબત (૦૬-૨૪૦૫-૦૦૧-૦૧)ને મહેસુલી સદર હેઠળ ₹ ૧૦૩.૫૦ લાખ (અંકે રુપીયા એકસો ત્રણ લાખ અને પચાસ હજાર પુરા) ના (સામાન્ય) અંદાજની જોગવાઈને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.
- નવી બાબતની મંજુરી માહે ઓકટોબર-૨૧ મળેલ હોય, નવા વાહનોની સેવા આઉટ્સોર્સથી મેળવવાની કાર્યવાહી જિલ્લા કક્ષાની કચેરીઓ દ્વારા કરવાની હોય, જેની કાર્યવાહી થઈ રહેલ છે. માહે નવેમ્બર-૨૧ થી ફેબ્રુઆરી-૨૨ એમ ૪ માસના સંભવિત ₹ ૨૫.૦૦ લાખ ખર્ચ થનાર છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માં અન્ય જિલ્લા કચેરીઓની જરૂરીયાત ને ધ્યાને લઈ વાહનોની સેવાઓ આઉટસોર્સથી માન્ય એજન્સી પાસેથી મેળવવા ચાલુ બાબત તરીકે ₹ ૧૦૩.૫૦ લાખ ના (સામાન્ય) અંદાજની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

બાબતઃ (૫) - માંગણી નં.૮૫, મુખ્ય સદરઃ ૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઈ

- મત્સ્યોદ્યોગ વિભાગ તળેની કચેરીના મકાનો અને કર્મચારી નિવાસોમાં સુધારા અને ફેરફારની કામગીરી માર્ગ અને મકાન વિભાગ પાસે કરાવવાં, અને આ કામો માટે માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્ર હેઠળના માંગણી નં.૮૫, મુખ્ય સદરઃ ૪૨૧૬-આવાસન અંગે મૂડી-ખર્ચ જોગવાઇ, ગૌણ સદરઃ૭૦૦-અન્ય આવાસન, પેટા સદરઃ(૨૪)-કૃષિ વિભાગ માટે મત્સ્ય-ઉદ્યોગ મકાનોનું બાંધકામ, હેતુ સદરઃપ૩૦૦-મોટા કામ, મત્સ્યોદ્યોગ વિભાગના કચેરીના મકાનો અને કર્મચારી નિવાસોમાં સુધારા અને ફેરફાર આયોજન યોજના તળે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૦૦.૦૨ લાખની ટોકન જોગવાઈ રાખવામાં આવેલ છે. સિક્કા કચેરીનું કામ પુર્ણ થવામાં છે. જ્યારે માંગરોળ કચેરીનું કામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ટેન્ડરીંગની કાર્યવાહી પુર્ણ થયેથી તથા પ્રોગ્રેસ રીપોર્ટ મળ્યાબાદ આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે જોગવાઈ રાખવા નિર્ણય થઈ શકશે.

(૨) **એક્વાકલ્ચર મત્સ્યોદ્યોગ :**

ગુજરાત રાજ્યના કાંઠા વિસ્તારમાં આવેલ નવ જેટલા જિલ્લાઓમાં દરીયાકાંઠા વિસ્તારમાં કુલ ૩.૭૬ લાખ હેકટર ખારખાંજણની જમીન આવેલ છે. જે ખેતી લાયક નથી પરંતુ આ વિસ્તારમાં ઝીંગા ઉછેર પ્રવૃત્તિ હાથ ધરી શકાય તેમ છે. રાજ્યમાં ઉપલબ્ધ ખાર લેન્ડ પૈકી ૧.૮૭ લાખ હેકટર એકવાકલ્ચર માટે ફળદ્રુપ જણાય છે. ખાતા દ્વારા હાથ ધરાયેલ મોજણી મુજબ આશરે ૮૯ હજાર હેકટર જમીન એકવાકલ્ચર માટે અનુકુળ જણાય છે. આ અનુકુળ જમીનમાં ઝીંગા ઉછેરની પ્રવૃત્તિનો વિકાસ કરવા અને વેગવંતો બનાવવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાનો અમલ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ભાંભરાપાણી મત્સ્યોદ્યોગની યોજના અમલીકરણ માટે માસ્ટર મેપીંગ, તાલીમ, નવા શ્રીમ્પ ફાર્મ બાંધકામ તેમજ ફાર્મ સુધારણા ઉપર સહાય, ઝીંગા ઉછેર ફાર્મને માળખાકીય સવલતો પૂરી પાડવી, એરેટર ઉપર સહાય, સી વીડ ઉછેર માટે સહાય, બર્ડ /ડોગ ફેન્સીંગ તેમજ પ્રોન હેચરી માટેની સ્થાપના, ઈટીએસ બાંધકામ પર સહાય તથા ઝીંગાનો ખોરાક તથા બીજ પર સહાયની જોગવાઈ રાખવામાં આવેલ છે. જુદી જુદી યોજનાના ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઈ સાથે ચાલુ રાખવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ભાંભરાપાણીમાં ક્રીકમાં એશિયન સીબાસનો કેજમાં ઉછેર કરીને દક્ષિણ ગુજરાતનાં મત્સ્ય ખેડૂતોને રોજગારી પૂરી પાડવાની નવી બાબત મંજુર થયેલ છે. જે અન્વયે ₹ ૪૫.૧૦ લાખનો ખર્ચ થયેલ છે તેમજ ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં એફ.એસ.એચ.-૫, ૧૦૨/૦૨, ભાંભરાપાણીમાં મત્સ્યોદ્યોગનો વિકાસ યોજના તળે ₹ ૧૫.૭૫ લાખનો ખર્ચ થયેલ છે.

INDEX

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ ભાંભરાપાણીમાં મત્સ્યોદ્યોગની યોજના અમલીકરણ માટે માસ્ટર મેપીંગ, તાલીમ, નવા શ્રીમ્પ ફાર્મ બાંધકામ તેમજ ફાર્મ સુધારણા ઉપર સહાય, ઝીંગા ઉછેર ફાર્મને માળખાકીય સવલતો પૂરી પાડવી, એરેટર ઉપર સહાય, સી વીડ ઉછેર માટે સહાય, બર્ડ /ડોગ ફેન્સીંગ તેમજ પ્રોન હેચરી માટેની સ્થાપના, ઈટીએસ બાંધકામ પર સહાય તથા ઝીંગાનો ખોરાક તથા બીજ પર સહાયની જોગવાઈ રાખવામાં આવેલ છે જુદી જુદી યોજનાઓ માટે ₹ ૭૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવે છે.

(૩) **આંતરદેશીય મત્સ્યોદ્યોગ :**

આ કાર્યક્રમ હેઠળ આદિવાસી તથા બિન આદિવાસી મત્સ્યબીજ ઉત્પાદન માટે સાધનો ઉભા કરવા ફીશફાર્મમાં જરૂરી સુધારા વધારા કરવા તળાવમાં લાભાર્થી દ્વારા મત્સ્ય ઉછેર કરાવવા તથા તળાવ સુધારણા કરવા વગેરેનો સમાવેશ થાય છે.

આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્રે નીચે જણાવેલ ત્રણ જુદી જુદી યોજનાઓ અમલમાં છે.

(૧) આંતરદેશીય મત્સ્યોદ્યોગ સામાન્ય યોજના : (૧૦૧/૦૨, એફ.એસ.એચ-૨)

આંતરદેશીય મત્સ્યોદ્યોગના વિકાસ સામાન્ય જે સમગ્ર રાજ્યમાં અમલમાં છે. તે હેઠળ મત્સ્ય બીજ ઉત્પાદન, મત્સ્યબીજ ઉછેર, ફાર્મ સુધારણા, જળાશયમાં મત્સ્ય ઉછેર, માછલી વેચાણ માટે સાધનો ઉપર સહાય, બોટજાળની ખરીદી ઉપર રાહત, પ્લાસ્ટીક કેટ, ઈન્સ્યુલેટેડ બોક્ષ અને પગડીયા માછીમારોને સહાય વિગેરે કાર્યક્રમો અમલમાં મુકવા સુચવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે રાજ્ય યોજનામાં ચાલુ બાબત ની કુલ ₹ ૧૨૧૦.૧૭ લાખની યોજનાની જોગવાઈ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાજ્ય યોજનામાં ₹ ૩૦૯૮.૦૦ લાખ ચાલુ બાબત યોજનાઓ સુચવવામાં આવશે.

(૨) ખાસ અંગભુત યોજના : (૮૦૦/૦૧, એફ.એસ.એચ-૨)

વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૫૦.૦૦ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે. આ યોજનામાં મત્સ્યબીજ ઉછેર માટે પ્રોત્સાહન, બોટ-જાળ ઉપર સહાય, અનુસુચિત જાતિની વ્યકિતઓને મત્સ્ય વેચાણ સહાય, જળાશયોમાં મત્સ્યબીજ/ઝીંગા બીજ સંગ્રહ માટે સહાય, માછીમારોને તાલીમ તથા આવાસની સુવિધાઓ વગેરે યોજનાઓનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૨૪૧.૦૦ લાખની ચાલુ બાબતની જોગવાઈ સુચવવામાં આવશે. જેમાં મત્સ્યબીજ ઉછેર, સંગ્રહ, બોટ-જાળ ઉપર સહાય, મત્સ્ય વેચાણ સહાય, માછીમારોને તાલીમ તથા આવાસ, ફીશ કલેકશન કમ પેટ્રોલીંગ બોટ વગેરે કાર્યક્રમોનો સમાવેશ છે. ઉપરોક્ત કાર્યક્રમોના અમલ કરવાથી અનુ. જાતિના લાભાર્થીઓને વિવિધ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવશે.

(૩) આદિજાતિ વિસ્તાર પેટા યોજના : (૭૯૬/૨, એફ.એસ.એચ-૨)

આ કાર્યક્રમ હેઠળ જુદી જુદી યોજનાઓ હેઠળ ૨૦૨૧-૨૨ વર્ષ માટે ₹ ૧૦૭૯.૮૫ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે. આ યોજના હેઠળ આદિજાતી વિસ્તારમાં મત્સ્યબીજ ઉત્પાદન, ફીશફાર્મની સુધારણા, બેરોજગાર આદિવાસીઓને મત્સ્યબીજ ઉછેર, માછીમારી માટેના સાધનોની ખરીદી વગેરે બાબતો ઉપર રાહત, નબળા વર્ગના યુવાન માછીમારોને આંતરદેશીય મત્સ્યોદ્યોગની તાલીમ અને માસિક શિષ્યવૃતિ આપવી તેમજ મત્સ્યબીજ/ઝીંગાબીજ સંગ્રહ પર સહાય આપવી. ઉપરોકત કાર્યક્રમો હાથ ધરી આદિવાસીઓને રોજગારી પુરી પાડવા સહીત આંતરદેશીય મત્સ્યોદ્યોગનું ઉત્પાદન વધારવાનો ઉદ્દેશ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૩૯૬૨.૦૦ લાખની ચાલુ બાબત ઉક્ત ઘટકો માટે જોગવાઈ સુચવવામાં આવશે.

આમ ઉપરોકત ત્રણેય યોજનાઓ દ્વારા રાજ્યના તમામ આંતરદેશીય ક્ષેત્રો અને તમામ માછીમાર વર્ગોના સર્વાગી વિકાસના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

(૪) કામધેનુ યોજના : (૭૯૬/૧૫)

આ કાર્યક્રમ હેઠળ ૨૦૨૧-૨૨ વર્ષ માટે ₹ ૪૦.૨૭ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તાર પેટા યોજના તળે એસ્ટાબ્લિશમેન્ટ ઓફ કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ નવસારી ખાતે મહેકમ, રીકરીંગ, નોન-રીકરીંગ ખર્ચની યોજનાને ₹ ૧૦૨.૦૦ લાખના ખર્ચે વર્ષ : ૨૦૨૨-૨૩માં ચાલુ રાખી મત્સ્ય વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક તેમજ અનુસ્નાતક શિક્ષણ દ્વારા મત્સ્ય નિષ્ણાતો પ્રશિક્ષિત કરી ગુજરાતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રની જરૂરિયાતને સંતોષવી તથા મત્સ્યોદ્યોગક્ષેત્રે વિસ્તારની જરૂરીયાતને અનુરૂપ મીઠાપાણી દરિયાઈ/ભાંભરાપાણી/મત્સ્યોદ્યોગ પર સંશોધનો હાથ ધરવા, મત્સ્યોદ્યોગને લગતી તાંત્રિકતાઓનો પ્રચાર અને પ્રસાર કરવાનો ઉદ્દેશ છે.

INDEX

(૫) પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (કેન્દ્ર પુરસ્કૃત હેઠળ) (૦૬-૨૪૦૫-૧૦૩-૧૫)

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત રાજ્યના મત્સ્યોદ્યોગ માટે આત્મનિર્ભર પેકેજ હેઠળ જાહેર કરેલ ચાલુ બાબતને વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૬૦૦.૦૦ લાખની જોગવાઈ સાથે ચાલુ બાબત તરીકે મંજુરી આપવામા આવેલ છે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનામાં ઉક્ત ₹ ૨૬૦૦.૦૦ લાખની જોગવાઈ તબદીલ કરી વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ જોગવાઈ ₹ ૧૬૭૯૮.૨૯ લાખ જે પૈકી રાજ્ય સરકારશ્રી દ્વારા મત્સ્યોદ્યોગ માટે જાહેર કરેલ ગુજરાત આત્મનિર્ભર પેકેજ માટે ₹ ૬૮૧૬.૮૮ લાખ રાજ્ય ફાળા પેટે તથા ₹ ૯૯૮૧.૪૧ લાખ કેન્દ્ર સરકારશ્રીનાં ફાળા પેટે મળીને કુલ ₹ ૧૬૭૯૮.૨૯ લાખ ની ચાલુ બાબત તરીકે વર્ષ ૨૦૨૨-૨૩માં વહીવટી મંજુરી આપવા વિનંતી કરવામા આવેલ છે.

ઉકત વિગતે ભારત સરકારશ્રીની પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનામાં વિવિધ ઘટકો માટે સમાવેશ થયેલ છે. કેન્દ્ર સરકારશ્રીની ગાઈડ લાઈન્સ મુજબ કુલ સહાય ૪૦ ટકા જેમાં ભારત સરકારશ્રીનો ફાળો ૬૦ ટકા અને રાજ્યનો ફાળો ૪૦ ટકા લેખે રહેશે. સદરહુ મંજુરીમાં ભારત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ફેરફાર કરવામાં આવશે તે માન્ય રહેશે.

(૪) દરીયાઈ મત્સ્યોદ્યોગ :

(અ) ૧૦૩/૦૧, એફ.એસ.એચ.-૭, દરિયાઇ સાધનો વધારવા અન્ય પુર્વ જરૂરી સવલતો પુરી પાડવી તળે નીચે મુજબના કાર્યક્રમોનું અમલીકરણ થાય છે.

(૧) માછીમારોને ઈલેકટ્રીક સાધનો પુરા પાડવા.

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૫.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨) લાઈફ સેવીંગ એપ્લાયન્સીસ

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૮૦.૦૦ લાખની બજેટ જોગવાઇ અને કુલ ૪૦૦ બોટોને લાઈફ સેવીંગ એપ્લાયન્સીસ પુરા પાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૩) પગડીયા માછીમારોને સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૭.૨૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ કાર્યક્રમ તળે ₹ ૭.૨૦ લાખની બજેટ જોગવાઇ સાથે કુલ ૧૦૦ પગડીયાઓને આવરી લેવાનો લક્ષ્યાંક છે.

(૪) પાકિસ્તાન કબજાગ્રસ્ત કુટુંબોને આર્થિક સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૩૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જે હાલ પાકિસ્તાન ખાતે જેલમાં રહેલ માછીમારોના કુટુંબીજનોને માછીમાર જે તારીખે પકડાય ત્યારથી તે પાકિસ્તાન જેલમાંથી મુકત થાય ત્યાં સુધી ₹ ૩૦૦/ લેખે દૈનિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં માહે ઓકટોમ્બર ૨૦૨૧ સુધીમાં ૩૪૦ માછીમાર કુટુંબોને ₹ ૨૪૨.૦૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. જયારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૫૦૦.૨૦ લાખની બજેટ જોગવાઇ રાખવામાં આવેલ છે.

(૫) દરીયાઈ મત્સ્ય કેન્દ્રો ખાતે બોટોને ટોકન આપવા માટે ફીશરીઝ ગાર્ડની સેવા લેવા બાબત

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યના દરીયાઇ જીલ્લાઓમાં ફીશીંગ માટે દરીયામાં જતી બોટોને ટોકન આપવાની કામગીરી માટે ₹ ૨૫૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. માહે ઓકટોમ્બર ૨૦૧૯ સુધીમાં ₹ ૧૦૮.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જયારે ૨૦૨૨-૨૩માં ₹ ૨૫૫.૦૦ લાખની બજેટ જોગવાઇ રાખવામાં આવેલ છે.

(૬) ૪ ઈંચ ઉપરની મેશ સાઇઝની ગીલનેટની ખરીદી ઉપર સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૨૫.૦૦ લાખની બજેટ જોગવાઇ રાખવામાં આવેલ છે. અને કુલ ૧૦૦ બોટ માલિકોને ગીલનેટની ખરીદી ઉપર સહાય આપવાનું આયોજન છે.

(૭) માછીમારી બોટોને ટોઈલેટની સુવિધા પુરી પાડવી

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઇ રાખીને કુલ ૧૦ બોટોને ટોઇલેટ પુરા પાડવાનો લક્ષ્યાંક છે.

INDEX

(૮) માછીમાર મહિલાઓને માર્કેટીંગ માટે સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૦.૩૭૫ લાખની બજેટ જોગવાઇ સુચવેલ છે.

(૯) માછીમારી બોટોમાં સોલાર લાઈટની સુવિધા પુરી પાડવી

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૦.૫૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવેલ છે.

(૧૦) મચ્છીના છુટક વેપારીઓને તથા એફ.આર.પી. બોટ માલિકોને ઈન્સ્યુલેટેડ બોક્ષની ખરીદી ઉપર સહાય આપવી.

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૩.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૭.૫૦ લાખની બજેટ જોગવાઇ રાખીને કુલ ૫૦૦ માછલીના છુટક વેપારીઓને ઇન્સયુ.બોક્ષ પુરા પાડવાનું આયોજન છે.

(૧૧) ફલેક આઇસ સ્લરીની ખરીદી ઉપર સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૫.૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧ બોટને ફલેક આઇસ પુરા પાડવાના લક્ષ્યાંકથી ₹ ૫.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૧૨) ઓટોમાઇઝેશન ઓફ બોટ મુવમેન્ટ

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઇ સુચવેલ છે.

(૧૩) માછીમારી બોટોને જીપીએસની ખરીદી ઉપર સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૪.૮૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. અને તેની સામે ૭૪ બોટોને જીપીએસથી આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨.૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૪૦.૦૦ લાખની જોગવાઇથી ૨૦૦ બોટોને જીપીએસથી આવરી લેવાનું આયોજન છે.

(૧૪) સી કેઇજ કલ્ચરની ખરીદી ઉપર સહાય

વર્ષ ૨૦૨૨.૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૯.૩૬ લાખની જોગવાઇ રાખવા સુચવેલ છે.

(૧૫) પ્રોસેસીંગ પ્લાન્ટ અપગ્રેડેશન

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ- ૦૧ યુનિટોને આવરી લેવાનો લક્ષ્યાંક સાથે ₹ ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ રાખેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં આ કાર્યક્રમ તળે ૨ યુનિટ માટે ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૧૬) વેલ્યુ એડેડ મશીનરીની ખરીદી ઉપર સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ રાખેલ છે.

વર્ષ ૨૦૨૦-૨૧માં આ કાર્યક્રમ માટે ₹ ૨૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૧૭) સોલાર ડ્રાયરની ખરીદી ઉપર ૫૦ ટકા સહાય

વર્ષ ૨૦૨૨-૨૩માં આ કાર્યક્રમ માટે સોલાર ડ્રાયરની ખરીદી ઉપર ₹ ૧૦.૦૦ લાખની જોગવાઇ સુચવેલ છે.

(૧૮) સહકારી મંડળીઓ, ખાનગી એકમો, ઉદ્યોગ સાહસિકો તથા અન્યને નવા પ્રોસેસીંગ યુનીટની સ્થાપના માટે સહાય

વર્ષ ૨૦૨૨-૨૩માં આ કાર્યક્રમ માટે ₹ ૧૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૧૯) ફીશ માર્કેટની સ્થાપના માટે સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

INDEX

(૨૦) રેફ્રીઝરેટરવાન માટે સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨૧) ડીપ ફ્રીઝર માટે સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨૨) ફાઇબર રોપની ખરીદી પર સહાય (વાયર રોપ)

વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૦ લાભાર્થીઓને ફાઇબર રોપની ખરીદી પર સહાયના લક્ષ્યાંક માટે ₹ ૨૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે

વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦૦૦ લાભાર્થીઓને ફાઇબર રોપની ખરીદી પર સહાયના લક્ષ્યાંક માટે ₹ ૧૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨૩) દરિયાઈ ફીશિંગ બોટો માટે નવાં એન્જીન ખરીદવા માટે ૨૫% સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૬૮.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૧૦૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે

(૨૪) ખાનગી એકમો ઉદ્યોગ સાહસિકો તથા અન્ય દ્વારા આઇસ પ્લાન્ટ અને કોલ્ડ સ્ટોરેજ ની સ્થાપના માટે સહાય

વર્ષ ૨૦૨૦-૨૧માં ૨ આઈસ પ્લાન્ટ પર સહાયના લક્ષ્યાંક માટે ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૬ આઈસ પ્લાન્ટ પર સહાયના લક્ષ્યાંક માટે ₹ ૮૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨૫) ૨ સ્ટ્રોક ૪ સ્ટ્રોક આઈબીએમ/ઓ.બી.એમ.એન્જીનની ખરીદી ઉપર સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૩૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨૬) ફીશીંગ બોટો માટે પ્રોલીપ્રોપલીન રોપની ખરીદી પર સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૮૭.૫૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૭૫.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨૭) દરીયાઈ ફીશીંગ બોટો માટે જમ્બો પ્લાસ્ટીક કેટ તથા મેન્યુઅલી હેન્ડલીંગ સ્ટેકરની ખરીદી પર સહાય

આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૫૯.૬ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૩૨૫.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૧૦૩/૧૭ નીલ ક્રાંતિ યોજના અંતર્ગત ડીપસી ઘટક માટે રાજ્ય ફાળાની ખાસ જોગવાઈ

- આ કાર્યક્રમ તળે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૯૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૨૦૯.૬૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૧૦૩/૧૩ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખાસ કેન્દ્રીય સહાય (બાયોમેટ્રીક કાર્ડ)

- વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કાર્યક્રમ તળે ₹ ૦.૦૧ લાખની ટોકન જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૧૦૩/૧૬ ઓ.બી.એમ. માછીમારી બોટોને કેરોસીનની ખરીદી ઉપર સહાય :

- ઓ.બી.એમ. બોટધારક માછીમારોને જી.એફ.સી.સી.એ.ના પંપો પરથી ખરીદી કરેલ કેરોસીનના બીલ રજુ થયે રીએમ્બર્સમેન્ટ ધોરણે પ્રતિ લીટર ₹ ૨૫/- લેખે માસીક મહત્તમ ૧૫૦ લીટર કેરોસીનની ખરીદી ઉપર રાહત ચુકવવા માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૯૪૯ ઓ.બી.એમ. બોટ ધારકો માટે ₹ ૩૦૦.૦૦ લાખની જોગવાઈ થયેલ. વર્ષ ૨૦૨૧-૨૨માં આ યોજના તળે માહે ઓક્ટોબર સુધી ₹ ૯૭.૮૦ લાખની સહાય ૨૮૦૧ માછીમાર લાભાર્થીઓને આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૯૪૯ ઓ.બી.એમ. બોટધારકોને કેરોસીન ખરીદી પર સહાય ચુકવવા માટે ₹ ૧૦૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૫) વિસ્તરણ અને તાલીમ :

કોઈપણ કામને કાર્યરત કરવા માટે અને નિર્ધારીત પ્રગતિના પંથે ધ્યેય હાંસલ કરવા માટે જે કાર્યક્રમની યોગ્ય રીતે બહોળી પ્રસિદ્ધી અને પ્રસારણ તથા પ્રચાર કરવો અત્યંત જરૂરી છે. વિસ્તરણ કાર્યક્રમ મત્સ્યોદ્યોગના કોઈપણ ઉત્પાદન સાથે સીધી અથવા આડકતરી રીતે સંકળાયેલ છે.

ઉક્ત જરૂરીયાત ને નજર સમક્ષ રાખીને મત્સ્યોદ્યોગ ખાતા તરફથી મત્સ્યોદ્યોગ વિકાસ માટે આડકતરી રીતે માછીમારોમાં સામાજીક અને આર્થિક ઉત્કર્ષ માટે સંચાલન કરતાં કાર્યક્રમની અને યોજનાને બહોળી પ્રસિધ્ધિ જાહેરાત પ્રચાર પ્રસાર અને યોગ્ય સમજણ આપવા માટે વિસ્તરણ એકમ ઉભુ કરવામાં આવેલ છે. જે એકમ ખાતાની નિર્ધારીત પ્રવૃતિઓ કાર્યક્રમમાં પોતાનો હેતુ પાર પાડવા પ્રયત્નશીલ છે.

આ કાર્યક્રમ તળે મત્સ્યોદ્યોગ વિકાસ ઉપર આધારીત અને તેની ઝાંખી કરાવતી દસ્તાવેજી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવે છે. દુરદર્શન કેન્દ્ર ઉપરથી મત્સ્યોદ્યોગ સબંધી કાર્યક્રમો દ્વારા મત્સ્યોદ્યોગની સમજ છેક પ્રજા સુધી પહોચે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. જેના દ્વારા આધુનિક માછીમારીની વૈજ્ઞાનિક પધ્ધતિ ખાતા તરફથી મળતી સુવિધાઓ, માછીમારને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. ઉપરાંત મત્સ્યોદ્યોગ ખાતા સાથે સંકળાયેલ વર્ગની બહુ નજીક જઈ શકાય અને તે સિવાયના વર્ગને પણ આ કાર્યક્રમો / યોજનાની જાણ થાય અને તેઓ મત્સ્યોદ્યોગની લાભદાયી યોજનાઓ પ્રત્યે આકર્ષિત થાય તે હેતુથી મેળાઓ તથા વિવિધ સ્થળે પ્રદર્શનોમાં ભાગ લેવામાં આવે છે. અધિકારી/કર્મચારી દ્વારા મેળા/ પ્રદર્શનમાં મુલાકાતે આવતા સહેલાણીઓને યોજનાઓના રંગીન લેમીનેશન કરાવેલ બોર્ડ, ચાર્ટસ, ફોટોગ્રાફસ, સ્કોલબોર્ડથી માહિતગાર કરાયેલ છે.

કૃષિ મહોત્સવ દ્વારા તેમજ અમદાવાદ/ રાજકોટ/ વડોદરા/ કેન્દ્રો ઉપર મત્સ્યોદ્યોગ વિશે વાર્તાલાપ આપીને મત્સ્યોદ્યોગ યોજનાના લાભાલાભ સમજાવીને મુજવતાં પ્રશ્નોના પ્રત્યુત્તર આપવામાં આવે છે. શિબિર સંમેલનો યોજીને મત્સ્યોદ્યોગ ક્ષેત્રે થયેલ નવી શોધો અથવા વિભાગને લગતાં પ્રશ્નોની છણાવટ કરવામાં આવે છે. ગ્રામ્ય મુલાકાતો લઈને સ્થળ પર જઈને માછીમારોના તળાવોની પરીસ્થિતિનો ક્યાસ કાઢિ તેમને લાભદાયી રીતે સમજ આપવામાં આવે છે. વિસ્તરણ અને તાલીમ કાર્યક્રમ અંતર્ગત સક્રીય માછીમારોને મત્સ્યોદ્યોગ અંગે ટેકનિકલ અદ્યતન માહિતીની આપ-લે કરી પોતાના વ્યવસાયમાં પ્રગતિ કરે તે હેતુસર રાજ્યની બહાર તથા રાજ્યમાં શૈક્ષણિક તાલીમ પ્રવાસ હાથ ધરવામાં આવે છે. ખાતાકીય કર્મચારીઓને વહિવટી, ટેકનિકલ અને ભાષાકીય રીફ્રેશર ટુંકી મુદતની તાલીમ માટે મોકલવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૧૦૯/૦૧, વિસ્તરણ અને તાલીમ યોજના, એફએસએચ-૧૦ હેઠળ ₹ ૧૭૭૪.૦૦ લાખની જોગવાઈ થયેલ છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : એફડીવી/૧૩૨૦૨૧/૨૨/૮ તા.૨૧/૦૫/૨૦૨૧ થી ₹ ૪૪૪.૮૫/- લાખની યોજના (૧) આઈડીફીકેશન એન્ડ ડોક્યુમેન્ટેશન ઓફ મરીન ફિશ બાયોડાવસીર્ટી યુઝીંગ માઈટોકોન્ડીયલ ડીએનએ બારકોડીંગ એન્ડ ફિશરીઝ કોલેજ, વેરાવળ (૨) સ્ટ્રેન્થીંગ ઓફ ડીપાર્ટમેન્ટ ઓફ એક્વાકલ્ચર વેરાવળ (૩) સ્ટ્રેન્થીંગ ઓફ ફિશ પ્રોસેસીંગ ટેકનોલોઝી ડીપાર્ટમેન્ટ ફીશરીઝ કોલેજ વેરાવળ (૪) સ્ટ્રેન્થીંગ ઓફ કોલેજ લાઈબ્રેરી ઓફ ફીશરીઝ કોલેજ વેરાવળ (૫) અપ ગ્રેડેશન ઓફ ફીશરીઝ કોલેજ વેરાવળ (૬) એસ્ટ્રાબ્લીસમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીલ ટ્રેનીંગ ઈન્સ્યુટ ફોર ફિશીગ ટેકનોલોજી જાફરાબાદ (૭) એસ્ટ્રાબ્લીસમેન્ટ ઓફ ડીપાર્ટમેન્ટ ઓફ ફીશરીઝ એન્જી. એન્ડ કોમ્પ્યુટર લેબોરેટરી જુનાગઢ (૮) વેલ્યુ એડેડે પ્રોડક્ટ ફોમ ફિશ/સેલ જુનાગઢ (૯) ડેવેલોપમેન્ટ એન્ડ એક્વાએગ્રો મોડેલ ફોર કોસ્ટલ એરીયાઝ ઓફ ગુજરાત, નવસારી (૧૦) એસ્ટ્રાબ્લીસમેન્ટ ઓફ ડેમોસ્ટ્રેશન કમ ટ્રેનીંગ સેન્ટર, ઈંગ્લેન્ડ ફીસરીઝ, નવસારી (૧૧) ફીશરીઝ ડેવલોપમેન્ટ થ્રુ FFDA મુન્દ્રા, દાંતીવાડા થી મંજુર કરવામા આવેલ છે. તથા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એફડીવી/૧૩૨૦૨૦/૧૨૩૪/૮ તા.૨૫/૦૫/૨૦૨૧ (૧) એસ્ટ્રાબ્લીસમેન્ટ ઓફ એક્સલેન્સ ઈન એક્વા કલ્ચર અને સ્ટ્રેન્થીંગ ઓફ પી.જી. એજ્યુકેશન ઈન ફીશરીઝ એસ પર ICAR Norms ₹ ૧૬૧.૦૦ લાખ તથા (૨) એસ્ટ્રાબ્લીસમેન્ટ ઓફ ફીશરીઝ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ એટ રાજપુર, હિંમતનગર - બાંધકામની યોજના ₹ ૧૦૦૦.૦૦ લાખ તથા (૩) એસ્ટ્રાબ્લીસમેન્ટ ઓફ ફીશરીઝ સેન્ટર ફોર પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ એટ ધ કેમ્પસ ઓફ રાજપુર, હિંમતનગર ₹ ૩૮૦.૦૦ લાખ (૪) એસ્ટ્રાબ્લીસમેન્ટ ઓફ સેન્ટર ઓફ એક્સલેન્સ ફોર એક્વા કલ્ચર એટ ઉકાઈ - ₹ ૧૧૬.૦૦ લાખ.

ઑક્ટોબર અંતિત ફિલ્મ શો-૪૮, પ્રદર્શન-૨૪, શિબિરો/સંમેલનો-૧૦, ટી.વી.વાર્તાલાપ-૩, રેડીયો વાર્તાલાપ-૩ અને ચોપાનીયા/બુકલેટ-૪ની પ્રસિધ્ધ કરેલ છે. ૪૨ ખાતાના અધિકારી / કર્મચારીને તાલીમની સિધ્ધી થયેલ છે. યુવાન માછીમારોને પોરબંદર તાલીમ કેન્દ્ર ખાતે જુદા જુદા તાલીમ કાર્યક્રમ હેઠળ કુલ ૨૯ તાલીમાર્થીઓને આવરી લીધેલ છે. ઝિંગાં ઉછેર વિષય ઉપર ડોકયુમેન્ટરી ફીલ્મ બનાવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના હેઠળ ૨૫૦૪.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત જાહેરાત અને વિસ્તરણ કાર્યક્રમ હેઠળ ફિલ્મ શો, પ્રદર્શન, શિબિરો/ સંમેલનો, ટી.વી. વાર્તાલાપ, રેડીયો વાર્તાલાપ અને

ચોપાનીયા/બુકલેટ ની પ્રસિધ્ધી ખાતાકીય અધિકારી/કર્મચારી વર્ગને તાલીમ, શેરી નાટકો વગેરેની કામગીરી હાથ ધરવામાં આવશે. યુવાન માછીમારોને પોરબંદર તાલીમ કેન્દ્ર ખાતે મત્સ્યદ્યોગના વિવિધ વિષયોને લગતી તાલીમ આપવામાં આવશે.

એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેન્ટર ઓફ એકસેલન્સ ઈન એક્વાકલ્ચર કામધેનુ યુનિવર્સીટીની મારફત બ્લુ રીવોલ્યુશનન અંતર્ગત ગુજરાત રાજ્યમાં જળાશયો અને દરીયાઈ વિસ્તારના લોકો માટે આધુનિક પ્રણાલી મુજબની કેજ કલ્ચરની તાલીમ અને કેજ બનાવવાની ટેકનીક, ગુજરાત રાજ્યમાં ઓછા પાણી પ્રભાવિત જિલ્લાઓમાં મત્સ્યઉછેર કરવા માટે RAS ટેકનોલૉજીની તાલીમ, મત્સ્યોદ્યોગની તાલીમો અને રાજ્યમાં મત્સ્યપાલક/ખેડૂતો માટે નવી ટેકનોલૉજી સાથે પ્રયોગશાળામાં ઉપરોક્ત વિષયમાં બયોફલોક, એક્વાપોનોક્સ, એક્વાસ્કેપીગ, એડવાન્સમેન્ટ ઈન ડીસીસ ડાયગ્નોસિસ, ઈન્ટીગ્રેટેડ એક્વાકલ્ચર, રીસન્ટ, અપ્રોચ ટુ શ્રિમ્પ ફાર્મિંગ, પર્લકલ્ચર, રંગીન માછલી ઉછેર- બ્રીડીંગ તથા મીઠા પાણીના જીંગા અને માછલીના વ્યવસાય અંગેની રોજગારીલક્ષી તાલીમ કામધેનુ યુનિવર્સીટી દ્વારા આપવાની રહેશે. આ ઉપરાંત કામધેનુ યુનિવર્સીટી મત્સ્યવિજ્ઞાન ક્ષેત્રે અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ અને સંશોધન સંસ્થા ચલાવી રહ્યુ છે.

(૬) **માછીમારોની કલ્યાણકારી યોજનાઓ :**

૮૦૦/૦૫ ડીઝલ વેટ રાહત યોજના :

- ૨૦ મી. થી ઓછી લંબાઈની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઈસ્પીડ ડીઝલ ઓઈલ પરની વેટ રાહત યોજનાનો લાભ એક કે તેથી વધુ ૨૦ મી. થી ઓછી લંબાઈની યાંત્રિક હોડીઓ ધરાવનાર રાજ્યના તમામ ડીઝલકાર્ડ ધારક માછીમારોને મળે છે. ૨૦ મી. થી ઓછી લંબાઈની બધી જ યાંત્રીક બોટના એન્જિનના હોર્સ પાવર વાઈઝ અને વાર્ષિક મહત્તમ ડીઝલના મળવાપાત્ર ક્વોટાની મર્યાદામાં મહત્તમ પ્રતિ લીટર ₹ ૧૫/- વેટ રાહત આપવામાં આવે છે.
- માછીમારોને સદરહુ યોજના તળે ડીઝલ વેટ રાહતનો લાભ લાભાર્થીના રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલાવેલ ખાતામાં સીધા જમા કરાવવામાં આવે છે. આ યોજના માટે ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૫૦૦૦.૦૦ લાખ મંજૂર થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આ યોજના તળે માહે ઓક્ટોબર સુધી ₹ ૧૧૧૬૯.૬૮ લાખની સહાય ૯૨૭૦ માછીમાર લાભાર્થીઓને આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૩૭૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

૧૨૦/૦૨ માછીમાર અકસ્માત સહાય યોજના :

- આ યોજના અંતર્ગત માછીમારોને નીચે મુજબ લાભ આપવામાં આવે છે.

  ૧. રાજ્યના સક્રીય માછીમાર સમુદ્રમાં માછીમારી વખતે કુદરતી આપત્તિ / અકસ્માતને કારણે અવસાન પામે તો તેના કાયદેસરના વારસદારને ₹ ૨,૦૦,૦૦૦/- ની સહાય મળવાપાત્ર છે.

  ૨. રાજ્યનો સક્રીય માછીમાર માછીમારી વખતે દરીયાઈ વાવાઝોડા અથવા અન્ય કોઈ કુદરતી આપત્તિમાં ગુમસુદા / લાપતા થાય અને એક વર્ષ સુધી તેની લાશ ન મળે તેવા કિસ્સામાં ગુમસુદા/લાપતા માછીમારના કાયદેસરના વારસદારને ₹ ૨,૦૦,૦૦૦/- ની સહાય મળવાપાત્ર છે.

  ૩. રાજ્યનો સક્રીય માછીમાર માછીમારી વખતે પાકીસ્તાન મરીન ઓથોરીટી દ્વારા પકડાય અને પાકીસ્તાન જેલમાં તેનું અવસાન થવાના કિસ્સામાં આવા માછીમારના કાયદેસરના વારસદારને ₹ ૪,૦૦,૦૦૦/- ની સહાય મળવાપાત્ર છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં આ યોજના તળે ₹ ૨૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આ યોજના તળે ઓક્ટોબર માસ સુધીમાં ₹ ૮.૦૦ લાખનો ખર્ચ થવા પામેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૨૦.૦૦ લાખની જોગવાઈ રાખવા માટે અત્રેથી રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત પાઠવેલ છે.

૧૨૦/૦૨, માછીમાર જુથ અકસ્માત વીમા યોજના :

- ચાલુ નાણાકીય વર્ષમાં પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના તળે માછીમાર જૂથ અકસ્માત વિમા યોજનાને એક ઘટક તરીકે ભારત સરકારશ્રી દ્વારા સમાવેશ કરવામાં આવેલ હોઈ વર્ષ ૨૦૨૧-૨૨માં આ યોજના તળે ₹ ૦.૦૧ લાખની ટોકન જોગવાઈ રાખવામાં આવેલ. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના તળે આ યોજનાનો સમાવેશ ઘટક નં.(14.1) ઈન્સ્યોરન્સ ટુ ફીશર્સ ૧૦૩/૧૫ તળે ૬૦% કેન્દ્ર પુરસ્કૃત (૬૦ :૪૦) યોજના તરીકે થયેલ હોઈ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઉક્ત યોજના માટે કોઈ જોગવાઈ સૂચવવામાં આવેલ નથી.

સહકાર

- સહકારખાતા દ્વારા રાજ્યમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ - ૧૯૬૧, નાણાં ધિરનાર કરનારાઓનો અધિનિયમ - ૨૦૧૧ તથા નિયમો-૨૦૧૩ ગુજરાત અગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમીટી એક્ટ ૧૯૬૩ના અમલીકરણ અંગેની મુખ્ય કામગીરી કરવામાં આવે છે.

- રાજ્યમાં તા. ૩૧/૩/૨૦૨૦ની સ્થિતિએ ૮૧૪૬૮ સહકારી મંડળીઓ હતી. નાણાંકીય વર્ષ-૨૦૨૧ અંતિત રાજ્યમાં ૮૩૧૩૪ નવી સહકારી મંડળીઓની રચના થયેલ છે.
- રાજ્યમાં તા. ૩૧/૩૨૦૨૧ની સ્થિતિએ, ૧ રાજ્ય સહકારી બેંક, ૧ રાજ્ય કૃષિ અને ગ્રામીણ વિકાસ સહકારી બેંક, ૧૮ જિલ્લા સહકારી બેંકો, ૧૦૧૬૬ પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ, ૨૨૩ નાગરીક સહકારી બેંકો, ૬૩૧૭ પ્રાથમિક બીન ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ, ૨૪૧૧ માર્કેટીંગ સોસાયટીઓ ૧૩૫૭ પ્રોસેસીંગ મંડળીઓ, ૧૬૦૮૮ દૂધ મંડળીઓ, ૮૮૧ પશુપાલન મંડળીઓ, ૯૦૦ ફાર્મિંગ સહકારી મંડળીઓ, ૬૯૯ મત્સ્યો ઉદ્યોગ મંડળીઓ, ૨૦૧૭ ગ્રાહક સહકારી મંડળીઓ, ૧૭૫૬૦ હાઉસીંગ મંડળીઓ, ૩૭૫૮ મજૂર કામદાર સહકારી મંડળીઓ, ૧૩૫ જંગલ કામદાર મંડળીઓ,૩૭૭૦ સિચાઇ સહકારી મંડળીઓ,૧૧૪ વાહન વ્યવહાર મંડળીઓ, ૧૦ વિદ્યુત સહકારી મંડળીઓ, ૧૧૭૫૨ બીન ધિરાણ મંડળીઓ, ૫૩ જિલ્લા સહકારી સંઘો/ટોચની સહકારી સંસ્થાઓ, ૩૧ ખાંડ ઉત્પાદક મંડળીઓ, ૪૮૭૨ ઔદ્યોગિક સહકારી મંડળીઓ, મળીને કુલ ૮૩૧૩૪ સહકારી મંડળીઓ કાર્યરત છે.
- રાજ્યમાં ૩૧/૩/૨૧ ની સ્થિતિએ ૨૨૪ બજાર સમિતિ આવેલ છે. રાજ્યની ૨૨૪ બજાર સમિતિમાં વર્ષ દરમિયાન ૧૨૫૪.૦૨ લાખ ક્વીન્ટલ તથા ૩૩૩૪૧.૮૪ કરોડની કિંમતની જણસીનું ખરીદ વેચાણ થયેલ છે.
- રાજ્યમાં તા. ૩૧/૩/૨૦૨૧ની સ્થિતિએ ૧૫૨૫૪ લાયસન્સદારો શાહુકારો આવેલ હતા સને ૨૦૨૦-૨૧ ના નાણાંકીય વર્ષમાં ૧૩૫૬ નવા લાયસન્સ આપવામાં આવેલ છે.
- રાજ્યમાં સહકારી પ્રવૃત્તિ તથા બજાર સમિતિઓનો વૃદ્ધિ વિકાસ થાય તે માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે. ખાતા હસ્તકની જુદી જુદી યોજનાઓ અંતર્ગત રાજ્ય આયોજન યોજનાઓમાં કુલ ૪ સેક્ટરમાં થયેલ પ્રગતિની સેક્ટર/સબ સેક્ટર તથા યોજનાવાર માહિતિ નીચે મુજબ છે.

(૧) ખરીદ વેચાણ અને સંગ્રહ વ્યવસ્થા :

- સને ૨૦૨૦-૨૧ કુલ ₹ ૧૪૪૧૬.૦૧ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે, જે પૈકી સામાન્ય વિસ્તારમાં ₹ ૧૩૪૬૬.૦૧ લાખ તથા આદિજાતિ વિસ્તારમાં ₹ ૯૫૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ, જે પૈકી માહે; નવેમ્બર-૨૦૨૦ અંતિત સામાન્ય વિસ્તારમાં ₹ ૨૨૪.૮૦ લાખ તથા આદિજાતિ વિસ્તારમાં ₹ ૦૭.૭૦ લાખનો ખર્ચ થયેલ છે. બાકીનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ નુ પૂર્ણ થતાં મંજુર કરેલ જોગવાઇ સામે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. આગામી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષ માટે ચાલુ યોજનાઓ હેઠળ ₹ ૧૬૪૮૩.૦૧/- લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે. ચાલુ બાબતમાં સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૫૧૮૩.૦૧ લાખ અને આદિજાતિ વિસ્તારા માટે યોજનામાં ₹ ૧૩૦૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨) કૃષિ બજાર :

- રાજ્યમાં સહકારી તથા બજાર સમિતિ પ્રવૃત્તિઓનો વૃદ્ધિ વિકાસ થાય તે માટે વિવિધ સહાય યોજનાઓ અમલમાં મુકેલ છે.
- સને ૨૦૨૦-૨૧ના વર્ષ માટે સદર સેક્ટર હેઠળ કુલ ₹ ૭૦૬.૦૧ લાખની જોગવાઇ છે. જે પૈકી બજાર સમિતિઓના આધુનિકરણ માટે ₹ ૫૦૦.૦૦ લાખ ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડને સહાય માટે ₹ ૬.૦૦ લાખ તથા, બજાર સમિતિઓમાં ઇ-માર્કેટની સુવિધા ઊભી કરવા સહાય આપવાની યોજનામાં ₹ ૦.૦૧ બજાર સમિતિઓમાં અપની મંડી બજાર આધારીત વેચાણ વ્યવસ્થા માટે સહાય અંગેની યોજના માટે ₹ ૨૦૦.૦૦ લાખની જોગવાઇનો સમાવેશ થાય છે.
- સને-૨૦૨૧-૨૨ માં ₹ ૬૦૬.૦૧ લાખની જોગવાઇ પૈકી ₹ ૫૦૦.૦૦ લાખ બજાર સમિતિઓમાં આધુનિક સગવડો ઉભી કરવા ગુજરાત કૃષિ બજાર બોર્ડને સહાય માટે ₹ ૬.૦૦ લાખ અને બજાર સમિતિઓમાં અપની મંડી બજાર આધારીત વેચાણ વ્યવસ્થાની યોજનામાં ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ થયેલ હતી. જેની સામે બજાર સમિતિઓના આધુનિક સગવડો ઉભી કરવાની યોજના હેઠળ ₹ ૫૦૦.૦૦ લાખ તથા કૃષિ બજાર બોર્ડને સહાય માટે ₹ ૬.૦૦ લાખનો બજાર સમિતઓમાં અપની મંડી બજાર આધિરિત વેચાણ વ્યવસ્થા માટે સહાય અંગેની યોજના માટે ₹ ૫૦.૦૦ લાખનું ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં કપાસ(૩) ચકાસણી પ્રયોગશાળા ઉભી કરવાની યોજનામાં ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ સામે કોઇ ખર્ચ થયેલ નથી. આમ સદર સેક્ટરમાં કુલ ₹ ૫૩૩.૩૬ લાખનો ખર્ચ માર્ચ-૨૧ ના અંતે થયેલ છે.

(૩) નાની સિંચાઇ :

- નાની સિંચાઇ યોજના હેઠળ ખેડૂતો દ્વારા રચાયેલ પિયત સહકારે મંડળીઓ યંત્ર સામગ્રી વસાવવામાં પાઇપ લાઇન માટે સહાય આપવાની યોજના અમલમાં છે.

INDEX

- સદર યોજના હેઠળ સને ૨૦૧૯-૨૦ માટે ₹ ૨૪.૦૦ લાખની કરવામાં આવેલ જોગવાઈ પૈકી સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૭.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૧.૬૭ લાખ તથા ખાસ અંગભૂત વિસ્તાર માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૨.૦૦ લાખ તથા આદિજાતિ વિસ્તાર માટે ₹ ૫૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૦.૦૦ લાખ મળી માર્ચ-૨૦ ના અંતે કુલ ₹ ૩.૬૭ લાખ ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ₹ ૧૫.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે. જે પૈકી સામાન્ય વસ્તાર માટે ₹ ૮.૦૦ લાખ, આદિજાતિ વિસ્તાર માટે ₹ ૫.૦૦ લાખ અને ખાસ અંગભૂત વિસ્તાર માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.
- રાજ્ય સહકારી સંઘને ગ્રાંટ આપવાની યોજનામાં ૨૫૯.૦૦ લાખ ની જોગવાઈ સામે ₹ ૫૦.૦૦ લાખ નો ખર્ચ મળી માહે ૩૦/૧૧/૨૦૨૧ અંતિત ₹ ૬૯.૦૦ લાખ નો કુલ ખર્ચ થયેલ છે.

(૪) **એ.જી.સી-૧ :**

- વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે ₹ ૦.૦૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૫) સહકાર સેકટર :

- સહકાર સેકટરમાં સહકારી કૃષિ ધિરાણ સંસ્થાઓને શેરફાળો આપવો. સહકારી ધિરાણ મંડળીઓને ધિરાણ વૃદ્ધિ, વસુલાત વૃદ્ધિ અને થાપણ વૃદ્ધિ માટે સહાય આપવામાં આવે છે. તેમજ અનુ.જાતિ- જનજાતિના ખેડુત સભ્યોને કૃષિધિરાણ મંડળીમાં સભાસદ થવા માટે શેર મુડી સહાય આપવામાં આવે છે. સહકારી ધિરાણ માળખાને મજબુત બનાવવા જિલ્લા સહકારી બેંકો અને ધિરાણ મંડળીઓને સહાય આપવાનું કામ કરે છે. રાજ્યના ખેડૂતોને જિલ્લા સહકારી બેંકમાંથી મેળવેલ કૃષિ ધિરાણ સામે વ્યાજ સહાય આપવામાં આવે છે.
- આમ, સહકાર ક્ષેત્રે સને ૨૦૨૦-૨૧માં ₹ ૧૪૨૮૦૬.૮૧ લાખની સુધારેલ જોગવાઈ સામે કૃષિ ધિરાણ મંડળીઓને શેરફાળોની યોજનામાં ₹ ૬૦૮.૪૬ લાખની સુધારેલ જોગવાઈ સામે સદરહુ યોજનામાં કોઈ ખર્ચ થયેલ નથી. ધિરાણ સહકારી મંડળીઓની પુન:સ્થાપના માટે નાણાંકીય સહાયની યોજનામાં ₹ ૧૭૫.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૧૭૩.૪૮ લાખનો, કૃષિ ધિરાણ મંડળીઓના અનુ.જાતિ/ જનજાતિના સભ્યોને શેર મુડી સહાયની યોજનામાં ₹ ૧૫.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૧૫.૦૦ લાખનો, પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી.(પેકસ) માટે અનાજ /ખેત પેદાશોના સંગ્રહ શકિતમાં વધારો કરવા નવા ગોડાઉન બનાવવાની યોજનામાં ૩ .૫૩૦.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૫૩૦.૦૦ લાખનો, ન્યુ ગુજરાત પેટર્નની યોજનામાં ₹ ૬૦.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૫૪.૦૦ લાખનો, ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાકીય સહાય માટેનું પેકેજની યોજનામાં ₹ ૨૮૫.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૨૮૦.૪૨ લાખનો,ખાંડ સહકારી મંડળીને ખરીદવેરા / સોફ્ટ લોન સામે વ્યાજ રાહત આપવાની યોજના (જનરલ)ની. યોજનામાં ₹ ૪૬૦.૫૦ લાખની જોગવાઈ સામે કોઈ ખર્ચ થયેલ નથી, અને રાજ્ય સહકારી સંઘને ગ્રાંટ આપવાની યોજનામાં ₹ ૨૫૦.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૨૫૦.૦૦ લાખનો ખર્ચ, ગુજરાત રાજ્યમાં વિપુલ પાક ઉત્પાદનને કારણે કૃષિ વિકાસ વર્ષ દરમ્યાન થયેલ વિપરીત અસરના કારણે ખેડુતોને વ્યાજ રાહત આપવા બાબતની યોજના ₹ ૧૧૩૦૦૦.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૧૧૩૦૦૦.૦૦ લાખનો ખર્ચ, આત્મનિર્ભર યોજના-૧માં ₹ ૧૨૦૦૦.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૧૨૦૦૦.૦૦ લાખનો ખર્ચ, આત્મનિર્ભર યોજના-૨માં ₹ ૫૮૦૦.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૫૮૦૦.૦૦ લાખનો ખર્ચ, રાજ્યના પશુપાલકોનું હિત જાળવવા સ્કિમ મિલ્ક પાવડરના સહકારી દૂધ સંઘોને સ્કિમ મિલ્ક પાવડરની નિકાસમાં રાજ્ય સરકારની નિકાસ સહાય આપવાની યોજનામાં ₹ ૫૧૦૦.૦૦ લાખની જોગવાઈ સામે ₹ ૪૯૬૬.૮૯ લાખનો ખર્ચ, મળી માહે : માર્ચ-૨૧ના અંતે ₹ ૧૪૧૦૭૮.૫૬ લાખનો કુલ ખર્ચ થયેલ છે.
- સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે વિવિધ યોજનાઓ હેઠળ કુલ ₹ ૧૧૬૨૯૧.૩૮ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે, જે પૈકી ગુજરાત રાજ્યમાં વિપુલ પાક ઉત્પાદનને કારણે કૃષિ વિકાસ વર્ષ દરમ્યાન થયેલ વિપરીત અસરના કારણે ખેડુતોને વ્યાજ રાહત આપવા બાબતની યોજના ₹ ૧૦૦૦૦૦.૦૦ લાખ, સહકારી ધિરાણ માળખામાં ઈનબેલેન્સ માટે સહાય ₹ ૦.૦૧ લાખ, પ્રાથમિક ખેતી વિષયક સંસ્થાઓમાં કમ્પ્યુટરાઈઝેશન ₹ ૦.૦૧ લાખ, ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાકીય સહાય માટેનું પેકેજની યોજના ₹ ૧૯૦.૦૦ લાખ, ખાંડ સહકારી મંડળીને ખરીદવેરા / સોફ્ટ લોન સામે વ્યાજ રાહત આપવાની યોજના (જનરલ/આદિજાતિ) ₹ ૦.૦૨ લાખ, રાજ્ય સહકારી સંઘને ગ્રાંટ આપવાની યોજના ₹ ૨૫૦.૦૦ તેમજ આત્મનિર્ભર યોજના-૧માં ₹ ૮૦૦૦.૦૦ લાખ, આત્મનિર્ભર યોજના-૨માં ₹ ૩૮૦૦.૦૦ લાખ અને રીવોલ્વીંગ ફંડના લોનની વ્યાજ ચુકવણી ₹ ૦.૦૧ લાખની જોગવાઈનો સમાવેશ થાય છે.

INDEX

- આમ તમામ ૫ સેકટરમાં કુલ મળી વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે ₹ ૧૨૪૬૮૨.૪૦ લાખ પૈકી સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૨૨૭૨૩.૦૭ લાખ, આદીજાતી વિસ્તાર માટે ₹ ૧૯૫૪.૩૧ લાખ અને ખાસ અંગભુત વિસ્તાર ₹ ૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- ભૌતિક લક્ષાંક
- સી.ઓ.પી.-૨૦/૩૦- કૃષિ ધિરાણ મંડળીઓના અનુ.જાતિ/જન જાતિના સભ્યોને શેરમુડી સહાય આપવાની યોજના હેઠળ સને ૨૦૨૦-૨૧ના વાર્ષિક લક્ષાંક ૭૫૦૦ સભ્યોને સહાય આપવાના લક્ષ્યાંક સામે માહે માર્ચ-૨૧ ના અંતે ૭૫૦૦ નો લક્ષ્યાંક સિધ્ધ થયેલ છે. જ્યારે સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે ૭૫૦૦ સભ્યોનો ભૌતિક લક્ષ્યાંક નિયત કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય સહકારી પંચ, અમદાવાદ.

- ગુજરાત રાજ્ય સહકારી ટ્રિબ્યુલની રચના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે કરવામાં આવી છે. ટ્રિબ્યુનલમાં એક પ્રમુખ અને ત્રણ સભ્યોની જોગવાઇ છે. ટ્રિબ્યુનલની કચેરીનુ માળખું એક રજીસ્ટ્રાર, એક બેન્ચ કલાર્ક, બે સીનીયર કલાર્ક તથા ત્રણ કલાર્ક, બે ટાઇપીસ્ટ અને ચાર સ્ટેનોગ્રાફરનું છે. ટ્રિબ્યુનલનુ મથક અમદાવાદ છે. અપીલ અગર અરજીઓના ભારણને ધ્યાનમાં રાખી ટ્રિબ્યુનલ નોટીસ આપી તેની બેઠક રાજ્યના કોઇપણ અનુકૂળ સ્થળે રાખી શકે છે.
- ટ્રિબ્યુનલની કામગીરી તેના સમક્ષ ફાઇલ થતી અપીલો અને અરજીઓને સાંભળીને નિકાલ કરવાની છે. ટ્રિબ્યુલને આપેલા ચુકાદા કાયદાની નીચે આખરી ગણાય છે. ટ્રિબ્યુનલને અપીલો અગર અરજી ઉપરાંત સહકારી કાયદાની કલમ-૧૪૫(યુ) નીચે સ્પેશીફાઇડ સોસાયટીઓની ચૂંટણી અંગેની અરજીઓના નિકાલની વધારાની કામગીરી પણ સોંપવામાં આવી છે, તે સાંભળીને નિકાલ કરવામાં આવે છે.
- **ધ્યેય :** આ પંચનો ધ્યેય સહકારી ક્ષેત્રે ઓછા ખર્ચે ઝડપી ન્યાય મળે તે છે.
- કામગીરીનો નિકાલ - વર્ષો-વર્ષ કેસમાં વધારો થતા પડતર કેસો અને ખર્ચમાં નીચે મુજબનો વધારો થતો રહ્યો છે.

વર્ષ	વર્ષની શરૂઆતમાં પડતર કેસો (૦૧/૦૧/૨૦૨૧)	વર્ષ દરમ્યાન આવેલ કેસો	કુલ કેસો	નિકાલ	વર્ષાંતે પડતર કેસો
૨૦૨૦	૧૬૪૩	૨૨૬	૧૮૬૯	૩૨૯	૧૫૪૦

- પંચનો ૨૦૨૧-૨૨માં સંભવિત ખર્ચ ₹ ૧૨૯.૭૨ લાખનો અંદાજ છે. પંચે ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૮૫.૫૭ લાખની જોગવાઇ સુચવેલ છે.

નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

ગુજરાત રાજ્યમાં ખેતીની સાથે પશુપાલનનો પૂરક ઉદ્યોગ તરીકે વિકાસ થયો છે. પૂરક રોજગારી આપવામાં આ ઉદ્યોગનું મહત્વનું પ્રદાન છે. રાજ્યની શ્વેતક્રાંતિ અને અમૂલ પેટર્ન એ વિશ્વમાં પ્રખ્યાત છે. ગ્રામ્ય વિસ્તારોમાં દૂધાળા પશુઓ ધરાવતા શખ્સોને તેના દૂધના વાજબી ભાવ મળી રહે, તે સારૂ સહકારી ક્ષેત્રે દૂધ ઉત્પાદક સહકારી સંઘોની રચના કરવામાં આવી છે. તા. ૩૧-૩-૨૦૨૧ ના અંતે રાજ્યમાં ૧૫૮૨૪ ઓડીટ પાત્ર પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અસ્તિત્વ ધરાવે છે.

દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ સભાસદો પાસેથી દૂધ એકત્રિત કરી જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને પૂરૂ પાડે છે. જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો દૂધનું વિવિધ સ્વરૂપે રૂપાંતર કરી ઘી, માખણ, પનીર, મિલ્ક પાવડર, ચોકલેટ, મીઠાઈ, આઈસ્ક્રીમ જેવી ચીજો ઉત્પાદન કરે છે. રૂપાંતર દ્વારા આ સંઘો તેની સભ્ય મંડળીઓના દૂધના વ્યાજબી ભાવ પૂરા પાડે છે. રાજ્યમાં હાલમાં કુલ ૨૩ દૂધ ઉત્પાદક સહકારી સંઘો કાર્યરત છે. જે પૈકી ૧૬ દૂધ સંઘો પાસે અદ્યતન સ્વરૂપના ડેરીના પ્લાન્ટ છે.

જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ અંગે અને સહકારી ક્ષેત્રે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો યોગ્ય વિકાસ થાય, તે સારૂ તેને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવા અને ઉત્પાદિત માલના વેચાણની વ્યવસ્થા કરવા સારૂ રાજ્ય કક્ષાનું મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ અસ્તિત્વ ધરાવે છે.

ઉપરોકત આવકના સાધન તરીકે આર્થિક વિકાસમાં મહત્વનું પ્રદાન પુરૂ પાડતી આ પ્રવૃતિને અસરકારક બનાવવા માટે ઓપરેશન ફલડ (૨) ના કાર્યક્રમના અમલીકરણના સંદર્ભે રાજ્ય સરકાર અને ઈન્ડિયન ડેરી કોર્પોરેશન વચ્ચે થયેલા કરારને અનુલક્ષીને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોના ઓડિટ અને સુપરવિઝન માટે અલાયદી

વ્યવસ્થા ઉભી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યમાં નિરીક્ષણ અને અન્વેષણ સમિતિની રચના કરવામાં આવેલી છે. સરકારશ્રીની તા.૩૧-૭-૧૯૮૧ ની અધિસુચનાથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯૫ અને નિયમ-૩૯ અન્વયે નિરીક્ષણ અન્વેષણ સમિતિની રચના કરવામાં આવી છે.

સરકારશ્રીના તા. ૨૦/૧૨/૧૯૮૨ ના ઠરાવથી મુખ્ય કાર્યપાલક અધિકારી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિની કચેરી અને તેના તાબાની જીલ્લા કચેરીઓનું મહેકમ મંજૂર કરેલ છે. સદર ઠરાવના પેરા નં.-૬ થી મુખ્ય કાર્યપાલક અધિકારીને ખાતાના વડા જાહેર કરેલ છે. આમ, સને ૧૯૮૨ થી મુખ્ય કાર્યપાલક અધિકારી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, અમદાવાદની કચેરી, ખાતાના વડાની કચેરી તરીકે અમદાવાદ ખાતે કાર્યરત છે.

આ સમિતિ અધિક મુખ્ય સચિવશ્રી, સહકારના સીધા નિયંત્રણ હેઠળ કાર્યરત છે. સમિતિમાં નીચે મુજબના સભ્યશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧) સચિવશ્રી, સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર- અધ્યક્ષશ્રી

૨) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર- સભ્યશ્રી

૩) મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિ. આણંદ- સભ્યશ્રી

૪) મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,- સભ્ય સચિવશ્રી ગુજરાત રાજ્ય, અમદાવાદ

સમિતિની સત્તાઓ :

નિરીક્ષણ અને અન્વેષણ સમિતિને દૂધ સહકારી મંડળીઓ અને જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોના અન્વેષણ અને સુપરવિઝન માટે નીચે મુજબની સત્તાઓ આપવામાં આવેલી છે.

૧. રાજ્યના દૂધ સંઘો અને દૂધ મંડળીઓનું સતત અને સમવાયી ધોરણે ઓડીટ કરવું.

૨. સમિતિનું આંતરિક કામકાજ નકકી કરવું.

૩. અન્ય આનુષંગિક બાબતો.

સમિતિ ઉપરોકત કામગીરી અસરકારક રીતે બજાવી શકે, તે સારૂ રાજ્ય સરકારે, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૨, ૮૪ અને ૮૫ ની સત્તાઓ સમિતિને સુપરત કરવામાં આવેલ છે. સદર અધિનિયમની કલમ-૩(૨)(૩)ના પરિપ્રેક્ષ્યમાં આ સત્તાઓનો ઉપયોગ કરવા માટે આ સમિતિના મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવ્યા છે.

સમિતિની કામગીરી :

ઓપરેશન ફલડ (૨) ના અમલીકરણના ભાગરૂપે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોનું ઓડિટ સતત અને સમવાયી ધોરણે થાય તે જરૂરી છે. રાજ્યમાં ૧૫૮૨૪ જેટલી પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને તે જ રીતે જીલ્લા દૂધ ઉત્પાદક સંઘો કાર્યરત છે. તે દૃષ્ટિએ આ સંસ્થાઓનું ઓડિટ કરવા માટે અન્વેષણ મહેકમ માટેની પાત્રતાના ધોરણો નિયત કરેલા છે. જે મંડળીઓનું વાર્ષિક દૂધનું પ્રાપ્ત કરવાનું ધોરણ ઓછું છે અથવા તો લગભગ સીઝન પૂરતું મર્યાદિત છે, તે મંડળીઓના હિસાબોનું ઓડિટ વાર્ષિક ધોરણે હાથ ધરવામાં આવે છે. અન્ય મંડળીઓના ઓડિટ ત્રિમાસીક ધોરણે હાથ ધરવામાં આવે છે. જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો માટેનું અલગ મહેકમ તેનું સતત અને સમવાયી ધોરણે ઓડિટ કરે છે.

સને. ૨૦૨૦-૨૧ ના વર્ષ દરમિયાન રાજ્યમાં આવેલ૧૫૮૨૪ મંડળીઓના ૧૦૪૮૭૩ યુનીટની કામગીરી કરવાની હતી, જેની સામે ૧૭૧૫૭ યુનિટની કામગીરી પૂરી કરવામાં આવી છે અને ૮૮૯૧૩ યુનિટની કામગીરી બાકી રહેવા પામેલ છે. આ કામગીરી પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

૧. ઓડીટ મહેકમની જગ્યા ખાલી હોવાથી અથવા મહેકમ રજા ઉપર રહેવાથી,

૨. કેટલીક મંડળીઓના દફ્તર અધૂરા રહેવાથી કે રજુ ન થવાથી,

૩. કોર્ટ કેસોના કારણે દફ્તર કોર્ટમાં હોવાથી,

૪. મંડળીઓના ચેરમેન / મંત્રીશ્રી ન મળવાને કારણે,

૫. કોવિડ-૧૯ ના સંક્રમણની મહામારીને કારણે,

INDEX

તા.૩૧-૩-૨૦૨૧ ના અંતે બાકી રહેલ ૮૮૯૧૩ યુનિટની કામગીરી તે પછીના વર્ષના પ્રથમ ત્રિમાસમાં પૂરી કરવા જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. આમ, મંડળીઓની સંખ્યાના પ્રમાણમાં પૂરતુ મહેકમ ન હોવા છતાં, મંડળીઓની કામગીરી અસરકારક રીતે થાય, તે માટેનું આયોજન કરવામાં આવેલ છે. જે ઓડીટ યુનિટ કામગીરી પડતર રહેવા પામે છે તે અંગે જીલ્લા કક્ષાએ મળતી સમીક્ષા બેઠકોમાં ચર્ચા કરી કામગીરીમાં રહેલા મહેકમને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવે છે. રાજ્યકક્ષાએ આ કામગીરીની સમીક્ષા કરી નિયત ધોરણો મુજબની કામગીરી પૂર્ણ થાય, તે રીતે કાર્યવાહી કરવા આયોજન કરવામાં આવેલ છે તેમજ ૨૩ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોના સતત અને સમવાયી ધોરણે અન્વેષણ કરવામાં આવે છે.

સમિતિની બેઠકો :

વર્ષ દરમિયાન સમિતિની છેલ્લે તા.૦૬/૦૧/૨૦૨૧ના રોજ ૩૪મી બેઠક મળી હતી અને સમિતિની કામગીરી અસરકાર અને સારી રીતે થાય, તે સારૂ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોના કામકાજમાં થયેલ વધારાને લક્ષમાં લઈ, ઓડિટ સમયસર થાય તે સારૂ જરૂરી આયોજન કરવા નીતિવિષયક નિર્ણયો લેવામાં આવેલા છે.

ખાસ અહેવાલ :

તા. ૩૧-૩-૨૦૨૧ ના અંતે ઓડિટ કામગીરીના પ્રતિપાદિત રૂપે મંડળીઓમાં જણાઈ આવેલ ગેરીતિઓ/ગેરવહીવટ સબબ કુલ-૨૩ ખાસ અહેવાલ કરવામાં આવ્યા છે જેમાં નાણાકીય ઉચાપત /ગેરવહીવટ સંદર્ભે રૂપિયા ૨૦.૧૧ લાખ જેટલી રકમ સંડોવાયેલી છે. આ ખાસ અહેવાલોના સંદર્ભમાં ઉચાપત કરનાર સામે ફોજદારી રાહે પગલાં, નિષ્ક્રિયની સામે સહકારી કાયદાની જોગવાઈઓ અંગે જરૂરી પગલા ભરવા દર માસે મળતી એકસુત્રતાની બેઠકમાં ચર્ચા કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

તા. ૩૧-૩-૨૦૨૧ અંતિત ખાસ અહેવાલો પરત્વે કરવાની થતી આનુંસાંગીક કાર્યવાહી નીચે જણાવ્યા મુજબના તબક્કે પડતર છે.

૧.	કોર્ટમાં	૩૬૨
૨.	પોલીસ તપાસમાં પડતર	૩૫૫
૩.	જિલ્લા રજિસ્ટ્રાર કચેરી પાસે પડતર	૧૧૨
૪.	ખાસ અન્વેષક પાસે પડતર	૦૧
	કુલ...	૮૩૦

ખાસ અહેવાલ પરની કામગીરી સમયસર થાય તે સારૂ સમવાયી અંતરે બોલાવવામાં આવેલ વિવિધ બેઠકોમાં સમીક્ષા કરી તે અંગે આનુષંગિક પગલાઓ લેવામાં આવે છે.

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન એ જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોની કામગીરીમાં મદદરૂપ થવા રાજ્ય કક્ષાની સહકારી સંસ્થા છે.

સુપરવિઝન અને ઓડિટનું સંકલન :

સમિતિના નિયંત્રણ હેઠળના અન્વેષણ મહેકમ દ્વારા કરવામાં આવતી કામગીરી અસરકારક અને ગુણવત્તાભરી છે, જે જોવાની જવાબદારી પણ સમિતિની છે. મહેકમ દ્વારા જે અન્વેષણ થાય છે, તેની ગુણવત્તાની ચકાસણી કરવા સારૂ ટેસ્ટ ઓડિટ કરવામાં આવે છે. જીલ્લા કક્ષાએ ખાસ અન્વેષક દ્વારા તાબાના મહેકમ ઉપર સુપરવિઝનની કામગીરી પણ કરવામાં આવે છે.

જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોના પશુઓની માવજત અને દૂધની કામગીરી માટે ટેકનીકલ રીતે સહાય થવી તેમજ તેના વહીવટમાં માર્ગદર્શન આપવા જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો તરફથી પણ નિરીક્ષણ કરવામાં આવે છે. જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોના મહેકમ અને ઓડિટ વચ્ચે સંકલન જળવાઈ રહે અને પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રશ્નોનું નિરાકરણ થાય, તે રીતે સંયુકત રીતે પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

ઓડિટ મહેકમની અસરકારક કામગીરી સારૂ સને ૨૦૨૦-૨૧ ના વર્ષ દરમિયાન ૨૯ ટેસ્ટ ઓડિટ કરવામાં આવેલ છે. મંડળીઓની સંખ્યાના પ્રમાણમાં પૂરતું મહેકમ ન હોવાના કારણે કામગીરીને અસર ન થાય, તે સારૂ વૈકલ્પિક વ્યવસ્થા પણ વિચારણા કરવામાં આવે છે. વડી કચેરી અને તાબાની કચેરીઓના વહીવટી મહેકમનો પણ ઉપયોગ કરી નિયત ધોરણે કામગીરી થાય તેવું આયોજન કરવામાં આવે છે.

INDEX

ઓડિટ કર્યા બાદ ઓડિટર દ્વારા આપવામાં આવેલ અન્વેષણ નોંધોની સમીક્ષા કરી કામગીરી અસરકારક છે કે કેમ? તે જોવાનું પણ આયોજન કરવામાં આવે છે.

પ્રતિમાસ ઓડિટ મહેકમ તરફથી જે ઓડિટ નોંધો રજુ થાય છે, તેની જીલ્લા ક્યેરીઓ દ્વારા અને જીલ્લા દૂધ સહકારી સંઘોના ઓડિટ નોંધોની વડી કચેરી દ્વારા સમીક્ષા કરવામાં આવે છે. સને ૨૦૨૦-૨૧ સુધીમાં ૩૫૨ જેટલા ઓડીટ અહેવાલની સમીક્ષા કરવામાં આવી છે.

સમિતિની આવક/ખર્ચ :

પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો પાસેથી સરકારશ્રી દ્વારા નિયત કરાયેલ અન્વેષણ ફી અને સ્થાયી સૂચના મુજબ અન્વેષણ ફી બાદ કર્યા પછીની મહેકમમાં થતી ખર્ચની રકમ ખર્ચફાળાની રકમ વસુલાત તરીકેની સમિતિને આવક થાય છે.

સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ₹ ૨૮૮૪.૦૭ લાખની બજેટ જોગવાઈ સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. તે પૈકી સમિતિમાં તા.૩૧/૩/૨૦૨૧ સુધીમાં ₹ ૧૭૭૦.૫૮ લાખનો ખર્ચ થયેલ છે. જેની સામે સમિતિને ઓડીટ ફી અને ખર્ચ ફાળો મળીને સને ૨૦૨૦-૨૧ ના વર્ષ દરમ્યાન કુલ ₹ ૧૫૧૧.૨૮ લાખની આવક થયેલ છે.

સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ₹ ૨૩૫૦.૧૬ લાખની બજેટ જોગવાઈ મંજુર કરવામાં આવેલ છે. જેની સામે સને ૨૦૨૧-૨૨ માં ₹ ૧૫.૭૯ લાખની આવકનો અંદાજ થવાની સંભાવના છે.

ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશન

નિગમનો ઉદ્દેશ્ય / હેતુ

- આ કોર્પોરેશનની રચનાનો મુખ્ય હેતુ કૃષિ નીપજોનું વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરીને વચેટિયા દ્વારા થતું ખેડૂતોનું શોષણ અટકાવી ખેડૂતોના હિતોનું રક્ષણ કરવાનો છે. આ અનુસાર વૈજ્ઞાનિક ઢબે ખેડૂતો, વેપારીઓ, સહકારી મંડળીઓ, જુદી જુદી સરકારી એજન્સીઓ વગેરેનો માલ સંગ્રહ કરવાની તેમજ માલસમાન લાવવા તથા લઈ જવાની પરિવહન અંગેની સુવિધા પૂરી પડવાની કામગીરી કરવામાં આવે છે.

નિગમનું મિશન / દુરંદેશીપણું (વિઝન)

- કૃષિ નીપજોનું વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરીને વચોટિયા દ્વારા થતું ખેડૂતોનું શોષણ અટકાવી તેમની કૃષિ પેદાશોનું તેઓને પોષણક્ષમ ભાવ મળે તે રીતે ખેડૂતોના માલ સંગ્રહ કરીને તેમના હિતોનું રક્ષણ કરે છે.
- સંગ્રહકર્તાનો માલ નિગમનાં તાબામાં રહે ત્યાં સુધી વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરવામાં આવે છે. જેથી ભેજ, જંતુઓ, પક્ષીઓ વગેરેથી માલ નુકશાન પામે નહિ. આ માટે નિગમ દ્વારા ગોડાઉનમાં ડનેજ, જંતુનાશક દવાઓ છટકાવ, એરેશન, સફાઈ વગેરે કામગીરી કરીને રાષ્ટ્રની સંપતિ એવી કૃષિ પેદાશોનો બગાડ અટકાવે છે.

નિગમનો ટુંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ

- ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનની રચના કાયદો, ન્યાય અને કંપનીનો બાબતો મંત્રાલયનાં ધી વેરહાઉસીંગ કોર્પોરેશન એકટ, ૧૯૬૨ હેઠળ કરવામાં આવેલ છે. મુંબઈ રાજ્યનું વિભાજન મહારાષ્ટ્ર તથા ગુજરાત તરીકે બે ભાગમાં થતા તારીખ ૦૫/૧૨/૧૯૬૦ થી આ નિગમ અસ્તિત્વમાં આવેલ છે. કોર્પોરેશનનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્ય છે. જ્યાં જરૂરિયાત હોય ત્યાં રાજ્યમાં કોઈપણ સ્થળે ભાડેથી અથવા પોતાના ગોડાઉનો બાંધી સંગ્રહની સેવા પૂરી પાડવામાં આવે છે.
- ધી વેરહાઉસીંગ કોર્પોરેશન એકટ, ૧૯૬૨ની કલમ-૧૯(૨) અન્વયે સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન અને રાજ્ય સરકાર શેર હોલ્ડર્સ તરીકે ૫૦:૫૦નાં ધોરણે સરખી શેર મૂડી ફાળવેલ છે. નિગમની અધિકૃત મંજુર થયેલ શેરમૂડી ₹ ૬ કરોડ છે. ભરપાઈ થયેલ શેર મૂડી ₹ ૪ કરોડ છે. જેમાંગુજરાત સરકારનો ₹ ૨ કરોડ અને સી.ડબ્લ્યુ. સી.ની ₹ ૨ કરોડ શેર મુડી છે.

કોર્પોરેશનની પ્રવૃત્તિ / કામગીરી

- રાજ્યમાં ગોડાઉનો બાંધવા અને સંપાદન કરવા.
- રાજ્યમાં ગોડાઉનોનો ખેતી વિષયક પેદાશો, બિયારણ, ખાતર, ખેતી વિષયક ઓજારો, ભારત સરકારે સંઘ માટે ઘોષિત કરેલ ચીજવસ્તુઓનાં સંગ્રહ માટે ઉપયોગ કરવો.
- કોર્પોરેશનનાં ગોડાઉનમાં ખેતી ઉત્પન્ન બિયારણ, ખાતર, ખેતી વિષયક ઓજારો અને ઘોષિત કરેલ ચીજવસ્તુઓ

લાવવા લઈ જવાની વાહન વ્યવહારની સુવિધા પૂરી પાડવી.

- કૃષિ નીપજો, બિયારણ, ખાતર, ખેતી વિષયક સાધનો અને ઘોષિત કરેલ ચીજવસ્તુઓની ખરીદી, વેચાણ સંઘ અને વિતરણનાં મુખ્ય હેતુ માટે રાજ્ય સરકાર કે સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશનનાં એજન્ટ તરીકે કામગીરી કરવી.
- અન્ય નિયત કરેલ કામગીરી કરવી.

સંગ્રહશક્તિ અને કામગીરી

- ગુજરાત રાજ્ય દરેક જીલ્લામાં નિગમ દ્વારા ૪૧ કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યા છે.
- નિગમના પોતાની માલિકીના કુલ ગોડાઉન સંખ્યા ૨૧૪ છે.
- નિગમની પોતાની કુલ સંગ્રહશક્તિ ૧,૪૩,૫૦૦ મે.ટન. છે.
- નિગમની ભાડાની સંગહશક્તિ ૬,૨૩,૪૧૧ મે.ટન. તા.૩૦-૦૪-૨૦૨૧ની સ્થિતિએ છે.
- કુલ સંગ્રહશક્તિ ૪,૬૬,૯૧૧ મે.ટન. તા. ૩૦-૦૪-૨૦૨૧ની સ્થિતિએ છે.
- કુલ સંગ્રહશક્તિનો ઉપયોગ ૪,૦૪,૦૭૬ મે.ટન. કરેલ છે.
- ટકાવારી ૮૭.૭૫%.

નિગમ દ્વારા આપવામાં આવતી અન્ય સેવાઓની યાદી

- જુદી જુદી સરકારી એજન્સીઓનો માલ સંગ્રહ કરવાની તેમજ માલ લાવવા લઈ જવાની પરિવહન સુવિધા ઉપરાંત આયાતી માલનું ગુજરાતનાં બંદરો ખાતે ક્લીયરીંગ, હેન્ડલિંગ અને ટ્રાન્સપોર્ટેશનની કામગીરી નિગમ દ્વારા કરવામાં આવે છે.
- આયાતકારો તથા નિકાસકરોની જરૂરીયાતને ધ્યાનમાં લઈ ગાંધીનગર, છત્રાલ ખાતે પબ્લિક બોન્ડેડ વેરહાઉસની પ્રવૃત્તિ નિગમ દ્વારા ચલાવવામાં આવતી હતી.
- જુદી જુદી સહકારી મંડળીઓ તથા સરકારી એજન્સીને ગોડાઉનનો તૈયાર કરવા, સુપરવિઝન દ્વારા પ્રોજેક્ટ કરી આપવાની કામગીરી નિગમ દ્વારા ચલાવવામાં આવતી હતી.
- નિગમ દ્વારા દશરથ (વડોદરા) ખાતે ઈનલેન્ડ કન્ટેઈનર ડેપો/કન્ટેઈનર ફ્રેઈટ સ્ટેશન જેનો ડ્રાઈ પોર્ટ તરીકે ઓળખવામાં આવે છે. તે વ્યવસ્થા ૧૯૯૭ની સાલથી ઉભી કરવામાં આવી છે. જેના દ્વારા વડોદરા અને તેની આસપાસના વિસ્તારનાં ઉદ્યોગપતિઓ કે જેઓ આયાત અને નિકાસની કામગીરી કરે છે. તેવા ઉદ્યોગપતિઓ તેમની ચીજવસ્તુઓ દશરથ (વડોદરા)થી નિકાસ આયાત કરી શકે છે. કસ્ટમ ક્લીયરીંગ કામગીરી દસરથ ખાતે જ આવે છે. સી.ડબ્લ્યુ.સી.ને ૧૦ વર્ષની મુદતનાં સર્વિસ બેઇઝ કોન્ટ્રાકટથી સને-૨૦૦૦થી ચલાવવા માટે આપેલ છે. જેમાં મુદતમાં વધારો કરવામાં આવેલ છે.

નિગમ સંસ્થાગત માળખું

- નિગમને સ્પર્શતી સામાન્ય તથા નીતિ વિષયક બાબતોની દેખરેખ અને સંચાલન નિગમનાં કુલ દશ નિયામકશ્રી (બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ) દ્વારા કરવામાં આવે છે.
- સી.ડબ્લ્યુ.સી. દ્વારા ૫(પાંચ) નિયામકશ્રીની નિમણુક નિગમમાં કરવામાં આવે છે.
- રાજ્ય સરકાર દ્વારા ૫(પાંચ) નિયામકશ્રીની નિમણુક નિગમમાં કરવામાં આવે છે.
- રાજ્ય સરકાર દ્વારા નિમણુક આપવામાં આવેલ મેનેજીંગ ડાયરેક્ટર એક પૂર્ણ સમયના નિયામક નીમવામાં આવે છે.
- નિયામક મંડળ દ્વારા નિગમના નીતિ વિષયક પ્રશ્નો બાબત યોગ્ય નિર્ણય લઈને નિગમનાં મેનેજીંગ ડાયરેક્ટર જરૂર જણાય સરકારશ્રીની મંજુરી મેળવી નિગમનું સંચાલન કરે છે.
- મેનેજીંગ ડાયરેક્ટરની રાહબરી નીચે નિગમની મુખ્ય કચેરી તથા કેન્દ્રો ઉપર કુલ- કર્મચારીઓ ફરજ બજાવે છે.
- નિગમ મુખ્ય કચેરી કર્મયોગી ભવન સામે સેક્ટર ૧૦/એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦ ખાતે કાર્યરત છે. તેમજ પ્રોજેક્ટ કચેરી અમદાવાદ ખાતી કાર્યરત છે. દરેક જીલ્લા મથકે નિગમનાં કેન્દ્રો ખાતે ગોડાઉનો કાર્યરત છે.

જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર

- નિગમ દ્વારા જાહેર જનતાને સીધી રીતે કોઈ સેવાઓ આપવામાં આવતી નથી. પરંતુ વેપારીઓ, ખેડૂતો, સહકારી મંડળીઓ, તેમજ સરકારી સંસ્થાઓ દ્વારા ભારત સરકારે સંગ્રહ માટે ઘોષિત કરેલ ચીજવસ્તુઓનો વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરવામાં આવે છે અને તેની ગુણવત્તા જળવાય તેની તકેદારી રાખવા માટે વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

INDEX

આ માટે કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ છે. ઘોષિત કરેલ ચીજવસ્તુઓ સંગ્રહ બાબતે ફરિયાદ મળે તો વડી કચેરી ખાતે તકેદારી શાખા કાર્યરત છે. જે કોઈ ફરિયાદ મળે તે આ શાખા દ્વારા ધ્યાન લઈને જરૂરી તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન હાથ ધરાનારી પ્રવૃત્તિ/કામગીરીની સંક્ષિપ્ત માહિતી

- નિગમનાં ખુલ્લા પ્લોટ ઉપર નવીન ગોડાઉનો બાંધી આશરે ૧ લાખ ચો.ફૂટ. સંગ્રહશક્તિ વધારવાનો ટાર્ગેટ છે.
- નિગમના તમામ ખુલ્લાં પ્લોટ ઉપર બાકી રહેલ બાઉન્ડ્રીવોલ બનાવવાની કામગીરી.
- નિગમનાં જુનાં ગોડાઉનોનાં રૂફની જર્જરીત સિમેન્ટ શીટ્સ / છાપરા બદલીને તબક્કા વાઈઝ પ્રોફાઈલ કોટેડશીટ નાંખવાની કામગીરી.
- નિગમ જરૂરીયાત મંદ કેન્દ્રો ઉપર ઓફીસ બનાવવાની કામગીરી.
- ૨૦૨૦-૨૧ માં PSSની કામગીરી હેઠળ મગફળી, ચણા, રાયડો, મગ, અડદ જેવા પાક ખેડૂતોના લાભાર્થે સંગ્રહશક્તિ વધારવા ૨૦૦૦ જેટલા ગોડાઉનો ભાડેથી રાખીને રાજ્ય સરકારે આપેલ ખરીદી પૂરી કરવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં અંદાજીત ૧૪ લાખ મે.ટન. જેટલી ખરીદી માટે પુરેપુરા ભંડારણની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.
- સમગ્ર ગુજરાતમાં સંગ્રહ-શક્તિ વધારવા સરકાર સાથે મસલતથી સઘન પ્રયત્નો કરવામાં આવશે.

ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- સરકારશ્રીના સહકાર વિભાગનાં તા.૨૦/૧૨/૮૨ ના ઠરાવ ક્રમાંક : સીડીઈ/૨૬૮૧/ક અન્વયે સહકારી ખાતામાં ખાંડ નિયામકશ્રીની કચેરીનું અલગ માળખું મંજૂર થયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ અન્વયે રજીસ્ટ્રારને મળેલ તમામ સત્તાઓ ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને આપવામાં આવેલ છે.
- ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ખાંડ સહકારી મંડળીઓ માટે ગુજરાત રાજ્ય સહકારી કાયદા ૧૯૬૧ નું અમલીકરણ, ભારત સરકારના સુગરકેન કન્ટ્રોલ ઓર્ડર ૧૯૬૬ મુજબ રાજ્યની ખાંડ સહકારી મંડળીઓના વિકાસ અંગે તેમજ રાજ્ય સરકારશ્રીની ખાંડ સહકારી મંડળીઓના વિકાસલક્ષી યોજનાઓના અમલીકરણની કામગીરી કરવામાં આવે છે.
- રાજ્યમાં ૧૩ ખાંડ મંડળીઓ સહકારી ક્ષેત્રે અને ૨ ખાંડના કારખાના ખાનગી ક્ષેત્રે કાર્યરત છે, તેઓની કુલ સ્થાપિત પીલાણ ક્ષમતા ૫૯,૭૫૦ ટીસીડી છે.
- ૧૩ કાર્યરત ખાંડ સહકારી મંડળીઓ પૈકી ૯ ખાંડ સહકારી મંડળીઓ પાસે ડિસ્ટીલરી પ્લાન્ટ છે. આર.એસ. (રેક્ટીફાઈડ સ્પીરીટ) ની ઉત્પાદન ક્ષમતા પ્રતિદિન ૩૫૬ KLPD અને ઈથેનોલની ઉત્પાદન ક્ષમતા પ્રતિદિન ૨૯૦ KLPD છે.
- **સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ખાંડ સહકારી મંડળીઓને લગતી નીચેની ચાલુ યોજનાઓ માટે કુલ ₹ ૨૫૪૧.૦૨ લાખની જોગવાઈ થયેલ છે.**

(૧) ખાંડ સહકારી મંડળીઓને ખરીદવેરો/સોફ્ટલોન સામે વ્યાજ રાહત આપવાની યોજના (સામાન્ય વિસ્તાર/આદિજાતિ વિસ્તાર)માં એ.જી. ઓડિટમાં ઉપસ્થિત થયેલ પારાના કારણોસર વ્યાજ રાહતના કલેઈમ બાકી હોવાના કારણોસર સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે સદર યોજના ચાલુ રાખવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત સામાન્ય વિસ્તાર માટે ₹ ૦.૦૧ લાખ અને આદિજાતિ વિસ્તાર માટે ₹ ૦.૦૧ લાખ જોગવાઇ થયેલ છે. જે અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સામાન્ય વિસ્તાર માટે ૪૫૭.૮૬૨ લાખ તથા આદિજાતિ વિસ્તાર માટે ₹ ૨૫૦.૮૩૮ લાખ એડીશનલ ઓથોરાઈઝેશનથી મંજુર થયેલ છે. જે પૈકી સામાન્ય વિસ્તાર માટે ₹ ૪૩૬.૭૨૨ લાખ અને આદિજાતિ વિસ્તાર માટે ₹ ૨૫૦.૮૩૮ લાખ ખર્ચ થયેલ છે.

નોંધ : સામાન્ય વિસ્તારમાં સદર યોજના હેઠળ એડીશનલ ઓથોરાઈઝેશનથી મંજુર થયેલ ₹ ૪૫૭.૮૬૨ લાખ પૈકી ₹ ૪૩૬.૭૨૨ લાખ ખર્ચ થયેલ છે. હાલ બચત ₹ ૨૧.૧૪ લાખ રહેલ છે. સદર યોજના હેઠળ વડોદરા ડીસ્ટ્રી. કો.ઓ. સુગરકેન ગ્રોઅર યુનિયન લિ., વડોદરાને ₹ ૨૧.૪૪ લાખ ચુકવવાપાત્ર થાય છે. સદર સંસ્થાને ચુકવવાપાત્ર રકમ સામે બચત રહેલ રકમ ધ્યાને લેતા મેળવવાપાત્ર ખુટતી રકમ ₹ ૩૦,૦૦૦/- રહે છે. જે એડીશનલ ઓથોરાઈઝેશનથી મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે. જે ખુટતી રકમ મળ્યેથી સદર સંસ્થાને સંપુર્ણ રકમ ચુકવી શકાય તેમ છે.

INDEX

વધુમાં ઉપરોકત ખૂટતી રકમ ₹ ૩૦,૦૦૦/- ચાલુ નાણાંકીય વર્ષમાં ઉપલબ્ધ થાય તો સદર યોજના આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી બંધ કરવાની થાય છે.

(૨) ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાંકીય સહાય માટેના પેકેજની યોજના અંતર્ગત ₹ ૧૯૦.૦૦ લાખની જોગવાઇ થયેલ છે. સદર યોજના અન્વયેની કુલ ₹ ૨૭૬.૭૧ લાખની કુલ ૧૦ દરખાસ્ત હાલ કાર્યવાહી હેઠળ છે.

(૩) ખાંડના સહકારી કારખાનાને શેરમૂડી ફાળો આપવાની યોજના (સામાન્ય વિસ્તાર/આદિજાતિ વિસ્તાર) અંતર્ગત સામાન્ય વિસ્તાર માટે ₹ ૧.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર માટે ₹ ૫૦.૦૦ લાખ જોગવાઈ થયેલ છે. સદર યોજના અન્વયે આદિજાતિ વિસ્તારની શ્રી દમણગંગા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. ની દરખાસ્ત હાલ કાર્યવાહી હેઠળ છે.

(૪) ખાંડ સહકારી મંડળીઓને લાંબાગાળાની લોન સામે વ્યાજ સહાય યોજના (સામાન્ય વિસ્તાર/આદિજાતિ વિસ્તાર) અંતર્ગત સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૨૦૦.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર માટે ₹ ૧૧૦૦.૦૦ લાખ જોગવાઈ થયેલ છે. ભારત સરકારશ્રીના તા. ૨/૩/૨૦૧૯ના જાહેરનામાથી જાહેર કરેલ એફ.આર.પી. મુજબના શેરડીના ભાવો માટે વર્ષ ૨૦૧૮-૧૯ના શેરડીના બાકી પેમેન્ટ ચુકવવા માટે મેળવેલ લોન અંગેની સોફટલોન વ્યાજ સહાય માટેની જાહેર કરેલ યોજના હેઠળ રાજ્યની ખાંડ સહકારી મંડળીઓ દ્વારા સંલગ્ન હેતુ માટે લીધેલ બેન્ક લોનની રકમ પર ભારત સરકારશ્રી દ્વારા આ લોન ઉપાડવાની તારીખથી ચુકવવામાં આવનાર વ્યાજ સહાયની એક વર્ષની અવધિ પૂર્ણ થયા બાદ રાજ્ય સરકારશ્રી દ્વારા ખરેખર ચુકવવામાં આવનાર વ્યાજ અથવા ૭ ટકા અથવા બેમાંથી જે ઓછું હોય તેટલી રકમ વધુમાં વધુ ૪ (ચાર) વર્ષ માટે અથવા લોન રીપેમેન્ટ (બેમાંથી જે વહેલું હોય) તે માટે વ્યાજ રાહત આપવાની યોજના વર્ષ ૨૦૨૦-૨૧ થી અમલમાં મુકેલ છે. સદર યોજના અન્વયે સામાન્ય વિસ્તારમાં કુલ ₹ ૬૩૬.૬૬ લાખની ૧૮ દરખાસ્તો તથા આદિજાતિ વિસ્તારમાં કુલ ₹ ૪૩૧.૫૬ લાખની ૧૪ દરખાસ્તો હાલ કાર્યવાહી હેઠળ છે.

- **સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ખાંડ સહકારી મંડળીઓને લગતી નીચેની ચાલુ યોજનાઓ માટે કુલ ₹ ૩૨૦૧.૦૦ લાખની જોગવાઈ સુચવેલ છે.**

(૧) ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાંકીય સહાય માટેના પેકેજની યોજના અંતર્ગત ₹ ૫૦૦.૦૦ લાખ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

(૨) ખાંડના સહકારી કારખાનાને શેરમૂડી ફાળો આપવાની યોજના (સામાન્ય વિસ્તાર/આદિજાતિ વિસ્તાર) અંતર્ગત સામાન્ય વિસ્તાર માટે ₹ ૧.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર માટે ₹ ૮૦૦.૦૦ લાખ જોગવાઈ સુચવવામાં આવેલ છે.

(૩) ખાંડ સહકારી મંડળીઓને લાંબાગાળાની લોન સામે વ્યાજ સહાય યોજના (સામાન્ય વિસ્તાર/આદિજાતિ વિસ્તાર) અંતર્ગત સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૦૦૦.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર માટે ₹ ૯૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

૮. ગૃહ વિભાગ

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર

આઈ.બી.ની અગત્યની કમગીરી

રાજ્ય આઈ.બી.ની મહત્વની કામગીરીને ધ્યાને લઈ તેની પહોંચ વધુમાં વધુ શક્ય બને તે માટે વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં ૦૫ નવા સેન્ટર્સ તથા ૨૧ નવા સબ સેન્ટર્સ તેમજ ૦૮ સબ સેન્ટર્સને અપગ્રેડ કરી સેન્ટર્સ બનાવવામાં આવેલ છે, જે યુનિટો કાર્યરત કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માં રાજકોટ રીજીયન તથા ગાંધીનગર રીજીયન ખાતે રીજીયન ઈન્ચાર્જ તરીકે ડી.સી.આઈ. સંવર્ગની નવી જગ્યાઓને મંજુરી આપવામાં આવેલ છે. ભવિષ્યમાં આઈ.બી.ની વધતી જતી કામગીરી અને નવા ભૌગોલિક તેમજ ટેક્નોલોજિકલ પડકારોને ધ્યાને લઈ હેડક્વાર્ટર તેમજ ફીલ્ડ કક્ષાએ (રીજીયન લેવલ) નવા યુનિટો ઊભા કરવા કામગીરી કરવામાં આવી રહેલ છે. મહાનુભાવોની કોન્વોયમુવમેન્ટ, રાજ્ય આઈ.બી. ના મેન્ડેટને ધ્યાને લઈ તે સંબંધે સાયબર પ્લેટફોર્મ પર વધતી જતી પ્રવૃતિઓથી ઊભા થતા પડકારને પહોંચી વળવા નવી ટેકનોલોજી, સંસાધનો તેમજ નિષ્ણાંત મેનપાવરની જરૂરીયાતને ધ્યાને લઈ રાજ્ય આઈ.બી. કાર્યવાહી કરી રહેલ છે સભાસ્થળે તેમજ રહેણાંક સ્થળે સુરક્ષાને ધ્યાને લઈ ચાલુ વર્ષમાં નવા BR વાહન, જામર વાહન તેમજ બેગેજ સ્કેનર્સની ખરીદી કરવાની કાર્યવાહી ચાલુમાં છે. ભવિષ્યમાં પણ વી.વી.આઈ.પી. સુરક્ષાની જરૂરીયાતને ધ્યાને લઈ તે મુજબ સુરક્ષા સબંધી ઉપકરણો ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

ઈ-ગુજકોપ : ઈ ગુજકોપ પ્રોજેક્ટની શરૂઆત ૨૦૦૭માં કરવામાં આવેલ આ એક યુનિક પ્રોજેક્ટ છે જે ગુજરાત સરકારના ગૃહવિભાગની કામગીરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજી સાથે સાંકળે છે.ઈ-ગુજકોપ પ્રોજેકટ હેઠળ પોલીસની તમામ કચેરી તેમજ પોલીસ સ્ટેશનમાં ઈ-ગુજકોપની કામગીરી માટે ૧૦૬૮૬ કમ્પ્યુટર, ૭૧૨૦ પ્રિન્ટર, ૧૪૬૫ સ્કેનર ઉપલબ્ધ છે. જીસ્વાન મારફતે પોલીસ વિભાગની તમામ કચેરીઓ તેમજ પોલીસ સ્ટેશનો, ૧૫૭૩થી વધુ સ્થળોએ, ૯૦,૦૦૦ કરતા વધુ પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા ઈ-ગુજકોપ એપ્લીકેશનનો ઉપયોગ કરવામાં આવે છે અને FIR ઓનલાઈન નોંધવામાં આવે છે. વર્ષ ૨૦૧૩ થી વર્ષ ૨૦૧૯ સુધી ઈ-ગુજકોપ પ્રોજેક્ટ ફક્ત પોલીસ સ્ટેશનોમાં કાર્યરત હતું. વર્ષ ૨૦૧૯-૨૦માં ઈ-ગુજકોપના વિસ્તરીકરણ કરી પોલીસ ચોકીઓ અને આઉટ પોસ્ટોમાં પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે અને આઉટ પોસ્ટોમાં કોમ્પ્યુટર અને પ્રિન્ટર પણ ફાળવવામાં આવેલ છે. હવે નાગરિકોને પોલીસની તમામ સેવાઓ આ પોલીસ ચોકીઓ અને આઉટ પોસ્ટોમાં મળી રહે છે જેથી નાગરિકોને કોઈપણ અરજી કરવા પોલીસ સ્ટેશન જવાની જરૂર રહેશે નહી. ગુજરાત રાજ્યમાં પોલીસની કામગીરી વધુ પારદર્શી તેમજ અસરકારક બનાવવા માટે પોલીસ સ્ટેશનમાં આપવામાં આવતી તમામ અરજીઓ સરલ એપ્લીકેશન વડે ઈ-ગુજકોપમાં ઓનલાઈન કરવામાં આવે છે.પોલીસ સ્ટેશન અંતર્ગત ૬,૨૬,૪૪૬ અરજીઓ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. ઓનલાઈન થયેલ અરજીની વિગત(અરજી નં) તેમજ કરેલ અરજીના નિકાલની સ્થિતિ અરજકર્તાને SMS દ્વારા જાણ કરવામાં આવે છે. આ એપ્લીકેશનની મદદથી ગુજરાત પોલીસ વધુ નાગરિક કેન્દ્રિત બની છે તેમજ અરજદારો ની અરજી ના નિકાલમાં પારદર્શિતા અને ઝડપ વધી છે.

ICJS (Interoperable Criminal Justice System-ICJS)ના અમલીકરણ:- ગુજરાત રાજ્ય દ્વારા કાયદો અને વ્યવસ્થાને સુદૃઠ બનાવવા માટે ઈન્ટર ઓપરેબલ ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ (Interoperable Criminal Justice System CJS) પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવેલ છે. ઈગુજકોપનેકોર્ટસાથેપણ સંકલન કરવામાં આવેલ છેICJS આંતર રાજ્ય ગુન્હેગારો અને સંગઠીતગુન્હાખોરીને અટકાવવા ખુબજ મદદરૂપ છે.

ઈ-ગુજકોપ એપ્લીકેશન ક્લાઉડસર્વર પર કાર્યરત : ઈ-ગુજકોપ એપ્લીકેશન વર્ષ-૨૦૧૩થી કાર્યરત છે. વર્ષ-૨૦૧૯માં ઈ-ગુજકોપ એપ્લીકેશનના હાર્ડવેર અને સોફ્ટવેરને સુદૃઠ બનાવવા માટે અગત્યની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ઈગુજકોપ એપ્લીકેશનને ક્લાઉડ સર્વર પર માઈગ્રેટ કરવામાં આવેલ. ઈ-ગુજકોપ એપ્લીકેશન રાષ્ટ્રની પ્રથમ સી.સી.ટી.એન. એસ.એપ્લીકેશન અને ગુજરાત રાજ્યની પ્રથમ એપ્લીકેશન છે જે ક્લાઉડ સર્વર પર ઉપલબ્ધ છે.

ક્લાઉડ સર્વર પર માઈગ્રેટ કરવાથી ઈ-ગુજકોપની કામગીરી વધુ ઝડપી અને અસરકારક બની છે.

પોકેટ કોપ : પાસપોર્ટ માટે અરજી કરનાર નાગરિકોના પોલીસ વેરીફિકેશન પોકેટકોપ મોબાઈલ એપથી અરજદાર ના ઘરે જઈને કરવામાં આવે છે. જેથી નાગરીકોને પાસપોર્ટ પોલીસ વેરીફિકેશન માટે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી. સીટીઝન પોર્ટલ એપ ગુજરાત સરકારના ઈ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત રાજ્યના નાગરિકો પોલીસને લગતી વિવિધ સેવાઓ જેવીકે સિનિયર સિટિઝન નોંધણી, ભાડુઆત નોંધણી, ઘરઘાટી નોંધણી, ગુમ થયેલ મિલકત નોંધણી, ગુમ થયેલ વ્યક્તિ નોંધણી, 'ના વાંધા પ્રમાણપત્ર' વગેરે ઓનલાઈન ઘર બેઠા મેળવી શકે તે માટે સિટિઝન ફર્સ્ટ મોબાઈલ એપ વિકસાવવા માં આવેલ છે.માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૦૭/૦૩/૨૦૧૯ના રોજ સિટિઝન ફર્સ્ટ મોબાઈલ એપલોન્ચ કરવામાં આવેલ.આ મોબાઈલ એપ ગૂગલપ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકાય છે. (હાલ એંડ્રોઈડફોન માટે જ આ એપ ઉપલબ્ધ છે)

INDEX

- **વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં હાથ ધરવામાં આવનાર પ્રવૃતિ**

અત્યાર સુધી ઈ-ગુજકોપનો ડેટાબેઝ ફકત કોમ્પ્યુટર પર જ ઉપલબ્ધ હતો જેના લીધે ફિલ્ડમાં કે ગુન્હાસ્થળ પર હાજર પોલીસ અધિકારી/કર્મચારીને ઈ-ગુજકોપનો ડેટા ઉપલબ્ધ થઈ શકતો ન હતો. પરંતુ હવે પોકેટ કોપ અંતર્ગત આપવામાં આવનાર મોબાઈલ સ્માર્ટફોનમાં પોલીસ અધિકારી/કર્મચારીને ઈ-ગુજકોપનો ડેટા સ્થળ ઉપર જ ઉપલબ્ધ છે. જેના લીધે મોબાઈલ એપ્લીકેશનની મદદથી સ્થળ પર તપાસ કરનાર પોલીસ અધિકારી/કર્મચારી ગુનેગારો અને ગુન્હાને લગતી માહિતી મેળવી શકશેઅને ગુન્હા શોધવાની અને અટકાવવાની કામગીરી વધુ ઝડપી અને અસરકારક બની છે.ગુજરાત પોલીસ ગુજરાતની ૬ કરોડ જનતાની સુરક્ષા માટે વધુ સક્ષમ અને ટેકનોલોજીથી સજજ થશે. મોબાઈલ એપની મદદથી પોલીસ સેવાઓ વધારે નાગરિક કેન્દ્રિત થશે.

પ્રધાનમંત્રીશ્રી દ્વારા મુલ્યાંકન- પ્રગતિ ડેશબોર્ડમાં ગુજરાત રાજ્ય સતત પ્રથમ સ્થાન :

માર્ચ-૨૦૧૫માં ભારતના વડાપ્રધાનશ્રીઓના દ્વારા મહત્વાકાંક્ષી મલ્ટીપર્પઝ અને મલ્ટીમોડલ પ્લેટફોર્મ પ્રગતિ ડેશબોર્ડની શરૂઆત કરવામાં આવી.તમામ રાજ્ય/કેન્દ્ર સાશિત પ્રદેશ દ્વારા સી.સી.ટી.એન.એસ.અંતર્ગત થયેલ કામગીરી બાબતે NCRB દ્વારા દરેક માસના અંતે પ્રગતિ ડેશબોર્ડ પ્રકાશિત કરવામાં આવે છે. ૩૧ મે, ૨૦૧૮ થી ગુજરાત સતત પ્રગતિ ડેશબોર્ડમાં પ્રથમ સ્થાને રહ્યું છે.

ઈ-ગુજકોપ પ્રોજેક્ટને મળેલ એવોર્ડ :

- CSI-Nihilist Governance Award (2015)
- Golden Koch Order of the Merit Award (2016)
- FICCI SMART Policing Award (2018)
- NCRB Best Practices (2018)

NCRB Good Practices in CCTNS/ICJS (Advanced State 2020)

તાલીમની અગત્યની કામગીરી :

રાજ્ય પોલીસના કુલ-૭૯ અધિકારીઓને જી.પી.એ.,કરાઈ ખાતે Training of Investigators on Women Safety ની તાલીમ બી.પી.આર એન્ડ ડી.ન્યુ દિલ્હીના સંયોજનથી આપવામાં આવેલ. પ્રાદેશિક વાહન વ્યવહાર ખાતા, વન ખાતાના તથા નશાબંધી ખાતાના અધિકારી/કર્મચારીઓને તાલીમ સંસ્થાઓમાં પોલીસ વિભાગને લગત તાલીમ આપવામાં આવેલ છે. COVID-19 અનુસંધાને રાજ્ય બહારની વિવિધ તાલીમ સંસ્થાઓ દ્વારા આયોજીત વિવિધ તાલીમ કોર્ષ મુજબ રાજ્યના શહેર/જિલ્લા/એકમોના અધિકારીઓને On-Line તાલીમ આપવામાં આવે છે. તાલીમ સંસ્થાઓમાં તા.૧૫/૦૧/૨૦૨૦થી પાયાની તાલીમ લઈ રહેલ કુલ-૨૪૨૪ બિન હથિયારી લોકરક્ષકોની તાલીમ તા.૦૮/૦૧/૨૦૨૧ના રોજ પૂર્ણ થતા તેઓને રાજ્ય પોલીસ દળમાં ફરજ માટે મોકલી આપેલ છે.

ઉપરોકત બિન હથિયારી લોકરક્ષકો પૈકી ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે તા.૧૫/૦૧/૨૦૨૦થી પાયાની તાલીમ લઈ રહેલ કુલ-૪૩૮ બિન હથિયારી લોકરક્ષકોની તાલીમ પૂર્ણ થતા, તા.૦૭/૦૧/૨૦૨૧ના રોજ ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે મુખ્ય મહેમાન તરીકે માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, (ગૃહ), ગુજરાત સરકારનાઓની ઉપસ્થિતિમાં પાસીંગ આઉટ પરેડનું આયોજન કરવામાં આવેલ. ગુજરાત પોલીસ અકાદમી,કરાઈ ખાતે તા.૨૧/૦૮/૨૦૧૯ થી પાયાની તાલીમ લઈ રહેલ સીધી ભરતીના કુલ-૯૪ પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારી)તાલીમાર્થીઓની પાયાની તાલીમ ૨૨/૦૧/૨૦૨૧માં પૂર્ણ થતા તેઓને પ્રત્યક્ષ તાલીમ માટે તા.૨૬/૦૧/૨૦૨૧ ના રોજ વિવિધ જીલ્લા ખાતે પ્રત્યક્ષ તાલીમના હેતુસર ફાળવવામાં આાવેલ છે. આ બિન હથિયારી તાલીમાર્થીઓની પ્રત્યક્ષ તાલીમ હાલ વિવિધ જીલ્લાઓ ખાતે કાર્યરત છે. જે માહે-ડીસેમ્બર-૨૦૨૧માં પૂર્ણ થનાર છે. ગુજરાત પોલીસ અકાદમી,કરાઈ ખાતે તા.૨૧/૧૧/૨૦૧૯થી પાયાની તાલીમ લઈ રહેલ સીધી ભરતીના કુલ-૩ નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી) તથા બિ.હ.પો.ઈન્સ.બેચ-૧(એ)ના ૨ તાલીમાર્થીઓની પાયાની તાલીમ તા.૧૭/૦૪/૨૦૨૧માં પૂર્ણ થયેલ છે. જેઓની પ્રત્યક્ષ તાલીમ વિવિધ જીલ્લાઓ ખાતે હાલ કાર્યરત છે. ગુજરાત પોલીસ અકાદમી,કરાઈ ખાતે તા.૨૮/૧૧/૨૦૨૦થી પાયાની તાલીમ લઈ રહેલ સીધી ભરતીના બિ.હ.પો.ઈન્સ.બેચ-૧(બી)ના ૯ તાલીમાર્થીઓની પાયાની તાલીમ તા.૨૭/૧૧/૨૦૨૧માં પૂર્ણ થયેલ છે. જેઓની પ્રત્યક્ષ તાલીમ વિવિધ જીલ્લાઓ ખાતે હાલ કાર્યરત છે.

વર્ષ-૨૦૨૦માં શહેર/જીલ્લા ખાતે નિમણૂંક પામેલ હથિયારી તથા બિન હથિયારી લોકરક્ષક તાલીમાર્થીઓની પાયાની તાલીમ કુલ પાંચ તાલીમ સંસ્થાઓ ખાતે તા.૨૫/૦૧/૨૦૨૧ થી અને શહેર/જીલ્લા/જૂથ ખાતે તા.૨૧/૦૯/૨૦૨૦થી શરૂ કરવામાં આવેલ છે. કુલ-૮૫૮૮ લોકરક્ષક તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ. જે પૈકી ૮૪૫૬ લોકરક્ષકોની તાલીમ

INDEX

તા.૧૪/૦૫/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયેલ. તથા ૧૩૨ લોકરક્ષકોની તાલીમ તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયેલ છે.

હાલમાં ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે બિ.હ.પો.ઈન્સ. બેચ-૧(સી)ના ૨ તથા બેચ-૧(ડી)ના ૨ તેમજ બેચ-૨ ના ૫૫ તાલીમાર્થીઓની તાલીમ કાર્યરત છે.

એમ.પી.એફ.અંતર્ગત મંજૂર થયેલ અનુદાનમાંથી અત્રે હસ્તકની પાંચેય તાલીમ સંસ્થાઓ ખાતે સબંધિત તાલીમ સંસ્થાના સમગ્ર વિસ્તારને આવરી લેતા CCTV કેમેરા ઈન્સ્ટોલ કરી, કાર્યરત કરવામાં આવેલ છે. CCTV કેમેરા મારફત અત્રેથી મોનીટરીંગ કરવામાં આવે છે.

એમ.પી.એફ. અંતર્ગત મંજૂર થયેલ અનુદાનમાંથી ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે અદ્યતન સુવિધા ધરાવતુ Wi-Fi નેટવર્ક વિકસાવવામાં આવેલ છે. કમાન્ડો તાલીમ કેન્દ્ર, ખલાલની બાજુમાં પોલીસ ખાતા હસ્તક આવેલ ૧૦૦ એકર જમીન ઉપર ૨૫૦૦ તાલીમાર્થીઓની ક્ષમતાવાળું તાલીમ સેન્ટર ઉભુ કરવા મંજૂરી મળતા, આ બાબતનો માસ્ટર પ્લાન તેમજ વિવિધ બિલ્ડીંગ્સના નકશા તૈયાર કરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- **વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં હાથ ધરવામાં આવનાર પ્રવૃતિ**

ઈ-ગુજકોપ પ્રોકેજ્ટ હેઠળ તપાસ કરનાર અધિકારીને મદદરૂપ થાય એવી એપ્લિકેશન-સમસ્ત પ્રકારના બનાવવાળી જગ્યાનું પંચનામા, અટક પંચનામા, રિકવરી પંચનામા, ડીસ્કવરી પંચનામા, ઓનલાઈન ભરવામાં મદદરૂપ મોબાઈલ એપ્લિકેશન પોકેટ કોપ યોજના હેઠળ વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

બિઝનેસ ઈન્ટેલીજન્સ ટૂલ તેમજ પ્રિડીક્ટીવ એનાલીટીક્સના માધ્યમથી ક્રાઈમ મેપ્સ, ક્રાઈમ રીપોર્ટ્સ, ક્રાઈમ હોટ-સ્પોટ એનાલીસીસ, ક્રાઈમ ટ્રેન્ડ એનાલીસીસ જેવા ગુનાની તપાસ કરનાર અધિકારીને તેમજ સુપરવાઈઝરી અધિકારીને મદદરૂપ રીપોર્ટ વિકસાવવામાં આવનાર છે.

રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં પોલીસ વિભાગમાં વિવિધ સંવર્ગ બિ.હ.પો.સ.ઈ.-૩૦૦, બિ.હ.એ.એસ.આઈ.-૯૮૩, બિ.હ.લોકરક્ષક-૫૪૮૮, હથિયારી લોકરક્ષક-૧૦૫૦, ઈન્ટે.ઓફીસર-૨૭, એસ.આર.પી.એફ. લોકરક્ષક-૪૪૫૦ મળી કુલ- ૧૨,૨૯૮ ની ભરતી કરવામાં આવનાર છે. જે ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેઓને અત્રે હસ્તકની કુલ-૫ તાલીમ સંસ્થાઓ તથા શહેર/જીલ્લા/યુનિટ ખાતેના ડીસ્ટ્રીકટ ટ્રેનિંગ સેન્ટર્સ ખાતે પાયાની તાલીમ આપવામાં આવનાર છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી કરવામાં આવેલ કુલ-૧૬ બિન હથિયારી નાયબ પોલીસ અધિક્ષક તથા કુલ-૪૦ બિન હથિયારી પો.ઈ. આગામી સમયમાં ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે પાયાની તાલીમ આપવામાં આવનાર છે

સુરક્ષા સેતુ સોસાયટીની અગત્યની કામગીરી :

પ્રજા અને પોલીસની વચ્ચે વિશ્વાસ પેદા થાય, ટકી રહે અને કાયમી સેતુ બંધાય તેવા હેતુથી રાજ્ય સરકારે સુરક્ષાસેતુ સોસાયટીની સ્થાપના કરવાનો નિર્ધાર કર્યો. ગૃહ વિભાગ, ગુ.રા. દ્વારા તા. ૬.૦૯.૨૦૧૨ના ઠરાવથી રાજ્ય કક્ષા ૧, પોલીસ કમિશ્નરના વિસ્તારમાં ૪ અને જીલ્લા કક્ષાએ ૩૪ એમ કુલ મળીને ૩૯ સુરક્ષા સેતુ સોસાયટીઓની સ્થાપના કરવામાં આવી છે.જેનું સંચાલન કરવા માટે એક્ઝીક્યુટીવ સમિતિની રચના કરવામાં આવેલ છે અને નીતિવિષયક નિર્ણયો લેવા ગર્વનીંગ કાઉન્સીલની રચના કરવામાં આવેલ છે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં સુરક્ષાસેતુ સોસાયટી કાર્યરત છે. મુખ્ય પ્રવૃત્તિઓમાં

- મહિલાઓને સ્વરક્ષણ અને સલામતીની તાલીમ
- દારૂના વ્યવસાયમાં રોકાયેલી મહિલાઓનું પુન:વસન કરવું.
- બાળકોને સીનીયર સીટીઝનની સુરક્ષા
- વિદ્યાર્થીઓ સાથે કેરીયર કાઉન્સિલીંગ
- પોલીસ સ્ટેશનની કામગીરીને વાકેફ કરવા
- ટ્રાફીક નિયમન અને નિયમો વિશે તાલીમ
- દરેક પોલીસ સ્ટેશન દીઠ એક શાળાની પસંદગી કરી સ્ટુડન્ટ પોલીસ કેડેટ અમલ કરવો
- સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમો

વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧,૬૯,૪૦૦ મહિલાઓને લક્ષાંકની સામે ઓક્ટોબર સુધી ૯,૮૯૮ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપેલ છે અને ૬૩૧ બુટલેગર મહિલાઓનું પુન:વસન કરેલ છે SPC યોજના હેઠળ ૨૬,૫૩૨ વિદ્યાર્થીઓના લક્ષાંકની સામે ૧૫,૯૯૨ વિદ્યાર્થીઓને કાર્યક્રમ હેઠળ આવરી લીધા છે. આ સમયગાળા દરમ્યાન ૨,૭૧૦ બાળકોને પોલીસ સ્ટેશનની

INDEX

મુલાકાત લીધી છે અને ૨૩,૫૦૪ વિદ્યાર્થીઓને ટ્રાફીકની તાલીમ આપેલ છે. આ ઉપરાંત રાજ્યમાં ૧૪ સુરક્ષાસેતુ રથ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં ફેરવવામાં આવે છે. રથમાં ફિલ્મ, સાહિત્ય રાખીને એજ્યુકેટર દ્વારા પ્રેક્ષકોને સમજણ આપવામાં આવે છે.

- **વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માં કામગીરીમાં થયેલ પ્રગતિ**

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ૧,૮૬,૩૪૦ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવાનું આયોજન છે. રાજ્ય સરકારની ગ્રાંટમાંથી ચાલતી શાળાઓ તથા રાજ્યમાં આવેલી કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય વિગેરે કુલ મળીને ૯૯૭ શાળાઓમાં SPC યોજના ચલાવવાનું આયોજન છે જ્યાં ૨૯,૧૮૫ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે. ગત વર્ષ કરતા પ્રવૃતિમાં ૧૦%નો વધારો થશે તેવું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત મોટા શહેરોમાં રહેણાંકની સોસાયટીઓમાં CCTV કેમેરા લગાડવા માટે ૩૦% જેટલી સબસીડી આપવામાં આવે છે. રાજ્યના તમામ જિલ્લામાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૪ સુરક્ષાસેતુ રથ ફેરવવામાં આવે છે. રથ દ્વારા સુરક્ષાસેતુ ના કાર્યક્રમો અને પોલીસની કામગીરીથી વાકેફ કરે છે આગામી વર્ષમાં રાજ્યના તમામ જિલ્લાઓના તમામ ગામોમાં આ રથ પ્રવાસ કરશે અને પ્રજાને સુરક્ષાસેતુ સોસાયટી તથા પોલીસ વિભાગની કામગીરીથી વાકેફ કરવામાં આવશે.

પોલીસ વેલ્ફેરની અગત્યની કામગીરી

ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ ભાગ-૧ નીયમ ૨૫૬,૨૫૭,૨૫૮ની જોગવાઈઓ અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારી અને કુટુંબીજનોના વેલ્ફેર માટે વિવિધ કલ્યાણકારી પ્રવૃતિઓની યોજના અમલમા છે.

(૧) આ પોલીસ વેલ્ફેર ફંડની યોજનાઓ માટે તમામ પોલીસ અધિકારી/કર્મચારીનો પગાર+મોઘવારી+સી.એલ.એની ગણતરી કરી એક દિવસનો પગાર વર્ષમા એપ્રીલ માસના પગાર બિલેથી કપાત કરી વેલ્ફેર ફંડ ખાતે જમા કરવાની જોગવાઈઓ છે, આ યોજનાનો પોલીસ અધિકારી/કર્મચારી અને કુટુંબીજનોને વધુમાં વધુ લાભ મળે અને કલ્યાણકારી પ્રવૃત્તી ને વેગ મળે તે માટે સમગ્ર રાજ્યના કર્મચારીઓના કુલ ફાળો અથવા ૫ કરોડ બે માથી જે ઓછુ હોય તેટલી રકમ સરકારશ્રી તરફથી વેલ્ફેર ફંડમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં સરકારશ્રીએ ફાળાની રકમમાં ૫ કરોડથી વધારો કરી ૭ કરોડ કરવાનો નિર્ણય સરકારશ્રીએ કરેલ છે. અને તે કલ્યાણકારી પ્રવૃત્તિઓમા વાપરવામાં આવે છે. (૨) પોલીસ મેન્યુલની જોગવાઈઓ તેમજ આ પ્રવૃતિનું મોનીટરીંગ કરવા અને અમલીકરણ કરવા સારૂ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પીડબ્લ્યુએફ/૧૦/૨૦૧૯/૨૪૨૩૪૯/ટી. તા.૩૧/૦૫/૨૦૧૯ના આધારે કમીટી નક્કી કરવામાં આવેલ છે. તે કમીટી દ્વારા સમયાતરે મીટીંગ યોજી સમિક્ષા કરી કલ્યાણકારી પ્રવૃત્તિના વેગ અને અમલીકરણ માટે જરૂરી પગલા લેવામા આવે છે. વેલ્ફેર ફંડની મોનીટરીંગ મીટીગ છેલ્લે તારીખ ૦૭/૧૦/૨૦૨૦ના રોજ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરની અધ્યક્ષતામા યોજાયેલ. (૩) ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ ભાગ-૧ નીયમ ૨૫૬,૨૫૭,૨૫૮ની જોગવાઈઓ અનુસાર તેમજ મોનીટરીંગ કમીટીની ભલામણો અનુસાર હાલમા પોલીસ વેલ્ફેર ફંડમાથી પોલીસ અધિકારી/કર્મચારી અને કુટુંબીજનોના વેલ્ફેર માટે જુદી જુદી પ્રવૃત્તિઓ કરવામા આવે છે જેવી કે (૧)દૂધ વિતરણ કેન્દ્ર (૨) બાળ મંદિર (૩) અનાજ દળવાની ઘંટી (૪) ચિલ્ડ્રન પાર્ક (૫) વ્યાજબી ભાવની દુકાન (૬) શાકભાજીના બગીચા (૭) સિવણ,ગુથણ અને એંબ્રોયડરી ના વર્ગ (૮) સિઝનેબલ સ્ટોર્સ (૯) અંબર ચરખા (૧૦) કુટુંબ નિયોજન કેન્દ્ર (૧૧) ડીસ્પેન્સરી અને સારવાર કેન્દ્ર (૧૨) પુખ્તવય માટે શિક્ષણ ક્લાસ (૧૩) પોલીસ બોયઝ બેન્ડ (૧૪) પોલ્ટ્રીફાર્મ (૧૫) સીનેમા શો (૧૬) પોલીસ કર્મચારીના સંતાનો માટેના ટ્યુટોરીયલ ક્લાસ (૧૭) પ્રસુતિ અને બાળ વિકાસ કેન્દ્ર (૧૮) રીક્રીએશન સેન્ટર વગેરે પ્રવૃતિઓ કરવામાં આવે છે. તથા જુદી જુદી સહાયો જેવી કે, ચશ્મા સહાય, દાંતના ચોકઠાં, મરણોત્તર સહાય,તેમજ બાળકોના શૈક્ષણિક કારકીર્દી માટે પ્રોત્સાહન ઈનામ તેમજ શિષ્યવૃતિ આપવામાં આવે છે. તેમજ બાળકો માટે તાલીમ કેન્દ્ર, આરોગ્ય ચકાસણી, વાંચનાલય જેવી વિવિધ પ્રવૃતિઓ તથા કોમ્પ્યુટર લોન, મેડીકલ લોન, મંગળસૂત્ર લોન, ઉચ્ચ અભ્યાસ લોન પણ આપવાની જોગવાઈઓ પણ કરાવામાં આવેલ છે. વેલ્ફેર ફંડની કલ્યાણકારી પ્રવૃત્તીના ભાગ રૂપે અધિકારી/કર્મચારી અને કુટુંબીજનોની આરોગ્ય ચકાસણીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.તા.૨/૨/૧૯, તા.૨૧/૬/૧૯ તથા તા.૦૭/૧૦/૨૦૨૦ તથા છેલ્લે તા.૮/૩/૨૦૨૧ ના રોજ વેલ્ફેર ફંડ મોનીટરીંગ મીટીંગ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા. ગાંધીનગરની અધ્યક્ષતામાં યોજાયેલ તેમાં પોલીસ અધિકારી/કર્મચારી અને કુટુંબીજનોના વેલ્ફેર માટે નિર્ણયો લઈ નીચે મુજબના સુધારા વધારા કરવામાં આવેલ છે.

(૧) **સિલાઈ મશીન** લોનમાં વધારો કરી ₹ ૧૦,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૨) **સંતાન લગ્ન લોન :** ₹ ૧,૫૦,૦૦૦/- સુધી સંતાન લગ્ન આપવામાં આવે છે.

(૩) **મેડીકલ લોન :** (બીજા વર્ષ સુધી ૦% વ્યાજ રહિત) અને બે વર્ષ બાદ વ્યાજ દર ૫% રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

(૪) **ચશ્મા સહાય**માં દર બે વર્ષે ₹ ૨,૦૦૦/-ના બદલે ₹ ૫,૦૦૦/-આપવાનું નકકી કરેલ છે.

(૫) **દાંતના ચોકઠાં**માં ₹ ૪,૦૦૦/-ના બદલે વધારો કરી ₹ ૧૦,૦૦૦/-સહાય આજીવન એકવાર આપવાનું નકકી કરેલ

INDEX

છે.

(૬) **મરણોત્તર સહાય :** ₹ ૨૫,૦૦૦/- ના બદલે ₹ ૫૦,૦૦૦/- સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૭) **ઈનામ :** -બાળકોની કારકીર્દી માટે અને પ્રોત્સાહન માટે ઈનામની રકમમાં અભ્યાસ વાઈઝ

નીચે મુજબ વધારો કરવામાં આવેલ છે.

(અ) અ.નં.	(બ) ધોરણ	(ક) ચૂકવવાપાત્ર ઈનામની રકમ
૧	ધોરણ ૬ થી ૯ તથા ૧૧ તથા સર્ટીફિકેટ કોર્સમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી	(૧) ૮૦% થી વધારે = ૨૫૦૦/-
૨	ધોરણ ૧૦ માં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી	(૧) ૮૦% થી ૮૫% = ૫૦૦૦/- (૨) ૮૫.૧% થી ૯૦%= ૭૫૦૦/- (૩) ૯૦.૧% થી ૯૫% = ૧૦,૦૦૦/- (૪) ૯૫.૧% થી વધુ = ૧૫,૦૦૦/-
૩	ધોરણ ૧૨ માં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી	(૧) ૮૦% થી ૮૫% = ૫૦૦૦/- (૨) ૮૫.૧% થી ૯૦%= ૭૫૦૦/- (૩) ૯૦.૧% થી ૯૫%= ૧૦,૦૦૦/- (૪) ૯૫.૧% થી વધુ= ૧૫,૦૦૦/-

અન્ડર ગ્રેજ્યુએશન કક્ષા માટે ઈનામો :-

૪	હ્યુમેનિટીસ/ કોમર્સ/ મેનેજમેન્ટ/ લો/ સાયન્સ /લીબરલ આર્ટસ/ કોમ્પ્યુટર એપ્લીકેશન વિગેરે પ્રકારના ધો.૧૨ પછીના અભ્યાસક્રમોમાં	૬૫% કે તેથી ઉપર ₹ ૧૦,૦૦૦/-
૫	અન્ડર ગ્રેજ્યુએશનના ટેક્નિકલ/ પ્રોફેશનલ અભ્યાસક્રમો(BETECH/ MBBS/BP harm/આયુર્વેદ/ હોમિયોપેથી વિગેરે) અભ્યાસક્રમોમાં	૬૦% કે તેથી ₹ ૧૦,૦૦૦/-
૬	ME/MTECH/ MS/ ચાર્ટડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, કોસ્ટ એકાઉન્ટીંગ MBA વિગેરે પ્રોફેશનલ કોર્ષ, સંશોધન (PHD) વિગેરેમાં અભ્યાસક્રમોમાં	૫૫% કે તેથી વધુ ગુણ ₹ ૧૦,૦૦૦/-

સ્પોર્ટસ સ્કોલરશીપ :

આ ઉપરાંત પોલીસ વિભાગના કે પોલીસ પરિવારના તેજસ્વી રમતવીરો માટે સેન્ટ્રલ વેલ્ફેર ફંડમાંથી નીચેના ટેબલમાં જણાવ્યા મુજબની સ્પોર્ટસ સ્કોલરશીપ આપવા નિર્ણય કરવામાં આવે છે.

૧	આંતરરાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટમાં પસંદગી પામેલ ખેલાડીઓ	મહત્તમ ₹ ૧૦,૦૦,૦૦૦/- તથા ₹ ૨,૦૦,૦૦૦/-સુધી સ્પોર્ટસ કિટ/ સાધનો, કોચીંગ, મેડીકલ વિગેરે ખર્ચ માટે.
૨	રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ ખેલાડીઓ	મહત્તમ ₹ ૫,૦૦,૦૦૦/-તથા ₹ ૧,૦૦,૦૦૦/-સુધી સ્પોર્ટસ કિટ/ સાધનો કોચીંગ, મેડીકલ વિગેરે ખર્ચ માટે.

(૮) **ઉચ્ચ અભ્યાસ લોન :** આ હેતુ માટે ₹ ૫ કરોડ ની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ₹ ૧૦,૦૦,૦૦૦/- સુધી ચુકવવામાં આવે છે.

(૯) **માનદ વેતન :** વેલ્ફેર ફંડની કામગીરી કરતાં અધિકારી/ કર્મચારીને લઘુત્તમ ₹ ૨૦૦/- અને મહત્તમ ₹ ૫૦૦/- સુધીની મર્યાદામાં વધારો કરી લઘુત્તમ ₹ ૧૦૦૦/- અને મહત્તમ ₹ ૧૫૦૦/- આપવાનું નકકી કરવામાં આવેલ છે.

(૧૦) **કોમ્પ્યુટર લોન :** ₹ ૪૦,૦૦૦/- ને બદલે ₹ ૬૦,૦૦૦/- આપવાનું નક્કી કરેલ છે.

(૧૧) **મોબાઈલ લોન :** ₹ ૨૫,૦૦૦/- મોબાઈલ લોન આપવાનું નક્કી કરેલ છે.

(૧૨) **મોતીયા ઓપરેશન લોન :** ₹ ૧૦,૦૦૦/- ને બદલે વધારો કરી ₹ ૩૦,૦૦૦/- સુધી આપવાનું નકકી કરવામાં આવેલ છે.

(૧૩) **હેલ્થ ચેક-અપ :** પોલીસ અધિકારી/કર્મચારી તથા તેમના કુટુંબના સભ્યોની સરકારી હોસ્પિટલ અથવા સ્થાનીક એન.જી.ઓ ની મદદથી દર વર્ષે હેલ્થ ચેક-અપ ફરજીયાત કોઈપણ પ્રકારના ખર્ચ વગર કરાવવાનું રહેશે. હેલ્થ ચેક-અપના ડેટા કચેરીના વડાશ્રીએ ઈ-ગુજકોપ માં દર વર્ષે નાખવાનો રહેશે. હેલ્થ ચેક-અપ દરમ્યાન ગંભીર બિમારીઓ જણાય તેવા ડેટા અલગથી દર વર્ષે નિયમીત રીતે મોકલી આપવાના રહેશે. ગંભીર બિમારીઓ અંગે કચેરીના વડાશ્રી એ અંગત રસ લઈ તેઓને જરૂરી સહાય માર્ગદર્શન કરવાનું રહેશે. અને આ અંગે ત્રિમાસિક અહેવાલ પણ મોકલવાનો રહેશે તેમ નકકી કરવામાં આવેલ છે.

(૧૪) **વેલ્ફેર ફંડની** કલ્યાણકારી પ્રવૃત્તિના ભાગ રૂપે અધિકારી/કર્મચારી અને કુટુંબીજનોની આરોગ્ય ચકાસણીનો પણ સમાવેશ

કરવામાં આવેલ છે.પોલીસ ખાતાના કર્મચારી/અધિકારીઓને સતત તનાવભરી પરિસ્થિતિમાં ફરજ બજાવતા હોય છે, કારણ કે ફરજ એ પ્રકારની હોય છે. રાજ્ય સરકાર પ્રજાની સુરક્ષા માટે જેટલી જાગૃત છે, તેટલીજ તેના પોલીસ કર્મચારીઓ અને તેના પરિવાર પ્રત્યે પણ જાગૃત છે. પોલીસ કર્મચારીઓ/અધિકારીશ્રીઓ આવા કૌટુંબિક હિતોને નજરઅંદાજ કરી, સરકારી ફરજોને પ્રાધાન્ય આપે છે ત્યારે તેઓને વેલ્ફેરની જવાબદારી રાજ્ય સરકારની બને છે. વેલ્ફેર પ્રવૃત્તિના ભાગરૂપે રાજ્ય સરકારે પોલીસ કર્મચારી અને તેમના પરિવારના સભ્યોના સ્વાસ્થની ચકાસણી થાય તે માટે એક નીતિવિષયક નિર્ણય લીધેલો છે. જેનો અમલ ઓક્ટોબર-૨૦૦૪થી થઈ રહેલ છે. અને હાલમાં દર વર્ષે અધિકારી/કર્મચારી અને કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે.

(૧૫) **આરોગ્ય ચકાસણી**ના આ કાર્યક્રમથી પોલીસ કર્મચારીઓ કે તેમના પરિવારજનો તેમના આરોગ્ય પ્રત્યે જાગૃત રહે તેમજ હેલ્થ ચેક-અપમાં પોસ્ટ-સ્કીનીંગ એડવાઈઝ સજેસ્ટેડ ઈન્વેસ્ટીગેશન, લો-હિમોગ્લોબિન, એક્સસાઈઝની જરૂરીયાત, વજન ઘટાડવું, હાઈબ્લડ સુગર, હાઈપર ટેન્શન, ડાયાબીટીશ, ફેટ ફ્રી ડાયટ, હાઈ પ્રોટીન ડાયટ, કોલેસ્ટોરલ તથા વધારાના વિશેષ રોગો અંગે લક્ષણો મુજબ હ્રદય, ટી.બી., કેન્સર જેવા ગંભીર રોગના લક્ષણ દેખાયતો તુરત જ તે અંગેની સારવાર શક્ય બનતા રોગોના દુષ્પરિણામથી બચી શકાય છે અને પરિવાર તનાવમુકત બને છે.

AIS (Automatic Identification System) :

કોસ્ટલ સિક્યુરીટી સ્કીમ ફેઝ-૧ હેઠળ રાજ્યના મરીન પો.સ્ટે. ખાતે ફાળવવામાં આવેલ ૩૦ ઈન્ટરસેપ્ટર બોટ્સમાં AIS (Automatic Identification System)ફીટ કરાવવામાં આવેલ છે. જેના દ્વારા ઈન્ટરસેપ્ટર બોટ્સની પ્રવર્તમાન સ્થિતિ જાણી શકાશેઅને આકસ્મિક સમયે જરૂરિયાતના સ્થળે ત્વરીત ઉપયોગમાં લઈ શકાશે.

જેટી : કોસ્ટલ સિકયુરીટી સ્કીમ ફેઝ-૧ અંતર્ગત ફાળવેલ કુલ-૩૦ ઈન્ટરસેપ્ટર બોટ્સ હાલ ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ફીશરીઝ વિભાગ તથા ખાનગી જેટી પર બર્થ કરવામાં આવે છે. ગુજરાતના પોલીસ સ્ટેશન હસ્તક જેટી ઉપલબ્ધ થાય તે સારૂ ગુજરાત મેરીટાઈમ બોર્ડ તરફથી જેટી અપગ્રેડેશનની કામગીરી ચાલુમાં છે. જે તમામજેટીઓની હાલની સ્થિતિ નીચે મુજબ છે.

- **વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સાધવાની થતી પ્રગતિ :**

Command and Control Room : રાજ્યની તથા રાજ્ય બહાર થી આવતી બોટોનું Real Time Monitoring થઈ શકે તે માટે બોટમાં લગાવેલ AIS Systemની મદદથી પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં આવતી બોટોનું નિરીક્ષણ તથા નિયંત્રણ કરી શકાય તથા ગાંધીનગર વડી કચેરીથી VTMS તથા રડાર સિસ્ટમની મદદથી ફીડ મેળવી તેનું સુપરવિઝન કરવા સારૂ અદ્યતન કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ તૈયાર કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ છે.

Application for real time monitoring of performance for all Marine Police Station : રાજ્યના તમામ મરીન પોલીસ સ્ટેશનના તમામ રેકર્ડ જાળવણી તથા Real Time Monitoring of Performance તથા અન્ય એજન્સીઓ સાથે સંલગ્ન ડેટા ઈન્ટીગ્રેશન માટે મોબાઈલ એપ્લીકેશન વિકસાવવાની કામગીરી ચાલુમાં છે.

Communication Plan : રાજ્યના તમામ મરીન પોલીસ સ્ટેશન તથા ઈન્ટરસેપ્ટર બોટ્સમાં MMB VHF Sets સ્થાપિત કરી રાષ્ટ્રીય તથા રાજ્યકક્ષાની સુરક્ષા એજન્સીઓ સાથે ગોપનીય સંદેશાવ્યવહારના આપ-લે માટે અલાયદી VHF ફ્રીકવન્સી સેટ કરવાની કામગીરી કરવામાં આવનાર છે.

૨. અધિક પોલીસ મહાનિદેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ

કામગીરી/ સિધ્ધિઓ અંગેની ટૂંકી નોંધ

- **જેલખાતાનો મુળભૂત ઉદ્દેશ** અદાલત દ્વારા ફરમાવવામાં આવેલ સજાનાં અમલીકરણની સાથોસાથ કેદી કલ્યાણ વિષયક પ્રવૃત્તિઓ હાથ ધરવી, કેદી તાલીમ રોજગાર અને પુનઃ સ્થાપન, કેદીઓની સલામતિ, સકારાત્મક માનસ પરિવર્તન અને માનવ અધિકારોનું રક્ષણ કરવાનું છે. તેમજ જેલ મુક્તિ પછી સમાજમાં સ્વમાબનભેર પુન:સ્થાપન છે. પુન:સ્થાપનનો હેતુ સિદ્ધ કરવા માટે જેલ જીવન દરમ્યાન બંદીવાનોને જેલ ઉદ્યોગ દ્વારા વિવિધ વ્યવસાયિક તાલિમ પ્રદાન કરવામાં આવે છે વર્ષોથી જેલોમાં વણાટ, સુથારી, બેકરી, કેમિકલ, દરજી, પ્રીન્ટીંગ પ્રેસ વગેરે ઉદ્યોગો ચલાવવામાં આવે છે.
- જેલ ખાતાના સીધા નિયત્રણ હેઠળ ૦૪-મધ્યસ્થ જેલ, ૧૧-જીલ્લા જેલો, ૦૨-ખાસ જેલ, ૦૩-ઓપન જેલ, ૦૯-સબ જેલો અને ૦૨ મહિલા જેલ મળી કુલ ૩૧ જેલો તેમજ એક જેલ સ્ટાફ ટ્રેનીંગ સ્કુલ મળી કુલ ૩૨ જેલ કચેરીઓ આવેલ છે.

જેલ સલામતિ અને વહીવટી સુધારણા :

જેલ આધુનિકરણ હેઠળ વાર્ષિક યોજના વર્ષ-૨૦૨૧-૨૨ હેઠળ રાજ્યની વિવિધ જેલો/કચેરીઓ માટે વહીવટી, સલામતિ

INDEX

તથા કેદીઓના સ્વાસ્થ્યના હેતુસર ફેક્સ મશીન, વેબ કેમેરા, ઝેરોક્ષ મશીન ઝમ્બો ઝેરોક્ષ મશીન, હેન્ડ હેલ્ડ મેટલ ડીટેકટર, ડોર ફ્રેમ મેટલ ડીટેક્ટર, બેગેજ સ્કેનીંગ મશીન (એકસ-રે સ્કેનીંગ મશીન), લોટ બાંધવાના મશીન તથા ફુલ્લી ઓટોમેટીક ચપાટી મશીન, સોનોગ્રાફી મશીન, ખરીદવામાં આવી રહેલ છે. ઉપરાંત કેદીઓને કોર્ટ સમક્ષ રજુ રાખવા માટે રાજ્ય તમામ અદાલતોને જેલો સાથે જોડી સોફ્ટવેર/હાર્ડવેર વિડીયો કોન્ફરન્સીંગ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાની કાર્યવાહી ગતિમાં છે. તેમજ રાજ્યની ૧૯ જેલોમાં સી.સી.ટી.વી કેમેરા (વિડીયો સર્વેલન્સ સિસ્ટમ) પ્રસ્થાપિત કરવા માટેની કાર્યવાહી ચાલુમાં છે.

વાર્ષિક યોજના વર્ષ-૨૦૨૨-૨૩ માહાથ ધરવામાં આવનાર કામો

(૧) વહીવટી સરળતા ખાતર વહીવટી સાધનો તથા સલામતી હેતુસર વિવિધ પ્રકારના સલામતીના સાધનો ખરીદવા માટે અંદાજપત્રીય જોગવાઈ માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવનાર છે.

(૨) જેલોમાં રહેલ કેદીઓને તમામ સારવાર જેલની અંદર આપી શકાય તે માટે મેડીકલ સાધનો માટે અંદાજો રજૂ કરવામાં આવેલ છે.

(૩) જેલ/કચેરીઓ માટે જરૂરીયાત મુજબ વિવિધ પ્રકારના વાહનો તથા ખેતીવાડી સંબંધિત સાધનો ખરીદવા માટે અંદાજો રજૂ કરવામાં આવેલ છે.

(૪) લાંબી સજા થતા કેદીઓના પરિવાર અને તેમના બાળકો હતોત્સાહિત થઈ જાય છે અને આ બાળકો નિર્દોષ હોવા છતા નિરાશ્રિત તથા હતોત્સાહિત થવાના કારણે મુશ્કેલીઓના સામના કરતા હોય છે. કેદીઓના આ બાળકો આગળ વધી શકે અને તેમના પરિવાર સાથે દેશ અને સમાજ માટે આદર્શરૂપ બની શકે તે માટે તેઓ ઉત્સાહમાં રહે તે અત્યંત આવશ્યક છે. તેથી આ બાળકોને કેદી વેલ્ફેર ફંડમાંથી "સંવેદના" યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ અને પ્રોત્સાહન ઈનામ આપવા માટે અંદાજપત્રીય જોગવાઈ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઓવરક્રાઉડીંગની સમસ્યા માટે લેવાયેલ પગલા. નવી જેલોનુ બાંધકામ તથા વિસ્તરણ

1. નવનિર્મિત દાહોદ સબ જેલને કાર્યરત કરવામાં આવેલ છે.
2. અમદાવાદ મધ્યસ્થ જેલનું વિસ્તરણ કરી ૫૩ નવી બેરેક્સ બાંધવામાં આવી રહેલ છે.
3. આણંદ જિલ્લા જેલનું બાંધકામ પૂર્ણ થતા વડોદરા મધ્યસ્થ જેલમાં મહદઅંશે ઓવરક્રાઉડીંગની સમસ્યાનું નિવારણ આવશે.
4. રાજકોટ મધ્યસ્થ જેલનું વિસ્તરણ કરી શકાય તેવી જમીન ઉપલબ્ધ નથી, તેથી આ જેલને અન્યત્ર ખસેડવા માટે જમીનની માંગણી કરવામાં આવેલ છે.
5. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવી જેલનું નિર્માણ કાર્ય પૂરુ થયે જામનગર જિલ્લા જેલની ઓવરક્રાઉડીંગની સમસ્યાનું નિવારણ આવશે.
6. ભાવનગર નવી જિલ્લા જેલનું બાંધકામ ગતિમાં છે. જે પૂર્ણ થયે ઓવરક્રાઉડીંગની સમસ્યાનું નિવારણ આવશે.
7. પાલનપુર જિલ્લાના છાપી મુકામે નવી જિલ્લા જેલના બાંધકામ માટે જમીન મળી ગયેલ છે. આ નવી જિલ્લા જેલનું બાંધકામ કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં નવી સેવા હેઠળ અંદાજપત્રીય જોગવાઈ માટે અંદાજો રજૂ કરવામાં આવેલ છે.
8. સોમનાથ જિલ્લાના સીમરવાવ મુકામે નવી જિલ્લા જેલનું બાંધકામ કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં નવી સેવા હેઠળ અંદાજપત્રીય જોગવાઈ માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવનાર છે. આ જેલનું નિર્માણ થયેથી જુનાગઢ જિલ્લા જેલની ઓવરક્રાઉડીંગની સમસ્યાનું નિવારણ આવશે.
9. વલસાડ જિલ્લામાં નવી જિલ્લા જેલના બાંધકામ માટે જમીનની માંગણી કરવામાં આવેલ છે. આ નવી જિલ્લા જેલનું નિર્માણ થયેથી નવસારી સબ જેલની ઓવરક્રાઉડીંગની સમસ્યાનું નિવારણ આવશે.
10. ગોધરા જિલ્લાના શહેરા ખાતે નવી જિલ્લા જેલના બાંધકામના પ્રથમ ફેઝમાં કમ્પાઉન્ડ વોલનું કામ પૂર્ણ થયેલ છે. બીજા તબક્કાનું બાંધકામ કરવા માટે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.
11. સુરેન્દ્રનગર સબ જેલ બહાર ખસેડવા માટે જમીન મેળવવાની કાર્યવાહી ગતિમાં છે.
12. છોટાઉદેપુર સબ જેલ અન્યત્ર ખસેડવા માટે જમીન મળી ગયેલ છે. પ્રથમ ફેઝમાં કમ્પાઉન્ડ વોલનું બાંધકામ હાથ ધરવામાં આવી રહેલ છે. તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ માં છોટાઉદેપુર જિલ્લા જેલના બાંધકામ માટે અંદાજપત્રીય જોગવાઈ માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામા આવેલ છે.
13. મોડાસામાં નવી જેલના નિર્માણ માટે જમીન પસંદ કરી લેવામાં આવેલ છે અને તેની માંગણી કરવામાં આવેલ છે.

જે મળ્યેથી બાંધકામ કરવામાં આવશે.

14. નવી બોટાદ સબ જેલનું બાંધકામ પ્રગતિમાં છે, જેનું બાંધકામ પૂર્ણ થયે બાજુની જેલોની ઓવરક્રાઉડીંગમાં ઘટાડો થશે.

" રેડીયો પ્રિઝન " :

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મ જ્યંતિના દિવસે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે બંદીવાનોના સુધારણા હેઠળ " રેડીયો પ્રિઝન" ની શરૂઆત કરેલ છે. તે પછી વડોદરા, રાજકોટ, લાજપોર મધ્યસ્થ જેલો ખાતે રેડીયો પ્રિઝનનો શુભારંભ કરવામાં આવેલ છે. આ રેડીયો પ્રિઝન મારફત એક જ સ્થળેથી જેલના તમામ બંદીવાનોને વિવિધ પ્રકારની સુધારાત્મક બાબતો સંચાલિત કરાશે. જેમાં બંદિવાનો માટે કૌશલ્યવર્ધન વિકાસ અંતર્ગત વ્યવસાયલક્ષી તાલીમ કોર્ષ, વિવિધ પ્રકારના પ્રશિક્ષણ, માનસિક તણાવમાંથી બહાર આવે તે માટે સાયકોલોજીકલ કાઉન્સેલીંગ, મનોરંજન, શિક્ષણ, સંગીત, ગાયન, વાદન વિગેરે પ્રસારીત કરવામાં આવે છે.

ઈ-મુલાકાત :

સમગ્ર વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ની મહામારીના સંક્રમણને ફેલાતા અટકાવવાના તકેદારીના પગલાંરૂપે રાજ્યની જેલોમાં રહેલ કેદીઓને તેમના પરિવાર સાથે નિયમો મુજબ મળવાપાત્ર મુલાકાત NICના ઈ-પ્રિઝન મોડ્યુલ હેઠળ GSDCસોફ્ટવેર અંર્તગત ઈ-મુલાકાત આપવામાં આવી રહેલ છે.

કેદીઓનો અભ્યાસ :

રાજ્યની જેલોમાં કેદીઓને નિશુલ્ક શિક્ષણ આપવાના હેતુસર વર્ષ-૨૦૨૧ માં ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના કેન્દ્રો દ્વારા જુદા-જુદા અભ્યાસક્રમોમાં બંદીવાનોએ પ્રવેશ મેળવેલ છે.

જેલોમાં કેદીઓને નિશુલ્ક શિક્ષણ આપવાના હેતુસર શિક્ષણ વિભાગ ગાંધીનગરના સહયોગથી વર્ષ-૨૦૨૧માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે.

કાનુની સહાય અને લોક અદાલતો :

જીલ્લા અને તાલુકા કાનુની સહાય સત્તા મંડળ દ્વારા કેદીઓને કાનુની સલાહ અને સહાય પૂરી પાડવામાં આવે છે.

જેલ વિભાગના જેલ ઉદ્યોગોના વિકાસ તથા વિસ્તરણ માટે કરવામાં આવેલ પ્રવૃત્તિઓ

૧. કેદીઓને વણાટ, બેકરી, સુથારી, કેમીકલ, દરજી, પ્રિન્ટીંગ, ભજીયા વગેરે જેવા ઉદ્યોગોમાં રોજગારી આપી પુનઃસ્થાપિત કરવાનો હેતુ સિદ્ધ કરવા માટે રાજ્યની વિવિધ જેલો જેવી કે અમદાવાદ, વડોદરા, રાજકોટ, લાજપોર (સુરત), ભાવનગર, જુનાગઢ ખાતે વિવિધ પ્રકારના જેલ ઉદ્યોગો ચલાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન જેલ વિભાગના બંદીવાનો દ્વારા અલગ-અલગ પ્રકારના ઉદ્યોગોમાં ₹ ૮,૯૪,૦૯,૬૨૫/- નું ઉત્પાદન કરવામાં આવેલ છે તેમજ ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં રાજ્યની જેલો ખાતે ચાલતા અલગ-અલગ ઉદ્યોગોમાં ₹ ૧૦,૩૭,૩૦,૦૦૦ (અંકે રૂપિયા દસ કરોડ સાડત્રીસ લાખ ત્રીસ હજાર પુરા) નો ઉત્પાદન લક્ષ્યાંક આપવામાં આવેલ છે.

૨. રાજ્યની ચાર મધ્યસ્થ જેલો ખાતે સ્થાનિક આઈ.ટી.આઈ.(ઔદ્યોગિક તાલીમ સંસ્થા)ના સહયોગથી કેદીઓને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે. જેમાં અલગ-અલગ ટ્રેડમાં તાલીમ કોર્ષો કાર્યરત છે. તેમજ પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અંતર્ગત બ્રીજ પોઈન્ટ સ્કીલ એન્ડ નેટવર્ક પ્રા. લી. દ્વારા રાજ્યની જેલો ખાતે કાચા/ પાકા બંદીવાનોને સ્ટ્રીટ ફુડ વેન્ડર, બામ્બુ મેટ વિવર, બામ્બુ બાસ્કેટ મેકર, અથાણાં બનાવવાની તાલીમ, બેકરીની તાલીમ, ક્રાફટ બેકર, ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા અગરબત્તીમેકીંગ, વેજીટેબલ નર્સરી, કવરમેકીંગ, ટુવ્હીલર રીપેરીંગ, ઈલેકટ્રીશ્યન, ફુલોની ખેતી, પશુપાલન, ફાઈલ એન્ડ કવર મેકીંગ, મીણબત્તીઅને અગરબત્તી મેકીંગ જેવી તાલીમો આપવામાં આવેલ છે.

૩. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે કેદી સુધારણા અંતર્ગત ઔદ્યોગિક સંકુલનું નિર્માણ કાર્ય ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા શરૂ કરવામાં આવનાર છે. આ ઔદ્યોગિક સંકુલમાં અદ્યતન ભજીયા હાઉસ કમ રેસ્ટોરન્ટ કમ હિસ્ટોરીકલ ગેલેરી બનાવવામાં આવશે.

૪. અમદાવાદ મધ્યાસ્થન જેલ ખાતે સુભાષબ્રિજ સર્કલ પાસે જેલ તાબાની જમીનમાં વેચાણ કેન્દ્ર બનાવી જેલ ઉત્પાદિત ચીજ-વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. તથા મેથીના ભજીયા તૈયાર કરી જાહેર જનતામાં વેચાણ કરવામાં આવે છે. જેને સારી એવી પ્રસિદ્ધિ મળી છે. બટાકાપુરી (બટાકા ભજીયા)નું પણ વેચાણ નવતર પ્રયોગરૂપે શરૂ કરવામાં આવેલ છે. જેને જાહેર જનતાનો બહોળો પ્રતિસાદ મળેલ છે. આ કેન્દ્ર ખાતે ભજીયાનું સરેરાશ રોજીંદુ ₹ ૨૫,૦૦૦=૦૦ નું

INDEX

વેચાણ થાય છે. જેનાથી સરકારશ્રીને સારી આવક મળી રહે છે.

૫. રાજ્યની જેલોની પુસ્તકાલયના પુસ્તકો અને મેગેઝીનમાં વધારો કરવા માટે વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને દાતાઓનો સહયોગ મેળવી પુસ્તકાલય સમૃધ્ધ બનાવવામાં આવેલ છે.

૬. પેટ્રોલ પંપ - 'પ્રિઝનર્સ વેલ્ફેર ફંડ પેટ્રોલ સ્ટેશન' વડોદરા મધ્યસ્થ જેલ હસ્તકની દંતેશ્વર ઓપન જેલ ખાતે 'પ્રિઝનર્સ વેલ્ફેર ફંડ પેટ્રોલ સ્ટેશન'ના નામથી તા.૦૩-૦૪-૨૦૧૮થી કેદી સંચાલિત પેટ્રોલ પંપ કાર્યરત છે. પેટ્રોલ સ્ટેશન ખાતે પેટ્રોલ, ડીઝલ નું વેચાણ કરવામાં આવી રહેલ છે. જેમાં સરેરાશ ₹ ૩,૫૦,૦૦૦-૦૦ નું દૈનિક વેચાણ થાય છે. વેચાણમાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે.

૭. કોરોના વાયરસ (કોવિડ-૧૯) ના સંક્રમણ અન્વયે રાજ્યની મધ્યસ્થ જેલોમાં બંદીવાનો દ્વારા તા.૨૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ કુલ- ૩,૫૨,૪૬૧ નંગ માસ્કનું ઉત્પાદન કરવામાં આવ્યું.

૮. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે કુલ ૧૩૯૧ પીપીઈ કીટનું ઉત્પાદન કરી જેલો ખાતે ફરજ બજાવતા જેલ સ્ટાફ, મેડીકલ/ પેરા મેડીકલ સ્ટાફને પૂરા પાડવામાં આવી.

૯. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ડાયમંડ એસોશીએશન, અમદાવાદના સહયોગથી હિરા ઘસવાની તાલીમ કમ ઉત્પાદનના ધોરણે તાલીમ કોર્ષ ચલાવવામાં આવી રહેલ છે.

૧૦. મધ્યસ્થ જેલ અમદાવાદ/વડોદરા ખાતે હીરો મોટો તથા ઈગ્નુના સહયોગથી સર્ટીફીકેટ ઇન મોટર સાયકલ સર્વીસ અને રીપેરીંગની ટ્રેનીંગ યોજવામા આવી રહેલ છે.

૧૧. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે અંધજન મંડળ, અમદાવાદ દ્વારા ઓડીયો બુક રેકોર્ડીંગની તાલીમ આપવામાં આવી રહેલ છે.

૧૨. અમદાવાદ મહિલા જેલ ખાતે કર્મા ફાઉન્ડેશનના સહયોગથી સેનેટરી નેપકીન બનાવવાની તાલીમ સહ ઉત્પાદનના ધોરણે તાલીમ આપવામાં આવી રહેલ છે.

૧૩. લાજપોર મધ્યસ્થ જેલ ખાતે સ્વૈચ્છિક સંસ્થા કોહીનુર ડાયમંડ, સુરતના સહયોગથી હિરા ઘસવાની તાલીમ કમ ઉત્પાદનના ધોરણે તાલીમ કોર્ષ ચલાવવામાં આવી રહેલ છે.

૧૪. પાલારા (ભુજ) ખાસ જેલ ખાતે હમીર સંસ્થા ભુજોડી સંસ્થાના સહયોગથી પુરૂષ કેદીઓને વેસ્ટ પ્લાસ્ટીક વણાટની વ્યાવસાયિક તાલીમ આપવા માટે તાલીમ ઉદ્યોગ કેન્દ્રની શરૂ કરવામાં આવેલ છે.

૧૫. ગળપાદર જીલ્લા જેલ ખાતે યુનાઈટેડ ચેન્જ સંસ્થાના સહયોગથી પુરૂષ કેદીઓને સિવણ કલાસની ટૂંકાગાળાના વ્યાવસાયિક તાલીમ તેમજ રીવર ઓફ લાઈફ સંસ્થા, ગાંધીધામના સહયોગથી સ્ત્રી કેદીઓ માટે કાપડની થેલી સિવણકામની તાલીમ આપવામાં આવી.

૧૬. નડીયાદ જીલ્લા જેલ ખાતે બી. એન્ડ બી. ઈન્સ્ટીટ્યુટ વિદ્યાનગર, આણંદના સહયોગથી પુરૂષ બંદીવાનોને પ્લમ્બીંગ, ઈલેકટ્રીશીયનની તાલીમ તથા મહિલા બંદીવાનોને બ્યુટી પાર્લર, ભરતગુંથણની તાલીમ આપવામાં આવી.

ઈ-પ્રિઝન આઇ.ટી. શાખા :

- જેલ વિભાગ હસ્તકની રાજ્યની તમામ જેલો ખાતે ભારત સરકારશ્રીના એન.આઈ.સી દ્વારા વિકસાવેલ ઈ-પ્રિઝન એપ્લીકેશનમાં જેલોમાં પ્રવેશતા કેદી/આરોપીઓની તા. ૦૧/૦૧/૨૦૧૯ થી ડેટાએન્ટ્રી શરૂ કરવામાં આવેલ છે.
- રાજ્યની જેલો ખાતેથી ૨૩-૧૧-૨૦૨૧ ની સ્થિતિએ કુલ. ૪,૪૮,૦૦૫ કેદી/આરોપીઓની ડેટાએન્ટ્રી કરવામાં આવેલ છે. તેમજ વિઝીટર મેનેજમેન્ટ સિસ્ટમમાં અંદાજીત ૧,૧૬,૫૧૬ મુલાકાતીઓની ડેટા એન્ટ્રી કરવામાં આવેલ છે.
- રાજ્યની જેલોમાં રહેલા કેદીઓની દૈનિક ધોરણે ડેટા એન્ટ્રી કરવામાં આવી રહેલ છે. તા. ૨૩-૧૧-૨૦૨૧ ના રોજ અંદાજીત ૧૬,૭૧૭ કેદી/આરોપીની ડેટા એન્ટ્રી કરવામાં આવેલ છે.
- જેલોમાં રહેલ કેદી/આરોપીઓની કોરોના મહામારી દરમ્યાન જેલ ખાતે રૂબરૂ મુલાકાત બંધ થતા ઈ-પ્રિઝન પોર્ટલ પરથી રજીસ્ટ્રેશન કરાવીને ઈ-મુલાકાત માર્ચ ૨૦૨૦ થી શરૂ કરવામાં આવેલ છે. તા. ૨૩-૧૧-૨૦૨૧ ની સ્થિતિએ ૪૯૮૫૯ કેદી/આરોપીઓને ઈ-મુલાકાત/જીવન મુલાકાત મારફતે કુટુંબીજનો સાથે ઓડીયો-વિડીયો દ્વારા વાતચીત કરાવવામાં આવેલ છે.
- ઈ-પ્રિઝન એપ્લીકેશનમાં કરવામાં આવતી ડેટા એન્ટ્રી એક જ પોર્ટલ દ્વારા સમગ્ર દેશમાં ઉપલબ્ધ થઈ શકે છે.
- ઈ-પ્રિઝન એપ્લીકેશનમાં કેદી/આરોપીઓના એક કરતાં વધુ ફોટોગ્રાફ ઉપલબ્ધ થઈ શકે છે. તેમજ કેદી/આરોપીઓની બાયોમેટ્રીક ફીંગર પ્રિન્ટ લઈને કાયમી રેકોર્ડ તરીકે રાખી શકાય છે.

INDEX

- રાજ્યની જેલો ખાતે સીંગલ ફીંગર પ્રિન્ટ ડીવાઈઝ ખરીદ કરી ફાળવીને કેદી/આરોપીઓની ચકાસણી અને દૈનિક ઉપયોગ શરૂ કરેલ છે.
- રાજ્યમાં રહેલ કેદી/આરોપીઓની અન્ય રાજ્યમાં પોલીસ તપાસ કે અન્ય કારણોસર કરવામાં જેલ બદલી સમયે ઓનલાઈન કામગીરી કરી શકાય છે. જેથી સંબંધીત રાજ્યની જેલને કેદી/આરોપીઓની તમામ વિગતો ઓનલાઈન ઉપલબ્ધ થઈ શકે છે.
- ICJS (INTER-OPERABLE CRIMINAL JUSTICE SYSTEM)પ્રોજેક્ટ હેઠળ ઈ-પ્રિઝન એપ્લીકેશનમાં ઉપલબ્ધ ડેટા જેલોને લગતી માહિતી આવરી લેતા એક જ પોર્ટલ ઉપર તમામ ડેટા ઉપલબ્ધ થતાં કેદી/આરોપીઓને સંબંધીત માહીતી દ્વારા ગુના તેમજ આરોપીને શોધવામાં સરળતા રહે છે.
- ઈ-પ્રિઝન એપ્લીકેશનમાં કરવામાં આવતી ડેટા એન્ટ્રી થકી NDSO (NATIONAL DATABASE ON SEXUAL OFFENDERS) પોર્ટલ પર જેલોમાં રહેલ કેદી/આરોપીઓની માહિતી ઉપલબ્ધ થઈ શકે છે.
- ઈ-પ્રિઝન એપ્લીકેશનમાં જેલોને ઉપયોગી વિવિધ પ્રકારના ૭૯ રીપોર્ટ્સ મારફતે કેદી/આરોપીઓની વિગતો જાણી શકાય છે.
- જાતીય ગુનામાં જેલોમાં રહેલ/જેલમુક્ત થયેલ કેદી/આરોપીઓનો રેકોર્ડ રાષ્ટ્રીય કક્ષાએ સંબંધીત વિભાગની તપાસ એજન્સીને સરળતાથી ઓનલાઈન ઉપલબ્ધ થઈ શકે છે.
- ઈ-પ્રિઝન પ્રોજેક્ટ હેઠળ કેન્દ્રીય પુરસ્કૃત ફંડ એમ.એચ.એ દિલ્હીની ગાઈડલાઈન અનુસાર વિવિધ આઈટી હાર્ડવેર ખરીદ કરી ટુક સમયમાં ફાળવવામાં આવનાર છે. તેમજ વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૮ સુધીને હીસ્ટોરીકલ રેકોર્ડ જીઆઈએલ ગાંધીનગર દ્વારા નક્કી થયેલ આઉટસોર્સ એજન્સીના ડેટા એન્ટ્રી ઓપરેટરો થકી ડેટા ડીજીટાઈઝ કરવામાં આવનાર છે.
- ભવિષ્યમાં જેલો ખાતે કીઓસ્ક-ટેબ્લેટ દ્વારા કેદી/આરોપીઓને પોતાની સજા પેરોલ/ફર્લો, કોર્ટ કેસની વિગતો, કેદી વેજીસ વગેરે વિગતો પોતાની જાતે જોઈ શકશે.
- રાજ્યની સર્વે જેલો ખાતે ફરજો બજાવતા કુલ ૯૬૫ જેલ કર્મચારીઓને ઓફલાઈન/ઓનલાઈન ઈ-પ્રિઝનની તાલીમ આપવામાં આવેલ છે.
- જેલ અધિકારીશ્રીઓને રૂબરૂ રિવ્યુ મીટીંગ બંધ કરીને નવેમ્બર ૨૦૧૯ થી GSWAN મારફતે એડીજીપીશ્રીની અધ્યક્ષતામાં આજદિન સુધી ૧૦૫ વિડીયો કોન્ફરન્સ કરવામાં આવેલ છે. તેમજ જેલ વિભાગની વડી કચેરીની શાખાઓ દ્વારા એજન્ડા થકી વહીવટી/શિસ્ત/સલામતીની કામગીરીનું સંકલન અને ઝડપથી નિકાલ કરવામાં આવે છે.
- ઈ-પ્રિઝન એપ્લીકેશનમાં તપાસ કરનાર અમલદાર/પોલીસ સ્ટેશનને કેદી/આરોપીઓની મુવમેન્ટ/રીલીઝ/વિઝીટર/એડમીશન સમયે ઓટો એલર્ટ ઈમેલ/એસએમએસ ની સુવિધા દ્વારા કેદી/આરોપીઓ ઉપર વોચ ગોઠવીને ગુના અટકાવવા/શોધવામાં મદદરૂપ થઈ શકે છે.
- સાંપ્રત સમયમાં વેબીનાર, સેમીનાર, વર્કશોપ, તાલીમ, મીટીંગ વગેરે બાબતે ઓનલાઈન વ્યાપ વધેલ હોય જેનો ઉપલબ્ધ હાર્ડવેર અને કનેકટીવીટી દ્વારા મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. તેમજ જેલો/કચેરી/તાલીમ શાળા માટે અદ્યતન કેમેરા/માઈકોફોન જેવા હાર્ડવેર ખરીદ કરીને સુવિધામાં વધારો કરવામાં આવનાર છે.
- ગુજરાત હાઈકોર્ટની સુચના મુજબ નેશનલ ઈ-ફાઈલીંગ પોર્ટલ ઉપર મધ્યસ્થ જેલો દ્વારા જેલોમાંથી લોગીન કરીને કેદી/આરોપીઓની સરળતા માટે કોર્ટ સંબંધીત અરજીઓ ઓનલાઈન કરીને ઝડપથી નિકાલ પ્રાપ્ત થઈ શકે તેથી સુવિધાની શરૂઆત કરેલ છે. તેમજ EMCS (EMAIL MY CASE STATUS).ઓટોમેટીક ટ્રાન્સમીશન ઓફ બેલ/નોટીસ/રીટ ની માહિતી ઓનલાઈન મેળવી શકાય છે તથા કેદી/આરોપીઓને કોર્ટ કાર્યવાહી ઓનલાઈન હાઈકોર્ટની યુ-ટ્યુબ ચેનલ દ્વારા જોઈ શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.
- સુપ્રિમકોર્ટની સુચના અનુસાર “ફાસ્ટર સિસ્ટમ” ની મદદથી રાજ્યની જેલોના નેશનલ ઈમેઈલ ડોમેન દ્વારા ઝડપથી કોર્ટના હુકમો જેલો દ્વારા સત્વરે ઓનલાઈન સમય મર્યાદામાં પ્રાપ્ત થાય તેવી સુવિધા ટુંક સમયમાં અમલીકરણ થનાર છે.

3. ગુજરાત પોલીસ આવાસ નિગમ લિ. ગાંધીનગર.

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. ની સ્થાપના રાજ્યના પોલીસ કર્મચારીઓને સારી ગુણવત્તાવાળા રહેણાંકના મકાનોની ઉપલબ્ધિ થાય તે હેતુને ધ્યાનને લઈ કંપની ધારા, ૧૯૫૬ હેઠળ તા. ૧/૧૧/૧૯૮૮ ના રોજ થયેલ છે. નિગમ એ રાજ્ય સરકારશ્રીની સંપૂર્ણ માલિકી ધરાવતું જાહેર સાહસ છે, જેનુ ૧૦૦% શેર હોલ્ડિંગ રાજ્ય સરકાર હસ્તક છે. નિગમની

શેરમૂડી ₹ ૫૦ કરોડ છે.

નિગમના આ દિશામાં હાંસલ કરવાના મુખ્યર ઉદ્દેશો તથા લક્ષ્યાંકો નીચે મુજબ છે.

(૧) ગુણવત્તા સભર કામો.

(૨) સમય મર્યાદામાં કામોની પૂર્ણતા.

(૩) આલેખન અને મકાન બાંધકામમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ.

(૪) આર્થિક દ્રષ્ટીએ કાર્યક્ષમ પ્રોજેકટસ

(૫) પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનોની પ્રાપ્તિમાં ૮૦ % પૂર્તતાનો લક્ષ્યાંક

(૬) ઉપલબ્ધ સ્ટાફનો યોગ્ય ઉપયોગ

મુખ્ય પ્રવૃત્તિઓ.

નિગમ દ્વારા હાથ ધરવામાં આવતી મુખ્યં પ્રવ્રુતિઓ નીચે મુજબ છે.

(૧) પોલીસ તથા જેલ વિભાગ માટે રહેણાંકના મકાનનોનું બાંધકામ.

(૨) પોલીસ, જેલ વિભાગ, હોમગાર્ડઝ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો તથા ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા માટે બિનરહેણાંકના મકાનોનું બાંધકામ.

(૩) સરહદી વિસ્તાંર વિકાસ કાર્યક્રમ અંતર્ગત વિવિધ બાંધકામના કામો. (૪) આદિજાતિ વિસ્તાર વિકાસ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારોમાં પોલીસ વિભાગ માટે બાંધકામની કામગીરી.

(૫) દરિયાઈ વિસ્તાર વિકાસ કાર્યક્રમ'' હેઠળ ના વિવિધ કામો.

(૬) નાણાં પંચની ભલામણો હેઠળ પોલીસ તથા ગૃહ રક્ષક દળ માટેના વિવિધ પ્રકારના બાંધકામના કામો.

(૭) પોલીસ આધુનિકરણ યોજના (૬૦ કે.પુ.યો.) હેઠળ વિવિધ બાંધકામ ના કામો.

(૮) પોલીસ સંદેશા વ્યવહાર અને પોલીસ અકાદમી ને જરૂરી વિવિધ તાલીમ પ્રકારના બાંધકામના કામો.

(૯) પોલીસ તાલીમ સંસ્થાઓનું બાંધકામ તેજ આધુનિકરણની કામગીરી.

નિગમ દ્વારા હાંસલ કરવામાં આવેલ સિધ્ધિઓ :

નિગમ દ્વારા અત્યાર સુધીમાં વિવિધ કક્ષાના ૪૮૬૫૦ થી વધુ રહેણાંક મકાનોનું બાંધકામ અંદાજે ₹ ૪૪૪૩.૮૧ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ, જેમાંથી ૩૭૦૩૫ મકાનોનું બાંધકામ ₹ ૨૧૬૦.૯૩ કરોડના ખર્ચે પૂર્ણ કરી રાજ્ય સરકારશ્રીને વપરાશના હેતુસર સોંપવામાં આવેલ છે.

નિગમ દ્વારા અત્યાર સુધીમાં વિવિધ કક્ષાના ૩૩૪૬ બિનરહેણાંક મકાનોના બાંધકામના કામો અંદાજે ₹ ૨૪૩૦.૯૭ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ, જેમાંથી ૩૦૧૬ મકાનોનું બાંધકામ ₹ ૧૬૯૧.૬૩ કરોડના ખર્ચે પૂર્ણ કરી રાજ્ય સરકારશ્રીને વપરાશના હેતુસર સોંપવામાં આવેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈ :

વર્ષ ૨૦૨૦-૨૧ માં પોલીસ/ જેલ વિભાગનાં રહેણાંક બિનરહેણાંકનાં મકાનોનાં બાંધકામ તથા મરામત અને જાળવણી માટે તેમજ અન્ય બાંધકામની પ્રવૃતિ માટે કુલ ₹ ૪૭૭.૨૮ કરોડની ગ્રાન્ટ નિગમને ફાળવવામાં આવેલ છે. જયારે ૨૦૨૧-૨૨ માં ₹ ૮૭૧.૨૮ કરોડની આ હેતુ માટે (સુધારેલ) જોગવાઈ કરવામાં આવેલ છે. જે પૈકી ₹ ૩૬૩.૭૬ કરોડની ગ્રાન્ટ નિગમને અત્યાર સુધી ફાળવવામાં આવેલ છે.

હાલમાં પ્રગતિ હેઠળ કામોની વિગત :

નિગમ દ્વારા અગાઉના વર્ષોમાં તથા ચાલુ વર્ષમાં હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રકારના રહેણાંક તથા બિનરહેણાંકના મકાનોમાંથી હાલમાં અંદાજે ૧૦૩૧૮ જેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ તથા ૨૬૪ બિનરહેણાંકના મકાનોનું બાંધકામ પ્રગતિમાં છે, જેની અંદાજિત રકમ ₹ ૨૭૩૪.૫૬ કરોડ છે.

નિગમ દ્વારા નીચે જણાવેલ મહત્વના પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે.

- પોલીસ અધિક્ષકની કચેરી :- બોટાદ, છોટાઉદેપુર, ભરૂચ.
- રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૨૦, વિરમગામ

INDEX

- રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧૪, કલગામ
- નવીન જેલોનું બાંધકામ :- દાહોદ, ભાવનગર, આણંદ, બોટાદ, અંકલેશ્વર, પ્રાંતિજ, ગોધરા.
- એફ.એસ.એલ, વડોદરા
- અમદાવાદ શહેર ખાતે પોલીસ કમિશ્નરશ્રીની નવીન કચેરી.

પોલીસ વિભાગને ગુણવત્તાસભર મકાનો પૂરા પાડવા અંગે નિગમનો અભિગમ

સારી સુવિધાઓ અને સગવડો સારી સંતોષની પરિસ્થિતિઓ ઉત્પન્ન કરે છે અને સાથોસાથ કામગીરી કરવા અંગેનું એક સારું વાતાવરણ પુરૂ પાડે છે. તેને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં પોલીસ કોન્સ્ટેબલ તથા હેડકોન્ટેબલના મકાનો એક બી.એચ.કે. ને બદલે ૨ બી.એચ.કે કરીને તેના એરીયા ૪૧.૮૫ ચો.મી.થી વધારી ૫૫.૦૦ ચો.મી. કરવામાં આવેલ છે. તથા પોલીસ સબ-ઈન્સ્પેક્ટરના મકાનો ૨ બી.એચ.કે. ના બદલે ૩ બી.એચ.કે કરીને તેનો એરીયા ૫૫.૪૬ ચો.મી.થી વધારી ૬૫.૦૦ કરવામાં આવેલ છે.

રહેણાંક અંગેની સુવિધાઓ પ્રાપ્ત થવાથી પોલીસ કર્મચારીઓ તથા તેના કુટુંબીજનોને એક સુરક્ષા મળી છે. અને જેને પરિણામે પોલીસ જવાન પોતાની ફરજોમાં વધુ સારી રીતે ફરજ બજાવી શકે છે અને સાથોસાથ તેના જુસ્સામાં પણ વધારો થાય છે.

નવા બાંધકામ કરવામાં આવેલ મહિલા પોલીસ સ્ટેશનમાં ત્યા કાર્યરત મહિલા પોલીસ તથા અન્ય મહિલા વર્ગ માટે પણ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

નવા બાંધકામ કરવામાં આવેલ પોલીસ સ્ટેશનમાં જગ્યાની પૂરતી મોકળાશ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તથા કામગીરી માટેના યોગ્ય વાતાવરણને કારણે કાર્યક્ષમતામાં પણ વધારો જોવા મળેલ છે.

નવીન રચિત પોલીસ સ્ટેશન, આઉટપોસ્ટ તથા અન્ય કચેરી મકાનોના અલગ દેખાવ, આલેખન તથા સુવિધાને કારણે જાહેર પ્રજામાં પણ પોલીસની એક અલગ ઓળખ અને છાપ ઉભી થઈ શકેલ છે.

પોલીસ કર્મચારીના કુટુંબીજનોને પાયાની સુવિધાઓ અને જરૂરી સગવડો મળી રહે તે ઉપરાંત મકાનોમાં રોજબરોજના કામકાજ અંગે વધુમાં વધુ મોકળાશ મળી શકે તે પ્રકારનું આલેખન કરવાનો નિગમનો સતત અભિગમ રહયો છે. મકાનના બાહય દેખાવ તથા ડિઝાઈનને પણ પૂરતું ધ્યાન આપવામાં આવે છે

સુરત, અમદાવાદ તથા રાજકોટ ખાતે પોલીસ સબ ઈન્સ્પેકટર માટે રહેણાંકના મકાનોનો - બહુમાળી સંકુલનો પ્રોજેકટ નિગમ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. આ પ્રકારનો પ્રોજેકટ પોલીસ કર્મચારીઓ માટે સૌ પ્રથમ છે, અહી જરૂરી સુવિધાઓ ઉપરાંત લિફ્ટ, પાર્કીંગ, આંતરિક રસ્તાઓ તથા અન્ય આંતર માળખાકીય સુવિધાઓ અને બાળકો માટે ક્રિડાંગણ વગેરે પણ પૂરા પાડવામાં આવેલ છે. આ જ પ્રકારે મોટા શહેરોમાં કિંમતી જમીન હોઇ ૨ લીફ્ટની સુવિધા વાળા રહેણાંકના બહુમાળી સંકુલના કામો હાથ ધરવામાં આવેલ છે. તદઉપરાંત જે સ્થળોએ પાઈપ લાઈન ગેસથી ગેસ પુરો પાડી શકાય તેમ હોય તેવા સ્થળોએ બંધાઇ રહેલ રહેણાંકી મકાનોમાં મકાનોના બાંધકામની સાથે જ ગેસ કનેક્શન જોડાણ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

પોલીસ કર્મચારી/અધિકારીશ્રીની તાલીમ માટે પોલીસ અકાદમી, (કરાઈ, જી.ગાંધીનગર) નુ નિર્માણ કરેલ છે.

પોલીસ જવાનોના ફાયરીંગ પ્રેકટીસ માટે કુલ-૫ સ્થળોએ બેફલ ફાયરીંગ રેંજનું નિર્માણ કરેલ છે.

પોલીસ તાલીમ સંસ્થાઓના આધુનિકરણની કામગીરી ₹ ૪૨૬.૬૮ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન. જે પૈકી ખલાલ ખાતે અદ્યતન કમાન્ડો ટાઈપ તાલીમ કેન્દ્રનું બાંધકામ.

નવા રાજ્ય અનામત પોલીસ દળ માટે મડાણા, મુડેટી, પવડી તથા કેવડીયા કોલોની ખાતે કામો પૂર્ણ કરેલ છે તથા ભચાઉ, વિરમગામ, કલગામ અને ચેલા ખાતે કામો પ્રગતિ હેઠળ છે.

નવીન જેલો લાજપોર(સુરત), અમરેલી, ગળપાદર (ગાંધીધામ), મોરબી તથા ડોકી (દાહોદ) , અમદાવાદ ખાતે નવીન મહિલા જેલનું બાંધકામ પુર્ણ કરેલ છે. તથા બોટાદ, ભાવનગર અને બાકરોલ(આણંદ) ખાતે જીલ્લા જેલનું કામ પ્રગતિ હેઠળ છે.

પોલીસ વિભાગના મકાનોની એક અલગ ઓળખ પ્રસ્થાપિત થાય, તેને ધ્યાને લઈ નિગમ દ્વારા રહેણાંક તથા બિનરહેણાંકના મકાનો માટે એક અલગ કલર કોડ (રંગ) નિશ્ચિત કરવામાં આવેલ છે.

જમીનો ખુબજ મોંઘી હોવાથી જમીનનો ઓછામાં ઓછો ઉપયોગ થાય તે હેતુથી નિગમ દ્વારા હવે બહુમાળી મકાનો (High Rise Buildings) બનાવવાનું શરૂ કરેલ છે.

પોલીસ કર્મચારીઓ પાસે પણ ફોર વ્હીલર જેવા વાહનો હોવાથી પાર્કીંગ ના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે હેતુથી ગ્રાઉન્ડ

ફ્લોર ઉપર પાર્કીંગની સગવડ તથા કેમ્પસમાં જરૂરીયાત મુજબના પાર્કીંગ શેડ પૂરા પાડવામાં આવે છે.

પોલીસ કેમ્પસમાં સ્વચ્છતાં જળાવાઇ રહે તે સારૂ પેવર બ્લોક લગાડવામાં આવે છે.

જમીનનો મહત્તમ ઉપયોગ થાય તથા કેમ્પસમાં રમત-ગમત હરવા ફરવા માટે પૂરતી ખૂલ્લી જગ્યા ઉપલબ્ધ થાય તે સારૂ લીફ્ટની સુવિધા સાથેના હાઇરાઇઝ મકાનો બનાવવામાં આવે છે.

પોલીસ પરિવારોને માત્ર સુવિધા પૂર્ણ મકાનો આપવાને બદલે તેમને કેમ્પસમાં સારૂ ગુણવત્તાવાળુ જીવન ઉપલબ્ધ થાય તે સારૂ બગીચા રમત ગમતના મેદાનો વોક વેઝ વોકિંગ પાર્ક આઉટ ડોર જીમ તથા તેઓ લગ્ન જન્મ દિવસની ઉજવણી વગેરે પ્રસંગો કેમ્પસમાં જ ઉજવી શકે તે માટે ઓપન પાર્ટી પ્લોટ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

ભાવી આયોજન :

ઉપલબ્ધ આવાસો	:	૪૭૦૬૩
ખુટતા આવસો	:	૩૫૩૪૫
હાલમાં સંતોષનું સ્તર	:	૫૭%

અગામી ૧૦ વર્ષમાં ૫૦,૦૦૦ નવા મકાનો બનાવવાનું આયોજન. જે માટે દર વર્ષે ૫૦૦૦ નવા મકાન બનાવવા માટે અંદાજે ₹ ૧૦૦૦ કરોડની જરૂરિયાત.

૪.ન્યાય સહાયક વિજ્ઞાન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

રાજ્યની એફ.એસ.એલ. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવા માટે જરૂરી તમામ ટેકનોલોજી ધરાવતી તેમજ આંતરરાષ્ટ્રીય ધારા-ધોરણ I.S.O/ I.E.C. 17025-2005 મુજબ માન્યતા ધરાવતી ભારત સરકાર દ્વારા એક્ઝામીનર ઓફ ઈલેક્ટ્રોનીક એવિડન્સ તરીકેની આઈ.ટી. એકટ-૨૦૦૦ની કલમ: ૭૯-એ હેઠળ માન્યતા મળેલ છે. આવી માન્યતા ધરાવતી દેશની અગ્રગણ્ય FSL છે.

ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાને વિવિધ પ્રકારના ગુન્હાઓ તપાસવા માટે DNA, સાયબર ક્રાઈમના ઉકેલ માટેની અત્યાધુનિક પધ્ધતિઓ, સાયકોલોજીકલ પરીક્ષણો, ગુન્હા સ્થળની તપાસ, નાર્કોટીક્સ, ભેળસેળ, ઓનલાઈન ફિંગર પ્રિન્ટનો ડેટા બેઝ, અવાજ પરથી વ્યક્તિની ઓળખ, બેલેસ્ટીક્સ, તકરારી દસ્તાવેજો, ચલણી નોટો વગેરેના પરિક્ષણ માટેની અધ્યતન ટેક્નોલોજીઓથી સુસજ્જ કરવામાં આવેલ છે.

ગત વર્ષ દરમ્યાન રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા રાજ્યના- ૪૨૩૭૬૬, રાજ્ય બહારના- ૧૨૦ અને કેન્દ્રીય એજન્સીઓના- ૬૭૫ એમ કુલ-૪૨૪૫૬૧ કેસોના ૧૦૧૬૮૧૬ નમૂનાઓનું પરિક્ષણ કાર્ય કરવામાં આવેલ છે. અને તે થકી ₹ ૨,૩૩,૮૧,૫૩૮ ની પરિક્ષણ ફી તરીકે આવક મેળવેલ છે. તેમજ ૧૨૫૧૫ ગુન્હા સ્થળની મુલાકાત લેવામાં આવેલ છે.

સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ ખરીદ કરાતી વિવિધ ખાદ્યસામગ્રી લાભાર્થીઓને ગુણવત્તા સભર મળી રહે તેવી રાજ્ય સરકારની નેમ ને સાકાર કરવા માટે દેશમાં સૌ પ્રથમવાર નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નીગમના સહયોગથી "ફુડ રીસર્ચ લેબોરેટરી" ની શરુઆત કરવામા આવેલ છે ચાલુ વર્ષ દરમિયાન એફઆરએલ દ્વારા વિવિધ ખાદ્યસામગ્રીના કુલ-૬૯૬૨નમુનાઓનુ પરીક્ષણ કરવામા આવેલ છે.

***** ન્યાય સહાયક વિજ્ઞાન ખાતા દ્વારા ભવિષ્યમાં હાથ ધરવામાં આવનારી યોજનાઓ *****

(૧) ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી ગાંધીનગર ખાતેના ફિંગર પ્રિન્ટ વિભાગ માટે AFIS સિસ્ટમની ખરીદી અંગે

(૨) પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા સુરત ખાતે નવુ બિલ્ડીંગ બનાવવુ.

(૩) પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા સુરત ખાતે સાયબર ફોરેન્સિક વિભાગ શરૂ કરવો

આમ, રાજ્યની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે અને રાજ્યમાં બનતાં તમામ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવા સક્ષમ છે. જે રાજ્ય માટે ગૌરવની બાબત છે.

૫. લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.

- લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની સ્થાપના પાછળનો રાજ્ય સરકારનો મુખ્ય હેતુ રાજ્ય સરકારના વિભાગો તેમજ વિવિધ નિગમોમાં ચાલતી લાંચ રૂશ્વતની બદી દૂર કરવાનો છે. તેમજ ભ્રષ્ટાચાર વિરૂધ્ધ સઘન ઝુંબેશ હાથ ધરવાનો છે. ઉપરોકત ઝુંબેશ બાબતે સને-૨૦૨૧ ના વર્ષમાં (તા.૩૦/૧૧/૨૦૨૧ ની સ્થિતીએ) નીચે મુજબ કેસો શોધેલ છે.

INDEX

વર્ષ	કેસોની સંખ્યા					આરોપીઓના વર્ગ					
	ટ્રેપ	ડીકોય	ડી.એ	અન્ય	કુલ	વર્ગ-૧	વર્ગ-૨	વર્ગ-૩	વર્ગ-૪	ખાનગી	કુલ
૨૦૨૧ તા.૩૦/૧૧/૨૦૨૧ ની સ્થિતીએ	૧૦૯	૧૩	૯	૧૬	૧૪૭	૮	૨૪	૧૧૮	૯	૮૭	૨૪૬

- United Nations Convention Against Corruption (UNCAC), લાંચ રૂશ્વત વિરૂધ્ધની વિશ્વ સ્તર પર કન્વેશન છે. જેમાં વિશ્વના ૧૬૨ દેશો સભ્ય તરીકે છે. ભારત વર્ષ મે-૨૦૧૧ માં આ કન્વેનશનમાં સભ્ય થયેલ છે.જેથી ભારતમાં UNCAC ના નિયમો/શરતોનું પાલન કરવા માટે કાયદાકીય રીતે હવે અમો બંધાયેલ છીએ.

બ્યૂરોની કામગીરી :

- લાંચ રૂશ્વરત વિરોધી બ્યૂCરો સ્થાપવાના મુખ્ય હેતુની પ્રાપ્તિ માટે બ્યૂરો દ્વારા રાજ્ય સેવકો સામે લાંચના છટકા અને ડીકોય (રનીંગ ટ્રેપ) નું આયોજન કરી, ભ્રષ્ટર રાજ્યસેવકો સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ તથા ભ્ર.નિ. અધિ. સુધારા ૨૦૧૮ હેઠળ ગુનો નોંધી તપાસ કરવામાં આવે છે. ઉપરાંત, જે રાજ્યસેવકો પોતાની દેખીતી આવકના સાધનોના પ્રમાણમાં અપ્રમાણસર મિલકતો ધરાવતા હોય, તેઓની વિરૂધ્ધ ગુપ્તા અને ખુલ્લી તપાસ કરી અપ્રમાણસર મિલ્કત અંગેના ગુનાઓ નોંધી, કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. સરકારશ્રી, તકેદારી આયોગ તથા જાહેર જનતા તરફથી ભ્રષ્ટા રાજ્યસેવકો વિરૂધ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપોવાળી અરજીઓની તપાસ પણ બ્યૂારો દ્વારા કરવામાં આવે છે.
- ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ તથા ભ.નિ. અધિ. સુધારા-૨૦૧૮ની જોગવાઈઓ મુજબના ગુનાઓ શોધવાની અને તપાસ કરવાની બ્યૂરોની ફરજ અન્વાયે,

  વર્ષ-૨૦૧૬ માં ૨૫૮ ગુનાઓ,

  વર્ષ-૨૦૧૭ માં ૧૪૮ ગુનાઓ

  વર્ષ -૨૦૧૮ માં ૩૩૨ ગુનાઓ

  વર્ષ -૨૦૧૯ માં ૨૫૫ ગુનાઓ

  વર્ષ -૨૦૨૦ માં ૧૯૯ ગુનાઓ

  વર્ષ -૨૦૨૧ માં તા.૩૦/૧૧/૨૦૨૧ સુધી ૧૪૭ ગુનાઓ નોંધાયેલ જેની તપાસ હાથ ધરવામાં આવેલ છે.
- સને-૨૦૧૬ ના વર્ષમાં ₹ ૭૬,૦૬,૬૭૦/-ટ્રેપમની સીઝ કરેલ છે.
- સને-૨૦૧૭ ના વર્ષમાં ₹ ૭૧,૦૪,૪૫૦/- ટ્રેપમની સીઝ કરેલ છે.
- સને -૨૦૧૮ ના વર્ષમાં ₹ ૮૯,૩૫,૬૬૫/- ટ્રેપમની સીઝ થયેલ છે.
- સને -૨૦૧૯ના વર્ષમાં ₹ ૯૪,૩૦,૦૫૦/- ટ્રેપમની સીઝ થયેલ છે.
- સને-૨૦૨૦ના વર્ષમાં ₹ ૬૬,૯૦,૮૮૦/- ટ્રેપમની સીઝ કરેલ છે.
- સને -૨૦૨૧ના વર્ષમાં તા.૩૦/૧૧/૨૦૨૧ સુધી ₹ ૧,૨૭,૬૧,૨૦૦/- ટ્રેપ મની સીઝ થયેલ છે.
- બ્યૂરોની વડી કચેરી દ્વારા જાગૃત શિક્ષિત નાગરિકો માટે બ્યૂરોની વેબસાઈટ www.acb.gujarat.gov.inતથા www.acbgujarat.com કાર્યરત છે. ફરિયાદીની સરળતા માટે બ્યૂરો કન્ટ્રોલ ખાતે મોબાઈલ સુવિધા ઉપલબ્ધr છે. બ્યૂરોનો ઈ-મેઈલ આઈ.ડી. cr-acb-ahd@gujarat.gov.in પર અરજદારો અરજી કરી શકે. ટોલ ફ્રી ૧૦૬૪ પર અરજદાર ફરિયાદ કરી શકે છે. સને -૨૦૨૧ માં તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં ટોલ ફ્રી ૧૦૬૪ ઉપર મળેલ ફરીયાદ આધારે કુલ-૨૪ ગુના શોધાયેલ છે.

૬. નિયામકશ્રી, નશાબંધી અને આબકારી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર :

(૧) નશાબંધી અને આબકારી ખાતાની કામગીરી અંગેની નોંધ :

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગરના નિયંત્રણ હેઠળ નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતાની કચેરી કામગીરી કરે છે અને નીચેના કેન્દ્રિય અને રાજ્ય વિનિયમો તથા તે હેઠળ બહાર પાડેલ નિયમો, અધિનિયમો અને હુકમોનો અમલ કરે છે.

રાજ્ય અધિનિયમો :

(૧) ધી ગુજરાત નશાબંધી ધારો, ૧૯૪૯

INDEX

કેન્દ્રિય અધિનિયમો :

(૧) ધી નારકોટીકસ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબ સ્ટેનન્સીહસ અધિનિયમ, ૧૯૮૫

નશાબંધી ધારા નીચે અલગ અલગ ચીજોના નિયંત્રણો માટે નીચે મુજબના નિયમો અમલમાં છે.

(૧) ધી મુંબઈ વિદેશી દારૂ નિયમો,૧૯૫૩

(૨) ધી બોમ્બે સેક્રામેન્ટલ વાઈન નિયમો- ૧૯૫૦

(૩) ધી બોમ્બે સેક્રામેન્ટલ વાઈન મેન્યુફેકચરીંગ નિયમો- ૧૯૫૦

(૪) ધી બોમ્બે ફોરેનલીકર (સ્ટોરેજ ઈન બોન્ડ) રેગ્યુલેશન, ૧૯૫૯

(૫) ધી બોમ્બે રેકટીફાઈડ સ્પિરિટ નિયમો-૧૯૫૧

(૬) ધી બોમ્બે રેકટીફાઈડા સ્પિરીટ (ટ્રાંસ્પોર્ટ ઈન બોન્ડ) નિયમો, ૧૯૫૧

(૭) ધી બોમ્બે પ્રોહિબિશન (મેન્યુફેક્ચર ઓફ સ્પિરિટ) ગુજરાત નિયમો, ૧૯૬૩

(૮) ધી બોમ્બે મોલાસીસ નિયમો, ૧૯૫૫

(૯) ધી ગુજરાત સ્પિરિચ્યુઅસ પ્રિપરેશન નિયમો,૨૦૦૫

(૧૦) ધી ગુજરાત મિથાઈલ આલ્કોહોલ નિયમો, ૧૯૮૧

(૧૧) ધી ગુજરાત પોપી કેપ્સ્યુઅલ નિયમો,૧૯૬૩

(૧૨) ધી બોમ્બે ડીનેચર્ડ સ્પિરિટ નિયમો,૧૯૫૭

(૧૩) ધી ગુજરાત ડીનેચર્ડ સ્પિરિચ્યુઅસ પ્રિપરેશન નિયમો, ૧૯૬૨

(૧૪) ધી બોમ્બે મહુડા ફલાવર્સ નિયમો, ૧૯૫૦

(૧૫) ધી ગુજરાત ઈન્સ્ટ્રીયલ આલ્કોહોલ (ઈમ્પોર્ટ, સ્ટોરેજ એન્ડ સેલફોર એકસપોર્ટ ઓવરસીઝ ઈન બોન્ડ) નિયમો૧૯૬૬

(૧૬) ધી બોમ્બે નીરા નિયમો, ૧૯૫૧

(૧૭) ધી ગુજરાત આર્ટીકલ્સ અન ફીટ ફોર યુઝ એઝ ઈન્ટોટકસીકેટીંગ લીકર (મેન્યુફેક્યરીંગ એન્ડ ઈમ્પોર્ટ) રેગ્યુલેશન,૧૯૬૬

(૧૮) ધી ગુજરાત ઔદ્યોગિક આલ્કોહોલ (બોન્ડમાં સંગ્રહ) નિયમો, ૧૯૬૬

(૧૯) ધી ગુજરાત રોટનગુર એન્ડ એમોનિયમ કલોરાઈડ (મેન્યુફેકચર એન્ડ પઝેશન) નિયમ, ૧૯૭૭

(૨૦) ધી મુંબઈ (અપીલ)નિયમો, ૧૯૫૩

(૨૧) ધી મુંબઈ મોલાસીસ સંગ્રહ અને પુરવઠા નિયમો, ૧૯૫૯ ધી ગુજરાત ઔદ્યોગિક આલ્કોહોલ (બોન્ડ હેઠળ આયાત, સંગ્રહ અને દરિયાપાર નિકાસ માટે વેચાણ)નિયમો, ૧૯૬૬

(૨૨) ધી ગુજરાત વિદેશી દારુ(આયાત અને નિકાસ) નિયમો-૧૯૬૪

(૨૩) ધી ગુજરાત થ્રુ ટ્રાન્સ્પોર્ટ નિયમો,૧૯૬૬

(૨૪) ધી મુંબઈ વિકૃત સ્પીરીટ નિયમો,૧૯૫૯

(૨૫) ધી ડીનેચડ સ્પીરીટ(Ascertaining And Determining) નિયમો,૧૯૫૭

(૨) કામગીરી :

ધી ગુજરાત નશાબંધી ધારો, ૧૯૪૯ નીચે નશાકારક ચીજો જેવી કે વિદેશી દારૂ, રેકટીફાઈડ સ્પિરીટ, ડીનેચર્ડ સ્પિુરીટ, ડીનેચર્ડ સ્પિટરીચ્યુઅસ પ્રિપરેશન્સ, નીરો, મોલાસીસ, મહુડા ફલાવર્સ, સેક્રામેન્ટેલ વાઈન, સ્પિટરીચ્યુઅસ પ્રિપરેશન્સ, સડેલો ગોળ, નવસાર, મિથાઈલ આલ્કોહોલ, પોપડોડવાના ઉત્પાદન, ખરીદી, વપરાશ, વેચાણ, હેરફેર, આયાત-નિકાસ વગેરે બાબતો માટે અલગ અલગ નિયમો બનાવવામાં આવેલ છે. આ માટે જે તે અધિકારીઓને લાયસન્સ, પાસ, પરમીટ આપવાના અધિકારો આપવામાં આવેલ છે. તે મુજબ લાયસન્સ વિગેરે મંજૂર કરવાની અને પરવાનેદારોની કામગીરી અંગે સમયાંતરે ચકાસણીની કામગીરી કરવામાં આવે છે.

જુદા જુદા નિયમો નીચે લગભગ ૭૧ પ્રકારના લાયસન્સ, પાસ, પરમીટો આપવામાં આવે છે. ગત વર્ષ દરમ્યાન આ પ્રકારના કુલ ૮૪૮૩૦ લાયસન્સો/પાસ, પરમિટો રાજ્યમાં આપવામાં આવેલ હતા. આ લાયસન્સો પૈકી કેટલાક લાયસન્સ સ્થળે આ ખાતાનો સુપરવાઈઝરી સ્ટાફ જે તે પરવાનેદારના ખર્ચે મૂકવામાં આવે છે જેની વિગતો ટૂંકમાં નીચે મુજબ છે.

INDEX

(૧) મોલાસીસમાંથી આલ્કોહોલ બનાવવા માટેના ડીસ્ટીલરી પરવાના ઉપર એક નિરીક્ષક, એક નાયબ નિરીક્ષક, બે જમાદાર અને છ સિપાઈ આવી સુપરવિઝનની કામગીરી સંભાળે છે. તેમાં ચાલુ વર્ષ દરમ્યાન આવા પરવાનાની સંખ્યા ૧૨ છે.

(૨) શેરડીના પિલાણથી ખાંડ ઉત્પન્ન કરતી સુગર ફેકટરીઓની આડપેદાશ તરીકે મળતા મોલાસીસને કબજામાં રાખવા માટે એમ.૧ પરવાનો આપવામાં આવે છે. જે સ્થળે સુપરવિઝનની કામગીરી એક નાયબ નિરીક્ષક અને બે સિપાઈ સંભાળે છે.રાજ્યમાં આવા પરવાનાની સંખ્યાસ ૧૯ ની છે.

(૩) રાજ્યમાં પરપ્રાંતમાંથી વિદેશી દારૂનો જથ્થો આયાત કરવા માટે એફ.એલ.૧ અને તેના છૂટક વેચાણ માટે એફ.એલ.૨ પરવાના આપવામાં આવે છે. જે સ્થળે સુપરવિઝનની કામગીરી એક નાયબ નિરીક્ષક અને એક સિપાઈ સંભાળે છે.રાજ્યમાં આવા પરવાનાની સંખ્યો એફ.એલ.૧-૬૬ અને એફ.એલ.૨-૭૦ છે.

(૩) તકેદારી એકમ :

નિયામક કચેરીમાં ૨ (બે) નાયબ નિયામક તેમજ એક નાયબ નિરીક્ષક તેમજ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર ઝોનમાં ચાર નિરીક્ષકો સાથેનું એક તકેદારી એકમ પણ કામગીરી કરે છે.

આ એકમના અધિકારીઓ પરવાનેદારો દ્વારા કોઈ ગેરરીતિ ન આચરે તે માટે તેમના પરવાનાઓની ઓચિંતી મુલાકાત લેતા હોય છે. આ એકમના અધિકારીઓ સમગ્ર રાજ્યની અંદર કોઈ પણ સ્થળે કોઈપણ સમયે ઓચિંતી મુલાકાત લઈ તપાસણી કરી શકે છે. તકેદારી એકમના સ્ટાફનો સમાવેશ ઉપરોકત સ્ટાફમાં થઈ જાય છે પરંતુ હાલમાં નાયબ નિયામકની ૦૧ જગ્યા ભરાયેલ છે અને ૦૧ જગ્યા ઉપર અધિક્ષક ભાવનગર ઈ/ચાર્જ નાયબ નિયામક તરીકે ફરજ બજાવે છે.

(૪) ખાંડના કારખાનામાં ઉત્પન્ન થતો મોલાસીસ અને સ્પીરીટ (આલ્કોહોલ) :

રાજ્યમાં આવેલા ખાંડના કારખાનાઓમાં વર્ષ દરમ્યાન સરેરાશ ૫.૦૦ લાખ મેટ્રીક ટન મોલાસીસનું ઉત્પાદન થાય છે. જયારે મોલાસીસમાંથી આલ્કોહોલ બનાવતી ડીસ્ટીલરીઓ વાર્ષિક સરેરાશ ૬ કરોડ લીટર રેકટીફાઇડ સ્પિરીટનું ઉત્પાદન કરે છે. તમામ જથ્થો ફકત ઔદ્યોગિક વપરાશમાં જાય છે.રાજ્યમાં પીવાલાયક (પોટેબલ લીકર) દારૂના ઉત્પાદન ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે.

(૫) આબકારી આવક :

સરકારે વિદેશી દારૂ તથા નશાકારક ચીજો ઉપર નિયત કરેલ જકાત તથા પરવાનાની ફી વગેરે ઉઘરાવવાની કામગીરી પણ આ ખાતાના અધિકારીઓ સંભાળે છે. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આ ખાતાની આવક નીચે મુજબ થવા પામેલ હતી.

અ.નં	વર્ષ	આવક (₹ કરોડમાં)
૧	૨૦૧૬-૨૦૧૭	૧૫૧.૫૩
૨	૨૦૧૭-૨૦૧૮	૮૪.૭૩
૩	૨૦૧૮-૨૦૧૯	૧૩૦.૬૭
૪	૨૦૧૯-૨૦૨૦	૧૩૮.૨૬
૫	૨૦૨૦-૨૦૨૧	૧૩૩.૬૫

(૬) નશાબંધી પ્રચાર :

ગુજરાત રાજ્ય તેની સ્થાપના થઈ તે સમયથી નશાબંધી નીતિને ચુસ્ત પણે વળગી રહેલ છે. આખા દેશમાં ગુજરાત રાજ્ય સલામત રાજ્ય છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી સારી છે. નશાબંધીની સફળતા માટે આમ આદમીનો પણ સાથ મેળવવો જરૂરી બને છે. આદિવાસી વિસ્તારની પ્રજા વધુ દારૂની બદીમાં ન ફસાય તે ધ્યાનમાં લઇ જીલ્લા અધિકારીઓને તેમના જીલ્લામાં નશાબંધીના ઘનિષ્ટ પ્રચાર અર્થે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. જે અન્વયે જીલ્લા અધિક્ષકશ્રીઓ તેમના જીલ્લામાં વિવિધ પ્રકારના પ્રચારાત્મક કાર્યક્રમો કરે છે.

આ ઉપરાંત નશાબંધી પ્રચારના નાટકો, ભવાઇ, ભજન, લોકસંપર્ક, સેમીનાર, જાદુના શો, પ્રદર્શન, ફિલ્મ શો જેવા કાર્યક્રમો કરવામાં આવે છે. નશાબંધી પ્રચાર અર્થે રાજ્યના આદિવાસી વિસ્તારમાં ઘનિષ્ટ પ્રચાર કાર્યક્રમો કરવામાં આવે છે.રાજ્યના આર્થિક, સામાજિક અને ઔદ્યોગિક વિકાસમાં ચુસ્ત નશાબંધી નીતિનું સંનિષ્ઠા પૂર્વકનું અમલીકરણ જવાબદાર છે. ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની સરખામણીએ બહેનો, દીકરીઓ વધુ સલામત અને સુરક્ષિત છે.

લોકો દારૂની બદીમાં ન ફસાય તે માટે જુદા જુદા માધ્યમો જેવા કે અમદાવાદ શહેર વિસ્તારની બસોમાં બેકપેનલ જાહેરાતો દ્વારા, રાજ્ય હાઈવે માર્ગો ઉપર ૨૦'X૧૦' ની સાઈઝની હોર્ડિંગો દ્વારા નશાબંધી પ્રચાર અંગેની પ્રચારાત્મક જાહેરાત પ્રસારિત કરીને, દૂરદર્શન અમદાવાદ ઉપરથી પ્રસારિત થતી લોકભોગ્ય ટી.વી. સીરીયલોમાં ટી.વી. એડ દર્શાવીને તેમજ ટેલીફિલ્મ

INDEX

પ્રસારિત કરીને,ભજન, ભવાઈ, આખ્યાન, કલાપથક કાર્યક્રમો, રમતગમત સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધાઓ, જાદુના શો, પ્રદર્શનો, લોકસંપર્ક દ્વારા તેમજ યુવક/મહિલા મંડળો, સાધુસંતો, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરેના સહકારથી વ્યુસનમુકિત કેમ્પો, પ્રચાર સાહિત્યની વહેંચણી, પોસ્ટરોની વહેંચણી ગ્રામ સભાઓ વગેરે દ્વારા પ્રચાર કરવામાં આવે છે. દૈનિક પત્રોમાં, સામયિકોમાં પણ નશાબંધી પ્રચારની જાહેરાતો પ્રકાશિત કરવામાં આવે છે. આમ વિવિધ માધ્યમોથી પ્રચાર કાર્ય કરવામાં આવે છે. દારૂ પીવાથી થતા ગેરફાયદાની લોકો પર થયેલ અસર દર્શાવતી પુરા કદની ૧૩ એપીસોડની દસ્તા વેજી વિડીયો ફિલ્મ તૈયાર કરવામાં આવેલ છે. ટી.વી.ફિલ્મો, ટી.વી. સીરીયલો ઘણી લોકપ્રિય, લોકભોગ્ય હોવાથી હજારો લોકો આનો લાભ લે છે. નશાબંધી જેવા વિષયને અનુરૂપ શૈક્ષણિક ફિલ્મો બનાવવામાં આવે છે. ખાસ કરીને આવી ટી.વી. ફિલ્મોર ખેતમજૂરો, મિલકામદારો પછાત વર્ગના લોકોને બતાવી નશાથી થતા નુકશાન તથા નશાબંધીથી થતાં ફાયદાઓ સમજાવવામાં આવે છે.

''પૂ.રવિશંકર મહારાજ નશાબંધી સંસ્કાર કેન્દ્રો'' અન્વેયેની યોજના હેઠળ રાજ્યમાં કુલ ૪૩ સંસ્કાર કેન્દ્રોને ગ્રાન્ટસ આપવામાં આવેલ છે. તેમજ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોનો પ્રવાસીઓ દ્વારા રોજેરોજ બહોળા પ્રમાણમાં ઉપયોગ થતો હોવાથી બસો ઉપર બેકપેનલો આપવામાં આવે તો તે અસરકારક બની શકે તેમ હોઈ ગ્રામ્યસ વિસ્તારની બસોમાં ૪'x૩' ની સાઈઝની બેકપેનલો તથા રાજ્યના મુખ્ય રસ્તાઓ ઉપર ૨૦'x૧૦' ની સાઈઝના હાઈવે હોર્ડીંગો દર્શાવવામાં આવેલ છે. અમદાવાદ દૂરદર્શન ઉપરથી પ્રસારિત લોકભોગ્ય સિરિયલોમાં પણ આ જ પ્રકારની જાહેરાતો દર્શાવવામાં આવેલ હતી. નશાબંધીના ઘનિષ્ટ પ્રચાર અર્થે અમદાવાદ દૂરદર્શન ઉપરથી નશાબંધી પ્રચાર અંગેની જાહેરાત સાથે પ્રસારિત કરવામાં આવેલ હતી.

દર વર્ષે પુ. મહાત્મા ગાંધીજી ના જન્મ દિન રજી ઓકટોબર થી એક સપ્તાહ માટે નશાબંધીના ઘનિષ્ટ પ્રચાર અર્થે ''નશાબંધી સપ્તાહ'' ની ઉજવણી કરવામાં આવે છે.

સિધ્ધિઓ :

- અગ્રગણ્ય સ્ટારગ્રુપ તથા નેશનલ ન્યુઝ ચેનલ એબીપી દ્વારા (શ્રેષ્ઠ વહીવટી કામગીરી બદલનો બ્રાન્ડ લીડરશીપ એવોર્ડ ૨૦૧૮ બેસ્ટ પ્રોહિબિશન એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ એક્રોસસ્ટેટસ એવોર્ડ) રાજ્યની એકમાત્ર કચેરીને આ એવોર્ડ આપવામાં આવેલ છે..
- નશાબંધી નીતિના કડક અમલીકરણના ભાગરૂપે ધી ગુજરાત નશાબંધી ધારો, ૧૯૪૯ની કેટલીક કલમોમાં સુધારાઓ કરીને લઠ્ઠાથી મુત્યુ બદલ જવાબદાર તમામને મૃત્યુદંડ સુધીની સજા અને દારુ અંગે ગુનામાં મહત્તમ ₹ ૧૦ લાખ સુધીના દંડ, પાંચ વર્ષ સખત કેદ વિગેરેની જોગવાઈઓ કરવામાં આવેલ છે. તેને મીડીયા, વર્તમાનપત્રો તેમજ બેનર વિગેરે દ્વારા બહોળો પ્રચાર કરવામાં આવે છે.
- નશાબંધી પ્રચાર અને પ્રસારથી લોક જાગૃતિ દ્વારા સમાજના લોકોને દારૂની બદીથી વિમુખ રાખી રાજ્યના વિકાસમાં યોગદાન.
- રાજ્યમાં લઠ્ઠાકાંડ ન સર્જાય તે માટે કમલ મહેતા દ્વારા સુચવેલ સુચનાઓનો અસરકારક અમલ
- ધાર્મિક સંપ્રદાયના વડા/અગ્રણીઓને જોડીને રાજ્યમાં વ્યસનમુક્તિ કાર્યક્રમોનું આયોજન.
- પ્રિન્ટ મિડીયા/આઉટડોર મિડીયાનો વધુને વધુ ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ, આર્થિક પછાત વર્ગના લોકો વ્યસનના ભરડામાં ન ફસાય તે હેતુલક્ષમાં લઈને વ્યાપક પ્રચાર નશાકારકપદાર્થો સામે વ્યાપક જાગૃતિ ઝુંબેશ.
- નશાકારક દ્રવ્યોના દુરૂપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામે આંતરરાષ્ટ્રીય દિનની ઉજવણી નિમિત્તે યુવા જાગૃતિ માટે કોલેજોમાં ડ્રગ્સના દુરૂપયોગથી બચવા જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન.
- સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર, દક્ષિણ તથા મધ્ય ગુજરાતમાં અને અન્ય જીલ્લાઓમાં નશામુક્તિ માટે જનજાગૃત્તિ કાર્યક્રમોનું આયોજન.
- છેલ્લા ચાર વર્ષ દરમ્યાન દર વર્ષે અંદાજે ૩ થી ૪ કરોડની ગ્રાન્ટનો પ્રચાર - પ્રસાર માટે વિવિધ માધ્યમો દ્વારા નશાબંધીનો ઘનિષ્ટ પ્રચાર કરવામાં આવેલ છે.

૭. નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ખાતાના કામગીરી.

આ ખાતાની મુખ્ય કામગીરી પૂર્વ સૈનિકો/સ્વ. સૈનિકોના ધર્મ પત્નિઓ તથા તેઓના આશ્રીતો માટે સરકારશ્રી દ્વારા અમલમાં મુકેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરાવવાનો છે અને લાભાર્થીઓને આ યોજનાઓના લાભો નાગરિક અધિકાર પત્રની મર્યાદામાં નકકી કરેલ દિવસોની અંદર મળી રહે છે. સામાન્ય રીતે પૂર્વ સૈનિકો નાની ઉમરમાં (આશરે ૩૫ થી ૪૦ વર્ષ) દરમ્યાન નિવૃત થઈ અને આવતા હોય છે. હાલમાં રાજ્યમાં પૂર્વ સૈનિકો/સ્વ. સૈનિકોના ધર્મ પત્નિઓ/આશ્રિતો ની કુલ સંખ્યા ૧,૪૧,૭૮૭ છે. તેઓના પુનર્વસવાટની સહાયક કામગીરી કરવી તે આ ખાતાની બીજી પ્રાથમિકતા છે. તાબા હેઠળની

INDEX

કચેરીઓ. આ ખાતાના તાબા હેઠળની કુલ નવ કચેરીઓ રાજ્યમાં કાર્યરત છે (અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, રાજકોટ, સાબરકાંઠા (હિંમતનગર), કચ્છ (ભુજ) અને મહેસાણા અને પંચમહાલ (ગોધરા)).

૨૦૨૧-૨૨ ના વર્ષમાં થયેલ પ્રગતિ

૧.૩૭મી રાજ્ય સૈનિક બોર્ડની બેઠક બાબત.

રાજભવન ખાતે મહામહિમ રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ની ઉપસ્થિતિમાં રાજ્ય સૈનિક બોર્ડની ૩૭મી બેઠકનુંતા. ૧૭/૧૨/૨૦૧૯ ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. બેઠક દરમ્યાન મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયલ છે. તમામ સહાયના દરોમાં વધારો કરી તા. ૦૧/૦૨/૨૦૨૦થી વધેલ દરોથી સહાયનું ચુકવણું કરવામાં આવે છે.

૨. પૂર્વ સૈનિકો/સ્વ. સૈનિકો તથા તેઓના આશ્રીતોને સહાય.

પૂર્વ સૈનિકો, સ્વ. સૈનિકોના ધર્મ પત્નિઓ તથા તેઓના આશ્રિતોને વર્ષ ૨૦૨૦-૨૧ કુલ ૧૭૪૪ લાભાર્થીઓને ₹ ૨.૧૩ કરોડની વિવિધ સહાય આપવામાં આવી.

૩. ડીજીટલલાઈવ સર્ટીફીકેટ

પૂર્વ સૈનિકો તેમજ સ્વ. સૈનિકોના ધર્મ પત્નિઓને બેન્ક સુધીના ન જવુ પડે તે હેતુસર તેઓનું હયાતીનું પ્રમાણપત્ર ડીજીટલ લાઈવ સર્ટીફીકેટ દ્વારા કરવામાં આવે તેવી વ્યવસ્થા આ ખાતાની તમામ કચેરીઓમાં કરવામાં આવી.

૪. સશસ્ત્ર સેના ધ્વજદિન -૨૦૨૦ ઉજવણી.

તમામ કચેરીઓ દ્વારા ૭મી ડીસેમ્બર ૨૦૨૦ રોજ સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી કરવામાં આવેલ અને સરકારશ્રી દ્વારા આપેલ લક્ષ્યાંક સિધ્ધ કરવા સરાહનીય કામગીરી કરી.

૫. સૈનિક કલ્યાણ સોફ્ટવેર તૈયાર કરવા બાબત.

૩૭મી રાજ્ય સૈનિક બોર્ડની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર સૈનિક કલ્યાણ સોફ્ટવેર બનાવવાની પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થયેલ છે.

૬. રીનોવેશન/નવા ભવનનાબાંધકામનીકામગીરી.

(અ) **ગૌરવ સેનાની ભવન,શાહીબાગ, અમદાવાદ.** ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા ભવનના રીનોવેશનની કામગીરી ૫૦% પૂર્ણ થયેલ છે.

(બ) **ગૌરવ સેનાની કુમાર ભવન,બોડકદેવ,અમદાવાદ.** ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા ભવનના રીનોવેશનની કામગીરી ૫૦% પૂર્ણ થયેલ છે.

(ક) **જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરતના પરિસર પાસે કુમાર ભવન બનાવવા બાબત.** જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરતના પરિસર પાસે નવા કુમાર ભવન બનાવવાની કામગીરી ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા ૨૨% કામગીરી પૂર્ણ કરેલ છે.

(ખ) **જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, વડોદરાના પરિસર પાસે નવું કુમાર ભવન બનાવવા બાબત.** જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરતના પરિસર પાસે નવા કુમાર ભવન બનાવવાની કામગીરી ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા ૨૦% કામગીરી પૂર્ણ કરેલ છે.

(ગ) **હિંમતનગર ખાતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીનું નવું બાંધકામ કરવા બાબત.** ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા બાંધકામ કરવા અંગે ટેન્ડર પ્રસિધ્ધ કરવાની કામગીરી કરાવવામાં આવેલ.

(ઘ) **ગોધરા ખાતે બહુલક્ષી સૈનિક સંકુલ બનાવવા બાબત.** ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા બાંધકામ કરવા અંગે ટેન્ડર પ્રસિધ્ધ કરવાની કામગીરી કરાવવામાં આવેલ.

(ચ) **રાજકોટ ખાતે પૂર્વ સૈનિક રેસ્ટ હાઉસના રીનોવેશનની કામગીરી.** રાજકોટ ખાતે કાર્યરત પૂર્વ રેસ્ટહાઉસના રીનોવેશનની કામગીરી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ મારફત પૂર્ણ કરેલ છે.

(ચ) **સોલર સિસ્ટમની કામગીરી.** ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી, ગાંધીનગરનો સંપર્ક કરી તાબા હેઠળની વડોદરા, સુરત અને રાજકોટ કચેરીઓમાં કાર્યરત ગેસ્ટ હાઉસ/છાત્રાલયની છત પર સોલર સિસ્ટમની કામગીરી કરાવવામાં આવી.

INDEX

૭. રોજગાર.

ગુજરાતના વતની હોય તેવા માજી સૈનિકોને વધારેમાં વધારે રોજગારીનીતકોઉભી કરવા સરકારશ્રી દ્વારા કરવામાં આવતી વિવિધ ભરતીઓમાં તૈયાર થતા મેરીટમાં વધુ છુટછાટ મળે તેવી સરકારશ્રીમાંઅત્રેથી રજુઆત કરવામાં આવતા સરકારશ્રીએઉદાર વલણ અપનાવી વધુ છુટછાટ આપવામાં આવેલ છે. જેથી માજી સૈનિકોને ખૂબ જ લાભ થશે અને વધુ રોજગારનીતકોમળશે.

વર્ષ૨૦૨૨-૨૩માં થનાર કામગીરી.

૮. ૩૭મી રાજ્ય સૈનિક બોર્ડના લક્ષ્યાંક પૂર્ણ કરવા બાબત.

૩૭મી રાજ્ય સૈનિક બોર્ડની બેઠક દરમ્યાન લેવાયેલ મહત્વપૂર્ણ નિર્ણયો પુરા કરવાનું લક્ષ્યાંક છે.

૯. ૩૮મી રાજ્ય સૈનિક બોર્ડની બેઠકનું આયોજન કરવા બાબત.

૩૮મી રાજ્ય સૈનિક બોર્ડની બેઠકનું આયોજન કરવા આવશે.

૧૦. રીનોવેશન/નવા ભવનના બાંધકામની કામગીરી.

નીચે મુજબની કચેરીઓમાં ચાલતી રીનોવેશન/ બાંધકામની કામગીરી તા. ૩૦/૦૯/૨૦૨૨ સુધીમાં પુરી કરવાનો લક્ષ્યાંક છે :-

(અ) ગૌરવ સેનાની ભવન, શાહીબાગ, અમદાવાદ.

(બ) ગૌરવ સેનાની કુમાર ભવન, બોડકદેવ, અમદાવાદ.

(ક) જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરતના પરિસર પાસે કુમાર ભવન બનાવવા બાબત.

(ખ) જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, વડોદરાના પરિસર પાસે નવું કુમાર ભવન બનાવવા બાબત.

(ગ) હિંમતનગર ખાતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીનું નવું બાંધકામ કરવા બાબત.

(ઘ) ગોધરા ખાતે બહુલક્ષી સૈનિક સંકુલ બનાવવા બાબત.

૧૧. સોલર સિસ્ટમની કામગીરી.

ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી,ગાંધીનગરનો સંપર્ક કરી તાબા હેઠળની બાકીની અમદાવાદ, સાબરકાંઠા અને ગોધરા કચેરીઓમાં કાર્યરત/નવા શરૂ થનાર ગેસ્ટ હાઉસ/છાત્રાલયની છત પર સોલર સિસ્ટમની કામગીરી કરાવવાનો લક્ષ્યાંક છે.

૧૨. સશસ્ત્ર સેના ધ્વજદિન૨૦૨૦-૨૧ની ઉજવણી બાબત

૭મી ડીસેમ્બર ૨૦૨૧ના રોજ કરવામાં આવશે, જેના અનુસંધાને સરકારશ્રી દ્વારા ફાળવેલ લક્ષ્યાંકની રકમ દાતાશ્રીઓ પાસેથી મેળવી લક્ષ્યાંક પુર્ણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

૧૩. પ્રોફાઈલીંગ.

પુર્વ સૈનિકો/સ્વ.સૈનિકોના ધર્મપત્નિઓ તથા તેઓના આશ્રિતોનો સર્વે, પ્રોફાઈલીંગ, વિવિધ કલ્યાણકારી કામગીરી અને યોજનાઓને વધુને વધુ લોકો સુધી પહોંચી શકે તે માટે બહોળી પ્રસિધ્ધિ કરવા દરેક જિલ્લાઓમાં સૈનિક સંમેલન કરવાનુ આયોજન છે.

૧૪. કચ્છ (ભૂજ) ખાતે બહુલક્ષી સંકુલ બનાવવા સરકારી જમીનની ફાળવણી બાબત.

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, કચ્છ (ભૂજ) દ્વારા સંબધીત કલેકટરશ્રીનો સંપર્ક કરેલ છે અને જમીનની ફાળવણી નજીકના ભવિષ્યમાં થવાની સંભાવના છે. જે જમીન પર માજી સૈનિકોના કલ્યાણ અર્થે બહુલક્ષી સંકુલ બનાવવાનું આયોજન કરવાની કામગીરી કરવી.

૮. નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

પ્રસ્તાવના-

સને ૧૯૬૨માં થયેલ ચીનના આક્રમણ પછી ભારત સરકારે અન્ય દેશો અનુસાર ભારત દેશમાં પણ નાગરિક સંરક્ષણ તંત્ર સને ૧૯૬૩ થી શરૂ કરેલ છે. આ તંત્ર શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ યુધ્ધ દરમિયાન પ્રજાના જાનમાલનું રક્ષણ કરવું, ગૃહ મોરચે પ્રજાનો જુસ્સો ટકાવી રાખવો, અફવાઓથી પણ પ્રજાજનોને બચાવવા તથા ઔદ્યોગીક ઉત્પાદનની પ્રક્રિયા અને પૂરવઠો ચાલુ રહે તે જોવાનો છે. સમય જતાં નાગરિક સંરક્ષણની પ્રવૃત્તિનું કાર્યક્ષેત્ર વિસ્તારવામાં આવેલ છે. શાંતિના સમયમાં કુદરતી આફતો જેવી કે પુર, ધરતીકંપ, વાવાઝોડું અને માનવ સર્જીત (અકુદરતી) આફતો જેવી કે, કોમી રમખાણો, મોટી આગ, મોટા અકસ્માત

INDEX

વિગેરે વખતે નાગરિક સંરક્ષણ તંત્રના અધિકારી/કર્મચારીઓ અને નાગરિક સંરક્ષણના માનદ્ પદાધિકારી/સ્વયંસેવકો ખડે પગે હાજર રહી પ્રજાની સેવાકિય ફરજ બજાવે છે.

વ્યાખ્યા :

Civil Defence Act-1968 મુજબ નાગરિક સંરક્ષણની વ્યાખ્યાઆ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો :

(ક) "નાગરિક સંરક્ષણ" માં હવાઈ, જમીન, દરિયા અથવા બીજા સ્થળોએ થી થતા કોઈપણ દુશ્મનના હુમલા સામે ભારતમાં અથવા તેના પ્રદેશના કોઈપણ ભાગમાં કોઈપણ વ્યક્તિ, મિલ્કત, સ્થળ કે વસ્તુને રક્ષણ આપવા માટેના ખરેખર લડાઈની કક્ષાના ન હોઈ તેવા અથવા આવા કોઈ હુમલાની પુરી કે થોડીક અસર હળવી કરવા માટેના આવા હુમલા પહેલા, તે દરમ્યાન, તે વખતે અથવા તે પછી લેવાએ પગલાનો સમાવેશ થાય છે.

(ખ) "નાગરિક સંરક્ષણ દળ" એટલે નાગરિક સંરક્ષણની જરૂરીયાતો સંપૂર્ણ અથવા મુખ્યત્વે પુરી પાડવા માટે રચાયેલ દળ, અને તેમાં કલમ-૪ ની પેટા કલમ-૧ના પરંતુક હેઠળ દળ તરીકે ગણાતા સંગઠનનો સમાવેશ થાય છે.

નાગરિક સંરક્ષણ તંત્રના જાહેર કરવામાં આવેલ વર્ગીકૃત શહેરો -

કેટેગરી- ૧ ટાઉન	કેટેગરી- ૨ ટાઉન	કેટેગરી- ૩ ટાઉન
વડોદરા	અમદાવાદ	ભરૂચ
સુરત	જામનગર	
કાકરાપાર	વાડીનાર	
	ઓખા	
	ભુજ	
	નલીયા	
	ગાંધીધામ	
	અંકલેશ્વર	
	ગાંધીનગર	
	ભાવનગર	

૨૦૨૧-૨૨ની પ્રવૃતિઓ :

૧. મેડલની વિગત :

- છેલ્લા એક વર્ષ દરમ્યાન ૨૬મી જાન્યુઆરી ૨૦૨૧ના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નાગરિક સંરક્ષણ કચેરી સુરતના બે માનદ સભ્યોને માન.મુખ્યમંત્રીશ્રી ચંદ્રક જાહેર થયેલ છે.
- સને ૨૦૨૧માં ૧૫મી ઓગસ્ટ ૨૦૨૧ના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે નાગરિક સંરક્ષણ કચેરી અમદાવાદ શહેરના બે માનદ સભ્યોને મહામહિમ.રાષ્ટ્રપતિશ્રીના ચંદ્રક જાહેર થયેલ છે.
- ૨૬મી જાન્યુઆરી ૨૦૨૧ના પ્રજાસત્તાક દિવસના પર્વ નિમિતે સને ૨૦૨૦ અંતર્ગત નાગરિક સંરક્ષણ કચેરી, સુરતના બે માનદ સભ્યોને મહામહિમ. રાષ્ટ્રપતિશ્રી દ્વારા જીવન રક્ષા પદક જાહેર થયેલ છે.

૨. સ્વયંસેવકોની નિમણૂક :

હાલમાં સમગ્ર ગુજરાત રાજ્યની તમામ નાગરિક સંરક્ષણ કચેરીઓ ખાતે વિવિધ સેવાઓ તથા માનદ હોદ્દા ઉપર કુલ ૧૦૨૨૪ જેટલા સ્વયંસેવકોને નિમણૂંક આપવામાં આવેલ છે.

૩. પાયાની તાલીમ :

વર્ષ ૨૦૨૧ માં નાગરિક સંરક્ષણના વર્ગીકૃત શહેરોમાં ફરજ બજાવતા ટ્રેઈન્ડ ઈન્સ્ટ્રકટર દ્વારા નીચે મુજબ તાલીમ વર્ગો ચલાવી તાલીમાર્થીઓને તાલીમ આપેલ છે.

અનુ.	કચેરીનુ નામ	યોજેલ વર્ગોની સંખ્યા	તાલીમાર્થીઓની સંખ્યા
૧	નાયબ નિયંત્રક નાગરિક સંરક્ષણ કચેરી, અમદાવાદ	૦૭	૪૦૩

INDEX

૨	નાયબ નિયંત્રક નાગરિક સંરક્ષણ કચેરી, વડોદરા	૦૪	૨૩૨
૩	નાયબ નિયંત્રક નાગરિક સંરક્ષણ કચેરી, ભુજ	૧	૪૨
૪	નાયબ નિયંત્રક નાગરિક સંરક્ષણ કચેરી, ગાંધીનગર	૦૨	૧૦૨

૪. રાજ્ય બહારની તાલીમ :

નાગરિક સંરક્ષણ તાલીમ શાળા, ગુ.રા., અમદાવાદ દ્વારા રાજ્ય બહાર ચાલતા કોર્ષમાં વર્ષ-૨૦૨૧ (ફેબ્રુઆરી સુધી) મેળવેલ સિદ્ધિઓની વિગત નીચે મુજબ છે.

ક્રમ	કોર્ષનું સ્થળ	માસ	મેળવેલ તાલીમાર્થીઓની સંખ્યા
૧	નાગપુર	મે	૧
૨	નાગપુર	ઓક્ટોબર	૧
	કુલ		૦૨

૫. રાજ્યમાં ગોઠવેલ તાલીમ (વર્ષ-૨૦૨૧) :

- GIDM ગાંધીનગર ખાતે "Roll of youth and Volunteer in Disaster Risk moment Topic" ઉપર ઓનલાઈન તથા ઓફ લાઈન (ત્રણ)તાલીમનું આયોજન કરવામાં આવેલ.
- ભૂજ યુનિટ ખાતે Auxilary Fire Fighting ની એડવાન્સ તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

૬. " આઝાદી કા અમૃત મહોત્સવ" :

- નાગરિક સંરક્ષણની જિલ્લા/યુનિટ કચેરી દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ " અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

૭. બજેટની વિગત :

(₹ લાખમાં)

મહેકમની સંખ્યા.			વિભાગનું નામ ખાતાના વડાની કચેરીનું નામ	વર્ષ ૨૦૨૧-૨૦૨૨		
મંજુર	ભરેલ	ખાલી		મંજુર	ફાળવેલ	ખર્ચ
૧	૨	૩	૪	૫	૬	૭
૧૨૫	૪૯	૭૬	ગૃહ વિભાગ			
			નિયામકશ્રી નાગરિક સંરક્ષણ, અમદાવાદ	૬,૧૪.૭૨	૪,૧૪.૨૧	૨,૬૨.૦૯

૨૦૨૨-૨૩ની આગામી પ્રવૃતિઓ :

- નાગરિક સંરક્ષણ દળમાં વધુમાં વધુ નાગરિકો જોડાય તે માટે સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:નગસ/૧૦૨૦૧૯/૭૫૪/ફ, તા:૧૪/૦૭/૨૦૨૦ થી માનદ ભથ્થુ ₹ ૧૫૦/- મળે છે. જે હોમગાર્ડઝ સભ્યોની જેમ ૩૦૦ ધોરણે નાગરિક સંરક્ષણના સ્વયંસેવકોને માનદ ભથ્થુ આપવામાં આવે તે અંગેની દરખાસ્ત ગૃહ વિભાગને મોકલાવેલ છે.
- "આઝાદીના અમૃત મહોત્સવ" અંતર્ગત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સાક્ષરતા અભિયાન, રૂટ માર્ચ તથા પ્રભાત ફેરી, સ્વચ્છતા અભિયાન, વ્યસન મુક્તિ અભિયાન, જન જાગૃતિ અભિયાન, બેટી બચાવો કાર્યક્રમ યોજવાની કામગીરી હાલે ચાલુ છે.
- આઇ ટી એકશન પ્લાન ૨૦૨૧-૨૦૨૨ અંતર્ગત ડેસ્કટોપ કોમ્પ્યુટર-૫ નંગ, ઓલ ઈન વન પ્રીન્ટર સ્કેનર -૫ નંગ, હેન્ડી કેમ નંગ-૧ તથા પ્રોજેક્ટ વીથ સ્ક્રીન એમ કુલ ₹ ૮ લાખની નવી સેવા ૨૦૨૧-૨૨ તરીકે વહીવટી મંજુરી મળેલ છે. જેની ખરીદી અંગેની કામગીરી ચાલુ છે.
- ગાંધીધામ નાગરિક સંરક્ષણ કચેરીના કંટ્રોલ રૂમ બાંધવા માટેની ખૂલ્લી જમીન ફરતે કમ્પાઉન્ડ વોલ બાંધવા અંગે નવી સેવા ૨૦૨૧-૨૨ તરીકે ₹ ૪.૪૯ લાખની મંજૂરી મળેલ છે. જે અંગેની કાર્યવાહી ચાલુ છે.
- રાજ્ય કક્ષાના નાગરિક સંરક્ષણ સ્થાપના દિનની (૬ઠ્ઠી ડીસેમ્બર) ઉજવણી માટે ૨ લાખની સરકારશ્રી તરફથી મંજુરી નવી સેવા તરીકે મળેલ છે. જે આગામી સમયમાં આયોજન કરવામાં આવનાર છે.
- નાગરિક સંરક્ષણ તાલીમ શાળા, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા વધુમાં વધુ માનદ સભ્યોને સ્પેશ્યાલાઇઝ તાલીમ

તથા એન.સી.ડી.સી. નાગપુર ખાતેની તાલીમમાં ભાગીદાર બન્ને તેવું આયોજન છે.

૯. ગ્રામ રક્ષકદળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. :

પ્રસ્તાથવના :

તે સમયના બૃહદ મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન અને ભારતના વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ ના શુભ પ્રયાસોથી સને ૧૯૪૭ થી આપણા રાજ્યનાં પ્રથમ ગૃહ રક્ષક દળ (હોમગાર્ડઝ) ની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવેલી અને હોમગાર્ડઝના સભ્યો એ જુદા જુદા કાર્યોમાં જે અનેક વીધી સેવાઓ બજાવી તેને લક્ષમાં લઇ ગામડા માટે પણ આવા ગ્રામ રક્ષક દળો સ્થાપવાનો સરકારે વિચાર કર્યો અને આખા મુંબઈ રાજ્યમાં ગ્રામ રક્ષક દળ ની પ્રવૃત્તિ વ્યેવસ્થિાત રીતે હાથ ધરવામાં આવી અને તેની શરૂઆત સને ૧૯૪૮ થી થઇ પાછળ થી ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળને કાનૂની સ્વરૂપ આપવા ૧૯૫૧ ના પોલીસ ધારામાં ૧૯૫૬ માં સુધારો કરવામાં આવ્યોગ.

ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળ સને ૧૯૪૮ ની સાલ થી કામ કરે છે. જો કે ૧૯૫૬ ના વર્ષમાં સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ ધારામાં સુધારો કરવામાં આવતા તેને કાયદા ની દ્રષ્ટિ એ સ્વારૂપ આપવામાં આવ્યે. પ્રસ્તુત ધારામાં નવી જ કલમ ૬(બી) નો સમાવેશ કરીને આ દળોની વ્યવસ્થા તથા ફરજ અંગેની સ્પષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે.

કામગીરી તથા ફરજો

- ગામમાં જાન માલનું રક્ષણ કરવું
- કુદરતી અને માનવ સર્જિત આપત્તિ સમયે વહિવટીતંત્ર સાથે કામગીરી.
- પોલીસની સાથે ખભે-ખંભા મિલાવીને કામગીરી.
- નાઈટ રાઉન્ડ/ટ્રાફીકની કામગીરી, ચુંટણી, મેળા, તહેવાર તેમજ વી.આઈ.પી બંદોબસ્તની કામગીરી ચોરી અને મોટા ગુનાની તપાસમાં પોલીસને માહિતી આપવી અને સહાય કરવી.

ગ્રામ રક્ષક દળમાં ભરતી, યોગ્યતા અને તાલીમ વ્યવસ્થા :

ગ્રામ રક્ષક દળમાં જોડાવવા માટે ૨૦ થી ૫૦ વર્ષની વય વચ્ચેની કોઈપણ વ્યક્તિ કે જેનું ચારિત્ર્ય આચરણ સારૂ હોય, ત્રણ ગુજરાતી ભણેલ હોય અને સશકત હોય અને ગામડામાં રહેતો હોય, તે આ દળમાં જોડાઈ શકે છે.આ તાલીમ દિન ૧૫ ની રહેશે. આ તાલીમમાં નીચેનાનો સમાવેશથશે

પ્રાથમિક સ્કવોર્ડ ડ્રીલ, લાઠીની તાલીમ, પી.ટી., આમ્સ ડ્રીલ, ગામડામાં નાકાબંધી ગોઠવવાનું, ધાડપાડુઓ અને લુંટારાઓનો સામનો કરવાની તાલીમ, પ્રાથમિક સારવાર, કાયદાનું સામાન્ય જ્ઞાન, ગામડાઓમાં સભ્યોને પંદર દિવસ ની તાલીમ આપ્યા બાદ તેઓમાંથી નાયક, ઉપનાયકની નિમણૂંક જે તે જીલ્લા પોલીસ અધિકારી કરશે. નાયક, ઉપનાયકને હેડ કવાર્ટર્સ ઉપર ૧૦ દિવસની તાલીમ ફકત એક વખત આપવામાં આવશે.

નાયક, ઉપનાયકોને જીલ્લા હેડ કવાર્ટર્સ ઉપર ૭ દિવસની રીફ્રેસર તાલીમ દર વર્ષે આપવામાં આવશે. જો જીલ્લા હેડ કવાર્ટર્સ ઉપર તાલીમ આપી ન શકાય તો તાલુકા હેડ કવાર્ટર્સ ઉપર આવી તાલીમ આપવી.

ગ્રામ રક્ષક દળના જાહેર કરવામાં આવેલ જીલ્લાના નામ :

(૧) એસ.પી.જીઆરડી (૨) અમદાવાદ ગ્રામ્ય (૩) ખેડા-નડિયાદ (૪) આણંદ (૫) સા.કા. હિંમતનગર (૬) ગાંધીનગર (૭) પાટણ (૮) મહેસાણા (૯) વડોદરા ગ્રામ્ય (૧૦) ભરૂચ (૧૧) પંચમહાલ ગોધરા (૧૨) દાહોદ (૧૩) નર્મદા (૧૪) સુરત ગ્રામ્ય (૧૫) વલસાડ (૧૬) આહવા ડાંગ (૧૭) નવસારી (૧૮) રાજકોટ ગ્રામ્ય (૧૯) જામનગર (૨૦) સુરેન્દ્રનગર (૨૧) જુનાગઢ (૨૨) અમરેલી (૨૩) ભાવનગર (૨૪) પોરબંદર (૨૫) કચ્છ ભુજ (૨૬) બ.કા. પાલનપુર (૨૭) તાપી વ્યારા (૨૮) કચ્છ- ગાંધીધામ (૨૯) છોટા ઉદેપુર (૩૦) મહિસાગર (૩૧) બોટાદ (૩૨) મોરબી (૩૩) અરવલ્લી (૩૪) ગીર સોમનાથ (૩૫) દેવભૂમિ દ્વારકા.

રાજ્ય કક્ષાની વડી કચેરી ખાતે ૧ સીનીયર કલાર્ક તથા ૧ જુનીયર કલાર્કની નિમણૂંક પોલીસ મહાનિર્દેશકશ્રી તરફથી કરવામાં આવે છે. દરેક જિલ્લા માં ગ્રામ રક્ષક દળ/ સાગર રક્ષક દળ ની રચના અને દેખરેખ કરવા માટે એક પોલીસ સબ.ઈન્સ. ની નિમણૂક કરવામાં આવી છે. તેવી જ રીતે તાલુકા કક્ષાએ હેડ કોન્સન.ની નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત જીલ્લાછ કક્ષાએ જીલ્લા માનદ ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળ અધિકારી, જીલ્લા માનદ મહિલા ગ્રામ રક્ષક દળ/ સાગર રક્ષક દળ સંગઠક અને તાલુકા કક્ષાએ તાલુકા માનદ ગ્રામ રક્ષક દળ/ સાગર રક્ષક દળ અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત સાગર રક્ષક દળ પોલીસ સબ ઇન્સ્પેકટરની નિમણૂંક કરવામાં આવેલ છે અને તેમનું હેડ કવાર્ટર્સ અમદાવાદ ખાતે છે. ગ્રામ રક્ષક દળ ના વર્ગીકૃત જીલ્લામાં ફરજ બજાવતા સભ્યોની પાયાની રીફ્રેશર કેમ્પ યોજવામાં આવે છે.

INDEX

વર્ષ ૨૦૨૧-૨૨માં થયેલ પ્રગતિ :

- ગ્રામ રક્ષક દળ / સાગર રક્ષક દળનુ મંજુર મહેકમ -૫૦,૦૦૦ છે. હાજર મહેકમ -૪૨૦૩૨ છે.
- વર્ષ-૨૦૨૧માં ૨૬મી જાન્યુઆરીના દિવસે ગુજરાત રાજ્યના ગ્રામ રક્ષક દળ / સાગર રક્ષક દળના ૫ સભ્યોને માન. મુખ્યમંત્રીશ્રીના મેડલ મળેલ છે.
- છેલ્લા ચાર વર્ષની સમગ્ર ગુજરાત રાજ્યમાં ગ્રામ રક્ષક દળ / સાગર રક્ષક દળની સેવામાં ૩૦૧૬૪ જેટલા સભ્યોની નિમણુંક (ભરતી) કરવામાં આવેલ છે. અત્યાર હાલમાં ભરતી પ્રક્રિયા ચાલુમાં છે.
- છેલ્લા ચાર વર્ષની સમગ્ર ગુજરાત રાજ્યમાં ગ્રામ રક્ષક દળ / સાગર રક્ષક દળની સેવામાં ૩૦૬૯૪ જેટલા સભ્યોને રિફ્રેશર તાલીમ આપવામાં આવેલ છે.
- છેલ્લા ચાર (૪) વર્ષમાં કુલ -૧૨૯૬ ગ્રામ રક્ષક દળ / સાગર રક્ષક દળના સભ્યોએ આપદા મિત્રની તાલીમ લીધેલ છે.
- ગઇ લોકસભાની ચૂંટણીમાં- ૩૨૦૭૪ ગ્રામ રક્ષક દળ / સાગર રક્ષક દળ સભ્યોએ ફરજ બજાવેલ હતી.
- અત્યાર સુધી જીલ્લા માનદ અધિકારી-૨૩, તાલુકા માનદ અધિકારી-૧૭૩, જીલ્લા મહિલા સંગઠક-૧૩, અને તાલુકા મહિલા સંગઠક-૬૨ એમ કુલ -૨૭૧માનદ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવેલ છે.
- ગ્રામ રક્ષક દળ / સાગર રક્ષક દળની વેબસાઈટ ઉપર ગ્રામ રક્ષક દળમાં જોડાવવા માટેના નમુનાનું ફોર્મ નાગરિકોને સરળતાથી પ્રાપ્ત થાય તથા આર.ટી.આઇ - ૨૦૦૫ હેઠળ નાગરિકને માહિતી વેબસાઈટ ઉપરથી સરળતાથી મળે તે માટે માહિતી ડિસ્કલોઝર હેઠળ માહિતી અધતન કરી અત્રેની કચેરીએથી વેબસાઈટ અપડેટ મોકલાવેલ છે.
- સરકારશ્રીના ૬૯માં વન મહોત્સવની ઉજવણી અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં કુલ-૩૮૫૦૦ વૃક્ષો વાવેલ છે.
- સરકારશ્રીની જનધન યોજનામાં કુલ ૮૦૦૦ જેટલા સભ્યોના ખાતા ખોલાવેલ છે.
- ગ્રામ રક્ષક દળ/ સાગર રક્ષક દળના સભ્યો વર્ષ-૨૦૨૦-૨૧ કોરોના વાયરસના સંક્રમણને નાથવા માટે પોલીસની સાથે ખભે ખભો મિલાવીને તમામ જિલ્લાઓના કુલ- ૩૭૦૦૦ સભ્યો જીવના જોખમે પોતાની ફરજ નિષ્ઠા પૂર્વક બજાવી રહેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ ની આગામી પ્રવૃતિઓ :

- ગ્રામ રક્ષક દળ/ સાગર રક્ષક દળના સભ્યોની ભથ્થા વધારવા માટે જા.નં.જીઆરડી/૧૫૮૭/૯૩૧/૨૦૨૦ તા.૨૬/૦૬/૨૦૨૦ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.
- ગ્રામ રક્ષક દળ/ સાગર રક્ષક દળના સભ્યોની ગણવેશ ભથ્થા વધારવા માટે જા.નં. જીઆરડી/૧૫૮૭/૭૮૯/૨૦૨૦ તા.૦૨/૦૫/૨૦૨૦ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.
- ગ્રામ રક્ષક દળના માનદ અધિકારીશ્રીઓના ભથ્થા વધારવા માટેની પણ દરખાસ્ત કરવામાં આવેલ છે.
- આઈ.ટી.એકશન પ્લાન ૨૦૨૧-૨૨ અંતર્ગત ઝેરોક્ષ વિથ કોમ્પ્યુટર કનેક્ટી વીટી નંગ-૧ ₹ ૧,૧૫,૦૦૦/-, ફેક્સ મશીન નંગ-૧ ₹ ૩૦,૦૦૦/-ડેસ્કટોપ કોમ્પ્યુટર નંગ-૩ અને ઓલ ઈન વન પ્રીન્ટર- નંગ-૩ ₹ ૨,૨૦,૦૦૦/- એમ કુલ ₹ ૩,૬૫,૦૦૦/-ની ખરીદી અંગેનો અંદાજ સરકારશ્રીમાં મોકલેલ છે.

૧૦. કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. :

(૧) વિભાગ ની કામગીરી :

૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૪૭ ના રોજ બૃહદ મુંબઈ રાજ્યમાં પોલીસની મદદમાં કાયદો અનેવ્યવસ્થાની જાળવણીનાં હેતુસર તથા દેશની કુદરતી અને માનવસર્જીત આપતિઓમાં આંતરિક સુરક્ષાની જાળવણી માટે ગૃહ રક્ષક દળની સ્થાપના કરવામાં આવેલ. આ માનદ દળમાં સમાજના વિવિધ વર્ગમાંથી માનદસેવા બજાવવાનાં હેતુસર સમાજનાં નાગરીકો જોડાય છે. નાગરીકો પોતાના વ્યવસાય/નોકરી વિગેરેનાં ફાજલ સમયમાં આ સંસ્થામાં સેવા આપે છે. હાલમાં ૩૮,૦૦૦ જેટલા પુરૂષ/મહિલા આ સંસ્થામાં સેવાઓ આપી રહયા છે.

(૨) જિલ્લા કક્ષાનુ માળખુ :

(૧) કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝ ગુજરાત રાજ્યના નિયંત્રણ હેઠળ રાજ્યના કુલ ૩૯ જિલ્લાઓ પૈકી ૩૫ જગ્યાઓમાં માનદ જિલ્લા કમાન્ડન્ટશ્રીઓ સેવા આપી રહ્યા છે અને ૦૪ જીલ્લાઓ ખાતે નાયબ પોલીસ અધિક્ષક (મુખ્ય મથક) વધારાનો ચાર્જ સંભાળી રહયા છે. જીલ્લા કમાન્ડન્ટશ્રીની મદદમાં માનદ સ્ટાફ ઓફિસરો તથા તાલુકા કક્ષાએ માનદ ઓફિસર કમાન્ડીંગશ્રીઓ સેવા આપે છે. આ જિલ્લા કચેરીઓનાં તાબા હેઠળ ૪૦૭ જેટલી પુરક (યુનીટ) કચેરીઓ કાર્યરત છે. સમગ્ર ગુજરાત માટે ભારત

INDEX

સરકાર તરફથી ૪૫૨૮૦ નુ સંખ્યાબળ મંજુર થયેલ છે. હોમગાર્ડઝ દળના સંચાલન માટે બોર્ડરવીંગની ૨ બટાલીયન કચેરીઓમાં ૧૬૨ પગારદાર અધિકારી / કર્મચારીઓ ઓર્થોરાઇઝ છે, જયારે હોમગાર્ડઝમાં ૩૨૪ પગારદાર અધિકારી / કર્મચારીઓનું મહેકમ મંજુર થયેલ છે.

(૨) સીધી ભરતી :

ડાયરેકટર જનરલ હોમગાર્ડઝ, ગુજરાત રાજ્યના મહેકમ પરથી સબ ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર, વર્ગ-૩ ની ૨૭ જગ્યાઓ, હવાલદાર ઇંસ્ટ્રકટર, વર્ગ-૩ ની ૧૮ જગ્યાઓતથા હેડ ક્લાર્ક, વર્ગ-૩ ની ૦૮ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીદ્વારા તા.૨૧/૦૧/૨૦૨૧ના રોજ દૈનિક સમાચાર પત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.જે અન્વયે હોમગાર્ડઝના મહેકમ ની ઘણા સમયથી ખાલી રહેલ જગ્યાઓ મોટા પ્રમાણમાં આવનાર સમયમાં ભરવામાં આવશે.

(૩) કામગીરી :

હોમગાર્ડઝ દળના માનદ અધિકારીઓ/સભ્યોને બેઝીક, રીફ્રેશર, એડવાન્સ તેમજ લીડરશીપની તાલીમ તેમજ જીલ્લા/ રાજ્ય કક્ષાએ વાયરલેસ, ફલડ રેશ્કયુ, ફાયર ફાઇટીંગ, હથીયારની તાલીમ જેવી વિવિધ તાલીમ આપવામાં આવે છે. તાલીમબધ્ધ હોમગાર્ડઝ સભ્યો પોલીસની મદદમાં કાયદો વ્યવસ્થા ટ્રાફીક નિયમન, ધાર્મિક મેળા, ઇલેક્શન જેવા અનેક બંદોબસ્તમાં ફરજ બજાવે છે. તેમજ સરકારી હોસ્પિટલો, બેન્ક, એફસીઆઇ વગેરે જગ્યા ઉપર ઓનપેમેન્ટથી ફરજ બજાવે છે. ગુજરાત રાજ્યમાં સરેરાશ પ્રતિદિન ૨૩૦૦૦ હોમગાર્ડઝ સભ્યો/અધિકારીઓ ફરજ બજાવી રહયા છે.

(૪) તાલીમ :

હોમગાર્ડઝ દળનાં ૩ તાલીમ કેન્દ્ર કાર્યરત છે.

(૧) સેન્ટ્રલ તાલીમ ઇન્સ્ટીટ્યુટ જરોદ, જી.વડોદરા

(૨) જીલ્લા તાલીમ કેન્દ્ર માધવનગર જી. અમદાવાદ ગ્રામ્ય,

(૩) રીજીયોનલ તાલીમ સેન્ટર, સુંઢીયા તાલીમ કેન્દ્ર, જી.મહેસાણા.

સને ૨૦૨૧-૨૨ માં કુલ ૬૨૫ હોમગાર્ડઝ સભ્યોને વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે.

(૫) કોરોના વેકસીન :

કોરોના વેકસીન અંગેના ડેટા COWIN પોર્ટલ ઉપર તા: ૪/૧/૨૦૨૧ ના રોજ ડેટા અપલોડ કરવાના શરુ કરી ફકત ૦૪ જ દિવસમાં કામગીરી પૂર્ણ કરી પ્રથમ ક્રમાંકે અગ્રેસર રહેલ છે. જે વેકસીનેશનની માહિતી નીચે મુજબ છે.

અપલોડ માહિતી	પ્રથમ ડોઝની સંખ્યા / ટકા	બીજા ડોઝની સંખ્યા / ટકા
૩૮૬૮૧	૩૭૩૭૬ (૯૭%)	૩૫૦૮૦ (૯૪%)

(૬) કોરોના સહાય :

વર્ષ ૨૦૨૦માં કોરોના વિશ્વ મહામારીના કારણે માર્ચ ૨૦૨૦ થી લોકડાઉનનો અમલ કરાવવા અને ત્યાર બાદ સરકારશ્રીની અનલોક ની ગાઈડ લાઈન નો અમલ કરાવવા હોમગાર્ડઝ સભ્યોએ પોલીસની મદદમાં રાત દિવસ ફરજ બજાવી છે. COVID - 19 સંક્રમણ નિવારાત્મક પગલાંના બંદોબસ્તમાં પોલીસની મદદમાં સતત ફરજ બજાવતા પ્રથમ અને બીજી લહેરમાં કુલ ૯૩૧ જવાનો સંક્રમિત થયા છે. જે પૈકી ૮૯૪ હોમગાર્ડઝ સભ્યો સાજા થઇ પોતાની ફરજ ઉપર પાછા આવ્યા છે. દુર્ભાગ્યવશ કુલ ૩૭ જવાનોના દુ:ખદ અવસાન થયેલ છે. જે વર્ષવારની વિગત નીચે મુજબ છે.

ક્રમ	વર્ષ	સંક્રમિતની સંખ્યા	સાજા થયેલની સંખ્યા	અવસાન થયેલની સંખ્યા
૧	૨૦૨૦	૩૧૬	૩૦૫	૧૧
૨	૨૦૨૧	૬૧૫	૫૮૯	૨૬

અવસાન પામેલ હોમગાર્ડઝ જવાનો/અધિકારીઓના આશ્રીત કુટુંબ ને ₹ ૨૫ લાખની રકમ માન.મુખ્ય મંત્રીશ્રીના રાહતફંડ માંથી સહાય ચુકવવાની જોગવાઇ થયેલ છે. જે મુજબ કુલ ૧૪ સભ્યો/અધિકારીઓ ને ચુકવવામાં આવેલ છે.

(૭) હોમગાર્ડઝ કલ્યાણનિધિ ફંડ :

સરકારશ્રીનાં ગૃહ વિભાગનાં ઠરાવ ક્રમાંક. હગદ/૧૦૨૦૧૯/૭૬૭/ફ, તા.૦૪/૧૦/૨૦૧૯ અન્વયે હોમગાર્ડઝ દળને સુદૃઢ બનાવવા હોમગાર્ડઝ દળનાં માનદ અધિકારીઓ / સભ્યોને શિષ્યવૃતિ, મેડીકલ, અવસાન વગેરે સહાય માં મદદરૂપ થવાનાં આસયથી "હોમગાર્ડઝ કલ્યાણનિધિ" ફંડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જેમાં હોમગાર્ડઝ નાં અધિકારીઓ /સભ્યો દ્વારા જે સ્વૈચ્છિક ફાળો જમા કરાવવામાં આવે છે. તેટલી રકમ અથવા ₹ ૦૧ કરોડ બે પૈકી જે રકમ ઓછી હોય તે રકમ

INDEX

સરકારશ્રી દ્વારા દર વર્ષે મંજુર કરવામાં આવે છે .હોમગાર્ડઝ કલ્યાણનિધિ ફંડ સને ૨૦૨૧-૨૨માં હોમગાર્ડઝ સભ્યોનો ફાળો ₹ ૯૯,૫૭,૨૮૪/-જમા કરાવેલ છે. તે સામે સરકારશ્રી તરફથી ₹ ૭૫,૦૦,૦૦૦/- મંજુર કરવામાં આવેલ છે.હોમગાર્ડઝ કલ્યાણ નિધિફંડ માંથી તા: ૦૧/૦૪/૨૦૨૧ થી તા: ૩૧/૧૦/૨૦૨૧ સુધીમાં કુલ ૧૯૦ દરખાસ્તોની કુલ ₹ ૨,૦૩,૨૭,૦૬૦/- ની સહાય ચુકવવામાં આવેલ છે.

(૮) છઠ્ઠી ડીસેમ્બર ઉજવણી બાબત :

સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ સ્થાપના દિવસની કેન્દ્રમાં તથા દરેક રાજ્યમાં રાજ્ય કક્ષાએ ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૬ઠ્ઠી ડીસેમ્બર - ૨૦૨૧ ના રોજ ૫૯માં સ્થાપના દિનની રાજ્ય કક્ષાની ભવ્ય ઉજવણી હોમગાર્ડઝ ભવન, લાલ દરવાજા, અમદાવાદ ખાતે માન. રાજ્ય કક્ષાનાં મંત્રીશ્રી(ગૃહ)ની ઉપસ્થિતિમાં પરેડ, મહામહિમ રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત, કોરોનામાં અવસાન પામેલ હોમગાર્ડઝ સભ્યો/ અધીકારીઓના આશ્રિતને વંદન પત્ર એનાયત, સિવિલ ડીસેન્સના માનદ સભ્યો તરફથી કરવામાં આવેલ ડેમોસ્ટ્રેશન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ, સાંસ્કુતિક કાર્યક્રમ જેવા વિવિધ કાર્યક્રમોના આયોજન દ્વારા યોજવામાં આવેલ હતી. તેમજ તાબાના જીલ્લા હોમગાર્ડઝ કચેરી કક્ષાએ વિવિધ કાર્યક્રમોના આયોજન દ્વારા જોશભેર ઉજવણી કરવામાં આવેલ હતી.

(૯) બજેટ હોમગાર્ડઝ અને બોર્ડરવિંગ :

૨૦૭૦-૧૦૭-૦૧- હોમગાર્ડઝ (રકમ લાખમાં)				
વર્ષ	**માંગણી**	**મંજુર બજેટ**	**મંજુરરીવાઈઝ બજેટ**	**કુલ થયેલ ખર્ચ**
૨૦૨૧-૨૦૨૨	૩૨૦૯૮.૦૨	૨૭૭૩૬.૯૦		૧૫૪૬૯.૩૭
૨૦૨૨-૨૦૨૩	૩૧૧૯૫.૧૮	--	--	--
૨૦૭૦-૧૦૭-૦૨- બોર્ડરવિંગ (રકમ લાખમાં)				
વર્ષ	**માંગણી**	**મંજુર બજેટ**	**મંજુરરીવાઈઝ બજેટ**	**કુલ થયેલ ખર્ચ**
૨૦૨૧-૨૦૨૨	૬૯૪૩.૪૫	૬૮૨૪.૮૦	---	૪૧૫૦.૭૮
૨૦૨૨-૨૦૨૩	૬૮૨૬.૩૨	---	---	---

(૧૦) જાહેર થયેલ ચંદ્રક બાબત :

૨૬મી જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ ૦૭ તથા ૧૫ મી ઓગસ્ટ-૨૦૨૧ ના રોજ ૦૬ મળી કુલ ૧૩ મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના ચંદ્રકો જાહેર થયેલ છે. તથા જાન્યુઆરી ૨૦૨૧ પ્રજાસત્તાક દિન નિમિત્તે માનનીય મુખ્ય મંત્રીશ્રીના કુલ-૩૫ ચંદ્રક જાહેર થયેલ છે.

(૧૧) પોલીસ આધુનિકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧

સાધન સામગ્રીની ખરીદી માટે વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹ ૧.૫૫ કરોડની તથા ₹ ૦૮૮ ની જોગવાઇ મુજબ સોલર લાઇટ સીસ્ટમની કામગીરી પૂર્ણ થયેલ છે. બાકીના કામગીરીમાં તાલીમ ફેસીલીટી માટે સાધનો, કોમ્પ્યુટર વર્ક સ્ટેશન વીથ પેરીફેરલ્સ, કલાસરુમ અને ડાઇનીંગ માટેના સાધનો , સીકયુરીટી સર્વેલન્સ, તેમજ ચાર્જેબલ લોન્ગ રેન્જ એલઇડી સર્ચલાઇટ જેવી ખરીદી કરવામાં આવનાર છે.

(૧૨) બાંધકામ સને ૨૦૨૧-૨૨ :

હોમગાર્ડઝ દળની કચેરીઓના નવા બાંધકામના કામોમાં દેવભૂમિ દ્વારકા જીલ્લા કચેરી તથા સૂઢિયા યુનીટ કચેરીઓ માટે ₹ ૭૦.૦૦ લાખ અનુદાન મંજુર થયેલ છે. તેમજ ચાલુ બાબતમાં સરદારનગર ખાતે જીલ્લા કમાન્ડન્ટશ્રીની કચેરીઓનું નવુ બાંધકામ, જીલ્લા તાલીમ કેન્દ્ર સુંઢિયા તથા માધવનગર ખાતે, તેમજ ભાવનગર જીલ્લાના નારી ખાતે તાલીમ કેન્દ્રના બાંધકામ માટે ₹ ૪૩૬.૧૦ લાખની અનુદાન ફાળવેલ છે જે કામો પોલીસ આવાસ નિગમ તરફથી હાથ ધરવામાં આવેલ છે.

(૧૩) નવી સેવા તથા ચાલુ બાબત સને ૨૦૨૨-૨૩ :

હોમગાર્ડઝ દળમાં જીલ્લા કચેરીઓ તથા ત્રણ તાલીમ સેન્ત્ર ખાતે સીનીયર કલાર્ક, ૨૬ બાતલ વાહનો સામે નવા વાહન ખરીદવા તેમજ ત્રણ તાલીમ સેન્ટર ખાતે ૫૨ સીટરની ૩ (ત્રણ) બસો ખરીદવા માટે કુલ ₹ ૧૫૬.૬૭ લાખની નવી સેવા કરવમાં આવેલ છે.જયારે મહેકમની હંગામી જગ્યાઓ, હોમગાર્ડઝ કલ્યાણનિધિ, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, તાલીમ કેમ્પોમાં વ્યાખ્યાતાઓના મહેનતાણા, તેમજ બાંધકામ માટે સરદારનગર ખાતે જીલ્લા કમાન્ડન્ટની કચેરીના બાંધકામ, જીલ્લા તાલીમ કેન્દ્ર સુંઢિયા તથા માધવનગર અને જીલ્લા હોમગાર્ડઝ કચેરી દેવભૂમિ, સુંઢિયા યુનીટ કચેરીના બાંધકામની માટે કુલ ₹ ૮૬૩.૧૬ લાખની ચાલુ બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

INDEX

(૧૪) હોમગાર્ડઝ ભરતી :

ગુજરાત રાજ્યના કુલ ૨૭ જીલ્લા હોમગાર્ડઝ કચેરીઓ ખાતે ખાલી રહેલ અંદાજીત ૬૭૦૦ માનદ હોમગાર્ડઝ સભ્યોની ભરતી પારદર્શક રીતે અને કોઈ પણ જાતના આક્ષેપો ન થાય તે માટે S.O.P બનાવીને સંપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે.

૧૧. સચિવશ્રી, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગર.

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનું કાર્ય માનવ અધિકારોના સંરક્ષણ અને માનવ અધિકારો પ્રત્યે જાગૃતિનું છે.

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગને વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અને માહે એપ્રિલ-૨૦૨૧ થી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધી મળેલ પીટીશનની વિગતો નીચે મુજબ છે.

વર્ષ	મળેલ પીટીશન	નિકાલ કરેલ પીટીશન	બાકી પીટીશન
૨૦૨૦-૨૦૨૧	૨૮૯૦	૨૮૨૪	૬૬
૪/૨૧ થી ૯/૨૧ સુધી	૧૪૪૧	૧૧૩૬	૩૦૫

ગુજરાતની યુનિવર્સિટીઓના જુદી જુદી વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના ભાગરૂપે રાજ્ય આયોગની કચેરીમાં જુદા જુદા સમયે તાલીમ આપવામાં આવેલ છે. આયોગના માનનીય ચેરમેનશ્રી/અધિકારીશ્રીઓ દ્વારા માનવ અધિકારને લગતા કાર્યક્રમોમાં હાજરી આપવામાં આવેલ છે.

તાજેતરમાં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગે માનવ અધિકારો, માનવ અધિકારો પ્રત્યે જાગૃતિ અંગે સઘન પગલાં લેવા નિર્ણય કરેલ છે. આ નિર્ણય મુજબ તાલુકા કક્ષાએ, જીલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ માનવ અધિકારને લગતી તાલીમ શિબિરો તથા સેમિનાર યોજવા વિચારેલ છે. આ સેમિનાર/તાલીમ/શિબિરોમાં રાજ્યના પોલીસ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ, એડવોકેટ અન્ય વિભાગના આધિકારીઓ/કર્મચારીઓ માનવ અધિકારને લગતી કામગીરી કરતા સ્વૈચ્છીક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે સંવાદ સધાય તો માનવ અધિકારો પ્રત્યે જાગૃતિનું કાર્ય ખુબ જ સરળતાથી અને સહજતાથી થઇ શકે.

આયોગ દ્વારા નીચે જણાવ્યા પ્રકારની કાર્યવાહી કરવામાં આવનાર છે.

૧. માનવ અધિકાર અંગેના પ્રચાર અને પ્રસારની કામગીરીનો બહોળો વ્યાપ થાય તે માટે નાણાકીય વર્ષ(૨૦૨૧-૨૨) જોગવાઇ કરવા માટે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવામાં આવેલ હતી અને સરકારશ્રી તરફથી ₹ ૩૦/- લાખની રકમ જોગવાઇ કરવા માટે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવામાં આવેલ હતી અને સરકારશ્રી તરફથી ₹ ૩૦/- લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે.

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં માનવ અધિકારો પ્રત્યે જાગૃતિ માટે સરકારશ્રીમાં કોઇ નવી બાબત (માંગણી) મુકવામાં આવેલ નથી પરંતુ ₹ ૩૦/- લાખની ચાલુ બાબત તરીકે માંગણી કરવામાં આવેલ છે.

૨. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ ખાતે કોલેજ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે તાલીમ/ઈન્ટર્નશીપ કાર્યક્રમનું આયોજન કરી માનવ અધિકારને લગતા વિવિધ વિષયો અંગે જાગૃતિ કેળવાય તેવા કાર્યક્રમો કરવામાં આવનાર છે.

૩. દરેક જિલ્લાઓમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વિવિધ પ્રકારના કાર્યક્રમો લોક જાગૃતિ માટે યોજવામાં આવતા હોય છે. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેલાને માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ-૧૯૯૩ના કાયદાની જાણકારી મળે તે માટે કાયદાની જાણકારીના મુદ્દાનો સમાવેશ કરવા સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ/પોલીસ કમિશ્નરશ્રીઓ તથા સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓને જરૂરી સૂચના આપવામાં આવેલ છે. અધિકાર સંબંધિત કાર્યક્રમોમા આયોગના અધિકારીશ્રીઓ દ્વારા ભાગ લઇ લોક જાગૃતિ કેળવાય તેમ વિચારેલ છે.

૫. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ દ્વારા રાજ્યની વિવિધ જેલોની પ્રસંગોપાત મુલાકાત લઇ કેદીઓના માનવ અધિકાર સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયત્નો કરવામાં આવેછે.

૧૨.આઇ.ટી.બ્રાંચ, ગૃહ વિભાગ

MCPC- 4G LTE (Long Term Evolution) System

- ગુજરાત પોલીસ વિભાગમાં હાલમાં વિભિન્ન જગ્યાઓ પર રીપીટર સ્ટેશન (ટાવર) લગાવીને વી.એચ.એફ. નેટવર્કના ઉપયોગથી સંદેશાની આપ-લે કરવામાં આવી રહેલ છે. વૈશ્વિક ધોરણે સંદેશાવ્યવહાર ટેકનોલોજીમાં ખુબજ આધુનિકરણ થયેલ છે. આથી, તાજેતરની આધુનિક વૈશ્વિક ટેકનોલોજી, જેમાં સંદેશાની ગુપ્તતા જળવાય તેમજ લાઇવ સ્ટ્રીમિંગ વિડિયો (લાઈવ વિડિયો કોલ),વોઇસ અને ડેટા (ઇમેજ) મોકલવા માટે સક્ષમ MCPC (Mission Critical Police Communication)- 4G LTE (Long Term Evolution) System સ્થાપિત કરવા અંગે ડેમોન્સ્ટ્રેશનનું

INDEX

આયોજન કરવામાં આવેલ. આ 4G LTE System કટોકટીના સમયમાં પણ કાર્યરત રહેશે.

- આ પ્રોજેક્ટના અમલીકરણથી સંદેશાવ્યવહાર પધ્ધતિમાં નીચે દર્શાવ્યા મુજબના મુખ્ય લાભ મળી શકે તેમ છે.
  - ફીલ્ડમાં કાર્યરત પોલીસ ફોર્સ અને પોલીસ કન્ટ્રોલ રૂમ વચ્ચે વધુ સારી રીતે સંદેશા વ્યવહાર થઈ શકશે.
  - કટોકટીની પરિસ્થિતિઓમાં આ ટેકનોલોજી દ્વારા ઝડપી અને પરિણામલક્ષી કાર્યવાહી કરી શકાશે.
  - વિડિયો, વૉઇસ, પીટીટી(પુશ ટુ ટોલ્ક), ડેટા વગેરે સ્માર્ટફોનના ફીચરનો ઉપયોગ કરીને નાગરિકોને વધુ સલામત સુરક્ષા આપવામાં પોલીસ સમર્થ બની શકશે.
  - હાલની સીસ્ટમ તેમજ નવુ નેટવર્ક ઉભુ કરી બનાવવામાં આવેલ 4G LTE આધારીત નેટવર્ક સીસ્ટમથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના સંપુર્ણક્ષેત્રને સારી રીતે આવરી લેશે.
  - હાલમાં કાર્યરત હેન્ડ હેલ્ડ તથા મોબાઈલ વાયરલેસ સેટ યુનિટમાં પોલીસ વાહનનુ સ્થળ જાણવુ શક્ય નથી જ્યારે નવી ટેકનોલોજીમા ઉપલબ્ધ (GPS) ટ્રેકીંગ સીસ્ટમના ઉપયોગથી પોલીસના વાહનો અને પોલીસ કર્મચારીઓની ફરજનો ચોકકસ સમય અને સ્થળ જાણી શકાશે તેમજ કન્ટ્રોલ રૂમ દ્વારા મોનીટરીંગ કરી શકાશે.
  - ફરજના વિસ્તારમા પોલીસ કર્મચારી માટે અલગ અલગ બે ઉપકરણો જેમકે હેન્ડ હેલ્ડ વાયર લેસ સેટ તથા મોબાઈલની જગ્યાએ એક જ ઉપકરણથી બંન્ને કામ લઈ શકાશે.
  - આ ટેકનોલોજીના ઉપયોગથી ફરજ પરના અધિકારીઓ અને માણસોની ચોક્કસ સ્થળની માહિતી હોવાથી મેન પાવરને વધુ અસરકારક રીતે ઉપયોગમાં લઈ શકાશે.
- **4G LTE Infrastructure નો ઉપયોગ કરી તબક્કાવાર સંદેશા વ્યવહાર પ્રણાલી સ્થાપિત કરવામાં આવનાર છે.**
- **ભૌતિક સિદ્ધિ :**

પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ શહેરમાં પાયલટ પ્રોજેકટ તરીકે 4G LTE System ના અમલીકરણ માટે System Integrator (SI) ની નિમણુંક કરવા માટે પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ, M/s GIL ગાંધીનગર દ્વારા Draft RFP તૈયાર કરેલ છે. જે માન્ય થતા ટેન્ડર કરવામાં આવનાર છે. ઉપરાંત રાજકોટ શહેરમાં સદર પ્રોજેક્ટના અમલીકરણ બાદ સુરત શહેર, અમદાવાદ શહેર અને ગાંધીનગર જિલ્લા ખાતે સદર પ્રોજેક્ટનુ અમલીકરણ કરવામાં આવનાર છે.

Sachivalay CCTV System

- સચિવાલય સંકુલમાં વીવીઆઈપી/ વીઆઈપીનાઓની મુવમેન્ટ વધુ હોવાથી તેના સંકુલની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા લગાડવાનો આયોજન કરવામાં આવેલ. સદર પ્રોજેક્ટના અમલીકરણ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં 143.40 લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

ભૌતિક સિદ્ધિ :

- સદર પ્રોજેકટના કન્સલટન્ટ M/S GILનાઓ દ્વારા તા: ૦૬/૦૮/૨૦૨૧ના રોજ GeM portal ઉપર ટેન્ડરમાં L-1 આવેલ બીડર M/s RAJ INFO ENTERPRISE PRIVATE LIMITED નાઓને Work Order આપવામાં આવેલ છે. સદર કંપનીનાઓ દ્વારા સચિવાલય સંકુલ ખાતે પ્રોજેક્ટના અમલીકરણની કામગીરી પ્રગતિમાં છે.

પોલીસ સ્ટેશન સીસીટીવી પ્રોજેક્ટ :

- નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર રાજ્યની આઈ.ટી. નીતિ અનુસરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી વર્ષ ૨૦૧૫માં રાજ્યનાં તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા સીસ્ટમ ઈન્સ્ટોલ કરવા મે.ગોદરેજ અને મે.વિપ્રોને આ પ્રોજેક્ટની કામગીરી સોંપવામાં આવેલ.
- આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના હાલ કાર્યરત ૬૧૯ પોલીસ સ્ટેશનોમાં ₹ ૬૨.૦૩ કરોડના ખર્ચે કુલ ૭૩૬૧ કેમેરા ઈન્સ્ટોલ કરી આ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- પોલીસ સ્ટેશનોમાં આવેલ બંને લોકઅપો (મહિલા અને પુરુષ લોકઅપ) અને નાગરિકો સાથે જયાં કામ પાડવામાં આવે છે તેવા રૂમો પોલીસ સ્ટેશનમાં એન્ટ્રી-એકઝીટ તથા પોલીસ સ્ટેશનની આજુબાજુના સમગ્ર વિસ્તારને આવરી લેવાય તે રીતે રાજ્યનાં તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં પોલીસ સ્ટેશનની સાઈઝ પ્રમાણે ૦૯, ૧૦ અથવા ૧૫-કેમેરા મુકવામાં આવેલ છે.
- ૩૦ દિવસના ઓડીયો /વીડીયો રેકોર્ડીંગની વ્યવસ્થા છે.

INDEX

- સંબંધિત પોલીસ કમિશનરશ્રી /અધિક્ષકશ્રીની કચેરી ખાતે પોલીસ સ્ટેશનના કેમેરા મોનિટરીંગ માટે રીમોટ મોનિટરીંગ સીસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી રહેલ છે.
- નામ. સુપ્રિમ કોર્ટના આદેશ અનુસંધાને રાજ્યના (૧) ૬૨૨ પોલીસ સ્ટેશન ખાતે સીસીટીવી કેમેરાનું કવરેજ વધારવા વધુના ૦૪-કેમેરા અને ૧૮-મહિના સુધીની સ્ટોરેજ ક્ષમતા વધારવા (૨) SOG/LIB/LCB/Cyber Crime ખાતે સીસીટીવી કેમેરા સ્થાપિત કરવા અને તમામ સ્થાપિત કરવામાં આવનાર સીસીટીવી કેમેરાના વિડિયો ફુટેજ ૧૮-મહિના સુધી સંગ્રહ કરવા અને (૩) નવા અસ્તિત્વમાં આવેલ પોલીસ ખાતે સીસીટીવી કેમેરા સ્થાપિત કરવા અને તમામ સ્થાપિત કરવામાં આવનાર સીસીટીવી કેમેરાના વિડિયો ફુટેજ ૧૮-મહિના સુધી સંગ્રહ કરવાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલછે. જે કામગીરી ટુંક સમયમાં પુર્ણ કરવામાં આવશે.

VISWAS (Video Integration & State Wide Surveillance System) Project :

આ પ્રોજેક્ટ ગુજરાત સરકારના ગૃહ વિભાગ હસ્તકનો CCTV આધારિત સર્વેલન્સ અને ટ્રાફિક મેનેજમેન્ટ મારફત કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેનો મહત્વનો પ્રોજેક્ટ છે. જેમાં રાજ્યના ૩૪- જિલ્લા મુખ્ય મથકો, ૬-ધાર્મિક સ્થળો (અંબાજી, ડાકોર, દ્વારકા, પાલીતાણા, પાવાગઢ અને સોમનાથ) અને Statue of Unity, કેવડિયા એમ કુલ-૪૧ શહેરોને આવરી લેવામાં આવેલ છે અને દેશમાં સૌ પ્રથમ વખત કોઈ એક રાજ્યના દરેક જિલ્લા મુખ્ય મથકોને સીસીટીવી કવરેજ નીચે આવરી લેતો પ્રોજેક્ટ છે.

VISWAS પ્રોજેક્ટમાં કેમેરાઓ અને અન્ય સુવિધાઓ :

CCTV કેમેરા ઈન્ફ્રાસ્ટ્રકચર: ૪૧-શહેરોમાં પસંદ કરવામાં આવેલ ટ્રાફીક જંકશન, પ્રવેશ-નિર્ગમન દ્વારો અને અન્ય અગત્યના સ્થળો/લોકેશન ખાતે Fix કેમેરા, PTZ કેમેરા (Pan-Tilt- Zoom Camera), Dome કેમેરા, ANPR કેમેરા (Automatic Number Plate Recognition Camera) અને RLVD કેમેરા (Red Light Violation Detection Camera) મળી કુલ-૬૪૯૬ સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે.

કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર : ૩૪-જિલ્લા મુખ્ય મથકો ખાતે વિડીયો વોલ, વર્ક સ્ટેશન, સાથેનો કંટ્રોલ રૂમ, વિડીઓ સ્ટોરેજ અને કોન્ફરન્સ રૂમ સહિતની સુવિધા વાળા કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર 'નેત્રમ'ની સ્થાપના કરવામાં આવેલ છે. જ્યારે રાજ્ય સ્તરે પોલીસ ભવન, ગાંધીનગર ખાતે સ્ટેટ લેવલ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'ત્રિનેત્ર' ની સ્થાપના કરવામાં આવેલ છે.

પોઈન્ટ ટુ પોઈન્ટ કનેક્ટીવીટી : કુલ-૪૧ શહેરોમાં સ્થાપિત કરવામાં આવેલ CCTV કેમેરા ઈન્ફ્રાસ્ટ્રકચર ને પોઈન્ટ ટુ પોઈન્ટ કનેક્ટીવીટી થી જિલ્લા કક્ષાના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર 'નેત્રમ' સાથે જોડી તમામ જિલ્લા કક્ષાના 'નેત્રમ' ને રાજ્ય કક્ષાના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર 'ત્રિનેત્ર' સાથે જોડવામાં આવેલ છે.

પ્રોજેક્ટના ફાયદાઓ :

(૧) ૨૩૮૦ ગુનાઓ (૧૦૩૦-ચોરી/લુંટ/સ્નેચિંગ, ૬૪૮-અકસ્માત/હિટ એન્ડ રન, ૩૫૩-ઘટના બાદની તપાસમાં, ૩૪૯-અપહરણ/ગુમના બનાવમાં) ની તપાસમાં મદદરૂપ થયેલ છે.

(૨) ગુનાઓ અટકાવવામાં અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ થાય છે.

(૩) ટ્રાફિકનું નિયમન કરી શકાય છે.

(૪) ધાર્મિક સ્થળો ખાતે પુનમ અથવા ચોક્કસ દિવસે અથવા મોટા મેળાવડામાં થતી ભીડને કાબુમાં લેવા માટે અને યોગ્ય વ્યવસ્થા જાળવવા માટે ઉપયોગી થયેલ છે.

પ્રોજેક્ટની અંદાજિત કોસ્ટ : (₹ ૩૨૯.૧૯ કરોડ)

(૧) હાર્ડવેર અને સોફ્ટવેર (મે. ઓરેન્જ બિઝનેસ સર્વિસ ઈન્ડિયા ટેકનોલોજી પ્રાઈવેટ લીમીટેડ) - ૨૩૯.૧૯ કરોડ

(૨) કન્ટ્રોલ રૂમના બાંધકામ અને ફર્નીચર (મે. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લીમીટેડ (GSPHCL) તથા માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર)- ૩૫ કરોડ

(૩) બેન્ડવીથ (મે. ભારત સંચાર નિગમ લીમીટેડ (BSNL))- ૫૫ કરોડ

VISWAS પ્રોજેક્ટનો અત્યાર સુધીમાં થયેલ ખર્ચ :

(૧) હાર્ડવેર અને સોફ્ટવેર (મે. ઓરેન્જ બિઝનેસ સર્વિસ ઈન્ડિયા ટેકનોલોજી પ્રાઈવેટ લીમીટેડ)- ૧૯૮.૩૦ કરોડ

(૨) કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર 'નેત્રમ' ના બાંધકામ અને ફર્નીચર (મે. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લીમીટેડ (GSPHCL)- ૨૪.૬૪ કરોડ તથા સ્ટેટ લેવલ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર 'ત્રિનેત્ર'ના બાંધકામ અને ફર્નિચર (મે. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લીમીટેડ (GSPHCL) - ૭.૧૫ કરોડ

INDEX

(૩) બેન્ડવીથ (મે. ભારત સંચાર નિગમ લીમીટેડ (BSNL)) - ૨૯.૧૫ કરોડ

VISWAS પ્રોજેક્ટના અમલીકરણ સાથે સંકળાયેલી સંસ્થાઓ :

(૧) મે. ઓરેન્જ બિઝનેસ સર્વિસ ઇન્ડિયા ટેકનોલોજી પ્રાઇવેટ લીમીટેડ:

કામગીરી : રાજ્યના તમામ જિલ્લાઓ ખાતે સ્ટેટ વાઇડ સર્વેલન્સ અને ITMS પ્રોજેક્ટ ના સપ્લાય, ઇન્સ્ટોલેશન અને ઓપરેશન & મેઇન્ટેનન્સ

(૨) મે. ભારત સંચાર નિગમ લીમીટેડ (BSNL)

કામગીરી : રાજ્યના VISWAS પ્રોજેક્ટ અંતર્ગત તમામ જિલ્લાઓમાં લીઝ બેન્ડવીથ લાઇન નું સપ્લાય, ઇન્સ્ટોલેશન, કમિશનીંગ (Commissioning) અને ઓપરેશન & મેઇન્ટેનન્સ.

(૩) મે. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લીમીટેડ (GSPHCL)

કામગીરી : રાજ્યના કુલ-૨૯ જીલ્લાઓ ખાતે જીલ્લા કક્ષાના અને ૧-રાજ્ય કક્ષાનું કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર નું બાંધકામ અને ફર્નિચર

(૪) માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.

કામગીરી : રાજ્યના કુલ-૫ જીલ્લાઓ ખાતે જીલ્લા કક્ષાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર નું બાંધકામ અને ફર્નિચર

VISWAS પ્રોજેકટમાં વાપરવામાં આવનાર વિડીયો પૃથક્કરણો (એનાલીટિક્સ):

(૧) **બિનવારસી સામાન/વસ્તુ ડીટેક્શન :** અજાણી/ બિનવારસી/છોડી દેવાયેલી/ અનપેક્ષિત વસ્તુઓ અને સામાનના કિસ્સામાં ચેતવણી આપવા સક્ષમ છે.

(૨) **લાંબી લાઈનનું ડીટેક્શન :** ચોક્કસ વિસ્તારમાં એક જ જગ્યાએ વધતી જતી ભીડને ડીટેક્ટ કરી શકવા સમર્થ છે.

(૩) **લોકોની સંખ્યની અંદાજીત ગણતરી :** સંભવિત અકસ્માત/બનાવ ટાળવા માટે, કોઇ એક જ જગ્યાએ/ચોક્કસ સ્થાન પર લોકોની સંખ્યા વધી જતા માથાદીઠ ગણતરીના આધારે સોફ્ટવેરથી ભીડની સંખ્યા જાણી શકાય છે.

(૪) **કેમેરા સાથે છેડછાડ :** કેમેરા સાથે કરવામાં આવતા અલગ અલગ ચેડાને ડીટેક્ટ કરી શકાય છે. જેમ કે, કેમેરા દૃશ્યમાં અવરોધ, વિડિઓ/પાવર કેબલ કટ, ભંગાણના પ્રયાસો વગેરે.

(૫) **વિરૂધ્ધ દિશામાં** (રોંગસાઇડ) ચાલતા કોઈપણ વાહનને શોધી શકાય છે.

(૬) **ગેરકાયદેસર પાર્કિંગ તપાસ :** આ સિસ્ટમથી ગેરકાયદેસર પાર્ક થનાર વાહનને શોધી શકાય છે.

(૭) **પ્રતિબંધિત વિસ્તારમાં** કોઈપણ વ્યક્તિ, વાહન અથવા અજાણ્યા સાધનો/વસ્તુ દ્વારા થતી ઘૂસણખોરીને ડીટેક્ટ કરી શકાય છે.

૯. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

નીતિ ઘડતર અને વહીવટ

પ્રાસ્તાવિક :

૧. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ :

આ વિભાગમાં સચિવશ્રી કક્ષાના કુલ-૦૬ ઉચ્ચ અધિકારીઓ કામગીરી કરે છે, જે નીચે મુજબ છે.

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (પુ.વ.)

(૨) અગ્ર સચિવશ્રી (નર્મદા)

(૩) સચિવશ્રી (જળ સંપત્તિ)

(૪) ખાસ સચિવશ્રી (જળ સંપત્તિ)

(૫) સચિવશ્રી (પા.પુ,)

(૬) સચિવશ્રી (કલ્પસર)

સચિવશ્રી અને ખાસ સચિવશ્રીઓને ફાળવેલ કામગીરીને લગતી વિગત નીચે મુજબ છે.

(૧) સચિવશ્રી (જળ સંપત્તિ)

મુખ્ય ઈજનેર (દક્ષિણ ગુજરાત) અને અધિક સચિવશ્રી હસ્તકની કામગીરી.

મુખ્ય ઈજનેર (ઉત્તર ગુજરાત) અને અધિક સચિવશ્રી હસ્તકની કામગીરી.

મુખ્ય ઈજનેર (મધ્ય ગુજરાત) અને અધિક સચિવશ્રી હસ્તકની કામગીરી.

મુખ્ય ઈજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી હસ્તકની કામગીરી.

મુખ્ય ઈજનેર (યાંત્રિક વિભાગ) અને અધિક સચિવશ્રી હસ્તકની કામગીરી.

મુખ્ય ઈજનેર (ગુણવત્તા નિયમન) અને અધિક સચિવશ્રી હસ્તકની કામગીરી.

યોજના અને બજેટને લગતી કામગીરી.

તમામ પ્રકારના તપાસ કેસોની કામગીરી.

ખાસ સચિવશ્રી(જ.સં.)ને સોંપવામાં આવેલ હોય તે સિવાયની સિંચાઈ પ્રભાગની સઘળી યોજનાકીય અને મહેકમની કામગીરી.

(૨) ખાસ સચિવશ્રી (જળસંપત્તિ)

મુખ્ય ઈજનેર (પંચાયત) અને અધિક સચિવશ્રી હસ્તકની કામગીરી

વર્ગ-૧ સિવાયના તથા વર્ગ-૨માં નાયબ કાર્યપાલક ઈજનેર સંવર્ગ સિવાયના તમામ સંવર્ગોના મહેકમ અને વહીવટને લગતી કામગીરી.

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમને લગતી કામગીરી.

“ગેરી” તથા “વાલ્મી” ને લગતી કામગીરી.

પાણીના દરોની વસુલાત અને તેને લગતી કામગીરી.

જમીન સંપાદન અને તેને આનુષંગિક કામગીરી.

ઈજારદારશ્રીઓની નોંધણી અને તેને આનુષંગિક કામગીરી.

(૩) સચિવશ્રી (કલ્પસર)

કલ્પસર ખંભાતના અખાતના વિકાસની યોજનાઓ જેમાં કલ્પસર ડેમ, નર્મદા નદી પર ભાડભૂત બેરેજ બનાવી નર્મદાના પાણીના ડાયવર્ઝનની કામગીરી કરવામાં આવે છે.

INDEX

૨. આ વિભાગમાં મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી કક્ષાના કુલ-૧૦ ઉચ્ચ અધિકારીઓનું મહેકમ પણ છે. તેની વિગત નીચે મુજબ છે.

૧. મુખ્ય ઈજનેર (ઉત્તર ગુજરાત) અને અધિક સચિવશ્રી.

૨. મુખ્ય ઈજનેર (મધ્ય ગુજરાત) અને અધિક સચિવશ્રી.

૩. મુખ્ય ઈજનેર (દક્ષિણ ગુજરાત) અને અધિક સચિવશ્રી.

૪. મુખ્ય ઈજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી.

૫. મુખ્ય ઈજનેર (યાંત્રિક) અને અધિક સચિવશ્રી.

૬. મુખ્ય ઈજનેર (પંચાયત, પ્લાનીંગ અને મોનીટરીંગ) અને અધિક સચિવશ્રી.

૭. મુખ્ય ઈજનેર (ગુણવત્તા નિયમન) અને અધિક સચિવશ્રી.

૮. મુખ્ય ઈજનેર (કલ્પસર-૧) અને અધિક સચિવશ્રી.

૯. મુખ્ય ઈજનેર (કલ્પસર-૨) અને અધિક સચિવશ્રી.

૧૦. મુખ્ય ઈજનેર (પાણી પુરવઠા) અને અધિક સચિવશ્રી.

મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીઓને ફાળવેલ કામગીરીને લગતી વિગતો નીચે મુજબ છે.

(૧) મુખ્ય ઈજનેર (ઉત્તર ગુજરાત) અને અધિક સચિવશ્રી.

ઉત્તર ગુજરાત (સાબરમતી બેઝીન) તથા સાબરમતી નદી સહિતનો ઉત્તરના વિસ્તારમાં સિંચાઈના બધા જ કામો અને ઉત્તર ગુજરાતમાં કડાણા હાઈ લેવલ નહેર યોજનાના કામો, સહભાગી ચેકડેમો તળાવો ઊંડા કરવાની કામગીરી, ઉત્તર ગુજરાતમાં પાઈપ લાઈનની કામગીરી, તેમના કાર્યક્ષેત્રમાં આવતા સુજલામ સુફલામનાં કાર્યો, ડ્રીપ ઈરીગેશન અંગેની કામગીરી, ડેમ સેફટી એકટ અંગેની કામગીરી.

(૨) મુખ્ય ઈજનેર (મધ્ય ગુજરાત) અને અધિક સચિવશ્રી

૧. મધ્ય ગુજરાત (સાબરમતી નદી પછીનો અને નર્મદા નદી સહિતનો વચ્ચેનો વિસ્તાર)માં સિંચાઈ અને સહભાગી ચેકડેમો અને તળાવો ઊંડા કરવાની કામગીરી.

૨. વાલ્મી અને ગેરીના કામો.

૩. તેમના કાર્યક્ષેત્રમાં આવતા સુજલામ સુફલામનાં કાર્યો.

૪. આયોજન, મોનેટરીંગ અને બજેટના ફંડનો ઉપયોગ.

(૩) મુખ્ય ઈજનેર (દક્ષિણ ગુજરાત) અને અધિક સચિવશ્રી

દક્ષિણ ગુજરાત (નર્મદા નદી પછીનો દક્ષિણનો વિસ્તાર)માં યોજનાઓ સિંચાઈની કામગીરી અને સહભાગી ચેકડેમો કરવાની અંશત: ઊંડા કરવાની કામગીરી, પાણીના દર વસુલાત, ઉધોગોને પાણી આપવાની કામગીરી.

(૪) મુખ્ય ઈજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી

૧. રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ.

૨. ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, ભાવનગર.

૩. રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ.

૪. ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ.

સૌરાષ્ટ્ર વિસ્તારની મધ્યમ તથા નાની સિંચાઈ યોજનાની સર્વેક્ષણ તથા બાંધકામ, દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર વિસ્તારના ક્ષાર નિવારણના અને સહભાગી ચેકડેમો, તળાવો ઊંડા કરવાની કામગીરી.

(૫) મુખ્ય ઈજનેર (યાંત્રિક) અને અધિક સચિવશ્રી.

વિભાગની યાંત્રિક પાંખની કામગીરી.

INDEX

(૬) **મુખ્ય ઇજનેર (પંચાયત) અને અધિક સચિવશ્રી.**

જિલ્લા પંચાયત અને કચ્છ જિલ્લાનો વિસ્તાર પંચાયત હેઠળની સિંચાઈની અને કચ્છ જિલ્લાની સિંચાઇ યોજનાઓ, વાવોને પુનર્જીવિત કરવા અંગેની કામગીરી.

(૭) **મુખ્ય ઇજનેર (ગુણવત્તા નિયમન) અને અધિક સચિવશ્રી.**

સિંચાઈના તમામ કામોની ગુણવત્તા તથા તપાસ અંગે સોંપવામાં આવતી કામગીરી, સહભાગી સિંચાઇ યોજનાનું સંકલન.

(૮) **મુખ્ય ઇજનેર (કલ્પસર-૧) અને અધિક સચિવશ્રી.**

કલ્પસર પ્રોજેકટને લગતી કામગીરી.

(૯) **મુખ્ય ઇજનેર (કલ્પસર-૨) અને અધિક સચિવશ્રી.**

કલ્પસર યોજનાને લગતી કામગીરી.

(૧૦) **મુખ્ય ઇજનેર (પાણી પુરવઠા) અને અધિક સચિવશ્રી.**

વિભાગ કક્ષાએ પાણી પુરવઠાને લગતી કરવાની રહેતી તમામ પ્રકારની તાંત્રિક કામગીરી સંભાળે છે. સચિવાલય કક્ષાએ મુખ્ય ઇજનેરો સમગ્રપણે બાંધકામોની તકનીકી શકયતાઓ અંગે જવાબદાર છે. જેઓ:

૧. બાંધકામની ગુણવત્તા અને પ્રગતિ બંનેમાં પરિણામે તેવું તકનીકી માર્ગદર્શન વધુ ઘનિષ્ઠ, સંગીન નિરીક્ષણ અને દેખરેખ પુરા પાડશે.

૨. વિભાગની કામગીરીમાં સમગ્ર પણે વધુમાં વધુ ઉત્પાદન મેળવવા તથા કરકસર દ્વારા મળવાપાત્ર માણસો અને યંત્રોનું સંકલન કરી ઐકય માટે પ્રયત્ન કરશે.

૩. સંપૂર્ણ સ્થાનિક મુદ્દાઓ અને હાલમાં સચિવાલય કક્ષાએ પહોંચતી અને નીતિ ઘડતરને લાગુ પડતી એવી ફરીયાદો બાબતની કામગીરીનો પ્રવાહ વાસ્તવિક રીતે ઘટાડશે.

૩. **વિભાગનું એકત્રિત પ્રાદેશિક ફલક પર તેમજ પ્રાદેશિક અથવા રાજય કક્ષાની પરીષદોમાં રજૂ કરશે.**

આ ઉપરાંત ભારત સરકારને યોજનાઓની તૈયારીની બાબતમાં ઘટક દ્રવ્ય પુરૂ પાડવા અને આવી આવશ્યક હોય તેવી બીજી બાબતો કેન્દ્ર મારફત વિશ્વ બેંક સમક્ષ રજૂ કરવા સિવાય સચિવાલય કક્ષાએ પ્રયોજનાઓ તૈયાર કરવા અને તેમની નિયમન અને નિભાવ વ્યવસ્થા કરવી તેમજ સરકારી માલિકીના યંત્રોના વિશાળ કાફલા અને તેના વધારાના ભાગોની સવિસ્તાર યાદીનું નિયમન કરવા એક ખાસ એકમ છે. આ ઉપરાંત યોજનાઓની તૈયારી બાબતમાં સચિવાલય કક્ષાએ સંકલન અંગેના તથા તે બાબતોને લગતા બીજા કામોની કાર્યવાહી તથા પાણીની વહેંચણી અંગેની આયોજન પદ્ધતિ, સિંચાઇ વિસ્તારમાં સિંચાઇ કરવાની દેખરેખ અને પાકોને લગતી બાબતો અંગેની કાર્યવાહી આ એકમ કરે છે.

સચિવાલયમાં વહીવટી મહેકમ, તાલીમ કાર્યક્રમ, નાણાકીય જોગવાઇ તેમજ ખર્ચ પરના અંકુશ સિંચાઇ પદ્ધતિઓ કાર્ય સમીક્ષા તેમજ લોકોની મુશ્કેલીઓ વિગેરે બાબતોની કામગીરી સંભાળે છે. આ કાર્ય કરવા માટે વિભાગના સચિવશ્રીને નાયબ સચિવ, ઉપ સચિવ અને બિન-તાંત્રિક અધિકારીઓ મદદ કરે છે. આ અધિકારીઓને કેટલીક નાણાકીય તેમજ વહીવટી સત્તા આપવામાં આવી છે.

નર્મદા યોજનાની કામગીરી :

સચિવશ્રી(નર્મદા) નર્મદા યોજનાને લગતી કામગીરી સંભાળે છે. સચિવશ્રી(નર્મદા)ને તાંત્રિક, બિન તાંત્રિક અધિકારીઓ અને તેમની હેઠળનો વહીવટી સ્ટાફ મદદ કરે છે.

નર્મદા યોજના સંબંધિત હાથ ધરવાની જમીન સંપાદન અને અસરગ્રસ્તોના પુન:વસાવટને લગતી બાબતો અંગે વડા અધિક મુખ્ય સચિવશ્રી (પુન:વસાવટ) છે. તેઓની કામગીરીમાં તાંત્રિક અને બિન તાંત્રિક અધિકારીઓ અને તેમની હેઠળનો વહીવટી સ્ટાફ મદદ કરે છે. સચિવશ્રી (નર્મદા), હોદ્દાની રૂએ નિગમના સંચાલક તરીકેની કામગીરી પણ સંભાળે છે.

પાણી પુરવઠા યોજનાની કામગીરી :

રાજ્ય સરકારે પીવાના પાણીની વ્યવસ્થા તેમજ વપરાશી પાણીના નિકાલ અંગેની યોજનાઓની કામગીરી માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની સને-૧૯૭૯ થી રચના કરી છે. આ બોર્ડ સમગ્ર રાજ્યમાં પીવાના પાણીની

વિવિધ પ્રકારની યોજનાઓ જેવી કે ગ્રામ્ય તેમજ શહેરી પાણી પુરવઠા યોજના, જુથ યોજના વિગેરે યોજનાઓનું નિર્માણ કરી તેને કાર્યાન્વિત કરવાની કામગીરી કરે છે. વપરાશી પાણીના નિકાલની યોજનાઓ પણ સ્થાનિક સંસ્થાઓ સાથે રહી હાથ ધરે છે. જે નીચે મુજબ છે.

(૧) ગ્રામ્ય પાણી પુરવઠા યોજના (ન્યુનત્તમ જરૂરીયાત કાર્યક્રમ)

(૨) ગ્રામ્ય પાણી પુરવઠા પુન: યોજના કાર્યાન્વિત કાર્યક્રમ અને ખાસ મરામત નિભાવણી કાર્યક્રમ.

(૩) નેધરલેન્ડ સરકાર સહાયિત જુથ યોજના.

(૪) નર્મદા કેનાલ આધારીત પાઈપ લાઈન/ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક.

(૫) શહેરી પાણી પુરવઠા યોજનાઓ.

(૬) શહેરી ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા.

(૭) ગ્રામ્ય સ્વચ્છતા.

(૮) સરહદી વિકાસ વિસ્તાર કાર્યક્રમ.

(૯) ફ્લોરાઈડની વધુ પડતી અસરવાળા ગામો માટેના કાર્યક્રમ.

(૧૦) અછતના ગાળા દરમિયાન પાણી પુરૂ પાડવાની યોજનાઓનો કાર્યક્રમ.

(૧૧) વરસાદના પાણીનો ભૂગર્ભમાં સમાવીને રીચાર્જ કરવાનો કાર્યક્રમ.

(૧૨) વરસાદી પાણી સંગ્રહ કરવા માટેના ટાંકા બનાવવાનો કાર્યક્રમ.

(૧૩) નો-સોર્સ હેઠળના ગામોને પીવાનું સ્વચ્છ પાણી પુરૂ પાડવાનો કાર્યક્રમ.

ઉપર્યુકત યોજના કાર્યાન્વિત કરવા માટે બોર્ડના વહીવટી માળખામાં મુખ્ય ઈજનેર કક્ષાના નિયંત્રણ હેઠળની ત્રણ ઝોન કચેરીઓ(અમદાવાદ, વડોદરા અને રાજકોટ). ઝોન કચેરીના નિયંત્રણ હેઠળ ૧૭-વર્તુળ કચેરીઓ ૬૦-વિભાગીય કચેરીઓ અને ૨૦૨-પેટા વિભાગીય કચેરીઓ અને ૨૦-સેકશન કચેરીઓ કાર્યાન્વિત છે. બોર્ડ કક્ષાએ મુખ્ય ઈજનેર કક્ષાના સભ્ય સચિવ ઉપરાંત મુખ્ય ઈજનેર ગુણવત્તા નિયમન એકમ તથા મુખ્ય ઈજનેર તકેદારી એકમ કામ કરે છે. આમ, બોર્ડની ઉપર્યુકત સમગ્ર કામગીરી સચિવશ્રી(પાણી પુરવઠા)ના સીધા નિયંત્રણ હેઠળ હાથ ધરવામાં આવે છે. બોર્ડની તાંત્રિક કામગીરી ઉપરાંત મહેકમ વહીવટી તથા નાણાં વિષયક કામગીરી પણ સચિવશ્રી (પાણી પુરવઠા)ની સીધી દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવે છે.

કલ્પસર યોજનાની કામગીરી :

કલ્પસર યોજનાની કામગીરી કલ્પસર પ્રભાગના સચિવશ્રી(કલ્પસર)ની દેખરેખ હેઠળ થાય છે. મુખ્ય ઈજનેર (કલ્પસર-૧) અને અધિક સચિવશ્રી તથા મુખ્ય ઈજનેર (કલ્પસર-૨) અને અધિક સચિવશ્રી તથા તેમની નીચેનો તાંત્રિક/બિન-તાંત્રિક અધિકારી અને કર્મચારીઓનો સ્ટાફ તેમને આ કામગીરીમાં મદદ કરે છે.

સરદાર સરોવર પુન:વસવાટ એજન્સીની પ્રવૃતિની રૂપરેખા

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્ત કુટુંબોના પુન:સ્થાપન અને પુન:વસવાટ માટે ગુજરાત સરકારે સરદાર સરોવર પુન:વસવાટ એજન્સીની વર્ષ ૧૯૯૨માં રચના કરેલ છે. સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્ત કુટુંબોના પુન:સ્થાપન અને પુન:વસવાટ માટે ગુજરાત સરકારે સરદાર સરોવર પુન:વસવાટ એજન્સીના કાર્યક્ષેત્રમાં ગુજરાતના ૯ જિલ્લામાં નવેમ્બર-૨૦૨૧ અંતિત કુલ ૧૧૦૫૪ કુટુંબોને કુલ ૨૨૬ વસાહતોમાં વસાવવામાં આવેલ છે. આ પૈકી ગુજરાતના ૪૭૬૩ મહારાષ્ટ્રના ૭૫૨ અને મધ્યપ્રદેશના ૫૫૩૯ કુટુંબોનું પુનર્વસન કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં અસરગ્રસ્તોના પુન:સ્થાપન અને પુનર્વસન માટે નર્મદા જળ વિવાદપંચના એવોર્ડની જોગવાઈઓ તથા ગુજરાત સરકારશ્રીની ઉદાર પુનર્વસન નીતિની મુખ્ય જોગવાઈઓને અનુસરવામાં આવે છે. વસાહતોમાં નાગરીક સુવિધાઓ જેવી કે એપ્રોચ રોડ, આંતરીક રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણીની સગવડ, ઢોરને પીવાના પાણી માટેનો હવાડો, સીટીંગ પ્લેટફોર્મ (ચોતરો), પ્રાથમિક શાળા, દવાખાનું, ચિલ્ડ્રન પાર્ક વિગેરે પુરુ પાડવામાં આવે છે.

અસરગ્રસ્ત કુટુંબોને નીચે મુજબ પુન:વસનના લાભ આપવામાં આવે છે :

(૧) દરેક અસરગ્રસ્ત કુંટુંબને ઓછામાં ઓછી ૨ હેકટર ખેતીની જમીન અથવા જેટલી ડુબમાં ગઈ હોય તેટલી

જમીન આપવામાં આવેલ છે.

(૨) રહેઠાણનો ૫૦૨ ચો.મી. નો પ્લોટ આપવામાં આવેલ છે.

(૩) રહેઠાણના પ્લોટ પર તૈયાર મકાન અથવા મકાન બાંધકામની સહાય આપવામાં આવેલ છે.

(૪) દરેક અસરગ્રસ્ત કુંટુંબને સ્થળાંતર કરતી વખતે નિર્વાહ ભથ્થા (સ્થળાંતર સહાય) પણ આપવામાં આવેલ છે.

(૫) અસરગ્રસ્તની આવક સુધરે તે માટે ખેત વિષયક ઓજારો (સાધનો) ખરીદવા માટેની સહાય આપવામાં આવેલ છે.

(૬) મકાનમાં ૧.૫ પોઈન્ટનું વીજળીકરણ મફત કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યની વસાહતોમાં પુનર્વસન થયેલ અસરગ્રસ્તોને પુનર્વસન નીતી અનુસાર પુરી પડવાની થતી ઉપરોકત જણાવેલ જોગવાઇઓ ઉપરાંત વર્તમાન સમયની જરૂરીયાત, સમયની માંગ તેમજ માનવીય અભિગમ અપનાવીને નીચે જણાવ્યા મુજબની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

ખેતીની જમીનોની ફાળવણી :

ગુજરાત રાજ્યમાં સામાન્ય ખેડુતની જમીન ધારણ ક્ષમતા સરેરાશ બે હેકટર કરતાં ઓછી છે. જેની સામે નર્મદા જળ વિવાદ પંચની જોગવાઇ અનુસાર જે અસરગ્રસ્ત ખેડુતોની કુલ ધારણ કરેલ જમીનની ૨૫ ટકાથી વધુ જમીન ડુબાણમાં જતી હોય તેવા અસરગ્રસ્તોને ૨ હેકટર (૫ એકર) ખેતીની સિંચાઇ સુવિધા વાળી જમીન આપવા અને પુખ્ત વયના પુત્રને અલગ કુટુંબ ગણીને પુનર્વસન નીતિ અનુસારના લાભો આપવાનું સુચવેલ છે. પરંતુ ગુજરાત રાજ્યની ઉદાર પુનર્વસન નીતિ અનુસાર ખેડૂત ખાતેદારોને બે હેકટર ખેતીની જમીન ફાળવેલ છે તે ઉપરાંત જમીન વિહોણા ખેતમજૂરો, દબાણકારો અને તેઓના પુખ્ત વયના પુત્રોને કે જેઓ પાસે પોતાની માલિકીની જમીન ન હોવા છતાંય તેઓને અસરગ્રસ્ત ગણીને દરેક કુટુંબને (પુનર્વસન નીતિને અધીન) બે હેકટર ખેતીની જમીન ફાળવવામાં આવેલ છે.

જે કુંટુંબની ૧૦૦% જમીન ડુબમાં ગઇ હોય તેવા કુંટુંબ પૈકી એક લાયક સભ્યને સરદાર સરોવર પુન:વસવાટ એજન્સી ખાતે જગ્યાઓની ઉપલબ્ધી અનુસાર વર્ગ-૩ અને વર્ગ-૪ માં નોકરી આપવામાં આવેલ છે. આવા કુલ ૪૬૦ જેટલા અસરગ્રસ્ત પરિવારના એક સભ્યને નોકરી પુરી પાડવામાં આવેલ છે.

સિંચાઇ સુવિધાની કામગીરી :

ગુજરાત રાજ્યની ખેતીલાયક જમીનોમાં અંદાજીત ૪૫ ટકા વિસ્તારમાં સિંચાઇ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. જેથી સામે અસરગ્રસ્તોને ફાળવવામાં આવેલ ખેતીની જમીનોના ૮૯ ટકા વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. અસરગ્રસ્તો પરત્વે પુર્ણ માનવીય અભિગમ દાખવીને સિંચાઇ સુવિધાઓ વધુ સુચારૂ બને તે માટે નીચે જણાવ્યા અનુસારના પગલાં લેવામાં આવેલ છે.

- અસરગ્રસ્તોને ફાળવવામાં આવેલ મોટાભાગની જમીનો વિવિધ સિંચાઇ યોજનાના કમાન્ડ વિસ્તારમાં આવેલ છે તેને કેનાલથી સિંચાઇ સુવિધા મળે છે. જે જમીનો નોન કમાન્ડ વિસ્તારમાં આવે છે. તેવી જમીનોમાં સિંચાઇ સુવિધા આપવા માટે સ.સ.પુ.વ.એજન્સી તરફથી ૬૨૮ બોર કરી આપવામાં આવેલ છે. સદર બોરના લાઇટબીલો હાલ સ.સ.પુ.વ.એજન્સી દ્વારા ચુકવણી કરવામાં આવે છે.
- જે જમીનો અનકમાન્ડ વિસ્તારમાં આવે છે તેવી જમીનોમાં સિંચાઇ સુવિધા આપવા માટે સ.સ.પુ.વ.એજન્સી તરફથી ડીઝલ પંપ અને એચ.ડી.પી.ઇ પાઇપો જરૂરીયાત મુજબ આપવામાં આવેલ છે. જે માટે અત્યાર સુધી ૪૫૨ નંગ ડીઝલ પંપ અને ૨૯૨૭૪ નંગ (૧, ૭૫, ૬૪૪ મીટર) એચ.ડી.પી.ઇ પાઇપો આપવામાં આવેલ છે.
- ઉપરાંત એક જથ્થે આવેલ જમીનો માટે ૧૮ ઉદવહન સિંચાઇ યોજનાઓ દ્વારા ૧૧૮૩ હેકટર વિસ્તારને સિંચાઇ સુવિધા પુરી પાડવામાં આવે છે.
- કમાન્ડ વિસ્તારમાં આવેલ ખેતીની જમીનો કે જે કેનાલનાં છેવાડાના ભાગમાં આવેલ છે. તે વિસ્તારમાં પુરતી સુવિધા આપવા ભૂગર્ભ પાઇપ લાઇનની કામગીરી ૩૧.૫૩ કરોડના ખર્ચે સંબંધિત સિંચાઇ યોજનાની કચેરીઓ દ્વારા પુર્ણ કરવામાં આવેલ છે.

ડામર સપાટી/આર.સી.સી. રસ્તા :

નર્મદા યોજનાની તમામ વસાહતો ખાતેના આંતરિક તથા એપ્રોચ રસ્તાઓ, નર્મદા જળવિવાદ પંચની જોગવાઇ મુજબ ડબલ્યુ.બી.એમ.પ્રકારના બનાવવામાં આવેલ છે. ગુજરાત સરકારશ્રીની ઉદારનીતી અંતર્ગત વસાહતોના આંતરિક રસ્તા

તથા વસાહતોને મુખ્ય માર્ગો સાથે જોડતા એપ્રોચ રસ્તાઓ પાકા ડામર સપાટી/આર.સી.સી.ના બનાવવામાં આવેલ છે. સદર રસ્તાઓની મરામત તથા જાળવણી સ.સ.પુ.વ.એજન્સી દ્વારા કરવામાં આવે છે.

પીવાના પાણીની સુવિધાના કામો :

નર્મદા યોજનાના અસરગ્રસ્તોને સરકારશ્રી દ્વારા ૨૨૬ વસાહતોમાં પુન: સ્થાપન કરવામાં આવેલ છે. આ વસાહતોમાં નર્મદા જળ વિવાદ પંચના ચુકાદાની જોગવાઈઓ મુજબ વિવિધ નાગરીક સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે. વસાહતોમાં પાણીની કાયમી સુવિધા ઉપલબ્ધ કરાવવા અસરગ્રસ્તો વસવાટ કરે છે તેવી તમામ ૨૨૬ વસાહતોનો સમાવેશ ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડની જુથ પાણી પુરવઠા યોજનાઓમાં કરવામાં આવેલ છે. આ પ્રકારે હાલ ૧૧૯ વસાહતોમાં પાણીની કાયમી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે જ્યારે બાકી રહેલ વસાહતોમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડની જુથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા પાણીની કાયમી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. અસરગ્રસ્તોના પીવાના પાણી માટે ચુકાદામાં ૫૦ અસરગ્રસ્ત કુટુંબો માટે એક હેન્ડ પંપની જોગવાઈ છે, જે મુજબ તમામ વસાહતોમા સ્વતંત્ર સ્ત્રોત દ્વારા પીવાના પાણીની પૂરતી સુવિધા સ.સ.પુ.વ.એજન્સી દ્વારા કરવામાં આવેલ છે. આ વ્યવસ્થા સુચારૂ રૂપમાં ચાલે તે માટે વાર્ષિક નિભાવણી કરાર અમલમાં મુકવામાં આવેલ છે.

સ્ટ્રીટ લાઈટની સુવિધા :

તમામ વસાહતોમાં સ.સ.પુ.વ.એજન્સી દ્વારા LED સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવામાં આવેલ છે. જેની મરામત તથા નિભાવણી પણ એજન્સી દ્વારા કરવામાં આવે છે.

સ્થળાંતરિત લોકોને સમાજનાં મુળ પ્રવાહમાં જોડાઈને રહેવા માટે સરકારશ્રીએ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકેલ છે વસાહતોની યુવા પેઢી માટે સ્વરોજગારી અને સ્વતંત્ર આર્થીક ઉપાર્જન માટે ૩૧૧૬ અસરગ્રસ્તોને મોટર ડ્રાઈવીંગ, કોમ્પ્યુટર, સિવણ, કડિયાકામ અને સલામતી ગાર્ડની તાલીમ આપવામાં આવેલ છે.

ગુજરાતમાં પુનર્વસન થયેલ સરદાર સરોવર યોજનાનાં અસરગ્રસ્તોએ ખેતી ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે જેના પરીણામ રૂપે તેઓ પાસે સુવિધાઓ યુક્ત મકાનો, ટ્રેકટર-થ્રેસર જેવા ખેત ઉપયોગી આધુનિક સાધનો, કુંટુંબ અને ધંધા વ્યવસાય માટેના મોટર વાહનો અને ટુ વ્હીલરોની સંખ્યા પણ નોંધપાત્ર છે. તેઓ હવે સમાજના મુખ્ય પ્રવાહમાં ભળવા લાગ્યા છે. માનવીય અભીગમ રાખીને ગુજરાત સરકારે અસરગ્રસ્તોને વિશેષ સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે જેના પરીણામ સ્વરૂપે અસરગ્રસ્તોનું જીવનસ્તર ઊચું આવેલ છે.

સ.સ.પુ.વ.એજન્સી દ્વારા વિવિધ વસાહતોમાં પીવાના પાણી માટે હેન્ડ પંપ, ટ્યુબવેલ, ખુલ્લા કુવા વિગેરે બનાવવામાં આવેલ છે. આ પ્રકારના કુલ ૭૮૦ સ્ત્રોત્ર વસાહતોમાં ઉપલબ્ધ છે. જે જોતા સરકારશ્રી દ્વારા પીવાના પાણી માટે પર્યાપ્ત વ્યવસ્થા કરવામાં આવેલ છે.

એકઝીટ પોલીસી :

એકઝીટ પોલીસી અંતર્ગત સરદાર સરોવર પુન:વસવાટ એજન્સીની વસાહતોને મુળગામ સાથે ભેળવવા બાબતે અત્રેથી ૩૦ દરખાસ્ત સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ છે. તેમજ બાકી વસાહતોની ગામતળનીમ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

સરદાર સરોવર (નર્મદા) યોજનાની વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન થયેલ પ્રગતિ તથા વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન હાથ ધરાનાર અગત્યની પ્રવૃતિઓની રૂપરેખા

- સરદાર સરોવર યોજના રાજ્યની અતિ મહત્વની વિવિધલક્ષી આંતરરાજ્ય યોજના છે.
- ભારત સરકારના જળસંસાધન, નદી વિકાસ અને ગંગા સુધારણા મંત્રાલયની સિંચાઈ, પૂર નિયંત્રણ અને બહુહેતુક યોજનાઓ માટેની સલાહકાર સમિતિની તા. ૦૮-૦૭-૨૦૧૬ ના રોજ યોજાયેલ ૧૨૯ મી મીટીંગમાં સરદાર સરોવર (નર્મદા) યોજના માટે ૨૦૧૪-૧૫ ના ભાવાંકે ₹ ૫૪૭૭૨.૯૪ કરોડ મંજુર કરવામાં આવેલ છે. યોજના પાછળ સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ₹ ૭૨,૨૬૦.૩૨ કરોડ નો ખર્ચ થયેલ છે.
- ૧૨૧૦ મી. લંબાઈ તથા ૧૬૩ મીટર ઉચાઈ ધરાવતા કોંક્રીટ ગ્રેવિટી ડેમનું બાંધકામ તેના સ્પીલવે ઉપરના ૩૦ રેડીયલ ગેટ સહિત પૂર્ણ થતા તા. ૧૭/૦૯/૨૦૧૭ ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રીના વરદહસ્તે ડેમનું રાષ્ટ્રને લોકાર્પણ કરવામાં આવેલ હતું. આમ, સરદાર સરોવર બંધમાં સંગ્રહિત પાણીનો સિંચાઈ, ઘરવપરાશ, ઔદ્યોગિક હેતુ માટે તેમજ વીજ ઉત્પાદન માટે સક્ષમ ઉપયોગ કરવામાં આવે છે.

INDEX

- પર્યાવરણ સુરક્ષા કાર્યક્રમના ભાગરૂપે અત્યાર સુધીમાં, કચ્છ જિલ્લામાં ૪૬૫૦ હેકટર બિનજંગલ વિસ્તારમાં તથા રાજ્યનાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, પંચમહાલ, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાનાં પાખાં થયેલ જંગલ વિસ્તારમાં ૯૩૦૦ હેકટર વળતરરૂપ વનીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. બંધના આસપાસના વિસ્તારમાં, નહેરકાંઠાની બાજુના વિસ્તારમાં તથા કોલોની વિગેરેમાં કુલ ૬૧૩૪ હેકટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે. સને ૨૦૨૧-૨૨ દરમ્યાન ૯૨ હેક્ટર નહેર કાંઠા વનીકરણ કરવામાં આવેલ છે. સરદાર સરોવર જળાશય અને ડાઈકમાં વર્ષ ૧૯૯૧ થી અત્યાર સુધીમાં ૭૨૩.૬૭ લાખ મત્સ્યબીજ છોડવામાં આવેલ છે.
- આ યોજનાના બન્ને જળ વીજમથકો કાર્યાન્વિત કરી દેવામાં આવેલ છે. અને કુલ ૧૪૫૦ મેગાવોટ. જળ વિધુતશકિતની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન નવેમ્બર -૨૦૨૧ સુધીમાં ૧૩૧.૦૪ કરોડ યુનિટ જળવિધુત ઉત્પાદન થયેલ છે. નવેમ્બર -૨૦૨૧ ના અંત સુધીમાં કુલ ૫૧૦૩.૨૬ કરોડ યુનીટ જળ વિધુત ઉત્પાદન થયેલ છે. જે થકી કુલ ₹ ૨૦, ૯૫૦ કરોડની આવક થયેલ ગણાય.
- વડોદરા શાખા નહેર પર ૩૫ મેગાવોટ કેનાલ ટૉપ/બેન્ક સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત છે તથા ચાલુ વર્ષે નવેમ્બર-૨૦૨૧ સુધીમાં ૩.૦૭ કરોડ યુનિટ મળીને નવેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ૨૬.૧૭ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે.
- સરદાર સરોવર યોજનાની કચ્છ, સૌરાષ્ટ્ર, મીયાગામ તથા વડોદરા શાખા નહેરો ઉપર કુલ ૮૫.૪૬ મેગાવોટ ક્ષમતા ધરાવતા ૧૮ લઘુ વીજ મથક એકમો પૈકી ૫૪.૮૫ મેગાવોટ ક્ષમતા ધરાવતા ૧૧ એકમોની કામગીરી પૂર્ણ થયેલ છે. જેના થકી ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૩.૬૧ કરોડ વીજ ઉત્પાદન મળીને નવેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ૨૨.૫૭ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે.
- હાલ સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર ફેઝ-૧ અને ફેઝ-૨ હેઠળના કુલ પાંચ પંપીંગ સ્ટેશન કાર્યરત છે. સિંચાઈ માટેની ભવિષ્યની જરૂરિયાત અને સૌની યોજના માટે વધારાના પાણીનું ઉદવહન કરવાની જરૂરિયાતને ધ્યાને લેતાં ફેઝ-૩ અને ફેઝ-૪ અંતર્ગત ઉપરના તમામ ૫ પંપીંગ સ્ટેશનોની ઉદવહન ક્ષમતા વધારવા માટે વિસ્તરણની કામગીરી પૂર્ણ થયેલ છે.
- સરદાર સરોવર બંધની નીચવાસમાં ગરૂડેશ્વર વીયરના બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે પરંતુ વીયરને સંલગ્ન પ્રોટેકશનની કામગીરી પ્રગતિમાં છે.
- હાઇ લેવલ ગોરા બ્રિજના બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે.
- નવેમ્બર-૨૦૨૧ સુધી કુલ ૨૬૬૯ કી.મી. લંબાઈની શાખા નહેર, ૪૪૩૫ કી.મી. વિશાખા નહેર અને ૧૪૪૧૯ કી.મીની પ્રશાખા નહેરના કામો પુરા કરવામાં આવ્યા છે.
- નવેમ્બર-૨૦૨૧ સુધીમાં પૂર્ણ થયેલ પ્રશાખા નહેર(માઈનોર) સુધીના નહેર માળખાની કામગીરી પૂર્ણ કરી કુલ ૧૬.૮૯ લાખ હેકટરમાં સિંચાઈ ક્ષમતા વિકસાવવામાં આવેલ છે.
- કચ્છ શાખા નહેરની કુલ ૩૫૭ કિ.મી. લંબાઈમાંથી ૩૪૩.૪૯૯ કી.મી.ના કામો પૂર્ણ થયેલ છે. આ પૈકી ૨૩૧ કી.મી. સુધીની સળંગ લંબાઈમાં કામો તથા તમામ ૩-પંપીંગ સ્ટેશનના કામો પૂર્ણ થતાં ત્રણ પંપીંગ સ્ટેશનો દ્વારા પાણીનું ઉદ્વવહન કરી કચ્છ જિલ્લામાં ટપર ડેમમાં પાણી પહોંચાડવામાં આવે છે. જે કેવડીયાથી આશરે ૬૦૦ કી.મી. અંતર કાપીને તથા ૫૫.૧૪ મીટરના ઉદવહન થકી પાણી પહોંચાડવામાં આવે છે.
- કચ્છ શાખા નહેર ઉપરના અનુક્રમે સાંકળ ૧૧૦.૯૭૦ કીમી, ૧૧૧.૭૫૦ કીમી, ૧૮૯.૯૭૦ કીમી ઉપર આવેલા કુલ ત્રણ પંપીગ સ્ટેશન તબક્કા-૧ હેઠળ હાલ કાર્યરત છે. સિંચાઇ માટે ભવિષ્ય ની જરૂરીયાત અને પૂરના વધારાના પાણીના વહન માટે વધારાનું પાણી ઉદ્વવહન કરવાની જરૂરીયાત ને ધ્યાને લેતા તમામ ત્રણેય પંપીંગ સ્ટેશનની ઉદ્વવહન ક્ષમતા વધારવા માટે વિસ્તરણની (તબક્કા-૨) કામગીરી પ્રગતિ હેઠળ છે.
- નવેમ્બર-૨૦૨૧ ના અંતે કુલ. ૪૦,૮૦૫ કિ.મી. લંબાઈની પ્રપ્રશાખા નહેરો(સબમાઈનોર)નું બાંધકામ પૂર્ણ થયેલ છે. સબમાઈનોરના બાંધકામ માટે નવી નીતિ અનુસાર ઓપન ચેનલ ગ્રેવિટી સીસ્ટમ અને અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન (યુજીપીએલ) આ બન્ને વિકલ્પો ઉપલબ્ધ કરવામાં આવેલ. કામ શરૂ કરતા પહેલા ખેડૂતોનો સંપર્ક સાધી ત્રિપક્ષિય કરાર કરવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે નવેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ૧૫.૧૯ લાખ હેકટર પિયત વિસ્તાર વિકસિત થયેલ છે.
- કેવડીયા ખાતે ફરજ બજાવતા અધિકારીઓ માટે ૬ જેટલા E1 ટાઇપ બંગલો અને ૮ જેટલા E ટાઇપ ફલેટ ની બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે. તેમજ ફરજ બજાવતા અધિકારીશ્રીઓને મકાનની ફાળવણી પણ કરવામાં આવેલ છે.

INDEX

- કેવડીયા કોલોની ખાતે સ.સ.ન.નિ.લિ ના સ્ટાફ તેમજ અન્ય સરકારી કર્મચારીઓ માટે રહેવાની સારી સુવિધાઓ આપવા માટે ૨૨૪ ક્વાર્ટર્સ (પેકેજ-૧, પેકેજ-૨, પેકેજ-૩ અને પેકેજ-૪)ના બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- કેવડિયા કોલોની પાસે ગામ ગોરા ખાતે જરૂરી સુવિધાઓ સાથે પુનર્વસન ટાઉનશીપના ૪૦૦ મકાનોના બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તથા ગરૂડેશ્વર વિયરના અસરગ્રસ્તોની સ્થાળાંતરની કામગીરી પ્રગતિમાં છે.
- કેવડીયા કોલોની ખાતે સ.સ.ન.નિ.લિ ના સ્ટાફ, ઓથોરીટીના સ્ટાફ તેમજ અન્ય સરકારી વિભાગોના સ્ટાફ માટે ઓફિસની જગ્યા પુરી પાડવા તથા પોસ્ટ ઓફિસ અને બેંક વગેરે માટે નીચે પાર્કીંગ તથા ઉપર સાત માળના એડમિનીસ્ટ્રેટીવ બિલ્ડીંગના બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- ગોરા ગામની નજીકમાં આવેલ શુલપાણેશ્વર ઘાટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- નર્મદા યોજના આધારીત પીવાના પાણીની પાઈપલાઈન થકી નવેમ્બર-૨૦૨૧ સુધી ૯૧૦૪ ગામો, ૧૬૯ શહેરો અને ૭ નગરપાલીકાઓને પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવેલ છે.

- **એ.આઈ.બી.પી.(AIBP)**

- મોટી/મધ્યમ સિંચાઈ યોજનાઓના મંજુર થયેલ કામની ઝડપી પૂર્ણતા માટે ભારત સરકાર તરફથી વર્ષ ૧૯૯૬-૯૭ થી પ્રવેગવાન લાભકારી સિંચાઈ (AIBP) કાર્યક્રમ અમલી.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન એ.આઈ.બી.પી. હેઠળ ₹ ૭૧૪.૪૩ કરોડની કેન્દ્રીય સહાય માટેની દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી, જે અન્વયે કેન્દ્ર દ્વારા ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ₹ ૩૫૭.૨૯૫૨ કરોડ નિગમને ફાળવવામાં આવેલ છે.

- **કમાન્ડ એરિયા ડેવલેપમેન્ટ પ્રોગ્રામ(CADWM)**

- કેન્દ્ર સરકાર દ્વારા સને ૧૯૭૪ માં સિંચાઈ સગવડમાં વધારો કરવા માટે પિયત વિસ્તાર વિકાસ યોજના દાખલ.
- સી.એ.ડી.ડબલ્યુ.એમ. હેઠળ કેન્દ્ર સરકારના જળ સંશાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલય સાથે નવા કરારનામાં [(Memorandum of Understanding (MoU's)] કરવામાં આવેલ છે.
- સરદાર સરોવર યોજના હેઠળ ૮,૦૪,૨૨૪ હેકટરનો વિસ્તાર સી.એ.ડી.ડબલ્યુ.એમ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ થી સમાવેશ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન હાથ ધરવાના થતા કામોનું આયોજન

૧. યોજનાના પિયત વિસ્તારમાં માર્ચ-૨૦૨૨ પછી બાકી રહેતી શાખા, વિશાખા, તથા પ્રશાખા નહેરોનું બાંધકામ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ચાલુ રાખવાનું આયોજન.

૨. યોજનાના પિયત વિસ્તારમાં માર્ચ-૨૦૨૨ પછી બાકી રહેતી પ્રશાખા નહેરોનુ કામ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનથી કરવાની કામગીરી ચાલુ રાખવાનું આયોજન.

૩. સરદાર સરોવર યોજનાની કચ્છ, સૌરાષ્ટ્ર, મીયાગામ તથા વડોદરા શાખા નહેરો ઉપર બાકી રહેતા ૭ લઘુ વીજ મથક એકમોની કામગીરી વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન પૂર્ણ કરવાનુ આયોજન.

૪. સરદાર સરોવર ડેમના હેઠવાસમાં અને ડેમની વિવિધ ગેલેરીમાં સીપેજ / લિકેજને નિયંત્રિત કરવા માટે ઉપરવાસની સપાટી પર/ વર્ટીકલ બ્લોક જોઈન્ટ / હોરિઝોન્ટલ લિફ્ટ જોઈન્ટ અને ડેમના ઉપરવાસના હનીકોમ્બ ક્ષેત્રને સીલીંગ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

૫. કેવડીયા કોલોની ખાતે સ.સ.ન.નિ.લિ ના દ્વારા સ.સ.ન.નિ.લિ ના સ્ટાફ તેમજ અન્ય સરકારી કર્મચારીઓ માટે રહેવાની સારી સુવિધાઓ આપવા માટે ૧૧૨ ક્વાર્ટર્સ (પેકેજ- ૫ અને પેકેજ-૬) ના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે.

૬. કેવડિયા કોલોની પાસે ગામ ગોરા ખાતે જરૂરી સુવિધાઓ સાથે પુનર્વસન ટાઉનશીપના ૪૦૦ મકાનોના ફેઝ-૨ના બાંધકામની કામગીરી કરવામાં આવશે.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના- પર ડ્રોપ મોર ક્રોપ ઘટક અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇ:

સૂક્ષ્મ સિંચાઇ યોજના (ટપક અને ફુવારા પધ્ધતી) :

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારશ્રી વતીથી ગુજરાત રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના(PMKSY)નાં પર ડ્રોપ મોર ક્રોપ ઘટકનાં સૂક્ષ્મ સિંચાઈનું ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. આ સંકલિત યોજનામાં સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ જેવી કે ટપક/ફુવારા/રેઈન ગન/પોરસ પાઈપ અપનાવતા લાભાર્થી ખેડૂતોને સરકારશ્રી વતી નાણાકીય સહાય આપવામાં આવે છે.

- **વિઝન અને ઓબજેકટીવ:**

ગુજરાત રાજ્યમાં પિયત હેઠળનો વિસ્તાર મર્યાદિત છે. આથી પાણીના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા મહત્તમ ખેત ઉત્પાદન ઓછા ખર્ચે થાય અને ખેડૂતની આવક વધુ થાય તે દિશામાં રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને પ્રેરિત કરવા અને જળ સંચય ક્રાંતિ દ્વારા કૃષિની આધુનિક કાયાપલટ થાય તે માટે ગુજરાત રાજ્યમાં જળ સંચય અભિયાન હાથ ધરેલ છે.

રાજ્યમાં આ યોજના હેઠળ લાભ મેળવતાં ખેડૂતોને નીચે મુજબની સહાય આપવામાં આવે છે.

ક્રમ	ખેડૂત વર્ગ	નોન ડાર્ક ઝોન વિસ્તાર	ડાર્કઝોન વિસ્તારના ૫૭ તાલુકા માટે
૧	સામાન્ય વર્ગ: (બે અને બે હેકટરથી વધારે જમીન ધરાવતા)	સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા ₹ ૭૦, ૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે	સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા ₹ ૭૦, ૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે
૨	સમાન્ય વર્ગ: નાના અને સિમાંત ખેડૂતો (૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા)	સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા ₹ ૮૦, ૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે	સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૦% સુધી અથવા ₹ ૮૦, ૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે
૩	અનુસુચિત જાતિ / જનજાતિ (આદિજાતિ વિસ્તારના ખેડૂતો)	સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૫% સુધી અથવા ₹ ૧, ૦૦, ૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે	સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૯૦% સુધી અથવા ₹ ૧, ૦૦, ૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે

વધુમાં ખેડૂત લાભાર્થી પોતાની જરૂરિયાત મૂજબ બેંકો દ્વારા લઈ શકે છે. તેમજ ખેડૂત લાભાર્થી તેમજ સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિને એક વર્ષના વીમાનું રક્ષણ આપવામાં આવે છે. આ યોજનામાં લચીલાપણું અને પારદર્શિતા મુખ્ય પાસા છે, જેમા ખેડૂતને એ પણ સ્વતંત્રતા આપવામા આવેલ છે કે પોતાની ઈચ્છા મુજબના વિસ્તારમા પાક પધ્ધતિને અનુરૂપ હોય એવી ડિઝાઈન સાથેની સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવી શકે તેમજ સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સાધનો બનાવનાર અને ખેડૂતના ખેતર પર ગોઠવણી કરનાર અને જીજીઆરસી ખાતે રજિસ્ટર થયેલ સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સપ્લાયરો માંથી તેમની ઈચ્છા મુજબ કોઈ એક સપ્લાયર પસંદ કરી શકે છે.

જીજીઆરસી દ્વારા રજિસ્ટર થયેલ, સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સાધનો બનાવનાર કંપનીઓની મદદથી સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સાધનોનું ઉત્પાદન અને ખેડૂતના ખેતર પર સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિની ગોઠવણી કરવામાં આવે છે, જેની જીજીઆરસી દ્વારા નિમણુક થયેલ થર્ડ પાર્ટી ઈંસ્પેક્શન એજન્સી દ્વારા સાધનોની ખરાઈ કરવામા આવે છે. સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સપ્લાયરો, જરૂરી સાધનો અને એગ્રો ઈન્પુટસની આપૂર્તિ સાથે એક વર્ષ માટે કૃષિ ઉપયોગી સેવાઓ પૂરી પાડી પાક ઉત્પાદનમાં વધારો કરવામાં મદદગાર થાય છે તેમજ પાંચ વર્ષ માટે સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિની જાળવણી માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

- **વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન થયેલ પ્રગતિની વિગતો :**

- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતી હેઠળ ૧.૧૩ લાખ હેક્ટર વિસ્તાર આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલ છે. આ યોજના માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કેન્દ્ર સરકારશ્રીના ફાળા પેટે ₹ ૨૪૯.૦૯ કરોડ અને રાજ્ય સરકારશ્રીના ફાળા પેટે ₹ ૪૩૦.૨૫ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૧અંતિત) કુલ ૩૫, ૩૯૬ ખેડૂત લાભાર્થીઓને ૪૯, ૦૫૭ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પધ્ધતી નો લાભ આપેલ જેમાં ₹ ૨૫૩.૮૬ કરોડ (રાજ્ય નો ફાળો ₹ ૧૪૫.૨૧ કરોડ અને કેન્દ્રનો ફાળો ₹ ૧૦૮.૬૫ કરોડ) ની સહાય ચુકવવામાં આવેલ છે.

INDEX

- વર્ષ દરમ્યાન સૂક્ષ્મ સિંચાઈ હેઠળ લાભાર્થી ખેડૂતો દ્વારા આવરી લીધેલ કુલ વિસ્તાર ૪૯, ૦૫૭ હેક્ટર માંથી ૩૬, ૧૫૭ હેક્ટર વિસ્તારમાં ટપક સિંચાઈ પધ્ધતી અને ૧૨, ૯૦૦ હેક્ટર વિસ્તાર ફુવારા પધ્ધતી હેઠળ આવરેલ છે. મગફળી, કપાસ, શેરડી અને દિવેલા જેવા મુખ્ય કૃષિ પાકોને આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે, જ્યારે બાગાયતી પાકોમાં મુખ્યત્વે બટાટા, કેળ, આંબા, , પપૈયા તેમજ શાકભાજી પાકોને આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે.

- **સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ વર્ષ ૨૦૦૫-૦૬ થી ૨૦૨૧-૨૨(નવેમ્બર-૨૧અંતિત) થયેલ કુલ પ્રગતિની વિગતો :**

- વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન થયેલ જીજીઆરસીની સ્થાપનાથી લઈ વર્ષ ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૧) સુધી કુલ ૧૨,૮૬,૭૯૧ ખેડૂત લાભાર્થીઓને ૨૦,૪૭,૮૨૨ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પધ્ધતીનો લાભ આપેલ જેમાં ₹ ૬૯૪૨.૫૨ કરોડ (રાજ્ય નો ફાળો ₹ ૪૪૯૬.૫૦ કરોડ અને કેન્દ્રનો ફાળો ₹ ૨૪૪૬.૦૨ કરોડ) ની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષવાર થયેલ પ્રગતિ કોષ્ટકમાં દર્શાવેલ છે.

વર્ષ	લાભાર્થીઓની સંખ્યા	આવરેલ વિસ્તાર (હેક્ટરમાં)	ચુક્વેલ સહાય (રાજ્ય સરકારનો ફાળો) (₹ કરોડમાં)
૨૦૦૫-૦૬	૭,૨૧૭	૧૫,૮૯૨	૧૬.૪૭
૨૦૦૬-૦૭	૧૩,૮૦૫	૨૭,૨૩૧	૭૨.૯૪
૨૦૦૭-૦૮	૩૨,૪૯૮	૫૦,૨૬૦	૬૦.૫૧
૨૦૦૮-૦૯	૩૯,૪૩૫	૫૭,૭૨૮	૮૮.૭૬
૨૦૦૯-૧૦	૪૩,૫૩૦	૭૦,૮૨૪	૮૦.૫૦
૨૦૧૦-૧૧	૬૫,૫૯૫	૧,૦૨,૪૮૯	૧૩૫.૫૧
૨૦૧૧-૧૨	૯૧,૩૯૩	૧,૫૦,૪૮૦	૨૬૨.૬૪
૨૦૧૨-૧૩	૧,૨૮,૨૪૯	૨,૦૫,૨૦૦	૪૦૦.૦૦
૨૦૧૩-૧૪	૧,૪૦,૨૦૯	૨,૨૫,૨૬૬	૪૬૮.૦૦
૨૦૧૪-૧૫	૧,૨૩,૭૮૩	૨,૦૦,૫૫૧	૩૯૩.૮૯
૨૦૧૫-૧૬	૧,૨૭,૭૮૫	૨,૦૨,૨૨૨	૫૧૦.૫૫
૨૦૧૬-૧૭	૧,૧૮,૨૯૩	૧,૮૬,૭૩૫	૩૯૭.૮૪
૨૦૧૭-૧૮	૮૪,૩૬૫	૧,૪૪,૨૦૧	૪૮૧.૬૦
૨૦૧૮-૧૯	૮૪,૩૯૯	૧,૪૨,૨૦૦	૩૮૫.૪૦
૨૦૧૯-૨૦	૭૬,૪૨૫	૧,૧૫,૦૦૦	૩૫૦.૦૦
૨૦૨૦-૨૧	૭૪,૪૧૪	૧,૦૨,૪૮૬	૨૪૬.૬૮
૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૧ અંતિત) ૧૫૧૫૧૫ અંતિત	૩૫,૩૯૬	૪૯,૦૫૭	૧૪૫.૨૧
કુલ	**૧૨,૮૬,૭૯૧**	**૨૦,૪૭,૮૨૨**	**૪૪૯૬.૫૦**

- સૂક્ષ્મ સિંચાઈ હેઠળ લાભાર્થી ખેડૂતો દ્વારા આવરી લીધેલ કુલ વિસ્તાર ૨૦.૪૭ લાખ હેક્ટરમાંથી ૧૦.૭૭ લાખ હેક્ટર વિસ્તારમાં ટપક સિંચાઈ પધ્ધતી અને ૯.૭૦ લાખ હેક્ટર વિસ્તારમાં ફુવારા પધ્ધતી હેઠળ આવરેલ છે. મગફળી, કપાસ, શેરડી અને દિવેલા જેવા મુખ્ય કૃષિ પાકોને આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે, જ્યારે બાગાયતી પાકોમાં મુખ્યત્વે બટાટા, કેળ, આંબા, પપૈયા તેમજ શાકભાજી પાકોને આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે.

- **વાર્ષિક વિકાસ યોજના ૨૦૨૨-૨૩ ની દરખાસ્ત :**

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ની સૂક્ષ્મ સિંચાઈ યોજના (પર ડ્રોપ મોર ક્રોપ) માટે પ્રસ્તાવિત ₹ ૫૦૦.૦૦ કરોડની જોગવાઈ ખર્ચ પેટે અંદાજેલ છે. જેનાથી અંદાજિત ૦.૮૭ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લઈ શકાશે.

INDEX

ડિમાન્ડ હેડ પ્રમાણે કેન્દ્ર સરકારશ્રીની પ્રસ્તાવિત બજેટ જોગવાઈ ₹ ૨૨૬.૭૪ કરોડનું વિભાજન નીચે મુજબ છે :

(૧) ડિમાન્ડ -૬૬ : ₹ ૨૧૮.૦૨ કરોડ જોગવાઈ સામાન્ય વર્ગના ખેડૂતો માટે કરવામાં આવી છે.

(૨) ડિમાન્ડ - ૯૫: ₹ ૪.૦૨ કરોડ અનુસુચિત જાતિના ખેડૂતો માટે જોગવાઈ કરવામાં આવી છે.

(૩) ડિમાન્ડ -૯૬ : ₹ ૪.૭૦ કરોડ ની જોગવાઈ આદિજાતિ વર્ગના ખેડૂતો માટે કરવામાં આવી છે.

ડિમાન્ડ હેડ પ્રમાણે રાજ્ય સરકારશ્રીની પ્રસ્તાવિત બજેટ જોગવાઈ ₹ ૨૭૩.૨૬ કરોડનું વિભાજન નીચે મુજબ છે :

(૧) ડિમાન્ડ -૬૬ : ₹ ૨૬૨.૭૪ કરોડ જોગવાઈ સામાન્ય વર્ગના ખેડૂતો માટે કરવામાં આવી છે.

(૨) ડિમાન્ડ -૯૫ : ₹ ૪.૮૫ કરોડ અનુસુચિત જાતિના ખેડૂતો માટે જોગવાઈ કરવામાં આવી છે.

(૩) ડિમાન્ડ -૯૬ : ₹ ૫.૬૭ કરોડ ની જોગવાઈ આદિજાતિ વર્ગના ખેડૂતો માટે કરવામાં આવી છે.

જીજીઆરસી દ્વારા ખેડૂતો પોતાની અરજીની નોંધણી સરળતાથી કરી શકે તે માટે ખેડૂત પોર્ટલની શરૂઆત :

- રાજ્યના ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ અપનાવવી વધુ સરળ બને તે હેતુ થી, જીજીઆરસી દ્વારા નિર્મિત ખેડૂત પોર્ટલ ખેડૂતો માટે શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલનો હેતુ, સરળતાથી ઘર બેઠા સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ વસાવવા માટે ખેડૂત જાતે જ પૂર્વ નોંધણી કરી શકે તે છે.
- ખેડૂતો, khedut.ggrc.co.in પોર્ટલ દ્વારા અથવા મોબાઈલ નં. 9763322211 ઉપર પોતાની વિગતો, નામ-જિલ્લો-તાલુકો-ગામ ભરી પૂર્વ નોંધણી કોઈની પણ મધ્યસ્થી વિના જાતે જ કરી શકે છે. નોંધણી થયા બાદ જીજીઆરસી માન્ય કંપનીઓ સામેથી ખેડૂતનો સંપર્ક કરી સૂક્ષ્મ સિંચાઈ વસાવવાની અરજીઓની કાર્યવાહી કરશે.

યોજનાના અમલીકરણમાં ડીઝીટલ ટેક્નોલોજીનો ઉપયોગ :

- સૂક્ષ્મ સિંચાઇ માટેની ખેડૂત લાભાર્થીની અરજીનું બાયોમેટ્રિક આધારિત રજીસ્ટ્રેશનથી લઈને સહાય ચુકવણી સુધીની સંપૂર્ણ પ્રક્રિયા જીજીઆરસી દ્વારા સ્ટેટ ઓફ આર્ટ સોફ્ટવેર દ્વારા ઓનલાઇન થાય છે, ખેડૂત લાભાર્થીના ખેતર પર ગોઠવાયેલ દરેક સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતીની સ્થળ ચકાસણી અને જીઓ ફેન્સિંગ દ્વારા ખરાઈ કરવામાં આવે છે અને અક્ષાંશ- રેખાંશ સાથેના ફોટા જીજીઆરસીના સર્વરમાં અપલોડ કરવામાં આવે છે, જેથી સર્વે વખતનું સ્થળ અને હકીકતમાં ગોઠવાયેલ સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતીના સ્થળની ચોક્કસતા થઈ શકે. આમ, ખેડૂતને સહાય હેઠળ મળેલ સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિની અધિકૃતતા ની ખાતરી કરવામાં આવે છે, જેથી યોજનાના અમલીકરણમાં પારદર્શિતા જળવાઈ શકે.
- ડિઝિટલ ઈન્ડિયા ના ભાગ રૂપે ખેડૂતોને ડિઝિટલ માધ્યમથી કૃષિ માહિતી અને સેવાઓ મળી રહે તે માટે SMS, વોઇસ કોલ અને દૂરદર્શનનાં માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે.

વિભાગ : સુજલામ સુફલામ વિભાગ નં. ૧, ગાંધીનગર

- **સંત સરોવર (ઇન્દ્રોડા) રીચાર્જ યોજના**

- સંત સરોવર (ઇન્દ્રોડા) રીચાર્જ યોજના અંતર્ગત સાબરમતી નદી પર ગાંધીનગર જિલ્લાના ઇન્દ્રોડા ગામ પાસે બેરેજની કામગીરી પુર્ણ થયેલ છે. બેરેજની ગેઇટ ઓપરેશનની કામગીરી પૂર્ણ થતાં સને ૨૦૧૬ થી ચોમાસા દરમ્યાન બેરેજ ભરવામા આવે છે. યોજનાના સ્થળે જનરેટર રૂમ અને કંટ્રોલ કેબીન કામગીરી પૂર્ણ થયેલ છે. હાલ બેરેજની મરામત અને જાળવણીની કામગીરી વિભાગ હેઠળ મુખ્યત્વે છે.

- **નર્મદા મુખ્ય નહેર સાંકળ ૨૩૦.૫૦ કિ.મી. પાસેથી સાબરમતી નદી ઉપર બાંધેલ સંતસરોવર ઇન્દ્રોડા વીયરમાં પાણી લઈ જવા માટે પાઇપલાઇન નાંખવાની કામગીરી :**

- નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૨૩૦.૫૦ કી.મી. થી સંત સરોવર (ઈ) રીચાર્જ યોજનામાં પંમ્પીંગ કરીને ૨૦૦૦ એમ.એમ. વ્યાસની અને ૧૧.૫૦ કી.મી લંબાઈમાં પાઈપલાઈન નાખી પાણી ભરવાનું આયોજન સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. નર્મદા મુખ્યનહેરનાં એચ.આર.માંથી ૧૭૦ ક્યુસેક પાણી ૧૦૦ દિવસો પૂરતુ આપવાનું આયોજન છે. સદર કામગીરીનો વિગતવાર સર્વેક્ષણ, નકશા અંદાજ તેમજ ટેન્ડર બનાવવાની કામગીરી જીયો ડિઝાઈન અને રિસર્ચ પ્રા.લી., વડોદરાને સોંપવામાં આવેલ છે. આ કામનો અંદાજીત ખર્ચ આશરે ૧૨૮.૭૭ કરોડ થવાની શક્યતા છે. હાલમાં આ કામની વહીવટી મંજૂરી મેળવવાની કામગીરી પ્રક્રિયા હેઠળ છે.

- **પાલુંન્દ્રા ચેકડેમ :**

■ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં પાલુંન્દ્રા ગામ નજીક મેશ્વો નદીમાં ચેકડેમ બનાવવાની કામગીરી હાલમાં ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે. હાલ ચેકડેમની મરામત અને જાળવણીની કામગીરીનું મોનીટરીંગ વિભાગ હેઠળ છે. ચેકડેમ ખાતે રેલિંગ તેમજ સાઈન બોર્ડ લગાવવાના કામની ડી.ટી.પી. બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

અ.નં	યોજનાનું નામ	મુખ્ય બંધનું સ્થળ	લાભ મેળવનાર વિસ્તારની વિગતો	બાંધકામ કરાવનાર કચેરી
૧	પાલુંદ્રા ચેકડેમ	મેશ્વો નદી પર દહેગામ તાલુકાના પાલુંદ્રા ગામે	ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ૫ ગામ	સુજલામ સુફલામ વિભાગ નં.૧, ગાંધીનગર

- **માધવગઢ ચેકડેમ/બેરેજ :**

■ માધવગઢ ચેકડેમ/બેરેજ યોજના સંતસરોવરથી ઉપરવાસમાં આશરે ૧૬.૦૦ કીમી આસપાસ બનાવવાનું આયોજન કરેલ છે. સદર યોજના થવાથી માધવગઢની આજુબાજુના વિવિધ ગામોના પિયત વિસ્તારમાં પરોક્ષ સિંચાઈનો લાભ પ્રાપ્ત કરી શકાય તેમ છે. તેમજ ભુગર્ભ જળસપાટીમાં સુધારો થાય છે. ઉપરવાસમાં ધરોઈ બંધમાંથી છોડી દેવાતો વધારાના પાણીનાં જથ્થાનો સંગ્રહ કરી ખેત ઉપયોગમાં લઈ શકાય છે. જેના કારણે ખેત ઉત્પાદકતામાં વધારો થશે અને પશુપાલનના વ્યવસાયમાં પણ ફાયદો થશે. જેને લીધે લોકોનો જીવનસ્તર સુધારવામાં સહાયરૂપ બનશે.

■ સદર યોજના આસપાસનાં ગામોનાં ભુગર્ભજળ સ્તર ઉંડા જવાના કારણે ખેડુતોને કુવા/બોરમાં વધારે હોર્સ પાવર (H.P.) ની મોટરો મુકવી પડે છે જેનાથી વીજ વપરાશ પણ વધુ થઈ રહ્યો છે. ભુગર્ભ જળસપાટી નીચે જવાથી ફ્લોરાઈડની માત્રામાં વધારો થઈ રહ્યો છે. જેથી પાણી પીવા લાયક ન હોઈ જેને લીધે માણસો અને પશુઓને રોગ થવાની પણ સંભાવના છે. માધવગઢ ચેકડેમ/બેરેજ નાં પ્રાથમીક સર્વેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

■ આ યોજનાની કામગીરી માટે ₹ ૨૨૦.૦૦ કરોડની સૈધ્ધાંતિક મંજૂરી સરકારશ્રીના પત્ર નં. એસએસડી-૧/ ૨૧૧૭/ ૧૯૯૩/ ૫૭/ કે.૩, તા.૦૭/૦૧/૨૦૧૯ થી અપાયેલ છે. જેને સરકારશ્રી દ્વારા ૧૯/ ૧૧/ ૨૦૧૯ ના પત્રથી મોકુફ રખાયેલ હતુ. જેને ત્યાર બાદના તાજેતરના તા. ૨૦/ ૧૧/ ૨૦૨૧ ના પત્રથી બહાલી આપવામા આવતા સદરહુ બેરેજના જીઓલોજીકલ ઈન્વેસ્ટીગેશન ની પ્રક્રિયા હાથ ધરવાનુ આયોજન છે, ત્યાર બાદ સત્વરે નકશા-અંદાજોની મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

- **ગિફ્ટ સિટી રિવર પ્રોટેક્શન વર્ક :**

■ સાબરમતી નદીના કાંઠા પર શાહપુર બ્રીજથી ગીફ્ટસીટી સુધી રીવર પ્રોટેક્શન કામના સંદર્ભે સર્વે, માટી પરીક્ષણ, આલેખન અને અંદાજ તેમજ અન્ય કામગીરી માટે કન્સલટન્સી સર્વીસ નક્કી કરેલ છે. જેના દ્વારા પ્રાથમિક સર્વે, પરીક્ષણ (જીઓલોજીકલ ઈન્વેસ્ટીગેશન) ત્રણ ઓલ્ટરનેટના મેરીટ/ ડિમેરીટ સહિત ત્રણે વિકલ્પના ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરેલ છે. સદર કામના વહીવટી મંજૂરીના અંદાજપત્રકોને સરકારશ્રી કક્ષાએથી મંજૂરી આપવામા આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ ₹ ૩૫૫.૦૦ કરોડ થવાની સંભાવના છે. પ્રોટેક્શન વર્કની ડીઝાઈન, નક્શા, અંદાજ પત્રકો બનાવી સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવવાની તેમજ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. રીવર પ્રોટેક્શન વર્કનુ બાંધકામ સને ૨૦૨૨-૨૩ માં ચાલુ કરવાનુ આયોજન છે.

- **વાસણા સોગઠી ગામ નજીક ચેકડેમ :**

■ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં વાસણા સોગઠી ગામ નજીક મેશ્વો નદીમાં ચેકડેમ બનાવવાનું આયોજન પ્રગતિ હેઠળ છે. જેનો અંદાજીત ખર્ચ આશરે ₹ ૭.૦૦ કરોડ છે. હાલ માં સર્વે ની કામગીરી પૂર્ણ થયેલ છે, તેમજ વહીવટી મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, જે પૂરી થયે ચેકડેમની આગળ ની કામગીરી કરવામાં આવશે.

- **વડોદ ગામ નજીક ચેકડેમ :**

■ ગાંધીનગર જિલ્લા ના દહેગામ તાલુકામાં વડોદ ગામ નજીક મેશ્વો નદીમાં ચેકડેમ બનાવવાનું આયોજન પ્રગતિ હેઠળ છે. જેના સર્વેની કામગીરી વર્ષ-૨૦૨૧-૨૨માં પૂર્ણ થયેલ છે. સદર ચેકડેમની જીઓ ટેકનીકલ ઈન્વેસ્ટીગેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદરહુ ચેકડેમના આલેખનની તેમજ અંદાજોની તાંત્રિક મંજૂરીની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર હું ચેકડેમનો ખર્ચ અંદાજે ₹ ૬.૨૫ કરોડનો રહેશે. સદર કામગીરી વર્ષ ૨૦૨૨- ૨૩ મા પુર્ણ કરવાનુ આયોજન છે.

INDEX

- **મગોડી/ વડોદરા ગામ નજીક ચેકડેમ :**

■ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં મગોડી/વડોદરા ગામ નજીક ખારી નદીમાં ચેકડેમ બનાવવાનું આયોજન પ્રગતિ હેઠળ છે. સર્વેની કામગીરી વર્ષ-૨૦૨૧-૨૨માં પૂર્ણ થયેલ છે. સદર ચેકડેમની જીઓ ટેકનીકલ ઈન્વેસ્ટીગેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદરહુ ચેકડેમના આલેખન તેમજ અંદાજોની તાંત્રિક મંજૂરીની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદરહું ચેકડેમનો ખર્ચ અંદાજે ₹ ૨.૦૦ કરોડનો રહેશે. સદર કામગીરી વર્ષ ૨૦૨૨- ૨૩ મા પુર્ણ કરવાનુ આયોજન છે.

- **ખારી નદીને પૂન: જીવિત કરવા ભૂભર્ગ જળ સંરક્ષણ માટે સીરીઝ ઓફ ચેકડેમની કામગીરી :**

■ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાંથી પસાર થતી ખારી નદીને પૂન: જીવિત કરવા વરસાદી પાણીનો સંગ્રહ કરી ભુભર્ગ જળ સંરક્ષણ અર્થે કંથાપૂર ગામ થી ધારીસણા ગામ સુધીના નદીના પટમાં ૪ (ચાર) જગ્યાઓ પર સીરીઝ ઓફ ચેકડેમ બનાવવાનું આયોજન છે. જેનો પ્રાથમિક અહેવાલ વડી કચેરીએ સાદર કરેલ છે. જેના સર્વે/ ફીઝીબીલીટીની કામગીરી વર્ષ ૨૦૨૨-૨૩માં કરવાનું આયોજન છે. ત્યાર બાદ સત્વરે નકશા-અંદાજોની મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. સદર હું સીરીઝ ઓફ ચેકડેમ બનાવવાનો અંદાજીત ખર્ચ ₹ ૬.૦૦ કરોડનો રહેશે.

- **મેશ્વો નદી પરના કડજોદરા તથા અમરાજીના મુવાડા ગામ પાસે ચેકડેમ :**

■ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાંથી પસાર થતી મેશ્વો નદી પર કડજોદરા ગામ પાસે તેમજ અમરાજીના મુવાડા ગામ પાસે એમ કુલ ૨ (બે) ચેકડેમ બનાવવાનું આયોજન છે. જેનો પ્રાથમિક અહેવાલ વડી કચેરીએ સાદર કરેલ છે. જેના સર્વે/ ફીઝીબીલીટીની કામગીરી વર્ષ ૨૦૨૨-૨૩માં કરવાનું આયોજન છે. ત્યાર બાદ સત્વરે નકશા-અંદાજોની મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. સદરહું બે ચેકડેમ બનાવવાનો અંદાજીત ખર્ચ ₹ ૧૦.૦૦ કરોડનો રહેશે.

- **સિતવાડા અને પોયડા ગામ પાસે ચેકડેમ/બેરેજ બનાવવાની કામગીરી :**

■ પ્રાંતિજ તાલુકાનાં સાબરમતી નદી કિનારે આવેલ સિતવાડા અને પોયડા ગામ વચ્ચે સબરમતી નદીમાં તૂટી ગયેલ ચેકડેમની જગ્યાએ મોટો ચેકડેમ/ બેરેજ બનાવવા માટેની મંજૂરીની કામગીરી પ્રગતી હેઠળ હતી. જે ચેકડેમ હવે માધવગઢ ચેકડેમ/ બેરેજ સાથે સંકલિત કરી હાલમા એક જ સ્ટ્રક્ચર બનાવવાનુ સૂચન માન. મંત્રીશ્રી દ્વારા કરવામા આવતા તેની પથરેખા નક્કી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

- **સાબરમતી નદી કિનારે નીલકંઠ મહાદેવ પાસે પૂર નિયંત્રણ દિવાલ બનાવવાની કામગીરી :**

■ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં લાકરોડા ગામ પાસે સાબરમતી નદી કિનારે આવેલ પૌરાણિક નીલકંઠ મહાદેવ મંદીર પાસે પૂર નિયંત્રણ દિવાલ બનાવવાની કામગીરી નુ આયોજન છે. જેની વહીવટી મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ત્યાર બાદ સત્વરે નકશા-અંદાજોની મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. સદરહું કામનો અંદાજીત ખર્ચ ₹ ૨.૫૦ કરોડનો રહેશે.

- **બદપૂરા ગામે પાસે ભોંભરમાં ચેકડેમ :**

■ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં બદપુરા ગામે કુવાદરા ગામ તરફથી ભોંભરમાં ચેકડેમ બનાવવાની કામગીરીના અંદાજપત્રક સૈધાંતિક/ વહીવટી મંજૂરી અર્થે સાદર કરેલ છે. જેની સર્વેની કામગીરી વર્ષ ૨૦૨૧-૨૨ માં પૂર્ણ થયેલ છે. સદર ચેકડેમની જીઓ ટેકનીકલ ઈન્વેસ્ટીગેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર હું ચેકડેમનો ખર્ચ અંદાજે ₹ ૧.૧૨ કરોડનો રહેશે. સદર કામગીરી વર્ષ ૨૦૨૨- ૨૩ મા પુર્ણ કરવાનુ આયોજન છે.

- **સંત સરોવર થી શાહપુર બ્રીજ સુધી બેંક પ્રોટેક્શન વર્ક :**

■ સાબરમતી નદીના કાંઠા પર સંત સરોવર (ઈ) રીચાર્જ યોજના થી શાહપુર બ્રીજ સુધી કાંઠા સંરક્ષણ અર્થે વર્ટીકલ ગેબિયન વોલ પ્રકારનુ પ્રોટેક્શન વર્ક કરાવવાની કામગીરી નુ આયોજન છે, જેની વહીવટી મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, ત્યાર બાદ આલેખનની કામગીરી કરવામા આવશે. સદરહુ કામનો અંદાજિત ખર્ચ ૫૭.૦૦ કરોડ થવાની સંભાવના છે.

- **રક્ષા શક્તિ યુનિવર્સીટી કેમ્પસ નજીક પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની કામગીરી :**

■ ગાંધીનગર જિલ્લા ના દહેગામ તાલુકાના લવાડ ગામે આવેલ રક્ષા શક્તિ યુનિવર્સીટી કેમ્પસની નજીક પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની કામગીરી કરવાનુ આયોજન છે, જેની વહીવટી મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, ત્યાર બાદ આલેખનની કામગીરી કરવામા આવશે. સદરહુ કામનો અંદાજિત ખર્ચ ૫.૭૫ કરોડ થવાની સંભાવના છે.

INDEX

- **ગાંધીનગર જિલ્લામાં અત્રેની કચેરી હસ્તક આવેલ ચેકડેમ તથા તળાવની મરામત તથા નિભાવણીની કામગીરી.**
- **વર્ષ ૨૦૨૨-૨૩ માં જો સરકારશ્રી દ્વારા જળ અભિયાન અને જળ શક્તિ અભિયાન હાથ ધરવામા આવે તો સદર અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લાનાં તળાવો ઉંડા તથા પાળા મજબૂત કરવાની કામગીરી.**

વિભાગનું નામ : અમદાવાદ સિંચાઈ વિભાગ, અમદાવાદ

અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ નીચે દર્શાવેલ યોજનાઓની નહેરો તથા સ્ટ્રક્ચરના નવીનીકરણ, મરામત, રીપેરીંગ, સંચાલન તથા યોજનાઓ અંતર્ગત સિંચાઈ વ્યવસ્થાપનની મુળ કામગીરીઓનો સમાવેશ થાય છે.

(૧) ખારીકટ નહેર યોજના

(૨) ફતેવાડી નહેર યોજના

(૩) વાસણા બેરેજ

(૪) અમદાવાદ જિલ્લાની કાંસ યોજના

(૫) તળાવો ઉંડા કરવાની કામગીરી

(૬) પૂર નિયંત્રણ યોજનાઓ.

દરેક યોજનાઓની સંક્ષિપ્ત વિગતો તથા સને ૨૦૨૧-૨૨ ના વર્ષ દરમ્યાન થયેલ કામગીરી, સિધ્ધીઓ અને પરિણામની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

(૧) ખારીકટ નહેર યોજના : (અમદાવાદ સિંચાઈ પેટા વિભાગ, અમદાવાદ)

ખારીકટ નહેર યોજના તે ગુજરાત રાજ્યની સો વર્ષોથી પણ જુની યોજનાઓ પૈકીની મધ્યમ પ્રકારની સિંચાઈ યોજના છે. યોજનાનો પિયત વિસ્તાર ૧૦, ૨૦૦ હેકટર છે, જેનાથી અમદાવાદ તથા ખેડા જિલ્લાના અનુક્રમે દસ્ક્રોઈ, સીટી તથા ખેડા તાલુકાના ૪૧ ગામોને સિંચાઈનો લાભ મળે છે. છેલ્લા ૨૦-૨૫ વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરનો વિકાસ થવાથી નહેરના સાનિધ્યમાં કાચા/પાકા રહેણાંક બિન રહેણાંકના મકાનોએ ખુબ જ મોટી સંખ્યામાં સ્થાન લીધેલ છે અને શહેરીકરણ થવાથી સિંચાઈ વિસ્તારમાં ઘટાડો થયેલ છે અને ખેતીની જમીનો બીન ખેતીમાં રૂપાંતર થયેલ છે.

ખારીકટ નહેર યોજના માટે નર્મદા મુખ્ય નહેર દ્વારા ઓગષ્ટ ૨૦૦૨ થી ખાત્રીપુર્વકનું પાણી મળવાનું શરૂ થયેલ છે, જેનાથી દર વર્ષે ખરીફ ઋતુમાં સરેરાશ ૫૦૦૦ હેકટર અને રવિ ઋતુમાં ૨૫૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઈ થાય છે.

છેલ્લા વર્ષ દરમ્યાન ખારીકટ નહેર યોજનાના કમાન્ડ વિસ્તારમાં સિંચાઈ લક્ષ્યાંક સામે મેળવેલ સિધ્ધીની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

વર્ષ	ખરીફ (વિસ્તાર હેકટરમાં)		રવિ (વિસ્તાર હેકટરમાં)	
	લક્ષ્યાંક	સિધ્ધી	લક્ષ્યાંક	સિધ્ધી
૨૦૨૧-૨૨	૪૫૦૦	૨૪૦૦	૩૦૦૦	પ્રગતિ હેઠળ

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કરવામાં આવેલ કામગીરીઓ

- વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન અત્રેના કુલ ૧૮૨ કિ.મી લંબાઈ પૈકી વિભાગ હસ્તકની ૭૦.૦૦ કિ.મી. નહેરની સફાઇ તેમજ જંગલ કટીંગ કરવામાં આવેલ છે.
- અમ્યુકોના વિંઝોલ ખાતેના એસ.ટી.પી માંથી શુદ્ધિકરણ થયેલ પાણીને ખારીકટ નહેરમાં વહેવડાવવાની શક્યતા ચકાસવા સારૂં હાલ પ્રાથમિક સ્તરે સર્વેક્ષણની કામગીરી ૩.૫૦ લાખના ખર્ચે કરવામાં આવેલ છે..

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આયોજન કરવામાં આવેલ કામગીરી

- ખારીકટ નહેરના શરૂઆતી તબક્કામાં નહેરના લાઈનીંગના મરામતની કામગીરીનું આયોજન છે.
- ઘોડાસર કોલોનીના ડેવલપમેન્ટની ૧૪૮ લાખની કામગીરી નું આયોજન છે.
- ખારીકટ નહેર પર ૬૦૦ લાખના ખર્ચે ફેન્સીંગ તથા પેરાપેટ વોલ બનાવવાનું આયોજન છે.

(૨) ફતેવાડી નહેર યોજના :

ફતેવાડી નહેર યોજના વાસણા બેરેજથી શરૂ થાય છે. આ યોજનાનો કુલ સિંચાઈ વિસ્તાર ૩૩૬૦૦ હેકટર છે, જેમાં અમદાવાદ જિલ્લાના દસક્રોઈ, બાવળા, ધોળકા, સાણંદ અને વિરમગામ તાલુકાના ૧૧૧ ગામોનો સમાવેશ થાય છે. ફતેવાડી નહેર યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના બાવળા, સાણંદ, અને વિરમગામ તાલુકામાં આવેલ બંધ અને તળાવોને યોજનાની નહેરો સાથે જોડાણ કરી પૂરક સિંચાઈ વ્યવસ્થા ઉપલબ્ધ કરવાની કામગીરી અત્રેની વિભાગીય કચેરીના દ્વારા કરવામાં આવે છે.

ઓગષ્ટ ૨૦૦૨ થી નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૨૨૯.૩૪૦ કિ.મી. ખાતે મુકવામાં આવેલા એસ્કેપ દ્વારા સાબરમતી નદીમાં અને ધોળકા શાખાની રાજપુર પેટા શાખાની સાંકળ.૬૫૦૦ મીટર ઉપર આવેલ એસ્કેપ મારફતે ફતેવાડી યોજનાની રનોડા ફીડરને પાણી આપવા માટે રનોડા એચ.આર./એસ્કેપ દ્વારા પાણી આપવામાં આવે છે. જેનાથી ફતેવાડી નહેર યોજનાના કમાન્ડ વિસ્તારમાં દર વર્ષે ખરીફ ઋતુ દરમ્યાન સરેરાશ ૨૬૦૦૦ હેકટર અને રવિ ઋતુમાં સરેરાશ ૨૪, ૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઈ થાય છે.

છેલ્લા વર્ષ દરમ્યાન ફતેવાડી નહેર યોજનાના કમાન્ડ વિસ્તારમાં સિંચાઈ લક્ષ્યાંક સામે મેળવેલ સિધ્ધીની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

વર્ષ	ખરીફ (વિસ્તાર હેકટરમાં)		રવિ (વિસ્તાર હેકટરમાં)	
	લક્ષ્યાંક	સિધ્ધી	લક્ષ્યાંક	સિધ્ધી
૨૦૨૧-૨૨	૨૬૦૦૦	૧૯૨૦૦	૨૪૦૦૦	પ્રગતિ હેઠળ

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કરવામાં આવેલ કામગીરીઓ

- વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન અત્રેના કુલ ૩૬૯ કિ.મી લંબાઈ પૈકી વિભાગ હસ્તકની ૯૦.૦૦ કિ.મી. નહેરની ડીસીલ્ટીંગ, સફાઇ તેમજ જંગલ કટીંગ કરવામાં આવેલ છે.
- બાવળા સિંચાઈ પેટા વિભાગ હસ્તક ધોળકા તાલુકાના ભોળાદ ખાતે રીચાર્જ સ્ટ્રક્ચરની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.
- બાવળા સિંચાઈ પેટા વિભાગ હસ્તક ધોળકા તાલુકાના લોલીયા ખાતે રીચાર્જ સ્ટ્રક્ચરની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.
- બાવળા સિંચાઈ પેટા વિભાગ હસ્તક ભુરખી ગામ પાઈપ લાઈનની કામગીરી અંદાજીત ૪૩ લાખના ખર્ચે હાલમાં પ્રગતિમાં છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આયોજન કરવામાં આવેલ કામગીરીઓ

- આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માં અમદાવાદ જિલ્લામાં આવેલ કાંસોની સુધારણા, નવીનીકરણ તેમજ રીમોડલીંગના કામ માટે માસ્ટર ડ્રેનેજ પ્લાન અંતર્ગત રીપોર્ટ અન્વયે તમામ શક્યતાઓ ચકાસી આગળની નીવારણની કાર્યવાહી કરવામાં આવશે.
- વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન અત્રેના પેટા વિભાગ હસ્તકની અંદાજીત ૧૫૦ કિ.મી. નહેર સફાઇ તેમજ જંગલ કટીંગ કરવાનું આયોજન છે. તથા કેનાલની મરામત અને નિભાવણીની કામગીરી ના કામોનું આયોજન છે.
- અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં કુલ ત્રણ ફલેક્ષીબલ રીચાર્જ સ્ટ્રક્ચરની કામગીરી જે હાલમાં ૯.૮૫ કરોડના ખર્ચે કામગીરી કરવાનું આયોજન છે.
- ફતેવાડી નહેર વિસ્તારમાં સાણંદ સિંચાઈ પેટા વિભાગ અંતર્ગત નહેરો અને કાંસ પર ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચર્સના કામો કરવા માટે ₹ ૧૦૦ લાખના અંદાજીત ખર્ચે કામો કરવાનું આયોજન છે.
- ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં જળસંચયના કામો બાવળા તથા સાણંદ તાલુકામાં અંદાજીત રૂ ૨૫૦૦ લાખના ખર્ચે કરવાનું આયોજન હાલ પ્રાથમિક તબક્કા હેઠળ છે.
- બાવળા સિંચાઈ પેટા વિભાગ હસ્તક ભુરખી ગામ પાઈપ લાઈનની કામગીરી જે હાલમાં પ્રગતિમાં છે તે અંદાજીત ૧૧૬ લાખના ખર્ચે કરવાનું આયોજન છે.
- અમદાવાદ જિલ્લાની વિવિધ નોટીફાઈડ ડ્રેઈનોનું રીસેક્શનીંગ કરવાનું આયોજન છે.

INDEX

(૩) વાસણા બેરેજ

સાબરમતી નદી ઉપર સને ૧૯૭૬ની સાલમાં વાસણા બેરેજનું કામ કરવામાં આવેલ છે. નદીના ભાગે જુદી જુદી સાઈઝના ૩૦ દરવાજાઓ મુકવામાં આવેલ છે. નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૨૨૯.૩૪ કિ.મીટર ખાતે મુકવામાં આવેલ એસ્કેપ દ્વારા સાબરમતી નદીમાં આપવામાં આવતું પાણી વાસણા બેરેજ ખાતે સંગ્રહ કરવામાં આવે છે, જે પાણી ફતેવાડી પિયત વિસ્તારમાં સિંચાઈ માટે આપવામાં આવે છે. પાણીના વહન માટે બેરેજની અપસ્ટ્રીમમાં જમણી બાજુએ પાંચ એચ.આર. ગેઈટસ મુકવામાં આવેલ છે. ફતેવાડી નહેરની લંબાઈ ૬.૮૭ કિ.મી. અને વહન ક્ષમતા ૧૬૦૦ ક્યુસેકસ છે.

સાબરમતી નદી પર આવેલ વાસણા બેરેજથી અમદાવાદ જિલ્લાના દશ્ક્રોઈ, સાણંદ, બાવળા, ધોળકા અને વિરમગામ તાલુકાના ૧૧૧ ગામોને ફતેવાડી સિંચાઈ યોજનાની ફીડર નહેરથી ૩૩૬૦૦ હેક્ટર પિયત વિસ્તાર માટે સિંચાઈનું પાણી છોડવામાં સંચાલન અને વ્યવસ્થાપન ની કામગીરી, વાસણા બેરેજનો સંચાલન અને વ્યવસ્થાપન ની કામગીરી તેમજ ફતેવાડી ફીડર નહેરોના સુધારણા, મજબુતીકરણ અને નવીનીકરણ તથા મરામત અને જાળવણીના કામો મુખ્યત્વે કરવામાં આવે છે.

આમ વાસણા બેરેજ પેટા વિભાગ, અમદાવાદ દ્વારા કરવામાં આવતા કામોનું મુખ્ય હેતુ વાસણા બેરેજની જાળવણી, મરામત, સંચાલન અને વ્યવસ્થાપન, પૂર દરમિયાન ગેઈટ સંચાલન તેમજ ફતેવાડી ફીડર નહેરોથી નીચેવાસમાં આવેલ કમાંડ વિસ્તારમાં સિંચાઈના પાણીનું સંચાલન, વિતરણ અને વ્યવસ્થાપન છે. તદુપરાંત સાબરમતી નદીમાંથી અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન અને ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા અનુક્રમે પીવાના પાણી અને ઓદ્યોગિક વપરાશ માટે ફેંચ વેલ થી ઉપાડવામાં આવતા પાણીના જથ્થાનો હિસાબ તેમજ વપરાશની આકારણી અને વસુલાત કરવાની કામગીરીનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કરવામાં આવેલ કામગીરીઓ

- નહેરની મરામત અને જાળવણી તથા અન્ય મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી.
- નાની ફતેવાડી માટે પેકેજ ૧ સી અંતર્ગત વિશિષ્ઠ પદ્ધતિ થી જીઓ ટેક્ષટાઈલ અને સ્ટોન પેનલ પિચિંગ થી લાઈનીગના નહેર સુધારણા નવિનીકરણ અને મજબુતીકરણ કરવાની કામગીરી માટે ૧૮.૦૦ લાખ અંદાજીત ખર્ચે સરકારશ્રીની સૂચના અનુસાર પાયલોટ પ્રોજેક્ટ તરીકે કામગીરી પુર્ણ કરવામાં આવી છે જેની આગળની કામગીરી આગામી વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

ફતેવાડી ફીડર નહેરની સાંકળ ૪૫૦ મી થી ૧૬૦૦ મી સુધી પ્રોટેક્શન વોલ તથા ફેન્સીંગની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આયોજન કરવામાં આવેલ કામગીરીઓ

- મોટી ફતેવાડી માટે પેકેજ ૧ બી અંતર્ગત વિશિષ્ઠ પદ્ધતિથી જીઓ ટેક્ષટાઈલ અને સ્ટોન પેનલ પિચિંગ થી લાઈનીગના નહેર સુધારણા નવિનીકરણ અને મજબુતીકરણ કરવાની કામગીરી માટે ૫૦૦ લાખ અંદાજીત ખર્ચે સરકારશ્રીની સૂચના અનુસાર પાયલોટ પ્રોજેક્ટ તરીકે કામગીરી કરવાનું આયોજન છે.
- નાની ફતેવાડી અનલાઈન્ડ કેનાલ પર પેનલ પિચિંગ ૨૫૦ લાખના ખર્ચે કામગીરી કરવાનું આયોજન છે.
- ફતેવાડી ફીડર નહેરની સાંકળ ૪૫૦ મી થી ૧૬૦૦ મી સુધી પ્રોટેક્શન વોલ તથા ફેન્સીંગની કામગીરી જે હાલમાં પ્રગતિમાં છે તે પુર્ણ કરવાનું આયોજન છે.
- ધોલેરા સર ખાતે પૂર નિયંત્રણ ની અંદાજીત ૨૪૨ લાખની કામગીરીનું આયોજન છે.

(૪) અમદાવાદ જિલ્લાની કાંસ યોજના

અમદાવાદ જિલ્લાના સાણંદ, દસક્રોઈ, વિરમગામ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોળકા તથા બરવાળા તાલુકાઓમાં મુખ્યત્વે કુલ ૭૭ ડ્રેઈનો આવેલ છે. જેમાં ૧૯ મુખ્ય ડ્રેઈનો તથા ૫૮ પેટા ડ્રેઈનોનો સમાવેશ થાય છે. સમગ્ર ડ્રેઈનોની કુલ લંબાઈ ૬૪૧.૦૦ કિ.મી. જેટલી છે. સદરહુ ડ્રેઈનો દ્વારા વરસાદી તથા પુરના પ્રવાહનો નિકાલ મુખ્યત્વે નળસરોવર, કાકરાવાડી તથા ખારાઘોડાના રણમાં થાય છે. અમદાવાદ જિલ્લાના ૯ તાલુકામાં ડ્રેઈનો હેઠળ ૨૦૭ ગામોનો સમાવેશ થાય છે. ડ્રેઈનોમાં અપાતાં નર્મદાના પાણીથી ફતેવાડી નહેર યોજનાના કુલ ૪૫ બંધ /તળાવોમાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. જે પાણી દ્વારા આ ગામોને સિંચાઈનો લાભ મળે છે.

ડ્રેઈનો ઉપર ૧૯૫ સ્ટ્રકચર્સ આવેલ છે. ચાલુ વર્ષે એક નાળાની મરામત કરવામાં આવેલ છે. જ્યારે ૧૧ નાળા તોડીને નવેસરથી બાંધવામાં આવેલ છે. દર વર્ષે ચોમાસામાં અગાઉ જરૂરીયાત મુજબ વિવિધ કાંસોની સાફ સફાઈ તથા ડીસીલ્ટીંગની કામગીરી કરવામાં આવતી હોય છે.

INDEX

કાંસોમાં નર્મદા યોજનાની વિવિધ નહેરોના પાણી વહેવડાવીને અમદાવાદ જિલ્લાના સાણંદ, વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકાના ગામોમાં દર વર્ષે ખરીફ તથા રવિ ઋતુમાં આશરે ૩૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઈ કામગીરી થઈ શકે છે જે નળ કાંઠાની કામગીરી પુર્ણ થયે સિંચાઈની કામગીરી સુદૃઢ થઈ શકશે.

- નળકાંઠા વિસ્તારના કુલ ૩૨ ગામો સિંચાઈ સુવિધાથી વંચિત રહે છે. જેમાંથી ૧૨ ગામ હયાત ફતેવાડી વિસ્તારમાં સમાવેશ થાય છે.
- નળકાંઠા વિસ્તારના ૩૨ ગામોને સિંચાઈની સુવિધા આપવા માટે સરકારશ્રી કક્ષાએથી માનનીય શિક્ષણ અને મહેસુલ મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમા, જળ સંપતિ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) નાનુભાઈ વાનાણી સાથે સંયુક્ત રીતે સિંચાઈ વિભાગ તથા નર્મદા નિગમના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને ઉપરોક્ત ૩૨ ગામોને સિંચાઈ સુવિધા આપવા માટે વૈકલ્પીક ઉપાયોના સુચન તથા તેની તાંત્રીક ચકાસણી અર્થે કેન્દ્ર સરકાર હસ્તકની વાપ્કોસ કંપની દ્વારા પ્રાથમિક તથા આખરી અહેવાલ સાદર કરવામાં આવેલ છે જેમાં દર્શાવેલ વિકલ્પો અનુસાર નર્મદાની વિવિધ નહેરોમાંથી સિંચાઈ હેતુસર પાણીની ફાળવણી તથા ખર્ચ અર્થે સરકારશ્રીમાં સાદર કરેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આયોજન કરવામાં આવેલ કામગીરીઓ

- ચાલુ વર્ષ દરમ્યાન કાંસોની રીસેક્શનીંગ તથા રીમોડલીંગની કામગીરી અંદાજે ૩૦.૦૦ કિ.મી લંબાઈમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં અમદાવાદ જિલ્લામાં આવેલ કાંસોની સુધારણા, નવીનીકરણ તેમજ રીમોડલીંગના કામ માટે માસ્ટર ડ્રેનેજ પ્લાન અંતર્ગત ₹ ૪૭૩ લાખના અંદાજીત ખર્ચે તમામ કાંસો તેમજ પાણીના ભરાવા વાળા વિસ્તારોનું સર્વેક્ષણ કરાવવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે જેના રીપોર્ટ અનુસાર આગળની કાર્યવાહી કરવાનું આયોજન છે
- જેની અંદાજપત્રકની કામગીરી હાલ પ્રગતિ હેઠળ ડ્રેનેજ વ્યવસ્થાને વધુ સુદૃઢ અને કાર્યક્ષમ બનાવવા માટે ડીસીલ્ટીંગ તથા જંગલ કટીંગની કામગીરી અંદાજીત ૧૦૦ કિ.મીમાં કરવાનું આયોજન છે. જેનાથી અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીના ભરાવા, ડ્રેનેજ અને વરસાદી પાણીનો નિકાલ થવાના પ્રશ્નોનું કાયમી નિરાકરણ થશે.

(૫) તળાવો ઉંડા કરવાની કામગીરી :

રાજ્યમાં અમર્યાદિત અને અસમાન વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પીવાના તેમજ સિંચાઈ માટેના પાણીની તીવ્ર અછત ઉભી થતી હોય છે અને દિન-પ્રતિદિન ઉંડા ઉતરતા જતાં ભુગર્ભજળને કારણે કેટલાંક વિસ્તારોમાં ભુગર્ભજળ ખારા અને ફ્લોરાઈડયુક્ત બનેલ છે. આ પરિસ્થિતીના નિવારણ માટે અને ભુગર્ભજળ સ્તર ઉંચા લાવવા માટે રાજ્યમાં વરસાદના પાણીને મહત્તમ જળસંગ્રહ કરી રીચાર્જ કરવાની અગત્યતાને ધ્યાને લઈ રાજ્યમાં આવેલ ગામ-તળાવોમાં વરસાદી પાણી સાથે માટી અને કાંપ આવવાથી તળાવોની ઉંડાઈ ઘટવાથી પાણીની સંગ્રહશક્તિ ઓછી થતાં તળાવોનું પાણી ભુગર્ભમાં ઓછા પ્રમાણમાં ઉતરે છે.

માટે ગામ-તળાવોમાં જમા થયેલ કાંપ કાઢીને તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શક્તિમાં વધારો થશે અને તળાવોનું પાણી વધુ પ્રમાણમાં ભુગર્ભમાં ઉતરતાં આજુબાજુના વિસ્તારની જળસપાટીમાં વધારો થશે અને પરિણામે તળાવોના કાંઠે તથા ગામમાં આવેલ કુવાઓ/બોર તથા હેન્ડપંપના બોરમાં પાણીનો આવરો વધતાં પાણી વધુ લાંબા સમય સુધી ઉપલબ્ધ થઈ શકશે વળી ગામ તળાવોમાં પાણી લાંબા સમય માટે ઉપલબ્ધ રહેતાં ઢોરોને પણ પુરતા પ્રમાણમાં પાણી મળી રહેશે, જે મતલબનો સંકલ્પ સરકારશ્રીએ કરેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કરવામાં આવેલ કામગીરીઓ

- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ગુજરાત સરકાર દ્વારા આયોજીત સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૧ અંતર્ગત અમદાવાદ સિંચાઈ વિભાગ દ્વારા કુલ ૪૨ તળાવોની કામગીરી કોઈપણ પ્રકારના ચુકવણા વગર પુર્ણ કરવામાં આવી. જે તમામ તળાવો ઉંડા કરવાની કામગીરી લોકભાગીદારીથી કરવામાં આવી.
- અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં તળાવો ઉંડા કરવાની કામગીરીઓ કરવાને કારણે આશરે ૨, ૯૦, ૮૫૨ ઘ.મી.જેટલી પાણીની સંગ્રહ શકિતનો વધારો થયેલ છે તથા આડકતરી રીતે ૨૧૦ હેકટર વિસ્તારમાં સિંચાઈનો ફાયદો થયેલ છે. આ તમામ તળાવોની આજુબાજુમાં આવેલ કુવાઓ વરસાદ પડે રીચાર્જ થશે તથા તળાવોમાં સંગ્રહ થયેલ પાણી ઢોરઢાંખરને પીવાના ઉપયોગમાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આયોજન કરવામાં આવેલ કામગીરીઓ

- વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં તળાવો ઉંડા કરવાની કામગીરીનું આયોજન

સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૨ ના માસ્ટર પ્લાનમાં લેવામાં આવશે. જેના માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

(૬) પૂર નિયંત્રણ/કાંઠા નિયંત્રણ યોજનાઓ: (ફતેવાડી બાંધકામ પેટા વિભાગ, અમદાવાદ)

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં વર્ષ ૨૦૦૬-૦૭માં આવેલ પુરના કારણે સાબરમતી નદી તેમજ વાત્રક નદીના કિનારાના ગામોને પુરના કારણે નુકશાન થવા પામેલ અને નદીના કાંઠાઓને પણ ઘણી જગ્યાઓએ ધોવાણ અને નુકશાન થયેલ. જેને અનુલક્ષીને અત્રેના વિભાગ દ્વારા છ પૂર નિયંત્રણ યોજનાનું આયોજન કરવામાં આવેલ, જે પૈકી વર્ષ ૨૦૧૮-૧૯ સુધીમાં કાસીન્દ્રા બેંક પ્રોટેક્ષન યોજના, તા.દસક્રોઇ (પાયલોટ પ્રોજેકટ ૨૦૦ મીટર) પાયલોટ પ્રોજેક્ટ, ઈંગોલી ખાતે પાયલોટ પ્રોજેક્ટ તથા કોદળીયાપરા ખાતે સંપુર્ણ પ્રોજેક્ટ ૪.૫૦ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે તથા સાથળ ખાતે બેંક પ્રોટેક્શન વર્કની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

પૂર નિયંત્રણ અને કાંઠા પ્રોટેકશન યોજનાઓ પુર્ણ થતાં ધોળકા તાલુકાના સાબરમતી નદી કાંઠાના ગામડાઓમાં ચોમાસા દરમ્યાન સાબરમતી નદીના પુરના પાણીને કારણે પાળાનું ધોવાણ થઇ કિંમતી જમીન અને માલ મિલ્કતને જે નુકશાન થાય છે તે નિયંત્રિત થઇ શકશે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કરવામાં આવેલ કામગીરીઓ : મોજે કાસીન્દ્રા તા.ધોળકા જી.અમદાવાદ મુકામે કુલ ૧૨૦ મી લંબાઈમાં કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

અધિક્ષક ઇજનેરશ્રીની કચેરી, સુજલામ સુફલામ વર્તુળ-૧, ગાંધીનગર.

આ વર્તુળ હસ્તક નીચે જણાવેલ ત્રણ વિભાગીય કચેરીઓ કાર્યરત છે.

(૧) કાર્યપાલક ઇજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર

આ વિભાગ હસ્તક નીચે મુજબના પેટા વિભાગો કાર્યરત છે.

(૧) કાંસ પેટા વિભાગ, ગાંધીનગર

(૨) કાંસ પેટા વિભાગ નં-૨, ગાંધીનગર

(૩) કાંસ પેટા વિભાગ, લોદરા

(૪) કાંસ પેટા વિભાગ, વિસનગર

(૫) કાંસ પેટા વિભાગ, વડનગર

(૬) જળસંપત્તિ સંશોધન પેટા વિભાગ, તલોદ

(૭) પૂર નિયંત્રણ એકમ, ગાંધીનગર

(૨) કાર્યપાલક ઇજનેરશ્રી, જળસંપત્તિ સંશોધન વિભાગ, પાલનપુર

આ વિભાગ હસ્તક નીચે મુજબના પેટા વિભાગો કાર્યરત છે.

(૧) જળસંપત્તિ સંશોધન પેટા વિભાગ, હિંમતનગર

(૨) જળસંપત્તિ સંશોધન પેટા વિભાગ, પાલનપુર

(૩) જળસંપત્તિ સંશોધન પેટા વિભાગ, મહેસાણા

(૪) ગુહાઇ પેટા વિભાગ નં.૩, પાલનપુર

(૩) કાર્યપાલક ઇજનેરશ્રી, લઘુ સિંચાઇ એકમ-૨, ગાંધીનગર.

સુજલામ સુફલામ વર્તુળ-૧, ગાંધીનગર હસ્તક નીચે મુજબની કામગીરી છે.

- **નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઇપલાઇન યોજનાઓ.**

૧. નર્મદા મુખ્ય નહેરની સાંકળ- ૨૫૬.૦૦ કી.મી. ઉપરથી નીકળતી પિયજ થી ધરોઇ જળાશય સુધીની ઉદ્વહન પાઇપલાઇન યોજના.

આ પાઇપલાઇન યોજનાની કામગીરી પૂર્ણ કરી નવેમ્બર-૨૦૦૪ થી કાર્યાન્વિત કરેલ છે. આ યોજનાની હાલમાં

મરામત, નિભાવ અને સંચાલનની કામગીરી પ્રગતિમાં છે. આ પાઇપલાઈન દ્વારા સુજલામ સુફલામ નહેરમાં તથા પાઈપલાઈન સાથે જોડેલ ૪૨ ગામના ૬૪ તળાવોમાં ભુગર્ભ જળ રીચાર્જ તથા પૂરક સિંચાઈ સારૂં પાણી આપવામાં આવે છે. ઉપરાંત ધરોઈ જળાશય તથા ધરોઈ જમણા કાંઠાની મુખ્ય કેનાલમાં પાણી નાખવામાં આવે છે. આ પાઇપલાઈનથી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ૩ શહેરો અને ૧૮૭ ગામોને પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે. આશરે ૪૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો સીધો / આડકતરો લાભ મળે છે.

૨. નર્મદા મુખ્ય નહેરની સાંકળ- ૨૧૮.૧૦ કી.મી. ઉપરથી નીકળતી મોટા જલુન્દ્રા થી હાથમતી ગુહાઈ જળાશય સુધીની ઉદ્વહન પાઈપલાઈન યોજના.

આ પાઇપલાઈન યોજનાની કામગીરી પૂર્ણ કરી જૂન-૨૦૦૯ થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ યોજનાની હાલમાં મરામત, નિભાવ અને સંચાલનની કામગીરી પ્રગતિમાં છે. આ પાઈપલાઈનથી સુજલામ સુફલામ નહેરમાં તથા પાઈપલાઈન સાથે જોડેલ ૪૦ ગામના ૮૧ તળાવો / ચેકડેમ જોડી ભૂગર્ભ જળ રિચાર્જ તથા પુરક સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ પાઈપલાઈનથી જરૂરીયાત ઉભી થયે હાથમતી તથા ગુહાઈ જળાશયમાં પાણી નાખવામાં આવે છે. આ પાઈપલાઈન થકી પીવાનું પાણી પણ પુરૂ પાડવામાં આવે છે. આશરે ૪૯૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો સીધો / આડકતરો લાભ મળે છે.

૩. નર્મદા મુખ્ય નહેરની સાંકળ- ૨૬૪.૦૦ કી.મી. ઉપરથી નીકળતી કરણનગરથી ધાંધુસણ-સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સુધીની પાઈપલાઈન યોજના.

આ પાઇપલાઈન યોજનાના બાંધકામની કામગીરી જુલાઈ-૨૦૧૬ માં પૂર્ણ થયેલ છે. આ પાઈપલાઈનથી સુજલામ સુફલામ નહેરમાં તથા પાઈપલાઈન સાથે જોડેલ ૨૦ ગામના ૩૬ તળાવોમાં ભુગર્ભ જળ રીચાર્જ તથા પૂરક સિંચાઈ સારૂં પાણી આપવામાં આવે છે. આ યોજનાને ધાંધુસણ થી રેડલક્ષ્મીપુરા સુધી લંબાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે. જેના થકી ૨૬ ગામના ૪૮ તળાવો ભૂગર્ભ જળ રિચાર્જ તથા પુરક સિંચાઈ હેઠળ આવરેલ છે. અંદાજે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો સીધો / આડકતરો લાભ મળે છે.

૪. નર્મદા મુખ્ય નહેરની સાંકળ- ૩૭૫.૧૦ કી.મી. ઉપર ચાંગાથી દાંતીવાડા જળાશય સુધીની ઉદ્વહન પાઈપલાઈન યોજના.

આ પાઇપલાઈન યોજનાની કામગીરી પૂર્ણ કરીને એપ્રિલ-૨૦૧૫ થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ પાઈપલાઈનની હાલમાં મરામત, નિભાવ અને સંચાલનની કામગીરી પ્રગતિમાં છે. આ પાઈપલાઈનથી સુજલામ સુફલામ નહેરમાં તથા પાઈપલાઈન સાથે જોડેલ ૨૪ ગામના ૪૫ તળાવોમાં ભૂગર્ભ જળ રિચાર્જ તથા પુરક સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ પાઈપલાઈનથી દાંતીવાડા જળાશયમાં પાણી નાખવામાં આવે છે તથા સીપુ અને દાંતીવાડા જળાશયના કમાન્ડ વિસ્તારમાં પણ જરૂરીયાત ઉભી થયે પુરક સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે. અંદાજે ૯૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો સીધો / આડકતરો લાભ મળે છે.

૫. પાટણ (માતપુર)થી ડીંડરોલ સુધીની પાઈપલાઈન યોજના.

આ પાઇપલાઈન નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૨૬.૪૦ કી.મી. ઉપરથી નીકળતી ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ, ગાંધીનગર હસ્તકની ખોરસમ થી માતપુર પાઇપલાઇનનું એક્ષટેન્શન છે.

આ પાઇપલાઈન યોજનાની કામગીરી પૂર્ણ કરી માહે માર્ચ-૨૦૧૬ થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ પાઇપલાઈનથી ૧૬ ગામના ૪૫ તળાવો જોડવામાં આવેલ છે. આ પાઈપલાઈનને મુક્તેશ્વર જળાશય સુધી લંબાવવાનું આયોજન છે. જેની અંદાજીત રકમ ₹ ૧૯૧.૭૨ કરોડના નકશા-અંદાજ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. આ યોજનાથી મુક્તેશ્વર જળાશયમાં પાણી નાખવાનું આયોજન છે તથા અંદાજે ૩૦ ગામના ૪૨ તળાવ જોડી ભૂગર્ભ જળ રિચાર્જ તથા પુરક સિંચાઈ માટે પાણી નાખવાનું આયોજન છે. અંદાજે ૩૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો સીધો / આડકતરો લાભ મળે છે.

૬. નર્મદા મુખ્ય નહેરની સાંકળ - ૨૫૬.૦૦ કી.મી.થી પિયજથી ઉણાદ સુધીની ઉદ્વહન પાઈપલાઈન યોજના.

આ પાઈપલાઈન બાંધકામની કામગીરી બે પેકેજમાં વહેંચવામાં આવેલ છે. (૧) પિયજ થી બોરૂ, (પેકેજ-૧) અને (૨) બોરૂ થી ઉણાદ, (પેકેજ-૨)

ઉક્ત બન્ને પેકેજની કામગીરી પૂર્ણ કરી પાઇપલાઈન જન્યુઆરી-૨૦૨૧ થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. જે પૈકી પેકેજ-૧ અંતર્ગત પાઇપલાઈનથી ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના અનુક્રમે કલોલ અને કડી તાલુકાના ૧૩ ગામના ૧૩ તળાવોમાં ભૂગર્ભ જળ રિચાર્જ તથા પુરક સિંચાઈ હેઠળ આવરેલ છે. તથા પેકેજ-૨ અંતર્ગત પાઇપલાઈનથી મહેસાણા

INDEX

જિલ્લાના વિજાપુર અને વડનગર તાલુકાના ૩૨ ગામના ૫૭ તળાવોમાં ભૂગર્ભ જળ રિચાર્જ તથા પુરક સિંચાઇ હેઠળ આવરેલ છે. ઉપરાંત સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલમાં તથા ધરોઇ જમણા કાંઠાની મુખ્ય કેનાલમાં પાણી નાખવામાં આવે છે.

આ બન્ને પેકેજ હેઠળની પાઇપલાઇન યોજના થકી અંદાજે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો સીધો / આડકતરો લાભ મળે છે.

૭. નર્મદા મુખ્ય નહેરની સાંકળ- ૪૩૧.૨૦ થી થરાદ થી સીપુ જળાશય સુધીની ઉદ્વહન પાઇપલાઇન યોજના.

આ પાઇપલાઇનની બાંધકામની કામગીરી હાલ પ્રગતિમાં છે. જે ઓગસ્ટ-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ પાઇપલાઇનથી સુજલામ સુફલામ નહેરમાં તથા પાઇપલાઇન સાથે જોડવામાં આવનાર અંદાજે ૩૯ ગામના ૧૦૬ તળાવોમાં ભૂગર્ભ જળ રિચાર્જ તથા પુરક સિંચાઇ માટે પાણી નાખવાનું આયોજન છે. આ પાઇપલાઇનથી સીપુ જળાશયમાં પાણી નાખવાનું આયોજન છે. આ યોજનાથી આશરે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો સીધો / આડકતરો લાભ મળશે.

૮. નર્મદા મુખ્ય નહેર આધારિત કસરા થી દાંતીવાડા જળાશય સુધીની ઉદ્વહન પાઇપલાઇન યોજના.

આ પાઇપલાઇન યોજના માટે પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરેલ છે અને સરકારશ્રી કક્ષાએથી પથરેખાની મંજૂરી પણ મળેલ છે. સદર યોજના માટે અંદાજો બનાવવાની કામગીરી અર્થે જરૂરી સર્વેક્ષણની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા આગામી સમયમાં સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યા બાદ યોજનાની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. જેમાં ૧૫૫ ગામોના ૨૯૬ તળાવોને જોડાણ આપી ભૂગર્ભ જળ રિચાર્જ તથા પુરક સિંચાઇ માટે પાણી નાખવાનું આયોજન છે. આ યોજનાથી આશરે ૭૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો સીધો / આડકતરો લાભ થનાર છે.

૯. નર્મદા મુખ્ય નહેર આધારિત ખેરવા-વિસનગર પાઇપલાઇન યોજના

આ પાઇપલાઇન નર્મદા મુખ્ય નહેરની સાંકળ-૨૭૮.૫૦ કી.મી. થી નીકળતી ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ, ગાંધીનગર હસ્તકની આદુન્દરાથી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ (ખેરવા) પાઇપલાઇનનું એક્સટેન્શન છે.

આ પાઇપલાઇનની કામગીરી હાલ પૂર્ણ કરવામાં આવેલ છે તથા હાઇડ્રો ટેસ્ટીંગ / કમીશનિંગની કામગીરી પૂર્ણ કરેલ છે. આ પાઇપલાઇનથી ૧૫ ગામના ૨૭ તળાવો જોડવામાં આવેલ છે. આશરે ૩૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો સીધો / આડકતરો લાભ થનાર છે.

ગાંધીનગર જિલ્લાના કાંસની કામગીરી

૧. ગાંધીનગર જિલ્લામાં ૨૧૫.૭૦ કિ.મી. ની કાંસના મરામત અને નિભાવણીની કામગીરી કરવામાં આવે છે.

ગાંધીનગર તાલુકામાં આવતી કાંસ :	દહેગામ તાલુકામાં આવતી કાંસ	કલોલ તાલુકામાં આવતી કાંસ
a. નારદીપુર-સરઢવ કાંસ b. રૂપાલ-સરઢવ-જલુંદ કાંસ c. ઉનાવા-રાંધેજા-વાવોલ કાંસ d. ધણપ-મુઠિયા કાંસ e. સધર્ન કાંસ	a. ઉદણ-સાંપા કાંસ b. ખાત્રીબા વહેળા કાંસ	a. સાંતેજ- રણછોડપુરા કાંસ b. વેસ્ટવીયર કાંસ c. ઈસ્ટર્ન કાંસ d. સઈજ-હાજીપુર કાંસ e. આરસોડીયા કાંસ f. ડીંગુચા-ડાંગરવા કાંસ g. રાજપુર-પિયજ કાંસ

૨. પિયત સહકારી મંડળીઓ બનાવવાની કામગીરી.

પાઇપલાઇન યોજના થકી જોડેલ ગામ તળાવો પરની પિયત મંડળીઓ પૈકી કુલ- ૬૩ મંડળીઓ બનાવીને રજીસ્ટર કરેલ છે. તથા બાકી રહેતી પિયત મંડળીઓ બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

પૂર નિયંત્રણને લગતી કામગીરી.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હેઠળ દર વર્ષે સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેકટર-૮, ગાંધીનગર ખાતે મધ્યસ્થ પૂર નિયંત્રણ એકમ ચાલુ કરવામાં આવે છે અને ૧લી જૂન થી ૩૦મી ઓકટોબર સુધી સતત ૨૪ કલાક માટે ત્રણ પાળી માં એક કાર્યપાલક ઈજનેર, એક નાયબ કાર્યપાલક ઈજનેર, ત્રણ મદદનીશ ઈજનેર / અધિક મદદનીશ ઈજનેર અને વર્ગ-૪ના કર્મચારીઓ તથા મેસેન્જરની ટીમ બનાવી રોસ્ટર ડયુટીમાં પૂર નિયંત્રણને લગતી કામગીરી ચાલુ રાખવામાં આવે છે. બાકીના સમયગાળા દરમ્યાન સામાન્ય કામકાજ અર્થે કચેરી સમય દરમ્યાન સ્ટેટ વોટર ડેટા સેન્ટર

બિલ્ડીંગ, સેકટર-૮, ગાંધીનગર ખાતે કાર્યરત રહે છે. વધુમાં દર વર્ષે સિંચાઇ વિભાગનું ડિઝાસ્ટર મેનેમજમેન્ટ પ્લાન પણ અત્રેની વર્તુળ કચેરી દ્વારા તૈયાર કરવામાં આવે છે.

- **લઘુ સિંચાઇ એકમ-૨, ગાંધીનગરની કામગીરી.**

આ વર્તુળ કચેરી હેઠળ ૧લી જૂન થી ૩૦મી ઓકટોબર સુધી સતત ૨૪ કલાક માટે ત્રણ પાળી માં પૂર નિયંત્રણને લગતી કામગીરી તેમજ સુજલામ-સુફલામ જળ અભિયાન અંતર્ગત સરકારશ્રી દ્વારા સોંપવામાં આવતી વિવિધ કામગીરી લઘુ સિંચાઇ એકમ-૨ હેઠળ નિભાવવામાં આવે છે.

સિંચાઇ યોજના

વર્તુળ કચેરીનું નામ : અધિક્ષક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ વર્તુળ-૧, ગાંધીનગર

કર્મચારી વર્ગના વર્ગ	૩૧ માર્ચ-૨૦૨૧ના રોજ અંદાજી જગ્યાની સંખ્યા			૩૧ માર્ચ-૨૦૨૨ના રોજ અંદાજી જગ્યાની સંખ્યા		
	કાયમી	હંગામી	સરવાળો	કાયમી	હંગામી	સરવાળો
(ક) રાજ્ય હસ્તકની નોકરીઓ						
૧. તાંત્રિક						
રાજ્યપત્રિત	૨૦	૪૭	૬૭	૨૦	૪૭	૬૭
બિનરાજ્યપત્રિત	૬	૪૬	૫૨	૬	૪૬	૫૨
સરવાળો (૧)	**૨૬**	**૯૩**	**૧૧૯**	**૨૬**	**૯૩**	**૧૧૯**
૨. બિન તાંત્રિક						
રાજ્યપત્રિત	૦	૦	૦	૦	૦	૦
બિનરાજ્યપત્રિત	૨૬	૭૨	૯૮	૨૬	૬૧	૮૭
સરવાળો (૨)	**૨૬**	**૭૨**	**૯૮**	**૨૬**	**૬૧**	**૮૭**
સરવાળો (૧) + (૨)	**૫૨**	**૧૬૫**	**૨૧૭**	**૫૨**	**૧૫૪**	**૨૦૬**
૩. કામ પર રોજ પરનું મહેકમ.	૦	૬	૬	૦	૬	૬
સરવાળો (૩)	**૦**	**૬**	**૬**	**૦**	**૬**	**૬**
સરવાળો (૧)+(૨)+(૩)	**૫૨**	**૧૭૧**	**૨૨૩**	**૫૨**	**૧૬૦**	**૨૧૨**
(ખ) છૂટક કામદારો સહિત કોન્ટ્રાકટરની નોકરી. (ડ્રાઇવર/સેવકની આઉટસોર્સથી સેવા)	૦	૨૪	૨૪	૦	૩૧	૩૧

નોંધ : આ કચેરી હેઠળની વિભાગીય / પેટા વિભાગીય કચેરીઓમાં ૩૧ આઉટસોર્સથી સરકારશ્રી દ્વારા માન્યતા મેળવેલ એજન્સી મારફતે સેવા લેવામાં આવેલ છે.

સુજલામ સુફલામ વર્તુળ નં-૨, મહેસાણા.

સને ૨૦૨૨-૨૦૨૩

સુજલામ સુફલામ વર્તુળ-નં-૨, મહેસાણા હાલ. જી.આર.ડબ્લયુ.આર.ડી.સી. ના પ્રયોગશાળા બિલ્ડીંગમાં ગણપત યુનીવર્સીટી ની સામે ખેરવા ખાતે સને. ૨૦૦૪ થી કાર્યરત છે.

હાલમાં સુજલામ સુફલામ વર્તુળ-નં-૨, મહેસાણા ના અધિક્ષક ઈજનેર તરીકે શ્રી ડી.સી.પટેલ છે. અત્રેના વર્તુળ હસ્તક નીચે જણાવેલ ૫(પાંચ) વિભાગો કાર્યરત છે.

૧	સુજલામ સુફલામ વિભાગ-નં-૨, વિસનગર.	શ્રી એચ.આર.ઠક્કર ઈન્ચાર્જ
૨	ધરોઈ મુખ્ય બંધ વિભાગ-નં-૧, ધરોઈ કોલોની	શ્રી એસ.એસ.પટેલ ઈન્ચાર્જ
૩	ધરોઈ નહેર વિભાગ નં-૩, વિસનગર.	શ્રી આર.આર.પટેલ
૪	ડીસા સિંચાઈ વિભાગ ડીસા	શ્રી જે.એન.ડામોર
૫	સીપુ યોજના વિભાગ પાલનપુર	શ્રી જે.એન.ડામોર ઈન્ચાર્જ

અત્રેના વર્તુળ હસ્તક ધરોઈ જળાશય યોજના દાંતીવાડા જળાશય યોજના, સીપુ યોજના, મુકેતશ્વર યોજના અને સરસ્વતી બેરેજ યોજના, હડમતીયા સિંચાઈ યોજના, ઉમીયા જળાશય (ભાંખર) યોજના તથા લાકરોડા વિયર યોજનાની બે લાખથી વધુ વિસ્તારમાં સિંચાઈ મરામત નિભાવની કામગીરી કરવામાં આવે છે.

સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ ની સાં.૧૫૮.૯૭ થી ૩૩૨ કિ.મી. સુધીની બાંધકામ મરામત નિભાવ ની કામગીરી કરવામાં આવે છે.

મહેસાણા અને બનાસકાંઠા, પાટણ જિલ્લામાં ભુગર્ભજળ રીચાર્જના કામો જેવા કે નાના/મોટા ચેકડેમ, બાંધકામ તથા નાના/મોટા તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

અત્રેના વર્તુળ હસ્તકના વિભાગોની વિભાગવાર કામગીરી નીચે પ્રમાણે છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં-૨, વિસનગર હસ્તકની કામગીરી.

સુજલામ સુફલામ વિભાગ-૨, વિસનગર હસ્તક પાંચ પેટા વિભાગીય કચેરીઓ કાર્યરત છે.

અત્રેના વિભાગ હસ્તક સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાં.૧૫૮.૯૭૦ કી.મી. થી ૨૭૪.૩૪૫ કી.મી. સુધી ૧૧૫.૩૭૫ કી.મી. લંબાઈમાં સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ તથા તેને ક્રોસ થતા મોટી નદીઓના નાળા તથા અન્ય સી.ડી. વર્કસની મરામત જાળવણી તથા રીચાર્જ યોજના હેઠળ નર્મદા આધારીત પાઈપલાઈન દ્વારા ઉપલબ્ધ પાણી તથા ચોમાસા દરમ્યાન નર્મદાના વહી જતા વધારાના પાણીને સદર કેનાલમાં નાખી ઉત્તર ગુજરાતના પાણીથી વંચિત તેવા પાટણ, મહેસાણા તથા ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને ઉદવહન તથા રીચાર્જ સિંચાઈનો લાભ આપવામાં આવે છે.

વિભાગ હસ્તક સદર સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલને સંલગ્ન કાંસમાં પાણી રીચાર્જ કરવાની કામગીરી જે અન્વયે મહેસાણા જિલ્લામાં એજન્સી દ્વારા સદર નેટવર્કની કામગીરી પ્રગતિ હેઠળ છે.

વિભાગ હસ્તક સાબરમતી નદી પર લાકરોડા વીયરના રેસ્ટોરેશન તથા પ્રોટેકશનની કામગીરી હાલમાં પુર્ણ કરવામાં આવેલ છે. અને તેના કાયમી નિરાકરણ માટે (Final Restoration) ની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

વિજાપુર તાલુકાના ધરોઈ એક્ષટેન્ડેડ તથા સુજલામ સુફલામ નહેર વચ્ચેના સિંચાઈથી વંચિત વિસ્તારને સિંચાઈની સગવડ મળી રહે તે સારૂ નર્મદા પાઈપલાઈન આધારીત આઠ પ્રશાખાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાંથી મહુડી પ્રશાખાની કામગીરી વર્ષ ૨૦૧૦ માં પૂર્ણ કરેલ છે. અને બાકીની પ્રશાખાઓમાં જમીન સંપાદનના પ્રશ્નોને લીધે કામગીરી થઈ શકે તેમ નથી. જેથી વિજાપુર અને માણસા તાલુકાઓના ત્રિકોણીયા વિસ્તારના ગામડાઓના ગામ તળાવ નર્મદાના પાણીથી ભરવા માટે પાઈપલાઈનની કામગીરીનુ ટેન્ડર મંજુર થઈ કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જેમાં ઈજારદારશ્રી દ્વારા ૬૦% જેટલી કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

પાટણ જિલ્લાના પાટણ, સરસ્વતી અને ચાણસ્મા તાલુકાઓમાં જળસંચય યોજના હેઠળ તળાવો ઉંડા કરવા તથા ચેકડેમ બાંધકામની કામગીરી અત્રેના વિભાગ હસ્તક છે. તેમજ મહેસાણા અને પાટણ જિલ્લામાં આવતા તાલુકાના તળાવો સુજલામ સુફલામ નહેર, નર્મદા મુખ્ય નહેર આધારીત પાઈપલાઈન દ્વારા તેમજ સુજલામ સુફલામ નહેરને ક્રોસ થતી ડ્રેઈનો દ્વારા મહેસાણા જિલ્લાના કુલ ૬૪ તળાવો તેમજ પાટણ જિલ્લાના કુલ ૭૭ મળીને કુલ ૧૪૫ તળાવો ભરવાની કામગીરી કરવામાં આવે છે.

INDEX

પાટણ, સરસ્વતી અને ચાણસ્મા તાલુકાના ગામોના તળાવો નર્મદાના વધારાના પાણીથી ભરવામા ટેકસરા- દાંતીવાડા પાઇપલાઇનમાંથી સટાવડ ગામ આગળ વાલ્વ નાખી ૩૦ ગામોના ૫૫ તળાવો ભરવાની રૂપિયા ૧૦૮ કરોડ દરખાસ્તને સરકારશ્રીમાંથી મંજુરી આપવામાં આવેલ છે. જેના સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. પરંતુ કસરા દાંતીવાડા મુખ્ય એમ.એસ. પાઈપલાઈનની કામગીરી બાકી હોઈ તેમજ પથરેખા નક્કી ન હોઈ અત્રેથી અંદાજ બનાવવાની કામગીરી હાલમાં થયેલ નથી. જે પથરેખા નક્કી થયેથી અત્રેથી નકશા-અંદાજો બનાવી આગળની મંજુરી માટે મોકલી આપવામાં આવશે.

મહેસાણા તાલુકાના દેલા-ઉચરપી ગામના સીમાડામાં ચેકડેમનુ કામ હાલમાં પ્રગતિમાં છે. આ કામમાં કુલ કામગીરી ના ૫૦% કામગીરી ઈજારદારશ્રી દ્વારા પુર્ણ કરવામાં આવેલ છે. સદર ચેકડેમ બનવાથી ૧૦૦ હેકટર વિસ્તાર ને સિંચાઈ માટે પાણીની સુવિધા પ્રત્યકક્ષ કે પરોક્ષ રીતે લાભ થશે. તેમજ મહેસાણા તાલુકાના સોનેરીપુરા ગામે નવીન ચેકડેમ બનાવવા અંગે પરીક્ષણ તથા સર્વેક્ષણ ની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. તથા આલેખન કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આજ રીતે સામેત્રા ગામે નવીન ચેકડેમ બનાવવા અંગે પરીક્ષણ, સર્વેક્ષણ અને આલેખનની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. તેમજ મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના કરણસાગર ગામે રૂપેણ નદી પર કુલ ૨ ચેક્ડેમ બનાવવાની કામગીરીની સરકારશ્રીમાંથી મંજુરી મળેથી ચેકડેમ બાંધવાની કામગીરી કરવામાં આવશે.

રૂપેણ નદી જ્યાં રણમાં મળે છે ત્યાં રૂપેણ નદીના વધારાના પાણીનો સંગ્રહ કરવા વૈદિક સરસ્વતી યોજના હેઠળ સર્વેની મંજુરી મળતાં સર્વે કામના ટેન્ડર પ્રક્રિયા પ્રગતિમાં છે. તેમજ સાબરમતી નદીમાં વલાસણા ગામ પાસે વલાસણા બેરેજ બનાવવાની કામગીરીનુ ટેન્ડર ₹ ૯૩૫૦ નુ મંજુર કરી હાલમાં કામગીરી પ્રગતિમાં છે. જેમાં ઈજારદારશ્રી દ્વારા ૮૧% જેટલી કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, ધરોઈ નહેર વિભાગ નં-૩, વિસનગર હસ્તકની કામગીરીની વિગતો

ધરોઈ નહેર વિભાગ નં-૩, વિસનગર હસ્તક સાબરમતી જમણાકાંઠા મુખ્ય નહેરની સાં. ૨૦.૯૧ થી ૪૩.૪૭૨ કી.મી. અને તેની વિસ્તરણ વ્યવસ્થા, સાબરમતી સરસ્વતી લીંક કેનાલ અને સિપોર લુપ કેનાલની સિંચાઈ વ્યવસ્થાપનની ૪૭૪૭૯ હેકટરની કામગીરી, નહેરોની સુધારણા, મહેસાણા જિલ્લાના ઉંઝા, બેચરાજી, વિસનગર, વડનગર તાલુકાના કાંસ સુધારણા, ચેકડેમ અને તળાવોના જળસંચયના કામોની કામગીરી પ્રગતિ હેઠળ છે.

સિંચાઈ વ્યવસ્થાપન :

સદર વિભાગ હસ્તક ૪૭૪૭૯ હેકટર વિસ્તારમાં સિંચાઈ વ્યવસ્થાપની કામગીરી છે.

સાબરમતી જમણાકાંઠા વિસ્તૃતિકરણ :

સાબરમતી જમણાકાંઠા મુખ્ય નહેરમાં કુલ ૨૩૮૮૭ હેકટર વિસ્તારમાં વિસ્તૃતિકરણની યોજના વર્ષ ૨૦૦૦ માં ₹ ૫૪ કરોડના ખર્ચે મંજુર કરવામાં આવેલ જે વર્ષ ૨૦૦૮ માં પુર્ણ કરવામાં આવેલ છે. હાલમાં સિંચાઈનો લાભ આપવામાં આવે છે.

સિપોર લુપ કેનાલ :

સાબરમતી જમણાકાંઠા નહેરના લાભોથી વંચિત વિસ્તારના ગામો માટે નહેરની જમણી બાજુએ ₹ ૫.૦૦ કરોડના ખર્ચે ૨૧૦૦ હેકટર વિસ્તારમાં લાભ આપવા સિપોર લુપ કેનાલ વર્ષ ૨૦૦૬-૦૭ માં બનાવવામાં આવેલ છે. જેમાં છેલ્લા દસ વર્ષથી સિંચાઈનો લાભ આપવામાં આવે છે.

નહેરોની સુધારણા :

સાબરમતી જમણાકાંઠા મુખ્ય નહેરની સાં. ૨૦.૯૧ થી ૪૩.૪૭૨ કી.મી. નહેર સુધારણાના કામો માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૫૨૬ લાખના આયોજન સામે ₹ ૧૩૩.૦૦ લાખના કામો પુર્ણ કરેલ છે. અને બાકીના કામો ચાલુ સાલે પુર્ણ કરવાનો આયોજન છે. તથા વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૦૧૪ લાખના કામોનું આયોજન છે.

સહભાગી સિંચાઈ વ્યવસ્થા :

ધરોઈ પ્રોજેકટ સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદ કરેલ છે. સદર વિભાગ હસ્તકનો બધોજ પિયત વિસ્તાર સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ આવરી લીધેલ છે. જેમાં કુલ ૧૮૦ મંડળીઓ કાર્યરત છે. અને પુનરોધ્ધારના ૭૩ લાખના કામો પૈકી ૨૦૨૧-૨૨ માં ₹ ૧૫.૦૦ લાખના કામો પુર્ણ કરેલ છે. અને બાકીના કામો ચાલુ સાલે પુર્ણ કરવાનો આયોજન છે તથા વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૨ લાખના કામોનું આયોજન છે.

INDEX

જળસંચયના કામો :

વર્ષ ૨૦૨૧-૨૨ માં હયાત તળાવો ઉંડા કરવાના, ડ્રેઈનો રીસ્ટોરેશન કરવાના કામો તથા મહેસાણા તાલુકાના વીરતા અને ઉંઝા તાલુકાના ઐઠોર ગામે પુષ્પાવતી નદી પર નવીન ચેકડેમ બાંધવાના કામો પુર્ણ કરવાનું આયોજન કરેલ છે.

હિરપુરા બેરેજ :

સાબરમતી નદી ઉપર વિજાપુર તાલુકાના હિરપુરા ગામ નજીક વિજાપુર-હિંમતનગર રોડના પુલથી ઉપરવાસમાં ધરોઈ ડેમથી ૫૮.૫૦ કી.મી. નીચે વાસમાં હિરપુરા બેરેજ બનાવવાની કામગીરી પ્રગતિમા છે. જેનાથી આશરે ૭૯૧૦.૦ એકર વિસ્તારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ મળશે.

કાર્યપાલક ઈજનેરશ્રી, ધરોઈ મુખ્યબંધ વિભાગ નં-૧, ધરોઈ કોલોનીની કામગીરી

ધરોઈ મુખ્યબંધ વિભાગ નં-૧, ધરોઈ કોલોની વિભાગીય કચેરીએ ૧૯૭૧ થી કાર્યવંત છે.

(અ) સિંચાઈ

(૧) વિભાગીય કચેરી પાસે જમણાકાંઠા મુખ્ય નહેર ૦ મી. થી ૨૦.૯૧ કી.મીટર તથા તેની શાખા નં-૧ અને તેની પ્રશાખાઓ આવેલ છે. તેના બ્લોક નં- ૧, ૨ અને ૩ ના મુળભુત વિસ્તાર એક્ષટેન્શન વિસ્તાર સાથેનો

	કુલ	૨૪૫૧૩ હેકટર
(૨) ધરોઈ જળાશયના ડુબ વિસ્તાર તથા રીવર્સ કેનાલ સિંચાઈ વિસ્તાર		૪૪૧૩ હેકટર
(૩) ચીમનાબાઈ સરોવરની સિંચાઈ વિસ્તાર		૨૦૨૪ હેકટર
	કુલ સિંચાઈ વિસ્તાર	૩૦૯૫૦ હેકટર

(બ) મુખ્યત્વ કામગીરી

(૪) ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન મોટી ધરોઈ યોજનાનુ ચોમાસામાં પૂર નિયંત્રણની આવશ્યક સેવાની કામગીરી તથા મહેસાણા, બનાસકાંઠા તથા સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણીના સાથેના જળાશયના પાણીના આયોજનની કામગીરી.

(૫) ધરોઈ મુખ્યબંધ માટીનો ડેમ ડાઈક નં-૧, ૨, ૩ અને ૪ તેમજ ધરોઈ કોલોની, બાબસર કોલોની, વલાસણા કોલોની, સરદારપુર કોલોની તથા જંત્રાલ કોલોની અને રેસ્ટ હાઉસની વાર્ષિક મરામતની કામગીરી.

(૬) સુજલામ સુફલામ કેનાલ તથા જમણાકાંઠા નહેરના ઈ.આર.એમ.ના કામનો ફીલ્ડ લેબોરેટરી સાથેના લેબોરેટરીંગ ટેસ્ટીંગનું કામ તથા ગુણવત્તા નિયમનની કામગીરી.

(૭) ડુબ વિસ્તારના ખેડુતોના પુનઃવસવાટને લગતા જુદા જુદા કોર્ટના કેસોના ચુકાદાને આધીન વળતર તેમજ પુનઃવસનની કામગીરી.

(૮) DSRP ની સ્થળ મુલાકત દરમ્યાન આપેલ સૂચના મુજબ ધરોઈ મુખ્ય બંધની સલામતી અને સંરક્ષણ સારૂં વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૪૫૦૦ લાખનું આયોજન છે. તેમજ DRIP ની સૂચના મુજબની ડેમ પુનરોધ્ધારની કામગીરીનુ આયોજન.

(૬) ધરોઈ યોજનાની હયાત વિભાગીય કચેરી, પેટા વિભાગીય કચેરીઓ, ધરોઈ વસાહત, બાબસર વસાહત, જંત્રાલ વસાહતનું આધુનિકરણ અને પુનઃસંરક્ષણની કામગીરી સારૂં તેમજ પાયાની સુવિધા પુરી પાડવાની કામગીરી સારૂં વર્ષ ૨૦૨૨-૨૩ ₹ ૮૫ લાખનું આયોજન છે.

(૭) ધરોઈ યોજનાની ધરોઈ મુખ્ય બંધ વિભાગ નં-૧ હેઠળની નહેરોનું વિસ્તૃતિકરણ, નવીનીકરણ અને આધુનિકરણના કામગીરી સારૂં વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૩૨૫ લાખનું આયોજન છે.

(૮) પી.આઈ.એમ. હેઠળ જમણાકાંઠા મુખ્ય નહેરમાં બ્લોક નં-૧, ૨ અને ૩ ની કુલ (૨૬૭ પૈકી ૮૯) પિયત સરકારી મંડળીઓના ૨૨૦૨૪ હેકટરના વિસ્તારનું સહભાગી સિંચાઈ વ્યવસ્થાની કામગીરી સાથે મરામત તથા નિભાવણીની કામગીરી સારૂં ૨૦૨૨-૨૩ માં પી.આઈ.એમ.માં ₹ ૨૦ લાખના કામોનું આયોજન છે.

તળાવની કામગીરી

મહેસાણા જિલ્લાના સતલાસણા, ખેરાલુ તેમજ વિજાપુર તાલુકાના તળાવ ઉંડા ઉતારવાની કામગીરી સારૂં ૨૦૨૨-૨૩માં ₹ ૨ લાખનું આયોજન છે.

ચેકડેમની કામગીરી

વિજાપુર, સતલાસણા, ખેરાલુ તાલુકાના ચેકડેમનું રીસ્ટોરેશન અને રીપેરીંગ તેમજ નવિન ચેકડેમ બનાવવાની કામગીરી સારૂં ૨૦૨૨-૨૩ માં ₹ ૨૫૦ લાખનું આયોજન છે

ડ્રેઈન સાફ-સફાઈની ની કામગીરી.

વિજાપુર, સતલાસણા, ખેરાલુ તાલુકાના ડ્રેઈનોના સાફસફાઈ અને પુન:સંરક્ષણની કામગીરી સારૂં ૨૦૨૨-૨૩ માં ₹ ૭૫ લાખનું આયોજન છે.

ધરોઈ ખાતે પ્રવાસન વિકસાવવાની કામગીરી

ધરોઈ બંધ વિસ્તારની વૈશ્વિક કક્ષાના પ્રવાસી / તીર્થસ્થળ રૂપે વિકાસ કરવાની કામગીરી અને સદર કામગીરી સારૂં કન્સલ્ટન્ટસી રોકવાની કામગીરી સારૂં. ₹ ૧૪૦૦ લાખનુ આયોજન છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, ડીસા સિંચાઈ વિભાગ ડીસા હસ્તકની કામગીરીની વિગત

(૧) દાંતીવાડા જળાશય યોજના :

દાંતીવાડા જળાશય યોજના બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ગામ પાસે બનાસ નદી ઉપર સને ૧૯૫૯ માં શરુ કરી ૧૯૬૫ માં પૂર્ણ કરવામાં આવેલ. જળાશયનો કુલ સ્ત્રાવક્ષેત્ર ૨૮૬૧.૮૪ ચો.કિ.મી. છે. જળાશયનું પૂર્ણ મહતમ લેવલ ૧૮૪.૧૫મી.(૬૦૪ ફુટ) તથા લઘુતમ જળ સપાટી ૧૬૧.૮૫ મી. (૫૩૧ ફુટ) છે. જળાશયની હાલની જીવંત સંગ્રહશકિત ૩૮૭.૪૦૯ મી.ઘ.મી. અને મૃત જથ્થો ૬.૨૦૭ મી.ઘ.મી. મળી કુલ જળ સંગ્રહશકિત ૩૯૩.૬૧૬ મી.ઘ.મી. છે. આ યોજનાથી બનાસકાંઠા જિલ્લાના ૪ તાલુકાના ૬૧ ગામોની ૨૬૧૭૪ હેકટર જમીન અને પાટણ જિલ્લાના ૨ તાલુકાના ૪૯ ગામોની ૧૯૬૮૯ હેકટર જમીન મળી કુલ ૪૫૮૨૩ હેકટર જમીનને પિયતનો લાભ મળે છે.

(૨) સરસ્વતી બેરેજ યોજના :

સરસ્વતી બેરેજ યોજના પાટણ જિલ્લાના માતરવાડી ગામ પાસે સરસ્વતી નદી ઉપર સને ૧૯૬૫માં શરુ કરી ૧૯૭૨માં પૂર્ણ કરવામાં આવેલ. આ યોજનાના જળાશયની સંગ્રહશકિત ૧.૪૨ મી.ઘ.મી. છે. આ યોજનાનો પાટણ જિલ્લાના ૩ તાલુકાના ૨૪ ગામોના ૬૭૨૧ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળે છે. આ બેરેજમાં પાણી સંગ્રાહી શકાતુ નથી. પરંતુ નર્મદા આધારીત ખોરસમ પાઈપ લાઈન દ્વારા નહેરમાં પાણી નાંખી સિંચાઈ કરવામાં આવે છે.

(૩) ડેમ સેફટીના કામો :

દાંતીવાડા જળાશય યોજનામાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ડેમ સેફટીના ₹ ૨૫૦.૦૦ લાખના કામોનું આયોજન છે. જેમાંથી ₹ ૧૨૩.૭૦ લાખના કામો પુર્ણ થયેલ છે. ૨૦૨૨-૨૩ માં ૩૦૦ લાખના કામોનુ આયોજન છે.

(૪) ઈ.આર.એમ.ના કામો :

ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૩૦૮ લાખ ના કામો હાથ ધરવાનું આયોજન છે. તેમાંથી ₹ ૮૭.૦૫ લાખના કામો પુર્ણ થયેલ છે. અને ૨૦૨૨-૨૩ માં ₹ ૪૫૦ લાખના કામોનું આયોજન છે.

(૫) તળાવો :

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ૯૦:૧૦ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના અને પાટણ જિલ્લાના કુલ ૭૮ તળાવો ₹ ૨૨૩.૪૦ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં બે જિલ્લાના મળી ૭૦ તળાવો ₹ ૩૫૬.૩૫ લાખના ખર્ચે પુર્ણ કરવાનું આયોજન છે.

(૬) ચેકડેમ :

ચાલુ સાલે ₹ ૩૦૦ લાખના ખર્ચે નાના ચેકડેમ બનાવવાનું આયોજનમાં હતું. પરંતુ કોરોનાની પરિસ્થિતિને લીધે એકપણ નાનો ચેકડેમ બનાવવાનો ખર્ચ થયેલ નથી. આગામી ૨૦૨૨-૨૩ના વર્ષે ₹ ૧૮૫ લાખના ખર્ચે ચેકડેમો બનાવવાનું આયોજનમાં લીધેલ છે.

INDEX

(૭) **ચેકડેમ રીપેરીંગ :**

ચાલુ સાલે ૨૦૦ લાખના ખર્ચે ચેકડેમ રીપેર કરવાનું આયોજન હતું. પરંતુ સરકારશ્રીમાંથી થયેલ આદેશ મુજબ ૧૦૦ દિવસમાં ગુજરાત રાજ્યમાં ૧૦૦૦ ચેકડેમ રીપેર કરવાનું આયોજન હોઈ અત્રેની કચેરી દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મળી કુલ ૯૭ ચેકડેમો રીપેર કરવાનું આયોજન છે. જેમાં ₹ ૫૦૦ લાખ ખર્ચ થનાર છે. સને ૨૦૨૨-૨૩માં ₹ ૩૮૧.૮૮ લાખના ખર્ચે ચેકડેમ રીપેરીંગ કરવાનું આયોજન છે.

(૮) **સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ :**

અત્રેના વિભાગ હસ્તકની સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સાં.૨૮૦.૭૯૫ કિમી. થી ૩૨૨.૨૪૦ કિમી. વચ્ચે માટીકામ પૂર્ણ થયેલ છે તેમજ સ્ટ્રકચરોનું કામ પૂર્ણ થયેલ છે જયારે કેનાલ ઉપર વધારાના ફુટબ્રિજ તેમજ ઈનલેટ, વીઆરબી સ્ટ્રકચરોનું કામ વર્ષ ૨૦૧૨-૧૩માં પૂર્ણ કરવામાં આવેલ છે. અને પાણી વહન કરાવવામાં આવે છે.

સને ૨૦૨૧-૨૨માં સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં મેઈન્ટેનન્સ અને રીપેરીંગના તેમજ ઈનલેટના કામો કરવામાં આવેલ છે. આગામી સને ૨૦૨૨-૨૩માં ઈનલેટ, ફુટબ્રિજ અને વી.આર.બીના ₹ ૪૦૦ લાખના કામો કરવાનું આયોજન છે.

(૯) **પી.આઈ.એમ. :**

દાંતીવાડા જળાશય યોજનાના કમાન્ડ વિસ્તારમાં કુલ પિયત વિસ્તાર ૪૫૮૨૩ હેકટર પૈકી ૨૮૦૭૦.૬૪ હેકટરમાં ૧૩૯ પિયત મંડળીઓનું રજીસ્ટ્રેશન ૨૧૭૧૮.૧૬ હેકટરમાં ૧૦૯ પિયત મંડળીઓનું હસ્તાંતર થયેલ છે. બાકી રહેલ વિસ્તારમાં પિયત મંડળીઓની રચનાની કામગીરી પ્રગતિમાં છે. ચાલુ વર્ષે ₹ ૯૨.૫૦ લાખ ના આયોજન પૈકી પિયત મંડળીઓ દ્વારા ₹ ૪૧.૫૮ લાખના કામો પુર્ણ કરેલ છે. તથા સને ૨૦૨૨-૨૩ માં ₹ ૧૫૭.૦૦ લાખનું આયોજન છે.

સરસ્વતી બેરેજ યોજનાના કમાન્ડ વિસ્તારમાં કુલ પિયત વિસ્તાર ૬૭૨૧ હેકટર પૈકી ૫૧૦૦ હેકટરમાં ૨૨ પિયત મંડળીઓનું રજીસ્ટ્રેશન અને ૩૬૯૦ હેકટરમાં ૧૭ પિયત મંડળીઓનું હસ્તાંતર થયેલ છે. બાકી રહેલ વિસ્તારમાં પિયત મંડળીઓની રચનાની કામગીરી પ્રગતિમાં છે.

(૧૦) **મોટા ચેકડેમ :**

ચાલુ વર્ષે ₹ ૫૯૪ લાખના આયોજન પૈકી અત્રેના વિભાગ દ્વારા ₹ ૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. તથા સને ૨૦૨૧-૨૨ માં ₹ ૧૬૧.૬૫ લાખનું આયોજન છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, સીપુ યોજના વિભાગ, પાલનપુર હસ્તકની કામગીરી નીચે મુજબ છે.

(૧) **સીપુ જળાશય યોજના :**

આ યોજના સીપુ નદી પર આવેલ છે. સીપુ જળાશય યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે. આ જળાશયમાં ઉપલબ્ધ જળ રાશી મુજબ સિંચાઈની કામગીરી કરવામાં આવે છે. આ યોજનાનો કમાન્ડ વિસ્તાર ૧૬૦૦૦ હેક્ટર છે. જેમાં ડીસા તાલુકાના ૨૫ ગામોનો સમાવેશ થાય છે. આ યોજનાની મુખ્ય નહેરની લંબાઈ ૨૧ કિ.મી. છે.

(૨) **મુકતેશ્વર સિંચાઈ યોજના :**

મુક્તેશ્વર સિંચાઈ યોજના સરસ્વતી નદી પર આવેલ છે. આ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે. જળાશયમાં ઉપલબ્ધ જળરાશી મુજબ સિંચાઈની કામગીરી કરવામાં આવે છે. આ યોજનામાં જમણાકાંઠા અને ડાબકાંઠા મુખ્યનહેર કાઢવામાં આવેલ છે. આ યોજનાનો કુલ કમાન્ડ વિસ્તાર ૬૧૮૬ હેક્ટર છે. જેમાં વડગામ તાલુકાના ૨૧ અને ખેરાલુ તાલુકાના ૮ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) **હડમતીયા સિંચાઈ યોજના :**

આ યોજના સીપુ નદી ની પ્રશાખા પર આવેલી છે. આ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે. તેમાં ઉપલબ્ધ જળરાશી મુજબ સિંચાઈ કરવામાં આવે છે. આ યોજનાની મુખ્ય નહેર ૭.૦ કિ.મી. લંબાઈની છે. આ યોજના નો કમાન્ડ વિસ્તાર ૭૯૨ હેક્ટર છે. તમાં દાંતીવાડા તાલુકાના ૬ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૪) **બાલારામ સિંચાઈ યોજના :**

આ યોજના બાલારામ(બનાસ) નદી પર આવેલી છે. આ યોજનાનુ બાંધકામ પૂર્ણ થયેલ છે. આ યોજનાની મુખ્ય નહેરની પથરેખામાં જંગલખાતાની જમીન આવતી હોવાથી મુખ્ય નહેરની કામગીરી થઈ શકેલ નથી.

INDEX

(૫) ઉમરેચા રીચાર્જ સ્કીમ :

ઉમરેચા રીચાર્જ સ્કીમની કામગીરી પુર્ણ થયેલ છે આ યોજના સરસ્વતી નદી પર અવેલ છે. આ યોજના રીચાર્જ સ્કિમ હોઇ નહેરો બનાવેલ નથી.

(૬) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ

સુજલામ સુફલામ સ્પ્રે. કેનાલની સાં.૩૨૨.૨૪૦ કિ.મી. થી સાં.૩૩૨.૦૯૫ કિ.મી. વચ્ચેના ૨૦૧૭ ના ચોમાસા દરમ્યાન થયેલ નુકશાનની મરામતની કામગીરી પૂર્ણ થયેલ છે.

સુજલામ સુફલામ સ્પ્રે. કેનાલની સાં.૩૩૨.૦૯૫ કિ.મી. થી ૩૩૭.૫૨૫ કિ.મી. સુધી લંબાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે. રેલ નદી સદર નહેરને ક્રોસ્સ થતી હોય તે જગ્યા ઉપર છલતી બનાવવાની કામગીરી અને નહેરને ક્રોસ કરતાં રસ્તાઓ માંથી નહેરને પસાર કરવાની પાઈપક્રોસસિંગ ની કામગીરી વર્ક ઓડર સ્ટેજ માં છે.

(૭) જળસંચય યોજના હેઠળ ચેકડેમ તથા તળાવની કામગીરી :

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, દાંતા, અમીરગઢ, વડગામ, દાંતીવાડા તાલુકાના તળાવ ઉંડા કરવાની તેમજ ચેકડેમ બનાવવાની તથા પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના તળાવ ઉંડા કરવાની તેમજ ચેકડેમ બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

વધુમાં અત્રેના વિભાગ હસ્તક નીચે મુજબના કામો પ્રગતિ હેઠળ તેમજ નવીન હાથ ધરવાના થાય છે.

સીપુ જળાશય યોજના ખાતે વધારાની છલતી બનાવવાની કામગીરી સારૂં જરૂરી ડીઝાઈન વિગેરે હાલ પ્રગતિ હેઠળ છે.

(૮) પી.આઈ.એમ. :

સીપુ જળાશય યોજનાના કમાન્ડ વિસ્તારમાં કુલ પિયત વિસ્તાર ૧૬૦૦૦ હેકટર પૈકી ૧૪૫૪૫ હેકટરમાં ૨૭ પિયત મંડળીઓનું રજીસ્ટ્રેશન થયેલ છે. જેમાં પી.આઈ.એમ. હેઠળ મંડળીઓના પ્રથમ અને બીજા તબક્કાની કામગીરી પુર્ણ થયેલ છે. અને હાલમાં ત્રીજા તબકકાની કામગીરી ચાલુમાં છે.

સીપુ યોજના વિભાગની વર્ષ ૨૦૨૧-૨૨ કામગીરી નું આયોજન

અનુ નં	કામનું નામ	અંદાજીત કીંમત ₹ લાખમાં	હાલની પરિસ્થિતિ
૧.	સીપુ ડેમની વધારાની છલતીની કામગીરી	૧૧૦૩૪.૦૦	ડીઝાઈન સ્ટેજ
૨.	સીપુ ડેમના પેરીફરી રોડની રીપેરીંગની કામગીરી	૭૭.૦૦	તા.મં સ્ટેજ
૩.	સીપુ ડેમના હેઠવાસમાં ડા.બા. ના પાળાની ગેબીયનની કામગીરી	૩૦૦.૦૦	અંદાજ સ્ટેજ
૪.	સીપુ ડેમના માટીયાર બંધના રોડની રીસરફેસીંગની કામગીરી	૧૭૮.૦૦	તા.મં. સ્ટેજ
૫.	સુજલામ સુફલામ સ્પ્રે નહેરને સા ૩૩૨.૦૯૫થી ૩૩૭.૫૨૫ કી.મી લંબાવાવની કામગીરી	૩૬૦૦.૦૦	ખોદાણ કામગીરી પૂર્ણ રોડ ક્રોસસિંગ વર્ક ઓડર સ્ટેજ
૬.	હડમતીયા નાની સિંચાઈ યોજનાની નહેર સુધારણા તેમજ મજબૂતીકરણનું કામ	૮૦.૦૦	વ.મં.સ્ટેજ
૭.	બાલારામ નદી પર વગદડી મોટા ચેકડેમ બાંધવાની કામગીરી	૩૬૭.૦૦	ટેન્ડર સ્ટેજ
૮.	બાલારામ નદી પર ચિત્રાસણી ગામેમોટા ચેકડેમ બાંધવાની કામગીરી	૩૬૭.૦૦	વન વિભાગમાં મંજુરી મળેલ છે. ડીઝાઈન સ્ટેજ
૯.	અમીરગઢ તાલુકામાં ૨ મોટા ચેકડેમની કામગીરી	૧૮૦.૦૦	૧.વર્ક ઓડર સ્ટેજ ૨. વ.મં સ્ટેજ
૧૦.	દાંતીવાડા તાલુકામાં ૧ મોટા ચેકડેમની કામગીરી	૧૧૦.૦૦	ડીઝાઈન સ્ટેજ
૧૧.	દાંતા તાલુકામાં ૨ મોટા ચેકડેમની કામગીરી	૨૦૦.૦૦	વ.મં સ્ટેજ

INDEX

૧૨.	બાલારામ ડેમથી પાલનપુર માનસરોવર તળાવ સુધી ની પાઈપલાઈનની કામગીરી	૫૩૦૦.૦૦	એલાઈમેન્ટ સ્ટેજ
૧૩.	લડબી નદીની ડીસીલ્ટીંગ અને જંગલ કટીંગની કામગીરી	૩૬૯.૦૦	પ્રગતિ
૧૪.	ડીંડરોલ ગામે ફલ્ડ પ્રોટેકશન વોલની કામગીરી	૬૦.૦૦	ડીઝાઈન સ્ટેજ
૧૫.	ચોડુંગરી ગામે ફલ્ડ પ્રોટેકશન વોલની કામગીરી	૨૬૦.૦૦	તાં.મં.સ્ટેજ
૧૬.	કંસટ્રકટીંગ પાઈપ લાઈન બીટવીન ૫૯૦૦ ટુ ૬૪૦૦ ઓફ એલ.બી.એમ.સી. ઓફ મુકતેશ્વર રીઝરવીપ્ર પ્રોજેકટ	૨૫૦.૦૦	વ.મં સ્ટેજ
૧૭.	જલોત્રા ગામે સરોડ વહેળા ઉપર મોટો ચેકડેમ બનાવવાની કામગીરી	૮૬.૦૦	પ્રગતિ
૧૮.	સીપુ જળાશય યોજનાની એમડી.૧ નહેર નેટવર્ક ની મજબુતીકરણ કામ	૩૦૦.૦૦	તાં.મં.સ્ટેજ
૧૯.	સીપુ જળાશય યોજનાની મુખ્ય નહેર ૦ થી ૯૨૫૦ મી. મજબુતીકરણનું કામ	૩૧૨.૦૦	વ.મં સ્ટેજ
૨૦.	સીપુ જળાશય યોજનાની મુખ્ય નહેર ૯૨૫૦ થી ૨૧૬૩ મી. મજબુતીકરણનું કામ	૩૫૨.૦૦	વ.મં સ્ટેજ
૨૧.	બનાસ નદી ઉપર સરોત્રા ગામે મોટો ચેકડેમ બનાવવાની કામગીરી	૧૧૫૦.૦૦	સૈ.મં.સ્ટેજ
	કુલ	**૨૪૯૩૨.૦૦**	

મુખ્ય ઈજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રીના કાર્યક્ષેત્રની વિગતો

(૧) મહી સિંચાઇ વર્તુળ, નડિયાદ : મહી જમણાકાંઠા નહેર યોજનાની કામગીરી ની સંક્ષિપ્ત નોંધ

પ્રસ્તાવના :

મહી જમણા કાંઠા નહેર યોજના બાલાસિનોર તાલુકાના વણાંકબોરી ગામે મહી નદી પર સને-૧૯૫૮માં વાણાંકબોરી આડબંધનું કામ પૂર્ણ કરવામાં આવેલ. વણાંકબોરી વિયર આધારીત (શેઢી શાખા નહેર તથા મેશ્વો આડબંધ આધારીત સિંચાઈ યોજના) સહીત ખેડા, આણંદ અને અમદાવાદ જિલ્લાના કુલ ૧૬ તાલુકાના ૬૪૨ ગામોનો ૨,૭૨,૫૧૫ હેક્ટર વિસ્તારને બારમાસી સિંચાઈનો લાભ પૂરો પાડવામાં આવે છે. આ વર્તુળ હસ્તક ખેડા જિલ્લાના બે વિભાગો અનુક્રમે નડિયાદ સિંચાઈ વિભાગ, નડિયાદ અને શેઢી સિંચાઈ વિભાગ, નડીયાદ કચેરી દ્વારા તથા આણંદ જિલ્લાના બે વિભાગો અનુક્રમે આણંદ સિંચાઇ વિભાગ આણંદ અને પેટલાદ સિંચાઇ વિભાગ, પેટલાદ એમ કુલ ચાર વિભાગીય કચેરીઓ કાર્યરત છે.

વિભાગીય કચેરીનું નામ	પેટા વિભાગની સંખ્યા	સેક્શનોની સંખ્યા	નહેરની કુલ લંબાઇ કિ.મી માં	પિયત વિસ્તાર હેક્ટરમાં
નડીઆદ સિંચાઇ વિભાગ, નડીઆદ	૪	૨૦	૭૮૯.૭૨	૫૫, ૩૮૫
આણંદ સિંચાઇ વિભાગ, નડીઆદ	૪	૧૭	૭૬૧.૫૨	૭૦, ૬૦૫
પેટલાદ સિંચાઇ વિભાગ, નડીઆદ	૪	૨૦	૮૫૦.૬૩	૮૬, ૪૦૪
શેઢી સિંચાઇ વિભાગ, નડીઆદ	૪	૧૬	૭૬૨.૭૪	૫૯, ૮૨૧
કુલ	**૧૬**	**૭૩**	**૩૧૯૪.૬૫**	**૨, ૭૨, ૫૧૫**

મહી પિયત વિસ્તાર અંતર્ગત કાંસનું આયોજન :

- મહી કમાન્ડ વિસ્તારની જુદા જુદા કેચમેન્ટ વિસ્તારની વરસાદી તેમજ ભૌગોલિક પરિસ્થિતિ અને તાંત્રિક વિગતો ચકાસી કાંસના માટીકામ માટે ૧૫ મી.મી. રન ઓફ અને નાળા માટે ૨૦ મી.મી. રન ઓફ પ્રમાણે ડીઝાઈન કરી સેકશન નકકી કરી તે મુજબ જમીન સંપાદન કરી કાંસ ખોદવામાં આવેલા છે. આમ, ખેડા અને આણંદ જિલ્લામા આ યોજના થકી આવરેલ સિંચાઈ વિસ્તારમા વરસાદી પાણીથી થતા બોરાણના પ્રશ્નો હળવા કરવા મુખ્ય કાંસો અને લેટરલ કાંસો મળી અનુક્રમે ૮૪૪ કિ.મી. અને ૧૧૮૦ કિ.મી. મળી એકંદરે કુલ ૨૦૨૪ કી.મી. લંબાઈમાં કાંસોનુ નેટવર્ક બનાવવામાં આવેલ

છે. હાલની વરસાદી પેર્ટન મુજબ ખેડા અને આણંદ જિલ્લામાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે ઉપર જણાવેલ લંબાઇના કાંસો અનલાઈન્ડ (કાચા) હોઈ બારમાસી સિંચાઈને લઈને પાણીનું વહન થવાથી કાંસોમાં સીલ્ટ તેમજ જળજન્ય વનસ્પતિના ભરાવાને કારણે તેનું નિયમિત મરામત કાર્ય થવું ખુબ જરુરી બને છે. આ માટે સરકારશ્રીના ૧૯૮૩-૮૪ થી ધારાધોરણ નકકી કરેલ છે. સામાન્ય રીતે કાસોમાં દર ત્રણ વર્ષે સફાઇ અને મરામત કાર્ય કરવા જરુરી બને છે. તે મુજબ ગ્રાન્ટની ઉપલબ્ધીને અનુલક્ષીને ગત વર્ષ ૩૩૯.૧૬ કિ.મી લંબાઈમાં કાંસોનું સફાઇ તથા મરામત કામ કરેલ છે અને અગામી વર્ષમા અંદાજીત ૩૫૦ કિ.મી લંબાઈમા કાંસોની સફાઇ કરવાનું આયોજન છે.

- કાંસની અલાયદી કામગીરી માટે ખેડા જિલ્લામાં ૨ અને આણંદ જિલ્લામાં ૨ મળી કુલ- ૪ પેટા વિભાગીય કચેરીઓ કાર્યરત છે.

મહી જમણા કાંઠા નહેર યોજના દ્વારા હાથ ધરાતી અન્ય કામગીરી

- આ યોજના કેનાલ નેટવર્ક દ્વારા મહી કમાન્ડ વિસ્તારની વિવિધ ૧૩ જુથ પાણી પુરવઠા યોજનાઓને બારમાસી પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.
- પરિએજ-કનેવાલ તળાવ આધારિત સૌરાષ્ટ્ર પાઈપ લાઈન પ્રોજેક્ટ દ્વારા સૌરાષ્ટ્રના વિસ્તારમા પીવાનુ પાણી પુરૂ પાડવામાં આવે છે.
- શેઢી શાખા નહેર આધારિત અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે
- આ યોજના દ્વારા (ઔદ્યોગિક વપરાશ) ખેડા જિલ્લામા આવેલ વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન તથા કોકાકોલા કંપનીને ઔદ્યોગિક હેતુ માટે પાણી પુરૂ પાડવામાં આવે છે.
- ખેડા અને આણંદ જિલ્લામાં કુલ ૨૯૮ પિયત સહકારી મંડળીઓની ૮૫૫૯૭ હેક્ટર વિસ્તાર માટે નોંધણી કરવામાં આવેલ છે. તે પૈકી ૨૧૦ પિયત સહકારી મંડળીઓનુ હસ્તાન્તકરણ (કાર્યાન્વિત) થઈ ગયેલ છે.
- સુજલામ સુફલામ જળઅભિયાન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ અંતર્ગત ખેડા જિલ્લામાં અનુક્રમે ૧૩૬ અને ૪૪ એમ કુલ મળી ૧૮૦ અને આણંદ જિલ્લા અનુક્રમે ૮૬ અને ૧૬ એમ મળી કુલ ૧૦૨ તળાવો ઉંડા કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે.
- મહી સિંચાઇ યોજના અંતર્ગત ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં વાત્રક નદી પર કુલ-૦૪ ચેકડેમ બાંધવાની કામગીરી હાલમાં પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ મહોર નદી પરના કુલ-૦૭ અને વારાંશી નદી પરના કુલ-૦૪ ચેકડેમોનું આગામી ચોમાસાં પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. આમ, કુલ ૧૫(પંદર) ચેકડેમો પૈકી બાકી રહેતા ચેકડેમોની કામગીરી તબક્કાવાર આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- ખંભાત વિસ્તારના લૂણેજ નવી આખોલ ગામ વચ્ચે આડબંધ બનાવવાની ₹ ૬.૪૦ કરોડની કામગીરી માટે સુચિત સ્થળ અંગેની ટેકનીકલ વિગતો જેવી કે ટોપોગ્રાફીકલ સર્વેક્ષણ/ સબમર્જન્સ મેપ જેવી વિવિધ કામગીરીના તજજ્ઞ દ્વારા પુર્ણ કરવામાં આવેલ છે. જે ચેકડેમની કામગીરીના સ્થળનું આખરીકરણ કરી તેનું આલેખન કરી આપવા માટે મધ્યસ્થ આલેખન તંત્ર- ગાંધીનગરના અધિકારીશ્રીઓ દ્વારા સ્થળ મુલાકત કરવામાં આવેલ. જે મ.આ.તં ના પરામર્શ હેઠળ છે.
- બેંક પ્રોટેક્શન વર્ક એટ વીલેજ દાણા વાસણા ઓન ખારવા વ્હેરા (એલ.એચ.એસ.) તા.કપડવંજ જી.ખેડા ₹ ૪૪૫૪ લાખની કામગીરીની વહીવટી મંજુરી મળેલ છે. અને આગળની કાર્યવાહી હાલમાં પ્રગતિ હેઠળ છે.

(અ) મહી પિયત વિસ્તારની પસાર થતી નદીઓ પર પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની યોજનાઓ

અ.નં	જિલ્લો	નદીનું નામ	પૂર સંરક્ષણ દિવાલોની સંખ્યા	અંદાજીત રકમ લાખમાં	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫	૬
૧	આણંદ	સાબરમતી	૨	૧૮૧૪	ગેરી વડોદરા ખાતે મોડેલ સ્ટડીઝનો અભ્યાસ થઇ રહેલ છે.
૨	ખેડા	વાત્રક	૫	૧૪૯૪	મધ્યસ્થ આલેખન તંત્ર ગાંધીનગરની કચેરીના પરામર્શ હેઠળ છે.

(બ) મેશ્વો મુખ્ય નહેર, કાજીપુરા શાખા નહેર અને કાજીપુરા શાખા નહેર એક્ષ. ના આધુનીકરણ અંતર્ગત કામગીરી :

શેઢી શાખા નહેરની કુલ લંબાઈ ૬૬.૭૯ કી.મી છે. જેના નીચવાસમાંથી રાસ્કા ખાતેના આડબંધમાં પાણી નાખવામાં આવે છે. રાસ્કા વિયરમાંથી નિકળતી મેશ્વો મુખ્ય નહેર, મેશ્વો મુખ્ય નહેરની સાંકળ-૧૦.૫૦મી થી ઓફટેક થતી કાજીપુરા શાખા નહેર તથા કાજીપુરા શાખા નહેરની સાંકળ-૯૦૮૫ મી ઉપરથી ઓફટેક થતી કાજીપુરા શાખા નહેર એક્ષ્ટેન્શનની લાઈનીંગ તથા રોડ રીપેરીંગની કામગીરી માટે સરકારશ્રી દ્વારા ₹ ૭૪૬૪.૪૫ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. આમ સદર કામગીરી પૈકી કુલ ૩૮.૯૧ કિ.મી લંબાઈમાં લાઈનીંગ કરવાનું આયોજન કરેલ છે. જે પૈકી ₹ ૫૨૩૦.૨૦ લાખની કામગીરી વર્ષ-૨૦૨૨-૨૩માં પૂર્ણ કરાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ નહેરોના સ્ટ્રકચર્સની કામગીરી માટે ખુટતી મંજુરીઓ મેળવી આગામી સમયમાં ક્રમશ: પૂર્ણ કરાવવામાં આવશે.

(ક) ખુમારવાડ, મહુધા અને વરસોલા ડીસ્ટ્રીના આધુનીકરણ અંતર્ગત કામગીરી

શેઢી શાખા નહેરની સાંકળ ૪૪.૧૬ કી.મી થી નિકળતી ખુમારવાડ ડીસ્ટ્રી, સાંકળ-૪૧.૧૭૪ કિ.મી થી નિકળતી મહુધા ડીસ્ટ્રી તથા સાંકળ ૪૫.૨૫ કિ.મી થી ઓફટેક થતી વરશોલા ડીસ્ટ્રીની કામગીરીની ₹ ૩૮૮૭.૭૩ લાખની વહીવટી મંજુરી સરકારશ્રી કક્ષાએથી આપવામાં આવેલ છે. આમ સદર કામગીરી પૈકી કુલ ૫૧.૧૫ કિ.મી લંબાઈમાં લાઈનીંગ કામ આગામી વર્ષમાં પૂર્ણ કરાવવાનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરાંત શેઢી શાખા નહેરની સાંકળ ૨૩.૬૫ કી.મી થી ઓફટેક થતી બોરડી ડીસ્ટ્રીના મરામતની કામગીરી અર્થે રૂ ૬,૬૦,૫૫,૯૦૦/- ની વહીવટી મંજુરી સરકારશ્રી કક્ષાએ આપવામાં આવેલ છે જેમાં કુલ ૧૩.૯૯ કિ.મી લંબાઈમાં લાઈનીંગ કામ આગામી વર્ષમાં પૂર્ણ કરાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૬) ઈ.આર.એમ. યોજના અંતર્ગત કામગીરી :

મહી યોજના નહેરો તથા સ્ટ્રકચરના આધુનીકરણ માટેના ₹ ૧૦૪૮૯.૮૪ લાખની રકમના ૧૯ કામો પૂર્ણ કરવામાં આવેલ છે તથા કુલ ૩૫ કામો ₹ ૧૯૧.૦૦/- કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.

(૨) પાનમ યોજના વર્તુળ, ગોધરા :

(૧) વર્તુળ હસ્તક યોજનાની સંખ્યા — ૧૨ (કડાણા, પાનમ, ભાદર, કરાડ, હડફ, પાટાડુંગરી, ઉમરીયા, વાંકલેશ્વર-ભે, માછણનાળા, કાલી-૨, કબૂતરી, અદલવાડા)

(૨) સિંચાઇ હેઠળનો વિસ્તાર — ૮૯૬૮૬ હેકટર

(૩) લાભિત જિલ્લા કેટલા? કયા કયા? — ૪ (દાહોદ, પંચમહાલ, મહીસાગર, વડોદરા)

(૪) વાર્ષિક સિંચાઈનું આયોજન

વર્ષ	હેકટર
૨૦૨૨-૨૩	૬૩૩૦૦

(૫) નહેર સુધારણાના કામો માટેનું આયોજન

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૨૨૧	૨૭૨૭

(૬) સહભાગી સિંચાઇ હેઠળ કામો માટેનું આયોજન

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૮૦	૮૧૨

(૭) તળાવો ઉંડા કરવાનું આયોજન

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૧૫	૧૭૧

(૮) મોટી નદી પર ચેકડેમ બનાવવાનું આયોજન

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૨૭	૨૯૬૦

(૯) બંધ સુરક્ષાના કામો

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૫૯	૩૬૨૫

(૧૦) પૂર સંરક્ષણ યોજનાની કામગીરી

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૫	૩૦૦

(૧૧) પૂર્ણ જલ ગ્રામ યોજના અંતર્ગત કામો

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૪૪	૭૯૭

(૧૨) ચેકડેમ મરામત અને ડીસીલ્ટીંગના કામો

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૬૮	૧૫૩

(૧૩) તળાવ લીંકીંગના કામો

વર્ષ	સંખ્યા	રકમ (₹ લાખમાં)
૨૦૨૨-૨૩	૩	૧૮૬૬૦

જળાશય તથા નહેરો આધારિત પ્રગતિ હેઠળની ઉદવહન સિંચાઈ યોજના :

કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના શિયાલ અને લુણાવાડા તાલુકાના શામણા તળાવમાંથી પાઈપલાઈન દ્વારા કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાના વિવિધ તળાવો ભરવાની કામગીરી :

- આ યોજનાથી મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કુલ ૧૮ ગામોના ૫ તળાવો, સંતરામપુર તાલુકાના કુલ ૧૮ ગામોના ૧૮ તળાવો અને લુણાવાડા તાલુકાના ૧ ગામનો ૧ તળાવ ભરવામાં આવનાર છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૪૯.૬૭ કરોડ છે.
- આ યોજનાથી ૧૧૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- સદર યોજનાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને માર્ચ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

સંતરામપુર તાલુકાના ગ્રામ્ય તળાવો તથા મોરલનાકા અને બાબરી એમ.આઈ. તળાવને વડા તળાવ પાસે આવેલ પી.એસ.-૨ માંથી પાઈપલાઈન દ્વારા લીંક કરી પાણી ભરવાની યોજના :

- આ યોજનાથી મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના કુલ ૧૧ ગામોના ૧૭ તળાવો ભરવામાં આવનાર છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૧૮.૦૧ કરોડ છે.
- આ યોજનાથી ૧૧૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- સદર યોજનાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને માર્ચ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કડાણા જળાશય આધારિત દાહોદ જિલ્લા માટેની ઉદવહન સિંચાઈ યોજના (ભાગ-૨) :

- રાજ્ય સરકાર દ્વારા આદિજાતી વિસ્તાર પૈકી દાહોદ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે કડાણા જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના બનાવી દાહોદ જિલ્લાના સિંચાઈથી વંચિત વિસ્તારને લાભ આપવાનું આયોજન કરેલ છે.

INDEX

- આ કામની અંદાજીત રકમ ₹ ૨૦૮.૫૫ કરોડ છે
- કડાણા યોજના ભાગ ૨ થી દાહોદ જિલ્લાના સંજેલી, સીંગવડ, ધાનપુર, દેવગઢ બારીયા તથા લીમખેડા તાલુકામાં ૨૩૩ કીમી લંબાઈની પાઈપલાઈન મારફતે ૭૮ તળાવો તથા પથરેખામાં આવતા ૧૦ નદી, નાળા અને ચેકડેમમાં પાણી પહોંચાડવાનું આયોજન કરેલ છે.
- સદર યોજનાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને માર્ચ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

પાનમ ઉચ્ચસ્તરીય નહેર આધારિત ઉદવહન સિંચાઈ યોજના :

- આ યોજનાથી પંચમહાલ અને મહીસાગર જિલ્લાના કુલ ૪૩ ગામોના ૬૨ જેટલા તળાવો ભરવામાં આવનાર છે. તેમજ આશરે ૮૫૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૧૩૭.૩૬૭ કરોડ છે.
- સદર યોજનાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

પાનમ જળાશય આધારીત પંચમહાલ જિલ્લાના ગોધરા, શહેરા, કાલોલ અને ઘોઘંબા તાલુકાના સિંચાઈથી વંચિત રહેતા પુર્વપટ્ટી વિસ્તારને સિંચાઈનો લાભ આપવાની યોજના :

- આ યોજનાથી શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા તાલુકાના કુલ ૮૫ ગામોના ૧૨૮ તળાવો ઉપરાંત નાની સિંચાઈ વિભાગ હસ્તકના ૧૧ સિંચાઈ તળાવોને પાનમ જળાશય નજીક આવેલ મહેલાણ ગામ પાસેથી પાણી ઉદવહન કરી અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન મારફતે ભરવાની યોજના બનાવવામાં આવેલ છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૩૧૫.૪૦ કરોડ છે.
- આ યોજનાથી ૩૫૦૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- સદર યોજનાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

જળાશય તથા નહેરો આધારિત આયોજન હેઠળની ઉદવહન સિંચાઈ યોજના

કડાણા તાલુકાના સરસડીથી કડાણા ઉત્તર ભાગ એલ.આઈ. સ્કીમ તથા કડાણા તાલુકાના ગ્રામ તળાવોને પાઈપલાઈન દ્વારા લીંક કરી પાણી ભરવાની યોજના :

- આ યોજનાથી મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કુલ ૨૬ તળાવો ભરવામાં આવનાર છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૮૦.૫૩ કરોડ છે.
- આ યોજનાથી આશરે ૧૫૦૭ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- સદર યોજનાની તાંત્રિક મંજૂરી માટેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને ઉક્ત યોજના માર્ચ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

સ્વરૂપસાગર તળાવની નહેરોના સુધારણાની તેમજ કમાન્ડ વિસ્તાર વધારવાની કામગીરી :

- આ યોજનાથી મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કુલ ૧૦ ગામોના ૧૪૪૪ હેકટર તેમજ ૩ ગામોના ૩ તળાવો ભરવાનું આયોજન છે જેનાથી ૧૪૫ હેકટર વિસ્તારને સિંચાઈનો સીધો કે આડકતરી રીતે લાભ થનાર છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૨૪.૨૨ કરોડ છે.
- આ યોજનાથી ૧૫૮૯ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- સદર યોજનાની તાંત્રિક મંજૂરી માટેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને ઉક્ત યોજના માર્ચ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

પાનમ જળાશય આધારિત મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાને સિંચાઈ આપવાની ઉદવહન સિંચાઈ યોજના :

- આ યોજનાથી મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ૨૨ ગામના ૩૪ તળાવો તેમજ ૪ ચેકડેમ પાણીથી ભરવામાં આવનાર છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૧૪૫ કરોડ છે.

INDEX

- આ યોજનાથી ૩૩૦૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- સદર યોજનાનું વિગતવાર ઈન્વેસ્ટીગેશન, એસ્ટીમેશન ની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ આ યોજનાની વહીવટી મંજૂરીની દરખાસ્ત સરકારશ્રી કક્ષાએ સાદર કરવામાં આવેલ છે.

પાનમ જળાશય આધારિત પંચમહાલ જિલ્લાના મોરવા (હ) તાલુકાને સિંચાઈ આપવાની ઉદવહન સિંચાઈ યોજના :

- આ યોજનાથી પંચમહાલ જિલ્લાના મોરવા (હ) તાલુકાના ૮ ગામના ૧૧ તળાવો પાણીથી ભરવામાં આવનાર છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૩૫ કરોડ છે.
- આ યોજનાથી ૧૧૭૨ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- સદર યોજનાનું વિગતવાર ઈન્વેસ્ટીગેશન, એસ્ટીમેશન ની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ આ યોજનાની સૈદ્ધાંતિક મંજૂરીની દરખાસ્ત સરકારશ્રી કક્ષાએ સાદર કરવામાં આવેલ છે.

પાનમ નદી પર બાંધવામાં આવેલ સંતરોડ વિયર આધારિત પંચમહાલ જિલ્લાના મોરવા(હ) તાલુકાને સિંચાઈ આપવાની ઉદવહન સિંચાઈ યોજના :

- આ યોજનાથી પંચમહાલ જિલ્લાના મોરવા (હ) તાલુકાના ૩ ગામના ૩ તળાવો પાણીથી ભરવામાં આવનાર છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૬.૬૦ કરોડ છે.
- આ યોજનાથી ૧૫૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ થનાર છે.
- સદર યોજનાનું વિગતવાર ઈન્વેસ્ટીગેશન, એસ્ટીમેશનની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ આ યોજનાની વહીવટી મંજૂરીની દરખાસ્ત સરકારશ્રી કક્ષાએ સાદર કરવામાં આવેલ છે.

પુર્વપટ્ટી સિંચાઈ યોજનાના કમાન્ડ વિસ્તારને વિકસિત કરવાની ઉદવહન સિંચાઈ યોજના :

- આ યોજનાથી શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા તાલુકાના કુલ ૮૫ ગામોના ૧૨૮ તળાવોના કમાન્ડ વિસ્તારને સિંચાઈનો લાભ આપવા પાઈપલાઈનથી ફિલ્ડ સુધી સિંચાઈનું પાણી પહોચાડવાની યોજના બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- આ કામની અંદાજીત રકમ ₹ ૧૩૫ કરોડ છે.
- આ યોજનાથી ૧૮૦૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈનો સીધો લાભ થનાર છે.

સદર યોજના હાલ પ્રાથમિક સર્વેક્ષણની પ્રક્રિયા હેઠળ છે તેમજ વિગતવાર સર્વેક્ષણ, ઈન્વેસ્ટીગેશન, ડિઝાઈનિંગ, એસ્ટીમેશનની કામગીરી કરવામાં આવનાર છે.

(૩) હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ, હિંમતનગર :

(૧) સિંચાઈ જળ વ્યવસ્થાપન, સહભાગી સિંચાઈ વ્યવસ્થા, ઈ.આર.એમ. નાં કામો, સિંચાઈ દર વસુલાત, તથા બીનખેતી વિષયક વસુલાતની કામગીરી.

(૨) પૂર ચેતવણીની કામગીરી.

(૩) બંધ સલામતીના કામો (Dam Safety)

(૪) પૂર સંરક્ષણ યોજનાની કામગીરી

(૫) તળાવ ઉંડા કરવાની કામગીરી.

(૬) નિર્મળ ગુજરાત.

(૭) કાંસ/ડ્રેઈનની કામગીરી.

(૮) ચેકડેમ મરામત અને ચેકડેમ ડીસિલ્ટીંગની કામગીરી

૧.૦૦ સિંચાઈ વ્યવસ્થાપન :

હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ, હિંમતનગર દ્વારા ગુહાઈ, હરણાવ, ખેડવા, ધરોઈ ડાબાકાંઠા મુખ્ય નહેર,

હાથમતી, વાત્રક, માઝમ, મેશ્વો, વૈડી, તથા લાંક તથા જળાશય આધારીત નહેરો દ્વારા ૯૨૦૭૭ હેકટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા પુરી પાડવાની તથા વણધોલ અને આંતરસુમ્બા તથા કુબાધરોલ ઉદવહન સિંચાઇ યોજના દ્વારા ૭૨૧૪ હેક્ટરમા ઉદવહન સિંચાઈ સુવિધા પુરી પાડવાની કામગીરી કરવામાં આવે છે. વર્તુળ હસ્તકની નીચે જણાવેલ ૪ (ચાર) વિભાગીય કચેરીઓ દ્વારા સિંચાઈ વ્યવસ્થાપનની કામગીરી હાથ ધરવામાં આવે છે.

ક્રમ	વિભાગીય કચેરીનું નામ	વડું મથક	પેટા વિભાગોની સંખ્યા	સી.સી.એ. હેકટરમાં
૧	યોજના બાંધકામ વિભાગનં-૩ હિંમતનગર	હિંમતનગર	૪	૧૩૪૩૨
૨	હિંમતનગર સિંચાઇ વિભાગ હિંમતનગર	હિંમતનગર	૪	૪૪૪૭૨
૩	સિંચાઇ યોજના વિભાગ મોડાસા	મોડાસા	૪	૩૨૨૭૩
૪	વાત્રક યોજના નહેર વિભાગ મોડાસા	મોડાસા	૪	૧૯૦૦
		કુલ		**૯૨૦૭૭**

૨.૦૦ સિંચાઈ દર વસુલાતની કામગીરી :

હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ, હિંમતનગર હસ્તકની સિંચાઇ યોજનાઓના કમાન્ડ વિસ્તારમાં જળાશયમા ઉપલબ્ધ થયેલ જળરાશીને અનુરૂપ સિંચાઈકારોની માંગણીને અનુલક્ષી સિંચાઇ લક્ષ્યાંકો નક્કી કરી સીઝનવાર સિંચાઇ કરવામાં આવે છે. આમ સિંચાઈની કામગીરીમાં સબંધિત પેટાવિભાગીય કચેરીનો મોટાભાગનો ક્ષેત્રિય સ્ટાફ સિંચાઈ વ્યવસ્થામાં તથા નહેરોની મરામત અંગેની કામગીરી અર્થે સતત રોકાયેલો હોય છે. આ ઉપરાંત સિંચાઇ યોજનાઓમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ રચાયેલ પિયત મંડળીઓ દ્વારા સિંચાઇ વ્યવસ્થાની કામગીરી પણ આવે છે અને થયેલ સિંચાઈની વસુલાતની કામગીરી સંબંધિત પેટાવિભાગના ક્ષેત્રિય સ્ટાફ તથા પિયત મંડળીઓ દ્વારા સંયુકત પણે કરવામા આવે છે.

૩.૦૦ સહભાગી સિંચાઈ વ્યવસ્થા

વર્તુળ હસ્તકની યોજનાનો કુલ સિંચાઈ વિસ્તાર ૯૨૦૭૭ હેકટર છે, સરકારશ્રીના તા.૧૨-૨-૯૬ નાં પત્રકમાંકઃ પીઆઈએમ/ ૧૦૯૬/(૧૩)/સી થી બહાર પાડેલ સૂચનાને અનુલક્ષીને અને ત્યારબાદની સમયાંતરે મળેલી સરકારશ્રીની સૂચનાઓને અનુલક્ષીને તા.૩૧-૦૩-૨૧ સુધીમાં કુલ ૬૩૭૦૪ હેકટર ૨૩૫ પિયત સહકારી મંડળીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે, જે પૈકી વિસ્તારમાં ૨૨૨ પિયત મંડળીઓના ૬૦૨૧૯ હેકટર વિસ્તારમાં મંડળીઓ હસ્તાંતરણ કરવામાં આવેલ છે.

વર્તુળ હસ્તકની યોજનાની નહેરો છેલ્લા પચાસ વરસ ઉપરાંતથી કાર્યરત છે. જળાશયમા ઉપલબ્ધ થયેલ જળરાશીને અનુરૂપ નહેરો દ્વારા સિંચાઈની સુવિધા પુરી પાડવામા આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં વાત્રક જળાશય યોજનામા સહભાગી સિંચાઇ યોજના અંતર્ગત રચાયેલ મંડળીઓ હસ્તકના પિયત વિસ્તારમા નહેર પુનરોધ્ધાર ના ₹ ૫૦ લાખના કામોનું આયોજન કરેલ છે.

૪.૦૦ વર્તુળ હસ્તકની યોજનાનાં કમાન્ડ વિસ્તારમાં હયાત નહેરોની વિસ્તરણ-પુનઃ સ્થાપન અને આધુનિકરણના કામો : (E.R.M.)

હાથમતી જળાશય યોજના "ક-૧" ઝોન વિસ્તારના કામો માટે ₹ ૨૮૯ લાખના કામો મહદઅંશે પુર્ણ કરેલ છે. જ્યારે ક-૨ ઝોન ની નહેરોના વિસ્તરણ આધુનીકરણ ના કામોની ₹ ૬૨૫ લાખ નાં કામની વહીવટી મંજૂરી મળેલ છે જે હાલમા તાંત્રીક મંજુરીના પ્રકીયા સરકારશ્રી કક્ષાએ પ્રગતિ હેઠળ છે. જે કામ આગામી વર્ષે હાથ ધરવાનુ આયોજન છે. તથા બ ઝોન ઈઆરએમ ના ₹ ૮૮૪ લાખના કામોની તાંત્રીક મંજૂરી પ્રક્રિયા હેઠળ છે. જે કામ આગામી વર્ષે હાથ ધરવાનુ આયોજન છે

હરણાવ જળાશય યોજનાની નહેરોના સુધારણા માટે સરકારશ્રી દ્વારા ૨૨ કરોડની વહીવટી મંજૂરી મળેલ છે. જેની તાંત્રિક મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. તથા મોટા ભાગના કામો આગામી વર્ષે પૂર્ણ કરવાનું આયોજન છે.

લાંક જળાશય યોજનાની મુખ્ય નહેર તથા તેની વિતરણ પધ્ધતીના કામો માટેની ₹ ૧૧૨૯.૩૩ લાખની દરખાસ્તની સુધારેલ વહીવટી મંજુરી મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જેની આગામી વર્ષે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

વાત્રક જળાશય યોજનાની ડાબાકાંઠા નહેરોમાંથી નીકળતી ડાબી શાખા નહેરના ૬૦૦ લાખના કામોનું ટેંડર એપ્રુવ થયેલ છે અને સદર કામગીરી આગામી જુન ૨૦૨૨ પહેલા પુર્ણ કરવાનુ આયોજન છે. અને જમણાકાંઠા નહેરની ટી.ઈ.ડી. ના ૫૦૦ લાખના નહેર સુધારણાના કામોની વહીવટી મંજુરી મળેલ છે અને હાલમા તાંત્રીક મંજુરી આયોજન હેઠળ છે.

INDEX

માઝમ શાખા નહેરના ઈ.આર.એમ. ના અંદાજીત ૨૬૪ લાખના કામો આયોજન હેઠળ છે. વૈડી ઈ.આર.એમ.ના અંદાજીત ૧૧૦૪.૦૦ લાખના કામોની વહીવટી મંજુરી મળેલ છે અને સદર કામગીરીની ₹ ૭૦૪.૦૦ લાખની તાંત્રીક મંજુરી અર્થે સરકારશ્રી કક્ષાએ પ્રગતિ હેઠળ છે અને કામગીરી આગામી વર્ષમાં હાથ ધરવાનુ આયોજન છે. વૈડી જળાશયની ડાબી શાખા નહેરની સાંકળ ૦ મી. થી ૧૯૨૦૦ મી. અને છભૌ ડિસ્ટ્રી.ની સાંકળ ૦ થી ૮૫૩૦ મી. નું ઈ.આર.એમ તથા ગાબટ, વસાદરા, છભૌ, ઘડીયા, ગૌચરના મુવાડા તથા માલના મુવાડા જેવા તળાવો ભરવાની ₹ ૨૦૭.૦૬ લાખની કામગીરીનો વર્ક ઓર્ડર તા. ૨૭/૦૮/૨૦૨૧ના રોજ આપેલ છે, સદર કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

સદર કામગીરીના સદરે સને વર્ષ ૨૦૨૧-૨૨માં અત્રેના વર્તુળ લેવલે ₹ ૧૫૧૭.૦૮ લાખના આયોજન સામે નવેમ્બર ૨૦૨૧ અંતિત ૫૨૦.૮૩ લાખનો ખર્ચ થયેલ છે. અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન સુચિત જોગવાઈ ₹ ૪૧૧૪.૦૦ લાખની કરવામાં આવેલ છે.

૫.૦૦ બિનખેતી વિષયક હેતુ માટે અપાતા પાણીની વસુલાત :

અત્રેના વર્તુળ હસ્તકની ગુહાઈ, હાથમતી, માઝમ તથા મેશ્વો સિંચાઈ યોજનાઓ દ્વારા પીવાના પાણીના હેતુસર પાણી પુરવઠા યોજનાઓ દ્વારા નગરપાલીકાને પુરુ પાડવામાં આવે છે છેલ્લા ત્રણ વર્ષની થયેલ વસુલાતની વિગતો નીચે મુજબ છે.

યોજનાનું નામ	છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલ વસુલાતની વિગતો ₹ લાખમાં		
	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧	૨૦૨૧-૨૨
ગુહાઈ	૮૭.૭૭	૨૦.૦૫	૬.૯૧
હાથમતી	૦.૦૦	૦.૦૦	૪૫.૩૭
મેશ્વો	૩૨.૫૯	૩૧.૧૦	૩૩.૪૬
માઝમ	૧૯.૯૭	૨૧.૪૫	૩૭.૪૦
વાત્રક	૪૩.૯૯	૨૮.૬૫	૪૧.૩૭

સિંચાઈનાં હેતુ માટે અપાતા પાણીની વસુલાત :

વર્તુળ હસ્તકની સિંચાઈ યોજનાઓમાં સિંચાઈ માટે અપાતા પાણીની વસુલાત અંગેની છેલ્લા ત્રણ વર્ષની વિગતો નીચે મુજબ છે.

યોજનાનું નામ	છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલ વસુલાતની વિગતો ₹ લાખમાં		
	૨૦૧૯-૨૦	૨૦૨૦-૨૧	૨૦૨૧-૨૨
વાત્રક	૮.૩૦	૬.૭૪	૮.૨૧
હાથમતી	૩૦.૪૭	૧૨.૫૮	૬.૯૩
ધરોઈ ડાબાકાંઠા નહેર	૨૬.૬૧	૮.૨૭	૨૫.૬૩
માઝમ	૨.૬૬	૩.૩૦	૪.૨૪
મેશ્વો	૯.૩૯	૫.૬૩	૮.૧૫
વૈડી	૧.૦૩	૦.૩૪	૦.૩૬
લાંક	૧.૩૪	૦.૦૦	૦.૬૮
ગુહાઈ	૨૩.૦૮	૪.૨૧	૬.૧૧
હરણાવ	૬.૭૯	૨.૧૯	૩.૩૨
ખેડવા.	૧.૭૧	૦.૦૦	૦.૦૦
વારાંશી	૦.૧૭	૦.૦૦	૦.૦૫

૬.૦ પૂર સંરક્ષણની યોજનાઓ તથા કાંસની કામગીરી

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી પસાર થતી હરણાવ, ગુહાઈ, માઝમ, મેશ્વો અને સાબરમતી નદીમાં આવતા પૂરના પાણીના કારણે નદી કાંઠાની આસપાસના વિસ્તારના લોકોના જાન માલને નુકશાન થાય છે તેમજ નદીના કિનારાઓનું પણ મોટા પ્રમાણમાં ધોવાણ થાય છે. જેને ધ્યાને રાખી નદીઓ પરની પૂર સંરક્ષણ અને કાંઠા સંરક્ષણ યોજનાઓની કામગીરી કરવાની થાય છે.

INDEX

હિંમતનગર તાલુકાના દેરોલ ગામે ₹ ૭૮.૦૦ લાખના ખર્ચે પૂરસંરક્ષણ દિવાલ બનાવવાના કામગીરી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

મોટી ડેમાઈ તા. હિંમતનગર ખાતે હાથમતી નદી ઉપર ગામનુ ધોવાણ અટકાવવા માટે ₹ ૪૪૧ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દીવાલના બનાવવાના કામની સુધારેલ વહીવટી મંજુરી મેળવવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

ઈલોલ ગામ ખાતે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની ₹ ૨૧૩.૦૦ લાખની વહીવટી મંજુરીની દરખાસ્ત સરકારશ્રીમાં સાદર કરેલ છે.

તલોદ તાલુકામા આવેલ ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ખાતે પૂર સંરક્ષણ કામગીરીનુ આયોજન આગામી વર્ષ હાથ ધરનાર છે. જેની વહીવટી મંજુરી માટેની દરખાસ્ત સરકારશ્રીમા સાદર કરેલ છે.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના દહેગામડા ગામે વાત્રક નદીના કિનારે પૂરસંરક્ષણ દિવાલ બનાવવાના કામની અંદાજે ₹ ૧૦૦૦.૦૦ લાખની વહીવટી મંજુરી મેળવવાની દરખાસ્ત હાલમાં પ્રક્રિયા હેઠળ હોઇ જે મળેથી આગામી વર્ષે હાથ ધરવાનું આયોજન છે.

સદર કામગીરીના સદરે સને વર્ષ ૨૦૨૧-૨૨ માં અત્રેના વર્તુળ લેવલે ₹ ૬૧૭.૧૯ લાખના આયોજન સામે નવેમ્બર ૨૦૨૧ અંતિત ₹ ૩૪૫.૬૧ લાખનો ખર્ચ થયેલ છે. અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન સુચિત જોગવાઇ ₹ ૧૦૧૦.૦૦ લાખની કરવામાં આવેલ છે.

૭.૦૦ જળસંચયના કામો

૧) નાના ચેકડેમ :

વર્ષ-૨૦૨૧-૨૨ દરમ્યાન વર્તુળ હેઠળ નાના ચેકડેમોની કામગીરી હાથ ધરવામાં આવેલ નથી. તેમજ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૨૨-૨૩ દરમ્યાન પોશીના તાલુકામાં સિરીજ ઓફ ચેક ડેમ અંતર્ગત કુલ ૬ ચેક ડેમ બનાવવાનું આયોજન કરેલ છે. સદરહુ ચેકડેમ પૂર્ણ થતાં આજુબાજુના આશરે ૯૦૦ હેક્ટર વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ મળશે. હાલમાં સદરહું ચેકડેમના સર્વેક્ષણ અને અંદાજની કામગીરી પ્રગતિ હેઠળ છે. તથા અરવલ્લી જિલ્લામાં ૧૪ ચેકડેમો ચાલુ વર્ષમાં બનાવવામાં આવેલ છે.

૨) મોટા ચેકડેમ :

અત્રેના વર્તુળ હેઠળ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બાંધવામાં આવેલ ચેક્ડેમોની વિગતો નીચે મુજબ છે.

જિલ્લો	બાંધવામાં આવેલ મોટા ચેક્ડેમોની સંખ્યા(૨૦૨૦-૨૧)
સાબરકાંઠા	૨
અરવલ્લી	૦

મોજે ભાટીયા (તા.તલોદ) અને મોજે બાદરજીના મુવાડા (તા.તલોદ) પાસે ખારી નદી પર ફ્લેક્ષીબલ પ્રકારના રીચાર્જ સ્ટ્રકચર બનાવવાના ₹ ૧૯૧.૫૩ લાખના કામો પુર્ણ કરાયેલ છે તથા ઈડર તાલુકાના બડોલી ગામે ચેકડેમ બનાવવાનુ આયોજન છે.

મહેકાલ ખાતે મેશ્વો નદી ઉપર બૃહદ ચેકડેમની ₹ ૭૮ લાખની સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. જેની વહીવટી મંજૂરી મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

સાબરકાંઠા જિલ્લામાં આગામી વર્ષમાં અન્ય ૪ મોટા ચેકડેમ બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.

અરવલ્લી જિલ્લામાં ₹ ૮૪.૭૨ લાખના ખર્ચે મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામે બૃહદ ચેકડેમ બનાવવાનુ કામ હાલ ટેન્ડર સ્ટેજે પ્રગતિ હેઠળ છે. તથા ૦૨ ચેકડેમ રમાડ અને ભડવચ ગામે ચેકડેમ બનાવાવાની ₹ ૧૯૩.૦૦ લાખની પ્રકીયા હાલ ટેન્ડર મંજુરી હેઠળ છે.

૩) ચેકડેમ મરામત :

સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં આગામી વર્ષ દરમ્યાન જરૂરિયાત મુજબના ચેકડેમની મરામતની કામગીરી હાથ ધરવામાં આવેશે.

INDEX

૪) ચેકડેમ ડીસીલ્ટિંગ :

સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં આગામી વર્ષ દરમ્યાન જરૂરિયાત મુજબના ચેકડેમની ડીસીલ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવશે.

૫) પાઈપલાઈન તથા તળાવ ફીડરના કામો :

હાથમતી બ ઝોન નહેરમાંથી પાણી ઉદ્વહન કરી પ્રાંતીજ તાલુકાના વિવિધ તળાવો પાઈપલાઈન મારફતે ધરવાની કામગીરી કરવાનું આયોજન પ્રગતિ હેઠળ છે.

ખેડવા જળાશય યોજનાની આગીયા તેમજ મટોડા ગામના તળાવો ભરવાની પાઈપલાઈનની ₹ ૫૫૫.૦૦ લાખની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

હરણાવ જળાશય યોજનાની ઉપરવાસમાંથી પાઈપલાઈન દ્વારા ગ્રેવીટી દ્વારા વિજયનગર તાલુકાના ૧૫ તળાવ ભરી આજુબાજુના આશરે ૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાની યોજના છે. સદરહું યોજના માટે તાંત્રિક શક્યતાઓ માટે સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ધરોઈ ડાબા કાંઠા મુખ્ય નહેરની આજુ બાજુના તળાવો કેનાલ સાથે જોડી પાણી ભરવાની કામગીરી કરવાનું આયોજન પ્રગતિ હેઠળ છે.

ભિલોડા તાલુકામાં મેશ્વો ડેમ આધારીત લીફ્ટ ઈરીગેશનની યોજનાઓ બનાવી ૨૩ તળાવો ભરવા અને સિંચાઈની સુવિધા આપવાની કામગીરીની વહીવટી મંજુરી મળેલ છે, જે કામના નકશા-અંદાજ બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

કપડવંજ તાલુકાનાં વારાંશી ડેમથી બેટવાડા ભાળ તળાવ તથા જલોયા તળાવ ભરવા માટેની કામગીરીની ₹ ૭૭૩.૦૦ લાખની તાંત્રીક મંજૂરી મળેલ છે. ટેન્ડર મંજૂરીની દરખાસ્ત પ્રક્રિયા હેઠળ છે.

નર્મદા મુખ્ય નહેર અધારિત વાત્રક માઝમ મેશ્વો પાઈપલાઈન યોજનાના પેકેજ-૨ અંતર્ગત જાલમપુરા પંપીંગ સ્ટેશનથી વાત્રક ડેમ સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની એમ.એસ. પાઈપલાઈન નાખવાની ₹ ૯૧૩૫.૪૧ લાખની કામગીરી ટેન્ડર મંજુરી હેઠળ છે.

અરવલ્લી જિલ્લાની ખાત્રીબા ડ્રેઈનમાં પાણી વહેવડાવવા બાયડ તાલુકાના લીંબથી ભુંડાસણ ગામ સુધીની અંડરગ્રાઉન્ડ પાઈપલાઈનની કામગીરી ₹ ૧૪૮૦.૦૦ લાખના ખર્ચે ભૌતીક રીતે પુર્ણ કરેલ છે.

વાત્રક નદીના ડાબા તેમજ જમણા કાંઠે વેલ પોઈંટ બનાવી મેઘરજ, માલપુર તેમજ મોડાસા તાલુકાના તળાવો ભરવા માટેની યોજનાનુ કંસલટંસીનુ કામ હાલ ચાલુ છે. જે અન્વયે તાંત્રીક મંજુરીની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

૬) તળાવો ઉંડા કરવાની કામગીરી :

વર્ષ	જિલ્લો	સંખ્યા
૨૦૨૧-૨૨	સાબરકાંઠા	૨૭
	અરવલ્લી	૨૩
કુલ		૫૦ તળાવો

આગામી વર્ષમાં જરૂર મુજબના તળાવો ઊંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

સદર કામગીરીના સદરે સને વર્ષ ૨૦૨૧-૨૨ માં અત્રેના વર્તુળ લેવલે નવેમ્બર ૨૦૨૧ અંતિત ₹ ૧૫૪.૯૬ લાખનો ખર્ચ થયેલ છે. અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન સુચિત જોગવાઈ ₹ ૨૬૫.૦૦ લાખની કરવામાં આવેલ છે.

૮.૦૦ નિર્મળ ગુજરાત :

હિંમતનગર સિંચાઈ વસાહતમાં આવેલ રહેણાંકના મકાનોને મરામત કરવાનું આયોજન છે. સદર કામગીરી અન્વયે નવેમ્બર ૨૦૨૧ અંતિત ₹ ૪૨.૭૮ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ હિંમતનગર સિંચાઈ ભવનના વિવિધ મકાન સુધારણાનાં કામની રૂ ૪૯.૩૫ લાખની કામગીરી પ્રગતિ હેઠળ છે.

મોડાસા સિંચાઈ વસાહતમાં આવેલ રહેણાંકના મકાનોને મરામત કરવાનું આયોજન છે.

સદર કામગીરીના સદરે સને વર્ષ ૨૦૨૦-૨૧ માં અત્રેના વર્તુળ લેવલે ₹ ૨૩૨.૨૫ લાખના આયોજન સામે નવેમ્બર ૨૦૨૧ અંતિત ₹ ૪૨.૭૮ લાખનો ખર્ચ થયેલ છે. અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન સુચિત જોગવાઈ ₹ ૪૨૦.૦૦ લાખની કરવામાં આવેલ છે.

INDEX

૯.૦૦ મોટી સિંચાઈ યોજનાઓ :

(૧) હાથમતી જળાશય યોજનાની બ ઝોન હિંમતનગર તાલુકાના મુખ્ય નહેરની સાં. ૭૯૦૦ મી.થી ૮૯૦૦ મી. સુધી વિસ્તરણ અને સુધારણાના ₹ ૬૦ લાખના કામો પુર્ણ કરવામા આવેલ છે. તથા અન્ય બ ઝોન મુખ્ય નહેરની સાં.૩.૦૦ થી ૮.૦ કિ.મી.ની વિસ્તરણ અને સુધારાના ₹ ૨૫૯ લાખની કામગીરીની વહીવટી મંજુરી મળેલ છે. જેની તાંત્રીક મંજુરીની પ્રકીયા હાલ પ્રગતિ હેઠળ છે.

(૨) હાથમતી જળાશય યોજનાની બ ઝોન પ્રાંતિજ તાલુકાની વિવિધ માઈનોરના વિસ્તરણ અને સુધારણાના ₹ ૯૫.૫૪ લાખના કામો પુર્ણ કરવામા આવેલ છે. તથા અન્ય બ ઝોન મુખ્ય નહેરની સાં.૧૭.૬૯૯ થી ૨૧.૭૩૫ કિ.મી.ના વિસ્તરણ અને સુધારાના ₹ ૬૨૨.૬૪ લાખની કામગીરીનુ તાંત્રીક મંજુરી મેળવવાની પ્રકીયા પ્રગતી હેઠળ છે.

(૩) હાથમતી જળાશય યોજનાની ક-૨ ઝોન વિવિધ માઈનોરના વિસ્તરણ અને સુધારણાના ₹ ૬૨૫ લાખનાં કામની વહીવટી મંજૂરી મળેલ છે. જેની તાંત્રીક મંજુરી મેળવવાની પ્રકીયા પ્રગતી હેઠળ છે જે કામ આગામી વર્ષે હાથ ધરવાનુ આયોજન છે.

૧૦.૦૦ મધ્યમ સિંચાઈ યોજના :

અત્રેના વર્તુળ હેઠળ ગુહાઈ, હરણાવ, ખેડવા જળાશય યોજનાઓ આવેલી છે. સદર યોજનાઓનો કુલ પિયત વિસ્તાર ૧૩૪૩૨ હેક્ટર છે. સદર યોજનાઓ ની નહેરો થકી સાબરકાંઠા જિલ્લાના ગામોને સિંચાઈનો લાભ મળે છે.

ખેડવા જળાશય યોજનામાં ડેમમાંથી આગિયા-મટોડા તળાવો ભરવાની પાઈપલાઈનની કામગીરી ₹ ૫૫૫ લાખના ખર્ચે હાલ પ્રગતિમાં છે. ગુહાઈ જળાશય યોજનામાં હાલ હયાત નહેરોની વિતરણ વ્યવસ્થામાં પી.આઈ.એમ. સદરે મંડળીઓ દ્વારા મરામતની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

હરણાવ જળાશય તબક્કો-૧ અને ૨ ની હયાત સિંચાઈ વ્યવસ્થાની નહેરોમાં ઈ.આર.એમ.ની કામગીરીની વહીવટી મંજુરી સરકારશ્રીમાંથી મળેલ છે. અને તાંત્રિક મંજુરી મેળવવા અંગેની દરખાસ્ત હાલ પ્રગતિ હેઠળ છે.

અત્રેના વર્તુળ હેઠળ લાંક અને વારાંશી જળાશય યોજનાઓ આવેલી છે. સદર યોજનાઓનો કુલ પિયત વિસ્તાર ૩૭૨૭ હેક્ટર છે. સદર યોજનાઓ પૈકી લાંક યોજનાનીની મુખ્ય નહેર થકી બાયડ તેમજ કપડવંજ તાલુકાના ગામોને સિંચાઈનો લાભ મળે છે.

લાંક જળાશય યોજનાની મુખ્ય નહેર તથા તેની વિતરણ પધ્ધતીના કામો માટેની ₹ ૧૧૨૯.૩૩ લાખની દરખાસ્તની સુધારેલ વહીવટી મંજુરી મળેલ છે જેની જરૂરી વિગતવાર તાંત્રિક મેળવી ત્યારબાદ ટેન્ડર અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

માઝમ શાખા નહેરના રિપેરિંગ અને આધુનિકરણના અંદાજિત ₹ ૨૬૪.૦૦ લાખના કામો આયોજન હેઠળ છે.

૧૧.૦૦ નાની સિંચાઈ યોજના

જવાનપુરા જળાશય યોજનાઓ આવેલી છે. જવાનપુરા રીચાર્જ યોજના છે. સદર યોજનાઓ થકી સાબરકાંઠા જિલ્લાના ગામોને સિંચાઈનો લાભ મળે છે. સદર યોજનાના નીચ વાસમાં થતાં ધોવાણ તથા ડાબી સાઈડની વોલની નજીક થતાં ધોવાણને અટકાવવા મધ્યસ્થ આલેખન તંત્રના પરામર્શમાં કામગીરી પ્રગતિ હેઠળ છે.

વૈડી જળાશય યોજનાની ડાબાકાંઠા મુખ્ય નહેર તથા જમણાકાંઠા મુખ્ય નહેરના નવિનીકરણના કામોની તાંત્રીક મંજુરી સારૂં દરખાસ્ત બનાવવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

૧૨.૦૦ નર્મદા પાઈપ લાઈન :

સદર યોજના અંતર્ગત વાત્રક, માઝમ અને મેશ્વો નર્મદા પાઈપલાઈનની બંને બાજુએ ૨.૦૦ કી.મી. વિસ્તારમાં આવતા કુલ ૭૬ તળાવોને જોડવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે સરકારશ્રીના ઠરાવ મુજબ નર્મદા પાઈપલાઈનથી ૩.૦૦ કિ.મી. સુધી આવતા તળાવો જોડવાની કામગીરી જરૂરી મંજુરીની પ્રકીયા હેઠળ છે.

નર્મદા આધારિત વાત્રક, માઝમ, મેશ્વો પાઈપલાઈન હેઠળ જાલમપુરા પમ્પિંગ સ્ટેશનથી વાત્રક ડેમ સુધી ૧૮.૮૦ કિમી લાંબી જીઆરપી પાઈપલાઈનમા તૂટ ફૂટ થવાને કારણે તેની જગ્યાએ એમએસ પાઈપલાઈન ૧૬૦૦ મીમી ડાયાની નવી લાઈન નાખવા માટે ₹ ૬૬ કરોડની તાંત્રિક મંજૂરી સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે જેના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

INDEX

૧૩.૦૦ બંધ સુરક્ષાના કામો :

ખેડવા જળાશય યોજનાના માટીબંધ પાળાની મરામતની કામગીરી ₹ ૮૦ લાખના ખર્ચે આગામી વર્ષ-સને ૨૦૨૨-૨૩માં હાથ ધરવાનું આયોજન છે.

અત્રેના વિભાગ હસ્તકની જળાશય યોજનામાં ડેમ સેફ્ટીના કામો હેઠળ વર્ષ ૨૦૨૧ મા નવેમ્બર માસ અંતિત ૨૮૩.૮૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે આવતા વર્ષે ૨૦૨૨-૨૩ માં જરૂરીયાત મુજબના કામો કરવાનુ આયોજન છે.

આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં માઝમ તથા વાત્રક જળાશય યોજનાના રેડીયલ ગેટ રીપેરીંગની કામગીરીનું આયોજન કરેલ છે.

જવાનપુરા યોજના તલોદ તાલુકા ખાતે ડાબા કાંઠા પૂર સંરક્ષણની કામગીરી આગામી વર્ષે હાથ ધરનાર છે.

વર્તુળ હસ્તકની યોજનાઓમાં ડેમસેફ્ટીના સદરે સને વર્ષ-૨૦૨૧-૨૨ના ૪૭૬.૪૫ લાખના આયોજન સામે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૨૮૩.૮૦ લાખનું ખર્ચ થવા પામેલ છે. જયારે આગામી વર્ષ-સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ₹ ૧૩૦૦૦૦ લાખનું બજેટ પ્રોવિજન વર્તુળ કક્ષાએ કરવામાં આવેલ છે.

માઝમ હાથમતી તથા વાત્રક જળાશય યોજનાના રેડીયલ ગેટ રીપેરીંગની કામગીરીનું આયોજન કરેલ છે.

૧૪.૦૦ ઉદવહન સિંચાઈ યોજના :

કુબાધરોલ ઉદવહન સિંચાઈ યોજના ત્રીજા તબક્કાના ₹ ૫૨૭ લાખના કામો પુર્ણ થયેલ છે. જેનાથી આશરે ૪૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઈનો આડકતરો લાભ થનાર છે.

ધરોઈ ડાબાકાંઠા નહેર દ્વારા ઉદવહન સિંચાઈ હેઠળ ઉમેદગઢ-૧ વાસણ બડોલ અને ગુલાબપુરા માઈનોર લંબાવવાના કામની વહીવટી મંજુરી ₹ ૧૧૩૭.૫૦ લાખની મળેલ છે. જે પૈકી ઉમેદગઢ-૧ માઈનોર લંબાવવાના ₹ ૪૯૯.૧૯ લાખનુ કામ મહદઅંશે પુર્ણ કરેલ છે. તથા બડોલ માઈનોર લંબાવવાના ₹ ૮૯.૨૧ લાખનું કામ પુર્ણ થયેલ છે. ગુલાબપુરા માઈનોર લંબાવવવાનુ ₹ ૨૧૧.૫૬ લાખનુ કામ પ્રગતિ હેઠળ છે. તેમજ આવતા વર્ષ ૨૦૨૨-૨૩ દરમીયાન દેશોત્તર મણીયોર પાઈપલાઈન તથા બુઢેલી માઈનોર લંબાવવાની કામગીરી સરકારશ્રીમાથી મંજુરી મળ્યે હાથ ધરવાનુ આયોજન છે.

ગુહાઈ જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના :

સદરહું સુચિત યોજના દ્વારા ગુહાઈ જળાશયમાંથી પાણી ઉદવહન કરી ઈડર તાલુકાના ૧૧ ગામના તળાવો ભરી આશરે ૧૪૬૦ હેકટર વિસ્તારને સિંચાઈનો આડકતરો લાભ આપવાની યોજના છે. સદરહું યોજના માટે અંદાજીત ₹ ૬૬૯.૦૦ લાખના ખર્ચ માટે સરકારશ્રી દ્વારા વહીવટી મંજુરી મળેલ છે. હાલમાં સદરહું યોજનાની તાંત્રીક મંજુરીની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ધરોઈ જળાશય આધારિત ઉંચી ધનાલ ઉદવહન સિંચાઈ યોજના :

ધરોઈ જળાશય યોજનામાંથી પાણી ઉદવહન કરી ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા-શામળાજી, ગુંદેલ તથા ઉંચી ધનાલ ગામના તળાવ ભરી આસપાસના અંદાજીત ૮૦૦ હેકટર વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે. સદરહું યોજના માટે ૭૨૫.૦૦ લાખના ખર્ચે સરકારશ્રી દ્વારા સૈંધ્ધાતિક સ્વીકાર કરવામાં આવેલ છે. હાલમાં સદરહું યોજનાના સર્વેક્ષણ અને અંદાજની કામગીરી પ્રગતિ હેઠળ છે.

હરણાવ જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના :

સદરહું સુચિત યોજના દ્વારા હરણાવ જળાશયમાંથી પાણી ઉદવહન કરી ખેડબ્રહ્મા તાલુકાના ૬ ગામના તળાવો ભરી આશરે ૯૫૦ હેકટર વિસ્તારને સિંચાઈનો આડકતરો લાભ આપવાની યોજના છે.

વાત્રક જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના :

વાત્રક જળાશયની ઉપરવાસમાં વાત્રક નદીના ડાબાકાંઠાથી પાણી ઉદવહન કરી માલપુર, મેઘરજ તથા મોડાસા તાલુકાના તળાવો ભરી સિંચાઈની સુવિધા પુરી પાડવાની કામગીરી ની વહીવટી મંજુરી ₹ ૧૮૫૯૬.૦૦ લાખની મળેલ છે. જે અન્વયે તાંત્રીક મંજુરી અર્થે દરખાસ્ત પ્રગતિ હેઠળ છે.

હાથમતી જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના :

ભીલોડા તાલુકામાં હાથમતી જળાશય આધારીત લીફ્ટ ઈરીગેશન યોજના બનાવી ભીલોડા તાલુકાના ગામોના તળાવો ભરી સિંચાઈ સુવિધા આપવાના કામ બાબત કામગીરીનો ₹ ૧૨૮.૧૬ કરોડની દરખાસ્તને વહીવટી મંજુરી મળેલ છે.

INDEX

હાથમતી જળાશય આધારિત વિસ્થાપીત ગામો માટે ઉદવહન સિંચાઈ યોજના :

ભીલોડા તાલુકામા હાથમતી જળાશય આધારીત લીફ્ટ ઈરીગેશન યોજના બનાવી હિંમતનગર તાલુકાના હાથમતી જળાશયના વિસ્થાપીત ગામોના તળાવો ભરી સિંચાઈ સુવિધા આપવાના કામ બાબત કામગીરીનો ₹ ૩૫૦૦ લાખની દરખાસ્ત સૈધાંતીક મંજુરી અર્થે સરકારશ્રીમા સાદર કરેલ છે.

મેશ્વો જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના :

મેશ્વો જળાશય યોજના આધારીત મેશ્વો ઉદવહન યોજનાથી ભિલોડા તથા મેઘરજ તાલુકાના ૨૬ તળાવો ભરવાની ₹ ૭૫૩૨ લાખની દરખાસ્ત વહીવટી મંજુરી સરકારશ્રીમાથી મળેલ છે. જે અન્વયે તાંત્રીક મંજુરી અર્થે દરખાસ્ત પ્રગતિ હેઠળ છે.

૧૫.૦૦ બજેટ :

વર્તુળ હસ્તકની કામગીરી માટે વર્ષ-૨૦૨૧-૨૨ માં કુલ-₹ ૧૭૧૫૧.૭૦૨ લાખની બજેટ જોગવાઈ સામે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૪૫૧૫.૧૬ લાખનો ખર્ચ થવા પામેલ છે અને વર્ષ-૨૦૨૨-૨૩ માટે ₹ ૩૧૦૨૫.૨૧ લાખનું આયોજન કરવામાં આવેલ છે.

(૪) વડોદરા સિંચાઈ વર્તુળ, વડોદરા :

વડોદરા સિંચાઈ વર્તુળ, વડોદરા દ્વારા મુખ્યત્વે નીચે મુજબની કામગીરીઓ હાથ ધરવામાં આવે છે.

- જળ સંચયના કામો જેવા કે ચેકડેમ હાથ ધરવા.
- જળ સંવર્ધનના ભાગ તરીકે તળાવો ઉંડા કરવા તથા ચેકડેમમાં જમા થયેલ કાંપ દૂર કરવો.
- હયાત નહેર વ્યવસ્થાની સુધારણા દ્વારા પિયત વિસ્તારમાં હોય પણ સિંચાઈથી વંચિત રહી જતો હોય તેવા વિસ્તારને ફરીથી સિંચાઈ તળે લાવવો.
- સિંચાઈ માટે, પીવાનું પાણી અને ઉદ્યોગોને પાણી પૂરૂં પાડવું.
- ઉદવહન સિંચાઈ યોજનાઓની કામગીરી.
- સહભાગી સિંચાઈ વ્યવસ્થામાં ક્રમશઃ અમલ કરી જે તે યોજનાઓના લાભાર્થીઓને જળ વ્યવસ્થાપનમાં સહભાગી બનાવવા.
- બાંધકામ માટે વપરાશમાં લેવામાં આવતા માલ-સામાનનું પરીક્ષણ.
- દરિયાઈ ધોવાણ સામે સંરક્ષણના કામો.
- સિંચાઈ વ્યવસ્થાપન માટે જરૂરી એવી તાલીમ ખેડૂતો તેમજ ક્ષેત્રિય અધિકારીઓ / કર્મચારીઓને આપી ક્ષમતા નિર્માણ કરવું.

સિંચાઈ વ્યવસ્થાપન :

અધિક્ષક ઈજનેરશ્રી, વડોદરા સિંચાઈ વર્તુળ, વડોદરાના કાર્યક્ષેત્ર હેઠળ વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા અને પંચમહાલ (હાલોલ અને જાંબુઘોડા તાલુકો) જિલ્લામાં કુલ ૯ સિંચાઈ યોજનાઓ કાર્યરત છે. જેમાં કરજણ અને સુખી મોટી સિંચાઈ યોજના, દેવ, જોજવા-વઢવાણા, હેરણ અને બલદેવા મધ્યમ સિંચાઈ યોજના અને રામી, ધોલી અને પિગુટ નાની સિંચાઈ યોજનાઓની સિંચાઈ વ્યવસ્થા, પૂર નિયંત્રણ વ્યવસ્થા, જળ સંચયના કામો, મરામત અને નિભાવણીની કામગીરી નીચે મુજબના ૭ (૬) વિભાગો દ્વારા હાથ ધરવામાં આવે છે.

અ.નં.	વિભાગનું નામ	વિભાગનું મુખ્ય મથક
૧	૨	૩
૧	કાર્યપાલક ઈજનેરશ્રી, વડોદરા સિંચાઈ વિભાગ, વડોદરા	વડોદરા
૨	કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના વિભાગ નં.૨, બોડેલી	બોડેલી, જી. છોટાઉદેપુર
૩	કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના વિભાગ નં.૪, રાજપીપળા	રાજપીપળા, જી. નર્મદા
૪	કાર્યપાલક ઈજનેરશ્રી, મધ્યમ સિંચાઈ યોજના વિભાગ, અંકલેશ્વર	અંકલેશ્વર, જી. ભરૂચ
૫	કાર્યપાલક ઈજનેરશ્રી, પાઈપલાઈન પ્રોજેકટ વિભાગ નં. ૧, છોટાઉદેપુર	છોટાઉદેપુર, જી. છોટાઉદેપુર
૬	એન્જીનીયરીંગ જીઓલોજીકલ ડીવીઝન, વડોદરા	વડોદરા

INDEX

કાર્યક્ષેત્ર અને કામગીરી :

અ.નં.	યોજનાનું નામ	યોજનાનો પ્રકાર	સી.સી.એ. (હેકટર)	લાભિત જિલ્લા	લગત વિભાગ
૧	૨	૩	૪	૫	૬
૧	કરજણ સિંચાઈ યોજના	મોટી	૫૧૦૦૦	નર્મદા, ભરૂચ	સિં.યો.વિ.નં.૪, રાજપીપળા (આર.બી.એમ.સી.) મ.સિં.યો.વિ., અંકલેશ્વર (એલ. બી.એમ.સી.)
૨	સુખી સિંચાઈ યોજના	મોટી	૨૦૭૦૧	છોટાઉદેપુર, પંચમહાલ (જાંબુઘોડા તાલુકો)	સિં.યો.વિ.નં.૨, બોડેલી
૩	દેવ સિંચાઈ યોજના	મધ્યમ	૫૮૮૭	વડોદરા, પંચમહાલ (હાલોલ તાલુકો)	વ.સિં.વિ., વડોદરા
૪	જોજવા-વઢવાણા સિંચાઈ યોજના	મધ્યમ	૬૭૫૦	વડોદરા, છોટાઉદેપુર	વ.સિં.વિ., વડોદરા
૫	હેરણ વીયર	મધ્યમ	૩૪૨૦	છોટાઉદેપુર	સિં.યો.વિ.નં.૨, બોડેલી
૬	બલદેવા સિંચાઈ યોજના	મધ્યમ	૨૨૪૦	ભરૂચ	સિં.યો.વિ.નં.૪, રાજપીપળા
૭	પિગુટ સિંચાઈ યોજના	નાની	૧૪૦૬	ભરૂચ	સિં.યો.વિ.નં.૪, રાજપીપળા
૮	ધોલી સિંચાઈ યોજના	નાની	૧૦૮૯	ભરૂચ	સિં.યો.વિ.નં.૪, રાજપીપળા
૯	રામી સિંચાઈ યોજના	નાની	૧૩૨૩	છોટાઉદેપુર	પા.લા.પ્રો.વિ.નં.૧, છોટાઉદેપુર
કુલ			૯૩૮૧૬ હેકટર		

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ઉપરોકત જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને અનુલક્ષીને ઉનાળુ મોસમમાં ૩૬૮૪ હેકટર, ખરીફ મોસમમાં ૧૫૨૨ હેકટર અને રવિ મોસમમાં ૩૦૫ હેકટર (નવેમ્બર-૨૦૨૧ અંતિત) વિસ્તારમાં સિંચાઈ મળીને કુલ ૫૫૧૧ હેકટર વિસ્તારમાં સિંચાઈ કરેલ છે.

(અ) વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન થયેલ વિવિધ કામગીરીની વિગતો

- વર્તુળ કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની વિવિધ યોજનાઓની નહેરોના મરામત અને નિભાવણીની ઈ.આર.એમ. અંતર્ગત કુલ ૧૩ કામો ₹ ૨૯૫૩.૭૮ લાખના ખર્ચે પ્રગતિ હેઠળ છે. જયારે કુલ ૮ કામો અંકે ₹ ૯.૪૫ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. જેના થકી હાલની સિંચાઈ ક્ષમતામાં વધારો થવા પામેલ છે.
- સહભાગી સિંચાઈ વ્યવસ્થા (પી.આઈ.એમ.) અંતર્ગત વિવિધ યોજનાઓની નહેરોના મરામત અને નિભાવણીની કામગીરીના કુલ ૯ કામો અંકે ₹ ૫૨ લાખના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ડેમ સેફટી અંતર્ગતના વિવિધ સિંચાઈ યોજનાઓના કુલ ૨૨ કામો અંકે ₹ ૬૮૫.૪૩ લાખના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ડ્રેઈનેજ વર્કસ અંતર્ગતના વિવિધ કાંસોની સાફ-સફાઈના કુલ ૩૨ કામો અંકે ₹ ૧૯૯.૫૦ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.
- વર્તુળ કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ વિવિધ તાલુકાઓમાં આવેલા નાના / મોટા તળાવો લગત ક્ષેત્રીય કચેરીઓ દ્વારા કુલ ૭ તળાવો અંકે ₹ ૨૩.૫૧ લાખના ખર્ચે ઉંડા કરવામાં આવેલ છે. જેના થકી જળસંચયમાં વધારો થયેલ છે અને અંદાજીત ૧૮ હેકટર વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ મળેલ છે.
- વર્તુળ કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના વિવિધ તાલુકાઓમાં અગાઉ બાંધવામાં આવેલ ચેકડેમો પૈકી નુકશાન પામેલા ૧૨૦ ચેકડેમ રીપેરીંગના કામો ₹ ૨૩૨.૧૦ લાખના ખર્ચે માર્ચ-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું ક્ષેત્રીય આયોજન છે.
- પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલ વડાતળાવને નર્મદા યોજનાની નહેરમાંથી પાણી ઉદ્વહન કરી ભરવા માટેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેનો અત્યાર સુધીનો ખર્ચ ૧૪૦૮.૦૪ લાખ થયેલ છે.

INDEX

ખેતીવિષયક તથા બિનખેતીવિષયક હેતુ માટે અપાતા પાણીની વસુલાત.

- અત્રેની વર્તુળ કચેરી હસ્તકની વિવિધ જળાશયોમાંથી સિંચાઇના હેતુસર આપવામાં આવતા પાણીની તથા નદીઓમાંથી ઔદ્યોગિક તેમજ પીવાના હેતુસર આપવામાં આવતા પાણીની વસુલાત અંગેની છેલ્લા ૩ વર્ષની વિગતો નીચે મુજબ છે.

અ.નં.	વર્ષ	સિંચાઇની કુલ વસુલાત (₹ લાખમાં)	બિનખેતી વિષયકની કુલ વસુલાત (₹ લાખમાં)
૧	૨૦૧૯-૨૦	૮૩.૫૬	૨૯૨૪૫.૨૧
૨	૨૦૨૦-૨૧	૯૫.૬૬	૩૩૭૬૪.૨૮
૩	૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ અંતિત)	૫૬.૦૦	૨૫૨૮૮.૪૬
	કુલ વસુલાત ₹	૨૩૫.૨૨ લાખ	૮૮૨૯૭.૯૫ લાખ

સિંચાઇ માટે અપાતા પાણી તેમજ બિનખેતીવિષયક હેતુ માટે અપાતા પાણીની વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ₹ ૩૦૦૦૦ લાખની વસુલાતના લક્ષ્યાંક છે.

- કરજણ જળાશય યોજનાની ડાબા કાંઠા મુખ્ય નહેર આધારીત પેનસ્ટોક બેઝડ ૩ મેગાવોટ હાઇડ્રોપાવર પ્રોજેકટ થકી ઓકટોબર-૨૦૨૧ સુધીમાં ૭૭.૯૪ લાખ યુનીટ વીજળીના ઉત્પાદન થકી ₹ ૧૯.૪૮ લાખની સરકારશ્રીને આવકની પ્રાપ્તિ થયેલ છે તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૧૦૦ લાખ યુનીટ વીજળીના ઉત્પાદન થકી અંદાજીત ₹ ૩૦ લાખની આવક મેળવવાનું લક્ષ્યાંક છે.

(બ) વર્ષ ૨૦૨૨-૨૩ નું આયોજન

♦ **પૂર સંરક્ષણની કામગીરી**

- વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના છાલીયેર ખાતે મેસરી નદી કિનારે ₹ ૪૩.૪૬ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે. સદર કામગીરીનો વર્કઓર્ડર ટૂંક સમયમાં આપવામાં આવશે.
- વડોદરા જિલ્લાના (૧) કરજણ તાલુકાના હિરજીપુરા ગામે અંદાજીત ૧૦૦ લાખના ખર્ચે (૨) પાદરા તાલુકાના શહેરા ગામે અંદાજીત ૨૦૦ લાખના ખર્ચે (૩) શિનોર તાલુકામાં અંદાજીત ૧૭૦ લાખના ખર્ચે (૪) કરજણ તાલુકાના કોહણા ગામે અંદાજીત ૨૨૫ લાખના ખર્ચે અને (૫) ડભોઇ તાલુકાના ભિલોડીયા ગામે અંદાજીત ૪૫૦ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે.
- સુરત જિલ્લાના માંગરોલ તાલુકાના મોટી નરોલી ગામે ₹ ૩૬૦.૩૭ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- સુરત જિલ્લાના માંગરોલ તાલુકાના કોસાડી ગામે ₹ ૨૮૬.૭૯ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રાજપુરા ગામે નર્મદા નદી પર ₹ ૪૫૦.૫૨ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના સેંગપુર ગામે અંદાજીત ₹ ૩૦૦ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે.

♦ **નહેર સુધારણાના કામો**

- વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકામાં આવેલ દેવ સિંચાઇ યોજનાની નહેરોના આધુનિકરણ અને નવિનીકરણની કામગીરી વાપકોસ લી., અમદાવાદના પરામર્શમાં રહી હાથ ધરવાનું ક્ષેત્રીય આયોજન છે.
- છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સુખી સિંચાઇ યોજનાની જમણા કાંઠા નહેરોના આધુનિકરણ માટે અંદાજીત ₹ ૨૦૦૦ લાખના ખર્ચે લાઇનીંગ તથા સ્ટ્રકચરોની કામગીરી કરવાનું ક્ષેત્રીય આયોજન છે. જે માટે સર્વે તથા ડીઝાઇન અર્થેની કામગીરી વાપકોસ, અમદાવાદને સોંપેલ છે.
- છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સુખી સિંચાઇ યોજના હેઠળના રાજપરી ટુ તરગોળ રોડના મરામતના ₹ ૩૧૨.૨૭ લાખના ડીટીપી મંજુર થયેલ છે. જેના ટેન્ડર મંજુરી અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં સાદર કરેલ છે.

INDEX

- છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સુખી સિંચાઈ યોજનાની ડાબા કાંઠા નહેરના સર્વીસ રોડને ડામરનો બનાવવાની કામગીરી અંદાજીત ₹ ૨૯૩ લાખના ખર્ચે કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે. જે માટેના અંદાજપત્રો વહીવટી મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરાયેલ છે.
- છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સુખી સિંચાઈ યોજનાની જમણા કાંઠા નહેરની જબુગામ ડીસ્ટ્રી.ના સર્વીસ રોડને ડામરનો બનાવવાની કામગીરી અંદાજીત ₹ ૪૫૦ લાખના ખર્ચે કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે.
- છોટાઉદેપુર જિલ્લાના પાવી-જેતપુર તાલુકાના રાજવાસણા ગામે આવેલ હેરણ નદી પરની હેરણ આડબંધ યોજના હેઠળની મુખ્ય નહેર તથા તેની શાખા-પ્રશાખા નહેરોના આધુનિકરણ અને નવિનીકરણની કામગીરીના ₹ ૯૭૬.૨૭ લાખનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે. સદરહું કામગીરી પુર્ણ થતાં છેવાડાના વિસ્તાર સુધી પુરતા પ્રમાણમાં સિંચાઈ માટે પાણી આપી શકાશે.
- છોટાઉદેપુર જિલ્લામાં આવેલ હેરણ વીયર યોજનાના ડેમને રીપેરીંગ કરવા માટેના અંદાજીત ₹ ૪૯.૯૫ લાખના અંદાજપત્રોને સરકારશ્રી કક્ષાએથી વહીવટી મંજુરી મળેલ છે.
- છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આવેલ રામી સિંચાઈ યોજના હેઠળની મુખ્ય નહેર તથા તેની પ્રશાખા નહેરોનું અંદાજીત ₹ ૨૧૧.૪૬ લાખના ખર્ચે ઈ.આર.એમ. અંતર્ગત આધુનિકરણ અને નવિનીકરણ કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે.
- ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકામાં આવેલ કરજણ ડાબા કાંઠા મુખ્ય નહેરના સેકશન ૧૨ થી ૧૬ માં આવતી વિવિધ ડીસ્ટ્રીબ્યુટરીઓના અંદાજીત ₹ ૨૩૯૩ લાખના ખર્ચે આધુનિકરણ અને નવિનીકરણ કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે. જેના અંદાજપત્રકોને સરકારશ્રી દ્વારા વહીવટી મંજુરી અપાયેલ છે તથા તાંત્રિક મંજુરી અંગેના અંદાજપત્રો બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ભરૂચ જિલ્લામાં આવેલ બલદેવા, ધોલી અને પિગુટ સિંચાઈ યોજનાઓની જમણા કાંઠા તેમજ ડાબા કાંઠા મુખ્ય નહેરના વિવિધ ભાગો તથા બાંધકામોનું અંદાજીત ₹ ૮૮૦ લાખના ખર્ચે આધુનિકરણ અને નવિનીકરણ કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે.
- નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલ કરજણ જળાશય યોજનાની ડાબા કાંઠા મુખ્ય નહેરમાંથી નીકળતી બ્રાન્ચ કેનાલ ચે. ૦ થી ૧૫૯૦ મી., ઈન્દોર ડીસ્ટ્રી. ચે. ૦ થી ૧૪૭૨૦ મી. અને ધામણાચા ડીસ્ટ્રી. ચે. ૦ થી ૯૪૫૦ મી.ની નહેરોના અંદાજીત ₹ ૧૨૧૦.૧૪ લાખના ખર્ચે આધુનિકરણ અને નવિનીકરણની કામગીરી હાથ ધરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે. જેના નકશા તથા અંદાજપત્રકોને તાંત્રિક મંજુરી સરકારશ્રી દ્વારા અપાયેલ છે તથા તેના ડી.ટી.પી. મંજુરી અર્થેની દરખાસ્ત સરકારશ્રીમાં સાદર કરાયેલ છે.
- નર્મદા જિલ્લાના નાંદોદ તથા ગરૂડેશ્વર તાલુકાના કરજણ જમણા કાંઠા હેઠળની ગોરા ડીસ્ટ્રીબ્યુટરીના દક્ષિણ તરફના ડુંગરાઓમાં વસતા તેમજ કરજણ જળાશય યોજનાના સિંચાઈના પાણીથી વંચિત રહેતા એવા નાંદોદ તાલુકાના ૪ અને ગરૂડેશ્વર તાલુકાના ૭ ગામો મળીને કુલ ૧૧ ગામોના ૧૨૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળી રહે તે માટે કરજણ જમણા કાંઠા હાઈલેવલ રીચાર્જ કેનાલની કામગીરી ₹ ૨૫ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

♦ ડેમ સેફટીના કામો

- વડોદરા જિલ્લામાં આવેલ દેવ સિંચાઈ યોજનાની ડેમ સેફટીના કામે ₹ ૧૫૦ લાખના ખર્ચે સલામતીના કામો કરવાનું આયોજન છે.
- છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સુખી સિંચાઈ યોજનામાં ₹ ૧૬૫.૭૫ લાખના ખર્ચે કુલ ૨૦ કામો કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે.
- છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આવેલ રામી સિંચાઈ યોજનાના ડેમ સેફટી અંતર્ગત ડેમની દેખરેખને લગત વિભીન્ન કામગીરીઓ ₹ ૭૦ લાખના ખર્ચે હાથ ધરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે.
- નર્મદા જિલ્લામાં આવેલ કરજણ સિંચાઈ યોજનામાં ₹ ૨૮૪.૧૫ લાખના ખર્ચે કુલ ૫ કામો કરવાનું ક્ષેત્રીય આયોજન છે.
- ભરૂચ જિલ્લામાં આવેલ બલદેવા, ધોલી અને પિગુટ સિંચાઈ યોજનાના વિવિધ ૮ કામો અંદાજીત ₹ ૧૮૦.૮૮ લાખના ખર્ચે ધોલી ઈરીગેશન સ્કીમ સદરે હાથ ધરવાનું ક્ષેત્રીય આયોજન છે.

INDEX

♦ હાઈડ્રોપાવર પ્રોજેકટ

- કરજણ જળાશય યોજના આધારીત કુલ ૬.૫ મેગાવોટની સ્થાપિત ક્ષમતાવાળા હાઈડ્રોપાવર પ્રોજેકટ બી.ઓ.ટી. ધોરણે અંદાજીત ₹ ૫૦ કરોડના ખર્ચે ઉભા કરવાનું આયોજન છે.

♦ ઉદ્વહન સિંચાઈ યોજના

- નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકો, ભરૂચ જિલ્લાના ઝઘડીયા, વાલીયા અને નેત્રંગ તાલુકાના તેમજ સુરત જિલ્લાના માંગરોલ તાલુકાના આદિજાતિ વિસ્તારમાં સિંચાઈની સુવિધાથી વંચિત એવા વિસ્તારમાં સિંચાઈની સુવિધા પુરી પાડવા માટે કરજણ જળાશય યોજના આધારિત કરજણ ડેમ મોટી ભમરીથી મોજે વાડી, તાલુકો માંગરોલ (હાલ-ઉમરપાડા) જિલ્લો-સુરત સુધી પાણી પહોંચાડવા માટેની મોટી ભમરીથી મોવી, કોચબાર, કાટીપાડા, નેત્રંગ, મૌઝાથી વાડી અને નેત્રંગથી ગંભીરપુરા, પીપલપાડી અને કપાટ સુધીની કુલ અંદાજે ૫૮ કિલોમીટર લંબાઈમાં એમ.એસ. પાઈપલાઈન ₹ ૩૭૯.૦૫ કરોડના ખર્ચે નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

સૂચિત પાઈપ લાઈનની પથરેખામાં આવતી કીમ, અમરાવતી, ટોકરી અને ભુખી જેવી હયાત નદીઓ અને કોતરોમાં પાણી વહેવડાવી તેના ઉપર હયાત અને સૂચિત ચેકડેમો તથા ૪૦ તળાવો ભરીને કુલ ૧૦૩ ગામોના ૧૮૭૦૦ એકર (૭૫૦૦ હેકટર) જેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

સદર કામગીરી હેઠળ તા. ૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં ભૌતિક પ્રગતિ ૭૯.૦૯% તથા નાણાંકીય પ્રગતિ ૮૧.૬૧% થયેલ છે એટલે કે પાઇપલાઈનની કુલ લંબાઇ ૫૮૧૯૨ મીટર પૈકી ૨૪૩૪ એમ.એમ. ડાયાની ૬૫૦ મીટર પૈકી બધી પાઇપો સ્થળ પર આવેલ છે જે પૈકી ૨૮૮ મીટર પાઇપલાઇનનું લેઇંગ પૂર્ણ થયેલ છે, ૨૪૩૨ એમ.એમ. ડાયાની ૨૦૧૬૫ મીટર પૈકી બધી પાઇપો સ્થળ પર આવેલ છે જે પૈકી ૧૪૭૯૮ મીટર પાઇપલાઇનનું લેઇંગ પૂર્ણ થયેલ છે, ૧૩૨૦ એમ.એમ. ડાયાની ૧૮૬૩૭ મીટર લંબાઇ પૈકી બધી પાઇપો સ્થળ પર આવી ગયેલ છે. જે પૈકી સ્થળ પર ૧૪૮૧૦ મીટર પાઇપલાઇનનું લેઇંગ પૂર્ણ કરવામાં આવેલ છે તથા ૨૧૨૫ એમ.એમ. ડાયાની કુલ ૧૮૭૪૦ મીટર લંબાઇ પૈકી બધી જ એમ.એસ. પાઇપો સ્થળ પર આવી ગયેલ છે જે પૈકી ૧૬૧૩૭ મીટર પાઇપલાઇનનું લેઇંગ પૂર્ણ કરવામાં આવેલ છે. તા. ૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં પાઇપલાઇનની કામગીરી પર ₹ ૩૦૦૩૫.૬૭ લાખ તેમજ ટી.પી.આઇ.ની કામગીરી પર ₹ ૧૫૦.૫૪ લાખનો (૬૮.૭૪%) ખર્ચ થયેલ છે.

સદર કામગીરી ડીસેમ્બર-૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. પરંતુ, કોવિડ-૧૯ મહામારીને કારણે સદર કામગીરી ડીસેમ્બર-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે.

♦ ચેકડેમ / તળાવો / વીયર

- ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાંથી પસાર થતી અમરાવતી નદી પર સેંગપુર ગામે ₹ ૧૭૭.૪૦ લાખના ખર્ચે મોટા ચેકડેમ બાંધવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના થકી આશરે ૧૦૦ હેકટર જેટલા વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ આપી શકાશે.
- વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મોજે ઝુમખા અને વિટોજ ગામે ₹ ૨૪૨.૭૪ લાખના ખર્ચે ૨ (બે) મોટા ચેકડેમો બાંધવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના થકી આશરે ૨૭૦ હેકટર જેટલા વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ આપી શકાશે.
- વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના મોજે નારપુરી અને કરીયાના મુવાડા ગામે ₹ ૧૮૩.૦૪ લાખના ખર્ચે ૨ (બે) મોટા ચેકડેમો બાંધવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના થકી આશરે ૨૬૦ હેકટર જેટલા વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ આપી શકાશે.
- વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પોઈચા ગામ પાસે મહી નદી પર ₹ ૩૦૮.૪૩ કરોડના ખર્ચે વીયર બાંધવાનું ક્ષેત્રીય કચેરીનું આયોજન છે. જેના અંદાજપત્રકોને સરકારશ્રી દ્વારા વહીવટી મંજુરી અપાયેલ છે. જેના સર્વે તથા ડીઝાઈનની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર નગરને પીવાના પાણી પુરૂં પાડવા માટે છોટાઉદેપુર ગામે આવેલ ઓરસંગ નદી ઉપર ₹ ૪૨૩.૩૨ લાખના ખર્ચે મોટો ચેકડેમ બાંધવાનું કામ પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થયેથી છોટાઉદેપુર નગરને પીવાના પાણીની મુશ્કેલી નિવારી શકાશે.
- છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર, નસવાડી સંખેડા તથા બોડેલી તાલુકામાં આવેલ ૫ હયાત તળાવો અંદાજે ₹ ૨૫ લાખના ખર્ચે ઉંડા કરવાનું આયોજન છે. જેના થકી અંદાજીત ૧૫ થી ૨૦ હેકટર જેટલા વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ આપી શકાશે.

INDEX

- છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર ખાતે વસવો કોતર ઉપર સર્વે નં. ૩૯ તથા ૪૦ પાસે પાવીજેતપુર ગામની પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે એક મોટો ચેકડેમ બનાવવાનું આયોજન છે. જેની ₹ ૧૦૫.૦૫ લાખની સૈધ્ધાંતિક મંજુરી સરકારશ્રી તરફથી મળેલ છે. જેના અંદાજપત્રોની વહીવટી મંજુરી અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં જરૂરી સર્વેક્ષણ કરી અંદાજીત ₹ ૧૬૭ લાખના ખર્ચે ૬ (છ) મોટા ચેકડેમો બાંધવાની કામગીરી કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે. જેના સર્વે અને ઈન્વેસ્ટીગેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં જરૂરી સર્વેક્ષણ કરી ₹ ૨૩ લાખના ખર્ચે નાના ચેકડેમની કામગીરી કરવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે. જેના સર્વે અને ઈન્વેસ્ટીગેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- નર્મદા જિલ્લાના નાંદોદ, ગરૂડેશ્વર અને ડેડીયાપાડા તાલુકાના કુલ અંદાજીત ₹ ૯૦૦ લાખના ખર્ચે ૮ મોટા ચેકડેમ બનાવવાનું ક્ષેત્રીય કક્ષાનું આયોજન છે. જેના સર્વે અને ઈન્વેસ્ટીગેશનની કામગીરી ક્ષેત્રીય કક્ષાએ પ્રગતિ હેઠળ છે.

(૫) ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા :

સંશોધન

ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, રાજ્યના સિવિલ ઈજનેરી ક્ષેત્રે પરીક્ષણ અને સંશોધનના કાર્યમાં ૧૯૬૦ થી કાર્યરત છે. સંસ્થાની પ્રયોગશાળાઓ બાંધકામ માટે જરૂરી પરીક્ષણ અને સંશોધનની પાયાની કામગીરી કરે છે. આ કામગીરી ગુજરાત સરકારના બાંધકામના વિવિધ વિભાગો, નિગમો/બોર્ડ તેમજ અન્ય ખાનગી સંસ્થાઓ માટે પણ સંસ્થાની વિવિધ પ્રયોગશાળાઓ દ્વારા કરવામાં આવે છે.

સંસ્થાનું વહીવટી સંચાલન મુખ્ય ઈજનેરશ્રી કક્ષાના મુખ્ય ઈજનેર નિયામકશ્રી દ્વારા થાય છે. સંશોધન, પરીક્ષણ અંગેની કાર્યવાહી ચાર અધિક્ષક ઈજનેર કક્ષાના અધિકારીઓ અને તેમની હસ્તકના કાર્યપાલક ઈજનેર કક્ષાના સંશોધન અધિકારીઓ ભુમિમોજણી અધિકારીઓ અને ભુસ્તરશાસ્ત્રી દ્વારા થાય છે. આ સંસ્થા હેઠળ હાલ ૧૭ વિભાગો છે. રાજકોટ, ગાંધીનગર અને સુરત ખાતે આવેલી પ્રાદેશિક પ્રયોગશાળાઓ (વિભાગીય કચેરીઓ) અને તેઓ હસ્તકની જિલ્લા પ્રયોગશાળાઓમાં (પેટા વિભાગોમાં) ભુમિમોજણી પરીક્ષણ અને અન્વેષણનું કાર્ય કરવામાં આવે છે. તદુપરાંત વડોદરા સ્થિત કચેરીઓ દ્વારા પરીક્ષણ ઉપરાંત સંશોધન, બંધ સુરક્ષા અંગે નિરીક્ષણ, સેડીમેન્ટેશન સર્વે, મોડલ સ્ટડી, ભુસ્તરીય અન્વેષણ, ધરતીકંપને લગતી મોજણી અને અભ્યાસ, મોટી અને મધ્યમ સિચાંઇ યોજના માટે ભુમિમોજણી ભુગર્ભ જળ સપાટી ગુણવત્તા વગેરે કામગીરી થાય છે. આમ આ સંસ્થા મુખ્યત્વે ઈજનેરી, બાંધકામ માટે જરૂરી અન્વેષણ બાંધકામમાં વાપરતાં માલસામાનની ચકાસણી, બાંધકામની પદ્ધતિઓનું સંશોધન અને વિકાસ તેમજ બાંધકામમાં ગુણવત્તા નિયમન તથા તેને લગતા જરૂરી તાલીમ વગેરે ની કામગીરી કરે છે.

સંસ્થા દ્વારા રાજ્ય પુરસ્કુત સંશોધન યોજનાઓ ઉપરાંત કેન્દ્ર સરકારની સંસ્થાઓ જેવી કે, કેન્દ્રીય સિંચાઇ અને શક્તિ મંડળ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર સિસર્ચ તેમજ ભારત સરકારના વાહન વ્યવહાર વિભાગ તરફથી જ તેમજ સાયન્સ અને ટેકનોલોજી વિભાગ તરફથી ફાળવવામાં આવતાં સંશોધનને લગતા પ્રશ્નો પણ હાથ ધરી જરૂરી સંશોધનની કામગીરી કરાય છે. આ ઉપરાંત રાજ્ય સ્તરે ક્ષેત્રિય અધિકારીઓને ઈજનેરી વિજ્ઞાન થઇ રહેલી અદ્યતન કક્ષાની માહિતીથી માહિતગાર રહે તે સારૂ વખતો-વખત જરૂરી તાલીમ શાળા, કાર્ય શાળા તેમજ પરિસંવાદો નું આયોજન કરે છે.

આ સંસ્થા બંધોમાં જમા થતા કાંપની મોજણીનું અતિ અગત્યનું કામ કરવામાં આવે છે અને તે અંગે જરૂરી જણાયે સલાહ - સૂચનો આપે છે. આ ઉપરાંત હાલમાં વિશ્વ બેન્ક પુરસ્કુત હાઈડ્રોલોજી પ્રોજેક્ટની કામગીરીમાં ગેરી દ્વારા સરફેસ વોટર ક્વોલિટી એસેમેન્ટની કાર્યવાહી ચાલી રહી છે. સદર પ્રોજેક્ટ હેઠળ રાજ્યના જુદા જુદા સ્થળોથી લેવાયેલા પાણીના નમુનાઓની ચકાસણી માટે રાજકોટ, વડોદરા(level II+) અને ગાંધીનગર (level II+) ખાતે પ્રયોગશાળા સ્થાપવામાં આવેલી છે. સદર પ્રયોગશાળાઓમાં પાણીના નમુનાઓના ૨૫ પેરા મીટરના પરીક્ષણ અદ્યતન સાધનો દ્વારા થાય છે. હાઈડ્રોલોજી ફેઝ-III હેઠળ(Purpose driven study) કમ્પોનન્ટ અંતર્ગત ૨ (બે) સંશોધન યોજના World bank ની સહાયથી પ્રગતિ હેઠળ છે.

મુ.ઈ. અને અ.સ.શ્રી(દ.ગુ.) ની પ્રવૃતિની રૂપરેખા (વર્ષ ૨૦૨૨-૨૩)

૧) દમણગંગા જળાશય યોજના ગજરાત રાજ્ય, કેન્દ્ર શાસિત વિસ્તાર દાદરા નગર હવેલી તથા દમણ દ્વારા સયુંકત રીતે હાથ ધરાયેલ એક બહુલક્ષી સિંચાઈ યોજના છે. યોજનાનું કામ માર્ચ-૨૦૦૦ માં ₹ ૨૫૯.૬૫ કરોડનાં ખર્ચે પૂર્ણ થયેલ છે. આ યોજનાને કારણે ત્રણયે લાભિત પ્રદેશો ગુજરાત, દાદરા નગર હવેલી તેમજ દમણને નિર્ધારીત શેરીંગ રેશીઓ મુજબ અનુક્રમે ૩૮૦.૦૬, ૭૯.૩૫ અને ૩૨.૬૭ મીલીયન ઘનમીટર પાણી સિંચાઈ, ઓદ્યોગિક અને પીવાના પાણી માટે ફાળવવામાં આવેલ છે.

છેલ્લા છ વર્ષ દરમ્યાન યોજનાની નહરોની મરામત અને જાળવણી ઉપલબ્ધ ગ્રાન્ટને અનુલક્ષી અગ્રતાક્રમ નક્કી કરવામાં આવેલ છે. યોજનામાં છેલ્લા છ વર્ષ દરમ્યાન થયેલ સિંચાઈની વિગત નીચે મુજબ છે.

અ.ન.	વર્ષ	થયેલ સિંચાઈ (હકટરમાં)
૧	૨૦૧૬-૧૭	૧૨૭૬૭
૨	૨૦૧૭-૧૮	૧૨૨૫૧
૩	૨૦૧૮-૧૯	૧૦૮૩૬
૪	૨૦૧૯-૨૦	૮૩૭૬
૫	૨૦૨૦-૨૧	૮૯૨૮
૬	૨૦૨૧-૨૨	૫૯૨ (ખરીફ સુધી)

વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૫૦૦૦ હેકટરમાં સિંચાઈનું આયોજન છે.

ગુજરાતને ફાળવેલ કુલ ૩૮૦.૦૬ MM3 હેઠળ હાલ ચાર(૪) પાણી પુરવઠા યોજના, બે(૨) નગરપાલિકા, ત્રણ (૩) જી.આઈ.ડી.સી. સહીત કુલ તેત્રીસ (૩૩) ઓદ્યોગિક એકમોને પાણી પુરૂ પાડવામાં આવે છે. ઓદ્યોગિક વપરાશ તથા સિંચાઈ માટે આપવામાં આવતા પાણી દ્વારા પાછલા ત્રણ વર્ષોમાં વાર્ષિક સરેરાશ ૧૧૨૯૫ લાખની આવક થયેલ છે. સને ૨૦૨૦-૨૧ માં કુલ ૧૦૫૩૬ લાખની આવક થયેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં ઓક્ટોબર અંતિત ₹ ૮૪૦૭ લાખની આવક થયેલ છે, જ્યારે સને ૨૦૨૨-૨૩ માં અંદાજે ₹ ૧૪૦૦૦ લાખની આવક થાય તેમ છે.

૨) દમણગંગા જળાશય યોજના અંતર્ગત મધુબન ડેમની જાળવણી તેમજ સલામતી માટે બંધ સલામતીના કામો કરવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ₹ ૧૪૯.૩૬ લાખના કામો પૂર્ણ કરવામાં આવનાર છે તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે અંદાજે ₹ ૧૦૦૦ લાખના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

મધુબન ડેમ ખાતે સને ૨૦૧૦ અને ૨૦૧૩ થી અનુક્રમે ૩.૦૦ MW અને ૨.૬૦ MW મળી કુલ ૫.૬૦ MW ના હાઈડ્રોપાવર પ્રોજેક્ટ દ્વારા વિજ ઉત્પાદન ચાલે છે જે થકી સરકારશ્રીને માહે ૧૧/૨૦૨૦ સુધીમાં કુલ ₹ ૬૭૮.૦૫ લાખની આવક થયેલ છે અને આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માં અંદાજીત ₹ ૬૨.૦૦ લાખની આવક થવાનો અંદાજ છે.

૩) દમણગંગા નહેર આધારિત કુલ ૫૭૭૩.૦૦ હેકટર વિસ્તારને આવરી લેતી ₹ ૫૩૧૯.૨૯ લાખની કુલ પાંચ ઉદ્વહન સિંચાઈ યોજના પૂર્ણ થયેલ છે. અને હાલમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવી રહેલ છે.

વધુમાં વલસાડ જિલ્લાના કપરાડા તથા ધરમપુર તાલુકાના અંદાજે ૩૪૦૦ એકર વિસ્તારમાં પાણી આપવા માટેની ઉદ્વહન પાઈપલાઈન યોજનાથી કામગીરી માટે તજજ્ઞ દ્વારા સર્વેક્ષણ અને નકશા-અંદાજ તૈયાર કરવામાં આવી રહેલ છે. ચિંચાઈ લીફ્ટ ઈરીગેશન સ્કીમના આધુનિકીકરણની કામગીરી અંદાજે ₹ ૯૫.૦૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.

૪) વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં દરિયાઈ ધોવાણ અટકાવવાનાં કુલ ૪૦ કામો દરિયાઈ પારડી, ઉમરગામ અને વલસાડ એમ ત્રણ તાલુકામાં કુલ ૨૭.૬૩ કિ.મી. લબાઈમાં જુદી-જુદી જગ્યાએ પૂર્ણ કરવામાં આવેલ છે, જેના થકી કુલ ૨૦૨૭ હેક્ટર વિસ્તારને તથા ૮૯૫૦૦ વસ્તીને લાભ મળેલ છે. આગામી પાંચ વર્ષમાં (૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬) દરિયાઈ ધોવાણ અટકાવવાના ૧૭ કામોનું આયોજન છે. જે પૈકી વલસાડ તાલુકામાં કુલ ૦૭ કામો અંદાજે ₹ ૯૫ કરોડના તેમજ ઉમરગામ તાલુકામાં કુલ ૦૯ કામો અંદાજે ₹ ૫૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે. ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં દરિયાઈ ધોવાણના કામો માટે ₹ ૯૦૦ લાખની બજેટ જોગવાઈ છે અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૦૦૦ લાખના ખર્ચનું આયોજન છે.

૫) વલસાડ જિલ્લામાં નવેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ૨૦૦૩ નાના અને ૧૪૨ મોટા ચેકડેમો બાંધવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમ્યાન આગામી ચોમાસા પહેલા મોટા ચેકડેમોના કુલ ૧૬ કામો અંદાજિત ₹ ૧૬૧૫.૯૧

INDEX

લાખના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૧-૨૨માં નાના-મોટા ચેકડેમો બાંધવા તેમજ ચેકડેમ મરામત માટે કુલ ₹ ૧૫૦૬.૭૪ લાખની બજેટ જોગવાઈ છે અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૬૦૫ લાખના ખર્ચનું આયોજન છે.

૬) કાંસ સુધારણાના કામો માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૩૯.૦૦ લાખની બજેટ જોગવાઈ છે. આ સદરે સને ૨૦૨૨-૨૩માં ₹ ૨૨૦૦૦૦ લાખની બજેટ જોગવાઈ સુચિત કરેલ છે. જે અંતર્ગત વલસાડ જિલ્લાના વાપી તાલુકાના શેહરી વિસ્તારમાંથી પસાર થતી બિલખાડીમાંથી પુરના પાણીના નિકાલ અર્થે સેક્શનીંગ અને લાઈનીંગની અંદાજે ₹ ૨૧૦૦ લાખની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

૭) જળસંચયના ભાગ રૂપે વલસાડ જિલ્લાના જુદા-જુદા તાલુકાઓમાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૧ માં કુલ ૫૩ તળાવો ઉંડા કરવાની કામગીરી લોકભાગીદારીથી તેમજ કુલ ૧૦૨ ચેકડમ મરામતની કામગીરી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૫૦.૦૦ લાખના ખર્ચનું આયોજન છે.

૮) ઉકાઇ ડાબા કાંઠા ઉચા તળની નહેરનાં ૦ થી ૫૧ કી.મી. સુધીની મુખ્ય નહેરની કામગીરી પૂર્ણ થયેલ છે. ડીસ્ટ્રીબ્યુટરી સીસ્ટમ પાછળ તથા અન્ય પરચુરણ કામગીરીઓ માટે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન અંદાજે કુલ ₹ ૧૫૦૦.૦૦ લાખ ખર્ચ થનાર છે, જ્યારે ઉકાઇ થી પુર્ણા સુધીના ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમની કામગીરી તથા પુર્ણાથી અંબિકા મુખ્ય નહેરની કામગીરી માટે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે ₹ ૪૦૦૦.૦૦ લાખના ખર્ચે કામગીરી કરવાનું આયોજન છે.

૯) ઉકાઇ મોટી અને બહુહેતુક યોજનાના વિવિધ વિસ્તારમાં બંધ સુરક્ષાનાં કામો ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં અંદાજે ₹ ૩૫૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૫૦૦.૦૦ લાખના ખર્ચે કામો હાથ ધરવાનું આયોજન છે. તેમજ, મધ્યમ સિંચાઇ યોજનાઓ જુજ, કેલીયા, વેર-૨, કાકડીઆંબા, ચોપડવાવ, ડોસવાડા અને લાખીગામ સિંચાઇ યોજનાઓમાં બંધ સુરક્ષાનાં ચાલુ વર્ષે ₹ ૫૫૦.૦૦ લાખ ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષે ૨૦૨૨-૨૩માં અંદાજે ₹ ૬૦૦.૦૦ લાખના ખર્ચે કામો હાથ ધરવાનું આયોજન છે.

૧૦) નિર્મળ ગુજરાત સદરે ઉકાઇ વર્તુળ(સી) હેઠળ આવેલ જુદી-જુદી યોજનાઓનાં કોલોની તેમજ ઓફીસ બિલ્ડીંગ મરામત કરવા માટે તથા સ્ટાફ ક્વાર્ટર્સના કામો માટે ચાલુ વર્ષે અંદાજે ₹ ૪૬૪.૪૭ લાખનો ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષે અંદાજે ₹ ૭૦૦.૦૦ લાખનાં ખર્ચે વાલોડ ખાતે ઓફીસ બિલ્ડીંગ, વ્યારા ખાતે ઓફીસ બિલ્ડીંગ, ચોપડવાવ ખાતે ઓફીસ બિલ્ડીંગ, સ્ટાફ કવાર્ટર્સ અને હોસ્ટેલ બિલ્ડીંગના કામો હાથ ધરવાનું આયોજન છે.

૧૧) ૦૭ મધ્યમ સિંચાઇ યોજનાઓમાં નહેર સુધારણાનાં કામો માટે ચાલુ વર્ષે અંદાજે ₹ ૫૮૫.૦૦ લાખનો ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષ માં અંદાજે ₹ ૯૨૦.૦૦ લાખના ખર્ચે વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.

૧૨) ઉકાઇ મોટી યોજના તથા ઉકાઇ ડાબા કાંઠા મુખ્ય નહેરમાં નહેર સુધારણાના કામો માટે ચાલુ વર્ષે અંદાજે ₹ ૧૫૯૧.૨૬ લાખનો ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષે અંદાજે ₹ ૨૧૦૦.૦૦ લાખના ખર્ચે નહેર સુધારણાના વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.

૧૩) વર્તુળ હેઠળની ઉકાઇ ડાબા કાંઠા નહેર અને અન્ય ૭- મધ્યમ સિંચાઇ યોજનાઓમાં સહભાગી સિંચાઇ યોજના અંતર્ગત કામો ચાલુ વર્ષે અંદાજે ₹ ૩૫૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષે અંદાજે ₹ ૩૮૫.૦૦ લાખના ખર્ચે સહભાગી સિંચાઇ યોજના અંતર્ગત વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.

૧૪) તાપી, સુરત, નવસારી અને ડાંગ જિલ્લાઓમાં ચાલુ વર્ષે કુલ ૨૩ મોટા ચેકડેમોના બાંધકામ પાછળ ₹ ૧૫૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે આગામી વર્ષે ચાલુ વર્ષની સ્પીલઓવર લાયેબીલીટી અને ૨૫ મોટા ચેકડેમોના બાંધકામ પાછળ અંદાજે ₹ ૪૦૦૦.૦૦ લાખના ખર્ચે થનાર છે.

૧૫) કાકરાપાર-ગોરધા-વડ પાઈપ લાઈન યોજનાનું કામ પુર્ણ થયેલ છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે અંદાજે ₹ ૮૦૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે ₹ ૧૦૦૦.૦૦ લાખનો ખર્ચે અન્ય કામો હાથ ધરવાનું આયોજન છે.

૧૬) તાપી (સાતકાશી) - કરજણ લીંક યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. સદરહું કામ માટે ચાલુ વર્ષે અંદાજે ₹ ૧૭૦૦૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે ₹ ૨૦૦૦૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે.

૧૭) સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાઓ માટે ની ઉદ્વહન સિંચાઇ યોજનાઓની કામગીરી પ્રગતિમાં છે. આ કામમાં ચાલુ વર્ષે અંદાજે ₹ ૨૫૦૦૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે, જ્યારે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે ₹ ૨૪૦૦૦.૦૦ લાખના ખર્ચે થનાર છે. આ કામમાં ૫૮% જેટલી કામગીરી પુર્ણ થયેલ છે.

INDEX

૧૮) ઉકાઈ યોજનાના DRIP-2 Project અંતર્ગત ઉકાઈ ડેમ ખાતે રીનોવેશન એન્ડ રીસ્ટોરેશનની કામગીરી માટે ચાલુ વર્ષે અંદાજે ₹ ૧૦૦૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે. જ્યારે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે ₹ ૩૦૦૦.૦૦ લાખના ખર્ચે વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.

૧૯) ડાંગ અને તાપી જિલ્લામાં પસાર થતી નદીઓ પર ૧૭ જગ્યાએ વીયર/બેરેજ બનાવવાનું આયોજન છે, જેના માટે સર્વેક્ષણની કામગીરી કન્સલટન્ટને સોંપવામાં આવેલ છે.

૨૦) ઉકાઈ-કાકરાપાર યોજનાના વિવિધ વિસ્તારમાં નહેર સુધારણાની કામગીરી માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૫૦૦.૧૦ લાખની બજેટ જોગવાઈ સામે અંદાજે ₹ ૨૯૨૫.૦૦ લાખના (ટ્રાયબલ અને નોન ટ્રાયબલ વિસ્તારમાં) ડીસ્ટ્રી-માઈનોર-સબમાઈનોર કેનાલના નહેર સુધારણાના ૨૦ કામો હાથ ધરવામાં આવનાર છે અને ૨૦ કિ.મી. લંબાઈમાં કેનાલ લાઈનીંગની કામગીરી કરવામાં આવનાર છે. જેના થકી નહેરમાં થતા લીકેજ/સીપેજમાં ઘટાડો થશે અને છેવાડાના વિસ્તારમાં સિંચાઈ માટે પૂરતું પાણી આપી શકાશે અને અંદાજિત ૩૦૦ હેકટર સિંચાઇ વિસ્તાર લાભ થશે અને સિંચાઈ સુવિધા યુક્ત થશે. સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં અંદાજે ₹ ૨૪૩૫.૦૦ લાખના નહેર સુધારણાનાનું આયોજન કરવામાં આવેલ છે.

૨૧) સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૯૨૨.૬૧ લાખની બજેટ જોગવાઇ સામે અંદાજે ₹ ૨૫૮૦.૦૦ લાખના (ટ્રાયબલ અને નોનટ્રાયબલ વિસ્તારમાં) કામો હાથ ધરવામાં આવી રહેલ છે. સદર કામગીરી થતા નહેરની વિતરણ વ્યવસ્થામાં માઈનોર/સબ માઈનોરમાંથી થતા લીકેજ/સીપેજમાં ઘટાડો થશે અને સરળતાથી છેવાડાના વિસ્તારમાં સિંચાઈ માટે પૂરતું પાણી આપી શકાશે. સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં અંદાજે ₹ ૨૪૦૦ લાખના કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

૨૨) કાકરાપાર વીયરની મરામતને લગતી કામગીરી માટેના કામો કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૮૩.૨૫ લાખની બજેટ જોગવાઇ કરેલ છે. ચાલુ વર્ષે અંદાજે ₹ ૩૦૦.૦૦ લાખના બંધ સલામતીને લગતા કામો હાથ ધરવામાં આવી રહેલ છે, જેમાં બંધને લગતી કામગીરી તથા દરવાજાને લગતી કામગીરીનો સમાવેશ થાય છે. સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં અંદાજે ₹ ૨૦૦.૦૦ લાખના વિવિધ કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

૨૩) કચેરીના મકાનો તથા રહેણાંક માટેના મકાનોની મરામતની કામગીરી તથા મકાનોના બાંધકામ માટે માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૮૩૬.૦૯ લાખની બજેટ જોગવાઇ કરેલ છે. ચાલુ વર્ષે ₹ ૧૦૦૦.૦૦ લાખના કામો હાથ ધરવામાં આવી રહેલ છે. સને ૨૦૨૨-૨૩ નાં વર્ષમાં અંદાજે ₹ ૯૦૦.૦૦ લાખના વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.

૨૪) નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં દરિયાઈ ધોવાણ અટકાવવા માટેની કામગીરી કરવા માટે ₹ ૧૬૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરેલ છે. ચાલુ વર્ષે ₹ ૧૫૦૦.૦૦ લાખના કામો હાથ ધરવામાં આવી રહેલ છે. સને ૨૦૨૨-૨૩ નાં વર્ષમાં અંદાજે ₹ ૧૯૦૦.૦૦ લાખના વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે. સદર કામો થવાથી દરિયા કિનારે ધોવાણ અટકી જશે અને માનવ વસ્તીને રક્ષણ મળશે અને સાથોસાથ ફળદ્રુપ અને કિંમતી જમીનનું ધોવાણ થતું અટકાવી શકાશે.

૨૫) ગણદેવી તાલુકામાં કાવેરી નદી પર વાઘરેચ ગામ પાસે ટાઈડલ રેગ્યુલેટર બનાવવાની કામગીરી માટે ટેન્ડર મૂલ્યાંકન હેઠળ આ કામની અંદાજીત રકમ ₹ ૨૮૦.૦૦ કરોડ જેટલી છે. નવસારી તાલુકામાં પૂર્ણા નદી પર સૂચિત ટાઈડલ રેગ્લ્યેટર માટે કન્સલટન્ટ દ્વારા નકશા-અંદાજ બનાવામાં આવી રહેલ છે. આ કામની અંદાજીત રકમ ₹ ૧૯૦.૦૦ કરોડ જેવી થાય તેમ છે. સને ૨૦૨૨-૨૩ નાં વર્ષમાં અંદાજે ₹ ૬૦૦.૦૦ લાખની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

૨૬) માંડવી અને માંગરોળ તાલુકાના સિંચાઈથી વંચિત રહેલ ગામોમાં કાકરાપાર જમણા કાંઠા નહેરમાંથી ઉદ્વહન કરી સિંચાઇ સુવિધા પૂરી પાડવા કન્સલટન્ટ દ્વારા નકશા-અંદાજ તૈયાર કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓની અંદાજીત કિંમત અંદાજે ₹ ૨૫૦.૦૦ કરોડ થાય તેમ છે.

૨૭) ઉકાઈ-કાકરાપાર યોજનાનાં કમાન્ડના વિવિધ વિસ્તારમાં અંદાજીત કુલ ૮૬૭૬ કી.મી. લંબાઈના કાંસ આવેલ છે. આ કાંસઓની સાફ-સફાઈ કરવા અને યોગ્ય જાળવણી કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૦૦૧.૮૮ લાખની બજેટ જોગવાઇ કરેલ છે. ચાલુ વર્ષે કાંસાની સાફ-સફાઇ તથા સ્ટ્રક્ચર્સના રિસ્ટોરેશન માટે અંદાજે ₹ ૧૮૦૦.૦૦ લાખના કામો હાથ ધરવામાં આવી રહેલ છે. જેના થકી ખાડીઓના પૂર સરળતાથી દરિયામાં વહી જાય છે અને વરસાદના પાણીનો સરળતાથી નિકાલ થાય છે. સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં અંદાજે ₹ ૧૩૦૦.૦૦ લાખના વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.

INDEX

૨૮) પૂર સંરક્ષણના કામ માટે તાપી પાળા યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૪૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરેલ છે. ચાલુ વર્ષે ₹ ૨૪૫ લાખના કામો હાથ ધરવામાં આવી રહેલ છે. સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ₹ ૫૦૦.૦૦ લાખના વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.

૨૯) નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં નવસારી, સુરત અને ભરૂચ જિલ્લામાં તળાવો ઊંડા કરવાની જોગવાઇ કરવાની કામગીરી માટે ₹ ૪૬.૪૫ લાખની બજેટ જોગવાઇ કરેલ છે. ચાલુ વર્ષે ₹ ૬૨.૩૦ લાખના ખર્ચે તળાવો ઊંડા કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ કામગીરીઓ ₹ ૩૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની દરખાસ્ત કરેલ છે.

મુખ્ય ઇજનેર (સૌ.) અને અ.સ.શ્રી હસ્તક ચાલતી કામગીરી :

- મધ્યમ, નાની સિંચાઇ યોજનાના આયોજન, સર્વેક્ષણ અને બાંધકામના કામો હાથ ધરવામાં આવે છે.
- સૌરાષ્ટ્ર અવતરણ ઈરીગેશન યોજના (સૌની યોજના) નર્મદાના પૂરના વધારાના ૧-એમ.એ.એફ. જળ જથ્થાના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ જળાશયોમાં સંગ્રહનું આયોજન, બાંધકામ વિગેરે.
- નવી સિંચાઇ યોજનાના સર્વેક્ષણ કરી યોજનાનાં અહેવાલની વહીવટી મંજૂરી મેળવી યોજનાના બાંધકામ જેમા મુખ્યબંધ, દરવાજા, પૂનઃવસવાટ તથા નહેરોના બાંધકામોની કામગીરી. નાની/મોટી નદીઓ પર વિવિધ યોજના હેઠળ ચેકડેમોના બાંધકામ, મરામત અને ઉડા ઉતારવાની કામગીરી અને હયાત તળાવો ઉડા ઉતારવાની કામગીરી.
- સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં ક્ષાર નિવારણના કામો જેવા કે ભરતી નિયંત્રક, બંધારા, વિસ્તરણ નહેર, પુન: પ્રભરણ જળાશય, પુન: પ્રભરણ તળાવો વિગેરેના બાંધકામ અને મરામતની કામગીરી.
- નાની/મોટી નદીઓ પર વિવિધ યોજના હેઠળ ચેકડેમોના બાંધકામ, મરામત અને ઉડા ઉતારવાની કામગીરી અને હયાત તળાવો ઉડા ઉતારવાની કામગીરી.

♦ **સૌરાષ્ટ્ર અવતરણ ઈરીગેશન યોજના (સૌની યોજના)**

નર્મદાના પુરના વધારાના એક મીલીયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિવિધ લીન્ક નહેરો મારફત સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ જળાશયોમાં સંગ્રહીત કરવા બાબતનું આયોજન.

નર્મદાના પુરના વધારાના પાણી પૈકી એક મીલીયન એકર ફીટ પાણી (૪૩૫૦૦ મીલીયન ઘન ફુટ) સૌરાષ્ટ્ર વિસ્તારને સરકારશ્રી દ્વારા ફાળવણી થયેલ છે. જેનાથી સૌરાષ્ટ્ર ના ૧૧૫ હયાત જળાશયો ભરીને સિંચાઈ વ્યવસ્થા વધુ મજબુત કરીને આશરે ૯૭૦ કરતા વધુ ગામોના ૮, ૨૪, ૮૭૨ એકર જેટલા વિસ્તારમાં પિયતનો તથા પીવાનું પાણીનો લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજનાને "સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજના" નામકરણ આપવામાં આવેલ છે. સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોને આવરી લેતી ચાર લીંક પાઈપ લાઈન નહેરો તરીકે આયોજન કરવામાં છે.

૧. લીન્ક-૧ : મચ્છુ-૨ બંધથી સાની બંધ સુધી (૨૦૮ કી.મી.)

૨. લીન્ક-૨ : લીંબડી-ભોગાવો-૨ (વડોદ) બંધથી રાયડી બંધ સુધી (૨૯૯ કી.મી.)

૩. લીન્ક-૩ : વઢવાણ ભોગાવો-૨ (ધોળીધજા) બંધથી વેણુ-૧ બંધ સુધી (૨૯૯ કીમી)

૪. લીન્ક-૪ : લીંબડી-ભોગાવો-૨ (વડોદ) બંધથી હીરણ-૨ બંધ સુધી (૫૬૫ કી.મી.)

- ૧૩૭૧ કિમી. લંબાઈમાં ૬ ફૂટ થી ૧૦ ફૂટના વ્યાસની માઈલ્ડ સ્ટીલના પાઈપની ચાર જુદી જુદી લીંક વડે આયોજન સાકાર થશે.
- સમગ્ર યોજના ત્રણ તબક્કામાં અમલીકરણ કરવાનું સુનિશ્ચિત થયેલ છે.

જે પૈકી પ્રથમ અને બીજા તબક્કાના ૨૪ પેકેજના કામો પૂર્ણ થયેલ છે. અને ત્રીજા તબક્કા હેઠળ ₹ ૨૭૯૭ કરોડના સાત પેકેજોના કામો હાલ પ્રગતિ હેઠળ છે. આ તબક્કામાં ભાવનગર શહેરને પીવાનું પાણી પૂરૂ પાડતા બોરતળાવનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેનું કામ પૂર્ણ થયેલ છે. તેમજ તાજેતરમાં બોરતળાવને પણ સૌની યોજના થકી નર્મદાનું પાણી પંહોચાડવામાં આવેલ છે. કુલ ૧૩૭૧ કિ.મી. લંબાઇ પૈકી આશરે ૧૧૫૦ કિ.મી. લંબાઇના પાઇપલાઇનના કામો પૂર્ણ થયેલ છે.

- સૌની યોજના હેઠળના કુલ ૧૧૫ જળાશયો પૈકી બાકી રહેતા ૯ જળાશયોના કામોનો ફેઝ-૩ ના બીજા ભાગમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેને આનુશાંગિક કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

INDEX

■ **સૌની યોજના દ્વારા નીચે મુજબના કામો હાલ પ્રગતિ હેઠળ છે.**

► લીંક-૨ અંતર્ગત બગડ, સુરજવડી, નિકોલ બંધારા અને શેલ દેદુમલ જળાશયને જોડતી ફીડર પાઈપલાઈન નાખવા અંગેની કામગીરી ટેન્ડર મંજુરી તબક્કે છે.

► લીંક-૪ અંતર્ગત વિંછીયા-ધારેઈ જળાશયને જોડતી ફીડર પાઈપલાઈન નાખવા અંગેની કામગીરી ટેન્ડર તબક્કે છે.

► લીંક-૩ અંતર્ગત કબરકા, સોનમતી અને વર્તુ -૧ જળાશયને જોડતી ફીડર પાઈપલાઈન નાખવા અંગેની કામગીરી તાંત્રિક મંજુરી તબક્કે છે.

■ **સૌની યોજના દ્વારા નીચે મુજબના વધારાના કામોનું આયોજન છે.**

► સૌની યોજના લીંક-૧, ૨, ૩ અને ૪ માં ૩ કી.મી. લંબાઈની મર્યાદામાં આવતા તળાવ/ચેકડેમ પાઈપલાઈન દ્વારા સાંકળવા અંગેની સર્વેક્ષણ કામગીરી કન્સલ્ટન્ટ દ્વારા પ્રગતિ હેઠળ છે.

► વઢવાણ- ભોગાવો-૨(ધોળીધજા) થી લીંબડી- ભોગવો -૨ (વડોદ) ડેમ સુધી બોટાદ બ્રાંચ કેનાલને સમાંતર પાઈપલાઈન નાખવા અંગેની કામગીરી

► મોરબી બ્રાન્ચ કેનાલની સાંકળ ૬૪.૩૦ કી.મી. થી મચ્છુ-૨ જળાશય સુધી મોરબી બ્રાંચ કેનાલને સમાંતર પાઈપલાઈન નાખવા અંગેની કામગીરી

♦ **યોજનાનો લાભ :**

■ સૌની યોજના હેઠળ વર્ષ ૨૦૨૧ સુધીમાં ૫૩ જળાશયો, ૧૩૧ ગામતળાવો અને ૮૬૩ કરતાં વધુ ચેકડેમોમાં આશરે ૪૨, ૭૦૦ મીલીયન ઘનફૂટ નર્મદાના નીર ભરવામાં આવેલ છે.

♦ **નાબાર્ડ સહાયિત યોજના :**

■ સૌની યોજનાની કામગીરી પેટે પ્રથમ તબક્કામાં ₹ ૨૯૨૯ કરોડ, બીજા તબક્કામાં ₹ ૪૨૯૬ કરોડ અને ત્રીજા તબક્કામાં ₹ ૨૪૧૩ કરોડની લોન નાબાર્ડ દ્વારા મંજુર થયેલ છે.

♦ **પ્રગતિ હેઠળની નાની સિંચાઈ યોજનાઓ - (સદર-૪૭૦૨)**

► સૌરાષ્ટ્ર વિસ્તારમાં હાલના તબકકે ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ દ્વારા હણોલ, વડી તથા ધાતરવડી-૨ સિંચાઈ યોજનાઓના મુખ્ય બંધના કામો પૂર્ણ થયેલ છે અને કેનાલ તેમજ બાકી યોજનાકિય કામો હાથ ધરવાના થાય છે તે પૈકી હણોલ સિંચાઈ યોજનામાં પાઈપ કેનાલની દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે. વડી સિંચાઈ યોજનાના નહેરના કામો અંશત: પુર્ણ થયેલ છે તથા ધાતરવડી-૨ સિંચાઈ યોજનાના ડાબા કાંઠા / જમણા કાંઠા મુખ્ય નહેરના કેનાલ રીમેઈનીંગ વર્કનું ટેન્ડર બહાર પાડી દેવામાં આવેલ છે. જેમાં યુ.જી.પી.એલ. તથા બાકી રહેલ લાઈનીંગ તથા વર્કનું કામ સાંકળી લેવામાં આવેલ છે. ટેન્ડર ચાર્જ મળેલ છે અને એજન્સી નકકી કરી કામ ૬-માસ તા. ૦૩/૧૨/૨૦૨૧ પૂર્ણ કરવામાં આવેલ ઓઈલ પેઈન્ટિંગના કામો થતા ટેન્ડર બહાર પાડી દેવામાં આવેલ છે તોક્તે વાવાઝોડાથી નુકસાન થયેલ તે મીકેનીકલ વિભાગ દ્વારા DTP ની કાર્યવાહી ચાલુ છે. તથા ઈલેકટ્રીકમાં નુકસાન થયેલ જેની ટેન્ડરથી એજન્સીને ફાઈનલ વર્કઓર્ડર તા.૦૩/૧૨/૨૦૨૧ ના આપી દેવામાં આવેલ છે.

► સૌરાષ્ટ્ર વિસ્તારમાં જુનાગઢ જિલ્લાની રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ હેઠળ ૩ (ત્રણ) નાની સિંચાઈ યોજનાઓ અંદાજે ₹ ૧૦, ૬૦૦.૫૪ લાખના ખર્ચે બાંધકામની કાર્યવાહી પ્રગતિમાં છે. જેમાં મોટા ભાગની જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે તથા ૧ યોજનાના મુખ્ય બંધના કામો પ્રગતિ હેઠળ છે. જે યોજનાઓ પૂર્ણ થતા ૫.૪૪ મી.ઘ.મી. પાણી જળ સંગ્રહ થવા જાય છે. અને ૧૮૦૮ હેક્ટર સિંચાઈ શકિત ઉત્પન્ન થવા જાય છે. જે વર્ષ માર્ચ- ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

► રાજકોટ જિલ્લાની રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળ આવેલ કનેસરા-૨ સિંચાઈ યોજના મહદંશે પુર્ણ થયેલ છે અને કેનાલના કામો હવે હાથ ધરવામાં આવશે. તેમજ રાજકોટ જિલ્લાના વિછિંયા તાલુકા ગોડલાધાર ગામે સોમપીપળીયા (ગોડલાધાર) નાની સિંચાઈ યોજના હાલ જમીન સંપાદનના આખરી તબક્કે હોય જમીન સંપાદન થયે કામ શરૂ કરવામાં આવશે.

► રાજકોટ જિલ્લાની રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળ ૧ (એક) નાની સિંચાઈ યોજના અંદાજે ₹ ૨૪૬.૬૦ લાખના ખર્ચે બાંધકામની કાર્યવાહી પ્રગતિમાં છે. જેનાથી ૩૮.૫૦ એમ.સી.એફ.ટી જેટલા પાણીનો સંગ્રહ થવા પામશે. જેનાથી કુંદણી ગામની ૧૮૮ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે. જ્યારે સુચીત સોમપીપળીયા (ગોડલાધાર) નાની સિંચાઈ યોજનથી આશરે ૩૨.૫૦ એમ.સી.એફ.ટી જેટલા પાણીનો સંગ્રહ થવા પામશે જેનાથી સોમપીપળીયા અને કાળાસર ગામની કુલ ૧૮૪ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળવા પાત્ર છે.

INDEX

- રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ દ્વારા ઘેડ વિસ્તાર અંતર્ગત, સોરઠી ઘેડ એરીયાના ઓઝત, નોલી, નેત્રાવતી, મધુવંતી, વેઘલી, સ્ટ્રેટકટ, ચીચરડી વિગેરે નદીઓ તથા તેને જોડતી સ્પ્રેડીંગ ચેનલના આનુસંગીક કામ, ઘેડ એરીયાની નદીઓને ઊંડી અને પહોળી કરવાના ડ્રેનેજના કામો, કાંઠાને મજબુત કરવાના ફ્લડ પ્રોટેક્શનને લગત કામો તેમજ સી.ડી. વર્ક જેવા આશરે ₹ ૭૦૦/- લાખના ૧૦૦ જેટલા વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.
- અધર સેલેનિટી અંતર્ગત ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ દ્વારા હડિયાણા બંધારા રેઈઝીંગ, મેઘલ ટી. આર. અનગેટેડ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે જેની અંદાજીત કિંમત ₹ ૧૨૫૦.૨૭ લાખ છે. તથા જોડીયા ટી.આર.૧-૨-૩ ના મુખ્ય કામો અને યોજનાના આનુસાંગીક કામો સહિત કુલ ₹ ૧૦૭.૦૧ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.
- અધર સેલેનિટી અંતર્ગત ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ દ્વારા મેથળા બંધારા તેમજ સરતાનપર, ઠળીયા, બોરલા, સાંગાણા ચેકડેમ જેવા મુખ્ય કામો અને યોજનાઓના આનુસાંગીક કામો સહિત અંદાજીત રકમ ₹ ૧૯૧૦૪.૯૬ લાખના કુલ ૮ કામો હાથ ધરવાનું આયોજન છે.
- સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં ઉચ્ચકક્ષા સમિતિ-૧ અને ૨ દ્વારા સૂચવવામાં આવેલ ક્ષાર નિવારણના કામો જેવા કે ભરતી નિયંત્રક, બંધારા, વિસ્તરણ નહેર, પુન: પ્રભરણ જળાશય, પુન: પ્રભરણ તળાવો વિગેરેના કામો અગ્રતાના ધોરણે હાથ ધરવાનું આયોજન કરવામાં આવે છે. આ કામો પૈકી મુખ્યત્વે ૧૪- ભરતી નિયંત્રકો, ૩૨- બંધારા, ૧૮- પુન: પ્રભરણ જળાશયો, ૨૨૦.૦૬ કી.મી. લંબાઈની વિસ્તરણ નહેરો, ૩૪- પુન: પ્રભરણ તળાવો અને ૬૮૦- ચેકડેમોના કામો તથા ૨૧૪ કી.મી. રેડીયલ કેનાલોના કામો પૂર્ણ થયેલ છે, જેનાથી આશરે ૮૭, ૮૬૦ હેકટર વિસ્તારને સીધો તેમજ આડકતરો સિંચાઈનો લાભ મળતો થયેલ છે, તથા ક્ષાર પ્રવેશના પ્રશ્નો હળવા થવા પામેલ છે. આ ઉપરાંત દ્વારકા ખાતેના ૨- દરિયાઈ ધોવાણના કામો પૂર્ણ થવાથી ૧- દ્વારકાધીશ મંદિર તેમજ ૨- લાઈટ હાઉસ એટ દ્વારકાની આજુબાજુની જમીનને સંરક્ષણ મળેલ છે.
- ઘેડ વિસ્તાર અંતર્ગત, ઘેડ એરીયાના ઓઝત, ભાદર, મધુવંતી ટી.આર., અમીપુર સિંચાઈ યોજના હેઠળના આનુસંગીક કામ, ઘેડ એરીયાની નદીઓને ઊંડી અને પહોળી કરવાના ડ્રેનેજના કામો, કાંઠાને મજબુત કરવાના ફ્લડ પ્રોટેક્શનને લગત કામો તેમજ સી.ડી. વર્ક જેવા અંદાજીત રકમ ₹ ૪૪૫.૬૨ લાખના ૬૭- કામો હાથ ધરવાનું આયોજન તેમજ,
- અધર સેલેનિટી વર્કસ અંતર્ગત બાવરાબેટી સ્ટેન્ધનીંગ, મેઢા-કિન્દ્રી વિ. નહેર અંતર્ગત NP2 પાઈપ લાઈન, અમીપુર સિંચાઈ યોજના વર્ટીકલ દરવાજાનું કામ, જામખંભાળીયા ખાતે નવા સિંચાઈ ભવનનું અંદાજીત રકમ ₹ ૩૭૧.૪૨ લાખનું કામ, તેમજ પોરબંદર ખાતે કર્લી આરઆર (મોકર સાગર) અંતર્ગત વિશ્વ કક્ષાનું પ્રવાસી સ્થળ તરીકે વિકસાવવાનું અંદાજીત રકમ ₹ ૨૦૦૦૦.૦૦ લાખનું કામ જેવા મુખ્ય કામો અને યોજનાઓના આનુસાંગીક કામો સહિત અંદાજીત રકમ ₹ ૪૦૦૦.૦૦ લાખના કુલ ૧૧૩-કામો હાથ ધરવાનું આયોજન છે.
- આ ઉપરાંત ફ્લડ કંટ્રોલ વર્ક અંતર્ગત કોસ્ટલ પ્રોટેકશનના કામ માટે પોરબંદર જિલ્લામાં ઈંદ્રેશ્વર મંદીરથી ખારવાવાડ સી-ઈરોઝનના કામ માટે ₹ ૧૨૭૫.૬૯ લાખનું આયોજન કરેલ, જે કામ હાલ પ્રગતિ હેઠળ છે. જે કામ પુર્ણ થવાથી ઈંદ્રેશ્વર મંદીરને તથા પોરબંદર ખાતે દરીયા કાંઠાને દરીયાઈ ધોવાણથી રક્ષણ મળવા પામશે.
- સોમનાથ વેરાવળ ખાતે વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મંદિરથી ભીડભંજન મહાદેવ મંદિર સુધી દરીયાકાંઠે સી-ઈરોઝનના કામ માટે ₹ ૩૭૦૨.૮૨ લાખનું આયોજન કરેલ, જે કામના નકશા/અંદાજો હાલ પ્રગતિ હેઠળ છે. જે કામ પુર્ણ થવાથી સોમનાથ મંદીરથી ભીડભંજન મંદિર સુધીના દરીયા કાંઠાને દરીયાઈ ધોવાણથી રક્ષણ મળવા પામશે.
- આ ઉપરાંત ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ દ્વારા ફ્લડ કંટ્રોલ વર્ક અંતર્ગત કોસ્ટલ પ્રોટેકશન હેઠળ ભાવનગર જિલ્લામાં ભવાની મંદિર સી-ઈરોઝનના કામ માટે ₹ ૪૧૦/- લાખનું આયોજન કરેલ છે. જે કામ ટેન્ડર સ્ટેજે છે. જે કામ પૂર્ણ થવાથી ભવાની મંદિર ખાતે દરિયાકાંઠે દરિયાઈ ધોવાણથી રક્ષણ મળવા પામશે. આ ઉપરાંત ગોપનાથ ખાતે આવેલ મહારાજા પેલેસને થતું દરીયાઈ ધોવાણ અટકાવવાનું કામ અંદાજીત રકમ ₹ ૨૭૭ લાખનું કામ ટેન્ડર સ્ટેજે છે.
- રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ દ્વારા અધર સેલેનિટી અંતર્ગત હડિયાણા બંધારા રેઈઝીંગ, મેઘલ ટી. આર. અનગેટેડ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે જેની અંદાજીત કિંમત ₹ ૧૨૫૦.૨૭ લાખ છે. તથા જોડીયા ટી.આર.૧-૨-૩ ના મુખ્ય કામો અને યોજનાના આનુસાંગીક કામો સહિત કુલ ₹ ૧૦૭.૦૧ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.
- ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ દ્વારા હયાત સિંચાઈ યોજનાઓમાં શેત્રુંજી સિંચાઈ યોજના, રંઘોળા સિંચાઈ યોજના તથા ધાતરવડી-૧ સિંચાઈ યોજના આમ, ઉપરોકત સિંચાઈ યોજનાઓનાં કુલ ₹ ૫૧૧૮ લાખનાં નહેર સુધારણા તથા કેનાલ સ્ટ્રકચર રીનોવેશનની કામગીરી આ વર્તુળ દ્વારા હાથ ધરેલ છે. હાલ, ઉપરોક્ત રંઘોળા સિંચાઈ યોજનાનાં કામોમાં પુર્ણ થયેલ છે, શેત્રુંજી સિંચાઈ યોજનાના મેઈન કેનાલના કામો પુર્ણ કરવામાં આવેલ છે. શેત્રુંજી સિંચાઈ યોજનાના કેનાલ

INDEX

નેટવર્કની માઇનોરો તેમજ ડીસ્ટ્રીબ્યુટરીને લાઈનીંગ કામ કરવાની કામગીરીના અંદાજોની કુલ ₹ ૯.૯૫ કરોડની વહીવટી મંજુરી મળેલ છે જેની ડીટીએસ તેમજ ડીટીપી બનાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. જ્યારે ધાતરવડી-૧ સિંચાઈ યોજનાનાં કામમાં ખરાબ ગુણવત્તા ધ્યાને આવતા કામ બંધ કરાવેલ હતુ. જેમા કામના ઈજારદાર સુધારાત્મક કામગીરી કરવા સંમત થયેલ છે. તેથી હવે કામ ચાલુ કરવામાં આવેલ છે. તથા બાકી રહેલ કામ પણ પુર્ણ કરવા તૈયારી બતાવેલ છે. જે આ વર્ષમાં પુર્ણ કરવામાં આવનાર છે. આ કામો પુર્ણ થતા હયાત યોજનાઓની સિંચાઈ વ્યવસ્થા સુદ્રઢ થશે. આ ઉપરાંત ગોમા સિંચાઈ યોજનાનાં સિંચાઈથી વંચીત રહેલ બોટાદ જિલ્લા /તાલુકાના ૮ ગામોની ૧૮૮૫ હે. ને સિંચાઈ સુવિધા પુરી પાડવા ગોમા સિંચાઈ યોજનાનાં ડાબા કાંઠે અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન નાંખવાનાં ₹ ૨૦,૩૯,૮૪.૯૪૬=૫૮ લાખના કામોના ડીટીપી સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. આ કામના બીજો પ્રયત્નથી ઓનલાઈન ટેન્ડરો વિભાગીય કચેરીની જાહેર નં. બી-૨/૦૨ સને ૨૦૨૦-૨૧ (બીજો પ્રયત્ન) દ્વારા મંગાવવામાં આવેલ, જેમાં નિયત કરેલ માપદંડો જેવા કે માન્ય ઈજારદાર તરીકેનું રજીસ્ટ્રેશન, ટેંડર ફી, ઇ.એમ.ડી. અને સોલવંસી અંતર્ગત ચકાસણી કરી ક્વોલીફાઈડ થયેલ કુલ ૧(એક) ઈજારદારશ્રીના પ્રાઈસબીડ તા. ૩૦/૦૪/૨૦૨૧ ના રોજ અ.ઈ.શ્રી ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, ભાવનગર અને અન્ય અધિકારીશ્રીઓની હાજરીમાં વર્તુળ કચેરી, ભાવનગર ખાતે ઓનલાઈન ટેંડર ઓપન કરવામાં આવેલ. તા ૨૯/૦૬/૨૦૨૧ ના રોજ ઈજારદારશ્રી સાથે વાટાઘાટ દરમ્યાન તેમના દ્વારા આ કામની અંદાજીત રકમ ૨૦,૩૯,૮૪,૯૪૬=૫૮ થી ૮.૦૦% ઉંચા અન્વયે ₹ ૧,૬૩,૧૮,૭૯૫.૭૦ ના વધારા સાથે ટેંડરની રકમ ₹ ૨૨,૦૩,૦૩,૭૪૨.૩૧માં કરી આપવા માટે લેખિત બાંહેધરી આપવામાં આવેલ. વર્કઓર્ડર એન.પી પટેલ & કંપની મુ. અમદાવાદ ને તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ છે. હાલમાં એજન્સી દ્વારા સર્વેવર્કની કામગીરી પુર્ણ કરેલ છે. આ કામ આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

- રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન હયાત ઉન્ડ-૧ સિંચાઈ યોજનાની નહેર ઉદ્વહન (કટીંગ કેનાલ) ના ₹ ૧૩૨૬.૬૮ લાખના કામો હાથ ધરવામાં આવી રહેલ હતા જેની એજન્સીને છુટી કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જે થયા બાદ રી-ટેન્ડરીંગ કરી કામો પૂર્ણ કરવાનું આયોજન છે. આ કામો પૂર્ણ થયે યોજનાની સિંચાઈ શક્તિમાં વધારો થશે. તેમજ છેવાડાના વિસ્તારને સરળતાથી પાણી મળી રહેશે.

- ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન હયાત સિંચાઈ યોજનાઓમાં નહેર સુધારણા હેઠળ અંદાજીત રકમ ₹ ૭૩૭.૮૭.૦૦ લાખના કુલ ૮૨ કામો હાથ ધરવામાં આવેલ છે, તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન નહેર સુધારણા હેઠળ અંદાજીત રકમ ₹ ૫૦૦ લાખના ૯૧-કામો હાથ ધરવાનું આયોજન છે. જેમાં મુખ્યત્વે હિરણ-૧ સિંચાઈ યોજના અંતર્ગત કેનાલ સર્વિસ રોડને પાકો રસ્તા બનાવવાનું ₹ ૧૦૮.૪૫ લાખનું કામનલ સમાવેશ થાય છે. આ કામો પૂર્ણ થયે યોજનાની સિંચાઈ શક્તિમાં વધારો થશે, તેમજ છેવાડાના વિસ્તારને સરળતાથી પાણી મળી રહેશે.

- રાજકોટ સિંચાઇ વર્તુળ, રાજકોટ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન હયાત સિંચાઈ યોજનાઓમાંથી મચ્છુ-૧, મચ્છુ-૨, મચ્છુ-૩, બ્રાહ્મણી-૧, ડેમી-૧, ડેમી-૨, ડેમી-૩, બંગાવડી, આજી-૨, ફોફળ-૧, ભાદર-૧, મોજ, અને સુર્વો યોજનાઓમાં નહેર સુધારાણાના ₹ ૧૫૧૬.૫૩ લાખના કામો હાથ ધરવામાં આવેલ છે. જેમા સુર્વો અને ભાદર-૨ યોજનાઓમા નહેર સુધારણા દ્વારા પાઈપ કેનાલ બનાવવાના કામોનો આયોજનમાં સમાવેશ કરેલ છે. તેમજ ફાડદંગબેટી સિંચાઈ યોજનામાં ઉદ્વહન (કટીંગ કેનાલ) ના ₹ ૧૪૦.૦૦ લાખના કામો હાથ ધરવાનું આયોજન છે. આ કામો પૂર્ણ થયે યોજનાની સિંચાઈ શક્તિમાં વધારો થશે. તેમજ છેવાડાના વિસ્તારને સરળતાથી પાણી મળી રહેશે.

- રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ દ્વારા ૨૦૨૧-૨૨ વર્ષ દરમ્યાન ડેમ સેફટી હેઠળના બંધ મજબુતીકરણ અને મરામત જાળવણીના કામો માટે ₹ ૫૯૫.૦૧ લાખના ખર્ચે કામો હાથ ધરવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ડેમ સેફટી હેઠળના બંધ મજબુતીકરણ અને મરામત જાળવણીના ₹ ૯૦૦.૦૦ લાખના કામો હાથ ધરવાનું આયોજન છે.

- ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન ડેમ સેફટી હેઠળના બંધ મજબુતીકરણ અને મરામત જાળવણીના અંદાજીત રકમ ₹ ૧૦૯૯.૫૧ લાખના કુલ ૧૪૧- કામો હાથ ધરવામાં આવેલ છે, તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ડેમ સેફટી હેઠળના બંધ મજબુતીકરણ અને મરામત જાળવણીના મુખ્ય કામો પૈકી હિરણ-૧ સિંચાઇ યોજનામાં નવા હેડ રેગ્યુલેટરનું અંદાજીત રકમ ₹ ૧૫૨ લાખના કામનો સમાવેશ કરેલ છે, તથા સાની સિંચાઈ યોજનામાં ડિસમેન્ટલીંગ એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ એક્ઝીસ્ટીંગ સ્પીલવેનું કામ ₹ ૧૯૦૪ લાખનું પ્રગતિ હેઠળ છે. આમ, ડેમ સેફટી સદરે અંદાજીત રકમ ₹ ૧૨૦૦ લાખના કુલ ૧૮૮- કામો હાથ ધરવાનું આયોજન છે.

- ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકામાં મચ્છુન્દ્રી નદી ઉપર જુડવડલી પીકઅપ વીયર રીચાર્જ યોજનાનું અંદાજીત રકમ ₹ ૩૫૧૭ લાખના કામનું આયોજન કરેલ છે.

- રાજકોટ સિંચાઇ વર્તુળ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન ડેમ સેફટી હેઠળ ભાદર-૧, મચ્છુ-૧, મચ્છુ-૨, મચ્છુ-૩, બ્રાહ્મણી-૧, બ્રાહ્મણી-૨, ડેમી-૧, ડેમી-૨, ડેમી-૩, બંગાવડી, આજી-૨, ફોફળ-૧, મોજ, વેણુ-૨, ખોડાપીપર, આજી-૩, કરમાળ, છાપરવાડી-૨, કર્ણુકી, મોતિસર સિંચાઈ યોજનાઓમા બંધ મજબુતી કરણ અને મરામત જાળવણીના કામો માટે ₹ ૧૨૦૦ લાખના ખર્ચે કામો હાથ ધરવામાં આવનાર છે.
- આર.આર.આર. યોજના (PMKSY) હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારમાં મંજુર થયેલ ૬૧ યોજનાઓ પૈકી વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૮ યોજનાઓની કામગીરી પુર્ણ થયેલ છે અને ૨૧ યોજનાનાં કામો પ્રગતિ હેઠળ છે. પુર્ણ થયેલ અને પ્રગતિ હેઠળનાં આ ૨૯ કામો પર અત્યાર સુધીમાં ₹ ૧૫૭૬.૪૫ લાખનો ખર્ચ થયેલ છે. કામની સમયમર્યાદામાં (માર્ચ-૨૦૨૨) સુધીમાં પુર્ણ થવાની સંભાવનાં જણાય તેવા તેમજ ફીઝીબલ જણાય તેવા ૩૩ કામો જ આ યોજના અંતર્ગત ચાલુ રાખવાનું હાલનાં તબક્કે વિભાગ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

♦ **સહભાગી સિંચાઇ વ્યવસ્થા :**

- સૌરાષ્ટ્ર વિસ્તારમાં હાલમાં ૨૫૨ પિયત સહકારી મંડળીઓને ૯૭, ૧૮૫ હેકટર વિસ્તાર માટે માન્યતા અપાયેલ છે.

♦ **નાની / મોટી નદીઓ પર વિવિધ યોજના હેઠળ ચેકડેમો :**

- સૌરાષ્ટ્ર વિસ્તારમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૧૭ ચેકડેમો ₹ ૪૫૫.૨૯ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે. જેનાથી આશરે ૧૫.૧૦ મી.ઘ.ફુટ પાણીનો સંગ્રહ થતા આશરે ૨૨૨ હેકટર વિસ્તારને સિંચાઈનો પરોક્ષ રીતે લાભ મળશે.
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં ચાલુ વર્ષમાં કુલ ૫૮ ચેકડેમો ₹ ૧૯૫૯.૮૮ લાખના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે. જેનાથી આશરે ૭૪ મી.ઘ.ફુટ પાણીનો સંગ્રહ થતા આશરે ૧૦૮૬ હેકટર વિસ્તારને સિંચાઈનો પરોક્ષ રીતે લાભ મળશે.

♦ **નાની / મોટી નદીઓ પર વિવિધ યોજના હેઠળ ચેકડેમોના રીપેરીંગની કામગીરી :**

- સૌરાષ્ટ્ર વિસ્તારમાં વર્ષે ૨૦૨૦-૨૧માં કુલ ૧૩૯ ચેકડેમ રીપેરીંગના કામો ₹ ૩૪૫.૨૬ લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે.
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં ચાલુ વર્ષમાં કુલ ૮૧ ચેકડેમોના રીપેરીંગના કામો ₹ ૨૯૧.૨૬ લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે. જ્યારે ૫૬ ચેકડેમોના રીપેરીંગના કામો ₹ ૨૦૧.૪૪ લાખના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.

♦ **હયાત ચેકડેમો ઉંડા ઉતારવાની કામગીરી :**

- સૌરાષ્ટ્ર વિસ્તારના તમામ જિલ્લાઓના ચેકડેમો ઉંડા કરવાનું સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ હાથ ધરવામાં આવેલ છે. જેનાથી પાણીના સંગ્રહમાં વધારો થવાથી સિંચાઇનો પરોક્ષ રીતે લાભ મળે છે.

♦ **હયાત તળાવો ઉંડા ઉતારવાની કામગીરી :**

- સૌરાષ્ટ્ર વિસ્તારના તમામ જિલ્લાઓમાં તળાવ ઉંડા કરવાનું સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ હાથ ધરવામાં આવેલ છે. જેનાથી પાણીના સંગ્રહમાં વધારો થવાથી સિંચાઇનો પરોક્ષ રીતે લાભ મળે છે.

ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર દ્વારા

વર્ષ ૨૦૨૨-૨૩ ની પ્રવૃત્તિની રૂપરેખા

ગુજરાત રાજ્યના ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના (૧) અમદાવાદ, (૨) ગાંધીનગર, (૩) આણંદ, (૪) બનાસકાંઠા, (૫) ખેડા (૬) મહેસાણા, (૭) પાટણ, (૮) સાબરકાંઠા અને (૯) અરવલ્લી જિલ્લાઓમાં જિલ્લા પંચાયતોના સિંચાઇ વિભાગો દ્વારા નાની સિંચાઇના કામો જેવા કે, (૧) નાની સિંચાઇ યોજનાઓ, (૨) અનુશ્રવણ તળાવો, (૩) આડબંધ/ચેકડેમ અને (૪) પઉર નિયંત્રણ અને પાણી નિકાલના કામો(₹ ૫૦.૦૦ લાખની મર્યાદામાં) કરવામાં આવે છે.

♦ **નાની સિંચાઇ યોજના :**

કુલ ૧૯૧ નાની સિંચાઇ યોજનાઓ હયાત છે જેનાથી કુલ ૨૫૭૧૨ હેકટરમાં સિંચાઈનો લાભ મળે છે. જ્યારે કુલ ૧૮૫૩ અનુશ્રવણ તળાવો થી ૨૭૧૧૫ હેકટર માં પરોક્ષ રીતે સિંચાઇનો લાભ મળે છે. અને કુલ ૯૯૦ ચેકડેમો પંચાયત હસ્તકના છે. જેનાથી પરોક્ષ રીતે ૬૨૦૩ હેકટરમાં સિંચાઇનો લાભ મળે છે.

♦ **ઇમ્પ્રુવમેન્ટના કામો :**

ઉપરોક્ત જિલ્લાઓમાં હયાત નાની સિંચાઇ યોજનાઓ, અનુશ્રવણ તળાવો, વિગેરેમાં મુખ્યત્વે સુધારણા અને મજબૂતીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ ૩૯૧.૦૨ લાખના ૩૪ કામો કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૪૫૦.૦૦ લાખના ૪૫ કામો કરવાનુ આયોજન છે.

INDEX

♦ **સેઈફ સ્ટેજ વર્કસ :**

■ અછતના વર્ષો દરમ્યાન રાહત સ્વરૂપે કરવામા આવેલ તળાવોના કામોને સેઈફ સ્ટેજે લઈ જવાની કામગીરી કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે તળાવના માટીપાળોને નિયત સેક્શનમાં લાવવાની તથા વધારાના પાણીના નિકાલ માટે છલતીની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૩૯ કામો ₹ ૩૭૮.૧૩ લાખના ખર્ચે કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૪૫૦.૦૦ લાખના ૩૫ કામો કરવાનુ આયોજન છે.

♦ **પૂર નિયંત્રણ અને પાણી નિકાલના કામો :**

■ ઉપરોક્ત જિલ્લાઓમાં વરસાદી પૂર તથા તળાવના આવરાને કારણે આસપાસના વિસ્તારોમાં ગામતળ જમીન ધોવાણ તથા જાહેર મિલકતોને તથા તળાવના કારણે થતું ધોવાણ અટકાવવા માટેના કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૭૬૨.૭૫ લાખના ૨૦૯ કામો કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૫૦૦.૦૦ લાખના ૨૧૦ કામો કરવાનુ આયોજન છે.

♦ **ચેકડેમ :**

■ અત્રેની કચેરી હસ્તક હાલમાં કુલ ૯૯૦ ચેકડેમો બનાવેલા છે. જેનાથી પરોક્ષ રીતે ૬૨૦૩ હેકટર જેટલા વિસ્તારમાં સિંચાઈનો લાભ મળે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૮ નવા ચેકડેમો ₹ ૨૬ લાખના ખર્ચે કરવામાં આવેલ છે.

♦ **ખાસ અંગભૂત યોજનાના કામો :**

■ અત્રેની વર્તુળ કચેરી હસ્તકના જિલ્લાઓમાં અનુસુચિત જાતિની વસ્તીનું પ્રભુત્વ ધરાવતાં ગામોમાં જળસંચયને લગત કામો જેવા કે, હયાત તળાવો, છલતી અને પાળા મજબૂતીકરણના કામો તથા અનુસુચિત જાતિના વિસ્તારમાં આવેલ રહેણાંકના મકાનો, જાહેર માલ મિલકતો વગેરેનું પુરથી ધોવાણ અટકાવવા કોતર, વહેળા કિનારે પૂર સંરક્ષણ દિવાલના કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૯૬.૭૪ લાખના ૨૯ કામો કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૩૫૦.૦૦ લાખના ૪૦ કામો કરવાનુ આયોજન છે.

♦ **નાની સિંચાઈ યોજનાના જળાશયો અને તળાવોને ઉંડા કરી સંગ્રહશક્તિનો વધારો કરવાના કામો (સુજલામ સુફલામ જળસંચય યોજના હેઠળ) :**

■ હયાત નાની સિંચાઈ યોજનાઓ અને અનુશ્રવણ તળાવોમાં જમા થયેલ કાંપ દૂર કરી સંગ્રહશક્તિ વધારવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ૨૭૫ કામો ₹ ૮૯૮.૩૨ લાખના કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૯૦૦.૦૦ લાખના ૩૦૦ કામો કરવાનુ આયોજન છે.

♦ **વનબંધુ કલ્યાણ યોજના :**

■ રાજ્ય સરકારની આદીવાસી વિસ્તારોમાં સિંચાઈનો મહત્તમ લાભ મળે તે માટે વનબંધુ કલ્યાણ યોજના અંર્તગત બનાવી સિંચાઇ યોજનાના કામો હાથ ધરવામાં આવે છે. જેમાં સિંચાઇ યોજના, ચેકડેમ, તળાવો વગેરેની કામગીરી કરવામાં આવે છે.

♦ **સહભાગી સિંચાઈ વ્યવસ્થા (PIM) :**

■ રાજ્ય સરકારના સહભાગી સિંચાઇ વ્યવસ્થાના ભાગ રૂપે ખેડુતો પણ સિંચાઈના સહભાગી થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહેલ છે. જે માટે ખેડુતો જુથો પિયત મંડળીની રચના કરે તો તે મંડળીને સિંચાઈના વિતરણની બધી જ વ્યવસ્થા કરવા મંજુરી આપવામાં આવે છે. જેના ભાગ રૂપે આજ દિન સુધી કુલ ૫૯ પિયત મંડળીઓને ૭૭૫૮.૦૦ હેકટર જેટલા વિસ્તારવાળી યોજનાઓ સહભાગી સિંચાઇ વ્યવસ્થા સારૂ સોંપવામાં આવેલ છે.

♦ **ખાસ અંગભુત યોજના (એસ.સી.પી.) અને અનુસુચિત જાતિ પેટા યોજના :**

■ રાજ્યમાં અનુસુચિત જાતિની ૨૫૦ થી વધુ વસ્તી હોય તેવા ગામોમાં આ યોજનાઓનો લાભ આપવામાં આવે છે. જે અંર્તગત આવા ગામોમાં નાની સિંચાઈના કામોની તથા પૂર સંરક્ષણના કામોની કામગીરી કરવાનું આયોજન કરેલ છે.

કેંદ્રીય પુરસ્કૃત યોજના “રીપેર, રીનોવેશન અને રીસ્ટોરેશન” (RRR સ્કીમ) આ યોજના હેઠળ કુલ ૪૩ યોજનાઓ અંદાજીત કિંમત ₹ ૧૯૨૦.૫૩ લાખની દરખાસ્ત ને રાજ્યની ટી.એ.સી. (ટેકનીકલ એડવાયજરી કમીટી) ની મંજુરી મળેલ છે. જે દરખાસ્ત સી. ડબલ્યુ.સી. ગાંધીનગર મારફત કેન્દ્ર સરકારને રજુ કરેલ છે. જે મંજુરી હેઠળ છે.

♦ **કેન્દ્રિય પુરસ્કૃત યોજના :**

■ છઠ્ઠી નાની સિંચાઈ ગણતરી અને વોટર બોડીજ ગણતરી આ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં (પાયાનું વર્ષ ૨૦૧૭-૧૮) છઠ્ઠી નાની સિંચાઈ ગણતરી અને વોટર બોડીજ ગણતરી એજન્સી મારફત તા.૨૭/૦૫/૨૦૧૯થી શરૂ કરી જૂન અંતીત વર્ષ ૨૦૧૨-૨૨ માં પુર્ણ કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ ₹ ૬૭૪.૦૦ લાખ થયેલ છે.

INDEX

કચ્છ સિંચાઇ વર્તુળ, ભુજને લગતા મુદ્દાઓ

(અ) માર્ચ-૨૦૨૧ સુધી હાથ ધરેલ અગત્યની યોજનાઓ :

(૧) કચ્છ જિલ્લામાં ૨૦ મધ્યમ સિંચાઇ યોજનાઓ અને ૧૭૦ નાની સિંચાઇ યોજનાઓ હયાત છે. જેના દ્વારા અંદાજે ૫૫૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ છે.

(૨) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૧ સુધી ૫૫ બંધારાના કામો ₹ ૨૧૬.૬૪ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે. જેના કારણે ૩૨૬૫ મી.ઘ.ફુટ પાણીની સંગ્રહશકિત ઉત્પન્ન થયેલ છે. જેનાથી ૩૭૯૨૦ હેકટર જમીનને પિયતનો સીધો કે આડકતરો ફાયદો થાય છે.

(૩) કચ્છ જિલ્લામાં કુલ નાના-મોટા થઈને વર્ષ ૨૦૨૧ સુધી ૭૦૪૩ ચેકડેમો બનાવવામાં આવેલ છે. જેના દ્વારા આસપાસના બહોળા વિસ્તારમાં સિંચાઈનો આડકતરો લાભ મળી રહેલ છે.

(૪) કચ્છ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત ૧૨૩૫ તળાવો ઉંડા ઉતારવામાં આવેલ છે.

(૫) કચ્છ જિલ્લાને ફાળવેલ નર્મદાનું વધારાનું ૧ એમ.એ.એફ. પાણી જિલ્લાના વિસ્તારને સિંચાઇ માટે આપવાનું આયોજન છે. તેમજ હયાત યોજનાઓની સિંચાઇ ક્ષમતા વધારવાનું આયોજન પણ કરવામાં આવેલ છે. સદર યોજનાનો ફીઝીબીલીટી રીપોર્ટ બનાવવાનું કામ કન્સલટન્સીને સોંપવામાં આવેલ છે. ૭ લીંકો માટે વહીવટી મંજુરી અને તાંત્રિક મંજુરી માટેના અંદાજો વિભાગને કન્સલટન્સી દ્વારા રજુ થયેલ છે. હાલમાં ₹ ૩૪૭૫.૦૦ કરોડની સૈધ્ધાંતિક મંજુરી સરકારશ્રી દ્વારા ૧ મી.એ.ફીટ પ્રોજેકટના ફેઝ-૧ માટે મળેલ છે. જેની આગળની કાર્યવાહી હાથ ધરાઇ રહેલ છે.

(૬) આ ઉપરાંત એડમંડ નાની સિંચાઇ યોજના સુધારણાનું કામ તેમજ નારાણપર સિંચાઇ યોજના સુધારણાનું કામ કુલ ₹ ૨.૩૪ કરોડના ખર્ચ પૂર્ણ કરવામાં આવેલ છે.

(બ) વર્ષ ૨૦૨૧-૨૨ માં હાથ ધરાયેલ યોજનાઓ :

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ માં ક્ષાર પ્રવેશ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સ્થળ સ્થિતિ મુજબ ૧ બંધારાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેની પાછળ અંદાજીત ₹ ૯.૦૦ કરોડનો ખર્ચ થવા પામેલ છે.

(૨) મોટી નદીના પરના ૧૧ ચેકડેમોના કામો ₹ ૨૬૪.૩૬ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. જેનાથી ૨૮.૨૪ મી.ઘ.ફુટની જળસંગ્રહ શકિત ઉભી થયેલ છે. આ કામોને કારણે અંદાજીત ૫૬૦ હેકટર જમીનને પિયતનો લાભ મળશે.

(૩) હયાત ચેકડેમોને રીપેરીંગ કરી સંગ્રહ પુન: જીવીત કરવાના કામો પણ જરૂરીયાત મુજબ હાથ ધરાઇ રહેલ છે.

(૪) સુજલામ સુફલામ જળઅભિયાન-૨૦૨૧ અંતર્ગત તળાવ ઉંડા કરવાના કામો પૈકી જળસંપત્તિ વિભાગ હસ્તક ૫૪૯ જેટલા તળાવો ઉંડા કરવાના કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૫) કચ્છ જિલ્લાને નર્મદાના વધારાના પૂરના ૧ એમ.એ.એફ. પાણીના સંગ્રહ, વિતરણ અંગેના કામના આયોજન પૈકી,

(૧) કચ્છ જિલ્લાને ફાળવેલ ૧ એમ.એ.એફ. પાણીના સંગ્રહ, વહેંચણી અને વપરાશ માટે આયોજનનાં ભાગરૂપે ફેઝ-૧ પૈકીની ૪ લીંકોના કામોને સરકારશ્રી દ્વારા સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. જેની ₹ ૪૩૬૯.૨૫ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત સરકારશ્રી કક્ષાએ સાદર કરેલ છે. જેને મંજુરી મળ્યેથી ફેઝ વાઇસ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) હાઇકન્ટુર સ્ટોરેજ લીંકમાં આવતી ત્રણ નાની સિંચાઇ યોજના પૈકીની એડમંડ નાની સિંચાઇ યોજનાના સુધારણાનું કામ ₹ ૧૪૦.૮૨ લાખના ખર્ચે, નારાણપર સિંચાઇ યોજનાના સુધારણાનું કામ ₹ ૯૩.૪૨ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.જેમાં ૧ મી. રેઇઝીંગ તથા અનુક્રમે ૪.૨૦ લાખ ઘનમીટર અને ૧.૫૬ લાખ ઘનમીટર ડીસીલ્ટીંગ કરવામાં આવેલ છે. જામારા નાની સિંચાઇ યોજનાનું સુધારણાનું કામ પ્રગતિ હેઠળ છે. જેમાં ૨૦% ભૌતિક કામગીરી પૂર્ણ કરેલ છે. આ કામમાં હયાત બે વેસ્ટવીયરનું ૧ મી. રેઇઝીંગ તથા ૧.૫૪ લાખ ઘનમીટર ડીસીલ્ટીંગનું આયોજન છે.

(ક) વર્ષ ૨૦૨૨-૨૩ માં હાથ ધરાનારી યોજનાઓ :

(૧) જિલ્લામાં બંધારાના વધુ ૧ કામો કે જેની અંદાજિત કિંમત ₹ ૭૮.૬૮ કરોડ અને જેની સંગ્રહ શકિત ૩૮૦.૦૦ મી.ઘ.ફૂટ તથા લાભિત વિસ્તાર અંદાજે ૭૦૦૦ હેકટર થાય તેવા કામો હાથ ધરવાનું પણ આયોજન હેઠળ છે.

INDEX

(૨) જિલ્લામાં વધુ ૫૩ મોટા ચેકડેમોના અંદાજીત કિંમત ₹ ૩૬.૦૦ કરોડ વાળા જેની સંગ્રહ શકિત ૨૧૦.૦૦ મી.ઘ.ફૂ. દ્વારા ૨૬૦૦ હેકટર સિંચાઈમાં વધારો થવા માટેના આયોજન હેઠળ છે.

(૩) એસ.સી.એસ.પી. યોજના હેઠળ વધુ ૪૮ ચેકડેમો અંદાજીત કિંમત ₹ ૧૨.૦૦ કરોડ વાળા કામોનો સમાવેશ થયેલ છે. જેનાથી ૬૮૦ હેકટર વિસ્તાર લાભિત થશે.

(૪) વધુ ૭૧ નાના ચેકડેમો અંદાજીત કિંમત ₹ ૭.૬૯ કરોડ વાળા કામોનો સમાવેશ થયેલ છે.

(૫) તળાવ ઉંડા કરવાના કામોમાં સરકારશ્રીની સુજલામ સુફલામ જળઅભિયાન યોજના-૨૦૨૨ અન્વયે વધુમાં વધુ તળાવો ઉંડા કરવાના કામનું પણ આયોજન છે. આ કામો સરકારશ્રીની યોજના અન્વયે લોકભાગીદારીથી કરવાના થશે.

(૬) આ ઉપરાંત કચ્છ જિલ્લાને સરકારશ્રી દ્વારા ફાળવેલ નર્મદાના વધારાના ૧ એમ.એ.એફ. પાણીનાં સંગ્રહ, વિતરણ અને આયોજન અંગેની કામગીરી છે. જે અંતર્ગત કન્સલટન્સી દ્વારા આ કામગીરી હાથ ધરાઈ રહેલ છે. જે અંતર્ગત સાત લીંકો દ્વારા આ પાણી સંગ્રહ તેમજ વિતરણ થવા અંગે વહીવટી મંજુરીના તેમજ તાંત્રિક મંજુરી મેળવવા માટેના અંદાજો વિભાગમાં રજુ થયેલ છે. જે પૈકી સાતેય લીંકોના વહીવટી મંજુરી અંગેના અંદાજો સરકારશ્રીમાં રજુ થયેલા છે. જરૂરી બજેટ ઉપલબ્ધ થયે કામગીરી હાથ ધરવાનું આયોજન છે. હાલે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીની સૂચના અન્વયે અદ્યતન સ્થિતિ મુજબ સારણ લીંક તથા બન્ની લીંકની દરખાસ્ત સુધારો કરી પુન:વહીવટી મંજુરી અર્થે સરકારશ્રી કક્ષાએ સાદર કરવામાં આવેલ છે. ઉપરાંત તેમજ સધર્ન લીંક, નોધર્ન લીંક, હાઈકન્ટુર સ્ટોરેજ લીંકોની ફેઝવાઈઝ દરખાસ્ત પણ સાદર કરવામાં આવેલ છે. જેની હાલ પ્રથમ તબક્કામાં ચાર લીંકોને ₹ ૩૪૭૫.૦૦ કરોડની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે. જેને વહીવટી મંજુરી મળ્યેથી કામગીરી કરવાનું આયોજન હેઠળ છે. અને હાઈકન્ટુર સ્ટોરેજ લીંકમાં આવતી ત્રણ નાની સિંચાઈ યોજના એડમંડ, જામારા અને નારણપરના સુધારણાના કામ કરી જળાશયનું અપગ્રેડેશનનું કામ પૈકી એડમંડ અને નારાણપર સિંચાઈ યોજનાના કામ પૂર્ણ થયેલ છે. જયારે જામારા સિંચાઈ યોજના પ્રગતિ હેઠળ છે. તેમજ રૂદ્રમાતા સિંચાઈ યોજનામાં અંદાજીત ₹ ૧૫.૦૦ કરોડના કમાંડ વિસ્તાર વધારવા માટેની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

તેમજ બન્ની, પૂર નિયંત્રણ, ક્ષાર અંકુશ અને રણ વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત કામગીરી હાથ ધરવાનું આયોજન છે. આ ઉપરાંત કચ્છ જિલ્લામાં મીઠા પાણીના સરોવરના નિર્માણ માટે “રણ સરોવર” પ્રોજેકટ હાથ ધરવાનું આયોજન છે. હાલ તેનું સર્વેક્ષણ અને સંશોધન અંદાજીત ₹ ૨૦.૦૦ કરોડના ખર્ચે કરી શકાય તેમ છે.

રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ, રાજકોટ.
પ્રવૃતિની રૂપરેખા (૨૦૨૨-૨૩)

૧.૦ વર્તુળની કામગીરીનું કાર્યક્ષેત્ર:

આ વર્તુળ દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારનાં અમરેલી, ભાવનગર, બોટાદ, જામનગર, દેવભુમિ દ્વારકા, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર એમ કુલ અગીયાર જિલ્લાની જિલ્લા પંચાયત હેઠળનાં પંચાયત સિંચાઈ વિભાગો દ્વારા નાની સિંચાઈ યોજનાઓની મરામત અને જાળવણી, તળાવો તેમજ અછત રાહત હેઠળ થયેલા તળાવોને સેઈફ સ્ટેજે લાવવાનાં કામો તેમજ જળ સંરક્ષણ અને પૂર સંરક્ષણના કામો તેમજ ચેકડેમ મરામત અને જાળવણીને લગત કામગીરી કરવામાં આવે છે.

૨.૦ ક્ષેત્રીય માળખું :

રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ રાજકોટની કચેરી હેઠળ કુલ અગીયાર પંચાયત સિંચાઈ વિભાગો અમરેલી, ભાવનગર, બોટાદ, જામનગર, ખંભાળીયા (દેવભુમિ દ્વારકા), જુનાગઢ, વેરાવળ (ગીર સોમનાથ), પોરબંદર, રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર કાર્યરત છે. જેમના નિયંત્રણમાં ૩૭ પેટા વિભાગો કાર્યરત છે. ઉપરાંત મોજણી, આલેખન અને ગુણવત્તા નિયમનની કામગીરી માટે જામનગર ખાતે એક વિભાગીય કચેરી અને તેનાં નિયંત્રણમાં ચાર પેટા-વિભાગો છે.

૩.૦ રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ, રાજકોટની કામગીરી :

આ વર્તુળ હસ્તક ઉક્ત અગીયાર જિલ્લાઓમાં ૩૨૯ નાની સિંચાઈ યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જેનાથી ૭૮૧૦૦.૦૦ હેકટર સિંચાઈની સવલત મળે છે. જયારે ૩૫૫૨ અનુશ્રવણ તળાવોનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જેનાથી અંદાજે ૭૧૦૪૦.૦૦ હેકટરને સિંચાઈનો આડકતરો લાભ મળે છે અને ૪૫૮૧ ચેકડેમના કામો પૂર્ણ કરવામાં આવેલ

INDEX

છે. જેનાથી ૪૫૮૧૦.૦૦ હેકટરને સિંચાઈની આડકતરી સુવિધાનો લાભ મળે છે.

૪.૦ થયેલ અને બાકી કામોની વિગતો

છેલ્લા છ વર્ષ દરમ્યાન સરકારશ્રી દ્વારા વખતો વખત અલગ અલગ વર્કપ્લાન હેઠળ મંજુર કરેલા ₹ ૧૪૫.૦૯ કરોડની અંદાજીત રકમનાં કુલ ૧૪૩૦ કામોમાંથી ૭૩૪ કામો ₹ ૪૪.૮૧ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે અને ₹ ૪૦.૬૫ કરોડના ખર્ચ સાથે ૧૬૬ કામો હાલ પ્રગતિ હેઠળ છે. ચાલુ અને બાકી કામો આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં પુર્ણ કરવાનું આયોજન છે તથા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં નાની સિંચાઈના કામો માટે ₹ ૩૭.૦૮ કરોડની બજેટ જોગવાઈ રાખવામાં આવેલ છે. જેમાંથી આગામી આયોજનનાં કામો હાથ ધરવાનું આયોજન છે.

૫.૦ જળાશયો ઉંડા ઉતારવાની કામગીરી :

ચાલુ સાલ સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં જળાશયો ઉંડા ઉતારવાના સરકારશ્રીનાં અભિગમ અન્વયે આ વર્તુળ હેઠળનાં જિલ્લાઓમાં આવેલ નાની સિંચાઈ યોજનાઓ/તળાવોમાં ગત સુજલામ સુફલામ જળ સંચય અભિયાનમાં ડીપનીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાંથી ૪૮૪૭૫૭૫ ઘ.મી. કાંપ કાઢવામાં આવેલ છે.

૬.૦ પી..આઇ.એમ.ની કામગીરી :

આ વર્તુળ હેઠળ સરકારશ્રીનાં વખતો વખતનાં માર્ગદર્શન મુજબ નાની સિંચાઈ યોજનાઓનાં સહભાગી સિંચાઇ વ્યવસ્થાની અમલવારી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે વાલ્મી સંલગ્ન રહીને ખેડુતોને સેમીનારો/ ટ્રેનિંગ મારફત આ વ્યવસ્થા અપનાવવા માર્ગદર્શન આપવામાં આવી રહયું છે. અત્યાર સુધીમાં કુલ ૨૯ નાની સિંચાઈ યોજનાઓમાં ૩૧ મંડળીઓનું રજીસ્ટ્રેશન થયેલ છે અને જેમાં હાલ ૮૫૯૭.૫૩ હેકટર સિંચાઈ વિસ્તાર આવરી લેવામાં આવેલ છે. જે પૈકી ૨૧ મંડળીઓને કુલ ૬૧૯૪.૯૮ હેકટર સિંચાઈ વિસ્તારનું હસ્તાંતરણ કરવામાં આવેલ છે.

૭.૦ થયેલ સિંચાઈની વસુલાતની વિગતો :

આ વર્તુળ હેઠળની નાની સિંચાઈ યોજનાઓમાંથી વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ₹ ૩૪.૧૫ લાખની ખેતી વિષયક વસુલાત અને ₹ ૪.૧૯ લાખની બીન-ખેતી વિષયક વસુલાત એમ કુલ મળી ₹ ૩૮.૩૪ લાખની વસુલાત કરવામાં આવેલ છે. ઉપરાંત બિનખેતી વિષયક હેતુ માટે અપાતા પાણીની જુની બાકી વસુલાત ₹ ૧૦૮૯.૭૬ લાખ વસુલ કરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ₹ ૪૬.૨૫ લાખની ખેતી વિષયક વસુલાત અને ₹ ૩૮.૦૪ લાખની બીન-ખેતી વિષયક વસુલાત એમ કુલ મળી ₹ ૮૪.૨૯ લાખની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ₹ ૯.૪૦ લાખની ખેતી વિષયક વસુલાત અને ₹ ૫.૦૬ લાખની બીન-ખેતી વિષયક વસુલાત એમ કુલ મળી ₹ ૧૪.૪૬ લાખની વસુલાત કરવામાં આવેલ છે.

વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ, વડોદરા
(પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૧-૨૨)

૧.૦ કામગીરીનું કાર્યક્ષેત્ર :

આ વર્તુળ દ્વારા દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ, નવસારી, સુરત, તાપી, નર્મદા ભરૂચ તેમજ મધ્ય ગુજરાત વડોદરા, દાહોદ, છોટાઉદેપુર, ગોધરા અને મહીસાગર એમ કુલ બાર જિલ્લાની જિલ્લા પંચાયત હેઠળના પંચાયત સિંચાઈ વિભાગો દ્વારા નાની સિંચાઈ યોજના મરામત, નવીન ચેક્ડેમો, ચેકડેમ મરામત, તળાવ સુધારણા તેમજ અછત રાહત હેઠળ થયેલા તળાવોને સેઈફ સ્ટેજે લાવવાનાં કામો તેમજ, નાની ઉદવહન સિંચાઈ યોજના, જળસંરક્ષણ અને પૂર સંરક્ષણ દિવાલના કામોને લગત કામગીરી કરવામાં આવે છે.

૨.૦ ક્ષેત્રીય માળખું :

વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ, વડોદરા કચેરી હેઠળ કુલ બાર પંચાયત સિંચાઈ વિભાગો, ડાંગ, વલસાડ, નવસારી, સુરત, તાપી, નર્મદા ભરૂચ, વડોદરા, દાહોદ, છોટાઉદેપુર, ગોધરા અને મહીસાગર કાર્યરત છે. જેમના નિયંત્રણમાં ૩૧ પેટા વિભાગો કાર્યરત છે.

૩.૦ સિંચાઈ સાધનો તથા હાથ ધરવામાં આવેલ કામો :

આ વર્તુળ હસ્તક બાર જિલ્લાઓમાં ૨૧૨ નાની સિંચાઈ યોજનાઓ આવેલ છે. આ યોજના દ્વારા ૪૬૦૨૭ હેકટર પિયત વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ યોજના દ્વારા ઉપલબ્ધ પાણીના જથ્થાની મર્યાદામાં તથા સિંચાઈકારોની સિંચાઈની માંગણીને સપ્રમાણ સિંચાઈ સવલત પુરી પાડવામાં આવે છે. જ્યારે આજદિન સુધી કુલ ૨૮૫ અનુ.

INDEX

તળાવ અને ૭૨૯ સેઈફ સ્ટેજ, ૧૧૬૩ ઉદ્વહન સિંચાઈ યોજના અને ૭૯૩૩ ચેકડેમ ની કામગીરી હાથ ધરાયેલ છે. અનુ. તળાવ અને ચેકડેમમાં સંગ્રહિત થતાં જથ્થાથી પરોક્ષ સિંચાઈની સવલતો આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ નું આયોજન :

આગામી વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં નવા કામો હાથ ધરવા રાજ્ય સરકારના જુદાજુદા સદરોમાં કુલ રૂ ૭૩.૧૧ કરોડ ની સુચિત જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ કુલ-૧૨ જિલ્લા ના વર્કપ્લાન ૨૦૨૨-૨૦૨૩ ના કુલ- ૧૫૯૪ કામો રકમ ₹ ૧૬૦.૦૩ કરોડ નું આયોજન કરી મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ની કરેલ કામગીરી :

વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન સરકારશ્રી દ્વારા વર્કપ્લાન ૨૦૨૧-૨૦૨૨ હેઠળ કુલ ૨૯૨ કામો ₹ ૨૩.૮૨ કરોડ ના મંજુર થયેલ છે જે પૈકી કુલ-૧ કામો પુર્ણ થયા જ્યારે કુલ- ૨૯૦ કામો ટેન્ડર સ્ટેજે અને કુલ-૦૧ કામો નકશા-અંદાજ સ્ટેજે છે. આ ઉપરાંત ઉક્ત જિલ્લાઓમાં સ્થાનિક વિવિધ સદરો જેવાકે ટી.એ.એસ.પી, ન્યુ ગુજરાત પેટર્ન, વિકાસશીલ તાલુકા હેઠળ નાના ચેકડેમ, નહેર સુધારણા, ઉદ્વહન સિંચાઈ યોજના, જુથ સિંચાઈ યોજના, તળાવ ઉંડા કરવા જેવા મંજુર થયેલા કુલ-૧૭૯ કામો રકમ ₹ ૧૨.૬૧ કરોડ પૈકી કુલ-૨૯ કામો રકમ ₹ ૧.૦૦ કરોડ પુર્ણ કરવામાં આવેલ છે જ્યારે કુલ ૧૦૯ કામો ₹ ૭.૮૩ કરોડના પ્રગતિ હેઠળ છે તેમજ ૩૯ કામો ૩.૪૧ કરોડ ના કામો ટેન્ડર સ્ટેજે છે અને ૦૨ કામો ૦.૩૭ કરોડના કામો નક્શા અંદાજ સ્ટેજે છે.

૪.૦ પી.આઈ.એમ.ની કામગીરી :

આ વર્તુળ હેઠળ સરકારશ્રીના વખતો વખતનાં માર્ગદર્શન મુજબ નાની સિંચાઈ યોજનાઓના સહભાગી સિંચાઈ વ્યવસ્થાની અમલવારી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે વાલ્મી/સ્વૈચ્છીક સંસ્થાના સંલગ્નમાં રહીને ૪૨ સિંચાઈ યોજનાઓમાં ૪૫ જેટલી પિયત સહકારી મંડળીની રચના કરવામાં આવેલ છે. જેના કુલ સભ્ય સંખ્યા ૭૯૬૦ છે. અને મંડળીનો વિસ્તાર ૯૪૩૬ હેકટર થવા જાય છે. જેની સામે ૩૭ મંડળીઓને તેમનો વિસ્તાર ૭૯૬૯ હેકટર વિસ્તાર હસ્તાંતર થયેલ છે.

૫.૦ નાની સિંચાઈ યોજના ગણતરી :

આ વર્તુળ હેઠળ ભારત સરકાર પુરસ્કૃત ૬ઠ્ઠી નાની સિંચાઈ યોજના ગણતરી (સંદર્ભ વર્ષ ૨૦૧૭-૧૮) અને વોટર બોડીઝ (ગ્રામ્ય અને શહેરી) માં ઉક્ત ૧૨ જિલ્લાઓની નાની સિંચાઈ યોજના અને સેન્સસ ઓફ વોટર બોડીઝ ગણતરીની કામગીરી અંતર્ગત ફિલ્ડવર્ક, ડેટા એન્ટ્રી અને ડેટા વેલીડેશન ની કામગીરી માટેની નિયુક્ત એજન્સી SNS Infra Engineering structure services, અમદાવાદ દ્વારા પુર્ણ કરાયેલ છે.

સિંચાઈ યાંત્રિક વર્તુળ નં.૨, અમદાવાદ

આ વર્તુળ હસ્તક ૬ વિભાગો કાર્યરત છે આ વર્તુળનું મુખ્ય કામ આ વિભાગીય કચેરીઓની કામગીરી પર દેખરેખ રાખવાનું છે આ વર્તુળની અન્ય કામગીરી નીચે મુજબ છે.

૧. આ વર્તુળ પાસે માટીકામ અંગેની ભારે મશીનરી છે.ખાતાની ભારે મશીનરી દ્વારા વિવિધ નહેરો, કાંસો, જળાશયોમાં ડીસીલ્ટીગની કામગીરી યોજનાઓની ટેઈલ ચેનલ ખોદાણની કામગીરી તેમજ તળાવોના માટીકામ વિગેરે કરવામાં આવે છે. સુજલામ સુફલામ નહેરની વિવિધ રીચોમાં માટીકામ હાથ ધરવામાં આવે છે. સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારમાં નદીઓ અને નહેરોને ઉંડી અને પહોળી કરવાનું કામ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ખાતાની મશીનરીથી ૩૩.૭૭ લાખ ઘ.મી માટીકામ અને ૧૭.૮૬ લાખ ચો.મી. જંગલ કટીગ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન ૩૪.૦૯ લાખ ઘ.મી. માટીકામ કરવાનું આયોજન છે.

૨. માટીકામ અંગેની ભારે મશીનરીનું સંચાલન, જાળવણી અને મરામત કરવામાં આવે છે.

૩. મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાના બંધો અને નહેરોના દરવાજાઓ બનાવવાનું અને બેસાડવાનું કામ કરવામાં આવે છે. તેમજ દરવાજાઓની જાળવણી અને મરામતની કામગીરી પણ કરવામાં આવે છે. હાલમાં જુના ડેમના મેપીંગની અને મજબુતીકરણીની કામગીરી કરવામાં આવે છે. દર વર્ષે રાજ્યની વિવિધ ૨૨-યોજનાઓના દરવાજાઓની ચોમાસા પહેલા અને ચોમાસા પછીની નિરીક્ષણની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ ₹ ૧૯૭૧.૯૨ લાખનું દરવાજાનું કામ કરવામાં આવેલ છે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ₹ ૬૨૨૬.૧૬ લાખ દરવાજાનું કામ કરવાનું આયોજન છે.

INDEX

૪. રાજ્યના વિવિધ મુખ્ય બંધોની સુરક્ષા માટે નીચે દર્શાવેલ મુદ્દાઓની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

(૧) હાઈમાસ્ટ ઉભા કરવાની કામગીરી.

(૨) બંધના સ્થળે ક્લોજ સરકીટ કેમેરાની વ્યવસ્થા.

(૩) બંધના સ્થળે વોચ ટાવર ઉભા કરવાની કામગીરી.

(૪) બંધના દરવાજાઓની ઓટોમાઈજેશનની કામગીરી.

૫. વિવિધ સિંચાઇ યોજનાઓના નવા વિજળીકરણના કામો, સ્ટ્રીટલાઈટના વિજળીકરણના કામો તદઉપરાંત હયાત વિજળીકરણના મરામત અને જાળવણીના કામો કરવામાં આવે છે. મધ્ય ગુજરાતના સરકારીવાહનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ₹ ૫૯૪.૭૬ લાખનું વિજળીકરણનું કામ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ₹ ૨૯૩.૦૬ લાખનું વીજળીકરણનું કામ કરવાનું આયોજન છે.

૬. વિવિધ સિંચાઇ યોજનાઓના ડેમના દરવાજાઓના ઓપરેશન માટે ડી.જી.સેટ ખરીદીની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ₹ ૨૫ લાખ નવા ડી.જી.સેટ ખરીદવાનું આયોજન છે.

૭. મીકેનીકલ વિભાગો માટે માટીકામ અંગેની નવી મશીનરી/વાહનો/પંપ/વોટર ટેન્કર ખરીદવાની કામગીરી કરવામાં આવે છે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ₹ ૨૩૬.૩૬ લાખની નવી મશીનરી/વાહનો/પંપ/વોટર ટેન્કર ખરીદવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ₹ ૧૯૭૮.૦૬ લાખના મશીનરી/વાહનો/ ડી-વોટરીગ પંપ ખરીદવાનું આયોજન છે.

૮. ખાતાના ઈન્ડેટીગ ઓફીસરોને નિરીક્ષણ વાહનોની ફાળવણી કરવામાં આવે છે તેમજ ખાતા સિવાયના અન્ય વિભાગોને ચુકવણાના ધોરણે નિરીક્ષણ વાહનોની ફાળવણી કરવામાં આવે છે. વળી ખાતાના વાહનો ની મરામતની કામગીરી કરવામાં આવે છે.

૯. અમદાવાદ, ગાંધીનગર સ્થિત કચેરીઓના વાહનોના સંચાલન માટે આઉટસોર્સીંગ થી હંકારનારની સેવા સાથે વાહનો તથા ડ્રાઈવરોના ટેન્ડર બહાર પાડી એજન્સી નક્કી કરવાની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ₹ ૧૮૯૩.૬૫ લાખની કામગીરી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ₹ ૧૮૯૩.૬૫ લાખની કામગીરી કરવાનું આયોજન છે.

૧૦. રાજ્યના વિવિધ સરકારી ખાતાઓના બીન ઉપયોગી વાહનોની તળીયાની કિંમત નક્કી કરવા માટે નિરીક્ષણની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૨૩૦ નંગ બીન ઉપયોગી વાહનોની તળીયાની કિંમત નક્કી કરી રાઈટ ઓફ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૨૬૦ નંગ બીન ઉપયોગી વાહનોની તળીયાની કિંમત નક્કી કરી રાઈટ ઓફ સર્ટીફીકેટ ઈસ્યુ કરવાનું આયોજન છે.

૧૧. ન.જ.સ.પા.પુ અને ક વિભાગની બિન ઉપયોગી મશીનરી, વાહનો, સ્પેરપાર્ટનું જાહેર હરાજી દ્વારા નિકાલની કામગીરી કરવામાં આવે છે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ₹ ૪૭.૮૧ લાખની બિન ઉપયોગી મશીનરી, વાહનો હરાજીથી નિકાલ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ₹ ૨૭.૬૩ લાખની બિન ઉપયોગી મશીનરી, વાહનો હરાજીથી નિકાલ કરવાનું આયોજન છે.

૧૨. ખાતા હસ્તક સરપ્લસ સ્ટીલની તળીયાની કિંમત નક્કી કરવા માટે નિરીક્ષણની કામગીરી કરવામાં આવે છે.

૧૩. જળસંપતિ વિભાગ માટે બીન ઉપયોગી ફર્નીચર, સ્ક્રેપ, અને વણવપરાયેલ માલસામાનની તળીયાની કિંમત નક્કી કરવા માટે નિરીક્ષણની કામગીરી.

૧૪. દર વર્ષે ચોમાસા દરમિયાન ભારે વરસાદ તથા પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા અને વરસાદી પાણીનો નિકાલ માટે રાજ્યમાં ચાર જગ્યાએ ફલડ ફાઈટીંગ યુનિટો કાર્યરત કરવામાં આવે છે અને પૂર સમયે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવે છે.

૧૫. વર્ગ-૩ અને વર્ગ-૪ના યાંત્રિક સંવર્ગ અને ડ્રાઇવર સંવર્ગ તેમજ યાંત્રિક વિંગના રોજમદાર વર્કચાર્જ માટે ઝોનલ તરીકેની કામગીરી.

૧૬. સરકરશ્રીની સૂચના મુજબ મ.ઈ/અ.મ.ઈ./ના.કા.ઈ.(યાં)ની ખાતાની પરીક્ષા લેવાની કામગીરી કરવામાં આવે છે.

૧૭. ખાતાની બીનઉપયોગી મશીનરીના રાઈટ ઓફ માટે નિરીક્ષણની કામગીરી અર્થે અધિક્ષક ઈજનેરશ્રીની સમીતીમાં સભ્ય છે અને રાજ્યના મકાન અને માર્ગ વિભાગ માટે પણ સભ્ય છે.

INDEX

૧૮. એક કેસ દીઠ ૧ કરોડ રૂપીયા સુધી ખાતાકીય ખરીદી સમિતિમાં પ્રમુખ છે. અને GEM હેઠળ ૭૫ લાખ રૂપીયા સુધી ખાતાકીય ખરીદ સમિતિમાં પ્રમુખ છે.

સિંચાઈ યાંત્રિક વર્તુળ નં.૧, અમદાવાદ

રાજ્યમાં આવેલી સિંચાઈ યોજનાના વિકાસદરની અગ્રીમતા આપવાના કારણે યોજનાઓના બાંધકામની પ્રગતી એક સાથે થાય તે જરૂરી છે. સિંચાઈ યોજનાના માટીકામ તથા અન્ય આવશ્યક સેવાઓને ઝડપી વેગ આપવા ખાતાકીય રાહે ઉપયોગ કરવા રાજ્યમાં હાલમાં બે યાંત્રિક વર્તુળો કાર્યરત છે.

(૧) સિંચાઈ યાંત્રિક વર્તુળ નં-૧, વડોદરા (૨) સિંચાઈ યાંત્રિક વર્તુળ નં-૨, અમદાવાદ.

(૧) સિંચાઈ યાંત્રિક વર્તુળ નં-૧, વડોદરાની કામગીરી નીચે મુજબ છે.

આ યાંત્રિક વર્તુળ હસ્તક અંદાજે (૪૪.૨૧)ચુમાલીસ કરોડ એકવીસ લાખની યંત્રસામગ્રી છે.

જેમાં મુખ્યત્વે હાઈડ્રોલીક એસ્કેવેટર, સ્ક્રેપર, ડમ્પર્સ, ટીપ્પર્સ્, ક્રેઈન, ડોઝર, ટેન્કર, વોટર ટેન્કર, હેવી ટ્રેઈલર, તથા બાકીની પરચુરણ મશીનરી જેવી કે ડી-વોટરીંગ પંપ, ડ્રીલીંગ મશીન, વેલ્ડીંગ મશીનરી વિગેરે છે.

આ વર્તુળ હેઠળના ત્રણ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરી નીચે પ્રમાણે છે.

(૧) આ વર્તુળ કચેરીના તાંબા હેઠળના સિંચાઈ યાંત્રિક વિભાગ નંબર-૧, વડોદરા અને સિંચાઈ યાંત્રિક વિભાગ નંબર-૨, ઉકાઈ કચેરી હસ્તકની ખાતાકીય મશીનરી દ્વારા મધ્ય અને દક્ષીણ ગુજરાતમાં આવેલ જુદી જુદી સિંચાઈ યોજનાઓ જેવી કે કડાણા, પાનમ, દેવ, સુખી, કરજણ, જુજ- કેલીયા, ઉકાઈ, દમણગંગા, વિગેરેના નહેરના મરામતના તેમજ મજબુતીકરણના કામો તથા નહેરના ઢાંચા બદલવાના કામો કરવામાં આવે છે.

(૨) મહીકમાન્ડ એરીયા તથા ઉકાઈ - કાકારાપાર કમાન્ડ એરીયાની કાંસોની ઉડી કરી સાફ કરવાની કામગીરી.

(૩) ચોમાસા દરમ્યાન ગોત્રી(વડોદરા), નડીઆદ તથા ઉકાઈ ડેમ ખાતે ફલ્ડ ફાઈટીંગ યુનીટો ઉભા કરી પૂર રાહતની તકેદારીના કામો તેમજ કુદરતી આફતો વખતે મશીનરી દ્વારા યુધ્ધના ધોરણે રાહતની કામગીરી કરવામાં આવે છે.

(૪) કડાણા યોજનાના ગેટનું સંચાલન જાળવણી તથા મરામતની કામગીરી, કડાણા ડેમની ઈન્સપેક્શન ગેલેરીનું ડી વોટરીંગની કામગીરી કરવામાં આવે છે. તેમજ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં આવેલ સિંચાઈ યોજનાના ગેટો નવા બનાવવાના તથા મરામતની કામગીરી.

(૫) દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાતની જુદી જુદી સિંચાઈ યોજના જેવી કે કડાણા, ઉકાઈ, દમણગંગા, તથા અન્ય યોજનાના વિદ્યુતીકરણ મરામત તથા જાળવણી તેમજ નવીન વીજળીકરણ, હાઈમાસ્ટની કામગીરી.

(૬) રાજ્યના વડોદરા, ભરૂચ, પંચમહાલ, દાહોદ, નવસારી, નર્મદા, સુરત, વલસાડ, તાપી, છોટાઉદેપુર, મહીસાગર અને ડાંગ જિલ્લાઓના સરકારી વિભાગો હસ્તકના બીન ઉપયોગી સરકારી વાહનોનું ઈન્સ્પેકશન કરી માંડવાળ કિંમત નક્કી કરવાની કામગીરી કરવામાં આવે છે.

(૭) ખાતાકીય મશીન, વાહનોના મરામત સંચાલન તથા જાળવણીની કામગીરી કરવામાં આવે છે.

(૮) સિંચાઈ યાંત્રિક ભંડાર વિભાગ નંબર-૧, વડોદરાની કચેરી દ્વારા જુદી જુદી યોજનાઓ ઉપર ચાલતી ખાતાકીય મશીનરી માટે સ્પેરપાર્ટસ જનરલ ઈલેકટ્રીકલ માલસામાનની તથા ઓઈલ ડીઝલ પુરા પાડવાની કામગીરી તેના હિસાબ કિતાબ રાખવાની કામગીરી કરવામાં આવે છે.

નાબાર્ડ સહાયિત યોજનાઓ (તા: ૦૯-૧૨-૨૦૨૧ ની સ્થિતિએ)

આર.આઈ.ડી.એફ.-૨૦ હેઠળ અંબાજી થી ઉમરગામ સુધીનાં આદિવાસી પટ્ટામાં સિંચાઈ નાં બાંધકામ કરવાની ₹ ૧૪૭.૫૭ કરોડના અંદાજીત ખર્ચવાળી યોજના માટેની સુધારેલ દરખાસ્ત માટેના બાર્ડે ₹ ૧૪૦.૧૮ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે અત્યાર સુધી ₹ ૧૨૯.૭૧ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે.

આર.આઈ.ડી.એફ.-૨૧ હેઠળ (૧) મોરબી, રાજકોટ અને જામનગર જિલ્લામાં મચ્છુ-૨ યોજનાથી ઊંડ-૨ યોજના (સૌની લીંક-૧) સુધી પાઈપલાઈન નાખવાની ₹ ૧૫૬૧.૧૨ કરોડના અંદાજીત ખર્ચવાળી યોજના માટેના બાર્ડે ₹ ૮૬૦.૦૯ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. આ યોજનાનું કામ (૧૦૦%) પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૮૬૦.૦૯ કરોડની લોન સહાય (૧૦૦%) મેળવવામાં આવેલ છે. (૨) મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ ભોગાવો-૨ યોજનાથી

મચ્છુ -૧ યોજના (સૌની લીંક-૩) સુધી પાઈપલાઈન નાખવાની ₹ ૨૦૨૩.૬૭ કરોડના અંદાજીત ખર્ચવાળી યોજના માટેના બાર્ડે ₹ ૧૨૫૨.૨૫ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. આ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૧૨૫૨.૨૫ કરોડની લોન સહાય (૧૦૦%) મેળવવામાં આવેલ છે.

આર.આઈ.ડી.એફ.-૨૨ હેઠળ (૧) સૌની લીંક-૨, લીમડી ભોગાવોથી-૨ થી ભીમદાડ યોજના સુધી પાઈપલાઈન નાખવાની ₹ ૩૬૪.૩૭ કરોડના અંદાજીત ખર્ચવાળી યોજના માટેના બાર્ડે ₹ ૩૪૬.૧૫ કરોડની લોન સહાય મંજૂર કરેલ. આ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૩૪૬.૧૫ કરોડની લોન સહાય (૧૦૦%) મેળવવામાં આવેલ છે. (૨) સૌની લીંક-૪ લીમડી ભોગાવો-૨ યોજનાથી આંકડીયા યોજના સુધી પાઈપલાઈન નાખવાની ₹ ૪૯૫.૧૧ કરોડના અંદાજીત ખર્ચવાળી યોજના માટેના બાર્ડે ₹ ૪૭૦.૩૫ કરોડની લોન સહાય મંજૂર કરેલ. આ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૪૧૬.૯૨ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે. (૩) કડાણા યોજનાથી ઠક્કરબાપા તળાવ સુધી ઉદ્વવહન સિંચાઇ યોજનાની ₹ ૧૦૫૪.૮૦ કરોડની અંદાજિત ખર્ચવાળી યોજના માટે નાબાર્ડ દ્વારા ₹ ૯૮૨.૪૮ કરોડની લોન સહાય મંજુર કરેલ. આ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૯૮૨.૪૮ કરોડની લોન સહાય (૧૦૦%) મેળવવામાં આવેલ છે.

આર.આઈ.ડી.એફ.-૨૩ હેઠળ (૧) સૌની યોજના લીંક-૧ (પેકેજ નં.૪) ₹ ૪૮૦.૨૨ કરોડના અંદાજીત ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૪૫૬.૨૧ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. આ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૪૫૬.૨૧ કરોડની લોન સહાય (૧૦૦%) મેળવવામાં આવેલ છે. (૨) સૌની યોજના લીંક-૩ (પેકેજ નં ૪, ૫ અને ૬) ₹ ૧૫૭૫.૯૩ કરોડના અંદાજીત ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૧૪૯૭.૧૩ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. આ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૧૪૯૭.૧૨ કરોડની લોન સહાય (૧૦૦%) મેળવવામાં આવેલ છે. (૩) સૌની યોજના લીંક-૧ (પેકેજ નં.૫) ₹ ૩૧૨.૬૦ કરોડના અંદાજીત ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૨૮૮.૮૦ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૨૮૬.૬૮ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે.

આર.આઈ.ડી.એફ.-૨૪ હેઠળ (૧) સૌની યોજના લીંક-૪ (પેકેજ નં.૪, ૫, ૫ એ & ૬) ₹ ૨૧૬૦.૩૫ કરોડના અંદાજીત ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૧૫૮૩.૩૬ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. આ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૧૫૮૩.૩૬ કરોડની લોન સહાય (૧૦૦%) મેળવવામાં આવેલ છે. (૨) સૌની યોજના લીંક-૨ (પેકેજ નં ૪, ૫ અને ૬) ₹ ૧૭૮૭.૬૬ કરોડના અંદાજીત ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૪૭૦.૫૪ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. આ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે અને અત્યાર સુધી ₹ ૪૭૦.૫૪ કરોડની લોન સહાય (૧૦૦%) મેળવવામાં આવેલ છે.

આર.આઈ.ડી.એફ.-૨૫ હેઠળ (૧) સૌની યોજના લીંક-૩ (પેકેજ નં.૭) ₹ ૭૦૭.૯૧ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૬૭૨.૫૧ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૫૭૯.૩૫ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે. (૨) સૌની યોજના લીંક-૪ એ (પેકેજ નં ૮) અને લીંક-૪ બી (પેકેજ નં ૭) ₹ ૯૮૮.૯૨ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૯૩૯.૪૭ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૭૪૦.૩૬ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે. (૩) સૌની યોજના લીંક-૨ (પેકેજ નં.૭) ₹ ૪૧૭.૩૭ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૩૯૬.૫૦ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૩૪૬.૨૭ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે.

આર.આઈ.ડી.એફ.-૨૬ હેઠળ (૧) થરાદ- સીપુ પાઇપલાઈન યોજના (પેકેજ નં.૧ અને ૨). ₹ ૫૯૨.૫૧ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૪૬૨.૩૩ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૨૬૯.૦૪ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે (૨) ઉકાઇ જળાશય આધારીત તાપી- કરજણ ઉદ્વવહન સિંચાઇ યોજના. ₹ ૬૯૧.૧૪ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૬૫૬.૫૮ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૨૦૮.૦૮ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે. (૩) ઉકાઇ જળાશય આધારીત સોનગઢ, ઉચ્છલ, નિઝર ઉદ્વવહન સિંચાઇ યોજના. ₹ ૧૦૨૨.૪૧ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૯૦૫.૧૫ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૫૬૫.૭૩ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે. (૪) Irrigation Projects in Mahisagar District. ₹ ૧૨૧.૬૨ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૧૧૫.૫૪ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૮૬.૬૯ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે. (૫) વલાસણા ગામ જી: મહેસાણા નજીક

INDEX

સાબરમતી નદી પર બેરેજ બાંધવાનુ કામ. ₹ ૧૨૪.૪૧ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૧૨૪.૪૧ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૬૫.૭૦ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે. (૬) હીરપરા ગામ જી: મહેસાણા નજીક સાબરમતી નદી પર બેરેજ બાંધવાનુ કામ. ₹ ૧૪૬.૯૧ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૧૩૮.૫૨ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે ફોરેસ્ટ ક્લીયરન્સ મેળવવાની કાર્યવાહી હાલમાં પ્રગતિ હેઠળ છે.

આર.આઈ.ડી.એફ.-૨૭ હેઠળ (૧) દાહોદ જિલ્લાના વિવિધ તળાવોને કડાણા ઉદ્વવહન યોજના દ્વારા પાઈપલાઈનથી ભરવાની યોજના. ₹ ૨૦૪.૮૨ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૧૯૪.૫૮ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે નવેમ્બર-૨૦૨૧ સુધી ₹ ૨૨.૨૦ કરોડની લોન સહાય મેળવવામાં આવેલ છે. (૨) પાનમ જળાશય આધારીત ઉદ્વવહન સિંચાઈ યોજના. ₹ ૨૮૮.૨૦ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૨૭૩.૭૯ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. આ યોજનાની મંજુરી સપ્ટેમ્બર-૨૦૨૧ માં મળેલ છે. (૩) પાનમ હાઈ લેવલ કેનાલ આધારીત ઉદ્વવહન સિંચાઈ યોજના. ₹ ૧૨૦.૮૭ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૧૧૪.૮૩ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. આ યોજનાની મંજુરી ઓક્ટોબર-૨૦૨૧ માં મળેલ છે. (૪) સૌની યોજના લીંક-૩ (પેકેજ નં.૮ અને ૯). ₹ ૩૫૪.૧૭ કરોડના ખર્ચવાળી આ યોજના માટેના બાર્ડે ₹ ૩૩૬.૪૬ કરોડની લોન સહાય મંજૂર કરેલ છે. પ્રગતિ હેઠળની આ યોજના માટે ઓક્ટોબર-૨૦૨૧ સુધી ₹ ૫.૨૮ કરોડ નો ખર્ચ થયેલ છે.

આમ, ઉપર્યુક્ત પ્રગતિ હેઠળની યોજનાઓ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૯૦૦.૦૦ કરોડની લોન સહાય મેળવવાના લક્ષ્યાંક સામે (૦૯-૧૨-૨૦૨૦ સુધી) ₹ ૪૪૦.૦૦ કરોડના ક્લેઈમ રજૂ કરવામાં આવેલ છે.

ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લીમીટેડ, ગાંધીનગર

ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ દ્વારા મુખ્યત્વે ભુગર્ભ જળ મોનીટરીંગને લગતી વિવિધ કામગીરી તથા ખેડુતોને સિંચાઈની સગવડ પુરી પાડવા માટે ભુગર્ભ જળ યોજના તથા સપાટી જળ યોજનાની કામગીરી કરવામાં આવે છે.

(૧) ભુગર્ભ જળ મોનીટરીંગ

ભુર્ગભ જળ સપાટી નિરીક્ષણ અને ભુર્ગભ જળ દ્રાવ્યક્ષાર નિરીક્ષણ અંતર્ગત નીચે મુજબની કામગીરીનો સમાવેશ થયેલ છે.

(A) દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાઈ પાણીને ભુગર્ભજળ પર અસરના અભ્યાસ માટે પરિક્ષણ,

(B) નવીન પાતાળકુવા સર્વેક્ષણ

(C) ભુર્ગભ જળ રાસાયણિક પૃથ્થકરણ,

(D) ભૂગર્ભ જળ અંદાજની ગણતરી

(E) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ યોજના

(F) ડીપોઝીટ કામ (થાપણ કામ)

(G) નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેકટ

(H) હાથ ધરવામાં આવેલ મુખ્ય કામગીરી

(I) અટલ ભુજલ યોજના

(J) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

(૨) ખેડુતોને સિંચાઈ સુવિધા પુરી પાડવા માટેની ભુગર્ભ જળ તથા સપાટી જળ યોજનાઓમાં નીચે મુજબની કામગીરીનો સમાવેશ થયેલ છે.

(A) પાતાળકુવા

(B) પાતાળકુવા પર ટપક સિંચાઈ પધ્ધતિનું અમલીકરણ,

(C) ઉદ્વવહન સિંચાઈ યોજનાઓ

(D) નર્મદા આધારીત સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ યોજના અંતર્ગત ૬ પાઈપ લાઈનથી તળાવો જોડવા તથા તળાવો ભરવાની કામગીરી તથા નવી પાઈપલાઈનની કામગીરી

INDEX

(૧) ભુગર્ભ જળ મોનીટરીંગ

ભુગર્ભ જળ પુન:સપાટી અને ભુર્ગભ જળ ગુણવત્તા નિરીક્ષણ અને મોજણી

- વિવિધ કુદરતી તેમજ માનવ સર્જિત પરિબળો ને કારણે ભૂગર્ભ જળ સપાટી અને ગુણવત્તા પર અસર થાય છે. ભૂગર્ભ જળ સપાટીની મોજણી ભૂગર્ભ જળ પર થતી અસરો નો અભ્યાસ કરવા માટેનો મુખ્ય સ્ત્રોત છે.
- ગુજરાત રાજ્યનાં વિવિધ વિસ્તારોમાં વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત શારવામાં આવેલ કુલ ૧૭૬૨ પીઝોમીટર્સ તથા ૧૦૩૭ ખાનગી માલિકીના નિરીક્ષણ સ્થળો (૯૭૮ જિલ્લા નિરીક્ષણ કુવા, ૫૯ નિરીક્ષણ પાતાળકુવાઓ) પર નિયત સમયાંતરે ભુગર્ભ જળ સપાટી તથા ગુણવત્તા ની મોજણી હાથ ધરવામાં આવે છે.
- આ ડેટા નો ઉપયોગ ભૂગર્ભ જળ અંદાજ ની ગણતરી, સિંચાઈ યોજનાઓના આયોજનમાં, ભૂગર્ભ જળ રીચાર્જ સ્ટ્રકચર્સના આયોજન, અછતની પરીસ્થીતીના મૂલ્યાંકન કૃષિ નીતીના ઘડતર તથા રીસર્ચ સ્ટુડન્ટ દ્વારા રીસર્ચમાં વિગેરે માટે વ્યાપક પણે થાય છે.

પીઝોમીટર્સ (સરકારી)	૧૭૬૨	વર્ષ માં ચાર વાર (જાન્યુઆરી, મે, ઓગસ્ટ અને ઓક્ટોબર)
જિલ્લા નિરીક્ષણ કુવા (ખાનગી)	૯૭૮	વર્ષ માં બે વાર(મે અને ઓક્ટોબર)
નિરીક્ષણ પાતાળ કુવાઓ (ખાનગી)	૫૯	વર્ષ માં બે વાર (મે અને ઓક્ટોબર)

(A) દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાઈ પાણીને ભુગર્ભ જળ પર અસર

- સૌરાષ્ટ્રનાં દરિયાકાઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જળનાં વપરાશ વધવાને કારણે દરિયાકાઠાના વિસ્તારોમાં ભુગર્ભ જળમાં દરિયાઈ પાણીનાં ક્ષાર પ્રવેશને કારણે ભૂગર્ભ જળ ખારા થવાની સમસ્યા ઉદ્દભવેલ છે.
- જેના અભ્યાસ માટે તત્કાલીન મુખ્ય સચીવશ્રીની અધ્યક્ષતા હેઠળ હાઈ લેવલ કમિટી દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવેલ.
- કમીટીની ભલામણ અન્વયે ભુગર્ભ જળ દરિયાઈ પાણીની ભુગર્ભ જળ ઉપર ક્ષાર પ્રવેશની સ્થિતિના અભ્યાસ માટે નિયત કરવામાં આવેલ પરિક્ષણ કુવાઓનું વર્ષમાં બે વાર તથા પ્રોફાઈલ કુવાઓનું વર્ષમાં એક વાર ભુગર્ભ જળ સપાટી અને ભુગર્ભ જળ નમુનાઓની ગુણવત્તાની ચકાસણી હાથ ધરવામાં આવેલ છે અને તેના આધારે દરિયાઈ પાણીની ભુગર્ભ જળ સ્થિતિ અંગેનો તાંત્રિક અહેવાલ તૈયાર કરવામાં આવે છે
- સૌરાષ્ટ્રના દરિયા કાંઠાના નીચે વિગતે દર્શાવેલ વિસ્તારમાં મુખ્ય ચાર રીચનો દર વર્ષે અભ્યાસ કરવામાં આવી રહેલ છે:

રીચ	લીનીયર ડીસ્ટંસ- કી.મી.	પ્રોફાઈલ	કુવાઓ
ભાવનગર-ઉના	૨૪૫	૩૧	૨૬૫
માધવપુર-ઓખા	૨૫૦	૩૧	૧૧૩
ઓખા- માળિયા	૧૦૦	૧૨	૪૬
માળિયા- લખપત	૧૨૦	૧૦	-
કુલ	**૭૧૫**	**૮૪**	**૪૨૪**

- સૌરાષ્ટ્રનાં દરિયા કાંઠાના ઉપર દર્શાવેલ વિસ્તારોમાં ભૂગર્ભ જળ અભ્યાસ અને તેના પૃથ્થકરણો - અવલોકનો અન્વયે કરવાની કામગીરીઓના સૂચનો અન્વયે અહેવાલ તૈયાર કરવા માટે "સિંચાઈ વિભાગ" દ્વારા વર્ષ ૧૯૮૫ થી સતત અહેવાલ તૈયાર કરવામાં આવે છે, જે અન્વયે કરવાની થતી બાંધકામની કામગીરીઓ "સિંચાઈ વિભાગ (રાજ્ય)" દ્વારા કરવામાં આવે છે.

(B) નવીન પાતાળકુવા સર્વેક્ષણ

- ગુજરાત રાજ્યમાં ભૂગર્ભ જળનો સંગ્રહ કરતા ભૂસ્તરીય સ્તરો (એક્વિફર) એક સમાન નથી. અલગ અલગ વિસ્તારમાં વિવિધ પ્રકાર નાં વિવિધ લાક્ષણીકતા ધરાવતા એક્વિફર જેવા કે એલુવિયલ, હાર્ડ રોક અને સોફ્ટ રોક અસ્તિત્વ ધરાવે છે.
- જેમાં ભૂગર્ભ જળનો જથ્થો અને ગુણવત્તા એક સમાન હોતી નથી. સિંચાઈ માટે પાતાળ કુવાના બાંધકામો કરતા પહેલા જે ભૂસ્તરીય સ્તરોમાં ભૂગર્ભ જળ ની સંભવિત ઉપલબ્ધિ અને ગુણવત્તા જાણવા માટે GWRDC દ્વારા વૈજ્ઞાનિક ધોરણે ભૂગર્ભ જળ સર્વેક્ષણ કરી સ્થળ પસંદગી કરવામાં આવે છે .

INDEX

- ૨૫૦ અનુસુચિત જન જાતિ પાતાળ કુવા કાર્યક્રમ હેઠળ નવીન ૨૨ પાતાળ કુવાનું શારકામ કરવામાં આવેલ છે.
- નિગમના બંધ પડેલ પાતાળ કુવાના પુનઃ શારકામ કાર્યક્રમ હેઠળ નવિન ૧૦ પાતાળ કુવા નું શારકામ કરવામાં આવેલ છે.

(C) ભુર્ગભ જળ રાસાયણિક પૃથ્થકરણ :

- ભૂગર્ભ જળ ગુણવત્તા સિંચાઈ માટે અનુકૂળ છે કે નહી તેની ચકાસણી માટે સિંચાઈ લક્ષી 13 પેરામીટર ની ચકાસણી નિગમ હસ્તકની ગાંધીનગર, ખેરવા, ભાવનગર અને રાજકોટ ૪(ચાર) સ્થળની લેબોરેટરીમાં કરવામાં આવે છે.
- ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન ૧૨૧૭૮ ભુગર્ભ જળના નમુનાઓનું રાસાયણિક પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

(D) ભૂગર્ભ જળ અંદાજ ની ગણતરી

- ગુજરાત રાજ્યમાં સેન્ટ્રલ ગ્રાઊન્ડ વોટર બોર્ડ તથા ગુજરાત જળ સંપત્તી નિગમ હસ્તકની જીઓલોજી વીંગ દ્વારા નિયમીત સમયાંતરે ભારત સરકાર દ્વારા નીમવામાં આવેલ એક્સપર્ટ કમીટીની ગાઈડ લાઈન મુજબ વિવિધ ડેટા જેવાકે ભુગર્ભ જળ નાં દસ વર્ષના ભૂગર્ભ જળ માં થતા ફેરફાર, ભૂગર્ભ જળ ગુણવત્તા, સર્ફેસ વોટર કમાંડ, કેનાલ ના વેટેડ પેરામિટર, વિજ કનેકશનથી ચાલતા કુવાઓની સંખ્યા, ડોમેસ્ટિક વપરાશ માટે ભૂગર્ભ જળ તથા સર્ફેસ વોટર આધારિત પાણી ની વિગતો, એક્વિફર પેરામિટર, ૨૫ વર્ષ નાં વરસાદ, વિગેરે નો ઉપયોગ કરીને તાલુકા દીઠ ભૂગર્ભ જળ અંદાજ ની ગણતરી કરીને તેનો અહેવાલ કેન્દ્ર સરકારને સાદર કરવામાં આવે છે.
- ભૂગર્ભ જળ અંદાજ ને આધારે જે તે તાલુકાની ભૂગર્ભ જળ વપરાશની સાપેક્ષ માં ઓવર એક્સપ્લોઈટેડ / ક્રીટીકલ/ સેમીક્રીટીકલ /સેઈફ કક્ષા નક્કી કરવામાં આવે છે, જેનો કૃષિ નીતી અને સિંચાઈ યોજનાઓના ઘડતર માટે ઉપયોગ થાય છે. તાજેતરમાં ભૂગર્ભ જળ અંદાજ ૨૦૨૦ ના સાદર કરવામાં આવેલ અહેવાલને મિનિસ્ટ્રી ઓફ વોટર રીસોર્સીસ ભારત સરકાર દ્વારા બહાલી આપવામાં આવેલ છે. અને તેનો અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

(E) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ યોજના

- ઉતર ગુજરાતમાં ભુગર્ભ જળની સપાટી નીચે જતી હોઈ સદર વિસ્તારમાં ભુર્ગભ જળના તળ ઉપર લાવવા માટે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ યોજના હાથ ધરવામાં આવેલ છે. સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી ભુગર્ભ જળ ઉપર થનાર અસરોના અભ્યાસ માટે ૫૧ નિરીક્ષણ કુવા તેમજ ૭૦ પીઝોમીટરોની સર્વે વર્ષમાં ચાર વાર કરવામાં આવે છે.

(F) ડીપોઝીટ કામ : (થાપણ કામ)

- જે ખેડૂતના ખેતરમાં પાણી મળતુ ન હોય તવા ખેડૂતોને જે જગ્યાએ પાણી મળવાની શક્યતા હોય તે સરકારી જગ્યામાં સરકારશ્રી દ્વારા ૦.૦૨ ગુંઠા જમીન આપવાના થાપણ કામના કુલ ૨૨૪ કેશોની કામગીરી કરવામાં આવેલ છે.
- મહાત્મા ગાંધી રોજગાર યોજના હેઠળ નવિન કુવા ની સ્થળ ચકાસણી કરી કુલ ૪૪૬૮ સ્થળોના અહેવાલ આપવામાં આવેલ છે.
- ખાનગી કંપની અથવા ખેડૂતો ની માંગણી મુજબ કુલ ૧૦ સ્થળોના ભૂસ્તર જલીય સર્વેક્ષણ અહેવાલ તૈયાર કરી આપવામાં આવેલ છે.

(G) નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેકટ (એન.એચ.પી.)

- હાઈડ્રોલોજી પ્રોજેક્ટ્એ ૧૦૦ ટકા કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના છે, જેનો મુખ્ય હેતુ વિવિધ તાંત્રિક માહિતીઓનું એકત્રીકરણ કરી વિશ્વાસનીય ડેટા અને માહિતીનો વ્યાપ વધારીને જળ સંબંધીત યોજનાઓનું આયોજન અને વ્યવસ્થાપન ને સુદ્રઢ કરવાનો છે.
- વિવિધ કોમ્પુયટર હાડવેર અને સોફ્ટવેરના ઉપયોગથી એકઠા કરેલ ડેટાની ચકાસણી કરી તેનો જળ સબંધીત વિવિધ અહેવાલ તૈયાર કરવામાં તેમજ સરકારી, અર્ધસરકારી, શૈક્ષણિક અને અન્ય સંસ્થાઓને તેમજ રીસર્ચ સાથે સંકળાયેલ વિધાર્થીઓને માહિતી પુરી પાડવા માટે ઉપયોગ કરવામાં આવે છે.
- હાલમાં મીનીસ્ટ્રી ઓફ વોટર રીસોર્સીસ દ્વારા સમગ્ર દેશને આવરી લેતો નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેકટનું અમલીકરણ થઈ રહેલ છે. ગુજરાત ગ્રાઉન્ડ વોટર કોમ્પોનન્ટ અને સર્ફેસ વોટર કોમ્પોનન્ટ માટે અનુક્રમે ₹ ૩૧.૦૦ કરોડ અને ₹ ૭૦ કરોડ મળીને ₹ ૧૦૧ કરોડ નો પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન પ્લાન ભારત સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ, જે વધારીને ૯ જાન્યુઆરી ૨૦૨૦ના પત્રથી વધારીને ૧૧૯ કરોડ કરવામાં આવેલ છે. આ રકમ કેન્દ્ર સરકાર દ્વારા સંપૂર્ણ ગ્રાન્ટ તરીકે ગુજરાતને આગામી આઠ વર્ષના (૨૦૧૬-૧૭ થી ૨૦૨૩-૨૪) પ્રોજેકટના કાર્યકાળ દરમ્યાન તબક્કાવાર ફાળવવામાં

આવનાર છે.

- એન.એચ.પી પ્રોજેકટ અંતર્ગત મુખ્યત્વે ૪(ચાર) કોમ્પોનન્ટ છે, નિગમ દ્વારા કોમ્પોનન્ટ વાઈઝ હાથ ધરાનાર કામગીરીની મુખ્ય રૂપરેખા નીચે મુજબ છે:

i. વોટર રીસોર્સીસ ડેટા એકવીઝીશન સીસ્ટમ :

- ભૂગર્ભ જળની માપણી માટે ઓટોમેટીક સાધનો નો ઉપયોગ કરી ગ્રાઉન્ડ વોટર મોનીટરીંગની કાર્યવાહી સુદ્રઢ અને ઝડપી કરવી
- ભૂગર્ભ જળની ગુણવત્તા ની ચકાસણી માટે લેબોરેટરીમાં ઓટોમેટીક સાધનો વસાવવા ભૂભૌતિક સંશોધન અને એકવી ફર મેપીંગની કામગીરી માટેના ઓટોમેટીક સાધનો વસાવવા ભૂગર્ભ જળ સ્ત્રોત ના સર્વેક્ષણ માટે ના અધ્યતન સાધનો વસાવવા,
- પીઝોમીટરના શારકામ તથા નીભાવણી,
- ડેટા પ્રોસેસીંગ અને સ્ટોરેજ ની સુવિધા સહિતનું જળ સંબંધીત માહિતી કેન્દ્ર સ્થાપિત કરવું.

ii. વોટર રીસોર્સીસ ઈન્ફર્મેશન સીસ્ટમ :

- વેબ આધારીત ભૂગર્ભ જળ માહિતી તંત્ર સુસ્થાપિત કરવાની કામગીરી

iii. વોટર રીસોર્સીસ ઓપરેશન એન્ડ પ્લાનીંગ

- વોટર ક્વોલિટી મોનિટરીંગ, એનાલીસીસ, ડેટા ડીસીમિનેશન
- તાપી રીવર બેજીન અભ્યાસ હાથ ધરવો
- જળ સંબંધીત અવેરનેસ માટે સેમિનાર, વર્કશોપ તેમજ વિડીયો, તથા તેને લાગતું સાહિત્ય તૈયાર કરવું વિગેરે

iv. ઈન્સ્ટીટ્યુશન કેપેસીટી એનહાંસમેન્ટ

- તાલીમ અને કેપેસીટી બીલ્ડીંગ તેમજ ઓપરેશનલ કોસ્ટ

(H) હાથ ધરવામાં આવેલ મુખ્ય કામગીરી :

- ગુજરાત રાજ્યના ઓવર એક્ષ્પ્લોઈટેડ, ક્રીટીકલ અને સેમિક્રીટીકલ તાલુકામાં શારવામા આવેલ ૪૫૩ પીઝોમિટર પર રીયલ ટાઈમ ડેટા કલેક્શન માટે Digital Water Level Recorder with Telemetry (DWLR) ઈન્સ્ટોલેશન તથા પીઝોમીટર મેઈન્ટેનન્સ માટે ₹ ૭.૩૯ કરોડ ખર્ચની કામગીરી પૂર્ણ કરેલ છે.
- ગુજરાત રાજ્યના બાકી રહેલ તાલુંકાઓમાં આવેલ બાકીના ૧૨૩૭ પીઝોમિટર પૈકી ૧૦૮૩ પીઝોમિટર પર રીયલ ટાઈમ ડેટા કલેક્શન માટે Digital Water Level Recorder with Telemetry (DWLR) ઈન્સ્ટોલેશન તથા પીઝોમીટર મેઈન્ટેનન્સ માટે રૂ ૧૯.૩૪ કરોડ અંદાજિત ખર્ચ નું ટેન્ડર પ્રક્રિયા આખરી તબક્કામાં છે.
- ગ્રાઉન્ડ વોટર કોમ્પોનન્ટ ની વિવિધ પ્રવૃત્તિ જેવી કે વોટર ક્વોલિટી ઈકવીપમેન્ટ, ભૂગર્ભ જળ માપણીના, રેજીસ્ટીવીટી મીટર, આઈટી હાર્ડવેર, પીઝોમીટર મેઈન્ટેનન્સ, તાલીમ અને કેપેસિટી બિલ્ડીંગ વિગેરે માટે ₹ ૧.૩૦ કરોડ નો ખર્ચ થયેલ છે.
- ભૂગર્ભ જળ લેવલ અને ગુણવત્તા મોજણીના ઓક્ટોબર ૨૦૧૯ સુધીના ડેટા જળ વપરાશ કર્તાના વ્યાપક જાણકારી અને ઉપયોગના હેતુસર નેશનલહાઈડ્રોલોજી પ્રોજેકટ હેઠળ તૈયાર કરવામાં આવેલ Water Information System (WIMS) પર અપલોડ કરવામાં આવેલ છે.

અટલ ભુજલ યોજના :

- આ કાર્યક્રમ નો મુખ્ય ધ્યેય ભુગર્ભ જળ વ્યવસ્થાપનના સશક્તીકરણ ને ઉત્તેજન આપવાનો અને ભુગર્ભ જળ ક્ષેત્રે સુધારાનુ વાતાવરણ સર્જન કરવાનુ છે:
- આ કાર્યક્રમના અમલીકરણ અંતર્ગત ગુજરાત, હરિયાણા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, અને કર્ણાટકની એમ પાંચ રાજ્ય નિર્ધારીત કરવામાં આવ્યા છે.આ પ્રોગ્રામ પરિણામ લક્ષી ઢબે ("પરિણામો માટેનો કાર્યક્રમ"-P for R) હાથ ધરવાનુ આયોજન છે.
- આ કાર્યક્રમમાં હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓ માટેના સુચિત ખર્ચ માટે ₹ ૭૫૬.૭૬ કરોડ રૂપિયાની મંજૂરી ભારત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે.

INDEX

- આ યોજનાનું અમલીકરણ ગ્રામ પંચાયત કક્ષાએ કરવાનું છે. યોજનાના અમલીકરણ માં રાજ્યના ૮ જિલ્લાના ઓવર એક્ષ્પ્લોઈટેડ કક્ષામાં આવતા ૨૫ તાલુકા, ક્રીટીકલ કક્ષામાં આવતા ૫ તાલુકા, અને સેમિક્રીટીકલ કક્ષામાં આવતા ૬ તાલુકાના કુલ ૨૨૦૭ ગામોનો સમાવેશ થાય છે.

(૧) પ્રધાન મંત્રી કૃષી સિંચાઈ યોજના (હર ખેત કો પાની) ગ્રાઉંડ વોટર ઈરીગેશન :

- પીં.એમ.કે.એસ.વાય.યોજના અંતર્ગત સરેરાશ ૭૫૦ mm કે તેથી વધુ વરસાદ થતો હોય અને જ્યાં ગતિશીલ(Dynamic) ભૂગર્ભ જળનો વાર્ષિક વપરાશ ૬૦% કરતા ઓછો હોય તથા ભૂગર્ભ જળ ની સપાટી ૧૫ મીટર થી ઓછી હોય તેવા તાલુકાઓમાં ભૂગર્ભજળનો ઉપયોગ કરી ને ડગવેલ/ ડગ કમ બોરવેલ / ટ્યુબવેલ/ બોરવેલ બનાવી Small and Marginal ખેડૂતોને સિંચાઈનો લાભ આપવાનો થાય છે.
- કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ ઉપરોક્ત ધારાધોરણ પ્રમાણે ગુજરાતનાં કુલ ૨૭ તાલુકા ઓનો આ યોજના હેઠળ સમાવેશ કરી શકાય તેમ છે. ડાંગ જિલ્લા માટે પ્રાથમિક ૧ (એક) જિલ્લાની દરખાસ્તની મંજુરી ભારત સરકારશ્રીમાંથી મેળવેલ છે, જેની કુલ અંદાજિત રકમ ₹ ૧૬૩.૨૯ કરોડ છે, જે પૈકી ભારત સરકાર નો હિસ્સો ૬૦% (ટકા) તથા ગુજરાત સરકારનો હિસ્સો ૪૦% (ટકા) રહેશે, આ યોજના અંતર્ગત ૨૫૧૨ કુવા બનાવી ૩૬૬૮ હેક્ટર વિસ્તાર ને સિંચાઈ હેઠળ આવરી લેવાનું આયોજન છે, આ યોજના થી કુલ ૩૬૫૫ ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે. એપ્રિલ-૨૦૨૧ સુધીમાં કુલ ૩૩૬૬ સ્થળો એ ભુભૌતિક સર્વેક્ષણ પૂર્ણ થયેલ છે જે પૈકી ૨૧૫૦ પોટેન્શીયલ સાઈટ નક્કી કરેલ છે .
- વધુમાં પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ₹ ૭૪૬.૦૫ કરોડ ની યોજના ગુજરાતની SLSC માં મંજુર કરાવીને કેન્દ્ર સરકારશ્રીમાં મંજુરી માટે રજુ કરેલ છે, જેનાથી ૧૫ તાલુકાઓમાં નાના અને સીમાંત SC/ST/WOMAN ખેડૂતોને અંદાજીત ૩૬,૩૫૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા આપી શકાશે.

(૨) ખેડુતોને સિંચાઇ સુવિધા પુરી પાડવા માટેની ભુગર્ભ જળ તથા સપાટી જળ યોજનાઓ

(A) પાતાળકુવા :

- વર્ષ ૧૯૭૫માં જળ સંપત્તિ વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૮માં જિલ્લા પંચાયત સંચાલિત ૮૯૯ પાતાળકુવાઓ નિગમમાં તબદીલ થયેલ હતાં. ત્યારબાદ ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ દ્વારા જુદા જુદા કાર્યક્રમ હેઠળ કુલ ૪૫૬૧ પાતાળકૂવાઓ તેમજ ટ્રાયબલ સબ પ્લાન હેઠળના ૭૧ મળી કુલ ૪૬૩૨ પાતાળકૂવાઓ સિંચાઈમાં મુકવામાં આવેલ હતાં.
- જે પૈકી વર્ષ ૨૦૨૦-૨૧ વર્ષ દરમ્યાન ૨૨૩૦ પાતાળકુવાઓ સિંચાઈમાં ચાલુ છે. જે પૈકી મહદઅંશે પાતાળકૂવાઓ સહકારી મંડળી/જુથને ભાડેથી આપવામાં આવે છે. જેનાથી ૪૧૦૫૭ હેકટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા પૂરી પાડવામાં આવે છે.
- વધુમાં જુથ/મંડળી હસ્તક સંચાલન અર્થે સોંપવામાં આવેલ પા.કુવાઓ સિંચાઈમાં બંધ થતાં ટપક સિંચાઇ પધ્ધતિ અંતર્ગતની પુન:શારકામની ૮૦:૨૦ (૮૦ ટકા ખર્ચ સરકારશ્રી ૨૦ ટકા ખર્ચ લોકફાળો)ની સહભાગી યોજનામાં પુન:શારકામ કરી પાતાળકુવાઓને ફરીથી સિંચાઇ હેઠળ કાર્યરત કરવામાં આવે છે.

(B) ટપક સિંચાઇ :

- સિંચાઈમાં પાણીનો કરકસર અને મહત્તમ ઉપયોગ થાય તે માટે સરકારશ્રી દ્વારા ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમના મંડળી/જુથ સંચાલિત પાતાળકુવાઓ ઉપર સિંચાઈમાં ટપક સિંચાઈનો અમલ કરવાનું નક્કી કરેલ હતું.
- વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં કુલ ૮૮૩ પાતાળકૂવા ઉપર કુલ ૮૩૬૨ હેકટર વિસ્તારમાં ટપક સિંચાઇ પધ્ધતિ કામગીરી પુર્ણ થયેલ છે.

ઉદ્વવહન સિંચાઇ યોજનાઓ

- જે વિસ્તારમાં કેનાલ અથવા નદીઓ દ્વારા વ્હેણથી સિંચાઇ શક્ય નથી એવા વિસ્તારમાં ઉદ્વવહન સિંચાઇ યોજનાઓ દ્વારા ખેડુતોને સિંચાઈની વ્યવસ્થા પુરી પાડવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન સિંચાઈમાં ચાલુ ૭૧૪ ઉદ્વવહન સિંચાઇ યોજનાઓ પરથી ૨૨૪૭૩ હેકટર વિસ્તારમાં સિંચાઇ થયેલ છે.

(C) નર્મદા આધારીત સુજલામ સુફલામ યોજના અંતર્ગતની નીચે જણાવેલ છ ઉદ્વવહન પાઇપલાઇનની વિગતો

- નર્મદા મુખ્ય નહેરની અલગ અલગ સાંકળોથી નર્મદા આધારીત સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ યોજના અંતર્ગતની

નીચે જણાવેલ છ ઉદ્વવહન પાઇપ લાઇનોની વચ્ચે બેસાડવામાં આવેલ સ્કાવર વાલ્વથી પાઇપલાઇનની આજુબાજુના ૨ (બે) કિ.મી.ની મર્યાદામાં આવતા તળાવો જોડાણ કરવામાં આવે છે.

■ આ ૬(છ) ઉદ્વવહન પાઇપ લાઇનોના પંપીંગ સ્ટેશનના ઓપરેશન અને મેઇન્ટેન્સની કામગીરી કરવામાં આવે છે.

ક્રમ	પાઇપલાઇનનું નામ	શરૂઆતનું સ્થાન (નર્મદા મુખ્ય નહેરની સાંકળ)	અંતિમ સ્થાન	લંબાઇ (કિમી)	હેડની ક્ષમતા (Cusec)	જોડાણ કરેલ તળાવની સંખ્યા	તળાવની ક્ષમતા (Mcft)	આવરી લેવામાં આવેલ વિસ્તાર (Ha)
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	મોઢેરા (તા.બેચરાજી) થી ધરોઇ ડેમ સુધીની પાઇપલાઇન	ન.મુ.ન.સાંકળ ૩૧૧.૦૦ કિ.મી. (મુ. મોઢેરા, તા.બેચરાજી, જી.મહેસાણા)	ધરોઇ ડેમ (મોજે.ધરોઇ, તા.સતલાસણા, જી.મહેસાણા)	૮૯	૨૦૦	૫૩	૭૧૮.૩૫	૨૦૦૬
	કુડા (તા.ખેરાલુ) થી ભીમપુર (વરસંગ તળાવ) સુધીની પાઇપલાઇન	મોઢેરા થી ધરોઇ ડેમની પાઇપલાઇનના રસુલપુર (તા.ખેરાલુ) પંપીંગ સ્ટેશનની સાંકળ ૧૨.૩૦ કિ.મી.	ભીમપુર (વરસંગ તળાવ) (તા. સતલાસણા, જી.મહેસાણા)	૯.૪૧	૧૦૦	૬	૩૬.૯૩	૫૫૫
૨	ખોરસમ (તા.ચાણસ્મા) થી સરસ્વતી સુધીની પાઇપલાઇન	ન.મુ.ન.સાંકળ ૩૨૬.૪૦ કિ.મી. (મુ. ખોરસમ, તા.ચાણસ્મા, જી.પાટણ)	સરસ્વતી બેરેજ (મુ.સિધ્ધપુર, તા.સિધ્ધપુર, જી.પાટણ)	૫૫.૩૧	૨૦૦	૩૯	૯૦.૪૦	૧૩૫૬
૩	જલુન્દ્રા (તા.દહેગામ) થી માધવગઢ (તા.તલોદ) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ	ન.મુ.ન.સાંકળ ૨૧૮.૦૦ કિ.મી.. (મુ. જલુન્દ્રા, તા.દહેગામ, જી.ગાંધીનગર)	સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ ૧૩૬.૦૦ કિ.મી. (મુ.માધવગઢ, તા.તલોદ, જી.સાબરકાંઠા)	૩૫	૩૦૦	૩૦	૫૦.૩૭	૭૫૬
૪	આદુંદરા (તા.કડી) થી ખેરવા (તા. મહેસાણા) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ	ન.મુ.ન.સાંકળ ૨૭૮.૦૦ કિ.મી. (મુ. આદુંદરા, તા.કડી, જી.મહેસાણા)	સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ ૨૦૧.૦૦ કિ.મી. (મુ.ખેરવા, તા. જી.મહેસાણા)	૨૮	૩૦૦	૧૪	૫૨.૪૦	૭૮૬
૫	મોઢેરા (તા.બેચરાજી) થી મોટીદાઉ (તા.મહેસાણા) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ	ન.મુ.ન.સાંકળ ૩૧૧.૦૦ કિ.મી. (મુ.મોઢેરા, તા.બેચરાજી, જી.મહેસાણા)	સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ ૨૧૭.૦૦ કિ.મી. (મુ. મોટીદાઉ, તા.જી.મહેસાણા)	૨૯	૩૦૦	૧૯	૩૫.૨૧	૫૨૯

૬	ખોરસમ (તા.ચાણસ્મા) થી માતપુર(તા.પાટણ) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ	ન.મુ.ન.સાંકળ ૩૨૬.૪૦ કિ.મી. (મુ.ખોરસમ, તા.ચાણસ્મા, જી.પાટણ)	સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ ૨૩૬.૦૦ કિ.મી. (મુ.માતપુર, તા. જી.પાટણ, પાટણ)	૨૬	૩૦૦	૩૬	૭૨.૪૯	૧૦૮૭
કુલ						**૧૯૭**		**૭૦૭૫**

પાણી પુરવઠા પ્રભાગ

પ્રસ્તાવના :

રાજ્ય સરકારે પાણી પુરવઠા પ્રભાગ હેઠળ રાજ્યમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે વિવિધ પ્રકારની યોજનાઓ એટલે કે, હેન્ડપંપ, મીની પાઈપ, વ્યકિતગત પાણી પુરવઠા યોજના, જુથ પાણી પુરવઠા યોજના વિગેરેનું નિર્માણ કરી તેને કાર્યાન્વિત કરવાની કામગીરી માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, નર્મદા કેનાલનું પાણી મોટા જથ્થામાં વહન કરવા માટે બલ્ક પાઈપલાઈનનું આયોજન તેમજ અમલીકરણની કામગીરી માટે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ (જી.ડબલ્યુ.આઈ.એલ) તેમજ લોકભાગીદારી આધારિત આંતરીક-ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ માટે વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) ની રચના કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીની મુશ્કેલીવાળા વિસ્તારો જેવા કે, કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને અન્ય વિસ્તારોમાં ગામમાં કુવો કે ડંકી મળી રહે અને ગામ તળાવ, કુવા કે ડંકીને રિચાર્જ કરવાની બાબતને તેમજ પીવાના પાણીની બગડેલી ગુણવત્તાવાળા ફળિયાઓમાં શુધ્ધ પીવાનું પાણી નર્મદા કેનાલ આધારીત યોજનાઓ તથા સરફેસ સોર્સ આધારિત જૂથ યોજનાઓ થકી પુરૂ પાડવાની બાબતને પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

વિઝન અને ઓબજેકટીવ :

પ્રભાગ દ્વારા સને ૨૦૩૦ સુધીમાં ગ્રામ્ય વિસ્તારોમાં બધાને સુરક્ષિત અને પોસાય તેવા પાણીની સાર્વત્રિક અને ઉચિત ઉપલબ્ધતા પુરી પાડવાનો લક્ષ છે. હાલ રાજ્યમાં દરેક ગામ/ફળીયાને માથા દિઠ દૈનિક ૫૫ લીટર પાણીની ઉપલબ્ધી થી આવરી લેવામાં આવેલ છે જે વધારીને ૧૦૦ લીટર સુધી લઈ જવાનો લક્ષ છે.

ભારત સરકાર દ્વારા દેશના તમામ નાગરિકને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે-ઘરે શુધ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે “જલ જીવન મિશન” હેઠળ “નલ સે જલ” કાર્યક્રમની ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦ થી શરૂઆત કરવામાં આવી છે. રાજ્યમાં હાલ કુલ ૯૨.૯૨ લાખ ઘરો પૈકી ૮૨.૮૪ લાખ ઘરોમાં નળ કનેક્શન થકી પાણી પહોચાડવામાં આવી રહ્યું છે; રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારમાં બાકી રહેલ આશરે ૧૦.૫૭ લાખ ઘરોમાં સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીમાં રાજ્યના દરેક ઘરમાં નળ કનેક્શન થકી શુદ્ધ, પુરતું અને નિયમિત પાણી પુરવઠો પહોંચાડવાનું આયોજન છે.

નાણાંની ફાળવણી :

પાણી પુરવઠા અને સ્વચ્છતા સદર માટે ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે અંદાજપત્રમાં કુલ રૂપિયા ૪૬૦૨૮૩.૦૦ લાખની (સ્થાયીદર ₹ ૬૮૫૫૦.૦૦ લાખ સહિત) જોગવાઈ સૂચિત કરવામાં આવેલ છે. કુલ જોગવાઈ ₹ ૪૬૦૨૮૩.૦૦ લાખમાં ₹ ૬૧૫૮૦.૦૦ લાખ આદિજાતિ પેટા યોજના અંતર્ગત પાણી પુરવઠા અને સ્વચ્છતા હેઠળ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે.

કુલ જોગવાઈ ૪૬૦૨૮૩.૦૦ લાખ પૈકી અનુસૂચિત જાતિના વિકાસ માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના માટે રૂપિયા ૨૩૪૦૮.૦૦ લાખ કરવામાં આવેલ છે.

કેન્દ્ર પુરસ્કૃત યોજના-જલ જીવન મીશન (કાર્યક્રમ નું જુનું નામ રાષ્ટ્રીય ગ્રામ્ય પેયજળ કાર્યક્રમ) નો કેન્દ્રનો હિસ્સો બારોબાર ફાળવવામાં આવશે.

પાણી પુરવઠા અને સ્વચ્છતા પેટા સદર હેઠળ રાજ્ય બજેટમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં નીચેના કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ છે.

INDEX

(૧) સંશોધન અને વિકાસ

(૨) સપોર્ટ ટુ જી.ડબલ્યુ.એસ.એસ.બી (વૉટર કન્ઝર્વેશન એન્ડ પ્રીવેન્શન ઑફ વેસ્ટેજ ઑફ વૉટર)

(૩) ગ્રામ્ય પાણી પુરવઠા યોજના-જનરલ

(૪) ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણમાં વધારો-જનરલ

(૫) ગ્રામ્ય પાણી પુરવઠા યોજના- આદિજાતિ વિસ્તાર

(૬) ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણમાં વધારો-આદિજાતિ

(૭) આદિજાતી પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે ખાસ જોગવાઇ

(૮) આદિજાતી પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે ખાસ જોગવાઇ. માંગણી- ૯૩

(૯) ગ્રામ્ય પાણી પુરવઠા યોજના- અનુસુચિત જાતિ વિસ્તાર

(૧૦) સરદાર સરોવર કેનાલ આધારીત પાણી પુરવઠા યોજના

(૧૧) શહેરી પાણી પુરવઠા કાર્યક્રમ

(૧૨) એડવાન્સ ટેકનોલોજી-(ડ્રીન્કીંગ વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોટેક્શન ટાસ્ક ફોર્સ)

(૧૩) મુખ્ય મંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના

(૧૪) આદિવાસી વિસ્તારોમાં લોકફાળા તરીકે સહાય.

(૧૫) જી.ડબલ્યુ.આઇ.એલ પાસેથી ડીસેલીનેટેડ વોટરની ખરીદી

(૧૬) રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વૉટર

(૧૭) સેટ અપ ઓફ ડીસેલીનેશન પ્લાન્ટ્સ

(૧૮) અનુસૂચિત જાતિની વસ્તી માટે લોકફાળા તરીકેની સહાય

(૧૯) કેન્દ્ર પુરસ્કૃત યોજના-"જલ જીવન મિશન" જુનું નામ- "રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ (NRDWP)

વર્ષ ૨૦૨૨-૨૩ માં જુદા જુદા કાર્યક્રમો હેઠળની પ્રવૃત્તિની રૂપરેખા નીચે મુજબ છે.

(૧) સંશોધન અને વિકાસ

કોમ્પ્યુટર આધારિત ઇન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઇન્ફર્મેશન સીસ્ટમ થકી પાણીની અંશતઃ મુશ્કેલીવાળા, પાણીની બગડેલી ગુણવત્તાવાળા ફળીયાઓ માટે મોજણી અને શોધ-તપાસ કરી યોજનાઓનું આયોજન કરવામાં આવે છે.

વધુમાં, એક્વિફર મેપીંગ, પાણીનો ઓડીટ, એનર્જી ઓડીટ અને વીજ વપરાશ બચત પ્રવૃતિઓ હાથ પર લેવામાં આવે છે. સંશોધન અને વિકાસ હેઠળ ઉપર દર્શાવેલ કામો માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂપિયા ૧૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

(૨) સપોર્ટ ટુ જી.ડબલ્યુ.એસ.એસ.બી (વૉટર કન્ઝર્વેશન એન્ડ પ્રીવેન્શન ઑફ વેસ્ટેજ ઑફ વૉટર)

પાણી પુરવઠા વિભાગના ઉપક્રમે જરૂરત મુજબ પ્રચાર અને પ્રસાર તથા જાગૃતિ વિષય કાર્યક્રમો થાય છે. પરંતુ પાણીના કરકસર યુક્ત ઉપયોગ, બચાવ, વરસાદી પાણીનો સંગ્રહ તેમજ રિચાર્જ અને રિસાયકલીંગ જેવા વિષયે જનજાગૃતિની જરૂરત છે. આવું કરવાથી જન સામાન્યમાં જાગૃતિથી સારા પરિણામો મળી શકે.

વર્ષ દરમ્યાન પ્રિન્ટ અને દૃષ્ય શ્રાવ્ય તેમજ અખબાર, રેડિયો, ટેલીવિઝન, શેરી નાટકો, તાલીમ/વર્કશોપ વિગેરેના ઉપયોગ દ્વારા ઘનિષ્ઠ જાગૃતિ વિષયક કાર્યક્રમ હાથ ધરવા આયોજન છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ઉપર દર્શાવેલ કામો માટે રૂપિયા ૧૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ- જનરલ

ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે.

ગ્રામીણ વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જુથ યોજના, વ્યક્તિગત પાણી પુરવઠા યોજના, હેન્ડપંપ, મીની પાઇપની કામગીરી કરવામાં આવે છે.

INDEX

ગ્રામ્ય વિસ્તારોમાં રાજ્ય સરકારે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓમાં પીવાના પાણી પુરવઠાનો દર ૭૦ લીટર પ્રતિ દિન/વ્યક્તિથી વધારીને ૧૦૦ લીટર પ્રતિ દિન/વ્યક્તિ કરવામાં આવેલ છે, જ્યારે કેન્દ્ર સરકારનું આ ધોરણ ૫૫ લીટર/વ્યક્તિ/દિન છે.

♦ **જુથ પાણી પુરવઠા યોજના**

રાજ્ય સરકાર દ્વારા સરફેસ સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાઓ હાથ ધરવામાં આવતી હોય છે. પીવાના પાણીના સ્ત્રોત તરીકે નર્મદા કેનાલ, સ્થાનિક ડેમ અને નદી ની પસંદગી કરવામાં આવતી હોય છે. જ્યાં સરફેસ સોર્સ ઉપલબ્ધ ન હોય અને લાભાર્થી વસ્તી ઓછી હોય ત્યાં ભુગર્ભ જળ આધારીત યોજનાઓનુ પણ આયોજન કરવામાં આવે છે. જુથ પાણી પુરવઠા યોજનાઓના નિર્માણ માટેની જોગવાઈ આ કાર્યક્રમ હેઠળ કરવામાં આવે છે. હાલ રાજ્યમાં મુખ્ય જુથ યોજનાઓ-જનરલ અંતર્ગત આશરે ૪૮૧૫ ગામો અને ૫૫ શહેરો માટેની અંદાજી રકમ ₹ ૪૮૭૮.૫૬ કરોડની યોજનાઓના કામો પ્રગતી હેઠળ છે.

ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓનાં સંચાલન ખર્ચ માટે વીજ વપરાશનો ખર્ચ, સરદાર સરોવર નર્મદા નિગમ લી. અને સિંચાઇ વિભાગ હસ્તકના જળાશયો અને નદીઓમાંથી ઉપાડવામાં આવતા પાણીના ચાર્જીસ પેટે ચુકવવાની થતી રકમ ની જોગવાઇનો સમાવેશ ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ હેઠળ કરવામાં આવે છે.

♦ **રીચાર્જીંગ :**

ભુગર્ભ જળ આધારિત પીવાના પાણીની યોજનાઓના બોરવેલ, પાતાળકુવા, સાદા કુવા જેવા સ્ત્રોતોની ભૂગર્ભ જળ સપાટી દિવસે-દિવસે ઉંડી ઉતરતી જાય છે. વરસાદના વહી જતાં પાણીને ભૂગર્ભમાં પુનઃ ભરણ કરીને પાણીના સ્તર ઊંચા લાવવાની વિવિધ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત ચેકડેમ, બોરીબંધ, હયાત બોર/ટ્યુબવેલ રિચાર્જ, હયાત બોરમાં હાઇડ્રો ફેક્ચરીંગ, બોર બ્લાસ્ટીંગ જેવી કામગીરી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ૩૧૦ ગામોમાં પીવાના પાણીની સુવિધા માથાદિઠ ૧૦૦ લીટર દૈનિક પાણી પ્રમાણે આપવાનો લક્ષ્યાંક છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ઉક્ત કામગીરી માટે ₹ ૫૬૭૭૩.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ બજેટમાં સૂચવવામાં આવેલ છે.

(૪) **ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણમાં વધારો-જનરલ :**

પીવાના પાણીની યોજનાઓનું આયોજન, અમલીકરણ તેમજ સમગ્ર વ્યવસ્થાપન લોકાભિમુખ બને અને પીવાના પાણી ક્ષેત્રે લોકોની સક્રિય ભાગીદારી મેળવી લોકોમાં પીવાના પાણીનાં સંસાધનો માટે માલીકીપણાનો ભાવ જાગૃત કરી શકાય તે જાતના વિકેન્દ્રિત આયોજનનો અભિગમ અપનાવ્યો છે. સરકારે સ્વજલધારા અને સેકટર રીફોર્મ (રાજ્ય) કાર્યક્રમ શરૂ કરેલ છે જેમાં યોજનાની અંદાજીત કિંમતના ૯૦ ટકા રકમ સરકાર તરફથી મળે છે અને ૧૦ ટકા રકમ લોકફાળા તરીકે લાભાર્થીઓએ ભોગવવાનો થાય છે. આ કાર્યક્રમનું અમલીકરણ ગ્રામ્ય પાણી અને સ્વચ્છતા સમિતિ દ્વારા થાય છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન જનરલ વિસ્તારોમાં ૪૬૫ આંતરિક પાણી પુરવઠા યોજનાઓ નવેમ્બર-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે. અત્યાર સુધી રાજ્યનાં કુલ ૯૨.૯૨ લાખ ઘરો ની સામે ૮૨.૩૪ લાખ ઘરોને (૮૮.૬૨%) નળ જોડાણ આપવામાં અવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ૫૦૦ લોકભાગીદારી આધારીત ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજના તેમજ ૧.૫ લાખ પરીવારોને નળ જોડાણ પુરુ પાડવાનો લક્ષ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ઉક્ત કામગીરી માટે ₹ ૫૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ બજેટમાં સૂચવવામાં આવેલ છે. તે સિવાય વધુ ખર્ચ જલ જીવન મિશન કાર્યક્રમ માંથી કરવાનું આયોજન છે.

(૫) **ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ- આદિજાતી વિસ્તાર :**

ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે.

આદિજાતિ વિસ્તારોમાં પાણીની મુશ્કેલીવાળા તેમજ પાણીની ગુણવત્તાથી પ્રભાવિત ફળીયાઓ માટેની વ્યક્તિગત પાણી પુરવઠા યોજના, જુથ પાણી પુરવઠા યોજના, હેન્ડપંપ, મીની પાઇપ જેવી પ્રવૃતિઓ કરવામાં આવે છે.

♦ **જુથ પાણી પુરવઠા યોજના :**

રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારોમાં સરફેસ સોર્સ આધારીત યોજનાઓ હાથ ધરવામાં આવેલ છે. આદિજાતિ જિલ્લાઓમાં ૪૮૯૮ ગામો માટેની અંદાજી રકમ ₹ ૪૯૨૩.૩૪ કરોડની યોજનાઓ પ્રગતી હેઠળ છે.

INDEX

♦ **મીની પાઈપ પાણી પુરવઠા યોજના :**

૧૬૫ મી.મી. વ્યાસવાળા બોરવેલ શારી તેના પર વિદ્યુત શકિતથી ચાલતા સીંગલ ફેઈઝ પંપ બેસાડી પાણી બહાર લાવી તે પાણીને જમીન તળની ટાંકીમાં સંગ્રહ કરી જાહેર સ્ટેન્ડ પોસ્ટ પર પાણીનું વિતરણ કરી શકાય તેવી મીની પાઈપ પાણી પુરવઠા યોજના શકય હોય ત્યાં અમલમાં મુકવામાં આવે છે. પીવાના પાણી માટે સ્થાનિક સ્ત્રોત પુરતો ન હોય તેવા ગ્રામ્ય વિસ્તાર માટે દુરના સ્ત્રોતમાંથી પાણી મેળવી ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓનો પણ અમલ કરવામાં આવે છે. છુટી છવાઈ ખેતરોમાં વસવાટ કરતી વસ્તી માટે હેન્ડપંપની સુવિધા પુરી પાડવામાં આવે છે. આદિજાતિ વિસ્તારમાં ઘેર ઘેર નળ જોડાણ તેમજ લોકભાગીદારી આધારિત આંતરિક પાણી પુરવઠા યોજનાઓનું પણ અમલીકરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં નવેમ્બર-૨૦૨૧ અંતિત ૮૬ મીની પાઈપ પાણી પુરવઠા યોજનાઓ પુર્ણ કરવામાં આવેલ છે.

♦ **હેન્ડપંપ :**

આદિજાતી વિસ્તાર ખુબજ ડુંગરાળ તેમજ છુટોછવાયો વિસ્તાર ધરાવતો હોય છે. આવા વિસ્તારો માટે પીવાના પાણીની વ્યવસ્થાના ભાગ રૂપે રાજ્ય સરકાર દ્વારા હેન્ડપંપ કાર્યાંવિત કરવામાં આવતા હોય છે. ૨૦૨૧-૨૨ માં નવેમ્બર-૨૦૨૧ અંતિત ૧૨૭૦ હેન્ડપંપ પુર્ણ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫૦ ગામોમાં પીવાના પાણીની સુવિધા વધારીને માથાદિઠ ૧૦૦ લીટર દૈનિક પાણી આપવાનો લક્ષ છે. આદિજાતિ વિસ્તાર માટે કુલ ₹ ૧૦૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઈ બજેટમાં સૂચવવામાં આવેલ છે.

(૬) **ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણમાં વધારો - આદિજાતિ વિસ્તાર :**

પીવાના પાણીની યોજનાઓનું આયોજન, અમલીકરણ તેમજ સમગ્ર વ્યવસ્થાપન લોકાભિમુખ બને અને પીવાના પાણી ક્ષેત્રે લોકોની સક્રિય ભાગીદારી મેળવી લોકોમાં પીવાના પાણીનાં સંસાધનો માટે માલીકીપણાનો ભાવ જાગૃત કરી શકાય તે જાતના વિકેન્દ્રિત આયોજનનો અભિગમ અપનાવ્યો છે. સરકારે સ્વજલધારા અને સેકટર રીફોર્મ (રાજ્ય) કાર્યક્રમ શરૂ કરેલ છે જેમાં યોજનાની અંદાજીત કિંમતના ૯૦ ટકા રકમ સરકાર તરફથી મળે છે અને ૧૦ ટકા રકમ લોકફાળા તરીકે લાભાર્થીઓએ ભોગવવાનો થાય છે. રાજ્ય સરકાર દ્વારા આદિજાતી વિસ્તારની યોજનાઓમાં ૧૦% લોકફાળા ભરવામાં થી મુક્તિ આપવામાં આવેલ છે. આ કાર્યક્રમનું અમલીકરણ ગ્રામ્ય પાણી અને સ્વચ્છતા સમિતિ દ્વારા થાય છે.

૨૦૨૧-૨૨ માં નવેમ્બર-૨૦૨૧ અંતિત આદિજાતિ વિસ્તારોમાં ૪૪૧ લોકભાગીદારી આધારીત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ પુર્ણ કરવામાં આવેલ છે. અત્યાર સુધી રાજ્યનાં આદિજાતિ વિસ્તારનાં કુલ ૨૧.૬૪ લાખ ઘરો ની સામે ૧૪.૭૨ લાખ ઘરોને (૬૮.૦૫%) નળ જોડાણ આપવામાં અવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ૭૦૦ લોકભાગીદારી આધારીત ગ્રામ્ય આંતરીક પાણી પુરવઠા યોજના તેમજ ૨.૫૦ લાખ પરીવારોને નળ જોડાણ પુરુ પાડવાનો લક્ષ છે.

આમ, ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ- આદિજાતી વિસ્તાર માટે ₹ ૧૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઈ બજેટમાં સૂચવવામાં આવેલ છે.

(૭) **આદિજાતી પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે ખાસ જોગવાઈ :**

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૦૦૦.૦૦ લાખ જોગવાઈ સુચવવામાં આવેલ છે જે ગ્રાન્ટ આદિજાતી વિકાસ વિભાગ હસ્તક હોય છે.

(૮) **આદિજાતી પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે ખાસ જોગવાઈ-માંગણી-૯૩ હેઠળ**

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૨૦૦.૦૦ લાખ જોગવાઈ સુચવવામાં આવેલ છે જે ગ્રાન્ટ આદિજાતી વિકાસ વિભાગ હસ્તક હોય છે.

(૯) **ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ- અનુસૂચિત જાતિ**

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન અનુસુચિત જાતિની વસ્તી ધરાવતા ૩૦૦ ફળિયા / મહોલ્લાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. જે માટે અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત ₹ ૧૫૦૦.૦૦ લાખની જોગવાઈ સુચિત કરવામાં આવેલ છે.

(૯) **સરદાર સરોવર નહેર આધારીત સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલ માટેની પાણી પુરવઠા યોજનાનો અમલ:**

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત સરદાર સરોવર કેનાલમાંથી નર્મદાનું પાણી મોટા જથ્થામાં મેળવી નિર્ધારિત વિસ્તારો સુધી પહોંચાડવા માટે મોટા વ્યાસની અને સેંકડો કીલોમીટર લાંબી બલ્ક પાઈપ લાઈનો બિછાવવાની તેમજ પંપીંગ સ્ટેશનોના નિર્માણની કામગીરી તેમજ હયાત પંપીંગ સ્ટેશન તથા બલ્ક પાઈપલાઈનની મરામત અને નિભાવણીની કામગીરી કરવામાં આવે છે.

INDEX

નવેમ્બર-૨૦૨૧ ની સ્થિતીએ મુખ્ય કામોની વિગત નીચે મુજબ છે.

₹ ૨૯૦ કરોડની બ્રાહ્મણી ડેમ-૨ થી મોરબી પંપિંગ સ્ટેશન સુધીની ૩૩.૫૦ કિલોમીટર બલ્ક પાઈપ પૈકી ૩૧.૩૦ કી.મી. બલ્ક પાઈપલાઈન પૂર્ણ થયેલ છે જેનાંથી જામનગર, રાજકોટ, પોરબંદર, મોરબી અને દેવભૂમી દ્વારકા ને લાભ મળશે. તેમજ જરૂરીયાત મુજબ અન્ય બલ્ક પાઈપલાઈન હાથ પર લેવાનું આયોજન છે. તેમજ ₹ ૧૦૨૦ કરોડના નાવડા થી ચાવંડ અને બુધેલ થી બોરડા સુધીની ૧૪૩ કિલોમીટર લંબાઈની બલ્ક પાઈપલાઈન અંતર્ગત ૪૯.૭૫ કી.મી. બલ્ક પાઈપલાઈનની કામગીરી પૂર્ણ થયેલ છે. જેનાથી રાજકોટ, બોટાદ, અમરેલી, જુનાગઢ, ભાવનગર, અને ગીર સોમનાથ ને લાભ થશે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૭૫ કિ.મી બલ્ક પાઈપ લાઈન પુર્ણ કરવાનું આયોજન છે. જે માટે સરદાર સરોવર કેનાલ આધારીત યોજના હેઠળ ₹ ૩૫૦૦૦.૦૦ લાખની જોગવાઈ સુચિત કરવામાં આવેલ છે.

(૧૧) શહેરી પાણી પુરવઠા કાર્યક્રમ :

આ કાર્યક્રમમાં શહેરો માટે દુરના પાણીના સ્ત્રોતોમાંથી પાણી મેળવી શહેરોના હયાત વોટર વર્કસ સુધી પાણી વહન કરવાની મુળ યોજના અથવા હયાત યોજનાની સુધારણાની કામગીરીનો સમાવેશ થાય છે.

જરૂરીયાત અને અગ્રીમતા પ્રમાણે, શહેર પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે, જે માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦૦.૦૦ લાખ ની જોગવાઈ સૂચિત કરવામાં આવે છે.

(૧૨) એડવાન્સ ટેકનોલોજી- (ડ્રીન્કીંગ વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોટેક્શન ટાસ્ક ફોર્સ) :

પાણી પુરવઠા હસ્તકની હજારો કીલોમીટર પાઈપ લાઈન નેટવર્ક ક્રોસકન્ટ્રી, ખેતીવાળી જમીન, ધંધાકીય સ્થળોમાંથી પસાર થાય છે. પાણી પુરવઠાની પાઈપલાઈનના એરવાલ્વ આશરે ૩૦૦ મી. ના અંતરે મૂકવામાં આવતા હોય છે, આવા હજારોની સંખ્યામાં આ વાલ્વ ને છેડછાડ કરી બિન પીવાલાયક હેતુ માટે તેમજ કોઈવાર ખેતીની જમીનને પીયત કરવા ગેરકાયદેસર પાણી લે છે. પાણીનો ગેરકાયદેસર વપરાશ અટકાવવા અને નિયંત્રણ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૧૬૦.૦૦ લાખની જોગવાઈ સુચિત કરવામાં આવેલ છે.

(૧૩) મુખ્ય મંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના :

પાણી પુરવઠાની વ્યવસ્થામાં જન ભાગીદારી – મહિલા સશક્તિકરણના અભિગમમાં મહિલાઓની ભાગીદારીથી યોજનાઓ ખુબ સારી રીતે ચાલી શકે છે તેમ પુરવાર થયેલ છે. આ સંદર્ભે વોટર એન્ડ સેનીટેશન ઓર્ગેનાઈઝેશન મેનેજમેન્ટ(વાસ્મો) દ્વારા ૨૦૦૨-૦૩ થી ઉક્ત અભિગમથી ચાલતી તમામ યોજનાઓ ખુબ જ સફળ તથા સક્ષમ રીતે ચાલે છે. આવી સશક્ત મહિલાઓ એક મંચ પર મળે તો મહિલાઓના છુપાયેલા ગુણો સામે આવે, અને સામુહિક ચર્ચા/ કાર્યશિબીરમાં પોતે કરેલા કાર્ય બીજી મહિલાઓને જણાવી શકે, અને આ ક્ષેત્રમાં પોતાનુ ક્ષમતા વર્ધન કરી શકે. આ બાબતને ધ્યાનમાં રાખતાં વોટર એન્ડ સેનીટેશન ઓર્ગેનાઈઝેશન મેનેજમેન્ટ (વાસ્મો) દ્વારા ઉક્ત કાર્યક્રમ અંતર્ગત એક્સપોઝર વિઝિટ (પ્રેરણા પ્રવાસ), તાલુકા કક્ષાએ ખાસ મહિલા કાર્યશિબિર, જિલ્લા કક્ષાએ મહિલા સરપંચ કાર્યશિબિર, રાજ્ય ક્કક્ષાએ મહિલા સરપંચોને/પાણી સમિતિના અધ્યક્ષનું સન્માન કાર્યક્રમ, પાણી પુરવઠા પ્રભાગ હેઠળની તમામ મહિલા સ્ટાફનુ વિવિધ વિષયો પર ક્ષમતા વર્ધન વિગેરે પ્રવૃતિ હાથ ધરવામાં આવતી હોય છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન, ૨૧૦ રાજ્યકક્ષાએ પાણી સમિતિઓને ઈનામ આપવાનુ આયોજન છે. “મુખ્ય મંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના” માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૫૦.૦૦ લાખની જોગવાઈ સૂચિત કરેલ છે.

(૧૪) આદિવાસી વિસ્તારોમાં લોકફાળા તરીકેની સહાય :

રાજ્યમાં પાણી સમિતિઓ થકી ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની આંતરિક વ્યવસ્થાની કામગીરીનું અમલીકરણ કરવામાં આવે છે. સદર કાર્યક્રમના ધારાધોરણ મુજબ ગ્રામ્ય પેયજળ યોજનાઓ માટે ગામ લોકો દ્વારા યોજનાની કુલ કિંમતના ૧૦ ટકા જેટલી રકમ લોકફાળા તરીકે ભરવાની રહે છે. આદિજાતિ વિસ્તારની દુર્ગમ પરિસ્થિતિ, નબળો પ્રતિસાદ તથા વિષમ આર્થીક પરિસ્થિતના કારણે હાલમાં પ્રવર્તમાન ધારાધોરણ (લોકફાળા) પ્રમાણે અમલીકરણમાં નબળો પ્રતિસાદ તથા ધીમી પ્રગતિ જોવા મળતા, કામગીરી ઝડપથી અને સમયસર થાય તે હેતુથી આદિવાસી વિસ્તારો માટે ૧૦ ટકા લોકફાળા ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ૭૦૦ લોકભાગીદારી આધારીત યોજનાઓને લોકફાળાની સહાય આપવાનુ આયોજન છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ₹ ૩૦૦૦.૦૦ લાખ ની જોગવાઈ સૂચિત કરેલ છે.

INDEX

(૧૫) જી.ડબલ્યુ.આઈ.એલ પાસેથી ડીસેલીનેટેડ પાણીની ખરીદી :

પાણી પુરવઠા પ્રભાગ દ્વારા ૨૭૦ એમ.એલ.ડી ક્ષમતાના ડીસેલીનેશન પ્લાન્ટની કામગીરી પ્રગતિ હેઠળ છે. ડીસેલીનેટેડ પાણી થકી દેવભુમી દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, અને કચ્છ જિલ્લા માટે આંશિક જળ સલામતી પ્રાપ્ત થશે.

જી.ડબલ્યુ.આઈ.એલ પાસેથી ડીસેલીનેટેડ પાણીની ખરીદી માટે જોગવાઈ ₹ ૧૦૦.૦૦ લાખ માટે વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં સુચિત કરેલ છે.

(૧૬) રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર :

ગુજરાત રાજ્ય દ્વારા તા:૨૮-૫-૨૦૧૮ના રોજ ગટરના શુધ્ધિકરણ કરાયેલા પાણીના પુન:ઉપયોગ અંગેની નીતિ જાહેર કરવામા આવેલ છે. આ નીતિનું ધ્યેય ગટરના ગંદા પાણીનું મહત્તમ એકત્રીકરણ કરવું, તેનુ શુધ્ધિકરણ કરી પીવા સિવાયના અન્ય હેતુ જેવા કે ઔદ્યોગિક વપરાશ, બાગ-બગીચા, બાંધકામ જેવા હેતુસર ઉપયોગ કરી શુધ્ધ પાણીના જળસંસાધનો પરની નિર્ભરતા ઘટાડવાનું છે. જે અંતર્ગત ૭૯૬ એમ.એલ.ડી. ગટરના શુધ્ધિકરણ કરાયેલા પાણીના પુન:ઉપયોગ શરૂ કરેલ છે. જે અંતર્ગત રાજ્યમાં ૭૯૬ એમ.એલ.ડી. જથ્થાનો પુન: ઉપયોગ શરૂ કરેલ છે. જામનગર, ગાંધીનગર મહાનગરપાલિકા માં રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર ના કામો પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ₹ ૧૦૦૦૦.૦૦ લાખ ની જોગવાઈ સૂચિત કરેલ છે.

(૧૭) સેટ અપ ઓફ ડીસેલીનેશન પ્લાન્ટસ :

પીવાના પાણીનો વૈકલ્પિક સોર્સ ઉભો કરી સ્થાનિક વિસ્તારમાં જળસલામતિ પ્રદાન કરવા હેતુ, દરિયાકાઠાંના વિવિધ સ્થળોએ સ્થાનિક જરૂરીયાત મુજબ દરીયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવા માટે ૪ સ્થળોએ ભાવનગર ખાતે ૭ કરોડ લિટર, ગીરસોમનાથ ખાતે ૩ કરોડ લિટર, દેવભૂમી દ્વારકા ખાતે ૭ કરોડ લિટર અને કચ્છ ખાતે ૧૦ કરોડ લિટર મળી કુલ ૨૭ કરોડ લીટર ક્ષમતા ના "ડી-સેલીનેશન પ્લાન્ટ સ્થાપવવાનું આયોજન કરેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ₹ ૪૦૦૦૦.૦૦ લાખ ની જોગવાઈ સૂચિત કરેલ છે.

(૧૮) અનુસૂચિત જાતિની વસ્તી માટે લોકફાળા તરીકેની સહાય

રાજ્યમા અનુસુચિત જાતિની ૪૦% ટકાથી વધુ વસ્તી ધરાવતા ગામો તથા અનુચિત જાતિની ૨૫૦ માણસોથી વધુ વસ્તિ ધરાવતા ગામોમાં આંતરિક પુરવઠા યોજનાઓમાં વેગ મળે તે માટે ૧૦% ટકા લોકફાળો ભરવામાંથી વર્ષ ૨૦૧૯-૨૦ થી મુક્તિ આપવામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦૦.૦૦ લાખ સૂચિત કરવામાં આવેલ છે.

(૧૯) "જલ જીવન મિશન" કેન્દ્ર પુરસ્કૃત યોજના:- (જુનુ નામ "રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ-NRDWP)

"જલ જીવન મિશન"ના ધારા ધોરણ મુજબ કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. જેમાં દરેક ફળીયાને માથા દિઠ દૈનિક ૫૫ લીટર પાણી ઉપલબધ કરાવવુ, પાણીની ગુણવત્તા પ્રભાવીત ફળીયાઓને પ્રાથમિકતા આપવી, સરફેસ સોર્સ આધારીત યોજનાઓ અમલમાં મુકવી અને વધુ ને વધુ નળ જોડાણ પુરા પાડવા વિગેરેનો સમાવેશ થાય છે.

ડબલ્યુ.ક્યુ.એમ.એસ.પી (Water Quality Monitoring and Surveillance -WQMS) પ્રવૃતિ હેઠળ પાણીની ગુણવત્તાનું નિયમન અને દેખરેખ તેમજ પાણીનાં નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવે છે. પાણી અંગે યોગ્ય તાલીમ અને જનજાગૃતિ કાર્યક્રમ પણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન અત્યાર સુધીમાં ૧.૭૦ લાખ પાણીના નમુનાઓની ચકાસણી તેમજ ૩૪૩૧ પાણી ગુણવત્તા વિષયક તાલીમ યોજવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨.૫ લાખ પાણીના નમુનાઓની ચકાસણી તેમજ ૧૮૦૦ પાણી ગુણવત્તા વિષયક તાલીમ યોજવાનુ લક્ષ છે.

"જલ જીવન મિશન" -સપોર્ટ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ પાણી સમિતિઓ ને પાણીને લગત વિવિધ પાસા જેવા કે પાણી ની ગ્રામ્ય કક્ષાએ ફીલ્ડ કીટ થકી ચકાસણી કરવી, પાણીના સ્ત્રોતની જાળવણી તેમજ આસપાસ સ્વચ્છતા રાખવી, પાણી વિતરણ તેમજ નિયમિત પાણી વેરા ની વસુલાત અને પાણી બાબતે સ્વનિર્ભરતા સાધવી વિગેરે માટે જાગૃકતા કેળવવાના પ્રયાસો કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પાણી સમિતિના કૌશ્લયવર્ધન/પાણી તેમજ સ્વચ્છતા સંબંધી કુલ ૨૦૪૬ તાલીમ યોજવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માંપાણી સમિતિના કૌશ્લયવર્ધન/ સ્વચ્છતા સંબંધી કુલ ૧૦૦૦ તાલીમ યોજવામાં વિષયક તાલીમ યોજવાનુ લક્ષ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં કેન્દ્ર પુરસ્કૃત યોજના "જલ જીવન મિશન" હેઠળ રાજ્ય હિસ્સાના ૫૦% ₹ ૨૪૦૦૦૦.૦૦ લાખ સુચવવામાં આવેલ છે તેમજ કેન્દ્રનો ૫૦% હિસ્સા બારોબાર ફાળવવામાં આવનાર છે.

INDEX

કલ્પસર પ્રભાગ

ખંભાતના અખાતના વિકાસની યોજના (કલ્પસર) મુખ્યત્વે બે યોજનામાં વહેંચાયેલ છે.

૧.૦ ખંભાતના અખાતના વિકાસની યોજના (કલ્પસર યોજના) : ખંભાતના અખાતમાં પશ્ચિમ તરફ ભાવનગર અને પૂર્વ તરફ ભરૂચ જિલ્લાના પાણીયાદરા ગામ વચ્ચે ડેમનું બાંધકામ કરી મીઠા પાણીના સરોવરની રચનાની યોજના.

૨.૦ ભાડભૂત બેરેજ યોજના : નર્મદા નદી પર ભાડભૂત ગામ પાસે બેરેજ બનાવીને નર્મદાનું પાણી ડાયવર્ઝન કેનાલ દ્વારા ભવિષ્યમાં કલ્પસર યોજનાના સંભવિત સરોવરમાં વાળવાની યોજના.

૧.૦ કલ્પસર યોજના

કલ્પસર બહુહેતુક યોજનાના શકયતાદર્શી (બેંકેબલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા જરૂરી સર્વે/ સંશોધનો/ અભ્યાસો નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

(૧) કલ્પસર યોજનાનો આવિક્ષણ અહેવાલ:

આવિક્ષણ અહેવાલ (Reconnaissance Report) સને ૧૯૮૯ માં મે.હેસ્કોનીંગ, નેધરલેન્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ.

(૨) કલ્પસર યોજનાના પૂર્વ શકયતાદર્શી અહેવાલ :

પૂર્વ શકયતાદર્શી અહેવાલ (Prefeasibility Report) સને ૧૯૯૬ માં મે. હેસ્કોનીંગ, નેધરલેન્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ.

(૩) કલ્પસર યોજનાના છ વિશિષ્ઠ અભ્યાસો (Six specific studies) :

કલ્પસર યોજનાનાં ધોધા-હાંસોટ પથરેખા ઉપર છ વિશિષ્ટ અભ્યાસો (Six specific studies) સને ૧૯૯૯ માં પૂર્ણ કરવામાં આવેલ હતા.

(૪) કલ્પસર યોજનાના DPR (Detailed Bankable Report) - પૂર્ણશકયતાદર્શી અહેવાલ :

સને ૨૦૦૩ માં કલ્પસર યોજનાના પૂર્ણશકયતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટે કલ્પસર વિભાગની સ્થાપના કરવામાં આવેલ હતી. ત્યારબાદ, સને ૨૦૦૫ માં કલ્પસર યોજનાની EAG Group (Expert Advisory Group) ની રચના કરવામાં આવેલ હતી.

સદરહું EAG Group (તજજ્ઞ સલાહકાર ગ્રુપ) ની ભલામણોને ધ્યાને લઈને ગુજરાત સરકારે વિવિધ અહેવાલની સમીક્ષા કરી નીચે પ્રમાણેનાં નિર્ણયો લીધેલ હતાં.

(૧) બંધ પથરેખા ઉતર દિશામાં ૧૫ કી.મી. ખસેડવી

(૨) ભરતીજન્ય વિજ ઉત્પાદનનું યોજનામાંથી અલગ કરવાનું

(૩) નર્મદા નદી ઉપર ભાડભૂત ખાતે સ્ટેન્ડ એલોન યોજના તરીકે બેરેજ બનાવીને નર્મદાનું પાણી ડાયવર્ઝન કેનાલ મારફતે કલ્પસર યોજનાનાં સંભવિત સરોવરમાં વાળવાનું અને

(૪) બંદરોનો વિકાસ કલ્પસર યોજનાના બંધના હેઠવાસમાં કરવો.

સૂચિત કલ્પસર યોજનામાં ખંભાતના અખાતની પશ્ચિમ કિનારે ભાવનગર તથા પૂર્વ તરફે ભરૂચ જિલ્લાના પણીયાદરા વચ્ચે દરિયાની ખાડીમાં મીઠા પાણીના સરોવરની સંરચના સહિતનો બહુહેતુક આડબંધ બનાવવાનું આયોજન છે. આ યોજનામાં ૩૦ કિ.મી. લંબાઈનો બંધ બનાવી નર્મદા (ડાયવર્ઝન કેનાલ મારફતે), ઢાઢર, મહી, સાબરમતી અને સૌરાષ્ટ્રની નદીઓના ૮૦૦૦ મીલીયન ઘનમીટર આવરાનો (પાણી) સંગ્રહ કરવાનું આયોજન છે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામ ખાતે ભાડભૂત બેરેજ બનાવી ડાયવર્ઝન કેનાલ દ્વારા નર્મદા નદીના પાણીને યોજનાના જળાશયમાં વાળવાનું આયોજન છે.

(૫) કલ્પસર યોજનાનાં પૂર્ણશકયતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટે ₹ ૪૧૬.૭૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. કલ્પસર યોજનામાં ખંભાતના અખાતમાં બંધ બનાવવાનો હોવાથી સમુદ્રશાસ્ત્ર અને પર્યાવરણીય અભ્યાસો ઉપરાંત બંધના સંલગ્ન પાસાઓ તથા અસરો સહિત વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે. સૂચિત કલ્પસર ડેમની પથરેખા પરના જિયોટેકનિકલ અભ્યાસો પૂર્ણ થયેલ છે. કલ્પસર ડેમના બાંધકામ માટે જરૂરી મટિરિયલના જથ્થા અને

INDEX

ઉપલબ્ધતા માટે કન્સ્ટ્રકશન મટિરિયલ સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે. કલ્પસર યોજનાના કમાન્ડ એરીયા માટે કેનાલ / પાઈપ લાઈન / બંનેનું સંયુકત નેટવર્કના આયોજનની કામગીરી પ્રગતિ હેઠળ છે. ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ (MoES) હસ્તકની અને દરિયાઈ બાબતો અંગે તજજ્ઞો ધરાવતી સંસ્થાઓ "નેશનલ સેંટર ફોર કોસ્ટલ રીસર્ચ (NCCR), ચેન્નાઈ" તથા "નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેક્નોલોજી (NIOT), ચેન્નાઈ" ને કલ્પસર યોજનાને લગતા પૂર્ણ થયેલ વિવિધ અભ્યાસોનુ સંકલન કરીને તથા કલ્પસર ડેમની ડિઝાઈન તથા બાકી રહેતાં અભ્યાસો માટે નિષ્ણાંત સંસ્થાઓ તેમજ લગત તજજ્ઞશ્રીઓની સેવા લઈને કલ્પસર યોજનાનો પુર્ણ શકયતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) તૈયાર કરાવવાની કામગીરી સોંપવામાં આવેલ છે, જે પ્રગતિ હેઠળ છે.

(૬) યોજનાના અપેક્ષિત લાભો :

આ સરોવરથી સૌરાષ્ટ્રમાં આશરે ૧૦.૫૪ લાખ હેકટર જેટલા વિસ્તારમાં સિંચાઈ તેમજ ઔદ્યોગિક અને ઘરેલુ ઉપયોગ માટે પાણી આપવાનું આયોજન છે. યોજનાથી અન્ય લાભો જેવાં કે, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચે અંતરમાં અંદાજે ૧૩૬ કી.મી.નો ઘટાડો, અંદાજે ૧.૦૦ લાખ હેકટર જમીનનું નવસાધ્યકરણ, બંધની નીચવાસમાં ખંભાતના અખાતમાં બંદરોનો વિકાસ, પવન અને સૌરઉર્જા જેવા બીનપરંપરાગત ઉર્જાના વિકાસની સંભાવના, પ્રવાસન વિકાસ, સૌરાષ્ટ્રના પૂર્વકાંઠે ખારાશમાં ઘટાડો વગેરે મુખ્યત્વે છે.

(૭) કલ્પસર યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે સૂચિત આયોજન :

કલ્પસર યોજના માટેના બેંકેબલ શકયતાદર્શી અહેવાલ તૈયાર કરાવવા માટે મોટી સિંચાઈ યોજના સદર ૨૭૦૦-૮૦-૦૦૫-૧૧ IRG 47, મોજણી અને શોધ તપાસ હેઠળ કુલ ₹ ૫૨ કરોડના સૂચિત આયોજનની દરખાસ્ત છે.

(૮) વિભાગની કામગીરી અંગેની વિગતો :

વિભાગ દ્વારા મુખ્યત્વે ભાડભૂત બેરેજ યોજના તથા કલ્પસર યોજના અંગેની કામગીરી કરવામાં આવે છે. વિભાગ સચિવશ્રી (કલ્પસર) ના વડપણ હેઠળ અન્ય સીનીયર તાંત્રિક અધિકારીઓ સહિત કાર્યરત છે. જયારે વડોદરા, ભરુચ અને ભાવનગર ખાતેની કચેરી અધિક્ષક ઈજનેરશ્રીના વડપણ હેઠળ અન્ય તાંત્રિક કર્મચારીગણ સહિત કાર્યરત છે.

૨.૦ ભાડભૂત બેરેજ યોજના :

૧.૦ નર્મદા નદી ઉપર સરદાર સરોવર, મહેશ્વર, ઓમકારેશ્વર અને ઈન્દિરા સાગર જેવી બહુહેતુક યોજનાઓ થતા સરદાર સરોવરની હેઠવાસમાં નર્મદા નદીના પાણીના પ્રવાહમાં ઘટાડો થવાથી ભરતીના પાણી નર્મદા નદીમાં લાંબા અંતર સુધી પ્રવેશે છે. ખંભાતના અખાતમાંથી આવતા સમુદ્રના પ્રવાહોને કારણે રોજ સરેરાશ બે વખત ભરતી ઓટના ખારા પાણી આશરે ૭૦ કિલોમીટર ઉપરવાસમાં શુક્લતીર્થ સુધી પ્રવેશે છે, જેના કારણે નર્મદા નદીના પાણીની ગુણવત્તા બગડી ગયેલ છે, આથી ભરૂચ/અંકલેશ્વર શહેરને પીવાના પાણીનો નર્મદા નદીના સ્ત્રોતો બિન ઉપયોગી થઈ ગયા છે. હાલ પીવાના પાણી માટેની પુરવઠા યોજનાઓ નર્મદા નહેરો અને ઉકાઈ - કાકરાપાર નહેરો આધારિત થયેલ છે. જી.આઈ.ડી.સી. અને દહેજના ઔદ્યોગિક વિસ્તારને પાણી મેળવવા ૭૦ કિલોમીટર ઉપરવાસમાં અંગારેશ્વરથી પમ્પીંગ કરી પાણી લાવવું પડે છે. જેમાં પણ ઉનાળાના સમયે ભરતીના કારણે પાણીની ગુણવત્તાને અસર પડતી હોય છે. નર્મદાના ડાબા કાંઠે ગોલ્ડન બ્રિજથી દરિયા સુધી નદીના કાંઠા અને ખેતરોનું મોટા પાયે ધોવાણ થયેલ છે. જયારે જમણા કાંઠે ભરૂચથી ભાડભૂત સુધી કાંપથી પુરાણ થવાથી નર્મદા નદીનો પ્રવાહ કાંઠાથી ૫૦૦ મીટર થી ૧ કિલોમીટર જેટલો દૂર ગયેલ છે. નર્મદા નદીના ડાબા અને જમણા કાંઠાના ૧૭ ગામોની અંદાજે ૨૧૦૦ હેકટર જમીન નદીમાં આવતા પૂરથી કાયમી ધોરણે અસર થયેલ છે આથી ધંતુરીયા, તરીયા, હરીપુરા જેવા નદી કાંઠાના ગામોને નદી કાંઠાથી દૂર ઉંચાણવાળા ભાગે વસાવવા પડયા છે. હાલ દહેજ અને હાંસોટ પાસે નર્મદા નદીના બન્ને કાંઠાને જોડતો કોઈ પુલ ન હોવાથી ભરૂચ અંકલેશ્વર થઈ આશરે ૪૦ કિલોમીટરની વધારાની મુસાફરી કરી જવું પડે છે.

ઉપરોકત સમસ્યાઓની ગંભીરતા ધ્યાને લઈ નર્મદા નદી ઉપર બેરેજ અને જમણા ડાબા કાંઠા પુરસંરક્ષણ પાળાઓ બનાવવા માટેની રજુઆતો સરકારશ્રીને મળેલ હતી. ઉપરોકત સમસ્યાના નિવારણ માટે રાજય સરકાર દ્વારા નર્મદા નદી પર ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામ નજીક બેરેજ બનાવવાનું નકકી કરાયેલ છે.

૨.૦ ભાડભૂત યોજનાના લાભો :

- આ બેરેજથી સમુદ્રની ભરતીના પાણી શુકલતીર્થ સુધી પ્રવેશતાં અટકશે, તેમજ બેરેજમાં મીઠા પાણીના સંગ્રહથી ખારાશની સમસ્યા હલ થશે. પાણીની ગુણવત્તા સુધરશે તેમજ સિંચાઈને પણ ફાયદો થશે.
- ભરૂચ - જિલ્લાના વિસ્તારોને પીવા અને બિનખેતી હેતુસર પૂરતા જથ્થામાં વપરાશ માટેનું પાણી આપી શકાશે

INDEX

- નર્મદા નદી ઉપર બેરેજ અને છ માર્ગીય બ્રિજ થવાથી હજીરા-સુરત-ઓલપાડ-હાંસોટ દહેજના કોસ્ટલ માર્ગના વિકાસ થશે અને રોડ માર્ગના અંતરમાં આશરે ૩૭ કિ.મી.નો ઘટાડો થશે.
- અંકલેશ્વરથી ભાડભૂત વચ્ચેના નર્મદા નદીના ડાબા કાંઠે ૨૨ કિલોમીટરનો પૂરનિયંત્રક પાળો થવાના કારણે ૧૭ ગામોના પૂરથી વારંવાર થતા નુકસાનને નિયંત્રિત કરી શકાશે.

૩.૦ કામની પરિસ્થિતિ :

ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામ પાસે નર્મદા નદી પ ભાડભૂત ગામથી પ.૧૫ કિલોમીટર હેઠવાસમાં બેરેજ અને નદીના બંને કાંઠાના પુર સંરક્ષણ પાળા, ૬-લેન બ્રિજ, એપોચ રોડના બાંધકામ સારું સરકારશ્રીના બજેટમાંથી યોજનાના બાંધકામ અને દસ વર્ષ સુધી મરામત અને જાળવણી માટે ₹ ૪૧૬૭.૭૦ કરોડનું ઈ.પી.સી. (એન્જીનિયરીંગ પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન) ટેન્ડર (અંદાજીત કિંમત ₹ ૪૨૪૫.૧૯ કરોડથી ૧.૮૩% ઓછા ભાવે) મંજૂર થયેલ, જેનો વર્ક ઓર્ડર તા.૦૫/૦૮/૨૦૨૦નાં રોજ આપવામાં આવેલ અને યોજનાના બાંધકામની કામગીરી તા.૧૫/૧૦/૨૦૨૦થી શરૂ થયેલ છે. આ યોજનાનું બાંધકામ ઓક્ટોબર -૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું પ્રાયોજન છે.

ભાડભૂત બેરેજ યોજનાના તમામ ઘટકોના બાંધકામની ગુણવત્તા જળવાય અને ટેન્ડરની જોગવાઇ મુજબ બાંધકામ થાય તે હેતુસર પી.એમ.સી. (પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્સી) - એજન્સીની નિમણૂંક કરવામાં આવેલ છે.

હાલની સ્થિતિએ ઈ.પી.સી. એજન્સી દ્વારા સર્વે અને ઈન્વેસ્ટિગેશન, યોજનાના આલેખન, કોફરડેમના બાંધકામ, પૂરસંરક્ષણ પાળા અને એપ્રોચ રોડના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.

૪.૦ ભાડભૂત યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩નું આયોજન :

ભાડભૂત બેરેજ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં સદર ૪૭૦૨-૦૦-૧૦૧-૦૩ હેઠળ કુલ ₹ ૧૨૫૦ કરોડના સૂચિત આયોજન કરેલ છે.

INDEX

૧૦. નાણાં વિભાગ

(૧) કર પ્રભાગ

(૨) કરકસર સેવા પ્રભાગ

(૩) સંસ્થાગત વિત્ત પ્રભાગ

(૪) જાહેર સાહસોનો પ્રભાગ

(૫) બજેટ પ્રભાગ

કર પ્રભાગ

ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ કાયદાનો રાજ્યમાં તા. ૦૧/૦૭/૨૦૧૭ થી અમલ કરવામાં આવેલ છે. આ કાયદા હેઠળ વેપારી વર્ગને પડતી મુશ્કેલીઓના નિરાકરણ તેમજ ટેક્સ કમ્પ્લાયન્સ વધારવા માટે જીએસટી કાઉન્સિલ દ્વારા વિચારણા અને તેના પરના નિર્ણયના અનુસંધાને કાયદામાં સુધારા, નોટીફીકેશન્સ, રીમુવલ ઓફ ડીફીકલ્ટીઝ ઓર્ડર્સ અને પરિપત્રો પ્રસિદ્ધ કરવામાં આવે છે તેમજ વેપારીવર્ગ તથા અધિકારીઓને વાકેફ કરવા રાજ્યવેરા ખાતાની વેબસાઈટ પર મુકવામાં આવે છે. આ અંગે વર્ષ ૨૦૨૨-૨૩ મુજબ નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- **વહીવટ**

♦ **વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કરેલી કામગીરી :**

A. Ease of Doing Business :

► Ease of Doing Business ના International standard ના માપદંડોમાં ગુજરાતે વર્ષ ૨૦૧૭ માં તૃતિય ક્રમાંક હાંસલ કરેલ છે. Ease of doing Business ના ભાગરૂપે અગ્રેસર ગુજરાતની ભાવના ઉજાગર કરતા તા.૧૫/૦૬/૨૦૧૬ થી Investor Facilitation Portal માં રજીસ્ટ્રેશન ફરજીયાતની સુવિધા વિકસાવેલ છે. જેના ભાગરૂપે તા.૩-૬-૨૦૧૫ ના રોજથી થી ૧(એક) દિવસમાં કામચલાઉ નોંધણી નંબર આપવાની શરૂઆત કરેલ છે.

B. ગુજરાત રાજ્ય ફેઈસલેસ અને પારદર્શક સેવા આપવા પ્રતિબધ્ધ છે. ગુજરાત રાજ્ય નીચેની સર્વિસ ડિલીવર કરવા માટે સમગ્ર દેશમાં પ્રથમ રહેલ છે.

► ઓનલાઈન રજિસ્ટ્રેશન - Faceless Services

■ ભાગીદારી પેઢી (આર.ઓ.એફ)નું દિન-૧માં ઓનલાઈન રજિસ્ટ્રેશન

■ વ્યવસાયવેરા નું દિન-૧ માં રજિસ્ટ્રેશન

■ વેપારીઓની ફરિયાદ ઓનલાઈન સ્વીકારવા હેલ્પ લાઈન રાખવામાં આવેલ છે. જેના પર મળતી ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે છે.

C. વેરાની આવક :

► ગત વર્ષે વેરાની કુલ ₹ ૬૧,૭૯૯.૫૦ કરોડની આવકોના સુધારેલા અંદાજ સામે કુલ ₹ ૫૯,૫૯૩.૩૮ કરોડની આવક થયેલ છે.

► જે પૈકી GST આવક પેટે ₹ ૫૫,૫૬૦.૫૧ કરોડની આરક્ષિત આવક સામે ₹ ૪૦,૭૯૩.૦૪ કરોડની આવક થયેલ છે. જેમાં SGST આવક પેટે ₹ ૨૯,૪૫૮.૫૪ કરોડની આવક થયેલ છે અને ₹ ૧૧,૩૩૪.૫૦ કરોડ વળતર પેટે મળેલ છે. જ્યારે ₹ ૯૨૨૨ કરોડ રાજ્ય સરકારને લોન પેટે મળેલ છે.

► વેટ હેઠળની નોન સબસ્યુમડ ચીજ વસ્તુઓની ₹ ૧૯,૯૭૨.૪૦ કરોડના અંદાજ સામે ₹ ૧૮,૮૦૦.૩૪ કરોડની આવક થયેલ છે.

► ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં GST પેટે ₹ ૨૯,૫૫૨.૦૧ કરોડની આવક થયેલ છે અને ₹ ૫૦૬૨.૨૯ કરોડ વળતર પેટે મળેલ છે. તેમજ રાજ્ય સરકારને રૂ ૧૩,૦૪૦ કરોડ લોન પેટે મળેલ છે.

► તેમજ ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં વેટ કાયદા હેઠળની નોન સબસ્યુમડ ચીજ વસ્તુઓ પેટે રૂ ૨૧,૧૬૮.૯૫ કરોડની આવક થયેલ છે.

INDEX

D. વેટ કાયદા હેઠળ કામગીરી :

- **પડતર આકારણી :** GST કાયદા હેઠળ આવરી લેવાયેલી ના હોય તેવી ૬ ચીજવસ્તુઓનો હાલ વેટ કાયદા હેઠળ સમાવેશ થાય છે. જેમાં હાલ રાજ્યના અંદાજે ૬૦૦૦ વેપારીઓ નોંધાયેલા છે. આવા વેપારીઓ પૈકી અંદાજે ૧૭૦૦ વેપારીઓની વર્ષ ૨૦૧૮-૧૯ માટેની આકારણી ચાલુ વર્ષે પુર્ણ કરવામાં આવશે.
- **પત્રક કસુરદારોનું મોનીટરીંગ :** વેટ કાયદા હેઠળ હાલ નોંધાયેલા ઉક્ત તમામ વેપારીઓ સમયસર પત્રકો ભરે અને પત્રક કસુરદાર ના થાય તે માટે ખાસ MIS Reports બનાવવામાં આવેલ છે અને પત્રક કસુરદાર વેપારીઓનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.
- **ચલણ કસુરદારોનું મોનીટરીંગ :** તેવી જ રીતે વેટ કાયદા હેઠળ હાલ નોંધાયેલા ઉક્ત તમામ વેપારીઓ સમયસર ભરવાપાત્ર વેરો ભરે અને ચલણ કસુરદાર ના થાય તે માટે ખાસ MIS Reports બનાવવામાં આવેલ છે અને ચલણ કસુરદાર વેપારીઓનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.
- **નેચરલ ગેસનો ઉપયોગ કરી સબ્સ્યુમડ ચીજ વસ્તુઓ બનાવતાં ઉત્પાદકોને વેટ કાયદા હેઠળમાં વેરામાં રાહત :** નેચરલ ગેસનો વપરાશ કરતાં ઉધોગો પર બેવડું કર ભારણ ઘટાડવાના હેતુથી તેના નેચરલ ગેસ પરના ૧૫% ના દરે લાગતા વેરા પૈકી ૯% વેરાનુ રેમીશન આપી તેટલી રાહત આપવામાં આવેલ છે. જે અન્વયે ગત વર્ષે ₹ ૪૩૬.૨૨ કરોડની રાહત આપવામાં આવેલ છે.
- **વેટ કાયદા હેઠળ રીફંડ :** આત્મ નિર્ભર યોજના અન્વયે ૧ લાખ કે તેથી ઓછી રકમના રીફંડના આકારણીના ટાસ્ક ઓટો ક્લોઝ થયેલ તેવા રીફંડના તમામ કેસોમાં રીફંડ ચુકવવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

E. વેરા સમાધાન યોજના-૨૦૧૯ :

આકારણીમાં ઉપસ્થિત થયેલ માંગણાં અને તેના ઉપર વિવિધ તબક્કે પડતર વિવાદના નિકાલ માટે સને ૨૦૧૯/૨૦ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જાહેરાતને અનુલક્ષીને વેરા સમાધાન યોજના-૨૦૧૯ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં લાભ લેવા માટે ૨૭/૦૧/૨૦૨૦ સુધીમાં કુલ ૩૭,૬૮૫ અરજીઓ મળી છે. જેમાં ₹ ૩૮૦૫.૩૪ કરોડની વસુલાત સંકળાયેલ છે. તાજેતરની કોવિડ-૧૯ મહામારીને કારણે વેપારી વર્ગની આર્થિક સંકળામણને પગલે સરકારશ્રીએ વેરા સમાધાન યોજના હેઠળ હપ્તા ભરવાની મુદતમાં ઘણી છુટછાટ આપેલ હતી. આ યોજના હેઠળ હપ્તા ભરવાની મુદત તા: ૩૧/૦૮/૨૦૨૧ના રોજ પુર્ણ થયેલ છે.

F. વેટ કાયદા હેઠળની બાકી વસુલાત :

- વેચાણવેરા તથા વેટ કાયદાના સમયગાળા દરમ્યાનની જુદા જુદા કાયદા હેઠળની વસુલાતની નિયંત્રણની કાર્યવાહી માટે માન. સરકારશ્રી દ્વારા જુલાઈ-૨૦૨૦ થી વેચાણવેરા ખાતાની વડી કચેરીમાં રીકવરી સેલની રચના કરવામાં આવેલ છે. જેના દ્વારા માહે જુલાઈ-૨૦૨૦ થી ડીસેમ્બર-૨૦૨૦ સુધીમાં ₹ ૬૪૪.૬૬ કરોડ ની રોકડ વસુલાત તેમજ રીકવરીની કાર્યવાહી થવાના કારણે ₹ ૧૮૯૧.૨૩ કરોડની અપીલ તબક્કેથી કેસોનો નિકાલ થતાં વસુલાતમાં ઘટાડો થયેલ છે.
- આ ઉપરાંત વસુલાત માટે PROFESSIONAL AGENCY રાખવા માટે વિચારણા કરાયેલ છે.
- ₹ ૧ કરોડ વસુલાતનાં તમામ કેસોમાં ફાઈલોની PHYSICAL ચકાસણી REVENUE CERTIFICATE દ્વારા કરીને જરૂરી પગલાં લેવામાં આવે છે. અને સમયાંતરે અત્રે રીવ્યુ લેવામાં આવે છે.

G. GST કાયદા હેઠળની કામગીરી :

- વર્ષ ૨૦૧૭-૧૮ માં રાજ્ય સરકાર ના અલગ અલગ વેરાઓ તથા કેન્દ્ર સરકારના મુખ્યત્વે કેન્દ્રીય આબકારી જકાત અને સેવા કરને બદલે ફક્ત એક જ કર ગુડ્સ અને સર્વિસ ટેક્ષ તા.૦૧/૦૭/૨૦૧૭ થી લાગુ કરાયેલ છે.
- આ નવી કર પ્રણાલીના અમલીકરણથી એક રાષ્ટ્ર, એક ટેક્ષ, એક બજારની ભાવના ફલિત કરતાં સમગ્ર દેશમાં ચીજવસ્તુઓ તેમજ સેવા ઉપરના વેરાના દરો સમાન રહેવા પામેલ છે.
- વેપારીશ્રીઓની સુગમતા જળવાય તે હેતુથી અને પ્રજા પર વેરાકીય ભારણ ઘટાડવાના હેતુથી, સાથોસાથ સરકારશ્રીની રેવન્યુને વિપરિત અસર ન પડે તે ધ્યાને લઇ GST Council ની ભલામણો આધારિત અત્યાર સુધીમાં ઘણી બધી કોમોડીટી જેવી કે પાવર બેંક, ડીજીટલ કેમેરા, વીડીયો કેમેરા, ટ્રેકટરના ટાયર અને ટ્યુબ, એગ્રીકલ્ચર ડીઝલ એંજીન, લોબાન અને ધુપ, કોટડ્રોપ, ફેબ્રીક, લાકડાના ટેબલવેર અને કીચનવેર, મુર્તિઓ, ડ્રીપ ઈરીગેશન અને પ્રિંગ્લરની નોઝલ,

ગેસ લાઈટર, માટીની મુર્તિઓ, કપાસિયા ખોળ, બંકર ફ્યુઅલ, કાથીની બનાવટો, ડાયાબીટીક ફૂડ, રેફ્રીજરેટર, ટેલીવિઝન, ગ્રેનાઈટ, નાહવાના સાબુઓ, સિરામિક ફ્લોરીંગ બ્લોક, વોશ બેઝીન, સીરામિક આર્ટીકલ, સેનેટરી વેર, પોર્ટેબલ ઈલેકટ્રીક લેમ્પ, કાંડા ઘડીયાળ, બાયોડીઝલ, સ્પ્રિંકલ ડ્રીપ ઈરીગેશન, વેક્યુમ ક્લિનર, માર્બલ અને ટ્રાવેર્ટાઈન, વોકીંગ સ્ટીક, વિકલાંગ વ્યક્તિઓના પરિવહન માટે પાર્ટના અને એસેસરીઝ, રબર ટાયર, વિડીયો ગેમ જેવી કુલ ૨૫૭ કોમોડીટીના વેરાના દરમાં ઘટાડો કરાયેલ છે.

- થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ, રીન્યુએબલ એનર્જીના બાંધકામને લગતા પ્રોજેક્ટ પર પણ વેરા રાહત આપવામાં આવેલ છે.
- કમ્પોઝિશન સ્કિમનો લાભ લેતાં ઉત્પાદકોના કેસમાં વેરાના દરમાં ૧% થી ઘટાડીને ૦.૫% અને ટ્રેડર્સના કેસમાં સમગ્ર ટર્નઓવરને બદલે માત્ર વેરાપાત્ર ટર્નઓવરના ૦.૫% મુજબ વેરાનો દર તા. ૧/૦૧/૨૦૧૮થી કરેલ છે.
- સામાન્ય નાગરીકોને જીવન નિર્વાહ માટેની મહદઅંશેની જરૂરી ચીજ-વસ્તુઓને GST માંથી વેરામુક્તિ આપવામાં આવેલ છે. જેવી કે દૂધ, દહીં, લસ્સી, છાસ, પનીર, કુદરતી મધ, ફળ, ફૂલ, કંદમૂળ, શાકભાજી, તમામ પ્રકારના અનાજ અને ધાન્ય, ઈલેક્ટ્રીસીટી તેમજ ખેત વિસ્તરણ ની સેવાઓ, પાસપોર્ટ, વિઝા, ડ્રાઈવિંગ લાઈસન્સ વગેરેની સરકાર દ્વારા અપાતી આરોગ્ય વિષયક સેવાઓ વિગેરેને કરમુક્ત કરેલ છે.
- તા. ૦૧/૦૪/૨૦૧૯ થી એફોર્ડેબલ રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટ માટે વેરાનો દર ૧૮% માંથી ઘટાડીને ૧% અને નોન એફોર્ડેબલ રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટ માટે વેરાનો દર ૧૨% માંથી ઘટાડીને ૫% નક્કી કરવામાં આવ્યો છે. તે જ રીતે રેસીડેન્સીયલ રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટમાં એફોર્ડેબલ માટે ૧% અને નોન એફોર્ડેબલ માટે ૫% વેરાનો દર નક્કી કરવામાં આવેલ છે.
- તમામ ચેકપોસ્ટ નાબુદ કરવામાં આવેલ છે.

H. GST રજિસ્ટ્રેશન :

- રજીસ્ટ્રેશન કરવા માટેની ટર્નઓવરની મર્યાદા ₹ ૨૦ લાખથી વધારીને ₹ ૪૦ લાખ અમલી તા.૦૧/૦૪/૨૦૧૯ થી કરવામાં આવેલ છે. જેનાથી નાના વેપારીઓને રાહત મળી છે.
- જીએસટી હેઠળ નવી નોંધણી કરાવવી, નોંધણીમાં સુધારા-વધારા, નોંધણી રદ કરાવવી કે રદ નોંધણીનું પુન:સ્થાપન સુધીની તમામ પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન અને ફેસલેસ પદ્ધતિ છે.
- **નવી નોંધણી :**
  - વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન નવી નોંધણીની કુલ ૨,૪૭,૯૫૮ અરજીઓ મળી. જ્યારે વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન આજ દિન સુધી નવી નોંધણીની ૧,૮૮,૬૫૦ અરજીઓ મળી છે.
  - વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન ૧,૫૫,૦૨૧ થી વધુ તેમજ વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન આજ સુધીમાં ૧,૦૧,૮૯૭ નોંધણી નંબર આપવામાં આવ્યા છે.
  - GST હેઠળ નોંધણી નંબર આપવાની પ્રક્રિયા ૭ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.
- **નોંધણીમાં સુધારા- વધારા:**
  - વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન નોંધણીમાં સુધારા વધારાની કુલ ૧,૦૯,૩૭૧ અરજીઓ મળી. જ્યારે વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન આજ દિન સુધી કુલ ૧,૦૧,૯૧૭ અરજીઓ મળી છે.
  - વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન નોંધણીમાં ૮૫,૦૪૯ સુધારા વધારા કરવામાં આવ્યા છે તેમજ વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન આજ સુધીમાં ૭૪,૪૬૪ સુધારા વધારા કરવામાં આવ્યા છે.
  - GST હેઠળ સુધારા વધારાની પ્રક્રિયા ૧૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.
- **અરજી આધારે નોંધણી રદ :**
  - વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન નોંધણી રદ કરવા અંગેની કુલ ૭૫,૮૭૪ અરજીઓ મળી. જ્યારે વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન આજ દિન સુધી કુલ ૬૭,૭૧૨ અરજીઓ મળી છે.
  - વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન અરજી આધારે કુલ ૬૧,૦૬૪ નોંધણી નંબરો રદ કરવામાં આવ્યા છે તેમજ વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન આજ સુધીમાં ૪૭,૪૪૨ નોંધણી નંબરો રદ કરવામાં આવ્યા છે.

INDEX

- GST હેઠળ અરજી આધારે નોંધણી નંબર ૨૬ કરવાની પ્રક્રિયા ૩૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.

► **૨૬ નોંધણીનું પુન:સ્થાપન :**

- વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન ૨૬ નોંધણી નંબરના પુન:સ્થાપન માટેની કુલ ૧૫,૬૩૨ અરજીઓ મળી. જ્યારે વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન આજ દિન સુધી કુલ ૭,૪૧૫ અરજીઓ મળી છે.
- વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન અરજી આધારે કુલ ૧૫,૮૬૦ નોંધણી નંબરો પુન:સ્થાપિત કરવામાં આવ્યા છે તેમજ વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન આજ સુધીમાં ૬,૭૦૭ નોંધણી નંબરો પુન:સ્થાપિત કરવામાં આવ્યા છે.
- GST હેઠળ અરજી આધારે નોંધણી નંબર પુન: સ્થાપિત કરવાની પ્રક્રિયા ૩૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.

I. GST હેઠળ RETURN FILING

► નાના વેપારીઓને ખાસ સુવિધા- ૧.૫ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતા વેપારીઓને, નાના ઉત્પાદકો, ટ્રેડર્સ, તથા રેસ્ટોરન્ટસને ખાસ સુવિધા તરીકે Lumpsum વેરો ભરપાઇ કરવાની સુવિધા અને ત્રિમાસિક ધોરણે પત્રકો રજુ કરવાની સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

► વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન નાના વેપારીઓનું ટર્નઓવર ₹ ૧.૫ કરોડથી ઓછું હોય તેવા ૯૭,૦૦૦ થી વધુ કરદાતાઓ લમસમ વેરો ભરવામાં લાભ લીધેલ છે.

► વાર્ષિક ₹ ૫ કરોડથી ઓછુ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે ક્વાર્ટલી રીટર્ન મંથલી પેમેન્ટ (QRMP) ની સુવિધા તા: ૦૧/૦૧/૨૦૨૧ થી શરૂ કરવામાં આવી છે. જેમાં કરદાતા GSTR 3B પત્રક ત્રિમાસિક ધોરણે અને વેરો દર માસે ભરવાનો રહે છે. ગુજરાતના અંદાજે ૪ લાખ જેટલા કરદાતાઓ આ સુવિધાનો લાભ મેળવી રહ્યા છે.

► કલમ-૩૯ હેઠળના પત્રક ફોર્મ GSTR-3B, કલમ-૩૭ હેઠળનાં આઉટવર્ડ સપ્લાયની વિગતો માટેનાં સ્ટેટમેન્ટ ફોર્મ GSTR-1 ઉપરાંત નિયમ-૬૨ હેઠળના સ્ટેટમેન્ટ ફોર્મ GST CMP-08 કે જેના બધાં કોષ્ટકમાં શૂન્ય અથવા કોઇ એન્ટ્રી ન હોય તો તે SMS દ્વારા ફાઇલ કરી શકાય.

► ₹ ૫૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવનાર વેપારીઓ માટે E-invoice ની સુવિધા ચાલુ કરેલ છે જેથી GSTR-1 તેમજ GSTR-3B ભરવામાં વેપારીશ્રીઓને સરળતા રહે.

► ગત વર્ષ ૨૦૨૦-૨૧માં GSTR-3B પત્રકના ૯૫% ફાઇલીંગ સાથે ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા ક્રમાક પર છે. તેમજ અંદાજે ૫૧,૮૯,૫૦૦ GSTR-1 પત્રક ફાઇલ કરવામાં આવ્યા છે.

► GST હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં તા.૦૧/૦૪/૨૦૨૧ થી

- તા. ૩૧/૧૨/૨૦૨૧ સુધી GSTR-3B પત્રક ૫૦,૫૯,૬૩૨ ભરવામાં આવ્યા છે.
- તા. ૩૧/૧૨/૨૦૨૦ સુધી GSTR-1 પત્રક ૩૦,૧૦,૮૧૫ ભરવામાં આવ્યા છે.
- ચાલુ વર્ષે પણ GSTR-3B પત્રક ભરવામાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં ત્રીજો ક્રમાક ધરાવે છે.

J. GST REFUND :

► જીએસટી કાયદા હેઠળ જે કરદાતા એક્ષપોર્ટ કરતા હોય અથવા ઇન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરને લીધે રીફંડ લેવાપાત્ર થતું હોય તેવા કરદાતાશ્રીઓના બેંક એકાઉન્ટમાં બારોબાર રીફંડ ચૂકવવામાં આવેલ છે.

► રીફંડની તમામ પ્રક્રિયા ઓનલાઇન તથા ફેસલેસ છે.

► ગત વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન ૫૯,૫૮૯ રીફંડની અરજીનો નિકાલ કરવામાં આવેલ છે આ અરજીઓમાં ₹ ૩, ૨૨૩ કરોડનું SGST રીફંડ ચૂકવેલ છે.

► વર્ષ ૨૦૨૧/૨૨ માં આજદિન સુધી ૫૪,૦૦૦ થી વધુ રીફંડની અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. જેમાં ₹ ૩,૬૯૦ કરોડનું SGST રીફંડ ચૂકવાયેલ છે.

K. GST રીર્ટન સ્કુટીની :

► જી.એસ.ટી અમલીકરણ બાદ વર્ષ ૨૦૧૭/૧૮, ૨૦૧૮/૧૯ અને ૨૦૧૯/૨૦ ના કુલ થઇને કુલ ૧૨,૦૦૦ થી વધુ રીર્ટન સ્કુટીના ટાસ્ક ઉભા કરવામાં આવેલ છે.

INDEX

- તે પૈકી અંદાજે ૭૯૨ કેસોમાં ૩૪૪.૮૧ કરોડ રૂપીયા કરદાતા દ્વારા પ્રથમ તબક્કે જ વેરાની ભરપાઇ કરવામાં આવેલ છે. જ્યારે ૩૪૭ કિસ્સામાં ઓડીટની કામગીરી શરૂ કરવામાં આવી છે અને અંદાજે ૭,૦૫૯ કેસોમાં એડ્જુડીકેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે.

L. GST હેઠળ આવકોનું મોનીટરીંગ :

- GST હેઠળ નોંધાયેલા કરદાતાઓ દ્વારા થતી આવકનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.
- જેમાં દરેક ઘટકના ટૉપ ૧૦૦ કરદાતાઓમાંથી થતી આવકનું ઘટક કક્ષાએ દર માસે વિશ્લેષણ કરવામાં આવે છે.
- તેવી જ રીતે વર્તુળના ૧૦૦ અને વિભાગના ૧૦૦ ટૉપ કરદાતાઓની આવકોનું અનુક્રમે વર્તુળ અને વિભાગ કક્ષાએ વિશ્લેષણ કરવામાં આવે છે.
- ઘટક, વર્તુળ અને વિભાગના ટૉપ કરદાતાઓ સમયસર માસિક પત્રકો ભરે તેનું પણ સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

M. EIU ની રચના :

- વેરા વિભાગની વડી કચેરી ખાતે EIU ની રચના કરવામાં આવેલ છે.
- EIU unit માં કરદાતાના ડેટા પરથી Tax Evasion અંગે Intelligence માહિતી મેળવવામાં આવે છે.
- મળેલ ડેટાનું એનાલિસીસ કરી તાત્કાલિક ધોરણે કરવાપાત્ર કામગીરીની યાદી તૈયાર કરવામાં આવે છે. જેમાં સ્થળ તપાસ, અન્વેષણ કે GST કાયદા હેઠળ લેવાપાત્ર અન્ય પગલાં વિશે વિચારણા કરવામાં આવે છે.

N. સેક્ટરલ એનાલિસીસ :

- ચીજ વસ્તુઓ અને સર્વિસ સંબંધિત ૧૭ જેટલાં સેક્ટર્સનો અભ્યાસ કરવામાં આવેલો છે.
- આ સેક્ટરોના અભ્યાસ માટે ખાતાનાં પીઢ અને અનુભવી અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે.
- જે તે સેક્ટરના અભ્યાસ પરથી જે તે સેકટરમાં હાઇ રિસ્ક એરિયા નક્કી કરવામાં આવ્યા છે.
- જે આધારે આ સેક્ટરમાં આવતા કરદાતાઓના ટેક્ષ કોમ્પ્લાયંસની ચકાસણી કરવામાં આવી છે.
- તેથી જે કરદાતા દ્વારા ઓછો ટેક્ષ ભરપાઇ કર્યાનું જણાય તેવા કરદાતા ના કિસ્સામાં વેરા વસુલાતની કામગીરી કરવામાં આવશે.

O. ઔધોગિક પ્રોત્સાહન યોજનાઓ :

ઔધોગિક પ્રોત્સાહનની જુદી જુદી ઇન્સેન્ટીવ સ્કીમો જેવી કે, (૧) લેબર ઇન્સેન્ટીવ સ્કીમ (૨) ઇન્ડસ્ટ્રીયલ (જનરલ) સ્કીમ (૩) પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ (રીવાઇઝડ) (૪) એરોસ્પેશ અને ડીફેન્સ એન્ટરપ્રાઇઝ સ્કીમ અને (૫) સ્ટાર્ટઅપ /ઇનોવેશન સ્કીમ માં અગાઉ ઇન્સેન્ટીવ સ્કીમમાં લાભ લેવા એકમોએ અલગથી રજીસ્ટ્રેશન કરાવવાની જોગવાઇ હતી પરંતુ ઉધોગ અને ખનીજ વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવથી સરકારશ્રીએ આ એકમોને અલગ રજીસ્ટ્રેશન કરાવવા માંથી મુક્તિ આપેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કરવાની પ્રવૃત્તિઓ :

A. ઓનલાઇન રજિસ્ટ્રેશન - Faceless Services

- ભાગીદારી પેઢી (આર.ઓ.એફ) નું દિન-૧માં ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવામાં આવશે.
- વ્યવસાયવેરાનું દિન-૧માં રજિસ્ટ્રેશન કરવામાં આવશે.

B. વેટ કાયદા હેઠળ કામગીરી :

- વર્ષ ૨૦૧૯-૨૦ માટે GST કાયદા હેઠળ આવરી લેવાયેલી ના હોય તેવી ૬ ચીજવસ્તુઓનો વેપાર કરતાં હાલ રાજ્યના અંદાજે ૬,૦૦૦ વેપારીઓ પૈકી આકારણી માટે પસંદ થયેલા તમામ વેપારીઓના કિસ્સામાં આકારણી પુર્ણ કરવામાં આવશે.
- **પત્રક કસુરદારોનું મોનીટરીંગ :** વેટ કાયદા હેઠળ હાલ નોંધાયેલા ઉક્ત તમામ વેપારીઓ સમયસર પત્રકો ભરે અને પત્રક કસુરદાર ના થાય તે માટે ખાસ બનાવેલા MIS Reports આધારે પત્રક કસુરદાર વેપારીઓનું સતત મોનીટરીંગ કરવામાં આવશે.

INDEX

- **ચલણ કસુરદારોનું મોનીટરીંગ :** તેવી જ રીતે વેટ કાયદા હેઠળ હાલ નોંધાયેલા ઉક્ત તમામ વેપારીઓ સમયસર ભરવાપાત્ર વેરો ભરે અને ચલણ કસુરદાર ના થાય તે માટે ખાસ બનાવેલા MIS Reports આધારે ચલણ કસુરદાર વેપારીઓનું સતત મોનીટરીંગ કરવામાં આવશે.
- **વેટ કાયદા હેઠળ રીફંડ :** વેટ કાયદા હેઠળ આપવાના થતાં તમામ રીફંડ નિયત થયેલી સમયમર્યાદામાં ચુકવી આપવામાં આવશે.

C. GST કાયદા હેઠળની કામગીરી :

- **GST રજિસ્ટ્રેશન :**
  - GST હેઠળ નોંધણી નંબર આપવાની પ્રક્રિયા ૭ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.
  - GST કાયદા હેઠળ નોંધવાપાત્ર હોય પરંતુ હજુ સુધી ટેક્ષનેટની બહાર હોય તેવા કરદાતાઓ શોધી GST કાયદા હેઠળ તેમની નોંધણી કરવામાં આવશે.
  - બોગસ જણાતાં કરદાતા શોધી કાઢવા એરીયા સ્પેસીફિક સ્પૉટ વિઝીટની કામગીરી
  - નવા નોંધાયેલા કરદાતાઓની ખરાઇ માટે સ્પોટ વિઝીટ
- **નોંધણીમાં સુધારા- વધારા :**
  - GST હેઠળ સુધારા વધારાની પ્રક્રિયા ૧૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.
- **અરજી આધારે નોંધણી રદ :**
  - GST હેઠળ અરજી આધારે નોંધણી નંબર રદ કરવાની પ્રક્રિયા ૩૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.
- **રદ નોંધણીનું પુન:સ્થાપન :**
  - GST હેઠળ અરજી આધારે નોંધણી નંબર પુન:સ્થાપિત કરવાની પ્રક્રિયા ૩૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.

D. GST હેઠળ RETURN FILING :

- રાજ્યના સૌથી વધુ વેરો ભરતાં કરદાતાઓ સમયસર પત્રક ભરે અને રાજ્યની તિજોરીમાં વેરો સમયસર જમા થાય તે માટે સતત મોનીટરીંગ કરવામાં આવશે.
- ૬ માસથી વધુ સમયગાળાના પત્રક કસુરદારો તેના નોંધણી નંબર રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
- એક માસથી વધુ સમયના લાર્જ અને મીડીયમ કેટેગરીના કરદાતાઓ તેમના બાકી પત્રકો ભરી સરકારશ્રીમાં વેરો ભરપાઇ કરે તેની કાર્યવાહી કરવામાં આવશે.

E. GST REFUND :

- રીફંડની તમામ પ્રક્રિયા ઓનલાઈન તથા ફેસલેસ છે.
- રીફંડની તમામ અરજીઓનો નિયત સમયમર્યાદા પહેલા નિકાલ કરવામાં આવશે.

F. GST રીર્ટન સ્કુટીની :

- વર્ષ ૨૦૨૦/૨૧ માટે રીર્ટન સ્કુટીનીના ટાસ્ક ઉભા કરવામાં આવશે.

G. GST હેઠળ આવકોનું મોનીટરીંગ :

- GST હેઠળ નોંધાયેલા કરદાતાઓ દ્વારા થતી આવકનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.
- જેમાં દરેક ઘટકના ટૉપ ૧૦૦ કરદાતાઓમાંથી થતી આવકનું ઘટક કક્ષાએ દર માસે વિશ્લેષણ કરવામાં આવે છે.
- તેવી જ રીતે વર્તુળના ૧૦૦ અને વિભાગના ૧૦૦ ટૉપ કરદાતાઓની આવકોનું અનુક્રમે વર્તુળ અને વિભાગ કક્ષાએ વિશ્લેષણ કરવામાં આવે છે.
- ઘટક, વર્તુળ અને વિભાગના ટૉપ કરદાતાઓ સમયસર માસિક પત્રકો ભરે તેનું પણ સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

INDEX

- GST માં હયાત કરદાતાઓ દ્વારા ભરવાપાત્ર વેરો પુરેપુરો ભરપાઇ કરવામાં આવે એટલે કે વેરાની ચોરી અટકે તે માટે પગલાં લેવામાં આવશે.
- તેમજ જે વ્યક્તિઓ હાલ વેરો ભરવાની પાત્રતા ધરાવતાં હોવા છતાં હાલ ટેક્ષનેટની બહાર છે તેમને શોધીને ટેક્ષનેટમાં લાવવાની કામગીરી કરવામાં આવશે. તે માટે આવા સેક્ટરો શોધી સેક્ટરવાઇઝ સર્વે કરવામાં આવશે.

H. EIU હેઠળની કામગીરી :

- વેરા વિભાગની વડી કચેરી ખાતે EIU ની રચના કરવામાં આવેલ છે.
- EIU unit માં કરદાતાના ડેટા પરથી Tax Evasion અંગે Intelligence માહિતી મેળવવામાં આવે છે.
- મળેલ ડેટાનું એનાલિસીસ કરી તાત્કાલિક ધોરણે કરવાપાત્ર કામગીરીની યાદી તૈયાર કરવામાં આવે છે. જેમાં સ્થળ તપાસ, અન્વેષણ કે GST કાયદા હેઠળ લેવાપાત્ર અન્ય પગલાં વિશે વિચારણા કરવામાં આવે છે.

♦ **કાયદા શાખા**

ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ કાયદાનો રાજ્યમાં તા. ૧/૭/૨૦૧૭ થી અમલ કરવામાં આવેલ છે. આ કાયદા હેઠળ વેપારી વર્ગને પડતી મુશ્કેલીઓના નિવારણ તેમજ ટેક્સ કમ્પ્લાયન્સ વધારવા માટે જીએસટી કાઉન્સિલ દ્વારા વિચારણા અને તેના પરના નિર્ણયના અનુસંધાને જરૂરી કાયદામાં સુધારા, નોટીફીકેશન્સ, રીમુવલ ઓફ ડીફીકલ્ટીઝ ઓર્ડર્સ અને પરિપત્રો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમજ વેપારીવર્ગ તથા અધિકારીઓને વાકેફ કરવા વાણિજ્યિક વેરા ખાતાની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. આમાં મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

૧. કોવિડ-૧૯ની બીજી લહેર દરમ્યાન કરદાતાને જી.એસ.ટી. કાયદા હેઠળ આપવામાં આવેલ રાહતો :

- **લેટ ફીમાં અપાયેલ રાહત :**
  - માર્ચ, ૨૦૨૧ થી મે, ૨૦૨૧ સુધીનાં સમયગાળા માટેનાં પત્રક ફોર્મ GSTR-3B જો શરતી સમયમર્યાદામાં ફાઈલ કરવામાં આવે તો લેટ ફી માં સંપૂર્ણ માફી આપવામાં આવેલ છે.
- **વ્યાજમાં અપાયેલ રાહત :**
  - માર્ચ, ૨૦૨૧ થી મે, ૨૦૨૧ સુધીનાં સમયગાળા માટેનાં પત્રક ફોર્મ GSTR-3B શરતી સમયમર્યાદામાં ફાઈલ કરવામાં આવે તો વ્યાજમાં માફી/રાહત આપવામાં આવેલ છે.
- **પત્રક ફાઈલ કરવાની સમયમર્યાદામાં કરાયેલ વધારો :**
  - એપ્રિલ અને મે, ૨૦૨૧ સમયગાળા માટેનાં આઉટવર્ડ સપ્લાયની વિગતો દર્શાવતતાં સ્ટેટમેન્ટ ફોર્મ GSTR-1/IFF ની મુદતમાં વધારો કરવામાં આવ્યો.
  - નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વાર્ષિક પત્રક ફોર્મ GSTR-9 / GSTR-9C ફાઈલ કરવાની સમયમર્યાદા તા. ૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવી.
  - કોમ્પોઝીશન સ્કીમનો વિકલ્પ પસંદ કરેલ હોય તેવાં નાના કરદાતાઓ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વાર્ષિક પત્રક ફોર્મ GSTR-4 ફાઈલ કરવાની સમયમર્યાદા તા ૩૧/૦૭/૨૦૨૧ કરવામા આવી.
  - જાન્યુઆરી થી માર્ચ, ૨૦૨૧ ના સમયગાળા માટે જોબવર્કના કિસ્સામાં (જોબવર્કરને મોકલાવેલ અથવા જોબવર્કર પાસેથી મેળવેલ ચીજ-વસ્તુઓ માટે) ડીક્લેરેશન રજુ કરવાની મુદત તા. ૩૦/૦૬/૨૦૨૧ સુધી લંબાવવામાં આવી.
  - ટી.ડી.એસ. ની કપાત કરનાર, ઈનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર્સ, બિન નિવાસી વેરાપાત્ર વ્યક્તિ અને ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર્સ માટે પત્રક રજુ કરવાની મુદત કે જે તા. ૧૫/૦૪/૨૦૨૧ થી તા. ૨૯/૦૬/૨૦૨૧ ના સમયગાળા દરમિયાન હોય તો તેને તા. ૩૦/૦૬/૨૦૨૧ સુધી લંબાવેલ છે.
- **નિકાસકારોને અપાયેલ ખાસ રાહત :**
  - મર્ચન્ટ એક્ષપોર્ટરને નિકાસ બાબતે લાભ આપવા બાબત: મર્ચન્ટ એક્ષપોર્ટરને ૦.૧% વેરાનાં દરે ખરીદીનો લાભ મેળવવા માટે ટેક્સ ઈન્વોઈસ ઈસ્યુ થયા તારીખથી ૯૦ દિવસમાં માલનો નિકાસ કરવો જરૂરી છે. આ નિકાસ તા. ૧૫/૦૪/૨૦૨૧ થી તા. ૨૯/૦૬/૨૦૨૧ ના સમયગાળામાં કરવાની હોય તો તેને તા. ૩૦/૦૬/૨૦૨૧ સુધી લંબાવેલ છે.

INDEX

► **રિફંડ મેળવવા માટે અરજીની સમયમર્યાદા લંબાવવા બાબત :**

- કરદાતા દ્વારા રિફંડ મેળવવા માટે અરજી કરવાની બે વર્ષની મુદત જો તા. ૧૫/૦૪/૨૦૨૧ થી તા. ૨૯/૦૬/૨૦૨૧ ના સમયગાળા દરમિયાન પૂર્ણ થયેલ હોય તો તેને તા. ૩૦/૦૬/૨૦૨૧ સુધી લંબાવેલ છે.

► **રદ થયેલ નોંધણી નંબર પુન: શરૂ કરાવવા માટે અરજી કરવાની સમયમર્યાદામાં વધારો :**

- પત્રક કસૂરદારના કિસ્સામાં કરદાતાનો નોંધણી નંબર રદ કરવામાં આવેલ હોય અને તેને પુન: સ્થાપિત કરવા માટેની અરજી કરવાની સમયમર્યાદા જો તા. ૦૧/૦૩/૨૦૨૦ થી તા. ૩૧/૦૮/૨૦૨૧ દરમિયાન પૂર્ણ થતી હોય તો તેને તા. ૩૦/૦૯/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

► **કંપનીઓને EVC દ્વારા વેરીફાઇ કરી પત્રકો રજુ કરવાની જોગવાઈ :**

- કંપનીઓ દ્વારા Digital Signature Certificate (DSC) દ્વારા વેરીફાઇ કરીને પત્રક ફોર્મ GSTR-3B તેમજ આઉટવર્ડ સપ્લાયની વિગતો માટેના ફોર્મ GSTR-1/IFF ને રજુ કરવાની જોગવાઈને દૂર કરવામાં આવેલ છે, જેનાથી હવે કંપનીઓ દ્વારા Electronic Verification Code થી વેરીફાઇ કરીને રજુ કરવાનાં રહેશે.

► **ક્રેડિટ મેળવવા માટેના નિયંત્રણમાં છુટ-છાટ :**

- નિયમ-૩૬(૪) હેઠળ ક્રેડિટ મેળવવાની શરતને (ક્રેડિટ ૫% થી વધે નહિ) એપ્રિલ, મે અને જુન, ૨૦૨૧ ના બદલે જુન, ૨૦૨૧ માટેના માસિક/ત્રિમાસિક પત્રક ફોર્મ GSTR-3B માં એકત્રિત રીતે (cumulative application of condition) લાગુ કરવામાં આવી.

► **કરદાતાઓ દ્વારા કાયદાનુસાર Tax Compliance તેમજ ઓથોરીટી દ્વારા કાયદાનુસારની જરૂરી કાર્યવાહી થઈ શકે તે માટે નીચે મુજબ રાહતો આપવામાં આવી.**

- જી.એસ.ટી. કાયદા, નિયમો અથવા નોટીફીકેશન દ્વારા નિર્દિષ્ટ કરેલ સમયમર્યાદા કે જે તા. ૧૫/૦૪/૨૦૨૧ થી તા. ૨૯/૦૬/૨૦૨૧ દરમિયાન હોય તો કેટલાંક અપવાદો સિવાય આ સમયમર્યાદા તા. ૩૦/૦૬/૨૦૨૧ સુધી લંબાવામાં આવી.
- નવા નોંધણી નંબરની અરજી ચકાસણી અને મંજૂરીના કિસ્સામાં નિયમ-૯ માં જણાવેલ સમયમર્યાદા તા. ૦૧/૦૫/૨૦૨૧ થી તા. ૩૦/૦૬/૨૦૨૧ દરમિયાન પૂર્ણ થતી હોય તો તેને તા. ૧૫/૦૭/૨૦૨૧ સુધી લંબાવવામાં આવી.
- રીફંડ અરજી અન્વયે પ્રોપર ઓફિસર દ્વારા કલમ-૫૪(૫) તેમજ કલમ-૫૪(૭) હેઠળ આદેશ પસાર કરવાની મુદત જો તા. ૧૫/૦૪/૨૦૨૧ થી તા. ૨૯/૦૬/૨૦૨૧ના સમયગાળા દરમિયાન હોય તો નોટિસ અન્વયે મળેલ જવાબની તારીખથી ૧૫ દિવસ અથવા તા. ૩૦/૦૬/૨૦૨૧ બે માંથી જે પછી હોય તે તારીખ આદેશ પસાર કરવાની તારીખ ગણાશે.

► **વેરાનાં દરમાં છુટ-છાટ :**

- Covid-19 ના ઈલાજ તેમજ વ્યવસ્થાપનમાં વપરાતી ચીજ-વસ્તુઓ પર તા. ૩૦/૦૯/૨૦૨૧ સુધી નીચે મુજબ વેરામાં મુક્તિ/રાહત આપવામાં આવી :

ચીજ-વસ્તુ	વેરાનો દર (%)
Tocilizumab, Amphotericin B	Nil (શૂન્ય)
Medical Grade Oxygen, Remdesvir, Covid-19 testing kits, Inflammatory Diagnostic (marker) kits, Hand Sanitizer, Gas/Electric/other furnaces for crematorium, Pulse Oximeter, Oxygen Concentrator/generator, Ventilators, BiPAP Machine, Temperature check equipment વિગેરે	૨ .૫
Ambulance	૬

INDEX

- Covid-19 ના ઈલાજમાં વપરાતી દવાઓ પર તા. ૩૧/૧૨/૨૦૨૧ સુધી નીચે મુજબ વેરામાં મુક્તિ/રાહત આપવામાં આવી:

ચીજ-વસ્તુ	વેરાનો દર (%)
Tocilizumab, Amphotericin B	Nil (શૂન્ય)
Remdesvir, Heparin (anti-coagulant), Itolizumab Posaconazole, Infliximab, Bamlanivimab & Etesevimab, Casirivimab & Imdevimab, 2-Deoxy-D-Glucose, Favipiravir	૨ .૫

- મૃતકોના અંતિમ સંસ્કાર, દફન વિધિ વિગેરે માટે તૈયાર કરવામાં આવતાં માળખા (Structure) ને લગતી composite works contract સર્વિસિસ પર તા. ૧૪/૦૬/૨૦૨૧ થી તા. ૩૦/૦૯/૨૦૨૧ સુધી ૬% ની જગ્યાએ ૨.૫% દરે વેરો વસૂલવાની જોગવાઈ કરી.

૨. કરદાતાને આપવામાં આવેલ અન્ય છુટછાટ :

► લેટ ફી માં આપવામાં આવેલ રાહતો :

- જુલાઈ, ૨૦૧૭ થી અપ્રિલ, ૨૦૨૧ ના માસિક/ત્રિમાસિક GSTR-3B જો તા. ૦૧/૦૬/૨૦૨૧ થી તા. ૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં રજુ કરવામાં આવે તો પત્રકદીઠ મહત્તમ નીચે મુજબ લેટ ફી (One time Relief) :

વેરાકીય જવાબદારી શૂન્ય હોય	₹ ૫૦૦ (CGST+SGST)
અન્ય કિસ્સામાં	₹ ૧,૦૦૦ (CGST+SGST)

- જુન, ૨૦૨૧ ના માસ/ત્રિમાસથી મહત્તમ નીચે મુજબ લેટ ફી (Permanent Relief) :

પત્રકનો પ્રકાર	કરદાતા	મહત્તમ લેટ ફી (₹)
GSTR-3B (માસિક/ત્રિમાસિક)	પત્રક મુજબ વેરાકીય જવાબદારી શૂન્ય GSTR-1ના કિસ્સામાં સપ્લાયની વિગતો શૂન્ય	૫૦૦ (CGST+SGST)
GSTR-1 (માસિક/ત્રિમાસિક)	₹ ૧.૫ કરોડ ટર્નઓવર (અગાઉનું વર્ષ)	૨,૦૦૦ (CGST+SGST)
	₹ ૧.૫ કરોડ થી વધુ પણ ₹ ૫ કરોડ સુધીનું ટર્નઓવર (અગાઉનું વર્ષ)	૫,૦૦૦ (CGST+SGST)
GSTR-4 વાર્ષિક (કોમ્પોઝીશન)	વેરાકીય જવાબદારી શૂન્ય	૫૦૦ (CGST+SGST)
	અન્ય કિસ્સમાં	૨,૦૦૦ (CGST+SGST)
GSTR-7 માસિક	TDS ની કપાત કરનાર કરદાતા	૫૦ પ્રતિ દિન (CGST+SGST) મહત્તમ: ૨,૦૦૦ સુધી (CGST+SGST)

► QR Code જનરેટ કરવાની જોગવાઈનું પાલન ન કરવામાં આવેલ હોય તેવાં કિસ્સામાં વિના શરતે તા. ૦૧/૧૨/૨૦૨૦ થી ૩૦/૦૯/૨૦૨૧ સુધી દંડમાં માફી આપવામાં આવી.

► ₹ ૨ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતાં કરદાતાઓને વર્ષ ૨૦૨૦-૨૧ માટે વાર્ષિક પત્રક રજુ કરવું મરજીયાત.

INDEX

- જોબવર્કના કિસ્સામાં ડીક્લેરેશન ફોર્મ ITC-04 રજુ કરવા અંગે તા. ૦૧/૧૦/૨૦૨૧ થી આપેલ છુટ-છાટ.
  - અગાઉનાં નાણાંકીય વર્ષમાં ₹ ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતાં કરદાતાઓએ વાર્ષિક રજુ કરવાનું રહેશે.
  - ₹ ૫ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતાં કરદાતાઓએ છ માસિક રજુ કરવાનું રહેશે.
- સરકારી વિભાગ તેમજ લોકલ ઓથોરીટીને ઈ-ઈનવોઈસ જારી કરવાની જોગવાઈ માંથી મુક્તિ આપવામાં આવી.
- રિફંડ અરજી અને ફોર્મ RFD-03 માં આપવામાં આવેલ Deficiency Memo દરમિયાનના સમયગાળાને અરજી કરવાની ૨ વર્ષની મુદત માટે ધ્યાને લેવામાં નહિ આવે.
- અરજદાર રિફંડ અરજીને ફોર્મ GST RFD-01W માં પરત ખેંચી શકશે.
- નિયમ-૧૩૮ઈ માં તા. ૦૧/૦૫/૨૦૨૧ ની અસરથી પાંચમો પ્રોવિઝો ઉમેરવામાં આવ્યો જેથી માર્ચ-૨૦૨૧ થી મે-૨૦૨૧ ના GSTR-3B/GSTR-1/CMP-08 રજુ ન કરવામાં આવ્યા હોય તો ઈ-વે બિલ જનરેટ ન કરવા દેવા અંગેનું નિયંત્રણ તા. ૦૧/૦૫/૨૦૨૧ થી તા. ૧૮/૦૮/૨૦૨૧ ના સમયગાળા માટે લાગુ પડશે નહિ.
- **કાયદામાં સુધારો કરીને અપાયેલ છુટ-છાટ :**
  - વ્યાજમાં રાહત - વ્યાજની ગણતરી માત્ર Net Tax Liability ની રકમ પર જ: કોઈ ટેક્ષ પિરિયડ માટેનું પત્રક તેને ફાઈલ કરવા માટેનાં નિયત સમય બાદ ફાઈલ કરવામાં આવે ત્યારે Electronic Cash Ledger ને ડેબીટ કરીને વેરાની ચુકવણી કરવામાં આવી હોય ત્યારે તેટલા પુરતી રકમ પર જ વ્યાજ આકારવા બાબતે રાહત આપવામાં આવી.
  - કરદાતાઓએ તેમના હિસાબો ચાર્ટર્ડ એકાઉટન્ટ/કોસ્ટ એકાઉટન્ટ પાસે ઓડિટ કરાવવા ફરજિયાત રહેશે નહિ પરંતુ, સ્વપ્રમાણિત રીકન્સીલીયેશન સ્ટેટમેન્ટ રજુ કરવાનું રહેશે.
  - અટકાયત કરેલ માર્ગસ્થ ચીજ-વસ્તુના કિસ્સામાં કરદાતાને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી સુધારા કરવામાં આવ્યા.

૩. કરદાતાનાં ટેક્સ કમ્પ્લાયન્સમાં વધારો કરવા માટેની જોગવાઈઓ :

- કરદાતા પાસેથી HSN ની વિગતો લેવા બાબત: (અમલીકરણ તા. ૧/૪/૨૦૨૧ થી)

૫ કરોડથી વધુ ટર્નઓવર	ચીજવસ્તુઓ અને સેવાઓ માટે HSN - ૬ ડિઝીટમાં
૫ કરોડ સુધીનું ટર્નઓવર	માત્ર B2B Supply માટે HSN - ૪ ડિઝીટમાં

- તા. ૦૧/૦૪/૨૦૨૧ થી ઈ-ઈનવોઈસ જારી કરવા માટે એગ્રીગેટ ટર્નઓવરની મર્યાદા ₹ ૫૦ કરોડ કરવામાં આવેલ છે.
- નોંધણી નંબર પુન: શરૂ કરાવવાની/રિફંડ મેળવવા માટેની અરજી કરવા તેમજ નિકાસના કિસ્સામાં ચૂકવેલ IGST ની રકમનું રિફંડ મેળવવા માટે સૌ-પ્રથમ Aadhaar authentication કરાવવાનાં રહેશે.
  - Aadhaar ન હોય તેવાં કિસ્સામાં ઓળખ માટે Aadhaar Enrolment ID અને ફોટા સાથેની બેન્ક પાસબુક/ચૂંટણી કાર્ડ/પાસપોર્ટ/ડ્રાઈવીંગ લાઈસન્સ રજુ કરવાનાં.
- અગાઉનાં એક પણ મહિનાનાં પત્રક ફોર્મ GSTR-3B રજુ કરવાનાં બાકી હોય તો આઉટવર્ડ સપ્લાયની વિગતો માટેનાં ફોર્મ GSTR-1 તા. ૦૧/૦૧/૨૦૨૨ થી રજુ કરી શકાશે નહિ.
- સપ્લાયરે પત્રકમાં દર્શાવેલ ન હોય તેવાં ઈનવોઈસ/ડેબીટ નોટની ક્રેડિટ તા. ૦૧/૦૧/૨૦૨૨ થી મેળવી શકાશે નહિ.
- આઉટવર્ડ સપ્લાયના સ્ટેટમેન્ટ ફોર્મ GSTR-1 માં સપ્લાય તરીકે દર્શાવેલ દર્શાવેલ હોય અને પત્રક ફોર્મ GSTR-3B માં ન દર્શાવેલ હોય તેવાં વ્યવહારો પર પણ તા. ૦૧/૦૧/૨૦૨૨ થી વેરો ચૂકવવાની જવાબદારી રહેશે.
- આકારણી ઉપરાંત સ્થળ-તપાસની કાર્યવાહી દરમિયાન કરદાતા/બિલીંગની પ્રવૃત્તિથી લાભ લેનાર અન્ય વ્યક્તિની બેન્ક ખાતા સહિતની કોઈ પણ મિલકત પર તા. ૦૧/૦૧/૨૦૨૨ થી પ્રોવિઝનલ એટેચમેન્ટની કાર્યવાહી કરી વસૂલાત કરી શકાશે.

INDEX

૪.૧ વેટ કાયદા હેઠળ વેરાના દર માં ફેરફાર :

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ વેરાના દરમાં ઘટાડો:

ચીજ-વસ્તુ	અગાઉનો વેરાનો દર	ઘટાડેલ વેરાનો દર	ઘટાડાની અમલી તારીખ
પેટ્રોલ	૨૦.૧% + ૪% સેસ	૧૪.૯% + ૪% સેસ	૦૪/૧૧/૨૦૨૧
ડીઝલ	૨૦.૨% + ૪% સેસ	૨૦.૨% + ૪% સેસ	૦૪/૧૧/૨૦૨૧
ડ્યુટી પેઇડ એવીએશન ટર્બાઈન ફ્યુઅલ (એ.ટી.એફ.)	૩૦%	૨૫%	૧૩/૧૨/૨૦૨૧

૪.૨ જીએસટી કાયદા હેઠળ વેરાનાં દરમાં ફેરફારો/સ્પષ્ટતા :

૪.૨.૧ ચીજ-વસ્તુઓના વેરાના દર અંગે ફેરફાર/સ્પષ્ટતા :

- Toy balloons made of natural rubber latex ને લગતી એન્ટ્રી નં. S. No. 259A માં HSN Code “4016 or 9503” ની જગ્યાએ “9503” સબસ્ટીટ્યુટ કરવામાં આવ્યો.
- Drug or medicine માટેનાં List I માં નવી એન્ટ્રી “(231) Diethylcarbamazine” ઉમેરવામાં આવી.
- આમલીના બીજનો વાવણી સિવાયના કોઈપણ હેતુ માટે વપરાશ પર ૨.૫% દરે વેરા અંગે સ્પષ્ટતા.
- Oil Marketing Company (OMC) ને ડીઝલ સાથે મિક્ષ કરવા માટે વેચવામાં આવતા બાયો- ડીઝલ પરના વેરાનો દર ઘટાડીને ૬% ની જગ્યાએ ૨.૫%.
- રેટ્રો ફિટમેન્ટ કિટ દિવ્યાંગ વ્યક્તિઓ માટે ઉપયોગમાં આવતી હોવાથી વેરાનો દર ૨.૫% બાબતની સ્પષ્ટતા.
- સોલર પીવી મોડ્યુલ અને અન્ય રીન્યુએબલ એનર્જીના સાધનો પર વેરાનો દર વધારીને ૨.૫% ની જગ્યાએ ૬%.
- Iron, copper, aluminum, zinc જેવી કેટલીક કાચી ધાતુઓ પરનાં વેરાનો દર વધારીને ૨.૫% ની જગ્યાએ ૯%.
- પ્લાસ્ટીકના ભંગાર/વેસ્ટ પર વેરાનો દર વધારીને ૨.૫% ની જગ્યાએ ૯%.
- પેપરનાં બોક્સ/કોથળા વગેરે પર વેરાનો દર વધારીને ૬% ની જગ્યાએ ૯%.
- પ્રિન્ટીંગને લગતાં ચેપ્ટર-૧૯ માં સમાવિષ્ટ થતી તમામ ચીજવસ્તુઓ એકસમાન વેરાનો દર ૯%.
- ચેપ્ટર-૮૬ હેઠળનાં રેલ્વે પાર્ટસ, લોમોમોટીવ અને અન્ય સામગ્રી પર વેરાનો દર વધારીને ૬% ની જગ્યાએ ૯%.
- તમામ પ્રકારની પેન તેમજ પેનનાં પાર્ટસ પર એકસમાન વેરાનો દર ૯%.
- ફળોના રસ વાળા કાર્બોનેટેડ પીણાં પર ૧૪% વેરાનાં દર અંગે સ્પષ્ટતા.
- વાવણી સિવાયના અન્ય કોઈપણ હેતુ માટેનાં બીજનો બિયારણને લગતી એન્ટ્રી ૮૬ હેઠળ સમાવેશ થતો નથી તે અંગે સ્પષ્ટતા.
- બિન-નોંધાયેલ વ્યક્તિ દ્વારા નોંધાયેલ વ્યક્તિને પૂરા પાડવામાં આવતાં Mentha Oil ના સપ્લાય પર રીવર્સ ચાર્જ હેઠળ વેરો ચૂકવવાનો રહેશે.
- Fortified Rice Kernel (Premix) નો ICDS Scheme or similar Scheme હેઠળ સપ્લાય કરવામાં આવે તો તેનાં પર ૨.૫% દરે વેરો વસૂલવામાં આવશે.
- કાપડ, સીવવાનો દોરો, એમ્બ્રોડરી-ઝરી આર્ટીકલ, બ્લેન્કેટ, પડદાં પર ૨.૫% ની જગ્યાએ ૬% વેરો. (તા. ૦૧/૦૧/૨૦૨૨ થી અમલીકરણ)
- ₹ ૧,૦૦૦ સુધીની કિંમતનાં કપડાં પર પણ ૨.૫% ની જગ્યાએ ૬% વેરો (તા. ૦૧/૦૧/૨૦૨૨ થી અમલીકરણ)
- ₹ ૧,૦૦૦ સુધીની કિંમતના પગરખાં પર પણ ૨.૫% ની જગ્યાએ ૬% વેરો. (તા.૦૧/૦૧/૨૦૨૨ થી અમલીકરણ)

INDEX

૪.૨.૨ સેવાઓના વેરાના દર અંગે ફેરફાર/સ્પષ્ટતા :

- Developer-promoter દ્વારા Landowner-promoter પાસેથી વસૂલવામાં આવેલ વેરાની ક્રેડિટનો એપાર્ટમેન્ટના સપ્લાય પર ચૂકવવાના થતા વેરા સામે Landowner-promoter ઉપયોગ કરી શકશે.
- Ship અને અન્ય vessels તેમજ તેમના engine, components, parts ને લગતી maintenance, repair, overhaul services પર વેરાનો દર ૨.૫% કરવામાં આવ્યો.
- મકાન બાંધકામના કિસ્સામાં જે ટેક્સ પિરિયડમાં Completion of certificate જરૂરી હોય ત્યાર પછીનો નહિ તેવો ટેક્સ પિરિયડ અથવા મકાનના પ્રથમ ભોગવટા (first occupancy) ની તારીખ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીમાં પ્રમોટરે વેરો ચૂકવવાનો રહેશે.
- Licensing services/the right to broadcast જેવી intellectual Property (IP) right ને લગતી સેવાઓ પર એકસમાન ૯% ના દરે વેરો.
- Alcoholic liquor for human consumption ના ઉત્પાદનને લગતી જોબવર્ક સેવાઓ પર ૯% ના દરે વેરો.
- Printing and reproduction services of recorded media પ્રકારની તમામ સેવાઓ પર એકસમાન ૯% ના દરે વેરો.
- Amusement park માં પ્રવેશ પર ૯% ના દરે જ્યારે Casino/Horse race જેવી જગ્યાઓ હોય ત્યાં જ ૧૪% ના દરે વેરો અંગે સ્પષ્ટતા.
- Asian Football Confederation (AFC) Women's Asia Cup 2022 ને લગતી સેવાઓને વેરામુક્તિ.
- Custom station થી ભારત દેશ બહાર ચીજ-વસ્તુને મોકલવા માટે aircraft/vessel દ્વારા પૂરી પાડવામાં આવતી ટ્રાન્સપોર્ટેશન સેવાઓની વેરામુક્તિને તા. ૩૦/૦૯/૨૦૨૨ સુધી લંબાવી.
- Indian Railways Finance Corporation દ્વારા ભારતીય રેલ્વેને પૂરી પાડવામાં આવતી મિલકત ભાડે આપવાની સેવાઓને વેરાપાત્ર બનાવી.
- માલવાહક વાહનોને National permit આપવા અંગેની સેવાઓને વેરામુક્તિ.
- ૭૫% કે તેથી વધુ રકમનો ખર્ચ કેન્દ્ર/રાજ્ય સરકારે ભોગવેલ હોય તેવી ટ્રેનીંગની સેવાઓને વેરામુક્તિ.
- AFC Women's Asia Cup 2022 માં પ્રવેશને લગતી સેવાઓને વેરામુક્તિ.
- Governmental Authority અને Government Entity ને પૂરી પાડવામાં આવતી Works contract ની સેવાઓને ઘટાડેલ વેરાના દરનો લાભ નહિ મળે. (તા. ૦૧/૦૧/૨૦૨૨ થી અમલીકરણ)
- Textile and textile products પર dyeing and printing જેવી જોબવર્કની સેવાઓ પર ૨.૫% ને બદલે ૬% વેરો. (તા. ૦૧/૦૧/૨૦૨૨ થી અમલીકરણ)
- Governmental Authority અને Government Entity ને પૂરી પાડવામાં આવતી pure services અને composite supply of goods and services ને વેરામાફીનો લાભ મળશે નહિ (તા. ૦૧/૦૧/૨૦૨૨ થી અમલીકરણ)
- Non-air conditioned contract carriage અને stage carriage, metered cab અને auto rickshaw (including e-rickshaw) દ્વારા પૂરી પાડવામાં આવતી passenger transportation સેવાઓ જો E-commerce operator (ECO) મારફત પૂરી પાડવામાં આવે તો આ પ્રકારની સેવાઓ તા. ૦૧/૦૧/૨૦૨૨ની અસરથી વેરાપાત્ર બનશે અને તેનાં પર વેરો ભરવાની જવાબદારી કલમ-૯(૫) હેઠળ ECOની રહેશે.
- Restaurant services જો ECO મારફત પૂરી પાડવામાં આવે તો આવી restaurant services પર વેરો ભરવાની જવાબદારી તા. ૦૧/૦૧/૨૦૨૨ થી કલમ-૯(૫) હેઠળ ECO ની જ રહેશે.

૫. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કરવાની થતી પ્રવૃત્તિ :

ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ કાયદાના અમલીકરણ તેમજ કરદાતાની મુશ્કેલીઓ નિવારવા સંબંધિત જીએસટી કાઉન્સિલની ભલામણો અને નિર્ણયના અનુસંધાને જરૂરી કાયદામાં સુધારા, નોટીફીકેશન્સ, રીમુવલ ઓફ ડીફીકલ્ટીઝ ઓર્ડર્સ અને પરિપત્રો પ્રસિધ્ધ કરવાના રહેશે.

INDEX

► **કોર્પોરેટ સેલ :**

૧. માનનીય મુખ્ય કમિશ્નરશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગુજરાત રાજ્યના મોટા ટર્નઓવર ધરાવતા એકમોની GST Audit ને લગતી કામગીરી.

૨. ઉપરોક્ત સોંપાયેલ કેસોની પત્રક ચકાસણી કરી તેના આધારે તૈયાર કરેલ ઑડિટ પ્લાન મંજુરી અર્થે ઑડિટ સમિતીને મોકલવો.

૩. વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ઑડિટ પ્લાન માં ઉદભવેલ મુદ્દાઓની પુર્તતા બાબત વેપારીશ્રીઓ પાસેથી જવાબો મેળવવા.

૪. ઑડિટ પુર્તતાના મળેલ જવાબોની જાણ ઑડિટ સમિતીને કરવી.

૫. ટોચના ૧૫૦ SGST CASH PAID ડિલરો દ્વારા ભરવામાં આવતા માસિક રીટર્નની ચકાસણી કરવી તથા તેનુ ઈન્કમ મોનીટરીંગ કરવુ.

૬. અત્રેની પેટ્રોલિયમ શાખા દ્વારા ગુજરાતના મુખ્ય પેટ્રોલ તથા ડીઝલ ડીલર્સ તથા નેચરલ ગેસ વિક્રેતાઓની પત્રક ચકાસણી તથા આકારણીની કામગીરી.

૭. ગુજરાત માં પેટ્રોલ/ડીઝલ/નેચરલ ગેસ કોમોડીટી ને લગતી આવક એકઠી કરવી.

૮. ગુજરાતમાં પેટ્રોલ/ડીઝલ/નેચરલ ગેસની આવક તથા ખપત નું એનાલીસીસ કરવું.

૯. ગુજરાતમાં પેટ્રોલ/ડીઝલ/નેચરલ ગેસની INCOME CONSUMPTION PRICE ની નોટ તૈયાર કરવાની કામગીરી.

૧૦. પેટ્રો સેલમાં નવા નોંધણી નંબર આપવાની કામગીરી કરવી.

૧૧. પત્રક/ચલણ કસુરદારમાં મોનીટરીંગ કરવાની કામગીરી તથા પત્રક/ચલણ કસુરદારમાં પેટ્રોલીયમ પુરવઠો બંધ કરવાની કામગીરી કરવાની.

૧૨. માન.હાઈકોર્ટ તથા માન.સુપ્રિમ કોર્ટના કોઈ જજમેન્ટ અંગે તે પ્રકારના કોમોડીટીમાં ફેરતપાસ કરવાની થતી હોય તો ફેર તપાસ કરવી.

૧૩. મુખ્ય રાજ્યવેરા કમિશ્નરશ્રીના ઉપરોક્ત સિવાયના સોંપાયેલ કામગીરી કરવી.

૧૪. માહિતી અધિકાર ને લગતા પત્રોનો નિકાલ કરવો. જો અત્રેની શાખને લગતી ન હોય કે માહિતી આપી શકાય તેમ ન હોય તો લાગુ પડતી કચેરીને તબદીલ કરવી.

► **ઈ-ગવર્નન્સ :**

ગુજરાત સરકારના નાણાં વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના રાજ્યવેરા કમિશ્નરશ્રીની કચેરીનો રાજ્યના મહેસુલમાં ૭૦% જેટલો ફાળો છે. તેના કાર્યક્ષેત્રમાં ગુજરાત મુલ્યવર્ધિત વેરો, કેન્દ્રીય વેચાણવેરો વગેરે વસુલ કરવાની અને વહીવટની જુદી જુદી બાબતોનો સમાવેશ થાય છે. તા.૦૧/૦૭/૨૦૧૭ થી Goods and Service Tax કાયદાનો અમલ શરૂ થયેલ હોઈ રાજ્યવેરા વેરાખાતાને રાજ્ય વેરા ખાતા તરીકે ઓળખવામાં આવશે, જેમાં Vat કાયદા હેઠળ સમાવિષ્ટ ચીજવસ્તુ પર Vat તથા GST કાયદા હેઠળ સમાવિષ્ટ ચીજવસ્તુ તથા સેવા પર GST કર વસુલ કરવાની કામગીરીનો સમાવેશ થાય છે.

► **પરિયોજનાનો ઉદ્દેશ :**

રાજ્યવેરા કચેરી દ્વારા વેપારીવર્ગને મહદઅંશે તમામ સેવાઓ ઓનલાઈન પુરી પાડવામાં આવે છે. મોડ્યુલ મારફતે વેપારી નીચે મુજબની ઓનલાઈન સેવાઓ મળી રહે છે.

- વેબ- સાઈટ ઉપર જરૂરી માહિતી disseminate કરવી.
- વેપારીઓની નોંધણીની અરજી ઓનલાઈન મારફતે મેળવવી.
- વેપારી ઓનલાઈન રીટર્ન ફાઈલ કરી શકે છે.
- વેપારીઓ વિશેની માહિતી ડીલર સર્ચ દ્વારા ઓન-લાઈન મેળવી શકાય છે.
- ઈ-પેમેન્ટ મારફત વેપારીઓ વેરો ચુકવી શકે છે.
- ઓન-લાઈન વેરા વહીવટ પદ્ધતિ આકારણી અને ઉપસ્થિત માંગણી અંગે ચોક્કસ માહિતી પુરી પાડવામાં આવે છે.

INDEX

- રાજ્યો વચ્ચે થતી લેવડ દેવડની ખરાઇ કરી શકાય છે.
- આયાત, નિકાસ વગેરે બાબતમાં બીજા રાજ્યો સાથે માહિતીનો વિનિમય કરી શકાય છે.
- વેરાનો વહીવટ પારદર્શી થયેલ છે. મહદઅંશે વેપારીએ કચેરીમાં આવવાની જરૂરિયાત રહેતી નથી.
- વેપારી આલમની સુવિધા માટે વેબસાઇટ ઉપર તમામ નિયમો, પરિપત્રો જાહેરનામા પ્રસિધ્ધ કરેલ છે. ઉપરાંત e-Services પણ પૂરી પાડવામાં આવે

રાજ્યવેરા ખાતાના એપ્લીકેશન સોફ્ટવેર ડેવલપ કરવાની સાથે સાથે તમામ ૧૦૩ કચેરીઓમાં, ૨૫ કચેરીઓમાં,૧૨ વિભાગીય સંયુક્ત રાજ્યવેરા કમિશ્નરશ્રીની કચેરીઓમાં, વિભાગીય અન્વેષણ કચેરીઓમાં તથા રાજ્યવેરા કમિશ્નરશ્રીની કચેરીમાં (મુખ્ય મથક ખાતે) કોમ્પ્યુટર તથા સર્વર લેન સેટએપ કરવામાં આવેલ છે. તમામ કચેરીઓને કનેક્ટીવીટીથી જોડાણ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કરવામાં આવેલ કામગીરી :

- GST ACT બાબતે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબતની કામગીરી કરવામાં આવેલ છે.
- VAT, Central Sales Tax કાયદા અંતર્ગત નોંધાયેલ વેપારીઓને GST માં Online Migration ની કામગીરી ૧૦૦% કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.
- નવા ૬.૯૪ લાખ વેપારીઓ દ્વારા GST માં નોંધણી નંબર મેળવાયેલ છે. જેઓને GST માં નોંધણી નંબર મેળવવા માટે પડતી મુશ્કેલીના નિવારણ માર્ગદર્શનની કામગીરી કરેલ છે.
- GSTN દ્વારા Develop કરવામાં આવતા Module Application બાબતે સુચન કરેલ જેથી Online કામગીરી વેપારીને સુસંગત તથા સરકારના નિયમોનુસાર સરળતાથી ચાલી શકે.
- ગુજરાતના વેપારી વર્ગને GST ની ઓનલાઇન કામગીરીમાં પડતી મુશ્કેલીના ઝડપી નિરાકરણ તથા ઓનલાઇન કામગીરીના માર્ગદર્શન માટે Helpdesk માં GST ને ધ્યાને રાખી વધારાના ૬ Helpdesk Agent ની નિંમણૂક કરવામાં આવેલ છે.
- ખાતાના અધિકારી કર્મચારીને મદદરૂપ થઇ શકે તેવા GST ને લગતા DATA જેવાં કે Registration, Return, Payment, Migration વગેરેના Report તૈયાર કરાવી ઓનલાઇન કરેલ છે.
- GST Implementation સમયે ખાતાના અધિકારી/કર્મચારી સરળતાથી કામગીરી કરી શકે તે હેતુથી ખાતામાં ૧૪૫૦ કોમ્પ્યુટર અને ૧૩૫૦ પ્રિન્ટરની ખરીદી કરવામાં આવેલ છે.
- ખાતાના અધિકારી/કર્મચારીની આંતરીક વાતચીત માટે IP Phone Install કરવામાં આવેલ છે. જેમાં IP Phone to IP Phone calling free of cost થાય છે.
- Professional Tax માટે Professional Tax Module બનાવી વેપારી વર્ગને Online Registration, Return, Payment સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.
- GSTની કામગીરી માટે ખાતાના તમામ અધિકારીને DSC સમયમર્યાદામાં અપાયેલ છે.
- GSTની કામગીરી માટે ખાતાના તમામ અધિકારીના login સમયમર્યાદામાં Create કરવામાં આવેલ છે.
- CAG - Para ની સીસ્ટમ મારફત જાળવણી બાબતે CAG મોડ્યુલ softwareને ડેવલપ કરવામાં આવેલ છે.
- ઔધોગીક પ્રોત્સાહનના ભાગરૂપે Textile અને Yarn-entry tax software નું અમલીકરણ થયેલ છે.
- તમામ કરદાતાઓ Online payment ની સુવિધા મેળવી શકે તે બાબતે SBI E-Pay system વિકસાવવામાં આવેલ છે.
- World Bank ના criteria મુજબ Ease of doing business plan 2016-17 મુજબ ગુજરાત અગ્રેસર રહે તે માટેની પરિણામલક્ષી IFP (Investor Facilitation Portal) માં મહત્વની કામગીરી કરેલ છે.
- રાજ્યમાં તા.૦૧/૦૭/૨૦૧૭ થી Goods and Service Tax કાયદાનો અમલ શરૂ થયેલ છે. આ કાયદાના અમલ પહેલા Sales Tax Act, VAT CCT, Central Sales Tax, Motor Spirit Taxatlon Act, Entry Tax, Sugarcan Purchase Tax Act હેઠળના વેરા અંગે જુની બાકી વસુલાત કરવા વેપારી વર્ગને રાહત આપવા તથા

સરકારી વહીવટ ખર્ચમાં ઘટાડો કરવાના હેતુથી ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા તા. ૧૧/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ જીએસટી-જીએસટી-૧૦૨૦૧૯-૧૦૦૬-૬ થી વેરા સમાધાન યોજના - ૨૦૧૯ જાહેર કરેલ છે. આ અંગે અત્રેની શાખા દ્વારા વેરા સમાધાન યોજના નું ઓનલાઈન મોડ્યુલ ડેવલપ કરેલ છે જેનાથી વેપારીશ્રી સરળતાથી તેઓની જુના બાકી વેરા સરળતાથી ભરી શકે છે અને અધિકારીશ્રી તેના ઉપર સરળતાથી મોનીટરીંગ પણ કરી શકે છે.

- Business Intelligence Reports ની કામગીરી અર્થે ખાતા દ્વારા M/S Wipro Ltd ને 5 વર્ષ B. Tools કરવા માટે સરકાર માન્ય પદ્ધતિથી કોન્ટ્રાકટ કરેલ છે. જેમાં Registration Return Refund, Enforcement, E-Way Bill, Appeal, Audit, Recovery Module ના કુલ - ૧૧૬ રિપોર્ટસ ડેવલપ કરવામા આવશે જેમાંથી ૬૦ થી વધુ રિપોર્ટસની કામગીરી પૂર્ણ કરેલી છે જેના દ્વારા જીએસટીને લગતી તમામ કરચોરી શોધી શકાશે અને ખાતાના અધિકારીશ્રીઓને જીએસટી ને લગતી તમામ માહિતી સરળતાથી માહિતી ઉપલબ્ધ થઈ શકે છે.
- રાજ્યવેરા ખાતા દ્વારા અન્ય રાજ્યો પાસેથી મેળવેલ C/F/H ફોર્મસ નું વેરીફિકેશન સરળતાથી થઈ શકે તે માટે statutory Form Verificatlon Module Develop કરવામાં આવેલ છે. આ મોડયુલ દ્વારા અધિકારીઓ તથા વેપારીશ્રીઓને વર્ષ-૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ ના ઓડીટ અસેસમેન્ટ ટાસ્ક માટે ઉપયોગી થયેલ છે.
- રાજ્યવેરા ખાતામાં કાર્યરત તમામ મોબાઈલ સ્કવોડની કામગીરીને સુદઢ બનાવવા માટે મોબાઈલ સર્વેલન્સ સિસ્ટમ બનાવવામાં આવેલ છે. જે અનુસાર દરેક મોબાઈલ સ્કવોડની ગાડી પર કેમેરા લગાડવામાં આવેલ છે. જેનું મોનિટરીંગ રાજ્યકર ભવન ખાતે કાર્યરત કંન્ટ્રોલ રૂમમાંથી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં થનાર કામગીરી

- રાજ્યવેરા ખાતામાં થતી કરચોરીને અટકાવવા અધતન Business Intelligence Tools ને ડેવલપ કરાવવાની કામગીરી કરાવવામાં આવી રહેલ છે.
- મોબાઈલ સ્કવોડની કામગીરીનું અધતન મોનિટરીંગ કરવા સારું Video Wall સિસ્ટમ ડેવલપ કરવાની કામગીરી કરાવવામાં આવી રહેલ છે.
- અધિકારીશ્રીઓને સ્કુટિની અને સ્પોટ વિઝિટના ટાસ્ક Assign કરવા સારું Admin module ડેવલપ કરવાની કામગીરી કરાવવામાં આવી રહેલ છે.
- ખાતાના કર્મચારીઓને Digital signature Certificate ફાળવવા માટે ખરીદી કરવાની કામગીરી કરવામાં આવનાર છે જેના દ્વારા GST તથા VAT ની કામગીરી Paperless થશે.
- GST ACT બાબતે ડેવલપ થનાર Software અંગે રાજ્યના વેપારીશ્રીઓને માહીતી પુરી પાડવાની કામગીરી કરવી. તથા ટ્રેનીંગ અને સેમિનાર યોજવા.
- GST અંતર્ગત રજીસ્ટ્રેશન, રીટર્ન અને પેમેન્ટ વગેરેના Data ની આપ-લે માટે અત્રેના Data Centre થી GSTના Data Centre સુધી કનેક્ટીવીટીની Link તૈયાર કરવી.
- સંદેશાવ્યવહારના અધતન સાધનોથી ખાતાની કચેરીઓને અપગ્રેડ કરવી.

► અપીલ

આ શાખા દ્વારા સમગ્ર રાજ્યની વિવાદ કચેરીઓમા રજુ થતી વિવાદ અરજીઓ અનુસંધાને સરકાર પક્ષે રજુઆત કરવાની કામગીરી તથા પસાર થયેલ વિવાદ અરજી આદેશોમા ક્ષતી જણાય તો આદેશની ફેર તપાસ ની કામગીરી કરવામાં આવે છે. તેમજ પેડીંગ વિવાદ અરજીઓના નિકાલ / નિયંત્રણ માટે સમયાંતરે વિવાદ અધિકારીઓ સાથે બેઠકોનું આયોજન માન. આયુક્તશ્રી, તથા માન. અધિક કમિશ્નરશ્રીના અધ્યક્ષસ્થાને કરવામાં આવે છે. વિવાદને લગતી કામગીરી સંદર્ભે માન. મુખ્ય રાજ્ય વેરા કમિ.શ્રી ની મંજુરી મેળવી જરૂરી પરીપત્રો પાઠવવામાં આવે છે. વિવાદ કેસો ની ઝડપી નિકાલ બાબતે વિવાદ કેસોની ફાળવણી અન્ય અધિકારીઓને કરવામાં આવે છે.

અત્રેની કચેરીનું મંજુર મહેકમ નીચે દર્શાવ્યા મુજબ છે.

ક્રમ નં	હોદ્દો	સંખ્યા
૧	સંયુક્ત રાજ્ય વેરા કમિશ્નરશ્રી.	૦૧
૨	સહાયક રાજ્ય વેરા કમિશ્નરશ્રી.	૦૧

INDEX

૩	રાજ્ય વેરા અધિકારીશ્રી.	૦૪
૪	રાજ્ય વેરા નિરીક્ષક શ્રી.	૦૫
૫	ગુજરાતી સ્ટેનો ગ્રેડ- ૨	૦૧
૬	સિનિયર ક્લાર્કશ્રી.	૦૧
૭	જુનિયર કલાર્કશ્રી.	૦૧
૮	પટ્ટાવાળાશ્રી.	૦૧

તદનુસાર આ શાખા દ્વારા સં.રા.વે.કમિ.શ્રી, વિવાદ અમદાવાદ, રાજકોટ-૧, રાજકોટ-૨, સુરત અને વડોદરા તથા નાયબ.રા.વે.કમિ.શ્રી વિવાદ ૧ થી ૧૧ દ્વારા પસાર કરવામાં આવનાર વિવાદ આદેશો કે, જેમા ₹ ૫૦ લાખથી વધુની રાહત ઉપસ્થિત થતી હોય તેવા કેસોમાં સરકાર પક્ષે કરવાની રજુઆત આપવાની રહે છે, અને નાયબ.રા.વે.કમિ.શ્રી વિવાદ ૧ થી ૧૧ દ્વારા પસાર કરવામાં આવનાર વિવાદ આદેશો કે, જેમા ₹ ૧૦ લાખથી વધુ અને ₹ ૫૦ લાખથી ઓછી રાહત ઉપસ્થિત થતી હોય, તેવા કેસોમા સંયુક્ત રાજ્ય વેરા કમિશ્નરશ્રી દ્વારા સરકાર પક્ષે કરવાની રજુઆત આપવાની રહે છે. વિવાદ આદેશોમા ક્ષતી નિવારવા કલમ-૭૫ હેઠળ ની ફેર તપાસ ની કાર્યવાહી કરવામાં આવે છે.

ક્રમ નં	**મુખ્ય વિષય કામગીરી**	**મુખ્ય વિષય કામગીરીના પેટા વિષય**
૧	સરકાર પક્ષે રજુઆત માટે સરકારી પ્રતિનિધિ સેલ	સમગ્ર રાજ્યની વિવાદ કચેરીઓમાં થતી વિવાદ અરજીઓ પૈકી જેમા ₹ ૫૦ લાખથી વધુની રાહત ઉપસ્થીત થનાર કેસોમાં આકારણી કે વિવાદ દફતર ચકાસી વિવાદને હકીકત ધ્યાને લેવા સરકાર પક્ષે રજુઆત કરવામાં આવે છે. તથા નાયબ રાજ્ય વેરા કમિ.શ્રી વિવાદ ૧ થી ૧૧ દ્વારા પસાર કરવામાં આવનાર વિવાદ આદેશો કે જેમા ₹ ૧૦ લાખથી વધુ અને ₹ ૫૦ લાખથી ઓછી રાહત ઉપસ્થિત થતી હોય તેવા કેસોમા સંયુક્ત રાજ્ય વેરા કમિશ્નરશ્રી કક્ષાએ સરકાર પક્ષે કરવાની રજુઆત આપવાની છે.
૨	ફેર તપાસ	સં. રા. વે. કમિશ્રી. દ્વારા પસાર કરવામાં આવેલ વિવાદ આદેશોમાં કોઇ ક્ષતિ માલૂમ પડે તો, સંબધિત દફતર મંગાવીને ફેર તપાસની કાર્યવાહી કરવામાં આવે છે.
૩	વડી કચેરી શાખા તરીકે નિયંત્રણ ની કામગીરી	સમગ્ર રાજ્યની વિવાદ અરજીઓ બાબતે વકીલ મંડળો, બાર એસોસીયેશન તથા અન્ય વેપારીશ્રીઓ દ્વારા માન. રા.વે.કમિ.શ્રીને સંબોધીને કરવામાં આવતી રજુઆતો પરત્વે નોંધ મુકવાની, પ્રત્યુત્તર પાઠવવાના તથા સંબધીત અધિકારીશ્રીને જરૂરી સુચનાઓ આપવાની કામગીરી. વધુમાં (૧) માસિક ડાયરી એકત્રીકરણ કરી માન. રાજ્ય વેરા કમિ.શ્રી સુધી સમયાંતરે વિવાદ બેઠકો યોજવા માટે ડાયરી સાદર કરવા ની કામગીરી. (૨) R.T.I. ની અરજીઓ અંગેની કામગીરી તેમજ અન્ય પરચુરણ કામગીરી.
૪	એન્ટી પ્રોફીટીયરીંગની કામગીરીએ	જી.એસ.ટી. કાયદાની કલમ -૧૭૧ હેઠળની એંટી પ્રોફીટીયરીંગ ઓથોરીટી ને લગતી કામગીરી. (૧) ઉક્ત જોગવાઇ મુજબ આવતી ફરીયાદો અંગે રાજ્ય કક્ષાએ એક સ્ક્રીનીંગ કમીટી ની રચના કરવામાં આવેલ છે. જેમા હોદ્દાની રૂએ S.G.S.T. ના અધિક કમિ.શ્રી અને C.G.S.T. ના અધિક કમિ.શ્રી મેમ્બર તરીકે હોય છે. જે ફરીયાદો અંગે પ્રાથમિક અવલોકન કરે છે. (૨) આ કમિટી માટે અત્રેની શાખા એક સચિવાલય તરીકે કામગીરી કરે છે. વધુમા આ કમિટીના નોડલ ઓફીસર તરીકે અત્રેની શાખાના સં.રા.વે.કમિ.શ્રી, વિવાદને નિમવામા આવેલ છે. (૩) દર માસે આવતી ફરીયાદો ની પ્રાથમિક ચકાસણી કરવાની અને તે અંગે મિટીંગનું આયોજન કરવાનું તથા તેમા લેવાયેલ નિર્ણયની જાણ નેશનલ એંટી પ્રોફીટીયરીંગ ઓથોરીટી કરવામાં આવે છે. વધુમાં માસના અંતે માસિક અને ત્રણ માસના અંતે ત્રીમાસિક પત્રકો મોકલવામાં આવે છે. (૪) નેશનલ એંટી પ્રોફીટીયરીંગ ઓથોરીટી દ્વારા પસાર કરવામાં આવતા આદેશો મુજબ ગુજરાતના કંઝ્યુમર વેલફેર ફંડમાં જે રકમ જમા કરાવવાની થાય તે અંગેની જે-તે ઘટક કચેરીએથી નાણાં ભરાય તે અંગેની પત્ર વ્યવહાર વિગેરે ની કામગીરી પણ કરવામાં આવે છે.

INDEX

► ઓડીટ

- એ.જી. ઓડીટ દ્વારા મહેસુલી આવકને લગતું ઓડીટ કરવામાં આવે છે. તેમજ વહીવટી કામગીરીને લગતું રીવ્યુ ઓડીટ કરવામાં આવે છે.
- લોકલ ઓડીટ પૈકી જે મુદ્દા એ.જી.ઓડીટ દ્વારા બંધ ન ગણવામાં આવે તેવા કેસ પ્રોપોઝ ડ્રાફ્ટપેરા (PDP) માં રૂપાંતર થાય છે. જે ફેકચ્યુઅલ નોટ (F.N.) કહેવાય છે. જે ખુલાસા સંબંધિત આકારણી કચેરીએથી યોગ્ય પંથ દ્વારા અત્રે આવે છે. જેનો અત્રેથી એ.જી.ને અહેવાલ કરવામાં આવે છે.
- તે પૈકી મહત્વના પેરાનો ડ્રાફ્ટપેરામાં રૂપાંતર થાય છે જેનો અહેવાલ ફરી નાણાં વિભાગને પાઠવવામાં આવે છે
- ત્યાર બાદ ડ્રાફ્ટપેરાનું ઓડીટ રીપોર્ટમાં રૂપાંતર થાય છે. જે વિધાનસભા સમક્ષ મુકાય છે. અને તે ઓડીટ રીપોર્ટમાં દર્શાવેલ પેરાઓની અત્રેથી ખુલાસા નોંધ તૈયાર કરી નાણાં વિભાગ મારફતે એ.જી.ઓડીટને પાઠવવામાં આવે છે. જેમાં એ.જી. દ્વારા ઉપસ્થિત રીમાર્ક્સ અંગે વધારાની ખુલાસા નોંધ તૈયાર કરી સમગ્ર અહેવાલ પબ્લીક એકાઉન્ટ કમીટી (PAC) સમક્ષ રજુ થાય છે અને PAC ની મીનીટસ અનુસંધાને જરૂરી કાર્યવાહી અત્રે હાથ ધરવામાં આવે છે.
- I.R.Para ના ત્વરીત નિકાલ માટે એ.જી.કચેરી અને અત્રેના વિભાગીય કચેરીઓનાં પરામર્શમાં રહી ACM (ઓડીટ કમીટી મીટીંગ) નું આયોજન કરવામાં આવે છે.
- GR CELL ની કામગીરીમાં આખા રાજ્યમાં ૧ કરોડથી ૧૦ કરોડ સુધીનું આકારણી અન્વયે માંગણુ ઉપસ્થિત થતુ હોય તેવા કેસોનું સરકારી પ્રતિનિધિ સેલ તેમજ ૧૦ કરોડની વધારે આકારણી દરમિયાન માંગણુ ઉપસ્થિત થતુ હોય તેવા કેસોનુ સરકારી પ્રતિનિધિ સેલ એવા બે સરકારી પ્રતિનિધિ સેલની કામગીરી અત્રેથી કરવામાં આવે છે.

૨૦૨૧-૨૨ માં શાખા દ્વારા કરવામાં આવેલ કામગીરી :

- એ.આર.૨૦૧૪-૧૫માં ૧૦૪ કેસોની વિસ્તૃત ખુલાસા નોંધો નાણાં વિભાગને પાઠવેલ છે.
- એ.આર.૨૦૧૫-૧૬માં કુલ ૨૫ કેસોની ખુલાસા નોંધો તૈયાર કરી નાણાં વિભાગને પાઠવેલ છે.
- એ.આર.૨૦૧૭-૧૮માં કુલ ૧૫ કેસોની ખુલાસા નોંધો તૈયાર કરી નાણાં વિભાગને પાઠવેલ છે.
- એ.આર. ૨૦૧૮-૧૯ માં ૧૩ કેસોની ખુલાસા નોંધો તૈયાર કરી નાણાં વિભાગને પાઠવેલ છે.
- R.T.I. ની કામગીરીમાં કુલ ૦૨ અરજીઓ આવેલ જે તમામ અરજીઓનો નિકાલ કરેલ છે.
- એ.આર.૨૦૧૪-૧૫ થી ૨૦૧૮-૧૯ના ઓડીટ પેરાના વિભાગકક્ષાએથી પૂર્તતા અહેવાલ મેળવવાની કામગીરી કરેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કુલ-૫૦ પી.ડી.પીના અહેવાલ એ.જી.શ્રીને પાઠવવામાં આવેલ છે.
- GST Act અન્વયે ઓડીટ પ્લાન મંજુર સમિતિ દ્વારા કુલ-૯૫ ઓડીટ પ્લાન મંજુર કરવાની કામગીરી અત્રેથી કરવામાં આવેલ છે.
- GST Act અન્વયે ડ્રાફ્ટ ઓડીટ રીપોર્ટ મંજુર સમિતિ દ્વારા કુલ-૪ ઓડીટ રીપોર્ટ મંજુર કરવાની કામગીરી અત્રેથી કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં થનાર કામગીરી :

- ઓડીટ રીપોર્ટ ૨૦૦૮-૦૯ ની જાહેર હિસાબ સમિતિની બેઠક ટુંક સમયમાં યોજાનાર હોઇ, તે અંગેની કામગીરી.
- બાકી IR PARA ના નિકાલ અંગે વિભાગીય કક્ષાઓની ઓડીટ કમિટિ મીટીંગની કામગીરી.
- ઓડીટ રીપોર્ટ ૨૦૧૪-૧૫ માં સમાવિષ્ટ બાકી રેગ્યુલર પેરા તથા રીવ્યુપેરાના કેસોની ખુલાસા નોંધ તથા વધારાની ખુલાસાનોંધ તૈયાર કરવાની કામગીરી
- ઓડીટ વર્ષ ૨૦૧૫-૧૬ માં સમાવિષ્ટ પેરાના બાકી કેસોની ખુલાસા નોંધ તૈયાર કરવાની કામગીરી.
- ઓડીટ વર્ષ ૨૦૧૬-૧૭ માં સમાવિષ્ટ પેરાના બાકી કેસોની ખુલાસા નોંધ તૈયાર કરવાની કામગીરી.
- ઓડીટ વર્ષ ૨૦૧૭-૧૮ માં સમાવિષ્ટ પેરાના બાકી કેસોની ખુલાસા નોંધ તૈયાર કરવાની કામગીરી.
- ઓડીટ વર્ષ ૨૦૧૮-૧૯ માં સમાવિષ્ટ પેરાના બાકી કેસોની ખુલાસા નોંધ તૈયાર કરવાની કામગીરી.
- ઓડીટ વર્ષ ૨૦૧૯-૨૦ના પી.ડી.પી/ડી.પી. ના અહેવાલ એ.જી.શ્રીને પાઠવવાની કામગીરી.
- ઓડીટ વર્ષ ૨૦૨૦-૨૧ ના પી.ડી.પી/ડી.પી. ના અહેવાલ એ.જી.શ્રીને પાઠવવાની કામગીરી.
- આ ઉપરાંત માનનીય કમિશ્નરશ્રી દ્વારા આપવામાં આવે તે વધારાની કામગીરી કરવામાં આવે છે.

INDEX

► **અન્વેષણ :**

- કરચોરીને નિયંત્રિત કરવા અન્વેષણએ GST (GOODS & SERVICES TAX) કાયદા અન્વયે એક મહત્વની કામગીરી છે.
- રાજ્યમાં તારીખ ૦૧/૦૭/૨૦૧૭ થી ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ-૨૦૧૭નો અમલ થયેલ છે. સદર અધિનિયમની જોગવાઈઓ અનુસાર કરચોરીની પ્રવૃતિને ડામવા માટે અન્વેષણની કામગીરી કરવામાં આવે છે.
- રાજ્ય કર વિભાગને કરચોરી અંગેની ફરીયાદો સામાન્ય રીતે મળે છે, આવી ફરીયાદ અરજીઓમાં કેટલાક કેસોમાં કરચોરીની વિગતવાર માહિતી અને પુરાવાઓ પણ આપવામાં આવે છે. આવી ફરીયાદ અરજીઓની ચકાસણી ઓનલાઈન ભરેલ પત્રકો તેમજ ઈન્ટરનેટના માધ્યમનો ઉપયોગ કરી સંશોધનની કાર્યવાહી કરવામાં આવે છે.
- સંશોધનમાંથી મળેલ ઈનપુટના આધારે જે કેસોમાં વિસંગતતા જણાય તેવા કેસોમાં અન્વેષણાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- સરકારી વેરાની વસુલાત માટે બેંક ટાંચ, સ્ટોક ટાંચ, મિલકત ટાંચ તેમજ ITC BLOCKAGE અને તેને આનુષંગિક કાર્યવાહી તેમજ દંડકીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે છે.
- વધુમાં CGST અધિનિયમમાં વેપારીઓએ કરેલ ગુનાઓ શોધી તે અંગે ધરપકડ અને પ્રોસીક્યુશનની કાર્યવાહી પણ કરવામાં આવે છે.

► **તાબા હેઠળની કચેરીઓ તથા તેની કામગીરીની વિગત :**

- હાલમાં, સમગ્ર રાજ્યમાં, મુખ્ય રાજ્ય વેરા કમિશ્નર, ખાસ રાજ્ય વેરા કમિશ્નર તથા અધિક રાજ્યવેરા કમિશ્નર (અન્વેષણ) ગુજરાત રાજ્ય, અમદાવાદના માર્ગદર્શન હેઠળ, રાજ્યના વિભાગ ૧ તથા ૨ અમદાવાદ, વિભાગ-૩ ગાંધીનગર, વિભાગ-૪ મહેસાણા, વિભાગ-૫ તથા ૬ વડોદરા, વિભાગ-૭ તથા ૮ સુરત, વિભાગ-૯ ભાવનગર, વિભાગ-૧૦ રાજકોટ, ૧૧ જુનાગઢ અને વિભાગ-૧૨ ગાંધીધામ ના સંયુકત રાજ્ય વેરા કમિશ્નર, સંયુકત રાજ્ય વેરા કમિશ્નર (અન્વેષણ) ગુજરાત રાજ્ય, અમદાવાદ, વિભાગીય નાયબ રાજ્ય વેરા કમિશ્નર (અન્વેષણ); નાયબ રાજ્ય વેરા કમિશ્નર (અન્વેષણ-સંકલન) ગુજરાત રાજ્ય, અમદાવાદ, નાયબ રાજ્ય વેરા કમિશ્નર (અન્વેષણ-સંશોધન) ગુજરાત રાજ્ય, અમદાવાદ, નાયબ રાજ્ય વેરા કમિશ્નર (મોબાઈલ સ્કવોડ) ગુજરાત રાજ્ય, અમદાવાદ તબક્કેથી કરચોરી શોધવાની અને તે સંદર્ભે જરૂરી પગલા લેવા અંગેની કામગીરી થાય છે.

વર્ષ ૨૦૨૧/૨૨ માં થયેલ કામગીરીની વિગત :

- વર્ષ ૨૦૨૧/૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી) દરમ્યાન કરચોરી નાથવા તેમજ કરચોરીના કૌભાંડમાં સંડોવાયેલ મુખ્ય સુત્રધારોને કાયદાકીય રીતે યોગ્ય શિક્ષા થાય તે અર્થે અન્વેષણાત્મક કાર્યવાહીના ભાગરુપે કુલ ૫૦૧ કેસોમાં તપાસોની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન કુલ ₹ ૬૪ કરોડની વસુલાત વિભાગ દ્વારા કરવામાં આવેલ છે અને કરચોરીના ગુનામાં કુલ ૧૭ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે.
- ચાલુ વર્ષ (૨૦૨૧-૨૨) દરમ્યાન ભાવનગર ખાતે જુદા જુદા તબક્કામાં કુલ ૩૯૨ બોગસ રજીસ્ટ્રેશન નંબર શોધી આવા નોધણી નંબર રદ કરવાની કાર્યવાહી કરેલ છે.
- વર્ષ ૨૦૨૧/૨૨ ભાવનગર ખાતે સ્ક્રેપ-કોપરના બોગસ બિલિંગમાં સંડોવાયેલ ૧૧ ઈસમોની ધરપકડ કરેલ છે અને તેઓના દ્વારા પાસઓન કરવામાં આવેલ વેરાશાખ ₹ ૮૫૧ કરોડની વસુલાતની કાર્યવાહી હાથ ધરેલ છે.
- ચાલુ વર્ષ (૨૦૨૧-૨૨) દરમ્યાન મોટા ઉત્પાદક યુનિટો જેવા કે માધવ કોપર લી-ભાવનગર, કોઠી સ્ટીલ-ગોધરા તેમજ ઉત્કર્ષ ઈસ્પાત-રાજકોટ જેવા યુનિટો દ્વારા પણ ખોટી વેરાશાખ મેળવવામાં આવેલ હોય તેઓના ત્યાં સ્થળતપાસની કાર્યવાહી હાથ ધરી વેરાકીય હીતને ધ્યાને રાખી ₹ ૧૩૦ કરોડથી વધુની કામચલાઉ ટાંચ મુકેલ છે.
- ચાલુ વર્ષ (૨૦૨૧-૨૨) દરમ્યાન વિભાગ દ્વારા દ્વારકા ખાતે હોટલ સેકટર, સુરત ખાતે ફર્નિચર તેમજ સ્થાનિક કક્ષાએ જુદી જુદી કમોડીટી માં કાર્યવાહી હાથ ધરી સ્થળ પર જ ₹ ૧૧ કરોડની વસુલાત કરવામાં આવેલ છે.
- ડિસેમ્બર-૨૦૨૧ માં વિભાગ દ્વારા ખોટી વેરાશાખ મેળવી એક્સપોર્ટ દર્શાવી રીફંડ મેળવવાના ષડયંત્રમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. આ આરોપી દ્વારા ₹ ૪૨.૫૩ કરોડની ખોટી વેરા શાખ મેળવી ₹ ૨૯.૦૭ કરોડનું ખોટુ રીફંડ મેળવવામાં આવેલ છે. આ પ્રકરણમાં વધુ તપાસ ચાલુમાં છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં હાથ ધરાનારી પ્રવૃત્તિઓ :

- આગામી વર્ષ (૨૦૨૨-૨૩)માં કરચોરી કરનારા એકમો/વ્યકતિઓ તેમજ મુખ્ય સુત્રધારોને શોધી યોગ્ય દંડકીય કાર્યવાહી કરી કરચોરી નિયંત્રણ કરવાની કામગીરી કામગીરી કરવામાં આવશે.

INDEX

- આગામી વર્ષમાં(૨૦૨૨-૨૩) ખોટી વેરાશાખ મેળવનારા વેપારીઓ પાસેથી નોટીસ આપી વસુલાતની કામગીરી કરવામાં આવશે.
- આગામી વર્ષમાં(૨૦૨૨-૨૩) સંવેદનશીલ કમોડીટી તેમજ એકમોમાં તપાસોની કાર્યવાહી સંશોધનના આધારે હાથ ધરવામા આવશે.
- અગાઉના વર્ષમાં જપ્ત કરાયેલા કેસો, આરોપીઓ દ્વારા ઓપરેટ થયેલ બોગસ પેઢીઓ તેમજ નોટીસ આપેલ કેસોમાં વસુલાત ના થયેલ હોય તેવા કેસોમાં એડજ્યુડીકેશનની કાર્યવાહી કરવામાં આવશે.
- કન્ટ્રોલ-રૂમ દ્વારા મળેલ ઈનપુટના આધારે ત્વરીત અન્વેષણાત્મક કાર્યવાહી કરવામા આવશે.

મોબાઈલ સ્ક્વોડની વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષ દરમ્યાન સાધેલ પ્રગતિની વિગત

(એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી)

૧. ગુજરાત રાજ્યમાં કુલ ૩૯ મોબાઈલ સ્ક્વોડ ટીમ કાર્યરત છે જે પૈકી સેન્ટ્રલ મોબાઈલ સ્ક્વોડની ત્રણ ટીમ હેડ કવાર્ટર ખાતેના કન્ટ્રોલરૂમમાં ફરજ બજાવે છે.

૨. મોબાઈલ સ્ક્વોડ દ્વારા જી.એસ.ટી. કાયદા હેઠળ ઈ-વે-બીલના અમલીકરણ સંબધી કામગીરી કરવામાં આવે છે. અને જે કેસોમાં ઈ-વે-બીલની જોગવાઈનો ભંગ થાય તેમાં દંડકીય કાર્યવાહી કરવામાં આવે છે સને ૨૦૨૧-૨૨ (એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી) દરમ્યાન ગુજરાત રાજ્યની મોબાઈલ સ્ક્વોડ દ્વારા કુલ:૪૪૦૦ વાહનોની અટકાયત કરી ₹ ૧૩૭.૦૪ કરોડ ની વસુલાત કરેલ છે.

૩. સ્ટેટ કન્ટ્રોલરૂમ માંથી ઈ-વે-બીલ સિસ્ટમના રીપોર્ટને આધારે મોબાઈલ સ્ક્વોડને શંકાસ્પદ માલ વાહનના એલર્ટ આપવાની કામગીરી થાય છે.

૪. સને ૨૦૨૧-૨૨ (એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી) દરમ્યાન ગુજરાત રાજ્યમાં કુલ : ૬,૮૨,૩૦,૨૩૩ ઈ-વે-બીલ જનરેટ થયેલ છે.

૫. સને ૨૦૨૧-૨૨ (એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી) દરમ્યાન ગુજરાત રાજ્યમાં કુલ : ૩૯,૩૫,૩૭૭ ઈ-વે-બીલનું વેરીફિકેશન કરવામાં આવેલ છે.

૬. સને ૨૦૨૧-૨૨ (એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી) માં ઈન્ટરસ્ટેટ ઈ-વે-બીલ જનરેશનમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.

૭. સને ૨૦૨૧-૨૨ (એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી) માં કુલ ઈ-વે-બીલ જનરેશનમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા સ્થાને છે.

૮. સને ૨૦૨૧-૨૨ (એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી) માં કુલ ઈ-વે-બીલ વેરીફિકેશનમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા સ્થાને છે.

► નિરીક્ષણ

- રાજ્યવેરા ખાતાના સરળ અને કાર્યક્ષમ વહીવટ સારૂ જરૂરી સુચનાઓ અને કાર્યપદ્ધતિ નક્કી કરી તાબાની કચેરીઓને આપેલ કાર્યપદ્ધતિથી સમયમર્યાદામાં અને કામનો નિકાલ યોગ્ય રીતે કરાવે છે કે કેમ? તેની ખાતરી કરવા રાજ્ય કક્ષાએથી રાજ્યવેરા કમિશ્નરશ્રીની કચેરી, વિભાગીય કક્ષાએથી સંયુક્ત રાજ્યવેરા કમિશ્નરશ્રી, તથા વર્તુળ કક્ષાએ નાયબ રાજ્યવેરા કમિશ્નરશ્રીની કચેરીઓ દ્વારા સંબંધિત ઘટકો તથા વહીવટી કચેરીઓના નિરીક્ષણ કાર્યક્રમ નક્કી કર્યા બાદ કાર્યક્રમ મુજબ નિરીક્ષણ હાથ ધરવામાં આવે છે. તેમજ આકસ્મીક ચકાસણી પણ ઉચ્ચ અધિકારી દ્વારા સમયાંતરે કરવામાં આવે છે.
- માહિતી મેળવવાનાં અધિકાર બાબતના અધિનિયમનો હેતુ વહીવટમાં પારદર્શકતા લાવવાનો છે. સદર અધિનિયમ સમગ્ર ગુજરાતમાં અમલી બનાવવામાં આવેલ હોઈ અત્રેથી રાજ્યવેરા ખાતામાં કુલ ૧૫૫ જાહેર માહિતી અધિકારીઓ તથા ૧૩૪ મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ તેમજ ૩૫ અપીલ અધિકારીઓની નિમણુક કરેલ છે.
- ૧૫૫ જાહેર માહિતી અધિકારીઓના વાર્ષિક પત્રકો ઓનલાઈન કરાવવાની તથા પ્રો એક્ટીવ ડિસ્ક્લોઝર તૈયાર કરવાની કામગીરી કરવામાં આવે છે.

- **હિસાબ**
- **આવક અને ખર્ચ**

પ્રાપ્ત થયેલ આવક વેચાણવેરા/વેટ/જીએસટી (₹ કરોડમાં)

વર્ષ	વેચાણવેરા/વેટ/ જીએસટી	વ્યવસાય વેરો	સુખ સુવિધા	કુલ
૨૦૧૬/૧૭	૪૬૩૧૩.૭૭	૨૪૦.૯૩	--	૪૬૫૫૪.૭૦
૨૦૧૭/૧૮	૫૪૫૭૬.૮૨	૨૫૧.૫૩	--	૫૪૮૨૮.૩૫
૨૦૧૮/૧૯	૬૩૪૫૧.૮૯	૨૫૨.૩૩	--	૬૩૭૦૪.૨૨
૨૦૧૯/૨૦	૬૫૮૨૪.૮૭	૨૫૮.૯૧	--	૬૬૦૮૩.૭૮
૨૦૨૦/૨૧	૬૦૭૩૯.૩૮	૨૪૯.૪૯	--	૬૦૯૮૮.૮૭
૨૦૨૧/૨૨ માહે. એપ્રિલ-૨૧ થી નવેમ્બર-૨૧ સુધીનું એ.જી.રિકન્સીલેશન થયા સિવાયની આવક	૪૯૯૨૦.૪૯	૧૬૯.૦૪	--	૫૦૦૮૯.૫૩

રાજ્યની વેટ/વેચાણવેરા/જીએસટીની છેલ્લા પાંચ વર્ષની આવકની વિગતો નીચે પ્રમાણે છે.(₹ કરોડમાં)

ક્રમ	વર્ષ	રકમ (₹ કરોડમાં) વેટ/વેચાણવેરો/જીએસટી	વૃધ્ધિ દર
૧	૨૦૧૬/૧૭	૪૬૩૧૩.૭૭	૫.૦૪%
૨	૨૦૧૭/૧૮	૫૪૫૭૬.૮૨	૧૭.૮૪%
૩	૨૦૧૮/૧૯	૬૩૪૫૧.૮૯	૧૬.૨૬%
૪	૨૦૧૯/૨૦	૬૫૮૨૪.૮૭	૩.૭૪%
૫	૨૦૨૦/૨૧	૬૦૭૩૯.૩૮	-૭.૭૩%
૬	૨૦૨૧/૨૨ માહે. એપ્રિલ-૨૧ થી નવેમ્બર-૨૧ સુધીનું એ.જી. રિકન્સીલેશન થયા સિવાયની	૪૯૯૨૦.૪૯	-૧૭.૮૧%

સને ૨૦૧૯-૨૦ ના વર્ષની રાજ્ય વેરાની આવકમાં વૃધ્ધિદરની સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં રાજ્ય વેરાની આવકના વૃધ્ધિદરમાં લગભગ -૭.૭૩% જેટલો ઘટાડો થયેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ નો આવકનો લક્ષ્યાંક - ૯૦૭૫૩.૩૭ કરોડ છે.

થયેલ ખર્ચ ₹ કરોડમાં

વર્ષ	૨૦૪૩.૦૦૧	૨૦૪૩.૧૦૧	૩૪૭૫	કુલ
૨૦૧૬/૧૭	૧૯.૫૪	૨૧૪.૩૮	૦.૫૧	૨૩૪.૪૩
૨૦૧૭/૧૮	૨૩.૪૨	૨૪૯.૧૩	૦.૩૯	૨૭૨.૯૪
૨૦૧૮/૧૯	૨૨.૫૬	૨૩૮.૮૨	૦.૪૨	૨૬૧.૮૦
૨૦૧૯/૨૦	૨૪.૧૬	૨૧૦.૧૩	૦.૫૧	૨૩૪.૮૦
૨૦૨૦/૨૧	૨૫.૩૭	૨૩૨.૬૨	૦.૩૨	૨૫૮.૩૧
૨૦૨૧/૨૨ માહે. એપ્રિલ-૨૧ થી નવેમ્બર-૨૧ સુધીનું એ.જી. રિકન્સીલેશન થયા સિવાયનો ખર્ચ	૧૮.૫૫	૧૫૦.૭૪	૦.૨૩	૧૬૯.૫૨

INDEX

ખર્ચ/આવક સામે રેશિયો ₹ કરોડમાં

વર્ષ	આવક	ખર્ચ	ટકાવારી
૨૦૧૬/૧૭	૪૬૩૧૩.૭૭	૨૩૪.૪૩	૦.૫૧%
૨૦૧૭/૧૮	૫૪૫૭૬.૮૨	૨૭૨.૯૪	૦.૫૦%
૨૦૧૮/૧૯	૬૩૪૫૧.૮૯	૨૬૧.૮૦	૦.૪૧%
૨૦૧૯/૨૦	૬૫૮૨૪.૮૭	૨૩૪.૮૦	૦.૩૬%
૨૦૨૦/૨૧	૬૦૭૩૯.૩૮	૨૫૮.૩૧	૦.૪૩%
૨૦૨૧/૨૨ માહે. એપ્રિલ-૨૧ થી નવેમ્બર-૨૧ સુધીનું એ.જી. રિકન્સીલેશન થયા સિવાયની	૪૯૯૨૦.૪૯	૧૬૯.૫૨	૦.૪૦%

► તાલીમ

વર્ષ ૨૦૨૨-૨૩ માં અત્રેની તાલીમ સંસ્થા દ્વારા નીચે પ્રમાણેની વિવિધ તાલીમો અને ખાતાકીય પરીક્ષાઓ યોજવાનું નક્કી કરેલ છે.

૧. સીધી ભરતીથી નિમાયેલ સહાયક રાજ્યવેરા કમિશ્નરશ્રી/ રાજ્યવેરા અધિકારીશ્રી તેમજ રાજ્યવેરા નિરીક્ષકશ્રીને પૂર્વસેવા તાલીમ આપવી.

૨. ખાતાના દરેક જુનિયર કારકુન/સિનિયર કારકુન, નીરીક્ષક તથા રાજ્યવેરા અધિકારીને તથા સહાયક રાજ્યવેરા કમિશ્નરશ્રીને જીએસટી કાયદા/નિયમોની રીફ્રેશર તાલીમો આપવી.

૩. ખાતામાં અપનાવેલ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન ને અનુરૂપ E-Governance ની તાલીમો દરેક સંવર્ગને આપવી.

૪. માહિતી અધિકાર અધિનિયમ હેઠળની તાલીમો ખાતાના દરેક જાહેર માહિતી અધિકારીને આપવી, તેમજ નવા સુધારા તથા અગત્યના ચુકાદાઓની જાણકારી આપવી.

૫. હિસાબ/મહેકમ ની કામગીરીને લગતી ખાસ પ્રકારની તાલીમો આપવી.

૬. સ્ટ્રેસ મેનેજમેન્ટ, મોટીવેશન, ટાઈમ મેનેજમેન્ટ જેવા વિષયો પર વિષય નિષ્ણાંત દ્વારા તાલીમો આપવી.

૭. વિવિધ સંવર્ગની પુર્વસેવા તાલીમાંત પરીક્ષા અને ખાતાકીય પરીક્ષાઓ યોજવી.

૮. સરકારી ખરીદ પદ્ધતિ તથા GEM (Govt. E-Market) દ્વારા ખરીદી વિગેરે બાબતની ખાસ તાલીમો આપવી.

૯. જમીન મહેસુલ અન્વયે વસુલાત તથા હરાજીની પ્રક્રિયાની ખાસ તાલીમો આપવી.

૧૦. જીએસસટીના અમલીકરણ બાદ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું કાર્યક્ષેત્ર સમાન થતાં, કેન્દ્ર સરકારના ટ્રેનીંગ સેન્ટર NACIN સાથે પરામર્શ કરી તાલીમનું આયોજન કરવું.

Details of Training During 01/04/2021 to 31/03/2022

Sr. No.	From	To	Training Name	Days	No. of Participants
1	4/8/2021	4/9/2021	GST Audit	2	54
2	4/15/2021	4/15/2021	Course on Services	1	40
3	5/6/2021	5/7/2021	GST Audit	2	59
4	5/12/2021	5/12/2021	Refresher Course on GST	1	45
5	6/14/2021	6/15/2021	Course on GST Audit	2	28
6	6/23/2021	6/23/2021	Course on Services	1	45
7	7/8/2021	7/9/2021	Workshop on Disaster	2	58
8	7/12/2021	7/13/2021	Course on GST Audit	2	63

INDEX

9	7/19/2021	7/19/2021	Course on (1) Accomodation (2) Food And Beverage Services	1	88
10	8/9/2021	8/10/2021	GST Refreshar	4	84
11	8/25/2021	8/28/2021	GST Refreshar	4	85
12	9/13/2021	9/14/2021	GST Audit	2	85
13	9/22/2021	9/22/2021	Course on Online Imformation Data Base Access and Retrival	1	49
14	9/22/2021	9/25/2021	GST Refreshar	4	85
15	9/27/2021	9/27/2021	Course on Health Services	1	71
16	9/28/2021	9/28/2021	Workshop on Latest Modus Operandi	1	65
17	10/8/2021	10/8/2021	Course on Services-Trust and Charitable Organisation	1	74
18	10/25/2021	10/25/2021	Course on Online Information Database Access and Retrival	1	49
19	10/28/2021	10/29/2021	Course on GST Audit	2	71
20	11/18/2021	11/18/2021	Course on GST on Educational Services	1	70
21	11/22/2021	11/24/2021	Course on GST Audit	3	50
22	11/29/2021	11/29/2021	Course on GST on Educational Services	1	65
23	12/22/2021	12/22/2021	Course on Agency Services	1	48
24	12/27/2021	12/27/2021	Course on Input Tax Credit	1	53
25	12/29/2021	12/29/2021	Course on Mining Services	1	54
26	1/5/2022	1/5/2022	Course on Insolvency & Bankruptcy	1	55
27	1/7/2022	1/7/2022	Course on Export Fraud	1	50
28	1/11/2022	1/12/2022	Course on GST Audit	2	52
			Total	**47**	**1695**

ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રીબ્યુનલ

સને ૧૯૬૯ના વેચાણવેરા અધિનિયમની કલમ-૨૮ હેઠળ રાજ્ય વેચાણવેરા ટ્રીબ્યુનલની રચના કરવામાં આવી છે. તા.૧/૪/૨૦૦૬થી ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદો અમલમાં આવતા ગુજરાત વેટ ટ્રીબ્યુનલ નામાભિધાન થતા હાલ વેટ ટ્રીબ્યુનલ કાર્યરત છે. જે વેટ કાયદા હેઠળ હાએસ્ટ ફોરમ છે અને તે અમદાવાદ ખાતે સ્થિત છે.

આ ટ્રીબ્યુનલનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાતને આવરી લે છે. ટ્રીબ્યુનલમાં કેસો ચલાવવા માટે સરકારશ્રી તરફથી હાલમાં અધ્યક્ષશ્રી અને બે સભ્યશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે.

ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રીબ્યુનલમાં ગુજરાત વેચાણવેરા કાયદા હેઠળ તેમજ ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા હેઠળની આવતી અપીલો, સેકન્ડ અપીલો, રીવીઝન અરજીઓ, રેકટીફીકેશન અરજીઓ, રેસ્ટોરેશન અરજીઓ તથા અન્ય પરચૂરણ અરજીઓને સાંભળી નિકાલ કરવાનો હોય છે.

ટ્રીબ્યુનલ સમક્ષ દાખલ કરવામાં આવતી સેકન્ડ અપીલ અને રીવીઝન અરજીઓમાં મનાઈ અરજી કરવામાં આવે છે. કેસોના ગુણદોષ જોઈને યોગ્ય રકમ ભરવાની શરતે અથવા વગર ભરણે મનાઈ હુકમ આપવામાં આવે છે.

INDEX

હાલમાં વેટ ટ્રીબ્યુનલની અપડેટેડ વેબસાઈટ કાર્યરત થયેલ છે. જેમાં રોજબરોજનું ટ્રીબ્યુનલનું બોર્ડ નિયમિત રીતે અપલોડ કરવામાં આવે છે. તેમજ રોજબરોજના ચુકાદાઓ પણ નિયમિત રીતે અપલોડ કરવામાં આવે છે, આમા સેકન્ડ અપીલ, રીવીઝન અને ઈન્ટરીમ/સ્ટેઓર્ડરનો સમાવેશ થાય છે.

છેલ્લા પાંચ વર્ષમાં ટ્રીબ્યુનલમાં દાખલ થતા કેસોની સંખ્યા અને નિકાલ કરેલા કેસોની સંખ્યા નીચે મુજબ છે.

વર્ષ	વર્ષની શરૂઆતમાં બાકી કેસોની સંખ્યા	વર્ષ દરમ્યાન દાખલ કરેલ કેસોની સંખ્યા	કોલમ નં. ૨ અને ૩નો સરવાળો	વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસોની સંખ્યા	વર્ષના અંતે બાકી કેસોની સંખ્યા
૨૦૧૭	૩૪૪૭	૧૩૨૮	૪૭૭૫	૬૯૦	૪૦૮૫
૨૦૧૮	૪૦૮૫	૧૮૫૨	૫૯૩૭	૮૮૪	૫૦૫૩
૨૦૧૯	૫૦૫૩	૧૧૬૮	૬૨૨૧	૭૮૦	૫૪૫૧
૨૦૨૦	૫૪૪૧	૪૭૮	૫૯૧૯	૮૩૫	૫૦૮૪
૨૦૨૧	૫૦૮૪	૯૩૬	૬૦૨૦	૨૯૬	૫૭૨૪

ઉપરોકત ટેબલ જોતા જણાશે કે ટ્રીબ્યુનલમાં ૨૦૧૭ થી ઉત્તરોત્તર કેસોનો નિકાલ વધુ કરેલ છે.

જે કેસોમાં મોટી રકમનો વેરો અથવા દંડનો પ્રશ્ન હોય તેવા કેસો અલગ તારવીને તેવા કેસોનો પણ ટ્રીબ્યુનલે નિકાલ કરેલ છે. આવા ત્વરિત નિકાલ છેલ્લાં બે વર્ષમાં વધુ પ્રમાણમાં કરેલ છે. આ ઉપરાંત સમાન મુદ્દા વાળા કેસોને અલગ તારવીને ગૃપ મેટર બનાવી સારા એવા કેસોનો નિકાલ કરેલ છે.

ઉપરોકત જણાવ્યા પ્રમાણે ટ્રીબ્યુનલની કાર્યવાહી કરવામાં આવે છે.

હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી

હિસાબ અને તિજોરી નિયામક કચેરી ખાતાના વડાની કચેરી તરીકે નાણાં વિભાગ હેઠળ કાર્યરત છે. તેમજ સમગ્ર તિજોરી ખાતાની કામગીરીમાં વહીવટી પારદર્શીતા અને નાણાંકીય શિસ્ત જળવાઈ રહે તે ધ્યાને લઈને સમગ્ર ખાતાની કામગીરીમાં કાર્યક્ષમતા, ચોક્કસાઈ, ચીવટ જળવાઈ રહે તેમજ સમયબધ્ધ કામગીરી થાય તેવુ સુચારૂ વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં આવેલ છે.

હિસાબ અને તિજોરી નિયામક હસ્તકની કચેરીઓ

- ૩૩ જિલ્લા મથકોએ જિલ્લા તિજોરી કચેરીઓ
- અમદાવાદ અને ગાંધીનગર ખાતે પગાર અને હિસાબ કચેરીઓ
- પેન્શન ચુકવણા કચેરીઓ
- તિજોરી કચેરીઓ હેઠળ આવતી કુલ ૧૩૮ પેટા તિજોરી કચેરીઓ
- વસ્તુ અને સેવા કર(GST) અંતર્ગત રાજ્યની આવકોના એકાઉન્ટીંગ માટે રાજ્ય સરકાર દ્વારા અલાયદી e-Pay and Account Office ગાંધીનગર ખાતે કાર્યરત છે.

ઉપરોક્ત તમામ કચેરીઓ IFMS (Integrated Finanacial Management System) અંતર્ગત Online કામગીરી કરે છે. રાજ્યની તિજોરી હેઠળ આવતા તમામ નાણાંકીય વ્યવહારો રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તેમજ તેના દ્વારા અધિકૃત બેંકો મારફતે હાથ ધરવામાં આવે છે.

હિસાબ અને તિજોરી નિયામક કચેરીની શાખાઓ અને કામગીરી

૧. ખાતાના અધિકારી / કર્મચારીઓની સેવાકીય બાબતો અંગેની કામગીરી
૨. બીલ અને બજેટ એકમની કામગીરી હિસાબ અને તિજોરી ખાતા હેઠળની કચેરીઓનું યાંત્રિકરણ
૩. તિજોરી નિયંત્રણ શાખાની કામગીરી.
૪. હિસાબ અને તિજોરી ખાતા હેઠળની કચેરીઓનું યાંત્રિકરણ
૫. કર્મચારી જુથ-વીમા યોજના અંગે હિસાબી સંકલનની કામગીરી અને એચ.ડી.એફ.સી.ની લોનને સંબંધી કામગીરી
૬. તાલીમ અંગેની કામગીરી
૭. નિધિ નિરીક્ષણ (તિજોરીઓની તપાસણી) ની કામગીરી

INDEX

૮. કોર્ટ બાબતો અંગેની કામગીરી

૯. પગાર ચકાસણી એકમની કામગીરી

૧૦. રેકર્ડ અને રજીસ્ટ્રી એકમની કામગીરી

૧. ખાતાના અધિકારી / કર્મચારીઓની સેવાકીય બાબતો અંગેની કામગીરી :

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી હસ્તક તા.૦૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ કુલ - ૮૨૩ રાજ્યપત્રિત અધિકારીઓ અને ૪૩૧૭ બિન રાજ્યપત્રિત કર્મચારીનું મહેકમ મંજુર થયેલ છે. આ મંજુર થયેલ મહેકમ પરના અધિકારીઓ અને કર્મચારીઓની સેવાકીય બાબતો અંગે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૧. ખાતાના અધિકારીઓની પેન્શન અંગેની કામગીરી.

૨. બદલી, બઢતી અને નિવૃત્તિ અંગેની કામગીરી.

૩. ખાનગી અહેવાલ અંગેની કામગીરી.

૪. ખાતાકીય તપાસને લગતી શિસ્ત વિષયક કામગીરી.

૫. ફરીયાદોના નિકાલને લગતી કામગીરી.

૬. ખાતાના અધિકારીઓની સેવાકીય બાબતોને લગતી અન્ય તમામ કામગીરી.

સંવર્ગ	મંજુર	ભરેલ	ખાલી જગ્યા
વર્ગ-૧			
નિયામક	૮	૭	૧
સંયુકત નિયામક	૧૭	૧૧	૬
નાયબ નિયામક	૭૧	૬૦	૧૧
હિસાબી અધિકારી વર્ગ-૧ (જુ.ડયુટી)	૨૦૨	૧૩૪	૬૮
વર્ગ-૨ (હિસાબી અધિકારી)			
વર્ગ-૨	૫૨૫	૧૯૧	૩૩૪
કુલ (રાજ્યપત્રિત)	**૮૨૩**	**૪૦૩**	**૪૨૦**
વર્ગ-૩ (બિનરાજ્યપત્રિત)			
હિસાબનીશ, ગૃપ-૧	૭૧૫	૩૯૫	૩૨૦
નાયબ હિસાબનીશ, ગૃપ-૨	૮૫૧	૪૮૯	૩૬૨
પેટા હિસાબનીશ, ગૃપ-૩	૨૦૨૧	૧૩૩૦	૬૯૧
જુ.કારકુન ગૃપ-૪	૭૩૦	૩૧૭	૪૧૩
કુલ (બિન રાજ્યપત્રિત)	**૪૩૧૭**	**૨૫૩૧**	**૧૭૮૬**

► **વર્ગ - ૪ ના મહેકમની વિગત :**

વર્ગ-૪ની મંજુર જગ્યાઓ	વર્ગ-૪ની ભરાયેલ જગ્યાઓ	વર્ગ-૪ની ખાલી જગ્યાઓ
૪૪૭	૧૯૭	૨૫૦

૨. બીલ અને બજેટ એકમની કામગીરી :

► **બજેટ શાખા :**

શાખામાં મુખ્યત્વે તિજોરી અને હિસાબ વહીવટ તંત્રના સબંધીત મુખ્ય/ગૌણ પેટા સદરોના વાર્ષિક અંદાજો અને સુધારેલ આઠ માસિક અંદાજો તૈયાર કરવા, નવી બાબતો તૈયાર કરવી, ગ્રાન્ટની વહેંચણી અને તેની સામે થયેલ ખર્ચનું નિયમન તેમજ ખર્ચના મેળવણાંની કામગીરી કરવામાં આવે છે.

(૧) **બજેટ :** બજેટ શાખાની મુખ્ય કામગીરીમાં ખાતાનાં વડાની કચેરી, તેમજ તાબાની જિલ્લા તિજોરી કચેરીઓ, અને પગાર અને હિસાબ કચેરીઓ પાસેથી તેમના દ્વારા તૈયાર કરાયેલ સુચિત અંદાજો મંગાવી સંકલિત કરેલ બજેટ જરૂરી ચકાસણી

INDEX

કરી નાણાં વિભાગને મોકલી આપવુ. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ થી IFMS II હેઠળ ઓનલાઈન બજેટની કામગીરી પણ શરૂ કરેલ છે.

મંજુર થયેલ બજેટ અંતર્ગત નાણાં વિભાગે ફાળવેલ ગ્રાન્ટમાંથી અત્રેની કચેરી તથા તાબાની કચેરીઓને તેમના સ્વીકારેલ અંદાજોની મર્યાદામાં ચકાસણી કરી ગ્રાન્ટની ફાળવણી કરવી વિગેરેનો સમાવેશ થાય છે. બજેટની વિગત નીચે મુજબ છે.

(રકમ ₹ લાખમાં)

મુખ્ય સદર	વર્ષ: ૨૦૨૦-૨૧ ખર્ચ	વર્ષ: ૨૦૨૧-૨૨ ની જોગવાઈ
૦૯૫ (૧) નિયામક	૧૧૬૫.૯૪	૧૪૮૦.૧૩
૦૯૫ (૩) પગાર ચકાસણી એકમ	૧૯૨.૭૭	૨૭૬.૯૨
૦૯૬ (૧) પગાર અને હિસાબ કચેરીઓ	૭૩૨.૯૦	૯૮૦.૪૨
૦૯૭(૧) તિજોરીઓ	૮૭૦૫.૦૯	૧૦૭૪૨.૪૩
મુખ્ય સદર- ૨૦૭૧ પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો ૮૦૦(૧)	૦	૦.૦૧

(૨) **ખર્ચનું મેળવણું :** આ કચેરીને સંબધીત છે તેવા મુખ્ય સદર હેઠળ નાણાં વિભાગ દ્વારા ફાળવવામા આવેલ ગ્રાન્ટની સામે થયેલ ખર્ચના હિસાબોનું મેળવણું નિયત કેલેન્ડર મુજબ સંબંધિત કચેરીઓ જેવી કે પગાર અને હિસાબ કચેરી અમદાવાદ, ગાંધીનગર અને એ.જી. કચેરી રાજકોટ સાથે કરવામાં આવે છે.

એ.જી. કચેરી રાજકોટ સાથે માહે એપ્રિલ-૨૦૨૧ થી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીના ખર્ચનું મેળવણું પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ પગાર અને હિસાબ કચેરી અમદાવાદ/ગાંધીનગર સાથે પણ એપ્રિલ-૨૦૨૧ થી ઓક્ટોબર-૨૦૨૧ સુધીના ખર્ચનું મેળવણું કરવામાં આવેલ છે.

(૩) **મકાન પેશગી :** ખાતાના અધિકારીઓ/ કર્મચારીઓની મકાન પેશગી અંગે એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધીમાં મકાન પેશગી માટે કોઈ અરજી પડતરમાં નથી.

(૪) **વાહન પેશગી :** વાહન પેશગી અંગે માહે એપ્રિલ-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી કર્મચારી/અધિકારીની અરજી અત્રેની કચેરી ખાતે પડતરમાં નથી.

► **બીલ શાખા :**

આ શાખા મારફતે નીચે દર્શાવેલ ક્રમ ૧ થી ૧૧ મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીના તમામ બીન રાજ્યપત્રિત કર્મચારીઓની સેવાકીય બાબતોની કામગીરી કરવામાં આવે છે. જેવી કે સેવાપોથી નિભાવવી અને તેની જાળવણી કરવી. રજાઓ મંજુર કરવી, રજા પ્રવાસ રાહત મંજુરી, પગાર નક્કી કરવાની કામગીરી, ઈજાફા મંજુર કરવાની તેમજ કર્મચારીઓની ખાતાકીય પરીક્ષામાં બેસવાની યોગ્યતાની ચકાસણી કરવી માહીતી મોકલવાની, પેન્શન કેસ તૈયાર કરવાની તેમજ અન્ય વિવિધ પ્રકારની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. તથા પ્રતિનિયુકિત પર ફરજ બજાવતા કર્મચારી/અધિકારીઓના આર.ઓ.પી. ૨૦૧૬ મુજબ આઈ.એફ.એમ.એસ. પ્રોગ્રામમાં પગાર નકકી કરી આપવાની કામગીરી પણ કરવામાં આવેલ છે.

વડી કચેરીના રાજ્યપત્રિત અધિકારીઓની સેવાકીય કામગીરી કરવામાં આવે છે. જેવી કે સેવાપોથી નિભાવવી અને તેની જાળવણી કરવી,પગાર નકકી કરવાની કામગીરી.

અત્રેની કચેરીના કર્મચારીઓ/અધિકારીઓને ચુકવેલ ટુંકાગાળાની પેશગીઓના વિગતવાર હિસાબો રાખવા, માસિક ખર્ચ પત્રક તૈયાર કરીને મોકલી આપવું, તેમજ હિસાબ અને તિજોરી નિયામકની કચેરીનું બજેટ તૈયાર કરવાની કામગીરી પણ કરવામાં આવે છે.

પ્રતિનિયુકિત પરના અધિકારીઓ/કર્મચારીઓના તેઓના પ્રતિનિયુકિતના સમયગાળા દરમ્યાન સેવા ઉછીની લેનાર સંસ્થા / કચેરી તરફથી જે તે સમયે ચુકવેલ રજા પગારની ભરપાઈની કામગીરી, નિવૃત્તિ થયેલ / રાજીનામું આપી ગયેલ તેમજ અન્ય કર્મચારીઓ / અધિકારીઓના એરીયર્સ બીલો બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

INDEX

હિસાબ અને તિજોરી નિયામકની કચેરીના તમામ બીન રાજ્ય પત્રિત કર્મચારીઓ તેમજ રાજ્યપત્રિત અધિકારીઓ, તાબાની કચેરીના વડાઓ તેમજ પ્રતિનિયુકિત પરના કર્મચારીઓ/ અધિકારીઓની જી.પી.ફંડ પેશગી / ઉપાડ મંજુર કરવાની કામગીરી

આ ઉપરાંત ઉપરોક્ત દર્શાવેલ તમામ અધિકારીઓ/કર્મચારીઓની જી.પી.ફંડની આખરી ચુકવણાઓની અરજીઓ મહાલેખાધિકારીશ્રીને મોકલવાની કામગીરી પણ કરવામાં આવે છે.

હિસાબ અને તિજોરી નિયામકની કચેરીની તાબાની કચેરીના વડા કે જેઓ વર્ગ-૨ના અધિકારીઓ છે તેઓના કિસ્સામાં મુસાફરી ભથ્થાના બીલો /તબીબી સારવારના બીલોમાં પ્રતિસહી કરવાની કામગીરી કરવામાં આવે છે.

હિસાબી બાબતોને લગતા તમામ પ્રકારના રજીસ્ટરોની નિભાવણી કરવી, તેમજ વિવિધ પ્રકારના ચુકવણીના બીલો બનાવવા તેમજ તેની ચુકવણી કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

રાજ્ય સરકારના કર્મચારીઓની વીમા યોજના ૧૯૭૯ અને ૧૯૮૧ અન્વયે નિયમો / અધિનિયમ અનુસાર રજીસ્ટર નિભાવી આ યોજનામાં આવરી લેવાયેલ તમામ બીન રાજ્યપત્રિત / રાજ્યપત્રિત અધિકારીઓ / કર્મચારીઓના વીમાની કપાત કરવી, બદલી પ્રસંગે ફોર્મ નં.૯ ના રજીસ્ટરના ઉતારા મોકલવા / બદલી થઈ આવેલ ના કીસ્સામાં ફોર્મ નં.૯ ના રજીસ્ટરના ઉતારા મંગાવવા તેમજ નિવૃત્તિ/ રાજીનામું આપી નોકરી છોડી જનાર કર્મચારીઓ / અધિકારીશ્રીઓના કિસ્સામાં તેના આખરી ચુકવણાની કામગીરી.

ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થતાં પગાર નિયત કરવા/ઓડિટ કચેરી પાસે ચકાસણી કરવી, તફાવતના રકમની ચુકવણી કરાવવાની કામગીરી.

આવક વેરા અંગેની કામગીરી જેમાં કરદાતા/ કર્મચારીઓ/અધિકારીઓના કિસ્સામાં નમુના ૧૬માં ટીડીએસ સર્ટીફીકેટ ઈસ્યુ કરવા તથા આવકવેરા કચેરીના ફોર્મ-૨૪માં માહીતી મોકલી આપવાની કામગીરી.

આ ખાતાના વડી કચેરીમાં ફરજો બજાવતા મહેકમની જી.પી.ફંડ તથા એચ.બી.એ.ની પાસબુકો નિભાવવાની તથા દર વર્ષે એ.જી. કચેરી / ડી.પી.પી.એફ. કચેરી સાથે મેળવણા અંગેની કામગીરી પણ કરવામાં આવે છે.

૩. તિજોરી નિયંત્રણ શાખાની કામગીરી

- તિજોરી/પગાર અને હિસાબ કચેરીઓ મારફતે સરકાર સામેના હક્ક દાવાઓનું સમયસર ચુકવણું કરવાની કામગીરી.
- રાજ્ય સરકારના હિસાબોના જિલ્લા કક્ષાની તિજોરીઓને એકાઉન્ટીંગ તેમજ તે અંગે જરૂરીયાત મુજબનું માર્ગદર્શન પુરૂ પાડવાની કામગીરી.
- પેન્શનનાં ચુકવણાં સમયસર અને નિયમોનુસાર રીતે કરવા તથા માર્ગદર્શન પુરૂ પાડવા અંગેની કામગીરી.
- સરકારના માંગણાં/ ભરણાં/ કર અને બિન કરની આવકો સરકારી હિસાબોમાં સમયસર લેવા અંગેની કામગીરી.
- તિજોરી/પગાર અને હિસાબ કચેરીઓ મારફતે થતી રાજ્યની આવક અને ખર્ચનું એ.જી.કચેરી સાથે મેળવણું કરવાની કામગીરી.
- એકાઉન્ટન્ટ જનરલને સમયસર હિસાબો મોકલવાની કામગીરી.
- જ્યુડીશીયલ સ્ટેપનું વેચાણ, મુલ્યવાન વસ્તુઓ તથા દસ્તાવેજોની સલામત જાળવણીની કામગીરી.
- અંગત અનામત અને અંગત ખાતાવહિના હિસાબ રાખવાની કામગીરી.
- માર્ગ અને મકાન વિભાગ, નર્મદા અને જળસંપત્તિ વિભાગ તથા વન વિભાગની વિભાગીય કચેરીઓના લેટર ઓફ ક્રેડીટના હિસાબોની કામગીરી.
- તિજોરી/પેટા તિજોરી કચેરીઓની તપાસણીની કામગીરી.

તિજોરી નિયંત્રણ શાખામાં થયેલ જરૂરી સુધારા

► બેંકીંગ સુવિધા :

- રાજ્યના જિલ્લા/ તાલુકાના મથકોએ આવેલ રાષ્ટ્રીયકૃત બેંકો તેમજ ખાનગી બેંકો ની નિયત કરેલ મથકો ખાતેની શાખાઓ મારફતે જુદી-જુદી સરકારી આવકોના ભરણાઓ તથા ગાંધીનગર ખાતે કેન્દ્રીયકૃત રીતે ઈ-રીસીપ્ટ થી આવકો સ્વીકારવામાં આવે છે.
- ૮૧ તાલુકા સ્થળે જ્યાં સરકારી આવક સ્વીકારવા/નાણાં ચુકવણા માટે પેટા તિજોરી કચેરી અસ્તિત્વમાં નથી તેવા

સ્થળોએ ૨ રાષ્ટ્રીયકૃત બેંકો- સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા અને બેંક ઓફ બરોડાને નાણાં સ્વીકારવા તથા નાણા ચુકવવાની પરવાનગી આપેલ છે.

- ગુજરાત સરકારના નાણાંકીય વ્યવહારોમાં ચાલતી P2F System (paper to Follow) બંધ કરીને Image Based Clearing System નાણા વિભાગ તેમજ એ.જી.કચેરી, રાજકોટનાં સંકલનમાં રહીને શરૂ કરવામાં આવેલ છે.
- હાલ તમામ ૩૩ જિલ્લામાં પેન્શન અને પગાર ભથ્થા તથા અન્ય ચુકવણા ઈ-પેમેન્ટથી કરવામાં આવે છે.
- પેન્શનરને તિજોરી કચેરીએ ન આવવુ પડે તે માટે કાઉન્ટર પ્રથા બંધ કરી, પેન્શનના પ્રથમ ચૂકવણા જેવા કે, પેન્શનનું મૂડીકૃત રૂપાંતર, ગ્રેચ્યુઈટી તથા માસિક ચૂકવણા ઈ-પેમેન્ટ દ્વારા સીધા જ બેન્ક ખાતામાં કરવામાં આવે છે.
- Jivan Praman Portal દ્વારા પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈ online કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરી.

► **E-Kuber :**

ભારતીય રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના પોર્ટલ e-kuber નું IFMS સાથે સંકલન કરી e-kuber મારફતે તમામ તિજોરી/પગાર અને હિસાબ કચેરીઓના e-payment ના વ્યવહારોની વધુ ઝડપે લાભાર્થીઓના ખાતે ચુકવણી કરવામાં આવે છે.

સાયબર ટ્રેઝરી પોર્ટલની આવકના રીફંડની કામગીરી વધુ સુદ્રઢ અને સુરક્ષિત બને તે હેતુસર જરૂરી માર્ગદર્શક સૂચનાઓ તમામ શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી તેમજ તમામ પેટા તિજોરી અધિકારીશ્રીને જરૂરી સૂચનો કર્યા. Cyber Treasury Portal મારફત Online સ્વીકારવામાં આવેલ આવકનું ઓનલાઈન રીફંડ થઈ શકે અને રીફંડ કરવામાં આવેલ રકમના CIN પર Marking થઈ જાય તે મુજબની વ્યવસ્થા IFMS માં ગોઠવવામાં આવેલ છે.

IFMS માં રીફંડ બીલ બનાવવા માટે બે option ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

Refund of Revenue (GTR-61) અને (2) Refund of Revenue-online (GTR-61).

રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા જાહેર જનતાને પુરી પાડવામાં આવતી સરકારી સેવાઓનાં સંદર્ભમાં નાગરીક અધિકારપત્ર હેઠળની સેવાનું ડીઝીટલાઈઝેશન કરવામાં આવેલ છે.

♦ **આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે કરવા ધારેલ પ્રવૃત્તિઓની વિગતો :**

- હાલના IFMS નાં પ્રોગ્રામને વિસ્તારીને બીજા તબક્કામાં તેનો વ્યાપ વધારીને સરકારશ્રીના બધા જ નાણાંકીય વ્યવહારોને મહદંશે આવરી લેતો પ્રોજેક્ટ **IFMS-II** ની કાર્યવાહી **M/S. Wipro Limited** દ્વારા કરવામાં આવી રહી છે.
- Good Governance Project ના આયોજન અંતર્ગત નિધિ નિરીક્ષણ શાખા જનરલ તથા નિધિ નિરીક્ષણ શાખા પેન્શનને કોમ્પ્યુટરાઈઝડ કરવા તથા તેના વિવિધ રીપોર્ટસને ડીજીટલાઈઝ કરવા અંગે સંયુકત નિયામકશ્રી (ટીસી) ની અધ્યક્ષતામાં કમિટીની રચના કરવામાં આવેલ. સદર કમિટી દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલમાં જણાવેલ મુદ્દાઓ પૈકી જે મુદ્દાઓ કોમ્પ્યુટરાઈઝ થઈ શકે તેમ હોય તે મુદ્દાઓ કોમ્પ્યુટરાઈઝ કરવા અંગે અત્રેની ઈડીપી શાખાને સમિતિની રચના કરી ઘટિત કાર્યવાહી થવા જાણ કરવામાં આવેલ છે.
- સ્પે.અધેશિવ સ્ટેમ્પનું વેચાણ ડીઝીટલાઈઝેશનના ભાગરૂપે ઓનલાઈન પેમેન્ટથી કરવાની કાર્યવાહી ચાલુમાં છે.
- અત્રેની કચેરીના તાબા હેઠળની તમામ તિજોરી કચેરીઓમાં IFMS માં તેમજ Manually કરવામાં આવતી તમામ કામગીરી અન્વયે નિભાવવામાં આવતા જુદા-જુદા રજીસ્ટરો પૈકી જે રજીસ્ટરો Manually નિભાવવાની જરૂર જણાતી ન હોય તેવા રજીસ્ટરો Manually નિભાવવાનું ટાળવા અંગે તેમજ જે રજીસ્ટરો Online ઉપલબ્ધ થઈ શકે તેવા હોય તો તે અંગે પણ જરૂરી યોગ્ય નિર્ણય લઈ શકાય તે હેતુ, સંયુક્ત નિયામક (તિજોરી નિયંત્રણ) ના અધ્યક્ષ સ્થાને કમિટીનુ ગઠન કરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારના પેન્શનરો પોતાની હયાતીની ખરાઈ https://pensionersportal.gov.in પર ચહેરાની ઓળખ (Authentication) દ્વારા પોતાના સ્માર્ટફોનથી આધારનંબર આધારીત જીવનપ્રમાણ સર્ટીફિકેટ (Life Certificate) જનરેટ કરી સંબંધિત તિજોરી કચેરીને ઓનલાઈન મોકલી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટેની દરખાસ્ત નાણાં વિભાગની મંજુરી માટે મોકલેલ છે.
- રાજ્ય સરકારના પેન્શનરોની હયાતીની ખરાઈ Indian Post Payment Bank ની ડીઝીટલ લાઈફ સર્ટીફીકેટ સર્વિસ દ્વારા કરાવવાની દરખાસ્ત નાણાં વિભાગની મંજુરી માટે મોકલેલ છે.

૪. હિસાબ અને તિજોરી ખાતા હેઠળની કચેરીઓનું યાંત્રિકરણ/ઈ.ડી.પી. સેલની કામગીરી :

E-Governance નાં લક્ષ્યાંક અંતર્ગત, રાજ્ય સરકારનાં નાણાંકીય વહીવટને ઝડપી, સુદૃઢ તેમજ પારદર્શક બનાવવા, તેનું યાંત્રિકીકરણ કરી, નાણાંકીય વ્યવહારો એક જ માધ્યમથી થઈ શકે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવી તેનું મોનીટરીંગ કરવાનાં ઉદેશ્ય ઉપર EDP cell, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર કાર્યરત છે.

EDP cellનું કાર્ય રાજ્યની જિલ્લા તિજોરી કચેરી/પેટા તિજોરી કચેરી/પગાર અને હિસાબની કચેરી/પેન્શન ચુકવણા કચેરી/ઈ-પગાર અને હિસાબની કચેરીએ કરવામા આવતી કામગીરીના કમ્પ્યુટરાઈઝેશનનું તેમજ રાજ્યની આવક અને ખર્ચના સુદૃઢ વ્યવથાપન માટે વિકસાવવામા આવેલ Integrated Financial Management System(IFMS) અંતર્ગત આવરી લેવામા આવતી કામગીરી નું મોનિટરીંગ કરવાનુ છે. IFMS અંતર્ગત નીચે મુજબની કામગીરી કરવામા આવેલ છે.

► ઓનલાઈન ગ્રાંટ રીલીઝ :

IFMS અંતર્ગત રાજ્યનાં તમામ ઉપાડ અને વહેચણી અધિકારીઓને IFMS અંતર્ગત ગ્રાન્ટ ઓનલાઈન રીલીઝ કરાવવામાં આવે છે.

► ઓનલાઈન બિલ સબમીશન :

રાજ્યનાં તમામ ઉપાડ અને વહેચણી અધિકારીઓને IFMS અંતર્ગત બિલ બનાવી ડીજીટલ સીગ્નેચર મારફત તિજોરી કચેરી/પગાર અને હિસાબની કચેરીને ઓનલાઈન રજૂ કરી શકે તે મુજબની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામા આવી છે.

રાજ્યનાં તમામ ઉપાડ અને વહેચણી અધિકારીઓ ડીજીટલ સીગ્નેચર માટેનાં ડોંગલ સરળતાથી મેળવી શકે તે માટે (n) Code Solution-A division of GNFC Limited ને અધિકૃત કરવામા આવી છે.

► ઈ પેમેન્ટથી ચુકવણા માટે RBI ના E-Kuber Portal સાથે IFMS નું ઈન્ટીગ્રેશન :

લાભાર્થીના ખાતામા સીધી રકમ જમા કરાવવા માટે રાજ્ય સરકારના ઉપાડ અને વહેંચણી અધિકારીઓ દ્વારા કરવામાં આવતા ચુકવણા ઈ-પેમેન્ટથી કરવામા આવે છે.

ઈ પેમેન્ટથી થતા તમામ ચુકવણા માટે RBI ના E-Kuber Portal સાથે IFMS નું ઈન્ટીગ્રેશન થયેલ છે.

Digital Gujarat Portal સાથે Integration કરી રાજ્યના 60 લાખથી વધુ વિદ્યાર્થીઓના શિષ્યવૃતિ તથા ગણવેશ સહાયના ચુકવણા સીધા તેમના ખાતામાં જમા કરવામાં આવેલ છે.

► ઓનલાઈન કર ભરવાની સુવિધા ઉપલબ્ધ :

રાજ્ય સરકાર દ્વારા ઉઘરાવવામા આવતા કર, કરદાતાઓ ઘર બેઠા ઓનલાઈન ભરી શકે તે માટેની વ્યવસ્થા અંતર્ગત, સાયબર ટ્રેઝરી પોર્ટલ(CTP)નું રાજ્ય સરકારના ૨૨ વિભાગ/ખાતાના વડા સાથે ઈન્ટીગ્રેશન. કરદાતા ડેબિટ/ક્રેડીટ કાર્ડથી ચુકવણા કરી શકે તે માટે, CTP અંતર્ગત SBI E-Pay ના પેમેન્ટ ગેટ-વે ની સુવિધા ઉપલબ્ધ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨મા થયેલ આવકના ઓનલાઈન/મેન્યુઅલ કલેક્શન અંગેની માહિતી :

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ મા તા.૧૯/૧૨/૨૦૨૧ સુધી થયેલ આવકનું ઓનલાઈન કલેક્શન	₹ ૧,૧૯,૬૯૮.૦૦ કરોડ

► પેન્શન અંગે :

- પેન્શન કેસોના ઝડપી નિકાલ માટે IFMS અંતર્ગત પેન્શન અંગેની તમામ કામગીરીનું કમ્પ્યુટરાઈઝેશન
- IFMS અંતર્ગત પેન્શન કેસોના સ્ટેટસ જોઈ શકાય તે માટેની વ્યવસ્થા ઉપલબ્ધ છે.
- પેન્શનર્સ તેમના પેન્શન અંગેની માહિતી ઘર બેઠા જોઈ શકે તે માટે Pension Portal વિકસાવવામાં આવેલ છે.
- Pension Portal: https//cybertreasury.gujarat.gov.in
- પેન્શનર્સ તેમની હયાતીનું પ્રમાણપત્ર Jeevan Pramaan Portal મારફત કરી શકે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

► IFMS-II ના ડેવલપમેન્ટની કામગીરી :

- ઈડીપી મોડ્યુલ ડેવલપમેન્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ પાંચ જિલ્લાઓ(બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, જામનગર અને અમરેલી) ખાતે પગાર ચકાસણીની કામગીરી Online કરવામાં આવેલ છે.

INDEX

♦ **વર્ષ ૨૦૨૧-૨૨ માં હાથ ધરવામા આવનાર કામગીરી :**

- આવકોના ઓનલાઈન કલેક્શનનો વ્યાપ વધે તે માટે સાયબર ટ્રેઝરી પોર્ટલ(CTP)ના વિસ્તૃતિકરણ નુ આયોજન છે.
- Online ચુકવણા માટે વધુ વિકલ્પો ઉપલબ્ધ થાય તે માટે અન્ય પેમેન્ટ ગેટ-વે સાથે Integrationનું આયોજન છે.
- પેન્શનરની હયાતી પેન્શનરો દ્વારા વિડીયો કોન્ફરન્સ પદ્ધતિથી થઇ શકે તે મુજબની વ્યવસ્થા સિસ્ટમમાં Develop કરવામાં આવી રહેલ છે.

► **IFMS-II ના ડેવલપમેન્ટની કામગીરી :**

IFMS ને વધુ અધ્યતન અને વ્યાપક અને Advanced બનાવવાના વિઝન સાથે, IFMS-II અંતર્ગત, પ્રવર્તમાન IFMS મા કરવામા આવતા કાર્યોને વધુ સુદૃઠ બનાવવા ઉપરાંત પંચાયતની કચેરીઓ, લોકલ ફંડ ઓડીટ, ઈન્શ્યોરન્સનાં કાર્યોને પણ આવરી લઈ, એકાઉન્ટન્ટ એન્ડ જનરલની કચેરી, તેમજ આર.બી.આઈ. જેવી બંધારણીય સંસ્થાઓ સાથે સંકલન કરી નાણાંકીય વહીવટને વધુ ઝડપી અને પારદર્શક બનાવવાનો લક્ષ્યાંક રાખવામા અવેલ છે. હાલમાં દરેક તબક્કે નાણાંકીય નિયમોની સુસંગતતા ચકાસીને Technical Experts ની મદદથી IFMS 2 Develop કરવાની કામગીરી હાથ ઉપર છે. IFMS-II અંતર્ગત, કુલ ૪૭ પ્રકારના મોડ્યુલ્સને આવરી લેવામા આવ્યા છે.

૫. કર્મચારી જૂથ વિમા યોજના અંગેની હિસાબી સંકલનની કામગીરી :

- જુથ વિમા યોજના-૧૯૭૯ તથા જુથ વીમા યોજના-૧૯૮૧ રાજ્ય સરકાર તેમજ પંચાયતના કર્મચારીઓ માટે અનુક્રમે તા.૦૧/૧૨/૧૯૭૯ તથા તા.૦૧/૦૪/૧૯૮૨ થી અમલમાં આવેલ છે. ત્યારબાદ તા.૦૧/૦૪/૧૯૮૪ થી જુની સુધરાઈ માંથી રૂપાંતર પામેલ ગ્રામ અને નગર પંચાયતના કર્મચારીઓ તેમજ વર્કચાર્જ કર્મચારીઓ તેમજ તા.૦૧/૦૪/૨૦૦૯ થી રોજમદાર કર્મચારીઓને પણ સદરહું યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.
- ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ અને ૨ પગાર અને હિસાબ અધિકારીશ્રીની કચેરીઓ તરફથી માસવાર આવક તથા ખર્ચના હિસાબો મોકલવામાં આવે છે. આ હિસાબો નિભાવવાની કામગીરી જૂથ વિમા શાખામાં કરવામાં આવે છે. નિવૃત્તિ / સ્વૈચ્છિક નિવૃત્તિના કારણે જૂથ વિમાની રકમ ચુકવવાના આદેશ અત્રે મોકલવામાં આવતા તેની ચકાસણી કરવામાં આવે છે. કેન્દ્ર સરકારની વીમા યોજનામાં જોડાયેલ આઈ.એ.એસ. સંવર્ગના - ૧૭૦, આઈ.પી.એસ. સંવર્ગના - ૧૧૦ અને આઈ.એફ.એસ. સંવર્ગના - ૬૫ અધિકારીઓની વિમા યોજના અંગેની કાર્યવાહી પણ કરવામાં આવે છે. આ અધિકારીઓની આવક નામજોગ નોંધ કરવી નિવૃત્ત થવાનાં સમયે તેઓની બચતફંડની વ્યાજ સાથે રકમ ચુકવવા માટેનું નામજોગ બિલ બનાવવું વગેરે કામગીરી અત્રે કરવામા આવે છે અને તેઓના પ્રતિમાસ આવક એડવાન્સમાં કેંદ્ર સરકારમાં ડ્રાફ્ટ કઢાવી મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. હાલમાં ગુજરાત સરકારનાં ભંડોળમાથી બચતફંડ ચુકવવામાં આવે છે અને ત્યારબાદ કેન્દ્ર સરકાર પાસેથી પ્રસંગોપાત રીએમ્બર્સમેન્ટ મેળવવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ નાં વર્ષમાં પણ સરકારશ્રીની સુચનાને અનુસાર ફેરફારને પાત્ર કામગીરી મુજબ ધ્યાનમાં રાખી ઉપર મુજબ કાર્યવાહી કરવાનું ચાલું રાખવામાં આવશે.

વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં વાર્ષિક વ્યાજના હવાલા નોંધ નીચે મુજબ એ.જી.કચેરી, રાજકોટના હિસાબમાં લેવડાવવામાં આવેલ છે.

૧. વીમા ફંડ ઉપર ૫.૧/૨% વ્યાજ દર (સાદુ વ્યાજ) મુજબની આવક રૂા.૭૫૫.૩૪ લાખ

૨. બચત ફંડ ઉપર ૭.૧% વ્યાજ દર (ત્રિ. ચ.વ્યાજ) મુજબની રકમ રૂા.૧૩૧૫૨.૭૩ લાખ.

આ યોજના નીચે લાભકર્તાને બચતફંડનું નિવૃત્તી રાજીનામું કે મૃત્યુ નાં કિસ્સામાં સમાપ્ત થતા બચતફંડ તથા તેના ઉપર વ્યાજ તથા મૃત્યુનાં કિસ્સામા વ્યાજ સાથે તથા વિમાફંડની રકમ ચુકવવા સંબંધિત કચેરીઓ તરફથી ફોર્મ નં.૧૧ તથા ફોર્મ નં.૧૨ મા હુકમ કરવામાં આવે છે. જેની નકલ અત્રે મોકલી આપવામા આવે છે. જેની અત્રેથી ચકાસણી કરવામાં આવે છે, જેમા મળવાપાત્ર રકમ કરતા વધારે ચુકવણું ન થાય તે બાબતની ખાસ કાળજી રાખવામાં આવે છે અને વધુ ચુકવણું થયેલ હોય તેવા કિસ્સામાં અત્રેથી સંબંધીત કચેરી સાથે પત્ર વ્યવહાર કરી વસુલાત થયે થી વસુલાતનાં આધાર સાથે રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે, ગત નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રૂા. ૧૪,૬૧,૪૦૯ ની અત્રેની શાખા દ્વારા વસુલાત કરવામાં આવેલ છે. તેમજ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં નવેમ્બર - ૨૦૨૧ સુધીમાં નિવૃત્તી/સ્વૈ. નિવૃત્તી/અવસાન પામેલ કર્મચારીઓના કિસ્સાઓમાં ચુકવાતી રકમમાં વધુ ચુકવણા પેટે રૂા. ૬,૦૬,૦૭૬ વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવેલ છે.

INDEX

વર્ષ ૨૦૨૧-૨૨ના આવક અને ખર્ચના અંદાજ નીચે મુજબ મંજુર થયેલ છે. (આંકડા લાખમાં)

	આવક (રકમ ₹)	**ખર્ચ (રકમ ₹)**
વીમા ફંડ વ્યાજ સાથે	૨૮૬૩.૫૨	૧૮૧૩.૨૦
બચત ફંડ વ્યાજ સાથે	૧૮૯૬૫.૭૯	૨૫૦૮૮.૨૯
કુલ સરવાળો	**૨૧૮૨૯.૩૧**	**૨૬૯૦૧.૪૯**

► **ગુજરાત રાજ્ય વિકાસ લોનની કામગીરી :**

ગુજરાત રાજ્ય વિકાસ લોનની કામગીરી જુથ વિમા શાખામાં નાણાં વિભાગના તા.૦૩/૦૮/૨૦૦૫ ઠરાવ ક્રમાંક હસબ-૨૦૦૨-૧૪૩૪-ખ થી સોંપવામાં આવેલ વિશેષ કામગીરી છે. ગુજરાત રાજ્ય વિકાસ લોન જુદાજુદા વ્યાજની તથા જુદા જુદા વર્ષે પાકતી લોન ઉપર સરકારશ્રી તરફથી દર છ માસે ચુકવવામાં આવે છે. આ વ્યાજની રકમ એ.જી. કચેરી, અમદાવાદ / રાજકોટ ખાતે યોગ્ય રીતે બુક થયેલ છે તે બાબતે દર માસે રૂબરૂ જઈ મેળવણું કરવામાં આવે છે અને આ મેળવણાનો અહેવાલ નાણાં વિભાગની ડી.એમ.ઓ. શાખાને મોકલી આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ઉપર મુજબની કામગીરી ઉપરાંત સરકારશ્રી દ્વારા વિશેષ સોંપવામાં આવતી કામગીરી પણ કરવાની રહે છે.

૬. તાલીમ અંગેની કામગીરી :

- તેવુ ગ્રંથાલય પણ વિકસાવેલ છે જેમાં ખાતાકીય પરીક્ષાને લગતા પુસ્તકો ઉપરાંત સંદર્ભ પુસ્તકો પણ વસાવવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા આ ખાતા માટે સીધી ભરતીથી નિમાયેલા અધિકારીઓ/કર્મચારીઓ માટેની સંસ્થાગત તથા વર્ગખંડ તાલીમ યોજનાઓ.
- ખાતાકીય પરિક્ષાઓ પસાર કરવામાં સરળતા રહે તે માટે વિવિધ પરીક્ષાલક્ષી તાલીમ યોજનાઓ.
- ખાતાના વિવિધ સંવર્ગના કર્મચારીઓ/અધિકારીઓ માટે તિજોરી કચેરી/ સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગના તથા અન્ય કચેરીના કર્મચારીઓના રીફેશર તાલીમ વર્ગની યોજનાઓ.
- અન્ય ખાતા/કચેરીઓ/પંચાયતના કર્મચારીઓ માટે પેન્શન તાલીમ યોજના તેમજ જુદાં જુદાં ખાતાના ઉપાડ અધિકારીશ્રીની કચેરીમાં હિસાબી કામગીરી બજાવતા બિન રાજ્યપત્રિત કર્મચારીઓની તાલીમ યોજનાઓ.
- ખાતાના ગ્રુપ-૩ અને ગ્રુપ-૪ના કર્મચારીઓ માટે ઓપવર્ગ તાલીમ યોજનાઓ.
- ખાતામાં રહેમરાહે નિમણૂંક પામેલા ગ્રુપ-૪ના કર્મચારીઓને ખાતાની કામગીરીથી વાકેફ કરવા માટેની પ્રાથમિક તાલીમ યોજનાઓ.
- ખાતાના અધિકારીશ્રીઓ તથા ગ્રુપ-૧ના કર્મચારીઓને બાંધકામ/સિંચાઈ વિભાગના હિસાબો વધુ સારી રીતે નિભાવી/ ચકાસણી કરી શકે તે માટેની વર્કસ ઓડિટની તાલીમ યોજનાઓ.
- ખાતાના કર્મચારીઓની હિસાબી કામગીરી સાથે નાણાંકીય વ્યવસ્થા તંત્રના સિધ્ધાંતોને લગતું જ્ઞાન અને વિચારસરણીની જાણકારી મળી રહે તે દ્રષ્ટિએ એક નાનું છતાં ખાતાની જરૂરિયાત સંતોષી શકે નાણાં વિભાગના I.F.M.S. પ્રોગ્રામ હેઠળ ઓન લાઈન પે ફિકસેશન-પેન્શન અંગેની માહીતી તાલીમ વર્ગમાં તાલીમાર્થીને પ્રોજેક્ટર દ્વારા ઓનલાઈન વાકેફ કરવામાં આવે છે.
- આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી પ્રોજેક્ટર દ્વારા પ્રેઝન્ટેશનથી તાલીમ આપવામાં આવે છે.
- ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩થી ખાતાના તેમજ તાબાની જિલ્લા તેમજ તાલુકાની કચેરીઓના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને " જાહેર માહિતિ અધિકાર અધિનિયમ-૨૦૦૫ (R.T.I.-2005) "અંગેની તાલીમના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવેલ છે. જેમાં જરૂરી સાહિત્ય પણ પુરૂ પાડવામાં આવે છે.
- ૨૦૨૧-૨૨ ના વર્ષમાં તા.૧૮/૧૨/૨૦૨૧ સુધી કુલ ૬ ઓનલાઈન અને ૨ પ્રત્યક્ષ તાલીમ વર્ગમાં ૧૭૭૩ તાલીમાર્થીઓને તાલીમ આપી ૨૫૪૪ માનવ દિવસોનું કામ કરેલ છે. અને માર્ચ-૨૦૨૧ અંતિતિ સુધીમાં ૧ તાલીમ વર્ગનું આયોજન કરેલ છે.
- સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં ૦૭ જેટલા તાલીમ વર્ગોનું આયોજન છે.

INDEX

૭. નિધિ નિરીક્ષણ (તિજોરીઓની તપાસણી)ની કામગીરી :

► નિધિ નિરીક્ષણ શાખાની કામગીરીની રૂપરેખા :

રાજ્યની જિલ્લા તિજોરી કચેરીઓ તથા તેના તાબા હેઠળના પેટા તિજોરી કચેરીઓ અને પગાર અને હિસાબ કચેરીઓ અમદાવાદ/ગાંધીનગર, વિભાગીય કચેરી સીવીલ અમદાવાદ નો વહીવટ નિયમોનુસાર તેમજ સરળતાથી ચાલે તે માટે તેઓની કામગીરીનુ વહીવટી નિરીક્ષણ કરવા તથા સામાન્ય વહીવટી બાબતોમાં જરૂરી સુચનો તેમજ માર્ગદર્શન સ્થળ પર આપવા માટે આ કચેરીનાં વર્ગ-૧ ના નિધિ નિરીક્ષણ અધિકારીશ્રીના રાહબરી હેઠળ નિધિ નિરીક્ષણ શાખા અસ્તિત્વમાં છે.

સને ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષમાં ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ,૧ વિભાગીય કચેરી સીવીલ અમદાવાદ, ૨ પગાર અને હિસાબ કચેરી અમદાવાદ અને ગાંધીનગર એમ કુલ ૩૬ એકમો તથા રાજ્યના પેટા તિજોરી કચેરીઓ પૈકી ૧/૩ એટલે કે કુલ ૪૦ પેટા તિજોરી કચેરીઓની વહીવટી તપાસણી હાથ ધરવાની રહે છે. તે તપાસણીની કામગીરી તા.૧૮/૧૨/૨૦૨૧ સુધીમાં ૨૦ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧-વિભાગીય કચેરી સીવીલ અમદાવાદ, ૧-પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ, તેમજ ૨૧ પેટા તિજોરી કચેરીઓની વહીવટી તપાસણી પૂર્ણ કરેલ છે.

સને ૨૦૨૨-૨૩ ના નાણાંકીય વર્ષમાં ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૨ પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ અને ગાંધીનગર તથા ૧ વિભાગીય કચેરી સીવીલ અમદાવાદ મળી કુલ ૩૬ જિલ્લા કક્ષાની કચેરીઓ તથા રાજ્યના તાલુકા કક્ષાની ૧/૩ અર્થાત ૪૫ પેટા તિજોરી કચેરીઓની વહીવટી તપાસણી હાથ ધરવામાં આવનાર છે.

૮. કોર્ટ શાખા :

તા.૦૧/૧૨/૨૦૨૦ થી તા.૩૧/૧૧/૨૦૨૧ દરમ્યાન કોર્ટ શાખામાં આ ખાતાના કોર્ટ કેસો તેમજ આ ખાતાના તાબાની કચેરીઓને પક્ષકાર બનાવી હોય તેવા જુદી જુદી કોર્ટમાં દાખલ થયેલ અને નિકાલ થયેલ કોર્ટ કેસોની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

ક્રમ	કોર્ટનું નામ	તા. ૦૧/૧૨/૨૦૨૦ નાં રોજ પડતર કોર્ટ કેસોની સંખ્યા	તા.૦૧/૧૨/૨૦૨૦ થી તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં નવા આવેલ કેસો	કુલ કેસોની સંખ્યા	તા. ૦૧/૧૨/૨૦૨૦ થી તા. ૩૧/૧૦/૨૦૨૧ સુધીમાં નિકાલ થયેલ કુલ કેસો	તા.૦૧/૧૨/૨૦૨૧ નાં રોજ પડતર કોર્ટ કેસોની સંખ્યા
૧	નામ. સુપ્રિમ કોર્ટ	૫	૧	૬	૩	૩
૨	નામ. હાઈકોર્ટ	૨૩૨	૭૦	૩૦૨	૨૮	૨૭૪
૩	ગુ. મુલ્કી સેવા ટિબ્યુનલ કોર્ટ	૧૦	૨	૧૨	૩	૯
૪	જિલ્લા/તાલુકા કોર્ટ	૨૫	૧૨	૩૭	૫	૩૨
૫	ગ્રાહક તકરાર કોર્ટ (વિસામા)	૨૧	૨	૨૩	૨	૨૧
૬	લેબર કોર્ટ	૩	૦	૩	૨	૧
૭	શિક્ષણ ટ્રિબ્યુનલ કોર્ટ	૮	૨	૧૦	૧	૯
	કુલ	**૨૩૧**	**૯૭**	**૩૨૮**	**૩૨**	**૨૯૬**

૯. પગાર ચકાસણી એકમ શાખા :

- આ શાખા દ્વારા છઠ્ઠા પગાર પંચ અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણીની કામગીરી ઓનલાઈન કરવામાં આવે છે. તા.૧/૦૧/૨૧ થી તા.૩૧/૧૦/૨૧ દરમ્યાન કુલ-૩,૮૮૨ કેસો અધિકૃત્ત કરવામાં આવેલ છે, તેમજ કુલ-૮,૧૫૨ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.
- આ શાખા દ્વારા સાતમા પગાર પંચ અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણીની કામગીરી ઓનલાઈન કરવામાં આવે છે. તા.૧/૦૧/૨૧ થી તા.૩૧/૧૦/૨૨ દરમ્યાન કુલ-૪૫,૦૧૯ કેસો અધિકૃત્ત કરવામાં આવેલ છે તથા કુલ-૬૬,૬૭૧ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

INDEX

- આ શાખા દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ અન્વયે થયેલ પગાર બાંધણી ચકાસણીની કામગીરી કરવામાં આવે છે. તા.૧/૦૧/૨૧ થી તા.૩૧/૧૦/૨૧ દરમ્યાન કુલ-૭૨,૫૮૩ કેસો અધિકૃત્ત કરવામાં આવેલ છે તથા કુલ-૯૬,૮૪૧ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

૧૦. રેકર્ડ અને રજીસ્ટ્રી એકમ શાખા :

- કચેરીના મકાનની નિભાવણી તથા રીનોવેશન.
- સ્ટેશનરી તથા કન્ઝ્યુમેબલ આઇટમ્સની ખરીદી, ફર્નિચર ખરીદી તથા જાણવણી.
- કચેરીના ઉપયોગ માટેના વાહનની ખરીદી તથા જાણવણી.
- આઉટસોર્સથી ઓફિસ પ્યુનની સેવાઓ મેળવાવાની કામગીરી.
- ડ્રાઇવર, પટ્ટાવાળાને ગણવેશ અને કચેરીના ઉપયોગ માટે ટેલીફોન સેવા અંગેની કામગીરી.
- GeM પોર્ટલ પરથી તમામ ખરીદીઓ કરવી.
- રજીસ્ટ્રી સંદર્ભમાં ટપાલ અંગેની સમગ્ર કામગીરી.
- રેકર્ડરૂમમાં જાળવવા માટે કચેરીની શાખાઓ દ્વારા સોપવામાં આવેલ રેકર્ડની જાળવણી તથા નાશપાત્ર રેકર્ડના નિકાલની કામગીરી.
- IFMS - 2 પ્રોજેક્ટ માટે WIPRO LTD.ના કર્મચારીઓ માટે બ્લોક નં ૨, જીવરાજ મહેતા ભવન ખાતે અલાયદી ઓફીસ ઉભી કરેલ છે, જેના મકાનની નિભાવણીની કામગીરી.

♦ **આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે કરવા ધારેલ પ્રવૃત્તિઓની વિગતો**

- કચેરીના ગ્રાઉન્ડ ફ્લોરના રીનોવેશનની કામગીરી તથા શાખાના કાયક્ષેત્રમા આવતી કામગીરી.

સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી

નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી સને ૧૯૬૦ થી કાર્યરત છે. તેમજ ખાતાના વડા તરીકે નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીને સને:૨૦૧૧ થી જાહેર કરવામાં આવેલ છે. જે કચેરી નાણાં વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્યરત છે.

- ગુજરાત સ્થાનિક ઓડીટ અધિનિયમ-૧૯૬૩ અને ગુજરાત સ્થાનિક ભંડોળ નિયમ-૧૯૭૪ ની જોગવાઈ મુજબ રાજ્યની પંચાયત રાજની સંસ્થાઓ, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને યુનિવર્સિટીઓનું ઓડીટ નિરીક્ષકશ્રીના તાબા હેઠળની ૪ વિભાગીય અને ૩૨ જિલ્લા કચેરીઓ દ્વારા કરવામાં આવે છે.
- ઓડીટની કામગીરી કરવા માટે નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી, ગાંધીનગર તથા તાબાની કચેરીઓ માટે અધિકારીશ્રીઓ/કર્મચારીઓ સહિત કુલ ૯૮૬ જગ્યાઓનું મહેકમ મંજુર કરેલ છે. જેની સામે નવેમ્બર-૨૧ માં ૫૬૭ જગ્યાઓ ભરાયેલ છે.
- નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા મુખ્યત્વે પંચાયતી રાજ સંસ્થાઓ કે જેમાં ૩૩ જિલ્લા પંચાયતો, ૨૪૭ તાલુકા પંચાયતો,૧૪૧૧૮ ગ્રામ પંચાયતો,૧૬૨ નગરપાલિકાઓ,૮ મહાનગરપાલિકાઓ, ૨૦ યુનિવર્સિટી અને માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા ૩૨૬ અન્ય સંસ્થાઓ સહિત કુલ ૧૪૯૧૫ સંસ્થાઓના હિસાબોનું ઓડીટ હાથ ધરવામાં આવે છે.
- જિલ્લા/તાલુકા પંચાયતોના સ્ટોરની તપાસણી સ્ટોર અને તપાસણી એકમ દ્વારા કરવામાં આવે છે. જેમાં પંચાયતના (૧) જાહેર બાંધકામ (૨) સિંચાઈ તથા (૩) જાહેર આરોગ્ય, કુંટુંબ કલ્યાણ તથા મેલેરીયા વિભાગ અને અન્ય વિભાગોનો સમાવેશ થાય છે.

♦ **સને ૨૦૨૧-૨૨ માં કરેલી ઓડીટની કામગીરી :**

- રાજ્યની ૩૩ જિલ્લા પંચાયતો પૈકી ૨૩ જિલ્લા પંચાયતોનું સને.૨૦૧૮-૧૯ નું ઓડીટ પૂર્ણ કરવા ઓડીટ કામગીરી હાથ ધરેલ છે.
- રાજ્યની ૨૪૭ તાલુકા પંચાયતો પૈકી ૧૩૯ તાલુકા પંચાયતોનું નાણાંકીય વર્ષ:૨૦૧૮-૧૯ નું ઓડીટ પૂર્ણ કરવા ઓડીટ કામગીરી હાથ ધરેલ છે. અને ૩ તાલુકા પંચાયતોનું નાણાંકીય વર્ષ: ૨૦૧૯-૨૦ નું ઓડીટ પૂર્ણ કરવામાં આવેલ છે.
- રાજ્યની કુલ ૧૪૧૧૮ ગ્રામ પંચાયતો પૈકી ૫૨૨ ગ્રામપંચાયતોનું નાણાંકીય વર્ષ : ૨૦૧૭-૧૮ નું અને ૫૩૬ ગ્રામપંચાયતોનું નાણાંકીય વર્ષ : ૨૦૧૮-૧૯ નું ઓફલાઈન ઓડીટ પૂર્ણ કરેલ છે.

- ભારત સરકારના ૧૫માં નાણાપંચના અહેવાલની ભલામણો મુજબ પરફોર્મન્સ ગ્રાન્ટ મેળવવા માટે ૨૩૧ ગ્રામપંચાયતોનું નાણાંકીય વર્ષ : ૨૦૨૦-૨૧ નું ઓનલાઈન ઓડીટ કરવામાં આવેલ છે.
- રાજ્યની કુલ ૧૬૨ નગરપાલિકાઓમાંથી ૧૫૬ નગરપાલિકાઓનું સને.૨૦૧૯-૨૦ નું ઓડીટ પૂર્ણ કરેલ છે.
- રાજ્યની કુલ ૮ મહાનગરપાલિકાઓ પૈકી રાજકોટ, ગાંધીનગર, જુનાગઢ, જામનગર મહાનગરપાલિકાઓનું સને.૨૦૧૮-૧૯ ના વર્ષ સુધીનું ઓડીટ પૂર્ણ કરેલ છે અને વડોદરા, સુરત, અમદાવાદ મહાનગરપાલિકાઓનું વર્ષ: ૨૦૧૬-૧૭ ના ઓડીટની કામગીરી હાથ ધરેલ છે.
- રાજ્યની કુલ ૨૦ યુનિવર્સિટી અને માધ્યમિક શિક્ષણ બોર્ડ પૈકી બાબાસાહેબ આંબેડકર ઓ.યુનિ. નું નાણાંકીય વર્ષ : ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ નું ઓડીટ અને નરસિંહ મહેતા યુનિવર્સિટીનું નાણાંકીય વર્ષ : ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ નું ઓડીટ પૂર્ણ કરેલ છે. તથા અન્ય યુનિવર્સિટીઓના વર્ષ: ૨૦૧૪-૧૫ થી ૨૦૧૮-૧૯ સુધીના અલગ અલગ વર્ષોના ઓડીટ પૂર્ણ કરી ઓડીટ રીપોર્ટ અંગેની કામગીરી ચાલુમાં છે.
- અન્ય ઓડીટ સંસ્થાઓ પૈકી ૭૩ સંસ્થાઓના જુદા જુદા વર્ષના ઓડીટ હાથ ધરેલ છે.
- વૈશ્વિક મહામારી કોરોનાની નાણાંકીય વર્ષ : ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ ના હિસાબોની નિભાવણી, ફંડ ફાળવણી અને ઓડીટ માટે આરોગ્ય વિભાગ દ્વારા કોવિડ-૧૯ ફાઈનાન્સ સેલની રચના કરવામાં આવેલ હતી. જે અંતર્ગત નાણાંવિભાગની સુચનાથી સોંપેલ ઓડીટની કામગીરી કરેલ છે.

♦ **સને ૨૦૨૧-૨૨ માં ઓડીટ અહેવાલ તૈયાર કરી વિધાનસભાના ગૃહમાં રજુ કર્યાની વિગત :**

- નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા જિલ્લા/તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાના ઓડીટ અહેવાલ તૈયાર કરી વિધાનસભા ગૃહમાં રજુ કરવામાં આવે છે.
- મહાનગરપાલિકાઓનો નાણાંકીય વર્ષ: ૨૦૧૪-૧૫ નો ઓડીટ અહેવાલ અને નગરપાલિકાઓનો નાણાંકીય વર્ષ: ૨૦૧૮-૧૯ નો ઓડીટ અહેવાલ તૈયાર કરી વિધાનસભા ગૃહમાં રજુ કરવામાં આવનાર છે.

♦ **સને ૨૦૨૨-૨૩ માં હાથ ધરવાની ઓડીટની કામગીરી :**

- રાજ્યની ૩૩ જિલ્લા પંચાયતો નાણાંકીય વર્ષ : ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ નું ઓડીટ પૂર્ણ કરવાનું આયોજન છે.
- રાજ્યની ૨૪૮ તાલુકા પંચાયતો પૈકી ૧૭૪ તાલુકા પંચાયતોનું નાણાંકીય વર્ષ : ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ નું ઓડીટ પૂર્ણ કરવાનું આયોજન છે.
- રાજ્યની કુલ ૧૪૧૧૮ ગ્રામ પંચાયતોનું સને.૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ નું ઓફલાઈન ઓડીટ પૂર્ણ કરવાનું આયોજન છે. અને સને.૨૦૨૦-૨૧ નું ઓનલાઈન ઓડીટ પૂર્ણ કરવાનું આયોજન છે.
- રાજ્યની કુલ ૧૬૨ નગરપાલિકાઓનું સને.૨૦૨૦-૨૧ નું ઓડીટ પૂર્ણ કરવાનું આયોજન છે.
- રાજ્યની કુલ ૮ મહાનગરપાલિકા પૈકી ત્રણ મહાનગરપાલિકાઓનું સને.૨૦૧૬-૧૭ સુધીનું ઓડીટ પૂર્ણ કરવામાં આવશે અને અન્ય પાંચ મહાનગરપાલિકાઓનું સને.૨૦૧૯-૨૦ નું ઓડીટ હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે.
- રાજ્યની ૨૦ યુનિવર્સિટીઓ અને માધ્યમિક શિક્ષણ બોર્ડનું સને.૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ નું ઓડીટ હાથ ધરવાનું આયોજન કરેલ છે.

♦ **સને ૨૦૨૨-૨૩ માં ઓડીટ અહેવાલ તૈયાર કરી વિધાનસભાના ગૃહમાં રજુ કરવાનું આયોજન :**

- જિલ્લા/તાલુકા પંચાયતના સને.૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ ના નાણાંકીય વર્ષનો ઓડીટ અહેવાલ તૈયાર કરી વિધાનસભા ગૃહમાં રજુ કરવાનું આયોજન છે.
- નગરપાલિકાઓનો સને.૨૦૧૯-૨૦ ના નાણાંકીય વર્ષનો ઓડીટ અહેવાલ તૈયાર કરી વિધાનસભા ગૃહમાં રજુ કરવામાં આવશે.
- મહાનગરપાલિકાઓનો સને.૨૦૧૫-૧૬ અને સને.૨૦૧૬-૧૭ ના નાણાંકીય વર્ષનો ઓડીટ અહેવાલ તૈયાર કરી વિધાનસભા ગૃહમાં રજુ કરવાનું આયોજન છે.

વીમા નિયામકશ્રીની કચેરી

♦ **સ્થાપના :**

વીમા નિયામકની કચેરી, રાજ્ય સરકારનાં કાર્યક્ષેત્ર હેઠળ સામાન્ય વીમા વ્યવસાયની કામગીરી બજાવે છે. IRDA દ્વારા વીમા ક્ષેત્રનું ખાનગીકરણ કરવામાં આવ્યા બાદ IRDA પાસેથી લાઈસન્સ મેળવી કચેરી દ્વારા ગુજરાત સરકારની માલિકીનાં માલ-મિલકતોનાં રક્ષણની કામગીરી કચેરી દ્વારા કરવામાં આવે છે.

INDEX

♦ ઉદ્દેશો :

આ કચેરીની સ્થાપનાના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

- રાજ્ય સરકારની માલ-મિલકતોને યોગ્ય વીમા રક્ષણ પુરૂ પાડવું.
- રાજ્ય સરકારની પ્રિમિયમની આવક રાજ્ય સરકાર પાસે જ રાખવાનો ઉદ્દેશ.
- રીઝર્વ ફંડ ઉભું કરવા.
- રાજ્ય સરકારનાં બોર્ડ- કોર્પોરેશનને યોગ્ય વીમા માર્ગદર્શન પુરૂ પાડવું.
- આતંકવાદનાં જોખમ સામે વીમા રક્ષણ પૂરુ પાડવું

♦ કામગીરી :

વીમા નિયામકની કચેરીની કામગીરીને નીચે દર્શાવ્યા મુજબના મુખ્યત્વે ૪ ભાગમાં વહેચી શકાય.

૧) મકાન બાંધકામ પેશગીથી ખરીદેલ/ બાંધેલ મકાનના વીમાની કામગીરી (HBA) :

ગુજરાત સરકારના તમામ અધિકારી/કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકાર તરફથી મકાન પેશગી મેળવી મકાન ખરીદે અથવા બાંધે છે, તેઓ માટે લોનની રકમ જેટલો લઘુત્તમ વીમો, વીમા નિયામકની કચેરી પાસેથી જેટલા સમયગાળા માટે લોન મંજુર કરવામાં આવેલ છે, તેટલા સમયગાળા માટે લેવો ફરજીયાત છે. વીમા નિયામકની કચેરી દ્વારા દર વર્ષે લગભગ સરેરાશ ૫૦૦ પોલીસીઓ દ્વારા સરેરાશ ₹ ૨૦ લાખનું પ્રીમિયમ મેળવવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં HBA હેઠળ ૩૦/૦૯/૨૦૨૧ સુધી ૨૫૮ પોલીસી દ્વારા ₹ ૧૫.૬૪ લાખનુ પ્રીમિયમ મેળવેલ છે. જ્યારે ₹ ૫, ૨૧૨ નો ૧ દાવો ઉદ્દભવેલ છે.

૨) સીધા વીમાની કામગીરી :

રાજ્ય સરકારની પોતાની માલીકી, બોર્ડ, કોર્પોરેશન, વિભાગો, યુનિવર્સીટીઓ, ઔદ્યોગીક તાલિમ સંસ્થાઓ વગેરેની માલીકીની મિલ્કતો કે જેમાં જોખમનું ઓછુ હોય, તેવી મિલ્કતોના વીમા ૧૦૦% ના ધોરણે લખવાની કામગીરી વીમા નિયામકની કચેરી દ્વારા સીધા વીમા વ્યવસાય અંતર્ગત કરવામાં આવે છે. આમાં મુખ્યત્વે આગ, ચોરી, ઈલેક્ટ્રોનીક ઈક્વીપમેન્ટ અને કેશ ઈન ટ્રાન્ઝીટ વગેરે પ્રકારની પોલીસીઓ ઈશ્યુ કરવામાં આવે છે. આ પોલીસીઓ અંતર્ગત ઉપસ્થિત થતા દાવાઓ અંગેની તમામ કાર્યવાહી અને ચૂકવણી પણ અત્રેની કચેરી દ્વારા કરવામાં આવે છે. સીધા વીમા હેઠળ વર્ષે સરેરશ ૩૫૦ જેટલી પોલીસી હેઠળ ₹ ૩ કરોડના પ્રીમિયમની આવક મેળવવામાં આવે છે. સીધા વીમા હેઠળ ઉદ્દભવતા દાવાઓની સંખ્યા નહિવત છે. સીધા વીમા હેઠળ આવરી લેવામાં આવતા મુખ્ય વીમેદારોની માહિતી આ સાથે બિડાણ કરેલ છે. સીધા વીમા હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં ૩૦/૦૯/૨૦૨૧ સુધીમાં ૧૪૭ પોલીસી દ્વારા ₹ ૨.૨૪ કરોડનુ પ્રીમિયમ મેળવવામાં આવેલ છે, જ્યારે ચાલુ વર્ષે સીધા વીમા હેઠળ કોઇ દાવો ઉદ્ભવેલ નથી.

List of Direct Client	
1	Gujarat State Seeds Corporation
2	Government Printing & Stationery, Gandhinagar
3	All University
4	Gujarat State Police Housing, Gujarat
5	Dahej SEZ Ltd
6	Gujarat State Handloom & Handicrafts Dev. Cor. Ltd
7	Government Photo Litho Press-Ahmedabad
8	Gujarat State School Textbook Board, Gandhinagar
9	EDP Cell, DAT, Gujarat
10	Forensic Science Laboratory, Gandhinagar
11	Director of Aviation Government of Gujarat
12	All ITI
13	All ESIS Dispensary
14	Gujarat Housing Board

INDEX

૩) સહ વીમો અને પુન: વીમા અંગેની કામગીરી :

રાજ્ય સરકારની માલીકીની માલ મિલ્કતો, કંપનીઓ, બોર્ડ, કોર્પોરેશન વગેરે કે જેમાં જોખમનું પ્રમાણ ખુબ વધારે હોય, તેવા વીમાના ધંધાને ૧૦૦% ના ધોરણે લખવાના બદલે નાણાં વિભાગના તા. ૧૫/૦૨/૧૯૯૫, ૨૪/૦૫/૨૦૦૧ અને ૨૯/૦૪/૨૦૦૨ ના ઠરાવ/પરિપત્રની જોગવાઈઓ અનુસાર ૪૫%ની મર્યાદામાં રહીને સહવીમાના ધોરણે સહવીમા વ્યવસ્થા હેઠળ લખવામાં આવે છે. એટલે કે, જેટલા ટકા સહવીમા પ્રીમિયમ સ્વિકારવામાં આવે તેટલા જ પ્રમાણમાં દાવા અંગેની જવાબદારી પણ વીમા નિયામકની કચેરી દ્વારા સ્વિકારવામાં આવે છે. આ માટે વીમા નિયામકની કચેરી દ્વારા જાહેર ક્ષેત્ર તેમજ ખાનગી ક્ષેત્રની વીમા કંપનીઓ સાથે જરૂરી MoU કરવામાં આવેલ છે. તદ્અનુસાર વીમેદારને વીમા પોલીસી ઇશ્યુ કરવા અંગેની તેમજ દાવા ચૂકવણીની તમામ સેવાઓ વીમા કંપની દ્વારા આપવામાં આવે છે. MoU માં નક્કી થયા મુજબ દર માસે સહવીમા પત્રક વીમા પોલીસી સાથે વીમા કંપની દ્વારા વીમા નિયામકની કચેરીમાં મોકલી આપવામાં આવે છે અને ચુકવવાપાત્ર થતા સહવીમા પ્રિમીયમની ચુકવણી વીમા નિયામકની કચેરીને કરવામાં આવે છે. દાવો ઉપસ્થિત થવાના સંજોગોમાં સૌપ્રથમ વીમા કંપની દ્વારા જરૂરી સર્વે કરી વીમેદારને ચુકવણી કરી દેવામાં આવે છે, અને ત્યારબાદ વીમા કંપનીને સહવીમા ફાળવણી અનુસાર વસુલાત માટે વીમા નિયામકની કચેરીને મોકલવામાં આવે છે. જેની જરૂરી ચકાસણી બાદ વીમા નિયામક્ની કચેરી દ્વારા વીમા કંપનીને તેના હિસ્સાના દાવાના રકમની ચુકવણી કરવામાં આવે છે.

સહવીમા વ્યવસાય હેઠળ દર વર્ષે સરેરાશ ₹ ૩૦ કરોડના પ્રીમિયમની આવક મેળવવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૩૦/૦૯/૨૦૨૧ સુધીમાં સહવીમા હેઠળ ૮૬૩ પોલીસી દ્વારા ₹ ૧૯.૮૮ કરોડના પ્રીમિયમની આવક મેળવવામાં આવેલ છે. જ્યારે ૧૪૦ દાવાઓ હેઠળ ₹ ૪.૫૬ કરોડના દાવાઓની ચૂકવણી કરવામાં આવેલ.

આ સહવીમા ફાળા માંથી નિયમોનુસાર ૫% પુનઃવીમો જનરલ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઈંડિયા, મુંબઈ ને આપવામાં આવે છે.

૪) ગુજરાત સામુહિક જુથ જનતા અકસ્માત વીમા યોજનાની કામગીરી :

નાણાં વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૩ ના ઠરાવ અને ત્યાર બાદના આનુસાંગિક સુધારાઓ અન્વયે ગુજરાત સામુહિક જુથ જનતા અકસ્માત વીમા યોજના હેઠળ ખાતેદાર ખેડુત, ખાતેદાર ખેડુતના પતિ/પત્નિ તેમજ તેના તમામ સંતાનો, અસંગઠિત શ્રમિકો, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, કોલેજ અને આઈટીઆઈના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, જેલ કર્મચારીઓ, સફાઇ કામદાર વગેરે પ્રકારના કુલ ૩.૮૬ કરોડ લાભાર્થીઓને આકસ્મીક મૃત્યુ અને કાયમી અપંગતાના કીસ્સામાં વીમા રક્ષણ આપવાના હેતુસર આવરી લેવાયેલ છે. આ અંગેનું વીમા પ્રીમિયમ સરકારના વિવિધ વિભાગો દ્વારા વીમા નિયામકની કચેરીને ચૂકવી આપવામાં આવે છે અને ઉદ્ભવતા દાવાઓની ચકાસણી તેમજ ચૂકવણીની કામગીરી વીમા નિયામકની કચેરી દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૩૦/૦૯/૨૦૨૧ સુધીમાં કુલ ૯૨.૫૮ કરોડનુ વીમા પ્રીમિયમ મેળવેલ છે. જ્યારે કુલ ૧૬૫૭ દાવા હેઠળ લગભગ ₹ ૨૬.૭૬ કરોડનું ચૂકવણું કરવામાં આવેલ છે.

વીમેદારોને વધુ સારી સેવા આપવાના ઉદેશસર કચેરી દ્વારા NIC મારફત એક પોર્ટલ તૈયાર કરાવવામાં આવેલ છે અને આ પોર્ટલ માનનિય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા. ૧૬/૦૯/૨૦૧૯ ના રોજ લોન્ચ કરવામાં આવેલ. હાલમાં ગુજરાત સામુહિક જુથ જનતા અકસ્માત વીમા યોજના ના દાવાઓની કામગીરી સદરહુ પોર્ટલ દ્વારા ઓનલાઈન હાથ ધરવામાં આવેલ છે. સીધા વીમા ધંધા અને HBA વીમા ધંધાની કામગીરી ઓનલાઈન કરવા માટે NIC ની મદદથી વેબ પોર્ટલ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે અને આગામી વર્ષે આ બન્ને કામગીરી ઓનલાઈન કરવામાં આવશે. વિશેષમાં IFMS 2 હેઠળ વીમા નિયામકની કચેરીની સંપુર્ણ કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનુ નક્કી કરવામાં આવેલ છે અને IFMS 2 ના ફેઝ 3 હેઠળ આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૨-૨૩ના નાંણાકિય વર્ષ દરમ્યાન Go Live થાય તેવુ આયોજન છે.

વીમા નિયામકની કચેરીને દાવા તેમજ પગાર ભથ્થા અને અન્ય વહિવટી ખર્ચ માટે જે ગ્રાન્ટ ફાળવવામાં આવે, તે ગ્રાન્ટ વીમા નિયામકની કચેરી દ્વારા વર્ષના અંતે પીરીયોડીકલ એડ્જસ્ટમેન્ટ દ્વારા આવક સદર “૮૨૩૫-૧૦૫” સામે ઉધારવામાં આવે છે. અર્થાત, દાવા ચૂકવણી અને પગાર ભથ્થાનો ખર્ચ વીમા પ્રીમિયમની આવક માંથી જ મેળવવામાં આવે છે. તદ્ઉપરાંત, વાર્ષિક હિસાબો તૈયાર થયા બાદ, ઉપજનો વધારો સરકારશ્રીના એકત્રિત ભંડોળમાં જમા કરાવવામાં આવે છે. સરકારશ્રીના એકત્રિત ભંડોળમાં અત્યાર સુધીમાં કુલ ₹ ૨૭૩ કરોડ જમા કરાવવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી અન્વયે કચેરી દ્વારા છેલ્લા ૪ વર્ષનાં મેળવેલ પ્રિમીયમ, ચૂકવેલ દાવા અને રાજ્ય સરકારમાં તબદીલ કરેલ ફંડની વિગત નીચે મુજબ છે.

INDEX

આંકડાકીય માહિતી

1. સહવીમાની કામગીરી

(રકમ ₹ લાખમાં)

ક્રમ	વર્ષ	મળેલ પ્રીમિયમ	ચૂકવેલ દાવાની રકમ	વહીવટી ખર્ચ	રાજ્ય સરકારના એકત્રિત ભંડોળમાં તબદીલ કરેલ રકમ
	૧૯૬૦ થી ૨૦૧૬ સુધી				૧૯૩૨૦
૧	૨૦૧૭-૧૮	૧૯૫૫	૬૯૮	૨૩૫.૯૨	૨૦૦૦
૨	૨૦૧૮-૧૯	૧૫૮૭	૧૪૦૫	૨૦૭.૮૮	૨૦૦૦
૩	૨૦૧૯-૨૦	૨૭૮૪	૧૯૭૪	૨૨૪.૮૨	૨૦૦૦
૪	૨૦૨૦-૨૧	૩૫૯૪	૧૦૧૮	૧૬૬	૨૦૦૦
૫	૨૦૨૧-૨૨ (૩૦/૦૯/૨૦૨૧ સુધી)	૧૯૮૮	૨૨૩	-	-
				કુલ	૨૭૩૨૦

2. ગુજરાત સામુહિક જુથ જનતા અકસ્માત વીમા યોજનાની કામગીરી

વર્ષ	વીમેદારની સંખ્યા (કરોડમાં)	મળેલ પ્રિમિયમની રકમ ₹ (કરોડમાં)	મળેલ દાવાની સંખ્યા	મંજુર કરેલ દાવાની સંખ્યા	નામંજુર કરેલ દાવાની સંખ્યા	ચુકવેલ દાવાની રકમ ₹ (કરોડમાં)
૨૦૧૬-૧૭	૩.૮૮	૪૭.૫૪	૩૬૮૧	૨૫૧૨	૨૧૮	૨૩.૪૧
૨૦૧૭-૧૮	૩.૮૮	૪૮.૭૦	૩૭૭૭	૨૬૫૯	૩૭૦	૨૪.૭૮
૨૦૧૮-૧૯	૩.૯૯	૫૯.૮૩	૪૯૭૫	૩૦૦૫	૪૩૯	૨૮.૩૦
૨૦૧૯-૨૦	૩.૯૮	૮૬.૫૯	૪૦૪૫	૨૬૧૪	૧૨૮૯	૩૯.૪૧
૨૦૨૦-૨૧	૩.૮૫	૯૮.૦૬	૫૯૩૦	૩૧૩૬	૪૦૨	૫૦.૭૭
૨૦૨૧-૨૨ (૩૧/૧૨/૨૦ સુધી)	૩.૮૬	૯૨.૫૮	૨૫૩૧	૧૬૫૭	૧૧૧	૨૬.૭૬

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન અંદાજે ₹ ૧૨૦ કરોડ પ્રિમિયમ આવક મેળવવાનો લક્ષ્યાંક છે.

► ભાવિ કામગીરીની અપેક્ષા અને આયોજન :

- HBA અને સીધા વીમા ધંધાની કામગીરી માટે NIC મારફત સોફ્ટવેર તૈયાર કરાવી, પોલીસી ઈશ્યુ કરવાની તેમજ દાવાઓની ચૂકવણીની પ્રક્રિયા ઓનલાઈન તેમજ પેપરલેસ કરવાનું આયોજન છે.
- IFMS 2 ના ફેઝ ૩ હેઠળ વીમા નિયામકની કચેરીની કામગીરીની સંપૂર્ણ યાંત્રીકરણ કરવાની પ્રક્રિયા ૨૦૨૨-૨૩ના વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.
- મોટા ક્લાઈન્ટસ એટલે કે, ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર કંપની, ગુજરાત સ્ટેટ ફર્ટિ. એન્ડ કેમિકલ લિમીટેડ, ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમીટેડ, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કોર્પો., ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કંપની, ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ લિમીટેડ, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પો, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, સરદાર સરોવર નર્મદા નિગમ તથા અન્ય નિગમો/બોર્ડની સમયાંતરે મુલાકાત લઇ જરૂરી માર્ગદર્શન/માહિતી ની આપ-લે કરવામાં આવશે.
- આ બાબતે જરૂર જણાયે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય રી.ઈન્સ્યુરન્સ સેમીનાર/તાલીમ કાર્યક્રમમાં હિસ્સો લઈને સરળતાથી "Risk management" કરી શકાય તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.
- જૂથ અકસ્માત વીમા યોજનાનો પ્રચાર અને પ્રસાર કરવામાં આવશે.
- આ યોજનાનો પ્રચાર અને પ્રસાર કરવા માટે નોડલ ઓફિસરને તાલીમ આપવા માટે અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવશે અને તેમનાં મુંજવતા પ્રશ્નો માટે સેમીનાર યોજી માર્ગદર્શન આપવામાં આવશે
- બોર્ડ/નિગમ/વિભાગો નાં વીમા કામગીરી સંભાળતા અધિકારી કર્મચારીઓ માટે તાલીમવર્ગનું આયોજન કરી તમામ વીમા પોલીસીઓ માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.

INDEX

- રાજ્ય વીમા નિધીનાં તમામ કર્મચારી અધિકારીઓ માટે બદલાતાં વીમા ક્ષેત્રને અનુરૂપ તાંત્રિક અને વહીવટી તાલીમ આપવામાં આવશે.
- રાજ્ય સરકારની કલ્યાણકારી જુથ વિમા યોજનાના ક્લેમના કેસ હેઠળ ઝડપી નિકાલ વ્યવસ્થા ગોઠવણી કરેલ છે અને સમયસર અને સાચા દાવાની ચૂકવણી સરળતાથી લાભાર્થીને થાય તેવું આયોજન કરેલ છે. આ અંગે જુદા જુદા નોડલ ઓફિસરના વિભાગીય કક્ષાએ મિટિંગનુ આયોજન કરીને બાકી દાવાની પૂર્તતા સમયસર થાય અને સમયસર દાવાની ચૂકવણીનુ આયોજન કરેલ છે.

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી

૧. પેન્શન :

૧.૧ નાણાં વિભાગના તારીખ-૦૯-૦૫-૨૦૦૧ના ઠરાવથી મળેલ મંજુરી અન્વયે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીનું તારીખ-૧૪-૦૫-૨૦૦૧ના રોજ વીમા અને લેખા ભવન, બ્લોક નં. ૧૮, જુના સચિવાલય, ગાંધીનગર ખાતે સ્થળાંતર કરવામાં આવેલ છે અને તારીખ-૨૬-૦૫-૨૦૦૧ના રોજથી કચેરી નવા મકાનમાં કાર્યરત થયેલ છે.

૧.૨ આ કચેરીની સ્થાપના તારીખ-૦૧-૦૯-૧૯૮૭ છે. સને-૧૯૮૮-૮૯ ના વર્ષથી અગાઉ જે પેન્શન / કુટુંબ પેન્શન કેસો એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ તરફથી અધિકૃત કરવામાં આવતા હતા, તે પેન્શન કેસો આ કચેરી તરફથી અધિકૃત કરવામાં આવે છે. સરકારશ્રીના પેન્શન કેસના ઝડપી નિકાલના અભિગમને અનુલક્ષી આ કચેરી તરફથી શકય તેટલા પ્રયત્નો કરી નિવૃત્તિ/અવસાન થતાં કર્મચારીઓ /અધિકારીઓને ઝડપથી પેન્શન/કુટુંબ પેન્શન અને તેને લગતાં આનુસાંગિક લાભો મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે. સને-૨૦૨૦-૨૦૨૧ના વર્ષ દરમ્યાન તા.-૦૧-૦૪-૨૦૨૦ થી તા.-૩૧-૦૩-૨૦૨૧ દરમ્યાન નિકાલ કરેલ પેન્શન કેસની તથા તા.-૦૧-૦૪-૨૦૨૧ થી તા.-૩૦-૧૧-૨૦૨૧ દરમ્યાન નિકાલ કરેલ પેન્શન કેસોની વિગતો નીચે મુજબ છે.

૧.૩ નિકાલ કરેલ પેન્શન કેસની વિગતો :

નિવૃત્તિ કેસ :

અ. નં.	નિકાલ કરેલ પેન્શન કેસની વિગત	સને ૨૦૨૦-૨૧ દરમ્યાન નિકાલ કરેલ પેન્શન કેસની સંખ્યા	તા.૧-૪-૨૧થી ૩૦-૧૧-૨૧ દરમ્યાન નિકાલ કરેલ પેન્શન કેસની સંખ્યા
૧	સરકારી કર્મચારીઓના પેન્શન કેસ રેગ્યુલર :	૨૮૨૧૪	૧૬૩૭૮
૨	બિન સરકારી કર્મચારીઓના પેન્શન કેસ રેગ્યુલર :	૫૮૪૯	૫૧૩૪
૩	અખિલ ભારતીય સેવાના અધિકારીઓના પેન્શન કેસ	૧૭	૧૬
૪	માન.ન્યાયમૂર્તિઓ - જાહેર સેવા આયોગના પદાધિકારીઓના પેન્શન કેસો	૦૩	૦૪
૫	એ.જી.કચેરી તરફથી આવેલ કેસ	૧૮૧	૧૫૩
	કુલ	**૩૪૨૬૪**	**૨૧૬૮૫**

રીવીઝન કેસો

અ. નં.	નિકાલ કરેલ પેન્શન કેસની વિગત	સને ૨૦૨૦-૨૧ દરમ્યાન નિકાલ કરેલ પેન્શન કેસની સંખ્યા	તા.૧-૪-૨૦૨૧ થી ૩૦-૧૧-૨૦૨૧ દરમ્યાન નિકાલ કરેલ પેન્શન કેસની સંખ્યા
૧	જનરલ રીવીઝન	૧૧૯૩૪	૪૯૬૦
	કુલ	**૧૧૯૩૪**	**૪૯૬૦**

INDEX

૧.૪ ઉપરોકત ફકરા ૧.૩ માં દર્શાવેલ વિગતે આ કચેરી તરફથી રાજ્યનાં જુદા જુદા વિભાગો/ખાતાઓ/કચેરીઓમાં ફરજ બજાવતાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓ, અખિલ ભારતીય સેવાના અધિકારીશ્રીઓ, ગુજરાતની વડી અદાલતના ન્યાયમૂર્તિશ્રીઓ, જાહેર સેવા આયોગના અધિકારીશ્રીઓ, બિનસરકારી સંસ્થાઓ જેવી કે માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, પી. ટી. સી. કોલેજો, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો, સી. પી. એડ. કોલેજો જુદી જુદી ગ્રાન્ટ ઇન એઇડ યુનિવર્સિટીઓના કર્મચારીઓ, ગ્રામ્ય વિદ્યાપીઠો, આર્યુવેદિક યુનિવર્સિટી, સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડના કર્મચારીઓ વગેરેના પેન્શન કેસોનુ આખરીકરણ કરી અધિકૃતિ ઇસ્યુ કરવાની કામગીરી કરવામાં આવે છે.

૧.૫ **મોનીટીરીંગ :** રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાંથી આ કચેરીમાં પેન્શન કેસ, સમયસર રજુ થાય તથા નિયમોની જાણકારીના અભાવે અથવા અન્ય રીતે પેન્શન કેસના નિકાલમાં મુશ્કેલી ઉપસ્થિત ન થાય તે માટે આ કચેરી તરફથી ઘટિત મોનીટરીંગ કરવામાં આવે છે.

૧.૬ સરકારશ્રીના નાણા વિભાગના તા-૧૪-૧૧-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક-પરચ-૧૦૨૦૧૦-૧૬૧૭(ડી-૪૬૨/૨૦૧૪)-૫ થી પંચાયતના કર્મચારીઓના પેન્શન અધિકૃતિ અંગે જિલ્લા સ્થાનિક ભંડોળ હિસાબ કચેરીઓ ખાતે થતી કામગીરી અત્રેની કચેરીને તા-૦૧-૦૬-૨૦૧૫થી સોપવામાં આવેલ છે.

૧.૭ સરકારશ્રીના નાણાં વિભાગના તા-૦૧-૦૩-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૦-૧૬૧૭-પી થી નગર પંચાયતના કર્મચારીઓના પેન્શન અધિકૃતિ અંગેની કામગીરી તા-૩૧-૦૫-૨૦૧૬થી અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ છે.

૨. વર્ગ-૪, વર્કચાર્જ તથા રોજમદાર કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબો બાબત :

ગુજરાત રાજ્યની તમામ કચેરીઓના ચોથા વર્ગના કર્મચારીઓ, વર્કચાર્જ કર્મચારીઓ અને રોજમદાર કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડના હિસાબો આ કચેરી તરફથી નિભાવવામાં આવે છે. આવા નિભાવવામાં આવતાં હિસાબોની વિગતો નીચે પ્રમાણે દર્શાવેલ છે.

અ. નં.	વિગત	ખાતાઓની સંખ્યા		
		વર્ગ-૪	વર્કચાર્જ	રોજમદાર
૧.	તારીખ ૧-૪-૨૦૨૧	૧૫૪૨૭	૪૧૫૫	૭૨૬૩
૨.	સને-૨૦૨૧-૨૦૨૨ના વર્ષ દરમ્યાન ખાતાઓમાં થયેલ વધારો (+)	-	-	૨૮
કુલ		**૧૫૪૨૭**	**૪૧૫૫**	**૭૨૯૧**
૩.	સને ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન કર્મચારીઓ નિવૃત્તિ/અવસાન થતાં આખરી નિકાલ કરવામાં આવેલ ખાતાઓની સંખ્યા (-)	૧૦૪૭	૨૫૫	૮૭૫
૪.	બાકી રહેતા ખાતાઓની સંખ્યા	૧૪૩૮૦	૩૯૦૦	૬૪૧૬

૨.૧ જી. પી. ફંડ લીંક ઇન્સ્યોરન્સ યોજના :

સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે સામાન્ય ભવિષ્ય નિધિ ખાતું ધરાવનાર કર્મચારીઓ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામે તેવા કેસોમાં છેલ્લા ત્રણ વર્ષના સિલક આધારીત ₹ ૬૦,૦૦૦/-ની મર્યાદામાં વિમા કવરેજનો(લીંક ઇન્સ્યોરન્સ) લાભ સરકારશ્રીએ આપેલ છે. વર્ષ-૨૦૨૧-૨૨માં વર્ગ-૪ના **૧૫૪** કર્મચારીઓ, વર્કચાર્જ કર્મચારીઓના કિસ્સામાં ૧૫ કર્મચારીઓના તથા રોજમદાર કર્મચારીઓના કિસ્સામાં **૧૧૭** કર્મચારીઓના કુટુંબના સભ્યોને આ લાભ આપવામાં આવેલ છે.

૨.૨ હિસાબોના મેળવણાં બાબત :

સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબો તૈયાર કરવામાં રહી જતી ભૂલ અથવા કચેરી તરફથી કર્મચારીઓના ખાતાનંબર શરતચુકથી ખોટા દર્શાવવામાં આવતા આવી ભૂલોને સુધારવા માટે પીએફસી- ૧ થી ૪ શાખા કામગીરી સંભાળે છે. નાણાંકીય વર્ષ-૨૦૨૧-૨૨માં ૫૭ કર્મચારીઓના ખાતાનું મેળવણું જે તે કચેરી દ્વારા કરવામાં આવેલ છે.

INDEX

૨.૩ વર્ગ-૧-૨-૩ અને ૪ ના કર્મચારીઓ/અધિકારીઓના જી.પી.એફ.ની પાસબુકોની ફાળવણી કરવા બાબત :

રાજ્ય સરકારના વર્ગ-૧, ૨, ૩ અને ૪ ના કર્મચારીઓ/અધિકારીઓના સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબો સુવ્યવસ્થિત રીતે નિભાવવા અને નિવૃત્તિ/અવસાન થનાર કર્મચારીઓ/અધિકારીઓને યોગ્ય રીતે તેઓના નાણાં પરત મળી રહે તેવા શુભ આશયથી સરકારશ્રીએ દરેક કર્મચારી/અધિકારીઓ માટે સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબોની પાસબુકો સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ નિભાવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

૨.૪ સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબોનું કોમ્પ્યુટરાઇઝેશન :

વર્ગ-૪, વર્કચાર્જ અને રોજમદાર કર્મચારીઓના હિસાબો અગાઉ મેન્યુઅલી કરવામાં આવતા હતા, તે કોમ્પ્યુટર પદ્ધતિથી તારીખ ૧-૪-૧૯૯૨ થી ચાલુ કરેલ છે. સને ૨૦૧૯-૨૦૨૦ના વર્ષની તમામ કર્મચારીઓની સ્લીપો માહે **જુલાઇ-૨૦૨૧**માં તૈયાર કરી **IFMS** પોર્ટલ પર તમામ ઉપાડ અધિકારીઓના લોગીનમાં મુકવામાં આવેલ છે. અને સને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષની સ્લીપ **જુલાઇ-૨૦૨૨**માં ઇસ્યુ કરવાનું આયોજન કરેલ છે. આ કચેરી દ્વારા સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબોની નિભામણી **IFMS** (સંકલીત નાણાંકીય વ્યવસ્થાપન પદ્ધતિ) અંતર્ગત કરવામાં આવે છે.

૩. મકાન બાંધકામ પેશગી / વાહન પેશગીના હિસાબો :

રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ/અધિકારીઓના મકાન બાંધકામ પેશગી અને વાહન પેશગીના હિસાબોની નિભાવણી તથા “ના લેણાં પ્રમાણપત્ર” અને વ્યાજ અંગેના સમર્થન આપવાની કામગીરી તારીખ ૧-૪-૧૯૮૯ થી આ કચેરી તરફથી કરવામાં આવે છે. તારીખ ૧-૪-૧૯૮૯ પહેલા એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, રાજકોટ તથા પગાર અને હિસાબ કચેરી દ્વારા આ કામગીરી કરવામાં આવતી હતી. સનેઃ **૨૦૨૦-૨૧** ના વર્ષની મકાન બાંધકામ/વાહન પેશગીના હિસાબોની સ્લીપો માહે- **જુન-૨૦૨૧ IFMS** પોર્ટલ પર તમામ ઉપાડ અધિકારીઓના લોગીનમાં મુકવામાં આવેલ છે. સને-૨૦૨૨-૨૦૨૩ના વર્ષની વાહન પેશગી/મકાન પેશગીની સ્લીપ જુન-૨૦૨૨ માં ઇસ્યુ કરવાનું આયોજન કરેલ છે મકાન વાહન પેશગીના હિસાબોની નિભામણી **IFMS** (સંકલીત નાણાંકીય વ્યવસ્થાપન પદ્ધતિ) અંતર્ગત કરવામાં આવે છે.

૩.૧ સરકારશ્રીના નાણા વિભાગના તારીખ-૦૩-૦૮-૧૯૯૬ અને તારીખ-૧૭-૦૬-૧૯૯૭ ના ઠરાવ અન્વયે, ફરજ દરમ્યાન અવસાન પામેલ સરકારી કર્મચારીઓની બાકી મકાન બાંધકામ પેશગીની રકમ (મુદલ + વ્યાજ) તારીખ-૦૧-૦૪-૧૯૯૬ થી માંડવાળ કરવામાં આવે છે. સને-૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન ₹ **૫૬,૮૯,૫૫૫**ની બાકી મકાન પેશગી મુદ્દલ/વ્યાજની રકમનાં બીલો બનાવી માંડવાળ કરેલ છે. તા૦૧/૦૪/૨૦૨૧ થી માહે-૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં ₹ **૭૩,૨૦,૪૧૧** ની મકાન બાંધકામ પેશગીની રકમ (મુદલ + વ્યાજ) માંડવાળ કરેલ છે

૩.૨ મકાન વાહન પેશગીના એન.ડી.સી અને વ્યાજ સમર્થનની કામગીરી નીચે મુજબ કરેલ છે.

વિગત	વર્ષ	વ્યાજ સમર્થન	એન.ડી.સી
મકાન પેશગી	તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા-૩૦-૧૧-૨૦૨૧	૯૩૦	૧૧૦૬
વાહન પેશગી	તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા-૩૦-૧૧-૨૦૨૧	૧૨૭	૨૦૯

૩. ૩ કચેરીઓ તરફથી આવતી વ્યાજ સમર્થન/ના-લેણાં પ્રમાણપત્ર દરખાસ્તોની ચકાસણી કરી સમયસર નિકાલ કરવાની કામગીરી કરવામાં આવે છે.

૪. પેન્શનની કામગીરીનું કોમ્પ્યુટરાઇઝેશન :

સને ૧૯૯૭-૯૮ના વર્ષ દરમ્યાન પેન્શનની કામગીરીનુ કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ, અને તેનું સોફ્ટવેર તૈયાર કરી પ્રથમ તબક્કે તારીખઃ૧૯-૦૨-૧૯૯૮થી પેન્શન કેસોની અને રીવીઝન કેસોની ઓથોરીટીઓ કોમ્પ્યુટર ઉપર તૈયાર કરવાની કામગીરી ચાલુ કરેલ, અત્રેની કચેરી રાજ્ય સરકારના, પંચાયતના, તથા ગ્રાન્ટ-ઈન એઇડ સંસ્થાઓના કર્મચારીઓના પેન્શન કેસોની અધિકૃતિઓ ઇસ્યુ કરવાની કામગીરી કરે છે. રાજ્ય સરકારના પંચાયતના તથા ગ્રાન્ટ-ઈન એઇડ સંસ્થાઓના કર્મચારીઓના પેન્શન કેસોની અધિકૃતિઓ ઇસ્યુ કરવાની સઘળી કામગીરી વર્ષ-૨૦૦૭-૦૮થી સંકલિત નાણાંકીય વ્યવસ્થાપન પદ્ધતિ (**IFMS**) હેઠળ કોમ્પ્યુટરાઇઝડ કરવામાં આવેલ છે. કોમ્પ્યુટરાઇઝ કરવાની કામગીરી **Tata Consultancy Services** કરી રહી છે. આ કામગીરી હેઠળ તૈયાર થઇ રહેલ પોગ્રામ સેન્ટ્રલ સર્વર પર છે. અને અત્રેની કચેરી દ્વારા આ કામગીરી **gswan** કનેકટીવીટી પર કરવામાં આવે છે. પેન્શન પેમેન્ટ ઓર્ડર (પીપીઓ) ફોટોગ્રાફ અને સ્પેશીમેન સિગ્નેચરના સ્કેનીંગ સાથે કોમ્પ્યુટરાઇઝડ ઇસ્યુ કરવામાં આવે છે. તા-૦૧/૦૧/૨૦૧૬ પછી નિવૃત્તિ થયેલ પેન્શનરોની નવા પગારધોરણ મુજબ પેન્શન રીવીઝન અંગેની અધિકૃતિઓ પણ તિજોરી કચેરીને રવાના કરવામાં આવે છે. તેની જાણ પેન્શનરને સ્પીડ પોસ્ટથી કરવામાં આવે છે.

INDEX

સંકલિત નાણાંકીય વ્યવસ્થાપન પદ્ધતિ (**IFMS**) હેઠળ કોઈ પણ કર્મચારી પોતાના કેસનું **Status Online** ચકાસી શકે છે. વધુમાં આગામી સમયમાં **IFMS-2.0** અંતર્ગત અત્રેની કચેરીની તમામ કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું આયોજન છે.

૫. તારીખ ૧-૪-૨૦૦૫ થી દાખલ કરેલ નવી વર્ધિત પેન્શન યોજના :

આ યોજનાની મુખ્ય વિશિષ્ટતા નીચે મુજબ છે.

૫.૧ સરકારશ્રીના નાણા વિભાગના તારીખ-૧૮-૦૩-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક નવન/૨૦૦૩/ જી.ઓ.આઈ./૧૦/પી ના પેરા-૨ મુજબ તારીખ-૦૧-૦૪-૨૦૦૫ના રોજ અથવા ત્યારબાદ નિયમિત પગાર ધોરણમાં નિમણુંક પામતા તમામ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ, રાજ્ય સરકારના કર્મચારીઓ સમકક્ષ નિવૃત્તિ લાભો મેળવવા માટે હાલ પાત્રતા ધરાવે છે તેવા બોર્ડ/કોર્પોરેશનમાં નિમાનાર કર્મચારીઓ તથા પેન્શન યોજના લાગુ પડતી હોય તેવી સહાયક અનુદાન મેળવતી સંસ્થામાં ૧ એપ્રીલ ૨૦૦૫ના રોજ કે ત્યારબાદ નિમણૂંક પામનાર શૈક્ષણિક તેમજ બીનશૈક્ષણિક કર્મચારીઓને આ યોજના ફરજીયાત પણે લાગુ પડે છે.

૫.૨ આ યોજનામાં નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર દ્વારા કાયમી પેન્શન નંબર ફાળવવામાં આવે છે. જે નંબર સમગ્ર નોકરી દરમ્યાન એક જ રહે છે.

૫.૩ સ્તર (૧) અન્વયે કર્મચારી/અધિકારીના ચૂકવવાના ફાળા તરીકે બેઝીક પગાર + મોંઘવારી ભથ્થાના સરવાળાના ૧૦% ફાળાની માસિક કપાત કરવાની ફરજીયાત છે. તેમજ તેટલોજ ફાળો રાજ્ય સરકાર દ્વારા જમા કરાવવાનો રહે છે.

૫.૪ નાણાંકીય વર્ષ **૨૦૨૦-૨૦૨૧**ના વાર્ષિક હિસાબી સ્લીપો **IFMS** પોર્ટલ પર તમામ ઉપાડ અધિકારીઓના લોગીનમાં મુકવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ-૨૦૨૧-૨૨ની વાર્ષિક હિસાબી સ્લીપો માહે-**એપ્રીલ-૨૦૨૨** માં **IFMS** પોર્ટલ પર તમામ ઉપાડ અધિકારીઓના લોગીનમાં મુકવાનુ આયોજન છે.

૫.૫ નાણાંકીય વર્ષ-૨૦૧૯-૨૦થી ઓનલાઈન પ્રાન જનરેશન મોડ્યુલ **OPGM** અંતર્ગત પ્રાન જનરેશનની કામગીરી શરૂ કરેલ છે જેથી પ્રાન જનરેશનમાં થતાં વિલંબને ઘટાડી શકાયો છે.

૫.૬ ચાલુ નાણાંકીય વર્ષ-૨૦૨૧-૨૨માં (એપ્રીલ-૨૧ થી નવેમ્બર-૨૧) ૯૭૯૦ **NSDL** દ્વારા **PRAN KIT** સબંધિત કચેરીને મોકલવામાં આવેલ છે.

૫.૭ નાણાંકીય વર્ષ-૨૦૨૧-૨૨માં (તા-૩૦-૦૯-૨૦૨૧) આ યોજના હેઠળ અંદાજે **૨,૩૫,૫૨૩** ખાતા ખોલવામાં આવેલ છે. ઓનલાઈન આવતા હિસાબોનુ રોકાણ **PFRDA** દ્વારા નિયત કરાયેલ **Pension Fund Management Company**માં કરવામાઅં આવે છે.

૫.૮ નાણાંકીય વર્ષ-૨૦૨૧-૨૨(તા-૩૦-૦૯-૨૦૨૧) સુધીમાં આ યોજના હેઠળ અંદાજે ₹ ૧૦૯૦૫.૬૫ કરોડ જેટલી રકમ **NSDL** ખાતે તબદીલ કરવામાં આવેલ છે.

૫.૯ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨(તા-૩૦-૦૯-૨૦૨૧) સુધીમાં અવસાન, વયનિવૃત્તી તેમજ રાજીનામાં જેવા આખરી ઉપાડના કિસ્સામાં કુલ ૨૧૪૬ કેસોને અત્રેથી ઓનલાઈન અધિકૃત કરવામાં આવે છે.

૫.૧૦ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ (તા-૩૦-૦૯-૨૦૨૧) સુધીમાં અંશત: ઉપાડના કિસ્સામાં કુલ ૬૭૭ કેસોને અત્રેથી ઓનલાઈન અધિકૃત કરવામાં આવે છે.

૬.૦ તકેદારી શાખા :

૬.૧ જાહેર માહિતી અધિકારની અરજીઓ માહે એપ્રીલ-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧ દરમ્યાન આવેલ કુલ ૮૩ પૈકી ૫૮ અરજીઓની માહિતીનુ સંકલન કરી નિયત સમયમર્યાદામાં નિકાલ કરેલ છે.

૬.૨ જાહેર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૪(૧) (ખ)(૧૭) મુજબ પ્રો-એક્ટીવ ડેસ્ક્લોઝર તા.-૩૧-૦૫-૨૦૨૨ની સ્થિતિએ અદ્યતન કરેલ છે. તેમજ વર્ષ ૨૦૨૧-૨૨ની સ્થિતિ તા-૩૧-૦૫-૨૦૨૨ની સ્થિતિએ અદ્યતન કરવામં આવશે.

૬.૩ આગામી ૧ વર્ષમાં નિવૃત્તિ થનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને પેન્શન કેસ તૈયાર કરી રજુ કરવા બાબતના માહે એપ્રીલ-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧ દરમ્યાન કુલ ૧૫૧૦૬ પત્રો લખેલ છે. તથા ૨૦૨૨-૨૩ દરમ્યાન એક વર્ષમાં નિવૃત્તિ થનાર કર્મચારીશ્રી/અધિકારીશ્રી પેન્શન કેસ તૈયાર કરવા અંગેના પત્રો લખવાનું આયોજન કરેલ છે.

૬.૪ નિવૃત્તિ/અવસાન થયેલ કર્મચારીશ્રી/અધિકારીશ્રી જેઓના પેન્શન કેસોનું વહીવટી કારણોસર, કોર્ટ કેસ અથવા ખાતાકિય તપાસ ચાલુ હોવાના કારણોસર આખરીકરણ ન થયેલ હોય તેવા કેસોની વિગત **IFMS** સીસ્ટમ અંતર્ગત જનરેટ કરી તેની માહિતી પત્રક સ્વરૂપે સંબંધિત વિભાગોને વિભાગવાર અલગ પત્રક મોકલવામાં આવે છે.

INDEX

૭. પેન્શન સુધારણા અંગેની કામગીરી :

૭.૧ પેન્શન કેસના નમૂનાઓ વધુ સરળ અને માહિતી સભર બનાવીને નવો નમૂનો સરકારશ્રીએ તા.૧/૦૪/૨૦૦૭ થી અમલમાં મુકેલ છે.

૭.૨ જુના પેન્શન નિયમોને રદ કરીને ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ તા.૧૫/૧૧/૨૦૦૨ થી અમલમાં મુકેલ છે .

૭.૩ અત્રેની કચેરીનું દફતર વ્યવસ્થિત સચવાય તે માટે રેકર્ડ રૂમમાં કોમ્પેકટર પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

૭.૪ પેન્શન કેસો નિવૃત્તિ ના એક વર્ષ પહેલાં આ કચેરીમાં રજુ થાય તે માટે આ કચેરીની તકેદારી શાખા સબંધિત કચેરી તથા નિવૃત્તિ થનાર કર્મચારીને પત્રો પાઠવે છે, અને મોનીટરીંગ પણ કરે છે.

૭.૫ સામાન્ય રીતે અત્રેની કચેરીમાં નિયત સમયમાં રજુ થયેલ પેન્શન કેસોનું તેઓની નિવૃત્તિ પહેલાં આખરીકરણ કરી દેવામાં આવે છે.

૧૧. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

(અ) ગ્રામીણ વિકાસ કાર્યક્રમોઃ સમૂહ વિકાસ અને પંચાયતો

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ દ્વારા વિકાસ કમિશ્નર, ગુજરાત રાજ્ય, મારફત ગ્રામીણ વિકાસનાં અન્ય કાર્યક્રમો સદર હેઠળ સમૂહ વિકાસ અને પંચાયતો પેટા સદર હેઠળ નીચે મુજબ વિવિધ યોજનાઓ /કાર્યક્રમો અમલમાં મુકાયેલ છે.

૧. સીડીપી-૧ : ઈન્ફર્મેશન ટેકનોલોજી (ઈ-ગ્રામ)

૨. સીડીપી-૨ : સર્વેક્ષણ અને અભ્યાસ (મોજણી અને અભ્યાસ)

૩. સીડીપી-૩ : તાલુકા / જિલ્લા પંચાયતોનું વહીવટી માળખું સંગીન બનાવવું

૪. સીડીપી-૪: સર્વોદય યોજના

૫. સીડીપી-૫ : પંચાયતઘર અને તલાટી મંત્રીના નિવાસસ્થાનના બાંધકામ માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન

૬. સીડીપી-૭ : ૧૫ નાણાપંચની ભલામણ અનુસાર પંચાયતીરાજ સંસ્થાઓને કેન્દ્રિય સહાય

૭. સીડીપી-૯ : તીર્થગ્રામ યોજના-પાવનગામ યોજના

૮. સીડીપી-૧૦ : પંચવટી યોજના

૯. સીડીપી-૧૧ : પંચાયતીરાજ સંસ્થાઓ માટે ઈલેકટ્રોનિક વોટિંગ મશીન અને સમરસ યોજના

૧૦. સીડીપી-૧૨ : ગ્રામપંચાયતો માટે વ્યવસાયવેરો (૫૦ ટકા)

૧૧. સીડીપી-૧૪ : સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ અને મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન

૧૨. સીડીપી-૧૭ : રૂર્બન / સ્માર્ટ વિલેજ / વતન પ્રેમ યોજના

૧૩. સીડીપી-૧૮ : ગ્રામ પંચાયતોને ઉત્તેજન આપવા માટે સીડમની યોજના

૧૪. સીડીપી-૧૯ : રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA)

(બ) ગ્રામીણ આવાસન

૧. એચ.એસ.જી. -૧ સરદાર આવાસ યોજના -૨

૨. એચ.એસ.જી.-૩ જમીન સંપાદન અને માળખાગત સુવિધા

૩. એચ.એસ.જી. ૪ : જમીન વિકાસ યોજના

(૧) સીડીપી-૧ : ઈન્ફર્મેશન ટેકનોલોજી (ઈ-ગ્રામ)

ઈ-ગ્રામ વિશ્વગ્રામ નો આદર્શ પૂર્ણ કરવા રાજ્ય સરકાર દ્વારા પંચાયતીરાજ સંસ્થાઓ જેવી કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતોનાં કોમ્પ્યુટરાઈઝેશનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત તમામ ૧૪૧૩૯ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર્સ અને આનુસાંગિક સાધનસામગ્રી પુરી પાડવામાં આવેલ છે. જે પૈકી ૧૪૧૩૯ ગ્રામપંચાયતોને કનેકટીવીટી ઉપલબ્ધા કરાવી ઈન્ટરનેટ બેઈઝડ સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે. જેમાં મહત્વની સેવાઓ જેવી કે આધારકાર્ડ, જન્મ અને મરણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર્ય પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, આકારણી, બી. પી.એલ.યાદી, ૭/૧૨, ૮-અ ના ઉતારા, કરવેરા ભર્યાની પહોંચ, ઈ-શ્રમ કાર્ડ રજીસ્ટ્રેશન જેવી વિવિધ યોજનાઓ માટેના અરજીપત્રો/ફોર્મસ તેમજ ધોરણ-૧૦ અને ૧૨ ના રીઝલ્ટ, મોબાઈલ રીચાર્જ વગેરે જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. વહીવટી અને વાણિજ્ય સેવાઓ જેવી કે, વીમા, નાનીબચત, બેંક વગેરે સેવાઓ ગ્રામ પંચાયતો ખાતેથી પૂરી પાડવામા માટે ઈ-ગ્રામ એક આઈ.ટી. હબ તરીકે કામ કરી રહેલ છે. અત્યાર સુધીમાં (નવેમ્બર-૨૧) અંતિત કુલ ૮૭.૨૧ કરોડ પ્રમાણપત્રો ઈ-ગ્રામ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે.

ઈ-ગ્રામ ખાતેથી ઉપરોક્ત તમામ સેવાઓ આવક વહેંચણીના ધોરણે (PPP) ગ્રામ કોમ્પ્યુટર સાહસિક દ્વારા પૂરી પાડવામાં આવે છે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિકની નિમણૂંક ગ્રામપંચાયતો માટે વધારાની આવક તેમજ ગ્રામ્ય યુવકો માટે સ્વરોજગારીની તકો ઉભી કરી રહેલ છે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક ગ્રામપંચાયતની પ્રાથમિક સેવાઓ ઉપરાંત ઈન્ટરનેટ બેઈઝડ સેવાઓ, વીજળીના બીલ, ટેલિફોનના બીલ વગેરે સ્વીકારવાની સેવાઓ પૂરી પાડી રહેલ છે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિકને પોસ્ટ વિભાગ, બી.એસ. એન.એલ., એસ.બી.આઈ. તેમજ વીમાની સેવાઓ પૂરી પાડવા માટે એજન્ટ તરીકેની નિમણૂંક કરવામાં આવેલ છે.

INDEX

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૮૯૫૫.૦૦ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૫૫૯૬.૮૮ લાખનો ખર્ચ થયેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ₹ ૧૨૪૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૨) સીડીપી-૨ : સર્વેક્ષણ અને અભ્યાસ

રાજ્યમાં અમલમાં મુકાયેલ વિવિધ યોજનાઓનું મૂલ્યાંકન કરાવી તેમના સૂચનો મેળવી માહિતી અદ્યતન તથા હાથવગી મળી રહેતા તેના આધારે અમલમાં મુકાયેલ યોજનાઓમાં જરુરી સુધારો કરવાના હેતુથી સર્વેક્ષણ અને અભ્યાસ સદરે નવી યોજના વર્ષ ૧૯૯૨-૯૩ થી શરૂ કરવામાં આવેલ. દર વર્ષે આ હેતુ માટે નાણાંકીય વ્યવસ્થા કરવામાં આવે છે.

આ યોજના હેઠળ પંચાયતીરાજ સંસ્થાના ચુંટાયેલા સભ્યશ્રીઓ તેમજ કર્મચારી/અધિકારીઓના કેપેસીટી બિલ્ડીંગ અર્થે તાલીમ આપવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

સમગ્ર રાજ્યમાં લાભાર્થીઓને સરકારી યોજનાઓનો લાભ સહેલાઈથી એક જ સ્થળે મળી રહે તે માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૯-૧૦ થી સમગ્ર રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળા યોજવાનું નકકી કરેલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૩૧૪૫.૮૫ લાખની નાણાંકીય જોગવાઇ સામે નવેમ્બર-૨૧ અંતિત ₹ ૧૧૯૩.૪૭ લાખનો ખર્ચ થયેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૧૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૩) સીડીપી-૩ : તાલુકા-જીલ્લા પંચાયતોનું વહીવટી તંત્ર સંગીન બનાવવું

નવરચિત જિલ્લા અને તાલુકા પંચાયત કચેરીના મકાનો, જર્જરીત જિલ્લા/તાલુકા પંચાયત કચેરીના નવિન મકાનો માટે જિલ્લા પંચાયત કચેરી માટે ₹ ૨૯.૪૦ કરોડ અને તાલુકા પંચાયત કચેરી માટે ₹ ૨.૪૦ કરોડની યુનિટ કોસ્ટ મુજબ, ઉપરાંત નવરચિત તાલુકા પંચાયત માટે સ્ટાફ ક્વાર્ટર તેમજ હયાત સ્ટાફ ક્વાર્ટર જે જર્જરીત છે તેને રીપેરીંગ માટે જોગવાઇ કરવામાં આવે છે.

જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧૩૨ તાલુકા પંચાયતો અને ૧૪ જિલ્લા પંચાયતોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે પૈકી ૯૫ તાલુકા પંચાયતો અને ૮ જિલ્લા પંચાયતોનાં કામ પુર્ણ થયેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૦૯૫૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૨૬૭૭.૧૫ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૦૩૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૪) સીડીપી-૪ : સર્વોદય યોજના

ભૂતપૂર્વ મુંબઇ રાજ્યે પૂજય મહાત્મા ગાંધીજીને સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ આપવા સર્વોદય યોજનાનો ૧૯૪૯ થી પ્રારંભ કર્યો. આ યોજના સને ૧૯૬૦થી ગુજરાત રાજ્યની સ્થાપના થતાં ચાલુ રહી. ત્યારબાદ ૧૯૮૦માં આ યોજનાની સમીક્ષા કરવામાં આવી અને તાત્કાલિક અસરથી બંધ કરવા નિર્ણય કરવામાં આવ્યો. આ યોજનાની કામગીરી ગ્રામોત્થાનની નીતિને વરેલ નિષ્ઠાવાન કાર્યકરો જ કરી શકે તેમ જણાતાં આ યોજનાની સમીક્ષા અને પુનઃ વિચારણાના અંતે ઓકટોબર-૧૯૯૧ થી આ યોજના પુનઃ શરૂ કરવામાં આવી. સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલ ૨૫ સર્વોદય કેન્દ્રો કાર્યરત છે.

આ કેન્દ્રો નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરે છે:-

૧.	શિક્ષણ, પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ	- ગ્રાંટના ૧૦ ટકા
૨.	કૃષિ અને ગોપાલન	- ગ્રાંટના ૨૫ ટકા
૩.	ખાદી અને કુટિર ઉદ્યોગ	- ગ્રાંટના ૨૫ ટકા
૪.	આરોગ્ય અને સફાઇ કાર્યક્રમ	- ગ્રાંટના ૧૫ ટકા
૫.	સામાજીક પ્રવૃત્તિ, નશાબંધી સહકાર	- ગ્રાંટના ૧૫ ટકા

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૦૯.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૧૨૦.૩૩ લાખનો ખર્ચ થયેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૬૫.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

INDEX

(૫) સીડીપી-૫ : પંચાયતઘર અને તલાટી મંત્રીના નિવાસસ્થાનના બાંધકામ માટે ગ્રામપંચાયતોને સહાયક યોજના

પંચાયતીરાજમાં ગ્રામ પંચાયત એ પાયાનું એકમ છે. ગ્રામ પંચાયત દ્વારા લોકોને પ્રાથમિક સુવિધાઓ અને વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવેલ છે. જેથી ગ્રામ પંચાયત કચેરી સગવડતા સભર બને તેવા હેતુથી ગ્રામપંચાયતો નું વસ્તીના ધોરણે વર્ગીકરણ કરી ગ્રામપંચાયત કચેરી ની ડિઝાઈન અને અંદાજો નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ ૧૦, ૦૦૦ થી વધુ વસ્તીવાળી ગ્રામપંચાયતને ૨૨ લાખ, ૫૦૦૦ થી ૧૦, ૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામપંચાયતને ૧૮ લાખ અને ૫૦૦૦થી ઓછી વસ્તી ધરાવતી ગ્રામપંચાયતને ૧૪ લાખની ગ્રાન્ટ ફાળવણી કરી કચેરીના મકાનો બાંધવામાં આવે છે. રાજ્યમાં પ્રથમ વખત જૂથ ગ્રામપંચાયતમાં હેડ કવાર્ટર સિવાયના અન્ય ગામોએ પણ ગ્રામપંચાયતનું મકાન તૈયાર કરવા ₹ ૬.૫૦ લાખની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ છે. જેનાથી સામાન્ય કામ માટે લોકોને ગ્રામપંચાયતના હેડ કવાર્ટર ના ગામ સુધી જવું ના પડે. જર્જરીત ગ્રામ પંચાયતોને રીપેરીંગ કરવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ₹ ૫.૦૦ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં (નવેમ્બર-૨૧ અંતિત) ૨૫૧૦ ગ્રામ પંચાયતના નવા મકાનો અને ૧૨૪૧ જર્જરિત ગ્રામ પંચાયતના મકાનોના રીપેરીંગ કામ પુર્ણ થયેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૭૯૦૫.૬૩ લાખની જોગવાઈ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૩૭૨૫.૫૩ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૭૩૪૫.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૬) સીડીપી-૭ : ૧૫ મું નાણાંપંચ

૧૫મા નાણાપંચની ભલામણોની અમલવારી ૨૦૨૦-૨૧ થી કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યને મળવાપાત્ર ગ્રાન્ટનો ઉપયોગ ૪૦ : ૬૦ ટકા ના ગુણોત્તરમાં બેઝિક ગ્રાન્ટ અને ટાઈડ ગ્રાન્ટ મુજબ કરવામાં આવે છે. આ અન્વયે મળનાર કુલ ગ્રાન્ટ પૈકી ૭૦ ટકા ગ્રામ પંચાયતોને , ૨૦ ટકા ગ્રાન્ટ તાલુકા પંચાયતોને અને ૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ જિલ્લા પંચાયતો દ્વારા કરવાનો રહેશે. જે પૈકી ગ્રામ પંચાયતને મળવાપાત્ર ગ્રાન્ટ ૨૦૧૧ ની વસ્તીના આંકડાઓ અને ગ્રામ્ય વિસ્તારને આધારે ૯૦ : ૧૦ (વસ્તી / વિસ્તાર) મુજબ ફાળવવાની રહેશે.

ટાઈડ ગ્રાન્ટનો ઉપયોગ કરીને અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ, સેનીટેશન , ખુલ્લામાં શૌચ મુક્તિના કામો તેમજ પીવાના પાણીને લગતા કામો કરવાના રહે છે. જ્યારે બેઝિક ગ્રાન્ટનો વપરાશ પંચાયતીરાજ સંસ્થાઓની જરૂરીયાત સંદર્ભે રાજ્ય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ₹ ૨૩૮૫૧૨.૮૦ લાખ જોગવાઈ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૧૧૮૬૩૨.૭૯ લાખની ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૨૪૬૯૧૨.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૭) સીડીપી-૯ : તીર્થગામ-પાવનગામ

રાજ્યના ગ્રામ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદભાવ વધે, સામૂહિક એખલાસની ભાવના પ્રબળ બને, એકતા જળવાય તેમજ ભાઈચારાની ભાવના વધે તે ધ્યાને રાખીને ગ્રામ્યકક્ષાએ છેલ્લા પાંચ વર્ષમાં ગામમાં એકપણ ગુનો નોંધાયેલ ન હોય તેવી ગ્રામ પંચાયતો માટે વર્ષ ૨૦૦૪-૦૫ થી તીર્થગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯ માં આ યોજનામાં પાવનગામનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧. જે ગામમાં છેલ્લા ત્રણ વર્ષમાં એકપણ ગુનો નોંધાયેલ ન હોય તે ગામને પાવનગામ તરીકે આવરી લેવામાં આવશે. અને છેલ્લા પાંચ વર્ષમાં એકપણ ગુનો નોંધાયેલ ન હોય તે ગામને તીર્થગામ જાહેર કરવામાં આવે છે.

૨. એક તીર્થગામ પસંદ થયેલને ₹ ૨.૦૦ લાખ અને પાવનગામ તરીકે પસંદ થયેલા ગામને ₹ ૧.૦૦ લાખ પ્રોત્સાહક ગ્રાંટ તરીકે આપવામાં આવે છે. યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ ૧૪૧૧ તીર્થગામ / પાવનગામ જાહેર થયેલ છે.

૩. પાવન ગામની પસંદગીમાં તીર્થ ગામના પસંદગીના ધોરણો (સમયગાળા સિવાય) યથાવત રહેશે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૫૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૩૧.૨૫ લાખનો ખર્ચ થયેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

INDEX

(૮) સીડીપી-૧૦ : પંચવટી યોજના

ગુજરાતની ગ્રામ્ય પ્રજાની સુખાકારી માટે અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ પ્રમોદના સાધનો ઉપલબ્ધ થાય તે હેતુ ધ્યાને રાખીને ગ્રામ વનયોજનાના ધોરણે રોપા ઉછેર, પર્યાવરણને ઉપયોગી પ્રવૃત્તિઓ કરવા માટે તથા ગ્રામ્ય વિસ્તારના બાળકોને રમવાનું રમતનું મેદાન મળી રહે તેમજ ગ્રામ્ય સ્ત્રીઓને હરવા-ફરવાનું સ્થળ ઉપલબ્ધ બને તે હેતુ ધ્યાને રાખીને રાજ્ય સરકારે ગ્રામ વાટિકા યોજના અમલમાં મુકેલ છે. આ યોજનાની નાણાંકીય જરૂરીયાતોને ધ્યાને રાખીને મા.ધારાસભ્યશ્રી / સંસદસભ્યશ્રીની ગ્રાંટમાંથી અને રાજ્ય સરકારની સહાયથી આ યોજના વિભાગ દ્વારા હાથ ધરાઈ છે. અત્યાર સુધીમાં ૫૭૭૧ ગામોમાં પંચવટીનું નિર્માણ કરવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઈ સામે નવેમ્બર-૨૧ અંતિત ₹ ૫૩.૦૯ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ₹ ૧૯૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૯) સીડીપી-૧૧ : ત્રિસ્તરીય પંચાયતોની ચૂંટણીઓ માટે વોટિંગ મશીનો અને સમરસ

તાલુકા પંચાયત-જિલ્લા પંચાયત ની ચૂંટણીઓ માટે અંદાજે ૧૬૮૨૦૦ વિજાણું મતદાન યંત્રોની જરૂરીયાત છે જે તબક્કાવાર ખરીદવાનું આયોજન છે. આ પૈકી અત્યાર સુધીમાં ૮૦૭૦૦ ઈવીએમ મશીનો ખરીદવામાં આવેલ છે. આ યોજના હેઠળ પંચાયતીરાજ સંસ્થાઓ માટે ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન તેમજ પાવર પેક ની ખરીદી અંગેનો ખર્ચ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૬૪૯૨૦ પાવર પેક (બેટરી) ખરીદવામાં આવેલ છે.

સમરસ યોજના :

ગ્રામ પંચાયતની ચૂંટણી સર્વ સંમતિ અને વિના વિરોધે થાય અને હકારાત્મક વાતાવરણમાં સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાથી સ્થાનિક પ્રજા વિકાસના કામોમાં ભાગ લે તેવા ઉમદા હેતુથી સમરસ ગામ યોજના અમલમાં મુકેલ છે અને જે ગામમાં પંચાયતની ચૂંટણી બિન હરીફ થાય તેને લાભ મળે છે.

આ યોજના હેઠળ તા.૨૪/૧૧/૨૦૨૧ના ઠરાવથી પ્રોત્સાહક અનુદાન નીચે મુજબ કરવામાં આવેલ છે.

પ્રથમ વાર ૫૦૦૦ સુધી વસ્તી ધરાવનાર ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૩.૦૦ લાખ ઉપરાંત ધોરણ-૮ની અગ્રિમતાની સગવડ આપવી અને મહિલા સમરસ બને તો ₹ ૪.૫૦ લાખ ઉપરાંત ધોરણ-૮ ની અગ્રિમતાની સગવડ આપવી અને ૫૦૦૧ થી ૨૫૦૦૦ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૪.૫૦ લાખ ઉપરાંત ધોરણ-૮ ની અગ્રિમતાની સગવડ આપવી અને મહિલા સમરસ બને તો ₹ ૭.૫૦ લાખ ઉપરાંત ધોરણ-૮ ની અગ્રિમતાની સગવડ આપવી.

બીજી વાર ૫૦૦૦ સુધી વસ્તી ધરાવનાર પંચાયત સમરસ બને તો ₹ ૩.૭૫ લાખ ઉપરાંત સી.સી.રોડ માટે ₹ ૨.૦૦ લાખ સહાય અને મહિલા સમરસ બને તો ₹ ૫.૭૫ લાખ ઉપરાંત સી.સી.રોડ માટે ₹ ૨.૦૦ લાખ સહાય અને ૫૦૦૧ થી ૨૫૦૦૦ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૫.૭૫ લાખ ઉપરાંત સી.સી.રોડ માટે ₹ ૨.૦૦ લાખ સહાય અને મહિલા સમરસ બને તો ₹ ૯.૫૦ લાખ ઉપરાંત સી.સી.રોડ માટે ₹ ૨.૦૦ લાખ સહાય.

ત્રીજી વાર ૫૦૦૦ સુધી વસ્તી ધરાવનાર ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૪.૭૫ લાખ ઉપરાંત વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય અને મહિલા સમરસ બને તો ₹ ૭.૦૦ લાખ વિકાસના કામો માટે ૩.૦૦ લાખ અને ૫૦૦૧ થી ૨૫૦૦૦ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૭.૦૦ લાખ ઉપરાંત વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય અને મહિલા સમરસ બને તો ₹ ૧૧.૭૫ લાખ, ઉપરાંત વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય.

ચોથી વાર ૫૦૦૦ સુધી વસ્તી ધરાવનાર ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૫.૨૫ લાખ ઉપરાંત વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય અને મહિલા સમરસ બને તો ₹ ૭.૫૦ લાખ વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય અને ૫૦૦૧ થી ૨૫૦૦૦ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૭.૫૦ લાખ ઉપરાંત વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય અને મહિલા સમરસ બને તો ₹ ૧૨.૦૦ લાખ વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય આપવાનું નકકી કરવામાં આવેલ છે.

પાંચમી વાર ૫૦૦૦ સુધી વસ્તી ધરાવનાર ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૫.૫૦ લાખ ઉપરાંત વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય અને મહિલા સમરસ બને તો ₹ ૮.૦૦ લાખ વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય અને ૫૦૦૧ થી ૨૫૦૦૦ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત સમરસ બને તો ₹ ૮.૦૦ લાખ ઉપરાંત વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય અને મહિલા સમરસ બને તો ₹ ૧૩.૦૦ લાખ ઉપરાંત વિકાસના કામો માટે ₹ ૩.૦૦ લાખ સહાય નું અનુદાન આપવાનું નકકી કરવામાં આવેલ છે.

- નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ ૧૩૪૮૬ સમરસ તે પૈકી ૬૫૨ મહિલા સમરસ તરીકે જાહેર થયેલ છે

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં સીડીપી-૧૧ હેઠળ કુલ ₹ ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ સામે નવેમ્બર-૨૧ અંતિત ₹ ૧૫.૧૩ લાખનો ખર્ચ થયેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં સીડીપી-૧૧ માટે કુલ ₹ ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૧૦) સીડીપી-૧૨ : ગ્રામ પંચાયતો માટેનો વ્યવસાયવેરો (૫૦ ટકા)

ગુજરાત રાજ્ય રોજગાર, વ્યવસાય, વેપાર કર નિયમો-૧૯૭૬ હેઠળ ગ્રામ પંચાયતો માટે તા.૧-૪-૧૯૭૬ થી વ્યવસાય વેરો (૫૦ ટકા) દાખલ કરવામાં આવેલ છે. આયુકતશ્રી, વાણિજય કર વિભાગ આ કાયદાના અમલીકરણ તથા દેખરેખની જવાબદારી રાખશે. રાજ્ય સરકારને મળેલ કરની ૫૦ ટકા રકમ પંચાયતીરાજ સંસ્થાઓને સહાયક ગ્રાન્ટ તરીકે આપે છે.

આ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૬૫.૦૦ લાખ નાણાંકીય જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત કોઇ ખર્ચ થયેલ નથી.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ ₹ ૧૬૫.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૧૧) સી.ડી.પી- ૧૪ : સ્વસ્થ ગામ અને સ્વચ્છ ગામ યોજના અને મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન

ગામમાં સફાઇ યોગ્ય રીતે થાય અને સફાઇ પ્રત્યે સભાનતા, જાગૃતિ કેળવી સફાઇનું સ્તર ઊંચું લાવી, ગ્રામ્ય જીવનનું સ્તર ઊંચું લઇ જવા માટે પ્રોત્સાહન રૂપે સફાઇ અને સ્વચ્છતા માટે સહાય આપવામાં આવે તો સહાયનો ઉપયોગ ગામની સ્વચ્છતાની જાળવણી માટે અને સ્વચ્છતાના સાધનો વસાવવા માટે કરવા ગ્રામજનો કટિબધ્ધ થાય તે માટે સને ૨૦૦૭-૦૮ ના વર્ષથી નવી યોજના અમલમાં મુકવામાં આવી છે.

નિર્મળ ગુજરાતમાં નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે:

૧. ગ્રામ પંચાયતમાં ગંદકીવાળી જગ્યાએ પબ્લિક ગટર લાઇન અને માર્ગો ઉપર દવા છાંટવાની કામગીરી હાથ ધરવી.
૨. ઉકરડાનું યોગ્ય સ્થાને સ્થળાંતર કરાવવું અને તે માટે ગામ બહાર જગ્યા નકકી કરવી.
૩. ગ્રામ પંચાયત માં સફાઇવેરો દાખલ કરી ગ્રામ સફાઇની વ્યવસ્થા સઘન બનાવવી.
૪. ગામમાં આવેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મકાનો, શાળાઓ, પંચાયતઘર, આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરે તમામ સ્થળોએ શૌચાલયનો પ્રબંધ કરાવવો.
૫. ગામના જાહેર સ્થળે નિર્મળ ગુજરાત અંગેના સૂત્રો-પોસ્ટર લગાવવા.
૬. ગામમાં વ્યકિતગત અને સામૂહિક શૌચાલયોની વ્યવસ્થા કરવી.
૭. ગ્રામ્ય વિસ્તારોમાં સંપૂર્ણ સ્વચ્છતા જાળવવી.
૮. રહેણાંકના સ્થળેથી યોગ્ય અંતરે પશુજાળવણી સુનિશ્ચિત કરવી.
૯. જે ગામ જેટલો સફાઇવેરો ઉઘરાવશે તેટલી રકમ રાજ્ય સરકાર આ યોજના હેઠળ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે ફાળવશે.
૧૦. જે ગામ ૧૦૦ ટકા સફાઇવેરો ઉઘરાવશે તેને ૨૦૦ ટકા લેખે રાજ્ય સરકાર પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે ફાળવશે.

આ યોજના હેઠળ કુદરતી આપત્તીમાં સફાઇની કામગીરી માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૪૬૨૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૧૪૮૦૧.૯૭ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૨૪૬૨૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૧૨) સીડીપી-૧૭ : રૂર્બન / સ્માર્ટ વિલેજ / વતન પ્રેમ યોજના

રાજ્ય સરકાર ગ્રામવિસ્તારોમાં આધુનિક શહેરો જેવી સગવડો પૂરી પાડવા કટિબધ્ધ છે શરૂઆતના તબકકે ૧૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા અને આદિજાતિ વિસ્તારમાં ૭૦૦૦ ની વસ્તી ધરાવતા ગામો તેમજ ૮૨ તાલુકા મથકને આવરી લઇ કુલ ૨૫૫ જેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. ૮૧ ગામોને વહીવટી મંજુરી આપવામાં આવેલ તે પૈકી ૭૯ કામો શરૂ કરવામાં આવેલ છે તે પૈકી ૭૨ ગામોમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો પૂર્ણ થયેલ છે.

બાકીના ગામોને તબક્કાવાર યોજનામાં સમાવેશ કરવાનું નકકી કરેલ છે.

ગ્રામ્ય શહેરીકરણ ને દષ્ટિમાં રાખીને નીચે મુજબની માળખાકીય સુવિધાઓ ગ્રામપંચાયત વિસ્તારમાં વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

INDEX

- ગામ અને શહેર વચ્ચેની ખાઈ દૂર કરવા શહેરી વિસ્તારમાં જોવા મળતી દરેક માળખાકીય સુવિધાઓના વિકાસ બાબત.
- રસ્તા, ગટર, પીવાના પાણી, વીજળી, વિસ્તાર વિકાસ શૈક્ષણિક અને તેના જેવી શહેરી વિસ્તાર જેવી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા હયાત સુવિધાઓને સંગીન બનાવવા કે ફેરફારો કરવા બાબત

વતન પ્રેમ યોજના:

- વતન પ્રેમ યોજના હેઠળ વતન ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ સુવિધાઓ પુરી પાડી ગામડાઓને આત્મનિર્ભર બનાવવા, મદદરૂપ થવા વતન પ્રેમીઓને જન્મભુમિ, માતૃભુમિનું ઋણ ચુકવવાની ઉત્તમ તક મળી રહે તે માટે વતન પ્રેમ યોજનાને અમલી બનાવવામાં આવેલ છે. દાતા દ્વારા ૬૦% દાન સામે રાજ્ય સરકાર દ્વરા ૪૦% નું અનુદાન આપવાનું સૂચવવામાં આવેલ છે. આ યોજના હેઠળ શાળાના ઓરડા, સ્માર્ટ ક્લાસ, કોમ્યુનીટી હોલ, આંગણવાડી, પુસ્તકાલય, સ્મશાનગૃહ વગેરે જેવા કામો હાથ ધરી શકાય છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૪૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૨૬૯.૨૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે સીડીપી-૧૭ અંતર્ગત ₹ ૧૨૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૧૩) સીડીપી-૧૮ : ગ્રામોદય યોજના(સીડમની)

ગુજરાત પંચાયત અધિનિયમ દ્વારા ગ્રામ પંચાયતોને સ્વાવલંબ, સ્વશાસન અને સ્થાનિક વિકાસના કામો અને ફરજો સુપ્રત થયા છે. પરિણામે ગ્રામવાસીઓને પોતાની આકાંક્ષા અને શકિતનુસાર ગામનો સર્વાંગી વિકાસ સાધવાની અનુકૂળતા સાંપડે તે માટે ગ્રામ પંચાયતો આયોજનપૂર્વક વ્યવસ્થિત રીતે વધુ કાર્યદક્ષતાથી પોતાની ફરજો અને જવાબદારી અદા કરી શકે, ગ્રામવાસીઓ સ્વયંશકિતનો ઉપયોગ કરીને ઝડપી પગલાં ભરવા ગ્રામ પંચાયતોને ધણો મહત્ત્વનો ફાળો આપી શકે. આ હેતુ માટે સ્પર્ધાત્મક વાતાવરણ નિર્માણ કરવાની દૃષ્ટિએ રાજ્યની તમામ ગ્રામ પંચાયતો માટે શ્રેષ્ઠ ગ્રામ પંચાયત સ્પર્ધા યોજવાનું સરકારે વિચારેલ છે. જેમાં રાજ્યની તમામ પંચાયતોને વસ્તીના આધારે ત્રણ કેટેગરીમાં વહેંચીને ગ્રામ પંચાયતોને કેટેગરી મુજબ સીડમની (બીજમુડી/પ્રારંભિક ઉદીપન સહાય) આપીને હરિફાઈની ભાવના ઉભી કરી વિવિધ ક્ષેત્રોમાં સારી કામગીરી કરનાર ગ્રામ પંચાયતોને સ્પયર્ધા દ્વારા પ્રોત્સાાહક પુરસ્કાાર આપવાનું નકકી કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૪૫૦.૦૦ લાખની જોગવાઇ સામે નવેમ્બર-૨૧ અંતિત ₹ ૨૮૧.૧૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૧૪) સીડીપી-૧૯ : રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA)

વર્ષ ૨૦૧૬-૧૭ સુધી આ યોજના RGPSA તરીકે ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૬-૧૭માં આ યોજના RGSA તરીકે અમલી બનેલ છે. હાલમાં સ્કીમ ૬૦:૪૦ના રેશિયા મુજબ અમલી છે. RGSA યોજના હેઠળ ચુંટાયેલા પદાધિકારીશ્રીઓને ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવા જી.પી.ડી.પી. અને બેઝિક ફાઉન્ડેશનની તાલીમ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ સામે નવેમ્બર-૨૧ અંતિત કોઇ ખર્ચ થયેલ નથી.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(બ) ગ્રામીણ આવાસન

(૧) એચ.એસ.જી.-૧ : સરદાર આવાસ યોજના -૨

- વર્ષ ૨૦૧૪-૧૫ થી અમલવારી
- કાચા મકાન ધરાવતા બી.પી.એલ. સિવાયના કુટુંબોને મકાન સહાય
- પ્રથમ તબકકે ૨૧ થી ૨૮ સુધી ગુણાંક ધરાવતા એ.પી.એલ. કુટુંબોને આવરી લેવાનું આયોજન
- નવા આવાસ માટે બાંધકામ યુનિટ કોસ્ટ ₹ ૧.૦૦ લાખ સામે રાજ્ય સરકારશ્રી દ્વારા ₹ ૪૦,૦૦૦/- ની સહાય
- અત્યાર સુધીમાં (નવેમ્બર-૨૧ અંતિત) આ યોજના હેઠળ ૩,૦૭,૪૯૩ આવાસો પૂર્ણ થયેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ ₹ ૧૪૦.૦૦ લાખની જોગવાઇ સામે નવેમ્બર-૨૧ અંતિત ₹ ૩૨.૪૫ લાખનો ખર્ચ થયેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૯૮.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

INDEX

(૨) એચ.એસ.જી.-૩ : જમીન સંપાદન અને માળખાગત સુવિધા

ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબલક્ષી ગ્રામીણ આવાસન યોજનાઓની વસાહતોમાં પર્યાપ્ત નાણાંકીય સાધનોના અભાવે પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, શેરીની પ્રકાશ વ્યવસ્થા, ઘરોમાં વીજળીકરણ, આંતરિક રસ્તાઓ, એપ્રોચ રોડ વગેરે જેવી પાયાની નાગરિક સુવિધાઓ પૂરી પાડી શકાતી ન હતી. જેના કારણે વસાહતીઓ સગવડતાથી વંચિત રહેતા હતા.

ગરીબલક્ષી ગ્રામીણ આવાસન યોજનાઓની વસાહતોમાં માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તથા જમીન સંપાદન માટે બજેટ જોગવાઇ અન્વયે નીચે મુજબની કામગીરી કરવાનું આયોજન છેઃ

(અ) ગ્રામીણ આવાસન માટે જમીન સંપાદન

- ગ્રામીણ આવાસન માટે જમીન ઉપલબ્ધ કરાવવી
- ગ્રામીણ આવાસન યોજના માટે ગામ તળ ન હોય તેવા ગામ માટે તેમજ વિવિધ ગ્રામીણ આવાસન યોજના હેઠળ સંકુલ માળખાકીય સુવિધા સાથે પૂરું પાડવાનું થતું હોય તે ગામ માટે ગામતળની જમીન ઉપલબ્ધ કરાવવી.
- જમીનની કિંમત જીલ્લા કક્ષાની મૂલ્યાંકન સમિતિ દ્વારા નકકી કરાવવાની રહેશે.
- સરકારશ્રીના તા.૪-૧-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ-બજટ-૧૦૨૦૧૦-૧૬-લથી ગ્રામપંચાયત દીઠ ₹ ૨ લાખ (રૂપિયા બે લાખ) ની મર્યાદા વધારીને ₹ ૧૦.૦૦ લાખ (રૂપિયા દસ લાખ)ની મર્યાદામાં તેમ જુદા જુદા વિસ્તારના પ્રવર્તમાન ભાવ મુજબ
- ગ્રામીણ આવાસન યોજના માટે પાયાની માળખાકીય સુવિધા પૂરી પાડવી

(બ) ગ્રામીણ આવાસન યોજના માટે પાયાની માળખાકીય સુવિધા પૂરી પાડવા અંગે

- ગામતળ જમીનની ઉપલબ્ધતાના આધારે સંકુલનું આયોજન થાય તેવી નવીન યોજનાને પ્રાથમિકતા
- ગામ ખાતે ગ્રામીણ આવાસન જેવા કે સરદાર આવાસ યોજના વગેરેના હયાત કલસ્ટરને સંકુલમાં ફેરવી પ્રાથમિક સુવિધા પૂરી પાડવી
- આ યોજના હેઠળ ગ્રામ્ય જીવનનું ધોરણ ઊંચું લાવવા માટે માળખાકીય સુવિધા જેવી કે પીવાનું પાણી, ગટરવ્યવસ્થા, સ્વચ્છતા, શેરીની પ્રકાશ વ્યવસ્થા, ઘરોમાં વીજળીકરણ, આંતરિક રસ્તાઓ, એપ્રોચરોડ વગેરે નો સમાવેશ કરવામાં આવશે.
- રાજ્ય સરકારની જુદી જુદી ગ્રામીણ આવાસન યોજનાઓ સરદાર પટેલ આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના વગેરેનો સમન્વય કરી શકાશે.
- એક ગામ માટે રૂપિયા પાંચ લાખની મર્યાદામાં સહાય પૂરી પાડી શકાશે પરંતુ જરૂર જણાયે નાણાં પંચની ગ્રાન્ટમાંથી વધુ રૂપિયા બે લાખ વિકાસકમિશ્નરશ્રીની કચેરીની મંજૂરીથી ઉપયોગ કરી શકાશે.
- સંકુલમાં ઓછામાં ઓછા ૧૫ (પંદર) આવાસોનું આયોજન કરવાનું રહેશે.
- ૩૦૦૦ (ત્રણ હજાર) થી વધુ વસ્તી ધરાવતા ગામોને અગ્રિમતાના ધોરણે તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળ યોગ્ય પ્રમાણમાં લાભ આપવામાં આવશે.
- આ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૪૦.૦૦ લાખની જોગવાઇ સામે નવેમ્બર-૨૧ અંતિત ₹ ૩૪.૦૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૬૫.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૩) એચ.એસ.જી.-૪ : જમીન વિકાસ યોજના

વર્ષ ૧૯૭૨ થી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૦-૨૦ સ્કોસર ધરાવતા બી.પી.એલ. કુટુંબો પૈકી ઘરથાળની જમીન વિહોણા ગરીબી રેખા નીચેના કુટુંબોને ૧૦૦ ચો.વારના પ્લોટ મફત ફાળવવામાં આવે છે. ૧૦૦ ચો. વાર ના મફત ફાળવાયેલ પ્લોટ સમથળ ન હોય તો તેને સમથળ કરવા સુવિધા પુરી પાડવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત ₹ ૧૪.૬૯ લાખની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૪૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

INDEX

વિકાસ કમિશનર કચેરી

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ગુજરાત રાજ્ય ૧-૫-૧૯૬૦ થી સ્વતંત્ર બનતાં અને ૧-૪-૧૯૬૩ થી પંચાયતીરાજ આવતાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે પંચાયતીરાજની સશકિતકરણ વિશે પુખ્તપણે વિચારણા કરી પંચાયતીરાજના પ્રણેતા બળવંતરાય મહેતા કે જેઓએ ત્રિસ્તરીય પંચાયતીરાજ ના માળખાની વિચારસરણી આપી અને તત્કાલિન ગૃહ પ્રધાન રસિકલાલ પરીખ અને તેમની સમિતિએ આ અંગે પુખ્તપણે વિચારણા કરી નક્કી કર્યુ કે હવે જ્યારે ગુજરાતમાં પંચાયતીરાજની સ્થાપના થઇ છે ત્યારે પંચાયતીરાજમાં કામ કરનાર તમામ પદાધિકારીઓને તાલીમ મળવી જોઇએ આ માટે રાજ્ય સરકારની નજર જે સંસ્થાઓ ગાંધી વિચાર પ્રમાણે ગ્રામ સ્વજરાજનું કાર્ય કરતી હતી અને એ વિચારસરણી અનુસાર શિક્ષણ, સંશોધન અને વિસ્તારણ જેના પાયામાં હતું તેવી સંસ્થાઓ એટલે કે ગુજરાત વિદ્યાપીઠ, લોકભારતી સણોસરા અલીયાબાડા, સ્વરાજ આશ્રમ બારડોલી, સરસ્વરતી ગ્રામ વિદ્યાપીઠ-સમોડા જેવી સંસ્થાઓને પદાધિકારીઓને તાલીમ આપવા માટે તત્કાલિન મુખ્ય સચિવશ્રીએ સંસ્થા સંચાલકો સાથે એક બેઠક કરી આ અંગેની તાલીમની કામગીરી કરવા માટેનો મુસદ્દો તૈયાર કર્યો. ખર્ચ અંગેની વિચારણાઓ કરવામાં આવી જેમાં આવર્તક અને અનાવર્તક ખર્ચનો સમાવેશ કરી તેની વિગતવાર ચર્ચા વિચારણા થઇ. આવી તાલીમ કોણ આપી શકે તે અંગેના નિયમો પણ નક્કી થયા અને તાલીમ અંગેનું કાર્ય ત્રણ તબક્કાઓમાં શરૂ કરવામાં આવ્યું. જેમાં ખાસ કરીને સ્થાનિક વર્ગો, ફરતા વર્ગો અને પત્રવ્યવહાર દ્વારા તાલીમ આપવાની પધ્ધતિ નક્કી થઇ.

૧૯૬૬ થી રાજ્ય સરકારે નક્કી કર્યુ કે ગ્રામ સમાજમાં કાર્ય કરતા પદાધિકારીઓની સાથે જે કર્મચારીએ એટલે કે પાયાનું કામ કરનાર તલાટી કમ મંત્રીઓને પણ તેઓની વહીવટી તાલીમ આપવી. એજ વખતે જાદવજીભાઇ મોદીના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની રચના કરી પંચાયતીરાજના સુધારાના વિષયમાં તથા કર્મચારીઓના સશક્તિકરણના સંદર્ભમાં વિચાર કરવાની વિશેષ તક પ્રાપ્ત થઇ આમ ગુજરાત રાજ્યના સ્થાપનાકાળ અને ગુજરાત રાજ્યમાં પંચાયતીરાજની સ્થાપનાથી તાલીમ કેન્દ્રો કાર્યરત છે જેની વિગતો સામેલ પત્રક મુજબ છે.

INDEX

INDEX

વિભાગ હસ્તકના તાલીમ કેન્દ્રોની માહિતી દર્શાવતું પત્રક
વિભાગનું નામ : પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

ક્રમ	તાલીમ સંસ્થાનું નામ અને પુરૂ સરનામું	ફોન નંબર. ફેક્ષ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ	તાલીમ કેન્દ્રમાં કઈ કક્ષાના કર્મચારી/અધિકારીને તાલીમ આપવામાં આવે છે.	
			રાજ્યપત્રિત/ બિનરાજ્યપત્રિત વર્ગવાર માહિતી	
૧	૨	૩	૪.૧	૪.૨
૧	પંચાયતીરાજ પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, વડોદરા. જિલ્લા પંચાયતના જુના મકાનમાં, ભદ્ર કચેરી, પાણીગેટ, વડોદરા.	ફોન નં. ૦૨૬૫/૨૫૬૭૯૮૯ ફેક્ષ નં. ૦૨૬૫/૨૫૬૭૯૮૯	૧. પંચાયતના તલાટીઓ-વર્ગ-૩ ૨. રેવન્યુ મંત્રીઓ વર્ગ-૩	જિલ્લા પંચાયતના વર્ગ-૩ના (આરોગ્ય અને શિક્ષકો સિવાય) તમામ કેડરના કર્મચારીઓને ઓપવર્ગ અને જોબવર્ગ તેમજ પંચાયત સહાયકોને પાયાની તાલીમ આપવામાં આવે છે. (જેવા કે ના.ચિ., વિ.અ.પંચાયત, નિ.કે., આંકડા, સહકાર, જુ.કા.સિ.કા., ના.હિસાબનીશ., સિ.એકા.કલાર્ક., મુખ્ય સેવિકા, સર્કલ ઈન્સ્પેકટર., ગ્રામ સેવક, અમઈ/ઓવરશીયર)
૨	પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, બારડોલી તા.બારડોલી, જિ.સુરત પી. નં.૩૯૪૬૦૧	૦૨૬૨૨/૨૨૧૯૩૯	૧.પંચાયતના તલાટીઓ-વર્ગ-૩ ૨. રેવન્યુ મંત્રીઓ વર્ગ-૩	પંચાયત સહાયકો / તલાટી કમ મંત્રીને પાયાની તાલીમ અને ઓપનવર્ગની તાલીમ આપવામાં આવે છે.
૩	સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ દ્વારા સંચાલિત પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, સમોડા-ગણવાડા તા.સિધ્ધપુર, જિ.પાટણ	ફો.નં.(૦૨૭૬૭)૨૮૫૪૬૪ ફેક્ષ નં. (૦૨૭૬૭)૨૮૫૫૨૮	૧. પંચાયતના તલાટીઓ-વર્ગ-૩ ૨. રેવન્યુ મંત્રીઓ વર્ગ-૩	બિન રાજ્યપત્રિત વર્ગ-૩ના સીધી ભરતીના તલાટી કમ મંત્રીને પાયાની તાલીમ અને ઓપનવર્ગની તાલીમ આપવામાં આવે છે.
૪	ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, સાદરા તા.જિ.ગાંધીનગર પી.નં.૩૮૨૩૨૦	ફો.નં.(૦૭૯)૨૩૨૭૪૨૭૦ ફેક્ષ નં. (૦૭૯)૨૩૨૭૪૨૭૪	૧. પંચાયતના તલાટીઓ-વર્ગ-૩ ૨. રેવન્યુ મંત્રીઓ વર્ગ-૩	પાયાની તાલીમ અને ઓપવર્ગની તાલીમ આપવામાં આવે છે.
૫	સ્વ.બ.વ.મહેતા પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, શશીકુંજ, સરદાર બાગ પાછળ જુનાગઢ	ફો.નં.૦૨૮૫-૨૬૩૧૮૦૦ ફેક્ષ નં. ૦૨૮૫-૨૬૩૨૭૪૧	૧. પંચાયતના તલાટીઓ-વર્ગ-૩ ૨. રેવન્યુ મંત્રીઓ વર્ગ-૩	બિન રાજ્યપત્રિત વર્ગ-૩ના સીધી ભરતીથી તલાટી કમ મંત્રી નિમણુંક પામેલાની પાયાની તાલીમ તથા રેગ્યુલર ત.ક.મ. ના ઓપનવર્ગની તાલીમ આપવામાં આવે છે.

ક્રમ	તાલીમ સંસ્થાનું નામ અને પુરૂ સરનામું	ફોન નંબર. ફેક્ષ નંબર અને ઇ-મેઇલ એડ્રેસ	તાલીમ કેન્દ્રમાં કઇ કક્ષાના કર્મચારી/અધિકારીને તાલીમ આપવામાં આવે છે.	
			રાજ્યપત્રિત/ બિનરાજ્યપત્રિત વર્ગવાર માહિતી	
૧	૨	૩	૪.૧	૪.૨
૬	પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, શશીકુંજ, સરદાર બાગ પાછળ, જુનાગઢ	ફો.નં.૦૨૮૫-૨૬૩૦૨૮૨ ફેક્ષ નં.૦૨૮૫-૨૬૩૨૭૪૧	૧. પંચાયતના તલાટીઓ-વર્ગ-3 ૨. રેવન્યુ મંત્રીઓ વર્ગ-3	બિન રાજ્યપત્રિત વર્ગ-૩ના સી.કલાર્ક, જુ.કલાર્ક, મુખ્ય સેવિકા, નાયબ હિસાબનીશ, ગ્રામ સેવક, હિસાબનીશ, સર્કલ ઈન્સ્પેકટર, એ.ટી.ડી.ઓ., વિસ્તરણ અધિકારી(પંચાયત, ખેતી, બાંધકામ) વિગેરે., પંચાયત સહાયકોના ઓપવર્ગ તથા પાયાની તાલીમવર્ગ.
૭	રાજ્ય ગ્રામ વિકાસ અને પંચાયતીરાજ ભવન, શશીકુંજ, સરદાર બાગ પાછળ, જુનાગઢ.	ફો.નં./ફેક્ષ ૦૨૮૫-૨૬૩૨૭૪૧	રાજ્યપત્રિત વર્ગ- ૧/૨ ના નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી, મેડીકલ ઓફીસર, પશુચિકિત્સા અધિકારી, સીધી ભરતીના મામલતદાર વિગેરે	વધુમાં છેલ્લા એક વર્ષથી ગ્રામ પંચાયત સહાયકને પાયાની તાલીમ આપવામાં આવે છે.
૮	લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ સંચાલિત પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, સણોસરા તા.સિહોર જિ.ભાવનગર પી. નં.૩૬૪૨૩૦	ફો.નં.૦૨૮૪૬-૨૮૩૬૭૨ ફેક્ષ નં.૦૨૮૪૬-૨૮૩૫૨૮	૧. પંચાયતના તલાટીઓ-વર્ગ-3 ૨. રેવન્યુ મંત્રીઓ વર્ગ-3	બિન રાજ્યપત્રિત ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી/પંચાયત સહાયકને પાયાની તથા ઓપનવર્ગની તાલીમ આપવામાં આવે છે.
૯	પંચાયતીરાજ પદાધિકારી તાલીમ કેન્દ્ર, ઈન્દીરાભવન, સેકટર-૧૭, ગાંધીનગર	ફો.નં.૦૭૬-૨૩૨૩૬૧૬૯ ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૪૩૩	૧. પંચાયતના પદાધિકારીઓ ૨. પંચાયત સહાયકોની પાયાની તાલીમ	સરપંચ, ઉપ સરપંચ, સભ્યશ્રી, સામાજીક ન્યાય સમિતીના ચેરમેનશ્રીઓ ને તાલીમ આપવામાં આવે છે. આ કેન્દ્રમાં ગ્રામ પંચાયત સહાયકને પાયાની તાલીમ આપવામાં આવે છે.

નોંધ :- અ.નં.૧, ૫, ૬, ૭ મુજબના તાલીમ કેન્દ્રો સરકારશ્રીના સીધા નિયંત્રણ હેઠળ કામગીરી કરે છે. જ્યારે અ.નં.૨, ૩, ૪, ૮, ૯ મુજબના તાલીમ કેન્દ્રો વિકાસ કમિશ્નરશ્રીના સીધા નિયંત્રણ હેઠળ કામગીરી બજાવે છે.

ગુજરાત રાજ્ય, રાજ્ય ગ્રામવિકાસ અને પંચાયતીરાજ ભવન, શશીકુંજ, જૂનાગઢ.

આ તાલીમ સંસ્થા સને : ૧૯૫૯માં ભારત સરકારના નિયંત્રણ હેઠળ ગુજરાત રાજ્ય અને આસપાસના ચાર રાજ્યોનાં ગ્રામવિકાસ સાથે સંકળાયેલા અધિકારીઓને તાલીમ આપવાના ઉમદા હેતુથી સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ હતી.

ગુજરાત રાજ્યમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાનું નક્કી થતાં સને : ૧૯૬૩માં પંચાયતીરાજનો અમલ થવાથી ત્રિસ્તરીય પંચાયતીરાજ અસ્તિત્વમાં આવેલ છે. પંચાયતીરાજની સફળતામાં અધિકારી-પદાધિકારીશ્રીઓએ મહત્વનો ભાગ ભજવવાનો હોય છે. તેઓને તાલીમ આપી ગ્રામવિકાસ માટે તૈયાર કરવાની અગત્યની કામગીરી આ સંસ્થા બજાવે છે.

સને : ૧૯૬૭માં આ સંસ્થા રાજ્ય સરકારશ્રીના નિયંત્રણ તળે આવેલ છે. પંચાયતીરાજ સાથે સંકળાયેલા અધિકારી-પદાધિકારીઓ તથા કર્મચારીઓને પાયાની તાલીમ અને ઓપનવર્ગ દ્વારા તૈયાર કરવાનો અગત્યનો ફાળો આપે છે. અત્યાર સુધીમાં ગ્રામ્ય કક્ષાએ આર્થિક, સામાજીક ક્ષેત્રે વિકાસની જુદી જુદી યોજનાઓનું ત્રણ સ્તરની પંચાયતો એક અથવા બીજી હેસીયતમાં સંચાલન કરવા લાગતાં એટલે કે પંચાયતોની કામગીરીનો વ્યાપ વધતાં તાલીમ પ્રવૃત્તિનો વ્યાપ પણ વધેલ છે.

આમ રાજ્ય સરકારશ્રીના નિયંત્રણ નીચે પંચાયતીરાજ અને ગ્રામવિકાસની રાજ્ય સરકારશ્રીની સંસ્થા તરીકે સને : ૧૯૬૭થી અસ્તિત્વમાં આવેલ છે. તાલીમ પ્રવૃત્તિ ના વ્યાપના વિસ્તરણનાં કારણે વધારેમાં વધારે અધિકારીગણ-કર્મચારીગણને તાલીમ આપી શકાય અને સમગ્ર રાજ્યની જિલ્લા પંચાયત-તાલુકાપંચાયત-ગ્રામ પંચાયતોમાં તાલીમ પામેલા કુશળ કર્મયોગી સ્ટાફ મળે અને તેઓ સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ ગામડાનાં નાનામાં નાના માણસથી લઈને જિલ્લા-તાલુકાનાં ખેડૂત,શ્રમિકો, નાગરીકો, વિગેરેને વધારેમાં વધારે પ્રમાણમાં આપી શકે તેવા અથાગ પ્રયાસ સ્વરૂપે રાજ્યમાં ગાંધી વિચારસરણીની ત્રણ સ્વાયત સંસ્થાઓને પણ તાલીમની કામગીરી સોંપવામાં આવેલી છે. આ તાલીમ કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

(૧) નિયામકશ્રી :- રાજ્ય ગ્રામવિકાસ અને પંચાયતીરાજ ભવન, શશીકુંજ જૂનાગઢ

વર્ગ-૨નાં અધિકારીઓ અનુક્રમે મેડીકલ ઓફિસર, તાલુકા વિકાસ અધિકારી, સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી, મદદનીશ ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર, મદદનીશ પ્રાયોજના અધિકારી, મદદનીશ ખેતી નિયામક, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (સહકાર), વહીવટી અધિકારી (આરોગ્ય/પ.ક.), અજમાયશી મામલતદાર, જિલ્લા પંચાયત મથક ખાતેની શાખા/કચેરીનાં જુદા જુદા સંવર્ગના વર્ગ-૨ના અધિકારીઓ વિગેરેના જોબકોર્ષ, રીફ્રેસર તાલીમ વહીવટી/હિસાબી તાલીમ, પંચાયતરાજની તાલીમના વર્ગ અનુક્રમે ૪૫ દિવસ, ૨૧ દિવસ, ૧૦ દિવસના તાલીમ વર્ગો પંચાયત વિભાગના સીધા નિયંત્રણ હેઠળ યોજવામાં આવે છે, જેમાં વિવિધ કાયદાઓ વહીવટી જ્ઞાન, ભારત તથા ગુજરાતની વિવિધ યોજનાઓ, કોમ્પ્યૂટર, સ્ટ્રેશ મેનેજમેન્ટ, ટાઈમ મેનેજમેન્ટ જેવા વિવિધ વિષયો આવરી લેવામાં આવે છે.

ઉપર જણાવેલ વિગતે તાલીમના વિષયો અને સમાવિષ્ઠ કામગીરીનો વ્યાપ વધતાં આ સંસ્થાની વહીવટી દેખરેખ હેઠળ બે તાલીમ કેન્દ્રો જૂનાગઢ ખાતે તાલીમની કામગીરી કરી રહેલ છે.

(૨) આચાર્યશ્રી :- પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, શશીકુંજ, જૂનાગઢ.

પ્રાદેશીક તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે ૧૯૮૬માં ગુજરાત સરકાર દ્વારા નિયામકશ્રી ગ્રામ વિકાસ અને પંચાયત રાજ ભવન જૂનાગઢના નિયંત્રણ હેઠળ શરૂ કરવામાં આવેલ છે. આ તાલીમ કેન્દ્રમાં સૌરાષ્ટ્ર, કચ્છ-ભુજ અને ઉત્તર ગુજરાત સહિત કુલ ૧૧ જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતો સાથે સંકળાયેલા વર્ગ-૩નાં જુદા-જુદા સંવર્ગના કર્મચારીઓને નકકી થયેલ અભ્યાસ ક્રમ મુજબ જોબ અને ઓપવર્ગની તાલીમ આપવાનું કાર્ય કરે છે. આ તાલીમ કેન્દ્રનો વાર્ષિક તાલીમ કાર્યક્રમ સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા મંજુર કરવામાં આવે છે અને તે મુજબના તાલીમના વર્ગોનું આયોજન અને કાર્યવાહી આ તાલીમ કેન્દ્રના આચાર્યશ્રી દ્વારા કરવામાં આવે છે.

પંચાયતના વર્ગ-૩ જુનીયર કલાર્ક, સી.કલાર્ક, એ.ટી.ડી.ઓ, નાયબ ચીટનીશ, મુખ્ય સેવિકાઓ, સી.એકા.કલાર્ક જેવા જુદા જુદા સંવર્ગના તમામ કર્મચારીઓને રીફ્રેસર તાલીમ ૨૧ તથા ૧૫ દિવસની આપવામાં આવે છે જેમાં કાયદાઓ, યોજનાઓ, વહીવટી બાબતો કોમ્પ્યૂટર તથા જીવન ઉપયોગી વિષયો આવરી લેવામાં આવે છે.

તાલીમ પ્રવૃત્તિઓની રૂપરેખા :

(૧) પ્રાદેશિક તાલીમ કેન્દ્રમાં પંચાયતના હિસાબી અને વહીવટી સંવર્ગનાં જુ. કલાર્કથી નાયબ ચીટનીશ સંવર્ગ સુધીના વર્ગ-૩ના કર્મચારીઓને નકકી થયેલ અભ્યાસક્રમ મુજબની જોબવર્ગ અને ઓપવર્ગની તાલીમ આપવામાં આવે છે.

(૨) તાલીમ વર્ગની મુદ્દતનાં પ્રમાણમાં વર્ગ શરૂ કરવા માટે સંખ્યા અને હાજર લેવા માટે નકકી થયેલ દિવસની વિગત નીચે પ્રમાણે નકકી થયેલ છે.

(અ) વર્ગ શરૂ કરવા માટે ઓછામાં ઓછી તાલીમાર્થીની સંખ્યા ૧૦ હોવી જરૂરી છે.

INDEX

(બ) તાલીમ વર્ગમાં હાજર લેવાની મુદ્દતની વિગત

૧૫-દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૧ (એક)

૧૫-દિવસથી વધુ પણ ૩૦ દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૨ (બે)

૩૦-દિવસથી વધુ સમય માટે :- ૦૩ (ત્રણ)

(ક) શૈક્ષણિક અભ્યાસ પ્રવાસની વિગત - (પ્રવાસના દિવસ)

૧૫-દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૧ (એક)

૧૫-દિવસથી વધુ પણ ૩૦ દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૨ (બે)

૩૦-દિવસથી વધુ પરંતુ ૪૫ દિવસથી ઓછી મુદતના વર્ગ માટે. :- ૦૩ (ત્રણ)

(૩) સ્વ. બળવંતરાય મહેતા, પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર

૧૯૮૨માં અલીયાબાડાનું તાલીમ કેન્દ્ર બંધ થતાં અત્રે શરૂ કરવામાં આવેલ છે. આ તાલીમ કેન્દ્રનો વહીવટ નિયામકશ્રી, ગ્રામ વિકાસ અને પંચાયતીરાજ ભવનના નિયંત્રણ હેઠળ ગુજરાત સરકાર દ્વારા ચાલે છે. આ તાલીમ કેન્દ્રમાં વિકાસ કમિશ્નરશ્રી દ્વારા મંજુર કરેલ તાલીમ વર્ગો ફક્ત તલાટી કમ મંત્રીનાં ચાલે છે. આ તાલીમ કેન્દ્ર સૌરાષ્ટ્ર કચ્છનાં ચાર જિલ્લાના તલાટી કમ મંત્રીને અભ્યાસક્રમ મુજબની તાલીમ આપવાનું કાર્ય કરે છે.

તાલીમ પ્રવૃત્તિઓની રૂપરેખા

(૧) પંચાયત રાજ તાલીમ કેન્દ્રમાં સીધી ભરતીથી નિમાયેલા તલાટી-કમ-મંત્રી/ પંચાયત સહાયકને પાયાની તાલીમ હાલમાં ૭૫ દિવસમાં આપવાનું નક્કી થયેલ છે. તેમજ પાયાની તાલીમ પાસ કરેલ તલાટી-કમ-મંત્રી અને પંચાયત સહાયકને ૧૪ દિવસની ઓપવર્ગની ટુંકાગાળાની તાલીમનાં વર્ગો પણ યોજવામાં આવે છે.

(૨) તાલીમ વર્ગની મુદ્દતનાં પ્રમાણમાં વર્ગ શરૂ કરવા માટે સંખ્યા અને હાજર લેવા માટે નકકી થયેલ દિવસની વિગત નીચે પ્રમાણે નકકી થયેલ છે.

(અ) વર્ગ શરૂ કરવા માટે ઓછામાં ઓછી તાલીમાર્થીની સંખ્યા ૧૦ હોવી જરૂરી છે.

(બ) તાલીમ વર્ગમાં હાજર લેવાની મુદ્દતની વિગત

૧૫-દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૧ (એક)

૧૫-દિવસથી વધુ પણ ૩૦ દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૨ (બે)

૩૦-દિવસથી વધુ સમય માટે :- ૦૩ (ત્રણ)

(ક) શૈક્ષણિક અભ્યાસ પ્રવાસની વિગત - (પ્રવાસના દિવસ)

૧૫-દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૧ (એક)

૧૫-દિવસથી વધુ પણ ૩૦ દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૨ (બે)

૩૦-દિવસથી વધુ પરંતુ ૪૫ દિવસથી ઓછી મુદતના વર્ગ માટે :- ૦૩ (ત્રણ)

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર

ભારતના લોક લાડીલા વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે કરેલા નિર્ધાર મુજબ પ્રધાન મંત્રી આવાસ યોજના અને અને ગુજરાત રાજ્યના માન. મુખ્ય મંત્રીશ્રીના મનસુબા મુજબ "મુખ્ય મંત્રી ગૃહ યોજના" અંતર્ગત અદના આદમીને ઘરનું ઘર પોષણક્ષમ ભાવે આપવાના સઘન પ્રયાસના પરીણામ સ્વરૂપે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની બાંધકામ પ્રવૃત્તિ છેલ્લા ૧૪ વર્ષથી સ્થગિત હતી. જેને ચાલુ કરવામાં આવેલ છે. જેના પરીણામ રૂપે મોજેઃ અડાલજ, જી.ગાંધીનગર-૫૦૪, મોજેઃ રૂંઢ, જી.સુરત-૨૦૮ ઓછી આવક જુથના લાભાર્થીઓ માટે તથા મોજેઃ ભાયલા, જી.અમદાવાદ-૯ આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓ માટે કુલ-૭૨૧ આવાસો બનાવવા માટે સ્વયમ નાણાં સંચાલિત યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે.

મોજેઃ રૂંઢ જિ.સુરતમાં ૨૦૮ આવાસોનું માન.મુખ્ય મંત્રીશ્રીના હસ્તે તા.૨૭/૦૮/૨૦૨૧ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ છે અને મોજે અડાલજના ૫૦૪ આવાસો પૈકી ૪૪૮ આવાસોના બાંધકામની કામગીરી આજની તારિખે ચાલુમાં છે. અને જે પૂર્ણતાના આરે છે. નજીકના ભવિષ્યમાં જ આવાસોનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

તદુપરાંત નજીકના ભવિષ્યમાં ઘર વિહોણાને ઘર મળી રહે તે હેતુસર બોર્ડ પાસેની પડતર જમીનો પૈકી અંદાજે ૧૫ અલગ અલગ યોજનાઓ કાર્યવંત થાય તે માટે આયોજન હાથ ધરેલ છે.

INDEX

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,

કર્મયોગી ભવન, બી બ્લોક , પાંચમો માળ,

ગાંધીનગર-૩૮૨૦૧૦.

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની રચના ગુજરાત પંચાયત અધિનિયમ -૧૯૯૩ ની કલમ -૨૩૫ ની જોગવાઇ હેઠળ કરવામાં આવેલ છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ અધ્યક્ષ સહિત કુલ પાંચ સભ્યોનું બનેલ છે. મંડળની કચેરીમાં સચિવ વહીવટી વડા છે. તદુપરાંત સત્તાની રૂએ તેઓ ખાતાના વડા પણ છે. બોર્ડની મુખ્ય કામગીરી ગુજરાત પંચાયત સેવાની વર્ગ-૩ની મંડળના કાર્યક્ષેત્ર હેઠળની વિવિધ સંવર્ગની ખાલી જગ્યાઓ ઉપર સીધી ભરતીથી ઉમેદવારની નિયમોનુસાર પસંદગી કરીને ભરતી કરવાની છે. આ ઉપરાંત બોર્ડની પંચાયત સેવાના વર્ગ-૩ના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા તેમજ ગુજરાતી અને હિન્દી (ઉચ્ચ અને નિમ્ન શ્રેણી બોલચાલ) ની પરીક્ષા અંગેની કામગીરી પણ કરે છે.

પંચાયત સેવા વર્ગ-૩ના કર્મચારીઓને શિક્ષા કરવા સંદર્ભે જિલ્લાઓ તરફથી મળેલ દરખાસ્તો પરત્વે મંડળ દ્વારા કુલ-૦૪ દરખાસ્તોમાં સલાહ આપવામાં આવેલ છે તથા સબંધિત જિલ્લા પંચાયતો પાસે કુલ-૧૧ દરખાસ્તો પૂર્તતા પરત કરેલ છે. પંચાયત સેવા વર્ગ-૩ના કર્મચારીઓને બઢતી સંદર્ભે જિલ્લાઓ તરફથી મળેલ દરખાસ્તો પરત્વે મંડળ દ્વારા કુલ- ૧૨૨ દરખાસ્તોમાં મંજુર કરેલ છે તથા સબંધિત જિલ્લા પંચાયતો પાસે કુલ-૧૪ દરખાસ્તો પ્રગતિમાં છે.

મંડળ દ્વારા જિલ્લા પંચાયતના વર્ગ-૩ના કર્મચારીશ્રીઓ માટે ગુજરાતી તથા હિન્દી ભાષાકીય પરીક્ષા યોજવામાં આવેલ હતી. જેમાં કુલ-૬૫ કર્મચારીશ્રીઓ હાજર રહેલ હતા. જિલ્લા પંચાયત વર્ગ-૩ના નાયબ ચીટનીશ/ વિસ્તરણ અધિકારી(પંચાયત/ ખેતી/સહકાર) સંવર્ગમાં ખાતાકીય પરીક્ષાનું આયોજન જાન્યુઆરી-૨૦૨૨ માં કરવામાં આવેલ છે.

જ્યારે આગામી સમયમાં મંડળ દ્વારા કુલ-૧૯ સંવર્ગની પંચાયત સેવા વર્ગ-૩ સીધી ભરતીથી ઉમેદવારની નિયમોનુસાર પસંદગી કરીને ભરતી કરવાનુ આયોજન છે. જેમાં જનરલ કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફીની રકમ ₹ ૧૦૦/- પોસ્ટલ ઓર્ડર ઉપરાંત એસ.બી.આઇ. ઇ-પેના માધ્યમથી ઓનલાઇન સ્વીકારવાનું નકકી થયેલ છે તથા તેના આનુષાંગિક કાર્યવાહી હાથ ધરેલ છે.

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ પંચાયત સેવાની વર્ગ-૩ની વિવિધ સંવર્ગની ખાલી જગ્યાઓ માટે ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષાના નિયમોનાં ફેરફાર સુચવવા વગેરે બાબતો અંગે સરકારશ્રી સાથે પરામર્શ કરી નિર્ણય લેવાની કામગીરી પણ કરે છે.

ગ્રામ વિકાસ વિભાગ

કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી દ્વારા નીચે મુજબની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું (CSS) અમલીકરણ અને દેખરેખ કરવામાં આવે છે.

- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGA)
- પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ (PMAY-G)
- સ્વચ્છ ભારત મીશન - ગ્રામીણ (SBM-G)
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના-વોટરશેડ કમ્પોન્ટબ (PMKSY)
- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (Aajivika-NRLM)
- શ્યામાપ્રસાદ મુખર્જી રુર્બન મિશન (SPMRM)
- તાલીમ કાર્યક્રમ (SIRD)

ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની ગરીબી ઘટાડવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના કાર્યક્રમ, ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની જીવનની ગુણવત્તા સુધારવા માટે ગ્રામીણ વિકાસ મંત્રાલય વિભાગ તથા અન્ય સંલગ્ન વિભાગો સાથે મળીને કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (MGNREGA)

- મહાત્માં ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના તા. ૦૧/૦૪/૨૦૦૮ થી પુરા રાજ્યમાં અમલમાં છે.
- રાજ્ય ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દરેક કુટુંબની જીવનનિર્વાહની તકો વધારવા માટે નાણાંકીય વર્ષમાં કુટુંબદીઠ વધુમાં વધુ ૧૦૦ દિવસની સવેતન રોજગારી આપવામાં આવે છે.

INDEX

- પ્રતિ દિન વેતનનો દર ₹ ૨૨૯/- છે.
- ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યમા ૪૨.૮૧ લાખ ગ્રામીણ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે. આ કુટુંબોમાંથી ૨૯.૨૧ લાખ ગ્રામીણ કુટુંબો છેલ્લા ૩ વર્ષથી રોજગારી મેળવી રહ્યા છે તેમજ રાજ્યમાં ૯૯.૫૪% જોબકાર્ડ વેરીફિકેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.
- પારદર્શકતા સુનિશ્ચિત કરવા માટે દરેક નોંધાયેલા શ્રમિકના આધારલીંક કરી અને તેનુ ચુકવણું પણ બેંક એકાઉન્ટ સાથે લીંક કરવામાં આવી રહ્યુ છે.
- DBT દ્વારા ૧૦૦% શ્રમિકોના વેતનની ચુકવણી કરવામાં આવેલ છે.
- સમયસર વેતન ચૂકવણીમાં ૯૮.૧૨ % સિદ્ધિ હાંસલ કરવામાં આવેલ છે.
- તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૧ અંતિત કુલ ૯.૫૭ લાખ કુટુંબોને કુલ ૪૨૯.૫૪ લાખ માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.
- મહિલાઓને ૨૦૦.૨૧ લાખ માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.
- અનુસુચિત જાતિના શ્રમિકોને ૨૩.૩૬ લાખ અને અનુસુચિત જન જાતિના શ્રમિકોને ૧૭૭.૩૯ લાખ એમ કુલ મળીને ૪૨૯.૫૪ લાખ માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.
- સિંચાઇ સુવિધાથી થયેલ ઇરિગેશન ડીપ્રાઇવ્ડ / ક્રિટીકલ /એક્સપ્લોઇટેડ ૪૨ તાલુકાઓમાં કુદરતી સંસાધનોના વ્યવસ્થાપનના ૨૩૯૩૫ કામો પાછળ રૂપિયા ૧૯૪.૯૫ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં આધાર સીડિંગની કામગીરી ૯૮.૫૭ % જેટલી પૂર્ણ કરવામાં આવી છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૪૪૦૯ ગ્રામ્ય માર્ગોના નિર્માણ પાછળ રૂપિયા ૨૭૭.૮૧ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
- ભારત નિર્માણ સેવા કેન્દ્રોના ૨૬૨૮ કામો પુર્ણ કરવામાં આવેલ છે. તેમજ ૭૦૨ કામો પ્રગતિ હેઠળ છે.
- આંગણવાડી કેન્દ્રોના કુલ ૧૧૧૩ કામો પુર્ણ કરવામાં આવેલ છે. તેમજ ૧૩૩૩ કામો પ્રગતિ હેઠળ છે, જેની પાછળ કુલ ₹ ૨૭.૬૮ કરોડ ખર્ચ કરવામાં આવેલ છે.
- પારદર્શિતા અને જવાબદારીના હેતુસર મનરેગાના કામો માટે સામાજિક ઓડીટ યુનિટની રચના કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં ૮૯૦૩ ગ્રામ પંચાયતોનું સામાજીક ઓડિટ કરવામાં આવેલ છે.
- આગામી વર્ષ દરમ્યાન મનરેગા યોજના સાથે સંબંધિત અમલીકરણ લાઇન ડિપાર્ટમેન્ટ એજન્સી મારફત વોટરશેડ યોજના સાથે નદીઓનું પુન:જીવિકરણ કરવા માટે કામો ખાસ હાથ ધરેલ છે. ભારત સરકારશ્રીએ ખેતી અને ખેતીને સબંધિત ઓછામાં ઓછા ૬૦ ટકા કામો અનિવાર્યપણે કરવા ઠરાવ્યું છે.
- મનરેગા યોજના અંતર્ગત ગ્રામિણ વિસ્તારના લોકોને ૪૨૯.૫૪ લાખ માનવદીન રોજગારી પુરી પાડવામાં આવેલ છે, જેમાં કુલ ૧૪૨૮.૧૧ કરોડ ખર્ચ થયેલ છે. મનરેગા યોજના અંતર્ગત ૭૪૨૨૪ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) (PMAY-G)

- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) તા. ૨૦-૧૧-૨૦૧૬ થી અમલમાં મૂકવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને "પોતાના સ્વપ્નનું ઘર" મળે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે. રાજ્યના તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને ૨૦૨૨ સુધીમાં આવરી લેવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિર્ધાર છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) હેઠળ યોજનાનો હેતુ ગ્રામ્ય વિસ્તારમાં "સામાજિક-આર્થિક મોજણી અભ્યાસ-૨૦૧૧" મુજબ પાત્રતા ધરાવતા ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લોકોને નાણાંકીય સહાય પુરી પાડી નવા આવાસના બાંધકામ માટે સહાયરૂપ બનવાનો છે. લાભાર્થીને આવાસ દીઠ ₹ ૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે અને તબક્કાવાર ફંડ ટ્રાન્સફર તેના ખાતામાં કરવામાં આવે છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) એ કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીનો ૬૦:૪૦ નો હિસ્સો ધરાવતી યોજના છે.
- આ ઉપરાંત લાભાર્થીને મનરેગા યોજના હેઠળ રોજગારી પેટે ₹ ૨૦,૬૧૦ ની સહાય અને સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલય બાંધકામ માટે ₹ ૧૨,૦૦૦ એમ કુલ ₹ ૧,૫૨,૬૧૦ ની સહાય મળવા પાત્ર થાય છે.

INDEX

- યોજના હેઠળ તમામ જિલ્લાઓને જુદા જુદા પાંચ ઝોનમાં વિભાજિત કરી ટાઈપ ડિઝાઈન મુજબ આવાસ બાંધકામ કરવામાં આવે છે. જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતી અને રહેણી કરણીને ધ્યાને લઈ ૪૧ ટાઈપ ડિઝાઈન તૈયાર કરવામાં આવેલ છે, તે ડિઝાઈન પૈકીની ડિઝાઈન મુજબ લાભાર્થીના આવાસનું બાંધકામ કરવામાં આવે છે જેના કારણે મકાનો ટકાઉ અને ભૂકંપ પ્રતિરોધક બને છે.
- યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ નો ૧,૦૭,૧૦૦ નો લક્ષ્યાંક મળેલ છે. જેમાં કુલ ૧,૦૫,૭૧૭ લાભાર્થીઓને મંજૂરી અપાયેલ છે અને ૯૧,૨૧૫ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવનાર તમામ આવાસોના કામો ટાઈપ ડિઝાઈન મુજબ કરવામાં આવેલ છે. આ આવાસો ટાઈપ ડિઝાઈન મુજબ બનતા હોવાથી ટકાઉ અને ભૂકંપ પ્રતિરોધક બને છે.
- રાજ્યમાં ગુણવત્તાયુક્ત બાંધકામ થાય તે હેતુથી કેન્દ્ર સરકારશ્રી દ્વારા મેશન તાલીમની જોગવાઈ કરવામાં આવેલ છે મેશન તાલીમ હેઠળ તમામ જિલ્લાઓને આવરી લઈ જિલ્લા દીઠ અર્ધકુશળ કડિયાઓ પસંદ કરી તેમને આવાસ બાંધકામ અંગે ટેકનીકલ તાલીમ પૂરી પાડવામાં આવે છે. રાજ્યમાં કુલ ૪૫૦૦ તાલીમાર્થીઓને મેશન તાલીમ અપાયેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં ૧,૧૧,૭૭૪ આવાસોનો લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે. જે પૈકી કુલ ૯૭,૩૮૩ લાભાર્થીઓને મંજૂરી અપાયેલ છે અને તે માટે વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૧૧૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) અંતર્ગત આવાસપ્લસના સર્વે પૈકીના તમામ લાભાર્થીઓને આવનાર વર્ષોમાં લક્ષ્યાંક પૈકી આવરી લેવામાં આવશે.

સ્વચ્છ ભારત મીશન - ગ્રામીણ (SBM-G)

- સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) કાર્યક્રમની શરૂઆત સમગ્ર દેશમાં તા. ૦૨/૧૦/૨૦૧૪ થી શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા અને જાગૃતિ લાવવાના ઉદેશ થી શરૂ કરવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારોમાં વસતા કૂટુંબો માટે વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કરી ઉત્કૃષ્ટ કામગીરી પણ કરવામાં આવેલ છે.
- ભારત સરકાર દ્વારા કોઇ પણ કુટુંબ શૌચાલયવિહોણું રહી ન જાય તે માટે આપેલ સુચના મુજબ રાજ્યના જિલ્લાઓમાથી મળેલ માહિતી અનુસાર સમગ્ર રાજ્યમાં ૫,૦૯,૨૭૨ (NOLB) No One Left Behind શૌચાલય વિહોણા લાભાર્થીઓ મળ્યા હતા.
- તે મુજબ પાત્રતા ધરાવતા આવા લાભાર્થીઓ પૈકી ૫,૦૯,૨૭૨ કુટુંબોને શૌચાલય સુવિધા હેઠળ આવરી લેવાયેલ છે.
- ભારત સરકાર દ્વારા કોઇ પણ કુટુંબ શૌચાલય વિહોણું રહી ના જાય તે માટે આપેલ સુચના મુજબ રાજ્યના જિલ્લાઓ માંથી મળેલ માહિતી અનુસાર સમગ્ર રાજ્યમાં ૧,૬૧,૭૮૨ (New HHs ૨૦-૨૧+ ૨૧-૨૨) No House Holds શૌચાલય વિહોણા લાભાર્થીઓ મળી આવેલ છે. બાકી રહેલ ૭૪,૮૯૪ કુટુંબોને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન પૂર્ણ કરવામાં આવશે.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના ભાગ-૨ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ થી વર્ષ ૨૦૨૪-૨૫ માટે મંજૂરી આપવામાં આવેલ છે. જે દિશામાં આયોજન “ઓડીએફ+ બેઝલાઈન સર્વે રાજ્ય ના ગ્રામીણ વિસ્તારો માં હાલ હાથ ધરવામાં આવી રહ્યો છે.
- સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ ભાગ-૨ માં મુખ્ય પડકારરૂપ કામગીરી જેમાં રાજ્યના જિલ્લાઓની “ખુલ્લામાં શૌચમુક્ત” બનેલ પરીસ્થિતીના દરજ્જાને લાંબા સમય જાળવી રાખવાના ભાગરૂપે ભારત સરકારશ્રી દ્વારા ચાલુ વર્ષે ODF-S સસ્ટેનેબિલિટી અને ODF+ માં ઘન અને પ્રવાહી કચરાના સલામત નિકાલની કામગીરી સૂચિત કરવામાં આવેલ છે.
- ઓડીએફ સસ્ટેનિબિલિટીના ભાગ રૂપે પાણી અને સ્વચ્છતા મુદ્દે ગામ લોકોમાં જન જાગૃતિ બાબતે ભારત સરકારના પેય જળ સ્વચ્છતા વિભાગ, જળ શક્તિ મંત્રાલય દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓ માથી પાંચ-પાંચ લોકો મળી રાજ્યના કુલ ૧૬૫ લોકોને સ્વચ્છ અને સુજલ ગામ બાબતે પાંચ દિવસની તાલીમી વર્કશોપનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે.
- તાલીમ મેળવેલ તાલીમાર્થીઓ દ્વારા આ તાલીમો જિલ્લા સ્તરે પણ તાલુકા અને ગ્રામ્ય સ્તરના યોજના સાથે સંકળાયેલ ૮૦૪૦ કર્મચારીશ્રીઓ ને પણ આપવામાં આવેલ છે.

INDEX

- સ્વચ્છ ભારત મિશન- ગ્રામિણ ભાગ-૨ના અમલીકરણ માટે રાજ્ય સ્તરેથી જિલ્લાના ૯૯ લોકો અને ગ્રામ્ય /તાલુકા સ્તરના ૧૪૫૪ લોકોને મોબાઈલ એપ માધ્યમથી ઓડીએફ+ બેઝલાઈન સર્વે-૨૦૨૦ હાથ ધરવા માટે તાલીમબધ્ધ કરવામાં આવ્યા.

વર્ષ ૨૦૨૨-૨૩ માં નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- રાજ્યના દરેક જિલ્લાઓમાંથી એક એક ગામની પસંદગી કરી "ગોબરધન યોજના"ના પાયલોટ પ્રોજેકટને અમલી બનાવવામાં આવશે. આ પ્રોજેકટ અંતર્ગત બાયોગેસ ઉત્પન્ન કરવાનું આયોજન છે.
- ગામોને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની દિશામાં જે પ્રયત્નો "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ દરમ્યાન હાથ ધરવામાં આવેલ કામગીરીને વધુ સઘન બનાવવામાં આવશે. ગામોમાંથી એકત્રિત કરવામાં આવેલ પ્લાસ્ટિકના નિકાલ હેતુ તાલુકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન યુનીટની રચના થાય તે દિશામાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)માં પ્રવાહી કચરાના નિકાલ અને તેના વ્યવસ્થાપન માટે ગામમાં વ્યક્તિગત અને સામૂહિક સોકપીટની કામગીરી આ યોજના હેઠળ હાથ ધરવામાં આવેલ છે. જેના પરિણામ સ્વરૂપ હાલમાં વ્યક્તિગત સોકપીટ ૨૩,૧૯૮ અને સામુહિક સોકપીટ ૩,૨૭૨ બાંધકામ પૂર્ણ થયેલ છે.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ભાગ-૨ અંતર્ગત ગામને ODF+ જાહેર કરવા માટે ઘન કચરાના વ્યવસ્થાપન અંતર્ગત જૈવિક કચરાના નિકાલ માટે ૧૨,૨૨૯ સામૂહિક કમ્પોસ્ટ પીટ અને ૧૩૬૬ વ્યક્તિગત કપોસ્ટ પીટ બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.
- પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન માટે ૪૨૮ MOU કરીને ૫૪૬ ગામોને આવરી લેવામાં આવેલ છે.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ભાગ-૨ અંતર્ગત ઘન કચરાના વ્યવસ્થાપનની કામગીરીના ભાગરૂપે હાલમાં ૪૫૧૮ ગામોમાં કચરાનું ડોર ટુ ડોર કલેકશન થાય છે અને ૭૪૨ સેગ્રીગેશન શેડનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના - વોટરશેડ કમ્પોનન્ટ (PMKSY)

- સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૦૯-૧૦થી થયેલ છે, જેનો મુખ્ય હેતુ કુદરતી સંસાધનો જેવા કે, ભૂમી, ભેજ અને વૃક્ષાચ્છાદિત આવરણને સુયોજિત કરી પર્યાવરણ સ્ત્રોતનું સંતુલન કરવાનું છે.
- વર્ષ ૨૦૧૫-૧૬માં સંકલિત જલસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે અને આ યોજના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના - વોટરશેડ કમ્પોનન્ટ તરીકે ઓળખવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં નવેમ્બર-૨૧ અંતિત જમીન અને ભેજ સંરક્ષણના અને જળસંગ્રહના કુલ ૬૫૭૦ કામો પુર્ણ થયેલ છે, કુલ ₹ ૪૬.૨૫કરોડનો ખર્ચ થયેલ છે.
- રાજ્ય સરકારશ્રીની નાણાંકીય સહાયથી બેચ-૫ (વર્ષ ૨૦૧૩-૧૪) અને બેચ-૬ (વર્ષ ૨૦૧૪-૧૫)ના બાકી કામો વર્ષ ૨૦૨૨-૨૩માં આયોજન મુજબ હાથ ધરવામાં આવશે.
- હાલમાં બેચ-૬ના ડીપીઆર તૈયાર કરી મંજુરી અર્થે રજુ કરેલ છે જે મંજુર થયેથી આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં વાર્ષિક આયોજન મુજબ કામો હાથ ધરવામાં આવશે.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (Aajivika-NRLM)

- ૨.૬૨ લાખ સ્વકસહાય જુથોની રચના જે પૈકી ૧.૫૨ લાખ જૂથો હાલમાં સક્રિય છે.
- ૧.૯૦ લાખ સ્વ સહાય જુથોને રીવોલ્વીંગ ફંડ ફાળવણી કરવામાં આવેલ છે.
- ૭૫૬૫ ગામ સંગઠન (VO) ની રચના કરવામાં આવેલ છે.
- ૫૬૨૯ ગામ સંગઠનને મુડીગત ભંડોળ (CIF) ફાળવણી કરવામાં આવેલ છે.
- ૧.૪૯ લાખ સ્વસહાય જુથોને બેંકો મારફતે કેશ ક્રેડિટ ફાળવવામાં આવેલ છે.
- ૨.૪૮ લાખ તાલીમાર્થીઓને આરસેટી મારફતે તાલીમ આપવામાં આવે છે.
- ૧.૭૪ લાખ યુવાન યુવતીઓને રોજગારીની તકો પુરી પાડવામાં આવેલ છે.
- ૨૦,૬૭૮ તાલીમાર્થીઓને ડી.ડી.યુ. જી.કે.વાય. મારફતે આજીવિકા માટેની તાલીમ આપવામાં આવેલ છે. જેમાંથી ૧૫,૩૩૧ તાલીમર્થીઓને જોબ પ્લેસમેન્ટ મળેલ છે.

INDEX

- ૮૦૦૦૦ જુથો આજીવીકા લક્ષી પ્રવૃતી સાથે જોડાયેલ છે.
- સખીમંડળો મીટર રીડીંગ, હાઉસકીપિંગ, કેંટીન, સ્ટેશનરી ગ્રામીણ ટ્રાન્સપોર્ટ, ડ્રેસ મેકીંગ, ડાયમંડ ઉદ્યોગ, ગારમેન્ટ મેકીંગ તેમજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટની વ્યવસાયિક કામગીરી કરી રહ્યા છે.

શ્યામાપ્રસાદ મુખર્જી રુર્બન મિશન (SPMRM)

- શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન યોજનાનો માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ શુભારંભ કરવામાં આવ્યો. હાલમાં ફેઝ-૧, ૨ અને ૩ ના કુલ ૧૬ ક્લસ્ટરની પસંદગી કરેલ છે
- આ યોજનાનો હેતુ ગામના સમુહને માળખાકીય (ઝુમખા), સામાજીક/આર્થિક સવલતો પૂરી પાડવાનો છે, જેથી આ ગામના જુથો તેમજ તેમના આસપાસના વિસ્તારની સુખાકારીમાં વધારો થાય.
- (૧) જનરલ ક્લસ્ટર (૨) આદિવાસી ક્લસ્ટર એમ બે પ્રકારના ક્લસ્ટરની પસંદગી રાજ્ય સરકાર અને ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે છે.
- આ માટે રાજ્ય સરકાર દ્વારા ક્લસ્ટર અને ગ્રામપંચાયતની પસંદગી જનસંખ્યાના આધારે કરવામાં આવે છે. આદિવાસી વિસ્તારના ક્લસ્ટરમાં ૫૦૦૦ થી ૧૫૦૦૦ અને બિન આદિવાસી વિસ્તાર ક્લસ્ટરમાં ૨૫૦૦૦ થી ૫૦૦૦૦ની જનસંખ્યા ધરાવતી ગ્રામપંચાયતને પસંદ કરવામાં આવે છે.
- આ યોજનામાં ક્રીટીકલ ગેપ ફંડ તરીકે આદિવાસી વિસ્તારના ક્લસ્ટરમાં ₹ ૧૫.૦૦ કરોડ અને બિન આદિવાસી વિસ્તારના ક્લસ્ટરમાં ₹ ૩૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.
- ભારત સરકાર અને રાજ્ય સરકારનો ફંડ રેશિયાનું પ્રમાણ ૬૦:૪૦ છે.
- ICAP (Integrated Cluster Action Plan) કલસ્ટરની જરૂરિયાતોનો ઉલ્લેખ કરવાં, પાયાના અભ્યાસો અને આ જરૂરીયાતોને પુરી કરવાં તથા કલસ્ટરની ક્ષમતાં વધારનારી મુખ્ય પહેલોને આવરી લેવામાં આવે છે.
- કેન્દ્ર સરકારશ્રી દ્વારા ફેઝ-૧માં ૪ ક્લસ્ટરની મંજુરી અપાયેલ છે. જેમાંથી અંબાજી, શામળાજી, રવાપર અને વાડીનાર કલસ્ટરોની પસંદગી થયેલ છે. આજદિન સુધી CGFના ૩૪ DPRમાંથી ૩૪ પ્રોજેક્ટ મંજુર થયેલ છે. જેમાથી ૨૭ પ્રોજેક્ટ્સનું કામ પૂર્ણ થયેલ છે તથા ૦૫ પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. ૦૨ પ્રોજેક્ટ શરૂ થવાના બાકી છે. કુલ રૂ ૧૨.૬૮ કરોડનો ખર્ચ થયો છે. (૧૪ ડિસેમ્બર ૨૦૨૧ અંતિત)
- કેન્દ્ર સરકારશ્રી દ્વારા ફેઝ-૨ માં કુલ ૫-ક્લસ્ટરની પસંદગી કરેલ છે. જેમા બેચરાજી, ઉમરપાડા, મોરા (હ), ટિકર અને સંજાણ કલસ્ટરોની પસંદગી થયેલ છે. આજદિન સુધી CGFના ૩૮ DPRમાંથી ૩૮ DPR મંજુર થયેલ છે. જેમાં ૧૮ પ્રોજેક્ટ્સનું કામ પૂર્ણ થયેલ છે તથા ૨૦ પ્રોજેક્ટ પ્રગતિમાં છે. કુલ ₹ ૨૧.૯૪ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. (૧૪ ડિસેમ્બર ૨૦૨૧ અંતિત)
- કેન્દ્ર સરકારશ્રી દ્વારા ફેઝ-૩ માં ૭ ક્લસ્ટરની મંજુરી અપાયેલ છે. જેમાં રૂમલા, માટીએડ, સાયલા, ઝાંઝવા પાંણાઈ, મુન્દ્રા, મોટા ખુંટવડા, અને આટકોટ કલસ્ટરોની પસંદગી થયેલ છે. આજદિન સુધી CGFના ૫૮ DPRમાંથી ૫૮ DPR પ્રોજેક્ટ મંજુર થયેલ છે. જેમાથી ૩૦ પ્રોજેક્ટ્સનું કામ પૂર્ણ થયેલ છે અને ૨૭ પ્રોજેક્ટ પ્રગતિમાં છે અને ૦૧ પ્રોજેક્ટ શરૂ થવાનું બાકી છે. કુલ ₹ ૧૯.૮૧ કરોડનો ખર્ચ થયો છે. (૧૪ ડિસેમ્બર ૨૦૨૧ અંતિત)

તાલીમ કાર્યક્રમ-રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા (SIRD), અમદાવાદ

- રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા દ્વારા ગ્રામ વિકાસની યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય અને ગ્રામ્ય સ્તરે લોકોને માહિતી માર્ગદર્શન મળે તે હેતુથી SIRD દ્વારા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત પંચાયતના પદાધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓને તાલીમ આપવામાં છે.
- રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કુલ ૧૮૯ તાલીમ કાર્યક્રમોના આયોજનનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે, જેમાં ૧૫૧ તાલીમો તથા ૦૨ સેટકોમ કાર્યક્રમ મળીને કુલ ૧૫૩ કાર્યક્રમો કરેલ છે.
- રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૨૧૫ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

૧૨. મહેસૂલ વિભાગ

■ સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષકની કચેરી

સ્ટેમ્પ પ્રભાગ

ગુજરાત રાજ્યમાં મહેસૂલ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગરમાં આવેલી છે. જેની મહત્વની કામગીરી નીચે મુજબ છે.

- રાજ્યની સ્ટેમ્પ ડ્યુટીની આવક સુનિશ્ચિત કરવી.
- લેખ ઉપર વપરાયેલ સ્ટેમ્પ ડ્યુટીની પર્યાપ્તતા તપાસવી.
- સ્ટેમ્પ ડ્યુટીના હેતુસર રાજ્યના મિલ્કતની બજાર કિંમતની ASR (જંત્રી) તૈયાર કરવી.
- સ્ટેમ્પ ડ્યુટીના હેતુસર મિલ્કતનું મુલ્યાંકન
- અદાલતી અને બિનઅદાલતી સ્ટેમ્પ્સનું નાગરિકોને સંતોષકારક રીતે વિતરણ

૧. મુલ્યાંકન તંત્રની કામગીરી

- નોંધણી અર્થે રજૂ થતા માલીકી ફેરખતના લેખોમાં મિલ્કતની બજાર કિંમત મુજબ સ્ટેમ્પ ડ્યુટી લેવાય છે કે નહી તેની ચકાસણી કરી આવા લેખોમાં મિલ્કતનું યોગ્ય મુલ્યાંકન કરવાની કામગીરી આ તંત્ર બજાવે છે.
- સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્રના નાયબ કલેકટરશ્રીઓને અધિનિયમની કલમ-૩૨(ક) ની જોગવાઈ માટે સ્ટેમ્પ અધિનિયમમાં જીલ્લા કલેકટર તરીકેની સત્તા એનાયત કરવામાં આવેલ છે. તે ઉપરાત કલમ-૩૨(ક) હેઠળના પડતર દસ્તાવેજોના ઝડપી નિકાલ માટે રાજ્યના પ્રાંત અધિકારીશ્રી તથા જીલ્લાની મામલતદાર કચેરીના વર્ગ-૨ ના મહેસૂલી અધિકારીઓને પણ કલમ-૩૨(ક) હેઠળના અધિકારો આપવામા આવેલ છે. પરીણામે દસ્તાવેજોના નિકાલમાં વેગ આવ્યો છે તેટલું જ નહી પરંતુ કલમ-૩૨(ક) ના પડતર દસ્તાવેજોના નિકાલ માટે ખાસ ઝુંબેશ હાથ ધરી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવે છે. વિશેષમાં કલમ- ૩૨(ક) હેઠળના રેફરન્સ કેસોના નિકાલની કામગીરી ઝડપી થાય તે માટે ગુજરાત સ્ટેમ્પ (મિલ્કતની બજાર કિંમત નક્કી કરવા બાબત) ના નિયમો ૧૯૮૪ તથા જંત્રી ભાવો અને ગાઈડ લાઈન નક્કી કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત લેખનો વિષય હોય તેવી મિલકતની બજાર કિંમત કરતાં ઓછો અવેજ દર્શાવેલ ન હોય તેમજ બજાર કિંમત મુજબ યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરેલ હોઈ તેવા લેખો સબંધિત પક્ષકારને તરત જ પરત કરવા માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે. પરીણામે, રાજ્યની મહેસૂલી આવકમાં વધારો થવા પામેલ છે.
- હાલમાં મુલ્યાંકન તંત્રમાં નાયબ કલેકટરશ્રીઓને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ -૧૯૫૮ ની કલમ-૨ (છ) મુજબ પ્રકરણ-૪ હેઠળની કલેકટરશ્રીની સત્તાઓ એનાયત કરવામાં આવેલ છે. જેના કારણે લાંબા સમયથી જમ થયેલા પડતર કેસના તથા પ્રતિમાસ નવા ઉભા થતા કેસના નિકાલ શક્ય બને છે. તદ્ઉપરાંત નાયબ કલેકટર (સ્ટેમ્પ ડ્યુટી) મુલ્યાંકન તંત્ર તથા કલેકટર અને અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ દ્વારા અધિનિયમની કલમ- ૩૨(ક), ૩૯(૧)(ખ)તથા અન્ય કલમો હેઠળ ખુટતી સ્ટેમ્પ ડ્યુટી તથા દંડની રકમ વસૂલ લેવા કરવામાં આવેલા હૂકમો અન્વયે બાકી વસૂલાતની ઝડપી કાર્યવાહી માટે સરકારશ્રી દ્વારા કુલ ૧૮ નાયબ મામલતદારની જગ્યા ઉભી કરવામાં આવેલ છે. તેઓને સ્ટેમ્પ ડ્યુટી તથા દંડની વસૂલાત માટે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ હેઠળ મહેસૂલી રાહે વસૂલાત માટે સત્તાઓ સોપવામાં આવેલ છે. તેને કારણે ખુટતી સ્ટેમ્પ ડ્યુટી તથા દંડ વસુલાતની કાર્યવાહી ગતિમાં છે. બહોળા પ્રમાણમાં આવી વસૂલાત શકય બનેલ છે.

૨. નાયબ કલેકટર કચેરીઓની કામગીરી

સમગ્ર રાજ્યની મુલ્યાંકન કચેરીઓ દ્વારા માહે એપ્રિલ-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧ સુધી કુલ-૧૭,૪૭૪ દસ્તાવેજ પરત્વે નિર્ણય કરી ₹ ૧૮૭૮.૯૦ લાખની આવક પ્રાપ્ત થવા પામેલ છે.

જ્યારે જે કેસોમાં પક્ષકાર દ્વારા હૂકમ મુજબની ડ્યુટી ભરપાઈ કરવામાં આવતી નથી. તેવા બાકી વસૂલાતવાળા દસ્તાવેજ સંબંધે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

૩. બાકી વસૂલાત માટે લેવાયેલ પગલા

- બાકી વસૂલાત ઝડપી અને મહત્તમ કરવા માટે જીલ્લાના નાયબ કલેકટરશ્રીઓની સમીક્ષા બેઠક દર માસે નિયમિત કરવામાં આવે છે.
- ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ -૧૯૫૮ની કલમ-૪૬ અન્વયે જમીન મહેસૂલ અધિનિયમ-૧૯૭૯ ની કલમ-૧૫૦ મુજબ જમીન મહેસૂલ બાકી તરીકે વસૂલ કરવા નોટીસ આપવામાં આવે છે.
- બાકી વસૂલાતવાળા તમામ કેસના આસામીઓની મિલ્કત ઉપર રેવન્યુ રેકર્ડમાં બોજાની નોંધ સત્વરે પડાવવા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

INDEX

રાજ્યમાં આવેલ નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકનતંત્રની કચેરીઓ ખાતે સ્ટેમ્પ અધિનિયમની કલમ-૩૨(ક) અને કલમ-૩૩ હેઠળના બાકી પડતર કેસોમાં તેમજ જીલ્લાઓમાં પ્રાંત અધિકારીશ્રી હસ્તક કલમ-૩૨(ક) હેઠળના બાકી પડતર કેસોમાં ઝડપી નિકાલ માટે સતત નિરીક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવે છે.

૪. સ્ટેમ્પ ડ્યુટીના દરોનું સરળીકરણ

સ્થાવર મિલ્કતની તબદીલીના જુદા જુદા પ્રકારના લેખો ઉપર લેવામાં આવતી સ્ટેમ્પ ડ્યુટીના દર સંદર્ભે, રાજ્યમાં વેપાર ઉદ્યોગ રાજ્ય બહારની હરીફાઈમાં ટકી શકે, વિદેશમાંથી નવા ઉદ્યોગોને રાજ્યમાં આવવાનું પ્રોત્સાહન મળે, સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો ઉપર સ્ટેમ્પ ડ્યુટીનું ભારણ ઘટે તે માટે સ્ટેમ્પ ડ્યુટીના દરમાં તા.૧/૪/૨૦૦૭થી ઘટાડીને ૪.૯૦ % કરવામાં આવેલ છે.

સમાન પ્રકારના લેખ ઉપર સ્ટેમ્પ ડ્યુટીના અલગ અલગ દરોને કારણે વહીવટી ગુંચવણો, અર્થઘટનના પ્રશ્નો, ઓડીટ પેરા, લીટીગેશન તથા સ્ટેમ્પ ડ્યુટી ભરવાની મુશ્કેલીના વિવિધ મુદ્દાઓ ઉપસ્થિત થતા હતા. વિવાદો તથા અર્થઘટનના મુદ્દાઓના નિરાકરણ માટે આવા સમાન પ્રકારના લેખ ઉપર સ્ટેમ્પ ડ્યુટીના દરોનું સરળીકરણની સાથે તાર્કીકીકરણ કરીને સમાન દર ઠરાવવામાં આવેલ છે. અલગ અલગ પ્રકારના ૨૭ દરોમાં ફેરફાર તથા કામગીરી કરીને માત્ર ૯ દર કરવામાં આવેલ છે.

૫. નામદાર ગુજરાત હાઈકોર્ટ મેટર

સ્ટેમ્પ અધિનિયમની જોગવાઈના અમલીકરણ સંદર્ભમાં જાહેર જનતા તથા કંપનીઓ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગવવામાં આવે તેવા કિસ્સાઓમાં સરકારી વકીલના પરામર્શે તથા જરૂર જણાયે એડવોકેટ જનરલશ્રી સાથે પરામર્શમાં રહી સરકાર પક્ષે કાયદાનુસાર સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાત થાય તે અંગેની ઘટતી કાર્યવાહી કરવામાં આવે છે. સાથે સાથે રાજ્ય સરકાર વિરુધ્ધ આપેલા ચુકાદા અન્વયે એલ.પી.એ. સંબંધેની કાર્યવાહી વિભાગીય વડા તથા મહેસૂલ વિભાગ સાથેના પરામર્શમાં રહી કરવામાં આવે છે.

૬. ઈ-સ્ટેમ્પીંગ સુવિધા

ઈ-સ્ટેમ્પીંગ સુવિધાનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા નીતિ વિષયક નિર્ણય કરી તા:૨૩/૦૮/૨૦૧૯ના જાહેરનામાંથી ઈ-સ્ટેમ્પીંગ નિયમોના નિયમ-૧૩ માં સુધારો કરીને ઈ-સ્ટેમ્પિંગ પધ્ધતિ હેઠળ સ્ટોક હોલ્ડીંગ કોર્પો. ઈન્ડિયા લી. દ્વારા નિમવામાં આવતાં ઓથોરાઈઝડ કલેક્શન સેન્ટર (ACC) ની નિમણૂંકની લાયકાતોમાં સુધારો કરવામાં આવેલ છે. જેનાથી શીડયુલ બેંકો, કેંદ્ર અને રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની નાણાકીય સંસ્થાઓ કે એકમો અને પોસ્ટ ઓફિસ ઉપરાંત લાયસન્સી સ્ટેમ્પ વેન્ડર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી,બંદર/પોર્ટ ખાતેના સી & એફ એજન્ટ, ઈ-ગવર્નન્સ પ્લાન હેઠળ કાર્યરત કોમન સર્વિસ સેન્ટર, RBI રજીસ્ટર્ડ નોન બેંકીંગ ફાઈનાન્સીયલ કંપની અને લાયસન્સી નોટરી અથવા રાજ્ય સરકારશ્રીના પૂર્વ પરામર્શ બાદ કોઈ વ્યકિત/એજન્સી ACC તરીકે નિમણૂંક મેળવવા માંગતા હોય તો, તેઓને નિયમ-૧૨ હેઠળ ACC તરીકે નિમણૂંક આપવા અંગે નક્કી કરવામાં આવેલ છે.

૭. ઈ-પેમેન્ટ

સ્ટેમ્પ ડ્યુટી ચૂકવણીની (૧) સ્ટેમ્પ પેપર, (૨) ફ્રેંકીગ મશીન તથા (૩) ઈ-સ્ટેમ્પીંગની પધ્ધતિઓ ઉપરાંત નોંધણીપાત્ર દસ્તાવેજોમાં સ્ટેમ્પ ડ્યુટી સરળતાથી ગમે તે સ્થળે/સમયથી ઓનલાઈન(e-payment મારફત) ચૂકવી શકે તે માટે સરકારશ્રી દ્વારા તા.૨૫/૧૦/૨૦૧૭ ના નોટીફીકેશનથી ઈ-પેમેન્ટ અંગેના નિયમો (The Gujarat State e-payment of stamp duty Rules 2017) ઘડવામાં આવેલ. જે તા.૨૩/૦૧/૧૯ ના પરિપત્રથી અમલમાં મૂકવામાં આવેલ છે.

૮. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની અનૂસૂચિ-૧ ના ફીક્સ રકમના દરોમાં સુધારા

ગુજરાત સ્ટેમ્પ (સુધારા) અધિનિયમ-૨૦૧૯ (અધિનિયમ-૧૨, સને ૨૦૧૯) થી ફીક્સ ડ્યુટીનો દર ધરાવતા આર્ટિકલમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

અ.નં.	દસ્તાવેજનો પ્રકાર	તા.૦૫/૦૮/૧૯ થી અમલી સુધારેલ દર
૧	સોગંદનામા(એફીડેવીટ) તથા નોટરીના લખાણના લેખ	₹ ૫૦/-
૨	દત્તકપત્ર, લગ્ન નોંધણી, ભાગીદારી લેખમાં ફીક્સ સ્ટેમ્પ ડ્યુટીના દર ધરાવતા લેખ તથા વારસાગત મિલકતમાં કૌટૂંબિક સભ્ય દ્વારા કે તેઓની તરફેણમાં હક્ક જતો કરવાના લેખ	₹ ૨૦૦/-
૩	ઉપરોકત ઉલ્લેખ કરેલ દસ્તાવેજો સિવાયના ફીક્સ સ્ટેમ્પ ડ્યુટીના દર ધરાવતા લેખો જેવા કે, વહીવટખત, કબૂલાત, એપ્રેન્ટીસશીપ લેખ, એવોર્ડ, છૂટાછેડાનો લેખ, બાયંધરીખત, લાઈસન્સપત્ર, મુખત્યારનામા ફીક્સ સ્ટેમ્પ દર ધરાવતા લેખ, ગીરો છોડાવવાના લેખ, લીઝ રીલીઝ લેખ અને ટ્રસ્ટના લેખો સહીત અનુસુચિમાં દર્શાવેલ અન્ય લેખો	₹ ૩૦૦/-

INDEX

૯. નોન જ્યુડીશીયલ ફીઝીકલ સ્ટેમ્પ પેપરનું વેચાણ બંધ કરવા બાબત

ભારત સરકારશ્રીના નિર્દેશ મુજબ તેમજ સ્ટેમ્પ પેપરના વેચાણમાં રહેલ ગેરરીતીઓ અને સ્ટેમ્પ પેપરના વિતરણમાં રહેલ મુશ્કેલીઓ અછત દૂર કરવા મહેસૂલ વિભાગના તા.૦૭/૦૯/૨૦૧૯ તથા તા.૩૦/૦૯/૨૦૧૯ ના જાહેરનામાથી રાજ્ય સરકારશ્રી દ્વારા નોન જ્યુડીશીયલ ફીઝીકલ સ્ટેમ્પ પેપરનું વેચાણ તા.૦૧/૧૨/૨૦૧૯ થી બંધ કરવામાં આવેલ છે.

૧૦. બિન અદાલતી અને અદાલતી સ્ટેમ્પ પુરા પાડવા બાબત

સ્ટેમ્પના પુરવઠા અને વિતરણ અંગેના ભારત સરકારના નિયમોના નિયમ-૮(૧)(અ) અન્વયે નોડલ પોઈન્ટ તરીકે ગાંધીનગર ખાતેના સ્થાનિક સ્ટોર તરીકે જાહેર કરેલ છે એટલે કે, ગુજરાત રાજ્યની તિજોરીઓની સ્ટેમ્પની જરૂરીયાત અંગેના વાર્ષિક ઈન્ડેન્ટ મુજબનો સ્ટેમ્પનો જથ્થો નાસિક સિકયુરીટી પ્રેસ અને હૈદરાબાદ પ્રેસ ખાતેથી મેળવીને રાજ્યની જિલ્લા તિજોરી કચેરીઓને રૂબરૂમાં સ્ટેમ્પ પહોચાડવાની જવાબદારી તે નિભાવે છે.

નિયમ-૯(૨) અન્વયે નાસિક અને હૈદારાબાદ ખાતેના ડેપોની માંગ યાદી તપાસવા આસિ. સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગાંધીનગરની અધિકારી તરીકે નિમણૂંક કરાઈ છે. તદ્નુસાર ગુજરાતમાંની સ્થાનિક અને શાખા ડેપોની માંગ સંતોષવા માટે તમામ પ્રકારના સ્ટેમ્પનો પુરવઠો જાળવી રાખવો એ જ મુખ્ય સ્ટેમ્પ કચેરીની બીજી મહત્વની કામગીરી છે. ગુજરાત રાજ્યમાં લોકોને સ્ટેમ્પ વેચવાની કામગીરી (૧) હોદાની રૂએ સ્ટેમ્પ વેચનારાઓ અને (૨) પરવાના ધરાવતા સ્ટેમ્પ વેચનારાઓ દ્વારા કરવામાં છે.

૧૧. જંત્રી સુધારણાની કામગીરી

રાજ્યમાં સ્થાવર મિલકતોના સ્ટેમ્પ ડ્યુટીના હેતુસર મૂલ્યાંકન માટે તા.૦૧/૦૪/૧૯૯૯ની સ્થિતિના ભાવો દર્શાવતી જંત્રી તા.૦૮/૦૨/૨૦૦૭ સુધી અમલમાં હતી. તા.૦૯/૦૨/૨૦૦૭ થી તા.૦૧/૦૪/૧૯૯૯ની સ્થિતિના ભાવમાં ૫૦% નો વધારો કરવાનું નિર્ણય કરેલ છે. સાથે તા.૦૧/૦૪/૨૦૦૭ થી પ્રતિ વર્ષ જંત્રીના ભાવમાં ૫%નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તા.૦૯/૦૨/૨૦૦૭ થી જંત્રીના ભાવમાં ૫૦% વધારાથી અને પ્રતિ વર્ષ ૧ લી એપ્રિલ થી બીજા ૫%ના વધારાથી સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં ઉત્તરોત્તર વધારો થયેલ. નગરપાલિકા, મહાનગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારની નવી જંત્રી તા.૦૧/૦૪/૨૦૦૮ થી અમલમાં મુકવામાં આવેલ છે. ત્યારબાદ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:એસટીપી/૧૨૨૦૯/૧૬૯/૧૧/એચ-૧, તા.૩૧/૦૩/૨૦૧૧ થી નવી જંત્રી(એ.એસ.આર.)૨૦૧૧ સમગ્ર રાજ્યમાં તા.૦૧/૦૪/૨૦૧૧ અમલમાં મૂકવામાં આવેલ. તેમજ સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૧ના ઠરાવથી જંત્રી-૨૦૧૧માં જમીન કે સ્થાવર મિલકતની આકારણીમાં જે વધારો થયો છે, તેમાં ૫૦% ઘટાડાની રાહત આપવાનું અને તા.૦૧/૦૪/૨૦૧૧થી અમલી જંત્રીના દર તા.૦૧/૦૪/૨૦૦૮ની જંત્રી કરતાં ઓછા હોય તો તા.૦૧/૦૪/૨૦૦૮થી અમલી જંત્રીના દરની ગણતરી કરવા તા.૧૮/૦૪/૨૦૧૧થી ઠરાવેલ છે. આ જંત્રી હાલ રાજ્યમાં અમલી છે.

૧૨. અત્રેની કચેરી દ્વારા વર્ષ સને ૨૦૨૦-૨૦૨૧ તથા ચાલુ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ (ઓકટોબર-૨૦૨૧)ના સમયગાળાની સિકયુરીટી, કોમોડીટી, પોર્ટ, કોન્સોલીડેટેડ, એમ.સી.એ.-૨૧, વિવિધ સ્ત્રોતમાંથી થતી આવક, અમાલગમેશન તથા અનરજીસ્ટર્ડ તેમજ અન્ય આવક નીચે મુજબ છે. (રકમ ₹ કરોડમાં)

ક્રમ	કેટેગરી	વર્ષ ૨૦૨૦ - ૨૦૨૧	વર્ષ ૨૦૨૧-૨૦૨૨ (માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત)
૧	સિકયુરીટી તથા કોમોડીટી	૨૪૮.૦૮	૨૩૯.૬૧
૨	પોર્ટ	૩૫.૯૫	૧૬.૧૭
૩	કોન્સોલીડેટેડ સ્ટેમ્પ ડ્યુટી	૩૮.૧૨	૪૮.૬૩
૪	એમ.સી.એ-૨૧	૬.૬૯	-
૫	વિવિધ સ્ત્રોતમાંથી થતી આવક	૧૬.૫૦	૦.૯૫
૬	અમાલગમેશન તથા અનરજીસ્ટર્ડ લેખોની આવક	૧૪.૦૩	૨૭.૨૮
૭	કલમ-૩૧ હેઠળના અમાલગમેશન અને મોર્ગેજ ડીડ,લીઝ ડીડ જેવા અન- રજીસ્ટર્ડ લેખોની આવક	૧૧૨.૦૧	૬૫.૮૦

સિકયુરીટી તેમજ કોમોડીટી અંગેના સોદા ઉપર લેવાપાત્ર થતી સ્ટેમ્પ ડ્યુટી સાયબર ટ્રેઝરી મારફતે ઈ- પેમેન્ટ ગેટ વે મારફત ટી+૧ બેઝીસથી જમા કરાવાય, તેવુ પોર્ટલ એન.આઈ.સી મારફત તૈયાર કરવામાં આવેલ છે. સદરહું પોર્ટલ તા. ૨૦/૭/૨૦૨૦ થી “સ્ટેમ્પ ડ્યુટી, ગુજરાત” નામથી કાર્યરત થયેલ છે.

અત્રેની કચેરી દ્વારા કોન્સોલીડેટેડ સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી ઈ-પેમેન્ટ ગેટ-વે મારફતે વસૂલ લેવા માટે કચેરીનુ આગવુ પોર્ટલ NIC દ્વારા તૈયાર કરવાની કાર્યવાહી ચાલુમાં છે.

INDEX

ગીફ્ટ સીટીના બ્રોકરોએ સિક્યુરીટી તેમજ કોમોડીટીના સોદામાં ભરેલી સ્ટેમ્પ ડ્યુટીનું રિફંડ આપવા બાબતે "સ્ટેમ્પ ડ્યુટી, ગુજરાત" પોર્ટલ તા.૦૧/૦૧/૨૦૨૧ થી કાર્યરત છે. નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૨(નવેમ્બર અંતિત) માં કુલ ૨૫૨ રિફંડ અરજીઓમાં કુલ ૧૧૩.૮૨ કરોડ રિફંડ ચુકવવાના હૂકમ કરવામાં આવેલ છે.

૧૩. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૫૩(૧) તથા કલમ ૫૩-ક હેઠળના કેસની કામગીરી

તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીના સમયગાળામાં થયેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

અ.નં.	ખુટતી સ્ટેમ્પ ડ્યુટી મુજબના કેસો	નિકાલ કરેલ કેસ			તા.૩૦/૧૧/૨૦૨૧ અંતિત નિકાલ બાકી કેસો		
		કલમ-૫૩(૧)	કલમ-૫૩-ક	કુલ	કલમ-૫૩(૧)	કલમ-૫૩-ક	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	એક લાખ કરતાં વધુ રકમની ખુટતી ડ્યૂટીવાળા કેસો	૧૧૨	૩૫	૧૪૭	૧૬૫	૫૪	૨૧૯
૨	એક લાખ કરતાં ઓછી રકમની ખુટતી ડ્યૂટીવાળા કેસો	૨૬	૫૬	૮૨	૧૪૫	૨૬૧	૪૦૬
	કુલ	૧૩૮	૯૧	૨૨૯	૩૧૦	૩૧૫	૬૨૫

૧૪. સ્ટેમ્પ અને નોંધણી વિભાગની આવક

વર્ષ-૨૦૧૯-૨૦ થી આવકના લક્ષ્યાંક સામે થયેલ ખરેખર આવકની વિગતો નીચે મુજબ છે.

અ.નં.	નાણાંકિય વર્ષ	લક્ષ્યાંક	આવક	સિધ્ધી
૧	૨૦૧૯-૨૦૨૦	૮૫૦૦.૦૦	૭૭૦૧.૧૭	૯૦.૫૫%
૨	૨૦૨૦-૨૦૨૧	૬૯૪૪.૬૩	૭૩૬૩.૫૬	૧૦૬.૦૩%
૩	૨૦૨૧-૨૦૨૨ (નવેમ્બર-૨૦૨૧ સુધી)	૮૭૦૦	૬૫૩૩.૯૮	૭૫.૧૦%

■ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી

જમીન દફતર ખાતુ મુખ્યત્વે ખેતીની જમીન અને શહેરી વિસ્તારમાં આવેલી મિલકતોના સર્વે અંગેનું રેકર્ડ તૈયાર કરવા તથા નિભાવવાની કામગીરી કરે છે. ખેતીની જમીનોના સર્વે કરી નકશામાં અસર આપી નવા નકશા બનાવવા તથા તેને નિભાવવાની કામગીરી માટે જીલ્લા સ્તરે કચેરીઓ કાર્યરત છે. સિટી સર્વે ની મિલકતોની માપણી કરવી નવુ રેકર્ડ બનાવવુ તથા તે રેકર્ડ નિભાવવાની અને અદ્યતન કરવાની કામગીરી સીટી સર્વે કચેરીઓ દ્વારા થઈ રહી છે. તાજેતરમાં ગ્રામ્ય કક્ષાએ પણ ગામઠાણ વિસ્તારમાં આવેલી મિલકતોની માપણી કામગીરી અને ગ્રામ્ય મિલકતોની માપણી કરી નવુ રેકર્ડ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

(૧) રાજ્યમાં અંગ્રેજોના શાસન પછી સૌ પ્રથમવાર ખેતીની જમીનની નવેસરથી માપણી કામગીરી હાથ ધરવામાં આવેલ છે. હાલ રાજ્યમાં કુલ ૩૩ જિલ્લામાં આ કામગીરી પ્રગતિમાં છે આ કામગીરીનો હેતુ જમીનધારકોને ચોક્કસ, છેવટનો અને ડીજીટલ રેકર્ડ પુરો પાડવાનો છે. આ માટે ખાતા દ્વારા આઉટસોર્સથી ખાનગી એજન્સી મારફતે આધુનિક માપણી સાધનો અને ટેકનોલોજીથી માપણી કરાવવામાં આવે છે. જે અંતર્ગત કુલ ૧૮,૦૪૬ ગામો પૈકી કુલ ૧૮૦૩૫ ગામમાં માપણી પુર્ણ થયેલ છે અને ૧૧૯૮૮ ગામના રેકર્ડ પ્રમોલગેટ થયેલ છે. રી-સર્વે પ્રમોલગેશન પછી ગામ નમુના નં. ૭ સાથે જે તે સર્વે નંબરનો નકશો આપનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.

(૨) રાજ્યમાં રી-સર્વે પ્રમોલગેશન બાદ રેકર્ડમાં રહેલી આંશિક ક્ષતિઓને સુધારવા માટે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૨૦૩ મુજબ અપીલની જોગવાઈના બદલે ખેડૂત ખાતેદારોને કોઈ ન્યાયિક કે અર્ધન્યાયિક પ્રક્રિયામાંથી પસાર ન થવુ પડે તે માટે રાજ્ય સરકારે સાદી અરજી રજૂ થયેથી પુન:માપણી કરી સુધારા હૂકમ દ્વારા રેકર્ડમાં સુધારો કરી આપવાની સુવિધા ઉપલબ્ધ કરાવી ખેડૂતલક્ષી નિર્ણય કરેલ છે. વાંધા અરજી સ્વીકારવાની મુદત હાલ તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી વધારી આપેલ છે.

રાજ્યમાં રી-સર્વે રેકર્ડ પ્રમોલગેશનમાં અંદાજિત ૮૦ લાખ સર્વે નંબરનું પ્રમોલગેશન થયેલ છે. જેમાંથી તા.૨૦/૧૨/૨૦૨૧ અંતિત ૫,૧૯,૪૩૦ વાંધા મળેલ છે. જે પૈકી ૪,૦૨,૯૪૩ વાંધાથી પુન:માપણી કરવામાં આવેલ છે.

INDEX

રાજ્ય સરકાર દ્વારા તા.૧/૧૦/૨૦૨૧ થી ૧૦૦ દિવસના કાર્યક્રમ હેઠળ જમીન દફ્તર ખાતા દ્વારા ૧૦૦ દિવસમાં ૪૦,૦૦૦ વાંધા અરજીઓની માપણી કરી ઝુંબેશરૂપે નિકાલ કરવાનો નિર્ધાર કરેલ છે. તે પૈકી તા.૨૦/૧૨/૨૦૨૧ અંતિત ૨૭,૫૧૧ વાંધા અરજીઓની પુન:માપણી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) જમીન દફ્તર ખાતાની ડી.આઈ.એલ.આર. દ્વારા જમીન ધારકોની અરજી મુજબ જમીનોની હદ માપણી, હિસ્સા માપણી, પૈકી માપણી, જમીન સંપાદન માપણી, બિનખેતી માપણી, લીઝ માપણી વિગેરે કરી અરજદારની અરજીઓનો નિકાલ કરવાની કામગીરી કરવામાં આવે છે.

(૪) રાજ્યમાં ગામતળની મિલકતોના સર્વે કરી પ્રોપર્ટી કાર્ડ આપવા અંગે ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં "સ્વામિત્વ" યોજના દાખલ કરવામાં આવેલ છે. આ યોજના અમલીકરણ માટે ત્રણ સંસ્થાઓ સર્વે ઓફ ઈન્ડીયા, પંચાયત વિભાગ અને જમીન દફ્તર ખાતા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

આ યોજનાની ક્રમશ: અમલવારી વર્ષ -૨૦૨૧ થી ૨૦૨૪ સુધી પૂર્ણ કરવા આયોજન કરવામાં આવેલ છે. જેનાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦૦૦ ગામોમાં ડ્રોન ફલાઈટ દ્વારા માપણી કામગીરી પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

સ્વામિત્વ યોજના અંતર્ગત કામગીરી માટે ડ્રોન ફલાઈટની કામગીરી સર્વે ઓફ ઈન્ડીયા દ્વારા કરવામાં આવે છે. તે પૈકી તા.૦૮/૧૨/૨૦૨૧ અંતિત ઉપલબ્ધ કરાવેલ ડ્રોન અંતર્ગત કુલ ૫ જિલ્લાના ૫ તાલુકામાં ૧૦૪ ગામોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૫) આ ખાતાની સીટી સર્વે કચેરીઓ દ્વારા શહેરી વિસ્તારમાં સીટી સરવે દાખલ કરી તથા ગ્રામ્ય વિસ્તારમાં ગામઠાણ મોજણી દાખલ કરી માપણી કરી તેના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી તેની નિભાવણીની કામગીરી કરવામાં આવે છે. ઉપરાંત સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ ટાઉન પ્લાનીંગ સ્કીમના રેકર્ડ આધારે તથા મહાનગર પાલિકા વિસ્તારની મિલ્કતોની માપણી તેની હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવે છે.

રાજ્યના તમામ જીલ્લાઓમાં કુલ ૧૪૫૯ ગામોમાં ગામઠાણ મોજણી યોજના હેઠળ ૨.૨૩ લાખ પ્રોપર્ટી કાર્ડ તૈયાર થયેલ છે.

CSIS સોફ્ટવેરમાં ઓનલાઈન ફેરફાર નોંધ દાખલ કરવામાં આવે છે. કુલ ૪,૩૮,૫૮૫ ઓનલાઈન ફેરફાર નોંધ દાખલ કરીને નિકાલ કરવામાં આવેલ છે.

રાજ્યના સીટી સર્વે વિસ્તારની મિલકતોમાં ઘેર બેઠા ઓનલાઈન વારસાઈ કરવા માટેના મોડયુલમાં કુલ ૧,૧૮૦ અરજીઓનો નિકાલ કરેલ છે.

સબ રજિસ્ટ્રાર કચેરીનું સીટી સર્વે સાથે જોડાણ કરવામાં આવેલ છે. જે અન્વયે ૨૨,૩૬૩ સબ રજિસ્ટ્રાર ઉતારા આધારે નોંધ દાખલ કરવામાં આવેલ છે.

બિનખેતી થયેલ જમીનના i-ORA પ્લેટફોર્મની મદદથી અરજી વગર ઓનલાઈનના સીધા જોડાણથી ૧૫૯ પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવામાં આવેલ છે.

પરિવર્તનીય વિસ્તારોમાં કમ્પાઉન્ડીંગ ફી ભરવાની મુદત ૯૦ દિવસના બદલે ૩૬૫ દિવસ અને ચાર હપ્તા કરી આપવા કાયદાની કલમ ૧૩૪-સી માં તા.૦૪/૦૧/૨૦૨૦ના જાહેરનામાથી સુધારો કરવામાં આવ્યો છે તે મુજબ અમલવારી કરવામાં આવી રહેલ છે.

રાજ્યની સાત મહાનગરપાલિકાઓ કાર્યરત પરિવર્તનીય વિસ્તારની કામગીરી અંતર્ગત ૭૪૮ પરીવર્તનીય વિસ્તારો જાહેર કર્યા જેમાં કુલ ૨૮,૧૦૭ દાવા અરજી, ૧૫,૩૦૭ દાવા પ્રમાણપત્રો તથા ૧૫,૧૧૭ ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

અગત્યની યોજનાઓ વર્ષ ૨૦૨૨-૨૩ :

કેન્દ્ર પુરસ્કૃત (ડીજીટલ ઈન્ડીયા લેન્ડ રેકર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ) યોજના હેઠળ રાજ્યમાં રી-સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ યોજના દ્વારા ખેતીની જમીનોની માપણી કરી ચોક્કસ અને ડીજીટલ રેકર્ડ તૈયાર કરવામાં આવે છે. હાલમાં રાજ્યના તમામ ૩૩ જીલ્લામાં આ કામગીરી પ્રગતિમાં છે આ યોજના હેઠળ ડીસેમ્બર-૨૦૨૧ અંતિત રાજ્યના માપણી કરવા પાત્ર ૧૮,૦૪૬ ગામ પૈકી કુલ ૧૮,૦૩૫ ગામમાં માપણી પૂર્ણ થયેલ છે, કુલ ૧૫,૯૬૬ ગામના રેકર્ડ આખરી થયેલ છે તે પૈકી ૧૧,૯૮૮ ગામના રેકર્ડ પ્રમોલગેટ થયેલ છે.

જમીન દફ્તર ખાતાની કચેરીઓ માટે કુલ ૨૦૮ DGPS મશીન સેટ ખરીદવા માટેની પ્રક્રિયા હાલ ચાલુમાં છે.

મહેસૂલ વિભાગ હસ્તકની દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટ સંસ્થામાં રાજ્યના મહેસૂલી અધિકારીઓ માટે તાલીમ વર્ગોનું આયોજન કરી મહેસૂલી કર્મચારી/ અધિકારીઓને તાલીમ આપવા અંગેની કામગીરી ચાલુમાં છે.

INDEX

તા. ૧૮/૧૧/૨૦૨૦ સુધીમાં iMojni એપ્લિકેશન દ્વારા કુલ ઓનલાઈન મળેલ અરજી ૧,૦૧,૧૧૩ અને iMojni એપ્લિકેશન દ્વારા ઓનલાઈન જમા થયેલ કુલ માપણી ફી- ૧૮.૪૭/- કરોડની સરકારને આવક થયેલ છે. હાલમાં ત્રણ પ્રકારની માપણી અરજીની સેવા ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવેલ છે, તે સિવાયની અન્ય માપણીને લગત અરજીઓની સેવા ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા માટેનુ આયોજન કરવામાં આવેલ છે.

- Bhu-Naksha એપ્લિકેશન: રી-સરવે પ્રમોલગેશન બાદ તૈયાર થયેલ GIS બેઝડ ડીજીટલ ગામ નકશાને અધ્યતન કરી નિભાવણી માટે NIC ગાંધીનગર મારફત Bhu-Naksha એપ્લિકેશન તૈયાર કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
- Bhu-Naksha એપ્લિકેશનને સ્ટેટ ડેટા સેન્ટર (SDC) ના સ્ટેજીંગ સર્વર પર હોસ્ટ કરી તેની Security Audit નું કામ પુર્ણ કરવામાં આવેલ છે.
- પ્રાયોગીક ધોરણે રી-સરવે પ્રમોલગેશન થયેલા ૧૨૪૭ ગામોના GIS બેઝડ ગામ નકશાને અપલોડ કરવામાં આવેલ છે.
- Bhu-Naksha એપ્લિકેશનને ખાતાને અનુરૂપ કસ્ટમાઈઝ કરી અમલમાં લાવવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.
- જમીન દફ્તર ખાતાના કર્મચારીઓની મહેકમની લગતી બાબતો જેવી કે, સેવા પોથીની ડીજીટલ નિભાવણી, રજાઓ, બદલી, સેવા ઈતિહાસ વિગેરે માટે E-HRMS સોફ્ટવેરને તબક્કા વાર અમલમાં મુકવામાં આવી રહેલ છે. ખાતાની તમામ કચેરીઓ, અને ૧૭૭૦ થી પણ વધુ કર્મચારીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.
- RFMS (Revenue File Management System), IRCMS(Integrated Revenue Case Management System) સોફ્ટવેરને જમીન દફ્તર ખાતામાં અમલમાં મુકવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવેલ છે.

■ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને સહાય અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપન સાધનોની ખરીદી, જીલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની સ્થાપના, ઈમરજન્સી રીસપોન્સ સેન્ટર ફેઝ-૨ અંતર્ગત સુરત અને વડોદરા ખાતે સ્ટાફ કવાર્ટર્સના બાંધકામ, સ્મૃતિવન પ્રોજેક્ટ, રાજ્ય આપત્તિ શમન કાર્યક્રમ, શાળા સલામતી પ્રોજેકટ, મીડીયા-લોકશિક્ષણ પ્રવૃત્તિઓ, આંતરરાષ્ટ્રીય રાસાયણિક સંસ્થાની સ્થાપના, આપદામિત્ર, વીરબાલક સ્મારક, ઔદ્યોગિક વિસ્તારમાં મીની ફાયર સ્ટેશનની સ્થાપના વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

૧. પ્રાદેશિક ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર

રાજ્ય સરકારે વ્યુહાત્મક સ્થળોએ પાંચ પ્રાદેશિક ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર ઉભા કરેલ છે. જેના કારણે આપત્તિના સમયમાં તાત્કાલિક જરૂરી કાર્યવાહી ઝડપથી હાથ ધરી શકાય. આવા ઈમરજન્સી રીસ્પોન્સ કેન્દ્રો ગાંધીનગર, સુરત,વડોદરા, રાજકોટ અને ગાંધીધામ ખાતે ઉભા કરવામાં આવેલ છે. ગુજરાત સરકારની અંદાજકીય મદદથી આ કેન્દ્રોનો રોજબરોજનો વહીવટી ખર્ચ જી.એસ.ડી.એમ.એ. દ્વારા કરવામાં આવી રહેલ છે.

૨. ડિસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC)

આપત્તિ સમયે જિલ્લા કક્ષાએથી વિવિધ કચેરીઓ સાથેનું સંકલન ખુબ જરૂરી છે. જેને ધ્યાને લઈ DEOC ખાતે અદ્યતન કોમ્યુનિકેશન નેટવર્ક વિકસાવવાની પ્રક્રિયા હાથ ધરેલ છે. કૂલ ૨૬ જિલ્લાઓમાં ડિસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૭ જિલ્લાઓમાં DEOCના બાંધકામની કામગીરી માટે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. બાંધકામની કામગીરી હાલ પ્રગતિમાં છે.

૫. તાલુકા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (TEOC)

TEOCએ જી.એસ.ડી.એમ.એ.ની માહિતી અને સંપર્ક પ્રક્રિયાનો એક ભાગ છે. જે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરનું વિસ્તૃતીકરણ છે. કેટલાક ક્રિટીકલ કામ TEOCને તબદીલ કરેલ હોવાથી તેઓને સંપૂર્ણપણે કાર્યાન્વિત કરવા જરૂરી છે. કૂલ ૨૯ તાલુકાઓમાં TEOCની રચના કરવાનું આયોજન છે. જે પૈકી નખત્રાણા, ભચાઉ, અંજાર, કુતિયાણા અને વીસાવદરમાં બાંધકામકાર્ય પુર્ણ થઇ ગયેલ છે.

૬. સ્મૃતિવન મેમોરીઅલ પ્રોજેકટ

૨૦૦૧માં આવેલ ભુકંપમાં ૧૩,૮૦૫ લોકો મૃત્યુ પામેલ હતા. આ લોકોની યાદમાં સ્મૃતિવન સ્મારક બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. ભુજિયા ડુંગરની ૪૭૦ એકર જમીનમાં સ્મૃતિવનનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ૧૩,૮૦૫ વૃક્ષોના વાવેતર સાથે ભૂકંપગ્રસ્તો માટે સ્મૃતિવનની પ્રકૃતિના સ્મારક તરીકે કલ્પના કરવામાં આવી છે. જેમાં મ્યુઝિયમ, જળાશયો, સનસેટ પોઈટ, ઈકો-પાર્ક સંમેલન કેન્દ્ર, સોલાર પાવર પ્લાન્ટ અને કલા સુવિધાઓ, પુસ્તકાલય અને સંશોધન કેન્દ્રનો પણ સમાવેશ થાય છે.

૭. સ્ટેટ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ

નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ભારત સરકારની ભલામણથી નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ફોર્સ સમકક્ષ રાજ્ય ડીઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સનું ગઠન કરવા વિનંતી કરવામાં આવેલ હતી. આ અંતર્ગત ૧૦૦ સભ્યોની એક કંપની એવી કુલ ૧૧ કંપનીઓને અલગ તારવવામાં આવેલ છે. તેને SDRF ટીમ તરીકેનો હોદ્દો આપવામાં આવેલ છે. ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાયર સેફટી એન્ડ ડીઝાસ્ટર મેનેજમેન્ટ સ્ટડીઝ, વડોદરા ખાતે આ ૧૧ ટીમના માસ્ટર તાલીમાર્થીઓને NDRFના સભ્યો દ્વારા તાલિમબધ્ધ કરવામાં આવેલ છે.

૮. આપત્તિ વ્યવસ્થાપન માટે સાધનોની ખરીદી

જીલ્લા વહીવટીતંત્ર, મહાનગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય ફાયર પ્રિવેન્શન સર્વિસીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ અને નગરપાલિકાઓ તથા ગીફટ સીટી, ગાંધીનગર દ્વારા ફાયર ફાયટીંગના સાધનો માટેની દરખાસ્તો રજૂ કરવામાં આવેલ. આપત્તિના સમયે શોધ અને બચાવની કામગીરીને સુસજજ કરવા માટે જી.એસ.ડી.એમ.એ. દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સાધનોની ખરીદીનું આયોજન કરવામાં આવેલ છે.

૯. અપસ્કેલીંગ આપદામિત્ર

આપત્તિને સુવ્યવસ્થિત પ્રતિક્રિયા આપી શકાય અને તેના પ્રભાવને ઘટાડી શકાય તે હેતુથી જી.એસ.ડી.એમ.એ. અને એન.ડી. એમ.એ.ના સંયુકત પ્રયાસથી સ્વયંસેવકોને પાયાની શોધ અને બચાવ કામગીરી અંગેની તાલીમ આપવા "અપસ્કેલીંગ આપદામિત્ર" પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૩ દરમ્યાન આયોજના અંતર્ગત ૧૧ તાલીમ સેન્ટર દ્વારા ૧૧૦ જેટલા તાલીમ કાર્યક્રમ યોજવાનું આયોજન કરેલ છે જેમાં ૫૫૦૦ જેટલા આપદામિત્રને તાલીમબધ્ધ કરવામાં આવશે. આપદામિત્ર યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૭૦ તાલીમ યોજાયેલ છે જેમાં કુલ ૩૫૮૩ સ્વયંસેવકોને તાલીમ આપવામાં આવેલ છે.

૧૦. સંચાર માધ્યમો, અતિદૂરના વિસ્તારો અને પ્રસિધ્ધિ

લોકોમાં આપત્તિઓ અંગે જાગૃકતા વધારવા વિશિષ્ટ અભિયાનો હાથ ધરવામાં આવે છે. ૨૦૧૯-૨૦માં પૂર અને વાવાઝોડાની સ્થિતિમાં લેવાના પૂર્વ સાવચેતીરૂપ પગલા અંગેની સૂચનાઓ સ્થાનિક રેડિયો પર પ્રસારિત કરી હતી. દિવાળી દરમિયાન આગ સલામતી મારફત સલામત દિવાળી સંદેશા પર ભાર મૂકવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં કોવીડ-૧૯ અંતર્ગત જાહેર જનતાની સાવચેતી માટેના સૂચનો ટી.વી. અને રેડિયો ચેનલો પર પ્રસારિત કરી હતી. વર્ષ૨૦૨૨-૨૩માં ઉત્તરાયણ દરમિયાન સલામત દોરાનો ઉપયોગ કરવાની તથા વ્યકિતઓ/પક્ષીઓના અકસ્માતો સામે સલામતી અંગે સૂચનાઓ સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિ કરવામાં આવી હતી. ઉપરાંત, સ્વાઈન ફલૂ ફેલાવો અટકાવવા આરોગ્ય વિભાગના સહયોગમાં સ્વાઈન ફલુ અભિયાન હાથ ધરવામાં આવનાર છે.

૧૧. રાષ્ટ્રીય ચક્રવાત જોખમ શમન પ્રોજેક્ટ (NCRMP)

જી.એસ.ડી.એમ.એ. દ્વારા વિશ્વબેંક અને એન.ડી.એમ.એ.ના સહયોગથી આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ ૯૫ વિવિધલક્ષી ચક્રવાત આશ્રય સ્થાનો, ૪૩ એપ્રોચ રોડ અને ગાંધીધામ શહેર માટે ભૂગર્ભ કેબલ માટેની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે અત્યાર સુધીમાં ૭૬ વિવિધલક્ષી ચક્રવાત આશ્રય સ્થાનો અને ૪૩ એપ્રોચ રોડના કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને ૫૦ વધારાના વિવિધલક્ષી ચક્રવાત આશ્રય સ્થાનોના કામો વિશ્વબેંકની મંજૂરી માટે વિવિધ તબક્કે છે. તાઉતે વાવાઝોડા દરમયાન લોકોને ચક્રવાત આશ્રય સ્થાનોમાં રાખવામાં આવેલ હતા.

૧૨. પ્રારંભિક ચેતવણી પ્રસારણ પ્રણાલી (EWDS) - NCRMP -II

રાષ્ટ્રીય ચક્રવાત જોખમ નિવારણ પ્રોજેકટનો એક ભાગ ગુજરાતના દરિયાકાંઠાના ૧૫ જિલ્લાઓમાં પ્રારંભિક ચેતવણી અને પ્રસારણ પ્રણાલીનો અમલ કરવો એ છે, જેનો હેતુ આપત્તિ સમયે સમુદાયોને અપાતી આપત્તિઓની ચેતવણીના પ્રસારણમાં રહેલ અંતરને ઘટાડી દરિયાકાંઠાના વિસ્તારોનું જોખમ ઘટાડવાનો છે. જેના અમલથી એક મજબૂત સંચાર નેટવર્ક બનશે. આ અંતર્ગત VSAT, રિમોટ કન્ટ્રોલ આધારિત ટાવર સાયરન, ઓડિયો વોર્નિંગ સિસ્ટમ, જૂથ સંદેશાવ્યવહાર અને લોકેશન બેઈઝડ એલર્ટ જેવી સિસ્ટમ સૂચવવામાં આવેલ છે. ૩૨૬ દરિયાકાંઠાના વિસ્તારોમાં EWDSના અમલ માટે ઓન બોર્ડીંગ સીસ્ટમ ઈન્ટિગ્રેટર ઉભા કરવા માટેના ટેન્ડર પ્રક્રિયા બાદની આનુષાંગિક પ્રક્રિયા વિશ્વબેંક ખાતે વિચારાધીન છે.

૧૩. શાળા સલામતી

રાજ્યની તમામ શાળાઓમાં શાળા સલામતી સપ્તાહ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પહેલનો મુખ્ય હેતુ શાળાના સ્ટાફ તથા વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેનું શિક્ષણ આપી તેમનામાં ક્ષમતાવર્ધન કરવાનો છે. વર્ષ ૨૦૧૯ દરમ્યાન શાળા સલામતી સપ્તાહ કાર્યક્રમ રાજ્યની ૫૫૪૬૪ શાળાઓમાં ઉજવવામાં આવ્યો હતો. એન.ડી.આર.એફ. અને ફાયર વિભાગ દ્વારા ૧૫૬૪ મેગા મોકડ્રીલ હાથ ધરવામાં આવેલ હતી. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા ૧૨૯, ગુજરાત ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા ૬૬૫, આપદામિત્ર દ્વારા ૩૧૬ અને ૧૦૮- GVK EMRI દ્વારા ૧૧૮૧ નિદર્શનો યોજવામાં

INDEX

આવ્યા હતા. કોવિડ-૧૯ની મહામારીની અસર હળવી થશે તો શાળા સલામતી સપ્તાહ વર્ષ ૨૦૨૨-૨૩માં ઉજવણીનું આયોજન કરવામાં આવશે.

૧૪. વીરબાલક સ્મારક

૨૬મી જાન્યુઆરી-૨૦૦૧ના રોજ કચ્છ જિલ્લાના અંજાર ખાતે રાષ્ટ્રીય પર્વની ઉજવણી દરમ્યાન વિદ્યાર્થીઓ પ્રભાતફેરીમાં રેલી સ્વરૂપે ટાઉનહોલ જવા માટે વંદે માતરમના નારા સાથે પ્રસ્થાન કરતા હતા તે સમય દરમ્યાન આવેલ ભૂકંપમાં ૧૮૪ જેટલા વિદ્યાર્થી અને શિક્ષકો મૃત્યુ પામેલ હતા. મૃતકોની યાદમાં તેમને શ્રધ્ધાજલિ અર્પણ કરવા અર્થે અંજાર ખાતે વીરબાલક સ્મારક બનાવવામાં આવી રહેલ છે. જે કાર્ય પ્રગતિમાં છે.

■ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ

ગુજરાત ઇન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ આપત્તિ જોખમના વ્યવસ્થાપનના ક્ષેત્રમાં માનવ સંસાધન વિકાસ, ક્ષમતાવર્ધન, તાલીમ, સંશોધન અને દસ્તાવેજીકરણ માટે સ્થાપવામાં આવેલ અગ્રણી સંસ્થા છે.

તાલીમ અને ક્ષમતાવર્ધન

આપત્તિ જોખમ વ્યવસ્થાપન અને સજ્જતાનું વાતાવરણ વિકસાવવા તથા ગ્રાસ-રૂટ સુધીનાં લોકો સુધી પહોંચવા માટે જી.આઇ.ડી.એમ. વિવિધ શિક્ષણશાસ્ત્રનાં સાધનોના ઉપયોગ થકી ક્ષમતા નિર્માણના કાર્યક્રમોનું આયોજન કરે છે. આ અંતર્ગત નિવાસી તાલીમ કાર્યક્રમ ઉપરાંત ટેકનોલોજીના ઉપયોગથી વર્ચ્યુઅલ ક્લાસરૂમ, વેબિનાર SATCOM(સેટેલાઇટ કમ્યુનિકેશન-સેટકોમ) અને બ્લેન્ડેડ/હાઈબ્રીડ કાર્યક્રમો હાથ ધરે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ અંતિત) સુધીનાં તાલીમોની માહિતી નીચે મુજબ છે;

વર્ષ	તાલીમ કાર્યક્રમની સંખ્યા	તાલીમાર્થીઓની સંખ્યા
૨૦૧૩-૨૦૧૪	૩૨	૧૧૭૧
૨૦૧૪-૨૦૧૫	૨૮	૯૦૩
૨૦૧૫-૨૦૧૬	૩૫	૮૮૨
૨૦૧૬-૨૦૧૭	૪૯	૧૫૨૭
૨૦૧૭-૨૦૧૮	૫૩	૨૭૯૧
૨૦૧૮-૨૦૧૯	૬૩	૧૩૭૩ (*૧૬૦૦૨૩ સેટકોમ / વર્ચુઅલ તાલીમ કાર્યક્રમો દ્વારા)
૨૦૧૯-૨૦	૮૨	૨૧૧૮ (*૪૨૦૮૫૦ સેટકોમ / વર્ચુઅલ / તાલીમ કાર્યક્રમો દ્વારા)
૨૦૨૦-૨૧	૮૦	૧૨૧૨૩ (રેસીડેન્સીયલ / વેબીનાર / સેટકોમ / વર્ચુઅલ તાલીમ કાર્યક્રમ)
૨૦૨૧-૨૨	૬૨	૭૪૩૦ (રેસીડેન્સીયલ / વેબીનાર / સેટકોમ / વર્ચુઅલ તાલીમ કાર્યક્રમ)

COVID-19ના સમયમાં GIDM દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરી તાલીમ કાર્યક્રમો યોજી આપત્તિ જોખમ વ્યવસ્થાપન માટે ક્ષમતા નિર્માણ કરેલ છે.

આપત્તિ જોખમ વ્યવસ્થાપન અંગે ૫ કલાકનો ઈ-સર્ટિફિકેટ કોર્સ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં તૈયાર કરી ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગનાં દીક્ષા પોર્ટલ મારફત બહાર પાડવામા આવેલ છે.

જી.એસ.એફ.સી. યુનિવર્સિટી સાથેનાં જોડાણથી "ફાયર એન્ડ લાઈફ સેફટી ઓડીટ" અંગેનો ૧ વર્ષનો પીજી ડિપ્લોમાં કોર્સ શરૂ કરવામાં આવેલ છે.

યુનાઈટેડ નેશન દ્વારા બહાર પાડવામાં આવતા ગ્લોબલ એસેસમેન્ટ રીપોર્ટ ઓન ડિઝાસ્ટર રીસ્ક રીડકશન-૨૦૨૨માં જી.આઇ.ડી.એમ.નાં બે રીસર્ચ પેપર મંજૂર કરવામાં આવેલ છે.

જી.આઇ.ડી.એમ. ખાતે BIMSTEC સભ્ય દેશો માટે જી.આઈ.ડી.એમ. અને ભારત સરકારનાં સંયુક્ત સહકારમાં ડિઝાસ્ટર રીસ્ક ગવર્નન્સ ઈન કોવીડ-૧૯ વિષય ઉપર તા. ૭ અને ૮ સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન એક વર્કશોપ યોજવામાં આવેલ જેમાં BIMSTEC સભ્ય દેશોનાં પ્રતિનિધીઓ સાથે કુલ ૬૫ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ.

INDEX

ગુજરાત ફાયર સેફટી કોપ અંગેનાં પોર્ટલ માટે ૬ સપ્તાહ અને ૮ સપ્તાહનાં FSO-Advance અને FSO-Specialist એમ બે કોર્સીસ હાથ ધરવામાં આવેલ છે જેમાં કુલ ૧૧૮ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

નેશનલ સ્કુલ સેફટી પોલીસી-૨૦૧૬ અંતર્ગત સ્કુલ ડિઝાસ્ટર રીસ્ક મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા અંગેનું ટેમ્પલેટ તૈયાર કરવામાં આવેલ, જે શિક્ષણ વિભાગ મારફતે મંજુર કરાવી દરેક સ્કુલને અનુસરવા પરિપત્રીત કરાવવામાં આવેલ છે.

નર્મદા વોટર રીસોર્સીસ, વોટર સપ્લાય એન્ડ કલ્પસર વિભાગનાં ભાડભુત બેરેઝ પ્રોજેકટનાં સેફટી મેન્યુઅલ તૈયાર કરવામાં આવેલ છે, જે ગુજરાતી, અંગેજી તથા હીન્દી તમામ ભાષામાં ઉપલબ્ધ છે.

શ્રેષ્ઠ ઉપલબ્ધ જ્ઞાન મેળવવા તેમજ આપત્તિ જોખમ વ્યવસ્થાપનમાં સારા કાર્યોની સ્થાપના, પ્રસાર તેમજ સારી પ્રથાઓની જાણકારી શેર કરવા માટે ૭ આંતરરાષ્ટ્રીય તથા ૨૭ રાષ્ટ્રીય અને સ્થાનિક સંસ્થાઓ સાથે ભાગીદારી કરેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વિવિધ પેડાગોજીકલ ટુલ્સ (જેવા કે સેટેલાઈટ કમ્યુનિકેશન-સેટકોમ/રેસીડેન્સીયલ/વર્ચ્યુઅલ ઈન્ટરનેટ કલાસરુમ/બ્લેન્ડેડ/વેબીનાર)દ્વારા વિવિધ આપત્તિ જોખમ વ્યવસ્થાપન વિષય ૧૦૦ કરતાં પણ વધારે તાલીમ કાર્યક્રમ યોજી ૨ લાખથી પણ વધારે તાલીમાર્થીઓનુ ક્ષમતાવર્ધન કરવામાં આવશે.

■ જમીન સુધારા કમિશનરની કચેરી

જમીન સુધારા કાયદાઓનું ઝડપી અમલીકરણ થાય તે ખૂબજ મહત્વનું હોવાથી સરકારે જીલ્લા કક્ષાએ કલેકટરોના નિયંત્રણ હેઠળ ખાસ અમલતંત્રની રચના કરી છે. આમ છતા, કલેકટરો અને ખેત જમીનપંચ તથા જિલ્લાઓમાં કામ કરતાં જમીન સુધારા સાથે સંકળાયેલ તંત્રની કામગીરીને માર્ગદર્શન આપવા, એ પર દેખરેખ અને નિરીક્ષણ માટે, સરકારે સમગ્ર રાજ્યમાં અધિકારક્ષેત્ર ધરાવતા જમીન સુધારા કમિશ્નર અને હોદ્દાની રૂએ સચિવની જગ્યા ઊભી કરી છે, જે આ જમીન સુધારા માટેની યોજનાના આયોજન અને યોગ્ય અમલ તથા વિશેષ કરીને ખેતી વિષયક અને શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમોના અમલ પાછળ ધ્યાન આપે છે. સરકારના સચિવ તરીકે જમીન સુધારા કાયદા અને શહેરી જમીન(ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ-૧૯૭૬ અન્વયે નીતિ વિષયક નિર્ણય લેવામાં સરકારને મદદ કરે છે.

જમીન સુધારા કમિશ્નરને નિર્દેશ આપનાર, દેખરેખ રાખનાર અને નિરીક્ષણ કરનાર સત્તાધિકારીની એમની હેસિયતમાં જુદા જુદા જમીન સુધારા કાયદાના અમલ અને જમીન સુધારાને લગતી આ યોજનાની દેખરેખ રાખવા માટે મદદનીશ કમિશ્નર જમીન સુધારા અને તાબાનો કર્મચારીવર્ગ સહાય કરે છે.

જમીન સુધારા પગલાંના અસરકારક અમલ માટે, હક્કપત્રક અદ્યતન રાખવા એ પૂર્વજરૂરિયાત છે. સરકારશ્રીના મહેસૂલ વિભાગના પરિપત્ર ક્રમાંક: હકપ/૧૦૮૧/૧૦૯૫૫૩/જ, તા.૨૧/૦૫/૧૯૮૨થી હક્કપત્રક અદ્યતન કરવા માટે હક્કપત્રક ટીમે કરવાની કામગીરી અંગે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

ઈ-ધરા કોમ્પ્યુટરાઈઝડ લેન્ડ રેકર્ડ વ્યવસ્થાપન પદ્ધતિ અમલમાં મૂકતાં લેન્ડ રેકર્ડ અને હક્કપત્રક સબંધી પ્રવર્તમાન કામગીરીમાં નવી પદ્ધતિ મુજબ હવે ઈ-ધરા કેન્દ્ર પર હક્કપત્રક નોંધોનો નિકાલ કરવામાં આવે છે તેથી હક્કપત્રક અંગેના મહેકમમાં ફેરફાર કરી સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક/મકમ/૧૦૨૦૦૭/૫૨૯/ઝ, તા.૦૯/૦૬/૨૦૨૧ થી રાજ્યના તમામ જીલ્લાઓ માટે હક્કપત્રક અદ્યતન કરવા માટેનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે, જે મુજબ ૩ મામલતદાર સહિત, ૫૩ નાયબ મામલતદારો, ૨-કારકુન-કમ-ટાઈપીસ્ટ અને પટાવાળા સહિત કુલ ૫૮ નું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે જેમાં આદિજાતિ વિસ્તારની ટૂકડીઓ પણ સમાવિષ્ટ છે. આ ટૂકડીઓ ગામ દફતરને તપાસી એમને અદ્યતન બનાવવા પગલાં લઈ રહી છે દફતર માલિકી, કબજો ગણોત અને ખેતી અંગે સાચી સ્થિતિ બરાબર કરવાનો આશય છે.

સરકારશ્રીના વખતોવખત થયેલ પરિપત્રો/ઠરાવોને ધ્યાને લઈ તેમજ અત્રેની કચેરીના તા.૧૪/૦૩/ ૨૦૧૭ના પરિપત્રની સુચનાઓ ધ્યાને લઈ હક્કપત્રક અદ્યતન કરવા અંગેની કામગીરી કરવાની થાય છે.

મુંબઈ ગણોત અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ હેઠળના કેસોનો નિકાલ તથા ખરીદ કિંમતની વસૂલાત અને જમીન માલિકો વગેરેને એની વહેંચણી માટે તાલુકા કક્ષાએ તાબાના કર્મચારીવર્ગ સાથે ખેત જમીનપંચ કામ કરી રહયા છે. એવીજ રીતે સુધારેલા ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ના અમલ માટે તથા એમાંથી ઊભા થતા કેસોનો નિર્ણય કરવા માટે તાલુકા કક્ષાએ તાબાના કર્મચારીવર્ગ સાથે ખેત જમીનપંચો કામ કરી રહયા છે.

જમીન સુધારા કમિશનર અને હોદ્દાની રૂએ સરકારના સચિવે કરેલી પ્રવૃત્તિઓના પૃથકકરણના આધારે, નીચેના ત્રણ કાર્યક્રમ સ્પષ્ટ થાય છેઃ-

(૧) નિર્દેશ અને વહીવટ

(૨) જમીનસુધારા માટે ખાસ પગલાં

(૩) સામાજીક સુરક્ષા અને કલ્યાણ.

INDEX

૧. આયોજન યોજનાઓ અંગે એકંદર કામગીરી.

(૧) ગુજરાત ખેતજમીન ટોચમર્યાદા ધારા તળે ફાજલ પડેલ જમીન જે લાભાર્થીઓને ફળવાઈ છે તેઓને અપાતી નાણાકીય સહાય (એલ.એન.ડી.-૨)

ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા ધારા તળે ફાજલ પડેલ જમીન જે લાભાર્થીઓને ફળવાયેલ છે તેઓને નાણાકીય સહાયની આયોજના પાંચમી પંચવર્ષીય યોજનામાં વર્ષ ૧૯૭૬-૭૭થી દાખલ કરાઈ છે.

આ યોજના હેઠળ આર્થિક સહાય પેટે જમીન વિકાસ માટે તા.૧/૪/૨૦૧૮થી આ સહાય હેકટરદીઠ ₹ ૩૦,૦૦૦/-ની કરવામાં આવેલ છે.

૨. નાણાકીય જરૂરિયાતનું સ્પષ્ટીકરણ

ગણોતધારાની કલમ-૩૨ (એમ) હેઠળ ખરીદ કિંમત ભરવા બાબત.(જમીન સુધારણા)

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનના અધિનિયમ-૧૯૪૮માં તા.૨૫/૭/૨૦૧૧ના જાહેરનામાથી કાયદામાં સુધારો કરી ગણોત ધારાની કલમ-૩૨ એમ હેઠળ ખરીદ કિંમત ભરવા બાબતે વખતોવખત નક્કી કરે તે તારીખ સુધીમાં ભરી શકાશે તેમ નક્કી થયેલ છે તે અન્વયે વખતોવખત કબજા હક્કની રકમ ભરવાની મુદત વધારી આપેલ છે અગાઉ તા.૨૦/૦૧/૨૦૨૦ના જાહેરનામાથી આ મુદત તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લંબાવી આપેલ છે..

તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લંબાવેલી ખરીદ કિંમત ભરવાની મુદતોથી અજાણ ગરીબ અભણ ગણોતીયાઓને કબજા પરત્વે દ્વિધાનો અંત લાવવા રાજ્ય સરકારે હકારાત્મક વિચારણા કરીને આ મુદત તા.૩૦/૬/૨૦૨૧સુધી લંબાવવા મંજૂરી આપેલ છે. આ મુદત દરમ્યાન ૬૦ ગણોતિયાઓ કબજા હક્કની રકમ ભરીને જમીન માલિક બન્યા છે. ગણોતિયાને કબજા/ભોગવટા હક્ક આપવાનો આશય વખતોવખત સુધાર્યા પ્રમાણેના મુંબઈ ગણોત અને ખેત જમીન અધિનિયમ-૧૯૪૮ મારફત સિદ્ધ કરવા વિચારાયું છે. ખેત જમીન અધિનિયમ હેઠળના કેસો દર મહિનાના ૭૨ના દરે નિકાલ કરવાનું ધોરણ અમલમાં છે. ગણોતિયા ખેડૂતોને ભોગવટા હક્ક આપવા તેમજ જેમનો કબજો ખોટી રીતે છોડાવાયો હોય એવા ગણોતિયાને ફરી જમીન આપવા માટે તેઓ પગલાં લે છે. મુંબઈ ગણોત અને ખેત જમીન અધિનિયમ,૧૯૪૮ના અમલના કાર્ય પર જીલ્લા કક્ષાએ કલેકટર તાબાના કૃષિપંચશ્રીઓ/કર્મચારીવર્ગ સાથે નાયબ કલેકટર(જ.સુ.)ની સહાયથી દેખરેખ રાખે છે અને રાજ્યકક્ષાએ જમીન સુધારા કમિશ્નર દેખરેખ રાખે છે.

ટોચમર્યાદા અધિનિયમનો અમલ (જિલ્લા કક્ષાએ)

ગુજરાત ખેતજમીન ટોચમર્યાદા ધારો, ૧૯૬૦ હેઠળ નિયત કરેલ ટોચમર્યાદા કરતાં વધુ જમીન સરકારમાં પ્રાપ્ત થયેલ જમીન સહકારી મંડળીઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, નબળા વર્ગના ખેતમજૂરો વગેરેને ઠરાવેલ નીતિ મુજબ જમીન જાતે ખેતી કરવા માટે આપવામાં આવે છે. આ ધારા હેઠળ પ્રાપ્ત થયેલ જમીન હલકા પ્રકારની હોય છે, તેથી તેનો વિકાસ કરવો જરૂરી બને છે તદ્ઉપરાંત જે લાભાર્થીઓને જમીન આપવામાં આવે છે તેઓની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ખેતી શરૂ કરવા માટે તેઓને ખેતીના સાધનો, ખાતર, બિયારણ, ઓજારો મેળવી આપવા જરૂરી બને છે. આ સંજોગોમાં લાભાર્થીઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ ૨૦૧૮-૧૯ના વર્ષથી વધારો કરી હેકટરદીઠ લાભાર્થી દીઠ ₹ ૩૦,૦૦૦/- અને મહત્તમ મર્યાદા ₹ ૫૦,૦૦૦/- સહાય ચુકવવા સુધારો કરવામાં આવેલ છે જે અમલમાં છે.

૨૦૨૧-૨૨ના વર્ષ સુધીમાં ફાજલ જમીનની વહેંચણીની વિગતો નીચે મુજબ છે.

ઓકટોબર-૨૦૨૧ અંતિત

ક્રમ નંબર	કામની વિગત	જુના કાયદા હેઠળ (એકર)	સુધારેલા કાયદા હેઠળ (એકર)	સરવાળો
૧.	ફાજલ જાહેર કરેલ જમીન	૪૫,૯૫૬	૮૦,૭૧૦	૧,૨૬,૬૬૬
૨.	કબજો પ્રાપ્ત થયો હોય તેવી જમીન	૪૪,૬૯૯	૬૫,૬૭૪	૧,૧૦,૩૭૩
૩.	ખેતીલાયક જમીનની કાયમી ધોરણે વહેંચણી કરેલ	૪૪,૩૦૪	૬૦,૦૪૪	૧,૦૪,૩૪૮
૪.	લાભાર્થીની સંખ્યા	૧૪,૭૮૪	૯,૬૭૩	૨૪,૪૫૭
૫.	અનુસૂચિત જાતિના લાભાર્થી	૧,૫૩૪	૫,૦૩૪	૬,૫૬૮
૬.	અનુસૂચિત જનજાતિના લાભાર્થી	૯,૯૪૦	૩,૬૭૬	૧૩,૬૧૬
૭.	અન્ય લાભાર્થી	૩,૩૧૦	૯૬૩	૪,૨૭૩

INDEX

આ જોગવાઈ હેઠળ જુદા જુદા જમીન સત્તાપ્રકાર નાબુદી અધિનિયમો હેઠળ અને ખેત જમીન ટોચમર્યાદા ધારા હેઠળ અસર પામેલી વ્યકિતઓને વળતર આપવાનું છે. જમીન સત્તાપ્રકાર નાબુદી અધિનિયમો હેઠળ ₹ ૧૦૦૦ કરતાં વધુ વળતરના કેસોમાં અને ગુજરાત ખેતજમીન ટોચમર્યાદા અધિનિયમ હેઠળના ₹ ૫૦૦૦થી વધુ વળતરના કેસોમાં અનુકમે વાર્ષિક ૩ ટકાના અને વાર્ષિક ૪.૫ ટકાના વ્યાજવાળા તબદીલીપાત્ર બોન્ડથી ચૂકવવાપાત્ર છે અને મુદ્દલ તથા વ્યાજના સરખા હપ્તા બોન્ડ ઈસ્યુ કર્યાની તારીખથી ૨૦ વર્ષના સમય દરમિયાન પરત ચૂકવવાપાત્ર છે.

૪. અનુસૂચિત જાતિ પેટા યોજના

ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ હેઠળ ફાજલ થયેલ જમીન નક્કી કરેલ અગ્રતાકમ મુજબ સહકારી ખેતી મંડળીઓ, પછાત વર્ગની વ્યકિતઓને વહેંચવામાં આવે છે. અનુસૂચિત જાતિની વ્યકિતઓ જમીનના વિકાસ તથા ખેડાણ માટેના નાણા ઊભા કરવા શકિતમાન હોતી નથી આથી ફાજલ થયેલ જમીન મેળવનાર અનુસૂચિત જાતિની વ્યકિતઓને સહાય આપવાની યોજના હેઠળ વર્ષ ૧૯૯૬-૯૭ થી હેકટરદીઠ ₹ ૫૦૦૦/-ની સહાય ચાલુ કરેલ જેમાં વખતો વખતના સુધારાથી (તા.૨-૧-૧૯ના ઠરાવથી) સહાયમાં વધારો કરી હેકટરદીઠ લાભાર્થીદીઠ ₹ ૩૦,૦૦૦/-અને જ્યારે મહત્તમ મર્યાદા ₹ ૫૦,૦૦૦/- સહાય ચુકવવાનુ નક્કી કરેલ છે. જે વર્ષ ૨૦૧૮-૧૯થી અમલમાં છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ઉક્ત યોજનાના બન્ને સદરો માટે અંદાજ ₹ ૨૬.૦૦/-લાખ છે અને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં હાલની સ્થિતિએ જનરલ સદરે ₹ ૩,૩૮,૪૮૨/-નો ખર્ચ થયેલ છે અને એસ.સી.એસ.પી.સદરે કોઈ જીલ્લા કચેરીએ સહાય માંગણી ન કરેલ હોઈ ખર્ચ થયેલ નથી.

■ રાહત નિયામક કચેરી

રાહત નિયામકશ્રીની કચેરી દ્વારા નીચે દર્શાવ્યા મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(૧) કુદરતી આફતો જેવી કે અતિવૃષ્ટિ, વાવાઝોડુ, પૂર, ભૂકંપ, અછત, બોંબ બલાસ્ટ તથા આકસ્મિક દુર્ઘટનાઓના સમયે મુખ્યત્વે બચાવ અને રાહતની કામગીરી.

(૨) વર્ષાઋતુમાં પૂર/વાવાઝોડાથી નુકશાન ન થાય તે માટે પ્રિ-મોનસુન/પ્રિ-સાયક્લોન માટે પૂર્વ તૈયારીની વહીવટી તંત્ર સાથે મીટીંગ યોજી આગોતરુ આયોજન હાથ ધરવું, તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનની સમિક્ષા કરવી તથા આવા પ્લાન દર વર્ષે અપડેટ કરવા સુચના આપવી.

(૩) આપત્તી વ્યવસ્થાપન યોજનાઓનું વખતોવખત મુલ્યાંકન તથા સમયાંતરે આપત્તી વ્યવસ્થાપન યોજનાઓ અંગે કવાયતો હાથ ધરવી.

(૪) ભારે વરસાદ/પૂર તથા વાવાઝોડાની આગાહીઓ બાબત ભારતીય હવામાન ખાતુ તથા ભારત સરકારના સંપર્કમાં રહેવું. આગાહીઓના સંજોગોમાં જીલ્લા કલેકટરશ્રીઓને જાણ કરવી તથા તકેદારીના પગલાંઓ લેવા સૂચના આપવી.

(૫) રાજ્યના રાઉન્ડ ધી કલોક ચાલતા ઈમજન્સી ઓપરેશન સેન્ટરની કામગીરી પર દેખરેખ તથા નિયંત્રણ રાખવું.

(૬) જીલ્લાના ઈમજન્સી ઓપરેશન સેન્ટર તથા અન્ય મહત્વના વિભાગો/ખાતાના વડાઓ સાથે સતત સંપર્ક રાખવો.

(૭) કુદરતી કે માનવસર્જિત આપત્તિના સમયમાં બચાવ અને રાહત કાર્યો ત્વરિત હાથ ધરાય તે માટે રાજ્યની તેમજ ભારત સરકારની વિવિધ એજન્સીઓના સંપર્કમાં રહેવું અને અન્ય જીલ્લાઓ તથા રાજ્ય કક્ષાએથી જરૂરત મુજબની સહાય અસરગ્રસ્ત વિસ્તારોમાં મળી રહે તે માટે સંકલન કરવું.

(૮) અછતગ્રસ્ત જીલ્લાઓ માટે પીવાનું પાણી, ઘાસની જરૂરિયાત, જથ્થાની ઉપલબ્ધિ, પરિવહન તથા તેના ઉપાડ અને વિતરણની વ્યવસ્થાની કામગીરી તથા રાહતકામો દ્વારા ખેતમજૂરોને રાહત તથા રોજી રોટી પૂરી પાડવી.

વર્ષાઋતુ-૨૦૨૧

વર્ષાઋતુ-૨૦૨૧ દરમ્યાન રાજ્યમાં સરેરાશ વરસાદના ૯૮.૪૦% ટકા વરસાદ નોંધાયેલ છે. વર્ષાઋતુ દરમ્યાન ભારે વરસાદથી ૮૩ માનવ મૃત્યુ અને ૧૨૨૭ પશુ મૃત્યુ થયેલ નોંધાયેલ હતા જે પૈકી ૮૩ માનવ મુત્યુ અને ૧૦૫૨ પશુ મુત્યુ સહાય માટે મંજુર થયેલ છે. તથા ૧૧૪૫૫ લોકો અસરગ્રસ્ત થયેલ હતા અને જાહેર મિલ્કતો તથા ઘરોને નુકશાન થયેલ છે.

રાજ્ય સરકાર દ્વારા માનવ મૃત્યુ સહાય પેટે - ₹ ૩૧૬ લાખ સહાય, પશુ મૃત્યુ સહાય - ₹ ૯૯.૯૪ લાખ, રોકડ સહાય - ₹ ૪૦૯.૯૩ લાખ, ઘરવખરી સહાય - ₹ ૧૪૫૦.૧૩ લાખ, ઝુંપડા સહાય - ₹ ૫.૩૦ લાખ અને મકાન સહાય પેટે - ₹ ૧૭૧.૬૭ લાખ અસરગ્રસ્ત વિસ્તારોમાં ચૂકવવામાં આવેલ હતી

મે ૨૦૨૧ માં આવેલ "તાઉતે વાવાઝોડા" સંબંધે રાહત બચાવ કામગીરીની વિગત

વાવાઝોડા દરમ્યાન ૬૮ માનવમૃત્યુ માં કુલ ₹ ૨૭૨/-લાખ અને ૨૬૫૬ પશુ માલિક કુટુંબો સહાય પેટે ₹ ૭૫૬/-લાખ, કેશડોલ્સ સહાય પેટે કુલ ૫,૦૨,૧૬૦,વ્યકિતોઓને સહાય પેટે ₹ ૨૭૦૬/- લાખ ,ઘરવખરી પેટે ૧૦૦૭૧૯, કુટુંબોને સહાય પેટે ₹ ૬૪૬૪/-લાખ, અંશત: કાચાપાકા મકાન સહાય પેટે કુલ ૧,૨૧,૮૨૦ મકાનોની સહાય ₹ ૨૮૫૯.૨૯/-લાખ, સંપૂર્ણ કાચા પાકા મકાન સહાય પેટે કુલ ૪૨૯૮ મકાનોને ₹ ૩૮૧૨/-લાખ, ઢોર શેડ સહાય પેટે કુલ ૧૪૫૯૧ શેડ માટે ₹ ૭૧૭/-લાખ, તથા માનવ ઈજામાં કુલ ૫૫ વ્યકિતઓને ૧૩.૬૬-/લાખ સહાય રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે.

INDEX

કોવિડ-૧૯ અન્વયે મૃતકોના વારસોને રાજ્ય સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવેલ ₹ ૫૦,૦૦૦/ Ex Garcia સહાયની વિગત: (તા.૨૧/૧૨/૨૦૨૧ અંતિત)

રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ અન્વયે મૃતકોના વારસોને સહાય માટે કુલ અરજીઓ ૫૪,૮૪૭ મળેલ છે. જે પૈકી ૩૪,૯૯૭ મંજૂર થયેલ છે અને મંજૂર થયેલ પૈકી અરજીઓમાં ૩૦,૧૮૮ અરજદારોને સહાય પેટે ₹ ૧૫૦.૯૪/- કરોડની રકમ ચુકવવામાં આવેલ છે.

અછત રાહત પગલા-૨૦૨૧

વર્ષાઋતુ-૨૦૨૦ દરમ્યાન રાજ્યમાં સરેરાશ વરસાદના ૧૪૧.૯૫% વરસાદ નોંધાયેલ હોઈ અછત જાહેર થયેલ ન હતી.

રાજ્ય સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં તાઉતે વાવાઝોડા અને સપ્ટેમ્બર માસમાં થયેલ ભારે વરસાદના કારણે ખેડૂતોને થયેલ પાક નુકશાની માટે મહેસૂલ વિભાગના મુખ્ય સદર-૨૨૪૫ "કુદરતી આફતો અંગે રાહત સદર" હેઠળ તા.૩૦/૧૧/૨૦૨૧ અંતિત સ્થિતિએ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને કૃષિ રાહત પેકેજ અંતર્ગત નાના અને સીમાંત ખેડૂતોને સહાય માટે ₹ ૩૫૪,૦૫,૩૨,૬૦૦/- (અંકે ₹ ત્રણસો ચોપ્પન કરોડ પાંચ લાખ બત્રીસ હજાર છ સો) ની ગ્રાંટ ફાળવેલ છે.

■ સ્ટેટ મોનીટરીંગ સેલ

ઈ-ધરા પ્રોજેકટ

રાજ્યના તમામ જીલ્લાઓમાં જાન્યુઆરી-૨૦૦૪ની સ્થિતીએ રેકર્ડ ઓફ રાઈટસને કમ્પ્યુટરાઈઝ કરીને તા.૦૧/૦૪/૨૦૦૫થી ઓનલાઈન કરવામાં આવેલ છે.

રાજ્યના કોઈપણ ઈ-ધરા કે ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી રાજ્યના કોઈપણ ગામના ગામ નમુના નં.૭, નમુના નં.૧૨, નમુના નં.૮-અ તથા નમુના નં.૬ (હક્કપત્રક)ની મેળવાતી નકલો હવે તા.૧૮/૧૧/૨૦૨૧ બાદ કોઈ પણ વ્યક્તિ યોગ્ય ફી ભરી ડીજીટલી સાઈન્ડ (Digitally Signed) નકલ ઓનલાઈન AnyRoR (https://anyror.gujarat.gov.in) અથવા iORA (https://iora.gujarat.gov.in) પોર્ટલ પરથી મેળવી શકે છે. આ નકલ ઉપયોગ માટે પણ અધિકૃત ગણવામાં આવે છે. આ નકલ પર ક્યુઆર કોડ (QR Code) ઉપલબ્ધ હશે. જેથી તેની અધિકૃતતાની ખાતરી ઓનલાઈન કોઈ પણ વ્યક્તિ-સંસ્થા કરી શકશે.

દુનિયાભરમાં વસતા ગુજરાતના ખાતેદારો પોતાની જમીનની વિગતો જાણી શકે તે સારૂ રાજ્યના તમામ ગામોની જમીનનો ડેટા (કમ્પ્યુટરાઈઝડ મહેસૂલી રેકર્ડ) http://anyror.gujarat.gov.in નામની વેબ સાઈટ પર મુકવામાં આવેલ છે.

ઈ-ગવર્નન્સ અંતર્ગત ઈ-રજીસ્ટ્રેશનની કામગીરી કરવા બાબત

રાજ્યના તમામ તાલુકાઓમાં ઈ-ગવર્નન્સ અંતર્ગત ઈ-રજીસ્ટ્રેશન ઈન્ટીગ્રેટેડ ઓટોમ્યુટેશન સીસ્ટમમાં સબ-રજીસ્ટ્રાર કચેરી તથા ઈ-ધરા કેન્દ્રોને એક જ સ્થળ પર એકત્ર કરી દસ્તાવેજ નોંધણી કર્યા બાદ લેન્ડ રેકર્ડ (ઈ-ધરા)ના ડેટાબેઝમાં આપોઆપ ગામ.નમુના નં.-૬ ની ફેરફાર નોંધ પડે છે અને હાજર ખાતેદારોને નોટીસની બજવણી પણ સ્થળ પર જ કરવામાં આવે છે અને નોટીસ બજાવ્યાના ૩૦ દિવસ બાદ ફેરફાર નોંધને પ્રમાણિત કરવામાં આવે છે.

ગામ નમુના નં.-૬ની જુની ફેરફાર નોંધોને સ્કેન કરવા અંગેનો પ્રોજેકટ બાબત

રાજ્યમાં મહેસૂલી જમીન દફતરને સને-૨૦૦૪માં ઓનલાઈન કર્યા પહેલાંનું ગામ નમુના નંબર-૬ના અસલ હસ્તલિખિત રેકર્ડને સ્કેન કરી ઓનલાઈન કરવાની કામગીરી અન્વયે તા.૨૫/૧૧/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કુલ-૧૯,૧૩૯ ગામો પૈકી ૧૮,૪૬૧ ગામો (૯૬.૪૬%)ની કામગીરી પૂર્ણ થયેલ છે. સ્કેન થયેલ ગામ નમૂના નંબર-૬ની ફેરફાર નોંધો પ્રજાજનો જોઈ શકે તે હેતુસર ઈન્ટરનેટ(http://anyror.gujarat.gov.in) પર ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

ગામ નમુના નં.-૬ (હક્કપત્રક)માં બોજા દાખલ/ બોજા કમીની ફેરફાર નોંધ બેંક દ્વારા દાખલ

વહીવટી સુધારણાના ભાગ રૂપે અને જમીન વ્યવહારમાં વધુ સરળતા અને પારદર્શિતા લાવવા માટે બેંકો દ્વારા ઓનલાઈન બોજો દાખલ કરવાની કાર્યપધ્ધતિ મહેસૂલ વિભાગ દ્વારા તા.૨૦/૦૨/૨૦૧૫થી શરૂ કરવામાં આવી છે. બેંકો દ્વારા બોજાની દાખલ થયેલ ઓનલાઈન ફેરફાર નોંધોને ઈ-ધરા સંબંધિત એપ્લિકેશનમાં તા.૦૮/૧૦/૨૦૧૮થી બોજા કમી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

જમીન સંપાદનની ફેરફાર નોંધ સંપાદક સંસ્થા દ્વારા ઈ-ધરામાં દાખલ કરવાની કાર્યપધ્ધતિ

ઈ-ધરા અંતર્ગત ગામ નમુના નંબર-૬ (હક્કપત્રક)માં જમીન સંપાદનની વિવિધ ફેરફાર નોંધ સંપાદક સંસ્થા દ્વારા ઈલેકટ્રોનિકલી દાખલ કરવાની કાર્યપધ્ધતિ મહેસૂલ વિભાગ દ્વારા તા.૦૨/૦૩/૨૦૧૫થી નિયત કરવામાં આવેલ છે. બાકી રહેલ રેકર્ડની નોંધ પાડવા માટે સેટલમેન્ટ કમિશનર કચેરીમાં કમ્પ્યુટર લેબ મારફતે વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ગામ નમુના નં.-૬ (હક્કપત્રક)માં હુકમ કરનાર મહેસૂલી અધિકારીશ્રી/ કચેરીના નિયત અધિકૃત અધિકારીઓ દ્વારા હુકમી ફેરફાર નોંધ સીધી ઈલેકટ્રોનિક રીતે દાખલ

૧. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૧૩૫-સી અને ૧૩૫-ડી અન્વયે વિવિધ મહેસૂલી અધિકારીશ્રીઓ/ કચેરીઓ જેવા કે કલેકટરશ્રી, પ્રાંત અધિકારીશ્રી, વિવિધ નાયબ કલેકટરશ્રીઓ, સંબંધિત કાયદા અન્વયેના વિવિધ મામલતદારશ્રીઓ, સચિવશ્રી (વિવાદ), મહેસૂલ વિભાગ, ગુજરાત મહેસુલ પંચ, વિવિધ નામદાર કોર્ટ, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ વગેરે દ્વારા જમીનના હક્ક સંબંધે વિવિધ તબકકે હૂકમો કરવામાં આવતા હોય છે. આ હૂકમોની ફેરફાર નોંધ મહેસૂલી રેકર્ડમાં વખતોવખત ઈ-ધરા એપ્લીકશન(Anyror)માં દાખલ કરવાની હોય છે. ઉપરાંત, સિટી સરવે કચેરીઓને લગતા હૂકમોની વિભાગ દ્વારા તા.૨૬/૦૩/૨૦૨૧થી csis.gujarat.gov.in સોફ્ટવેરમાં ઈલેક્ટ્રોનિકલી નોંધ દાખલ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. તા.૨૫/૧૧/૨૦૨૧ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં હૂકમી અધિકારીઓ દ્વારા કુલ- ૬,૧૬,૦૯૪ હૂકમી ફેરફાર નોંધો દાખલ કરવામાં આવેલ છે.

ઈ-ધરા વ્યવસ્થાપન : રાજ્યના તમામ ખાતેદારોના આધાર સીડીંગ બાબત

ખેડૂત/ખાતેદારો નીચે મુજબની કામગીરી માટે ઈ-ધરા, ઈ-ગ્રામ કેન્દ્ર, જનસેવા કેન્દ્રમાં તથા બેંકમાં આવતા હોય છે તે દરમ્યાન તેમની પાસેથી આધારની વિગતો મરજીયાત રીતે મેળવવાનું રાખવું.

૧. ઈ-ગ્રામ અને જનસેવા કેન્દ્રમાં રેકર્ડ ઓફ રાઈટની નકલ લેવા માટે આવે ત્યારે.

૨. ઈ-ધરા કેન્દ્રમાં જમીનના વ્યવહારની ફેરફાર નોંધ દાખલ કરાવવા આવે ત્યારે.

૩. સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજનુ રજીસ્ટ્રેશન કરાવવા આવે ત્યારે

૪. બેંકમાં બોજાની નોંધ દાખલ કરાવવા / કમી કરાવવા આવે ત્યારે.

૫. તેમજ સ્વૈચ્છિક રીતે કોઇ ખેડૂત / ખાતેદાર પોતાના ખાતામાં આધાર કાર્ડનું સીડીંગ કરવા માગતો હોય ત્યારે.

હસ્તલિખિત ગામ નમૂના નંબર-૭/૧૨ને સ્કેન કરી ઓનલાઈન કરવાની યોજના

મહેસૂલ વિભાગ દ્વારા તા.૨૨/૦૬/૨૦૧૮થી ગામ નમૂના નંબર-૭/૧૨ના હસ્તલિખિત રેકર્ડને સ્કેન કરી ડેટાબેઝ તૈયાર કરવા જીલ્લા કલેક્ટરશ્રીઓને ટેન્ડર પ્રક્રિયા કરવા સત્તા સુપ્રત કરવામાં આવેલ છે જે અન્વયે તા.૨૫/૧૧/૨૦૨૧ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ગામ નમુના નં.૭/૧૨ના હસ્તલિખિત કુલ-૩,૯૬,૧૭૮ થોક પૈકી કુલ-૩,૯૬,૧૨૯ થોકની ડેટા એન્ટ્રી પૂર્ણ થયેલ છે.

ક્ષતિસુધારણા બાબત

રાજ્યના મહેસૂલી વહીવટને કમ્પ્યુટરાઈઝડ સલામત સુરક્ષિત, સુદ્દઢ અને ઝડપી બનાવવાના પગલા રૂપે હસ્તલિખિત મહેસૂલી દફતરને જાન્યુઆરી-૨૦૦૪ થી ડિજીટાઈઝ કરી ઓનલાઈન કરવામાં આવેલ છે. હસ્તલિખિત રેકર્ડનું કમ્પ્યુટરાઈઝેશન કરતી વખતે કારકૂની ક્ષતિ રહી ગયેલ હોય તેવા કિસ્સાઓમા તેમજ જમીનોના વિવિધ પ્રકારના વ્યવહારોની ફેરફાર નોંધો ઓનલાઈન ઈ-ધરા વ્યવસ્થાપનમા દાખલ કરતી વખતે રહી ગયેલ ક્ષતિ સુધારવાની કાર્યપધ્ધતિ તા.૨૧/૦૯/૨૦૧૯થી ઓનલાઈન કરવામાં આવેલ છે. તા.૨૫/૧૧/૨૦૨૧ની સ્થિતિએ ગામ નમૂના નં.૭માં ક્ષતિ સુધારણાની કુલ-૨,૬૬,૯૧ઓનલાઈન અરજીઓ આવેલ છે. તેમાંથી માત્ર ૩૪૫ અરજીઓ ચકાસણી સંદર્ભે પ્રક્રિયામાં છે બાકીની અરજીઓનો નિકાલ થઈ ગયેલ છે.

■ સચિવશ્રી (વિવાદ)ની કચેરી

- અત્રેની કચેરીએ અપીલ /રીવીઝન અર્ધન્યાયિક પ્રકારની કામગીરી થાય છે.
- આ કચેરીએ ગુજરાત રાજ્યના કલેકટરશ્રીઓ તરફથી જુદા જુદા કાયદા હેઠળ લેવામાં આવતા નિર્ણયોથી નારાજ થઈ પક્ષકારો દ્વારા અત્રેની કચેરીની સમક્ષ અપીલ /અરજી દાદ માંગવામા આવે છે.
- હાલમાં જુદા જુદા કાયદા હેઠળ સને-૨૦૨૧ ના કેલેન્ડરમાં તા.૩૦/૧૧/૨૦૨૧ અંતિત કુલ ૩૩૦૯ અપીલ /રીવીઝન અરજીની આવક થયેલ છે તેમજ તા.૩૦/૧૧/૨૦૨૧ અંતિત કુલ ૧૪૫૩ કેસો નિકાલ કરવામાં આવેલ છે. તથા હાલમાં કુલ ૭૨૫૧ અપીલ /રીવીઝન પડતર છે. છેલ્લા ત્રણ માસમાં માસિક આવકની સરેરાશ ૩૨૬ કેસોની છે. તેની સામે માસિક સરેરાશ નિકાલ ૧૬૪ કેસોનો થયેલ છે.

અત્રેના IT એકશન પ્લાન હેઠળ નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

ઈન્ટીગ્રેટેડ રેવન્યુ કેસ મેનેજમેન્ટ સીસ્ટમ (IRCMS) :

એન.આઈ.સી દ્વારા તૈયાર કરાયેલ અને હાલ એસ.એસ.આર.ડી.ખાતે કાર્યરત કોમ્પ્યુટરાઈઝડ એપ્લીકેશન કમ ડીસીઝન સપોર્ટ સીસ્ટમ દ્વારા તમામ પીટીશન અને કેસના નિકાલ સુધીની વિગત ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે.

INDEX

ઓનલાઈન નોટીસ બોર્ડ

દરેક એપેલેટ ઓથોરીટી પાસે અર્ધન્યાયિક કેસની સુનાવણી કરવાની હોય તે અંગેનું દૈનીક કેસ બોર્ડ ઓનલાઈન કોર્ટના નોટીસ બોર્ડ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ નોટીસ બોર્ડ જરૂરીયાત મુજબ અંદાજીત બે થી ત્રણ દિવસ અગાઉથી વેબસાઈટ ઉપર મુકવામાં આવે છે.

ઈ-નોટીસ

ઈલેકટ્રોનીક માધ્યમ દ્વારા પક્ષકારો અને વકીલોની જાણકારી માટે ઓનલાઈન ઈ-નોટીસ જનરેટ કર્યા બાદ સ્પીડપોસ્ટ મારફતે અત્રેથી પક્ષકારોને રવાના કરવામાં આવે છે

ઈ-ધરા

એસ.એસ.આર.ડી ખાતે એપેલેટ ઓથોરીટી દ્વારા સુનાવણી બાદ કરવામાં આવેલ હૂકમો દાખલ સુનાવણી, મનાઈ તથા આખરી હૂકમો ઈ-ધરા મારફતે બાયોમેટ્રીક ઉપયોગ કરીને ગામના નમુના નં.૬ માં નોંધ કરવામાં આવે છે.

ઓનલાઈન કોર્ટ કેસ સ્ટેટસ

એસ.એસ.આર.ડીની વેબ સાઈટ (www.revenueappeals.gujarat.gov.in) ઉપર પક્ષકારોને પક્ષકારોની વિગત, સુનાવણીની વિગત, મનાઈ હુકમ તથા અન્ય વિગતો ડેટાબેઝ મારફતે તેની અદ્યતન જાણકારી આપવામાં આવે છે આમ કોઈપણ સમયે સંબંધિત પક્ષકાર તેના કેસ સંબંધિત માહિતી મેળવી શકે છે.

મોબાઈલ એપ સર્વિસ

“KNOW YOUR REVENUE CASE” નામક મોબાઈલ એપ્લીકેશન વિકસાવવામાં આવેલ છે અને સંબંધિત પક્ષકારો તેમના કેસ સંબંધિ માહિતી અને કેસનું અદ્યતન સ્ટેટસ તેના ઉપરથી મેળવી શકે છે.

ભારત સરકાર દ્વારા ડિજીટલ ઈન્ડીયા IT પ્રોગ્રામ અંતર્ગત નાગરિક કેન્દ્રીત સુવિધાઓ માટેની **“ઉમંગ એપ્લીકેશન”** વિકસાવવામાં આવેલ છે જેમાં **“KNOW YOUR REVENUE CASE”** નામક એસ.એસ.આર.ડીની એપ્લીકેશનનો ભારત સરકારે સમાવેશ કરેલ છે.

એસ.એમ.એસ.

કેસ સ્ટેટસ અંતર્ગત જે કેસ અત્રેની કચેરીમાં રજીસ્ટર થાય તેની જાણ, અપીલ દાખલ સુનાવણી, સુનાવણીની તારીખ, નિકાલની તારીખની માહીતી એસ.એમ.એસ. દ્વારા પક્ષકારોને મોકલવામાં આવે છે.

રીયલ ટાઈમ કેસ ડિસપ્લે બોર્ડ

અત્રેની કચેરીમાં તમામ એપેલેટ તેમજ વકીલ રૂમ તથા પેસેજમાં એમ ૬ (છ) રીયલ ટાઈમ કેસ ડિસપ્લે મુકવામાં આવેલ છે જેના થકી અત્રેની કચેરીમાં ચાલતા બોર્ડના કેસોના નંબર અંગેની માહિતી વકિલશ્રીઓને તથા પક્ષકારોને સરળતાથી મળી રહે છે. અને અરજદારને તેમના કેસ ચાલવા પર છે, તેની ત્વરિત માહિતી મળી રહે છે.

જુના તમામ કેસ રેકર્ડની ઉપલબ્ધિ

સને ૨૦૧૫ પહેલાની તમામ જુના કેસ રેકર્ડની આશરે ૭૦,૦૦૦ ફાઈલ્સ સ્કેનીંગની કામગીરી પુર્ણ થયેલ છે.જે રેકર્ડ જાળવણી માટે અસરકારક નિવડે છે તથા અરજદારશ્રીઓને તેઓના જુના કેસ સંબંધિત માહિતી સરળતાથી મળી રહે છે.

જુના નિકાલી કેસોનું રેકર્ડ ડીજીટાઈઝેશન

હાલમાં સને ૨૦૧૫ પછીના અત્રેની કચેરીના જુના નિકાલી કેસોની આશરે ૨૨,૦૦૦ જેટલી ફાઈલોની સ્કેનીંગની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે થવાના કારણે અરજદારોને નકલ તથા જુના કેસ સબંધિત માહિતી ઝડપથી તથા સરળતાથી મળી રહેશે.

■ ગુજરાત મહેસૂલ પંચની કચેરી

ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એકટ-૧૯૫૦, ધી મુંબઈ લેન્ડ રેવન્યુ કોડ-૧૮૭૯ ની કલમ-૧૧૭-કેકે, ધી મુંબઈ સીટી લેન્ડ રેવન્યુ એકટ-૧૮૭૬, કલમ-૧૭ તથા જુદા જુદા ટેન્યોર એબોલીશન એકટનો પણ આ ટ્રિબ્યુનલના કાર્યક્ષેત્રમાં સમાવેશ કરેલ છે. જી.આર.આર.ડી. નંબર : ૧૫૫૮/૮૧૩૪૪૬/આર, તા.૧૬-૦૫-૧૯૫૮ અન્વયે સદરહુ એકટ “ધી બોમ્બે રેવન્યુ ટ્રિબ્યુનલ એકટ-૧૯૫૭” તરીકે તા. ૦૧/૦૬/૧૯૫૮ થી ઓળખવામાં આવ્યો. સદરહુ એકટની સાથે સાથે બી.આર.ટી. રૂલ્સ-૧૯૩૯ પણ અસ્તિત્વમાં આવેલ છે.

ઉક્ત એકટ તથા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ અત્રેની મહેસૂલ પંચના અધ્યક્ષ, સભ્ય, રજીસ્ટ્રાર તથા નાયબ રજીસ્ટ્રારની લાયકાત નિમણુંક, ફરજો તથા શરતો નક્કી કરવામાં આવેલ છે.

INDEX

(૧) અત્રેની મહેસૂલ પંચમાં કાર્યરત ચાર કોર્ટ માટે માનનીય અધ્યક્ષ ઉપરાંત ત્રણ માનનીય સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.

મહેસૂલ પંચના મુખ્ય કાર્યો

ગુજરાત મહેસૂલ પંચની સત્તા મર્યાદામાં (જ્યુરીડીકશન) માં આવતા વિવિધ અધિનિયમો તથા તેની વિવિધ કલમ/પેટાકલમ હેઠળ ફેર તપાસણી/અપીલ અરજીઓ અરજદારશ્રી/સરકારશ્રી દ્વારા રજૂ કરવામાં આવે છે.

ભવિષ્યમાં હાથ ધરાનાર કામગીરીની રૂપરેખા

ઈન્ટીગ્રેટેડ રેવન્યુ કેસ મેનેજમેન્ટ સીસ્ટમ

ડેટા એન્ટ્રી

હાલ અત્રેની ગુજરાત મહેસૂલ પંચની કચેરીમાં અંદાજે ૫,૦૦૦ જેટલા કેસો પડતર છે જેની ઓનલાઈન કેસ મેનેજમેન્ટ સીસ્ટમની કામગીરી માટે કચેરીમાં એન.આઈ.સી. દ્વારા એડહોક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેમાં દરેક કેસની ડેટા એન્ટ્રીની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ બાબતે વિભાગમાંથી વર્ષ ૨૦૨૧-૨૨ માં ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યાઓ માહે ડીસેમ્બરથી ભરવાની મંજૂરી મળતા, તમામ કેસોની ડેટા એન્ટ્રી સત્વરે પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

સ્કેનીંગ

કચેરીમાં હાલ અંદાજે કુલ ૭૦,૦૦૦ જુના કેસોની સ્કેનીંગની કામગીરી સબંધે ઘણો વધુ ખર્ચ એટલે કે ₹ ૮૯.૯૯/- લાખ થાય તેમ છે. જેની ગ્રાન્ટ મંજૂર કરવા નવીન બાબતોમાં તેનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મંજૂર થયેથી સ્કેનીંગ કામગીરી શરૂ કરવામાં આવશે.

૧૩. માર્ગ અને મકાન વિભાગ

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસ માટે ગામડાથી લઈને શહેર સુધી સાંકળતા જોડતા રસ્તાઓ વિવિધ યોજનાઓ પ્રગતિપથ, વિકાસપથ, તાલુકા મથકે વિકાસપથ, પ્રવાસીપથ, કિસાનપથ, તાલુકાથી તાલુકાને જોડતા રસ્તા, જિલ્લા મથકને નજીકના જિલ્લા મથક સાથે જોડતા, બંદરોને જોડાણ, ઉદ્યોગોને જોડતા રસ્તા જેવી યોજના અંતર્ગત કામો મંજુર કરેલ છે. ચોમાસા દરમ્યાન વિખુટા પડતા ગામો માટે આ સરકારે ઓછામાં ઓછો એક બારમાસી રસ્તો આપવા માટે મરૂન વિલેજની યોજના સફળતા પુર્વક અમલમાં મુકેલ છે. જેના સારા પરીણામો મળી રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગનું વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ આયોજન ₹ ૧૧૪૫૯ કરોડનું છે માર્ગ અને મકાન વિભાગમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન પ્રગતિ હેઠળના અને શરૂ થનારા અગત્યના કામોની વિગત.

- પ્રગતિપથ યોજના અન્વયે ૧૬૧ કિ.મી. લંબાઈના રસ્તાઓનું ચારમાર્ગીયકરણ તથા સ્ટ્રકચરને ચારમાર્ગીય રસ્તાને અનુરૂપ બનાવવા માટે ₹ ૭૧૨ કરોડની અંદાજીત રકમ કામો પ્રગતિમાં.
- રાજ્યના પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓને વિકસાવવા માટે ₹ ૨૩૫ કિ.મી. લંબાઈના ₹ ૬૦૪ કરોડની અંદાજીત રકમના કામો પ્રગતિમાં.
- ૪૭ પુલોના બાંધકામ માટે ₹ ૮૫૮ કરોડની અંદાજીત રકમના કામો પ્રગતિમાં.
- મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ₹ ૨૫૫૦ કરોડની અંદાજીત રકમના કામો હાથ ધરવામાં આવશે.
- અમદાવાદ- રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગની ૨૦૧ કિ.મી.લંબાઈના ₹ ૩૩૫૦ કરોડની અંદાજીત રકમથી છ-માર્ગીકરણની કામગીરી પ્રગતિમાં.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ ગડુલી-સાંતલપુર રસ્તાની ખુટતી કડીની ૭૯.૫૯ કિ.મી.લંબાઈના બાંધકામ માટે ₹ ૪૦૦.૭૬ કરોડની કામગીરી પ્રગતિમાં.
- ઓખા અને બેટ દ્વારકાને જોડવા માટે સમુદ્ર ઉપર ૪.૨૩ કિ.મી. લંબાઈનો ચારમાર્ગીય કેબલ સ્ટેટ સીગ્નેચર બ્રીજનું બાંધકામ ₹ ૯૬૨.૪૩ કરોડની કામગીરી પ્રગતિમાં.

પ્રગતિપથ ચારમાર્ગીયકરણ

રાજ્યમાં ઉત્તર-દક્ષિણ, પુર્વ-પશ્ચિમના આદિજાતિ વિસ્તારો અને અન્ય રાજ્યને જોડતા ૯ (નવ) લાંબા અંતરના કોરીડોર કુલ ૩૭૧૦ કિ.મી. લંબાઈના હાઈસ્પીડ કોરીડોરની પ્રગતિપથ કામગીરી પુર્ણ થયેલ છે. વધતા જતા ટ્રાફિકને ધ્યાને લઈ વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રગતિપથના આ કોરીડોરને ચારમાર્ગીયકરણ કરવાનો બજેટમાં સમાવેશ કરવામાં આવેલ હતો. જે અંતર્ગત ૨૫૯.૦૦ કિ.મી. લંબાઈમાં રસ્તાઓને ₹ ૮૧૬.૪૦ કરોડની વહીવટી મંજુરી આપી દીધેલ છે. વધુમાં સ્ટ્રકચરને ચારમાર્ગીય રસ્તાને અનુરૂપ બનાવવા માટે ₹ ૧૯૨.૫૦ કરોડની મંજુરી મળેલ છે. જે પૈકી ૯૯.૪૦ કિ.મી. લંબાઈના રસ્તાની કામગીરી પૂર્ણ કરેલ છે. જયારે ૧૮૪.૮૯ કિ.મી. લંબાઈમાં રસ્તાને પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં છે. ખેડા- ધોળકા રસ્તા ઉપર વાત્રક નદી ઉપર પુલની કામગીરી ₹ ૪૫.૦૦ કરોડથી પુર્ણ કરેલ છે.

પ્રવાસીપથ

- ગુજરાત રાજ્ય દ્વારા વર્ષ ૨૦૦૬ પ્રવાસન વર્ષ જાહેર કરવામાં આવેલ.
- આયોજના હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭ થી શરૂ કરી જુદા જુદા તબક્કાઓમાં ₹ ૩૨૩૮.૮૫ કરોડની રકમના ૨૦૦૫.૨૨ કિ.મી. લંબાઈના ૧૩૫ કામોને આપેલ મંજુરી.
- ₹ ૨૬૩૪.૭૫ કરોડની રકમના ૧૭૭૦.૦૦ કિ.મી. લંબાઈના ૧૨૨ કામો પુર્ણ.
- ₹ ૬૦૪.૧૦ કરોડની રકમના ૨૩૫.૨૨ કિ.મી. લંબાઈના ૧૪ કામો પ્રગતિ હેઠળ.

સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા રસ્તા

વડોદરા તેમજ નેશનલ હાઈવે-૮ થી અંકલેશ્વર / ભરૂચ થી સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડીયા કોલોની) ને જોડતા રસ્તાઓને ચાર માર્ગીયકરણ કરવા આપેલ મંજુરી પૈકી વડોદરા - કેવડીયા કોલોની રસ્તાની ૮૪.૪૦ કિ.મી. લંબાઈની કામગીરી ₹ ૫૨૩ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે. અંકલેશ્વર - રાજપીપળાની કામગીરી પ્રગતિમાં છે.

અંબાજી, ડાકોર, પાવાગઢ અને પાલીતાણા યાત્રાધામોને જોડતા રસ્તાઓનું ચારમાર્ગીયકરણ

અમદાવાદ- ડાકોર, હિંમતનગર-અંબાજી, હાલોલ-પાવાગઢ અને સોનગઢ-પાલીતાણા યાત્રાધામોને જોડતા ૩૭૦.૬૦ કિ.મી. લંબાઈનાં રસ્તાઓનું ચારમાર્ગીયકરણ ₹ ૧૫૩૮.૦૦ કરોડની અંદાજીત રકમથી હાથ ધરેલ છે. આ રસ્તા ઉપર પદયાત્રીઓની સુરક્ષા માટે રસ્તાની એક તરફ જમીનની ઉપલબ્ધીને આધીન ૨.૫ મીટરની પગદંડીનું આયોજન છે. જે પૈકી ૩૩૬.૩૭ કિ.મી. લંબાઇના કામગીરી પુર્ણ થયેલ છે. તથા ૩૯.૦૦ કિ.મી. લંબાઈમાં કામગીરી પ્રગતિમાં છે.

પુલોની કામગીરી

વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૩ પુલોની કામગીરી ₹ ૭૭૨.૮૩ કરોડની અંદાજીત રકમની પુર્ણ કરવામાં આવેલ છે. જુદા જુદા જિલ્લાઓમાં વિવિધ માર્ગો પર પસાર થતી નદી પર ૪૭ પુલો બાંધવા માટે ₹ ૮૫૮.૯૮ કરોડ કામો પ્રગતિ હેઠળ છે. ભરૂચ અને અંકલેશ્વરને જોડતાં ગોલ્ડન બ્રીજની બાજુમાં નવા ચારમાર્ગીય પુલની કામગીરી પુર્ણ. નર્મદા નદી પર સીનોર - માલસર - અસા રસ્તા પર નર્મદા નદી પર ₹ ૨૨૫ કરોડની અંદાજીત રકમના પુલનું કામ પ્રગતિમાં છે. તથા ₹ ૪૭૫.૬૨ કરોડની અંદાજીત રકમથી ૧૯ પુલોની કામગીરી હવે હાથ ધરવામાં આવશે.

રસ્તાઓનું ચારમાર્ગીયકરણ તથા ૧૦ મી. પહોળા કરવા

૧૦ મીટર પહોળી ડામર સપાટી કરવાના રસ્તાના કામો અગાઉ મંજુર કરેલ તેમજ ચાલુ વર્ષે મંજુર કરેલ કામો પૈકી વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૫૪ રસ્તાના કામો ૮૦૯.૭૪ કિ.મી. લંબાઈના ₹ ૧૧૫૮.૮૮ કરોડની રકમના પુર્ણ, ૪૦ રસ્તાના કામો ૬૩૩.૨૨ કિ.મી. લંબાઈના ₹ ૮૫૫.૬૮ કરોડની રકમના પ્રગતિમાં, ૪ રસ્તા કામો ૪૮.૨૦ કિ.મી. લંબાઈનાં ₹ ૯૭.૮૬ કરોડની રકમના શરૂ થનાર છે.

વિભાગની વિવિધ યોજના અન્વયે ૩૨૬.૩૬ કિ.મી. લંબાઈનાં રસ્તાઓનું ₹ ૧૦૧૭.૧૪ કરોડનાં ખર્ચે ચારમાર્ગીયકરણ પુર્ણ કરેલ છે. ૮૨૯.૬૨ કિ.મી. લંબાઈનાં રસ્તાઓનું ચારમાર્ગીયકરણ પ્રગતિમાં છે.

રાજ્ય ધોરીમાર્ગો પર ફલાય ઓવર

ભારે ટ્રાફિકવાળા રાજ્ય ધોરીમાર્ગો પર આવેલા જંકશન પર ઈંધણ અને સમયના બચાવ માટે ફલાય ઓવર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો જે અન્વયે રાજ્યમાં મહેસાણા, બનાસકાંઠા, પાટણ, કચ્છ, સુરત, ગાંધીનગર, રાજકોટ અને મોરબી જીલ્લામાં ₹ ૮૦૮.૨૭ કરોડની અંદાજીત રકમનાં ૧૨ ફલાયઓવર બાંધવાની કામગીરી મંજુર થયેલ છે. જે પૈકી સુરત, મહેસાણા અને રાજકોટ જીલ્લાના કામો પ્રગતિમાં છે. જયારે અન્ય કામો નકશા અંદાજ અને ટેન્ડર તબક્કે છે.

ખાનગીકરણ યોજના

મર્યાદિત નાણાંકિય ઉપલબ્ધતાને કારણે વિકાસ અટકે નહીં તે માટે ખાનગીકરણ /પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ યોજના અંતર્ગત માર્ગોને જરૂરીયાત મુજબ પહોળા તથા યોગ્ય ક્ષમતાવાળા બનાવવાનો અભિગમ હાથ ધરેલ છે. અમદાવાદ-વિરમગામ માળીયા ૧૯૦ કિ.મી., રાજકોટ-જામનગર-વાડીનાર ૧૩૧.૬૫ કિ.મી., હાલોલ-ગોધરા-શામળાજી ૧૭૩.૦૩ કિ.મી. લંબાઈની ચારમાર્ગીયકરણની કામગીરી પુર્ણ થયેલ છે. ભુજ-ભચાઉ ૭૭ કિ.મી.લંબાઈ ચારમાર્ગીકરણ અને ૧૦ મી.પહોળો કરવાની કામગીરી મહદ અંશે પુર્ણ થયેલ છે. જયારે બગોદરા-વટામણ-તારાપુર -વાસદ ૧૦૧.૭૬ કિ.મી. લંબાઈ છ માર્ગીયકરણ પહોળો કરવાની કામગીરી પૈકી તારાપુર- વાસદ રસ્તાની ૪૮.૧૦ કિ.મી. ની કામગીરી પૂર્ણ કરેલ છે.

વિશ્વબેંક પ્રોજેક્ટ

ગુજરાત સરકાર દ્વારા વિશ્વબેંક લોન સહાયીત ગુજરાત રાજ્ય માર્ગ યોજના-૧ (જી.એસ.એચ.પી-૧)ના અમલીકરણ અંગે વિશ્વબેંક દ્વારા અપાયેલ અત્યંત સંતોષકારક રેટીંગ બાદ સરકાર દ્વારા વિશ્વબેંક લોન સહાયીત ગુજરાત રાજ્ય માર્ગ યોજના-૨(જી.એસ.એચ.પી-૨) અંતર્ગત રાજ્યના કોર નેટવર્ક પૈકીના રાજ્યધોરી માર્ગોને પહોળા અને મજબુત કરવાની, પુન: સ્થાપીત કરવાની કામગીરી હાથ ધરેલ છે.

આયોજનના મુખ્ય ત્રણ ભાગો છે.

૧) રાજ્યના કોર નેટવર્ક પૈકીના રાજ્ય ધોરી માર્ગોને પહોળા અને મજબુત કરવા, પુન: સ્થાપીત કરવા

૨) સેક્ટર પોલીસી અને ઈન્સ્ટીટ્યુશન ડેવલપમેન્ટ

૩) માર્ગ સુરક્ષા

INDEX

(૧) રાજ્યના કોર નેટવર્ક પૈકીના રાજ્યધોરી માર્ગોને પહોળા અને મજબુત કરવા, પુન: સ્થાપીત કરવા

- આ યોજના અંતર્ગત ₹ ૫૬૭.૩૬ કરોડના ખર્ચે ૨૩૨ કી.મી.ના રાજ્ય ધોરી માર્ગોને પહોળા અને મજબુતીકરણની કામગીરી અને ૧૭૫ કી.મી.ના રસ્તાઓને પુન: સ્થાપિત કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે
- જેમાં એન્યુઈટી ધોરણે ખાનગી રોકાણ પધ્ધતિ થી ૬૧ કી.મી. લંબાઈના મહેસાણા- હિંમતનગર માર્ગને ડીઝાઈન, બીલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ, મેઈનટેન અને ટ્રાન્સફરના ધોરણે મોડીફાઈડ એન્યુઈટી થી ચારમાર્ગીય કરવાનું આયોજન પણ હતું જે પૂર્ણ થયેલ છે. જેમા રસ્તાનો એક અનુભાગ ગ્રીનહાઈવે તરીકે વિકસાવવાનુ આયોજન પણ પૂર્ણ થયેલ છે.
- ₹ ૩૬૪ કરોડના ખર્ચે ૧૦૩ કી.મી. ના રસ્તાઓમાં ૧૦ વર્ષ સુધીના સમયગાળા માટે આઉટપુટ એન્ડ પર્ફોર્મન્સ બેઝડ રોડ કોન્ટ્રાકટ (OPRC) ધોરણે મરામત અને જાળવણીની કામગીરી સૌરાષ્ટ્રમાં પૂર્ણ કરેલ છે.
- તદુપરાંત આ યોજનાની લોન રકમની બચત માંથી ૧૭૯ કિમીના પાંચ નવા રસ્તાઓને અંદાજીત ₹ ૭૭૦ કરોડના ખર્ચે પહોળા અને મજબુતીકરણ અને પુન: સ્થાપિત કરવાની કામગીરીમાં ૧૧૨ કિમી ની કામગીરી પુર્ણ અને ૬૭ કિમી હાલમાં પ્રગતિ હેઠળ છે.

(૨) સેક્ટર પોલીસી અને ઈન્સ્ટીટ્યુશનલ ડેવલપમેન્ટ (IDAP)

- આ અંતર્ગત માર્ગ અને મકાન વિભાગના સંસ્થાકીય માળખાના મજબુતીકરણ માટે જરૂરી સૂચનો અને તેના અમલીકરણ કરવાનો સમાવેશ થાય છે. આ અભ્યાસનો મુખ્યહેતુ ગુજરાત રાજ્યના વિઝન અનુરૂપ વ્યૂહાત્મક હેતુઓ સાથે જોડાયેલ મુખ્ય રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આયોજન, વ્યવસ્થાપન અને માર્ગ અને મકાન વિભાગની સંસ્થાકીય ક્ષમતા અને કામગીરીમાં સુનિશ્ચિત વધારો કરવાનો છે. વિવિધ અભ્યાસ પછી ઘણા મુદ્દાઓને મંજુરી પ્રાપ્ત થયેલ છે તથા અમુક ટાસ્ક હાલ પણ યોગ્ય મંજુરી હેઠળ છે. આ બાબતોએ તૈયાર કરેલ કાર્યયોજના તથા તેના પરની ભલામણોનો સ્વીકાર કર્યા બાદ તેનુ અમલીકરણ એકંદરે ₹ ૭૨ કરોડના અંદાજીત ખર્ચે પૂર્ણ કરેલ છે.

IDAP અંતર્ગત નીચે મુજબના મુખ્ય મુદ્દાઓના સમાવેશ થાય છે.

- ગુજરાત માટે લાંબાગાળાની માર્ગ ક્ષેત્રનીતિ તેમજ રોડનેટવર્ક માસ્ટર પ્લાન
- સ્ટેટ લેવલ પીપીપી (રોડ) નોડલ કેપેસિટી, રોડ સેફટીસ્ટ્રેટેજી
- મા.મ.વિભાગ તથા ગેરી અને એન્જીનેરીંગ સ્ટાફ કોલેજ માટે યોગ્ય ડેવલોપમેન્ટ સ્ટ્રેટેજી અને એક્શન પ્લાન
- ગવર્નન્સ એન્ડ એકાઉન્ટીબીલીટી, ક્વોલીટી કંટ્રોલ અને મેનેજમેન્ટનું દ્રઢીકરણ
- પ્રોજેકટ પ્લાનીંગ, ડીઝાઈન, રોડ સેફટી, એન્વાયરોન્મેન્ટ અને સોસીયલ મેનેજમેન્ટ તેમજ પ્રીકન્સ્ટ્રકશન એકશનસ અને પ્રોજેકટ મેનેજમેન્ટમાં મા.મ.વિભાગની ક્ષમતામાં વધારો
- રસ્તા અને પુલોની ડીઝાઈનમાં ઈનોવેશન અને કન્સ્ટ્રકશન મેનેજમેન્ટ જેવી બાબતો માટે સેન્ટર ઓફ એકસેલન્સના વિગેરેનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત કામગીરી માટે ત્રણ તજજ્ઞ સેવાઓની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) માર્ગ સુરક્ષા

- ₹ ૧૩૨ કરોડમાં મુખ્યત્વે માર્ગ સુરક્ષા અંતર્ગત બહુઆયામી માર્ગ સુરક્ષાની જોગવાઈ.
- જે અંતર્ગત ૧૧.૫૦ કિમી લંબાઈના "ગાંધીનગર-કોબા-ઈન્દિરાબ્રીજ"ની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- માર્ગ સુરક્ષા અંતર્ગત મુખ્યત્વે સુરક્ષીત માર્ગના બાંધકામ ઉપરાંત આજુબાજુના નાગરીકો તેમજ રોડ યુઝરોમાં અકસ્માત નિવારણ, ટ્રાફીકના નિયમો અંગેની જાગ્રુતી લાવવી વગેરે પગલાઓનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત ગુજરાત રોડસેફટી મેનેજમેન્ટ સીસ્ટમનું દ્રઢીકરણ પણ શક્ય બનશે.

એન્યુઈટી યોજના

- **સ્ટેટ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (એન્યુઈટી) :**

સ્ટેટ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે રાજ્યનાં આશરે ૩૩૯.૪૦ કિ.મી. લંબાઈના ૧૧ રાજ્ય ધોરી માર્ગોને પેવ્ડ સોલ્ડર સાથે ૧૦.૦૦ મીટર પહોળાઈનાં દ્વિમાર્ગીય રસ્તા કરવાની

કામગીરી ₹ ૭૪૬.૩૫ કરોડનાં ખર્ચે હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ યોજનામાં રસ્તાઓનું આલેખન, બાંધકામ ૧ થી ૨ વર્ષમાં પૂર્ણ કરી તેની નિયત ધારાધોરણ મુજબ મરામત-જાળવણી ૧૨ વર્ષ સુધી ઈજારદારે સ્વખર્ચે કરવાની છે.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના

- રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૬-૧૭માં ગ્રામ્ય માર્ગોની સુધારણા તેમજ જોડાણના વિસ્તરણ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના નામે નવતર યોજનાની શરૂઆત કરેલ છે. આ યોજનાનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૧૮-૧૯ માં પૂર્ણ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦ થી ત્રણ વર્ષ માટે બીજો તબક્કો શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે (વર્ષ ૨૦૨૧-૨૨) ₹ ૨૦૧૦.૫૭ કરોડની જોગવાઈ કરાયેલ છે. જે હેઠળ નીચે મુજબના વિવિધ કામોને મંજુરી પ્રદાન કરવામાં આવેલ છે.
- નોનપ્લાન નવા રસ્તાના બાંધકામ માટે ₹ ૧૩૦૬ કરોડના અંદાજી રકમના ૨૬૭૦ કિ.મી. લંબાઈના કુલ ૧૨૬૨ કામોને મંજુરીઓ આપવામાં આવી.
- નોનપ્લાન રસ્તાઓને ફરીથી સમતળ કરવા માટે ₹ ૭૯ કરોડના અંદાજી રકમના ૨૬૪ કિ.મી. લંબાઈના કુલ ૧૦૫ કામોને મંજુરીઓ આપવામાં આવી.
- આદિજાતિ વન વિસ્તારોમાંથી પસાર થતા રસ્તાઓના બાંધકામ અને સુધારણા માટે ₹ ૧૦.૫૩ કરોડના અંદાજી રકમના ૨૫ કિ.મી. લંબાઈના કુલ ૧૭ કામોને મંજુરીઓ આપવામાં આવી.
- ૭ વર્ષથી સમતળ ન કરાયેલ હોય તેવા ડેરીમાર્ગો સહીતના પ્લાન રસ્તાઓને પુનઃ સમતળ કરવા માટે ₹ ૭૦ કરોડના અંદાજી રકમના ૨૮૧ કિ.મી. લંબાઈના કુલ ૧૦૭ કામોને મંજુરીઓ આપવામાં આવી.
- થ્રુરૂટ, અન્ય જીલ્લા માર્ગો તથા મુખ્ય જીલ્લા માર્ગોને પહોળા કરવા માટે ₹ ૨૧૬ કરોડના અંદાજી રકમના ૪૨૪ કિ.મી. લંબાઈના કુલ ૧૨૨ કામોને મંજુરીઓ આપવામાં આવી.
- હયાત રસ્તાઓ પર સાંકળા નાળા તથા કોઝવેને કારણે ભારે વરસાદના સમયે ટ્રાફીકને અડચણ ન થાય તે હેતુથી કોઝવે/સાંકળા નાળાને સ્થાને ઉંચા બારમાસી સ્ટ્રકચર(પુલો)ના બાંધકામ માટે ₹ ૪૫૪ કરોડના અંદાજી રકમના કુલ ૩૦૫ કામોને મંજુરીઓ આપવામાં આવી.

આ સઘળા કામો માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે તથા આ કામો ટુંક સમયમાં શરૂ થનાર છે.

ઉપરોકત યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ₹ ૨૫૫૦ કરોડની જોગવાઈ માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે હેઠળ ઉપર મુજબની યોજનાઓ માટે મંજુરીઓ આપવામાં આવશે.

સુવિધાપથ યોજના

ગામતળમાં પસાર થતા રસ્તાઓને વધુ સુવિધાપૂર્ણ બનાવવાના આશયથી સીમેન્ટ કોંક્રીટના રસ્તામાં ફેરવવાની કામગીરી છેલ્લા છ વર્ષથી સુવિધાપથ યોજના હેઠળ હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ₹ ૧.૮૭ કરોડની અંદાજી રકમના ૧૮ કિ.મી.ની લંબાઈના ૬ કામોને મંજુરીઓ આપવામાં આવેલ છે.

ખાસ અંગભૂત યોજના

ખાસ અંગભૂત યોજના હેઠળ અનુસુચિત જાતિની ૨૫૦થી વધુ વસ્તી ધરાવતા ગામોને સારા ડામર રસ્તાની સુવિધા આપવા અન્વયે આવા ગામોને ડામર સપાટીના રસ્તાઓની સુવિધા પૂરી પાડવાનો અભિગમ છેલ્લા ૧૨ વર્ષથી હાથ ધરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ આજ સુધીમાં મંજુર કરાયેલ પૈકી કુલ ₹ ૩૧૯૮ કરોડના ખર્ચે ૧૨૯૩૧ કિ.મી. લંબાઈના ૬૬૫૩ કામો પૂર્ણ કરેલ છે અને ૬૨૦ કિ.મી. લંબાઈના કામો પ્રગતિ હેઠળ છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગ્રામ્ય માર્ગોની સુધારણા, વિસ્તૃતિકરણ અને બાંધકામ માટે આ યોજનાના ત્રીજા તબકકાના પ્રથમ ચરણમાં ₹ ૧૨૯૯.૮૧ કરોડના અંદાજી રકમના ૭૮૧ કિ.મી. લંબાઈના કુલ ૧૩૩ કામો તથા બીજા ચરણમાં ₹ ૯૬૮.૫૧ કરોડની અંદાજી રકમના ૧૭૧૫ કિ.મી. લંબાઈના કુલ ૧૭૧ કામોની મંજુરીઓ આપવામાં આવી. તે પૈકી આજદિન સુધી ₹ ૩૧.૬૦ કરોડના ખર્ચે, ૮૯ કિ.મી. લંબાઈના, ૧૦ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

INDEX

પાટનગર યોજના

રહેણાંક મકાનો

ગાંધીનગર તથા અમદાવાદ શહેર ખાતે વિવિધ કક્ષાના ₹ ૧૭૩ કરોડની રકમના ૬૬૪ આવાસનું બાંધકામ પૂર્ણ, ગાંધીનગર તથા અમદાવાદ શહેર ખાતે વિવિધ કક્ષાના ₹ ૩૮૦.૮૫ કરોડની રકમના ૧૫૦૮ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ તેમજ ₹ ૪૭૦ કરોડની રકમના ૧૯૮૦ આવાસોનું બાંધકામ શરૂ થવામાં છે. ઉપરાંત ગાંધીનગર ખાતે માન.ધારાસભ્યશ્રીઓ માટે ₹ ૧૨૦.૦૦ કરોડની રકમના નવા સદસ્ય નિવાસનું બાંધકામ શરૂ થવામાં છે.

બિન રહેણાંક મકાનો

ગાંધીનગર ખાતે અદ્યતન સુવિધાયુક્ત ટાઉનહોલ આધુનીકરણનું અંદાજીત રકમ ₹ ૧૭.૧૩ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે.

ગાંધીનગર ખાતે ડૉ.જીવરાજ મહેતા ભવન રીડેવલપમેન્ટ અંતર્ગત સરકારી કચેરી માટે ₹ ૧૦૦.૦૦ કરોડની અંદાજીત રકમના બે - નવા બ્લોકનું બાંધકામ શરૂ થવામાં છે.

અમદાવાદ સાબરમતી ખાતે સરકારી કચેરીઓ માટે ₹ ૯૧.૦૦ કરોડની અંદાજીત રકમનું કચેરી બિલ્ડીંગનું બાંધકામ શરૂ થવામાં છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ

રાજ્ય સરકાર હસ્તકની કામગીરી

- ભારત સરકાર દ્વારા અમદાવાદ-બામણબોર-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮ એ અને ૮-બીને છ-માર્ગીય કરવાની કામગીરી રાજ્ય સરકારને સોંપેલ છે. જેની ૨૦૧ કી.મી. લંબાઈમાં છ-માર્ગીયકરણ પ્રોજેકટની અંદાજીત રકમ ₹ ૩૩૫૦.૦૦ કરોડ થાય છે. જે અન્વયે સાત પેકેજ બનાવી કામગીરી હાથ ધરેલ છે. જે પૈકી પાંચ પેકેજની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- રા.ધો.માર્ગ નં.૮ ક ના ૪૪.૪૨૦ કી.મી. પૈકી બાકી રહેતી ૧૯.૨૦ કી.મી. લંબાઈમાં છ-માર્ગીયકરણ અને પુલો તથા ફલાય ઓવરની કામગીરી ₹ ૯૧૩.૪૯કરોડના ખર્ચે હાથ ધરેલ છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- સીમા સુરક્ષા માટે અતિ ઉપયોગી એવા કચ્છ અને બનાસકાંઠા જિલ્લાઓને જોડતા નવો જાહેર થયેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૭૫૪ કે ગઢુલી-સાંતલપુર રસ્તાની ૭૯.૫૯ કી.મી. ખુટતી કડીઓની કામગીરી ₹ ૪૦૦.૭૬ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ઓખા અને બેટ દ્વારકાને જોડતા સમુદ્ર ઉપર ૪.૨૩ કી.મી. લંબાઈના ચારમાર્ગીય કેબલ સ્ટેડ સીગ્નેચર બ્રીજનું બાંધકામ ₹ ૯૬૨.૪૩ કરોડના ખર્ચે હાથ ધરેલ છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- એક લાખથી વધારે ટ્રેઈન વ્હીકલ યુનીટ ધરાવતા રેલ્વે ક્રોસીંગ ઉપર અંદાજે ₹ ૮૨૦૦ કરોડના ખર્ચે ૧૯૦ રેલ્વે ઓવરબ્રીજ અને અન્ડર બ્રીજ બનાવવાનુ આયોજન છે, જે પૈકી ૭૫ રેલ્વે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.
  - ડી.એફ.સી.સી. રૂટ પર કુલ ૬૨ આર.ઓ.બી.ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી ૧૩ આર.ઓ.બી.ની કામગીરી પૂર્ણ થયેલ છે. જયારે ૪૯ આર.ઓ.બી.ના કામો પ્રગતિ હેઠળ છે.
  - ૫૦-૫૦ ટકા સહ ભાગીદારી હેઠળના કુલ ૧૨ કામો પૈકી ૧૦ કામો પ્રગતિ હેઠળ છે જયારે ૨ કામોના નકશા અંદાજો તથા જી.એ.ડી. બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. ફાટક મુકત અભિયાન હેઠળ કુલ ૮૬ આર.ઓ.બી. ના બાંધકામની વહીવટી મંજુરી ₹ ૪૩૦૦ કરોડની મળેલ છે. જેના ડી.પી.આર.ની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
  - એન્યુઈટી હેઠળના કુલ ૮- આર.ઓ.બી. ને કોન્ટ્રાકટ રદ કરી રાજ્ય સરકાર દ્વારા બાકીની કામગીરી રાજ્ય બજેટમાંથી કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.
  - સી.આર.એફ. યોજના હેઠળ કુલ ૮ કામો પૈકી ૭ કામો પ્રગતિ હેઠળ છે.
  - જી.એસ.આર.ડી.સી. હેઠળના કુલ ૭ આર.ઓ.બી.ના કામો પ્રગતિ હેઠળ છે.
  - રાજ્ય હસ્તકના કુલ ૭ આર.ઓ.બી. પૈકી ૩ આર.ઓ.બી. પ્રગતિ હેઠળ અને ૪ આર.ઓ.બી. ના કામો શરૂ થનાર છે.

ગુણવત્તા નિયમનની કામગીરી

- માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તા, પુલો અને મકાનોના નાના મોટા અનેક વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. આવા બધા કામો નિર્દિષ્ટ ધોરણો પ્રમાણે થાય તે માટે દેખરેખ રાખવાની વ્યવસ્થા વર્તુળ, વિભાગ, પેટા વિભાગો તથા તેમની નીચેના નાના એકમો પાડી કરવામાં આવે છે તેમ છતાં આવા કામો ધોરણસરની નિર્દિષ્ટ વિગતો પ્રમાણે થાય તેની તકેદારી માટે રાજ્ય કક્ષાએ મુ.ઈ. (ગુ.નિ.) અને અ.સ.શ્રીના તાબા હેઠળ એક અધિક્ષક ઈજનેર, ગુણવત્તા નિયમન વિભાગો નિરીક્ષણ કરી ચકાસણી કરે છે. ફરીયાદ અંગે પ્રાથમિક તપાસ ઉપરાંત કામો સમયસર સુધારી લેવા અને નિર્દિષ્ટ ધોરણો પ્રમાણે ચાલતા રાખવા માટે આ પ્રથા ઘણીજ ઉપયોગી છે તેના કારણે કામોની ગુણવત્તા જળવાય છે અને કામોના ધોરણો જળવાય છે.

૧૪. માહિતી અને પ્રસારણ વિભાગ

રાજ્ય સરકારની પ્રજાકલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ, પ્રવૃતિઓ, જાહેર કરેલ કાર્યક્રમો તથા તેમાં હાંસલ કરેલ સિદ્ધિઓની જાણકારી રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં વસતા લોકોને ત્વરિત મળી રહે તે માટે વિજાણું, મુદ્રીત, દ્રશ્ય-શ્રાવ્ય અને સોશિયલ મીડિયા જેવા વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસારની કામગીરી માહિતી નિયામકની કચેરી મારફતે કરાવવાની તથા તે માટે અધિનિયમો, નિયમોના સંદર્ભમાં નીતિ વિષયક નિર્ણયો લેવાની અને તેના અમલ પર દેખરેખ રાખવાની, માર્ગદર્શન આપવા તેમજ આ અંગે જરૂરી હુકમો બહાર પાડવાની અગત્યની કામગીરી માહિતી અને પ્રસારણ વિભાગ કરે છે. આ વિભાગ હસ્તક એક ખાતાના વડા માહિતી નિયામકની કચેરી આવેલી છે.

માહિતી નિયામકની કચેરી

માહિતી નિયામકની કચેરીની મુખ્ય કામગીરી સરકાર અને પ્રજા વચ્ચે સંવાદ રચી સંવાહકની ભૂમિકા અદા કરવાની, રાજ્ય સરકારની પ્રજા કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ, જાહેર કરેલ કાર્યક્રમો તથા નીતિઓની રાજ્યના જનસમૂદાયને માહિતગાર કરવાની તેમજ તે સામે આમ જનતાની આકાંક્ષાઓ, જરૂરિયાતો અને સમસ્યાઓથી સરકારશ્રીને વાકેફ કરવાની મુખ્ય કામગીરી આ કચેરી દ્વારા કરવામાં આવે છે. અર્થાત સરકાર અને પ્રજાજનો વચ્ચે સેતુરૂપ એવી મહત્વની કામગીરી આ કચેરી દ્વારા કરવામાં આવે છે.

રાજ્ય સરકારે જનસમુદાયના હિતાર્થે કરેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગેની માહિતી લોકોના ધ્યાન પર લાવી મોટી સંખ્યામાં તેનો લાભ લેતાં થાય તે હેતુથી માહિતી કચેરી વિવિધ પ્રચાર માધ્યમો પ્રયોજે છે. લોકોની જરૂરિયાતો, માંગણીઓ અને તેમના વિકાસ માટે જે પગલાં લેવાની સરકારી તંત્ર પાસે જાહેર જનતા દ્વારા અપેક્ષા રખાતી હોય છે તેમજ અમલી બનાવેલી લોકોપયોગી યોજનાઓના અમલ વિષે લોકો શું માને છે તે સરકારના ધ્યાને લાવવાની બાબત પણ ફીડબેક વ્યવસ્થા દ્વારા હાથ ધરાય છે. આમ, માહિતી નિયામકની કચેરી પ્રજા અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો વચ્ચેની એક કડીરૂપ કામગીરી કરે છે.

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ લોકોપયોગી, પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓ અને વિવિધ વિકાસની પ્રવૃત્તિઓને વિજાણું, મુદ્રિત, દ્રશ્ય-શ્રાવ્ય, સોશિયલ મીડિયા અને પરંપરાગત માધ્યમો જેવા કે ભવાઇ, ડાયરા અને નાટક દ્વારા પ્રસિદ્ધિ આપી લોકો સુધી તે માહિતી પહોંચે અને તેનો પૂરતા પ્રમાણમાં લાભ લેવા પ્રેરાય તે માટેની કામગીરી આ કચેરી કરે છે. માહિતી નિયામકની કચેરી વિવિધ યોજનાઓની તસ્વીરો સહિત સમાચાર યાદીઓ અખબારો, આકાશવાણી અને દૂરદર્શન મારફત સમાચાર, વર્તમાનપત્રોમાં જાહેરખબરો, વિડિયો તેમજ ફિલ્મના સ્વરૂપમાં દસ્તાવેજી ફિલ્મનું નિર્માણ કરી દૂરદર્શન તેમજ સિનેમાગૃહોના માધ્યમથી તેનાં પ્રસારણની કામગીરી માહિતી કચેરી કરે છે.

હાલમાં આધુનિક ટેકનોલોજીના યુગમાં રાજ્ય સરકારની વિવિધ પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓ, જાહેર કરેલ કાર્યક્રમો અને તેમાં હાંસલ થયેલ સિધ્ધિઓની જાણકારી આમજનતાને ત્વરિત મળી રહે અને તેનો વ્યાપક જનસમુદાય પૂરતા પ્રમાણમાં લાભ લઇ શકે તે હેતુથી સોશિયલ મીડિયા માધ્યમ જેવાં કે ફેસબુક, ટવીટર, બ્લોગ, યુ-ટયુબ જેવા માધ્યમ થકી પ્રચાર-પ્રસારની કામગીરી પણ કરવામાં આવે છે.

રાજ્યમાં ભરાતા વિવિધ મેળાઓ તથા યોજાતા લોકોત્સવ વખતે જે તે સ્થળે અને સમયે માહિતીસભર પ્રદર્શન યોજવાં, ડાયરા, ભવાઇ, નાટક વગેરે પરંપરાગત માધ્યમોનો ઉપયોગ કરી મનોરંજન કાર્યક્રમો પ્રચારના હેતુ અર્થે યોજવા, પોસ્ટર, પુસ્તિકાઓ, ચોપાનીયા જેવા પ્રકાશનો દ્વારા રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી લાભદાયી યોજનાઓથી લોકોને વાકેફ રાખવાની કામગીરી આ કચેરી કરે છે.

માહિતી કચેરી દ્વારા બેરોજગારોને રોજગારીની માહિતી આપતું “ગુજરાત રોજગાર સમાચાર” સાપ્તાહિક તથા સાંપ્રત ગુજરાતના વિકાસની સમીક્ષા કરતું ‘ગુજરાત’ પાક્ષિક તથા અંગ્રેજી ભાષામાં ‘ધ ગુજરાત’ (દર ત્રણ માસે) નિયમિત રીતે પ્રકાશિત કરવામાં આવે છે.

આ કામગીરીના સુચારૂ વહન માટે મુખ્ય મથક ગાંધીનગર ખાતે માહિતી નિયામકની કચેરી તથા રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા માહિતી કચેરી તથા રાજ્યના ૨(બે) યાત્રાસ્થળોએ કાયમી પ્રદર્શન કેન્દ્રોનું સમયાંતરે આધુનીકરણ કરવામાં આવે છે. જેના દ્વારા યાત્રાળુ પ્રવાસીઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, રાજ્યની પ્રગતિ અને સંસ્કૃતિ તથા અસ્મિતાથી માહિતગાર કરવામાં આવે છે. આ ઉપરાંત મુંબઇ તથા દિલ્હી ખાતેની માહિતી કચેરી મારફતે રાજ્યની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ, પ્રજા કલ્યાણકારી યોજનાઓ તેમજ રાજ્યની પ્રગતિ, વિકાસ, કલા સંસ્કૃતિ વગેરે વિશેની રાજ્ય બહાર વસતા લોકોને માહિતગાર કરવામાં આવે છે.

INDEX

માહિતી નિયામકની કચેરી દ્વારા નીચે જણાવેલ વેબસાઈટ બનાવવામાં આવેલ છે. જે હાલમાં કાર્યરત છે.

૧ (a) www.gujaratinformation.net

આ વેબસાઈટ ઉપર સરકારની વિકાસ ગાથાઓ, રોજબરોજની વિડિયો કલીપીંગ્સ, ફોટોગ્રાફ્સ વગેરે પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમજ દરરોજ જિલ્લા કચેરીઓમાંથી ઈ-મેઈલ દ્વારા વિગતો મેળવી વેબસાઈટ અપડેટ કરવામાં આવે છે.

(b) www.statetenders.com

ગુજરાત સરકારના તમામ વિભાગો/ખાતાઓ દ્વારા તૈયાર થતી ટેન્ડર નોટીસ રોજબરોજ વેબસાઈટ ઉપર અપડેટ કરવામાં આવે છે.

વિજ્ઞાપન દ્વારા પ્રચાર :

રાજ્ય સરકારનો પ્રજાલક્ષી અભિગમ, દ્રષ્ટિકોણ, તેમજ રાજ્ય સરકારે મહત્વના ક્ષેત્રોમાં હાંસલ કરેલ નોંધપાત્ર સિદ્ધિઓ, રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ, વિકાસ કાર્યક્રમો, લોકજાગૃતિ, લોકકર્તવ્ય, પારદર્શક વહીવટ તથા આદિવાસી કલ્યાણની યોજનાઓ તથા અનુસુચિત જાતિઓની કલ્યાણલક્ષી યોજનાઓની જેવી અતિ મહત્વની બાબતોની જાણકારી રાજ્યના વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડવાના ઉમદા આશયથી ડીસ્પ્લે જાહેરખબરો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ કરવાની કામગીરી આ કચેરી દ્વારા કરવામાં આવે છે.

ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકારે હાંસલ કરેલ સિધ્ધિઓ, મહત્વના નીતિ વિષયક નિર્ણયો, મહત્વની યોજનાઓ, ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતી, અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ, વનમહોત્સવ, મહિલા સશક્તિકરણ, આંતરરાષ્ટ્રીય મૂળ નિવાસી દિવસ, ગુજરાત ગૌરવ દિવસ, કૃષિ મહોત્સવ, સૌને શિક્ષણ અને રોજગાર, વનબંધુ સંમેલન, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, ગુણવત્તાસભર શિક્ષણ દ્વારા ગુજરાત બન્યું ગતિશીલ, સ્વાતંત્ર્ય પર્વ, સરદાર પટેલ જન્મ જયંતી, ડીઝીટલ સેવાસેતુ, મહાત્મા ગાંધીજી જન્મ જયંતી નિમીતે શત શત વંદન, કોરોના વિશે જાગૃતિ વિગેરે. વિષયો અંગેની કુલ-૪૨ ડીસ્પ્લે જાહેરખબર વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવી. રાજ્ય બહારના દૈનિકોને ડી.એ.વી.પી.ના દર મુજબ તથા મેગેઝીનો/સોવેનિયરોમાં વિકાસલક્ષી બાબતોની ડીસ્પ્લે જાહેરખબર આપવામાં આવે છે.

રાજ્ય સરકારની કચેરીઓ, બોર્ડ-કોર્પોરેશનો અને પંચાયતો વગેરેના ટેન્ડરો તથા ભરતીને લગતી કુલ ૧૫૯૨ વર્ગીકૃત જાહેરખબરો વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવા માટે મોકલવામાં આવેલ હતી. આ ઉપરાંત જિલ્લા માહિતી કચેરીઓ દ્વારા વર્તમાનપત્રોમાં આપવામાં આવતી વર્ગીકૃત જાહેરખબરોની નિયમાનુસાર ચકાસણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

વિજ્ઞાપન દ્વારા પ્રચાર માટેનું આયોજન

રાજ્ય સરકારનો પ્રજાલક્ષી અભિગમ, દ્રષ્ટિકોણ તેમજ રાજ્ય સરકારે મહત્વના ક્ષેત્રોમાં સાધેલો વિકાસ, પ્રાપ્ત કરેલ નોંધપાત્ર સિદ્ધિઓ, રાજ્ય સરકારની પ્રજા કલ્યાણકારી યોજનાઓ, લોકજાગૃત્તિ, લોકકર્તવ્ય, પારદર્શક વહીવટ જેવી અતિ મહત્વની બાબતોની જાણકારી રાજ્યના વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડવા તેમજ આ બધી બાબતોના અમલ માટે લોકભાગીદારી કેળવી શકાય તેવા ઉમદા આશયથી માહિતી કચેરી દ્વારા સને ૨૦૨૨-૨૩માં ડિસ્પ્લે જાહેરખબરોને વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરાવવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

હોર્ડિંગ્સ દ્વારા પ્રચાર :

રાજ્ય સરકારની વિવિધ લોકોપયોગી કલ્યાણકારી યોજનાઓ, જાહેર કરેલ કાર્યક્રમ તેમજ વિવિધ પ્રજાલક્ષી યોજનાની કામગીરી અને તેમાં રાજ્ય સરકારે હાંસલ કરેલ સિદ્ધિઓની જાણકારી લોકો સુધી પહોંચે તે માટે આઉટડોર પબ્લીસીટીના માધ્યમ દ્વારા પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે. રાજ્યના મહત્વના યાત્રાસ્થળો, ધોરીમાર્ગો, હવાઈ મથકો, એસ. ટી. બસ મથકો અને લોકોનું ધ્યાન સહજપણે આકર્ષાય તેવા સ્થળોએ, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં આવેલ મહત્વના અને ધ્યાનાકર્ષક સ્થળોએ, આદિવાસી વિસ્તારો તેમજ અનુસુચિત જાતિ વિસ્તારોમાં પણ હોર્ડિંગ્સ ઉભા કરવામાં આવેલ છે. આમ હોર્ડીંગ્સ દ્વારા પ્રચાર અને પ્રસારની કામગીરી માહિતી કચેરી દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત એસ.ટી.બસની પેનલ્સ મારફતે પણ પ્રચાર- પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

ફિલ્મ નિર્માણ દ્વારા પ્રચાર :

ફિલ્મ પ્રત્યાયન માટેનું એક અસરકારક માધ્યમ છે. દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ મારફતે રાજ્ય સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ, જાહેર કરેલ કાર્યક્રમો તેમજ વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને તેમાં હાંસલ કરેલ સિદ્ધિઓની જાણકારી રાજ્યના અંતરિયાળ વિસ્તારના લોકોને ત્વરિત મળી રહે તે માટે મનોરંજન સાથે પ્રચાર અને પ્રસિદ્ધિના હેતુથી ટી.વી. ફિલ્મ તથા વિવિધ ચેનલો મારફતે પ્રચાર-પ્રસિદ્ધિની કામગીરી માહિતી નિયામકની કચેરી દ્વારા કરવામાં આવે છે. આમ, માહિતી, જ્ઞાન, પ્રેરણા અને મનોરંજન ફિલ્મના માધ્યમ થકી પૂરું પાડવામાં આવે છે.

INDEX

માહિતી કચેરી દ્વારા નિષ્ણાત અને કુશળ નિર્માતાઓની પેનલ દ્વારા રાજ્ય સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ આધારિત જુદા જુદા વિષયો કોરોના મહામારીથી બચવા સાવચેતીના પગલા, મુખ્ય મંત્રીશ્રી કિસાન સહાય યોજનાઓ, ઔદ્યોગિક પ્રોત્સાહન માટે નવી ઉદ્યોગ નીતિ, પારદર્શક વહિવટ અને મહેસુલી સુધારા, આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના, આરોગ્ય સેવા ક્ષેત્ર, સૌની યોજના અને જળ વ્યવસ્થાપન, ઔદ્યોગિક પ્રગતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના ઉત્કર્ષ યોજના, યોગ કરીશુ કોરોનાને હરાવીશુ, નિરામય ગુજરાત જેવી ૧૭ જેટલી નવેમ્બર-૨૦૨૧ અંતિતની સ્થિતિમાં ખાસ મલ્ટીમીડિયા દસ્તાવેજી ચિત્રોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

માહિતી નિયામકની કચેરી દ્વારા દસ્તાવેજી ફિલ્મો, ખાસ મલ્ટી મીડિયા દસ્તાવેજી ચિત્રો, કિવકી, ઝીંગલ રાજ્યની સ્થાનિક તેમજ અન્ય વિવિધ ચેનલો દ્વારા અને એફ.એમ.સ્ટેશનો, ઓલ ઇન્ડિયા રેડિયો દ્વારા નિયમિત રીતે પ્રચાર કરવાની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી દસ્તાવેજી ચિત્રના નિર્માણ માટે નિષ્ણાત અને કુશળ નિર્માતાઓની પેનલ દ્વારા કરવામાં આવે છે.

"બોલે ગુજરાત", "વિકાસનું વાવેતર" શીર્ષકથી નિર્માતાઓ પાસેથી ૪૦ જેટલી શોર્ટ ફિલ્મોનું નિર્માણ કરાવીને માન. મુખ્યમંત્રીશ્રીના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુકવામાં આવી છે.

રાજ્ય સરકારના મહત્વના કાર્યક્રમો - નિર્ણયો આધારિત "શું ખબર ગુજરાત" અને "ખુશ ખબરના" વિવિધ ભાગો તેમજ વિવિધ વિષયો પર નવેમ્બર-૨૦૨૧ અંતિતની સ્થિતિએ ૧૦૦ જેટલી ટીવી કિવકીનું નિર્માણ કરીને વિવિધ પ્રાદેશિક ટીવી ચેનલો, તેમજ રેડિયો ઝીંગલનું નિર્માણ કરીને એફ.એમ.રેડિયો સ્ટેશનો પર તેમજ થિયેટરોમાં પ્રસારણ કરાવીને વધુમાં વધુ લોકો સુધી પહોંચવાનો સફળ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

ટી.વી. શ્રેણી :

માહિતી નિયામકની કચેરી દ્વારા "વિકાસ વિશેષ" ટી.વી. શ્રેણીનું નિર્માણ કરવામાં આવતુ હતું. હવે આ શ્રેણીનું નામ બદલીને "ગુજરાત ગાથા" કરવામાં આવ્યુ છે. જેમાં રાજ્યના વિકાસની અને સિદ્ધિઓની ઝાંખી કરાવવામાં આવે છે. રાજ્ય સરકારની લોકકલ્યાણની યોજનાઓ તથા પ્રજા કલ્યાણલક્ષી કાર્યોની વિકાસ યોજનાઓની સફળતા-સાર્થકતા અને સિધ્ધિઓની વિગતો દસ્તાવેજી ચિત્ર સ્વરૂપે "ગુજરાત ગાથા" શ્રેણીમાં રજૂ કરવામાં આવે છે. રાજ્યના વિકાસની ઝાંખી કરાવતી ૨૫ મિનિટની અવધિની "ગુજરાત ગાથા" શ્રેણી વિવિધ ચેનલો પરથી દર શનિવારે પ્રસારિત કરવામાં આવે છે.

માહિતી નિયામકની કચેરી દ્વારા "પ્રગતિશીલ ગુજરાત" શ્રેણીનું નિર્માણ કરવામાં આવતુ હતું હવે આ શ્રેણીનું નામ બદલીને "યશગાથા ગુજરાતની" કરવામાં આવ્યુ છે. જે રાજ્યમાં વિવિધ ક્ષેત્રે થઇ રહેલા વિકાસનું પ્રતિબિંબ પુરૂં પાડે છે. ૨૫ મિનિટની અવધિ ધરાવતો "યશગાથા ગુજરાતની" કાર્યક્રમ રાજ્ય સરકારની સિધ્ધિઓ અને રાજ્યની પ્રગતિના સમાચારો ઉપર તૈયાર કરાય છે. આ કાર્યક્રમનું નિર્માણ સંપૂર્ણપણે ઇન હાઉસ થાય છે. "યશગાથા ગુજરાતની" શ્રેણી વિવિધ ટીવી ચેનલો દ્વારા નિયમિત પણે રવિવારે પ્રસારિત કરાય છે.

આ ઉપરાંત વિધાનસભા સત્ર દરમિયાન વિધાનસભાની પ્રશ્નોત્તરી પર આધારિત 'લોકશાહીના ધબકારા કાર્યક્રમ' વિવિધ ચેનલો પરથી પ્રસારિત કરવામાં આવે છે.

પ્રકાશનો દ્વારા પ્રસિધ્ધિ :

માહિતી નિયામક કચેરી સરકાર અને પ્રજા વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવે છે. મુદ્રિત પ્રકાશનો એ એક અસરકારક માધ્યમ છે. રાજ્યના જન સામાન્ય તથા અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિવાસી અને અનુસુચિત જાતિના લોકોને પણ સરકારની કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે હેતુથી વિવિધ પ્રકારના સમાજોપયોગી પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલી બનાવેલી કલ્યાણકારી યોજનાઓ, જાહેર કરેલ કાર્યક્રમોનો વિશાળ જનસમુદાય અને સંબંધિત વર્ગ લાભ લઇ શકે તેને લક્ષમાં રાખીને પ્રકાશનો પ્રસિધ્ધ કરવાની કામગીરી વર્ષ દરમ્યાન કરવામાં આવે છે.

ગુજરાત પાક્ષિક :

મુદ્રિત માધ્યમો પૈકી 'ગુજરાત' પાક્ષિક એક અસરકારક માધ્યમ છે. માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા "ગુજરાત" પાક્ષિક દર માસની ૧લી તથા ૧૬મી તારીખે નિયમિત રીતે પ્રકાશિત થાય છે. જેમાં પ્રતિ પંદર દિવસની લોકકલ્યાણ/જનહિતની બાબતોને આવરી લેવામાં આવે છે. જેમાં રાજ્ય સરકારની વિવિધ મહત્વપુર્ણ બાબતોને આવરી લેતા લેખો, સમાચારો, જાહેરખબરો, ફોટોગ્રાફસ વગેરે દ્વારા આમ જનતાને ઊપયોગી માહિતી આપવામાં આવે છે.

મહામહિમ રાજ્યપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, માન. મંત્રીશ્રીઓની મુલાકાતના તેમજ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી લોકકલ્યાણકારી યોજનાઓની ફળશ્રુતી ખાસ લેખો, સમાચારો કે ફોટોગ્રાફસ 'ગુજરાત' પાક્ષિકમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેના કારણે રાજ્યભરની વિકાસલક્ષી માહિતી કે રાજ્ય સરકાર દ્વારા થતા કામોની વિગતો પ્રજાજનો સુધી પહોચે છે. પાક્ષિકના પ્રકાશનમાં કવરસ્ટોરી, કલાસંસ્કૃતિની વાત, ગુજરાતના પ્રવાસન સ્થળો, યોજનાકીય બાબતોની ફળશ્રુતિ, મહાનુભાવોની

મુલાકાતો સહિત રાજ્ય સરકારના તમામ વિભાગોની નવી બાબતોના લેખ, અભ્યાસલેખ, કવરસ્ટોરી સ્વરૂપે લોકો સુધી પહોચાડવામાં આવે છે. સાથોસાથ જાણિતા લેખકો, પત્રકારોની નવોદિત લેખકોની કલમે લખાયેલ વિવિધ વિષયોને લગતા લેખો પ્રકાશિત કરવામાં આવે છે.

માત્ર ૫૦ રૂપિયાના નજીવા લવાજમ દરથી ટપાલ વિભાગ દ્વારા ગ્રાહકોના ઘર સુધી આ પ્રકાશન પહોચી રહ્યું છે. જેનું વાર્ષિક લવાજમ હવે રાજ્યની તમામ કોમ્પ્યુટરાઝડ પોસ્ટ ઓફિસ દ્વારા પણ સ્વીકારવામાં આવે છે. પાક્ષિકમાં આવરી લેવાતા વૈવિધ્યપુર્ણ વિષયોને કારણે આ-બાલવૃધ્ધ સૌ કોઈ માટે આ પાક્ષિક માનીતું બન્યુ છે. ઊપયોગી જાણકારી અને આકર્ષક લે-આઊટ તથા નયનરમ્ય ફોટોગ્રાફસને લીધે 'ગુજરાત' પાક્ષિકનો ફેલાવો એક લાખ પચાસ હજાર જેટલો થવા જાય છે. આઈ.આર.એસ.ના તારણો અનુસાર કોઈપણ પ્રકાશનને સામાન્ય રીતે કુટુંબના સભ્યો તેમજ આસપાસની પાંચથી છ વ્યક્તિઓ વાંચતી હોય છે. આ પ્રમાણે મુલ્યાંકન કરતા 'ગુજરાત' પાક્ષિકના એક લાખ પચાસ હજારના ફેલાવાને ધ્યાનમાં લેતાં પાંચ વાંચકોની ગણતરી કરતા અંદાજે સાત લાખ પચાસ હજાર લોકો રાજ્યની વિવિધ વિકાસલક્ષી માહિતી વાંચી રહ્યા છે, એમ કહી શકાય. એટલું જ નહિ બલ્કે દેશભરના ગુજરાતી સમાજોને પણ ગુજરાતમાં બનતી વિકાસની વાતો-ઘટનાઓ ગુજરાત પાક્ષિકના માધ્યમથી પહોંચાડવામાં આવે છે. જેનો પ્રભાવક પ્રતિસાદ પણ મળી રહ્યો છે. પાક્ષિકમાં વાંચકોને જોડવાનો પ્રયાસ 'વાંચકોના અભિપ્રાય' કોલમ દ્વારા કરવામાં આવ્યો છે. આ માધ્યમથી ગુજરાત પાક્ષિક વિશેના અભિપ્રાયો અક્ષરસ: પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પ્રતિ પંદર દિવસે પ્રકાશિત થતા ગુજરાત પાક્ષિકમાં વખતોવખત કૃષિ, ઊર્જા, પ્રવાસન, સ્થાપત્ય, નયનરમ્ય સ્થળો, વન્યસૃષ્ટિ જેવા વિષયો ઊપરના વિશેષાંકો વાંચકોને પુરા પાડવામાં આવે છે. જેમાં સંપુર્ણ વિષયને આવરી લેવાય છે. એક અગત્યની બાબત એ પણ છે કે, પાક્ષિકના વાંચકોમાં યુવા વર્ગની સંખ્યામાં ખૂબ વધારો થયો છે. રાજ્યની તમામ શાળા-કોલેજોમાં ગુજરાત પાક્ષિક પુરા પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓને ગુજરાત પાક્ષિકમાં આવરી લેવામાં આવતી ગુજરાત રાજ્યના વિકાસને લગતી બાબતો અને વિષયોની જાણકારી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષામાં ખુબ જ ઊપયોગી બની રહે છે. રાજ્યના બહુજન સમાજને ઊપયોગી માહિતી આમજનતા સુધી પહોંચાડવા માટે ગુજરાત પાક્ષિક એક વિશ્વસનીય માધ્યમ છે. ચાલુ વર્ષે અંદાજપત્ર વિશેષાંક, આદિજાતિ વિશેષાંક, પાંચ વર્ષ નિમિત્તે વિકાસ વિશેષ જેવા વિવિધ વિષયના અંક પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રજાસત્તાક પર્વ વિશેષાંક, બજેટ વિશેષાંક, કૃષિ વિશેષાંક, શાળા પ્રવેશોત્સવ વિશેષાંક, સ્વાતંત્ર પર્વ વિશેષાંક, દિપોત્સવી વિશેષાંક, વંચિત વિકાસ વિશેષાંક, આદિજાતિ વિકાસ વિશેષાંક જેવા વિવિધ વિષયના અંક પ્રસિધ્ધ કરવાનું પણ આયોજન છે.

ધ ગુજરાત (ત્રિમાસિક)

ગુજરાત રાજ્યની વિકાસલક્ષી, ભૌગોલિક, પ્રવાસન, સાંસ્કૃતિક તેમજ ઐતિહાસિક ધરોહરને ઉજાગર કરતી વિવિધ બાબતોથી રાજ્ય બહારના લોકો પણ માહિતગાર થાય તે આશયથી અંગ્રેજી ભાષામાં "ધ ગુજરાત" દર ત્રણ માસે પ્રસિધ્ધ કરી તેનુ રાજ્યના તેમજ રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ટ અધિકારીઓ, તજજ્ઞો વગેરેને વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે.

ગુજરાત રોજગાર સમાચાર સામાહિક :

રાજ્યના બેરોજગાર યુવક-યુવતીઓને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ રોજગાર-સ્વરોજગાર વિષયક માર્ગદર્શન મળી રહે તે આશયથી દર બુધવારે ગુજરાત રોજગાર સમાચાર સામાહિક સ્વરૂપમાં નિયમિત રીતે પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેનું વાર્ષિક લવાજમ હવે રાજ્યની તમામ કોમ્પ્યુટરાઝડ પોસ્ટ ઓફિસ દ્વારા પણ સ્વીકારવામાં આવે છે. આ પ્રકાશનમાં રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, બોર્ડ કોર્પોરેશનો, અર્ધ સરકારી સાહસો વગેરેમાં કરવામાં આવતા ભરતી અંગેના વિજ્ઞાપનોને સરળ ગુજરાતી ભાષામાં સંકલિત કરીને પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત કુટિર ગ્રામ, ખાદી, લધુ ઉધોગોને લગતા સ્વરોજગારી વિષયક લેખોને પણ સ્થાન આપવામાં આવે છે. આ સામાહિકમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી થાય એવી માહિતી જનરલ નોલેજ "કવીઝ કોર્નર" કોલમ દ્વારા વિદ્યાર્થીઓને પુરી પાડવામાં આવે છે. નફાના હેતુથી નહીં બલ્કે ગ્રાહકોને રોજગાર/સ્વરોજગાર અંગેનું માર્ગદર્શન આપવાના આશયથી પ્રસિધ્ધ કરાતાં આ સામાહિકનું વાર્ષિક લવાજમ માત્ર ₹ ૩૦.૦૦ રાખવામાં આવેલ છે.

રોજગાર સમાચાર સામાહિકનો ફેલાવો દિન પ્રતિદિન વધતો જાય છે. આ પ્રકાશનની નકલો જીલ્લા માહિતી કચેરી દ્વારા જિલ્લાની અન્ય અગત્યની કચેરીઓ, મહાનુભાવો વગેરેને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. વધુમાં પ્રતિ વર્ષ વ્યવસાયી માર્ગદર્શન વિશેષાંક પણ પ્રસિધ્ધ કરવામાં આવે છે. તેની કિંમત માત્ર ₹ ૨૦/- રાખવામાં આવી છે. આગામી વર્ષમાં વ્યવસાયી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૨ પણ પ્રસિધ્ધ કરવાનું પણ આયોજન છે.

'ગુજરાત' દિપોત્સવી અંક

માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વર્ષ-૨૦૨૧નો ગુજરાત દિપોત્સવી અંક-૨૦૭૭ (વર્ષ-૨૦૨૧) પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ અંકમાં અભ્યાસલેખ, વિનોદીકા સંપુટ, નવલિકા સંપુટ, નાટિકા સંપુટ, કાવ્ય સંપુટ અને રંગીન

તસવીરો સાથેના દળદાર અંક બનાવી પ્રગટ કરવામાં આવેલ છે. આ અંકને ખૂબજ લોકચાહના મળી છે. તથા વાંચકો દ્વારા સારો પ્રતિસાદ સાંપડયો છે. તે જ પ્રમાણે આગામી વર્ષમાં પણ ગુજરાત દિપોત્સવી અંક-૨૦૭૮ (વર્ષ-૨૦૨૨) નો ગુજરાત દિપોત્સવી અંક પ્રસિધ્ધ કરવાનું આયોજન છે.

પ્રકિર્ણ પ્રકાશનો :

સરકારની લોક કલ્યાણલક્ષી, તેમજ સામાજીક, શૈક્ષણિક, આર્થિક રીતે પછાત વર્ગના ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓનો વ્યાપક પ્રચાર પ્રસાર થાય તથા રાજ્યની પ્રજા તેનાથી વાકેફ બને અને આમ જનતા પણ સરકારી યોજનાઓનો સહેલાઈથી લાભ લઈ શકે તે હેતુથી રાજ્ય સરકારની જનકલ્યાણલક્ષી અને વિકાસલક્ષી વિવિધ યોજનાઓ સંબંધિત વિગતો દર્શાવતા વિવિધ પોસ્ટર, ફોલ્ડર, પુસ્તિકાઓ જેવા વિવિધ પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ પ્રકાશનોનું રાજ્યભરમાં આવેલી માહિતી કચેરીઓ મારફત છેવાડાના અંતરિયાળ વિસ્તારો સુધી વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન નવેમ્બર-૨૦૨૧ અંતિત નીચે મુજબના ૨૭ જેટલા પ્રકિર્ણ પ્રકાશનો પ્રસિધ્ધ કરાયા છે.

ક્રમ	પ્રકાશનનું નામ
૧	લોકોભિમુખ વહીવટને મળ્યા અનહદ આર્શિવાદ પુસ્તિકા (મુખ્યમંત્રીશ્રીની સ્પિચ-૨૦૨૧)
૨	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી મન્થલિ મેગેઝીન (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ-૨૦૨૧)
૩	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી-હિન્દી મન્થલિ મેગેઝીન (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ-૨૦૨૧)
૪	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી મન્થલિ મેગેઝીન (એપ્રિલ-૨૦૨૧)
૫	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી-હિન્દી મન્થલિ મેગેઝીન (એપ્રિલ-૨૦૨૧)
૬	પ્રેરણા - (અનુસૂચિત જાતિની સાફલ્યગાથાઓનો સંપૂટ)એ-૪ પુસ્તિકા
૭	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી મન્થલિ મેગેઝીન (મે-૨૦૨૧)
૮	ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૧ (એ૪ પુસ્તિકા)
૯	ભારતની આર્થિક પ્રગતિના પ્રવેશદ્વાર : ગુજરાતના બંદરો (એ૪ પુસ્તિકા)
૧૦	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી મન્થલિ મેગેઝીન (જુન-૨૦૨૧)
૧૧	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી-હિન્દી મન્થલિ મેગેઝીન (જુન-૨૦૨૧)
૧૨	The Gujarat ત્રિમાસિક મેગેઝિન (April)
૧૩	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી-હિન્દી મન્થલિ મેગેઝીન (જુલાઈ-૨૦૨૧)
૧૪	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી મન્થલિ મેગેઝીન (જુલાઈ-૨૦૨૧)
૧૫	પાંચ વર્ષ સૌના સાથની સૌના વિકાસના (૯ x ૯ પુસ્તિકા)
૧૬	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી મન્થલિ મેગેઝીન (ઓગષ્ટ-૨૦૨૧)
૧૭	શ્વેતક્રાંતિ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત (એ-૪, પુસ્તિકા)
૧૮	The Gujarat ત્રિમાસિક મેગેઝિન (જુલાઈ)
૧૯	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી-હિન્દી મન્થલિ મેગેઝીન (ઓગષ્ટ-૨૦૨૧)
૨૦	ગુજરાત માર્ચિંગ અહેડ અંગ્રેજી-હિન્દી મન્થલિ મેગેઝીન (સપ્ટેમ્બર-૨૦૨૧)
૨૧	દીપોત્સવી અંક-૨૦૭૭(૨૦૨૧)
૨૨	આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત - હરિયાળી હરણફાળ એ૪ પુસ્તિકા
૨૩	આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત - વિકાસ સ્મિત એ૪ પુસ્તિકા
૨૪	આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત - નારીશક્તિનું સન્માન મહિલા સશક્તિકરણ એ૪ પુસ્તિકા
૨૫	આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત - આરોગ્યક્ષેત્રે અગ્રેસરતા એ૪ પુસ્તિકા
૨૬	આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત - પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ એ૪ પુસ્તિકા
૨૭	The Gujarat ત્રિમાસિક મેગેઝિન (ઓકટોબર)

આ સાથે આગામી ડીસેમ્બર-૨૦૨૧ થી જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ - ૨૦૨૨ સુધીમાં પ્રકીર્ણ પ્રકાશનની હાથ પરની કામગીરીની વિગતો નીચે પ્રમાણે છે.

ક્રમ	કામગીરીની વિગતો
૧	આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત - પ્રેરણાદાયી અનુભૂતિ, એ૪, પુસ્તિકા
૨	આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત - આદિવાસી વિકાસની અગ્રેસરતા, એ૪, પુસ્તિકા
૩	આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત - વિકાસની રફતાર - ઓડસાઈઝ પુસ્તિકા
૪	'गुजरात के जलमंदिरो में प्रतिबिंबित सांस्कृतिक विरासत' ઓડસાઈઝ પુસ્તિકા
૫	૧૦૦ દિવસ સુશાસનના - પુસ્તિકા
૬	ધ ગુજરાત (માર્ચ - ૨૦૨૨)
૭	માર્ચિંગ અહેડ હિન્દી/અંગ્રેજી - ડીસેમ્બર
૮	માર્ચિંગ અહેડ હિન્દી/અંગ્રેજી - જાન્યુઆરી
૯	માર્ચિંગ અહેડ હિન્દી/અંગ્રેજી - ફેબ્રુઆરી
૧૦	માર્ચિંગ અહેડ હિન્દી/અંગ્રેજી - માર્ચ
૧૧	માર્ચિંગ અહેડ અંગ્રેજી - ડીસેમ્બર
૧૨	માર્ચિંગ અહેડ અંગ્રેજી - જાન્યુઆરી
૧૩	માર્ચિંગ અહેડ અંગ્રેજી - ફેબ્રુઆરી
૧૪	માર્ચિંગ અહેડ અંગ્રેજી - માર્ચ

આજ રીતે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ ઉપરાંત સંસ્કૃતિક, લોકકલા-વારસો, પ્રવાસન, આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ, કૃષિ-પશુપાલન સહિત ઉચ્ચકક્ષાએથી મળતી સુચનાઓ અનુસાર વિવિધ પ્રકાશનો પ્રસિધ્ધ કરવાનું આયોજન છે.

ક્રમ	પ્રકાશનનું નામ
૧	વિકાસ ગુંજન (વ્યકિતલક્ષી યોજનાઓનો સંપુટ-પુસ્તિકા)
૨	ક્રાંતિતીર્થ - (સ્વાંતંત્રયવીરોની વિગતો - પુસ્તિકા)
૩	ઊર્જા વિકાસ (ઊર્જાલક્ષી યોજનાઓની વિગતો પુસ્તિકા)
૪	વન્યજીવન (પુસ્તિકા)
૫	પંખી મેળો (પુસ્તિકા)
૬	ખેડુતો લક્ષી ફોલ્ડર
૭	મહિલાલક્ષી ફોલ્ડર
૮	મહિલાલક્ષી (પુસ્તિકા)
૯	બજેટ લક્ષી વિવિધ વિભાગના ફોલ્ડર્સ
૧૦	શિક્ષણ લક્ષી પુસ્તિકા
૧૧	અનુસૂચિત જાતિ માટે યોજનાકીય પુસ્તિકા
૧૨	અનુસૂચિત જનજાતિ માટે યોજનાકીય પુસ્તિકા
૧૩	ગુજરાત માર્ચિંગ અહેડ (હિન્દી-અંગ્રેજી) માસિક મેગેઝીન
૧૪	ધ ગુજરાત(અંગ્રેજી ત્રિમાસિક મેગેઝીન)

INDEX

૧૫	ગુજરાત દીપોત્સવી અંક - પુસ્તિકા
૧૬	ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી વિશેષાંક પુસ્તિકા

આ ઉપરાંત આ કચેરીની www.gujaratinformation.net વેબસાઈટ પર ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક, ગુજરાત પાક્ષિક, ગુજરાત દિપોત્સવી અંક, ગુજરાત રોજગાર સમાચારનો વ્યવસાયી માર્ગદર્શન વિશેષાંક અને અન્ય પ્રકિર્ણ પ્રકાશનો મુકવામાં આવે છે. જે જાહેર જનતા ઓનલાઈન જોઈ અને ડાઉનલોડ પણ કરી શકે છે.

પરંપરાગત માધ્યમ દ્વારા પ્રચાર :

ભાવનાત્મક અને સાંસ્કૃતિક પ્રદાનમાં લોક માધ્યમો અને પરંપરાગત માધ્યમોની આગવી ભૂમિકા અને સામાજિક અનુબંધ છે. પ્રચાર અને પ્રસિદ્ધિ માટે દ્રશ્ય - શ્રાવ્ય માધ્યમ તો અસરકારક છે જ સંગીતમય, ગીતમય અને અભિનય લોકકલા દ્વારા લોકભોગ્ય બોલીમાં અપાતા સંદેશા પ્રત્યે પણ લોકો આકર્ષિત થાય છે. રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં વસતા અનુસૂચિત જનજાતિ/અનુસૂચિત જાતિ સહિતના તમામ વર્ગોના જનસમુદાય રાજ્યની વિવિધ યોજનાઓ/કાર્યક્રમોનો પૂરતો લાભ લેવા પ્રેરાય તેવા શુભ હેતુથી પરંપરાગત માધ્યમો જેવા કે ભવાઈ, નાટકો, શેરીનાટકો, કઠપૂતળીઓ, કથા-કીર્તન, લોકડાયરા, વગેરે માનવ જીવનને અને સંસ્કૃતિને જીવંત રાખવામાં અગત્યનો ભાગ ભજવતા હોઈ, જિલ્લા માહિતી કચેરીઓ દ્વારા રાજ્યનાં શહેરો, ગામડાઓમાં ડાયરા, ભવાઈ, નાટકો, શેરીનાટકો, કઠપૂતળીઓ, કથા-કીર્તન, લોકસંગીત, લોકનૃત્યો વગેરે દ્વારા કોરોના મહામારીથી બચવા અંગેના સાવચેતીના પગલા, મુખ્યમંત્રીશ્રી કિસાન સહાય યોજના, ઔધોગિક પ્રોત્સાહન માટે નવી ઉદ્યોગ નીતિ, પારદર્શક વહીવટ અને મહેસુલી સુધારા, આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના, આરોગ્ય સેવા ક્ષેત્ર, સૌની યોજના અને જળ વ્યવસ્થાપન, ઔધોગિક પ્રગતિ, અનુસુચિત જન જાતિ અને અનુસુચિત જાતિના ઉત્કર્ષ યોજનાઓ વગેરે વિષયો આધારિત કાર્યક્રમો યોજવામાં આવે છે.

શ્રેષ્ઠ ચલચિત્ર - શ્રેષ્ઠ નિર્માતા એવોર્ડ :

માહિતી નિયામકની કચેરી દ્વારા શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો, દસ્તાવેજી ચિત્રો અને કલાકાર-કસબીઓને પ્રોત્સાહિત કરવા પારિતોષિક આપવાનું આયોજન કરવામાં આવે છે.

ટેબ્લો :

પ્રતિ વર્ષ નવી દિલ્હી ખાતે યોજાતી ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં, વિવિધ રાજ્યોના ટેબ્લો રજૂ થતા હોય છે. ચાલુ વર્ષે ૨૬મી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ પ્રજાસત્તાક દિને "આઝાદીના સંગ્રામમાં ગુજરાતના આદિવાસીઓનુ યોગદાન" વિષયક ટેબ્લો ગુજરાત સરકાર તરફથી નવી દિલ્હી ખાતે રજૂ કરવામાં આવનાર છે.

ઈલેકટ્રોનિક મીડીયા :

આધુનિક ઈલેકટ્રોનિક માધ્યમોનો વ્યાપ વધવા પામેલ હોઈ, સરકારની લોકકલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ, જાહેર કરેલ કાર્યક્રમો, તેમજ તેની સિધ્ધિઓના પ્રચાર અને પ્રસાર માટે આ માધ્યમોને કાર્યરત કરવામાં આવેલ છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના વિદેશ અને રાજ્ય પ્રવાસ દરમ્યાનની પ્રેસ કોન્ફરન્સ તથા માન. મુખ્યમંત્રીશ્રીના લાઈવ પ્રેસ કોન્ફરન્સનું મોનીટરીંગ કરી તેની ડી.વી.ડી. બનાવી માંગણી મુજબ માનનીય મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાન/કાર્યાલય પર મોકલી આપવાની કામગીરી કરવામાં આવે છે.

વિવિધ ચેનલો પર આવતા કુલ-૫,૪૭,૫૭૦ બ્રેકિંગ ન્યુઝ વોટસઅપ ગૃપ દ્વારા ઉચ્ચકક્ષાએ અને માહિતી નિયામકશ્રીને મોકલવામાં આવ્યા હતા.

સંદર્ભ અને સંશોધન શાખા :

અખબારો/સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા હકારાત્મક તેમજ નકારાત્મક અહેવાલો, રાજ્યમાં બનતી મહત્વની ઘટનાઓ તેમજ તાજેતરમાં સમગ્ર વિશ્વમાં ફેલાયેલી કોવીડ-૧૯ની મહામારી સમયે રાજ્ય સરકારે લીધેલા પગલાઓનાં વિવિધ સામાયિક અને અખબારોમાં પ્રસિદ્ધ થયેલા પ્રજા પ્રશ્નો, ફરિયાદો, રાજ્ય સરકારની કામગીરી અંગેની ટીકા ટીપ્પણી સહિતના અન્ય અહેવાલો મહામહિમ રાજ્યપાલશ્રી, માન.મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ તથા વિભાગના સચિવશ્રીઓને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવાની કામગીરી કરવામાં આવે છે.

મહામહિમ રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી તેમજ રાજ્યના અતિથિ બનતા મહાનુભાવોના રાત્રિરોકાણ દરમિયાન વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલા મહત્વના અહેવાલો અને અખબારો સમયસર પહોંચાડવાની કામગીરી કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૧માં મહામહિમ રાષ્ટ્રપતિશ્રીની મુલાકાત સમયે પ્રસ્તુત કામગીરી કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ કામગીરી સારુ ₹ ૨૫-૦૦ લાખની જોગવાઈ કરેલ હતી. વર્ષ ૨૦૨૨-૨૩ માટે પણ ₹ ૨૫.૦૦ લાખની જોગવાઈ કરવાનું સુચવવામાં આવેલ છે.

INDEX

ધ પ્રેસ એક્ટની કામગીરી :

ધ પ્રેસ એક્ટ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુક્સ એક્ટ-૧૮૬૭ અને તે અન્વયે ઘડાયેલ ગુજરાત પ્રેસ અને પુસ્તક અધિનિયમ-૧૯૬૮ની જોગવાઇ અન્વયે રાજ્યમાંથી પ્રસિદ્ધ થતા અખબારો/ સામયિકો/ સામાહિકો/ પાક્ષિકો અને અન્ય પ્રકાશનોની ચકાસણી અને તેનું નિરીક્ષણ કરવામાં આવે છે.

રાજ્યભરમાંથી પ્રસિદ્ધ થતા અખબારો/સામયિકોમાં પ્રેસ કાઉન્સિલ દ્વારા નિયત આચાર સંહિતાનું ઉલ્લંઘન કરતા અને સુરૂચિનો ભંગ થાય તેવા વાંધાજનક લખાણો સંદર્ભે સંબંધિત અખબારના તંત્રીશ્રીનું આ બાબતે ધ્યાન દોરવામાં આવે છે અને જરૂર જણાય તો આ અંગેની કાર્યવાહી પણ કરવામાં આવે છે.

જાહેર રજાઓ :

પ્રતિ વર્ષ રાજ્ય સરકારની જાહેર રજાઓ તેમજ મરજિયાત રજાઓનો મુસદો તૈયાર કરવામાં આવે છે. આ માટે પંચાગકારો તથા ધાર્મિક સંપ્રદાયના વડાઓ અને તજજ્ઞો સાથે પરામર્શ કરી આખરી મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં રજાઓની ભલામણ કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૨ની જાહેર રજાઓનો મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં રજાઓની ભલામણ કરવામાં આવેલ છે.

લાયબ્રેરી આધુનિકરણ :

સને વર્ષ ૨૦૧૪માં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને લાયબ્રેરીનું આધુનિકરણ કરવામાં આવ્યું છે. જેમાં સરકારશ્રીની લોકકલ્યાણની વિવિધ યોજનાઓના સુચારુ વ્યવસ્થાપન માટે સહાયરૂપ એવા પુસ્તકોનો મહદ અંશે સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આપણા ગુજરાત રાજ્યની અને આપણા ભારત દેશની સંસ્કૃતિને ઉજાગર કરતા પુસ્તકોનો અમુલ્ય સંગ્રહ પણ રાખવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં લાયબ્રેરી આધુનિકરણ હેઠળ ₹ ૧૦-૦૦ લાખનું આયોજન કરવામાં આવ્યુ હતું. વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ કામગીરી સારુ ₹ ૬-૦૦ લાખની જોગવાઇ કરવાનું સુચવ્યું છે.

ન્યુઝ એન્ડ મીડીયા રીલેશન દ્વાર પ્રચાર :

રાજ્ય સરકારની લોકપયોગી યોજનાઓની જાણકારી અને વિવિધ ક્ષેત્રે હાથ ધરાયેલ વિકાસ પ્રવૃત્તિની રૂપરેખા તેમજ વિકાસ કાર્યોની સિદ્ધિઓની જાણકારી આમ જનતા સુધી પહોંચે તે માટેના વ્યાપક પ્રચાર-પ્રસાર દ્વારા પ્રસિદ્ધિની કામગીરી કરવામાં આવે છે. રાજ્ય સરકારની હકારાત્મક અને વાસ્તવિક છબી આમ જનતામાં ઉજાગર થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. આ ઉદ્દેશ હાંસલ કરવા નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

અખબારી યાદી :

રાજ્ય સરકારની કામગીરીના પ્રચાર-પ્રસાર માટે દરરોજ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષાઓમાં અખબારી યાદીઓ અને કાર્યક્રમ સંબંધિત ફોટોગ્રાફ્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે. દરેક વર્તમાનપત્રોની કચેરીઓને અખબારી યાદી ઈ-મેઈલથી સમયસર પહોંચાડવામાં આવે છે તદ્‌પરાંત રાજ્યભરના દૈનિકો તથા સામાહિકોના તંત્રી- પ્રતિનિધિઓ, રાજ્ય બહારના અખબારોને નિયમિતપણે ૨૫૦૦ જેટલા મીડિયાને ઈ-મેઈલના માધ્યમથી પૂરી પાડવામાં આવે છે. વેબસાઈટ www.gujarat-information.net ઉપર પણ નિયમિત અખબારી યાદીઓ મુકવામાં આવે છે. તેમજ દરરોજ તેને અપલોડ કરવામાં આવે છે. વડી કચેરી સહિત રાજ્યભરની જિલ્લા માહિતી કચેરીઓ દ્વારા ૧લી એપ્રિલથી ૫ નવેમ્બર-૨૦૨૧ દરમિયાન અંદાજે ૨૩,૮૨૫ અખબારી યાદી તથા ૧૮૦૫ જેટલાં ખાસ લેખ/સાફલ્ય ગાથાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ સાથે માન.રાષ્ટ્રપતિશ્રી, માન.વડાપ્રધાનશ્રીની ગુજરાત મુલાકાત તેમજ તેઓની મુલાકાત દરમ્યાન તેમને માન.મુખ્યમંત્રીશ્રી, માન.રાજ્યપાલશ્રી, વિધાનસભા અધ્યક્ષશ્રી, મંત્રીમંડળના સભ્યો તેમજ મહાનુભાવો મળવા આવે અથવા શુભેચ્છા મુલાકાત લે તેના ફોટોગ્રાફ્સ પણ રિલીઝ કરવામાં આવે છે.

કવરેજની કામગીરી :

માન.રાજ્યપાલશ્રી, માન.મુખ્યમંત્રીશ્રી, માન.મંત્રીશ્રીઓ, મહાનુભાવો અને અન્ય સરકારી કાર્યક્રમોના તા.૧લી એપ્રિલથી ૨૯મી નવેમ્બર-૨૦૨૧ દરમિયાન અંદાજિત ૭,૯૬૪ થી વધુ વીડિયો-ફોટો કવરેજ કરી તેની અખબારી યાદી, તસવીર કથા અને સાફલ્યગાથા તૈયાર કરી દૂરદર્શન, રાજ્ય તેમજ રાષ્ટ્રીયકક્ષાની ચેનલો તથા અખબારોને મોકલી આપવામાં આવે છે. જેને ખૂબ જ સારો પ્રતિભાવ મળે છે.

જિલ્લા કચેરીઓના સંપર્કમાં રહી કરાતી પ્રસિદ્ધિની કામગીરી :

વડી કચેરી અને જિલ્લા કચેરીઓ વચ્ચે ટુ-વે-કોમ્યુનિકેશન અસરકારક રીતે કરવામાં આવે છે. વડી કચેરીને મળતી મહત્વની માહિતી, અખબારી યાદીઓ, ખાસ લેખો, ત્વરીત જિલ્લા કચેરીઓને પહોંચતા કરવામાં આવે છે. અને રાજ્યભરના અખબારોમાં વ્યાપક પ્રસિદ્ધિ મળે તેવું આયોજન ગોઠવવામાં આવેલ છે. આ જ પ્રમાણે જિલ્લા કક્ષાએથી અખબારી યાદીઓ,

ખાસ લેખો, સાફલ્યગાથાઓ વડી કચેરીને પહોંચતા કરવામાં આવે છે. આમ જિલ્લાઓમાંથી આવેલી યાદીઓ, ખાસ લેખો, સાફલ્યગાથાઓ સંકલિત કરીને ખાતાની વેબસાઈટ www.gujaratinformation.gujarat.gov.in ઉપર નિયમિત રીતે મુકવામાં આવે છે. આ વેબસાઈટ ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતેથી દરરોજ અપલોડ કરવામાં આવે છે.

પત્રકાર જૂથ વીમા યોજના :

અખબારો તંદુરસ્ત લોકઘડતર અને લોકહિત તેમજ સામાજિક શ્રેયના જતનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. અખબારો શહેર તેમજ ગ્રામ્ય કક્ષાએ તથા રાજ્ય, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ રોજ-બરોજના સમાચારોથી જનસમૂદાયને માહિતગાર રાખવાની મહત્વની ભૂમિકા ભજવે છે. પત્રકારો ક્યારેક પ્રતિકૂળ પરિસ્થિતિ - સંજોગોમાં ખૂબ જ નિષ્ઠાપૂર્વક સાચી અને સચોટ માહિતી મેળવવાની અને લોકો સુધી પહોંચાડવાની મહત્વની ભૂમિકા અદા કરી રહ્યા છે.

આવી મહત્વની કામગીરી અદા કરતા માન્ય પત્રકારોને રક્ષણ આપવા રાજ્ય સરકારે પત્રકારો માટે સામુહિક જૂથ વીમા યોજના અમલમાં મૂકી છે. રાજ્ય સરકાર અને જીવન વીમા નિગમના સહયોગમાં માહિતી ખાતાના માન્ય એક્રેડિટેડ પત્રકારો માટેની આ યોજના તા.૧-૧- ૧૯૯૪ થી અમલમાં છે.

આ યોજના હેઠળ ૨૫ થી ૬૦ વર્ષ વચ્ચેની વયના માન્ય પત્રકારોને આ યોજનામાં આવરી લેવામાં આવે છે. ચાલુ વર્ષ દરમ્યાન માન્ય પત્રકારનું કુદરતી મૃત્યુ થાય તો તેના વારસદારને ₹ ૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ) તેમજ અકસ્માતના કિસ્સામાં ₹ ૫,૦૦,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે. જે અંગેના પ્રિમિયમની રકમ માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા ભરવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧માં જાન્યુઆરી-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ દરમિયાન અનુક્રમે ભારતીય જીવન વીમા નિગમને ૧૨૨૩ પત્રકારો માટે વાર્ષકિ પ્રિમિયમ પેટે ₹ ૬,૯૨,૬૭૮/- તેમજ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિ. ને ₹ ૩,૮૯,૬૫૦/-નું પ્રિમિયમ ભરવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત પાંચ પત્રકારના વારસદારને ₹ ૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ)ના વીમાનો લાભ આપવામાં આવ્યો છે.

માન્યતા પ્રાપ્ત પત્રકારો અને તેમના પરિવારજનોને ''મા અમૃતમ વાત્સલ્ય'' યોજના

રાજ્ય સરકારે માન્યતા પ્રાપ્ત પત્રકારો અને તેમના પરિવારજનોને ''મા અમૃતમ વાત્સલ્ય'' યોજનાનો લાભ આપવાની જાહેરાત કરવામાં આવી છે. "મા વાત્સલ્ય" યોજના હેઠળ કોઈ આવક મર્યાદા વગર હૃદય, કીડની, કેન્સર,નવજાત શિશુઓના ગંભીર રોગો, ગંભીર ઈજાઓ,બર્ન્સ અને મગજના રોગો જેવી ગંભીર બિમારીઓ માટે આરોગ્યના વિભાગના ધારાધોરણ મુજબ કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ ₹ ,૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ) સુધીની કેશલેસ સારવારની મર્યાદામાં કુટુંબના મહત્તમ ૫ વ્યક્તિને (કુટુંબના વડા, પત્ની અને ૩ આશ્રિતો) તેમજ નવજાત શીશુને છઠ્ઠા સભ્ય તરીકે આ યોજનામાં આવરી લેવામાં આવ્યા છે. "મા વાત્સલ્ય" યોજના અંતર્ગત પત્રકારોના પરિવારને સારવાર અંતર્ગત થનાર ખર્ચ સંદર્ભે ગ્રાંટ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને હવાલે કરવામાં આવેલ છે. પત્રકારો અને તેમના પરિવારજનોને ''મા અમૃતમ વાત્સલ્ય'' યોજનાનો લાભ આપવામાં આવે છે.

પ્રેસ એક્રેડિટેશન કાર્ડ :

સરકારશ્રીના નીતિ નિયમાનુસાર વર્તમાનપત્રોના તંત્રીઓ, પત્રકારો, ફોટોગ્રાફરો, સમાચાર સંસ્થાના પ્રતિનિધિઓ, વિજાણું માધ્યમના પ્રતિનિધિઓ- કેમેરામેનો, પીઢ પત્રકારોને પ્રેસ એક્રેડિટેશન કાર્ડ આપવામાં આવે છે. જાન્યુઆરી-૨૦૨૦ થી એક્રેડિટેશન કાર્ડ માટે ઓનલાઈન અરજી દાખલ કરવાની પ્રક્રિયા સફળતાપૂર્વક અમલી બનાવીને તા.૧ લી જાન્યુઆરી- ૨૦૨૧ થી તા.૨૯ નવેમ્બર-૨૦૨૧ દરમિયાન ૧૦૭૩ જેટલાં એક્રેડિટેશન કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

મીડિયા રિસ્પોન્સ સિસ્ટમ :

મીડિયા રિસ્પોન્સ સિસ્ટમ લોકમાનસ પર નકારાત્મક અસર પહોંચાડતા સમાચાર સામે રાજ્ય સરકારના સંલગ્ન ખાતાની સાચી હકીકતો માધ્યમો સુધી પહોંચાડવા મીડિયા રિસ્પોન્સ સિસ્ટમ અમલી છે. જેનાથી લોકોને રાજ્ય સરકારની સાચી હકીકતથી માહિતગાર કરી શકાય છે. આ સંદર્ભે રાજ્ય તેમજ રાજ્ય બહારના અખબારો, સામયિકોમાં રાજ્ય સરકારની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડતા અહેવાલોના પ્રેસ ક્લિપિંગ્સ નિયમિત રીતે સંબંધિત વિભાગોને મોકલવામાં આવે છે. એપ્રિલ-૨૦૨૧ થી ૨૯ નવેમ્બર-૨૦૨૧ દરમિયાન ૮૬ જેટલા ક્લિપિંગ્સમાં વિભાગ તરફથી મળેલી સ્પષ્ટતા/પ્રતિક્રિયા સંબંધિત ૭૮ ક્લિપિંગ્સ દૈનિકોને પ્રસિદ્ધિ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા.

ન્યુઝ એન્ડ મીડિયા રીલેશન સંબંધિત પ્રચાર-પ્રસિદ્ધિની કામગીરી :

- તા. ૧લી એપ્રિલ થી નવેમ્બર-૨૦૨૧ના સમયગાળામાં ન્યુમીરી શાખા દ્વારા કુલ ૯૨૦ પ્રેસ રિલિઝ કરવામાં આવી હતી જે પૈકીની કેટલીક નોંધપાત્ર કહી શકાય તેવી રિલિઝ/કવરેજનો અત્રે ઉલ્લેખ કરાયો છે.

INDEX

- રાજ્યપાલશ્રીના હસ્તે કોરોના સેવાયજ્ઞ કાર્યક્રમ અંતર્ગત કીટ વિતરણ તથા કલોલ ખાતેની ITI કોવિડ કેર સેન્ટરની મુખ્યમંત્રીશ્રીની મુલાકાત કાર્યક્રમનીપ્રચાર-પ્રસિદ્ધિ.
- જૂન માસ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની ગાંધીનગર સ્થિત રસીકરણ કેન્દ્રોની મુલાકાત તેમજ શિક્ષણ મંત્રીશ્રીના હસ્તે શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહન ઈનામ વિતરણ તથા રાજ્યપાલશ્રી-શિક્ષણમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં IITE-ગાંધીનગરના સ્થાપના દિવસની ઉજવણી કાર્યક્રમની પ્રચાર-પ્રસિદ્ધિ.
- જૂલાઈ માસમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રીડેવલપ થયેલા ગાંધીનગર રેલવે સ્ટેશન, સાયન્સ સીટી ફેઝ-૨ના ત્રણ પ્રકલ્પોનું વર્ચ્યુઅલી લોકાર્પણ તેમજ ગાંધીનગર વારાણસી એક્સપ્રેસ ટ્રેન અને ગાંધીનગર વરેઠા મેમુ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કાર્યક્રમ તથા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક ભવનનું કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કાયક્રમની પ્રચાર-પ્રસિદ્ધી સહિત મીડિયા સંકલનની કામગીરી.
- ઓગસ્ટ માસમાં સ્વાતંય પર્વની ઉજવણી, કેન્દ્રીય માર્ગ-પરિવહન મંત્રીશ્રી-મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ઈન્વેસ્ટર સમિટ-વ્હિકલ સ્ક્રેપ પોલિસીનું લોન્ચિંગ કાર્યક્રમ, ઓગસ્ટ માસમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની સરકારના પાંચ વર્ષની રાજ્યવ્યાપી ઉજવણી કરાઈ એ સંદર્ભે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વિવિધ જિલ્લાઓમાં સતત નવ દિવસ સુધી વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમ તેમજ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની વિશિષ્ટ ઉજવણી કાર્યક્રમની પ્રચાર-પ્રસિદ્ધિની કામગીરી.
- સપ્ટેમ્બર માસમાં નાયબ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં PMJAY યોજનાના ૧૦માં વર્ષમાં પ્રવેશની ઉજવણી કાર્યક્રમ તેમજ નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નવા મંત્રીમંડળનો શપથવિધિ સમારોહ કાર્યક્રમ સંદર્ભે મીડિયા સંકલન તેમજ પ્રચાર-પ્રસારની કામગીરી.
- ઓકટોબર માસમાં વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલી તેમજ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં PM ગતિશક્તિ નેશનલ પ્લાન કાર્યક્રમ, મુખ્યમંત્રીશ્રીની રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ સાથેની બેઠક, મહાત્મા માંદિર ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી વરદ હસ્તે રાજ્યના સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરોને નિમણૂંકપત્ર એનાયત કાર્યક્રમ તેમજ ત્રિદિવસીય રીજીઓનલ કોમ્પિટિશન વેસ્ટ-ઈન્ડિયા સ્કિલ્સ-૨૦૨૧ કાર્યક્રમની પ્રચાર-પ્રસિદ્ધિની કામગીરી સંદર્ભે કવરેજ સહિત મીડિયા સંકલન.
- નવેમ્બર માસમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે અમૂલ ડેરીના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ, રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગર સ્થિત IITEના પદવીદાન સમારોહ કાર્યક્રમ, મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર સ્થિત સરકારી આવાસોનું લોકાર્પણ તેમજ આરોગ્યમંત્રીશ્રીની હસ્તે ફૂડ સેફટી ઓન વ્હિલ્સ લોકાર્પણ કાર્યક્રમની પ્રચાર-પ્રસિદ્ધિની કામગીરી
- રાજ્યભરમાં ચોમાસા દરમિયાન સારો વરસાદ સંદર્ભે કિસાનોને જે નુકસાન થયું તેમાં સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા વિશેષ કૃષિ પેકેજની પ્રચાર-પ્રસારની વિશેષ કામગીરી.
- ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન પત્રકારોના પાસ, બેઠક વ્યવસ્થા, સ્ટાફના ડ્યુટી પાસ તેમજ સમગ્ર સત્ર દરમિયાન મંત્રીશ્રીઓના સંકલનમાં રહીને પ્રેસ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવા જેવી તમામ અનુષાંગિક કામગીરી ઉપરાંત વિધાનસભા દરમિયાન મંત્રીશ્રીઓ દ્વારા યોજાતી પત્રકાર પરિષદોનું સંકલન તથા પ્રચાર-પ્રસારની કામગીરી આ શાખા દ્વારા કરાઈ.
- રાજ્યભરમાં શિક્ષકદિનની ઉજવણી, રથયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમની પ્રચાર-પ્રસિદ્ધિ.
- સેવાસેતુ કાર્યક્રમની વ્યાપકપણે પ્રચાર પ્રસિદ્ધિની કામગીરી કરવામાં આવેલી છે.
- રાજ્યમાં ચોમાસા દરમિયાન વરસાદ દરમિયાન સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સંકલનમાં રહીને રોજ-બરોજ લોક જાગૃતિ માટે રાજ્ય વહિવટીતંત્ર દ્વારા સ્ટેટ કંટ્રોલરૂમ દ્વારા હાથ ધરાયેલ તમામ કામગીરીની પ્રચાર-પ્રસિદ્ધિ.
- દર બુધવારે મંત્રીમંડળની બેઠક બાદ પ્રવક્તા મંત્રીશ્રીઓના મીડિયા બ્રિફિંગ માટે મીડિયા સંકલન તથા કવરેજ કરી અખબારી યાદી પ્રસિદ્ધિની કામગીરી.

સોશિયલ મીડિયાનો ઉપયોગ :

માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રચાર-પ્રસારની કામગીરી માટે ઈન્ટરનેટ ઉપરાંત વેબ બેઈઝડ ટુલ્સનો ઉપયોગ કરવામાં આવે છે. અમારો પ્રયત્ન છે કે સરકારની બધી યોજનાઓ ઝડપથી સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચાડીએ. ગુજરાતના દરેક જિલ્લાને સોશિયલ મીડિયાથી જોડી દેવામાં આવ્યા છે. માહિતી ખાતાની દરેક જિલ્લા ઓફિસના ફેસબુક, ટવીટર અને ઈન્સ્ટાગ્રામ પર એકાઉન્ટ છે. જે સફળતાપૂર્વક કાર્યરત છે. માહિતી નિયામક કચેરીની વેબસાઈટ www.guaratinformation.net સાથે સોશિયલ મીડિયાનું ઈન્ટીગ્રેશન કરવામાં આવેલ છે. અગત્યની માહિતી/ કાર્યક્રમ/ યોજનાઓની વિગત ફોટોગ્રાફ્સ સાથે ફેસબુક, ટવીટર, ઈન્સ્ટાગ્રામ અને યુ-ટયુબ ચેનલ અપલોડ કરી પબ્લીશ કરવામાં આવે છે.

INDEX

ફેસબુક :

સપ્ટેમ્બર-૨૦૨૧ સુધી ફેસબુકના Gujarat information પેજને ૪,૫૦,૩૨૭થી વધુ લાઈક મળી અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૭૨૫ પોસ્ટ અપલોડ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૫૦ ઉપરાંત ફોલોઅર્સ વધારવાનો લક્ષ્યાંક છે.

ટવીટર હેન્ડલ :

માહિતી ખાતાના ટવીટર હેન્ડલ પર વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૩,૧૦,૦૦૦ જેટલા ફોલોઅર્સ થયા છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૧૦,૬૮૫ જેટલા ટવીટ અને રીટવીટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૪૫૦ જેટલા ટવીટ અને રીટીવીટના લક્ષ્યાંક થકી રાજ્ય સરકારના ફલેગ શીપ કાર્યક્રમો તથા જનકલ્યાણને લગતી યોજનાઓનો લોકો સમક્ષ પ્રચાર પ્રસિધ્ધિ કરવાનું આયોજન છે.

ઈન્સ્ટાગ્રામ :

માહિતી ખાતાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ૧૦ એપ્રિલ-૨૦૧૮ ના રોજ ઈન્સ્ટાગ્રામ શરૂ કરેલ, જેમાં અત્યાર સુધી ૭૪,૮૦૦ ફોલોઅર્સ થયા છે. વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૨૮૨૨ પોસ્ટ કરવામાં આવી છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૮૦૦ પોસ્ટનું લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

યુ-ટ્યુબ ચેનલ :

એપ્રિલ-૨૦૧૮ ના રોજ સોશિયલ મીડીયામાં યુ-ટ્યુબ ચેનલ પ્રારંભ કરવામાં આવી છે. જેમાં ૩૮૫ વીડિયો અપલોડ કરવામાં આવ્યા છે. જેના સબસ્કાઈબર ૬૩૩૦ છે. તેમજ આજ સુધી ૪,૯૫,૫૪૫ લોકોએ યુ ટ્યુબ ચેનલ જોઈ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૦૦૦ જેટલા સબસ્કાઈબર સુધી પહોચવાનો લક્ષ્યાંક છે.

વેબસાઈટ :

રાજ્ય સરકારની પ્રચાર - પ્રસારની માહિતી આધુનિક અને વિસ્તૃત રૂપે પહોંચાડાવાની મહત્વપુર્ણ કામગીરી માહિતી ખાતાની વેબસાઈટ દ્વારા કરવામાં આવે છે. અધતન રૂપે વેબસાઈટમાં રાજ્યના તમામ જિલ્લાના ન્યુઝ અને ફોટો ગેલેરી તેમજ સોશિયલ મીડિયાના ચાર ટુલ્સ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટવીટર, યુટયુબ તેમજ વિવિધ સરકારી વિભાગોની લીંક ટેન્ડર અપલોડ કરવાની કામગીરી જોવા મળે છે. તેમજ વિવિધ શાખાઓ અને માહિતી કચેરીઓની વિગતો જોવા મળે છે. ૧૨૩૬૦૨૮૧ જેટલા વિઝીટર્સે આ વેબસાઈટની મુલાકાત લીધી છે.

આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં માહિતી નિયામક કચેરીની પ્રત્યેક જિલ્લા કચેરી સોશિયલ મીડીયા પર આગવુ મહત્વ ઉભુ કરી સરકારશ્રીની વિવિધ જનકલ્યાણ લક્ષી યોજનાઓની માહિતી તેમના જિલ્લાના નાગરિકો સુધી સુચારૂ રૂપે પહોચાડે એવા પ્રયાસો વિવિધ સોશિયલ મીડીયા લક્ષી સેમિનારોનું આયોજન છે.

ગુજરાતી ચલચિત્રોને આર્થિક સહાય :

ગુજરાતી ફિલ્મોની ગુણવત્તા ઉંચી આવે તેમજ લોકો ગુજરાતી ચલચિત્રો જોવા પ્રેરાય તેવા ચલચિત્રોનું નિર્માણ થાય તેવું વાતાવરણ સર્જાય તે હેતુથી માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા તા.૦૮/૦૩/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃફલમ/૧૦૨૦૧૮/૧૫૧/અ થી ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯ અમલી બનાવવામાં આવેલ છે. જે અન્વયે વધુમાં વધુ ગુણવત્તાયુક્ત ગુજરાતી ચલચિત્રોનું નિર્માણ થઈ રહેલ છે. આ નીતિ અન્વયે ૨૦૨૧-૨૨ના વર્ષમાં કુલ ૩૩ ગુજરાતી ફિલ્મોને નવેમ્બર-૨૦૨૧ સુધીમાં ₹ ૯,૪૪,૫૮,૭૫૮/- અંકે રૂપિયા નવ કરોડ ચુંમાલીસ લાખ અઠ્ઠાવન હજાર સાતસો અઠ્ઠાવન હજાર પુરાની આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે.

૧૫. વન અને પર્યાવરણ વિભાગ

વન પ્રભાગ

સને ૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન કરેલ પ્રગતિ તેમજ સને ૨૦૨૨-૨૩ના વર્ષ દરમ્યાન વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

રાષ્ટ્રીય વન નીતિ (સને ૧૯૮૮) પર્યાવરણ સ્થિરતા અને પ્રકૃતિનું સમતુલન રાખવાનો મુખ્ય હેતુ છે. વન ઈમારતી અને જલાઉ લાકડા પુરા પાડવા ઉપરાંત પર્યાવરણ જાળવણીમાં મહત્વનો ભાગ ભજવે છે. નવી રાષ્ટ્રીય વન નીતિ અન્વયે નિર્ધારીત માર્ગદર્શક સિદ્ધાંતોને અનુરૂપ અભિગમ અપનાવેલ છે. તે હેતુ સિદ્ધ કરવા સને ૨૦૨૨-૨૩માં ચાલુ યોજના ખાસ કરીને વૃક્ષાદિત વિસ્તારોમાં વૃધ્ધિ કરવા તેમજ ગ્રામીણ જનતાના લાભમાં અભિગમ સાથે અમલમાં મુકવા આયોજન છે.

સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં વન ખાતાની વાવેતર યોજનાઓ, વન સંરક્ષણ, વન્ય પ્રાણી સંવર્ધન અને આદિવાસીઓના કલ્યાણને લગતી યોજનાઓની કામગીરી માટે છેલ્લે સુધારેલ પ્લાન કદ મર્યાદા સને ૨૦૨૧-૨૨ માટે સૂચિત કુલ ₹ ૧૭૭૮.૯૭ કરોડની હતી. સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે સુચિત કુલ ₹ ૧૮૯૧.૨૯ કરોડની કદ મર્યાદા નક્કી થયેલ છે. તે મુજબ યોજનાવાર સૂચિત જોગવાઈ વાર્ષિક વિકાસ કાર્યક્રમ માટે કરવામાં આવેલ છે.

♦ **વન સંરક્ષણની યોજના**

રાજ્યમાં ઈમારતી તથા જલાઉ લાકડાની માંગ અને પુરવઠામાં મોટા પાયે તફાવત રહેવાથી છેલ્લા કેટલાય વર્ષોથી ઈમારતી તથા જલાઉ લાકડાની કિંમતમાં ગણનાપાત્ર પ્રમાણમાં વધવા પામેલ છે. જંગલમાં થતું ગેરકાયદેસર કપાણ અટકાવવું, જંગલની પેદાશોની હેરફેર પર નિયંત્રણ રાખવું, તેમજ જંગલોમાં દવ લાગતા અટકે તે માટે જરૂરી પગલાં લેવાનો આ યોજનાનો મુખ્ય હેતુ છે. વનમાં વન ગુનેગારોની પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ મુકવા વાયરલેસ સેટની જોગવાઈ કરવામાં આવી છે. લોકોની ફરીયાદો અંગે તપાસ કરવા અને જંગલ સંરક્ષણની કામગીરી પર ચાંપતી નજર રાખવા ખાતાની મુખ્ય કચેરીમાં એક તકેદારી એકમની રચના પણ કરવામાં આવી છે. વનોમાં દવ પ્રસરતાં અટકાવવા માટે વનોની ફરતે અગ્નિ અંકિત રેખા કરવામાં આવશે. અને દવ શોધી કાઢવા માટે ચોકીયાતો અને વોચ ટાવરનો ઉપયોગ કરવામાં આવશે. દવને કાબુમાં લેવા માટે અદ્યતન દવશામક પગલાં લેવા આ યોજનાનો હેતુ છે.

વનોનું અસરકારક રક્ષણ સુનિશ્ચિત કરવા તેની હદ સીમા સ્પષ્ટ કરવા મોજણી અને સિમાંકન કરવામાં આવે તે જરૂરી છે.

સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે સામાન્ય વિસ્તારમાં જંગલને દવથી થતું નુકશાન અટકાવવા, ફાયર લાઈન્સ બાળવાની કામગીરી, ખાતાના કામ માટે બે મોબાઈલ સ્કવોડની સ્થાપના, સ્ટ્રાઈકીંગ ફોર્સને ચાલુ રાખવાની જોગવાઈ તથા જંગલ વિસ્તારમાં મોજણી અને સદર કામ કરવા માટે જરૂરી મહેકમની જોગવાઈ છે,

સામાન્ય વિસ્તારો માટે સને ૨૦૨૧-૨૨ નાં વર્ષ માટે કુલ ₹ ૧૪.૦૬ કરોડની જોગવાઈ સામે સને ૨૦૨૨-૨૩નાં વર્ષ માટે કુલ ₹ ૧૩.૪૦ કરોડની સુચિત જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તાર માટે સને ૨૦૨૧-૨૨ વર્ષમાં ₹ ૨૩.૫૭ કરોડની બજેટ જોગવાઈ રાખવામાં આવેલ. જ્યારે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ₹ ૨૧.૯૭ કરોડની સૂચિત જોગવાઈ રાખવામાં આવેલ છે. જેમાં સ્ટ્રાઈકીંગ ફોર્સ ચાલુ રાખવા, વાયરલેસ સંદેશા વાહકની જોગવાઈ, અનામત અને ખેડાણ વિસ્તારોની ફરતે હદ બાણો તૈયાર કરવાના તેમજ વોચ ટાવરની કામગીરી કરવામાં આવનાર છે.

કેન્દ્રીય સહાય યોજનાની અંદર વન્ય દવ અટકાવ યોજના મારફત સને ૨૦૨૧-૨૨માં કેન્દ્રીય સહાય યોજનાની અંદર વન્ય દવ અટકાવ યોજના મારફત ₹ ૪.૫૦ કરોડની જોગવાઈમાં ઉડાણ જંગલ વિસ્તારમાં મુખ્યત્વે દવરેખા બનાવવાની તથા હદબાણ બનાવવાની કામગીરી કરવામાં આવેલ. જયારે સને ૨૦૨૨-૨૩માં કેન્દ્રીય સહાય યોજનાની અંદર વન્ય દવ અટકાવ યોજના મારફત ₹ ૨.૨૫ કરોડની રાજ્ય સરકારના કામો માટે સુચિત જોગવાઈ કરવામાં આવેલ છે.

♦ **આયોજન, મુલ્યાંકન અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી :**

યોજનાકીય કામગીરી માટે તથા સંગીન નિર્ણયો લેવામાં સચોટ આંકડાકીય માહિતીની સમયસર પ્રાપ્તતા એ મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ વિકેન્દ્રીત જીલ્લા કક્ષાના આ યોજનાના અભિગમથી કામગીરીનો બોજ વધેલ છે. માહિતી એકત્રીત કરવા, સંગ્રહ તથા પુનઃપ્રાપ્તિ અસરકારક બનાવવા માટે કોમ્પ્યુટર વસાવવા વધુમાં ચાલુ યોજનાનું મુલ્યાંકન કરવા મોનીટરીંગ અને મુલ્યાંકન સેલમાં જરૂરી મહેકમ પુરું પાડવા તથા કામગીરી આધુનિક ધોરણે બનાવવા માટે કોમ્પ્યુટર ખરીદી, વન વિભાગ તથા સચિવાલયના અધિકારીઓ તથા કર્મચારીઓને તાલીમ આપવી, એમઆઈએસ તથા જીઆઈએસ પદ્ધતિ અમલમાં મુકવાનું આયોજન છે.

INDEX

સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં આ યોજના હેઠળ સામાન્ય વિસ્તાર માટે ₹ ૪.૧૦ કરોડની લોકલ એરીયા નેટવર્ક, એસી, ફેક્સ મશીન, સોફ્ટવેર, સ્કેનર સાધન સામગ્રીની જાળવણી સ્ટેશનરી તથા પ્લાનીંગ સેલ અને કચેરીમાં કોમ્પ્યુટરની સ્ટેશનરી અને જાળવણી તથા અધિકારી અને કર્મચારી વર્ગને તાલીમ આપવમાં આવે છે. અને નવા કોમ્પ્યુટર ખરીદી કરવામાં આવેલ છે.

સને ૨૦૨૨-૨૩માં સામાન્ય ચાલુ બાબત માટે ₹ ૪.૨૦ કરોડની સૂચિત જોગવાઇ છે. તેમજ ઇન્ફોર્મેશન એજ્યુકેશન એન્ડ કોમ્યુનીકેશન (આઇ.ઇ.સી.), જીસ્વાન નેટવર્ક, એમ.આઇ.એસ/જીઆઇએસ પ્લેટફોર્મ પુરુ પાડવાની, વન વિભાગની તમામ એપ્લીકેશન, સ્ટેટ ડેટા સેન્ટર પર તબદીલ કરવાની, વીડીયો કોન્ફરન્સ વડે બેઠકની કામગીરી તથા પ્રજાલક્ષી યોજનાઓની વેબસાઇટ એપ્લીકેશન બનાવવાની કામગીરીની જોગવાઇ કરવામાં આવેલ છે.

♦ **રસ્તા અને મકાનની યોજના :**

વનમાં અંતરીયાળ સ્થળોએ રહેતાં વન ખાતાના કર્મચારી વર્ગમાંના ઘણા કર્મચારીઓને નિવાસો પુરા પાડયા નથી. આવા સ્થળોમાં ખાનગી મકાનો ઉપલબ્ધ હોતા નથી, જેથી રહેવાના નિવાસોની તંગી વધતી જતી હોઈ કર્મચારી વર્ગને રહેણાંકના નિવાસો પુરા પાડવા તેમજ જુના મકાનોનું રીપેરીંગ પણ જરૂરી બન્યું છે. આ ઉપરાંત વિભાગીય કચેરીઓ, રેન્જ કચેરીઓ, વન ચેતના કેન્દ્રો, રેસ્ટહાઉસ, રીસર્ચ સેન્ટરોની જાળવણી તથા રીપેરીંગ કામગીરીનું આયોજન છે.

સને ૨૦૨૧-૨૨ માટે સામાન્ય હેઠળ ₹ ૧૯.૨૬ કરોડ અને આદિવાસી યોજના હેઠળ ₹ ૯.૦૧ કરોડની જોગવાઈ હતી. એમ કુલ ₹ ૨૮.૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ.

સને ૨૦૨૨-૨૩ના વર્ષની ચાલુ બાબત માટે કુલ ₹ ૨૮.૨૭ કરોડ જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૯.૨૬ કરોડ, આદિવાસી વિસ્તાર માટે ₹ ૯.૦૧ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

♦ **વન વ્યવસ્થા અને વિકાસની યોજના :**

ભારે જૈવિક દબાણોના લીધે વન પેદાશોનો મોટા ભાગનો વિસ્તાર ઉજ્જડ તથા પાંખા થયેલ છે અને વરસાદના પાણી વગેરેથી જમીનના ધોવાણને વેગ મળતો રહે છે. જમીન ધોવાણના કારણે વનોની ભેજ ટકાઉ ક્ષમતા નોંધપાત્ર ઘટી જવા પામી છે. આ યોજનાનો ઉદેશ જમીનની સુધારણા કરવાનો અને સાથે તેના સંરક્ષણની કામગીરી માટે અને ભેજ ટકાઉ ક્ષમતા સુધારણાના હેતુ માટે ભૂમિ અને ભેજ સંરક્ષણની કામગીરી કરીને યોગ્ય પ્રકારની જાતના વૃક્ષોના રોપા ઉછેરવાથી વન પેદાશ મળતું રહેશે. ગ્રામિણ વસ્તી ઘરઘથ્થુ બળતણ માટે મહદ અંશે જલાઉ લાકડું ઉપયોગમાં લે છે. પોતાના મકાનોના બાંધકામ અને ખેતી વિષયક ઓજારો બનાવવા માટે પણ તેમને ઓછા ઘેરાવવાળા લાકડાની જરૂર પડે છે, વસ્તીમાં વધારો થવા સામે આ માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. તેથી જલાઉ અને નાના ઇમારતી લાકડાના પ્રાપ્તિ સ્ત્રોત વિકસાવવાના હેતુથી આ યોજના હેઠળ વૃક્ષોનું વાવેતર કરવાનું વિચારાયું છે.

સાગ એ અતિ કિંમતી ઇમારતી લાકડાની જાત છે અને તેની બજાર કિંમત ઘણી જ ઉંચી છે. ખેર પણ કિંમતી જાત છે. જે કાથો બનાવવા માટેની કાચી સામગ્રી પુરી પાડે છે. વાંસ ગરીબના ઇમારતી લાકડા તરીકે ઓળખાય છે. અને ટોપલા બનાવવા અને ઝુંપડા બાંધવા માટે ગ્રામજનો તરફથી એની મોટી માંગ છે. તેથી વનોનું આર્થિક મુલ્ય વધારવા સાગ, ખેર અને વાંસ મિશ્ર વાવેતર, તથા સેડ બેઅરીંગ વાવેતર કરવાની કામગીરી માટે સને ૨૦૨૧-૨૨માં કુલ જોગવાઇ ₹ ૨૯૯.૫૭ કરોડ પૈકી આદિજાતિ વિસ્તાર માટે ₹ ૧૧૯.૦૦ કરોડ તથા સામાન્ય માટે ₹ ૧૮૦.૫૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે સને ૨૦૨૨-૨૩ની ચાલુ બાબત માટે સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૮૯.૦૨ કરોડની જોગવાઇ કરેલ છે. જયારે આદિવાસી વિસ્તાર માટે ₹ ૧૨૧.૧૩ કરોડની જોગવાઇ કરેલ છે. આમ કુલ ₹ ૩૧૦.૧૫ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

♦ **સામુહિક વન નિર્માણ યોજના :**

સામાજીક વનીકરણ યોજના હેઠળ લોકોને બળતણ અને નાના ઇમારતી લાકડાની જરૂરીયાત તેમજ વૃક્ષ ઉત્પાદનથી લોકોને સહાયક રોજી અને આવક મળે તે હેતુથી યોજના અમલમાં છે. આ યોજના હેઠળ પટ્ટી વાવેતર, ગ્રામવન, જમીન વિહોણા ખેતમજુરોની ભાગીદારીથી ફળાઉ વૃક્ષો વાવવા અને વન નિર્માણ હેઠળ વૃક્ષારોપણનું કાર્ય કરવાનું છે. સાથોસાથ વન મહોત્સવ અને વિકેન્દ્રીત નર્સરી અંતર્ગત વિભિન્ન ઉપયોગી રોપોઓ (જેવા કે ફળાઉ ઔષધિયુકત, સુશોભન અને નાના ઇમારતી લાકડા ઉછેરી વિતરણ કરવામાં આવે છે.

આ યોજના હેઠળ વન વિસ્તાર બહાર વૃક્ષ ઉછેરની વિભિન્ન પ્રવૃત્તિઓ, વિતરણ પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૮૩.૫૬ કરોડ જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે આદિવાસી વિસ્તાર માટે ₹ ૫૧.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ કુલ ₹ ૨૩૪.૯૧ કરોડની જોગવાઇ જોગવાઇ કરવામાં આવેલ છે.

જયારે સને ૨૦૨૨-૨૩ની ચાલુ બાબત માટે સામાન્ય વિસ્તારમાં સુચિત ₹ ૧૮૯.૧૩ કરોડ જોગવાઇ કરવામાં

આવેલ છે. જયારે આદિવાસી વિસ્તાર માટે ₹ ૫૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ કુલ ₹ ૨૪૪.૧૩ કરોડની સૂચિત જોગવાઈ કરવામાં આવેલ છે.

♦ **ખાસ અંગભૂત યોજના :**

અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના હેઠળ ગ્રામ બિન પિયત વાવેતર, વિકેન્દ્રીત પ્રજા નર્સરી, ફળાઉ રોપા ઉછેર, પંચવટી, વન કુટીર વગેરે માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે ₹ ૪૭.૯૭ કરોડની જોગવાઈ કરેલ છે અને સને ૨૦૨૨-૨૩ના વર્ષની ચાલુ બાબત માટે ₹ ૫૧.૧૧ કરોડની સૂચિત જોગવાઈ કરવામાં આવેલ છે.

♦ **વન સંશોધન તાલીમ અને પ્રચારની યોજના :**

(૧) **કર્મચારી વર્ગને તાલીમ:**

વન ખાતાની ઘણી યોજનાઓના અમલ અને પ્રવૃત્તિઓના સંચાલન માટે તાલીમબદ્ધ કર્મચારીઓની જરૂરીયાત હોય છે. તાંત્રીક લાયકાત ધરાવતાં કર્મચારી વર્ગ વિના વન વિકાસ અને વ્યવસ્થા અંગેની યોજનાઓ સફળ બનાવવાનું મુશ્કેલ બની જાય છે. આથી કર્મચારી વર્ગની તકનીકી તાલીમ માટેની યોજના અન્વયે વન ખાતાના કર્મચારી વર્ગને તાલીમ આપવાનો છે.

(૨) **વન સંશોધન :**

સંશોધન એ વિઝન અને વિકાસનો પાયો છે. જેમાં સાતત્યની ખાસ જરૂરીયાત છે. હાલમાં વન વિસ્તારોની ઉત્પાકતા ઘણી જ ઓછી છે. વન વિસ્તારની ઉત્પાદકતા વધારવાના માર્ગ શોધી કાઢવા વન નિર્માણનું સંશોધન કરાવવાનું જરૂરી છે. વન ઉત્પાદકતા યોગ્ય જાતોનો ઉપયોગ કરીને કે નવી જાતોનો અખતરો કરવામાં ઉચ્ચ કોટીની વિચારણાની કે અન્ય ઉત્પાદકતા સામગ્રીનો ન્યાયોચિત ઉપયોગ કરીને વધારી શકાય છે. તેમજ સંશોધનની અનેક વિવિધ રીતોથી જંગલ ઉછેરની વિવિધ યોજનાઓમાં મદદરૂપ થવાનો છે. સંશોધન વિભાગ હેઠળ રાજ્યમાં સંશોધન મથકો બનાવવામાં આવેલ છે. આ યોજના હેઠળ વન ફળ સંશોધન સંસ્થા સ્થાપવાનું, યુનિવર્સિટીઓમાં વન સંશોધન અંગે ફેલોશીપ આપવાનું, જુદી જુદી જાતના સારા પ્રકારના બીજ જરૂરીયાતના સમયે જોઈતાં પ્રમાણમાં મળી રહે, તથા સંશોધન મથકો, વનસ્પતિ ઉછેરનો અને પ્રયોગ શાળા નિભાવવા તથા વિકસાવવાની કામગીરી. તેમજ આ સંશોધનમાં ટીસ્યુ કલ્ચર જેવા રોપા પણ ઉછેરવાની કામગીરી કરવામાં આવે છે.

(૩) **વન પ્રચાર :**

યોજનાકીય દરેક ક્ષેત્રમાં પ્રચાર એ લોક શિક્ષણ માટે અતિ મહત્ત્વની બાબત છે. આના લીધે ખાતાના વિકાસ કામોથી લોકો પરિચિત થાય છે. અને લોકોનો સહકાર પ્રાપ્ત થઈ શકે છે. આ ધ્યેય બિંદુને લક્ષમાં રાખીને પ્રચાર માધ્યમોનો પુરેપુરો ફાયદો ઉઠાવીને તે દ્વારા ગામ લોકો તરફથી વધુમાં વધુ તેમજ અન્ય લોકો તરફથી પણ સહકાર મેળવી પ્રચાર કાર્યક્રમને વેગ આપી વધુ વૃક્ષ ઉગાડવા માટે ખાસ કરીને યુવા પેઢીને સમજણ આપવા અને વનોના બચાવ કાર્યમાં ઉપયોગ કરવાનો આ યોજનાનો હેતુ છે.

સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે સામાન્ય હેઠળ ₹ ૩૦.૦૪ કરોડ અને આદિવાસી હેઠળ ₹ ૧૭.૧૭ કરોડની બજેટ જોગવાઈ હતી. આમ કુલ મળી ₹ ૪૭.૨૧ કરોડની જોગવાઈ કરેલ છે. જયારે સને ૨૦૨૨-૨૩ના વર્ષની ચાલુ બાબત માટે સામાન્ય હેઠળ ₹ ૨૯.૮૫ કરોડ અને આદિવાસી હેઠળ ₹ ૧૯.૦૦ કરોડ, મળી ₹ ૪૮.૮૫ કરોડની સૂચિત જોગવાઈ કરેલ છે.

♦ **વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ :**

ગુજરાત રાજ્ય ગીરના જંગલોમાં એશીયાઈ સિંહો હોવાથી ગૌરવ અનુભવે છે. અને ગીરના સિંહ પ્રખ્યાત છે. વન્યપ્રાણીઓની દ્રષ્ટિએ ગુજરાત રાજ્ય ખુબ જ સમૃદ્ધ છે. જેથી વન્યપ્રાણીઓની યોગ્ય જાળવણી તેમજ લુપ્તપ્રાય થતી જાતો ગ્રેટ ઈન્ડીય બસ્ટાર્ટડ, ગીધ, વરૂ, રીંછ જેવી જાતોનું સંવર્ધન/સંરક્ષણ માટે વન્યપ્રાણી વિસ્તારમાં સંરક્ષણની કામગીરી અસરકારક બનાવવા માટે વન વિસ્તાર/વન બહારના વિસ્તારમાં સઘન ચેકીંગ તથા સંરક્ષણ કરવા જરૂરીયાત મુજબના વાહનો, વેટરનરી સાધનો, ઈકવીપમેન્ટ સેટેલાઈટ વાયરલેસ સેટ, એજ્યુ. કેમ્પ સેમીનાર જેવી તાલીમો યોજી માળખાકીય પ્રવૃતિઓનું આયોજન વિચારેલ છે. સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ યોજના હેઠળ સામાન્ય હેઠળ કુલ ₹ ૧૮૮.૪૬ કરોડ અને આદિવાસી હેઠળ ₹ ૮.૫૦ કરોડની જોગવાઈ છે. આમ કુલ ₹ ૧૯૬.૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ.

જયારે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ચાલુ બાબત માટે વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ યોજનામાં સામાન્ય હેઠળ કુલ ₹ ૨૧૩.૮૫ કરોડ અને આદિવાસી હેઠળ ₹ ૯.૦૨ કરોડની જોગવાઈ છે. આમ કુલ ₹ ૨૨૨.૮૯ કરોડની સૂચિત જોગવાઈ કરેલ છે.

INDEX

♦ **વળતર વનીકરણ યોજના :**

વન સંરક્ષણ અધિનિયમ-૧૯૮૦નો અમલ કરવા બાબતની યોજના:

વન સંરક્ષણ અધિનિયમ-૧૯૮૦ હેઠળ ભારત સરકારને મોકલવાની થતી દરખાસ્તો નિયમિત સમય મર્યાદામાં સાદર કરી શકાય અને ભારત સરકારે જંગલની જમીન છુટી કરવા માટે જે શરતો મુકી હોય તેના પાલન સાથે કામગીરી અસરકારક હાથ ધરાય તે માટે આ યોજના ઘડવામાં આવેલ છે. એક એકમ સ્થાપી અમલમાં મુકેલ છે. સને ૨૦૨૧-૨૨ વર્ષમાં મહેકમ તથા જુના વાવેતરોની જાળવણી માટે ₹ ૨.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરેલ હતી. સને ૨૦૨૨-૨૩ના વર્ષની ચાલુ બાબત માટે ₹ ૧.૭૦ કરોડની સૂચિત જોગવાઇ કરેલ છે.

♦ **ગુજરાત ફોરેસ્ટ્રી ડેવલોપમેન્ટ પ્રોજેકટ (જેબીઆઈસી) :**

જે.બી.આઇ.સી. યોજના હેઠળ વન વિસ્તાર તથા વન વિસ્તાર બહારના વિસ્તારમાં વૃક્ષો વાવી પર્યાવરણ સંમતુલન પુનઃ સ્થાપિત કરવું. વન વિસ્તારની ફળદ્રુપતા તથા ઉત્પાદકતામાં વધારો, જૈવિક ભવિષ્યમાં વધારો કરવો ઉર્જા સ્ત્રોત તૈયાર કરી ઘટતા જતા જંગલોના ભારણમાં ઘટાડો કરવો તથા વન જીવનની પરિસ્થિતની ઉન્નતી તથા સુધારણા માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ₹ ૯.૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ. જયારે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ₹ ૨૭.૦૬ કરોડ સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

♦ **ડાંગ વન વ્યવસ્થા (ડાંગ આદિવાસી) :**

ખાસ વિસ્તાર કાર્યક્રમ હેઠળના સદરે ડાંગ જિલ્લામાં વાવેતર વન સંરક્ષણ, આદિજાતિ કલ્યાણ માર્ગ વ્યવહાર અને મકાન વિકાસના કામો માટે સને ૨૦૨૧-૨૨ વર્ષમાં ₹ ૨૪.૨૦ કરોડની જોગવાઇ હતી અને સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ₹ ૨૭.૬૧ કરોડની સૂચિત જોગવાઈ.

♦ **મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના :**

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાનો અમલ સારી રીતે થઇ શકે, તે માટે અલગથી કોઇ મહેકમ મંજુર કરેલ ન હોય ઉચ્ચક વેતનથી મહેકમને ચુકવવાનો ખર્ચ તેમજ જેના અમલીકરણ માટે જરૂરી ઇક્વીપમેન્ટની ખરીદી માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ₹ ૦.૪૦ કરોડની જોગવાઇ થયેલ હતી. અને સને ૨૦૨૨-૨૩ના વર્ષની ચાલુ બાબત માટે ₹ ૦.૪૦ કરોડની સૂચિત જોગવાઇ છે.

♦ **ઘાસ સુધારણા વિકાસ યોજના (બન્ની પ્રોજેકટ) :**

કચ્છ જિલ્લા તથા સૌરાષ્ટ્રના કેટલાંક જિલ્લામાં વારંવાર દુષ્કાળ જન્ય પરિસ્થિતિમાં ઘાસનો પુરવઠો પુરો પાડી શકાય તથા દુષ્કાળ સમયે ઘાસ વાહતુકમાં થતા મોટા ખર્ચને ઓછો કરી શકાય તે હેતુથી કચ્છ જિલ્લાના બન્ની વિસ્તારમાં આવેલ ઘાસીયા મેદાનો પૈકી ૯૦૦ હે. વિસ્તારમાં સઘન સુધારણાના પ્રયત્નો કરી ઘાસનું ઉત્પાદન પ્રતિ હેકટર ઉત્પાદનમાં વધારો કરી ઘાસ સુધારણા કરવાની દરખાસ્ત છે. જેમાં ઘાસનું ઉત્પાદકતા વધારવા ઘાસનું વાવેતર, ઘાસ વિસ્તારની માવજત, દવ, ચરિયાણથી રક્ષણ, ઘાસ વાઢકામ, એકત્રીકરણ, બેઈલીંગ ખડકવાની વીમા સહિતની કામગીરી, ઘાસ ગોડાઉન રીપેરીંગની કામગીરી કરવાની થાય છે.

આ કામગીરી માટે સને ૨૦૨૧-૨૨ માં ₹ ૯૬.૬૯ કરોડની જોગવાઈ થયેલ હતી. જયારે સને ૨૦૨૨-૨૩ માટે ₹ ૯૮.૮૩ કરોડની સૂચિત જોગવાઇ છે.

♦ **કચ્છ બાયોસ્પીયર રીઝર્વના નિર્માણની યોજના :**

વર્ષ ૨૦૨૧-૨૨માં સામાન્ય યોજના હેઠળ ઇકો ડેવલપમેન્ટ એકટીવીટી તથા સંશોધન અને મોનીટરીંગ જેવી કામગીરી માટે ₹ ૨.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૨-૨૩ માં ₹ ૦.૨૫ કરોડની સૂચિત જોગવાઇ છે.

♦ **વન્ય પ્રાણી જીવનના નિવાસોનો સંકલીત વિકાસ :**

વર્ષ ૨૦૨૧-૨૨માં યોજના હેઠળ રાજ્યમાં આવેલા વન્યપ્રાણી અભ્યારણ્યોમાં વન્ય પ્રાણીઓનું સંરક્ષણ કરવા તથા વન્યપ્રાણીઓનો વૈજ્ઞાનિક પધ્ધતિથી વિકાસ કરવાની જેવી કામગીરી માટે સામાન્ય હેઠળ કુલ ₹ ૩૫.૦૦ કરોડ અને આદિવાસી હેઠળ ₹ ૦.૫૦ કરોડની જોગવાઇ છે. તથા અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ₹ ૧.૭૦ કરોડની જોગવાઇ છે. આમ કુલ ₹ ૩૭.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી.

INDEX

જયારે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં માટે વન્ય પ્રાણી જીવનના નિવાસોનો સંકલીત વિકાસ યોજના હેઠળ સામાન્ય હેઠળ કુલ ₹ ૫.૦૦ કરોડ અને આદિવાસી હેઠળ ₹ ૦.૨૫ કરોડની જોગવાઇ છે. તથા અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ₹ ૦.૨૫ કરોડની જોગવાઇ છે. આમ કુલ ₹ ૫.૫૦ કરોડની સૂચિત જોગવાઇ કરેલ છે.

♦ **ભેજવાળી જમીનના સંરક્ષણ માટેની કાર્યયોજના :**

વર્ષ ૨૦૨૧-૨૨માં સામાન્ય યોજના હેઠળ જળપલ્લવિત વિસ્તારની યાદી બનાવવી, એમએપી કેન્દ્રીત પ્લાનનો અમલ કરાવવો, જળ પલ્લવિત વિસ્તારો પર સંશોધન અને ક્ષમતા વર્ધનની કામગીરી વગેરે માટે ₹ ૨.૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. સને ૨૦૨૨-૨૩ માં ₹ ૦.૨૫ કરોડની સૂચિત જોગવાઇ છે.

♦ **ગ્રાન્ટ ઇન એઇડ ટુ કેવડીયા ડેવલોપમેન્ટ ઓથોરીટી તમામ પ્રોજેકટ :**

કેવડીયા ખાતે કમલમ ફુટ (ડ્રેગન ફુટ) ની ૧,૫૦,૦૦૦ રોપાની નર્સરી ઉછેર કરવા તથા નર્મદા જીલ્લાના કેવડીયા નજીકના તાલુકા ગરૂડેશ્વર, નાંદોદ અને તિલકવાડા તાલુકાના ૪૦૦ લાર્ભથીઓ તેમજ સાગબારા, ડેડીયાપાડા તાલુકાના ૧૦૦ લાભાર્થીઓ ઇસમો મળી કુલ ૫૦૦ લાભાર્થીઓને કમલમ ફુટ (ડ્રેગન ફુટ) વાવેતરની કરવાની કામગીરી સરદાર ઝુઓલોજીકલ પાર્ક, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, બટર ફલાય ગાર્ડન, વિશ્વ વન, આરોગ્ય વન, એકતા નર્સરી, કેક્ટસ ગાર્ડન, વેલી ઓફ ફલાવર્સ, યુનિટી ગ્લો ગાર્ડન, ઝરવાણી ઇકો ટુરીઝમ, ખલવાણી ઇકો ટુરીઝમ વગેરેના વિકાસ અને જાળવણીની કામગીરી કરવા માટે સને ૨૦૨૧-૨૨માં નવી બાબત તરીકે ₹ ૮૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે

જયારે સને ૨૦૨૨-૨૩ માટે કેવડીયાના પ્રોજકટની જાળવણી તથા નવી કામગીરી માટે કુલ ₹ ૮૦.૦૦ કરોડની સુચિત જોગવાઇ સુચવેલ છે.

♦ **કચ્છ ખંભાતના અખાતનું પ્રવાલ દ્વીપની જાળવણી અને વ્યવસ્થાપન માટેની કાર્ય યોજના**

વર્ષ ૨૦૨૧-૨૨માં સામાન્ય યોજના હેઠળ કચ્છ અને ખંભાતના અખાતમાં પ્રવાલ દ્વીપની જાળવણી અને કાર્યસ્થાપના માટે ₹ ૨.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૨-૨૩માં ₹ ૫.૫૦ કરોડની સૂચિત જોગવાઇ છે.

♦ **નેશનલ એફોરેસ્ટ્રેશન પ્રોગ્રામ ફોરેસ્ટ ડેવલોપમેન્ટ એજન્સી (એફ.ડી.એ.) :**

રાજ્યમાં સહભાગી વન વ્યવસ્થા ધરાવતાં ગામોના વન વિસ્તારમાં ઔષધિય વનીકરણ તેમજ અન્ય રોપાઓના વાવેતરની કામગીરી કરવા માટે સને ૨૦૨૧-૨૨ વર્ષમાં સામાન્યમાં ₹ ૦.૦૧ કરોડ અને આદિવાસી હેઠળ ₹ ૦.૦૧ કરોડની જોગવાઇ છે. કુલ ₹ ૦.૦૨ કરોડની જોગવાઇ કરેલ.

જયારે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં આ યોજના હેઠળ સામાન્યમાં ₹ ૦.૦૧ કરોડની અને આદિવાસી હેઠળ ₹ ૦.૦૧ કરોડની જોગવાઇ છે. આમ કુલ ₹ ૦.૦૨ કરોડની ટોકન સૂચિત જોગવાઇ કરેલ છે.

♦ **પ્રોજેક્ટ લાયન :**

એશિયાઈ સિંહોના એકમાત્ર છેલ્લા નિવાસ સ્થાન ગીર રક્ષિત વિસ્તાર તથા તેની આજુબાજુના મહેસુલી તથા વીડી વિસ્તારમાં વિચરતાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે દસ વર્ષ માટેનો લાયન પ્રોજેકટની કામગીરી કરવા માટે અનુક્રમે 60%: 40% કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની યોજનામાં સને ૨૦૨૧-૨૨માં ₹ ૧૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૨-૨૩ માટે ₹ ૫.૦૦ કરોડની સુચિત જોગવાઇ કરેલ છે.

♦ **વનસ્પતિ ઉદ્યાન વઘઈની સુધારણા માટેની યોજના :**

વનસ્પતિ ઉદ્યાન ડાંગ જિલ્લામાં અનામત જંગલના કંપાર્ટમેન્ટ નં.૩૧૮ના કુલ-૨૪ હે. વિસ્તારમાં કરવામાં આવેલ છે. વનસ્પતિ ઉદ્યાન વઘઈ ખાતે કુલ-૧૦૦ કુળના ૧૦૭૭ પ્રજાતીઓની વનસ્પતિ જોવા મળે છે. વનસ્પતિ ઉદ્યાન વઘઈ ગામથી આશરે ૧.૦૦ કી.મી. દૂર સાપુતારા રોડ ઉપર આવેલ છે. જેના મુખ્ય ઉદ્દેશ નીચે પ્રમાણે છે.

(૧) દુલર્ભ લુપ્તપ્રાય પ્રજાતિ તેમજ સ્થાનિક પ્રજાતિઓનું સંરક્ષણ.

(૨) મહત્વની જાતોનું જૈવીક સંરક્ષણ

(૩) મહત્વની જાતોનો વન વિભાગના વાવેતરોમાં સમાવેશ.

(૪) વનસ્પતિ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ/સંશોધન

વનસ્પતિ ઉદ્યાન, વઘઈનો વિકાસ કરવા માટે તથા ઉચ્ચ કક્ષાએ લાવવા માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ₹ ૧.૩૪ કરોડની જોગવાઇ હતી, જયારે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ₹ ૧.૪૭ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

INDEX

♦ **ટીમ્બર ડેપોના આધુનિકરણ માટેની યોજના :**

ટીમ્બર ડેપોનું આધુનિકરણ કરવાની કામગીરી જેવી કે, ડેપો ફરતે ફેન્સીંગની કામગીરી, રાત્રી સમયે ડેપોના લાકડાના રક્ષણ માટે સોલર સ્ટ્રીટ લાઈટ તથા સી.સી.ટી.વી. કેમેરાની જોગવાઇ વગેરે માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ₹ ૧.૫૦ કરોડની હતી, જ્યારે સને ૨૦૨૨-૨૩માં ₹ ૦.૫૦ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

♦ **ચેર વિસ્તારના વ્યવસ્થાપન :**

સમગ્ર દેશમાં ગુજરાતમાં સૌથી લાંબો ૧૬૫૦ કીમીનો દરીયા કિનારો આવેલ છે. ગુજરાત રાજ્યમાં ૧૧૦૩ ચો.કીમી વિસ્તાર ચેર આચ્છદીત વિસ્તાર આવેલ છે. જે સમગ્ર દેશમાં સુંદરવન પછીના બીજા નંબરે આવે છે. ચેરના વૃક્ષો વિશાળ માત્રામાં શ્વસન મુળ ધરાવે છે. જે દરિયાના કાંઠાળ વિસ્તારોના ધોવાણ સામે રક્ષણ આપે છે. ચેરના વૃક્ષો ભરતી ઓટના મોજાઓથી ધોવાણ અટકાવે છે. તેમજ ખાસ કરીને વાવઝોડા તથા સુનામી જેવી કુદરતી આફતોમાં કાંઠાળ વિસ્તારને મજબુત રક્ષણ આપે છે. ચેરના વૃક્ષો મત્સ્યોધોગ માટે અત્યંત જરૂરી છે. તે માછલીઓ તથા અન્ય દરિયાઈ સમુદાયોને વિપુલ માત્રામાં ખોરાક અને આશ્રય સ્થાન પુરૂ પાડે છે. જમીનમાં ખારાશ આગળ વધતી અટકાવી રક્ષણા કરે છે. ચેરના વૃક્ષો અત્યંત ખારાશવાળા દરીયાઈ કાદવીયા વિસ્તારોમાં પણ ટકી શકે છે. ચેરના વૃક્ષો બારમાસી લીલા વૃક્ષો છે જે કાંઠાળા વિસ્તારના પશુધન માટે લીલોચારો પુરો પાડે છે. સ્થાનીક લોકોને રોજી અને બળતણ પુરૂ પાડે છે.

ચેરના જંગલો/વૃક્ષો જૈવિક વૈવિધ્યનો ભંડાર છે અને તે અનેક પ્રકારના જીવોને આશ્રય આપે છે. સદર યોજના હેઠળ સને ૨૦૨૧-૨૨ના વર્ષ ચેર વાવેતર માટે ₹ ૩.૭૦ કરોડની જોગવાઇ હતી, જ્યારે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ₹ ૪.૧૦ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

♦ **વન વિકાસ કાર્યક્રમ હેઠળ સહભાગી વન વ્યવસ્થા યોજના :**

વન વિસ્તાર તથા વન વિસ્તાર બહારના વિસ્તારોમાં વૃક્ષો વાવી પર્યાવરણ સમતુલન પુનઃ સ્થાપિત કરવા,વન વિસ્તારને ફળદ્રુપતા અને ઉત્પાદકતામાં વધારો કરવો, જૈવીક ભવિષ્યમાં વધારો કરવો, ઉર્જા સ્ત્રોત તૈયાર કરી ઘટતા જતાં જંગલોનાં ભારણમાં ઘટાડો કરવો, તથા વન જીવનની પરિસ્થિતિની ઉન્નતિ તથા સુધારણા દ્વારા ભવિષ્ય માટે તેઓનું સંરક્ષણ કરવા હતુસર આ યોજના શરૂ કરવામાં આવેલ છે. આ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૦.૦૦ કરોડની જોગવાઇ હતી, જ્યારે સને ૨૦૨૨-૨૩માં ₹ ૫.૦૦ કરોડની જોગવાઇ સૂચિત કરવામાં આવેલ છે.

♦ **વૃક્ષ ખેતીની યોજના :**

વન બહારના વિસ્તારોમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તારોમાં વધારા ઉપર ભાર મુકી પર્યાવરણ સ્થિરતા અને પરિસરિય સંતુલન જળવાઇ રહે તે માટે સ્થાપિત કરવામાં સફળતા મળી શકે તેમ છે. ભારત સરકારે પણ આ બાબતે મહત્વપૂર્ણ રાજ્યમાં વૃક્ષ આચ્છાદીત વિસ્તારમાં વધારો કરવા તેમજ ખેડૂતોની જમીનમાંથી લોકોને સારી આવક મળી રહે તે હેતુસર ગુજરાત સરકારે વૃક્ષ ખેતી યોજના અમલમાં મુકવા વિચારેલ છે. આ યોજના હેઠળ વન વિભાગ અને ખેડૂતોનો ફાળો મેળવી વૃક્ષઉછેર માટે કામગીરી હાથ ધરવામાં આવશે. જીંવત રોપાને આધારે ખેડૂતોને સહાય આપવા સૂચવવામાં આવેલ છે. આ યોજના માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં સામાન્ય જોગવાઇ ₹ ૫.૭૦ કરોડ આદિવાસી માટે ₹ ૨.૮૧ કરોડ તથા એસ.સી.પી. માટે ₹ ૧.૮૫ કરોડ મળી કુલ ₹ ૧૦.૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે સામાન્ય જોગવાઇ ₹ ૫.૯૮ કરોડ આદિવાસી માટે ₹ ૨.૯૯ કરોડ તથા એસ.સી.પી. માટે ₹ ૧.૯૫ કરોડ મળી કુલ ₹ ૧૦.૯૨ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ.

♦ **એગ્રો ફોરેસ્ટ્રી (કેન્દ્રિય પુરસ્કૃત યોજના ૬૦% ૪૦%) :**

સદરહુ યોજનામાં સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં સામાન્ય જોગવાઇ ₹ ૧૧.૦૬ કરોડ આદિવાસી માટે ₹ ૨.૬૧ કરોડ તથા એસ.સી.પી. માટે ₹ ૧.૨૮ કરોડ મળી કુલ ₹ ૧૪.૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ. જેમાં એગ્રો ફોરેસ્ટ્રીની કામગીરી હાથ ધરનાર છે. જયારે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે સામાન્ય જોગવાઇ ₹ ૮.૧૧ કરોડ આદિવાસી માટે ₹ ૧.૯૦ કરોડ તથા એસ.સી.પી. માટે ₹ ૦.૯૩ કરોડ મળી કુલ ₹ ૧૦.૯૪ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

સને ૨૦૨૨-૨૩ની સુચિત નવી બાબત

► **રીડીઝાઈનીંગ ઓફ સક્કર બાગ ઝૂ**

સકકરબાગની સ્થાપના ઈ.સ.૧૮૬૩ માં થયેલ છે. જે વિશ્વ વિખ્યાત જુનુ અને મોટુ પ્રાણી સંગ્રહાલયો પૈકી એક છે. છેલ્લા ૧૫૦ વર્ષથી મંનોરંજન અને સંરક્ષણ, સંવર્ધન, પ્રકૃતિ શિક્ષણ સંશોધન ક્ષેત્રે કાર્યરત છે. ૧૯૬૦ બાદ વન વિભાગ હસ્તક સોંપવામાં આવ્યા છે. જેમાં ૧૦૦ જેટલી પ્રજાતિઓના ૧૪૦૦ જેટલા વિવિધ વન્યપ્રાણીઓ રાખવામાં આવેલ છે. જેના

નવાબી કાળના દરવાજા પાંજરા તથા એન્ટ્રીપ્લાઝા રીસ્ટોર કરવા જરૂરી છે. તથા જેમાં ફરવા ટુરીસ્ટ મુવમેંટ ફેસેલીટી ડેવલોપમેન્ટ માટેના પ્રોજેકટ જેમાં સીનીયર સીટીજન, બાળકો, મહીલાઓ અને અન્ય માટે સુવીધા ઉભી કરી પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવા માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **વલ્ચર (ગીધ) સંવર્ધન :**

ભારતમાં ગીધની નવ પ્રજાતિ જોવા મળે છે. જેમાંની સાત પ્રજાતિ ગુજરાતમાં જોવા મળે છે. ગીધની સંખ્યામાં ૯૯ ટકા નો અતિ ગંભીર ઘટાડો નોંધાતા લુપ્તપ્રાય થવાના આરે છે. ગીધ મૃત પ્રાણીઓના મૃતદેહોને ખોરાક તરીકે ઉપયોગ કરી તેનો નિકાલ કરે છે. ગીધ પર્યાવરણનો સફાઇ કામદાર તરીકે ઓળખવામાં આવે છે. જે સલામત ખોરાકની તંગી, સલામત રહેઠાણનો અભાવ, પ્રાણીઓમાં ઉપયોગ લેવાતી પ્રતિબધિત દવાના લીધે તેના મૃતદેહોને આરોગવાથી વીજ લાઈન સાથે અથડામણથી વગેરેથી ગીધ લુપ્તપ્રાય થવાના આરે છે. જેથી ગીધ પ્રજાતિના સંરક્ષણ અને સંવર્ધ્ધ માટે તેના આવાસોનું મેપીંગ, ગીધ પ્રજનન કેન્દ્ર બનાવવા સલામત ખોરાક તથા રહેઠાણની સુવિધા, તેમજ લોકોમાં ગીધ પ્રત્યે જનજાગૃતિ લાવવાની કામગીરી માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત ₹ ૦.૮૦ કરોડની દરખાસ્ત થયેલ છે.

► **કોરલ રીફ, ડોલ્ફીન, ડુગોંગના સંરક્ષણ અને સંવર્ધન :**

સમુદ્રની સપાટી ઉચી આવવી, દરિયાઇ કચરો, પ્લાસ્ટિક, આકસ્મિક રીતે સમુદ્રમાં કાચા તેલનું ફેલાવું. જેવી સમસ્યાઓથી દરિયાઇ નિવસનતંત્ર વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહી છે. પરવાળાના ખડકો કેલ્શિયમ કાર્બોનેટના પથ્થરો છે. જે વનસપ્રિ અને પ્રાણી સૃષ્ટીનું આશ્રયસ્થાન છે. મત્સ્ય ઉદ્યોગ, પ્રવાસન, દરિયાકાંઠાના ધોવાણો અટકાવવા જહોજના એંકરોથી પરવાળાના ખડકો માટે જોખમકારક છે. આમ કોરલ રીફને નુકશાન થાય છે. ડોલ્ફીન અને ડુગોંગ જેવા દરિયાઇ જીવોના ખોરાક તથા રહેઠાણની સમસ્યા પણ ઉભી થાય છે. અને લુપ્લપ્રાય થવાના આરે આવે છે. જેના સંરક્ષણ અને સંવર્ધન માટે વિકાસની કામગીરી માટે અને દરિયાઈજીવોના કારણે પ્રવાસનને વેગ મળે તથા દરિયાઇ જીવોનો વિકાસ થાય માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૨૫ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **વરૂ સંવર્ધન :**

રાજ્યમાં નીલગાયના વસ્તી વિસ્ફોટ માટે વરૂની સંખ્યામાં થયેલ ઘટાડો જવાબદાર છે. કારણ કે, વરૂ દ્વારા રોઝ, કાળિયાર જેવા તૃણભક્ષી પ્રાણીઓનો ખોરાક માટે શિકાર કરવામાં આવતો હોવાથી તેમની સંખ્યાના કુદરતી નિયંત્રણ માટે વરૂ બાયોલોજીકલ કંટ્રોલ સમાન હતા પરંતુ પાછલા વર્ષોમાં વરૂની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાથી રેવન્યુ વિસ્તારમાં રોઝનું કુદરતી નિયંત્રણ બંધ થયું છે. વરૂની સંખ્યા વધારવા માટે વરૂના વિકાસ, સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી માટે સને ૨૦૨૨-૨૩ માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૦.૬૮ કરોડની દરખાસ્ત કરેલ.

► **નવા વાહન ખરીદી :**

વાઈલ્ડ લાઈફ વિંગ માટે જુના રદબાદતલ થયેલ વાહનો સામે નવા વાહનો ખરીદી કરવા માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ₹ ૧.૦૦ કરોડની નવી બાબતની સુચિત દરખાસ્ત કરેલ છે.

► **વન્યજીવ અને માનવ વચ્ચે ઘર્ષણ નિવારણની યોજના :**

વન વિસ્તારમાં વસતા લોકોને તથા વન્યપ્રાણીઓ શહેરી વિસ્તારમાં આવી ચડતા તથા અવારનવાર વન્યપ્રાણીઓ દ્વારા માલઢોરનું મારણ કરવામાં આવે ત્યારે માનવ અને વન્યપ્રાણી વચ્ચે ઘર્ષણ જેવી સ્થિતિનું સર્જન થાય છે. આવા સંજોગોમાં માનવ અને વન્યજીવ વચ્ચે ઘર્ષણ ઘટાડવા તથા વન્યજીવોને જંગલ વિસ્તારની હદોમાં રાખવા માટે તેમજ તાત્કાલિક રેસ્ક્યુ કરવા માટે કવીક રીસ્પોંસ ટીમ બનાવવા તથા લોકોમાં વન્યજીવો પ્રત્યે જાગૃતિ લાવવા જન જાગૃતિના કામો કરવા માટે સને ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે સુચિત ₹ ૩.૩૭ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **ઈકો ટુરીઝમ ડેવલોપમેન્ટ બોર્ડ :**

ઈકો ટુરીઝમ ડેવલોપમેન્ટ બોર્ડ રચના કરવા માટે સને ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **નળસરોવર ખાતે પબ્લીક સુવિધાઓ અને (એચ.આર.એફ) :**

નળસરોવર ખાતે પ્રયટન સ્થળ તરીકે વિકાસ પામેલ છે. પ્રવાસીઓ અહીયા પીકનીક પ્રોઈન્ટ તથા પ્રવાસી પક્ષીઓને નિહાળવા માટે મોટી સંખ્યામાં આવવા લાગ્યા છે. નળસરોવર ખાતે આવતા પ્રવાસીઓની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડી શકાય તે માટે ફોરેસ્ટ રેસ્ટ હાઉસ હોવું જરૂરી જણાય છે. માટે નળસરોવર ખાતે નવું એફ.આર.એસ. બનાવવા માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

INDEX

► **બાયોડાયવર્સીટી બોર્ડ :**

જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની પુનઃરચના કરવા કુલ ૬૭૧૨ ગ્રામપંચાયતો માં બી.એમ.સી. બનાવવા તથા જુના પી.બી.આર.ની કામગીરી જે પુર્ણ થવા આવેલ છે. જે માટે ૨૪૦ પી.બી.આર ગ્રામ્યકક્ષાએ બનાવવા માટે અને તેના ત્રણ ભાગમાં ચુકવણા માટે બોર્ડને રકમની જરૂરત હોય તથા બાયોડાર્વસીટી બોર્ડના ચેરમેનશ્રી માટે નવુ વાહન ખરીદી કરવા માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૬.૦૦ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે.

► **ગીર ફાઉન્ડેશન :**

ગુજરાત ઇકોલોજી એજ્યુકેશન એન્ડ રીર્સચ ફાઉન્ડેશન એટલે કે ગીર ફાઉન્ડેશન ગુજરાત રાજ્યમાં પ્રકૃતિ શિક્ષિણ અને સંશોધનમાં પ્રકૃતિ, વન્યપ્રાણી, પર્યાવરણ અને સંલગ્ન વિષયોમાં શિક્ષણ ના માધ્યમથી જાહેર જનતા અને શાળા કોલેજેના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો અને પરિસરીય સંશોધનો તથા પર્યાવરણ શિક્ષણ અને સંશોધનની લગતી જાહેર સેવાનું કાર્ય કરે છે. ગીર ફાઉન્ડેશન પીકનીક પોઈન્ટ તરીકે પ્રર્યટકોમાં આકર્ષણનું કેન્દ્ર પણ છે. જેના લીધે ઈન્દ્રોડા પાર્ક ખાતે મુલાકાતીઓની સુવિધાઓ જેવી કે બેટરીથી સંચાલિત વાહન, ગાર્ડન પાથ, સ્કયા વોક, તથા સાયકલીંગ, વોકિંગ ટ્રેક, પીવાના પાણીની સુવિધા, વિશ્રામ કુટીર, કેમ્પ સાઈટનું નવીનીકરણ, ચેનલીંક ફેન્સીંગ, એન્ટ્રી ગેટ, તથા વન્યજીવોના પાંજરા, વગેરેનું નવીનીકરણ કરવા તથા પ્રવાસીઓની પ્રાથમિક સુવિધા પુરી કરવા નવી બાબત તરીકે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ₹ ૧૦.૦૦ કરોડની સુચિત જોગવાઇ કરેલ છે.

► **નવા ઘાસ ગોડાઉન બાંધકામ :**

રાજ્યમાં અછત/અર્ધ અછત સમયમાં પશુઓને સરકારશ્રીના આદેશ મુજબ રાહત દરે ઘાસ પુરૂ પાડવાની મુખ્ય કામગીરી છે. વન વિભાગ પાસે ૭.૦૦ કરોડ કિ.ગ્રા ઘાસનો જથ્થો ઉપલબ્ધ હોવો જોઈએ. વન વિભાગ પાસે હાલમાં ૨૯૪ ઘાસ ગોડાઉનો છે. જેની સંગ્રહક્ષમતા ૫.૨૨ કરોડ કિ.ગ્રા જેટલી છે. તે સંગ્રહક્ષમતા ૭.૦૦ કરોડ કિ.ગ્રા જેટલી કરવા બીજા ૧૦૦ ઘાસ ગોડાઉન બાંધવાના થાય તે પૈકી ૩૪ ગોડાઉનનું આયોજન સને ૨૦૧૯-૨૦ તથા સને ૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન કરવામાં આવેલ છે. બાકીના ૬૬ ગોડાઉન પૈકી ૧૬ ગોડાઉન બાંધવાની કામગીરી માટે અંદાજીત ₹ ૮.૦૦ કરોડની જરૂરીયાત જણાય છે. તે રકમ નાબાર્ડ પાસેથી લોન સહાય તરીકે લેવા માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં નવી બાબતની સુચિત ₹ ૮.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **ટ્રાંન્ઝીટ હોસ્ટેલ બનાવવા :**

રાજ્યના જુદા જુદા ક્ષેત્રિય વર્તુળ હેઠળના વિભાગોના કાર્યક્ષેત્ર હેઠળની તાલુકા કક્ષાની રેન્જ કચેરી, રાઉન્ડ, તેમજ બીટ જંગલ વિસ્તારના અંતરિયાળ વિસ્તારમાં આવેલ હોય છે. આવા અંતારિયાળ વિસ્તારમાં ફોરેસ્ટર અને બીટ ગાર્ડ પોતાની ફરજ બજાવતા હોય તે વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના અભાવે સ્ટાફ પોતાના પરિવાર સાથે પોતાની ફરજના સ્થળે રહેવામાં ઘણી મુશ્કેલીઓ અનુભવે છે. તેમજ પોતાના બાળકોના પસંદગીના ક્ષેત્રમાં શિક્ષણ મેળવી શકતા નથી. આ પરિસ્થતિ નિવારવા માટે ક્ષેત્રિય વર્તુળ સુરત અને વન્યજીવ વર્તુળ વડોદરામાં અનુક્રમે માંડવી અને ડેડીયાપાડા ખાતે ટ્રાન્ઝીટ હોસ્ટેલ બનાવવા માટે તથા અન્ય રાજ્યના વન વિભાગના તાલીમાર્થીઓ ઘણી વખત ગુજરાત વન વિભાગ દ્વારા અમલમાં હોય તેવી યોજનામાં કામગીરી પ્રત્યક્ષ જાણકારી માટે જુદા જુદા વન વિભાગની મુલાકાત લેતા હોય છે. જેમાં પણ ટ્રાન્ઝીટ હોસ્ટલની સુવિધા ઉપલબ્ધ થાય તો તાલીમાર્થીઓને રહેવાનો પ્રશ્ન હલ થઈ શકે તેવા હેતુથી સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૨.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **ડીવીઝન કચેરી અને ક્વાટર્સનું બાંધકામ તથા ભાવનગર ખાતે (એફ.આર.એચ) :**

ભાવનગર ખાતે હાલમાં વન વિભાગ હસ્તક કોઈ રેસ્ટ હાઉસ ન હોય, ક્ષેત્રીય સામાજીક વનીકરણ તથા વાઈલ્ડ લાઈફ લગત કામગીરીઓ માટે મુલાકાત તથા મોનીટરીંગ વગેરેની કામગીરી માટે આવતા અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને રહેવાની અગવડતાઓ પડે છે. જેથી હાલની જરૂરીયાતોને ધ્યાનમાં લઇ ભાવનગર ખાતે નવી સગવડતાઓ ઉભી કરવાની જરૂરીયાત હોઈ નવા રેસ્ટ હાઉસ બાંધકામ માટે તથા મુખ્ય વન સંરક્ષકશ્રી, વર્કિંગ પ્લાન, સુરતના રહેઠાણ માટે કોઈ આવાસ નથી. જે ધ્યાને લઇ મુખ્ય વન સંરક્ષકશ્રી વર્કિંગ પ્લાન, સુરતના ક્વાર્ટર બાંધકામ માટે સને ૨૦૨૨-૨૩માં સુચિત નવી બાબત તરીકે ₹ ૩.૫૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **બારીયા ખાતે ના.વ.સંશ્રીના ક્વાટર્સનું બાંધકામ :**

વડોદરા વન વર્તુળ હેઠળ નાયબ વન સંરક્ષકશ્રી બારીયાની કચેરીને આગ લાગતા મોટા પ્રમાણમાં નુકશાન થયેલ હોવાથી નવી ડીવીઝન કચેરીના બાંધકામ માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે નાયબ મુખ્યમંત્રીશ્રીની સુચના મુજબ બારીયા ખાતે નવી પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીનું બીલ્ડીંગ બનેલ હોઈ જો ત્યા જગ્યા

INDEX

ઉપલબ્ધ હોઈ તો કલેકટરશ્રી ત્યા જગ્યા સોપશે તેવી સ્થળ ઉપર ચકાસણી કરાવી વિગત સહપુનઃ દરખાસ્ત સાદર કરવા જણાવેલ હતું. જે અન્વયે કલેકટરશ્રી દાહોદના જણાવ્યા મુજબ દેવગઢ બારીયા તાલુકામાં તેમની કચેરી હસ્તકનું કોઈ મકાન ખાલી નથી તેમ જણાવેલ છે. જેથી ડીવીઝન કચેરી બારીયા માટે જગ્યા ઉપલબ્ધ થયેલ ન હોઈ સદર દરખાસ્ત સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં પુનઃ નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૫૦ કરોડની કરેલ છે.

► **જે. એફ. એમ. સી./ એસ.એચ.જી. દ્વારા વસ્તુઓના ઉત્પાદન અને વેચાણ કેન્દ્રો સ્થાપવાની કામગીરી :**

સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ તથા સ્વ સહાય જુથો (જે.એફ.એમ.સી./એસ.એચ.જી) દ્વારા આદિવાસીઓએ એકત્રીત કરેલ વન પેદાશોને વેચાણ કરવા માટે એક વેચાણ કેન્દ્ર ઉભુ કરી તેમાં વન પેદાશોના વેચાણની કામગીરી દ્વારા આદિવાસીઓને રોજગારી પુરી પાડવાનો હેતુ આ યોજનાનો મુખ્ય ઉદ્દશે છે. વન પેદાશોના વેચાણ થવાથી સ્થાનિક લોકોની આવકમાં વધારો થશે તેમજ આદિવાસી વિસ્તારના લોકોને રોજગારી મળી રહેશે. જેના માટે ₹ ૧.૦૦ કરોડની નવી બાબાત તરીકેની દરખાસ્ત કરેલ છે.

► **નવા વાહન ખરીદી :**

વનોના સંરક્ષણ, સંવર્ધન અને અન્ય સરકારી કાર્યો હેતુસર અધિકારીઓને વાહનોની કાયમી ધોરણે જરૂરીયાત હોવાથી જુના રદબાતલ કરવામાં આવેલ વાહનો સામે નવા વાહનો ખરીદી કરવા સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં નવી બાબત તરીકે ₹ ૨.૦૦ કરોડની સુચિત દરખાસ્ત કરવામાં આવેલ છે.

► **ભુજ ખાતે બાયોડાયવર્સીટી પાર્ક અને ઔષધિય વનમાં નવી કામગીરી :**

ભુજ ખાતે મોચીરાઇ રખાલમાં ૫.૫૯ હે. વિસ્તારમાં આવેલ આરોગ્ય વનને વિસ્તરણ કરી નવસાધ્ય કરવું તેમ તેમાં જરૂરી સુવિધાઓ ઉભી કરી પર્યટન સ્થળ તરીકે વિકસિત કરવાનું આયોજન છે. તેમજ ભુજ ખાતે મીરઝપર રખાલમાં આવેલ બાયોડાયવર્સીટી પાર્કને પણ નવસાધ્ય કરી વન નિર્માણ કરવાનું આયોજન છે. પાર્કમાંથી ગાંડાબાવળ તેમજ બિન ઉપયોગી વનસ્પતિ દુર કરી કંમ્પાઉન્ડ વોલ, ટ્રી-ગાર્ડ, પ્રવેશ દ્વારા, વોટર યુનીટ, પેવર બ્લોક વગેરેની કામગીરી માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **આધુનીક ટેકનોલેજી દ્વારા વન સંરક્ષણની કામગીરી સુદ્રઢ બનાવવી :**

વનોના રક્ષણ અંતર્ગત ક્ષેત્રીય સ્ટાફ માટે આધુનિક ટેકનોલોજી અનુરૂપ સંદેશાવ્યહાર ઝડપી રહે તેમજ કોમ્યુનિકેશનનું નેટવર્ક સુદ્રઢ બને તે હેતુથી વોકી-ટોકી તેમજ બેઝ સ્ટેશનથી સુસજ્જ માળખાની તાતી જરુરીયાત હોઇ ઉકત સાધનોની ખરીદી વન વિસ્તારમાં સંવેદનશીલ જગ્યાઓમાં ફરજ બજાવતા ક્ષેત્રીય કર્મચારી/અધિકારી ઉપર ઘર્ષણના બનાવો અવારનવાર બનતા હોઇ તેઓના આત્મરક્ષણ હેતુ રિવોલ્વર/શોટગન(હથિયારો) ની ખરીદી તથા આધુનિક પદ્ધતિથી વનોનું નિરિક્ષણ થઇ શકે તે હેતુ સર્વેલન્સ ડ્રોન્સની ખરીદી કરવા માટે સને ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે સુચિત ₹ ૩.૦૦ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે.

► **એગ્રો ફોરેસ્ટ્રી (રાજ્ય આધારિત) :**

આ યોજનાનો મુખ્ય હેતુ બિન વન વિસ્તારમાં વૃક્ષોનું આવરણ અને સંખ્યા વધારવાનું છે. જેથી એક બાજુ સમાજને આવક અને રોજગારીની તકો વધે વૃક્ષ આધારિત ઉદ્યોગોને કાચો માલ મળી શકે તથા પર્યાવરણીય અને પરિસરીય વિકાસ થાય. જેમાં ખેડુતોના માલિકીના ખેતરમાં ખેડુત થકી રોપાઓ વાવેતર કરાવવા માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં સામાન્ય વિસ્તારમાં ૧૦૭૯૨ હેકટરમાં રોપા વાવેતર માટે ₹ ૪.૪૪ કરોડ, આદિજાતિ વિસ્તાર ૪૬૪૫ હેકટર માટે ₹ ૧.૯૦ કરોડ તથા એસ.સી.એસ.પી.ના ૧૫૫૦ હેકટર માટે ₹ ૦.૪૬ કરોડની સુચિત નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ છે.

► **બામ્બુ વાવેતર (રાજ્ય આધારિત) :**

આ યોજનાનો મુખ્ય હેતુ બિન વન વિસ્તારમાં વૃક્ષોનું આવરણ અને સંખ્યા વધારવાનું છે. જેથી એક બાજુ સમાજને આવક અને રોજગારીની તકો વધે વૃક્ષ આધારિત ઉદ્યોગોને કાચો માલ મળી શકે તથા પર્યાવરણીય અને પરિસરીય વિકાસ થાય. જેમાં ખેડુત/સરકારી સંસ્થા થકી બામ્બુ રોપાના વાવેતર કરવા માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં સામાન્ય વિસ્તારમાં ૩૪૦ હેકટર માટે ₹ ૧.૦૦ કરોડ, આદિજાતિ વિસ્તાર ૬૮ હેકટર માટે ₹ ૦.૭૫ કરોડ તથા એસ. સી.એસ.પી.ના ૭૧ હેકટર માટે ₹ ૦.૨૫ કરોડની સુચિત નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ છે.

► **વનચેતના કેન્દ્રનુ બાંધકામ અને નવીનીકરણ :**

રાજ્યમાં સામાજીક નવીકરણ હેઠળ કુલ-૨૫ વનચેતના કેન્દ્રો આવેલ છે. આ કેન્દ્રો સને ૧૯૯૦ થી ૨૦૦૬ દરમ્યાન બનાવવામાં આવેલ જેના બાંધકામ ખુબજ જુના થયેલ હોવાથી નવીનીકરણ કરવું જરૂરી છે. વન ચેતના કેન્દ્રમાં વિભિન્ન

INDEX

યોજનાઓ વિશે સમયાંતરે શિબિરો ગોઠવી ખેડુત ભાઈઓ તેમજ લોકોને સામાજીક વનીકરણ શાખાની તમામ યોજનાઓ અંગે વિસ્તૃત અને વ્યાપક લોક સંપર્ક દ્વારા માહિતી પુરી પાડવામાં આવે છે. જેથી એ લોકો વન વિસ્તાર બહારના વિસ્તારોમાં પર્યાવરણની જાળવણી માટે મોટા પાયા પર વૃક્ષારોપણ કરવા પ્રેરાય છે. આમ સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે રાજ્યમાં આવેલ જુના કુલ ૨૫ વનચેતના કેન્દ્રોનું નવીનીકરણ કરવા સુચિત ₹ ૩.૭૦ કરોડ તથા મહિસાગર ખાતે નવું વનચેતના કેન્દ્રના બાંધકામ માટે સુચિત ₹ ૧.૦૦ કરોડની દરખાસ્તો કરેલ છે.

► **કચેરીઓનું અને કવાટર્સનું બાંધકામ (બોટાદ ખાતે) :**

વિભાગીય કચેરીનું પુનઃગઠન થયેલ ગીર સોમનાથ અને બોટાદ ખાતે નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગની કચેરી-૨ તથા નાયબ વન સંરક્ષકશ્રીનું કવાર્ટર-૨ના બાંધકામની કામગીરી માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત ₹ ૩.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **કચેરીઓનું અને કવાટર્સનું બાંધકામ (ગોધરા ખાતે) :**

દાહોદ જીલ્લાના મુખ્ય મથકે વન સંરક્ષકશ્રીની સામાજીક વનીકરણ વર્તુળની કચેરી તેમજ વન સંરક્ષકશ્રીનું કવાર્ટર બાંધવાનું થાય છે. આ બાંધકામથી વહીવટી કામગીરીમાં અનુકળતા તેમજ ક્ષેત્રીય ફેરણોનો મુખ્ય હેતુ છે. જેના માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૭૫ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **શહેરી વિસ્તારોમાં તેમજ અન્ય સ્થળોએ નડતરરૂપ ઝાડોના પુનિંગ માટે સાધનો વસાવવાની યોજના :**

ગાંધીનગર જેવા શહેરી વિસ્તાર ખાતેના રહેતા રહેવાસી તેમજ અન્ય સરકારી કચેરીઓ વગેરે દ્વારા કરવામાં આવતી નડતરરૂપ વૃક્ષોને પુનીંગ તથા કટીંગ કરવાની રજુઆતોમાં વૃક્ષોને પુનીંગ તથા કટીંગ ઝડપથી થાય અને લોકોની રજુઆતોનો ઝડપથી નિકાલ થાય જેના માટે ૧ આધુનિક ટ્રી-પુનીંગ કટીંગ મશીન ખરીદ કરવા માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત ₹ ૦.૫૦ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે.

► **નવા વાહનોની ખરીદી (સા.વ.યો) :**

ક્ષેત્રીય કામગીરી માટે વાહનો વન વિસ્તારના કાચા ઉબડ ખાબડ રસ્તાઓ ઉપર ચલાવવાના થતા હોવાથી ભાડે વાહનો ઉપલબ્ધ થતા નથી તેમજ વાહનો ભાડે રાખવાથી સરકારશ્રીને વધારે ખર્ચ આવે તેમ હોવાથી જુના વાહનો રદબાતલ કરી નવા ૮(આઠ) વાહનોની ખરીદી માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૦૬ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **કાયમી નર્સરીનું આધુનિકરણ :**

સામાજીક વનીકરણ હસ્તકની કાયમી નર્સરીઓને આધુનિક કરવા તથા ઉર્જાના બિન પરંપરાગત સ્ત્રોતોનો ઉપયોગ અને વીજળીનો બચાવ અને સાથે પ્રદુષણમાં ઘટાડો કરવાના હેતુસર કાયમી ૧૦ નર્સરીઓને આધુનિક કરી નર્સરીઓ માટે સોલર લાઈટ અને પમ્પ ખરીદી કરવા માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અન્ય વિકલ્પ અંગેની યોજના :**

વન વિભાગમાં ઉછેરવામાં આવતા રોપાઓ માટે પ્લાસ્ટીક બેગનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્લાસ્ટીકનો નકામો કચરો જમીન પર પડે છે. જેના લીધે જમીનની ફળદ્રુપતા પર માઠી અસર થાય છે. જમીન બિન ઉપજાઉ થાય છે. જમીનએ પર્યાવરણનો અગત્યનો ઘટક છે. આમા આવા સંજોગોમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવાની ખુબ જરૂર છે. તેના અન્ય વિકલ્પ માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ₹ ૧.૦૦ કરોડની નવી બાબત તરીકે સુચિત જોગવાઇ કરેલ છે.

► **એફ.પી.ઓ. બનાવવાની કામગીરી :**

રાજ્યમાં વનીકરણને વેગવંતુ બનાવવા માટે કૃષી એફ.પી.ઓ. બનાવવાની દરખાસ્ત જેના થકી કાર્યક્ષમ ખર્ચ અસરકારક અને ટકાઉ સંશાધનોના ઉપયોગ દ્વારા ઉત્પાદકતામાં વધારો કરવો અને તેમના ઉત્પાદનો માટે વધુ સારી તરલતા અને બજાર જોડાણો દ્વારા ઉચ્ચ વળતર પ્રાપ્ત કરવા અને સામુહિક કાર્યવાહી દ્વારા ટકાઉ બનાવવાની કામગીરી સરકાર તરફથી સહાયતા સમયગાળાની બહાર આર્થીક રીતે સધ્ધર અને સ્વ-ટકાઉ બનાવવા વગેરેની માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૧.૦૦ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે.

INDEX

► **શહેરી વિસ્તારનું ગ્રીનીંગ :**

શહેરી વિસ્તારોમાં ગ્રીનીંગની કામગીરી માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે સુચિત ₹ ૨.૦૦ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે. જેમાં ગ્રીનીંગની કામગીરી થકી રોપાની મોર્ટાલિટી ઘટશે. રોપા ઝડપથી મોટા થતા કાર્બન સ્લીંક ઘટાડો થશે પર્યાવરણની સમતુલા જળવાશે અવાજ અને હવાનું પ્રદુષણ ઘટશે. ઉષ્ણ તાપમાનનું સંતુલન જળવાશે. બિન વન વિસ્તારમાં વૃક્ષોનું આવરણ અને સંખ્યામાં વધારો થશે.

► **યુનિર્વસિટી સાથે રીસર્ચ :**

ગુજરાત તેમજ ભારતમાં અન્ય સ્થળોએ આવેલ નિષ્ણાંત વિશ્વવિદ્યાલય અને સંસ્થાઓ સાથે સંકલિત સંશોધન પ્રવૃતિમાં, વાનિકી, વન્યપ્રાણી, કલાયમેન્ટ ચેન્જ, પર્યાવરણ, ઇકોલોજી વિગેરે કામગીરી કરવા માટે આશરે ૬ જેટલી યુનિવર્સીટી સાથે એમ.ઓ.યુ. કરી સંકલિત સંશોધનો હાથ ધરવામાં આવનાર છે. આ કામ માટે ગુજરાત ફોરેસ્ટ્રી રીસર્ચ ફાઉન્ડેશન, ગાંધીનગર હેઠળ ગ્રાન્ટ રાખવામાં આવશે. અને કામગીરી નિષ્ણાંત સંસ્થાઓના મારફતે કરવામાં આવશે. જેના માટે એક વર્ષમાં ₹ ૦.૪૦ કરોડ ખર્ચની જરૂરીયાત રહેશે. જેના માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે દરખાસ્ત કરેલ છે.

► **ફોરેસ્ટ એકેડમીનો વિકાસ, મેમોરીયલ/મીટીંગ હોલ તેમજ ઓડીટોરીયમ બનાવવાની કામગીરી :**

જી.એફ.આર.સી. રાજપીપળા ખાતે રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીઓની ૧૮ માસની આપવામાં આવે છે. તાલીમાર્થીઓની માળખાકીય સુવિધાઓ લગભગ તમામ પ્રકારની ઉપલબ્ધ છે. તાલીમાર્થીઓના પ્રોગ્રામ, પદવીદાન સંમારંભ વગેરે કાર્યક્રમો માટે ઓડીટોરીયમની જરૂરીયાત છે. ઓડીટોરીયમ બનતા તાલીમ કોલેજ સુસજ્જ બની રહેશે. જેના માટે ₹ ૧.૨૦ કરોડ તથા વન વિભાગના કર્મચારીઓ ફરજ દરમ્યાન ઘણીવાર પોતાના પ્રાણોની આહુતી આપે છે. તેમની યાદમાં મમોરીયલ બનાવવા પ્રકાશન અને સંપર્ક વિભાગ ગાંધીનગર દ્વારા જસત, કાંસા અને એલ્યુમીનીયમનુ આશરે ૧૬ ફુટ ઉચાઇ ધરાવતુ મેમોરીયલ બનાવવામાં આવનાર છે. જેના માટે ₹ ૦.૫૦ કરોડ તથા નાયબ વન સંરક્ષકશ્રી, તાલીમ વિભાગ, ગાંધીનગર હસ્તક અકે કોન્ફરન્સ હોલ આવેલ છે. જેમાં માન.મંત્રીશ્રીઓ તથા ગુજરાત સરકારના વન વિભાગ તથા અન્ય સરકારી વિભાગો અર્ધસરકારી વિભાગો, સંસ્થા, બોર્ડ, નિગમ, વગેરેની ઉચ્ચકક્ષાના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની મીટીંગો/તાલીમ/ વર્કશોપ/સેમીનારનું આયોજના થાય છે. કોન્ફરન્સ હોલનો વપરાશ અત્યંત વધુ પ્રમાણમાં થતો હોય છે. આથી કોન્ફરન્સ હોલ ઉપર અન્ય એક અદ્યતન મીટીંગ હોલ, વી.આઇ.પી. રૂમ બનાવવા માટે ₹ ૦.૪૦ કરોડની સને ૨૦૨૨-૨૩ની દરખાસ્તો કરેલ છે.

► **JICA પ્રોજેકટ :**

મેન્ગ્રુવ અને દરિયાકાંઠાના આશ્રય સ્થાનોના વિકાસ ઘાસના મેદાનો, ભેજવાળી જમીન અને જંગલોની પુનઃસ્થપના, માનવ વન્યપ્રાણી સંઘર્ષનું સંચાલન અને સંસ્થાકીય મજબુતીકરણ દ્વારા ઇકો-સિસ્ટમ સેવાઓ પુનઃસ્થાપિત કરવાની કામગીરી માટે સૂચિત નવી બાબત તરીકે સામાન્ય વિસ્તાર માટે ₹ ૧૩.૪૪ કરોડ તથા આદિવાસી વિસ્તાર માટે ₹ ૦.૦૨ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે.

► **આઉટસોર્સ દ્વારા મેન પાવર એજન્સી દ્વારા વન ખાતાના આઈ.ટી. સેલ ની કામગીરી :**

છેવાડાના નાગરીક સુધી ગુજરાત વન વિભાગની નાગરીકલક્ષી સેવાઓનો વ્યાપ પહોંચે તે હેતુસર સદર સેવાઓ ડીઝીટલ સેવા સેતુ પ્લેટફોર્મ પર ઇ-ગ્રામ સેન્ટર પરથી એકસેસ થાય તે રીતે ઉપલબ્ધ થવાની કામગીરી પ્રગતિમાં છે. આ ઉપરાંત ગુજરાત વન વિભાગમાં ક્ષેત્રીય કચેરીઓ સુધી ઇ-ગવર્નન્સના ભાગરૂપે વિવિધ આઇ.ટી. રીલેટેડ પ્રવૃતિ થાય છે. પરંતુ પુરતો આઇ.ટી. સંલગ્ન નિષ્ણાંત/માનવબળ ન હોઇ આઇ.ટી. સંલગ્ન કામગીરીમાં વિક્ષેપ/ અડચણ ઉભી થાય છે. તથા આવી નાગરીકલક્ષી સેવાઓ વધુ પારદર્શિતા તથા કાર્યક્ષમ રીતે પુરી પાડી શકાતી નથી. જેથી સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આ યોજના હેઠળ નવી બાબત તરીકે ₹ ૨.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

► **જુદા જુદા સોફ્ટવેર પેકેજ વેબ પોર્ટલ :**

નાગરીક અને લાભાર્થીઓને સુવિધા માટે તેમને મહત્તમ લાભ ઝડપી મળે તેવા હેતુસર આઇસીટી અને ઇ-ગવર્નન્સની પોલીસીને પ્રોત્સહન આપવા ગુજરાત રાજ્ય તથા ગુજરાત વન વિભાગમાં જુદા જુદા આઇ.ટી. રીલેટેડ પ્રોજેકટો ઇ-ગવર્નન્સ માટે ઇનીસીએટીવ લેવામાં આવેલ છે. જેનું ઓનલાઇન પ્લેટફોર્મ પુરૂ પાડી શકાય ગુજરાત વન વિભાગ વધુ કાર્યક્ષમતાથી ડીઝીટલ સેવાઓ પુરી પાડી શકાય તે માટે નવી વેબ એપ્લીકેશન, વેબ પોર્ટલ, મોબાઇલ એપ્લીકેશન ડેવલપ થવા તથા ટેબલેટ તેમજ અન્ય આઇ.ટી. રીલેટેડ હાર્ડવેરની ખરીદી અને ડેવલોપમેન્ટની કામગીરી કરવાની થાય છે. જે માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે ₹ ૧.૦૮ કરોડની જોગવાઇ કરેલ છે.

INDEX

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

ગુજરાત સરકાર દ્વારા દેશના ઔદ્યોગિક વિકાસમાં મોખરાનું સ્થાન ધરાવતા ગુજરાત રાજ્યમાં પાણી અને હવા પ્રદૂષણના નિવારણ અને નિયંત્રણ તથા પર્યાવરણની સુરક્ષાના દ્રષ્ટિકોણ સાથે, પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ ૧૯૭૪ની જોગવાઈઓ મુજબ, તારીખ ૧૫-૧૦-૧૯૭૪ ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) ની રચના કરવામાં આવી. આ બોર્ડને પ્રદૂષણ નિયંત્રણને લગતા વખતોવખતના સુધારેલ કેન્દ્રિય કાયદાઓ તથા સંબંધિત નિયમોની જોગવાઈઓનો અમલ કરવાની કામગીરી સુપરત કરવામાં આવી છે.

ઓક્ટોબર ૧૯૭૪ના શરૂઆતના તબક્કામાં, બોર્ડમાં ૨૫ જેટલો જૂજ કર્મચારીઓનો સ્ટાફ હતો. હવે, બોર્ડનું સંખ્યાબળ ૫૦૧ થવા છતાં, ઉપરોક્ત કાયદાઓનો અમલીકરણ માટે જરૂરી કર્મચારીઓની સંખ્યા ઓછી છે. જેમાં આજ સુધી ૧૭૮ ઈજનેરો તથા ૧૨૫ વૈજ્ઞાનિકો અને પૃથ્થકરણકારોનો સમાવેશ થાય છે.

બોર્ડ દ્વારા નીચે મુજબના અધિનિયમો/નિયમો/જાહેરનામાની જોગવાઈઓનું અમલીકરણ કરવામાં આવે છે.

- પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ,૧૯૭૪.
- હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ,૧૯૮૧.
- પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ અને તેના હેઠળના નિયમો પૈકી:-
- જોખમી રસાયણોનું ઉત્પાદન, સંગ્રહ અને આયાત નિયમો,૧૯૮૯.
- જૈવિક તબીબી કચરો વ્યવસ્થા નિયમો, ૨૦૧૬.
- કોલસાની રાખોડીના વપરાશ-નિર્દેશોનું જાહેરનામું, ૧૯૯૯.
- ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦.
- ઘન કચરો વ્યવસ્થા નિયમો, ૨૦૧૬.
- ઑઝોન ઘટાડતા પદાર્થો (નિયમન અને નિયંત્રણ) નિયમો,૨૦૦૦.
- બેટરી (વ્યવસ્થા અને જાળવણી) નિયમો, ૨૦૦૧.
- પર્યાવરણીય ઈમ્પેક્ટ અસેસ્મેન્ટ અંગેનું જાહેરનામું, ૨૦૦૬.
- જોખમી તથા અન્ય કચરાઓ (વ્યવસ્થા અને સીમાપાર હેરફેર) નિયમો, ૨૦૧૬.
- પ્લાસ્ટિક વેસ્ટ વ્યવસ્થા નિયમો, ૨૦૧૬.
- ઈ-વેસ્ટ વ્યવસ્થા નિયમો, ૨૦૧૬.
- સીઆરઝેડ જાહેરનામા ૨૦૧૧ની જોગવાઈનું અમલીકરણ.
- બાંધકામ તથા નિકંદન કચરાના વ્યવસ્થા નિયમો, ૨૦૧૬.
- પર્યાવરણ ઓડીટ યોજના, ૧૯૯૬.
- માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫.
- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.
- કોર્ટ/સીપીસીબી/એમઓઈએફઅનેસીસી/સરકાર દ્વારા આપવામાં આવેલ આદેશોનું પાલન.

ઉપર્યુક્ત અધિનિયમો અને નિયમોની જોગવાઈઓ અનુસાર બોર્ડ દ્વારા નીચેના કાર્યો કરવામાં આવે છે.

- રાજ્યમાં પ્રદૂષણનું નિયમન, નિયંત્રણ તથા નિવારણ કરીને પર્યાવરણની ગુણવત્તામાં સુધારો કરવો.
- પાણી, હવા અને જમીનના પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણને લગતી કોઈપણ બાબત અંગે રાજ્ય સરકારને સલાહ આપવી.
- પર્યાવરણની સાનુકુળતા હોય તેવા ઉચિત સ્થળોએ નવા ઉદ્યોગોને મંજૂરી આપવી.
- શુદ્ધ કરેલા ગટરના ગંદાપાણી તથા ઉદ્યોગોના પ્રદૂષિત પાણીના પુન:ઉપયોગને પ્રોત્સાહન આપવું.

INDEX

- રાજ્યમાં નદીઓ, કુવા, તળાવ વગેરેનું મોનીટરીંગ કરવું.
- રાજ્યના મોટા શહેરો તથા ઔધોગિક વસાહતોની આસપાસની હવાની ગુણવત્તાનું મોનીટરીંગ કરવું.
- પાણી અને હવાના પ્રદૂષણને લગતી તકનિકી અને આંકડાકીય માહિતી એકત્ર કરવી અને તેનું સંકલન કરવું.
- પ્રદૂષિત પાણી અને વાયુગત સ્ત્રાવોના નિકાલ માટેના ધોરણો નક્કી કરવા.
- ગંદાપાણીના શુધ્ધિકરણની તથા હવાના પ્રદૂષણ નિયંત્રણની પધ્ધતિઓ વિકસાવવી.
- જોખમી કચરાના નિકાલ માટેના સ્થળો મુકરર કરવા.
- પ્રદૂષણ નિયંત્રણને લગતી તાલીમી કાર્યક્રમો, પરિસંવાદો અને કાર્યશિબિરો વગેરેનું આયોજન કરવું.
- પર્યાવરણીય પ્રદૂષણ નિયંત્રણ અને નિયમન અંગે લોકોમાં જાગૃતિ લાવવી.
- પ્રદૂષણનું નિયંત્રણ, નિવારણ અને ઘટાડવા અંગે વ્યાપક પ્રમાણમાં યોજનાઓ બનાવવી.
- રાજ્યમાં જુદા જુદા કૂવાઓ અને ઝરણાંઓની સ્વચ્છતાને પ્રોત્સાહન આપવું.
- પ્રદૂષણ કરતાં એકમોને પ્રદૂષણ નિયંત્રણના પગલાં લેવા આદેશો આપવા.

અગ્રિમતા ધરાવતી પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

- રાજ્યમાં પ્રદૂષણની વિકટ સમસ્યાઓવાળા સ્થળો ઓળખવા અને આવા વિસ્તારોમાં પ્રદૂષણની સમસ્યા ધ્યાને લઇ તે નિયત્રંણ/ઘટાડવા માટે સમયબંધ એક્શન પ્લાન બનાવી તેનુ અસરકારક રીતે અમલીકરણ કરાવવું.
- રાજ્યમાં પર્યાવરણીય માળખાકીય સુવિધાઓ જેવી કે સી.ઇ.ટી.પી., ટી.એસ.ડી.એફ., કોમન હઝાર્ડસ વેસ્ટ ઇન્સીનરેટર, સી.બી.ડબલ્યુ.ટી.એફ. વગેરેને પ્રોત્સાહન આપવું.
- જોખમી કચરાના નિકાલ માટે પર્યાવરણીય રીતે સુરક્ષિત સ્થળોએ કચરાનો યોગ્ય નિકાલ કરાવવો.
- હવાનું પ્રદૂષણ ફેલાવવાની વધુ ક્ષમતા ધરાવતા એકમોની ઓળખ અને હવા પ્રદૂષણ નિયંત્રણ માટે હવા અધિનિયમની જોગવાઇઓનો અમલ કરાવવો.
- નવા ઔદ્યોગિક પ્રોજેક્ટ માટે યોગ્ય સ્થળોની પસંદગી કરવી.
- ઔદ્યોગિક વસાહતોમાં ગંદુપાણીના એકત્રીકરણ, શુધ્ધિકરણ અને તેના પર્યાવરણીય રીતે સુરક્ષિત છેવટના નિકાલ માટેની પર્યાવરણીય આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની બાબતે કામગીરી કરવી.
- સ્વચ્છ ઉત્પાદન માટેની ટેકનોલોજી મુકરર કરવી, વિકસાવવી અને અપનાવવી.
- નદીઓ અને જળસ્ત્રોતોમાં ગંદાપાણીનો નિકાલ પ્રતિબંધિત કરવો અને ગ્રીન-બેલ્ટના વિકાસ તથા સિંચાઇ માટે શુધ્ધિકરણ પ્રક્રિયા કરેલા ગંદાપાણીના પુન:ઉપયોગ તથા પુન:ચક્રિત કરવા માટેની બાબતને પ્રોત્સાહન આપવું.
- સિમેન્ટ અથવા અન્ય એકમોમાં જોખમી/બીન જોખમી કચરાની સહપ્રક્રિયાને પ્રોત્સાહન આપવું.
- મ્યુનિસિપલ ઘનકચરા અને મ્યુનિસિપલ ઘરગથ્થું ગંદાપાણીની પર્યાવરણીય સુવ્યવસ્થાને પ્રોત્સાહન આપવું.
- રાજ્યમાં પર્યાવરણીય વ્યવસ્થાપન ક્ષેત્રમાં કૌશલ્યવર્ધન થાય તેવા પ્રોગ્રામોનું આયોજન કરવું.

♦ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની માળખાકીય સુવિધા

► મુખ્ય કચેરી, ગાંધીનગર.

બોર્ડની મુખ્ય કચેરી તથા મધ્યસ્થ પ્રયોગશાળા ગાંધીનગર ખાતે આવેલ છે. બોર્ડની મુખ્ય કચેરી દ્વારા જુદાજુદા પર્યાવરણીય કાયદાઓ/નિયમો અન્વયે મળતી અરજીઓ બાબતેની કામગીરી ઉપરાંત પર્યાવરણીય નીતિઓ અને પર્યાવરણીય અધિનિયમોની વિવિધ જોગવાઇઓના અમલ, તથા વહીવટી બાબતો અન્વયેની કામગીરી ઉપરાત અન્ય સંસ્થાઓ સાથેના સંકલનની કામગીરી કરવામાં આવે છે.

► મધ્યસ્થ પ્રયોગશાળા, ગાંધીનગર.

બોર્ડની ગાંધીનગર ખાતેની મધ્યસ્થ પ્રયોગશાળા દ્વારા અમદાવાદ, અમદાવાદ (પુર્વ), અમદાવાદ (ગ્રામ્ય), ગાંધીનગર, મહેસાણા, પાલનપુર, હિંમતનગર તેમજ બે તકેદારી ટીમ, ગાંધીનગર અને અન્ય સંસ્થા દ્વારા એકત્ર કરાતા નમૂનાઓના

પૃથ્થકરણ તેમજ પાણી, ગંદાપાણી, હવા અને હેઝાર્ડ્સ વેસ્ટના નમુનાઓના પૃથ્થકરણ માટેની પધ્ધતિઓ વિકસાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

► **પ્રાદેશિક કચેરીઓ**

પ્રાદેશિક સ્તરે પર્યાવરણીય કાયદાઓના સઘન અમલીકરણ તથા ઉદ્યોગોના અસરકારક મોનિટરીંગ અર્થે બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં જુદા જુદા વિસ્તારોમાં હાલમા કુલ ૨૭ પ્રાદેશિક કચેરીઓ કાર્યરત કરવામાં આવેલ છે. તમામ પ્રાદેશિક કચેરીઓ દ્વારા જુદા જુદા કાયદાઓ અન્વયે ઔધોગીક એકમો, હેલ્થ કેર યુનિટ વગેરે તરફથી કરવામાં આવતી અરજીઓ ઉપર કાર્યવાહી કરવામાં આવે છે. તદ્ઉપરાત પ્રાદેશિક કચેરીઓ દ્વારા સંલગ્ન કાર્યક્ષેત્રોમાં પ્રાદેશિક સ્તરે બોર્ડના કાર્યો/પ્રવૃત્તિઓના અમલિકરણ, વહિવટી નિયંત્રણ તથા સ્થાનિક સ્તરે સંકલન અને દેખરેખની જવાબદારી બજાવવામા આવે છે. બોર્ડની કુલ ૨૭ પ્રાદેશિક કચેરીઓ પૈકીની ૭ પ્રાદેશિક કચેરીઓ વાપી, સુરત, ભરૂચ, વડોદરા, રાજકોટ, ભાવનગર, અને જામનગર ખાતે પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ છે.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની વડી કચેરી તેમજ તેની પ્રાદેશિક કચેરીઓ દ્વારા IS/ISO: 9001:2008 અને IS/ISO:14001:2004 ના અંતર્ગત સર્ટીફીકેટ મેળવવામાં આવેલ જેથી બોર્ડની મેનેજમેન્ટ સ્કીલ સુદ્દઢ બની છે અને બોર્ડની કામગીરીથી પર્યાવરણને નુકશાન થતું હોય તો તે અંગે યોગ્ય પગલાં લઈ તે નુકશાનને કેવી રીતે ઓછું કરી શકાય તે બાબતનો પ્લાન ઘડી કાઢેલ છે.

આ બાબતમાં વધુ એક પગલું આગળ ભરતાં બોર્ડ દ્વારા IS:18001 કે જે occupational health & safety ના standard છે તે અંતર્ગત સર્ટીફીકેટ મેળવવા માટે કામગીરી હાથ ધરેલ છે અને IS/ISO:14001 અને IS/ISO:18001 મર્જ કરી ઈન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત સર્ટીફીકેટ મેળવવા અંગે પણ કામગીરી હાથ ધરેલ છે. સદર બાબતમાં જરૂરી મેન્યુલ બહારની તજજ્ઞ સંસ્થાની મદદથી તૈયાર કરવામાં આવેલ છે અને હવે તે અંગે અરજી કરવાની કામગીરી હાથ ધરેલ છે.

► **તકેદારી કચેરીઓ**

પ્રાદેશિક કચેરીઓ ઉપરાંત બોર્ડ દ્વારા ૨ તકેદારી ટીમ, ગાંધીનગર ખાતે કાર્યરત કરેલ છે. આ તકેદારી કચેરીઓ બોર્ડને મળતી ફરિયાદો અન્વયે સઘન તપાસ તેમજ સંયુકત માળખાકીય સુવિધાના સઘન મોનિટરીગની કાર્યવાહી તેમજ જુદા જુદા વિસ્તારોમાં પ્રાદેશિક સ્તરે પર્યાવરણીય સમસ્યાઓના મુલ્યાંકન અને તેના નિવારણ અર્થે સતત કાર્યશીલ રહે છે. આ ઉપરાંત તકેદારી કચેરીઓ જે તે વિસ્તારમાં આવેલ પ્રાદેશિક કચેરીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી ઉપરાંત વધારાના મોનીટરીંગની કામગીરી કરે છે.

♦ **ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મહત્વની સિધ્ધિઓ :**

► **કચરામાંથી કંચન**

“કચરામાંથી કંચનના” અભિગમના માર્ગ દ્વારા જોખમી કચરાની સહપ્રક્રિયાના ભાગરૂપે વર્ષ ૨૦૦૯થી અત્યાર સુધીમાં સિમેન્ટ ઉદ્યોગોમાં અંદાજીત કુલ ૩૧.૪૨ મિલિયન મેટ્રીક ટન જોખમી અને બિન જોખમી કચરાની સહપ્રક્રિયા કરવામાં આવેલ છે.

► **ધંધાકીય સરળતા (ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ) અને ઔદ્યોગિક એકમોના પ્રશ્નોનું ઓપન હાઉસ અને પર્યાવરણીય ક્લિનિકના અભિગમથી નિવારણ**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રાજ્યમાં આવેલ ઔધોગિક એકમોના પ્રશ્નોને ધ્યાને લઈ તેના નિવારણ અને તે થકી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે ઝુંબેશ હાથ ધરેલ છે, વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૧૨ ઓપન હાઉસ અને ૦૬ પર્યાવરણીય ક્લિનિક રાજ્યમાં આયોજીત કરવામાં આવેલ હતા. આ ઝુંબેશથી ઔદ્યોગિક એકમોમાં અત્યંત હકારાત્મક અસર ઉત્પન્ન થયેલ અને તેનાથી ગુજરાત રાજ્યમાં ઔધોગિકરણ થકી સુમેળભર્યુ હકારાત્મક ધંધાકીય વાતાવરણ અને રોજગારીનો વધારો શક્ય બનશે.

► **સંયુક્ત માળખાકીય સુવિધાઓ દેશમાં અગ્રેસર**

- ૩૫ સીઈટીપી
- ૧૮ સંયુક્ત ટીએસડીએફ (૦૭ કાર્યરત, ૦૫ બંધ અને ૦૬ સુચિત)
- ૦૭ સંયુક્ત જોખમી કચરાને બાળવાની સુવિધા (૦૫ કાર્યરત, ૦૨ બંધ)
- ૨૦ સંયુક્ત બાયોમેડીકલ કચરાના સારવારની સુવિધા

- ૨૦ ઈ વેસ્ટ વ્યવથાપનની સુવિધા
- ૧૬ સંયુક્ત મલ્ટીપલ ઈફેક્ટ ઈવેપોરેટર્સ
- ૨૯૧ વ્યક્તિગત મલ્ટીપલ ઈફેક્ટ ઈવેપોરેટર્સ

► પર્યાવરણ જાગૃતિ અને સહાય કેન્દ્ર

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણ જાગૃતિ અને સહાય કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. જે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા પણ સરાહવામાં આવેલ. આ સેલ દ્વારા પર્યાવરણ જનજાગૃતિ, પ્રદૂષણ નિયમન તેમજ નિયંત્રણમાં લોક-સહભાગીતા અને જાગરૂકતા અને પ્રજાકીય તેમજ જુદી-જુદી સંસ્થાઓ, MLA, MP જેવા લોકપ્રતિનિધિઓ તરફથી પ્રદૂષણ અન્વયે મળતી ફરીયાદો પરત્વેની જવાબદારી પણ નિભાવવામાં આવે છે. આવી ફરિયાદો અંગે સ્થળ તપાસ કરી તેને આધારે ઉદ્યોગોને પ્રદૂષણ નિયંત્રણના પગલાં લેવા આદેશો આપવામાં આવે છે, અને પ્રજાની ફરિયાદોનું નિરાકરણ કરવા પ્રયત્નો કરવામાં આવે છે. બોર્ડ દ્વારા પર્યાવરણ જનજાગૃતિ માટે જુદી-જુદી સંસ્થાઓ, કોલેજો, એસોશીએસનો, ઔદ્યોગિક વસાહત મંડળો વગેરેના સહયોગથી પર્યાવરણને લગતા વિષયો, સમસ્યાઓ અન્વયે લોકોને પર્યાવરણીય સમજ તથા હાલની પર્યાવરણીય સ્થિતિ વિશે જાગૃત કરવામાં આવે છે.

જનસમુદાય તેમજ અન્ય તરફથી મળતી ફરિયાદોને મહત્વ આપી એ ફરિયાદો સ્વીકારવાથી લઈ તેના નિકાલ તેમજ ફરિયાદીને પ્રત્યુત્તર આપવાની પ્રક્રિયા માટે બોર્ડ દ્વારા તૈયાર કરેલ સોફ્ટવેર (XGN) મોડ્યુલમાં તે અન્વયેનું કમ્પલેઈન મોડ્યુલ તૈયાર કરવામાં આવ્યું છે આ કમ્પલેઈન મોડયુલમાં વડી કચેરી તેમજ પ્રાદેશિક સ્તરેથી મળતી તથા લોકો તરફથી સીધી મળતી ફરીયાદો XGNમાં અપલોડ કરવામાં આવે છે અને આ ફરિયાદો પરત્વે એક જ સાથે કામ કરી શકાય છે.

નજીકના ભવિષ્યમાં બોર્ડ દ્વારા આ ફરિયાદો પરત્વે કરવામાં આવતી કામગીરીની ફરિયાદીને SMS મારફત સીધી જાણ થઈ શકે તે માટેના પ્રયત્નો પણ કરવામાં આવી રહ્યા છે.

♦ વાર્ષિક વિકાસ યોજના ૨૦૨૨-૨૩ હેઠળની બોર્ડની કાર્યવાહી

► પરિસર હવાની ગુણવત્તાના મોનીટરીંગ યોજનાઓ

પરિસર હવાની ગુણવત્તાના મોનિટરીંગ (એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનીટરીંગ) યોજના હેઠળ બોર્ડ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત, વાપી, ભરૂચ અને રાજકોટમાં પરિસર હવાની ગુણવત્તાના મોનીટરીંગની યોજના ચાલુ છે.

પરિસર હવાની ગુણવત્તા લેવા માટેના સેમ્પલ્સ પરિસર હવા ગુણવત્તાના સ્ટાન્ડર્ડ નોર્મ્સ મુજબ લેવામાં આવે છે. પૃથ્થકરણ વખતે માપવામાં આવતાં પરિમાણોમાં PM10, PM2.5, SO2, NOX, NH3, O3, CO, Lead, Arsenic, Nickel, Benzene અને Benzo-A-Pyrene નો સમાવેશ થાય છે. પરિસર હવાના હવાશાસ્ત્રને લગતી માહિતી નિયમિત રીતે સીપીસીબી (કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ)ને રિપોર્ટના સંકલન અને તૈયાર કરવા માટે મોકલવામાં આવે છે. પરિસર હવાની ગુણવત્તાના મોનીટરીંગ યોજના હેઠળ બોર્ડ દ્વારા પરિસર હવાની ગુણવત્તાના મોનીટરીંગ માટે રાજ્યમાં વિવિધ યોજનાઓ જેવી કે SAMP, NAMP, એર એક્શન પ્લાન વગેરે દ્વારા કરવામાં આવે છે.

► નેશનલ એર ક્વોલીટી મોનીટરીંગ પ્રોગ્રામ (NAMP)

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, નવી દિલ્હી દ્વારા નાણાંકીય મદદ મળ્યાથી રાજ્યના ૩૮ સ્ટેશનોમાં આ યોજના હેઠળ પરિસર હવાની ગુણવત્તાનું મોનીટરીંગ કરવામાં આવે છે. સીપીસીબી દ્વારા નિર્દેશ કરાયેલા પરિસર હવાની ગુણવત્તાના સ્ટાન્ડર્ડ નોર્મ્સ મુજબ પરિસર હવાની ગુણવત્તા માપવા માટે સેમ્પલ્સ લેવામાં આવે છે. પૃથ્થકરણ વખતે માપવામાં આવતાં પરિમાણો PM10, PM2.5, SO2, NOX, NH3, O3,CO, Lead, Arsenic, Nickel, Benzene અને Benzo-A-Pyreneનો અને હવાશાસ્ત્રની માહિતી પણ અમુક જગ્યાઓ પર મોનીટર કરવામાં આવે છે. પરિસર હવાની ગુણવત્તામાં લેવામાં આવતી માહિતી નિયમિત રીતે સીપીસીબી (કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) ને રિપોર્ટના સંકલન અને તૈયાર કરી મોકલવામાં આવે છે.

► સ્ટેટ એર ક્વોલીટી મોનીટરીંગ પ્રોગ્રામ (SAMP)

આ યોજના હેઠળ ૨૪ સ્ટેશનોમાં હવા પરિસર ગુણવત્તા મોનીટરીંગ કાર્યક્રમ રાજ્યમાં કરવામાં આવે છે. સીપીસીબી દ્વારા નિર્દેશ કરાયેલા પરિસર હવાની ગુણવત્તાના સ્ટાન્ડર્ડ નોર્મ્સ મુજબ પરિસર હવાની ગુણવત્તા માપવા માટે સેમ્પલ્સ લેવામાં આવે છે. પૃથ્થકરણ વખતે માપવામાં આવતાં પરિમાણો PM10, PM2.5, SO2, NOX, NH3, O3,CO, Lead, Arsenic, Nickel, Benzene અને Benzo-A-Pyreneનો અને હવાશાસ્ત્રની માહિતી પણ અમુક જગ્યાઓ પર મોનીટર કરવામાં આવે છે.

INDEX

► વોલેટાઈલ ઓર્ગેનીક કમ્પાઉન્ડ મોનીટરીંગ (VOC)

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ગુજરાતના ૨૫ કલસ્ટરમાં ૨૪ કલાક માટે માસિક એક વખત કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની માર્ગદર્શિકા મુજબ VOC નું મોનીટરીંગ કરવામાં આવે છે.

► વોલેટાઈલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ, અલંગ-સોસીયો મોનીટરીંગ પ્રોગ્રામ (VOC and Metals)

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા શીપ બ્રેકીંગ એક્ટિવીટી, ભાવનગર (અલંગ) માટે રચાયેલ એક્ષપર્ટ કમીટીએ તારીખ ૩૦/૦૬/૨૦૦૬ના રોજ શીપ બ્રેકીંગ એક્ટીવીટી અંગેનો અહેવાલ સર્વોચ્ચ અદાલતને સોપેલ જેના તારણ રૂપે કમીટીએ કરેલી ભલામણમાં જણાવવામાં આવેલ કે અલંગ ખાતે હવા ગુણવત્તા મોજણી માટે ઓછામા ઓછા બે સ્થળો અલંગ તથા સોસિયો ખાતે હવા ગુણવત્તા મોજણી NAMP ની માર્ગરેખા પર ચાલુ કરવા માટે નક્કી કરવામાં આવેલ. જેમા NAMP ના ઘટકો RSPM, SPM, SO2, NOX તથા વોલેટાઈલ ઓર્ગેનિક કમ્પાઉન્ડસ (VOC) અને મેટલ જેવા કે Lead, Cadmium અને Tin નું પ્રતિ માસ એક વખત ઓછામા ઓછા બે સ્થળો પર Sampling અને Analysis કરવામાં આવે છે.

► કન્ટીન્યુઅસ એંમ્બીયન્ટ એર ક્વોલીટી મોનીટરીંગ સ્ટેશન (CAAQMS)

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, દિલ્હીના તેમજ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના સહયોગથી ગુજરાતમાં કન્ટીન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનીટરીંગ કરવાના હેતુથી આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે હવાની ગુણવત્તાનું સતત મોનીટરીંગ માટે હાલમાં રાજ્યમાં મણીનગર, વટવા, ગાંધીનગર, વાપી, જામનગર અને અંકલેશ્વર ખાતે કન્ટીન્યુઅસ એમ્બીઅન્ટ એર ક્વોલીટી મોનીટરીંગ સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ છે. કન્ટીન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનીટરીંગના સ્ટેશન પર પીએમ ૨.૫, એનઓએક્સ, સીઓ, ઓઝોન, બેન્ઝીન, ટોલ્યુન, ઝાયલીન અને અન્ય પેરામીટર એમ્બિયન્ટ એર ક્વોલિટી માટે સતત માપવામાં આવે છે. આ સ્ટેશનની લીંક સીપીસીબી દિલ્હી સાથે ઓનલાઈન જોડાયેલી છે.

♦ નદી, જળાશયો, તળાવો તથા કુવાઓનું મોનીટરીંગની યોજનાઓ :

► ગ્લોબલ એન્વાયરમેન્ટ મોનીટરીંગ સિસ્ટમ (GEMS) પરિયોજના

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વૈશ્વિક પર્યાવરણ મોનીટરીંગ પરિયોજના (જેમ્સ-ગ્લોબલ એન્વાયરમેન્ટ મોનીટરીંગ સિસ્ટમ) આ બોર્ડને સોપવામાં આવી છે. આ પરિયોજનામાં રાજ્યની મોટી નદીઓ જેવી કે, નર્મદા, તાપી, મહી અને સાબરમતી નદીઓના પાણીની ગુણવત્તાના મૂલ્યાંકન અંગેની કામગીરી આવરી લેવામાં આવી છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની માર્ગદર્શક સૂચનાઓ મુજબ આ માટે કુલ ૧૧ મથકો નક્કી કરવામાં આવ્યા છે. જે પૈકી ૮ મથકો જમીનની સપાટી પરના પાણીની ગુણવત્તાના મોનીટરીંગ માટે અને બાકીના મથકો ભૂગર્ભ પાણીની ગુણવત્તાના મોનીટરીંગ માટે નક્કી કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળના મોનીટરીંગના અહેવાલો કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, દિલ્હી ખાતે મોકલવામાં આવે છે.

► મોનીટરીંગ ઓફ ઇન્ડિયન એક્વેટિક રિસોર્સીસ સિસ્ટમ (MINARS) પરિયોજના

નદીઓમાં ગંદાપાણીનો નિકાલ કરવાથી તેના પાણીની ગુણવત્તા ઉપર વિપરિત અસર થવા સંભવ છે. આવી નદીઓના પાણીનું મોનીટરીંગ કરવું જરૂરી છે. 'મિનાર્સ' - ભારતીય રાષ્ટ્રીય જળ સંપત્તિના મોનીટરીંગની વ્યવસ્થા (મિનાર્સ-મોનીટરીંગ ઓફ ઇન્ડિયન એક્વેટિક રિસોર્સીસ સિસ્ટમ) હેઠળ આ પાણીની ગુણવત્તાના મોનીટરીંગની અગાઉના વર્ષની યોજના કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મળેલ મંજૂરી અન્વયે ચાલુ રાખવામાં આવી છે.

આ યોજના હેઠળ બોર્ડ દ્વારા જુદી જુદી નદીઓ અને વિવિધ જળસ્ત્રોતોનાં ૧૫૯ સ્થળો ખાતેથી પાણીની ગુણવત્તાનું મોનીટરીંગ કરવામાં આવે છે. આ નદીઓમાં સાબરમતી નદી, મેશ્વો નદી, અનાસ નદી, મહી નદી, પાનમ નદી, નર્મદા નદી, દમણગંગા નદી, કોલક નદી, પાર નદી, તાપી નદી, અંબિકા નદી અને વિવિધ જળ સ્ત્રોતોનો સમાવેશ કર્યો છે.

આ પરિયોજના હેઠળ ભૂગર્ભજળ અને તળાવના પાણીની ગુણવત્તાનું સમયાંતરે મોનીટરીંગ પણ કરવામાં આવે છે. અમદાવાદ, વડોદરા, ભાવનગર, અમરેલી, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, ભૂજ, પાલનપુર, મહેસાણા, સિધ્ધપુર, હિંમતનગર, નડિયાદ, દાહોદ, ગોધરા, અંકલેશ્વર, સુરત, હજીરા, વલસાડ, અને વાપીના ભૂગર્ભ જળની ગુણવત્તા ચકાસણી કરવામાં આવે છે. અમદાવાદના કાંકરીયા તળાવ અને ચંડોળા તળાવ, વડોદરાના આજવા તળાવ અને સુરસાગર તળાવ, નળ સરોવર, બિંદુ સરોવર, સહસ્ત્રલિંગ સરોવર, લાખોટા તળાવ, નરસિંહ મહેતા સરોવર, નડિયાદ તળાવ, રણજીત સાગર તળાવ-હાલોલ અને થોળ ટેન્ક/તળાવના પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે.

► જળસ્ત્રોતોનું જૈવિક મોનિટરીંગ (Bio-Monitoring)

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ની જોગવાઈઓ હેઠળ પાણી/ગુણવત્તા વ્યવસ્થાપન વિષય પર અભ્યાસ શરૂ કરાયો છે. જૈવિક મોનિટરીંગ પ્રસ્થાપિત પધ્ધતિ છે. જળ સ્ત્રોતોને ગુણવત્તા મુજબ જુદા-જુદા પ્રકારના પાણીના વપરાશો આ પધ્ધતિથી જાણી શકાય છે. જળસ્ત્રોતોના પાણીની મૂળ ગુણવત્તા પ્રસ્થાપિત કરવા તેમજ તેની જાળવણી કરવા માટે પરવડે તેવી આ પધ્ધતિ અનુસરવા હિમાયત કરવામાં આવે છે.

► નેશનલ વોટર ક્વોલીટી મોનીટરીંગ પ્રોગ્રામ (NWQMP)

રાજ્યની જળ સંપત્તિના મોનીટરરીંગના હેતુથી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નદીઓ, ખાડીઓ, ભૂગર્ભપાણી, તળાવો અને સમયાંતરે કેટલાક ગામોમાં કુવાઓના પાણીના નમૂનાઓ એકઠા કરી તેનું પૃથ્થકરણ અને સમીક્ષા કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ, બધાજ પાણીના સંસાધનો આવરી લેવામાં આવેલા છે.

► દરિયાકાંઠા વિસ્તારના મોનીટરીંગ કાર્યક્રમો (Coastal Monitoring)

ગુજરાત પાસે આશરે ૧૬૦૦ કીમી. લાંબો દરિયા કિનારો આવેલો છે. નદીઓ મારફત દરિયાઈ વિસ્તારમાં આવેલ ઉદ્યોગોમાંથી ઉત્પન્ન થતું ગંદુ પાણી અને દરિયાઈ વિસ્તારમાં રહેણાંક વિસ્તારોના વિકાસ અને ત્યા દરિયાઈ વિસ્તારમાં વિકાસ પામેલ મોટા શહેરો અને નગરપાલીકાઓનુ ઘરગથ્થુ ગંદુપાણી દરિયાઈ વિસ્તારમાં છોડવામાં આવે છે. દરિયાના પાણીની ગુણવત્તા ચકાસવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા અમુક મથકોની માસિક ધોરણે દરિયાના પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે.

► ઉત્સર્જન વ્યાપાર યોજના (ETS)

ઉત્સર્જન વ્યાપાર અથવા કેપ અને ટ્રેડ એ માર્કેટ આધારીત અભીગમ છે. જેનો ઉપયોગ પ્રદુષણ ઘટાડવા માટે આર્થિક પ્રોત્સાહનો પુરા પાડીને પ્રદુષકોના ઉત્સર્જનમાં ઘટાડો હાસલ કરવામાં થાય છે. સ્ટેશનરી સ્ત્રોતો માંથી પાર્ટીક્યુલેટ મેટર માટેની ઉત્સર્જન વ્યાપાર યોજના (એમીશન ટ્રેડીંગ સ્કીમ) પાયલોટ પ્રોજેક્ટ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સુરત ખાતે શરૂ કરવામાં આવ્યો છે ગુજરાત તેમા ભાગ લેનાર ત્રણ રાજ્યોમાનું એક છે.

► વોટર ક્વોલીટી ટ્રેડીંગ (WQT) પાણી ગુણવતાનો વેપાર

વોટર ક્વોલિટી ટ્રેડીંગ એ માર્કેટ આધારીત અભિગમ છે. તેનું અમલીકરણ વોટરશેડ સ્કેલ ઉપર થાય છે. અને પાણી ગુણવત્તા સુધારવા માટે તેનો ઉપયોગ થાય છે. તે પોલ્યુશન રિડક્શન ક્રેડિટ્સના સ્ત્રોત સાથેના વિનિમયમાં પ્રદુષણ નિયંત્રણના ઓછા ખર્ચથી પ્રદુષણ નિયંત્રણના વધુ ખર્ચ સુધી સંડોવાય છે. ડબ્લ્યુ.ક્યુ.ટી. ના કાર્યક્રમોનો ઉપયોગ અનુપાલનનો એકંદર ખર્ચ ઘટાડવા માટે થઇ શકે છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારોમાં વોટર ક્વોલિટી ટ્રેડીંગ પ્રોગ્રામના વિકાસની કામગીરી કરે છે, કે જે સમગ્ર ભારતમાં આ પ્રકારનું પહેલું કાર્ય હશે એવી એક કલ્પના કરવામાં આવી છે. આ પ્રોગ્રામ દ્વારા ગુણવત્તાના ઉદ્દેશો હાંસલ કરવાં અને ગુજરાતમાં ઔદ્યોગિક વસાહતો માટે એકંદર અનુપાલન ખર્ચને ઘટાડવા, નવીનીકરણ અને પ્રદુષણ નિયંત્રણ ટેક્નોલોજીના સર્જન માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

♦ અન્ય પ્રવૃતિઓ :

- અમદાવાદ, વડોદરા અને જેતપુર ખાતે આવેલ ઔદ્યોગિક પ્રદૂષિત પાણીને શુધ્ધ કરી વૈજ્ઞાનિક ઢબે ઊંડા દરીયામાં નિકાલ કરવા માટે પી.પી.પી ધોરણે પાઇપલાઈન નાખવા માટેની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે જેનાથી નદીઓમાં થતા પ્રદૂષણને અટકાવી શકાય. સદર પ્રોજેક્ટ પી.પી.પી. ધોરણે સરકારશ્રી તેમજ ઔદ્યોગિક એકમોના ફાળાથી કરવામાં આવી રહેલ છે. સરકારશ્રી દ્વારા પાણી પુરવઠા વિભાગ હસ્તકના ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમીટેડનો અમલીકરણ એજન્સી તરીકે આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમીટેડ દ્વારા જેતપુર વિસ્તારની પાઇપલાઈનની કામગીરી સોંપેલ છે.
- Emission Trading Scheme for Particulate Matter Pilot Project - હવા પ્રદૂષણ નિયંત્રણની દિશામાં ગુજરાત સરકાર દ્વારા વિશમાં સર્વ દિશા સુચલ પહેલ છે. જેનું ઉદઘાટન માન્ય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે તારીખ. ૦૫ જુન ૨૦૧૯ ના રોજ થયેલ છે તથા યુનિવર્સિટી ઓફ શિકાગો, યેલ તથા હાવર્ડ યુનિવર્સિટી, જે-પાલના સહયોગથી સુરત ખાતે અમલમાં આવનાર છે. ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા પણ સદર પ્રોજેક્ટને માન્યતા આપવામાં આવેલ છે.

INDEX

પ્રોજેક્ટ હેઠળ પસંદ કરેલા સુરત વિસ્તારના ઉદ્યોગોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વજનની માત્રામાં પાર્ટિક્યુલેટ મેટર (PM) ઉત્સર્જન માટે પરમીટ આપવામાં આવશે. અનુપાલન સમયગાળા દરમ્યાન ઉદ્યોગો તેમના દ્વારા કરાયેલ પાર્ટિક્યુલેટ મેટર (PM) ના ઉત્સર્જન મુજબ પરમીટ સંતુલન કરવા માટે પરમીટ ખરીદી અથવા વેચી શકે છે. આમ આપવામાં આવેલ પરમીટ કરવા ઓછા ઉત્સર્જન કરતા ઉદ્યોગો તેમની પાસે રહેલી વણવપરાયેલી પરમીટ વેચશે જ્યારે આપવામાં આવેલ પરમીટ કરતા વધુ ઉત્સર્જન કરતા ઉદ્યોગો અન્ય ઉદ્યોગો પાસેથી પરમીટ ખરીદશે. પાર્ટિક્યુલેટ મેટર (PM) ના ઉત્સર્જનનું વ્યાપાર બજાર અન્ય કોમોડિટીઝના વ્યાપાર સમાન હશે. સદર સ્કીમથી ઔદ્યોગીક એકમોને પ્રદૂષણ નિયંત્રણ માટે પ્રોત્સાહન મળશે જેથી (PM) ના ઉત્સર્જનમાં ઘટાડો થશે અને સુરત શહેરની વ્યાપક હવાની ગુણતવા સુધરશે.

- બોર્ડ દ્વારા કસૂરવાર ઔદ્યોગિક એકમો પાસેથી પર્યાવરણીય કાયદાના ભંગ બદલ આપવામાં આવતા બંધના હુકમને રીવોકેશન સમયે નામદાર National Green Tribunal (NGT) ના Principal Bench ની matter of OA No. 593/2017 (WP CIVIL) No. 375/2012 હુકમને ધ્યાને લઈને Environment Damage Compensation (EDC) લેવા માટે કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શિકાને ધ્યાને લઈને પર્યાવરણના નુકશાન માટે Environment Damage Compensation (EDC) ની રકમ વસુલ કરવામાં આવે છે. ઉપરોક્ત નામદાર National Green Tribunal (NGT) ના હુકમ અન્વયે કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સુચના અનુસાર આ Environment Damage Compensation (EDC)ને પર્યાવરણ સુરક્ષા માટે વાપરવા બોર્ડ દ્વારા એક સમિતીનું ગઠન કરવામાં આવેલ છે.

♦ ગુજરાત ઈકોલૉજી કમિશન (જીઈસી), ગાંધીનગર

ગુજરાત ઇકોલોજી કમિશન, વન અને પર્યાવરણ વિભગના તાબા હેઠળ રાજ્યમાં ઇકોલોજી તથા પર્યાવરણના પુન:સ્થાપનની કામગીરી છેલ્લા ૨૯ વર્ષથી કરતી આવી રહેલ છે. આ ઉપરાંત કમિશનના હેતુઓને ધ્યાને રાખતા રાજ્યમાં પર્યાવરણ બચાવવા તથા કુદરતી સ્ત્રોતોના સંભાળપુર્વક ઉપયોગો માટે સતત જાગૃતિ ફેલાવવાની કામગીરી સ્થાનિક સંસ્થાઓ મારફતે કરતી આવી રહેલ છે.

ક્લાઈમેટ ચેન્જની અસરોથી થતા અને ભવિષ્યમાં થનાર બદલાવોને ધ્યાને રાખતા આજના પરિયોગમાં પર્યાવરણની જાળવણી એ અનિવાર્ય છે.

ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના સામાન્ય બજેટ માટે તેના હેતુઓ ધ્યાને રાખતા ₹ ૨૪૫૮.૦૦ લાખની નીચે અનુસારની દરખાસ્ત કરવામાં આવે છે.

(૧) ગુજરાત ઇકોલોજી કમિશન વહીવટી ખર્ચ

ગુજરાત ઇકોલોજી કમિશન માટે રાજ્ય સરકાર દ્વારા મંજુર કરેલ મેહકમને સંલગ્ન ખર્ચ જેવાકે પગાર ભથ્થા મોઘવારી ભથ્થા, ટ્રાવેલીંગ ખર્ચ વિગેરે. આ ઉપરાંત કચેરી નિભાવણી ખર્ચ જેવાકે લાઈટ બિલ, ઓફિસ ભાડું, પોસ્ટેઝ, ટેલીફોન ખર્ચ પેટ્રોલ ડીઝલ ખર્ચ, વ્હીકલ મરામત ખર્ચ વિગેરેને ધ્યાને રાખતા તથા વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં કર્મચારીઓને કથિત ૭મા પગાર પંચના લાભને ધ્યાને રાખતા ₹ ૨૩૨.૦૦ લાખ અને ઉદ્યોગ ભવન દ્વારા અત્યાર સુધી અત્રેની કચેરીના ભાડા પેટે ₹ ૧૭૮.૦૦ લાખની માંગણી કરેલ છે તે મળી કૂલ ૨૦૨૨-૨૦૨૩માં કુલ ₹ ૪૧૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવી છે.

(૨) ગુજરાત ઇકોલોજી કમિશન સ્પોનસર યોજના

ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા વિવિધ જાગૃતિ વર્ધક કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હતા, આ કાર્યક્રમો અન્વયે પર્યાવરણ જીવનશૈલી અપનાવવા અંગેના કાર્યક્રમો ગામોમાં હાથ ધરવામાં આવેલ હતા. આ ઉપરાંત અન્ય અભિયાનો પણ હાથ ધરવામાં આવેલ હતા.

ગુજરાત ઇકોલોજી કમિશનના હેતુઓને ધ્યાને રાખતા તથા રાજ્યમાં પર્યાવરણની જાળવણી અર્થે વિવિધ રાજ્ય સ્તરના અભિયાનો જેવા કે ઇકો વે ઓફ લાઇફ ગામોમાં રેડિયો પ્રોગ્રામ, હોર્ડીંગસ, એલઈડી, વર્કશોપ, તાલીમો તથા યુનિવર યુનિર્વસીટી, કોલેજ વગેરે સાથે વર્કશોપ અને પર્યાવરણીય અભ્યાસો અર્થે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ₹ ૧૨૦૦.૦૦ લાખની જોગવાઇ અર્થે દરખાસ્ત કરવામાં આવી છે.

૩) કાંઠાળ વિસ્તારના તાલુકાઓનો ઈકોલોજીકલ પ્રોફાઈલ બનાવવો

જીઈસી દ્વારા રાજ્ય ના તમામ તાલુકા માટે ઈકોલોજીકલ પ્રોફાઈલ બનાવવા માટેની સ્કીમ સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ હતી. આ સ્કીમમાં જેતે વખતે રાજ્યના તમામ તાલુકાઓને ક્રમવાર આવરી લેવાનું નકકી કરવામા આવેલ હતું.

INDEX

આ સ્કીમ અન્વયે જે તે વખતે આવુ તકનીકી કામ કરવા સારુ બે પ્રોજેકટ ઓફીસર (કરાર આધારિત/આઉટસોર્સ) તરીકે નિમવાની પણ જોગવાઈ કરવામાં આવેલી હતી. જે જગ્યાઓ ચાલુ વર્ષે પણ ચાલુ રાખવાનું પ્રાયોજન છે જેથી કરીને આવો અહેવાલ સમયસર બનાવી શકાય તથા જરૂરિયાત અનુસાર ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ આઉટસોર્સથી લેવામાં આવનાર છે.

સને ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન પણ ગુજરાત ઈકોલૉજી કમિશન આ પ્રવૃતિ ચાલુ રાખવા માંગે છે. આ સંદર્ભે વર્ષે હાથ ધરવામાં આવનાર કાર્યવાહીને ચાલુ રાખવાનું આયોજન કરેલ છે. આ દસ્તાવેજમાં પ્રાથમિક તેમજ સેકન્ડરી ડેટા સમાવવામાં આવશે, જે પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણના સંરક્ષણમાં રસ ધરાવતા લક્ષજૂથોને ઘણો જ ઉપયોગી થશે. સને ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન આ પ્રવૃત્તિ માટે ₹ ૫૭.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં કુલ ૬ તાલુકાનો પ્રોફાઈલ બનાવવામાં આવશે.

(૪) ઈકોલોજીકલ રીસ્ટોરેશન

ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર દ્વારા પર્યાવરણનું પુનઃસ્થાપન (ઈકોલોજીકલ રીસ્ટોરેશન) નામની યોજના અંતર્ગત ગુજરાત રાજ્યના વિવિધ પર્યાવરણીય પ્રશ્નો જેવા કે - રણીકરણ, જમીનની ખારાશ, ભૂગર્ભ પાણીના સ્ત્રોતોનો વધારે પડતો ઉપયોગ, વનસ્પતિ અને પ્રાણીઓનું સંવર્ધન, વિવિધ પર્યાવરણજન્ય રોગો, ખેતીવાડીની ક્ષમતા વધારવી વગેરે જેવા પ્રશ્નોનું નિરાકરણ કલસ્ટર લેવલે મોડેલો ઊભા કરી હાથ ધરવાનું વિચારેલ છે. કમિશન દ્વારા ગુજરાત રાજ્યની ખાસ પ્રકારની ભૌગોલિક પરિસ્થિતિના પરિણામે પ્રવર્તતા અનેક વિવિધ પરિસર-તંત્રના પ્રશ્નોના નિરાકરણ માટે વિવિધ પ્રકારના 'મોડલ' ઊભા કરવામાં આવ્યા છે. આવાં મોડેલ રાજ્યના જે તે 'ઈકો-રીજન' માં ઉભા કરવામાં આવી રહ્યા છે. જેનો આગળ જતાં રાજ્ય સરકાર દ્વારા અન્ય સ્થળે પણ અમલ થઈ શકે.

ઉપર મુજબ રાજ્યના કાંઠાળ વિસ્તારોમાં પ્રવર્તતી જમીનની ખારાશ અને ક્ષારીકરણ પ્રક્રિયાને હળવી બનાવવી ઘણી જ અગત્યની બાબત છે. આ સમસ્યાના ઉકેલ રૂપ કેટલાંક ઉપાયો જેવાં કે જૈવિક આડશ (બાયોશિલ્ડ) / ભૌતિક આડશ (ફિઝીકલ બેરીયર) ઉભી કરવી તેમજ કેટલીક ''અનુકુલન-પ્રક્રિયા'' (એડેપ્ટીવ મેઝર્સ) અપનાવવા વિગેરે મોડેલ સ્થાપિત કરવા અનુસાર હાલમાં કુલ પાંચ જેટલા નીચે અનુસારના આવા મોડેલ પ્રસ્થાપિત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે. આવા સંભવિત મોડલની ઓળખ, સ્થળ, નિર્માણ, અસરકારકતા વિગેરે પ્રકારની કાર્યવાહી ચાલુ છે. જેનો સમય જતાં સરકારશ્રી દ્વારા મોટાં પાયે અમલ થઈ શકે અને ગુજરાત રાજ્યના લોકો 'ઈકો-ફ્રેન્ડલી' વલણ અપનાવી રાજ્યના સમગ્ર રૂપે સાતત્યપૂર્ણ વિકાસમાં સહયોગી બની શકે. સમગ્ર કાર્યવાહીનું અમલીકરણ, સ્થાનિક લોક-સમુદાયો, સામાજિક સંગઠનો, સરકારશ્રીના વિભાગોની સક્રીય ભાગીદારીથી કરવામાં આવી રહ્યું છે.

આ સ્કીમ અન્વયે તકનીકી કામ કરવા સારુ પ્રોજેકટ ઓફીસર તથા ડેટા એન્ટ્રી ઓપરેટરની (કરાર આધારિત/ આઉટસોર્સ) જરૂરિયાત મુજબ રાખવામાં આવનાર છે.

હાલમાં ઉપયુર્કત અનુસારની કાર્યવાહી ચાલુ હોવાથી એક યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન આવી કાર્યવાહીઓની જાળવણી તથા ગુણવત્તા વર્ધકની પ્રવૃતિઓ માટે ₹ ૯૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવે છે.

(૫) એન્વાયરમેન્ટ એકશન યોજના

ગુજરાત રાજ્યની વિરલ પ્રકારની ભૌગોલિક પરિસ્થિતિને કારણે રાજ્યમાં વિવિધ પ્રકારની પર્યાવરણ પ્રણાલીઓ અસ્તિત્વ ધરાવે છે. આ પ્રણાલીઓમાં ૧૬૫૦ કી.મી. લાંબો દરિયાકિનારો કે જેમાં કચ્છના અને ખંભાતના અખાતનો સમાવેશ થાય છે. કચ્છનું મોટુ રણ તેમજ કચ્છનું નાનું રણ, ઘાસીયા મેદાનો, જળ પ્લાવીત વિસ્તારો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અરવલ્લી, વિંધ્યા, સાતપુડા અને સહયાદ્રીની ગીરી માળાઓ આવેલી છે. આ તમામ પર્યાવરણ પ્રણાલીઓ વિવિધ પ્રકારના પ્રાણીઓ અને વનસ્પતિઓ માટેનું આશ્રય સ્થાન છે. ખરેખર તો આ પ્રણાલીઓને ''લાઈફ સપોર્ટ સીસ્ટમ'' ગણી શકાય આવા કારણોસર પ્રણાલીઓને જીવંત રાખવા માટે તથા તેમા આવેલા કુદરતી સ્ત્રોતોની જાળવણી કરવાનું અનિવાર્ય બની જાય છે. ગુજરાત ઈકોલોજી કમિશનનો એક અગત્યનો હેતુ આવી પર્યાવરણ પ્રણાલીઓને કથળતી બચાવવાનું, તે માટેનું આયોજન કરવાનું અને તે માટે સારી ખ્યાતી ધરાવતી બિન સરકારી સંસ્થાઓને સાથે કામ કરવાનો છે. સંસ્થાઓ દ્વારા સાદર કરવામાં આવતી દરખાસ્તોની ચકાસણી કમિશન સ્તરે નિષ્ણાંતો દ્વારા કરવામાં આવે છે અને આવી સંસ્થાઓને નાણાંકીય સહાય પુરી પાડવામાં આવે છે. પર્યાવરણની દ્રષ્ટિએ અગત્ય ધરાવતી દરખાસ્તોની ચકાસણી માટે સરકારશ્રી દ્વારા નિષ્ણાંતોની બનેલી સમિતિ રચવામાં આવેલ છે. જે ઉપલબ્ધ ભંડોળને ધ્યાનમાં રાખી પ્રોજેકટ મંજૂર કરે છે. વિવિધ અભ્યાસો દ્વારા જે ફળશ્રુતિ ઉપલબ્ધ થાય તેનો ઉપયોગ એન્વાયરમેંટ મેનેજમેન્ટ પ્લાન બનાવવામાં ઉપયોગ થઈ રહેશે. અને તેઓ પર્યાવરણ ક્ષેત્રમાં રહેલી જરૂરિયાતને કારણો અને એનજીઓ તથા સ્થાનિક સીબીઓમાં આ બાબતે જાણકારીનો અભાવ હોવાથી, હાલમાં

આ યોજનામાં જરૂરી દરખાસ્તો મેળવવામાં મુશ્કેલી થઈ રહેલી છે જેને લીધે યોજનાનો હેતુ સિધ્ધ થતો નથી આથી વર્ષ ૨૦૧૬-૧૭માં જીઈસી દ્વારા જરૂરી યોજનાઓ તૈયાર કરીને સરકારશ્રી દ્વારા પયાપ્ત સમિતિ સાથે વિચાર વિમર્શમાં તેનું અમલીકરણ એનજીઓ/સીબીઓ મારફતે કરવામાં આવી રહેલ છે.

આ યોજનાના અમલીકરણ માટે જીઈસી દ્વારા એક યોગ્ય કાર્યક્ષેત્રો અનુભવ ધરાવતા જરૂર પડે કન્સલટન્ટનીની નિમણુંક કરવામાં આવશે જેથી યોજનાનું અમલીકરણ સારી રીતે થઈ શકે. આ પ્રવૃતિમાં ઓછામાં ઓછી બે યોજનાનું અમલીકરણ કરવામાં આવશે અને શકય હશે તેટલો સ્થાનિક લોકોનો સહયોગ પણ લેવામાં આવશે. સને ૨૦૨૨-૨૦૨૩ માટે ₹ ૧૨૫.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવે છે.

(૬) પર્યાવરણ માહિતી કેન્દ્ર

ગુજરાત રાજ્ય હાલમાં ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ કરી રહયું છે, આથી આ ઔદ્યોગિક પ્રગતિની સાથે સાથે પર્યાવરણીય સંવર્ધન તથા સંરક્ષણ હેતુ એક પર્યાવરણીય માહિતી કેન્દ્ર જરૂરી છે જેથી કરીને રાજ્ય સરકારને વિવિધ નિતિઓ બનાવવા તથા યોગ્ય નિર્ણય માટે માહિતી પર્યાવરણીય માહિતી કેન્દ્ર દ્વારા મળી શકે.

આ માહિતી કેન્દ્ર ભારત સરકારના ડીઝીટલ ઈંડિયા કેમ્પેઈનમાં પણ ભાગીદાર બનશે કારણ કે પર્યાવરણીય માહિતી કેન્દ્ર ઓન લાઈન ઈંફોર્મેશન પુરી પાડશે જે સામાન્ય માણસ પણ મેળવી શકશે. આ પર્યાવરણીય માહિતી નકશા, આંકડા, ગ્રાફ, ફોટોગ્રાફ વગેરે મળી શકશે. જે છેવાડાના માનવી તથા સંસ્થાઓને ઉપયોગી બનશે.

આ સ્કીમ અન્વયે તકનિકી કામ કરવા સારુ પ્રોજેકટ ઓફીસર (કરાર આધારિત/આઉટસોર્સ) તરીકે જરૂરિયાત મુજબ રાખવામાં આવનાર છે.

હાલ આ યોજનાની કામગીરી પ્રગતિમાં હોય રાજ્ય પર્યાવરણીય અહેવાલ બનાવવામાં આવશે. આ યોજના અન્વયે સને ૨૦૨૨-૨૦૨૩ માટે ₹ ૪૨.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવે છે.

(૭) મરીન ઓસેનેરીયમ

ગુજરાત રાજ્યનો લાંબો દરિયાકિનારો તથા દરિયાઈ જૈવ વૈવિધતાને અને દરિયાઈ સ્રોતોના સંરક્ષણ તથા સંર્વધનના હેતુને સિધ્ધ કરવા સારૂ ભારત સરકાર દ્વારા સહાયિત અને વિશ્વ બેંક પુરસ્કૃત કચ્છના અખાત માટે સંકલિત દરિયાકાંઠા વ્યવસ્થાપન પરિયોજના (આઈસીઝેડએમ) અંતર્ગત અનોખું તથા ભારતમાં પહેલું ''મરીન ઓસેનેરીયમ'' (મરીન રીસર્ચ, કન્ઝર્વેશન અને ઈન્ફોર્મેશન સેન્ટર) ડી.બી.એફ.ઓ.ટી. (ડીઝાઈન બિલ્ડ ફાઈનાન્સ ઓપરેશન એન્ડ ટ્રાન્સફર) પ્રમાણે પ્રસ્થાપિત કરવાની પ્રવૃત્તિ આવરી લેવામાં આવેલ છે. દરિયાઈ જીવો તથા નિવસનતંત્રના સંરક્ષણ તથા સંર્વધનના ઉદ્દેશ તથા રાજ્યમાં ટુરીઝમ ક્ષેત્રે પ્રોત્સાહન મળી રહે તે હેતુથી મરીન ઓસેનરીયમ પ્રસ્થાપિત કરવા સારૂ રાજ્ય સરકાર દ્વારા ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લીમીટેડ (ટીસીજીએલ)ને અમલીકરણ સંસ્થા તરીકે જાહેર કરવામાં આવેલી છે, જ્યારે ગુજરાત ઈકોલોજી કમિશન અને વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ટીસીજીએલને મરીન ઓસેનરીયમ પ્રસ્થાપિત કરવા માટે મદદ કરવામાં આવશે.

આ યોજના અંતર્ગત ₹ ૫૫.૦૦ કરોડની સહાય આઈસીઝેડએમ યોજનામાંથી વાયેબીલીટી ફંડીંગ તરીકે ફાળવવામાં આવેલ છે. આ પ્રોજેકટને પુર્ણ થવામાં આશરે ૨ થી ૩ વર્ષ જેટલો સમય લાગનાર હોય આ કામે થનાર ખર્ચ માટે રાજ્ય સરકારશ્રી તરફથી અપાયેલ ખાત્રી મુજબ આ કામગીરી માટે ₹ ૬.૦૦ લાખની વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે દરખાસ્ત કરવામાં આવે છે.

(૮) મોડેલ ઈકો વિલેજ પ્રોજેક્ટ - નવી પહેલની દરખાસ્તની વિગતો

સરકાર, સમાજ અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને સમગતીશીલ અને ટકાઉ વિકાસ માટેની નવી રણનીતિ ઘડવી પડશે. જેનો ઉકેલ સ્વરૂપે નવી પહેલ તરીકે મોડેલ ઈકો વિલેજ પ્રોજેક્ટની દરખાસ્ત તૈયાર કરવામા આવી છે. જે યોજના એક મોડેલ તરીકે નિદર્શન કરવામાં આવશે અને તે અન્ય ગામોમાં પ્રતિકૃતિ તરીકે અમલીકરણ કરવામા આવશે. આ અંતર્ગત નીચેની પ્રવૃતિઓનું નિદર્શન કરવામાં આવશે.

- સજીવ ખેતીને પ્રોત્સાહન આપવું અને બાયો ફર્ટિલાઈઝર અને બાયો પેસ્ટીસાઈડના ઉપયોગ પર ભાર મુકવો.
- ભુગર્ભજળના સ્તર ઉપર આવે તે માટે વહી જતા પાણીને જમીનમા ઉતારવા રિચાર્જ કુવા, ચેક ડેમ, ખેતતલાવડી અને વરસાદી પાણીના સગ્રહ માટે ભુગર્ભ ટાંકા જેવી કામગીરી કરવી જેથી જળસંરક્ષણની કામગીરી થઈ શકે. આ ઉપરાંત ભુગર્ભ જળને ખેંચવાનું ઓછુ કરવુ.
- પ્રવાહી અને ઘન કચરા વ્યવસ્થાપન, બાયો ટોઈલેટ, શૌચાલયનો ઉપયોગ અને પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકવામાં આવે તો સ્વચ્છતા ઉભી થશે અને જેનાથી લોકા સ્વાસ્થ્ય સુધરશે.

INDEX

- પુન:પ્રાપ્ય કુદરતી સ્ત્રોતોનો વિકાસ થાય તે પ્રકારની કામગીરી કરવામા આવશે જેવી કે સુર્ય ઉર્જા આધારિત ઉપકરણ દ્વારા વિજળીની બચત. બાયોગેસ, વર્મીકમ્પોષ્ટ વગેરે કામગીરી દ્વારા કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ કરી કાર્બન ન્યુટ્રીયલ ઈકો વિલેજ સ્થાપિત કરી શકાય.
- ગામોમાંથી સ્થળાંતર ઘટે અને લોકોને પોતાના ગામમાં જ રોજગારી મળી રહે તે માટે સ્થાનિક સંશાધનો આધારીત આજીવિકાની વૃધ્ધિ માટેની કામગીરી હાથ ધરવી જેવી કે પશુપાલન, વન પેદાશો દ્વારા ગૃહઉદ્યોગ ઉભા કરી સ્થાનિક રોજગારી મળી રહે તે માટેની કામગીરી કરવી જેથી ગ્રામ સ્વરાજ પ્રસ્થાપિત કરી શકાય.

આ સ્કીમ અન્વયે તકનિકી કામ કરવા સારૂ પ્રોજેકટ ઓફીસર (કરાર આધારિત/આઉટસોર્સ) તરીકે જરૂરિયાત મુજબ રાખવામાં આવનાર છે.

આ યોજના લોક ભાગીદારી સાથે કરવામા આવશે. જેનાથી સમુદાયની જવાબદેહીતા અને ઉત્તરદાયિત્વ ઉભુ થશે અને આ યોજના સમગતિશીલ અને લાંબા ગાળા સુધી જળવાઈ રહેશે. ₹ ૧૦૦.૦૦ લાખની નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩નાં અંદાજપત્રમાં દરખાસ્ત કરવામાં આવે છે.

(૯) ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડેઝર્ટ ઈકોલોજી (ગાઈડ)ની જાળવણી (મેઈન્ટેનસ)

ગાઈડ સંસ્થા દ્વારા વિવિધ સુકા પ્રદેશો, રણીકરણની પ્રકીયા અટકાવવા, જૈવિક વિવિધતાના સંશોધનો કરવા, તથા ગાઈડ સંસ્થા દ્વારા અત્યાધુનીક પ્રયોગશાળા સ્થાપવામાં આવેલ છે, આ પ્રયોગશાળાનો ઉપયોગ આ વિસ્તારના ઉદ્યોગો અને સ્થાનિક સંસ્થાઓ ઉપયોગ કરી શકે. હાલમાં આ સંસ્થામાં વિવિધ પર્યાવરણ સંશોધનની પ્રક્રિયા ચાલુ છે. આ પ્રયોગશાળાના સાધનોની જાળવણી તથા સંધોશનની કામગીરી માટેના થનાર ખર્ચને પહોચી વળવા વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના વર્ષમાં ગાઈડ સંસ્થાની ક્ષમતાવર્ધન, મેઈંટેનસ તથા વૈજ્ઞાનિક પ્રયોગને અધ્યતન કરી તેની જાળવણી માટે ₹ ૭.૦૦ લાખની દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ હતી.

ગાઈડ સંસ્થા જીઈસીની ભગીની સંસ્થા તરીકે કાર્યરત હોય, તથા રણને અડીને આવેલ સુકા પ્રદેશનો સૌથી મોટા જિલ્લામાં કાર્યરત હોવાથી પર્યાવરણની જાળવણી માટે એક મહત્વનું કામ કરી રહેલ હોય ગાઈડ સંસ્થાને આર્થીક સહાયક અનુદાન આપવા સને ૨૦૨૨-૨૦૨૩ માટે ₹ ૮.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવે છે.

(૧૦) ચેર વાવેતર અને પુન:સ્થાપન

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગરની સ્થાપના રાજ્ય સરકાર દ્વારા સને ૧૯૯૨માં કરવામાં આવી હતી. ત્યાર બાદ કમિશન દ્વારા રાજ્યના પર્યાવરણ તથા પરિસરોના સંરક્ષણ તથા સુધારણા માટે લાંબાગાળાના ઉપાયો અર્થે તથા આ સંદર્ભે લોકોની જાગૃત્તિ કેળવવા જુદી જુદી યોજનાનું અમલીકરણ કરતું આવ્યું છે. છેલ્લા એક દાયકાથી વધારે સમય દરમિયાન કમિશન દ્વારા સ્પોન્સર્ડ પ્રોગ્રામ ફોર અવેરનેસ, સ્ટેટ એન્વાયરોનમેન્ટ એકશન પ્લાન, રિસ્ટોરેશન ઓફ મેન્ગ્રુવ્ઝ, એનજીઓ એન્વાયરોનમેન્ટ એકશન ફંડ જેવા મહત્વના પ્રોજેકટો હાથ ધરવામાં આવેલ છે. તદુપરાંત લગભગ ૩૦ કરતા પણ વધારે વૈજ્ઞાનિક અહેવાલો કે જેના વિશે બહુ મર્યાદિત જ્ઞાન પ્રકાશમાં હતુ એવા અહેવાલો બહાર પાડવામાં આવ્યા છે. છેલ્લા દાયકામાં કમિશને રાજ્યના પર્યાવરણના સંરક્ષણના હેતુસર વિવિધ યોજનાઓ અમલમાં મુકીને એક નવા પ્રકારનું અભિયાન હાથ ધર્યુ છે.

ગુજરાત રાજ્યને ૧૬૫૦ કી.મી. કરતા પણ લાંબો દરિયા કિનારો મળેલો છે. આ વિસ્તારમાં દરિયાના પાણીની તીવ્ર ખારાશ સામે ટકી શકે તેવી એક વિરલ પ્રકારની વનસ્પતિ ઉગી શકે છે. આ વનસ્પતિ ભરતી અને ઓટ વચ્ચેના વિસ્તારમાં જયાં કાદવ કીચડવાળો વિસ્તાર હોય ત્યાં સારી રીતે વૃધ્ધિ પામે છે. આ વનસ્પતિને દરીયાકાંઠાનું કલ્પવૃક્ષ ગણી શકાય કારણ કે તટીય વિસ્તારમાં રહેતા અત્યંત ગરીબ લોક સમુદાયો માટે વિવિધ પ્રકારની જરૂરિયાત આ વનસ્પતિ પુરી પાડે છે. તેમજ માછીમાર સમુદાય, પશુપાલકો, ખેડૂતો વગેરેની આજીવિકામાં વધારો કરે છે.

ગુજરાત રાજ્યમાં થઈ રહેલા ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયામાં તમેજ અન્ય માનવીય આડ ખીલીના પરિણામ સ્વરૂપ આ વનસ્પતિનું પ્રમાણ ઘણુ જ ઓછું થઈ જવા પામ્યુ હતુ. જીઈસી દ્વારા છેલ્લા દસ વર્ષથી આ વનસ્પતિ હેઠળનો વિસ્તાર વધે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ વનસ્પતિના સંવર્ધન તેમજ સંરક્ષણની પ્રક્રિયામાં સ્થાનિક લોકસમુદાયોની સક્રીય ભાગીદારી હાંસલ કરવામાં આવી છે જેના પરિણામ-સ્વરૂપ કચ્છ તેમજ ખંભાતના અખાત વિસ્તારમાં ૧૬૦૦૦ હેકટર કરતા પણ વધારે વિસ્તાર મેન્ગ્રુવ્ઝ હેઠળ આવરી લેવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યના દરિયા કાંઠાના વિસ્તારોમાં ચેર વનસ્પતિના વાવેતર સંબંધિત જીઈસી હવે બહોળો અનુભવ ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન જીઈસી દ્વારા ૮૭૨ હે. વિસ્તારમાં ચેર વાવેતરની કામગીરી નર્સરી દ્વારા ઉભા કરાયેલ રોપાઓ થતી લોકભાગીદારીથી હાથ ધરેલ છે.

INDEX

આ સ્કીમ અન્વયે તકનીકી કામ કરવા સારૂ પ્રોજેકટ ઓફીસર (કરાર આધારિત/આઉટસોર્સ) તરીકે જરૂરિયાત મુજબ રાખવામાં આવનાર છે.

ઉપરોકત કામગીરી અર્થે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં આ પ્રવૃત્તિ માટે ₹ ૪૨૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવે છે.

નાણાંકીય સને ૨૦૨૧-૨૦૨૨ની મંજૂર કરવામાં આવેલ જોગવાઈ અને સને ૨૦૨૨-૨૦૨૩ની જોગવાઈની માહિતી નીચે મુજબ છે.

અ.નુ	યોજના	વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે મંજૂર કરવામાં આવેલ જોગવાઈ	વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે જોગવાઈ
			₹ લાખમાં
૧	જીઈસી મેઈનટેનસ	૨૦૦.૦૦	૪૧૦.૦૦
૨	જીઈસી સ્પોન્સર્ડ પ્રોજેકટ	૧૧૦૦.૦૦	૧૨૦૦.૦૦
૩	ઈકોલૉજીકલ પ્રોફાઈલ	૪૨.૦૦	૫૭.૦૦
૪	ઈકોલૉજીકલ રીસ્ટોરેશન યોજના	૮૦.૦૦	૯૦.૦૦
૫	એન્વાયરોનમેન્ટ એકશન યોજના	૧૧૦.૦૦	૧૨૫.૦૦
૬	પર્યાવરણ માહિતી કેન્દ્ર	૩૫.૦૦	૪૨.૦૦
૭	મરીન ઓસેનેરીયમ	૫.૦૦	૬.૦૦
૮	મોડેલ ઈકો વિલેજ પ્રોજેક્ટ	૮૫.૦૦	૧૦૦.૦૦
૯	ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડેઝર્ટ ઈકોલૉજી (ગાઈડ) ની જાળવણી (મેઈન્ટેનસ)	૭.૦૦	૮.૦૦
૧૦	ચેર વાવેતર અને પુનઃસ્થાપન	૩૫૨.૦૦	૪૨૦.૦૦
	કુલ	**૨૦૧૬.૦૦**	**૨૪૫૮.૦૦**

♦ ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (ગીર ફાઉન્ડેશન) ગાંધીનગર

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન એટલે કે "ગીર" ફાઉન્ડેશન ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલ એક સ્વાયત્ત સંસ્થા છે. જેની નોંધણી ઈન્ડીયન સોસાયટીઝ એક્ટ-૧૮૬૦ તથા પબ્લિક ટ્રસ્ટ તરીકે બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ-1950 હેઠળ થયેલ છે. "ગીર" ફાઉન્ડેશન ગુજરાત રાજ્યમાં પ્રકૃતિ શિક્ષણ અને જૈવિક વિવિધતા અને પરિસરીય સંશોધનના ક્ષેત્રમાં માહે ફેબ્રુઆરી-1983 થી કાર્યરત છે.

"ગીર" ફાઉન્ડેશનના મુખ્ય ઉદેશ પ્રકૃતિ, વન્યપ્રાણી, પર્યાવરણ અને સંલગ્ન વિષયોમાં શિક્ષણના માધ્યમથી જાહેર જનતા અને શાળા કોલેજના વિદ્યાર્થીઓમાં વન્યપ્રાણીઓ, તેમના આવાસ સ્થાનો અને પરિસરીય સંશોધનોનો છે. "ગીર" ફાઉન્ડેશનનો ખાસ ઉદેશ અને હેતુ નીચે મુજબ છે.

- પ્રજાજનો, બાળકો તથા યુવાનોમાં પર્યાવરણ અને પ્રકૃતિ વિશે સભાનતા, પ્રકૃતિ તેમજ વન્યપ્રાણી માટે પ્રત્યે પ્રેમ, સંવેદના પેદા કરવી.
- પરિસરતંત્રો અંગેના સંશોધનમાં સક્રિય રીતે કામે લાગવું તથા ભવિષ્ય માટે કુદરતી સંપતિ જાળવી રાખવા સારૂ અને સામાન્ય પ્રજાને આ અંગે શિક્ષણ આપવા સહિત વન્ય વનસ્પતિ તથા પ્રાણી સૃષ્ટિના સંરક્ષણના કાર્યને પુષ્ટિ આપવી. આ અંગે પ્રકૃતિ શિક્ષણ શિબિરો, કાર્યશાળાઓ, સેમિનારો, વક્તવ્યો, ચર્ચાઓ, રેડિયો કાર્યક્રમો જેવી પ્રવૃતિઓ દ્વારા આ ઉદેશ બહાર પાડવો.
- ગુજરાતના પાટનગરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન ખાતે સ્થાનિક જાતોના રોપ-વનો સ્થાપવા તથા લોકોના શિક્ષણ સાથે આનંદ માટે વનસ્પતિ અને પ્રાણીઓને પ્રદર્શિત કરવા અને લોકોને તે અંગેની માહિતી આપી સંવેદના ફેલાવવી.
- ગુજરાતની અગત્યની પ્રાકૃતિક સંપતિ અંગે પ્રકાશનો, માહિતી પત્રો, પ્રકૃતિ, વન્યપ્રાણીઓ અને પર્યાવરણ અંગેના સામયિકોને પ્રકાશિત કરી લોકોને અને ખાસ કરીને વન વિભાગના કર્મચારીઓની ક્ષમતામાં વધારો કરી વન્યપ્રાણી સંરક્ષણમાં ફાળો આપવો.

INDEX

- વિનાશને આરે ઉભેલી વનસ્પતિ તેમજ પ્રાણીઓની જાતોના પુનર્જનનનું આયોજન કરવું કે જેથી આવી જાતોને તેના પ્રાકૃતિક સ્થાનમાં ફરીથી દાખલ કરી શકાય.
- ખાસ કરીને સ્થાનિય પ્રદેશો તથા તેની નજીક આવેલા પ્રાણી - ભૌગોલિક પ્રદેશોના પ્રાણી તથા વનસ્પતિ જીવનના અભ્યાસ સહિત પ્રાકૃતિક ઈતિહાસ અંગેના જ્ઞાનને લોકોમાં ફેલાવવું.
- પ્રકૃતિ, પર્યાવરણ અને વન્યપ્રાણી અંગે રક્ષિત વિસ્તારો અને અન્ય આવાસ સ્થાનોમાં સંશોધન કરવા અને જરૂર જણાય ત્યાં આવા સંશોધનમાં જોડાયેલ બીજી સંસ્થાઓ તથા વ્યક્તિઓને જરૂરી માહિતી, સલાહ તથા નાણાં આપીને મદદ કરવી, તેમજ વન ખાતાને પણ આ મૂલ્યવાન ડેટા આપી સંરક્ષણની કામગીરીમાં સહાયભુત થવું.
- આ વિષયમાં પ્રવૃત એવી અન્ય સંસ્થાઓની સાથે સંકલન કરી આ અંગેના ડેટાબેઝને મજબુત કરવો અને તે સંસ્થાનો અને અત્રે કામ કરતા સંશોધન કરતા વૈજ્ઞાનિકોની ક્ષમતાને વધારવી.

► **પ્રકૃતિ તથા પારિસ્થિતિકીય શિક્ષણ:**

► **ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તથા અરણ્ય ઉધાન:**

સાબરમતી નદીના પૂર્વકાંઠે બાસણ ૩૦૦ હેક્ટર(અરણ્ય ઉધાન) અને પશ્ચિમ કાંઠે ૧૬૮ હેક્ટર વિસ્તારમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન વિકસાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૧.૭૮ લાખથી વધુ પ્રવાસીઓએ ઉધાનની મુલાકાત લીધેલ હતી. જ્યારે ૨૦૨૧-૨૨ (માહે નવેમ્બર-૨૦૨૧) દરમ્યાન ૨.૨૨ લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે. સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં અંદાજીત ૫ લાખથી વધુ મુલાકાતીઓ મુલાકાત લે તેવી સંભાવના છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન ખાતે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે એન્ટ્રી ગેટ તથા બાઉન્ડ્રી વોલ બનાવવાની કામગીરી, યોગા સેન્ટર, ફોસીલ પાર્ક, એક્વેરિયમના નિર્માણ કરવાની કામગીરી, થીમ બેઈઝ ગાર્ડનના નવીનીકરણની કામગીરી, વેટરનરી હોસ્પીટલ, કેમ્પ સાઈટ તથા પાર્ક વોર્ડન કચેરીના નવીનીકરણની કામગીરી, નવા પક્ષીગૃહનું નિર્માણ કરવાની કામગીરી, તૃણભક્ષી તથા તમામ પ્રાણીઓના પાંજરાઓના નવીનીકરણની કામગીરી, મુલાકાતીઓની સુવિધા માટે બેટરી સંચાલિત ઈકો ફ્રેન્ડલી વાહનની ખરીદી, ગાર્ડન પાથ, સ્કાય વોક તથા સાયકલિંગ, વોકિંગ ટ્રેકના વિકાસલક્ષી કામગીરી, મુલાકાતીઓની પીવાના પાણી, ટોઈલેટની વ્યવસ્થા તથા વિશ્રામ કુટિરની સુવિધા પુરી પાડવાની કામગીરી તથા અરણ્ય ઉધાન ખાતે કેમ્પ સાઈટના નવીનીકરણની કામગીરી તથા ચેઈનલીંક ફેન્સીંગની તથા ગેટની કામગીરી કરવા સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

► **હિંગોળગઢ અભયારણ્ય:**

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં આવેલ હિંગોળગઢ અભયારણ્યનો વહીવટ અને વિકાસ રાજ્ય સરકાર તરફથી 'ગીર' ફાઉન્ડેશન હસ્તક મુકવામાં આવેલ છે. અહીં પ્રાકૃતિક શિક્ષણ સંકુલ વિક્સાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૪૭૮૬ જેટલા પ્રવાસીઓએ આ અભયારણ્યની મુલાકાત લીધી હતી. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ (માહે નવેમ્બર, ૨૦૨૧ સુધીમાં) ૨૧૦૭ જેટલા પ્રવાસીઓએ આ અભયારણ્યની મુલાકાત લીધેલ છે. સને ૨૦૨૨-૨૩ દરમ્યાન હિંગોળગઢ અભ્યારણ્ય ખાતે વિવિધ જાળવણી તથા વિકાસની કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં મુલાકાતીઓની સુવિધામાં વધારો થાય તે માટેનું આયોજન છે.

► **સૃષ્ટિ સામયિકનું પ્રકાશન :**

ગીર ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ, પ્રકૃતિ અને વન્ય પ્રાણી અંગે લોકોમાં જાગૃતિ ફેલાવાના હેતુથી સૃષ્ટિ નામક સામાયિકનું ચોક્કસ વિષય આધારિત પ્રકાશન કરવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષમાં થોર વિષય પર સામયિક પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમજ સને વર્ષ ૨૦૨૨-૨૩માં વિવિધ વિષયો ઉપરના સામયિક પ્રકાશિત કરવાની કામગીરી હાલમાં ચાલુમાં છે.

► **પક્ષી દર્શન તાલીમ કાર્યક્રમ :**

'ગીર' ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષ પક્ષીની ઓળખ, પક્ષીની વર્તણૂક, પક્ષી ઓળખવાની રીત વગેરે બાબતોની જાણકારી આપવા પક્ષી દર્શનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૮૫ લાભાર્થીઓ સાથે વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૨૦-૨૧ સુધીમાં કુલ ૨૦૨૨ લાભાર્થીઓને જાણકારી આપેલ છે. દર વર્ષની જેમ વર્ષ ૨૦૨૧-૨૨માં પણ પક્ષી દર્શન કાર્યક્રમ હાલમાં ચાલુમાં છે.

INDEX

► **પ્રકૃતિ શિક્ષણ શિબિર :**

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન, અરણ્ય ઉધાન અને હિંગોળગઢ અભયારણ્ય એમ ત્રણ સ્થળો ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે. આ કેમ્પમાં તાલીમાર્થીઓ જંગલો, વન્ય જીવન, પરિસ્થતિ વિજ્ઞાન અને પર્યાવરણ વગેરેનું વાસ્તવિક જ્ઞાન મેળવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં કોરોના મહામારીના કારણે શાળા-કોલેજો બંધ હોવાથી પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ ૫૦ શિબિરો ફાળવવામાં આવેલ છે.

► **નેશનલ ગ્રીન કોર (NGC) :**

શાળાના બાળકોમાં પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા તેમજ સંવેદનશીલતા લાવવા માટે 'નેશનલ ગ્રીન કોર' યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

'ગીર' ફાઉન્ડેશન દ્વારા યોજનાનું સંચાલન ગુજરાત રાજ્ય વન વિભાગ તેમજ શિક્ષણ વિભાગની મદદથી કરવામાં આવે છે. હાલમાં ગુજરાત રાજ્યમાં ૧૬૦૦૦ થી વધુ શાળા/કોલેજોમાં એન.જી.સી. ઈકો ક્લબ કાર્યરત છે. તમામ ઈકો ક્લબને વાર્ષિક ₹ ૫૦૦૦ નાણાંકીય સહાય પણ આપવામાં આવે છે. જે ઈકો ક્લબની પ્રવૃતિઓને વેગ આપે છે. ઈકો ક્લબ દ્વારા પર્યાવરણીય શિક્ષણ તેમજ લોકજાગૃતિ માટેની પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેના માધ્યમથી વિદ્યાર્થીઓ અને સમાજમાં પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા લાવવાના પ્રયાસો થાય છે.

► **વિવિધ પ્રસંગોની ઉજવણી :**

ગીર ફાઉન્ડેશન હસ્તકના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તથા હિંગોળગઢ પ્રકૃતિ શિક્ષણ અભયારણ્ય ખાતે દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિન, વન્યપ્રાણી સપ્તાહ, જૈવિક વિવિધતા દિન, વિશ્વ દિન ,ઓઝોન સંરક્ષણ દિન, વિશ્વ ભૂમિ દિન વિગેરે પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે. જેમાં શાળાના વિધાર્થીઓ, પ્રકૃતિ પ્રેમીઓ, સ્વૈચ્છિક સંગઠનો, વગેરેને આમંત્રિત કરી ચિત્ર-સ્પર્ધા, મૌખિક પ્રશ્નોતરી, કાર્યશાળાઓ, શિબિરો વિગેરેનું આયોજન કરવામાં આવે છે. જેમાં કુદરતી તત્વો તેને લગતી સમસ્યાઓ તેમના અસ્તિત્વ સામે ઉભી થયેલ મુશ્કેલીઓ વિગેરે વિષયોની સમજ આપવામાં આવે છે.

► **સંશોધન સંસ્થા :**

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (ગીર ફાઉન્ડેશન ,ગાંધીનગર)ને ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તરફથી "રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ" તરીકે માન્યતા આપેલ છે.

► **સંશોધન પ્રવૃતિઓ :**

ભારત સરકારના વિજ્ઞાન અને તકનિકી વિભાગ દ્વારા 'ગીર' ફાઉન્ડેશનને સંશોધન સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી છે. સંશોધન સંસ્થા તરીકે આ સંસ્થા હેઠળ નીચેના સંશોધનાત્મક પ્રોજેક્ટો પર કામ કરી રહેલ છે.

► ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન અને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના સહયોગથી એક પ્રોજેક્ટ ચાલી રહ્યો છે:

"સુરત મેટ્રો-રેલ પ્રોજેક્ટ હેઠળ, તાપી નદી, સુરતમાં નાના હંજ (લેસર ફ્લેમિંગો)ના સંરક્ષણ માટે એકશન પ્લાનની તૈયાર કરવો"

- સુરત શહેરની તાપી નદી લેસર ફ્લેમિંગો (ફોનીકોનાયાસ માઈનોર)નું કુદરતી નિવાસસ્થાન છે. લેસર ફ્લેમિંગોને જોખમી પ્રજાતિઓની આઈ.યુ.સી.એન રેડલિસ્ટ મુજબની નીયર થ્રેટંડ (NT) શ્રેણી હેઠળ વર્ગીકૃત કરવામાં આવે છે.
- આથી જો અહિ મેટ્રો રેઈલનું બાંધકામ થાય તો આ પક્ષીઓને તથા તેમના કુદરતી નિવાસ સ્થાનને નુકશાન ન થાય તે માટે એકશન પ્લાનની તૈયાર કરવાનો હેતુ છે.
- તેથી, ગીર ફાઉન્ડેશન મેટ્રોરેલ પ્રોજેક્ટના બાંધકામ પહેલાના તબક્કા, બાંધકામના તબક્કા અને ઓપરેશનલ તબક્કા દરમિયાન સંભવિત ખલેલનો અભ્યાસ કરશે. અંતે આ અભ્યાસના આધારે ફ્લેમિંગો અને તેના રહેઠાણના ભાવિ સંરક્ષણ માટે જીએમઆરસીને જરૂરી ભલામણો આપવામાં આવશે

► **Study of Flora and Fauna of Great Rann of Kachchh:**

- "ગીર" ફાઉન્ડેશન દ્વારા કચ્છના મોટા રણની વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. આ અભ્યાસ ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન, વન વિભાગ, ગાંધીનગર દ્વારા જુલાઈ ૨૦૨૧માં આપવામાં આવેલ છે. જે મે ૨૦૨૨માં પૂર્ણ કરવાનો થાય છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય કચ્છના મોટા રણની ખાસ કરીને રણની કાંધી

અને બેટનો વિસ્તારની વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ વિશેની માહિતી એકત્રિત કરી અને વિસ્તૃત અહેવાલ તૈયાર કરવાનો છે. આ અભ્યાસથી પ્રાપ્ત માહિતી મોટા રણની વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના લાંબા-ગાળાના સંરક્ષણ માટે ઉપયોગી થશે. હાલમાં આ અભ્યાસ હેઠળ ક્ષેત્રીય અવલોકનો લેવાઈ રહ્યા છે. જેમાં ચોમાસની ઋતુના અવલોકનો લેવામાં આવેલ છે અને શિયાળાની ઋતુના અવલોકનો લેવાઈ રહ્યા છે. માર્ચ ૨૦૨૨ સુધીમાં આ અભ્યાસ અંતર્ગત ઉનાળાના અવલોકનો પણ લેવામાં આવશે. અવલોકન આધારિત માહિતીના પૃથ્થકરણથી મે ૨૦૨૨ સુધીમાં વિસ્તૃત અહેવાલ તૈયાર કરવામાં આવશે.

► **એફ.આર.એ. ૨૦૦૬ (FRA-2006) :**

- આ પ્રોજેકટ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવેલ છે. આ કામગીરીમાં વર્ષ ૨૦૦૫ના ઉપગ્રહના ફોટાઓનો ઉપયોગ કરી વિવાદિત દાવાઓની ચકાસણી કરવાની કામગીરી કરવામાં આવે છે. ખેતી માટે વન જમીનની માંગણી કરેલ વિસ્તારમાં વર્ષ ૨૦૦૫માં ખરેખર ખેતી થતી હતી કે નહીં તે ચકાસવામાં આવે છે.

► **ઈન્વેન્ટરી ઓફ કોરલ રીફ, ગુજરાત અને મહારાષ્ટ્ર: મેપિંગ, મોનિટરિંગ અને હેલ્થ એસસેસમેંટ :**

- આ પ્રોજેકટ ઈસરો, અમદાવાદના સહયોગથી આ કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરીમાં વર્ષ ૨૦૧૭ના ઉપગ્રહના ફોટાઓનો ઉપયોગ કરી ગુજરાત રાજ્યના કોરલ રીફ વાળા વિસ્તારોમાં થયેલ ફેરફાર તથા હેલ્થ ની ચકાસણી કરવામાં આવે છે.

► **નેશનલ વેટલેન્ડ ઈન્વેટરી એસેસમેન્ટ (NWIA) :**

- આ પ્રોજેકટ ઈસરો, અમદાવાદના સહયોગથી કરવામાં આવે છે. ગુજરાત રાજ્યના ૨.૫ હેકટરથી વધુ ક્ષેત્રફળ વાળા જળ પ્લાવિત વિસ્તારોને ઉપગ્રહના વર્ષ ૨૦૧૬-૧૭ના ફોટાઓના ઉપયોગથી ડિઝીટાઈજેશન કરી, વર્ષ ૨૦૦૬-૦૭ના જળ પ્લાવિત વિસ્તારો સાથે સરખામણી કરી, દસ વર્ષમાં જળ પ્લાવિત વિસ્તારોમાં થયેલ ફેરફારોનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

મુખ્ય સદર : ૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ : પર્યાવરણલક્ષી સંશોધન અને પરિસ્થિતિ વિજ્ઞાનલક્ષી પુનર્નિર્માણ અને પર્યાવરણલક્ષી શિક્ષણ/તાલીમ/વિસ્તરણ :

► **'હરિયાળુ ગુજરાત' રેડિયો કાર્યક્રમ :**

આ બજેટ હેઠળ જાહેર જનતાને પર્યાવરણ સંબંધિત વિવિધ માહિતી આપવા તેમજ જાગૃતિ લાવવા માટે આકાશવાણી, ઓલ ઈન્ડિયા રેડિયો પરથી દર રવિવાર રાત્રે ૦૮.૦૦ થી ૦૮.૩૦ દરમિયાન 'હરિયાળુ ગુજરાત' કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આવા કુલ ૪૦ એપિસોડનું પ્રસારણ કરવામાં આવશે. પર્યાવરણ જાગૃતિ માટે જાહેર જનતાને પર્યાવરણ સંબંધિત વિવિધ માહિતી આપતા તેમજ જાગૃતિ લાવવા માટે વિવિધ સાહિત્ય પ્રકાશનો આ બજેટ હેઠળ પ્રકાશિત કરવામાં આવશે. સમાજના ખાસ વર્ગો જેમ કે તબીબો, વકિલો, પત્રકારો, કોલેજ યુથ વગેરે માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર પક્ષી દર્શન તાલીમ કાર્યક્રમ વગેરે જેવા પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા જગાડતા વિવિધ કાર્યક્રમ કરવામાં આવશે.

► **ગુજરાત રાજ્યની દક્ષિણની મુખ્ય નદીઓના મુખ વિસ્તારોના પારિસ્થિતિકીય સંશોધન અને મોનિટરીંગની કામગીરીઓ :**

વર્ષ ૨૦૨૨ - ૨૩ અંતર્ગત રાજ્યની દક્ષિણની મુખ્ય નદીઓના (નર્મદા, તાપી, અંબિકા, પૂર્ણા) મુખ પ્રદેશોનું પારિસ્થિતિકીય મોનિટરીંગ હાથ ધરવામાં આવશે. તે અનવ્યે આ વિસ્તારોના પાણીમાં વરસાદ પહેલા (પ્રી મોનસુન) તથા વરસાદ પછી (પોસ્ટ મોનસુન) સમય ગાળામાં થતાં ભૌતિક-રાસાયણિક ફેરફારોનો અભ્યાસ કરવામાં આવશે. આ વિસ્તારોમાં દક્ષિણની મુખ્ય નદીઓના મુખ પ્રદેશોમાં ઈકોલોજીકલ મોનિટરીંગ કરવામાં આવશે. આ વર્ષ દરમિયાન ગુજરાતમાં પ્રચુર તેમજ લાબાં સમયના વરસાદને ધ્યાને રાખીને વરસાદ પહેલા (પ્રી મોનસુન) તથા વરસાદ પછી (પોસ્ટ મોનસુન) પાણી, માટી (સેડીમેન્ટ) તેમજ પ્લાવકોનો અભ્યાસ કરવામાં આવશે. આ અભ્યાસનો હેતુ વરસાદ પહેલા (પ્રી મોનસુન) તથા વરસાદ પછી (પોસ્ટ મોનસુન) સમય ગાળા માટે તેમજ વાર્ષિક ધોરણે નદીનાં મુખ પ્રદેશોનાં અ) પાણીનું, બ) માટી (સેડીમેન્ટ) ના ભૌતિક - રાસાયણિક સ્ટેટસનું મુલ્યાંકન કરવામાં આવશે તથા ક) જૈવિક વિવિધતા (પ્રાણીઓ, પક્ષીઓ, પ્લાવકો અને જલજ વનસ્પતિનું) સર્વેક્ષણ કરવામાં આવશે.

► **ઈકોલોજીકલ મોનિટરીંગ ઓફ ઈમ્પોર્ટન્ટ વેટલેન્ડઝ ઓફ ગુજરાત (છારીઢંઢ, ખીજડિયા, થોળ, મોકરસાગર (ગોસા બરા), કાજ વેટલેન્ડ) :**

ઈકોલોજીકલ મોનિટરીંગ ઓફ ઈમ્પોર્ટન્ટ વેટલેન્ડઝ ઓફ ગુજરાતનાં ઈકોલોજીકલ મોનિટરીંગ અંતર્ગત વર્ષ

૨૦૨૧-૨૨ માં પાંચ ઈમ્પોર્ટન્ટ વેટલેન્ડઝ ઓફ ગુજરાત ઋતુ અનુસાર આવરવામાં આવેલ અને ૧૭ પેરામીટરસની ચકાસણી કરવામાં આવી છે. આ અંગેનો તકનીકી અહેવાલ ટુંક સમયમાં રાજ્યનાં વન અને પર્યાવરણ વિભાગમાં સુપ્રત કરવામાં આવશે. વર્ષ ૨૦૨૨ - ૨૩ અંતર્ગત રાજ્યના જળપ્લાવિત પ્રદેશોનું પારિસ્થિતિકીય મોનિટરીંગ હાથ ધરવામાં આવશે. તે અનવ્યે આ વિસ્તારોના પાણીમાં વરસાદ પહેલા (પ્રી મોનસુન) તથા વરસાદ પછી (પોસ્ટ મોનસુન) સમય ગાળામાં થતાં ભૌતિક-રાસાયણિક ફેરફારોનો અભ્યાસ કરવામાં આવશે. આ વિસ્તારોમાં છારીઢંઢ, ખીજડિયા, થોળ, મોકરસાગર (ગોસા બરા), કાજ વેટલેન્ડ માં ઈકોલોજીકલ મોનિટરીંગ કરવામાં આવશે. આ અભ્યાસનો હેતુ વરસાદ પહેલા (પ્રી મોનસુન) તથા વરસાદ પછી (પોસ્ટ મોનસુન) સમય ગાળા માટે તેમજ વાર્ષિક ધોરણે નદીનાં મુખ પ્રદેશોનાં અ) પાણીનું, બ) માટી (સેડીમેન્ટ)ના ભૌતિક - રાસાયણિક સ્ટેટસનું મુલ્યાંકન કરવામાં આવશે તથા ક) જૈવિક વિવિધતા (પ્રાણીઓ, પક્ષીઓ, પ્લાવકો અને જલજ વનસ્પતિનું) સર્વેક્ષણ કરવામાં આવશે.

► **ઈકોલોજીકલ મોનીટરીંગ ઓફ નળ સરોવર (પક્ષી અભયારણ્ય અને ગુજરાતની રામસર સાઈટ) :**

નળ સરોવર જળપ્લાવિત વિસ્તાર (પક્ષી અભયારણ્ય અને ગુજરાતની રામસર સાઈટ) ના ઈકોલોજીકલ મોનિટરીંગ અંતર્ગત નળ સરોવર કે જેને રામસર સાઇટ તરીકે પણ નામાંકન કરવામાં આવશે, તેનો પણ અભ્યાસ કરવામાં આવશે. આ જળપ્લાવિત વિસ્તારમાં સૂક્ષ્મ પ્લાવકો, ક્ષુપો, વૃક્ષો, જલજ વનસ્પતિ ક્ષેત્રિય વનસ્પતિ, જલજ પક્ષીઓ અને અપૃષ્ઠવંશીય જીવો જેવાં કે, કીટકો, મૃદુકાયો, કરોળિયા વગેરેનો તલસ્પર્શી અભ્યાસ હાથ ધરવામાં આવશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ નળસરોવર જળપ્લાવિત વિસ્તારની વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ અને પાણીની ગુણવત્તાની મોસમી અને બહુવાર્ષિક સ્થિતિનું મૂલ્યાંકન અને નોંધ કરવાનો છે. પાણીના સંબંધિત પર્યાવરણીય પરિમાણોનું મૂલ્યાંકન,વનસ્પતિસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિની જૈવવિવિધતાનો અભ્યાસ કરવાનો ઉદ્દેશ છે.

► **મધ્યસ્થ પ્રયોગશાળા તેમજ પાંચ દરિયાકાંઠા પરની ક્ષેત્રીય પ્રયોગશાળાનું સશક્તિકરણ :**

'ગીર' ફાઉન્ડેશનની મધ્યસ્થ પ્રયોગશાળા તેમજ પાંચ દરિયાકાંઠા પરની ક્ષેત્રીય પ્રયોગશાળાનું સશક્તિકરણ, સંશોધન તેમજ વિકાસના કામો હાથ ધરવામાં આવશે.

(૧) 'વિશ્વ જળપ્લાવિત' દિનની ઉજવણી/કાર્યશાળાઓ/સેમીનાર :

તા.૦૨/૦૨/૨૦૨૩ ના રોજ ગુજરાત રાજ્યના જળપ્લાવિત વિસ્તારોમાં 'વિશ્વ જળપ્લાવિત' દિનની ઉજવણી કરવામાં આવશે. પ્રકૃતિવિદોએ વકતવ્યો આપશે, "ગીર" ફાઉન્ડેશનના સંશોધકો દ્વારા કરવામાં આવેલ "ક્ષેત્રિય નિદર્શન" દરમ્યાન પાણીની ગુણતા ચકાસણી, પક્ષીઓ, અન્ય પ્રાણીઓ અને જલજ વનસ્પતિઓની ઓળખ તેમનું મહત્વ, લોકોનું જળપ્લાવિત વિસ્તારો પર અવલંબન વગેરે સંબંધીત યોગ્ય સમજૂતી આપવામાં આવશે અને આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીયસ્તરના નિષ્ણાંતોને આમંત્રિત કરી કાર્યશાળાઓ, સેમીનાર અને ફીલ્ડમાં કામ કરતા કર્મચારીઓની ક્ષમતાવર્ધક તાલિમો વગેરે કામો હાથ ધરવામાં આવશે.

નદીઓ સહિતના અગત્યના ૫ જળપ્લાવિત વિસ્તારો માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તેમજ વિશ્વ વિદ્યાલયોના વૈજ્ઞાનિકોના સાયન્ટીફીક તથા ટેકનીકલ સહયોગથી કાર્યક્રમોનું આયોજન : વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તેમજ વિશ્વ વિધાલયોના વૈજ્ઞાનિકોના સાયન્ટીફીક તથા ટેકનીકલ સહયોગથી કાર્યક્રમોનું આયોજન 1 વર્કશોપ/ ટ્રેનીંગ ની કામગીરી કરવામાં આવશે.

(૨) બેચ-I, II, III ના PMKSY-WC પ્રોજેક્ટનું અંતિમ મૂલ્યાંકન :

ગુજરાત રાજ્ય જલસ્ત્રાવ (GSWMA) 33 જિલ્લાઓમાં PMKSY-WC (પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના- વોટરશેડ ઘટક) અમલમાં મૂકે છે, જેનો હેતુ જમીનની ભેજ બચાવવા, લણણીમાં વધારો કરવા અને સપાટી પરના પાણીના વહેણ, દુષ્કાળનું નિવારણ, કૃષિ ઉત્પાદન અને ગ્રામીણ આજીવિકામાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ 489 પ્રોજેક્ટ્સ ચાર બેચમાં એટલે કે 2009-10, 2010-11, 2011-12 અને 2012-13માં પૂર્ણ કરવામાં આવ્યા છે અને આ પ્રોજેક્ટ્સ ડિસ્ટ્રિક્ટ વોટરશેડ ડેવલપમેન્ટ યુનિટ્સ (DWDU) દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે. ગુજરાત સ્ટેટ વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી (GSWMA) નો ઉદ્દેશ્ય વ્યાપક વોટરશેડ વિકાસ અભિગમ દ્વારા આજીવિકા અને ખાદ્ય સુરક્ષાના મુદ્દાઓને ઉકેલવાનો છે. GSWMA એ GEER ફાઉન્ડેશનને વર્ષ 2012 (એટલે કે બેચ-I, બેચ-II અને બેચ-III પ્રોજેક્ટ્સ) સુધી પૂરા થયેલા પ્રોજેક્ટ્સનું અંતિમ મૂલ્યાંકન આપ્યું છે. ગુજરાતના 10 જિલ્લાઓમાં કુલ 154 પ્રોજેક્ટ મોનિટરિંગ અને મૂલ્યાંકન કાર્ય માટે GEER ફાઉન્ડેશનને સોંપવામાં આવ્યા છે.

પ્રોગ્રામની સુસંગતતા, અસરકારકતા, કાર્યક્ષમતા અને લાંબા ગાળાની ટકાઉપણાનું મૂલ્યાંકન કરવા પ્રોજેક્ટનું અંતિમ-રેખા મૂલ્યાંકન કાર્ય કરવામાં આવ્યું હતું. પસંદ કરેલા પ્રોજેક્ટનું મૂલ્યાંકન અને દેખરેખ કરવા માટે, સંબંધિત વ્યાવસાયિક પૃષ્ઠભૂમિ સાથે મૂલ્યાંકનકારો/સલાહકારોની એક ટીમ અને અન્ય ટેકનિકલ વ્યક્તિઓ સહિત ઈજનેરોની ટીમ અને ગ્રામીણ

વિકાસ અને સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિના વ્યાવસાયિકો, કોમ્યુનિટી મોબિલાઈઝર્સ, આરએસ-જીઆઈએસ નિષ્ણાંતો વગેરે સામેલ છે. પ્રોજેક્ટ મૂલ્યાંકનમાં બહુપક્ષીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો - વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ (DPR) મૂલ્યાંકન, EPA, WS અને LH અને ME કામોની ભૌતિક ચકાસણી, ઘરગથ્થુ સર્વેક્ષણ દ્વારા વિવિધ(HH) સૂચકાંકોનું મૂલ્યાંકન, સમુદાય/ગ્રામ્ય સ્તરના સૂચકાંકો અને વોટરશેડ સ્તરના સૂચકઆંકો, ફોકસ ગ્રુપ ચર્ચા, ફોટો દસ્તાવેજીકરણ અને સાફલ્ય ગાથાઓ/કેસ સ્ટડીઝ વગેરેનો વિકાસ. મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાતી મુખ્ય માહિતી સામાજિક-આર્થિક સ્થિતિમાં ફેરફાર, કુટુંબની આવકમાં ફેરફાર, પાકનું ક્ષેત્રફળ અને ઉત્પાદન, સિંચાઈની સ્થિતિ, પીવાના પાણીની સ્થિતિ, ઘાસચારો અને પશુધન, ખેતીની પદ્ધતિઓમાં ફેરફાર, આવક અને ખર્ચની સ્થિતિ, અસ્કયામતોનું સંપાદન, વિવિધ સંસ્થાઓની સ્થિતિ, ગ્રામ્ય સ્તરના માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધતા અને પર્યાવરણીય પાસાઓ પરની અસર.

પ્રોજેક્ટ હેઠળ પસંદગીના 10 જિલ્લાઓ માટે ભૌતિક ચકાસણી અને સફળતાની વાર્તા સાથે ઘર, ગામ/સમુદાય, વોટરશેડ સૂચકાંકો સંબંધિત ડેટા સંગ્રહ પૂર્ણ થઈ ગયો છે અને ટીમ અહેવાલો તૈયાર કરવા પર કામ કરી રહી છે.

(૩) "અબન્ડસ સ્ટેટસ ઑફ સિલેકટેડ મેડિસનલ પ્લાન્ટસ ઑફ ગુજરાત સ્ટેટ" :

ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કચેરી ના પત્ર ક્રમાંક G.M.P.B./T-3/1745/2019-20 Dt : 01/10/2019 ના રોજ "અબન્ડસ સ્ટેટસ ઑફ સિલેકટેડ મેડિસનલ પ્લાન્ટસ ઑફ ગુજરાત સ્ટેટ" પ્રોજેકટ માટે કુલ ₹ ૪૩.૧૫ લાખ ભંડોળ મંજૂર થયેલ છે.

ભૂતકાળમાં વર્ષ- ૨૦૦૫ માં 'ગીર' ફાઉન્ડેશન દ્વારા "મેડિસનલ પ્લાન્ટસ ઑફ ગુજરાત" નામનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હતું આ પુસ્તકમાં 'ગીર' ફાઉન્ડેશન દ્વારા ૧૩૧૫ પ્રજાતિના ઔષધિય વનસ્પતિઓની નોંધણી તેની યાદી તૈયારકરવામાં આવેલ હતી. જેમાં તેના વિસ્તરણ તેમજ વિપુલતાનો અભ્યાસ કરવામાં આવ્યો ન હતો. હાલના, ઉપર દર્શાવેલ પ્રોજેકટ અંતર્ગત ભૂતકાળમાં નોંધાયેલ ૧૩૧૫ પ્રજાતિનાઔષધિય વનસ્પતિઓનો વિગતવાર/ઉડાણ પૂર્વક અભ્યાસ કરવામાં આવશે. આ પ્રોજેકટ અંતર્ગત વર્ષ- ૨૦૧૯-૨૦ દરમ્યાન Systematic Stratified Sampling માટે ફોરેસ્ટ સર્વે ઑફ ઈન્ડીયા, દેહરાદુન દ્વારા (ISFR-2017) તૈયાર કરેલ Classified (Tree Cover) Digital Map ખરીદી કરવામાં આવેલ. આ નકશા ઉપર મહેસાણા જીલ્લાની કામગીરી માટે કચેરીના RS/GIS વિભાગ દ્વારા 'ગ્રીનનેસ' ઈન્ડેક્ષ કલાસ મુજબ સિસ્ટમેટીક સેમ્પલિંગ પ્લોટસ નાખવાની કામગીરી કરવામાં આવેલ છે. ઉપરાંત પ્રોજેકટની કામગીરી હેતુ કરાર આધારિત ધોરણે મહેકમની ભરતી પણ કરાવમાં આવેલ છે અને મહેસાણા જીલ્લાની ક્ષેત્રીય મુલાકાત કરી ત્યાંની ઔષધિય વનસ્પતિઓ (વૃક્ષ, ક્ષુપ, ઘાસ, વેલા, છોડ ઈત્યાદિ)ની નોંધણી તેમજ તેના વિતરણ વિશેની માહિતી એકત્રતિ કરવામાં આવી રહેલ છે. વર્ષ- ૨૦૧૯-૨૦-૨૧ દરમ્યાન ગુજરાતના વિવિધ વિસ્તારો જેમકે, મધ્ય ગુજરાત, દક્ષણિ ગુજરાત, દક્ષણિ-પૂર્વ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના નકકી કરેલ જીલ્લાની કામગીરી માટે કચેરીનાRS/GIS વિભાગ દ્વારા 'ગ્રીનનેસ' ઈન્ડેક્ષ કલાસ મુજબ સિસ્ટમેટીક સેમ્પલિંગ પ્લોટસ નાખવાની કામગીરી કરવામાં આવશે તથા કચેરીના RS/GIS વિભાગ દ્વારા નકકી કરેલ સેમ્પલિંગ પ્લોટસ પર 'ગીર' ફાઉન્ડેશનના સંશોધનાત્મક સ્ટાફ દ્વારા ક્ષેત્રીય મુલાકાત કરી ત્યાંની ઔષધિય વનસ્પતિઓની નોંધણી તેમજ તેના વિતરણ વિશેની માહિતી એકત્રતિ કરવામાં આવશે. આ પ્રોજેકટના પરીણામ સ્વરૂપે ગુજરાત રાજ્યની ઔષધિય વનસ્પતિઓના વિતરણનો નકશો તૈયાર કરવામાં આવશે જે આ વનસ્પતિઓની ફકિવન્સી વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડશે. વધુમાં, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, પાટણ, પંચમહાલ, મહિસાગર, સુરેન્દ્રનગર, મોરબી (2019-20) અને નર્મદા, તાપી, વલસાડ, ભરૂચમાં ઔષધીય વનસ્પતિ વનસ્પતિની ચેકલિસ્ટ તૈયાર અને ગણતરી કરવામાં આવી છે, ગુજરાત રાજ્યના ડાંગ અને કચ્છ (2020-21) જિલ્લાના ભાગો. આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ ગુજરાત રાજ્યમાં વિપુલ પ્રમાણમાં ડેટા સાથે અગાઉની 1,315 ઔષધીય વનસ્પતિની પ્રજાતિઓના વિતરણ પેટર્ન વિશે એકંદરે ખ્યાલ આપશે.

(૪) લોંગ ટર્મ ઈકોલોજીકલ ઓબ્સર્વેટરીસ (એલ ટી ઈ ઓ) :

લોંગ ટર્મ ઈકોલોજીકલ ઓબ્સર્વેટરીસ (એલ ટી ઈ ઓ) ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF અને CC)ના ક્લાઈમેટ ચેન્જ એક્શન પ્રોગ્રામ હેઠળનો એક ખુબ જ મહત્વનો પ્રોજેક્ટ છે જે ગુજરાત રાજ્યના શુષ્ક અને અર્ધ-શુષ્ક વિસ્તારોમાં (ભારતના ઉત્તર-પશ્ચિમ શુષ્ક ભાગો) સેન્ટર ફોર ઈકોલોજીકલ સાયન્સ (CES), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ (IISc), બેંગલુરુના સહયોગથી અમલમાં કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં, કુલ 4 ફિલ્ડ સ્ટેશનો જેમકે ગીર ફોરેસ્ટ (જિલ્લો-જૂનાગઢ), હિંગોળગઢ અભયારણ્ય (જિલ્લો-રાજકોટ), બજાણા (જિલ્લો-સુરેન્દ્રનગર) અને જેસોર (જિલ્લો-બનાસકાંઠા) કે જે ભારતના ઉત્તર-પશ્ચિમ શુષ્ક ભાગો માં વિવિધ સ્થળોએ સુનિશ્ચિત કરવામાં અવ્યા છે. એલ ટી ઈઓ પ્રોજેક્ટમાં "ગીર" ફાઉન્ડેશન દ્વારા ફિલ્ડ સ્ટેશન મેનેજમેન્ટ સાથે નીચેના અભ્યાસો હાથ ધરવામાં આવે છે.

INDEX

(અ) જંગલનુ સંરચના અને ગતિશિલતાનું નિરીક્ષણ કરવું :

- મુખ્ય ઉદ્દેશો : જંગલનાં ગતિશિલતાના પરિમાણો જેમ કે પુનરુત્થાન, થડ ની વૃદ્ધિ અને મૃત્યુદર છોડ/વૃક્ષની વસ્તીમાં સમયાંતરે ફેરફાર, અને આને આંતર-વાર્ષિક આબોહવા પરિવર્તનશીલતા સાથેનો સંબંધ.
- સમયાંતરે બેઝલ એરિયા અને જમીનની ઉપરના કાર્બન સ્ટોકમાં ફેરફાર.
- આક્રમક છોડની વસ્તીનું નિરીક્ષણ.
- જંગલની ગતિશિલ પ્રક્રિયા ને જમીનના ગુણધર્મમાં થતા ફેરફાર સાથે સહ સંબંધિત કરવું.

(બ) જંગલો અને ઘાસના મેદાનોમાં જમીનની પ્રક્રિયાની લાંબા ગાળાની દેખરેખ :

- મુખ્ય ઉદ્દેશ્યો: કેવી રીતે માટીનું C અને Nનો સ્ટોક મોટા પર્યાવરણીય ઢાળમાં બદલાય છે.
- કેવી રીતે માટીનું C અને N પ્રવાહ મોટા પર્યાવરણ ગ્રેડિએન્ટ્સમાં બદલાય છે.

♦ **અભ્યાસના સંભવિત પરિણામો :**

ઉપરોક્ત અભ્યાસના મુખ્ય ઉદ્દેશ્યો ૧) વ્યાપક પર્યાવરણીય ઢાળમાં, જંગલની સંરચના, પ્રજાતિઓની વિવિધતા અને બાયોમાસ કેવી રીતે બદલાય છે તેનુ નિરીક્ષણ કરવું. ૨) જંગલની સંરચના અને ગતિશીલતા સ્થાનિક આબોહવા, જમીનની લાક્ષણિકતા અને અગ્નિ શાસન સાથે કેવી રીતે સંબંધિત છે તેનુ નિરીક્ષણ કરવું. ૩) પ્રજાતિઓની વિપુલતા, સામુદાયિક રચના અને વન બાયોમાસમાં લાંબા ગાળાના ફેરફારનું નિરીક્ષણ કરવું. ૪) જમીનના ઉપર અને નીચે કાર્બન અને પોષક ચક્રનુ પ્રમાણ નક્કી કરવું. ૫) સમય જતાં જમીનમાં પાણીના જથ્થામાં થતા ફેરફારને જોવું. ૬) માટીની રચના ૭) કાર્બન: નાઈટ્રોજન દર ૮) માટી કાર્બન પ્રવાહ ૯) વૃક્ષોમાં કાર્બન અને પોષક પૂલ વગેરે.

૨૦૨૦ -૨૦૨૧ દરમિયાન LTEO પ્રોજેક્ટમાં કરવામાં આવેલ કામ :

- વિવિધ ફિલ્ડ સ્ટેશનો પર અવરજવર માટે બે વાહનો એટલે કે સ્કોર્પિયો અને બોલેરો ખરીદવામાં આવ્યા છે.
- જેસોર, બજાણા અને હિંગોળગઢ નામના ત્રણ ફિલ્ડ સ્ટેશનો માટે કેટલાક સામાન અને અન્ય સાધનોની ખરીદી.

૨૦૨૧ -૨૦૨૨ દરમિયાન LTEO પ્રોજેક્ટમાં કરવામાં આવેલ કામ :

- જેસોર, બજાણા, હિંગોળગઢ અને સાસણ ગીર માટે પ્રતિ હેક્ટર અંદાજીત થડની ગીચતા ગણવામાં આવી છે.
- જેસોર અને હિંગોળગઢ ખાતે સ્થિત ફિલ્ડ સ્ટેશનોને તમામ મૂળભૂત સુવિધાઓ સાથે વિકસાવવામાં આવ્યા છે.
- ટોટલ સ્ટેશનનો ઉપયોગ કરીને જેસોર અને હિંગોળગઢ ખાતે સ્થાયી જંગલ પ્લોટ નાખવામાં આવ્યા છે અને ચિહ્નિત કરવામાં આવ્યા છે. આ તમામ પ્લોટ 20m × 20m ના પેટા પ્લોટમાં વિભાજિત કરવામાં આવ્યા છે અને સિમેન્ટેડ પત્થરોનો ઉપયોગ કરીને ચિહ્નિત કરવામાં આવ્યા છે.

(૧) જેસોર ખાતે લાકડાયુક્ત વૃક્ષોની ગણતરી અને ટેગિંગ શરૂ કરવામાં આવ્યું છે :

વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત LTEO પ્રોજેક્ટ હેઠળ નીચે મુજબની કામગીરી કરવામાં આવશે :

- બાકીની LTEO સાઈટ્સ પર કાયમી વન પ્લોટ મૂકવા.
- જેસોર, હિંગોળગઢ, બજાણા અને સાસણ ગીરમાં બાકી રહેલા કાયમી પ્લોટમાં લાકડાયુક્ત વૃક્ષોની ગણતરી અને ટેગીંગ
- બાકીના ફિલ્ડ સ્ટેશનો (બજાણા અને સાસણ ગીર) નો વિકાસ તમામ પાયાની સુવિધાઓ સાથે વિવિધ LTEO સાઈટ્સ પર વિવિધ સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરવી.

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન(ગેમી)

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) ની રચના, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યપાલશ્રીના વિધાનસભાના ગૃહને સંબોધતા તા. ૧૯-૦૩-૧૯૯૮ના પ્રવચનને આધારે ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક: ૧૦૯૮-૧૨૮૦-પી, તા.૧ લી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી કરવામાં આવી.

ગેમીનું બંધારણ એટલે કે Memorandum of Association & Rules and Regulation ઘડીને મંજુર કરવામાં આવ્યું. ગેમીની નોંધણી Society Registration Act, 1860 હેઠળ Registration No. Gujarat/ 1380/Vadodara, તા. 01-03-1999 અને Bombay Public Trust Act, 1950 હેઠળ Registration No. F/1065 Vadodara, તારીખ 01-03-1999 થી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૧માં આ સંસ્થાનનું વડુમથક વડોદરા મુકામથી ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યો. અને ગાંધીનગર ખાતે ગેમીની નોંધણી Society Registration Act, 1860 હેઠળ Registration No. Guj/ 2326/Gandhinagar, તા. 19-11-2014 અને Bombay Public Trust Act, 1950 હેઠળ Registration No. F/2287 Gandhinagar, તારીખ 19-11-2014 થી કરવામાં આવેલ છે. ગેમીને Ministry of Science and Technology, Government of India દ્વારા Scientific and Industrial Research Organization (SIROs) તરીકેની માન્યતા આપવામાં આવેલ છે. ઉપરાંત ગેમી સંસ્થાનને અને ગેમીની પ્રયોગશાળા ISO 9001:2008 અને ISO 14001:2014 પ્રમાણિત છે.

ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસના પરિણામે અને મુખ્યત્વે ચોક્કસ વિસ્તારોમાં રાસાયણિક ઉદ્યોગોની ઘનિષ્ઠતાના ધ્યાનમાં રાખી ઔદ્યોગિક વિકાસની સાથે સાથે પર્યાવરણની સમતુલા જળવાય તે હેતુથી રાજ્ય સરકારે Gujarat Environment Management Institute (GEMI) નામની એક સ્વાયત્ત મોભાવાળી સંસ્થા ઉભી કરવાનું નક્કી કર્યું. જે હાલમાં ગુજરાત રાજ્યમાં પર્યાવરણની ખુબ જરૂરી એવી સમસ્યાઓનું નિવારણ તેમજ ઘટાડો કરવા માટે કાર્યરત છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં નીચે મુજબની કામગીરી હાથ પર લેવામાં આવી અને વર્ષ ૨૦૨૨-૨૩માં પણ આગળ ધપાવવામાં આવશે.

► ગ્રામ્ય પર્યાવરણ અભ્યાસ :

ગ્રામ્ય પર્યાવરણીય અભ્યાસ, સ્કીમ/પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પર્યાવરણની વર્તમાન પરિસ્થિતિની ચકાસણી કરવામાં આવે છે. આ એક વિશિષ્ઠ પ્રકારનો અભ્યાસ છે જેમાં ગામનો આર્થિક-સામાજિક સર્વે તથા વિવિધ પર્યાવરણીય પરીબળોના નમુનાની ચકાસણી કરવામાં આવે છે. આ અભ્યાસ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ કુદરતી સંપત્તિ જેવી કે જળ, જમીન અને હવાની પરિસ્થિતિની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરવામાં આવે છે, જેમાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તમામ પાણીના સ્ત્રોતો જેવા કે કૂવા, તળાવ, બોરવેલ, કેનાલ વગેરે તથા ખેતી લાયક જમીનનો સમાવેશ કરી લેવામાં આવેલ છે. અને પ્રયોગશાળામાંથી આવેલ પરિણામોની મદદથી જે-તે વિસ્તાર/ક્ષેત્રનો વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જે ગામની વિવિધ પર્યાવરણને લગતી સુવિધાઓ જેવી કે સ્વચ્છતા, બળતણનો પ્રકાર, શૌચાલયની સુવિધા, ખેતી પાકોમાં થતા રોગોની વિગત જેવા ખુબ જ અગત્યના પરિબળોનો સમાવેશ કરવામાં આવેલ છે, જેના દ્વારા પર્યાવરણીય દ્રષ્ટિએ ગ્રામ્ય વિસ્તાર ચકાસીને, ગામલોકો તથા સરકારને ખુબ જ ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવશે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ગુજરાત રાજ્યના કોઈ એક વિસ્તારના આશરે ૨૦ ગામોનો અભ્યાસ કરવામાં આવશે.

► રિવર એન્ડ કોસ્ટલ મોનીટરીંગ :

વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિનું અસ્તિત્વ પ્રાકૃતિક જળસ્ત્રોતો પર નિર્ભર છે. સપાટીના પાણીનો ઉપયોગ પીવા માટે, ઘરેલુ વપરાશ માટે તેમજ વિવિધ ઔદ્યોગિક હેતુઓ માટે થાય છે. આથી પાણીનો નિર્ધારીત ઉપયોગ જાણવા માટે પાણીની ગુણવત્તાની ચકાસણી કરવી જરૂરી છે. રાજ્યની વિવિધ પર્યાવરણીય પ્રવૃત્તિઓમાં જળસ્ત્રોતોની ગુણવત્તાનું સમયાંતરે નિરીક્ષણ આવશ્યક છે. પાણીની ગુણવત્તાનું મૂલ્યાંકન ભૌતિક, રાસાયણિક અને જૈવિક પરિમાણોને આધારે કરી શકાય છે. પાણીની ગુણવત્તાની ચકાસણી દ્વારા તેના નિર્ધારીત હેતુ માટે થતા ઉપયોગનુ મૂલ્યાંકન કરી શકાય છે. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી ગેમી દ્વારા સપાટીય જળસ્ત્રોતોની ગુણવત્તા સમયાંતરે ચકાસવામાં આવે છે.

આ અભ્યાસ અંતર્ગત રાજ્યમાં આવેલી સાબરમતી, મહીસાગર, નર્મદા, તાપી, દમણગંગા, હિરણ, મેશ્વો, આજી, ભાદર, વાત્રક તેમજ તેમની ઉપનદીઓના પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે. આ રીતે નદીઓનું સમયાંતરે મોનીટરીંગ કરી પાણીની ગુણવત્તામાં થતા ફેરફારોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

સપાટીના પાણીમાં વધતા પ્રદૂષણને ધ્યાનમાં લેતા સમયાંતરે મોનીટરીંગ અને મૂલ્યાંકન અત્યંત મહત્વનું છે. આ અભ્યાસ દ્વારા સ્થાનિક લોકો દ્વારા વાપરવામાં આવતા પાણીની ગુણવત્તા જાણી શકાશે. સદર પ્રોજેક્ટ દ્વારા એકત્રીત કરવામાં આવેલ માહિતી સંબંધિત સરકારી સંસ્થાઓ અને વિભાગોને પર્યાવરણલક્ષી વિવિધ નીતિઓના નિર્માણ કરવામાં મદદરૂપ રહેશે.

INDEX

સદર અભ્યાસ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માં ગુજરાત રાજ્યમાં આવેલી ૧૦ મોટી નદીઓ જેવી કે સાબરમતી, મહીસાગર, તાપી, નર્મદા, દમણગંગા, આજી, ભાદર, મેશ્વો, હિરણ અને વાત્રકનો પુનરાવર્તિત અભ્યાસ કરવામાં આવશે.

► **સોર્સ એપોર્સમેન્ટ સ્ટડી (Source apportionment study) :**

હવાના પ્રદૂષણમાં થઈ રહેલ વધારોએ ભારતના મોટાભાગના શહેરોની મુખ્ય સમસ્યાઓમાંની એક છે, જેમાં અમદાવાદ ઉપરાંત ગુજરાતનાં અન્ય મોટા શહેરોનો સમાવેશ થાય છે. સોર્સ એપોર્સમેન્ટ સ્ટડી (Source Apportionment Study) નો મુખ્ય હેતુ હવા પ્રદુષિત કરી રહેલ સ્ત્રોતો જેમ કે ઉધોગો, વાહનો, ઘરગથ્થું કચરાનું દહન વગેરે દ્વારા પ્રદુષણમાં કેટલો-કેટલો ફાળો છે એની માપણી કરવી. આ અભ્યાસના અંતે પ્રાપ્ત થતી માહિતીનો ઉપયોગ ભવિષ્યમાં પ્રદુષણ નિયંત્રણ અને તેના નિવારણ માટેની વ્યૂહરચના ઘડવામાં થશે. આ પ્રકારના અભ્યાસમા હવાને પ્રદુષિત કરનારા સ્ત્રોતોની યાદી તૈયાર કરવી, જમીન પર પ્રદુષણની મહતમ માત્રા શોધવી. હવા પ્રદૂષણની સમસ્યાના કારણો વિશે વધુમાં વધુ જાણકારી મેળવવી જેથી ગુજરાતનાં મોટા શહેરોમાં હવા પ્રદૂષણની સમસ્યાને ઘટાડી તેની ગુણવત્તામાં સુધારો કરવા માટેની નીતિ બનાવીને અમલમાં મુકી શકાય.

૧. હવા પ્રદુષિત કરનારા સ્ત્રોતોની યાદી (Emission Inventory)

ઈમીઝન ઈન્વેન્ટરી એટલે કે એક ચોક્કસ વિસ્તાર અને સમય માટે ગૌણ તેમજ પ્રાથમિક માહિતીના ઉપયોગ દ્વારા વિવિધ સ્રોતોમાંથી ઉત્પન્ન થતા પ્રદૂષકોનું જથ્થાત્મક વિશ્લેષણ કરવું. આ માટે સમગ્ર અમદાવાદ શહેરના નકશાને ૨ બાય ૨ કિમી ક્ષેત્રમાં વિભાજીત કરવામાં આવેલ છે. ઈમીઝન ઈન્વેન્ટરી માટે બે રહેણાંક વિસ્તાર (પાલડી અને બાપુનગર), એક ઔદ્યોગિક વિસ્તાર, એક ટ્રાફિક કમ વ્યાપારી વિસ્તાર અને એક બેકગ્રાઉન્ડ વિસ્તાર (અમદાવાદના સાયન્સ સીટી, નારોલ અને ઈન્કમ ટેક્ષ વિસ્તાર) એમ કુલ પાંચ વિવિધ સ્રોતો ધરાવતા વિસ્તારનો સમાવેશ કરેલ છે.

૨. ડીસ્પર્જન મોડેલિંગ (Dispersion Modelling)

ડીસ્પર્જન મોડેલિંગ એ અત્યાધુનિક વૈજ્ઞાનિક તકનીક દ્વારા સ્ત્રોતોમાંથી ઉત્સર્જીત થઈ રહેલા પ્રદુષકોની જમીન સપાટીએ મહતમ માત્રાનું અનુમાન કરવામાં આવે છે જેથી હવા પ્રદુષણગ્રસ્ત વિસ્તાર ઓળખી શકાય. આ માહિતીનો ઉપયોગ હવાની ગુણવત્તા સુધારણા માટે શહેરી ચોક્કસ એક્શન પ્લાન ઘડવા તેમજ વિવિધ નિયંત્રણ વિકલ્પોનું મૂલ્યાંકન કરી શકાય.

આ અભ્યાસ વિવિધ પર્યાવરણલક્ષી નીતિઓ; શહેરી હવા ગુણવત્તા વ્યવસ્થા નીતિ, ઔદ્યોગિક નીતિ, પ્રદૂષણ નિયંત્રણ નીતિ માટે આધારભૂત બની રહેશે. તદુપરાંત સદર અભ્યાસ દ્વારા સ્થાનિક લોકોમાં હવા પ્રદુષણ અંગે જાગૃતતા ફેલાવવામાં મદદ રૂપ થશે.

► **ગ્રીન રેટીંગ, પોલ્યુશન રેટીંગ ઈન્ડેક્ષ અને એક્રેડેશન :**

ગ્રીન રેટીંગ અને એક્રેડેશન - ગેમી દ્વારા વિવિધ ઉદ્યોગોને ગ્રીન રેટીંગ આપવામાં આવશે. જે માટે ગેમી દ્વારા સ્કીમ બનાવવામાં આવી રહી છે. ઉપરાંત, સંસ્થાન દ્વારા રાજ્યમાં કાર્યરત Environmental Auditors અને Environmental Auditing Agencies ને પ્રમાણિત કરવા "Recognition of Environment Auditing Bodies under ISO 17020" અને "Manual for Operation of Environment Auditing Services under ISO 17011" તૈયાર કરવામાં આવી રહી છે. સદર સ્કીમો ઔદ્યોગિક એકમોને પર્યાવરણીય વ્યવસ્થાપનની કામગીરી માટે આધારભૂત બની રહેશે.

પોલ્યુશન રેટીંગ ઈન્ડેક્ષ - ઉભરતા અને વિકાસશીલ અર્થતંત્રમાં શહેરીકરણ ઝડપી ગતિએ થઈ રહ્યુ છે. શહેરો હવા, પાણી અને જમીનના પ્રદૂષકોનો સ્રોત છે. નાગરિકો માટે, શહેરમાં પ્રદૂષણના સ્તર અંગેની જાગરૂકતા હોવી મહત્વપૂર્ણ છે, ખાસ કરીને તેમના માટે જે તેથી લગતી બીમારીઓથી પીડાય છે. ગેમીએ શહેરોની પર્યાવરણીય ગુણવત્તાના આધારે રેટિંગ આપવાની કલ્પના વિકસાવી છે જેને સિટી પોલ્યુશન રેટીંગ ઈન્ડેક્ષ કહેવામા આવેલ છે. આ પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય એજન્સીઓ પાસેથી પર્યાવરણીય ગુણવત્તાથી લગતા ડેટા એકત્રિત કરી રાજ્યનાં મોટા શહેરોનું પોલ્યુશન રેટીંગ ઈન્ડેક્ષ તૈયાર કરી સાર્વજનિક ડોમેનમાં લોંચ કરવું.

► **ક્ષેત્રીય પર્યાવરણ અસર મુલ્યાંકન, કેરીંગ કેપેસિટી, સામુહિક પર્યાવરણીય સવલતોની Efficacy/Adequacy અને બાયોમેડિકલ કચરાંની ગુણવત્તા ચકાસણી:**

♦ **ક્ષેત્રીય પર્યાવરણ અસર મુલ્યાંકન અને કેરીંગ કેપેસીટી**

ગુજરાત પર્યાવરણ વ્યવસ્થાપન સંસ્થા (ગેમી)ના ઉદ્દેશ્યમાં એક તરીકે, "પર્યાવરણીય સ્થિતિ અને ઉધોગીકરણ, શહેરીકરણ અને જળ સંસાધનોની વિકાસલક્ષી પ્રવૃત્તિઓના પ્રભાવનું મૂલ્યાંકન માટે કચ્છના અખાતમા ક્ષેત્રીય પર્યાવરણ અસર મૂલ્યાંકન અને કેરિંગ કેપેસીટી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. ક્ષેત્રીય પર્યાવરણ અસર મુલ્યાંકન દ્વારા કચ્છના અખાતમાં આવેલ તેમજ સૂચિત પ્રોજેક્ટોથી થતા પર્યાવરણને લગતી સંભવિત લાભકારક અને પ્રતિકૂળ અસરોને ઓળખી

મૂલ્યાંકન કરવામાં આવે છે. જો સૂચિત પ્રોજેક્ટોથી થતી સંભવિત પર્યાવરણીય અસરો અસ્વીકાર્ય હોય, તો તે સૂચિત પ્રોજેક્ટના સ્થાનમાં ફેરફાર તરફ દોરી જાય છે જેના કારણે સૂચિત પ્રોજેક્ટોના પ્રારંભીક તબક્કે જ પ્રોજેક્ટોમાં પૂર્ણ થવામાં વિલંબ અને ખર્ચમાં થતો વધારો ઘટાડી શકાય છે.

આ પ્રોજેક્ટ હેઠળ ગેમી સંસ્થા ઉદ્યોગીકરણને કારણે થતી પર્યાવરણીય અસર (બંદર પ્રવૃત્તિઓ સહિત) ની ઓળખ અને મૂલ્યાંકન કરશે અને જરૂરી સુધારાત્મક અને નિવારક પગલાં સૂચવી પર્યાવરણીય સ્થિતિની હાલની કેરીંગ કેપેસીટી નક્કી કરી GIS દ્વારા નકશો તૈયાર કરી તેનું મૂલ્યાંકન કરવામાં આવશે.

♦ બાયોમેડિકલ કચરાંની ગુણવત્તા ચકાસણી

બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ સ્થાનિક સમુદાયોને ચેપ ફેલાવવાથી બચાવવાની જરૂરિયાતથી શરૂ થયો અને ત્યારબાદ વૈશ્વિક મહત્વનો મુદ્દો બની ગયો. ચેપ નિયંત્રણ, દર્દીની સલામતી, વ્યવસાયિક આરોગ્ય (હોસ્પિટલમાં) અને સમુદાયના આરોગ્ય અને પર્યાવરણ માટે બાયો-મેડિકલ કચરાનું સંચાલન સુસંગત બને છે. બાયો-મેડિકલ કચરો એટલે કોઈ કચરો, જે માનવ અથવા પ્રાણીઓના નિદાન ઉપચાર અથવા ઇમ્યુનીકરણ દરમિયાન અથવા સંશોધન પ્રવૃત્તિઓમાં અથવા જૈવિકના ઉત્પાદન અથવા પરીક્ષણમાં પેદા થાય છે. જેનો ઉલ્લેખ બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો ૨૦૧૬ નાં Schedule - I માં થાય છે.

રાજ્યમાં પ્રવર્તિત બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમનો અભ્યાસ કરવાનું મહત્વનું કાર્ય ગેમી દ્વરા કરવામા આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સંસ્થાએ રાજ્યમાં Health Care Facilities માંથી ઉત્પન્ન થતાં બાય-મેડિકલ કચરાની જીલ્લા મુજબની ઇન્વેન્ટરી હાથ ધરવાનું નક્કી કર્યું છે. પહેલા તબક્કામાં કુલ પાંચ જિલ્લાની ઇન્વેન્ટરી (રાજકોટ, મોરબી, મહેસાણા, અરવલ્લી અને નવસારી) પૂર્ણ કરેલ છે. બીજા તબક્કામાં ત્રણ જિલ્લાની (આણંદ, ભરૂચ અને સુરેન્દ્રનગર) ઇન્વેન્ટરી પૂર્ણ કરેલ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માં Covid 19ના સારવાર / ક્વોરેનટાઇન / નિદાન દરમ્યાન ઉત્પન્ન થયેલ કચરાના જથ્થાનું Secondary Data વડે અભ્યાસ તથા Covid 19 દર્દીઓની સારવાર/ નિદાન ક્વોરેન્ટાઇન સાથે સંકળાયેલા સ્વાસ્થ્યકર્મી કર્મચારી / કામદારને Covid 19 કચરાનો વ્યવસ્થાપન અને નિકાલ માટેની વિવિધ તાલીમનું આયોજન કરવામાં આવશે.

♦ સામુહિક પર્યાવરણીય સવલતોની efficacy / adequacy

આ યોજના/સ્કીમ અંતર્ગત ગેમી દ્વારા CETP ના ડિસ્ચાર્જ પોઈન્ટ નું મોનીટરીંગ કરવામાં આવે છે. અને ગેમીની પ્રયોગશાળામાં ચકાસણી કરી, પાણીનાં પરિણામોની સરખામણી GPCB દ્વારા Consolidated Consent & Authorization (CC&A) માં ઉલ્લેખિત ડિસ્ચાર્જ પોઈન્ટના ધોરણો અને CPCB દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા 'General Standards for Discharge of Environmental Pollutants' સાથે કરવામાં આવે છે. તેમજ રાજ્યના ઔદ્યોગિક એકમોને જરૂરીયાત મુજબ સરકારશ્રી સાથે પરામર્શ દ્વારા પ્રદૂષણના નિવારણ અને નિયંત્રણ માટે તકનીકી તેમજ વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. અને CETP ના ડિસ્ચાર્જ પોઈન્ટ મોનીટરીંગ નો વિગતવાર અહેવાલ તૈયાર કરી, સંબંધિત એજન્સીઓને જાણ કરવામાં આવે છે.

સને ૨૦૨૨-૨૩માં સુરત જીલ્લાના CETP ના ડિસ્ચાર્જ પોઈન્ટનું મોનીટરીંગ કરવામાં આવશે.

♦ ભૂગર્ભજળ સ્ત્રોતના ગુણવત્તાની ચકાસણી અને ગટરના પાણીનો સીંચાઈમાં ઉપયોગ.

► ભૂગર્ભજળના સ્ત્રોતોની ગુણવત્તાની ચકાસણી

સદર પ્રોજેકટનો ઉદ્દેશ ભુગર્ભજળના સ્ત્રોતોની ગુણવત્તા અને તેમાં પ્રદૂષણની માત્રા ચકાસવાનો છે. સદર પ્રોજેકટ અંતર્ગત ગુજરાત રાજ્યમાં આવેલાં શહેરો અને ગામોનાં વિવિધ સ્થળોએથી ભુગર્ભજળના નમૂનાઓ એકત્રીત કરી સંસ્થાનની પ્રયોગશાળામાં પૃથક્કરણ કરવામાં આવશે. આ પૃથક્કરણ દ્વારા ચકાસવામાં આવેલાં વિવિધ ભૌતિક અને રસાયણિક પરીમાણોની નિયત ધારાં-ધોરણો સાથે સરખામણી કરી જળની ગુણવત્તા પીવા માટે, અન્ય ઘરગથ્થુ વપરાશ માટે યોગ્ય છે કે નહી તેની જાણકારી મેળવી શકાશે. આ જાણકારી પરથી તેનાં ઉપયોગનાં હેતુ અર્થે યોગ્ય શુદ્ધિકરણ પ્રક્રિયાનાં વિકલ્પ અંગેનો અવકાશ મળી રહેશે. આ પ્રોજેકટ ગુજરાત રાજ્યના ભૂગર્ભજળની ગુણવત્તાની સ્થિતિએ નિયમનકારી તેમજ સરકારશ્રીની સંબંધિત સંસ્થાઓ અને વિભાગોને ભૂગર્ભજળનાં સ્ત્રોતોનાં જતન કરવા અને પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે યોગ્ય પગલા લેવા માટે મદદરૂપ નિવડશે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ગુજરાત રાજ્યના પંચમહાલ અને દાહોદ જીલ્લાના આશરે ૪૦ ગામોનો અભ્યાસ કરવામાં આવશે.

INDEX

► ગટરના પાણીનો સીંચાઈમાં ઉપયોગ

સતત વધી રહેલા શહેરીકરણ અને વસ્તીવધારાના કારણે કુદરતી જળસ્ત્રોતોના ઉપયોગમાં ક્રમશ: વધારો થવાથી પાણીની તંગી સર્જાવાની સમસ્યા જણાઈ રહી છે. તેમજ વર્તમાન ઔધોગીકરણના લીધે ઉધોગો દ્વારા પાણીના પ્રદુષણમા અનેક ગણો વધારે થઇ રહ્યો છે, જે એક વિકટ સમસ્યા છે. શુદ્ધ પાણીની અછત તેમજ પ્રદુષિત પાણીનો નિકાલ જેવી ગંભીર સમસ્યાઓ પર નિયંત્રણ લાવવા માટે શુદ્ધિકરણ કરેલા ગટરના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ એ ખુબ સારો વિકલ્પ છે. જો આ શુદ્ધિકરણ કરેલા ગટરના પાણીનો ખેતીમાં સિંચાઈ માટે ઉપયોગ કરવામાં આવે તો હાલમાં સિંચાઈ માટે વપરાતા કેનાલ/બોરના પાણીના વપરાશમાં ઘટાડો કરી શકાય. તેમજ સપાટીય જળસ્ત્રોતોમાં ગટરના પાણીનો નિકાલ કરવાથી પાણીમાં થતા પ્રદુષણને નિવારી શકાય છે. વર્તમાન સમયમા ઘણા શહેરો અને ગામોમાં ગટરના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ થઇ રહ્યો છે, પરંતુ યોગ્ય પદ્ધતિ અપનાવી પર્યાવરણને થતા નુકશાનમાં ઘટાડો કરી શકાય છે. ગેમી સંસ્થાન દ્વારા ગટરના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ અને તેનાથી થતા ફાયદા અને નુકશાન અંગેનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા, ખેડા જીલ્લાના કપડવંજ તાલુકા તથા અમદાવાદ જીલ્લાના ગ્યાસપુર ગામમાં અભ્યાસ કરવામાં આવ્યો હતો.

સને ૨૦૨૨-૨૩માં ખેડા જીલ્લા અને નવા જિલ્લાઓમાં સદર અભ્યાસ હાથ ધરવામાં આવશે.

► e-બેઈઝ ગવર્નસ મોડેલ દ્વારા એન્વાર્યમેન્ટ મોનટરીંગ સીસ્ટમ

ઈ-બેઈઝ આધારીત પર્યાવરણ મોનીટરીંગ સિસ્ટમ માં વિવિધ પર્યાવરણીય પરિમાણોને GIS tools જેવા કે Arc GIS Desktop Licence, 3D Analytics અને Spatial Analysis દ્વારા Geographically represent કરવામાં આવે છે. GIS ના ઉપયોગથી Spatial અને Geographic ડેટાની માહિતી એકત્રીત કરવામાં આવે છે. જેના દ્વારા GIS આધારીત વિવિધ નકશાઓ તૈયાર કરવામાં આવે છે અને તેનો ઉપયોગ પર્યાવરણને લગતી સમસ્યાઓના નિરાકરણ માટે થાય છે. વિવિધ માહિતીઓનું GIS (Geographical Information System) દ્વારા સંકલન અને એકીકરણ કરીને પર્યાવરણીય સ્થિતિને વધુ સારી રીતે રજુ કરી શકાય છે.

► ઔદ્યોગિક એકમોને સહાય કરી ઘન કચરો વિનિમય કેન્દ્ર તરીકે સ્થાપવામાં મદદરૂપ

ગુજરાત રાજ્યના ઔદ્યોગીક એકમોમાંથી ઉદ્ભવતા ઘન કચરા નુ પ્રમાણ ખુબજ વ્યાપક પ્રમાણમાં વધી રહ્યું છે અને તેનો યોગ્ય નિકાલ એ એક ગંભીર પર્યાવરણીય સમસ્યા બની ગઈ છે. આ સમસ્યાનું નિરાકરણ લાવવાં માટે ઘન કચરાના ઉત્પાદન વિશેની સચોટ માહિતી અતિ આવશ્યક છે.

ઉપરોકત બાબતને ધ્યાને લઈ ઔદ્યોગીક ઘન કચરાનો યોગ્ય નિકાલ કરી શકાય તેમજ તેનો અન્ય ઔદ્યોગીક એકમો દ્વારા પુન:ઉપયોગ કરી શકાશે.

♦ ગુજરાતમાં ઉદ્ભવતા ઔદ્યોગિક કચરો, ઘન કચરો તેમજ ઈ કચરાની ઈન્વેન્ટરી તેમજ વપરાશ બાબતની મોજણી.

ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક એકમોનું પ્રમાણ વધી રહેલ છે, અને તેઓના ઉત્પાદનના કારણે ઔદ્યોગિક એકમો માંથી ઉત્પન્ન થતા ઔધોગિક કચરા પ્રમાણ પણ ખૂબ જ વ્યાપક પ્રમાણમાં વધી રહ્યું છે. હાલમાં, વપરાશકર્તા દ્વારા ઉત્પન્ન ઘરગથ્થુ ઘન કચરાની પરિસ્થિતિને જોતા ઘન કચરાના ઉત્પાદન અંગે કોઈપણ પ્રકારના એકમ કે સચોટ માહિતી મેળવવી એ વ્યાપક સમસ્યા બની ગયેલ છે. ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા, સંસ્થા દ્વારા ઔદ્યોગિક એકમો માથી ઉત્પન્ન થતા ઔદ્યોગિક કચરા, વપરાશકર્તા દ્વારા ઉતપન્ન થતા ઘરગથ્થુ ઘન કચરાની યોજનાની મોજણી હાથ ધરવામાં આવશે. સાથે સાથે GIS નકશાઓ તૈયાર કરી તેનું મૂલ્યાંકન કરવામાં આવશે. જેથી ગુજરાતમાં ઉદ્ભવતા ઔદ્યોગિક કચરો તેમજ ઘન કચરો ની મોજણી કરી તેના ઉદ્ભવ અંગે ની સચોટ માહિતી મેળવી શકારો અને પર્યાવરણમાં ઉદ્ભવતા નકામો કચરાનો ઘટાડો કરી શકાશે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ગુજરાત રાજ્યના આશરે બે ઔદ્યોગિક વિસ્તારનો અભ્યાસ કરવામાં આવશે.

► પર્યાવરણ પ્રબંધ આધારીત સર્ટીફાઇડ અભ્યાસક્રમો :

ગેમી દ્વારા વિવિધ પર્યાવરણને લગતા શરૂ કરવામાં આવેલ છે. હાલમાં "Identification & Quantification of Impacts and Mitigation Measures in Environment Impact Assessment" કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.

► ગેમીને સંશોધન અને વિકાસના કેન્દ્ર તરીકે વિકસિત કરવાની યોજના :

ગેમીને સંશોધન અને વિકાસના કેન્દ્ર તરીકે વિકસિત કરવાની યોજના અંતર્ગત ગેમી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માં નીચે મુજબના પર્યાવરણીય વિષયો પર સંશોધનો કરવામાં આવશે.

INDEX

- વાતાવરણીય પ્રદૂષકોનાં ઉદભવસ્થાનો, વ્યાપ, અને ગુજરાતના શહેરી વિસ્તારોનાં સુક્ષ્મ પર્યાવરણ ઉપર તેની અસરનો અભ્યાસ
- સમુદ્રનું એસિડિફિકેશન અને તેની નદીમુખ (એસ્ચ્યુરી) પર અસરો વિશેનો અભ્યાસ
- સાબરમતી નદીનાં રિવરફ્રન્ટનાં ભારે ધાતુ (હેવી મેટલ) પ્રદૂષણ પર સંશોધનનો અભ્યાસ.
- પર્યાવરણીય પ્રયોગશાળાના પરિસરમાં કાર્યરત વ્યક્તિઓના વ્યવસાયિક સ્વાસ્થ્યના સંદર્ભમાં હવામાં રહેલાં સુક્ષ્મજીવો (એર માઇક્રોફ્લોરા) નો સવિસ્તાર અભ્યાસ

► **મુખ્ય સ્થિર જળાશયો (તળાવ) માટે પર્યાવરણીય આકારણી પરથી તારવેલી સંરક્ષણ વ્યુહરચના ઘડવા માટે :**

ગુજરાત રાજ્યના મુખ્ય શહેરોના સ્થિર જળાશયોમાં પાણીની ગુણવત્તાને સુધારવા માટે વર્તમાન સ્થિતિની ગુણવત્તા અને જળ ગુણવત્તા સૂચકાંક, યુટ્રોફિકેશન, જળ પ્રદૂષણ સૂચકઆંક અને સ્તરીકરણ જેવી અન્ય બીજી પ્રવૃત્તિઓના અભ્યાસ પરથી તળાવોના સંરક્ષણ માટે એકદંરે મેનેજમેન્ટ પ્લાન બનાવવામાં આવે છે. જેના અનુકરણથી જળાશયોના પાણીની ગુણવત્તા માં સુધારો લાવી શકાશે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં, ગુજરાત રાજ્યના મહત્વના શહેરોના આશરે ૩૦ તળાવોના વિવિધ ભૌતિક રાસાયણિક પરિમાણોના વિશ્લેષણ દ્વારા અન્ય સ્થિર જળાશયોમાં પાણીની ગુણવત્તાનુ વ્યાપક વૈજ્ઞાનિક વિશ્લેષણ અને તળાવોમાં થતી પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઇ, તેની આકારણી પરથી, બંધ પડેલ યોજનાના મહત્વને સારાંશ કરવામાં આવશે, પાણીની ગુણવત્તાને સુધારવા માટે વર્તમાન સ્થિતિ અને વ્યૂહરચનાઓ હાથ ધરવામાં આવશે અને આ કારણે તળાવોના સંરક્ષણ માટેનો મેનેજમેન્ટ પ્લાન બનાવવામાં આવશે.

► **ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર :**

૧. વિભાગ / સેક્ટરનાં ઉદ્દેશ અને સ્ટ્રેટેજી :

ગુજરાત રાજ્યમાં રિર્સોસ એફિશિયન્ટ અને ક્લીનર પ્રોડક્શન (આરઈસીપી) ના વિચાર, મેથેડોલોજી, પોલિસી, પ્રેક્ટિસ અને ટેકનોલોજી નો ઉદ્યોગોમાં, કોલેજોમાં અને સરકારમાં પ્રચાર અને પ્રસાર કરવો જેથી રાજ્યના પર્યાવરણમાં એકંદરે સુધારો થશે.

૨. ક્ષેત્ર માટે પરિણામ સૂચકો જે વાર્ષિક ધોરણે મોનીટર કરી શકાય :

1. ગુજરાત રાજ્યની કોલેજો અને ઉદ્યોગોમાં ક્લીનર પ્રોડક્શનનો પ્રચાર અને પ્રસાર કરવું
2. ક્લીનર પ્રોડક્શન અમલીકરણ માટે ઉદ્યોગો ને એવોર્ડ અને કેશપ્રાઈઝ (Cash Prize) એનાયત કરવા
3. કોલેજોમાં વિદ્યાર્થીઓને ક્લીનર પ્રોડક્શન પર રિસર્ચ કરવા માટે પ્રોત્સાહિત કરવા અને તેમને કરેલ રિસર્ચનું ઉદ્યોગમાં અમલીકરણ કરાવવું.

► **ક્ષેત્ર માટે પરિણામ સૂચક :**

ક્લીનર પ્રોડક્શન એક પ્રદૂષણ નિવારણ વ્યૂહરચના છે, જેનાથી ગુજરાતમાં પ્રદૂષણની માત્રામાં ઘટાડો થશે. આ પ્રવૃત્તિઓ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પ્રદૂષણ નિયંત્રણ પર થતાં ખર્ચમાં ઘટાડો કરવામા મદદ થશે. ક્ષેત્ર માટે માપી શકાય તેવા સંકેતો નીચે મુજબ છે:

1. ઔદ્યોગિક વિસ્તારોમાં જાગૃતિ (નંબર): ૦૭
2. શૈક્ષણિક કોલેજો માં જાગૃતિ કાર્યક્રમ (નંબર): ૧૫
3. વિજેતા ઉદ્યોગ માટે કેશ પ્રાઇઝ (રૂપિયા): ૩,૦૦,૦૦૦/- (જીપીસીબી દ્વારા આપવામાં આવશે)
4. ક્લીનર પ્રોડક્શન પર થનાર રિસર્ચ: ૬૫
5. શ્રેષ્ઠ પાંચ રિસર્ચ ને કેશ પ્રાઇઝ: ₹ ૬૩,૦૦૦.૦૦
6. ઉદ્યોગોને લાભ : નંબર ૩૫
7. લાભાર્થીઓની સંખ્યા : ૧૪૫૦

કુલ લાભાર્થીઓ : ૧૪૫૦ (જેમાં ઉદ્યોગોના ટેકનીકલ મેનપાવર, કર્મચારીઓ, કામદાર અને કોલેજોના પ્રધ્યાપકો, વિદ્યાર્થીઓ નો સમાવેશ થાય છે)

INDEX

૧૬. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

રાજ્યમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને સાંસ્કૃતિક વિરાસતની સંરક્ષણ અને સંવર્ધન તથા રમતગમત, સાહસને પ્રોત્સાહન આપવા માટે ડિસેમ્બર ૧૯૯૦માં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અલગ નવા વિભાગ તરીકે અસ્તિત્વમાં આવ્યો. રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉપરાંત આ વિભાગ પુરાતત્વ, સંગ્રહાલય, ગ્રંથાલય, રાજભાષા, અભિલેખાગાર અને જિલ્લા સર્વસંગ્રહની કામગીરી તેમના ખાતાના વડા, ઓથોરીટી, અકાદમી, પ્રતિષ્ઠાન મારફત હાથ ધરે છે.

ગુજરાતના વિકાસને ઉત્સવો સાથે જોડીને ઉત્સવો દ્વારા ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને વૈશ્વિક પ્રતિષ્ઠિત બનાવવાની શરૂઆત કરેલ છે. આ પ્રયાસોને કારણે રાજ્યમાં હજારો કલાકારો, કલા-કસબી રમતવીરોને પ્રોત્સાહન મળ્યું છે.

આ વિભાગ હસ્તકની સઘળી પ્રવૃત્તિઓ વિવિધ વિષયના ખાતાના વડાઓ, સ્વાયત ઓથોરીટી, અકાદમી, પ્રતિષ્ઠાન દ્વારા હાથ ધરાય છે. તેની પ્રવૃત્તિઓની રૂપરેખાની વિગતો નીચે મુજબ ખાતાના વડાની કચેરીના વિષયવાર દર્શાવેલ છે.

કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

રમતગમત પ્રવૃત્તિઓ

વિવિધ એવોર્ડ

એકલવ્ય સિનિયર એવોર્ડ

આંતરરાષ્ટ્રકક્ષાએ માન્યો ફેડરેશન દ્વારા યોજાતી સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય કે તૃતિય સ્થાન મેળવી વિજેતા થનાર ખેલાડીને ₹ ૧.૦૦ લાખનો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રશંસાપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

સરદાર પટેલ સિનિયર એવોર્ડ

રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ ખુલ્લા વિભાગની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓની સિદ્ધિઓને ધ્યાને લેતાં તેમને ₹ ૫૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રશંસાપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

જયદિપસિંહજી સિનિયર એવોર્ડ

રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ ખુલ્લા વિભાગની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓની સિદ્ધિઓને ધ્યાને લેતાં તેમને ₹ ૨૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રશંસાપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

એકલવ્ય જુનિયર એવોર્ડ

આંતરરાષ્ટ્ર કક્ષાએ માન્યુ ફેડરેશન દ્વારા યોજાતી સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય કે તૃતિય સ્થાન મેળવી વિજેતા થનાર ખેલાડીઓની સિદ્ધિઓને ધ્યાને લેતાં તેમને ₹ ૫૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રશંસાપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

સરદાર પટેલ જુનિયર એવોર્ડ

રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ જુનિયર વિભાગની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓની સિદ્ધિઓને ધ્યાને લેતાં તેમને ₹ ૨૫,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રશંસાપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

જયદિપસિંહજી જુનિયર એવોર્ડ

રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ જુનિયર વિભાગની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓની સિદ્ધિઓને ધ્યાને લેતાં તેમને ₹ ૧૦,૦૦૦/- ના એક એવા ૧૦ એવોર્ડ આપવામાં આવે છે. રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રશંસાપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

રાજ્ય રમતવીર એવોર્ડ

રાષ્ટ્ર કક્ષાની શાળાકીય રમતોત્સવ, બાળ રમતોત્સવ, ગ્રામીણ રમતોત્સવ, જેવી સ્પર્ધામાં રાષ્ટ્ર કક્ષાએ પ્રથમ, દ્વિતીય કે તૃતિય સ્થાન મેળવનાર ખેલાડીને ₹ ૪૫૦૦/- નો રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

ઉપરોક્ત એવોર્ડ બાબતે ખેલાડીઓને બ્લેઝર, ક્રેસ્ટ, મોમેન્ટો અને રોકડ પુરસ્કાર પેટે સને ૨૦૨૨-૨૩માં ₹ ૯૨.૫૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

રાજ્યકક્ષાના પ્રતિભાશાળી ખેલાડીઓને એકલવ્ય, સરદાર પટેલ, જયદિપસિંહજી એવોર્ડ અંગે એનાયત સંમારભમાં ખેલાડીઓને મોમેન્ટો, પ્રમાણપત્ર, બ્લેઝર, ભોજન, નિવાસ, પ્રવાસ ખર્ચ અંગેની ૨૦૨૨-૨૩ની જોગવાઇ ₹ ૨૦.૦૦ લાખની કરવામાં આવેલ છે.

INDEX

શ્રી વ્યાયામ જ્યોતિધર અંબુભાઈ પુરાણી એવોર્ડ તથા સાધન સહાય

રાજ્યની માન્ય વ્યાયામ શાળામાં વિશિષ્ટ કામગીરી કરનાર વ્યક્તિને અંબુભાઈ પુરાણી એવોર્ડ ₹ ૫૧,૦૦૦/- રોકડા તથા મોમેન્ટો આપવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને આર્થિક સહાય

આંતરરાષ્ટ્રીય સ્પધર્ામાં ભાગ લેવા જતાં રાજ્યના ખેલાડીઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત નિયમોને આધિન, હવાઈ મુસાફરી ખર્ચના ૫૦ ટકા અથવા ₹ ૭૫૦૦૦/- એ બંને માંથી જે ઓછુ હોય તે રકમ ચુકવવામાં આવે છે. આ ઉપરાંત પરચુરણ ખર્ચ લોજીંગ, બોર્ડીંગ અને કીટ માટે થયેલ ખર્ચના ૫૦ ટકા રકમ અથવા ₹ ૭૫,૦૦૦/- એ બંને માંથી જે ઓછુ હોય તે રકમ આમ ₹ ૭૫૦૦૦/- ની મર્યાદામાં ચુકવવામાં આવે છે.

માન્ય રમતગમત મંડળોને રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા યોજવા આર્થિક સહાય

માન્ય રમતગમત મંડળો બંધારણીય રીતે સ્થાપિત થયેલ હોય અથવા નોંધાયેલ હોય તેવા માન્ય રમતગમત મંડળો દ્વારા રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા યોજવા માટે આર્થિક સહાય અંગે યોજના અમલમાં છે.

ઈજાગ્રસ્ત ખેલાડીઓને આર્થિક સહાય

ગ્રામ્ય કક્ષાથી રાજ્ય કક્ષાની સ્પર્ધા દરમ્યાન ખેલાડીને ઈજા થાય તો તે ખેલાડીને સહાય આપવાનું આયોજન કરવામાં આવે છે.

શિષ્યવૃત્તિ - વૃત્તિકા

(૧) શાળાકીય રમતોમાં રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીને ₹ ૨૦૦૦/-ની વૃત્તિકા આપવામાં આવે છે.

(૨) એન.આઈ.એસ. ડિપ્લોમાં વિદ્યાર્થીને ₹ ૫૦૦૦/- ની વૃત્તિકા આપવામાં આવે છે.

(૩) રાષ્ટ્રકક્ષાએ શાળાકીય, બાળ, ગ્રામીણ તથા મહિલા રમોત્સવમાં પ્રથમ, દ્વિતીય કે તૃતિય નંબરે વિજેતા થનાર ખેલાડીઓને ₹ ૨૫૦૦/- લેખે વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં છે.

વ્યાયામ શાળાઓને અનુદાન

વ્યાયામ શાળાઓ અન્વયે જે સંસ્થા/વ્યાયામ શાળા તરીકે બંધારણીય રીતે સ્થાપિત થયેલ હોય અથવા નોંધાયેલ હોય તથા (૧) યોગ (૨) જીમ્નાસ્ટીકસ (૩) કુસ્તી (૪) બોડી બીલ્ડીંગ (૫) વેઈટલીફટીંગ (૬) જૂડો જેવી પ્રવૃત્તિઓ માટે વાર્ષિક ₹ ૧.૦૦ લાખ કે માન્ય ખર્ચના ૮૦ ટકા (બે માંથી જે ઓછુ હોય તે) આપવા માટે યોજના અમલમાં છે.

માન્ય રમતગમત મંડળોને અનુદાન

માન્ય રમતગમત મંડળો બંધારણીય રીતે સ્થાપિત થયેલ હોય અથવા નોંધાયેલ હોય તેવા માન્ય રમતગમત મંડળોને અનુદાન અંગે યોજના અમલમાં છે.

તાલુકા કક્ષાએ જીમ સેન્ટર ઉભા કરવા

રાજ્યના પ્રત્યેક જિલ્લામાં તાલુકાના મુખ્ય મથકે તાલુકા કક્ષાએ જીમ સેન્ટર ઉભા કરવાની યોજના અમલમાં છે.

નિવૃત્ત રમતવીરોને પેન્શન

જે ખેલાડીઓની ઉમર ૫૦ વર્ષ કરતા વધુ હોય અને જેઓએ રાષ્ટ્રકક્ષાએ સિધ્ધિ મેળવી હોય, કે રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા નિવૃત્ત રમતવીરોને માસિક ₹ ૩૦૦૦/- લેખે આજીવન પેન્શન આપવાની યોજના અમલમાં છે.

ખાસ કિસ્સામાં મંજુર થાય તે સહાય

ખાસ કિસ્સામાં જે વિભાગ દ્વારા મંજુર થાય તે અંગે ૨૦૨૨-૨૩ના વર્ષે આ માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

રમતગમત સ્પર્ધાઓ

પતંજલિ યોગ સ્પર્ધા

યોગાસનથી વ્યક્તિઓનો સર્વાગી વિકાસ થાય તે હેતુથી જિલ્લા અને રાજ્યકક્ષાએ પતંજલિ યોગ સ્પાર્ધાની યોજના ૨૦૦૨થી અમલમાં છે. જિલ્લા અને રાજ્ય કક્ષાએ પતંજલિ યોગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

સિનિયર સિટીઝન સ્પર્ધા

સિનિયર સિટીઝન વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી જિલ્લા તથા રાજ્યકક્ષાએ સ્પર્ધાઓ યોજવામાં આવે છે.

વિકલાંગ ખેલાડીઓ માટે રાજ્ય સ્તરની વોલીબોલ સ્પર્ધા

વિકલાંગ ખેલાડીઓ માટે ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ અને સ્થાનિક રાજ્યસ્તરની વોલીબોલ સ્પર્ધા યોજવામાં આવે છે. રાજ્ય કક્ષાએ વિકલાંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

તાલુકા રમત સ્પર્ધાઓનું આયોજન

શાળાકીય રમતોત્સવ, અખિલ ભારત શાળાકીય રમત મહામંડળ યોજીત શાળાકીય રમતોની જુદા જુદા ગ્રુપની તાલુકા કક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ અને એથ્લેટીકસ સ્પર્ધાઓના તાલુકાકક્ષાએ સંચાલન તથા મેદાન, સાધન, ભોજન, પ્રવાસ, શિબિર ઈત્યાદી ખર્ચ માટે જોગવાઈ કરવામાં આવે છે.

શાળાકીય રમતોત્સવ રાજ્યકક્ષાની સ્પર્ધા (૨૨ રમતો)

અખિલ ભારત શાળાકીય રમત મહામંડળ યોજીત શાળાકીય રમતોની જુદા જુદા ગ્રુપની રાજ્યકક્ષા અને જિલ્લા કક્ષાએ સ્પર્ધા યોજવામાં આવે છે. અં-૧૯ સોફ્ટબોલ, રલઈરસ્કેટિંગ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીકસ, હેન્ડબોલ, બાસ્કેટબોલ, તરણ (સ્વીમીંગ), ટેબલ ટેનિસ, લોન ટેનિસ, બેડમિન્ટર, કુસ્તી, આર્ચરી, જીમ્નાસ્ટીકસ, ફેન્સીંગ, ફુટબોલ(ભાઈઓ), જુડો જેવી શાળાકીય રમતો જિલ્લા અને રાજ્યકક્ષાએ યોજાય છે.

જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી ભાઈઓની રાજ્યકક્ષાની સ્પર્ધા

જવાહરલાલ નહેરૂ હોકી ટુર્નામેન્ટ સોસાયટી આયોજીત જિલ્લા તથા રાજ્યકક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

શાળાકીય જીમ્નાસ્ટીકસ અંડર-૧૭ જિલ્લા રાજ્યકક્ષાની સ્પર્ધા

શાળાકીય જીમ્નાસ્ટીકસ અંડર-૧૭ જિલ્લા અને રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

શાળાકીય જુડો અંડર-૧૭ જિલ્લા રાજ્યકક્ષાની સ્પર્ધા

શાળાકીય જુડો અંડર-૧૭ જિલ્લા અને રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી બહેનોની રાજ્યકક્ષાની સ્પર્ધા

જવાહરલાલ નહેરૂ હોકી ટુર્નામેન્ટો સોસાયટી આયોજીત જિલ્લા તથા રાજ્યકક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

જવાહરલાલ નહેરૂ સબ જુનિયર હોકી સ્પર્ધા ભાઈઓ અં-૧૫ સ્પર્ધા

જવાહરલાલ નહેરૂ હોકી ટુર્નામેન્ટ સોસાયટી આયોજીત જિલા તથા રાજ્યકક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

સુબ્રટો મુકરજી કપ ફુટબોલ અં-૧૪ સ્પર્ધા

સુબ્રટો મુકરજી સ્પોર્ટસ એજયુકેશન સોસાયટી નવી દિલ્હી આયોજીત જિલ્લા તથા રાજ્યકક્ષાએ સુબ્રટો મુકરજી કપ ફુટબોલ અં-૧૪ વર્ષથી નીચેની વયના ભાઈઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

સુબ્રટો મુકરજીકપ ફુટબોલ અં-૧૭ સ્પર્ધા

સુબ્રટો મુકરજી સ્પોર્ટસ એજયુકેશન સોસાયટી નવી દિલ્હી આયોજીત જિલ્લા તથા રાજ્યકક્ષાએ સુબ્રટો મુકરજી કપ ફુટબોલ અં-૧૭ વર્ષથી નીચેની વયના ભાઈઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

એસ.જી.એફ.આઈ. દ્વારા યોજાતી નવી (૧૮૪) રમતો

એસ.જી.એફ.આઈ. નવી દિલ્હી દ્વારા યોજાતી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાઓના વય જૂથ મુજબની અગાઉ ન યોજવામાં આવતી સ્પર્ધાઓ સને ૨૦૧૦-૧૧ થી યોજવામાં આવે છે. જેમાં તાલુકાકક્ષાની અં-૧૭ની જ રમતોનું આયોજન કરવામાં આવે છે. અં-૧૪ની કુલ ૩૭ રમતો, અં-૧૭ની કુલ ૫૦ રમતો, અં-૧૯ની કુલ ૯૭ રમતો મળી ૧૮૪ રમતોનું આયોજન જિલ્લા તેમજ રાજ્યકક્ષાએ કરવામાં આવે છે. આ રમતોમાં રાજ્યકક્ષાએ વિજેતા ટીમને નેશનલ કક્ષાએ મોકલવામાં આવે છે.

INDEX

યુવા પ્રવૃત્તિઓ

રાજ્યના યુવક-યુવતીઓના સર્વાંગી વિકાસ માટે અને તેમની શકિતઓને સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે સર્વાંગી વિકાસ માટે નીચે મુજબની યુવા અને સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

યુવા ઉત્સવ

યુવકો અને યુવતીઓ સાહિત્ય, કલા અને સાંસ્કૃત્તિક ક્ષેત્રે પોતાની મૌલિક કૃતિઓ ઉત્કૃષ્ટ રીતે રજુ કરી શકે તે માટે તાલુકા, જિલ્લા, પ્રદેશ, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવે છે.

વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા

ચોરવાડ થી વેરાવળ વચ્ચેના અરબી સમુદ્રમાં યુવકો અને યુવતીઓ માટે વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા એકાંતરે વર્ષે યોજવામાં આવે છે. જેમાં બહેનો માટે ૧૬ દરિયાઈ નોટીકલ માઈલ અને ભાઈઓ માટે ૨૧ દરિયાઈ નોટીકલ માઈલની સ્પર્ધા યોજવામાં આવે છે. તેમજ રાજ્યના આશાસ્પદ તરવૈયાઓને સમુદ્ર તરણની તાલીમ આપી, તેઓ રાષ્ટ્રકક્ષાની સમુદ્ર તરણ સ્પર્ધામાં ભાગ લઈ શકે, તે હેતુથી પ્રતિવર્ષ અરબી સમુદ્રમાં તરણ શિબિરનું આયોજનની કરવામાં આવે છે.

સમુદ્ર તરણ પ્ર.શિક્ષણ શિબિર

રાજ્યના આશાસ્પદ તરવૈયાઓને સમુદ્ર તરણની તાલીમ આપી, તેઓ રાષ્ટ્રકક્ષાની સમુદ્ર તરણ સ્પર્ધામાં ભાગ લઈ શકે, તે હેતુથી પ્રતિવર્ષ અરબી સમુદ્રમાં તરણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

સંગીત શિબિર

પ્રતિવર્ષ યોજાતા રાજ્ય યુવા ઉત્સવ સ્પર્ધામાં હળવું કંઠય સંગીત, સમૂહગીત, લોકગીત, ભજન, શાસ્ત્રીય કંઠય સંગીત સ્પર્ધાના વિજેતાઓ માટે ૭ દિવસ માટેની સંગીત શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ શિબિરમાં સંગીત ક્ષેત્રના તજજ્ઞ અને જાણીતા કલાકારોના માર્ગદર્શન હેઠળ નવોદિત કલાકારોને સંગીતનું સઘન પ્રશિક્ષણ તેમજ સંગીતના તાલ, લય, સુર ઈત્યાદીથી વાકેફ કરવામાં આવે છે.

સાહિત્ય શિબિર

રાજ્યના આશાસ્પદ યુવાન સાહિત્યકારોને સાહિત્યના વિવિધ પ્રકારોનું માર્ગદર્શન મળે તેમજ પ્રાચીન અને અર્વાચીન સાહિત્યકારોની કૃતિઓના મુલ્યાંકન દ્વારા પ્રેરણા મળી રહે તે માટે દર વર્ષે સાહિત્ય શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ શિબિરમાં ૨૫ યુવા સાહિત્યકારોને ભાગ લેવા બોલાવવામાં આવે છે.

નર્મદા શ્રમ સેવા શિબિર

નર્મદા પ્રોજેકટના રાષ્ટ્રીય કાર્યક્રમમાં ગુજરાતના યુવક-યુવતિઓ આ નિર્માણ કાર્યમાં જોડાય તે માટે ૩૦૦ યુવક-યુવતિઓનો ૧૦ દિવસ માટેનો શ્રમ-સેવા શિબિર નર્મદા જિલ્લામાં નર્મદા પરિભ્રમણ પૂર્ણ થયા બાદ પરિભ્રમણના રૂટ ઉપર યોજવામાં આવે છે.

સાહસ, શૌર્ય, સેવા, તબીબી અને જાહેર સુખાકારી ક્ષેત્રે એવોર્ડ

ગુજરાતની પ્રજા વિરતાભર્યા અને સાહસિક કાર્ય તથા સેવાના કાર્ય પ્રત્યે અભિમુખ બને તથા જીવનમાં વિવિધ ક્ષેત્રે જીવ સટોસટના પરાક્રમો કરવા પ્રેરાય, કોઈ આફત સામે કોઈપણ પ્રકારના બદલાની ભાવના સિવાય સેવા અને મદદ કરવા પ્રેરાય તે હેતુથી આ યોજના મંજુર કરવામાં આવેલ છે.

મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા

સાગરખેડૂ કોમના સાહસિક યુવક-યુવતિઓને લાંબા અંતરનો સાગર પ્રવાસ ખેડવાની પ્રેરણા મળે, તેમનો સાહસિક વારસો તેમજ ગૌરવ જળવાય રહે તે માટે પ્રતિવર્ષ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેનો સંપૂણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.

આપણી સરહદો ઓળખો

રાજ્યના શિક્ષિત, બીન શિક્ષિત યુવક-યુવતીઓ રાષ્ટ્રના સરહદી વિસ્તારના ખમીરવંતા લોકજીવનથી વાકેફ થાય તથા રાષ્ટ્ર ની સુરક્ષા કાર્યમાં જોડાવા પ્રોત્સાહિત થાય તેવા અભિગમ સાથે આપણી સરહદ ઓળખો નામનો સાહસિક પ્રવાસ યોજવામાં આવે છે.

ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિર

રાજ્યમાં કેળવણી પામેલા યુવક-યુવતિઓને શૈક્ષણિક લાયકાત અનુસાર સરકારી, અર્ધ સરકારી કે બીન સરકારી સંસ્થાઓમાં

સ્પર્ધાત્મક, લેખિત તેમજ મૌખિક કસોટીઓ માટે ઉપસ્થિત રહેવું પડે છે. આ યુવક-યુવતિઓ આત્મવિશ્વાસ સાથે નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અને મૌખિક કસોટી આપી શકે તે માટે તેમને જરૂરી માર્ગદર્શન આપવા માટેની ઈન્ટરવ્યુ તૈયારીની તાલીમ શિબિરો ૧૯૮૫-૧૯૮૬ના વર્ષથી પ્રતિવર્ષ ત્રણ પ્રદેશ કક્ષાએ ત્રણ દિવસ માટે યોજવામાં આવે છે.

યોગાસન શિબિર (જિલ્લાકક્ષા)

માનવીના શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વિકાસમાં યોગનું આદિકાળથી વિશિષ્ટ પ્રદાન છે. યોગાસનથી વ્યક્તિઓનો સર્વાગી વિકાસ થાય, તેમનામાં રોગ પ્રતિકારક શકિતઓનો વિકાસ થાય, તેઓ નિરોગી દીર્ઘ જીવન જીવી શકે, શિબિરમાં જુદા-જુદા વિસ્તારના યુવાનો એકઠા થવાથી તેમનામાં સહકાર, માતૃભાવના, રાષ્ટ્રીય એકતાની ભાવના જાગૃત થાય, આવા ઉમદા હેતુથી પ્રતિવર્ષે રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ ૭ દિવસ માટેની આવી શિબિરો ૧૯૯૦-૧૯૯૧ના વર્ષથી યોજવામાં આવે છે. પ્રત્યેક શિબિરમાં ૨૫ યુવકોને યોગ નિષ્ણાંત યોગાચાર્ય દ્વારા તાલીમ આપવામાં આવે છે.

યુવક નેતૃત્વ તાલીમ શિબિર (જિલ્લાકક્ષા)

રાજ્યના યુવાનો અને યુવતિઓ તેમની શકિતઓને યોગ્ય માર્ગે વાળી સમાજ ઉપયોગી કાર્યો, પ્રવૃત્તિઓ પાછળ યુવા શકિતનો વિકાસ થાય અને નેતૃત્વ શકિત વિકસે તે હેતુથી પ્રતિ વર્ષે રાજ્યના તમામ જિલ્લા તમામ મહાનગરપાલિકા કક્ષાએ માં ૭ દિવસ માટેની આવી શિબિરો ૧૯૯૦-૧૯૯૧ના વર્ષથી યોજવામાં આવે છે. આ શિબિરમાં ૨૫ તાલીમાર્થીઓ ભાગ લે છે.

સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ

રાજ્યના-યુવક-યુવતિઓને સાગરકાંઠાના લોકોની સંસ્કૃતિનો પ્રત્યક્ષ પરિચય સાંપડે તેમજ સાગર સંપત્તિ, ઉદ્યોગોની માહિતી મળી રહે તેમજ સાગરલક્ષી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રેરાય તેવા ઉમદા હેતુથી ૧૯૯૦-૯૧ના વર્ષથી પ્રતિ વર્ષ પસંદગી પામેલ ૧૦૦ યુવક-યુવતિઓ માટે ૧૦ દિવસ માટે આ કાર્યક્રમ યોજવામાં આવે છે. ત્યારબાદ અલગથી વર્ષ-૨૦૧૦-૨૦૧૧ અનુસૂચિત જન જાતિ અને અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓ માટે આ કાર્યક્રમ પ્રતિવર્ષ યોજાય છે.

વન વિસ્તાર પરીભ્રમણ

રાજ્યના યુવક-યુવતિઓને પ્રાકૃતિક પ્રેમ, નૈસર્ગિક દર્શન, વન્ય પશુ-પક્ષીઓ, વૃક્ષો, પહાડો, ઝરણા, કોતરો વગેરેનો પ્રત્યક્ષ પરીચય મળી રહે તે માટે તથા વન્ય વિસ્તારના હસ્તઉદ્યોગો, કલા અને સંસ્કૃતિ વગેરેની જાણકારી મળી રહે તે હેતુથી વર્ષ ૧૯૯૦-૯૧ થી ૧૦ દિવસ માટે પસંદગી પામેલ ૧૦૦ યુવક-યુવતિઓ માટે વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૧૦-૧૧ થી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના યુવક-યુવતીઓ માટે અલગ-અલગ કાર્યક્રમ મળી ત્રણ કાર્યક્રમ થાય છે.

ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા (રાજ્યકક્ષા તથા રાષ્ટ્રકક્ષા)

ગિરનાર પર્વતના ૯૯૦૦ પગથિયાં પૈકી ભાઈઓ માટે ૫૫૦૦ પગથિયાં અને બહેનો માટે ૨૨૦૦ પગથિયાં પર પ્રતિવર્ષે આરોહણ-અવરોહણની રાજ્ય અને રાષ્ટ્રકકક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

સાગરખેડૂ સાયકલ રેલી

સાગરખેડૂ સર્વાગી વિકાસ યોજનામાં સમાવેશ કરેલ રાજ્યના સાગરખેડૂ યુવાનોની શકિતને સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે વાળવા, રાષ્ટ્રીય નિર્માણના કાર્યોમાં ઉપયોગી બનાવવા, સાહસિકતા અને ખડતલપણું કેળવાય, સહકાર અને સંઘ ભાવના વિકસે અને તેઓના સામાન્યા જ્ઞાનમાં વધારો થાય, રાષ્ટ્રીય એકતાની ભાવના વિકસે અને તે દ્વારા રાષ્ટ્રીય ઘડતરના કાર્યમાં દેશના નાગરિક તરીકે ફાળો આપે તેવા આશયથી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ થી સાયકલ પ્રવાસ કાર્યક્રમ યોજાય છે.

બાળકો માટે એડવેન્ચટર કોર્ષ

રાજ્યના ૮ થી ૧૩ વર્ષના સામાન્યો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના બાળકોમાં શારીરિક ક્ષમતા વધે, સાહસિક બને અને તેઓનામાં રહેલી સુપુપ્ત શકિતઓ બહાર આવે તે હેતુથી ૧૦૦ બાળકોનો એક એવા અલગ-અલગ ત્રણ એડવેન્ચનર કોર્ષનું આયોજન કરવામાં આવે છે.

વિવેકાનંદ મંડળોને સંગીન બનાવવા

રાજ્યના તમામ જિલ્લાઓના તથા મહાનગરપાલિકાઓના સ્વામી વિવેકાનંદ યુવક મંડળો તથા મહિલા મંડળોના પ્રમુખ/મંત્રીશ્રીઓને નિમંત્રણ આપવામાં આવે છે. રાજ્યકક્ષાનો સેમીનાર તથા તાલુકા, જિલ્લા, મહાનગરપાલિકા કક્ષાએ વિવિકાનંદ યુવક મંડળો કાર્યરત છે. વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ઈન્ટર સ્ટેટ યુથ એકક્ષેચેન્જ પ્રોગ્રામ યુવક-યુવતીઓ માટે તથા એક પ્રોગ્રામ મહિલાઓ માટે

ઈન્ટર સ્ટેટ યુથ એકક્ષેચેન્જ પ્રોગ્રામ યોજવા માટેની આ યોજના અન્વયે એક રાજ્યમાંથી બીજા રાજ્યના યુવાનોનો પરીચય થાય તેમની સંસ્કૃતિ-રહેણીકરણી, વિચાર વિમર્શ, લાઈફ સ્ટાઈલ, શિક્ષણ, રોજગારી વિગેરે માટે એક રાજ્યથી બીજા રાજ્યના યુવાનો માટે ઈન્ટર સ્ટેટ યુથ એકક્ષેચેન્જ પ્રોગ્રામ કરવો જરૂરી હોઈ છે. રાષ્ટ્ર યુવા ઉત્સવ તેમજ રાષ્ટ્રકક્ષાએ યોજાતા સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે આ યુવાનો જોડાય તે ધ્યાનમાં લઈને આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

પ્રી નેશનલ યુથ ફેસ્ટીવલ ટ્રેનીંગ કેમ્પ

રાજ્યકક્ષાએ યોજાતા યુવા ઉત્સવના કેટલીક આઈટમના વિજેતા કલાકારોઓને રાષ્ટ્રકક્ષાએ યોજાતા યુવા ઉત્સવમાં ભાગ લેવા માટે મોકલવામાં આવે છે. આ વિજેતા કલાકારો રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં વધુ સારૂ પ્રદર્શન કરી શકે તેમજ ગુજરાતનું સુંદર રીતે પ્રતિનિધિત્વ કરી શકે તે આશયથી ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા રાજ્યના યુવા ઉત્સવના વિજેતા યુવક-યુવતીઓ માટે પ્રિ-નેશનલ યુથ ફેસ્ટીવલ ટ્રેનીંગ કેમ્પ યોજવામાં છે.

યુથ આર્ટ અને કલ્ચરને લગતા લેકચર સીરીઝ તથા શિબિરો ગોઠવવા બાબત

યુથ, આર્ટ અને કલ્ચરની પ્રવૃત્તિઓ અંગેના પાયાના જ્ઞાનથી યુવાનો અજાણ હોય છે. ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવાનોને ઉપરોક્ત જ્ઞાનથી અવગત કરવા માટે યુથ, આર્ટ અને કલ્ચરના વિષય નિષ્ણાંતના ભાષણ તથા શિબિરો ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત સ્પોર્ટસ યુનિવર્સિટી, આઈ.આઈ.એમ.,એન.એસ.ડી. તેમજ નિફટ-એન.આઈ.એફ.ટી. દ્વારા માંગણી થયેથી જુદા-જુદા વિષયને લગતા લેકચરો ગોઠવવામાં આવે છે.

વિશ્વ યોગ દિવસ ઉજવણી

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ ધરોહર અને વિશ્વની દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસત ગણી સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા પ્રતિ વર્ષ તા.૨૧ જૂનના દિવસને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં પણ વર્ષ-૨૦૧૫ થી ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ગુજરાતના વિવિધ પર્વતો ઉપર આરોહણ અવરોહણ સ્પર્ધા

વર્ષ ૨૦૧૯-૨૦થી નવી બાબત તરીકે ગુજરાત રાજ્યના પાંચ પર્વતો (૧) ઓસમ પર્વત- રાજકોટ (૨) ઈડરીયો પર્વત-સાબરકાંઠા (૩) ચોટીલા પર્વત-સુરેન્દ્રનગર (૪) પાવાગઢ પર્વત-પંચમહાલ (૫) શેત્રુંજય પર્વત-ભાવનગર ઉપર રાજ્ય સરકાર મંજુર કરેલ ૧૪ થી ૩૫ વર્ષની વય મર્યાદામાં આવતા યુવક યુવતીઓમાં સાહસિકતાના ગુણ ખીલે તે માટે રાજ્ય સરકાર દ્વારા “ગુજરાત આરોહણ-અવરોહણ સ્પર્ધા” નું આયોજન કરવામાં આવનાર છે.

રાષ્ટ્રીય યુવા પારિતોષિક યોજના

રાષ્ટ્રનું યુવા જગત આદર્શપાત્ર સેવા પ્રવૃત્તિઓ કરી નવા ઉત્સાહ સાથે સેવાના ઉતુંગ શિખરો સર કરી આવી પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠત્તમ દેખાવ કરી પ્રશંસનીય કાર્ય કરે છે. જે પારિતોષિક માટે પસંદગી પામનાર વ્યક્તિને સ્મૃતિપદક, માનપત્ર અને ₹ ૪૦,૦૦૦/- રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. જયારે સંસ્થાકીય એવોર્ડ મેળવનાર સંસ્થાને ₹ ૨,૦૦,૦૦૦/- રોકડ પુરસ્કાર, સ્મૃતિપદક, માનપત્ર કેન્દ્ર સરકારશ્રી દ્વારા એનાયત કરવામાં આવે છે.

રાજ્ય યુવા પારિતોષિક યોજના

રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને મજબૂત કરવા તથા સામાજિક સેવાઓને લગતી પ્રવૃત્તિઓ પ્રત્યે રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષની વયજૂથનો યુવા વર્ગ તથા યુવા સંગઠનોને ઉત્સાહભેર જોડાવા, રાષ્ટ્રીય વિકાસ, રાષ્ટ્રીય એકતા અને સામાજિક સેવાના ક્ષેત્રે કરેલ ઉત્કૃષ્ઠ કામગીરીને બિરદાવવાના આશયથી આ પારિતોષિક માટે પસંદગી પામનાર વ્યક્તિને સ્મૃતિપદક, માનપત્ર અને ₹ ૧૦,૦૦૦/- રોકડ પુરસ્કાયર એનાયત કરવામાં આવે છે. જયારે સંસ્થાકીય એવોર્ડ મેળવનાર સંસ્થાથને ₹ ૫૦,૦૦૦/- રોકડ પુરસ્કાર, સ્મૃતિપદક અને માનપત્ર એનાયત કરવામાં આવે છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ

યોગની પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા માટે તથા જન સમુદાયમાં યોગ અંગે જાગૃતિ ફેલાવા માટે રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગના તા. ૨૧-૦૬-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક એસ.એ.જી-૧૦૨૦૧૮-૧૭૨૬-બ થી વર્ષ ૨૦૧૯-૨૦ માં નવી બાબત તરીકે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવેલ છે.

સ્વામી વિવેકાનંદ મંડળો

સ્વામિ વિવેકાનંદ મંડળો રાજ્યના તમામ જિલ્લાઓમાં વિકાસ થાય તેમજ વિવિધ સામાજીક, અન્ય સરકારી પ્રવૃત્તિઓનું આયોજન થાય તે માટે કામ કરે છે.

INDEX

ખાસ યુવા કાર્યક્રમ

કોઇ પણ યુવક-યુવતિ સાહસિક પ્રવાસ સાયકલ અથવા પગપાળા કરી અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં આવે ત્યારે તેને થયેલ ખર્ચ પેટે માંગણીના અનુસંધાને રકમ આપવામાં આવે છે.

અનુસૂચિત જન જાતિની પ્રવૃત્તિઓ

આદિજાતિ મહોત્સવ

સન ૧૯૯૦-૯૧ના વર્ષથી પ્રતિવર્ષ રાજ્યકક્ષાના આદિજાતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યના આદિજાતિ મંડળીના ૭૦૦ જેટલા કલાકારો તેઓની પરંપરાગત કલા રજૂ કરે છે.

આદિજાતિ યુવક-યુવતિ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર

અનુસૂચિત જન જાતિની વધુ વસ્તી ધરાવતાં રાજ્યના ૧૭ જિલ્લાઓમાં માત્ર અનુસૂચિત જન જાતિના યુવક-યુવતિઓ માટે રાજ્ય સરકારે સાત દિવસના વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરોનું આયોજન કર્યુ છે. જેમાં પસંદ થયેલ ૫૦ યુવક-યુવતિઓને વ્યક્તિ વિકાસની તાલીમ તેમજ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે યોગાસન તાલીમ આપવામાં આવે છે.

આદિજાતિના તથા અનુસૂચિત જાતિના યુવક-યુવતિઓ માટે ખડક ચઢાણ બેઝીક તાલીમ કોર્ષ

૧૪ થી ૩૫ વર્ષના ૧૦૦ યુવક-યુવતિઓ માટે ૧૦ દિવસનો ખડક ચઢાણ બેઝીક તાલીમ કોર્ષ પર્વતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટઆબુ / જુનાગઢ કેન્દ્ર ખાતે બે જુદા-જુદા કાર્યક્રમો યોજવામાં આવે છે.

આદિજાતિના બાળકો માટે ખડક ચઢાણ એડવેન્ચર તાલીમ કોર્ષ

આદિજાતિના ૮ થી ૧૩ વર્ષના ૧૦૦ બાળકો માટે ૭ દિવસનો ખડક ચઢાણ એડવેન્ચર કોર્ષ પર્વતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટઆબુ / જુનાગઢ કેન્દ્ર ખાતે યોજવામાં આવે છે.

અનુસૂચિત જાતિની પ્રવૃત્તિઓ

અનુસૂચિત જાતિના યુવક-યુવતિઓ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર (જિલ્લાકક્ષા)

રાજ્યના તમામ જિલ્લાઓના અનુસૂચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષના પસંદગી પામેલ ૫૦ યુવક-યુવતિઓ માટે ૭ દિવસ માટેનો વ્યક્તિત્વ વિકાસ અને શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે યોગાસન તાલીમ શિબિરો યોજવામાં આવે છે.

તાલુકા કક્ષાએ અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર

રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લાકક્ષાએ અનુસૂચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષના પસંદગી પામેલ ૫૦ યુવક-યુવતીઓ માટે ૭ દિવસ માટેનો વ્યક્તિત્વ વિકાસ અને શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે યોગાસન તાલીમ શિબિરો યોજવામાં આવે છે. રાજ્ય સરકારના આ ઉમદા હેતુને વધુ સાર્થક બનાવવા માટે વ્યક્તિત્વ વિકાસ, તાલુકા કક્ષાએ સારા તજજ્ઞો અને યોગાચાર્યો દ્વારા તાલીમ, ડીઝીટલ ઇ બેન્કીંગની માહિતી અને તાલીમ મળી રહે.

સાહસિક પ્રવૃત્તિઓ

રાજ્યના યુવક-યુવતીઓને સાહસિક પ્રવૃત્તિઓ તરફ અભિમુખ કરવા તથા તેમનામાં પડેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે સાહસ શાખા અને આ કચેરીના નિયંત્રણ હસ્તકની પર્વતારોહણ સંસ્થા, માઉન્ટઆબુ અને જુનાગઢ દ્વારા નીચે મુજબની પર્વતારોહણ અને સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

(૧) સરકારી ખર્ચે તાલીમ કોર્ષ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ / પંડીત દીનદયાલ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જુનાગઢ

એડવેન્ચર કોર્ષ

ધોરણ - ૫ પાસ કરેલ હોય અને ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે આ શિબિર વાર્ષિક કાર્યક્રમ મુજબ ૭ દિવસ માટે યોજાય છે. આ તમામ ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવે છે.

બેઝીક કોર્ષ

ધોરણ - ૭ પાસ અને ૧૪ થી ૪૫ વર્ષના યુવક-યુવતીઓને ૧૦ દિવસ આ શિબિરમાં ભાગ લઇ શકે છે. આ તમામ ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવે છે.

એડવાન્સ કોર્ષ

ધોરણ - ૮ પાસ અને ૧૫ થી ૪૫ વર્ષના હોય અને ખડક ચઢાણ બેઝીક કોર્ષ સફળતા પુર્વક પૂર્ણ કરેલ હોય તેવા યુવક-યુવતીઓ ૧૫ દિવસની આ શિબિરમાં ભાગ લઈ શકે છે. આ તમામ ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવે છે.

કોચીંગ કોર્ષ

ધોરણ-૧૦ પાસ અને બેઝીક અને એડવાન્સ કોર્ષ કરેલ હોય તેવા ૧૮ થી ૪૫ વર્ષના યુવક-યુવતીઓને ૩૦ દિવસ માટેની આ શિબિરમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવે છે.આ તમામ ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવે છે.

આર્ટીફીશિયલ રોકક્લાઈમ્બીંગ કોર્ષ

કોચીંગ કોર્ષ એ-બી ગ્રેડમાં પૂર્ણ કરનાર ૧૮ થી ૪૫ વર્ષના તાલીમાર્થીઓને ૧૦ દિવસ માટેની આ શિબિરમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવે છે.

(૨) હિમાલય વિસ્તાર ટ્રેકિંગ તથા શિખર આરોહણ અને ગુજરાતના ડુંગરાળ વિસ્તારમાં પરિભ્રમણ

ધોરણ - ૧૦ પાસ અને ૧૮ થી ૪૫ વર્ષના યુવક - યુવતિઓ કે જેઓએ એ-બી ગ્રેડમાં એડવાન્સ કોર્ષ પૂર્ણ કરેલ હોય તેવા તાલીમાર્થીઓને ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવે છે. આ તમામ ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવશે.

હિમાલય વિસ્તારમાં પરિભ્રમણ

ધોરણ - ૧૦ પાસ અને ૧૮ થી ૪૫ વર્ષના યુવક - યુવતીઓ કે જેઓએ એ-બી ગ્રેડમાં કોચીંગ કોર્ષ પૂર્ણ કરેલ હોય તેવા તાલીમાર્થીઓને મનાલી, ઉત્તરકાશી, દાર્જિલીંગ ખાતે ૧૬ દિવસ માટેના આ પરિભ્રમણ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોકલવામાં આવે છે. આ તમામ ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવશે.

શિખર આરોહણ (હિમાલય વિસ્તારમાં)

૧૭ થી ૪૫ વર્ષના યુવક - યુવતીઓ કે જેઓ મનાલી, ઉત્તરકાશી, દાર્જિલીંગ ખાતે બરફ ચઢાણ બેઝીક કોર્ષ અને એડવાન્સ કોર્ષ કરેલ હોય તેવા ગુજરાતના સાહસિકોની પસંદગી કરી હિમાલય વિસ્તારમાં શિખર આરોહણ માટે મોકલવામાં આવે છે. આ તમામ ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવશે.

ગુજરાતના ડુંગરાળ વિસ્તારમાં પરિભ્રમણ

ધોરણ - ૧૦ પાસ અને ૧૭ થી ૪૫ વર્ષના યુવક - યુવતીઓ કે જેઓએ બેઝીક કોર્ષની તાલીમ લીધી કોય તેવા સાહસિકોની પસંદગી કરી ગુજરાતના ડુંગરાળ વિસ્તારમાં પરિભ્રમણ માટે પસંદ કરવામાં આવે છે. આ અંગેનો તમામ ખર્ચ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવે છે.

(૩) માનદ ઈન્સ્ટ્રક્ટર ભોજન ભથ્થું તથા પ્રવાસ ખર્ચ (બિન સરકારી શિબિરો) તથા આઈસ એન્ડ સ્નો બેઝિક એન્ડ એડવાન્સ કોર્ષ તાલીમ ફી તથા પ્રવાસ ખર્ચ પેટે આર્થિક સહાય

માનદ ઈન્સ્ટ્રક્ટરોને ભોજન ભથ્થું (બિન સરકારી બેઝિક કોર્ષ)

પર્વતારોહણ સંસ્થા / કેન્દ્ર ખાતે કાયમી ઈન્સ્ટ્રક્ટરોની સંખ્યા ઘણી ઓછી હોય પર્વતારોહણના કોર્ષ દરમ્યાન માનદ ઈન્સ્ટ્રક્ટરોની માનદ સેવાઓ લેવામાં આવે છે. સેવાઓ બદલ ભોજન ભથ્થું તથા માનદ પુરસ્કૃત પ્રવાસ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે.

આઈસ એન્ડ સ્નો બેઝીક એન્ડ એડવાન્સ કોર્ષ

મનાલી, ઉત્તરકાશી, દાર્જિલીંગ ખાતે આ કોર્ષ યોજાય છે. આ ત્રણેય સંસ્થાઓ આઈ.એમ.એફ. દ્વારા માન્ય સંસ્થાઓ હોય ગુજરાતના સાહસિકો આ સંસ્થાઓમાં કોર્ષ કરવા માટે પ્રવેશ મેળવે તેવા સાહસવીરોને પ્રવાસખર્ચ તથા તાલીમ ફીનો ખર્ચ ચુકવવામાં આવે છે.

(૪) રાજ્ય પર્વતારોહણ એવોર્ડ

પર્વતારોહણ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર સાહસિક ઉમેદવારને દર વર્ષે રાજ્ય પર્વતારોહણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. જેમાં ૭૦૦૦ મીટર ઉચાઈ એક વખત અથવા ૬૦૦૦ મીટરથી વધુ ઉચાઈ બે વખત ચઢેલા હોય તેવા પર્વતારોહકોને ₹ ૨૫,૦૦૦/-નો રોકડ પુરસ્કાર, સ્મૃતિચિન્હ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

(૫) માઉન્ટ એવરેસ્ટ અને વિશ્વના દુર્ગમ પહાડોસર કરનારને સહાય બાબત

૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા ગુજરાતના વતની એવા સાહસવીરો દ્વારા નેપાળ અને તીબેટની સરહદે આવેલ માઉન્ટ

એવરેસ્ટ ૮૮૪૮ મીટર (૨૯૦૨૮ ફૂટ) ઉપર આરોહણ માટે એક સાહસિકને લઘુત્તમ - ૧૫ લાખ તથા વિશ્વના અન્ય શિખર સર કરનારને ઉચાઈ / શિખર સર કરનારને ₹ ૦.૫૦ થી ₹ ૧૦.૦૦ લાખ સુધીની સહાય ચઢાણ કરેલ ઉચાઈને ધ્યાને રાખી આપવામાં આવે છે.

(૬) રાષ્ટ્રીય કક્ષાના ખડક ચઢાણ કોર્ષનું આયોજન

૧૮ થી ૪૫ વર્ષ સુધીની વય મર્યાદા ધરાવતા સાહસિકો ગુજરાતમાં ગિરનાર તથા અન્ય પર્વતો પર ગુજરાતના યુવાનોને દેશના પ્રતિષ્ઠિત પર્વતારોહકો સાથે પર્વતારોહણ માટેની નવા રૂટ શોધી ત્યાં ખડક ચઢાણ કાર્યક્રમોનું આયોજન કરવું, પર્વતારોહણ માટેની વિવિધ તકનીકોથી માહિતગાર થવા ઉપરાંત ઉચ્ચ કક્ષાના પર્વતારોહકોના માર્ગદર્શન હેઠળ સુચારુ તાલીમ મળી રહે તે માટે શિબિરોનું આયોજન કરવામાં આવશે.

(૭) એડવેન્ચર સ્પોર્ટસ

૪૫ વર્ષ સુધીની વયમર્યાદા ધરાવતા ગુજરાતના યુવાનો જમીન, પર્વત, હવાઈ, દરીયાઈ જેવા તમામ ભૌગોલીક ક્ષેત્રોની સાહસિક પ્રવૃત્તિઓમાં જોડાય તથા આવા સાહસિક વિભાગમાં સફળતા મેળવે તે હેતુથી ગુજરાતમાં કે ગુજરાત બહાર આયોજિત વક્તિગત રીતે કે ગૃપમાં તાલીમ, વર્કશોપ, એક્ષપીડીશન, કોમ્પીટીશનના આયોજન તથા ભાગ લેવા માટે તથા વિશેષ સિધ્ધિ મેળવી હોઈ તેવા સાહસવીરોને તાલીમ ફી, સાધન, વાહનવ્યવહાર, ઈન્સ્યોરન્સ તેમજ અન્ય ખર્ચ આપી પ્રોત્સાહિત કરવા માટે સહાય કરવા માટે.

(૮) વિશિષ્ટ પ્રકારના સાહસિક એક્ષપીડીશન કે અક્ષ્પ્લોરેશન માટે સહાય આપવા બાબત

સાહસિક પ્રવૃત્તિઓના અભિયાન કે નવી અપરિચિત કે ઓછી મુલાકાત લેવાતી હોય તેવી જગ્યાઓએ સંશોધનના હેતુ માટેના અભિયાન કે જેમાં એક કે તેથી વધુ વિવિધતા ધરાવતી સાહસિક પ્રવૃત્તિઓની જરૂર પડે તેવા અભિયાન માટે આવા અભિયાનમાં સામાન્ય રીતે હરીફાઈને બદલે વિશેષ અને અસામાન્ય સાહસ-શારીરિક ક્ષમતા પુરવાર કરવાની કે સંશોધન કરવાનો હેતુ હોય છે. જે માટે સહાય કરવા માટે.

(૯) ગુજરાતમાં સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા બાબત

ગુજરાતમાં સાહસિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ યુવક-યુવતીઓ, ગૃપો, સંસ્થાઓ, પ્રશિક્ષકો દ્વારા અને તેઓ માટે તાલુકા કક્ષાએથી રાજ્ય કક્ષા સુધી સાહસિક કાર્યક્રમોનું આયોજન, ભૌગોલિક વિશેષતા મુજબ જિલ્લાઓમાં સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન, રાષ્ટ્રીય પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં ગુજરાતના યુવાનો માટે જગ્યાઓ આરક્ષિત કરી લાયકાત ધરાવતા સાહસિકોને તાલીમ માટેનું આયોજન કરવું. માઉન્ટ આબુ ખાતેની આર્ટીફિશિયલ વોલનું અપગ્રેડેશન કરવું. જુનાગઢ ખાતે લેટેસ્ટ ઓબસ્ટેકલ્સ ઉભા કરવાની કામગીરી.

સાંસ્કૃતિક/ઉજવણી પ્રવૃત્તિઓ

ઉત્તરાર્ધ ઉત્સવ

સને ૧૯૯૨ થી સૂર્યમંદિર મોઢેરા ખાતે ઉત્તરાયણ પછી આવતા શનિવાર અને રવિવારે દર વર્ષે નૂપુર શાસ્ત્રીય નૃત્ય ઉતરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ મહોત્સવમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત શાસ્ત્રીય નૃત્યકારોને આમંત્રણ આપવામાં આવે છે. રાજ્યના તથા રાજ્ય બહારના નૃત્યક્ષેત્ર ઓડિસી, મણિપુરી, ભરતનાટ્યમ, કુચીપુડી વગેરે પરંપરાગત શાસ્ત્રીય નૃત્ય ગુરૂશિષ્ય પરંપરાથી ઉતરાર્ધ અંતર્ગત મોઢેરા સુર્યમંદિર તથા રાજ્યના અન્ય ત્રણ સ્થળોએ અન્ય પશ્ચિમક્ષેત્ર સાંસ્કૃતિક કલા કેન્દ્ર ઉદેપુરના સંયુકત સહયોગથી ઉજવવામાં આવે છે.

થિયેટર ફેસ્ટીવલ

૨૭મી માર્ચ વિશ્વ રંગભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. નાટ્ય કલા પ્રવૃત્તિઓનું જતન, વિકાસ તેમજ નાટ્ય ક્ષેત્રે અભિરૂચી કેળવાય, પરંપરાગત નાટ્ય કલા ક્ષેત્રે વધુને વધુ કલાકારો ભાગ લેતા થાય તે હેતુથી આંતરારાષ્ટ્રીય કક્ષાએ ૨૭મી માર્ચે વિશ્વ રંગભૂમિ દિને સંગીત નાટક અકાદમી દ્વારા તા. ૨૧ થી ૨૭ માર્ચ દરમિયાન જયસંકર સુંદરી નાટ્ય મહોત્સવ યોજવામાં આવે છે. જેમાં રોજેરોજ અલગ અલગ શ્રેષ્ઠ નાટકો રજુ કરવામાં આવે છે.

કલાસીકલ મ્યુઝીક ફેસ્ટીવલ

રાજ્યોમાં સ્થાનિક સંસ્થાઓ, પર્ફોર્મિંગ આર્ટ સાથે સંકળાયેલ કોલેજો, તથા અન્ય શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલ કલાકારોના સહયોગથી શાસ્ત્રીય સંગીતની ત્રણેય ધારાઓ ગાયન, વાદન અને નૃત્યના કાર્યક્રમો યોજવામાં આવે છે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના કલાકારોની કલા રાજ્યના નાગરીકો માણી શકે છે.

સમરસતા દિન (૧૪મી એપ્રિલ)

ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિને એક અઠવાડિયા માટે રાજ્યમાં ડૉ. આંબેડકરની વિચારધારાને અનુરૂપ સમાજમાં એકસરખી સામાજીક વિચારધારા જળવાય તે પ્રમાણે સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે લોક ડાયરો, નાટકો તેમજ સંગીતના કાર્યક્રમો જિલ્લા મથકોએ આયોજન કરી ઉજવવામાં આવે છે. દરેક જિલ્લાને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવ

ગુજરાત રાજ્ય સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાનના ઉપક્રમે વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર ઉદેપુરના સહયોગથી સંસ્કૃતિકુંજ, ગાંધીનગર ખાતે વસંતોત્સવનું આયોજન ફેબ્રુઆરી માસમાં કરવામાં આવે છે. જેમાં વિવિધ રાજ્યોના વિવિધ લોક નૃત્યો તથા ભાતીગળ કલાઓનું પ્રદર્શન યોજવામાં આવે છે. ૧૦ દિવસના ઉત્સવમાં સમગ્ર દેશમાથી વિવિધ લોક નૃત્યો યોજવામાં આવે છે. આ ઉપરાંત રોજેરોજ ગરબા-રાસના ગૃપો દ્વારા કાર્યક્રમ રજુ કરવામાં આવે છે. વસંતોત્સવ દરમિયાન ૧૫૦ જેટલા ક્રાફટ બજારના સ્ટોલ ઉભા કરી ગુજરાત તથા દેશના અન્ય રાજ્યોના હસ્તકલા કારીગરોને નિમંત્રણ પાઠવી ક્રાફટ બજારનું આયોજન કરવામાં આવે છે. આ મહોત્સવને દોઢ થી બે લાખ જેટલા લોકો મુલાકાત લઈ કાર્યક્રમને માણે છે.

ઉમંગ ઉત્સવ

વિકલાંગ બાળકોને પ્રોત્સાહિત કરવા માટે પ્રદેશ કક્ષા તથા રાજ્યકક્ષાના કાર્યક્રમ અને તાલીમ શિબિર જિલ્લા મથકોએ યોજવામાં આવે છે.

ગુજરાતના પવિત્ર યાત્રાધામો ખાતે ઉત્સવો (સોમનાથ, દ્વારકા, ડાકોર, શુક્લતીર્થ, અંબાજી, ઉનાઈ, ચોટીલા, ખોડીયાર, રાણકી વાવ અને માતૃવંદના

રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજાતી પ્રવૃત્તિઓ મોટાપાયે લોકભોગ્ય બનાવી શકાય તે માટે સોમનાથ ઉત્સવ ઉજવવામાં આવે છે. જેમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરાય છે.

અંબાજી, શામળાજી, ઉનાઇ, ચોટીલા, ખોડિયાર, રાણકીવાવ ખાતેના મહોત્સવ દરમિયાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં પિતૃ શ્રાદ્ધ માટે બિહારમાં આવેલ ગયાજી અને માતૃ શ્રાદ્ધ માટે ગુજરાતમાં આવેલ સિદ્ધપુરનો ભારે મહિમા છે. આ બન્ને સ્થળો ભારતમાં ખ્યાતનામ છે. સિદ્ધપુરમાં આવેલ સરસ્વતી નદી પર આવેલ બિંદુ સરોવરને કાંઠે જો કોઇ માતૃ શ્રાદ્ધ કરે તેની માતાનો મોક્ષ થાય છે તેવી શ્રધ્ધા છે. આ કારણે ભારતભરમાંથી લોકો અહીં માતૃ શ્રાદ્ધ કરવા આવે છે. કાર્તિક સુદ નોમ થી ત્રણ દિવસનો લોક મેળો યોજાય છે.

રાજ્યમાં બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજવા બાબત

ગુજરાતી સંસ્કૃતિ/કલાનો પાયો મજબુત બનાવવા હેતુથી રાજ્યના ૭ થી ૧૩ વર્ષ સુધીના બાળકો માટે સાહિત્ય કલા અને સાંસ્કૃતિક વિભાગની કુલ ૨૦ આઈટમોની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. જેમાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, લોકવાર્તા, દોહા-છંદચોપાઇ, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, લગ્ન ગીત, લોકગીત ભજન સમુહ ગીત અને લોકનૃત્ય જેવી સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આ સ્પર્ધા જિલ્લાકક્ષાએ, પ્રદેશ કક્ષાએ અને રાજ્યકક્ષાએ યોજવામાં આવે છે.

રાજ્યમાં તથા અન્ય રાજ્યમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

રાજ્યના સાંસ્કૃતિક કલા વારસાથી અન્ય પ્રજા વાકેફ થાય તથા રાજ્યમાં કલા પ્રવૃત્તિને ઉત્તેજન મળે તે હેતુથી અન્ય રાજ્યોમાં કલાવૃંદોને મોકલી પરંપરાગત કલાવારસાની પ્રસ્તુતિ કરી ઝાંખી કરાવવામાં આવે છે. ગરબા-રાસ, લોકનૃત્યની સંસ્થાને રાજ્ય બહાર કાર્યક્રમ રજુ કરવા મોકલવામાં આવે છે. કલાકારોને દૈનિક પુરસ્કાર, ટ્રેસભાડું તથા પ્રવાસ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે.

રાજ્યમાં જુદા જુદા સ્થળોએ સાંસ્કૃતિક કાર્યક્રમો શનિવાર-રવિવારના દિવસે યોજવા બાબત

રાજ્યના મુખ્ય મથકોએ પ્રવાસીઓ તેમજ કલાપ્રિય મહાનુભાવો/કલાકારોને કાયમી ધોરણે વિવિધ પ્રકારના શાસ્ત્રીય સંગીત, નૃત્ય, નાટક, રાસ ગરબા તથા લોક ભવાઈ વગેરે કાર્યક્રમો કાયમી ધોરણે યોજવામાં આવે છે.

નેશનલ ડે સેલીબ્રેશન એન્ડ સ્ટેટ ફંક્શન

પ્રતિવર્ષ ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્રય દિન અને ૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક દિન તથા ૧લી મે ગુજરાત સ્થાપના દિન પ્રસંગે રોજ વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

સાગરખેડુ વિસ્તારમાં સાંસ્કૃતિક કાર્યક્રમ

સાગરખેડુ યુવાનોની શક્તિને સર્જનાત્મક માર્ગે વાળવા, રાષ્ટ્રીય નિર્માણના કાર્યોમાં ઉપયોગી બનાવવાના આશયથી સાગરખેડુ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવે છે.

લોક ડાયરાના કાર્યક્રમો

સોરાષ્ટ્રની પરંપરાગત કલા, લોકડાયરા, પ્રસાર-પ્રચાર હેતુ રાજ્યનાં તમામ જિલ્લાઓમાં તથા મહાનગરપાલિકા વિસ્તારમાં લોક કલાના સર્વાધિક લોકપ્રિય અંગ એવા લોકડાયરાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે

ગુજરાતના અંધ અને બહેરા/મુંગા વિદ્યાર્થીઓ માટે સંગીત નૃત્ય તાલીમ શિબિર

સ્વર્ણિમ ગુજરાતના અનુસંધાને ગુજરાત રાજ્યના બહેરા/મુંગા અને અંધ યુવક યુવતીઓ માટે તેમનામાં રહેલ સુશ્રુપ્ત કલા શક્તિઓને બહાર લાવવા અને તેઓને પરંપરાગત રાજ્યની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કાર્યક્રમ રજુ કરવાની તક મળે તે હેતુથી રાજ્યના બહેરામુંગા અને અંધજનો માટે સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા સંસ્થાઓને સહાય આપવામાં આવે છે.

રાજ્યના બહુરૂપી નટબજાણીયા અને ભવાઈ સમુદાયોના સર્વાંગી વિકાસ માટેની યોજના

બહુરૂપી નટબજાણિયા (દોરડા પર ચાલતા કલાકારો) ભવાઈ ક્ષેત્રના કલાકારોને પ્રોત્સાહિત કરવા બહુરૂપી કલાકારોને, નટબજાણિયા કલાકારોને અને ભવાઈ ક્ષેત્રના કલાકારોને સહાય આપવામાં આવે છે.

વ્યવસાયી નાટ્ય મંડળીઓને સહાય

વ્યવસાયી રંગભૂમિની નાટ્ય મંડળીઓને પ્રોત્સાહન આપવાની યોજના છે. જેમાં મંડળીઓ ઓછામાં ઓછા પાંચ વર્ષથી કાર્યરત હોવી જોઈએ. આ યોજનાનો લાભ ગામે ગામ ફરીને નાટકો કરતી ખાડાની કંપનીઓ તરીકે ઓળખાતી નાટ્ય કંપનીઓને જ મળવાપાત્ર છે. આવી મંડળીને પાંચ વર્ષે એક વાર જ યોજનાનો લાભ મળે છે. દરવર્ષે પાંચ વ્યવસાયી રંગભૂમિની નાટ્ય મંડળીઓને પ્રોત્સાહન રૂપે સહાય આપવામાં આવે છે.

ચિલ્ડ્રન એકટીવીટીઝ

બાળકોની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય અને બાળકોને કલાની વ્યવસ્થિત તાલીમ મળે તે હેતુથી બાળ મહોત્સવ, તાલીમ, શિબિર, બાળ જાગૃત્તિ મહોત્સવ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

આદિ કવિ નરસિંહ મહેતાની જન્મ જયંતિ ઉજવણી

આદિ કવિ નરસિંહ મહેતાની જન્મ જયંતિના ઉજવણીના ભાગરૂપે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો, નરસિંહ મહેતાની જીવની અને તેમની કૃષ્ણભક્તિને લગતા નાટકો, ગીતો, ભજનો જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન જૂનાગઢ / ગિરનાર ખાતે કરવામાં આવે છે.

એક ભારત શ્રેષ્ઠ ભારત

ભારત સરકારશ્રીના નીતિ આયોગની ગાઈડ લાઈન મુજબ રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ, સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો યોજવામાં આવે છે. બે રાજ્યો વચ્ચેની કલા, સંસ્કૃતિ, શિક્ષણ, જેવી પ્રવૃત્તિઓનું આદાન પ્રદાન થાય, એક બીજાની સંસ્કૃતિઓની ઓળખ થાય તેમજ સમગ્ર વર્ષ દરમિયાન બન્ને રાજ્યોની વિવિધ પ્રવૃત્તિઓ માટે વિચારોની આપ-લે થાય તે માટે ગુજરાત સરકાર સાથે છત્તીસગઢ રાજ્યનું જોડાણ થયેલ છે.

પરંપરાગત લોક સંસ્કૃતિ, કલા વારસા અંગેના કાર્યક્રમો

પરંપરાગત લોક સંસ્કૃતિ, કલા વારસો ગુજરાતના છેવાડાના ગામડાઓમાં રહેલી વિવિધ સંસ્કૃતિઓની ગુજરાતના અન્ય પ્રદેશ (જિલ્લાઓ) માં સંસ્કૃતિ કલાનો પ્રચાર-પ્રસાર અને એકબીજાની સંસ્કૃતિનું આદાન પ્રદાન થાય તે માટે રાજ્યમાં યોજાતા રાષ્ટ્રીય પર્વો જેવાકે , ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી, ગુજરાત સ્થાપના દિન કે અન્ય મહાનુભાવોની તિથીને ધ્યાનમાં લઇ તેમના ઉપર કૃતિઓનું તાલુકા, જિલ્લા અને રાજ્યમાં કલાકારોની પ્રતિભા બહાર લાવવા માટે કાર્યક્રમ કરવામાં આવે છે

નિ:સહાય કલાકારો તેમજ તેમના આશ્રિતોને આર્થિક સહાય

કલાક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન કર્યુ હોય અને ૬૦ વર્ષ કરતાં ઉમર હોય, શારીરિક રીતે અશક્ત હોય તેવા કલાકારો/આશ્રિતોને વાર્ષિક આર્થિક સહાય આપવામાં આવે છે.

કલા મહાકુંભ

કલા, સાહિત્ય અને સંસ્કૃતિમાં આગવી ઓળખ અને કલા ધરાવનાર અલગ અલગ વય જૂથના કલાપ્રેમી કલાકારોની

વિવિધ કૃતિઓની તાલુકા, જિલ્લા, રિજયોનલ અને રાજ્ય કક્ષા સુધી સ્પર્ધા યોજવામાં આવે છે. જિલ્લા કક્ષાથી લઈને રાજ્ય કક્ષા સુધી પ્રત્યેક સ્પર્ધાના પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતાઓને ઈનામ આપવામાં આવે છે.

મહાનુભાવોની જન્મ જયંતિની ઉજવણી

પ્રસ્તુત સદરે રાજ્ય સરકાર જાહેર કરે તે મહાનુભાવોની જન્મ શતાબ્દીની ઉજવણીની બાબતો માટે આયોજન કરવામાં આવે છે.

આદિજાતિ લોક મહોત્સવ

આદિજાતિ કલાકારોની કલાને જીવંત રાખવા તથા લુપ્ત થતી જતી કલાની જાળવણી, સાચવણી અને વિકાસ માટે પરંપરાગત આદિજાતિ લોક નૃત્યોનું રાજ્યકક્ષાનું આયોજન કરી આદિજાતિના લોક કલાકારોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તૂરી બારોટ સમાજના કલાકારોની કલા જીવંત રાખવા અંગેની યોજના

તમામ અનુસૂચિત જાતિના કલાકારોની કલાને જીવંત રાખવા અંગેની અને અનુસૂચિત જાતિ પૈકીના તૂરી બારોટ સમાજના કલાકારોની કલા જીવંત રાખવા અંગે કાર્યક્રમો કરવામાં આવે છે.

કેવડિયા કાર્નિવલ

એકતાના પ્રતિક સમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રાંગણમાં ભારતીય શાસ્ત્રીય સંગીત (ગાયન, વાદન અને નૃત્ય), નાટક, લોક નૃત્યો, પરંપરાગત રમતો અને એડવેન્ચરના કાર્યક્રમો કરવામાં આવે છે

માધવપુર ઘેડ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ

માધવપુર, જિ. પોરબંદર ખાતે પ્રતિવર્ષ રામનવમીની તીથિએ યોજાતા ઘેડના મેળામાં ભગવાન શ્રીકૃષ્ણ-રુક્મણી વિવાહ આધારિત મલ્ટીમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાજ્ય અને અન્ય રાજ્યના પરંપરાગત લોકનૃત્યો, ડાયરા-સંતવાણી, હાસ્યરસ જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું ૦૫ દિવસ દરમિયાન આયોજન કરવામાં આવે છે.

૨. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ (ગેઝેટિયર કોર ગૃપ) કચેરી

કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી હેઠળ ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ (ગેઝેટિયર કોર ગૃપ)ની કચેરી દ્વારા રાજ્યના ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ કરવાના બાકી રહેતા જિલ્લા સર્વસંગ્રહો પૈકી ((૧) દાહોદ (૨) પાટણ (૩) પોરબંદર (૪) આણંદ (૫) નર્મદા અને (૬) નવસારી) ૬ જિલ્લાઓની કામગીરી આઉટસોર્સીંગથી કરાવવા માટે આ કામ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ પાસે તૈયાર કરાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

૩. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

ખેલમહાકુંભ

- **હેતુ**
  - → ખેલકૂદનું વાતાવરણ રાજ્યમાં ઊભું થાય,
  - → પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય,
  - → ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ આવે.
- ખેલમહાકુંભનું આયોજન ૨૦૧૦ થી હાથ ધરવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં કોરોના મહામારીના કારણે ખેલ મહાકુંભનું આયોજન મુલતવી રાખવામાં આવેલ
- **વયજૂથ**

(૧) ૯ વર્ષથી નીચેના	(૨) ૧૧ વર્ષથી નીચના	(૩) ૧૪ વર્ષથી નીચેના	(૪) ૧૭ વર્ષથી નીચેના
(૫) ઓપન એજ ગૃપ	(૬) ૪૦ વર્ષથી ઉપરના	(૭) ૬૦ વર્ષથી ઉપરના	

- **રમતો -૩૬**

(૧) આર્ચરી	(૨) એથ્લેટીકસ	(૩) બેડમીન્ટન	(૪) બાસ્કેટબોલ
(૫) ચેસ	(૬) ફૂટબોલ	(૭) હેન્ડબોલ	(૮) હોકી
(૯) જુડો	(૧૦) કબડ્ડી	(૧૧) ખો-ખો	(૧૨) લોનટેનીસ
(૧૩) શુટીંગબોલ	(૧૪) સ્વીમીંગ	(૧૫) ટેબલ ટેનીસ	(૧૬) ટેકવેન્ડો

(૧૭) રસ્સા ખેંચ	(૧૮) વોલીબોલ	(૧૯) કુસ્તી	(૨૦) યોગાસન
(૨૧) જીમ્નાસ્ટીકસ	(૨૨) સાયકલીંગ	(૨૩) શુટીંગ	(૨૪) સ્કેટીંગ(Artistic)
(૨૫) વેઈટલીફ્ટીંગ	(૨૬) સ્કેટીંગ	(૨૭) ફેન્સીંગ	(૨૮) મલખમ્બ
(૨૯) બોક્સીંગ	(૩૦) કરાટે	(૩૧) સોફ્ટ ટેનિસ	(૩૨) રગ્બીફૂટબોલ
(૩૩) સ્પોર્ટસ હબઈમ્લીંગ	(૩૪)રોલબોલ	(૩૫) બ્રિઝ	(૩૬) ઘોડે સવારી

■ **સ્પર્ધાની કક્ષા**

(૧) શાળા/ગ્રામ્ય કક્ષાની સ્પર્ધા

(૨) તાલુકા કક્ષાની સ્પર્ધા

(૩) જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધા

(૪) ઝોન કક્ષાની સ્પર્ધા (૨૦૧૯થી માત્ર ટીમ રમતો માટે શરૂ થયેલ છે)

(૫) રાજ્ય કક્ષાની સ્પર્ધા

■ **રોકડ પુરસ્કાર - કુલ ₹ ૪૦.૦૦ કરોડ**

➞ જિલ્લા અને રાજ્ય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને કુલ ₹ ૪૦.૦૦ કરોડ જેટલી રકમના રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

➞ તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાઓને પુરસ્કાર આપવામાં આવે છે.

કક્ષા	પ્રથમ	દ્વિતીય	તૃતિય
તાલુકા	૨૫ હજાર	૧૫ હજાર	૧૦ હજાર
જિલ્લા	૧.૫૦ લાખ	૧ લાખ	૭૫ હજાર
રાજ્ય	૫ લાખ	૩ લાખ	૨ લાખ

■ **દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલમહાકુંભ**

શારીરિક રીતે પૂર્ણત: સક્ષમ ના હોય, તેવા ખેલાડીઓને પણ અલગ-અલગ પાંચજૂથોમાં વહેંચી તેઓને પણ પોતાનું કૌશલ્ય બતાવવા માટેની તક સરકારે પુરી પાડી છે.

૧. બહેરા-મૂંગા ખેલાડીઓ માટેનું જૂથ

૨. અંધજન ખેલાડીઓ માટેનું જૂથ

૩. માનસિક ક્ષતિયુક્ત ખેલાડીઓનું જૂથ

૪. શારીરિક ક્ષતિગ્રસ્ત ખેલાડીઓ માટેનું જૂથ

૫. સેરેબ્રલ પાલ્સી ખેલાડીઓ માટેનું જૂથ

આમ, પાંચ જૂથોની રચના કરી દરેક જૂથને અનુરૂપ રમતોની ફાળવણી કરી ઉક્ત ખેલાડીઓને પણ રમતગમત ક્ષેત્રે આગળ આવવા માટે સરકારશ્રી દ્વારા સ્પે.ખેલમહાકુંભનું આયોજન કરી પ્લેટફોર્મ પૂરૂં પાડવામાં આવે છે.

(૧) મહિલા ખેલાડીઓને પુરસ્કાર આપવાની યોજના

રમતગમત ક્ષેત્રે મહિલાઓનો સર્વાંગી વિકાસ સધાય અને વધુમાં વધુ મહિલાઓ વિવિધ રમતોમાં ભાગ લેતી થાય તે માટે પણ રાજ્ય સરકાર દ્વારા મહિલા ખેલાડીઓને પુરસ્કારની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત રાષ્ટ્ર કક્ષાએ ભાગ લેનાર તેમજ રાજ્ય કક્ષાએ પ્રથમ આવનાર ખેલાડીને ₹ ૪૮૦૦/-, દ્વિતીય ક્રમે ₹ ૩૬૦૦/- તથા તૃતિય ક્રમે ₹ ૨૪૦૦/- લેખે પુરસ્કાર આપી પુરસ્કૃત કરવામાં આવે છે. ૨૮૫૩ ખેલાડીઓને ₹ ૧૧૫.૨૮ લાખના રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ૨૨,૪૦૦ મહિલા ખેલાડીઓને ₹ ૯૭૩.૦૯ લાખ કરતાં વધુ રકમના પુરસ્કારનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) ગ્રામિણ ઓલમ્પિકસ રમતોત્સવ

ગ્રામીણ પ્રજાને રમતગમત ક્ષેત્રે પોતાનું કૌશલ્ય બતાવવાની એક નવતર તક આપવાની શરૂઆત કરવામાં આવેલ છે.

દર વર્ષે ભાદરવા સુદ ત્રીજ, ચોથ અને પાંચમના દિવસોમાં પરંપરાગત રીતે ગ્રામિણ ઓલમ્પિકસનું આયોજન કરવામાં આવે છે.

INDEX

દેવગઢ બારીયા ખાતે દશેરાના દિવસે દર વર્ષે પરંપરાગત રીતે ગ્રામિણ ઓલમ્પિકસનું આયોજન થાય છે. આ ગ્રામિણ ઓલમ્પિકસમાં નીચે મુજબ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા પામેલ સ્પર્ધકોને નીચે મુજબ રોકડ ઈનામો તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

આહવા ખાતે યોજાતા ડાંગ દરબારના લોકમેળામાં ગ્રામીણ ઓલમ્પિકસનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. અત્યાર સુધી આયોજિત આ ગ્રામિણ ઓલમ્પિકસમાં નીચે મુજબ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા પામેલ સ્પર્ધકોને નીચે મુજબ રોકડ ઈનામો તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

ગ્રામીણ ઓલમ્પિકસ રમતોનું આયોજન રાજ્ય સરકાર દ્વારા દર વર્ષ કરવામાં આવે છે.

ગ્રામિણ ઓલમ્પિકસ

અ.નં.	વર્ષ	ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા	પુરસ્કારની રાશી
૧	૨૦૧૮-૧૯	૧૦,૭૭૬	૩,૦૧,૮૦૦
૨	૨૦૧૯-૨૦	૧,૬૪૪	૩,૪૭,૭૦૦
૩	૨૦૨૦-૨૧	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.	
૪	૨૦૨૧-૨૨	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.	

વર્ષ	ગ્રામિણ ઓલમ્પિકસ	સ્થળ	તારીખ	સ્પર્ધકો	પુરસ્કારની રાશિ
૨૦૧૭-૧૮	ચૌદમો	તરણેતર	૨૪,૨૫,૨૬/૮/૨૦૧૭	૧,૯૬૯	૨,૩૬,૩૦૦
		દેવગઢ બારીયા	૨૯,૩૦/૯/૨૦૧૭	૮,૭૨૭	૧,૩૧,૦૦૦
	નવમો	આહવા	૨૨,૨૩/૦૨/૨૦૧૮	૨,૦૦૦	૧,૭૦,૮૦૦
૨૦૧૮-૧૯	પંદરમો	તરણેતર	૧૨ થી ૧૫/૦૯/૨૦૧૮	૨,૨૦૦	૨,૩૬,૩૦૦
		દેવગઢ બારીયા	૧૭,૧૮/૧૦/૨૦૧૮	૪,૦૦૦	૧,૩૧,૦૦૦
	દસમો	આહવા	૧૭,૧૮/૦૩/૨૦૧૯	૨,૦૦૦	૧,૭૦,૮૦૦
૨૦૧૯-૨૦	સોળમો	તરણેતર	૨ થી ૫/૦૯/૨૦૧૯	૭૦૦	૨,૩૬,૩૦૦
		દેવગઢ બારીયા	૭,૮/૧૦/૨૦૧૯	૩,૦૦૦	૧,૩૧,૦૦૦
	અગિયારમો	આહવા	૨૮,૨૯/૦૨/૨૦૨૦	૧૫૦૦	૧,૭૦,૮૦૦
૨૦૨૦-૨૧	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.				
૨૦૨૧-૨૨	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.				

(૩) અનુસૂચિત જાતિના ખેલાડીઓ માટે ક્રિડા કૌશલ્ય વર્ધક કાર્યક્રમ

અનુસૂચિત જાતિના ખેલાડીઓ માટે ક્રિડા કૌશલ્ય વર્ધક કાર્યક્રમ અંતર્ગત સ્કીલ ડેવલપમેન્ટ કોચીંગ કેમ્પનું આયોજન વર્ષ ૨૦૧૨-૧૩ના નાણાંકીય વર્ષથી કરવામાં આવે છે.

અનુસૂચિત જાતિની પ્રજામાં પોતાની આગવી જીવન શૈલીને કારણે ખડતલ શરીર અને મજબૂત મન ધરાવે છે. આ લાક્ષણિકતાને પ્રોત્સાહન આપવામાં આવે તો આવી શક્તિઓને જાગૃત કરીને રમતગમત ક્ષેત્રે યોગ્ય દિશા આપવામાં આવે તો ધાર્યા પરીણામો મેળવી શકાય.

અનુસૂચિત જાતિના ખેલાડીઓમાં રહેલી રમત લક્ષી સુષુપ્ત શક્તિઓને કૌશલ્ય વર્ધક કાર્યક્રમ દ્વારા ગુજરાત રાજ્યને રાષ્ટ્ર તેમજ આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર સારા પરિણામો મળી શકશે. આ માટે અનુસૂચિત જાતિના વિસ્તારમાં ખેલમહાકુંભ વિજેતા ખેલાડીઓ/ જિલ્લાકક્ષાના વિજેતા ખેલાડીઓ, રાજ્યકક્ષાની શાળાકીય સ્પર્ધાઓના વિજેતા ખેલાડીઓ, જિલ્લા એસોશીએશન દ્વારા યોજાતી સ્પર્ધાના વિજેતા તેમજ પ્રતિભાવંત ૧૬ વર્ષથી નીચેના વયજૂથના ભાઈઓ /બહેનો માટે કૌશલ્ય વર્ધક કાર્યક્રમ હેઠળ અનુસૂચિત જાતિ વિસ્તારમાં ૨૧ દિવસનો ૫ રમતો માટેનો સ્કીલ ડેવલપમેન્ટ કોચીંગ કેમ્પમાં ઉપર જણાવ્યા અનુસારપાત્રતા ધરાવતા ખેલાડીઓની પસંદગી કરી તાલીમ શિબીરનું આયોજન હાથ ધરવામાં આવે છે.

INDEX

આ યોજનાના અમલ દરમ્યાન ખેલાડીઓને ગણવેશ, રહેવા, જમવા, પ્રવાસ તેમજ વિના મૂલ્યે તાલીમ આપવામાં આવે છે.

ક્રમ	વર્ષ	સંખ્યા
૧	૨૦૧૭-૧૮	૬૦૦૦
૨	૨૦૧૮-૧૯	આયોજન કરેલ નથી
૩	૨૦૧૯-૨૦	આયોજન કરેલ નથી
૪	૨૦૨૦-૨૧	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.
૫	૨૦૨૧-૨૨	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.

(૪) અનુસૂચિત જાતિ વિસ્તારના તાલુકા માટે યોગ સેમીનાર

રાજ્યમાં રમતગમતની પ્રવૃત્તિઓનો વિકાસ થાય એ માટે રાજ્યના તમામ જીલ્લાઓમાં રમત ગમતને અનુરૂપ એવા યોગ કેન્દ્રો અને ફીટનેશ સેન્ટરની સ્થાપનાથી ગ્રામ્ય વિસ્તારના નૈસર્ગિક પ્રતિભા ધરાવતા હોય તેવા ભાઈઓ/બહેનોને પોતાની શકિત સ્વાસ્થ્યવર્ધક રમતગમત પ્રવૃત્તિઓ વધુ પ્રચલિત અને લોકપ્રિય થાય તેવા ઉમદા હેતુથી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા યોગ ફીટનેશ સેન્ટરો રાજ્યના તમામ જીલ્લાઓમાં કાર્યરત કરવામાં આવેલ છે. આ યોજનાનો મૂળભૂત હેતુ રાજ્યના અનુસૂચિત જાતિ ધરાવતા તાલુકાના એવા સ્થળો કે જયાં અનુસૂચિત જાતિની વધારેમાં વધારે વસ્તી ધરાવતા હોય તેવા સ્થળો ઉપર યોગ સેમીનારનું આયોજન કરી અનુસૂચિત જાતિના બાળકોમાં યોગ પ્રત્યેની રૂચિ કેળવાય અને શારીરિક અને માનસિક રીતે સ્વાસ્થ્ય વર્ધક જીવન જીવે તેવા અભિગમ સાથે આ યોગ સેમીનાર માટે યોજના અમલમાં આવેલ છે.

આ સેમીનારમાં અનુસૂચિત જાતિની વસ્તી ધરાવતા યુવક /યુવતીઓ માટે દિવસ-૭ ના યોગ સેમીનારનું આયોજન રાજ્યના ૨૬ જીલ્લામાં કરવામાં આવે છે. જેમાં ભાગ લેવા માટે નિયત નમુનાનું અરજી પત્રક જે તે જીલ્લાના સિનિયર કોચ, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની કચેરીએથી મેળવી સંપૂર્ણ બાયોડેટા સહિતનું અરજીપત્રક ભરી નામ રજીસ્ટ્રેશન કરાવ્યેથી આ યોગ સેમીનારનો લાભ લઈ શકાય છે. આ યોગ સેમીનારના લાભાર્થીઓને વિનામૂલ્યે ભોજન તેમજ એકવાર જવા-આવવાનું ભાડું આપવામાં આવે છે. આ યોગ સેમીનારમાં નીચે મુજબ લાભાર્થીઓએ ભાગ લીધેલ છે.

અનુસૂચિત જાતિ યોગ સેમીનારમાં ભાગ લીધેલ ખેલાડીઓની વિગત

અનુ. નં.	વર્ષ	ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા
૧	૨૦૧૮-૧૯	૩,૩૦૦
૨	૨૦૧૯-૨૦	૨,૮૬૮
૩	૨૦૨૦-૨૧	Covid-19 ના કારણે આયોજન કરેલ નથી.
૪	૨૦૨૧-૨૨	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.
૫	૨૦૨૧-૨૨	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.

(૫) સ્વામી વિવેકાનંદ હીલ શીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષે ક્રિકેટ રમતના પ્રતિભાશાળી અને આશાસ્પદ ખેલાડીઓની નૈસર્ગિક રમતોને બહાર લાવવા સારૂ સ્વામી વિવેકાનંદ હિલ શીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. ત્યાર બાદ જીલ્લામાંથી વિજેતા થયેલ ટીમોનું પ્રદેશ કક્ષાએ આયોજન કરવામાં આવે છે. આ પ્રદેશ કક્ષામાં વિજેતા થયેલ ટીમો રાજ્ય કક્ષાની સ્વામી વિવેકાનંદ હિલ શીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવે છે. આ સ્પર્ધા-યોજના હેઠળ વિજેતા થયેલ ટીમોને પ્રમાણપત્ર અને શીલ્ડ એનાયત કરવામાં આવે છે. સદરહું સ્પર્ધામાં નીચે મુજબ ખેલાડીઓએ ભાગ લઈને ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે.

અનુ. નં.	વર્ષ	ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા
૧	૨૦૧૮-૧૯	૮૪૮
૨	૨૦૧૯-૨૦	આયોજન થયેલ નથી.
૩	૨૦૨૦-૨૧	આયોજન થયેલ નથી.
૪	૨૦૨૧-૨૨	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.

INDEX

(૬) રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર ગુજરાતના ખેલાડીઓને સ્પોર્ટસ કીટ આપવા અંગેની યોજના

રાષ્ટ્રકક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા જતી ગુજરાતની ટીમોના ખેલાડીઓને આગવી ઓળખ માટે રમતને અનુરૂપ ગણવેશ તેમજ ટ્રેકશુટ પ્રત્યેક ખેલાડી દીઠ ₹ ૧,૩૦૦/- ની મર્યાદામાં આપવા માટે મંજુરી આપવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર ગુજરાતની ટીમોના ખેલાડીઓને ₹ ૧,૩૦૦/- ની મર્યાદામાં ગણવેશ (ટ્રેકશુટ તથા રમતને અનુરૂપ ગણવેશ) આપવામાં આવે છે.

ક્રમ	વર્ષ	સંખ્યા	કુલ રકમ (₹)
૧	૨૦૧૮-૧૯	૪૬૪૬	૬૦,૩૯,૮૦૦
૨	૨૦૧૯-૨૦	૦	૦
૩	૨૦૨૦-૨૧	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.	
૪	૨૦૨૧-૨૨	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.	

(૭) ખેલકૂદ વપરાશી સાધનોની ખરીદી

વિવિધ રમતો જેવી કે એથ્લેટીકસ, ફૂટબૉલ, હેન્ડબોલ, જૂડો, સ્વીમીંગ, બોકસીંગ, ટેનીસ, વોલીબોલ, જીમ્નાસ્ટીક, બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, હોકી, ક્રિકેટ, બેડમિન્ટન, કુસ્તી વગેરે રમતો માટેના અદ્યતન સાધનો રાજ્યના પ્રશિક્ષણ કેન્દ્રોમાં પુરા પાડવાની યોજના હેઠળ યુવાન અને આશાસ્પદ ખેલાડીઓને જરૂરી આવા સાધનો દર વર્ષે એસ.એ.જી. દ્વારા તેના નિયંત્રણ હેઠળના જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રોને રમતના સાધનો પુરા પાડવામાં આવે છે.

સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર યોજના

- સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર યોજના અંતર્ગત રાજ્યનાં આંતરરાષ્ટ્રીયકક્ષાએ ભાગ લીધેલ અને રાષ્ટ્રકક્ષાએ પદક વિજેતા ખેલાડીઓને સરકારી અથવા અર્ધ સરકારી અથવા પ્રાઈવેટ સંસ્થાઓમાં રોજગારી મળે તે હેતુથી માર્ગદર્શન આપવા ઉભી કરાયેલ વ્યવસ્થા.
- દરેક જિલ્લામાં જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીમાં સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર કાર્યરત..
- સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર દ્વારા એસોસીએશન, કોચીઝ તેમજ સ્પોર્ટસ સંસ્થાઓ પાસેથી માહિતી મેળવી રમતવીરોનો ડેટાબેઝ અને જિલ્લામાં કાર્યરત ઈન્ડસ્ટ્રીઝ / પ્રાઈવેટ / પબ્લિક / સેક્ટર વગેરે સંસ્થાઓનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેથી દરેક જિલ્લામાં કાર્યરત સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર દ્વારા જિલ્લામાં આવેલ મુખ્ય ઔદ્યોગિક એકમો સાથે સંકલન કરી રમતવીરોને નોકરી માટે અરજી કરવા માર્ગદર્શન આપી શકાય.
- રાષ્ટ્રીય કક્ષાએથી ભારત સરકારના વિવિધ વિભાગો અને સંસ્થાઓ તથા રાષ્ટ્રીયકૃત બેંકો જ્યારે સ્પોર્ટસ ક્વોટામાં ખેલાડીઓની ભરતી માટે જાહેરાત આપે ત્યારે તે જાહેરાતોની અદ્યતન માહિતી સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર દ્વારા તૈયાર કરાયેલ ડેટાબેઝનાં આધારે ખેલાડીઓને વૉટ્સએપ અને ઈ-મેઈલથી નિયમીત રૂપે માહિતગાર કરવા ઉભી કરાયેલ વ્યવસ્થા.
- દરેક જિલ્લામાં કાર્યરત સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર અંતર્ગત ૧૮ થી ૩૦ વર્ષની ઉમર ધરાવતા રાજ્યનાં કુલ ૯૬૪ રમતવીરોની હાલના તબક્કે કરાયેલ નોંધણી.
- દરેક જિલ્લામાં કાર્યરત સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર અંતર્ગત કુલ ૫૫૦૫ મુખ્ય ઔદ્યોગિક એકમોની હાલના તબક્કે તૈયાર કરાયેલ યાદી.
- રાજ્યનાં દરેક જિલ્લાઓમાં આવેલ મુખ્ય ઔદ્યોગિક એકમો, પોલીસ ભરતી, અમદાવાદ કોર્પોરેશન, સુરત કોર્પોરેશન, એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા, CGST અને રીક્રુટમેન્ટ રેલી ઓફ સ્પોર્ટસમેન કેટેગેરી, કિરકીમાં સ્પોર્ટસ ક્વોટામાં આવેલ ભરતી અંગેની જાહેરાત માટે કુલ ૭૨૬ રમતવીરોને સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર દ્વારા અપાયેલ માર્ગદર્શન.
- સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર દ્વારા વિવિધ જગ્યાએ ભરતીમાં આપવામાં આવેલ માર્ગદર્શન થકી નોકરી માટે કુલ ૧૫ રમતવીરોએ અરજી કરેલ

INDEX

સ્વામી વિવેકાનંદ સેન્ટર ઓફ એક્સલન્સ યોજના

રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રકક્ષાએ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થઈ રાજ્યનું અને રાષ્ટ્રનું ગૌરવ વધારે તેવા હેતુથી સ્વામી વિવેકાનંદ બિન-નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર શરુ કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત જે ખેલાડીઓએ (૧) ખેલ-મહાકુંભમાં રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતિય કે તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ હોય અથવા (૨) સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા અથવા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા યોજાતી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરેલ હોય કે વિજેતા થયેલ હોય (૩) રાષ્ટ્રકક્ષાના માન્ય એસોસીએશન દ્વારા યોજાતી નેશનલ ચેમ્પીયનશીપમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરેલ હોય કે વિજેતા થયેલ હોય, આ ત્રણ સિધ્ધીઓમાંથી કોઈપણ એક અથવા વધુ સિધ્ધી પ્રાપ્ત કરનાર જે તે વર્ષના ખેલાડીને તે વર્ષ માટે આ યોજનામાં પ્રવેશ પસંદગી માટે ક્વોલીફાઈડ ગણવામાં આવે છે.

આ યોજના અંતર્ગત પસંદગી પામેલ ખેલાડીઓને સ્ટાઈપેન્ડ તેમજ અન્ય લાભો જેવા કે ન્યુટ્રીશન, સ્પર્ધા પ્રવાસ ખર્ચ એમ કુલ મળી વાર્ષિક અંદાજીત ₹ ૬૫,૦૦૦/- જેટલી રકમ ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત ₹ ૧ લાખ સુધીનું વિમા સુરક્ષા કવચ ખેલાડીઓને આપવામાં આવે છે.

આ યોજનાને વધુ હેતુ લક્ષી બનાવવા માટે સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર નામકરણ કરવામાં આવેલ છે.

નિવાસી સેન્ટર ઓફ એક્સલન્સીના ખેલાડીઓને પ્રતિદિન ₹ ૩૬૦/- લેખે ભોજન ખર્ચ અને સ્પોર્ટસ હોસ્ટેલની સુવિધા ન હોય ત્યાં પ્રતિદિન ₹ ૧૦૦/- નિવાસ ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે. નિવાસી સેન્ટર ઓફ એક્સલન્સના ખેલાડીઓને ઉત્તમ કક્ષાની ભોજન, નિવાસ, પ્રવાસ, અભ્યાસ વિગેરેની સગવડતાઓ સાથે વિમા સુરક્ષા કવચ પણ આપવામાં આવે છે. આ ખેલાડીઓને વિશિષ્ટ કોચીંગ આપવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંત કોચીઝ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. જેમ કે હોકીમાં શ્રી ધનરાજ પિલ્લાઈ, શુટીંગમાં શ્રી ગગન નારંગ વિગેરે જેવા કોચીઝ દરેક રમતમાં રોકવામાં આવેલ છે. આ ઉપરાંત ખેલાડીઓ માટે ફિઝીયોથેરાપિસ્ટ, મેસ્યોર, ફિટનેશ ટ્રેઈનર પણ રોકવામાં આવે છે.

વડોદરા ખાતે બાસ્કેટબોલ, હોકી, શૂટીંગ રમતોની, નડીયાદ ખાતે એથ્લેટીક્સ, આર્ચરી, જૂડો, ફેન્સીંગ, ટેકવોન્ડો, કુસ્તી અને વોલીબોલ, ભાવનગર ખાતે બાસ્કેટ બોલ અને ટેબલ ટેનીસ, અમદાવાદ ખાતે ફૂટબૉલ રમતની, સુરત ખાતે ટેકવોન્ડો રમતની, દેવગઢ બારીયા ખાતે એથ્લેટીક્સ રમતની તથા હિંમતનગર ખાતે ફૂટબોલ,વોલીબોલ તેમજ પાટણ ખાતે ફૂટબોલ રમતની જુદી-જુદી ૧૨ રમતોની ૧નિવાસી તથા બિન-નિવાસી એકેડમીઓ કાર્યરત છે તેમજ તમામ જિલ્લાઓમાં આવેલ ખાનગી કોચીંગ સેન્ટર તથા સરકારી કોચીંગ સેન્ટરોમાં કુલ મળી વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૫૬૧ જેટલા ખેલાડીઓ લાભો મેળવી રહ્યા છે.

આ યોજનાની ફળશ્રુતિના ભાગરૂપે વર્ષ ૨૦૧૯-૨૦માં પસંદગી પામેલ ખેલાડીઓ દ્વારા રાજ્ય તેમજ રાષ્ટ્રકક્ષાએ ૭૪ ગોલ્ડ, ૧૧૬ સિલ્વર અને ૨૪૪ બ્રોન્ઝ મળી કુલ ૪૩૨ મેડલ તથા આંતરરાષ્ટ્રીયકક્ષાએ ૩ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મળી કુલ ૧૧ મેડલ મેળવી રાજ્યનું ગૌરવ વધારેલ છે.

સ્વામી વિવેકાનંદ એક્સલન્સ યોજના અંતર્ગત પસંદગી પામેલ ખેલાડી

(સેન્ટર ઓફ એક્સલન્સ)

ક્રમ	વર્ષ	બિન-નિવાસી ખેલાડીઓની સંખ્યા	નિવાસી ખેલાડીઓની સંખ્યા
૧	૨૦૧૭-૧૮	૧૧૮૮	૫૪૫
૨	૨૦૧૮-૧૯	૧૨૯૩	૫૬૭
૩	૨૦૧૯-૨૦	૯૫૯	૬૦૨
૪	૨૦૨૦-૨૧	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.	
૫	૨૦૨૧-૨૨	Covid-19 ના કારણે આયોજન થયેલ નથી.	

(૧) રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ટીમોને આર્થિક સહાય

સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની શાળાકીય, સુબ્રતો મુખરજી કપ ફૂટબોલ સ્પર્ધા અને જવાહરલાલ નહેરુ હોકી જેવી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાઓમાં ગુજરાતના ખેલાડીઓને ભાગ લેવા માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ગુજરાતની ટીમો મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ આ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા તમામ ખેલાડીઓને સરકારશ્રી તરફથી નિવાસ, ભોજન, પ્રવાસ તેમજ રમતોને અનુરૂપ ગણવેશ જેવી સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત મેડલ મેળવનાર ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવે છે.

INDEX

આ ઉપરાંત ગુજરાત એસ.જી.એફ.આઈ.માં છઠ્ઠા ક્રમે સ્થાન પ્રાપ્ત કરી વધુ એક સિધ્ધિ મેળવેલ છે.

(૨) પ્રિનેશનલ કોચીંગ કેમ્પ

રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રતિ વર્ષે રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવા જતી ગુજરાત રાજ્યની વિવિધ રમતના ટીમના ખેલાડીઓ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં સારો દેખાવ કરી વધુમાં વધુ મેડલ પ્રાપ્ત કરી શકે તે માટે સ્પર્ધા પહેલા ૧૫ દિવસના પ્રિનેશનલ કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ પ્રિનેશનલ કોચીંગ કેમ્પ દરમ્યાન ખેલાડીઓને ભોજન, નિવાસ, પ્રવાસ ખર્ચ સાથે નિષ્ણાંત કોચીંઝ દ્વારા અદ્યતન ઢબે તાલીમ આપવામાં આવે છે.

શિક્ષણ સાથે રમતના સમન્વય યોજના અંતર્ગત ઈન સ્કુલ પ્રોગ્રામ

શિક્ષણ સાથે રમતના સમન્વય માટેની યોજના અંતર્ગત રાજ્યની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓમાં "ઈન સ્કુલ'' યોજના કાર્યાન્વિત કરવા માટે મંજુરી આપવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૭-૧૮માં આદિજાતિ ઈનસ્કુલ યોજનાને શિક્ષણ સાથે રમતના સમન્વય માટેની યોજનાના ટ્રાયબલ વિસ્તારના જીલ્લાઓની સાથે સમાવેશ કરવામાં આવેલ હોવાથી આ બંને યોજનાને એક જ ગણવાની રહે છે.

રાજ્યમાં રમતગમતનો વિકાસ અને તેનો વ્યાપ વધે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને શિક્ષણ સાથે રમતગમતની તાલીમ આપવામાં આવે તો રાજ્યનું રમત-ગમતનું સ્તર ચોકકસપણે ઉચુ આવે તેવા ઉમદા હેતુસર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી શિક્ષણ સાથે રમતના સમન્વય માટેની યોજના અંતર્ગત "ઈન સ્કુલ પ્રોગ્રામ'' શરૂ કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ધોરણ-૧ થી ખેલાડીઓની Mortar એબીલીટી અને સ્કીલ ડેવલોપ કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ વય પ્રમાણે મલ્ટી સ્પોર્ટસ એકસ્પોઝર આપવામાં આવશે. દા.ત.બોકસીંગ અને શુટીંગ જેવી રમતમાં તાલીમની વય ૧૪ વર્ષ બાદ આપવાની હોય માધ્યમિક શાળામાં પણ આ યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શાળાઓ જીલ્લા સ્પોર્ટસ સ્કુલ માટેની નર્સરી તરીકે કામ કરશે અને આ નવી યોજના પ્રમાણે બેઝીઝ ઉપર ઓછામાં ઓછી ૫ વર્ષ માટે રમતની તાલીમ માટે આઉટ સોર્સીંગ દ્વારા કરવામાં આવશે. જેમાં સાધનો પણ એજન્સી લાવે તેવા પ્રયત્નો કરવામાં આવશે. પરંતુ જરૂર પ્રમાણેના સાધનો અને મેદાન વિગેરે માટે કેપીટલ ખર્ચ કરવામાં આવશે. આ યોજના હેઠળ આઉટ સોર્સીંગ એજન્સી સારું પરિણામ આપે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા માટે Incentive Linked Scheme પણ લાવવામાં આવનાર છે. જેમાં પી.પી.પી.મોડ પ્રમાણે એજન્સી અને શાળાને શાળાના સમય બાદ સ્થાનિક પ્રજાને પ્રશિક્ષણ આપવા પ્રોત્સાહિત કરવામાં આવનાર છે.

જેમાં શાળા પસંદગી માટે ફરજીયાત નકકી કરેલ ધોરણોમાં (૧) શાળા ઓછામાં ઓછી ૩ વર્ષ કાર્યાન્વિત હોવી જોઈએ. (૨) મહાનગર પાલિકામાં શાળાના વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી સંખ્યા ૫૦૦ અને અન્ય જીલ્લા સ્તરે ૨૫૦ સંખ્યા હોવી જોઈએ.

તેમજ નીચે જણાવ્યા મુજબ સુવિધા ધરાવતી શાળાને પ્રાધાન્ય આપવામાં આવે.

૧. જે તે જીલ્લાના સાર્વજનિક સંકુલની આસપાસની શાળા

૨. રમતની પ્રાથમિક સુવિધા અથવા મેદાન ધરાવતી શાળા

૩. રમતગમતનું વાતાવરણ ધરાવતી શાળા

૪. નિવાસી શાળા તરીકે શિક્ષણ આપતી હોય તેવી શાળા

૫. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી શાળાઓ

૬. વ્યાયામ શિક્ષક અથવા કોચીઝ ધરાવતી સરકારી શાળાઓને પસંદગી કરવામાં છુટછાટ આપવામાં આવશે.

૭. અભ્યાસ ક્ષેત્રે સારું પરિણામ ધરાવતી શાળાને પ્રાધાન્ય આપવામાં આવશે.

૮. સહ અભ્યાસી (જ્યાં ભાઈઓ અને બહેનો) ભણતા હોય તેવી શાળાઓ

૯. ખાનગી સ્પોર્ટસ કલબની જો સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તો તેની આસપાસની શાળા

રાજ્યના ૩૩ જીલ્લાઓમાંથીઆ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ થી હાલ ૨૦૨૨-૨૩માં કુલ ૨૪૨ શાળાઓ (જુની/નવી/ટ્રાયબલ) પસંદ કરવામાં આવેલ છે. આ યોજનાનું સંપૂર્ણ આયોજન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ વિવિધ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. TSP વિવિધ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. પસંદ થયેલ શાળાઓમાં ટ્રેનરો દ્વારા ખેલાડીઓને તાલીમ આપવામાં આવે છે.

INDEX

સ્કુલ સ્પોર્ટસ કોન્ટેકટ પ્રોગ્રામ

રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભમાં સારું પ્રદર્શન કરેલ શાળાઓને સાધનો અને મેદાન સુધારા માટે સહાય અને તે શાળાના વ્યાયામ શિક્ષકોને તાલીમ આપીને શાળાની Capacity Building માટેની યોજના કાર્યાન્વિત કરવામાં આવે છે.

રાજ્યનું ખેલક્ષેત્રે સારું પરિણામ આપતી શાળાઓનો વ્યાયામ શિક્ષણમાં કેપેસીટી બિલ્ડીંગ અને જરૂરી સાધનો પૂરા પાડી ટ્રેનીંગ મારફતે ખેલકુદ વિભાગમાં પરિણામ સુધારવા માટે આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

ખેલમહાકુંભ-૨૦૧૯માં વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ શાળાઓની પસંદગી કરવામાં આવશે દર વર્ષ છેલ્લા ખેલમહાકુંભ તેમજ અન્ય સ્પર્ધાના પરફોર્મન્સના આધારે શાળાઓમાં ફેરફાર કરી શકાશે. આ શાળામાં જરૂરીયાત પ્રમાણે રમતના સાધનો આપવામાં આવશે. પસંદ થયેલ દરેક શાળાના વ્યાયામ શિક્ષક/ટ્રેનર/કોચને રમત મુજબ ઓન-લાઈન Curriculum આપવામાં આવશે. કોઈ પણ શાળામાં મહત્તમ બે ટ્રેનર્સ / વ્યાયામ શિક્ષકને લાભ આપી શકાશે. તેઓને સ્પોર્ટસના એક્સપર્ટ દ્વારા જરૂર પ્રમાણે સમયાંતરે દિવસ ટ્રેનીંગ આપવામાં આવશે.

આ યોજનાના પ્રથમ તબક્કામાં ૧૦૦૦ શાળાઓના વ્યાયામ શિક્ષકો, બીજા તબક્કામાં ૧૫૦૦ નવી શાળામાં વ્યાયામ શિક્ષકો અને ત્રીજા તબક્કામાં ૨૦૦૦ નવી શાળાઓના વ્યાયામ શિક્ષકોને તાલીમ આપવા માટે આવરી લેવાનો મુખ્ય હેતુ છે. આ યોજના લોન્ચીંગ કરવા માટે એક દિવસીય વર્કશોપ કરવામાં આવેલ. આ વર્કશોપમાં રાજ્યમાંથી ૭૩૦ કરતાં વધુ વ્યાયામ શિક્ષકો હાજર રહેલ. આ વર્કશોપમાંથી ૧૬૪ માસ્ટર ટ્રેનરને ૬ ટ્રેનીંગ મોડયુલ દ્વારા આ યોજનાના નોલેજ પાર્ટનર ELMS દ્વારા તાલીમ આપવામાં આવે છે. જેમાં પ્રથમ મોડયુલની ૪ દિવસીય તાલીમ પૂર્ણ થયેલ છે. પ્રથમ મોડયુલના એસેસમેન્ટ અને એવલ્યુએશન માટે બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરની કચેરી ખાતે વર્ષ ૨૦૧૭-૧૮માં સ્કુલ સ્પોર્ટસ કોન્ટેકટ પ્રોગ્રામની યોજના શરૂ કરવામાં આવેલ. આ યોજનાના અમલીકરણ માટે વર્ષ ૨૦૧૮-૧૯માં ELMS સ્પોર્ટસ ફાઉન્ડેશન સાથે ૧ વર્ષ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતું.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨માં કોરોના વાયરસના કારણે કરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ ૨૦૨૨-૨૩ માં આયોજન કરી સેમીનાર યોજવામાં આવશે.

ડી.એલ.એસ.એસ. યોજના

ગુજરાત રાજ્યમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન પૂરૂં પાડતી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે, જે પૈકી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા અમલમાં મુકાયેલ શિક્ષણ સાથે રમતના સમન્વય સાથેની મહત્વાકાંક્ષી યોજના એટલે કે **"જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ".**

હાલમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૩૯ ડી.એલ.એલ.એસ. શાળાઓ કાર્યરત છે. જેની યાદી તથા પ્રવેશ આપવામાં આવેલ ખેલાડીઓની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	શાળાનું નામ	રમતોનું નામ	YT/PT ખેલાડીઓની સંખ્યા
૧	શ્રી પી.એમ.જી. ઠાકર આદર્શ હાઈસ્કુલ, કડી, જિ.મહેસાણા	જીમ્નાસ્ટીક્સ, વોલીબોલ, હેન્ડબોલ, ટેકવોન્ડો, કબડ્ડી, ફેન્સીગ	૧૨૫
૨	શ્રી જે.બી શાહ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ, મોડાસા, જિ. અરવલ્લી	હોકી, ટેબલ-ટેનીસ, એથ્લેટીકસ	૬૯
૩	શ્રી જે.બી અને એસ.એ સાર્વજનિક શાળા, વ્યારા, જિ. તાપી	એથ્લેટીકસ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, શુટીંગ	૭૯
૪	શ્રી લક્ષ્મણ જ્ઞાનપીઠ સંસ્કારધામ, સાણંદ, જિ. અમદાવાદ	એથ્લેટીકસ, શુટીંગ, ફુટબોલ, આર્ચરી, ચેસ, જુડો	૨૧૯
૫	શ્રી એસ.આર હાઈસ્કુલ, દેવગઢ બારીયા, જિ. દાહોદ	સ્વીમીંગ, આર્ચરી, એથ્લેટીક્સ, જુડો, કુસ્તી, હોકી	૧૮૯
૬	આદર્શ પ્રાથમિક શાળા, ભોલેશ્વર, હિંમતનગર, જિ.સાબરકાંઠા	એથ્લેટીક્સ, આર્ચરી, ખો-ખો, સ્વીમીંગ, ફેન્સીંગ	૪૦

INDEX

ક્રમ	શાળાનું નામ	રમતોનું નામ	YT/PT ખેલાડીઓની સંખ્યા
૭	અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ, રાજપીપળા, જિ.નર્મદા	જીમ્નાસ્ટીક્સ, વોલીબોલ	૬૧
૮	ઉર્મિ સ્કુલ, સમા રોડ, વડોદરા, જિ. વડોદરા	બાસ્કેટબોલ, ચેસ, સ્વીમીંગ, જુડો, કબડ્ડી, ટેબલ ટેનીસ	૨૨૮
૯	સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ, કાળીયાબીડ, ભાવનગર	બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, એથ્લેટીકસ, જુડો, લોન ટેનીસ	૧૭૩
૧૦	શ્રી બ્રહ્માનંદ વિદ્યાલય, ચાંપરડા, જુનાગઢ	રાઈફલ શુટીંગ, કુસ્તી, એથ્લેટીકસ, આર્ચરી, હેન્ડબોલ, વોલીબોલ	૨૫૩
૧૧	લોક વિદ્યાલય, વાલુકડ, પાલિતાણા, જિ.ભાવનગર	ટેબલ ટેનીસ, હેન્ડબોલ, હોકી	૧૬૨
૧૨	શ્રી એચ.કે. ઝાલા હાઈસ્કુલ, લીબડી, જિ. સુરેન્દ્રનગર	હોકી, ફેન્સીંગ, શુટીંગ	૮૦
૧૩	સર પ્રતાપ હાઈસ્કુલ, ઈડર, જિ.સાબરકાંઠા	જુડો, વોલીબોલ, ખો-ખો	૨૧
૧૪	શ્રી સી.વી મિસ્ત્રી સરસ્વતી વિદ્યાલય, ધોળકા, જિ.અમદાવાદ	જુડો, કુસ્તી, કબડ્ડી	૧૧
૧૫	સી. એ. પટેલ લર્નીંગ ઈન્સ્ટીટ્યુટ, મોટા ફોફડીયા, તા.શિનોર, જિ.વડોદરા	જીમ્નાસ્ટીક, આર્ચરી, હોકી	૧૧૦
૧૬	જય ઈન્ટરનેશનલ સ્કુલ, લોધીકા, જિ. રાજકોટ	શુટીંગ, બાસ્કેટબોલ, ફૂટબોલ	૧૧૧
૧૭	શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેકટર-૭, ગાંધીનગર	ફેન્સીંગ, જુડો, હેન્ડબોલ, એથ્લેટીક્સ	૧૩૩
૧૮	શ્રી સી. એન. વિદ્યાલય, કપડવંજ, ખેડા	ફુટબોલ, ટેબલ ટેનીસ, બેડમિન્ટન	૧૧૫
૧૯	આદર્શ હાઈસ્કુલ, પાટણ	જુડો, વોલીબોલ, બાસ્કેટ બોલ, સ્વીમીંગ, ફૂટબોલ, બોકસીંગ	૧૭૫
૨૦	શ્રી એમ.એસ.વી. હાઈસ્કુલ, માધાપર, જિ. કચ્છ	વોલીબોલ, આર્ચરી, હોકી, બાસ્કેટબોલ	૮૫
૨૧	શ્રી જે.આર.દેસાઇ સ્કુલ, મોરવા, તા.મોરવા, જિ.પંચમહાલ	આર્ચરી, કબડ્ડી, ખો-ખો, જુડો	૨૫૬
૨૨	શ્રી બી. બી. એન્ડ પી.બી. હિરપરા કન્યા વિદ્યાલય, કાલાવડ, જિ.જામનગર	ફુટબોલ, ટેક્વોંડો, ફેન્સીંગ	૭૫
૨૩	જી. એમ. પટેલ ગર્લ્સ હાઈસ્કુલ, ધ્રોલ, જિ. જામનગર (કન્યા વિદ્યાલય),	એથ્લેટીક્સ, બાસ્કેટબોલ, જુડો, હોકી	૧૬૪
૨૪	વિદ્યા સભા સ્કુલ, અમરેલી	સ્વીમિંગ, હોકી, શુટીંગ, હેન્ડબોલ, જુડો, એથ્લેટીક્સ	૨૪૦
૨૫	બ્લીસ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, વિજાપુર હાઈવે, માણસા, જિ.ગાંધીનગર	વોલીબોલ, કુસ્તી, હેન્ડબોલ	૧૦૬
૨૬	બી.એસ. પટેલ પ્રાથમિક શાળા, તા.ગણદેવી, જિ.નવસારી	હોકી, ટેબલ ટેનીસ	૨૧

INDEX

ક્રમ	શાળાનું નામ	રમતોનું નામ	YT/PT ખેલાડીઓની સંખ્યા
૨૭	તપોવન સંસ્કાર કેન્દ્ર, તા.ઝાડેશ્વર, જિ.ભરૂચ	ફૂટબોલ, કુસ્તી, કબડ્ડી, એથ્લેટીક્સ, હેન્ડબોલ	૪૬
૨૮	સોમનાથ પ્રાયમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલ, મું. ગોહિલની ખાણ, તા.કોડીનાર, જિ. ગીર સોમનાથ	વોલીબોલ, એથ્લેટીકસ, કુસ્તી, કબડ્ડી, જુડો	૨૯૨
૨૯	મયુર શૈક્ષણિક સંકુલ, મુ.નંદાણા, (જી.એમ.ડી.સી. હાઈસ્કુલ), તા.જામ-કલ્યાણપુર જિ.દેવભુમિ દ્વારકા	વોલીબોલ, એથ્લેટીકસ	૭૭
૩૦	નવ જીવન ન્યુ એરા પબ્લીક સ્કુલ, જિ.મોરબી	ટેકવોંડો, કબડ્ડી, ખો-ખો	૧૩૭
૩૧	શ્રી જી.કે. ધોળકીયા સ્કુલ, પંચાયતનગર બસસ્ટોપ, યુનિવર્સીટી રોડ, રાજકોટ, તા.જિ.રાજકોટ	જુડો, આર્ચરી	૧૨૨
૩૨	શ્રીમતી વિમળા વિદ્યાલય, એજ્યુકેશન કેમ્પસ, ગઢ, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા	એથ્લેટીકસ, કુસ્તી	૯૫
૩૩	આદર્શ સેકન્ડરી અને હાઇ સેકન્ડરી વિદ્યાલય, હડદડ, હડદડ-બોટાદ રોડ, તા.જિ.બોટાદ	હેન્ડબોલ, કુસ્તી	૮૭
૩૪	નવચેતન વિદ્યાલય, જુનાગામ, પો.સુંવાલી, તા.ચોર્યાસી, જિ.સુરત	એથ્લેટીકસ, જુડો	૨૨
૩૫	વી.ડી.ગાલિયાઝ, સુરત	વોલીબોલ, વેઈટ લીફરીંગ, કુસ્તી	૨૭
૩૬	સંદીપની ગુરૂકુલ, પોરબંદર	એથ્લેટીકસ, જુડો	૩૬
૩૭	સેકન્ડરી એન્ડ હાઈસેકન્ડરી સ્કુલ (બોય), સાપુતારા, જી.ડાંગ	એથ્લેટીકસ, આર્ચરી, હોકી	૬
૩૮	ઋતુમ્ભરા કન્યા વિદ્યાલય (બહેનો)	હોકી, એથ્લેટીકસ	૨૨
૩૯	આલ્ફા વિદ્યાલય, જુનાગઢ	ટેબલ ટેનીસ, હેન્ડ બોલ	૯૫
	કુલ		૪૩૬૫

● ડી.એલ.એસ.એસ. યોજના અંતર્ગત પ્રવેશ મેળવેલ ખેલાડીઓને નિવાસ-ભોજન ખર્ચ, સ્પોર્ટસનો ગણવેશ તથા રમતના સાધનો તથા તાલીમ માટેનો ખર્ચ, વિનામૂલ્યે શિક્ષણ, વિશિષ્ટ પૌષ્ટિક આહાર, સ્ટાઈપેન્ડ તથા વીમા કવચની સુરક્ષા વિગેરે જેવા લાભો સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. જે નીચે મુજબ છે.

ક્રમ	વિગત	સુધારા કરેલ ખર્ચની મહત્તમ મર્યાદા
૧	ગાદલા, ઓશીકા, બેડશીટ, પીલો કવર, ચોરસો, મચ્છરદાની, સ્ટેન્લેશ સ્ટીલની થાળી વાટકી ચમચી અને ગ્લાસ, લંચ બોક્સ, વોટર બોટલ, પ્લાસ્ટીકની ડોલ અને ટમ્બલર, પ્લાસ્ટીકની નાની ડોલ અને ટમ્બલર (ડી.એલ.એસ.એસ. યોજનામાં પ્રવેશ સમયે માત્ર એક વખત જ મળવાપાત્ર રહેશે.)	૩,૫૦૦/-
૨	સ્કુલ યુનિફોર્મ (૨ જોડ), સ્કુલ બેગ, બુટ-મોઝા	૩,૦૦૦/-
૩	પુસ્તકો, નોટબુક, અપેક્ષિત	૮,૫૦૦/-
૪	સ્કુલ ઈવેન્ટ, નોન સ્કુલ ઈવેન્ટ, કોમ્પ્યુટર	

INDEX

ક્રમ	વિગત	સુધારા કરેલ ખર્ચની મહત્તમ મર્યાદા
૫	શાળાની ફી (ધોરણ ૧ થી ૧૦ સુધી)	૧૫,૦૦૦/- (૪૦ ટકા શાળા અને ૬૦ ટકા એસ.એ.જી. ખર્ચ ભોગવશે)
	શાળાની ફી (ધોરણ ૧૧ અને ૧૨)	૧૮,૦૦૦/- (૪૦ ટકા શાળા અને ૬૦ ટકા એસ.એ.જી. ખર્ચ ભોગવશે)
૬	શાળામાં એડમિશન ફી વિદ્યાર્થી દીઠ ₹ ૫,૦૦૦ (શાળાની પ્રવેશ ફી ૫૦ ટકા શાળા + ૫૦ ટકા એસ.એ.જી. ડી.એલ.એસ.એસ. યોજનામાં પ્રવેશ સમયે માત્ર એક વખત જ મળવાપાત્ર રહેશે.)	૫,૦૦૦/- વધુમાં વધુ ₹ ૫૦૦૦/- અથવા સ્કુલ ફી બેમાંથી જે ઓછુ હોય તે
૭	હોસ્ટેલ ફી (વાર્ષિક) (શાળાની સ્કુલ ફી, હોસ્ટેલ ફી, ભોજન ખર્ચ અને અન્ય તમામ ખર્ચ મળી જે કંપોઝીટ ફી હોય તેમના ૨૦ ટકા અથવા ₹ ૨૦,૦૦૦/- વાર્ષિક બેમાંથી જે ઓછુ હોય તે. જે શાળાની હોસ્ટેલ ફી ₹ ૧૫૦૦૦/- કે તેથી વધુ હોય તેવી શાળાઓને ઓછામાં ઓછા ₹ ૧૫,૦૦૦/- વાર્ષિક ખર્ચ આપવાના રહેશે.)	૨૦,૦૦૦/-
૮	ભોજન ખર્ચ - વાય.ટી. તથા પી.ટી. પ્રતિ ખેલાડી પ્રતિ દિન (એસ.એ.જી. દ્વારા સૂચિત મેનુ મુજબ શાળાએ દૈનિક ધોરણે ખેલાડીઓની હાજરી મુજબ ભોજન આપવાનું રહેશે.)	₹ ૧૮૦ ભોજન + ₹ ૩૦ એકટ્રા ડાયટ (કાજુ, બદામ) ડ્રાય ફૂટસ
૯	સ્પોર્ટસ કીટ - પ્રતિ ખેલાડી દીઠ વાર્ષિક	૬,૦૦૦/-
૧૦ (અ)	સ્ટાઇપેન્ડ - પ્રતિ ખેલાડી પ્રતિ માસ	૭૫૦/-
૧૦ (બ)	લોન્ડ્રી ખર્ચ - માસિક મહત્તમ મર્યાદા (ખેલાડીઓના લોન્ડ્રી ખર્ચ ભોગવતી શાળાઓએ ખેલાડીઓને સ્ટાઇપેન્ડ ચૂકવી ખેલાડીઓ પાસેથી મેળવવાનો રહેશે)	₹ ૨૫૦/-
૧૧	મેનેજમેન્ટ ચાર્જ વાર્ષિક (માસિક ₹ ૧૫૦૦૦ લેખે વાર્ષિક ₹ ૧,૮૦,૦૦૦/- મેનેજરનું વેતન + ₹ ૨૦,૦૦૦/- લેપટોપ અને ઈન્ટરનેટ કનેકશન માટે ખર્ચ કરવાનું રહેશે દરેક મેનેજરને લેપટોપ અને ઈન્ટરનેટ કનેકશન આપવું અનિવાર્ય છે. મેનેજરની નિમણૂંક કરતા પહેલા ડાયરેકટરશ્રી, ડી.એલ.એસ.એસ. દ્વારા મેનેજરની યોગ્યતા અંગેની ચકાસણી કરાવવાની રહેશે. શાળા દ્વારા જો મેનેજર નિયુક્ત કરેલ હોય તેની પણ યોગ્યતા અંગેની ચકાસણી કરાવવાની રહેશે.	₹ ૨,૦૦,૦૦૦/-
૧૨	ગ્રાન્ટેડ શાળાઓમાં મેદાન મેન્ટેનન્સ શાળાદીઠ વાર્ષિક (ત્રણ રમતો માટે ₹ ૧,૦૦,૦૦૦/- અને ત્રણથી વધારે રમતો હોય તો ₹ ૨,૦૦,૦૦૦/-, મેદાન મેન્ટેનન્સ માટે ત્રણ રમત સુધી ઓછામાં ઓછા એક ગ્રાઉન્ડમેન તેમજ ત્રણથી વધારે રમત હોય તો ઓછામાં ઓછા બે ગ્રાઉન્ડમેન રાખવાના રહેશે)	₹ ૨,૦૦,૦૦૦/- (ત્રણથી વધારે રમત હોય તો)
૧૩	બિનનિવાસી વાય.ટી./પી.ટી.ખેલાડીઓ માટે ભોજન અને ન્યુટ્રીશીયન દૈનિક પ્રતિ ખેલાડી (અ) બપોરનું ભોજન (બ) નાસ્તો (ક) રાત્રી ભોજન અને (ડ) એકસ્ટ્રા ડાયટ પૈકી જે ખર્ચ થશે તે ચુકવવામાં આવશે જે અંગે અગાઉથી ડાયરેકટરશ્રી, ડી.એલ.એસ.એસ.ની મંજુરી મેળવવાની રહેશે	₹ ૧૮૦ ભોજન + ₹ ૩૦ એકટ્રા ડાયટ (કાજુ, બદામ) ડ્રાય ફૂટસ

INDEX

ક્રમ	વિગત	સુધારા કરેલ ખર્ચની મહત્તમ મર્યાદા
૧૪ (અ)	નિવાસી ઈનસ્કુલ ખેલાડીઓના નાસ્તો દૈનિક મહત્તમ મર્યાદા	નીલ
૧૪ (બ)	બિનનિવાસી ઈનસ્કુલ ખેલાડીઓનો નાસ્તો દૈનિક મહત્તમ મર્યાદા	₹ ૩૦/-

શક્તિદૂત યોજના

રાજ્યના રમતગમત ક્ષેત્રેપ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે વર્ષ ૨૦૦૬માં ગુજરાત સરકાર દ્વારા 'શક્તિદુત યોજના' અમલમાં મૂકવામાં આવેલ છે.

રાજ્યના આશાસ્પદ પ્રતિભાશાળી ખેલાડીઓમાં રહેલ ક્ષમતાને ધ્યાને લઈને તેમને જરૂરીયાતના ધોરણે Need Base રમતગમતની સંલગ્ન સુવિધાઓ પુરી પાડી એક્સલન્સ તરફ લઈ જઈ ચેમ્પિયન તૈયાર કરવાનો આ યોજનાનું ધ્યેય છે. ખેલાડીઓના દેખાવ અને ભવિષ્યમાં સારો દેખાવ કરવાની શક્યતાઓને ધ્યાને લઈ તેઓની જરૂરીયાત મુજબ પૌષ્ટિક આહાર રમતગમતની અદ્યતન સુવિધા, આધુનિક સાધનો, સ્પોર્ટસકીટ, સ્પર્ધા ખર્ચ, નિષ્ણાંત પ્રશિક્ષકોની સેવાઓ, મેડીક્લેમ ઉપલબ્ધ કરાવવાની સાથે સાથે મનોવૈજ્ઞાનિક કાર્યશિબિર અને સ્પોર્ટસ મેડીસીન જેવી બાબતો માટે Need Base સહાય તરીકે ખેલાડીઓને પ્રોત્સાહન આપવાની જોગવાઈ છે.

વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૫ સુધી શક્તિદૂત યોજનામાં સમાવિષ્ટ પ્રતિભાશાળી ખેલાડીઓને A, B અને C કેટેગરી અંતર્ગત પ્રાયોરીટી રમતો ના આધારે અનુક્રમે ₹ ૨૫ લાખ, ₹ ૧૫ લાખ અને ₹ ૫ લાખ ની મહત્તમ વાર્ષિક મર્યાદામાં નાણાંકીય સહાય આપવામાં આવતી હતી. પરંતુ વર્ષ ૨૦૧૬-૧૭ થી શક્તિદૂત યોજનામાં ખેલાડીઓની પસંદગી પોઈન્ટ સીસ્ટમ, ઓલમ્પિક ૨૦૨૦/૨૦૨૪ માં ભાગ લેવાની શક્યતાઓ અને નોન ઓલમ્પિક રમતમાં દેશનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓના આધારે કરવામાં આવેલ છે. જેમાં ઓલમ્પિક ૨૦૨૦/૨૦૨૪ ના સંભવિત ખેલાડીઓને વાર્ષિક ₹ ૨૫ લાખ ની મહત્તમ મર્યાદામાં તથા અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓને વાર્ષિક ₹ ૫ લાખ અને અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓ ને ₹ ૨.૫૦ લાખ ની મહત્તમ મર્યાદામાં નીડબેઝ સહાય આપવામાં આવે છે. જેમાં ખેલાડીને વિદેશમાં સ્પર્ધા, ટ્રેનિંગમાં મોકલવાની જોગવાઈ પણ છે. તદ્ઉપરાંત દરેક ખેલાડીઓને ₹ ૫.૦૦ લાખના મેડીક્લેમ અને ₹ ૫.૦૦ લાખના અકસ્માત મૃત્યુ વીમાથી સુરક્ષિત કરવામાં આવે છે.

શક્તિદૂત યોજના અંતર્ગત કુલ ૮૫૦ ખેલાડીઓ લાભ લઈ ચૂક્યા છે તેમજ કુલ ₹ ૨૦.૮૩ કરોડની નાણાંકીય સહાય ચુકવવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત ૭૩ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે જેમાંથી ૩૦ ખેલાડીઓ ઓલમ્પિક ૨૦૨૦/૨૦૨૪ના ટાર્ગેટેડ ખેલાડી તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. હવે શક્તિદૂત યોજનાનો ધ્યેય ૨૦૨૦/૨૦૨૪ માટે ઓલમ્પિયન તૈયાર કરવાનો છે.

પી.આઈ.યુ. યોજના

- વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧ હોસ્ટેલના કામ પૂર્ણ થયેલ છે. ૩ હોસ્ટેલના કામો પ્રગતિ હેઠળ છે. તેમજ ૧ હોસ્ટેલનું કામ શરૂ થનાર છે. જેની અંદાજીત કિંમત ₹ ૭૦૦.૦૦ લાખ છે.
- રાજપીપળા ખાતે ડોરમેટરી બિલ્ડિંગની કામગીરી પ્રગતિમાં છે.
- ૧ મલ્ટીપર્પઝ હોલની કામગીરી પ્રગતિમાં છે.
- ૧ તાલુકા કોમ્પલેક્ષની કામગીરી પૂર્ણ થયેલ છે. ૩ તાલુકા કોમ્પલેક્ષની કામગીરી પ્રગતિમાં છે.
- ૨ સ્વીમીંગ પુલની કામગીરી પૂર્ણ થયેલ છે.
- ગાંધીનગર ખાતે ઈન્ડોર સ્પોર્ટસ બિલ્ડિંગ તેમજ વહીવટી મકાનની કામગીરી પૂર્ણ થવામાં છે. જેની અંદાજીત કિંમત ₹ ૧૧૮૦.૦૦ લખ છે.
- નરોડા (અમદાવાદ) તેમજ સાપુતારા ખાતે સિન્થેટીક એથ્લેટીક ટ્રેકની કામગીરી પ્રગતિમાં છે. રાજપીપળા ખાતે એથ્લેટીક ટ્રેકની કામગીરી શરૂ થનાર છે. જેની અંદાજીત કિમંત ₹ ૭૦૦.૦૦ લાખ છે.
- વડનગર ખાતે સિન્થેટીક એથ્લેટીક ટ્રેક તેમજ અન્ય મેદાનોની કામગીરી શરૂ થવામાં છે.

૪. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી સરકારશ્રીના એક્ટથી વર્ષ ૨૦૧૧માં અમલમાં આવેલ છે. યુનિવર્સિટીને હાલ યુ.જી.સી. દ્વારા 2-Fની માન્યતા મળેલ છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા અત્યારે

INDEX

ટીચર્ચ એજ્યુકેશન પોગ્રામ, હાયર પરફોર્મન્સ ટ્રેનીંગ પોગ્રામ, એપ્લાઈડ સ્પોર્ટસ સાયન્સ એજ્યુકેશન પોગ્રામ, ટેકનીકલ એજ્યુકેશન ટ્રેનીંગ પોગ્રામ અને કોચ એજ્યુકેશન પોગ્રામ કાર્યરત છે. ગુજરાત સરકારશ્રીના એક્ટથી સ્થપાયેલ યુનિવર્સિટી એક્ટની જોગવાઈ મુજબ એફીલીએટિંગ યુનિવર્સિટીનો દરજ્જો ધરાવે છે. સંલગ્ન કોલેજોમાં રમતગમત વિભાગમાં વિવિધ ડિગ્રી/ડિપ્લોમા તથા સર્ટિફિકેટ કોર્ષ પણ ચલાવવામાં આવે છે.

૧) સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના નિર્માણાધીન નવિન સંકુલ ખાતે વહીવટી ભવનનું બાંધકામ, બોયઝ હોસ્ટેલનું બાંધકામ, ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ, સ્ટાફ ક્વાટર્સના બાંધકામ, કેમ્પસ સાઈટ ડેવલપમેન્ટ તથા એથ્લેટીક ટ્રેકના નિર્માણના કામો હાલમાં પ્રગતિમાં છે જે વર્ષ ૨૦૨૨માં પૂર્ણ થશે.

૨) ભારત સરકારશ્રીની ખેલો ઈન્ડિયા યોજના અંતર્ગત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના નિર્માણાધીન સંકુલ ખાતે મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલ તથા આંતરરાષ્ટ્રીય ધારા ધોરણો મુજબ અત્યાધુનિક સ્વીમીંગ પુલનું બાંધકામ હાલમાં પૂરજોશમાં ચાલુ છે, જે વર્ષ ૨૦૨૨માં પૂર્ણ થશે.

૩) યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધી સમગ્ર રાજ્યમાંથી કુલ ૦૭ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને સંલગ્નતા આપવામાં આવેલ જેમાં ચાલુ વર્ષે અન્ય ૦૫ શૈક્ષણિક સંસ્થાઓને સંલગ્નતા આપવમાં આવેલ છે. આમ, ચાલુ વર્ષે કુલ ૧૨ સંલગ્નતા પ્રાપ્ત કોલેજોમાં રમતગમત વિભાગમાં વિવિધ અભ્યાસક્રમો માટે કુલ ૪૦૦ બેઠકોના વધારો થયેલ છે.

૪) સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા રાજ્યભરના દિવ્યાંગ રમતવીરોના કોચ અને ટ્રેઈનર્સ માટે ત્રિદિવસીય 'ટ્રેઇન ધ ટ્રેઈનર્સ' કાર્યક્રમ દ્વારા દિવ્યાંગ રમતવીરોની તાલીમને લગતા વિવિધ વિષયો પર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

૫) સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે રાજ્યની વિવિધ કુલ ૦૫ યુનિવર્સિટીઓ સાથે શારીરિક શિક્ષણ, રમત વિજ્ઞાન અને રમત ટેક્નોલોજીના માધ્યમથી પારસ્પરિક હિતોના ઉત્તેજન અને વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ, સંશોધન તેમજ પ્રશિક્ષણના કાર્યમાં સહયોગ સાધવા સમજૂતી કરાર કરવામાં આવ્યાં.

૫. નિયામક, પુરાતત્વ અને સંગ્રહાલયની કચેરી ગાંધીનગર

૧. નિયામક સંગ્રહાલયની કચેરી

પ્રસ્તાવના

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક આરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦/૨૨/આર તેમજ રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના તા. ૨૧/૦૨/૨૦૧૪ ઠરાવ ક્રમાંક મકમ/૧૦૧૩/૧૧૯૦/ક થી નિયામક પુરાતત્વ અને સંગ્રહાલય કચેરીનું એકીકરણ કરતાં નિયામકશ્રી પુરાતત્વ અને સંગ્રહાલય કચેરી અસ્તિત્વમાં આવેલ છે. જે રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ મુકાયેલ છે. અને આ ખાતાના વડા સંચાલન સદર વિભાગ દ્વારા થાય છે.

સંગ્રહાલય કચેરીનો વહીવટ નિયામક પુરાતત્વ અને સંગ્રહાલય દ્વારા કરવામાં આવે છે. જેની કચેરી ગાંધીનગર ખાતે તા.૨૩-૧૦-૨૦૧૩થી અભિલેખાગાર ભવન, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે કાર્યરત કરવામાં આવેલી છે અને તેમના તાબા હેઠળ નીચે મુજબના સંગ્રહાલયો કાર્યરત છે

1. મ્યુઝિયમ અને પિકચર ગેલેરી સયાજીબાગ વડોદરા.
2. કચ્છ મ્યુઝિયમ, હમીરસર તળાવની સામે ભુજ
3. વોટસન મ્યુઝિયમ, જ્યુબીલીબાગ રાજકોટ.
4. જુનાગઢ મ્યુઝિયમ, તાજમંજીલ બીલ્ડીંગ સરદારબાગ, જુનાગઢ.
5. વડનગર મ્યુઝિયમ, વડનગર. જિ- મહેસાણા
6. પ્રભાસપાટણ મ્યુઝિયમ, પ્રભાસપાટણ (વેરાવળ) જિ-ગીર-સોમનાથ
7. પુરાતત્વીય મ્યુઝિયમ, લાખોટા તળાવ જામનગર
8. બાર્ટન મ્યુઝિયમ, ગાંધી સ્મૃતી ભાવનગર
9. પાટણ સંગ્રહાલય, ઉત્તર ગુજરાત, પાટણ
10. ગાંધી સ્મૃતિભવન, ચોપાટી પાસે, પોરબંદર

11. દાંડીકુટીર સંગ્રહાલય, માહાત્મા મંદિરની સામે, સેક્ટર-૧૪, ગાંધીનગર
12. શામળાજી મ્યુઝિયમ, શામળાજી, (તા. ભિલોડા)(અરવલ્લી) (આદિજાતિ વિસ્તાર)
13. સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલય, બારડોલી (જિ-સુરત) (આદિજાતિ વિસ્તાર)
14. સાપુતારા મ્યુઝિયમ, સાપુતારા (આહવા) ડાંગ(આદિજાતિ વિસ્તાર)
15. છોટાઉદેપુર મ્યુઝિયમ, છોટા ઉદેપુર (આદિજાતિ વિસ્તાર)
16. ધી લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુર. જિ-વલસાડ (આદિજાતિ વિસ્તાર)
17. વડનગર સંગ્રહાલય, વડનગર (સંગ્રહાલયનું નવું બિલ્ડીંગ)
18. વડનગર આર્યોલોજીકલ એકસપીરીયનસલ સંગ્રહાલય, વડનગર
19. દ્વારકા મ્યુઝિયમ, દેવભૂમિ દ્વારકા

સંગ્રહાલય કચેરીનો મુખ્ય ઉદ્દેશ

- સંગ્રહાલય કચેરીનો મુખ્ય ઉદેશ સમાજના વિકાસમાં સેવાઓ આપવાનો અને આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાનું પણ જતન કરી લોકોને અને જ્ઞાન પુરુ પાડવાનો છે..

સંગ્રહાલય કચેરીની વિવિધ પ્રવૃત્તિઓ

સંગ્રહાલય કચેરી નીચેની મુખ્ય પ્રવૃત્તિઓ કરે છે.

1. વારસાગત સાંસ્કૃતિક વસ્તુઓની સાચવણી તથા નવીન વધારાની વસ્તુઓનો સંગ્રહ કરી હાલના સંગ્રહાલયોને સમૃદ્ધ કરવા.
2. જાહેર જનતાને લાભ થાય તે હેતુ લક્ષ્યમાં રાખીને આધુનિક ઢબે સંગ્રહાલયની પુનઃરચના કરવી.
3. મુલાકાતીઓને શૈક્ષણિક સગવડતાઓ આપવી. તથા વિદ્યાર્થીઓને તથા સંશોધકોને તેમના વિષયોના ક્ષેત્રકમાં જરૂરી માહિતી અને સહાય આપવી.
4. ખાનગી સંગ્રહાલયોને ગ્રાન્ટ આપવી.
5. સંગ્રહાલય ખાતાના નમુનાઓની જાળવણી તથા તેની સંભાળવાની કામગીરી .
6. મૃત પ્રાણી, પક્ષીઓના ચામડાની રસાયણીક સારવાર આપી ફરીથી સાકારરુપ બનાવવા.
7. સંગ્રહાલયને લગતા વિષય પર નિષ્ણાંતોના વ્યાખ્યાનો જાહેરજનતા માટે ગોઠવવાનું તથા સામાન્ય જનતાને અને વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ મળે તે પ્રમાણે શૈક્ષણિક ફિલ્મ-શો યોજવા.
8. સામાન્ય જનતાને શિક્ષણનો લાભ મળે તે માટે ખાસ પ્રદર્શનો યોજવા .
9. સંગ્રહાલયોના નમુનાઓ ઉપર સંશોધન કરી લખવામાં આવેલ લેખો પ્રકાશનો દ્વારા પ્રસિદ્ધ કરવાની કામગીરી.
10. સરકારી બિન સરકારી સંગ્રહાલયોના વાર્ષિક નિરીક્ષણ.

રાજ્યના દરેક જિલ્લામાં એક સંગ્રહાલય સ્થાપવાની યોજના હોવાથી ઐતિહાસિક, ધાર્મિક તેમજ આદિવાસી વિસ્તારમાં સંગ્રહાલયોના બહોળા પ્રચાર માટે ત્યાંની સ્થાપત્ય કલા સાચવવા માટે સંગ્રહાલયોની સ્થાપના કરવી.

સંગ્રહાલય ખાતુ, ગુજરાત રાજ્યની સિદ્ધિઓ

- વડોદરા મ્યુઝિયમ અને પિકચર ગેલેરીના એક સો વર્ષ જુના મકાનના કન્ઝરવેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- ટ્રાયબલ તથા નોન ટ્રાયબલ વિસ્તારના મ્યુઝિયમો માટે કલા સંસ્કૃતિને લગતા નમુનાઓ ખરીદવાની કામગીરી હાથ ધરેલ છે. ટ્રાયબલ તેમજ નોન ટ્રાયબલ વિસ્તારના મ્યુઝિયમોમાં આવેલા નમુનાઓ રિસ્પ્લે કરવાની કામગીરી તેમજ વિભાગો રીઓર્ગેનાઈઝેશનની કામગીરી હાથ ધરેલ છે.
- ટ્રાયબલ તેમજ નોન ટ્રાયબલ વિસ્તારના મ્યુઝિયોમોમાં આવેલા નમુનાઓના ડોકયુમેન્ટેશનની અને ફોટોગ્રાફીની કામગીરી હાલ ચાલુ છે.
- ખાતાના બાકી રહી ગયેલા મ્યુઝિયમો માટે અદ્યતન મશીનરી ઇકવિપમેન્ટ ખરીદીની કામગીરી હાથ ધરેલ છે.

- વડનગર ખાતે આર્કયોલોજીકલ એકસ્પીરીયન્સલ મ્યુઝિયમ બનાવવાની કામગીરી તથા દ્વારકા ખાતે R&B દ્વારા તૈયાર કરેલ ભવનમાં સંગ્રહાલય વિકસાવવા અંગેની કામગીરી ચાલુ છે.
- લેડી વિલ્સન મ્યુઝિયમ ધરમપુર બિલ્ડીંગના વિકાસના કામો માટેની નવી બાબત
- કેવડિયા ખાતે પદર રજવાડાની એકતા દર્શાવાતું સંગ્રહાલય તૈયાર કરવા માટે જરૂરી જમીન સંપાદની કામગીરી કરેલ છે.
- સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જીવન આધારીત સંગ્રહાલય તૈયાર કરવા માટે જમીન સંપાદની કામગીરી પ્રગતીમાં છે.
- બરોડા ખાતે વડોદરા મહાનગરપાલીકા હસ્તકની તાંબરકર વાડાની જુની અને જર્જરીત ઈમારતની જગ્યાએ "ગુજરાત પેઈન્ટિંગ મ્યુઝિયમ"ની સ્થાપના માટે ડિઝાઈન અને ટેકનીક્લ એજન્સીની નિમણૂંક કરેલ છે.
- કોવિડ૧૯ની વૈશ્વિક મહામારીમાં કલા રસીકો તેમજ સામાન્ય લોકો સંગ્રહાલનો લાભ લઈ શકે તે માટે વેબીનાર ક્રમ વર્ચ્યુઅલ ટૂરનું આયોજન કરેલ છે.

સંગ્રહાલય કચેરીની પ્રવૃત્તિઓનો સારાંશ

ગુજરાતમાં ખ્યાતિ પામેલા ખાનગી મ્યુઝિયમોની સંખ્યા પણ સારી એવી છે. જેની સંભાળ રાખવાની કામગીરી સંગ્રહાલય ખાતાએ સ્વીકારેલી છે. અને સંગ્રહાલય કચેરી, હવે ખરેખર પ્રાદેશિક લોકો માટે તેની સંસ્કૃતિનુ કેન્દ્ર બનવા શકિતશાળી બન્યુ છે. જે માટે ખાનગી સંગ્રહાલયોને વિકાસની કામગીરી માટે ગ્રાન્ટ ઈન એઈડ હેઠળ દર વર્ષે ૨૦થી વધુ સંગ્રહાલયોના કેટેગરી વાઈઝ A- ૩ લાખ, B - ૨ લાખ અને C- ૧ લાખ અનુદાન આપવાની યોજના અમલી છે.

સંગ્રહાલય આનંદ સાથે શિક્ષણ આપે છે. અને આનંદની સાથે શિક્ષણ જુદા જુદા પ્રદેશોને લોકોમાં કોઈપણ જાતના, જાતિના, ઉમરના કે યોગ્યતાના ભેદભાવ રાખ્યા વગર આપે છે. આ ફકત આનંદ અને સૌન્દર્યતાના જ્ઞાનનો વિકાસ થાય તે માટે મ્યુઝિયમોનો વિકાસ કરવામાં આવતો નથી પરંતુ મનુષ્ય કે જે સમાજનો એક ભાગ છે. તે સમાજને ઉપયોગી થાય તે પ્રમાણે મ્યુઝિયમમાં કલાની ગોઠવણી કરવામાં આવે છે, નમૂનાઓના કોન્ઝર્વેશન અને પ્રીઝર્વેશન માટે વડોદરા ખાતે સેન્ટ્રલ કોન્ઝર્વેશન લેબોરેટરી કાર્યરત છે. સંગ્રહાલય ખાતુ, સમાજ પ્રત્યે કર્તવ્યની જવાબદારી પુરી કરવા માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી કે ફિલ્મ શો, ગેલેરી ટોક, શિક્ષણને લક્ષ્યમાં રાખીને પ્રર્દશન ગોઠવવાનું વગેરે કાર્યક્રમ યોજી કર્તવ્ય પુરૂ કરે છે. આ ઉપરાંત ભારતમાં મ્યુઝિયમની પ્રગતિ તરફ પ્રજાનુ આકર્ષણ વધે તે માટે ખાસ પ્રદર્શન યોજવામાં આવે છે તથા કલા પ્રવૃત્તિઓના પ્રયોગો, સંગ્રહાલયને લગતા કાર્યક્રમો યોજવામાં આવે છે.

દેશનો સાંસ્કૃતિક કલાકૃતિઓનો ખજાનો દેશબહાર ચાલ્યો ન જાય તે માટે તેવા ખજાનાને ખરીદી કરીને અથવા ટ્રેઝર ટ્રોવ એકટ અનુસાર ભેટ રુપે મેળવીને સાચવી રાખવો એ સંગ્રહાલય ખાતાની મુખ્ય ફરજોમાંની એક છે. આ કાર્યવાહી રાજ્ય કક્ષાની આર્ટ પરચેઝ કમીટી કરે છે હાલના જુના મ્યુઝિયમોને ફરીથી પુનઃગોઠવણી કરી વિકસાવવાની યોજના હાથ ધરવામાં આવેલી છે. રાજ્યના ઐતિહાસિક સ્થળોમાં તથા મુખ્ય આદિજાતિ વિસ્તારોમાં નવા મ્યુઝિયમો તૈયાર કરવા માટેનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. ઓલ્ડ જુનાગઢ સ્ટેટના નવાબની જવેલરી તથા ઘરેણા જાહેર જનતા નિહાળી શકે તે માટે જુનાગઢ ખાતે તાજ મંઝિલ નામના મહેલમાં ડિસ્પ્લે માટે વર્ષ ૨૦૧૯-૨૦માં કામગીરી પુરી થઇ જાય તેવું આયોજન છે.

(૨) નિયામક પુરાતત્વની કચેરી

પુરાતત્વ કચેરીની વિવિધ પ્રવૃત્તિઓથી પરોક્ષ રીતે શિક્ષણ, અવિધિસરનાં શિક્ષણ અને સાંસ્કૃતિક શિક્ષણનાં કાર્યમાં બળ મળે છે. લોકોને અનાયસે વિવિધતામાં એકતાના દર્શન થાય છે. પરીણામે રાષ્ટ્રીય માનસિકતા અને આદ્યાત્મિક એકીકરણ સર્જાય છે.

કચેરીની કામગીરી

(૧) ગામે ગામની પુરાતત્વીય મોજણી.

(૨) મહત્વની પ્રાચીન નદોઓની મોજણી

(૩) સ્થાપત્યકીય સ્મારકોની મોજણી.

(૪) પંસદગીના મહત્વના સ્થળોએ ઉત્ખનન

(૫) રાજ્ય રક્ષિત સ્મારકોના રક્ષણ જાળવણી, પુરારક્ષણ, રાસાયણીક માવજત(સંરક્ષણ), વિજળીકરણ અને સ્થાનિક પરીવેશ તથા પર્યાવરણ જાળવણી સૌદર્ય વૃધ્ધિ

(૬) પુરાતત્વીય મહત્વની બાબતોનું પ્રકાશન

INDEX

(૭ પુરાતત્વીય બાબતો અંગે વિદ્યાર્થીઓ, અધ્યાપક, સંશોધકો અને રસ લેતા સહુને ઈષ્ટ માહિતી પ્રદાન

(૮) પુરાતત્વીય પ્રદર્શનોનું આયોજન તથા સ્મારક ઉત્સવોની ઉજવણી

(૯) પુરાતત્વને લગતા બોર્ડ, સમિતિ આદીને લગતી કાર્યવાહી

(૧૦) કોચરબ ખાતે મહાત્મા ગાંધી સ્મારકના વહીવટ માટે ગુજરાત વિદ્યાપીઠને અનુદાન

(૧૧) પુરાતત્વ વિષયક સંશોધન લેખો, પુસ્તિકાઓ વિગેરે પ્રકાશન કરવા માટે જે તે સંસ્થા, કોલેજ, યુનિવર્સીટીને ગ્રાન્ટ - ઈન- એઈડ થી નાણાંકીય સહાય.

(૧૨) રાજ્ય રક્ષિત સ્મારકોની સાફસફાઇ માટે તથા અરક્ષિત હેરીટેજ ઈમારતોની જાળવળી માટે સંસ્થાઓ, નગરપાલિકાઓને ગ્રાન્ટ-ઈન-એઈડથી નાણાંકીય સહાય.

સર્વેક્ષણ અને ઉત્ખનન

પુરાતત્વ કચેરીની તકનીકી કામગીરીનો પ્રારંભ પુરાતત્વીય સર્વેક્ષણથી થાય છે. આ કાયમી પ્રકારનું કાર્ય છે. સર્વેક્ષણનું એક ચક્ર થયે બીજું ચક્ર શરૂ કરવાનું અને ચાલુ માસમાં પણ ફેર તપાસ કયારેક જરૂરી બને છે. આ કામગીરી કચેરીની ત્રણ (૩) વર્તુળ કચેરીઓ મારફત કરવામાં આવે છે. આ કામગીરીમાં નીચે જણાવેલ પ્રકારના કાર્યોનો સમાવેશ થાય છે.

(૧) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા તરફથી થતી પૃચ્છાનો જવાબ દેવા માટે જરૂરી હોય તો કરવાની સ્થળ તપાસ (૨) ભૂમિગત ભંડાર પ્રાપ્તિ અને તેના પ્રાપ્તિ સ્થાનનું નિરીક્ષણ (૩) દરેક ભંડાર પ્રાપ્તિ અને તેના પ્રાપ્તિ સ્થાનનું નિરીક્ષણ (૪) પુરાતત્વીય સંશોધનની માહિતી એકઠી કરવા માટે ગામે ગામની મોજણી (૫) પ્રાગ ઐતિહાસિક અને આદ્ય ઐતિહાસિક સંસ્કૃતિઓની ભાળ મેળવવા માટે નદીઓના કાંઠા, ભાઠાં અને ખીણની મોજણી (૬) મહત્વના પુરાતત્વીય કે ઈતિહાસ વિષયક પ્રશ્ન બાબત નવી વધુ માહિતી મેળવવા માટેના વિશિષ્ટ ક્ષેત્રો - વેષણો અગાઉ થઈ ગયેલ કે કોઈપણ વર્ષે હાથ ધરવામાં આવતા ક્ષેત્રાન્વેષણ દરમ્યાન નોંધાતા મહત્વના પસંદગીના ટીંબા ઉપર ઉત્ખનન કાર્ય હાથ ધરાય છે. ભુસ્તર આદી વિજ્ઞાનના પાયાના તત્વો ઉપર પુરાતત્વીય ઉત્ખનનો આધાર રહ્યો છે. અમુક પુરાવશેષો એકઠા કરવા માટે પુરાતત્વીય ઉત્ખનન કરી શકાય નહી. મહત્વની વસ્તુ પુરાવો છે. જેની અવગણના થઈ શકે નહી. વૈજ્ઞાનિક સર્વેક્ષણ બાદ જરૂરી જણાય તો જ ઉત્ખનન હાથ ધરી શકાય સોમનાથ, રોજડી, લાંઘણજ, દ્વારકા અને ચિરોડા તેમજ કચ્છમાં પાબુમઠ માં ઉત્ખનન થઈ ચુકયા છે. અને મહેસાણા જિલ્લામાં વડનગર મુકામે પણ ઉત્ખનની કામગીરી કરવામાં આવેલ. હાલમાં ચાલુ વર્ષમાં ઓગષ્ટ -૧૮ માં કચ્છ જીલ્લાના બૌધ્ધ સાઈટ સિયોત તા.લખપત ખાતે ઉત્ખનની કામગીરી કરવામાં આવેલ છે.

સ્મારકોનું પુરારક્ષણ

પુરારક્ષણ એટલે વિશિષ્ટ સમારકામ મારફત સંરક્ષણ. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. (૧) સામાન્ય સાફ સફાઈનું કામ (૨) ચોમાસા પહેલાનું પછીનું સમારકામ (૩) વિશેષ સમારકામ (૪) સ્મારકના વિસ્તારના પરિવેશ અને પર્યાવરણની જાળવણી (૫) ખાસ કિસ્સામાં સ્મારકનું વિજળીકરણ, પુરાતત્વીય ઉદ્યાન સૌંદર્યવૃદ્ધિ કામ.

સ્મારકો અને પુરાવશેષોનું રાસાયણિક સંરક્ષણ

કેટલાક પદાર્થોમાં સ્થાનિક વાતાવરણ મુજબ વિઘટનની પ્રક્રિયા ઓછા વતા અંશે થતી હોય છે. આબોહવા પ્રદુષણના આ યુગમાં આવી પ્રક્રિયા વધુ ઉગ્ર બને તે સ્વભાવિક છે. આથી સ્મારકોના માત્ર સમારકામ ઉપરાંત સ્મારકોને, પુરાવશેષોને આવશ્યકતા અનુસાર રાસાયણિક માવજત આપવી જરૂરી રહે છે. આ કામ માટે ખાતામાં પુરાતત્વીય રાસાયણિક પ્રયોગશાળા અને જરૂરી મહેકમની રચનાં કરવામાં આવી છે.

૬. નિયામક, ગ્રંથાલય કચેરી, ગાંધીનગર

૧. ગ્રંથાલય વિકાસ

મથકોએ સરકારી જિલ્લા ગ્રંથાલયો, ૮૫ તાલુકાઓમાં સરકારી તાલુકા ગ્રંથાલયો, ૨ વિશિષ્ટ ગ્રંથાલયો તથા ૩૨ સ્વર્ણિમ તાલુકા ગ્રંથાલયો મળી ૧૪૭ સરકારી ગ્રંથાલયો કાર્યરત છે. સને ૨૦૨૦-૨૧ માં કોવિડ-૧૯ની મહામારી વચ્ચે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ આ ગ્રંથાલયો દ્વારા પ્રજાજનોને ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

૨. નિયામક ગ્રંથાલય કચેરી

રાજ્યમાં સરકારી ગ્રંથાલયોના વહીવટ અને વિકાસ માટે તેમજ સરકારી, અનુદાન મેળવતા ટ્રસ્ટના, ખાનગી ગ્રંથાલયોના નિયંત્રણ માટે નિયામક ગ્રંથાલયની કચેરી આવેલી છે.

૩. વિભાગીય (ઝોનલ) કચેરીઓ

રાજ્યમાં સરકારી ગ્રંથાલયોના વહીવટ માટે તેમજ સરકારી અનુદાન મેળવતા જાહેર/ ખાનગી/ ટ્રસ્ટના ગ્રંથાલયોને અનુદાન વિતરણ, તેના નિરીક્ષણ વગેરે કામગીરી માટે રાજ્યમાં આવેલ (જિલ્લા સમુહ/ઝોનલ) ૬ વિભાગીય કચેરીઓ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર અને મહેસાણા ખાતે કાર્યરત છે. જે મદદનીશ ગ્રંથાલય નિયામકની કચેરી તરીકે ઓળખાય છે.

૪. સરકારી ગ્રંથાલયો

રાજ્યમાં ૨૬ જિલ્લાઓમાં જિલ્લાઅને તાલુકા કક્ષાના ગ્રંથાલયો આવેલ છે. ગ્રંથાલયોની કક્ષાના નકકી કરવાના માપદંડ મુજબ તેના વિકાસ માટે જરૂરી નવી જગ્યાઓના મહેકમ ખર્ચને પહોંચી વળવા માટે તેમજ નવા ગ્રંથાલયોના વિકાસ માટે જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૫. કેન્દ્ર સરકારના મિશનરાજા રામમોહનરોય લાયબ્રેરી ફાઉન્ડેશન કલકત્તાનો પુસ્તક ખરીદવા, ગ્રંથાલયની ફર્નિચર સુવિધા માટેની ગ્રાન્ટ યોજનાનો ફાળો

રાજા રામમોહનરોય લાયબ્રેરી ફાઉન્ડેશન, કલકત્તા તરફથી દરેક રાજ્યના ગ્રંથાલય તંત્ર સાથે સહયોગ સાધી રાજ્યના સરકારી જાહેર ગ્રંથાલયોને ગ્રંથ ખરીદ કરવા કુલ ખર્ચના ૫૦% અનુદાનનો હિસ્સો આપવામાં આવે છે. આ માટે રાજા રામમોહનરોય લાયબ્રેરી ફાઉન્ડેશન, કલકત્તા અને ગ્રંથાલય તંત્રનો ફાળો ૧ : ૧ ના પ્રમાણમાં હોય છે.

૬. સહાયક ગ્રાન્ટ

સહાયક ગ્રાન્ટ રાજ્યના ગ્રામિણ વિસ્તારોમાં પ્રજાજનોને વિનામૂલ્યે વાંચન સાહિત્ય ઉપલબ્ધ બને તે માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓને જાહેર ગ્રંથાલયો શરૂ કરવા માન્યતા આપી નિભાવ અનુદાન ચુકવવામાં આવે છે. વધુમાં રાષ્ટ્રીય અંધજન મંડળની જિલ્લા શાખાઓને જિલ્લા સ્તરે અંધજન (બ્રેઇલ) લાઇબ્રેરી શરૂ કરવા માન્યતા આપી નિભાવ અનુદાન ચુકવાય છે. રાજ્યમાં શહેર ગ્રંથાલયોથી લઇ ગ્રામ ગ્રંથાલયો સુધીના કુલ ૩૨૪૬ અનુદાનિત ગ્રંથાલયો પ્રજાજનોને ગ્રંથાલય સેવાઓ પુરી પાડે છે. જેમાં ૧૩ અંધજન (બ્રેઇલ) ગ્રંથાલયોનો પણ સમાવેશ થાય છે. આ અનુદાનિત ગ્રંથાલયોને ₹ ૧૫,૦૦૦ થી લઇ ₹ ૫.૦૦ લાખનું નિભાવ અનુદાન ચુકવાય છે.

૭. હાંસોટ, જિ.ભરૂચ ખાતે વર્ષ ૨૦૨૦-૨૧માં નવું સરકારી તાલુકા ગ્રંથાલય શરૂ કરવામાં આવેલ છે. આ ગ્રંથાલય દ્વારા પ્રજાજનોને ગ્રંથાલયની સેવાઓ પુરી પડાઇ રહી છે. સને ૨૦૨૦-૨૧માં મધ્યવર્તી ગ્રંથાલય વડોદરા ખાતે વિદ્યાર્થી અધ્યયનકક્ષનું નિર્માણ કાર્ય પૂર્ણ કરાયેલ છે. સને ૨૦૨૦-૨૧માં ડીસા, જિ.બનાસકાંઠા ખાતે કાર્યરત સરકારી તાલુકા પુસ્તકાલયનું નવીન ગ્રંથાલય ભવન તૈયાર કરાયેલ છે. સને ૨૦૨૦-૨૧માં દાંતા, જિ.બનાસકાંઠા ખાતે કાર્યરત સરકારી તાલુકા પુસ્તકાલય દાંતાનું નવીન ગ્રંથાલય ભવન તૈયાર કરાયેલ છે. સને ૨૦૨૦-૨૧માં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે જુના ટોયલેટ બ્લોકનું રીનોવેશન કાર્ય કરાયેલ છે.

૮. રાજ્યના વિદ્યાર્થી વાચક વર્ગને ધ્યાને રાખીને વર્તમાન સમયે સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી, અભ્યાસલક્ષી અને વ્યવસાયલક્ષી સાહિત્ય પણ ઉપલબ્ધ બને તે ઉદ્દેશથી સને ૨૦૧૦-૧૧થી રાજ્ય સરકારશ્રી દ્વારા "ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્પર્ધાત્મક સાહિત્ય યોજના" ની શરૂઆત થયેલ છે. આ યોજના હેઠળ રાજ્યના અનુસુચિત જાતિની વસ્તી ધરાવતા વિસ્તારના સાર્વજનિક ગ્રંથાલયો, રાજ્ય સરકારશ્રી દ્વારા સ્પર્ધાત્મક સાહિત્ય વસાવી પૂરું પાડવામાં આવે છે.

૯. રાજ્યના ઉમરપાડા-જિ.સુરત, રાજપીપળા-જિ.નર્મદા, આહવા-જિ.ડાંગ, પલસાણા-જિ સુરત, દેડીયાપાડા-જિ.નર્મદા, તરસાડી કૉસંબા-જિ.સુરત, વઘઇ-જિ.ડાંગ અને ભિલોડા- જિ.અરવલ્લી ખાતે જમીન સંપાદનનું કાર્ય પૂર્ણ થયેલ છે. ગ્રંથાલયના નવીન ભવન નિર્માણ માટેની કાર્યવાહી હાથ ધરાશે.

૧૦. ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી અંતર્ગત "આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે તેમજ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની ૧૨૫ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે રાજ્યમાં આવેલ તમામ ગ્રંથાલયોમાં આઝાદીના પુસ્તકોનું અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવે છે.

૭. નિયામકશ્રી, અભિલેખાગાર કચેરી, ગાંધીનગર

ગુજરાત રાજ્ય અભિલેખાગાર કચેરી દ્વારા રેકર્ડની વૈજ્ઞાનિક રીતે સાચવણી, જાળવણી, સંરક્ષણ, મરામતની મુખ્ય કામગીરી છે. રાજ્ય સરકારની કચેરીઓને રેકર્ડ મેનેજમેન્ટ અંગે સલાહ સૂચન તથા તાલીમ આપવામાં આવે છે. ખાતા દ્વારા રેકર્ડ અંગે સભાનતા કેળવાય તે માટે પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે તથા પ્રકાશનની કામગીરી હાથ ધરી પ્રસંગોપાત વિશેષાંક પ્રસિધ્ધ કરવામાં આવે છે. અભિલેખાગારની કચેરીઓમાં સંગ્રહાયેલ રેકર્ડમાંથી નાગરિકોને રેકર્ડની નકલ આપવામાં આવે છે, સંશોધકોને તેઓના સંશોધન કાર્ય માટે રેકર્ડ તથા સંદર્ભ ગ્રંથાલયમાંથી પુસ્તકો પુરા પાડવામાં આવે છે.

INDEX

વિશેષમાં અભિલેખાગારમાં સંગ્રહાયેલ રેકર્ડને કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી તથા રેકર્ડની સલામતી, સુરક્ષા અને ગોઠવણી માટે રેકર્ડ કોમ્પેકટ સિસ્ટમનો અમલ કરવાની કામગીરી કરવામાં આવે છે. આ ખાતાની ખાતા દ્વારા વહીવટી તથા ઐતિહાસિક માહિતીને સંશોધનના સાધન તરીકે લોકોપયોગી બનાવવા માટે તેમજ ભવિષ્યની પેઢી માટે આ ખાતું સાંસ્કૃતિક વારસાની જાળવણી કરે છે.

૮. નિયામકશ્રી, ભાષા નિયામકની કચેરી, ગાંધીનગર

ગુજરાત રાજ્ય રાજભાષા અધિનિયમ-૧૯૬૦ અન્વયે ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષાનો રાજભાષા તરીકે સ્વીકાર કરવામાં આવતાં આ ખાતાના વડાની કચેરીની સ્થાપના કરવામાં આવી ત્યારથી આ કચેરીમાં ભાષાંતર-સંશોધન, ભાષા પરીક્ષાઓ, ગુજરાતી, હિંદી, અંગ્રેજી ભાષાના પ્રકાશનો વગેરે કામગીરી હાથ ધરવામાં આવે છે.

૧. ભાષાંતર

સચિવાલયના વિવિધ વિભાગો તથા તેમની નીચેના ખાતાના વડાની કચેરીઓ તથા રાજ્યની અન્ય કચેરીઓ તરફથી મળતા તમામ પ્રકારના કેસોનું ભાષાંતર તથા કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલો, ચૂંટણી પંચ/મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરી તરફથી મળતા કેસો, તપાસ પંચના અહેવાલો તથા નાણા વિભાગના અંદાજપત્રના પ્રકાશનો, પુસ્તક/પુસ્તિકાઓનું ભાષાંતર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

૨. સંશોધન કામગીરી

સરકારશ્રીની કરકસરની નીતિને કારણે ગ્રાન્ટમાં કાપ મુકવાના કારણે કચેરીના અપ્રાપ્ય પુસ્તકોનું પુનઃમુદ્રણ કે સંશોધન/પ્રકાશનની કામગીરી થયેલ નથી.

૩. ગુજરાતી અને અંગ્રેજી ભાષાના તાલીમ વર્ગો

તાજેતરમાં ફેલાયેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ના કારણે ગુજરાતી અને અંગ્રેજી ભાષાના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ નથી.

૪. રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદ

તાજેતરમાં ફેલાયેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ના કારણે ગુજરાતી અને અંગ્રેજી ભાષાના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ નથી.

૫. સરકારી કર્મચારીઓ માટેની ગુજરાતી, હિન્દી ભાષાની પરીક્ષાઓ

વર્ષ દરમ્યાન સરકારી કર્મચારીઓ/ અધિકારીઓની હિન્દી નિમ્ન શ્રેણી શ્રુત લેખન સાથે અને બોલચાલ શ્રેણી પરીક્ષા તારીખ ૨૨, ૨૩, ૨૪ જુલાઈ ૨૦૨૧ તથા હિન્દી ઉચ્ચશ્રેણી બોલચાલ સાથેનું આયોજન તારીખ ૨૬, ૨૭ ઓકટોબર ૨૦૨૧ દરમ્યાન કરવામાં આવેલ અને ગુજરાતી ઉચ્ચ શ્રેણીનું આયોજન ૨૦, ૨૧ જુલાઈ દરમ્યાન કરવામાં આવેલ તથા ગુજરાતી નિમ્ન શ્રેણી, બોલચાલ શ્રેણીનું તથા હિન્દી ભાષાની પરીક્ષાનું આયોજન કરવામાં આવનાર છે.

૬. રાજભાષા ત્રૈમાસિક

સરકારશ્રીની કરકસરની નીતિને કારણે ગ્રાન્ટમાં કાપ મુકવાના કારણે રાજભાષા ત્રિમાસિક પ્રકાશનની કામગીરી થયેલ નથી.

૯. ગુજરાત સાહિત્ય અકાદમી

પ્રસ્તાવના:

ગુજરાત રાજ્યમાં બહુમતી બોલાતી ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભાષાઓ, ભારત સરકાર માન્ય ભાષાઓ તથા ગુજરાત પ્રદેશની બોલીઓ અને તેના સાહિત્યના ઉત્કર્ષ વિકાસ અને સંશોધન માટે પ્રવૃત્તિઓને વેગ મળે વધુ વ્યાપક અને અંતવર્તી પ્રદેશો સુધી પહોંચતી કરવા માટે ગુજરાત સરકાર પ્રતિબધ્ધ છે. આ હેતુથી ગુજરાત રાજ્યમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને પાંચ અન્ય ભાષાની અકાદમી ભગીની અકાદમીઓ સાથે વિવિધ યોજનાઓ દ્વારા પ્રતિ વર્ષ છ ભાષાની સાહિત્યના પ્રચાર-પ્રસારનું કાર્ય કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં છ અકાદમીઓ કાર્યરત છે, જે નીચે મુજબ છે.

- ગુજરાત સાહિત્ય અકાદમી
- હિન્દી સાહિત્ય અકાદમી

- સંસ્કૃત સાહિત્ય અકાદમી
- સિંધી સાહિત્ય અકાદમી
- ઉર્દુ સાહિત્ય અકાદમી
- કચ્છી સાહિત્ય અકાદમી

રાજ્ય અને રાજ્ય બહાર રાષ્ટ્રીય સ્તરે તેનું ગૌરવ સ્થાપિત કરી શકાય તેવા વિશાળ અભિગમ સાથે આ અકાદમીઓ કાર્ય કરે છે. અકાદમીઓના ભાષા સાહિત્ય વિકાસ અને ઉત્કર્ષ માટેની મુખ્ય યોજનાઓ નીચે મુજબ છે.

(૧) ગુજરાત સાહિત્ય અકાદમી ભવનની સ્થાપના

સરકારશ્રી દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીના ભવનના બાંધકામ માટે ₹ ૧૧૭૯.૭૬ લાખ મંજૂર કરેલ છે. ગાંધીનગર ખાતે ૨૦૦૦ ચો.મી. જગ્યામાં કુલ પાંચ માળનું ભવ્ય અકાદમી ભવન બનાવવા માટે તા.૨૮/૦૮/૨૦૨૧ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ગુજરાતના માન મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે આ ભવનને શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે શ્રી ઝવેરચંદ મેઘાણી સાહિત્ય અકાદમી ભવનના નામકરણ કરી ઈ-ખાતમૂહુર્ત કરવામાં આવ્યું. આ ભવનમાં નીચે મુજબની વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે.

૧. ભોંયતળિયે - સાહિત્યિક મ્યુઝિયમ (અભિલેખાગાર) બનાવવામાં આવશે. જેમાં ગુજરાત સાહિત્ય અકાદમી ખાતે સર્જકોની માહિતી આપતું અદ્યતન મ્યુઝિયમ બનાવવામાં આવે જેથી ગુજરાત સાહિત્ય અકાદમીની મુલાકાતે આવતા દેશ-વિદેશના સાહિત્યકારો- મુલાકાતીઓ ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકારો વિશે જાણે તે માટે ઉક્ત સાહિત્યકારોની લગતી સામગ્રી ઉપલબ્ધ હોય તેવુ એક સાહિત્યિક મ્યુઝિયમ હોવું જરૂરી છે. જેમાં જ્ઞાનપીઠ, દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કૃત તથા એવા સાહિત્યકારો કે જેમને ગુજરાતી ઉપરાંત સાહિત્યની અન્ય ભાષાઓમાં વિશિષ્ટ પ્રદાન છે. તેવા સાહિત્યકારોની માહિતી સરળતાથી ઉપલબ્ધ થઈ શકે.

૨. પ્રથમ માળે દુર્લભ પુસ્તકોનું ગ્રંથાલય (લાયબ્રેરી) બનાવવામાં આવશે. ગુજરાતી સાહિત્ય ઉપરાંત અન્ય ભાષાના દુર્લભ પુસ્તકો તેમજ અપ્રાપ્ય પુસ્તકો કે જે અકાદમીની પ્રવૃત્તિઓ તથા પ્રકાશનોમાં સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગી થઈ શકે તેવા ગ્રંથના સંગ્રહ અકાદમી દ્વારા પ્રકાશિત પુસ્તકોની જાળવળી તથા જરૂરીયાત સમયે સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી અકાદમી ખાતે એક ગ્રંથાલય હોવું જરૂરી છે.

૩. બીજા માળે અધ્યક્ષશ્રી માટે કાર્યાલય, મહામાત્રશ્રી માટે કાર્યાલય અને તેમની મુલાકાતે આવતા સાહિત્યકારો માટે પ્રતિક્ષા ખંડ અને તેમના સહાયક તરીકે એમની અંગત મદદનીશ માટેની ચેમ્બર જ્યારે ત્રીજા માળે અકાદમીના સ્ટાફ કાર્યાલય તથા અકાદમીની વિવિધ શાખાઓની કામગીરી માટે બેઠક વ્યવસ્થા જેમાં હિસાબી અધીકારી, પ્રકાશન અધિકારી, હિસાબનીશ, કચેરી અધીક્ષક, સહાયક મહામાત્ર-૫, સિનીયર ક્લાર્ક-૨ (ગુજરાતી/કચ્છી), જુનિયર ક્લાર્ક-૫, ગુજરાતી ટાઈપીસ્ટ, સંપાદક- (શબ્દસૃષ્ટિ માટે), ગુજરાતી સ્ટેનો- તમામ કર્મચારીઓની ચેમ્બર રહેશે.

૪. ચોથા માળે કોન્ફરન્સ રૂમ (દ્રશ્ય શ્રાવ્ય ખંડ-ઓડીયો અને વિડિયો યુનિટ) સાથે રહેશે. જેનો ઉપયોગ સરકારશ્રી દ્વારા નિયુક્ત કાર્યવાહક સમિતિ તથા માર્ગદર્શક મંડળની બેઠક યોજનાકીય અન્ય પેટા સમિતિની બેઠક તથા અકાદમીના અધિકારીઓ/કર્મચારી રીવ્યુ બેઠકના આયોજન માટે એક ઓડીયો વિડિયો માળખાગત વ્યવસ્થા વાળો એરકન્ડીશન્ડ કોન્ફરન્સ રૂમ જરૂરી છે. વળી અકાદમી દ્વારા ૧૩૦ થી વધુ સાહિત્યકારોના જીવન-કવન પર દસ્તાવેજી ફિલ્મો બનાવવામાં આવેલ છે. અકાદમી દ્વારા યોજાતી શિબિરોમાં આવતા વિવિધ શૈક્ષણિક તથા સાહિત્યિક સંસ્થાઓ માંથી આવતા વિદ્યાર્થીઓ/ શિબિરાર્થીઓ માટે સાહિત્યને લગતા ઓડિયો વિડિયો બતાવવા માટે (દા.ત.- કોઈ સર્જક વિશેની દસ્તાવેજી ફિલ્મ તથા કોઈ સાહિત્યિક કૃતિ વિશેની ફિલ્મ બતાવવા) આ પ્રકારની વ્યવસ્થા જરૂરી છે. જેમાં ઓડીયો-વિડિયોની તમામ સામગ્રી હોય તેવો એક દ્રષ્યશ્રાવ્ય ખંડ જરૂરી છે.

(૨) વૃધ્ધ અને અસહાય સાહિત્યકારોને આર્થિક સહાય યોજના

સર્વે અકાદમીઓ દ્વારા વૃદ્ધ અને સહાયપાત્ર સાહિત્યકારોને માસિક આર્થિક આપવાની યોજના અંતર્ગત આર્થિક રીતે પગભર ન હોય તેવા સાહિત્યકારોને પ્રતિમાસ પ્રત્યેકને ₹ ૫,૦૦૦/- લેખે આર્થિક સહાય આપવામાં આવે છે. સાહિત્યકાર તરીકે તેઓના ઓછામાં ઓછા પાંચ અને સાહિત્ય ક્ષેત્રનું એક પુસ્તક પ્રકાશિત થયેલું હોય અને તેઓની વાર્ષિક આવક મર્યાદા ₹ ૬૦,૦૦૦/- થી ઓછી હોય તેવા સાહિત્યકારો પાસે પ્રતિવર્ષ આવેદન પત્ર મંગાવી, ચકાસણી થયા બાદ કાર્યવાહક સમિતિમાં નિર્ણય લેવામાં આવે છે. યોજના અંતર્ગત બધી અકાદમીઓમાં કુલ- ૧૭ જેટલા સાહિત્યકારોને પ્રતિ માસ ₹ ૫,૦૦૦/- ચૂકવવામાં આવે છે.

INDEX

(૩) અકાદમી દ્વાર અપાતા વિવિધ પુરસ્કાર

સાહિત્ય ગૌરવ પુરસ્કાર

ભાષા સાહિત્યના વિકાસ અને ઉત્કર્ષમાં પોતાના સર્જન, વિવેચન કે સંશોધન દ્વારા ઉત્તમ પ્રદાન કરનાર કોઇ એક મુર્ધન્ય સાહિત્યકારને તેમની લાંબા ગાળાની સાહિત્ય સેવા અને નોંધપાત્ર અર્પણને ધ્યાનમાં રાખીને છ અકાદમીઓમાં દરેક અકાદમી દીઠ ₹ ૧,૦૦,૦૦૦/- (એક લાખ)નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર આપવામાં આવે છે. દરેક અકાદમીમાં કુલ- ૧૫૯ જેટલા સાહિત્યકારોને સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે. સંસ્કૃતમાં વર્ષ ૨૦૨૦નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર શ્રી દયાલજીભાઈ પરમારને તા.૦૯/૦૭/૨૦૨૧ના રોજ મોરબી ખાતે મહામહિમ રાજ્યપાલની ઉપસ્થિતિમા અર્પણ કરવામાં આવેલ છે. તા.૨૮/૦૮/૨૦૨૧ના રોજ મહાત્મા મંદિર ખાતે ખાતે શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે ગુજરાતી ભાષામાં વર્ષ- ૨૦૨૦નો શ્રી મધુ રાયને સિંધી ભાષામાં વર્ષ- ૨૦૧૯નો શ્રી છતો થપોમલ જ્ઞાનચંદાણી અને વર્ષ-૨૦૨૦નો શ્રી મનોહર નિહાલાણીને સાહિત્ય ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો.

યુવા ગૌરવ પુરસ્કાર

ભાષા સાહિત્યના વિકાસ અને ઉત્કર્ષમાં પોતાના સર્જન વિવેચન કે સંશોધન દ્વારા ઉત્તમ પ્રદાન કરનાર ૩૫ વય મર્યાદા ધરાવતા યુવા સાહિત્યકારને તેમની સાહિત્ય સેવા અને નોંધપાત્ર અર્પણને ધ્યાનમાં રાખીને છ અકાદીઓમાં દરેક અકાદમી દીઠ ૩,૫૦,૦૦૦/- (પચાસ હજાર)નો યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે. દરેક અકાદમીમાં કુલ- ૩૩ જેટલા સાહિત્યકારોને યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે. તા.૨૮/૦૮/૨૦૨૧ના રોજ મહાત્મા મંદિર ખાતે ખાતે શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે માન, મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે ગુજરાતી ભાષામાં વર્ષ-૨૦૧૯નો શ્રી પ્રશાંત પટેલ અને વર્ષ-૨૦૨૦નો સુશ્રી રીન્કુ રાઠોડને, સંસ્કૃત ભાષામાં સુશ્રી રાજવી ઓઝાને, સિંધી ભાષામાં વર્ષ-૨૦૧૯નો સુશ્રી નયના સુરેશકુમાર રાવલાણી અને વર્ષ- ૨૦૨૦નો સુશ્રી નિશા ચાવલાને યુવા ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો.

વેદશાસ્ત્ર પારંગત પંડિતોને સન્માન

સંસ્કૃત ભાષાના સંવર્ધન- વિકાસ તેમજ સેવા બદલ વેદપંડિતો તથા શાસ્ત્ર પંડિતો ₹ ૫૦,૦૦૦/ (પચાસ હજાર)ના પુસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા કુલ- ૧૫૧ જેટલ વેદ-શાસ્ત્ર પંડિતોને સન્માનિત કરવામાં આવેલ છે. તા.૨૮/૦૮/૨૦૨૧ના રોજ મહાત્મા મંદિર ખાતે ખાતે શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયતિની ઉજવણી પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે વર્ષ ૨૦૨૦ માટે શ્રી ગોવિંદભાઈ એન ત્રિવેદી (ઋગ્વેદ) માટે અને ડૉ. જયદેવ અરુણોદય જાની (શુક્લ યુર્વેદ) ને સન્માનિત કરવામાં આવ્યા.

શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક

છ સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ કેલેન્ડર વર્ષે પ્રકાશિત થતા પુસ્તકોમાંથી શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક અપાય છે. ભાષા-સાહિત્યના પુસ્તકોમાંથી બાળસાહિત્યના કુલ ૪ વિભાગ અને પ્રૌઢ સાહિત્યના કુલ ૧૧ વિભાગમાં દરેક વિભાગમાં પ્રથમ ઈનામ ₹ ૧૧,૦૦૦/-, દ્વિતીય ઈનામ ₹ ૭,૦૦૦/- અને તૃતીય ઈનામ ૩૫,૦૦૦/-ની રાશિ, સન્માનપત્ર, શિલ્ડ આપવામાં આવે છે. કચ્છી ભાષાના વર્ષ- ૨૦૧૮ અને વર્ષ ૨૦૧૯ના પારિતોષિક કચ્છ ખાતે સુ. શ્રી નીમાબેન આચાર્ય, માન અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, ગુજરાત રાજ્યના વરદહસ્તે એક ભવ્ય કાર્યક્રમ યોજી એનાયત કરવામાં આવેલ છે.

(૪) લેખકોને પુસ્તક પ્રકાશન આર્થિક સહાય યોજના

નવોદિત પુસ્તક પ્રકાશન સહાય

અકાદમી દ્વારા દર વર્ષે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નવી કલમોને પ્રોત્સાહન મળે એ હેતુથી નવોદિત સર્જકોને તેમના સર્જનાત્મક સ્વરૂપના પ્રથમ પુસ્તકના પ્રકાશન માટે અકાદમી દ્વારા તેમની હસ્તપ્રતનું પરામર્શન કરાવી યોગ્ય જણાતાં ₹ ૧૦,૦૦૦/- અથવા ₹ ૩૧૫,૦૦૦/-ની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવે છે. તમામ અકાદમીમાં વર્ષ- ૨૦૨૧-૨૨માં કુલ-૩૨ જેટલા લેખકોને આર્થિક સહાય કરવામાં આવી.

શિષ્ટમાન્ય પુસ્તક પ્રકાશન સહાય

સાહિત્ય ક્ષેત્રે સંશોધન, વિવેચન ક્ષેત્રે પ્રવૃત્ત સંશોધક વિદ્વાનોને તેમના ગ્રંથ પ્રકાશન માટે ₹ ૧૦,૦૦૦/ અથવા ₹ ૧૫,૦૦૦/-ની મર્યાદામાં આર્થિક સહાય કરવામાં આવે છે. તમામ અકાદમીમાં વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ- ૩૫ જેટલા લેખકોને આર્થિક સહાય કરવામાં આવી.

બાળ સાહિત્ય પુસ્તક પ્રકાશન સહાય

બાળ સાહિત્ય ક્ષેત્રે સર્જન કરતા બાળ સાહિત્યકારોને તેમના ગ્રંથ પ્રકાશન માટે અકાદમી દ્વારા ₹ ૫૦૦૦/- ની આર્થિક સહાય કરવામાં આવે છે. તમામ અકાદમીમાં વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ-૧૬ જેટલા લેખકોને આર્થિક સહાય કરવામાં આવી.

અનુવાદિત પુસ્તક પ્રકાશન સહાય

અન્ય ભાષામાંથી ગુજરાતી હિન્દી કે સંસ્કૃતમાં અનુવાદિત રચનાઓના પ્રકાશન માટે અકાદમી દ્વારા ૩,૧૦,૦૦૦/- અથવા ₹ ૧૫,૦૦૦/-ની મર્યાદામાં આર્થિક સહાય કરવામાં આવે છે. તમામ અકાદમીમાં વર્ષ- ૨૦૨૧-૨૨માં કુલ ૦૯ જેટલા લેખકોને આર્થિક સહાય કરવામાં આવી.

અકાદમી દ્વારા પુસ્તક પ્રકાશન યોજના

પ્રતિ વર્ષે અકાદમી દ્વારા સાહિત્યના ઉત્તમ ગ્રંથો પ્રગટ કરાય છે, જેમાં ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ-૧૨ જેટલા નવા પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા અને કુલ-૨૫ પુસ્તકોનું પુનઃ મુદ્રણ કરવામાં આવેલ છે.

સંતવાણી, વસ્તુ અને વિચાર, અનહદની સરહદે ભાગ-૧ અને ભાગ- ૨, કલામંદિરે, નારાયણ હેમચંદ્ર કૃત બે નિબંધો, અમેરિકન ફોક્લોરિસ્ટ સ્કુલ : સ્વાધ્યાય- ગ્રંથ ૧ અને ગંથ ૨, પૂર્વાલાપ, સાબરનામા-વર્ષ-૨૦૧૯-૨૦, અદબીચમન-૨૦૨૧, બાગબહાર-૨૦૨૧, રાવજી પટેલનું સાહિત્ય વિશ્વ, વિસ્મયલિપિ વચનામૃત, મનની પાંખો, કાદબરી, મેઘદૂતમ, બઝમે શાયરી, ચલચિત્ર છલચિત્ર, કથાભાવન શ્રેણી ભાગ- ૧૧, ગદ્યભાવન શ્રેણી ભાગ-૧ થી ૧૦, કાવ્યશાસ્ત્ર, સિંધી લેખકજી ડીક્ષનરી, શ્રેષ્ઠ સિંધી વાર્તાઓ, શ્રેષ્ઠ સિંધી એકાંકી-નાટકો, કલામંદિરે, લોકસાહિત્ય ધરતીનું ધાવણ, સ્વાધ્યાય અને સંશોધન, ગુજરાતી દલિત પત્રકારત્વ, આંબેડકરી અત્તરના પૂમડાં, સાહિત્ય સંવાદ, શિહોરની નોંધોમાં નાના સાહેબ પેલા, રઢીયાળી રાત જેવા નવા પુસ્તકો અને પુર્મુદ્રણ કરવામાં આવેલ છે.

ગુજરાતી સર્જક ગૌરવ યોજના

દિવંગત અને ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકારોના નામ અને તેમના વિશે નાનો પરિચય આપતા સાઈન બોર્ડ તૈયાર કરી તેમના જન્મસ્થળ અથવા વતનના હાઈ-વે પર લગાવવા માટેની યોજના ગુજરાત ભરના કુલ ૧૦૦ સાહિત્યકારોના નામો નક્કી કરવામાં આવેલ છે. જેમના સાઈન બોર્ડ લગાવવામાં આવશે.

નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના

અકાદમી દ્વારા શ્રી નરસિંહ મહેતા અને સંત સાહિત્ય પર સંશોધન થાય તે માટે ભક્ત કવિશ્રી નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. વર્ષ-૨૦૨૨-૨૩ના નાણાંકીય વર્ષ માટે ત્યા ભવનની સ્થાપના માટે નવી બાબત સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ છે.

વિવિધ યુનિવર્સિટી ખાતે સાહિત્ય ક્રમ પુસ્તક વેચાણ કેન્દ્રની સ્થાપના

ભાષા-સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે વિવિધ યુનિવર્સિટીઓમાં સાહિત્ય ક્રમ પુસ્તક વેચાણે કેન્દ્ર ઉભા કરાવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે સ્થાપના કરવાની નવી બાબત સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ છે.

સાહિત્યલક્ષી કાર્યક્રમ માટે આર્થિક સહાય યોજના

ભાષા સાહિત્ય વિકાસ અને ઉત્કર્ષ માટે અકાદમી દ્વારા સાહિત્યલક્ષી કાર્યક્રમ, શિબિર, ઓનલાઈન કાર્યક્રમ વેબીનાર માટે ₹ ૨૦,૦૦૦/- થી ₹ ૫૦,૦૦૦/-ની મર્યાદામાં આર્થિક સહાય કરવામાં આવે છે. વર્ષ- ૨૦૨૧-૨૨માં કુલ ૫૮ જેટલી સાહિત્યિક શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓને સાહિત્યલક્ષી કાર્યક્રમ આર્થિક સહાય કરવામાં આવી છે. સાહિત્યનો રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ હોય તો અકાદમી દ્વારા ₹ ૧.૦૦ થી ૫.૦૦ લાખ સુધીની આર્થિક સહાય કરવામાં આવે છે.

સામયિકોનું પ્રકાશન

ગુજરાતી ભાષામાં ગુજરાત સાહિત્ય અકાદમીનું મુખપત્ર માસિક “શબ્દસૃષ્ટિ” પ્રતિ માસની ૫ તારીખે પ્રસિધ્ધ કરાય છે. ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા ઉર્દૂ ભાષામાં વાર્ષિક “સાબરનામા” સિંધી સાહિત્ય અકાદમી દ્વારા સિંધી ભાષામાં “અદબી ચમન” અને ‘બાગબહાર’ (ત્રિમાસિક), કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા કચ્છી ભાષામાં ચિંગાર’ અને શ્રી ઝવેરચંદ્ર મેઘાણી સાહિત્ય કેન્દ્ર, રાજકોટ દ્વારા લોકસાહિત્યલતી લોકગુર્જરી ત્રૈમાયિક નિયમિત પ્રગટ કરવામાં આવે છે.

સંસ્કૃતોત્સવ

પ્રતિ વર્ષ આષાઢસ્ય પ્રથમ દિવસે સંસ્કૃતોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સંસ્કૃત ભાષાના સંવર્ધન- વિકાસના આ સમગ્ર કાર્યક્રમ સંસ્કૃત ભાષામાં યોજાય છે. જેમાં વેદપંડિતોને સન્માન, એક મૂર્ધન્ય સાહિત્યકારને સાહિત્ય ગૌરવ પુરસ્કાર, એક યુવા સાહિત્યકારને યુવા ગૌરવ પુરસ્કાર આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં ગરબા નાટકની ભજવણી કરવામાં આવે છે જેની ભાષા સંસ્કૃત હોય છે.

સરફરોશી પુસ્તક પ્રકાશન શ્રેણી

ગુજરાતનાં બાળ તથા કિશોર વર્ગની નવી પેઢીને દેશના વિવિધ ક્ષેત્રે નેતૃત્વભર્યું પ્રદાન કર્તા વ્યક્તિઓના જીવન-કવનની ઝાંખી કરાવવા આ શ્રેણી સાઈ છે. જેમાં સરફરોશી પુસ્તક પ્રકાશન સમિતિની વિવિધ બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર કુલ-૪૪ ચરિત્રનાયકોનો પુસ્તક પ્રગટ કરવામાં આવ્યો છે. જેમાં સ્વાતંત્ર્યવીરો અને અન્ય વ્યક્તિઓના જીવનનો સમાવેશ થયેલ છે. આ પુસ્તકો રાજ્યના વિવિધ ગ્રંથાલયો, શાળાઓ, કોલેજો અને રાજ્ય સરકારના વિભાગોમાં ભેટ આપવામાં આવે છે. અત્યાર સુધી કુલ ૩૩,૫૭૦ જેટલા પુસ્તકો (૧૧૧૯ સેટ) વિવિધ ગ્રંથાલયો, શાળાઓ, કોલેજોને વિના મૂલ્યે ભેટ આપવામાં આવેલ છે

વિશિષ્ટ દિવસોની ઉજવણી

સાહિત્ય જગતના આવતા વિવિધ દિવસો જેવાકે રાષ્ટ્રીય હિન્દી દિવસ, વિશ્વ કવિતા દિવસ, વિશ્વ રંગભૂમિ દિવસ, મહિલા દિવસ, આત્મકથા દિવસ, વિશ્વ માતૃભાષા દિવસ, ટૂંકી વાર્તા દિવસ, વિશ્વ પુસ્તક દિસવ જેવા દિવસો માં સાહિત્યિક કાર્યક્રમ-કવિસંમેલન યોજીને વિશેષ ઉજવણી અકાદમી દ્વારા કરવામાં આવે છે.

ભાષા-સાહિત્યના પ્રચાર પ્રસાર માટે અકાદમી દ્વારા સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેમાં વર્તાશિબિર, કાવ્યશિબિર, કવિસંમેલન, ગદ્યસત્ર, શબ્દસૃષ્ટિ વ્યાખ્યાનમાળા, બાલસાહિત્ય શિબિર તથા ગૌરવ પુરસ્કૃત સાહિત્યકાર પર ગૌરવ વ્યાખ્યાનમાળા જેવા કાર્યક્રમ સ્થાનિક સંસ્થા સાથે મળીને આયોજન કરવામાં આવે છે. અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં કુલ ૧૫ જેટલા કાર્યક્રમો-શિબિર કરવામાં આવેલ છે.

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓ

- સ્વાતંત્ર્યદિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રીય ચેતનાને ઉજાગર કરવા 'તારા માનમાં ઓ સ્વતંત્રતા નામે તા.૧૪/૦૮/૨૦૨૧ના રોજ ઠાકોરભાઈ દેસાઈ હોલ, લો ગાર્ડન, અમદાવાદ ખાતે કાર્યક્રમનું આયોજન
- સરદાર પટેલ જયંતિ નિમિત્તે તા.૨૬/૧૦/૨૦૨૧ના રોજ સરદાર પટેલના પત્રો અને ભાષણો પર આધારિત વાચિકમ 'લિ. વલ્લભભાઈન વંદેમાતરમ'નું આયોજન અમદાવાદ મેડિકલ એસોસિયેશન હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કાર્યક્રમ
- સરદાર પટેલ જયંતિ નિમિત્તે તા. ૩૦/૧૦/૨૦૧ને શનિવારના રોજ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સેક્ટર-૯, ગાંધીનગર ખાતે સરદાર પટેલના જીવન પર આધારિત નાટક "સરદાર ધ આયર્ન મેન ઓફ ઈન્ડિયા"ની ઉજવણી
- ગુજરાત સાહિત્ય અકાદમીના મુખપત્ર 'શબ્દસૃષ્ટિના દીપોત્સવી વિશેષાંકને સ્વાતંત્ર ભૂમિ ગુજરાત' વિષય પર તૈયાર કરાયો. જેમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં સાહિત્યકારોનું પ્રદાન, પ્રતિબંધિત સાહિત્ય કૃતિઓ જેવા વિષયો પર ગુજરાતના મૂર્ધન્ય લેખકો ૧૦૧ લેખ પ્રગટ કરવામાં આવ્યા છે. આ વિશેષાકનું વિમોચન માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું.
- ગુજરાતના બાળ તથા કિશોર વર્ગની નવી પેઢીને દેશનાં વિવિધ ક્ષેત્રે નેતૃત્વભર્યું પ્રદાન કર્તા વ્યક્તિઓના જીવન-કવનની ઝાંખી કરાવતી સરફરોશી શ્રેણીના કુલ-૪૪ ચરિત્રનાયકોના પુસ્તક પ્રગટ કરવામાં આવ્યાં છે. જેમાં સ્વાતંત્ર્યવીરો અને અન્ય વ્યક્તિઓના જીવનનો સમાવેશ થયેલ છે. આ પુસ્તકો કુલ ૧૬૦૦૦ જેટલા (૫૦૦ સેટ) વિવિધ ગ્રંથાલયો, શાળાઓ, કોલેજોને વિના મુલ્યે ભેટ આપવામાં આવેલ છે.

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ

ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ ખાસ અનુદાન ફાળવીને આ કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે રાજકોટ ખાતે કાર્યરત છે. તેના દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિ કરવામાં આવે છે. શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ અને હેમુ ગઢવી એવોર્ડ મૂર્ધન્ય લોકસાહિત્યકારને ₹ ૧,૦૦,૦૦૦/- રાશિ, સન્માનપત્ર, શિલ્ડ આપી સન્માનવામાં આવે છે.

- પુસ્તક પ્રકાશન માટે ₹ ૧૦,૦૦૦/-ની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવે છે.
- પ્રતિ વર્ષ કેન્દ્ર દ્વારા લોક સાહિત્ય, સંતસાહિત્ય અને ચારણી સાહિત્ય વિષયક મહત્વના ગ્રંથોનું પ્રકાશન કરાય છે.
- લોક સાહિત્યકારોને સંશોધન પ્રોજેક્ટ માટે ₹ ૫૦,૦૦૦/-ની મર્યાદામાં (પ્રત્યેક)ને આર્થિક સહાય આપવામાં આવે છે.

- કેન્દ્ર દ્વારા લોક સાહિત્યના કાર્યક્રમ પરિસંવાદ સંસ્થાઓને ₹ ૫૦,૦૦૦-ની મર્યાદામાં આર્થિક સહાય કરવામાં આવે છે.
- ૫૦૦ થી વધુ દુર્લભ ગ્રંથો વસાવીને ગ્રંથાલય ઊભું કરવામાં આવ્યું છે. તેવી જ રીતે દૃશ્ય-શ્રાવ્ય સામગ્રીનો ઉપયોગ કરી ગ્રંથાલય ઊભું કરવામાં આવ્યું છે.
- દુર્લભ હસ્તપ્રસ્તોનું સ્કેનિંગ અને ડિઝિટીલાઇઝેશન કરવામાં આવે છે.
- કંઠસ્થ પરંપરાની સામગ્રીનું દસ્તાવેજીકરણ કરવામાં આવે છે. જેમાં કુલ ૧૭ મુલાકાતો દ્વારા આ કામ કાર્યરત છે.
- લોક ગૂર્જરી સામયિક દર ત્રણ માસે પ્રકાશિત કરવામાં આવે છે. હસ્તપ્રત વિદ્યાનો પ્રમાણપત્ર પાઠ્યક્રમ નિ:શુલ્ક ચલાવવામાં આવે છે.

(૧૦) ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ મુખ્યત્વે નીચે મુજબ છે.

૧. તાલીમી પ્રવૃત્તિઓ

આ યોજના નીચે નાટય, નૃત્ય અને સંગીતના ક્ષેત્રેમાં નવોદિત અને આશાસ્પદ કલાકારોને તાલીમ આપવામાં આવે છે અને તે માટે તાલીમ શિબિરો યોજવામાં આવે છે.

૨. રંગમંચલક્ષી અને સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ

આ યોજના હેઠળ ગુજરાત નાટય, નૃત્ય અને સંગીતના શ્રેષ્ઠ કલાકારોને રંગમંચ પર અને વિશાળ પ્રેક્ષકગણ સમક્ષ સ્પર્ધાઓ દ્વારા તેમની કલાની રજૂઆત કરવાની તક આપવામાં આવે છે.

૩. શિષ્યવૃતિ તથા ગુરુ શિષ્ય પરંપરા

આ યોજના દ્વારા શાસ્ત્રીય સંગીત, નૃત્ય, નાટય વગેરેના ક્ષેત્રેની પાંગરતી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. અને આર્થિક સહાય આપીને તેમની કલાને જીવંત રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે, તથા પરંપરાગત ગુરુ શિષ્ય પરંપરાની પ્રક્રિયા જીવંત રાખવામાં આવે છે.

૪. તાનારીરી મહોત્સવ

તાના-રીરી મહોત્સવ કારતક સુદ-નોમ અને દશમ એમ બે દિવસ માટે વડનગર ખાતે યોજવામાં આવે છે. શાસ્ત્રીય સંગીતના રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત બે મહિલા કલાકારશ્રીઓની પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવે છે. આ બે મહિલા કલાકારશ્રીઓને તાના-રીરી એવોર્ડથી સન્માનીત કરવામાં આવે છે. આ કલાકારો દ્વારા શાસ્ત્રીય સંગીતની તેમની કલાની પ્રસ્તુતી કરવામાં આવે છે. તેમજ શાસ્ત્રીય સંગીતના રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કલાકારોને નિમંત્રણ પાઠવી તેમની શાસ્ત્રીય સંગીતની કલાની પ્રસ્તુતી કરાવવામાં આવે છે.

૫. પં. ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ (રાષ્ટ્રીય કક્ષા)

પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. શાસ્ત્રીય સંગીતના રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત એક પુરૂષ કલાકારશ્રીને પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવે છે. આ પસંદગી પામેલ કલાકારશ્રીને પંડિત.ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડથી સન્માનીત કરવામાં આવે છે. આ કલાકારશ્રી દ્વારા તેમની શાસ્ત્રીય સંગીતની કલાની પ્રસ્તુતી કરારવામાં આવે છે. તેમજ શાસ્ત્રીય સંગીતના રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કલાકારોને નિમંત્રણ પાઠવી તેમની શાસ્ત્રીય સંગીતની કલાની પ્રસ્તુતી કરાવવામાં આવે છે.

૬. તૂરી બારોટ નાટય નિર્માણ સહાય

જૂની રંગભૂમિ પરંપરાગત ભવાઇ વેશો તેમજ તૂરી બારોટના જ્ઞાતિના કલાકારની કલા મૃત:પ્રાય અવસ્થામાં છે. ત્યારે આ યોજના દ્વારા આવા કલાકારની કલા તેમજ ભૂલાઇ ગયેલા વેશો કલાને પુન:જીવિત કરવાની રજૂ કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે.

(૧૧) ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી

૧. રાજ્યકલા પ્રદર્શન

ગુજરાતની કલાના જુદા જુદા વિભાગોમાં કાર્યશીલ કલાકારોને પ્રોત્સાહન મળે તથા તેમનો ઉત્સાહ વધે અને તેમની કૃતિઓની કદર થાય તેમજ આમ જનતાની પણ આ વિષય પ્રત્યે રૂચી કેળવાય તેવા શુભ આશયથી આ રાજ્ય કક્ષાનાની કલા સ્પર્ધા/ પ્રદર્શન યોજવામાં આવે છે. આ પ્રદર્શનમાં ત્રણ શ્રેણીઓમાં યોજવામાં આવે છે. શ્રેણી-૧-કલાકારો, શ્રેણી-૨-કલા સંસ્થાઓનાં વિદ્યાર્થીઓ, તેમજ શ્રેણી-3 શાળામાં ભણતા બાળકો. પ્રથમ બે શ્રેણીઓમાં ડ્રોઈંગ એન્ડ પેઇન્ટિંગ, શિલ્પકલા,

ગ્રાફિક્સ, વ્યવહારિક કલા, તથા ફોટોગ્રાફીના વિભાગો તથા ત્રીજી શ્રીણીમાં ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિગનો વિભાગ રાખવામાં આવે છે. આ શ્રેણીઓમાં વિવિધ ઈનામો અકાદમી દ્વારા તથા કલાકાર મહાનુભાવો દ્વારા આપવામાં આવેલ દાનની રકમનાં વ્યાજમાથી મળતી રકમમાથી ઈનામો આપવામાં આવે છે. નિર્ણાયકશ્રીઓ દ્વારા પસંદ કરેલ કલાકૃતિઓનું પ્રદર્શન તથા ઈનામો આપવામાં આવે છે. અકદામી દ્વારા કુલ ₹ ૧.૭૦ લાખના ઈનામો આપવામાં આવે છે અને સમારંભ યોજી પ્રદર્શન યોજાય છે.

૨. રાજ્યકલા પ્રદર્શનમાં શ્રેણી (૨)મા વિજેતા યુવા કલાકારોને શિષ્યવૃત્તિ

પ્રતિ વર્ષ યોજાતા રાજ્ય કલા પ્રદર્શનમાં કલા સસ્થાનાં વિદ્યાર્થીઓની શ્રેણી -૨ માં ઈનામ વિજેતા યુવા કલાકારોને માસિક ₹ ૧૦૦૦/- પ્રમાણે નિયમોનુસાર એક વર્ષ માટે શિષ્યવૃતિ આપવામાં આવે છે. પરંતુ તેઓનો અભ્યાસ ચાલુ હોવો જોઈએ અને તે અભ્યાસ આગળના વર્ષનો ઉચ્ચ અભ્યાસ હોવો જોઈએ. ઈનામ વિજેતાએ ઈનામ મેળવ્યા પછીના વર્ષે તેમની કલા વિધાલય મારફત અરજી કરવાની રહેશે, પેઈન્ટિગ, શિલ્પ, વ્યવહારિક કલા, ફોટોગ્રાફી, ના વિષયોમા ડીગ્રી, /ડીપ્લોમા/ પોસ્ટ ડીપ્લોમાના અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમો માટે શિષ્યવૃતિ આપવામાં આવશે નહીં.

૩. ગૌરવ પુરસ્કાર

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા, લલિત કલાના વિભાગમાં જે કલાકારોએ ચિત્રકલા, શિલ્પકલા, તેમજ છબીકલાના ક્ષેત્રોમાં આજીવન યોગદાન આપેલ હોય, ઉચ્ચતમ સિદ્ધિઓ મેળવેલ હોય તેવા નવ કલાકારોનુ ગૌરવ પુરસ્કારથી સન્માન કરવામાં આવે છે. પુરસ્કારના પ્રતિક રૂપે પ્રત્યેકને રોકડ રાશી ₹ ૫૧૦૦૦/- તામ્રપત્ર, પ્રશસ્તીપત્ર, તથા શોલ એનાયત કરી સમાંરંભ યોજી સન્માન કરવામાં આવે છે. આવા નવ કલાકારોનું સન્માન કરવામાં આવે છે. સાથોસાથ પુરસ્કૃત કલાકારોની કલાકૃતિઓનું પ્રદર્શન પણ યોજાય છે.

૪. ચિત્ર શિક્ષક સેમીનાર

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા પ્રતિ વર્ષ રાજ્યની શાળાઓનાં ચિત્ર શિક્ષકોનો એક સેમીનાર યોજવામાં આવે છે. નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ શિક્ષકોને લલિતકલાનું થિયરીકલ તેમજ પ્રેક્ટીકલ જ્ઞાન આપવામાં આવે છે. ૫૦ જેટલા શિક્ષકોનો સમાવેશ કરી સેમીનાર યોજાય છે. શિક્ષકોને આવવા જવાનુ મુસાફરી ખર્ચ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ઓ દ્વારા નિયમાનુસાર આપવામાં આવે છે. જ્યારે સેમીનાર અંગેનો સમગ્ર ખર્ચ અકાદમી દ્વારા કરવામાં આવે છે.

૫. વિવિધ કલાના વર્કશોપ

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા પેઈન્ટિગ, ગ્રાફિક. ફોટોગ્રાફી, જેવા વિષયોમાં નિષ્ણાંતોનાં માર્ગદર્શન હેઠળ આ વિભાગમાં કાર્યરત અને સિદ્ધિઓ હાંસલ કરનાર કલાકારોને વિવિધ કલાનું પ્રેક્ટિકલ / થિયરીકલ માર્ગદર્શન આપવામાં આવે છે. ૧૫ જેટલા યુવાન કલાકારોને સમાવેશ કરી, કલાકારોને કલાની સાધન સામગ્રી રહેવા જમવાનો ખર્ચ , આવવા જવાનો પ્રવાસ ખર્ચ, અકાદમી દ્વારા કરવામાં આવે છે. આ યોજના હેઠળ પ્રતિ વર્ષ એક વર્કશોપનુ આયોજન કરાય છે.

૬. જિલ્લા કક્ષાએ ફરતા પ્રદર્શનો

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કલા સંસ્થાઓ, કલાકારો કાર્યરત છે. અકાદમી દ્વારા તૈયાર કરાતા ઉચ્ચ કક્ષાના કલા પ્રદર્શનો જિલ્લાઓમાં આવેલી કલા સંસ્થાઓમાં, શૈક્ષણીક સંસ્થાઓમાં તેમજ પ્રદર્શન આયોજન અનુકુળ સ્થળે યોજવામાં આવે છે જેનાથી રાજ્યની કલાનો વ્યાપ અન્ય વિસ્તારો મા પણ પ્રસાર કરી લોકાભિમુખ કરી શકાય છે. આ પ્રદર્શનો સંપુર્ણ રીતે અકાદમી દ્વારા યોજવામાં આવે છે.

૭. કલા વિષયક પ્રકાશનોને નાણાંકીય સહાય

કલાકારો /કલા સંસ્થાઓ તેમની કલા વિષય કલા પ્રકાશનો પ્રસિધ્ધ કરી શકે તેમાટે ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા નાણાંકીય સહાય કરે છે. એક પ્રકાશન માટે વધુમા વધુ ₹ ૨૦,૦૦૦/-(કુલ ખર્ચના ૫૦ ટકા ખર્ચ આપવાની જોગવાઈ કરી છે,) જે બેમાંથી ઓછું હોય તે ચુકવાય છે. અરજદારે નિયત અરજી સાથે પ્રકાશનની ડમી સાથે ડ્રોઈંગ , સ્કેચીજ, પેઈન્ટિગ ના ફોટોગ્રાફ, લખાણ સાથે રજૂ કરવાનુ હોય છે. અરજી મંજુર થયા બાદ છાપકામ થયા બાદ ૧૦ કોપી અકાદમીને આપવાની રહે છે. અને પ્રકાશનમા ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના નાણાંકીય સહાયથી આ પ્રકાશન તૈયાર કરવામાં આવેલ છે તેવો ઉલ્લેખ કરવાનો રહે છે.

૮. કલા વિષયક વાર્તાલાપ, સ્લાઈડ શો, નિદર્શન, આયોજન

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા રાજ્યનાં નિવડેલા કલાકારો તેમજ આ ક્ષેત્રના નિષ્ણાંતોની કલાને કલાનાં ચાહકો સુધી પહોંચાડવા માટે આવા કાર્યક્રમો યોજવામાં આવે છે. વર્ષ દરમિયાન ૧૦ જેટલા કાર્યક્રમો રવિશંકર રાવળ કલા ભવન અમદાવાદ ખાતે યોજાય છે.

INDEX

૦૯. અન્ય પ્રવૃત્તિઓ

અકાદમીની નિયત પ્રવૃત્તિઓ સિવાય આકસ્મિક રીતે પ્રસંગોપાત કરવાની થતી પ્રવૃત્તિઓ માટે આ જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈમાથી ઉત્કૃષ્ટ કક્ષાના કાર્યક્રમો, રાજ્ય બહારના કલાકારોની કલાકૃતિઓના પ્રદર્શનો જેવી આકસ્મિક પ્રવૃત્તિઓ યોજી શકાય છે.

૧૦. રાષ્ટ્રીય કક્ષાની ફોટોગ્રાફી સ્પર્ધા અને પ્રદર્શન

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી વિવિધ વિષયે રાષ્ટ્રકક્ષાની ફોટોગ્રાફી સ્પર્ધા અને પ્રદર્શન યોજવામાં આવે છે. દેશભરમાંથી આ વિભાગમાં કાર્યરત કલાકારો / ફોટોગ્રાફરો પાસેથી નિયત કરેલ વિષય અનુલક્ષીને બ્લેક એન્ડ વ્હાઈટ તેમજ રંગીન એમ બે વિભાગમાં ફોટોગ્રાફસ સ્પર્ધા માટે મંગાવવમાં આવે છે. બન્ને વિભાગમાં ત્રણ નિર્ણાયકશ્રી દ્વારા પસંદ કરાયેલ, કુલ ₹ ૫૪૦૦૦/-ના કુલ ૧૬ ઈનામો આપવામાં આવે છે. નિર્ણાયકોએ પસંદ કરેલ ફોટોગ્રાફસનું પ્રદર્શન યોજવામાં આવે છે.

૧૧. શિલ્પકલાનો વર્કશોપ

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા શિલ્પ કલા ક્ષેત્રે આધુનિક કલાકૃતિઓ તૈયાર કરવા આ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે, ૧૫ જેટલા યુવાન શિલ્પકારોનો સમાવેશ કરી તેમની કલાની વિવિધ શૈલીઓ, ટેકનીકોના આદાન પ્રદાન માટે વર્કશોપ યોજવામાં આવે છે. વર્કશોપ માટેની સાધન સામગ્રી, જેવીકે ધાતુ , પત્થર માટી, સ્ક્રેપ, ફાઈબર, હાર્ડ વેર સાધન સામગ્રી, તેમજ કલાકારોને રહેવા જમવાની સુવિધા, પ્રવાસ ખર્ચ, માનદ વેતન, સુવિધાઓ અકાદમી દ્વારા પુરી પાડવામાં આવે છે. તૈયાર થયેલ શિલ્પકૃતિઓનું પ્રદર્શન યોજાય છે.

૧૨. ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા બાળકોમા કલાની સુજ વધે અને વિવિધ કલાની જાણકારી કેળવાય તેવા હેતુથી રાજ્યમાં વર્ષ દરમિયાન રાજ્યમાં બદલાતા જુદા જુદા સ્થળોએ તેર વર્કશોપનું આયોજન કરાય છે. પ્રત્યેક વર્કશોપમાં ૧૦૦ બાળકોનો સમાવેશ કરવામાં આવે છે. નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ બાળકોને ચિત્રકલા માટે પ્રાથમિક સાધન સામગ્રી જેવી કે રંગ, કાગળ, પેન્સીલ, રબ્બર, તેમજ સુવિધાઓ આપવામાં આવે છે. આ તેર વર્કશોપ રાજ્યમાંની કલા સંસ્થાઓના સહયોગથી પણ યોજાય છે.

૧૩. યુવા કલાકાર શિબિરો

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા કલા સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટે વિવિધ કલાની જાણકારી માટે (1) લેન્ડસ્કેપ શિબિર (2) સ્કેચિંગ શિબિર (3) ડ્રોઈંગ એંન્ડ પેઈન્ટિગ શિબિર (4) પોર્ટ્રેટ શિબિર (5) ફોટોગ્રાફી વર્કશોપ આમ પાંચ શિબિરોનું આયોજન પ્રાકૃતિક સથળે/ કલા સંસ્થાઓમાં યોજવામાં આવે છે. પ્રત્યેક શિબિરમાં ૫૦ શિબિરાર્થીનો સમાવેશ કરી નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવે છે. રાજ્યની પ્રત્યેક કલા સંસ્થાનાં આચાર્યશ્રીની ભલામણથી શિબિરાર્થીઓ ભાગ લે છે. આ શિબિરોમાં શિબિરાર્થીઓને રહેવા જમવાની વ્યવસ્થા, કલાની તમામ સાધન સામગ્રી, પ્રવાસ ખર્ચ, અકાદમી દ્વારા કરવામાં/ પુરી પાડવામા આવે છે. તૈયાર થયેલ કલાકૃતિઓનું પ્રદર્શન પણ યોજાય છે.

૧૪. રાજ્યમાં વ્યક્તિગત/ સામુહિક કલા પ્રદર્શન યોજવા નાણાંકીય સહાય

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ગુજરાતના કલાકારોને રાજ્યમાં વ્યક્તિગત/ કે સામુહિક કલા પ્રદર્શન યોજવા એક પ્રદર્શન દીઠ વધુમાં વધુ ₹ ૨૫૦૦૦/-ની નાણાંકીય સહાય કરવાની યોજના અમલમા છે. અરજદારે નિયત અરજી પત્રકમા અરજી કરી સમીતી પાસે મંજુર કરાવ્યા બાદ, મંજુર કરેલ અરજદારને પ્રદર્શન યોજાયા બાદ આ સહાય ચુકવવામાં આવે છે. રાજ્યમાં આવા ૨૦ પ્રદર્શનોને સહાય આપી શકાય છે.

૧૫. રાજ્ય બહાર / પરદેશમા કલા પ્રદર્શન યોજવા નાણાંકીય સહાય

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ગુજરાતના કલાકારોને રાજ્ય બહાર / પરદેશમાં વ્યક્તિગત/ સામુહિક કલા પ્રદર્શન યોજવા એક પ્રદર્શન દીઠ ₹ ૧,૦૦,૦૦૦/- ની નાણાંકીય સહાય કરવાની યોજના અમલમા છે. અરજદારે નિયત અરજી પત્રકમા અરજી કરી સમિતી પાસે મંજુર કરાવ્યા બાદ, મંજુર કરેલ અરજદારને પ્રદર્શન યોજાયા બાદ આ સહાય ચુકવવામાંઆવે છે. પરદેશમા કલા પ્રદર્શન યોજવા ઈચ્છતા કલાકારને ઉક્ત સહાય ઉપરાંત વિઝા ફી તથા ઈકોનોમી ક્લાસનુ હવાઈ મુસાફરી ખર્ચ આપવામાં આવે છે.

૧૬. કોન્ટેમ્પરરી આર્ટિસ્ટ કેમ્પ (સમકાલીન કલાકારોનો કેમ્પ)

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા કોન્ટેમ્પરરી આર્ટિસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં દસ સિનિયર

તેમજ દસ જુનિયર કલાકારોનો સમાવેશ કરી આયોજન કરવામાં આવે છે. સમકાલીન કલાના કલાકારો સાથે આદાન- પ્રદાન તેમજ કલાકારો વિચાર વિમર્શ કરી કલાકૃતિઓ તૈયાર કરવાનો/ આધુનિક કલાને પ્રોત્સાન આપવાનો આશય છે. આ કેમ્પમાં સિનિયર કલાકારને ₹ ૧૫૦૦૦/- તથા જુનિયર કલાકારને ₹ ૫૦૦૦/- નો માનદ પુરસ્કાર આપવામાં આવે છે .

૧૭. કલા સંસ્થાઓને કલા પ્રદર્શન માટે નાણાંકીય સહાય

રાજ્યમાં આવેલી કલા સંસ્થાઓમાં પેઇન્ટિગ, ગ્રાફિક્સ, શિલ્પ, ફોટોગ્રાફી, વ્યવહારીક કલાના અભ્યાસક્રમો ચલાવે છે. આ કલા સંસ્થાઓ યુનિવર્સીટી/ રાજ્ય સરકારની માન્યતા પ્રાપ્ત કરેલ હોય છે. વર્ષ દરમિયાન આ કલા સંસ્થાઓના વિદ્યાર્થીઓએ, પ્રાધ્યાપકોએ તૈયાર કરેલ કલાકૃતિઓનું પ્રદર્શન તેમની કલા સંસ્થામાજ આયોજન કરે છે. આ કલાકૃતિઓનું પ્રદર્શન રાજ્યમાં આવેલી અન્ય કલા સંસ્થાઓમાં તેમજ રવિશંકર રાવળ કલા ભવન- અમદાવાદ ખાતે યોજવા માટે આ યોજના છે. આ કુલ બે સ્થળે બે પ્રદર્શનો યોજવા ₹ ૧,૦૦,૦૦૦/- ની નાણાંકીય સહાય આપવામાં આવે છે. આ પ્રદર્શનોના આયોજનથી કલાના શિક્ષણનું આદાન પ્રદાન કરી શકાય, કલાની શૈલીઓ, માધ્યમો, ટેકનીકો, વિશિષ્ટતાઓ વિશેની જાણકારી કલા જગતને આપી શકાય છે. આ યોજના હેઠળ પાંચ સંસ્થાઓને કુલ ₹ ૫,૦૦,૦૦૦/- ની નિયમાનુસાર સહાય કરવામાં આવે છે.

૧૮. કાયમી કલા પ્રદર્શન આયોજન

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના કલા સંગ્રહની કલાકૃતિઓનું કાયમી કલા પ્રદર્શન યોજવામાં આવે છે. તબક્કાવાર જુદા જુદા કલાકારોની કલાકૃતિઓના પ્રદર્શનો યોજવામાં આવે છે. આ પ્રદર્શન રવિશંકર રાવળ કલા ભવન –અમદાવાદ ખાતે યોજવામાં આવે છે. આ આયોજનથી કલા જગતને, કલાના ચાહકોને જુદા જુદા સમયની કલાની શૈલીઓથી વાકેફ કરી શકાશે.

૧૯. નેશનલ ફોટોગ્રાફી વર્કશોપ

ગુજરાત રાજ્ય લલિતકલા દ્વારા નેશનલ ફોટોગ્રાફી વર્કશોપ યોજવામાં આવે છે. જેમાં ગુજરાતમાંથી વિવિધ કલાકારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. ત્યારબાદ એ અરજીઓની માન. તજજ્ઞશ્રીઓ દ્વારા ચકાસણી કરીને તેમાંથી પચાસ જેટલા નામ પસંદ કરવામાં આવે છે. પછી એ વિજેતાઓને યોગ્ય નિષ્ણાંતો સાથે સાત જેટલા દિવસ રાખીને કલાનો વર્કશોપ કરવામાં આવે છે. જેથી વિજેતાઓને કલાવિષયક યોગ્ય જ્ઞાન મળી રહે.

૨૦. ડોક્યુમેન્ટેશન ઓફ આર્ટીસ્ટ

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા દર વર્ષે પેપરમાં જાહેરાત આપીને આર્ટીસ્ટોને ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવા માટે સહાય ચૂકવવામાં આવે છે. જેમાં આર્ટીસ્ટ યોગ્ય ડોક્યુમેન્ટરી કરેલી વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી રજુ કરે પછી તેને ₹ ૧.૦૦ લાખની મર્યાદામાં બે આર્ટીસ્ટોને સહાય ચૂકવવામાં આવે છે.

૨૧. જુનિયર/સિનિયર ફેલોશીપ

ગુજરાતના સિનિયર અને જુનિયર કલાકારોને ફેલોશીપ દ્વારા નાણાંકીય સહાય કરી તેમની કલાના ક્ષેત્રની કારકીર્દીને વિકસાવીને ગુજરાતની કલા અને કલાકારો દેશભરમાં મોખરે રહે તેની આ યોજના છે. તેમાં ગુજરાતના મૂળ વતની હોય અને ગુજરાતમાં રહેતા હોય તેવા પાંચ સિનિયર કલાકારોને માસિક ₹ ૩૦૦૦/- અને દસ જુનિયર કલાકારોને માસિક ₹ ૨૦૦૦/- લેખે એક વર્ષ સુધી સહાયની રકમ આપવામાં આવે છે. અને દર ત્રણ મહિને તેમના કામનો અહેવાલ લેવામાં આવે છે.

૧૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

૧.૦ નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું :

નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું સને ૧૯૧૫ ના વર્ષમાં સ્થાપવામાં આવેલ અને સને ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની રચના થયા પછી ચાલુ રાખવામાં આવેલ છે. મુંબઈ નગર આયોજન ધારો-૧૯૫૪ અને ત્યાર બાદ સદર ધારાની જગ્યાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળની જોગવાઈઓને અનુરૂપ ફરજો આ ખાતું સ્થાનિક સંસ્થાઓ સાથેના સાથ સહકાર સાથે બજાવે છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઈ હેઠળ જુદા જુદા નગર/શહેરોની વિકાસ યોજનાઓ અને વિગતવાર નગર રચના યોજનાઓ તૈયાર કરી રાજ્યમાં નગર આયોજનને ઉત્તેજન આપવું તેના અમલ અંગે સલાહ આપવી, મહાનગર વિષયક પ્રાદેશિક નકશાઓ, ટ્રાફિક અને વાહન વ્યવહારના અભ્યાસ અહેવાલ તૈયાર કરવા, બીનખેતી વિષયક પરવાનગી આપવામાં અને રેખાંકન મંજુર કરવામાં કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સ્થાનિક સંસ્થાઓ સાથે વિચારણા કરી તેમના વિસ્તારના ભૌતિક વિકાસ ઉપર નિયંત્રણ રાખવાનું તથા પ્રાદેશિક/પેટા પ્રાદેશિક નકશાઓ તૈયાર કરવાનું તથા આયોજન કરવાનું છે.

૧.૧ નગરપાલિકાઓનું વહીવટી તંત્ર :

કમિશ્નરશ્રી, નગરપાલિકાઓનું વહીવટી તંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ૧લી જુન-૧૯૬૫ થી અસ્તિત્વમાં આવી છે અને પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરીઓ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા રાજકોટ અને ભાવનગરની કચેરીઓ ૧૩મી એપ્રિલ-૨૦૧૮ થી અસ્તિત્વમાં આવી છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની જોગવાઈઓને લક્ષમાં લઈને કમિશ્નર કચેરી નગરપાલિકાઓ તથા પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરીઓ નગરપાલિકાઓના રોજબરોજના વહીવટમાં અને તેમના વિકાસમાં વેગ લાવવા માટે સહાય તેમજ માર્ગદર્શન આપે છે તેમજ દેખરેખ રાખે છે.

ગુજરાત રાજ્યમાં કુલ-૧૬૨ નગરપાલિકાઓ આવેલી છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની જોગવાઈઓને આધીન રહીને નગરપાલિકાઓ પર સીધેસીધા નિયંત્રણ, નિયમન અને વહીવટી દેખરેખની જવાબદારી પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ સંભાળે છે. નગરપાલિકાઓને તેમના પ્રશ્નોના નિકાલ માટે અને અનુદાનો મેળવવાની પ્રક્રિયા માટે વહીવટી સરળતા અને સુગમતા રહે અને નગરપાલિકાઓના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય તે દ્રષ્ટિબિંદુને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક કચેરીઓ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર ખાતે શરૂ કરવામાં આવેલ છે.

૧.૨ અગ્નિ નિવારણ સેવાઓ :

ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક અને આર્થિક વિકાસ ઘણો ઝડપી થઈ રહેલ છે. રાજ્યમાં રહેણાંક, વાણિજ્યક તેમજ ઔદ્યોગિક હેતુઓ માટે બાંધકામની પ્રવૃત્તિ વધી રહેલ છે. હાલમાં રાજ્યમાં અગ્નિશમન સેવાઓ જુદી જુદી એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવી રહી છે. અગ્નિશમનને લગતી જોગવાઈઓ સ્થાનિક કાયદાનો ભાગ છે. રાષ્ટ્રીય ઈમારત અધિનિયમ બાંધકામને લગતા પેટા કાયદા, બાધકામો અને જગ્યાઓના વિકાસ પર નિયંત્રણ કરતા વિનિયમોથી અગ્નિ નિવારણ માટેના પગલાં અંગેના ઉપકરણો સ્થાપિત કરવાં જરૂરી છે. બાંધકામોના વિકાસ પર નિયંત્રણ કરતાવિનિયમો પ્રમાણે અગ્નિ નિવારણ સાધનોની જોગવાઈ અને તેને ઈન્સ્ટોલેશનની જોગવાઈ જરૂરી છે. બાંધકામ (મકાન) અથવા જગ્યાનો માલિકી અથવા ભોગવટો કરનાર અગ્નિ સલામતિના સાધનોનો નિભાવ કરશે અને આગ ફાટી નીકળે ત્યારે આવા ઉપકરણો કામે લાગશે કે કેમ તેની ખાત્રી જરૂરી છે. આગ હોલવવાની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે આગ ફાટી નીકળવાના કિસ્સામાં જુદા જુદા સ્ત્રોતો દ્વારા સહાય ઉપલબ્ધ કરવાની જરૂર છે. આગ હોલવવાની પ્રક્રીયાને વધુ સરળ બનાવવા, પરિસ્થિતિને કાબુમાં લેવા માટે કર્મચારીઓને પોલીસની સહાયની અને પ્રક્રીયામાં બાધારૂપ હોય તેવા કૃત્યો થતા અટકાવવા સત્તાની જરૂર પડે છે.

આથી સમગ્ર રાજ્યમાં આગ ફાટી નીકળતી અટકાવવા તેમજ આગ ફાટી નીકળવાના કિસ્સામાં અસરકારક પગલાં લેવા માટે એક સમાન અગ્નિ નિવારણ સેવા ઉભી કરવાની જરૂર જણાયેલ છે. જીવન અને મિલકતની સલામતી સુનિશ્ચિત કરવા કાયદો જરૂરી છે. આથી રાજ્ય સરકારે ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એકટ-૨૦૧૩, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ રૂલ્સ-૨૦૧૪, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ રેગ્યુલેશન-૨૦૧૬નું અમલીકરણ શરૂ કરેલ છે. જે અર્થે રાજ્યમાં નિયામક, અગ્નિ શમન સેવાઓની કચેરી તા. ૨૫/૦૮/૨૦૧૫થી કાર્યરત થયેલ છે.

૧.૩ વિકાસ યોજનાઓ :

ભાવિ શહેરી વિકાસનું આયોજન અને અમલીકરણ :

રાજ્યમાંની શહેરી આયોજનની કામગીરીમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાના ભાગરૂપે શહેરી આયોજનની

INDEX

વિવિધ કામગીરી સાથે સંકળાયેલી કચેરીઓમાં કોમ્પ્યુટીકરણ કરી તેના મારફતે જી.આઈ.એસ તથા નેશનલ અર્બન ઈન્ફર્મેશન સીસ્ટેમથી રાજ્યમાં સુઆયોજીત વિકાસ કરવાનો પણ ઉદેશ છે.

રાજ્યમાંના વિવિધ શહેરી/વિસ્તાર વિકાસ સત્તાંમંડળો તથા નગરપાલિકા, ગ્રામ પંચાયતને તેમના જે તે નગરના આયોજન માટે પ્રોત્સાહન મળે તે માટે વિકાસ યોજનાની દરખાસ્તો અને નગર રચના યોજનાની દરખાસ્તોરના અમલીકરણ માટે થયેલ ખર્ચની સામે ૫૦ ટકા રકમ સુધી તેમજ મહેકમ ખર્ચની સામે ૭૫ ટકા સુધીની રકમ રાજ્ય સરકારના ફાળા પેટે સહાયક અનુદાન આપી રાજ્યમાં શહેરો/નગરોનો સુઆયોજીત વિકાસ કરવાનો ઉદેશ છે. મુક્ત ઔદ્યોગિક અને આર્થિક નીતિ તેમજ વૈશ્વીકરણને કારણે ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક મુડી રોકાણના સંદર્ભે ઝડપી વિકાસ થાય તેમ છે. આ વિકાસ મુખ્યત્વે દરિયાકાંઠાના વિસ્તારોમાં થનાર છે જેને ધ્યાને લઈને રાજ્યમાં સમતુલીત વિકાસ કરવો અને ભૌતિક આયોજન પ્રાદેશિક સત્વરે કરવાનો હેતુ છે. દેશના અન્યં રાજ્યોની સરખામણીમાં ગુજરાત રાજ્ય ભૌતિક આયોજનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. શહેરી જમીન પુનઃસમાયોજના તકનીકી કેન્દ્રમાં અર્બન લેન્ડ રીએડજસ્ટન મેન્ટ સ્કીમ અંતર્ગત વધુ સંખ્યામાં ઝડપી નગર રચના યોજનાઓ કરવાનો અભિગમ રાખી સુવિધા સભર અમલીકરણ કરવાનો રાજ્ય સરકાર તથા સમુચિત સત્તામંડળોનો હેતુ છે. જમીન સંપાદનના અસરકારક વિકલ્પ તરીકે વિસ્તૃત આયોજન કે જેમાં આંતરમાળખાકીય સુવિધાઓ, અસરકારક લોક સહયોગ ખાનગી અને જાહેર ક્ષેત્રની સંયુકત/સામુહિક ભાગીદારી વિગેરે સંકળાયેલ છે. તે આ તકનીકના આગવા અંગો છે.

રાજ્યના વિકાસનો લાભ ફકત શહેરો અને નગરો પુરતો સિમિત ન રાખતાં તેનો લાભ રાજ્યના છેવટના વિસ્તારો કે જેમાં મુખ્યુત્વે આદિવાસી અને પછાત ગણાતા વિસ્તારોને તેનો લાભ મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે.

આ યોજના માટે સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં ₹ ૨૨૦૯.૪૬ લાખની જોગવાઈ સૂચવેલ હતી. જેની સામે ₹ ૧૫૭૫.૮૬ લાખનો ખર્ચ થયેલ છે. જયારે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ₹ ૩૬૬૮.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

ઈ-નગર યોજના :

વિભાગ તથા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી અને તેના નિયંત્રણ હેઠળની કચેરીઓને તેમજ નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી અને વિભાગ ખુદને તેમજ રાજ્યની ૧૬૨ નગરપાલિકાઓને કોમ્પ્યુટરો પૂરા પાડવામાં આવેલ છે. આ ઉપરાંત વિભાગ ખુદ તથા ખાતાના વડાઓની કચેરીઓ માટે એકશન પ્લાન બનાવવામાં આવેલ છે.

હાલમાં મહાનગરપાલિકા, સત્તામંડળો તથા નગરપાલિકાઓમાં બાંધકામ પરવાનગી આપવા માટે અરજદારોએ જે તે સંસ્થામાં જઈ અરજી કરી દસ્તાવેજો રજુ કરવાના થાય છે. આ કામગીરીમાં અરજદારોને પરવાનગી લેવા માટે વારંવાર નગરપાલિકા, મહાનગરપાલિકા તથા સત્તામંડળમાં જવાની ફરજ પડે છે. આ તમામ પ્રક્રિયાને ટેકનોલોજીના માધ્યમથી એટલે કે ઓટોમેટેડ બિલ્ડીંગ પરમીશન આપવાની કાર્યવાહી કરવાથી જમીન માલિક અથવા તો અરજદાર પોતાના દસ્તાવેજો વેબસાઈટ ઉપર ઓનલાઈન અપલોડ કરી શકશે. તેમજ જરૂરી નાણાં પણ ઈ-પેમેન્ટથી કરી શકે અને વેબસાઈટ ઉપર સોફ્ટવેરથી નકશાની ચકાસણી થઈ અરજદારને ઓનલાઈન ઉપલબ્ધ થઈ શકશે. જેથી તેઓ નકશામાં જરૂરી સુધારા કરી ફરીથી વેબસાઈટ ઉપર અપલોડ કરી મંજુર થયેલ નકશા મેળવી શકશે. આમ, જમીન માલિક/ અરજદારે મહાનગરપાલિકા, નગરપાલિકા તથા સત્તામંડળમાં જવુ પડશે નહીં અને તેઓ પેમેન્ટ પણ ઓનલાઈન કરી શકશે. આ હેતુથી રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ સત્તામંડળો અને નગરપાલિકાઓમાં ઓટોમેટેડ બિલ્ડીંગ પરમીશન લાગુ કરવા માટે ઈઝ ઓફ ડુંઈગ બીઝનેશ અંતર્ગત ઈઝ ઓફ ડુંઈગ બીઝનેશમાં કોમ્પ્રીહેસીવ ડેવલોપમેન્ટ માટે (૧) ઓટોમેટેડ બીલ્ડીંગ પરમીશન સીસ્ટમ, (૨) જીઆઈએસ બેઝડ માસ્ટર પ્લાન ફોર અર્બન લોકલ બોડીઝ, (૩) ટી.પી.સ્કીમ ડાટા ઓન જીઆઈએસ પ્લેટ ફોર્મ ફોર મ્યુનિસિપલ કોર્પોરેશન, (૪) સીસ્ટમ ઈન્ટીગ્રેશન ફોર ઓલ એબોવ સર્વિસ એઝ એ પાર્ટ ઓફ ઈ-નગર એક્ષટેન્શન, (૫) ઈન્ટરનેટ સર્વિસીસ ફોર ઓલ યુએલબી કામગીરી માટે આનુસંગીક સોફ્ટવેર ખરીદી કરવી.

આ સ્કીનમના હેતુઓ નીચે મુજબ છે.

(૧) જુદા જુદા ખાતાના વડાઓ અને અર્બન લોકલ બોડીઝ માટે હાર્ડવેર અને સોફ્ટવેર્સની જરૂરીયાત તેમજ આઈ.ટી પ્રોફેશનલની સેવાઓ પૂરી પાડવી.

(૨) સેટેલાઈટ ઈમેજીઝ દ્વારા એરીયલ ફોટોગ્રાફસ મેળવવા અને ડેટાબેઈઝનો ઉપયોગ જી.આઈ.એસ સાથે કરવો. શહેરી વિસ્તારોના સ્થળોનો સર્વે કરી આયોજનની સગવડ પૂરી પાડવી.

(૩) નેશનલ અર્બન ઈન્ર્ફોમેશન સીસ્ટમ (એનયુઆઈએસ) નો અમલ કરવો.

INDEX

(૪) મહાનગરપાલિકા અને નગરપાલિકા લેવલે વિવિધ ૫૨ જેટલી નાગરિક સુવિધાઓ અંગેની પ્રક્રિયા ઓન લાઈન કરી ઝડપી સેવાઓ પુરી પાડવી.

આ યોજના માટે સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં ₹ ૫૦૧.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ હતી. જેની સામે ₹ ૫૦૧.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જયારે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં આ સદર હેઠળ ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

મનોરંજન કરની ગ્રાન્ટ :

નાણા પંચની ભલામણના અનુસંધાને હાલમાં શહેરી સ્થાનિક સંસ્થાજઓને સરકારશ્રી દ્વારા મનોરંજન કરની પ્રાપ્ત થતી કુલ આવકમાંથી ૫૦ ટકા હિસ્સોસ તેમના વિકાસ કામો માટે દર વર્ષે ફાળવવામાં આવે છે. તેમાં ૨૫ ટકા વધારો કરી હવે તેમને ૭૫ ટકા ફાળવવાની રહે છે. વધારાની ૨૫ ટકા રકમ વાજપાઇ નગર વિકાસ યોજના હેઠળ આવરી લેવાયેલ વિવિધ વિકાસ કામો માટે ફાળવવાના રહે છે અને શહેરી સ્થાનિક સંસ્થાઓએ તેનો ઉપયોગ બાજપાઇ નગર વિકાસ કામો માટે જ કરવાનો રહે છે.

સરકારશ્રીને નિયત કરેલ ધોરણો/માપદંડો અનુસાર નાણાં બોર્ડ દર વર્ષે નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓને તેમના વિસ્તાારના વિકાસ કામો/યોજનાઓ માટે મનોરંજન કરની ગ્રાન્ટિ ફાળવે છે. મનોરંજન કરની ગ્રાન્ટમાંથી નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓને તેમના વિસ્તાંરના વિકાસ કામો/યોજનાઓ જેવી કે અગ્રિમ આવશ્યક સેવા,પછાત વિસ્તાનરોની પાયાની સગવડો પૂરી પાડવા તથા સ્પેશ્યલ પ્રોજેકટ માટે દર વર્ષે દરખાસ્ત રજૂ કર્યે ગ્રાન્ટ પૂરી પાડવામાં આવે છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧માં ₹ ૨.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે શૂન્ય ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

નિર્મળ શહેર :

રાજ્ય સ્વચ્છ અને હરિયાળુ બને અને આગામી વર્ષોમાં પ્રદૂષણ ઘટે અને પર્યાવરણમાં સુધારો થાય તેના પ્રયત્નો વિના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૦૭-૦૮ થી નિર્મળ શહેરો (નિર્મળ ગુજરાત અભિયાન) નામની એક નવી યોજના સૂચવવામાં આવી છે.

આ યોજના હેઠળ ઠરાવેલ પર્યાવરણ સુધારણા પ્રયત્નોનો અમલ કરવા અને પ્રદુષણની માત્રા ઘટાડી રાજ્યને સ્વચ્છ અને હરિયાળુ બનાવવાનું આ યોજનાનું લક્ષ્યક છે. આ યોજના અંતર્ગત રાજ્યના શહેરોમાં નીચે દર્શાવેલ બાબતમાં વિકાસના કામો કરવાનો અભિગમ છે.

(૧) ઘન કચરાના સંચાલન અને નિકાલની વ્યવસ્થા

(૨) ખુલ્લામાં મળત્યાાગની પ્રવૃત્તિ અટકાવવા વૈકલ્પિક સગવડ આપવી.

(૩) સાર્વજનિક શૌચાલયો બનાવવા

(૪) હરિયાળા આઈલેન્ડો અને પ્રશ્નો માટે સ્થાનિક સંસ્થાઓને ઉત્તેજન આપવું.

(૫) પર્યાવરણ સૂચિઆંકનું નિરીક્ષણ

(૬) કાર્બન શોષણ, રસ્તાની બાજુમાં વૃક્ષારોપણ અને પાણીના સ્ત્રોતને સુધારી પ્રદૂષણ નાથવું.

(૭) શહેરના નબળા વર્ગો માટે આરોગ્યનો કાર્યક્રમ.

સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ₹ ૫૭૫૭.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ સુચવેલ હતી જેની સામે ₹ ૩૭૫૭.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ₹ ૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

"સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના" હેઠળ નગરોમાં રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજ બાંધકામ માટે સહાય.

ગુજરાત વધતા જતા શહેરીકરણનું ઉદાત સાક્ષી છે. ૫૦ ટકાથી પણ વધુ વસતિ આવતાં ૧૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં વસવાટ કરવાની અપેક્ષિત છે. ઉપર્યુકત સ્થિતિને નજર સમક્ષ રાખતાં, એ માનવા યોગ્યે છે કે શહેરી ગીચ વિસ્તારોમાંથી પસાર થતી રેલ્વેપ લાઈન ધીમા વાહન વ્યવહાર માટેનું ચોકકસ કારણ છે અને શહેરોમાં થતી વિપરીત અસરો જેવી કે, માનવ કલાકોનો બગાડ, સુરક્ષા ધારાધોરણો, વાહનોનો બળતણ વપરાશ અને પર્યાવરણીય અસરો. તેથી આગામી આયોજનના ભાગરૂપે રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજ (સ્થળ સ્થિતિ અનુસાર) બાંધકામ કરવું જરૂરી છે. ઉપર્યુકત સ્થિતિમાં માનવા એ યોગ્યો છે કે ભારત સરકારનું રેલ્વે મંત્રાલય રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજના બાંધકામ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

INDEX

ભાગીદારી સ્વરૂપે સહાય કરે છે. પરંતુ સ્થાનિક સ્વરાજની સંસ્થોઓ પાસે ઉકત હેતુ માટે જરૂરી ફાળો ઉપલબ્ધ હોતો નથી, એવુ વિચારણામાં લઇ શકાય કે સ્થાનિક સ્વરાજની ક્ષમતા અને પ્રમાણભુત ધારાધોરણો બંન્ને બાબતો ધ્યાને લઇ ઉકત હેતુ માટે જરૂરી નાણાંકીય સહાય કરી શકાય.

ઉપર જણાવેલ અનુદાન નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓના ક્ષમતાવર્ધન અને જવાબદારીપૂર્ણ શહેરી સેવાઓ માટે આપવું જરૂરી છે. રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજના બાંધકામમાં સહાય કરવાથી સંકલિત વાહન વ્યવહાર અને પર્યાવરણીય સ્થિતિનો શહેરી વિસ્તોરની સુદ્રઢ જીવનશૈલી અને કાર્યક્ષમતામાં ઉપયોગી બનશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૨૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૧૦૦૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૫૬૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૫૦ ટકા વ્યવસાયિક કર માટે મહાનગરપાલિકાઓને સહાયક અનુદાન :

રાજ્ય સરકારે રાજ્ય નાણાં પંચની ભલામણોનો સ્વીકાર કરેલ છે. આ ભલામણો પૈકી શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિસ્તારમાંથી વસુલ આવેલ રકમમાંથી ૫૦ ટકા રકમ જે તે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ફાળવવા દર વર્ષ બજેટ જોગવાઇ કરવામાં આવે છે. ૨૦૦૭-૦૮ ના નાણાંકીય વર્ષમાં સરકારશ્રીએ વ્યવસાય વેરા કાયદા હેઠળની કેટેગરી-૧ કે જે પગારદારોનો સમાવેશ થાય છે તે રકમમાંથી ૫૦ ટકા રકમ જે તે સંબંધિત શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પરત ફાળવવા નિર્ણય કરેલ છે.

આ યોજનામાં વર્ષ ૨૦૨૦-૨૧માં મહાનગરપાલિકાઓ માટે ₹ ૫૩૭૭.૩૫ જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે તેટલી જ રકમનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૫૦ ટકા વ્યવસાયિક કર માટે નગરપાલિકા/નગરપાલિકા સમિતિને સહાયક અનુદાન :

રાજ્ય સરકારે રાજ્ય નાણાં પંચની ભલામણોનો સ્વીકાર કરેલ છે. આ ભલામણો પૈકી શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિસ્તારમાંથી વસુલ આવેલ રકમમાંથી ૫૦ ટકા રકમ જે તે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ફાળવવા દર વર્ષ બજેટ જોગવાઇ કરવામાં આવે છે. ૨૦૦૭-૦૮ ના નાણાંકીય વર્ષમાં સરકારશ્રીએ વ્યવસાય વેરા કાયદા હેઠળની કેટેગરી-૧ કે જે પગારદારોનો સમાવેશ થાય છે તે રકમમાંથી ૫૦ ટકા રકમ જે તે સંબંધિત શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પરત ફાળવવા નિર્ણય કરેલ છે.

સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ₹ ૪૧૪૬.૩૧ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ હતી. જેની સામે તેટલી જ રકમનો ખર્ચ થયેલ છે. જયારે સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ₹ ૪૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

બુનિયાદી મૂડી અને શહેરી સ્થાનિક સંસ્થાઓને પગાર ભથ્થાં માટે નગરપાલિકાઓને સહાયક અનુદાન

શહેરી સ્થાનિક સંસ્થા-ઓને સંબંધિત ગુજરાત નાણાપંચની ભલામણ અન્વયેની રાજ્યની નગરપાલિકાઓના સરકારશ્રીએ મંજૂર કરેલ સ્ટાફને ચૂકવવામાં આવતું પગાર ભથ્થા વિષયક અનુદાન/માથાદીઠ મૂળભુત ગ્રાન્ટે તેમજ રૂપાંતરીત નગરપાલિકાઓને મોંઘવારી ભથ્થા અનુદાન એ ત્રણેય અનુદાનોને એકત્રિત કરીને માથાદીઠ રૂપિયા ૮૧/- આપવાનું નકકી થયેલ છે.

સરકારશ્રીએ શહેરી સુધારણા સહિત માળખાકીય વિકાસ યોજનાઓના કાર્યક્રમો મોટાપાયે હાથ ધરેલ છે. આમ, આ યોજનાઓના અમલીકરણની કામગીરી માટે વધારાનું મહેકમ જરૂરી બનેલ છે. આ ઉપરાંત સરકારના વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ જેવી કે, શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫, નિર્મળ ગુજરાત, નીરોગી બાળ, સ્વાર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, શહેરી આવાસ, ગરીબ સમૃધ્ધિ યોજના, અર્બન સ્લમ કેમ્પોઇન, સોશીયો ઇકોનોમિક સર્વે, ઘન કચરાના કામો માટે મહેકમની જરૂરીયાત રહેશે. જેના પગાર ભથ્થા વિગેરેના ખર્ચ માટે જોગવાઇ કરવી જરૂરી છે.

સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ₹ ૧૩૫૦૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ હતી. જેની સામે ₹ ૭૬૫૩.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ₹ ૧૩૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી)ને સહાય.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લીમીટેડ (અગાઉ મેટ્રો-લીંક એક્ષપ્રેસ ફોર ગાંધીનગર અને અમદાવાદ (મેગા) કંપની લીમીટેડ) ભારત સરકાર અને ગુજરાત સરકારનું સયુંકત સાહસ છે. કંપનીની સ્થાપના કંપની એક્ટ ૧૯૫૬ હેઠળ કરવામાં આવેલ છે. કંપનીનો હેતુ રેલ આધારિત ઝડપી, વિશ્વસનીય, અનુકૂળ, કાર્યક્ષમ અને આધુનિક જાહેર પરિવહનનું નિર્માણ, સંચાલન અને જાળવણી કરવાનો છે. પ્રોજેક્ટને આગળ ધપાવવા, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ગાંધીનગર અને

ગીફ્ટ સીટીને જોડતો બીજા તબક્કાના અને સુરત શહેરમાં મેટ્રો રેલનું નિર્માણ કરવાનું નક્કી કરેલ છે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા (મેટ્રો રેલ ફેઝ-૧)ના કુલ ૪૦.૦૩ કિલોમીટરમાંથી વસ્ત્રાલ ગામ સ્ટેશનથી એપેરલ પાર્ક મેટ્રો રેલ સ્ટેશન સુધીની ૬.૫ કિલોમીટરનું કામ ૦૪ માર્ચ ૨૦૧૯માં પૂર્ણ કરી જાહેર જનતા માટે શરૂ કરવામાં આવેલ છે તથા અન્ય કોરિડોરનું કામ પ્રગતિમાં છે.

ડીડીસી - સિવિલ કામના ટેન્ડરો એનાયત થઈ ગયા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૨ના સિવિલને લગતા કોન્ટ્રાક્ટ આખરી કરી ને એનાયત કરી દેવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૨ માટે સિવિલને લગતા કોન્ટ્રકટોમાં બાંધકામ શરુ કરી દેવાનું આયોજન છે. કાસ્ટિંગ યાર્ડ અને અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૨ના ડેપોના બાંધકામ માટે જમીન સંપાદનને લગતા કર્યો પણ શરુ કરવાનું આયોજન છે.

સુરત મેટ્રો રેલ ફેઝ-૧ માટે ડીડીસી અને સિવિલ કામના ટેન્ડરો એનાયત થઈ ગયા છે અને સિવિલ બાંધકામના ટેન્ડરો મંજૂરીના આખરી તબક્કામાં છે. વર્ષ ૨૦૨૧-૨૨માં સુરત મેટ્રો રેલ ફેઝ-૧ માટે સિવિલ બાંધકામ શરુ કરી દેવાનું આયોજન છે. સુરત મેટ્રો રેલ ફેઝ-૧ માટે જનરલ એન્જીનીયરીંગ કન્સલટન્ટની નિમણુંક માટેના ટેન્ડરો વર્ષ ૨૦૨૦-૨૧માં આખરી થશે જયારે સિસ્ટમ કામ માટેના ટેન્ડરો વર્ષ ૨૦૨૧-૨૨માં એનાયત થઈ જશે. કાસ્ટિંગ યાર્ડ માટે અને સુરત મેટ્રો રેલ ફેઝ-૧ના ડેપો બાંધકામ માટે જરૂરી જમીન સંપાદન કરવામાં આવશે તેમજ આ પ્રોજેક્ટના અસરગ્રસ્તોને પુનર્વસન અને પુન:વસવાટને લગતા કામો શરૂ કરવાનું આયોજન છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે શેર રોકાણ માટે ₹ ૩૦૨૦૦.૦૦ લાખ તથા લોન માટે ₹ ૧૦૩૨૦.૭૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેની સામે શેર રોકાણ માટે ₹ ૩૦૨૦૦.૦૦ લાખ તથા લોન માટે ₹ ૧૦૩૨૦.૭૫ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે શેર રોકાણ માટે ₹ ૨૭૦૦૦.૦૦ લાખ તથા લોન માટે ₹ ૨૯૭૯૦.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :

રાજ્ય સરકાર આગામી પાંચ વર્ષ માટે ગરીબ અને સામાન્ય શહેરી જન કેન્દ્રમાં રાખી સામાજીક સુવિધા ઉપર વધારે ભાર મુકત એક સંપૂર્ણ શહેરી વિકાસ યોજના ₹ ૨૨૫૦૦ કરોડની જોગવાઈ રજુ કરેલ છે.

શહેરની આજુબાજુના નવા વિસ્તારોને વધુ સગવડ યુકત, સ્વેચ્છદ અને આરોગ્યપ્રદ બનાવવા તેમજ ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં રહેતા તમામ નાગરિકોને લાભ મળે તે માટે નાણાંકીય મદદ આપીને આવા વિસ્તારોમાં વસતા નાગરિકોને ભૂગર્ભ ગટર, પાણીની પાઈપ લાઈન, પાકા રસ્તા, ફુટપાથ વિગેરે માટે જનભાગીદારી દ્વારા વ્યાવસ્થાક આપવાનું આયોજન છે. પરંતુ જે સોસાયટીમાં અનુ. જાતિ અને અનુ. જનજાતિના ૫૦%થી વધુ સભ્યો હશે તેઓએ કોઈ લોકફાળો આપવાનો રહેશે નહિ અને આવી સોસાયટી માટે રાજ્ય સરકાર દ્વારા ૮૦% તથા શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા ૨૦% ગ્રાન્ટ ફાળવશે. અન્ય તમામ રહેણાંક વિસ્તારો માટે રાજ્ય સરકાર ૫૦%, શહેરી સ્થાનિક સંસ્થા ૩૦% આપશે અને ૨૦% રહેણાંક વિસ્તારોમાંથી લોકફાળો ભરવાનો રહેશે. આ ઘટક માટે પાંચ વર્ષ માટે ₹ ૨૫૦૦ કરોડ ફાળવવામાં આવશે.

સામાજીક આંતર માળખાકીય સેવાઓ સુદ્રઢ કરવા ૫ વર્ષની કુલ જોગવાઈ ₹ ૮૫૦૦ કરોડ છે. જેમાં સ્થાનિક સંસ્થાોઓ માટે નવી શાળાઓના મકાન બાંધકામ અને હયાત શાળાઓના મજબુતીકરણ, અર્બન હેલ્થ સેન્ટર, 'નંદ ઘર' સહિત વિવિધોપયોગી સવલતો માટે સહાય ઉપરાંત સોલીડ વેસ્ટર મેનેજમેન્ટલ, લિકવીડ વેસ્ટ મેનેજમેન્ટમ, નાના વેપારીઓ માટે માર્કેટ અને પાર્કીંગ સુવિધા, જાહેર શૌચાલય, ઈ-ગર્વનન્સે, ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબો માટે એફોર્ડેબલ હાઉસીંગ યોજના. સ્લમ વિસ્તારમાં રહેતાં શહેરી ગરીબોનો માનવ વિકાસ આંક ઉચો લાવવા, સુવિધા પૂર્ણ રહેઠાણ પુરૂ પાડવા, મુળભુત નાગરીક સુવિધાઓ તથા શહેરી યુવાનોને તાલીમ, તેમના કૌશલ્યવર્ધન રોજગારી તથા જાહેર ક્ષેત્રની શ્રમિકોની જરૂરીયાતોને પહોંચી વળવા, શહેરી ગીચ વિસ્તારમાંથી પસાર થતી રેલ્વે લાઈન માટે રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજના બાંધકામ, રેડિયલ અને રીંગરોડ બનાવવા માટે તથા શહેરી બસ સેવા માટે સહાય.નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ માટે સહાય.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૪૫૪૪૧૮.૩૩ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૬૬૪૮૯.૮૨ લાખ અને આદિજાતિ વિસ્તાાર પેટા યોજનામાં ₹ ૬૧૦૨૨.૩૯ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૩૭૯૬૧૨.૫૨ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૪૬૧૨૫૧.૭૯ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૬૪૨૪૯.૬૦ લાખ અને આદિજાતિ વિસ્તાનર પેટા યોજનામાં ₹ ૬૬૪૨૫.૭૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન [National Urban Livelihoods Mission - (NULM)]

ભારત સરકારશ્રીના આવાસ અને શહેરી ગરીબી નિર્મૂલન મંત્રાલયના તા.૨૪/૦૯/૨૦૧૩ના પત્ર ક્રમાંક:K-14011/1/2013-UPA દ્વારા મિશન ડોક્યુમેન્ટ બહાર પાડીને સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાનું નવું નામાંકન અને પુન:રચના કરી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન [National Urban Livelihoods Mission (NULM)] તરીકે અમલમાં આવેલ છે.

આ યોજનાનું અમલીકરણ એક લાખ અથવા એક લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં કરવાનો થાય છે. આ યોજનામાં વર્ષ ૨૦૧૧ વસ્તી ગણતરીના આધારે સામાજિક આર્થિક રીતે પછાત ઉપલબ્ધ એવા લોકો, રાજ્ય સરકારશ્રી દ્વારા શોધી કાઢેલ ગરીબી રેખાથી નીચે જીવન જીવતા લોકોને આ યોજના અંતર્ગત લાભ આપવા માટે જણાવેલ છે.

મૂલ્યો :

આ મિશન નીચે દર્શાવેલા મૂલ્યો અપનાવવા માગે છે.

૧. શહેરી ગરીબોની માલિકી અને તેમનો ઉત્પાદક સહયોગ તથા તેઓની સંસ્થાઓ દ્વારા તમામ પ્રક્રિયાઓમાં.

૨. કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં અને તેના અમલમાં પારદર્શિતા, જેમાં સંસ્થાઓ સ્થાપવા અને ક્ષમતાઓ વધુ સંગીન બનાવાનો સમાવેશ થાય છે.

૩. સરકારી પદાધિકારીઓ અને સમુદાયની જવાબદારી.

૪. ઉદ્યોગો અને અન્ય હિત ધરાવતા લોકોની ભાગીદારી.

૫. સમુદાયની આત્મનિર્ભરતા, સ્વ-સહાય અને પરસ્પર સહાય.

વ્યૂહરચના :

એનયુએલએમ નીચે મુજબની વ્યૂહરચના અપનાવશે.

૧. શહેરી ગરીબોની ક્ષમતા ઘટવી, તેઓની સંસ્થાઓ સ્થાપવી અને તેઓને પ્રત્યક્ષ રીતે સહાય કરીને, જીવનનિર્વાહ વિકાસ અને ગરીબી નિવારણ કાર્યક્રમોના અમલ સાથે સંકળાયેલા તંત્રોને સંગીન બનાવવા.

૨. શહેરી ગરીબોના જીવનનિર્વાહ માટેના હાલના વિકલ્પોમાં વધારો કરવો.

૩. ઊભરી રહેલી શહેરી અર્થવ્યવસ્થાઓ થકી ઊભી થતી બજાર આધારિત નોકરી/ રોજગારની તકોનો તેઓ લાભ લઈ શકે તે માટે તેઓની ક્ષમતાઓ ઘટાડવી.

૪. શહેરી ગરીબો નાના ઉદ્યોગ સાહસો સ્થાપી શકે તે માટે તેમને વ્યક્તિગત રીતે અને સામુહિક રીતે તાલીમ અને સહાય પુરાં પાડવાં.

૫. પાણી, સ્વચ્છતા, સુરક્ષા અને સલામતી જેવી પાયાની આધારમાળખાકીય સુવિધાઓ સહિત કાયમી આશ્રયો ઘરવિહોણા, શહેરી લોકોને ઉપલબ્ધ બને તે સુનિશ્ચિત કરવું.

૬. ઘરવિહોણા લોકોમાં પણ આશ્રિત બાળકો, વૃધ્ધો, વિકલાંગો, મનોરોગીઓ અને માંદગીમાંથી બેઠા થઈ રહેલાં લોકોનો એક વિશિષ્ટ વર્ગ ઊભો કરીને તેઓની ખાસ જરૂરિયાતો પૂરી કરવી.

૭. ઘરવિહોણા શહેરી લોકોના અન્નના અધિકાર, સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાના અધિકાર, શિક્ષણાધિકાર સંતોષાય એ માટે સબળ સંપર્કો સ્થાપવા અને તે માટે સામાજીક સુરક્ષા પેન્શનો, જાહેર વિતરણ પ્રણાલી, સંકલિત બાળ વિકાસ યોજના, સ્તનપાન કાર્યક્રમ, પીવાના પાણી, સ્વચ્છતા, નાણાંકીય સમાવેશ, શાળા પ્રવેશ, પરવડે તેવાં આવાસોની વ્યવસ્થા ઊભી કરવી.

૮. ઘરવિહોણા શહેરી ફેરિયાઓને યોગ્ય જગ્યાઓ, સંસ્થાગત ધિરાણ, સામાજીક સુરક્ષા અને કૌશલો સુલભ બનાવી તેઓને બજારમાં ઊભી થતી તકોનો લાભ લેતાં કરવા અને એ રીતે તેમના જીવનનિર્વાહની સમસ્યાઓનો ઉપાય કરવો.

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન મુખ્ય ઘટકો નીચે મુજબ છે.

૧. કૌશલ્ય તાલીમ મારફત રોજગારી આપવી.(ઈ.એસ.ટી.એન્ડ.પી.)

INDEX

૨. સ્વ-રોજગાર કાર્યક્રમ. (એસ.ઈ.પી.)

૩. શહેરી શેરી-ફેરિયાઓને સહાય. (એસ.યુ.એચ.)

૪. ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રયની યોજના. (એસ.એસ.યુ.એચ.)

૫. સામાજિક અને સંસ્થાકીય વિકાસ (એસ.એમ.એન્ડ આઈ.ડી.)

૬. ક્ષમતા નિર્માણ અને તાલીમ (સી.બી.એન્ડ ટી.)

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૨૫૮૫.૩૩ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ હતી જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૬૫૦.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ₹ ૩૫૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૭૮૯૪.૫૧ લાખનો ખર્ચ થયેલ છે જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૩૮૦૦.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ₹ ૨૧૧૪.૬૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

શહેરી વિકાસ મિશન-સ્માર્ટ સીટી :

પ્રવર્તમાન સમયમાં સમગ્ર દુનિયામાં શહેરીકરણનો વ્યાપ વધી રહ્યો છે. એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૫૦ સુધીમાં ૭૦% વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે, અને ભારત પણ તેમાંથી બાકાત નથી. જેથી ભારત દેશને પણ આ પ્રવાહમાં સમાવવા માટે લગભગ ૧૦૦ જેટલા સુખ-સુવિધા યુક્ત શહેરોની આવશ્યકતા રહેશે. વધતા જતા શહેરીકરણને કારણે સરકાર પણ શહેરી જીવનના પડકારોનો સામનો કરી રહી છે અને એ પણ જયારે એ વિવિધ પ્રકારના ઔદ્યોગીક સાહસોને રોકાણ માટે આકર્ષે છે ત્યારે આ સંભાવનાને ધ્યાનમાં લઈને "અર્બન ડેવલોપમેન્ટ મિશન" ની જાહેરાત કરવામાં આવી છે જેમાં ૧૦૦ સ્માર્ટસીટી સહિત ૫૦૦ શહેરોનો સમાવેશ કરેલ છે. જે અંતર્ગત રાજ્યના શહેરોમાં માળખાગત વિકાસના કામો, , ઈ-ગર્વનન્સ, પરિવહન, કૌશલ્યવર્ધન, સ્યુઅરેજ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, પાર્કિંગ પ્લોટ/જગ્યાઓપબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપના ધોરણે બનાવવા, પાણી પુરવઠા(ડિસેલિનેશન પ્લાન્ટ સહિત) અને સ્વચ્છતા, આપત્તિ વ્યવસ્થાપન, ખાસ વર્ગના રાજ્યો કે જ્યાં જમીનનું ધોવાણ/ ભૂસ્ખલન સામાન્ય રીતે જોવા વળે છે ત્યાં નિવારણ અને પુનર્વસવાટ, હેરિટેજ વિસ્તારોનો વિકાસ અને પ્રવાસન સહિતના કામોનો સમાવેશ કરવામાં આવશે. આ યોજનાની અમલવારી કેન્દ્ર સરકારના સહયોગથી કરવામાં આવનાર છે. ઉપરાંત પ્રારંભિક તબક્કામાં રાજ્યએ ઝડપથી અને અસરકારક રીતે કામ શરૂ કરવા માટે અર્બન ડેવલોપમેન્ટ મિશનના બજેટમાં નવી બાબત તળે JnNurm યોજનાના મંજુર થયેલ ૨૧ ડીપીઆરનો પણ સમાવેશ કરેલ છે.

સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ₹ ૫૯૭૦૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ હતી. જેની સામે ₹ ૨૨૦૫૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ₹ ૭૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

સ્વચ્છ ભારત મિશન :

ભારત સરકાર દ્વારા વર્ષ ઓક્ટોબર ૨૦૧૪ થી "સ્વચ્છ ભારત મિશન"(SBM) ની જાહેરાત કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં "સ્વચ્છ ભારત મિશન"(SBM)નાં "Sub-Mission" માટેની Draft Guidelines ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા ઓક્ટોબર-૨૦૧૪ માં બહાર પાડવામાં આવી છે. આ ગાઈડલાઈન મુજબ સ્વચ્છ ભારત મિશનનો સમયગાળો ૨ ઓક્ટોબર - ૨૦૧૪થી શરૂ કરી ૫ વર્ષ માટેનો રહેશે.

વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ આ મિશન હેઠળ દેશનાં બધા જ ૪૦૪૧ શહેરો/ નગરોનો સમાવેશ કરવામાં આવશે.

આ મિશનનાં ઘટકો નીચે મુજબ છે.

(૧) વ્યક્તિગત શૌચાલયો (House hold Toilets)

(૨) સામુહિક શૌચાલયો (Community Toilets)

(૩) જાહેર શૌચાલયો (Public Toilets)

(૪) ઘન કચરાનું વ્યવસ્થાપન (Solid Waste Management)

(૫) IEC અને જન જાગૃતિ (Public Awareness & IEC Activity)

(૬) ક્ષમતા નિર્માણ અને A&OE (Capacity Building & Administrative & Office Expenses)

INDEX

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૨૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૩૦૦૦.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ₹ ૩૫૧૩.૯૭ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૩૦૦૪૯.૭૬ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૧૧૮૩.૫૮ લાખ અને આદિજાતિ વિસ્તાાર પેટા યોજનામાં ₹ ૧૭૫૬.૯૯ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

નગરોમાં રેલવે ફાટકો પહોળા કરવા માટે સહાય :

ગુજરાત વધતા જતા શહેરીકરણનું ઉદાત સાક્ષી છે. ૫૦ ટકાથી પણ વધુ વસ્તી આવતા ૧૫ વર્ષમાં શહેરી વિસ્તાલરમાં વસવાટ કરવાની અપેક્ષિત છે. રાજ્યના વિકસતા નગરો, તેમજ જ્યાંથી સ્ટેટ હાઇવે પસાર થતા હોય તથા એગ્રીકલ્ચરલ માર્કેટ, મોટા બજારો,શૈક્ષણિક સંસ્થાઓ,દવાખાનાઓ તેમજ ઓધોગિક વસાહતો આવેલ હોય તેવા ગીચ વિસ્તારોમાંથી પસાર થતી રેલ્વે લાઈન ધીમા વાહન વ્ય વહાર માટેનું ચોકકસ કારણ છે અને ટ્રાફિકની સમસ્યાને કારણે આર્થિક નુકસાન અને સમયનો વ્યય થાય છે. શહેરી ગીચ વિસ્તાકરોમાંથી પસાર થતી રેલ્વેક લાઈન ઉપરના સાંકડા ફાટકો અને શહેરોમાં વિપરીત અસરો જેવી કે, માનવ કલાકોનો બગાડ, સુરક્ષા ધારાધોરણો, વાહનોના બળતણનો વધારે વપરાશ અને પર્યાવરણીય અસરો થાય છે આથી રેલવે ફાટકો પહોળા કરવા જરૂરી છે. પરંતુ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસે ઉકત હેતુ પાર પાડવા માટે જરૂરી ફાળો ઉપલબ્ધ હોતો નથી. આથી એવુ વિચારણામાં લઇ શકાય કે સ્થાસનિક સ્વંરાજની ક્ષમતા અને પ્રમાણભુત ધારાધોરણો બન્ને બાબતો ધ્યાને લઇ ઉક્ત હેતુ માટે જરૂરી નાણાંકીય સહાય કરી શકાય. નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓના ક્ષમતાવર્ધન અને જવાબદારીપૂર્ણ શહેરી સેવાઓ માટે સરકાર દ્વારા અનુદાન આપવું જરૂરી છે અને રેલ્વે ફાટકો પહોળા કરવાના બાંધકામમાં સહાય કરવાની કામગીરી સંકલિત વાહન-વ્યવહાર અને પર્યાવરણીય સ્થિતિનો શહેરી વિસ્તારની સુદ્રઢ જીવનશૈલી અને કાર્યક્ષમતામાં ઉપયોગી બનશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે શૂન્ય ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

ડાયમંડ સંશોધન અને મર્કેન્ટાઈલ (ડ્રીમ) સીટી કંપની લીમીટેડને શેર ફાળા માટે રોકાણ:-

ગુજરાત સરકાર દ્વારા સુરત ખાતે ડાયમંડ સંશોધન અને મર્કન્ટાઇલ (ડ્રીમ) સીટીની સ્થાપના કરવામાં આવી છે. જેની સ્થાપનાથી સુરત ડાયમંડ વેપારીઓ માટે વૈશ્વિક ટ્રેડીંગ પ્લેટફોર્મની સાથે સાથે આંતરરાષ્ટ્રીય ટ્રેડીંગ સેવાઓ મળશે તથા હીરા ક્ષેત્રે કુશળતા વિકાસ કરવામાં મદદ કરશે અને ઇન્ટરનેશનલ ડાયમંડ ઉત્પાદન અને ટ્રેડીંગ હબ તરીકે વિકાસ થઇ શકશે. આ કંપનીની રચના માટે સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા જોઇન્ટ વેન્ચર કરવામાં આવેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧માં શેર ફાળા માટે ₹ ૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૩૫૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨માં શેર ફાળા માટે ₹ ૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

શહેરી સર્વાગી પરિવર્તન અને નવીનીકરણ માટે અટલ મિશન (અમૃત) હેઠળ સહાયક અનુદાન :

શહેરી વિકાસ મંત્રાલય ભારત સરકાર દ્વારા દેશના ૫૦૦ પસંદ કરાયેલ ૧ લાખથી વધુ વસ્તીવાળા શહેરો માટે ''અટલ મિશન ફોર રેઝુવીએશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT)'' તા.૨૫-૦૬-૨૦૧૫ ના રોજ માનનીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે શરૂ કરવામાં આવેલ છે. આ યોજનામાં ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ તથા ''અ'' વર્ગની તમામ નગરપાલિકાઓ તેમજ દ્વારકા શહેર (ધાર્મિક સ્થળ) મળીને કુલ ૩૧ શહેરોની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ગાંધીનગર, ગાંધીધામ, નડીયાદ, આણંદ, મોરબી, મહેસાણા, સુરેન્દ્રનગર, ભરૂચ, વાપી, નવસારી, વેરાવળ, પોરબંદર, ગોધરા, બોટાદ, પાટણ, પાલનપુર, જેતપુર-નવાગઢ, વલસાડ, કલોલ, ભુજ, ગોંડલ, ડીસા, અમરેલી, દ્વારકાનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ તમામ શહેરો દ્વારા સર્વિસ લેવલ ઈમ્પ્રુવપેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ, જેના આધારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તક ગુજરાત શહેરી વિકાસ મિશન (GUDM) મારફત વર્ષ ૨૦૧૫-૧૬ માટેનો કુલ ૧૨૦૪ કરોડનો સ્ટેટ એન્યુઅલ એક્શન પ્લાન (SAAP) તૈયાર કરવામાં આવેલ. જેને ગુજરાત સરકાર તરફથી રચવામાં આવેલ હાઈપાવર કમિટી દ્વારા તા.૨૧-૦૯-૨૦૧૫ ના રોજ મંજુરકરી ભારત સરકારમાં રજુ કરવા અનુમતિ આપવામાં આવેલ છે.

તા.૨૧-૧૦-૨૦૧૫ના રોજ શહેરી વિકાસ મંત્રાલય, ભારત સરકારની એપેક્ષ કમિટીની પ્રથમબેઠકમાં ગુજરાત સરકાર તરફથી રજુ કરવામાં આવેલ સ્ટેટ એન્યુઅલ એક્શન પ્લાન (SAAP) મંજુર કરવામાં આવેલ છે. ગુજરાતનાં મંજુર કરવામાં આવેલ સ્ટેટ એન્યુઅલ એક્શન પ્લાન (SAAP) માં કુલ ₹ ૧૨૦૪ કરોડના ૪૩ પ્રોજેક્ટ્સ મંજુર કરવામાં આવેલ છે. જેમાં

INDEX

પાણી પુરવઠાનાં ૧૧ પ્રોજેક્ટ્સ જે માટે ₹ ૨૩૩ કરોડ, ગટર વ્યવસ્થાપનનાં ૨૫ પ્રોજેક્ટ્સ માટે ₹ ૯૧૫ કરોડ, વરસાદી પાણી નિકાલ વ્યવસ્થાના ૨ પ્રોજેક્ટ્સ માટે ₹ ૩૯ કરોડ, શહેરી પરિવહનના ૧ પ્રોજેક્ટ્સ માટે ₹ ૧.૭૦ કરોડ ઉપરાંત ગાર્ડન માટેના ૪ પ્રોજેક્ટ્સ માટે ₹ ૧૪ કરોડના ખર્ચ મંજુર કરવામાં આવેલ છે. અમૃત મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૦ અંત સુધીમાં ગુજરાત રાજ્યનાં તમામ મિશન શહેરોમાં ૧૦૦ ટકા પાણી પુરવઠા તથા ૧૦૦ ટકા ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનનો લક્ષ્યાંક છે. ઉપરાંત દરેક અમૃત મિશન શહેરમાં દર વર્ષે ૧(એક) એમ ૫(પાંચ) વર્ષમાં પાંચ બગીચા/બાળોદ્યાન બનાવવા કે નવિનીકરણ કરવાનું આયોજન છે. અમૃત મિશન હેઠળ રાજ્યની શહેરી વસ્તીના કુલ ૭૬ ટકાથી વધુ વસ્તીને આવરી લેવામાં આવશે. આ મિશન હેઠળ પાણી પુરવઠા તથા ગટર વ્યવસ્થાના કામો ઉપરાંત ફુટપાથ, સાયકલ ટ્રેક, શહેરી પરિવહનના તેમજ બાગ-બગીચાના કામોને સઘનતાથી કરવાનું સર્વાંગી આયોજન છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૮૦૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૫૬૭૩.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ₹ ૩૬૪૬.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૫૦૬૧૩.૫૦ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૬૫૦૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૪૬૩૮.૬૦ લાખ અને આદિજાતિ વિસ્તાાર પેટા યોજનામાં ₹ ૨૯૭૧.૪૬ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના :

ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં મહિલાઓની જુથ, સહભાગી તેમજ વ્યકિતગત આર્થિક પ્રવૃત્તિઓની મિશન મંગલમ અંતર્ગત શરૂઆત કરાવ્યા બાદ બિન કૃષિ ઉત્પાદન અને સેવાક્ષેત્ર સાથે સાંકળી લઈને રાજ્યના વિકાસને વિશિષ્ટ ઉચાઈ પર લઈ જવાના ઉમદા હેતુસર એપ્રીલ ૨૦૧૮ થી મુખ્યમંત્રી ગ્રામોદય યોજનાનો અમલ કરવામાં આવ્યા બાદ શહેરી વિસ્તારમાં પણ આ યોજના ડીસેમ્બર ૨૦૧૮ થી શરૂ કરવામાં આવેલ.

વધુમાં બી.પી.એલ / SECC લાભાર્થીઓ માટે ભારત સરકારશ્રી સહાયિત મહિલા આજીવિકા માટેની ગ્રામ્ય વિસ્તાર માટે નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન અને શહેરી વિસ્તાર માટે નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન નામની યોજનાઓ અમલમાં છે. હાલમાં ધિરાણ મેળવવામાં વ્યથિત થતા સમયના નિવારણ માટે રાજ્ય સરકાર સહાયિત યોજના અમલમાં મુકી રાજ્યની તમામ મહિલાઓને જોઈન્ટ લાયેબીલીટી અર્નિંગ એન્ડ સેવિંગ જુથ (JLESG) માં સાંકળી લેવા આ યોજનામાં સહકારી ક્ષેત્રને પણ જોડવાની જરૂરીયાત હતી, આમ સમગ્ર ગુજરાતમાં મહિલા સશકિતકરણને વેગ આપવા ગુજરાત સરકાર દ્વારા નવીન યોજના અમલમાં મુકવામાં આવેલ છે. સદર યોજનાની કાર્યપધ્ધતિ નીચે મુજબની રહેશે. જૂથની રચના કરવાની રહેશે. જુથની રચના બાદ તેની અરજી જે તે બેંકમાં મોકલી આપવાની રહેશે. અને તેની સંબંધિત સ્થાનિક સ્વરાજ સંસ્થાને જાણ કરવાની રહેશે તથા બેંક દ્વારા લોન મંજુર થયેલ જોઈન્ટ લાયેબીલીટી અર્નિંગ એન્ડ સેવિંગ જુથ (JLESG) ને મળવાપાત્ર વ્યાજ સહાયની માંગણી સ્થાનિક સ્વરાજ સંસ્થા સમક્ષ બેંક દ્વારા કરવાની રહેશે અને તે બાબતની માંગણી કર્યેથી આ યોજનાકીય ભંડોળમાંથી સ્થાનિક સ્વરાજ સંસ્થાએ ₹ ૬,૦૦૦/- ની વ્યાજ સહાય સંબંધિત જુથના લોન ખાતામાં જમા કરાવવાની રહેશે. પ્રોત્સાહક રકમ સ્થાનિક સ્વરાજની સંસ્થાને વિગતો મળ્યેથી તેઓ દ્વારા બેંકોને ચુકવવામાં આવશે. બેંકને રીકવરી મેનેજમેન્ટ ઈન્સેન્ટીવ સ્થાનિક સ્વરાજની સંસ્થાને વિગતો રજુ કર્યેથી સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા બેંકને ચુકવવામાં આવશે.

દર ત્રણ માસના અંતે બેંક દ્વારા જેટલા જુથ ધિરાણો આપવામાં આવેલ હશે. તેના જુથ દીઠ રીસ્ક ફંડની દરખાસ્ત સ્થાનિક સ્વરાજની સંસ્થાને વિગતો રજુ કર્યેથી સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા બેંકને ચુકવવામાં આવશે. દર ૩૧ માર્ચના રોજ વર્ષ દરમ્યાન જે જુથ ધિરાણ ખાતાઓ NPA થયેલ હોય તેની વિગત સ્થાનિક સ્વરાજ સંસ્થાને બેંક દ્વારા રજુ રાખી (કુલ જુથ ધિરાણના ૪% ની મર્યાદમાં) NPA રકમ બેંક રીસ્ક ફંડમાંથી વસુલ કરવાની રહેશે. કુલ બજેટના ૯૫% ખર્ચ યોજનાકીય ખર્ચની જોગવાઈ કરવામાં આવેલ છે જેમાં જોઈન્ટ લાયેબીલીટી અર્નિંગ એન્ડ સેવિંગ જુથ (JLESG) જુથને રીવોલ્વીંગ ફંડ, ઈન્ટરેસ્ટ, સબસીડી, જે.એલ.ઈ.એસ.જી. ની રચના અને સશકિતકરણ, તાલીમ, માર્કેટીંગ સપોર્ટ, જુથ બચના માટે પ્રોત્સાહક રકમ લગત ખર્ચ, યોજનાકીય આઈ.ઈ.સી. જેવી બાબતો માટે ખર્ચ કરવાનો રહેશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે આ યોજના હેઠળ ₹ ૮૦૦૦.૬૩ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૫૧૬૬.૮૮ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૮૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળને સહાયક અનુદાન :

સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ અધિનિયમ, ૨૦૧૯ના અસરકારક અમલીકરણ

માટે અને કેવડિયા ખાતે તેની આસપાસના વિસ્તારનો વિકાસ કરી પ્રવાસીઓને સલામત અને સુરક્ષિત પ્રવાસન પૂરૂ પાડવા માટે સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળની રચના કરવી ખૂબ જરૂરી છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૫૦૦૦.૦૧ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૫૫૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૨૫૨૨૯.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

સંચાલન અને જાળવણી કરવા જી.એમ.આર.સી. કંપનીને સહાયક અનુદાન :

રાજ્યના વિવિધ શહેરોમાં રેલ આધારિત ઝડપી, વિશ્વસનીય, અનુકૂળ, કાર્યક્ષમ અને આધુનિક જાહેર પરિવહનની સ્થાપના, સંચાલન અને જાળવણી પ્રદાન કરવા માટેનો છે. જીએમઆરસી ને સંચાલન અને જાળવણી માટેનો ખર્ચ આવક કરતા વધારે થતો હોવાથી રોકડ ખોટ થઈ રહેલ હોઇ તે માટે જોગવાઇ કરવી જરૂરી છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન સત્તામંડળને સહાયક અનુદાન :

અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન સત્તામંડળની રચના બાદ સત્તામંડળમાં વિકાસ યોજના, આંતર માળખાકીય સુવિધાઓ, મહેકમ ખર્ચ, સત્તામંડળ માટે કચેરી વ્યવસ્થાપન, ભૌતિક સુવિધા, સેનીટેશન, વેસ્ટ મેનેજમેન્ટ સંબંધિત વિકાસ કાર્યો અને O & M વગેરેની તાંત્રિક અને વહીવટી કામગીરી માટેનું આયોજન છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

આર્થિક રીતે નબળા જૂથો માટે આવાસ નિર્માણ માટે શહેરી સ્થાનિક સંસ્થાઓ, શહેરી વિકાસ સત્તામંડળો વગેરેને સહાય :

આગામી વર્ષોમાં શહેરી વિસ્તારોમાં વસતા ગરીબ કુટુંબો તથા આ આર્થિક રીતે નબળા વર્ગોના લોકો (Economically Weaker Sections) માટે આવાસોના નિર્માણ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. આ યોજના હેઠળ શહેરી ગરીબોનું પાકા આવાસો બાંધી પુન:વસન (Rehabilitation) કરવામાં આવશે તથા ટાઉન પ્લાનીંગ અંતર્ગત અનામત રાખવામાં આવેલ જમીન પર શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાંઓ ધ્વારા આવાસો બનાવવામાં આવશે. આ અંગે નીતિ નિર્ધારણની પ્રક્રિયા હાલ સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે. આવાસનો લઘુત્તમ કારપેટ વિસ્તાર ૨૫ ચો.મી. રહેશે જેમાં બે રૂમ, રસોડું, બાથરૂમ અને ટોયલેટની સુવિધા આપવામાં આવશે. આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે કૌટુંબિક વાર્ષિક આવકનો માપદંડ ₹ ૩૦૦૦૦/-થી વધારી ₹ ૧/- લાખ સુધીનો કરવામાં આવશે. આ યોજના હેઠળ આવાસ દીઠ ₹ ૩ લાખના ખર્ચે અંદાજે ૫૦,૦૦૦ આવાસોનું નિર્માણ કરવામાં આવશે. આમ આર્થિક રીતે નબળા જૂથો (EWS) માટે આવાસ સહાય હેઠળ કુલ ₹ ૧૫૦૦.૦૦ કરોડના ખર્ચનું આયોજન છે. જેમાં રાજ્ય સરકારનો ફાળો ₹ ૬૦૦.૦૦ કરોડનો રહેશે. કેન્દ્ર સરકારની સહાય, શહેરી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની સહાય તથા અન્ય બિન અંદાજપત્રીય સંશાધનો (Non Budgetary Resources) દ્વારા બાકીની ખૂટતી રકમ મેળવવાનું આયોજન છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૧૨૩૦૧.૨૧ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૯૦૩.૭૦ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ₹ ૭૮૦.૭૯ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ હતી. જેની સામે ₹ ૧૨૦૯૦.૫૩ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૪૯૦૧.૨૧ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૧૧૯૨.૦૭ લાખ અને આદિજાતિ વિસ્તા ર પેટા યોજનામાં ₹ ૨૦૮૬.૧૪ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

ઓછી આવક ધરાવતા જૂથો માટે આવાસ નિર્માણ માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ, શહેરી સ્થાનિક સંસ્થાઓ, શહેરી વિકાસ/વિસ્તાર વિકાસ સત્તામંડળોને સહાય :

શહેરોમાં વસતા અને ઓછી આવક ધરાવતા લોકો (Low Income Group)માટે વાજબી કિંમતના આવાસોનું નિર્માણ થાય તેવું રાજ્ય સરકારનું આયોજન છે. આ યોજના માટે ગુજરાત હાઉસીંગ બોર્ડ, શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, શહેરી વિકાસ સત્તામંડળો વગેરેને સરકાર દ્વારા સહાય પૂરી પાડવામાં આવશે. આ યોજના માટે કુટુંબની વાર્ષિક આવકનું માપદંડ ₹ ૧.૦૦ લાખથી વધારીને ₹ ૨.૫૦ લાખ સુધીનું કરવામાં આવશે. આ આવાસનો લઘુત્તમ કારપેટ વિસ્તાર ૩૭ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીનો રહેશે. જેમાં એક બેડરૂમ હોલ, રસોડું, બાથરૂમ અને ટોયલેટની સુવિધા આપવામાં આવશે. લાભાર્થીઓને આવાસની કિંમત સરળ હપ્તાથી ચુકવી શકે તે માટે બેંક દ્વારા ધિરાણ આપવામાં આવશે. આ આવાસ અદ્યતન સુવિધાયુકત તેમજ આધુનિક ટેકનોલોજીથી બનાવવામાં આવશે આ યોજના હેઠળ પાયાની જરૂરિયાત જેમ કે રસ્તાઓ, ગટર, વગેરે જેવી આંતરમાખળાકીય સુવિધા પૂરી પાડવામાં આવશે.

INDEX

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૧૨૧.૫૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૭.૫૦ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ₹ ૧૪.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે ₹ ૧૨૧.૫૦ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ સદર હેઠળ ₹ ૧૨૧.૫૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૭.૫૦ લાખ અને આદિજાતિ વિસ્તાાર પેટા યોજનામાં ₹ ૧૪.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

મિલકતની વ્યવસ્થા અને જાળવણી માટે ગુજરાત હાઉસિંગ બોર્ડને સહાય :

સમગ્ર રાજ્યમાં આવાસોની વધતી જતી જરૂરિયાત ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા વાજબી કિંમતે આવાસો ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. આ આયોજન માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ હસ્તકની તમામ ખુલ્લી જમીનોની માપણી કરાવી, જમીનોને હદ પર કમ્પાઉન્ડ વોલ / ફેનિસીંગ/ ગેટ વિગેરેનું આયોજન કરવું જરૂરી છે. આ જમીનો પર આવાસ નિર્માણ ન થાય ત્યા સુધી અનધિકૃત દબાણ ન થાય તે માટે સિક્યોરીટી વગેરેની જરૂરિયાત રહેશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૩૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે તેટલી જ રકમનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૩૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

શહેરી આવાસન માટે ક્ષમતા વર્ધન, કૌશલ્ય વિકાસ તથા સમૂહ ભાગીદારી :

રાજ્ય સરકાર દ્વારા આર્થિક રીતે નબળા જૂથો અને વિવિધ આવક જૂથોના લોકો માટે પરવડે તેવા આવાસ નિર્માણની પ્રક્રિયા ગુજરાત હાઉસિંગ બોર્ડ, શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા ખાનગી વિકાસકારો મારફતે હાથ ધરવામાં આવશે. આ યોજના માટે સંબંધિત કર્મચારીઓને તાલીમ, ક્ષમતા વર્ધન, કૌશલ્ય વિકાસ, કાર્યશાળાનું આયોજન, પુનર્વસન માટે સમૂહ ભાગીદારી જરૂરી બનશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે તેટલી જ રકમનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજીવ આવાસ યોજના હેઠળ ઝૂંપડા મુકત નગર આયોજન યોજના :

કેન્દ્ર સરકાર દ્વારા શહેરના ગરીબો માટે ઈન્દીરા આવાસ યોજના જેવી જ રાજીવ આવાસ યોજના નવી યોજના તરીકે મુકવામાં આવેલ છે. ગંદા વિસ્તાર નાબુદી આયોજન રાજીવ આવાસ યોજનાનો ભાગ -૧ છે. જેમાં રાજીવ આવાસ યોજનામાં સમાવેશ કરેલ દરેક શહેરને “ગંદા વિસ્તાર મુક્ત” ફરજીયાત પણે બનાવવાના રહે છે. રાજીવ આવાસ યોજનામાં વિવિધ પ્રકારના પ્રોજેકટનો સમાવેશ કરી શકાય છે - જેમ કે, માળખાકીય સુવિધાઓનો વિકાસ, ગંદા વસવાટોનું પુન: વસન, ભાડેથી આપવાના આવાસોનું નિર્માણ ગંદા વિસ્તારોમાં મુળભુત સેવાઓનો વિકાસ/સુધાર/જાળવણી તેમજ માલિકીથી/ ભાડેથી/પટ્ટા પર આપવા માટે નીચા દરના આવાસોનું નિર્માણ. રાજીવ આવાસ યોજનામાં રાજ્યમાંથી ત્રણ મીશન સીટી અમદાવાદ, સુરત, વડોદરા, તેમજ ભરૂચ, રાજકોટ, પોરબંદર, નડીયાદ, મહેસાણા, ભાવનગર, જામનગર અને જુનાગઢનો સમાવેશ કરવામાં આવેલ છે જે માટે મંજુર થયેલ ₹ ૮.૬૩ કરોડ ની સામે પ્રથમ તબક્કાના ભાગ રૂપે ₹ ૪.૩૨ કરોડની ફાળવણી ભારત સરકાર દ્વારા કરવામાં આવી છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે કોઈ ખર્ચ થયેલ ન હતો. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૩.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત હાઉસિંગ બોર્ડના નવા પ્રોજેક્ટ હેઠળ ગંદા પાણીના નિકાલ માટે વ્યવસ્થાપન :

ગુજરાત હાઉસીંગ બોર્ડ મુખ્ય મંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસો બાંધવાની કામગીરી કરે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં જાહેર જનતા માટે રાજ્યના જુદા જુદા શહેરી વિસ્તારોમાં આશરે ૨૦,૦૦૦ નવા આવાસો બાંધવાનું આયોજન છે. આ આવાસો માટે ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા પૂરી પાડવા તથા ઘન કચરાના વ્યવસ્થાપનું આયોજન છે. આ વ્યવસ્થામાં ઘન કચરાને એકત્ર કરવો, તેને વર્ગીકૃત કરી તેનો પર્યાવરણને નુકશાનકારક ના થાય તેવી રીતે નિકાલ કરવાની બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૧૮૨.૨૮ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે ₹ ૧૮૨.૨૮ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૮૨.૨૮ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

મુખ્ય મંત્રી આવાસ યોજના માટે જમીન સંપાદન કરવી :

સને ૨૦૧૫-૧૬માં આશરે ૨૦,૦૦૦ નવા આવાસો બનાવવાનું આયોજન કરેલ છે. જે માટે જમીનની જરૂરિયાતને

ધ્યાને લેતા જમીન માલિક, સરકારશ્રી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસેથી જમીન સંપાદન કરવાની થાય છે. સને ૨૦૧૪-૧૫ માં અમદાવાદ ખાતે ઝુંડાલ તથા ચાંદખેડા ખાતે આશરે ૨ લાખ ચોરસમીટર જમીન નર્મદા નિગમ પાસેથી મળેલ છે. તેવી જ રીતે અન્ય શહેરોમાં પણ સરકારશ્રી, ખાનગી જમીન માલિક તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરફથી જમીન મળી શકે તે માટે પ્રયત્નો થઈ રહ્યા છે. આ જમીન મળતા જનતાને આવાસ પૂરી પાડવાના સરકારના પ્રયાસોને બળ મળી રહેશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૧૫૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે ₹ ૧૫૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૫૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

નવી હાઉસિંગ વસાહતો માટે મૂળભૂત માળખાકીય જરૂરિયાત :

હાઉસીંગ બોર્ડની નવી ઉભી થનાર વસાહતોની હદની અંદરની પાણીના નિકાલની વ્યવસ્થા મૂળભૂત રીતે કોંટ્રાકટર દ્વારા કરવામાં આવશે. પરંતુ આ પાણીના નિકાલની પ્રક્રિયા ત્યારેજ પૂર્ણ થાય જયારે આ પાણીને નજીકમાં ઉપલબ્ધ સુધરાઈની મુખ્ય ગટર પાઈપ લાઈન સાથે જોડવામાં આવે. આમ થતા વસાહતના ગંદા પાણીનો યોગ્ય નિકાલ થશે. આ કામગીરી માટે અલગ જોગવાઈ જરૂરી બને છે.

વધુમાં ઝૂંપડપટ્ટીમાં વસતા લાભાર્થી કુટુંબોને ઓછામાં ઓછું ૨૫ ચો.મી. કારપેટ વિસ્તાર વાળું બે રૂમ રસોડું બાથરૂમની સગવડવાળું મકાન આપવામાં આવશે આ સાથે પીવાનું પાણી ગટર વ્યવસ્થા, આંગણવાડી જેવી પાયાની સવલતો આપવામાં આવશે. આ યોજનાનું નામાભિધાન સુધારી નવું નામ “નવું મિશન- સહુને માટે આવાસ” તેમ નક્કી કરવામાં આવેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૨૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે ₹ ૨૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૨૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ નિર્ધારિત મકાનની મહત્તમ કિંમત અને વાસ્તવિક પડતર કિંમત વચ્ચેના તફાવત માટે ગુજરાત હાઉસીંગ બોર્ડને સહાય.

હાઉસીંગ બોર્ડ એકટ- ૧૯૬૧ અનુસાર રહેણાકના મકાનો લોકોને પુરા પાડવા જુદી જુદી કક્ષાના જેવા કે આર્થિક રીતે નબળા વર્ગ, ઓછી આવક જૂથના લોકો, મધ્યમ વર્ગના લોકો અને ઊંચી આવક વર્ગના લોકો માટે મકાનો બાંધવાનુ કામ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ સુધી ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ગુજરાતભરમાં જુદા જુદા વર્ગોના લાભાર્થીઓને ૧૭૬૮૩૦ યુનીટો બાંધી પૂરા પાડવામાં આવેલ છે. જેમાંથી ૭૨.૪૪% મકાનો આર્થિક રીતે નબળા વર્ગ અને ઓછી આવક જૂથના લોકોને પૂરા પાડેલ છે.

બોર્ડના હાલના નીતિ નીયમોનુસાર મકાનોની ફાળવણી “ભાડા ખરીદ પધ્ધતિથી” કરવામાં આવે છે. આ અગાઉ ગુજરાત હાઉસીંગ બોર્ડ ડીમાન્ડ સર્વેની કિંમત મંજૂર કર્યા પછી અંદાજીત ખર્ચ બાંધકામ અને બીજી અન્ય સવલતો ધારા-ધોરણો અનુસાર પુરી પાડી નક્કી કરી તદ્નાનુસાર યોજના મુકવામાં આવતી હતી ત્યારબાદ જાહેર જનતા પાસેથી જાહેરાત અનુસાર કિંમતના વધુમાં વધુ ૨૫% ની મર્યાદામાં લાભાર્થીઓ પાસેથી વસુલાત કરવામાં આવતી.

યોજના પુરી થતા ભાડા ખરીદ કિંમત ખરેખર ખર્ચ, જમીનની કિમત વહીવટી ખર્ચ, પરચૂરણ ખર્ચાઓ અને બોર્ડ રીઝર્વ ફંડ, લોન પરનું વ્યાજ વગેરે ગણીને નક્કી કરવામાં આવતી હતી. ભાડા ખરીદ કિમતના સરખા માસિક હપ્તા ૧૦, ૧૨, ૧૫ કે ૨૦ વર્ષની મુદત માટે નક્કી કરવામાં આવતા હતા. આમ બોર્ડને ‘‘ન નફા કે ન નુકશાન’’ ના ધોરણે આખરી કિંમત નક્કી કરવા અને વસૂલ કરવાની પુરી સત્તા હતી.

વર્ષ ૨૦૦૧ પછી વણ વેચયેલ મિલકતો પડી રહેવાના કારણે બોર્ડની પ્રવૃત્તિ સ્થગિત થઈ ગઈ હતી. સને ૨૦૧૦ માં ગુજરાત સરકારશ્રી દ્વારા નવા બાંધકામની પ્રવૃત્તિ શરૂ કરવાની પરવાનગી બોર્ડને આપવામાં આવી. જે મુજબ નવી ટેક્નોલોજી સાથે અને આધુનિક જરૂરીયાતો મુજબ નવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા.

“મુખ્ય મંત્રી આવાસ” યોજના હેઠળ એફોડેબલ હાઉસીંગ પોલીસી-૨૦૧૪ ગુજરાત સરકાર દ્વારા ઠરાવ નંબર-AHF/102103/808/TH.1, dated 15/1/2014 થી આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ₹ ૩.૦૦ લાખ અને ઓછી આવક જૂથ-૧ માટે ₹ ૭.૫૦ લાખ અને ઓછી આવક જૂથ-૨ માટે ₹ ૧૧.૦૦ લાખ અને મધ્યમ વર્ગના લોકો માટે ₹ ૨૨.૫૦ લાખની ટોચ-મર્યાદામાં કિંમત નકકી કરવામાં આવી છે.

ઉપર્યુકત યોજના હેઠળ ગુજરાત હાઉસીંગ બોર્ડના નવા પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. જેથી સરકારશ્રીએ નક્કી કરેલી ટોચ કિંમતના આધારે યોજનાઓ બોર્ડની જમીન ઉપર અને નવી જમીન ખરીદીને કે જેમાં જમીનની કિંમતનું પુરેપુરુ વળતર ચુકવીને અને વધારાનું વળતર ચુકવવાનું થાય તે ચુકવીને મહેસુલી ખર્ચ ભોગવીને યોજનાઓ પુરી કરવામાં આવેલ છે

INDEX

“મુખ્ય મંત્રી આવાસ” યોજનામાં નિયત કરેલ કિંમતની મર્યાદાથી વધુ કિંમત વસુલ કરવામાં આવતી ન હોઈ અને યોજનાનો ખરેખર ખર્ચ નિયત ખર્ચ કરતા વધારે થયેલ હોઈ જેથી વાસ્તવિક ખર્ચ અને સરકારશ્રીએ નિયત કરેલ સીલીંગ(મહત્તમ) કિંમતનો તફાવતની માંગણી બોર્ડ દ્વારા કરવામાં આવેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે ₹ ૮૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

પ્રધાન મંત્રી આવાસ યોજના - સૌને માટે આવાસ :

આગામી વર્ષોમાં શહેરી વિસ્તારોમાં વસતા ગરીબ કુટુંબો તથા આર્થિક રીતે નબળા વર્ગોના લોકો (Economically Weaker Sections) માટે આવાસોના નિર્માણ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. આ યોજના હેઠળ શહેરી ગરીબોને પાકા આવાસો વ્યાજબી કિમતે આપવામાં આવશે તથા ટાઉન પ્લાનીંગ અંતર્ગત અનામત રાખવામાં આવેલ જમીન પર શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા વ્યાજબી કિંમતના આવાસો બનાવવામાં આવી રહેલ છે. આ અંગે સરકાર દ્વારા એફોર્ડેબલ હાઉસીંગની નીતિ ઘડવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના - હાઉસીંગ ફોર ઓલ મિશન અંતર્ગત નિહિત નિતીને સુસંગત રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની મુખ્યમંત્રી ગૃહ યોજના સાથે સાંકળી રાજ્ય સરકારશ્રીની નિતિમાં જરૂરી ફેરફાર કરી શહેરી ગરીબોને વધુ કારપેટ વિસ્તાર ધરાવતા મકાનો મળી રહે તે માટે ઉમદા પગલાં લીધેલ છે. રાજ્યના શહેરી ગરીબોને સુવિધાયુક્ત પાકા મકાન મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ૧૭૧ શહેરોમાં આવાસોની માંગને અંદાજવા માટે ડિમાન્ડ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ. આ સર્વે મુજબ વર્ષ ૨૦૨૨ સુધીમાં વિવિધ ઘટકો હેઠળ ૭,૬૪,૦૦૦ થી પણ વધુ આવાસોની જરૂરિયાત રહેશે અને આ લક્ષ્યાંક પૈકી અંદાજે ૬,૬૯,૮૮૯ જેટલા આવાસો મંજુર કરવામાં આવેલ છે અને તે પૈકી અંદાજે ૩,૯૪,૪૯૭ જેટલા આવાસોની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

૧) ખાનગી ભાગીદારી દ્વારા જાહેર જમીનનો મુખ્ય સ્ત્રોત તરીકે ઉપયોગ કરી હાલની ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોને મુળ સ્થાન પર જ પુન:વસન

આ ઘટક હેઠળ રાજ્ય સરકારશ્રી દ્વારા સરકારશ્રીની માલિકીની જમીનો પર ખાનગી ભાગીદારી મારફતે જમીનનો સ્ત્રોત તરીકે ઉપયોગ કરી હાલમાં ઝુંપડપટ્ટીમાં રહેતાં લોકોને મુળ સ્થાન પર જ પુન:વસન કરવા માટે પાકુ મકાન બનાવી આપવમાં આવશે. આ ઘટક હેઠળ કેંદ્ર સરકારશ્રી દ્વારા આવાસ દીઠ ₹ ૧.૦૦ લાખ તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા પણ આવાસદીઠ ₹ ૧.૦૦ લાખની સહાય આપવામાં આવશે. જે પ્રોજેક્ટસમાં પોઝીટીવ પ્રીમિયમ મળે તેવા કિસ્સામાં કેંદ્ર તથા રાજ્યની સહાય જે તે યુ.એલ.બી.ને આપવાને બદલે તે સહાયની રકમ માટે રાજ્ય કક્ષાએ પ્રીમિયમ ભંડોળ ઉભુ કરવામાં આવશે. આ ભંડોળનો ઉપયોગ નેગેટીવ પ્રીમિયમના કિસ્સામાં કરવામાં આવશે.

આ ઘટક હેઠળ રાજ્ય સરકાર દ્વારા આવનાર વર્ષમાં પ્રગતિમાં રહેલ અંદાજે ૧૮,૨૫૦ આવાસોને પુર્ણ કરવાનું આયોજન છે. આ આવાસોની કામગીરી પુર્ણ કરવા માટે આગામી સમયમાં મહાનગરપાલિકા કક્ષાએ રહેલ ભંડોળનો વપરાશ કરવામાં આવશે.

૨) એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ (એ.એચ.પી.)

આ ઘટક હેઠળ રાજ્ય સરકારશ્રી દ્વારા વિવિધ સ્થાનિક જાહેર જમીન ઉપર આવાસોના બાંધકામ કરી આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પાકા મકાન પુરા પાડવાનો છે. આ આવાસો મુખ્યત્વે ઈ.ડબલ્યુ.એસ. -૧ કેટેગરી (કાર્પેટ એરીયા ૩૦ ચો.મી. સુધી) તેમજ ઈ.ડબલ્યુ.એસ. -૨ કેટેગરી (કાર્પેટ એરીયા ૩૧ થી ૪૦ ચો.મી.) પ્રકારના રહેશે.

આ ઘટક હેઠળ રાજ્ય સરકાર દ્વારા આવનાર વર્ષમાં ૫૦,૦૦૦ આવાસો બનાવવાનું આયોજન છે. આ યોજના હેઠળ કેંદ્ર સરકારશ્રી દ્વારા આવાસ દીઠ ₹ ૧.૫૦ લાખ તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા પણ આવાસ દીઠ ₹ ૧.૫૦ લાખની સહાય કરવામાં આવશે. વર્ષ ૨૦૨૧-૨૨માં એ.એચ.પી. ઘટક હેઠળ નવા ૧૫,૦૦૦ આવાસોના લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટે પ્રથમ હપ્તા પેટે અંદાજે ₹ ૪૦૦૦.૦૦ લાખ રકમની જરૂરિયાત રહેશે તેમજ પ્રગતિમાં રહેલ ૪૬,૦૦૦ આવાસો માટે ₹ ૧૫૦૦૦.૦૦ લાખ રકમની જરૂરિયાત રહેશે. વર્ષ ૨૦૨૦-૨૧માં હાલની સ્થિતીએ ૫૦,૦૦૦ આવાસોના લક્ષ્યાંક સામે ૩,૧૪૮ આવાસોનો લક્ષ્યાંક સિધ્ધ થયેલ છે.

૩) લાભાર્થીની આગેવાનીમાં વ્યકિતગત ઘર બાંધકામ માટે સબસીડી (બી.એલ.સી.)

આ ઘટક હેઠળ રાજ્ય સરકાર લાભાર્થીઓની આગેવાનીમાં પોતાની માલિકીની ખુલ્લી જમીન પર ૩૦.૦૦ ચો.મી. સુધીના કારપેટ એરીયા સુધીના પાકા મકાન બાંધી શકે તેમજ લાભાર્થી પોતાના હયાત મકાનમાં ૩૦.૦૦ ચો.મી. કારપેટ

INDEX

એરીયા સુધીની વૃધ્ધિ કરી શકે તે હેતુસર યોજના અમલમાં મુકેલ છે.

આ યોજના અંતર્ગત નવા બાંધકામ અર્થે કેંદ્ર સરકારશ્રી દ્વારા આવાસદીઠ ₹ ૧,૫૦,૦૦૦/-ની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે જેની સામે રાજ્ય સરકારશ્રી દ્વારા આવાસદીઠ ₹ ૨,૦૦,૦૦૦/- સુધીની સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે. કાચા અને અર્ધકાચા મકાનોને પાકા બનાવવા કે વૃધ્ધિ માટે કેંદ્ર સરકારશ્રી દ્વારા ₹ ૧,૫૦,૦૦૦/- ની સહાય તેમજ રાજ્ય સરકાર દ્વારા પણ આવાસ વૃધ્ધિ માટે થયેલ ખર્ચમાંથી કેંદ્ર સરકાર દ્વારા મળતી સહાય બાદ કરતાં બાકી રહેતી રકમના ૫૦% અથવા ₹ ૧,૫૦,૦૦૦/- પ્રતિ આવાસ બે માંથી જે ઓછુ હોય તે રકમ લાભાર્થીને ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે.

આ ઘટક હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં અંદાજે ૨૦,૦૦૦ લાભાર્થીઓને આવરી લેવાનું આયોજન છે. આ આવાસોના લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૦૦,૦૦.૦૦ લાખ રકમની જરૂરિયાત રહેશે તેમજ પ્રગતિમાં રહેલ અંદાજે ૪૨૫૮૪ આવાસો માટે અંદાજે ₹ ૨૦૦૦૦.૦૦ લાખ રકમની જરૂરિયાત રહેશે. વર્ષ ૨૦૨૦-૨૧માં હાલની સ્થિતીએ ૫૦,૦૦૦ ના લક્ષ્યાંક સામે ૧૪,૩૨૭ આવાસોનો લક્ષ્યાંક સિધ્ધ થયેલ છે.

૪) ક્રેડીટ લીંક્ડ સબસીડી સ્કીમ (CLSS)

ક્રેડીટ લીંક્ડ સબસીડી સ્કીમ (CLSS) અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગ (EWS), ઓછી આવક ધરાંવતા જુથો (LIG) અને મધ્યમ આવાક ધરાંવતા જુથો (MIG) ને પ્રથમ આવાસની ખરીદી પર ગૃહ ધિરાણ પર વ્યાજ સહાયનો લાભ આપવામાં આવે છે. કેંદ્ર સરકારશ્રી દ્વારા નેશનલ હાઉસીંગ બેંક તથા હુડકો મારફતે રાજ્યમાં ૨.૮૦ લાખથી પણ વધુ લાભાર્થીઓને આ યોજના હેઠળ વ્યાજ સહાયનો લાભ આપવામાં આવેલ છે અને હજુ આગામી વર્ષમાં અંદાજે ૫૦૦૦૦ જેટલા લાભાર્થીઓ આ યોજના હેઠળ લાભાંવિત થશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૬૫૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૮૦૮૦.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તા ૨ પેટા યોજનામાં ₹ ૯૮૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેની સામે ₹ ૮૨૩૦૨.૧૦ લાખનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૬૦૦૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ₹ ૪૮૦૦.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર૨ પેટા યોજનામાં ₹ ૮૪૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

સુધારણા અને અન્ય ચાર્જ માટે ગુજરાત હાઉસીંગ બોર્ડને સહાય :

ગુજરાત સરકાર દ્વારા જનતાને પોસાય તેવા દરે આવાસો પૂરા પાડવા માટે જુદી જુદી યોજનાઓ અમલમાં મૂકી છે. જેના અમલીકરણનું કાર્ય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકના ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ દ્વારા થાય છે. આ બાબતે બાંધકામ પ્રવૃત્તિ માટે મંજૂરી મેળવવા (રજાચિઠ્ઠી વગેરે) સમયે સંબંધિત સ્થાનિક સંસ્થાઓ દ્વારા વિકાસ માટેનો ચાર્જ, સુધારણા ચાર્જ તથા અન્ય પરચૂરણ ચાર્જ ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસેથી વસૂલવામાં આવે છે અથવા ચૂકવણીની શરતે મંજૂરી આપવામાં આવે છે. સરકારશ્રીનો આશય લોકોને પોસાય તેવા ભાવે આવાસો પૂરા પાડવાનો છે. તેથી આ ચાર્જ કિંમતમાં ઉમેરી અને તેમ કરી લોકો ઉપર આ નાણાંકીય બોજો નાંખી શકાતો નથી. તેથી આ ખર્ચ ગુજરાત હાઉસીંગ બોર્ડને ગ્રાન્ટ રૂપે પરત કરવાના આશયથી સને ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં નવી બાબત સૂચવેલ હતી.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ હતી. જેની સામે તેટલી જ રકમનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત હાઉસીંગ બોર્ડની જૂની વસાહતોમાં ગાર્ડન, કોમ્યુનીટી હોલ, બાળકોના પ્લે એરિયા, ખુલ્લી જગ્યામાં બ્લોક પેવીંગ વિગેરે સુવિધાઓ માટે સહાય.

ગુજરાત હાઉસીંગ બોર્ડ એક્ટ-૧૯૬૧ હેઠળ બોર્ડની સ્થાપના થયેલ છે તથા ભૂતકાળમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા વિવિધ હાઉસીંગ યોજનાઓ ચલાવવામાં આવેલ હતી અને “No Profit No Loss” ના આધારે જાહેર જનતાને આવાસો ફાળવવામાં આવેલ છે. જાહેર જનતા પર વધારાનો ખર્ચ ન નાખવાના હેતુથી ગુજરાત હાઉસીંગ બોર્ડની જુની કોલોનીઓમાં આંગણવાડી, કોમ્યુનીટી હોલ, ક્રિડાગણ (ચિલ્ડ્રન પ્લે એરીયા), ખુલ્લી જગ્યામાં paver block ફલોરીંગ, વૃધ્ધોને ચાલવા માટે માર્ગ, ગાર્ડન એરીયા વિગેરે જેવી સુવિધાઓ જાહેર જનતાને આપવામાં આવતી ન હતી. જાહેર જનતાને ઉપર્યુકત સુવિધાઓ આપવાનો સરકારનો ઉમદા હેતુ હોવાથી ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા તેની જુની કોલોનીઓના કોમન પ્લોટમાં આવી સુવિધાઓ પુરી પાડવા માટે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં પ્રસ્તુત નવી બાબત સૂચવવામાં આવેલ છે.

INDEX

હાલમાં આ દરખાસ્ત ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ઉપલબ્ધ જમીન ઉપર જ આંગણવાડી બનાવવા માટે વડોદરા ખાતેની તરસાલી (એલઆઈજી, એમઆઈજી) ગોરવા, સુરત ખાતે ગણેશપુરા, રાજકોટ ખાતે મુંજકા, રંગોલીપાર્ક, અમદાવાદ ખાતે હાથીજણ જેવા સ્થળોએ કોલોનીઓ બનાવવા લોકાર્પણ કરવામાં આવેલ છે ત્યાં ઉપલબ્ધ જમીન ઉપર આંગણવાડી બનાવી શકાય તેમ છે. આવી ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકની જે નવી કોલોનીઓ આકાર લઇ રહેલ છે તેવા સ્થળોએ આંગણવાડી માટે ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવાના એક ભાગરૂપે આંગણવાડીનો પણ સમાવેશ કરેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ હતી. જેની સામે તેટલી જ રકમનો ખર્ચ થયેલ છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૧૮. શિક્ષણ વિભાગ

(૧) શિક્ષણ વિભાગ

- પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉત્તર બુનિયાદી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ તથા ગ્રામ-વિદ્યાપીઠો (તેમાં કૃષિ અને સહકાર વિભાગને ફાળવેલ કૃષિ વિષયક શિક્ષણનો સમાવેશ થતો નથી, વધુમાં અન્ય વિભાગ હેઠળ દર્શાવેલ યુનિવર્સિટીઓમાં ભણાવાતા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણનો સમાવેશ થતો નથી.)
- ફાર્મસી શિક્ષણ.
- કોપી રાઈટ.
- પુસ્તકો અને સામયિકો.
- શિક્ષણ વિભાગ હેઠળની સાહિત્યિક અને વૈજ્ઞાનિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ(અન્ય વિભાગ હેઠળ દર્શાવેલ આવી સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સિવાયની તમામ)
- શિક્ષણ વિભાગ હેઠળની પ્રાથમિક શાળા શિક્ષકોને નાટ્યકલાની તાલીમ આપવાની યોજના (અન્ય વિભાગ હેઠળ કાર્યરત હોય તે સિવાયની તમામ)
- શિક્ષણ વિભાગ હેઠળની સંગીત, નૃત્ય, નાટ્યકલામાં શિક્ષણ આપતી શાળાઓને સહાયક ગ્રાન્ટ (અન્ય વિભાગ હેઠળ કાર્યરત હોય તે સિવાયની તમામ).
- મહિલા સામખ્ય.
- રાજ્યના હેતુઓ માટે સરકારમાં નિહિત થયેલા કે સરકારના કબજા હેઠળના અને શિક્ષણ વિભાગને સોંપાયેલા કામ, જમીન અને મકાનો
- આ સૂચિમાંની કોઈપણ બાબતના હેતુઓ માટે તપાસ અને આંકડા .
- કોઈ કોર્ટમાં લેવાતી ફી સિવાય આ સૂચિમાંની બાબતો માટેની ફી .
- (૧) સામાન્ય વહીવટ વિભાગને ફાળવેલા વિષયોમાં નોંધ નં.૪૫ હેઠળ આવી જતી હોય તે સિવાયના વિભાગમાં વહીવટી નિયંત્રણ હેઠળના બધા રાજ્યપાત્રિત અધિકારીઓ અને બિન રાજ્યપાત્રિત સરકારી કર્મચારીઓની નિમણૂંકો, પદનિયુકિતઓ, બદલીઓ, બઢતીઓ, વર્તણૂંક, રજા મંજુરી, પેન્શન વગેરેને લગતી તમામ બાબતો.
  (૨) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય સંવર્ગના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને પેન્શન, રજા મંજુર કરવાને લગતી તમામ બાબતો.
  (૩) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય કેડરના વર્ગ-૨ના અધિકારીઓના સબંધમાં રજા મંજુર કરવાને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ના નિયમ-૬માં અનુક્રમાંકો-૧ અને ૨ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવાને અને સદરહુ નિયમ-૬ના અનુક્રમાંકો-૩ થી ૮ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા માટેની શિસ્ત ભંગની કાર્યવાહી માંડવાને લગતી તમામ બાબતો.
- ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭
- ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯.
- શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીના કાયદા ઘડવા, તેમાં સુધારા કરવા તથા તેમના સ્ટેચ્યુટ્સ મંજુર કરાવવા બાબત
- ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલ એક્ટ, ૨૦૦૬.
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- Gujarat Technological University, Indian Institute of Technology તથા Central University of Gujarat ની જમીન તથા મકાન વિષયક બાબતો.
- શિક્ષણ વિભાગ હેઠળ મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના, ટેબલેટ યોજના, મધ્યાહન ભોજન યોજના, અન્ન ત્રિવેણી યોજના તથા દૂધ સંજીવની યોજના (અન્ય વિભાગ હેઠળ કાર્યરત હોય તે સિવાયની બાબત).
- રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯.
- Gujarat Professional Technical Educational Colleges/Institutions (Regulations of admission and fixation of fee)Act, ૨૦૦૭.
- ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલ એક્ટ, ૨૦૧૬.

INDEX

(૨) પ્રાથમિક શિક્ષણ

(૧) ઈડીએન-૩ પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ વિકસાવવી.

વર્ષ ૨૦૨૧-૨૨માં આ યોજના હેઠળ ₹ ૭૨૪૨.૬૯ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. આ યોજના હેઠળ પ્રાથમિક શાળામાં વિજળીકરણ અને પીવાના પાણીની સુવિધા, શાળાઓને સ્વચ્છતા સહાય, વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી રાજ્યના કુલ ૦૪ ઝોનમાં મોબાઈલ સાયન્સ લેબની સુવિધા પુરી પાડવામાં આવે છે.

(૨) ઈડીએન-૫ રાજ્ય તથા જિલ્લા કક્ષાના તંત્રને સંગીન બનાવવું.

વર્ષ ૨૦૨૧-૨૨માં આ યોજના હેઠળ ₹ ૨૦૪૨.૭૯ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. જેમા રાજ્ય/જિલ્લા કક્ષાની વિવિધ કાયમી તથા હંગામી જગ્યાઓ, માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો માટેની જગ્યાઓ અને વ્યાયામ અને ચિત્ર શિક્ષકોની જગ્યાના પગાર ભથ્થા ચૂકવવામાં આવે છે.

(૩) ઈડીએન-૯ નામાંકન અને સ્થાયીકરણ માટે ખાસ પ્રોત્સાહનો

વર્ષ ૨૦૨૧-૨૨માં આ યોજના હેઠળ ₹ ૯૯૭૩.૧૦ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. આ યોજના હેઠળ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ, શાળા પ્રાથમિક સારવાર કીટ શાળાદીઠ, વિદ્યાર્થીના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં વિદ્યાદીપ વિમા યોજના તેમજ સરકારી, ગ્રાન્ટેડ તથા આશ્રમ શાળાના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકો પુરા પાડવામાં આવે છે.વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૩૨૩૦૯ શાળાઓમાં પ્રાથમિક સારવાર કીટ આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર-૨૧) સુધીમાં વિદ્યાદીપ વિમા યોજના હેઠળ ૧૧૦ લાભાર્થીઓને સહાય આપવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૨૧-૨૨ માં ૫૧, ૯૪, ૨૨૮ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકો પુરા પાડવામાં આવેલ છે.

(૪) ઈડીએન-૭૮ કન્યા કેળવણી રથયાત્રા માટે આર્થિક સહાય

વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ યોજના હેઠળ ₹ ૧૪૦.૦૦ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. જેમાં કન્યા કેળવણી રથયાત્રા, શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ, પ્રાથમિક શિક્ષકોની ઓનલાઈન બદલી અને શિક્ષક એવોર્ડ યોજનાઓ માટેનો ખર્ચ હાથ ધરવામાં આવે છે.

(૫) ઈડીએન-૧૪૫ ખાનગી પ્રાથમિક શાળાઓના ૨૫ ટકા બાળકોને ફી-પરત ચૂકવણી.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૬૭૦૬.૯૩ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. જેમાં બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના ૨૫ ટકા બાળકોની ફી પરત ચૂકવણી સહાય, વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય અને આર.ટી.ઈ. યોજનાઓ માટેનો ખર્ચ ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં કુલ ૪,૪૮,૨૪૪ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ પ્રવેશ આપવામાં આવેલ છે.

(૩) સમગ્ર શિક્ષા અભિયાન

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ દ્વારા રાજ્યના તમામ જિલ્લા તેમજ ૪ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં સમગ્ર શિક્ષા અભિયાન(એસએસએ) મિશનનું અમલીકરણ થઈ રહયું છે. તેમજ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી)નું પણ અમલીકરણ થઈ રહયું છે. જે અંતર્ગત દુર્ગમ વિસ્તારોમાં અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ, અન્ય પછાત જાતિ તથા લઘુમતી અને ગરીબી રેખા નીચે જીવતા વંચિત જૂથોની કન્યાઓ માટે નિવાસી સગવડ સાથેની શાળાઓ શરૂ કરાઈ છે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ ના બાળકોને વિનામૂલ્યે પુસ્તકો પૂરા પાડવામાં આવેલ છે. જેમાં સરકારી શાળાઓ ઉપરાંત આશ્રમશાળાના બાળકોને પણ સાંકળવામાં આવેલ છે.

મિડીયા એન્ડ ડોક્યુમેન્ટેશન

- પ્રવેશોત્સવો, ગુણોત્સવ, મિશન વિદ્યા, હોમલર્નિંગ, કોરોના-૧૯ જેવા કાર્યક્રમોમાં હોર્ડિંગ્સ, એસ.ટી.બસોમાં એલ.ઈ.ડી. ટીવી, થિયેટરોમાં કવીકિ દ્વારા જાહેરાત, જીંગલ, બસ બેક સાઈડ પેનલકવીઝ કોન્ટેસ્ટ પ્રોગ્રામ, ગેસ બિલ, વર્તમાનપત્રમાં જાહેરાત વગેરે દ્વારા બહોળો પ્રચાર-પ્રસાર થાય તેનું આયોજન.
- રાષ્ટ્રીય તહેવારોમાં જિલ્લા કક્ષાએ રાજ્ય વ્યાપી પ્રચાર-પ્રસારણ માટેના પ્રદર્શન ટેબ્લોઝ અને શૈક્ષણિક સ્ટોલનું આયોજન.
- સમગ્ર શિક્ષાના દસ્તાવેજીકરણ રૂપે એન્યુઅલ રીપોર્ટ (અંગ્રેજી અને હિન્દી)તૈયાર કરવાનું આયોજન.
- પ્રવેશોત્સવો, કે.જી.બી.વી/વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ, સ્કૂલ ઓફ એક્સિલન્સ, કમાન્ડ કંટ્રોલ સેલ, નિપૂણ ભારત, જ્ઞાનકુંજ વગેરેની ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવવાનું આયોજન.
- રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષમાં બે વાલી સંમેલનનું આયોજન.

ટ્રાયબલ એજયુકેશન

- ધો ૧ થી ૪ ના શિક્ષકોને સ્થાનિક બોલીનો વર્ગ ખંડોમાં ઉપયોગની તાલીમ.

INDEX

- સ્થાનિક બોલીનો અભ્યાક્રમ મુજબ શબ્દકોષ અપડેટ કરાવવો.
- SC, ST બાળકોનું Child Tracking નું અપડેશનની કામગીરી.
- સ્થાનિક કક્ષાએ SC, ST બાળકો માટે છાત્રાલયની સુવિધા.
- ગર્લ્સ એજ્યુકેશન યુનિટ

કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય (કેજીબીવી)

- વર્ષ-૨૦૦૪-૦૫ થી કેન્દ્ર સરકાર દ્વારા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) યોજના શરૂ કરવામાં આવી. જેનો હેતુ અતિ છેવાડાના દુર્ગમ વિસ્તારની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત જાતિ અને લઘુમતીની કન્યાઓ માટે ઉચ્ચ પ્રાથમિક સ્તરે નિવાસી શાળા વ્યવસ્થા ઉભી કરવાનો છે. વર્ષ ૨૦૧૩-૧૪ થી રાજ્યના ૧૦૦% ભંડોળથી બિન શૈક્ષણિક પછાત તાલુકાઓમાં તબક્કાવાર કુલ ૭૫-પંચોતેર માત્ર નિવાસી વ્યવસ્થા ધરાવતી કેજીબીવી શરૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ થી સમગ્ર શિક્ષા અભિયાનની ગાઇડલાઇન મુજબ આ યોજના હેઠળ કુલ ૨૪૫ કે.જી.બી.વી. માંથી ૧૬૫ કે.જી.બી.વી. કેન્દ્ર સરકાર દ્વારા અને ૮૦ કે.જી.બી.વી. રાજ્ય સરકાર દ્વારા કાર્યરત છે. કે.જી.બી.વી.માં કન્યાઓ વિનામૂલ્યે ધો ૬ થી ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવી વ્યવસ્થા તેમજ વિના મૂલ્યે રહેવાનું, જમવાનું, જીવન કૌશલ્યલક્ષી તાલીમો, સ્વરક્ષણ તાલીમો, રમત-ગમતની તાલીમો વગેરે સુવિધાઓ આપી કન્યાઓનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે.
- હાલ આ યોજના હેઠળ લગભગ ૨૬, ૬૫૦ જેટલી કન્યાઓને લાભ આપવામાં આવી રહ્યો છે.

વોકેશનલ એજ્યુકેશન

- ટાઈપ-(૧), (૨) અને (૩) પ્રકારની KGBVની દીકરીઓને NIOS-NEW DELHI સાથે MoU કરી વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત કટીંગ ટેલરિંગ, બેઝિક કમ્પ્યુટર, બ્યુટી કલ્ચર-હેર એન્ડ કેર અને યોગાની તાલીમ આપવામાં આવશે.

સ્વ-રક્ષણ તાલીમ

- રાજ્યની ધોરણ ૬ થી ૧૨ ની આશરે ૧૦ લાખ જેટલી દીકરીઓને છેલ્લા ચાર વર્ષથી કરાટે અને અન્ય સ્વ-રક્ષણને લગતી અલગ અલગ તરકીબો પર તાલીમ આપવામાં આવે છે.

ઉજાસ ભણી કાર્યક્રમ

- રાજ્યની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના બાળકોને તરુણાવસ્થાનું જ્ઞાન મનો-વૈજ્ઞાનિક પદ્ધતિથી મળી રહે તે હેતુથી ઉજાસ ભણી કાર્યક્રમ છેલ્લા ચાર વર્ષથી કરવામાં આવે છે. જેમાં કિશોરાવસ્થા, બાળકોનું જાતીય શોષણ, બાળ લગ્ન, એઇડ્સ/એચ.આઈ.વી, બાળ અધિકારો/ POCSO-૨૦૧૩ સ્વાસ્થ્ય અને આરોગ્ય અને માસિક આરોગ્ય સબંધી સ્વચ્છતા જેવા વિષયોને આવરી લેવામાં આવે છે.

સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામ

- **સીધો પ્રવેશ :** ૬ થી ૮ વયજૂથના શાળા બહારના બાળકોનો પ્રવેશોત્સવ દરમ્યાન શાળામાં સીધો પ્રવેશ
- **સ્પેશિયલ ટ્રેનીગ પ્રોગ્રામ (૧૨ માસ) :** ૯ થી ૧૪ વયજૂથના શાળા બહારના બાળકો અને એક વર્ષથી વધુ સમયથી ડ્રોપઆઉટ હોય તેવા બાળકો માટે ૧૨ મહિનાની સ્પેશિયલ ટ્રેનીગ
- **રેસિડેંસિયલ હોસ્ટેલ :** શાળા બહારના વંચિત જુથના બાળકો માટે રેસિડેંસિયલ હોસ્ટેલ
- **ઓપન સ્કૂલિંગ (NIOS) :** ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના ડ્રોપ આઉટ બાળકોને ધો. ૧૦ અને ૧૨માટે શૈક્ષણિક સપોર્ટ

સ્થળાંતર કરતાં વાલીઓના બાળકો માટેની યોજના

- **સીઝનલ હોસ્ટેલ :** (ધોરણ-૬ થી ઉપરના બાળકો માટે): રાજ્યની અંદર જ વાલીઓ સાથે સ્થળાંતર કરતાં બાળકો માટે મૂળગામમાં જ શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા નિવાસી વ્યવસ્થા અને શિક્ષણની સુવિધા સાથે સીઝનલ હોસ્ટેલ
- **ટેન્ટ સ્પેશિયલ ટ્રેનીગ પ્રોગ્રામ :** અન્ય રાજ્યના રોજીરોટી અર્થે આવતાં વાલીઓના બાળકો માટે વર્કસાઈટ ઉપર શિક્ષણની સુવિધા
- **રાજ્ય સરકારના બજેટમાંથી આદિવાસી વિસ્તારમાં અને અગરિયા વિસ્તારમાં રેસિડેંસિયલ હોસ્ટેલ :** રાજ્ય સરકારના બજેટમાંથી ટ્રાયબલ એરિયામાં ૩૧ હોસ્ટેલો અને અગરિયા વિસ્તારમાં ઉદ્યોગ કમિશ્નરશ્રીની ગ્રાંટમાંથી ૧૯ હોસ્ટેલો રોજીરોટી માટે સ્થળાંતર કરતાં વાલીઓના બાળકો માટે મૂળ ગામમાં બાંધકામવાળી ૫૦ થી ૭૦ બાળકોની ક્ષમતાવાળી હોસ્ટેલ
- **સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેકટ :** અગરીયા વિસ્તારના ધોરણ ૧ થી ૫ના બાળકો શિક્ષણથી વંચિત ના રહે અને કામના સ્થળે બાળકોને શિક્ષણની સુવિધા તેમજ ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે "સ્કુલ ઓન વ્હીલ" (હરતી ફરતી

શાળા). બાળકોને નાસ્તો/મધ્યાહ્ન ભોજન. રાજ્યમાં ચાર જિલ્લાઓમાં કુલ ૩૮ (કચ્છ-૬, મોરબી-૨, પાટણ- ૧૦ અને સુરેન્દ્રનગર - ૨૦) સ્કુલ ઓન વ્હીલ અગરિયાઓના બાળકોના શૈક્ષણિક હેતુ અર્થે કાર્યરત છે.

- **ટ્રાંસપોર્ટેશન સુવિધા :** રાઈટ ટુ એજયુકેશન એકટની જોગવાઈ મુજબ પ્રાથમિક શાળાનુ અંતર ૧ કિ.મીથી વધુ અને ઉચ્ચ પ્રાથમિક શાળાનુ અંતર ૩ કિ.મી થી વધુ હોય ત્યાં આ સુવિધા મળવાપાત્ર છે. જેનું સંચાલન SMC દ્વારા કરવામાં આવે છે.
- માધ્યમિક શાળાનું અંતર ૫ કિ.મી થી વધુ અને ઉચ્ચતર મા.શાળાનું અંતર ૭ કિ.મી થી વધુ ત્યાં આ સુવિધા મળવાપાત્ર છે. જેનું સંચાલન SMDC દ્વારા કરવામાં આવે છે.
- **માઈગ્રેશન મોનીટરીંગ સિસ્ટમ ઓનલાઈન એપ્લીકેશન :** રાજ્યની અંદર અને રાજ્યની બહાર વાલીઓ સાથે સ્થળાંતર કરતા બાળકોનું મોનીટરીગ અને ટ્રેકીંગ કરવા માટે ઓનલાઈન માઈગ્રેશન મોનીટરીંગ સિસ્ટમ છે.
- **જીપીએસ બેઝડ વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમ :** ટ્રાન્સપોર્ટ સુવિધા અંતર્ગત બાળકોની સલામતી, ઓવર સ્પીડીંગ, રૂટ ચકાસણી, SOS સિસ્ટમ વગેરે બાબતોનું મોનિટરીંગ થઈ શકે અને મહિનાને અંતે જનરેટ થતા રિપોર્ટના આધારે વાહન ચાલકોને ચુકવણી થઈ શકે.
- **હેલ્પલાઈન નંબર (ટોલ ફ્રી નંબર) :** રાઈટ ટુ એજયુકેશન, એકટ ૨૦૦૯ ની જોગવાઈ મુજબ એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે એસએસએ જિલ્લા/કોર્પોરેશન કચેરી ખાતે હેલ્પલાઈન નંબર (ટોલ ફ્રી નંબર) કાર્યરત છે.

વ્યવસાયલક્ષી શિક્ષણ :

- રાજ્યમાં ૨૦૨૧-૨૨માં રાજ્યની ધોરણ ૯ થી ૧૨ ની સરકારી અને અનુદાનિત ૩૪૫ શાળાઓમાં વ્યવસાયલક્ષી શિક્ષણમાં કુલ ૮ ટ્રેડ - (૧) Retail (૨) Tourism (૩) Beauty & wellness (૪) Healthcare (૫) Apparel (૬) Agriculture (૭) Automotive (૮) Electronics & Hardware ચાલી રહ્યા છે.
- **ગુજરાત કેરિયર પોર્ટલ :** રાજ્યના ધોરણ ૮ થી ૧૨ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોતાની ભાવિ કારકિર્દી સંદર્ભે મોબાઈલ એપ્લીકેશનના માધ્યમથી માર્ગદર્શન મળી રહે તે માટે યુનિસેફ, ગુજરાતના સહયોગથી સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા ગુજરાત કેરિયર પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે

  Portal :www.gujaratcareerportal.com
- **YouTube ચેનલ :** YouTube ચેનલના માધ્યમથી તજજ્ઞો દ્વારા ભાવિ કારકિર્દી સંદર્ભે ધોરણ -૧૦ પછી ધોરણ -૧૨ પછી ક્યા યોજનાકીય લાભો છે તેના વિશે માર્ગદર્શન મળી રહે તે માટે YouTube ચેનલ શરૂ કરવામાં આવેલ છે.

  YouTube ચેનલ :Vocational Education Samagra Shiksha Gujarat

સિવિલ વર્ક

સીવીલ વિભાગ દ્વારા શાળામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતી સુવિધાઓ પુરી પાડવાનું કામ હાથ ધરવામાં આવે છે. આ માટે ૨૦૨૧-૨૨ ના વર્ષમાં ક્લાસરૂમ-૩૧૦, શાળા મરામત-૫૦૦ શાળાઓ, કેજીબીવી વિસ્તરણ-૦૫, અને કેજીબીવી મરામત-૦૨ વગેરે જેવી બાંધકામ પ્રવૃતિઓ માટે આયોજન કરવામાં આવેલ છે. આ માટે ૮૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ હતી.

આઇ.ઇ.ડી.

- સમગ્ર શિક્ષાની આઈ.ઈ.ડી શાખા અંતર્ગત ઈન્ક્લુઝીવ એજ્યુકેશન અન્વયે રાજ્યભરમાં થયેલ સર્વે અનુસાર અંદાજિત ૧૬૧૭૪૮ દિવ્યાંગ બાળકો નોંધાયા છે. આ દિવ્યાંગ બાળકોના અભ્યાસ માટે સમગ્ર શિક્ષાની આઈ.ઈ.ડી શાખા અંતર્ગત ૧૦૩૪ સ્પેશ્યલ એજ્યુકેટર અને આઈ.ઈ.ડી.એસ.એસ શાખા અંતર્ગત ૧૦૨૯ વિશિષ્ટ શિક્ષકો જુદી-જુદી દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ બાળકો માટે કાર્યરત છે.
- વિશિષ્ટ જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને સિવિલ હોસ્પિટલના સહયોગથી કુલ ૭૩૦૮૩ વિદ્યાર્થીઓને વિકલાંગતાના પ્રમાણપત્ર અને યુડીઆઈડી કાર્ડ આપવામાં આવે છે. તેમજ આ વિદ્યાર્થીઓ માટે ૧૮૭૧૦ વિદ્યાર્થીને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, ૯૦૩૬ વિદ્યાર્થીને એસ્કોર્ટ એલાઉન્સ, ૨૮૨૦૨ વિદ્યાર્થીને સ્ટાઈપેન્ડ ફોર ગર્લ્સ અને ૧૨૩૪૨ વિદ્યાર્થીને સાધન સહાય, પુરા પાડવાનું આયોજન છે. રાજ્યમાં ૨૬૬ રિસોર્સરૂમની સગવડતા છે. રિસોર્સરૂમમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને તાલીમ, માર્ગદર્શન અને દિવ્યાંગ વિદ્યાર્થીની જરૂરીયાત મુજબની થેરાપી આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં ૬૨૬ ઈન્ક્લુઝીવ શાળાનું બાંધકામ કાર્યરત છે. અને નવી ૪૯૨ ઈન્ક્લુઝીવ શાળાની મંજુરી મળેલ છે.

INDEX

ક્વોલિટી એજ્યુકેશન એન્ડ મોનીટરીંગ શાખા

સંયુક્ત શાળા ગ્રાન્ટ

- સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યની ૩૩૨૪૪ પ્રાથમિક શાળામાં સંયુક્ત શાળા ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. આ ગ્રાન્ટ શાળામાં બાળકોના નામાંકન આધારે નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.
- શાળામાં બાળકોના = ૧-૩૦ સુધીના નામાંકન માટે ₹ ૧૦,૦૦૦/-, >૩૦ <=૧૦૦ સુધીના નામાંકન માટે ₹ ૨૫,૦૦૦/-, >૧૦૦<=૨૫૦ સુધીના નામાંકન માટે ₹ ૫૦,૦૦૦/-, >૨૫૦<=૧૦૦૦ સુધીના નામાંકન માટે ₹ ૭૫,૦૦૦/-, તથા > ૧૦૦૦ થી વધુ નામાંકન ધરાવતી શાળા માટે ₹ ૧,૦૦,૦૦૦/-, આમ કુલ ૧૩૬૯૯.૪૦ લાખ ગ્રાન્ટ પૈકી પ્રથમ સત્રમાં ૫૦ ટકા ગ્રાન્ટ કુલ ૬૮૪૯.૭૦ લાખ ફાળવણી કરવામાં આવેલ છે. બાકીની ૫૦ ટકા ગ્રાન્ટ બીજા સત્રમાં ફાળવવામાં આવનાર છે.
- શાળા અનુદાન મુખ્યત્વે શાળાઓમાં બિન-ઉપયોગી સાધનો અને અન્ય પુનરાવર્તિત ખર્ચ માટે છે. જેમ કે રમત સામગ્રી, અખબારો, વીજળીનો ખર્ચ, ઈન્ટરનેટ, પાણી, ટી.એલ.એમ. વગેરે. આ ગ્રાન્ટનો ઉપયોગ શાળા મકાનો, શૌચાલય અને અન્ય સુવિધાઓની વાર્ષિક જાળવણી અને મરામત માટે છે.
- આ ગ્રાન્ટનો ઉપયોગ સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા માટે અને સમુદાયના યોગદાનના ઘટકોને સામેલ કરવાનો છે

આર.એમ.એસ.એ. શાખા:

- રાજ્યમાં કેંદ્રીય પુરપ્કૃત યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યમાં ૫૩૨ મંજુર માધ્યમિક શાળાઓ પૈકી ૫૨૭ માધ્યમિક શાળાઓ કાર્યરત છે. ૦૫ શાળાઓ શરૂ થઇ શકેલ નથી. જે આગામી વર્ષમાં શરૂ કરવાના પ્રયત્નો હાથ ધરાશે. આગામી પી.એ.બી. માં આવી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવા દરખાસ્ત કરવામાં આવશે. આ શાળાઓમાં સમગ્ર શિક્ષા ની વિવિધ બ્રાંચ દ્વારા ગુણવત્તા સુધારણા, જાતિગત /લૈંગિક સમાનતા, ભૌતિક સવલતો, વોકેશનલ એજ્યુકેશન, કોમ્યુનીટી મોબીલાઈઝેશન, કન્યા સશક્તિકરણ, વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકો (CWSN)નું શિક્ષણ વગેરે ઘટકો પર હસ્તક્ષેપ કરવામાં આવે છે.

(૪) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

- **પ્રસ્તાવના :**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદએ પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણનો વ્યાપ વધારવા માટે કાર્ય કરતી રાજ્યકક્ષાની મહત્વપૂર્ણ સંસ્થા છે. સને ૧૯૮૯ - ૯૦ થી રાજ્ય શિક્ષણ ભવન (SIE) ને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) માં પરિવર્તિત કરવામાં આવેલ છે. જીસીઈઆરટીને શિક્ષણ વિભાગના તા. ૪-૩-૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક : રશભ-૧૨૯૭-૧૦-૯૭-ન થી સ્વાયત્ત સંસ્થાનો દરજ્જો આપવામાં આવેલ છે.

રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ નીતિમાં થતાં ફેરફારો અનુસાર શિક્ષણની ગુણવત્તા સુધારણાની કામગીરી આ કચેરી દ્વારા હાથ ધરવામાં આવે છે. જીસીઈઆરટી દ્વારા પૂર્વ પ્રાથમિક થી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંલગ્ન તાલીમ અને સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. જીસીઈઆરટીમાં તાલીમ અને સંશોધનની કામગીરી સંદર્ભે નીચે મુજબ વિવિધ વિભાગોની રચના કરવામાં આવેલી છે :

૧. અભ્યાસક્રમ અને મૂલ્યાંકન (Curriculum and Evaluation)
૨. સંશોધન અને નાવિન્યીકરણ (Research and Innovation)
૩. શિક્ષક પ્રશિક્ષણ (Teacher Education)
૪. વિજ્ઞાન - ગણિત (Science - Mathematics)
૫. માહિતી અને પ્રત્યાયન તકનિકી (Information and Communication Technology)
૬. વસતી શિક્ષણ (Population Education)
૭. આયોજન અને વ્યવસ્થાપન (Planning and Management)
૮. પ્રકાશન અને પુસ્તકાલય (Publication and Library)
૯. દૂરવર્તી શિક્ષણ (Distance Education)
૧૦. સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યુટ (STTI)
૧૧. ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC)

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના કાર્યક્ષેત્રમાં પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, પૂર્વ સેવાકાલીન તાલીમ સંસ્થાઓ સમાવિષ્ટ છે. આ સંસ્થાઓ દ્વારા પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન તાલીમ કાર્યક્રમો હાથ

ધરવામાં આવે છે તેમજ શૈક્ષણિક અભ્યાસક્રમોને પ્રોત્સાહન આપવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુસર તાલીમ, ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન, બાળમેળા, એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ, ક્લા ઉત્સવ, ઈકો ક્લબ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

જીસીઈઆરટી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત કાર્યક્રમોનું અમલીકરણ અને તાલીમ અંગેની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત, National Council of Educational Research and Training (NCERT) દ્વારા આયોજીત અભ્યાસક્રમ સુધારણા કાર્ય તેમજ National Council for Teacher Education (NCTE) અને National Institute of Educational Planning and Administration (NIEPA) જેવી રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સુચિત તમામ કાર્યક્રમો અંગેની કામગીરી જીસીઈઆરટી દ્વારા કરવામાં આવે છે.

જીસીઈઆરટી દ્વારા પ્રતિમાસ શિક્ષણક્ષેત્રે ઉપયોગી થઈ શકે તેવું સામયિક 'જીવન શિક્ષણ' પ્રકાશિત કરવામાં આવે છે.

- વર્ષ : ૨૦૨૧ - ૨૨ દરમિયાન કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ₹ ૪૮૭.૯૦ લાખના ખર્ચે શિક્ષક - આચાર્યો (સેકન્ડરી) ને NISHTHA તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ ₹ ૧૧૬૪.૨૫ લાખના ખર્ચે ધોરણ : ૧ થી ૫ ના શિક્ષકોને Foundational Literacy and Numeracy (FLN) તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે અને આ કામગીરી પ્રગતિમાં છે.
- **તાલીમ :**

  આ યોજના હેઠળ ₹ ૨૯૬.૦૦ લાખના ખર્ચે રીસોર્સ પર્સન્સને તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.
- શૈક્ષણિક સાહિત્ય તથા સામયિકોનું પ્રકાશન
- જીસીઈઆરટી દ્વારા 'જીવન શિક્ષણ' સામયિકના માસિક અંકો બહાર પાડી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે અને આ કામગીરી પ્રગતિમાં છે.
- વિજ્ઞાન - ગણિત - પર્યાવરણ પ્રદર્શન / બાળમેળા / ઈકો - ક્લબ પ્રવૃત્તિ :
- વિજ્ઞાન - ગણિત - પર્યાવરણ પ્રદર્શન :

  ૧. સી.આર.સી. કક્ષાએ પ્રાથમિક શાળાઓ માટે
  ૨. બી.આર.સી. કક્ષાએ પ્રાથમિક શાળાઓ માટે
  ૩. એસ.વી.એસ. કક્ષાએ માધ્યમિક શાળાઓ માટે
  ૪. જીલ્લા કક્ષાએ પ્રાથમિક - માધ્યમિક - ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે
  ૫. કૉર્પોરેશન કક્ષાએ પ્રાથમિક શાળાઓ માટે
  ૬. ડી.એલ.એડ. (Diploma in Elementary Education) સંસ્થાઓ માટે
  ૭. રાજ્ય કક્ષાએ

  ઉપર જણાવ્યા મુજબ તમામ કક્ષાએ વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજવા માટે ₹ ૩૯૪.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે જે અંતર્ગત ચાલુ વર્ષ : ૨૦૨૧ - ૨૨ માટેના વિજ્ઞાન - ગણિત - પર્યાવરણ પ્રદર્શનના આયોજનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.
- **બાળમેળા :**

  બાળકોની સર્જનાત્મકતામાં વધારો કરવાના હેતુથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં એક દિવસના બાળમેળાનું આયોજન કરવામાં આવે છે જેમાં રાજ્યની તમામ ધોરણ- ૧ થી ૫ ની શાળાઓમાં બાળમેળા અને ધોરણ- ૬ થી ૮ ની શાળાઓમાં લાઈફ સ્કીલ આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે. જોકે કોવિડ - ૧૯ ની પરિસ્થિતિને કારણે અત્યારસુધી બાળમેળા યોજી શકાયેલ નથી પરંતુ આગામી સમયમાં આ પ્રવૃત્તિનું આયોજન થનાર છે.
- **ઈકો - ક્લબ પ્રવૃત્તિ :**

  રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં પર્યાવરણ વિષયક જાગૃત્તિ માટે ઈકો - ક્લબ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે.
- **NISHTHA શિક્ષક તાલીમ**

  શિક્ષા મંત્રાલય, ભારત સરકાર અને NCERT ની સૂચના અને માર્ગદર્શન હેઠળ NISHTHA (National Initiative for 'School Heads and Teachers' Holistic Advancement) તાલીમ આપવામાં આવેલ છે જે અંતર્ગત દીક્ષા પ્લેટફોર્મના માધ્યમથી NISHTHA ૨.૦ (Secondary - All Mediums) અને NISHTHA ૩.૦ (FLN - All Mediums) હાલ પ્રગતિમાં છે, જે અંતર્ગત NISHTHA ૨.૦ કોર્સ ૮૧.૮૭ % પાર્ટિસિપન્ટસે પૂર્ણ કરેલ છે તેમજ NISHTHA ૩.૦ કોર્સ ૭૮.૨૬ % પાર્ટિસિપન્ટસે પૂર્ણ કરેલ છે

INDEX

- **એકમ કસોટી - સત્રાંત કસોટી :**

  રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ માટે એકમ કસોટી અને સત્રાંત કસોટીની રચના કરવામાં આવેલ છે.

- **સ્વ-અધ્યયનપોથી :**

  ધોરણ ૩ થી ૮ માં ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન અને તમામ ભાષાના પાઠ્યપુસ્તકો સંલગ્ન Higher Order Thinking Question આધારીત સ્વઅધ્યયનપોથીનું નિર્માણ કરવામાં આવેલ છે.

- SPArSH (State Programme on Adolescent School Health) અંતર્ગત માધ્યમિક શાળાના તમામ શિક્ષકોને DIKSHA PLATFORM ના માધ્યમથી વિવિધ વિષયો આધારીત ૧૧ જેટલા કોર્સનો લાભ લીધેલ છે અને હાલમાં આ તાલીમ ઓફલાઈન મોડમાં ચાલુ છે.

- **માસવાર અભ્યાસક્રમ ફાળવણી :** ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની શાળાઓ માટે અધ્યયન નિષ્પત્તિઓનો સમાવેશ કરતા એકમોની યાદી સાથેનું વર્ષ : ૨૦૨૧ - ૨૨ માટેનું શૈક્ષણિક આયોજન તૈયાર કરવામાં આવેલ છે.

- **બ્રીજકોર્સ - ક્લાસ રેડીનેસ સાહિત્ય સમીક્ષા :** ધોરણ- ૧માં શાળા તત્પરતા અને શિક્ષક આવૃત્તિ, ધોરણ- ૨ અને ૩ માં ગુજરાતી અને ગણિત તેમજ ધોરણ ૪ થી ૧૦ માં ગણિત, ગુજરાતી અને અંગ્રેજી વિષય મળી કુલ ૨૫ પુસ્તકોની સમીક્ષા કરવામાં આવેલ છે.

- **અજમાયશી મંજુરી :** ધોરણ- ૫ ગુજરાતી પ્રથમ ભાષા તેમજ ધોરણ- ૬ ગુજરાતી દ્વિતીય ભાષાની અધ્યયન નિષ્પત્તિને અજમાયશી મંજૂરી આપવામાં આવેલ છે.

  ધોરણ- ૮ સામાજિક વિજ્ઞાન, ધોરણ- ૮ સર્વાંગી શિક્ષણ, ધોરણ- ૪ ગુજરાતી પ્રથમ ભાષા (કૂહૂ), ધોરણ- ૫ ગુજરાતી દ્વિતીય ભાષા (કુક્કુટ) તેમજ ધોરણ- ૩ મરાઠી પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકને અજમાયશી મંજૂરી આપવામાં આવેલ છે.

- **COMIC BOOK REVIEW (ENGLISH & GUJARATI)**

  વિવિધ થીમ આધારીત અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવેલ કોમિક બુક્સની સમીક્ષા કરવામાં આવેલ છે જેવી કે, સાહસપૂર્વક સામનો - ભુકંપ, સાહસપૂર્વક સામનો - ગાજવીજ સાથે તોફાની વરસાદ, આગ સામે સુરક્ષા, આવો સૌ સાથે મળીને ગરમી / લૂ સામે લડીએ, સાહસપૂર્વક સામનો - વાવાઝોડુ

- **ઘરે શીખીએ ૨.૦ સાહિત્ય સમીક્ષા :**

  કોવિડ - ૧૯ ની સ્થિતિમાં ઘરે રહીને અભ્યાસ કરતાં ધોરણ- ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલ સાહિત્ય 'ઘરે શીખીએ : ધોરણ- ૧ થી ૫ (ભાગ - ૧) અને ધોરણ- ૧ થી ૫ (ભાગ - ૨)' ની સમીક્ષા કરવામાં આવેલ છે.

- **એક કદમ આગળ :**

  શાળા અધ્યયનના સમયગાળામાં વિદ્યાર્થીઓમાં ગોખણીયા જ્ઞાનને બદલે ઉચ્ચસ્તરીય સમજ કૌશલ્ય કેળવાય અને હાલના સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પ્રશ્નનો મહાવરો મળી શકે તે હેતુને લક્ષ્યમાં રાખીને જીસીઈઆરટી દ્વારા દર ગુરુવારે વિવિધ વિષયોને ન્યાય આપતા ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના પ્રશ્નો જીસીઈઆરટીની વેબસાઈટ પર મૂકવામાં આવે છે.

  આ પ્રશ્નોને શિક્ષકોના મોટા સમૂહ સુધી પહોંચાડવા માટે Flyer - સોશ્યલ મીડીયાનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે. અપ્રિલ - ૨૧ થી સપ્ટેમ્બર - ૨૧ સુધીમાં ૨૭ Flyer ઓનલાઈન પ્રસારિત કરવામાં આવેલ છે જેમાં આશરે ૨ લાખ જેટલા વ્યુઅર્સ છે.

- માધ્યમિક કક્ષાએ ધોરણ- ૯ અને ૧૦ ના વિષયોની અધ્યયન નિષ્પત્તિ તેમજ ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ ધોરણ- ૧૧ અને ૧૨ ના તમામ વિષયોની અધ્યયન નિષ્પત્તિઓ તૈયાર કરવામાં આવેલ છે.

- ધોરણ- ૩ થી ૮ સામયિક કસોટી : સમગ્ર રાજ્યની ધોરણ- ૩ થી ૮ શાળાઓમાં પ્રથમ સત્રમાં વિષયવાર કુલ ૪૬ સામયિક કસોટી લેવામાં આવેલ છે.

- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) - ૨૦૨૦ સંલગ્ન કામગીરી :** NEP ૨૦૨૦માં દર્શાવેલ ભલામણોના અસરકારક અમલીકરણ માટે રાજ્યકક્ષાએ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે તેમજ રાજ્ય ટાસ્કફોર્સ સમિતિના સભ્યો તથા વિવિધ વિભાગોના વડાને સમાવતી પાંચ પેટા સમિતિઓની રચના કરવામાં આવેલ છે. આ તમામ પેટા સમિતિઓના સભ્યોની બેઠક સમયાંતરે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજવામાં આવી રહી છે, જેમાં તેમને સોંપવામાં આવેલ NEPના વિષયોમાં રાજ્યમાં કરવાની કામગીરીની ચર્ચા અને પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે.

- **રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા (SCF) રચના**

  રાષ્ટ્રીય કક્ષાએથી એનસીઈઆરટી દ્વારા રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા તૈયાર કરવા સબબ તમામ રાજ્યોને તેમના સ્થાનિક

સંદર્ભોને ધ્યાને રાખીને રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા તૈયાર કરવા માટે સૂચના આપી હતી. આ અનુસંધાને, રાજ્યમાં અભ્યાસક્રમ રૂપરેખા તૈયાર કરવા માટે જીસીઈઆરટી તરફથી તૈયારી શરૂ કરવામાં આવેલ છે. આ માટે, વિવિધ ૨૫ વિષયોમાં ફોકસ ગ્રુપ તૈયાર કરી ફાળવેલ વિષય અન્વયે ડાયટ દ્વારા રાજ્યસ્તરની નિષ્ણાંતોની ટીમ તૈયાર કરી પોઝીશન પેપર તૈયાર કરવામાં આવેલ છે.

- **જ્ઞાનસેતુ પુસ્તિકા (સ્વાધ્યાયપોથી) સમીક્ષા :**

  સમગ્ર શિક્ષા તરફથી કોવિડ-૧૯ મહામારીની કારણે શાળાઓ બંધ રહેતા બાળકોને અધ્યયનમાં પડેલ મુશ્કેલીઓ દૂર કરવા તેમજ નવા શૈક્ષણિક વર્ષે ગત વર્ષના ધોરણનું પુનરાવર્તન કરાવવા માટે જ્ઞાનસેતુ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીઓ ગુજરાતી, ગણિત અને અંગ્રેજી વિષય માટે તૈયાર કરવામાં આવેલ સ્વ-અધ્યયનપોથીઓની સમીક્ષા જીસીઈઆરટી દ્વારા કરવામાં આવેલ છે.

- **SARTHAQ - I, II :**

  શિક્ષણ મંત્રાલય તરફથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અસરકારક અમલીકરણ માટે Student's and Teacher's Holistic Advancement through Quality Education (SARTHAQ) અંતર્ગત હેતુઓ અને ટ્રેકર્સ આપવામાં આવ્યા છે જે બે ભાગમાં તૈયાર કરવામાં આવેલ છે.

- **ONLINE TEACHER PROFESSIONAL DEVELOPMENT COURSES :**

  જીસીઈઆરટી દ્વારા રાજ્યના શિક્ષકોને પોતાના વ્યવસાયમાં સજ્જતા કેળવવા માટે તાલીમી કાર્યક્રમના સ્વરૂપે વિવિધ ૬૪ વિષયો સંદર્ભે DIKSHA Portal ના માધ્યમથી ૧૧૦ થી પણ વધારે Online Teacher Professional Development Courses શરૂ કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધી કુલ ૪૪ લાખથી પણ વધુ પાર્ટીશીપન્ટસ દ્વારા આ કોર્સીસમાં રજીસ્ટ્રેશન થયેલ છે.

  શિક્ષકોના Continuous Professional Development (CPD) સંદર્ભે DIKSHA platform પર વિવિધ વિષયોને અનુસંધાને વર્ષ: ૨૦૨૧-૨૨ માં નીચેના કોર્સ શરૂ કરવામાં આવ્યા છે.

કોર્સનું નામ	ક્ષેત્ર
રમતાં - રમતાં	શારીરિક શિક્ષણ
સંગીત	કલા શિક્ષણ
સ્પર્શ (અંગ્રેજી / હિન્દી)	મનોસામાજિક માવજત (તરૂણાવસ્થા)
એકાઉન્ટન્સી	વિનયન શિક્ષણ
NISHTHA ૨.૦	માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ
NISHTHA ૩.૦	પ્રારંભિક સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન

- **Energized Textbooks :**

  વર્ષ : ૨૦૨૧-૨૨ દરમિયાન પ્રાથમિક કક્ષાથી ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધી રાજ્યમાં અમલીકૃત પાઠ્યપુસ્તકોને ETB માં રૂપાંતરિત કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેની વિગત નીચે મુજબ છે.

ધોરણ	માધ્યમ	વિષય
૧ અને ૨	ગુજરાતી	ગુજરાતી (નોનપ્રજ્ઞા વર્ગ માટે)
૧ અને ૨	ગુજરાતી	ગણિત (નોનપ્રજ્ઞા વર્ગ માટે)
૧ થી ૫	અંગ્રેજી	ગુજરાતી (દ્વિતીય ભાષા)
૪	ગુજરાતી	ગુજરાતી (પ્રથમ ભાષા)
૮	ગુજરાતી	સામાજિક વિજ્ઞાન
૯	ગુજરાતી	ગુજરાતી, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન
૧૦	ગુજરાતી	ગુજરાતી, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી
૧૧	ગુજરાતી	ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, નામાંના મૂળતત્વો, અંગ્રેજી
૧૨	ગુજરાતી	ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, નામાંના મૂળતત્વો, અંગ્રેજી

- ધોરણ- ૩ થી ૮ ગણિત અને વિજ્ઞાનના પાઠયપુસ્તક સંદર્ભે સ્વ અધ્યનપોથીનું નિર્માણ

  ધોરણ- ૩ થી ૮માં ફેરફાર થયેલ ગણિત અને વિજ્ઞાનના પાઠયપુસ્તક સંદર્ભે HOT Type question આધારીત સ્વઅધ્યનપોથીનું નિર્માણ કરવામાં આવેલ છે.
- વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન : વર્ષ ૨૦૨૦ - ૨૧ દરમ્યાન બાકી રહેલ જિલ્લાઓમાં વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન આયોજન અંગે અને રાજ્ય કક્ષાના વિજ્ઞાન - ગણિત અને પર્યાવરણ પ્રદર્શન આયોજન અને અમલીકરણ (ઓનલાઈન) અંગેની કામગીરી પૂર્ણ કરેલ છે. વિજ્ઞાન - ગણિત અને પર્યાવરણ પ્રદર્શન : ૨૦૨૧ - ૨૨ ના વિષયો અંગે તમામ ડાયેટ્સને જાણ અને વિગતવાર પરીપત્ર કરેલ છે.
- ઈન્સ્પાયર એવોર્ડસ - માનાંક અન્વયે શાળાઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન - વિદ્યાર્થીઓનું ઓનલાઈન નોમીનેશન સંદર્ભે નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના સંકલનમાં રહીને કામગીરી કરેલ છે. આ યોજના અન્વયે તમામ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાના પ્રદર્શન (ઓનલાઈન)નું આયોજન કરેલ છે.
- Assessment Cell (GCERT) અંતર્ગત વિવિધ વિષયો સંલગ્ન સિદ્ધિ સર્વેક્ષણ, ટેસ્ટ મટિરિયલ, પ્રશ્ન બેંક, વિવિધ સહભાગીઓ માટેની તાલીમ, કસોટી અજમાયશ, માહિતી એકત્રીકરણ & પૃથક્કરણ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવનાર છે અને આ કામગીરી પ્રગતિમાં છે.

આ ઉપરાંત,

- વર્ષ : ૨૦૨૧ - ૨૨ માટે CSS-TE AWP & Budget અને State AWP & Budget તૈયાર કરેલ છે.
- વર્ષ : ૨૦૨૦ - ૨૧ માટેનો જીસીઈઆરટીનો વાર્ષિક અહેવાલ તૈયાર કરેલ છે.
- જીસીઈઆરટીની વેબસાઈટનું સમયાંતરે અપડેટેશન કરવામાં આવે છે અને તેના વિઝીટર્સની સંખ્યા ૬૧, ૩૮, ૧૩૨ છે.
- જીસીઈઆરટી દ્વારા GROWER (Gujarat Repository of Open and Wider Educational Resources) નું સમયાંતરે અપડેટેશન કરવામાં આવે છે. GROWER પર અપલોડ થયેલ વિડીયોની સંખ્યા ૧૨૫૭ છે, ઓડિયોની સંખ્યા ૨૯૩ છે અને ડૉક્યુમેન્ટની સંખ્યા ૫૫૫ છે.
- જીસીઈઆરટી દ્વારા બાયસેગના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ નં. ૫, ૬, ૭, ૮ પરથી ધોરણવાર અને વિષયવાર શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.
- ENERGIZED TEXTBOOKS ની કામગીરી અન્વયે ધોરણ ૩ થી ૮ ના ૪૫ પાઠ્યપુસ્તકોમાં ડીજીટલ સાહિત્યનો સમાવેશ કરતા કુલ ૧૪૫૦ QR Code મૂકવામાં આવ્યા છે જે અન્વયે Total Play ની સંખ્યા ૧૯, ૬૫, ૮૩, ૫૩૮ છે.
- GSQAC (Gujarat School Quality Accreditation Council - Gunotsav ૨.૦) અંતર્ગત રાજ્યની તમામ શાળાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરી તેને એક્રેડિટેશન આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ માટે, ૪૫૦ કરતાં વધારે સ્કૂલ ઈન્સ્પેક્ટર્સની પસંદગી કરવામાં આવેલ અને તેમના દ્વારા અત્યાર સુધીમાં ૩૨૪૧૪ શાળાઓનું ઈન્સ્પેક્શન કરવામાં આવેલ છે.

(૫) કમિશનર શાળાઓની કચેરી

(૧) રાજ્ય સરકાર દ્વારા ઈડીએન-૧૭ હેઠળ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૭૬૯.૬૦ લાખની બજેટ જોગવાઈ મંજુર કરવામાં આવેલ છે, જેમાંથી ૦૭ નવા જિલ્લાઓના પગાર ભથ્થા, કમિશનર કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના પગાર ભથ્થા તથા આધુનિકરણ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(૨) ઈડીએન-૧૮ હેઠળ સને ૨૦૨૧-૨૨ માં ₹ ૪૧૦૭૭.૦૫ લાખની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈમાં યોગ શિક્ષણ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિધાદીપ વીમા યોજના, સી-સ્કાઉટ, સ્કુલ એક્રીડીટેશન, સરકારી પ્રવૃતીઓનો પ્રચાર અને પ્રસાર, ખાનગી શાળાઓને પ્રોત્સાહક સહાય, માધ્યમિક શાળાઓમાં વધારાના વર્ગો તથા સળંગ એકમ તરીકે ધોરણ ૧૧ ના ક્રમિક વર્ગો શુર કરવા, ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ઉચ્ચક વેતનથી શિક્ષકો રાખવા, શ્રેષ્ઠ શાળાઓને ઈનામ, વિદ્યાર્થી ફી કાન્શેસન પાસ, ગ્રંથાલય સહાય, કાન્યાઓને મફત શિક્ષણ, લો બજેટ જીમ, ઈન્ટર્નેટ ફેસીલીટી, કાન્યાઓને મફત શિક્ષણ, લો બજેટ જીમ, ઈન્ટર્નેટ ફેસીલીટી, વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(૩) ઈડીએન-૧૯ હેઠળ સને ૨૦૨૧-૨૨ માં ₹ ૧૮૦૦૫.૫૭ લાખની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈમાં માધ્યમિક શાળાઓના પગારભથ્થા, સરકારી માધ્યમિક શાળામાં વધારાના વર્ગો શરૂ કરવા, સરકારી માધ્યમિક શાળાઓમાં ઉચ્ચક વેતનથી શિક્ષકો રાખવા, વિદ્યાર્થી પહેલ, રમત ગમતને પ્રોત્સાહન, કન્યાઓને મફત શિક્ષણ, લો બજેટ જીમ, ઈન્ટરનેટ ફેસીલીટી, ૧૦૦% પરિણામ લાવનાર શિક્ષકોને ઈનામ, વિગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(૪) ઈડીએન-૨૦ હેઠળ સને ૨૦૨૧-૨૨ માં ₹ ૬૫૦૦.૦૦ લાખની જોગવાઈ થયેલ છે, જેમાં મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન [illegible]ના હેઠળ ધોરણ- ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓને વિનામુલ્યે પાઠ્ય પુસ્તક સેટ આપવા અંગેનો સમાવેશ થયેલ છે.

(૫) ઈડીએન-૨૧ હેઠળ સને ૨૦૨૧-૨૨ માં ₹ ૪૯૭૦.૫૨ લાખની બજેટ જોગવાઈ મંજુર થયેલ છે, જેમાં સરકારી માધ્યમિક શાળાઓના મકાન બાંધકામ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(૬) ઈડીએન-૯૪ હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૨૮૨.૨૨ લાખની જોગવાઈ થયેલ છે, જેમાંથી રાજ્યની સંસ્કૃત પાઠશાળાઓના પગારભથ્થા, વધારાના વર્ગો મંજુર કરવા, પુરાતન ગ્રંથોની જાળવણી, સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(૭) ઈડીએન-૯૬ હેઠળ ગુજરાત શૈક્ષણિક અને ટેકનોલોજી ભવન, અમદાવાદ માટે ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૭૫૫૧.૫૦ લાખની જોગવાઈ થયેલ છે, જેમાં શૈક્ષણિક કાર્યક્રમો, આઈ.સી.ટી. ઈનીસીએટીવ શાળા શિક્ષણ માટે ધો. ૧ થી ૧૦ માટે એનીમેટેડ ઈ-કન્ટેન્ડ, વર્ગ આધરિત વિડિયો કન્ટેન્ડ, શાળા વ્યવસ્થાપન અને શૈક્ષણિક પ્રકીયા માટે ઈ-રીસોર્સ પોર્ટલ, કન્ટેન્ડ નિર્માણ માટે શિક્ષક તાલીમ, શાળા કક્ષાએ કોમ્પ્યુટર લીટરસી સેન્ટર, બાયોમેટ્રીક્સ એટેડન્સ સીસ્ટમ, ઓનલાઈન સીસ્ટમ માટેની જોગવાઈ જેમાંથી નવા સાધનોની ખરીદી કરવાનો લક્ષ્યાંક છે.

(૮) ઈડીએન-૧૨૫ હેઠળ સાગરખેડુ વિસ્તારમાં સરકારી માધ્યમિક શાળાઓના નિભાવ તથા પગારભથ્થા માટેની જોગવાઈ છે. આ યોજના હેઠળ સને ૨૦૨૧-૨૨ માં ₹ ૧૧૧૫.૦૦ લાખની જોગવાઈ થયેલ છે.

(૯) ઈડીએન-૧૪૨ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન યોજના હેઠળ માધ્યમિક શિક્ષણના વિકાસ કાર્યો માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ યોજના હેઠળ આવર્તક ખર્ચ માટે ₹ ૧૮૮૫૧.૦૯ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે, જેમાં RMSA અંતર્ગત શરૂ થયેલ શાળાઓના સ્ટાફના પગાર ભથ્થા, ગર્લ્સ હોસ્ટેલમાં વોર્ડનની નવી જગ્યા, વિદ્યાર્થીઓને ટ્રાન્સ્પોર્ટેશનની સુવિધા, IEDSS શિક્ષકોના પગારો, ૭૨ મોડેલ સ્કુલોનો રીકરીંગ ખર્ચ, ગર્લ્સ હોસ્ટેલના વોર્ડન તથા ચોકીદારનો પગાર ખર્ચ, ૭૩ ગર્લ્સ હોસ્ટેલ તથા ૩૨૭ RMSA સ્કુલોના ઈતર ખર્ચ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ યોજના હેઠળ અનાવર્તક ખર્ચ માટે ₹ ૪૬૨૨.૯૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે, જેમાં RMSA અંતર્ગત શરૂ થયેલ શાળાઓ, ૭૨ Model School તથા ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે.

(૬) મધ્યાહન ભોજન યોજના

ભારત સરકારશ્રી દ્વારા "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજના તરીકે મધ્યાહન ભોજન યોજનાનું નવું નામાભિધાન કરવામાં આવેલ છે. સરકારી, ગ્રાંટ -ઈન- એઈડ તથા પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને શાળામાં તાજું અને ગરમ બપોરનું ભોજન આપવાની આ "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનાને કેંદ્ર પુરસ્કૃત યોજના તરીકે વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી વધુ ૫ વર્ષ લંબાવવા ભારત સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. આ યોજના માટેનો ખર્ચ ભારત સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ૬૦:૪૦ પ્રમાણમાં કરવામાં આવે છે.

"પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનામાં ભારત સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજનાના ધારા-ધોરણોને રક્ષિત કરી યથાવત રાખેલ છે. "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજના માટે ભારત સરકાર દ્વારા નીચે મુજબ મંજુરી આપવામાં આવેલી છે.

અનાજ :

"પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજના માટે ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થી માટે પ્રતિ દિન ૧૦૦ ગ્રામ અનાજ (ઘઉ/ચોખા) અને ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થી માટે ૧૫૦ ગ્રામ અનાજ (ઘઉ/ચોખા) પ્રમાણે ભારત સરકાર દ્વારા આપવામાં આવશે.

કુકીંગ કોસ્ટ :

કઠોળ, તેલ, શાકભાજી, મરી મસાલા અને બળતણ ખર્ચ માટે ભારત સરકાર દ્વારા ધોરણ ૧ થી ૫ માટે ૪.૯૭ પ્રતિ વિદ્યાર્થી/પ્રતિદિન અને ધોરણ ૬ થી ૮ માટે ૭.૪૫ છે. હાલમાં કુકીંગ કોસ્ટમાં નિયમિત વાર્ષિક વધારો કરવામાં આવે છે.

ખાદ્ય સામગ્રી :

"પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનામાં માટે ખાદ્ય સામગ્રીનું પ્રમાણ નીચે મુજબ નિયત થયેલ છે.

ક્રમ	સામગ્રી	એમ.ડી.એમ હેઠળની આવશ્યકતા (ગ્રામમાં)	
૧	કઠોળ	૨૦	૩૦
૨	શાકભાજી	૫૦	૭૫

INDEX

૩	ખાદ્ય તેલ	૫	૭.૫
૪	મરી મસાલા	સ્વાદ મુજબ	
૫	બળતણ	જરૂરિયાત મુજબ	

આ યોજના નો હેતુ :

(૧) શાળામાં બાળકોની હાજરીમાં વધારો કરવાનો છે.

(૨) શાળા છોડી જતા બાળકોની સંખ્યામાં ઘટાડો થતો રોકવાનો છે.

(૩) પોષણની સ્થિતિ અને શિક્ષણની ગુણવત્તા વધારવાનો છે.

- **આ યોજનાની અગત્યની ફરજો :-**

૬ થી ૧૪ વર્ષના બાળકો એટલે કે ધોરણ ૧ થી ૮ નાં બાળકોને દિવસ દરમ્યાન તાજું, ગરમ અને પૌષ્ટિક મધ્યાહન ભોજન આપવામાં આવે છે. આ માટે ગ્રામ્ય કક્ષાએ શાળાનાં આચાર્ય અને સંચાલક, તાલુકા કક્ષાએ મામલતદાર, જીલ્લા કક્ષાએ નાયબ કલેકટરશ્રી, રાજ્ય સ્તરે કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન કચેરી દ્વારા માર્ગદર્શન અને મોનીટરીંગ કરવામાં આવે છે. "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનાની બાબતમાં શિક્ષણ વિભાગ દ્વારા નીતિ અને કાર્યક્રમોના અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શન મેળવવાનું હોય છે.રાજ્યમાં "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજના વિષયક સંબંધી તાલીમી સહયોગ અને સંશોધન કાર્યમાં સહયોગ પૂરો પાડવાનો હોય છે. "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનાની તમામ સ્તરે ગુણવત્તામાં અભિવૃદ્ધિ કરવા જીલ્લા અને તાલુકા કક્ષાએ સહયોગ, નેતૃત્વગીરી, માર્ગદર્શન અને ગુણવત્તા સુધારવા માટે સુધારાત્મક સુચનો આપવા તથા માર્ગદર્શન અને મોનીટરીંગ કરવાનું હોય છે

બજેટ :

વર્ષ ૨૦૨૦-૨૧માં મંજૂર કરેલ બજેટ ₹ ૧૦૫૪.૨૭ પૈકી ₹ ૧૦૪૫.૮૦ કરોડનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ મંજૂર બજેટ ₹ ૧૦૪૪.૯૦ કરોડ છે. જેમાં કેંદ્ર સરકારનો હિસ્સો ₹ ૪૮૩૩.૯૦ લાખ અને રાજ્ય સરકારનો હિસ્સો ₹ ૫૬૧૫.૧૨ લાખનો છે.

દૈનિક મેનુ (નાસ્તો અને ભોજન) :

ક્રમ નં.	સામગ્રી	પીએમ પોષણ ધોરણ ૧ થી ૫ માટે નિયત પ્રમાણ (ગ્રામમાં)	
૧	ફુડ ગેઈન (ઘઉ / ચોખા)	૧૦૦	૧૫૦
૨	દાળ	૨૦	૩૦
૩	શાકભાજી	૫૦	૭૫
૪	તેલ	૧૦	૧૦
૫	મીઠું	૦	૦
	કુલ	૧૮૦	૨૬૫

"પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનામાં આપવામાં આવતું કાચુ અનાજ ૨૬૫ ગ્રામ રંધાઈને તૈયાર થાય ત્યારે લગભગ ૪૦૦ ગ્રામ જેટલું થાય છે. એવું જણાયું છે કે પ્રાથમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક વિદ્યાર્થીઓ એક સમયે આટલું આહાર લઈ શકતા નથી. જેથી રાજ્ય સરકારે ભોજનને બે ભાગોમાં વિભાજીત કરવાનું નક્કી કર્યું છે (૧) પ્રથમ ભોજન (૨) નાસ્તો જેમાં ખાદ્ય અનાજ અને કેલરી મૂલ્યોની માત્રા એક સમાન રહે છે, જેથી વિદ્યાર્થીઓને કેલરી ખોરાકનો સંપૂર્ણ ઈનટેક મળી શકે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં કુકિંગ કોસ્ટમાં વધારો :

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં કુંકિગ કોસ્ટનો દર રીવાઈઝ કરી ૧૦.૯૯% વધારો કરવામાં આવેલ છે શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૦ના ઠરાવથી કુંકિગ કોસ્ટનો દર રીવાઈઝ કરી પ્રાઈમરી અને અપર પ્રાઈમરીમાં ગુજરાત સરકારના વધારાના તેલ સહિત અનુક્રમે ₹ ૫.૫૦ અને ₹ ૭.૭૨ નો વધારો કરવામાં આવ્યો છે.

ગેસ કનેકશન :

વર્ષ ૨૦૨૧-૨૨માં શાળાના તમામ રસોડાના કેંન્દ્રો પર ગેસ કનેકશન ફાળવવામાં આવેલ છે.

તિથિ ભોજન (લોકભાગીદારી નું ઉદાહરણ) :

સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં કોરોના મહામારીના કારણે સરકારશ્રી દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ શાળાઓ બંધ રહેતા તિથિ ભોજનનો લાભ આપવામાં આવેલ નથી અને લોક ફાળો મેળવેલ નથી.

સુખડી યોજના :

આ યોજનાનો ઉદ્દેશ બાળકોના ખોરાકમાં અનાજનો વપરાશ વધારવાનો અને તે થકી તેમનામાં પ્રોટીન અને કેલેરી નું પ્રમાણ વધારવાનો છે. CFTRI અને પોષણયુક્ત આહારના નિષ્ણાતો દ્વારા મંજુર કરાયેલ સુખડી બનાવવાની રીતથી તૈયાર કરેલ સુખડી અઠવાડિયામાં એકવાર આપવામાં આવે છે. આ સુખડી ઘઉં, તેલ અને ગોળમાંથી બનાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૯.૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે, પરંતુ કોરોના કોવિડ-૧૯ના કારણે શાળાઓ બંધ રહેતા ખર્ચ થયેલ નથી.

દૂધ સંજીવની યોજના :

રાજ્યના ૧૨ જિલ્લાના ૨૬ વિકાસશીલ તાલુકાઓની પ્રાથમિક શાળાઓના બાળકોને દૈનિક ૨૦૦ મીલીગ્રામ ફલેવર્ડ દૂધ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલી છે. આ યોજના હેઠળ અઠવાડિયામાં પાંચ દિવસ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૫૫.૦૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે, પરંતુ કોરોના કોવિડ-૧૯ ના કારણે શાળાઓ બંધ રહેતા ખર્ચ થયેલ નથી.

અન્ન સંગમ યોજના :

આ યોજનાનો ઉદ્દેશ ધોરણ ૧ થી ૮ સુધીની આદિજાતિની બાળાઓની શાળામાં હાજરીમાં વધારો કરવા અને શાળા છોડી જતી આદિજાતિ બાળાઓની સંખ્યામાં ઘટાડો કરવા માટેનો છે. આદિજાતિ વિસ્તારોમાં બાળાઓના વાલીઓને અન્ન સંગમ યોજના અંતર્ગત બાળાદીઠ ૧૫ કિગ્રા ઘઉ અને ૧૫ કિગ્રા ચોખા અને બંને સત્રના વર્ષના ૩૦ કિ.ગ્રા. ઘઉ અને ૩૦ કિગ્રા ચોખા એમ કુલ ૬૦ કિ.ગ્રા. અનાજ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજનામાં જે આદિજાતિ બાળાએ વર્ષ દરમ્યાન ૭૦% થી વધુ હાજરી નોંધયેલ હોઈ તેમને જ આ યોજનાનો લાભ મળે છે. કુટુંબદીઠ વધુમાં વધુ ૨ બાળાઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૬૮.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

વેબસાઈટ :

સુપ્રિમ કોર્ટના તા.૨૨/૦૩/૨૦૧૭ના ચુકાદા થી રાજ્યના તમામ "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનાના કેન્દ્રોની માહિતી વેબસાઈટ ઉપર મૂકવા આદેશ થયેલ છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ મભય/ ૧૦૨૦૧૭/ ૧૪૧/આર. તા.૨૦/૦૪/૧૭ થી વેબસાઈટ પ્રોજેકટના અમલ માટે મંજૂરી મળી છે. તા.૧૪/૦૬/૧૭ ના રોજ "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજના સાથે સંકળાયેલ તમામને સેટકોમ દ્વારા તાલીમ આપવામાં આવેલ છે. "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનાના ૩૨૪૭૦ કેન્દ્રો ઉપર દરેક મુખ્ય શિક્ષક પાસેથી વેબસાઈટ/મોબાઈલ એપ્લીકેશન મારફતે દૈનિક રીતે હાજર બાળકો તથા લાભાર્થીઓની સંખ્યા મેળવવામાં આવે છે. પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના"-PM POSHAN યોજનાની દરરોજ દૈનિક માહિતી વેબસાઈટ/મોબાઈલ એપ્લીકેશન દ્વારા NIC ની વેબસાઈટ તથા CM DASH-BOARD પર દૈનિક રીતે વેબસર્વિસ દ્વારા મેળવવામાં આવે છે.

(૭) સાક્ષરતા અને નિરંતર શિક્ષણ

- સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી હેઠળ રાજ્ય સરકાર પુરસ્કૃત ''પઢના લિખના અભિયાન'' યોજના ગુજરાત રાજ્યમાં તા. ૧૧/૧૨/૨૦૨૦ના પરિપત્રથી અમલમાં આવેલ હતી.
- જે યોજના તા. ૩૧/૭/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ હતી. અને ત્યારબાદ ન્યુ દિલ્હી એમ.એચ.આર.ડી. દ્વારા તા. ૩૧/૩/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.
- સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે નવી બાબત તરીકે મંજુર થયેલ છે.
- પઢના લિખના અભિયાન યોજના માંગણી નંબર-૯ અનુક્રમે કેન્દ્ર સરકારના ૬૦ ટકા લેખે ₹ ૧,૫૦,૯૩,૫૪૦/- તથા રાજ્ય સરકારના ૪૦ ટકા લેખે ₹ ૧,૦૦,૬૨,૩૬૦/- ની ટોકન જોગવાઈ કરવામાં આવેલ હતી.
- પઢના લિખના અભિયાન યોજના માંગણી નંબર-૯૫ માં કેન્દ્ર સરકારના ૬૦ ટકા લેખે ₹ ૪૩,૫૬,૦૦૦/- તથા રાજ્ય સરકારના ૪૦ ટકા લેખે ₹ ૨૯,૦૪,૦૦૦/- ની ટોકન જોગવાઈ કરવામાં આવેલ હતી.
- પઢના લિખના અભિયાન યોજના માંગણી નંબર-૯૬ માં કેન્દ્ર સરકારના ૬૦ ટકા લેખે ₹ ૨૩,૩૦,૪૬૦/- તથા રાજ્ય સરકારના ૪૦ ટકા લેખે ₹ ૧૫,૫૩,૬૪૦/- ની ટોકન જોગવાઈ કરવામાં આવેલ હતી.
- આ યોજના ગુજરાત રાજ્યના મહત્વાંકાંક્ષી બે જિલ્લાઓ દાહોદ અને નર્મદા જિલ્લામાં અમલીકરણ કરવામાં આવેલ છે. જે અંતર્ગત કોવીડ-૧૯ ની પરિસ્થિતને ધ્યાને લેતાં દાહોદ અને નર્મદા જિલ્લાના બે- બે તાલુકાઓમાંથી કુલ ૩૩૨૧૬ નિરક્ષરોમાંથી ૨૭૫૩૪ નિરક્ષરોને અક્ષરજ્ઞાન પુરુ પાડીને સાક્ષર કરવામાં આવેલ છે.

INDEX

- આ યોજના અંતર્ગત આગામી ૪ માસમાં વધુ નિરક્ષરોને અક્ષરજ્ઞાન પુરું પાડી બે જિલ્લાઓમાંથી ૧૫થી ઉપરની ઉંમરના નિરક્ષરોને સાક્ષર કરવાનું આયોજન કરવામાં આવનાર છે.
- આમ કુલ. ₹ ૩,૬૩,૦૦,૦૦૦/- ની નવી બાબત તરીકે મંજુરી મળેલ હતી.
- રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમના પ્રચાર- પ્રસાર માટે સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ₹ ૧૦૦૦/- ટોકન જોગવાઇ કરવામાં આવેલ હતી.
- આ પ્રોજેકટનો મૂળભૂત હેતુ ૧૫ કે તેથી વધુ વયજૂથનાં લોકોને સાક્ષર બનાવવાનો અને વધુમાં વધુ સ્ત્રીઓને સાક્ષર બનાવી સ્ત્રી અને પુરૂષ વચ્ચે સાક્ષરતા દરનો તફાવત ઘટાડવાનો હતો.

(૮) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર

રાજ્યમાં સરકારી ૧૬ ઈજનેરી કોલેજો, ૧ એમ.સી.એ. કોલેજ, ૩૧ પોલીટેકનીકો, ૩ ફાર્મસી કોલેજ, ૨૬ ટેકનીકલ હાઇસ્કુલો અને ૨ વ્યવસાયીક તાલીમ કેન્દ્રો આવેલ છે જે ટેકનીકલ શિક્ષણ કચેરીના સીધા વહીવટી નિયંત્રણ હેઠળ છે. આ ઉપરાંત અનુદાન મેળવતી સંસ્થાઓ તથા સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા ઔદ્યોગિક સમુદાયના માનવબળની જરૂરિયાતને અનુલક્ષીને ગુણવત્તાસભર અને સંતુલિત ટેકનિકલ શિક્ષણ અને તાલીમ પુરી પાડી રાજ્યના સામાજીક અને આર્થિક વિકાસ માટે જરૂરી નિયમન ઉપર ધ્યાન કેન્દ્રીત કરે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન થયેલ/પ્રગતિ હેઠળની મુખ્ય કામગીરી :

(૧) ઈજનેરી કોલેજો/ડિપ્લોમા ઈજનેરી/ફર્મસી/અર્કીટેક ડિગ્રી, ડિપ્લોમા, એમ.બી.એ, એમ.સી.એ. સંસ્થાઓ. રાજ્યમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ દરમ્યાનની હયાત સ્વનિર્ભર સંસ્થાઓમાં નવા અભ્યાસક્રમો શરૂ કરવા તથા હયાત અભ્યાસક્રમોમાં બેઠકોમાં વધારો થવા અંગે AICTE, New Delhi દ્વારા શરૂ કરવાની મંજુરી પ્રદાન થઈ.

ક્રમ	અભ્યાસક્રમો	કુલ બેઠકો
૧	સ્વનિર્ભર સંસ્થાઓ(ડીપ્લોમા ઈજનેરી)	
	Aircraft Maintenance Engineering; Artificial Intelligence(AI) and Machine Learning; Automation and Robotics; Biotechnology; Cloud Computing and Big Data; Communication and Computing Networking; Computer Science and Engineering; Dairy Technology; Environment Engineering; Fire Technology & Safety; Food Technology; Gaming and Animation; Petroleum Engineering; TV and Sound Engineering; Weapon Engineering	૧૦૭૮
૨	સ્વનિર્ભર સંસ્થાઓ(ડીગ્રી ઈજનેરી)	
	Computer Science & Engineering (Internet of Things & Cyber Security including Block Chain Technology) ; Computer Science & Biosciences; Computer Engineering (Software Engineering); Computer Science & Engineering (Cloud Computing); Computer Science & Design; Pharmaceutical Engineering; Computer Science & Business Systems; Electronics & Instrumentation Engineering; Computer Science & Engineering (Data Science); Robotics & Artificial Intelligence; Information Technology & Engineering; Aircraft Maintenance Engineering; Computer Science & Engineering (Internet Of Things); Computer Science & Engineering (Block Chain Technology); Computer Science & Engineering (Networks); Computer Science & Technology; Computer Technology; Information Technology (Artificial Intelligence); Information Technology (Cyber Security); Fire & Safety Engineering; Food Technology	૩૧૦૮
	કુલ	૪૧૮૬

(૨) શૈક્ષણિક સંશાધનોની પૂર્તતા

બદલાતી જતી ટેકનોલોજીના સંદર્ભમાં અમલી બનાવેલ અભ્યાસક્રમની જરૂરીયાત અનુસાર પ્રયોગશાળામાં જરૂરી ઉપકરણો, સાધન-સામગ્રી, પુસ્તકો, ફર્નિચર વગેરેની પૂર્તતા માટે ₹ ૨૮૨૯.૦૦ લાખની નવી બાબતની વહીવટી મંજુરી પ્રદાન થયેલ છે.

INDEX

(૩) માનવ સંશાધનની પૂર્તતા

ગુજરાત જાહેર સેવા આયોગ મારફત શૈક્ષણિક સંવર્ગના વર્ગ-૨ માં કુલ-૨ અધ્યાપકોને નિમણૂંક આપવામાં આવેલ છે. તેમજ અન્ય કુલ-૬૩ અધ્યાપકોને નિમણુંક આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે. તેમજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફતે બિન-શૈક્ષણિક સંવર્ગમાં વર્ગ-૩ ના ૧૪૦ જગ્યાઓ ભરવા અંગેના માંગણાપત્રકો મોકલી આપવામાં આવેલ છે.

(૪) બાંધકામ સુવિધાઓ

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી મોજે: લેકાવાડા જી.ગાંધીનગર ખાતે નવા બનનાર એડમિનીસ્ટ્રેટીવ બિલ્ડીંગ, લાયબ્રેરી, એકેડમિક બિલ્ડીંગોના ઈન્ટીરીયર, ફર્નિચરના કામો માટે ₹ ૧૧૫૫.૦૦ લાખની નવી બાબત તરીકે વહીવટી મંજૂરી પ્રદાન થયેલ છે.

ટેકનિકલ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે નવા શૈક્ષણિક ભવનો, વર્કશોપ તથા મરામતના રીપેરીંગ જેવા બાંધકામ હેઠળના ૦૬ કામો માટે ₹ ૮૧૨.૨૩ લાખની નવી બાબતોની વહીવટી મંજૂરી પ્રદાન થયેલ છે.

(૫) ટેબલેટ યોજના

રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ -૧૨ની માન્ય બોર્ડની પરીક્ષા ઉત્તિર્ણ કરી રાજ્યના ડિપ્લોમા તેમજ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓને ₹ ૧૦૦૦ નાં ટોકન દરે ટેબલેટ આપવા માટે સને ૨૦૨૧-૨૨ માં કુલ ₹ ૨૦૦૦૦.૦૦ લાખની વહીવટી મંજુરી પ્રદાન થયેલ છે.

(૬) ડીજીટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ (DEDF)

શિક્ષણ વિભાગના ડીજીટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ (DEDF) અંતર્ગત કુલ ₹ ૩૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ DEDF અંતર્ગત પ્રથમ તબક્કે રાજ્યની ૧૦૭ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ૩ યુનિવર્સીટી તેમજ ૧૧૭ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો ખાતે Wi-Fi સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૭) સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી (SSIP)

સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ અને ઈનોવેશન પોલિસી ૫ વર્ષ (૨૦૧૭ થી ૨૦૨૧) માટે વિકસાવવામાં આવી છે. SSIP પોલીસી હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫ કરોડ ફાળવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૨૦ સંસ્થા/યુનીવર્સીટીને SSIP ગ્રાન્ટી સંસ્થા તરીકે સમાવેશ કરી કુલ ₹ ૫૫.૭૫ લાખની રકમ ફાળવવામાં આવી છે. જ્યારે ₹ ૧.૫૪ કરોડ કામગીરીના આધારે અગાઉના તબક્કાઓની ગ્રાન્ટી સંસ્થા/યુનીવર્સીટી ને બીજા હપ્તા તરીકે આપવામાં આવ્યા છે. એમ વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૨.૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં થયેલ POC, પેટન્ટ, સ્ટાર્ટઅપ અને અવેરનેસ એકટીવીટીની માહિતી નીચે મુજબ છે.

ક્રમ	માહિતી	કુલ સંખ્યા
૧	પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (PoC) પ્રોજેક્ટસ	૩૨૩
૨	પેટન્ટ ફાઈલિંગ	૪૯
૩	સ્ટાર્ટઅપને સહાય	૨૦૨
૪	અવેરનેસ કાર્યક્રમો	૩૨૮

(૮) ફિનીશિંગ સ્કૂલ

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ સંસ્થાઓ ખાતે ફીનીશીંગ સ્કુલ હેઠળ વિવિધ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવી રહેલ છે. ફિનીશિંગ સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓમાં અભ્યાસ ઉપરાંત વિવિધ એમ્પ્લોયેબીલીટી સ્કીલ વધે તે માટે ખાસ પ્રકારની તાલીમો જેવી કે કોમ્યુનીકેશન સ્કીલ, લાઈફ સ્કીલ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ વિગેરે દ્વારા કૌશલ્ય ક્ષમતાનું નિર્માણ કરવામાં આવશે. ફિનીશિંગ સ્કુલ યોજના અંતર્ગત રાજ્યની તમામ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ફિનીશિંગ સ્કૂલ અંતર્ગત ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઈની વહિવટી મંજુરી પ્રદાન થયેલ છે.

(૯) Integrated Module for Placement Apprenticeship cum Training (IMPACT)

વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે ગુજરાત નોલેજ સોસાયટી(GKS) દ્વારા સેન્ટરલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોકેમિકલ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી (CIPET), અમદાવાદ, નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (NSIC), રાજકોટ, ઈન્ડો જર્મન ટુલ રૂમ (IGTR), અમદાવાદ અને સ્પોકન ટ્યુટોરિયલ (આઈઆઈટી મુંબઈ) સાથે MoU કરવામાં આવેલ છે, કુલ ૨૦ જેટલા તાલીમ અભ્યાસક્રમોમાં ૧૬૯૭ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા તાલીમ લેવામાં આવેલ હતી અને તાલીમ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૩.૩૮ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે.

INDEX

કોષ્ટક: વર્ષ ૨૦૨૧-૨૨ માં ટ્રેનિંગ પાર્ટનર દીઠ તાલીમ પામેલ વિદ્યાર્થીઓની સંખ્યા

ક્રમ	ટ્રેનિંગ પાર્ટનરનું નામ	તાલીમ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા
૧	સીપેટ, અમદાવાદ	૧૦૬
૨	એન.એસ.આઈ.સી, રાજકોટ	૨૯૮
૩	આઈ.જી.ટી.આર, અમદાવાદ	૨૨૪
૪	સ્પોકન ટ્યુટોરિયલ (આઈઆઈટી મુંબઈ)	૧૦૬૯
	કુલ	૧૬૯૭

(૧૦) STEM - રિસર્ચ ગ્રાન્ટ સેલ

રાજ્યની સરકારી ઈજનેરી અને પોલીટેકનિક કોલેજોના અધ્યાપકોને વિદેશમાં કોઈપણ યુનિવર્સિટી / ઈન્સ્ટિટ્યૂટઓમાં (૫૦૦ Quality Standard International Rankings સુધીમાં) તથા દેશની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા જેવીકે IITs, NITs, IIITs, IISERs તેમજ સંશોધન સંસ્થા જેવીકે ISRO, IPR, ATIRA અને PRL સાથે Collaborative Research કરવાના હેતુસર વર્ષ ૨૦૨૧-૨૨માં "રીસર્ચ પ્રમોશન અન્ડર ટેકનીકલ એજ્યુકેશન - STEM " યોજના માટે ₹ ૮૦.૦૦ લાખની વહિવટી મંજુરી પ્રદાન થયેલ છે.

(૧૧) અધ્યાપકોને તાલીમ (ટ્રેનીંગ સેલ)

રાજ્યની સરકારી ઈજનેરી કોલેજો અને પોલીટેકનીક સંસ્થાઓના અધ્યાપકોને સંસ્થા ખાતે જ ઉચ્ચ ગુણવત્તા યુક્ત તાલીમ મળી રહે તે હેતુસર ટેકનીકલ શિક્ષણ વિભાગ માટેનું નક્કર આયોજન કરવામાં આવેલ છે. ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯થી પ્રથમ વખત અધ્યાપકોને રાષ્ટ્રની નામાંકિત સંસ્થાઓ ખાતે તેમની ટ્રેનીંગની જરૂરીયાતને અનુરૂપ તાલીમ મળી રહે તે હેતુથી "ફેકલ્ટી એન્ડ સ્ટાફ ડેવલોપમેન્ટ" પોર્ટલ થકી તાલીમ આપવામાં આવી રહેલ છે. ચાલુ વર્ષે ૨૦૨૧-૨૨ દરમિયાન અત્યાર સુધીમાં રાષ્ટ્ર IIT, NIT, જેવી નામાંકીત સંસ્થાઓમાં તેમજ રાજ્ય સરકારની સરકારી ઈજનેરી/ પોલીટેક્નીક્લ સંસ્થાઓ અને રાજ્યની પ્રતિષ્ઠિત સંસ્થાઓ ખાતે કુલ-૬૩૭ તાલીમ કાર્યક્રમોમાં ૨૫૦૦ જેટલા અધિકારીઓ/ કર્મચારીગણને તાલીમ ઓફલાઈન તેમજ ઓનલાઈન તાલીમ આપવામાં આવેલ છે. અધિકારીઓ/કર્મચારીગણને સદર તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે રાજ્ય સરકાર દ્વારા ₹ ૩૯.૦૦ લાખની વહીવટી મંજુરી પણ મળેલ છે.

(૧૨) સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન.

સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે, SSIP દ્વારા સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્માર્ટ ગુજરાત ફોર ન્યૂ ઈન્ડિયા હેકાથનમાં ૧૭૮ ઉદ્યોગોના ૧૯૮ પ્રોબ્લમના નિરાકરણ માટે ૧૦૯૮ ટીમના કુલ ૫૬૫૦ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો, તા-૧૦-૧૧ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ ફાઈનલ સ્પર્ધા માટે ક્વોલિફાય થયેલ ૨૪૨ ટીમની ફાઈનલ સ્પર્ધા ગુજરાત રાજ્યમાં અલગ અલગ ૧૪ સંસ્થા ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૧૮ ટીમ વિજેતા થઈ હતી.

(૧૩) આઝાદી કા અમૃત મહોત્સવ.

તા.૨૪-૦૯-૨૦૨૧ ના રોજ માનનીય શિક્ષણમંત્રીશ્રી અને રાજ્યકક્ષાનામંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર ઈવેન્ટમાં ૧૧ જેટલા સ્ટાર્ટઅપ માટે સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન સ્પર્ધામાં વિજેતા ૧૮ ટીમોને ₹ ૭.૨૦ લાખના, ૨૭ માઈન્ડ ટુ માર્કેટની ટીમને ઈનામો આપવામાં આવ્યા હતા, SSIP અંતર્ગત ૧૦ ગ્રાન્ટેડ સંસ્થાને ₹ ૮૬.૪૫ લાખ ફાળવવામાં આવ્યા હતા. તથા SSIP ૨.૦ માટે સ્ટેક હોલ્ડર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧૪) માઈન્ડ ટુ માર્કેટ

આઈ-હબ અંતર્ગત માઈન્ડ ટુ માર્કેટ ફ્લેગશીપ પ્રોગ્રામ અંતર્ગત અલગ અલગ સેક્ટરના કૂલ ૨૮ પ્રોજેકટ ને કુલ ₹ ૧૯,૨૧,૧૪૪/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

(૯) ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, શિક્ષણ વિભાગના માર્ગદર્શન નીચે રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ અને સામાન્ય કોલેજો તથા સંસ્થાઓના વહીવટની કામગીરી કરે છે.

રાજ્યમાં ૧૪ યુનિવર્સિટીઓ, ૧૧૦ સરકારી કોલેજો, ૩૫૭ અનુદાનપાત્ર કોલેજો, ૪૫૦ સ્વનિર્ભર કાર્યરત છે. આ ઉપરાંત ૧૫ ગ્રામ્ય વિદ્યાપીઠો, ૦૩ જીબીટીસી સંસ્થાઓ અને ૦૯ સંશોધન સંસ્થાઓ આવેલી છે.

૧. **રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન :** આ યોજના અંશત: કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. જેમાં સને. ૨૦૧૪-૧૫ના વર્ષમાં જ્યારે આ યોજના નવી બાબત તરીકે મંજુર થઈ ત્યારે ૬૫:૩૫ એટલે કે ભારત સરકારનો હિસ્સો ૬૫% અને રાજ્ય

INDEX

સરકારનો હિસ્સો ૩૫% હતો.જેમાં MHRD ભારત સરકાર દ્વારા ફેરફાર કરીને વર્ષ ૨૦૧૫-૧૬ થી કેન્દ્ર સરકારનો ફાળો ૬૦% અને રાજ્ય સરકારનો ફાળો ૪૦% કરવામાં આવ્યો છે. સને ૨૦૨૧-૨૨ના વર્ષના બજેટમાં **ચાલુ બાબત તરીકે ₹ ૭૨૯૫.૦૦ લાખની** વહીવટી મંજૂરી મળેલ છે

૨. **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનું વર્ષ ૨૦૧૫-૧૬ થી અમલીકરણ થયેલ છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મુકવામાં આવેલ છે. શિષ્યવૃત્તિ સહાય રૂપે ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ટ્યુશન ફીની રકમના ૫૦% તથા હોસ્ટેલ અને ભોજન ખર્ચમાં રાહત પુરી પાડવામાં આવે છે. સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં સદર યોજના માટે **ચાલુ બાબત તરીકે ₹ ૨૮૭૦૦.૦૦ લાખની** વહીવટી મંજૂરી મળેલ છે

૩. **શોધ - (SODH - Scheme of Developing High Quality Research) :** શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની વિવિધ યુનિવર્સિટી ખાતે પીએચડી કોર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરતાં વિદ્યાર્થીઓ માટે "શોધ" (Scheme of Developing High Quality Research) યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ૨૦૨૧-૨૨માં ૧૦૦૦ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવનાર છે. આ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ ₹ ૨૦૦૦૦.૦૦ લેખે ૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે બજેટમાં ૨૦૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી કરેલ

૪. **સરકારી કોલેજોમાં કેરીયર કાઉન્સેલીંગ સેન્ટર અને ફીનીશીંગ સ્કૂલ શરૂ કરવા માટે :** ફીનીશીંગ સ્કુલ પ્રકલ્પ અમલીકરણ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ગુજરાતમાં કરવામાં આવ્યું છે. ફીનીશીંગ સ્કુલ તાલીમનો ઉદ્ધેશ ફીનીશીંગ સ્કુલ તાલીમ દ્વારા લાઈફ સ્કીલ, સોફ્ટસ્કીલ તાલીમ તથા અંગ્રેજી વાતચીતની કળાની તાલીમ આપી ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓની નોકરી મેળવવાની ક્ષમતાના કૌશલ્યો વધારવાનો છે.૧૦૭ સરકારી કોલેજો અને ૧૦૦ અનુદાનિત કોલેજોના માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૫૦૦.૦૦લાખની વહીવટી મંજૂરી મળેલ છે

૫. **સ્કોલરશીપ :** સને.૨૦૨૧-૨૨માં ₹ ૫૦.૦૦ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. જેમાં એકંદરે કુલ ૫૦૦૦ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવનાર છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને મેરીટ ધોરણે શિષ્યવૃત્તિઓ ચૂકવવામાં આવે છે

૬. **સરકારી કોલેજોનો વિકાસ :** સને ૨૦૨૧-૨૨ ના બજેટમાં કુલ ₹ ૧૨૪૮૫.૦૦ લાખની વહીવટી મંજૂરી મળેલ છે જેમાં બિન આદિજાતિ વિસ્તારની ૭૩ અને આદિજાતિ વિસ્તારની ૩૭ સરકારી કોલેજોના કર્મચારીઓના પગારભથ્થાનો સમાવેશ થાય છે

૭. **સરકારી કોલેજોમાં કોમ્પ્યુટર લેબ આસિસ્ટનન્ટ ની જગ્યા આઉટસોર્સ થી ભરવા :** સને ૨૦૨૧-૨૨ ના બજેટમાં ચાલુ બાબત તરીકે કુલ ₹ ૨૫૦.૩૬ લાખની વહીવટી મંજૂરી મળેલ છે જેમાં બિન આદિજાતિ વિસ્તારની ૭૩ અને આદિજાતિ વિસ્તારની ૩૭ સરકારી કોલેજોમાં કોમ્પ્યુટર લેબ આસિસ્ટનન્ટની જગ્યા આઉટસોર્સ થી ભરવા માટે વહીવટી મંજૂરી મળેલ છે.

૮. **સરકારી કોલેજોમાં આઈ.ટી.ના સાધનો વસાવવા માટે :** સને ૨૦૨૧-૨૨ ના બજેટમાં નવી બાબત તરીકે કુલ ₹ ૯૩૮.૬૩ લાખની વહીવટી મંજૂરી મળેલ છે જેમાં બિન આદિજાતિ વિસ્તારની ૭૩ અને આદિજાતિ વિસ્તારની ૩૭ સરકારી કોલેજોમાં આઈ.ટી.ના સાધનો વસાવવા માટે વહીવટી મંજૂરી મળેલ છે.

૯. **સરકારી વિજ્ઞાન કોલેજોમાં પ્રયોગશાળાના સાધનો અને વસ્તુઓ ખરીદવા માટે :** સને ૨૦૨૧-૨૨ ના બજેટમાં નવી બાબત તરીકે કુલ ₹ ૨૮૦.૦૦ લાખની વહીવટી મંજૂરી મળેલ છે જેમાં બિન આદિજાતિ વિસ્તારની ૨૦ અને આદિજાતિ વિસ્તારની ૧૨ સરકારી વિજ્ઞાન કોલેજોમાં પ્રયોગશાળાના સાધનો અને વસ્તુઓ ખરીદવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે

૧૦. **સરકારી કોલેજોમાં જુના બિલ્ડિંગના રિપેરિંગ, રિનોવેશન અને મેઈન્ટેનન્સ માટે :** સને ૨૦૨૧-૨૨ ના બજેટમાં ચાલુ બાબત તરીકે કુલ ₹ ૨૫૦ લાખની વહીવટી મંજૂરી મળેલ છે જેમાં બિન આદિજાતિ વિસ્તારની ૩૦ અને આદિજાતિ વિસ્તારની ૨૦ સરકારી કોલેજોમાં જુના બિલ્ડિંગના રિપેરિંગ, રિનોવેશન અને મેઈન્ટેનન્શ માટે વહીવટી મંજૂરી મળેલ છે.

(૧૦) એન.સી.સી. ની કચેરી, અમદાવાદ

યુવાન વિદ્યાર્થીઓ તેમની જિંદગીના ઉત્તેજનાત્મક તબક્કામાં જે જે પ્રવૃતિઓમાં ભાગ લેવાનાં પ્રયત્નો કરે છે. તેને જાતે કરવા માટે એન.સી.સી. ની અંદર આવરી લેવામાં આવી છે. તેમનામાં શિસ્ત, ચારિત્ર, પહેલવૃતિ, શારીરીક ક્ષમતા, આત્મવિશ્વાસ અને નેતાગીરીનાં ગુણ ખીલવવા તથા ગુજરાતનાં શિક્ષિત યુવાનોને સમાજને માટે ઉપયોગી એવા નાગરિકો બનાવવા એન.સી.સી. દ્વારા પાયાની લશ્કરી તાલીમ, સાહસ તાલીમ, સામાજીક સેવા, રાષ્ટ્રીય એકતા યોજના હાથ ધરાય છે. અને વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાવામાં આવે છે.

INDEX

૧૯. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની તા.૧૭ જુલાઇ ૧૯૮૦ થી એક અલગ વહીવટી વિભાગ તરીકે રચના કરવામાં આવી છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારની બાબતો પ્રત્યે પૂરતું લક્ષ આપી શકાય અને જરુરી રોજગારી આપવામાં ઝડપી અને હેતુલક્ષી આયોજન કરવાના ઉદ્દેશથી રાજ્યકક્ષાએ આ વિભાગની રચના કરવામાં આવી છે.

આ વિભાગ તરફથી શ્રમ કલ્યાણ, રોજગાર, તાલીમ અને માનવ શકિતને લગતી બાબતો અંગેનાં નીતિ, નિયમો અને કાર્યક્રમો ઘડવામાં આવે છે. શ્રમિકો માટે કલ્યાણકારી પગલાં અને રોજગાર નિર્માણ અંગેના કાર્યક્રમો પણ તૈયાર કરવામાં આવે છે.

આ વિભાગના નિયંત્રણ હેઠળ (ક) શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર (ખ) નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર (ગ) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, અમદાવાદ તથા (ઘ) મિશન ડાયરેકટરશ્રી, ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશન, ગાંધીનગર કામગીરી બજાવે છે. તેમજ વિભાગની પ્રવૃત્તિઓના વિકાસમાં મદદ કરવા વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ નીચેના બોર્ડ/મિશન/સોસાયટીની રચના કરવામાં આવી છેઃ-

(૧) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ

(૨) ગુજરાત ગ્રામ્ય શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર

(૩) રાજ્ય સલાહકાર કોન્ટ્રેકટ લેબર બોર્ડ, અમદાવાદ

(૪) લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડ, અમદાવાદ

(૫) મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન (સ્વાયત્ત સંસ્થા), અમદાવાદ

(૬) ગુજરાત અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિક સિવાય), ગાંધીનગર.

(૭) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ

(૮) ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશન, ગાંધીનગર.

(૯) ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ સોસાયટી, ગાંધીનગર.

રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.

રોજગાર અને તાલીમ ખાતા હેઠળ રાજ્યની (૧) રોજગાર સેવાઓ અને (૨) તાલીમ સુવિધાઓનું સંચાલન થાય છે. આ કચેરી હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

રોજગાર સેવાઓ :

૧. રોજગાર સહાય

રોજગારવાંછું ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ ઉપલબ્ધ છે. રોજગારવાંછુંઓને તેમની આવડત તથા કૌશલ્ય અનુસાર રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત "રોજગાર સેતુ" કોલ સેન્ટર મારફત માહિતી-માર્ગદર્શન તથા "અનુબંધમ" પોર્ટલ મારફત રોજગાર વિષયક સેવાઓ ઓનલાઈન માધ્યમથી પૂરી પાડવા તથા શાળા કોલેજમાં સેમીનાર/વેબિનાર દ્વારા પરોક્ષ રીતે રોજગારી અપાવામાં રોજગાર કચેરીઓ મદદરૂપ થાય છે. હાલમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યાન્વિત છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં (સપ્ટેમ્બર-૨૦૨૧ અંતિત) રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૬,૫૪,૨૫૩ ઉમેદવારોની ભલામણ કરવામાં આવેલ તથા કુલ ૧,૧૯,૫૦૯ ઉમેદવારોને રોજગારી મળેલ છે.

૨. રોજગાર કચેરીઓને ખાલી જગ્યાઓની ફરજીયાત જાણ કરવા અંગેનો અધિનિયમ-૧૯૫૯

આ અધિનિયમ હેઠળની જોગવાઈઓ નિયોકતાઓના સતત ધ્યાન ઉપર લાવવામાં આવે છે તથા તેના અસરકારક અમલ માટે જરૂરી ધ્યાન આપવામાં આવે છે. હાલમાં રાજ્યમાં ઉકત કામગીરી રાજ્યના તમામ જીલ્લાઓ ખાતે કાર્યરત રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા કરવામાં આવે છે.

૩. વ્યવસાય માર્ગદર્શન

રોજગારવાંચ્છુ ઉમેદવારોને તેમની પાત્રતા તથા ક્ષમતાને અનુરૂપ વ્યવસાય શોધી આપવા માટે મદદરૂપ થવા માટે વ્યવસાય માર્ગદર્શન સેવાઓ રાજ્યની વિવિધ રોજગાર કચેરીઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે. ઉમેદવારોને વ્યવસાય માર્ગદર્શનની માહિતી નજીકના સ્થળેથી મળી રહે તે માટે જિલ્લાના મુખ્યમથકની રોજગાર કચેરીઓ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની નગર રોજગાર કચેરીઓ ખાતે આ પ્રકારના વ્યવસાય માર્ગદર્શનની સેવાઓ આપવામાં આવે છે.

INDEX

૪. જિલ્લા રોજગાર સલાહકાર સમિતિ

રાજ્યના યુવાનોને મહત્તમ રોજગારીનાં અવસર પ્રદાન કરવાના પ્રયાસ રૂપે શિક્ષણ અને રોજગાર વિકાસના ક્ષેત્રો વચ્ચે પરસ્પર લાભદાયી સંબંધો વિકાસ પામે અને તેના લાંબાગાળાના ઉપાયો માટે નિરંતર ધોરણે વિકેન્દ્રિય સ્તરે પ્રયાસ થતાં રહે તે હેતુથી રાજ્યના દરેક જિલ્લામાં સદરહું સમિતિની રચના કરવામાં આવેલ છે.

૫. સ્વરોજગાર શિબિર

રાજ્યનાં યુવાનોને સરકારી ખાતામાં તથા ખાનગી સંસ્થાઓમાં કાર્યરત સ્વરોજગારને સંબંધિત યોજનાઓની તલસ્પર્શી માહિતી મળી શકે તે માટે રોજગાર કચેરીઓ દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીમાં ૧૨૧ શિબિરો યોજવામાં આવેલ છે જેમાં ૯,૧૦૫ ઉમેદવારોને સ્વરોજગારી અંગે માહિતી અને માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ છે.

૬. સંરક્ષણ ભરતી અંગેના તાલીમવર્ગ

રાજ્યના યુવાનો આર્મી/ અર્ધલશ્કરી દળો, પોલીસ ફોર્સ તથા સિક્યુરીટી ગાર્ડ માં જોડાઇ શકે તે માટે ભરતી પૂર્વે શારિરીક કસોટી તથા લેખિત પરીક્ષાની તૈયારી માટેની ૪૫ દિવસની તાલીમ બે તબક્કામાં આપવામાં આવે છે. જેમાં પ્રથમ ૩૦ દિવસની (૨૪૦ કલાક) તમામ ટ્રેડ માટે સમાન નિવાસી તાલીમ તથા ત્યારબાદ બીજા ૧૫ દિવસ (૬૦ કલાક) ની બિન નિવાસી તાલીમ લશ્કરી ભરતીમેળામાં એડમિટ કાર્ડ મેળવેલ ઉમેદવારોને આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૩૫ તાલીમ વર્ગો યોજીને કુલ-૧,૦૨૮ ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે.

૭. લશ્કરી ભરતીમેળા

ગુજરાત રાજ્યને ફાળે આવતી લશ્કરી/અર્ધલશ્કરીદળોની જગ્યાઓ ઉપર ગુજરાતના યુવાનો જોડાય અને રાજ્યને ફાળે આવતી જગ્યાઓ પુરેપુરી ભરાય તે હેતુથી શાખા ભરતી અધિકારી અમદાવાદ/જામનગર અને રોજગાર કચેરીઓના સહયોગથી રાજ્યના વિવિધ સ્થળોએ સંરક્ષણ ભરતીમેળાનું આયોજન પ્રતિ વર્ષે કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં સંભવિત જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૨માં લશ્કરી ભરતીમેળો યોજાનાર છે.

૮. ઔદ્યોગિક એકમોમાં રોજગાર ભરતીમેળા/ જોબફેર

ઔદ્યોગિક તેમજ આનુસંગિક ક્ષેત્રોનાં વિકાસનાં પરિણામે વિપુલ પ્રમાણમાં રોજગારીનું નિર્માણ થયું છે ઉદ્યોગોની જરૂરીયાત મુજબ કૌશલ્યસજ્જ માનવબળની ઉપલબ્ધી માટે રોજગાર ભરતીમેળાનો નવતર અભિગમ ગુજરાત રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. રોજગાર કચેરીઓ દ્વારા રાજ્યનાં રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારી મળી રહે તથા નોકરીદાતાને કુશળ માનવબળ મળી રહે તે માટે નોકરીદાતા અને રોજગાર ઈચ્છુક ઉમેદવારોને એક મંચ પર એકત્રિત કરીને રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ૧,૦૩૧ ભરતીમેળા યોજી ૫૮,૮૯૮ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ છે.

૯. eMPEX-b (ઇમ્પેક્ષ-બી)

રાજ્યની રોજગાર સેવાઓને વધુ અસરકારક બનાવવાના હેતુથી eMPEX-b (ઇમ્પેક્ષ-બી) સ્વાયત સંસ્થા રચાયેલ છે. પ્રત્યેક જિલ્લામાં તજજ્ઞ કાઉન્સેલરો દ્વારા રાજ્ય, રાજ્ય બહાર તથા વિદેશમાં રોજગારી/કારકિર્દીની તકો અંગે માર્ગદર્શન તથા કાઉન્સેલીંગની સેવાઓ તથા રોજગાર વાંચ્છુ ઉમેદવારો માટે ગાઈડન્સ કમ પ્લેસમેન્ટ હબ તરીકે રોજગાર વિષયક માહિતીની SINGLE WINDOW દ્વારા સેવાઓ આપવામાં આવે છે.

૧૦. મોડલ કેરીયર સેન્ટર (MCC)

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા વર્તમાન રોજગાર સેવાઓને (રોજગાર કચેરી) નેશનલ કેરીયર સર્વિસ પ્રોજક્ટ હેઠળ મોડેલ કેરીયર સેન્ટરમાં પરિવર્તિત કરવામાં આવી રહેલ છે.

મોડેલ કેરીયર સેન્ટરનો મુખ્ય હેતુ યુવાનોને કાઉન્સેલીંગ દ્વારા તેમજ ટેકનોલોજીના ઉપયોગથી અસરકારક અને પારદર્શક પદ્ધતિથી રોજગારીની તકો પુરી પાડવાનો છે.

રાજ્યમાં હાલ વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, મહેસાણા, વલ્લભ વિદ્યાનગર ખાતે મોડેલ કેરીયર સેન્ટર કાર્યરત છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં અમદાવાદ ખાતે મોડેલ કેરીયર સેન્ટર શરુ કરવાની મંજૂરી મળેલ છે. તથા નવી બાબત તરીકે વર્ષ ૨૦૨૦-૨૧માં Centrally Sponsored Special Component Plan for Scheduled Cast હેઠળ ભરૂચ તથા જામનગર ખાતે ભારત સરકાર દ્વારા મોડેલ કેરીયર સેન્ટર શરુ કરવાની મંજૂરી મળેલ છે.

કેન્દ્ર સરકાર તરફથી મળતી વનટાઈમ ગ્રાન્ટનો ઉપયોગ મુખ્યત્વે આઈ.ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડીઝીટલાઈઝેશન અને માઈનોર સિવિલ વર્ક માટે કરવામાં આવે છે.

INDEX

મોડેલ કેરીયર સેન્ટર ખાતે ભારત સરકાર દ્વારા ઉચ્ચ લાયકાત ધરાવતા યંગ પ્રોફેસનલની સેવાઓ આપવામાં આવે છે. જેમાં તેઓ ઉમેદવારોને વ્યવસાયલક્ષી /કારકીર્દી માર્ગદર્શન આપે છે.

મોડેલ કેરીયર સેન્ટર ખાતે કેરીયર કાઉન્સેલીંગ, તેમજ એપ્ટીટયુટ ટેસ્ટ/સાયકોમેટ્રીક ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ છે.

સેન્ટર દ્વારા યુવાનોને રોજગાર/સ્વરોજગાર અને કારકિર્દી વિષયનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવે છે.

સેન્ટર દ્વારા કારકિર્દી વાર્તાલાપો, જોબ ફેર અને નોકરીદાતાઓ સાથે સઘન સંકલનથી મેચમેકિંગની કામગીરી તથા રોજગારલક્ષી તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

જામનગર ખાતે ભારત સરકાર દ્વારા કાર્યરત NCS (National Career Service) Portal પર ઉમેદવારોને નોંધણી કરાવવા અંગે માહિતી, માર્ગદર્શન આપવામાં આવશે. જેથી તેઓ રોજગારી માટે રાજ્ય બહારની ઉપલબ્ધ તકો સામે પણ ઉમેદવારી નોંધાવી શકે. વધુમાં આ પોર્ટલ થકી વ્યવસાયલક્ષી અને કારકિર્દીલક્ષી સવલતોની માહિતી મેળવી શકે છે.

૧૧. "પ્રોજેક્ટ રોજગાર સેતુ"

કોરોના વાયરસના સંક્રમણના કારણે રોજગાર કચેરીની પ્રવૃત્તિને અસર થવા પામેલ. આ પરિસ્થિતિમાં રાજ્યના યુવાનોને કોલ સેન્ટરના માધ્યમથી કોઈપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી, તથા સરકારી યોજનાની માહિતી ટેલિફોનીક માધ્યમથી મેળવી શકે તે માટે દેશમાં સૌપ્રથમ વખત "રોજગાર સેતુ" પ્રોજેક્ટ જાન્યુઆરી-૨૧માં અમલમાં મુકેલ. જેના થકી દેશમાં પ્રથમવાર કોલ સેન્ટરના માધ્યમથી રાજ્ય/દેશનો કોઈપણ ઉમેદવાર કોઈપણ જીલ્લાની રોજગાર કચેરી સાથે સીધો સંવાદ કરી અભ્યાસ તથા રોજગારી અંગેની માહિતી મેળવી શકે છે. આ સુવિધા ફક્ત એક સિંગલ નંબર ૬૩-૫૭-૩૯૦-૩૯૦ ડાયલ કરીને મળે છે. જાન્યુઆરી-૨૧ થી ચાલુ માસ દરમ્યાન ૮૬,૦૦૦ થી વધુ યુવાનોએ આ સેવાનો લાભ લીધેલ છે.

૧૨. "અનુબંધમ્" વેબપોર્ટલ તથા મોબાઈલ એપ

ગુજરાતના યુવાનોને રોજગારી આપવા તથા નોકરીદાતાઓને તેમની જરૂરીયાત મુજબનું માનવબળ ઓનલાઈન વ્યવસ્થાથી પુરી પાડવાના શુભ આશયથી "અનુબંધમ્" વેબપોર્ટલ તથા મોબાઈલ એપ વિકસાવવામાં આવેલ છે. આ વેબ પોર્ટલ થકી રોજગારવાંચ્છુ ઉમેદવારો ઓનલાઈન નામ નોંધણી કરી શકશે, ઉપલબ્ધ રોજગારીની તકો શોધી શકશે, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારી નોંધાવી રોજગારી મેળવી શકશે, શૈક્ષણિક લાયકાત તથા સ્કીલ પ્રમાણે નોકરી શોધી શકશે તેમજ ઓનલાઈન એકનોલેજમેન્ટ લેટર મેળવશે. વધુમાં નોકરીદાતાઓ પણ તેમની સંસ્થાનું ઓનલાઈન નોંધણી કરી શકશે, તેમની સંસ્થામાં રહેલી ખાલી જગ્યાની નોંધણી કરી શકશે, જરૂરી લાયકાત મુજબના યુવાનોને શોધીને મેચમેકીંગ કરશે અને યુવાનોનું ઈન્ટરવ્યુ ગોઠવી રોજગારી માટે પસંદગી કરી શકે છે.

૧૩. માંગણી નં.૯૫ અનુસૂચિત જાતિ પેટા યોજના

રાજ્યના યુવાનો આર્મી/ અર્ધલશ્કરી દળો, પોલીસ ફોર્સ તથા સિક્યુરીટી ગાર્ડ માં જોડાઇ શકે તે માટે ભરતી પૂર્વે શારિરીક કસોટી તથા લેખિત પરીક્ષાની તૈયારી માટેની ૪૫ દિવસની તાલીમ બે તબક્કામાં આપવામાં આવે છે. જેમાં પ્રથમ ૩૦ દિવસની (૨૪૦ કલાક) તમામ ટ્રેડ માટે સમાન નિવાસી તાલીમ તથા ત્યારબાદ બીજા ૧૫ દિવસ (૬૦ કલાક) ની બિન નિવાસી તાલીમ લશ્કરી ભરતીમેળામાં એડમિટ કાર્ડ મેળવેલ ઉમેદવારોને આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ૩૫ તાલીમ વર્ગો યોજીને કુલ-૧,૦૨૮ ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિનાં ઉમેદવારો માટે ખાસ ૩ વર્ગોના આયોજન થકી ૭૩ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

૧૪. માંગણી નં.૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના

આદિજાતિ વિસ્તારમાં રોજગાર અને તાલીમ ખાતા દ્વારા અમલી યોજનાઓની વિગત નીચે મુજબ છે.

આદીજાતિ વિસ્તાર માટે ખાસ નગર રોજગાર કચેરીઓ

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ઉમેદવારો માટે ઉપર જણાવેલી સેવાઓ મળી શકે તે માટે ખાસ નગર રોજગાર વિનિમય કચેરીઓ ખેડબ્રહ્મા, છોટાઉદેપુર, ધરમપુર, સોનગઢ અને માંડવી ખાતે કાર્યાન્વિત છે.

રાજ્યના યુવાનો આર્મી/અર્ધલશ્કરી દળો, પોલીસ ફોર્સ તથા સિક્યુરીટી ગાર્ડ માં જોડાઇ શકે તે માટે ભરતી પૂર્વે શારિરીક કસોટી તથા લેખિત પરીક્ષાની તૈયારી માટેની ૪૫ દિવસની તાલીમ બે તબક્કામાં આપવામાં આવે છે. જેમાં પ્રથમ ૩૦ દિવસની (૨૪૦ કલાક) તમામ ટ્રેડ માટે સમાન નિવાસી તાલીમ તથા ત્યારબાદ બીજા ૧૫ દિવસ (૬૦ કલાક) ની બિન નિવાસી તાલીમ લશ્કરી ભરતીમેળામાં એડમિટ કાર્ડ મેળવેલ ઉમેદવારોને આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં ૩૫ તાલીમ વર્ગો યોજીને કુલ-૧,૦૨૮ ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ખાસ ૦૯ વર્ગોના આયોજન થકી ૨૬૯ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

INDEX

તાલીમ સેવાઓ :

૧. કારીગર તાલીમ યોજના (સરકારી આઈ.ટી.આઈ.)

કૌશલ્ય થકી રોજગાર / સ્વરોજગારના નિર્માણ તથા ઉદ્યોગોની માંગને અનુલક્ષીને કુશળ કારીગરો પુરા પાડવાના ઉદ્દેશથી કારીગર તાલીમ યોજના અંતર્ગત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ શરૂ કરવામાં આવેલ છે. રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં ૨૫૧ તાલુકાઓમાં સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરી વ્યવસાયલક્ષી તાલીમની સુવિધાથી આવરી લેવામાં આવેલ છે.

રાજ્યમાં પ્રથમવાર સને-૧૯૫૭માં ૦૩ આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવી હતી. જેમાં તબક્કાવાર વધારો કરવામાં આવતા હાલમાં રાજ્યમાં ૨૮૮ સરકારી આઈ.ટી.આઈ.માં વિવિધ પ્રકારના ૧૨૬ અભ્યાસક્રમોમાં ૧૭૭૫૪૮ બેઠકો પર તાલીમ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

રાજ્યની તમામ આઈ.ટી.આઈ.માં પ્લેસમેન્ટ એડવાઈઝરી બ્યુરો (PAB)ની સ્થાપના કરવામાં આવેલ છે.

ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એન્ટર પ્રન્યોરશીપ, ડી.જી.ટી. નવી દિલ્હી દ્વારા દેશમાં પ્રથમ વખત ગુજરાત રાજ્યની કુલ-૧૯ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે Institute for Training of Trainers (ITOT)ની મંજૂરી મળેલ છે. નબળા તેમજ ખાસ વર્ગોના સામાજીક અને આર્થિક ઉત્થાન માટે સરકારશ્રી દ્વારા કેટલીક યોજનાનું અમલીકરણ સરકારી આઈ.ટી.આઈ.ના માધ્યમથી કરવામાં આવી રહેલ છે. જે નીચે મુજબ છે.

ક્રમ	યોજનાનું નામ	અમલકર્તા ITI ની સંખ્યા	કુલ મંજુર બેઠકો
૧	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	૭૮	૩૬૮૧૬
૨	અનુ.જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના	૬૭	૧૨૩૭૨
૩	લઘુમતી કલ્યાણ યોજના	૦૨	૬૮
૪	વનબંધુ કલ્યાણ યોજના	૫૮	૨૯૯૨૦
૫	સાગરખેડુ યોજના	૪૫	૨૮૮૪૮
૬	વિકાસશીલ તાલુકાઓ	૫૦	૨૧૩૫૬
૭	મહિલા સશક્તિકરણ માટેની ખાસ સુવિધાઓ (૨૫ આઈ.ટી.આઈ. તથા ૪૮ મહિલા વીંગ)	૭૩	૧૧૦૭૨
૮	દિવ્યાંગ ઉમેદવારો માટે (પ્રત્યેક ITI માં મંજુર બેઠકોના ૪% બેઠકો અનામત)	૦૩	૨૯૨

દિવ્યાંગ ઉમેદવારો, મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને ટ્યુશન ફી માંથી સંપુર્ણ મુક્તિ આપવામાં આવેલ છે.

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે મંજુર બેઠકોના ૩૩.૩૩% તાલીમાર્થીઓને આવક-મર્યાદા ધ્યાને લઈ મેરીટ-કમ-મીન્સના ધોરણે માસિક ₹ ૨૦૦/- લેખે (જનરલ કેટેગરીના ઉમેદવારો માટે) અને ₹ ૪૦૦/- લેખે (અનુ.જાતિ, અનુ. જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી અને વિમુક્ત જાતિના તાલીમાર્થીઓ માટે) સ્ટાઈપેન્ડ એનાયત કરવામાં આવે છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અપ-ડાઉન કરતાં તાલીમાર્થીઓને નિયમાનુસાર એસ.ટી. બસ કનેક્શન પાસ આપવામાં આવે છે.

આઈ.ટી.આઈ.માં તાલીમ લેતા તાલીમાર્થીઓને ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ ₹ ૧.૦૦ લાખની મર્યાદામાં વીમાકવચ પૂરું પાડવામાં આવે છે.

તાલીમાર્થીદીઠ માસિક ₹ ૧૫૦/- લેખે કાચો માલસામાન પુરો પાડવામાં આવે છે.

મોટર ડ્રાઈવીંગ સ્કુલ:- યોગ્ય, સલામત અને પદ્ધત્તિસરના મોટર ડ્રાઈવીંગની તાલીમ માટે ૪૫ સરકારી આઈ.ટી. આઈ.માં મોટર ડ્રાઈવીંગની તાલીમ આપવામાં આવે છે.

૨. કોસ્ટલ એરિયા ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

ગુજરાત ૧૬૦૦ કી.મી. દરિયા કિનારો ધરાવે છે. આ કારણે ગુજરાત સદીઓથી સમુદ્ર માર્ગે વ્યાપાર કરી રહ્યો છે. દરિયાઈ માર્ગે ચાલતો આ વ્યાપાર વૈશ્વિકરણના પરિણામે નોંધપાત્ર રીતે વધી ચૂક્યો છે. રાજ્યના દરિયા કિનારે જુદા-જુદા બંદરો વિકસ્યા છે.

INDEX

રાજ્યના દરિયા કિનારે આવેલ વિસ્તારોના સાગરખેડુ યુવાનોને વ્યવસાયિક તાલીમ મળી રહે તથા તેઓની રોજગારી / સ્વ રોજગારીની તકોમાં વધારો થાય તે હેતુસર ૨૦૧૨-૧૩ના વર્ષમાં કોસ્ટલ એરિયા ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ નવી સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવેલ છે. હાલમાં રાજ્યના દરિયા કિનારે આવેલ કુલ ૩૯ તાલુકામાં ૪૫ સરકારી આઈ.ટી.આઈ.માં કુલ - ૨૮૮૪૮ બેઠકો સાથે હાલ કાર્યરત છે.

૩. Skill Strengthening For Industrial Value Enhancement (STRIVE)

ભારત સરકાર દ્વારા Skill Strengthening for Industrial Value Enhancement (STRIVE) પ્રોજેકટ વિશ્વબેન્ક સહાયથી શરૂ થયેલ છે. આ પ્રોજેકટ હેઠળ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં આપવામાં આવતી તાલીમની સુધારણાલક્ષી કાર્યવાહી, તાલીમી શિક્ષકોને તાલીમ તથા એપ્રેન્ટિસ ટ્રેનીંગને સંગીન બનાવવા તથા તાલીમી ક્ષમતા વધારવા માટે ભારત સરકાર દ્વારા વિશ્વબેન્કની સહાયથી ૧૦૦% નાણાંકીય સહાય આપવામાં આવનાર છે. રાષ્ટ્રમાં ૪૦૦ સરકારી તથા ૧૦૦ ખાનગી મળી કુલ ૫૦૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવરી લેવામાં આવનાર છે. જે પૈકી ગુજરાત રાજ્યમાંથી ૩૪ સરકારી અને ૦૬ ખાનગી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આવરી લેવામાં આવી છે. આ સંસ્થાઓને સદર પ્રોજેકટ હેઠળ સંસ્થા દીઠ અંદાજીત ₹ ૨.૦૦ કરોડ જેટલું ફંડ ભારત સરકાર તરફથી મળનાર છે.

તાલીમ સેવાઓ :

૧. કારીગર તાલીમ યોજના (અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના)

અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટે અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના શરૂ કરવામાં આવેલ છે. રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે ૭% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓના ખર્ચનો હિસ્સો અનુસૂચિત જતી પેટા યોજના હેઠળ ફાળવવામાં આવે છે. વધુમાં ખાસ અંગભૂત યોજના હેઠળ રાજ્યની ૬૭ આઈ.ટી.આઈ.માં ૧૨૩૭૨ બેઠકો અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે મંજૂર કરવામાં આવેલ છે. જેની સામે ૮૫૨૩ તાલીમાથીઓ તાલીમ લઈ રહ્યા છે.

૨. કારીગર તાલીમ યોજના (આદિજાતિ વિસ્તાર પેટા યોજના)

કારીગર તાલીમ યોજના ઉદ્દેશ અનુસાર અનુસૂચિત જનજાતિ વર્ગના યુવકો / યુવતી પણ આ યોજનાનો લાભ લઈ રોજગારી / સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આ ખાતાની ૭૮ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ૩૬૮૧૬ બેઠકો મંજૂર કરવામાં આવેલ છે. જેની સામે ૨૯૪૦૭ તાલીમાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે.

(૧) ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો

વધતા જતાં ઉદ્યોગોને કારણે કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે સહાયક અનુદાનના ધોરણે કારીગર તાલીમ યોજનાના સ્વરૂપના જ અભ્યાસક્રમો ચલાવવા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટોને ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો શરૂ કરવા માન્યતા અપાયેલ હતી. જે અન્વયે સંસ્થાઓને આવર્તક ખર્ચના ૧૦૦% સહાયક અનુદાન આપવામાં આવે છે. હાલમાં રાજ્યમાં ૧૦૯ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં ૧૬૫૭૬ મંજુર બેઠકો સામે ૧૪૦૮૧ તાલીમાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે.

(૨) સ્વ-નિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો

રાજ્યની આઈ.ટી.આઈમાં તાલીમ લેવા ઈચ્છતા ઉમેદવારોની સંખ્યામાં ખૂબ જ વધારો થતાં તેમજ સરકારશ્રીની કરકસરની નીતિને ધ્યાને રાખી સ્વૈચ્છિક સંસ્થાઓને આઈ.ટી.આઈ.ના અભ્યાસક્રમો સ્વ-નિર્ભર ધોરણે ચલાવવા વર્ષ-૧૯૯૯-૨૦૦૦ થી માન્યતા આપવાનું શરૂ કરવામાં આવેલ છે. હાલમાં રાજ્યમાં ૧૯૫ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ૨૨૬૫૬ બેઠકોની ક્ષમતા સાથે કાર્યરત છે.

(૩) ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (આદિજાતિ વિસ્તાર પેટા યોજના)

અનુસૂચિત જનજાતિના યુવકોને વ્યવસાયલક્ષી તાલીમ ઉપલબ્ધ કરાવવાના હેતુસર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રાજ્યમાં ૦૩ ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (૧) ચીખલી, જિ.નવસારી (૨) રામપુર-કાંકણપુર, જિ.પંચમહાલ (૩) સુખસર, જિ.દાહોદ કુલ-૬૨૮ બેઠકોની ક્ષમતા સાથે કાર્યરત છે. જેમાં હાલમાં ૫૪૯ તાલીમાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે.

૩. મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના

રાજ્યમાં એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાના વ્યાપને વિસ્તારવા માટે ૦૧ લાખ એપ્રેન્ટીસોની ભરતીનાં લક્ષ્યાંક સાથેની "મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના" નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં શરૂ કરવામાં આવેલ છે.

ઓકટોબર-૨૦૨૧ અંતિત ગુજરાત રાજ્યના ૨૯૩૭૮ એકમો અને ૭૩૧૪૮ એપ્રેન્ટીસો એપ્રેન્ટીસશીપ પોર્ટલ પર રજીસ્ટર્ડ થયેલ છે.

INDEX

૪. રાષ્ટ્રીય એપ્રેન્ટીસ પ્રમોશન યોજના (NAPS) (માંગણી નંબર- ૫૭, ૧૦૦% CSS)

એપ્રેન્ટીસોની સંખ્યામાં વધારો થાય અને એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાને પ્રોત્સાહન મળી રહે તેવા ઉદ્દેશથી ભારત સરકાર દ્વારા "National Apprenticeship Promotion Scheme" (NAPS) તા. ૧૯/૦૮/૨૦૧૬થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત એકમો દ્વારા એપ્રેન્ટીસોને દર માસે ચુકવાયેલ સ્ટાઈપેન્ડની રકમનાં ૨૫% રકમ, પરંતુ ₹ ૧૫૦૦/- ની મહત્તમ મર્યાદામાં પ્રતિ માસ પ્રતિ એપ્રેન્ટીસ વળતર એકમને આપવામાં આવે છે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજના (માંગણી નં- ૯૬ ૧૦૦% CSS)

આદિજાતિ વિસ્તારોનાં તાલીમાર્થિઓનો એપ્રેન્ટીસની ભરતીમાં વ્યાપ બહોળો થાય જેથી એપ્રેન્ટીસોની સંખ્યામાં વધારો થાય અને એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાને પ્રોત્સાહન મળી રહે તેવા ઉદ્દેશથી ભારત સરકાર દ્વારા "National Apprenticeship Promotion Scheme" (NAPS) તા. ૧૯/૦૮/૨૦૧૬થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત એકમો દ્વારા એપ્રેન્ટીસોને દર માસે ચુકવાયેલ સ્ટાઈપેન્ડની રકમનાં ૨૫% રકમ, પરંતુ ₹ ૧૫૦૦/- ની મહત્તમ મર્યાદામાં પ્રતિ માસ પ્રતિ એપ્રેન્ટીસ વળતર એકમને આપવામાં આવે છે.

અનુસૂચિત જાતિ પેટા યોજના (માંગણી નં- ૯૫ ૧૦૦% CSS)

અનુસૂચિત જાતિનાં ઉમેદવારોનો વધુમાં વધુ એપ્રેન્ટીસ યોજનામાં જોડાય જેથી એપ્રેન્ટીસોની સંખ્યામાં વધારો થાય અને એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાને પ્રોત્સાહન મળી રહે તેવા ઉદ્દેશથી ભારત સરકાર દ્વારા "National Apprenticeship Promotion Scheme" (NAPS) તા. ૧૯/૦૮/૨૦૧૬થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત એકમો દ્વારા એપ્રેન્ટીસોને દર માસે ચુકવાયેલ સ્ટાઈપેન્ડની રકમનાં ૨૫% રકમ, પરંતુ ₹ ૧૫૦૦/- ની મહત્તમ મર્યાદામાં પ્રતિ માસ પ્રતિ એપ્રેન્ટીસ વળતર એકમને આપવામાં આવે છે.

મહેકમ (તાલીમ)

રાજ્ય સ્તરે તાલીમની સુવિધા ઉભી કરવા

(૧) રાજ્ય સ્તરે તાલીમની સુવિધા ઉભી કરવા માટે વડોદરા ખાતે ઈન્સ્ટ્રકટરો માટે તાલીમ સેન્ટર ઓકટોબર - ૧૯૮૬ થી શરુ કરવામાં આવેલ છે. આઈ.ટી.સી. તરસાલી - વડોદરાના નેજા હેઠળ, આગામી ૨૦૨૧-૨૨ માં બેઝીક ડ્રોઈંગ ઓવરહેડ પ્રોજેકટ, પ્રિન્સીપાલ ઓફ ટીચીંગના મોડયુલ, એજયુકેશન સેફટી તાલીમ ફોર ઈલેકટ્રીકલ ગૃપ, સ્કીલ્ડ બેઝ, ટ્રેડ સ્કીલ્ડ તાલીમ, સેફટી અવેરનેર, સેલ્ફ અવેરનેશ જેવા તાલીમ વર્ગમાં ગુજરાત રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના ટેકનીકલ કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે.

(૨) રાજ્યની વિવિધ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર તાલીમાર્થીઓને માર્કેટની માંગ મુજબની અધ્યતન તાલીમ મળી રહે તે માટે વર્ષ - ૨૦૨૧-૨૨ માં આ કચેરી ખાતેથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ષ - ૨૦૧૮-૧૯ ની જાહેરાત અન્વયે ભરાયેલ અંદાજિત - ૧૫૨૫ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરને ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ તરીકેની તાલીમ આઈ.ટી.સી. તરસાલી - વડોદરાના નેજા હેઠળ, વિવિધ આઈ.ટી.આઈ. ના સેન્ટરો ખાતે તથા વિવિધ ઈન્ડસ્ટ્રીઓની મદદથી તાલીમ આપવાનું આયોજન છે.

ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશન

રાજ્યમાં ચાલતી તમામ કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓમાં ગુણવત્તા સાથે સંખ્યામાં ગુણાત્મક વધારો થાય તે હેતુથી ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશન (જી.એસ.ડી.એમ.) ની રચના માન. મુખ્યમંત્રીશ્રીનાં અધ્યક્ષપદ હેઠળ તા.૦૬/૧૧/૨૦૦૯નાં ઠરાવથી થયેલ છે. ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશનનાં મુખ્ય હેતુઓ પૈકી એક હેતુ નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ મિશન દ્વારા સમયાંતરે નિયત થતી સ્કીલ ડેવલોપમેન્ટની કાર્યવાહીઓનો રાજ્યમાં અમલીકરણ કરાવવાની બાબતનો સમાવેશ થાય છે. મિશનનાં Implementing Arm તરીકે ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ સોસાયટીની રચના તા. ૨૪/૦૧/૨૦૧૨નાં ઠરાવથી પણ કરવામાં આવેલ છે. આ સોસાયટીને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ અને મંડળીઓનાં નોંધણી બાબતનાં અધિનિયમ ૧૮૬૦ હેઠળ કરવામાં આવેલ છે.

જી.એસ.ડી.એમ દ્વારા સ્કીલ ડેવલોપમેન્ટની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા અને તે દ્વારા રોજગારી /સ્વ રોજગારીને પ્રોત્સાહન આપવાનો અભિગમ અપનાવવામાં આવેલ છે. રાજ્યની કૌશલ પ્રણાલીના સુદૃઢીકરણ પરત્વે વિવિધ Short Term સ્કીલીંગ પ્રવૃત્તિઓનું સંકલન GSDM ના માધ્યમથી કૌશલ પ્રણાલીને સુદ્રઢ કરવા નવીન પ્રોજેક્ટો શરૂ કરવા તેમજ હયાત પ્રોજેક્ટોમાં ગુણાત્મક અને રચનાત્મક સુધારા કરી તેનો વ્યાપ વધારવા સૂચનો થયેલ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ ના આયોજનના ભાગરૂપે જી.એસ.ડી.એમના સુદૃઢીકરણ હેઠળ ₹ ૧૧૫.૦૦ લાખની જોગવાઈ તથા વિવિધ પ્રોજેકટ/યોજના માટે બજેટ અંદાજો સુચિત જોગવાઈ પણ કરવામાં આવેલ છે.

INDEX

(૧) ગુજરાત સ્કિલ કોમ્પીટીશન

દેશના માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૧૫માં "સ્કિલ ઈન્ડિયા" મિશન શરૂ કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના યુવાધનને કૌશલ્ય પ્રદાન કરવાનો છે. આ ઉદ્દેશ્યને આગળ વધારવા માટે, વ્યવસાયિક શિક્ષણને આગળ વધારવા માટે પ્રોત્સાહન આપવા અને રાજ્યના અનેક કૌશલ્ય પ્રદાન યુવાઓને આગવી ઓળખ અપાવવા માટે રાજકીય સ્તરે કૌશલ્ય સ્પર્ધા આગામી "ગુજરાત સ્કિલ કોમ્પીટીશન" ના આયોજન માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઈ સૂચિત કરવામાં આવેલ છે.

આ પ્રસ્તાવિત કૌશલ્ય સ્પર્ધા - "ગુજરાત સ્કિલ કોમ્પીટીશન" દ્વારા રાજ્યના યુવાધનને તેમના કૌશલ્યને પ્રદર્શિત કરવાની તક મળશે જે તેમનામાં જુસ્સો પ્રદાન કરશે અને અન્ય યુવાઓને પણ કૌશલ્ય પ્રાપ્ત કરવાની પ્રેરણા આપશે. આ પ્રકારની સ્પર્ધાના આયોજનમાં ઈન્ડસ્ટ્રી દ્વારા ભાગ લેવાથી યુવાઓમાં રોજગારી અને સ્વ-રોજગારીની તકો પણ ઊભી થશે. જેથી આ પ્રકારની કૌશલ્ય સ્પર્ધાનું આયોજન સમયાંતરે થઇ શકે.

રાષ્ટ્રીય કક્ષાની ઈન્ડિયા સ્કિલ્સ-૨૦૨૦માં ભાગ લેવા માટે રાજ્યમાં ૨૩ સ્કિલ્સ માટે ઈન્ડિયા સ્કિલ્સ ગુજરાત-૨૦૨૦નું આયોજન કરવામાં આવેલ. સ્પર્ધા અંગે યુવાઓમાં જાગરૂકતા ફેલાવવા પ્રચાર-પ્રસારની કામગીરી પણ કરવામાં આવેલ અને સ્પર્ધામાં ભાગ લેવા માટે યુવાઓની ઉમેદવારી નોંધાવવા માટે http://indiaskillsgujarat.org/ પર તા.૧૫ ઓક્ટોબર ૨૦૧૯ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી ઓન-લાઈન રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવેલ. આ સમયગાળા દરમ્યાન ઉક્ત વેબસાઈટ અને નેશનલ વેબસાઈટ પર ૨૩ સ્કિલ્સ માટે કુલ ૬૧૬૧ ઉમેદવારોનું રજીસ્ટ્રેશન થયેલ. રજીસ્ટર થયેલ ઉમેદવારોની સ્ક્રિનિંગ ટેસ્ટનું આયોજન ડિસેમ્બર-૨૦૧૯ થી જાન્યુઆરી-૨૦૨૦ દરમ્યાન કરવામાં આવેલ અને તેમાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારોની ઝોનલ સ્પર્ધાનું આયોજન માર્ચ-૨૦૨૦માં કરવામાં આવેલ. ત્યાર બાદ નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ને લીધે સ્પર્ધા એક વર્ષ મુલત્વી રાખવામાં આવેલ. સંક્રમણમાં ઘટાડો થતા સરકારશ્રી તરફથી નિયંત્રણો હળવા થતા MSDE તરફથી રાજ્યમાં કૌશલ્ય સ્પર્ધાનું આયોજન કરવા માટે જાણ કરાતા ઓગષ્ટ-૨૦૨૧ માં જુદા-જુદા સ્થળો ખાતે જુદી-જુદી સ્કિલ્સ માટે રાજ્ય કક્ષાની કૌશલ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઉત્તિર્ણ થયેલ સ્પર્ધકોની નેશનલ કક્ષાની રિજિયોનલ સ્પર્ધા India Skills ૨૦૨૧- Westનું આયોજન NSDC દ્વારા તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૧ થી ૧ નવેમ્બર ૨૦૨૧ દરમ્યાન ગુજરાતમાં ગાંધીનગર ખાતે કરવામાં આવેલ. આ સ્પર્ધામાં જી.એસ.ડી.એમ.ના માધ્યમથી ગુજરાતના કુલ-૪૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ, જેમાંથી ૧૧ સ્પર્ધકો વિજેતા જાહેર થયેલ છે. આ વિજેતા સ્પર્ધકો ડિસેમ્બર-૨૦૨૧માં બેંગ્લોર ખાતે આયોજીત થનાર રાષ્ટ્રીય કક્ષાની India Skills ૨૦૨૧માં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

(૨) NSQF કક્ષાના Short Term Courses

ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મીશનનો મુખ્ય હેતુ રાજ્યમાં ચાલતા વિભાગ દ્વારા કૌશલ્યવર્ધન પ્રવૃત્તિ ગુણવત્તામાં સુધારો કરવાનો છે. રાજ્યની હયાત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં NSQF કક્ષાના આધારીત Short term Courses અંતર્ગત અંદાજીત કુલ ૪૦૦૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક નિયત કરેલ જેની સાપેક્ષે કુલ ૪૦૦૭ તાલીમાર્થીઓને આ તાલીમીકાર્યમાં જોડવામાં આવેલ હતા. આ તમામ પ્રવૃત્તિ વર્ષ ૨૦૨૨-૨૩માં ચાલુ રહેશે. જે અર્થે કુલ ₹ ૧૦૦.૪૪ લાખની જોગવાઈ સૂચિત કરેલ છે. આવા અભ્યાસક્રમો યુવા માટે રોજગારીની તક વધારે છે.

(૩) ગુજરાત સ્કિલ ડેવલોપમેન્ટ મિશનના માધ્યમથી કૌશલ્ય વર્ધન કેન્દ્ર યોજના KVK૨.૦ સક્ષમ યોજના

કૌશલ્ય વર્ધન કેન્દ્ર (KVK)ના રીફોર્મ સક્ષમ યોજના ની નવી બાબતની મંજૂરી મળતા આગામી નાણાંકીય વર્ષ ચાલુ બાબત તરીકે બજેટની જોગવાઇ માંગણી નંબર ૫૭ હેઠળ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૦.૦૦ લાખની ટોકન જોગવાઇ સૂચિત કરેલ છે.

(૪) "કોશલ્યા" ધી સ્કીલ યુનીવર્સીટી

કૌશલ્યા સ્કીલ ધી સ્કીલ યુનિવર્સિટી માટે મંજૂર બાબત ના ₹ ૧૦૦.૦૦ લાખ ની સામે આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૦.૦૦ લાખ ટોકન જોગવાઈ સૂચિત કરેલ છે.

(૫) ગુજરાત સ્કીલ ડેવલમેન્ટ કોર્પોરેશનની રચના

નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ પૂર્ણ થયેલ હોય, GSDC ની સ્થાપનાનું રજીસ્ટ્રેશન જેતે વર્ષમાં ન થઇ શકે તેમ હોય તો બજેટ જોગવાઈ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક:એસડીએમ/૧૫૨૦૨૦/ આર-૨ તા.૨૧-૦૭-૨૦૨૦ ની શરત નં.૧૨ મુજબ વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહે છે જે મુજબ ગ્રાન્ટ સંપૂર્ણ રી-એપ્રોપ્રિએશન કરવામાં આવેલ હતી અને આગામી નાણાંકીય વર્ષ ૨૧-૨૨ માં આ બાબતે કોઇ બજેટ જોગવાઇ સૂચિત કરવામાં આવેલ ન હતી આ માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની ચાલુ બાબત તરીકે શેર કેપીટલ મૂડી ઉભી કરવા ₹ ૧૦.૦૦ લાખ સૂચિત જોગવાઇ કરેલ છે.

INDEX

(૬) પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના

ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા PMKVY ૩.૦ પ્રથમ ફેઝ(૨૦૨૦-૨૧) અને બીજો ફેઝ (૨૦૨૧-૨૦૨૬) માટે જાહેર કરેલ છે. PMKVY ૩.૦ સ્કીમ યોજના અંતર્ગત યુવાધનને તાલીમ આપવાનો લક્ષ્યાંક છે. હાલમાં, યોજના અંતર્ગત રાજ્યને કેટલો ટાર્ગેટ અને ક્યારે ફાળવવામાં આવશે તેની વિગતો નિયત થયેલ નથી. વર્ષ ૨૦૨૨-૨૩ માં માંગણી નંબર ૫૭ હેઠળ ₹ ૦.૭૩ લાખની બજેટ ટોકન જોગવાઇ તરીકે સમાવેશ કરેલ છે.

(૭) SANKALP પ્રોજેક્ટ (Skill Acquisition and Knowledge Awareness for Livelihood Promotion Programme)

ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા ગુજરાત રાજ્યમાં કૌશલ્ય સંપાદન અને જીવન જાગરૂકતા માટે જ્ઞાન જાગૃતિ (SANKALP) પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે. પ્રોજેક્ટ વિશ્વ બેન્કના સહયોગ દ્વારા મિશન મોડમાં લાગુ કરવામાં આવેલ છે.

આ યોજનાનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય અને રાજ્ય બંને સ્તરે સંસ્થાકીય તંત્ર, તાલીમાર્થીઓ અને એસેસર્સ (મુલ્યાંકન) વચ્ચે સુમેળ સાધવો અને ભારત સરકારની ખુબ જ મહત્વના "મેક ઇન ઇન્ડીયા" ભાગરૂપે પ્રતિકુળ વિસ્તારોમાં અને મેન્યુફેંકચરીંગ સેકટરમાં જરૂરીયાત મુજબની સ્કીલમેનપાવર મળી રહે તે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે સંકલ્પ યોજના બજેટ જોગવાઇ તરીકે ભારત સરકાર દ્વારા રીલીઝ કરવામાં આવેલ ₹ ૧૪.૫૫ કરોડની ૬૦% Centrally Share તેમજ રાજ્ય સરકાર હીસ્સા તરીકે ૪૦ % State Share ₹ ૯.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે ટોકન જોગવાઇ સ્વરૂપે માંગણી નંબર ૫૭ હેઠળ કેન્દ્રના હિસ્સાની ₹ ૦.૪૫ લાખ અને રાજ્યના હિસ્સાની ૪૦% લેખે ૦.૩૦ લાખ જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૮) SANKALP પ્રોજેક્ટના મુખ્ય ચાર ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

- Market relevant training ના આયોજન, વિતરણ અને દેખરેખને માર્ગદર્શન આપવા માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે Institutional Mechanism ને મજબૂત બનાવવી.
- માર્કેટ ને અનુરૂપ Skill Development ની ગુણવત્તામાં સુધારો.
- મહિલા અને Disadvantaged groups (એસ.સી/એસ.ટી./દિવ્યાંગ) તાલીમાર્થીઓ માટેના પ્રવેશ અને Skill Training પૂર્ણ કરવામાં સુધારો કરવો.
- Private-Public Partnerships (PPPs) ના માધ્યમથી Skill Training નું વિસ્તરણ

(૯) જીકા (JICA) પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ (GIPP)

ગુજરાત એપેક્ષ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ (GATI) માટે કુલ ₹ ૧૦૦.૦૦ કરોડ મંજૂર છે. તદ્ઉપરાંત રાજ્યમાં GATIપ્રોજેકટ હેઠળ ૪ Centre of Excellence (CoE) GIZ નાં ટેકનીકલ સહયોગ થી કરવામાં આવશે.

ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મીશનના સુદ્દઢીકરણ હેઠળ પણ પ્રોજેકટના કુલ ₹ ૫૦.૦૦ કરોડ મંજૂર થયેલ છે. જેમાં ઈન્ડસ્ટ્રીયલ કૌશલ્ય વર્ધન કેન્દ્ર (I-KVK) યોજના અંતર્ગત બાય ધ ઈન્ડસ્ટ્રી, ફોર ધ ઈન્ડસ્ટ્રી, ઈન ધ ઈન્ડસ્ટ્રીના કન્સેપ્ટ આધારીત યોજનાને રીફોર્મ કરીને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના આધારીત યોજના "પ્રોજેકટ સંકલ્પ" રાજ્ય દ્વારા નવા નામાભિકરણ સાથે માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૧૫.૦૭.૨૦૨૦ ના રોજ ઈ-લોન્ચીંગ કરવામાં આવેલ છે. જેથી વિવિધ સેકટરની ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડસ્ટ્રી એસોસીયેશન વિગેરેના માધ્યમથી તાલીમ આયોજીત કરી રાજ્યના યુવાનો રોજગારક્ષમ બનાવાનો અભિગમ આ યોજના અંતર્ગત છે.

ઉકત પ્રોજેકટ પૈકી મંજૂર પ્રોજેકટ રકમ પૈકી ૧૫૦૦૦.૦૦ લાખની સામે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ₹ ૩૬૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

(૧૦) ગુજરાત સ્કિલ ડેવલોપમેન્ટ મિશનના માધ્યમથી કૌશલ્ય વર્ધન કેન્દ્ર યોજના KVK૨.૦ સક્ષમ યોજના

કૌશલ્ય વર્ધન કેન્દ્ર (KVK)ના રીફોર્મ સક્ષમ યોજનાની નવી બાબતની મંજૂરી મળતા આગામી નાણાંકીય વર્ષ ચાલુ બાબત તરીકે બજેટની જોગવાઇ માંગણી નંબર ૯૫ SCSP હેઠળ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૦.૦૦ લાખની ટોકન જોગવાઇ સૂચિત કરેલ છે.

(૧૧) પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના

ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા PMKVY ૩.૦ પ્રથમ ફેઝ(૨૦૨૦-૨૧) અને બીજો ફેઝ (૨૦૨૧-૨૦૨૬) માટે જાહેર કરેલ છે. PMKVY ૩.૦ સ્કીમ યોજના અંતર્ગત યુવાધનને તાલીમ આપવાનો લક્ષ્યાંક છે. હાલમાં, યોજના અંતર્ગત રાજ્યને કેટલો ટાર્ગેટ અને ક્યારે ફાળવવામાં આવશે તેની વિગતો નિયત થયેલ નથી. વર્ષ ૨૦૨૨-

૨૩ માં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ₹ ૦.૧૦ લાખની બજેટ ટોકન જોગવાઈ તરીકે સમાવેશ કરેલ છે.

(૧૨) SANKALP પ્રોજેક્ટ (Skill Acquisition and Knowledge Awareness for Livelihood Promotion Programme)

આ યોજનાનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય અને રાજ્ય બંને સ્તરે સંસ્થાકીય તંત્ર, તાલીમાર્થીઓ અને એસેસર્સ (મુલ્યાંકન) વચ્ચે સુમેળ સાધવો અને ભારત સરકારની ખુબ જ મહત્વના " મેક ઈન ઈન્ડીયા" ભાગ રૂપે પ્રતિકુળ વિસ્તારોમાં અને મેન્યુફેંકચરીંગ સેકટરમાં જરૂરીયાત મુજબની સ્કીલમેનપાવર મળી રહે તે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે સંકલ્પ યોજના બજેટ જોગવાઈ તરીકે ભારત સરકાર દ્વારા રીલીઝ કરવામાં આવેલ ₹ ૧૪.૫૫ કરોડની ૬૦% Centrally Share તેમજ રાજ્ય સરકાર હીસ્સા તરીકે ૪૦ % State Share ₹ ૯.૭૦ કરોડ ની જોગવાઈ કરવામાં આવેલ હતી. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટેની જોગવાઈ સ્વરૂપે માંગણી સદર ૯૫ SCSP હેઠળ ૬૦% લેખે ₹ ૦.૧૭ લાખ અને ૪૦% લેખે જોગવાઈ ₹ ૦.૧૪ લાખની ટોકન જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૧૩) ગુજરાત સ્કિલ ડેવલોપમેન્ટ મિશન ના માધ્યમથી કૌશલ્ય વર્ધન કેન્દ્ર યોજના KVK૨.૦ સક્ષમ યોજના

કૌશલ્ય વર્ધન કેન્દ્ર (KVK)ના રીફોર્મ સક્ષમ યોજનાની નવી બાબતની મંજૂરી મળતા આગામી નાણાંકીય વર્ષ ચાલુ બાબત તરીકે બજેટની જોગવાઈ માંગણી નંબર ૯૬ આદિજાતિ વિસ્તાર પેતા યોજના (TASP) હેઠળ જી.એસ.ડી.એમના સદરે કરવા ₹ ૧૦૦.૦૦ લાખ ટોકન જોગવાઈ સૂચિત કરીએ. આ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૦.૦૦ લાખની ટોકન જોગવાઈ સૂચિત કરેલ છે.

(૧૪) પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના

ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા PMKVY ૩.૦ પ્રથમ ફેઝ(૨૦૨૦-૨૧) અને બીજો ફેઝ (૨૦૨૧-૨૦૨૬) માટે જાહેર કરેલ છે. PMKVY ૩.૦ સ્કીમ યોજના અંતર્ગત યુવાધનને તાલીમ આપવાનો લક્ષ્યાંક છે. હાલમાં, યોજના અંતર્ગત રાજ્યને કેટલો ટાર્ગેટ અને ક્યારે ફાળવવામાં આવશે તેની વિગતો નિયત થયેલ નથી. વર્ષ ૨૦૨૨-૨૩ ૯૬ TASP હેઠળ ₹ ૦.૧૦ લાખ ની ટોકન જોગવાઈ સૂચિત કરેલ છે.

(૧૫) SANKALP પ્રોજેક્ટ (Skill Acquisition and Knowledge Awareness for Livelihood Promotion Programme)

આ યોજનાનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય અને રાજ્ય બંને સ્તરે સંસ્થાકીય તંત્ર, તાલીમાર્થીઓ અને એસેસર્સ (મુલ્યાકન) વચ્ચે સુમેળ સાધવો અને ભારત સરકારની ખુબ જ મહત્વના " મેક ઈન ઈન્ડીયા" ભાગ રૂપે પ્રતિકુળ વિસ્તારોમાં અને મેન્યુફેંકચરીંગ સેકટરમાં જરૂરીયાત મુજબની સ્કીલમેનપાવર મળી રહે તે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે સંકલ્પ યોજના બજેટ જોગવાઈ તરીકે ભારત સરકાર દ્વારા રીલીઝ કરવામાં આવેલ ₹ ૧૪.૫૫ કરોડની ૬૦% Centrally Share તેમજ રાજ્ય સરકાર હીસ્સા તરીકે ૪૦ % State Share ₹ ૯.૭૦ કરોડ ની જોગવાઈ કરવામાં આવેલ હતી. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે માંગણી સદર ૯૬ TASP હેઠળ ₹ કેન્દ્ર ના હિસ્સાની ₹ ૦.૦૮ લાખ અને રાજ્યના હિસ્સાની ₹ ૦.૦૬ લાખ ની ટોકન જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

શ્રમ આયુક્તશ્રીની કચેરી

શ્રમ આયુકતશ્રીની કચેરીની મુખ્ય કામગીરી નીચે મુજબ છે.

૧. શ્રમયોગીઓની રોજગારી/નોકરીની સલામતી અને કામગીરીની પરિસ્થિતિનાં અનુસંધાને વિવિધ શ્રમ કાયદાઓનો અસરકારક અમલ.

૨. Ease of Doing Business અંતર્ગત વિવિધ શ્રમ કાયદાઓ હેઠળના રજીસ્ટરોનું સરળીકરણ અને વિવિધ કાયદા હેઠળની રજીસ્ટ્રેશન, લાયસન્સની અરજીઓનો ઓનલાઈન સ્વીકાર.

૩. હડતાળ, તાળાબંધી, ઘેરાવો વિગેરે જેવી મજૂર પરિસ્થિતિનાં પ્રસંગોમાં સમયસર અને અસરકારક દરમ્યાનગીરીની કામગીરી.

૪. સામાજીક સુરક્ષાના કાયદાઓનો અસરકારક અમલ.

૫. બોઈલરના પ્રમાણિકરણની કામગીરી.

૬. રાજ્યના અસંગઠીત શ્રમયોગીઓની ઓળખ પ્રસ્થાપિત કરીને તેઓને રાજ્ય સરકારશ્રી દ્વારા અમલી લાગુ પડતી સામાજિક સુરક્ષા યોજનાનો લાભ આપવાની કામગીરી.

૭. બાળ અને તરૂણ શ્રમયોગી પ્રથા નાબુદી.

INDEX

ઉપર જણાવેલ તમામ બાબતોના અસરકારક અમલ બાબતે વહીવટી સરળતા ખાતર શ્રમ આયુકતશ્રીની કચેરીને નીચે મુજબની બે વીંગમાં વહેંચવામાં આવેલ છે.

૧. **શ્રમ વીંગ :** રાજ્ય કક્ષાએ શ્રમ આયુકતશ્રીની કચેરી વિભાગીય કક્ષાએ નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરી, જિલ્લા કક્ષાએ મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી અને સરકારી શ્રમ અધિકારીશ્રીની કચેરી આવેલ છે.

૨. **બોઈલર વીંગ :** રાજ્ય કક્ષાએ નિયામકશ્રી, બોઈલરોની કચેરી, નાયબ નિયામકશ્રી બોઈલરો તથા મદદનીશ નિયામકશ્રી બોઈલરની કચેરીઓ આવેલી છે.

- શ્રમવીંગ દ્વારા મુખ્યત્વે નીચેના કાયદાઓનું અમલીકરણ કરાવવામાં આવે છે.

  લઘુત્તમ વેતન અધિનિયમ - ૧૯૪૮

  બોનસ ચુકવણી અધિનિયમ, ૧૯૬૫

  કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦

  ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

  ગ્રેજયુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨

  સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬

  આંતર રાજ્ય સ્થળાંતરિત કામદાર અધિનિયમ, ૧૯૭૯

- તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ આ અધિનિયમ હેઠળ લાયસન્સની મર્યાદામાં છુટછાટ આપવા માટે ડ્રાફટ નોટીફિકેશન બહાર પાડવામાં આવેલ છે.

  બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬

- વર્ષ ૨૦૨૧ના જાન્યુઆરી ૨૦૨૧ થી ઓક્ટોબર-૨૦૨૧ દરમ્યાન બાળ શ્રમયોગી પ્રથા નાબુદી અર્થે કુલ ૭૯૮ રેડ કરવામાં આવેલ છે. તેમજ રેડ દરમ્યાન કુલ-૮૭ બાળ અને તરૂણ શ્રમયોગી મુકત કરાવેલ છે.

- વર્ષ ૨૦૨૨-૨૩ માં પણ દરેક જિલ્લામાં રેડ કરીને બાળ અને તરૂણ શ્રમયોગીઓ મુકત કરાવવાનુ અભિયાન ચાલુ જ રહેશે.

  ટ્રેડ યુનિયન અધિનિયમ, ૧૯૨૬

  ગુજરાત ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬

શ્રમ આયુક્ત કચેરીની સિદ્ધિઓ :

ભારત સરકાર દ્વારા પસાર કરવામાં આવેલ ૪ લેબર કોડ :

તાજેતરમાં ભારત સરકારે કુલ ૨૯ કાયદાઓનું એકત્રીકરણ કરીને ૪ લેબર કોડ બનાવેલ છે.

ક્રમ	કોડનું નામ	એકત્રિત થયેલ કાયદાઓની સંખ્યા
૧	ધ કોડ ઓન વેજીસ, ૨૦૧૯	૪
૨	ધ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન કોડ, ૨૦૨૦	૩
૩	ધ સોશિયલ સિક્યુરિટી કોડ, ૨૦૨૦	૯
૪	ધ ઓક્યુપેશનલ સેફટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડીશન્સ કોડ, ૨૦૨૦	૧૩

- રાજ્ય સરકાર દ્વારા ધ કોડ ઓન વેજીસ, ૨૦૧૯ તેમજ ધ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન કોડ, ૨૦૨૦ ના નિયમોનું તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ આખરીકરણ કરેલ છે.
- જ્યારે ધ સોશિયલ સિક્યુરિટી કોડ, ૨૦૨૦ અન્વયેના ડ્રાફટ રૂલ્સ તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરેલ છે.
- ધ ઓક્યુપેશનલ સેફટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડીશન્સ કોડ, ૨૦૨૦ ના નિયમો વેટીંગની પ્રક્રિયા માટે વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ ખાતે કાર્યવાહીમાં છે.

લઘુત્તમ વેતન સુધારવા લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ કરવામાં આવેલ કામગીરીની વિગતો :

- રાજ્ય સરકાર દ્વારા સમાજના પાયારૂપ શ્રમયોગી વર્ગના ઉત્થાન માટેની કલ્યાણકારી નીતિના ભાગરૂપે દરેક વર્ગના શ્રમયોગીઓ માટેના લઘુત્તમ વેતન ધારાના ધોરણોમાં વધારો કરવાની બાબતનો સંકલ્પ તેમજ વિવિધ શ્રમ સંગઠનોએ

પણ લઘુત્તમ વેતનમાં વધારો કરવાની રજુઆતની ધ્યાને હાલની આકરી મોંઘવારીમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવોમાં થયેલ કમરતોડ વધારા સામે તેઓને રક્ષણ આપવા માટે રાજ્ય સરકારે લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળની અનુસૂચિમાં દર્શાવેલ કુલ ૫૬ વ્યવસાયો માટે દૈનિક લઘુત્તમ વેતન દર નક્કી કરતા જાહેરનામા વખતોવખત બહાર પાડેલ છે તથા દર છ માસે ખાસ ભથ્થાના દર જાહેર કરેલ છે.

સમજાવટથી લઘુત્તમ વેતન તફાવતોની ચુકવણી :

- શ્રમ તંત્ર દ્વારા શ્રમ કાયદાઓનું પાલન કરાવીને શ્રમયોગીઓને આર્થિક સુરક્ષા પુરૂ પાડવાની નેમ સાથે કરવામાં આવતી કામગીરીને કારણે વર્ષ ૨૦૨૦-૨૧માં તા.૧/૧૦/૨૦૨૦ થી ૩૦/૦૯/૨૦૨૧માં કુલ ૪૮૯ સંસ્થાઓના કુલ ૯૦૨૦ શ્રમયોગીઓને ₹ ૯,૧૨,૮૧,૧૮૪.૦૦ લઘુત્તમ વેતન ધારા હેઠળનો વેતન તફાવત માલિકો સાથે ચર્ચાઓ કરીને સમજાવટથી ચુકવવામાં આવેલ છે.

બોનસ ચુકવણી અધિનિયમ -૧૯૬૫ હેઠળ કરવામાં આવેલ કામગીરીની વિગત :

- સમગ્ર રાજ્યના શ્રમયોગીઓને ૨૦૨૦-૨૧ ના વર્ષના બોનસની રકમ સમયસર મળી રહે અને કોઇ મુશ્કેલી ઉભી ન થાય તે માટે શ્રમ આયુક્ત કચેરી, ગાંધીનગર દ્વારા આગોતરી કાર્યવાહી હાથ ધરી સઘન પ્રયત્નો કરવામાં આવેલ.
- જેના પરિણામે રાજ્યમાં ઔદ્યોગિક એકમો/ સંસ્થાઓ દ્વારા કુલ-૭,૬૬,૬૧૨ શ્રમિકોને ₹ ૯૦૬.૧૫ (નવસો છ કરોડ પંદર લાખ) રકમ બોનસ તરીકે ચૂકવણી કરવામાં આવેલ છે.
- ગત વર્ષે (૨૦૧૯-૨૦માં) ૭,૫૩,૧૪૬ શ્રમયોગીઓને ₹ ૮૦૭.૧૯ (આઠસો સાત કરોડ ઓગણીસ લાખ) બોનસ ચૂકવાયેલ. આમ, ગત વર્ષની સરખામણીમાં ચુકવાયેલા બોનસની રકમમાં વધારો થયેલ છે. જે ગુજરાતના ઔદ્યોગિક વિકાસ તેમજ સધ્ધરતા દર્શાવે છે.
- આ વધારો સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગની કાયદાની અમલવારી પ્રત્યેની જાગૃત્તિનો સૂચક છે. જેથી સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે બોનસના કાયદાની અમલવારીની કામગીરી હાથ ધરવામાં આવતી રહેશે.

ઔદ્યોગિક શાંતિ :

- રાજ્યમાં આશરે ચાલીસ હજાર (૪૦,૦૦૦) કરતાં વધુ નોંધાયેલ ફેકટરીઓ આવેલ છે. આમ આપણું રાજ્ય ઔદ્યોગિક રીતે વિકસીત હોવા છતાં રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ પ્રવર્તે છે. જ્યારે પણ શ્રમિકોના પ્રશ્નોને લીધે થયેલ હડતાળની પરિસ્થિતી ઉદભવે તેવા સમયે શ્રમતંત્રના અધિકારીઓની ત્વરિત દરમ્યાનગીરીને પરીણામે રાજ્યના માનવ દિવસોનું નુકશાન ખૂબજ ઓછુ રહેલ છે.
- શ્રમ અને રોજગાર વિભાગની હકારાત્મક નીતિઓને કારણે અને શ્રમતંત્રની સતત તકેદારી, સતર્કતા અને જાગૃતતાના કારણે ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક એકમોમાં હડતળાનું પ્રમાણ ઓછું છે.

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
વાર્ષિક વિકાસ યોજના

વર્ષ : ૨૦૨૧-૨૨ (₹ લાખમાં)

અ.નં.	માંગણી નં.	એલબીઆર	બજેટ હેડ	૨૦૨૧-૨૨ ની જોગવાઇ		
				મહેસૂલી અંદાજો	નવી બાબત	કુલ
૧	૫૭	એલબીઆર-૧	શ્રમ આયુક્તશ્રી ની કચેરીના મહેકમનું વિસ્તરણ	૧૯૦૬.૪૦	૧૦૭.૦૦	૨૦૧૩.૪૦
૨	૫૭	એલબીઆર:-૨	જિલ્લા મહેકમ	૨૧૪૧.૩૪	૦.૦૦	૨૧૪૧.૩૪
૩	૫૭	એલબીઆર:-૧૩	વરાળ બોયલર ના મુખ્ય નિરીક્ષક હેઠળના મહેકમનું વિસ્તરણ	૮૫૫.૭૯	૪.૩૨	૮૬૦.૧૧
૪	૫૭	પેટા સદર -૧૬	બાળ નાબુદી કાયદાનું અમલીકરણ	૫.૩૦	૦.૦૦	૫.૩૦
૫	૫૭	એલબીઆર-૨૧.	સંશોધન અને તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનને અનુદાન	૦.૫૦	૦.૦૦	૦.૫૦

૬	૫૭	એલબીઆર-૨૬	ગુજરાત રાજ્ય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય)	૮૨૮.૦૦	૦.૦૦	૮૨૮.૦૦
૭	૫૭	એલબીઆર:-૨૭	ગુજરાત અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા બોર્ડ	૩૬૬.૪૯	૭૫.૦૦	૪૪૧.૪૯
૮	૫૭	એલ .બી. આર.૧૮-એ	ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ	૯૧૫.૦૦	૧૫૦૩.૦૦	૨૪૧૮.૦૦
૯	૫૭	એલ.બી.આર.૨૫	ગુજરાત રાજ્ય મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ	૧૩૮૪૦.૦૦	૦.૦૦	૧૩૮૪૦.૦૦
૧૦	૫૭	એલ.બી.આર.૨૨	ગ્રામીણ મજૂર કલ્યાણ બોર્ડ	૧૦૨.૫૦	૦.૦૦	૧૦૨.૫૦
૧૧	૫૭	એલ.બી.આર.૨૪	વેઠ પ્રથાની નાબૂદી (કેન્દ્ર પુરસ્કૃત યોજના)	૧.૦૦	૦.૦૦	૧.૦૦
૧૨	૫૭	પેટા સદર ૦૧	આમ આદમી બીમા યોજના	૧૦.૦૦	૦.૦૦	૧૦.૦૦
૧૩	૫૭	એલ.બી.આર.૧૬	ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ ગ્રામીણ કામદારો માટે સામાજિક સુરક્ષા ફંડ	૮૧૧.૩૫	૦.૦૦	૦.૦૦
૧૪	૫૭	એલ.બી.આર.૧૭	મીઠા કામદાર કલ્યાણ પ્રવૃત્તિ	૨૭.૬૪	૦.૦૦	૨૭.૬૪
૧૫	૯૫	ડિમાન્ડ નં. ૯૫, એલ.બી.આર.૧૬	અનુસૂચિત જાતિ પેટા યોજના ગરીબી નાબૂદી કાર્યક્રમ હેઠળ ગ્રામીણ મજુરો માટે સુરક્ષાનિધિ	૧૬૨.૧૦	૦.૦૦	૧૬૨.૧૦
૧૬	૯૫	ડિમાન્ડ નં. ૯૫, એલ.બી.આર.૧૭	અનુસૂચિત જાતિ પેટા યોજના ગરીબી નાબૂદી કાર્યક્રમ હેઠળ અગરિયાઓ માટે કલ્યાણ	૭.૧૦	૦.૦૦	૭.૧૦
૧૭	૯૬	ડિમાન્ડ નં. ૯૬, એલ.બી.આર.૧૬	ગરીબી નાબૂદી કાર્યક્રમ હેઠળ સામાજિક સુરક્ષા ફંડ	૨૮૩.૦૦	૦.૦૦	૨૮૩.૦૦
૧૮	૯૬	ડિમાન્ડ નં. ૯૬, એલ.બી.આર.૨૨	ગ્રામ મજુર કલ્યાણ બોર્ડની સ્થાપના	૧૬.૮૦	૦.૦૦	૧૬.૮૦
કુલ સરવાળો				**૨૨૨૮૦.૩૧**	**૧૬૮૯.૩૨**	**૨૩૯૬૯.૬૩**

ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર

(૧) ગુજરાત સામૂહિક જૂથ (જનતા) અકસ્માત વિમા યોજના (શ્રમિક)

- શહેરી તથા ગ્રામીણ વિસ્તારના ખેત શ્રમિકો અને અસંગઠિત શહેરી અને ગ્રામીણ શ્રમિકો માટેની અકસ્માત આર્થિક વીમા યોજના.
- તા.૨૬/૦૧/૨૦૦૫ થી વીમા રાશી ₹ ૧,૦૦,૦૦૦/-
- અકસ્માતે અવસાનના કિસ્સામાં ₹ ૧,૦૦,૦૦૦/-
- અકસ્માતે કાયમી અપંગતાના કિસ્સામાં ૧૦૦% ₹ ૧,૦૦,૦૦૦/- (બે આંખ અથવા બે અંગ હાથ-પગ ગુમવવાના કિસ્સામાં)
- અકસ્માતે આંશિક અપંગતાના કિસ્સામાં ૫૦% ₹ ૫૦,૦૦૦/- (એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં)
- આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ની વીમા પોલીસી માટે ₹ ૫.૦૦ કરોડનું પ્રીમિયમ વીમા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને ભરેલ છે.

INDEX

ક્રમ	પોલીસી વર્ષ	લાભાર્થીની સંખ્યા	ચુકવેલ સહાય રકમ (₹ લાખમાં)
૧	૨૦૨૦-૨૧	૨૨૫	૨૨૫.૦૦
૨	૨૦૨૧-૨૨ (ઓક્ટો-૨૧ અંતિત)	૦૮	૮.૦૦

(૨) ગ્રામિણ વિસ્તારના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે મરણોત્તર (અંત્યેષ્ઠિ સહાય) માટે સહાય આપવાની યોજના.

રાજ્ય ગ્રામિણ વિસ્તારના અસંગઠિત ક્ષેત્રના (અનુ.જાતિ સિવાયના) શ્રમયોગીઓના મૃત્યુના કિસ્સામાં તેઓના વારસદારને શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૩/૦૮/૧૮ના ઠરાવથી સદર યોજનામાં સહાયનું ધોરણ ₹ ૨,૫૦૦/- થી વધારીને ₹ ૫,૦૦૦/- કરવામાં આવેલ છે, અને યોજનાનો વ્યાપ વધારી તમામ અસંગઠિત શ્રમિકો (ગ્રામિણ/શહેરી)ને આવરી લીધેલ છે.

ક્રમ	વર્ષ	લાભાર્થીની સંખ્યા	ચુકવેલ સહાય રકમ (₹ લાખમાં)
૧	૨૦૨૦-૨૧	૩૪૬૪	૧૭૨.૯૦
૨	૨૦૨૧-૨૨ (ઓક્ટો-૨૧ અંતિત)	૨૯૭૭	૧૪૮.૮૫

(૩) રાજ્યના અકિક વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોનું સિલોકોસીસના ગંભીર રોગથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.

રાજ્યમાં અકિક વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારને રૂપિયા ₹ ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ) ની આર્થિક સહાય અંગેની સુરક્ષા સહાય યોજના તા.૦૪/૦૧/૨૦૧૪ થી અમલમાં આવેલ હતી. ત્યાર બાદ તા.૦૫/૦૯/૨૦૧૪ના ઠરાવથી આ યોજનાનો અમલ પ્રશ્યાતવર્તી અસરથી તા.૦૧/૦૧/૨૦૦૬ થી અમલ કરવામાં આવેલ છે. અને આર્થિક સહાય આપવામાં આવે છે.

ક્રમ	વર્ષ	લાભાર્થીની સંખ્યા	ચુકવેલ સહાય રકમ (₹ લાખમાં)
૧	૨૦૨૦-૨૧	૦૫	૫.૦૦
૨	૨૦૨૧-૨૨ (ઓક્ટો-૨૧ અંતિત)	૧૦	૧૦.૦૦

૪) ખેત શ્રમિક અને અન્ય ગ્રામીણ કામદારો માટે ગંભીર અને અસાધ્ય રોગોમાં આર્થિક સહાય અંગેની યોજના

- ખેત શ્રમિક અને અન્ય ગ્રામીણ કામદારો અને તેના કુટુંબીજનોને લાભ મળવાપાત્ર છે. રોગોના નામ - હૃદય રોગ, કીડનીના રોગ અને કેન્સર જેવા જીવલેણ રોગમાં ઓપરેશન દવા સારવાર આપવામાં આવે છે.
- ૧૦૦ % તબીબી સારવાર માટે સહાય (મહત્તમ ₹ ૩,૦૦,૦૦૦/-)
- નિયત સરકાર માન્ય હોસ્પિટલને સીધી સહાય જમા કરાવવામાં આવે છે.
- સરકારશ્રીની "મા અમૃતમ કાર્ડ અને મા વાત્સલ્ય યોજના" નું અમલીકરણ થવાથી હાલ આ યોજના હેઠળની કામગીરી નહીવત છે.

ક્રમ	વર્ષ	લાભાર્થીની સંખ્યા	ચુકવેલ સહાય રકમ (₹ લાખમાં)
૧	૨૦૨૦-૨૧	૦૦	૦૦
૨	૨૦૨૧-૨૨ (ઓક્ટો-૨૧ અંતિત)	૦૦	૦૦

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ

રચના

- "મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૯૬"ની કલમ ૧૮ હેઠળ દરેક રાજ્ય સરકારને મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના કરવાની સત્તા છે.
- આ સત્તા હેઠળ ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા "ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ" ની તા.૧૮/૧૨/૨૦૦૪ થી રચના કરવામાં આવેલ છે. આમ આ બોર્ડ કાયદાથી રચાયેલ બોર્ડ છે.

INDEX

- ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા:-૭.૦૭ લાખ.
- ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં કુલ-૫૮ જગ્યાઓ સરકારશ્રી તરફથી મંજુર થયેલ છે તથા વડી કચેરી તથા જીલ્લા કક્ષાની કચેરીઓમાં આઉટસોર્સિંગ ધોરણે હાલમાં કુલ ૧૦૭ કર્મચારીઓ પાસેથી કામગીરી લેવામાં આવે છે.

મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ ૧૯૯૬ની કલમ-૨૨ અનુસાર બોર્ડના મુખ્ય કાર્યો

- બાંધકામ લાભાર્થીને બાંધકામ સાઈટ પર અકસ્માતના બનાવમાં તાત્કાલિક મદદ પૂરી પાડવી.
- ૬૦ વર્ષ પૂરાં કરેલ બાંધકામ લાભાર્થીને પન્શન મળે તે પ્રકારની યોજના બનાવવી.
- બાંધકામ લાભાર્થીને શરતોનુસાર મકાન બનાવવા માટે લોન સહાય અને એડવાન્સ મંજુર કરવી.
- બાંધકામ લાભાર્થી માટે ગ્રુપ ઈન્સ્યોરન્સ સ્કીમના પ્રિમિયમની રકમ ચૂકવવી.
- બાંધકામ લાભાર્થીના બાળકોના શિક્ષણ માટે આર્થિક મદદ આપવી.
- બાંધકામ લાભાર્થી અથવા તેની ઉપર આધાર રાખનારની મોટી માંદગીની સારવાર માટે તબીબી ખર્ચ આપવો.
- સ્ત્રી બાંધકામ લાભાર્થીને પ્રસુતિ લાભો માટે ચૂકવણું કરવુ.
- નક્કી કરે તેવા અન્ય કલ્યાણકારી પગલાંઓ અને સગવડોની જોગવાઈ અને સુધારા કરવા.
- ઉપરોક્ત કાયદામાં જણાવેલ કાર્યોને અનુરૂપ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં કુલ ૧૫ યોજનાઓ ચાલુ નાણાંકીય વર્ષમાં અમલમાં છે:

૧) **બાંધકામ શ્રમિકો માટે ધન્વંતરી આરોગ્ય રથ :** બાંધકામ શ્રમિકોને વિવિધ બાંધકામ સાઈટો, કડીયાનાકાઓ, બાંધકામ સાઈટની શ્રમિક વસાહતો પર વિના મુલ્યે મફત પ્રાથમિક તબીબી સારવાર પૂરી પાડવાની યોજના છે.

૨) **વ્યવસાયિક રોગોમાં સહાય યોજના :** આ યોજના અંતર્ગત બાંધકામ શ્રમયોગીઓને થતા ૧૫ પ્રકારના વ્યવસાયિક રોગો તથા ૨૩ પ્રકારની ગંભીર ઈજાઓમાં આર્થિક સહાય માટે મહત્તમ ₹ ૩ લાખની મર્યાદામાં માસિક ₹ ૧૫૦૦ થી ૩૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

૩) **શિક્ષણ સહાય યોજના :** આ યોજના અંતર્ગત એક વર્ષમાં બાંધકામ શ્રમિકોના માત્ર બે બાળકોને ધોરણ-૧ થી ૧૨ તથા પી.એચ.ડી સુધીના ઉચ્ચ અભ્યાસ માટે ₹ ૫૦૦/- થી ₹ ૪૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

૪) **નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિક તથા બાંધકામ શ્રમિકની પત્ની માટે પ્રસૂતિ સહાય યોજના :** નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિકને ₹ ૨૭,૫૦૦/- અને નોંધાયેલ બાંધકામ શ્રમિકની પત્નિને ₹ ૫,૦૦૦/- ની પ્રસુતિ સહાય અર્થે પ્રથમ ૨ પ્રસુતિ પુરતી સહાય આપવામાં આવે છે. નોંધાયેલ બાંધકામ શ્રમિકની પત્નિના કિસ્સામાં બાંધકામ શ્રમિકના ખાતામાં સહાય જમા કરવામાં આવે છે.

૫) **ગો-ગ્રીન શ્રમિક યોજના :** નોંધાયેલ બાંધકામ શ્રમિક દ્વારા બેટરી ઓપરેટેડ ટુ વ્હીલર ખરીદ કરવા માટે ₹ ૩૦,૦૦૦/- અથવા ભાવના ૫૦% (જે ઓછી હોઈ તે) રકમ જે તે વિક્રેતાને શ્રમિકના બદલે આપવામાં આવે છે.

૬) **અકસ્માત મૃત્યુ સહાય યોજના :** આ યોજના અંતર્ગત નોંધાયેલ કે ન નોંધાયેલ બાંધકામ શ્રમિકનું ચાલુ કામે આકસ્મિક મુત્યુ થાય તો તેના વારસદારને ₹ ૩ લાખની સહાય આપવામાં આવે છે.

૭) **મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના :** મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અન્વયે બાંધકામ શ્રમિકની એક દિકરીને બોન્ડ (F.D) ૧૮ વર્ષની મુદતનો ₹ ૧૦,૦૦૦ નો બોન્ડ આપવામાં છે.

૮) **અંત્યેષ્ઠિ સહાય યોજના :** આ યોજનામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકના મૃત્યુ બાદ અંતિમક્રિયા માટે તેના વારસદારને ₹ ૭,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

૯) **શ્રમિક અન્નપુર્ણા યોજના :** નોંધાયેલા બાંધકામ શ્રમિકો અને યુ.વિન કાર્ડ ધારક અસંગઠીત ક્ષેત્રના શ્રમિકોને રાહત દરે માત્ર ₹ ૧૦/- માં સાત્વિક ભોજન પૂરું પાડવામાં આવે છે.

૧૦) **નાનાજી દેશમુખ આવાસ યોજના :** EWS/LIG યોજનામાં મકાન ફાળવણી થયેલ હોય તેવા નોંધાયેલ બાંધકામ શ્રમિક વતી ₹ ૧,૬૦,૦૦૦/- ની સહાય મકાન ફાળવણી સત્તામંડળનાં હવાલે મુકવામાં આવે છે.

૧૧) **સ્થળાંતરીત થતાં બાંધકામ શ્રમિકોના બાળકો માટે હોસ્ટેલ સહાય યોજના :** પોતાના વતનથી અન્ય જિલ્લાઓમાં સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમિકોના બાળકોને સ્થાનિક શાળાઓમાં રહેવા જમવા સાથેની

હોસ્ટેલ સુવિધા જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે પુરી પાડવામાં આવે છે. આ માટે જે તે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને ગ્રાન્ટ આપવામાં આવે છે.

૧૨) **શ્રમિક પરિવહન યોજના :** નોંધાયેલા બાંધકામ શ્રમિકને મુસાફરી માટે પબ્લિક ટ્રાન્સપોર્ટ મારફતે રાહત દરનો પાસ પુરો પાડવા માટે ૮૦ % ખર્ચ બોર્ડ દ્વારા જે તે મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવામાં આવે છે.

૧૩) **હાઉસિંગ સબસિડી સહાય યોજના :** પોતાના મકાન ખરીદી માટે મહત્તમ ₹ ૧૫ લાખ સુધીની લોન લીધેલ હોય તેવા નોંધાયેલ બાંધકામ શ્રમિકને ₹ ૧,૦૦,૦૦૦/-ની સહાય (પાંચ વર્ષ સુધી પ્રતિ વર્ષ ₹ ૨૦,૦૦૦/- સહાય તેમના લોન ખાતામાં આપવામાં આવે છે.

૧૪) **કોરોના કવચ યોજના :** બાંધકામ શ્રમિકોના આરોગ્ય અને સંલગ્ન સેવાઓ તેમજ કોવીડ-૧૯ મહામારી સામે સુરક્ષા માટે માસ્ક, સેનેટાઈઝર, ટેસ્ટીંગ તથા સામાજિક અંતર જળવાઈ રહે તે રીતે શેલ્ટરની વ્યવસ્થા જરૂર પડે તો કોવીડની પ્રાથમિક સારવાર (કોરોન્ટાઈન હોમ) વગેરે વ્યવસ્થા કરવા મહાનગર પાલિકાને ગ્રાન્ટ ફાળવી કરવામાં આવે છે.

૧૫) **આદિવાસી બાંધકામ શ્રમિકો માટેના હાઉસીંગ સબસિડી યોજના (સરકારશ્રીના પંચાયત વિભાગ દ્વારા અમલીકરણ) :** સ્થળાંતરીત બાંધકામ શ્રમિકોને તેમના વતનમાં પોતાના આવાસના સમારકામ માટે ૩૫ હજારની સહાય આપવામાં આવે છે.

ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ

૧. બોર્ડની રચના ઉદ્દેશ અને હેતુ

શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોના વિકાસ માટેની કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવા માટે અને તે માટેના નાણાં પુરા પાડવા માટે ભૂતપૂર્વ મુંબઈ રાજ્યે તા:૧૭-૦૬-૧૯૫૩ ના રોજ મુંબઈ મજૂર કલ્યાણ ફંડ અધિનિયમ-૧૯૫૩ ઘડયો. આ અધિનિયમની કલમ-૪ નીચે સ્થપાયેલ મજૂર કલ્યાણ ફંડનો વહીવટ કરવા માટે મુંબઈ મજૂર કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવી. સને ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં સને ૧૯૬૧ ના ગુજરાત અધિનિયમ ૪૭ ની કલમ ૪(ક) થી ગુજરાત સરકારે ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના કરી. આમ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના શ્રમયોગીઓની કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવાનો છે.

૨. બોર્ડનું માળખુ

મુંબઈ મજૂર કલ્યાણ ફંડ અધિનિયમ -૧૯૫૩ ની કલમ-૪ને અનુલક્ષીને રાજ્ય સરકારે ધી બોમ્બે લેબર વેલ્ફેર ફંડ(ગુજરાત) નિયમો-૧૯૬૨ ના નિયમ-૧૦ મુજબ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં અધ્યક્ષશ્રી સહીત કૂલ ૧૪ સભ્યો હોય છે તેમાંથી ૪(ચાર) સભ્યો માલિકોના પ્રતિનિધીઓ અને ૪(ચાર) શ્રમયોગીઓના પ્રતિનિધિઓ ૪(ચાર) સ્વતંત્ર સભ્યો અને ૨(બે) મહીલાઓના પ્રતિનિધીઓ હોય છે. બોર્ડના તમામ સભ્યોની નિમણુંક રાજ્ય સરકાર દ્વારા ધી બોમ્બે લેબર વેલ્ફેર ફંડ એકટ-૧૯૫૩ ની કલમ -૪ ની પેટા કલમ(૨) અન્વયે કરવામાં આવે છે. આ રીતે નિમણુંક કરેલા સભ્યો, સ્વતંત્ર સભ્યોમાંથી એક સભ્યને બોર્ડના અધ્યક્ષ તરીકે ચુંટે છે.

૩. વહીવટી માળખુ

મુંબઈ મજૂર કલ્યાણ ફંડ અધિનિયમ ૧૯૫૩ ની કલમ-૧૧ માં જણાવ્યા મુજબ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી તરીકે વેલ્ફેર કમિશનર છે. વેલ્ફેર કમિશનરની નિમણુક સરકારની પૂર્વમંજુરીથી બોર્ડ કરે છે. વેલ્ફેર કમિશનર હસ્તક બોર્ડની વડીકચેરી તેમજ વડોદરા અને રાજકોટ એમ બે વિભાગીય કચેરીઓ કાર્યરત છે. આ વિભાગીય કચેરીઓ હસ્તક રાજ્યમાં હાલમાં કુલ ૩૩ જેટલા શ્રમયોગી કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે. જયાં શ્રમયોગી કલ્યાણ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.

ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચનાનો મુખ્ય હેતુ મુંબઈ મજૂર કલ્યાણ ફંડમાંથી શ્રમયોગી કલ્યાણ પ્રવૃત્તિઓ કરવાનો છે. સમગ્ર રાજ્યમાં જુદા જુદા સ્થળોએ કૂલ ૩૩ જેટલા શ્રમયોગી કલ્યાણ કેન્દ્રો મારફત શ્રમયોગી કલ્યાણ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. આ શ્રમયોગી કલ્યાણ કેન્દ્રોમાં શ્રમયોગી કલ્યાણની રોજીંદી પ્રવૃત્તિઓ ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે:-

દૈનિક પ્રવૃત્તિઓ

(૧) પુરૂષ વિભાગ

પ્રતિ શ્રમયોગી કલ્યાણ કેન્દ્રમાં સવારે ૮.૩૦ થી ૧૨ કલાક સુધી પુરૂષ વિભાગની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુરૂષ વિભાગમાં વાંચનાલયમાં વર્તમાનપત્રો, સામાયિકો, પુસ્તકો વગેરે વાંચન સામગ્રી હોય છે. આ ઉપરાંત ટી.વી સુવિધા ઉપલબ્ધ છે. પુરૂષ વિભાગમાં ઈન્ડોર રમતો જેવી કે કેરમ, ચેસ, ટેબલટેનીસ, વગેરે રમતો રમાડવામાં આવે છે.

INDEX

(૨) મહીલા વિભાગ

પ્રત્યેક શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર ખાતે બપોરે ૧૨-૩૦ થી ૧૬-૩૦ કલાક સુધી મહીલા વિભાગની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. મહીલા વિભાગમાં આવનાર મહીલા લાભાર્થીઓ વાંચનાલય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકે છે. સામાન્ય સિવણવર્ગ, ભરતગુંથણ વર્ગ, ડીપ્લોમા સીવણ વર્ગ, એમ્બ્રોયડરી વર્ગ ચલાવવામાં આવે છે. તેમજ હસ્તકલાના નમુના બનાવવાની તાલીમ આપવામાં આવે છે.

(૩) શિશુ વિભાગ

પ્રત્યેક શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર ખાતે શિશુવિભાગના કર્મચારીઓનો ફરજનો સમય ૧૦.૩૦ થી ૧૮.૧૦ કલાક સુધીનો રાખવામા આવેલ છે. શિશુવિભાગમાં બાળકોનો આવવાનો સમય સવારે ૧૧ કલાકથી ૧૧.૩૦ કલાક અને જવાનો સમય સાંજે ૧૬ કલાકથી ૧૬.૩૦ કલાકનો રાખવામાં આવેલ છે. ૩ થી ૬ વર્ષના બાળકોને મોન્ટેસરી પધ્ધતિથી પ્રિ.પી.ટી.સી, ટ્રેઈન્ડ શિક્ષિકા દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. દરેક બાળકોને અઠવાડીક મેનુ મુજબ બાળક દીઠ ₹ ૧૦/- ની મર્યાદામાં દરરોજ પોષ્ટીક આહાર આપવામાં આવે છે. આ વર્ગમાં બાળકોના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

બોર્ડની યોજનાઓ

૧. મોબાઇલ મેડીકલ વાન યોજના
૨. શૈક્ષણિક પુરસ્કાર યોજના.
૩. ઉચ્ચત્તર શિક્ષણ સહાય યોજના.
૪. પ્રસુતિ સહાય અને બેટી પ્રોત્સાહન યોજના.
૫. સ્વચ્છ ભારત અભિયાન- શૌચાલય સુવિધા યોજના.
૬. શ્રમયોગી હોમલોન વ્યાજ સબસીડી યોજના.
૭. મહિલા શ્રમયોગી લગ્ન સહાય યોજના.
૮. શ્રમયોગી અકસ્માત સહાય યોજના.
૯. શ્રમયોગી સંપૂર્ણ શારિરીક તપાસ યોજના.
૧૦. શ્રમયોગી અકસ્માત મૃત્યુ સહાય યોજના.
૧૧. શ્રમયોગી સાયકલ સહાય યોજના.
૧૨. શ્રમયોગી હોમટાઉન યોજના.
૧૩. સંગઠિતક્ષેત્રના શ્રમયોગીઓ માટે બેટરી સંચાલિત દ્વિચક્રી ઈલેકટ્રીક વાહન ખરીદવા પર સબસીડી આપવા માટેની ગો-ગ્રીન યોજના.
૧૪. મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી ઈન્ડસ્ટ્રીયલ હાઉસીંગ આવાસ (મસીહા) યોજના.

નિયામકશ્રી, બોઇલરોની કચેરી, અમદાવાદ

રાજ્યના ઉદ્યોગોમાં વપરાતા સ્ટીમ બોઇલરોનો અને ઇકોનોમાઇઝરોના અકસ્માત અટકાવવા અને સેફ્ટીનું મહત્વ વધારી જાનમાલ-મિલ્કતનુ રક્ષણ કરવું એ બોઇલર તંત્રનું મુખ્ય કાર્ય છે. બોઇલર અધિનિયમ ૧૯૨૩ અને તે હેઠળ ઘડાયેલ બોઇલર વિનિયમો ૧૯૫૦ અને ગુજરાત બોઇલર નિયમો ૧૯૬૬, ગુજરાત ઇકોનોમાઇઝર નિયમો ૧૯૬૮, બોઇલર એટેન્ડન્ટ નિયમો ૨૦૧૧, બોઇલર ઓપરેટર એન્જીનીયર નિયમો ૨૦૧૧નું અમલીકરણ બોઇલર તંત્ર દ્વારા કરવામાં આવે છે અને તેમાં મુખ્ય ઉદેશ છે. “બોઇલરોના ઉપયોગ દરમ્યાન એક્ષપ્લોઝન (વિસ્ફોટ) ના ભયમાંથી જાનમાલ-મિલ્કતની સલામતી પુરી પાડવી”.

બોઇલર તંત્ર રાજ્યના શ્રમ આયુકતશ્રીની સીધી દેખરેખ અને વહીવટી નિયંત્રણ હેઠળની રાજ્ય સ્તરની કચેરી છે. બોઇલર તંત્રમાં રાજ્ય સ્તરે નિયામકશ્રી અને તેઓની સીધી દેખરેખ અને નિયંત્રણ હેઠળ રીજીયનના વડા તરીકે નાયબ નિયામક અને વિભાગીય વડા તરીકે મદદનીશ નિયામક રાજ્યના ઉદ્યોગોના બોઇલરોની નોંધણી તથા નિરીક્ષણ અંગેની કામગીરી અને બોઇલર અને તેના સંલગ્ન ભાગોના ઉત્પાદન દરમ્યાનની તબકકાવાર નિરીક્ષણની કામગીરી કરે છે. હાલ રાજ્યમાં કુલ-૮૭૩૧ બોઇલરો અને કુલ- ૩૩૧ ઇકોનોમાઇઝર (ઓકટોબર-૨૦૨૧) વર્કીંગમાં છે. રાજ્યના બોઇલરતંત્રને ચાર રીજીયનમાં વિભાજીત કરવામાં આવેલ છે.

(૧) અમદાવાદ (૨) વડોદરા (૩) સુરત અને (૪) રાજકોટ, નાયબ નિયામકશ્રી, બોઇલરો વર્ગ-૧ કક્ષાના અધિકારીઓ રિજિયનના વડા તરીકે કામગીરી કરે છે. જ્યારે દરેક રીજીયનના વડા નીચે વિભાગીય કચેરીઓ કાર્યરત છે (૧) મહેસાણા

(૨) ભરૂચ (૩) વાપી (૪) જુનાગઢ (૫) જામનગર (૬) આદીપુર (કચ્છ) (૭) ગાંધીનગર (૮) પાલનપુર (૯) ભાવનગર (૧૦) આણંદ (૧૧) ગોધરા ની સ્થાનિક વિભાગીય કચેરીઓમાં મદદનીશ નિયામક બોઈલરો કચેરીના વડા તરીકે કામગીરી કરે છે. આમ, રાજ્યના બોઈલર તંત્રમાં આ રીતે વહીવટી હિસાબી અને તાંત્રિક કામગીરીઓ કરવામાં આવે છે.

બોઈલર ઈન્સ્પેકટરની સમયસૂચકતા તથા સચોટ કામગીરીને કારણે રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કોઈપણ પ્રાણઘાતક અકસ્માત થયેલ નથી. જો કોઈ ફેકટરીમાં બોઈલર સંલગ્ન જો કોઈ અકસ્માત સર્જાય તો અધિકારી દ્વારા સ્થળની મુલાકાત લઈ વિસ્તૃત તપાસ કરવામાં આવે છે અને અકસ્માતના યોગ્ય કારણો જણાયેથી જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્ય સામાજિક સુરક્ષા બોર્ડ, ગાંધીનગર

ભારત સરકારશ્રીએ સને ૨૦૦૮ માં "અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮" પસાર કરેલ છે. "અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮" હેઠળ અસંગઠિત કામદારોની નોંધણી કરી તેઓને સામાજીક સુરક્ષા પૂરી પાડતી યોજનાઓનો લાભ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. "અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮" અમલ માટે આ કાયદા હેઠળના "ગુજરાત રાજ્ય અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા નિયમો" પણ ગુજરાત સરકારશ્રી દ્વારા ૨૦૧૧ માં ઘડેલ છે. અને ગુજરાત રાજ્ય સામાજીક સુરક્ષા બોર્ડની રચના ૨ ડિસેમ્બર, ૨૦૧૧ ના રોજ કરી છે. જેમાં માનનીય મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર હોદ્દાની રૂએ આ બોર્ડના અધ્યક્ષ છે તથા સભ્ય સચિવ તરીકે હોદ્દાની રૂએ શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીને નિયુક્ત કરેલ છે.

આ કાયદાની કલમ ૩ (૧) હેઠળ જુદી જુદી સામાજીક સુરક્ષા યોજનાઓ જેવી કે જીવન વીમો અને અપંગતા સુરક્ષા, આરોગ્ય અને પ્રસુતિ સહાય, વૃધ્ધાવસ્થા સામે રક્ષણ અને અન્ય કેન્દ્ર સરકાર નક્કી કરે તેવા લાભ આપી શકે તેવી જોગવાઇ છે. રાજ્ય સરકાર આ કાયદાની કલમ ૩(૪) હેઠળ જુદી જુદી સામાજીક સુરક્ષા યોજનાઓ જેવી કે, પ્રોવિડન્ડ ફંડ, વ્યવસાયિક ઈજા માટે સહાય, આવાસ, બાળકો માટે શૈક્ષણિક યોજના, શ્રમયોગીઓની કૌશલ્ય વિકાસ, અંત્યેષ્ઠી સહાય અને વૃધ્ધાશ્રમ તથા રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલ અન્ય યોજનાકીય લાભ આપી શકે તેવી જોગવાઇ છે.

- માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૦૮/૦૬/૨૦૨૧ ના રોજ અસંગઠિત કામદારોને CSC થકી યુ-વીન કાર્ડ આપવા માટેના રજીસ્ટ્રેશન અંગેના gujaratuwin.csccloud.in પોર્ટલનો શુભારંભ કરવામાં આવેલ. તથા આ પોર્ટલ પર આશરે ૭,૪૩,૫૪૨ જેટલા અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવેલ છે.
- ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી માટે National Database of Unorganized Workers (NDUW) પ્રોજેક્ટ અંતર્ગત eshram.gov.in પોર્ટલ તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ લોન્ચ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં તા.૨૫/૧૧/૨૦૨૧ સુધીમાં eSHRAm પોર્ટલ પર આશરે ૯,૮૫,૩૧૪ જેટલા અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવેલ છે.

મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન

પ્રસ્તાવના

રાજ્યમાં સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધોને ઉત્તેજન આપવા અને શ્રમજીવીઓને સામાજીક ન્યાય સાંપડે તે બે મુખ્ય હેતુથી ગુજરાત સરકારે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનની સ્થાપના વર્ષ ૧૯૭૯માં કરી હતી. સંસ્થાનનો મુખ્ય ઉદેશ શ્રમિકોના હિતાર્થે પ્રવૃત્તિઓ કરવાનો છે. શ્રમિકોમાં ખાસ કરીને- ખેત શ્રમિક, ભૂમિહીન શ્રમિક, બાળ શ્રમિક, સ્વરોજગારમાં રોકાયેલ શહેરી અને ગ્રામ્ય અસંગઠિત શ્રમિકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઉદ્યોગ, બેન્કીંગ, અને જાહેર ક્ષેત્રના એકમોના શ્રમિકોનો સમાવેશ થાય છે. સંસ્થાનની પ્રવૃત્તિના પ્રમુખ અંગો- સંશોધન, તાલીમ, શિક્ષણ, અને અભ્યાસ છે. શ્રમિક સંઘોના કાર્યકર્તાઓ તેમજ શ્રમ કલ્યાણ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, અને બિનસરકારી સંગઠનોના સંચાલકો માટે વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજવામાં સંસ્થાન વ્યસ્ત રહે છે. આ ઉપરાંત, શ્રમ કાયદાઓ, શ્રમ કલ્યાણ અને શ્રમિક સંબંધો ઈત્યાદિની જાણકારી મેળવે તે માટે સંસ્થાન શ્રમિક ખાતાના વહીવટકર્તાઓ, કારખાનાના નિરીક્ષકો, સમાજ કલ્યાણ વિભાગના અધિકારીઓ તેમજ સરકારી ઈજનેરો અને અન્ય અધિકારીઓ માટે પણ તાલીમવર્ગોનું આયોજન કરે છે. આમ છતાં, સંસ્થાનની પ્રવૃત્તિઓનો ઝોક અને ભાર અસંગઠિત શ્રમિક અને ગ્રામ્ય શ્રમિક તરફ છે. કાર્ય સંશોધન સહ તાલીમ સહિત કેટલીક અભિનવ પરિયોજના દ્વારા તેઓને શિક્ષણ આપવાનો પ્રબંધ કરવામાં આવે છે. જેથી તેઓ પોતાના હક્કો અને ફરજો પ્રત્યે જાગૃત બને અને તેઓના કલ્યાણ માટે અમલમાં મૂકાયેલ વિવિધ કાર્યક્રમો, પરિયોજનાઓ, પ્રવૃત્તિઓ, યોજનાઓનો લાભ મેળવે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં અંતરિયાળમાં રહેતાં શ્રમજીવીઓ આવશ્યક જાણકારી અને ઉચિત પ્રાવિણ્ય મેળવે. પ્રસ્તુત ઉદેશને લક્ષમાં રાખીને સંસ્થાને યથાર્થ રીતે જ મોટાભાગના કાર્યક્રમોમાં તેનું ધ્યાન શ્રમિક સંઘોના નેતાઓ અને અસંગઠિત શ્રમિકોને તાલીમ પ્રદાન કરવા પ્રત્યે કેન્દ્રિત કરેલ છે.

INDEX

તાલીમ કાર્યક્રમોની પૂર્તિ અને પુષ્ટિરૂપે કેટલાક સંશોધનો પણ હાથ ધરવામાં આવે છે. આ સંશોધનનોના વિષયોમાં બાળશ્રમિક, સ્થળાંતરિત શ્રમિક, બંધૂઆ શ્રમિક, રસાયણિક એકમોમાં જોખમો અને તેની સામે કામદારોની સલામતી, ગ્રામ્ય વિકાસમાં વેતન રોજગારીના કાર્યક્રમો, બાંધકામ શ્રમિકોના જીવનધોરણ અંગે, કામદારોની સંયુક્ત સંચાલન સમિતિઓ, મહિલા કામદારોને સામાજીક સુરક્ષાના લાભ, અગરિયાઓ, માછીમારો, અકીક ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકો વિશે અભ્યાસ, કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબીલીટી અંગેનો અભ્યાસ અને આવા અન્ય લઘુ અને બહુસ્તરીય મુદ્દાઓને આવરી લેવામાં આવે છે. આ સંશોધનનો ઉદ્દેશ પ્રવર્તમાન મજૂર કાયદાઓના અમલીકરણનું મૂલ્યાંકન કરવાનો અને શ્રમ વિનિમય અને અમલ બજવણી વ્યવસ્થા તંત્રને સંગીન બનાવવાની આવશ્યકતા પર ભાર મૂકવાનો છે. તેમજ શ્રમ કલ્યાણ માટેના કાર્યક્રમો અને પરિયોજનાઓની કામગીરીમાં ત્રુટિઓ પ્રત્યે નિર્દેશ કરવાનો છે. વધુમાં, શ્રમિક વહીવટકર્તાઓ માટે નીતિ અને કાર્યક્રમો ઘડવામાં આ સંશોધનો ખૂબ જ મદદરૂપ થાય છે. તાલીમ કાર્યક્રમો અને તેના વિષયવસ્તુને યોગ્ય ઓપ આપવામાં તેમજ શ્રમિકો માટેનું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવામાં આ સંશોધનો ખૂબ જ મદદરૂપ થાય છે.

સંસ્થાનના પ્રમુખ સ્થાને હાલમાં શ્રી બ્રિજેશ મેરજા, માન.રા.ક.મંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો), શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ છે. માન. શ્રી હસુભાઈ દવે (એડવોકેટ), સંસ્થાનના ઉપપ્રમુખ તરીકે છે. શ્રીમતી અંજુ શર્મા, ભા.વ.સે. અગ્રસચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારને સરકારશ્રી દ્વારા સંસ્થાનના મહાનિયામકશ્રીના હોદ્દા પર વધારાનો હવાલો સુપરત કરવામાં આવેલ છે. સંસ્થાનમાં હાલમાં અર્થશાસ્ત્ર, જાહેર વહીવટ, માનોવિજ્ઞાન, અસંગઠીત ક્ષેત્ર, મેથેમેટીકલ એનાલિસિસ એન્ડ રીસર્ચ મેથોડોલોજી, ઔદ્યોગિક સ્વાસ્થ્ય, અને સલામતી જેવા વિષયો માટે કુલ-૭ પ્રાધ્યાપકો કાર્યરત છે. અધિકારીઓમાં વહીવટી અધિકારી, હિસાબી અધિકારી, કાર્યક્રમ અધિકારી, સંશોધન અધિકારી ઉપરાંત સપોર્ટીંગ સ્ટાફ આવેલ છે. મહાનિયામકશ્રી (સંસ્થાનના વડા) સંસ્થાનની સમગ્ર કામગીરી પર દેખરેખ રાખે છે.

સંસ્થાનની મુખ્ય બે સમિતિઓ છે.

૧. સામાન્ય સમિતિ, અને ૨. કારોબારી સમિતિ.

સંસ્થાન તાલીમ, સંશોધન, અભ્યાસ ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૦૪-૨૦૦૮ના ઠરાવ અન્વયે રાજ્ય સરકારના વિભાગો/ખાતાઓ/બોર્ડ/કોર્પોરેશનની રાજ્ય આયોજીત યોજનાના મૂલ્યાંકન અભ્યાસો હાથ ધરવાની કામગીરી પણ હાથ ધરે છે. વધુમાં, અગ્રગણ્ય શિક્ષણવિદ, તજજ્ઞો, સરકારી ઉચ્ચ અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, ન્યાયતંત્રના ઉચ્ચ ન્યાયાધીશો વગેરેનો સંસ્થાનમાં યોજવામાં આવતા પરિસંવાદ/કાર્યશાળામાં સમાવેશ કરી તેઓના અમૂલ્ય સૂચનો, ભલામણોને નીતિ વિષયક નિર્ણયો લેવા માટે સંબંધિત સ્તરે મોકલવામાં સંસ્થાન કાર્યરત રહે છે.

તાલીમ

સંસ્થાનની પ્રવૃત્તિઓનો ઝોક અને ભાર અસંગઠિત શ્રમિક અને ગ્રામ્ય શ્રમિક તરફ છે. કાર્ય સંશોધન સહ તાલીમ સહિત કેટલીક અભિનવ પરિયોજના દ્વારા તેઓને શિક્ષણ આપવાનો પ્રબંધ કરવામાં આવે છે. જેથી અસંગઠિત ગ્રામ્ય અને શહેરી શ્રમજીવીઓનું શોષણ થતું અટકે, તેઓ તેમને મળતાં હક્કોથી વાકેફ થાય, સામાજીક ન્યાય સાંપડે, કલ્યાણલક્ષી યોજનાઓથી માહિતગાર થાય, નેતૃત્વ શક્તિ ખીલે, હક્કો માટે સબળ રજૂઆત કરી શકે તેવો જુસ્સો અને આત્મવિશ્વાસ વધે, સામાજીક સુરક્ષા વગેરે મજૂરલક્ષી અભિગમને સ્પર્શતા વિવિધ વિષયો પર સંસ્થાનના પ્રાધ્યાપકો તેમજ તજજ્ઞ મુલાકાતી પ્રાધ્યાપકો દ્વારા અદ્યતન દ્રશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી તાલીમ આપવામાં આવે છે. વધુમાં, સંસ્થાન સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, શ્રમિક સંઘોના કાર્યકર્તાઓ વગેરે માટે પણ તાલીમ યોજે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં નવેમ્બર, ૨૦૨૧ સુધીમાં જુદા જુદા વિષયો પર કુલ ૨૫ તાલીમ કાર્યક્રમો યોજીવામાં આવેલ છે.

રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ અને સાહસિકતા સંસ્થાન.

(National Institute for Skill Development & Entrepreneurship)

કોઈપણ દેશ કે રાજ્યની પ્રગતિ માટે કૌશલ્ય વિકાસ એ ખૂબ જ મહત્વનો વિષય છે. ભારતમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટીએ પ્રથમ નંબરે આવે છે. રાજ્યમાં કુશળ માનવ સંસાધનની માંગને પહોંચી વળવા યોવાધાનને વૈશ્વીક બજારમાં ટકી રહે તેવું અત્યાધુનિક ટેકનીકલ જ્ઞાન આપવા માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન દ્વારા રાજ્યમાં આવું એક 'સેન્ટર' ઉભું કરી સંસ્થાનને નોડલ એજન્સી બનાવવામાં આવેલ છે જે માટે ૦૫ લાખની જોગવાઈ સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

આ સેન્ટરમાં વિવિધ પ્રકારના લાંબા અને ટૂંકા સમયગાળાના તાલીમ કાર્યક્રમો, સંશોધન હાથ ધરવામાં આવશે.

ટૂંકા સમયગાળાના કાર્યક્રમોમાં હાલમાં જરૂરી હોય તેવા કૌશલ્યની માંગ અને માનવ સંસાધનમાં ઉપલબ્ધ કૌશલ્ય વચ્ચેના તફાવત અને સમિક્ષ અંગે અભ્યાસ કરવામાં આવશે.

જ્યારે લાંબાગાળાના કાર્યક્રમોમાં કૌશલ્ય વર્ધન માટેના તાલીમ કેન્દ્રો, પ્રયોગશાળા વગેરેની સ્થાપના માટે અંદાજે ૬૪૦૦૦ વર્ગ મીટર જમીન અમદાવાદમાં શીલજ અને પલોડીયા વચ્ચે સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ છે.

INDEX

પ્રોજેક્ટસ અને મૂલ્યાંકન

સંસ્થાન દ્વારા શ્રમ અને રોજગાર સંબંધિત પ્રવર્તમાન મુદ્દાઓને કેન્દ્ર સ્થાને રાખી કેટલાક સંશોધનો હાથ પર લેવામાં આવેલ છે.

સંસ્થાન દ્વારા ધ્યેય સંબંધિત જુદા જુદા વિષયો પર સંશોધન હાથ ધરી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં નવેમ્બર, ૨૦૨૧ સુધીમાં નીચે દર્શાવેલ રિસર્ચ પ્રોજેક્ટસ/પ્રોજેક્ટસ મૂલ્યાંકનની કામગીરી ચાલુ છે તેમજ અમુક રિસર્ચ પ્રોજેક્ટસનું કાર્ય પૂર્ણ થયેલ છે.

પ્રોજેક્ટસ/પ્રોજેક્ટસ મૂલ્યાંકનની ચાલુ કામગીરી

૦૧ Accessibility of Safe Drinking Water and Sanitation in Rural Gujarat

૦૨ Status of School Sanitation and its impact on Girl Child Education at Upper primary Level in Gujarat.

૦૩ Supervision of project Online Safety Survey at Factories and Construction Sites.

૦૪ Supervision of project Analysis of Human Error in Industrial Accidents.

પૂર્ણ થયેલ રિસર્ચ પ્રોજેક્ટસનું કાર્ય:

૦૧ Social Audit of CSR of CGPL in Peripheral Villages and Hamlets of Kutch District

૦૨ Migration of Workers by Shramik Special Trains in Gujarat (During Lockdown Period)

૦૩ Socio - Economic Status of Construction Workers

૦૪ Socio- Economic conditions of salt workers in Kuchchh Dist.

૦૫ Annual Survey of Ind.-2017-18

ડિપ્લોમા/સર્ટીફીકેટ અભ્યાસક્રમો

(૧) પોસ્ટ ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ સેફટી

ઉદ્યોગો અને કારખાનાઓમાં શ્રમિક વર્ગ માટે સલામતી માટેની પૂર્ણ વ્યવસ્થા હાથ ધરાય તે માટે ઉદ્યોગો/કારખાનાઓમાં સેફટી ઓફિસરની ખાસ જરૂર રહે છે. તેથી સંસ્થાન દ્વારા એક વર્ષનો પૂર્ણકાલીન પોસ્ટ ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ સેફટી કોર્સ ચલાવવામાં આવે છે. ટેકનિકલ એકઝામીનેશન બોર્ડ, ગાંધીનગર દ્વારા સદરહુ કોર્સને માન્યતા આપવામાં આવેલ છે. સલામતી અધિકારીની જગ્યા પર નિમણૂંક થવા માટે ઉમેદવારે સદરહુ ડિપ્લોમા કોર્સમાં સફળતા મેળવવી અનિવાર્ય છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ-૧૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

(૨) પોસ્ટ ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ એનવાયરમેન્ટલ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ

પ્રદૂષણને અટકાવવા એનવાયરમેન્ટ પર નિયંત્રણ ખૂબ જ જરૂરી છે. ઉદ્યોગો/કારખાનાઓમાં એનવાયરમેન્ટલ એન્જીનીયર નીમવાની તાતી જરૂરિયાતને અનુલક્ષીને પોસ્ટ ડિપ્લોમા ઈન એનવાયરમેન્ટલ, ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ કોર્સ ટેકનિકલ એક્ઝામિનેશન બોર્ડની મંજૂરી લઈ વર્ષ ૨૦૦૭-૦૮થી શરૂ કરવામાં આવેલ. વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ-૬૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

(૩) ડીપ્લોમા ઈન લેબર લોઝ એન્ડ પ્રેક્ટીસ

નોકરી કરતા કર્મચારીઓ રાત્રી દરમ્યાન લેબર લોઝ એન્ડ પ્રેક્ટીસ અંગેનું શિક્ષણ લઈ શકે તે માટે પ્રસ્તુત અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

સંસ્થાન દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં આયોજીત કાર્યક્રમો અંગેની આંકડાકીય માહિતી નીચે પ્રમાણે છે:

ક્રમ	વિગત	૨૦૨૧-૨૨ (નવેમ્બર ૨૦૨૧ સુધી)		નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧		નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦	
૧	તાલીમ વર્ગો	૧૫	૭૮૮	૦૯	૩૧૮	૧૭	૪૮૫
૨	પરિસંવાદ/કાર્યશાળા	૦૩	૧૯૯	૨૧	૩૮૩	૩	૪૮૫
૩	માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમ	૦	૦	૧	૪૧	૧	૪૧
૪	ડિપ્લોમા અભ્યાસક્રમ	૦૩	૨૩૦	૦૮	૩૩૭	૬	૨૩૬

INDEX

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં નીચે દર્શાવેલ રિસર્ચ પ્રોજેક્ટસ/પ્રોજેક્ટસ મૂલ્યાંકનની કામગીરી હાથ ધરાવામાં આવશે.

૧. "Social Audit of CSR Activities of - A TATA Power for the year 20019-20 (Sponsored Proj.).
૨. Impact of Covid-19 on MSMES
૩. Study on Skill Gaps among youth (Proposed)
૪. Industrial Safety Survey
૫. Accident analysis and Human Error
૬. Mental health of women workers.
૭. Survey on National Building Code Norms in the Trg. Institute at State Level
૮. Effect of Corona pandemic on Construction Labourers
૯. Socio Economic status of working women in Ahmedabad
૧૦. Awareness of E.S.I. workers of Ahmedabad
૧૧. Socio-Economic political and gender study of Siddhi tribe in Gujarat.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં યોજાનાર તાલીમ વર્ગો, પરિસંવાદ/કાર્યશાળા, માસ્ટર ડીગ્રી અભ્યાસક્રમ, ડીપ્લોમાં અભ્યાસક્રમોની વિગત.

ક્રમ	વિગત	સંખ્યા
૧	તાલીમ વર્ગો	૩૨
૨	પરિસંવાદ/કાર્યશાળા	૧૦
૩	ડિપ્લોમા અભ્યાસક્રમ	૦૩

મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન નિર્ધારિત ધ્યેયને આધારશીલા ગણી કોઈપણ પ્રકારની બાંધછોડ કર્યા વગર પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા અને વિકસાવવા માટે પ્રયત્નશીલ રહેલ છે. બદલાતાં પરિબળોમાં સંપૂર્ણ રીતે સુસંગત આધુનિક પરિણામલક્ષી અભિગમ અપનાવી તેને સમર્પિત થઈ અનેકવિધ પ્રવૃત્તિઓ સંસ્થાન દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. નવા વૈશ્વિકરણના યુગમાં બદલાતી આર્થિક નીતિના પરિપ્રેક્ષ્યમાં શ્રમિક વર્ગને સ્પર્શતાં પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરી શ્રમિક અને શ્રમ ક્ષેત્રે હિત ધરાવતા તમામ પક્ષો(રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, માલિક અને મજૂર મંડળો, બિનસરકારી સંસ્થાઓ) શ્રમ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પ્રખર વિદ્વાન, મહાનુભાવો વગેરે સાથે અર્થપૂર્ણ સહયોગ અને ભાગીદારી કરી સંશોધન, અભ્યાસ, તાલીમ, પરિસંવાદ વગેરે માધ્યમો દ્વારા તેઓના પ્રશ્નોનો અભ્યાસ કરી સંબંધિત સ્તરે ધ્યાન દોરવા પ્રયત્નશીલ રહેલ છે. સરકારશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન અને નિયમિત આર્થિક સહાયના કારણે સંસ્થાન રિજીયોનલ, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમીનાર યોજી વિશ્વ ફલક પર નામના મેળવવા ઉત્તરોત્તર પ્રયત્ન કરી રહી છે.

ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય તંત્રની કામગીરી

રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ ડાયરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી અમદાવાદ ખાતે કાર્યરત છે. વિભાગીય કક્ષાએ જોઈન્ટ ડાયરેકટર, જીલ્લા કક્ષાએ ડેપ્યુટી ડાયરેકટરની કચેરીઓ આવેલ છે. આ ઉપરાંત ડાયરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય, નીચે ડેપ્યુટી ડાયરેકટર(હેલ્થ) હેઠળ ઔદ્યોગિક સ્વાસ્થ્ય પ્રયોગશાળા, અમદાવાદ ખાતે કાર્યરત છે. અધિકારીઓના સંખ્યાબળની માહીતી નીચે મુજબ છે.

અધિકારીઓનું સંખ્યાબળ

અ.નં.	સંવર્ગનું નામ	વર્ગ	કુલ જગ્યા	ભરેલી જગ્યા	ખાલી જગ્યા
૧	નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય	૧	૦૧	૦૧	૦૦
૨	સંયુકત નિયામક,ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય	૧	૦૬	૦૦	૦૬
૩	નાયબ નિયામક,ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય	૧	૨૫	૧૧	૧૪
૪	નાયબ નિયામક (તબીબી)	૧	૦૧	૦૦	૦૧
૫	નાયબ નિયામક (ટેકનિકલ)	૧	૦૧	૦૦	૦૧

INDEX

૬	મદદનીશ નિયામક (તબીબી)	૧	૦૪	૦૦	૦૪
૭	મદદનીશ નિયામક (ટેકનિકલ)	૧	૦૧	૦૦	૦૧
૮	મદદનીશ નિયામક (કેમિકલ)	૧	૦૪	૦૧	૦૩
૯	સિનિયર ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન બિલ્ડીંગ એન્ડ કન્સ્ટ્રકશન	૧	૦૪	૦૦	૦૪
૧૦	હિસાબી અધિકારી	૧	૦૧	૦૦	૦૧
	વર્ગ-૧ કુલ		**૪૮**	**૧૩**	**૩૫**
૧	મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય	૨	૫૪	૨૯	૨૫
૨	ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી	૨	૬૫	૩૭	૨૮
૩	કાયદા અધિકારી	૨	૦૪	૦૩	૦૧
૪	વહીવટી અધિકારી	૨	૦૧	૦૦	૦૧
૫	મહિલા અધિકારી,ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય	૨	૦૪	૦૧	૦૩
૬	સંશોધન અધિકારી	૨	૦૧	૦૦	૦૧
૭	પગારધારા નિરીક્ષક	૨	૦૧	૦૦	૦૧
૮	સર્ટીફાઈંગ સર્જન	૨	૨૧	૦૫	૧૬
૯	હિસાબી અધિકારી	૨	૦૧	૦૦	૦૧
૧૦	ઈન્ડસ્ટ્રીયલ હાઈજીનીસ્ટ	૨	૦૪	૦૦	૦૪
૧૧	ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન	૨	૨૦	૧૪	૦૬
	વર્ગ-૨ કુલ		**૧૭૬**	**૮૯**	**૮૭**
	કુલ		**૨૨૪**	**૧૦૨**	**૧૨૨**

નોધઃ- સને તા. ૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં મંજુર થયેલ જગ્યાઓ સહિતની માહિતી.

૧. કારખાના અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત, કારખાના નિયમો, ૧૯૬૩ (સુધારેલા નિયમો-૧૯૯૫)

૨. એન્વાયરમેન્ટ પ્રોટેકસન એકટ ૧૯૮૬ અને તે હેઠળના નિયમો.

(૧) મેન્યુફેકચર સ્ટોરેજ એન્ડ ઈમ્પોર્ટ ઓફ હેઝાર્ડસ કેમીકલ્સ રૂલ્સ ૧૯૮૯ તથા

(૨) કેમીકલ એકસીડન્ટ (ઈ.પી.પી.આર) રૂલ્સ ૧૯૯૬

૩. સને ૧૯૩૬નો વેતન ચુકવણી અધિનિયમ અને સને ૧૯૬૩ના વેતન ચુકવણી નિયમો.

૪. સને ૧૯૬૧ નો પ્રસુતિ સહાયતા અધિનિયમ તથા તે અંગેના સને ૧૯૬૪ના ગુજરાત રાજ્યના સ્ત્રીઓની પ્રસુતી સહાયતાના નિયમો.

૫. ગુજરાત અંપગ વ્યકિતઓ (કારખાનાઓમાં રોજગાર) અધિનિયમ ૧૯૮૨ .

૬. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ માટેનો અધિનિયમ ૧૯૯૬ અને તે હેઠળના નિયમો.

૭. ગુજરાત બેરોજગાર વળતર ભથ્થુ (કારખાનામા રોજગારી) અધિનિયમ ૧૯૮૧.

કારખાના અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત કારખાના નિયમ, ૧૯૬૩ના (સુધારેલા નિયમો,૧૯૬૫)

અન્વયે કારખાનાઓમા કામ કરતા શ્રમયોગીઓનુ શોષણ અટકાવવા તથા તેઓના કલ્યાણ, સલામતી અને આરોગ્ય વિષયક બાબતોનુ ઘનિષ્ઠ અમલીકરણ કરાવવા આ તંત્ર કાર્યરત છે. આ કાયદા હેઠળની જોગવાઈઓની અવગણના થતી જણાય ત્યારે આવા કિસ્સાઓમા અદાલતો દ્વારા યોગ્ય શિક્ષાઓ કરાવી શ્રમયોગીઓનુ શોષણ અટકાવવાની ફરજ પાડવામા આવે છે.

શ્રમયોગીઓ તથા શ્રમયોગીઓના મંડળ તરફથી મળતી ફરીયાદોની તપાસ કરીને બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવે છે. અને કરેલ કાર્યવાહીનો ફરીયાદીને જવાબ આપવામાં આવે છે.

રાજ્યમા કારખાનાધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં કારખાનાધારા અન્વયેની સલામતી અંગેની તથા અન્ય જોગવાઈઓનો ઘનિષ્ઠ અમલ કરાવવા માટે નીરીક્ષણો કરવામા આવે છે.

INDEX

સપ્ટેમ્બર - ૨૦૨૧ અંતિત કુલ ૪૫૨૫૦ કારખાનાઓ નોંધાયેલ છે. ચાલુ કારખાનામાં ૧૯૫૫૫૩૧ શ્રમયોગીઓ કામ કરે છે. રાજ્યમાં કુલ ૭૯૬૬ કેમીકલ કારખાનાઓ છે. તે પૈકી ૫૮૭ અતિ જોખમી કારખાનાઓ છે. રાજ્યમાં કારખાનાઓની સંખ્યામા વધારો થતા અને તેમાં પણ કેમીકલ કારખાનાઓમા વધારો થતા અકસ્માતોના બનાવો વધવાની શકયતા વધી છે. જે બાબતે આ તંત્રની સુચના, દેખરેખ હેઠળ વધુ અસરકારક પગલાઓ લેવામા આવે છે. નિરીક્ષણ વખતે લેવામાં આવતી કાળજી, સલામતી બાબતોની ઘનિષ્ઠ તપાસણી ઉપરાંત શ્રમયોગીમાં સલામતીની ભાવના વધે તેમજ અકસ્માતોના બનાવો બનતા અટકાવવા માટેની પુર્વ તૈયારી માટે સલામતી દિનની ઉજવણી, સલામતી અધિવેશન અને સલામતી અંગેના શ્રમયોગીઓ માટેના તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે. એન.જી.ઓ. દ્વારા ૩૪૦ તાલીમ કાર્યક્રમ કરી ૧૧૬૭૦ શ્રમયોગીઓને સલામતી અને આરોગ્ય બાબતે તાલીમ આપવામાં આવેલ છે. ઔદ્યોગિક વિસ્તારમાં સલામતી અંગેના હોર્ડીંગ્સ પ્રદર્શિત કરેલ છે.

નવેમ્બર - ૨૦૨૦ થી સપ્ટેમ્બર - ૨૦૨૧ સુધીમા કુલ ૧૨૯૮૭ નિરીક્ષણ વખતે લેવામા આવતી કાળજી, સલામતિ બાબતોની ઘનીષ્ઠ તપાસણી ઉપરાંત શ્રમયોગીમા સલામતીની ભાવના વધે તેમજ અકસ્માતોના બનાવો બનતા અટકાવવા માટેની પુર્વ તૈયારી માટે સલામતી દિનની ઉજવણી, સલામતી અધિવેશન અને સલામતી અંગેના શ્રમયોગીઓ માટેના તાલીમ કાર્યક્રમો યોજવામા આવે છે.

અતિજોખમી કારખાનાઓમાં દર વર્ષે એક વખત ઓન સાઇટ ઇમરજન્સી પ્લાનનુ રીહર્સલ કરવામા આવે છે. દરેક જીલ્લામા ઓફ સાઇટ ઇમરજન્સી પ્લાન તૈયાર કરી ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટની હાજરીમા દર વર્ષે એકવાર ઓફ સાઇટ ઇમરજન્સી પ્લાનનુ રીહર્સલ કરવામા આવે છે. મોટા અને મેજર એકસીડન્ટ હેઝાર્ડસ પ્રકારના કેમીકલ્સ કારખાનામા સલામતીની જોગવાઇઓના અમલ કરાવવા માટે સેફટી ઓફીસરોની નિમણુકની જોગવાઇઓનુ પાલન કરાવવામા આવે છે. આ તંત્રની ઉપરોકત કાર્યવાહી ને લીધે કારખાનાઓની સંખ્યામા વધારો થવા છતાંય કારખાનાના કાયદાના અમલીકરણને લીધે અકસ્માતોની સંખ્યામા ઘટાડો નોંધાયેલ છે. આમ શ્રમયોગીઓનુ શોષણ તથા અકસ્માતો અટકાવવા આ તંત્ર પોતાની ફરજ સજાગપણે બજાવે છે.

એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ-૧૯૮૬ અને તેના નીચે બનાવેલ કેમીકલ એકસીડન્ટ (ઇ.પી.પી.આર) રૂલ્સ, ૧૯૯૬ અન્વેય કારખાનામા ઓન સાઇટ ઇમરજન્સી પ્લાન, હેલ્થ એન્ડ સેફટી પોલીસી, શ્રમયોગીઓને સલામતી અંગે પૂર્વતાલીમ, ઓન સાઇટ ઇમરજન્સી પ્લાન અને ઓફ સાઇટ ઇમરજન્સી પ્લાનનુ રીહર્સલ, સેફટી કમીટીની રચના અને સેફટી ઓડીટ દ્વારા કેમીકલ્સ કારખાનાઓની સલામતી માટે તથા આગ, ધડાકા તથા ભયજનક ગેસ લિકેજના બનાવો અટકાવવા તેમજ અસાધારણ સંજોગોમાં આવો કોઇ બનાવ બને તો તે સમયે કારખાનાના શ્રમયોગીઓનો તથા આજુબાજુમાં રહેતા લોકોના બચાવ અંગે શું કાર્યવાહી કરવી તે અંગે નિરીક્ષક વિસ્તૃત માર્ગદર્શન, સૂચના અને હુકમ દ્વારા સલામતીની જોગવાઇઓનુ પાલન કરાવે છે.

રાજ્યમાં દરેક જીલ્લામા ઓફ સાઇટ ઇમરજન્સી પ્લાન તૈયાર કરવામા આવેલ છે. દરેક એમ.એ.એચ. પ્રકારના કારખાનાઓએ ઓન સાઇટ ઇમરજન્સી પ્લાન તૈયાર કરેલ છે. તેમજ અધતન કરાવેલ છે. અને પબ્લીક લાયાબીલીટી ઇન્સ્યુરન્સ એકટ નીચે વીમો લેવડાવવામાં આવેલ છે. ઓન સાઇટ ઇમરજન્સી પ્લાનનુ રીહર્સલ કરાવી પ્લાન અપડેટ કરવામા આવી રહેલ છે. જેના કારણે કોઇ મેઝર ડીઝાસ્ટર થયેલ નથી. જીલ્લામાં કલેકટરશ્રીના માર્ગદર્શન નીચે જીલ્લાના ઓફ સાઇટ ઇમરજન્સી પ્લાનનુ વર્ષમાં એક વખત રીહર્સલ કરાવવામા આવે છે.

કેન્દ્ર સરકારનાં કેમિકલ એકસીડન્ટ (ઇ.પી.પી.આર.) રૂલ્સ, ૧૯૯૬ અન્વયે સ્ટેટ કાઇસીસ ગૃપ, જીલ્લા કાઇસીસ ગૃપ તેમજ લોકલ કાઇસીસ ગૃપની રચના કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યનાં તમામ જીલ્લાઓમાં જીલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે ડિસ્ટ્રીકટ કાઇસીસના ગૃપની રચના કરવામાં આવી છે. તેમજ લોકલ લેવલે જયાં જયાં હેઝાર્ડસ કેમિકલના કારખાનાઓ આવેલ છે. તે વિસ્તારમાં સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીનાં અધ્યક્ષપદ હેઠળ લોકલ કાઇસીસ ગૃપની રચના કરવામા આવી છે રાજ્ય, ૩૩ જીલ્લા કાઇસીસ ગૃપ અને ૪૧ લોકલ કાઇસીસ ગૃપની રચના થયેલ છે. કેમીકલ એકસીડન્ટ રૂલ્સની જોગવાઇ મુજબ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્રના અધિકારી, ડિસ્ટ્રીકટ/ લોકલ કાઇસીસ ગૃપમાં સભ્ય સચિવનો હોદ્દો ધરાવે છે અને લોકલ લેવલ તેમજ જીલ્લા કક્ષાએ કાઇસીસ ગૃપની સમયાંતરે મીટીંગ રાખી કેમીકલના જોખમો અને તેની અસરો અંગે વિસ્તૃત ચર્ચા કરી યોગ્ય કાર્યવાહી કરાય છે અને જરૂરી પગલા ભરવામા આવે છે.

દેશભરમા સૌથી વધુ કેમીકલ કારખાના ગુજરાત રાજ્યમા આવેલ છે. તેનુ વર્ગીકરણ જોખમના પ્રમાણ ને ધ્યાને લઇ કરવામા આવેલ છે. અને તે મુજબ મેજર એકસીડન્ટ હેઝાર્ડસ પ્રકારના કારખાના ૫૮૭ એ પ્રકારના, બી અને સી પ્રકારના કુલ - ૭૩૭૯ કારખાનાઓનુ વર્ગીકરણ કરી તેની નિયમીત તપાસણી કરવામા આવે છે. સૌથી જોખમી વર્ગના એટલે કે એમ.એ.એચ. કારખાનાની તપાસણી અધિકારી દ્વારા વર્ષમાં એક વખત, આસીસ્ટન્ટ ડાયરેકટર(કેમીકલ) દ્વારા વર્ષમાં એક વખત, તેમજ જોઈન્ટ ડાયરેકટરશ્રી દ્વારા વર્ષમાં એકવાર આમ આ જોખમી કારખાનાઓની તપાસણી વર્ષમાં ત્રણ વખત

કરવામા આવે છે. એ પ્રકારના કારખાનાઓની તપાસણી વર્ષમાં બે વખત, બી તથા સી પ્રકારના કારખાનાઓની તપાસણી વર્ષમાં ઓછામા ઓછી એક વખત કરાવી સલામતીની જોગવાઈઓનો ચુસ્ત પણે અમલ કરવામા આવે છે.

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીને સહાયભૂત થવા અત્રેની કચેરી દ્વારા ભયજનક રસાયણો ધરાવતા એમ.એ.એચ. અને એ પ્રકારના કારખાનાઓને લગતી જરૂરી માહીતી પુરી પાડવામાં આવેલ છે.

રાજ્યમાં શ્રમયોગીઓએ કરેલ વિશિષ્ટ કામગીરી માટે અગાઉ રાજ્ય કક્ષાએ કુલ ૧૬ રાજ્ય શ્રમ પારિતોષિકો આપવામાં આવતાં હતા. વર્ષ ૨૦૧૦-૧૧ થી દરેક રીજીયનમાં (અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત) માં ૧૬ પારિતોષિકો પ્રમાણે કુલ ૬૪ પરિતોષિકો આપવાનું નક્કી થયેલ છે. ફેબ્રુઆરી-૨૦૧૯માં રીજીયન કક્ષાના શ્રમ એવોર્ડ સમારંભમાં વિજેતાઓને પારિતોષિકો મોમેન્ટો એનાયત કરવામાં આવેલ હતા.

એશિયાનુ સૌથી મોટુ જી.આઈ.ડી.સી. એસ્ટેટ અંકલેશ્વર ખાતે ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મેનેજમેન્ટ સેન્ટર ઉભુ કરેલ છે. આ ઉપરાંત દહેજ,વાપી અને હજીરા ખાતે ઈમરજન્સી કંટ્રોલ સેન્ટર શરૂ કરવામા આવેલ છે. વડોદરામા પણ ઈમરજન્સી કંટ્રોલ સેન્ટર કાર્યરત છે.

કારખાના ધારા હેઠળ નવેમ્બર- ૨૦૨૦ થી ઓક્ટોબર -૨૦૨૧ સુધીમાં ૭૩ નવા અરજદારોને તથા ૧૫૨ રીન્યુ સક્ષમ વ્યકિતઓ (કોમ્પીટન્ટ પર્સન્સ) જાહેર કરેલ છે. આ સક્ષમ વ્યકિતઓ સલામતીની જોગવાઈઓને અનુરૂપ પ્રેસર વેસલ્સ, લિફ્ટીંગ મશીન્સ, બિલ્ડીંગ સ્ટેબીલીટી, ભયજનક મશીન્સ, કન્ફાઈન્ડ સ્પેસ વિગેરેની ચકાસણી કરી સલામત હોવાનુ પ્રમાણપત્ર આપવામા આવે છે.

કારખાના ધારા - ૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનાઓ પૈકી કલમ - ૫૧ , ૫૪ અને ૫૬ હેઠળ કુલ ૧૭૮ કારખાનાઓને ઓવરટાઈમ મંજુરી આપવામાં આવેલ છે

નવેમ્બર-૨૦૨૦ થી સપ્ટેબર- ૨૦૨૧ અંતિત દરમ્યાન કુલ ૧૭૨૮ કેસો દાખલ કરવામાં આવેલ છે જે પૈકી ૯૧૫ કેસોનો નિકાલ થયેલ છે. જેના દંડ પેટે ₹ ૮૮,૧૩,૦૦૦ /- વસુલ થયેલ છે.

અંપગ કામદાર (રોજગારી) અધિનિયમ, ૧૯૮૨ હેઠળ શારીરીક ખોડખાંપણવાળી વ્યકિતઓને ૧% (ટકા) મુજબ શ્રમયોગીઓને કામે રાખવાની જોગવાઈ આ કાયદામાં છે. નિયમ પ્રમાણે અપંગ શ્રમયોગીઓને કારખાનામાં કામે રાખવામાં આવેલ છે. હવે ૨૦૦ શ્રમયોગીઓને બદલે ૧૦૦ શ્રમયોગીઓએ કાયદો લાગુ પાડવા અંગે સુધારા કરવામાં આવેલ હોય વધુ કારખાનાઓને આ કાયદા હેઠળ આવરી લઈ વધુ અપંગ શ્રમયોગીઓને રોજગારીનો લાભ મળેલ છે. સપ્ટેબર ૨૦૨૧ સુધીમાં ૨૧૭૩ કારખાનાઓમાં ૬૩૮૨ અપંગ શ્રમયોગીઓને કામ પર રાખવામાં આવેલ છે.

પ્રસુતિ સહાયતાધારો, ૧૯૬૧ અન્વયે સ્ત્રી શ્રમયોગીઓને પ્રસૃતિ અંગે, કામકાજની પરિસ્થીતી તથા રજાઓ બાબતે મળવા પાત્ર લાભ આપવાની જોગવાઈઓ છે. જે મુજબ અધિકારીઓ દ્વારા કારખાનાઓની તપાસણી વખતે તપાસ કરવામાં આવે છે. તદઉપરાંત, મહિલા અધિકારી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા પણ આ અંગે તપાસ કરવામાં આવે છે.

શ્રમ ખાતાની વેબસાઇટ તૈયાર કરેલ છે. જેમા ખાતાને લગતી અને કાયદાની મુખ્ય જોગવાઈઓ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્ફોરમેશન સીસ્ટમની માહિતી આપવામાં આવેલ છે.

ઉદ્યોગોની માંગણી મુજબ વાર્ષીક રીપોર્ટ જે અલગ-અલગ કાયદાની નીચે મંગાવવામાં આવતો હતો તે બધા કાયદાઓનો સમાવેશ કરતો કોન્સોલીડેટેડ વાર્ષીક પત્રક અંગ્રેજી અને ગુજરાતીમાં તૈયાર કરી ઈન્ડસ્ટ્રીયલ એસોશીએસન,ચેમ્બર્સ તથા લાગતા વળગતા કારખાનાઓને મોકલેલ છે. આ યોજના હાલમાં અમલમાં છે.

જાહેર જનતાને કચેરીના વહીવટની સંપુર્ણ માહિતીમળે તે રીતે નાગરીક અધિકારપત્ર તૈયાર કરી અમલમાં મુકેલ છે.

“મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા શ્રમયોગીઓ માટેનો કાયદો મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમયોગીઓની સલામતી, સ્વાસ્થય, કલ્યાણ તથા વ્યવસાયીક જોખમોને લગતી મહત્વની જોગવાઈ ધરાવતો ભારત સરકારે ઘડેલ “મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનુ નિયમન અને નોકરીની શરતો) ધારો, ૧૯૯૬ તથા તે અન્વયે ગુજરાત સરકાર દ્વારા ઘડવામા આવેલ “ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનુ નિયમન અને નોકરીની શરતો) નિયમો,૨૦૦૩” અમલમા આવેલ છે. આ કામગીરી સરકારશ્રી દ્વારા ડાયરેકટોરેટ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, (કારખાના નિરીક્ષણ તંત્ર) ગુજરાત રાજ્ય, અમદાવાદને સોંપવામા આવેલ છે.

વધુમાં “મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનુ નિયમન અને નોકરીની શરતો) ધારો, ૧૯૯૬” તથા તે અન્વયે રાજ્ય દ્વારા ઘડવામા આવેલ નિયમોના અમલીકરણ અનુસંધાને એપ્રિલ -૨૦૨૦ થી સપ્ટેમ્બર - ૨૦૨૧ સુધીમા કુલ - ૧૧૨૯ નિરીક્ષણો અધિકારીઓ દ્વારા કરવામા આવેલ છે.

INDEX

એપ્રિલ - ૨૧ થી સપ્ટેમ્બર - ૨૧ સુધીમાં ૧૨૮૯ સંસ્થાઓની નોંધણી થયેલ છે. સદર કાયદા હેઠળ કુલ ₹ ૮૫૫૨૫૦/- ફી પેટે જમા થયેલ છે. આ કાયદાનો અમલ ન કરનારી સંસ્થાઓની સામે ચીફ ઈન્સપેકટર ઓફ ઈન્સપેકશન ગુજરાત રાજ્ય અમદાવાદમાં ૫૮૩ કેસ દાખલ કરવામાં આવેલ છે. તેમજ ક્રિમિનલ કોર્ટમાં ૪૬૨ કેસ દાખલ કરવામાં આવેલ.

ચીફ ઈન્સપેકટર ઓફ ઈન્સપેકશનની ઓથોરીટી દ્વારા ૧૨૦૫ કેસ નિકાલ કરવામાં આવેલ છે. દંડ પેટે ₹ ૧,૨૦,૫૦૦ આવેલ છે. અને કોર્ટ દ્વારા ૩૮૩ કેસ નિકાલ કરવામાં આવેલ છે. અને દંડ પેટે ₹ ૮,૭૪,૦૦૦ છે

એપ્રિલ - ૨૦૨૦ થી ઓક્ટોબર - ૨૦૨૧ સુધીમાં રાજ્યનાં ૦૪ રીજીયનનાં સર્ટિફાઇંગ સર્જન દ્વારા ૨૭૨૮ કારખાનાઓની મુલાકાત લઈ ૪૨૫૦૨ શ્રમયોગીઓની તબીબી તપાસ કરવામાં આવેલ છે. ઔદ્યોગિક સ્વાસ્થ્ય પ્રયોગશાળા, દ્વારા ૫૨૮ કારખાનાઓની મુલાકાત લઈ ૪૧૭૧ સેમ્પલ લેવાની કામગીરી કરેલ છે. આ ખાતાનાં તાબા હેઠળની ઔદ્યોગિક સ્વાસ્થ્ય પ્રયોગશાળાનાં સર્ટિફાઇંગ સર્જન દ્વારા એસ્બેસ્ટોસનાં કારખાનાઓમાં શ્રમયોગીઓની તબીબી તપાસ કરવામાં આવે છે. સીલીકા ડસ્ટ હોય તેવા ૫૭ કારખાનાઓમાં ૧૬૫ શ્રમયોગીઓની તબીબી તપાસ કરવામાં આવેલ છે. ખંભાતમાં નોંધાયેલ ૧૮ અગેટ કારખાનાઓમાં સર્ટિફાઇંગ સર્જન દ્વારા મુલાકાત લઈને ૭૧ શ્રમજીવીઓની તબીબી તપાસ કરવામાં આવેલ છે.

ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય તંત્રના એક ઘટક ઔદ્યોગિક સ્વાસ્થ્ય પ્રયોગશાળા, કેમિકલ કારખાનાઓમાં શ્રમયોગીઓની શારિરીક તપાસ દર ૦૬ માસે સર્ટિફાઇંગ સર્જન તથા ફેકટરી મેડિકલ ઓફિસર પાસેથી કરાવવા અંગે આગ્રહ રાખવામાં આવે છે અને તેનું અમલીકરણ કરવામાં આવે છે. શ્રમયોગીના સ્વાસ્થ્યને માટે જોખમ ધરાવતા કારખાનાઓમાં શ્રમયોગીઓના સ્વાસ્થ્ય અંગે તપાસ કરવા ઉપરાંત આ પ્રયોગશાળા દ્વારા કારખાનાઓમાં જોખમી પદાર્થો કે રસાયણો જેના સંપર્ક શ્રમયોગીના સ્વાસ્થ્યને નુકશાન થવાનો સંભવ હોય તે પદાર્થો/રસાયણોના પ્રમાણ બાબતે વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરવામાં આવે છે. કારખાના નિરીક્ષણ તંત્ર દ્વારા શ્રમયોગીનાં સ્વાસ્થ્ય સંબંધે જોખમ નિવારવા જરૂરી પગલાં લેવામાં આવે છે.

ભવિષ્યમાં હાથ ધરાનાર કામગીરી

- કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓની સલામતી અંગે શ્રમયોગીઓને લોકજાગૃતિ કાર્યક્રમો દ્વારા સ્થાનિક અખબારોમાં જાહેરાતો આપી, મીડીયામાં તેમજ બીનસરકારી સંસ્થાઓ દ્વારા પ્રચાર અને પ્રસાર કરવો.
- ખાતા દ્વારા સલામતી જાગૃતિ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવું. વધુમાં વધુ અરજીઓ મળે તેવા પ્રયત્નો કરવા.
- રાજ્ય શ્રમ પારિતોષિકો માટે અરજીઓ મંગાવી પારિતોષિકો એનાયત કરવા.
- કારખાનાઓમાં તેમજ બાંધકામ સાઈટ- પર અકસ્માતો ઘટાડવા માટે ઘનિષ્ઠ નિરીક્ષણો કરવા.
- અકસ્માતોની તપાસ કરી તેને અટકાવવાના ઉપાયો સુચવવા.
- અતિજોખમી કારખાનાઓની માહિતી અપડેટ કરવી.
- તમામ જીલ્લાના ઓફ સાઈટ ઈમરજન્સી પ્લાનનું સંબંધિત જીલ્લા કલેકટરશ્રીની હાજરીમાં વર્ષમાં એક વખત રીહર્સલ કરવું.
- તમામ અતિજોખમી કારખાનાઓના ઓન સાઈટ ઈમરજન્સી પ્લાનને અપડેટ કરાવવા તથા તેનું વર્ષમાં ઓછામાં ઓછું એકવાર રીહર્સલ કરવું.
- સલામતી દિન /સપ્તાહની કારખાનાઓમાં ઉજવણી કરાવવી.
- સ્ટેટ લેવલ સેફટી કોન્ફરન્સનું આયોજન કરવું.

૨૦. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(૧) અનુસુચિત જાતિ કલ્યાણ :

ભારતના લોકકલ્યાણ હેતુલક્ષી બંધારણે તેના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને જોગવાઈઓમાં જ્ઞાતિ/-જાતિ અને ધર્મના ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને રાષ્ટ્રના નબળા વર્ગોના વિકાસ માટે ખાસ માવજતની ગોઠવણ કરી છે. બંધારણની કલમ-૪૬માં દર્શાવ્યા મુજબ સમાજના નબળા વર્ગોના અને ખાસ કરીને અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓના શૈક્ષણિક હિતોની અભિવૃદ્ધિ માટે રાજ્ય વિશેષ કાળજીથી કરશે. આ જોગવાઈઓ અનુસાર સમાજના તમામ નાગરીકોને સમાન તક અને મુળભૂત અધિકારો આપેલા છે. રાજ્ય સરકારે પછાત અને નબળા વર્ગોના હિતોની વૃદ્ધિ માટે ઘણી બધી યોજનાઓ અને જોગવાઈઓ કરેલ છે અને કેટલીક યોજનાઓમાં કેન્દ્ર સરકાર આર્થિક સહાય આપે છે.

ગુજરાત રાજ્યની ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ રાજ્યની કુલ વસ્તી ૬૦૪.૩૯ લાખની છે, તે પૈકી અનુસુચિત જાતિઓની વસ્તી ૪૦.૭૪ લાખની છે, જે કુલ વસ્તીના ૬.૭૪ ટકા થાય છે.

ગુજરાત સરકારે ઉકત બંધારણીય જોગવાઈઓને અનુલક્ષીને અનુસુચિત જાતિઓના કલ્યાણ માટે અનુસૂચિત કલ્યાણ ખાતા દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. જેને મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચવામાં આવેલ છે.

૧. શૈક્ષણિક યોજનાઓ

૨. આર્થિક ઉત્કર્ષ યોજનાઓ

૩. આરોગ્ય, વસવાટ અને અન્ય યોજનાઓ.

૪. નિર્દેશ અને વહીવટ

વિવિધ યોજનાઓની વિગતો નીચે પ્રમાણે છે.

(૧) શૈક્ષણિક યોજનાઓ :

- અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અનુસુચિત જાતિના ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતાં કુમારો તથા ધોરણ-૧ થી ૫ ની કન્યાઓને આવક મર્યાદા સિવાય ₹ ૫૦૦ અને કન્યાઓને ધોરણ ૬ થી ૧૦માં ₹ ૭૫૦/- તેમજ ધોરણ-૯ થી ૧૦માં કુમારને ₹ ૭૫૦/-વાર્ષિક પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

- ઉચ્ચ ગુણવતા ધરાવતા અનુસુચિત જાતિ વિદ્યાર્થીઓને ધોરણ૮માં દૂન સ્કુલ દહેરાદુન, સોફિયા સ્કુલ-આબુ, મેયો સ્કુલ-અજમેર, સૈનિક શાળા-બાલાચડી, મહિલા સૈનિક શાળા-ખેરવા (જિ.મહેસાણા) જેવી ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવા ₹ ૫૦.૦૦૦/- સહાય અથવા ખરેખર ખર્ચની રકમ જે ઓછુ હોય તેટલી સહાય આપવામાં આવે છે.

- અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નીચે જણાવેલ દર પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

  ડેસ્કોલર : ધો.૧ થી ૧૦ ₹ ૨૨૫ માસિક (૧૦ માસ)

  હોસ્ટેલર : ધો.૩ થી ૧૦ ₹ ૭૦૦ માસિક (૧૦ માસ)

  એડહોક ગ્રાન્ટ : હોસ્ટેલર ₹ ૧૦૦૦ વાર્ષિક, ડેસ્કોલર ₹ ૭૫૦ વાર્ષિક

- ભગવાન બુધ્ધ રાજ્ય શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ૧૦ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી ₹ ૨.૫૦ લાખથી ₹ ૬.૦૦ લાખ સુધીની આવક ધરાવતા વાલીઓના વિદ્યાર્થીનીઓને રાજ્યના ભંડોળમાંથી ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના દરો મુજબ શિષ્યવૃત્તિ ઉપરાંત માન્ય ટ્યુશન ફી અનુ.જાતિ કલ્યાણ કચેરી દ્વારા ચૂકવવામાં આવે છે.

- પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃત્તિ : એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે વાર્ષિક ₹ ૨૫૦૦ થી ₹ ૧૩૫૦૦ સુધીની શિષ્યવૃત્તિ જુદા જુદા ગ્રૂપના અભ્યાસક્રમો મુજબ આપવામાં આવે છે, તથા માન્ય શિક્ષણ ફી તથા માન્ય નોન રીફન્ડેબલ ફી ચુકવવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ₹ ૨.૫૦ લાખ છે.

- ધોરણ – ૧૧ સામાન્ય પ્રવાહમાં દાખલ થનાર વિદ્યાર્થીઓને શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય માટે ધોરણ.૧૧માં ₹ ૮૦૦૦/- અને ધોરણ.૧૨માં ₹ ૪,૦૦૦/- જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ.૧૧માં ₹ ૧૫,૦૦૦/- અને ધોરણ.૧૨માં ₹ ૧૫૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં આવક મર્યાદા ₹ ૪.૫૦ લાખની છે.

INDEX

- અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ₹ ૧૫.૦૦ લાખની લોન ૪ ટકાના વ્યાજે આપવામાં આવે છે.
- કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે ₹ ૨૫.૦૦ લાખની લોન ૪% વ્યાજના દરે આપવામાં આવે છે.
- પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં બાળકોને ₹ ૬૦૦ ગણવેશ પેટે સહાય આપવામાં આવે છે.
- અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાને વાર્ષિક ₹ ૭૫૦/- અને ધો.૯ થી ૧૦માં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાને ₹ ૧૦૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં આવક મર્યાદા નથી.
- ભારત સરકારની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ૯ અને ૧૦માં અભ્યાસ કરતા ડેસ્કોલર વિદ્યાર્થીઓને માસિક ₹ ૨૨૫/- લેખે દસ માસના તથા ₹ ૭૫૦/- વાર્ષિક એડહોક તથા હોસ્ટેલર વિદ્યાર્થીઓને માસિક ₹ ૫૨૫/- લેખે ૧૦ માસના તથા ₹ ૧૦૦૦/- એડહોક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- એમ.ફીલ.ના વિદ્યાર્થીઓને માસિક ₹ ૨૫૦૦ ના દરે ૧૦ માસ સુધી અને પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને માસિક ₹ ૩૦૦૦ના દરે ૧૦ માસ સુધી ફેલોશીપ આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ₹ ૨.૫૦ લાખ છે.
- મેડિકલ, એન્જીનિયરીંગ, ડિપ્લોમાના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના સાધનો ખરીદવાની સહાય આપવામાં આવે છે. જેમાં મેડીકલના વિદ્યાર્થીઓ માટે ₹ ૧૦,૦૦૦/- એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે ₹ ૫,૦૦૦/- અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટે ₹ ૩,૦૦૦/- સહાય અપાય છે, આવક મર્યાદા ₹ ૨.૫૦ લાખ છે.
- અનુસૂચિત જાતિના ધોરણ ૧૦માં રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમે આવનારને ₹ ૪૧,૦૦૦, બીજા ક્રમે આવનારને ₹ ૨૧,૦૦૦ અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૧૧,૦૦૦ જયારે ધો-૧૨માં તમામ પ્રવાહમાં પ્રથમ આવનાર ₹ ૩૧,૦૦૦/- બીજા ક્રમે આવનારને ₹ ૨૧,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૧૧,૦૦૦/- આપવામાં આવે છે. જ્યારે જિલ્લા કક્ષાએ ધો.૧૦ અને ધો.૧૨માં પ્રથમ ક્રમે આવનારને ₹ ૬,૦૦૦/- બીજા ક્રમે આવનારને ₹ ૫,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૪,૦૦૦/- રકમ ઈનામ સ્વરૂપે આપવામાં આવે છે.
- સરસ્વતિ સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને પોતાના રહેઠાણના અંતરને ધ્યાને લીધા સિવાય સાયકલ ભેટ આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦ લાખ રાખવામાં આવેલ છે.
- **ટેલેન્ટ પુલ યોજના :** આ યોજના હેઠળ ધો-૫ અને ધો-૧૦ના તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરી પસંદગી પામેલ ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અભ્યાસ માટે વિદ્યાર્થીદીઠ ₹ ૪૦,૦૦૦ સુધીનો ખર્ચ આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ₹ ૨.૦૦ લાખની છે. જ્યારે વાર્ષિક આવકમર્યાદા ₹ ૨.૦૦ લાખ થી ₹ ૩.૦૦ લાખ ધરાવતા લોકો આ યોજનામાં જોડાવા માંગતા હોય તો તેઓને આ યોજનામાં થનાર ખર્ચના ૫૦ ટકા રકમ પોતે ભોગવવાની રહેશે.
- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કરી મેડીકલ, એન્જીનીયરીંગ, પોલીટેકનિક, ગુજકેટ, જીસેટ, પી.એમ.ટી, સ્લેટ અને નેટની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે ₹ ૨૦,૦૦૦ની સહાય આપવામાં આવશે.
- પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિને પાત્ર હોય અને કોલેજ માન્ય છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ફુડબીલ સહાય માસિક ₹ ૧૫૦૦/- સહાય આપવાનું ઠરાવેલ છે. આવક મર્યાદા ₹ ૪.૫૦ લાખ છે.

સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર મહાનુભાવોને પ્રોત્સાહનના ભાગ રૂપે રાજ્યમાં ૬ એવોર્ડ આપવામાં આવે છે.

(૧) ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ (₹ ૨.૦૦ લાખ)

(૨) મહાત્મા ગાંધી એવોર્ડ (₹ ૨.૦૦ લાખ)

(૩) સંત કબીર અનુસૂચિત જાતિ સાહિત્ય એવોર્ડ (₹ ૧.૦૦ લાખ)

(૪) સાવિત્રીબાઈ ફૂલે અનુસૂચિત જાતિ મહિલા સાહિત્ય/-કલા એવોર્ડ (₹ ૧.૦૦ લાખ)

(૫) દાસી જીવન શ્રેષ્ઠ અનુસૂચિત જાતિ સાહિત્ય કૃતિ એવોર્ડ (₹ ૫૦,૦૦૦)

(૬) મહાત્મા ફૂલે શ્રેષ્ઠ અનુસૂચિત જાતિ પત્રકાર એવોર્ડ (₹ ૫૦,૦૦૦)

(૭) મહારાજા સયાજીરાવ ગાયકવાડ અનુસૂચિત જાતિ સાહિત્ય પ્રકાશન સહાય (₹ ૧૦.૦૦૦)

INDEX

- વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિઓ ઉપરાંત અનુસૂચિત કલ્યાણ ખાતા મારફતે સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા ૫૮૭ ગ્રાન્ટ ઈન એઈડના છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને માસિક ₹ ૧૫૦૦ લેખે નિભાવ ગ્રાન્ટ દસ માસ માટે આપવામાં આવે છે. તેમાં ૨૫,૦૪૯ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. તેમજ ૮૮ આશ્રમ શાળાઓમાં ૧૦,૫૭૬ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.
- કોલેજ કક્ષાના શિક્ષણ માટે રાજ્યમાં ૮૦ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં ૬,૧૦૦ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. તેજસ્વી વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં ૪,૪૦૦ વિદ્યાર્થીઓ ક્ષમતા છે. જેમાં રહેવાજમવા અને ભણવાની વિનામૂલ્યે સગવડ આપવામાં આવે છે અને ૨૦ સમરસ છાત્રાલયોમાં કુલ ૧૩,૦૦૦ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

(૨) આર્થિક ઉત્કર્ષની યોજનાઓ :

સરકારે અનુ.જાતિના વ્યકિતઓ આર્થિક રીતે પગભર થઈ શકે અને સમાજના અન્ય વર્ગોની હરોળમાં આવી શકે તે માટે સ્વરોજગારીની યોજનાઓ અમલમાં મુકેલ છે.

- માનવ ગરીમા યોજના : આ યોજનામાં સ્વરોજગારીના ધંધા માટે ધંધા/-રોજગારીની કિટ્સ આપવામાં આવે છે.
- સંતશ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજનાઃ આ યોજનામાં અનુસૂચિત જાતિના યુવક યુવતીઓને આઈ.ટી, મેનેજમેન્ટ તથા વાણિજ્ય ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ આપી નોકરી મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય કરવા માટે ₹ ૭૦૦૦ લોન (૪ ટકા વ્યાજદરે) અને ₹ ૫૦૦૦/- સહાય મળી કુલ ₹ ૧૨,૦૦૦/- આપવામાં આવે છે. યોજનાની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦/- લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦/- લાખ છે.
- જયારે તબીબી સ્નાતકને સ્વતંત્ર દવાખાનું શરૂ કરવા માટે ₹ ૨૫,૦૦૦/- સહાય અને ₹ ૨.૫૦/- લાખ લોન આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦/- લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦/- લાખ છે.
- તબીબી અનુસ્નાતકોને સર્જીકલ નર્સીંગ હોમ ખોલવા માટે ₹ ૫૦,૦૦૦/- સહાય અને ₹ ૩.૦૦/- લાખ લોન આપવામાં આવે છે. આ યોજનામાં આવકમર્યાદા નથી.
- અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકો માટે વકીલાતની તાલીમ માટે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. તે મુજબ પ્રથમ વર્ષે માસિક ₹ ૧૦૦૦/- બીજા વર્ષે માસિક ₹ ૮૦૦/- અને ત્રીજા વર્ષે માસિક ₹ ૬૦૦/- ની સહાય આપવામાં આવે છે. જે સિનિયર વકીલ તાલીમ આપે તેમને માસિક ₹ ૫૦૦/- એલાઉન્સ (ત્રણ વર્ષ માટે) આપવામાં આવે છે. આ યોજનામાં આવક મર્યાદા નથી.

♦ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

ભારતના બંધારણના આમુખમાં સર્વ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય પ્રાપ્ત કરાવવા તથા વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતા સુનિશ્ચત કરનારી બંધુ ભાવના વધારવાનું વચન આપવામાં આવ્યું છે. આ ઉદ્દેશ પરીપૂર્ણ કરવા ગુજરાતમાં ૧૯૭૫થી નિગમની રચના કરી છે. આર્થિક ઉત્કર્ષની બેન્કેબલ યોજના, સ્વરોજગારી સહાયની યોજનાનો અમલ કરવામાં આવે છે.

♦ ડૉ.બાબાસાહેબ આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ

સમગ્ર દેશમાં ગુજરાત જ માત્ર એવુ રાજ્ય છે અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તૂરી, ગરો(ગુરુ બ્રાહ્મણ), વણકર સાધુ, અનુસૂચિત જાતિના બાવા, તૂરી-બારોટ, તીરગર-તીરબંદા, થોરી, માતંગના વિકાસ માટે વિકાસ બોર્ડનું ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ તરીકે રૂપાંતર કરવામાં આવેલ છે. રાજ્યની અનુસૂચિત જાતિ કલ્યાણની તમામ વિકાસલક્ષી યોજનાઓનો ૨૫ ટકા લાભ આ જાતિઓને આપવામાં આવે છે.

♦ સફાઈ કામદાર વિકાસ નિગમ

સફાઈ કામદારોના પુનઃસ્થાન માટે ગુજરાત કામદાર વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે. સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે અલગ નાણાંકીય જોગવાઈ પણ કરવામાં આવે છે.

નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/-દુકાન ખરીદવા માટે વ્યાજ સહાય યોજનામાં અનુસૂચિત જાતિના ઈસમો કે જેઓ રાષ્ટીયકૃત બેંકો, તમામ પ્રાદેશિક ગ્રામિણ બેંકો, સહકારી બેંકો, પબ્લીક સેકટર બેંકો, ખાનગી બેંકો પાસેથી વધુમા વધુ ₹ ૧૦.૦૦/- લાખની લોન મેળવે તો તે લોન ઉપર ૪ ટકા સુધીનું વ્યાજ લાભાર્થી પોતે ભોગવે અને ૪ ટકાથી ઉપરના વ્યાજની સહાય ત્રણ

વર્ષ સુધી સરકારશ્રી મારફતે ચુકવાય છે, ₹ ૧૫,૦૦૦/- ની સબસીડી પણ આપવામાં આવે છે. રીઝર્વ બેંક દ્વારા નક્કી કરવામાં આવેલ વ્યાજનો દર બેંકો દ્વારા વસુલ કરવામાં આવે છે.

(૩) **આરોગ્ય અને ગૃહ નિર્માણની યોજના :**

► **કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર તબીબી સહાય :**

અનુ.જાતિના દર્દીઓને નીચે મુજબ તબીબી સહાય આપવામાં આવે છે.

(૧)	ટી.બી. જેવા દર્દી માટે	માસિક ₹ ૫૦૦/- દર્દ મટે ત્યાં સુધી
(૨)	કેન્સર માટે	માસિક ₹ ૧૦૦૦/- દર્દ મટે ત્યાં સુધી
(૩)	રકતપિત્ત	માસિક ₹ ૮૦૦/- દર્દ મટે ત્યાં સુધી
(૪)	ગંભીર પ્રસુતિના કેસોમાં	₹ ૫૦૦/- કેસ દીઠ
(૫)	સ્ત્રીઓને થતા પાંડુ રોગ માટે	₹ ૧૫૦/- કેસ દીઠ
(૬)	એચ.આઇ.વી. દર્દી માટે	માસિક ₹ ૫૦૦/- દર્દ મટે ત્યાં સુધી

વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦/- લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦/- લાખ છે. ઉક્ત યોજનાનું અમલીકરણ કમિશ્નરશ્રી આરોગ્ય અને પરિવાર દ્વારા કરવામાં આવે છે.

♦ **ગૃહ નિર્માણની યોજના :**

► **ડૉ. આંબેડકર આવાસ યોજના :** અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ કુટુંબોને કે જેઓ પાસે રહેવા લાયક ઘર/-મકાન ન હોય, પોતાનું જર્જરિત મકાન ધરાવતા હોય, પોતાનો ખુલ્લો પ્લોટ હોય તેવા ઈસમોને વ્યકિતગત ધોરણે મકાન બાંધવા માટે (ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં) ₹ ૧.૨૦ લાખની મકાન સહાય આપવામાં આવે છે. ઉપરાંત મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની બિનકુશળ રોજગારીના ₹ ૧૬,૯૨૦/- તેમજ સ્વચ્છ ભારત મિશન હેઠળ ટોયલેટ બ્લોક માટે ₹ ૧૨,૦૦૦/- સહાય એમ મળી કુલ ₹ ૧,૪૮,૯૨૦/- સહાય આપવામાં આવે છે. આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦/- લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦/- લાખ છે.

► **ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન :** અનુ.જાતિ અને અને હિન્દુ ધર્મ પાળતા અનુસૂચિત જાતિ સિવાયની વ્યક્તિ વચ્ચે આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે યુગલ દીઠ ₹ ૫૦,૦૦૦/- ના બચતપત્રો અને ₹ ૫૦,૦૦૦/- રોકડા ઘરવખરી માટે એમ કુલ ₹ ૧.૦૦/- લાખ સહાય આપવામાં આવે છે.

► **કુંવરબાઈનુ મામેરુ :** અનુસૂચિત જાતિની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈના મામેરાની યોજના હેઠળ ₹ ૧૨,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. આ યોજનામાં વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦/- લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦/- લાખ છે.

► **માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ સમુહ લગ્નની યોજના :** અનુસૂચિત જાતિના કુટુંબો સામાજિક સુધારાના ભાગ રૂપે સમૂહ લગ્નમાં જોડાય તે હેતુસર સમૂહ લગ્નમાં જોડાનાર પ્રત્યેક યુગલને યુગલ દીઠ ₹ ૧૨,૦૦૦/- ની સહાય તથા સમુહ લગ્નોનું આયોજન કરનાર સંસ્થાને યુગલ દીઠ ₹ ૩૦૦૦/- ની સહાય વધુમાં વધુ ₹ ૭૫,૦૦૦/- સુધી આપવામાં આવે છે.

► **સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ :** આ યોજના હેઠળ ગુરુ-બ્રાહ્મણ સમાજના શિક્ષિત બેરોજગારોને પુરક રોજી માટે મદદરૂપ થવાના હેતુથી કર્મકાંડ (૧૬ સંસ્કાર)ની તાલીમ યોજનામાં રહેવા-જમવા અને પુસ્તકો તેમજ પૂજાપાના સાધનોની સગવડ આપવામાં આવે છે.

► **અનુસુચિત જાતિના લોકોને અંત્યેષ્ઠિ સહાય :** મરણોત્તર ક્રિયા માટે નાણાંકીય સહાય આપવાની યોજના જે "સત્યવાદી રાજા હરીચંદ્ર મરણોત્તર સહાય યોજના" હેઠળ જે લોકોની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧.૨૦/- લાખ અને શહેરી વિસ્તાર માટે ₹ ૧.૫૦/- લાખથી વધતી ન હોય તેવા લોકોને કુંટુંબના સભ્યના મૃત્યુ પ્રસંગે અંત્યેષ્ઠિ-મરણોત્તર ક્રિયા માટે અર્થાત કફન-કાઠીના ખર્ચને પહોંચી વળવા માટે ₹ ૫,૦૦૦/- ની નાણાંકીય સહાય આપવામાં આવે છે.

► **અત્યાચારના બનાવોમાં નાણાંકીય સહાય :** ખૂન, કાયમી અશક્તતા, ગંભીર ઈજા, બળાત્કાર જેવા બનાવોમાં આંશિક કે કાયમી ભોગ બનનાર અનુસૂચિત જાતિના ઈસમોને નીચે મુજબની અત્યાચાર સહાય ચુકવવામાં આવે છે.

ક્રમ	વિગત		સહાય
૧	ખૂન/-મૃત્યુ	કમાઉ/-બિનકમાઉ	₹ ૮.૨૫ લાખ
૨	કાયમી અશક્તતા	૧૦૦ ટકા અશક્તા	₹ ૮.૨૫ લાખ
		૫૧-૯૯ ટકા અશક્તા	₹ ૪.૫૦ લાખ
		૫૦ ટકાથી ઓછી અશક્તા	₹ ૨.૫૦ લાખ
૩	બળાત્કાર		₹ ૫.૦૦ લાખ
૪	ગેંગરેપ		₹ ૮.૨૫ લાખ
૫	ઈજા		₹ ૧.૦૦ લાખ

► **અસ્પૃશ્યતા નિવારણ માટે પગલાં :** અસ્પૃશ્યતા નિવારણની દિશામાં કાયદો અને સમજાવટ બંન્ને કામગીરી થાય છે. અસ્પૃશ્યતાના ગુના માટે નાગરિક હક્ક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ અમલમાં છે. પ્રચાર અને સમજાવટ માટે શિબિરો, વર્કશોપ, સેમિનાર, અસ્પૃશ્યતા નિવારણ સપ્તાહની ઉજવણી, પોસ્ટર, પુસ્તિકા, ડોકયુમેન્ટરી ફિલ્મો દ્વારા લોકમાનસ ઘડવામાં આવે છે. નાગરિક હક્ક રક્ષણ અધિનિયમ૧૯૫૫ તથા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ૧૯૮૯ ના અસરકારક અમલ માટે અનુસૂચિતજાતિ કલ્યાણની કચેરીમાં એક ખાસ સેલની રચના કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા રાહતના દરો રાજ્ય સરકારે સ્વીકારીને તેનો અમલ કરેલ છે.

આમ, અનુસુચિત જાતિઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

૨) વિકસતિ જાતિ કલ્યાણ :

ભારતના બંધારણના અનુચ્છેદ ૪૬ માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ દરેક રાજ્યને જાતિ અને ધર્મના ભેદભાવ વગર સમાન વિકાસની તક આપવા અને આ નબળા વર્ગોના વિકાસ માટે રાજ્ય ફંડ હેઠળ અલગ જોગવાઈ ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્યના પછાત વર્ગોમાં ગણાતી જાતિઓને અલગ તારવી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તરીકે જાહેર કરી છે તે ઉપરાંત લઘુમતીઓ અને આર્થિક રીતે નબળા કુટુંબો માટે પણ સમાન વિકાસની જોગવાઈઓ રાખી છે.

બક્ષીપંચની ભલામણોનો તા.૧/-૪/-૧૯૭૮ થી અમલ શરૂ કરતાં રાજ્ય સરકારે આવા પછાતવર્ગોના સંર્વાગી વિકાસ માટે શિક્ષણ અને આર્થિક વિકાસની વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. આ યોજનાઓનો યોગ્ય અને અસરકારક અમલ થાય તે હેતુથી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની રાજ્ય કક્ષાની કચેરી હેઠળ આ વર્ગો માટેની વિવિધ કાર્યક્રમો/-યોજનાઓનો અમલ થઇ રહ્યો છે.

પછાતવર્ગો માટેના કાર્યક્રમો/-યોજનાઓ મુખ્યત્વે નીચે પ્રમાણેના ત્રણ વિભાગમાં વહેચવામાં આવેલ છે.

(૧) શૈક્ષણિક વિકાસની યોજનાઓ

(૨) આર્થિક વિકાસ થાય તેવી યોજનાઓ

(૩) આરોગ્ય, આવાસ અને વ્યક્તિગત વિકાસની યોજનાઓ

રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો, આર્થિક પછાત વર્ગો, લઘુમતીઓ અને વિચરતી-વિમુકત જાતિઓ માટે અમલીત વિવિધ યોજનાઓ નીચે મુજબ છે.

► **પ્રિ. એસ.એસ.સી. ના વિદ્યાર્થીઓને રાજ્ય શિષ્યવૃત્તિ :** પ્રાથમિક ધો. ૧ થી ૮ અને માધ્યમિક ધો. ૯ થી ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી વિદ્યાર્થીઓને ધો. ૧ થી ૮ માં ₹ ૫૦૦/- અને ધો.૯ થી ૧૦ માટે ₹ ૭૫૦/- અને વિદ્યાર્થીનીઓને ધો. ૧ થી ૫ માં ₹ ૫૦૦/- અને ધો.૬ થી ૧૦ માટે ₹ ૭૫૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

► **અતિ પછાત જાતિના ધો. ૧ થી ૧૦ માં ભણતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ :** સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકીના અતિ પછાત જાતિઓ જેવી કે મે, મેંતા, ફકીર, ડફેર, કાંગસીયા વગેરે ૧૨ જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની યોજના હેઠળ છાત્રાલયમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓને માસિક ₹ ૫૦૦/- તેમજ ડેસ્કોલર વિદ્યાર્થીઓને માસિક ₹ ૧૦૦ સુધીની વાર્ષિક શિષ્યવૃત્તિ ઉપરાંત વધારાના વિદ્યાર્થી દીઠ ₹ ૫૦૦/- આપવામાં આવે છે.

- **પોસ્ટ મેટ્રીકના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ :** સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના પોષ્ટ મેટ્રીકના અભ્યાસક્રમોમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ભારત સરકારની યોજના હેઠળ ગૃપ-એ થી ગૃપ-ડી સુધી ₹ ૭૫૦૦/- થી ₹ ૧૬૦૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

- **ભારત સરકારની લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ :** ધાર્મિક લઘુમતી જેવી કે મુસ્લિમ, શીખ, પારસી, ખ્રિસ્તી, બૌધ અને જૈન ધર્મના ધો.૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ₹ ૫૦૦/- પ્રવેશ ફી ₹ ૩૫૦૦/- સુધીની ટ્યુશન ફી અને ₹ ૧૦૦૦/- થી ₹ ૬૦૦૦/- સુધીનું નિભાવ ભથ્થું મેરીટના ધોરણે આપવામાં આવે છે.

- **ભારત સરકારની લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ :** ધાર્મિક લઘુમતી જેવી કે મુસ્લિમ, શીખ, પારસી, ખ્રિસ્તી, બૌધ અને જૈન ધર્મના વિદ્યાર્થીઓને ધો.૧૧, ધો-૧૨ થી સ્નાતક, અનુ.સ્નાતક અને પીએચડી સુધીના તકનીકી અને વ્યવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો માટે ₹ ૩૦૦૦/- થી ₹ ૧૦,૦૦૦/- સુધીની ટ્યુશન ફી અને ₹ ૨૩૦૦/- થી ₹ ૧૨,૦૦૦/- સુધીનું નિભાવ ભથ્થું મેરીટના ધોરણે આપવામાં આવે છે.

- **ભારત સરકારની લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ માટે મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ :** ધાર્મિક લઘુમતી જેવી કે મુસ્લિમ, શીખ, પારસી, ખ્રિસ્તી, બૌધ અને જૈન ધર્મના વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષા સુધીના તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમો જેવા કે ડિગ્રી, એન્જિનિયરિંગ, ફાર્મસી, મેડીકલ, એમ.બી.એ, પેરા મેડીકલ, એમ.સી.એ. વેટરનરી સાયન્સ વગેરે માટે ₹ ૨૦,૦૦૦/- સુધીની ટ્યુશન ફી અને ₹ ૫૦૦૦/- થી ₹ ૧૦,૦૦૦/- સુધીનું નિભાવ ભથ્થું મેરીટના ધોરણે આપવામાં આવે છે.

- **આર્થિક રીતે પછાત વર્ગો માટેની ભારત સરકારની પોસ્ટ મેટ્રીકના શિષ્યવૃત્તિ :** આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને એસ.એસ.સી પછીના તબીબી, ઈજનેરી વગેરે ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમો માટે ભારત સરકારે નક્કી કરેલ ગૃપ-એ થી ગૃપ-ડી માટે ₹ ૭૫૦૦/- થી ₹ ૧૬૦૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

- **મેડીકલ અને એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને ભોજન બીલ :** આ યોજના હેઠળ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસિક ₹ ૧૫૦૦/- ભોજન બીલ રાહત આપવામાં આવે છે. આ યોજના માટે વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ ₹ ૪.૫૦ લાખ રાખવામાં આવેલ છે.

- **ધો. ૧ થી ૮ માં ભણતા પછાતવર્ગના બાળકોને ગણવેશ સહાય :** ધો.૧ થી ૮ પ્રાથમિક કક્ષામાં ભણતા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય ત્રણ જોડ ગણવેશ માટે ₹ ૬૦૦/- રોકડ સહાય આપવામાં આવે છે.

- **સહાયક અનુદાન મેળવતા (ગ્રાન્ટ ઈન એઈડ) છાત્રાલયો :** રાજ્યમાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને મફત રહેવાની અને જમવાની સંયુકત સુવિધાવાળા ૭૭૦ છાત્રાલયો, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સહાય અનુદાનના ધોરણે ચાલે છે. જેમાં ૪૫૫૧૦ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. ઉકત છાત્રાલયોમાં જુદા જુદા હેતુઓ જેવા કે ભોજન ખર્ચ પેટે સાધનો ખરીદવા ગૃહપતિ, રસોયા, વેતન અનુદાન, મકાનભાડા માટે અનુદાન આપવામાં આવે છે.

- **સરકારી છાત્રાલયોની સ્થાપના વિકાસ :** એસ.એસ.સી. પછીના કોલેજ કક્ષાના ઉચ્ચ અભ્યાસક્રમો માટે રાજ્યમાં વિકસતી જાતિના ૬૮ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. આ છાત્રાલયોમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિનામુલ્યે રહેવાની અને જમવાની સગવડ આપવામાં આવે છે.

- **આશ્રમશાળાઓ :** રાજ્યમાં વિકસતી જાતિના ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ૧૭૧ આશ્રમ શાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં ૨૫૪૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ભણવા, રહેવા અને જમવાની સવલત આપવામાં આવે છે.

- **નિવાસી શાળાઓ :** વિકસતી જાતિના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા અને તેઓ શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે તે માટે રાજ્ય માત્ર ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ૩૩ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. આ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને મફત રહેવા જમવાની અને ભણવાની સગવડ આપવામાં આવે છે.

- **ઈનામી યોજના :** ધો. ૧૦ ની એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં વિકસતી જાતિના પ્રથમ ૧ થી ૩ ક્રમમાં આવનાર વિદ્યાર્થીને ₹ ૩૧,૦૦૦/- થી ₹ ૧૧,૦૦૦/- અને ધો. ૧૨ માં બોર્ડમાં દરેક પ્રવાહમાં પ્રથમ ૧ થી ૩ ક્રમમાં આવનાર વિદ્યાર્થીને ₹ ૩૧,૦૦૦/- થી ₹ ૧૧,૦૦૦/- પ્રોત્સાહનરૂપે ઈનામ આપવામાં આવે છે.

- **ધોરણ ૯ ની કન્યાઓને સાયકલ :** આ યોજના હેઠળ ધો. ૯માં ભણતી અને પોતાના રહેઠાણથી શાળાએ અવરજવર કરતી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને અંતર મર્યાદાના વાધ વિના વિના મૂલ્યે સાયકલ આપવામાં આવે છે.

INDEX

- **વિદેશમાં ઉચ્ચ અભ્યાસ લોન :** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં જવા ₹ ૧૫.૦૦ લાખની લોન ૪ ટકા વ્યાજના દરે આપવામાં આવે છે.
- **કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન :** આ યોજના હેઠળ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે ₹ ૨૫.૦૦ લાખની લોન ૪ ટકા વ્યાજના દરે આપવામાં આવે છે.
- **કુટીર ઉદ્યોગો, સ્વરોજગારી, વાંસકામ માટે સહાય :** વિકસતિ જાતિના લોકોને કુટીર ઉદ્યોગ અને નાના પાયાના વ્યવસાયો માટે રાષ્ટ્રીયકૃત બેંકો અથવા અન્ય નાણાંકીય સંસ્થાઓ (એજન્સીઓ) મારફતે વ્યક્તિગત ધોરણે લોન ધિરાણ સામે એકમ ખર્ચ (યુનિટ કોસ્ટ)ના ૩૩.૩૩ ભાગ અથવા વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦/- એ બે માંથી ઓછુ હોય તે સહાય પેટે આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં ₹ ૧,૫૦,૦૦૦/- ની રાખવામાં આવેલ છે.
- **સ્વરોજગારી માટે માનવગરીમા યોજના :** વિકસતી જાતિના ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/-ની વાર્ષિક આવક ધરાવતી વ્યક્તિઓને આ યોજના હેઠળ સ્વરોજગારી માટે વિના મૂલ્યે સ્વરોજગારીના સાધનો આપવામાં આવે છે.
- **લેખન કવિઓને સાહિત્ય પ્રકાશન માટે સહાય :** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લેખકો અને કવિઓને મૌલિક સાહિત્ય પ્રકાશન માટે ₹ ૧૦,૦૦૦/- ની નાણાંકીય સહાય આપવામાં આવે છે.
- **કાયદા અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય :** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ₹ ૫૦૦૦/- ની સહાય અને ₹ ૭૦૦૦/- ની લોન આપવામાં આવે છે. તબીબી સ્નાતકોને ડોકટરોનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ₹ ૨૫,૦૦૦/- ની સહાય અને ૪ ટકાના દરે ₹ ૪૦,૦૦૦/- ની લોન આપવામાં આવે છે.
- **મહિલા શિવણવર્ગો :** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને લઘુમતિની બહેનો શિવણની તાલીમ લઈ સીવણ કામ દ્વારા પૂરક રોજગાર મેળવી શકે તે માટે આ ખાતા દ્વારા રાજ્યમાં શિવણવર્ગો ચલાવવામાં આવે છે. શિવણ વર્ગોમાં તાલીમ લેતી બહેનોને માસિક ₹ ૨૫૦/- ની સહાય આપવામાં આવે છે અને તાલીમના અંતે ₹ ૬,૦૦૦/- શિવણ મશીન ખરીદવા માટે સહાય તરીકે આપવામાં આવે છે.
- **સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળદુકાન ખરીદવા નાણાંકીય સહાય :** આ યોજના હેઠળ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળદુકાન ખરીદવા માટે ₹ ૭૫,૦૦૦/-ની મર્યાદામાં ૮૦ ટકા લોન ₹ ૬૦,૦૦૦/- અને ૨૦ ટકા સહાય ₹ ૧૫,૦૦૦/- આપવામાં આવે છે.
- **પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના :** આ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગોના ઇસમોને મકાન બાંધકામ ₹ ૧.૨૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- રાખવામાં આવી છે.
- **સમાજ શિક્ષણ શિબિર :** વિકસતી જાતિની વ્યકિતઓને વિકસતી જાતિ કલ્યાણ ખાતાની યોજનાઓનો અને જોગવાઇઓના પ્રચાર-પ્રસાર માટે દરેક જીલ્લામાં સમાજ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે. એક શિબિરનો ખર્ચ ₹ ૧૫,૦૦૦/- અંદાજવામાં આવે છે. દરેક જીલ્લામાં આવી શિબિરનું આયોજન કરવામાં આવે છે.
- **સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ખાસ યોજના :** રાજ્ય સરકારે ૧૩૫ તાલુકાઓના સર્વાગી વિકાસ માટે વર્ષ ૧૯૮૯-૯૦ થી ખાસ યોજના અમલમાં મુકી છે. આ ખાસ યોજનાના તાલુકાઓમાં જીલ્લા આયોજન મંડળ, દ્વારા માળખાકીય સવલતો, જેવી કે પીવાનું પાણી રસ્તાનાં કામો, વીજળીકરણ, છાત્રાલયો, આશ્રમશાળાઓ, આરોગ્ય પેટા કેન્દ્રો વગેરે સવલતો પુરી પાડવામાં આવી રહી છે. હાલ ખાસ પ્લાન યોજના હેઠળ ૧૩૫ તાલુકાઓનો સમાવેશ થાય છે.
- **કુંવરબાઈનું મામેરૂ યોજના માટે નાણાંકીય સહાય :** આ યોજના હેઠળ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગની કુમારીકાના લગ્ન પ્રસંગે મામેરાના ખર્ચને પહોંચી વળવા માટે ₹ ૧૦,૦૦૦/- ની સહાય દિકરીના નામે આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- રાખવામાં આવેલ છે.
- **સાતફેરા સમુહ લગ્ન :** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકો જુની રીત રિવાજોને તિલાંજલી આપી શકે અને લગ્ન પ્રસંગે થતા ખોટા ખર્ચાઓ બંધ થાય તે માટે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગના લોકોને સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ સમુહ લગ્નમાં જોડાનાર યુગલને, યુગલ દીઠ ₹ ૧૨,૦૦૦/-ની નાણાંકીય

સહાય તેમજ સમુહ લગ્નના આયોજન માટે આયોજક સંસ્થાને યુગલદીઠ ₹ ૩૦૦૦/- વધુમાં વધુ ૨૫ યુગલો માટે ₹ ૭૫,૦૦૦/- આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- રાખવામાં આવેલ છે.

- **કળા કૌશલ્યના સાધનો ખરીદવા નાણાંકીય સહાય :** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઈસમોને કળા કૌશલ્યના સાધનો ખરીદવા માટે ₹ ૫૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.

- **ગુજકેટ, નીટ, જીની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ સહાય :** ધોરણ ૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને ગુજકેટ, નીટ, જી ની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે કોચીંગ ₹ ૨૦,૦૦૦/- પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

♦ **વિચરતી-વિમુકત જાતિનું કલ્યાણ :**

- **પ્રિ. એસ.એસ.સી. ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ :** આ યોજના હેઠળ વિચરતી-વિમુકત જાતિના પ્રાથમિક ધો. ૧ થી ૮ અને માધ્યમિક ધો. ૯ થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી ધો. ૧ થી ૮ માં ₹ ૫૦૦/- અને ધો.૯ થી ૧૦ માટે ₹ ૭૫૦/- અને વિદ્યાર્થીનીઓને ધો.૧ થી ૫ માં ₹ ૫૦૦/- અને ધો-૬ થી ૧૦ માટે ₹ ૭૫૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

- **ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને બે જોડ ગણવેશ :** આ યોજના હેઠળ વિચરતીવિમુકત જાતિના ધો. ૧ થી ૮ માં ભણતા વિદ્યાર્થીઓને ત્રણ જોડ ગણવેશ માટે ₹ ૬૦૦/-ની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા નથી.

- **વિચરતીવિમુકત જાતિઓ માટેની ભારત સરકારની પ્રિ.મેટ્રીક અને પોસ્ટ મેટ્રીકના શિષ્યવૃત્તિ :** વિચરતીવિમુકત જાતિના ધો. ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા હોસ્ટેલર અને ડેસ્કોલર વિદ્યાર્થીઓને વાર્ષિક ₹ ૧૦૦૦/- થી ₹ ૧૫૦૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. એસ.એસ.સી પછીના તબીબી, ઈજનેરી વગેરે ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમો માટે ભારત સરકારે નક્કી કરેલ ગૃપ-એ થી ગૃપ-ડી માટે ₹ ૧૨,૦૦૦/- થી ₹ ૨૩૦૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

- **સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ :** વિચરતીવિમુક્ત જાતિના સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ ફી, ટ્યુશન ફી, રજીસ્ટ્રેશન ફી તેમજ શિષ્યવૃત્તિ માટે ₹ ૫૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે. આવક મર્યાદા વાર્ષિક ૨.૦૦ લાખ છે.

- **સહાયક અનુદાન મેળવતા (ગ્રાન્ટ ઈન એઈડ) છાત્રાલયો :** રાજ્યમાં વિચરતીવિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટે સહાયક અનુદાનના ધોરણે ૪ છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં ૮૧ વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવાની જમવાની સગવડ આપવામાં આવે છે.

- **આશ્રમશાળાઓ :** વિચરતીવિમુકત જાતિના ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં ૧૬ આશ્રમશાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સહાયક અનુદાન ધોરણે ચલાવવામાં આવે છે. ૨૪૩૦ વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવાની, જમવાની અને ભણવાની સગવડ આપવામાં આવે છે.

- **સ્વરોજગારી માટે માનવ ગરીમા યોજના :** આ યોજના હેઠળ વિચરતીવિમુકત જાતિની વ્યક્તિઓને સ્વરોજગારી માટે વિના મૂલ્યે સ્વરોજગારીના સાધનો આપવામાં આવે છે.

- **કાયદા અને તબીબી સ્નાતકો નાણાંકીય સહાય :** વિચરતીવિમુકત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ₹ ૫૦૦૦/-ની સહાય અને ₹ ૭૦૦૦/-ની લોન આપવામાં આવે છે. તબીબી સ્નાતકોને ડોકટરનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ₹ ૨૫૦૦૦/-ની સહાય અને ₹ ૪૦,૦૦૦/-ની લોન આપવામાં આવે છે.

- **મફત તબીબી સહાય :** આ યોજના હેઠળ વિચરતીવિમુકત જાતિની વ્યક્તિઓને ટી.બી.ના રોગ માટે ₹ ૫૦૦/- કેન્સર માટે માસિક ₹ ૧૦૦૦/- દર્દ મટે ત્યાં સુધી, પ્રસુતિ માટે ₹ ૫૦૦/- અને રકતપિત માટે માસિક ₹ ૮૦૦/- ની મફત તબીબી સહાય આપવામાં આવે છે.

- **વ્યકિતગત ધોરણે મકાન સહાય :** આ યોજના વિચરતીવિમુકત જાતિની વ્યકિતઓને વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા માટે ₹ ૧.૫૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- રાખવામાં આવેલ છે.

INDEX

(૩) સમાજ સુરક્ષા :

- **પ્રારંભિક રૂપરેખા**

સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, મુખ્યત્વે અનાથ, નિરાધાર, ઉપેક્ષિત, ત્યજાયેલ બાળકો, વૃદ્ધો અને દિવ્યાંગ વ્યક્તિઓ જેવા સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટે કામ કરે છે. સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા તેઓને સામાજીક કાયદાઓના માધ્યમથી રક્ષણ, આશ્રય, શિક્ષણ તથા વ્યવસાયિક તાલીમ જેવી સગવડો આપી સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવામાં સહાય કરે છે. સંસ્થાકીય અને બિન સંસ્થાકીય સગવડો દ્વારા તેઓને તકો પુરી પાડી તેમના સંપૂર્ણ હકો ભોગવવા સુસજ્જ કરવામાં આવે છે. સમાજ સુરક્ષા પ્રભાગની તમામ કલ્યાણકારી યોજનાઓની કામગીરી નીચે મુજબના ૯ પ્રકારના કાયદાની જોગવાઈ મુજબ અમલમાં છે.

૧. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬

૨. ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ ૧૯૫૮

૩. ભિક્ષા પ્રતિબંધ અધિનિયમ ૧૯૫૯

૪. ભારતીય પુન:વસન સંસ્થાનો ધારો ૧૯૯૨

૫. અશક્ત વ્યક્તિઓના અધિકાર અધિનિયમ ૨૦૧૬

૬. નેશનલ ટ્રસ્ટ એક્ટ ૧૯૯૯

૭. ધ જુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન એકટ ૨૦૧૫

૮. ધી મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ - ૨૦૦૭

૯. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨

૧૦. ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના (અધિકારોનું રક્ષણ) અધિનિયમ ૨૦૧૯

- **એકંદર કામગીરીનો સારાંશ :**

♦ **દિવ્યાંગ કલ્યાણ :**

► **એસ.ટી.બસમાં મફત મુસાફરી યોજના :** દિવ્યાંગ વ્યકિતઓને અભ્યાસ, સારવાર, નોકરી ધંધાના સ્થળે જવા અને અન્ય સામાજિક કારણોસર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસમાં પ્રવાસ ભાડામાં રાહત આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહારની તમામ પ્રકારની બસોમાં ગુજરાત રાજ્યની હદમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવામાં આવે છે. વધુમાં દિવ્યાંગ વ્યક્તિ ઘરે બેઠા આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી આ યોજના હેઠળ અરજી કરવાની પ્રક્રિયા esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ ઓકટોબર અંતિત જોગવાઈ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લાભાર્થી
૨૦૨૧-૨૨	૪૧૫૬.૦૦	૧૧૨૨.૮૮	૩૦૩૦૩૫

♦ **દિવ્યાંગ શિષ્યવૃત્તિ :**

દિવ્યાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ ધો.૧ થી ૮ સુધીના અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને કે જેઓની દિવ્યાંગતાની ટકાવારી ૪૦ ટકાથી વધુ હોય અને છેલ્લી વાર્ષિક પરીક્ષા ૪૦ ટકાથી વધુ માર્કસ મેળવી પાસ કરેલ હોય તેવા દિવ્યાંગ વિદ્યાર્થીઓને વાર્ષિક ₹ ૧૦૦૦/- શિષ્યવૃત્તિ તથા ધો.૯ થી ઉપર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વાર્ષિક ₹ ૧૫૦૦/- થી ₹ ૫,૦૦૦/- સુધીની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવે છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ ઓક્ટોબર અંતિત જોગવાઈ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લાભાર્થી
૨૦૨૧-૨૨	૧૪૩.૬૦	૪૪.૩૮	૫૫૦૪

INDEX

♦ દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની યોજના

રાજ્યમાં દિવ્યાંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી થાય તેવા સાધનો પુરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુનઃસ્થાપન થાય તે હેતુથી સાધન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને લાભ આપવામાં આવે છે. વધુમાં દિવ્યાંગ વ્યક્તિઓ ઘરે બેઠા આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુ થી આ યોજના હેઠળ અરજી કરવાની પ્રક્રિયા esamajkalyan.gujrat.gov.in પર ઓનલાઈન કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને ₹ ૨૦,૦૦૦/- ની મર્યાદામાં સહાય સાધનના સ્વરૂપે આપવામાં આવે છે. જેમાં દિવ્યાંગ વ્યક્તિને સ્વરોજગાર માટે તેમજ તેની દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો આપવામાં આવે છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ ઓક્ટોબર અંતિત જોગવાઈ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લાભાર્થી
૨૦૨૧-૨૨	૧૦૧૫.૦૦	૦૦	૮૭૯૬

♦ સંત સુરદાસ સહાય યોજના

તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને નાણાંકીય સહાય પુરી પાડી તેમનું સામાજિક પુનઃસ્થાપન થાય તે હેતુથી સંતસુરદાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ સંપૂર્ણ સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. વધુમાં દિવ્યાંગ હેતુ ઘરે બેઠા આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી આ યોજના હેઠળ અરજી કરવાની પ્રક્રિયા esamajkalyan.gujrat.gov.in પર ઓનલાઈન કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા

- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિ.
- ૦ થી ૧૭ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.

આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતની દિવ્યાંગ વ્યક્તિઓને મળવાપાત્ર છે. (ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલેપમેન્ટ તેમજ શહેરી વિસ્તાર માટે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ અર્બન હાઉસીંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે બી.પી.એલ. (ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદી) યાદી બનાવવામાં આવેલ છે તેમા સમાવિષ્ટ દિવ્યાંગ વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક ₹ ૬૦૦/- સહાય મળવાપાત્ર છે.
- યોજના હેઠળ વર્ષ ૨૦૨-૧૨૨ ઓકટોબર-૨૦૨૦ અંતિત જોગવાઈ ખર્ચ અને લાભાર્થીની વિગતો નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લાભાર્થી
૨૦૨૧-૨૨	૨૨૮૧.૭૬	૧૦૮૧.૮૭	૨૫૫૫૪

♦ ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ

ગરીબી રેખા હેઠળ જીવતી દિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેનો મુખ્ય હેતુ તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને નાણાંકીય સહાય પુરી પાડી તેમનું સામાજિક પુનઃસ્થાપન કરવાનો છે.

આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા

- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિ.
- ૧૮ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.

આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતની દિવ્યાંગ વ્યક્તિઓને મળવાપાત્ર છે. (ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલેપમેન્ટ તેમજ શહેરી વિસ્તાર માટે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ અર્બન હાઉસીંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે બી.પી.એલ. (ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદી) યાદી બનાવવામાં આવેલ છે તેમાં સમાવિષ્ટ દિવ્યાંગ વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

INDEX

આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય

● આ યોજના હેઠળ લાભાર્થીને માસિક ₹ ૬૦૦ સહાય મળવાપાત્ર છે. જેમાં ₹ ૩૦૦/- રાજ્ય સરકાર દ્વારા અને ₹ ૩૦૦/- કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ ઓક્ટોબર અંતિત જોગવાઈ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લાભાર્થી
૨૦૨૧-૨૨	૧૪૨૦.૦૦	૭૧૩.૩૮	૧૭૭૨૮

♦ દિવ્યાંગ વ્યકિતઓના કુટુંબીજનને વીમા સહાય યોજના

આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈપણ રીતે દિવ્યાંગ વ્યક્તિનું મૃત્યુ થાય કે કાયમી અપંગ બને તો આ યોજનાનો લાભ વીમા પોલીસીની શરતોને આધીન રહીને મળવાપાત્ર છે.

સામાન્ય જૂથ અકસ્માત વીમા પોલીસીની શરતોને ધ્યાનમાં રાખી વીમા રકમ નીચે મુજબના સંજોગોમાં મળવાપાત્ર થશે.

(અ) અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી, સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા.

(બ) અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા.

(ક) અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા.

(ડ) અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ ઓક્ટોબર અંતિત જોગવાઈ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	મંજુર થયેલ દાવાની સંખ્યા
૨૦૨૧-૨૨	૨૦.૦૦	૨૦.૦૦	૦૦

♦ દિવ્યાંગ થી દિવ્યાંગ અને સામાન્ય વ્યકિતથી દિવ્યાંગ વ્યકિતઓને લગ્ન સહાયની યોજના :

દિવ્યાંગ થી દિવ્યાંગ અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિઓને લગ્ન માટે આર્થિક સહાય આપવા માટે આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેનો મુખ્ય હેતુ દિવ્યાંગ વ્યક્તિઓ સમાજમાં સન્માન પૂર્વક જીવી શકે તે હેતુથી દિવ્યાંગ લગ્ન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વધુમાં દિવ્યાંગ હેતુ ઘરે બેઠા આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી આ યોજના હેઠળ અરજી કરવાની પ્રક્રિયા esamajkalyangujrat.gov.in પર ઓનલાઈન કરવામાં આવેલ છે

આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા

● કન્યાની ઉમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.

● યોજનાનો લાભ ફક્ત એક જ વખત (યુગલ દીઠ) મળવાપાત્ર રહેશે.

● આ યોજના હેઠળ લગ્ન થયાના બે વર્ષમાં અરજી કરવાની રહે છે.

● આ યોજનાનો હેઠળ નીચે મુજબની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને આપવામાં આવે છે.

ક્રમ	દિવ્યાંગતા	દિવ્યાંગતાની ટકાવારી
૧	આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય (Muscular Dystrophy), રક્તપિતસાજા થયેલ (Leprosy Cured person), એસીડના હુમલાનો ભોગ બનેલા (Acid Attack Victim), હલન ચલન સાથેની અશકતતા(Locomotor Disability), સેરેબલપાલ્સી (Cerebral palsy), વામનતા (Dwarfism), બહુવિધ સ્કલેરોસિસ શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ (Multiple Sclerosis). અંધત્વ (Blindness), ઓછી દ્રષ્ટી (Low Vision)	૪૦ ટકા કે તેથી વધુ
૨	સાંભળવાની ક્ષતિ(Hearing Impairment)	૭૧ થી ૧૦૦ ટકા

૩	ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ (Chronic Neurological Condition), સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ (Hemophilia), ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા(Parkinsons Disease), બૌધ્ધિક અસમર્થતા (Intellectual Disability), દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease), માનસિક બિમાર (Mental Illness), ખાસ અભ્યાસ સંબંધિત વિકલાંગતા(Specific Learning Disabilities), વાણી અને ભાષાની અશકતતા (Speech and Language Disability), ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ (Autism Spectrum Disorder), બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા (Multiple Disabilities Including Deaf Blindness)	૫૦ ટકા કે તેથી વધુ

આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય

- આ યોજના હેઠળ દિવ્યાંગ થી દિવ્યાંગ વ્યક્તિ પરસ્પર એક બીજા સાથે લગ્ન કરે ત્યારે યુગલની બન્ને વ્યક્તિને ₹ ૫૦,૦૦૦/- + ₹ ૫૦,૦૦૦/- સહાય મળવાપાત્ર છે.
- દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ એક બીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિને ₹ ૫૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અંતિત જોગવાઇ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લાભાર્થી
૨૦૨૧-૨૨	૭૫૦.૦૦	૩૦૪.૫૦	૬૧૨

♦ નીરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી :

આ યોજના હેઠળ મેન્ટલ રીટાયર્ડ (માનસિક ક્ષતિવાળા), સેરેબલ પાલ્સી(મગજનો લકવો), ઓટીઝમ (સ્વલીનતા), મલ્ટીપલ ડિસેબીલીટીઝ (બહુવિધ દિવ્યાંગતા) ધરાવતા વ્યક્તિઓને લાભ મળવાપાત્ર છે

આ યોજનામાં દિવ્યાંગ વ્યક્તિઓને ₹ ૧,૦૦,૦૦૦/- સુધીનું વીમા રક્ષણ મળવાપાત્ર છે. જેમાં હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી દવાઓ અને વાહનવ્યવહાર ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ તમામ પ્રકારના વય જૂથના દિવ્યાંગ હેતુનો સમાવેશ થાય છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અંતિત જોગવાઇ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લાભાર્થી
૨૦૨૧-૨૨	૨૦.૦૦	૯.૩૫	૩૧૫૯

♦ બૌધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય યોજના :

આ યોજના હેઠળ ૭૫% કે તેથી વધુ બૌધ્ધિક અસમર્થતા / સેરેબલ પાલ્સી / ઓટીઝમ સ્પેક્ટ્રમ ડીસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓને આવક મર્યાદાના બાધ સિવાય માસિક ₹ ૧૦૦૦/- સહાય આપવામાં આવે છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અંતિત જોગવાઇ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લાભાર્થી
૨૦૨૧-૨૨	૨૦૩૦.૦૦	૯૩૩.૨૭	૧૯૨૬૯

વૃદ્ધ કલ્યાણ :

♦ નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના (રાજ્ય સરકારની યોજના) :

નિરાધાર વૃદ્ધો તથા દિવ્યાંગોના કલ્યાણ માટે નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૨૧ વર્ષનો પુત્ર ન હોય તેવા સ્ત્રી કે પુરુષ ૬૦ વર્ષ કે તે કરતાં વધુ ઉમરના નિરાધાર વૃદ્ધો, તેમજ ૪૫ વર્ષથી વધુ વય તથા ૭૫ ટકા અશકત દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને તથા પુત્ર માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટીબી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તેવા વૃદ્ધોને નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં ૬૦ થી ૭૪ વર્ષના વૃદ્ધોને સહાયની રકમ કુલ. ₹ ૧૦૦૦/- માસિક સહાય ડી.બી.ટી. મારફતે પેન્શનની રકમ લાભાર્થીના ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. યોજના હેઠળ સહાય મેળવવાની અરજી જનસેવા કેન્દ્ર અથવા મામલતદાર કચેરી ખાતે કરવાની થાય.

INDEX

આ યોજના હેઠળ વર્ષ:૨૦૨૧-૨૨ ઓકટોબર અંતિત જોગવાઈ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લક્ષ્યાંક	લાભાર્થી
૨૦૨૧-૨૨	૧૨૦૬૫.૦૦	૬૭૪૩.૭૯	૧૩૦૦૦૦	૧૩૦૫૦૨

♦ ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના :

આ યોજના હેઠળ ગરીબી રેખાની ૦ થી ૨૦ યાદી પર નામ ધરાવનાર ૬૦ થી ૭૯ વયના વૃદ્ધોને ₹ ૭૫૦/-(રાજ્ય સરકારના ₹ ૫૫૦/- + ભારત સરકારના ₹ ૨૦૦)તથા ૮૦ વર્ષથી વધુ વયના લાભાર્થીઓને ₹ ૧,૦૦૦/- (રાજ્ય સરકારના ₹ ૫૦૦/- + ભારત સરકારના ₹ ૫૦૦)ની માસિક સહાય ડી.બી.ટી. મારફત તેમના પોતાના ખાતામાં જમા કરવામાં આવે છે. આ યોજના હેઠળ સહાય મેળવવાની અરજી જનસેવા કેન્દ્ર અથવા મામલતદાર કચેરી ખાતે કરવાની થાય.

આ યોજના હેઠળ વર્ષ :૨૦૨૧-૨૨ ઓકટોબર અંતિત જોગવાઈ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લક્ષ્યાંક	લાભાર્થી
૨૦૨૧-૨૨	૮૭૩૪૫.૦૦	૪૬૦૯૨.૩૮	૯૦૦૦૦૦	૮૯૫૮૮૮

♦ રાષ્ટ્રીય કૌટુંબિક આર્થિક સહાય યોજના (નેશનલ ફેમીલી બેનીફીટ સ્કીમ) :

આ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબના મૃત્યુ પામનાર પુરૂષ કે સ્ત્રીની ઉમર ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોય તેવા કુટંબના મુખ્ય કમાવનાર વ્યકિતનું અવસાન થાય તો તેમના વારસદારને તાત્કાલિક ₹ ૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ સહાય મેળવવાની અરજી જનસેવા કેન્દ્ર અથવા મામલતદાર કચેરી ખાતે કરવાની થાય.

આ યોજના હેઠળ વર્ષ :૨૦૨૧-૨૨ ઓકટોબર અંતિત જોગવાઈ, ખર્ચ અને લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	જોગવાઈ (₹ લાખમાં)	ખર્ચ (₹ લાખમાં)	લક્ષ્યાંક	લાભાર્થી
૨૦૨૧-૨૨	૧૬૦૦.૦૦	૯૦૮.૮૦	૮૦૦૦	૪૫૪૪

♦ સને ૧૯૫૮નો ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ હેઠળની પ્રવૃત્તિઓ :

ગુજરાત રાજ્યની વર્ષ : ૧૯૬૦માં સ્થાપના થઇ ત્યારથી ૧૯૩૮નો મુબંઇ ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ અમલમાં હતો પછી ૧૯૫૮ પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ અમલમાં આવેલ છે. નિયંત્રણ બહારના સંજોગો અને જુદા જુદા પરિબળોની અનિચ્છિનીય અસરને કારણે ગુનાહિત કાર્યમાં ઝંપલાવ્યુ હોય તેવા પ્રથમ ગુનેગાર અને યુવાન ગુનેગારોને સમાજમાં રાખીને સુધારી શકાય છે. ગુનેગારોને ૧૯૫૮ના ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ જોગવાઇ અન્વયે પરિવીક્ષા પર મુક્ત કરવાનો લાભ આપવામાં આવે છે.

નાણાંકીય ૨૦૨૧-૨૨માં માહે ઓકટોબર ૨૦૨૧ અંત સુધીમાં રાજ્યની અલગ અલગ કોર્ટ તરફથી પ્રોબેશન ઓફ ઓફેન્ડસ એક્ટ હેઠળ કુલ૨૬૧ કેસો રીફર થયેલ છે. જે પૈકી ૨૨૬ કેસોના રીપોર્ટ કોર્ટમાં રજુ થયેલ છે. તેમજ ઓકટોબર ૨૦૨૧ અંતિત કુલ ૨૮૪ કેસો હાલમાં સુપરવિઝન હેઠળ ચાલુ છે.

♦ કેદી સહાય યોજના :

આ યોજના વર્ષ ૧૯૭૯ થી ગુજરાત રાજ્યમાં અમલમાં આવેલ છે. જયારે ગુનેગારને જેલમાં મોકલવામાં આવે છે અથવા તેને સજા કરવામાં આવે છે ત્યારે તેના કુટુંબીજનોને મુશ્કેલી પડે છે. કમાઉ વ્યક્તિ જેલમાં જતા તેના કુટુંબને આર્થિક રીતે પગભર થવા માટે આ સહાય આપવામાં આવે છે. ૫ વર્ષ કે તેથી વધુ સજા થયેલ હોય તેવા ગરીબી રેખા નીચે જીવતા તેમજ આવક મર્યાદા ધ્યાને લઇ કુટુંબને આ લાભ મળવાપાત્ર છે. ₹ ૨૫,૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવે છે. જેમાં દુધાળા ઢોર ખરીદવા, સિલાઈમશીન ખરીદવા, ચાર પૈડાની લારી ખરીદવા માટે આ સહાય મળે છે. આ માટે જેલવાસ ભોગવતા કેદીએ જે તે જેલના વેલ્ફેર ઓફિસરને અરજી આપવાની હોય છે. આ અરજી તપાસ અર્થે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને મોકલવામાં આવે છે. આ અધિકારી તપાસ કરીને તેનો અહેવાલ જે તે જેલને મોકલી આપે છે. આ અહેવાલ મુજબ કેદી સહાય સમિતી ભલામણ કરીને નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગને મોકલી આપે છે. જેના આધારે કેદી સહાય મંજુર કરી કેદીના કુટુંબના જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીને મંજુરી આદેશ મોકલવામાં આવે છે. જેના આધારે કેદીના કુટુંબને સહાય ચુકવવામાં આવે છે. આ યોજનાનું માર્ગદર્શન જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી દ્વારા આપવામાં આવે છે.

આ યોજના હેઠળ, નાણાંકિય વર્ષ : ૨૦૨૧-૨૨માં માહે ઓક્ટોમ્બર૨૦૨૧ અંત સુધીમાં કુલ : ૨૧૮ લાભાર્થીઓને કુલ ₹ ૫૪.૫૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

INDEX

કેદી સહાય યોજના હેઠળ કેદીઓના સગાઓને સહાય માટે, નાણાંકીય વર્ષ : ૨૦૨૨-૨૩ માટે કુલ : ૩૪૦ લાભાર્થીઓને કુલ : ₹ ૮૫.૦૦ લાખ સહાય આપવાનુ આયોજન છે.

♦ બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ હેઠળની પ્રવૃત્તિઓ :

ગુજરાત રાજ્યની સને ૧૯૬૦માં સ્થાપના થઈ ત્યારથી જ નાની વયે લગ્ન કરવાથી ઉપસ્થિત થતા અનિષ્ટોથી સમાજને બચાવવા માટે બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ અમલમાં છે. હાલમાં બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓનાં મુખ્ય મથકે ૩૩ બાળલગ્ન પ્રતિબંધક અધિકારીઓ કાર્ય કરી રહ્યાં છે.

બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ હેઠળ, નાણાંકીય વર્ષ : ૨૦૨૧-૨૨ માં માહે ઓક્ટોમ્બર ૨૦૨૧ અંત સુધીમાં કુલ ૧૭૮ અરજીઓ મળેલ. જે પૈકી કુલ ૧૨૩ બાળલગ્નો અટકાવવામાં આવેલ છે. અને કુલ ૦૮ અરજીઓમાં અધિનિયમ હેઠળ નામ. કોર્ટમાં ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. અને કુલ ૨૭ અરજીઓની ચકાસણી કરતાં અરજીઓ ખોટી ઠરેલ છે. જ્યારે ૨૦ અરજીઓની તપાસ હાલમાં પેન્ડીંગ છે.

♦ બાળ કલ્યાણ

● પાલક માતા પિતા યોજના

રાજ્ય સરકાર દ્વારા ૦ થી ૧૮ વર્ષના અનાથ અને નિરાધાર બાળકોને પાલક માતાપિતા યોજના હેઠળ માસિક ₹ ૩૦૦૦/- ની સહાય DBT મારફત આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૧૭૮૦૪ લાભાર્થીઓને કુલ ₹ ૩૬.૭૩ કરોડની સહાય ઓકટોબર-૨૦૨૧ અંતિત ચૂકવાયેલ છે.

● શેરો પોઝિટીવ ઈલનેશ યોજના

રાજ્ય સરકાર દ્વારા શેરો પોઝિટીવ ઈલનેશ યોજના હેઠળ જે બાળક પોતે શેરો ઈલનેશ પોઝિટીવ હોય અથવા તેના માતાપિતા અથવા માતાપિતા બન્નેમાંથી કોઈ એક હોય તેવા કિસ્સામાં અભ્યાસ કરતા બાળકને ધોરણ-૧ થી ૫ (યુનિફોર્મ ખર્ચ સહિત ₹ ૨૦૦૦/-) અને ધોરણ-૬ થી ૧૦ (યુનિફોર્મ ખર્ચ સહિત ₹ ૨૫૦૦/-) ધોરણ ૧૧ કે તેથી વધુ ઉચ્ચ અભ્યાસ માટે ₹ ૪૦૦૦/- થી ₹ ૧૬,૦૦૦/- સુધી (ફી અને પુસ્તકો માટે માસિક ₹ ૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક ₹ ૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જિસ) શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ૨૯૪૯ લાભાર્થીઓને ૮૨.૭૮ (લાખમાં) શિષ્યવૃત્તિ ઓકટોબર ૨૦૨૧ અંતિત ચૂકવાયેલ છે.

♦ ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ ૧૯૫૯ની પ્રવૃત્તિઓ :

ગુજરાત રાજ્યમાં ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ ૦૮ ફેબ્રુઆરી ૧૯૬૦ થી અમલમાં છે. રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને રાજ્યના કોઇ વિસ્તાર માટે તે અર્થે નક્કી કરે તે તારીખે તે વિસ્તારમાં અમલમાં આવે છે. હાલ રાજ્યમાં અધિનિયમની કલમ ૧૬ મુજબ પુરૂષો માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને સ્ત્રીઓ માટે ડભોડા (ગાંધીનગર) એમ કુલ-૦૫ સરકારી ભીક્ષુક સ્વીકાર કેન્દ્રો/-ગૃહો કાર્યરત છે. સંસ્થાના ઓફિસર ઈન્ચાર્જ/-અધીક્ષક દ્વારા સંસ્થાના કર્મચારીઓને સાથે રાખી પોલીસ વિભાગની મદદથી રાઉન્ડ અપ કરવામાં આવે છે. રાઉન્ડ અપ દરમ્યાન ભીક્ષાવૃત્તિ કરતા પકડાયેલ ભીક્ષુકોને નામ. કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવે છે. નામ.કોર્ટ દ્વારા આ ભીક્ષુકોને કાયદાની કલમ ૪(૧) થી ૪(૩) હેઠળ સંસ્થામાં પ્રવેશ આપવાની તથા કલમ ૫(૧) થી કલમ ૫(૫) મુજબ ૦૧ વર્ષ સુધી ભીક્ષુક ગૃહ/-કેન્દ્રોમાં અટકમાં રાખવામાં આવે છે. ભીક્ષુકગૃહોમાં લાવવામાં આવેલ ભીક્ષુકોને મફત ભોજન, આશ્રય, આરોગ્યપ્રદ સુવિધા તેમજ વિવિધ વ્યવસાયલક્ષી ગૃહ ઉદ્યોગો દ્વારા તાલીમ આપવામાં આવે છે. ચાલું નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૦૫ સરકારી ભીક્ષુક ગૃહોને કુલ ૩૦૨.૫૦ (લાખ) ગ્રાન્ટ ફાળવેલ જેની સામે ૧૨૭.૦૦(લાખ) પગાર ખર્ચ, ૮૩.૪૬(લાખ) નિભાવખર્ચ એમ કુલ ૨૧૦.૪૭(લાખ) ખર્ચ નવેમ્બર-૨૦૨૧ અંતિત થયેલ છે. તેમજ હાલમાં ઉકત ૦૫ ભીક્ષુક ગૃહોની કુલ ૩૭૦ ટોચ મર્યાદા સામે કુલ ૨૦૦ ભીક્ષુકો આશ્રય લઈ રહેલ છે.

હાલ રાજ્યમાં દેવભૂમિ દ્વારકા, અંબાજી, ગીરસોમનાથ અને રાજકોટ (મહિલા) સ્વૈચ્છિક ભીક્ષુકગૃહો કાર્યરત થયેલ છે.

♦ સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત કરેલ કામગીરીનો સારાંશ :

જુવેનાઈલ જસ્ટિસ કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન એક્ટ - જે જે એક્ટ ૨૦૦૦, સુધારો ૨૦૦૬ અને હાલમાં ૨૦૧૫ની જોગવાઈઓ મુજબ ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૦ થી સંકલિત બાળ સુરક્ષા યોજના અમલમાં છે. યોજના અંતર્ગત રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સંગઠન (GSCPS) અને જિલ્લા કક્ષાએ જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) કાર્યરત છે. સંભાળ અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકો માટે ગુજરાત રાજ્યમાં કુલ ૩૩ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી તથા કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકો માટે કુલ ૩૩ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડની રચના કરવામાં આવેલ છે.

INDEX

જે જે એક્ટની જોગવાઈઓ અનુસાર અનાથ, નિરાધાર, રખડતા, ભટકતા અને કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકોને વિવિધ યોજનાઓનો લાભ અને સુરક્ષા મળી રહે તે હેતુસર હાલમાં કુલ ૧૩૧ સંસ્થાઓની જે જે એક્ટ હેઠળ નોંધાયેલ છે. જેમાંથી કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો માટે ૦૩ સરકારી અને ૦૩ બિનસરકારી ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ કાર્યરત છે. તેમજ ૦ થી ૬ વર્ષના અનાથ અને ત્યજાયેલા અને પરિત્યાગ થયેલા બાળકો માટે ૦૮ સરકારી અને ૦૮ બિનસરકારી વિશિષ્ટ દત્તક સંસ્થા (SAA) કાર્યરત છે. જેમાં રક્ષણ અને સંભાળની જરૂરિયાતવાળા બાળકોને ચિલ્ડ્રન હોમમાં ચાઈલ્ડ વેલફેર કમિટીના આદેશથી રાખવામાં આવે છે. રાજ્યમાં દિકરીઓ માટે વડોદરા ખાતે પ્લેસ ઓફ સેફટી / સ્પેશ્યલ હોમ તથા છોકરાઓ માટે રાજકોટ અને મહેસાણા ખાતે ચાલે છે. આ બાળકો પૈકી જેમને સંસ્થાકીય જીવનની જરૂરિયાત જણાય તેમને સંસ્થાકીય આશ્રય આપી વિશેષ તાલીમ આપવામાં આવે છે.

♦ સંકલિત બાળ સુરક્ષા યોજના :

સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ ઓક્ટોબર-૨૦૨૧ અંતિત કુલ ₹ ૨૦૬૮.૨૫ લાખ ગ્રાન્ટ મળેલ છે. જેમાં ભારત સરકારના હિસ્સા મુજબ ૧૨૮૧.૬૧ લાખ અને રાજ્ય સરકારના હિસ્સા મુજબ ૭૮૬.૬૪ લાખ મળેલ છે. જેની સામે ₹ ૧૧૧૯.૩૪ લાખ ઓક્ટોબર-૨૦૨૧ અંતિત ખર્ચ થયેલ છે.

♦ રાજ્ય સરકારની યોજનાઓ :

બાળ સંભાળ સંસ્થામાં એક માસ કે તેથી વધુ સમયથી રહેતા ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકોને તેના પોતાના કુટુંબમાં જ પુન:સ્થાપનના હેતુસર માસિક ₹ ૩,૦૦૦/- સહાય આપવામાં આવે છે. હાલમાં ૫૫૨ છોકરાઓ અને ૨૫૩ છોકરીઓ એમ કુલ ૮૦૫ બાળકોને લાભ આપવામાં આવી રહેલ છે.

(૪) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરની કચેરી :

દિવ્યાંગ વ્યકિતઓ ઉપલબ્ધ હક્કો અને અધિકારો માનપૂર્વક ભોગવી સ્વર્નિભર થઈ સમાજની વિકાસની મુખ્ય ધારામાં જોડાઈ શકે તે માટે ભારત સરકારે ધ રાઈટસ ઓફ પર્સન્સ વિથ ડીસેબીલીટીઝ એકટ-૨૦૧૬ પસાર કરેલ છે. આ કાયદો તા.૧૯/-૦૪/-૨૦૧૭ થી અમલી બન્યો છે.

રાજ્યમાં આ કાયદાના અસરકારક અમલીકરણ તથા આ કાયદાની જોગવાઈઓનો ભંગ થતા કિસ્સાઓમાં અરજદારને ન્યાય આપવાની કાર્યવાહી માટે વિકલાંગ વ્યકિતઓના કમિશ્નરશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે.

આ કચેરી દ્વારા દિવ્યાંગજનોના હક્કો અને તેમનામાં જાગૃતિ લાવવા માટે નીચે મુજબની કામગીરી થાય છે.

(૧) રાજ્યમાં પ્રવર્તતા દિવ્યાંગજનોના કાયદા અથવા પોલીસી/-પ્રોગ્રામ અને પ્રક્રિયાને આ કાયદા હેઠળ સુસંગત કરવા સુઓમોટો (SUO MOTO)/-પોતાની રીતે અથવા કાયદામાં જોગવાઇ કરાવી સુધારાત્મક પગલા લેવા.

(૨) દિવ્યાંગજનને પ્રવર્તમાન યોજનાથી થયેલ અન્યાય બાબતે અથવા તો અન્યાય ન થાય તે માટે રક્ષણ પુરૂ પાડવુ. આ માટે તપાસ અથવા સુઓમોટો (SUO MOTO) રીતે સંબંધિત સત્તાધિકારી સમક્ષ બાબત (Matter) રજુ કરી સુધારાત્મક પગલા લેવા.

(૩) ધ રાઈટસ ઓફ પર્સન્સ વિથ ડિસેબીલીટીઝ એકટ-૨૦૧૬ અધિનિયમ હેઠળ દર્શાવેલ સેફ ગાર્ડ તેમજ અન્ય જોગવાઈઓનું પાલન કરાવવુ તેમજ તેનો અસરકારક રીતે અમલ અમલ થાય તે અંગેના પગલા લેવા.

(૪) આ કાયદા હેઠળ આવરી લીધેલ તમામ હક્કોનું સવર્ધન થાય તેમજ આ હક્કોના લાભ દિવ્યાંગજન સુધી પહોચે તેના માટે નકકર પગલા તથા ભલામણો કરવી.

(૫) વિકલાંગતા ક્ષેત્રે સુગમતાના હેતુસર નવા સંશોધનોને પ્રોત્સાહન આપી વધુને વધુ સંશોધન પ્રવૃત્તિ હાથ ધરાવવી.

(૬) દિવ્યાંગજનોના અધિકારો માટે જાગૃત્તિ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવુ તેમજ તેનું સંવર્ધન કરવુ.

(૭) દિવ્યાંગજનોના ઉત્થાન અંગે તૈયાર કરવામાં આવેલ કાર્યક્રમો, યોજનાઓ, વગેરેનું આ એકટને ધ્યાને લઈ નિયમન તથા અમલ કરાવવો.

(૮) દિવ્યાંગજનોના ઉત્થાન તેમજ વિકાસ માટે બનાવેલ યોજનાઓ અંગેની નાણાકીય જોગવાઈઓને આ એકટની મર્યાદામાં દિવ્યાંગજનને યોગ્ય લાભ થાય તે અંગેનું નિયમન કરવુ.

(૯) રાજ્ય સરકાર સોંપે તેવી અન્ય કામગીરી હાથ ધરવી.

INDEX

(૫) ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

♦ આયોગની રચના

પ્રસ્તાવના

બાળકો એ સમાજનું એક અભિન્ન અંગ છે તથા તે સમાજનો મહત્વનો હિસ્સો છે. એક સુરિક્ષત, તંદુરસ્ત અને શિક્ષિત બાળક ભિવષ્યમાં સુદ્રઢ સમાજનું નિર્માણ કરે છે. તે ધ્યાને લઈ બાળકોને વિવિધ અધિકારો આપવામાં આવે છે. પરંતુ, બાળકો આ અધિકારો મુકત રીતે ભોગવી શકે તે માટે અનેક અડચણો ઉભી થતી હોય છે. આ સંદર્ભમાં બાળકના સર્વાંગી વિકાસ માટે બાળ અધિકારના સંરક્ષણની જોગવાઇ કરવી પણ એટલી જ અગત્યની છે.

● ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના

ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨ માં યુનાઇટેડ નેશન્સનાં બાળ અધિકારો બાબતના સમજૂતી કરાર સ્વીકારેલ છે. જેના સંદર્ભે બાળ અધિકારોના રક્ષણ અર્થે "ધી કમીશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ એકટ-૨૦૦૫" સંસદે ઘડેલ છે. અને મહામિહમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા તા:૨૦/૦૬/૨૦૦૬ ના રોજ આ કાયદાને અનુમતિ આપવામાં આવેલ છે. આ કાયદાની કલમ ૧૭ મુજબ તા.૨૮/૦૯/૨૦૧૨ ના રોજ આ કાયદાના જાહેરનામાથી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના કરવામાં આવેલ છે.

● ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન

આયોગના અધ્યક્ષશ્રીની તા:૧૩/૦૧/૨૦૧૬ના જાહેરનામાથી સુ.શ્રી જાગૃતિબેન હરેનભાઇ પંડયાની નિમંણુક કરવામાં આવી છે.

● બાળ અધિકારો

ધી કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ એકટ-૨૦૦૫ ની કલમ ૨(બી) મુજબ બાળ અધિકારો તા.૨૦/૧૧/૨૦૮૯ ના રોજ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓફ ચાઈલ્ડ રાઈટસમાં સ્વીકારવામાં આવેલા અને ભારત સરકાર દ્વારા તા.૧૧/૧૨/૧૯૯૨ ના રોજ અનુમોદિત થયેલ બાળ અધિકારનો સમાવેશ કરવાનો થાય છે.

કામગીરી અને કાર્યક્ષેત્ર

● આયોગના કાર્યો

- ► બાળ અધિકારના ભંગ કે અતિક્રમણના કિસ્સાઓમાં તપાસ કરવી અને સત્તાવાળાઓને કામગીરી કરવા ભલામણ કરવી.
- ► કોઈ પણ કાયદા દ્વારા અથવા તેની હેઠળ બાળકોની સુરક્ષાના અધિકારોના સંરક્ષણ અંગેની તમામ બાબતોની તપાસ અને સમીક્ષા કરવી અને તેના અસરકારક અમલીકરણ માટે પગલા લેવા.
- ► બાળકોના અધિકારો ભોગવવામાં બાધારૂપ હોય તેવા પરીબળો જેમ કે આતંકવાદ, કોમી હિંસા, હુલ્લડો, કુદરતી આપત્તિ, ઘરેલું હિંસા, એચ.આઈ.વી/-એઈડસ, દુર્વ્યવહાર યાતના અને શોષણ, વેશ્યાગીરીમાં વગેરે ધકેલવું વગેરે બાબતોમાં તપાસ કરવી અને યોગ્ય ઉપાયાત્મક પગલાં લેવાની ભલામણ કરવી.
- ► જયાં બાળ ગુન્હેગારોને સારવાર માટે સુધારણા માટે કે રક્ષણ માટે રાખવામાં આવ્યા હોય તે બાળ રક્ષણ ગૃહનું ઈન્સ્પેકશન કરવું અને ઉપાયાત્મક પગલાં માટેની બાબત સબંધિત સાથે હાથ ધરવી.
- ► બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ તથા બાળકોના જાતીય સતામણીના સંરક્ષણ અધિનિયમ ૨૦૧૨ હેઠળ મોનીટરીંગ અને તપાસ કામગીરી.
- ► બાળ અધિકારોના ભંગની ફરિયાદો મળતા તપાસ કરવી અને પોતાની મેળે નોંધ લઈ (Suo Motto) નીચેની બાબતો હાથ પર લેવી.

  (૧) બાળ અધિકારોથી વંચિત રાખવા અને તેના ભંગ બાબત.

  (૨) બાળકોના રક્ષણ અને વિકાસ માટે જોગવાઇ કરતા કાયદાઓનો અમલ નહિ કરવો.

  (૩) બાળકોની મુશ્કેલીઓ હળવી કરવાના ઉદ્દેશથી તથા બાળકોના કલ્યાણને સુનિશ્ચિત કરતી આવા બાળકોને રાહત પુરી પાડનાર નીતિનિર્ણયો, માર્ગદર્શક સૂચનો તથા સૂચનાઓનું અનુપાલન નહિ કરવા અથવા આવી બાબતોમાંથી ઉભા થતા મુદ્દાઓ યોગ્ય સત્તાધિકારી સાથે હાથ ધરવા.

INDEX

- બાળ અધિકારોના સંરક્ષણની હાલની નીતીઓ, કાર્યક્રમો અને બીજી પ્રવૃત્તિઓ તપાસી બાળકોના હિતમાં તેનું અસરકારક અમલીકરણ કરવા ભલામણ કરવી.
- સમાજના વિવિધ વિભાગોમાં બાળ અધિકારોની સાક્ષરતાનો ફેલાવો કરવો અને પ્રકાશનો, પ્રચારપ્રસાર માધ્યમો, સેમિનારો અને અન્ય ઉપલબ્ધ સાધનો મારફત આ અધિકારોના રક્ષણ માટે ઉપલભ્ય વ્યવસ્થાની જાગરૂકતાને પ્રોત્સાહિત કરવી.
- વાર્ષિક / સમયાંતરે રાજ્ય સરકારને બાળ અધિકાર સંરક્ષણ સંબધિતના કામકાજની અસરકારકતા અંગે અહેવાલ આપવો.
- બાળ અધિકાર ક્ષેત્રે ખાસ અભ્યાસ કરવા અને કરાવવા.
- **આયોગની સત્તાઓ**

1. કેસની અદાલતી કાર્યવાહીની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને કોઇ કેસ મોકલવા આયોગને સત્તા રહેશે.
2. આયોગને કેટલીક બાબતોમાં તપાસ કરતી વખતે દીવાની કાર્યરીતિ કાયદો ૧૯૦૮ હેઠળ દાવાની કાર્યવાહી કરતી દીવાની અદાલતની તપાસ સત્તાઓ રહેશે અને ખાસ કરીને નીચેની બાબતોમાં એટલે કેઃ
   a. કોઇ પણ વ્યકિતને બોલાવવાની હાજર કરાવવી અને સોગંદ પર તેને તપાસવી.
   b. કોઇ દસ્તાવેજોની શોધ અને તે રજૂ કરવા.
   c. સોગંદનામા પર પુરાવા મેળવવા.
   d. કોઇ અદાલત કે કચેરીમાંથી જાહેર રેકર્ડ કે તેની નકલ માંગવી.
   e. સાક્ષીઓ કે દસ્તાવેજોની તપાસ માટે કાર્યાધિકાર બહાર પાડવા.

- **તપાસ બાદની કાર્યવાહી**
- આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલી તપાસ પુરી થયેથી આયોગ નીચેનામાંથી કોઇ પણ પગલું લેશે, એટલે કેઃ
- જયાં તપાસ, બાળ અધિકારનો ગંભીર પ્રકારનો ભંગ થયાનુ અથવા તત્કાલીન અમલમાં હોય એવા કોઇ કાયદાની જોગવાઇઓનું ઉલ્લઘંન પ્રકટ કરે ત્યાં સબંધિત વ્યક્તિ કે વ્યક્તિઓ સામે ફરિયાદ માંડવા અથવા આયોગને યોગ્ય લાગે એવી કાર્યવાહી કરવા તે સબંધિત સરકાર અથવા સત્તાધિકારીને ભલામણ કરી શકે.
- ન્યાયાલયને જરૂરી લાગે એવી સૂચનાઓ હુકમ અથવા રીટ માટે સર્વોચ્ચ ન્યાયાલય કે ઉચ્ચ ન્યાયલયનો સંપર્ક કરે.
- આયોગ આવશ્યક ગણે તે પ્રમાણે, ભોગ બનેલાને અથવા એના કુટુંબના સભ્યને આવી વચગાળાની રાહત આપવા માટે સબંધિત સરકાર કે સત્તાધિકારીને ભલામણ કરે.
- **વર્ષ ૨૦૨૧-૨૨ની કામગીરીનો સારાંશ**
- **રાજ્ય, જીલ્લા અને તાલુકા વર્કશોપનું વાર્ષિક આયોજન :** સમગ્ર ગુજરાતમાં શિક્ષણ, પોલિસ, શ્રમ અને રોજગાર, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, આઇ.સી.ડી.એસ, ડબલ્યુ.સી.ડી, આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને અને કર્મચારીઓને તાલીમ વર્કશોપ પૂર્ણ કરવામાં આવ્યા.
- **રાઇટ ટુ એજયુકેશનનું મોનીટરીંગ :** રાઇટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત રાજ્યમાં અમલવારી માટે આયોગ દ્વારા જીલ્લા, તાલુકા, કક્ષાએ રૂબરૂ સ્થળ મુલાકાત કરવામાં આવે છે. અને રાઇટ ટુ એજયુકેશન એકટના અમલીકરણ અંગે મોનીટરીંગ કરવામાં આવે છે. રાઇટ ટુ એજયુકેશન અંતર્ગત રૂબરૂ સુનાવણીઓ રાખવામાં આવે છે. અને તેના દ્વારા ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે. રાઇટ ટુ એજયુકેશન અંતર્ગત જાન્યુઆરીથી માર્ચ સુધીમાં સમગ્ર રાજ્યમાં બાળ આયોગની ટીમ દ્વારા રૂબરૂ મુલાકાત દ્વારા સક્રિય મોનીટરીંગનું આયોજન ઘડવામાં આવેલુ છે. ઓનલાઈન ફરિયાદ નિવારણ તંત્ર ઉભુ કરવામાં આવ્યુ છે. તેમજ માસુમ મોબાઇલ એપ્સ પણ લોંન્ચ કરવામાં આવેલ છે.
- **ફરિયાદના નિવારણ માટે અસરકારક વ્યવસ્થાતંત્ર :** આયોગ દ્વારા અરજી સ્વરૂપે, રૂબરૂ, ટેલિફોનીક, ઇમેઇલ, વર્તમાનપત્રના કટીંગ, ટેલીવિઝન વગેરે દ્વારા ફરિયાદો લેવામાં આવે છે. ફરિયાદ અંગે સબંધિત વિભાગ પાસેથી અહેવાલ મંગાવવામાં આવે છે. ત્યારબાદ અહેવાલ પરથી આયોગ દ્વારા આગળની કાર્યાવાહી અર્થે ફોલોઅપ કરવામાં આવે છે. ગંભીર પ્રકારની ફરીયાદ માટે આયોગ દ્વારા પીડીત તેમજ તેને સબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓને રૂબરૂ આયોગની કચેરીએ સુનાવણી માટે બોલાવવામાં આવે છે. અને તે અંગે અસરકારક નિર્ણય કરાવવામાં આવે છે. જાન્યુઆરીથી થી ઓકટોબર અંતિત ૯૦ ટકા જેટલી ફરિયાદોનો સુખદ નિકાલ કરવામાં આવેલ છે.

- **વેબીનાર દ્વારા અધિકારીશ્રીઓ સાથે બેઠક :** દર ત્રણ માસે જીલ્લા બાળ સુરક્ષા અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક કરવામાં આવે છે. કોવિડ-૧૯ના કારણે વેબિનાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ પણ બાળ અધિકાર સંરક્ષણ સબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ સાથે કોવિડ-૧૯ના કારણે વેબિનાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. બેઠક કરવામાં આવે છે. જેથી કરીને જીલ્લા તંત્ર સાથે સારૂ સંકલન સાધી શકાય. દર જીલ્લામાં બાળ અધિકાર સંરક્ષણ સબંધિત જુદા જુદા વિભાગના મુખ્ય અધિકારીઓને આયોગની કચેરીએ જીલ્લા વાઈઝ બાળ અધિકારોના સંરક્ષણ બાબતે રીવ્યુ બેઠક કરવાનું આયોજન આયોગ દ્વારા હાથ ધરાયેલું છે.
- **જનજાગૃતિ અભિયાન :** સમગ્ર ગુજરાતમાં એફ.એમ,એસ.ટી બસમાં આવેલ એલ.ઈ.ડી ટી.વી માં જાહેરાત આપીને, ડોકયુમેન્ટ્રી ફિલ્મ દ્વારા લોક જાગૃતિ કરવામાં આવી.

વર્ષ ૨૦૨૨-૨૩માં કરવાની કામગીરીનો અંદાજ

- રાજ્ય જીલ્લા અને તાલુકા વર્કશોપ દ્વારા બાળ અધિકારોની જોગવાઈની તાલીમનું વાર્ષિક આયોજન
- રાઈટ ટુ એજયુકેશનનું મોનીટરીંગ તેમજ તે અંગે કેસ સ્ટડી અને સર્વે રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી.
- ફરિયાદના નિવારણ માટે અસરકારક વ્યવસ્થાતંત્ર તેમજ સુઓ-મોટો હાથ ધરવાની કામગીરી.
- જુદા-જુદા વિભાગના અધિકારીશ્રીઓ સાથે બાળ અધિકારની જોગવાઈઓ અંગે બેઠક અને સંકલન.
- સમગ્ર રાજ્યમાં ડોકયુમેન્ટ્રી ફિલ્મ, બેનર્સ, એફ.એમ, વગેરે દ્વારા જનજાગૃતિ અભિયાન.

- **બજેટના આંકડા :**
  - (૧) વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષ માટે ₹ ૬૧.૦૦ લાખની ફાળવેલ ગ્રાન્ટ સામે ₹ ૬૧.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.
  - (૨) વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષ માટે ₹ ૮૯.૦૬ લાખની ફાળવેલ ગ્રાન્ટ સામે ₹ ૮૯.૦૬ લાખનો ખર્ચ થયેલ છે.
  - (૩) વર્ષ ૨૦૧૫-૧૬ માટે ₹ ૧૬૩.૦૫ લાખના અંદાજો તેમજ બાળ અધિકાર ૧૩૦.૩૧ લાખનો ખર્ચ થયેલ છે.
  - (૪) વર્ષ ૨૦૧૬-૧૭ ના વર્ષ માટે ₹ ૨૨૩.૯૩ લાખની મંજુરી સરકારશ્રી દ્વારા મળેલ છે. તેની સામે ૧૫૪.૫૬ લાખનો ખર્ચ થયેલ છે.
  - (૫) વર્ષ ૨૦૧૭-૧૮ ના વર્ષમાટે ₹ ૫૮૩.૦૦ લાખની મંજુરી સરકારશ્રી દ્વારા મળેલ છે.તેની સામે ૩૪૧.૧૧લાખનો ખર્ચ થયેલ છે.
  - (૬) વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે ૫૮૮.૦૦ લાખના સૂચિત અંદાજો મુકવામાં આવેલા છે.તેની સામે ૩૬૩.૨૬ લાખો ખર્ચ થયેલ છે.
  - (૭) વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે ૫૮૮.૦૦ લાખના સૂચિત અંદાજો મુકવામાં આવેલા છે. તેની સામે ૪૨૧.૫૪ લાખનો ખર્ચ થયેલ છે.
  - (૮) વર્ષ ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ૫૮૮ લાખના સુચિત અંદાજો મુકવામાં આવેલા છે. તેની સામે ૪૬૨.૧૭ લાખનો ખર્ચ થયેલ છે.
  - (૯) વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ૫૮૮.૦૦ લાખના સુચિત અંદાજો મુકવામાં આવેલા છે. માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૪૦૭.૯૫ લાખનો ખર્ચ થયેલ છે.
  - (૧૦) વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ૫૮૮.૦૦ લાખના સુચિત અંદાજો મુકવામાં આવેલા છે.

(૬) અન્ય પછાત વર્ગોનું પંચ :

ઈન્દ્રાસહાનીના કેસમાં (રીટપીટીશન સિવિલ નં. ૯૩૦-૧૯૯૦)માં નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ આદેશના પાલન રૂપે ગુજરાત રાજ્યના નાગરિકોને અન્ય પછાતવર્ગોની યાદીમાં સમાવેશ કરવા તેમજ અતિ સમાવેશ કે અલ્પ સમાવેશ માટેની રજુઆતો તપાસવાના હેતુથી રાજ્ય સરકારે સમાજ કલ્યાણ વિભાગના તા.૧૮/૩/૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃએસએસપી -૧૧૯૩-ખ-૧૦૨-અ થી ગુજરાત હાઈકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયમુર્તિ શ્રી. પી.આર.ગોકુલકિષ્ણનની પંચ તરીકે નિમણુંક કરી હતી. હાલ, પંચની જગ્યા પર અધ્યક્ષા તરીકે ગુજરાત હાઈકોર્ટના ભુતપુર્વ ન્યાયમુર્તિ માનનીય સુશ્રી સુજ્ઞાબેન કે. ભટ્ટ છે.

જ્ઞાતિ કે જાતિ મંડળો તરફથી પંચને મળેલ રજુઆતો ધ્યાને લઈ, અરજદારોને પ્રશ્નાવલી મોકલી માહિતી એકત્ર કરવામાં આવે છે તથા પંચના અધિકારીશ્રીઓ સ્થળ નિરીક્ષણ રૂબરૂ મુલાકાત લઈ તપાસ કરે છે. મળેલ રજુઆતોના સંદર્ભમાં તમામ પાસાઓનો અભ્યાસ કરી જ્ઞાતિ/-જાતિનો અન્ય પછાતવર્ગોની યાદીમાં સમાવેશ કરવા યોગ્ય છે કે કેમ તે અંગેની સરકારને પંચ ભલામણ કરે છે.

INDEX

(૭) ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ

ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગની રચના

- **પ્રસ્તાવના :**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની તા.૦૫/૧૦/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૭/૧૩/સશપ/૧૨૨૦૧૭/૫૭૫૯૪૯/અ થી ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગની રચના કરવામાં આવેલ છે. આ આયોગનો ક્ષેત્રાધિકાર સમગ્ર ગુજરાત રહેશે અને આયોગનું વડુ મથક ગાંધીનગર રહેશે.

ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગના અધ્યક્ષ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની તા.૨૩/૧૦/૨૦૧૭ની અધિસૂચનાથી અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ત્રણ સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ હતી. (નિમણૂંકની તારીખથી ત્રણ વર્ષ માટે) તેમજ વિભાગની તા.૦૨/૦૯/૨૦૨૧ના અધિસૂચનાથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂંક કરવામાં આવેલ છે. બિન સરકારી સભ્યોની મુદત તા.૨૨/૧૦/૨૦૨૦ના રોજ પૂર્ણ થતાં હાલમાં જગ્યા ભરાયેલ નથી.

કામગીરી અને કાર્યક્ષેત્ર

- **આયોગના કાર્યો**

► ગુજરાત રાજ્યના બિન અનામત વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓની તપાસ કરશે અને સમાજના આ વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓના સમાધાન માટે ભલામણો કરશે.

► ગુજરાત રાજ્યના બિન અનામત વર્ગોની કલ્યાણકારી યોજનાઓ ઘડશે, તેના અમલ માટે સરકારને ભલામણ કરશે.

► ગુજરાત રાજ્ય સરકારની અમલમાં હોય તેવી કલ્યાણકારી યોજનાનો અભ્યાસ કરશે તે યોજનાઓ બિન અનામત વર્ગોના હિતમાં કેવી રીતે લાગુ કરી શકાય તે અંગેની ભલામણો કરશે.

► આયોગ અન્ય રાજ્યો અને કેંદ્ર શાસિત પ્રદેશોની કલ્યાણકારી નીતિઓનો અભ્યાસ કરશે, આવી નીતિઓ સ્વીકારવી કે કેમ તેની ભલામણો કરશે.

► માર્ગદર્શક સિદ્ધાંતો (Directive Principles) અને અન્ય ભાગોમાં સમાવાયેલી બિન અનામત વર્ગો માટેની જોગવાઈઓના અમલ માટે ભલામણો કરશે.

- **આયોગની સત્તાઓ**

► આયોગને સરકારી વિભાગો, સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓ, જાહેર સાહસો અને સ્વાયત્ત સંસ્થાઓ પાસેથી માહિતી મેળવવાનો અધિકાર અને સત્તા રહેશે. આયોગને તેના હેતુ માટે અને બિન અનામત વર્ગોના હિતમાં સમગ્ર રાજ્યમાં પ્રવાસ કરવાની સત્તા રહેશે.

► આયોગ રાજ્ય સરકાર ફરમાવે તેવું અન્ય ખાસ કાર્ય કે ફરજ બજાવશે.

વર્ષ ૨૦૨૧-૨૨ની કામગીરીનો સારાંશ

► જાહેર જનતા, ટ્રસ્ટો, સામાજિક સંસ્થાઓ તરફથી બિન અનામત વર્ગોમાં સમાવિષ્ટ જ્ઞાતિઓ તરફથી આયોગને મળતી રજુઆતો અંગે આયોગ દ્વારા સરકારશ્રીમાં ભલામણો કરવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા બિન અનામત જાતિઓ/વર્ગોના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે ધિરાણ/વ્યાજ સહાય માટે વિવિધ ૯(નવ) યોજનાઓની મંજુરી આપવામાં આવેલ છે. જેનો અમલ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા નિગમને મળેલ અરજીઓ ધ્યાને લઈ તબક્કાવાર અમલ થઈ રહેલ છે.

► ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગના કાર્યો અને ઉદ્દેશો મુજબ ગુજરાત સિવાયના અન્ય રાજ્યોની યોજનાઓનો અભ્યાસ કરવામાં આવે છે તેમજ અન્ય રાજ્યોમાં લાગુ કરવામાં આવેલ ૧૦ ટકા આર્થિક નબળા વર્ગની યોજનાઓ બાબતે અભ્યાસ કરવામાં આવે છે.

- **આયોગની કામગીરીની રીવ્યુ બેઠક**

► માહે ઓકટોબર-૨૦૨૧ સુધીમાં આયોગ ખાતે કુલ-૨૮ સમીક્ષા બેઠક કરવામાં આવેલ છે. જેમાં બિન અનામત વર્ગોના જુદા જુદા મુદ્દાઓ પર યોજનાઓ પર ચર્ચાવિચારણા કરી, સરકારશ્રીમાં ભલામણ કરવામાં આવેલ છે.

INDEX

- **કામગીરી :**

► વિવિધ સમાજના આગેવાનો સાથે બેઠકોનું આયોજન કરીને, સામાજિક સમરસતાની ભાવનાને ચરિતાર્થ કરવાના હેતુથી બિન અનામત વર્ગો માટે સરકારે જાહેર કરેલી યોજનાઓની માહિતી આપવામાં આવે છે તેમજ સામાજિક આગેવાનો પાસેથી મંતવ્યો/સૂચનો પણ મેળવવામાં આવે છે.

► સરકારશ્રી દ્વારા બિન અનામત વર્ગો માટે જે યોજનાઓ મંજુર કરવામાં આવેલ છે. તે યોજનાઓ અંગેની માહિતીથી લોકો અવગત થાય અને જાણકારી મળી રહે તે હેતુથી નવેમ્બર ૨૦૨૧ સુધી કુલ-૨૦ જિલ્લાઓમાં જે તે જિલ્લા કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લાના સામાજીક આગેવાનો, સામાજીક સંસ્થાના અગ્રણીઓ સાથે બેઠક યોજી પ્રચારપ્રસારની કામગીરી કરવામાં આવેલ છે.

- **બજેટ**

► વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં ₹ ૧૪૭.૨૭ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી. ₹ ૯૦.૨૩ લાખની ગ્રાન્ટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ. તેમાંથી ₹ ૭૦.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં ₹ ૮૩.૭૮ લાખની સુધારેલ જોગવાઈ કરવામાં આવેલ છે. તેમાંથી ₹ ૫૫.૮૭ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં ₹ ૧૪૨.૩૯ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમાંથી ₹ ૯૭.૯૦ લાખની ગ્રાંટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ છે. તેમાંથી નવેમ્બર-૨૦૨૧ સુધી (૧૫/૧૧/૨૦૨૧ સુધી) ₹ ૪૬.૩૧ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૨.૫૮ લાખના સ્થાયી ખર્ચના અંદાજો મોકલવામાં આવેલ છે અને ₹ ૪૨.૦૧ લાખના ચાલુ બાબતોના અંદાજોની દરખાસ્ત કરવામાં આવેલ છે.

૨૧. આદિજાતિ વિકાસ વિભાગ

અનુસૂચિત જનજાતિ કલ્યાણ

આ વિભાગ પછાત વર્ગોના કલ્યાણ પૈકી આદિજાતિઓના કલ્યાણની પ્રવૃત્તિઓ માટે નીતિ નક્કી કરે છે. અને ખાતાના વડાઓ આદિજાતિ નિયામકશ્રીની કચેરી મારફત યોજનાઓનો અમલ કરાવે છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજ્યની કુલ વસ્તી ૬૦૪.૪૦ લાખની છે. જેમાં અનુ.જનજાતિની વસ્તી ૮૯.૧૭ લાખ છે. જે રાજ્યની કુલ વસ્તીના પ્રમાણમાં ૧૪.૭૫ ટકા છે. આદિજાતિઓમાં ૨૦૧૧ મુજબ સામાન્ય શિક્ષણનું પ્રમાણ ૫૯.૦૯ ટકા છે. આ જાતિ માટે શૈક્ષણિક, આર્થિક, આરોગ્ય અને ગૃહ નિર્માણની યોજનાઓ અમલમાં છે. જેમાં અનુ.જનજાતિ પૈકી ખૂબ જ પછાત એવા કોલધા, કોલચા, સીદ્દી, પઢાર, કાથોડી, હળપતિ, અને કોટવાળીયા જાતિઓના વિશેષ લાભ આપવામાં આવે છે.

આદિજાતિઓના કલ્યાણ માટેની યોજનાઓને મુખ્ય ચાર વિભાગોમાં વહેંચવામાં આવી છે.

(૧) શિક્ષણ (૨) આર્થિક ઉત્કર્ષ (૩) આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ (૪) નિર્દેશ અને વહીવટ

૧. શિક્ષણની યોજનાઓ

૧.૧ પ્રિ.એસ.એસ.સી.સ્કોલરશીપ

પ્રિ.એસ.એસ.સી. સ્કોલરશીપ ધો. ૧ થી ૧૦ માં ભણતા આદિજાતિ વિદ્યાર્થીઓને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય ચૂકવવામાં આવે છે. પ્રાથમિક વિભાગમાં ધો.૧ થી ૮ માં (કુમારને) ₹ ૫૦૦/- વાર્ષિક સ્કોલરશીપ આપવામાં આવે છે. ધો. ૯ થી ૧૦માં ₹ ૭૫૦/- વાર્ષિક સ્કોલરશીપ આપવામાં આવે છે. જ્યારે ધો ૧ થી ૫માં કન્યાને (વિદ્યાર્થીઓ) ₹ ૫૦૦/- વાર્ષિક સ્કોલરશીપ આપવામાં આવે છે. ધો ૬ થી ૧૦માં ₹ ૭૫૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. (નોંધ ધો.-૯ થી ૧૦માં ₹ ૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા મા/બાપ/વાલીની વિદ્યાર્થીઓને) જયારે પ્રિમીટીવ ગ્રુપના વિદ્યાર્થીઓને ધો.૧ થી ૮ માટે ₹ ૭૫૦/- વાર્ષિક અને ધો.૯ થી ૧૦માં ₹ ૧૦૦૦/- વાર્ષિક ચુકવવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૭૯૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૬૫૫૯.૭૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. તેમજ ૧૧,૮૦,૨૮૧ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવેલ છે. જયારે પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિની સમાન હેતુવાળી ત્રણ યોજનાઓ માટે ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે સંયુક્ત રીતે કુલ ₹ ૭૯૦૦.૦૦ લાખની સુચિત જોગવાઈ સૂચવેલ છે.

૧.૨ ટેકનીકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ

આઇ.ટી.આઇ. અને ટેકનીકલ અભ્યાસક્રમ માટે માસિક ₹ ૪૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. અને વ્યવસાયિક એક વર્ષના કોર્ષ માટે ₹ ૪૦૦/- માસિક આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદા ₹ ૧,૨૦,૦૦૦/- વાર્ષિક અને શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા ₹ ૧,૫૦,૦૦૦/- વાર્ષિક રાખવામાં આવેલ છે. મેડીકલ/ એન્જીનિયરિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સાધનો ખરીદવા માટે જે વિદ્યાર્થીઓના વાલીની આવક મર્યાદા ₹ ૨.૫૦ લાખ છે, તેવા મેડીકલના વિદ્યાર્થીઓને ₹ ૧૦,૦૦૦/-, ડિગ્રી એન્જીનિયરિંગના વિદ્યાર્થીઓને ₹ ૮,૦૦૦/- તથા ડિપ્લોમા એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓને ₹ ૩,૦૦૦/- શૈક્ષણિક સાધન સહાય વિદ્યાર્થી દીઠ આપવામાં આવે છે. આ ઉપરાંત એમ.ફીલ, પી.એચ.ડી.ના પોસ્ટ મેટ્રીક આવક મર્યાદા ઉપરાંતના વિદ્યાર્થીઓને અનુક્રમે ₹ ૨,૦૦૦/- અને ₹ ૨,૫૦૦/- માસિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૫૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૩૯.૯૧ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૮૩૯ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવેલ છે. જયારે સદરહું ત્રણ યોજનાઓ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે સંયુક્ત રીતે કુલ ₹ ૫૮૦.૦૦ લાખની સુચિત જોગવાઈ સૂચવેલ છે.

૧.૩ કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ફૂડબિલ સહાય

કોલેજ/યુનિવર્સિટી સંલગ્ન છાત્રાલયોમાં રહેતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને વાર્ષિક ₹ ૪,૫૦,૦૦૦/- આવક મર્યાદા ધ્યાને લઇ ₹ ૧૫૦૦/- ખોરાક ખર્ચ પેટે આપવામાં આવે છે. આ યોજનાનો લાભ ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવતા વિદ્યાર્થીઓને મળે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૩૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૩૭૪.૧૭ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૪૫૦૮ વિદ્યાર્થીઓને યોજનાનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.

૧.૪ એસ.એસ.સી.પછીના પોસ્ટ મેટ્રીક અભ્યાસક્રમ માટે અનુસૂચિત જનજાતિની બહેનો (સહિત) અપાતી શિષ્યવૃત્તિ

એસ.એસ.સી. પછીના વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ભારત સરકાર દ્વારા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ₹ ૨,૫૦,૦૦૦/- કરવામાં આવેલ છે. આર્થિક માપદંડ નોકરી અને કુટુંબના કદના કારણે પાત્ર ન હોય તેવા એસ.એસ.સી. પછીની વિદ્યાર્થીનીઓને આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય રાજ્ય સરકારના ભંડોળમાંથી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના ધોરણના દર મુજબ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૪૩૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. જેમાં સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય ટ્યુશન ફીમાંથી મુકિત આપવા બાબતની યોજનાનો પણ સમાવેશ થાય છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૧૯૨૨૭.૪૫ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૬૩,૧૩૭ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને યોજનાનો લાભ આપવામાં આવેલ છે જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માં સંયુકત ₹ ૪૭૫૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૧.૫ વધારાના શિક્ષણ કેન્દ્રો

છાત્રાલયોમાં રહી અભ્યાસ કરતાં આદિજાતિના ધો.૮ થી ૧૦ ના વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી જેવા અઘરા વિષયો શીખવવા માટે વધારાના શિક્ષણ વર્ગો ચલાવવામાં આવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ થી સદરહુ યોજના બીસીકે-૧૬૫ પછાત વર્ગના છાત્રાલયોને સહાયક અનુદાનની યોજનામાં મર્જ કરવામાં આવેલ છે.

૧.૬ બુક બેન્ક યોજના

તબીબી, ઈજનેરી અને પોલીટેકનીકના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતેની બુક બેંક યોજનામાંથી પુસ્તકોની કિંમતના ૫ ટકા ડિપોઝીટ લઈ પુસ્તકો પુરા પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૭.૦૦ લાખની જોગવાઈ કરેલ છે.

૨. શૈક્ષણિક સવલતો માટે સહાયક અનુદાનના છાત્રાલયો/સરકારી છાત્રાલયો

૨.૧ સહાયક અનુદાનના છાત્રાલયો

અનૂસુચિત જનજાતિના ધોરણ ૫ થી ૧૨માં અભ્યાસ કરતા કુમાર/કન્યા માટે સહાયક અનુદાનના ધોરણે સ્વૈચ્છિક સંસ્થા સંચલિત કુલ ૯૧૦ છાત્રાલયો રાજ્યમાં કાર્યરત છે. સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સહાયક અનુદાનના ધોરણે ચાલતા છાત્રાલયોને નિયત થયા મુજબના ધોરણે યોજના હેઠળ વિવિધ પ્રકારની સહાય ચુકવવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૯૮૯૪.૫૯ લાખની જોગવાઈ સુચવેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૨૩૫૧.૫૨ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ કોરોના માહામારીના કારણોસર ૩૨,૭૦૦ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૩૨૧.૧૭ લાખની જોગવાઈ સુચવેલ છે.

૨.૨ સરકારી છાત્રાલયો

સને ૨૦૨૧-૨૨માં ૩૩ માધ્યમિક તથા કોલેજકક્ષાની ૧૪૨ હોસ્ટેલ કાર્યરત છે. જેમાં ૧૭૩૪૦ વિદ્યાર્થી લાભ લે છે.

માધ્યમિક કક્ષા : આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને મફત રહેવાની, તેમજ અન્ય સગવડો જેવી કે પુસ્તકાલય, રમતગમતના સાધનો તેમજ પ્રાથમિક સારવાર માટે દવાઓની સુવિધાઓ આપવામાં આવે છે. માધ્યમિક કક્ષાની-૩૩ હોસ્ટેલો કાર્યરત છે. જેમાં ૨૦૦૫ વિદ્યાર્થીઓ લાભ મેળવે છે.

કોલેજ કક્ષા : આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને મફત રહેવાની તેમજ અન્ય સગવડો જેવી કે પુસ્તકાલય, રમત-ગમતના સાધનો તેમજ પ્રાથમિક સારવાર માટે દવાઓની સુવિધાઓ આપવામાં આવે છે. કોલેજ કક્ષાની-૧૪૨ હોસ્ટેલો કાર્યરત છે. જેમાં ૧૫૩૩૫ વિદ્યાર્થીઓ લાભ મેળવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૦૯૨૨.૬૮ લાખની જોગવાઈ સૂચવેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૩૧૪૯.૯૮ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ કોરોના મહામારીના કારણોસર ૫૦ ટકા પ્રમાણે ૮૮૨૨ વિદ્યાર્થીઓને યોજનાનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૧૨૩૩.૪૭ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૨.૩ સમરસ છાત્રાલય

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, જામનગર, ભુજ, હિંમતનગર ખાતે તેમજ વર્ષ-૨૦૨૦-૨૧થી પાટણ મુકામે સમરસ છાત્રાલયો શરૂ કરેલ છે. જેમાં ૩૯૦૦ આદિજાતિ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને રહેવા જમવાની તેમજ અદ્યતન સુવિધા વાળા છાત્રાલયનો લાભ પુરો પાડવા વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૨૨૩૭.૬૩ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૧૨૩૧.૯૯ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૨૨૮૪.૧૭ લાખની જોગવાઈ સૂચવેલ છે.

INDEX

૨.૪ આશ્રમશાળા

આશ્રમશાળા ૧ થી ૮ ધોરણની રહેણાંક વ્યવસ્થાવાળી પ્રાથમિક શાળા છે. સામાન્ય રીતે આશ્રમશાળાઓ જંગલમાં ઉડાણના ભાગમાં સ્થાપવામાં આવે છે. તેમાં ભણતા બાળકોને જમવાની, રહેવાની સગવડો અને ગણવેશ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આમ પાયાની જરૂરિયાત સંતોષાતી હોઈ, તેઓ શિક્ષણ સરળતાથી લઈ શકે છે. છાત્ર જીવન સમૃધ્ધ બને તે માટે બુનિયાદી શિક્ષણની વિવિધ પાયાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. શિક્ષણના સાનિધ્યમાં જીવન ઘડતર અને ચરિત્ર ઘડતરનું કાર્ય સંસ્થામાં થાય છે.

આશ્રમશાળામાં ૮માં ધોરણનું શિક્ષણ પુરું કરીને વિદ્યાર્થીઓ પોતાનું માધ્યમિક શિક્ષણ ચાલુ રાખે તે માટે ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી છે. આ સંસ્થામાં ઉધોગ તરીકે કૃષિ અને ગોપાલન જેવા વિષયો ભણાવવામાં આવે છે.

રાજ્યની ૪૦૩ જેટલી અનુ.જનજાતિની આશ્રમશાળાઓ, ૧૯૬ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ તથા ૬૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં અનુક્રમે ૬૨,૦૮૪,૨૧,૮૪૦ અને ૮,૯૯૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને મળીને કુલ આશરે ૯૨,૯૧૪ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવાની જોગવાઇ છે.

આદિજાતિ વિસ્તાર પેટાયોજના હેઠળની આશ્રમશાળાઓ તથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના નિભાવ માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ₹ ૪૧૦૯૬.૮૨ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૧૪૯૨૭.૬૮ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૮૯૮૨૫ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને યોજનાનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૯૫૮૩.૨૩ લાખ સૂચવેલ છે.

૨.૫ આદર્શ નિવાસી શાળાઓ

આદિજાતિ વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે તેજસ્વી કારકીર્દી પ્રાપ્ત કરી શકે તે માટે આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી છે. આ શાળાઓમાં વિદ્યાર્થીઓને ભણવાની, રહેવાની, જમવાની તેમજ અન્ય સુવિધાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. હાલમાં કુલ ૨૬ કુમારો માટે, ૨૬ કન્યાઓ માટે તથા ૨૩ કુમાર/કન્યાઓ મિશ્ર શાળા મળી એમ કુલ ૭૫ આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે. જેના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૧૫૪૯.૭૩ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૪૮૦૯.૯૯ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૧૦૯૫૩ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને યોજનાનો લાભ આપવામાં આવેલ છે.જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૧૨૭૪.૪૯ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે.

૨.૬ મફત ગણવેશ યોજના

ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતાં અનુ.જનજાતિના બાળકોને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય ત્રણ જોડી ગણવેશ પેટે ₹ ૬૦૦/- સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૮૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૭૦૭૭.૧૪ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૧૧,૮૦,૬૦૫ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને યોજનાનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૮૧૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે.

૨.૭ વિદ્યાસાધના યોજના

ધો.૯ માં ભણતી અને ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોની અનુ.જનજાતિની કન્યાઓને આ યોજના હેઠળ મફત સાયકલ ભેટ આપવામાં આવે છે. આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૧,૨૦,૦૦૦/- ને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- વાર્ષિક રાખવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૯૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૭૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.

૩. આર્થિક ઉત્કર્ષની યોજનાઓ

અનુ.આદિજાતિના લોકોનો આર્થિક વિકાસ થાય અને પોતે પગભર થઇ શકે તે માટે નીચેની યોજનાઓ અમલમાં છે.

૩.૧ માનવ ગરીમા યોજના

માનવ ગરીમા યોજના હેઠળ સ્વરોજગારીની કુલ કિટ્સના સાધનોની સંખ્યા અને કિંમત જુદા જુદા ટ્રેડ મુજબ નક્કી કરવામાં આવેલ છે. કુલ ૨૮ ધંધાદારી કીટ્સ સહાયરૂપે આપવામાં આવે છે. આવક મર્યાદા વાર્ષિક ₹ ૧,૨૦,૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર માટે અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ₹ ૧૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં ખેતમજુરોને સાધન સહાય યોજનાની જોગવાઇનો પણ સમાવેશ થાય છે. જ્યારે સને ૨૦૨૨-૨૩માં સંયુકત ₹ ૧૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.

INDEX

૩.૨ પછાત વર્ગની મહિલાઓ માટે શિવણવર્ગો

રાજ્યમાં બહેનોને શિક્ષણની તાલીમ લઈને શિવણકામ કરી રોજગારી મેળવી શકે તે માટે શિવણવર્ગ સરકાર દ્વારા ચલાવવામાં આવતા હતાં. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૧.૦૧ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૩.૩ પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો

સરકારી/અર્ધ સરકારી નોકરીઓમાં આરક્ષિત જગ્યાઓ હોવા છતાં તાલીમના અભાવે અનુ.આદિજાતિના ઉમેદવારો ઈન્ટરવ્યુમાં સારો દેખાવ કરી શકતા નથી. આથી તેમની પરીક્ષાલક્ષી તાલીમ માટે પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો ચલાવવામાં આવતા હતાં.

વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૧.૬૩ લાખની જોગવાઈ કરેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૬.૮૫ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૫.૮૧ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૩.૪ બિરસા મુંડા ભવન, ગાંધીનગર

આદિજાતિ ભવન, ગાંધીનગર મુકામે તૈયાર કરવામાં આવેલ છે. જેનું નામાભિધાન બિરસા મુંડા ભવન તરીકે કરવામાં આવેલ છે. આ ભવનમાં નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગની કચેરી, કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની કચેરી તથા કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરની કચેરીઓ કાર્યરત છે. આ ઉપરાંત આદિજાતિ લોકો ગાંધીનગર મુકામે સરકારી કામે આવે ત્યારે તેઓને રહેવાની ખૂબ જ અગવડ પડતી હતી જેને ધ્યાને લઈને આદિજાતિઓને રહેવા માટે વિશ્રામગૃહ પણ બનાવવામાં આવેલ છે. જે કાર્યરત છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૪૫.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૧૨.૮૬ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૪૪.૮૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૩.૫ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ

આ નિગમ સંપૂર્ણ રીતે રાજ્ય સરકાર દ્વારા ચાલે છે. જેનું ધ્યેય અનુ.જનજાતિની વ્યકિતઓનું આર્થિક સ્તર ઊંચુ લાવવાનું છે. આ નિગમ આદિજાતિ સહકારી મંડળીના સભ્યોને આર્થિક સહાય આપે છે. આ નિગમના વહીવટી ખર્ચ તથા અન્ય પ્રવૃત્તિ માટે સરકાર નાણાંકીય સહાય આપે છે. આદિજાતિ વિકાસ નિગમ અધિનિયમ-૧૯૭૨ ની જોગવાઈ અનુસાર રાજ્ય સરકારે મૂડી ભંડોળ નિગમને આ પ્રવૃત્તિ હાથ ધરવા પુરુ પાડેલ છે. સને ૨૦૨૦-૨૧માટે ₹ ૬૭૭.૯૯ લાખની નિગમના વહીવટી ખર્ચ માટે જોગવાઇ કરવામાં આવી છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૩૮૦.૫૮ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સને ૨૦૨૨-૨૩ માટે ₹ ૬૭૭.૯૯ લાખની વહીવટી ખર્ચ માટે જોગવાઇ સૂચવેલ છે.

૩.૬ કાયદા અને તબીબી સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન તથા સહાય

મેડીકલમાં સ્નાતક થયેલા આદિજાતિ ઉમેદવારોને સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે લોન સહાય ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ મારફતે મંજૂર કરવામાં આવે છે. જે ઉપરાંત બેંક અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી ₹ ૫૦.૦૦ લાખ સુધીની લોન મેળવે ત્યારે આ લોન પર ૬ ટકાના દરે વ્યાજ સબસીડી ₹ ૩ (ત્રણ) લાખ સુધીની ત્રણ વર્ષ સુધી આપવાની જોગવાઈ વર્ષ-૨૦૧૩-૧૪થી કરવામાં આવેલ છે. આદિજાતિના કાયદાના સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન સહાય ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ મારફતે મંજૂર કરવામાં આવે છે. જે ઉપરાંત કાયદાનો અભ્યાસ કર્યા બાદ બે વર્ષમાં સનદ મેળવી હોય તેવા આદિજાતિ યુવક /યુવતીઓ માટે સ્ટાઈપેન્ડ આપવાની જોગવાઈ અમલમાં છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૪૬.૮૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૨૬.૨૬ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૨૬ લાભાર્થીઓને યોજનાનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે સને ૨૦૨૨-૨૩ માટે ₹ ૨૩.૪૦ લાખની જોગવાઈ સૂચવેલ છે. આ યોજનાનો અમલ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર મારફતે કરાવવામાં આવે છે.

૩.૭ મુખ્યમંત્રીશ્રીની નાહરી કેન્દ્ર યોજના

આદિજાતિ વિસ્તારના મહિલા જૂથોને રોજગારી પુરી પાડવા વર્ષ ૨૦૧૬-૧૭થી અમલમાં આવેલ મુખ્યમંત્રીશ્રીની નાહરી કેન્દ્ર યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૨૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે. જેની સામે માહે-નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૭૨.૦૬ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૫ લાભાર્થીઓને યોજનાનો લાભ આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૬૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

INDEX

૪ આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ

૪.૧ વ્યકિતગત ધોરણે મકાન સહાય

વ્યકિતગત ધોરણે આવાસ સહાય, અનુ.જનજાતિના પ્રિમીટીવ ગ્રૂપના લોકોને આવાસ સહાય તથા હળપતિ હાઉસીંગ અને શહેરી વિસ્તાર માટેની મકાન સહાય યોજના માટે તા.૨૫/૦૬/૨૦૧૮થી સહાયની રકમ આવાસ દીઠ ₹ ૧,૨૦,૦૦૦/- કરવામાં આવેલ છે. હાલ આ યોજનામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ૦-૧૬ સ્કોર ધરાવતા લાભાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. ત્યાર બાદ ૦-૧૬ સ્કોર પૂર્ણ થયેથી ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતા લાભાર્થીઓને મકાન સહાયનો લાભ આપવામાં આવે છે. જયારે હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા હળપતિ જાતિના ઈસમો માટે સહાયનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦થી ઉપરનો બીપીએલ સ્કોર તેમજ નગરપાલિકા વિસ્તારમાં ૮૦ થી ૧૦૦ ભારાંક ધરાવતા શહેરી ગરીબ હળપતિ લાભાર્થીઓને આપવાનું સુધારેલ ઠરાવથી ઠરાવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૬૭૧૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી. જેની સામે માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૩૪૨૬.૫૫ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૪૦૫૦ લાભાર્થીઓને સહાયનો લાભ મળેલ છે. જ્યારે ૨૦૨૨-૨૩ માટે (આદિમજુથ અને હળપતિ સહિત) ₹ ૬૯૫૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૪.૨ મફત તબીબી સહાય

આ યોજના હેઠળ તબીબી સહાયની યોજના હેઠળ સામાન્ય દર્દો માટે ₹ ૧૫૦/-, ક્ષય જેવા દર્દી માટે મહિને ₹ ૫૦૦/- દર્દ મટે ત્યાં સુધી, પ્રસૂતિના ગંભીર કેસ માટે ₹ ૫૦૦/- કેસ દીઠ, રકતપિત્ત માટે ₹ ૮૦૦/- માસિક દર્દ મટે ત્યાં સુધી સહાય આપવામાં આવે છે અને કેન્સર જેવા જીવલેણ દર્દો માટે ₹ ૧૦૦૦/- માસિક દર્દ મટે ત્યાં સુધી સહાય આપવામાં આવે છે. વર્ષ-૨૦૧૬-૧૭થી આદિજાતિ સમાજના સીકલસેલ એનીમીયાનો ભોગ બનેલ દર્દીઓને તબીબી સારવાર તથા પૌષ્ટિક આહારના ખર્ચમાં સહાય રૂપ થવા દર્દી દીઠ માસિક ₹ ૫૦૦/-ની સહાય ચુકવવામાં આવે છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૦૬૫.૬૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી. જેની સામે માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૪૦૬.૨૮ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૧૧,૬૨૨ લાભાર્થીઓને સહાયનો લાભ મળેલ છે.જયારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૬૫.૬૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૪.૩ અત્યાચારના કિસ્સામાં નાણાંકીય સહાય

અનુ. જનજાતિના લોકો પર થતા અત્યાચારના બનાવો રોકવા માટે વિવિધ કાનૂની જોગવાઈના ઘણાં પગલાં લેવામાં આવી રહયાં છે. અત્યાચારના કિસ્સાઓમાં વિવિધ દરોએ નાણાંકીય સહાયમાં ભારત સરકારે નિયત કરેલ સહાયના દરો (શિડ્યુલ મુજબ) તા.૨૩/૦૬/૨૦૧૪થી અમલમાં મુકવા તા.૧૪/૦૪/૨૦૧૬ના જાહેરનામાની જોગવાઈ મુજબ નિયત થયેલ તાજેતરમાં સુધારેલ દરો પ્રમાણે ચુકવવામાં આવે છે. ખુનના કેસોમાં ₹ ૮,૨૫,૦૦૦/- અને બળાત્કારના કિસ્સામાં ₹ ૫,૦૦,૦૦૦/- સુધીની નાણાંકીય સહાય આપવામાં આવે છે. અત્યાચારો અટકાવવા માટે “અત્યાચાર નિવારક અધિનિયમ ૧૯૮૯” અમલમાં મુકવામાં આવેલ છે. આ કાયદાના અસરકારક અમલ માટે તાલુકા, જીલ્લા અને રાજ્ય કક્ષાએ તકેદારી સમિતિઓની તથા ખાસ અદાલતોની રચના કરવામાં આવી છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૮૩૪.૯૯ લાખની જોગવાઈ થયેલ છે. જેની સામે માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૯૪૯.૯૭ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૩૨૭ જેટલા ઈસમોને સહાય ચુકવેલ છે.જયારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૮૪૬.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૪.૪ કુંવરબાઈના મામેરાની યોજના

અનુ. આદિજાતિ પુખ્તવયની કન્યાને લગ્નપ્રસંગે કુંવરબાઈના મામેરાની યોજના અંતર્ગત ₹ ૧૨,૦૦૦/- સુધીની નાણાંકીય સહાય આપવામાં આવે છે. વર્ષ-૨૦૧૪-૧૫થી કુંટુંબદીઠ મહત્તમ બે કન્યાઓને આ સહાયનો લાભ મળવાપાત્ર થાય છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૧૯૭.૬૨ લાખની જોગવાઈ સુચવેલ છે. જેની સામે માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૪૦૫.૧૯ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૩૨૬૩ કન્યાઓને સહાયનો લાભ મળેલ છે. જયારે વર્ષ ૨૦૨૨-૨૩ માં સંયુકત ₹ ૧૨૫૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૪.૫ સાતફેરા સમૂહ લગ્નના

આ યોજના ૧૯૯૮-૯૯માં પ્રથમવાર અમલમાં આવેલ છે. જેમાં ૧૦ કરતાં વધુ આદિવાસી યુગલો સમૂહ લગ્નમાં ભાગ લે તો યુગલને ₹ ૧૨,૦૦૦/- અને આયોજક સંસ્થાને યુગલ દીઠ ₹ ૩,૦૦૦/- વધુમાં વધુ ₹ ૫૦,૦૦૦/-ની મર્યાદામાં સહાય આપવાની જોગવાઈ છે. વર્ષ ૨૦૧૫-૧૬થી સદરહુ યોજના વીકેવાય ૩૪ મામેરા મંગળસુત્ર માટે નાણાકીય સહાયની યોજનામાં મર્જ કરવામાં આવેલ છે.

૪.૬ દૂધ સંજીવની યોજના

દૂધ સંજીવની યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના ૭.૬૮ લાખ જેટલા બાળકોને વર્ષ ૨૦૧૯-૨૦માં લાભ આપવામાં આવતો હતો. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૧૭૦૬૦.૧૬ લાખની જોગવાઈ કરેલ પરંતુ કોરોના મહામારીને કારણે શાળાઓ બંધ હોવાથી અમલવારી થઈ શકેલ નથી. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૪૬૭૯.૬૬ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૫.૧ ન્યુ ગુજરાત પેટર્ન

ગુજરાત સરકારે અનુસૂચિત જનજાતિના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપેલ છે. જનજાતિઓના વિકાસ તેઓની ભાગીદારી અને સહયોગથી થાય તેને આવશ્યક ગણીને ન્યુ ગુજરાત પેટર્ન પ્રમાણે આદિજાતિ વિકાસનું માળખું ઉભું કરેલ છે. જેના વડે સ્થાનિક જરૂરિયાતના પરિપ્રેક્ષ્યમાં યોજનાઓ બનાવી તેનું અમલીકરણ કરી શકાય.

ન્યુ ગુજરાત પેટર્ન પ્રમાણેનો આદિજાતિ વિકાસ સત્તા વિકેન્દ્રીકરણનો ઉત્કૃષ્ટ નમૂનો છે. જેમાં સ્થાનિક જરૂરિયાત પ્રમાણે યોજનાઓ, કાર્યક્રમોનું ઘડતર અને અમલીકરણ સ્થાનિક કક્ષાએ આદિજાતિઓને સાથે રાખીને નાણાંકીય આયોજન અને નાણાકીય સિધ્ધિ હાંસલ કરવામાં આવે છે. ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ અમલ થતા કાર્યક્રમની સમીક્ષા અને મુલ્યાંકન માટે માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાના આદિજાતિ વિકાસ મંડળ કાર્યરત છે. જિલ્લા માટે પ્રભારી મંત્રીશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ અને તાલુકા સ્તરે તાલુકા આદિજાતિ વિકાસ મંડળ પણ સબંધિત એટીવીટીના પ્રાંત અધિકારીશ્રીની અધ્યક્ષતામાં કાર્યરત છે. ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વિકાસની જુદી જુદી બાબતો જેવી કે રસ્તા, પાણી, સિંચાઈ, વિજળીકરણ, કૃષિ, સ્વાસ્થ્ય, શિક્ષણ ઈત્યાદી કામો હાથ ધરવામાં આવે છે. ન્યુ ગુજરાત પેટર્નના અમલીકરણથી ગુજરાતના પૂર્વ પટ્ટીના વિસ્તારોમાં આદિજાતિ વિકાસના કામોમાં અભૂતપુર્વ સફળતા મળેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૪૩૧.૦૦ કરોડની જોગવાઈ થયેલ છે. જેની સામે માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૧૦૬.૫૩ કરોડનો ખર્ચ થયેલ છે અને ૩૪૭ કામો પૂર્ણ થયેલ છે.

૫.૨ ભારતના બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ આંતર માળખાકીય સવલતો

આદિજાતિ વિસ્તારોમાં રસ્તાના કામો, બિરસા મુંડા ટ્રાયબલ યુનિર્વસીટી, ઈ.એમ.આર.એસ. શાળાઓના /જી.એલ. આર.એસ શાળાઓના મકાન બાંધકામ અને રીકરીંગ ગ્રાન્ટ જેવી સુવિધાઓ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૧૩૫૦૨.૮૬ લાખની કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરેલ છે. જેની સામે ₹ ૮૭૯૩.૭૯ લાખની મંજૂર કરવામાં આવેલ છે. જયારે વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૦૫૫૩.૧૮ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૫.૩ આદિજાતિ વિસ્તાર પેટા યોજના

ગુજરાત રાજ્યમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના નીચે આદિજાતિ વિસ્તાર અને વસતિનો વિકાસ તથા આર્થિક અને સામાજીક ઉત્કર્ષ ઝડપી થાય તે માટેનું આયોજન અને તેનું અમલીકરણ ૧૯૭૬ના વર્ષથી શરૂ થયેલ છે. રાજ્યની આદિજાતિ વસતિ મહદઅંશે રાજ્યના ખૂબ જ પછાત એવા વિસ્તારો પૈકીના પૂર્વ ભાગની સરહદ પરના વિસ્તારોમાં વસે છે. આ વિસ્તારો મોટાભાગે ડુંગરાળ પ્રદેશ, ખડકાળ જમીન, અનિશ્ચિત વરસાદ થતા છૂટીછવાઈ વસ્તી હોવાની લાક્ષણિકતા ધરાવે છે. આદિજાતિ વસ્તી મુખ્યત્વે ૧. બનાસકાંઠા ૨. સાબરકાંઠા ૩. અરવલ્લી ૪. મહીસાગર ૫. પંચમહાલ ૬. દાહોદ ૭. છોટાઉદેપુર ૮. ભરૂચ ૯. નર્મદા ૧૦. સુરત ૧૧. તાપી ૧૨. વલસાડ ૧૩. નવસારી ૧૪.ડાંગ એ ચૌદ જીલ્લાઓમાં ફેલાયેલી છે. આ યોજનાની વ્યૂહરચના મુજબ આર્થિક આયોજન ઘડતર માટે વિકાસના હેતુસર આદિજાતિના ગીચ વસતિવાળા ૫૩ તાલુકા પ્રોવિઝનલ તથા ૧૬ લઘુ વિસ્તારો આમોદ માડા પોકેટ વિસ્તાર સહિત તેમજ ૪ કલસ્ટરને આવરી લેતા ૧૪ સંકલિત આદિજાતિ પ્રાયોજના વિસ્તારોના જૂથોની સંરચના કરવામાં આવેલ છે.

રાજ્યના ૧,૯૬,૦૨૪ ચો.કી.મી.ના કુલ વિસ્તાર પૈકી ૩૧,૬૪૨ ચો.કી.મી.નો વિસ્તાર આદિજાતિ પેટા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યો છે. જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તાર ના ૧૬.૧૪ ટકા છે. સને ૨૦૧૧ની પ્રોવિઝનલ વસ્તી ગણતરી મુજબ આદિજાતિ જીલ્લાની ૮૯.૧૭ લાખની કુલ વસ્તી સામે ૭૪.૩૮ લાખની આદિજાતિ વસ્તીને આવરી લે છે. જે રાજ્યની કુલ આદિજાતિની વસ્તીના ૮૩.૪૧ ટકા થાય છે. જયારે રાજ્યની કુલ વસ્તીના ૧૪.૭૫ ટકા થાય છે. ખેત વિષયક જમીન, વન તેમજ ખનીજ આદિજાતિ દેશોની મુખ્ય કુદરતી સંપતિ છે. ખેતી, પશુપાલન, મત્સ્યોધોગ, વન્ય પેદાશો, ખેતમજૂરી, નાના ગ્રામીણ અને કુટિર ઉધોગો ઈત્યાદી વ્યવસાયોમાંથી મુખ્યત્વે તેઓ તેમની આજીવિકા મેળવે છે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના મુખ્ય ઉદેશો એ છે કે, આદિજાતિ વિસ્તારો અને બિન આદિજાતિ વિસ્તારોના વિકાસની કક્ષા વચ્ચેનો ગાળો ઘટાડવો. ગરીબી રેખા હેઠળ જીવતા આદિજાતિ કુટુંબો ગરીબી રેખાથી ઉપર લઈ જવા સુસંકલિત અને સઘન પ્રયાસો કરવા, શિક્ષણની કક્ષા ઊંચી લાવવી, કુદરતી સંપતિ, જમીન અને વનની ઉત્પાદન શકિતનો મહત્તમ

INDEX

ઉપયોગ કરવા સક્રિય, સઘન અને હેતુપૂર્વકના પ્રયાસો કરવા, આદિજાતિના લોકોને શોષણ સામે રક્ષણ આપવું તેમજ તેમને માટે વિકાસના લાભો સુનિશ્ચિત કરી માળખાકીય અને આંતરસ્તરીય સુવિધા ઉભી કરી તેમનો સામાજીક અને આર્થિક ઉત્કર્ષ ઝડપી કરવાનો છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન આદિજાતિ વિસ્તાર પેટા યોજના (વનબંધુ કલ્યાણ યોજના) હેઠળ ₹ ૧૪૪૬૩.૦૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેની સામે માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૬૪૬૪.૯૮ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

૫.૪ પરિવારલક્ષી આર્થિક ઉત્કર્ષ કાર્યક્રમ

સદરહુ કાર્યક્રમનો અમલ પ્રાયોજના વહીવટદારશ્રી, કૃષિ નિયામકશ્રી, ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, કુટિર ઉધોગ કમિશ્નરશ્રી અને અન્ય ખાતાઓ તેમજ એજન્સીઓ મારફત આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં કરવામાં આવે છે.

૫.૫ આદિમજૂથ વિકાસ કાર્યક્રમ

રાજ્યમાં અનુ.આદિજાતિમાં અતિ પછાત એવા કોટવાળિયા, કોલધા, કાથોડી, પઢાર અને સીદ્દી જાતિઓને કેન્દ્ર સરકારે માન્યતા આપતાં આદિમજુથ તરીકે જાહેર કરવામાં આવેલી છે. તેમના આર્થિક અને સામાજીક ઉત્કર્ષ માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. આવા જાતિઓના લોકોને વસવાટ, વ્યવસાય કે રોજગાર મળી રહે તે માટે આર્થિક અસ્કયામાતો પુરી પાડવા કે તાલીમ આપી સાધન સામગ્રી પુરી પાડી તેમજ શિક્ષણ સુવિધાઓ મળી રહે તે મુજબ યોજનાઓનું ઘડતર કરી સઘન રીતે અમલમાં મુકવામાં આવે છે.

આદિમ જૂથોના વિકાસ માટે સને ૨૦૨૧-૨૨ માટે ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.

૫.૬ છૂટાછવાયા આદિવાસીઓ માટેનો કાર્યક્રમ

વર્ષ ૨૦૨૧-૨૨માટે ₹ ૧૦૨૮.૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેની સામે માહે નવેમ્બર-૨૦૨૧ અંતિત ₹ ૧૩૬.૩૯ લાખનો ખર્ચ થયેલ છે. તેમજ ૩૬૬ કામો મંજુર થયેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૧૩૧.૩૪ લાખની જોગવાઇ સૂચવેલ છે.

૫.૭ વનબંધુ કલ્યાણ યોજનાની સફળતા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીના દસ (૧૦) મુદ્દાનો કાર્યક્રમ

૧. પાંચ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમ

૨. શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો ઉપર ભાર

૩. આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બનાવવો

૪. સૌને માટે આરોગ્ય

૫. સૌને માટે ઘર

૬. પીવાનું પાણી

૭. સિંચાઇ

૮. બારમાસી રસ્તાઓ

૯. વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા

૧૦. શહેરી વિકાસ

૨૨. સામાન્ય વહીવટ વિભાગ

સ્વાતંત્ર્ય સેનાની અને તેમના આશ્રિતોને પેન્શન

દેશની આઝાદીની ચળવળમાં ભાગ લીધેલ હોય તેવા અથવા તેમના આશ્રિતોને રાજ્ય સરકાર દ્વારા પેન્શન ચૂકવવામાં આવે છે. હાલ રાજ્યના ૧૮૨ પેન્શનરો/ તેમના આશ્રિતોને આ યોજનાનો લાભ મળે છે. આ હેતુસર સને ૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષમાં ₹ ૨૦૩.૧૫ લાખ ખર્ચ થયેલ છે.

કેન્દ્ર સરકારની સ્વાતંત્ર્ય સૈનિક સન્માન સ્કીમ-૧૯૮૦ હેઠળ પેન્શન મેળવતા રાજ્યના કુલ-૪૮ સ્વાતંત્ર્ય સેનાનીઓને રાજ્ય સરકાર તરફથી સન્માનના પ્રતિક રુપે ₹ ૨૦૦/- પ્રતિક પેન્શન ચૂકવવામાં આવે છે.

હિંદ છોડો આંદોલનની ઉજવણીના ભાગરૂપે પ્રતિ વર્ષ ૯મી ઓગષ્ટના રોજ ગૃહ મંત્રાલય, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે “એટ હોમ” કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં માન. રાષ્ટ્રપતિ દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઓનું ઉચિત સન્માન કરવામાં આવે છે. ભારત સરકારની સૂચના મુજબ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દર વર્ષે રાજ્યના પસંદગી પામેલ અને કેન્દ્ર સરકારમાંથી સ્વાતંત્ર્ય સેનાની તરીકેનું પેન્શન મેળવતા કુલ-૫ સ્વાતંત્ર્ય સેનાનીઓને રાજ્ય સરકારના ખર્ચે લઈ જવામાં આવે છે. જેમનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે

નવ નિર્માણ આંદોલનમાં સહન કરનારને પેન્શન :

રાજ્યમાં નવનિર્માણ આંદોલનમાં સહન કરનાર રાજ્યની ૧૨ વ્યક્તિઓને પણ રાજ્ય સરકાર તરફથી સ્વવિવેક નિધીમાંથી ₹ ૧,૦૦૦/- માસિક પેન્શન ચૂકવવામાં આવે છે.

અખિલ ભારતીય મુલ્કી સેવા રમત ગમત સ્પર્ધાઓ

રાષ્ટ્રીય કક્ષાએ ભારત સરકારના અને રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ભારત સરકારના કર્મચારી ગણ લોક ફરીયાદ અને પેન્શન મંત્રાલયના કેન્દ્રીય મુલ્કી સેવા સાંસ્કૃતિક અને ક્રિડા સંસ્થાન, નવી દિલ્હીના ઉપક્રમે ભારતના જુદા જુદા રાજ્યો દ્વારા સાંધિક-વ્યક્તિગત મળી કુલ - ૧૭ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા જતા ગુજરાત સચિવાલય ટીમના ખેલાડીઓને મેનેજર સહિત વ્યક્તિ દીઠ ₹ ૨૫૦૦/- કીટ એલાઉન્સ તથા સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર ખેલાડીનું બહુમાન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગાંધીનગર(ગુજરાત) ખાતે અખિલ ભારતીય મુલ્કી સેવા તરણ સ્પર્ધા, ૨૦૨૧-૨૨નું આયોજન કરેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર રાજ્ય સરકાર અને રીજીયોનલ સ્પોર્ટ્સ બોર્ડની ટીમોના ખેલાડીઓને અને ઓફિસિયલ્સને સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા વિના મુલ્યે રહેઠાણ, વાહન, ભોજન, નાસ્તો અને ચા પાણીની સુવિધા પુરી પાડવામાં આવે છે.

આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓ

સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા દર વર્ષે સચિવાલયના વિભાગો તથા વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/ કર્મચારીઓ માટે જુદી જુદી કુલ ૧૩ જેટલી આંતર વિભાગીય રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. અને વર્ષના અંતે ઇનામ વિતરણ સહ બહુમાન કરવામાં આવે છે. આવી સ્પર્ધાઓની જુદી જુદી ઇવેન્ટમાં દર વર્ષે અંદાજે ૯૫૦-૧૦૦૦ જેટલા અધિકારીઓ/કર્મચારીઓ ભાગ લેતા હોય છે.

ફીટનેસ સેન્ટર

સચિવાલય સંકુલમાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ-કર્મચારીઓના સ્વાસ્થ્યની જાળવણીના હેતુસર સામાન્ય વહિવટ વિભાગ/ સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા બ્લોક નં-૭ અને બ્લોક નં-૧૧ના ભોંયતળીયે અદ્યતન સાધનો ધરાવતા બે ફિટનેસ સેન્ટરો કાર્યરત છે.

કેન્ટીન સુવિધા

સચિવાલય સંકુલમાં અધિકારીઓ-કર્મચારીઓ, બહારથી આવતા મુલાકાતીઓ તથા જાહેર જનતાને નાસ્તો/ચા-પાણી/ જમવાની વાજબી ભાવે સુવિધા મળી રહે તે માટે કેન્ટીનોની ફાળવણી- મોનીટરીંગ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

રેલ્વે આરક્ષણ સુવિધા

સરકારી કર્મચારીઓને સરકારી કામકાજ માટે મુંબઈ તથા નવી દિલ્હી જવા મર્યાદિત ટ્રેનોમાં રેલવે આરક્ષણની સુવિધા પણ કલ્યાણ શાખા દ્વારા પુરી પાડવામાં આવે છે.

INDEX

માનવ સંશાધન અને વ્યવસ્થાપન પદ્ધતિ (HRMS-Human Resource Management System)

માનવ સંશાધન ક્ષેત્રે સમસ્યાઓના ઉકેલની દિશામાં અધિકારી/કર્મચારીશ્રીઓની ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો થશે અને તેઓ દ્વારા અપાતી સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવાના ઉદ્દેશથી આ પદ્ધતિ શરૂ કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત અંદાજે કુલ ૩૫,૧૦૦ જેટલા અધિકારી/કર્મચારીશ્રીઓને આવરી લેવામાં આવેલ છે. હાલમાં રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા "સાથી" એપ્લીકેશનમાં ૦૭ મોડ્યુલોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે:

રાજ્ય અતિથિઓનું આતિથ્ય :

ગુજરાત રાજ્યની મુલાકાતે આવતા માન. રાષ્ટ્રપતિશ્રી, માન. વડાપ્રધાનશ્રી, કેન્દ્રના મંત્રીશ્રીઓ, સુપ્રિમ કોર્ટના જજશ્રીઓ, અન્ય રાજ્યોના મુખ્ય મંત્રીશ્રીઓ / મંત્રીશ્રીઓ, હાઈકોર્ટના જજશ્રીઓ તેમજ વિદેશમાંથી આવતા વી.વી.આઇ.પી. / વી.આઇ.પી.ઓના આતિથ્ય અંગેની કામગીરી કરવામાં આવશે.

દસ્તાવેજોનું પ્રમાણીકરણ :

વિદેશ જતા નાગરિકોને તેઓની સંબંધિત એમ્બેસી દ્વારા માંગવામાં આવેલ પ્રમાણપત્રો જેવા કે, જન્મ / લગ્ન / શિક્ષણ / મિલકત / કરારનામું / અંગત પ્રમાણપત્રો વગેરે પ્રમાણપત્રોનું એટેસ્ટેશન કરવામાં આવે છે.

ગુજરાત ગૌરવ દિન, સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિનની ઉજવણી રાજ્ય / જિલ્લા અને તાલુકા કક્ષાએ રાજવીઓનું રાજકીય પેન્શન, જાહેર રજાઓ, યુનો દિવસની ઉજવણી, નૂતન વર્ષ મિલન સમારોહ, ભૂતપૂર્વ રાજ્યપાલશ્રીઓને સવલતો માટેની કામગીરી આ વિભાગમાં કરવામાં આવે છે.

ગુજરાત જાહેર સેવા આયોગ :

ભારતના સંવિધાનની કલમ-૩૨૦ અન્વયે દ્વારા મુલકી સેવા અને વહીવટી સેવાની ભરતી, બઢતી અને ખાતાકીય તપાસ અંગેની પરામર્શની કાર્યવાહી કરવામાં આવે છે. આયોગ દ્વારા તા.૩૦/૧૧/૨૦૨૧ની સ્થિતિએ ભરતી અંગેની કાર્યવાહી નીચે પ્રમાણે કરવામાં આવેલ છે:

૯૨ જાહેરાતો માટે કુલ-**૧૧૧૯** ઉમેવારોની ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨, હિસાબી અધિકારી, વર્ગ-૨, મદદનીશ ઈજનેર (સિવિલ), (નર્મદા જળ સંપત્તિ)વર્ગ-૨ સહિત કુલ **૪૧** જાહેરાતો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. **૪૫** પ્રાથમિક કસોટીના પરિણામ અને **૨૧** આખરી પરિણામ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. **૯૭** જાહેરાતો માટે રૂબરૂ મુલાકાત યોજવામાં આવેલ છે. **૧૬૦** પ્રાથમિક કસોટીઓ અને **૧૫** મુખ્ય લેખિત કસોટીઓ યોજવામાં આવેલ છે.

ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨ તથા હિસાબી અધિકારી, વર્ગ-૨ સહિતની **૨૮** જાહેરાતો માટે જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં પ્રાથમિક કસોટીઓ યોજવામાં આવશે તથા માર્ચ-૨૦૨૨ સુધીમાં **૦૩** જાહેરાતો માટે મુખ્ય લેખિત કસોટીઓ યોજવામાં આવશે.

દસ વર્ષીય ભરતી કેલેન્ડર અન્વયે ભરતીની કાર્યવાહી માટે આયોગને મળનાર માંગણી પત્રક, બઢતીની દરખાસ્તો, ભરતી નિયમો અને પરીક્ષા નિયમો તથા ખાતાકીય તપાસની દરખાસ્તોની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું તથા આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ પરીક્ષા કાર્યક્રમ મુજબ પરીક્ષાઓનું આયોજન કરવાનું લક્ષ્યાંક આયોગ ધરાવે છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

બિન સચિવાલય સંવર્ગની વર્ગ-૩ ની સીધી ભરતીથી ભરાતી જગ્યાઓ, રાજ્ય સરકાર હેઠળના વિભાગો/ખાતાના વડાઓની કચેરીઓની વર્ગ-૩ ની બિનતાંત્રિક તથા તાંત્રિક સંવર્ગોની જગ્યાઓ ભરવાની, રાજ્ય સરકાર હેઠળના તમામ વિભાગો/ખાતાના વડાઓની કચેરીઓના વર્ગ-૩ ના તમામ સંવર્ગોની ખાતાકીય પરીક્ષાઓ યોજવી વગેરે કામગીરી ગુજરાત ગૌણ સેવા પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવે છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન જુદા જુદા સંવર્ગમાં હાથ ધરવામાં આવનાર ભરતી પ્રક્રિયા દરમ્યાન કુલ ૭૦૫૭ ઉમેદવારોની ભરતી કરવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન જુદાજુદા સંવર્ગોની કુલ ૧૮ ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાથી ૧૩ ખાતાકીય પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ કરેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન જુદા જુદા સંવર્ગોની ૨૫૫૯ ઉમેદવારો માટેની કુલ ૧૬ ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

INDEX

રાજ્ય ચૂંટણી આયોગ

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ગ્રામ પંચાયતો, જિલ્લા/તાલુકા પંચાયતો, મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની તથા સામાન્ય, મધ્યસત્ર કે પેટા ચૂંટણીઓ યોજવાની અને વોર્ડ/મતદાર મંડળોની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણીની કામગીરી આયોગ દ્વારા થાય છે.

૧. સીમાંકન અને બેઠક ફાળવણી :

ફેબ્રુઆરી-૨૦૨૩ માં યોજાનાર રાજ્યની નગરપાલિકાઓ પૈકી ૭૨ નગરપાલિકાઓમાં વોર્ડ સીમાંકન અને બેઠક ફાળવણી અંગેના વર્ષ-૨૦૧૭-૧૮ ના આખરી આદેશની અનુસૂચિ-૨માં સુધારો કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

મુદત પુરી થતી ૨ જિલ્લા પંચાયતો તથા ૧૭ તાલુકા પંચાયતોના સ્થાનિક સ્વરાજ્યના એકમોમાં પણ અનામત બેઠકોની પુન:ફાળવણી કરવાની થશે.

૨. મતદારયાદીઓ :

વિધાનસભા મતદાર વિભાગોની છેલ્લી પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓ ઉપરથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વોર્ડવાર મતદારયાદીઓ રાજ્ય ચૂંટણી આયોગે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવાની પ્રસિદ્ધિ કરાવવા અને સુધારવાની કામગીરી બજાવવાની રહે છે.

૩. ચૂંટણીઓ :

તા.૦૧-૦૪-૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ સુધી મુદત પૂરી થતી ગ્રામ પંચાયતો અને ભવિષ્યમાં કોઈ ગ્રામ પંચાયતોનું વિસર્જન થાય તો તેની મધ્યસત્ર ચૂંટણીઓ કાયદાની જોગવાઈઓ મુજબ સમયાંતરે યોજવામાં આવશે.

વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષે નગરપાલિકા, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોની કુલ ૩૩૪૨ સામાન્ય ચૂંટણીઓ યોજવાનું આયોજન છે.

ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ પણ વીજાણુ મતદાન યંત્ર (ઈ.વી.એમ.) ની ઉપલબ્ધ અનુસાર તેના ઉપયોગથી કરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજ્યની સર્વે સંસ્થાઓની ચૂંટણીઓ ઉપલબ્ધતાના આધારે શક્ય હોય ત્યાં સુધી ઈ.વી.એમ.થી કરવામાં આવે છે. ઈ.વી.એમ.ના ઉપયોગ માટે મશીનોનું નિદર્શન મતદારોમાં પ્રસિદ્ધ અને પ્રચાર કરવામાં માટે આવે છે. મતદાન મથકોની જાણકારી માટે મતદારો માટે આયોગની વેબસાઈટ ઉપર સર્ચ એન્જીન પણ મૂકવામાં આવેલ છે.

ચૂંટણી અધિકારીઓએ માટેની હેન્ડબુક અને મતદાન મથકના પ્રમુખ અધિકારીઓ માટેની માર્ગદર્શિકા જેવા જિલ્લાઓને પુરૂ પાડવામાં આવેલ છે.

ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ :

ગુજરાત સરકાર અને પંચાયતના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ તથા સરકારશ્રીનો હુકમ ન હોય તેવા ખાતાના વડા/કમિશ્નરશ્રી કે અન્ય અધિકારીઓએ કરેલા ગેઝેટેડ અધિકારીઓ તેમની શિસ્ત અને વર્તણૂંક વિષયક ચુક/ક્ષતિ માટે કરવામાં આવેલ શિક્ષા સામે ન્યાય મેળવવા આ ટ્રિબ્યુનલને અપીલ કરી શકે છે. આ ટ્રિબ્યુનલના ચુકાદા સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ સિવાય અન્ય કોઈ સત્તાધિકારી સમક્ષ અપીલ થઈ શક્તી નથી.

ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ કરવા માટે અરજદાર પાસેથી કોઈ ફી લેવામાં આવતી નથી. વિવાદી જાતે અથવા ટ્રિબ્યુનલની પરવાનગીથી વકીલ/સાથી મિત્ર મારફત રજુઆત કરી શકે છે. ટ્રિબ્યુનલે જાહેર કરેલ ચુકાદાની નકલ પક્ષકારોને ટપાલથી વિના મુલ્યે મોકલી આપવામાં આવે છે.જો પક્ષકારોને નિર્ણયથી સંતોષ થયો ન હોય તો તે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ બંધારણના આર્ટીકલ ૨૨૭ હેઠળ પડકારી શકે છે, ઉપરાંત ટ્રીબ્યુનલના ચૂકાદાની પ્રમાણિત નકલ નિયમાનુસાર નિયત ફી ભરીને અરજદારોને આપવામાં આવે છે.

ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલની તમામ કામગીરીનુ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. નામદાર ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવતા તમામ ચુકાદાઓ તથા કરેલ સુનવણીના વોર્ડ ટ્રીબ્યુનલની વેબસાઈટ પર મુકવામાં આવે છે

રાજ્ય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીઓની વાર્ષિક કામગીરીના મુલ્યાંકન અહેવાલની પદ્ધતિ અમલમાં આવતાં, આ કામગીરી મુલ્યાંકન અહેવાલ (PAR) ઉપર રજુઆત માટે નિયત કરેલ “ReferalBoard” ની સત્તા તા.૦૧/૦૪/૨૦૧૪ થી ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલને સોંપવામાં આવેલ છે.

INDEX

નિવાસી આયુક્તશ્રીની કચેરી, નવી દિલ્હી

દિલ્હી સ્થિત નિવાસી આયુક્તશ્રીની કચેરીના સુદૃઢ અને અસરકારક વહીવટ અર્થે વર્ષ ૨૦૦૬માં નિવાસી આયુક્તશ્રીની કચેરી હેઠળ ગુજરાત ભવન, માહિતી કેન્દ્ર, સરકારી વાહન સેવા તથા નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ અને ઈલેક્ટ્રીકલ)ની કચેરીઓને સુગ્રથિત કરવામાં આવેલ છે જેની મુખ્ય કામગીરી નીચે મુજબ છે.

- ગુજરાત રાજ્યના કેન્દ્ર સરકાર સમક્ષ પડતર પ્રશ્નો બાબતે ફોલોઅપ, માન. સંસદસભ્યશ્રીઓ સાથે આ અંગે બ્રીફીંગ સંકલન તથા આ સંબંધિત બેઠકોમાં રાજ્ય સરકાર વતી પ્રતિનિધિત્વ.
- માન. રાજ્યપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત હાઈકોર્ટના માન. મુખ્ય ન્યાયાધીશ તેમજ અન્ય ન્યાયાધીશો, માન. મંત્રીશ્રીઓ, માન. વિરોધ પક્ષના નેતા, મુખ્ય સચિવશ્રી વગેરેની દિલ્હી મુકામે મુલાકાત દરમિયાન પ્રોટોકોલની તથા વ્યવસ્થાપનની કામગીરી.

નિવાસી આયુક્તશ્રીની કચેરીની ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ દરમ્યાનની નોંધનીય કામગીરી :

- કોવિડ-19 સંદર્ભે અત્રેની કચેરીથી ઓક્સિજન સપ્લાય, એમ્ફોટેરીસીન -બી, રેમડેસિવીર, ટોસીલીઝુમેબ વગેરે દવાઓ માટે આરોગ્ય વિભાગના સંકલનમાં જિલ્લા કક્ષાએ સરકારી હોસ્પિટલ્સના સુપ્રીટેન્ડન્ટ તથા અન્ય હોસ્પિટલ્સનો સંપર્ક કરીને લોકોને જરૂરી તબીબી સહાય સમયસર મળી રહે તે માટે સંકલન કરવામાં આવેલ છે. કોરોના મહામારીના બીજા તબક્કા દરમિયાન ૧૮૭૦ Amphototericin B ઈંજેક્શન, ૧૯૧૦ વેન્ટીલેટર, ૧૮૭૫ રેપિડ એન્ટીજન ટેસ્ટ (૭૫૦૦૦ ટેસ્ટ) કીટ ભારત સરકાર સાથે સંકલન કરીને મેળવ્યાં અને ગુજરાત સરકારને મોકલવાની વ્યવસ્થા કરી.
- ડેન્માર્ક કિંગ્ડમના માનનીય વડાપ્રધાન શ્રીમતી મેટ્ટે ફ્રેડરિકસેનની ભારત યાત્રા વખતે તા. ૧૧.૧૦.૨૦૨૧ના રોજ 'ગરવી ગુજરાત ' સ્થિત ગુજરાત સરકારના હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ સેન્ટર 'ગરવી ગુર્જરી'ની મુલાકાત દરમિયાન ગુજરાત રાજ્યની કલા અને સંસ્કૃતિથી તેઓને માહિતગાર કરવા માટેનું આયોજન કરવામાં આવેલ. ગુજરાત થકી ભારત અને ડેન્માર્કના રાજદ્વારી સંબંધો માટે આ મુલાકાત વ્યૂહાત્મક રીતે ખૂબ અગત્યની હતી. આ મુલાકાત દરમિયાન પ્રાચીન ગુજરાત થી અર્વાચીન ગુજરાત સાફલ્ય ગાથા પ્રદર્શિત કરવામાં આવેલ તથા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાત ની ગરીબ મહિલાઓ આર્થિક અને સામાજિક ઉત્થાન માટે 'સખી મંડળો' દ્વારા થયેલ કાર્યોથી તેઓશ્રીને અવગત કરવામાં આવેલ.
- ગુજરાત રાજ્યને પસંદગીપાત્ર મૂડીરોકાણ હબ તરીકે ઉત્તરોત્તર વિકસાવવાના રાજ્ય સરકારના પ્રયત્નોના ભાગરૂપે ૨૫મી નવેમ્બર, ૨૦૨૧ ના રોજ ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર સમિટ, ૨૦૨૨ "આત્મનિર્ભર ગુજરાત થી આત્મનિર્ભર ભારત"નો ઉદ્ઘાટન સમારંભ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ. માનનીય મુખ્યમંત્રીશ્રીના વડપણમાં નવી દિલ્હી ખાતે ભારત સરકાર સાથેના સંકલનમાં વિવિધ દેશોના રાજદ્વારીઓ તથા વિવિધ ઉદ્યોગકારો સાથેની બેઠકો આયોજિત કરવામાં આવી હતી. તેમાં વૈશ્વિક રોકાણકારો માટે સાનુકૂળ વાતાવરણ સર્જવાના હેતુથી સરકારે લીધેલા વિવિધ નીતિગત પહેલ અને સુધારા અંગેના નિર્ણયો વિશે ઉપસ્થિત સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

વાઈબ્રન્ટ ગુજરાત મૂડીરોકાણ સમિટ-૨૦૨૨ના પ્રમોશન માટે ગુજરાત સરકાર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવોના વડપણમાં વિવિધ દેશોની મુલાકાતે ગયેલા ૫ પ્રતિનિધિમંડળો માટે ભારત સરકારનાં વિભિન્ન મંત્રાલયો તરફથી જરૂરી મંજૂરી મેળવી તથા તેઓને જે-તે દેશોના વિઝા મેળવવામાં પણ મદદરૂપ થયેલ.

ખાતાકીય તપાસના ખાસ અધિકારીની કચેરી

રાજ્ય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓ સામેની પ્રાથમિક તપાસ તેમજ ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે ખાતાકીય તપાસના ખાસ અધિકારીની કચેરીની રચના કરવામાં આવેલ છે.

વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ

જીલ્લા કલેકટર/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને શ્રેષ્ઠી કામગીરી બદલ પુરસ્કાકર આપવા બાબત : વહીવટમાં ગતિશીલતા લાવવા તેમજ અધિકારીઓને દર વર્ષે સારી કામગીરી માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પુરસ્કાર આપવામાં આવે છે.

સુધારેલી યોજનાનુસાર, વહીવટમાં આધુનિક ઉપકરણનો ઉપયોગ તથા નવીનતમ યોજનાઓ/કાર્યક્રમ અને અન્ય માપદંડોને ધ્યાનમાં લઈ CM DASHBOARD અંતર્ગત આવરી લેવાયેલ KPI (Key Performance Indicator) ના ધોરણે

આ યોજનામાં રાજ્યના ૩૩ જિલ્લાઓને (૦૨) બે ભાગમાં (A. ૧૫ લાખથી વધુ વસ્તી અને મ્યુનિસિપલ કોર્પોરેશનો ધરાવતા જિલ્લા અને B. ૧૫ લાખ સુધીની વસ્તી ધરાવતા જિલ્લા) વહેંચવામાં આવેલ છે. આ દરેક કેટેગરીમાંથી કુલ ૦૨ (બે) જિલ્લા કલેકટર અને ૦૨ (બે) જિલ્લા વિકાસ અધિકારીઓને ઈનામ માટે પસંદ કરવામાં આવશે. પસંદગી પામેલ દરેક અધિકારીને ₹ ૫૧,૦૦૦/- (રૂપિયા એકાવન હજાર) તથા તેઓ જે જીલ્લાનું પ્રતિનિધિત્વ કરતા હોય તે જિલ્લાના વિકાસ માટે ₹ ૪૦,૦૦,૦૦૦/- (રૂપિયા ચાલીસ લાખ) ફાળવવામાં આવે છે.

માન.સંસદ સભ્યશ્રીઓ/ ધારાસભ્યશ્રીઓના પડતર પત્રો તેમજ ભારત સરકાર તરફથી મુખ્ય સચિવશ્રીને લખાયેલા અર્ધસરકારી પત્રોની સમીક્ષા.

વર્ષ દરમ્યાલ માન.સંસદસભ્યશ્રીઓ/ માન.ધારાસભ્યશ્રીઓના પડતર પત્રો સચિવશ્રીઓની દર માસની પ્રથમ બેઠકમાં પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવે છે તેમજ ભારત સરકાર તરફથી મુખ્ય સચિવશ્રીને લખાયેલા અર્ધસરકારી પત્રોની સમયાંતરે સચિવશ્રીઓની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે.

સેવા સેતુ કાર્યક્રમ : તબક્કો-૬ અને તબક્કો-૭ :

રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તે માટે વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા તથા જવાબદારીપણા (Accountability)ની બાબતને રાજ્ય સરકાર દ્વારા હાર્દ સમાન ગણેલ છે.

રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો સ્થળ પર નિકાલ થાય, એક જ સ્થળે જવાબો મળી રહે તે માટે રાજ્ય સરકારે તા.૦૨/૦૮/૨૦૨૧ સોમવારના રોજ સમગ્ર રાજ્યમાં 'સંવેદના દિવસ' તરીકે સેવા સેતુ કાર્યક્રમ જિલ્લાના ગ્રામ્ય કક્ષાએ અને નગરપાલિકા - મહાનગરપાલિકા ક્ક્ષાએ કુલ ૪૩૩ કાર્યક્રમો યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમો દ્વારા કુલ ૫૭ સેવાઓ આવરી લેવામાં આવેલ છે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ તબક્કો-૭, તા.૧૮/૧૦/૨૦૨૧ થી તા.૦૫/૦૧/૨૦૨૨ દરમ્યાન યોજવાનો રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે.આ સાતમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં તા.૦૫/૦૧/૨૦૨૨ સુધીમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં મળીને કુલ ૨૫૦૦ સેવાસેતુ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

ગ્રામ્ય કક્ષાએ ૬ થી ૮ ગામો વચ્ચે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં જુદા-જુદા ૧૩ અધિકારીઓની ટીમ દ્વારા એક કેમ્પ ગોઠવી સેવાસેતુ કાર્યક્રમ યોજાશે, જ્યારે શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા વિસ્તારમાં સમગ્ર સમયગાળા દરમ્યાન ૪ થી ૧૦ કાર્યક્રમો નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં કુલ-૧૧ અધિકારીશ્રીઓની ટીમ દ્વારા યોજાશે અને નગરપાલિકા વિસ્તારમાં ૪ થી ૫ વોર્ડનું એક યુનિટ બનાવી સમગ્ર રાજ્યની તમામ નગરપાલિકાઓમાં ૨ થી ૩ કાર્યક્રમ જિલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં કુલ-૧૧ અધિકારીશ્રીઓની ટીમ દ્વારા યોજાશે. આ કાર્યક્રમ દર અઠવાડિયે શુક્રવાર અને શનિવારે યોજાશે, જેમાં કુલ ૫૬ સેવાઓનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ છે.

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ (વસુતાપ્ર-૩)

૧. પરિચય :

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) તા. ૦૧/૧૦/૨૦૦૪ થી સ્વાયત થયેલ છે. સંસ્થાના નિયંત્રણ હેઠળ કુલ ૬ પ્રાદેશિક તાલીમ કેન્દ્રો છે. જે અમદાવાદ, વડોદરા, રાજકોટ, મહેસાણા, સુરત અને ગાંધીનગર ખાતે કાર્યરત છે. સંસ્થા દ્વારા જ્ઞાનનો પ્રચાર પ્રસાર કરવા તથા રાજ્ય વ્યાપી પ્રવૃત્તિઓ અંતર્ગત સ્પીપા દ્વારા વિવિધ તાલીમ કાર્યક્રમો અને પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે.

સ્પીપા, અમદાવાદ ખાતે પ્રોબેશનર્સ આઈ.એ.એસ. ને તથા રાજ્યનાં વિવિધ સંવર્ગના અધિકારીશ્રીઓને સંસ્થાકીય તાલીમ આપવામાં આવે છે. સીધી ભરતીથી નિમણૂંક પામનાર રાજ્યપત્રિત અધિકારીશ્રીઓ, નાયબ કલેકટરશ્રીઓ, મામલતદારશ્રીઓ વગેરેને પૂર્વસેવા તાલીમ આપવામાં આવે છે. સંસ્થાનાં પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગના કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત યુપીએસસી સ્ટડી સેન્ટર અને સીજીઆરએસ સ્ટડી સેન્ટરની સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોને તાલીમ આપવામાં આવે છે. સંસ્થા ખાતે તાલીમાર્થીઓ માટે અદ્યતન સુવિધાસજ્જ સેમિનાર હોલ તથા રહેવા માટે હોસ્ટેલની સવલત ઉપલબ્ધ છે. સ્પીપા ખાતે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ ૩૮ વિષયો ઉપર તાલીમ યોજવામાં આવેલ હતી.

સેન્ટ્રલ ગવર્નમેન્ટ રીક્રુટમેન્ટ સ્ટડી (સીજીઆરએસ) સેન્ટર :

કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોમાં વર્ગ ૧-૨ ની ભરતી માટે આઈ.બી.પી.એસ., આર.બી.આઈ., એસ.બી.

આઈ.,એલ.આઈ.સી.,એસ.એસ.સી.,આર.આર.બી.,વગેરે જેવી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે વિના મૂલ્યે પ્રશિક્ષણ વર્ગો વર્ષ- ૨૦૧૩-૧૪માં શરૂ કરવામાં આવેલ છે. સ્પીપા તેના હસ્તકના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો દ્વારા વાર્ષિક ૪૬૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે

૩. યુપીએસસી સ્ટડી સેન્ટર :

કેન્દ્રિય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને તેની સંલગ્ન પરીક્ષામાં સફળતા મેળવી IAS/IFS/IPS etc. વગેરે બનવાની મહત્વકાંક્ષા ધરાવતા ગુજરાત રાજ્યના પ્રતિભાશાળી યુવકો/યુવતીઓને ઉચ્ચકક્ષાની તાલીમ મેળવી રહે તે હેતુસર, આ સંસ્થા ખાતે ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૨ થી કેન્દ્રિય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી વહીવટી સેવા અને તેની સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગ અંગેની યોજના શરૂ કરવામાં આવે છે.

સ્પીપા અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો તેમજ ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ ખાતે કુલ ૫૦૦ ઉમેદવારોને પ્રવેશ પરીક્ષાના માધ્યમથી મેરીટવાઈઝ અને રાજ્ય સરકારના પ્રવર્તમાન અનામત નીતિ મુજબ કેટેગરી વાઈઝ ઉમેદવારો ભરીને પ્રિલિમ પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને પર્સનાલીટી ટેસ્ટની સઘન તાલીમ આપવામાં આવે છે. સ્પીપા ખાતે પ્રવેશ મેળવનાર ઉમેદવારને સ્ટાઈપેન્ટ અને યુપીએસસીમાં ઉતિર્ણ થયેલ ઉમેદવારને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે.

સિદ્ધિ : વર્ષ ૧૯૯૨ થી એપ્રિલ ૨૦૨૧ સુધી સંસ્થામાંથી કુલ ૨૩૮ ઉમેદવારો અખિલ ભારતીય મુલ્કી સેવામાં પસંદગી પામેલ છે. યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૦માં સ્પીપાના કુલ ૧૩ ઉમેદવારોએ સફળતા પ્રાપ્ત કરેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૨ માટે પ્રવેશ પરીક્ષા ૨૦૨૧ ના માધ્યમથી પ્રવેશ મેળવેલ કુલ ૪૮૨ ઉમેદવારોને પ્રિલિમ પરીક્ષાની સઘન તાલીમ આપવામાં આવનાર છે.

૪. ગ્રંથાલય :

સ્પીપાના કોમ્પ્યુટરઈઝડ ગ્રંથાલયમાં વિવિધ વિષયના પચાસ હજાર થી વધુ પુસ્તકો અને એક લાખ ઉપરાંતના સરકારી પ્રકાશનો છે. ઉપરાંત ૧૪ જેટલા વર્તમાન પત્રો તેમજ ૫૧ જેટલા મેગેઝીન જર્નલ સબ્સકાઈબ કરવામા આવેલ છે. આઈ.એ.એસ. સ્ટડી સેન્ટર તથા સીજીઆરએસના વિદ્યાર્થીઓના પુસ્તકો માટે અલાયદો વિભાગ રાખવામાં આવેલ છે જેમાં તેમની જરૂરિયાતોને લગતા વિવિધ વિષયો પરના પુસ્તકો વસાવવામાં આવેલ છે.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત સંસ્થા ખાતે ૧ દિવસીય કુલ ૩ તાલીમ વર્ગોનું આયોજન કરેલ જેમા કુલ ૪૮ અધિકારી/કર્મચારીઓને તાલીમ આપેલ છે. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ ૨૦૧૩ના એક દિવસીય તાલીમ કાર્યક્રમોનુ આયોજન કરેલ જેમાં કુલ ૭૭૧ તાલીમાર્થીઓ તાલીમમાં જોડાયેલ છે.

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા ખાતે ૨૯/૦૩/૨૦૨૧ થી તા. ૦૧/૦૫/૨૦૨૧ દરમિયાન ગુજરાત કેડરના કુલ ૧૭ અજમાયશી આઈ.એ.એસ અધિકારીઓની સંસ્થાકીય તાલીમનું આયોજન કરવામાં આવ્યુ.

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા ખાતે તા.૨૧/૦૯/૨૦૨૦ થી તા.૧૧/૧૨/૨૦૨૦ દરમિયાન ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ના ૨૦૧૯ની બેચના ૫૫ અધિકારીઓની ફાઉન્ડેશન તાલીમની બીજા ફેઝની સંસ્થાકીય તાલીમ આપવામાં આવેલ છે.

કોમ્પ્યુટર શાખા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ઓક્ટોબર માસ સુધીમાં CCC+ના ૧૩ તાલીમવર્ગનું આયોજન કરી ૨૧૪ તાલીમાર્થીઓને તાલીમ આપી કુલ ૨૫૬૮ માનવદિન પ્રાપ્ત થયેલ છે.

પરીક્ષા શાખા :

પરીક્ષા શાખા દ્વારા પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા, ખાતાકીય પરીક્ષા, પેમેન્ટ બેઈઝડ ખાતાકીય પરીક્ષા અને CCC+ની પરીક્ષા એમ અલગ-અલગ પ્રકારની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા, મહેસુલ તલાટીની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા, મુખ્ય સેવિકાને બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨)માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા, મુખ્ય અધિકારી વર્ગ-૩ની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા, મોટર વાહન નિરીક્ષકોની તાલીમાન્ત પરીક્ષા, રાજ્ય વેરા નિરીક્ષકોની પરીક્ષા, અનુસૂચિત જાતિના સમાજ કલ્યાણ નિરીક્ષકોની પરીક્ષા, વિકસતી જાતિના સમાજ કલ્યાણ નિરીક્ષકોની પરીક્ષા, આદિજાતિ વિકાસના અધિકારીઓની પરીક્ષા વગેરે જેવી પેમેન્ટ બેઈઝડ પરિક્ષાઓ યોજવામાં આવે છે. સી.જી.આર.એસ. પ્રશિક્ષણ વર્ગ માટેની પ્રવેશ પરીક્ષા તેમજ યુ.પી.એસ.સી. પ્રશિક્ષણ વર્ગ માટેની પ્રવેશ પરીક્ષા યોજવામાં આવે છે.

INDEX

વસુતાપ્ર-૪ :

૧. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩

રાજ્યના નાગરિકોને વહીવટતંત્ર દ્વારા ઝડપી, અસરકારક, પારદર્શક અને ભ્રષ્ટાચાર-રહિત સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા નાગરિક અધિકારપત્ર અન્વયે નાગરિકોને સેવાઓ નિયત સમયમાં પૂરી પાડવા માટે કોઈ કાયદાકીય પીઠબળ મળે અને આવી સેવાઓ નિયત સમય-મર્યાદામાં ઉપલબ્ધ થાય તે માટે ધી ગુજરાત (રાઈટ ઓફ સીટીઝન્સ ટુ પબ્લીક સર્વિસીસ) બિલ-૨૦૧૩ પસાર કરવામાં આવેલ છે.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ પૂર્ણ રીતે અમલમાં આવતાં આ કાયદા અંતર્ગત ગુજરાત સરકારના નાગરિકોને સીધી સ્પર્શતા કુલ-૨૦ વિભાગોની ૪૩૮ જેટલી સેવાઓને કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ સેવાઓ માટે વિભાગો દ્વારા મુકરર અધિકારી, ફરિયાદ નિવારણ અધિકારી તેમજ મુકરર સત્તાધિકારીની નિમણૂકોની કાર્યવાહી કરવામાં આવેલ છે અને રાજ્યકક્ષાએ કામગીરી માટે રાજ્ય અપીલ સત્તામંડળની નિમણૂંક પણ કરવામાં આવેલ છે.

કાયદાનો અમલ કરનાર અધિકારી/કર્મચારીઓને સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા દ્વારા કાયદાની જાણકારી અને માર્ગદર્શન માટે તાલીમ મોડયુલ બનાવી તબકકાવાર તાલીમો આપવામાં આવેલ છે, તેમજ કાયદાની જાણકારી નાગરિકોને મળે તે માટે પ્રચાર-પ્રસાર માટે પણ કાર્યક્રમ ઘડવામાં આવેલ છે.

૨. લોક ફરિયાદ :

નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે ભારત સરકારના વહીવટી સુધારણા અને લોક ફરિયાદ વિભાગ દ્વારા ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકાય તે માટે PG Portal (CPGRAMS) નામનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે માટે રાજ્ય સરકારના નોડલ વિભાગ તરીકે સામાન્ય વહીવટ વિભાગ (વસુતાપ્ર)ને નિયત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૨ થી ઓક્ટોબર-૨૦૨૧ સુધીના સમયગાળામાં નાગરિકો દ્વારા કુલ ૨,૧૬,૧૭૮ જેટલી ઓનલાઈન ફરિયાદ મળેલ છે, જે પૈકી ૧,૯૯,૭૨૩ જેટલી ફરિયાદોનો નિકાલ થયેલ છે. જેનો નિકાલનો દર ૯૨.૩૯ ટકા જેટલો છે.

આરટીઆઈસેલ શાખા

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ નો અમલ રાજ્યમાં ૧૨/૧૦/૨૦૦૫ થી કરવામાં આવે છે. આ કાયદાની કલમ-૧૫ અન્વયે ગુજરાત માહિતી આયોગની રચના કરવામાં આવી છે.

૨૦૨૧-૨૨ ના વર્ષમાં થયેલી કામગીરી

રાજ્યના તમામ અપીલ અધિકારીઓ અને જાહેર માહિતી અધિકારીઓમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ વિષે સમજ વિકસે તે હેતુસર સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા ખાતે ૨ દિવસીય કુલ-૦૨ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ, જેમાં રાજ્ય સરકારના ૪૧ અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ છે. આ ઉપરાંત સ્પીપાના ૬ પ્રાદેશિક તાલીમ કેન્દ્રો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ૧૬ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યા તેમાં ૮૧૨ તાલીમાર્થીઓને તાલીમ આપવાની કામગીરી કરેલ છે.

લોક જાગૃતિ માટે દુરદર્શન અને એફ.એમ.રેડીયો સ્પોટ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના પ્રચાર-પ્રસારની કામગીરી ૨૦૨૨-૨૩ ના વર્ષ પછી પણ કરવામાં આવનાર છે. તાલીમ દરમિયાન માહિતી અધિકાર અધિનિયમ કાયદાની પુસ્તિકા, સાહિત્ય પ્રકાશન વગેરે કામગીરી હાથ ધરવામાં આવશે.

બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ-પ્રતિષ્ઠાન

(૧) બિન-નિવાસી ગુજરાતીઓનો ડેટાબેઝ :

ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા પ્રવાસી ભારતીય દિવસ, સદાકાળ ગુજરાત, વાઈબ્રન્ટ ગુજરાત વિગેરે જેવા મેગા-કાર્યક્રમોમાં ભાગ લઈ એન.આર.જી. સેન્ટરો મારફતે વિવિધ કાર્યક્રમો યોજી ગુજરાતી સમાજો સાથે સંલગ્ન થઈ બિન નિવાસી ગુજરાતીઓનો ડેટાબેઝ વધારવાનો નિરંતર પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ રાજ્યોની રૂબરૂ મુલાકાત લઈને ત્યાંના ગુજરાતી સમાજોના પ્રતિનિધિઓ સાથે સંપર્ક બેઠકો યોજીને રાજ્યના વિકાસથી માહિતગાર કરવા ઉપરાંત ડેટા મેળવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. અત્યાર સુધીમાં આશરે ૩,૨૫,૮૮૬ જેટલો બિન-નિવાસી ગુજરાતીઓનો ડેટાબેઝ એકત્ર કરવામાં આવેલ છે.

INDEX

(૨) ગુજરાત કાર્ડ યોજના :

પ્રતિષ્ઠાન દ્વારા બિન-નિવાસી ગુજરાતીઓને ગુજરાત કાર્ડ આપવાની યોજના અન્વયે બિન-નિવાસી ગુજરાતીઓ નિયત ફોર્મ ભરી ₹ ૨૨૫/- અથવા ૫ (પાંચ) યુ.એસ.એ. ડોલર ની ફી તથા રહેઠાણના પુરાવા દસ્તાવેજો, પાસપોર્ટની ઝેરોક્ષ નકલ ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાનની કચેરીએ રજૂ કર્યેથી ગુજરાત કાર્ડ આપવામાં આવે છે.

ગુજરાત કાર્ડ ધારકોને નામાંકિત હોસ્પિટલો, હોટલો, જવેલરીની દુકાનો, રેડીમેડ ગાર્મેન્ટમાં ખાસ વળતર આપવા માટે નામાંકિત સંસ્થાઓને સમજૂત કરી આ યોજનામાં જોડવામાં આવે છે જે અંતર્ગત ૯૪૩ જેટલી સંસ્થાઓ ગુજરાત કાર્ડ ધારકને લાભ આપે છે.

બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત કાર્ડનું ફોર્મ સરળતાથી મેળવી શકે તે હેતુસર ગુજરાત કાર્ડનું ફોર્મ સંબંધિત જિલ્લા કલેકટરશ્રીની કચેરી, પ્રતિષ્ઠાનની વેબસાઈટ, ગુજરાત રાજ્યમાં અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા એનઆરજી સેન્ટરો અને ગુજરાતી સમાજોમાંથી પણ ગુજરાત કાર્ડના ફોર્મ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. ગુજરાત કાર્ડ ધારકોને સરકારી કચેરી/બોર્ડ-કોર્પોરેશનમાં કામ હોય ત્યારે અગ્રતા આપવા સૂચનાઓ આપેલ છે.

પ્રતિષ્ઠાન દ્વારા અત્યાર સુધી કુલ ૨૪,૦૯૨ થી વધુ ગુજરાત કાર્ડ આપવામાં આવ્યા છે. બિન નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાનની પ્રવૃત્તિઓની જાણકારી માટે પ્રતિષ્ઠાનની વેબસાઈટ www.nri.gujarat.gov.in કાર્યરત છે.

(૪) જીલ્લા NRG સમિતિ :

બિન-નિવાસી ભારતીયોના પ્રશ્નોના નિરાકરણ/માર્ગદર્શન માટે તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ જિલ્લા પોલિસ અધિકારીશ્રી સભ્ય તરીકે જિલ્લાના મૂળ નિવાસી હોય તેવા બિન-નિવાસી ગુજરાતી અથવા તેમણે સૂચવેલ પ્રતિનિધિ હોય તેવા ચાર બિન-સરકારી સભ્યો હોય છે.

જિલ્લા એન.આર.જી. સમિતિ સાથે સંકલનમાં રહી બિન-નિવાસી ભારતીયોના પ્રશ્નોના નિરાકરણ/માર્ગદર્શન માટે પ્રયત્નો કરવામાં આવે છે.

(૫) પરપ્રાંતમાં ગુજરાતી સમાજ ભવનના નિર્માણ તથા હયાત સમાજ ભવનના નવીનીકરણ માટે આર્થિક સહાય યોજના :

ગુજરાત બહાર દેશના અન્ય રાજ્યોમાં વસતાં ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓ મારફત જે તે રાજ્યમાં સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/ખરીદી/વિસ્તરણના ખર્ચ પેટે ₹ ૪૦.૦૦ લાખ અથવા ખર્ચના ૪૦% જે ઓછી રકમ હોય તે અને સમાજ ભવનના મરામત,સમારકામ કે નવીનીકરણ માટે ₹ ૧૦.૦૦ લાખ અથવાખર્ચના ૪૦% જે ઓછી રકમ હોય તે સહાય આપવામાં આવે છે.

આ યોજના હેઠળ નિયત પાત્રતા ધરાવતી અને શરતો પરિપૂર્ણ કરતી, અન્ય રાજ્યોની કુલ ૧૭ ગુજરાતી સમાજ સંસ્થાઓને કુલ ₹ ૧,૮૯,૭૩,૨૫૦/-ની નાણાંકીય સહાય પુરી પાડવામાં આવેલ છે.

(૬) એન.આર.જી.સેન્ટરોની સ્થાપના :

રાજ્યના જે શહેરોમાં બિન-નિવાસી ગુજરાતીઓની અવર-જવર વધુ રહેતી હોય તેવા મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ આણંદ અને મહેસાણા ખાતે પ્રતિષ્ઠિત સંસ્થાઓના સહયોગમાં એન.આર.જી. સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે, આ સેન્ટરોને વાર્ષિક ધોરણે આવર્તક ખર્ચ પેટે ₹ ૩.૦૦ લાખ અને પરિણામલક્ષી કામગીરી પેટે ₹ ૩.૦૦ લાખની મર્યાદામાં ચુકવણી કરવામાં આવે છે.

(૭) બિન-નિવાસી ગુજરાતીઓના પ્રશ્નોના ઉકેલમાં સહયોગ :

બિન-નિવાસી ગુજરાતીઓ તરફથી મળતી રજુઆતો/પ્રશ્નોનું રજીસ્ટર પ્રતિષ્ઠાનની કચેરી દ્વારા નિભાવવામાં આવે છે. એન.આર.જી.ની સંપત્તિ જેમ કે મકાન/જમીનને લગતા પ્રશ્નો અંગે સબંધિત વિભાગ/કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પોલીસ કમિશ્નર કચેરી સાથે પત્ર વ્યવહાર કરીને સમસ્યાનું નિરાકરણ લાવવા પ્રયત્ન કરવામાં આવે છે. NRI/ PIO ના પોલીસ ખાતાને સબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરમાં NRI Redressal Cell ની રચના કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્રમાં આવતી બાબતો અંગે મળેલ રજુઆતો જરૂરી કાર્યવાહી અર્થે કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયને મોકલવામાં આવે છે. બિન-નિવાસી ગુજરાતીઓના પ્રશ્નોના નિરાકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનના નિયામકશ્રીની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરેલ છે.

INDEX

(૮) ગુજરાતી લર્નીંગ સી.ડી. :

ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ અને ખાસ કરીને યુવા પેઢી ગુજરાતી ભાષા શીખી શકે અને ગુજરાત ની સંસ્કૃતિનું જતન કરી શકે તે માટે ગુજરાતી ભાષા શીખવા માટેની સી.ડી. બહાર પાડવામાં આવેલ છે. પ્રતિષ્ઠાન દ્વારા બિન-નિવાસી ગુજરાતીઓને આસીડી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે તેમજ બિન-નિવાસી ગુજરાતીઓને લગતા કાર્યક્રમોમાં આ સીડીનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

(૯) એન.આર.જી. ટાઈમ્સ :

દર ૧૫ દિવસે એન.આર.જી. ટાઈમ્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે, જેમાં બિન-નિવાસી ગુજરાતીઓના હિતને લગતાં ન્યુઝ, આર્ટીકલ, ગુજરાત સરકારની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ, સાહિત્ય, કલા અને સંસ્કૃતિની માહિતી વગેરે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ મેગેઝીન પ્રતિષ્ઠાનની વેબસાઈટ www.nri.gujarat.gov.in ઉપર મૂકવામાં આવે છે.

(૧૦) ભારત સરકાર/ અન્ય રાજ્ય સરકારો સાથે સંપર્ક/ બેઠકો :

પ્રવાસી ભારતીય કાર્ય મંત્રાલયની વાર્ષિક કન્સલ્ટેશન બેઠકમાં ભાગ લેવામાં આવે છે. ગુજરાતીઓની વધુ વસ્તી ધરાવતાં રાજ્યો અને વિદેશમાં પણ સઘન પ્રવાસ/સંપર્ક કરીને વધુમાં વધુ NRGને ગુજરાત સાથે જોડવા પ્રયત્નો કરવામાં આવે છે.

(૧૧) સ્વૈચ્છિક સંસ્થાઓના ડેટાબેઝ અને સંકલનની કામગીરી :

વર્ષ- પ્રતિષ્ઠાન ખાતે સ્વૈચ્છિક સંસ્થાના સંકલનને લગતી કામગીરી તબદીલ કરવામાં આવેલ છે. પ્રતિષ્ઠાનની કચેરી સ્વૈચ્છિક સંસ્થાતઓની જિલ્લાવાર અને પ્રવૃત્તિવાર નોંધણી કરીને યાદી નિભાવે છે. પ્રતિષ્ઠાન રાજ્યમાં આવતી આપત્તિઓના સમયમાં સ્વૌચ્છિક સંસ્થાઓ અને સરકાર વચ્ચે સંકલનની કામગીરી બજાવે છે. અત્યાર સુધીમાં વિવિધ માધ્યમો દ્વારા ૩,૨૩,૪૫૩ સ્વૈચ્છિક સંસ્થાઓનો ડેટાબેઝ મેળવેલ છે.

(૧૨) ગુજરાત પરિભ્રમણ યોજના :

વર્ષ ૨૦૧૮-૧૯ થી અન્ય રાજ્યોમાં વસતાં બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી ગુજરાત ની મુલાકાત લેતી થાય, પોતાના વતનની સુવાસને જાણે, માણે અને સમજે તે માટે “યુવા બિન-નિવાસી ગુજરાતીઓ માટે ગુજરાત પરિભ્રમણ યોજના” અમલમાં મૂકવામાં આવેલ છે.

(૧૩) ગુજરાત દર્શન યોજના :

અન્ય રાજ્યોમાં વસતાં બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત ની મુલાકાતે આવે, પોતાના વતનની સુવાસને જાણે, માણે અને સમજે તે માટે ૬૦ થી ૭૦ વર્ષની વચ્ચેના અન્ય રાજ્યોમાં વસતા બિન-નિવાસી ગુજરાતીઓ માટે “ગુજરાત દર્શન”નામની ગુજરાત ની મુલાકાતની એક નવી યોજના વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં મૂકવામાં આવેલ છે.

(૧૪) વંદે ભારત મિશન :

કોવિડ-૧૯ મહામારીના કારણે ભારત બહાર અન્ય દેશોમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા ભારત સરકાર દ્વારા “વંદે ભારત મિશન” હેઠળ અભિયાન શરૂ કરવામાં આવેલ. આ અભિયાન અંતર્ગત વિદેશોમાં ફસાયેલા ભારતીયો ભારત પરત ફરે ત્યારે એરપોર્ટ ઉતરે ત્યારથી શરૂ કરીને ક્વોરેન્ટાઈન થવા અંગે અને ઘરે પહોંચે ત્યાં સુધી અનુસરવા અંગે અમલીકરણ પ્રક્રિયા અંગેની કાર્યપદ્ધતિ ભારત સરકારના સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોટોકોલ નિયત કરેલ છે. આ કામગીરી અંતર્ગત પ્રતિષ્ઠાનના નિયામકશ્રીને નોડલ ઓફિસર તરીકે નીમવામાં આવેલ છે.

વાઈબ્રન્ટ ગુજરાત :

રાજ્ય સરકાર દ્વારા દર બે વર્ષે યોજવામાં આવતાં વાઈબ્રન્ટ ગુજરાત કાર્યક્રમમાં પ્રતિષ્ઠાન દ્વારા ભાગ લેવામાં આવે છે.

સદાકાળ ગુજરાત :

દેશના અન્ય રાજ્યોના જે શહેરોમાં ગુજરાતીઓની સંખ્યા વધુ હોય ત્યાં બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢીને ગુજરાત ની સંસ્કૃતિથી માહિતગાર કરવા, બિન-નિવાસી ગુજરાતીઓને પોતાના મૂળ સાથે જોડાયેલા રાખવા તથા સરકારની/ પ્રતિષ્ઠાનની પ્રવૃત્તિઓનો પ્રચાર-પ્રસાર કરવા, ગુજરાતી યુવા ધનનો ડેટાબેઝ તૈયાર કરવા વિગેરે જેવા હેતુઓ સાથે સદાકાળ ગુજરાત કાર્યક્રમ યોજવામાં આવે છે. સદાકાળ ગુજરાત કાર્યક્રમ નવેમ્બર ૨૦૨૧માં ગોવા ખાતે યોજવામાં આવેલ હતો.

INDEX

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમનો અમલ જિલ્લા આયોજન મંડળો મારફત થાય છે. તાલુકા કક્ષાએથી જરૂરીયાતના કામોની દરખાસ્ત તૈયાર થયે જિલ્લા આયોજન મંડળમાં મંજૂરી માટે રજુ થાય છે. જિલ્લા આયોજન મંડળમાં જે-તે જિલ્લાના રાજ્ય સરકારના પ્રભારી મંત્રીશ્રી અધ્યક્ષ તરીકે હોય છે. જિલ્લા આયોજન અધિકારીશ્રી જિલ્લા આયોજન મંડળના સભ્ય સચિવ છે.

૨. વિકેન્દ્રિત જિલ્લાક આયોજન કાર્યક્રમ હેઠળની વિવેકાધીન અને પ્રોત્સાહક જોગવાઈની રકમો પૈકી નીચે દર્શાવ્યા મુજબના કાર્યક્રમો અમલમાં મુકવામાં આવે છે.

(૧) જિલ્લાના સંતુલિત વિકાસ માટે વિકેન્દ્રિત આયોજન :

(i) જિલ્લા આયોજન મંડળો પોતે પોતાના જિલ્લોની સ્થાગનિક જરૂરીયાતોને લક્ષમાં લઈને સ્વતંત્ર રીતે ન્યૂનત્તમ જરૂરીયાત અંગેની યોજના ૧૦૦ ટકા સરકારી ગ્રાન્ટમાંથી મંજુર કરી શકે તે માટે વિવેકાધીન જોગવાઈ.

(ii) જિલ્લા કક્ષાએ વધારાના નાણાંકીય સાધનો(લોકફાળો) એકત્રિત કરવામાં આવે તેની સામે નિશ્ચિત પ્રમાણમાં સરકારી સહાય આપવા માટે પ્રોત્સાહક જોગવાઈ

(iii) ભૌગોલિક રીતે ખાસ પછાત વિસ્તારોના વિકાસ માટેની ગ્રાન્ટ

(૨) સ્થાનિક અગત્ય ધરાવતા સામૂહિક વિકાસના કામો અંગેના કાર્યક્રમ હેઠળ વિધાનસભા

સભ્યશ્રીઓને મતવિસ્તાર દીઠ ફાળવવા અંગેની ગ્રાન્ટ (ધારાસભ્યશ્રી ગ્રાન્ટ) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક યાદીને આધીન કામો લેવામાં આવે છે. માર્ગદર્શક યાદીમાં માર્ગદર્શક યાદી સુધારણા માટેની કેબીનેટ પેટા સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણ સબંધે સરકારશ્રી દ્વારા સુધારણા કરી વિવેકાધીન તેમજ પ્રોત્સાહક યોજનામાંથી સ્નાનઘર, જે શાળામાં ભારત સરકારની જલમતી યોજના હેઠળ આર.ઓ. પ્લાન્ટ આપવામાં આવેલ હોય તે સિવાયની સરકારી/ મહાનગરપાલિકા/ નગરપાલિકા/ ગ્રાન્ટ ઈન-એઈડ પ્રાથમિક શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટ તેમજ સરકારી પ્રાથમિક શાળામાં સવારની પ્રાર્થના, સમૂહ કવાયત જેવી પ્રવૃત્તિઓના સ્થળે સાદા શેડના કામનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં, મધ્યાહન ભોજન યોજના હેઠળ સ્ટોરરુમ તેમજ રસોડાના બાંધકામની યોજનાની મહત્તમ મર્યાદા ₹ ૨૫,૦૦૦થી વધારીને ₹ ૫૦,૦૦૦, પ્રાથમિક શાળાઓમાં લાયબ્રેરીના હેતુ માટે ફક્ત પુસ્તકો અને કબાટ ખરીદવા માટે ₹ ૫૦,૦૦૦ ની મર્યાદા વધારીને ₹ ૧.૦૦ લાખ તથા સરકારી હોસ્પિટલમાં વૈધકીય નિદાન તેમજ સારવારના તાંત્રિક સાધનો ₹ ૫.૦૦ લાખ સુધીની મર્યાદા માં માત્ર એકજ વાર આપી શકાતા હતા તેની મર્યાદા દૂર કરવામાં આવેલ છે. તે જ રીતે, ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટના વપરાશમાં વધુ લોકાભિમુખ માંગણીઓ સંતોષાય તે માટે ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી આંગણવાડીના કામોની મર્યાદા ₹ ૭.૦૦ લાખ, શબને અગ્નિદાહ આપવા માટે લાકડા, છાણાં અને પુળા ભરવા માટે સ્મશાનમાં ઓરડી બનાવવાની મર્યાદા વધારીને ₹ ૨.૦૦ લાખ તથા સરકારી હોસ્પિટલમાં વૈધકીય નિદાન તેમજ સારવારના તાંત્રિક સાધનો ₹ ૧૦.૦૦ લાખ સુધીની મર્યાદામાં માત્ર એકજ વાર આપી શકાતા હતા તેની મર્યાદા દૂર કરવામાં આવેલ છે અને ગામદીઠ એક પક્ષીઘર જેવી નવી જોગવાઈઓ મંજૂર કરી યોજનાનો વ્યાપ વધારવામાં આવેલ છે. વધુમાં રાજ્યના મહાનગરોમાં અર્થાત મહાનગરપાલિકાની હદમાં પ્રજાની સલામતી અને સુરક્ષા માટે તેમજ ગુનાહિત પ્રવૃત્તિઓ કાબૂમાં રાખવા અને કાઈમ ડિટેકશનના હેતુથી જ્યાં પોલીસ ખાતાનો અભિપ્રાય થતો હોય, તેવા જાહેર રસ્તાઓ, જાહેર સ્થળોએ તેમજ ખાનગી અને જાહેર સોસાયટી, ફલેટ, પોળ વગેરે સ્થળોએ CCTV પ્રોજેક્ટનું કન્ટ્રોલ યુનિટ પોલીસ કન્ટ્રોલ રૂમ અથવા પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવે અને પ્રોજેક્ટ અમલીકરણ કચેરી તરીકે ગૃહ વિભાગ હેઠળની કોઈ કચેરી રાખવામાં આવે, તે શરતે CCTV પ્રોજેક્ટની સંપૂર્ણ રકમ મંજૂર કરવાની જોગવાઈ પણ કરેલ છે.

(૩) રાજ્યના અત્યંત પછાત તાલુકાઓને વિકાસશીલ તાલુકાઓની હરોળમાં લાવવા માટે વિકાસના કામો હાથ ધરી શકાય તે માટે રાજ્યમાં કુલ ૫૦ અંત્યત પચાત તાલુકાઓને પસંદ કરી વિકાસશીલ તાલુકાઓની હરોળમાં લાવવા પ્રયત્ન કરવામાં આવે છે.

(૪) રાજ્યમાં રાષ્ટ્રીય પર્વોની ગરીમાને ઉજ્જવલીત કરવા અને આ દિવસે પ્રજાના વિકાસ કામો માટે રાજ્ય સરકાર દ્વારા જિલ્લામાં મહાનગરપાલિકા હોય તેવા જિલ્લામાં મહાનગરપાલિકા વિસ્તારમાં વિકાસના કામો હાથ ધરવા માટે ₹ ૨.૫૦ કરોડ અને નગરપાલિકા વિસ્તારમાં વિકાસના કામો હાથ ધરવા માટે ₹ ૨.૫૦ કરોડ કલેકટરશ્રી હસ્તક તથા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વિકાસના કામો હાથ ધરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી હસ્તક ₹ ૨.૫૦ કરોડની રકમ ફાળવવામાં આવે છે.

INDEX

આ ઉપરાંત રાજ્યકક્ષાની ઉજવણી તથા જિલ્લા કક્ષાની ઉજવણી સિવાયના રાજ્યના તમામ તાલુકા પૈકી વધુ વસ્તી ધરાવતા ૧ (એક) ગામને પસંદ કરી ગ્રામ્ય કક્ષાએ રાષ્ટ્રીય પર્વની ઉજવણીની શરૂઆત કરવામાં આવેલ છે. અને, આ ગામના વિકાસના કામો હાથ ધરવા માટે ₹ ૫.૦૦ લાખની ગ્રાંટ ફાળવવામાં આવે છે.

(૫) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો :

"આપણો તાલુકો વિકાસ યોજના" વર્ષ ૨૦૧૧-૧૨થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના દ્વારા રાજ્ય સરકાર ગ્રામ્ય કક્ષાએ પાયાની સુવિધાઓ જેવી કે ગ્રામ્ય આંતરિક રસ્તાઓ, ગટર વ્યવસ્થાય, ઘન કચરાના નિકાલ માટેની યોજના, પીવાના પાણીની યોજના જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં જોગવાઈવાર મેળવેલ ભૌતિક સિદ્ધિઓ(આગળના વર્ષોના પડતર કામો સહિતના કુલ કામો)ની વિગતો.

ક્રમ	યોજનાનું નામ	મંજુર થયેલ કામો (તા.૩૧-૧૦-૨૦૨૧ સુધી) આગળના વર્ષો સહિત	પૂર્ણ થયેલ કામો (તા.૩૧-૧૦-૨૦૨૧ સુધી) આગળના વર્ષો સહિત
૧	૨	૩	૪
૧	જિલ્લાના સંતુલિત વિકાસ માટે વિકેન્દ્રિત આયોજનની... વિવેકાધીન જોગવાઈ	૧૭૭૯૬	૮૬૫૭
	પ્રોત્સાહક જોગવાઈ	૨૦૯	૧૩૬
	ભૌગોલિક રીતે ખાસ પછાત વિસ્તારોનો વિકાસ	૨૧૪	૧૩૮
૨	સ્થાનિક અગત્યતા ધરાવતા સામૂહિક વિકાસના કામો (ધારાસભ્યશ્રી ફંડ)	૪૪૦૨	૨૯૧૮
૩	વિકાસશીલ તાલુકા યોજના	૧૪૧૬	૧૪૮૩
૪	રાષ્ટ્રીય પર્વોની ઉજવણી	૧૨૧	૩૩૦
૫	આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો	૧૮૪૭૬	૧૦૪૮૯
	કુલ	**૪૨૬૩૪**	**૨૪૧૫૧**

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં અનુસુચિત જાતિ પેટા યોજના (SCSP)અને આદિજાતિ વિસ્તાર પેટા યોજના (TASP)યોજના હેઠળ મંજુર થયેલ જોગવાઈ અંગેની સદરવાર વિગતો નીચે મુજબ છે.

(₹ લાખમાં)

ક્રમ	કાર્યક્રમ	વર્ષ ૨૦૨૧-૨૨		વર્ષ ૨૦૨૨-૨૩	
		SCSP માટેની જોગવાઈ	TASP માટેની જોગવાઈ	SCSP માટેની જોગવાઈ	TASP માટેની જોગવાઈ
૧.	જિલ્લાના સંતુલિત વિકાસ માટે વિકેન્દ્રિત આયોજનની... વિવેકાધીન જોગવાઈ	૩૩૫૩.૦૦	૩૫૯૩.૦૦	૩૩૫૩.૦૦	૩૫૯૩.૦૦
૨.	વિકાસશીલ તાલુકા યોજના	૩૬૦.૦૦	૫૬૦૦.૦૦	૩૬૦.૦૦	૫૬૦૦.૦૦
૩.	આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો	૩૧૬૮.૦૦	૭૮૪૫.૦૦	૩૧૬૮.૦૦	૭૮૪૫.૦૦
	કુલ	**૬૮૮૧.૦૦**	**૧૭૦૩૮.૦૦**	**૬૮૮૧.૦૦**	**૧૭૦૩૮.૦૦**

વર્ષ-૧૯૭૯માં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ગ્રાન્ટ ફાળવણીની ટકાવારી નક્કી કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૦-૧૧થી આ કાર્યક્રમ હેઠળ ટકાવારીના ધોરણે ગ્રાન્ટ ફાળવણી કરવાના બદલે તાલુકાને વિકાસનું એકમ ગણી "Taluka Centric Approach" અપનાવીને તાલુકામાં આવેલ ગામોની સંખ્યાને ધ્યાનમાં લઈ ગ્રાન્ટ ફાળવણી માટેનું ધોરણ આપનાવવામાં આવેલ છે.

INDEX

પરિણામલક્ષી અંદાજપત્ર :

ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૬ થી જાહેર નાણાનાં ઉપયોગ થકી હાંસલ થયેલ પરિણામો જાણવા માટે પરિણામલક્ષી અંદાજપત્ર ઘડવાનું શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા પણ વર્ષ ૨૦૧૭-૧૮ થી તે જ રીતે પરિણામલક્ષી અંદાજપત્ર (આઉટકમ બજેટ) બહાર પાડવામાં આવે છે.

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા વિવિધ યોજનાઓને પરિણામલક્ષી માપદંડો આધારીત મૂલ્યાંકન કરવા ઉપર ખાસ ભાર મૂકવવામાં આવેલ છે. વધુમાં, આ પરિપ્રેક્ષમાં સંયુકત રાષ્ટ્રસંઘના એજન્ડા ૨૦૩૦ દ્વારા નિર્ધારિત કરેલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા "ગુજરાત સસ્ટેનેબલ વિઝન ૨૦૩૦" (તૈયાર કરવામાં આવેલ છે. પરિણામલક્ષી અંદાજપત્ર એ આ દિશામાં એક પહેલ છે.

રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રીય જોગવાઈનું માત્ર દસ્તાવેજીકરણ કરવાના બદલે માપી શકાય તેવા યોગ્ય પરિણામો મેળવવાના મુખ્ય હેતુથી પરિણામલક્ષી અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. આ અંદાજપત્ર પ્રકાશનમાં સમાવેલા ભૌતિક પરિણામો ખાલી સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાં અને માત્ર વપરાશ કે નાણાંકીય સ્ત્રોતોની જોગવાઈના દ્રષ્ટિકોણથી માપી શકાય તેવા એકમો જ નહી પરંતુ ભૌતિક એકમો અને તેના માપી શકાય તેવા પરિણામો દર્શાવે છે.

પરિણામલક્ષી અંદાજપત્ર દ્વારા સરકારના વિભાગોને તેની યોજનાઓના અમલીકરણ માટેની નીતિ ઘડતરમાં તથા તેની સમીક્ષા કરવામાં પડતી મુશ્કેલીઓને ઓળખી કાઢવા માટેની તક પુરી પાડવામાં આવેલ છે. પરિણામલક્ષી અંદાજપત્ર સરકાર દ્વારા લેવાયેલ પગલા અંગેના ભૌતિક લક્ષ્યાંકો અને નાણાંકીય જોગવાઈ વચ્ચે વધુ સચોટ અને સુચારૂ રીતે સંયોજન કરે છે. પરિણામલક્ષી અંદાજપત્ર ખર્ચવામાં આવેલ નાણાંની સામે હાંસલ થયેલ સિદ્ધિઓનું અસરકારક નિયંત્રણ અને મૂલ્યાંકન કરવાની વિપુલ તકો પુરી પાડે છે.

આયોજન પ્રભાગ દ્વારા પરિણામલક્ષી અંદાજપત્ર માં દર્શાવેલ સરકારની યોજનાઓ તથા કાર્યક્રમોના ભૌતિક લક્ષ્યાંકોની સામે હાંસલ કરેલ ભૌતિક સિદ્ધિઓની ત્રિમાસિક સમીક્ષા હાથ ધરવામાં આવે છે, જેનું ઉચ્ચ કક્ષાએ પુનર્વિલોકન કરવામાં આવે છે.

વિકાસ વિવરણ :

"વિકાસ વિવરણ" પુસ્તિકા બે ભાગમાં પ્રકાશિત થાય છે. ભાગ-૧ માં સામાજિક, આર્થિક, માનવ વિકાસ, બાળકો અને મહિલા સશક્તિકરણ જેવા વિવિધ મુદ્દાઓને સમાવતા ૧૦ પ્રકરણો નો સમાવેશ કરવામાં આવે છે.

આકાંક્ષિત જિલ્લા કાર્યક્રમ :

આ ઉપરાંત ભારત સરકાર દ્વારા જાન્યુઆરી, ૨૦૧૮માં આકાંક્ષિત જિલ્લા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ. "ટ્રાન્સફોર્મેશન ઑફ એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ્સ" કાર્યક્રમનો મુખ્ય ધ્યેય રાજ્યના કેટલાક અવિકસિત જિલ્લાઓમાં ઝડપથી અને અસરકારક રીતે પરિવર્તન લાવવાનો છે.

દેશભરમાં 117 આકાંક્ષિત જિલ્લાઓની ઓળખ કરવામાં આવેલ જે અંતર્ગત ગુજરાત ના બે જિલ્લાઓ નર્મદા અને દાહોદનો સમાવેશ કરવામાં આવેલ છે. નીતિ આયોગ દ્વારા માસિક ધોરણે જિલ્લાઓની પ્રગતિ પર દેખરેખ અને નિયંત્રણ માટે ડેશબોર્ડ પણ તૈયાર કરવામાં આવેલ છે.

આરોગ્ય અને પોષણ, શિક્ષણ, કૃષિ, જળ સંસાધનો, નાણાંકીય સમાવિષ્ટતા અને કૌશલ્ય વિકાસ વગેરે જેવા મહત્ત્વના પરિણામો આધારિત સૂચકાંકોની સટિક આકારણી દ્વારા ગુજરાત સરકાર, દાહોદ અને નર્મદા જિલ્લાઓમાં આ પહેલનો અમલ કરી રહી છે. આ જિલ્લાઓમાં પરિવર્તન લાવવા હેતુસર કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ કાર્યક્રમોના કન્વર્ઝન કરી આ ઘટકો પર લાગુ કરવામાં આવશે.

મૂલ્યાંકન અભ્યાસ :

વિકાસ કાર્યક્રમોના અમલીકરણમાં સુધારાત્મક ઉપાયો યોજવામાં મૂલ્યાંકન અભ્યાસ મહત્વનું પ્રદાન કરતા હોવાથી, દરેક તબક્કે સંબધિત વિભાગ દ્વારા તેઓને અમલ કરવાની તમામ કાર્યવાહી સમયસર હાથ ધરાય અને તેમ કરવામાં તેમનો સંપૂર્ણ સહકાર મળી રહે તે માટે મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કુલ ૨૭ મૂલ્યાંકન અભ્યાસ હાથ પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે,જેમા પછીથી અન્ય ૪ મૂલ્યાંકન અભ્યાસનો ઉમેરો કરવામાં આવેલ છે.

નિરંતર વિકાસના ધ્યેયો (SDGs) :

વિકાસ અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના એજન્ડા ૨૦૩૦ અંતર્ગત ૧૭ નિરંતર વિકાસના ધ્યેયો અને ૧૬૯ લક્ષ્યાંકો નિયત કરેલ છે.

૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬

૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬ એ રાષ્ટ્રીય કાર્યક્રમ છે, જેમાં ગરીબી નાબૂદ કરવી, ઉત્પાદકતા વધારવી, આવકની અસમાનતા ઘટાડવી તથા સામાજિક અને આર્થિક અસમાનતાઓ દૂર કરવી એટલે કે લોકોનું જીવન ધોરણ ઉંચું લાવવાની રાષ્ટ્રની વચન-બદ્ધતા પ્રતિપાદ કરવાની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ સિદ્ધિ અને સ્વર્ણિમ સોપાન ૫૦ મુદ્દા કાર્યક્રમ

ગુજરાત ની સ્થાપનાને ૧લી મે ૨૦૧૦ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ થયેલ છે. સુવર્ણ જયંતી રાજ્ય માટે અને રાજ્યમાં વસતા નાગરિકો માટે ખૂબ જ મહત્વનો પ્રસંગ હોઈ તેને ધ્યાને રાખીને સર્વે નાગરિકોનું કલ્યા ણ થાય અને વિકાસ થાય તે માટે માન. મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ મહત્વના ૧૭ જેટલા વિભાગોને સાંકળીને સ્વર્ણિમ સિદ્ધિ અને સ્વર્ણિમ સોપાન ૫૦ મુદ્દા કાર્યક્રમ નિયત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમની સમીક્ષા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ માન.મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં નીમવામાં આવેલ છે.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર કાર્યાલય, ગુજરાત રાજ્ય

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાતી તમામ પ્રકારની આંકડાકીય પ્રવૃત્તિ માટે, રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત થયેલ કેન્દ્રસ્થ સંસ્થા છે. આ કચેરીના મુખ્ય કાર્યો નીચે મુજબ છે.

1) રાજ્યના આર્થિક આયોજન, અમલીકરણ, નીતિ ઘડતર માટે જરૂરી એવી રાજ્યના અર્થતંત્રને લગતી અગત્યની આંકડાકીય માહિતી એકત્ર કરવી, તેને ચકાસવી, પ્રકાશનના સ્વરૂપમાં તેને પ્રકાશિત કરવી.
2) સામાજિક-આર્થિક મોજણીઓ અને અભ્યાસો હાથ ધરવા.
3) રાજ્ય આવકના અંદાજો તૈયાર કરવા, ઉદ્યોગોની વાર્ષિક મોજણી અંગેની કામગીરી, રાજ્ય સરકારના વર્તમાન આર્થિક ચિત્રને લગતી તાંત્રિક નોંધો રજૂ કરીને આર્થિક નીતિના ઘડતરમાં મદદરૂપ થવું.
4) રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા હાથ ધરાતી આંકડાકીય પ્રવૃત્તિઓનું સંકલન કરવું અને જરૂરિયાત મુજબની આંકડાકીય માહિતી પૂરી પાડવી.

ગુજરાત સંકલિત આંકડાકીય પ્રણાલી (GISS) :

અર્થશાસ્ત્ર અને આંક્ડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર રાજ્ય કક્ષાની આંક્ડાકીય માહિતી બાબતની નોડલ એજન્સી હોઈ, રાજ્યના વિવિધ વિભાગો દ્વારા એકત્રિત કરાતી અને પ્રકાશિત કરાતી આંકડાકીય માહિતી બેવડાય નહિ તે રીતે જીલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાના વિવિધ ક્ષેત્રિય આંકડાકીય માહિતી, પૃથ્થકરણીય સ્વરૂપે તૈયાર કરી રાજ્ય તથા જીલ્લા/તાલુકા કક્ષાની વિવિધ કચેરીઓ, આયોજનકારો, શિક્ષણવિદો, વગેરેને એક જ જગ્યાએથી આ ઉપયોગી માહિતી મળી રહે તે માટે અત્રેની કચેરી દ્વારા ટેકનીકલ કન્સલ્ટન્ટ GILમારફતે TSP નક્કી કરી GISS સીસ્ટમ વિક્સાવવામાં આવેલ છે.

વિલેજ પ્રોફાઈલ :

રાજ્યના ગ્રામ્ય વિસ્તારના સર્વ સમાવેષક અને સમતોલ વિકાસ માટેની પ્રક્રિયા અને ખાસ કરીને વિકેન્દ્રિત આયોજનની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ અને ખુટતી વિવિધ સવલતો/સેવાઓ અંગેની૧૧ સેક્ટરોની ૩૪૧ થી વધુ પેરામીટર્સની માહિતી “વિલેજ પ્રોફાઈલ અને તાલુકા પ્લાનીંગ એટલાસ” પોર્ટલ દ્વારા એકત્રિત કરી ડેટાબેઝ તૈયાર કરવામાં આવે છે. આ માહિતીને ત્રિમાસિક ધોરણે નિયમિત રૂપે જિલ્લા આંકડા કચેરીઓ દ્વારા અદ્યતન કરવામાં આવે છે. આ માહિતીનો રાજ્યના જિલ્લા/તાલુકા કક્ષાએ તથા સરકારના વિવિધ વિભાગો તેમજ જિલ્લા આયોજન કચેરી દ્વારા વિકેન્દ્રીત આયોજનની વિવિધ યોજનાઓમાં ગ્રામ્ય વિસ્તારના ૧૭૯૭૮ ગામોની ખુટતી સવલતોની ગેપ એનાલિસીસની માહિતી ધ્યાનમાં લઈ આયોજનમાં કામોની ફાળવણી કરવામાં આવે છે.

ઘરગથ્થુ ઉત્પાદનના અંદાજો :

આ કચેરી દ્વારા રાજ્યની આર્થિક વિકાસની પારાશીશી સમાન તેમજ રાજ્ય કક્ષાએ નીતિ વિષયક નિર્ણયો માટે ખૂબ જ મહત્વના આર્થિક નિર્દેશક “રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન” (SDP) તેમજ રાજ્યમાં થયેલ “મૂડી સર્જન અને વપરાશી ખર્ચ”ના

અંદાજો તૈયાર કરવામાં આવે છે. વધુમાં "જિલ્લાના ઘરગથ્થુ ઉત્પાદન"(District Domestic Product)ના આંકડા મેળવવા માટેની આનુષાંગિક કામગીરી હાથ ધરેલ છે.

સામાજિક-આર્થિક પૃથક્કરણ :

રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસને અસર કરતા જુદા જુદા વિકાસના સદરો (વિકાસના નિર્દેશકો)ની આંકડાકીય માહિતી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની જુદી જુદી કચેરીઓ/પ્રકાશનોમાંથી મેળવી તેની ચકાસણી કરી તેનું પૃથક્કરણ કરી દર ત્રણ માસે ગુજરાત ના અર્થતંત્રને લગતી માહિતીવાળું ''ક્વાર્ટર્લી રીવ્યુ ઓફ ગુજરાત ઈકોનોમી'' નામનું ત્રિમાસિક બુલેટીન બહાર પાડવામાં આવે છે.

(૫) ઉદ્યોગોની વાર્ષિક મોજણી :

મધ્યસ્થ આંકડાકીય કચેરી (Central Statistical Office),નવી દિલ્હીના સૂચવ્યા અનુસાર વર્ષ ૨૦૧૧-૧૨ ને પાયાનું વર્ષ ગણીને "રાજ્યનો ઔદ્યોગિક ઉત્પાદનનો સૂચક આંક"(State Index of Industrial Production) તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય નમૂના મોજણી :

વર્ષ ૨૦૨૧-૨૨(ઓક્ટોબર-૨૦૨૧ અંતિત) થયેલ કામગીરી:ભારત સરકારનાં NSSના આવર્તન પરથી ૬૦ થી ૭૬ આવર્તન સુધી ગુજરાત નું ચિત્ર સ્પષ્ટ કરતાં points અંગેની પુસ્તિકા "Statistical system of National sample survey and highlights of survey Government of Gujarat" તૈયાર કરેલ છે.

- ભારત સરકારનાં Annual report of Periodic labour Force survey (July 2019-June 2020) પરથી ગુજરાત નું ચિત્ર સ્પષ્ટ કરતાં points અંગેની notes તૈયાર કરેલ છે.
- ભારત સરકારનાં Quarterly report of Periodic labour Force survey (July 2020-September 2020) તથા (October 2020-December 2020) પરથી ગુજરાત નું ચિત્ર સ્પષ્ટ કરતાં points અંગેની notes તૈયાર કરેલ છે.

મૂલ્યાંકન નિયામકની કચેરી

મૂલ્યાંકન નિયામક કચેરીની મુખ્ય કામગીરી સરકારશ્રીની યોજના/કાર્યક્રમોના સુપ્રત કરાયેલા મૂલ્યાંકન અભ્યાસો હાથ ધરવાની છે. આ કચેરી દ્વારા સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ હેઠળના ૧૩ ખાતાની યોજનાઓના વિનિમયનની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે.

સરકારશ્રીની યોજનાઓ/કાર્યક્રમોના મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવાના મુખ્ય ઉદ્દેશો

૧. સરકારશ્રીની યોજના, કાર્યક્રમ, પ્રવૃત્તિ, નીતિનો પદ્ધતિસર અને તટસ્થપણે અભ્યાસ કરવા માટે મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવામાં આવે છે.

૨. મૂલ્યાંકન અભ્યાસો હાથ ધરવાનો મૂળભૂત હેતુ વિવિધ યોજનાઓ/કાર્યક્રમો જે હેતુઓ માટે હાથ ધરવામાં આવે છે તે હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા છે તે ચકાસવાનો, યોજના બાબતે લાભાર્થીઓના પ્રતિભાવો મેળવવાનો તથા યોજનાના સુદૃઢ અમલીકરણ માટે જરૂરી સુધારા માટેના પગલાંઓ સુચવવાનો છે.

૩. મૂલ્યાંકન અભ્યાસમાં મુખ્યત્વે અપેક્ષીત અને સિદ્ધ કરેલા લક્ષ્યાંકો તે હાંસલ કરવા માટેની પદ્ધતિ, યોજનાનું અમલીકરણ તેને અસર કરતા પાસાઓ અને તે દ્વારા થયેલ અસરોનું પૃથ્થકરણ કરવામાં આવે છે.

૪. અમલમાં મુકાયેલ યોજનાઓનો લાભ કેટલે અંશે લક્ષીત જૂથો સુધી પહોંચ્યો છે, અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ તથા જણાવેલ ત્રુટીઓ નિવારવા જરૂરી સુધારા માટેના ભલામણો સૂચવવાનો છે.

મૂલ્યાંકન અભ્યાસો હાથ ધરવાની પ્રક્રિયા

સરકારશ્રીના જુદા જુદા વિભાગો દ્વારા તેમના હસ્તકના કાર્યક્રમો/યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવા માટે સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ને દરખાસ્ત કરવામાં આવે છે. નીચે દર્શાવેલ કાર્યક્રમ/યોજનાઓને અગ્રતા આપી મૂલ્યાંકન અભ્યાસ માટે કાર્યક્રમ/યોજનાઓ પસંદ કરવામાં આવે છે.

- ગરીબી નિવારણ અને રોજગાર વૃદ્ધિના કાર્યક્રમો
- પછાત વિસ્તારો અને નબળા વર્ગ માટેના ખાસ કાર્યક્રમો

- અમલમાં મંદગતિ, વિલંબ, અવરોધો અને મુશ્કેલીઓ દર્શાવતા હોય તેવા તથા પ્રાયોગિક પ્રકારના બધા પ્રોજેકટો અને કાર્યક્રમો
- મોટી રકમની જોગવાઈવાળા કાર્યક્રમો નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં આ કચેરી હસ્તક ૧૩ વિભાગોના ૨૬ મૂલ્યાંકિન અભ્યાસોની કામગીરી વિવિધ તબક્કે પ્રગતિમાં છે તે પૈકી ૩ મૂલ્યાંકન અભ્યાસો પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીના ૨૩ મૂલ્યાંકન અભ્યાસો જુદા જુદા તબક્કે પ્રગતિ હેઠળ છે. આ અભ્યાસોમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગૃહ વિભાગ, ઉદ્યોગ અને ખાણ, શ્રમ અને રોજગાર, મહિલા અને બાળ વિકાસ, આદિજાતિ વિકાસ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યિયોગિકી વિભાગઅને સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગની યોજનાઓના જુદા જુદા અભ્યાસોનો સમાવેશ થાય છે.

તદઉપરાંત વર્ષ ૨૦૨૧-૨૨માં કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ તળેના ૧૩ખાતાઓની આયોજીત યોજનાઓમાં થયેલ પ્રગતિની વિનિયમનની કામગીરી કરવામાં આવી રહેલ છે.

આ અભ્યાસો ઉપરાંત સરકાર દ્વારા આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં જે યોજનાઓના અભ્યાયસો અગ્રીમતાના ધોરણે સોંપવામાં આવશે તે યોજનાઓના અભ્યાસોની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

વર્ષ ૨૦૨૨-૨૩માં કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ તળેના ૧૩ ખાતાઓની આયોજીત યોજનાઓમાં થયેલ પ્રગતિની વિનિયમનની કામગીરી કરવામાં આવશે.

ગુજરાત સામાજિક આંતર માળખાકીય વિકાસ સોસાયટી (GSIDS) :

રાજ્ય સરકાર દ્વારા પ્રજાના સર્વાંગી વિકાસ માટે તેમજ માનવ વિકાસના અભિગમને સુનિશ્ચિત દિશામાં પ્રોત્સાહન મળે તે ઉદ્દેશથી વર્ષ : ૧૯૯૯માં માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ "સામાજિક આંતર માળખાકીય વિકાસ બોર્ડ''ની રચના કરવામાં આવેલ હતી. ત્યારબાદ માનવ વિકાસ સૂચકાંક (HDI)માં વૃદ્ધિ કરવાના ઉદ્દેશથી સામાજિક આંતર માળખાકીય બાબતોનો વિકાસ કરવા માટે સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) પ્રભાગ હેઠળ સ્વાયત્ત સંસ્થા તરીકે "ગુજરાત સામાજિક આંતર માળખાકીય વિકાસ સોસાયટી (GSIDS)"ની રચના કરવામાં આવેલ છે.

વર્ષ : ૨૦૨૨-૨૩ નાં સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવનાર કામગીરીઓની વિગત :

- માનવ વિકાસને સ્પર્શતા વિવિધ પાસાંઓને લગતા વિસ્તાર/સામૂહિક વિકાસ આધારીત અભ્યાસ હાથ ધરીને અહેવાલો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેથી રાજ્યનો માનવ વિકાસ આંક ઊંચો લાવવા સંદર્ભે નીતિ વિષયક નિર્ણયો લેવામાં સહાયરૂપ થશે.
- રાજ્ય સરકાર દ્વારા માનવ વિકાસ સૂચકાંક ઉચો લાવવાના હેતુ માટે તથા ફ્લેગશીપ અને મીશનમોડ યોજનાઓના અમલીકરણની કામગીરી માટે SDG અંતર્ગતની કામગીરી માટે રાજ્ય/જિલ્લા કક્ષાએ સિનિયર પ્રોજેક્ટ એસોસીયેટ કમ કન્સલટન્ટ અને સિનિયર પ્રોજેક્ટ એસોસીયેટની નિમણૂંક અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- તમામ જિલ્લાના જિલ્લા માનવ વિકાસ અહેવાલ (DHDR)ને જીલ્લા કક્ષાએથી અદ્યતન કરવામાં આવશે.
- તમામ ૩૩ જિલ્લાના ૨૫૧ તાલુકા વિકાસ પ્લાન (TDP) ને અધ્યતન કરવામાં આવશે.
- ૫૦ વિકાસશીલ તાલુકાના Ranking નાં ઈન્ડીકેટરોમાં સંતૃપ્ત ઈન્ડીકેટરોના સ્થાને નવા ઈન્ડીકેટરો ઉમેરવાની કામગીરી કરવામાં આવશે.
- ૫૦ વિકાસશીલ તાલુકાના Rankingનાં આધારે Analytical report તૈયાર કરવાની કામગીરી કરવામાં આવશે.
- એસ્પીરેશનલ ડીસ્ટ્રીકટસ પ્રોગ્રામ અન્વયે દાહોદ અને નર્મદા જિલ્લાનો દર માસે અહેવાલ તૈયાર કરવામાં આવશે તથા માહિતી સી.એમ.ડેશબોર્ડ માટે મોકલી આપવામાં આવશે.
- નીતિ આયોગના એસ્પીરેશનલ ડીસ્ટ્રીકટસ પ્રોગ્રામની મેથોડોલોજી મુજબ રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓનું દર માસે રેન્કીંગ કરવામાં આવશે તથા માહિતી સી.એમ.ડેશબોર્ડ માટે મોકલી આપવામાં આવશે.
- GISS પોર્ટલ પર એસ્પીરેશનલ ડિસ્ટ્રીકટસ દાહોદ અને નર્મદાની CS Valueના આધારે ટ્રેન્ડ એનાલીસીસની કામગીરી કરવામાં આવશે.

- SDGs ૨૦૩૦ ના અંતર્ગત SDGsના મોનીટરીંગ માટે જિલ્લા કક્ષાના ૧૪૯ ઈન્ડીકેટર સામેલ કરી Gujarat State Wide Indicator Framework (G-SWIFT) નામનું પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે તેને ત્રિમાસિક ધોરણે અપડેટ કરવા.
- G-SWIFT પોર્ટલ પર ઉપલબ્ધ ૧૪૯ District Indicator Framework નાં આધારે તમામ જિલ્લાના District SDG Report તૈયાર કરવા.
- SDGs અંતર્ગત રાજ્ય/જિલ્લા કક્ષાએ Sustainable Development Goals (SDGs) માટે નિયમિત ધોરણે Capacity Building માટે તાલીમ/શિબીર/સેમીનાર વિગેરેનું આયોજન કરવામાં આવશે.
- SDGsના સ્થાનીકીકરણ માટે ગ્રાસ રૂટ કક્ષાના અધિકારી/કર્મચારીને માહિતગાર કરવા તાલીમ/વર્કશોપ યોજવા તથા તાલીમની અસરકારકતા વધે તે હેતુથી ઓડીયો-વિઝ્યુઅલ્સ ફીલ્મ દ્વારા સમજ પૂરી પાડવામાં આવશે.
- સામાજિક ક્ષેત્રોને સ્પર્શતા સેકટરોમાંથી જિલ્લા કક્ષાએથી Success Storiesની વિગતો નિયમિત ધોરણે મેળવી તેનો અહેવાલ તૈયાર કરવામાં આવશે.
- નીતિ આયોગ તથા સંબંધિત વિભાગો સાથે Indicator બાબતે સંકલનની કામગીરી કરવામાં આવશે.

૨૩. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ અંતર્ગત વિભાગની કામગીરી સારૂ ગુજરાત મેરિટાઈમ બોર્ડ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય તથા ગુજરાત રોડ સેફ્ટી ઑથોરીટી કાર્યરત છે. જેમાં;

- રાજ્યનાં બંદરોને સંલગ્ન વહીવટી/પોલીસી વિષયક કામગીરી, રાજ્યનાં દરિયા કિનારા વિષયક વહીવટી કામગીરી, બંદરો પર બાંધકામની કામગીરી તથા સરકારશ્રીનાં બંદરોનાં સંચાલનની કામગીરી ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવે છે.
- નાગરિકોની સુવિધા સારૂ રાજ્યમાં તથા આંતર-રાજ્ય જાહેર પરિવહનની કામગીરી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા હાથ ધરવામાં આવે છે.
- રાજ્યમાં તમામ પ્રકારનાં વાહનોની નોંધણીની કામગીરી, ડ્રાઈવીંગ લાયસન્સ સંબંધિત કામગીરી, વાહનોની નોંધણી તથા સંચાલનનાં અનુસંધાને તમામ પ્રકારનાં ટેક્ષ અંગેની કામગીરી તથા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અંતર્ગત માલવાહક વાહનોમાં ઓવરલોડ/ઓવરડાયમેન્શનનાં ઈન્સપેક્શનની કામગીરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવે છે.
- માર્ગ-અકસ્માતોથી થતાં મૃત્યુ એ માનવ-સમાજ માટે એક મહત્ત્વનો પ્રશ્ન હોઈ રાજ્યમાં માર્ગ-અકસ્માતો તથા તેનાથી થતા મૃત્યુ ઘટાડવાની દિશામાં વિવિધ કામગીરી હાથ ધરવા માટે ગુજરાત રોડ સેફ્ટી ઑથોરીટી દ્વારા કામગીરી હાથ ધરવામાં આવે છે. **ઉક્ત સંસ્થાઓની વર્ષ : ૨૦૨૨-૨૩ની પ્રવૃત્તિની રૂપરેખા આ સાથે સામેલ વિગતો મુજબ છે.**

ગુજરાત મેરિટાઈમ બોર્ડ

♦ ગુજરાત મેરિટાઈમ બોર્ડ :

૧. બંદરીય પ્રવૃત્તિઓ

ગુજરાત રાજ્ય દેશના ૯ દરિયાઈ રાજ્ય પૈકીનું એક મહત્વનું દરિયાઈ રાજ્ય છે. દેશના કુલ સાગરકાંઠાના આશરે ૧૬૦૦ કિ.મી. લંબાઈના સાગરકાંઠા ધરાવતા ગુજરાત રાજ્યના કુલ-૪૮ બંદરો આવેલા છે. આ બંદરો ઉપરાંત કંડલા એ મહાબંદર છે, જેનો વહીવટ ભારત સરકાર વતી દિન-દયાળ પોર્ટ ટ્રસ્ટ હસ્તક છે. આમ રાજ્યના દરિયાઈ કાંઠા પૈકીના ૪૮ (અડતાલીસ) નાના અને મધ્યમ કક્ષાના બંદરો રાજ્ય સરકાર હસ્તક છે.

૨. રાજ્યના બંદરો

રાજ્યનાં કુલ-૪૮ બંદરોને ૧૩ મધ્યમ કક્ષાના, ૩૧ નાના તથા ૪ ખાનગી બંદરોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ,૧૯૮૧ અન્વયે મધ્યમ તથા નાના બંદરોનો વહીવટ, સંચાલન અને નિયંત્રણ ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તક મુકાયેલ છે. આ અધિનિયમ અનુસાર નીચે દર્શાવેલ કામગીરી ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

(અ) બંદરો પર માલસામાનની હેરફેર માટે જરુરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી.

(બ) બંદરો પરથી મહેસુલ(પોર્ટડયુઝ) તથા ચાર્જીસની વસુલાત કરવી.

(ક) મધ્યમ કક્ષાના બંદરો અને લઘુ બંદરોનો વહીવટ, નિયંત્રણ અને સંચાલન કરવા માટે ઈન્ડિયન પોર્ટ એકટ-૧૯૦૮ તથા ગુજરાત મેરીટાઈમ બોર્ડ એકટ-૧૯૮૧ નીતિ નિયમો ઘડવા તથા વિવિધ નીતિ નિયમોની વખતોવખત બજવણી કરવી.

(ડ) બંદરોના સ્વાસ્થ્ય નિયમો(પોર્ટ હેલ્થ રુલ્સ)નું અમલીકરણ

(ઈ) બંદરોની સીમા મર્યાદા(પોર્ટ લીમીટ) તથા માલ સામાન ચડાવવા/ઉતારવા માટેની બંદરો હસ્તકની જગ્યાઓ જાહેર કરવી.

તદ્ઉપરાંત ભાવનગર નજીક અલંગ-સોસીયા અને સચાણા ખાતેના શીપ બ્રેકીંગયાર્ડની કામગીરી ગુજરાત મેરીટાઈમ બોર્ડના નિયંત્રણ હેઠળ છે.

૩. રાજ્યના બંદરો પરનો ટ્રાફિક

રાજ્યમાં ટ્રાફિકની હેરફેર મુખ્યત્વે ૧૯ મધ્યમ કક્ષાના બંદરો પરથી થાય છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા સંચાલિત ૪૮ નોન-મેજર બંદરો દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માં ૩૮૭.૫૭ MMT ટ્રાફિક નોંધાયેલ હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં એપ્રિલ-

ઓક્ટોબર ૨૦૨૦ સુધી કુલ ૨૦૮.૪૬ MMT ટ્રાફિકની સાપેક્ષમાં ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં એપ્રિલ-ઓક્ટોબર ૨૦૨૧ સુધી ૨૩૨.૫ MMT ટ્રાફિકનું પરિવહન થયેલ છે. આમ ગત વર્ષની સાપેક્ષમાં ૧૧.૫૩% નો વધારો થયેલ છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા સંચાલિત નોન-મેજર બંદરો દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ૪૦૫.૦૦ MMT અને સને ૨૦૨૨-૨૩ માં ૪૨૫.૦૦ MMT ટ્રાફિક અંદાજવામાં આવેલ છે. દેશના કુલ ૧૮૫ જેટલા નાના અને મધ્યમ કક્ષાના બંદરો પૈકી ૪૮ જેટલા એટલે કે, ૨૬% બંદરો ગુજરાતમાં આવેલ છે. આમ, ગુજરાત રાજ્ય દેશના રાજ્ય કક્ષાના વહાણવટા ક્ષેત્રે પ્રથમ સ્થાને છે.

બંદર નીતિના સંદર્ભમાં થઈ રહેલા બંદરીય વિકાસને પરિણામે ટ્રાફિકની હેરફેરમાં થયેલ વૃદ્ધિ નીચે મુજબ છે.

વર્ષ	ટ્રાફિક(લાખ ટનમાં)	આગળના વર્ષની સરખામણીએ વૃદ્ધિ દર (ટકાવારીમાં)
૨૦૧૦-૧૧	૨૩૦૯.૨૯	૧૨.૩૪
૨૦૧૧-૧૨	૨૫૯૦.૨૯	૧૨.૧૭
૨૦૧૨-૧૩	૨૮૭૮.૧૭	૧૧ .૧૧
૨૦૧૩-૧૪	૩૦૯૯.૪૬	૭.૬૯
૨૦૧૪-૧૫	૩૩૬૦.૯૩	૮.૪૪
૨૦૧૫-૧૬	૩૩૯૭.૭૯	૧.૧૦
૨૦૧૬-૧૭	૩૪૫૭.૩૯	૧.૭૫
૨૦૧૭-૧૮	૩૭૦૭.૬૯	૭.૨૪
૨૦૧૮-૧૯	૩૯૯૧.૯૭	૭.૬૭
૨૦૧૯-૨૦	૪૧૧૭.૯૨	૩.૧૬
૨૦૨૦-૨૧	૩૮૭૫.૭૨	-૫.૮૮
૨૦૨૧-૨૨ (અપ ટુ ઓકટોબર-૨૦૨૧સુધી)	૨૩૨૪.૯૫	૧૧.૫૩

વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતના બંદરો પર ૫%ના વૃધ્ધિ દરથી એટલે કે ૪૨૫.૦૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો પરિવહન થવાનો અંદાજ છે.

૪. ખાનગીક્ષેત્ર દ્વારા મૂડી રોકાણથી બંદરોનો વિકાસ

ગુજરાતના ઔદ્યોગિક વિકાસના પરિણામે ભવિષ્યમાં આયાત-નિકાસનો વેપાર ખૂબજ મોટા પ્રમાણમાં વધવાની અપેક્ષાઓ છે. રાજ્ય સરકારે આ પ્રકારની નિર્દિષ્ટ જહાજી માલ-સામાનની આયાત-નિકાસની જરૂરીયાત સંતોષવા બંદરો ઉપર યોગ્ય પ્રકારની સગવડ ઉભી કરવા માટે નીચે મુજબના બે પ્રકારે જુદી જુદી યોજનાઓ સરકારશ્રીએ હાથ ધરી છે. આ યોજનાઓમાં ખાનગી મૂડીરોકાણોને આકર્ષવાનો રાજ્ય સરકારનો અભિગમ રહેલો છે.

૧. વિશેષ સવલતોની જરૂરીયાતવાળા ઉદ્યોગો માટે કેપ્ટીવ જેટીઓ

૨. ખાનગી ક્ષેત્રમાં નવા અને સંયુકત સાહસ તરીકે બંદરોનો બૂટના સિધ્ધાંતો આધારિત વિકાસ

ઉપરોક્ત કાર્યરીતિથી ૨૦૨૦-૨૧ સુધી સરકારશ્રીએ જુદા-જુદા ૦૭ બંદરોએ જુદી-જુદી કંપનીઓને જરૂરિયાત મુજબની જેટીનું બાંધકામ કરવા દઈ ખાનગી મૂડી રોકાણને આકર્ષેલ છે.

૧. વર્ષ ૨૦૨૧-૨૨ માં કેપ્ટીવ જેટી યોજનાઓ માટે હાથ ધરવામાં આવેલ કામગીરી નીચે મુજબ છે:

1. દહેજ SEZ Ltd. ખાતે M/s. ISGEC દ્વારા ફિંગર જેટ્ટીનું બાંધકામ પૂર્ણ કરી જેટી કાર્યરત કરેલ છે.
2. M/s. RSPL Ltd ને દેવભૂમિ દ્વારકા ખાતે કેપ્ટીવ જેટ્ટીના પ્રોજેક્ટ માટે સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે.
3. રીલાયન્સ પોર્ટ ટર્મીનલ લી. નું A-2 બર્થ નું બાંધકામ પૂર્ણ થયેલ અને તા. ૨૧/૦૬/૨૦૨૧ થી કાર્ગો પરિવહન માટે મંજૂરી આપવામાં આવેલ છે.

♦ **વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન વિશેષ સવલતોની જરૂરીયાત વાળા ઉધોગો માટે પ્રબધ્ધ (કેપ્ટીવ) જેટીઓ અન્વયે થનાર કામગીરી.**

- મે. શ્રી સિમેન્ટ ને કોરી ક્રીક, કચ્છ ખાતે જેટી બનાવવા અંગે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા આપવામાં આવેલ સૈધ્ધાંતિક મંજૂરી અન્વયે કંપની દ્વારા ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તથા પર્યાવરણ અંગેની મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
- મે.એચ.એમ.પી.એલ તા.મુન્દ્રા જી.કચ્છ ખાતે એસ.પી.એમ બનાવવા ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા આપવામાં આવેલ સૈધ્ધાંતિક મંજૂરી અન્વયે કંપની દ્વારા પર્યાવરણ અંગેની મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
- મે. અદાણી સિમેન્ટેશન તા.લખપત જી.કચ્છ ખાતે જેટી બનાવવા ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા આપવામાં આવેલ સૈધ્ધાંતિક મંજૂરી અન્વયે કંપની દ્વારા પર્યાવરણ અંગેની મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
- મે. આરએસપીએલ ને કુરંગા, દેવભુમિ દ્વારકા ખાતે કેપ્ટીવ જેટી બનાવવા અંગે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા આપવામાં આવેલ સૈધ્ધાંતિક મંજૂરી અન્વયે કંપની દ્વારા પર્યાવરણ અંગેની મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
- મે. દેવ સોલ્ટ પ્રાઈવેટ લીમિટેડ ને હરીપુરા,માલીયા મીયાણા ખાતે કેપ્ટીવ જેટી બનાવવા માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા આપવામાં આવેલ સૈધ્ધાંતિક મંજૂરી અન્વયે કંપની દ્વારા પર્યાવરણ અંગેની મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

૨. ખાનગીક્ષેત્ર અને સંયુકત સાહસમાં નવા બંદરોનો BOOTના સિધ્ધાંતો આધારિત વિકાસ

♦ રાજ્ય સરકારની બંદરના વિકાસમાં ખાનગી મુડી રોકાણની સ્વયંસ્પષ્ટ નીતિને પરિણામે ગુજરાત રાજ્યમાં પીપાવાવ, મુંદ્રા, દહેજ અને હજીરા ખાતે ગ્રીનફીલ્ડ બંદરોનો વિકાસ થયેલ છે.

- મુંદ્રા અને પીપાવાવ ખાનગી મુડીરોકાણ દ્વારા આધુનિક બંદર કાર્યરત થયેલ છે. આ પ્રકારની સુવિધાના વિકાસથી ઉત્તર ભારતના રાજ્યો જેવા કે, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ વગેરેને અગાઉ લાંબા અંતરના બંદરો જેવા કે જવાહરલાલ નહેરુ પોર્ટ અને મુંબઈ બંદરેથી કન્ટેનર મોકલવામાં આવતા હતા. તેને બદલે મુંદ્રા અને પીપાવાવના ઓછા અંતરવાળા બંદરથી આ સુવિધા મળતા વૈશ્વિક બજારની હરિફાઈમાં દેશની આયાત-નિકાસ સ્પર્ધાત્મક ભાવથી કરી શકવા સક્ષમ થયેલ છે.
- રાજ્યના દહેજ બંદર ખાતે દેશના સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું એલ.એન.જી. ટર્મિનલનું પેટ્રોનેટ એલ.એન.જી. ટર્મિનલ દ્વારા નિર્માણ થયેલ છે. આ ટર્મિનલ દ્વારા વર્ષ દરમ્યાન ૧૭.૫ મીલીયન ટનના કુદરતી વાયુ આયાત કરવાનું નિશ્ચીત થયેલ છે.
- રાજ્યના હજીરા બંદર ખાતે શેલ દ્વારા આધુનિક એલ.એન.જી. ટર્મિનલનો વિકાસ કરેલ છે.
- દહેજ ખાતે સોલીડ કાર્ગો ટર્મિનલ વિકસાવવા માટે સબ કન્સેશન કરારનામા હેઠળ સોલીડ કાર્ગો ટર્મિનલનું બાંધકામ હાથ ધરવા મે.પેટ્રોનેટ એલ.એન.જી.લી.દ્વારા મેસર્સ. અદાણી ગ્રુપ કંપની મેસર્સ. અદાણી પેટ્રોનેટ (દહેજ)પોર્ટ પ્રા.લી.ની સ્થાપના કરેલ છે.
- દહેજ ખાતે જુદા-જુદા રાજ્ય/કેન્દ્રની સંયુકત સાહસની કંપનીઓ જેવી કે આઈપીસીએલ, જીએસએફસી, જીએનએફસી, જીઆઈઆઈસી, જીએસીએલ, જીઆઈડીસી અને જીએમબી દ્વારા ગુજરાત કેમીકલ પોર્ટ ટર્મિનલ લી. ની સંયુકત સાહસની કંપનીની રચના કરી કેમીકલ આયાત-નિકાસ માટે ટર્મિનલ વિકસાવવામાં આવેલ છે. આ ટર્મિનલ પરથી કાર્ગો પરિવહન જાન્યુઆરી-૨૦૦૧થી શરૂ થયેલ છે.
- મેસર્સ. હજીરા પોર્ટ પ્રા.લી. દ્વારા કન્સેશન એગ્રીમેન્ટની જોગવાઈ અંતર્ગત તબકકા-૧-બી હેઠળના બંદરના વિકાસના આયોજન અંતર્ગત કન્ટેનર ટર્મિનલ સુવિધા સબ કન્સેશનથી વિકસાવવામાં મેસર્સ. અદાણી પોર્ટ એન્ડ એસઈઝેડ લી.ને નવેમ્બર ૨૦૦૯માં ઈરાદાપત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે. જેના સંદર્ભ અદાણી હજીરા પોર્ટ પ્રા.લી. દ્વારા એસપીવી કંપની સ્થાપવામાં આવેલ છે. કંપનીએ કુલ પાંચ બર્થનું કામ પુર્ણ કરી કાર્યાન્વિત કરેલ છે. જે આશરે ૩૦મી.મે ટન જુદા-જુદા પ્રકારનો માલ-સામાન આયાત/નિકાસની ક્ષમતા ધરાવે છે.

♦ **વર્ષ ૨૦૨૧-૨૨માં બંદરોના વિકાસ માટે થયેલ કામગીરી:**

- છારા ખાતે એલ.એન.જી ટર્મિનલ ના વિકાસ માટે સબ-કન્સેશન એગ્રીમેન્ટની મંજૂરીની પ્રક્રિયા કરવામાં આવેલ.
- નારગોલ બંદરના વિકાસ માટે નવેસરથી બીડીંગ પ્રક્રિયા હાથ ધરી વિકાસકારની પસંદગી માટે Request For Proposal (RFP) મંગાવવામાં આવેલ.
- છારા ખાતે LPG Terminal ના વિકાસ માટે સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ.

INDEX

♦ ૨૦૨૨-૨૩ ના વર્ષ દરમ્યાન બંદરોના વિકાસ માટે હાથ ધરનારી અગત્યની કામગીરી

- છારા ખાતે એલ.એન.જી ટર્મિનલનુ બાંધકામ પૂર્ણ કરી, કાર્યાન્વિત કરવા સંબંધિત કામગીરી
- જાફરાબાદ ખાતે સ્વાન એલ.એન.જી પ્રા. લી નાં એલએનજી ટર્મિનલને કાર્યાન્વિત કરવા સંબંધિત કામગીરી
- ભાવનગર બંદર (નવા બંદર) નાં ઉત્તર ભાગે બ્રાઉનફિલ્ડ પોર્ટ (સીએનજી ટર્મિનલ અને અન્ય ટર્મિનલો) વિકસાવવા DPR ને મંજૂરી આપવાની કામગીરી
- હજીરા ખાતે ફેઝ-૨ ના વિકાસ માટે DPR અને બાંધકામની મંજૂરી આપવાની કામગીરી
- નારગોલ બંદરના વિકાસ માટે વિકાસકારની પસંદગી કરવા સંબંધિત કામગીરી
- મુન્દ્રા ખાતે અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનના ફેઝ-૩ ના વિકાસ માટે DPR ની મંજૂરી આપવાની પ્રક્રિયા
- દહેજ ખાતે પેટ્રોનેટ એલએનજી દ્વારા ત્રીજી જેટીના વિકાસ માટે સૈધ્ધાંતિક મંજૂરી
- નવા ગ્રીનફિલ્ડ બંદરના વિકાસ માટે પ્રક્રિયા હાથ ધરવી.

૫. બંદર નીતિ અને શીપ બિલ્ડીંગ નીતિ

સરકારશ્રી દ્વારા ડીસેમ્બર-૧૯૯૫માં જાહેર કરવામાં આવેલ બંદર નીતિ અંતર્ગત રાજ્યના હયાત મધ્યમ અને નાના બંદરો પર ખાનગી મૂડીરોકાણથી જેટી/વાર્ફના અધૂરા કામો પૂરા કરાવી અને નવીજેટી/વાર્ફ બનાવી ખાનગી જેટી તરીકે ચોક્કસ સમયગાળા માટે ભાડા પટ્ટે વાપરવા આપી બંદરની ક્ષમતા અને કાર્ગો પરિવહનમા વધારો કરવાના દ્રષ્ટીકોણ અને ઉદ્દેશના પરિણામ સ્વરૂપ અલગ-અલગ બંદર સ્થળોએ કુલ ૧૦ ખાનગી જેટીઓ કાર્યરત છે. જે કાર્ગોના ટ્રાફિકની માંગને પહોંચી વળવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર-૨૦૨૧ સુધી) દરમ્યાન ખાનગી જેટીઓ પરથી ૨૮.૩૬ લાખ મે.ટન કાર્ગો પરિવહન થયેલ છે. રાજ્યના દરિયાકાંઠા કુલ (૯) નવ શીપયાર્ડ હયાત છે, જે આશરે વાર્ષિક ૧.૧૧ મીલીયન મે. ટન (ડીડબલ્યુટી) ની ક્ષમતા ધરાવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટેની સુચિત યોજનાઓ:

- નવલખી બંદર ખાતે મે.ડીએમસીસી ઓઈલ ટર્મીનલ (નવલખી) લિમિટેડને ૪૪૦ મીટર લંબાઈની મલ્ટી પરપઝ ખાનગી જેટી વિકસાવવાની આપવામાં આવેલ મંજૂરી અંતર્ગત એપ્રોચ રોડ તેમજ બ્રીજના બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.
- વિકટર બંદર ખાતેની હયાત બિન કાર્યરત બંદરીય સુવિધાઓને ખાનગી મૂડીરોકાણથી મજબૂતીકરણ કરી કાર્યાન્વિત કરવી.
- બેડી બંદરના રોઝી પિયર સ્થળે ૩૦૦ મીટર લંબાઈમાં નવી ખાનગી જેટી વિકસાવવા માટે એન્વાયરમેન્ટ/સીઆરઝેડ કલીયરન્સ મેળવવાની કામગીરી.
- સુરત મગદલ્લા ખાતે ખાનગી જેટીની કામગીરી.
- નવલખી બંદર ખાતે ડાયરેકટ બર્થીંગ ટર્મિનલ વિકસાવવુ.

૬. અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડ

અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડ એશિયામાં સૌથી મોટો શીપ રીસાયકલીંગ યાર્ડ છે. અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડ ખાતે પ્લોટોના સંચાલન માટે બોર્ડ દ્વારા અલગથી વિનિયમો બનાવવામાં આવેલ છે. જે અંતર્ગત પ્લોટની ફાળવણી, ચાર્જીસોની વસુલાત, સલામતી અંગેના નિયમોની અમલવારી વગેરે કામગીરી થાય છે. શીપ રીસાયકલીંગ ઉદ્યોગને ઉત્તેજન મળી રહે તે માટે તમામ પાસાંઓને આવરી લઇ સરકારશ્રી/ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા લાંબાગાળાની નીતિના ભાગરૂપે વિનિયમો-૨૦૧૫ પ્રસિધ્ધ કરેલ છે. વર્ષ:૨૦૨૦-૨૧માં અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડ ખાતે ૧૭,૬૦,૬૪૧મે. ટન ભારના ૧૮૭ જહાજો ભાંગવા માટે આવેલ હતા. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના ઓક્ટોબર-૨૦૨૧ સુધીમાં ૮,૭૬,૯૩૭.૬૨મે. ટન ભારના ૧૨૫ જહાજો ભાગવા માટે આવેલ છે.

અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડ ખાતે કામ કરતા કામદારોને સલામતી, પર્યાવરણીય બાબતોની સુવ્યવસ્થિત તાલીમ/જાણકારી આપવા માટે યાર્ડ ખાતે તાલીમ-સહ-કલ્યાણ સંકુલનું ₹ ૪૦૭ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૦૩-૦૪થી વર્ષ ૨૦૨૧-૨૨ના ઓક્ટોબર-૨૦૨૧ સુધીમાં અલગ- અલગ કેડરના ૧,૫૩,૪૭૫ કામદારોને સલામતી અને પર્યાવરણને લગતી વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે. તદ્ઉપરાંત યાર્ડ ખાતે કામદારો માટે સમયાંતરે આરોગ્ય કેમ્પ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો વિગેરેનું આયોજન કરવામાં આવે છે. હાલમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા DGFASLI સાથે

કામદારોને અદ્યત્તન તાલીમ આપવા અંગેના કરાર કરવામાં આવેલ છે. જેનાથી કામદારોને વધુ સારી તાલીમ મળી શકશે.

અલંગ સોસીયા શીપ રીસાયકલીંગ યાર્ડ ખાતે કામ કરતા કામદારોને આરોગ્ય સેવા મળી રહે તે માટે યાર્ડ ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગર સંચાલિત ડીસ્પેન્સરીના નિભાવ માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૧૯૯૬-૯૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં સંસ્થાને આર્થિક સહાય પેટે કુલ રકમ ₹ ૩.૦૭ કરોડ ચૂકવવામાં આવેલ છે.

અલંગ ખાતે જસ્ટીસ બી. જે દિવાનની ચેરમેન શીપ હેઠળ ટ્રસ્ટની રચના કરી હોસ્પિટલ વર્ષ ૧૯૯૮-૯૯માં બનાવવામાં આવેલ, પરંતુ સંજોગો વસાત હોસ્પિટલો ચાલુ થઈ શકેલ નહીં. ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા હાલ પ્રાથમિક મંજૂરીઓ આપવામાં આવતાં, માર્ચ-૨૦૧૯થી યાર્ડ ખાતે ટ્રસ્ટ હોસ્પિટલ બિલ્ડિંગમાં ઈન્ડિયન રેડક્રોસના નેજા હેઠળ પ્રથમ તબક્કામાં ૧૫ બેડની આધુનિક સુવિધા સાથે મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવેલ છે જેમાં, ઓર્થોપેડીકવોર્ડ, બર્ન્સવોર્ડ, આઈ.સી.યુ. યુનિટ, લેબોરેટરી, દવાના વિભાગ, મોબાઈલ ડીસ્પેન્સરી વિગેરે સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. હાલમાં, વધુ બેડ તેમજ એમ.આર.આઈ, સીટીસ્કેન, ટ્રોમાસેન્ટર, આઈ.સી.યુ. જેવી અદ્યત્તન સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટેની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડ ખાતે કામ કરતા કામદારો અને સંલગ્ન માણસોને અકસ્માત વિગેરેમાં તાત્કાલીક સારવાર મળી રહે તે માટે યાર્ડ ખાતે ગુજરાત મેરીટાઈમ બોર્ડની સહાયથી ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા તા.૨૯-૦૧-૨૦૧૩થી કાર્યરત કરવામાં આવેલ છે. આ સેવા માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા જીવીકે ઈએમઆરઆઈ-૧૦૮, કઠવાડા, અમદાવાદને ઓપરેશનલ અને પ્રોજેકટ ઓવર સાઈટ ચાર્જ પેટે વાર્ષિક ₹ ૨૩ લાખની રકમ ચુકવવામાં આવે છે.

અલંગ ખાતે પર્યાવરણીય વ્યવસ્થાની કક્ષા ઉંચી લાવવા માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. અલંગ ખાતે કામ કરતા કામદારોને મૂળભૂત સુવિધાઓ માટેના અનેક પગલાંઓ હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત હાઉસીંગ કોલોનીના નિર્માણ માટે બોર્ડ દ્વારા ૧,૦૪,૦૭૨ ચો.મી. જમીન સંપાદન કરી તેમાં પહેલા ફેઝની કામગીરી પેટે ૧૦૦૮ મજૂરોને આવાસની સુવિધા મળી રહે તે માટે અંદાજીત કુલ ₹ ૨૪.૫૨ કરોડના ખર્ચે હાઉસીંગ કોલોનીનું નિર્માણ કરવામાં આવેલ છે.

૭. ડ્રેજીંગ

બંદરોમાં થતો કાંપ અને રેતીનો ભરાવો એક પ્રાકૃતિક અને સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે. જેના લીધે બંદરોના મુખમાં, જેટી, વાર્ફવોલ તેમજ ચેનલમાં કાંપનો ભરાવો થાય છે. જેના લીધે ગુજરાત મેરીટાઈમ બોર્ડના મોટા ભાગના બંદરોઓ છોડ્રાફ્ટ ધરાવતા હોઈ પાણીના સ્તરના ઘટાડાને કારણે ટ્રાફિક/શીપીંગની કામગીરીને અસર થાય છે.

સદર હું સમસ્યા નિવારવા ગુજરાત મેરીટાઈમ બોર્ડના વિવિધ બંદરો તેમજ મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ કરતા વેરાવળ અને પોરબંદર બંદરો ઉપર મત્સ્યોદ્યોગ ખાતાની જરૂરિયાત મુજબ ડ્રેજીંગ કામગીરી કરવામાં આવે છે. આ અંગે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા કામગીરીને પહોંચી વળવા વિવિધ પ્રકારના ડ્રેજર, સર્વેલોંચ, બાર્જીસ વિગેરે વિસાવવામાં આવેલ છે. તદાનુસાર દરેક બંદરોએ જરૂરીયાત અનુસાર ખાતાકીય તેમજ આઉટસોર્સિંગથી ડ્રેજીંગ કામગીરી કરવામાં આવે છે. વિશેષમાં ભાવનગર નવા બંદરે ખુબજ વધારે પ્રમાણમાં કાંપના ભરાવાની સમસ્યા રહેલ જે માટે સતત ડ્રેજીંગની કામગીરી કરવામાં આવે છે જેના કારણે ડ્રેજ લેવલો જે +૭ મીટર હતા તેને સતત ડ્રેજીંગ દ્વારા +૫.૫૦ મીટર લાવવામાં આવેલ છે.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા સુચારુ તથા યોગ્ય સંકલનથી જુદાજુદા બંદરો પર ડ્રેજીંગની કામગીરી થઈ શકે તે માટે "ડ્રેજીંગ કમીટી" ની રચના કરવામાં આવેલ છે તથા સેડીમેન્ટેશન સ્ટડી કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત મેરીટાઈમ બોર્ડના ડ્રેજરોથી તેમજ આઉટસોર્સિંગ થી મેઈન્ટેનન્સ ડ્રેજીંગ મારફતે જુદા-જુદા બંદરોએ હાથ ધરવાનું આયોજન છે તેમજ બોર્ડ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં જુના ડ્રેજીંગ યુનીટો કે જેની આયુમર્યાદા પૂર્ણ થતાં નિકાલ કરેલ છે અને જહાજો જે જર્જરીત હાલતમાં છે તેનો નિકાલ કરવાનું આયોજન છે.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા મત્સ્યોદ્યોગ વિભાગ માટે નવા બંદર ખાતે ₹ ૨.૫૦ કરોડનાં ખર્ચે ડીપોઝીટરી વર્ક હેઠળ ડ્રેજીંગની કામગીરી પુર્ણ કરેલ છે. વિશેષમાં ફીશરીઝ ખાતા દ્વારા જ્યાં-જ્યાં ડ્રેજીંગ કરવા અર્થે આયોજન કરવામાં આવે છે તેમાં GMB દ્વારા જરૂરી ટેકનિકલ માર્ગદર્શન અને આયોજન તથા નકશાઓની જરૂરી મંજૂરી આપવામાં આવે છે અને થર્ડ-પાર્ટી ઈન્સ્પેક્શન તરીકે જરૂરી ચાર્જેબલ બેજીસ પર કામગીરી કરવામાં આવે છે. GMBના બંદરોની ચેનલોમાં વહાણો સલામત અને સરળ રીતે અવર-જવર કરી શકે તે હેતુથી GMB દ્વારા બંદરો પર લાઈટેડ બોયઝ ઈન્સ્ટોલેશન તથા તેની જાળવણીની કામગીરી કરવામાં આવે છે.

♦ **વર્ષ ૨૦૨૨-૨૩માં નીચે મુજબ કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.**

- જુના મુંદ્રા બંદર, પોરબંદર, ઓખા તથા નવલખી બંદરે આઉટસોર્સિંગથી મેઈન્ટેનન્સ ડ્રેજીંગનું આયોજન કરવામાં આવેલ

છે. ભાવનગર તથા અન્ય બંદરે સતત ડ્રેજીંગ કામગીરી ચાલુ રાખવામાં આવશે. જેથી નેવીગેશન માટે જરૂરી ડ્રાફ્ટ જળવાઈ રહે.

- મગદલ્લાં ખાતે લાઈટેડ નેવીગેશન બોયાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

૮. યાંત્રિક

બંદરોની કાર્યક્ષમતા, સલામતી અને સુરક્ષા વધારવા તથા ઈકો ફ્રેન્ડલી પર્યાવરણમાં માલસામાનનું પરિવહન થાય તે બાબતને ધ્યાને લઇ બંદરોનુ આધુનિકરણ તથા અપગ્રેડેશન કરવાનું આયોજન કરેલ છે. જેમાં વર્ષ : ૨૦૨૨-૨૩માં હાથ ધરાશે.

- નવલખી ખાતે અંદાજીત ₹ ૧૨ કરોડના ખર્ચે ૧નંગ પાઈલોટ લોંચ ખરીદ કરવાનુ આયોજન છે.
- નવલખી, ઓખા તથા અલંગ ખાતે આધુનિક મલ્ટી પર્પજ ફાયર ટેંડર ખરીદ કરવાનું આયોજન છે.
- નવલખી તથા ઓખા બંદરે ૯ કરોડના અંદાજીત ખર્ચે ઈલેક્ટ્રીકલ અપગ્રેડેશન કરવાનું આયોજન છે.

ફ્લોટીલા યુનિટ્સ :

ગુજરાત મેરીટાઈમ બોર્ડની યાંત્રીક શાખા બંદરો ઉપર જહાજના નેવીગેશનની કામગીરી માટે ફ્લોટીલા વેસલ્સની ખરીદી તેમજ મરામત અને જાળવણીની મુખ્ય કામગીરી કરે છે. આ વેસલ્સ, માલ-સામનનું પરિવહન, પાયલોટીંગ, લાઈટરેજ કામ, પેટ્રોલીંગ, સ્ટાફની અવર-જવર, હાઈડ્રોગ્રાફીક સર્વે વગેરેમા ઉપયોગી રહે છે. ફ્લોટીલા વેસલ્સને વધુ સક્ષમ બનાવવા તેના ડ્રાયડોકીંગ સર્વેની કામગીરીનુ આયોજન કરેલ છે.

૯. પર્યાવરણ

ગુજરાત રાજ્યના બંદરો અને તેને સંબંધિત બાંધકામોના વિકાસ અને માવજતની સાથે-સાથે સમુદ્ર અને સમુદ્રકાંઠા પર આવેલા પર્યાવરણના જતન અને જાળવણી માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં ૧૯૯૮માં પર્યાવરણ શાખા(Environment Cell)ની રચના કરવામાં આવી હતી, જે ઉચ્ચ સ્તરીય વ્યવસ્થાતંત્રના સીધા નિયંત્રણ હેઠળ કાર્યરત છે. પર્યાવરણ શાખાનો એવો વિશ્વાસ છે કે વિકાસને લગતી જે યોજનાઓ પર્યાવરણની દ્રષ્ટીએ ટકાઉ(Environmentally Sustainable) ન હોય તો તે ખરેખર તે કોમર્શિયલી વ્યવહારુ પણ રહી શકતી નથી. આ શાખા બંદરો અને તેને લગતી આંતરમાળખાકીય સુવિધાઓ તેમજ સમુદ્રકાંઠાના વિસ્તારનો પર્યાવરણીય રીતે ટકાઉ વિકાસ કરવા પ્રતિબદ્ધ છે જે માટે જરૂરી વિવિધ વૈજ્ઞાનિક અભ્યાસો કરાવવાનું કાર્ય તેમજ બંદર વપરાશકારો ને પર્યાવરણ સંરક્ષણના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓના માળખાની જાણકારી આપવાનું કાર્ય કરે છે તથા શાખા દ્વારા સંલગ્ન ધારા-ધોરણોના અમલીકરણ બાબતે જરૂરી કાર્યવાહી કરવાનું કાર્ય કરે છે.

પર્યાવરણ સેલ(Environment Cell) દ્વારા જહાજ ભાંગવાના ક્ષેત્રે તથા બંદરીય ક્ષેત્રે પર્યાવરણ વ્યવસ્થાપન અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન થયેલ કાર્યો નીચે મુજબ છે.

♦ જહાજ ભાંગવાના ક્ષેત્રમાં થયેલ કાર્ય

- અલંગ ખાતે શિપરીસાયક્લિંગ ની પ્રવૃત્તિને પર્યાવરણીય દ્રષ્ટિએ પ્રોત્સાહીત કરવા નવા લેન્ડફીલ સેલ (Landfill Cell) તથા બિલ્જ વોટર ટ્રીટમેન્ટ પ્લાન, ઈન્સીનરેટર (Incinerator) અને અગ્નિશામક પ્રણાલી (Fire Fighting System) પર્યાવણીય સુવિધાઓનો TSDF-અલંગ ખાતે વિકાસ કરી કાર્યરત કરવામાં આવેલ હતું. TSDF સાઈટ પરથી પ્રાપ્ત થયેલ કચરાના આંકડાઓ મુજબ વર્ષ ૨૦૨૧-૨૨માં નીચે મુજબના જુદા જુદા પ્રકારના કચરાઓનો નાશ કરવામાં આવ્યો હતો.

રિસાયકલ કરેલ જહાજોની સંખ્યા	જહાજનું લાઈટ ડિસ્પ્લેસમેન્ટ ટ્રેનેજ (એલ. ડી. ટી) (આંકડામેટ્રિક ટન માં)	કચરાનો પ્રકાર	વજન (આંકડા મેટ્રિક ટન માં)	જહાજ ના એલ. ડી. ટી ની સાપેક્ષમાં કચરાની ટકવારી (%)
૧૨૯ (નવેમ્બર ૨૦૨૧ સુધી)	૧૦૨૫૦૫૪	ઝેરી કચરો	૫૮૬૪.૬૩૦	૦.૫૭૨
		મ્યુનિસિપલ ઘન કચરો	૨૪૪.૬૫૫	૦.૦૨૪
		ઈન્સીનરેબલ (સળગાવી શકાય તેવો) કચરો	૬૬૩.૬૪૦	૦.૦૬૪
		બિલ્જ વોટર/વેસ્ટ વોટર	૧૬૦૦.૭૨૫	૦.૧૫૬

- બોર્ડ પાસેથી મંજૂરી મેળવ્યા પછી, CSIR-સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટને અલંગ-સોસિયા શિપ રિસાયક્લિંગ યાર્ડના ઈકોલોજી અને પર્યાવરણના લાંબા ગાળાના મૂલ્યાંકનના કામ માટે સ્વીકૃતિ પત્ર જારી કરવામાં આવેલ છે.

INDEX

- બોર્ડ પાસેથી મંજૂરી મેળવ્યા પછી, ICMR-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓક્યુપેશનલ હેલ્થને અલંગ-સોસિયા શિપ રિસાયક્લિંગ યાર્ડ ખાતે કામદારોના વ્યવસાયિક સ્વાસ્થ્યની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વ્યાપક અભ્યાસના કામ માટે સ્વીકૃતિ પત્ર જારી કરવામાં આવેલ છે.
- અલંગ-સોસિયા શિપ રિસાયક્લિંગ યાર્ડના વિસ્તરણ માટે પર્યાવરણીય/ સી.આર.ઝેડ મંજુરી માટે અલંગ-સોસિયા શિપ રિસાયક્લિંગ યાર્ડના સી.આર.ઝેડના નક્શા બનાવવાનું કામ નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ (NCSCM)આપવામાં આવેલ છે.

બંદરીય ક્ષેત્રે પર્યાવરણ વ્યવસ્થાપન યોજના અન્વયે થયેલ કાર્ય :

- નર્મદા પરિક્રમાના યાત્રાળુઓ માટે વમલેશ્વર ખાતે જેટીના બાંધકામ માટે જરૂરી સી.આર.ઝેડ ક્લિયરન્સ મેળવવામાં આવેલ છે.
- નવીનલ ક્રીક, APSEZ, મુન્દ્રા, જિલ્લો- કચ્છ, ગુજરાત ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજો માટે બર્થિંગ જેટી અને સંલગ્ન માળખાકીય સુવિધાઓના વિકાસના કામ માટે પર્યાવરણીય અને સી.આર.ઝેડ ક્લિયરન્સ મેળવવામાં આવેલ છે.
- "ઓખા, જિલ્લા-દેવભૂમિ દ્વારકા, ગુજરાત ખાતે વહીવટી મકાન અને સ્ટાફ ક્વાર્ટરના નિર્માણના પ્રોજેક્ટ માટે હાલના કોસ્ટલ રેગ્યુલેશન ઝોન ક્લિયરન્સમાં સુધારો મેળવવા"ના કામ માટે તજજ્ઞની નિમણૂક માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવ્યા છે. જે બાદ તજજ્ઞની નિમણૂંક કરવામાં આવશે.
- "ઓખા, જિલ્લા-દેવભૂમિ દ્વારકા, ગુજરાત ખાતે વહીવટી મકાન અને સ્ટાફ ક્વાર્ટરના નિર્માણના પ્રોજેક્ટ માટે હાલના કોસ્ટલ રેગ્યુલેશન ઝોન ક્લિયરન્સમાં સુધારો કરાવવા ઓખા ખાતે સી.આર.ઝેડના નક્શા બનાવવાનું કામ નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ (NCSCM)ને આપવામાં આવેલ છે.
- ડ્રેજિંગ માટેના માસ્ટર પ્લાનના ભાગ રૂપે, "જીએમબી બંદરો માટે ગાણિતિક મોડેલ અભ્યાસ" નું કાર્ય સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રિસર્ચ સ્ટેશન (CWPRS), જલ શક્તિ મંત્રાલય, પૂણેને આપવામાં આવ્યું છે. તદનુસાર, નીચેના બંદરો માટે CWPRS દ્વારા મોડેલિંગ અભ્યાસ હાથ ધરવામાં આવશે.

  (1) ભાવનગર નવું બંદર,

  (2) ઑલ્ડ બેડી, ન્યુ બેડી, રોજી પિયર(બેડીબંદર જૂથ)

  (3) નવલખી બંદર

  (4) માંડવી બંદર

- CWPRS ના કાર્યના અવકાશ મુજબ, જરૂરી સાયન્ટીફીક ડેટા ઉપલબ્ધ કરવા હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણની કામગીરી નવલખી બંદર તથા બેડી જુથ બંદરો પર હાથ ધરેલ છે. સદરહુ કામગીરી માટે એજન્સીઓની નિમણૂંક કરવામાં આવેલ છે.
- ગુજરાત મેરીટાઈમ બોર્ડ હેઠળ ના બંદરો કે જેની ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (ગુ.પ્ર.નિ.બોર્ડ) ની કોન્સોલીટેડ કન્સેન્ટ અને ઓથોરાઈઝેશન (CC&A) મેળવવામાં આવેલ છે તેની જરૂરી પુર્તતા કરવા માટેની પર્યાવરણીય તાંત્રિક માહિતી સમયાંતરે ગુ.પ્ર.નિ.બોર્ડ ની વેબસાઈટ પર ભરવામાં આવે છે.
- નેશનલ ઓઈલ સ્પીલ ડીઝાસ્ટર કન્ટેન્જન્સી પ્લાન-૨૦૧૫ અન્વયે અપડેટ કરેલ ઓઈલ સ્પીલ કન્ટેન્જન્સી પ્લાન(ઓએસસીપી) ને ભારતીય તટરક્ષક દળને જરૂરી મંજુરી માટે મોકલ્યા બાદ તેઓ તરફથી મળેલ ટિપ્પણીઓ પર કામગીરી કરવામાં આવી રહી છે.

૨૦૨૨-૨૦૨૩ માં કરવામાં આવનાર મહત્વના કાર્યની રૂપરેખા :

♦ **જહાજ ભાંગવાના ક્ષેત્રે કરવામાં આવનાર કાર્ય :**

- અલંગ-સોસિયા શિપ રિસાયક્લિંગ યાર્ડના વિસ્તરણ માટે બોર્ડના નિર્દેશન મુજબ પર્યાવરણીય અને સી.આર.ઝેડ ક્લિયરન્સ મેળવવા માટે તજજ્ઞની નિમણૂંક કરવામાં આવશે.
- અલંગ-સોસિયા શિપ રિસાયક્લિંગ યાર્ડ ખાતે ઈકોલોજી અને પર્યાવરણના લાંબા ગાળાના મૂલ્યાંકનના કામ અન્વયે CSIR-સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પ્રથમ ચરણનું પર્યાવરણીય મોનીટરીંગ કરવામાં આવશે.
- અલંગ-સોસિયા શિપ રિસાયક્લિંગ યાર્ડ ખાતે કામદારોના વ્યવસાયિક સ્વાસ્થ્યની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વ્યાપક અભ્યાસના કામ માટે ICMR-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓક્યુપેશનલ હેલ્થ દ્વારા કામદારોના વ્યવસાયિક સ્વાસ્થ્યની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવશે.

INDEX

♦ **બંદરીય ક્ષેત્રે કરવામાં આવનાર કાર્ય :**

- "ઓખા, જિલ્લા-દેવભૂમિ દ્વારકા, ગુજરાત ખાતે વહીવટી મકાન અને સ્ટાફ ક્વાર્ટરના નિર્માણના પ્રોજેક્ટ માટે હાલના કોસ્ટલ રેગ્યુલેશન ઝોન ક્લિયરન્સમાં સુધારો મેળવવા"ના કામ માટે સલાહકારની નિમણૂક બાદ સી.આર.ઝેડ ની મંજૂરી મેળવવા જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે.
- સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રિસર્ચ સ્ટેશન (CWPRS), જલ શક્તિ મંત્રાલય, પૂણે પાસેથી જીએમબીના નીચેના છ બંદરો માટે ગાણિતિક મોડેલ અભ્યાસનું કાર્ય પૂર્ણ કરાવવામાં આવશે.

  (1) નવા બંદર, ભાવનગર

  (2) જૂની બેડી, નવી બેડી, રોજી પિયર(બેડીબંદર જૂથ)

  (3) નવલખી બંદર

  (4) માંડવી બંદર
- નેશનલ ઓઈલ સ્પીલ ડીઝાસ્ટર કન્ટેન્જન્સી પ્લાન -૨૦૧૫ મુજબ બાહ્ય તજજ્ઞની મદદથી અપડેટ કરવામાં આવેલ GMBના બંદરોનો ઓઈલ સ્પીલ કન્ટેન્જન્સી પ્લાન (ઓએસસીપી) માટે ભારતીય તટરક્ષક દળ પાસેથી મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૧૦. સીવીલ(ઈજનેર)

ઈજનેર વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સાધેલ પ્રગતિ અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન હાથ ધરાનારી અગત્યની પ્રવૃત્તિની રૂપરેખા

રાજ્યના કુલ ૪૯ બંદરો પૈકીના ૪૮ બંદરો રાજ્ય સરકાર હસ્તક છે. જ્યારે કેન્દ્ર સરકાર હસ્તકનું ૦૧ કંડલા બંદર મહાબંદર તરીકે ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. ગુજરાત સરકાર હસ્તકના બંદરોના વહીવટી કન્ટ્રોલ અને સંચાલન ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા કરવામાં આવે છે ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના મહત્વના બંદરો જેવા કે ઓખા, બેડી, ભાવનગર, નવલખી, મગદલ્લા, જાફરાબાદ, પોરબંદર, માંડવી, બેડી, વેરાવળ ખાતે કાર્ગો હેન્ડલીંગ તથા પોર્ટ ઓપરેશન ક્ષમતામાં વધારો, એસેટની ઉપયોગીતામાં સુધારા, પર્યાવરણલક્ષી કામો, વહીવટી ક્ષમતામાં વધારો, બંદરો વચ્ચેના જોડાણમાં સુધારા લાવવાના તેમજ ખાસ મરામતના કામો વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવે છે.

(૧) બંદરોની ક્ષમતામા વધારો તેમજ માલસામાનની હેરફેરની ક્ષમતામા વધારો :

- **જામનગર :** રોજી ખાતે ૩૦૦ મી. વાર્ફ વોલના ₹ ૪૬.૭૩ કરોડના કામની વહીવટી મંજૂરી મળેલ છે. પર્યાવરણીય મંજૂરી મળેલ છે. જેના સુધારેલ અંદાજો ચકાસણી હેઠળ છે.
- **પોરબંદર :** પોરબંદર ખાતે કોસ્ટલ કાર્ગો માટે બર્થની સુવિધા પૂરી પાડવા ₹ ૩૪.૯૨ કરોડની સાગરમાલા યોજના અંતર્ગત કામ મંજૂર થયેલ છે. જેની ફાઈનલ અલાઈમેન્ટ નક્કી થયા બાદ કામ હાથ ધરવા અર્થેની કામગીરી કરવામાં આવનાર છે.
- **નવલખી :** નવલખી ખાતે ૪૮૫ મીટર જેટીનું કામ ₹ ૧૭૩.૧૧ કરોડના ખર્ચે બાંધવાનું આયોજન છે. જેના ટેન્ડર મંગાવેલ છે. જેને ૨૪ મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- **માંગરોળ :** માંગરોળ મત્સ્યબંદર ખાતે ફેઝ-૩ અંતર્ગત, પાર્ટ-એ ઓફ શોર સ્ટ્રક્ચરમાં બ્રેકવોટર, જેટી, વાર્ફ, જેવા મરીન બાંધકામોમાં ૮૪.૯૧% પ્રગતિ સધાયેલ છે. પાર્ટ-"સી"ના ઓન શોર સ્ટ્રકચરનું કામની ૭૧.૬૪% જેટલી પ્રગતિ સધાયેલ છે.
- **ઓખા :** ઈન્ટીગ્રેટેડ પોર્ટ ડેવલપમેન્ટ પ્લાન અંતર્ગત ઓખા ખાતે પ્રથમ તબકકામાં હાથ ધરવાના કામોની સૈધ્ધાંતિક મંજૂરી બોર્ડની તા. ૧૭/૦૫/૨૦૧૯ની ૨૫૬મી બોર્ડ બેઠકમાં નિર્ણય લેવામાં આવેલ છે.
- જે અંતર્ગત ઓખા ખાતે ગોવીંદઘાટની ઉત્તર દીશામાં ૫૦ મીટર તથા દક્ષિણ દીશામાં ૮૦ મીટર લંબાઈમાં વાર્ફ વોલના બાંધકામની સ્ટ્રક્ચરલ ડિઝાઈનની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થયેથી કામ હાથ ધરવામાં આવશે.
- હયાત શીટ પાઈલ વાર્ફને ૮૦ મીટર લંબાવવા માટે બોર્ડની મંજૂરી મળેલ આ માટે સ્ટ્રક્ચરલ ડિઝાઈનની કામગીરી પ્રગતિ હેઠળ છે જે પૂર્ણ થયા બાદ અંદાજ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
- ઓખા ખાતે ઈન્ટરનલ રીઝીડ પેવમેન્ટનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.
- ઓખા ખાતે પાકા સ્ટેકીંગ પ્લેટફોર્મનું કામ હાથ ધરવામાં આવેલ છે. જે પૂર્ણ કરવામાં આવનાર છે.

INDEX

- ઓખા ખાતે પ્રોવાઈડીંગ પાકા સ્ટેકીંગ પ્લેટફોર્મ ફોર કોલ સ્ટેકીંગ નીયર મેઈન ગેટ એરીયા એટ પોર્ટ ઓખાનું કામ ૯.૫૮ કરોડના ખર્ચે હાથ ધરેલ છે.
- ઓખા ખાતે "એસ.આર.ટુ વોચ ટાવર ફોર આઈ એસ પી એસ કોડ" નું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.
- ઓખા ખાતે "એસ આર ટુ સી વોલ ઈન ફ્રન્ટ ઓફ વિશ્રાંતિ ગૃહ" નું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.
- ઓખા ખાતે "એસ આર ટુ બ્રેકવોટર પેરેપટ વોલ, કર્બીંગ & વેરીંગ કોર્સ ઓન રોડ" નું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.
- **ભાવનગર :** ભાવનગર ખાતે રીસ્ટોરેશન ઓફ આર.સી.સી જેટીનું કામ માટે ₹ ૨૫.૮૯ કરોડ હાથ ધરેલ છે.
- ભાવનગર ખાતે રીસ્ટોરેશન ઓફ લોકગેટ પ્લેટફોર્મનું કામ હાથ ધરેલ છે

(૨) **સુરક્ષા અને સલામતી અંગે :**

- **અલંગ :** અલંગ ટીએસડીએફ સાઈટ ખાતે કમ્પાઉન્ડ વોલ ઉંચી કરવાનું કામ ₹ ૧૯.૮૬ લાખમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) **બંદરો પર રોડ પ્લેટફોર્મની સુવિધા તેમજ વહીવટી ક્ષમતામા વધારો**

- **પોરબંદર :** કાર્ગો સ્ટેકીંગ માટેના પ્લેટફોર્મ અને ઈન્ટરનલ રોડનું ૮૫% કામ પૂર્ણ થયેલ છે.
- **નવલખી :** નવલખી ખાતે પ્રોવાઈડીંગ સીસી પેવર બ્લોક પ્લેટફોર્મ એટ કોલયાર્ડના કામ માટે મંજૂરી મળેલ હોઈ તે હાથ ધરાવાનું આયોજન છે.
- ભાવનગર બંદર ખાતે ઉતરોત્તર વધી રહેલ કાર્ગોના જથ્થા હેન્ડલીંગને ધ્યાને લઈને સ્ટેકિંગ પ્લેટફોર્મ નં.૧૬નુ કામ પ્રગતિમાં છે. સ્ટેકિંગ પ્લેટફોર્મ નં. ૭ ના સુધારણાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. સ્ટેકિંગ પ્લેટફોર્મ નં.૨,૩ના અપગ્રેડેશન અને ડેવલોપમેન્ટના કામ હાથ ધરવાનુ આયોજન છે. જુના ગોડાઉનને તોડીને કાર્ગો સ્ટેક કરવા સ્ટેકિંગ પ્લેટફોર્મ બનાવવાનુ આયોજન છે.
- ભાવનગર ખાતે ઈન્ટરનલ રોડના મરામતની કામગીરી પ્રગતિમાં છે.
- ન્યુપોર્ટ, ભાવનગર ખાતે મુખ્ય આરસીસી જેટી પાસેના એપ્રોચના મરામતની કામગીરી અંદાજીત ૧૫ કરોડ ના ખર્ચે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં હાથ ધરવાનું આયોજન છે.
- ભાવનગર ખાતે અંદાજીત ૧૦ કરોડ ના ખર્ચે નવી ઓફીસ બિલ્ડીંગ બનાવવાનું આયોજન છે.
- **અલંગ :** અલંગ ખાતેના મથાવડા માં સીસી રોડ બનાવવાના માટે વહીવટી મંજૂરી અર્થે ₹ ૨૮.૮૬ કરોડ ના નકશા અને અંદાજોને સરકારશ્રીમાં સાદર કરેલ છે સાથે ભાવપત્રકો મંગાવવામાં આવેલ છે. વહીવટી મંજૂરી મળેથી અને એજન્સી નક્કી થયેથી કામ હાથ ધરવામાં આવશે.
- **મગદલ્લા :** મગદલ્લા બંદરે સ્ટેકીંગ પ્લેટફોર્મ ના મરામત ની કામગીરી ₹ ૧.૫૫ કરોડ ના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.
- હજીરા ખાતે રો-પેક્સ ટર્મિનલ માટે એપ્રોચ રોડનું બાંધકામનું કામ ₹ ૭.૧૫ કરોડના ભાવપત્રકો મંજુર થયેલ. સરકારશ્રી તરફથી જમીન મળ્યેથી આ કામ હાથ ધરવાનુ આયોજન છે.
- મગદલ્લા પોર્ટના એપ્રોચ રોડનું અપગ્રેડેશન નું કામ ₹ ૧૪૫ કરોડના ના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ભરૂચ ખાતે ₹ ૬.૩૫ કરોડ ના ખર્ચે સ્ટાફ ક્વાર્ટર્સ બનાવવાનું આયોજન છે. એજન્સી નક્કી થયેથી કામ હાથ ધરવામાં આવશે.
- ભરૂચ ખાતે આશરે ૭ કરોડ ના ખર્ચે વહીવટી સંકુલ બનાવનાનુ આયોજન છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં પોર્ટ કોલોની મગદલ્લા ખાતે સ્ટાફ ક્વાર્ટર્સ અને અન્ય પોર્ટ બિલ્ડીંગ બનાવવાનું આયોજન છે.

(૪) **અલંગ શીપ-રીસાયક્લિંગ**

અલંગ ખાતે જહાજો રી-સાયકલ કરવાનું વિશ્વનું સૌથી મોટું અને પર્યાવરણલક્ષી યાર્ડ રાજ્ય સરકાર હસ્તક છે.

- શિપ રિસાયક્લિંગ યાર્ડ, અલંગ-સોસીયા ખાતે મનારી નદી અને પશ્ચિવાલી નદી પરના હાલના પુલોના ખાસ મરામતનું ₹ ૨.૯૩ કરોડનુ કામ હાથ ધરવાનું આયોજન છે.
- અલંગ શિપ રિસાયક્લિંગ યાર્ડમાં રોડના મરામતનું ₹ ૨૦૮ કરોડનું કામ હાથ ધરવાનું આયોજન છે.
- લેબર હાઉસિંગ કોલોનીના મરામતની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

(૫) **પર્યાવરણીય લક્ષી કામો**

- **નવલખી :** નવલખી બંદર ખાતે પર્યાવરણીયલક્ષી કામો ₹ ૯.૬૦ કરોડના ખર્ચે પાકા સ્ટેકિંગ પ્લેટફોર્મના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.
- **ઓખા :** ઓખા બંદર ખાતે પર્યાવરણીયલક્ષી કામો અંતર્ગત એર પોલ્યુશન કંટ્રોલ માટે વિન્ડશીલડન્ડ કમ્પાઉન્ડ વોલનું

INDEX

કામ ₹ ૧૦.૯૭ કરોડના ખર્ચે કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૬) ડીપોઝીટેડ યોજના

- **નર્મદા પરીક્રમા :** નર્મદા પરિક્રમાના યાત્રાળુઓની સુવિધાના ભાગરૂપ લુહારા દહેજ ખાતે બીજા તબક્કામાં કિનારાની બોટ બર્થીંગ સુવિધાઓનું કામ પ્રગતિ હેઠળ છે.
- નર્મદા પરિક્રમાના યાત્રાળુઓની સુવિધાના ભાગરૂપ વામલેશ્વર બોટ બર્થીંગ સુવિધાઓનું કામ હાથ ધરવાનુ આયોજન છે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયામાં બોટ બર્થીંગ ફેસેલીટીનું કામ SSNLનાં ડીપોઝીટ વર્ક તરીકે પૂર્ણ કરેલ છે.
- **કોસ્ટગાર્ડ :** ડિપોઝીટ યોજના અંતર્ગત કોસ્ટગાર્ડના શીપ લાંગરવા માટે ઓખા ખાતે ૨૦૦ મીટર જેટીના નકશા અને અંદાજોની તાંત્રિક મંજૂરી અપાયેલ છે તથા તેના ટેન્ડરો મંગાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામગીરી હાથ ધરવામાં આવનાર છે.
- કોસ્ટગાર્ડના શીપ લાંગરવા માટે પોરબંદર ખાતે ૧૦૦ મીટર જેટીના કામગીરી હાથ ધરવામાં આવનાર છે.
- ભાવનગર મહાનગરપાલીકાનાં ડિપોઝીટરી વર્ક તરીકે ભાવનગર ખાતે કેબલ સ્ટે બ્રીજની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

૧૧. મરીન ડીપાર્ટમેન્ટ

♦ ૨૦૨૧-૨૨ માં કરવામાં આવેલ અગત્યની પ્રવૃત્તિઓ/કામગીરી:

- વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના બંદરો ઉપર કુલ ૬૫ વહાણોનું રજીસ્ટ્રેશન અને કુલ ૪૩૭ વહાણોનું સર્વે કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા વોટર સ્પોર્ટસ પ્રવૃત્તિ માટે ૧૬ એન.ઓ.સી, ૧૮ વોટર સ્પોર્ટસ ક્રાફટ/ સ્પીડ બોટનું રજીસ્ટ્રેશન અને ૨૯ વોટર સ્પોર્ટસ ક્રાફટ/ સ્પીડ બોટનું સર્વે હાથ ધરવામાં આવેલ છે.

♦ ૨૦૨૨-૨૩ માં હાથ ધરવામાં આવનાર અગત્યની પ્રવૃત્તિઓ/કામગીરી:

- વધુમાં વધુ વોટર સ્પોર્ટસ ક્રાફટનું રજીસ્ટ્રેશન તેમજ સર્વેને લગતી કામગીરી પૂર્ણ કરવામાં આવશે જેથી રાજ્યના પ્રવાસન ઉદ્યોગને વેગ મળે.
- આવનાર વર્ષમાં ચાલું વર્ષ કરતા વધુ ૧૦% ઈન્લેન્ડ વેસલ ના રજીસ્ટ્રેશનનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.
- ઈનલેન્ડ વેસલ રૂલ્સ મુજબ આઈ. વી. એક્ઝામીનેશનનું આયોજન કરવામાં આવશે જેથી વધુ ને વધુ લોકોને રોજગારીની તકો ઉપલબ્ધ થાય.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

♦ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ :

- રાજ્યના ૯૯.૫૮% ગામડાઓને પરિવહનની સેવા પુરી પાડવામાં આવી રહેલ છે.
- મુસાફરો, વિદ્યાર્થીઓ અને લોકપ્રતિનીધીઓની રજુઆતો ધ્યાને લઈ વર્ષ ૨૦૨૧-૨૨માં ૮૯ ટ્રીપોને લંબાણ, ૫૪ ટ્રીપો ટુંકાણ, ૨૬ ટ્રીપો ફંટાણ, ૧૬૫ ટ્રીપોનો માર્ગ ફેરફાર, ૪૬૮ ટ્રીપોનો સમય ફેરફાર, ૨૫ ટ્રીપોના સર્વિસ પ્રકારમાં ફેરફાર, ૨૨૦ ટ્રીપો ૨૬ કરી ૬૭૪ નવીન ટ્રીપો શરૂ કરેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૧૦૦૦ નવા વાહનો ખરીદી કરવા માટે ₹ ૨૭૦.૦૦ કરોડની જોગવાઈ થયેલ છે જે બસોની ચેસીસ ખરીદીની ફાઈલ સરકારશ્રીની મંજુરીમાં છે જે મંજુરી મળ્યેથી ૧૦૦૦ નવા વાહનો જુલાઈ-૨૨ સુધીમાં સંચાલનમાં મુકવામાં આવનાર છે.
- ૫૦ ઈલેક્ટ્રીક બસો પૈકીની ૨૫ બસો ડિસેમ્બર સુધીમાં સંચાલનમાં મુકવામાં આવનાર છે તેમજ ૨૫ ઈલેક્ટ્રીક્ટ બસો માર્ચ-૨૦૨૨ સુધીમાં સંચાલનમાં મૂકવામાં આવનાર છે.
- નિગમ દ્વારા ધોળાવીરા, દાંડી અને માંચી તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના રૂટો તા.૦૧/૧૦/૨૦૨૧ ના રોજથી શરૂ કરવામાં આવેલ છે.
- અંબાજી ખાતે ભાદરવી પુનમના મેળામાં દર્શનાર્થીઓની સુવિધામાં વધારો થાય તે હેતુસર ૩૨૬૪ ટ્રીપોના એકસ્ટ્રા સંચાલન થકી ૧૩૭૫૧૭ મુસાફરોને સુવિધા પુરી પાડેલ.
- દિવાળીના તહેવાર દરમ્યાન મુસાફરોના વધારાના ઘસારાને પહોંચી વળવા માટે ૨૨૭૦૪ ટ્રીપોના એકસ્ટ્રા સંચાલન થકી ૧૧૦૬૮૧૯ મુસાફરોને સુવિધા પુરી પાડેલ.
- રાજ્યના નાગરિકોને લગ્ન પ્રસંગે ટુંકા અંતરની ગ્રુપ મુસાફરી માટે કુલ ૧૦૦ કુટુંબોને આ યોજના થકી સુવિધા પુરી પાડેલ.

INDEX

- મુસાફર જનતાને ગ્રામ્ય કક્ષાએ /નજીકના સ્થળેથી બુકીંગની સુવિધા ઉપલબ્ધ થાય તેવા ઉદ્દેશથી ડીઝીટલ સેવાસેતુ અંતર્ગત ચાર સર્વિસ- બસ ટીકીટ બુકીંગ, બસ ટિકીટ કેન્સેલેશન, મુસાફર પાસ(નવા), મુસાફર પાસ (રીન્યુઅલ)નુ ઇન્ટીગ્રેશન કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારશ્રીની શ્રવણ તીર્થ યોજના અંતર્ગત એસ.ટી. નિગમ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની વેબ સાઇટનુ લીન્કીંગ કરવામાં આવેલ છે. નિગમની આ યોજનાનો કુલ ૧૨,૩૫૦ લાભાર્થીઓ દ્વારા લાભ લેવામાં આવેલ છે.
- ડીઝીટલ ઇન્ડીયા કેમ્પેઇન અંતર્ગત નિગમ દ્વારા જરૂરિયાત મુજબ કમ્પ્યુટર હાર્ડવેરની ખરીદ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.
- જી.પી.એસ./જી.આઇ.એસ. આધારિત ઓનલાઇન ફ્લીટ મેનેજમેન્ટ સીસ્ટમ એન્ડ પબ્લીક ઇન્ફોર્મેશન સીસ્ટમ ડેવલપ કરાવી નિગમની ૮૩૨૫ બસોમાં અમલીકરણ કરવામાં આવેલ છે તેમજ ૧૧૧ બસ સ્ટેશન પર ૫૭૮ ડીસ્પ્લે ઇન્ફોર્મેશન સીસ્ટમ હેઠળ મુસાફરોને રીયલ ટાઇમ જાણકારી આપવામાં આવી રહેલ છે.
- નિગમના સંચાલનમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગનુ મહત્વ સ્વીકારીને મુસાફરોની સુવિધા માટે ૮૯ બસ સ્ટેશનો પર ફ્રી વાઇ-ફાઇ સુવિધા પુરી પાડવામાં આવેલ છે.
- બસ સ્ટેશન સુધારણા તથા માળખાકીય સુવિધાઓ અપગ્રેડ કરવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા મુડીફાળા પેટે જનરલ માંગણી ક્રમાંક ૭૪ હેઠળ ₹ ૮૨.૪૩ કરોડ તથા ટ્રાયબલ એરીયા માંગણી ક્રમાંક ૯૬ હેઠળ ₹ ૧૭.૫૭ કરોડ મળી કુલ ₹ ૧૦૦.૦૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ મુડીકૃત બજેટ અન્વયે નવિન પ્રાપ્ત કરેલ જમીન ઉપર તેમજ હયાત જુના અને જર્જરીત બસ સ્ટેશન ડીમોલીશન કરી હાલમાં ૨૩-સ્થળો ખાતે નવિન બસ સ્ટેશન તેમજ ૩-સ્થળો ખાતે નવિન વર્કશોપ/ડેપો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. જયારે ૧૯-સ્થળો ખાતે નવિન બસ સ્ટેશન બનાવવાની તેમજ ૯ સ્થળો ખાતે નવિન ડેપો/વર્કશોપ બનાવવાની કામગીરી ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે.
- નિગમ દ્વારા પુર્ણ થયેલ બસ સ્ટેશનોમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે સાઈનેજીસ યોગ્ય રીતે દેખાય તેમજ સ્લોપીંગ રેમ્પ તથા શૌચાલયમાં હેન્ડ રેલની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, તેમજ આયોજન હેઠળના નવિન બસ સ્ટેશનોમાં આ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

♦ **વર્ષ ૨૦૨૨-૨૩ માં હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓ :**

- વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૭૯.૦૦ કરોડના ખર્ચે ૧૨૦૦ નવા વાહનો ખરીદવાનું સૂચિત છે તથા ૫૦ ઇલેક્ટ્રીક બસો સંચાલનમાં મૂકવામાં આવનાર છે.
- ગુજરાત સરકારશ્રીના ગ્રીન એનર્જી અભિગમને વેગ મળી રહે તે માટે સામાજીક જવાબદારીના ભાગરૂપે નિગમ દ્વારા પ્રારંભિક ધોરણે ૧૦૦ ડીઝલ બસોને LNG બસમાં કન્વર્ટ કરવા માટે રેટ્રો ફીટમેન્ટની કામગીરી કરવામાં આવનાર છે.
- નિગમના બાકી રહેતા ૩૦ બસ સ્ટેશનો ખાતે મુસાફર જનતાની સુવિધા માટે ફ્રી વાઇ-ફાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.
- નિગમની વિવિધ એપ્લીકેશન એક જ પ્લેટફોર્મ પર આવરી લેતુ Unified IT Solution પ્રસ્થાપિત કરવામાં આવનાર છે. આ માટે રેવન્યુ શેરીંગ મોડલ ઉપર નિગમની અલગ અલગ સીસ્ટમ સદર યુનિફાઇડ સોલ્યુશનમાં આવરી લેવામાં આવનાર છે.
- નિગમના ૬૦ થી વધુ બસ સ્ટેશબ/વર્કશોપ ખાતે સીસીટીવી સીસ્ટમ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.
- આગામી વર્ષ દરમ્યાન રાજ્ય અને જીલ્લા કક્ષાના યોજાનાર ધાર્મિક, સામાજિક મેળાઓ અને દિવાળીના તહેવારો દરમ્યાન મુસાફરો/યાત્રાળુઓની સુવિધામાં વધારો કરવા માટે એકસ્ટ્રા બસ સુવિધાનુ આયોજન કરવામાં આવનાર છે.
- આગામી વર્ષ દરમ્યાન વિદ્યાર્થી/મુસાફરોની માંગણી મુજબ પરિવહન સુવિધામાં વધારો થાય તે હેતુથી સંચાલિત રૂટોનુ રેશનાલાઇઝ કરવામાં આવનાર છે.
- વર્ષ : ૨૦૨૨-૨૩માં નવીન પ્રાપ્ત કરેલ જમીન ઉપર તેમજ હયાત જુના અને જર્જરીત બસ સ્ટેશન ડીમોલીશન કરી ૧૪ સ્થળો ખાતે નવીન બસ સ્ટેશન તેમજ ૨૪ સ્થળો ખાતે નવિન ડેપો/વર્કશોપ બનાવવાની કામગીરી મંજુરી મળ્યેથી હાથ ધરવામાં આવશે.

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રસ્તાવના

વાહન વ્યવહાર ખાતુ એ રાજય સરકારનું એક મહત્વનું અંગ છે. મોટર વાહન વેરો રાજ્ય સરકારની મહેસૂલી આવકોમાં અગ્રસ્થાન ધરાવે છે. રાજ્યની આર્થિક વિકાસની સાથે-સાથે વાહનોની સંખ્યા તથા વાહન ચાલકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો

INDEX

થઇ રહેલ છે. તેની અનુસાંગિક વાહન રજીસ્ટ્રેશન, લાઈસન્સ, પરમીટ વગેરે કારણોસર મોટી સંખ્યામાં નાગરીકો આરટીઓ કચેરીઓમાં મુલાકાત લેતા હોય છે. રાજ્યમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે નાણાં અને સમયનો બચાવ કરવા ચેકપોસ્ટ નાબુદી કરી ODC Module અને Tax Module ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. નાગરીકોની સુવિધામાં વધારો કરવા તથા ઝડપી અને પારદર્શી સેવા મળી રહે તે હેતુથી વાહન અને લાયસન્સ સંબંધિત ૮૦% સેવાઓ ફેસલેસ કરવામાં આવેલ છે તેમજ કાચા લાયસન્સની કામગીરી ૩૬ આરટીઓ કચેરીની જગ્યાએ ૨૨૧ આઈટીઆઈ અને ૨૯ પોલીટેકનિક ખાતે શરૂ કરવામાં આવેલ છે.

ખાતાનો પરિચય :

વાહનવ્યવહાર ખાતા દ્વારા મુખ્યત્વે નીચે મુજબની કામગીરી થાય છે.

૧) ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવુ.
૨) વાહનોની નોંધણી કરવી.
૩) વાહનોની પરમીટ ઈસ્યુ કરવી.
૪) વાહન તથા લાયસન્સ સંબંધિત સેવાઓ પૂરી પાડવી.



૧) મોટર વાહન વેરો
૨) પેસેન્જર વેરો
૩) મોટર વાહન કાયદા હેઠળની ફી
૪) મોટર વાહન કાયદા હેઠળ ગુન્હાઓ માટે માંડવાળ ફી

૧) ટ્રાફિક નિયમોનું અમલીકરણ
૨) કસુરવારો પાસેથી દંડની વસુલાત (ડીએ કેસો)

૧) માર્ગ સુરક્ષા પ્રત્યે જનજાગૃતિ

વર્ષ ૨૦૨૧-૨૨માં એપ્રિલ-૨૧ થી નવેમ્બર-૨૧ સુધી થયેલ કામગીરી :

નોંધાયેલ વાહનોની સંખ્યા	૮.૦૬ લાખ
આર.સી બુક ઈસ્યુ	૧૬.૨૯ લાખ
ડ્રાઈવીંગ લાયસન્સ	૩.૭૭ લાખ
વાહનની અરજીઓનો નિકાલ	૧૪.૦૮ લાખ
સારથીની અરજીઓનો નિકાલ	૭.૬૪ લાખ
કુલ આવક	**૨૨૭૪.૦૮ કરોડ**

ઉપરાંત નીચે મુજબના નવા નિર્ણયો અને પોલીસીઓ પ્રત્યે ચાલુ વર્ષે અમલવારી કરવામાં આવી.

૧) ગુજરાત ઈલેકટ્રીક વ્હીકલ પોલીસી

- ગુજરાત સરકાર હંમેશા પર્યાવરણ મુદ્દે ગંભીર રહી છે અને એટલે જ પેટ્રોલ ડિઝલ થી ચાલતા વાહનો ના બદલે ઈલેકટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા ઈલેકટ્રીક વ્હીકલ પોલિસી અમલમાં લાવી ખૂબ જ દુરંદેશી નિર્ણય લીધો છે. ભવિષ્યનું

ભારત પ્રદૂષણમુક્ત હોય એની પહેલ ગુજરાત રાજ્યથી જ થઈ રહી છે.

- તા. ૦૧.૦૭.૨૦૨૧થી ખરીદાયેલા ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર અને ફોર વ્હીલર ઈલેકટ્રીક વાહનો પર સબસીડી આપવાનું સરકારશ્રી દ્વારા નકકી થયેલ છે.
- આ પોલીસી ચાર વર્ષના સમયગાળા માટે કાર્યરત રહેશે. જેમાં કુલ બે લાખ ઈલેકટ્રીક વાહનો પર સબસીડી આપવામાં આવશે. (૧,૧૦,૦૦૦ ટુ-વ્હીલર, ૭૦,૦૦૦ થ્રી-વ્હીલર, ૨૦,૦૦૦ ફોર-વ્હીલર)
- ભારત સરકારની ફેમ-૨માં તમામ ઈલેકટ્રીક વાહનોને બેટરી ક્ષમતા આધારીત નિયત થયેલ સબસીડી ચૂકવવાની થાય છે.
- સબસીડીનું ધોરણ વાહનની બેટરી કેપેસીટી (kwh) પર નિયત કરેલ છે. ૧ kwh પર ₹ ૧૦,૦૦૦/- ને ધોરણે ટુ-વ્હીલર માટે મહત્તમ ₹ ૨૦,૦૦૦/-, થ્રી વ્હીલર માટે મહત્તમ ₹ ૫૦,૦૦૦/- અને ફોર વ્હીલર માટે મહત્તમ ₹ ૧,૫૦,૦૦૦/- ની સબસીડીની રકમ નિયત કરેલ છે.
- અરજદારે વાહન નોંધણી કર્યા બાદ ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર વિના મુલ્યે અરજી કરવાની રહે છે અને ઈલેક્ટ્રીક વ્હીકલ ખરીદકર્તા વાહનધારકને સબસીડીની રકમ DBT દ્વારા અરજદારના ખાતામાં સીધી જમા કરવામાં આવે છે.

૨) વાહન સ્ક્રેપીંગ પોલીસી

- જુના અનફિટ વાહનો એ અકસ્માતનું મોટું કારણ બને છે ઉપરાંત પ્રદુષણ પણ ફેલાવે છે. ગુજરાત સરકાર રોડ સેફટીના મુદ્દે નોંધનીય કામગીરી કરતી આવી છે. આવા અનફિટ વાહનો નો યોગ્ય નિકાલ થાય એ માટે વાહન સ્ક્રેપીંગ પોલીસીનું ૧૩ ઓગસ્ટ-૨૦૨૧ના રોજ માન. વડાપ્રધાનશ્રીના હસ્તે ગાંધીનગર ખાતે અનાવરણ કરવામાં આવેલ.
- પોલીસી મુખ્યત્વે ૧૫ વર્ષ જુના નોનટ્રાન્સપોર્ટ વાહનો અને ૮ વર્ષ જુના ટ્રાન્સપોર્ટ વાહનોને લાગુ પડે છે.
- હાલમાં ગુજરાત રાજ્યમાં નોંધાયેલ અંદાજીત ૨૩ લાખ વાહનો આ પોલીસી હેઠળ સ્ક્રેપ થઈ શકે તેમ છે.
- સ્ક્રેપ સેન્ટરના નિર્માણ અર્થે ઓનલાઈન સીંગલ વિન્ડો સીસ્ટમ વિકસાવવાની કામગીરી હાલ કેન્દ્ર સરકાર દ્વારા પૂર્ણ થયેલ છે. તેમજ રોકાણકારો દ્વારા સ્ક્રેપિંગ સેન્ટરના રજીસ્ટ્રેશન અર્થે અરજીની પ્રક્રિયા પણ શરૂ થયેલ છે.

૩) કોવિડની પરિસ્થિતિમાં ટેક્ષ-માફી

- કોવીડ-૧૯ની પરિસ્થિતીમાં રાજ્યની ધંધા-રોજગારની માઠી અસર થયેલ હતી. જેમાં વાહન વ્યવહાર પણ બાકાત નથી. પેસેન્જર બસો, અને મુસાફરોની હેરાફેરી કરતાં મેકસીકેબ વાહનોના માલિકો પરિસ્થિતી ખરાબ થયેલ હતી. સંવેદનશીલ સરકાર દ્વારા અસરગ્રસ્ત સેકટરને બેઠું કરવા, ધંધાના માલિકો અને સ્ટેક હોલ્ડરોમાં આત્મ વિશ્વાસ અને ધબકાર પૂરવા ટેક્ષમાં રાહત જાહેર કરેલ છે.
- જે હેઠળ ખાનગી લક્ઝરી બસો (કોન્ટ્રાક્ટ કેરેજ બસો) તથા જીપ, ટેક્ષી (મેક્સીકેબ) વગેરેના ધંધાને લોકડાઉનના કારણે માઠી અસર થયેલ હોવાથી ૧-એપ્રિલ-૨૦૨૧ થી ૩૦-જુન-૨૦૨૧ સુધીના ૩ મહિનાના મોટર વ્હીકલ ટેક્ષ (રોડ ટેક્ષ) ભરવામાં સંપૂર્ણ માફી આપવામાં આવેલ છે. જે અન્વયે સદર ત્રણ મહિના દરમ્યાન કુલ-૨૦,૯૩૫ વાહનોને કુલ રૂપિયા-૧૧૨.૪૭ કરોડ રાહત પેટે આપવામાં આવેલ છે. જ્યારે ગુડ્ઝ વાહનોને એપ્રિલ-૨૧ દરમ્યાન અર્ધ-વાર્ષિક/વાર્ષિક ટેક્ષ ભરવામા સરકારશ્રી દ્વારા ૧૦ તારીખની જગ્યાએ ૩૦ તારીખ સુધીની મુદ્દત વધારી આપવામાં આવેલ હતી.

૪) વાહન અને સારથીની ફેસલેસ સેવાઓનો શુભારંભ

- વાહન વ્યવહાર ખાતાની કુલ ૨૦ સેવાઓ ઈ-કેવાયસીની મદદથી અને ૮ સેવાઓ મોબાઈલ OTP ની મદદથી એમ કુલ ૨૮ સેવાઓ ફેસલેસ તરીકે શરૂ કરવામાં આવી.
- વાર્ષિક 6૩ લાખ લોકોને ફાયદો થશે.
- RTO કચેરીની મુલાકાતની જરૂરીયાત ન રહેતા માનવકલાકો, સંશાધનોનો બચાવ થશે.
- કચેરી ખાતે પણ કામગીરી વધારે અસરકારક, ઝડપી અને પારદર્શક થઈ શકશે.
- નીચે મુજબની આર.ટી.ઓને લગતી કુલ ૨૦ સેવાઓ ઈ-કેવાયસીની મદદથી ફેસલેસ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવી.

(A) વાહન સંબંધિત સેવાઓ.

(૧) ટ્રાન્સફર ઓફ ઓનરશીપ

(૨) વાહનના સરનામામાં ફેરફાર

(૩) હાઈપોથીકેશનનો ઉમેરો

(૪) હાઈપોથીકેશન રદ કરવું

(૫) હાઈપોથીકેશન ચાલુ રાખવું

INDEX

(૬) અન્ય રાજયોની એન.ઓ.સી.

(૭) ડુપ્લીકેટ આર.સી.

(૮) નવી પરમીટ, રીન્યુઅલ અને ડુપ્લીકેટ પરમીટ

(B) લાયસન્સ સંબંધિત સેવાઓ.

(૧) લાયસન્સનું રીન્યુઅલ

(૨) લાયસન્સનું રીપ્લેશમેન્ટ

(૩) લાયસન્સનું એકસટ્રેકટ

(૪) ડુપ્લીકેટ લાયસન્સ

(૫) લાયસન્સમાં સરનામામાં સુધારો

(૬) હેઝાર્ડસ લાયસન્સના કલાસનો ઉમેરો

(૭) લાયસન્સમાં નામનો સુધારો

(૮) લાયસન્સમાં ફોટો/સીગ્નેચરમાં સુધારો

(૯) પહાડી વિસ્તારમાં વાહન ચલાવવાના વર્ગનો ઉમેરો

(૧૦) લાયસન્સ અથવા બેઝમાં કરાવવું

(૧૧) ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમીટ

(૧૨) ડીફેન્સ લાયસન્સ હોલ્ડર માટે લાયસન્સના વર્ગમાં ઉમેરો

- AADHAR Based e-KYC સર્વિસીસના અમલીકરણ બાદ પણ નીચે મુજબની કુલ-૮ સર્વિસ જેમાં AADHAR ઓથેન્ટીકેશનની હાલ જરૂરીયાત રહેતી નથી. તેવી નીચે મુજબની આઠ સર્વિસમાં મોબાઈલ ઓથેન્ટીકેશનથી અરજદાર ફેશલેસ સર્વિસનો લાભ લઈ શકશે.

(૧) વાહનનો ટેક્ષ પેમેન્ટ

(૨) આર.સી/ ડ્રાઈવીંગ લાયસન્સ બેકલોગ

(૩) નોન ઈન્ટીમેશન

(૪) આર.સી. પર્ટીક્યુલર

(૫) વાહનમાં મોબાઈલ નંબરનું અપડેટ

(૬) એડીશનલ એન્ડોર્સમેન્ટ ટુ ડ્રાઈવીંગ લાયસન્સ (લર્નીંગ લાયસન્સ ભાગ)

(૭) એક્સપાયર થયેલા લાયસન્સના વાહનો માટે લર્નીંગ લાયસન્સ ઈશ્યુ

(૮) રીવેલીડેશન ઓફ એક્સપાયર ડ્રાઈવીંગ લાયસન્સ (લર્નીંગ લાયસન્સ ભાગ)

૫) અમદાવાદ અને રાજકોટ કચેરીઓનું ભૂમિપૂજન

- સૌથી વ્યસ્ત કચેરીઓ અમદાવાદ અને રાજકોટ કચેરીઓનું તા.૨૦/૧૧/૨૦૨૧ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા ભૂમિપૂજન કરવામાં આવેલ જેની વિગતો નીચે મુજબ છે.

આર.ટી.ઓ. અમદાવાદ

1. નવી કચેરી કુલ G+૩ માળની અને ૩ ટુ-વ્હીલર અને ૪-વ્હીલરના ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેકથી સજજ થશે.
2. અમદાવાદ આરટીઓ કચેરીનું નવીન બાંધકામ, ₹ ૩૯.૪૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર છે.
3. મકાનના બાંધકામનું ક્ષેત્રફળ ૫૫૭૪ ચો.મી. અને બેઝમેન્ટ ૬૨૪૦ ચો.મી. રહેશે.
4. અત્યાધુનિક સુવિધા સહિતના બાંધકામનો લાભ આરટીઓ અમદાવાદની મુલાકાત લેતાં વાર્ષિક અંદાજીત ૫ લાખ અરજદારોને મળશે.

આર.ટી.ઓ. રાજકોટ

1. રાજકોટ આરટીઓ કચેરીમાં નવીન કચેરીનું બાંધકામ ટુ-વ્હીલર તથા ફોર-વ્હીલરના ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક સહિત ત્રણ મંજીલમાં નિર્માણ પામનાર છે.
2. રાજકોટ આરટીઓ કચેરીમાં નવીન કચેરીનું બાંધકામનો ખર્ચ ₹ ૯.૭૮ કરોડ થનાર છે.

INDEX

3. મકાનના બાંધકામનું ક્ષેત્રફળ ૪૧૫૦ ચો.મી. રહેશે.
4. અત્યાધુનિક સુવિધા સહિતના બાંધકામનો લાભ આરટીઓ રાજકોટની મુલાકાત લેતાં વાર્ષિક અંદાજીત ૩.૨૫ લાખ અરજદારોને મળશે.

૬) ડીજીટલ ચલણ અને સ્માર્ટ એન્ફોર્સમેન્ટ

- મોટર વાહન ખાતા દ્વારા ચાલુ વર્ષે કુલ ૩૫ અત્યાધુનિક ઈન્ટરસેપ્ટર વાહનો ખરીદવામાં આવ્યા છે. જે સ્માર્ટ એન્ફોર્સમેન્ટના વિચાર દ્વારા સ્પીડ ગન, કેમેરા અને પબ્લીક એડ્રેસ સીસ્ટમથી સજજ છે.
- રાજ્યમાં કુલ ૫૮ ચેકપોઈન્ટ પર આ ઈન્ટરસેપ્ટરથી સઘન કામગીરી થશે ઉપરાંત ખાતા દ્વારા તમામ ચલણને ડીજીટલાઈઝડ કરવાથી તેમજ નવા ચલણ POSથી જ ઈસ્યુ કરતા હોવાથી પારદર્શી અને સુવિધાયુક્ત એન્ફોર્સમેન્ટનું માળખુ ઉભુ થયુ છે.
- ચાલુ વર્ષ નવેમ્બર-૨૦૨૧ અંતિત કુલ ૧.૦૫ લાખ ચલણ POS દ્વારા ઈસ્યુ થયેલ જેમાં ૫૨.૫૩ કરોડની વસુલાત થયેલ છે.
- એન્ફોર્સમેન્ટની કામગીરી કરતા વાતાવરણની પ્રતિકુળ અસરથી અધિકારીઓને રક્ષણ આપતી સુવિધાઓ માટે ૪૬ પોર્ટા હટખરીદી કરવાની કાર્યવાહી ચાલુમાં છે.

૭) ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક વેઈટીંગ પિરીયડમાં ઘટાડા માટે કરેલા ઉપાયો

- પ્રમુખ શહેરોમાં ડ્રાઈવીંગ લાયસન્સના ફીઝીકલ ટેસ્ટમાં લાંબા વેઈટીંગ પિરીયડને નિવારવા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને વસ્ત્રાલમાં આરટીઓ કચેરીઓ ખાતે સવારે ૬-૦૦ થી રાત્રીના ૧૦-૩૦ કલાક સુધી બે શિફ્ટમાં ટેસ્ટ લેવાની કામગીરી થાય છે. જેથી વેઈટીંગ પિરીયડ ઘટવા અરજદારોને નવી એપોઈન્ટમેન્ટ ઝડપથી મળે છે.

૮) BH સીરીઝ

- અન્ય રાજ્યમાંથી ગુજરાત રાજ્યમાં વેચાણ/સરનામાના ફેરફારને લીધે NOC લઈ રજીસ્ટ્રેશન માટે આવતા વાહનો બહોળા પ્રમાણમાં રહેતા હોય છે. જેમાં બદલીપાત્ર સરકારી/બિનસરકારી કર્મચારીઓને વારંવાર બદલીને લીધે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.
- હવે રાજ્ય સરકાર, ભારત સરકાર, જાહેર સાહસો, પ્રાઈવેટ કંપની વગેરેના બદલીપાત્ર કર્મચારીઓ માટે આંતર રાજ્ય બદલી સમયે ફરીથી રજીસ્ટ્રેશન કરાવવામાંથી મુક્તિ મળશે.
- આવા કર્મચારીઓ BH સીરીઝ મેળવી એક વખતમાં નિયત ટેક્ષ ભરી સમગ્ર દેશમાં વાહન ફેરવી શકશે.

અનુ.નં.	ઈનવોઈસ કિંમત	ટેક્ષ રેટ (ઈનવોઈસ કિંમતનાં)
૧	૧૦ લાખથી નીચે	૮%
૨	૧૦ થી ૨૦ લાખ	૧૦%
૩	૨૦ લાખથી વધારે	૧૨%

- ડીઝલ વાહનો માટે ટેક્ષ રેટ ૨% ઉંચા રહેશે જ્યારે ઈલેક્ટ્રીક વાહનો માટે ૨% ઓછા રહેશે.

૯) રીક્ષા ભાડા વધારો:-

- શહેરી વિસ્તારમાં રીક્ષાએ મુસાફરોના પરિવહન માટે અગત્યનું માધ્યમ છે. સીટી બસ સેવાની સાથે સાથે એન્ડ માઈલ કનેક્ટીવીટી માટે લોકો રીક્ષા પર પણ અવલંબિત રહે છે.
- ઉપરાંત રીક્ષા એ ઘણા બધા રીક્ષાચાલકો માટે આજીવિકાનું સાધન બની રહે છે. જેના ન્યૂનત્તમ ભાડા નક્કી કરવાની કામગીરી વાહનવ્યવહાર ખાતા દ્વારા કરવામાં આવે છે.
- વધતી જતી મોંઘવારી, સી.એન.જી. ભાવ વધારો, વાહનો અને તેની એસીસરીઝની કિંમતમાં વધારો વગેરેને ધ્યાને લેતાં ખાતાએ રીક્ષા ચાલકોની દરકાર કરી રીક્ષાના ન્યૂનતમ ભાડા વધારાનો નિર્ણય લેવાયો.

જુના ભાડા	નવા ભાડા
મ્યુનિસિપલ વિસ્તારમાં	
૧૫ ₹ (પ્રથમ ૧.૨ કિ.મી. માટે) + ૧૦ ₹ (પ્રતિ વધારાના ૧ કિ.મી. માટે)	૧૮ ₹ (પ્રથમ ૧.૨ કિ.મી. માટે) + ૧૩ ₹ (પ્રતિ વધારાના ૧ કિ.મી. માટે)
મ્યુનિસિપલ વિસ્તારની બહાર	
ઉપર મુજબ કરતાં ૧.૫ ગણા દર	ઉપર મુજબ કરતાં ૧.૫ ગણા દર

INDEX

૧૦) માર્ગ સલામતી માટે ટીમવાન (ટ્રાફિક એજ્યુકેશન અને અવેરનેશ મોબાઈલ વાન)

ગુજરાત રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા દેશના ભાવિ નાગરિકો અને ભવિષ્યના વાહન માલિકોમાં તથા જાહેર જનતામાં ટ્રાફિકના નિયમોનું અને માર્ગ સલામતી બાબતે સભાનતા તથા જાગૃતતા લાવવાના હેતુસર વર્ષ ૨૦૧૦ થી રાજ્યમાં TEAM - Traffic Education and Awareness Mobile Project અંતર્ગત કુલ ૧૯ RTO/ARTOમાં ૨૧ ટીમવાન કાર્યરત છે.

આ પ્રોજેક્ટમાં રોડ સેફટી માટેના કુશળ ટ્રેઈનર સાથે TV, લેપટોપ, પ્રોજેક્ટર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તથા રોડ સેફટી મટિરીયલ્સ સાથેનું અને રોડ સેફટીના સિમ્બોલ્સ અને પોસ્ટર થી સુસજ્જ વાહન દરરોજ બે થી ત્રણ શાળા તથા જાહેર જગ્યાની મુલાકાત લે છે. અને આ શાળાઓમાં વિદ્યાર્થીઓને તથા જાહેર જનતાને રોડ સેફટીનું શિક્ષણ જ્ઞાન સાથે ગમ્મતની પધ્ધતિથી આપે છે. આ પ્રોજેક્ટ ખુબ લોકપ્રિય થયેલ છે. આ ટીમ પ્રોજેક્ટને છઠ્ઠા રાષ્ટ્રીય રોડ સેફટી એવોર્ડમાં તૃતિય સ્થાનનો એવોર્ડ મળેલ છે. ૮૪,૩૩,૯૨૬ વ્યક્તિઓએ આ પ્રોજેક્ટ દ્વારા ટ્રેઈનીંગ લીધેલ છે.

આગામી વર્ષે કરવાની મહત્વપૂર્ણ કાર્યો :

1. PPP મોડલ આધારિત ફીટનેશ સેન્ટરોને મંજૂરી મળ્યેથી આવા ફીટનેશ સેન્ટરોને માન્યતા આપવી અને એનું મોનિટરીંગ કરવું.
2. એન્ફોર્સમેન્ટની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓને બોડી વોર્ન કેમેરાથી સજજ કરવામાં આવશે જેથી અસરકારક અને પારદર્શી કામગીરી થઈ શકશે.
3. વડોદરા, રાજકોટ અને સુરતમાં વધારાના ટુ અને ફોર વ્હીલરનાં ટેસ્ટ ટ્રેક વિકસાવવામાં આવશે જેથી લાંબા વેઈટીંગ પિરીયડ ની સમસ્યાનું સમાધાન થશે.
4. અત્યારના ચીપ ધરાવતા RC અને DL સ્માર્ટકાર્ડની જગ્યાએ QR CODE ધરાવતા સ્માર્ટકાર્ડ ઈસ્યુ કરવામાં આવશે.

♦ ગુજરાત રોડ સેફટી ઑથોરિટી :

ગુજરાત રોડ સેફટી ઑથોરિટી ગુજરાત રાજ્યમાં માર્ગ સલામતીની લીડ એજન્સી તરીકે નામ.સુપ્રિમ કોર્ટ કમિટી ઓન રોડ સેફટી દ્વારા ગુજરાત રાજ્યમાં માર્ગ અકસ્માતો ઘટાડવા આપવામાં આવતાં દિશાનિર્દેશોનો અમલ, નેશનલ અને સ્ટેટ રોડ સેફટી પોલિસીના અમલ અને મોનિટરીંગ કરવાનું કાર્ય કરે છે.

♦ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સાધેલી પ્રગતિની વિગતો :

(૧) માર્ગ સલામતી સાથે સંકળાયેલ સબંધિત વિભાગો, જેવા કે માર્ગ અને મકાન વિભાગ, નેશનલ હાઈવે ઑથોરિટી, શહેરી વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, વાહન વ્યવહાર વિભાગ, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ વગેરે તેમજ જિલ્લા/શહેર માર્ગ સલામતી સમિતીઓ સાથે સંકલન અને તેમના દ્વારા કરવામાં આવતી કામગીરીનું મોનિટરીંગ કરવામાં આવે છે.

(૨) માર્ગ સલામતી બાબતે સંબંધિત વિભાગો સાથે કરેલ વિવિધ બેઠકની વિગતો નીચે પ્રમાણે છે.

ક્રમ	માર્ગ સલામતીની બેઠક	તારીખ	અધ્યક્ષશ્રી	સૂચનાઓ
૧	ગુજરાત રોડ સેફટી ઓથોરીટી	તા.૧૦/૦૮/૨૦૨૧	માન.મંત્રીશ્રી	રાજ્યમાં જીવલેણ અકસ્માત ઘટાડવા,
૨	ગુજરાત રોડ સેફટી કાઉન્સિલ	તા.૧૦/૦૮/૨૦૨૧	માન.મંત્રીશ્રી	બ્લેકસ્પોટ દુર કરવા અને ભવિષ્યમાં "Zero Fatality" હાંસલ કરવા નક્કર કામગીરી કરવા જણાવેલ.
૩	કારોબારી સમિતિ	તા.૩૧/૦૭/૨૦૨૧ તા.૦૭/૧૦/૨૦૨૧	માન.અધિક મુખ્ય સચિવશ્રી	સંબંધિત વિભાગો દ્વારા માર્ગ સલામતી બાબતે કરેલ કામગીરીની સમીક્ષા
૪	નોડલ અધિકારીશ્રી	તા.૬/૭/૨૦૨૧ તા.૩૦/૦૯/૨૦૨૧	માન. રોડ સેફટી કમિશનરશ્રી	માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગો સાથે સંકલન તેમજ કરેલ કામગીરીનું નિરીક્ષણ

- ઉક્ત કોષ્ટકમાં જણાવ્યાં મુજબની બેઠકમાં મળેલ સુચનાઓનું અસરકારક અમલીકરણ થાય તે માટે સંબંધિત વિભાગો સાથે સંકલન તેમજ તેમના દ્વારા કરેલ કામગીરીના મોનીટરીંગ થકી ગુજરાતમાં ૩૦૦ થી વધારે બ્લેકસ્પોટમાં સંલગ્ન વિભાગો મારફતે સુધારણા થયેલ છે, ૨૦૮૮ જંકશન અને ૨૭૩૦ અન્ય સ્થળો પર ટ્રાફીક કાર્મિંગ મેઝર્સ લેવડાવેલ છે.
- વર્ષ ૨૦૨૦માં ૧૮૦૧ કિમી રસ્તાઓનું સંલગ્ન વિભાગો મારફતે રોડ સેફટી ઓડીટ થયેલ છે.

INDEX

(૩) ગુજરાતમાં માર્ગ અકસ્માતની સ્થિતિ :

જાન્યુઆરી થી સપ્ટેમ્બર ૨૦૧૯			જાન્યુઆરી થી સપ્ટેમ્બર ૨૦૨૧		
કુલ માર્ગ અકસ્માત	મૃત્યુ	ઈજાઓ	કુલ માર્ગ અકસ્માત	મૃત્યુ	ઈજાઓ
૧૨,૯૧૮	૫,૫૯૪	૧૨,૩૮૧	૧૧,૦૪૩	૫,૨૯૯	૧૦,૦૮૪

(નોંધ: વર્ષ ૨૦૨૦ માં કોવીડ-૧૯ના કારણે લોકડાઉનની પરિસ્થિતિને ધ્યાને લેતાં અકસ્માતની સાચી સ્થિતિનું નિરૂપણ થાય તે માટે વર્ષ-૨૦૧૯ના આંકડા ધ્યાને લીધેલ છે.)

ઉપરોકત કોષ્ટક ધ્યાને લેતાં વર્ષ ૨૦૧૯ (જાન્યુઆરી થી સપ્ટેમ્બર)ની સાપેક્ષમાં વર્ષ ૨૦૨૦(જાન્યુઆરી થી સપ્ટેમ્બર) માં કુલ અકસ્માતમાં ૧૪.૫૧% ઘટાડો, મૃત્યુમાં થયેલ ઘટાડો ૫.૨૭% તથા માર્ગ અકસ્માતથી થયેલ ઈજાઓમાં ૧૮.૫૫% ઘટાડો થયેલ છે. આમ, ગુજરાત રોડ સેફટી ઓથોરીટી દ્વારા રાજ્યમાં માર્ગ સલામતી અંતર્ગત કરેલ અસરકારક કામગીરી દ્વારા અકસ્માતોની સંખ્યા તથા ગંભીર ઈજાઓ/મૃત્યુના કિસ્સામાં ઘટાડો થયેલ છે.

(૪) મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળના વિસ્તારમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ગાંધીનગર મહાનગરપાલિકા સાથે મ્યુનિસિપલ કમિશનરશ્રી, પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ કમિશનરશ્રી તથા સંબંધિત વિભાગના સાથે અધિકારીઓ સાથે રૂબરૂ બેઠક કરી માર્ગ અકસ્માત ઘટાડવા અંગે અસરકારક કામગીરી કરવા જણાવેલ છે.

(૫) વિદ્યાર્થીઓ તથા સંબંધિત વિભાગનાં અધિકારીશ્રીઓ સાથે માર્ગ સલામતી અંગે જાગૃતતા કેળવવા કરેલ વર્કશોપ/ સેમિનારની વિગત

ક્રમ	વર્કશોપ/સેમીનારનું સ્થળ	તારીખ	ભાગ લેનાર અધિકારીશ્રી/ વિદ્યાર્થીઓની સંખ્યા
૧	SVNIT, સુરત	તા.૨૩/૦૭/૨૦૨૧, તા.૨૪/૦૭/૨૦૨૧	અંદાજીત ૨૦૦
૨	ગણપત યુનીવર્સીટી, ખેરવા, મહેસાણા	તા.૨૫/૦૮/૨૦૨૧	અંદાજીત ૧૫૦
૩	જામનગર	તા.૨૮/૦૮/૨૦૨૧	અંદાજીત ૨૨૫
૪	BRGF કોમ્યુનીટી હોલ,ગોધરા	તા.૩૦/૦૮/૨૦૨૧	અંદાજીત ૨૦૦

(૬) ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબ વગેરે સોશિયલ મિડીયા થકી મિડીયા સર્જનો. પોસ્ટર/હોડીંગ દ્વારા માર્ગ સલામતીના બહોળા પ્રચાર -પ્રસારની કામગીરી કરેલ છે.

(૭) શિક્ષણ વિભાગના સંકલનથી શાળાનાં ધો.૬ થી ૮ તથા ૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં માર્ગ સલામતીના વિષયવસ્તુના નિર્માણની કામગીરી કરી શિક્ષણ વિભાગને ઘટતી કાર્યવાહી અર્થે મોકલેલ છે.

(૮) ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન. ઓટો રીક્ષા એસોસિએશન, પેટ્રોલ/CNG પંપના ડીલર તથા પેટ્રોલ/ડીઝલ/CNG સપ્લાય એજન્સી સાથે રૂબરૂ બેઠક કરી માર્ગ સલામતી માટે જરૂરી પ્રચાર-પ્રસાર અને ડ્રાઈવરો માટે રોડ સેફટી ટ્રેઈનીંગનું આયોજન કરવાના સુચનો આપેલ છે.

(૯) અકસ્માતોનું ડીજીટલાઈઝેશન, વિશ્લેષણ માટે NIC દિલ્હી દ્વારા તૈયાર થયેલ iRAD(Integrated Road Accident Database)સોફ્ટવેર ગુજરાત રાજ્યમાં અમલીકરણ કરવા માટેની પૂર્વ તૈયારીના ભાગરૂપે સંબંધિત વિભાગો સાથે સંકલન માટે બેઠક કરી જરૂરી સુચનો આપેલ છે.

(૧૦) MoRTH, ન્યુ દિલ્હી દ્વારા સૂચિત “State Support Programme for Road Safety” સ્કીમનું અસરકારક અમલીકરણ થાય તે અર્થે સંબંધિત વિભાગો સાથે સંકલન કરી પૂર્વ આયોજન માટેની કાર્યવાહી કરેલ છે.

♦ **આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માં હાથ ધરવામાં આવનારી અગત્યની પ્રવૃત્તિઓની વિગતો :**

(૧) માર્ગ સલામતીને સંબંધિત વિભાગો સાથે સંકલન કરી આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં માર્ગ અકસ્માત ઘટાડવા તથા ગત વર્ષ નાણાંકીય ૨૦૨૧-૨૨માં માર્ગ અકસ્માત ઘટાડવા થયેલ કર્યો તથા એક્શન ટેકન રીપોર્ટ તૈયાર કરી તેની સમીક્ષા સંબંધિત વિભાગો સાથે કરવી.

(૨) MoRTH, ન્યુ દિલ્હી દ્વારા સૂચિત State Support Programme for Road Safetyના અસરકારક અમલીકરણ માટે સંબંધિત વિભાગ/એજન્સી સાથે સંકલન અને તેમના દ્વારા કરવામાં આવતી કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવશે.

INDEX

(૩) iRAD(Integrated Road Accident Database)સોફ્ટવેરના ગુજરાત રાજ્યમાં વ્યુહાત્મક અમલીકરણ તથા ઉપયોગ અર્થે NIC, ન્યુ દિલ્હી સાથે પરામર્શ તથા તે સંબંધિત જરૂરી સુચનો સંબંધિત વિભાગો પાસેથી સંકલિત કરી તેનું મોનીટરીંગ અને પોલીસી મેઈકિંગમાં ઉપયોગ કરવામાં આવશે.

(૪) સ્ટેટ ફંડેડ યુનિવર્સીટી, પ્રાઈવેટ યુનીવર્સીટી ખાતે કોલેજના વિદ્યાર્થીઓને સલામત ડ્રાઈવીંગ તથા ટ્રાફિકના નિયમો અંગે જાગૃત કરવા વર્કશોપ/સેમીનારનું આયોજન કરવામાં આવશે.

(૫) નવા બ્લેક સ્પોટ શોધવા તેનું આખરીકરણ કરવા તથા અદ્યતન બ્લેક સ્પોટ નિવારવા જિલ્લા/શહેર માર્ગ સલામતીઓ સાથે સંકલન અને કરેલ કામગીરીનું નિરીક્ષણ કરી બાકી રહેલાં બ્લેકસ્પોટ દૂર કરાવવા કાર્યવાહી કરવામાં આવશે.

(૬) માર્ગ સલામતી તજજ્ઞોની મદદથી GSRTC/BRTS/AMTS નિગમના ડ્રાઈવરો માટે વિશિષ્ટ તાલીમનું આયોજન

(૭) લોક-જાગૃતિના હેતુસર વિવિધ રેડિયો FM ચેનલ્સ, જાહેર સમાચાર પત્રો, દુરદર્શન વગેરે માધ્યમો દ્વારા બહોળા પ્રમાણમાં પ્રચાર -પ્રસાર

(૮) ગુજરાત રોડ સેફટી ઓથોરીટી દ્વારા નિયુક્ત બ્રાંડ એમ્બેસેડર/આઈકોન ના સહકારથી માર્ગ સલામતી અંગે અસરકારક જન-જાગૃતિ કેળવાય તે સંબંધિત કાર્યક્રમનું આયોજન

(૯) ગુજરાત રોડ સેફટી ઓથોરીટી દ્વારા રાજ્યભરમાં આગામી માર્ગ સલામતી માસ, વિશ્વ શ્રધ્ધાંજલી દિવસની ઉજવણી માટે જિલ્લા/શહેર માર્ગ સલામતી સમિતિ તથા સંબંધિત NGO સાથે સંકલન કરી લોક-જાગૃતિ કેળવવામાં આવશે.

(૧૦) ગુજરાત રોડ સેફટી ઓથોરીટી, સ્ટેટ રોડ સેફટી કાઉન્સિલ, કારોબારી સમિતિ વગરે બેઠકની સમાંતરે આયોજન કરી સંબંધિત વિભાગ દ્વારા માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કરેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

(૧૧) શિક્ષણ વિભાગના સંકલનથી શાળાનાં ધોરણ-૬-૧૨ના અભ્યાસક્રમમાં માર્ગ-સલામતી વિષયનું ઓછામાં ઓછું ૧ પ્રકરણ દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

૨૪. મહિલા અને બાળ વિકાસ વિભાગ

(૧) પૂરક પોષણ કાર્યક્રમ :

પોષણ કાર્યક્રમ એ રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો એક ભાગ છે. સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ વિવિધ સેવાનું પેકેજ પુરું પાડવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ સેવા યોજનાએ લાભાર્થી લક્ષી પોષણ કાર્યક્રમ છે. સમાજના ૬ માસથી ૬ વર્ષ સુધીની વયના બાળકો તથા સગર્ભા/ધાત્રી માતાઓમાં પ્રવર્તતા કુપોષણને નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા આ ઉણપ દુર કરવા માટે પોષણ કાર્યક્રમનું આયોજના તથા અમલીકરણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ ૬ માસ થી ૬ વર્ષની વયના બાળકોને ૫૦૦ કેલેરી અને ૧૨ થી ૧૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવા પોષણયુક્ત આહાર આપવામાં આવેલ છે. અને કુપોષિત-અતિ ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. જ્યારે સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓને આ યોજના હેઠળ ૬૦૦ કેલેરી અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. જેનો દર નીચે મુજબ છે.

લાભાર્થીઓના પૂરક પોષણનો દર

લાભાર્થી વર્ગ	સુધારેલ દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન)	કેલેરી (કિલો કેલેરી)	પ્રોટીન (ગ્રામ)
બાળકો (૬ માસ થી ૭૨ માસ)	₹ ૮.૦૦	૫૦૦	૧૨-૧૫
અતિ ઓછા વજનવાળા બાળકો (૬ માસથી ૭૨ માસ)	₹ ૧૨.૦૦	૮૦૦	૨૦-૨૫
સગર્ભા સ્ત્રી અને ધાત્રી માતા	₹ ૯.૫૦	૬૦૦	૧૮-૨૦

પુરક પોષણ કાર્યક્રમ હેઠળ અમલી યોજનાઓ :

૧.૧ બાળકો માટે ગરમ ભોજન અને ફળ :

આઇ.સી.ડી.એસ યોજના આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ વર્ષથી ૬ વર્ષના તમામ બાળકોને સવારે ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન તૈયાર કરી આપવામાં આવે છે. આ સાથે બાળકોને અઠવાડીયામાં 2 દિવસ ફળ આપવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રોમાં ગરમ નાસ્તો આપવા માટે તમામ આંગણવાડીઓમાં હોટ કુક મીલ (HCM) માટે ફાળવવામાં આવતુ રેશન સમયસર અને નિયત માત્રામાં આંગણવાડી કેન્દ્રો સુધી પહોંચે તે માટે wcdmis-icds.gujarat.gov.in ઓનલાઈન સીસ્ટમ તૈયાર કરવામાં આવેલ છે. આ સીસ્ટમ મારફતે દર ત્રણ માસે હોટ કુક મીલ માટે ડીમાન્ડ માંગણીથી લઈ આંગણવાડી વર્કર દ્વારા જથ્થા ઉપાડ એ આધાર બેઝડ છે. આમ મોનીટરીંગ ઓનલાઈન સીસ્ટમ દ્વારા હાથ ધરવામાં આવે છે. દરેક આંગણવાડીને ત્રિમાસીક ઘઉં, ચોખા, સીંગતેલ અને મીઠાની ફાળવણી ગુજરાત નાગરીક પુરવઠા નિગમના માધ્યમથી ગામના સસ્તા અનાજની દુકાન મારફતે કરવામાં આવે છે.

આ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૩૭૬૦૩.૯૨ લાખની મંજૂર બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી અને વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૩૫૦૭૦.૬૨ લાખની સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

નોંધ : કોવિડ-૧૯ ની મહામારીને કારણે હાલમાં આંગણવાડી કેન્દ્ર બંધ હોવાથી તેમજ NFSA-2013 મુજબ આઇસીડીએસના લાભાર્થીને ઓછામાં ઓછા ૩૦૦ દિવસ પુરક પોષણના આપવાનું હોઇ નિયત કરેલ માત્રામાં ગરમ નાસ્તાની અવેજીમાં એક અઠવાડિયામાં પ્રતિ લાભાર્થી ૧ કિલોગ્રામ સુખડી બનાવીને લાભાર્થીના ઘરે પહોચાડવામાં આવે છે. અને સરેરાશ ૧૬.૬૭ લાખ લાભાર્થીને સુખડીનો લાભ આપવામા આવે છે.

૧.૨ ટેક હોમ રેશન : (THR)

આઇ.સી.ડી.એસ યોજના હેઠળ ૬ માસથી ૩ વર્ષ સુધીના તમામ બાળકો, ૩ વર્ષથી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરી લાભાર્થીઓને પૂરક પોષણ આહાર તરીકે બાલશકિત, માતૃશકિત અને પૂર્ણાશકિત ટેક હોમ રેશન(THR) તરીકે આપવામાં આવે છે. ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા ગુજરાત કોપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) મારફતે કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના તમામ ઘટકમાં ટેક હોમ રેશનના વિતરણ માટેના સોફ્ટવેર મારફત અમુલ, સુમુલ અને બનાસ ડેરી દ્વારા વિતરણ થતા THRનું ઓનલાઈન ટ્રેકિંગ કરવામાં આવે છે. અને તેનુ OTP (One Time Password) દ્વારા Real Time Monitoring થઈ રહ્યું છે. જ્યા OTPનો પ્રશ્ન આવે ત્યાં જથ્થો મળ્યાની પહોંચ અને આ.વા. કાર્યકરનો ફોટો જથ્થા સાથે કેન્દ્ર ઉપરથી સીસ્ટમમાં અપલોડ કરવામાં આવે છે.

ટેક હોમ રેશન માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૫૩૫૪૬.૪૨ લાખની મંજૂર બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૬૦૯૩.૪૭ લાખની સુચિત જોગવાઇ કરવામા આવેલ છે.

INDEX

૧.૩. દુધ સંજીવની યોજના :

રાજ્યના ૨૦ જિલ્લાના ૫૦ આદિજાતિ તાલુકાઓના ૮૩ ઘટકો અને ૨૨ વિકાસશીલ તાલુકાઓના ૨૬ ઘટકોમાં અમલમાં છે. આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્યુરાઈઝડ ફલેવર્ડ ફોર્ટીફાઈટ દૂધ આપવા માટે અને સગર્ભા, ધાત્રી માતાઓને અઠવાડીયામાં ૨ દિવસ ૨૦૦ મી.લિ પેશ્યુરાઈઝડ ફલેવર્ડ ફોર્ટીફાઈટ દૂધ આપવામાં આવે છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨ મા ₹ ૧૩૬૧૫.૬૪ લાખની મંજુર બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૭૯૬૮.૭૫ લાખની સુચિત જોગવાઈ કરવામાં આવેલી છે.

કોવિડ-૧૯ ની મહામારીને કારણે હાલમાં આંગણવાડી કેન્દ્ર બંધ હોવાથી યોજના મોકુફ કરેલ છે.

૧.૪ ડબલ ફોર્ટિફાઇડ મીઠું :

બાળકોના યોગ્ય વૃદ્ધિ અને વિકાસ માટે પૂરતું પોષણ મળવું ખૂબ જ જરૂરી છે. તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને તેમને અને તેમના બાળકના પોષણની જરૂરીયાતને પુરૂ પાડવા રોજિંદી જરૂરિયાત કરતા વધારે શક્તિ, પ્રોટીન, વિટામીન્સ, ખનીજ તત્વો વગેરે જેવા સુક્ષ્મ પોષક તત્વોની જરૂરિયાત હોય છે. વળી આર્યન અને આયોડિનની શરીરને ખાસ જરૂરી છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં આઇસીડીએસ અંતર્ગત લાભાર્થીઓને આર્યન અને આયોડીન ડબલ ફોર્ટીફાઇડ મીઠું માટે ₹ ૧૨૦૦.૦૦ લાખની બજેટમાં મંજૂર કરવામાં આવેલ હતી. અને વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૯૮૯.૦૦ લાખની સુચિત જોગવાઈ કરવામા આવેલી છે.

૧.૫ પોષણ સુધા યોજના :

સ્ત્રીના જીવનમાં સગર્ભા સ્ત્રી અને ધાત્રી માતાની અવસ્થા ખુબ મહત્વપુર્ણ છે. આ અવસ્થા દરમિયાન માતાઓને ગર્ભમાં રહેલ શીશુ અને સ્તનપાન કરાવવા માટે વધુ પ્રમાણમાં પોષણની જરૂરીયાત રહે છે. જેને ધ્યાને લેતા, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ થી પ્રાયોગિક ધોરણે રાજ્ય બજેટમાં પાંચ જિલ્લાઓના ૬ તાલુકાઓમાં પોષણ સુધા યોજના (સ્પોટ ફીડીંગ પ્રોગ્રામ) શરૂ કરવામાં આવેલ છે. સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓમાં પાંડુરોગમાં ઘટાડો તેમજ તેઓની પોષણ સ્થિતિ અને પ્રસૂતિના પરિણામોમાં સુધારો લાવવાનો છે. જેમાં તમામ સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્ર ઉપર જ રોજ એક વખત સંપુર્ણ ભોજન આપવામાં આવે છે તથા તેની સાથે સાથે આઈ.એફ.એ અને કેલ્શિયમની ગોળી પણ આપવામાં આવે છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૯૫૬.૭૭ લાખની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ હતી. અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૪૫૭.૬૯ લાખની સુચિત જોગવાઈ કરવામાં આવેલી છે.

૧.૬ સુપોષણ સંવાદ :

આ.ઈ.સી.ડી.એસ યોજનાનો મુખ્ય હેતુ માતા અને બાળકના પોષણ સ્તરમાં સુધારો લાવવો અને માતાને આરોગ્ય પોષણ શિક્ષણ આપવુ વગેરે છે. સુપોષણ સંવાદ દિવસની ઉજવણી દર મહિનાના પ્રથમ મંગળવારે આંગણવાડી સ્તરે ઉજવણી કરવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ સગર્ભા અને ધાત્રી માતાઓ એકબીજાના અનુભવો અને પડતી મુશકેલીઓને સમજે અને તેનો સમુદાય સ્તરે વૈજ્ઞાનિક ઢબે સાચો અને સરળ ઉકેલ મેળવી તેનો અમલ કરવાનો છે. દરેક આંગણવાડી દીઠ એક મધર સપોર્ટ ગ્રુપની રચના કરવામાં આવશે જેમાં એક માતા લાયકાત ધરાવતા હોય તેને પ્રેરક માતા(ફેસીલીટેટર) તરીક પસંદગી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૫૭૭.૨૬ લાખની મંજુર બજેટ જોગવાઈ કરેલ હતી. અને વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૧૦૫૪.૫૩ લાખની સુચિત જોગવાઈ કરવામાં આવેલી છે.

(૨) સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (SAG) સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (SAG) :

રાજ્યના ૩૩ જીલ્લા અને ૭ કોર્પોરેશન વિસ્તારમાં એસ.એ.જી યોજના કાર્યાન્વિત છે. આ યોજના હેઠળ ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓનો પુરક પોષણ જીવન કૌશલ્ય તાલીમ, પોષણ આરોગ્ય શિક્ષણ, વોકેશનલ તાલીમ વગેરે સેવાઓ આપવામાં આવે છે.

- એસ.એ.જી યોજના હેઠળ ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ના જતી કિશોરીઓને પુરક પોષણ આપવામાં આવે છે. દૈનિક લાભાર્થી દીઠ ₹ ૯.૫ લેખે ૩૦૦ દિવસ માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.
- નોન-ન્યુટ્રીશન કમ્પોનન્ટમાં પ્રતિ આંગણવાડી દીઠ પ્રતિ માસ પ્રતિ ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણી માટે ₹ ૬૦ ની જોગવાઇ છે. જેમાં વોકેશનલ તાલીમ,પોષણ શિક્ષણ, લાઈફ સ્કીલ એજ્યુકેશન જેવી સેવાઓ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં આઈસીડીએસ જનરલ સદરે ₹ ૧૪૪૨.૨૩ લાખ, ટ્રાયબલ સદરે ₹ ૭૩૯.૪૮ લાખ, અને એસ.સી. પી સદરે ₹ ૧૦૮.૫૪ લાખની ચાલુ બાબત તરીકે જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૩) **પુર્ણા યોજના** :

રાજ્યના તમામ જીલ્લા અને કોર્પોરેશન વિસ્તારમાં પુર્ણા યોજના અમલી છે. ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી તેમજ ના જતી કિશોરીઓને પુરક પોષણ તેમજ બિન-પોષણની સેવાઓ પુરી પાડવામાં આવે છે. પુરક પોષણ સેવાઓમાં લાભાર્થી દીઠ ₹ ૯.૫૦ લેખે ૩૦૦ દિવસ માટે જોગવાઈ કરેલ છે.

- બિન-પોષણ સેવાઓ જેવી કે જીવન કૌશલ્ય, તાલીમ, પોષણ આરોગ્ય, શિક્ષણ, વોકેશનલ તાલીમ વગેરે સેવાઓ આપવામાં આવે છે. બિન-પોષણ સેવાઓ માટે પ્રતિ માસ પ્રતિ ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણી માટે પ્રતિ આંગણવાડી દીઠ ₹ ૧૪૦ ની જોગવાઈ કરેલ છે. પુર્ણા યોજના ૧૦૦% સ્ટેટ બર્ડન છે. એટલે કે આ યોજનામાં કેન્દ્ર સરકારનો કોઈ ફાળો નથી.
- વર્ષ ૨૦૨૧-૨૨માં આઈસીડીએસ જનરલ સદરે ૧૦૦ % સ્ટેટ બર્ડન ₹ ૨૨૯૪૮.૦૦ લાખ ચાલુ બાબત તરીકે જોગવાઈ સૂચવવામાં આવેલ છે જે કમ્પોનન્ટ વાઈઝ નીચે મુજબ છે.

(૪) **રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના :**

હેતુ : વ્યવસાય કરતાં માતાપિતાના ૬ માસ થી ૬ વર્ષ સુધીની ઉમરના બાળકોના માતાપિતા જેઓ દિવસ દરમ્યાન તેમના ઘરથી દૂર હોય ત્યારે તેમના બાળકોની કાળજી, માર્ગદર્શન, સંભાળ, પોષણ અને આરોગ્યની સ્થિતિ સુધારવી, તેમજ બાળકોના સર્વાગી વિકાસને પ્રોત્સાહન આપવું.

- ભારત સરકાર દ્વારા તા.૦૧/૦૧/૨૦૧૭ ની અસરથી રાજ્ય સરકાર હસ્તક અમલ કરવા નક્કી કરવામાં આવેલ છે.
- મ.બા,ક વિભાગના તા.૦૧/૦૫/૨૦૧૭ ના ઠરાવથી નિયામકશ્રી આઈસીડીએસ દ્વારા અમલ કરવા ઠરાવવામાં આવેલ છે.
- લાભાર્થીની સંખ્યા : ૬ માસ થી ૩ વર્ષના ૧૫ બાળકો, અને ૩ થી ૬ વર્ષના ૧૦ બાળકો કુલ ૨૫ બાળકો
- એક ઘોડિયાઘરની વાર્ષિક નાણાંકીય જોગવાઈ ₹ ૧,૫૨,૦૦૦/-છે. જેમાં ૬૦% ભારત સરકાર ૩૦% રાજ્ય સરકારનો ફાળો છે અને ૧૦% સંસ્થાએ ભોગવવાનો રહે છે
- વર્ષ ૨૦૨૧-૨૨માં આઈસીડીએસ જનરલ સદરે ₹ ૧૨૧.૪૭ લાખ ચાલુ બાબત તરીકે જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૫) **પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) :**

પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) વર્ષ ૨૦૨૦-૨૧ થી આરોગ્ય વિભાગમાં તબદિલ કરવામાં આવેલ છે.

(૬) **માતા યશોદા એવોર્ડ** :

સંકલિત બાળવિકાસ યોજના અંતર્ગત કાર્યરત આંગણવાડી કેન્દ્ર પરના માનદ કાર્યકર અને તેડાગર એ યોજના અંતર્ગત સમુદાય અને તંત્ર વચ્ચેની મહત્વની કડી છે. આ માનદ કાર્યકરની સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા અને તેઓને વધુ કાર્યદક્ષતાથી સેવાઓ પુરી પાડવા માટે પ્રોત્સાહિત કરવા અંગે રાજ્ય સરકાર તરફથી આંગણવાડી કાર્યકર અને તેડાગરને પ્રોત્સાહક ઈનામ આપવા રાજ્ય સરકાર દ્વારા આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની શ્રેષ્ઠ કામગીરી માટે "માતા યશોદા એવોર્ડ" આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. તે અન્વયે મહિલા બાળ વિકાસ વિભાગના તા.૧૯/૦૮/૨૦૨૦ ના ઠરાવથી મુખ્ય સેવિકાને રાજ્યકક્ષાનો ₹ ૬૧૦૦૦ તથા જિલ્લા કક્ષાનો ₹ ૪૧૦૦૦ નો એવોર્ડ આંગણવાડી કાર્યકરને રાજ્યકક્ષાનો ₹ ૫૧૦૦૦ નો એવોર્ડ/ જિલ્લાકક્ષાનો ₹ ૩૧૦૦૦ નો એવોર્ડ/ઘટકકક્ષાનો ₹ ૨૧૦૦૦ નો એવોર્ડ અને આંગણવાડી તેડાગરને રાજ્યકક્ષાનો ₹ ૩૧૦૦૦નો એવોર્ડ/જિલ્લાકક્ષાનો ₹ ૨૧૦૦૦ નો એવોર્ડ/ઘટકકક્ષાનો ₹ ૧૧૦૦૦ નો એવોર્ડ આપવાનું ઠરાવેલ છે, જેમાં જિલ્લાકક્ષાના/મહાનગરપાલિકાકક્ષાના/ ઘટકકક્ષાના અને નગરપાલિકા કક્ષાના તમામ આંગણવાડી કાર્યકરો અને આંગણવાડી તેડાગરને આવરી લેવામાં આવે છે. અને પાત્રતા ધરાવવા અંગેના નિયત માપદંડો નીચે મુજબ છે.

માતા યશોદા એવાર્ડ માટે કામગીરીના માપદંડો અને ગુણભાર

(અ) આંગણવાડી કાર્યકર/તેડાગર : **કુલ-૫૦**

આરોગ્ય અને પોષણ : **કુલ ગુણ- ૨૦**

ક્રમ	વિગત	ગુણ
૧.	સગર્ભાવ્યસ્થા અને ધાત્રીવસ્થા દરમ્યાન કુલ ૧૮૦ દિવસ આર્યન ફોલિક એસિડની ગોળી લીધેલ હોય તો	૩
	બાળકોનું સંપૂર્ણ રસીકરણ કરાવેલ હોય-૨સીકરણ	૨
૨.	આંગણવાડી કેન્દ્રમં પુરક પોષણના લાભ લીધેલ લાભાર્થીઓનું કવરેજ	૧૫
	૬ માસથી ૩ વર્ષના નોંધાયેલ તમામ બાળકોને THR નો લાભ આપેલ હોય તો	(૫)
	૩ થી ૬ વર્ષના નોંધાયેલ તમામ બાળકોને પુરક પોષણનો લાભ આપેલ હોય તો	(૫)
	નોંધાયેલ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને THRનો લાભ આપેલ હોય તો	(૫)

૨. એસ.એ. જી અને પૂર્ણા **કુલ ગુણ - ૧૦**

ક્રમ	વિગત	ગુણ
૧.	સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે પુરક પોષણ મેળવેલ કિશોરીઓ	૩
૨.	સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે આઇ.એફ.એ આપેલ કિશોરીઓ	૨
૩.	સર્વે મુજબ નોંધાયેલ શાળાએ ન જતી કિશોરીઓ સામે શાળા પુન : પ્રવેશ આપેલ કિશોરીઓ	૨
૪.	સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે ૪ વખત આરોગ્ય તપાસ થયેલ હોય તેવી કિશોરીઓ પુરક પોષણ મેળવેલ કિશોરીઓ	૩

૩. પૂર્વ પ્રાથમિક શિક્ષણ **કુલ ગુણ - ૫**

ક્રમ	વિગત	ગુણ
૧.	રમત-ગમત પુસ્તિકાનો ઉપયોગ	૨
૨.	મારી વિકાસ યાત્રા કાર્ડ ભરેલ છે	૩

૪. લોકભાગીદારી અને આંગણવાડીનું એકંદર વાતાવરણ- **કુલ ગુણ- ૧૫**

ક્રમ	વિગત	ગુણ
૧.	આંગણવાડીની સ્વચ્છતા જેમકે મકાનની જાળવણી, રંગકામ, ભિંતચીત્રો, સામાન્ય માહિતીનું પેઇન્ટીંગ	૫
૨.	શૌચાલય અને શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા	૫
૩.	કિચન ગાર્ડન	૫

(બ) મુખ્ય સેવિકા : **કુલ ૫૦**

આરોગ્ય અને **કુલ- ગુણ-૨૦**

ક્રમ	વિગત	ગુણ
૧.	સગર્ભાવ્યસ્થા અને ધાત્રીવસ્થા દરમ્યાન કુલ ૧૮૦ દિવસ આર્યન ફોલિક એસિડની ગોળી લીધેલ હોય તો	૩
	બાળકોનું સંપૂર્ણ રસીકરણ કરાવેલ હોય - રસીકરણ	૨
૨.	આંગણવાડી કેન્દ્રમાં પુરક પોષણના લાભ લીધેલ લાભાર્થીઓનું કવરેજ	૧૫
	૬ માસથી ૩ વર્ષના નોંધાયેલ તમામ બાળકોને THRનો લાભ આપેલ હોય તો	(૫)
	૩ થી ૬ વર્ષના નોંધાયેલ તમામ બાળકોને પુરક પોષણનો લાભ આપેલ હોય તો	(૫)
	નોંધાયેલ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને THRનો લાભ આપેલ હોય તો	(૫)

INDEX

૨. એસ.એ.જી.અને પૂર્ણા **કુલ ગુણ-૧૦**

ક્રમ	વિગત	ગુણ
૧.	સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે પુરક પોષણ મેળવેલ કિશોરીઓ	૩
૨.	સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે આઈ.એફઆપેલ કિશોરીઓ એફ.	૨
૩.	સર્વે મુજબ નોંધાયેલ શાળાએ ન જતી કિશોરીઓ સામે શાળા પુન પ્રવેશ આપેલ કિશોરીઓ.	૨
૪.	સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે ૪ વખત આરોગ્ય તપાસ થયેલ હોય તેવી કિશોરીઓ પુરક પોષણ મેળવેલ કિશોરીઓ	૩

૩. પુર્વ પ્રાથમિક શિક્ષણ : **કુલ ગુણ - ૫**

ક્રમ	વિગત	ગુણ
૧.	રમત-ગમત પુસ્તિકાનો ઉપયોગ	૨
૨.	મારી વિકાસ યાત્રા કાર્ડ ભરેલ છે	૩

૪. લોકભાગીદારી અને આંગણવાડીનું એકંદર વાતાવરણ **કુલ ગુણ- ૧૫**

ક્રમ	વિગત	ગુણ
૧.	આંગણવાડીની સ્વચ્છતા જેમકે મકાનની જાળવણી, રંગકામ, ભિતચીત્રો, અને સામાન્ય માહિતીનું પેઇન્ટીંગ	૫
૨.	શૌચાલય અને શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા	૫
૩.	કિચન ગાર્ડન	૫

ઉપરોકત એવોર્ડ જુદી જુદી કક્ષાએ નક્કી કરેલ જુદી-જુદી કમિટિઓ દ્વારા નક્કી કરી આપવામાં આવે છે. આ માટે ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૯૬.૫૧ લાખની જોગવાઈ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્લાન સદરે ૧૯૯.૯૨ લાખ ચાલુ બાબત તરીકે સૂચવવામાં આવેલ છે.

(૭) **માતા યશોદા ગૌરવનિધિ : (આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો માટે વિમા યોજના)**

માતા યશોદા ગૌરવનિધિ વિમા યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકરો તથા તેડાગર બહેનોને વિમા કવચ પુરૂ પાડવાના હેતુથી ₹ ૫૦/- નો ફાળો રાજ્ય સરકાર અને બાકીના ₹ ૫૦નો ફાળો વિમા પોલીસી ધારક આંગણવાડી કાર્યકર/ તેડાગર બહેનોએ ચૂકવવાનો રહે છે. આમ માસિક ₹ ૧૦૦ના પ્રિમિયમ પૈકી ₹ ૧૭ ની રકમ વિમા પેટે તથા બાકી રહેતી ₹ ૮૩ ની રકમ વિમા ધારકની બચત તરીકે જમા થાય છે. વિમા ધારક વય નિવૃત્ત થાય ત્યારે તેના ખાતે તેની થયેલ બચત રકમ વ્યાજ સહિત મળવાપાત્ર થાય છે. જો વિમા ધારક વય નિવૃત્ત પહેલાં અવસાન પામે તો ₹ ૫૦,૦૦૦ અને બચત રકમ વ્યાજ સહિત આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ₹ ૬૨૫.૫૫ લાખની જોગવાઈ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૬૨૫.૫૫ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૮) **આંગણવાડી બાંધકામ :**

રાજ્યમાં કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે. આ તમામ આંગણવાડી કેન્દ્રમાં માળખાકીય સુવિધાઓ પુરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. સને ૨૦૨૨-૨૩ માટે રાજ્યમાં ચાલતા આંગણવાડી કેન્દ્રમાં નીચે મુજબ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

(૮.૧) **આંગણવાડી કેન્દ્રના મકાન (મનરેગા)** : રાજ્યના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રની સામે ૪૩૧૬૩ આંગણવાડી કેન્દ્રના સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ ધારાધોરણ મુજબના પોતાના (નંદઘર ટાઈપ ડીઝાઈન) મકાનો છે. સને ૨૦૨૨-૨૩ માં રાજ્યમાં કુલ ૫૦૦ આંગણવાડી કેન્દ્ર માટે ₹ ૧૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૮.૨) **આંગણવાડી કેન્દ્રમાં પીવાના પાણીની સુવિધા :** રાજ્યના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્ર પૈકી ૩૭૪૪૮ આંગણવાડી કેન્દ્રમાં પીવાના પાણીના નળ કનેકશનની સુવિધા ઉપલબ્ધ છે. તેમ જ બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોમાં વાસ્મો સાથે કન્વર્ઝન્સ કરી આ સુવિધા ઉપલબ્ધ કરવા ચાલુ વર્ષે આયોજન કરેલ છે. સને ૨૦૨૨-૨૩માં ૧૦ આંગણવાડી કેન્દ્રમાં પાણીની સુવિધા માટે ₹ ૧.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

INDEX

(૮.૩) **આંગણવાડી કેન્દ્રમાં શૌચાલયની સુવિધા** : રાજ્યના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્ર પૈકી ૫૧૫૪૭ આંગણવાડી કેન્દ્રમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે તેમ જ બાકી રહેતા આંગણવાડી કેન્દ્રમાં સદર સુવિધા ચાલુ વર્ષમાં પુરા કરવાનો લક્ષ્યાંક છે. સને ૨૦૨૨-૨૩માં ૩૧૬૭ આંગણવાડી કેન્દ્ર માટે ₹ ૩૮૦.૦૪ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૮.૪) **આંગણવાડી કેન્દ્રમાં વીજ કનેકશનની સુવિધા :** રાજ્યના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રની સામે ૫૨૪૬૫ આંગણવાડી કેન્દ્રમાં વીજ કનેકશનની સુવિધા ઉપલબ્ધ છે. બાકીના આંગણવાડી કેન્દ્ર માટે સને ૨૦૨૨-૨૩માં ₹ ૧.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૮.૫) **આંગણવાડી કેન્દ્રનું અપગ્રેડેશન :** રાજ્યના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્ર પૈકી પોતાના મકાનો ધરાવતા આંગણવાડી કેન્દ્રના અપગ્રેડેશન માટે ભારત સરકાર દ્વારા સને ૨૦૨૨-૨૩ માં કુલ ૧ આંગણવાડી કેન્દ્ર માટે ₹ ૨.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૮.૬) **આંગણવાડી કેન્દ્રનું રીપેરીંગ :** રાજ્યના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્ર પૈકી પોતાના આંગણવાડી કેન્દ્ર ધરાવતા ૪૩૧૬૩ આંગણવાડીના કેન્દ્રના રીપેરીંગ માટે સને ૨૦૨૨-૨૩માં ૩૪ આંગણવાડી કેન્દ્ર માટે ₹ ૧.૦૨ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૮.૭) **જર્જરીત આંગણવાડી કેન્દ્રનું બાંધકામ :** રાજ્યમાંની જર્જરીત આંગણવાડી કેન્દ્ર તોડી તે જ સ્થળે "નંદઘર" ટાઇપ ડીઝાઇનના ૨૫૦ નવા મકાનો બનાવવા માટે સને ૨૦૨૨-૨૩માં ₹ ૧૮૭૫.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૮.૮) **આંગણવાડી કેન્દ્રના મકાન (શહેરી)** : રાજ્યના મહાનગરપાલિકા તેમ જ નગરપાલિકા વિસ્તારમાં રાજ્ય સરકારના ૧૦૦% ફાળાથી "નંદઘર" ડીઝાઇન ધરાવતા કુલ ૫૦ આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે સને ૨૦૨૨-૨૩ માં ₹ ૩૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૮.૯) **સેજા કચેરીના મકાન** : રાજ્યના મુખ્યસેવિકાઓની સેજા કચેરીઓના બાંધકામ માટે રાજ્ય સરકારના ૧૦૦ % ફાળાથી કુલ ૧૫ સેજા કચેરીનાં બાંધકામ માટે સને ૨૦૨૨-૨૩માં ₹ ૧૮૫.૫૫ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

(૯) **આઇસીડીએસ તાલીમ કાર્યક્રમ** :

(૯.૧) **જોબ/ઓરીએન્ટેશન તાલીમ :**

- કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારનાં સહયોગથી આંગણવાડી કાર્યકર તથા તેડાગરને જોબ તાલીમ આપવાનુ આયોજન છે જેના માટે ₹ ૨૫૨.૪૯ લાખનો ખર્ચની જોગવાઇ કરેલ છે.
- પ્રવર્તમાન વૈશ્વિક મહામારી કોવિડ -૧૯ને ધ્યાને લઇ આગામી વર્ષ ૨૦૨૧-૨૨માં નિવાસી તાલીમો કરવાને બદલે સોફ્ટવેરનાં માધ્યમથી ઓનલાઈન રીફ્રેશર તાલીમ કરવાથી સંક્રમણની શકયતાઓ ઓછી કરી શકાય તેમ હોવાથી ઓનલાઈન તાલીમ કરવા માટે તાલીમ પુસ્તિકા, સોફ્ટવેર તૈયાર કરવા તથા પ્રમાણપત્ર તૈયાર કરવા માટે કુલ ₹ ૯૭.૩૦ લાખનો ખર્ચની જોગવાઇ કરેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં યોજનાનાં પ્રચાર-પ્રસાર માટે માસિક સામયિક તૈયાર કરવામાં આવેલ છે જેનાં કુલ ૧૦ અંકો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તથા માર્ચ ૨૦૨૨ સુધીમાં વધુ ૪ અંકો પ્રસિદ્ધ થશે.

(૧૦) **આઇસીડીએસ ઇસીસીઇ કાર્યક્રમ :**

(૧૦.૧) **પ્રિ-સ્કુલ કીટ :**

- સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત પ્રિ-સ્કુલ કીટ યોજના અન્વયે જણાવવાનું કે, કેન્દ્ર સરકારના ૬૦% અને રાજ્ય સરકારના ૪૦% સહયોગ થી ગુજરાત રાજ્ય ના તમામ જીલ્લા અને કોર્પોરેશનની ૫૩૦૨૯ આંગણવાડીમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે આંગણવાડી દીઠ ₹ ૪૦૦૦/- ની જોગવાઇ પ્રિ-સ્કુલ કીટમાં કરવામાં આવે છે. જે અંગે વર્ષ-૨૦૨૦-૨૧ ની પ્રિ-સ્કુલ કીટ ખરીદવા વર્ક ઓર્ડર આપેલ છે અને આગળની પ્રક્રિયા ગતિમાં છે.
- વર્ષ :૨૦૨૨-૨૩ માં ૫૩૦૨૯ આંગણવાડી માટે ₹ ૨૧૨૧.૧૬ લાખની પ્રિ-સ્કુલ કીટમાં બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

(૧૦.૨) **ઇસીસીઇ તાલીમ :**

- ઇસીસીઇ તાલીમ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૩૧.૯૭ લાખ બજેટ જોગવાઇ મંજુર થયેલ છે. પરંતુ કોરોના મહામારીના કારણોસર તાલીમ નું આયોજન કરવામાં આવેલ નથી.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં ઇસીસીઇ તાલીમ માટે ₹ ૫૩૦.૨૯ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

(૧૦.૩) યુનિફોર્મ :

- વર્ષ :૨૦૨૧-૨૨માં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકોને ₹ ૨૫૦/- ની મર્યાદા માં વર્ષમાં ૨ જોડી યુનિફોર્મ ચાલુ બાબતે ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૯, મિશન બલમ્ સુખમ્ સદરે ₹ ૩૯૫૯.૮૦ લાખ રાજ્ય કક્ષાએ થી ૧૦૦% ખર્ચ કરવા જોગવાઇ કરવામાં આવેલ છે.
- વર્ષ :૨૦૨૨-૨૩ માં યુનિફોર્મ માટે ₹ ૪૪૬૨.૭૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

(૧૦.૪) અનટાઇડ ફંડ :

- અનટાઇડ ફંડ-ચિલ્ડ્રન વિથ સ્પેશિયલ નિડ્સ હેઠળ રાજ્યની આંગણવાડીઓનાં ૦ થી ૬ વર્ષના આવા સ્પેશિયલ નીડવાળા બાળકોને સક્ષમ બનાવવા માટે જોગવાઇ કરવામાં આવેલ તદ્નુસાર અત્રેથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ થી રાજ્યની આંગણવાડી કેન્દ્રોના ૦ થી ૬ વર્ષ બાળકો માટે બાળક દીઠ વાર્ષિક ₹ ૩૦૦૦/- ની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં વર્ષ :૨૦૧૮-૧૯માં ૧૬૮.૦૦ લાખ ની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. જેમાં સ્ટેટ ની ૪૦% રકમ ₹ ૬૭.૨૦ લાખ ની ગ્રાન્ટ જમા થયેલ હતી.ભારત સરકારની સીએસએસ ની ૬૦% રકમ ₹ ૧૦૦.૮૦ લાખ ની ગ્રાન્ટ જમાં થયેલ નથી. જેથી સ્ટેટની રકમ વર્ષ :૨૦૧૮-૧૯ માં સરકારશ્રીમાં સરન્ડર કરવામાં આવેલ હતી.વર્ષ :૨૦૧૯-૨૦ માં ₹ ૧૨૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. જેમાં સ્ટેટ ની ગ્રાન્ટ જમા થયેલ પરંતુ સીએસએની ગ્રાન્ટ જમા થયેલ નથી. જેથી સ્ટેટની રકમ વર્ષ :૨૦૧૯-૨૦ માં સરકારશ્રીમાં સરન્ડર કરવામાં આવેલ હતી
- વર્ષ :૨૦૨૦-૨૧માં અનટાઇડ ફંડ માટે ₹ ૧૧૧.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.
- વર્ષ :૨૦૨૧-૨૨માં અનટાઇડ ફંડ માટે ₹ ૧૦,૦૦૦/- હજારની ટોકન જોગવાઇ કરવામાં આવેલ છે.
- વર્ષ :૨૦૨૨-૨૨માં અનટાઇડ ફંડ માટે ₹ ૧૦,૦૦૦/- હજારની ટોકન જોગવાઇ કરવામાં આવેલ છે.

(૧૦.૫) ઉંબરે આંગણવાડી :

- ૩ થી ૬ વર્ષના બાળકો અને તેમના વાલીઓ માટે બાઈસેગના માધ્યમથી પૂર્વ પ્રાથમિક શિક્ષણને લગતા કાર્યક્રમોનું અભ્યાસક્રમ મુજબ ઓક્ટોબર માસથી માસના પહેલા અને ત્રીજા સોમવારે વંદે ગુજરાત ચેનલ ૧ પર ૨:૦૦ થી ૨:૩૦ કલાકે અને દૂરદર્શનના ડીડી. ગિરનાર પર દર બુધવારે ૪.૩૦-૫.૩૦ કલાકે પ્રસારણ કરવામાં આવે છે. વધુમાં આ કાર્યક્રમ જીઓ ટી.વી. એપ તેમજ ફેસબુક અને યુટ્યુબના માધ્યમથી નિહાળી શકાય છે.
- તા.૮/૦૪/૨૦૨૦ થી આજ સુધીમાં આ કાર્યક્રમના ૯૧ એપીસોડ પ્રસારીત કરવામાં આવેલ છે.
- બાળકોને પ્રવૃત્તિ માટેનું સાહિત્ય જેવા કે ચિત્રપોથી અને પ્રિ-સ્કુલ માટેની પુસ્તિકાઓ આંગણવાડી કાર્યકરો દ્વારા ૧૬ લાખ બાળકોને ઘરે-ઘરે પહોંચાડવામાં આવી છે. આ કાર્યક્રમો વાલીઓ અને બાળકો ગુજરાતના જુદા જુદા જીલ્લાઓમાં વ્યાપક પ્રમાણમાં જુએ છે અને બાળકો પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહી શક્યા છે. અત્યાર સુધીમાં લાખો બાળકો અને વાલીઓએ ટેલિવિઝન ચેનલ તથા ડિજીટલ માધ્યમો જેવા કે, યુટ્યુબ, ફેસબુક તેમજ જીઓ ટી.વી.એપના માધ્યમથી અંદાજીત ૮.૫ લાખ લાભાર્થી દ્વારા કાર્યક્રમ નિહાળેલ છે.

(૧૧) સંકલિત બાળ વિકાસ સેવા યોજના :

સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની શરૂઆત રાજ્યમાં ૧૯૭૫ માં છોટાઉદેપુર ખાતે થયેલ હતી. આ યોજના હેઠળ શરૂઆતમાં ૩૩ ઘટક મંજુર કરવામાં આવેલ, ત્યાર બાદ ઘટકોમાં ક્રમશ વધારો થયેલ છે. ૩૦મી ઓક્ટોમ્બર-૨૦૨૧ ના અંત સુધીમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજનાનાં ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો અને ૪૨૬ ઘટકો મંજુર કરવામાં આવ્યા છે. જે પૈકી ૪૨૬ ઘટકો અને ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત થયેલ છે. કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો પૈકી કુલ ૧૩૩૩૩ આંગણવાડી કેન્દ્રો આદિજાતિ વિસ્તારમાં, ૪૫૪૧ આંગણવાડી કેન્દ્રો શહેરી અને ૩૫૧૫૫ આંગણવાડી કેન્દ્રો ગ્રામ્ય વિસ્તારોમાં મંજુર કરવામાં આવેલ છે. આ આંગણવાડી કેન્દ્રોમાં ૫૧૨૨૯ આંગણવાડી કાર્યકર, ૫૧૨૨૯ આંગણવાડી તેડાગર અને ૧૮૦૦ મીની આંગણવાડી કાર્યકરની જગ્યા ભારતસરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાક : આઈસીડી/ ૧૦૨૦૧૯/ ૧૬૫૨/ બ(પાર્ટ-૨), તા.૨૫/૧૧/૨૦૧૯ થી હાલ સમગ્ર રાજ્યમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની ઓનલાઈન ભરતી e-hrms વેબ પોર્ટલ પરથી કરવાની કામગીરી અમલમાં મુકવામાં આવેલ છે. આ પોર્ટલ હેઠળ સને ૨૦૨૦માં ૫૬૬૨ આંગણવાડી કાર્યકર/તેડાગરની ઓનલાઈન ભરતી કરવામાં આવેલ છે. તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાક : આઈસીડી/ ૧૦૨૦૧૯/ ૧૬૫૨/ બ(પાર્ટ-૨), તા.૧૭/૧૧/૨૦૨૧ સુધારા ઠરાવ પ્રસિદ્ધ થયેલ છે.

INDEX

(૧૧.૧) આંગણવાડી કાર્યકર/તેડાગર, મીની આંગણવાડી કાર્યકર બહેનોનું માનદવેતનનું ચુકવણું DBT પદ્ધતિ :

જે ફેબ્રુઆરી-૨૦૨૧ થી ગુજરાત રાજ્યના તમામ જિલ્લા/કોર્પોરેશનના આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોનું માનદવેતન ભારત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ કેન્દ્રીયકૃત પદ્ધતિથી સીધા તેમના બેંક ખાતામાં પબ્લિક ફાયાનાન્સ મેનેજમેન્ટ સોફ્ટવેર (PFMS) ના માધ્યમથી જમા કરવામાં આવે છે. DBT/PFMS અંતર્ગત સીધા ચુકવણા માટે ઈલેકટ્રોનીક સિગ્નેચર પદ્ધતિનો અમલ કરવામાં આવે છે.

ડીબીટી થવાને કારણે આંગણવાડી કાર્યકર/તેડાગરના માનદવેતનની સીધી રકમ તેઓના બેન્ક ખાતામાં DBT પદ્ધતિથી ચૂકવવામાં આવે છે. ડીબીટી થવાથી ઓછા સ્ટાફથી કામગીરી થઈ શકે છે. જેથી મેનપાવરમાં બચત થાય છે અને ઓછી મહેનતે કામ ઝડપથી થાય છે.

(૧૨) મધ્યસ્થ જેલ ખાતે ચાર મીની આંગણવાડી કેન્દ્ર બાબત

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી/ ૧૧૨૦૨૦/ ૬૫/ બ, તા.૨૨/૦૫/૨૦૨૦ થી ચાર મધ્યસ્થ જેલ ખાતે જેલમાં રાખવામાં આવતા મહિલા કેદીઓ સાથેના બાળકો અને સ્ટાફના બાળકો માટે ૧૦૦% સહાય હેઠળ (અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ) નવા ચાર (મીની) જેલ આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા માટે ₹ ૪,૫૭,૨૮૦/- ની બજેટ જોગવાઈની વર્ષ : ૨૦૨૦-૨૧ નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે કાર્યાન્વિત કરવામાં આવેલ છે. ૪ જેલ આંગણવાડીમાં ૦ થી ૬ વર્ષના ૧૬૨ બાળકો, સગર્ભા ૬, ધાત્રી ૫ અને કિશોરીઓ ૧૫ને લાભ આપવામાં આવે છે. વર્ષ: ૨૦૨૧-૨૨ ના બજેટ માટે કુલ ₹ ૪૫૭૨૮૦/-(અંકે રૂપિયા ચાર લાખ સતાવન હજાર બસો એંસી પુરા) ની નાણાંકીય જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૧૩) અગરીયા વિસ્તારમાં ૧૫ ટેન્ટ "રણ આંગણવાડી" ની વ્યવસ્થા બાબત

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી/ ૧૧૨૦૨૦/ ૯૪/ બ, તા.૧૭/૦૬/૨૦૨૦ થી સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને ધાગધ્રા તાલુકામાંથી સ્થળાંતર કરતા ૧૫૦૦ જેટલા અગરીયા કુંટુંબોના અંદાજીત ૩૫૦ જેટલા લાભાર્થીઓ માટે ૧૫ ટેન્ટ "રણ આંગણવાડી" માટે ₹ ૨૩.૦૦ લાખની બજેટ જોગવાઈની વર્ષ : ૨૦૨૦-૨૧ નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે કાર્યાન્વિત કરવામાં આવેલ છે. વર્ષ :૨૦૨૧-૨૨ ના બજેટ માટે કુલ ₹ ૨૩.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા)ની નાણાંકીય જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૧૪) કોવિડ-૧૯ના સંક્રમણને કારણે અવસાનના કિસ્સામાં આંગણવાડી કાર્યકર/તેડાગરના આશ્રિતોને સરકારશ્રી દ્વારા ₹ ૨૫ લાખની સહાય

ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૨૦-૨૫૦-ક તા:૦૮/૦૪/૨૦૨૦ થી થયેલ જોગવાઈ મુજબ કોવિડ-૧૯ના સંક્રમણને કારણે અવસાનના કિસ્સામાં આંગણવાડી કાર્યકર/ તેડાગરના આશ્રિતનાઓને સરકારશ્રી દ્વારા ₹ ૨૫ લાખની સહાય નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ રાજ્યના (૫) પાંચ આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોને રકમ ₹ ૧,૨૫,૦૦,૦૦૦/-ની સહાય આપવામાં આવેલ છે.

અધિક કમિશનરશ્રી (મહિલા વીંગ), કમિશનરશ્રી,

મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

રાજ્યના સર્વાંગી વિકાસ માટે તમામ વર્ગોની આર્થિક તેમજ સામાજીક ઉન્નતિ જરૂરી છે. આ માટે સરકાર દ્વારા અમલી યોજનાઓ/પ્રવૃત્તિ ઓ પૈકી મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓ પણ સર્વોચ્ચ અગ્રતા ધરાવે છે. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી મહિલા અને બાળ વિકાસ હેઠળ વર્ષ ૧૯૮૮ માં ઉભી કરવામાં આવી. જે મહિલાસશક્તિકરણ કલ્યાણ અને વિકાસ માટે કાર્યરત છે. મહિલા કલ્યાણની યોજનાઓનું ક્ષેત્રિય કક્ષાએ સુચારૂ રૂપે અમલ થાય તે માટે મહિલા અને બાળ અધિકારી, જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, ફીલ્ડ ઓફિસર, ક્લાર્ક વિગેરે અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની જિલ્લા કક્ષાએ નિમણુંક કરવામાં આવેલ છે.

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના :

૧૯૭૯ ના વર્ષથી યોજનાનો આરંભ થયેલ છે. તા. ૦૮/૦૩/૨૦૧૯ ના ઠરાવથી સહાયમાં ₹ ૨૫૦/- નો વધારો કરી ₹ ૧૨૫૦ તમામ ગંગા સ્વરૂપા બહેનોને આપવામાં આવે છે. ૨૧ વર્ષનો પુત્ર થતાં સહાય બંધ કરવામાં આવતી હતી તે શરત રદ કરી આજીવન સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા માટે ગ્રામ્ય વિસ્તાર માટે લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ₹ ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૫૦,૦૦૦/- હોવી જોઈએ. વિધવા લાભાર્થીના ખાતામાં DBT મારફતે રકમ જમા કરાવી સહાયની ચુકવણી કરવામાં આવે છે. હાલમાં રાજ્યમાં ૧૦.૭૨/- લાખ (નવેમ્બર ૨૦૨૧ અંતિત સુધી) જેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૨૪૦૬૦૫.૬૦ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

“વ્હાલી દિકરી” યોજના

(૧) તા.૦૨/૦૮/૨૦૧૯ (તા.૦૧/૦૮/૨૦૧૯ મધ્યરાત્રી ૧૨ :૦૦ કલાક પછી) કે ત્યારબાદ જન્મેલ દિકરીને લાભ મળવાપાત્ર રહેશે. દિકરીના જન્મ સમયે માતાની ઉમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ. દંપતીની (પતિ -પત્નિની સંયુક્ત) વાર્ષિક આવક મર્યાદા ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે એક સમાન ₹ ૨,૦૦,૦૦૦/- કે તેથી ઓછી રહેશે.

(૨) દંપતિની પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૩) અપવાદરૂપ કિસ્સામાં બીજી/ત્રીજી પ્રસુતિ વખતે કુટુંબમાં એક કરતાં વધારે દિકરીઓનો જન્મ થાય અને દંપતીની દિકરીઓની સંખ્યા ત્રણ કરતાં વધુ થતી હોય તો પણ તમામ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ જોગવાઈઓ મુજબ પુખ્ત વયે લગ્ન કરેલ હોય તેવા દંપતિની દિકરીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

- “વહાલી દિકરી” યોજનામાં દીકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે ₹ ૪૦૦૦/-
- નવમાં ધોરણમાં ₹ ૬૦૦૦/- ની સહાય.
- ૧૮ વર્ષની ઉમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ ₹ ૧,૦૦,૦૦૦/- ની સહાય.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૧૭૨૬.૯૩ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના

- તા : ૦૨/૦૮/૨૦૨૧ થી અમલમાં આવેલ.
- રાજ્યની ગંગા સ્વરૂપા મહિલાઓની સામાજિક, આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવી.
- ગંગા સ્વરૂપા મહિલાઓને પુન:લગ્નને પ્રોત્સાહન આપવું.
- “ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવનાર ૧૮ થી ૫૦ વર્ષની ઉમરની કોઇપણ પુન : લગ્ન કરનાર ગંગા સ્વરૂપા મહિલા આ યોજનાનો લાભ લઇ શકશે.
- આ સહાય એકજ વાર મળવા પાત્ર રહેશે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૨૫૦.૦૦ લાખ જોગવાઈ સૂચવવામાં આવેલ છે.
- સને ૨૦૨૧-૨૨માં નવેમ્બર-૨૦૨૧ અંતિત કુલ ૫૭ લાભાર્થીઓની સહાય મંજુર કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં ૫૦૦ લક્ષ્યાંક છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં ૫૦૦ લક્ષ્યાંક છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ સૂચવેલ છે.

INDEX

વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના :

વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના ૨૦૦૬ થી અમલમાં છે. મહિલાઓને કાનૂની સમસ્યાઓ માટે માર્ગદર્શન અને રોજગારી માટે તાલીમ આપવામાં આવે છે. હાલમાં આવા ૩૧ જિલ્લા કેન્દ્રો, શહેરી વિસ્તાર અને તાલુકાના ૨૩૦ મળી કુલ ૨૬૧ વિવિધલક્ષી મહિલાકલ્યાણ કેન્દ્રો કાર્યરત છે. આ યોજના અન્વયે મહત્તમ મર્યાદાના ૭૫% અનુદાન અને માનદવેતન પેટે ૧૦૦% અનુદાન ચૂકવવામાં આવે છે. વિસ્તરણ અધિ કારીશ્રી દ્વારા ઓડીટ થયા બાદ અનુદાનનુ ચુકવણુ કરવામાં આવે છે.

વિવિધલક્ષી મહિલાકલ્યાણ કેન્દ્રો દ્વારા ઈન્ફોર્મેશન એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન હેઠળ પત્રિકાઓ, પેમ્ફલેટો વગેરે રાજ્યના પ્રજાજનોને બહોળી જાણકારીનાં હેતુસર કેન્દ્ર દ્વારા પ્રકાશિત કરીને તેઓ દ્વારા તેનો બહોળો પ્રચાર કરવામાં આવે છે. રાજ્ય સરકારશ્રી દ્વારા ઘરેલુ હિંસા અધિનિમ-૨૦૦૫ હેઠળ સર્વિસ પ્રોવાઈડર તરીકે ૨૬૬ સેન્ટોરોને નિયુક્ત કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૪૯૮.૯૩ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

મહિલા વિકાસ એવોર્ડ

મહિલા વિકાસ એવોર્ડનું અમલીકરણ વર્ષ ૨૦૦૬ થી કરવામાં આવે છે. મહિલા વિકાસ ક્ષેત્રે ગુજરાત રાજ્યમાં ૧૦ વર્ષથી કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થાને અને સામાજિક કાર્યકરને તેમની કામગીરી બદલ પ્રોત્સાહન રૂપે એવોર્ડ આપવાની યોજના અમલમાં છે. મહિલા વિકાસ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતી એક સ્વૈચ્છિક સંસ્થા ને ₹ ૧.૦૦ લાખ તથા મહિલા કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ એક મહિલા કાર્યકરને ₹ ૦.૫૦ લાખનો દર વર્ષે પુરસ્કાર એવોર્ડ આપવાની યોજના છે. સદર પુરસ્કાર સ્વૈચ્છિક સંસ્થા અને મહિલા કાર્યકરને એક જ વખત મળવાપાત્ર છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૨.૦૦ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

કુટુંબ સલાહ કેન્દ્રો

કુટુંબ સલાહ કેન્દ્રોની કામગીરી મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક :૫૨૮/ ૧૦૨૦૦૦/ ૫૩ (૬)/અ, તા.૧૬/૦૨/૨૦૦૬ થી સમાજ સુરક્ષાની- કચેરીમાંથી તબદીલ થઈ કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરીને સોંપવામાં આવેલ છે. કુટુંબ સલાહ કેન્દ્રોમાં કૌટુંબિક તથા સામાજિક વિવાદને લગતાં પ્રશ્નો જેવા કે, છૂટાછેડા, કૌટુંબિક કલહ, સ્ત્રીઓને કુટુંબ દ્વારા માનસિક ત્રાસ સ્ત્રીઓને સંપત્તિના પ્રશ્નોમાં અન્યાય વિગેરે સામાજિક વિવાદને લગતાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા તથા સમાધાન કરાવવા આવા કેન્દ્રો દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. હાલમાં ૦૪ કુટુંબ સલાહ કેન્દ્રો કાર્યરત છે. કેન્દ્ર દીઠ એક (૧) સામાજિક કાર્યકર ફરજ બજાવે છે. જેઓને પગારનાં ખર્ચ પેટે ૯૦ ટકા લેખે રાજ્ય સરકાર દ્વારા અનુદાન મંજુર કરવામાં આવે છે. ઓડીટ થયા બાદ અનુદાનનુ ચુકવણું કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૨૪.૦૪ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

મહિલા મંડળ

મહિલા મંડળની યોજનાકીય કામગીરી મહિલાઅને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક :૫૨૮/ ૧૦૨૦૦૦/૫૩(૬)/અ, તા.૧૬/૦૨/૨૦૦૬ થી સમાજ સુરક્ષાની-કચેરીમાંથી તબદીલ થઈ કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરીને સોંપવામાં આવેલ છે. મહિલામંડળની યોજના દ્વારા અભણ, નિરાધાર, બિનરોજગાર બહેનોને આર્થિક ઉપાર્જન થાય તથા તેઓને પગભર કરવાના સુઆશ્રયથી સિવણ, એમ્બ્રોયડરી વિગેરેની તાલીમ આપવામાં આવે છે. મહિલા મંડળ કેન્દ્રોને ગ્રાન્ટ ઈન કોડ-૧૯૯૨ ની જોગવાઈને આધિન ૯૦% લેખે અનુદાન મંજુર કરવામાં આવે છે. જેમાં નાણાકીય વિસંગતતા હોઈ સરકારશ્રીને એકસુત્રતા માટે અહેવાલ કરેલ છે. હાલ રાજ્યના ૭ જિલ્લામાં કુલ ૧૨ કેન્દ્રો કાર્યરત છે. ઓડીટ થયા બાદ અનુદાનનું ચુકવણું કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧.૩૧ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

સ્વધાર ગૃહ

ભારત સરકારની નવી માર્ગદર્શિકા મુજબ સ્વધાર શેલ્ટર હોમ અને શોર્ટ સ્ટે હોમ ને “સ્વધાર ગૃહ” માં રૂપાંતરિત કરવામાં આવેલ છે. શેલ્ટર હોમ દ્વારા પીડિત મહિલાઓને રહેવાની સગવડ તથા પુનર્વસનના પ્રયત્નો હાથ ધરવાની સાથે મુશ્કેલભરી સ્થિતિ માં મુકાયેલ મહિલાઓના સામાજિક તેમજ આર્થિક ઉત્થાન કરવામાં આવે છે. હાલ કાર્યરત સ્વધાર યોજના અને શોર્ટ સ્ટેહોમ યોજનાનુ એકીકરણ કરીને ભારત સરકાર દ્વારા પિડીત મહિલાઓને રહેઠાણ અને ન્યુનતમ જરૂરીયાત પુરી પાડવા નવી યોજના “સ્વધાર ગૃહ” અમલમા મુકવામા આવી છે. ભારત સરકારે ૬૦% અને રાજ્ય સરકારશ્રીએ ૪૦% ફાળો આપવાનો થાય છે. રાજ્યમાં ૦૭ સ્વધાર ગૃહ કાર્યરત છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૨૦.૭ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

INDEX

સ્વધાર ગૃહ બાંધકામ

બાંધકામ અનુદાન રાજ્ય સરકારોની એજન્સીઓ સહિત મહિલાવિકાસ નિગમો, મ્યુનિસિપલ કોર્પોરેશનો અને પંચાયતીરાજ સંસ્થા ઓને આપવામાં આવશે. ભારત સરકારે ૬૦% અને રાજ્ય સરકારશ્રીએ ૪૦% ફાળો આપવાનો થાય છે. બાંધકામ પેટે લાભાર્થી દીઠ મહતમ ₹ ૧,૩૩,૦૦૦ સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ (વહીવટી અને બાંધકામ) માટે આયોજન હેઠળ કુલ ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧.૦૦ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

વર્કિંગ વુમન હોસ્ટેલ :

ભારત સરકાર પુરસ્કૃત યોજના છે. કામ કરતી મહિલા, વિધવા, નિ રાધાર, છૂટાછેડા લીધેલ, જુદી રહેતી પરણિત સ્ત્રીઓ માટે રહેઠાણની વ્યવસ્થા છે. NGO, ઉધોગગૃહો, રાજ્ય સરકાર સંચાલિત નિગમો, રાજ્ય સરકાર, યુનિવર્સીટી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, વગેરે સંસ્થાઓ બાંધી શકે. અમદાવાદ-૪, વડોદરા-૩, સુરત- ૨, રાજકોટ- ૨, ભાવનગર -૧, જામનગર -૧, કચ્છ-૧, મહેસાણા-૧, ગાંધીનગર-૧ મળી હાલ રાજ્યમાં ૧૬ વર્કિંગ વિમેન હોસ્ટેલ કાર્યરત છે. કેન્દ્ર/રાજ્યનો તથા સંસ્થાનો હિસ્સો ૬૦:૧૫ :૨૫ લેખે રહેશે તેમજ હાલમાં સુરત જિલ્લામાં વર્કિંગ વિમેન હોસ્ટેલ નું બાંધકામ ચાલુ છે અને ભરૂચ જિલ્લાના બાંધકામ અર્થે ભારત સરકારને દરખાસ્ત મોકલી આપેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ટોકન જોગવાઇ સૂચવેલ છે.

ઉજ્જવલા :

ભારત સરકાર પુરસ્કૃત યોજનાના માપદંડ મુજબ સ્વૈચ્છિક સંસ્થાઓને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, દિલ્હી દ્વારા મંજુરી આપવામાં આવે છે. મુખ્ય હેતુ ગેરકાયદેસર દેહવ્યાપારનુ નિયંત્રણ અને બચાવ પુન:સ્થાપન અને ગેરકાયદે દેહવ્યાપારના શોષિતોના પુન:સમન્વય અંગેની સર્વગ્રાહી યોજના છે.

આ યોજનામાં ભારત સરકારનો હિસ્સો ૬૦% અને રાજ્ય સરકારનો હિસ્સો ૩૦% અને સંસ્થાનો હિસ્સો ૧૦% છે. વર્ષ ૨૦૧૬-૧૭ થી યોજના અમલમાં આવેલ છે. સામાજિક ગતિશીલતા અને સ્થાનિક સમાજોની સામેલગીરી, નીતિનિર્માણ કાર્યક્રમો, કાર્યશાળાઓ, સેમિનારો અને આવા અન્ય કાર્યક્રમો દ્વારા ચર્ચાઓ પેદા કરવી અને અન્ય નવીન પ્રવૃત્તિઓ દ્વારા શોષિત વ્યક્તિઓને તેમના શોષણના સ્થાનેથી છોડાવવની સરળતા કરી આપવી અને તેમને સુરક્ષિત કબજામાં રાખવી. શોષિતોને પરામર્શ/સલાહ સૂચન, કાનૂની મદદ અને માર્ગદર્શન સહિત પાયાની સવલ તો જરૂરિયાતો જેવી કે આશ્રય, ખોરાક, કપડાં, તબીબી સારવાર પૂરાં પાડીને તત્કાળ અને લાંબાગાળાની પુન:સ્થાપન સેવાઓ પૂરી પાડવાની કામગીરી કરવામાં આવે છે. ગુજરાતમાં અમદાવાદ ખાતે ૧ કેન્દ્ર કાર્યરત છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૨૩.૭૩ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

ઘરેલું હિંસા સામે મહિલાઓને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૦૫ :

રાજ્ય સરકારે મહિલાઓ ઉપર થતી ઘરેલું હિંસાના અટકાવ માટે ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અમલી બનાવેલ છે. કુટુંબમાં થયેલ કોઈપણ જાતની હિંસાનો ભોગ બનેલ મહિલાઓને તથા તે સાથે સંકળાયેલ બાબતોમાં અસરકારક રક્ષણ પુરૂ પાડે છે. હાલમાં ૨૬૬ સર્વિસ પ્રોવાઈડરની નિમણુંક આપેલ છે.

નારી સંરક્ષણ ગૃહો / કેન્દ્રો :

નૈતિક અને સામાજિક સ્વાસ્થ્ય ભાગરૂપે રાજ્યમાં આ યોજના કાર્યરત છે અને અનૈતિક વેપાર અટકાયત ધારો-૧૯૫૬ (સુધારેલ-૧૯૮૬) ગુજરાત રાજ્યમાં અમલમાં છે. હાલમાં ગુજરાત રાજ્યમાં કમિશ્નર મહિલા અને બાળ વિકાસ હસ્તક સરકારી ૦૪ નારી સંરક્ષણ ગૃહો અને ૦૬ નારી સંરક્ષણ કેન્દ્રો કાર્યરત છે. તે જ રીતે સ્વૈચ્છિક ધોરણે-૦૬ પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર કાર્યરત છે. જેમાં નીચે મુજબ મહિલાઓને પ્રવેશ આપવામાં આવે છે.

ઘરેલું હિંસા, અનાથ, આશ્રયની જરૂરીયાતવાળી સામાજિક બહિષ્કાર અથવા બળજબરીથી દેહવિક્રય કરવામાં આવતી અને નૈતિક રીતે ભયમાં મુકાયેલી ૧૮ વર્ષથી ઉપરની મહિલાઓને આશ્રય રહેઠાણ, ભોજન, આર્થિક સ્વાલંબન માટે તાલીમ, કાનુની સલાહ, શિક્ષણ વગેરે સેવાઓ આપવામાં આવે છે. મહિલા સાથે ૧૪ વર્ષ સુધીની દીકરી તથા ૦૬ વર્ષ સુધીના પુત્રને પણ આશ્રય આપવામાં આવે છે. વધુમાં ૩ માસ થી ૦૧ વર્ષ સુધી આશ્રય આપવામાં આવે છે.

નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રોનો મુળ ઉદ્દેશ નિવસીઓને સશક્તિકરણ પ્રેરવાનો અને વિકસાવવનો અને તેણીને પુનર્વસનમાં મદદ કરવાનો છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૭૧.૩૩ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

INDEX

રાજ્ય મહિલા સંશાધન કેન્દ્ર - SRCW - NMEW :

ગુજરાતમાં રાજ્ય મહિલા સંસાધન કેન્દ્ર (SRCW) ની શરૂઆત જુલાઈ - ૨૦૧૨માં ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના મહિલાવિંગ ખાતે કરવામાં આવી. SRCWનો મુખ્ય હેતુ રાજ્યમાં મહિલાઓનો સર્વાંગી વિકાસ થાય અને મહિલાઓનું સશક્તિકરણ થાય તે માટે વિવિધ હિતધારકો સાથે જાતિ ગત સંવેદનશીલતા (Gender Sensitization) કાર્યક્રમોનું અમલીકરણ તથા અસરકારક સંકલન દ્વારા કાયદાઓ અને યોજનાઓ અંગેની માહિતી છેવાડાના લોકો સુધી પહોંચાડવાનો છે.

મહિલા શક્તિ કેન્દ્ર મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ગ્રામ્ય મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે જિલ્લા તેમજ તાલુકા સ્તરે મહિલાશક્તિ કેન્દ્રો શરૂ કરવા માટે "મહિલા શક્તિ કેન્દ્ર" (MSK) યોજના અમલમાં મુકેલ છે. મહિલા શક્તિ કેન્દ્ર દ્વારા સરકારની વિવિધ સેવાઓ, કાર્યક્રમો, યોજનાઓ તથા કૌશલ્ય વિકાસ, રોજગારી, ડિજિટલ સાક્ષરતા, આરોગ્ય અને પોષણને લગતી માહિતી અને કાર્યક્રમો ગ્રામ્ય સ્તરની છેવાડાની મહિલાઓ સુધી પહોચાડવામાં આવશે જેથી મહિલાઓ સશક્ત બની શકે.

આ ઉપરાંત ભારત સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ માટે અમલી કાર્યક્રમો, યોજનાઓ જેવા કે બેટી બચાઓ બેટી પઢાઓ (BBBP), વન સ્ટોપ સેન્ટર, મહિલા હેલ્પલાઈન, મહિલા પોલીસ સ્વયંસેવકો, સ્વધાર, ઉજ્જવલા, વર્કિંગ વીમેન હોસ્ટેલ વગેરે સહિત રાજ્ય સ્તરની મહિલાલક્ષી કાર્યક્રમો, યોજનાઓ અંગેની માહિતી અને સેવાઓ પૂરી પાડવામાં આવશે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની આ યોજનાની માર્ગદર્શિકામાં દર્શાવ્યા મુજબ આ યોજનાના અમલીકરણ બાબતે જિલ્લાઓની પસંદગી નીતિ આયોગ દ્વારા કરવામાં આવેલ છે. જે અનુસાર તેનો કાર્ય વિસ્તાર ભારતના નિયત કરેલ ૬૪૦ જિલ્લાઓમાં સુયોજિત કરવામાં આવેલ છે. જે પૈકી ગુજરાતના ૨૬ જિલ્લાઓમાં "જિલ્લા મહિલા શક્તિ કેન્દ્ર" (District Mahila Shakti Kendra -DMSK) અને તાલુકા મહિલા શક્તિ કેન્દ્ર (Block Mahila Shakti Kendra) કાર્યરત છે. જે પૈકીના બે જિલ્લાના (નર્મદા અને દાહોદ) કુલ ૧૩ તાલુકામાં તાલુકા મહિલા શક્તિ કેન્દ્ર કાર્યરત છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૭૫૧.૯૬ લાખની બજેટ જોગવાઈ સૂચવેલ છે.

બેટી બચાવો બેટી પઢાવો :

બેટી બચાવો બેટી પઢાવો કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તા. ૨૨/૦૧/૨૦૧૫ના રોજ પાનીપત(હરિયાણા) ખાતે માન. વડાપ્રધાનશ્રી દ્વારા "બેટી બચાવો બેટી પઢાવો" યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના ભારત સરકારના મહિલાઅને બાળ વિકાસ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને માનવ સંસાધન વિકાસ મંત્રાલયના દ્વારા કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ યોજનાનું અમલીકરણ ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પસંદ કરવામાં આવેલ ૧૬૧ જિલ્લાઓમાં કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના ૨૨ જિલ્લાઓમાં આ યોજનાનું અમલીકરણ કરવામાં આવેલ છે.

સખી વન સ્ટોપ સેન્ટર : (OSC)

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તમામ રાજ્યોમાં હિસાથી પીડિત મહિલાઓને એક જ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંકલિત સેવાઓ પૂરી પાડવા માટે ઓગસ્ટ ૨૦૧૬ થી સખી વન સ્ટોપ સેન્ટર (OSC) યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો હેતુ હિંસાથી પીડિત કોઈપણ કિશોરી/ મહિલાને એક જ સ્થળેથી તેને જરૂર હોય તેવી તમામ સુવિધાઓ પૂરી પડવાનો છે. સખી કેન્દ્ર દ્વારા હિસાથી પીડિત કિશોરીઓ/મહીલાઓને તાત્કાલિક તબીબી સારવાર, આશ્રય, કાયદાકીય સલાહ/ માર્ગદર્શન, પોલીસની સહાય તથા પરામર્શ જેવી સેવાઓ તાત્કા લિક ધોરણે પૂરી પાડવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે.

૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન :

યોજના અમલીકરણ ૪ ફેબ્રુઆરી ૨૦૧૪ થી નવેમ્બર ૨૦૨૧ સુધી ૯,૫૦,૦૩૮ થી પણ વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિ માં સલાહ, બચાવ માર્ગદર્શન માટે ૧૮૧ હેલ્પ લાઈનની મદદ લીધી છે તેમજ તાકીદની પરીસ્થિતિ માં ઘટના સ્થળ ઉપર અભયમ્ રેસક્યુવન સાથે કાઉન્સિલર જઈને ૧,૯૪,૨૫૭ જેટલા મહિલાને મદદ પુરી પાડેલ છે. તેમજ ૧,૨૦,૬૫૩ જેટલા કિસ્સા માં સ્થળ ઉપર જ સમાધાન કરી કેસનો નિકાલ કરેલ છે. ૫૮,૮૭૭ જેટલી મહિલાઓના ગંભીર પ્રકારના કિસ્સામાં ઘટના સ્થળ ઉપર જઈને રેસક્યું વાન દ્વારા રેસક્યું કરીને લાંબાગાળાના કાઉન્સિલિંગ માટે સરકારની અન્ય સંસ્થાઓ સુધી પહોંચાડવામાં આવેલ હતા.

INDEX

રાજ્યની મહિલાને મુશ્કેલીની સ્થિતિમાં ઝડપથી ત્વરિત મદદ મળી રહે તે માટે અદ્યતન ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને સમગ્ર ભારતમાં પહેલી કહી શકાય તેવી ઈન્ટીગ્રેટેડ ૧૮૧ અભયમ્ મોબાઈલ એપ્લિકેશન બનાવવમાં આવી છે. ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પ લાઈનના અધ્યતન મોબાઈલ એપ્લિકેશનનું લોકાર્પણ શ્રી વિજય રૂપાણી, માન. મુખ્યમંત્રી, ગુજરાતના વરદ હસ્તે તા ૬ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. આ પ્રસંગે શ્રી પ્રદિપસિંહ જાડેજા, માન. મંત્રીશ્રી ગૃહ વિભાગ (રાજ્યકક્ષા) અને શ્રીમતી વિભાવરીબેન દવે, માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ (રાજ્ય કક્ષા)ની પ્રેરક ઉપસ્થિતિ માં લોકાર્પણ કામગીરી પુર્ણ કરવામાં આવી હતી. ૧૮૧ અભયમ્ મોબાઈલ એપ્લિકેશનનું ટૂંકા સમય ગાળામાં ૧,૩૦,૭૧૬ કરતાં વધારે મહિલાઓ દ્વારા રજીસ્ટ્રેશન કરી પોતાની સેફ્ટી માટે મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરેલ છે. ઓગસ્ટ ૨૦૧૮માં સમગ્ર રાજ્યમાં ૩૮ જેટલા અભયમ્ મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લાવર રાજ્યના માન. મંત્રીશ્રી, સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, બોર્ડ/નિગમ અને જિલ્લા કક્ષાના પદાધિકારીશ્રીઓ દ્વારા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને માર્ગદર્શન પુરું પડેલ.

મહિલાઓને ૧૮૧ અભયમ્ હેલ્પ લાઈનની માહિતી મળી રહે તેમજ જન જાગૃતિ ફેલાવી શકાય તે માટે ખાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. બિન જરૂરી ફોન કોલ કે મેસેજ દ્વારા મહિલાની પજવણીના કેસમાં પોલીસ સ્ટેશને ગયા વગર ઘેરબેઠા સમસ્યાના નિરાકરણ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં અદ્યતન ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને પોલીસ એક્શન ડેસ્કને સક્રિય રીતે કાર્યરત કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૨૩૪.૨૪ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

મહિલા પોલીસ વોલેન્ટીયર :

ગુજરાત રાજ્યમાં આ યોજના કમિશ્નર કચેરી, મહિલાવિંગ, મહિલાઅને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭ થી અમલીકૃત છે, ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ પ્રાયોગિક ધોરણે રાજ્યના કોઈ પણ બે જિલ્લા કે જ્યાં સ્ત્રી જન્મ દર ઓછો હોય તેમજ મહિલા પર થતી હિસાનું પ્રમાણ વધારે હોય તેવા જિલ્લાની પસંદગી કરવાની રહે છે.

ગુજરાત રાજ્યમાં આ યોજના માટે ઉક્ત માપદંડો પ્રમાણે પ્રાયોગિક ધોરણે સુરત તેમજ અમદાવાદ જિલ્લાની પસંદગી કરવામાં આવેલ છે. પસંદગી કરેલ સુરત જિલ્લામાંની ૫૬૭ અને અમદાવાદ જિલ્લામાંની ૪૭૪ ગ્રામ પંચાયતો ને આવરીને પંચાયત દીઠ ૧ "મહિલા પોલીસ વોલિન્ટીયર" ની માનદ સેવા લેવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૭૫૦ થી પણ વધુ મહિલા પોલીસ વોલિન્ટીયર મહિલાઓ કાર્યરત છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

પોલીસ સ્ટેશન બેઇઝ સપોર્ટ સેન્ટર :

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક નં. મહય/૧૦૨૦૧૩/૯૬૨૪૦/અ, તા.૦૮/૦૫/૨૦૧૩ દ્વારા પીડિત મહિલાઓ માટે જિલ્લા દીઠ એક સપોર્ટ સેન્ટર શરૂ કરવાની યોજનાનુ અમલીકરણ કરવામાં આવેલ છે. આ સેન્ટરનો મુખ્ય હેતુ લિંગભેદ, સ્ત્રી ભૃણહત્યા, ઘરેલું હિંસા અને અત્યાચાર અને સામાજિક અસમાનતા જેવા પ્રશ્નોમાં પીડિત મહિલાને પોતે નિર્ણય લેવા સક્ષમ બનાવવની અને સંસ્થાકીય સહાય કરવાનો હેતુ રહેલો છે.

પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના હાલના તબક્કે ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં ૬૫ સેન્ટર કાર્યરત છે. જેના માટે તમામ જિલ્લાઓમાં નિર્ધારિત કરેલ પોલીસ સ્ટેશનમાં તાલીમબદ્ધ બે કોઉન્સેલરની નિમણુક કરવામાં આવી છે. જે પૈકી હાલના તબક્કે ૧૦૦ કાઉન્સેલર કાર્યરત છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૭૦૦૯ પિડિત મહિલાઓએ યોજના અંતર્ગત સેવા લીધેલ છે.

અત્યાર સુધી કુલ ૮૮૭૫ મહિલાઓને પોલીસ, પ્રોટેકશન ઓફીસર, કાનુની સેવા તથા સર્વિસ પ્રોવઈડર સાથે સંકલન કરીને મહિલાઓને ઘરેલું હિંસાના કેસમાં મદદ પૂરી પાડવામાં આવી છે. હાલના તબક્કે યોજના અંતર્ગત ૧૯૫૪ કેસની પ્રક્રિયા ચાલુ કેસ છે. કાઉન્સેલર દ્વારા સંલગ્ન જિલ્લામાં જેન્ડરના મુદ્દામાં જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા છે.

સપોર્ટ સેન્ટરમાં ઘરેલું હિંસા, નશામાં થતી હિંસા, બળાત્કાર, બાળ અત્યાચાર, દહેજ, બાળકનો કબજો, સાઈબર ક્રાઈમ, મહિલાઓની જાતીય સતામણી તથા ડાકણ પ્રથા જેવા કેસોમાં સપોર્ટ પુરો પાડવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૨૯૨.૪૦ લાખની બજેટ જોગવાઇ સૂચવેલ છે.

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર

પ્રવૃત્તિની રૂપરેખા વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગરની રચના ગુજરાત રાજ્યની ગરીબ અને જરૂરીયાતમંદ મહિલાઓનાં ઉત્કર્ષનાં ઉદ્દેશથી માર્ચ ૧૯૮૧ નાં રોજ કરવામાં આવેલ. ત્યારબાદ નિગમને ભારતીય કંપની ધારા-૧૯૫૬ હેઠળ તા. ૧૬/૮/૧૯૮૮ નાં રોજ નોંધવામાં આવેલ. નિગમ દ્વારા કંપની તરીકેની કામગીરી તા.૦૧/૦૧/૧૯૮૯ થી શરૂ કરવામાં આવેલ.

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને, કુટુંબનાં આર્થિક વિકાસમાં ફાળો આપી શકે તે માટે વંશ પરંપરાગત ગૃહ ઉદ્યોગ સહિત રોજગારલક્ષી, વેપાર લક્ષી અને તાંત્રિક તાલીમ જરૂરીયાતવાલી મહિલાઓને આ તેમજ આવી તાલીમ લીધેલ મહિલાઓને ઉદ્યોગ કે વ્યવસાય શરૂ કરવા બેંકેબલ યોજના હેઠળ આવરી લઈ સહાયભૂત થાય છે.

તાજેતરમાં ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી વધુમાં વધુ મહિલાઓને રાજ્ય સરકારની તેમજ ભારત સરકારની યોજનાઓનો લાભ આપી શકાય તે હેતુને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૨-૨૩ માં ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ વિગતે યોજનાકીય પ્રવૃત્તિ અમલમાં મુકવાનું આયોજન વિચારેલ છે.

(૧) મહિલા સ્વાવલંબન યોજના

આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં ₹ ૧,૨૦,૦૦૦/- સુધીની તેમજ શહેરી વિસ્તારમાં ₹ ૧,૫૦,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબની મહિલાઓના આર્થિક વિકાસ માટે સહાય કરવામાં આવે છે, જે અંતર્ગત મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ માટે ₹ ૨૦૦૦૦૦/- (રૂપિયા બે લાખ) ની મર્યાદામાં લોન આપવા માટે બેંકોને મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ભલામણ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત લાભાર્થી મહિલાને પ્રોજેક્ટ કોસ્ટના ૧૫% અથવા મહત્તમ ₹ ૩૦,૦૦૦/- (રૂપિયા ત્રીસ હજાર) બન્ને માથી જે ઓછુ હોય તે મુજબ સબસીડી આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં તા.૩૦/૧૧/૨૦૨૧ અંતિત ૨૯૦ મહિલા લાભાર્થી લાભ આપવામાં આવેલ છે. તેમજ ₹ ૬૮.૪૦ લાખની સબસીડીની સહાય આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં અંદાજીત ૧૦૦૦ મહિલા લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જે માટે અંદાજપત્રમાં કુલ ₹ ૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) જનરલ તાલીમ યોજના

આ યોજનાનો મૂળભૂત હેતુ ગરીબી રેખા હેઠળની ૧૮ વર્ષથી વધુ કે ૫૦ વર્ષ સુધીની વયની જરૂરિયાતમંદ મહિલાઓને પરંપરાગત કે બીનપરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ માટે કૌશલ્ય વિકાસ તાલીમ આપવાનો છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં તા.૩૦/૧૧/૨૦૨૧ અંતિત ૦૫ તાલીમવર્ગોનું આયોજન કરેલ છે. જેમાં ૧૫૬ મહિલાઓને લાભ આપવામાં આવેલ છે. જેમાં ₹ ૧૪.૯૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં આ યોજના હેઠળ ૧૨૫ તાલીમ વર્ગોનું આયોજન કરવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે માટે ₹ ૧૩૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) મહિલા જાગૃતિ શિબિર :

મહિલા જાગૃતિ શિબિરનો ઉદ્દેશ મહિલાઓને વિવિધ વ્યવસાય, સરકારશ્રીની મહિલાઓને અનુલક્ષીને અમલમાં મુકાતી યોજનાઓ અને તેવી યોજનાઓ હેઠળ લાભ મેળવવા માટે અનુસરવાની નવી પદ્ધતિ અંગે આવી શિબિરોમાં જાણકારી આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં તા.૨૦/૧૨/૨૦૨૧ અંતિત ૫૫ મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૩૩૭૬ મહિલાઓને લાભ આપવામાં આવેલ છે. જેમાં ₹ ૨૩.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ૭૫ મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જે માટે ₹ ૧૫.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ૨૨,૫૦૦ મહિલા લાભાર્થીઓને આવરી લેવાનો ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

(૪) પ્રદર્શન - સહ - વેચાણ :

મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવા દર વર્ષે રાજ્યમાં વેચાણની ક્ષમતાવાળા શહેરોમાં પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાં આવે છે, જેમાં આવી મહિલાઓને સ્ટોલ ટોકન ફી લઈને ફાળવવામાં આવે છે જેથી મહિલાઓને ન્યુનતમ ખર્ચે વેચવાની તક મળે છે. અને લાંબાગાળાની વેચાણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાનો

INDEX

અનુભવ મળે છે. (આ યોજના અંતર્ગત http://mela.gwedc.gov.in/ વેબસાઈટ મારફતે ઓન લાઈન પ્રક્રિયા દ્વારા સ્ટોલ ફાળવવાની તમામ કામગીરી કરવામા આવે છે.)

વર્ષ ૨૦૨૧-૨૨ માં તા.૨૦/૧૨/૨૦૨૧ અંતિત ૬ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૫૪૫ મહિલા ઉદ્યમીઓને લાભ આપવામાં આવેલ છે. જેમાં ₹ ૨૯૭.૫૮ લાખનું વેચાણ થયેલ છે. જેમાં ₹ ૮૮.૭૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ૧૬ પ્રદર્શન સહ વેચાણ મેળા યોજવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે માટે કુલ ₹ ૬૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૫) ન્યુકલીયસ બજેટ :

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ચાલુ યોજનાઓમાં સમાવેશ થયેલ ન હોય તેવી યોજનાકીય બાબતો માટે કુલ ₹ ૧૦/- લાખની નાણાંકીય જોગવાઈ સૂચવેલ છે.

(૬) નિગમની યોજનાકીય પ્રવૃત્તિઓનો પ્રચાર-પ્રસાર :

નિગમની મહિલા કલ્યાણકારી યોજનાઓની વિગતો/માહિતીઓ જાણકારી આપવા તથા રાજ્યની મહિલાઓમાં સામાજીક જાગૃતિ લાવવાનાં ઉદ્દેશ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં તા.૨૦/૧૨/૨૦૨૧ અંતિત ₹ ૧૧.૪૯ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૬૦/- લાખની બજેટ જોગવાઈ કરવાનું આયોજન કરેલ છે.

નિગમે સદર કામગીરીઓ બોર્ડ, હોર્ડીંગ્સ, રેડિયો-ટી.વી. જેવા વિજાણુ પ્રચાર માધ્યમો મારફતે કરવાનું આયોજન કરેલ છે.

(૭) પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવતી મહિલાઓ :

નિગમ દ્વારા આ યોજના માટે સને ૨૦૨૨-૨૩ માં ₹ ૧.૦૦ લાખની ટોકન જોગવાઈ કરવાનું સૂચવેલ છે.

ગુજરાત રાજ્ય મહિલા આયોગની કામગીરી

પ્રવૃત્તિની રૂપરેખા ૨૦૨૨-૨૩

ગુજરાત રાજ્ય મહિલા આયોગ અધિનિયમ, ૨૦૦૨ અંતર્ગત ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના કરવામાં આવેલ છે. ગુજરાતમાં રાજ્ય મહિલા આયોગની શરૂઆત માર્ચ ૨૦૦૫ થી થયેલ છે. તેનો આશય મહિલાઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક વિકાસનો છે. અધિનિયમ હેઠળ રાજ્ય મહિલા આયોગ તરફથી અર્ધન્યાયીક પ્રક્રિયાથી મહિલાઓને થતા અન્યાય અંગે કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્ય મહિલા આયોગના હોદ્દેદારો માન.અધ્યક્ષા ઉપરાંત (4) ચાર બિનસરકારી સભ્યો, હોદ્દાની રીતે નિમાયેલ ૭ પદાધિકારીઓ અને આયોગના સભ્ય સચિવનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય મહિલા આયોગની કચેરી તા.૨૮/૦૩/૨૦૦૫ થી કાર્યન્વિત થયેલ છે.

ગુજરાત રાજ્ય મહિલા આયોગ ૨૦૦૫થી કાર્યરત છે. ત્યારથી ગયા વર્ષ ૨૦૨૦-૨૧ ની પેન્ડીગ અરજી ની ૫૮૭ તથા ચાલુ વર્ષે ૨૦૨૨-૨૩ ની ૨૩૦૭ અરજીઓ મળેલ છે. તે પૈકી ૨૩૯૩ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. આયોગ ખાતે ચાલુ વર્ષે ૯૮ સુનાવણી થયેલ છે જેમાં ૬૭૬ કેસોની સુનાવણી કરવામાં આવેલ છે.

મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ/ શિબિર :

ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા જે તે જિલ્લાઓમાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટાયેલ મહિલા લોક પ્રતિનિધિઓ/ સરપંચને મહિલાઓ અંગે કાયદાની જાણકારી માટે કાયદાકીય શિબિરોનું આયોજન પણ કરવામાં આવે છે. જે અંતર્ગત સને ૨૦૨૦-૨૧ માં ૨ જિલ્લાઓમાં ૨ કાયદાકીય જાગૃતિ શિબિર યોજવામાં આવેલ છે. જેમાં અંદાજીત ૪૦૦ જેટલી મહિલા ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓને કાયદાકીય જાણકારી આપવામાં આવેલ છે. બાકી રહેતા જિલ્લાઓ ૨૦૨૧-૨૨ માં શિબિર યોજવા આયોજન કરવામાં આવેલ છે.

નારી સંમેલન :

સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ નારી અદાલત યોજનાની વિસ્તૃત જાણકારી અર્થે આયોગ તરફથી નારી સંમેલનો યોજવામાં આવે છે. નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧માં ૨૨ નારી સંમેલન કરવામાં આવેલ છે. જેમાં ૪૪૦૦ હજાર જેટલી બહેનોએ ભાગ લીધેલ છે.

નારી અદાલત :

નારી અદાલત બહેનો માટે, બહેનો દ્વારા ચલાવવામાં આવતી, ન્યાય પ્રાણાલી છે. બહેનોને ઘર આંગણે પોતાના પ્રશ્નો કોર્ટમાં ગયા વિના નિરાકરણ લાવવાની તક પુરી પાડે છે. તેમજ બહેનોને ઓછા ખર્ચે ઝડપી, તટસ્થતાથી અને આત્મસન્માન સાથે ન્યાય મળે છે. રાજ્યમાં હાલમાં કુલ ૨૭૦ નારી અદાલતો કાર્યરત છે.

યુનિર્વસીટી સેમીનાર :

નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૨ માં ડીસેમ્બર સુધીમાં આયોગ દ્વારા ૫ યુનિર્વસીટીઓમાં સેમીનાર યોજવા માટે આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં બિનનિવાસી ભારતીય સાથે લગ્ન કરતી બહેનોની સમસ્યાઓનો વિકટ પ્રશ્ન છે. આથી મહિલા આયોગમાં ઓગષ્ટ ૨૦૦૮ થી NRI CELL ની સ્થાપના કરવામાં આવી છે. તેમના પ્રશ્નોના નિકાલ માટે રાષ્ટ્રીય મહિલા આયોગ/ભારત સરકારના પરામર્શમાં રહી કામગીરી કરવામાં આવે છે.

સોશ્યલ કાઉન્સીલર :

ગુજરાત રાજ્ય મહિલા આયોગમાં સોશ્યલ કાઉન્સીલરની જગ્યા મંજૂર કરવામાં આવી છે. તેઓ બહેનોને તેમના સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન અને કાયદાકીય જાણકારી આપે છે.

આયોગમાં ૧૮૦૦-૨૩૩-૧૧૧૧ ટોલ ફ્રી ફોન કાર્યરત છે.

વધુમાં ઉપરોક્ત બાબતો માટે, ગુજરાત રાજ્ય મહિલા આયોગની સ્થાપના મુખ્યસદર : ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૨૫ સદરે વર્ષ : ૨૦૨૧-૨૨ માં ₹ ૨૦૦.૪૮ લાખની જોગવાઈ કરેલ છે. તથા વર્ષ ૨૦૨૨-૨૩માટે ₹ ૨૨૩.૩૦ લાખની જોગવાઈ કરેલ છે.

વધુમાં નારી અદાલત માટે સદર:૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૩૧ સદરે વર્ષ : ૨૦૨૧-૨૨ માં ₹ ૬૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૫૭૦.૨૫ લાખની જોગવાઈ કરેલ છે.

INDEX

જેન્ડર રિસોર્સ સેન્ટર

ક્ષમતાવર્ધન

- જીઆરસી દ્વારા વિવિધ હિતધારકોને, સમાજમાં પ્રવર્તમાન સ્ત્રી જાતિ અને પુરુષ જાતિ વચ્ચેના ભેદભાવો, મહિલાઓ પર થતી હિંસા વિષયે સંવેદનશીલ બનાવવા તેમજ મહિલા સશક્તિકરણ અંગેના વિવિધ વિષયે તાલીમ કેલેન્ડર તૈયાર કરી ઘનિષ્ઠ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવશે.

જેન્ડર એન્ડ ડેવલોપમેન્ટ તાલીમ મોડ્યુલ

- રાજ્યના વિવિધ વિભાગો અંતર્ગત કાર્યરત તાલીમ સંસ્થાનો દ્વારા જેન્ડર અંગે આપવામાં આવતી તાલીમોમાં એકસુત્રતા જળવાય તેમજ "જેન્ડર એન્ડ ડેવેલોપમેન્ટ" અંગે નીતિ ઘડનાર, આયોજકો, અમલકર્તા તેમજ અન્ય હિતધારકોની તાલીમ પરિમાણોમાં સમાવેશ કરવામાં આવશે.

માસિક પ્રક્રિયા અંગે જાગૃત્તિકરણ અને ભેદભાવોના અટકાવ અંગેની માર્ગદર્શિકા

- માસિકચક્રના કારણે થતા ભેદભાવ અટકાવ અંગેની માર્ગદર્શિકાનું અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. જેથી માસિકચક્ર દરમ્યાન કામ કરતી મહિલાઓને સુરક્ષિત, સલામત, સ્વચ્છ અને સંકોચ મુક્ત વાતાવરણ મળી શકે. આ માર્ગદર્શિકાના અંગે પ્રચાર પ્રસાર કરવામાં આવશે.

વિવિધક્ષેત્રમાં પ્રથમ સ્થાન મેળવેલ મહિલાઓની કોફી ટેબલ બુક

- સ્ત્રીઓની શક્તિઓને ઓળખી, વિભિન્ન ક્ષેત્ર સાથે જોડાયેલ મહિલાઓની ઓળખ કરાવવી અને યુવતિઓ, કિશોરીઓ અને મહિલાઓને પ્રેરણા મળે તે આશયથી "શક્તિ રૂપેણ સંસ્થિતા " ગુજરાતની પ્રથમ મહિલા શક્તિઓની સ્મરણીકા બુક તૈયાર કરેલ છે. આ બુકલેટનું અનાવરણ કરવામાં આવશે.

જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ (જીઆરબી)

- જીઆરસી દ્વારા રાજ્ય સરકારના વર્ષ તમામ વિભાગોના બજેટનું વિશ્લેષણ કરી મહિલાઓ માટે કરેલ જોગવાઈઓની માહિતી દર્શાવતું વર્ષ ૨૦૨૨-૨૩નું "જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ" તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવશે.

નારી ગૌરવ નીતિ

- મહિલાઓના સર્વાંગી વિકાસ માટે ઘડાયેલ "નારી ગૌરવ નીતિ- ૨૦૦૬" નું પુન:ગઠન કરવામાં આવશે.

મહિલાલક્ષી કાયદાના અમલીકરણમાં સહયોગ

- કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ-૨૦૧૩ અન્વયે તકનીકી સહાય આપવામાં આવશે .

સંશોધન

- મહિલાલક્ષી વિવિધ મુદ્દાઓ અંગે સંશોધનની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ, અમદાવાદ

રાજ્ય બોર્ડની પૂર્વભૂમિકા

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી મહિલાઓ અને બાળકોના સામાજીક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે મૌલિક અભિગમથી રસ લઈને કામ થાય તે માટે ભારત સરકાર દ્વારા દુર્ગાબાઈ દેશમુખના અધ્યક્ષપદે કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડની સને ૧૯૫૩ માં સ્થાપના કરવામાં આવી. દેશના દરેક રાજ્યના ખૂણે ખૂણે આ પ્રવૃત્તિનો વ્યાપ પહોંચાડવા માટે કેન્દ્રીય બોર્ડ, નવી દિલ્હી દ્વારા દરેક રાજ્યમાં રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડની સ્થાપના કરવામાં આવી. સને ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની રચના થતાં તે જ સમયે ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

હાલમાં રાજ્ય બોર્ડ કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડના કાયક્રમોનો અમલ કરે છે, જે નીચે મુજબ છે. જેની ૧૦૦ ટકા ગ્રાન્ટ કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ, નવી દિલ્હી આપે છે. કેન્દ્રીય બોર્ડ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળ કામ કરે છે.

(૧) કુટુંબ સલાહ કેન્દ્ર

મહિલાઓ પરના અત્યાચારો તથા ગુનાઓનું વધતું પ્રમાણ એ એક ગંભીર ચિંતાનો વિષય છે. મોટાભાગની સમસ્યાઓ કુટુંબ સાથે સંબંધિત છે. આ સમસ્યાઓ પતિ સાથેના લગ્નજીવનમાં મતભેદ, ક્રૂરતા અથવા દહેજની માંગ કે પછી કૌટુંબિક અસમાયોજનને કારણે ઉત્પન્ન થાય છે. સામાજીક રચનાને ટકાવી રાખવા તથા કુટુંબને વિચ્છિન્ન થતાં અટકાવવા માટે એ જરૂરી છે કે કુટુંબ સલાહ કેન્દ્રોની સેવાઓને સક્રિય બનાવવામાં આવે. આ હેતુથી કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડે, ૧૯૮૪ થી કુટુંબ સલાહ કેન્દ્રની યોજના અમલમાં મૂકી છે. પારીવારીક પ્રશ્નો લઈ આવતા પરીવારજનોને પરામર્શ દ્વારા પ્રશ્નો ઉકેલવામાં સહાય કરવામાં આવે છે. એક કુટુંબ સલાહ કેન્દ્ર માટે ₹ ૨,૮૮,૦૦૦/- (બજેટના ૯૦ % મુજબ) નું અનુદાન સંસ્થાને કેન્દ્રીય બોર્ડ, નવી દિલ્હી દ્વારા મંજુર કરવામાં આવે છે.

આ ઉપરાંત વ્યવસાયિક તાલીમ અને રોજગારી સંબંધી મદદ તથા સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સાથે સાથે આ કાઉન્સેલરો દ્વારા ગામડામાં મહિલા જાગૃતિ મીટીંગોનું પણ આયોજન કરવામાં આવે છે.

૨૫. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

નિયામકશ્રી આઇ.સી.ટી.અને ઇ-ગવર્નન્સની કચેરી

- રાજ્ય સરકારના વિભાગો, ખાતાના વડાઓ અને જિલ્લા કચેરીઓનાં અધિકારીઓને આઈ.ટી. બાબતે યોગ્ય સહાય પૂરી પાડવા વર્ષ -૨૦૧૫ માં આ વિભાગ હેઠળની ખાતાના વડાની કચેરી ડાયરેક્ટરેટ ઓફ આઈ.સી.ટી. એન્ડ ઈ-ગવર્નન્સની રચના કરી તેમાં આઇ.ટી. ક્ષેત્રના નિષ્ણાંત અધિકારીઓની વિવિધ કેડર ઉભી કરવામાં આવી છે.
- આ ઉપરાંત આઈ.ટી પોલીસી (૨૦૧૬-૨૧), ઈલેક્ટ્રોનિક્સ પોલીસી (૨૦૧૬-૨૧) અને સ્ટાર્ટઅપ પોલિસી (૨૦૧૬-૨૧) નું અમલીકરણ પણ આ કચેરી દ્વારા કરવામાં આવે છે. આ નીતિનો હેતુ રાજ્યમાં આઈ.ટી. અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં રોકાણ વધે, આઈ.ટી. પ્રોડક્ટ્સ અને સર્વિસની નિકાસમાં વધારો થાય અને આઈ.ટી. અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં રોજગારી વધારવાનો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સાયબર સિક્યુરીટી પોલિસી, સિકયુરીટી ઓપરેશન સેન્ટર, ગુજરાત સ્ટેટ ઈલેકટ્રોનીક મિશનની જોગવાઈ કરવામાં આવી છે
- આઈ.ટી પોલીસી (૨૦૧૬-૨૧), ઈલેક્ટ્રોનિક્સ પોલીસી (૨૦૧૬-૨૧) અને સ્ટાર્ટઅપ પોલિસી (૨૦૧૬-૨૧)નું અમલીકરણ પણ આ કચેરી દ્વારા કરવામાં આવે છે. આઈ.ટી પોલીસી (૨૦૨૧-૨૬), ઈલેક્ટ્રોનિક્સ પોલીસી (૨૦૦૧-૨૬) અને આઈ.ટી અને ઈલેક્ટ્રોનિક્સ સ્ટાર્ટઅપ પોલિસી (૨૦૨૧-૨૬ ભવિષ્યમાં નવા વર્ષે શરુ થવાનો અંદાજ છે)આ નીતિનો હેતુ રાજ્યમાં આઈ.ટી. અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં રોકાણ વધે, આઈ.ટી. પ્રોડક્ટ્સ અને સર્વિસની નિકાસ વધારો થાય અને આઈ.ટી. અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં રોજગારી વધારવાનો છે.

ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડ(GIL)

♦ ડિજિટલ ગુજરાત પોર્ટલ (કોમન સર્વિસ પોર્ટલ)

- રાજ્યના નાગરિકોને એકજ પોર્ટલ દ્વારા દરેક વિભાગની નાગરિકલક્ષી સેવાઓ ઘરે બેઠા મળી રહે તે હેતુથી ડીજીટલ ગુજરાત પોર્ટલ કાર્યરત છે. જેમાં વિવિધ વિભાગો જેવા કે મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, શિક્ષણ વિભાગ, પંચાયત વિભાગની સેવાઓ ઉપલબ્ધ છે. રાજ્યમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ (કોમન સર્વિસ પોર્ટલ) ના માધ્યમથી ૧૧૮ જેટલી સરકારી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.
- ૪૧ જેટલી સેવાઓની મોબાઇલ ઍપ્લિકેશન પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- હાલમાં એક દિવસીય e-Governance સેવાઓ જેવી કે આવક પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, રેશનકાર્ડ વગેરેને લગતી વિવિધ સેવાઓ પોર્ટલ પર ઉપલબ્ધ છે, જેનો લાભ નાગરિકો લઈ રહેલ છે.

♦ ઈ-સરકાર એપ્લિકેશન

- અસરકારક, કાર્યક્ષમ અને પારદર્શક શાસન માટે કોમ્પ્યુટરાઈઝ્ડ અને ઓટોમેટેડ પ્રક્રિયા બનાવવા માટે ગુજરાત સરકાર ઈ-સરકાર એપ્લિકેશન લોન્ચ કરેલ છે. ઈ- સરકાર સોફ્ટવેરને લેટેસ્ટ ટેક્નોલોજી સાથે ડેવલપ કરવામાં આવ્યું છે. આ એપ્લિકેશન ગુણવત્તાયુક્ત નિર્ણયો લેવાની પ્રક્રિયાને પણ ઝડપી બનાવશે.
- ઈ- સરકાર એપ્લિકેશનનો અમલ સચિવાલય/ખાતાના વડા/ બોર્ડ/ કોર્પોરેશન અને ગુજરાત સરકારની અન્ય મહત્વપૂર્ણ કચેરીઓમાં તબક્કાવાર અમલીકરણ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં, સચિવાલયના તમામ વિભાગો/ખાતાના વડા/ બોર્ડ/ કોર્પોરેશન તથા બીજ તબક્કા કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી અને અન્ય જિલ્લા અને તાલુકા સ્તરની કચેરીઓને આવરી લેવામાં આવશે.
- ઈ- સરકાર એપ્લિકેશનના માધ્યમથી ગુજરાતના તમામ નાગરિકો સરળતાપૂર્વક અધિકારીઓની નિમણૂંક લેવા, RTI અરજી ફાઈલ કરવા અને સંબંધિત કચેરીમાં તેમની ફરિયાદો રજૂ કરી શકશે.

♦ ડિજિટલ સેવા સેતુ

- વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ દ્વારા જિલ્લા અને તાલુકા કક્ષાએ પુરી પડાતી સરકારી સેવાઓ ને ઈ-ગ્રામ કેન્દ્રો દ્વારા ગ્રામ્ય કક્ષાએ વિસ્તૃત કરવા ડિજિટલ સેવા-સેતુ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો છે.
- ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ ૨૦૨૦થી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. આજની તારીખમાં, ડિજિટલ સેવા સેતુ દ્વારા 65 લાખથી વધુ અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવી છે. હાલમાં, ૧૪૦૦૦ થી વધુ ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવા સેતુ પહેલ હેઠળ 276 સેવાઓ અમલમાં છે.

INDEX

♦ ઈ-વિધાન એપ્લિકેશન (નેવા)

- ઈ-વિધાન એપ્લિકેશન (નેવા) નો ઉદ્દેશ ગુજરાત વિધાનસભાની કામગીરી જેવી કે કાર્યવાહીના નિયમો, વ્યવસાયની સૂચિ, તારાંકિત/અતારાંકિત પ્રશ્નો અને જવાબો, બીલ પ્રોસેસીંગ, વાર્ષિક અહેવાલો, સમિતિ રિપોર્ટ, હાઉસ ઓફ પ્રોસીડીંગ્સ, કાર્યવાહીના સારાંશ, કેલેન્ડર અને એમએલએ ને લગતી બાબતો, સમાચાર અને પ્રેસ રિલીઝ અને સંદર્ભ સામગ્રી વગેરે ઓનલાઈન કરવાનો છે.
- ઈ-વિધાન એપ્લિકેશન (નેવા) ના અમલીકરણ માટે ગુજરાત વિધાનસભા, વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ તથા સંસદીય બાબતોનું મંત્રાલય, ભારત સરકાર વચ્ચે એમ.ઓ.યુ થયેલ છે.
- ઈ-વિધાન એપ્લિકેશનનો પ્રોજેક્ટ રીપોર્ટ, સંસદીય બાબતોનું મંત્રાલય, ભારત સરકાર તરફથી મંજૂરી મળે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

♦ ઈ-સાઈન અને ઈ-સીલ

- ઈ-સાઈન અને ઈ-સીલ સોલ્યુશન કોઈપણ ટોકન-આધારિત હસ્તાક્ષર સેવાની જરૂરિયાત વિના ડિજિટલ હસ્તાક્ષરિત અને સીલબંધ દસ્તાવેજો જારી કરવા માટે વિભાગ/હોડી/બોર્ડ/નિગમોને સુવિધા આપશે.
- ઈ-સાઈન અને ઈ-સીલ ના અમલીકરણ માટે ૧૦ વિભાગોમાં એનરોલમેંટની પ્રક્રિયા હાથ ધારવામાં આવેલ છે. રેવન્યુ વિભાગ દ્વારા IORA પોર્ટલ પરથી ઈ-સીલ થયેલ ૭/૧૨ અને ૮- અ ની નકલો નાગરીકો દ્વારા મેળવી શકાય છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં ઈ-સાઈન અને ઈ-સીલની સેવાનો ઊપયોગ ઈ-સરકાર એપ્લીકેશન અને અન્ય વિભાગોના સર્વિસ પોર્ટલમાં કરવામાં આવશે.

♦ ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક (GSWAN)

- જીસ્વાનના નેટવર્કના માધ્યમથી સ્ટેટથી જિલ્લા લેવલની કચેરીઓને ૫૦૦/૨૫૦ એમબીપીએસ તથા તાલુકા લેવલની કચેરીઓને ૧૦૦/૨૦૦ એમબીપીએસની બેન્ડવીથ થી જોડવામાં આવેલ છે.
- આ નેટવર્કના ઉપયોગથી સરકારના વિભાગો જિલ્લા અને તાલુકા કક્ષાની ફિલ્ડની ૬૦૦૦ કચેરીઓ ખાતે ડેટા કોમ્યુનિકેશન, વોઈસ કોમ્યુનિકેશન તેમજ વીડિયો કોન્ફરન્સીંગની સગવડ આપવામાં આવે છે.
- જીસ્વાન પ્રોજેકટ અન્વયે જિલ્લા કક્ષાની કલેકટર ઓફિસ, જિલ્લા વિકાસ અધિકારીઓની ઓફિસ, જિલ્લા પોલીસ અધિકારી ઓફિસ તેમજ તાલુકા મામલદાર કચેરીએ મામલતદાર ઓફિસમાં હાઈ ડેફીનેશન વિડીયો કોન્ફરન્સીંગ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- જીસ્વાન માધ્યમથી અંદાજીત ૪૮ હજારથી વધુ સરકારી કર્મચારીઓને ઈ-મેઈલની તેમજ ઈન્ટરનેટ વાપરવાની સુવિધા પણ આપવામાં આવી છે. જેનું મોનીટરીંગ પણ કરવામાં આવે છે

♦ ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર (GSDC)

- ગુજરાત રાજ્ય ડેટા સેન્ટર (GSDC) ૨૦૧૦થી કાર્યરત છે. તે રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ યોજના હેઠળ અમલમાં મુકાયેલ ભારતમાં પ્રથમ સ્ટેટ ડેટા સેન્ટર છે. GSDC એ તમામ ડીઝીટલ ડેટા, એપ્લિકેશન અને રાજ્ય સરકારની સેવાઓનો સંગ્રહ ધરાવતો મુખ્ય માહિતી ભંડાર સ્ત્રોત છે. GSDC ગણતરી માટે, માહિતી સંગ્રહ માટે, નેટવર્ક અને સલામતી અને માળખાકીય ઘટકો ધરાવતું પ્લેટફોર્મ પૂરું પડે છે. જેનો રાજ્ય સરકારના તમામ વિભાગો દ્વારા તેમના ઈલેક્ટ્રોનિક ડેટા/સેવાઓની જરૂરિયાત મુજબ ઉપયોગ કરવામાં આવે છે.
- વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં કલાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું. જેની કેપેસીટી ૪૦૦૦ કોર જેટલો ટોટલ કોમ્પ્યુટર પાવર છે. જેથી તમામ વિભાગની જુદી-જુદી એપ્લીકેશન આ કલાઉડમા એક જ જગ્યાએ સેંટ્રલાઈજ સિક્યોર એનવાયરમેન્ટમાં રહી શકે છે.

♦ અર્બન વાઈ-ફાઈ પ્રોજેકટ

- વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં અર્બન વાઈ-ફાઈ પ્રોજેકટ હેઠળ ૫૫ શહેરોના ૩૨૩ જાહેર સ્થળો જેવા કે એસ. ટી. બસ સ્ટેન્ડ, સિવિલ હોસ્પિટલ, જિલ્લા અદાલત, મામલતદાર ઓફિસ, નગર પાલિકા, પુસ્તકાલયો અને તાલુકા કચેરીઓમા મફત ઈન્ટરનેટ સેવાઓ આપવામા આવે છે. જેનો લાભ નાગરિકો નિ:શુલ્ક લઈ શકે છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી(GUJCOST)

- ભુજ, રાજકોટ, ભાવનગર, પાટણ અને વડોદરા ખાતે વિકસિત ૫ પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝીયમ(આરએસએમ)ની સ્થાપના અને વિકાસ ગુજકોસ્ટ દ્વારા રાજ્યમાં રાજકોટ, પાટણ, ભાવનગર, અને ભુજ ખાતે પ્રાદેશિક વિજ્ઞાન સંગ્રહાલય (આરએસએમ)ના નિર્માણનું કાર્ય હાલ ચાલુ છે. જે વર્ષ ૨૦૨૧ના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

- પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝીયમ વડોદરાના બાંધકામ કાર્ય વર્ષ ૨૦૨૨-૨૩માં હાથ ધરવામાં આવનાર છે. આ પ્રાદેશિક વિજ્ઞાન સંગ્રહાલય બની રહેલ વિવિધ ગેલેરીઓ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર હશે. આ પ્રાદેશિક વિજ્ઞાન સંગ્રહાલયની ડિઝાઈન Science, Technology, Engineering & Mathematics નાં ક્ષેત્રને જ સંલગ્ન હશે.

- ઉપરોક્ત ચાર પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમ કુલ પ્રોજેક્ટ ખર્ચ = ₹ ૮૫.૦૦ કરોડ * ૪ = ₹ ૩૪૦.૦૦ કરોડ છે. જે પૈકી સપ્ટેમ્બર-૨૦૨૦ સુધીમાં ₹ ૧૯૯.૦૦ કરોડનું ચુકવણું કામની પ્રગતી અનુસાર કરી દેવામાં આવેલ છે. આમ ૪ આર.એસ.એમ ₹ ૧૪૧.૦૦ કરોડનું ચુકવણા કરવાનું બાકી છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટ માંથી ₹ ૫૦ કરોડ તથા ગુજકોસ્ટને આગામી બજેટ માંથી ૪ આરએસએમના નિર્માણ અને વિકાસ માટે ફાળવવામાં આવેલ રકમ જે જીએસએફસીમાં જમા કરાવેલ છે તેના ભંડોળમાંથી ઓકટોબર-૨૦૨૧ અંતીત ૪ આરએસએમ માટે જમા કરેલ ફંડ ₹ ૬૭.૩૧ કરોડમાંથી ચુકવવામાં આવશે. આમ કુલ ગુજકોસ્ટ પાસે ૪ આર.એસ.એમ પ્રોજેકટ માટે કુલ ₹ ૧૧૭.૩૦ કરોડ ફંડ જોગવાઈ છે. જેથી ૪ પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમના ચુકવાણા માટે રકમ ₹ ૨૩.૭૦ કરોડ (₹ ૧૪૧.૦૦ કરોડ- ₹ ૧૧૭.૩૦ કરોડ) ની બજેટ જોગવાઈ સને ૨૦૨૨-૨૩ માટે કરવાની રહે છે.

- ગુજકોસ્ટ કચેરીને સને દ્વારા સને ૨૦૧૦-૧૧ ના બજેટમાં રાજ્યમાં વડોદરા જિલ્લા ખાતે પણ પ્રાદેશીક વિજ્ઞાન મ્યુઝિયમ બનાવવાની મંજુરી આપવામાં આવેલ હતી. પરંતુ પ્રાદેશીક વિજ્ઞાન મ્યુઝિયમ માટે જમીન ન મળવાથી તેની નિમાર્ણ પ્રકીયા શરૂ થઈ શકેલ ન હતી. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ અને ગુજકોસ્ટ કચેરી વડોદરા ખાતે પ્રાદેશીક વિજ્ઞાન મ્યુઝિયમ સ્થાપવા માટે જમીન ઉપલબધ્ધ થાય માટે સતત વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશન તથા કલેકટર કચેરી સાથે

- પત્રવ્યવહાર તમજ રૂબરૂ મુલાકત લીધેલ છે. આ અંગે વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશન માર્ચ-૨૦૨૨ સુધીમાં જમીનની ફાળવણી કરવામાં આવશે. જેથી વડોદરા પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમની નિમાર્ણ કાર્યની શરૂઆત સને ૨૦૨૨-૨૩ માં શરૂ થશે. વડોદરા પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમની અંદાજે ₹ ૧૦૦ કરોડ ખર્ચે નિમાર્ણ પામશે. જે પૈકી વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦ કરોડની બજેટ જોગવાઈ કરવાની થાય છે.

(૨) પ્રાંતિજ, સાબરકાંઠા જિલ્લા ખાતે કર્કવૃત્ત નિદર્શન સાયન્સ પાર્કનું નિર્માણ

- કર્કવૃત ક્ષેત્રેનું ભૌગોલીક મહત્વ વિશે જાગૃતિ અને સમજણ મેળવવા તેમજ સ્થળને એક સંશોધન બિંદુ તરીકે વિકસાવવા માટે, સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર હાઈવે પર આવેલ ગામ સલાલ ખાતે ૫૯૩૦ ચોરસ મીટરના ક્ષેત્રમાં સાયન્સ પાર્કના વિષયની રચના અને વિકાસ કરવાનો પ્રસ્તાવ ગુજકોસ્ટ કચેરી દ્વારા મુકવામાં આવેલ હતો.

- કર્કવૃત નિદર્શનનું મહત્વ અને સમજ ફેલાવવાની જરૂરિયાતને ધ્યાનમાં લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગુજરાતના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગને 5930 ચોરસ મીટર જમીનની તબદીલ કરવામાં આવી હતી.

- ઉપરોક્ત બાબત અંગે ગુજકોસ્ટ કચેરી દ્વારા સને ૨૦૨૧-૨૨ માં નવી બાબત અંગેની કુલ ₹ ૨૫૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે પૈકી ₹ ૫૦ લાખની ફાળવણી સને ૨૦૨૧-૨૨ માં મંજુર કરવામાં આવેલ હતી. ગુજકોસ્ટ કચેરી દ્વારા સને આ અંગે ઓકટોબર-૨૧ સુધીમાં ડીઝાઈન અને સુપરવીઝન એજન્સીની નિમણૂંક કરી દીધી છે અને ડીસેમ્બર-૨૧ સુધીમાં કન્સ્ટ્રક્શન, નિર્માણ અને નિભાવ એજન્સીની પણ ટેન્ડર પ્રકીયા દ્વારા પસંદગી કરી જાન્યુ-૨૨ માં નિર્માણ પ્રકીયા શરૂ કરવામાં આવશે.

(૩) રાજ્યમાં લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના અને વિકાસ(૩૧ લોક વિજ્ઞાન કેન્દ્રો)

- બાળકો અને વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન તરફ અભિરૂચિ વધે, વૈજ્ઞાનિક મનોવલણ કેળવાય તથા જનસમુદાયમાં વૈજ્ઞાનિક વિચારધારાનો વિકાસ થાય તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગનો પ્રચાર અને પ્રસાર થાય તે હેતુને ધ્યાનમાં લઈને લોકવિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં રાજ્યના ૩૧ જિલ્લાઓમાં સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં દર વર્ષે જિલ્લા સ્તરના કેન્દ્રને ₹ ૭.૫૦ લાખ અને પ્રાદેશિકસ્તરના કેન્દ્રને ₹ ૧૦.૦૦ લાખની વાર્ષિક ગ્રાન્ટ આપવામાં આવે છે.

- ગુજકોસ્ટ દ્વારા દરેક જિલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. વર્ષે ૨૦૨૦-૨૧ માં, ગુજકોસ્ટનાં જિલ્લા મથકે આવેલા ૩૧ લોક વિજ્ઞાન કેન્દ્રો દ્વારા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનાં ક્ષેત્રોમાં અંદાજીત ૧૦,૨૦૮ કાર્યક્રમો/પ્રવૃત્તિઓ કરેલ છે. જેમાં અંદાજીત ૧૩,૯૭,૦૮૭ લાખ વિદ્યાર્થીઓ, શિક્ષકો, ખેડુતો, મહિલાઓ વગેરેએ ભાગ લીધેલ હતો.

INDEX

- જિલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના અને વિકાસ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ₹ ૩૫૦.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

(૪) ગુજરાત કિશોર વૈજ્ઞાનીક પ્રોત્સાહન યોજના(GKPVY)

- મૂળભૂત વિજ્ઞાનનો અભ્યાસ કરતા ગુજરાતના વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં સંશોધન કારકિર્દી બનાવવા પ્રોત્સાહિત કરવા ૨૦૨૧મા ગુજરાત કિશોર પ્રોત્સાહન યોજના(GKPVY), ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ અને ટેક્નોલોજી, ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામા આવેલ છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ પ્રતિભાશાળી અને પ્રેરિત વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે ઓળખવા અને પ્રોત્સાહિત કરવાનો છે. લાખની બજેટ મંજુરી આપવામાં આવેલ છે.

- આ યોજના અંતર્ગત ૧૧માં ધોરણમાં (વિજ્ઞાન પ્રવાહ) માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ અને દસમાં ધોરણ બોર્ડમાં મેથેમેટિક્સ અને વિજ્ઞાન વિષયમાં ઓછામાં ઓછા 75% (એસસી / એસટી / પીડબ્લ્યુડી માટે 65%) માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. આ પરિક્ષામાં વધુ ગુણ મેળવનાર પ્રથમ ૪૦ વિદ્યાર્થીઓને (બે વર્ષ ૧૧ અને ૧૨ માટે) ₹ ૫૦૦૦/ - વિદ્યાર્થી દીઠ, દર મહિને, બે વર્ષ માટે + આકસ્મિક ગ્રાન્ટ(૧૦,૦૦૦ / - દર વર્ષે) ગુજકોસ્ટ કચેરી દ્વારા સ્કોલરશીપ આપવામાં આવશે.

- આ યોજના અંતર્ગત સાયન્સ પ્રવાહ સાથે જોડાયેલા ગ્રેજ્યુએટ કોર્ષ જેવાં કે બી.એસ.સી. ફીઝીક્સ/ કેમેસ્ટ્રી/ બાયોલોજી/ મેથ્સ માં પ્રવેશ લીધેલ હોય અને ધોરણ ૧૨ માં ૭૫% ગુણ (૬૫% SC/ST) માટે વિષય ફીઝીક્સ, મેથેમેટીક્સ, બાયોલોજી, કેમેસ્ટ્રી સાથે મેળવેલ હોય તે સ્પર્ધાત્મક કસોટી આપવા માટે લાયક રહેશે. આ પરિક્ષામાં વધુ ગુણ મેળવનાર પ્રથમ ૪૦ વિદ્યાર્થીઓને ₹ ૧૦,૦૦૦/- દર મહિને વિદ્યાર્થી દીઠ ત્રણ વર્ષ માટે + આકસ્મિક ગ્રાન્ટ (૨૦,૦૦૦/- દર વર્ષે) ની સ્કોલરશીપ આપવામાં આવશે.

- આ ઉપરાંત આ યોજના અમલીકરણ માટે દેખરેખ, સુવિધાઓ, માળખાગત સુવિધાઓ, કાગળ મૂલ્યાંકન વગેરે સહિત પરીક્ષા કેન્દ્રો માટેની ચુકવણી માટેનો ખર્ચ તથા સંસાધન વ્યક્તિઓ ટી.એ. / ડી.એ., સન્માનપત્રક, તાલીમ સામગ્રી, પ્રમાણપત્રો, સભાઓ વગેરે માટે ખર્ચની જોગવાઈ કરવાની રહે છે.

(૫) રાજ્યમાં સેમિનાર / સિમ્પોઝિયા / વર્કશોપ / કોન્ફરન્સ / તાલીમ કાર્યક્રમ / એસટીઆઈના કટીંગ એજ પરના પ્રદર્શનો માટે સંસ્થાઓ/ વિવિધ યુનિવર્સિટીના વિભાગોને નાણાંકીય સહાય

- વિકાસ પામી રહેલા વિસ્તારોમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીને ઉત્તેજન આપવા માટે વિવિધ વિજ્ઞાન સંસ્થાઓ, એન્જીનીયરીંગ, ફાર્મસી યુનિવર્સિટીઓ અને વિભાગો તરફથી વિજ્ઞાન અને ટેક્નોલોજીને લગતા વિવિધ વિષયો પર ચર્ચાસભાઓ, તાલીમ શિબિરો, પ્રવચનો, કાર્યશાળાઓ યોજવાના પ્રસ્તાવોને ગુજકોસ્ટ પ્રોત્સાહન આપે છે. અને આર્થીક મદદ પણ કરે છે.

- કોવિડ-૧૯ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજકોસ્ટ સને ૨૦૨૦-૨૧માં ઓનલાઈન માધ્યમથી વેબિનાર દ્વારા કાર્યક્રમો યોજવા ૧૦૩ જુદા-જુદા વિષયોમાં સેમિનાર, સિમ્પોઝીયા, તાલીમ કાર્યશાળા કાર્યક્રમોને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવામાં આવેલ છે. આ માટે ૧૨૩ જેટલી વિવિધ યુનિવર્સિટી અને કોલેજોને ₹ ૨૧.૮૭ ની સહાય કરવામાં આવી છે.

- રાજ્યમાં સેમિનાર / સિમ્પોઝિયા / વર્કશોપ / કોન્ફરન્સ / તાલીમ કાર્યક્રમ / એસટીઆઈના કટીંગ એજ પરના પ્રદર્શનો માટેસંસ્થાઓ/ વિવિધ યુનિવર્સિટીના વિભાગોને નાણાંકીય સહાય માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ₹ ૨૦૦.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

(૬) વર્ષ દરમિયાન રાજ્યમાં પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝીયમ(આરએસએમ), લોક વિજ્ઞાન કેન્દ્ર અને અન્ય સંસ્થાઓમાં વિજ્ઞાન-ટેક્નોલોજી દિવસોની ઉજવણી

- ગુજકોસ્ટ દ્વારા ૧૦૦ થી વધારે જુદા જુદા વિજ્ઞાન-ટેક્નોલોજી દિવસો જેવા કે, વિશ્વ પર્યાવરણ દિવસ, મેથેમેટીકસ દિવસ, નેશનલ સાયન્સ ડે, ઓઝોન ડે, વિશ્વ સ્પેશ વીક, વિશ્વ સાયન્સ ડે જેવા દિવસોની ઉજવણી કરવામાં આવે છે. લોક વિજ્ઞાન કેન્દ્રોની મદદથી ટેક્નોલોજી દિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ, ઓઝોન દિવસ, તથા અન્ય વિજ્ઞાન અને ટેક્નોલોજી દિવસોની પણ ઉજવણી ગુજકોસ્ટ દ્વારા કરવામાં આવે છે. વિજ્ઞાન, ટેક્નોલોજીના વિષયો પર નિબંધ, લેખન, કવિઝ, ચર્ચા-વિવાદ હરીફાઈ, વિજ્ઞાનનાં પ્રદર્શન વિગેરે જેવી પ્રવૃત્તિઓ / કાર્યક્રમો યોજવામાં આવે છે. વિજ્ઞાન ની સમજૂતિ માટે ગ્રામ સભાઓ પણ યોજાય છે. ઓછા ખર્ચે બની શકે તેવા વિજ્ઞાનિક રમકડાં બનાવવાની અને વૈજ્ઞાનિક પર વાર્તા કહેવાનો કાર્યક્રમ યોજવામાં છે.

- વિજ્ઞાન-ટેક્નોલોજી દિવસોની ઉજવણી કાર્યક્રમ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ₹ ૩૫૦.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

INDEX

(૭) સાયન્સ કવીઝ/ સાયન્સ ડ્રામા/સાયન્સ જાથા/ સાયન્સ સેમિનાર/ બાળ વિજ્ઞાન કોંગ્રેસ અને સાયન્સ પ્રોગ્રામ્સ :

♦ રૂરલ આઈટી કવીઝ :

- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, કર્ણાટક સરકાર અને ટાટા કન્સલ્ટીંગ સર્વિસ દ્વારા દર વર્ષે દેશભરમાં રૂરલ શાળાના વિદ્યાર્થીઓ માટે આઈ. ટી. ક્વિઝ યોજવામાં આવે છે. બાળકોમાં ઈંફોર્મેશન ટેક્નોલોજીનાં વિવિધ પાસાઓનું જ્ઞાન વધે એવા આશયથી ગુજકોસ્ટ દ્વારા 1500 થી વધારે પ્રશ્નોનું સંકલન કરી બૂકલેટ બનાવવામાં આવી છે. જેમાં IOT, ક્લાઉડ કમ્પ્યુટીંગ, ઓપરેટીંગ સીસ્ટમ, ટેક્નોલોજી, નેટવર્કીંગ, કોડીંગ, જેવા વિષયોને આવરી લેતા પ્રશ્ન જવાબ આપવામાં આવ્યા છે.
- વર્ષ ૨૦૨૧માં ગુજરાત રાજ્યમાંથી કુલ ૧૧૫૫ શાળાઓનાં ૧૭,૭૨૫ બાળકોએ શાળા કક્ષાની ટેસ્ટમાં ભાગ લીધો હતો. કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પ્રિ-રાજ્ય સ્તરની પરિક્ષા ઓન લાઈન માધ્યમથી લેવા, ગુજકોસ્ટ દ્વારા ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર સાથે મળીને ઓનલાઈન લર્નીંગ મેનેજમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો. હતો. ગુજરાતભરમાંથી ૨૧૪૩ વિદ્યાર્થીઓ જે-તે સ્થળેથી મોબાઈલ, કોમ્પ્યુટર દ્વારા લોગ ઈન થઈને પરીક્ષામાં ભાગ લીધો હતો. જેમાં કે.ડી.અંબાણી રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલ, જામનગરનો પ્રિયાંશુ રાકેશ સિંહાએ એ રાજ્ય સ્તરની સ્પર્ધાનો પ્રથમ વિજેતા અને આઈ.બી. પટેલ ઈંગ્લીશ સ્કુલ, આણંદ શાળાનો ઠક્કર જીષ્ણુ ભાવેશભાઈ રાજ્ય સ્તરની સ્પર્ધાનો દ્વિતીય વિજેતા બનેલ હતો. રાજ્ય કક્ષાના પ્રથમ વિજેતાને ₹ ૧૦,૦૦૦/- નું ગીફ્ટ વાઉચર અને દ્વિતીય વિજેતાને ₹ ૭૦૦૦/- નું ગીફ્ટ વાઉચર અને બાકીના ૪ વિદ્યાર્થીઓને ₹ ૩૦૦૦/- નું ગીફ્ટ વાઉચર અને બધા વિદ્યાર્થીઓને સર્ટિફીકેટ આપવામાં આવ્યું હતું.
- પ્રથમ વિજેતા થનાર વિદ્યાર્થી પ્રિયાંશુ રાકેશ સિંહાએ ૧૮મી નવેમ્બર, ૨૦૨૧માં યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં કે.ડી.અંબાણી રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલ, જામનગરનો પ્રિયાંશુ રાકેશ સિંહાએ દ્વિતીય વિજેતા બનીને ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યુ હતું. દ્વિતીય વિજેતા બનેલ પ્રિયાંશુ રાકેશ સિંહાને ₹ ૫૦,૦૦૦/- એજયુકેશનલ સ્કોલરશીપ અને ટ્રોફી આપવામાં આવી હતી.

♦ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૨૧

- વર્ષ ૨૦૨૧ ની NCSCની Focal theme: સામુચીક જીવન માટે વિજ્ઞાન એટલે કે Science for Sustainable Living છે જેના પેટા વિષયો આ મુજબ છે. (i) Ecosystem for Sustainable Living, (ii) Appropriate Technology for Sustainable Living, (iii) Social Innovation for Sustainable Living, (iv) Design, Development, Modeling and Planning for Sustainable Living, (v) Traditional Knowledge Systems (TKS) for Sustainable Living.
- વર્ષ ૨૦૨૧-૨૨ માટે, ગુજકોસ્ટના લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રાજ્યમાં NCSC કાર્યક્રમનું સંચાલન કરે છે. રાજ્યભરની વિવિધ શાળાઓમાં ૨૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ અનોખા કાર્યક્રમમાં તમામ ૩૩ જિલ્લામાંથી લગભગ ૧૮,૦૦૦ વિદ્યાર્થીઓએ તેમના પ્રોજેક્ટ જિલ્લા સ્તરે રજૂ કર્યા હતા. આમ, જિલ્લા સ્તરની પ્રતિયોગિતા બાદ પસંદ થયેલ પ્રથમ કુલ ૩૩૦ વિદ્યાર્થીઓ તેમના શિક્ષકો અને સંયોજક સાથે રાજ્ય કક્ષાના NCSC કાર્યક્રમમાં ભાગ લેશે. આ રાજ્ય સ્તરનો કાર્યક્રમ ૩ દિવસનો રહેશે અને સાયન્સ સિટીમાં ડિસેમ્બર, ૨૦૨૧માં આયોજન કરવાનો છે.
- રાષ્ટ્રીય કક્ષાના ૨૯માં નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનું આયોજન ગુજકોસ્ટ કરી રહ્યું છે. કોવિડ-૧૯ની અણધારી પરિસ્થિતિ અને વાઈબ્રન્ટ ગુજરાત સમિટને કારણે, આ કાર્યક્રમ ૧ થી ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૨ દરમિયાન યોજવામાં આવશે.
- સાયન્સ કવીઝ/ સાયન્સ ડ્રામા/સાયન્સ જાથા/ સાયન્સ સેમિનાર/ બાળ વિજ્ઞાન કોંગ્રેસ અને સાયન્સ પ્રોગ્રામ્સ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ₹ ૨૫૦.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

(૮) રાજ્યભરની સરકારી શાળાઓ, અને સ્કુલ સાયન્સ કલબ શાળાના વિદ્યાર્થીઓ માટે DO-IT-Yourself (DIY) કીટની તાલીમ અને ઓરિએન્ટેશન વર્કશોપ્સ સાથે વિતરણ માટેની દરખાસ્ત

- વિશ્વના સ્પર્ધાત્મક યોગમાં આપણા દેશ અને રાજ્યના બાળકો અન્ય દેશોના બાળકોની સરખામણીનાં પ્રગતિ સાધી શકે તથા ઉભી થનારી નવી તકો વિષે જાગૃત થાય તેમજ તે માટે તૈયાર થાય અને વિજ્ઞાન, ટેક્નોલોજીથી માહિતગાર થાય તે માટે તૈયાર કરવાના ભાગરૂપે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં અભિરૂચિ વધારવાના ભાગરૂપે પ્રવૃત્તિ મારફતે સરળ રીતે સમજી શકાય તે માટે વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ દ્વારા સ્કૂલ સાયન્સ કલબ દ્વારા શીખવવાના પ્રયત્ન છે તથા આવા અઘરા જણાતા વિષયો સરળ રીતે શીખી શકાય છે તેવી મનોવૃત્તિ પેદા કરવાનો છે. ઉપરાંત નવી પેઢીની વૈજ્ઞાનિક તથ્યો આધારિત વિચારસરણી ખીલવવાનો છે.

INDEX

- DO-IT-Yourself kitsનું ડિઝાઈન કરવામાં આવશે અને જરૂરી સૂચનાઓ, તાલીમ કાર્યક્રમ અને માર્ગદર્શન સાથે શાળાઓને પહોંચાડવામાં આવશે. શરૂઆતમાં, ગુજકોસ્ટએ અંદાજીત ₹ ૧.૨૫ લાખ (એક સેટની કિંમત)ની DIY કિટ્સની ખરીદી કરવાની યોજના બનાવી છે. જે રાજ્યમાં પસંદ કરેલ ૧૦૦ શાળાઓને આપવામાં આવશે.

- રાજ્યભરની સરકારી શાળાઓ, અને સ્કુલસાયન્સ કલબ શાળાના વિદ્યાર્થીઓ માટે DO-IT-Yourself (DIY) કીટની તાલીમ અને ઓરિએન્ટેશન વર્કશોપ્સ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ₹ ૧૨૫.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

(૯) આર એન્ડ ડી માટે સહાય યોજના (Research Support Scheme for R&D) અને ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેશન અને પાયલટ ડિપ્લોયમેન્ટ (Technology Demonstration and Pilot Deployment-) :

- રાજ્યમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન (નવીનીકરણ)ને વેગ આપવા તથા સંશોધન માટે સંશોધકોને પ્રોત્સાહિત કરવા, રાજ્ય સરકારે વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન પોલિસી (STI Policy)તૈયાર કરવામાં આવી છે. આ STI ફંડનાં અંતર્ગત ૨ મહત્વની સ્કિમની જાહેરાત કરેલ છે. જે નીચે મુજબ છે :

- Research Support Scheme for R&D in emerging fields of S&T on State Priority Areas.

- Technology Demonstration and Pilot Deployment

- રાજ્યની પ્રાથમિક જરૂરિયાતને અનુલક્ષીને પસંદગી પામેલ યુનિવર્સિટી, રીસર્ચ સેન્ટરો, STEM સંસ્થાઓમાં પીએચડી વિદ્વાનો / પી.જી. વિદ્વાનોને આ સ્કીમ હેઠળ પસંદ થયેલ પ્રોજેકટને સંશોધન અને વિકાસ માટે મહતમ ₹ ૫૦ લાખની સહાય કરવામાં આવશે. આયોજન દ્વારા માત્ર બેઝીક રિસર્ચનાં બદલે એપ્લાઈડ રિસર્ચ કરીને રાજ્યની મહત્વની/ તારવેલી સમસ્યાઓને વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનીકરણ દ્વારા ઉકેલી શકાશે અને જે ભવિષ્યમાં સમાજની સુખાકારીમાં ફાળો આપશે.

- આ યોજનાને સંશોધકો અને શિક્ષણવિદો તરફ થી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. હાલ ૧૦૦ થી પણ વધુ પ્રોજેક્ટ્સનું મુલ્યાંકન થઈ રહ્યુ છે જેમાંથી અંદાજે ૫૦ પ્રોજેક્ટ્સને મંજુરી મળવા ની શક્યતા છે. આ અગાઉ ૫૦ પ્રોજેક્ટ્સને મંજુરી આપવામા આવી હતી જે અત્યારે વિવિધ સંસ્થાઓમાં કાર્યરત છે.

- આર એન્ડ ડી માટે સંશોધન સહાય યોજના (Research Support Scheme for R&D) અને ટેક્નોલોજી પ્રદર્શન અને પાયલટ ડિપ્લોયમેન્ટ (Technology Demonstration and Pilot Deployment)માટે નવા પ્રોજેક્ટ્સની ફાળવણી માટે તથા અગાઉ મંજુર કરેલ પ્રોજેક્ટ્સના બીજા હપ્તાની રજૂઆત માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૨૦૦.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

(૧૦) રાજ્યની વિવિધ યુનિવર્સિટી, સંસ્થાઓમાં સંશોધન અને નવીનતાઓ માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એફડીપી)

- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ કે જેમાં એસ. ટી. આઈ. પોલિસી અંતર્ગત રિસર્ચ સપોર્ટ સ્કિમ અને ટેક્નોલોજી ડેમોસ્ટ્રેશન અને પાઈલોટ ડીપ્લોયમેન્ટ પોલિસી અંગે જાગૃતિ લાવવા તથા યુનિવર્સિટી અને કોલેજો માં ફેકલ્ટી- રિસર્ચર ને રાજ્ય અગ્રતા ક્ષેત્રમાં અપ્લાઈડરીસર્ચ માટે પ્રોત્સાહન પૂરુ પાડવા તથા રિસર્ચ અંતર્ગત ઉત્સાહ વધારવા માટે, સંશોધન પદ્ધતિ પર સ્વતંત્ર સંશોધન હાથ ધરવા અને ફેકલ્ટી સભ્યો ની ક્ષમતાઓને વધારવા, સફળ સંશોધન પ્રોજેક્ટ /પ્રપોઝલ અથવા, રીસર્ચ સંબંધિત વિષય ની પસંદગીનાં મૂળ પાસા, સંશોધન સિધ્ધિ ને તોડવા માટે પ્રણાલિગત અભિગમ, સંશોધન નું આયોજન, પ્રોજેક્ટ દરખાસ્ત લેખન અને સંશોધન પેપર લેખન કે જેનાથી સહભાગીઓ ને પદ્ધતિસર સામગ્રીઓ ને સમજવામાં સક્ષમ બનાવવા માટે તથા સંશોધન બાબતે સંશોધકો માં ઉત્સાહ વધારવા માટે વર્ષ 2022-23 દરમ્યાન વિવિધ યુનિવર્સિટી/કોલેજોમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજવા માટે ₹ ૫૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

(૧૧) રાજ્યની STEM સંસ્થામાં રોબોટ મેકિંગ કોમ્પીટીશન (તાલીમ અને માર્ગદર્શન સાથે 7 શ્રેણીઓમાં 3 સ્તરની સ્પર્ધા)

- ગત વર્ષે રાજ્યનાં સાયન્સ, ટેક્નોલોજી, એન્જીનીયરીંગ અને મેથેમેટિક્સ સંસ્થાઓનાં વિદ્યાર્થીઓમાં સક્ષમતા અને કુશળતાનાં સ્તરને સુધારવા ગુજકોસ્ટ દ્વારા રોબોફેસ્ટ-ગુજરાત ૨૦૧૯ અને રોબોફેસ્ટ-ગુજરાત ૨.૦ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોમ્પિટિશનને ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે અને હવે તે પૂર્ણ થવામાં છે. રોબોફેસ્ટ-ગુજરાત ૨૦૧૯ કોમ્પિટિશનને અંતે ૧૩ રોબોટ્સ, ૭ અલગ- અલગ કેટેગરીનાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યા છે. રોબોફેસ્ટ- ગુજરાત ૨.૦ કોમ્પિટિશન તેના છેલ્લા તબક્કામાં છે.

- રોબોટિક્સ ક્ષેત્રે ગુજરાતને આત્મનિર્ભર બનાવવા અને રોબોટિક્સ ક્ષેત્રે નવા ઉદ્યોગો સ્થાપવા ગુજકોસ્ટે દ્વારા વર્ષ

૨૦૨૨-૨૩ માં રોબોફેસ્ટ 3.0 કોમ્પિટિશન નું આયોજન કર્યું છે. જેમાં ૭ અલગ- અલગ કેટેગરીમાં ૩ સ્તરમાં આ કોમ્પિટિશન યોજાશે. જેમા ૭૦ લાખ ₹ સુધીના કુલ ઈનામ પણ આપવામાં આવશે.

- આ સ્પર્ધા વર્ષ ૨૦૨૨-૨૩ માં રોબોટિક્સ ક્ષેત્રે ગુજરાતને આગળ વધારવા યોજવામાં આવશે. આ કોમ્પિટિશન ત્રિસ્તરીય રહેશે.

  1. આઈડિયેશન 2. પ્રૂફ ઓફ કોન્સેપ્ટ 3. પ્રોટોટાઈપ

- વર્ષ ૨૦૨૨-૨૩ માં આ કોમ્પિટિશન માટે ₹ ૧૫૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

(૧૨) રાજ્યમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના અગ્રણીય ક્ષેત્રોમાં ડિઝાઈન

- લેબની સ્થાપના (૮ ડિઝાઈન શાળાઓ = ₹ ૨૫.૦૦ લાખ દરેક)
- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજીએ સર્જનાત્મકઅને નવીનત્તમ વિચારોથી સભર વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને યોગ્ય સુવિધા પૂરી પાડવા માટે રાજ્યની કોલેજો, યુનિવર્સિટીઓમાં તથા સંસ્થાઓમાં ગુજકોસ્ટ દ્વારા "ડીઝાઈન લેબ" ની સ્થાપના કરવામાં આવેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં ડેઝાઈન લેબની સ્થાપના માટે ની નવી બાબતને મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે ગુજકોસ્ટ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૮ ડીઝાઈન લેબની સ્થાપના કરવામાં આવી છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં નવી ૮ ડીઝાઈન લેબની સ્થાપના માટે એક ડીઝાઈન લેબના ₹ ૨૫ લાખ ના ખર્ચ લેખે નવી ૮ ડીઝાઈન માટે ₹ ૨૦૦ લાખ માટેની દરખાસ્ત કરવામાં આવે છે તથા હાલની ૧૮ ડિઝાઈન લેબો માટે તાલીમ, વર્કશોપ અને અન્ય નીભાવ ખર્ચ માટે (૧૮@ સંસ્થા દીઠ ₹ ૧.૦૦ લાખ) લેખે ૧૮ લાખની જરૂરીયાત છે.
- નવી ૮ હાલની ડિઝાઈન લેબોની સ્થાપના અને ૧૮ ડિઝાઈન લેબો માટે તાલીમ, વર્કશોપ અને અન્ય નીભાવ ખર્ચ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ₹ ૨૧૮.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

(૧૩) રાજ્યમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના અગ્રણીય ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસ માટે સુપર કોમ્પ્યુટીંગની સ્થાપના (1 સુપર કમ્પ્યુટર = ₹ ૧૫.૦૦ લાખ) :

- વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ દ્વારા એન્જીનિયરિંગ કોલેજોમાં Computational Resource, Simulation and Data Analysis માટે આધુનિક સુવિધાઓથી સજ્જ સુપર કમ્પ્યુટર સ્થાપિત કરવાનો પ્રયાસ ગુજકોસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.
- જેના માટે PARAM Shavak, C-DAC, Pune પાસેથી ૨૦ High Performance Supercomputer અને ૬ ડીપલર્નિંગ સુપરકોમ્પ્યુટરની સ્થાપના ૨૬ જુદી જુદી પસંદ કરવામાં આવેલ ઈજનેરી કોલેજમાં કરવામાં આવેલ છે.
- નવા ૧૨ સુપર કોમ્પ્યુટર ફેસીલીટીની સ્થાપના માટે એક સુપર કોમ્પ્યુટર ફેસીલીટીના ₹ ૧૫ લાખ ના ખર્ચ લેખે નવા ૧૨ સુપર કોમ્પ્યુટર માટે ₹ ૧૮૦ લાખ તથા હાલના સ્થાપીત ૨૬ સુપર કોમ્પ્યુટર ફેસીલીટીનાં તાલીમ, વર્કશોપ અને અન્ય નીભાવ ખર્ચ માટે ૧ સુપરકોમ્પ્યુટર દીઠ ₹ ૧.૦૦ લાખ લેખે કુલ ₹ ૨૦૬ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવી છે.

ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (ISR)

- ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂજના ભૂકંપ પછી ભૂકંપ ક્ષેત્રે સંશોધનની જરૂરીયાત જણાતાં સને ૨૦૦૩માં ભૂકંપ સંશોધન સંસ્થાનની સ્થાપના કરવામાં આવેલ છે. આઈ.એસ.આર.એ સમગ્ર ભારતમાં ભૂકંપને લગતું સંશોધન કરનારી એક માત્ર સંસ્થા છે.

♦ **સંસ્થાનો મુખ્ય હેતુ :**

- ઈ.સ. ૨૦૦૬ થી ગુજરાતમાં ૬૦ નિરીક્ષણ મથકોનું જાળું કાર્યરત છે. મોટા ભાગના મથકોના ડેટા વી-સેટ દ્વારા મેળવવામાં આવે છે અને ડેટા સેન્ટર ૨૪ કલાક ચાલુ રહે છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ અને તેની તીવ્રતા ભૂકંપની થોડીક જ મીનીટોમાં શોધી કાઢે છે સંલગ્ન વિભાગને પહોંચડવામાં આવે છે.

♦ **વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ની સિદ્ધિઓ :**

- આઈ.એસ.આર.ને ભારતના આઠ મોટા શહેરો જેવા કે અમૃતસર(પંજાબ), આગ્રા(યુપી), મેરઠ(યુપી), લખનઉ(યુપી), કાનપુર(યુપી), વારાસણી (યુપી), પટના (બિહાર) ધનબાદ (ઝારખંડ) માટે સીસ્મિક માઈક્રોઝોનેશનની માટેની કામગીરી પૃથ્વી અને વિજ્ઞાન મંત્રાલય, ભારત સરકાર દ્વારા સોપવામાં આવેલ છે.

INDEX

- આઈ.એસ.આર.ને ડાંગ જિલ્લામાં GWRDC દ્વારા પ્રધાનમંત્રી કિશાન સિંચાઈ યોજના અંતગર્ત ૩૫૦૦ ભૂગર્ભ જળના કુવાના સ્થળોના નિર્દેશન તથા ભૌગોલિક તપાસ માટે કામગીરી સોંપવામાં આવેલ છે જેમાં આઈ.એસ.આર. દ્વારા સર્વેક્ષણ પૂર્ણ કરેલ છે.
- આઈ.એસ.આર. દ્વારા એશિયાના સૌથી મોટા સૌર અને વિન્ડ પાર્ક કે જે ગુજરાતના કચ્છ અને રાધનેસડા માટે સાઈટ સ્પેફીકેશન અભ્યાસ હાથ ધરેલ છે. વધુમાં સંસ્થા દ્વારા IOCL કંડલા એલપીજી (LPG) પ્લાન્ટ માટે સિસ્મીક જોખમના આકારણીનો અભ્યાસની કામગીરી પૂર્ણ કરેલ છે.
- આઈ.એસ.આર. દ્વારા નર્મદા અને કલ્પસર વિભાગ માટે ભરુચ જિલ્લાના ભાડભુત ગામની નજીકના બેરેજ માટે સિસ્મીક જોખમની આકારણીનો અભ્યાસની કામગીરી પૂર્ણ કરેલ છે.
- આઈ.એસ.આર. દ્વારા રાજ્યની ડેમ સેફ્ટી પેનલ (DSP) માં ભાગ લઈ રહ્યું છે જે હેઠળ રાજ્યના મોટા સાત(૦૭)ડેમોની પસંદગી કરવામાં આવી છે અને તમામ ડેમોનું નિરીક્ષણ કરાયું છે.જે તમામ ડેમ ભૂકંપ માપક યંત્રો પ્રસ્થાપિત કરવામાં આવશે અને તેનું નિરીક્ષણ કરવામાં આવશે.
- ONGC અને GSPC દ્વારા પણ ખનીજતેલ સંશોધન ક્ષેત્રે ચોક્કસ વ્યવસ્થિત સ્થળની શોધ માટે આઈ.એસ.આર.ની મદદ લેવામાં આવેલ છે.
- સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ સાથેના એમ.ઓ.યુ. અનુસાર ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ છેલ્લા ૧૦ વર્ષથી નર્મદા પ્રોજેકટમાં અને તેની આસપાસના વિસ્તારોનું ભૂકંપીય નિરીક્ષણ કરી રહ્યું છે. આ યોજના વર્ષ ૨૦૨૪ સુધી ₹ ૧૫૦૯ લાખના ખર્ચે લંબાવવામાં આવેલ છે.
- આઈ.એસ.આર. દ્વારા તાજેતરમાં જ કલ્પસર વિભાગ સાથે સિસ્મિક નેટવર્કની સ્થાપના માટે અને સિસ્મોલોજીકલ અભ્યાસ કરવા માટે જુલાઈ ૨૦૨૦માં ૦૫ વર્ષ માટે એમઓયુ હસ્તાક્ષર કરેલ છે આમ આ એમયુઓની કુલ કિંમત ૮૬૭.૦૦ લાખ પાંચ વર્ષ(૨૦૨૦ થી ૨૦૨૫) ના સમયગાળામાં છે.
- ગ્રેવીટી સર્વે આધારે મહારાષ્ટ્રમાં સોનાના ભંડોળ શોધવાની કામગીરી વેદાંત રીસોર્સ દ્વારા આઈ.એસ.આર.ને મળેલ છે.

♦ **આઈ.એસ.આર. દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ ની અગત્યની પ્રવૃત્તિઓ :**

- ૨૪*૭ ગુજરાત રાજ્યના ભૂકંપીય ખતરા માટે નિરીક્ષણ : ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧માં ભચાઉ, ભુજમાં આવેલ ૭.૬ની તીવ્રતાનો આંચકો. આ ભૂકંપ પછી "ગેરી" (GERI) વડોદરા દ્વારા GSDMA ના સહયોગથી ૨૨ BBS અને ૪૦ SMA ધરાવતુ એક સિસ્મીક નેટવર્કની ગુજરાત રાજ્યમાં સ્થાપના કરવામાં આવેલ હતી. અને આ તમામ સ્ટેશનો ઑન લાઈન સિસ્મીક ડેટા પ્રાપ્ત કરવા માટે વી-સેટ મારફતે સાથે જોડવામાં આવેલ છે. હાલ ૨.૫ મેગ્નેટ્યુટ કે તેથી વધારે તીવ્રતા ધરાવતા આંચકનો અહેવાલ ઉચ્ચ સત્તાવાળાઓ (મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી - વિ. અને પ્રો. વિભાગ, સીઈઓ - જીએસડીએમએ, રાહત કમિશ્નર, કલેક્ટર વગેરે) ને તુરંત જ મોકલી આપવામાં આવે છે :
- વર્ષ ૨૦૨૧માં નોંધાયેલા ભૂકંપોની માહિતી નીચે આપેલ કોષ્ટકમાં દર્શાવેલ છે.

Region / Magnitude	Kachchh	Saurashtra	Mainland	Total
1.0 - 1.9	221	98	26	345
2.0 - 2.9	87	38	20	145
3.0 - 3.9	17	2	2	21
4.0 - 4.9	3	2	0	5
5.0 - 5.9	328	140	38	516
Total	**221**	**98**	**26**	**345**

- **પૂર્વીય કચ્છમાં ભૂગર્ભ જળસ્ત્રોતનું સંશોધન :** આ પ્રોજેક્ટ દ્વારા પૂર્વીય કચ્છના (ભચાઉ, અંજાર અને ગાંધીધામ તાલુકાઓમાં) ૧૬૦૦ ચોરસ કિમી વિસ્તારમાં ભૂગર્ભીય જળ સ્ત્રોત અને મીઠા અને ખારા પાણીનું સીમાંકન કરી ખારા અને મીઠા પાણીના સ્ત્રોતોની માહિતી શોધવામાં આવશે. આ સૂચિત અભ્યાસ રાજ્યના વિવિધ સામાજિક અને આર્થિક પ્રશ્નો જેવા કે, પીવા પાણીની ઉપલબ્ધતા, દરિયા કિનારાના વિસ્તારમાં દરિયાઇ પાણીની ઘુસણખોરી તેમજ પીવાના પાણીની અછતની સમસ્યાનું નિરાકરણ કરવામાં મદદ કરશે. વધુમાં ૩ડી છબીઓ દરેક વિસ્તારના ભૂસ્તરીય માળખાઓ દ્વારા કચ્છ વિસ્તારમાં કુદરતી જોખમો તેમજ ખનીજની સંભવિતતાની સમજ મળશે. કચ્છના તાલુકાના ડ્રેનેજ નકશા તૈયાર કરવામાં આવેલા છે અને પેલિઓ ચેનલ્સના સપાટીના ભાગોને ઓળખવાની કામગીરી પૂર્ણ કરેલ છે. ભચાઉ અને અંજાર તાલુકાનો વિગતવાર જોયોફિઝીકલ નકશો તૈયાર કરી દેવામાં આવ્યો છે. ભચાઉ અને અંજાર તાલુકામાં કુલ ૨૩૨

TDEM સાઈટ્સનું સર્વેક્ષણ કરવામાં આવેલ છે. ભુજ તાલુકાની અમુક સાઈટસ પર ૧ડી અને ૨ડી સર્વેક્ષણ કરવામાં આવેલ છે અને ડેટા વિશ્લેષણની કામગીરી ચાલુ છે.

- ઉચ્ચ ચોકસાઈ પુર્વક જિયોમેગ્નેટિક માપદંડોનો ઉપયોગ કરીને વિદ્યુત ચુંબકીય ભૂકંપ અગમચેતીનો અભ્યાસ : વિદ્યુત ચુંબકીય ભૂકંપોનો અભ્યાસ કરવો એ જ આ યોજનાનો હેતુ છે જેમકે ચુંબકીય pulsations અને ભૂકંપ વચ્ચેનો સબંધ સમજવો, ચુંબકીય તોફાનોની ભૂકંપ પર શુ અસર છે એ સમજવી. આ યોજનામાં આઇએસઆર બે જગ્યાઓ પર ચુંબકીય યંત્રો સેંટીલેશન મીટર અને જીપીએસ-ટીઈએસ સ્થાપિત કરીશું. આઈએસઆર આ ચુંબકીય સ્ટેશનો પરથી મળતા ડેટાનો આઇએસઆર ઈંટરમેગ્નેટીક સ્ટેશનોના પરથી મળતા ડેટા સાથે સરખામણી કરવા માટે આ યોજનાની દરખાસ્ત કરવામાં આવેલ હતી.

આ યોજના હેઠળ ચાલુ વર્ષે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે :

- ગાંધીનગરમાં 70 સ્થળોએ સોઈલ રેડોન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો અને ગાંધીનગરના કેટલાક વિસ્તારમાં રેડોનના ઉચ્ચ સ્તરની વિવિધ શક્યતાઓ સાથે પરિણામોની સરખામણી કરવામાં આવી હતી.
- SG ડેટા પર મલ્ટિફ્રેક્ટલ વિશ્લેષણ લાગુ કરવામાં આવે છે અને 20મી જૂન 2020ના રોજ કચ્છ, ગુજરાતમાં આવેલા 5.1 ભૂકંપના સહયોગથી સ્કેલિંગ પ્રોપર્ટીઝનો અભ્યાસ કરવામાં આવે છે.
- ચિલી અને જાપાનના ધરતીકંપો સાથે બદરગઢ ખાતે આવેલ ધરતીકંપના અવલોકનો અને મોડેલોની સરખામણી
- 14મી જૂન 2020ના રોજ કચ્છ, ગુજરાતમાં આવેલા 5.3 ભૂકંપના સિગ્નલોનું ULF જીઓમેગ્નેટિક સિગ્નલો સાથે અવલોકન કર્યું
- ભારતીય ઉપખંડમાંથી નજીકના વિષુવવૃત્તીય પ્રદેશમાંથી વિવિધ સૌર ચક્રમાં જીઓમેગ્નેટિક Pc1 પલ્સેશનનો અભ્યાસ કર્યો.

આઈ.એસ.આર દ્વારા આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં હાથ ધરવાની પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

- **ગુજરાતમાં આવનારા ભૂકંપોનું રાત-દિવસ નિરીક્ષણ કરવું :** રાજ્યના મોટા ભાગના ભાગોમાં ભૂકંપીય પ્રવૃત્તિ કાર્યરત છે. જેથી નિરંતર ભૂકંપનું નિરીક્ષણ અને ઝડપી રીપોર્ટીંગ જરૂરી છે. ભૂકંપ નેટવર્કના ડેટા સંશોધન માટે એક મુળભુત સંશોધન સાધન છે. ભવિષ્યમાં આવનારા ભૂકંપો વિશે જાણવા માટે ભુતકાળના ડેટા અને વર્તમાન ભૂકંપોની જાણકારી હોવી જરૂરી છે. ધરતીકંપના આંચકાની તિવ્રતા, જમીનની હલન ચલન અને નુકશાનની જાણકારી મેળવવી જરૂરી છે. ઓનલાઈન ભૂકંપ નિરીક્ષણ નેટવર્ક દ્વારા સમયસર માહિતી પ્રાપ્ત થાય છે, તેનું વિષ્લેષણ કરી શકાય છે, ધરતીકંપની માહિતીનું સુવ્યવસ્થિત રીતે વ્યવસ્થાપન કરી શકાશે. સારી સૂચિ ભવિષ્યના ધરતીકંપની સંભાવના, સ્થાન અને કદની સમજને સુધારી અને ભૂકંપના સંકટની ગણતરી કરવા માટે જરૂરી છે. ભૂકંપના ખતરાની માહિતી આધારે જુની ઈમારતો અને બાંધકામ ધોરણો સુધારી ભૂકંપથી થતા નુકશાનને ઘટાડી શકાશે. તેનાથી સુઈસ્મીક માઈક્રોઝોનેશન, ભૂકંપની આગાહી અભ્યાસ, જળાશયોની ભૂકંપ જોખમોનો અભ્યાસ, સુનામી ચેતવણી વગેરે અન્ય કાર્ય માટે ઉપયોગી થશે.
- **આઇ એસ આર કચેરીના ભુમાપન નેટવર્ક, ધરતીકંપના અણસારો માટેનું નેટવર્ક અને સિસ્મિક એરે નેટવર્કનું નિરીક્ષણ :** આ યોજના હેઠળ ગુજરાત પ્રદેશમાં વધતી તાણ ધરાવતા ઝોનની ઓળખ માટે સંભવિત વિસ્તારોને આવરી લઈને સ્થિર અને અર્ધ-સ્થિર મોડ દ્વારા સતત દેખરેખ હાથ ધરવામાં આવશે. આ સમય દરમિયાન ગુજરાતના વિવિધ ભાગો અને આસપાસના રાજ્યોમાંથી જીએનએસએસ ડેટાસેટ જનરેટ કરવામાં આવશે. તમામ કાયમી અને કેમ્પેન મોડ સાઈટોને ભૂકંપ સંશોધન ફરીથી ઉચ્ચ રેટથી કન્ફીગર કરવામાં આવશે. ઉચ્ચ રેટ જીપીએસ વિસ્થાપન સીધી રીતે અવલોકન કરે છે આથી ભૂકંપના કિસ્સામાં અગત્યનું છે. જેમ કે ઈન્ટ્રા-પ્લેટ પ્રદેશમાં જમીનની વિરૂપતાનો દર ખૂબ જ ઓછો હોય છે, જેથી લાંબા સમયની શ્રેણી ધરાવતા સતત જીએનએસએસ ડેટા નોંધપાત્ર પરિણામો માટે જરૂરી છે. કચ્છની ત્રણ મલ્ટી પેરામેટ્રીક જીઓફિઝીકલ વેધશાળાઓમાંથી ડેટા એકત્રિત કરવામાં આવશે અને પૂર્વવર્ષતી હસ્તાક્ષરોનો અભ્યાસ કરવામાં આવશે. ૫૦ સ્ટેશનોના સતત બ્રોડબેન્ડ સિસ્મિક ડેટા એકત્રિત કરવામાં આવશે અને કચ્છની નીચે આંતરિક માળખું અને એનિસોટ્રોપી પર સંશોધનને આગળ વધારવામાં આવશે.

ગુજરાત રાજ્ય બાયોટેક્નોલોજી મિશન(GSBTM)

રાજ્યમાં બાયોટેક્નોલોજીમાં સંશોધન અને વિકાસ માટે રાજ્ય સરકારે 'ગુજરાત રાજ્ય બાયોટેક્નોલોજી મિશન'ની રચના કરી છે. જેમાં બાયોટેક્નોલોજી નીતિ અને યોજનાઓનો અમલ કરવો, બાયોટેક્નોલોજી ક્ષેત્રે પાર્ક વિકસાવવા, કુશળ માનવબળ તૈયાર કરવા અને બાયોટેક્નોલોજી ક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન આપવા જેવી કામગીરી થાય છે.

♦ **સંશોધન અને વિકાસ :**

- ગુજરાત રાજ્ય બાયોટેક્નોલોજી મિશન દ્વારા સંશોધન સહાય યોજના (રિસર્ચ સપોર્ટ સ્કીમ) શરૂ કરવામાં આવી છે. જે હેઠળ સંશોધન પ્રોજેક્ટો માટે તથા અન્ય સંશોધન લક્ષી પ્રવૃત્તિઓ માટે નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે. જે અંતર્ગત યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓમાં રીસર્ચ પ્રોજેક્ટ તેમજ અન્ય રીસર્ચ સંબંધી કામગીરી અને સહાય આપવાનું આયોજન છે.આ કામગીરી માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૫૦૦ લાખની બજેટ જોગવાઇ સૂચવવામાં આવે છે.

♦ **ઉદ્યોગ અને વ્યાપાર વિકાસ :**

- બાયોટેક ક્ષેત્રે, પાર્ક, ઉદ્યોગો, ફીનીશીંગ સ્કૂલ, બાયોટેક/હેકાથોન અને ઇન્ક્યુબેટર થકી માળખાકીય વિકાસ, માનવ સંસાધન વિકાસ; સંશોધન અને નવનિર્માણ, તેમજ નવીન ઉદ્યોગ સાહસિકો સ્ટાર્ટઅપનું નિર્માણ કરી શકે અને નવા ઉદ્યોગો તથા ચાલુ ઉદ્યોગોમાં વિકાસ થાય, તે હેતુથી બાયોટેક્નોલોજી ક્ષેત્રના સંલગ્ન તમામ સ્ટેકહોલ્ડરો જેવા કે ઉદ્યોગ, વિશ્વવિદ્યાલયો, કોલેજો, સંગઠનો, સ્ટાર્ટઅપ, વગેરેને બાયોટેક્નોલોજી નીતિ અંતર્ગત સહાય આપવામાં આવે છે. આ પ્રવૃત્તિને વર્ષ ૨૦૨૨-૨૩ માં પણ ચાલુ રાખવાનું આયોજન છે.
- બાયોટેક્નોલોજી ક્ષેત્ર જ્ઞાન આધારિત અર્થતંત્ર હોવાથી, તે ક્ષેત્રમાં નિવેશ માટે ઈકોસિસ્ટમ વિકસાવવા સાવલી, જીઆઈડીસી એસ્ટેટ, વડોદરા ખાતે રાજ્ય સરકાર દ્વારા બાયોટેક પાર્ક વિકસાવામાં આવી રહેલ છે તે પણ ચાલુ રાખવાનું આયોજન છે. આમ, આ તમામ કામગીરી માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૪૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ સુચવવામાં આવે છે.

♦ **માનવસંસાધન વિકાસ :**

- માનવ સંસાધન કોઈ પણ ક્ષેત્રના વિકાસ માટેની ચાવી છે. જેને ધ્યાને લઈ રાજ્ય સરકારે રાજ્યમાં બાયોટેક માનવશક્તિના વ્યાપક વિકાસ માટે, બાયોટેકમાં સ્નાતકો અને અનુસ્નાતકો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કુશળતા વધારવા માટે તાલીમ કાર્યક્રમો શરૂ કર્યા છે, વિવિધ રાજ્ય સ્તરની સ્પર્ધાઓ દવારા સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું કરવાનો પ્રયાસ કરે છે. બાયોટેક વ્યાપાર વિકાસ માટે ઉદ્યોગ સાહસિકતા વિકાસના કાર્યક્રમો કરે છે અને અનુસ્નાતકો માટે ઔદ્યોગિક તાલીમનું આયોજન કરે છે.
- માનવ સંસાધન વિકાસની વર્તમાન ગતિવિધિમાં, જીએસબીટીએમ રાજ્યના હિસ્સેદારો માટે નવા નવા કાર્યક્રમો ઘડી રહ્યું છે, જેનાથી બાયોટેક સંશોધન અને શૈક્ષણિક કુશળતામાં વધારો થશે. આ તમામ કામગીરી માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ₹ ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ સુચવવામાં આવે છે.

♦ **જી.એસ.બી.ટી.એમ :**

- બાયોટેક્નોલોજી સેકટરની વિવિધ પ્રવૃત્તિના અમલ માટે જી.એસ.બી.ટી.એમ.ની સ્થાપના કરવામાં આવેલ છે. આ કચેરીના અધિકારીઓ/કર્મચારીઓના પગાર ભથ્થા, કચેરીની જાળવણી માટે ₹ ૩૩૦.૦૦ લાખ સને ૨૦૨૨-૨૩ના બજેટમાં મેળવવીએ.

આમ, ૩૪૨૫-૬૦-૦૦૪-૦૩ જીએસબીટીએમના હેડ માટે ₹ ૩૩૦.૦૦ લાખની બજેટ જોગવાઈ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સુચવવામાં આવે છે.

- આમ, વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન બાયોટેક્નોલોજી આધારિત વિવિધ પ્રવૃત્તિઓ માટે ગુજરાત રાજ્ય બાયોટેક્નોલોજી મિશનની કચેરી માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કુલ ₹ ૫૯૩૦.૦૦ લાખની બજેટ જોગવાઈની મંજૂરી આપવાની દરખાસ્ત છે.

INDEX

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી (Science City)

- રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય પ્રજાજનમાં પ્રચાર પ્રસાર અર્થે વર્ષ ૨૦૦૧ માં આંતરરાષ્ટ્રીય કક્ષાનું વિજ્ઞાન શિક્ષણ અને મનોરંજનનો સુમેળ ધરાવતું સાયન્સ સીટી અમદાવાદમાં વિકસાવવામાં આવેલ છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સીટી રાજ્ય તથા દેશભરમાં વિશાળ પાયે વિજ્ઞાનને લોકપ્રિય બનાવી રહયુ છે. સાયન્સ સીટીનો મુખ્ય આશય છે, "જ્ઞાનોરંજન" એટલે કે "મનોરંજન સાથે જ્ઞાન". સાયન્સ સીટીના મુખ્ય હેતુઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવો, વૈજ્ઞાનિક રૂચિનેપોષવી અને જાગૃત કરવી, નવીન અને પ્રયોગાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવી, વિજ્ઞાન અને ટેક્નોલોજીની અજાયબીઓનું પ્રદર્શન કરવું, દેશભરમાં સાયન્સ નેટવર્કની સ્થાપના કરવી વગેરેનો સમાવેશ થાય છે.
- સાયન્સ સીટી ખાતે વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર અર્થે સાયન્સપોપ્યુલરાઈઝેશન વિભાગ દ્વારા વિજ્ઞાન પ્રત્યેઅભિરૂચીકેળવાય તે માટે અલગ અલગવિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓ, મહત્વના વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી, વિવિધ વિષયો પર વ્યાખ્યાનો અને ચર્ચા વગેરેનું નિયમીતપણે આયોજન કરવામાં આવે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષા માટેની માહિતી મેળવી શકે છે. તેમજ તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ કારકીર્દી બનાવી શકે છે.
- આ ઉપરાંત વિવિધ કાલ્પનિક નિદર્શનો, પ્રવૃત્તિ કેન્દ્રો, પ્રયોગશાળાઓ અને જીવંત નિદર્શનો દ્વારા સામાન્ય પ્રજાજનોને વિજ્ઞાન પ્રત્યે રસ લેતા કરવામાં આવે છે.
- ગુજરાત સાયન્સસીટીના આકર્ષણોમાં ૧) આઈમેકસ થ્રીડી થીયેટર, ૨) હોલ ઓફ સ્પેસ, હોલ ઓફ સાયન્સ, ૩) એનર્જી એજયુકેશન પાર્ક, ૪) ચિલ્ડ્રન એકટીવીટી સેન્ટર, ૫) થ્રીલરાઈડ, ૬) નેચર પાર્ક, ૭) એમ્ફીથીયેટર, ૮) મ્યુઝીકલ ફાઉન્ટેન, ૯) એલઈડી સ્કીન, ૧૦) લાઈફ સાયન્સ પાર્ક, ૧૧) પ્લેનેટ અર્થ વગેરે આવેલ છે, કે જેના દ્વારા વિજ્ઞાનને લોકાભિમુખ બનાવવાના ઉદ્દેશ સાથે કામગીરી કરવામાં આવે છે.

♦ આઈમેકસ થ્રીડી થિયેટર

- આઠ માળ ઊંચી કાચ જેવી ચોખ્ખી ચિત્રકલ્પનાઓઅને ભવ્ય ડિજીટલસરાઉન્ડસાઉન્ડ સાથે, આઈમેકસ માત્ર કલ્પનામાં જ જોઈ હોય તેવી દુનિયામાં લઈ જાય છે. ટેકનિકલ સુસજજ અને જોવામાં આકર્ષક આઈમેકસઅનુભવ વિશ્વનો સૌથી તાકાતવર અને ગળાડુબ ઓતપ્રોત કરે, તેવો ત્રિ-પરિમાણીય અનુભવ છે અને તેની પાછળ કામ કરતી ટેક્નોલોજી પણ અદભુત અને અજોડ છે. આઈમેકસનો અનુભવ વિદ્યાર્થીને વિજ્ઞાનના સિદ્ધાંતો અને રહસ્યો શીખવા મંચ પુરૂ પાડે છે, જે રસપ્રદ તેમજ આકર્ષક છે.

♦ હોલ ઓફ સ્પેસ

- ગુજરાત સાયન્સ સીટી ખાતે હોલ ઓફ સ્પેસ એ મગજને સચેત રાખતું એક પ્રદર્શન છે જે મુલાકાતીઓની કલ્પનાઓને ઝડપી મોડેલ, કોમ્પ્યુટર મલ્ટીમીડિયા, મલ્ટી સ્કીન પેનોરેમિક પ્રોજેકશન, એનિમેટ્રોનિકસ, મોશનસીમ્યુલેટર, ઈવેન્ટસીમ્યુલેટર જેવા ઈન્ટર એક્ટીવ એક્ઝીબીટ્સની મદદથી સમજણ કેળવી જ્ઞાનને વિજ્ઞાન તરફ સુદ્રઢ કરી રોમાંચ જગાવતો પ્રશ્ન કરવા પ્રેરે છે -કે શું આવિરાટ બ્રહ્માંડમાં આપણે એકલા જ છીએ?

♦ હોલ ઓફ સાયન્સ

- હોલ ઓફ સાયન્સ એક મોટી ખુલ્લી પ્રયોગ-શાળા છે. જયાં મુલાકાતીઓ પ્રકાશ, દ્રષ્ટિ, અરિસા, ગતિ શાસ્ત્ર, ગણીત-શાસ્ત્ર, અવાજ તરલતા જેવા જુદા જુદા વિભાગોમાં ફરતા તેઓ પ્રદર્શીત એક્ઝીબીટ્સનો જાત અનુભવ કરી તેની સાથે સંકળાઈ શકે છે અને વિજ્ઞાન વિશે જાણી શકે છે. મુલાકાતીઓ સ્પાર્ક થિયેટરમાં વિદ્યુત શક્તિ વિશે સમજણ મેળવે છે.

♦ એનર્જી એજયુકેશન પાર્ક

- પાર્કમાં દરેક પ્રકારના બિન રૂઢિગત ઊર્જા સ્ત્રોતોનું પ્રદર્શન કરવામાં આવેલું છે અને તેનો હેતુ ઊર્જા ઉત્પાદન અને ઉપભોગના વિવિધ સ્વરૂપો વિશે મુલાકાતીઓ અને બાળકોમાં વિશિષ્ટ પણે જાગૃતિ કેળવવાનો છે.

♦ ચિલ્ડ્રન એકટીવીટી સેન્ટર

- ગુજરાત સાયન્સ સીટી દ્વારા શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો, જૂથ અને જાહેર માધ્યમોના સક્રિય સહકારથી મહત્વના વૈજ્ઞાનિક દિવસોની તથા ઘટનાઓની વર્ષભર ઉજવણી કરવામાં આવે છે.

♦ થ્રીલરાઈડ

- 30 બેઠક ધરાવતું 3D સિમ્યુલેટર રાઈડ છે જે ઊંચા ચકડોળમાં બેસવાની, વિમાનમાં ઉડવાની, બ્રહ્માંડની સફરની, ઈજીપ્તના ટાઈમગેઈટ ની અને અન્ય વિવિધ પ્રકારની અનુભૂતિ પ્રદાન કરે છે.

♦ એમ્ફીથીયેટર

- ગુજરાત સાયન્સ સીટી ખાતે ૧૨૦૦ સીટની ક્ષમતા ધરાવતા એમ્ફિથીયેટર માં વિજ્ઞાન સંબંધિત નાટકો, જાદુના ખેલ, યોગાભ્યાસ તેમજ આકાશ દર્શન જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

♦ મ્યુઝીકલ ફાઉન્ટેન

- ગુજરાત સાયન્સ સીટી ખાતે આવેલ સંગીતમય ફુવારો ભારતનો સૌથી વિશાળ મ્યુઝીકલ ફાઉન્ટેન છે. હાઈડ્રોસ્ટેટિકસ, હાઈડ્રોડાયનેમિકસ, ઈલેકટ્રોમેગ્નેટીઝમ અને ડિજીટલ ઈલેકટ્રોનીકસ નું સંયુકત અને રોમાંચક નિદર્શક છે. ફુવારાના મુખમાંથી છુટતી પાણીની બુંદોમાં ફલુઈડડાયનેમિકસ ના મૂળભૂત નિયમો જેવા કે, પાસ્કલનો નિયમ અને બર્નોલીનો સિદ્ધાંત જોઈ શકાય છે. સાયન્સસીટીમાં આવેલ સંગીતમય ફુવારો એ સંગીત અને વિજ્ઞાનના સમન્વયનું માનવસર્જીત સુંદર ઉદાહરણ છે. હાલ માં મ્યુઝીકલફાઉન્ટેન ખાતે અપગ્રેડેશન ની પ્રક્રિયા ચાલી રહેલ છે.

♦ લાઈફ સાયન્સ પાર્ક

- ૯૦૦૦ સ્કે. મીટરના વિશાળ વિસ્તારમાં લાઈફ સાયન્સ પાર્ક પથરાયેલ છે. આ પાર્કનો મુખ્ય હેતુ પ્રકૃતિના વિવિધ પાસાઓ જેવા કે, વિવિધ પ્રકારના સુગંધ આપતા, ઔષધી આપતા, આર્થિક દ્રષ્ટીએ કિંમતી વૃક્ષો વિશે સમજણ આપવાનો છે. આ ઉપરાંત નદીના મૂળથી મુખ સુધીની યાત્રા અને વિવિધ પ્રકારની જીવસૃષ્ટિ દર્શાવવાનો છે. આ પાર્કમાં ટીસ્યુ કલ્ચર અંગે પણ સમજણ મેળવી શકાય છે.

♦ પ્લેનેટ અર્થ

- ગુજરાત સાયન્સ સીટી ખાતે આવેલ પ્લાનેટ અર્થ પેવિલીયન આપણા પોતાના ગ્રહ પૃથ્વી અને તેની જીવસૃષ્ટિ અને અજીવસૃષ્ટિની ભવ્ય સંપતી, કુદરતી આપદાઓ અંગે મુલાકાતીઓમાં જાગરૂકતા કેળવનાર અજોડ પેવિલિયન છે. આ પેવેલીયન ૫૦ મીટર વ્યાસ ધરાવતું અદભુત ડોમ આકારના બાંધકામની ૯૦૦૦ સ્કે. મીટરના વિસ્તારમાં આવેલ પેવેલિયનમાં વિવિધ પ્રકારની પ્રાકૃતિક સંપદાઓ દર્શાવતા એક્ઝીબીટ્સ આવેલા છે, જે ભારતના સૌથી મોટા ડોમમાંનુ એક છે.

♦ સાયન્સ પોપ્યુલરાઈઝેશન

- સાયન્સ સીટી ખાતે વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર અર્થે સાયન્સ પોપ્યુલરાઈઝેશન વિભાગ દ્વારા વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી કેળવાય તે માટે અલગ-અલગ વિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓ, મહત્વના વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી, વિવિધ વિષયો પર વ્યાખ્યાનો અને ચર્ચા વગેરેનું નિયમીતપણે આયોજન કરવામાં આવે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષા માટેની માહિતી મેળવી શકે છે. તેમજ તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ કારકીર્દી બનાવી શકે છે.
- ૧૬ જુલાઈ ૨૦૨૧ના રોજ ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી, ગુજરાતનાં માનનીય મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં સાયન્સ સિટી ૨૦ અંતર્ગત એક્વેટિક ગેલેરી, રોબોટિક્સ ગેલેરી અને નેચર પાર્કનું લોકાર્પણ કર્યું. ત્યારબાદ ગુજરાત સાયન્સ સીટી સંપૂર્ણપણે ડીઝિટલ અને કેસલેશ સુવિધા સાથે મુલાકાતીઓને આકર્ષી રહ્યું છે.
- હાલ, સાયન્સ સીટીમાં ફેઝ-૨ના વિકાસ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની એસ્ટ્રોનોમિ એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી માટેનું બાંધકામ પ્રગતિમાં છે. તથા માનવ અને જૈવિક વિજ્ઞાન ગેલેરી અને શિપિંગ અને નેવિગેશન ગેલેરી જેવી ૨ અજોડ અને નવીન ગેલેરીઓથી સજ્જ કરવામાં આવશે.

♦ રોબોટિક ગેલેરી

- રોબોટિક ગેલેરીમાં વિવિધ પ્રકારના રોબોટ્સ તેનો વિકાસ અને વિવિધ ક્ષેત્રોમાં તેના ઉપયોગને પ્રદર્શિત કરતી ગેલેરી છે જેનો મુખ્ય આશય વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રોબોટ્સ ક્ષેત્રની જાણકારી, માર્ગદર્શન, કુતહલતા અને ભવિષ્યની દ્રષ્ટિ પુરી પાડે છે અને સંશોધનાત્મક પ્રવૃત્તિઓ માટે મંચ પુરો પાડે છે. વધુમાં રિસેપ્સનમાં હ્યુમનોઈડ રોબોટ દ્વારા સ્વાગત કરવાથી લઈને રોબોટિક્સના ક્ષેત્રનો ઈતિહાસ શીખવા વિષે જુદા જુદા રોબોટ્સની

એપ્લીકેશન વિષે શીખવા માટે, સ્વયં સંચાલિત કારમાં ફરવા માટે, રોબોટિક ગેલેરી એક એવા પ્રવાસનો અનોખો અનુભવ કરાવે છે જે રોબોટ્સ દ્વારા સંચાલિત છે અને ખોરાક પણ રોબોટ્સ દ્વારા બનાવવામાં તેમજ પીરસવામાં આવે છે.

♦ એક્વેટિક ગેલેરી

- આ ગેલેરીમાં વિવિધ પ્રકારના જળપ્લાવિત વિસ્તારોમાં રહેલા જળચર પ્રાણીઓને એક જગ્યાએ મહત્તમ દર્શાવી શકાય તેવું પ્રદર્શન આ ગેલેરીમાં બતાવવામાં આવી રહ્યું છે. જળપ્લાવિત વિસ્તારોની પારીસ્થિતીકિય સમજણ, પોષક તત્વોનું સંયોજન, ઉષ્ણતામાન પાણીનો પ્રવાહ અને પાણીમાં રહેલ જળચરપ્રાણીઓનો પારસ્પરિક સંબંધ અને આજુબાજુના વિસ્તારોના ભૌગોલિક અને જૈવિક પરિસ્થિતિની જળપ્લાવિત વિસ્તારો ઉપર અને જળચરપ્રાણીઓ ઉપર પડતી અસરોનો અભ્યાસ કરવાની તક પુરી પાડે છે. સેન્ટ્રલ એટ્રિઅમથી મુલાકાતીઓ વિવિધ કદની ૭૨ ટેન્ક્સ (ટાંકીઓ)અને ૧૮૦થી વધુ વિવિધ જળચર અને અર્ધ-જળચર જાતિઓનાં ૧૧૦૦૦ થી વધારે પ્રાણીઓ ધરાવતી ગેલેરીમાં પ્રવેશ કરી શકે છે. આ અન્ડર વોટર થિમ વાળી ગેલેરી માત્ર ભારતના જ નહીં પરંતુ એશિયા, આફ્રિકા, અમેરિકા અને વિવિધ સમુદ્રોમાંથી વિવિધ વિસ્તારોના જળચર પ્રાણીઓનું ઘર છે. દરેક ઝોનમાં મુલાકાતીઓ જળચર સામ્રાજ્ય ની બાયો-ડાયર્વસીટી નો પ્રથમ અનુભવી અને તે માછલીના પ્રકાર (તાજા, ખારાશ અથવા ખારા) અથવા તે ઊંડા કે છીછરા પાણીમાં રહે છે અથવા શું તેઓ ગરમ અથવા ઠંડા પાણીમાંજોવા મળે છે તે પર્યાવરણના પ્રકાર વિષે જાણવા મળે છે.

♦ એસ્ટ્રોનોમિ એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી

- એસ્ટ્રોનોમિ એન્ડ સ્પેસ સાયન્સને લગતા વિવિધ પ્રદર્શન, કાર્યશાળાની સાથે ૨૦૦ સીટની બેઠક વ્યવસ્થા ધરાવતું ૩-ડી પ્લેનેટોરિયમ અને અવકાશ અભ્યાનને લગતી સ્પેસઓબ્ઝરવેટરીનું નિર્માણ કરવામાં આવનાર છે.જેમાં ખગોળશાસ્ત્ર અને અવકાશ વિજ્ઞાનમાં થયેલ પ્રગતિઓને દર્શાવવામાં આવશે ખગોળશાસ્ત્ર અને અવકાશ વિજ્ઞાનનાં ક્ષેત્રમાં કલ્પનાઓને સમજાવતા વિવિધ પ્રકારનાં સંવાદાત્મક અને બિન-સંવાદાત્મક પ્રદર્શનોને આ ગેલેરીમાં સમાવેશ કરવામાં આવશે. કલાત્મક પ્લેનેટોરીયમ અને એક ૨૪ ઈંચ ટેલીસ્કોપ પ્રદર્શની મુલાકાતીઓને ગેલેરીની અવારનવાર મુલાકાત લેવા માટે પ્રેરણા આપશે. ડીસેમ્બર ૨૦૧૯માં શરૂ થયેલ બાંધકામ અંગે ૩૦% ની કામગીરી પૂરી થયેલ છે.

♦ માનવ અને જૈવિક વિજ્ઞાન ગેલેરી

- માનવ અને જૈવિક વિજ્ઞાન ગેલેરી દ્વારા માનવ શરીરની જટિલતાઓને દર્શાવવા માટે માનવ અને જૈવિક વિજ્ઞાન ગેલેરીની કલ્પના કરવામાં આવી છે.ગેલેરી માનવ ઉત્ક્રાંતિ અને માનવ જીવવિજ્ઞાન ના ક્ષેત્રને લગતા પ્રશ્નો પ્રત્યે પ્રેરણા અને જિજ્ઞાસા પેદા કરવાનું લક્ષ્યાંક બનાવશે. યુગોથી માંદગીની સારવારમાં, દવાના ક્ષેત્રમાં થયેલા વિકાસ અને સફળતાઓ અને વિવિધ અભિગમોનું નિરૂપણ કરવા માટે કલ્પના કરવામાં આવી છે. આ ગેલેરી દ્વારા મુખ્ય પેટા ગેલેરીઓ જેવી કે દવાનો ઈતિહાસ, આંતરિક દવા, સર્જિકલ વિજ્ઞાન, તબીબી નવીનતા, ભારતીય દવા પ્રણાલી આયોજિત કરવામાં આવશે. આ ગેલેરીમાં મુખ્ય આકર્ષણો જેવાકે દવાનો ઈતિહાસ,દવા-તમામ શોધો, ભૂતકાળથી વર્તમાન સુધીની બીમારીના અભિગમો, આકસ્મિક શોધો, દંતકથાઓ વિરુદ્ધ વાસ્તવિક વિજ્ઞાન, રસીઓ અને એલોપથી, એક્સ-રેથી પરમાણુ દવા અંગેની માહિતી તથા આંતરિક દવા, માનવ શરીરરચના, સંબંધિત રોગોની વિવિધ શાખાઓ પાછળનું વિજ્ઞાન દર્શાવામાં આવશે.

♦ શિપિંગ અને નેવિગેશન ગેલેરી

- શિપિંગ અને નેવિગેશન ગેલેરીશિપિંગ પર કેન્દ્રિત નેવિગેશનના વિજ્ઞાન અને ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરશે. જે મુલાકાતીઓ ને ભવિષ્યની રચના માટે પ્રાચીન ઈતિહાસ સાથે સાંકળશે. આ ગેલેરી ની મુખ્ય વિશેષતાઓ સંગ્રહાલયનો બોટ આધારિત પ્રવાસ વિભાગ, VR અનુભવો - સબમરીન, દરિયાઈ તોફાન, નાવ, ઈતિહાસ અને યુદ્ધ સહિત નેવિગેશનલ રૂટ્સ અને તેમનું વ્યૂહાત્મક મહત્વ નું પ્રદર્શન, શિપિંગ અને નેવિગેશન પાછળના વિજ્ઞાન અને મિકેનિક્સનું પ્રદર્શન, સંકલિત AV સામગ્રી સાથે ઈન્ટરેક્ટિવ ગેલેરી નો સમાવેશ કરવામાં આવશે. આ ગેલેરી જહાજો માટે વપરાતા નેવિગેશન અને સંચાર સાધનો અને તેની પાછળના વિજ્ઞાન તથા હોકાયંત્રોનો ઈતિહાસ ની સમજૂતી દર્શાવશે. તથા વર્ષો થી અને વિવિધ વૈશ્વિક પ્રદેશોમાં વિવિધ પ્રકારનાં જહાજોનું પ્રદર્શન કરતી પ્રતિકૃતિઓ સ્થાપિત કરવામાંઆવશેઅને ઐતિહાસિક અને આધુનિક યુગમાં વપરાતા એન્કર, સેઈલ અને અન્ય દરિયાઈ મુસાફરીના સાધનો પ્રદર્શિત કરવામાંઆવશે. ભારતીય નૌકાદળનો ઈતિહાસ, નૌકાદળ અને ભારતીય યુદ્ધ જહાજોની ભૂમિકા, ભારતમાં જહાજ નિર્માણ - ઉદ્યોગ અને ટેક્નોલોજી, ભારતીય વેપારી જહાજો નો સમાવેશ કરવામાં આવશે. દરિયાઈ નેવિગેશન નો પ્રાચીનકાળથી લઈને આધુનિક યુગ સુધીનો ભારતનોદરિયાઈ પ્રવૃત્તિ અને દરિયાઈ મુસાફરીનો ઈતિહાસ, વૈશ્વિક નેવિગેશનનો ઈતિહાસ અને તેની વ્યૂહાત્મક અસરો દર્શાવશે.

INDEX

સાવલી ટેક્નોલોજી અને ટેક્નોલોજી અને બિઝનેસ ઈન્ક્યુબેટર (એસટીબીઆઈ)

- સાવલી ટેક્નોલોજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર (એસ.ટી.બી.આઈ.) સંસ્થાની રચના ઉભરતા ઉદ્યોગ સાહસિકોને ટેકો આપવા તથા ટેક્નોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સના વિકાસ માટે કરવામાં આવી છે. આમ નવી રોજગાર, રોકાણની તકોનું નિર્માણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટેકો આપવા વડોદરાની સાવલી ઔદ્યોગિક વસાહતમાં સાવલી ટેક્નોલોજી અને બિઝનેસ ઈન્ક્યુબેટરની સ્થાપના કરવામાં આવી છે.

- સાવલી ટેક્નોલોજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર (એસ.ટી.બી.આઈ.) ની સ્થાપના બાયોટેક્નોલોજી ક્ષેત્રે સ્ટાર્ટ-અપ અને ઉદ્યોગ-સાહસિકોને મદદરૂપ થવા માટે કરવામાં આવેલ છે. આ સંસ્થા દ્વારા ઉદ્યોગ-સાહસિકોને જરૂરી એવી લેબોરેટરી, ઈન્સ્ટ્રુમેન્ટ, મેન્ટરીંગ તેમજ અન્ય જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ સંસ્થાની રચના ઉભરતા ઉદ્યોગ સાહસિકોને ટેકો આપવા તથા ટેક્નોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સના વિકાસ માટે કરવામાં આવી છે. અત્યાર સુધી ૩૬ થી વધુ બાયોટેક્નોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગ-સાહસવીરોને ઈન્ક્યુબેશનસુવિધા પૂરી પાડવામાં આવેલ છે, જે થકી ૫૫ જેટલી માનવબળની તકો ઉભી કરવામાં આવેલ છે. એસ.ટી.બી.આઈ કેન્દ્ર સરકારની સંસ્થા BIRAC ના SEED ફંડમાં પણ પાર્ટનર તરીકે ભાગ લીધેલ છે. જેથી ગુજરાતના ઉદ્યોગ-સાહસિકોને કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતા નાણાનો પણ લાભ મળે. હાલમાં એસ.ટી.બી.આઈ ને અદ્યતન લેબોરેટરીની સુવિધા ઉભી કરવા માટે ભારત સરકાર તરફથી અનુદાન ફાળવેલ છે જે અંતર્ગત અતિ-અધ્યતન સુવિધાઓ ધરાવતી પ્રયોગશાળાઓ સ્થાપવાનું કાર્ય પ્રગતિમાં છે. જેમાં ટેક્નોલૉજી એગ્નોસ્ટિક પ્રયોગશાળાઓ, ફેબ્રિકેશન લેબ વગેરે સ્થાપવાનું કાર્ય હાથ ધરવામાં આવશે.

ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર(જીબીઆરસી)

- આજના યુગમાં બાયોટેક્નોલોજી સૌથી ઝડપી વિકસી રહેલ ક્ષેત્રો પૈકીનું એક છે. વિજ્ઞાનની આ શાખા દ્વારા ખાસ કરીને હેલ્થકેર, એગ્રીકલ્ચર, એન્વાયરમેન્ટ, વિગેરેમાં મહત્વની શોધખોળ થકી અગત્યનો ફાળો આપેલ છે.

- રાજ્યના અગત્યના પ્રશ્નોના નિવારણ માટે બાયોટેકનોલેજી રીસર્ચને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ દ્વારા ગુજરાત બાયોટેક્નોલોજી રીસર્ચ સેન્ટરની (જીબીઆરસી) સ્થાપના કરવામાં આવી છે. જીબીઆરસી મુખ્યત્વે 1. બેન્કિંગ, 2. બાયોપ્રોસ્પેકટિંગ, 3. જીનોમિક્સ, 4. બાયોઈન્ફોર્મેટિક્સના ક્ષેત્રમાં અનુભવ ધરાવે છે. જીબીઆરસીનો ધ્યેય હેલ્થકેર, એગ્રીકલ્ચર, એન્વાયરમેન્ટ, મરીન વગેરે જેવા ક્ષેત્રોમાં પ્રોડક્ટ/ પ્રોટોટાઈપ/ પ્રોસેસના ઉત્પાદન તેમજ ઉપયોગને લગતા સંશોધન હાથ ધરવાનો છે. જીબીઆરસી ઈન-હાઉસ રીસર્ચની સાથો સાથ રાજ્યનું બાયોટેક્નોલોજી માટે ઉત્તમ સહયોગી સંસાધન કેન્દ્ર બની રહે તેવી આશા છે. જીબીઆરસીએ ઈન-હાઉસ રીસર્ચ તરીકે નીચે મુજબના ધ્યેયને ધ્યાને રાખેલ છે.

- **હેલ્થકેર બાયોટેક્નોલોજી :**

  ગુજરાતના મુખ્ય રોગો માટે મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ કીટ, ઉપચાર, રસીકરણનો વિકાસ કરવો.

  મુખ્ય મ્યુટેજેનિક ડિસઓર્ડર્સ માટે બાયોમાર્કર વિકસાવવા.

  કૃષિ બાયોટેક્નોલોજી

  બાયોટેક્નોલોજીનો ઉપયોગથી પાકમાં સુધારો

  કૃષિ-નિદાનનો વિકાસ

  પર્યાવરણ બાયોટેક્નોલોજી

  મોટેભાગના ઘન અને પ્રવાહી કચરાના નિકાલ માટેની ટેક્નોલોજીનો વિકાસ.

  દરિયાઇ બાયોટેક્નોલોજી

  મરીન બાયો-રિસોર્સિસનું બાયોપ્રોસ્પેકટિંગ

  એનિમલ બાયોટેક્નોલોજી

  પશુજન્ય રોગો માટે નિદાન પદ્ધતિ અને રસીકરણનો વિકાસ

  પ્રાણી દ્વારા માનવમાં ફેલાતા રોગો, માનવવર્ષતન પર તેની અસર અને રોગકારક સુક્ષ્મજીવોમાં દવાના પ્રતિકારનો અભ્યાસ

  ઈન્ડસ્ટ્રીયલ બાયોટેક્નોલોજી

INDEX

સ્વાસ્થય સુધારા માટે જવાબદાર ઉત્સેચકોની શોધ

ઔદ્યોગિક ઉપયોગિતા ધરાવતા ઉત્સેચકોનો અભ્યાસ

બાયોઈન્ફોર્મેટિક્સ

જીનોમિક્સ ક્ષેત્રે થતાં વિવિધ ડેટાનું સંકલન કરી તેનું એનાલિસીસ કરવું.

મોલેક્યુલર ડાયનેમિક્સ દ્વારા કોવિડ જેવા રોગો માટે સંશોધન કરવું.

આમ, જીબીઆરસીના મંજૂર થયેલ ફેલોઝ, સાયન્ટીફીક સાધનોની જાળવણી, બાયો-બેન્કીંગ ફેસીલીટીની જાળવણી, જીન એડીટીંગ સુવિધાના વિકાસ, રિપોસીટરી ઓફ બાયોમોલેક્યુલ, શેર્ડ લેબોરેટરીના ખર્ચ, માઈનોર ઈસ્ટ્રુમેંટ, જીબીઆરસી મુખ્ય બિલ્ડીંગનુ બાંધકામ અને અગાઉના વર્ષમા મંજુર થયેલ નવી બાબત- જીબીઆરસી મુખ્ય બિલ્ડીંગનુ બાંધકામ- BSL3+ Facility સાથે વિગેરે જેવી પ્રવુતિઓ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ₹ ૧૮૫૫.૦૦ લાખ બજેટની જોગવાઇ બજેટ હેડ ૩૪૨૫-૬૦-૦૦૪-૦૪ રીસર્ચ ઇન બાયોટેક્નોલોજી હેતુ કરવાની દરખાસ્ત છે

♦ **જી.બી.આર.સી. :**

- જી.બી.આર.સી. હાલના સ્ટાફને ધ્યાનમાં રાખી તેમજ ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કામા હોઇ નવીન નિમણૂંક પામનાર સ્ટાફને ધ્યાને લઇ તેમના પગાર, ભથ્થા તથા કચેરી ખર્ચ માટે ₹ ૪૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ બજેટ હેડ ૩૪૨૫-૬૦-૦૦૪-૦૫ ગુજરાત બાયોટેક્નોલોજી રીસર્ચ સેંટર હેતુ કરવાની દરખાસ્ત છે.

આમ, વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરની કચેરી દ્વારા કુલ ₹ ૨૨૫૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવાની દરખાસ્ત કરવામાં આવે છે.

૨૬. ક્લાઈમેટ ચેન્જ વિભાગ

ક્લાઈમેટ ચેન્જની વિભાગની સ્થાપના વર્ષ ૨૦૦૯માં અલાયદા વિભાગ તરીકે કરવામાં આવી છે. વૈશ્વિક તાપમાનમાં વધારા તથા આબોહવા પરિવર્તનના પડકારોને પહોંચી વળવાના ઉદ્દેશ્યથી અલાયદા વિભાગની રચના કરવામાં રાજ્યએ પહેલ કરેલ છે. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) વિભાગના નેજા નીચે કાર્યરત છે. જેડા પુન:પ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતો જેવા કે, સોલર,વીન્ડ, બાયો એનર્જી ને પ્રોત્સાહન આપવા માટેની ગુજરાત સરકારની નોડલ એજન્સી કામગીરી કરે છે. એજન્સીની મુખ્ય પ્રવૃત્તિઓ પૈકી સામાન્ય તથા આદીજાતી વિકાસ પેટા યોજના અંગેની નીચે મુજબની વિવિધ યોજનાઓ અને પ્રોજેકટના અમલ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૯૦૮.૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જે આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૯૨૧.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજ્યનો સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાઈમેટ ચેન્જ (SAPCC)

અગાઉ રાજ્યનો પ્રથમ SAPCC વર્ષ ૨૦૧૪ માં પ્રસિદ્ધ કરાયેલ. હાલ ભારત સરકારની રૂપરેખા મુજબ પેરિસ એગ્રીમેન્ટ તથા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલને ધ્યાનમાં રાખી SAPCCનું રીવીઝન કરવાનું છે. જેમાં કૃષિ, જળ, ઊર્જા, વાહનવ્યવહાર, શહેરી વિકાસ, જંગલો અને જૈવ વૈવિધ્યતા જેવા ક્ષેત્રો પર ક્લાઈમેટ ચેન્જની અસરોને આવરી લેવામાં આવેલ છે. જેના રીવીઝનની કામગીરી આઈ.આઈ.એમ. અમદાવાદ, તથા આઈ.આઈ.ટી. ગાંધીનગરના સહયોગથી કરવામાં આવી રહેલ છે.

ક્લાઈમેટ ચેન્જ બહુ આયામી વિષય હોય અનેક વિભાગોની યોજનાઓમાં ક્લાઈમેટ ચેન્જને લગતી કામગીરી થાય છે. તેનું સંકલન કરી છેલ્લા ત્રણ વર્ષથી અન્ય વિભાગોની ક્લાઈમેટ ચેન્જ યોજના તરીકે નિદર્શન કરવામાં આવે છે.

ક્લાઈમેટ ચેન્જ ફંડ ઓફ ગુજરાત (સીએલસી-૧)

ક્લાઈમેટ ચેન્જ ક્ષેત્રે સંશોધન અને વિકાસલક્ષી કામગીરી હાથ ધરવા ક્લાઈમેટ ચેન્જ ફંડ ઓફ ગુજરાતની રચના અંગે સરકારશ્રીની મંજૂરીથી ઠરાવ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ₹ ૦.૫ કરોડ ફાળવેલ છે. જે માટે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૦.૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

ક્લાઈમેટ ચેન્જની અસરોનો અભ્યાસ અને સંલગ્ન પ્રોજેકટસ (સીએલસી-૨)

આણંદ કૃષિ યુનિવર્સિટી, ગીર ફાઉન્ડેશન, ગેમી, જર્મી, ગાઈડ ભુજ જેવી શૈક્ષણિક તથા સંશોધન ક્ષેત્રે કામગીરી કરતી સંસ્થાઓને ક્લાઈમેટ ચેન્જ સંશોધનના કામ માટે પ્રોત્સાહન આપી રીસર્ચ પ્રોજેક્ટ માટે ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રે ક્લાઈમેટ ચેન્જની અભ્યાસ હાથ ધરવામાં આવશે. જેની માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૨.૦૦ કરોડ ફાળવેલ છે. ઉપરાંત, ₹ ૨ કરોડ વેસ્ટ ટુ એનર્જી, લઘુ સહાય માટે ₹ ૦.૫૦ કરોડ ફાળવવામાં આવેલ છે. લઘુ સહાય યોજના અંતર્ગત ક્લાઈમેટ ચેન્જ / બિન- પરંપરાગત ઊર્જા ક્ષેત્રે સંશોધન કરનારને ₹ ૨.૫૦ લાખ સુધીની ગ્રાન્ટ આપવાનું વિચારાયું છે. આમ, વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિવિધ યોજનાઓ માટે કુલ ₹ ૮.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે. જે માટે આગામી વર્ષ૨૦૨૨-૨૩માં ₹ ૧૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

માહિતી, સંચાર અને તાલીમ પ્રવૃત્તિઓ (સીએલસી-૩)

વિદ્યાર્થીઓમાં ક્લાઈમેટ ચેન્જ અંગેની તાલીમ અને જનજાગૃતિ સેમિનાર અને વર્કશોપ માટે ગુજરાત યુનિવર્સિટી, રાજ્યની કૃષિ યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડા વગેરેને સહાય આપવામાં આવે છે. આ પ્રવૃત્તિ ઉપરાંત હવામાનમાં થતા પરિવર્તનો અંગે જનજાગૃતિ લાવવા અને પુન:પ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટોને પ્રોત્સાહિત કરવા અંગે માહિતી, શિક્ષણ. રાષ્ટ્રીય - આંતર રાષ્ટ્રીય ચર્ચા સત્રો, કાર્ય શિબિરો, તાલીમ કાર્યક્રમો, નિદર્શનો, પ્રદર્શનો, વિદ્યાર્થીઓ માટે બાલ ઊર્જા રક્ષક દળ-બર્ડ કાર્યક્રમ, સંચારલક્ષી પ્રવૃત્તિઓ અને તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. વીજાણુ તથા મુદ્રણ માધ્યમ દ્વારા જાગૃતિ ઝુંબેશ હાથ ધરાશે. સાથે-સાથે ટેકનિકલ કર્મચારીઓના ક્ષમતા નિર્માણનો પણ સમાવેશ થાયે છે. આ સાથે સખીમંડળ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેંટની યોજના સહિતની યોજનાઓ માટે માહિતી સંચાર, તાલીમ અને સેમીનાર માટે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ₹ ૧૧.૫૦ કરોડ ફાળવેલ છે. જે માટે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૯.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

અનુસૂચિત જાતિ પેટા યોજના (સીએલસી-૪, ૫)

અનુસૂચિત જાતિ પેટા યોજના માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ₹ ૫૩.૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જે માટે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૦.૧૯કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

INDEX

પુનઃ પ્રાપ્ય ઉર્જા (સીએલસી-૪)

ગુજરાતના ભૌગોલિક સ્થાન તથા ૧૬૦૦ કિ.મી. જેટલા દરિયાકિનારાના કારણે સૌર તથા પવન ઊર્જા જેવા પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતોનો વિકાસ ગુજરાતમાં શક્ય બન્યો છે તથા રાજ્ય સરકારે પણ પહેલ કરી પુનઃપ્રાપ્ય ઊર્જા અંગે સૌર ઊર્જા નીતિ ૨૦૨૧, પવન ઊર્જા નીતિ ૨૦૧૬ વગેરે ઘડેલ છે. ભારત સરકારે પેરિસ એગ્રીમેન્ટ અંતર્ગત કુલ ૧૭૫ ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જાનો લક્ષ્યાંક ૨૦૨૨ સુધીમાં સિદ્ધ કરવાનું નિર્ધારેલ છે. તે અંતર્ગત ગુજરાતને ૮૦૦૦ મેગાવોટ સૌર ઊર્જા, ૮૦૦૦ મેગાવોટ પવન ઊર્જા વિકસાવવાનું લક્ષ્યાંક છે. તે પૈકી ૩૧.૧૦.૨૦૨૧ની સ્થિતિએ ૬૦૨૭ મેગાવોટ સૌર ઉર્જા તથા ૮૮૯૫.૬૩ મેગાવોટ પવન ઊર્જા કાર્યરત છે. વિભાગ દ્વારા સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા રહેણાંક મકાનો પર સોલર રૂફટોપ માટે સબસીડી સહાય આપવામાં આવે છે.

રાજ્યના ભૌગોલિક રીતે છુટાછવાયા સ્થળોએ ૧ મેગા વોટ ક્ષમતાના ગ્રીડ સાથે જોડાયેલ અથવા સ્ટેન્ડ અલોન વિકેન્દ્રીકૃત સોલર પાવરપ્લાન્ટ ઊભા કરવા સૌર વીજ ઉત્પાદન હેઠળ વધુને વધુ વિસ્તાર આવરી લેવાય તેવું આયોજન કરેલ છે. આ વીજ મથકોને દિવસ દરમિયાનના વિવિધ ક્ષમતાના ભાર માટે પરસ્પર સાંકળી શકાય. યુનિવર્સિટી, સ્ટેડિયમ, સરકારી કચેરીઓ વગેરેની વીજ જરૂરિયાતો માટે સંસ્થા/ સ્થળના પ્રબદ્ધ ઉપયોગ માટે આવા સોલર પાવર પ્લાન્ટ ઊભા કરી શકાય. આ માટે કેટલીક જગ્યાઓ જેવી કે યુનિવર્સિટી, સીવીલ હોસ્પીટલ, સરકારી બિલ્ડીંગ, એન્જિનિયરિંગ કોલેજ વિ.નો સમાવેશ કરવામાં આવેલ છે. જેના માટે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ₹ ૨૪.૧૦ કરોડ જોગવાઈ કરવામાં આવેલ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૨૨.૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

જે સિસ્ટમ્સ જેડા દ્વારા અગાઉ સ્થાપવામાં આવેલ છે અને જેનો એન્યુઅલ મેઈનટેનન્સ કોન્ટ્રાક્ટ પૂરો થઈ ગયેલ છે, તેવી સિસ્ટમ્સનાં રીપેરીંગ માટે પણ ₹ ૧.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, ઉપરોક્ત પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ ₹ ૭૭૪.૧૦ કરોડ ફાળવવામાં આવેલ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૮૫૦.૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

પુનઃપ્રાપ્ય ઊર્જા, ઊર્જા સંરક્ષણ અને ઊર્જા કાર્યદક્ષતા માટે નવીન પ્રોજેકટો(સીએલસી-૫)

પુનઃપ્રાપ્ય ઊર્જા ઉપરાંત ઊર્જા કાર્યક્ષમતા અંગે પણ વિવિધ યોજનાઓ દ્વારા નવીન પહેલો કરવામાં આવે છે. જે અંતર્ગત શાળામાં ઊર્જા કાર્યક્ષમ પંખાઓ, એલ.ઈ.ડી. ટ્યૂબલાઈટ લગાડવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨માં તા.૩૧.૧૦.૨૦૨૧ સુધી ૧,૧૫,૪૩૪ ટ્યૂબ લાઈટ તથા ૫૪,૩૫૭ પંખાઓ લગાડવામાં આવેલ છે તે જ રીતે બેટરી સંચાલિત દ્વિચક્રી વાહનો માટે સબસીડીનો લાભ વર્ષ ૨૦૨૧-૨૨માં તા.૩૧.૧૦.૨૦૨૧ સુધીમાં કુલ ૧૭૯૨૯ વિદ્યાર્થીઓએ લીધેલ છે તથા બેટરી સંચાલિત ઈ-રીક્ષાની સબસીડીનો લાભ કુલ ૩૭૭ લાભાર્થીઓએ લીધેલ છે. ગ્રામ પંચાયતોમાં લાકડાની બચત તથા પ્રદૂષણ નિવારણ હેતુથી સુધારેલ સ્મશાનભઠ્ઠીઓ બેસાડવામાં આવે છે.તેજ રીતે વાતાવરણમાં કાર્બન ઓછામાં ઓછો થાય તેવા પ્રોજેકટો જેવા કે પાણી ઉપર ચઢાવવા પવનચક્કી, છત પર સોલર પાવર સિસ્ટમ, નાના અને મધ્યમ ઉદ્યોગોમાં ઊર્જા ઓડિટ, સરકારી મકાનોમાં ઊર્જા ઓડિટ હાથ ઘરવામાં આવશે. ટેકનોલોજીની કક્ષા ઊંચી લાવીને તેના વિકાસ માટે સહાય પૂરી પડાશે. સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ, ઔદ્યોગિક કચરાના બાયોમિથેનેશનનો પ્રોજેકટ, ગ્રીડ સાથે જોડાયેલ અને ગ્રીડ સાથે ન જોડાયેલ સોલર ફોટોવોલ્ટેઈક સિસ્ટમના ઉપયોગ વધે તે માટેનાં જનજાગૃત્તિ કાર્યક્રમો, એનર્જી ઓડિટ અને ઊર્જા સંરક્ષણ અંગે મોબાઈલ વાન પ્રદર્શન હાથ ઘરવા વિચારાયું છે. આ ઉપરાંત ઘરગથ્થુ કુકર, સોલર હોટવોટર સીસ્ટમ તથા સ્મશાન ભઠ્ઠીનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ ઈ- વેસ્ટ મેનેજમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ અને બાયોમેડિકલ વેસ્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ તેમજ ગ્રીન બિલ્ડીંગ સર્ટીફિકેશન જેવી નવી બાબતો/ યોજનાઓ માટેની પણ જોગવાઈ કરવામાં આવેલ છે. ઉપરોક્ત પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ ₹ ૬૦.૨૧ કરોડ ફાળવવામાં આવેલ છે. આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે ₹ ૩૬.૭૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજના (TASP)

પુનઃપ્રાપ્ય ઊર્જા, ઊર્જા સંરક્ષણ અને ઊર્જા કાર્યદક્ષતા તથા કલાઈમેટ ચેન્જને લગતા પ્રોજેકટો રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં આ સદર હેઠળ હાથ ધરવા વિચારાયું છે. જેની માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧.૧૩ કરોડ ફાળવેલ છે જે માટે આગામી વર્ષ૨૦૨૨-૨૩માં ₹ ૦.૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.